મહાકવિ શ્રીસોમદેવભટ્ટ વિરચિત

# કથાસરિત્સાગર

## ભાગ ૨ જો

રૂ. ૮-૦-૦

"ગુજરાતી" પ્રિન્ટિંગ પ્રેસ

કોટ, મુંબઈ

## "ગુજરાતી" પ્રિન્ટિંગ પ્રેસનાં

# પંચાંગ

હવે બજારમાં ઘણાં પંચાંગો વેચાતા થઇ ગયા છે, અને થોડેથોડે વર્ષે એકાદ નવું પંચાંગ પણ બજારમાં આવ્યા કરે છે. તેમ છતાં છેલ્લી લગભગ પોણી **સદીથી** એકધારી રીતે દર વર્ષે નિયમિત પ્રકટ થતાં રહેતાં

## "ગુજરાતી" પ્રિન્ટિંગ પ્રેસનાં

ખગોળસિદ્ધ, ગ્રહલાઘવીય, શુદ્ધ, નિરયન, ગુજરાતી

## કાર્તિકી તેમ જ ચૈત્રી પંચાંગોએ

વધતી જતી હરીફાઇના આ કપરા જમાનામાં યે લોકપ્રિયતા, બહોળા ફેલાવા ને સર્વોચ્ચ વેચાણ બાબતમાં પોતાનું મોખરાનું સ્થાન અણનમ જાળવી રાખ્યું છે.

તેમાં જ્યોતિષને લગતી સઘળી હકીકત – જેવી કે કાળગણના, વિવાહ–લગ્ન, વાસ્તુ–મુહૂર્ત, શુકન અને હોરા, ગ્રહફળ, કુંડળીવિજ્ઞાન, ફળજ્યોતિષ, અષ્ટોત્તરી ને વિંશોત્તરી, ઇ. વિષયક પૃથક્ પૃથક્ પ્રકરણો, સંક્ષિપ્ત મુહૂર્તસાર, પ્રાતઃસ્પષ્ટ સૂર્ય–ચન્દ્રની રાશિ, સ્પષ્ટ ઘડી–પળ, ઈ. – સંપૂર્ણ વિગતવાર રીતે આપવામાં આવે છે, જેથી જન્માક્ષર–જન્મપત્રિકા, ઇ. બનાવવામાં જ્યોતિષીઓને તે ખૂબ ઉપયોગી ને મદદકર્તા થઇ પડે છે. તે ઉપરાંત દેશમાં દેખાનારાં સૂર્ય ને ચન્દ્રગ્રહણોની પણ સંપૂર્ણ વિગત આપવામાં આવે છે.

અમારાં ત્રણે પંચાંગોમાં આટલી સર્વસામાન્ય હકીકત ઉપરાંત દરેકમાં નીચે મુજબની ખાસ વધારાની લોકોપયોગી હકીકત પણ ઉમેરવામાં આવે છે:

## કાર્તિકી મ્હોટું પંચાંગ

આ પંચાંગમાં ખેડુતો ને વેપારીઓને અત્યંત ઉપયોગી અને તેઓમાં ખુબ લોકપ્રિય થઇ ગયેલો આખા વર્ષ માટેનો સચોટ **ખેતીવાડી વિષયક અને વ્યાપારી તેજી-મંદી વર્તારો** અને માસવાર રાશિભવિષ્ય;

હિન્દુ ધર્મશાસ્ત્રના પુરાણગ્રન્થોમાંથી લોકરૂચિકર, બોધદાયક **વ્રતકથા** ભાગ;

હિન્દુ સિવાયના બીજા – પારસી, મુસ્લિમ, ખ્રિસ્તી અને નિઝામી ફસલી, દરિયાઇ નૌરોઝ, ઇ. – ગણનાવર્ષોના મહિના, વાર-તહેવાર, દિવસ-રોજ, ઇ. ની **સમજ**;

મુસાફરીએ જવાના શુભાશુભ મુહૂર્તોનો **ગોરખનાથનો આંક** (કોઠો), તાર-ટપાલના દર, વ્યાજગણત્રોનો કોઠો, વાહન-વ્યવહારનાં સમયપત્રક, ઇ.

## કાર્તિકી બુક-સાઇઝ પંચાંગ

અમારૂં આ પંચાંગ તેના બ્હોળા ફેલાવા ને વેચાણ, ઉપયોગિતા ને લોકપ્રિયતાની બાબતમાં ઉપલા મ્હોટા પંચાંગ જેટલું જ કિંમતી છે. તેના મુખ્ય આકર્ષણો નીચે પ્રમાણે છે:



**બારે રાશિવાળાઓનું આખા વર્ષના બારે માસનું પ્રત્યેક માસવાર સચોટ, સંગીન ને વિસ્તૃત ભવિષ્યફળ;**

ખ્રિસ્તી પંચાંગની **સનાતન કાળદર્શક જંત્રી** (યાને A Perpetual Calendar);

પ્રયાણસમયના ચન્દ્રનું, અંગસ્ફુરણનું, પલ્લીપતનનું, સરટા-રોહણનું, નેત્રસ્ફુરણનું ફળ; લગ્નસારણી, સૂર્યોદય-સૂર્યાસ્ત; દિનદશાનો કોઠો, શુભાશુભ મુહૂર્તો, વ્રતોત્સવનો નિર્ણય, ઇ. બીજી ઘણી ઉપયોગી માહિતી;

આપણા નિત્ય જીવનમાં જરૂરી પ્રજીવક તત્વો (vitamins) અને ખનિજો(minerals)વાળી ખાદ્ય ને પેય વસ્તુઓ વિષે પણ ઉપયોગી માહિતી આપવામાં આવે છે.

## ચૈત્રી પંચાંગ (ટીપણું)

જેને અંગ્રેજીમાં આપણે ready reckoner ('રેડી રેકનર') કહી શકીએ એવું, શાલિવાહન શકનું આ તત્કાળદર્શી પંચાંગ આર્યભાષા સંસ્કૃત ને રાષ્ટ્રભાષા હિન્દીમાં ખિસ્સામાં સ્હેલાઇથી રાખી શકાય એવા કદમાં છાપવામાં આવે છે. કર્મકાંડી બ્રાહ્મણો અને જ્યોતિષીઓને શુભાશુભ તિથિ, મુહૂર્ત, વ્રતોત્સવ, ઇ. વિગત એકી નજરે જાણી લેવા માટે અત્યંત ઉપયોગી છે.

આ પંચાંગો દર વર્ષે **નારિયેળી પૂર્ણિમા-બળેવ પહેલાં** પ્રકટ થાય છે. તમારી નકલ તમારા ગામના કે શહેરના જાણીતા બુકસેલર પાસે અગાઉથી જ વેળાસર નોંધાવી દેજો, અથવા અમને સીધું લખશો.

બજારમાં અમારાં પંચાંગ કરતાં કદમાં ને દળમાં મ્હોટા દેખાતાં અનેક બીજાં પંચાંગો જોવા મળશે. પરંતુ જાહેરખબરના વધારે પાનાં અથવા તો સામાન્ય માનવીને તેના રોજીંદા જીવનમાં બિલકુલ બિનજરૂરી માહિતીવડે જ તે દળ વધારવામાં આવેલું સામાન્ય રીતે જોવામાં આવે છે. માટે માત્ર બાહ્ય દેખાવ-દળ પરથી જ છેતરાયા વિના સાચી, ઉપયોગી વસ્તુ ઓળખતા શીખજો.

તે માટે હરહંમેશ ફક્ત "ગુજરાતી" પ્રિન્ટિંગ પ્રેસનાં જ પંચાંગો ખરીદવાની ટેવ કેળવો-અને વ્રત, ઉદ્યાપન, પર્વ-પર્વણી, ઉત્સવ, તહેવાર, ઇ.ની ઉજવણી અને યમનિયમના પાલન માટે સાચું માર્ગદર્શન મેળવો.

વર્ષમાં ફક્ત એક જ વખત જાહેર ખબર આપીને હિન્દમાં તેમ જ હિન્દ બહાર પણ અસંખ્ય લોકોમાં આખા વર્ષભર જાહેરાત કરવાનું અજોડ સાધન!

જાહેરખબર સ્વીકારવાની **છેલ્લી તારીખ: ૩૧ મી મે.**

વ્યાપારી વેચાણના અને જાહેર ખબરના ભાવતાલ ને
શરતો માટે લખો:

**"ગુજરાતી" પ્રિન્ટિંગ પ્રેસ**

૩૦૮, બજારગેટ સ્ટ્રીટ, રીઝર્વ બેન્કની પાછળ, કોટ, મુંબઇ ૧

This
Book
is very good.
it is
Really to be
Read.
Students are
requested to
Read once
in his life of
living times.
Authers

SMT. HANSA MEHTA LIBRARY
The Maharaja Sayajirao University
of Baroda

Call No. 7PK
1936
.S25
.S6K2-2 G.16451

KAVI SOMDEV BHATT'S

# …THÁ SARIT SÁGAR

OR

*…OF THE STREAMS OF STORY*

SMT. HANSA MEHTA LIBRARY
THE M. S. UNIVERSITY OF BARODA

**VOLUME II—BOOKS 10 to 18**

**2nd Edition**

REVISED & ENLARGED BY

**ITCHÂRÂM SURYARÂM DESÂI**

…Gujarati Printing Press
…AY.

| | પૃષ્ઠ. |
|---|---|
| ... ... | ૬૪૧ |
| ... ... | ૬૪૨ |
| ... ... | ૬૪૩ |
| ... ... | ૬૪૩ |
| ... | ૬૪૪ |
| ... | ૬૪૪ |



PURCHASED
Date
Initial

G- 16451
Rs - 8 - 00

7PK
1936
S25
S6K2-2


(ALL RIGHTS RESERVED BY THE PUBLISHER)

PRINTED & PUBLISHED BY ITCHHARAM
AT THE "GUJARATI" PRINTING PRE


વિષય. રિત્સા
રુદ્રસોમની
શશીની સ્ત્રી
એક નાગર
તરંગ ૯


# સૂચના.

ગોમુખે મહાભારત તુલ્ય, પાણ્ડવના વંશજ નરવાહનદત્તના કલ્પિત ઈતિહાસરૂપ અનેક મંગલ કથાઓથી ભરપૂર કથાસરિત્સાગરની દ્વિતીયાવૃત્તિ વીશ વર્ષે ગુર્જર પ્રજા નરક્ષ મૂકવામાં આવે છે તેને ખાસ પ્રસ્તાવનાની જરૂર નથી. શકકાર શાલિવાહન રાજ્યાશ્રિત કવિચક્રચૂડામણી ગુણાઢ્યે પિશાચભાષામાં રચેલા મૂળ ગ્રંથમાં એવી ઉત્તમ કલ્પના યોજેલી કલ્પી શકાય છે કે, સંસ્કૃત સાહિત્યમાં એ ગ્રંથ એક જ છે. સંસ્કૃત વિદ્વાનોએ ગુણાઢ્યની વાણીની બહુ પ્રશંસા કરી છે. તેનાં કારણો એવાં ધારવામાં આવે છે કે, એમાં જે પ્રકારનો રસ યોજાયલો છે તેવો અન્ય કથાના ગ્રંથોમાં યોજાયલો નથી. અદ્યાપિપર્યંત જે સાહિત્ય લોકપ્રસિદ્ધિમાં છે તેમાંથી કથાસરિત્સાગરની પંક્તિમાં મૂકી શકાય એવો એકે ગ્રંથ નથી. આ દ્વિતીયાવૃત્તિ છપાવતી વખતે કેટલોક ફેરફાર કરવામાં આવ્યો છે. ભાષાશૈલીમાં, સમજફેરથી ભાષાંતર કરવામાં જ્યાં જ્યાં ભૂલો જણાઇ છે, ત્યાં ત્યાં સુધારો કરવામાં આવ્યો છે, અને ગુજરાતી વાચકોને કિંમત ભારે ન પડે, તેમ કિંમત ઘટાડી છે. આશા છે વાર્તાઓના શોખીનો તેનો વિશેષ લાભ લઈ શકશે, અને સામાન્ય હલકો ઉત્પન્ન કરનારી વાર્તાઓ કરતાં આ વાર્તાના ગ્રંથમાંથી વિશેષ ઉચ્ચ રસ–જ્ઞાન કરી શકશે.

આ ગ્રંથના પ્રથમ ચાર–કથાપીઠ, કથામુખ, લાવાણક અને નરવાહનદત્તજ લંબકનું ભાષાંતર સ્વર્ગવાસી શાસ્ત્રી શ્યામજી વિ. વાલજીએ કર્યું છે. ચતુર્દારિકા, મદનમંજુકા, રત્નપ્રભા, અલંકારવતી, શક્તિયશા, શશાંકવતી અને સુરતમંજરી લંબકનું ભાષાંતર "ગુજરાતી" કાર્યાલયમાં શાસ્ત્રી પ્રાણજીવન હરિહરે કર્યું છે. અને મદિરાવતીનું ભાષાંતર ગુજરાતી કાર્યાલયમાં રા. મણીલાલ છબારામે કર્યું છે અને સૂર્યપ્રભા, પંચ, મહાભિષેક, પદ્માવતી અને વિષમશીલનું ભાષાંતર કીધું છે. શાસ્ત્રી શ્યામજીએ સંસ્કૃત સાથે આખું ભાષાંતર તપાસ્યું હતું અને અંગ્રેજી સાથે મેળવ્યું હતું, તથા ભાષા સરખી કીધી હતી.

ઇચ્છારામ સૂ૦

ધનત્રયોદશી,
...૯૯ મુંબઈ.


૬૧૧ ૬૧૨ ૬૧૨ ૬૧૨ ૬૧૨ ૬૧૩ ૬૧૩ ૬૧૩ ૬૧૪ ૬૧૪ ૬૧૫ ૬૧૫ ૬૧૫ ૬૧૬ ૬૧૭ ૬૧૮ ૬૧૮ ૬૨૦ ૬૨૨

## ...રિત્સાગરના બીજા ભાગનું સાંકળિયું.


| | પૃષ્ઠ. |
|---|---|
| **...લંબક—શક્તિયશા.** | |
| **...ગ ૧ લો.** | |
| **મંગળાચરણ.** ... ... ... ... | ૫૬૮ |
| **નરવાહનદત્તનો વિનોદ.** | |
| કોઈએક ભાર ઉપાડનાર (મજુર) ની કથા... | ૫૬૮ |
| ભદ્રઘટની કથા. ... ... ... ... | ૫૬૯ |
| ...ક્ષનલની કથા. ... ... ... ... | ૫૭૧ |
| **...ગ ૨ જો.** | |
| ...રચ્રસિંહ અને કુમુદિકા વેશ્યાની કથા. | ૫૭૮ |
| ...વર્મ શેડની અને તેની સ્ત્રીની કથા. | ૫૮૧ |
| કુશદાસ તથા તેની સ્ત્રીની કથા. ... ... | ૫૮૨ |
| ...સાર અને તેની સ્ત્રીની કથા.... ... | ૫૮૩ |
| સિંહબળની અને તેની સ્ત્રીની કથા. ... | ૫૮૪ |
| **તરંગ ૩ જો.** | |
| **શક્તિયશાની કથા.** ... ... ... | ૫૮૬ |
| બે વિધાધરીની કથા. ... ... ... | ૫૮૮ |
| પોપટનું પોતાનું ચરિત્ર. ... ... ... | ૫૮૯ |
| સોમપ્રભા, મનોરથપ્રભા અને મકરંદિકાની કથા. ... ... ... ... ... | ૫૯૦ |
| મનોરથપ્રભાની ઉપકથા... ... ... | ૫૯૨ |
| **તરંગ ૪ થો.** | |
| **...રવાહનદત્તને ગોમુખે કહેલી કથા.** | |
| ...રવર્માની કથા. ... ... ... ... | ૫૯૭ |
| ...ંગલક સિંહ તથા દમનક અને કરટકની કથા. ... ... ... ... | ૫૯૭ |
| ...ીલો ખેંચનાર વાનરની કથા. ... | ૫૯૮ |
| ...મનક અને કરટકનો સંવાદ. ... | ૫૯૯ |
| ...ગારું અને એક શિયાળની કથા. | ૬૦૦ |
| ...ગલાની અને મકરની કથા. ... | ૬૦૧ |
| ...હ અને શશલાની કથા. ... | ૬૦૨ |



| વિષય. | પૃષ્ઠ. |
|---|---|
| જુ અને માંકડની કથા. ... ... ... | ૬૦૪ |
| સિંહ અને ઊંટની કથા. ... ... ... | ૬૦૫ |
| ટીટોડીની કથા. ... ... ... ... | ૬૦૬ |
| બે હંસ તથા એક કાચબાની કથા. ... | ૬૦૬ |
| ત્રણ માછલાંની કથા. ... ... ... | ૬૦૭ |
| વાનર અને સૂચીમૂખની કથા. ... ... | ૬૦૮ |
| ધર્મબુદ્ધિ અને દુષ્ટબુદ્ધિની કથા... ... | ૬૦૯ |
| બક અને સર્પની કથા. ... ... ... | ૬૧૦ |
| વાણિયાનો છોકરો અને લોઢાનાં ત્રાજવાંની કથા. ... ... ... ... ... | ૬૧૦ |
| **તરંગ ૫ મો.** | |
| **ગોમુખે નરવાહનદત્તને કહેલી કથા** (ચાલુ). ... ... ... ... ... | ૬૧૧ |
| અગરચંદનના મૂર્ખ વેપારીની કથા. ... | ૬૧૨ |
| તલ વાવનારા મૂર્ખ ખેડુતની કથા. ... | ૬૧૨ |
| પાણીમાં અગ્નિ નાંખનારની કથા. ... | ૬૧૨ |
| નાસિકારોપણની કથા. ... ... ... | ૬૧૨ |
| વનવાસી ગોવાળની કથા. ... ... ... | ૬૧૨ |
| અલંકારલંભકની કથા. ... ... ... | ૬૧૩ |
| રૂવાળાની કથા. ... ... ... ... | ૬૧૩ |
| ખજુરી કાપનારની કથા. ... ... ... | ૬૧૩ |
| ભંડાર ભાળનારાની કથા. ... ... ... | ૬૧૪ |
| લવણ ભક્ષકની કથા. ... ... ... | ૬૧૪ |
| ગોદોહકની કથા. ... ... ... ... | ૬૧૫ |
| એક ટાલ પડેલાની કથા. ... ... ... | ૬૧... |
| કાગડો, કપોત, ઉંદર અને કાચબાની કથા. | ૬૧૫ |
| ઉંદર અને સંન્યાસીની કથા. ... ... | ૬૧૬ |
| એક બ્રાહ્મણની કથા... ... ... ... | ૬૧૭ |
| સંગ્રહ કરનારા શિયાળની કથા. ... ... | ૬૧૮ |
| ઈર્ષાળુ પુરુષની કથા. ... ... ... | ૬૧૯ |
| ગરુડ તથા નાગની કથા. ... ... ... | ૬૨૦ |

વિષય. — પૃષ્ઠ.

કેશમુગ્ધની કથા. ... ૬૨૨
તેલમુગ્ધની કથા. ... ૬૨૩
અસ્થિમુગ્ધની કથા. ... ૬૨૩
ચંડાળ કન્યાની કથા. ... ૬૨૪
કૃપણ રાજાની કથા... ... ૬૨૫
બે મિત્રની કથા. ... ૬૨૫
જળભીતની કથા. ... ૬૨૬
પુત્રઘાતીની કથા. ... ૬૨૬
ભ્રાતૃભૌમની કથા. ... ૬૨૬
બ્રહ્મચારીના પુત્રની કથા... ... ૬૨૭
નામધારી જોશીની કથા. ... ૬૨૭
ક્રોધીની કથા... ... ૬૨૮
કન્યાને મોટી કરનારા મૂર્ખ રાજાની કથા. ૬૨૮
અર્ધા પૈસા માટે દશ પૈસા ખર્ચનારા મૂર્ખની કથા... ... ૬૨૮
સમુદ્રમાં નિશાની રાખનારની કથા. ... ૬૨૯
માંસનો બદલો કરનારા રાજાની કથા. ... ૬૨૯
બીજા પુત્રની ઇચ્છાવાળી મૂઢ સ્ત્રીની કથા. ૬૩૦
આમળાં લઈ આવનારની કથા. ... ૬૩૦
બે બંધુની કથા. ... ૬૩૦
વાલંદની ઇચ્છાવાળા પુરુષની કથા. ... ૬૩૧
એક ગાડાની કથા. ... ૬૩૨

**તરંગ ૬ ઠ્ઠો.**

**ગોમુખે કહેલી નવી નવી કથાઓ.** ૬૩૨
કાગડાની અને ઘુવડની કથા. ... ૬૩૨
એક ગવેડાની કથા. ... ૬૩૩
ઘુવડ અને કાગડાની વચ્ચે વૈરની કથા. ૬૩૪
હાથી અને શશલાની કથા. ... ૬૩૪
કપિંજલ, શશલું અને બીલાડાની કથા... ૬૩૫
બ્રાહ્મણ, બકરું અને ઠગોની કથા... ... ૬૩૬
એક વૃદ્ધ સાહુકાર ને તેની સ્ત્રીની કથા. ૬૩૭
બ્રાહ્મણ ચોર તથા રાક્ષસની કથા. ... ૬૩૮
સુતાર અને તેની સ્ત્રીની કથા. ... ૬૩૯
મુનિ તથા ઉંદરડીની કથા.... ... ૬૪૦

વિષય. — પૃષ્ઠ.

સર્પ અને દેડકાની કથા ... ૬૪૧
મૂર્ખ ચાકરની કથા. ... ૬૪૨
બે મૂર્ખ ભાઇની કથા. ... ૪૩
અસંતોષી સંન્યાસીની કથા. . ૩
સુવર્ણ મુગ્ધની કથા. ... ૪
પેટીની રક્ષા કરનારા મૂર્ખ ચાકરની કથા....
અપૂપમુગ્ધની કથા.... ... ૬૪૫
દ્વારરક્ષક ચાકરની કથા. ... ૬૪૫
પાડો અને એક ભાભારામની કથા. ... ૬૪૬
દરિદ્ર માણસની સ્ત્રીની કથા. ... ૬૪૭
મૂર્ખ વૈદ્યની કથા. ... ૬૪૭

**તરંગ ૭ મો.**

**નરવાહનદત્તને કહેલી કથાઓ.** ... ૬૪૭
યશોધર અને લક્ષ્મીધરની કથા. ... ૬૪૮
જળવાસીની પૂર્વ જન્મની કથા... ... ૬૫૦
ગુહ્યક થયેલા બ્રાહ્મણની કથા. ... ૬૫૨
વાનર અને શિશુમારની કથા. ... ૬૫૩
સિંહ અને ગવેડાની કથા.... ... ૬૫૫
એક ધનવંત અને ગંધર્વની કથા... ... ૬૫૬
બે મૂર્ખ શિષ્યની કથા. ... ૬૫૭
બે માથાંવાળા સર્પની કથા... ... ૬૫૭
ચોખા ખાનારા એક મૂર્ખની કથા. ... ૬૫૮
છોકરો અને ગધેડાની કથા... ... ૬૫૮
મૂર્ખ બ્રાહ્મણપુત્રની કથા... ... ૬૫૮

**તરંગ ૮ મો.**

**નરવાહનદત્તે સાંભળેલી નવી કથાઓ.**
બ્રાહ્મણ અને નોળીઆની કથા. ... ૬૫૯
મૂર્ખ રોગી અને વૈદ્યની કથા. ... ૬૬૦
મૂર્ખ પુરુષ અને તપસ્વીની કથા... ... ૬૬૦
સોનાની કોથળી મેળવનારા એક મૂર્ખની કથા. ૬૬૧
ચંદ્રમાને જોનારા એક મૂર્ખની કથા. ... ૬૬૧
ચતુર નારની કથા.... ... ૬૬૧
ઘટ અને કર્પર નામના બે ચોરની કથા... ૬૬૨
ધનદેવની વહુની કથા. ... ૬૬૫





વિષય. — પૃષ્ઠ.

રુદ્રસોમની સ્ત્રીની કથા. ... ૬૬૬
શશીની સ્ત્રીની કથા. ... ૬૬૭
એક નાગદેવ અને તેની સ્ત્રીની કથા.... ૬૬૯

**તરંગ ૯ મો.**

**ગોમુખે કહેલી નરવાહનદત્તને નવી કથાઓ** (ચાલુ).
વ્યભિચારી નારીની કથા. ... ૬૭૧
સિંહની કથા. ... ૬૭૪
સુવર્ણચુલ પક્ષીની કથા.... ... ૬૭૫
સર્પની કથા.... ... ૬૭૬
કુવામાં પડેલી સ્ત્રીની નિમકહરામીની કથા. ૬૭૬
એક મૂર્ખ લોભીની કથા. ... ૬૭૯
માંજારભૌતની કથા... ... ૬૮૦
મૂર્ખ અને નંદી પોઠિયાની કથા... ... ૬૮૨
એક ગાયન રસિક મૂર્ખની કથા.... ... ૬૮૩
હિરણ્યાક્ષની કથા. ... ૬૮૪

**તરંગ ૧૦ મો.**

**શક્તિયશા સાથે થયલાં લગ્ન.**
બે સંન્યાસીની કથા. ... ૬૮૬
સિંહાક્ષની રાણીની કથા.... ... ૬૮૮
અગિયાર પતિની સ્ત્રીની કથા. ... ૬૯૧
એક દરિદ્રી બળદવાળાની કથા.... ... ૬૯૨
એક કપટી અને ધૂર્ત મંત્રીની કથા. ... ૬૯૩
હેમપ્રભા તથા લક્ષ્મીસેનની કથા. ... ૬૯૪
નવી રાણી સાથે લગ્ન. ... ૬૯૭

## એકાદશો લંબક–વેલા.

**તરંગ ૧ લો.**

**નરવાહનદત્તની કથા.**
રુચિરદેવ અને પોતકની કથા. ... ૬૯૯
સાર્થવાહ અને વેલાનું વૃત્તાંત. ... ૭૦૧

## દ્વાદશો લંબક–શશાંકવતી.

**તરંગ ૧ લો.**

**મંગળાચરણ.**

વિષય. — પૃષ્ઠ.

**નરવાહનદત્તનાં એક દિવ્ય કન્યા સાથે લગ્ન.** ... ૭૦૬
એક હાથી અને હાથણીની કથા. ... ૭૦૭
વામદત્ત અને તેની સ્ત્રીની કથા... ... ૭૦૯

**તરંગ ૨ જો.**

**પિશંગજટમુનિએ કહેલી મૃગાંકદત્તની કથા.** ... ૭૧૧
મૃગાંકદત્તની કથા. ... ૭૧૨
ભીમપરાક્રમનું સ્વપ્ન.... ... ૭૧૩
ભદ્રબાહુની કથા. ... ૭૧૪
પુષ્કરાક્ષ અને વિનયવતીની કથા. ... ૭૧૬
ઊંટે કહેલો સ્વદોષ. ... ૭૧૭
પુષ્કરાક્ષ ને વિનયવતીના પૂર્વ જન્મની કથા. ૭૧૯
લાવણ્યમંજરીની કથા. ... ૭૨૧

**તરંગ ૩ જો.**

**મૃગાંકદત્ત ચરિત્ર–ઉજ્જયિણી નગરી તરફ પ્રવાસ.** ... ૭૨૩
શ્રુતધિ સાથે સમાગમ. ... ૭૨૫
શક્તિરક્ષિત ભિલ્લના સમાગમની કથા.... ૭૨૬
એક તપસ્વીનો સમાગમ.... ... ૭૨૭
નાગના શાપને લીધે એક બીજાનો વિયોગ. ૭૨૭
વિમળબુદ્ધિની વિતક વાર્તા. ... ૭૨૯

**તરંગ ૪ થો.**

**મૃગાંકદત્ત ચરિત્ર–માયાબટુની કથા.** ૭૩૨
મૃગાંકદત્ત અને પ્રતિહારનું સાહસ કર્મ. ૭૩૩
ભીમપરાક્રમ મંત્રીના પર્યટનની કથા. ... ૭૩૫
કમળાકર અને હંસાવલિની કથા... ... ૭૩૬
ભીમપરાક્રમની કથા (ચાલુ). ... ૭૪૮

**તરંગ ૫ મો.**

**મૃગાંકદત્ત ચરિત્ર...** ... ૭૫૧
ગુણાકરનું ચરિત્ર. ... ૭૫૨
વિનીતમતિની કથા. ... ૭૫૨
પવિત્ર વરાહની કથા. ... ૭૫૮

વિષય. પૃષ્ઠ.

એક બ્રાહ્મણની કથા. ... ... ... ૭૬૨
દેવભૂતિની કથા. ... ... ... ... ૭૬૩
દાનપારમિતાઇંદુપ્રભની કથા. ... ... ૭૬૪
શીલપારમતાની કથા. ... ... ... ૭૬૫
ક્ષમાપારમિતાની કથા. ... ... ... ૭૬૬
ધૈર્યપારમિતાની કથા. ... ... ... ૭૬૮
ધ્યાનપારમિતાની કથા. ... ... ... ૭૬૮
પ્રજ્ઞાપારમિતાની કથા. ... ... ... ૭૭૦
વિનીતમતિની કથા (ચાલુ). ... ... ૭૭૩

**તરંગ ૬ ઠ્ઠો.**

**મૃગાંકદત્ત અને શશાંકવતીની કથા.**
(ચાલુ)... ... ... ... ... ૭૭૫
વિચિત્રકથ મંત્રીની વિતક વાર્તા... ... ૭૭૬
શ્રી દર્શનની કથા... ... ... ... ૭૭૭
સૌદામિનીની કથા... ... ... ... ૭૭૭
કાશ્મીરના રાજા ભૂનંદની કથા. ... ... ૭૮૦
શ્રીદર્શનની કથા (ચાલુ). ... ... ... ૭૮૬
પદ્મિષ્ઠાની કથા. ... ... ... ... ૭૮૮
શ્રીદર્શનની પ્રપંચ કળા... ... ... ૭૮૯
શ્રીદર્શનનું સાહસ.... ... ... ... ૭૯૦
શ્રીદર્શનનું બીજું સાહસ... ... ... ૭૯૩
શ્રીદર્શન ને અનંગમંજરી.... ... ... ૭૯૫
શ્રીદર્શનનું પૂર્વજન્મનું વૃત્તાંત. ... ... ૮૦૧

**તરંગ ૭ મો.**

**મૃગાંકદત્ત અને શશાંકવતીની કથા**
(ચાલુ). ... ... ... ... ... ૮૦૨
પ્રચંડ શક્તિની કથા. ... ... ... ૮૦૨
ભીમભટ તથા સમરભટની કથા... ... ૮૦૪
અક્ષક્ષપણકની કથા. ... ... ... ૮૧૨
શંખદત્તની કથા. ... ... ... ... ૮૧૫
હંસાવલિની કથા.... ... ... ... ૮૧૬
ભીમભટનું પરાક્રમ. ... ... ... ૮૨૦

**તરંગ ૮ મો.**

**મૃગાંકદત્ત અને શશાંકવતીની કથા**
(ચાલુ). ... ... ... ... ... ૮૨૪

વિષય· પૃષ્ઠ.

વિક્રમકેશરી મંત્રીનું ચરિત્ર. ... ... ૧૧૨૮
**વૈતાળ પંચવિશી.** ૧૧૩૦
ત્રિવિક્રમસેન રાજાની કથા. ... ...
પ્રથમ વૈતાળ–પદ્માવતીની કથા... ... ૮૨

**તરંગ ૯ મો.**

બીજો વૈતાળ–ત્રણ તરુણ બ્રાહ્મણોની કથા. ૮૩૩

**તરંગ ૧૦ મો.**

ત્રીજો વૈતાળ–શુકસારિકાની કથા. ... ૮૪૧
મેનાએ કહેલી કથા... ... ... ૮૪૨
શુકે કહેલી કથા. ... ... ... ૮૪૫

**તરંગ ૧૧ મો.**

ચોથો વૈતાળ–વીરવરની કથા. ... ... ૮૪૯

**તરંગ ૧૨ મો.**

પાંચમો વૈતાળ–સોમપ્રભા ને ત્રણ પુરુષોની
કથા. ... ... ... ... ... ૮૫૭

**તરંગ ૧૩ મો.**

છઠ્ઠો વૈતાળ–એક ધોબીકન્યાની કથા.... ૮૬૧

**તરંગ ૧૪ મો.**

સાતમો વૈતાળ–વીર પરાક્રમીની કથા... ૮

**તરંગ ૧૫ મો.**

આઠમો વૈતાળ–ત્રણ સુઘડ નરની કથા...

**તરંગ ૧૬ મો.**

નવમો વૈતાળ–અનંગરતિ ને તેના ચાર
વિવાહાર્થીની કથા. ... ... ...

**તરંગ ૧૭ મો.**

દસમો વૈતાળ–મદનસેના અને તેનું વચન. ૮

**તરંગ ૧૮ મો.**

અગિયારમો વૈતાળ–ધર્મધ્વજ રાજા અને
તેની ત્રણ રાણીની કથા... ... ... ૮૮

**તરંગ ૧૯ મો.**

બારમો વૈતાળ–યશ:કેતુની કથા...





વિષ પૃષ્ઠ.

**તરંગ ૨૦ મો.**

ુર વૈતાળ–હરસ્વામીની કથા... ... ૮૯૯

**૨૧ મો.**

દમો વૈતાળ–સાહુકારપુત્રી અને ચોરની કથા. ૯૦૩

**ગ ૨૨ મો.**

પંદરમો વૈતાળ–એક યોગ ગુટિકાની કથા. ૯૦૮

**તરંગ ૨૩ મો.**

સોળમો વૈતાળ–જીમૂતવાહનની કથા. ... ૯૧૬

**તરંગ ૨૪ મો.**

સત્તરમો વૈતાળ–ઉન્માદિનીની કથા. ... ૯૨૯

**તરંગ ૨૫ મો.**

અઢારમો વૈતાળ–એક બ્રાહ્મણકુમારની કથા. ૯૩૪

**તરંગ ૨૬ મો.**

ઓગણીશમો વૈતાળ–એક ચોરપુત્રની કથા. ૯૪૦

**તરંગ ૨૭ મો.**

વીસમો વૈતાળ–રાજા અને બ્રાહ્મણકુમારની કથા.૯૪૮

**૨૮ મો.**

કવીસમો વૈતાળ–અનંગમંજરી ને તેના
ામી મણિવર્માની કથા. ... ... ૯૫૭

**૨૯ મો.**

સમો વૈતાળ–ચાર બ્રાહ્મણબંધુની કથા. ૯૬૪

**૩૦ મો.**

શમો વૈતાળ–એક સાધુ જે પ્રથમ રડ્યો
અને પછી હસ્યો તેની કથા. ... ... ૯૬૭

**૩૧ મો.**

ાવીશમો વૈતાળ–એક વિલક્ષણ કથા... ૯૭૧

**ગ ૩૨**

ીસમો વૈતાળ–શાંતિશીલ ગોરજીની કથા. ૯૭૬
કથા (ચાલુ). ... ... ૯૭૮

વિષય. પૃષ્ઠ.

**તરંગ ૩૩ મો.**

**મૃગાંકદત્ત ચરિત્ર.**
મૃગાંકદત્તના મંત્રીઓને થયેલો શાપ ને
તેમાંથી મુક્ત થવું. ... ... ... ૯૮૦
અરણ્યમાં પ્રવાસ.... ... ... ... ૯૮૦

**તરંગ ૩૪ મો.**

**મૃગાંકદત્ત ચરિત્ર.** ... ... ... ૯૮૫
વ્યાઘ્રસેને કહેલી કથા. ... ... ... ૯૮૫
સુંદરસેન અને મંદારવતીની કથા. ... ૯૮૭

**તરંગ ૩૫ મો.**

**મૃગાંકદત્ત ચરિત્ર**–યુદ્ધે ચડ્યા. ... ૧૦૧૧

**તરંગ ૩૬ મો.**

**મૃગાંકદત્ત અને શશાંકવતી–યુદ્ધ.** ... ૧૦૨૨

## ત્રયોદશો લંબક–મદિરાવતી.

**તરંગ ૧ લો.**

**મંગળાચરણ.** ... ... ... ... ૧૦૪૨
**વિરહપીડિત નરવાહનદત્તની કથા.** ૧૦૪૨
પહેલા બ્રાહ્મણકુમારની કથા. ... ... ૧૦૪૩
બીજા બ્રાહ્મણની કથા. ... ... ... ૧૦૪૮
મદિરાવતીનું હરણ.... ... ... ... ૧૦૫૨
બીજા બ્રાહ્મણકુમારના સાહસની કથા. ... ૧૦૫૫

## ચતુર્દશો લંબક–પંચ.

**તરંગ ૧ લો.**

**મંગળાચરણ.** ... ... ... ... ૧૦૬૦
**મદનમંજુકા હરણ.** ... ... ... ૧૦૬૦
સાવિત્રી ને અંગિરાની કથા... ... ... ૧૦૬૧
વેગવતી ને નરવાહનદત્તની કથા.... ... ૧૦૬૩

**તરંગ ૨ જો.**

**મદનમંજુકા હરણ–ગંધર્વનગર.** ... ૧૦૬૬
શ્રાવસ્તી નગરી. ... ... ... ... ૧૦૬૯

વિષય. — પૃષ્ઠ.

વિધવા ને તેના બાળકની કથા... ... ૧૦૭૩
વિધાધર નગરી. ... ... ... ... ૧૦૭૩
મદનમંજુકાએ કહેલી સ્વહરણ કથા. ... ૧૦૭૫
નરવાહનદત્ત કેદી થયો તેની કથા... ૧૦૭૭

**તરંગ ૩ જો.**

**મદનમંજુકા હરણ**-ઋષ્યમૂક પર્વતપર
નરવાહનદત્ત. ... ... ... ... ૧૦૭૯
રામ ચરિત્ર. ... ... ... ... ... ૧૦૮૦
ધનવતી અને અજીનાવતીનો પુનઃ સમાગમ. ૧૦૮૧
નરવાહનદત્ત તપશ્ચર્યા કરવા ગયો. ... ૧૦૮૪

**તરંગ ૪ થો.**

**નરવાહનદત્ત ચરિત્ર-પુનઃ સંમેલન.** ૧૦૮૮
નાગસ્વામી અને યોગિનીની કથા. ... ૧૦૮૯
મરુભૂતિ ચરિત્ર. ... ... ... ... ૧૦૯૨
હરિશિખનું ચરિત્ર. ... ... ... ૧૦૯૪
વિધાધરોપર ચઢાઈ... ... ... ... ૧૦૯૫

## પંચદશો લંબક-મહાભિષેક.

**તરંગ ૧ લો.**

**મહાવિજય**-રત્નપ્રાપ્તિ.... ... ... ૧૧૦૩
ત્રિશીર્ષા ગુફાનો ઇતિહાસ. ... ... ૧૧૦૭
મંદારદેવ સાથે યુદ્ધ. ... ... ... ૧૧૧૧

**તરંગ ૨ જો.**

**મહાભિષેક.** ... ... ... ... ૧૧૧૩
રાજ્યાભિષેકની ક્રિયા. ... ... ... ૧૧૧૮
કુટુંબ મિલાવડો. ... ... ... ... ૧૧૧૯

## ષોડશોલંબક-સુરતમંજરી.

**તરંગ ૧ લો.**

**નરવાહનદત્તના રંગભોગ.** ૧૧૨૪
વસંત વર્ણન. ... ... ... ... ૧૧૨૪
સુષેણા અને સુરસેનની કથા. ... ... ૧૧૨૬

વિષય — પૃષ્ઠ.

વત્સરાજ વગેરેની સ્વર્ગારોહણ કથા.... ૧૧૨૮
ગોપાળકની મુલાકાત. ... ... ... ૧૧૩૦

**તરંગ ૨ જો.**

**સુરતમંજરીની કથા.** ... ... ... ૧૧૩૨
ચંડમહાસેન અને અંગારવતી. ... ... ૧૧૩૩
એક ચંડાળકન્યા અને રાજકુમાર. ... ૧૧૩૬
ચંડાળ ને પ્રસેનજિત રાજાની કન્યાની કથા. ૧૧૩૮
રાજકન્યા અને ખારવાની કથા... ... ૧૧૪૦
એક વણિકકન્યા અને ચોરની કથા. ... ૧૧૪૩
સુરતમંજરીનાં લગ્ન.... ... ... ... ૧૧૪૫

**તરંગ ૩ જો.**

**કશ્યપમુનિ અને નરવાહનદત્ત.** ... ૧૧૪૮
તારાવલોકની કથા ... ... ... ... ૧૧૪૯

## સપ્તદશો લંબક-પદ્માવતી.

**તરંગ ૧ લો.**

**કાલંજર પર્વતપર રહેલા નરવાહનદત્તે કહેલી કથા.** ... ... ... ... ૧૧૫૫
બ્રહ્મદત્ત અને બે રાજહંસની કથા. ... ૧૧૫૬
પાર્વતીએ પાંચ ગણોને દીધેલા શાપની કથા. ૧૧૫૮
પિંગેશ્વર ને ગુહેશ્વરની કથા. ... ... ૧૧૬૦

**તરંગ ૨ જો.**

**બ્રહ્મદત્તને હંસે કહેલી કથા.** ... ૧૧૬૬
મુક્તાફળકેતુ ને પદ્માવતીની કથા... ... ૧૧૬૬

**તરંગ ૩ જો.**

**પદ્માવતીની કથા...** ... ... ... ૧૧૭૭

**તરંગ ૪ થો.**

**પદ્માવતી અને મુક્તાફળકેતુની કથા.** ૧૧૮૩

**તરંગ ૫ મો.**

**મુક્તાફળકેતુની મનુષ્ય અવતારની કથા.** ... ... ... ... ... ૧૧૯૬





વિષય. — પૃષ્ઠ.

**તરંગ ૬ ઠ્ઠો.**

**મુક્તાફળધ્વજની કથા...** ... ... ૧૨૦૯
બ્રહ્મદત્ત રાજા ને બે હંસની કથા (ચાલુ). ૧૨૨૪

## અષ્ટાદશો લંબક-વિષમશીળ.

**તરંગ ૧ લો.**

**નરવાહનદત્તે કહેલી વિક્રમાદિત્યની કથા.** ... ... ... ... ... ૧૨૨૫
મહારાજ મહેન્દ્રાદિત્યની કથા. ... ... ૧૨૨૫
વિક્રમાદિત્યની કથા... ... ... ... ૧૨૨૯
અનંગદેવની મુસાફરીનો વૃત્તાંત. ... ૧૨૩૦

**રંગ ૨ જો.**

**નદમંજરીની કથા.** ... ... ... ૧૨૩૪
ેક જુગારીની કથા... ... ... ... ૧૨૩૬
ઠિઠાકરાળ નામના પ્રવીણ જુગારીની કથા. ૧૨૩૯
કુટ્ટિની કપટ-એક ધૂર્તની કથા. ... ... ૧૨૪૭
ઘંટ નિઘંટની કથા. ... ... ... ૧૨૫૦
સુવર્ણ મૃગબાળની કથા.... ... ... ૧૨૫૦

**તરંગ ૩ જો.**

**વિક્રમાદિત્યની કથા** (ચાલુ)... ... ૧૨૫૩
મલયવતીની કથા.... ... ... ... ૧૨૫૪

વિષય. — પૃષ્ઠ.

**તરંગ ૪ થો.**

**વિક્રમાદિત્યની કથા** (ચાલુ). ... ... ૧૨૬૧
કલિંગસેનાના લગ્નની કથા... ... ... ૧૨૬૧
દેવસેનને પ્રાપ્ત થયેલા સિદ્ધિલેપની કથા... ૧૨૬૩
નિમકહલાલ વાંદરાની વાર્ત્તા. ... ... ૧૨૬૫
વરાહ તથા હાથીના શાપની કથા... ... ૧૨૬૭
બે રાજકુંવરીઓની કથા. ... ... ... ૧૨૬૮
ધનદત્તની કથા. ... ... ... ... ૧૨૭૧
કેશટ અને કંદર્પની કથા.... ... ... ૧૨૭૨
કંદર્પની કથા.... ... ... ... ... ૧૨૭૬
કુસુમાયુધ અને કમળલોચનાની કથા. ... ૧૨૭૯

**તરંગ ૫ મો.**

**વિક્રમાદિત્યની કથા** (ચાલુ)... ... ૧૨૮૬
ચંદ્રસ્વામી અને તેની સ્ત્રીની કથા. ... ૧૨૮૬
કૃષ્ણશક્તિ કાર્પટીકની કથા. ... ... ૧૨૮૯
ઉર્ધ્વકેશી બ્રાહ્મણની કથા. ... ... ... ૧૨૯૨
અગ્નિશર્માની કથા... ... ... ... ૧૨૯૩
મૂળદેવની કથા. ... ... ... ... ૧૨૯૬
**ઉપસંહાર.**-નરવાહનદત્તની કથાની સમાપ્તિ. ૧૩૦૩
**કથાફળ.**-બૃહત્કથા સમાપ્તિ. ... ... ૧૩૦૪
**ગ્રન્થકાર પ્રશસ્તિ.** ... ... ... ૧૩૦૫

દાન અને ગ્રહણ
સામાજિક નવલકથા
કિંમત ૩-૦૦ પૌ. ૦-૮૦

શ્રી

મહાકવિ શ્રી સોમદેવ ભટ્ટ-વિરચિત

# કથાસરિત્સાગર.

( ભાષાંતર )

## दशमलंबक—शक्तियशा.

इदं गुरुगिरीन्द्रजाप्रणयमन्दरान्दोलना-
त्पुरा किल कथामृतं हरमुखाम्बुधेरुद्गतम् ।
प्रसह्य रसयन्ति ये विगतविघ्नलब्धर्द्धयो
धुरं दधति वैबुधीं भुवि भवप्रसादेन ते ।

### સ્રગ્ધરા વૃત્ત.

આ ગાઢા પ્રેમમંથાચળ વલન વડે, પાર્વતિએ મથીને,
કાઢેલું શંભુના જે મુખોદધિથી કથા સાર પીયુષ તેને,
પીયે જે સજ્જનો તે વિઘ્ન વગરની, રિદ્ધિઓ મેળવે છે;
આગેવાની કરે છે અહિં વિબુધતણી, શંભુની મ્હેર લ્હેરે.

## તરંગ ૧ લો.

### મંગળાચરણ.

*अवारणीयं रिपुभिर्वारणीयं करं नुमः ।
हेरम्बस्य ससिन्दूरमसिंदूरमघच्छिदम् ॥ १ ॥

ગણપતિના તે શુંડાદંડને અમે નમીએ છીએ, કે જે શત્રુઓથી રોકી શકા[illegible] જેમાં સિંદૂર લાગ્યો છે અને જે દૂરના પાપને નાશ કરનાર એક તરવાર સરખો છે.

ત્રિપુરાસુરને બાળવા સારુ બાણ ચડાવતા શંકરનાં, સમાન વ્યગ્ર થયેલાં ત્રણે[illegible] અધિક પ્રકાશમાન ત્રીજું લોચન, તે તમારી રક્ષા કરો.

શત્રુ હિરણ્યકશિપુને મારવા વખતે લોહીથી લાલ થયેલી નૃસિંહની વાંકી ન[illegible] દૃષ્ટિ તમારાં પાતકોનો નાશ કરો !

### કોઈએક ભાર ઉપાડનાર ( મજૂર ) ની કથા.

વત્સરાજ[illegible]નો રાજકુમાર નરવાહનદત્ત, પોતાની રાણી તથા કાર્યભારી મંડળ સા[illegible] બીમાં રહી આનંદ [illegible]રતો હતો. એક વખતે તે કુમાર પિતાની રાજસભામાં બેઠો હતો. ત[illegible] વખતે કોઈએક કોશાંબીનો રહે[illegible]વાસી વાણીઓ, રાજા વત્સરાજની પાસે વિનતિ કરવા માટે આવ્યો. આ વાણીઆનું નામ રત્નદત્ત હ[illegible]તું. તેણે પ્રતિહારદ્વારા રાજાને જાણ કર્યું અને રાજાજ્ઞાથી અંદર જઈ, રાજાને પ્રણામ કરી આ પ્રમાણે[illegible] તે વિનતિ કરવા લાગ્યો:–"મહારાજ ! આપણા શહેરમાં વસુધર નામનો એક દરિદ્ર મજૂર રહે છે. [illegible]ને ભાર ઉપાડીને પોતાની આજીવિકા ચલાવતો હતો. પરંતુ તે ઓચિંતો આજકાલમાં ખાતો પીતો [illegible] અને દાન કરતો મારા જોવામાં આવ્યો. એથી મને આશ્ચર્ય થયું, તેથી હું તેને મારે ઘેર તેડી લા[illegible]વ્યો અને તેની મરજી માફક મદિરાપાન અને નાના પ્રકારનાં ભોજન જમાડી તેને મદમત્ત બનાવ[illegible] મૂક્યો. તે પછી મેં તેને એવો પ્રશ્ન કર્યો કે, 'તું આવો મોટો ધનાઢ્ય ક્યાંથી થયો ?' તે બોલ્યો. [illegible] ભાઈ ! મને રાજમહેલના બારણામાંથી રત્ન જડેલું એક કંકણ મળ્યું છે. તે કંકણમાંથી મેં એક [illegible] રત્ન ઉખેડીને એક લાખ સોનામહોરની કીંમતે હિરણ્યગુપ્ત નામના એક વાણીઆને ત્યાં વેચ્યું છે [illegible] અને તે દ્રવ્યથી હું આજ આનંદમાં દિવસ ગુજારું છું.' આમ કહી તેણે આપની મુદ્રાવાળું કંક[illegible]ણ મને બતાવ્યું. હે મહારાજ ! આપને એ વાતની જાણ કરવા આવ્યો છું." તે વાર્તા વત્સરાજે સાંભળી, એટલે કંકણ સહિત તે ભારહરને અને રત્ન સહિત પેલા વાણીઆને બોલાવી મંગાવ્યા. તુરત તે બન્ને જણા રાજસભામાં હાજર થયા. મજૂરના હાથમાં તે કંકણ જોઈ રાજા પોતે જ બોલ્યો: "હા, હા ! હવે મને યાદ આવ્યું. હું જ્યારે નગરમાં ફરવા નિકળ્યો હતો, ત્યારે આ કંકણ મારા હાથમાંથી નિકળી પડ્યું હતું." પછી સભાસદો પૂછવા લાગ્યા: "અલ્યા મજૂરડા ! રાજાની મુદ્રાવાળું આ કંકણ તેં કેમ ગુપ્ત રાખ્યું?" તે મજૂરે રાજાની પાસે જઈ હાથ જોડી કહ્યું: "માબાપ ! હું મજૂર મનખ, રાજાના નામના અખ્ખરો ક્યાંથી વાંચી શકું ? બાપજી, હું દરિદરતાના દખમાં બરીજરી રીહીલો સું. માટે મેં ઈ ખખાણ લઈને છપાવી રાખિયુંતું." આ પ્રમાણે મજૂરનું ઉત્તર સાંભળ્યા પછી, રત્નને માટે વાણીઆને પ્રશ્ન પૂછ્યો, એટલે તે વાણીઓ બોલ્યો: "મેં બજારમાં મોટી કિંમત આપીને એ રત્ન લીધું છે. વળી એ માત્ર રત્ન ઉપર રાજાનું એંધાણ નથી, તે તો રત્ન પોતે કહી આપે છે. અને મેં પાંચ હજાર સોનામહોરનું હાંસલ ખાઈ બીજે સ્થળે તે વેચ્યું છે." હિરણ્યગુપ્ત શેઠનું આવું વચન સાંભળી, સભામાં બેઠેલો યૌગંધરાયણ બોલ્યો:–"આ કામમાં કોઈનો વાંક જણાતો નથી. મજૂર દરિદ્રી અને અભણ છે તેને શું કહેશો ? દરિદ્રાવસ્થાને લીધે લોકો ચોરી કરે છે ! અને મળેલી ચીજ કોણ પાછી ફેંકી દે છે ? તેમ આ વાણીઆએ પણ કિંમત આપીને રત્ન ખરીદ કર્યું છે, માટે તેને પણ કંઈ કહેવા જેવું નથી." મુખ્યમંત્રીનાં આવાં વચન સાંભળી વત્સરાજે તે વખતે તે વચન કબૂલ રાખ્યાં અને હિરણ્યગુપ્ત પાસેથી, મજૂરે જે રત્ન વેચાતું આપ્યું હતું, તે રત્ન પાછું લીધું અને તેને નફામાં પાંચ હજાર સોનામહોર આપી. પેલા મજુર પાસેથી પણ પોતાનું કંકણ પાછું લઈ તેને મુક્ત કર્યો અને તેને પણ પાંચ હજાર સોનામહોર આપી, એટલે તે પોતાને ઘેર જઈ નીડરતાથી તેનો ઉપભોગ કરવા લાગ્યો. પછી રાજાને વિચાર થયો કે, આ રત્નદત્ત મહાપાપી છે અને વિશ્વાસઘાત કરનારો છે, તેથી ભારહરના તરફ દ્વેષ રાખી, ફરિયાદ કરી. પણ પોતાનું કાર્ય સીઝ્યું, માટે તે વાણીઆનો સત્કાર કરી એમને એમ વિદાય કર્યો. સઘળા ગયા પછી રાજાની આગળ વસંતક બેઠો હતો તે બોલ્યો:–"મહારાજ ! દિલગીરી એ જ છે કે હતભાગ્ય લોકોને ધન મળે છે તોપણ તે તેની પાસેથી ગબડી મૂકી નાશી જાય છે. આ બાપડા ભારહરને ભદ્રઘટના વૃત્તાંત જેવું બન્યું છે. તે આ પ્રમાણે છે, સાંભળો !

### ભદ્રઘટની કથા.

પ્રાચીન સમયમાં પટણા નામના નગરમાં શુભદત્ત નામનો કોઈએક કઠિયારો રહેતો હતો. તે દરરોજ વનમાંથી લાકડાંનો ભારો લઈ આવી વેચતો અને તેમાંથી પોતાના કુટુંબનું પોષણ ચલાવતો હતો. એક દિવસે દૈવયોગે તે કઠિયારો વનમાં ઘણે દૂર નિકળી ગયો. તેણે દિવ્ય ઘરેણાં તથા વસ્ત્ર ધારણ કરનારા ચાર યક્ષને ત્યાં ઉભેલા દીઠા. યક્ષોને જોઈ તે ડરવા લાગ્યો. યક્ષો તેને બીધેલો જોઈ પ્રેમથી તેની પાસે આવ્યા અને અનેક પ્રશ્ન કીધા. શુભદત્તના કહેવાથી તેમને જણાયું કે આ કઠિયારો મહા દરિદ્રી છે. યક્ષોને દયા આવી અને તે બોલ્યા: "ઓ ભદ્ર ! તું અમારી પાસે રહી અમારું કામકાજ કર; અમે તારા ઘરનો નિર્વાહ સુખેથી ચલાવીશું." યક્ષોએ આ

* આ મંગળશ્લોકમાં વિરોધાભાસ અલંકાર છે. आभासत्वे विरोधस्य [illegible]વિરોધાभास इष्यते- कु. का. વિરોધનો આભાસ હોય તો વિરોધાભાસ અલંકાર જાણવો. જુવો अवारणीयं [illegible]ारणीयं અને વળી ससिन्दूरं અને असिंदूरं એ પદોમાં વિરોધ દેખાય છે. પરિહારમાં वारणीयं એ [illegible]રણ–હાથી તેનો. असिंदूरं એ તો પદ જુદાં છે. असिं તરવાર અને दूरं દેશથી અથવા કાલથી–થ[illegible]ેલા પાપનો નાશ કરનાર.

પ્રમાણે કહ્યું, એટલે શુભદત્તે કહ્યું, 'ઠીક છે.' પછી તે તેમની પાસે રહ્યો અને તેઓની સ્નાન વગેરે સર્વ પ્રકારની સેવા લાગ્યો. ભોજનનો સમય થયો ત્યારે યક્ષોએ તે કઠિયારાને કહ્યું: "અરે ભાઈ! અમને આ ભદ્રઘટમાંથી ભોજન કાઢી આપ." તે કઠિયારો ઘડાની અંદર જુવે છે તો તે ખાલીખમ્મ જોયો ને વાર લગાડવા લાગ્યો. ત્યારે તે યક્ષોએ હસતે મુખે ફરી શુભદત્તને કહ્યું "અલ્યા શુભદત્ત! તું સમજતો નથી. એ ઘડામાં હાથ નાંખ, એટલે તારી ઇચ્છા પ્રમાણે તેમાંથી તને સર્વ પદાર્થ મળશે. એ ઘડો કામના પ્રમાણે વસ્તુ આપે છે." તે સાંભળી શુભદત્તે જ્યાં તે ઘડાની અંદર હાથ ઘાલ્યો, ત્યાં પોતાની ઇચ્છા માફક તેમાંથી ભોજન, પાણી વગેરે જે ઇચ્છયું તે સર્વ મળી આવ્યું. તેમાંથી જોઈતા પદાર્થ કાઢી તે યક્ષોને આપ્યા અને તે પછી પોતે પણ જમ્યો. આ પ્રમાણે તે કઠિયારો દરરોજ ભક્તિથી અને ભીતિથી તે યક્ષોની સેવા કરતો હતો; પણ પોતાના કુટુંબની ચિંતામાં પીડાતો હતો. આણીમેર કઠિયારો ન આવવાથી તેનું કુટુંબ દુઃખમાં પીડાવા લાગ્યું, તેને યક્ષોએ સ્વપ્નદ્વારા શાંત કર્યું અને તેમની કૃપાથી તે આનંદમાં રહેવા લાગ્યું. એક મહિના પછી તે યક્ષોએ શુભદત્તને કહ્યું: "ભલા શુભદત્ત! અમે તારી ભક્તિથી પ્રસન્ન થયા છીએઃ તને અમે કંઈ આપવા ઇચ્છીએ છીએ; બોલ, તારે શું જોઈએ છે?" તે સાંભળી શુભદત્ત યક્ષોને કહેવા લાગ્યોઃ "તમે જો ખરેખર પ્રસન્ન થયા હો તો મને આ ભદ્રઘટ આપો." યક્ષોએ તેને કહ્યું, "તારાથી એ ઘડાની રક્ષા થઈ શકશે નહીં, અને તને કાંઈ મળશે નહીં. જ્યારે આ ઘડો ભાગી જાય છે ત્યારે તેમાંથી આ સર્વ સિદ્ધિ લય પામે છે, માટે તું કોઈ બીજો વર માગી લે." આ પ્રમાણે તે યક્ષોએ ઘણું કહ્યું, તો પણ શુભદત્તે બીજો વર માગ્યો નહીં. વર પ્રમાણે યક્ષોએ શુભદત્તને તે ઘડો આપ્યો. તે લઈ શુભદત્ત ઘણો પ્રસન્ન થયો અને તે યક્ષોને પ્રણામ કરી, ઘડો ઉતાવળથી પોતાને ઘેર લઈગયો. તેનાં સગાં સંબંધીઓ તેને પાછો આવેલો જોઈ ઘણાં રાજી થયાં. શુભદત્ત હંમેશાં પેલા ઘડામાંથી ઇચ્છિત પદાર્થ કાઢી તે ઘડાને રક્ષા માટે બીજા વાસણમાં મૂકી ગુપ્ત રાખતો હતો, અને તેમાંથી ભોજન વગેરે બીજા વાસણમાં લઈ પોતાના કુટુંબીની સાથે જમતો હતો. આ રીતે તે ભાર ઉપાડવાના કષ્ટમાંથી મુક્ત થયો અને વૈભવ સુખ માણવા લાગ્યો.

એક વખતે એવું બન્યું કે, તે મદિરાપાન કરવાથી ગાંડો બની ગયો. ત્યારે તેના ભાઈઓએ પૂછ્યું: "અલ્યા ભાઈ! આવી ભોગલક્ષ્મી તને ક્યાંથી મળી?" એટલે તે મૂઢ, મુખથી કંઈ બોલ્યો નહીં, પરંતુ ગર્વથી કામના પૂરનાર પેલા ઘડાને કાંધ ઉપર લઈ નાચવા લાગ્યો. તેને મદિરાપાનનો મદ એટલો ચઢયો હતો કે, નાચતાં નાચતાં તે લથડયો અને કાંધ ઉપરથી પેલો ભદ્રઘટ જમીન ઉપર પડીને ભાગી ગયો, અને તે જ વખતે તેમાંનું ચૈતન્ય, જેમ આવ્યું હતું તેમ જ પાછું, જરાપણ નાશ થયા વગર, તેના મૂળ માલીક પાસે ચાલ્યું ગયું અને તે શુભદત્ત હાય હાય કરતો પૂર્વની દશાને પામ્યો. આ પ્રમાણે કમનસીબ લોકો મદિરાપાનના દોષને લીધે બુદ્ધિહીન બની, મળેલી સંપત્તિનું પણ સંરક્ષણ કરી જાણતા નથી.

વસંતકના મુખથી ભદ્રઘટનો ઇતિહાસ સાંભળ્યા પછી વત્સરાજ સભામાંથી ઉઠયો અને



સ્નાન આહાર વગેરે ક્રિયા કરવા મહેલમાં ગયો. નરવાહનદત્તે પણ સ્નાનાદિક કરી પિતાની સાથે ભોજન કર્યું. સાયંકાળ થયો એટલે મિત્રમંડળ સાથે તે પોતાના નિવાસભવનમાં ગયો. મિત્રો સાથે વાતચિત કરતાં રાત્રીએ નરવાહનદત્ત શય્યાપર સૂતો, તોપણ તેને નિદ્રા આવી નહીં. ત્યારે, બીજા મંત્રીઓ સાંભળે તેમ, મરુભૂતિએ નરવાહનદત્તને કહ્યું: "મહારાજ! હું જાણુંછું કે, સમાગમ કરવા માટે દાસીદ્વારા તમે આજે રાણીને બોલાવી નથી; તેમ દાસીને પણ તમે બોલાવી નથી, એટલે તમને નિદ્રા આવતી નથી. વેશ્યાઓનાં ચારિત્ર્યને જાણ્યા છતાં પણ હજુ સુધી તમે તેના ઉપર શા માટે પ્રીતિ રાખો છો? વેશ્યાઓમાં પ્રેમ જ હોતો નથી, તે વિશે એક આ કથા કહું છું તે સાંભળો:–

## આલજાલની કથા.

ચિત્રકૂટ નામનું એક મોટું આબાદ નગર હતું. તે નગરમાં રત્નવર્મા નામનો એક મોટો ધનાઢ્ય વેપારી રહેતો હતો. તેણે ઈશ્વરનું આરાધન કર્યું, તે ઉપરથી તેને ત્યાં એક પુત્ર જન્મ્યો. ઈશ્વરના પ્રસાદથી તે જન્મ્યો માટે રત્નવર્માએ પુત્રનું નામ ઈશ્વરવર્મા પાડયું. ઈશ્વરવર્મા વિદ્યા ભણી ભણીને તરુણ થયો, એટલે તેના પિતા શેઠ રત્નવર્મા, જેને એક જ પુત્ર હતો તેણે, વિચાર કીધો કે, "બ્રહ્માએ, તરુણાવસ્થામાં અંધ બનેલા ધનાઢ્ય પુરુષોના ધન તથા પ્રાણ હરણ કરનારી વેશ્યા સરજેલી છે. એ એક મૂર્તિમાન્ દુરાચરણનો નઠારો માર્ગ બનાવ્યો છે. તેમાં મોહ પામી તરુણ જનો પોતાના ધન અને પ્રાણનો નાશ કરે છે. માટે વેશ્યાનાં કપટનો અભ્યાસ કરવા માટે, આ પુત્રને કોઈ 'કુટણી' ને સોંપું તો ઠીક, કે જેથી વેશ્યાઓ કે કોઈ દુષ્ટ, આ બાળકને છેતરી શકશે નહિ." આવો વિચાર કરી એક દિવસ પોતાના પુત્ર ઈશ્વરવર્માને સાથે લઈ, તે સાહુકાર, યમજિહ્વા નામની એક કુટણીને ઘેર ગયો. ત્યાં તેને યમજિહ્વા મળી. તેના હોઠ ઘણા જાડા હતા, દાંત લાંબા હતા, નાક વાંકું હતું ને તે પોતાની પુત્રીને નીચેના શબ્દોમાં શિક્ષણ આપતી હતી:–"દિકરી! આખી દુનિયાં ધનને લીધે પ્રતિષ્ઠા પામે છે. ખાસ કરીને વેશ્યાને તો ધનનો વધારે ખપ છે. પરંતુ જો વેશ્યા અનુરાગવતી હોય એટલે પ્રેમમાં ફસાય છે, તેની પાસે પૈસાનું નામ રહેતું નથી. માટે વેશ્યાઓએ પ્રેમવિકાર રાખવો નહીં. રાગ* એ એક વેશ્યા અને પશ્ચિમ દિશામાં આવેલી સંધ્યાનો દોષાગ્ર† દૂત છે; પરંતુ કામશાસ્ત્ર શિખેલી વેશ્યા, નટીની માફક સામા મનુષ્યને મિથ્યા રાગ-પ્રેમ બતાવે છે, પણ અંતઃકરણથી બતાવતી નથી. વેશ્યા કૃત્રિમ રાગવડે પ્રથમ કામીજનને રંજન કરે છે અને અનુરક્ત બનેલા કામી પાસેથી ધન લૂટે છે. અને જ્યારે તે ખાખાવિખી થઇ જાય છે, ત્યારે તે તેનો એકદમ ત્યાગ કરે છે. પણ તે પાછો દ્રવ્યવાન્ થાય તો તેનાપર પોતાની પ્રીતિ પાછી બતાવે, એમાં તેની ચતુરાઈ છે; અને વેશ્યા તેને તનમન ગણીને પુનઃ પુનઃ લૂટે છે. વેશ્યા સંતપુરુષ‡ જેવી છે. જેમ સંતપુરુષ તરુણ, બાળક કે વૃદ્ધ, સૌંદર્યવાન્ કે કુરૂપ સાથે સમા-

* પ્રેમ-લાલાસ. † દોષ-અગ્ર-દૂત-દોષોમાં પહેલો દૂત. દોષા-રાત્રિનો અગ્રદૂત-સંધ્યાપક્ષમાં.
‡ વેશ્યા આ રીતે સર્વપર સમાન ભાવ રાખીને દ્રવ્ય હરે છે, સંતપુરુષ એવી રીતના સમાન ભાવથી મુક્તિ આપે છે.

નભાવે વર્તે છે, તેમ વેશ્યાએ પોતાને ત્યાં આવનાર સર્વપર સમાન ભાવ રાખવો ને તેવી જ વેશ્યા અખૂટ દોલત મેળવે છે." આ પ્રમાણે **યમજિહ્વા** પોતાની પુત્રીને શિક્ષા આપતી હતી, ત્યાં રત્નવર્માં જઈ ઉભો રહ્યો. તે વૃદ્ધકુટ્ટણીએ તે શેઠને જોઈ તેનો અતિથિસત્કાર કરી (પાટે) બેસાર્યો. પછી તે વાણીઓ બોલ્યો; "ભગવતિ ! મારા દિકરાને વેશ્યાની કળા એવી શીખવો કે, જેથી તે કળામાં ચતુરાઈ મેળવે. તેને શીખવવાના બદલામાં હું તમને એક હજાર સોનામહોર આપીશ." તે સાંભળી પેલી કુટ્ટણીએ 'ઠીક છે' એમ કહી તુરત શીખવવાનું કબુલ કર્યું. રત્નવર્માએ એક હજાર સોનામહોર પ્રથમથી જ તે વેશ્યાને આપી, પોતાના પુત્ર ઈશ્વરવર્માને તેને સોંપી, પોતે ઘેર ગયો.

ઈશ્વરવર્મા **યમજિહ્વાના** ઘરમાં એક વર્ષ રહ્યો અને સર્વ કળા શિખી પોતાના પિતાને ઘેર આવ્યો. જ્યારે તે બરાબર સોળ વર્ષનો થયો ત્યારે તેણે પોતાના પિતાને કહ્યું; "પિતાજી ! ધર્મ અને કામ, અર્થથી પૂર્ણ રીતે સાધી શકાય છે; અર્થથી વિચારશક્તિ–પરીક્ષાશક્તિ ને કીર્તિ પણ મળે છે." આ પ્રમાણે પુત્રે કહ્યું એટલે તેના પિતાએ 'ઠીક છે' એમ કહી તે વચન માન્ય કર્યું; અને ખુશી થઇને પાંચ કરોડ રૂપિયાની સંપત્તિ તેને સોંપી. ઈશ્વરવર્માએ, તે થાપણ લઈ શુભ દિવસે સંઘની સાથે કમાવા માટે **સ્વર્ણદ્વીપ** તરફ મન હોવાથી, તે તરફ પ્રયાણ કીધું. જતાં જતાં માર્ગમાં **કાંચનપુર** નામનું એક નગર આવ્યું. આ નગરની બહાર એક ઉદ્યાન હતું, તેમાં તે ઉતર્યો. ત્યાં સ્નાનસંધ્યા કરી, કેસર ચંદન અંગમાં ચર્ચી, ભોજન કરી, તરુણ **ઈશ્વરવર્મા** શહેર જોવા નિકળ્યો. જતાં જતાં માર્ગમાં એક દેવળમાં તમાસો થતો હતો તે જોવા માટે તે અંદર પેઠો. ત્યાં તેણે જોયું તો તરુણાવસ્થાનો વાયુ સૌંદર્યસાગરના મોજાઓને ઉછાળે, તેવી અનુપમ સૌંદર્યવાન્, **સુંદરી** નામની એક નાયિકા, નૃત્ય કરતી હતી. તેને જોઇને જ **ઈશ્વરવર્મા** તે વખતે તદાકાર થઈ ગયો–કુટ્ટણીની શિક્ષા જાણે ગુસ્સો કરી દૂર નાશી ગઈ હોય તેમ તે ચિત્તભ્રમ બની ગયો–કામના વિકારમાં પોતાની આચાર્ય કુટ્ટણીએ જે સદ્બોધ આપ્યો હતો તે સર્વ તે વિસરી ગયો. તે વણીકપુત્રે નૃત્ય થઈ રહ્યા પછી પોતાના એક મિત્રને મોકલી, તે પાતરના પ્રેમની માંગણી કરી. તે ગણિકાએ સરળતાથી કબૂલ કરી તેના તરફ દૃષ્ટિપાત કરી જણાવ્યું;–"હું તો આપની દાસી છું;" અને વધુ બોલી કે, "હું નસીબદાર છું કે, તમારા જેવા મારી ઇચ્છા કરે છે !" ઈશ્વરવર્મા પોતાના ઉતારા ઉપર આવી, દ્રવ્ય સાચવવા ઉપર ડાહ્યા માણસોને મૂકી, પોતે તે રામજની **સુંદરીને** ઘેર ગયો. **મકરકટી** નામની **સુંદરીની** માતા ઘરમાં હતી તેણે, **ઈશ્વરવર્માનો** સમય પ્રમાણે જૂદી જૂદી વસ્તુઓથી સારી રીતે સત્કાર કરી એક સુંદર મંચપર બેસાડયો. રાત પડી એટલે **મકરકટી** કુટ્ટણીએ તે વાણીઆને સુંદર રતિમંદિરમાં મોકલ્યો. આ ભવ્ય ભવનમાં રત્નદીપવડે ઝળઝળાટ દેખાતો ચંદરવો બાંધ્યો હતો; એક તરફ સુવાને માટે સુવર્ણનો પલંગ ઢાળ્યો હતો, એક તરફ દાસદાસી વાયુ ઢાળતાં હતાં; ચોમેર અરિસા ઝગારા કરી રહ્યા હતા; મંદ મંદ સુવાસિત પવન વાતો હતો. એવા નૌતમ ભવનમાં રહી તે વાણીઆભાઈ, કામકળામાં ચતુર **સુંદરીની** સાથે જૂદી જૂદી જાતનાં નૃત્ય તથા સુરતખેલ ખેલવા લાગ્યો. તે ગણિકાએ સુરત સમયે એવો ગાઢ પ્રેમ બતાવ્યો કે, તે



વાણીઓ તો તેને જ અષ્ટમાસિદ્ધિ ને નવેનિધિ જોયા કરવા લાગ્યો. જેમ ચંદ્રને જોતાં ચકોર તૃપ્ત ન થાય તેમ તે પ્રેમઘેલો વાણિઓ માંડીઓ બની ગયો. **સુંદરીએ** તેને એવો તો નેત્રના કટાક્ષમાં, હાલન ચાલનમાં, પગના ઠમકામાં, અંગના લહેકામાં લદબદ કીધો કે, ન પૂછો વાત ! પ્રેમ દાખવતી તે તેની પાસેની પાસે જ રહી. તેને રાત્રિએ કે દિવસે જરાએ વિલો મૂક્યો નહીં. ઇશ્વરવર્મા બીજે દિવસે પણ ત્યાં જ રહ્યો. તે **સુંદરીને** છોડી ત્યાંથી બહાર જઈ શક્યો નહીં. તે તરુણ વણિક્પુત્રે બીજે દિવસે સોનું રત્ન વગેરે મળી પચીસ લાખ સોનામહોર **સુંદરીને** ભેટ આપવા માંડી. પણ **સુંદરીએ** કૃત્રિમ પ્રેમ–નિઃસ્વાર્થ પ્રીતિ દર્શાવી તે લેવા નાપાડી. તે બોલીઃ "પ્યારા ! નેત્રમણિ ! છેલછબીલા નાગર ! હું શું પૈસાને મારો પ્રેમ વેચું છું ? મને નાણું તો ઘણુંએ મળ્યું છે, પણ તમારા જેવો છોગાળો પુરુષ મળ્યો નથી. આજ તમે પોતે તેવા મળ્યા, ત્યાં હવે હું ધનને શું કરું ?" પણ તેની માતા **મકરકટી**, કે જેને **સુંદરીજ** એક જ પુત્રી હતી તે, તેને કહેવા લાગી; "બેટા ! બહેની ! હવે આપણી પાસે જે ધન છે તે સર્વ એમનું જ છે કેની, તો તેને મધ્યસ્થ કરી એઓ આપે તે લે. લેવામાં શી હાનિ છે ?" જ્યારે તે વૃદ્ધકુટ્ટણીએ એમ કહ્યું ત્યારે **સુંદરીએ** દિલગિરી બતાવી, ચાલાચસ્કા કરીને તે નાણું લીધું, અને મૂર્ખ **ઈશ્વરવર્મા** તે વેશ્યાનો પ્રેમ ખરો છે એમ માનવા લાગ્યો. આ પ્રમાણે તેનાં નૃત્ય, તેનાં ગીત અને તેના રૂપમાં લંપટ બનીને, વણિકનો પુત્ર, તેને ત્યાં બે માસપર્યંત રહ્યો. એટલા વખતમાં તેણે, ક્રમે ક્રમે, **સુન્દરીને** બે કરોડ સોનામહોર આપી દીધી.

આ જોઈ તેનો પ્રિય મિત્ર **અર્થદત્ત** રોશે ભરાયો. તેણે સ્વેચ્છાથી વેશ્યાને ઘેર આવી, ઈશ્વરવર્માને કહ્યું; "હે મિત્ર ! **યમજિહ્વા** કુટ્ટણી પાસેથી તું મહામહેનતે જે વિદ્યા ભણ્યો છે તે જેમ કાયર પુરુષને સમયપર અસ્ત્ર વિદ્યા નિરુપયોગી થઈ પડે છે તેમ, હમણાના તારા વર્તનપરથી જણાય છે કે, વ્યર્થ ગઈ છે. આ વેશ્યાની પ્રીતિ સત્ય માનીને શું તારું તે ભણતર વ્યર્થ કીધું નથી ? શું કોઈ દિવસ મારવાડનાં અને ઝાંઝવાનાં જળ ખરાં હોય છે ? માટે, જ્યાં સૂધીમાં આપણું સઘળું દ્રવ્ય ખૂટી જાય નહીં ત્યાં સૂધીમાં અહીંયાથી નાશ. તારો પિતા જો આ વાત જાણશે તો તે મહાક્રોધે ભરાશે." આ પ્રમાણે **અર્થદત્તે** કહ્યું, ત્યારે **ઈશ્વરવર્મા** બોલ્યોઃ "તારું કહેવું સત્ય છે. એક નિયમ પ્રમાણે વેશ્યાનો વિશ્વાસ કરવો નહીં, પરંતુ મિત્ર ! આ સુન્દરી તેવી નથી. મિત્ર ! હું તને શું કહું ! મને તે આંખની કીકી સમ ગણે છે. એક ક્ષણ મને જો તે જોશે નહીં તો ખચીત મરી જશે ! માટે તારે જો જવું જ હોય તો તું જઇને તેને સમજાવ." આ પ્રમાણે **ઈશ્વરવર્માએ** **અર્થદત્તને** જવાબ આપ્યો એટલે તેણે **મકરકટી** માતાની સમક્ષ **સુંદરીને** કહ્યું; "હે સખિ ! હે સલુણી ! હે મોહીણી ! **ઈશ્વરવર્મા** ઉપર તારી અસામાન્ય પ્રીતિ છે એમાં યત્કિંચિત્ પણ શંકા જેવું નથી. પણ હવે એને વેપાર માટે **સ્વર્ણદ્વીપમાં** અવસ્ય જવું જોઇયે. તે વેપારમાં ત્યાં એટલી બધી લક્ષ્મી મેળવશે, કે અહીં પાછો આવી લક્ષ્મી સહિત તારી સાથે જીવિતપર્યંત સુખમાં રહેશે. માટે મારું કહ્યું માની તું એને હવે રજા આપ." તે સાંભળી **સુંદરી**, **ઈશ્વરવર્માના** મુખ સામું જોઈ, અફસોસ કરતી અને અશ્રુ ઢાળતી બોલી; "હું શું કહું ? તમો મહાત્મા, એ પ્રેમની

પીડા સારી રીતે જાણો છો. એમના જવા પછી તમે ધારો છો કે, મારા પ્રાણ સાથ, આ શરીર ટકી રહેશે ? કયો માણસ પરિણામ જાણ્યા વગર ખાતરી કરી શકે છે કે આમજ થશે? પણ કંઈ નહીં; મારા નસીબમાં જે લખ્યું હશે તે પ્રમાણે થવા દ્યો. ભલે એ જાય!" તે સાંભળી તેની મા મકરકટી બોલી; " બેટા ! દિલગીર મા થા, ધીરજ રાખ ! તારો પ્રીયતમ ધન કમાશે કે તુરત જ પાછો આવશે; અને એ તારો ત્યાગ કદી પણ કરશે નહીં." આ પ્રમાણે તે વેશ્યાને તેની માતાએ દિલાસો આપી સમજાવી. પછી પુત્રી સાથે સંકેત કરીને, તે વણિક્પુત્રને જે માર્ગે જવાનું હતું તે માર્ગના એક ભાગમાં કૂવો હતો, તેની અંદર ગુપ્ત રીતે એક જાળ બંધાવી પોતાની સર્વ કપટ રચના તૈયાર કરાવી દીધી! આ વખતે ઇશ્વરવર્માનું મન હીંચોળા ઉપર ચઢયું. તે વિરહવેદનાથી આંદોલન કરવા લાગ્યું. શું કરવું તે તેને સૂઝયું નહીં. બીજી બાજુએ સુંદરી, દિલગીરીમાં હોય તેમ થોડો થોડો આહાર પાણી લેવા લાગી; તેણે ગીત, વાદ્ય અને નૃત્યમાં કંઈ ઇચ્છા કરી નહીં. જ્યારે ઈશ્વરવર્માએ નુતન પ્રણયપ્રેમ વચનોથી સમજાવી ત્યારે તેણે કંઈક ધૈર્ય ધર્યાનું ડોળ ઘાલ્યું.

મિત્રે જણાવેલો પ્રયાણ સમય આવ્યો, એટલે પેલી કુટ્ટણીએ મંગળાચાર કર્યું. ઈશ્વરવર્મા, સુંદરીના ઘરમાંથી બહાર નિકળ્યો. તેને વળાવવા માટે રુદન કરતી સુંદરી ને તેની મા, શહેરની બહાર, ઉપર જણાવેલા જાળવાળા કૂવા લગણ, તેની સાથે ગયા. ત્યાં સર્વ ઉભા રહ્યા. તે વણિક્પુત્ર સુંદરીને ધીરજ આપવા માટે તેની પાસે ગયો. તેને ધૈર્ય આપી વણિક્પુત્રને તેના મિત્રે ચાલવા માંડયું. ચાર ડગલાં આવ્યા કે, જાણે વિરહવેદના નહીં ખમી શકાય, તેથી મરવું ભલું, એમ બતાવવા સુંદરી પેલા કુવામાં જાળની ઉપર પડી. તેની મા, તેની દાસીઓ અને લોંડીલોંડાઓ—"હાય હાય ! રે બાપલીઆ ! હાય બાઈ સાહેબ ! અરેરે પુત્રી !" આમ મોટો કોલાહલ કરવા લાગ્યાં. તે સાંભળી તે વણિક્પુત્ર પોતાના મિત્ર સહિત પાછો ફરીને ત્યાં આવ્યો, અને વહાલીના કૂવામાં પડ્યાના સમાચાર સાંભળી, તે એકક્ષણ મૂર્છિત થઈ ગયો. મકરકટી મોટેથી આક્રંદ કરીને અફસોસ કરવા લાગી અને આમ તેમ દોડતાં તેણે પોતાના સાંકેતિક અને અંતરંગ ચાકરોને કૂવામાં ઉતાર્યા. તેઓ દોરડાંવતી કૂવામાં ઉતરીને બોલ્યા; "પ્રભુનો પાડ માનો, હજી બાઈ જીવે છે, જીવે છે !" આમ જણાવી તેઓએ સુંદરીને કુવાની બહાર કાઢી. જ્યારે તેને બહાર કાઢી ત્યારે તેણી પોતાનું શરીર મુડદાની માફક કરી પડી જ રહી. જ્યારે તેને જણાવવામાં આવ્યું કે, વણિક્ પુત્ર પાછો આવ્યો છે, ત્યારે જ તે ધીરે ધીરે જવાબ દેવા લાગી. તે જોઈ ઈશ્વરવર્મા ખુશી થયો અને શુદ્ધિમાં આવેલી પોતાની પ્રાણપ્રીયાને લઇ, નોકર સહિત પાછો ફર્યો; અને સુંદરી વેશ્યાને ઘેર જઈ રહ્યો. આમ સુન્દરીના પ્રેમની ખાતરી થવાથી, આવી અલભ્ય સુંદરી મને મળી એ પૂર્વજન્મનું જ ફળ છે એમ માની, તેણે પુનઃ વેપારે જવાનો વિચાર માંડી વાળ્યો, અને ત્યાં જ રહેવાનો વિચાર કર્યો. પુનઃ તેના મિત્ર અર્થદત્તે તેને કહ્યું; "અયે મિત્ર ! તું મૂર્ખાઇથી તારું ભુંડું કાં કરે છે ? સુન્દરી કુવામાં પડી તેથી તેના પ્રેમની ખાતરી તારે માનવી નહીં. વેશ્યાના કપટની રચનાને સાક્ષાત્ બ્રહ્મા પણ જાણી શકતા નથી, તો તું



કોણ માત્ર? નાણું ગુમાવ્યા પછી તું ત્હારા પિતાને શું જવાબ આપીશ ? કયાં જઈશ ? તારે તારું ભલું કરવાની મરજી ઇચ્છા હોય તો હમણાંને હમણાં જ ત્યાંથી ચાલ." આ પ્રમાણે મિત્રે ઘણો ઘણો સમજાવ્યો, છતાં તેના વચનનો અનાદર કરી તે તરુણ વણિક્પુત્રે એક માસ રહી, બીજા ત્રણ કરોડ રૂપીઆ ખર્ચી નાંખ્યા. જ્યારે સર્વ ધન હરી તેને બાવો કરી મૂકયો, ત્યારે મકરકટી કુટ્ટણીએ, ઈશ્વરવર્માને ગર્દન પકડી ધક્કો મારી સુન્દરીના ઘરમાંથી હડસેલી કાઢયો.

અર્થદત્ત વગેરે તેના મિત્રો, જ્યારે ઈશ્વરવર્મા સમજ્યો નહી ત્યારે, સત્વર પોતાના નગરમાં ગયા અને બન્યા પ્રમાણે સર્વ વૃત્તાંત તેના પિતા રત્નવર્માને કહ્યું. તેનો પિતા સાહુકાર રત્નવર્મા, તે સાંભળી ઘણો ખેદાતુર થયો અને યમજિહ્વા કુટ્ટણીની પાસે જઇ કહ્યું; "તેં મારી પાસેથી મોટી રકમ લઈ મારા દીકરાને એવી કામકળા ભણાવી કે, મકરકટી કુટ્ટણીએ રમત માત્રમાં તેનું સર્વ ધન હરી લીધું? હત્!" આ પ્રમાણે કહી પુત્રનું સર્વ વૃત્તાંત તેની આગળ વર્ણવી બતાવ્યું. તે વૃદ્ધકુટ્ટણી યમજિહ્વાએ તે સાહુકારને કહ્યું; "મારા શેઠ! જરા એ ફીકર કરો નહિ. તમારા પુત્રને અહીં બોલાવી મંગાવો; હું તેને એવો તો નિપુણ બનાવીશ કે જેથી તે મકરકટીનું સર્વ ધન ફરી હરણ કરી લાવશે." આ પ્રમાણે યમજિહ્વા કુટ્ટણીએ પ્રતિજ્ઞા કરી, એટલે રત્નવર્માએ તે જ વખતે પુત્રને તેડી લાવવા માટે તેના મિત્ર અર્થદત્તને કહ્યું કે; "તું જા, અને તારા મિત્રને સમજાવ કે, તારો પિતા તારી આજીવિકા માટે પૈસા આપશે,—આમ સમજાવી તેને તેડી લાવ." આ પ્રમાણે સંદેશો આપીને તેનું હિત ઇચ્છનારા તેના મિત્ર અર્થદત્તને, રત્નવર્માએ વિદાય કર્યો.

અર્થદત્ત કાંચનપુરમાં જઇ ઈશ્વરવર્માને સર્વ સંદેશો કહ્યો, અને પછી કહ્યું "હે મિત્ર! તેં મારું કહેલું માન્યું નહીં, તો આજ તે વેશ્યાના પ્રેમની સત્યતા તેં પ્રત્યક્ષ દીઠી—પાંચ કરોડ સોનામહોર આપીને કમજાત વેશ્યાનો ધક્કો ખાધો. કોયો ડાહ્યો મનુષ્ય વેશ્યાના પ્રેમની અને રેતીમાંથી તેલની વાંછના કરે છે? પણ ના ના, એ વસ્તુનો જ એવો ધર્મ છે, તો હવે હું તને શું ઠપકો આપું? જ્યાં સૂધી પુરુષ, સ્ત્રીના નેત્રકટાક્ષમાં ફસાયો નથી, ત્યાં સૂધી જ તે ડહાપણવાળો, શૂરવીર અને શુભ ભોક્તા રહે છે. પણ જે થયું તે થયું. હવે તું તારા પિતાની પાસે ચાલ ને તેના ગુસ્સાને શાંત કર." આ પ્રમાણે કહી, અર્થદત્ત, ઈશ્વરવર્માને સમજાવી, ઝટપટ તેને તેના પિતાની પાસે લઈ આવ્યો. તેના પિતાને તે એક જ પુત્ર હતો, માટે તેણે પણ તેને ધીરજ આપી અને પુનઃ યમજિહ્વા કુટ્ટણીની પાસે લઈ ગયો. ત્યાં યમજિહ્વાએ તે વાણીઆભાઇને સર્વ વાત પૂછી. તેણે પોતાના મિત્ર અર્થદત્તને મુખે, સુન્દરીના કુવામાં પડવાની તથા પોતાના ધનના નાશનું સર્વ વૃત્તાંત જણાવ્યું. તે સાંભળી યમજિહ્વા બોલી; "બેશક, આમાં મારો પોતાનો જ વાંક છે. કારણ કે મેં પોતે તને કામશાસ્ત્રના અધ્યયન વેળાએ તે કપટકળા ભણાવી નહીં. મકરકટીએ કુવામાં જાળ બંધાવી રાખી હતી, તેથી સુન્દરી કૂવામાં પડયા છતાં મરણ પામી નહીં. પણ ફીકર નહીં, આ બાબતમાં પણ હજી એક ઉપાય છે, તે તું કરશે એટલે તું નિત્ય જય મેળવશે." આટલું કહી તુરત તે કુટ્ટણીએ પોતાની દાસીદ્વારા આલ નામના એક વાંદરાને ઘરમાંથી બોલાવી મંગાવ્યો; અને પોતાની હજાર સોનામહોર તે વાંદરાની આગળ મૂકીને બોલી; "બચ્ચા, આ ગળી જા તો !"

તે વાંદરો પોતાના અભ્યાસ પ્રમાણે માલિકનો હુકમ સાંભળી, તે સઘળી સોનામહોર ગળી ગયો. પછી યમજિવ્હાએ વાંદરાને કહ્યું–"બેટા આલ! આને વીસ સોનામહોર આપ, આને પચીસ આપ, આને સાઠ આપ, આને સો આપ!" આ પ્રમાણે જેમ જેમ જૂદી જૂદી રીતે આલ પાસેથી જૂદા જૂદા લોકોને સોનામહોરો આપવાનું કહ્યું, તેમ જ આલે સોનામહોરો બહાર કાઢી કાઢીને તે તે લોકોને આપી. આવી રીતે આલ વાંદરાની યુક્તિ બતાવી, ફરીથી તે કુટ્ટણીએ ઈશ્વરવર્માને કહ્યું; "આ વાનરનું બચ્ચું તું લઈ જા અને પ્રથમની માફક તે સુન્દરીને ઘેર જઈને રહે. આગમચથી છાની રીતે આ વાનરને મહોરો ગળાવી રાખજે. જ્યારે ખર્ચ કરવો હોય, ત્યારે જોઈતી મહોરો વાનરની પાસેથી માંગી લેજે. સુન્દરી આ પ્રમાણેના વાનરને જોઈ તેને ચિંતામણિ જેવો માનશે; અને તને સમજાવી પોતાનું સર્વસ્વ આપીને, આ એક વાનરને લેશે. જ્યારે એ વાંદરાને આપે, ત્યારે તારે અગાઉથી એને બે દિવસના ખર્ચ જેટલી સોનામહોરો ગળાવી રાખવી. આ વાનર તેને આપી, તેની પાસેથી તેનું સઘળું ધન લઈ, એકદમ ત્યાંથી દૂર નિકળી જજે." આ પ્રમાણે કહી યમજિવ્હાએ તે વાનર તેને સ્વાધીન કર્યો અને તેના પિતાએ બે કરોડ સોનામહોરથી ભરેલો એક ચરુ પાછો તેને આપ્યો. તે વાનર અને દ્રવ્ય લઈને, ઈશ્વરવર્મા પુનઃ કાંચનપુરમાં ગયો; અને આગળથી સુન્દરી પાસે એક દૂત મોકલી તેને જાણ કરી કે, 'હું પુષ્કળ ધન કમાઈ આવ્યો છું.' લુચ્ચી સુન્દરી ને તેની મા બંનોએ તે સાંભળી પુનઃ, પૂર્ણ પ્રેમભાવથી તેને પોતાના ઘરમાં ઉતાર્યો. સુન્દરી, સાક્ષાત્ આગ્રહરૂપ ને કાર્યના રહસ્ય જાણનાર ઈશ્વરવર્માને તથા તેના મિત્રની કોટે વળગી પડી, જૂદા જૂદા અભિનય બતાવીને ઘણો જ પ્રસન્ન કર્યો. ઈશ્વરવર્માએ પણ તે વેશ્યાને પ્રેમ બતાવીને પોતાના પ્રેમની ખાતરી આપી. ક્ષણેક ગયા કેડે સુન્દરીના સમક્ષમાં અર્થદત્તને વાણીઆભાઈએ કહ્યું; "જાની ભાઈ, જરા પેલા આલ વાંદરાને લઈ આવતો." અર્થદત્તે કહ્યું; "જેમ મરજી." એમ કહી તે ગયો અને પેલા વાંદરાને લઈ આવ્યો. આ વાંદરો અગાડીથી એક હજાર સોનામહોર ગળી ગયો હતો, એટલે ઈશ્વરવર્માએ તેને કહ્યું; "બેટા આલ! આજ ભોજન પાણીનો ખર્ચ કરવા માટે ત્રણસો સોનામહોર આપો તો; અને પાન સુપારી વગેરેના ખર્ચ માટે સો સોનામહોર આપોઃ અને સો સોનામહોર માજી મકરકટીને આપો, અને બ્રાહ્મણોને સો સોનામહોરનું દાન કરો અને ચારસો સોનામહોર મારી આ પ્યારી સુન્દરીને આપો." આ પ્રમાણે ઈશ્વરવર્માએ કહ્યું એટલે તે વાનર, કે જેણે અગાઉથી હજાર સોનામહોર ગળી હતી તેણે, કહેવા મુજબ જ ઝટોઝટ સોનામહોરો બહાર કાઢી કાઢીને ખરચ માટે આપી.

આ પ્રમાણે યુક્તિથી, ઈશ્વરવર્મા ખરચમાં હમેશાં સોનામહોરો વાંદરા મારફતે અપાવતો હતો. આમ એક પખવાડીઆપર્યંત થતું જોઈ, મકરકટી અને સુન્દરી વિચાર કરવા લાગ્યાં; "અરે! આ તો વાનરનું રૂપ ધારણ કરનાર સાક્ષાત્ કોઈ સિદ્ધ છે કે સાક્ષાત્ ચિંતામણિ છે! એ હંમેશા હજાર *સોનામહોર આપે છે. જો આ વાનર, એ આપણને આપે તો આપણા સર્વ મનોરથ સિદ્ધ થાય."

* અંગ્રેજીમાં ૧૦૦ સુવર્ણ મુદ્રા છે, પણ તે ખોટું જણાય છે.



એ પ્રમાણે વિચાર કર્યા પછી, ઈશ્વરવર્મા ભોજન કર્યા બાદ જ્યારે મોજમઝામાં બેઠો હતો, ત્યારે એકાંતમાં સુન્દરીએ, પોતાની માતા મકરકટી સમક્ષ, ઈશ્વરવર્મા આગળ માંગણી કરી કે; "દિલોજાન! હૃદયરંજક! જો તમે મારા ઉપર પ્રસન્ન હો તો આ આલ મને આપો." તે સાંભળી ઈશ્વરવર્મા હસતે મુખે બોલ્યો; "હેંહેંહેં! એ શું બોલી પ્યારી? આ વાનર તો મારા પિતાનું જીવન છે, માટે તે મારાથી આપી શકાય નહીં!" આવો જવાબ મળ્યાથી સુન્દરી પુનઃ બોલી; "પ્રીયતમ! પ્રાણેશ! ફાંકડા! એમ શું કરો છો? લ્યો, હું તમને પાંચ કરોડ સોનામહોર આપું છું ને તમે આ વાનર મને આપો!" પછી ઈશ્વરવર્માએ નિશ્ચય કરીને કહ્યું; "પ્રિયે, વલ્લભે! હૃદયરમણી! તું કહે તો તારાપર વારી જાઉં, પણ એ વાત તો તું જવા જ દે. મારાથી એ વાનર અપાય તેમ છે જ નહીં! પાંચ કરોડ તો શું, પણ પચીસ કરોડ આપતાં પણ એનું નામ નહીં લેવાય! જોઈએ તો તું મને તારું સર્વસ્વ આપે અથવા તો આ નગર પણ આપે, તોપણ મારાથી એ આપી શકાય તેમ નથી, ત્યારે કરોડની તો વાર્તા જ શી કરે છે?" તે સાંભળીને સુન્દરી વિનવતી બોલી; "હું તમને મારું સર્વસ્વ આપી દઉં, તોપણ તમે મને આ વાનર નહીં આપો? જુઓ પ્યારા! વહાલા! મારું આટલું નહીં માનો? મારી મા તેમ કરવાથી ગુસ્સે થશે તો છો થતી; પણ મ્હને એ ઘણો ગમે છે, માટે એ આપો." આટલું કહી સુન્દરીએ ઈશ્વરવર્માને પગે પડી તેના બે પગ પકડયા; ત્યારે અર્થદત્ત વગેરે બોલ્યા; "ભાઈ! જ્યારે તમારી પ્યારીનો બહુ આગ્રહ છે, ત્યારે ભલે આપો, જે થવાનું હશે તે થશે." પછી ઈશ્વરવર્માએ તે વાનર તેને આપવાનું કબૂલ કર્યું અને તે સમય, સુન્દરી સંગાથે આનંદ વિનોદમાં ગુજાર્યો. બીજે દિવસે પ્રભાતમાં જેણે અગાડીથી બે હજાર સોનામહોર ગળી હતી તે વાનર સુન્દરીને અર્પણ કર્યો; અને તે જ વખતે તેની કિંમતમાં તેની સર્વ સંપત્તિ વગેરે લઈ, તે વાણીઆ ભાઈ જલદી ત્યાંથી નિકળી પડ્યા ને વેપાર કરવા માટે સ્વર્ણ દ્વીપમાં ચાલ્યા ગયા.

પેલી સુન્દરી અને તેની મા, ચિંતામણિ વાનર લઈને ઘણી જ પ્રસન્ન થઈ. વાનરે પણ માંગવા પ્રમાણે બે દિવસ સૂધી બરાબર હજાર હજાર સોનામહોર કાઢી આપી. ત્રીજે દિવસે સુન્દરીએ વાનર પાસેથી સોનામહોર માંગી. ઘણા પ્રકારે વહાલ બતાવ્યું. તો પણ વાનરે તેને કંઈ આપ્યું નહીં. એ જોઈ સુન્દરી તેને મુક્કિથી મારવા લાગી. વાનર તેના મારથી ઘણો ગુસ્સે થઈ ગયો અને કુદકો મારી, મા અને દિકરી બન્નેનાં મુખને દાંત તથા નખથી વઝોરી નાખ્યું. કુટ્ટણીના મુખમાંથી લોહીની ધારાઓ પડવા લાગી. પછી તેણે ક્રોધ કરી વાનરાને લાકડીથી એવો માર્યો કે તે તુરત મરી ગયો. વાનરને મરી ગયેલો જોઈ મા અને દીકરી બન્ને જણીએ જાણ્યું કે હવે આપણું સર્વસ્વ નાશ પામ્યું. તે બન્ને જણી આપઘાત કરવા તૈયાર થઈ. નગરનાં સર્વે મનુષ્યે આ વાર્તા જાણી, ત્યારે તે સઘળાં હસીને કહેવા લાગ્યાં; "ઠીક થયું, ઠીક થયું! એ તો કરણી તેવી પાર ઉતરણી! જે ખાડો ખોદે તે પડે! જ્યારે મકરકટીએ જાળનું કપટ કરીને તેનું ધન હરણ કર્યું હતું, ત્યારે તે ફાંકડેલાલે, આલની સહાયતાથી ને બુદ્ધિથી, તેનું સર્વ ધન હરી લીધું. તે

વેશ્યાએ પોતાની જાળ* જાણી, પણ બીજાના †આલને ઓળખ્યો નહીં. એને કરણી પ્રમાણે ફળ મળ્યું છે."

ધન નાશ થયું. બન્ને જણીનાં મુખ વાનરે વિરૂપ કીધાં. તે મરવા માટે તૈયાર થયા. પણ પરિજને ઘણા કાલાવાલા કરીને અટકાવ્યાં. આ બાજુ ઈશ્વરવર્મા, સ્વર્ણદ્વીપમાં જઈ ત્યાંથી અખુટ દ્રવ્ય સંપાદન કરી થોડા વખતમાં ચિત્રકૂટમાં પોતાના પિતાને ઘેર આવ્યો. તેનો પિતા રત્નવર્મા, પુત્રને ઘણું ધન કમાઈને આવ્યો જોઈ, યમજિહ્વા કુટ્ટણીને બીજું ધન આપી તેનો બહુ આદર કર્યો અને મહોત્સવ કર્યો. ઈશ્વરવર્મા પણ તે દિવસથી સર્વ કપટકળામાં પ્રવિણ બન્યો અને વેશ્યાની સંગતમાં ઉદાસ બની, પોતાનાં લગ્ન કરી, સ્વભૂમિમાં રહી સ્વપત્ની સંગે રમણ કરવા લાગ્યો.‡

મરુભૂતિએ કહ્યું; "હે નરવાહનદત્ત! વેશ્યાનાં હૃદયમાં કપટનો જ વાસ હોય છે, સત્ય પ્રેમનો અંશ પણ હોતો નથી. મોટાં જંગલમાં સાર્થની સાથે જઈ શકાય છે, પણ એક પુરુષથી જઈ શકાતું નથી, તેમ વેશ્યાઓ પાસે પણ સાર્થ–પૈસાદાર પુરુષો જઈ શકે છે, પણ દ્રવ્યરહિત જઈ શકતા નથી; કારણ કે તેમ કરવાથી તેની મનોવાંચ્છના પૂર્ણ થતી નથી."

આ પ્રમાણે મરુભૂતિ પાસેથી આલ અને જાળની–કપટ કહાણી બરાબર સાંભળી, તેનું કહેવું કબુલ કરી, નરવાહનદત્ત તથા ગોમુખ વગેરે પુષ્કળ હસવા લાગ્યા.

## તરંગ ૨ જો.

## વિક્રમસિંહ અને કુમુદિકા વેશ્યાની કથા.

મરુભૂતિએ વેશ્યાની દુર્જનતા વિશે આ પ્રમાણે કથા કહ્યા પછી, બુદ્ધિશાળી ગોમુખે, તેની જ માફક, કુમુદિકા નામની એક વેશ્યાની આ પ્રમાણે કથા કહેવા માંડી.

પૂર્વે પ્રતિષ્ઠાનપુરમાં વિક્રમસિંહ નામનો એક રાજા રાજ્ય ચલાવતો હતો. તેને બ્રહ્માએ નામ પ્રમાણે જ પરાક્રમમાં સિંહ જેવો બનાવ્યો હતો. જેમ સ્વરૂપવતી અલંકારમૂર્તિ લક્ષ્મી–સમુદ્રની પુત્રી, વિષ્ણુની સ્ત્રી છે; તેમ ઘણી જ ઉદારવૃત્તિવાળી, સુંદર સ્વરૂપવાન્ શશિલેખા નામક તેને એક રાણી હતી. એક વખતે તે રાજા પોતાના મહેલમાં બેઠો હતો, એવામાં તેના પિત્રાઈ મહા ભટ, વીરબાહુ, સુબાહુ, સુભટ, અને રાજા પ્રતાપાદિત્ય વગેરે મહાબળવાન્ પાંચ છ જણા, રાજમહેલમાં ધસી આવ્યા ને રાજાને ઘેરી લીધો. જ્યારે વિક્રમસિંહનો મંત્રી તેઓને સામાદિક ઉપાયોથી સમજાવવા લાગ્યો, ત્યારે રાજાએ તેને અટ-

* જાળ–કપટ. †આલ–વાનર.

‡ બુકશીઓની ડીકેમરનમાં ૮ મા દિવસની ૧૦ મી વાર્તા આને બહુ અંશે મળતી છે.



કાવ્યો અને તેઓની સાથે યુદ્ધ કરવા માટે પોતે બહાર નીકળી પડ્યો. બન્ને સૈન્યમાં હથિયારોનો ખણખણાટ શરુ થયો. સંગ્રામમાં રાજા વિક્રમસિંહ હાથી ઉપર ચઢી બેઠો હતો. તેણે શૌર્યનો અહંકાર ધરી, મહાસંગ્રામમાં યાહોમ ઝોકાવ્યું અને એક ધનુષની સહાયથી શત્રુની સેનાને મારવા લાગ્યો. મહાભટ વગેરે શૂરાઓ, રાજાને એકધનુષથી પોતાની સેનાનો નાશ કરતો જોઇ, એકસામટા તેના ઉપર તૂટી પડ્યા અને તેઓની સંયુક્ત મોટી સેના પણ વિક્રમસિંહની સેના ઉપર તૂટી પડી, વિક્રમસિંહની સેનાને છિન્નભિન્ન કરી નાંખી. એ વખતે વિક્રમસિંહની પાસે અનન્ત ગુણ નામનો તેનો મંત્રી ઉભો હતો. તેણે રાજાને કહ્યું; "આપણી સેનામાં ભંગાણ પડ્યું છે; માટે આજે આપણો વિજય થનાર નથી. તમે અમારો અનાદર કરી દુરાગ્રહ ધરી લડાઈ કરી છે, પણ હવે ભલાની ખાતર અમારું કહેવું સ્વીકારો. હાથી ઉપરથી ઉતરી પડો, ને ઘોડા ઉપર સ્વાર થઇને મારી સાથે બીજા દેશમાં ચાલો. તમારી ઇચ્છા હશે તો અને જીવતા હઇશું તો ભવિષ્યમાં શત્રુને જિતીશું." મંત્રીની આવી વાણી સાંભળી, રાજા હાથીપરથી નીચે ઉતરી ઘોડા ઉપર સ્વાર થઈ, કોઇ પકડે તે પૂર્વે, મંત્રી સાથે, પોતાની સેનામાંથી બહાર નિકળી ગયો. તે મંત્રીની સાથે ધીમે ધીમે ઉજ્જયિણી નગરીમાં ગયો. તે નગરમાં ધનથી પ્રખ્યાત કુમુદિકા નામની એક વેશ્યા રહેતી હતી. તેને ઘેર તે બન્ને જણા ઉતારો કરવા માટે ગયા. તે વેશ્યા પણ પોતાને ઘેર અકસ્માત રાજાને આવતો જોઈ, વિચારમાં પડી કે; "કહો ન કહો, પણ મારે ઘેર આજ કોઈક મોટો પુરુષ આવ્યો જણાય છે. એના તેજ અને લક્ષણો ઉપરથી તે કોઇ રાજા હોય એમ ધારું છું. હું જો એનો સત્કાર કરું તો એ મારી ઇચ્છા પ્રમાણે મારું શસ્ત્ર થશે." આવો વિચાર કરી પોતે ઉભી થઈ, "આવો! ભલે પધાર્યા!" આમ કહી, તેનો આદર સત્કાર કરી, સારી રીતે પરોણા ચાકરી કરવા લાગી. રાજાએ ઉતારો કર્યા પછી, થોડી વારે વેશ્યા બોલી; "આજ મારું ધન્યભાગ્ય છે. મારાં પૂર્વ જન્મનાં કર્મ આજ સફળ થયાં કે આપે મારે ઘેર પધારી મારા ઘરને પાવન કર્યું. આપે આવી કૃપાથી આ દાસીને વણમોલે ખરીદ કરી છે. મારી પાસના સો હાથી, વીશ હજાર ઘોડા ને રત્નથી ભરેલું ઘર, જે કંઈ છે તે સર્વ તમારે આધીન કરું છું!" આ પ્રમાણે રાજાને કહી, કુમુદિકા રાજાની અને તેના મંત્રીની ઉમદા વસ્તુથી સેવા કરવા લાગી.

રાજ્યનો નાશ થવાથી ઉદાસીમાં આવી પડેલો રાજા વિક્રમસિંહ, જેણે પોતાની સર્વ ગૃહસામગ્રી તેને અર્પણ કરી હતી એવી વેશ્યાની સાથે, ઉજ્જયિણીમાં સુખમાં રહેવા લાગ્યો. રાજા વેશ્યાનું ધન માંગણોને દાનમાં આપતો અને પોતે પણ ઉપભોગ કરતો હતો. એ જોઈ વેશ્યાના મનમાં જરાપણ વિકાર આવતો નહીં. ઉલટું તે સદા પ્રસન્ન રહેતી હતી. કુમુદિકાની આવી રીત ભાત જોતાં રાજા તેના ઉપર અત્યન્ત પ્રસન્ન થયો અને બોલ્યો; "અહાહા! બેશક આ વેશ્યા મારા ઉપર અત્યન્ત શુદ્ધ પ્રેમ રાખે છે." તેની પાસે બેઠેલા અનન્તગુણ મંત્રીએ, એકાંતમાં રાજાને કહ્યું; "હે મહારાજ! વેશ્યામાં ખરો પ્રેમ જ હોતો નથી; છતાં મને સમજાતું નથી કે, આ કુમુદિકા તમારા ઉપર એટલો બધો પ્રેમ કેમ રાખે છે. હું ધારું છું

કે, એમાં કંઈ પણ કારણ હોવું જોઈએ.” રાજા મંત્રીનાં આવાં શંકાયુક્ત વચનો સાંભળી તે પ્રત્યે બોલ્યો; “છટ્ ! ભલા મંત્રી ! આ પ્રમાણે તું બોલ નહીં ! કુમુદિકા મારે માટે પ્રાણ પણ ત્યાગ કરે. જો તને તે બાબતમાં પ્રતીતિ આવતી ન હોય તો હું તને ખાતરી કરી આપીશ.” આ પ્રમાણે રાજાએ પોતાના મંત્રીને કહ્યા પછી, તેણે આ પ્રમાણે કપટરચના કરીઃ તે પોતે દિન પ્રતિદિન થોડો થોડો આહાર લેવા લાગ્યો ને પાનમાં ઘટાડો કરી દુર્બળ થઈ ગયો. પછી એક દિવસે મુડદાની માફક અવયવો માત્ર છૂટા કરી પોતાના શરીરને ચેષ્ટાવગરનું જડ કરી દીધું. રાજાના મરણથી અનન્તગુણ મંત્રી કૃત્રિમ હાય અફસોસ કરવા લાગ્યો. રાજાનાં માણસો તે રાજાને સુખપાલમાં બેસાડી શ્મશાનમાં લઈ ગયા. આ વખતે કુમુદિકા વેશ્યા, શોકની મારી પોતાના કુટુંબીઓએ વાર્યાં છતાં પણ શ્મશાનમાં ગઈ ને રાજાની સાથે જ ચિતામાં પેસી બળી મરવા બેઠી. ચિતામાં અગ્નિ પ્રગટ્યો ન હતો એટલામાં જ તે વેશ્યા ચિતામાં દાખલ થઈ હતી તે જોઈ, રાજા બગાસું ખાઇને બેઠો થયો. રાજાને જીવતો થયો જોઈ, શ્મશાનમાં આવેલાં રાજાનાં પરિજનો બોલ્યાં કે, “આપણે નસીબદાર છીએ કે આપણા રાજાને પુનર્જન્મ થયો.

આમ હર્ષનો પોકાર કરતાં અને પુણ્યદાન કરતાં પરિજનો, રાજાને અને કુમુદિકાને ઘેર તેડી લાવ્યાં. તે વેશ્યાએ, રાજાના પુનર્જન્મ નિમિત્તે મહોત્સવ કર્યો. રાજા એકાંતમાં મંત્રીને મળી બોલ્યો–“કેમ મંત્રિજી ! આ કુમુદિકાનો પ્રેમ હવે જોયો ?” ત્યારે મંત્રીએ ઉત્તર આપ્યુંઃ–“હા, જોયો તો ખરો, છતાં પણ મને તેનો વિશ્વાસ નથી. તમારે ખાતરી રાખવી કે આ બાબતમાં ખરેખર કંઈક કારણ હશે. આનું પરિણામ આવે ત્યાં સુધી એ બાબત દૃઢ કરવા થોભવું. હવે જેણે આપણને પોતાનું સર્વસ્વ આપ્યું છે, તેની આગળ આપણે છતા થઈએ અને તેની સેના તથા સહાયક મિત્રની સેનાને એકઠી કરી, રણસંગ્રામમાં શત્રુઓને મારી વિજય મેળવીએ તો ઠીક.” આ પ્રમાણે મંત્રી વાત કરતો હતો એવામાં એક ગુપ્ત ચર, જેને શત્રુઓની વ્યવસ્થા ને સ્થિતિ જાણવા મોકલ્યો હતો તે પાછો આવ્યો. રાજાએ તેને પૂછ્યું; “કેમરે, આવવાનું કારણ શું છે ?” ચરે જવાબ આપ્યો; “રાજાધિરાજ ! શત્રુઓએ આપણો આખો દેશ તાબે કરી લીધો છે; અને રાણી શશિલેખા લોકો પાસેથી આપના નાશના મિથ્યા સમાચાર સાંભળી અગ્નિમાં બળી મર્યાં છે.” ચરનાં આવાં વચન સાંભળી, તે જ વખતે રાજા જાણે વજ્રથી વિંધાયો હોય તેવો બની ગયો. “હાય દેવી ! હાય સતી !” આ પ્રમાણે તે વિલાપ કરવા લાગ્યો.

રાજાના કલ્પાંતથી વેશ્યા કુમુદિકાના જાણવામાં સર્વ બીના આવી. તે **વિક્રમસિંહ**ની પાસે જઈ તેને શાંત પાડી કહેવા લાગી; “રાજાજી ! આપે મને પ્રથમ શા માટે આ વાર્તા નિવેદન કરી નહીં ? ફીકર નહીં. હજી પણ આ મારા ધનની અને મારી સેનાની મદદથી શત્રુને દંડ દેઈ શકાશે !” વેશ્યાએ આ પ્રમાણે કહ્યું એટલે રાજાએ તેના ધનનો ખરચ કરી સેનામાં વધારો કર્યો, અને પોતાના બળવાન મિત્રની પાસે જઈ તેની સેના અને પોતાની સેનાને સાથે લઈ શત્રુપર ચઢાઈ કરી. યુદ્ધમાં પાંચે શત્રુ રાજાઓનો પરાજય કર્યો ને તેમનાં રાજ્ય પણ છીનવી લીધાં. એક સમયે



રાજા આનંદની લેહેરમાં આવી સાથે રહેલી કુમુદિકા પ્રત્યે બોલ્યો; “રતિ સુંદરી ! પ્રિયે ! હું તારા ઉપર બહુ પ્રસન્ન થયો છું. તો હવે બોલ, તારું શું પ્રિય કરું ?” કુમુદિકા બોલી; “પ્રાણપ્રિય ! મહારાજ ! તમે જો મારા ઉપર પ્રસન્ન થયા હો તો મારા મનમાં ઘણા દિવસ થયાં એક દુઃખ કંટક ચોંટી બેઠો છે તે ખેંચી કાઢો. **ઉજ્જયિણી**માં **શ્રીધર** નામનો એક બ્રાહ્મણનો પુત્ર, મારો પ્રિયતમ, પ્રાણનો નાથ, હૃદયને રંજન કરનાર, હૈયાનો હાર છે. તેને ત્યાંના રાજાએ સ્વલ્પ અપરાધ માટે કેદ કર્યો છે–તેને તેમાંથી મુક્ત કરો. જ્યારે મેં આપને જોયા ત્યારે આપની મુખમુદ્રાપરથી વર્તી ગઈ હતી કે, આપ કોઈ મહાપ્રતાપી પુરુષ છો. તે જ વખતે આપનામાં રહેલા રાજાનાં ઉત્તમ લક્ષણો પણ મ્હારા જોવામાં આવ્યાં. એ ઉપરથી મેં વિચાર્યું કે આપ ભવિષ્યમાં મારું ભલું કરશો; કારણ કે કામ કરી શકવા આપ સમર્થ છો એમ લક્ષણો ઉપરથી મ્હારો નિશ્ચય થયો હતો. આવો વિચાર કરી હું ભક્તિથી આપની સેવા કરવા લાગી. જ્યારે તમે મરણ પામ્યા ત્યારે હું મારા ઈચ્છિત કાર્યમાં નિરાશ થઈ ગઈ અને તે બ્રાહ્મણના પુત્ર વગર મારું જીવવું વ્યર્થ માની, તમારી ચિતામાં, બળવા માટે બેઠી હતી.” જ્યારે તે વેશ્યાએ આ પ્રમાણે કહ્યું, ત્યારે તે રાજા બોલ્યો; “હે સુવદને ! તું ધીરજ રાખ, હું તારું કાર્ય સાધીશ.” આ પ્રમાણે વેશ્યાને ઉત્તર આપી, રાજા મંત્રીનું વચન યાદ કરતો બોલ્યો; “**અનંતગુણ** ખરો છે. તેણે કહ્યું કે વેશ્યા ખરો પ્રેમ કરતી નથી, તે વાત સત્ય જ છે. પણ મારે આ વેશ્યાની મનોવાંચ્છાના પૂર્ણ કરવી જોઇયે.” આવો વિચાર કરી રાજા **વિક્રમસિંહ** સેના સહિત **ઉજ્જયિણી** ઉપર ચઢ્યો, અને બ્રાહ્મણના પુત્ર **શ્રીધર**ને કેદખાનામાંથી મુક્ત કરી, કુમુદિકાને તેનો પ્રિયતમ સોંપ્યો, અને ઘણું દ્રવ્ય આપી, પોતે પોતાના નગરમાં આવ્યો. તે દિવસથી રાજા **વિક્રમસિંહ** પોતાના મંત્રીના વિચારને અનુસરી આખી પૃથ્વીનું રાજ્ય કરવા લાગ્યો.* આ વેશ્યાની માફક બીજી વેશ્યાઓનું ગંભીર અન્તઃકરણ લોકોના કળવામાં આવતું નથી.”

આ પ્રમાણે કથા કહી **ગોમુખ** બંધ પડ્યો ત્યારે પાસે બેઠેલો **તપંતક**, **નરવાહનદત્ત**ને કહેવા લાગ્યોઃ “મહારાજ ! સમગ્ર સ્ત્રીઓ ચપળ હોય છે, માટે તેનો વિશ્વાસ કરવો નહીં. તેમ વેશ્યાનો જેમ વિશ્વાસ રાખવો નહીં; તેમજ તરુણ પ્રમદાનો પણ વિશ્વાસ રાખવો નહીં. કારણ કે તે ચંચળતાથી શિયળ ભંગ કરે છે. એ વિષયમાં મેં આજ નગરમાં જે આશ્ચર્ય જોયું છે તે હું તમને કહું છું તે સાંભળો !

## બળવર્મ શેઠની અને તેની સ્ત્રીની કથા.

આપણા જ નગરમાં **બળવર્મ** નામનો એક વાણીઓ રહેતો હતો. તેની સ્ત્રીનું નામ **ચંદ્રશ્રી** હતું. એક દિવસે શેઠાણી પોતાની હવેલીની બારીમાં બેઠી હતી ત્યાંથી તેણે **શીળહર** નામના એક વણિક્પુત્રને દીઠો. શેઠાણીએ પોતાની સખીદ્વારા તે તરુણ વાણીઆને પોતાના પ્રેમના ઉભરા

* કળાવિલાસ ગ્રન્થમાં આ વાર્તાને મળતી જ વાર્તા છે. તેમજ આ જ ગ્રન્થમાં પણ તેવી વાત પૂર્વાપર આવી ગઈ છે. વિક્રમાદિત્ય અને મદનમાળાની કથાનો પ્રથમનો ભાગ આ કથાને મળતો જ છે.

જણાવ્યા ને તે વખતે જ સખીના ઘરમાં તેને તેડાવ્યો. કામાતુર બનેલી તે વાણીયણે, સખી ગૃહમાં, તરુણ વાણીઆ સાથે કોઈ જાણે નહીં તેમ, વિલાસ કર્યો. આ પ્રમાણે શેઠાણી હંમેશાં તે તરુણ વાણીઆ જોડે રંગવિલાસ રમતી હતી તે એટલે સૂધી કે તેનાં સગાં અને તેના સર્વ ચાકરોએ જાણ્યું કે ચંદ્રશ્રીને આ વાણીઆ સાથે પ્રેમ સમાગમ છે. માત્ર તેનો પતિ બળવર્માં જ આ વાતથી અજાણ્યો હતો,–માત્ર તે જ પોતાની સ્ત્રીને દુરાચારી સમજતો ન હતો. પ્રેમમાં આંધળો થયેલો મનુષ્ય ઘણું કરીને પોતાની સ્ત્રીનાં દુરાચરણ શોધી શકતો નથી.

થોડા દિવસ ગયા કેડે બળવર્માંને દાહજ્વર આવ્યો, ને તેની પીડાથી તે વાણીઓ ધીમેધીમે મરણતુલ્ય હાલતમાં આવી પડ્યો. આવી માઠી દશામાં પોતાનો પ્રાણનાથ આવી પડ્યો હતો, તેની સ્ત્રી દરરોજ પોતાની સખીના ઘરમાં પોતાના પ્રીયતમની પાસે જતી હતી. એક દિવસે તે સ્ત્રી પોતાના પ્રીયતમ સંગે રંગે રમવા ગઈ હતી, તેટલામાં તેનો પતિ મરી ગયો. આ વાર્તા તેના જાણવામાં આવી એટલે તે પોતાના પ્રીયતમની રજા લઈ, ત્યાંથી ઝટપટ પોતાને ઘેર આવી; અને તેના સ્વભાવથી જાણીતાં બીજાં મનુષ્યોએ વાર્યાં છતાં ને તેમનું કહ્યું ન માનતાં, દિલગીરીથી પોતે નિશ્ચય કરી, પોતાના પતિ સાથે ચિતામાં બળી મરી સતી થઈ !

આ પ્રમાણે સ્ત્રીના મનનો ખરેખર વિચાર જાણવો ઘણોજ મુશ્કેલ છે. સ્ત્રીઓ બીજાની સાથે સમાગમ કરે છે અને પતિના વિરહથી મરણ પણ પામે છે.” આ પ્રમાણે તપંતકે કહ્યું ત્યારે હરિશિખ બોલ્યો; “મહારાજ ! આપણા નગરમાં એક દેવદાસ હતો તેની કથા તમે શું નથી સાંભળી ? હું કહું છું, તે સાંભળો.”

## દેવદાસ તથા તેની સ્ત્રીની કથા.

ઘણા વર્ષપર આ ગામમાં દેવદાસ નામનો એક કુટુંબી જન રહેતો હતો. તેની સ્ત્રીનું નામ દુઃશીલા હતું. આ સ્ત્રી નામ પ્રમાણે નઠારાં આચરણવાળી.હતી. તેનાં આડોસીપાડોસી જાણતાં હતાં કે આ સ્ત્રી વ્યભિચારિણી છે. એક વખતે તેનો વર દેવદાસ કંઈક કામ પ્રસંગે રાજ. દરબારમાં ગયો, ત્યારે પોતાના ધણીનો ઘાટ ઘડવા માટે, તક જોઈ પરપુરુષને તે રંડા પોતાને ઘેર તેડી લાવી, મેડી ઉપર સંતાડ્યો. દેવદાસ દરબારમાંથી ઘેર આવ્યો અને વાળુ કરી સુતો. અર્દ્ધ રાત્રિ થઈ એટલે તે રંડાએ પેલા જાર મારફતે પોતાના વરને મરાવી નખાવી, તે જારને ઘરમાંથી નસાડી મૂક્યો; અને પોતે છાનીમાની ઘરમાં બેસી રહી. થોડી વારમાં પ્રભાત થયું. તે સ્ત્રી ઘરની બહાર નિકળી, અને લોક દેખાડવા “હાય દૈવ ! ઓ નાથ ! અરે આવોરે આવો ! આ મારા વરને ચોરોએ મારી નાંખ્યો છે ! ઓઓઓ ! !” આ પ્રમાણે બરાડા પાડવા લાગી. તે સાંભળી તેના ભાઇઓ આવીને જુવે છે તો દેવદાસને મરેલો દીઠે. પણ ઘરમાંથી કંઈ ચોરાયલું ન જણાતાં શંકા થઈ કે આ વ્યભિચારિણીએ જ આ દુષ્ટ કૃત્ય કીધું હશે, એમ વિચારી બોલ્યા; “રાંડ શંખણી ! જ્યારે તારા વરને ચોરે મારી નાંખ્યો, ત્યારે તેણે ઘરમાંથી બીજી વસ્તુ કેમ લીધી નહીં ?” એ સમયે દેવદાસનો બાળક છોકરો ત્યાં ઉભો હતો તેને પૂછવા લાગ્યા; ‘બેટા ! સાચું બોલ. તારા બાપને કોણે



મારી નાંખ્યો ?” ત્યારે તે સ્પષ્ટ રીતે બોલ્યો કે; “ગઈ કાલે દિવસના એક તરુણ પુરુષ ઘરની મેડી ઉપર ચઢ્યો હતો. તેણે રાત્રે મેડી ઉપરથી નીચે ઉતરી, મારી નજર આગળ મારા બાપને મારી નાંખ્યા છે. જ્યારે તે મારવા માટે નીચે આવ્યો, ત્યારે થોડીવાર પૂર્વે મારી મા મને, મારા પિતાના પડખામાંથી લઇને ઉઠી ગઈ હતી!” છોકરાનું આવું વચન સાંભળી, દેવદાસના ભાઇઓએ તેના યારને શોધી કાઢી, તે જ વખતે તેને મારી નાંખ્યો અને દુઃશીલાને ઘરની બહાર હાંકી કહાડી, તે છોકરાને, પોતાના સ્વાધીનમાં લીધો. “જે સ્ત્રી પરપુરુષપર પ્રેમ ધરાવે છે, તે ઝેરી નાગણીપેરે પોતાના પતિનો પણ નાશ કરે છે!”

હરિશિખે આ વાર્તા કહી, ત્યારે ગોમુખ ફરી બોલ્યો; “મહારાજ! હવે બીજી આડ કથાનું શું પ્રયોજન છે ? હવણાં હાસ્યરસથી ભરપૂર વત્સરાજાના ચાકર વજ્રસારનું ચરિત્ર કહી સંભળાવું છું, તે તો જરા સાંભળો.

## વજ્રસાર અને તેની સ્ત્રીની કથા.

આપ સરકારશ્રીને ત્યાં વજ્રસાર નામનો એક સેવક હતો. તે શૂરવીર અને રૂપાળો હતો. તે માળવાથી એક સ્ત્રી પરણી લાવ્યો હતો. તે તેને પ્રાણ કરતાં વધારે વહાલી હતી. એક વખતે માળવાથી તેનો સસરો અને સાળો બન્ને જણા, ઘણા સ્નેહથી, દીકરીને અને જમાઈને તેડવા માટે આ શહેરમાં આવ્યા. વજ્રસારે સસરાનો પ્રેમપૂર્વક આદર સત્કાર કર્યો અને રાજાને પોતાની વાર્ત્તા નિવેદન કરી, પોતાની સ્ત્રી સહિત નોતરાએલો પોતે સસરાની સાથે મળવા ગયો. સસરાને ઘેર એક મહીનો રહી, પાછો રાજાની નોકરી કરવા માટે તે એકલો આ શહેરમાં પાછો આવ્યો, અને તેની સ્ત્રી ત્યાં જ રહી. કેટલાએક દિવસ વીતી ગયા પછી એક વખતે, ક્રોધન નામનો તેનો એક મિત્ર, અકસ્માત્ વજ્રસારની પાસે આવ્યો ને આ પ્રમાણે કહ્યું–“અલ્યા ગમાર ! શા માટે તેં તારી સ્ત્રીને તેના બાપને ઘેર રાખી મૂકી છે અને શા માટે તું તારા ઘર કુટુંબ કબીલાનો નાશ કરે છે ? તને ખબર છે કે, તારી પાપિણી સ્ત્રીએ તો ત્યાં પરપુરુષ સાથે સમાગમ કર્યો છે તે ? આ વાર્તા ત્યાંથી આવેલા એક પ્રમાણિક માણસે મને કહી છે; અને એ વાત સત્ય છે. અસત્ય માનવાનું કંઈ કારણ નથી. માટે તે સ્ત્રીને શિક્ષા કરી બીજી સાથે લગ્ન કર.” આ પ્રમાણે કહી ક્રોધન વિદાય થયો. વજ્રસાર એક ક્ષણ તો મૂઢની માફક વિચાર જ કરી રહ્યો. પછી તે મનમાં બોલ્યો–“મને શંકા થાય છે કે, આ બાબદ ખરી જ હશે. તે વગર મેં એક કાસદને તેડવા મોકલ્યો હતો, તોપણ તે કેમ આવી નહીં ? બેશક, તેનું દીલ બદલાયું જણાય છે. હું હવે પોતે જ તેને તેડવા જાઉં અને શું થાય છે તે જોઉં.”

આવો વિચાર કરી તે માળવા ગયો અને સાસુ તથા સસરાની રજા લઈ, પોતાની સ્ત્રીને તેડી, ત્યાંથી ચાલી નિકળ્યો. ઘણા દૂર માર્ગ સૂધી સર્વ ચાકરોની સાથે તે ચાલ્યો, પણ પછી તેઓને યુક્તિથી સમજાવી, પોતાની સ્ત્રીને લઈ તે એકલો આડે માર્ગે એક ભયંકર અને નિર્જન વનમાં ગયો. ત્યાં તે ચાંડાળે સ્ત્રીને પૂછ્યું;–“તારા બાપને ઘેર રહી તું પરપુરુષ સાથે વ્યભિચાર

કરતી હતી, એમ મેં મારા એક વિશ્વાસુ મિત્ર પાસેથી સાંભળ્યું છે; વળી મેં ઘેરથી એક માણસ મોકલી તને તેડાવી તોપણ તું આવી નહીં, માટે જેવી વાત હોય તેવી ખરેખરી કહે, નહીતર હું તને શિક્ષા કરીશ!" તે સાંભળી તે સ્ત્રી બોલી;-"જો તમારો એમ જ નિશ્ચય હોય તો મને પૂછો છો શા માટે? તમને જે ગમે તે કરો." સ્ત્રીનું આવું અપમાનકારક વચન સાંભળી, વજ્રસારને ગુસ્સો ચઢવાથી, તે સ્ત્રીને લતાવડે એક ઝાડની ડાળીએ બાંધીને, ડાલીથી જ મારવા માંડી. મારતાં મારતાં તેના અંગ ઉપરથી વસ્ત્ર નીકલી ગયાં, એટલે તે કામી અને મૂર્ખ વજ્રસારને કામ ઉત્પન્ન થયો ને સંગની ઇચ્છા થવાથી તે બાંધેલી સ્ત્રીને નીચે બેસારી રંગે રમવા માટે આલિંગન કર્યું. તે સ્ત્રીએ તે કબૂલ કર્યું નહીં, એટલે વજ્રસાર તેની ક્ષમા માંગવા લાગ્યો. ત્યારે તે સ્ત્રી બોલી-"જેમ તમે મને લતાવતી ઝાડ સાથે બાંધીને મારી છે, એમ હું તમને લતાવતી ઝાડ સાથે બાંધીને મારું, તો જ તમારી સાથે રંગે રમું; તે શિવાય તો રમવાની મારી મરજી નથી."

કામને વશ થયેલા અને કામદેવે તણુસલા જેવા બનાવી મૂકેલા એ વજ્રસારે તે વાત માન્ય કરી. તે સ્ત્રીએ વજ્રસારના હાથ અને પગ ઝાડ સાથે મજબૂત બાંધી, તેના જ હથીઆરવતી તે મૂર્ખનાં નાક અને કાન કાપી લીધાં. પછી તે પાપિણી તેનાં વસ્ત્ર પહેરી, પુરુષનો વેશ ધરી, તેની તરવાર લઈ પોતાની મરજી પ્રમાણે ત્યાંથી ચાલી ગઈ: પણ તેના મુવા જીવ્યાની જરાએ દરકાર કરી નહીં.

હવે વજ્રસારનાં નાક અને કાન કપાઈ ગયાં હતાં, તેમાંથી ઘણું લોહી ઝરતું હતું, તેને લીધે અને અપમાન થવાથી, નીચું માથું કરીને તે ત્યાં જ બેસી રહ્યો. એવામાં કોઈએક પરાર્થી વૈદ્ય, ઔષધિ શોધવા માટે તે વનમાં આવી ચઢયો. વજ્રસારને આવી સ્થિતિમાં ત્યાં જોઈ દયાથી તેને છૂટો કરી પોતાને ઘેર તેડી ગયો અને ત્યાં સારીરીતે તેની આશ્વાસના કરી. વજ્રસાર ધીમે ધીમે પોતાને ઘેર આવ્યો અને પોતાની સ્ત્રીની ખોળ કરી, પણ તે કુભાર્યા મળી નહીં. પછી વજ્રસારે ક્રોધન પાસે જઈ સર્વ વાર્તા કહી બતાવી. તેણે પણ તે સર્વ વાત વત્સરાજાને કહી સંભળાવી. તે સાંભળી રાજભવનમાં રહેનારા સર્વ મનુષ્યો તેની મશ્કરી કરીને કહેવા લાગ્યા કે; "એક સ્ત્રીએ, બળવગર ક્રોધ કરનારા અને નપુંસક વજ્રસારનો પુરુષ વેશ પડાવી લઈ, તેને ખરેખર ઘટતી શિક્ષા કરી, રાંડવો બનાવ્યો છે!" તેની આમ મશ્કરી થયા છતાં પણ વજ્રસાર પોતાનું હૃદય વજ્રજેવું રાખીને અહીં રહે છે.

"મહારાજ! જગતની આવી રીત છે. માટે સ્ત્રીઓ ઉપર વિશ્વાસ કોનો રહે?" ગોમુખ આ પ્રમાણે કહેતો, હતો એવામાં મરુભૂતિ ફરી બોલ્યો;-"મહારાજ! સ્ત્રીઓનું મન ચંચલ છે, તે એક ઠેકાણે સ્થિર થઇને રહેતું નથી. એ વિષયમાં એક કથા છે તે સાંભળો:-

## સિંહબળની અને તેની સ્ત્રીની કથા.

પ્રાચીન કાળમાં દક્ષિણ દેશમાં **સિંહબળ** નામનો એક રાજા રાજ્ય કરતો હતો. તેને ઘણી રાણીઓ હતી, પરંતુ તેમાં કલ્યાણવતી નામની રાણી પટ્ટરાણી હતી. તે **માળવા**ના રાજા **સામંત**ની



પુત્રી થતી હતી. રાજા તે રાણી સહિત પોતાનું રાજ્ય ચલાવતો હતો. એક વખતે તેના બળવાન્ ભાયાતોએ એકસંપ કરીને તે રાજાને દેશમાંથી કાઢી મૂક્યો. તે રાજા, રાણી તથા થોડાં માણસ અને હથીઆર સહિત ગૂપચૂપ **માળવા**માં સસરાના ઘર તરફ ચાલ્યો ગયો.

જતાં જતાં માર્ગમાં એક જંગલ આવ્યું તેમાં, આગળ ચાલતાં એક **સિંહ**ને સામો દોડયો આવતો, શૂરવીર **સિંહબળે** દીઠો. રાજાએ,રમત માત્રમાં તરવાર મારી તે **સિંહ**ના બે કકડ કરી નાંખ્યા. પછી વનનો એક હાથી ગર્જના કરતો સામો આવ્યો; તેને જોઇ પોતે મંડળાકાર તે હાથીને ફેરવવા માંડયો અને તરવારથી તેના ચરણ તથા શુંડ કાપી નાંખી, ચીત્કાર શબ્દ કરતા હાથીને જમીનદોસ્ત કરી દીધો. એવામાં એક ચોરની સેના સામી મળી. તેની સામા પણ તે થયો ને નવા કમળ પુષ્પવાલી કમલિનીને જેમ વનનો મદમત્ત હાથી ચૂર્ણ કરી નાંખે છે તેમ, રાજાએ તે ચોરની ટુકડીનો કમળ પેરે નાશ કરી નાંખ્યો. આ પ્રમાણે જેનાં અદ્ભુત પરાક્રમ જોવામાં આવ્યાં છે, અને જે સત્વનો સાગર છે એવો તે રાજા, માર્ગ કાપી **માળવા**માં આવ્યો. ત્યાં તેણે પોતાની રાણીને કહ્યું;-"પ્રિયે, આ માર્ગનું વૃત્તાંત તારે તારા પિતાના ઘરમાં કોઇને કહેવું નહીં; કારણ કે ક્ષત્રિયોને પરાક્રમનાં વખાણ કરવાં તે શરમાવા જેવું છે." પોતાની સ્ત્રીને આ પ્રમાણે કહી, તેની સાથે સસરાને ઘેર ગયો. તેના સસરાએ એકદમ પુત્રી જમાઇને આવેલાં જોઈ, ગભરાટમાં પડી પૂછ્યું કે-"આમ અચાનક આપનું કેમ આવવું થયું?" રાજાએ પોતાનું ઇત્થંભૂત વૃત્તાંત કહી સંભળાવ્યું. તેના સસરાએ જમાઇનો આદરસત્કાર કર્યો અને પોતે હાથી તથા ઘોડા વગેરે આપ્યાં. તે લઈ રાજા **સિંહબળ**, ઘણા બળવાળા **ગજાનીક** રાજાની પાસે ગયો. આ વખત શત્રુનો પરાજય કરવા જવાનો હતો, માટે પોતાની પટ્ટરાણી કલ્યાણવતીને તેના પિતાને ઘેર તે મૂકી ગયો; કારણ કે સંગ્રામમાં સ્ત્રીનું બરાબર રક્ષણ થઈ શકે નહીં.

આ પ્રમાણે રાજા વિજય કરવા માટે ગયાને કેટલાએક દિવસ વીતી ગયા. એક દિવસે પટ્ટરાણી કલ્યાણવતી પોતાના ઘરની બારીમાં ઉભી હતી, કોઇએક છેલ પુરુષને જોતાં જ તેના સ્વરૂપે તે સ્ત્રીનું મન હરણ કરી લીધું. તે રાણી કામાધીન થઇ ગઈ ને તે જ વખતે વિચાર કરવા લાગી કે;-"હું જાણું છું કે મારા પ્રાણપતિ કરતાં રૂપવાન્ તથા શૌર્યવાન્ બીજો કોઈ નહિ હોય; છતાં આ પુરુષ ઉપર મારું મન દોડે છે. હશે! હવે ગમે તેમ થાય, તોપણ હું આ પુરુષ સાથે તો રંગે રમીશ." આવો વિચાર કરી તે જ વખતે પોતાના અંતરની ગુપ્ત વાર્તા જાણનારી એક સખીને પોતાનો અભિપ્રાય કહી સંભળાવ્યો અને સખીદ્વારા જ તે છેલ પુરુષને રાત્રે તેડાવી, દોરડાવતી બાંધી ખેંચીને, બારીને માર્ગેથી અંતઃપુરમાં દાખલ કર્યો. તે પુરુષ રંગભવનમાં દાખલ તો થયો, પણ રાણીના પ્રભાવથી અંજાઈ જઈ, તેના પલંગ ઉપર બેસી શકવાની હામ કરી શક્યો નહીં, તેથી તે એક જુદા જ મંચપર બેઠો. તે જોઈ રાણી નિરાશ થઈ ખેદ કરવા લાગી. એવામાં એક ભટકતો સર્પ છાપરાપરથી નીચે પડયો. તેને જોઈ, પેલો પુરુષ બીકનો માર્યો એકદમ ઉભો થઈ ગયો, પણ રાણીએ ધનુષપર બાણ ચઢાવીને તે સર્પને ત્યાં જ મારી નાંખ્યો; અને તેને બારીમાંથી બહાર ફેંકી દીધો, તે બીકણ ભાભો, આ ભયમાંથી મુક્ત થયો, તેના હર્ષથી નૃત્ય

કરવા મંડી પડ્યો. તેને નાચ કરતો જોઈ કલ્યાણવતીને અત્યંત ખેદ થયો, અને તે ફરી ફરી વિચાર કરવા લાગી કે; "અફસોસ! અફસોસ! આ પરાક્રમ રહિત અધમનું મારે શું પ્રયોજન છે?" આ પ્રમાણે વિચાર કરતી રાણી તે પુરુષ ઉપર ઉદાસ થઈ ગઈ. તેનો મનોભાવ જાણનારી તેની સખી, રાણીને તે પુરુષ ઉપર વિરક્ત થયેલી જોઈ, ગભરાતી ગભરાતી અંદર આવીને બોલી;–"રાણીજી! રાણીજી! તમારા પિતા હવણાં અહીં આવે છે. માટે ઝટપટ આ તરુણ પુરુષ જે માર્ગેથી આવ્યો છે તે માર્ગેથી તેને વિદાય કરી દ્યો." આમ કહી તે સ્ત્રીએ દોરી બાંધી તે પુરુષને બારીમાંથી બહાર કાઢ્યો. ભયનો માર્યો તે પુરુષ ઉતાવળો થવાથી નીચે ગબડી પડ્યો, પણ સુભાગ્યે મરણ પામ્યો નહીં.

તે પુરુષને આ પ્રમાણે હાંકી કાઢ્યા પછી કલ્યાણવતી પોતાની સખી પ્રત્યે બોલી;–"પ્રિય સખિ! તેં આ નીચ પુરુષને કાઢી મૂક્યો તે બહુ રુડું કર્યું. મારું મન પણ તે પરાક્રમ હીનથી ઉદાસ થયું છે. મારો આવો મનોભાવ જાણી જે ઉપાય તેં યોજ્યો તે બહુ યોગ્ય હતો. મારો પતિ, સિંહ, વાઘ, વગેરેને માર્યા પછી લજ્જાથી તે વાત ગુપ્ત રાખે છે અને આ નપુંસક એક સર્પને મારી નાંખેલો જોઈ નાચવા લાગે છે. મારા પતિ જેવા પરાક્રમશાળીનો ત્યાગ કરી, આવા હીચકારા પુરુષ ઉપર પ્રેમ શો? ચંચળ મનવાળી હું ચંચળાને ધિક્કાર છે! પણ ના, ના. સ્ત્રીઓને જ ધિક્કાર છે. માખી જેમ કપુર મૂકી નરક ઉપર બેસે છે, તેમ દુષ્ટ સ્ત્રીઓ ઉત્તમ પુરુષનો ત્યાગ કરી અપવિત્રને સેવે છે. નિર્બળ મનની તેવી સ્ત્રીઓપર ધિક્કાર પડો!

આ પ્રમાણે પશ્ચાત્તાપમાં ઘણો કાળ કાઢી નાંખી, પતિની વાટ જોતી રાણી કલ્યાણવતી પિતાના ઘરમાં રહેવા લાગી. એ અરસામાં ગજાનીક રાજાએ બીજી સેના આપી તે સહિત રાજા સિંહબળે શત્રુપર ચઢાઈ કરીને સગોત્રી પંચપાપી પુરુષોનો સંહાર કરી નાંખ્યો; અને પોતાનું રાજ્ય ફરીથી મેળવી, પોતાની સ્ત્રીને તેના પિતાને ઘેરથી તેડાવી સસરાને પુષ્કળ ધન આપ્યું અને લાંબા કાળપર્યંત પોતે શત્રુ રહિત પૃથિવીપર રાજ્ય કર્યું."

મરુભૂતિ બોલ્યો;–"મહારાજ! આ પ્રમાણે વિવેકવાળી અને ઉત્તમ પતિની પત્નીઓનું મન પણ ચંચળ થાય છે; અને પોતાનો પતિ શૂરો અને કાંતિવાન્ હોવા છતાં તે આમતેમ દોડે છે. તાત્પર્ય કે શુદ્ધ અંતઃકરણવાળી સ્ત્રીઓ ઘણી થોડી હોય છે." આ પ્રમાણે મરુભૂતિએ કહેલી કથા સાંભળતાં જ વત્સરાજ કુમાર નરવાહનદત્ત આનંદનિદ્રામાં પોઢી ગયો અને રાત્રિ વીતી ગઈ.

## તરંગ ૩ જો.

## શક્તિયશાની કથા.

બીજે દિવસે નરવાહનદત્ત પ્રભાતમાં ઉઠ્યો ને જળસ્નાન કરી સંધ્યાવંદન, દેવપૂજન વગેરે નિત્ય કર્મ કર્યું. પછી તેના કાર્યભારી અને અંતરંગ મિત્રો આવ્યા, તેઓને સાથે લઈ વિહાર કરવા



તે પોતાના ઉપવનમાં ગયો. બગીચામાં જઈને તે જ્યાં ઉભો રહે છે, એવામાં પ્રથમ આકાશમાં પ્રભાનો પુંજ જોયો અને તેની પાછળ કેટલીએક વિદ્યાધરીઓને આકાશમાંથી નીચે ઉતરતી દીઠી. આ ટોળામાં તારામંડળમાં નેત્રને આનંદ આપનારી ચન્દ્રમાની લેખા જેમ શોભે છે, એવી એક કન્યા નજરે પડી. આ કન્યાનું મુખકમળ પ્રકાશી રહેલું હતું, લોચનરૂપ શ્યામભ્રમર ચંચળ દેખાતા હતા, હંસના જેવી છટાવાળી ચાલથી તે ચાલતી હતી, તેના અંગમાંથી કમળના જેવી સુગન્ધ પ્રસરતી હતી, તરંગના સમાન મનહર ત્રિવલીવડે તેની કટી મનોહર દેખાતી હતી. પૂર્વોક્ત સ્વરૂપસંપત્તિવડે, જાણે પ્રત્યક્ષ કામદેવની વાપીની સુંદરતાની અધિષ્ઠાત્રી* દેવી હોય તેવી તે લાગતી હતી. કામને ઉદ્દીપન કરનારી ઉત્કલિકાવાળી† ચન્દ્રમાની સુંદર છબી જોઈને જેમ સમુદ્ર ક્ષોભ પામે છે, તેમ રાજા નરહવાહનદત્ત તે કન્યાને જોઈ ક્ષોભ પામ્યો, અને મંત્રીને–"ઓહો! સુંદર વસ્તુને નિર્માણ કરવામાં બ્રહ્માની વિચિત્રતા કંઈ અવર્ણનીય જ છે," આમ કહેતો કહેતો તે, તે કન્યાની સમીપમાં ગયો. પેલી કન્યા ક્રમથી પ્રેમરસભરી દૃષ્ટિને તિરછી કરી, રાજાને નિહાળવા લાગી. રાજાએ તેને પૂછ્યું;–"કલ્યાણિ! તું કોણ છું? આ ઉપવનમાં શા માટે આવવું થયું છે?" તે સાંભળીને તે કન્યા બોલી;–"મારું આગમન તમને કહું છું તે સાંભળો.

"પૂર્વે હિમાચળ પર્વત ઉપર કાંચનશૃંગ નામનું એક નગર હતું. તે સમગ્ર સુવર્ણનું બનેલું હતું. તે નગરમાં સ્ફટિકયશા નામનો વિદ્યાધરનો એક રાજા રાજ્ય કરતો હતો. તે પરમ ધાર્મિક હતો અને દરિદ્રી અનાથ વગેરે શરણાગત જીવનું પોષણ કરતો હતો. તેની રાણીનું નામ હેમપ્રભા હતું. તે રાણીએ પાર્વતીનું વ્રત કર્યું હતું. તેથી પાર્વતીએ પ્રસન્ન થઈને એક પુત્રી આપવાનું વરદાન આપ્યું હતું. વરદાનના પ્રભાવથી તેને એક પુત્રી અવતરી, જેનું શક્તિયશા નામ પાડ્યું. તે શક્તિયશા હું પોતે જ છું. મારાથી મોટા બીજા પાંચ ભાઈઓ હતા ને હું સર્વ કરતાં નાની એક જ પુત્રી હતી. તેથી મારા પિતાને પ્રાણસમાન વાહાલી હતી. મારા પિતાએ મને કહ્યું કે, 'તું પાર્વતીનું પૂજન કરતી રહેજે.' તે ઉપરથી મેં વ્રત તથા સ્તોત્રવડે પાર્વતીને પ્રસન્ન કર્યાં, ત્યારે તેણે મને સમગ્ર વિદ્યા આપી, નીચે પ્રમાણે આજ્ઞા કરી–'તારી વિદ્યાનો પ્રભાવ તારા પિતા કરતાં દશગણો વધારે થશે; અને તે મહાત્મ્યને લીધે નરવાહનદત્ત સાથે તારાં લગ્ન થશે. એ નરવાહનદત્ત વત્સરાજનો કુમાર છે અને ભવિષ્યમાં વિદ્યાધરનો ચક્રવર્તી રાજા થવાનો છે.' આ પ્રમાણે, શંકરની પ્રાણવલ્લભા પાર્વતીદેવી મને આદેશ આપીને અંતર્ધાન થઈ ગયાં. તે દિવસથી મને વિદ્યાબળ મળ્યું છે. પછી હું ક્રમેક્રમે યૌવનમાં આવી. ગઈ કાલે રાત્રિના દેવીએ મને દર્શન દઈ કહ્યું–'તારે કાલે સવારે અમુક સ્થળમાં (હવણાં તમે છો તે સ્થળમાં) જઈને તારા પ્રાણેશનાં દર્શન કરવાં. તારા પિતાના મનમાં ઘણા દિવસથી તારો વિવાહ કરવાનો વિચાર ઘૂમી રહ્યો છે, તે એક માસ પછી તારો વિવાહ કરશે.' આ પ્રમાણે કહી દેવી પાર્વતી અંતર્ધાન થઈ ગયાં,

* વાપીમાં પણ કમળ, ભ્રમર, હંસ, શ્યામ કમળનો સુગંધ, તરંગ, એ સઘળા પદાર્થો હોય છે તેમ આ સ્ત્રીમાં પણ હતા.

† ચન્દ્રપક્ષમાં ખીલેલી અને સ્ત્રીપક્ષમાં ઉત્કંઠાવાળી.

ને રાત્રિ દેવી પણ અદૃશ્ય થયાં. હે આર્યપુત્ર! તેથી હું આપનાં દર્શન કરવા માટે આવી છું. આપનાં દર્શન મેં કર્યાં ને હવે હું મારી સખીઓની સાથે મારે ઘેર જાઉં છું." આ પ્રમાણે કહી શક્તિયશા આકાશમાં ઉડી પોતાના પિતાના નગરમાં ચાલી ગઈ.

નરવાહનદત્ત પણ તે કન્યાની સાથે પરણવા માટે ઘણો ઉત્કંઠિત થઇ રહ્યો અને ઉદાસ થઇને આ એક મહિનો તો યુગ જેવો છે, એમ વિચાર કરતો પાછો ફર્યો. હવે તેના મનમાં શક્તિયશાના જ વિચાર ઘૂમવા લાગ્યા. તેનું મન ઉદાસ રહેતું જોઇ ગોમુખે તેને કહ્યું; "મહારાજ! તમે ઉદાસ રહો છો તે ઠીક નહીં. તમને એક ફક્કડ મનરંજન કરનારી કથા કહું છું તે સાંભળો!"

## બે વિદ્યાધરીની કથા.

* પૂર્વે કાંચનપુરી નામની એક નગરી હતી. તે નગરમાં સુમન નામનો એક મોટો રાજા રાજ્ય કરતો હતો. આ રાજાએ ભયંકર સ્થાન તથા જંગલોને તાબે કરી, તેના જેવા ભયંકર શત્રુઓને પણ પાયમાલ કરી નાંખ્યા હતા. રાજા સુમન એક દિવસે સભામાં બેઠો હતો, એવામાં પ્રતિહારે આવી વિનતિ કરી કે;–"મહારાજ! એક મુક્તાલતા નામના નિષાદની કન્યા, પાંજરામાં રહેલા પોપટને લઈ રાજમહેલના દ્વારમાં આવી ઉભી છે. તેની સાથે વીરપ્રભ નામનો તેનો ભાઈ પણ છે. આ કન્યા આપનાં દર્શનની ઇચ્છા રાખે છે!" તે સાંભળી રાજાએ આજ્ઞા કરી કે, "તેમને પ્રવેશ કરાવ." પ્રતિહારદ્વારા રાજાજ્ઞા સાંભળી, ભિલ્લ રાજકુંવરી રાજસભાના આંગણામાં આવી ઉભી રહી. સભામાં બિરાજેલાં સર્વ મનુષ્યો તે કન્યાનું અદ્‌ભુત લાવણ્ય જોઈ વિચાર કરવા લાગ્યાં કે,–"આ તે કોઈ દિવ્યાંગના છે કે મર્ત્યલોકોનું માનવી છે?" એવામાં તે ભિલ્લ રાજકુંવરી રાજાને પ્રણામ કરી નીચે પ્રમાણે વિનતિ કરવા લાગી;–"મહારાજ! મારા હાથમાં આ એક પોપટ છે, તેનું નામ શાસ્ત્રગંજ છે. તે ચાર વેદ જાણે છે, તે કવિ છે ને સર્વ વિદ્યા તથા કળાઓમાં વિચક્ષણ છે. આપને તે ઉપયોગી થઈ પડશે આમ વિચારીને, મેં મહારાજની આજ્ઞાથી હું આપની પાસે તેને લાવી છું, માટે આપ તે સ્વીકારો.!" એમ કહી તે પોપટ રાજાને અર્પણ કર્યો. રાજાને તે પોપટ જોવાની અત્યંત ઉત્કંઠા હતી, તેથી પ્રતિહાર તેને ઉપાડીને રાજા સમીપ લઇ ગયો; ત્યાં જતાં તે આ પ્રમાણે એક શ્લોક બોલ્યો:–

राजन्युक्तमिदं सदैव यदयं देवस्य संधुक्ष्यते।
धूमश्याममुखो द्विषद्विरहिणीनिः श्वासवातोद्गमैः॥
एतत्त्वद्भुतमेव यत्परिभवाद्बाष्पांबुपूरप्लवै
रासां प्रज्वलतीह दिक्षु दशसु प्राज्यः प्रतापानलः

અર્થ–હે રાજન્! ધૂમાડાથી શ્યામ મુખવાળો આપનો પ્રતાપરૂપ અગ્નિ, હંમેશાં શત્રુની વિરહાતુર† પ્રમદાઓના મુખમારુતના આવવાથી જે ધુંધવાય છે, તે યુક્તજ છે. પરંતુ પોતાના

*અહીંથી જે કથા ચાલે છે તેનું અનુકરણ કાદમ્બરીમાં બાણ કવિ કરે છે. † અંગ્રેજીમાં વિધવા સ્ત્રીઓ છે.



પતિના પરાજયથી પ્રમદાઓના નેત્રમાંથી જે અશ્રુપૂરનો પ્રવાહ ચાલે છે તે આશ્ચર્ય* છે. તેનાથી મોટો પ્રતાપાગ્નિ દશ દિશામાં ભડભડ સળગે છે.

આ પ્રમાણે શ્લોક ભણી પોપટ પુનઃ બોલ્યો–"શું પ્રમેય–તમે શું જાણવા ઇચ્છો છો? કયા શાસ્ત્રમાંથી બોલું?" તે સાંભળી રાજા ઘણો જ આશ્ચર્ય પામ્યો, અને મંત્રીએ તેને કહ્યું;–"મહારાજ! હું માનુંછું કે પૂર્વ જન્મમાં આ કોઇ ઋષિ હશે ને શાપથી આ જન્મે પોપટ થયો છે. પણ ધર્મને લીધે એને પૂર્વજન્મનું સ્મરણ છે, અને તે જે ભણ્યો છે તે તેનો જ પ્રતાપ છે." મંત્રીએ આ પ્રમાણે કહ્યું એટલે રાજાએ પોપટને પૂછ્યું;–"હે ભદ્ર પોપટ! મને અત્યંત ઉત્કંઠા થાય છે, માટે કહો કે તમારો જન્મ ક્યાંથી થયો છે? પોપટના જન્મમાં આવું શાસ્ત્રજ્ઞાન ક્યાંથી? તમે કોણ છો?" તે સાંભળી તે પોપટ અશ્રુ ઢાળતો ધીમે ધીમે ક્રમથી બોલવા લાગ્યો–"હે દેવ! મારી વાર્તા અતિ કરુણાજનક છે. પણ હું આપની આજ્ઞા માથે ચઢાવી આપને કહુંછું તે સાંભળો:–

## પોપટનું પોતાનું ચરિત્ર.

ઓ મહારાજ! હિમાચળની નિકટમાં, વેદ સમાન વિસ્તીર્ણ શીમળાનું એક વૃક્ષ છે. દિશાઓમાં વ્યાપેલી જેની અનંત શાખાઓનો† દ્વિજ‡ આશ્રય કરે છે, તે વૃક્ષ ઉપર, એક હીરામણ અને પોપટી પોતાનો માળો બાંધીને રહેતાં હતાં. તે જોડામાંથી પૂર્વજન્મમાં કરેલાં પાતકને લીધે હું જન્મ્યો છું. મારા જન્મ વખતે જ મારી માતા પોપટી મરણ પામી; પણ મારા વૃદ્ધ પિતા મને પોતાની પાંખમાં રાખી, મારું રક્ષણ કરવા લાગ્યા. અમારા પડોસમાં વસનારા પોપટો જે ફળ ખાતા, તેમાંથી બાકી બચેલાં ફળોનો મારા પિતા આહાર કરતા અને મારું પોષણ કરતા તે વૃક્ષપર જ રહેતા હતા.

એક વખતે તુરીઓ અને રણશીંગાં વાગ્યાં અને ભયંકર ભિલ્લની એક સેના, મૃગયા કરવા માટે તે વનમાં આવી ચઢી. આ વખતે તે મહાજંગલ, જાણે ભયભીત થયેલું સૈન્ય દોડતું હોય તેમ દોડતું જણાયું. તે સાથે ધૂળ ઉરાડી હારવાની પતાકા બતાવતા હોય તેમ ભયભીત થયેલા કાળા મૃગો અને ચમરી હરણો, ગુચ્છાવાળાં પુછડાં ઉંચા કરી, જાણે ચમરી ગાયો જ દોડીને ભય વરસાવતી હોય, તેમ દોડતાં હતાં. ભિલ્લનાં ટોળેટોળાંએ પ્રાણીઓનો નાશ કરવા માટે તેની પાછળ દોડવા લાગ્યાં. આ પ્રમાણે તે સૈન્ય આખો દિવસ મૃગયા ભૂમિમાં કાળના જેવી ક્રીડા કરી, પુષ્કળ માંસના પોટલાંઓ લઇને ચાલતાં થયાં. તે ટોળામાં એક વૃદ્ધભિલ્લને માંસ મળ્યું નહતું, તેને લીધે તે ભુખ્યા ભિલ્લે સાંયકાળે ઝાડ તરફ નજર કરી તેના ઉપર ચડવા માંડયું. ઉપર ચઢીને તેણે સત્વરતાથી પોપટોને અને બીજાં પ્રાણીઓને માળામાંથી બહાર કાઢી, મારી નાંખીને જમીન ઉપર નાંખવા માડ્યાં. આ પ્રમાણે યમકિંકર જેવો જણાતો તે ભિલ્લ, અમારા માળાની

* મુખમારુતથી અગ્નિ સળગી ઉઠે એ તો સ્વભાવસિદ્ધ છે, પરંતુ આશ્ચર્ય એ છે કે પાણીના પ્રવાહથી તે ઠરી જવાને બદલે વધારે સળગે છે. † વૃક્ષ અંગે ડાળ ને વેદ અંગે ભાગ. ‡ વૃક્ષ અંગે પક્ષી ને વેદ અંગે ત્રિવર્ણ.

પાસે આવ્યો. તેને જોઇ હું બીધો અને છાનોમાનો પિતાની પાંખમાં પેસી ગયો. તે ચાંડાળે મારા પિતાને પણ માળાની બહાર ખેંચી કાઢી, તેની ગળચી મરડી મારી નાંખ્યા અને ઝાડને તળીએ ફેંકી દીધા. હું પણ પિતાની સાથે જ નીચે પડયો, પણ પછી તેની પાંખમાંથી બહાર નકળી, ભયને લીધે ધીરે ધીરે ખડ અને પાંદડાની અંદર ભરાઈ ગયો. એવામાં તે ચાંડાળ ભિલ્લ, ઝાડ ઉપરથી નીચે ઉતરી, કેટલાક પોપટોને અગ્નિમાં શેકીને ખાવા લાગ્યો; અને જે ખાતાં બાકી રહ્યા તેને લઇને પોતાને ગામ ગયો.

તેના ગયા પછી હું નિર્ભય થયો, પણ મેં મહાદુઃખમાં લાંબી થયેલી તે રાત્રિ ગાળી કાઢી. બીજે દિવસે પ્રભાત થયું. સંસારના નેત્રસમાન સૂર્યનારાયણ બરાબર ઉદય પામ્યા ત્યારે, હું તૃષાતુર હતો તેથી પાંખવતી પૃથ્વીને ટેકતો ટેકતો, વારંવાર ઠોકરો ખાતો, પાસે પદ્મથી ભરપૂર એક તળાવ હતું ત્યાં ગયો. ત્યાં મેં મારા પૂર્વજન્મના પુણ્ય જેવા મરીચિ નામના એક ઋષિને દીઠા. આ ઋષિ તુરતના જ તળાવમાં સ્નાન કરી, તળાવની રેતીમાં બિરાજ્યા હતા. તે મુનિએ મને જોઈ, મારા મુખમાં જળનાં ટીપાં રેડી શાંત કર્યો, અને દયાથી મને પાંદડાના પડીઆમાં મૂકી પોતાના આશ્રમમાં લઈ ગયા. આશ્રમમાં લઈ ગયા પછી સર્વમાં મુખ્ય પુલસ્ત્ય મુનિ, જે દિવ્યદૃષ્ટિવાળા હતા તે મને જોઈ હસવા લાગ્યા. જ્યારે બીજા મુનિઓએ તેનું કારણ પૂછ્યું, ત્યારે મુનિ બોલ્યા;–"શાપથી આ પોપટ બનેલો છે, માટે મને કરુણાર્થે હસવું આવ્યું છે. હું મારું નિત્યકર્મ કર્યા પછી, આ પોપટ સંબંધી સર્વ કથા તમને કહી સંભળાવીશ, જેથી આ પોપટને પોતાનું વૃત્તાંત સાંભળી એનો પૂર્વજન્મ અને પૂર્વચરિત્ર પણ યાદ આવશે." આટલું કહી પુલસ્ત્ય મુનિ આહ્નિક કર્મ કરવા માટે ઉઠ્યા. આહ્નિક કર્મ કરી રહ્યા પછી, મુનિઓએ ફરીને પુલસ્ત્યની પ્રાર્થના કરવાથી, તે મહામુનિએ મારા સંબંધી મોટી કથા કહી.

## સોમપ્રભ, મનોરથપ્રભા અને મકરંદિકાની કથા.

રત્નાકર નામના નગરમાં, પૂર્વે એક જ્યોતિષ્પ્રભ નામનો રાજા રાજ્ય કરતો હતો. તેની આણ, પૂર્ણસત્તાથી, રત્નની ખાણ જે સમુદ્ર, તે પર્યંત ફરતી હતી. તેની રાણીએ તપ કર્યું હતું, તેથી શંકરના પ્રસાદવડે તેને એક પુત્રનો જન્મ થયો. રાણીને રાત્રીમાં સ્વપ્ન થયું, તેમાં તેણે જાણે મુખમાં ચન્દ્રમા પ્રવેશ કરતો હોય તેવી રીતે તેજને જોયું. આ ઉપરથી રાજાએ પોતાના પુત્રનું નામ સોમપ્રભ પાડ્યું. તે સોમપ્રભ રાજકુમાર અમૃતમય સદ્ગુણવડે પ્રજાના નેત્રને આનંદ આપતો ક્રમે ક્રમે મોટો થવા લાગ્યો.

કેટલાંક વર્ષ વીતતાં તેના પિતા જ્યોતિષ્પ્રભે પુત્ર તરફ નજર કરી તો જણાયું કે, પુત્ર રાજ્યકારભાર ઉપાડી શકે એવો થયો છે, શૂરવીર થયો છે, તરુણ થયો છે અને પ્રજામંડળમાં પ્રેમપાત્ર છે, એટલે તેણે પુત્રનો યુવરાજ પદપર અભિષેક કર્યો. તે રાજાને પ્રભાકર નામનો એક મંત્રી હતો. તે મંત્રીના એક સદ્ગુણી પુત્ર પ્રિયંકરને તેના મંત્રીની જગ્યા ઉપર નિમ્યો. આ વખતે ઇંદ્રનો સારથિ માતલી આકાશમાંથી એક દિવ્ય ઘોડો લઇને ઉતર્યો અને સોમપ્રભ પાસે આવીને



બોલ્યો; "તમે વિદ્યાધર છો, ઇંદ્રના મિત્ર છો અને અહીં પૃથિવિપર અવતર્યા છો, માટે ઇંદ્રે, તમને ઉચ્ચૈઃશ્રવાનો દીકરો આશુશ્રવા નામનો ઘણો ઉત્તમ જાતિનો અશ્વ, તમારી સાથેના પૂર્વના સ્નેહને લીધે ભેટ મોકલી આપ્યો છે. આ અશ્વપર તમે સ્વાર હશો ત્યારે શત્રુઓ તમારો પરાજય કરી શકશે નહીં." આટલું કહી તે ઘોડો રાજકુંવર સોમપ્રભને ભેટ આપી, તેની તરફથી સત્કાર પામી, ઇંદ્રનો સારથિ આકાશમાં ઉડીને પાછો ચાલ્યો ગયો.

પછી રાજકુમાર સોમપ્રભે તે આખો દિવસ આનંદ ઉત્સવમાં કાઢી નાંખી, બીજે દિવસે પોતાના પિતાને કહ્યું; "પિતાજી! વિજય કરવાની ઇચ્છા ન કરવી તે ક્ષત્રિયનો ધર્મ નથી; તો હવે મને આજ્ઞા આપો, એટલે હું દિગ્વિજય કરવા નિકળું."

તે સાંભળી તેનો પિતા પ્રસન્ન થયો અને પ્રત્યુત્તર આપ્યો કે; 'બહુ સારું, નિકળો!' અને તેની પ્રયાણયાત્રા માટે સર્વે તૈયારી કીધી. પછી સોમપ્રભ, એક શુભ દિવસે, ઇંદ્રના અશ્વપર આરૂઢ થઈ, પોતાની સેના સહિત દિગ્વિજય કરવા માટે નિકળ્યો. અજેય પરાક્રમી સોમપ્રભે, અશ્વરત્નની સહાયથી, સર્વ દિશાઓમાં રાજાઓનો પરાજય કરી, તેમની પાસેથી રત્નો હરણ કરી લીધાં. તે રાજાએ પોતાના ધનુષની સાથે જ શત્રુઓનું મસ્તક નીચું પાડ્યું હતું. તેનું ધનુષ ઉન્નતિ પામ્યું, પણ શત્રુઓનું મસ્તક ઉંચુ થયું નહીં.

આ પ્રમાણે દિગ્વિજય કરતો તે હિમાલયની નજીકમાં આવ્યો. ત્યાં માર્ગમાં સેનાની છાવણી કરી તે વનની અંદર મૃગયા કરવા માટે ગયો. વનમાં જતાં દૈવયોગે તેણે એક ઉત્તમ રત્નથી જડેલા કિન્નરને દીઠો, એટલે તેને પકડવા માટે ઇંદ્રે આપેલા અશ્વપર બેઠેલા તેણે, આશુશ્રવાને દોડાવ્યો. આગળ કિન્નર ને પૂઠે સોમપ્રભ, એમ ઘણા દોડ્યા પણ તે કિન્નર, પર્વતની કોઈ ગુફામાં પ્રવેશ કરી ક્યાંઇ અદૃશ્ય થઈ ગયો. પણ અહીંયા સોમપ્રભને તો પેલો ઘોડો વેગમાં ઘણે જ દૂર લઈ ગયો. એટલામાં ભગવાન્ સૂર્યનારાયણ પોતાનું તેજ દિશાઓમાં વહેંચી આપી સાયંકાળ વખતે સમાગમ કરનારી પશ્ચિમદિશા નજીક ગયા. એ સમયે રાજકુમાર શ્રમિત થઇ ગયો હતો એટલે તે મહા કષ્ટથી પાછો વળ્યો. એવામાં તેણે એક મોટું સરોવર દીઠું. આ સરોવર ઉપર રાત્રિના વિશ્રામ કરવાની ઇચ્છાથી તે અશ્વ ઉપરથી ઉતરી પડ્યો. પછી ઘોડાને ખડ નાંખી, પાણી પાઈ, પોતે ફળાહાર કરી જળપાન કર્યું, અને ત્યાં વિશ્રામ કરવા લાગ્યો. એટલામાં તેણે એક બાજુએ ગીતનો ધ્વનિ સાંભળ્યો. આશ્ચર્યને લીધે તે શબ્દાનુસારે તે તે દિશા તરફ ગયો અને જ્યાં તે થોડે દૂર ગયો તો, એક શિવલિંગની આગળ એક અપ્સરાને ગાયન કરતી દીઠી. અદ્ભુતાશ્ચર્યમાં ગરકાવ થયેલો સોમપ્રભ મનમાં જ બોલ્યો; "રે! આ કન્યા કોણ છે?" અને તે કન્યાએ પણ આ કુમારની મહાનુભાવાકૃતિ જોઈ, સલજ્જ સ્થિતિમાં કહ્યું–"મને કહો કે તમે કોણ છો? અને આવા દુર્ગમ પ્રદેશમાં એકલા કેમ આવ્યા છો?" તે સાંભળી તેણે પોતાનો વૃત્તાંત જણાવ્યો અને પ્રત્યુત્તરમાં પૂછ્યું–"તમે પણ મને કહી બતાવો કે, તમે આ વનમાં કેમ રહો છો? અને કોણ છો?" આ પ્રમાણે રાજકુમારે પૂછ્યું એટલે તે દિવ્ય કન્યા બોલી; "મહાભાગ! જો તમને મારું ચરિત્ર સાંભળવાની ઇચ્છા હોય તો હું કહું છું તે સાંભળો મારી કથા!" આમ કહે છે, એવામાં તેની

આંખમાં અશ્રુનાં ઝળઝળીઆં ભરાઈ આવ્યાં, તે લૂછી તે કન્યાએ પોતાની કથા કહેવાનો આરંભ કર્યો.

## મનોરથપ્રભાની ઉપકથા.

"અહીંયા હિમાચળના સપાટ પ્રદેશમાં કાંચનાભ નામનું નગર છે. તેમાં પદ્મકૂટ નામનો એક વિદ્યાધરેશ વસે છે. તમારે જાણવું અવશ્યનું છે કે, તે રાજાની હેમપ્રભા નામની રાણીની કુખે મારો જન્મ થયો છે. તે રાજાને પુત્ર કરતાં પણ હું વધારે પ્રિય છું. મારું નામ મનોરથપ્રભા છે. હું હંમેશાં મારી સખીઓની સાથે વિદ્યાના પ્રભાવથી આશ્રમ, દ્વીપ, મોટા મોટા પર્વતો, વન અને ઉપવનમાં દરરોજ ક્રીડા કરવા જાઉં છું અને ત્યાં વિહાર કરી ત્રણ પ્રહરમાં ભોજન વખતે પાછી પિતાને ઘેર આવું છું આ પ્રમાણે વિહાર કરતાં કરતાં એક દિવસ હું અહીં તળાવના કિનારા ઉપર આવી, ત્યારે મેં એક મિત્ર સહિત બેઠેલા મુનિકુમારને ત્યાં દીઠો. તેના સ્વરૂપની શોભાએ દૂતીની માફક મને લલચાવી એટલે હું તેની પાસે ગઈ. પછી તે મુનિકુમારે પણ અભિપ્રાયસૂચકદૃષ્ટિથી મને આવકાર આપ્યો. હું તેની પાસે બેઠી. ત્યાં મારી સખી અમારા બન્નેનો અભિપ્રાય જાણી, તેના મિત્રને પૂછવા લાગી–'મહાભાગ! તમો કોણ છો તે કહેશો?' ત્યારે તેના મિત્રે ઉત્તર આપ્યો;–'હે સખિ! અહીંથી થોડે છેટે એક આશ્રમ છે, તેમાં દીધિતિમાન્ નામના એક મુનિ રહે છે. તેઓ ઘણા પવિત્ર ને તપસ્વી છે. તે મુનિ એક વખતે આ તળાવમાં સ્નાનાર્થે આવ્યા હતા તે જ વખતે, લક્ષ્મીદેવી પણ સ્નાનાર્થે આવ્યાં હતાં. તે, તે મુનિને જોઈ તેના ઉપર અનુરક્ત થયાં; પરંતુ તે મૂર્તિ તો મળી શકે તેમ ન હતી, માટે પોતે તે શાંત મુનિનું મનથી જ મનન કરવા લાગ્યાં. તેમ કરવાથી તેમને એક પુત્રની પ્રાપ્તિ થઇ. પછી લક્ષ્મીદેવીએ દીધિતિમાન્ મુનિને કહ્યું; "તમારાં દર્શનથી મને આ પુત્ર સાંપડયો છે, તે ગ્રહણ કરો.' એમ કહી તે છોકરો દીધિતિમાનને આપી લક્ષ્મીદેવી અંતર્ધાન થઈ ગયાં. તે મુનિએ પણ હર્ષની સાથે તે બાળકને ગ્રહણ કર્યું અને તેનું રશ્મિમાન એવું નામ પાડી તેને ઉછેરવા લાગ્યા; પછી સમય પ્રમાણે ઉપવીત આપી, પ્રેમથી તેને સર્વ વિદ્યા ભણાવી. તે આ રશ્મિમાન પોતે છે એમ જાણો. તે લક્ષ્મીદેવીનો દીકરો છે અને મારી સાથે વિહાર કરવા અહીં આવ્યો છે." આ પ્રમાણે તેના મિત્રે કહ્યા પછી તેણે પણ મારી સખીને પૂછ્યું, એટલે તે સખીએ મારું નામ વંશ વગેરે જે તમને મેં કહ્યું છે, તે સર્વ કહી બતાવ્યું.

"ત્યાર પછી પરસ્પર એક બીજાનો વંશ જાણવાથી અત્યંત પ્રેમઘેલાં થએલાં અમે બે–એટલે મુનિ પુત્ર અને હું–ત્યાં બેઠાં હતાં, એવામાં એક બીજી સખીએ મારે ઘેરથી આવીને મને કહ્યું–'અયે મુગ્ધે! ઉઠ, ચાલ તારા પિતા ભોજનશાળામાં તારી વાટ જુવે છે.' તે સાંભળીને મેં મુનિકુમારને કહ્યું કે;–'હું હમણાં પાછી આવું છું.' આટલું કહી, તે મુનિપુત્રને બેસાડી, પિતાના ડરને લીધે હું સખીની સાથે ઘેર ગઈ. ત્યાં થોડો આહાર કરી, જ્યાં પાછી બહાર નિકળવા લાગી, એવામાં મારી મુખ્ય સખી પોતે મારી પાસે આવીને મને કહેવા લાગી;–'સખી! પેલા મુનિકુમારનો મિત્ર અહીં ઉતાવળો આવ્યો છે, અને તે આપણા આંગણામાં ઉભો છે. તેણે મને



કહ્યું કે "રશ્મિમાને મને પોતાના પિતાની આકાશચારી વિદ્યા આપી હવણાં મનોરથપ્રભા પાસે મોકલ્યો છે. રશ્મિમાનને તેની પ્રાણવલ્લભાના વિરહથી કામદેવે દારુણ સ્થિતિમાં લાવી મૂક્યો છે, તેને લીધે એક ક્ષણ પણ પોતાની પ્રિયાને જોયા વગર તે પ્રાણધારણ કરી શકશે નહીં." તે સાંભળી હું તરત મારા પિતાનું ભવન તજી બહાર નિકળી. તે મુનિપુત્રનો મિત્ર આગળ ચાલવા માંડયો, અને તેની પાછળ પાછળ હું મારી સખી સાથે આ પ્રદેશમાં આવી. અહીં આવી જોયું તો મારા વિરહથી મુનિનો કુમાર ચન્દ્રમાના ઉદય સમયે જ પોતાની જીંદગીનું અમર ત્યજી ગયો હતો. આમ જોયા પછી હું તેના વિરહથી પીડિત થઈ, મારા પોતાના શરીરને ધિક્કારવા લાગી, અને તે મુનિપુત્રનું કલેવર લઇ, અગ્નિમાં પ્રવેશ કરવાની ઇચ્છા કરવા લાગી. પણ તે જ ક્ષણે એક દિવ્ય પુરુષ, જેનું અંગ ઝળાંઝળાં થઈ રહ્યું હતું તે આકાશમાંથી નીચે ઉતરી આવ્યો ને તે મુનિપુત્રનું શરીર લઈ આકાશમાં ઉડી ગયો; ત્યારે હું એકલી અગ્નિમાં પડવા માટે તૈયાર થઈ પણ તત્ક્ષણે આકાશવાણીએ નીચે પ્રમાણે કહ્યું;–"અરે મનોરથપ્રભા! તું બળી મર મા; કારણ કે કેટલાએક દિવસ પછી પુનઃ તને તારા પ્રાણપતિમુનિકુમાર સાથે સમાગમ થશે." તે સાંભળી હું મરતાં અટકી અને તે કયારે સજીવન થાય તેની વાટ જોતી અને આકાશવાણી ઉપર આશા બાંધી, શિવપૂજન કરતી અહીં બેઠી છું. પેલા મુનિ પુત્રનો મિત્ર પણ કોણ જાણે કયાં અદૃસ્ય થઇ ગયો છે. તે હું જાણતી નથી."

આ પ્રમાણે તે વિદ્યાધરીએ કહ્યું, એટલે સોમપ્રભ બોલ્યો;–"ત્યારે તમે કેમ અહીં એકલાં રહો છો? તમારી સખી ક્યાં ગઈ છે?" તે સાંભળી તે વિદ્યાધરી બોલી;–"સિંહવિક્રમ નામનો એક રાજા છે, અને તેને મકરંદિકા નામની અનુપમ સૌંદર્યવાળી એક કન્યા છે. તે મારી પ્રાણસમાન સખી છે અને તે મારા દુઃખને લીધે દુઃખી થાય છે. તેણે મારા સમાચાર જાણવા માટે આજે પોતાની સખીને મોકલી હતી, એટલા માટે મેં પણ તેની સખી સાથે મારી સખીને મકરંદિકા પાસે મોકલી છે, અને તે કારણે હું હવણાં એકલી બેઠી છું." આ પ્રમાણે બોલતી તે વિદ્યાધરની કન્યાએ તે જ વખતે આકાશમાંથી ઉતરેલી પોતાની સખી, સોમપ્રભને બતાવી. પછી તે આવેલી સખીએ મકરંદિકાની વાર્તા કહી સંભળાવી. ત્યારબાદ વિદ્યાધર કન્યાએ સખી પાસે પાંદડાંની એક શય્યા તૈયાર કરાવી અને સોમપ્રભના ઘોડાને ઘાસ નિરાવ્યું.

જ્યારે રાત્રિ થઈ ત્યારે તે સર્વ ત્યાં જ નિદ્રાવશ થયાં. પ્રભાતમાં ઉઠયાં. એવામાં એક વિદ્યાધર આકાશમાંથી ઉતરીને આવતો તેમના જોવામાં આવ્યો. આ વિદ્યાધરનું નામ દેવજય હતું. તે પ્રણામ કરી, જમીન ઉપર બેસી મનોરથપ્રભાને આ પ્રમાણે કહેવા લાગ્યો–"હે મનોરથપ્રભે!, રાજા સિંહવિક્રમ તને જણાવે છે કે, જ્યાં સૂધી તારો વિવાહ થયો નથી ત્યાં સૂધી તારી સાથેના પ્રેમને લીધે તારી સખી મકરંદિકા પરણવાની ના પાડે છે. માટે તું અહીં આવી તેને સમજાવી, પરણે તેમ કર." વિદ્યાધર કન્યાએ આ કહેણ સાંભળ્યું ત્યારે સખીના સ્નેહને લીધે તે જવા માટે તૈયાર થઈ, ત્યારે સોમપ્રભ રાજાએ તેને કહ્યું–"હે સદ્ગુણીસુંદરી! વિદ્યાધરનો દેશ જોવાની મને ઘણી ઉત્કંઠા છે, માટે ત્યાં મને લઇ જાઓ તો મોટી કૃપા. હું મારા

ઘોડાને ધ્વાસ નાંખીશ એટલે તે ભલે ઉભો ઉભો ખાયા કરશે અને અહીં રહેશે !" તે સાંભળી મનોરથપ્રભા બોલી, "ઠીક છે, ચાલો." આમ કહ્યા પછી તે પોતાની સખી સાથે ઝટ આકાશમાં ઉડી અને જેણે પોતાના ખોળામાં સોમપ્રભને બેસાર્યો હતો તેવા દેવજયની સાથે વિદ્યાધરના દેશમાં ગઈ.

ત્યાં પહોંચ્યા પછી મકરંદિકાએ તેની સારી રીતે પરોણા ચાકરી કરી અને સોમપ્રભને જોઈ પોતે પૂછ્યું;–"આ પુરુષ કોણ છે?" મનોરથપ્રભાએ તેનું ચરિત્ર મકરંદિકાને જણાવ્યું. મકરંદિકાનું હ્રદય પણ તેના દર્શનથી હરાઇ ગયું હતું; તેમ જ સોમપ્રભ પણ મૂર્તિમતી લક્ષ્મી જેવી જણાતી મકરંદિકાને જોતાં જ મન સાથે વિચાર કરવા લાગ્યો કે;–"એવો તે કોણ ભાગ્યશાલી હશે કે જે આની સાથે પરણશે?"

પછી મનોરથપ્રભા અને મકરંદિકાનો પરસ્પર સંલાપ ચાલવા માંડયો, તેમાં મનોરથપ્રભાએ મકરંદિકાને કહ્યું;–"અરે રીસાળવી! તું પરણવાની ના કેમ પાડે છે?" તે સાંભળી મકરંદિકા બોલી;–"અલિ! તેં હજુ પતિ પસંદ કર્યો નથી, ત્યાં સૂધી હું કેમ પરણવાની ઇચ્છા કરું વારુ? તું જાણે તો છે કે તું મને મારા શરીર કરતાં પણ વધારે વહાલી છે." આ પ્રમાણે મકરંદિકાએ વિનય સહિત કહ્યું એટલે મનોરથપ્રભા બોલી;–"હે મુગ્ધે! હું તો કયારની પરણી છું, અને તેના મિલાપની વાટ જોતી બેઠી છું." તે સાંભળી મકરંદિકા બોલી;–"જો એમ હોય તો તું જેમ કહેશે તેમ હું કરીશ." મનોરથપ્રભા પોતાની સખી મકરંદિકાનો મનોભિપ્રાય જાણી ગઈ હતી તેથી બોલી–"સખિ! આ સોમપ્રભ પૃથ્વી ઉપર ફરી, તારે ત્યાં અતિથિ આવ્યો છે; માટે હે સુંદરિ! તારે તેનો સારી રીતે અતિથિસત્કાર કરવો જોઇયે;" તે સાંભળી તરત જ મકરન્દિકા બોલી;–"મેં આ વખતે તનમનથી માંડી મારી સર્વ વસ્તુ એ પુરુષને અર્પણ કરી છે; માટે તેમને જે પસંદ પડે તે વસ્તુ ભલે ગ્રહણ કરે." આ પ્રમાણે મકરંદિકાના બોલ્યા પછી મનોરથપ્રભાએ ક્રમેક્રમે બન્નેની સમાન પ્રીતિ છે તે વાત તેના પિતાને જણાવી, તેનો વિવાહ કરવાનો નિશ્ચય કર્યો. સોમપ્રભ ઘણો પ્રસન્ન થયો અને ધૈર્ય ધારી મનોરથ પ્રભાને કહેવા લાગ્યો;–"મેં મારું સૈન્ય મારા મંત્રીને સોંપ્યું છે. તે સૈન્ય મારા માર્ગને શોધતું શોધતું કદાચિત્ મારી પાછળ આપના આશ્રમમાં આવે અને મને જોશે નહીં તો તે મારે માટે અશુભ વિચારો બાંધીને પાછું ચાલ્યું જશે, તો મારે શું કરવું? માટે અહુણાં હું તમારા આશ્રમમાં આવીશ અને ત્યાં સૈન્ય આવ્યું છે કે નહિ તે તપાસી ત્યાંથી ફરી પાંછો આવી, શુભ દિવસે બેશક મકરન્દિકા સાથે લગ્ન કરીશ." તે સાંભળી મનોરથપ્રભા બોલી;–"બહુ સારું તેમ કરો." આમ કહ્યા પછી સોમપ્રભને દેવજયના ખોળામાં બેસારી મનોરથપ્રભા પોતાના આશ્રમમાં લઈ ગઈ.

એવામાં સોમપ્રભનો મંત્રી પ્રિયંકર, સોમપ્રભના પગલાંની ખોળ કરતો કરતો સેના સહિત તે આશ્રમમાં દાખલ થયો અને સોમપ્રભને મળ્યો. સોમપ્રભે ઘણી પ્રસન્નતાથી મંત્રીને પોતાનું સર્વ વૃત્તાંત જ્યાં વર્ણવીને કહ્યું, એવામાં સોમપ્રભના પિતાની પાસેથી એક દૂત, સમાચારનો કાગળ લઈ આવ્યો. એ પત્રમાં જણાવ્યું હતું કે તેને સત્વર તેડે છે. તે સમાચાર વાંચી,



મંત્રીની સલાહથી પિતાની આજ્ઞા મસ્તક ઉપર ચઢાવી, સૈન્ય લઇને પોતાના નગરમાં જવાને તે તૈયાર થયો. જતી વખતે મનોરથપ્રભાને તથા દેવજયને તેણે કહ્યું કે; "હું પિતાજીને મળીને થોડા સમયમાં પાછો આવીશ."

દેવજયે મકરંદિકા પાસે જઈ તે સર્વ સમાચાર કહી સંભળાવ્યા, એટલે મકરંદિકા વિરહથી પીડાવા લાગી. મકરંદિકાને વિરહને લીધે બાગમાં આનંદ થતો નહીં, ગીતમાં મન ચોંટતું નહીં સખીઓના મંડળમાં મઝા પડતી નહીં અને પોપટોની પણ વિનોદવાણી તે સાંભળતી નહીં. આહારનો પણ ત્યાગ કરી દીધો, તો પછી અલંકાર ધારણ કરવાની તો વાર્તા જ શી કરવી. તેનાં માતાપિતાએ ઘણી મહેનતથી તેને સમજાવી, તોપણ તેણે ધૈર્ય ધર્યું નહીં. તે કન્યા, કમળના પત્રની શય્યામાં સૂતી હતી, પણ તે શય્યાનો તુરત ત્યાગ કરી, ગાંડીની માફક માતાપિતાને ખેદાતુર કરતી, આમ તેમ દોડવા લાગી. તેનાં માતાપિતા તેને બહુ બહુ સમજાવવા લાગ્યાં. ઉન્મત્તની માફક તે કન્યાએ તેમનું કહેવું સ્વીકાર્યું નહીં, ત્યારે માતા અને પિતાએ ગુસ્સે થઇને પુત્રીને શાપ દીધો કે; "બેટા! જ્યારે તું અમારું કહેવું સાંભળતી નથી, ત્યારે હવે તું આજ શરીરથી કેટલાએક કાળપર્યંત તારી પોતાની જાતિનું ભાન ભૂલીને નીર્ધન નિષાદના ઘરમાં રહે!" આ પ્રમાણે માતાપિતાએ શાપ દીધા પછી મકરંદિકા તે જ વખતે નિષાદકન્યા થઈ ગઇ. પુત્રીની આ દશા થવાથી તેનો પિતા વિદ્યાધરનો રાજા સિંહવિક્રમ અફસોસ કરવા લાગ્યો. તે ઘણો પશ્ચાત્તાપ કરી, પોતાની રાણી સહિત મરણ પામ્યો. હવે તે વિદ્યાધરનો રાજા પૂર્વજન્મમાં ઋષિ હતો અને સર્વ શાસ્ત્રવેત્તા હતો, પણ પૂર્વજન્મનાં શેષપાતકને લીધે અહુણાં તે પોપટ જન્મ્યો છે, તેમ જ તેની સ્ત્રી વનમાંની એક ભુંડણી જન્મી છે. આ પોપટ તપોબળના પ્રતાપવડે પૂર્વજન્મમાં જે ભણ્યો છે, તેનું સ્મરણ કરી શકે છે."

પુલસ્ત્યમુનિએ પછી કહ્યું–"આ પ્રમાણે આ પોપટનું વિચિત્ર ચરિત્ર છે, તે જોઇને મને હસવું આવ્યું હતું. આ પોપટ આ કથા રાજસભામાં કહેશે એટલે તેની જાતિમાંથી મુક્ત થશે; અને સોમપ્રભ, આ પોપટ જન્મેલા સિંહવિક્રમની કન્યા મકરંદિકા, જે નિષાદ કન્યા જન્મેલી છે તેને, વિદ્યાધરના જન્મમાં પરણશે જ. મનોરથપ્રભા પણ તે જ વખતે હાલમાં જે રાજા થયેલો છે, અને પૂર્વજન્મમાં જે મુનિકુમાર રશ્મિમાન્ હતો તેની સાથે પરણશે. એ સોમપ્રભ પોતાના પિતાનાં દર્શન કરી હિમાચલમાં આવેલા આશ્રમમાં જઇ, હવણાં તો પ્રિયાને મેળવવા માટે શંકરનું આરાધન કરે છે."

આ પ્રમાણે મુનિરાજ પુલસ્ત્ય કથા કહેતા બંધ પડ્યા અને પછી હું હર્ષ અને શોકમાં ડૂબેલો, મારો પૂર્વજન્મ યાદ કરવા લાગ્યો. મુનિ મરિચિ, દયાવડે મને આશ્રમમાં લઇ ગયા હતા તેઓએ મને ત્યાં રાખીને મારું પાલન કીધું. હું મોટો થયો ને મને પાંખો આવી ત્યારે પક્ષીપણાના સ્વાભાવિક ચાપલ્યથી આમ તેમ ઉડવા લાગ્યો, અને મારી વિદ્યાનો ચમત્કાર દેખાડવા લાગ્યો. તેવામાં ભીલના હાથમાં આવી ચઢયો અને ક્રમે ક્રમે તમારા હાથમાં આવી ચઢયો છું, અને હવે મારુ પક્ષીના જન્મમાં ભોગવવાનું પાતક નાશ પામ્યું છે."

આ પ્રમાણે છટાદાર વાણી બોલનારો પંડિત પોપટ, સ્વચરિત્ર કહીને બંધ પડયો. એટલામાં એ સુમન રાજા તુરત ઘણા આનંદના ઉભરાથી પોતાના અંતરાત્માનું ભાન ભૂલી ગયો, એવામાં શંકરે પ્રસન્ન થઈ સોમપ્રભને સ્વપ્નમાં આજ્ઞા કરી કે; "ઉભો થા, રાજેશ્રી ! અને જા સુમન રાજાની પાસે. ત્યાં ત્હને તારી પ્રિયાનો મેળાપ થશે; કેમકે કુંવરી મકરંદિકા પોતાના પિતાના શાપને લીધે ભિલ્લને ઘેર મુક્તાલતા નામની કન્યા જન્મી છે. તે પોતાનો પિતા, જે પોપટ જન્મીને ભિલ્લને ઘેર આવેલો હતો તેને લઇ, હમણા રાજાની સમીપમાં ગઈ છે. જ્યારે તું ત્યાં જઇશ અને તે વિદ્યાધરી ત્હને જોશે, ત્યારે તે શાપમાંથી મુકત થશે; અને તમે બન્ને જણા એક બીજાને ઓળખશો. તેથી તમને પરમ હર્ષાનંદ પ્રાપ્ત થશે, અને તે વખતે તમે સારી રીતે શોભી રહેશો." આ પ્રમાણે કૃપાળુ ભગવાન શંકરે રાજાને કહ્યું, તે જ પ્રમાણે આશ્રમમાં નિવાસ કરતી પેલી મનોરથપ્રભાને પણ કહ્યું; "મનોરથપ્રભા ! જે મુનિનો પુત્ર રશ્મિમાન્ હતો અને તારો પ્રિય હતો, તે હવણાં ફરી સુમન નામનો રાજા તરીકે જન્મ્યો છે. તું ત્યાં જા અને તેની મુલાકાત કર. હે કલ્યાણિ ! તે તારાં દર્શન કરતાં જ તત્ક્ષણે પોતાના પૂર્વજન્મને યાદ કરશે." આ પ્રમાણે શંકરે સોમપ્રભને તથા વિદ્યાધરની કન્યાને સ્વપ્નામાં જૂદી જૂદી આજ્ઞા કરી, એટલે બન્ને જણાં સુમન રાજાની સભામાં આવ્યાં. સભામાં ગયા પછી સોમપ્રભને જોઈ મકરંદિકાને પોતાના પૂર્વ જન્મનું સ્મરણ થયું. તે તુરત પોતાના દિવ્ય દેહને પ્રાપ્ત થઈ, અને ઘણા દિવસના શાપમાંથી મુક્ત થઈ. સોમપ્રભને કંઠે પૂર્ણ પ્રેમવશ થયેલી વિરહીણી જેમ વળગે તેમ વળગી પડી. રાજકુમાર સોમપ્રભ પણ શંકરના પ્રતાપથી વિદ્યાધરની રાજપુત્રીનો મિલાપ કરી, મૂર્તિમાન્ દિવ્યભોગ લક્ષ્મી સમાન જણાતી તે પ્રમદાનું આલિંગન કરી સફળ થયો. રાજા સુમનને પણ મનોરથપ્રભાને જોતાં વાર જ પોતાનો પૂર્વજન્મ યાદ આવ્યો. એવામાં આકાશમાંથી તેના પૂર્વ જન્મનું ખોળીયું નીચે પડયું. તેમાં પ્રવેશ કરી પોતે મુનિકુમાર રશ્મિમાન્ બની ગયો. પછી ઘણ દિવસથી ઉત્કંઠિત થયેલો મુનિકુમાર, પોતાની પ્રાણપ્રિયા મનોરથપ્રભાને કંઠે વળગી, તેની સાથે પોતાના આશ્રમમાં ગયો; અને સોમપ્રભરાજા, પોતાની મકરંદિકાને લઇ, પોતાના નગરમાં ગયો. પેલો પોપટ પણ પક્ષીના શરીરનો ત્યાગ કરી, પૂર્વજન્મમાં કરેલા તપના પ્રતાપવડે ઇશ્વિર લોકમાં ગયો.

"મહારાજ, આ રીતે મનુષ્યોને જો સમાગમ થવા માંડયો હોય છે તો તે ઘણો દૂરનો હોય અને વચમાં અડચણ (ઘણા) આવ્યા હોય છે, તોપણ સારા સાથે અવશ્ય સમાગમ કરાવે છે." આ પ્રમાણે પોતાના મંત્રી ગોમુખના મુખથી આશ્ચર્યકારક, અદ્ભુતપ્રિય અને સમયોચિત કથા સાંભળી, શક્તિયશા ઉપર અત્યંત રક્ત બનેલો નરવાહનદત્ત પ્રસન્ન થયો.



# તરંગ ૪ થો.

## નરવાહનદત્તને ગોમુખે કહેલી કથા.

મંત્રી મંડળમાં મુખ્ય ગોમુખે, એ વિદ્યાધરીની કથા કહ્યા પછી, નરવાહનદત્તને પુનઃ કહ્યું કે; "હે મહારાજ ! આ લોક અને પરલોક–બંનેમાં–પોતાનું હિત ઇચ્છનારા કેટલાએક વિદ્વાન્ મનુષ્યો, સાધારણ સ્થિતિમાં હોય છે તોપણ, કામક્રોધના વેગને રોકી શકે છે. એ વિશે એક બીજી કથા કહું છું તે સાંભળો:–

### શૂરવર્માની કથા.

કુલધર નામના એક રાજાને ત્યાં, શૂરવર્મા નામનો એક સેવક રહેતો હતો. આ ચાકર પરાક્રમમાં પ્રખ્યાત હતો, તેમજ કુળવાન્ પણ હતો. એક વખતે તે પરદેશ જઈ, પાછા આવી, એકદમ પોતાના ઘરમાં ગયો, તો ત્યાં તેની સ્ત્રીને પોતાના એક મિત્રની સાથે એકાંતમાં સ્વતંત્રતાથી બેઠેલી દીઠી. તે જોઈ શૂરવર્માને ખૂબ ક્રોધ ચઢયો. પરંતુ તેણે ધૈર્યથી ક્રોધને દબાવ્યો અને વિચાર કરવા લાગ્યો કે; "આ પશુવૃત્તિના મિત્રદ્રોહી મૂર્ખનો વધ કરીશ, તેમાં મને શું ફળ મળનાર છે? તેમ જ આ દુરાચરણી પાપી સ્ત્રીને મારવાથી પણ શું ફળ છે? પણ ના, ના, આ મારો જ આત્મા પાપી છે. માટે તેનું ફળ તે પોતે જ કયાં ભોગવે નહિ? ભોગવે જ." આમ વિચારી, બંને જણાને ઘરમાંથી બહાર કાઢી મૂકયાં અને કહ્યું કે, "હું તમારા બંનેમાંથી જેને ફરી જોઇશ, તેને ઠાર મારી નાંખીશ. તમારે ફરી મારી નજર આગળ આવવું નહીં." એમ કહી તે બંને જણાંનો ત્યાગ કર્યો. પેલાં એ જણાં પણ રજા મળ્યા પછી કયાંઈ દૂર દેશમાં નિકળી ગયાં અને શૂરવર્મા બીજી સ્ત્રી જોડે લગ્ન કરી ઘણો સંતોષ પામ્યો.

"આ પ્રમાણે, હે મહારાજ ! જે મનુષ્ય ક્રોધનો પરાજય કરે છે, તે દુઃખપાત્ર થતો નથી; અને જે માણસ ડહાપણવાળો છે, તે પણ કોઈ દિવસ દુઃખ પામતો નથી. પક્ષીઓને પણ બુદ્ધિ સુખકર છે, પણ પરાક્રમ સુખકર નથી. વળી એ ઉપર સિંહ બળદ વગેરે જનાવરની એક કથા કહુંછું તે સાંભળો;–

### પિંગલક સિંહ તથા દમનક અને કરટકની કથા.*

પૂર્વે એક ધનાઢય વાણિયાનો દીકરો એક નગરમાં રહેતો હતો. એક વખતે તે વેપારકરવા માટે મથુરાં, નગરી તરફ જવા નિકળ્યો. તેની ભારની ગાડીનું ધોસરું સંજીવક નામનો બળદ ખેંચતો હતો. તે ગાડીમાં ભાર ઘણો ભર્યો હતો, તેને લીધે રસ્તામાં ગાડીની ધોંસરી ભાંગી પડી. પહાડમાંથી ઝરણાંઓ ઝરતાં હતાં તેને લીધે માર્ગમાં કાદવ થયો હતો, તેમાં સંજીવકનો પગ લપટાઈ ગયો. તે નીચે પડયો; તેના સઘળા અવયવ ભાગી ગયા. પેલા વેપારીના પુત્રે જાણ્યું કે, આ બળદ પડી ગયો છે અને બેભાન થઈ ગયો છે, તેથી તે તેને ઉઠાડવા માટે પ્રયત્ન

* અહીંયાંથી પંચતંત્ર, હિતોપદેશ વગેરે પ્રસિદ્ધ ગ્રન્થો રચાયા છે, તેની વાર્તાઓ શરુ થાય છે.

કરવા લાગ્યો; પણ તેની મહેનત વૃથા ગઈ; ને તે બળદ ઉઠયો નહીં. પછી તે વણીક્ પુત્ર તેને વનમાં પડતો મૂકી પોતાનું મનોગત સાધવા આગળ ચાલી નિકળ્યો. વનમાં પડેલો સંજીવક, દૈવયોગે ક્રમે કરી સાજો થયો. ત્યાંથી ઉઠીને કોમળ અને લીલું ઘાસ, યમુનાને કિનારે ફરી ચરવા લાગ્યો. થોડે દિવસે તે હૃષ્ટપુષ્ટ તથા બળવાન થઈ ગયો, તેની ખાંધ જાડી થઈ ગઈ અને પાર્વતીપતિના પુષ્ટ પોઠિઆ પ્રમાણે મદમત્ત બનીને શિંગડાવતી રાફડાઓ ઉખેડી નાંખતો અને વારંવાર ગર્જના કરી મૂકતો તે જંગલમાં યથેચ્છ ફરવા લાગ્યો.

આ સમયમાં તે પ્રદેશમાં થોડે દૂર એક બીજા વનમાં પિંગલક નામનો સિંહ રહેતો હતો. આ સિંહે પોતાના પરાક્રમથી આખા વનને તાબે કરી રાખ્યું હતું. તે સિંહને બે શિયાળ મંત્રી હતા; એમાં–એકનું નામ દમનક અને બીજાનું નામ કરટક હતું. એક વખતે તે સિંહ જળ પીવા માટે યમુના નદીના કિનારા ઉપર આવ્યો, એવામાં તેણે સંજીવક બળદની ઘોર ગર્જના સાંભળી. આ નાદ થતાં વાર જ તેનો પડઘો દિશાઓમાં ફેલાઇ ગયો. પિંગલક આ અપૂર્વ નાદને સાંભળી વિચાર કરવા લાગ્યો કે; "અરે! આવો તે કોનો નાદ હશે? ખરેખર, આ વનમાં કોઈ મોટું પ્રાણી રહે છે, માટે તે કોણ છે તેની તપાસ કરું. પરંતુ તે પ્રાણી મને જોઇને મારો નાશ કરે અથવા તો મને વનમાંથી નસાડી મૂકે, માટે અહીંયાંથી મારે હમણાં જ ચાલ્યા જવું જોઇએ." આવો વિચાર કરી, બીધેલો સિંહ, પાણી પીધા વિના ઝટપટ પોતાના વનમાં જઈ, પોતાની ભયભીત આકૃતિને ગુપ્ત રાખી, સેવકવર્ગમાં બેસી ગયો.

પછી તેનો બુદ્ધિશાળી મંત્રી દમનક શિયાળ, એકાંતમાં બીજા મંત્રી કરટકને કહેવા લાગ્યો કે; "અરે મંત્રી! આપણા મહારાજા જળ પાન કરવા માટે ગયા હતા, પણ તે જળ પીધા વિના પાછા ઝટપટ ઉતાવળા ઉતાવળા કેમ આવ્યા, તેનું કારણ આપણે તેને પૂછવું જોઇએ." એટલે કરટક બોલ્યો; "આપણે એવી બાબતની ખબર રાખવાનું કામ નથી. તેં શું ખીલો ખેંચનારા વાનરની કથા સાંભળી નથી? જો સાંભળ, હું કહું છું:–

## ખીલો ખેંચનાર વાનરની કથા.

એક નગરમાં એક વાણિયાએ એક જગ્યામાં દેવમંદિર બંધાવવા માટે, ઘણાં લાકડાં એકઠાં કરી મૂક્યાં હતાં. તે જ જગ્યામાં સૂતારો એક લાકડાને કરવતવતી અર્ધ ફાડી, તેની અંદર લાકડાનો ખીલો ઠોકી, ઉભું મૂકીને પોતાને ઘેર જમવા માટે ગયા. એવામાં ત્યાં એક વાનર આવ્યો. તે ચપળતાથી આમ તેમ કુદકો મારી, સુતારે જેમાં ખીલો મારી બે ભાગ જૂદા પાડી રાખ્યા હતા. છતાં પણ તેની વચોવચ તે બેઠો. આ લાકડાના બે વિભાગ હતા. તે કાળના મુખ સમાન હતા. તે ઉપર બેસીને, પ્રયોજન વગર ખીલાને બે હાથથી તે વાનર બહાર કાઢવા લાગ્યો. તે ખીલો બહાર નિકળતાં જ, તેની સાથે તે વાંદરો તેની અંદર ફસાઈ પડ્યો. બન્ને બાજુના લાકડાથી તેનું શરીર છુંદાઈ ગયું અને તે મરણ પામ્યો હતો.



## દમનક અને કરટકનો સંવાદ.

"આ પ્રમાણે જે મનુષ્યનું જે કામ ન હોય તે કામ જો તે કરવા જાય છે તો તેમાં તે ઠોકાં ખાય છે. માટે આપણે નિષ્પ્રયોજન સિંહનું અંતઃકરણ જાણવાથી શો લાભ?" આવાં કરટકનાં વચન સાંભળી ધીર દમનક બોલ્યો;–"બેશક! ડાહ્યા મંત્રીએ હંમેશાં રાજાના અંતરંગ બનીને તેમાં વિશેષ શું છે, તે જાણવું જોઇએ. કેવળ ઉદરપોષણ તો કયો માણસ કરતો નથી?" આ પ્રમાણે દમનકે કહ્યું એટલે બુદ્ધિમાન્ કરટક બોલ્યો; "પોતાની મરજી પ્રમાણે જ્યાં ત્યાં ઘુસી જવું, તે કંઈ સેવકનો ધર્મ નથી." આ પ્રમાણે કરટકે કહ્યું એટલે દમનક બોલ્યો;–"એમ બોલ નહીં. મનુષ્ય માત્ર પોતાના પ્રમાણમાં ફળની વાંછના કરે છે. કુતરો હાડકા માત્રથી ધરાય છે, અને કેસરી સિંહ, હાથી ઉપર તલપ મારે છે." તે સાંભળી કરટક બોલ્યો;–"એમ કરવાથી મહારાજા જો આપણા ઉપર પ્રસન્ન થવાને બદલે ગુસ્સે થાય તો તેનું વિશેષ ફળ શું મળે? રાજાઓ ઘણાજ કઠિન, અભિમાની, હિંસક પ્રાણીઓથી વિંટાયલા, પાસે જઈ શકાય નહીં તેવા અને ભયંકર છે, માટે તેને પર્વતની ઉપમા આપવામાં આવે." એ સાંભળી દમનક બોલ્યો;–"એ વાત તો ખરી, પણ જે ડાહ્યો માણસ હોય છે તે ક્રમે કરી ઉપરીનો સ્વભાવ જાણી, તેને પોતાના અધીન કરે છે." પછી કરટક બોલ્યો; "ભલે ત્યારે એમ કર."

પછી દમનક પોતાના મહારાજા સિંહની સમીપમાં ગયો; અને પિંગલક સિંહને પ્રણામ કરી, તેની સમીપમાં બેઠો. સિંહે તેને આવકાર આપ્યો. એક ક્ષણ થયા પછી દમનક સિંહને વિનતિ કરવા લાગ્યો કે; "હે મહારાજ! હું કુળપરંપરાનો તમારો હિત ઇચ્છનાર સેવક છું. પારકો પણ હિતકારક હોય તેનો સ્વીકાર કરવો અને પોતાનો હોય છતાં પણ જે અહિતકારક હોય તેનો ત્યાગ કરવો. જગતનો નિયમ છે કે, હિતકર બીલાડાને વેચાતું લઇને તેનું પણ પોષણ કરવામાં આવે છે, અને ઉંદર ઘરમાં જન્મે છે, છતાં પણ અહિત કરનાર છે, તેથી પ્રયત્નપૂર્વક તેનો નાશ કરવામાં આવે છે. પોતાનું ભલું ઇચ્છનારા રાજાએ હિતૈષી ચાકરનું વચન પણ સાંભળવું, તેમ ચાકરોએ પણ રાજાના કહ્યા વગર સમય આવે ત્યારે રાજાનું ભલું કરવું. માટે હે મહારાજ! તમને મારો વિશ્વાસ આવતો હોય, તેમ મારા ઉપર ક્રોધ ન કરો અને મારાથી કોઈ બાબત ગુપ્ત રાખતા ન હો તથા મારા ઉપર ઉદાસીન થતા ન હોતો મારે આપને કાંઈક પૂછવું છે." આ પ્રમાણે દમનકે વિનતિ કરી, એટલે પિંગગલક સિંહ બોલ્યો; "તું વિશ્વાસપાત્ર છે ને મારો ભક્ત છે, માટે નિર્ભયતાથી બોલી દે." આ પ્રમાણે પિંગલકે કહ્યું એટલે દમનક બોલ્યો; "મહારાજ! તમે તૃષાને લીધે જળપાન કરવા માટે ગયા હતા, ત્યાંથી જળપાન કર્યાં વિના ઉદાસની માફક પાછા કેમ ફર્યા?" દમનકનું આવું બોલવું સાંભળી તે સિંહ વિચારમાં પડ્યો; "એ મારા વિચારને જાણી ગયો છે, તો હવે એ એકનિષ્ટ સેવકથી સત્યવાત ગુપ્ત રાખવાથી શું લાભ છે!" આવો વિચાર કરી સિંહે કહ્યું; "સાંભળ! મારે તારી આગળ કંઈ ગુપ્ત રાખવાનું નથીઃ હું તને સર્વ કહું છું. જ્યાં

હું જળ પીવા જળ પાસે પહોંચ્યો ત્યાં મેં એક અપૂર્વ ગર્જના સાંભળી. આ ગર્જના કોઈ પણ મારા કરતાં વધારે બળવાન્ પ્રાણીની હશે એમ હું ધારું છું. ઘણું કરીને શબ્દના પ્રમાણમાં પ્રાણીની મોટાઈ જણાય છે; કારણ કે બ્રહ્માએ એક કરતાં બીજું અધિક એમ વિચિત્ર પ્રાણીની રચના કરી છે. માટે તે પ્રાણી જો આ વનમાં આવશે તો મારું શરીર બચવું મુશ્કેલ થઈ પડશે અને આ વનમાં રહેવું પણ મુશ્કેલ છે; એથી હું ભય પામ્યો. મને વિચાર થાય છે કે, હવે આપણે અહીંથી કોઈ બીજા વનમાં જવું જોઈએ." આ પ્રમાણે સિંહને બોલતો સાંભળી, દમનક બોલ્યો; "હે મહારાજ ! તમે શૂરા, તથા ઉત્તમ શિક્ષા આપનારા થઈ, વન મૂકી દેવાની શું કરવા ઈચ્છા કરો છો? પાણીથી પાજનો નાશ થાય છે, ચાડી ખાવાથી સ્નેહનો નાશ થાય છે, ગુપ્ત ન રાખવાથી મંત્રનો નાશ થાય છે અને શબ્દ માત્રથી બીકનો નાશ થાય છે. ઘણા પ્રકારની ગર્જના થાય છે: જેવી કે યંત્રની! તે એવી ભયંકર હોય છે કે જ્યાં સુધી તેનું ખરું કારણ જણાતું નથી ત્યાં સુધી કંપાવે છે. માટે હે મહારાજ ! ખરું શું છે, તે જાણ્યા વિના શબ્દ ઉપરથી જ ડરવું નહીં. તે વિષય ઉપર ભેરી (નગારા) ની અને એક શિયાળની કથા તમને કહું છું, તે સાંભળો:-

### નગારું અને એક શિયાળની કથા.

પૂર્વે કોઈ એક વનના ભાગમાં એક શિયાળ વસતો હતો. એક દિવસે તે ભક્ષ્ય શોધવા માટે વનમાં ભટકવા લાગ્યો. ભમતાં ભમતાં લડાઈ થયેલી એક જગ્યા ઉપર તે આવી ચઢ્યો. એવામાં એક તરફથી ગંભીર અવાજ તેના સાંભળવામાં આવ્યો, એટલે તે ભય પામી આમતેમ નજર કરવા લાગ્યો. ત્યાં તેણે કોઈ દિવસ ન જોયેલું એવું એક નગારું, જમીન ઉપર પડેલું દીઠું. એટલે તે વિચાર કરવા લાગ્યો કે; "આવી જાતનો શબ્દ કરનાર આ કીયું પ્રાણી હશે?" આવો વિચાર કરતો કરતો તે નગારું સ્થિર પડ્યું હતું તેની પાસે ગયો. પાસે જઈ તે તેની તપાસ કરે છે, એટલામાં જાણવામાં આવ્યું કે એ કોઈ પ્રાણી નથી, પણ બીજી જ વસ્તુ છે. પછી તેણે શબ્દ ક્યાંથી થાય છે તે વિશે વિચાર કર્યો તો જણાયું કે તે નગારા ઉપર ચામડાનું પડ મઢેલું છે. તે પડ ઉપર પવનથી દર્ભની સળીઓ અથડાય છે તેને લીધે શબ્દ થાય છે! આમ જાણી તેણે ભય ત્યજી દીધો. પછી તે શિયાળે ધાર્યું કે, એની અંદર કંઈક ખાવાનું હશે, તેથી તે ચામડું ચીરીને અંદર પેઠું, અને જુવે છે તો કેવળ લાકડું અને ચામડું માલમ પડ્યું.

"માટે હે મહારાજ ! આપના જેવા શૂરવીર, શું શબ્દ સાંભળવાથી ડરશે? તમે જો આજ્ઞા કરતા હો તો હું ત્યાં તપાસ કરવા જાઉં!" આ પ્રમાણે દમનકે કહ્યું એટલે તે સિંહ બોલ્યો; "ભલે, શક્તિમાન્ હો તો જા." તુરત દમનક યમુના નદીના કિનારા ઉપર ગયો અને ત્યાં શબ્દને આધારે આધારે પોતે જ્યાં આગળ જાય છે ત્યાં એક બળદને ખડ ચરતાં જોયો. પછી તે તેની પાસે ગયો અને તેની સાથે સર્વ પ્રકારનો પરિચય પાડી પાછો આવ્યો, અને પોતાના મહારાજ સિંહને સર્વ યથાર્થ વાત કહી સંભળાવી. એથી સિંહ ઘણો પ્રસન્ન થઈને બોલ્યો; "તેં જો તે મસ્તાન સાંઢને જોયો હોય અને તેની સાથે વાતચિત કરી હોય તો, યુક્તિથી તેને અહીં તેડી લાવ; હું તેને



જોઉં કે તે કેવો છે!" આટલું કહી દમનકને પુનઃ બળદની પાસે મોકલ્યો. ત્યારે દમનક તે બળદની પાસે જઈને કહેવા લાગ્યો; "અરે ભાઈ! અમારા મહારાજ પિંગલકની પાસે ચાલો: તે તમારા ઉપર પ્રસન્ન થયા છે." તે બળદે ભયને લીધે ત્યાં આવવાનું કબુલ કર્યું નહીં, ત્યારે પુનઃ તે શિયાળ વનમાં ગયો ને પોતાના રાજા પિંગલક પાસેથી બળદ માટે અભયવચન માગી લીધું કે તેને જીવતદાન બક્ષવું; અને તુરત તે પાછો સંજીવક પાસે આવી, તેને અભયવચન કહી સંભળાવી, ધીરજ આપી, પોતાના રાજા પિંગલક સિંહની પાસે તે સાંઢને લઈ ગયો. સંજીવક સિંહની પાસે ગયો અને પ્રણામ કરીને ઉભો રહ્યો, એટલે સિંહે તેને આદર આપ્યો અને કહ્યું કે; "હવેથી તમારે મારી સમીપમાં અહીં જ નિર્ભયતાથી રહેવું." સંજીવક તેનું વચન સ્વીકારી ત્યાં રહેવા લાગ્યો અને વખત જતાં ધીમે ધીમે સિંહને પોતાને અધીન એવો તો કરી લીધો કે, તેણે બીજા તરફ નજર પણ કરવી મૂકી દીધી.

પછી એક સમયે દમનકે ઉદાસીન બનીને એકાંતમાં કરટકને કહ્યું; "જો ભાઇ! મહારાજ તો સંજીવકને વશ થયા છે, અને આપણા એની સામું પણ જોતા નથી! તે એકલા એકલા જ માંસ ખાય છે, પણ આપણા બન્નેનો ભાગ પણ આપતા નથી! વળી મંદબુદ્ધિ મહારાજને હવણાં આ બળદ શિખામણ આપે છે, તે જ તે માને છે! આ દુ:ખ મેં પોતે જ વહોર્યું છે, કારણ કે હું આ બળદને લઇ આવ્યો છું. માટે હવે જેમ આ બળદ મરણ પામે અને આપણા રાજા અયોગ્ય દુ:ખમાંથી મુક્ત થાય એવી રીતે હું રચના રચું છું!" દમનકનું આવું વચન સાંભળ્યા પછી, કરટક બોલ્યો; "મિત્ર ! તું હવણાં તેમ કરી શકીશ નહીં." દમનક બોલ્યો; "બુદ્ધિના પરાક્રમથી અવશ્ય કરી શકીશ. જે નરની બુદ્ધિ આપત્તિના સમયમાં પણ પાછી હઠતી નથી તે નર શું કરી શકતો નથી?. તે ઉપર બગલાને મારનાર મકર*ની કથા સાંભળ!

### બગલાની અને મકરની કથા.

પૂર્વકાળમાં, કોઈ એક સ્થળમાં પુષ્કળ માછલાંવાળા તળાવ ઉપર એક બગલો રહેતો હતો. માછલાંઓ તેને જોઈ ભયથી નાશી જતાં હતાં અને તે બગલાને માછલાંઓ મળી શકતાં નહોતાં. પછી તે બગલાએ માછલાંઓને જૂઠું જૂઠું કહ્યું કે; "આ તળાવ ઉપર કોઇએક જાળધારી પુરુષ માછલાં મારવા માટે આવ્યો છે, તે થોડા વખતમાં તમને જાળમાં પકડી મારી નાંખશે! માટે તમને જો મારાં વચન ઉપર વિશ્વાસ હોય તો મારું કહેવું માનો, અને અહીંથી થોડે દૂર એક એકાંત પ્રદેશમાં સ્વચ્છ તળાવ છે, અને તે મચ્છીમારોથી અજાણ્યું છે, ત્યાં તમે સઘળાં ચાલો! હું એક એકને ઉપાડીને તે જળાશયમાં પહોંચાડી દઇશ!" તે સાંભળી પેલાં જડબુદ્ધિ માછલાં ગભરાટ પામીને બોલ્યાં; "અમે સઘળાં તમારા ઉપર વિશ્વાસ રાખીએ છીએ, માટે જેમ ઈચ્છામાં આવે તેમ કરો." પછી પેલો ઠગભક્ત બગલો, એક પછી એક માછલાંને દૂર લઈ જવા લાગ્યો અને એક શિલા ઉપર નાંખીને કેટલાંક માછલાંને ખાઈ ગયો. એવું બન્યું કે, તે તળાવમાં એક મકર

* મકર એટલે મગર, પણ હિતોપદેશમાં એ સ્થળે કરચલો છે.

રહેતો હતો. તે બગલાને, માછલાં લઈ જતો જોઈ પૂછવા લાગ્યો કે;–"અરે બગલાજી! તમે માછલાંને કયાં લઈ જાવ છો?" ત્યારે તે બગલાએ જે વાત ભોળાં માછલાં આગળ કરી હતી તે જ વાત તેને પણ કહી. એટલે મકરના પેટમાં પણ ફાળ પડી અને તે બગલાને કહેવા લાગ્યો; "ત્યારે મને પણ ત્યાં લઈ ચાલો!" પેલા બગલાની બુદ્ધિ મકરના માંસની ઈચ્છામાં અંધ બની ગઈ, એટલે તે મકરને પીઠ ઉપર ઉપાડીને જ્યાં વધ કરવાની શિલા હતી તે તરફ લઈ ચાલ્યો! મકરે બગલાએ ખાધેલાં માછલાંનાં હાડકાંના કકડા પડયા હતા તેને જોયા ને વિચાર્યું કે આ બગલો માછલાંને વિશ્વાસ બેસાડી અહિંયા લાવી તેમનો આહાર કરે છે, એટલે તેણે તાત્કાલ વિચારી બગલાનો ઘાટ ઘડવા ધાર્યો. પછી જ્યાં બગલો તે મકરને શિલા ઉપર મૂકવા જાય છે, ત્યાં તે જ વખતે વિહ્વળ થયેલા બુદ્ધિમાન્ મકરે, બગલાનું ગળું પકડી કરડી ખાધું. અને પછી પોતે તળાવમાં પાછાં જઈ, બાકીનાં જે માછલાં હતાં તેને યથાસ્થિત વર્ત્તમાન નિવેદન કીધું. માછલાંએ ઘણાં પ્રસન્ન થયાં અને પોતાના પ્રાણનું રક્ષણ કરનાર તે મકરને ધન્યવાદ આપવા લાગ્યાં.

"માટે બુદ્ધિ એ બળ છે. બુદ્ધિહીનના બળથી શું ફાયદો છે? તે દૃષ્ટાંત ઉપર સિંહ તથા શશલાની એક બીજી કથા કહું છું તે સાંભળ!

## સિંહ અને શશલાની કથા.

કોઈ એક વનમાં એક શૂરવીર તથા અજિત્ય સિંહ વસતો હતો. તે, વનમાં જે જે જાનવરને દેખતો તેને તે મારી નાંખતો. આ પ્રકાર જોઈ વનવાસી મૃગાદિક સર્વ પશુઓ એકઠાં મળી, વિચાર કરી, સિંહ પાસે જઈ, વિનતિ કરવા લાગ્યાં કે; "હે મહારાજ! શા માટે તમે અમો સઘળાંનો એકદમ નાશ કરી સ્વાર્થની હાનિ કરો છો? અમે તમારા ભોજન માટે એક એક પશુ પ્રતિદિન મોકલીશું." આ પ્રમાણે વનવાસીઓનું વચન સાંભળી, તે સિંહે 'ઠીક છે' એમ કહી તેઓના વચનને કબૂલ રાખ્યું. પછી તે સિંહ પ્રતિદિન એક એક પ્રાણીનું ભક્ષણ કરતો હતો. એક દિવસે એક શશલાનો વારો આવ્યો, એટલે સર્વેએ સિંહના ભોજન માટે તે શશલાને મોકલ્યો. શશલો બુદ્ધિમાન્ હતો. તે માર્ગમાં જતાં જતાં વિચાર કરવા લાગ્યો કે; "બુદ્ધિમાન્ મનુષ્ય આપત્કાળમાં પણ ગભરાઈ જતો નથી. મૃત્યુ તો નજીકમાં આવ્યું છે, છતાં પણ હું તેનો ઉપાય કરું." આવો વિચાર કરી તે શશલો સમય કરતાં મોડો, સિંહની પાસે ગયો. તે કેસરીસિંહ, શશલાને મોડો આવેલો જોઈ બોલ્યો; "કેમ રે લુચ્ચા! તેં મારા ભોજનનો વખત કેમ ચૂકાવ્યો? અરે શઠ શિરોમણિ! બોલ, હવે મારે તને મારવા ઉપરાંત બીજી કેઈ શિક્ષા કરવી?" આ પ્રમાણે બોલતા સિંહને શશલો પ્રણામ કરી કહેવા લાગ્યો; "મહારાજ! આજ હું પરાધીન હતો; સ્વતંત્ર ન હતો, માટે મોડા આવવામાં મારો અપરાધ નથી! માર્ગમાં આવતાં એક બીજા સિંહે મને પકડી રાખ્યો હતો. તેણે મને ઘણીવાર પછી છોડયો, તેમાં હું શું કરું?" કેસરીસિંહ તે સાંભળી, પોતાનું પૂછડું ઉંચું કરી, ક્રોધથી આંખ લાલચોળ કરી બોલ્યો–'હાં રે? એમ કે? તે બીજો સિંહ કોણ છે, તે મને ઝટપટ બતાવ!" એટલે શશલો બોલ્યો; "સ્વામિન્! ત્યાં પધારી



તેને જોઈ જાઓ." સિંહે 'ઠીક છે' એમ કહી કબૂલ કર્યું. પછી શશલો તે સિંહને લઈને આગળ ચાલ્યો, અને સિંહ તેની પાછળ પાછળ ગયો. શશલું ઘણે જ દૂર એક કૂવા ઉપર જઈને બોલ્યું–"આ કૂવામાં તે સિંહ રહે છે, ત્યાં નજર કરો મહારાજ!" તે સાંભળી પેલો સિંહ ગર્જના કરતો કૂવામાં જોવા લાગ્યો, તો કૂવાના નિર્મળ જળમાં પોતાનું પ્રતિબિંબ જોઈ, ગર્જના કરી. તુરત સામી વધારે ઘોર ગર્જના થઈ. તે મૂર્ખ મૃગરાજે, બીજો સિંહ આ કૂવામાં રહે છે એમ માની તેને મારવા માટે કૂવામાં કુદકો માર્યો; અને ઉંચેથી પડવાથી તે મરણ પામ્યો, અને પેલા બુદ્ધિશાળી શશલાએ બુદ્ધિવડે મૃત્યુનો પરાજય કરી, સર્વ જંગલી પ્રાણીને મૃત્યુમાંથી તાર્યાં; અને સર્વ વનવાસી પશુ પાસે જઈ પોતાનું ચરિત્ર વર્ણવી તેઓને ખુશી કર્યાં!

"આ પ્રમાણે બુદ્ધિ જ ઉત્તમ બળ છે, પણ પરાક્રમ ઉત્તમ બળ નથી. એ જ બુદ્ધિબળથી શશલાએ પણ કેસરીસિંહનો નાશ કર્યો, માટે હું મારું ઈષ્ટ કાર્ય બુદ્ધિથી જ સાધું છું!" આ પ્રમાણે દમનકે કહ્યું, એટલે કરટક છાનોમાનો બેસી રહ્યો.

પછી દમનક ઉદાસીનની માફક પોતાના રાજા પિંગલકની સમીપમાં જઈને બેઠો; અને જ્યારે પિંગલકે એકાંતમાં તેનું કારણ પૂછ્યું, ત્યારે દમનક બોલ્યો; "મહારાજ! કોઈ વાર્તા જાણવામાં આવી તો તે જાણીને ચુપચુપ બેસી રહેવું નહીં, માટે હું સર્વ કહું છું. વળી ઉપરીએ પૂછ્યું ન હોય, છતાં પણ જો તેનું હિત ઇચ્છતા હોઈએ તો તેને ખરી વાર્તા કહી દેવી જોઈએ. માટે તમે મારા ઉપર શંકા લાવ્યા વિના મારી વિનતિ સાંભળો! આ સજીવક તમારો નાશ કરી રાજ્ય કરવાની ઇચ્છા કરે છે! તેણે મંત્રી પદવી મેળવી અને તમે બીકણ છો એમ તેણે નિશ્ચય કર્યો છે. તે તમને મારવાની ઈચ્છાથી પોતાના કુદરતી શસ્ત્રરૂપ એ શિંગડાંને ધૂણાવે છે, અને અરણ્યમાં બીજાને કહે છે કે, 'હું તૃણ ચરનાર રાજા થયા પછી તમે સર્વ નિર્ભયથી સુખમાં કાળ કાઢી શકો માટે ચાલો, આ માંસાહારી સિંહને વિશ્વાસ ઉપજાવી તેનો નાશ કરીએ!' આમ પ્રત્યેક વનનાં પ્રાણીઓની સાથે વિચાર કરે છે. માટે આ બળદ જ્યાં સુધી જીવશે ત્યાં સુધી તમારું ભલું થશે નહીં: તમે આ બળદને મારવાનો ઉપાય કરો." આ પ્રમાણે દમનકે કહ્યું એટલે પિંગલક બોલ્યો; "આ બીચારો તૃણચારી મારું બુરું શું કરશે? વળી મેં તેને અભયદાન આપ્યું છે અને તે મારે શરણે આવ્યો છે, માટે હું તેનો નાશ કેમ કરું?" તે સાંભળી દમનક બોલ્યો: "એમ બોલો મા! જ્યારે રાજા કોઈ માણસને પોતાની સમાન કરે છે, ત્યારે તે પ્રમાણે લક્ષ્મી કંઈ બરાબર થતી નથી. બન્ને મોટા માણસો એક રાજ્યલક્ષ્મી મેળવવાની ઇચ્છા કરે છે, તો ચંચળ લક્ષ્મી ઘણા દિવસપર્યંત બન્ને પાસે રહેતી નથી; પણ તે ચંચળ સ્વભાવની છે માટે અવશ્ય એકનો ત્યાગ કરે છે (ને બીજાને વરે છે). જેમ વૈદ લોકો, દુષ્ટ રોગી એટલે કુપથ્યા કરનારા રોગીનો ત્યાગ કરે છે, તેમ જે રાજા શત્રુની સેવા કરતો હોય અને હિત કરનારાનો દ્વેષ કરતો હોય, તેનો ડાહ્યા માણસોએ ત્યાગ કરવો. કડવું બોલવાથી અપ્રિય થઈ પડેલા હિતૈષી પુરુષનો પ્રથમ પરિણામ તો એ છે કે, જ્યાં વક્તા અને શ્રોતા હોય, ત્યાંજ લક્ષ્મી પણ નિવાસ કરે છે! જે મનુષ્ય

સારા લોકોના વિચાર સાંભળતો નથી અને દુર્જનોના વિચાર સાંભળે છે, તે થોડા વખતમાં દુઃખ પામી સંતાપ કરે છે. માટે મહારાજ ! તમારે તે વળી બળદ ઉપર સ્નેહ શો? અથવા તેને તમારા ઉપર તે વળી પ્રેમ શો? તે તમારો દ્રોહ કરતો હતો, માટે તમે તેને અભયદાન આપી પાસે રાખ્યો, પણ તે તમારે શરણે થયો એટલે શું? આ બળદ હંમેશાં તમારી સમીપમાં જ રહે છે અને મૂત્ર અને છાણ કરે છે. તેમાંથી જે જીવડા પેદા થાય છે તે જો તમારા શરીર ઉપર હાથીના દાંતના ઘા વાગેલા છે તે વ્રણોની અંદર પ્રવેશ કરશે તો તેથી રોગ પેદા થશે અને એ યુક્તિથી પણ તમારો નાશ થશે, એમ કેમ તેણે ધાર્યું નહીં હોય? જે દુર્જન હોય છે, તે પોતાની મેળે બીજાનું ભુંડું કરવાની ઇચ્છા કરે છે, પણ પંડિત ભુંડું કરવાની ઇચ્છા કરતો નથી ! માટે દુર્જનના સંગથી સજ્જનનું પણ ભુંડું થઈ જાય છે. એ વિષય ઉપર એક કથા સાંભળો:—

## જૂ અને માંકડની કથા.

કોઈ એક **મંદવિસર્પિણી** નામની જૂ ક્યાંઇથી આવી, એક રાજાની શય્યામાં, કોઈ જાણે નહીં તેમ, ઘણા દિવસથી રહેતી હતી. એક દિવસ **ટીટિભ** નામનો એક માંકડ, અકસ્માત્ કોઈ સ્થલથી પવનથી ઉડીને તે જ રાજાની શય્યામાં આવી ચઢયો. પેલી **મંદવિસર્પિણી** જૂ, આ માંકડને જોઇને બોલી; "અરે ! તું મારા નિવાસમાં કેમ આવ્યો? નિકળ અહીંથી, બીજા કોઈ સ્થાનમાં જા." ત્યારે પેલો **ટીટિભ** માંકડ બોલ્યો; "અરે બાઇ ! પૂર્વે પીધું નહીં હોય એવું રાજાનું લોહી હું તને પાંઇશ, માટે મારા ઉપર દયા કરી મને રહેવા દે. સ્વાર્થથી લોભાઈ જૂ તેને અનુકૂળ બની બોલી; "જો એમ જ હોય તો તું ભલે રહે પરંતુ મિત્ર ! તારે સમય વિના રાજાને કરડવું નહીં; પણ જ્યારે રાજા નિદ્રાવશ થાય, અથવા તો રતિ સમાગમમાં હોય ત્યારે જ જરાક ચટકો ભરવો." તે સાંભળી પેલા **ટીટિભે** કહ્યું 'ઠીક છે.' પછી તે માંકડ જૂ સાથે ત્યાં વસવા લાગ્યો. જ્યારે રાત્રે રાજા શય્યામાં સૂતો તે વખતે પેલા માંકડે ઉતાવળથી ચટકો ભર્યો, એટલે રાજા–"અરે મને માંકડ કરડ્યો, માંકડ કરડ્યો!" આમ બૂમ પાડી. પેલો માંકડ ઘણો લુચ્ચો હતો તે સત્વર નાશી ગયો અને રાજાનાં માણસો શય્યામાં ખોળવા લાગ્યાં તો, ખોળતાં ખોળતાં તેમને પેલી જૂ મળી આવી, અને તેને મારી નાંખી.

"આ પ્રમાણે શઠ **ટીટિભ** માંકડની સંગતિમાં, **મંદવિસર્પિણી** જૂનું મૃત્યુ નિપજ્યું. માટે **સંજીવક**ના સંગમાં તમારું કલ્યાણ થવાનું નથી; તેમ છતાં તમને જો મારા કહેવા ઉપર વિશ્વાસ નહીં હોય તો તમે પોતે, શૂળી જેવી ધારવાળાં બે શિંગડાંના ગર્વથી મસ્તકને ધૂણાવતો તે તમારી સમીપમાં આવે ત્યારે એની ખાત્રી કરજો."

આ પ્રમાણે કહી **દમનકે પિંગલક** સિંહના મનમાં વિકાર ઉત્પન્ન કીધો, ને તેના મનમાં **સંજીવક** મારવા લાયક છે, એમ ઠસાવી દીધું. આ પ્રમાણે **પિંગલક**ના મનનો અભિપ્રાય જાણી, ક્ષણેક પછી, ઉદાસી હોય તેવો ઢોંગ કરી **દમનક સંજીવક**ની પાસે સ્વેચ્છાથી આવ્યો ને નિરાશ મુખે તેની પાસે બેઠો. ત્યારે **સંજીવક** બોલ્યો; "અરે મિત્ર! આમ તું ઉદાસીનતામાં કેમ જણાય છે ?



તારું શરીર તો કુશળ છેની?" આ પ્રમાણે **સંજીવકે** સમાચાર પૂછ્યા. પછી **દમનક** બોલ્યો; "ચાકરનું વળી કુશળ શું? રાજાને હંમેશાં કોણ પ્યારો હોય? કીયો ભિક્ષા માંગનાર નિરાશ થતો નથી? કાળના ઝપાટામાં કોણ આવતો નથી?" તે આ પ્રમાણે કહેવા લાગ્યો, એટલે **સંજીવકે** ફરીથી તેને પૂછ્યું; "અરે મિત્ર ! તું આજ આ પ્રમાણે ઉદાસીનની માફક કેમ બની ગયો છે, તે તું મને કહે." પછી **દમનક** બોલ્યો; "સાંભળ, મારે તારી સાથે મૈત્રી છે, તેથી જ હું તને કહું છું. આજ આ **પિંગલક** સિંહ તારાથી વિરુદ્ધ થયો છે: તે તારી દરકાર કરતો નથી, તેમ તારા ઉપરનો તેનો પ્રેમ અસ્થિર થયો છે, માટે તે તુંને મારી તારો ભોગ કરવાની ઇચ્છા કરે છે! હું હંમેશાં જોઉં છું તો તેના પરિજનો સર્વે હિંસક જોવામાં આવે છે!" તે બળદ સ્વભાવે સરળ હતો, તેમ તે શિયાળપર પૂર્વનો વિશ્વાસ હોવાથી આ કહેવું સત્ય માની, ઉદાસ બની ગયો અને તેને કહેવા લાગ્યો; "અફસોસ! જેનાં માણસો નીચ સ્વભાવનાં હોય છે, અને જે રાજા પોતે પણ નીચ સ્વભાવને હોય છે, તેને સેવા કરીને વશ કર્યો હોય તોપણ તે વૈરી જ બને છે. તે ઉપર એક કથા સાંભળ:—

## સિંહ અને ઊંટની કથા.

એક વન પ્રદેશમાં **મદોત્કટ** નામનો એક સિંહ રહેતો હતો. તેના ત્રણ ચાકર હતા: તેમાં એક દીપડો, એક કાગડો અને એક શિયાળ હતું. એક દિવસે **મદોત્કટ** સિંહ વનમાં ફરતો હતો, એવામાં પોતાના ટોળામાંથી વિખૂટું પડેલું, કોઈ દિવસ જોવામાં નહીં આવેલું એવું, હાસ્યજનક આકારવાળું એક ઊંટ જોયું. તેને જોઈ સિંહે આશ્ચર્યથી પૂછ્યું; "અરે મન્ત્રીઓ ! આ પ્રાણી કોણ છે?" એટલે દેશવાર્તાથી જાણીતો કાગડો બોલ્યો; "મહારાજ ! એ તો ઊંટ છે." પછી તે સિંહે ઊંટને અભયદાન આપી, ઘણી આતુરતાથી તેને પોતાની પાસે બોલાવ્યું અને પોતાનો સેવક બનાવી પોતાની પાસે રાખ્યું. એક વખતે તે સિંહને હાથીની સાથે યુદ્ધ થયું. તેમાં તે ઘાયલ થઈ ગયો અને માંદો પડ્યો. એને લીધે તેણે પોતાના તંદુરસ્ત સેવકો સહિત ઘણા દિવસપર્યંત કડાક ખેંચવા પડ્યા, તેથી તે કારણે તે અત્યંત દુર્બળ થઈ ગયો, શરીરે તે ખોરાક માટે વનમાં ફરવા નીકળ્યો; પરંતુ ખોરાક ન મળ્યો ત્યારે તેણે ઊંટ શિવાયના પોતાના ત્રણે સેવકોને એકાંતમાં પૂછ્યું કે–હવે મારે શું કરવું?" ત્યારે તેઓ બોલ્યા; 'મહારાજ ! અમારે આપત્તિના સમયમાં યોગ્યતા પ્રમાણે કહેવું જ જોઈએ; તો હવે કહીએ છીએ કે ઊંટની સાથે મિત્રતા શી? તેને શા માટે મારીને ખાતા નથી? આપણ માંસાહારીનો ખોરાક જ તૃણ ચરનાર પશુ છે. ઘણાને માંસ પૂરો પાડવા માટે એકનો ત્યાગ શા માટે કરી શકાય નહીં? કદી આપ કહો કે, તેને મેં અભયદાન આપ્યું છે, તો તેનો હું નાશ કેમ કરું? તો અમે યુક્તિથી તેનું શરીર તેને મોઢે આપને અર્પણ કરાવીશું;' આ પ્રમાણે મન્ત્રીઓએ કહ્યું એટલે સિંહે, કાગડાને તેમ કરવાની રજા આપી. પછી કાગડો તેને મારવા માટે ઠરાવ કરી તે ઊંટની પાસે ગયો, અને બોલ્યો;"ભાઈ ઊંટડા ! આપણા મહારાજા ભુખથી પીડાય છે, તોપણ આપણને કંઈ કહેતા નથી, માટે અમે ત્રણેએ તો અમારાં શરીર તેને અર્પણ કરીને પ્રસન્ન કરવા ઠરાવ્યું છે, તો તું પણ તેમ કરજે, એટલે તે તારા ઉપર પણ પ્રસન્ન થશે!" આ પ્રમાણે કાગડાનું

કહેવું સાંભળી, પેલા નિખાલસ મનના ઊંટે તેમ કરવું સ્વીકાર્યું, અને તે કાગડાની સાથે સિંહની પાસે આવ્યો. પછી કાગડો બોલ્યો; "મહારાજ! હું આપને મારું શરીર અર્પણ કરું છું, મને ખાઓ!" એટલે સિંહ બોલ્યો; "તારી કાયા નાની છે, માટે તારાથી મારું પેટ ભરાય નહીં, ચાલ દૂર થા!" પછી પેલો શિયાળ બોલ્યો; "મને ખાઓ!" એટલે સિંહે તેને પણ તે જ રીતે નાપાડી. ત્યાર પછી દીપડો બોલ્યો–"મહારાજ! મને ખાઓ," એટલે સિંહે તેને પણ પૂર્વપેરે નાપાડી. છેવટે ઊંટ બોલ્યો; "મહારાજ! મને ખાઓ." એટલે કાગડા વગેરેએ વાણીના કપટથી જ તેમાં પુષ્ટિ કરી તેને મરાવી નંખાવ્યો ને તેના કટકા કરાવી સિંહ અને કાગડા વગેરેએ તેનું ભક્ષ કર્યું!

"આ જ પ્રમાણે કોઈપણ ચાડીઆએ **પિંગલક** રાજાને મારા ઉપર, કારણ વગર કોપિત કરેલો હશે, માટે હવે પ્રારબ્ધ ઉપર આધાર રાખું છું! રાજા ગીધ હોય તોપણ તેના પરિજન જો હંસ હોય તો તેની ચાકરી કરવી, પરંતુ રાજા હંસ હોય અને તેના પરિજનો જો ગીધ હોય તો તેની સેવા કરવી ઉચિત નથી, ત્યારે બીજાની તો વાર્તા જ શી કરવી?"

**સંજીવક** પાસેથી ઉપરની કથા સાંભળી, કુટિલ મનનો દમનક બોલ્યો;" સર્વ વસ્તુ ધૈર્યથી સાધી શકાય છે. તે વિષય ઉપર એક કથા કહું છું તે સાંભળઃ–

## ટીટોડીની કથા.

એક ટીટોડો પોતાની સ્ત્રી સહિત સમુદ્રના કિનારા ઉપર રહેતો હતો. તેની સ્ત્રી સતી હતી. તે ટીટોડી સગર્ભા થઈ ત્યારે તેણે પોતાના પતિને કહ્યું, "પ્રાણનાથ! ચાલો આપણે કયાંઇ બીજી જગ્યામાં રહીએ, કારણ કે હું અહીં જણું ત્યાર પછી કદાચિત સમુદ્ર પોતાનાં મોજાંઓવતી આપણાં બચ્ચાંને લઈ જાય તો આપણે શું કરીશું?" સ્ત્રીનું આવું વચન સાંભળી ટીટોડાએ તેને કહ્યું; "સમુદ્ર મારી સાથે વિરોધ કરવા સમર્થ નથી!" તે સાંભળી ટીટોડી બોલી, "સ્વામીનાથ! એમ કહો મા, સમુદ્ર આગળ તમારી શી ગણતરી? મારો હિત ઉપદેશ માનો, નહીતર બચ્ચાંનો નાશ થશે. આના સંબંધમાં નીચે પ્રમાણે દૃષ્ટાંત છે.

## બે હંસ તથા એક કાચબાની કથા.

કોઈ એક તળાવમાં કંબુગ્રીવ નામનો એક કાચબો રહેતો હતો. તેના **વિકટ** અને **સંકટ** નામના બે હંસ મિત્ર હતા. એક વખતે અનાવૃષ્ટિ થવાથી તળાવનું જળ સુકાઈ ગયું, એટલે તે બે હંસને બીજા તળાવ ઉપર જવાની ઇચ્છા થઈ. ત્યારે તે કાચબો બોલ્યો; "તમે બે જણા જ્યાં જવાને તૈયાર થયા હો ત્યાં મને પણ લઈ જાઓ." ત્યારે તે બન્ને હંસ તે કાચબા મિત્રને કહેવા લાગ્યા; "અમે જે સરોવર ઉપર જવા તૈયાર થયા છીએ તે સરોવર અહીંથી ઘણું દૂર છે. ત્યાં જો તારે આવવાની મરજી હોય તો, તારે અમારા કહેવા પ્રમાણે કરવું પડશે. અમે જે લાકડી લઇને આકાશમાં ઉડીએ તે લાકડી તારે દાંતથી પકડીને, બોલ્યા વગર જ રહેવું! જો બોલીશ તો નીચે પડીને મરણ પામીશ." આ સર્વે સરત પેલા કાચબાએ કબૂલ કરી અને લાકડીને મુખથી પકડી. એટલે તે બે હંસ, લાકડીના છેડા મુખમાં પકડી, કાચબા સહિત આકાશમાં ઉડયા. પછી તે બન્ને કાચબાવાહક હંસ, સરોવરની નજીકમાં આવી પહોંચ્યા, એટલે આ (ઉડતા) કાચબાની નીચે આવેલા નગરમાં વસનારાં માણસો, તે કાચબાને અધર લટકતો જોવા લાગ્યાં. તે જોઈ સર્વે માણસોને આશ્ચર્ય લાગ્યું અને 'અરે આ શું લઈ જાય છે!' એમ મોટેથી કોલાહલ કરવા લાગ્યાં. પેલા ચપળ કાચબાએ આ સર્વ સાંભળ્યું, એટલે તે કાચબો, નીચે કોલાહલ કયાંથી થાય છે એમ પૂછવા માટે, મુખમાંથી લાકડી મૂકી, જેવો પૂછવા જાય છે, તેટલામાં તે નીચે જમીન ઉપર પડયો, અને ત્યાંના માણસોએ તેને મારી નાંખ્યો.



આ પ્રમાણે જેમ કાચબો લાકડી મૂકવાથી મરણ પામ્યો, તેમ મનુષ્ય બુદ્ધિમાંથી ભ્રષ્ટ થાય તો મરણ પામે છે." આ પ્રમાણે પેલી ટીટોડીએ ટીટોડાને કથા કહી સંભળાવી, એટલે ટીટોડો ટીટોડીને કહેવા લાગ્યો; "પ્રિયે! એ વાત ખરી, પરંતુ તું પણ આ એક કથા સાંભળ!

## ત્રણ માછલાંની કથા.

પૂર્વે કોઈ પ્રદેશમાંની નદીની અંદર એક ધ્રો હતો. તેમાં ત્રણ માછલાં રહેતાં હતાં. એમાંના એકનું નામ **અનાગતવિધાતા**,* બીજાનું નામ **પ્રત્યુત્પન્નમતિ**,† અને ત્રીજાનું નામ **યદ્ભવિષ્ય** હતું.‡ આ ત્રણ માછલાં સાથે રહેતાં હતાં. એક વખતે તે માર્ગ ઉપર જનારા માછીમારો, "આ ધ્રોમાં તો ઘણાં માછલાં છે," એમ બોલતા (ચાલ્યા) જતા હતા, તે ત્રણ માછલાંઓએ સાંભળ્યું. એમાં બુદ્ધિશાળી અનાગતવિધાતા હતો તેણે જાણ્યું કે, આ મચ્છી મારો આપણો નાશ કરશે, તેથી તે નદીના પ્રવાહમાં પ્રવેશ કરી બીજી જગ્યામાં ચાલ્યું ગયું. પરંતુ **પ્રત્યુત્પન્નમતિ**, "જો ભય આવશે, તો હું તેનો ઉપાય કરીશ!" આમ ધારી ત્યાં જ રહ્યો અને **યદ્ભવિષ્યે** "ભવિષ્યમાં લખ્યું હશે તે થશે જ," આમ ધારી તે પણ ત્યાં જ પડયો રહ્યો. પછી પેલા મચ્છીમારો તે ધ્રો ઉપર આવ્યા અને તેઓએ પોતાની જાળ ધ્રોમાં નાંખી, તેમાં પ્રત્યુત્પન્નમતિ સપડાયો; પણ તે બુદ્ધિમાન્ હતો તેથી મરી ગયેલાની માફક પોતાનું શરીર જડ જેવું કરી પડયો રહ્યો. પેલા મચ્છીમારોએ તેને જાળમાંથી બહાર કાઢીને જોયો તો તેને શબરૂપે દીઠો, એટલે જાણ્યું કે આ તો પોતાની મેળે જ મરી ગયો છે, તેથી તેને માર્યો નહીં, પણ જાળની બહાર કાઢીને જમીન ઉપર મૂકયો, કે તે નદીના વહેળામાં પડીને તે વહેળાવાટે બીજી જગ્યામાં ચાલ્યો ગયો. પણ પેલો યદ્ભવિષ્ય તો જાળમાં સપડાયા પછી, મૂર્ખબુદ્ધિ માછલાંપેરે ઉંચો નીચો થવા લાગ્યો, એટલે માછીમારોએ તેને પકડીને મારી નાંખ્યો!

"માટે હું પણ તેનો ઉપાય લઇશ, પણ સમુદ્રથી ડરીને નાશી જઇશ નહીં!" આ પ્રમાણે ટીટોડાએ ટીટોડીને કહી ત્યાં જ પોતાના માળામાં રહ્યો. સમુદ્રે તે ટીટોડાનાં આ ગર્વવચન

---

* આગમચથી કામનો વિચાર કરનાર. † કરવા વખતે વિચાર કરનાર. ‡ જે નસીબમાં લખ્યું હશે તે થશે એમ માનનાર.

સાંભળ્યાં. કેટલાએક દિવસ ગયા બાદ તેની સ્ત્રી ટીટોડીએ ઇંડાં મૂક્યાં, એટલે સમુદ્રે, આ ટીટોડો મને શું કરે છે તે જોઉં તો ખરો, એવી ઇચ્છાથી મોજાંવતી ઇંડાંને ખેંચી ગયો. આ વખતે ટીટોડી રડીને ટીટોડાને કહેવા લાગી, "મેં જે સંતાપ આવવાનું ભવિષ્ય તમને કહ્યું હતું તે આ આવ્યું!" તે ધીર સ્વભાવના ટીટોડાએ પોતાની સ્ત્રીને કહ્યું: "અરે! હું તે પાપી સમુદ્રનું શું કરું છું તે તું જો તો ખરી!" પછી તેણે સર્વ પક્ષીઓને એકઠાં કર્યાં અને સમુદ્રે જે પોતાને દુઃખ દીધું હતું તે તેઓની આગળ વર્ણવી બતાવ્યું. પછી સઘળાં પક્ષી તે ટીટોડાને લઇને ગરુડને શરણે જઈ રડવા લાગ્યાં અને સઘળાં પક્ષીઓ બોલ્યાં; "મહારાજ! તમે અમારા નાથ ઉભા છો, તે છતાં સમુદ્રે, જાણે અમે અનાથ હોઇયે તેમ અપમાન આપ્યું છે ને અમારાં ઇંડાં ઘસડી લઈ ગયો છે!" તે સાંભળી ગરુડને ક્રોધ ચઢ્યો, અને તેણે વિષ્ણુને વિનતિ કરી, એટલે તેઓએ અગ્ન્યાસ્ત્ર મારી સમુદ્રને સૂકવી નાંખ્યો ને ટીટોડીનાં ઇંડાં અપાવ્યાં."

દમનક કહે છે "બુદ્ધિમાન્ મનુષ્યે આપત્તિમાં ધૈર્ય ધારીને રહેવું જોઇએ અને હવે તો તારે પિંગલકની સાથે યુદ્ધ કરવાને સમય આવ્યો છે, માટે જ્યારે તે પોતાનું પુછડું ઉંચું કરી ચાર પગથી ઉભો થાય, ત્યારે તારે જાણવું કે તે મારવા માટે ઉભો થયો છે. તારે તે જ વખતે તૈયાર થઈ મસ્તક નીચું કરી તે સામો આવે કે બે શિંગડાંવતી તેના પેટને ચીરી તેનાં આંતરડાંની માળા બહાર કાઢી નાંખવી." આ પ્રમાણે દમનક, સંજીવક બળદને કહી, કરટક પાસે ગયો, અને પિંગલક અને સંજીવકને જે ભેદથી વિરોધ કરાવા ધાર્યો હતો તે કહી સંભળાવ્યો. સંજીવક સિંહનો મનોભાવ અને ઉપરની આકૃતિથી તેના હૃદયની ઇચ્છા જાણવાની ખાતર તેની સમીપમાં ગયો. ત્યાં તેણે ચાર સરખા પગ કરી, ઉંચું પુછડું કરી, યુદ્ધ કરવાની ઇચ્છાવાળા સિંહને દીઠો. સિંહે પણ બળદને શંકાથી પોતાનું મસ્તક ઊંચું કરતો દીઠો. તુરત સિંહે ઠેકીને તે બળદને પંઝાના નહોર માર્યા, અને બળદે પણ તેને શિંગડાનો પ્રહાર કર્યો. આ પ્રમાણે બન્ને જણાનું યુદ્ધ શરુ થયું. તે જોઈ કરટક, જે ઘણો સજ્જન હતો તેણે દમનકને કહ્યું: "અરે ભાઈ! તેં સ્વાર્થ સાધવા માટે મહારાજને દુઃખ શા માટે ઉપજાવ્યું? હે મિત્ર! પ્રજાના સન્તાપમાં સમ્પત્તિ ઘણા દિવસ ટકતી નથી, શઠપણામાં મિત્રતા ઘણા દિવસ ટકતી નથી અને ક્રૂરપણાથી આણેલી કામિની પણ ઘણા દિવસ ટકતી નથી. પણ બહુ થયું, જે મનુષ્ય હિતવાક્યનું અપમાન કરનારો હોય તેને ઘણીવાર હિતવાક્ય કહે છે તે, તે દુષ્ટ મનુષ્યના તરફથી અપમાન મેળવે છે. તે વિષે વાનરથી સૂચીમુખે અપમાન મેળવ્યું હતું, તેની કથા આ પ્રમાણે છે.

## વાનર અને સૂચીમુખની કથા.

એક વનમાં કેટલાંક વાનરોનું ટોળું ફરતું હતું. શિયાળાના દિવસ આવ્યા ત્યારે તે પતંગીઆ નામના જીવડાઓને જોઈ, તેને અગ્નિ માનવા લાગ્યાં અને તેથી તેઓએ તેના ઉપર ખડ અને પાંદડાંઓ મૂકી પોતાની તાઢ નસાડવા લાગ્યાં. એક વાનરો તો મુખના પવનથી તે અગ્નિને ધમવા પણ લાગ્યો. એ જોઈ સૂચીમુખ નામના પક્ષીએ તેને કહ્યું; "આ અગ્નિ નથી, આ તો



પતંગીઆ છે, માટે તું શું કામ મહેનત કરે છે!" તે વાંદરે તે સાંભળ્યું, તો પણ ધમતો બન્ધ પડ્યો નહીં. પેલું પક્ષી ઝાડપરથી નીચે આવી આગ્રહપૂર્વક તેને તેમ કરતો અટકાવવા લાગ્યું; એટલે પેલા વાંદરાને ગુસ્સો આવ્યો, અને એક પત્થર મારી સૂચીમુખને લોટપોટ કરી દીધો.

"માટે જે આપણું હિતવચન માને નહીં, તેને હિતવચન કહેવું નહીં, અને હવે હું શું કામ બોલું? તેં જ પ્રથમ દુઃખ દેવા માટે બન્ને વચ્ચે ભેદ પડાવ્યો. દુષ્ટબુદ્ધિથી જે કર્મ કરવામાં આવે છે તેનું ફળ માઠું નિપજે છે. તે ઉપર એક કથા કહુંછું.

## ધર્મબુદ્ધિ અને દુષ્ટબુદ્ધિની કથા.

ઘણા કાળપર એક નગરમાં ધર્મબુદ્ધિ અને દુષ્ટબુદ્ધિ નામના બે ભાઈ રહેતા હતા. તે બન્ને વાણીઆ હતા. તે બન્ને જણા ધન મેળવવા માટે પિતાના ઘરમાંથી સાથે પરદેશમાં ગયા. ત્યાં તેઓ મહાપરિશ્રમથી બે હજાર સોના મહોર કમાયા. તે કમાણી લઈ તે બન્નો પાછા પોતાના નગરમાં આવ્યા. માર્ગમાં એક વૃક્ષના મૂળમાં જમીનની અંદર તે સોના મહોરને દાટી; તેમાંથી માત્ર સો સોનામહોર કાઢી લઈ, પરસ્પર સરખો ભાગ પાડી લીધો અને પછી પિતાને ઘેર ગયા. એક દિવસે દુષ્ટબુદ્ધિ જ્યાં સોના મહોર દાટી હતી તે વૃક્ષ પાસે એકલો ગયો અને તે સોના મહોર કાઢીને ઘેર લઈ આવ્યો. તે પોતે ખરચાળ હતો તેથી સર્વ સોનામહોર વાપરી નાંખી. એક મહિનો થયા પછી તેણે ધર્મબુદ્ધિને કહ્યું; "આર્ય! મારે ખર્ચ આવ્યો છે માટે ચાલ, આપણે તે સોનામહોર વ્હેંચી લઇએ." તે સાંભળી ધર્મબુદ્ધિએ તેને સંમતિ આપી બન્ને સાથે, જ્યાં સોનામહોર દાટી હતી ત્યાં ગયા; અને ખોદ્યું. પણ તે ખાડામાંથી એક પણ સોનામહોર નિકળી નહીં. ત્યારે શઠ દુષ્ટબુદ્ધિએ ધર્મબુદ્ધિને ગળે પડી કહ્યું; "સઘળી સોનામહોર તું લઈ ગયો છે! માટે તેમાંથી અડધો અડધ મને આપ!" પણ ધર્મબુદ્ધિ બોલ્યો; "મેં એક પણ સોનામહોર લીધી નથી, પણ તેં જ લીધી છે." આ પ્રમાણે બન્ને વચ્ચે કજીઓ થયો. દુષ્ટબુદ્ધિએ તો પથરાવતી પોતાનું માથું ફોડી નાંખ્યું અને ધર્મબુદ્ધિને ગળે પડી રાજદરબારમાં ઘસડી ગયો. દરબારમાં બન્ને જણાએ પોતપોતાનો દાવો કહી સમ્ભળાવ્યો; પરન્તુ રાજાના અધિકારીઓ તેનો નિર્ણય કરી શકયા નહીં. તે બન્ને જણાને આખો દિવસ ત્યાં જ ગોંધી રાખ્યા. પછી પેલા દુષ્ટબુદ્ધિએ રાજ્યાધિકારીને કહ્યું;–"અમે જે ઝાડની નીચે સોનામહોર દાટી હતી, તે ઝાડ મારો સાક્ષી છે, અને તે મને કહે છે કે ધર્મબુદ્ધિ તે સોનામહોર લઈ ગયો છે." તે સાંભળી અધિકારીઓ ઘણા જ આશ્ચર્ય પામ્યા અને બોલ્યા કે; "તેમ હોય તો આપણે પ્રભાતમાં તેને પૂછીશું." પછી ધર્મબુદ્ધિ અને દુષ્ટબુદ્ધિ બન્ને જણાએ પોતાના જામીન આપ્યા અને રાજ્યાધિકારીઓએ તેને જવાની રજા આપી. તે બન્ને જણા જૂદા જૂદા ઘેર ગયા.

પછી પેલા દુષ્ટબુદ્ધિએ એકાંતમાં પોતાના પિતાને સર્વે વાર્તા કહી ને ધન આપી બોલ્યો, "તમે ઝાડના પોલમાં પેસી મારી સાક્ષી પૂરજો." તેના પિતાએ હા કહી, એટલે દુષ્ટબુદ્ધિએ, રાત્રે પિતાને લઈ જઈ, વૃક્ષના કોતરમાં બેસાડ્યો અને પોતે ઘેર આવ્યો. પ્રભાત થયું એટલે બન્ને

ભાઈઓ રાજાના અમલદારોની સાથે વૃક્ષની સમીપમાં ગયા અને તે બન્ને જણા તે વૃક્ષને પૂછવા લાગ્યા; "અહો વૃક્ષરાજ ! સોનામહોર કોણ લઈ ગયું તે સત્ય કહો." એટલે વૃક્ષના કોતરમાં પેઠેલો દુષ્ટબુદ્ધિનો પિતા, સ્પષ્ટપણાથી બોલ્યો; "ધર્મબુદ્ધિ સોનામહોર લઈ ગયો છે." તે સાંભળી રાજાના અમલદારોએ અનુમાન કર્યું કે, દુષ્ટબુદ્ધિએ આ ઝાડની અંદર કોઇને છૂપાવેલો જણાય છે. તે અમલદારોએ વૃક્ષના કોતરમાં ધુમાડો ભર્યો. એથી દુષ્ટબુદ્ધિનો પિતા ગુંગળાઇને બહાર નિકળતાં જમીન ઉપર પડી મરણ પામ્યો. જ્યારે રાજાના અધિકારીઓએ આ પ્રમાણે જોયું, ત્યારે તે સર્વ પ્રપંચવાર્તાથી જાણીતા થઈ ગયા, ને પછી ધર્મબુદ્ધિને, દુષ્ટબુદ્ધિ પાસેથી સોનામહોર અપાવી; અને નામ પ્રમાણે ગુણ ધરાવનારા દુષ્ટબુદ્ધિના હાથ અને જીભ કાપી લઈ દેશવટો દીધો અને ધર્મબુદ્ધિને માન આપ્યું.

આ પ્રમાણે જે અન્યાય બુદ્ધિથી કર્મ કરે છે, તે પરિણામે કર્મનું માઠું ફળ ભોગવે છે. પણ જેમ બગલાએ સર્પનું કામ કર્યું તેવી રીતે ન્યાયબુદ્ધિથી કામ કરવું જોઇએ.

### બક અને સર્પની કથા.

એક સમયે એક સર્પ, એક બગલાના નિવાસ સમીપ આવી વસ્યો હતો. તે, બગલાનાં જેમ જેમ બચ્ચાં જન્મતાં, તેમ તેમ તેને ખાઇ જતો હતો. એથી બગલો ઘણો સંતાપ કરવા લાગ્યો. પછી એક કરચલાના ઉપદેશથી બગલાએ નોળીઆના રહેઠાણથી તે સર્પના દર સૂધી માછલાંના કટકા પાથરી દીધા, એટલે નોળીયો તે ખાતો ખાતો તે માર્ગે થઈ સર્પના, દરમાં પેઠો અને સર્પનો, તેના પરિવાર સહિત નાશ કર્યો.

આ પ્રમાણે ઉપાયથી કામ બને છે. વળી તેવી જ એક બીજી કથા સાંભળઃ–

### વાણીઆનો છોકરો અને લોઢાનાં ત્રાજવાંની કથા.

એક વાણીઆના પુત્રે પોતાના પિતાની સઘળી પુંજી ખરચી નાંખી, મીલકતમાં એક હજાર પલાસનાં લોઢાનાં ત્રાંજવાં બાકી રાખ્યાં. વણિક્પુત્ર તે ત્રાજવું એક વાણીઆને સોંપી, પોતે દેશાંતરમાં ગયો. જ્યારે પરદેશમાંથી પાછો ફરીને આવ્યો ત્યારે તેણે સાહુકાર પાસેથી લોઢાનાં ત્રાંજવાં માગ્યાં, ત્યારે સાહુકારે જવાબ આપ્યો કે–"તે તો ઉંદરો ખાઇ ગયા !" એ સાંભળી વાણીઆનો પુત્ર મનમાં હાસ્ય કરીને બોલ્યોઃ "બેશક ! તેમ જ હશે, કેમકે તે લોઢું ઘણું સ્વાદિષ્ઠ હતું, માટે તેને ઉંદરો ખાઇ ગયા હોય તેમાં નવાઇ નથી !" આમ બોલતાં તેણે બહારથી ઉદાસીનતા બતાવી. પછી તે વણિક્પુત્રે તે સાહુકારને ત્યાં પોતાને જમાડવા માટે કહ્યું, સાહુકારે પણ ખુશી થઈ તેમ કરવાને હા પાડી. પછી તે પરદેશમાંથી આવેલા વાણીઆએ તે સાહુકારના છોકરાને એક આંબળું આપવાની લાલચ બતાવી, તેને સાથે લઇ પોતે સ્નાનાર્થે સિધાવ્યો. સ્નાન કરી સાથે લાવેલા તે સાહુકારપુત્રને, એક મિત્રના ઘરમાં ગુપ્ત રીતે બેસારી, બુદ્ધિમાન્ વણિક્પુત્ર પોતે એકલો જ તે સાહુકારને ઘેર ગયો. તે સાહુકારે તે વાણીઆના છોકરાને પૂછ્યું; "મારો પુત્ર કયાં છે ?" તે વણિક્પુત્ર બોલ્યો;–"શેઠજી ! તેને તો એક સમડી આકાશમાંથી નીચે ઉતરી આવી ઉપાડી ગઈ !" તે સાંભળતાં તે સાહુકાર ગુસ્સે થઇને બોલ્યો–"રાંડના ગમાર ! સમડી તે છોકરાને ઉપાડી જાય ખરી કે ? ઠીક, ઠીક, તેં મારા છોકરાને છૂપાવ્યો છે." આ પ્રમાણે કહી તેને રાજદરબારમાં ઘસડી ગયો; અને ત્યાં પૂછ્યું ત્યારે પણ તે વણિક્પુત્રે તેવાં જ વચન કહ્યાં. તે સાંભળી રાજદરબારના અમલદારો બોલ્યા–"છટ્, છટ્! એ તદ્દન અસંભવિત વાર્તા છે. છોકરાને સમડી શી રીતે લઈ જાય ?" ત્યારે તે વણિક્પુત્રે કહ્યું–"જે દેશમાં લોઢાનાં મોટાં ત્રાજવાંને ઉંદરડા ખાઈ જાય છે, ત્યાં તો શકરો હાથીને પણ ઉપાડી જાય છે, તો બાળકની તો વાર્તા જ શી કરવી ?" તે સાંભળી સર્વે અધિકારીના મનમાં આશ્ચર્ય ઉત્પન્ન હતું અને પૂછ્યું, "એ શું વાર્તા છે તે કહે." એટલે તે વણિક્પુત્રે સર્વે વાત કહી સાંભળાવી. પછી દરબારના અધિકારીઓએ તેનાં ત્રાજવાં પાછાં અપાવ્યાં અને પેલા વણિક્પુત્રે સાહુકારનો પુત્ર લઈ આવી તેને સ્વાધીન કીધો.



"આ પ્રમાણે બુદ્ધિમન્ત લોકો પોતાની ઇષ્ટ વસ્તુ મેળવી લે છે, પણ તેં તો તીવ્ર સાહસ કરીને જ મહારાજપર સંકટ આણ્યું છે." કરટક પાસેથી એવાં વચન સાંભળી દમનક હસતો હસતો બોલ્યો, "ચલ ચલ, એવી વાતો ના કર ! શું એક બળદ સાથે યુદ્ધ કરતાં એક સિંહને વિજય મેળવવાની આશા સંશય ભરેલી છે કે ? મદમત્ત હાથીઓના દંત પ્રહારના ઘાટાં વ્રણથી સુશોભિત કેસરીસિંહ કયાં, અને નાથેલો, પરોણાના વ્રણવાળા શરીરનો બળદ કયાં ?" આ પ્રમાણે તે બન્ને વાત કરતા હતા, તેવામાં તો **પિંગલકે** યુદ્ધમાં **સંજીવકને** મારી નાંખ્યો.

"સંજીવકનો નાશ થયા પછી દમનક અને કરટક બન્ને જણા ફરીથી અખંડ મંત્રીપદ મેળવી ઘણા હર્ષથી સુખરૂપ પિંગલકની પાસે જ રહેલા લાગ્યા."

આ પ્રમાણે રાજકૌટિલ્ય અને બુદ્ધિપૂર્વક શઠતાનું ચરિત્ર જેમાં સંપૂર્ણ ભરેલું છે, તેવી અદ્ભુત કથા, મુખ્યમંત્રી ગોમુખના મુખથી સાંભળી નરવાહનદત્ત અત્યંત પ્રસન્ન થયો.

---

## તરંગ ૫ મો.

---

## ગોમુખે નરવાહનદત્તને કહેલી કથા (ચાલુ).

ત્યાર પછી ગોમુખ મંત્રી, શક્તિયશા નામની સ્ત્રી ઉપર આસક્ત થયેલા નરવાહનદત્તને પ્રસન્ન કરતો, પુનઃ કથા કહેવા લાગ્યો; "મહારાજ ! આપે ડહાપણવાળાની કથાઓ તો સાંભળી, પણ હવે મૂર્ખની કથા તો સાંભળો !

## અગરચન્દનના મૂર્ખ વેપારીની કથા.

એક વાણીઓ ધનાઢ્ય સાહુકાર હતો. તેનો એક અક્કલનો ઓથમીર પુત્ર હતો. એક વખતે તે છોકરો વેપાર કરવા માટે કટાહદ્વીપમાં ગયો. તેની પાસે વેપારનો ઘણો માલ હતો, તેમ અગર ચંદનનાં ઘણાં કાષ્ઠ પણ હતાં. પણ તે દ્વીપમાં અગરચંદન કોઈએ વેચાતું લીધું નહીં. તેનું કારણ એ કે ત્યાંનાં માણસો અગરચંદનમાં સમજતાં જ ન હતાં. તે પછી તે મૂર્ખ વણિક્પુત્રે જોયું તો શહેરનાં માણસો કઠિયારા પાસેથી લાકડાના કોયલા ખરીદ કરતાં હતાં, એટલે આ મૂર્ખે પણ તે અગરચંદનને બાળી તેના કોયલા કર્યા અને કોયલાની કિંમતમાં તેને વેચી મારી ઘેર આવ્યો અને પોતાની હુશિયારીનાં વખાણ કરવા લાગ્યો. તેની વાત સાંભળી લોકોએ તેની પુષ્કળ મશ્કરી કરી.

આ પ્રમાણે અગર બાળનારા મૂર્ખની કથા મેં તમોને કહી. હવે તલ વાવનારા મૂર્ખ ખેડુતની કથા કહું છું.

## તલ વાવનારા મૂર્ખ ખેડુતની કથા.

કોઈએક મૂર્ખ શિરોમણિ ગામડીઓ ખેડુત હતો. તેણે એક દિવસે તલને શેકીને ખાધા તો તે મીઠા લાગ્યા. એટલે તેવા મીઠા તલ ઉત્પન્ન કરવાની ઇચ્છાથી તે ખેડુતે તલને શેકીને વાવ્યા. જ્યારે તે ભુંજેલા તલ ઉગ્યા નહી, ત્યારે નિર્ધન થયેલા તે ખેડુતની સર્વ માણસો મશ્કરી કરવા લાગ્યાં.

આ રીતે તલ વાવનારા ખેડુતની કથા કહી; હવે પાણીમાં અગ્નિ નાંખનારાની કથા કહુંછું તે સાંભળો!

## પાણીમાં અગ્નિ નાંખનારની કથા.

એક મંદબુદ્ધિનો મનુષ્ય હતો. તેણે એક દિવસ રાત્રે વિચાર કર્યો કે, "કાલે પ્રભાતમાં દેવની પૂજા કરવી છે, માટે મારે સ્નાન માટે અને ધૂપ વિગેરે કરવા માટે પાણી અને અગ્નિ બન્નેની જરૂર પડશે. માટે જેવી રીતે તે ઝટ મળી શકે તેવી રીતે બન્ને વસ્તુને એક જગ્યામાં મૂકી રાખું તો ઠીક." આવો વિચાર કરી, પાણીના ઘડામાં અગ્નિ નાંખી તે સુઈ ગયો. પ્રભાતમાં તે ઉઠયો, અને પાણીના ઘડામાં જુવે છે, તો અગ્નિ ઠરી ગયો હતો, અને પાણી ભરેલું હતું, તે અગારાથી કાળું થએલું હતું. તે પાણીવડે નહાવાથી તેનું મુખ પણ તેવું જ કાળું થઈ ગયું, અને વળી હાસ્ય કરતાં મનુષ્યોને હસવું આવ્યું તે તો જુદું જ!

આ રીતે પાણીમાં અગ્નિ નાંખનારની કથા કહી, હવે નાસિકારોપણની કથા કહુંછું તે સાંભળો:–

## નાસિકારોપણની કથા.

કોઈએક શહેરમાં કોઈએક મૂઢ બુદ્ધિનો જડ પુરુષ વસતો હતો. તેણે પોતાની સ્ત્રીનું ચપટું નાક જોયું, એટલે વિચાર કર્યો કે, "મારી સ્ત્રીનું નાક ચિબુચબાક છે, પણ આપણા



ગુરુજીનું નાક તિણુંતડાક છે, તે તેના ચિબા નાકની જગ્યાએ, ગુરુનું ઊંચું નાક લગાડી દઈએ તો અચ્છી મઝા પડે." આવો વિચાર કરી તે પોતાના ગુરુજી સુતા હતા તેનું તિણુંતડાક નાક કાપી લઈ, પોતાની સ્ત્રી પાસે ગયો અને તેનું ચિબુનાક કાપી તેની જગ્યાએ, ગુરુનું નાક, સ્ત્રીના નાક ઉપર ચોંટાડવા લાગ્યો. પરંતુ તે ચોંટયું નહીં. આ રીતે તે મૂર્ખે, સ્ત્રી અને ગુરુ બન્ને જણાને નાક વગરનાં કરી મૂક્યાં.

હવે વનવાસી ગોવાળની કથા સાંભળો.

## વનવાસી ગોવાળની કથા.

એક વનમાં કોઈએક ધનાઢ્ય ગોવાળ રહેતો હતો. તે મોટો મૂર્ખ હતો. ઘણાક ધૂતારાઓ તેની સાથે મિત્રતા કરી તેને મળી ગયા, અને કહેવા લાગ્યા કે, "અમે તારે માટે શહેરમાં વસનારા એક શ્રીમંતની છોકરીનાં માગાં કર્યાં છે અને તેના બાપે તને પોતાની પુત્રી પરણાવાની કબૂલાત આપી છે." તે સાંભળી પેલા મૂર્ખ ગોવાળે ખુશી થઈ તેઓને ધન આપ્યું. કેટલાએક દિવસ વીત્યા પછી તે શઠ લોકોએ આવીને તે જંગલી ગોવાળને કહ્યું કે, "તારાં લગ્ન થયાં!" એટલે તે ઘણો જ પ્રસન્ન થયો અને વધામણીઆઓને ઘણું જ ધન આપ્યું. વળી થોડાક દિવસ પછી તેઓ પાછા આવ્યા અને કહ્યું કે, "તારે દીકરો આવ્યો છે!" એટલે તે મૂઢ ઘણો પ્રસન્ન થયો અને તેઓને સર્વ ધન આપી દીધું. પછી બીજે દિવસે, 'હું દીકરાને મળવાની ઇચ્છા રાખુંછું!' આમ કહી રડવા માંડયો; એટલે ધૂતારાએ ઠગેલા તે જંગલી ગોવાળની લોકો મશ્કરી કરવા લાગ્યા. આ પ્રમાણે પશુમાં રહેલી મૂર્ખતા તે ગોવાળમાં ઉતરી હતી.

મહારાજ! ગોવાળની કથા તમે સાંભળી. હવે અલંકારલંબકની કથા સાંભળો.

## અલંકારલંબકની કથા.

એક ગામડીઆને એક ખાડો ખોદતાં, તે ખાડામાંથી ઘણા અલંકાર મળ્યા. આ અલંકાર આગલી રાત્રે ચોરોએ રાજાના સીપાઈથી ડરીને આ ખાડામાં દાટી રાખ્યા હતા. તે ઘરેણાં પેલા ગામડીઆએ લઈ જઈ, તેનાથી પોતાની સ્ત્રીને શણગારી. કેડ ઉપર બાંધવાની કટિમેખળા તેના માથા ઉપર બાંધી, હાર સાથળ ઉપર બાંધ્યો, પગનાં ઝાંઝર તેના હાથમાં પહેરાવ્યા અને કડાં કાનમાં પહેરાવ્યાં. તે જોઈ લોકો પેટ પકડીને હસવા લાગ્યાં. પછી તેઓએ સર્વે હકીકત દરબારમાં જાહેર કરી. તે જાણી રાજાએ તેની પાસેથી પોતાના અલંકાર લઈ લીધા અને તે પશુપ્રાય ગામડીઆને છોડી દીધો.

મહારાજ! અલંકાર લંબકની કથા કહી સંભળાવી. હવે સાંભળો! રુવાળાની કથા.

## રૂવાળાની કથા.

એક મૂર્ખ રૂવાળો બજારમાં રૂ વેચવા માટે ગયો. રૂ જોઇને સઘળાએ કહ્યું કે, આ રૂ અશુદ્ધ-મલિન–મેલુંદાટ છે, માટે લેવા લાયક નથી. આમ કહી કોઇએ તેનું રૂ વેચાતું લીધું નહીં. એવામાં

ત્યાં એક સોનીએ સોનાને અગ્નિમાં તપાવીને શુદ્ધ કર્યું અને વેચ્યું, ને તે એક ગ્રાહક લઈ ગયો! એ બનાવ, આ રૂ વેચનારાએ જોયો. એટલે તે મૂર્ખે, રૂને શુદ્ધ કરવાની ઈચ્છાથી અગ્નિમાં નાંખ્યું. નાંખતા વાર જ તે રૂ ભડભડાટ બળી ગયું, અને તેના તેવા હાલ જોઈ બીજા માણસો તેની મશ્કરી કરવા લાગ્યાં.

મહારાજ ! આ પ્રમાણે મેં રૂ વેચનારની કથા કહી અને તમે સાંભળી. હવે ખજૂરી કાપનારાની કથા સાંભળો.

## ખજૂરી કાપનારની કથા.

કેટલાક મૂર્ખ ગામડીઆને રાજાના હુકમથી એકઠા કરી રાજદરબારના સત્તાવાળાઓએ ખજૂર લેવા માટે મોકલ્યા. માર્ગમાં એક ખજૂરી પોતાની મેળે નીચે પડી ગઈ હતી, તેથી તેમાંનું ખજૂર સહેજમાં તેઓથી લઈ શકાયું. પણ તે પ્રમાણે પોતાના ગામની સર્વ ખજૂરી કાપી નાંખી, જેથી ખજૂરના લુમખાથી ભરેલી ખજૂરીઓ જમીન ઉપર તૂટી પડી. ગામડીઓએ તે ખજૂર તોડી લીધું, અને પછી તેને ઉંચી કરીને વાવવા લાગ્યા, પણ તે કામમાં ફતેહ પામ્યા નહીં. પછી ખજૂરી પડતી નાંખી તેઓ ખજૂર લઇને રાજા પાસે આવ્યા. પણ રાજાએ સર્વે સમાચાર જાણી તેઓને કંઈ પણ ઇનામ નહીં આપતાં, ઉલટી તેઓને શિક્ષા કરી.

આ પ્રમાણે ખજૂરી કાપનારાની કથા કહી સંભળાવી; હવે ભંડાર ભાળનારાની કથા કહું છું.

## ભંડાર ભાળનારાની કથા.

એક રાજા જમીનમાંથી દ્રવ્ય જોનારા એક ભૂદ્રવ્યભાષકને પકડી લાવ્યો હતો. એજ રાજાનો એક દુષ્ટ મંત્રી હતો, તેણે આ ભંડાર જોનારો માણસ કોઇ ઠેકાણે નાશી જાય નહીં એટલા માટે, તે ભંડાર જોનારાની આંખો જ કાઢી લીધી. તેને લીધે તે આંધળો થઈ ગયો, ને તેથી પૃથ્વીનાં લક્ષણો તેના જોવામાં આવ્યાં નહીં, પણ તે ગતિમાં ને અગતિમાં સમાન થઈ ગયો, ત્યારે સર્વ મનુષ્યો તે મૂર્ખ મંત્રીને હસવા લાગ્યાં.

"આ પ્રમાણે ભૂદ્રવ્ય ભાષકની કથા સાંભળી. હવે મીઠું ખાનારની કથા સાંભળો:–

## લવણ ભક્ષકની કથા.

કોઈ એક મૂઢ ગવ્હર નામનો પુરુષ એક ગામમાં રહેતો હતો. એક દિવસ એક નગરવાસી તેનો મિત્ર તે ગામડીઆ ગવ્હરને પોતાને ઘેર તેડી ગયો અને મીઠું નાંખીને સ્વાદવાળાં બનાવેલાં ભજીયાં ચટણી વિગેરે ફરસાં ભોજનો જમાડ્યાં. પેલા મૂર્ખશિરોમણિ ગવ્હરે પૂછ્યું કે, "ભાઈ! શા કારણથી આ ભજીયાં ચટણીમાં આવી લહેઝત લાગે છે?" તે વખતે તેના મિત્રે ઉત્તર આપ્યો કે, "મુખ્યત્વે કરીને મીઠાંને લીધે આવી લહેઝત આવી છે!" એટલે તે ગવ્હરે નક્કી કીધું કે, ત્યારે તો હવે આપણે મીઠું જ ખાઈશું. આમ નક્કી કરી ઘેર જઈ, વાટેલા મીઠાંની મુઠ્ઠી



ભરી મોંમાં નાંખીને ખાવા માંડી, એટલે તે દુર્બુદ્ધિના હોઠ અને દાઢી, વાટેલા મીઠાથી ભરાઈ ગયા. તે જોઈ લોકો એટલા તો હસવા લાગ્યા, કે જ્યાં સૂધી તેનું મુખ ધવળપણાને પામ્યું ત્યાંસૂધી હસ્યા જ કીધું.

"મહારાજ ! આપે લવણ ભક્ષકની કથા સાંભળી. હવે ગોદોહકની કથા સાંભળો.

## ગોદોહકનો કથા.

કોઇએક મૂર્ખ ગામડીયા પાસે એક ગાય હતી. આ ગાય દરરોજ તે ગામડીઆને સો પળ દુધ આપતી હતી. એક વખતે તે ગામડીઆને ત્યાં જમણવારનો વખત આવવાનો હતો, તેથી તે ગામડીયાએ, "ન્યાતને દિવસે જ એકે સામટું ગાયનું દુધ દોહી લઈશું, તો તે ઘણું દુધ આપશે; માટે હવેથી એ ગાયને દોહવી જ નહીં," આમ વિચારી તે મૂર્ખે એક માસપર્યંત તે ગાયને દોહી જ નહીં. ન્યાતનો વખત આવ્યો તે દિવસે જ્યાં તે દુધ દોહવા જાય છે, ત્યાં તો તે ગાયનું સમગ્ર દુધ સુકાઈ ગયું હતું. બન્યું એમ કે તેથી લોકને અવિચ્છિન્ન હસવું આવ્યું.

"આ પ્રમાણે ગોદોહક મૂર્ખની કથા સાંભળી. હવે બીજા બેની કથા કહું છું તે સાંભળો.

## એક ટાલ પડેલાની કથા.

તાંબાના ઘડામાં જળ ભરેલું હોય ને તે જેવો તેજસ્વી દીસે, તેવા તેજસ્વી મસ્તકવાળો એક ટાલ પડેલો પુરુષ હતો. એક વખતે તે એક ઝાડ નીચે બેઠો હતો, તેવારે તેને એક છીછલા જુવાનિયાએ દીઠો. આ તરુણ પુરુષ ભુખ્યો હતો તેથી કોઠ ફળ લઈ તે માર્ગેથી જતો હતો, પણ પેલાનું ટાલવાળું મસ્તક જોઈ, જુવાનિયાએ, ગમ્મતમાં તેના મસ્તકમાં કોઠાં મારવા માંડ્યાં. તે ટાલીઓ તેનો માર સહન કરવા લાગ્યો, પરંતુ તેને એક શબ્દ પણ કહ્યો નહીં. પેલા તરુણ પુરુષે એક પાછી એક, એમ સઘળાં કોઠાં તેના માથામાં માર્યાં, જેથી તેના માથામાંથી લોહી વહેવા માંડ્યું. તોપણ તે ટાલીઓ ચુપચૂપ બેસી રહ્યો. આ પ્રમાણે પેલા મૂર્ખે, જુવાનીના જોરમાં બાળચેષ્ટા કરીને નિષ્ફળ કોઠને ભાંગી નાંખ્યાં. તે ભુખ્યો ડાંસ થઇને પોતાને ઘેર ઠાલે હાથે ગયો; અને પેલા મૂર્ખ ટાલીઆના માથા ઉપરથી પુષ્કળ લોહી વહી જતું હતું, તે પણ લોહી ચુતો પોતાને ઘેર ગયો. તે મનમાં બોલ્યો કે, "આવાં કિમતી કોઠાં લેવા માટે મારે કેમ દુઃખ સહન ન કરવું જોઇયે?" પછી પ્રત્યેક મનુષ્ય, તેના લોહીલોહાણ મસ્તકપર, જેમ કોઈ મૂર્ખશિરોમણિ ચક્રવર્તી લોહીવાળો રાજા શોભે તેવા લાલ ચટાપટા પડેલા જોઈ તેની મશ્કરી કરવા લાગ્યાં.

"મહારાજ ! આ પ્રમાણે મૂર્ખ મનુષ્યો જગતમાં ઉપહાસને યોગ્ય થાય છે, પણ સંપત્તિ મેળવતા નથી. માત્ર સદ્‌બુદ્ધિવાળા મનુષ્યો જ આ જગતમાં પૂજાપાત્ર થાય છે."

આ પ્રમાણે ગોમુખના મુખથી મૂર્ખોની હાસ્યજનક કથાઓ સાંભળી, નરવાહનદત્ત રાજા ઉઠ્યો અને પોતાનું આહ્નિક કર્મ કરવામાં ગુંથાયો. રાત્રિ પડી ત્યારે પુનઃ કથા શ્રવણ કરવામાં

ઉત્કંઠિત નરવાહનદત્તે ગોમુખને કથા કહેવાનું કહ્યું. ગોમુખે તે પછી બુદ્ધિશાળી પ્રાણીની કથા કહેવાનો પ્રારંભ કીધો.

## કાગડો, કપોત, ઉંદર અને કાચબાની કથા.

કોઈએક વનમાં એક મોટું શીમળાનું વૃક્ષ હતું. તે વૃક્ષ ઉપર માળો કરી લઘુપતન નામનો એક કાગડો રહેતો હતો. એક વખતે તે પોતાના માળામાં બેઠો હતો, એવામાં તેણે વૃક્ષની નીચે, હાથમાં જાળ તથા દંડ લઈને આવેલા એક ભયંકર મુદ્રાવાળા કાળપુરુષને દીઠો. તે કાગડો તે પુરુષને જુવે છે, એટલામાં તે પુરુષે જમીન ઉપર જાળ પાથરી, તેના ઉપર ચોખા વેર્યાં અને પછી છાનોમાનો સંતાઈ રહ્યો. થોડા વખતમાં સો કપોતથી વિંટાએલો ચિત્રગ્રીવ નામનો કબૂતરનો રાજા આકાશમાં ઉડતો ઉડતો ત્યાં આવી ચઢયો. તે પેલી જાળમાં ચોખાના દાણા વેરેલા જોઈ, ખાવાની ઈચ્છાથી, પોતાના પરિજન સહિત તે જાળમાં પડ્યો. તે જાળમાં તુરત બંધાઈ ગયો. જ્યારે ચિત્રગ્રીવે આ પ્રમાણે પોતાને પાશમા બંધાયલો જોયો, ત્યારે તેણે પોતાના સઘળા સાથીઓને કહ્યું, "ભાઈઓ રે! તમે સર્વે જાળને ચાંચમાં લઈ બની શકે તેટલી ત્વરાથી આકાશમાં ઉડો!" ભયભીત થયેલાં તે સર્વે પક્ષીઓએ 'ઠીક છે' એમ કહ્યું, અને પછી તે કપોતો જાળ લઈ આકાશ માર્ગે ઉડવાનો આરંભ કરવા લાગ્યાં. જોત જોતામાં સર્વ કપોતો ઉંચાં ઉડી ગયાં. પેલો પારધી ઉઠ્યો ને ઉંચી નજર કરી તેની પાછળ દોડ્યો. પણ તે કપોતો હાથમાં આવ્યાં નહીં એટલે તે પારધી નિરાશ થઈ પાછો ઘર તરફ જવા લાગ્યો. પારધીના ગયા પછી કપોતનો રાજા ચિત્રગ્રીવ નિર્ભય થઈ, પોતાના પરિજન પ્રત્યે બોલ્યો: "મારો એક હિરણ્યક નામનો ઉંદર મિત્ર છે તેની પાસે આપણે સત્વર જઈએ; તો તે આપણી જાળને કાપી નાંખી આપણને મુક્ત કરશે." તે કપોતનો રાજા, જાળ ખેંચીને ઉડનારા પોતાના સેવકોની સાથે, હિરણ્યક ઉંદરના દર તરફ ચાલ્યો. અને દર આવ્યું ત્યારે સર્વ કપોતો આકાશમાંથી નીચે ઉતર્યાં. પછી કપોતના રાજા ચિત્રગ્રીવે ઉંદરને બોલાવી કહ્યું; "અરે ભાઈ હિરણ્યક! જરા બહાર આવ, હું ચિત્રગ્રીવ તારે ત્યાં આવ્યો છું!" પેલો ઉંદર બારણાના માર્ગમાંથી તેનો સ્વર સાંભળી, વિચિત્ર રીતે આવેલા ચિત્રગ્રીવને જોઈ, સો બારણાવાળા પોતાના દરમાંથી બહાર નિકળી તેની પાસે ગયો ને સંભ્રમસહિત સર્વ વૃત્તાંત પૂછ્યું. ચિત્રગ્રીવની હકીકત સાંભળ્યા પછી, મિત્ર ચિત્રગ્રીવની તથા તેના સેવકોની પાશ કરડી નાંખી, જે પાશથી સર્વ કપોતો કાળાગૃહમાં પડેલા પેરે પીડાતા હતા. ચિત્રગ્રીવ જાળ કપાઈ ગયા પછી મુક્ત થયો અને મધુર વચનથી ઉંદર મિત્રની રજા લઈ, પોતાના અનુચરોની સાથે આકાશમાં ઉડીને ચાલ્યો ગયો. ચિત્રગ્રીવની પાછળ લઘુપતન કાગડો પણ આવ્યો હતો, તેણે આ સર્વ જોયું. તે, ચિત્રગ્રીવના ગયા પછી દરમાં પેસી ગએલા ઉંદર તરફ આવીને બોલ્યો; "હે મુષકરાજ! હું લઘુપતન નામનો કાગડો છું; મેં તારો મિત્ર ઉપરનો પ્રેમ અને આવી વિપત્તિમાંથી ઉદ્ધાર કરવાનું સામર્થ્ય જોયું છે અને હું તારી સાથે મૈત્રી કરવા આવ્યો છું." તે સાંભળી ઉંદરે પોતાના દરમાંથી તે કાગડાને જોયો, અને પછી બોલ્યો! "ચાલ, ચાલ્યો જા! ખાજને અને ખાનારાને વળી મિત્રતા શી?" ત્યારે તે કાગડો બોલ્યો: "રામ રામ કર,



ભાઈ! હું તને ખાઈ જાઉં તો મને એક ક્ષણવાર તૃપ્તિ થાય; પરંતુ તારી સાથે મૈત્રી કરવામાં સદાકાલ અમારા જીવનનું રક્ષણ થાય તેમ છે!" જ્યારે કાગડાએ આ પ્રમાણે ઘણી વિનવણી કરી સોગનપૂર્વક ઉંદરને વિશ્વાસ બેસાડ્યો ત્યારે ઉંદર બહાર આવ્યો અને કાગડાએ તેની સાથે મૈત્રી કરી. પછી તે કાગડો માંસના કટકા આણતો, ઉંદર ચોખાના દાણા આણતો અને બન્ને જણા એકઠા બેસીને જમતા આનંદમાં રહેવા લાગ્યા.

એક દિવસે તે કાગડાએ ઉંદર મિત્રને કહ્યું: "મિત્ર! અહીંથી થોડે દૂર વનના મધ્ય ભાગમાં એક નદી આવેલી છે, તેમાં મન્થરક નામનો મારો મિત્ર કાચબો વસે છે; માટે ત્યાંથી મને સારી રીતે માંસનું ભોજન મળશે. અહીં તો મહાકષ્ટે ભોજન મળે છે, તેમ મને પારધીનો પણ ઘણો ભય રહે છે, તે માટે હું ત્યાં જવા ધારું છું." આ પ્રમાણે કાગડો બોલ્યો, એટલે તેને ઉંદરે કહ્યું: "ત્યારે મને પણ તું ત્યાં લઈ જાઃ આપણે સાથે રહીશું, કારણ કે અત્ર મને ઘણો સંતાપ છે, જે વિશેની સર્વે હકીકત હું તને ત્યાં ગયા પછી કહીશ."

આ પ્રમાણે ઉંદર બોલ્યો, ત્યારે પછી લઘુપતન કાગડો હિરણ્યકને ચાંચમાં લઈ આકાશ માર્ગે, વનમાં આવેલી નદીના કિનારા ઉપર ગયો. ત્યાં મંથરક કાચબાએ તેમનો આદરસત્કાર કર્યો. કાચબા મિત્ર સાથે કાગડો અને ઉંદર એકઠા મળીને બેઠા. વાત કરતાં વચમાં કાગડાએ કાચબાને પોતાના આવવાનું કારણ, હિરણ્યક નામના ઉંદર સાથે થયેલી મિત્રતા સહિત, કહી બતાવ્યું. તેણે ઉંદરનાં બહુ બહુ વખાણ કર્યાં. મન્થરકે પણ તે ઉંદર સાથે મૈત્રી કરી. ઉંદરને દેશ મુકી વનમાં વસવાનું કારણ પૂછ્યું. ત્યારે તે હિરણ્યક ઉંદર, કાગડા અને કાચબાના સાંભળતાં પોતાનું આત્મવૃત્તાંત નીચે પ્રમાણે વર્ણવવા લાગ્યો.

## ઉંદર અને સંન્યાસીની કથા.

હું એક નગર નજીક એક મોટા દરમાં રહેતો હતો. એક વખતે રાત્રીના રાજભવનમાંથી એક હાર ચોરી લઈ આવી મેં તે દરમાં મૂક્યો. આ હારને જોતાં જ, મારામાં ખૂબ બળ આવ્યું. દહાડે દહાડે હું વધારે અન્ન લઈ આવવાને સમર્થ થયો; અને તેમ તેમ ઉંદરિયો મારો પરિવાર બહુ વધવા લાગ્યો. મારા દરની નજદીકમાં એક સંન્યાસી, નાનો મઠ કરી રહ્યો હતો. તે રોજ ગામમાંથી જૂદાં જૂદાં અન્ન લઈ આવતો ને તેમાંથી ખાતો અને બાકીનું ભિક્ષાન્ન રહેતું તે, બીજે દિવસે સવારમાં ખાવા માટે, રાત્રે પાત્રમાં લટકાવી સીંકા ઉપર રાખતો હતો. હું પ્રત્યેક રાત્રે જ્યારે તે સુઈ જતો ત્યારે દરને માર્ગે થઈ તેના મઠમાં જતો ને ઉંચો કૂદકો મારી, સઘળું અન્ન લઈ જતો હતો.

એક વખતે તે સંન્યાસીનો બીજો સંન્યાસી મિત્ર તે મઠમાં આવ્યો. ભોજન કર્યાં પછી તે રાત્રે મઠના સંન્યાસીની સાથે વાતચિત કરવા લાગ્યો. તેવામાં હું પણ અન્ન લેવા માટે ત્યાં ગયો. હું કુદકો મારવા લાગ્યો. તે જોઈ પેલો મઠવાસી સંન્યાસી, વાતમાં કાન દેતો થકો, વારંવાર ભાંગેલી લાકડીથી અન્નના પાત્રને ઠોકવા લાગ્યો. તે જોઈ આગંતુક સંન્યાસી બોલ્યો; "સાધુરામ! શા માટે તમે આ પ્રમાણે વાતમાં ભંગાણ કરો છો?" મઠવાસી સંન્યાસીએ કહ્યું;

"સુણો ભાઈ! અહીંયા મારો એક શત્રુ છે, જે ઉંદરરૂપે અત્રે આવ્યો છે. તે હંમેશાં ઉંચે કુદીને ત્યાંથી મારું અન્ન લઈ જાય છે. માટે આ જીર્ણ કાષ્ઠથી અન્નના પાત્રને ખડખડાવી તે ઉંદરને ભય બતાવું છું."

જ્યારે તેણે એ પ્રમાણે કહ્યું, ત્યારે આગંતુક સંન્યાસીએ કહ્યું: "બેશક, આ સંસારમાં લોભ મનુષ્યને દોષમાં દોરે છે. એ વિષયમાં એક કથા સાંભળ!

## એક બ્રાહ્મણની કથા.

હું તીર્થયાત્રા કરતો કરતો એક વખતે એક નગરમાં જઈ ચઢ્યો. ત્યાં એક બ્રાહ્મણને ઘેર ઉતારા માટે ગયો અને તેને ઘેર ઉતારો કર્યો. જ્યારે હું તેને ઘેર હતો, ત્યારે બ્રાહ્મણે પોતાની સ્ત્રીને કહ્યું; "આજ પર્વણીનો દિવસ છે, માટે બ્રાહ્મણ સારુ તલની ખીચડી રાંધજે!" તેની સ્ત્રીએ કહ્યું; "તમે નિર્ધન છો, માટે તમે તલની ખીચડી ક્યાંથી આપી શકશો?" તે બ્રાહ્મણે પોતાની પત્નીને કહ્યું; "પ્રિયે! જો કે આપણે સંગ્રહ કરવો સારો છે, પણ બહુ સંગ્રહ કરવામાં મન રાખવું નહીં. તે વિશે આ એક કથા સાંભળ!

## સંગ્રહ કરનારા શિયાળની કથા.

કોઈએક વનમાં એક પારધી, ધનુષ ઉપર બાણ ચઢાવી મૃગયા કરી, માંસ સાથે એક સૂકરની પાછળ દોડ્યો. તેણે તે સૂકરને બાણ માર્યું, પણ બન્યું એવું કે, તે પોતે જ પોતાના બાણથી ને સૂકર પારધીના બાણથી, એમ બંને ઘવાયા ને મરણ પામ્યા. બન્ને જણા મરણ પામ્યા, તે એક શિયાળ દૂર ઉભો હતો તેણે જોયું, એટલે તે ત્યાં આવ્યો. તે શિયાળ ભુખથી ઘણો પીડાતો હતો, તોપણ આ સર્વેનો સંગ્રહ કરવાની ઇચ્છાથી, સૂકર અને પારધીનું માંસ ઘણું હતું છતાં તેમાંથી તલભાર ખાધું નહીં, પણ ચડાવેલા ધનુષની તાંતની પણછ ખાવા ગયો, અને તત્ક્ષણે ધનુષમાંથી છુટેલા બાણે તેના શરીરને વિંધી નાંખ્યું, જેથી તે પણ મરણ પામ્યો.

તે માટે તારે વધારે સંગ્રહ કરવો નહીં. આમ બ્રાહ્મણે સ્વપત્નીને કહ્યું. તે તેની સ્ત્રીએ તે કહેલું માન્ય કર્યું ને તડકામાં તલ તથા ચોખાને સુકાવા માટે મૂક્યા. પણ જેવી તે ઘરમાં આવી તેવો જ એક કૂતરો આવી તે તલને અભડાવી અપવિત્ર કરી ગયો, તેથી કોઈ માણસે તે તલ ને ચોખા વેચાતા સરખા પણ લીધા નહીં.

"આ પ્રમાણે લોભ કરવાથી કોઈપણ પ્રકારે આનંદ થતો નથી; તેનું જે સેવન કરે છે તેથી માત્ર ત્રાસ જ ઉપજે છે." આટલું કહી આગંતુક સંન્યાસી પુનઃ બોલ્યો; "જો તારી પાસે કોદાળી હોય તો તે મને આપ કે તને ઉંદરથી જે દુઃખ થાય છે તે દુઃખ આજને આજ મટાડી દઉં." તે સાંભળી મઠવાસી સંન્યાસીએ તેને કોદાળી આપી. હું તો ચુપચુપ મારા ગુપ્ત દરમાં પેસી જઈ ત્યાંથી શું થાય છે તે જોવા લાગ્યો. પછી તે આગંતુક શઠ સંન્યાસીએ મારા આવવાના દરનો રસ્તો શોધી કાઢી, ત્યાં ખોદવા માંડ્યું. હું તે દરમાં ધીમે ધીમે પાછો પાછો હઠતો ગયો. જેમ જેમ હું હઠતો ગયો તેમ તેમ તે સંન્યાસી આગળને આગળ વધુને વધુ ખોદતો ગયો, તે જ્યાં સુધી



પેલો હાર ને મારો બીજો ભંડાર હતો ત્યાં સૂધી ખોદ્યો જ ગયો! મારું દર ખોદ્યું તેમાંથી, મેં જે બીજો સંગ્રહ કરી મૂક્યો હતો તે, તથા તેમાં રહેલો હાર, તે સંન્યાસીને મળ્યો. તે તેણે લેઈ લીધા. પછી, આગંતુક સંન્યાસી મારા સાંભળતાં સ્થાનિક સંન્યાસીને કહેવા લાગ્યો કે; "જોયું! આ હારના તેજને લીધે તે ઉંદરનું એટલું બધું બળ હતું (કે તે ઉંચેસૂધી કુદી ખાવાનાપદાર્થપર તલપ મારતો હતો.)." પછી આગંતુક અને મઠધારી બન્ને જણા, મારું સર્વસ્વ લુંટી લેઈ મને હાથે માથે કરી, ખુશી થતા સુઈ ગયા. જ્યારે તે સુઈ ગયા ત્યારે હું વળી અનાજ લેવા માટે દોડ્યો. મઠધારી સંન્યાસી જાગ્યો અને તેણે મારા માથાપર લાકડી મારી, તેથી મારા શરીરમાં ઘા પડ્યો; પરંતુ દૈવયોગે હું મરણ પામ્યો નહીં, પણ નાસીને હું મારા દરમાં પેસી ગયો. તે પછી અનાજ લેવા માટે મારામાં ઠેકવાની પણ શક્તિ રહી નહીં. પુરુષો પાસે ધન છે તે તરુણાવસ્થા છે, અને નિર્ધનતા છે એ જ વૃદ્ધાવસ્થા છે. નિર્ધનતાથી તેજનો, બળનો, રૂપનો અને ઉત્સાહનો નાશ થાય છે. મારા બીજા સેવક ઉંદરે જોયું કે હું મારો નિર્વાહ કરવા અસમર્થ છું, એટલે તે સર્વે મને છોડીને ચાલ્યા ગયા. જે શેઠ ચાકરોનું પોષણ કરતો નથી તેનો સેવકો ત્યાગ કરે છે; ભ્રમરાઓ પુષ્પ રહિત ઝાડનો ત્યાગ કરે છે અને હંસો ઘણા દિવસ થયા રહ્યા હોય તોપણ પાણી વગરના સરોવરનો ત્યાગ કરે છે.

"આ પ્રમાણે હું ઘણાક દિવસ થયા ઉદ્વેગ પામ્યો હતો, એવામાં આ લઘુપતન મિત્રને મળી, હે કચ્છપવર! હું તમારી પાસે આવ્યો છું."

જ્યારે આ પ્રમાણે હિરણ્યકઉંદરે કહ્યું, એટલે મંથરક કાચબો બોલ્યો; "મિત્ર! આ તારું પોતાનું જ ઘર માન અને ધૈર્ય રાખી સુખથી અહિયા રહે! જે માણસ ગુણી છે, તેને પરદેશ પણ પોતાનો જ દેશ છે; જે સંતોષી છે તેને સર્વત્ર સુખ મળે છે; ધૈર્યવાનને દુઃખ પડતું નથી અને જે મનુષ્ય વ્યવસાયી છે તેને સર્વ સાધ્ય છે." આ પ્રમાણે તે કાચબો કહેતો હતો, એવામાં ચિત્રાંગ નામનો મૃગ, પારધીથી ભય પામી ફાળભેર દોડતો તે વનમાં આવ્યો. તેને જોઈને અને તેની પાછળ પારધી આવ્યો નથી આમ જોઈ તે મૃગને સર્વેએ શાંત કર્યો અને કાચબા વગેરેએ તેની સાથે મિત્રતા કરી. પછી તે દિવસથી કાગડો, કાચબો, મૃગ અને ઉંદર આ ચાર મિત્ર, અન્યોઅન્ય શિષ્ટાચાર કરી સુખમાં રહેવા લાગ્યા.

એક દિવસે ચિત્રાંગ બહાર ચારો ચરવા ગયો, પણ ત્યાંથી વખત ઘણો ગયા છતાં પાછો આવ્યો નહીં; એટલે તેને જોવા માટે લઘુપતન કાગડો ઝાડની ટોચે બેસી, વનમાં ચોમેર નજર કરવા લાગ્યો, તો તેણે જોયું કે, નદીના કિનારા ઉપર એક ખીલાવાળી ફાંસીમાં ચિત્રાંગ સપડાઇ ગયો છે. એ જોઈ તેણે નીચે ઉતરી, ઉંદર અને કાચબાને તે વાર્તા નિવેદન કરી. તુરત જ તે સર્વે ત્યાં જવા માટે અને તે મૃગને છોડવવા માટે વિચાર કરી, તૈયાર થયા. લઘુપતન કાગડો ઉંદરને ચાંચમાં લઈ, જ્યાં ચિત્રાંગ મૃગ સપડાયો હતો ત્યાં ગયો. હિરણ્યક ઉંદરે ચિત્રાંગ મૃગને શાંત કરી, દાંતવતી તેનો પાશ કાપી નાંખી, એક ક્ષણમાં મૃગને મુક્ત કર્યો. એવામાં મન્થરક કાચબો પણ નદીની વચમાં થઈ ત્યાં આવી પહોંચ્યો; અને મિત્ર વત્સલ ચારે જણ નદીની સમીપમાં કિનારા ઉપર બેઠા. તે જ ક્ષણે પેલો પારધી, જેણે તે હરણને જાળમાં પકડ્યો હતો તે, ત્યાં આવ્યો.

મૃગ, કાગડો અને ઉંદર ત્યાંથી નાસી ગયા, પણ પેલો કાચબો નાસી શક્યો નહીં, તેને લીધે પારધીના સપાટામાં સપડાઈ ગયો. પારધીએ તેને પોતાની જાળમાં નાંખ્યો ને મૃગ છટકી ગયું તેથી આકુળવ્યાકુળ થયેલો, પણ આ કંઈક બદલો મળ્યો એમ જાણી તે ત્યાંથી ઘર તરફ જવા લાગ્યો. આ સર્વે તે મિત્રોએ જોયું, એટલે ઉંદરે પોતાનો વિચાર દીર્ઘદૃષ્ટિવાળા મૃગને કહી બતાવ્યો. તુરત મૃગ છેટે જઈ, મરી ગયેલાની માફક જમીન ઉપર પડ્યો; અને કાગડો તેના માથા ઉપર બેસીને આંખ ફોડવાનો ડોળ કરવા લાગ્યો. પેલો પારધી તે જોઈ, મૃગને મરી ગએલું સમજી, નદીના કિનારા ઉપર તે કાચબાને મૂકી, મૃગને લેવા માટે ગયો કે તુરત ઉંદરે પારધીને ગયો જોઈ, કાચબાની નજદીકમાં જઈ તેની જાળને કરડી ખાઈ તેને મુક્ત કર્યો. કાચબો મુક્ત થતાં જ નદીના જળમાં પેસી ગયો. હવે જ્યાં મૃગે, પારધીને સમીપમાં હાથ હલાવતો હલાવતો આવતો જોયો ને ધાર્યું કે પારધી કાચબો મૂકીને આવ્યો છે, એટલે તે તરત ઉઠીને નાસી ગયું, ને કાગડો ઉડીને ઝાડ ઉપર બેઠો. પારધી મૃગને નાસી ગયલું જોઈ પાછો ફર્યો. ત્યાં જઈ જોય છે તો કાચબો પણ જાળમાંથી નાસી ગયો હતો. આ પ્રમાણે બન્ને વસ્તુમાં નિષ્ફળ થઈ, દૈવનો અફસોસ કરતો કરતો તે પારધી પોતાને ઘેર ગયો.

કાચબા વગેરે ખુશી થઈ એક ઠેકાણે એકઠા થયા. પ્રેમશાળી મૃગે, કાચબા વગેરેને કહ્યું; "હું નસીબદાર છું કે મારે તમો જેવા મિત્રો છે. કેમકે આજે તમે પ્રાણની દરકાર કર્યાં વગર મારો જીવ ઉગાર્યો છે." આ પ્રમાણે તે મૃગે, કાગડા, ઉંદર અને કાચબાનાં વખાણ કર્યાં, અને પછી તે સર્વે પરસ્પર પ્રેમસુખમાં મગ્ન થતા સાથે રહેવા લાગ્યા.

આ રીતે, મહારાજ ! તમે જુઓ, પક્ષીઓ પણ બુદ્ધિથી પોતાના ઇષ્ટ કર્મને સિદ્ધ કરે છે અને તે પણ આપત્તિમાં–પ્રાણ જતા સુધી પણ–પોતાના મિત્રોને તજતા નથી. આવી રીતે મિત્ર ઉપર પ્રેમ રાખવો તે ઉત્તમ ગણાય છે. પરંતુ સ્ત્રીઓના ઉપર અત્યંત આસક્તિ રાખવી તેને ઈર્ષ્યાના આશ્રયપણાને લીધે વિદ્વાનો વખાણતા નથી. હે મહારાજ! એ વિષે એક કથા સાંભળો.

## ઈર્ષાળુ પુરુષની કથા.

એક સમયે એક નગરમાં એક ઈર્ષાળુ પુરુષ રહેતો હતો. તેને રૂપસંપન્ન ને મનમોહક લલીત લલના હતી, તેથી તે પુરુષ કોઇનો પણ કદી વિશ્વાસ કરતો નહીં; તેમ તે કોઈ દિવસ પોતાની સ્ત્રીને એકલી પણ રહેવા દેતો નહીં. ચિત્રમાં ચિતરેલા પુરુષોથી પણ મારી સ્ત્રીનું શિયળ ભંગ થશે, એવી શંકા તે સદોદિત રાખતો હતો ! એક વખત તેને કંઈ અગત્યનું કામ આવી પડ્યું, એટલે તે પુરુષ પોતાની સ્ત્રીને સાથે લઈ પરદેશમાં ગયો. માર્ગમાં એક ભિલ્લોથી વસેલું જંગલ આવ્યું. ભિલ્લોના ભયથી ડરી તે પુરુષ પોતાની સ્ત્રીને પાસેના ગામના એક વયોવૃદ્ધ બ્રાહ્મણને ઘેર મૂકી, આગલ મુસાફરીએ ગયો. હવે જ્યારે તેની સ્ત્રી બ્રાહ્મણને ત્યાં હતી તેવામાં કેટલાક ભિલ્લ લોકો, તે માર્ગે આવ્યા, તેમાં એક તરુણ ભીલ્લ હતો તેની સાથે તે નિર્લ્લજ સ્ત્રી નાશી ગઈ! નદી જેમ પાજને તોડીને ચાલી જાય છે, તેમ પોતાના ઈર્ષાળુ પતિનો ત્યાગ કરી, પોતાની મરજી માફક તે દુરાચારી સ્ત્રી ભીલ્લના ગામમાં ચાલી ગઈ.



તે નિર્લજ્જ સ્ત્રીનો પતિ પોતાનું કામ પૂરું કરી, જે ગામમાં પોતાની સ્ત્રી મૂકી હતી તે ગામમાં આવી, ગામડીઆ વૃદ્ધ બ્રાહ્મણ પાસે ગયો, અને પોતાની સ્ત્રી ક્યાં છે તે સંબંધે પૂછ્યું, ત્યારે તે ગામડીયા બ્રાહ્મણે કહ્યું; "તારી સ્ત્રી ક્યાં ગઈ તેની મને ખબર નથી. પરંતુ આ ગામમાં ભિલ્લો આવ્યા હતા તે તેને લઈ ગયા હશે એમ હું ધારું છું. એ ભિલ્લ લોકોનું ગામ અહીં પાસે જ છે; તું ત્યાં ઝટ જા, એટલે તારી સ્ત્રી તને મળશે, એમાં જરા પણ બીજો વિચાર કરીશ મા." આ પ્રમાણે તે વૃદ્ધ બ્રાહ્મણે કહ્યું એટલે તે ઈર્ષાળુ પતિ રડવા લાગ્યો, અને પોતાની અવળી બુદ્ધિની નિંદા કરતો, તે ભિલ્લના ગામમાં ગયો. ત્યાં જઈ તપાસ કરતાં તેણે પોતાની સ્ત્રીને દીઠી. જ્યારે તે પાપિણી સ્ત્રીએ તેને જોયો, ત્યારે તે ભય પામી, પોતાના પતિ પાસે આવીને બોલી; "પ્રાણ પ્યારા ! મારી કંઈ પણ ભૂલ નથી, પણ મને રડયા ભિલ્લ લોકો બલાત્કારે અહીં લઈ આવ્યા છે!" તેનો ધણી, પ્રેમાંધ બની બોલ્યો; "હવે આપણને કોઈ પકડી પાડે તે પહેલાં ચાલ, અહીંથી આપણા ગામમાં નાશી જઈએ!" ત્યારે પેલી સ્ત્રી, પતિને કહેવા લાગી; "તે ભિલ્લ મૃગયા કરવા ગયો છે. તેને આવવાનો સમય હમણાં થયો છે, માટે તે જો આવે અને તેને ખબર પડે તો તે આપણી પાછળ આવી, તમને અને મને અવશ્ય મારી નાંખશે; માટે તમે હવણાં આ ગુફામાં પેસી ચુપચુપ બેસી રહો; જ્યારે તે રાત્રે સુઈ જશે ત્યારે આપણે તેને મારી નાંખી, અહીંથી નિર્ભય થઈ નાશી જઈશું." આ પ્રમાણે તે કુભાર્યાએ કહ્યું એટલે તે કામાંધ પુરુષ ગુફામાં બેઠો. સંધ્યાકાળે તે ભિલ્લ આવ્યો, ત્યારે તે પાપિણી સ્ત્રીએ, પોતાના પતિને જે ગુફામાં સતાડયો હતો તેને બતાવ્યો, કેમકે તે ચાંડાંળણી વિષયમાં લદબદ થઈ ગઈ હતી. જે માણસ કામમાં આંધળો બને છે, તેના અંતઃકરણમાં વિવેકનો અવકાશ જ ક્યાંથી હોય? તુરત જ ક્રૂર કર્મ કરનાર તે બળવાન્ ભિલ્લે, તેને બહાર કાઢી, પ્રભાતમાં દેવીને બલિદાન આપવા માટે એક ઝાડની સાથે મજબૂત બાંધ્યો; અને તે જ રાત્રે ભોજન કરી, તે બ્રાહ્મણની નજર આગળ તેની સ્ત્રી સાથે સુરત સમાગમ કરી સુખમાં પોઢ્યો.

હવે ઝાડ સાથે બાંધેલો ઈર્ષાળુ પતિ, ભિલ્લને નિદ્રાવશ થયો જોઈ, પીડાને લીધે સ્તુતિવડે ભવાનીની પૂજા કરી, તેને શરણે ગયો! તુરત ભવાની દેવી પ્રગટ થયાં અને તેને વર આપ્યો. તે વરવડે તે બ્રાહ્મણ બંધનમાંથી મુક્ત થયો. પછી તે બ્રાહ્મણે તે ભિલ્લનીજ તરવારવડે ભિલ્લના મસ્તકનું છેદન કીધું; અને પછી તેણે પોતાની સ્ત્રીને જગાડીને કહ્યું; "ચાલ, મેં તે પાપીને મારી નાંખ્યો છે!" તે સાંભળી પેલી સ્ત્રી અફસોસ કરતી ઉભી થઈ ખરી, પણ પોતાના વરથી છાનું તે ભિલ્લનું મસ્તક લઈ, તે દુષ્ટ સ્ત્રી રાત્રિના પતિની સાથે ચાલતી થઈ. બીજે દિવસે પ્રભાતના એક નગરમાં બન્ને જણાં જઈ પહોંચ્યાં, એટલે તે સ્ત્રીએ નગરની રક્ષા કરનારા સીપાઇઓને ભિલ્લનું મસ્તક બતાવી, પોતાના ધણીને પકડી રાખીને બોલી કે, "ઓ આવોરે આવો! આ માણસે મારા વરને મારી નાંખ્યો છે !" એમ કહી ચોધાર અશ્રુ પાડવા લાગી. તુરત નગરરક્ષક ચોકીવાળાઓ બન્ને જણાને પકડી રાજા આગળ લઈ ગયા. ત્યાં રાજાએ તે ઈર્ષાળુ બ્રાહ્મણને પૂછ્યું, એટલે તેણે ઇત્થંભૂત સર્વે વૃત્તાંત કહ્યું. પછી રાજાએ તે વાતની તપાસ કરાવી, અને તે વૃત્તાંત સત્ય ઠર્યા પછી, નિર્ણય કરી, તે સ્ત્રીનાં નાક તથા કાન કપાવ્યાં અને તેના પતિને કેદમાંથી મુક્ત કીધો. પેલો બ્રાહ્મણ

કેદમાંથી મુક્ત થયા પછી દુરાચરણી ભાર્યાના સ્નેહરૂપ રાક્ષસના પંજામાંથી મુક્ત થઇ પોતાને ઘેર ગયો.

"મહારાજ! આ રીતે અતિઘણી વ્યભિચાર શંકામાં ગુંથાએલી સ્ત્રીઓ, જ્યારે પતિ પરપુરુષની શંકાથી જ તેને તપાસે છે, ત્યારે અતિર્નિંદિત પાપ કર્મ કરે છે. વ્યભિચારની શંકાજ સ્ત્રીઓને પરપુરુષ સાથે સંગ કરતાં શીખવે છે. માટે બુદ્ધિમંત પુરુષે, વ્યભિચાર શંકા જણાવ્યા વિનાજ, સ્ત્રીનું દુરાચરણમાંથી રક્ષણ કરવું. કલ્યાણની આશા રાખનારા પુરુષે, જેમ બને તેમ સ્ત્રીઓની આગળ ગુપ્ત વાર્તા પણ કહેવી નહીં. એ વિષયમાં એક કથા સાંભળો!

## ગરુડ તથા નાગની કથા.

એક નાગ, ગરુડના ભયથી મનુષ્યરૂપ ધારણ કરી, પૃથ્વી ઉપર એક ગણિકાને ત્યાં પડયો રહેતો હતો. તે વેશ્યા આ સર્પની પાસેથી પાંચસો હાથી પગાર તરીકે લેતી, અને તે નાગ પોતાના પ્રતાપથી દરરોજ તેને પાંચસો હાથી આપતો હતો. એક દિવસે તે વેશ્યાએ આગ્રહપૂર્વક તેને પૂછ્યું કે, "છેલછબીલા! તમે હંમેશા આટલા બધા હાથી ક્યાંથી લાવો છો? કહો ન કહો, પણ તમે દેખાઓ છો તેમ મનુષ્ય નથી. વ્હાલા! મને નહીં કહોકે તમે કોણ છો?" પ્રેમયુક્ત વચન સાંભળી, કામ મોહિત થયેલા તે સર્પે તે વેશ્યાને કહ્યું, "પ્રિયે! હું ગરુડના ભયથી અહીં આ વેશે આવીને રહ્યો છું, તારે કોઈ આગળ એ વાત કહેવી નહીં;" પણ હું જાતિનો નાગ છું. તે ગણિકાએ આ સર્વ વાર્તા પોતાની કુટ્ટણીને છૂપી રીતે કહી. સ્ત્રીઓને ગુપ્ત વાર્તા બીજાને જણાવ્યા વગર સંતોષ થતો નથી.

થોડો સમય વીત્યા પછી, પેલો ગરુડ મનુષ્યરૂપે આખા જગતમાં તે નાગની શોધ કરતો કરતો ત્યાં આવી પહોંચ્યો; અને કુટ્ટણીની પાસે જઈ બોલ્યો "હું આજ તારી દીકરીના ઘરમાં રહેવા ઇચ્છું છું. હે આર્યે! તું મારી પાસેથી જે થાય તે લેજે!" તે કુટ્ટણીએ કહ્યું; "મારી દીકરીને ઘેર એક નાગરાજ રહે છે, તે હંમેશાં પાંચસો હાથી આપે છે, તો તારા એક દિવસના પગારની કોણ દરકાર કરે?" આ વાતથી ગરુડે જાણ્યું કે પેલો નાગ અહીં જ રહે છે. તુરત ગરુડ,, અતિથિને રૂપે તે વેશ્યાના ઘરમાં ગયો. એ વખતે તે નાગ ઉપરના માળમાં બેઠો હતો. તેને જોતાંજ, ગરુડે પોતાનું સ્વરૂપ પ્રગટ કર્યું ને એક ઠેક મારી તેને પકડી મારી નાંખ્યો અને ખાઈ ગયો.

કોઈપણ બુદ્ધિમંત મનુષ્યે નિઃશંકતાથી સ્ત્રીઓની આગળ ગુપ્ત વાર્તા કહેવી નહીં. આ પ્રમાણે કહી ગોમુખે ફરીથી ભોળાભટાક ભાભારામોની કથા કહેવા માંડી.

## કેશમુગ્ધની કથા.

એક ટાલ પડેલો પુરુષ હતો. તેનું માથું તાંબાના ઘડા જેવું હતું. તે પૈસાદાર હતો, છતાં મૂર્ખ હતો, તેથી વાળ ન હોવાને લીધે બહુ શરમાતો હતો! એક વખતે એક ઠગશાહ, જે બીજાઓપર જ તાગડધિન્ના કરતો હતો તે તેની પાસે આવીને બોલ્યો; "ભાઈ! એક વૈદ્ય છે; તે વાળ લાવવાનું ઔષધ બહુ આબાદ જાણે છે! તારી ઇચ્છા હોય તો તેનું ઔષધ કર!" તે સાંભળીને પેલા મુંડીઆએ કહ્યું; "તું તે વૈદ્યને મારી પાસે લઈ આવશે તો હું તને અને તે વૈદ્યને સારા પૈસા આપીશ." પેલા ઠગશાહે તે શેઠના પૈસા ખાઈ, થોડાએક દિવસ પછી એક બીજા ઠગ વૈદ્યરાજને તે મૂર્ખની પાસે આણ્યો. તે વૈદ્યે પણ ઘણા દિવસ સુધી તે મુંડીયાનું ધન ખાધું. પછી પેલા મુંડીયાએ ઉતાવળ કરી, ત્યારે પોતાના માથા ઉપરથી પાઘડી ઉતારી વૈદ્યરાજે તે મૂર્ખને યુક્તિથી પોતાનું મુંડીયું મસ્તક બતાવ્યું; પણ તે મૂર્ખ મુંડીયાએ, તેનું કેશરહિત મુંડીયું મસ્તક જોયું છતાં પણ તેની પાસેથી ઔષધ માંગ્યું, એટલે વૈદ્ય બોલ્યો; "અરે મુંડીયાજી! હું પોતે જ તારા જેવો મુંડીયો છું, તો વળી તને કેમ વાળ આપી શકું વારું? ઓ મૂર્ખ! મેં મારું વાળ વગરનું મુંડીઆળું મસ્તક તને બતાવ્યું, તો પણ તું સમજ્યો નહીં. મૂર્ખોને માથે તે વાળ હોય?" આમ કહી તે ધૂર્ત વૈદ્ય ત્યાંથી ચાલ્યો ગયો.



મહારાજ! ઠગારા લોકો હંમેશાં જડબુદ્ધિવાળા લોકોની સાથે ખેલ ખેલે છે. આ પ્રમાણે કેશમુગ્ધ ભાભારામજીની કથા તમે સાંભળી. હવે તેલમુગ્ધની કથા સાંભળો.

## તેલમુગ્ધની કથા.

એક સંભાવિત ગૃહસ્થને ત્યાં એક ભોળા ભાભારામજી ચાકરી કરતા હતા. એક વખતે તેના ઉપરીએ તે ચાકરને તેલ લઈ આવવા માટે એક નેસ્તીની દુકાન ઉપર મોકલ્યો. તે મૂર્ખ ચાકર, નેસ્તીની દુકાને ગયો અને ત્યાંથી પાત્રમાં તેલ લઇને ઘર તરફ આવવા લાગ્યો. એવામાં રસ્તામાં તેનો એક મિત્ર મળ્યો, તેણે કહ્યું; "અરે ઓ રોયા! આ તેલના પાત્રમાંથી નીચેથી તેલ ઝરે છે, માટે તે તપાસ તો ખરો." જ્યારે તે અક્કલના ઓથમીરે તેનું કહેવું સાંભળ્યું, ત્યારે પાત્રની નીચે છિદ્ર જોવા માટે તેને ઉંધું વાળ્યું; એટલે તેમાંનું સર્વ તેલ જમીન ઉપર ઢોળાઈ ગયું. જ્યારે તેના શેઠે આ વાત સાંભળી, ત્યારે તે મૂર્ખના સરદારને ઘરમાંથી કાઢી મૂક્યો; અને પછી તેની મૂર્ખતાપર પુષ્કળ હસવા લાગ્યો.

"મૂર્ખ માણસને પોતાની બુદ્ધિ જ પ્રમાણે વર્તવા દેવા જોઈએ, પણ તેને ઉપદેશ આપવો તે સારું નથી. આ પ્રમાણે તેલમુગ્ધની કથા સાંભળી તો હવે અસ્થિમુગ્ધની કથા સાંભળો.

## અસ્થિમુગ્ધની કથા.

કોઈ એક મૂર્ખ માણસની સ્ત્રી દુરાચરણી હતી. એક વખતે તેનો મૂર્ખ પતિ કંઈ કામને માટે પરદેશ ગયો એટલે તે દુરાચરણી નારી, પોતાની વિશ્વાસુ લોંડીને સર્વ કામ કરવાનો ઉપદેશ કરી, તે અંતરંગ દાસીને ઘર સોંપી, પોતે સ્વતંત્ર સુખ માહલવાની ઇચ્છાથી પ્રીતમને ઘેર, 'હવે આજે કોઇનો હાકો ટોકો નથી, માટે ફક્કડ મઝા ઉડાવીશું,' એમ ધારીને ગઈ. બન્યું એવું કે એટલામાં મૂર્ખશિરોમણિ પતિ ઘેર આવ્યો ત્યારે પેલી લોંડી, જેને પ્રથમથી જ તેની શેઠાણીએ કેળવીને કણ બનાવી મૂકી હતી તે હાય અફસોસ કરતી કરુણાળ સ્વરે બોલી કે; "હાય હાય શેઠજી! હવે શું થશે? અરેરે! મારી વ્હાલી શેઠાણી તું ક્યાં ગઈ? ઓ શેઠ! તમારી સ્ત્રી મરણ પામી અને તેને અગ્નિ ભેળી પણ કીધી છો" આ પ્રમાણે કહી, તે દાસી તે મૂર્ખને સ્મશાનમાં તેડી ગઈ, ને બીજાની ચિતાનાં હાડકાં પડયાં હતાં તે પેલા ભોળાભટાકને બતાવ્યાં. પેલા મૂર્ખે તે જોઇ

પોકેપોક મૂકી રડવા માંડયું, અને તે હાડકા લઈ તીર્થમાં ગયો અને ત્યાં હાડકાંઓને નાંખી, પોતાની સ્ત્રીનું શ્રાદ્ધ કર્મ કરવા તૈયાર થયો. એ જ વખતે પેલી દાસી, તેની સ્ત્રીના પ્રીતમને લઈ આવીને કહ્યું; 'આ ઘણો પવિત્ર બ્રાહ્મણ છે, તેને શ્રાદ્ધ કર્માન્તરમાં સામેલ કરો !' તે મૂર્ખે તે બ્રાહ્મણને શ્રાદ્ધનો બ્રાહ્મણ બનાવ્યો. પછી પેલી દુષ્ટ સ્ત્રી પોતાના જારને ઘેર રહી, નવનવાં કપડાં પહેરી તે જારની સાથે જ આ મૂર્ખને ઘેર મહિને મહિને આવી, માસીસામાં મિષ્ટાન્ન ચપાટતી હતી, ત્યારે તેની દાસી, શેઠને કહેતી કે, "શેઠજી! જુઓ તો ખરા, આપણાં શેઠાણી, સતી ધર્મના પ્રભાવથી પરલોકમાંથી બ્રાહ્મણની સાથે અહીં આવી પોતે પણ જમે છે!" અને પેલો મૂર્ખશિરોમણિ પણ તે સર્વ ખરું માનતો હતો.

કુટિલ નારીઓ સરળ અંતઃકરણવાળા પુરુષોને છેતરે છે. મહારાજ! તમે અસ્થિમુગ્ધનું ચરિત્ર સાંભળ્યું. હવે ચંડાળકન્યાની વાર્તા સાંભળો!

## ચણ્ડાળકન્યાની કથા.

કોઈએક ચન્ડાળની એક સ્વરૂપવતી, પણ મૂર્ખ કન્યા હતી. તેણે મનમાં ધાર્યું કે, મારે પરણવું તો કોઈ ચક્રવર્તી રાજા જોડે જ પરણવું, નહીં તો કહાન કુંવારા રહેવું. એક વખતે તે નગરનો રાજા, જે સર્વોત્તમ હતો તે નગરમાં ફરવા માટે નિકળ્યો. તેને જોઈ તે કન્યા, પતિની બુદ્ધિથી તેની પાછળ પાછળ ગઈ. રસ્તા ઉપર તે રાજાને એક મુનિ સામે મળ્યો, એટલે તે રાજાએ હાથી ઉપરથી નીચે ઉતરી તેને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કર્યાં ને પછી પાછો હાથી ઉપર ચઢી પોતાના રાજભવનમાં ગયો. જ્યારે તે ચણ્ડાળ કન્યાએ આ પ્રમાણે જોયું, ત્યારે તેણે આ મુનિને રાજા કરતાં પણ શ્રેષ્ઠ માન્યો. તે મૂર્ખી તે રાજાને પડતો મૂકી, તે મુનિની પાછળ ગઈ. તે મુનિ એકલો આગળ ચાલતો હતો, ને પૂઠે ચંડાળ કન્યા ઘસડાતી જતી હતી. મુનિદેવ ચાલતાં ચાલતાં એક ઉજ્જડ શિવાલય સમીપ આવ્યા. ત્યાં અટકી પડ્યા. પછી તે શિવાલયમાં ગયા ને ઘુંટણપર બેસી, શિવને પ્રણામ કરી, ત્યાંથી બહાર નિકળ્યા. તે જોઇ પેલી ચંડાળ કન્યા શિવને મુનિ કરતાં પણ ઉત્તમ માની, તે મુનિનો ત્યાગ કરી તે શિવની પતિ બુદ્ધિથી સેવા કરવા લાગી. તુરત જ ત્યાં એક કુતરો આવ્યો, તે શિવની જળાધારી ઉપર બેસી, પોતાની જાંઘ ઉઘાડી કરી પોતાની જાતિ પ્રમાણે મૂતર્યો. તે જોઈ ચંડાળ કન્યા શિવ કરતાં કૂતરાને શ્રેષ્ઠ માનવા લાગી અને શંકરનો ત્યાગ કરી તે કૂતરો ચાલ્યો તેની પાછળ પાછળ પતિની ઇચ્છાથી ગઈ. એવું બન્યું કે તે કુતરો પોતાના પરિચયવાળા એક તરુણ ચંડાળને ઘેર ગયો અને તેના પ્રેમને લીધે તે તરુણ ચન્ડાળના પગમાં આળોટવા લાગ્યો. તે જોઇ મૂર્ખ ચંડાળકન્યાએ મૂર્ખ ચંડાળપુત્રને કુતરાથી શ્રેષ્ઠ ગણ્યો; ને પછી સ્વજાતિમાં સંતોષ માનનારી તે ચંડાળકન્યા તે જ વર જોડે પરણી.

મૂર્ખ માણસો મોટી મોટી ઇચ્છા કરે છે ખરા, પણ અંતે તે પોતાના સ્થાનમાં જ પાછા આવી પડે છે. આ પ્રમાણે બીજા એક મૂર્ખ રાજાની કથા ટુંકામાં કહું છું તે સાંભળો !



## કૃપણ રાજાની કથા.

કોઇએક મૂર્ખ રાજા હતો. તે સંપત્તિવાન્ છતાં પણ સુમનો દાદો હતો. એક દિવસે તેનું કલ્યાણ ઇચ્છનારા મંત્રીઓ તેને કહેવા લાગ્યા; "મહારાજ ! દાન કરવાથી બીજા જન્મમાં દરિદ્રપણાંમાથી મુક્તિ મળે છે, માટે તમે દાન કરો; કારણ કે આયુષ્ય અને ધન ક્ષણભંગુર છે." તે સાંભળી રાજા બોલ્યો; "હું તો જો મરણ પામ્યા પછી મારા આત્માની દુર્ગતિને દેખું તો દાન કરું !" તે સાંભળી તેના મંત્રીઓ મનમાં હસીને ગૂપચૂપ બેસી રહ્યા.

જ્યાં સુધી ધન, મૂઢ માણસોનો ત્યાગ કરતું નથી, ત્યાં સુધી તે ધનને મૂર્ખ કદી પણ છોડતા નથી. હે મહારાજ ! આપે મૂર્ખ રાજાની કથા સાંભળી, તો હવે વાતના પ્રસંગમાં એક ઉપકથા તરીકે બે મિત્રની કથા કહું છું તે સાંભળો !

## બે મિત્રની કથા.

કાન્યકુબ્જ નગરમાં ચન્દ્રાપીડ નામનો એક રાજા રાજ્ય કરતો હતો. તેનો એક ધવલમુખ નામનો સેવક હતો. તે જયારે જ્યારે પોતાને ઘેર જતો હતો, ત્યારે ત્યારે ભોજન કરીને જતો હતો. એક વખતે તેની સ્ત્રીએ પૂછ્યું કે, "તમે ઘેર આવતા પહેલાં સદાય ક્યાં આહાર પાણીલઇને આવો છો?" ત્યારે ધવલમુખે પોતાની સ્ત્રીને કહ્યું; "હે સુંદરી ! હું હંમેશા ઘેર આવતા પહેલાં મારા મિત્રો સાથે જમી કરીને આવુંછું. એ બે મિત્રોમાં એક કલ્યાણવર્મા નામનો મિત્ર છે. તે ભોજન વગેરેથી મારાપર ઉપકાર કરે છે, અને બીજો **વી**રબાહુ છે, તે તો પ્રાણદાનથી પણ મારાપર ઉપકાર કરનારો છે." ધવલમુખની સ્ત્રી આ પ્રમાણે પતિનાં વચન સાંભળીને બોલી; "તમે તમારા તે બે મિત્ર મને બતાવો."

પછી ધવલમુખ તેણીને સાથે લઈ કલ્યાણવર્માને ઘેર ગયો. ત્યાં કલ્યાણવર્માએ ઉત્તમ સામગ્રીવડે તે બન્ને જણાંનું આદરાતિથ્ય કર્યું. બીજે દિવસે ધવલમુખ પોતાની સ્ત્રીને લઈ બીજા મિત્ર **વી**રબાહુને ઘેર ગયો. તે વખતે **વી**રબાહુ જુગાર રમતો હતો, તેથી તેણે તે બન્નેનો સત્કાર કીધો ને થોડી વાર પછી જવાની રજા પણ આપી દીધી. આ જોઈ તે સ્ત્રી આશ્ચર્યમાં ગરકાવ થઈ ગઈ, ને ધવલમુખપ્રત્યે બોલી; "કલ્યાણવર્માએ તમારો સારો સત્કાર કર્યો, પરંતુ **વી**રબાહુએ તો તમને માત્ર આવોજી, બેસોજી જ કહ્યું; ત્યારે તમે **વી**રબાહુને બીજા કરતાં શ્રેષ્ઠ કેમ ગણો છો?" ધવલમુખ તેણીનું આવું બોલવું સાંભળી બોલ્યો; "પ્રિયે! તું તે બન્ને જણાની પાસે વારાફરતી જઇને એમ કહે કે 'રાજા અમારા ઉપર અકસ્માત્ કોપ્યો છે,' એટલે પછી તું પોતે તેઓના સ્વરૂપને ઓળખીશ" ધવલમુખે આ પ્રમાણે કહ્યું એટલે તે માન્ય કરી, તે સ્ત્રી, તેજ વખતે કલ્યાણવર્માની પાસે ગઈ, અને કરુણાળ મૂખ કરી કહ્યું; "ભાઇજી! રાજા અમારા ઉપર કોપ્યો છે, હું અનાથ શું કરું?" કલ્યાણવર્માએ ઉત્તર આપ્યો કે, "દેવિ ! હું તો વાણિયો છું. માટે કહો, હું રાજાને શું કરી શકું?" આ પ્રમાણે તે વાણિયાએ કહ્યું એટલે તે સ્ત્રી **વી**રબાહુની પાસે ગઈ; અને તેની આગળ પણ તેજ પ્રમાણે જૂઠી રીતે પોતાના પતિ ઉપર થયેલો રાજાનો

કોપ જણાવ્યો. તે સાંભળતાની સાથેજ, ઢાલ તથા તરવાર લઈ, વીરબાહુ ધવલમુખને ઘેર દોડતો દોડતો આવ્યો. પણ ધવલમુખે તેને કહ્યું; "મંત્રીએ રાજાને ઠંડો પાડયો છે, માટે તું હમણાં ઘેર જા!" આમ કહી વીરબાહુને ઘેર મોકલ્યો; અને પછી તેણે પોતાની ભાર્યાને કહ્યું; "હે તન્વિ! જોયું, આ પ્રમાણે મારા બે મિત્રોમાં આસ્માન જમીનનો તફાવત છે!" પેલી સ્ત્રી પણ ધવલમુખનો જવાબ સાંભળી સંતોષ પામી.

"જે મિત્ર બહારનો શિષ્ટાચાર કરે છે, તેનાથી ખરો મિત્ર તદ્દન જૂદોજ હોય છે. ઘી ને તેલ બેય ચીકાસનો ગુણ સરખો છે, તોપણ તેલ તે તેલ, અને ઘી તે ઘી." આ પ્રમાણે ગોમુખમંત્રીએ, નરવાહનદત્તને રંજન કરવા માટે એક પછી એક મૂર્ખાઓની કથાઓ કહ્યા પછી પુનઃ પણ મૂર્ખાઓની કથા કહેવા માંડી.

## જળભીતની કથા.

એક વેરાનમાં કોઇએક મૂર્ખ વટેમાર્ગુ, રસ્તામાં તૃષાતુર થયો. તે મહા કષ્ટથી જંગલ ઓળંગી એક નદીના કીનારા ઉપર આવી પહોંચ્યો, છતાં ત્યાં તેણે પાણી પીધું નહીં, પણ જડભરતપેરે તેની તરફ જોયા જ કીધું. ત્યારે એક માણસે તેને પૂછ્યું; "અલ્યા, તું તરસથી મરે છે, છતાં પાણી કેમ પીતો નથી?" ત્યારે તે મૂઢ માણસે ઉત્તર આપ્યું કે, "હું આટલું બધું જળ કેમ પીઉં?" એટલે પેલા રાહદારીએ તે મૂઢની મજાક કરીને કહ્યું; "તું જો સઘળું પાણી પીશે તો પણ રાજા તને શિક્ષા કરશે નહિ!" આટલું છતાં પણ તે મૂઢે પાણી પીધું નહીં.

"તમે જુઓ કે આ રીતે મૂઢ બુદ્ધિવાળા મનુષ્યો, પોતાની શક્તિ હોય તે છતાં જરા જેટલું પણ કામ કરી શકતા નથી, કેમકે તે પૂર્ણ કરવા જેટલી તેમનામાં શક્તિ જ હોતી નથી. આપે જળભીતની કથા સાંભળી, હવે પુત્રઘાતીની કથા સાંભળો.

## પુત્રઘાતીની કથા.

કોઈએક મૂર્ખ પુરુષ હતો, તે દરિદ્રી હતો. અને તેને ઘણાં છોકરાં હતાં. જ્યારે તેનો એક દીકરો મરી ગયો, ત્યારે તે મૂર્ખ બાપે વિચાર કર્યો કે, આ મરી ગયેલો દીકરો માર્ગમાં એકલો કેમ જઈ શકશે? આવો વિચાર કરી બીજા દીકરાને પોતે જ મારી નાંખ્યો. તે વાર્તા લોકોના જાણવામાં આવી એટલે તેઓએ તે મૂર્ખની મશ્કરી કરી, અને તે નિંદા કરવા લાયક મૂર્ખને અપરાધી ગણી ગામમાંથી હાંકી મૂક્યો.

જે માણસની બુદ્ધિ સારાસારનો વિચાર કરતી નથી, એવા મૂર્ખ માણસને અને પશુને સમાન જ ગણવાં; કારણ કે બન્ને જણા વિવેક રહિત છે. હે મહારાજ! તમે પુત્રઘાતીની કથા સાંભળી. હવે તમને ભ્રાતૃભૌમની કથા કહી સંભળાવું છું તે સાંભળો!

## ભ્રાતૃભૌમની કથા.

એક મૂર્ખ શિરોમણિ એક સ્થળે મનુષ્યોના ટોળામાં વાર્તા કરતો હતો. તે વેળાએ તે મૂર્ખે દૂરથી એક પ્રતિષ્ઠિત પુરુષને જોઈ, આ પ્રમાણે કહ્યું; "તે ગૃહસ્થ મારો ભાઈ થાય છે, માટે હું



તેની પાસેથી ભાગીયા તરીકે તો મારો ભાગ લઉં; પરંતુ હું તેની સાથે કંઈ સંબંધ ધરાવતો નથી, તેથી હું તેના દેણ માટે જોખમદાર પણ નથી!" તેના તેવાં મૂર્ખાઈ ભરેલાં વચનોથી, ત્યાં પડેલા પત્થરાઓને પણ હસવું આવ્યા વગર રહ્યું નહિ. આ પ્રમાણે મૂર્ખાઓ મૂર્ખાઈ દર્શાવે છે. તેઓના લાભો ક્યાં સમાયલા છે તે પણ અંધ બનેલા મૂર્ખ તે પુરુષો બહુ વિચિત્ર રીતે દર્શાવે છે.

આ રીતે હે મહારાજ! આપે ભ્રાતૃભૌમની કથા સાંભળી. હવે બ્રહ્મચારિના પુત્રની કથા સાંભળો!

## બ્રહ્મચારીના પુત્રની કથા.

એક મૂર્ખ માણસ મિત્રમંડળમાં પોતાના પિતાનાં ગુણગાન કરતો હતો. પોતાના પિતાનાં વખાણ કરતાં કરતાં તે એમ બોલ્યો કે; "મારા પિતા તો બાલ્યાવસ્થામાંથી જ બ્રહ્મચારી છે! એવો કોઇ મનુષ્ય નથી કે જે તેના મુકાબલામાં પળવાર પણ મૂકી શકાય." તે સાંભળી તેના મિત્રો બોલ્યા કે, "ત્યારે આપ ભાઈ શ્રી ક્યાંથી આ દુનિયામાં પધાર્યા?" તે મૂર્ખાનન્દે પુનઃ ઉત્તર આપ્યો; "અહો! હું તો તેનો માનસિક પુત્ર છું." તે સાંભળીને તેના મિત્રો તે જડશિરોમણિની વધારે મશ્કરી કરતા ખડખડાટ હસી પડ્યા.

જડ બુદ્ધિવાળા મનુષ્યો સંબંધ વગરનું આ પ્રમાણે ઘણું જ નઠારું બોલે છે. આ રીતે બ્રહ્મચારીના પુત્રની કથા સાંભળી. હવે મૂર્ખ જોશીની કથા સાંભળો!

## નામધારી જોશીની કથા.

એક જોશી મહારાજ હતા, પણ તેનામાં બુધવારની જ મારામારી હતી. તેને પોતાના દેશમાં આજીવિકા મળી નહીં તેને લીધે, તે પોતાની સ્ત્રી અને પુત્રસહિત પરદેશમાં ગયો. ત્યાં તેણે કપટથી વિશ્વાસ બેસાડી ધન અને માન મેળવવાની ખાતર પોતાનું ખોટું જ્ઞાન બતાવવા પુષ્કળ ડોળ ઘાલ્યો. એક વખતે તે પોતાના એક બાળકને છાતી સરસો લગાડી, સર્વ મનુષ્યોની સમક્ષ પોસ પોસ આંસુ પાડી રડવા લાગ્યો. ત્યારે સઘળાં મનુષ્યે તેને રડવાનું કારણ પૂછ્યું. ત્યારે તે પાપી મૂર્ખ જોશીડાએ કહ્યું; "ઓ ભાઈઓ! હું શું કહું? મને ભૂત, ભવિષ્ય અને વર્તમાન ત્રણે કાળની ખબર છે, તેથી મને જણાય છે કે આ છોકરો આજથી સાતમે દિવસે મરણ પામશે એજ, મારા રડવાનું કારણ છે." આ પ્રમાણે લોકોની આગળ જણાવી, તેઓને ઘણા આશ્ચર્યમાં ગરકાવ કીધા, અને પોતે કહેલો સાતમો દિવસ આવ્યો એટલે પ્રભાતમાં જ પોતાનો છોકરો સુતો હતો તેને મારી નાંખ્યો. જ્યારે લોકોએ સાતમે દિવસે જોયું કે તેનો છોકરો મરણ પામ્યો છે, ત્યારે તેઓનો તેના ઉપર દૃઢ વિશ્વાસ બેઠો; ને તેથી તેઓએ તેનો પુષ્કળ સત્કાર કર્યો. પછી તે મૂર્ખ ધન મેળવી પોતાની ઇચ્છા પ્રમાણે પોતાના દેશમાં આવ્યો.

પોતાની પંડિતાઈ પ્રખ્યાત કરવાની ઇચ્છાવાળા મૂર્ખ માણસો, ધનના લોભથી પોતાના પુત્રનો પણ નાશ કરે છે, માટે બુદ્ધિમંતોએ તેવા મૂર્ખ ઉપર પ્રેમ રાખવો નહીં. હવે એક મૂર્ખ, જે ક્રોધી હતો તેની કથા સાંભળો.–

## ક્રોધીની કથા.

એક દિવસે એક માણસ ઘરની અંદરથી બહાર ઉભેલા બીજા મિત્રને, એક મનુષ્યના સદ્‌ગુણના સંબંધમાં કહેતો હતો, જે બહાર સુધી પરગરું સંભળાતું હતું. તુરત એક બીજો પુરુષ ત્યાં હાજર થઈ બોલ્યો; "મિત્ર ! તું કહે છે તે ખરું કે તે ગુણવાન્ છે; પરંતુ તેનામાં બે મોટી ખોડો છે: એક તો તે ક્રોધી છે અને બીજો તો તે સાહસિક છે!" બહાર ઉભેલો તે જ (ગુણવાન્) ક્રોધી પુરુષ તેનું આવું ભાષણ સાંભળી અંદર ધસી આવ્યો, અને દોષ કહેનારાના ગળામાં ફાળીયું ઘાલીને બોલ્યો; "કેમરે મૂર્ખા ! મેં શું સાહસ કર્યું અને કયા ક્રોધને માટે મને તું અપવાદિત કરે છે?" આ પ્રમાણે તેજ પુરુષ ગાળભેળ દેતો અપમાન સહિત બોલવા લાગ્યો, અને ક્રોધરૂપ અગ્નિમાં બળવા લાગ્યો, ત્યારે ત્યાં જે બીજાં માણસો ઉભાં હતાં તે હસીને બોલ્યાં; "એ વળી શી સાબેતી આપે ? તમે અમને પ્રત્યક્ષ ક્રોધ અને સાહસ બતાવી આપ્યાં છે !"

"મહારાજ ! મૂર્ખ લોકો પોતાના પ્રસિદ્ધ દોષને પણ જાણતા નથી. હવે કન્યાને મોટી કરનારા એક મૂર્ખ રાજાની કથા કહું છું, તે સાંભળો.

## કન્યાને મોટી કરનારા મૂર્ખ રાજાની કથા.

કોઈ એક મૂર્ખ રાજા હતો. તેને ત્યાં પરમલાવણ્ય સંપન્ન પુત્રીનો જન્મ થયો. તે રાજાનો આ કન્યાપર અત્યંત પ્રેમ હોવાથી તે એકદમ મોટી થાય તેવી ઇચ્છાથી વૈદ્યોને બોલાવ્યા ને ઘણાં નમ્ર વચનથી કહ્યું: "અરે વૈદરાજો ! તમે નિરંતર એવા ઔષધના ઉપચારો કરો કે જેથી મારી પુત્રી ઝટ મોટી થાય, એટલે હું તેને સારા વર વેરે પરણાવું." તેનાં તેવાં વચન સાંભળી વૈદ્ય લોકોએ પોતાની આજીવિકા ચલાવવા માટે તે અક્કલના દુશ્મન રાજાને કહ્યું: "આવું ઔષધ છે ખરું, અને તેથી એ કાર્ય સિદ્ધ થશે; પરંતુ તે ઔષધ ઘણા દૂરના દેશમાં મળી શકે તેમ છે. મહારાજ ! અમે તે ઔષધ લેવા માટે માણસને મોકલીએ ત્યાં સુધી આપે આપની પુત્રીને એક એકાંતસ્થળમાં, કોઈ જુવે નહી તેમ રાખવી જોઈએ. એજ નીતિ આવા કાર્યમાં ઉપયોગમાં આણવામાં આવેછે." આ પ્રમાણે કહી વૈદ્યોએ તે રાજકન્યાને ગુપ્ત જગ્યાએ, ઘણા વરસ સુધી રાખી. અને રાજા જ્યારે જ્યારે તે કન્યાને મોટી થવા વિષે પૂછતો, ત્યારે ત્યારે ધૂર્ત વૈદ્યો કહેતા કે અમે તે ઔષધ લાવવાના પ્રયત્નમાં જ છીએ. પછી કેટલેક વર્ષે જ્યારે તે કન્યા તરુણાવસ્થામાં આવી ત્યારે તે ધૂર્ત વૈદ્યોએ તે કન્યા રાજાને બતાવીને કહ્યું; "મહારાજ ! અમે આ કન્યાને ઔષધથી ઉછેરીને મોટી કરી છે." ઘણાં વરસ વીત્યા પછી રાજા તે કન્યાને જોઈ ઘણો પ્રસન્ન થયો, ને વૈદ્યોને તેમની મહેનતના બદલામાં ઘણા ધનથી તરપત કીધા.

આમ જ લોકો જડબુદ્ધિવાળા રાજાઓને ફોલી ખાય છે. હવે અર્ધો પૈસો મેળવનારા પંડિતની કથા સાંભળો.

## અરધા પૈસા માટે દશ પૈસા ખરચનારા મૂર્ખની કથા.

કોઇક વખતપર એક અરધો પૈસો મેળવનાર પુરુષ એક શહેરમાં રહેતો હતો. તે પોતે ડહાપણના ડિંગલાનું અભિમાન રાખતો હતો. તેને ત્યાં એક ગામડીઓ, એક વર્ષ સુધી નોકર



રહ્યો, પરંતુ તે પગારથી સંતોષ પામ્યો નહીં, એટલે નોકરી છોડી પોતાને ઘેર ગયો. તે ગયા પછી ઘરધણી આવ્યો અને પોતાની સ્ત્રીને પૂછ્યું; "હે તન્વિ ! તે નોકર ગયો તો ખરો, પણ તારી પાસેથી કંઈ લઈને ગયો છે કે?" પેલી સ્ત્રી બોલી; "હા, અરધો પૈસો મેં તેને આપ્યો છે." તે સાંભળતાંજ તે મૂર્ખ પેલો અર્ધો પૈસો લેવા માટે દશ પૈસાનું ભાતું કરી. તેની પાછળ ગયો, અને નદીના કિનારા ઉપર તે ચાકરને પકડી તેની પાસેથી અર્ધો પૈસો પાછો લીધો. પછી ઘેર આવી તે બાબતમાં પોતાની બહાદુરી—હોશીયારીનાં વખાણ કરવા લાગ્યો ત્યારે સૌ માણસોએ તેની સજ્જડ મજાક કરી.

જે માણસની બુદ્ધિ ધનમાં આંધળી થઈ ગઈ હોય છે, તેવા સર્વે માણસો, થોડાને માટે ઘણાનો નાશ કરે છે. હે મહારાજ ! હવે સમુદ્રમાં નિશાની રાખનારા મૂર્ખની કથા સાંભળો.

## સમુદ્રમાં નિશાની રાખનારની કથા.

એક મૂર્ખો, વહાણમાં બેસી સમુદ્ર ઓલંગી જતો હતો, એવામાં તેના હાથમાંથી રૂપાનું એક વાસણ પાણીમાં પડી ગયું. તે મૂર્ખે તે વખતે પાણી ઉપર જે ઘુમરી આદી થતું હતું તે નિશાની ધ્યાનમાં રાખી અને વિચાર કર્યો કે, "પાછો વળીશ ત્યારે આ જ સમુદ્રના પાણીમાંથી તે વાસણ કાઢી લઈશ!" તે સમુદ્રનાં સામા કિનારા ઉપર પહોંચ્યો; અને ત્યાંથી કામકાજ કરી પાછો ફર્યો ત્યારે એક સ્થળે પાણીમાં ઘુમરી વગેરે જોયું; એટલે તેણે ધાર્યું કે આ જ સ્થળે મારું રૂપાનું વાસણ પડયું છે! તેથી તે મેળવવાની ઇચ્છાથા તે વારંવાર ઘુમરીવાળા પાણીમાં ડૂબકી મારી ખૂબ શોધવા લાગ્યો. જ્યારે બીજાં માણસોએ તેમ કરવાનું કારણ પૂછ્યું ત્યારે તે મૂર્ખે પોતાના અંતઃકરણનો વિચાર તેઓને કહ્યો, એટલે સઘળાંને અટ્ટહાસ છૂટયું ને તેની ખૂબ મશ્કરી કીધી.

હવે તમને માંસના બદલામાં માંસ આપનારા મૂર્ખ રાજાની કથા કહુંછું તે સાંભળો.

## માંસનો બદલો કરનારા રાજાની કથા.

એક મૂર્ખ રાજાએ પોતાના મહેલ નીચે બે માણસને જોયા, જેઓ રસોડામાંથી માંસ ચોરતા હતા. તે રાજાએ તે માંસ ચોરનારાને પકડાવી તેમના શરીરમાંથી પાંચ પળ માંસ કાપી લીધું. જ્યારે તેના શરીરમાંથી માંસ કાપવામાં આવ્યું ત્યારે તે માણસો બૂમો પાડી જમીન ઉપર પડી ગયા. રાજાને એ જોઈ દયા આવી અને તેણે પ્રતિહારને હુકમ કર્યો કે: "ઓ પ્રતિહાર ! ચાલ જા, મેં એના શરીરમાંથી પાંચ પળ માંસ કાપી લીધું છે, તેનું દુઃખ એ સહન કરી શકતો નથી, માટે તેને પાંચ પળ કરતાં પણ વધારે માંસ તેના બદલા તરીકે આપ !" પ્રતિહારે કહ્યું; "શું જેનું માથું કપાઇ ગયું હોય તે માણસને સો માથાં આપીએ, તોપણ તે પાછો જીવતો થાય છે ખરો?" પછી તે પ્રતિહાર બહાર જઈ પેટ પકડીને ખૂબ હસવા લાગ્યો; અને જેના શરીરમાંથી માંસ કાપવામાં આવ્યું હતું તે માણસને શાંત કરી વૈદ્યને સોંપ્યો.

મૂર્ખ રાજાઓ શિક્ષા કેમ કરવી, તેમજ અનુગ્રહ પણ કેમ કરવો તે જાણતા નથી. એક પુત્ર છતાં બીજા પુત્રની ઇચ્છાવાળી મૂર્ખ સ્ત્રીની કથા કહું છું તે પણ તમે સાંભળો.

## બીજા પુત્રની ઈચ્છાવાળી મૂઢ સ્ત્રીની કથા.

એક અનાડી સ્ત્રીને એક પુત્ર હતો, છતાં બીજા પુત્રની ઈચ્છા થઈ, તેથી તે એક કામણટુમણ જાણનારી નીચ અને પાખંડી સાધુડી પાસે ગઈ. તે સાધુડીએ તેને કહ્યું; "તારો જે આ બાળક પુત્ર છે, તેનો વધ કરી દેવતાને બળિદાન આપે તો તને બીજો પુત્ર અવશ્ય પ્રાપ્ત થશે!" તે સાંભળી પેલી મૂર્ખ સ્ત્રી તે પ્રમાણે વર્તવાની ઈચ્છા કરતી હતી, એવામાં એક ડોસીએ આવીને તે મૂર્ખ સ્ત્રીને એકાંતમાં લઈ જઇને કહ્યું; "રાંડ પાપિણી ! પુત્ર તો તને આજે છે, તેને મારી ભવિષ્યમાં જણીને પુત્ર મેળવવાની આશા રાખે છે? ધાર કે તે પુત્ર થયો નહીં તો તું શું કરીશ?" આ પ્રમાણે કહીને તે ભલી ડોસીએ તે સ્ત્રીને પાપ કરતાં અટકાવી.

"ઘણીવાર શાકિણીની સોબતમાં આવેલી સ્ત્રીઓ ન કરવાનાં કામ કરે છે; પણ તેઓનો ઘરડાઓની સલાહથી અટકાવ થાય છે, ને નઠારાં આચરણ કરતી અટકે છે. હવે મહારાજ ! આંમળાં લઈ આવનારની કથા સાંભળો !

## આંમળાં લઈ આવનારની કથા.

એક ગૃહસ્થને ઘેર કોઇ મૂઢબુદ્ધિ સેવક રહેતો હતો. તે ગૃહસ્થને આંમળાં પ્રિય હતાં, માટે તેણે પોતાના ચાકરને એક સમયે હુકમ કર્યો કે, "બાગમાં જઈ મારે માટે ઘણાં જ મીઠાં આંમળાં લઇ આવ." પેલો મૂર્ખ ચાકર બાગમાં જઈ, દરેક આંમળાંને દાંતથી કરડી મીઠાં છે કે નહી, તેની પરીક્ષા કરીને તે લઈ આવ્યો, અને શેઠની નજીકમાં તે મૂકતાં બોલ્યો; "સાહેબ ! જુઓ તો ખરા, આ આંમળાં કેવાં મીઠાં સાકર જેવાં છે! હું ચાખીને મીઠાં આંમળાં જ લઇ આવ્યો છું!" તેનો શેઠ તે આંમળાંને જુવે છે તો સઘળાં અર્દ્ધાં ખાધેલાં દીઠાં, એટલે તેનું અપમાન કરી તે મૂર્ખબુદ્ધિચાકરની સાથે જ તે આંમળાંનો પણ ત્યાગ કર્યો.

એ જ પ્રમાણે બુદ્ધિહીન માણસ સ્વામિનું અને પોતાનું બન્નેનું ભુંડું કરે છે. વળી બે ભાઇઓની એક ઉપકથા સાંભળો!

## બે બંધુની કથા.

પૂર્વે પાટલીપુત્ર નામના નગરમાં, બ્રાહ્મણ જાતિના બે ભાઈઓ રહેતા હતા. એમાં મોટાનું નામ યજ્ઞસોમ હતું અને નાના ભાઇનું નામ કીર્તિસોમ હતું. આ બન્ને બ્રાહ્મણકુમાર પાસે પિતાની મોટી સંપત્તિ હતી. કીર્તિસોમે વેપાર ને ધંધાથી પોતાની સંપત્તિમાં પુષ્કળ વધારો કર્યો હતો, પણ યજ્ઞસોમે તો સેહેલ સટાકીમાં તથા દાન ધર્મ કરવામાં ધનનો નાશ કરી નાંખ્યો. જ્યારે તે નિર્ધન થઈ ગયો ત્યારે તેણે પોતાની સ્ત્રીને કહ્યું; "હે પ્રિયે! હું ધનાઢ્ય હતો, પણ હમણાં નિર્ધન થઈ ગયો છું, માટે સગાં સંબંધીમાં તેવી હાલતથી મારાથી કેમ રહેવાય? તેથી ચાલો, આપણે બન્ને પરદેશ જઇએ." તેની સ્ત્રી બોલી; "સ્વામીનાથ! પૈસા વગર આપણે શી રીતે પ્રવાસ કરી શકીશું?" આમ ઘણી રીતે કહ્યા છતાં યજ્ઞસોમે જવાને હઠ લીધી. ત્યારે તેની સ્ત્રીએ તેને કહ્યું; "જો તમે જવાનું જ ધાર્યું હોય તો તમારા નાના ભાઈ કીર્તિસોમની પાસે જઈ પ્રવાસમાં ખરચવા જેટલું થોડું



ઘણું નાણું માગી લો." યજ્ઞસોમ તુરત પોતાના નાના ભાઈ પાસે ગયો અને પ્રવાસમાં જવાને માટે થોડું નાણું માગ્યું. ત્યારે નાના ભાઇની વહુએ પોતાના વરને કહ્યું; "જેઠજીએ પોતાનું સઘળું ધન ઉડાવી દીધા પછી, આપણે તેમને થોડા પૈસા પણ ક્યાંથી આપીશું? અને આપીશું તોપણ કેટલું? એમ તો પૈસા ખૂટશે એટલે સઘળાં આપણી પાસે જ આવશે!" જ્યારે કીર્તિસોમે આ વચન સાંભળ્યાં ત્યારે, પોતાના ભાઈ ઉપર પ્રેમ હતો તોપણ સ્ત્રીનું વચન સાંભળી તેને કંઈપણ આપવાની ઇચ્છા કરી નહીં. દુષ્ટ સ્ત્રીને આધીન રહેવું, તે ઘણું જ દુઃખકર છે!

યજ્ઞસોમ ભાઇને ઘેરથી ઠાલે હાથે ચૂપકીદી પકડી ઘેર આવ્યો. સર્વ વાર્તા પોતાની સ્ત્રીને જણાવી, પછી કહ્યું "હવે તો મારા પ્રભુનોજ આધાર રાખી ચાલીશું?" એમ કરી પોતાની સ્ત્રીની સાથે પરદેશ જવા નિકળ્યો. ચાલતાં ચાલતાં માર્ગમાં એક જંગલમાં આવી ચઢ્યો. ત્યાં એવું બન્યું કે, એક અજગર તેને ગળી ગયો. તે જ્યારે તેની સ્ત્રીએ બનાવ જોયો, ત્યારે તે ભૂમિ ઉપર પડીને વિલાપ કરવા લાગી. પછી તે અજગરે મનુષ્યવાણીથી તે સ્ત્રીને કહ્યું; "રે કલ્યાણિ! તું શા માટે રુદન કરે છે?" તે સાંભળી તે બ્રાહ્મણીએ અજગરને કહ્યું; "હે મહાપરાક્રમી! તમે પરદેશમાં મજ દુઃખિણીનું ભિક્ષાભાજન હરણ કરી લીધું, ત્યારે હું કેમ રુદન કરું નહીં?" તે સાંભળી અજગરે પોતાના મુખમાંથી એક સુવર્ણનો થાળ કાઢીને તે સ્ત્રીને કહ્યું; "લે આ ભિક્ષા માંગવાનું પાત્ર!" એમ કહી તે સોનાનો થાલ તે સ્ત્રીને આપ્યો. પછી તે પતિવ્રતા બ્રાહ્મણી બોલી; "હે મહાભાગ! હું સ્ત્રીને આ પાત્રમાં કોણ ભિક્ષા આપશે?" અજગર બોલ્યો; "તું જેની પાસે જઇને ભિક્ષા માંગીશ તે તને ભિક્ષા આપશે જ. નહીં આપે તો તેના મસ્તકના તે જ વખતે સો કટકા થઈ જશે. આ મારું કહેવું સત્ય માન." તે સાંભળી તે સતી બ્રાહ્મણીએ તે અજગરને કહ્યું; "જો એમ હોય તો તું પોતે જ મને મારો પતિ પાછો ભિક્ષામાં આપ." આ પ્રમાણે સતી બ્રાહ્મણીએ કહ્યું, એટલે તે અજગરે યજ્ઞસોમને ઈજા થયા વગરનો જીવતોને જીવતો મુખમાંથી ઓકી કાઢ્યો. યજ્ઞસોમને ઓકી કાઢ્યા પછી તરત જ તે અજગરે દિવ્ય પુરુષ થઇ જઈ, ઘણાં પ્રસન્ન થયેલાં સ્ત્રી પુરુષને કહ્યું; "હું કાંચનવેગ નામનો વિદ્યાધરનો રાજા હતો, તે હમણાં ગૌતમના શાપથી અજગરની ગતિને પામ્યો હતો. એ શાપ મને સતી સ્ત્રીના સંવાદ થવા સૂધીનો હતો, એટલે હવે હું શાપમાંથી મુક્ત થયો છું!" આ પ્રમાણે કહી તે જ વખતે તે દિવ્ય વિદ્યાધરે પેલું સોનાનું પાત્ર રત્નથી ભરી આપ્યું ને ઘણો જ ખુશી થતો આકાશમાં ઉડી ગયો; અને તે સ્ત્રી પુરુષ રત્નનો ઢગ લઈ ઘેર આવ્યાં અને તે પછી યજ્ઞસોમ પણ અક્ષય ધન મેળવી સુખમાં રહેવા લાગ્યો.

"માટે દૈવ સર્વ મનુષ્યને તેની વર્તણૂકના પ્રમાણમાં ધન આપે છે. હવે વાળંદની ઇચ્છાવાળા એક મૂર્ખ પુરુષની કથા સાંભળો!

## વાલંદની ઈચ્છાવાળા પુરુષની કથા.

એક મૂર્ખ કર્ણાટકી હતો. તેણે રણસંગ્રામમાં શૌર્ય બતાવી પોતાના રાજાને સંતોષ આપ્યો.

જ્યારે રાજા તેના પરાક્રમથી પ્રસન્ન થઈ તેને ઇચ્છિત વર માંગવાનું કહેવા લાગ્યો, ત્યારે નપુંસક જેવા તે યોધાએ રાજાની પાસેથી વાલંદની માંગણી કરી.

"માટે સઘળાં માણસો પોતાના મનના પ્રમાણમાં સારી યા નરતી વસ્તુની માંગણી કરે છે; પરંતુ યાચના પોતે મનુષ્યની માગણી કરતી નથી. હવે એક મૂર્ખ શિરોમણિની કથા સાંભળો!

### એક ગાડાની કથા.

એક મૂર્ખ માણસ એકલો માર્ગે જતો હતો. તેને એક ગાડાવાળાએ કહ્યું; "ઓ ભાઈ! જરાક આ મારું ગાડું સરખું કરતો!" ત્યારે તે બોલ્યો, "હું જો તારા ગાડાને સરખું કરું તો તું મને શું આપશે?" તે ગાડાવાળાએ કહ્યું, "હું તુંને કંઈ નહીં આપું." એટલે તે મૂર્ખે તેના ગાડાને સરખું કર્યું, ને પછી માગવા લાગ્યો કે, "મને કાંઈ નહીં આપ." ત્યારે તે ગાડાવાળો હસ્યો.

"હે **નરવાહનદત્ત**! આ પ્રમાણે મૂર્ખ લોકોની હંમેશાં હાંસી થાય છે, અપમાન થાય છે, માણસોથી નિંદાય છે અને વિપત્તિનું પાત્ર થઈ પડે છે અને સજ્જન પુરુષો પ્રતિષ્ઠા પામે છે."

આ પ્રમાણે મંત્રી ગોમુખે કહેલી કથા, મંત્રીમંડળથી વિંટાયલા **નરવાહનદત્તે** તે રાત્રીએ સાંભળીને, જગતના વિશ્રામના કારણભૂત એવી નિદ્રાદેવીનું સેવન કરવા વિદાય થયો.

## તરંગ ૬ ઠ્ઠો.

# ગોમુખે કહેલી નવી નવી કથાઓ.

બીજે દિવસે પ્રભાતના **નરવાહનદત્ત** ઉઠ્યો અને **વત્સેશ્વર** પિતાજીનાં દર્શન કરવા માટે તેની સમીપમાં ગયો. ત્યાં મગધ રાજાનો પુત્ર અને **પદ્માવતીનો** ભાઈ **સિંહવર્મા** પોતાને રાજભુવનથી આવ્યો હતો તે મળ્યો. આખો દિવસ તેની સાથે વાતચિત અને આદરાતિથ્યમાં વીતી ગયો. રાત્રી પડતાં **નરવાહનદત્ત** ભોજન કરી પોતાના વિલાસભવનમાં આવ્યો. તે સમયે તે શક્તિયશાના વિચારમાં ઘણો જ લીન થઈ ગયો હતો. તેને ખુશી કરવા માટે, બુદ્ધિમાન્ ગોમુખ નીચે પ્રમાણે કથા કહેવા લાગ્યો.

### કાગડાની અને ઘુવડની કથા.

એક જગ્યામાં સારી શીતળ છાયાલથી મોટું વડવૃક્ષ હતું. તેના ઉપર પક્ષીઓ કલ્લોલ કરી વટેમાર્ગુને વિશ્રામ કરવા માટે બોલાવતાં હોય તેમ જણાતાં હતાં. આ વડ ઉપર એક **મેઘવર્ણ** નામનો કાગડાનો રાજા પોતાનો માળો બાંધી રહેતો હતો. તેનો **અવમર્દ** નામનો એક ઘુવડનો રાજા શત્રુ હતો. એક દિવસે, ઘુવડનો રાજા રાત્રિને વખતે આ વડ ઉપર આવી, ઘણા કાગડાનો



સંહાર કરી તથા **મેઘવર્ણનો** પરાભવ કરી ચાલ્યો ગયો. બીજે દિવસે પ્રભાતમાં કાગડાના રાજા **મેઘવર્ણે ઉડ્ડીવી, આડીવી, સંડીવી, પ્રડીવી** અને **ચિરંજીવી** નામના પાંચ મંત્રીઓને તેડાવ્યા. તેમનો સત્કાર કરીને કહ્યું: "ભાઈઓરે! આપણો શક્તિમાન્ શત્રુ, આપણો પરાભવ કરી હમણા ચાલ્યો ગયો છે, પ્રણ તેણે આપણા સ્થાનને જાણ્યું છે, તેથી પુનઃ તે સમય સાધી અવસ્ય ચઢાઇ કરશેઃ તેનો અટકાવ કરવાના કંઈ ઉપાય હોય તો તે બતાવો." તે સાંભળી ઉડ્ડીવી બોલ્યો; "મહારાજ! જો શત્રુ બળવાન હોય તો બીજા દેશમાં વસવું, અથવા તો તેની સાથે સલાહ કરવી મને ઠીક જણાય છે." તે સાંભળી **આડીવી** બોલ્યો; "ભય કંઈ નજીકમાં **નથી**, તેથી શત્રુનો આશય અને આપણી શક્તિનો તપાસ કરી, થઈ શકે તે પ્રમાણે કાર્ય કરવું જોઈએ." **સંડીવીએ** કહ્યું; "મહારાજ! મરવું તો છેજ તો! ઉત્તમ મરવું તો શત્રુની સામે મરવું એજ ગણાય છે, પણ શત્રુને નમી જવું અથવા પરદેશમાં જઈને વસવું એ કોઈપણ પ્રકારે ઉત્તમ **નથી**. જે શત્રુએ આપણું અનિષ્ટ કર્યું તે શત્રુ સાથે આપણે સંધિ કરવી નહીં જ **જોઈએ**. શૂરવીર અને સહાસીક રાજા હોય ને તેને સહાયકારક મિત્રો હોય તો તે શત્રુનો નાશ કરે છે." **પ્રડીવીએ** કહ્યું; "પણ તે બળવાન્ છે, માટે રણસંગ્રામમાં આપણાથી જિતી શકાય તેમ નથી. માટે મારો એવો મત છે કે, હમણાં આપણે તેની સાથે સલાહ કરવી ને જ્યારે વખત આવે ત્યારે તેનો નાશ કરવો." **ચિરંજીવી** બોલ્યો; "સુલેહ કરવા કોણ પ્રણિધિ થઈ જશે? જે દિવસથી સૃષ્ટિનો આરંભ થયો છે, તે દિવસથી કાગડા ઘુવડને વૈર બન્ધાયલું છે તો તેમની પાસે કોણ જશે? આ કામમંત્રથી સિદ્ધ થાય તેવું છે; કારણ કે રાજ્યનું મૂળ મંત્ર* કહેવાય છે!" જ્યારે કાકરાજા **મેઘવર્ણે ચિરંજીવીનાં** વચન સાંભળ્યાં ત્યારે કહ્યું; "તમે વૃદ્ધ છો, માટે કાગડા અને ઘુવડને વૈર થવાનું કારણ જાણતા હો તો મને કહી સંભળાવો, અને તે પછી હવે આપણે શું કરવું તે વિચાર પણ જણાવો." તે સાંભળી કાગડાના રાજા **મેઘવર્ણપ્રત્યે ચિરંજીવી** બોલ્યો;–"ભાઈરે! એ સર્વ લુલીના લવલવાટના પ્રતાપ છે. તમે શું ગધેડાની કથા જાણતા નથી?"

### એક ગધેડાની કથા.

એક ધોબીએ પોતાનો ગધેડો દુબળો પડી ગયો હતો, તેને રુષ્ટપુષ્ટ કરવા માટે, ને તેને કોઈ છેડે નહીં, ને યથેચ્છ ચર્યા કરે તે માટે, તેના શરીરપર દીપડાનું ચામડું ઓઢાડી એક અનાજના ખેતરમાં ચરવા મૂકી દીધો. જ્યારે તે ગધેડો ખેતરમાં અનાજ ચરતો હતો ત્યારે બીજા માણસો તેને દીપડો જાણી, બીકને લીધે કાઢી મૂકતા નહોતા. એક દિવસે કોઈએક ધનુષધારી ખેડુતે તે ગધેડાને દીઠો; અને તેને દીપડો ગણી, ભયને લીધે વાંકા વળી પોતાનું શરીર ધાબળાથી ઢાંકી દઈ, ત્યાંથી પસાર થવાનો વિચાર કરવા લાગ્યો. ખેતરમાં ચરી પુષ્ટ બનેલો પેલો ગધેડો, તે ધનુષધારી, જે માથે ધાબલો ઓઢી વાંકો વાંકો ચાલ્યો જતો હતો તેને જોઈ, તે પણ કોઈ ગધેડો જ છે એમ વિચારી, પોતાના ઉચ્ચ સ્વરથી ભુંકવા લાગ્યો. પેલો ખેડુત તેનું

* સલાહ.

ભુકવું સાંભળી, તે ગધેડો છે એમ જાણી તેની સમીપમાં ગયો, અને બાણના પ્રહારથી તેને મારી નાંખ્યો, જેનું મુખ્ય કારણ લુલીનો લવલવાટ હતો. આ જ પ્રમાણે આપણે ઘુવડો સાથે પણ વાણીના દોષથી વેર થયું છે.

## ઘુવડ અને કાગડાની વચ્ચે વૈરની કથા.

પૂર્વે એક સમયે પક્ષી માત્રનો કોઈ રાજા ન હતો, ત્યારે સઘળાં પક્ષી એકઠાં મળ્યાં અને પક્ષીના રાજ્યાસન ઉપર ઘુવડનો રાજ્યાભિષેક કરવા માટે તેના ઉપર છત્ર ચામર ધર્યાં અને ક્રિયાની શરુઆત કરવા લાગ્યાં. એવામાં આકાશમાંથી એક કાગડો તે સમાજમાં દાખલ થયો. તે આવો વિચિત્ર વેશ જોઇ બોલ્યો; "અરે મૂર્ખાંઓ ! શું હંસ કોયલ આદિ પક્ષીઓ મરી ગયાં છે કે, ક્રૂર નેત્રવાળા, પાપી, કદ્રૂપા અને અમંગળ ઘુવડને આ રાજ્યાસન ઉપર અભિષેક કરો છો? અમંગળ ઘુવડને ધિક્કાર છે કે તે રાજા થઈ મરેછે ! રાજા તો પ્રતાપી હોય તેનેજ બનાવવો કે જેના નામથી સર્વ કાર્ય સિદ્ધ થાય. સાંભળો, હું તમને એ વિષય ઉપર એક કથા કહુંછું.

## હાથી અને શશલાની કથા.

ચન્દ્રસર નામનું એક અગાધ જળથી ભરેલું મોટું તળાવ હતું. તેના કિનારા ઉપર શિલીમુખ નામનો શશલાનો એક રાજા રહેતો હતો. એક વખતે અનાવૃષ્ટિ થવાથી બીજાં તળાવો સુકાઈ ગયાં, તેથી ચતુર્દંત નામનો હાથીના ટોળાનો નાયક, એક વખતે તે ચન્દ્રસર તળાવમાં ટોળાં સહિત જળ પીવા માટે આવ્યો. તે હાથીનું ટોળું તળાવમાં પેઠું. તેનાથી શિલીમુખનાં અસંખ્યાત શશલાંઓ તેમના પગ નીચે ચગદાઇને મરણ પામ્યાં. હાથીનું ટોળું તળાવમાં નાહાઈ ત્યાંથી પાછું ફર્યું, ત્યારે અત્યંત દુઃખી થયેલો શિલીમુખ, વિજય નામના શશલાને ઉદ્દેશી કહેવા લાગ્યો; 'આ હસ્તિરાજને આ તળાવના પાણીનો સ્વાદ લાગ્યો છે, તેથી તે વારંવાર અહીં આવશે અને આ જ પ્રમાણે આપણો નાશ કરશે. માટે તમે તે પાછો ન આવે એવો ઉપાય કરો. હું ધારુંછું કે તારે તે હાથીની પાસે જવું ને વિચારી જોવું કે તારી કંઈ યુક્તિ ચાલી શકશે કે નહીં. તું સર્વ કાર્ય અને યુક્તિમાં કુશળ છે. વળી બોલી પણ જાણે છે. તું જ્યાં જ્યાં ગયો છે, ત્યાં ત્યાં શુભ થયું છે. તેથી નિઃશંક તું આ કાર્ય કરશે જ!" આ પ્રમાણે કહી તેણે વિજય શશલાને હાથીની પાસે મોકલ્યો. શશલો પણ રાજી થઇને ધીર ધીરે જતો હતો, એવામાં તે માર્ગે હાથીના રાજાને આવતો દીઠો. વિજયે વિચાર કર્યો કે, બળીઆની સાથે સમાગમ કરવો, ત્યારે જેમ ઘટે તેમ જ કરવો. આમ વિચારી તે ડાહ્યો શશલો, એક પર્વતના શિખર ઉપર ચડી હાથી પ્રત્યે બોલ્યો; "અયે ગજેન્દ્ર! હું મહાત્મા ચન્દ્રમાનો દૂત છું. ચન્દ્રમાએ તમને મારે મુખે કહેવરાવ્યું છે કે, 'ચન્દ્રસર નામનું શીતળ સરોવર મારું નિવાસભવન છે અને ત્યાં જે શશલાંઓ રહે છે તેનો હું રાજા છું—તેમ તે સર્વ મને (બહુ) પ્યારાં છે. આ શીતળ સરોવરમાં રહેવાથી મારું નામ શીતાંશુ (શીતળ કિરણવાળો)પડયું છે; અને શશલાનો રાજા હોવાથી હું શશી નામથી પ્રખ્યાત થયો છું. તે તળાવ તેં પાયમાલ કરી નાંખ્યું, અને મારાં પ્રિય શશલાં મારી નાખ્યાં તે તેં ઘણું ખોટું કીધું છે! હવે ફરીથી



જો એવું કામ કરીશ તો તને હું તેનું ફળ સત્વર ચખાડીશ!" હસ્તિરાજ ચન્દ્રના પ્રપંચ કુશળ દૂત શશલાના મુખથી આવાં વચન સાંભળી, ભયથી કાંપતો કાંપતો બોલ્યો; "મારે ભગવાન્ ચન્દ્રમા પૂજવા યોગ્ય છે, માટે તેમને કહેજે કે, હવે ફરીને હું એવું કામ કરીશ નહીં." શશલો બોલ્યો; "હે મિત્ર ! હવે મારી સાથે ચાલ, હું તુને ચન્દ્રમાનાં દર્શન કરાવું. તું તેની પ્રાર્થના કર એટલે તે શાંત થશે!" આ પ્રમાણે હાથીને કહી, તે તેને તળાવ તરફ લઈ ગયો; અને તેમાં પડેલું ચન્દ્રમાનું બિંબ બતાવ્યું. જ્યારે હસ્તિરાજાએ ચન્દ્રમાના મંડળને જોયું ત્યારે તે કંપતો કંપતો તેને પગે પડ્યો ને અપરાધની ક્ષમા માગી, વનમાં ચાલ્યો ગયો. તે ફરી પાછો તે તળાવ તરફ આવ્યો જ નહીં. શશલાનો રાજા શિલીમુખ આ સર્વ પ્રત્યક્ષ જોઈ, તે વિજય શશલો, જે દૂત કાર્ય માટે ગયો હતો તેને માન આપી, તે વનમાં નિર્ભયપણાથી રહેવા લાગ્યો.

આટલું કહી તે કાગડો ફરીથી સઘળાં પક્ષીઓ પ્રત્યે બોલ્યો; "જેના નામથી જ તેની પ્રજાને કોઈ દુઃખ સંકટ આપી શકે નહીં તેનું નામ તે રાજા. તો હવે આ ઘુવડ, કે જે દિવસે દેખતો નથી, વળી જાતે ઘણોજ હલકો છે, વળી રૂપેરંગે લજામણો છે, વળી જેનો સ્વર ત્રાસદાયક છે ને અપશુકનીયાલ છે, તેને રાજ્યાભિષેક કેમ કરો છો? જે પ્રાણી હલકો હોય તે વિશ્વાસ કરવા લાયક ગણાતો નથી. એ વિષયમાં આ એક કથા સાંભળો.

## કપિંજલ, શશલું અને બીલાડાની કથા.

એક વખતે હું એક વૃક્ષ ઉપર રહેતો હતો અને મારી નીચેના ભાગમાં કપિંજલ પક્ષી પોતાની ડફ (બોહ) કરી તેમાં રહેતું હતું. તે એક વખતે કોઈ બીજી જગ્યાએ ગયું તે ઘણા દિવસ પર્યંત પાછું આવ્યું જ નહી. એ અરસામાં એક શશલો અહીં આવીને તેની ડફનો માલીક થઈ બેઠો ને તેમાં રહેવા લાગ્યો. કેટલાએક દિવસ વીત્યા કેડે પેલો કપિંજલ ત્યાં આવ્યો અને તે શશલાને કહેવા લાગ્યો; "આ ડફ મારી છે, તારી નથી, માટે તે ખાલી કર." આ પ્રમાણે બન્ને વચ્ચે ઝગડો થયો. એટલે તે બન્ને જણા પોતાની વાતનો નિર્ણય કરનાર કોઈ સભ્ય પુરુષને ખોળવા માટે નિકળ્યા. હું પણ આશ્ચર્ય પામીને છાનોમાનો તેનો નિર્ણય જાણવાની ખાતર તેની પાછળ પાછળ ગયો. તે બન્ને જણા જરા દૂર ગયા, એવામાં તળાવના કિનારા ઉપર એક બીલાડો, બગભકતનો વેશ ધારણ કરી ધ્યાનના ડોળમાં અર્ધ આંખ મીંચીને બેઠો હતો તેને જોયો, એટલે તે બન્ને જણા બોલ્યા કે; "આપ પવિત્ર સાધુ, તપસ્વી, નીતિમાન્ અને ધાર્મિક છો, તો અમારો ન્યાય કરો." તે સાંભળી બીલાડો વાણીથી નમ્રતા દર્શાવી બન્ને પ્રત્યે બોલ્યો; "હું તપથી દુબળો થઈ ગયો છું, તેથી કાને બરાબર સાંભળતો નથી, માટે તમે મારી નજીકમાં આવો. કોઈપણ તકરારમાં અન્યાયયુક્ત ચુકાદો આપવાથી આલોકમાંથી તથા પરલોકમાંથી ભ્રષ્ટ થવાય છે!" આ પ્રમાણે કહી તે બન્ને જણાને વિશ્વાસ ઉપજાવી, શશલાને તથા કપિંજલને પાસે તેડી, બન્ને જણાને સાથે જ તે ક્ષુદ્ર બીલાડાએ મારી નાંખ્યા.

"માટે આવા હલકું કર્મ કરનારા દુર્જન મનુષ્યો ઉપર વિશ્વાસ મૂકવો નહીં અને એ જ માટે અતિ દુર્જન આ ઘુવડ, જે મહા મોટો ચંડાળ છે તેને રાજા કરવો, એ તમને યોગ્ય નથી." આ

પ્રમાણે કાગડાએ પક્ષીઓને જણાવ્યું, એટલે પક્ષીઓ તેનું કહેવું કબુલ કરી, ઘુવડને અભિષેક કરવો છોડી દઈ, ઝટપટ આમ તેમ ઉડી ગયાં. પછી ઘુવડ ક્રોધ કરીને કાગડા પ્રત્યે બોલ્યો; "અલ્યા કાગડા! યાદ રાખજે બચાજી, આજથી અમે અને તમે જન્મો જન્મના શત્રુ થયા છીએ. હવે આપણે છેલ્લા રામરામ!" આટલું કહી વૈર ને ક્રોધથી ભરેલું ઘુવડ ત્યાંથી ઉડી ગયું, અને તે કાગડાએ, પોતાના મન સાથે વિચાર્યું કે મેં જે કહ્યું છે તે તદ્દન સત્ય છે, તોપણ ક્ષણભર તે ઉદાસ થઈ ગયો. બોલવા માત્રમાં અસહ્ય વૈર પેદા કરીને કયો માણસ સંતાપ કરતો નથી?

"આપણે લુલીના લવલવાટના દોષથી ઘુવડોની સાથે વૈર થયું છે." આ પ્રમાણે વૈર કારણ કહી ફરીથી ચિરંજીવી મંત્રીએ રાજાને કહ્યું; "મહારાજ! ઘુવડ ઘણા છે ને બળવાન્ છે. માટે તે કોઇનાથી જિતી શકાય તેમ નથી. જે ઘણા હોય છે તેનો જ વિજય થાય છે! તે ઉપર એક દૃષ્ટાંત સાંભળો.

## બ્રાહ્મણ, બકરું અને ઠગોની કથા.

એક બ્રાહ્મણે એક બકરું વેચાતું લીધું. તે બકરાને પોતાના ખભા ઉપર ઉપાડી, તે એક ગામથી બીજે ગામ જતો હતો, એવામાં માર્ગમાં કેટલાક ધૂતારાઓએ તે બ્રાહ્મણને દીઠો. તેઓને તેનું બકરું પડાવી લેવાની ઇચ્છા થઈ. પછી તે ધૂતારાઓમાંથી એક ધૂતારો આ બ્રાહ્મણ પાસે આવી, ઉશ્કેરાયલો હોય તેવો ડોળ કરી બોલ્યો, "અરે બ્રાહ્મણ ભાઇ! તમે આ કુતરાને કાંધે ઉપર કેમ ઉપાડ્યો છે? તેને છોડી દો." પેલો બ્રાહ્મણ તે સાંભળી તેનું અપમાન કરી, તેના કહેવાપર કંઈ પણ લક્ષ ન આપીને આગળ ચાલતો થયો. પછી બીજા બે ધૂતારા તે બ્રાહ્મણ પાસે આવી પેલા ધૂતારાની માફક જ તેને કહેવા લાગ્યા, એટલે તે બ્રાહ્મણને સંશય થયો કે 'આ બકરું છે કે કુતરો?' તેથી શંકાસહિત તે બકરાની તરફ જોતો જોતો ચાલવા માંડયો. તેટલામાં વળી બીજા ત્રણ ધૂતારાએ તે બ્રાહ્મણની પાસે આવી કહ્યું કે; "વાહવાહ મહારાજ! આપ બ્રહ્મદેવ! જનોઇ પહેર્યું છે ને આ કુતરાને ખભા ઉપર ઉપાડી જાઓ છો! એ પણ ઠીક! ખરેખર તમે બ્રહ્મદેવ નથી, પણ પારધિ છો અને આ કુતરાથી મૃગનો શિકાર કરતા હશો!" તે સાંભળી તે બ્રાહ્મણ મનમાં વિચાર કરવા લાગ્યો કે, "મને ખરેખર કોઇ ભૂત વળગ્યું છે, તેણે મારી આંખો કાઢી લીધી છે ને તેનાથી હું ભમી ગયો છું. શું આ સઘળાં માણસોની દૃષ્ટિ જૂઠું જુવે છે?" આવો વિચાર કરી તે બકરાને જમીન ઉપર ફેંકી દઈ, તે બ્રાહ્મણ સ્નાન કરી, પોતાને ઘેર ગયો, અને તે ધૂર્ત લોકો પેલા બકરાને લઈ, પોતાની મરજી પ્રમાણે તેને ખાઈ ગયા.

આ પ્રમાણે જણાવી ચિરંજીવી કાકરાજને કહેવા લાગ્યો; "મહારાજ! આ પ્રમાણે ઘણા હોય અને બળવાન્ હોય તેનો પરાજય થતો નથી. તેથી આ બળવાન્ અને ઘણા જણની સાથે લડાઈ કરવામાં હું જે પ્રમાણે કહું તે પ્રમાણે તમે કરો. તમે મારી પાંખોને જરા તોડી નાંખી મને આ જ ઝાડની નીચે ફેંકી દઈ આ પર્વતની ઉપર ચાલ્યા જાઓ. હું મારું કામ સાધી પાછો આવું ત્યાં સૂધી ત્યાં જ મુકામ કરી રહેજો." ચિરંજીવીની યુક્તિ સાંભળી, કાગડાનો રાજા



મેઘવર્ણ તેમ કરવા કબૂલ થયો ને પછી ચિરંજીવીની પાંખોને જરા ઉખેડી નાંખી, તેને ઝાડ નીચે નાંખી દઈ, પોતાના પરીવાર સહિત પહાડ ઉપર ચાલ્યો ગયો; અને પ્રપંચી ચિરંજીવી પેલા વડના ઝાડની નીચે પડ્યો રહ્યો.

રાત્રિનો સમય થયો એટલે ઘુવડનો રાજા અવમર્દ, પોતાના સાથીઓ સાથે તે વડ ઉપર ચઢાઈ લૈ આવ્યો; અને તપાસ કરવા મંડ્યો તો તેણે એક પણ કાગડાને તે વડ ઉપર દીઠો નહીં. એ વખતે ચિરંજીવી ધીરે ધીરે ઝાડ નીચે રુદન કરવા લાગ્યો. તે સાંભળી, ઘુવડનો રાજા નીચે ઉતરી તેને તપાસવા લાગ્યો. તેને જોઈ તે રાજા ઘણો જ આશ્ચર્ય પામ્યો અને પૂછ્યું કે, "અરે! તું આ દશામાં કેમ પડ્યો છે?" ચિરંજીવી, જાણે પાંખો ગયાથી પીડાતો હોય તેમ ધીરે ધીરે, તે ઘુવડના રાજા પ્રત્યે બોલ્યો; "મહારાજ! મારું નામ ચિરંજીવી છે, અને હું કાગડાના રાજાનો પ્રધાન છું. તેણે મંત્રીઓની સંમતિ લઈ, તમારા ઉપર એકદમ હલ્લો કરવાની ઇચ્છા કરી હતી. પણ હું તે મંત્રી તથા બીજા મંત્રીઓનું અપમાન કરીને બોલ્યો કે; જો મને તમે રાજ્યવિચાર પૂછતા હો ને મારો વિચાર તમને માન્ય હોય તો, તમારે ઘુવડના બળવાન્ રાજાની સાથે યુદ્ધ કરવું નહીં. પણ જો તમે મારી નીતિને અનુમત થતા હો તો તમારે તેને નમીને શાંત કરવો!' તે સાંભળી કાગડાના રાજાએ કહ્યું; 'આ મૂર્ખ શત્રુપક્ષનો છે' અને પછી તે, મૂર્ખ મિત્રોની સાથે મળી જઈ, ક્રોધથી મારી પાંખો મરડી નાંખી; મારી આ દશા કરી મૂકી છે. તે મને ઝાડની નીચે નાંખી કોણ જાણે ક્યાંઈ ચાકરો સહિત ઉડી ગયો છે." આ પ્રમાણે કહી ચિરંજીવીએ નિઃશ્વાસ મૂકતાં ડચકીયાં ખાધાં, ને પોતાનું મસ્તક નીચું કરીને બેઠો. ઘુવડના રાજાએ પોતાના મંત્રીઓને પૂછ્યું; "હવે આપણે આ ચિરંજીવીનું શું કરવું?" તે સાંભળી દીપ્તનયન નામનો એક મંત્રી બોલ્યો; "સજ્જન પુરુષો ચોરને પણ બચાવે છે, અગર જો તેઓ સામાન્ય બાબતમાં પોતાના હિતચિન્તકને પણ બચાવતા નથી. આ સંબંધમાં એક ઉપકથા કહું છું તે સાંભળો.

## એક વૃદ્ધ સાહુકાર ને તેની સ્ત્રીની કથા.

પૂર્વે કોઇએક નગરમાં એક સાહુકાર રહેતો હતો. તે વૃદ્ધ હતો, છતાં પણ પૈસાના પ્રતાપથી પોતાની ન્યાતની એક વાણીઆની સુંદર કન્યાને પરણ્યો હતો. જેમ ભ્રમરી વનમાં જે ઝાડને પુષ્પ આવવાનો સમય ચાલ્યો ગયો હોય તેવા ઝાડ ઉપર બેસતી નથી, તેમ આ કન્યા હંમેશાં શય્યા ઉપર જતી, પરન્તુ તે સાહુકારની વૃદ્ધવયને લીધે તેનાથી અવળું મુખ કરીને સૂતી હતી–તેનું આલિંગન કરતી જ નહતી.

એક વખતે રાત્રે પતિપત્ની બન્ને જણાં પલંગ ઉપર પોઢ્યાં હતાં, એવામાં તેના ઘરમાં એક ચોર આવ્યો. પેલી વાણીઆણીએ તેને જોયો એટલે તેનાથી ભય પામીને તે વાણીઆની તરફ પડખું ફરી તેને આલિંગન કરી સૂઈ રહી. વાણીઓ આ રીતે અભ્યુદય જોઈ આશ્ચર્ય પામ્યો, અને જ્યાં તેનું કારણ શોધવા આડીઅવળી દિશાઓમાં જુવે છે તો તે વાણીઆએ ખૂણામાં પેલા ચોરને ઉભેલો દીઠો; એટલે તે વાણીઓ બોલ્યો, "અલ્યા ચોરટા! તેં મારાપર

આજે ફક્કડ ઉપકાર કર્યો છે: માટે જા હું તને ચાકરો મારફતે મરાવતો નથી!" આમ કહી, તેણે ચોરનો બચાવ કરી, તેને ત્યાંથી હાંકી કાઢ્યો.

"માટે આ જ રીતે આપણે ઉપકાર કરનારા **ચિરંજીવી**ની રક્ષા કરવી જોઇએ." આ પ્રમાણે કહી **દીપ્તનયન** મંત્રી બોલતો બંધ પડ્યો. પછી ઘુવડના રાજાએ **વક્રનાસ** મંત્રીને પ્રશ્ન કર્યો કે; "હવે મારે શું કરવું, તે તમે સાચેસાચું કહો." **વક્રનાસ** બોલ્યો; "આ શત્રુની મર્મ બાબત જાણે છે, માટે આપણે પાસે રાખવા લાયક છે. આ મંત્રી અને તેના રાજા વચ્ચે જે વૈર થયું છે તે આપણું કલ્યાણ જ કરશે. હે મહારાજ! એ વિષય ઉપર એક કથા તમને કહું છું, તે સાંભળો.

## બ્રાહ્મણ, ચોર તથા રાક્ષસની કથા.

એક ઉત્તમ બ્રાહ્મણને દાનમાં બે ગાય મળી હતી. તે ગાયો એક ચોરના જોવામાં આવી. એટલે તે ગાયો ચોરવા માટે વિચાર કરવા લાગ્યો. બન્યું એમ કે તે જ વખતે એક રાક્ષસ તે બ્રાહ્મણને ખાવાની ઇચ્છા કરતો હતો. પોતપોતાનું કામ પાર પાડવા માટે ચોર અને રાક્ષસ બન્ને જણા તે જ રાત્રીના સાથે નિકળ્યા. જતાં જતાં માર્ગમાં મળ્યા અને પરસ્પર પોતપોતાની વાર્તા જાહેર કરી, તે બ્રાહ્મણને ઘેર સાથે જ ગયા. ત્યાં ગયા પછી, બન્નો પોતપોતાના કાર્યના અનુક્રમ માટે તકરાર કરવા લાગ્યા. ચોર બોલ્યો; "રાક્ષસરાજ! તું જો પ્રથમ બ્રાહ્મણને પકડીશ અને કદાચ તે જાગશે તો હું તે બે ગાયને કેમ લઈ શકીશ? માટે હું ગાયને પ્રથમ લઇ જઈશ!" રાક્ષસ બોલ્યો, "ચાલ ચાલ લપોડશંખ, એમ નહીં બને, તું ગાયને લઈ જાય તે વખતે ગાયની ખરીનો ધ્વનિ થાય તેથી બ્રાહ્મણ જાગી ઉઠે, તો મારો પરિશ્રમ વ્યર્થ નહીં જાય કે? પ્રથમ હું બ્રાહ્મણનું હરણ કરી જાઉં, પછી તું ગાયને ભલે લઇ જજે." આ પ્રમાણે તે બ્રાહ્મણના ઘરમાં પેસીને બન્ને જણા વિવાદ કરતા હતા, એવામાં બ્રાહ્મણ જાગૃત થયો અને ઉભો થઈ તરવાર લઇ રક્ષોઘ્ન મંત્ર ભણવા લાગ્યો, એટલે તે ચોર અને રાક્ષસ બન્ને જણા ત્યાંથી પલાયન થઈ ગયા.

"જે પ્રમાણે ચોર અને રાક્ષસ વચ્ચે કલહ થયો, તે બ્રાહ્મણને હિતકારક થઇ પડ્યો હતો; તેમ જ કાગડાના રાજાની અને તેના મંત્રીની વચ્ચે જે કલહ થયો છે તે આપણનું હિત કરનાર થઈ પડશે." આ પ્રમાણે **વક્રનાસે** ઘુવડરાજને જણાવ્યું, એટલે તે રાજાએ પોતાના મંત્રી **પ્રાકારકર્ણ**ને પૂછ્યું. તે પણ બોલ્યો; "મહારાજ! આ **ચિરંજીવી** આપણે શરણે આવ્યો છે, માટે આપણે તેનું પોષણ કરવું જોઇએ. પૂર્વે **શિબી** રાજાએ શરણાંગતને માટે પોતાનું માંસ આપ્યું હતું!"* ઘુવડરાજે, **પ્રાકારકર્ણ**નું આ પ્રમાણે કહેવું સાંભળી, પોતાના મંત્રી **ક્રૂરલોચન**ને સલાહ પૂછી. તેણે પણ તેવી જ સલાહ આપી. પછી ઘુવડરાજે **રક્તાક્ષ** નામના મંત્રીને પણ તે જ પ્રશ્ન કર્યું. **રક્તાક્ષ** મહા બુદ્ધિશાળી હતો. તે વિચાર કરી બોલ્યો; "મહારાજ! આ મંત્રીઓએ ન્યાય વિરુદ્ધ સલાહ આપી, તમને પાયમાલ કરી નાંખવા ધાર્યા છે. જેઓ નીતિનિપુણ પુરુષો છે તેઓ કદી પણ વંશ-

* આ કથા સાતમા તરંગમાં જોવી.



પરંપરાના શત્રુપર વિશ્વાસ મૂકતા નથી! મૂર્ખ હોય છે તે પ્રત્યક્ષ દોષ દેખે છે, છતાં કૃત્રિમ ખુશામતથી ખુશી થાય છે. એ ઉપર એક કથા કહુંછું.

## સુતાર અને તેની સ્ત્રીની કથા.

એક સુતાર હતો. તેને પોતાની સ્ત્રી ઘણી જ પ્રિય હતી. તે સુતારે પાડપડોસીથી સાંભળ્યું કે તેની સ્ત્રી પરપુરુષ સાથે પ્રેમમાં પડેલી છે. તે ઉપરથી ખરી વાતનો નિર્ણય કરવા માટે તેણે એક વખતે પોતાની સ્ત્રીને કહ્યું; "મારી પ્યારી! રાજાની આજ્ઞાથી મારા પોતાના વેપાર કાર્યાર્થે હું ઘણે દૂર જવાનો છું, માટે તું મને સાથવો વગેરે કંઇક ભાતુંપોતું કરી આપ!" તેની સ્ત્રીએ 'બહુ સારું' એમ કહીને તેને ટીમણ વગેરે ખાવાનું તૈયાર કરી આપ્યું, અને તે સુતાર એક સાગરીદને સાથે લઇ ઘરની બહાર નિકળી પડ્યો,–પણ કોઈ જાણે નહીં તેમ છાનોમાનો પાછો આવી, ઘરમાં તેની સ્ત્રી જુવે નહીં તેમ, પોતે અને સાગરીદ બન્ને જણા શય્યાની નીચે સંતાઈ ગયા. પતિ ગયા પછી પેલી સ્ત્રીએ પોતાના જારને તેડાવ્યો. તે છેલ પુરુષ ઘરમાં આવ્યો, ત્યારે તેને પેલી સુતારણે ઘણા પ્રેમથી દાખલ કીધો. પણ તે જ્યાં શય્યા ઉપર સૂઈ તેની સાથે વિહાર કરવા તૈયાર થાય છે ને તે જારને પ્રેમાલિંગન કરવા જાય છે, તેવામાં તે પાપિણી સ્ત્રીનો પગ તેના પતિને અડક્યો, એટલે તે ચેતી, ત્યાંથી દૂર થઈ ગઈ. પેલો તેનો પ્રીતમ કામાતુર થઈ ગયો ને એક ક્ષણ પછી તે સ્ત્રીને પૂછવા લાગ્યો; "પ્યારિ! બોલ, હું તને પ્યારો કે તારો પતિ?" તે સાંભળી કપટ-વિદ્યામાં કુશળ તે સ્ત્રીએ પોતાના પ્રીતમને કહ્યું; "મને મારો પતિ અત્યંત પ્રિય છે. તેને માટે હું મારા પ્રાણ પણ તજી દઉં! જોકે આ મારી નિમકહરામી છે–પણ તે સ્ત્રી જાતિમાં સામાન્ય છે; તે વિશે હું શું કહું? સ્ત્રીઓમાં તો આ ઘણી નઠારી ટેવ છે, તે કેમે કરી ટળવાની હતી ખરી કે? નહીં જ. જો સ્ત્રીઓને નાક ન હત તો તે અપવિત્ર મળમૂત્ર પણ ખાત!" જ્યારે તે સુતારે, પોતાની વ્યભિચારિણી સ્ત્રીનું આવું છળપ્રપંચ ભરેલું ભાષણ સાંભળ્યું, ત્યારે તે એકદમ શય્યા નીચેથી બહાર નિકળ્યો, ને પોતાના ચેલાને કહ્યું, "તેં આ સર્વે જોયું છે ને તું મારો સાક્ષી છે. જો કે મારી સ્ત્રીએ આ પ્રીતમ રાખ્યો છે, તે છતાં તે મને પ્રાણસમાન ગણે છે, ને મારા પ્રત્યે ઘણો પ્રેમ ધરાવે છે; તેથી હું એને મસ્તકપર ચઢાવું છું!" તે મૂર્ખના પુછડાએ આ પ્રમાણે કહી, તુરત જ પોતાના ચેલાની મદદથી તે બન્ને જણાને પલંગસાથે ઉપાડી માથે ચઢાવ્યાં.

આ પ્રમાણે મૂર્ખનો મહીપતિ પ્રત્યક્ષ દોષ જુવે છે, તોપણ છળપ્રપંચ ભરેલા વેણથી ભોળવાઈ જાય છે, અને હાસ્યને પાત્ર થાય છે. હું કહું છું કે, આ **ચિરંજીવી**, શત્રુ પક્ષનો છે, તેથી તમારે રક્ષા કરવા લાયક નથી. મહારાજ! તમે જો તેનાથી બેદરકાર રહેશો તો રોગ જેમ ઝાડનો નાશ કરે છે, તેમ એ તમારો નાશ કરશે!" આ પ્રમાણે **રક્તાક્ષ**નાં વચનો સાંભળી ઘુવડનો રાજા બોલ્યો; "આ સજ્જન કાગડો આપણું હિત કરવા ગયો, તેમાં આવી અવસ્થામાં આવી પડ્યો છે, માટે શું તે રક્ષણ કરવાને યોગ્ય નથી? કદી તે દુર્જનતા વાપરશે તો તે એકલો આપણું શું અનહિત કરી શકશે?" આ પ્રમાણે કહી ઘુવડરાજે, **રક્તાક્ષ**ની સલાહ માન્ય કરી નહીં; અને

તેણે **ચિરંજીવી** કાગડાને ધીરજ આપી પોતાના પાસામાં લીધો; ત્યારે **ચિરંજીવી** તે ઘુવડના રાજાને વિનતિ કરતો બોલ્યો; "મહારાજ! મારે આ અવસ્થામાં જીવવાનું શું પ્રયોજન છે? હવે મને કાષ્ઠ મંગાવી આપો, એટલે હું ચિતા ખડકી, તેમાં અગ્નિ નાંખીને બળી મરીશ. બળતાં પહેલાં હું અગ્નિદેવ આગળ પ્રાર્થના કરીશ કે કાગડાઓને વૈરનો બદલો વાળવા માટે મને ઘુવડ જાતિમાં જન્મ આપજો, કે જેથી મારા અંતઃકરણની ઇચ્છાઓ પાર પડે!" તે સાંભળી **રક્તાક્ષ** તેની મશ્કરી કરીને બોલ્યો; "અમારા મહારાજાની કૃપાથી તું સાજો થઇને વૈર વાળજે. અલ્યા કાગડા! તારે અગ્નિમાં બળી મરવાનું શું કામ છે? જ્યાં સૂધી તારામાં કાગડાનો સ્વભાવ છે, ત્યાં સૂધી તું ભવિષ્યમાં પણ ઘુવડ થઇશ નહીં. બ્રહ્માએ જેને જેવો બનાવ્યો છે તે તેવો જ થાય છે. તે ઉપર એક કથા સાંભળ!"

## મુનિ તથા ઉંદરડીની કથા.

પ્રાચીન કાળમાં એક પ્રતાપી મુનિ હતા. તેને શકરાના પંઝામાંથી પડી ગયેલી એક નાની ઉંદરડી એક સમયે મળી આવી. મુનિએ કૃપા કરીને પોતાના તપના પ્રતાપથી તેને નવયૌવના સ્ત્રી બનાવી દીધી. પછી તે કન્યાને લઇ મુનિ આશ્રમમાં આવ્યા. તે આશ્રમમાં રહી તે ઉંદરડી મોટી થઇ. જ્યારે તે ઉંદરડી તરુણાવસ્થાને પામી, ત્યારે તે મુનિએ તે કન્યાને કોઈ સમર્થ સાથે પરણવવાની ઇચ્છાથી સૂર્યને બોલાવ્યો, અને કહ્યું; "મારે આ કન્યા કોઈ પ્રતાપી પુરુષ સાથે પરણવવાનો વિચાર છે, તો તમે મારી કન્યાને પરણો." આ પ્રમાણે મુનિ કહી રહ્યા પછી, સૂર્યનારાયણ દેવ બોલ્યા; "મારા કરતાં પણ મેઘ મોટો છે, કારણ કે તે એક ક્ષણમાં મને ઢાંકી દે છે તેને એ કન્યા પરણાવો." તે મુનિએ સૂર્યને આજ્ઞા આપી મેઘને બોલાવ્યો અને તેને પણ કહ્યું કે, "મારી કન્યાનાં કોઈ પ્રતાપી સાથે લગ્ન કરવાનો મારો વિચાર છે, માટે તમને તેડાવ્યા છે." તેણે જવાબ દીધો કે, "મારા કરતાં પણ પવન વધારે પ્રતાપી છે. તે મને દિશાઓમાં ફેંકી દે છે, તેને એ કન્યા પરણાવો!" મુનિએ પવનને બોલાવ્યો; અને તેને પણ પ્રથમની માફક જ કહ્યું, એટલે પવન બોલ્યો; "મારાથી પણ ચલાયમાન કરી શકાતા નથી એવા મોટા પ્રતાપી પર્વતો છે!" મુનિરાજે એક મોટા પર્વતને બોલાવ્યો, અને તેને પણ પૂર્વાપેરે જ કહ્યું. ત્યારે પર્વતરાજ **હિમાલય**, મુનિ પ્રત્યે બોલ્યો, "મારા કરતાં ઉંદરો બળવાન્ છે; કારણ કે તે મને કાણા કરી મૂકે છે, તેને એ કન્યા પરણાવો!' આ પ્રમાણે દૈવતરૂપ જ્ઞાનીઓએ, મુનિને એક પછી એક પ્રત્યુત્તર આપ્યો, ત્યારે તે મુનિએ વનના એક ઉંદરને બોલાવ્યો, અને કહ્યું કે, "તું આ કન્યા સાથે લગ્ન કર." તે ઉંદરે કહ્યું, "હું લગ્ન તો કરીશ, પણ આ કન્યા મારા દરમાં કેમ પેસી શકશે, તેનો વિચાર કરો!" પછી તે મુનિ મનમાંને મનમાં બડબડ્યા કે "આ કન્યા પ્રથમની માફક ઉંદરડી બની જાય તો ઠીક!" આમ વિચારી તે કન્યાને તેના અસલ રૂપમાં ઉંદરડી બનાવી, ઉંદરની સાથે પરણાવી દીધી!

"આમ કોઈ પણ પ્રાણી ઉંચી પદવી મેળવ્યા છતાં પણ, જે જેવો હોય છે તે તેવો જ થાય છે. માટે હે **ચિરંજીવી**! તું કોઈ દિવસ ઘુવડ થઈ શકીશ નહીં." આ પ્રમાણે **રક્તાક્ષે** કહ્યું, એટલે



**ચિરંજીવી** મનમાં વિચાર કરવા લાગ્યો કે, "આ મંત્રી નીતિમાં નિપુણ છે, છતાં રાજાએ તેનું કહેલું માન્ય કર્યું નથી એ ઠીક જ થયું. આ બીજા સઘળા મંત્રીઓ તો મૂર્ખ જ છે, તો હવે મારું કાર્ય શિઘ્ર જ સિદ્ધ થશે." તે એવો વિચાર કરતો હતો, તેટલામાં ઘુવડરાજ **અવમર્દ**, પોતાના બળનો ગર્વ કરી, રક્તાક્ષના બોલવા ઉપર વિચાર કર્યા વિના જ તે કાગડાને લઈ પોતાના કિલ્લામાં ગયો. ત્યાં **ચિરંજીવી**ને માંસાદિક ખવરાવી તેનું પોષણ કર્યું અને **ચિરંજીવી** પણ તેની સમીપમાં રહી, થોડા સમયમાં મનોહર પાંખવાળો થઈ ગયો.

એક દિવસે **ચિરંજીવી** કાગડાએ, ઘુવડરાજને કહ્યું; "હે મહારાજ! હવે હું જાઉં છું; અને કાગડાના રાજા **મેઘવર્ણ**ને તેના કાર્યમાં ઉશ્કેરી, તેના પોતાના નિવાસસ્થાન ઉપર લઈ આવું છું. તમે રાત્રીએ આવી તેના ઉપર હલ્લો કરીને તેનો નાશ કરી નાંખજો, એટલે તમે જે મારા ઉપર ઉપકાર કર્યો છે તેનો મેં બદલો વાળ્યો એમ સમજીશ. વળી કાગડાઓ તમારાપર ચઢાઈ કરીને આવે તે માટે તમે સર્વે, દિવસે માળાની અંદરના ભાગમાં રક્ષા કરીને રહેજો અને માળાનું બારણું ખડ વગેરેથી ઢાંકી દેજો." આ પ્રમાણે કહી, ઘુવડોને ગુફામાં ઘાલી, તેનું બારણું ખડ અને પાંદડાં વગેરેથી ઢાંકી, **ચિરંજીવી** પોતાના રાજા **મેઘવર્ણ**ની પાસે ગયો. તેણે સઘળી બીના **મેઘવર્ણ**ની આગળ જણાવી. સઘળા કાગડાઓ ચાંચમાં સળગતું એક એક લાકડું લઈ ઉડ્યા. **ચિરંજીવી** પણ મસાણની ચિતામાંથી એક સળગતું લાકડું ચાંચમાં પકડીને તે કાગડાઓની સાથે ઉડ્યો! અને જ્યાં દિવાંધ ઘુવડોની ગુફા, જે ખડ પાદડાં વગેરેથી ઢાંકેલી હતી ત્યાં આવી, તેમાં અગ્નિ લગાડીને તે ગુફાનાં બારણાંને સળગાવ્યું. બીજા સઘળા કાગડાઓએ પણ તે જ ક્ષણે પોતાની ચાંચમાંની સળગતી લાકડીઓ તે અગ્નિમાં હોમી અને ઘુવડોને અને તેના રાજાને બાળી મૂક્યા!*

આ પ્રમાણે કાગડાનો રાજા **મેઘવર્ણ** ઘુવડોનો નાશ કરી, ઘણો ખુશી થતો પોતાના કાગસમૂહની સાથે, કિલ્લારૂપ વડવૃક્ષ ઉપર આવીને રહ્યો. ત્યાં **ચિરંજીવી**એ શત્રુની અંદર રહેવાની પોતાની સર્વ હકીકત કાકરાજા **મેઘવર્ણ**ને સભળાવી. પછી કહ્યું; "મહારાજ! તમારા શત્રુ **અવમર્દ** ઘુવડ રાજા પાસે, **રક્તાક્ષ** નામનો એક જ મંત્રી બુદ્ધિશાળી હતો; પરન્તુ મંદબુદ્ધિ રાજાએ તેનું કહેવું કબૂલ કર્યું નહીં અને મારા સંબંધમાં બેદરકાર રીતે વર્ત્યો. કારણ તે ઘુવડ રાજા શઠ હતો, માટે તેણે રક્તાક્ષનું વચન નિષ્પ્રયોજન ગણી તેનું કહેવું માન્યું નહીં તેને લીધે અને મેં તે અવિનયી મૂર્ખ ઘુવડરાજને ફોસલાવીને છેતર્યો હતો! જેવી રીતે સર્પે કપટથી દેડકાઓને અનુસરી, તેનો વિશ્વાસ બેસારી, જેમ ઠગ્યાં હતાં તેમ જ મેં પણ ઘુવડોને ઠગ્યા છે.

## સર્પ અને દેડકાની કથા.

એક ઘરડો સર્પ હતો, તે મનુષ્યના અવરજવરવાળા તળાવના કિનારાપરથી, શ્રમ વગર દેડકાં મેળવી શકતો નહોતો. એક સમે તે વિચાર કરી તળાવના કિનારા ઉપર જઇ, હાલ્યા ચાલ્યા વગર સ્થિર થઈ પડી રહ્યો. તે તળાવમાં છેટે વસનારાં દેડકાંઓ, સર્પને આ પ્રમાણે

* 'મુદ્રારાક્ષસ' નાટકમાં ચાણક્યના સાગ્રીદોએ ચિરંજીવીના જેવી જ રાજનીતિ વાપરી હતી.

પડેલો જોઈ, તેને પૂછવા લાગ્યાં; "અરે ભાઈ સર્પરાજ! બોલ ભાઈ, તું આગળની પેઠે હવણાં અમને શા માટે ખાતો નથી?" આ પ્રમાણે તે દેડકાંઓએ પૂછ્યું એટલે સર્પે ઉત્તર આપ્યું; "હું એક વખતે એક દેડકાની પાછળ દોડતાં દોડતાં, દેડકાના ભ્રમથી બ્રાહ્મણના દીકરાના પગના અંગુઠાને કરડયો, તેથી તે બ્રાહ્મણનો દીકરો મરણ પામ્યો. પછી તેના પિતાએ મને શાપ દીધો કે, "જા, તું દેડકાનું વાહન થા!" આ શાપને લીધે હું તમને કેમ ખાઈ શકું? હું તો ઉલટો તમને ઉપાડનારો થયો છું!" તે સાંભળી દેડકાનો રાજા હતો, તે તેના ઉપર ચઢવાને આતુર થઈ, હર્ષથી પાણીની બહાર નિકળી, નિર્ભયતાથી તે સર્પ ઉપર ચઢી બેઠો અને વાહનનું સુખ ચાહનારા તેના કાર્યભારી વગેરે પણ તેના ઉપર ચઢી બેઠા. પછી તે સર્પ, તે સઘળાને આડો અવળો ફેરવવા લાગ્યો. થોડીક વાર પછી તે સઘળાં દેડકાંને નીચે ઉતારી, પોતાના શરીરને લથડી ગયા જેવું કરી, લુચ્ચાઈમાં તે સર્પ બોલ્યો;–"મહારાજ! હું ભોજન વગર ચાલી શકતો નથી; માટે મને કંઈક ખોરાક ખાવા માટે આપો. ચાકર આજીવિકા વગર કેમ જીવી શકે?" તે સાંભળી જેને વાહન ઘણું જ ગમતું હતું તે દેડકાનો રાજા બોલ્યો; "સર્પ, જો તું ભુખ્યો હો તો થોડાંક દેડકાં, જે મારાં ચાકર છે તેને ખા!" પછી તે સર્પ, પોતાની મરજી પ્રમાણે દેડકાં ખાવા લાગ્યો, અને દેડકાંનો રાજા, જે સર્પરૂપ વાહનના અભિમાનમાં આંધળો બની ગયો હતો તે સર્વ સહન કરવા લાગ્યો, પરંતુ કંઈ બોલી શકયો નહીં.

"ડહાપણવાળો માણસ મૂર્ખની મંડળીમાં જઈ મૂર્ખને છેતરે છે. એ જ પ્રમાણે હે મહારાજ! મેં પણ ઘુવડની ટોળીમાં દાખલ થઈ તમારા શત્રુઓનો સંહાર કર્યો છે. માટે રાજાએ હંમેશાં સાવધાનતાથી નીતિમાં નિપુણતા મેળવવી. રાજા નીતિમાં નિપુણ ન હોય, પણ જડ હોય છે તો તેના ચાકરો પોતાની મરજી પ્રમાણે તે રાજાને ફોલી ખાય છે અને શત્રુઓ તેને પાયમાલ કરી નાંખે છે. હે મહારાજ! લક્ષ્મી હંમેશાં જુગાર જેવી માયાવી છે; પાણીની લેહેર માફક છે ચંચળ અને મદિરાની માફક મોહ ઉપજાવનારી છે. માટે જે રાજા, ધીર હોય, સારો વિચાર કરનારો હોય, વ્યસન રહિત હોય, વિશેષ વ્યવહારનિપુણ હોય, તેની પાસે લક્ષ્મી પાશમાં બધાણી હોય તેમ રહે છે. માટે હવે, તમોએ સાવધાન થઈ, વિદ્વાનોના વચન ઉપર લક્ષ આપી, શત્રુનો નાશ કર્યો છે, તેથી અત્યંત પ્રસન્ન ને સુખી થયા છો, તો શત્રુ રહિત રાજ્યનું રક્ષણ કરો!" આ પ્રમાણે ચિરંજીવી મંત્રીએ મેઘવર્ણ રાજાને કહ્યું. તે પછી કાગડાના રાજાએ તેને માન આપી તેના કહેવા પ્રમાણે રાજ્ય કરવા માંડ્યું.

આ પ્રમાણે ગોમુખે નરવાહનદત્તને કહ્યું ને પછી બોલ્યો; આ પ્રમાણે જ પક્ષીઓ પણ બુદ્ધિથી રાજ્ય ભોગવે છે; પણ જેમાં બુદ્ધિ નથી એવા લોકોની મનુષ્યો સદાકાળ મશ્કરી કરે છે તે ઉપર એક કથા કહું છું.

## મૂર્ખ ચાકરની કથા.

એક ધનવંત શેઠને ત્યાં એક જડબુદ્ધિ ચાકર રહેતો હતો. તેને જરાએ અંગમર્દન કરતાં આવડતું નહોતું, છતાં અભિમાનથી કહેતો કે, હું અંગમર્દન ફક્કડ રીતે કરી જાણું છું! પછી અંગમર્દન



કરતાં તેણે પોતાના શેઠની ઘણી ચામડી ઉખેડી નાંખી તેથી ખીજવાઈ તેના શેઠે તેને રજા આપી, ત્યારે તે અફસોસ કરવા લાગ્યો.

"સાચી વાત તો એ છે કે કેટલાક મનુષ્યો કેવળ મૂર્ખાશાહ હોય છે, પણ પોતાને ડહાપણના ડીંગળા ગણે છે. તેઓ જે કામ કરે છે તેમાં વગોણાપાત્ર થાય જ છે અને પરિણામે પોતાના નાશ હોરે છે. એપર ટુંકામાં એક બીજી વાત સાંભળો.

## બે મૂર્ખ ભાઈની કથા.

માળવામાં બ્રાહ્મણ જાતિના બે ભાઈઓ રહેતા હતા. તેમણે પોતાના પિતાના નાણાનો ભાગ પાડ્યો ન હતો, પણ સર્વ ધન એકઠું રાખ્યું હતું. જ્યારે તે બન્ને ભાઈઓ પોતાના પિતાની મિલકતનો ભાગ પાડવા લાગ્યા, ત્યારે તેઓ વચ્ચે ઓછી અદકી વસ્તુ માટે તકરાર ઉઠી. તેનો નિવેડો આણવા તેઓએ એક વેદવેત્તા ઉપાધ્યાયને મધ્યસ્થ ઠરાવ્યો. તેણે તે બન્ને ભાઈઓને કહ્યું; "તમે બન્ને જણા દરેક વસ્તુના સરખા અર્ધા અર્ધા ભાગ કરીને લ્યો કે જેથી કરી તમારે ઓછા વધતાની તકરાર જ થાય નહીં." તે સાંભળી બન્ને મૂર્ખ ભાઈઓએ ઘર, શય્યા, વાસણ, ઢોરઢાંખર વગેરે સર્વ વસ્તુના બબ્બે કટકા કરીને વેહેંચી લીધાઃ તેમના પિતાની એક લોંડી હતી તેના પણ બે કટકા કર્યાં. તે વાત રાજાના જાણવામાં આવી, એટલે રાજાએ તે બન્ને મૂર્ખને શિક્ષા કરી, તેમનો સઘળો માલ લુંટી લીધો.

મૂર્ખાશાહો ઉપદેશ ન સમજવાથી, આલોક અને પરલોક બન્નેમાંથી ભ્રષ્ટ થાય છે. માટે ડાહ્યા પુરુષે મૂર્ખની સેવા કરવી નહીં, પણ પંડિતની સેવા કરવી. વળી અસંતોષ મહા અનર્થકારક છે; તે વિશે એક કથા સાભળો.

## અસંતોષી સંન્યાસીની કથા.

કેટલાએક ભટકતા સંન્યાસીએ, ભિક્ષાન્નમાં સંતોષ માની ખૂબ રુષ્ટ પુષ્ટ રહેતા હતા, પણ અસંતોષ શરીરને કૃશ કરી નાંખનાર છે તેવો તેમને એક વખત આવ્યો. કેટલાએક મિત્રો, આ ભિક્ષા ઉપર નિર્વાહ કરનારા શરીરે સુખી સન્યાસીને જોઈ પરસ્પર કહેવા લાગ્યા; "વાહ! આ સન્યાસીઓ ભિક્ષા માગીને ખાય છે, પરંતુ શરીરે તો ખૂબ લઠ્ઠ પઠ્ઠ રાતી રાયણ જેવા–હલ મસ્ત બન્યા છે. તે સાંભળી, એ સર્વમાંથી એક માણસ બોલ્યો, "ચાલો, હું તમને એક કૌતુક બતાવું. હું તેઓને પહેલાનાં જ જેવું ભોજન કરાવ્યા છતાં, કૃશ કેમ બનાવું છું તે તમે જુઓ." આમ કહ્યા પછી તે, તે સંન્યાસીઓને નિમંત્રણ કરવા ગયા. તેઓને પોતાને ઘેર એક દિવસે તેડીને ઉત્તમ પ્રકારના છ રસવાળું ભોજન જમાડ્યું. પછી તે મૂર્ખ સંન્યાસીઓએ તે છ રસવાળાં મિષ્ટાન્નનું સ્મરણ કરી, ભિક્ષાન્ન ઉપર પૂર્ણ અભાવ આણવા માંડ્યો ને તેથી અંગે દુર્બળ બની ગયા. પછી તે સંન્યાસીને મિષ્ટાન્ન જમાડનારો પુરુષ, સન્યાસીઓને દુર્બળ જોઈ, પોતાના મિત્રોને તેઓને બતાવીને બોલ્યો, "અગાડી આ સંન્યાસીઓ ભિક્ષાન્ન ખાવાથી સંતોષમાં રહેતા

હતા ને તેથી ઘણા હૃષ્ટપુષ્ટ હતા; પરન્તુ જુઓ, તે હવણાં કેવા દુર્બળ થઈ ગયા છે ! આજે તેમને ભિક્ષાન્નપર અભાવ આવ્યો છે તેથી સુકાઇને સરકા જેવા બની ગયા છે! માટે ડાહ્યા પુરુષોએ સુખની વાંછા કરી સંતોષમાં મન રાખવું. અસંતોષ આ લોકમાં અને પરલોકમાં બન્ને ઠેકાણે ઉપરાઉપરી અતિ કઠિન સંતાપ આપે છે." આ પ્રમાણે તે પુરુષે મિત્રને ઉપદેશ આપ્યો, તેથી મિત્રોએ પાપના બાપ અસંતોષ તેનો ત્યાગ કરી દીધો. સત્સમાગમ કોને સુખકર થતો નથી? હે મહારાજ! હવે હું આપને સુવર્ણમુગ્ધની કથા કહી સમ્ભળાવું છું તે સાંભળો !

## સુવર્ણ મુગ્ધની કથા.

એક તરુણ પુરુષ પાણી પીવા માટે તળાવ ઉપર ગયો. તે તળાવના કિનારા ઉપર એક વૃક્ષની ઉપર સુવર્ણચૂડ નામનું પક્ષી બેઠું હતું. તેના સુવર્ણ રંગનું પ્રતિબિંબ તળાવના પાણીમાં પડતું હતું તે આ મૂર્ખના જોવામાં આવ્યું, તેથી તે મૂર્ખ, તે પ્રતિબિંબને સોનું માની, તે લેવા માટે તળાવમાં પેઠો. પરંતુ તે, તે સુવર્ણ લઈ શક્યો નહીં; કેમકે તળાવનું જળ તેના પેસવાથી હાલવા માંડ્યું હતું. જળમાં ઘડીકમાં સુવર્ણ દેખાતું ને ઘડીકમાં નહીં દેખાતું. તે જ્યારે કિનારે આવતો ને પાણી સ્થીર થતું ત્યારે ફરી, પાણીમાં સુવર્ણ દેખાવા લાગ્યું. તે વળી પાણીમાં જઈ ડૂબકી મારીને સુવર્ણના પ્રતિબિંબને પકડવાની ઇચ્છા કરવા લાગ્યો; પરન્તુ તેને કંઈ પણ હાથ આવ્યું નહીં. તેના બાપે આ પ્રમાણે તેને કરતાં દીઠો, એટલે પૂછ્યું; 'બેટા! આ તું શું કરેછે?" ત્યારે તે છોકરો બોલ્યો; "બાપા, આ તળાવમાં પેલું સોનું દેખાય છે, તે લેવા માટે હું મહેનત કરું છું." તેના બાપે તે મૂર્ખ છોકરાને ઠપકો આપી, ઝાડ ઉપર સોનેરી રંગનું પક્ષી બેઠું હતું તેની પ્રતિમા તળાવના જળમાં પડતી હતી તે જોઈ, તે પક્ષીને ઉરાડી મૂકી છોકરાને સમજાવ્યો કે, "એ સુવર્ણ ન હતું, પરંતુ પક્ષીની છાયા હતી જો ! પક્ષીની છાયા તળાવમાં પડતી હતી, તે પક્ષી ઉડી જવાથી હવે છાયા પડતી નથી ને સુવર્ણ દેખાતું નથી." આમ સમજાવી તે મૂર્ખાશાહને પોતાને ઘેર તેડી લાવ્યો.

માટે જે માણસ મૂર્ખ અને વિચાર વગરના હોય છે તે ખોટા જ્ઞાનથી અવશ્ય ભરમાય છે. શત્રુઓની મજાકને પાત્ર થાય છે; અને પોતાના મિત્રોને અફસોસ કરાવનારા થઈ પડે છે. હવે આ બીજા મૂર્ખ ચૂડામણિની કથા સાંભળો !

## પેટીની રક્ષા કરનારા મૂર્ખ ચાકરની કથા.

એક વાણીઓ ઊંટ ઉપર ભાર લાદી બીજે ગામ મુસાફરીએ જતો હતો. માર્ગમાં જતાં ઘણા ભારને લીધે તેનું ઊંટ બેસી ગયું, એટલે વાણીઓ પોતાના ચાકરો પ્રત્યે બોલ્યો; "અલ્યા ચાકરે ! હું હવણાં જઈ એક બીજું ઊંટ વેચાતું લઈ આવુંછું, કે જે ઊંટ આ ભારમાંથી અર્ધો ભાર ઉપાડશે. પણ તમે અહીંયાં જ રહેજો, અને આ માલ પડેલો છે તેને સાચવજો. અને જો ભોગજોગે વર્ષાદ આવે તો આ કપડાથી ભરેલી પેટીનાં ચામડાંને પાણીનો સ્પર્શ ન થાય તેની તપાસ રાખજો." આ પ્રમાણે કહી તે વાણિયો ઊંટ વિગેરેને ચાકરોના કબજામાં મૂકી ચાલતો થયો. તેના ગયા પછી અકસ્માત્ વાદળાં ચઢી આવ્યાં ને વર્ષાદ વર્ષવા લાગ્યો. ત્યારે તે મૂર્ખચૂડામણિઓ



માંહેમાંહે બોલવા લાગ્યા કે; "શેઠજી કહી ગયા છે કે પેટીના ચામડાને પાણી અડે નહી, તેમ તેની રક્ષા કરજો-આપણે હવે તેની રક્ષા કરવીજ જોઈએ!" તો આમ ડાહી ડાહી વાત કરી તે મૂર્ખોએ પેટીમાંથી વસ્ત્રો બહાર કાઢી તે ચાંમડાની પેટીને વીંટ્યાં. પરિણામ એ આવ્યું કે પાણી લાગવાથી તે લુગડાં તદ્દન બગડી ગયાં. જ્યારે વર્ષાદ રહી ગયો અને પેલો શેઠ ઊંટ લઇને આવ્યો, ત્યારે લુગડાં પાણીમાં ભીંજાઇને બગડી ગયાં હતાં તે જોઈ તે અત્યન્ત ક્રોધ કરીને ચાકરોને કહેવા લાગ્યો; "અરે ગધેડાઓ! આ શું કર્યું? આ પાણી શું? આ કપડા શાં? સર્વ કપડાંઓ વરસાદના પાણીમાં ભીંજાઇને બગડી કેમ ગયાં?" ચાકરોએ ઉત્તર આપ્યો; "વાહ શેઠજી ! આપે જ હુકમ કર્યો હતો કે પાણીથી પેટીના ચામડાનું રક્ષણ કરજો. અમે તેમ કર્યું તો તેમાં હવે અમારો શો દોષ છે?" શેઠ બોલ્યો; "ઓ મૂર્ખાઓ ! મેં શું એમ કહ્યું હતું કે? મેં તમને કહ્યું હતું તેની મતલબ એ જ કે ચામડું જો ભીનું થાય તો વસ્ત્ર પણ ભીનાં થાય અને બગડી જાય. માટે વસ્ત્રોની રક્ષા કરવા માટે જ ચામડાની પેટી સંભાળવાનું કહ્યું હતું, પણ ચામડાની રક્ષા કરવા માટે કહ્યું નહતું ! જાઓ મૂર્ખાઓ તમારું કાળું કરો !" આમ કહી વાણિઓ બીજા ઊંટ ઉપર ભાર લાદી પોતાને ઘેર આવ્યો, અને પોતાને થયલા નુકસાનના બદલામાં તે સઘળા ચાકરોની તમામ મીલકત લુંટી લીધી.

" આ પ્રમાણે જે માણસો સામા મનુષ્યના મનનો અભિપ્રાય જાણતા નથી અને મૂર્ખ હોય છે તે ઉલટું કામ કરી પોતાનો અને પારકાના અર્થનો નાશ કરે છે અને તદ્દન કઢંગો ઉત્તર આપે છે. હવે આપ ટુકામાં અપૂપિકા મુગ્ધની કથા સાંભળો.

## અપૂપ મુગ્ધની કથા.

કોઇએક વાટમાર્ગુએ એક પૈસાની આઠ પુરીઓ વેચાતી લીધી. તે પુરી લઇને તે ખાવા બેઠો. છ પુરી ખાધી ત્યાં સુધી તેનું પેટ ભરાયું છે એમ તેણે ધાર્યું નહીં, પણ જ્યારે સાતમી પુરી ખાધી ત્યારે તેનું પેટ ભરાયું, એટલે તે અક્કલના ઓથમીરે બુમો પાડીને રડવા માંડ્યું;–"હાય હાય ! મને છેતરી લીધીરે બાપલીયા ! મેં જો પ્રથમથી જ આ સાતમી પુરી ખાધી હોત તો હું પ્રથમથીજ તૃપ્ત થાત. પણ મેં મારી મેળેજ એ બીજી પુરીઓનો નાશ કર્યો છે, અને પહેલી છ પુરી મારી પાસે સંગ્રહી રાખી નહીં." આ પ્રમાણે હાય અફસોસ કરવા લાગ્યો, પણ સંતોષ બતાવ્યો નહીં. તે એટલુંએ સમજ્યો નહીં કે એકેક પછી એકેક પુરી ખાધી ત્યારે પેટ ભરાયું છે, પણ માત્ર સાતમી પુરીથી પેટ ભરાયું નથી. તેની આવી મૂર્ખાઈ ભરેલી વાર્તા સાંભળી સઘળાં માણસોએ તેને હસી કાઢ્યો.

"જે માણસ અક્કલના ઓથમીર હોય છે તે આવા નિષ્ફળ ગોટાળામાં પડે છે. હવે ચામડાની પેટી પેઠે દ્વાર રક્ષકની હાસ્યજનક કથા સાંભળો.

## દ્વારરક્ષક ચાકરની કથા.

એક વાણિયાએ પોતાના એક મૂર્ખ ચાકરને કહ્યું; "તું આ દુકાનના બારણાની ચોકી કરજે! હું એક ક્ષણમાં ઘેર જઇને પાછો આવુંછું." આ પ્રમાણે કહી તે વાણિયો ઘેર

ગયો અને પેલો મૂર્ખ ચાકર દુકાનમાં દેવાનાં પાટીઆં હતાં તે પોતાના ખભા ઉપર ચડાવી, નટ રમતા હતા તે જોવા માટે ગયો. તે નટની રમત જોઇ જ્યાં પાછો આવે છે, તેવામાં તેના શેઠે તેને દીઠો. વાણિઆ તેને વઢ્યો કે, "મૂર્ખા ! આ શું કર્યું?" ચાકર બોલ્યો, "શેઠજી ! એમ શું કહોછો? તમે મને બારણાની ચોકી કરવાનું કહી ગયા હતા તો મેં તેની બરાબર ચોકી કરી છે!" જે મૂર્ખ મનુષ્ય હોય છે તે એકલો શબ્દનો જ અર્થ જાણે છે, પણ તેનો ભાવાર્થ સમજતો નથી, તેથી અનર્થકારી થઈ પડે છે.

હવે તમે એક ચમત્કારી મહિષમુગ્ધની કથા સાંભળો.

### પાડો અને એક ભાભારામની કથા.

કેટલાએક ગામડીઆ ભીલ લોકો, એક માણસના પાડાને ગામની બહાર ભીલવાડાના એક વડના ઝાડ નીચે લઈ જઈ, મારીને ખાઇ ગયા. તે પાડાના માલિકે રાજાની પાસે જઈ ફરીયાદ કરી, એટલે રાજાએ પાડા ખાનારા ગામડીઆઓને પકડી મંગાવ્યા. પાડાનો માલિક, તે પાડો મારનારાની સમક્ષમાં રાજાની આગળ બોલ્યો; "મહારાજ ! આ લોકોએ તળાવની પાસેના વડના ઝાડ નીચે મારા પાડાને લઈ જઈ, મારી નાંખ્યો છે, અને મારી નજર આગળ તે મૂર્ખો તેને ચપાટી ગયા છે !" તે સાંભળી તેમાંનો એક મહામૂર્ખ ઘરડો ધુવડ ગામડીઓ હતો તે બોલી ઉઠ્યો; "મહારાજ ! એ શું ગોજું ગોજું બોલે છે? આ ગામમાં તળાવે નથી અને ક્યાંઈવડ પણ નથી, તો પછી એ જે કહે છે તે સાચું કેમ હોય? અમે તેનો પાડો ક્યાં માર્યો? અને ક્યાં ખાધો?" તે સાંભળી પાડાનો માલિક બોલ્યો; "શું? આ ગામની પૂર્વ બાજુએ વડવૃક્ષ નથી? અને તળાવે નથી કે? વિશેષમાં હું એટલું કહું છું કે તમોએ આ મહિનાની આઠમને દિવસે મારો પાડો માર્યો છે." આ પ્રમાણે વાદીનું બોલવું સાંભળી પ્રતિવાદીઓમાંના પેલા ઘરડા મૂર્ખ ધુવડે કહ્યું; "અમારા ગામમાં પૂર્વ દિશા જ નથી અને આથમણી પણ નથી, તો પછી બીજી વાત જ શી?" તેનું આવું બોલવું સાંભળી રાજા હસવા લાગ્યો, અને તે મૂર્ખ પ્રતિવાદીને ચઢાવવા માટે તે બોલ્યો: "અલ્યા ! તું તો બડો સત્યવાદી જણાય છે, અને જરાએ જૂઠું બોલતો નથી, તો હવે મને જરા ખરેખરું કહી દે કે તમે તેનો પાડો ખાધો છે કે નહીં?" તે સાંભળી તે મૂર્ખનો ઉસ્તાદ બોલ્યો: "હે રાજાજી ! હું મારો બાપ મરી ગયા પછી ત્રણ વર્ષે જન્મ્યો છું; અને તેણે જ મને બોલવાની ચતુરાઈ શીખવી છે, માટે મહારાજ ! હું કોઈ દિવસ જૂઠું બોલતો નથી. પણ સાચે સાચું કહું છું, કે અમે પાડો ખાધો તો છે, અને તે વાત ખરી છે! પણ બીજી વાત કરે છે તે તો નરાતાળ જૂઠું, રે બાપ ! જૂઠું !" તે સાંભળી રાજા હસવું રોકી શક્યો નહીં, તેથી ખડખડાટ હસી પડ્યો. પછી પાડાના માલિકને પાડો અપાવી, પેલા મૂર્ખ ભીલોને દંડ દીધો.

મૂર્ખ માણસો આ રીતે પોતાની મૂર્ખતાના અભિમાનમાં પોતાના ઉપર ખરો વિશ્વાસ બેસાડવા માટે, ગુપ્ત વાત બહાર પાડે છે અને પ્રસિદ્ધ વાતને ઢાંકવા માંગે છે!



### દરિદ્ર માણસની સ્ત્રીની કથા.

એક ક્રોધી સ્ત્રી પોતાના દરિદ્ર ભરથારને કહેવા લાગી; "મારા બાપને ત્યાં ન્યાત જમે છે, ત્યાંથી મને નિમંત્રણ આવ્યું છે, માટે કાલે સવારે હું મારે પિયર જઈશ. તેથી જો તમે મારે માટે એક કમળની માળા ક્યાંઈથી પણ લઈ આવશો નહીં, તો હું તમારી સ્ત્રી નહીં અને તમે મારા પતિ નહીં." સ્ત્રીનાં આવાં વચન સાંભળી, તે ગરીબ બ્રાહ્મણ રાત્રે કમળ લેવા માટે રાજાના તળાવ ઉપર ગયો. જેવો તે તળાવમાં ઉતરવા લાગ્યો, એટલે રાજાના ચોકીદારોએ પૂછ્યું; "અબે કોન હે તું?" બ્રાહ્મણે ઉત્તર આપ્યું:—"હું ચક્રવાક છું." પણ તે સાંભળી રાજાના સીપાઈઓએ તેને પકડી કેદ કર્યો અને પ્રભાતમાં રાજાની આગળ ખડો કીધો. રાજાએ તેને "કોણ છે?" એમ પૂછ્યું એટલે તે ચક્રવાકની પેઠે શબ્દ કરવા લાગ્યો. પછી રાજાએ આગ્રહપૂર્વક તેને પૂછ્યું કે, "તું શા માટે તળાવમાં આવ્યો હતો તે કહે." ત્યારે તે મૂર્ખે પોતાની વીતકવાર્તા કહી સંભળાવી, એટલે તે દયાળુ રાજાએ તે કંગાળ બ્રાહ્મણને છોડી મૂક્યો.

### મૂર્ખ વૈદની કથા.

એક મૂર્ખબુદ્ધિ વૈદ્ય હતો. તેને એક બ્રાહ્મણે કહ્યું, "મારો દિકરો ખુંધો છે, તેની ખુંધ બેસાડી આપ." તે સાંભળી વૈદ્ય બોલ્યો, "મને દશ પૈસા આપ, એટલે હું તે કામ કરી આપીશ, નહીં તો તને દશગણા પૈસા પાછા આપીશ." તે વૈદે તે બ્રાહ્મણ પાસેથી દશ પૈસા લીધા, પછી વૈદ્ય તેને પરસેવો આણીને સારો કરવા લાગ્યો, પરંતુ તેનું કુબડાપણું મટાડી સીધો કરી શક્યો નહીં, તેથી દશ ગણા પૈસા પાછા આપવા પડ્યા.

"આ જગતમાં કયો માણસ કુબડાને સીધો કરી શકે? જે વસ્તુ બની શકે તેવી ન હોય તે કરવા માટે જે કહેવું તે હાસ્યાસ્પદ થઈ પડે છે. બુદ્ધિમાન્ મનુષ્ય આવા મૂર્ખના માર્ગમાં કદી પણ ચાલતો નથી."

બુદ્ધિશાળી રાજકુમાર નરવાહનદત્ત, ભદ્રમુખ ગોમુખ મંત્રીના મુખથી આવી મનપસંદ, મૂર્ખા શાહોની કથા સાંભળ્યા પછી, મંત્રી ઉપર પ્રસન્ન થતો શયનગૃહમાં વિદાય થયો. કથાના વિનોદને લીધે શય્યામાં સૂતેલો નરવાહનદત્ત, જો કે શક્તિયશા ઉપર ઉત્કંઠિત હતો, તોપણ ધીમે ધીમે પોતાના સમોવડી મિત્રોની સાથે નિદ્રાવશ થઈ ગયો.

## તરંગ ૭ મો.

## નરવાહનદત્તને કહેલી કથાઓ.

બીજે દિવસે પ્રભાતમાં નરવાહનદત્ત ઉઠ્યો. તેને શક્તિયશાનું સ્મરણ થયું કે તરત જ ઉદાસીન થઈ ગયો. તે વિચાર કરવા લાગ્યો કે, એક મહિના પછી હું શક્તિયશાને પરણીશ, તોપણ

તે એક માસ તો મને એક યુગ જેવડો લાગે છે તેનું કારણ શું?" તેનું મન નવી વહુપર લદબદ થઈ રહ્યું, તેથી તેનું ચિત્ત કોઇ પણ વસ્તુથી પ્રસન્ન થયું નહીં. જ્યારે ગોમુખે, મિત્ર ઉપરના પ્રેમને લીધે, તેના પિતા વત્સરાજને આ વૃત્તાંત જણાવ્યો, ત્યારે તેણે પોતાના મંત્રીઓને અને તેની સાથે વસંતકને, નરવાનદત્તની પાસે મોકલ્યા. નરવાહનદત્ત, આવેલા મંત્રીઓની મોટાઇને લીધે ધૈર્ય ધારી બેઠો! પછી ગોમુખ મંત્રી, જે રાજપુત્રને વિનોદ વૈભવ ચખાડવામાં નિપુણ હતો, તેણે વસંતકને કહ્યું; "આર્ય વસન્તક ! યુવરાજના મનને આનંદ આપનારી કોઈ વિચિત્ર અને નવલ કથા તો કહો." ત્યારે નિપુણ વસંતકે, આ પ્રમાણે કથાનો આરંભ કીધો.

## યશોધર અને લક્ષ્મીધરની કથા.

પૂર્વે માળવામાં **શ્રીધર** નામનો એક પ્રખ્યાત બ્રાહ્મણ રહેતો હતો. તેને ત્યાં બે જોડીયા પુત્રો, સમાન ઘાટના અને સમાનરૂપના જન્મ્યા હતા. જે પ્રથમ જન્મ્યો તેનું નામ યશોધર હતું અને નાનાનું નામ લક્ષ્મીધર હતું. જ્યારે આ બન્ને ભાઇઓ તરુણાવસ્થાને પામ્યા, ત્યારે પિતાની આજ્ઞાથી વિદ્યા ભણવા માટે મુસાફરી કરવાને સાથે નિકળ્યા. ચાલતાં ચાલતાં એક મોટા રણમાં તેઓ પેઠા. એ વનમાં જળનું નામ ન હતું અને છાયાવાળાં વૃક્ષ પણ ન હતાં; પરંતુ તડકાને લીધે જમીન ઉપરની રેતી ધગધગી રહી હતી. આવા રણમાં ચાલવાથી ને માથે તડકો લાગવાથી તેઓને ખૂબ તૃષા લાગી, તેને લીધે તેઓ ઘણુંજ દુઃખ પામ્યા. ચાલતાં ચાલતાં આખરે સાયંકાળે એક ફળ, ફૂલ અને છાંયડાવાળાં વૃક્ષની નજદીક તેઓ આવી પહોંચ્યા. આ વૃક્ષની નજીકમાં એક શીતળ ને સ્વચ્છ પાણીથી ભરેલી વાવ હતી અને કમળોની સુગંધીથી તે બહેક બહેક થઈ રહી હતી. તેમાં ઉતરી બન્ને ભાઇઓએ સ્નાન કર્યું, પછી ભોજન કર્યું ને શીતળ જળનું પાન કરીને ટંડા થયા. પછી એક ખડકની પાટ ઉપર ક્ષણવાર વિશ્રામ કરવા માટે બેઠા. જ્યારે સૂર્યનારાયણ અસ્ત થયા ત્યારે બન્ને ભાઇઓએ સંધ્યાવંદન કર્યું. પછી વનવગડામાંના શિકારી પશુઓના ભયને લીધે બન્ને ભાઈ આખી રાત્રી ગાળવા માટે એક વૃક્ષ ઉપર ચઢી બેઠા. રાત્રીની શરુઆત થતાં જ તે બે ભાઇઓએ તે વાવના પાણીમાંથી કેટલાક પુરુષોને બહાર નિકળી આવતા જોયા. તેમાંના એક જણે જમીન સાફ કરી, બીજાએ જમીનને લીપી કાઢી, ત્રીજાએ લીપેલી ભૂમિ ઉપર પંચરંગી પુષ્પ વેર્યાં, ચોથાએ સોનાનો છત્રપલંગ લઈ આવી તે ઢાળ્યો, પાંચમાએ તેના ઉપર તળાઈ બીછાવીને તે ઉપર સફેત ચન્દ્રી જેવી ચાદર પાથરી. બીજા કેટલાએક જણે ફુલ, ચન્દન, પાન ને ઉત્તમ પ્રકારનાં ભોજન લઈ આવી તે વૃક્ષની નીચેના એક ભાગમાં મૂક્યાં. આ પ્રમાણે સર્વ સામગ્રી તૈયાર થયા પછી, રૂપમાં કામદેવનો પરાજય કરે તેવો, દિવ્ય આભૂષણથી અલંકૃત થયેલો એક પુરુષ, તરવાર ધારણ કરી, તે વાવમાંથી બહાર નિકળ્યો. જ્યારે તે ઢાળેલા પલંગ ઉપર જઈ બેઠો, ત્યારે તેના સેવકોએ તેના કંઠમાં પુષ્પની માળા પહેરાવી, પછી ચન્દન વગેરે ચર્ચી, તે જ વાવમાં પાછા ડૂબકી મારી ગયા. શય્યા ઉપર બેઠેલા પુરુષે પોતાના મુખમાંથી વિનીત વેશવાળી અને અત્યંત સૌંદર્યવતી એ સ્ત્રીને બહાર કાઢી. એક સ્ત્રીએ મંગળમાળા ને ઉત્તમ પ્રતિનાં આભરણ ધારણ કર્યાં હતાં. તે દૈવી પુરુષે જેમ આ કન્યાને મુખમાંથી કાઢી હતી તેવી



જ રીતે એક બીજી સ્ત્રીને પણ મુખમાંથી કાઢી. તે સ્ત્રી પણ અતિ કાંતિમાન્ અને ઉમદાં વસ્ત્ર તથા ઘરેણાંથી ઉજ્વળ શોભતી હતી. તે બન્ને તેની સ્ત્રીઓ હતી. પાછલી સ્ત્રી તેને પ્રાણ સમાન પ્રિય હતી. થોડીવાર પછી પહેલી સુશીલ સ્ત્રી, રત્નજડીત બે થાળમાં પોતાના પતિ અને શોકયને માટે ઉત્તમ ભોજન અને સરબત લઈ આવી, તે બન્ને સમીપ એક ચવરંગપર મૂક્યાં અને તે બન્ને જણાં જમવા બેઠાં, ત્યારે તે પોતે પણ તેમની સાથે જમવા બેઠી. ભોજન કરી રહ્યા પછી તેનો પતિ બીજી સ્ત્રી સાથે પલંગ ઉપર પોઢી, રતિક્રીડાના સુખનો અનુભવ લઈ નિદ્રાવશ થઈ ગયો. પ્રથમની સ્ત્રી પતિના ચરણ ચાંપવા લાગી, પણ બીજી સ્ત્રી, જે પતિ સાથે શય્યામાં સૂતી હતી તે જાગૃતાવસ્થામાં જ પડી રહી.

પેલા બ્રાહ્મણોના પુત્રોએ, આ સર્વ બનાવ વૃક્ષપર બેઠાં બેઠાં જોયો, ત્યારે પરસ્પર બોલ્યા; "આ કોણ છે ? અને બીજા જે વાવમાં અંતર્ધાન થઈ ગયા તે કોણ હતા ? એ વિશે નીચે ઉતરીને આ ચરણ ચાંપનારી સ્ત્રીને પૂછી જોઇએ, કેમકે આ સર્વે દૈવી જીવ હોવા જોઇએ !" આમ વિચારી બન્ને ભાઇઓ વૃક્ષ ઉપરથી નીચે ઉતર્યા ને જ્યાં પગ ચાંપનારી સ્ત્રીની પાસે જાય છે, તેવામાં શય્યાપર સુતેલી સ્ત્રીએ યશોધરને દીઠો: એટલે તે પોતાના નિદ્રાવશ પતિના પલંગ ઉપરથી તુરત ઉભી થઈ, કામાતુર થયેલી, પેલા રૂપાળા રાજવી બ્રાહ્મણ પ્રત્યે બોલી; "અલ્યા ઓ ! તું મારો પ્રિતમ થા !" યશોધર બોલ્યો; "ઓ ચંડાળણી ! તું પરસ્ત્રી છે ને હું પર પુરુષ છું, તો આવું કેમ બોલે છે ?" ત્યારે તે પતિપ્રાણવલ્લભા બોલી; "ચાલ ચાલ ડોઢડાહ્યા ! જાણ્યો તને. હું તો તારા જેવા હજારોની સાથે ખેલી ચૂકી છું, તો વળી પરપુરુષ ને પરસ્ત્રીની વાત શી કરે છે ? તું શા માટે ડરે છે. તને જો મારો વિશ્વાસ ન આવતો હોય તો જો મારી આગળ આ સો પ્રિતમની સો વિંટી છે તે. મેં એક પ્રીતમ પાસેથી એક એક વિંટી યાદગીરી તરીકે લીધી છે !"* આમ કહી તે સ્ત્રીએ પોતાના વસ્ત્રમાંથી વિંટીઓનો ઝુમખો કાઢી તેને બતાવ્યો. પછી યશોધર બોલ્યો; "તું સો, હજાર કે લાખની સાથે સમાગમ કરે, તેની મને કંઈ તમા નથી. પરંતુ મારે તો તું માતા બરાબર છે. હું બીજાના જેવો કામી નથી." આ પ્રમાણે કહી તે બ્રાહ્મણે તે સ્ત્રીનો અનાદર કર્યો. એટલે તે શઠ સ્ત્રી ગુસ્સે થઈ, પોતાના પતિને નિદ્રામાંથી જાગૃત કરી, રડતી રડતી, યશોધરને બતાવી બોલી: "સ્વામીનાથ, તમે નિદ્રાવશ હતા ત્યારે આ પાપીએ બલાત્કાર કરીને મારા પાતિવ્રત્યનો ભંગ કર્યો !" તે સાંભળી તેનો પતિ તરવાર ખેંચીને શય્યા ઉપરથી તે બ્રાહ્મણબાળને મારવાને ઉભો થયો, પણ તે જ ક્ષણે પેલી બીજી સ્ત્રી, જે પતિના ચરણ ચાંપતી હતી તે, પતિના બે પગ પકડીને બોલી; "નાથ ! મિથ્યા વચનપર વિશ્વાસ રાખીને પાપ કરો મા ! જરાક મારું કહેવું સાંભળો ! તમારી આ પાપિણી પ્રાણ વલ્લભાએ, જ્યારે એ પુરુષને જોયો, ત્યારે એ તમારા પડખામાંથી ઉઠી, ઉત્કંઠિત હૃદયે તેની પાસે ગઈ ને રતિકેલીની ઈચ્છા જણાવી. પરંતુ આ સત્પુરુષે તેનું કહેવું કબુલ રાખ્યું નહીં, અને તેણે, 'તું મારી માતા બરાબર છે' આમ

*અરેબીઅનના નાઈટ્સમાં શેહરીયાર ને શાહજમાન, દુનિયા ત્યાગ કરી જંગલમાં ગયા ત્યાં આવી જ સ્ત્રી મળી હતી. જુઓ "ગુજરાતી" પ્રેસનો અરેબીઅન નાઈટ્સનું પૃષ્ઠ ૧૨ મું.

કહી તેનું અપમાન કર્યું, તેથી નિરાશ થયેલી એ તમારી પ્રાણેશ્વરી ગુસ્સે થઈ, અને તેને મરાવવા માટે તમને જગાડ્યા છે. પ્રાણેશ ! આ સ્ત્રીએ મારી સમક્ષમાં, આ જ વૃક્ષ ઉપર આવી રહેલા અનેક છેલ પુરુષો સાથ સમાગમ કરી, તેમની પાસેથી યાદગારીમાં વિંટીઓ લઈ લીધી છે, પરંતુ તમને દ્વેષભાવ ના થાય આવા વિચારથી, મેં તમને કોઈ દિવસ પણ એ વાત જણાવી નથી. પરંતુ આજે, જરુરીયાતને લીધે જ મારે આ વાત વિદિત કરવી પડી છે, કેમકે તમે બ્રહ્મહત્યા કરવા તૈયાર થયા હતા. તમને મારા કહેવા ઉપર વિશ્વાસ ન હોય તો એના વસ્ત્રમાં વિંટીઓનો ઝુમખો છે તે જુઓ. વળી મારો સતીનો એ ધર્મ નથી કે પતિની આગળ જૂઠું વચન બોલવું. પ્રાણપતિ! મારા સતીપણાનો પ્રતાપ જોવો હોય તો જુઓ!" આ પ્રમાણે કહી તેણે ક્રોધથી પેલા વૃક્ષ તરફ જોયું કે તે તુરત બળી ગયું, અને પ્રેમનજર કીધી એટલે તે વળી નવપલ્લવ થઈ ગયું. તેના પતિએ આ પ્રમાણે પ્રત્યક્ષ જોયું એટલે તે ઘણો પ્રસન્ન થઈ, ઘણીવાર સુધી તેને આલિંગન કરી રહ્યો; અને બીજી સ્ત્રીના વસ્ત્રમાં જે વિંટીઓ બાંધેલી હતી તે સર્વ છીનવી લઈ, તે દુષ્ટાનું નાક કાપી તેને હાંકી મૂકી.

અને જ્યારે તે દૈવી પુરુષે પવિત્રવાણીનો પાઠ કરતા વિદ્યાર્થીઓને જોયા, ત્યારે તે પુરુષ પોતાનો ક્રોધ શાંત કરી, યશોધર તથા તેના ભાઈ ઉપર પ્રસન્ન થયો ખરો, પણ પોતાની સતી સ્ત્રી પ્રતિ ખેદાતુર હૃદયે બોલ્યો; "પ્રિયે ! ઈર્ષ્યાને લીધે હું હંમેશાં તમને બન્નેને મારી છાતી ઉપર ને છાતી ઉપર રાખતો હતો; પરંતુ હું આ એક પાપિણી સ્ત્રીની રક્ષા કરવા શક્તિમાન્ થયો નહીં, અહા ! કયો પુરુષ વિજળીને સ્થિર કરી શકે છે ? કોણ ચપળ નારીની રક્ષા કરી શકે છે ? જો સ્ત્રી સતી હોય તો તે પોતાના એક સદાચરણથી જ પોતાની રક્ષા કરે છે. સદાચરણથી રક્ષાયલી સતી સ્ત્રી પોતાના પતિનું આ લોક અને પરલોક, બન્નેમાં રક્ષણ કરે છે ! આજે તું સતી સ્ત્રીએ મને શાપમાંથી ઉગારી મારી રક્ષા કરી છે; અને તું સતીના સમાગમથી કુલટા સ્ત્રીનો સમાગમ દૂર થયો છે. મારાં ધન ભાગ્ય કે તારા પ્રતાપથી ઘેર આવેલા ઉત્તમ બ્રાહ્મણની હત્યાનું પાતક પણ આજે દૂર થયું છે!" આ પ્રમાણે કહી યશોધરને પોતાની પાસે બેસારીને પૂછ્યું; "હે બ્રહ્મન્ ! તમે કયાંથી આવો છો, અને કયાં જાઓ છો તે કહો." ત્યારે યશોધરે તેને પોતાનું વૃત્તાંત જણાવ્યું ને પછી તેનો વિશ્વાસ મેળવી, આશ્ચર્ય સહિત તેને પૂછ્યું; કે "મહારાજ! જો આપને કંઇ ગુપ્ત રાખવા જોગ ન હોય તો મને હવે કહો કે આપ કોણ છો? અને આવો વૈભવ છે, છતાં જળમાં કેમ વસો છો?" તે સાંભળી તે જ વખતે પેલો જળવાસી પુરુષ બોલ્યો; "સાંભળ, હું સર્વ વૃત્તાન્ત કહું છું." આમ કહી તે પુરુષ આ પ્રમાણે પોતાનું વૃત્તાંત કહેવા લાગ્યો.

## જળવાસીની પૂર્વજન્મની કથા.

હિમાચળની ઉત્તર દિશામાં કાશ્મીર નામનો એક દેશ છે. તે બ્રહ્માએ મનુષ્યોને સ્વર્ગનું સુખ ભોગવવા માટે જાણે બનાવ્યો હોય તેવો શોભે છે. સ્વયંભૂ વિષ્ણુ અને શંકર, શ્વેતદ્વીપ



HANSA MEHTA LIBRARY 16451

તથા કૈલાસનું અનુપમ સુખને વિસારી મૂકી, કાશ્મીરમાંના હજારો દેવાલયોમાં બિરાજે છે. ત્યાં વહેલી વિવસ્તા નદી આખા દેશને પવિત્ર કરે છે. ત્યાં શૂરવીર સાથે સાધુઓ પણ વસે છે. તેઓ ઘણા શક્તિમાન્ છે. ત્યાં છળપ્રપંચ અને શત્રુતાનું નામ પણ સંભળાતું નથી. આવા દેશમાં, મારા પૂર્વજન્મમાં હું એક ગામડામાં રહેતો હતો. મારું નામ ભવશર્મા હતું. હું સામાન્ય બ્રાહ્મણનો પુત્ર હતો અને મારે બે સ્ત્રી હતી. એક વખતે ત્યાં મને બુદ્ધધર્મના સાધુઓનો સમાગમ થયો. તેથી મેં શાસ્ત્રમાં બતાવેલું ઉપોષણ નામનું વ્રત આરંભ્યું. આ વ્રત પૂર્ણ થવા આવ્યું, એવામાં મારી એક પાપિણી સ્ત્રી, મારી ઇચ્છા વિરુદ્ધ મારી શય્યામાં આવીને મારી સાથે સૂતી. હું નિદ્રાવશ હતો એટલે ભાન ભૂલી ગયો, અને તેથી મેં તેની સાથે રાત્રિના ચોથા પ્રહરમાં રતિસમાગમ કર્યો. મારું વ્રત ભંગ થયું અને તેના પરિણામમાં હું અહીં જળમાનુષ જનમ્યો છું. મારી બન્ને સ્ત્રીઓ પણ મારી સાથે અહીં જન્મી છે. તેમાં એક જે કુલટા અને પાપિણી હતી તે તેવી જ જન્મી છે, અને બીજી પતિવ્રતા હતી તે પણ તેવી જ જન્મી છે. મારું વ્રત ખંડિત થયું ખરું, પણ તે વ્રતનો એવો મોટો પ્રભાવ છે કે, મને મારા પૂર્વ જન્મનું સ્મરણ રહ્યું છે. વળી જે જે વૈભવો હું ઇચ્છું છું તે તે પ્રમાણે રાત્રિએ સર્વે મને વૈભવો મળે છે. હું જો મારું વ્રત ખંડિત ન કરત તો મારો ફરીથી જન્મ જ થાત નહીં.

આ પ્રમાણે પોતાનું વૃત્તાંત કહી, જળ માણસે, તે બન્ને અતિથિને ઉત્તમ પ્રકારનાં ભોજન જમાડી, ઉત્તમ વસ્ત્ર અર્પણ કરી, તેમનો તેણે આદર સત્કાર કર્યો. ત્યાર પછી તેની સતી સ્ત્રી પોતાના પૂર્વ જન્મનું વૃત્તાંત જાણી, પૃથ્વી ઉપર ઘુંટણભેર બેસી, ચંદ્રમા તરફ સ્થિર દૃષ્ટિ કરી, આ પ્રમાણે બોલી; "હે લોકનાથ! હું જો સતી–પતિવ્રતા હોઉં તો, આજ મારો પતિ, જળના વાસમાંથી મુક્ત થઇને સ્વર્ગમાં પધારે!" આમ જ્યાં તે કહે છે, તેટલામાં તો આકાશમાંથી એક વિમાન નીચે ઉતરી આવ્યું અને તેમાં બન્ને સ્ત્રી પુરુષ બેસીને સ્વર્ગમાં સીધાવ્યાં. ખરેખરી પતિવ્રતા સ્ત્રીઓને ત્રણ ભુવનમાં કશું અસાધ્ય નથી. તે બે બ્રાહ્મણપુત્રો, આ પ્રમાણે વિમાનમાં બેસીને આકાશમાં જતાં સ્ત્રી પુરુષને જોઈ અત્યંત આશ્ચર્ય પામ્યા. પછી યશોધર ને લક્ષ્મીધરે બાકીની રાત્રિ તે વનમાં ગાળી કહાડી. પ્રભાત થયું એટલે બન્ને ભાઈ ત્યાંથી ચાલતા થયા. ચાલતાં ચાલતાં સાયંકાળે વળી પાછા એક નિર્જન વગડામાં એક વૃક્ષ પાસે આવી પહોંચ્યા. તે વેળાએ પણ તે બન્ને ભાઇને પાણીની ઘણી તૃષા લાગી હતી. તેઓ જ્યાં ત્યાં પાણીની શોધ કરતા હતા એવામાં પેલા વૃક્ષમાંથી આ પ્રમાણે વાણી સાંભળી: "હે બ્રહ્મપુત્રો! જરાક ઠેરો! તમે મારે ઘેર આવ્યા છો, માટે હું આજે તમારી સ્નાન, ખાન અને પાનથી પરોણા ચાકરી કરીશ." તુરત તે ગુપ્ત વાણી બંધ પડી. જોતજોતામાં ત્યાં એક પાણીની વાવ ઉત્પન્ન થઈ અને તેના કિનારા ઉપર વિચિત્ર ખાન પાન તૈયાર થઇ રહ્યાં! તે જોઈ બન્ને ભાઈ આશ્ચર્ય પામ્યા ને બોલી ઉઠ્યા કે "અહો! આનો અર્થ શો?" પછી તે વાવમાં સ્નાન કરી પોતાની ઇચ્છા પ્રમાણે ભોજન જમ્યા. ભોજન કરી રહ્યા પછી સાયંસંધ્યા કરીને તે ઝાડ નીચે બેઠા છે, એવામાં તે ઝાડમાંથી એક સુંદર પુરુષ નીકળ્યો. તે તે બ્રહ્મપુત્રોની પાસે આવ્યો, એટલે બન્ને ભાઇએ

એક પછી એક તેને પ્રણામ કરી, તેની આગતાસ્વાગતા કરીને પોતાની પાસે બેસાર્યો અને પછી પૂછયું; “તમે કોણ છો?” તે પુરુષ બોલ્યો.—

## ગુહ્યક થયેલા બ્રાહ્મણની કથા.

ઘણા લાંબા કાળપર હું એક દુઃખી બ્રાહ્મણ હતો. દૈવયોગે તે સ્થિતિમાં મારે એક બુધયતિની સાથે સ્નેહ બંધાયો. તેના સંગથી મેં એક વખતે ઉપોષણ વ્રત કરવા માંડયું. કે એક દિવસે એક શઠ પુરુષે મને પરાણે જમાડ્યો, તેને લીધે મારું વ્રત ખંડિત થયું છે અને હું ગુહ્યક થયો છું. હું જો વ્રત પૂરું કરત તો સ્વર્ગમાં દેવતા થાત!

આ પ્રમાણે મેં મારુ વૃત્તાંત તમને કહ્યું છે, તો હવે તમે બંને તમારું વૃત્તાંત મને કહી સંભળાવો. તમે બે કયાંથી આવો છો અને આ મરુદેશમાં કેમ આવી ચઢયા છો?” તે સાંભળી યશોધરે પોતાનું વૃત્તાંત કહી સંભળાવ્યું. પછી ગુહ્યક બોલ્યો; “તમે જો વિદ્યાભ્યાસ કરવા જતા હો તો હું તમને મારા પરાક્રમથી વિદ્યામાં પાવરધા કરી શકીશ—તે સંપાદન કરી ઘેર સીધાવો, એટલાજ માટે પરદેશમાં રખડવાનું શું પ્રયોજન છે?” આ પ્રમાણે કહી તે જ વખતે ગુહ્યકે, તે બન્ને બ્રહ્મપુત્રોને જૂદી જૂદી વિદ્યાઓ ભણાવી. બ્રાહ્મણના પુત્રો તે ગુહ્યકાની શક્તિથી તે વિદ્યા ઝટપટ સંપાદન કરી શકયા. પછી તે ગુહ્યકે તેઓને કહ્યું; “વિપ્રકુમારો! હવે હું તમારી પાસે એક ગુરુ દક્ષિણા માગું છું—તે એટલી જ કે તમારે બન્ને જણાએ મારે માટે ઉપોષણ વ્રત આરંભી, તે નિમિત્તે ઉપવાસ કરવો. એ વ્રતારંભ કર્યા પછી સત્ય બોલવું, બ્રહ્મચર્ય વ્રત પાળવું, દેવને પ્રદક્ષિણા કરવી, મધ્યાહ્ન સમયે ભોજન કરવું, મનોનિગ્રહ ધરવો અને ક્ષમા રાખવી. આ વ્રત એક રાત્રિ કરી, તે વ્રતનું ફળ મને અર્પણ કરો. એથી મારું વ્રત સંપૂર્ણ થશે, અને હું દેવતા થઈશ!” આ પ્રમાણે તે ગુહ્યકે બન્ને ભાઈઓને કહ્યું, એટલે બન્ને બ્રાહ્મણપુત્રોએ, “અમે એમ કરીશું,” એમ નમ્રતાથી કહી, તેનું કહેલું માન્ય રાખ્યું કે તે ગુહ્યક તે ઝાડમાં અદૃશ્ય થઈ ગયો.

પછી બન્ને વિપ્રકુમાર, પ્રવાસ કર્યા વગર જ પોતાનો અર્થ સિદ્ધ કરી, ત્યાં એક રાત્રિ રહી. પાછા પોતાના ઘર તરફ આવી, સર્વ વૃત્તાંત પોતાનાં માત પિતાને કહી પ્રસન્ન કર્યાં; અને ગુહ્યકને વ્રત પુણ્ય અર્પણ કરવા માટે ઉપવાસ કર્યો. એટલે તે યક્ષ આકાશચારી વિમાનમાં બેસી જ્યાં તે રહેતા હતા ત્યાં આવીને બોલ્યો; “હું તમારી કૃપાથી ગુહ્યકની જાતિમાંથી મુક્ત થઈ દેવલોકને પામ્યો છું: તમારે પણ તમારા પોતાના કલ્યાણ માટે આ વ્રત કરવું. એ વ્રત કરવાથી તમે બન્ને મરણ પછી દેવપણાને પામશો. વળી આ જન્મમાં મારા વરદાનથી તમને અનરગળ નાણું મળશે!” આમ કહી તે ગુહ્યક વિમાનમાં બેસી સ્વર્ગમાં ચાલ્યો ગયો. પછી યશોધર અને લક્ષ્મીધર બન્ને ભાઇઓએ, તેણે કહેલું વ્રત કરી, યક્ષદ્વારા પ્રાપ્ત થયેલી વ્યવહાર વિદ્યાવડે સુખમાં રહેવા લાગ્યા.

“જુઓ મહારાજ, આ પ્રમાણે, જે મનુષ્ય ધર્મ વિષે પ્રવર્તે છે અને કષ્ટાવસ્થામાં પણ શિયળવ્રત પાળે છે, તેનું દેવતાઓ પણ રક્ષણ કરે છે, તેનું મનોવાંછિત પણ પૂર્ણ કરે છે.”



નરવાહનદત્ત, શક્તિયશા પ્રિયા ઉપર ઉત્કંઠાવાળો હતો તોપણ, વસંતકે આ અદ્ભૂત કથા કહી તેથી ખુશ ખુશ થઈ ગયો. એટલામાં ભોજનનો સમય થયો. તેના પિતાએ તેડું મોકલ્યું કે તુરત પોતે પોતાના મંત્રીઓ સહિત પિતાની પાસે ગયો. ત્યાં પોતાને પસંદ પડતા પદાર્થો જમ્યા પછી સાયંકાળે, પોતાના મિત્ર ગોમુખ વગેરેની સાથે પોતાના વિલાસભવનમાં ગયો.

રાત્રિએ ગોમુખે નરવાહનદત્ત કુમારને પ્રસન્ન કરવા માટે, પુનઃ કથા કહેવી શરુ કીધી. તે બોલ્યો; “સાંભળો મહારાજ! હું તમને આ એક બીજી વિલક્ષણ કથા કહું છું.

## વાનર અને શિશુમારની કથા.

ઉદમ્બરાના મહાઅરંણ્યમાં સમુદ્ર તીરે, એક મોટો વાનર, જેનું નામ બલીમુખ હતું તે પોતાના ટોળાથી વિખૂટો પડીને એકલો રહેતો હતો. એક દિવસે તે વાંદરો હાથમાં ઉંબરાનું ફળ લઇનિ ખાતો હતો. તે એકાએક તેના હાથમાંથી સમુદ્રમાં પડી ગયું. તે ફળ સમુદ્રવાસી એક શિશુમાર ઝીલી લઇ આનંદથી ખાવા લાગ્યો. તે ફળનો સ્વાદ ચાખ્યાથી, શિશુમાર ઘણો ખુશી થયો અને હર્ષના અવાજ કરવા લાગ્યો. પેલો વાનરો તે સાંભળીને ઘણો પ્રસન્ન થઈ ગયો ને બીજા ઘણાં સૂફળ તેની તરફ ફેંકયાં. એ રીતે તે વાનર હંમેશાં તેના તરફ ફળ ફેંકતો હતો અને શિશુમાર મધુર ધ્વનિ કરી તે ખાતો હતો. જ્યાં સૂધી તે બન્ને જણાને પૂર્ણ મિત્રતા થઈ નહીં, ત્યાં સુધી એ રીતે નિત્ય ખેલ કર્યાં કરતા હતા. જળવાસી શિશુમાર નિત્ય કિનારા ઉપર રહેનારા વાનરાની પાસે બેસતો અને છેક સાયંકાળે પોતાને ઘેર જતો હતો.

શિશુમારની સ્ત્રીને આ મિત્રતા વિષે ખબર પડી, એટલે હમેશાં દિવસે પતિનો વિરહ કરાવનારા વાનરની મિત્રતા ઉપર ઉદાસ થઈ ગઈ. તેણે એક દિવસે માંદા પડવાનો ઢોંગ કર્યો. લપુડો શિશુમાર, સ્ત્રીને બીમાર જોઈ ગભરાઇને વારંવાર પૂછવા લાગ્યો કે; “રે પ્રાણપ્યારી! બોલ, બોલ, તને શું કરું કે જેથી તું સાજી થાય?” શિશુમારે ઘણા કાલાવાલા કરી પૂછયું તોપણ તેણીએ પ્રત્યુતર આપ્યો નહીં, પણ તેનું રહસ્ય જાણનારી એક સખીએ અંતે તેને પ્રત્યુત્તર આપ્યું કે; “આ તમારી સ્ત્રી જાણે છે કે એનો ઉપાય હું કહીશ તોપણ મારો પતિ કરશે નહિ, માટે તે કહેવાને ઇચ્છતી નથી, તો પણ હું કહું છું તે સાંભળો! ડાહ્યો મનુષ્ય પોતાના સંતાપનું કારણ મિત્રથી કેમ છૂપાવી શકે? તમારી ભાર્યાને મહા મોટો રોગ ઉત્પન્ન થયો છે, જે રોગ વાનરાના કલેજાના કમળના આસવના પાન વગર કદાપિ મટે તેમ નથી!” આ પ્રમાણે લટપટ શિશુમારની સ્ત્રીની પ્રિય સખીએ ઉત્તર આપ્યો, એટલે શિશુમાર વિચાર કરવા લાગ્યો કે; “હાયરે! હું વાનરાનું હૃદયકમળ કેમ મેળવી શકીશ? એ વાર્તા હજારો ઉપાયે પણ બની શકે તેવી નથી. ખરેખર! આકાશપુષ્પને લઈ આવવા જેવી આ વાત છે. શું હું વાનરા સાથે છળપ્રપંચ કરું તે યોગ્ય છે કે? પણ આમ વિચાર કરવા રહીશ તો મારી પ્રાણ સમાન વહાલી પત્નીને શી રીતે સાજી કરી શકીશ?” આમ તેના મનમાં નવનવા તર્ક વિતર્ક ઉઠવા લાગ્યા, અને જ્યાં

વિનય વાસ હતો તેની જગ્યાએ અવિનય આવી બેઠો. આ સર્વનું કારણ સ્ત્રીના ચહેરાની એક મોહિની જ હતું! તે મન સાથે વિચારવા લાગ્યો કે; "હા, તે મિત્ર છે ખરો; પરંતુ તે મિત્ર શું કામ આવવાનો છે! આ મારી સ્ત્રી મને પ્રાણ કરતાં વધારે પ્યારી છે, તેના ઉપર મારું જીવન લટકેલું છે, તેની સાથે હું મારા દિવસો આનંદમાં ગુજારું છું. તે નહીં હોય તો પછી મારે બીજા શા ખપના?" આવો મન સાથે વિચાર કરી, **શિશુમારે** પોતાની સ્ત્રીને કહ્યું; "પ્રિયે! જો તારી તેમ મરજી હોય તો હું તે વાનરાને આખેઆખો અહીં લાવીશ, પછી ભલે તું તેનું હૃદયકમળ ખાજે! પણ પ્રાણવલ્લભા! તું શા માટે દિલગીર થાય છે?" આમ કહી **શિશુમાર**, વાનર મિત્ર પાસે ગયો; અને એક વાતનો પ્રસંગ કાઢી બોલ્યો કે; "મિત્ર! તેં આજ દિન પર્યંત મારું ઘર અને મારી સ્ત્રી જોયાં નથી, માટે એક દિવસ મારે ઘેર આવી રહે તો ઠીક. મિત્રતા થયા પછી પરસ્પર એક બીજાને ત્યાં જે જતા આવતા નથી ને અન્યોઅન્ય એક બીજાને ઘેર જઈ જમી જમાડતા નથી, તેમ એક બીજાની સ્ત્રીઓને મળે હળે નહીં, તેમની મિત્રતા નહિં, પણ કૈતવ જ માનવું!" આ પ્રમાણે કહી તે વાનરને છેતરી, **શિશુમારે** તેને સમુદ્રમાં ઉતાર્યો. પણ તે **શિશુમાર** જ્યાં તેને પોતાના હાથ ઉપર ઉપાડી, જળમાં ચાલવા માંડે છે, ત્યાં તે ભયભીત અને આકુળવ્યાકુળ બનીને ચાલતો જણાયો. ત્યારે વાનરે પૂછ્યું; "ભાઈ! આજે તો મને તું કંઈ જૂદા જ પ્રકારનો જોવામાં આવે છે તેનું કારણ શું?" તે સાંભળ્યા છતાં **શિશુમારે** ઉત્તર આપ્યો નહીં, પણ જ્યારે વાનરે આગ્રહથી પૂછ્યું, ત્યારે પોતાના હાથ ઉપર બેઠેલા વાનરને, મૂર્ખ **શિશુમાર** કહેવા લાગ્યો કે; "વાત તો એમ છે કે આજ મારી ભાર્યા માંદી પડી છે. અને તેણે મને કહ્યું કે વાનરના હૃદયકમળના આસવપાન વગર તેનો રોગ મટવાનો નથીઃ તેને લીધે હું ઉદાસ છું!" જ્યારે તે શાણા વાંદરાએ આ પ્રમાણે તેનું ભાષણ સાંભળ્યું, ત્યારે તે મનમાં બોલ્યો; "સત્યાનાશ! આજે તો મૂવા જ છૂટ્યા! આ પાપી **શિશુમાર** મને એ કામ માટે જ અહીં લઈ જાય છે! અરેરે! આ મુર્ખો, સ્ત્રીની મોહજાળમાં ફસાઈ, મિત્રનો દ્રોહ કરવા તૈયાર થયો છે, હદ્! પણ એમાં આશ્ચર્ય શું છે? જે માણસને ભૂત વળગે છે તે દાંતવડે પોતાના શરીરને બચકાં ભરતો નથી?" આવો વિચાર કરી તે વાનર, **શિશુમાર** પ્રત્યે બોલ્યો; "અરે વાહ! એમાં તું ઉદાસ શું કામ થાય છે? જો એમ હતું તો તેં મને આગળથી કેમ કહ્યું નહીં—હું તારી સ્ત્રીને માટે કલેજું લઇને આવત. હમણા તો મેં મારું કલેજું મારા રહેવાના ઉંબરાનાં વૃક્ષ ઉપર મૂક્યું છે!" તે સાંભળી પેલો મૂર્ખ **શિશુમાર** ગભરાટમાં પડયો અને બોલ્યો કે; "ત્યારે તો ભાઈ, કૃપા કરીને પાછો જા અને ઉંબરના ઝાડ ઉપરથી તે લઇ આવ!" આમ કહી તે **શિશુમાર**, તે વાનરને ફરીથી સમુદ્રના કિનારા ઉપર લઈ આવ્યો. પણ જ્યાં વાનરને જમીનપર ઉતાર્યો કે, કાળના હાથમાંથી છૂટયો હોય તેમ તે, **શિશુમારના** હાથમાંથી છૂટી, થેકડો મારી ઉંબરના ઝાડ ઉપર ચઢી ગયો અને બોલ્યો; "અલ્યા મૂર્ખા! ચાલ, હવે રસ્તો માપ! શરીરથી હૃદય ક્યાંઈ જૂદું હોય છે ખરું કે? પણ આ તો મેં આ રીતે તને છેતરી, તારી ફાંસીમાંથી મારા શરીરને મુક્ત કર્યું છે! હવે હું ફરીથી ત્યાં આવીશ નહીં. તેં શું આ વિષય ઉપર એક મૂર્ખ ગધેડાની વાર્તા સાંભળી નથી?"



## સિંહ અને ગધેડાની કથા.

કોઈ એક વનમાં એક સિંહ રહેતો હતો. તેનો કાર્યભારી શિયાળ હતો. એક વખતે એક રાજા તે વનમાં શિકાર ખેલવા માટે આવ્યો. તેણે હથિયારવતી તે સિંહને એવો તો ઘાયલ કરી મૂકયો કે નીચું મુખ કરતો મુંગો મુંગો તે પોતાની ગુફામાં ભરાઈ ગયો. પેલો શિકારી રાજા, શિકાર કર્યા પછી પોતાને ઘેર ગયો. પણ પેલો ઘાયલ થયેલો સિંહ ગુફામાં જ પડી રહ્યો! દિવસેદિવસે ભુખને લીધે સિંહ ઘણોજ અશક્ત થઈ ગયો. તેની પાસે તે વખતે તેનો કાર્યભારી શિયાળ હતો. તે સિંહના ખાધામાંથી બચેલા માંસ ઉપર નિત્ય આહાર કરતો હતો, એટલે તે પણ સિંહની અશક્તિથી ભુખે મરવા લાગ્યો. તે સિંહની પાસે જઇને બોલ્યો; "હે મહારાજ! આપ આ ગુફામાંથી બહાર નિકળીને શા માટે આહાર ખોળતા નથી? તમારા બેસી રહેવાથી તમે અને તેની સાથે તમારા માણસો પણ દુઃખી થાય છે–ભુખે મરે છે." આ પ્રમાણે તે શિયાળે કહ્યું એટલે સિંહ બોલ્યો; "હે મિત્ર! હું ઘાથી ભરપૂર છું, માટે ગુફાની બહાર જરા પણ ચાલી શકું તેમ નથી. પણ મને જો ગધેડાના કાન અને કાળજું ખાવા મળે તો મારા ઘા રુઝાઈ જાય, અને હું સાજો થાઉં! માટે તું જા ને કયાંઇથી પણ ઝટપટ મારે માટે એકાદ ગધેડો લઇ આવ!" આ પ્રમાણે સિંહે કહ્યું એટલે શિયાળ ત્યાંથી ગધેડાની શોધ કરવા નિકળી પડ્યો. ફરતો ફરતો તે શિયાળ, એક વેરાન જગ્યામાં જઈ પહોંચ્યો. ત્યાં એક ધોબીના ગધેડાને દીઠો, એટલે તેની પાસે જઇને, જાણે ઘણા સ્નેહથી પૂછતો હોય તેમ પૂછવા લાગ્યો "અલ્યા ઓ! તું દુબળો કેમ પડી ગયો છે?" તેણે જવાબ દીધો; "હું હંમેશાં આ ધોબીનો ભાર ઉપાડી ઉપાડીને દુર્બળ થઈ ગયો છું!" ત્યારે પેલો ઠગ શિયાળ બોલ્યો; "તું અહીં રહીને દુઃખ શા માટે ભોગવે છે? ચાલ મારી સાથે, હું તુંને સ્વર્ગના જેવું સુખ આપનારા એક વનમાં લઈ જાઉં. ત્યાં તું ગધેડીના સમાગમમાં રહી શરીરે મતબાલો થઇશ." તે સાંભળી ભોળો ગધેડો, વૈભવ માણવામાં ઉત્કંઠિત થયો, અને તે ઠગ શિયાળની સાથે, જે વનમાં સિંહ હતો તે વનમાં ગયો. મરણ શરણ થવાથી ઘણા જ દુર્બળ થઈ ગયેલા સિંહે તેને જોયો, ત્યારે તે ગધેડાની પીઠ પાછળ તેણે એકદમ પંજો માર્યો. ગધેડાએ પાછું ફરી જોયું, તો સિંહને દીઠો! એટલે ભય પામીને તે ત્યાંથી એકદમ નાસી ગયો. સિંહ તેની પાછળ દોડ્યો, પરંતુ તે વિહ્વળ અને આકળો થઈ ગયો હતો તેથી તેને પહોંચી શકયો નહીં. આ પ્રમાણે પોતાનું કામ સિદ્ધ થયું નહીં ત્યારે સિંહ તુરત પોતાની ગુફામાં પાછો પેસી ગયો.

આવું પરિણામ જોઈ જમ્બુક મત્રીએ સિંહને ઠપકો આપીને કહ્યું; "હે મહારાજ! આપ આટલા બીચારા ગધેડાને પણ મારી શકયા નહીં ત્યારે હરણ વગેરેને હવે કેમ મારી શકશો?" તે સાંભળી સિંહે ઉત્તર આપ્યો; "જેમ તેં પ્રથમ ગધેડાને સમજાવીને આણ્યો હતો, તેમ ફરીથી તે ગધેડાને પાછો લઈ આવ; એટલે પછી તને સર્વે ખબર પડશેઃ હવે હું તૈયાર થઇને બેઠો છું. તે આવશે કે હું તેને સત્વર મારી નાંખીશ!" આ પ્રમાણે કહી તે સિંહે ફરીથી તે શિયાળને ગધડોને લાવવા માટે મોકલ્યો. પછી તે શિયાળ ધીમે ધીમે ગધેડાકને જઇને બોલ્યો; "વાહવાહરે વાહવાહ! એમ તું નાસી શા માટે આવ્યો?" ત્યારે ગધેડો બોલ્યો; "મને ત્યાં કોઈ એક પ્રાણીએ ઘા માર્યો તેથી!" શિયાળે

હસતાંહસતાં ગધેડાને કહ્યું; "તને તો મિથ્યા ભ્રમ જ થયો જણાય છે. ત્યાં તો તેવું કોઇએ જાનવર નથી. મારા જેવો પણ ત્યાં સુખમાં રહે છે, તો બીજાને શું ધાડ ખાય છે? ચાલ, ચાલ, મારી સાથે તે સુખમય વનમાં." આ પ્રમાણે શિયાળનાં વચન સાંભળી, મૂર્ખ ગધેડો ફરીથી તેની સાથે સિંહના વનમાં દાખલ થયો. સિંહે ગધેડાને આવ્યો જોઈ, ગુફાના બારણામાંથી બહાર નિકળી, તેની પીઠના ભાગ ઉપર તલપ મારી, નખથી તેને ચીરી નાંખીને મારી નાંખ્યો. અને તે ગધેડાને ચીરી નાંખી, તેના ઉપર શિયાળને ચોકી કરવા બેસાડી, શ્રમિત થયો હતો, તેથી સ્નાન કરવા ગયો. એ અરસામાં પ્રપંચનિપુણ શિયાળ, પોતાની ભુખ મટાડવા માટે, તે ગધેડાના કાન અને કલેજું ઓહીયાં કરી ગયો. સિંહ જળસ્નાન કરીને પાછો આવી જુવે છે તો ગધેડાનું કલેજું અને કાન જ દીઠા નહીં, એટલે તેણે શિયાળને પૂછ્યું; "આ ગધેડાના કાન તથા કલેજું કયાં ગયાં?" શિયાળે ઉત્તર આપ્યો, "મહારાજ! તેને પ્રથમથી જ કાન અને કલેજું ન હતું. કારણ કે તે જો હોત તો, અહીંથી નાસી ગયા પછી પાછો કેમ આવત?" તે સાંભળીને સિંહે, 'તેમ જ હશે' આમ માની તેનો આહાર કીધો, અને જે બાકી બચ્યું તે શિયાળે ફરીથી ચપાટયું.

આ પ્રમાણે તે વાનરાએ **શિશુમાર**ને કહી, ફરીથી કહ્યું; "માટે હું ત્યાં ફરીથી આવીશ નહીં અને ગધેડાનું આચરણ કરીશ નહીં." આ પ્રમાણે તે વાનરની પાસેથી વાત સાંભળી, **શિશુમાર** મોહને લીધે પોતાનું કામ સિદ્ધ થયું નહીં, અને સ્ત્રીનેમાટે પોતાના મિત્રને પણ ગુમાવ્યો તે ઉપર અફસોસ કરતો કરતો, મૂર્ખો બની ઘેર ગયો. અને વાનરની સાથે તેની મિત્રતાનો નાશ થયો તેને લીધે તેની સ્ત્રી પણ સાજી થઈ ગઈ અને પેલો વાનર પણ પોતાની મરજી પ્રમાણે સમુદ્રના તીર ઉપર ચમન કરવા લાગ્યો.

" બુદ્ધિશાળી મનુષ્યે, દુર્જન મનુષ્યોનો વિશ્વાસ કરવો નહીં. દુર્જન અને કૃષ્ણસર્પ ઉપર વિશ્વાસ કરવાથી કોણ સુખને પામે છે?" આ પ્રમાણે મંત્રી **ગોમુખે** કથા કહી, ફરીથી નરવાહનદત્તને ખુશી કરવા માટે તે બોલ્યો; "મશ્કરી કરવા લાયક મૂર્ખાંશાહોની બીજા કથા હવે ક્રમવાર સાંભળો. એમાં ગાંધર્વ પારિતોષકર નામના એક મૂર્ખની કથા પ્રથમ સાંભળો!

## એક ધનવંત અને ગંધર્વની કથા.

કોઈ એક મોટો શ્રીમાન્ પુરુષ હતો. એક દિવસે તેને એક ગવૈયાએ ગાયન કરીને પ્રસન્ન કર્યો, ત્યારે તે ધનવંતે ભંડારીને બોલાવી તે ગવૈયાની સમક્ષમાં કહ્યું; "આ ગવૈયાને બે હજાર રૂપિયા આપ." પેલો ભંડારી "જેવી આપ શેઠજીની આજ્ઞા!" એમ કહેતો ચાલ્યો ગયો. પેલો ગવૈયો તે ભંડારીની પાછળ જઈ તેની પાસેથી પૈસા માંગવા લાગ્યો; પરંતુ પેલો ભંડારી સાહુકારના કહેવાનો મર્મ સમજ્યો હતો તેથી તેણે પૈસા આપ્યા નહીં. જ્યારે તે ગવૈયો પેલા સાહુકાર પાસે પાછો આવીને પૈસામાટે વિનતિ કરવા લાગ્યો, ત્યારે તે સાહુકાર બોલ્યો; "બોલ, તેં મને શું આપ્યું, કે હું તેના બદલામાં તુંને કંઈ આપું? તેં વીણા વગાડીને મારા કાનને આનંદ



ઉપજાવ્યો, તેમ જ મેં પણ દાનવાકયથી તને આનંદ ઉપજાવ્યો. બોલ, હવે તને વધારે શું જોઇયે છે?" તે સાંભળી તે ગવૈયો નિરાશ થઈ, હસતો હસતો ત્યાંથી ચાલ્યો ગયો.

શું આ દરિદ્રીના કાકાની વાણીથી પત્થરને પણ હસવું નહીં આવે? હવે મહારાજ! બે મૂર્ખ શિષ્યની કથા સાંભળો!

## બે મૂર્ખ શિષ્યની કથા.

એક ગુરુને બે શિષ્ય હતા. તે બંને પરસ્પર એક બીજાનો દ્વેષ કરતા હતા. આ બે શિષ્યોમાંનો એક શિષ્ય, ગુરુના જમણા પગને દરરોજ તેલ ચોળીને પખાળતો હતો, અને બીજો શિષ્ય બીજા ચરણને તેલ ચોળીને પખાળતો હતો. એક દિવસે ગુરુએ જમણા પગની ચાકરી કરનારા શિષ્યને ગામડે મોકલ્યો. સમય થતાં બીજો શિષ્ય, જે ગામમાં રહ્યો હતો તેણે ડાબા પગને ચોળીને ખૂબ ધોયો; ત્યારે ગુરુએ કહ્યું, "અલ્યા! આજ તું મારા જમણા પગને પણ ચોળીને ધોઈ નાંખ." તે સાંભળી પેલો મૂર્ખ શિષ્ય, ઠંડે કલેજે ગુરુ પ્રત્યે બોલ્યો; "તે ચરણ મારા દુશ્મનનો છે, માટે હું તેને ચોળીને નવરાવીશ નહીં!" આ પ્રમાણે મૂર્ખ શિષ્યે કહ્યું તોપણ તે ગુરુએ ચરણ ધોવા માટે આગ્રહ કર્યો, એટલે તે મૂર્ખ શિષ્યે પોતાના શત્રુ શિષ્ય ઉપર ક્રોધ કરી, ગુરુના જમણા પગ પર પત્થર મારીને તે ભાંગી નાંખ્યો. જ્યારે ગુરુજીએ ચીસો પાડીને આક્રંદ કરવા માંડયું, ત્યારે બીજાઓએ આવી તે શિષ્યને ખૂબ રગડવા માંડ્યો. તે ગુરુદેવથી ન સખાવીથી, દિલગીર થયા ને તેને મારમાંથી મુક્ત કરી કાઢી મૂકયો. બીજે દિવસે જમણા પગવાળો શિષ્ય ગામડેથી ઘેર આવ્યો. તેણે ગુરુજીને પૂછ્યું; "પિતાજી! તમારા જમણા પગમાં આ શી પીડા થઈ છે?" ગુરુએ તેને સર્વ વૃત્તાંત કહી સભળાવ્યું. તે સાંભળી તે ક્રોધાંધ થઇ ખૂબ બળવા લાગ્યો અને બોલ્યો; "ત્યારે હું શું શત્રુના ડાબા પગને નહીં ભાંગું?" આમ કહી ગુરુના ડાબા પગને, તે જ રીતે ભાંગી નાંખ્યો. પાછું બુમરાણ થતાં બીજા શિષ્યોએ આવી તે દુષ્ટ શિષ્યને પણ ખૂબ માર માર્યો, પણ ગુરુ કે જેના બંનોપગ ભાંગી ગયા હતા તેણે દયા લાવીને તે શિષ્યને પણ મૂકાવ્યો, અને ત્યાંથી હાંકી મૂકયો. પછી સઘળા શિષ્ય તે બન્ને જણાની મશ્કરી કરવા લાગ્યા; અને તે બન્ને જણા ત્યાંથી રવંદા માપી ગયા; પણ ગુરુજી તો પોતાના ક્ષમા ગુણ વડે ઘણે દહાડે સાજા થયા.

"હે મહારાજ! આવી રીતે મૂર્ખ લોકો અન્યોન્યમાં દ્વેષ કરી, પોતાના સ્વામીનું કામ બગાડે છે અને પોતાનું અહિત કરે છે. હવે બે મસ્તકવાળા સર્પની કથા સાંભળો!

## બે માથાવાળા સર્પની કથા.

કોઈ એક સર્પને બે મસ્તક હતાં, તેમાં એક મસ્તક પૂછડાના ભાગમાં અને બીજું આગળના ભાગમાં હતું. જે મુખ્ય મસ્તક હતું તેને આંખ હતી, પરંતુ પૂછડા તરફનું મસ્તક આંખ વગરનું હતું. તે બન્નો મસ્તકને રોજ તકરાર થતી. એક કહે હું મુખ્ય છું ને બીજો કહે હું. તે સર્પ હંમેશાં મુખ્ય મસ્તક તરફથી ચોમેર ફરતો હતો. એક વખતે તેના પૂછડા તરફનું મસ્તક માર્ગમાં ફરતાં

કષ્ટ પામવા લાગ્યું, અને તે મસ્તક એક લાકડાને મજબૂત વિંટાઈ ગયું. એથી તે સર્પની ગતિ બંધ થઈ ગઈ. તે સર્પ ઘણો ગુસ્સે થયો ને વિચાર્યું કે આગળનું મુખ ઘણું બળવાન્ છે, તેથી તે મસ્તકને તેણે પછાડી કાઢયું અને આંખ વગરના મસ્તકને આગળ કરીને તે ફરવા લાગ્યો. ફરતાં ફરતાં એક વખતે માર્ગ ન દેખાવાને લીધે, રસ્તા ઉપર દાવાનળ સળગતો હતો તેમાં તે જઈ પડ્યો અને બળી મૂવો.

જે મૂર્ખ પુરુષો છે તે થોડા ગુણવાન્ અને ઘણા ગુણવાનનો અંતર જાણતા નથી; તેથી તે થોડા ગુણવાનના સંગમાં રહી પરાભવને પામે છે. હવે ચોખા ખાનારા મૂર્ખની કથા સાંભળો.

### ચોખા ખાનારા એક મૂર્ખની કથા.

કોઇએક મૂર્ખ જમાઈ, સસરાને ઘેર પ્રથમ જ આવ્યો હતો. ત્યાં એક સ્થળે તેની સાસુએ રાંધવા માટે સફેદ ચોખા મૂકયા હતા, તે જોઇ, ભુખ લાગવાથી કાચાને કાચા ચોખા ખાવા માટે તેમાંથી એક મુઠ્ઠી ભરી મુખમાં ઓરવા માંડ્યું. બન્યું એમ કે, તેના બન્ને ગલોફાં ભરાઈ ગયાં એટલે તેની સાસુ ત્યાં આવી પહોંચી. તેને જોઈ, શરમનો માર્યો તે ચોખાને બહાર પણ કાઢી શક્યો નહીં, તેમ ચાવી પણ શક્યો નહીં. સાસુ જમાઇના મુખ તરફ જુવે છે તો જમાઇના બન્ને ગાલ ફૂલી ગયા છે અને તે કશું બોલતો નથી એટલે તેણે માન્યું કે, હાયરે! આ જમાઈ રાજને તો કોઈ ભારે રોગ થયો છે. એવી શંકા થવાથી તેણે પોતાના પતિને બોલાવ્યો. તેણે આવી જમાઇના બે ગાલ સૂજી ગયેલા જોઈ, સત્વર એક વૈદ્યરાજને બોલાવી મંગાવ્યો. વૈદ્ય આવ્યો અને તેણે ધાર્યું કે જમાઈ રાજને ગળે સોજા આવ્યા છે, તેથી તેણે તેનું મસ્તક પકડી, તેના બન્ને હોઠને જૂદા કર્યાં, તેવા જ તેના મુખમાંથી ચોખા નિકળી પડ્યા! એ જોઈ ત્યાં ઉભેલાં સઘળાં મનુષ્યો ખડખડાટ હસી પડ્યાં. આ પ્રમાણે અજ્ઞાની મનુષ્ય અકાર્ય કરે છે, પરંતુ પોતાના અકાર્યને ઢાંકી શકતો નથી.

### છોકરો અને ગધેડાની કથા.

કેટલાએક મૂર્ખ છોકરાઓ હતા. તે હંમેશાં ગાય વગેરેને દોહતાં જોયા કરતા હતા. એક દિવસે તે ધ્યાનમાં રાખી આનંદમાં આવીને એક ગધેડાને પકડ્યું અને તેને દોહવા લાગ્યા. તે છોકરામાંથી એક જણ દોહવા મંડ્યો, બીજાએ દૂધનું વાસણ ધર્યું અને કેટલાએક તકરાર કરવા લાગ્યા કે, "હું પહેલો દુધ પીશ, પહેલો દુધ પીશ!" આવી રીતે તકરાર કરતા તેઓ દુધ પીવાને તૈયાર થઈ રહ્યા હતા, પરંતુ દરેકે પરિશ્રમ કરવા છતાં પણ ગધેડામાંથી દુધનો લાભ થયો નહીં! મહારાજ! વાત આ છે કે, મૂર્ખ મનુષ્ય કુપાત્ર સંગે શ્રમ કરે છે, પણ તેથી હાંસીને જ પ્રાપ્ત થાય છે.

### મૂર્ખ બ્રાહ્મણપુત્રની કથા.

કોઈ એક બ્રાહ્મણનો પુત્ર હતો. તે મહા મૂર્ખ હતો. એક સમયે તે છોકરાના પિતાએ પોતાના પુત્રને કહ્યું; "અલ્યા ભાઈ! તારે કાલે સવારે ગામ જવાનું છે." પેલો મૂર્ખો તે વાર્તા મનમાં



રાખી, સવાર થઈ એટલે શું કામ કરવાનું છે તે પૂછ્યાગાછ્યા વગર, ઠાલોમાલો જણાવેલે ગામ જઈ, રખડી રઝળીને સાયંકાળે પાછો પોતાને ઘેર આવ્યો, અને પિતાને જણાવ્યું કે; બાપારે! "હું ગામ જઈ આવ્યો છું!" ત્યારે તેનો બાપ બોલ્યો, "એ તો તે ઠીક જ કીધું, પણ ગામ જઈ આવ્યો તેમાં મારો શો શુકરવાર વળ્યો?"

જે મનુષ્ય સામા મનુષ્યનો અભિપ્રાય સમજ્યા વગર કામ કરે છે તેની મશ્કરી બહુ થાય છે. જ્યાં ત્યાં તે હાડમાર થાય છે, પણ કશું કાર્ય સિદ્ધ કરી શકતો નથી."

વત્સરાજના કુમાર **નરવાહનદત્તે**, મુખ્ય મંત્રી ગોમુખના મુખથી આવી ઉપદેશકારક કથાઓ સાંભળી, ત્યાર પછી **શક્તિયશાને** મેળવવામાં પોતાની ઉત્કંઠા ગોમુખને જણાવી. પછી રાત્રિ ઘણી જવાથી તેની આંખ નિદ્રાથી મીંચાવા લાગી ત્યારે તે પોતાના મિત્રમંડળ સહિત નિદ્રાવશ થઈ ગયો.

## તરંગ ૮ મો.

## નરવાહનદત્તે સાંભળેલી નવી કથાઓ.

બીજી સંધ્યાકાળે પણ **નરવાહનદત્ત** **શક્તિયશાને** મેળવવાના વિચારથી ઉત્કંઠિત થઈને પોતાના વિલાસભવનમાં દિલગીરીમાં બેઠો હતો, ત્યારે ગોમુખ મંત્રીએ, રાજકુમારના હુકમથી તેને આનંદ ઉપજાવવા માટે નવી નવી પુષ્કળ કથાઓ કહી સંભળાવવા માંડી.

### બ્રાહ્મણ અને નોળીઆની કથા.

હે મહારાજ! એક નગરમાં દેવશર્મા નામનો એક બ્રાહ્મણ રહેતો હતો. તેને દેવદત્તા નામની સ્ત્રી હતી, જે કુળમાં, તેના પતિ સમાન હતી. તે ગર્ભવતી થઈ અને દશ માસ વીત્યા પછી તેણે એક પુત્રરત્નને જન્મ આપ્યો. પેલો બ્રાહ્મણ દરિદ્રી હતો, તોપણ તે પુત્ર જાણે એક ભંડાર મળ્યો હોય એમ માનવા લાગ્યો. વૃદ્ધિસૂતક ઉતરી જવા આવ્યું, ત્યાર પછી એક દિવસે, તેની સ્ત્રી નદી ઉપર સ્નાન કરવા માટે ગઈ, અને દેવશર્મા ઘરમાં રહી છોકરાની સંભાળ રાખતો હતો. એ અરસામાં રાજાના અંતઃપુરની એક દાસીએ, આ સ્વસ્તિવાચન ઉપર આજીવિકા ચલાવનારા બ્રાહ્મણની પાસે ઉતાવળી ઉતાવળી આવી કહ્યું; "મહારાજ ચાલો, ચાલો, તમને પુષ્કળ દક્ષિણા મળશે. બ્રાહ્મણભાઈ, દક્ષિણાનો લાલચુ એટલે તે જવા માટે તત્પર થયો ને એક નોળીયો, જેને બ્રાહ્મણે બચપણમાંથી ઉછેરી પોતાના ઘરમાં રાખી મૂક્યો હતો તેને બાળકનું રક્ષણ કરવા માટે મૂકતો ગયો. પેલો બ્રાહ્મણ ગયા પછી, અકસ્માત્ તે છોકરાની પાસે એક સર્પને આવતો તે નોળીયાએ દીઠો. નોળીયો સ્વામીભક્ત હોવાથી, તેણે સર્પને મારી નાંખ્યો. પછી તે નોળીયાએ દૂરથી દેવશર્માને આવતો દીઠો એટલે બહુ ખુશી થતો થતો, સર્પના લોહીવાળા મુખથી તેની સામું ગયો. પણ નોળીયાના મુખને લોહીલોહાણ જોઇને, દેવશર્માને ભ્રમ

પડયો કે બેશક આ નોળીયાએ મારા બાળકને મારી નાંખ્યું છે, તેથી તે નોળીયાને જોતાં વાર જ, તેનાપર પત્થર ફેંકી તેને મારી નાંખ્યો. જ્યારે ઘરમાં આવ્યો ત્યારે નોળીઆએ મારેલો સર્પ નજરે પડયો; અને તેનો પુત્ર જીવતો હતો. પછી તે બ્રાહ્મણ મનમાં સંતાપ કરવા લાગ્યો. તેની સ્ત્રી સ્નાન કરીને જ્યારે આવી ત્યારે તેણે જાણ્યું કે મારા પતિએ નોળીયાને મારી નાંખ્યો છે ત્યારે તે સ્ત્રીએ કહ્યું; "પ્રાણનાથ ! જેણે આપણા ઉપર ઉપકાર કર્યો છે, તેવા નોળીયાને તમે વિચાર કર્યાં વગર શા માટે મારી નાંખ્યો ?" આમ કહીને પોતાના પતિને પુષ્કળ ઠપકો આપ્યો.

"તેટલા માટે હે મહારાજ! પંડિત પુરુષો કોઈ પણ કામ સહસા કરતા નથી. જે માણસ સાહસકર્મ કરે છે તે આ લોક અને પરલોક બન્નેમાંથી ભ્રષ્ટ થાય છે; અને જે માણસ વિધિ પ્રમાણે કર્મ કરતો નથી તે માણસ અશુભ ફળ જ મેળવે છે.

## મૂર્ખ રોગી અને વૈદ્યની કથા.

એક પુરુષનું શરીર વાયુથી ઝલાઈ ગયું હતું. એક વખતે એક વૈદ્યે તેને બસ્તિ કર્મ માટે ઔષધ આપીને કહ્યું; "તું આ ઔષધ લઈ ઘેર જા અને વાટી તૈયાર કર, એટલામાં હું આવી પહોચું છું!" આ પ્રમાણે સૂચના કરી, વૈદ્ય બીજા દરદીને જોવા ગયો. થોડીકવાર થઈ એવામાં તો પેલો મૂર્ખદત્ત ઔષધ વાટી, પાણીની સાથે પી ગયો, તેથી તેના અંગમાં ખૂબ પીડા થવા માંડી. જ્યારે વૈદ્ય ત્યાં આવ્યા અને સર્વ વૃત્તાંત જાણ્યો, ત્યારે તેને ઉલટીનું ઔષધ આપી ઉલટી કરાવી, ત્યારે તે મરણ શરણ થએલો મૂર્ખાનન્દ, મહા મહેનતે જીવ્યો. પછી વૈદ્યે કહ્યું, "અરે મૂર્ખા! બસ્તિનું ઔષધ ગુદામાં કામ લાગે છે, પીવામાં કામ આવતું નથી. તેં મારા આવવાની વાટ શા માટે જોઈ નહીં?"

"પોતાનું પ્રિય કામ પણ વિધિ વગર કર્યું હોય તો તેનું ફળ અશુભ મળે છે. માટે વિદ્વાન્ મનુષ્યે વિધિનો અનાદર કરી, કંઈપણ કર્મ કરવું નહીં. જે માણસ વિચાર કર્યા વગર કંઈપણ કાર્ય કરે છે, તે એક ક્ષણમાં કામ બગાડી નાંખી નિંદાપાત્ર થાય છે."

## મૂર્ખ પુરુષ અને તપસ્વીની કથા.

એક સ્થળે કોઈ મૂર્ખ માણસ રહેતો હતો. તે એક વખતે પરદેશ જવા નીકળ્યો, ત્યારે તેની સાથે તેનો છોકરો પણ હતો. રસ્તામાં જતાં જતાં એક મહાઅરણ્ય આવ્યું, ત્યાં સઘળા સથવારાએ પોતાનો ઉતારો કર્યો, ત્યાં તે મૂર્ખાએ પણ પડાવ નાંખ્યો. થોડીવારે પેલા મૂર્ખ બ્રાહ્મણનો છોકરો ફરતો ફરતો ગમ્મત મેળવવા ખાતર ઘાડા વનમાં પેઠો, ત્યાં વાંદરાઓએ તેને વિખી નાંખ્યો, અને મહા કઠાવતિએ તે છોકરો તેના હાથમાંથી છટકી પોતાના પિતાની પાસે આવ્યો! તેના બાપે તે છોકરાને પૂછ્યું; "અલ્યા ભાઇ! તને વનમાં કોણે વિખી નાંખ્યો?" બાપ તેવા બેટા, તેમ તે છોકરો પણ સાથે મૂખ હતો. તે વાંદરાને ઓળખતો ન હતો તેથી બોલ્યો; "આ વનમાં, વાળવાળા અને ફળ ખાનારા કેટલાએક છે. તેણે મારા શરીરને વિખી નાંખ્યું છે," તે સાંભળી તેનો પિતા ઘણો ગુસ્સે થઈ તરવાર ખેંચીને તે વનમાં ગયો. વનમાં કેટલાએક મોટા મોટા



કેશવાળા જટિલ જોગીઓ રહેતા હતા, તેઓને ફળ લેતા જોયા એટલે તેણે જાણ્યું કે, આ લુચ્ચા જટિલોએ જ મારા છોકરાને માર માર્યો હશે, આમ ધારી તે તપસ્વીને મારવા માટે દોડ્યો. પણ ત્યાં થઈ એક વટેમાર્ગુ જતો હતો તેણે કહ્યું; "અમે વાંદરાઓને દીઠાં છે ને તેણે તારા છોકરાને વિખી નાંખ્યો છે, માટે તું આ મુનિઓને માર મા!" આમ કહી તેને હત્યા કરતાં વાર્યો. આ પ્રમાણે દૈવયોગે પાપમાંથી મુક્ત થઈ તે પોતાના સથવારામાં પાછો દાખલ થયો.

"વિદ્વાન્ માણસે, કોઈ દિવસ જોયા જાણ્યા વિચાર્યા વગર આગળથી કોઈ પણ કામ કરવું નહીં. વધારે શું, પરંતુ માણસે હંમેશાં ડહાપણ રાખવું જોઇએ. મૂર્ખ લોકો હંમેશાં ઉપહાસને પાત્ર થાય છે, તેમ નાશને પણ પામે છે.

## સોનાની કોથળી મેળવનારા એક મૂર્ખની કથા.

એક નિર્ધન મનુષ્ય પ્રવાસે જતો હતો, તેવામાં માર્ગમાંથી તેને એક સોનામહોરથી ભરેલી કોથલી મળી આવી. તે મૂર્ખાને તે કોથલી જડી એટલે તે લઈને નાશી જવાને બદલે, ત્યાંનો ત્યાં જ ઉભો રહ્યો ને તેમાંની સોનામહોર બહાર કાઢી ગણવા લાગ્યો. એવામાં જે સંઘવીની કોથળી પડી ગઈ હતી તેને યાદ આવ્યું અને તે ઘોડેશ્વાર હતો તેથી જલદીથી દોડતો કે ત્યાં આવ્યો; અને ધન મેળવીને ખુશી થયેલા દરિદ્રી પાસેથી તે સોનામહોરની કોથળી ઝૂંટવી લીધી, ત્યારે તે દરિદ્રી એક ક્ષણમાં ધનનો લાભ અને વિનાશ નજરોનજર જોઇ નીચું મુખ કરીને અફસોસ કરતો ઘેર ગયો.

"મૂર્ખ શિરોમણિ જેવું ધન મેળવે છે, તેવું જ ગુમાવે છે."

## ચંદ્રમાને જોનારા એક મૂર્ખની કથા.

એક મૂર્ખને પુનેમનો ચન્દ્ર જોવાની ઇચ્છા થઈ. એક માણસ, કે જેણે નવો ચન્દ્રમા જોયો હતો તેણે ચન્દ્રમા તરફ આંગળી કરીને કહ્યું કે; "જો આ ચન્દ્રમા !" પેલો મૂર્ખ, આકાશ તરફથી પોતાની દૃષ્ટિ ખેંચી લઈ તેની આંગળીને જ જોવા લાગ્યો, તેથી તેણે ચન્દ્રમા દીઠો નહીં, પરન્તુ પોતાની મશ્કરી કરતાં માણસોને દીઠાં.

"કેટલીક બાબતમાં વિચાર કરવાનું હોય છે. જે વસ્તુ કોઈ રીતે બની શકે તેવી ન હોય તે વસ્તુ પણ બુદ્ધિથી બની શકે છે, એ ઉપર આ એક કથા સાંભળો.

## ચતુર નારની કથા.

એક સ્ત્રી, એક ગામથી બીજે ગામ જવા માટે એકલી નિકળી. માર્ગમાં એક વાંદરાએ તેને દીઠી, એટલે સ્ત્રીને ઉપાડી જવા માટે અકસ્માત્ દોડી આવી, તેને પકડવાની તજવીજ કરવા લાગ્યો. તે સ્ત્રી ચતુર હતી, એટલે તે વાંદરાની તરફ ધસી તેને વારંવાર આડોતેડો દોડાવતાં, છેતરીને તે એક ઝાડ ઉપર ચઢી ગઈ. પેલો મૂર્ખ વાંદરો હાથથી તે ઝાડ ઉપર ચઢી જઈ, તે સ્ત્રીને બે હાથે ઝાડને વચ્ચે રાખી વળગી પડવા ગયો, એટલે તે સ્ત્રીએ પોતાના બે

હાથથી, તે જ ઝાડ ઉપર તે વાંદરાના હાથને જકડી લીધા. તે વાંદરો સજ્જડ થઈ ગયો, એટલે તે ઘણો જ ચીઢાઈ ગયો. થોડી વારમાં તે માર્ગેથી કોઇએક ભરવાડ જતો જણાયો, તેને તે સ્ત્રીએ કહ્યું; "ઓ ભલા માણસ! મારા બે હાથમાંથી જરા આ વાંદરાને જો પકડે, તો હું મારા છુટી ગયેલા કેશ બરાબર બાંધી લઉં." પેલા આહિરે કહ્યું, "અહો! હું તેમ કરીશ, પણ જો તું મને તારો પ્રીતમ કરે તો!" તે વાત તે સ્ત્રીએ સ્વીકારી. પછી તે ભરવાડે તે વાનરને પકડી રાખ્યો અને તે સ્ત્રીએ તે ભરવાડનું ધારીયું લઇને તે વાંદરાને મારી નાંખ્યો! અને ભરવાડને કહ્યું; "ચાલ, આપણે એકાંત જગ્યામાં જઇએ." આમ કહી તેને તે બહુ દૂર સાથે તેડી ગઈ. તેઓને કેટલાએક વટેમાર્ગુઓ મળ્યા કે તુરત તે ભરવાડને મૂકી તે સ્ત્રી મુસાફરોની સાથે જ પોતાને જે ગામ જવાની ઇચ્છા હતી, તે ગામ ચાલી ગઈ; અને બુદ્ધિવડે બલાત્કારના દુઃખમાંથી ઉગરી.

"આ રીતે આ સંસારમાં પ્રથમ આચાર, બુદ્ધિ જ છે. બુદ્ધિવડે સમ્પત્તિ સાથે સમ્બન્ધ થતાં વાર લાગતી નથી; પણ બુદ્ધિ વગર વિપત્તિ–વિનાશ તરત પાસે આવે છે. ધન વગર નિર્ધન મનુષ્ય જીવે છે, પણ બુદ્ધિ વગર નિર્ધન મનુષ્ય પણ જીવતો નથી. હવે હે મહારાજ! આપને એક વિચિત્ર ને અદ્ભુત કથા સંભળાવું છું.

## ઘટ અને કર્પર નામના બે ચોરની કથા.

કોઇએક નગરમાં ઘટ અને કર્પર નામના બે ચોર રહેતા હતા. એક વખતે આ બે ચોરમાંનો કર્પર ચોર, રાત્રિને વખતે પોતાના મિત્ર ઘટને રાજભવનની બહાર રાખી, પોતે રાજકુમારીના રંગમહેલમાં ખાતર પાડી દાખલ થયો. આ વખતે રાજકન્યા જાગતી હતી. તેણે ચોરને એક ખૂણામાં છુપાયો હતો તે છતાં દીઠો. રાજ કુંવરી તેને જોતાં કામાતુર થઈ ગઈ, એટલે રંગ રમવાને પ્રેમાનંદથી તે ચોરને પોતાની પાસે બોલાવ્યો. રાજાની કુંવરી છતાં કામાંધ બની તે તેની સાથે રતિ રંગ રમી, પછી તેને પુષ્કળ ધન આપીને કહ્યું; "તું જો બીજીવાર અહીં આવીશ તો હું તુંને બીજું ઘણું ધન આપીશ." પછી કર્પર ત્યાંથી બહાર નિકળ્યો; અને આ વૃત્તાંત પોતાના મિત્ર ઘટને કહી સંભળાવી, રાજકુંવરીએ આપેલું સઘળું ધન ઘટને આપી તેને ઘેર મોકલ્યો, અને પોતે ફરીથી તે જ વખતે સ્વચ્છંદીપણાથી રાજકુમારીના મહેલમાં ગયો. જે કામ અને લોભની ફાંસીમાં ફસાય છે તે પુરુષ શું કાળને જુવે છે કે? પછી કર્પર અંતઃપુરમાં દાખલ થઈ રાજકુંવરી સાથે રાત્રિના રહ્યો. મદિરાપાનથી મત્ત થવાથી ને સુરત વિલાસમાં થાકી ગયો હતો તેથી, તે તેની જ સાથે નિદ્રાવશ થઈ ગયો; અને રાત્રિ ક્યાં વીતી ગઇ તેનું તેને કંઈ પણ ભાન રહ્યું નહીં. સવાર થઈ એટલે અંતઃપુરની ચોકી કરનારા સિપાઇઓ અંદર આવ્યા, અને કર્પરને બેભાન પડેલો જોઇ, તેને કેદ કરી, રાજાની સમીપમાં લઈ ગયા, અને રાજા આગલ ખડો કીધો! રાજા તેના ઉપર ઘણો ક્રોધાયમાન થઇ ગયો, અને હુકમ કર્યો કે એને મારી નાંખો! જ્યારે તેને વધસ્થાનપર લઇ જતા હતા, ત્યારે તેનો મિત્ર ઘટ, કે જે પોતાનો મિત્ર રાત્રે આવ્યો ન હતો તેની શોધ કરવા માટે નિકળી



પડ્યો હતો, તે સામો મળ્યો. કર્પરે ઘટને જોયો અને સંજ્ઞાથી સમજાવ્યું કે, તું તે રાજકન્યાનું હરણ કરી તેની સંભાળ લેજે. ઘટે સામી સંજ્ઞા કરી જણાવ્યું કે, ફીકર ન કર! તારી ઇચ્છાને સફળ કરીશ! પછી ચાંડાળો કર્પરને એક જગ્યાએ લઈ ગયા અને એક વૃક્ષપર લટકાવી, તે પરાધીન ચોરને યમલોકમાં મોકલી દીધો.

ઘટ ત્યાંથી પોતાને ઘેર ગયો ને મિત્રમરણની દિલગીરીમાં તે દિવસ તો ગાળી કહાડ્યો. પણ રાત્રિ પડી એટલે તે રાજકન્યાના મહેલમાં, સુરંગ ફોડીને દાખલ થયો. ત્યાં નજર કીધી તો રાજકન્યાને એકાંતમાં બાંધેલી હતી, પણ ત્યાં બીજું કોઈ હતું નહીં. તે તેની પાસે જઇને બોલ્યો; "તારે માટે આજે જે કર્પર મરણ પામ્યોછે, તેનો હું મિત્ર છું. મિત્રના સ્નેહ ખાતર તને અહીંથી લેવા માટે હું આવ્યો છું; માટે તારા પિતા કંઈ આડું અવળું કરે તે પૂર્વે તું મારી સાથે નિકળી નાસ." તે સાંભળી રાજકુમારી ઘણી રાજી થઈ, અને તેનું કહેવું સ્વીકાર્યું. તુરત ઘટે તેનાં બંધન તોડી નાંખ્યાં ને તેને મુક્ત કરી. પછી તે રાજકન્યાએ પોતાનું શરીર તેને અર્પણ કર્યું ને તેને અધીન થઈ, રંગે રમી. પછી ઘટ સાથે સુરંગ દ્વારે બહાર નિકળી, તેને ઘેર ગઈ.

બીજે દિવસે સવારના રાજાએ સાંભળ્યું કે, કોઇ પુરુષ, ગુપ્ત સુરંગદ્વારે તેની કન્યાને હરણ કરી ગયો છે, ત્યારે તે વિચાર કરવા લાગ્યો કે; "બેશક! જે પાપીને મેં શિક્ષા કરાવી છે, તેના કોઇ સાહસિક મિત્રનું આ કર્મ હશે–તેણે જ મારી કન્યાનું હરણ કર્યુ છે." આવો વિચાર કર્યા પછી રાજાએ પોતાના સેવકોને હુકમ ફરમાવ્યો કે, "તમારે આ કર્પરના શરીરને ચોકી પહેરામાં સાચવવું, અને જે તેને માટે અફસોસ કરતો, તેને બાળવા વગેરેને માટે આવે, તેને તમારે કેદ કરવો, અને એ રીતે કુળને કલંક લગાડનારી મારી પાપિણી કન્યાને હું પકડી શકીશ!" રાજાએ કહ્યું એટલે ચોકી કરનારાઓ, "જો હુકમ," કહી કર્પરના શરીરની રાત્રિ દિવસ ચોકી કરવા લાગ્યા.

જ્યારે ઘટે તપાસ કરીને શું બનાવ બને છે તે જાણ્યું, ત્યારે તેણે રાજકુમારીને કહ્યું; "પ્રાણવલ્લભા! મારો સાથી કર્પર મારો જીવજાન દોસ્ત હતો અને તેનાજવડે મને આજ ઉત્તમ રત્ન સંગ્રહનો અને તારો લાભ થયો છે. તે મરી ગયો અને મારી સાથેના સ્નેહનો છેડો છોડવીને પરલોકમાં ચાલ્યો ગયો છે. તોપણ જ્યાં સૂધી હું તેના પ્રેમનો બદલો વાળીશ નહીં, ત્યાં સૂધી હું હજી તેનો કરજદાર છું, અને મારું અંતઃકરણ ઠરીને ઠામ બેસનાર નથી. હું મારી બુદ્ધિના ચાતુર્યથી તેના શબ પાસે જઈ, સઘળા દેખતાં તે મિત્રને નિમિત્તે અશ્રુ પાડીશ ને તેના શરીરને અગ્નિદાહ કરી, તેનાં હાડકાંને તીર્થમાં નાંખીશ. તારે મારા વિશે યત્કિંચિત્ પણ ચિંતા કરવી નહી. કારણ કે કર્પર જેવો હું અવિચારી નથી." આટલું તે રાજકન્યાને કહી, તેણે તે જ વખતે પાશુપત યોગીનો વેશ ધારણ કીધો, હાથમાં એક ખપ્પર લીધું અને તેમાં દધ્યોદન* લઈ, કર્પરના શબની પાસે, જાણે માત્ર તે રસ્તે જતાં સહેજે જ ત્યાં જઈ ચઢ્યો હોય તેવું બતાવતો ગયો. પછી મદિરામત્તની માફક ગાવા, હસવા તથા

* આ એક જાતનો ખાવાનો પદાર્થ થાય છે. એમાં રાંધેલા ચોખા સાથે દહિ જમાવી, તેમાં લાલ મરચાંનો થોડો ભૂકો અને લુણ નાંખીને ઠારવામાં આવે છે.

હાંફવા લાગ્યો, અને પાસે ગયા પછી ઠેસ ખાઈને જમીન ઉપર પડી ગયો, કે પેલું દધ્યોદનનું ઠીબડું નીચે પડી ભાંગી ગયું, એટલે તેણે રોવાનું શરુ કીધું કે; "અરેરે! હાય હાય! એ અમૃત ભરેલા કર્પર!* તારું શું થયું? તું કયાં ગયું?" એ રીતે ઢોંગ કરી અશ્રુ પાડ્યાં. તે સાંભળીને ચોકીવાળાએ વિચાર્યું કે તે તો પોતાના ખાવાના પદાર્થ, જે ભિખ માંગી આણ્યા હશે તેનો ને ખપ્પરનો અફસોસ કરે છે! ક્ષણેકમાં તે ત્યાંથી પાછો ફર્યો ને પોતાને ઘેર આવી તે સર્વ વૃત્તાંત રાજકુમારીને કહી સંભળાવ્યું.

બીજે દીવસે સાયંકાળે પોતાના બે ચાકરને સ્ત્રીઓનો પોશાક પહેરાવી સ્ત્રી બનાવ્યા; એકને આગળ રાખ્યો અને બીજાના હાથમાં ધંતુરાવાળા લાડવાનું એક વાસણ આપી પોતાની પાછળ રાખ્યો, અને પોતે પીધેલા ગામડીઆનો વેશ લઈ, ઘરમાંથી બહાર નિકળ્યો; અને જ્યાં કર્પરના શબની ચોકી કરતા ચોકીવાનો બેઠા હતા, તેની પાસે ઠેસુઆ ખાતો ખાતો ગયો. ત્યારે ચોકીદારો તેને પૂછવા લાગ્યા; "અલ્યા ભાઈ! તું કોણ છે, અને આ સ્ત્રી કોણ છે, અને તું કયાં જાય છે?" એટલે તે ચોરનો શિરોમણિ, ચોકીદારોને ભાંગેલા તૂટેલા અક્ષરોથી કહેવા લાગ્યો; "હું હું ગ–ગ–ગ–ગા–મ–ડી–ઓ છું; આ મારી બા–બા–બા–બા–બાયડી! ને તેનો હું હું મા–મા–માટી માટી! તે ને હું મારા છ–છ–છ–છરાને ઘ–ઘ–ઘ–ઘેર જાઉંછું. મેં મારા છ–છ–છ–છરાને માટે ફ ફ ફક્કડ લાડુ લીધા છે લાડુ! પ–પ–પ–પણ હવે ત–ત–તમે મારી સાથે આટલી વ–વ–વાતચિત કરી, માટે મા-મા-મા-મા મારા મિત્ર થાવ છો, તો–તો–તો–તેમાંનું અડધું ત્યાં લઈ જઇશ અને અડધું તમને ખ-ખ-ખ ખવરાવીશ!" આમ કહી તે ખાવાની વસ્તુમાંથી દરેક ચોકીવાનને થોડી થોડી આપી. પેલા ચોકી કરનારા તે લઈ હસતા હસતા ખાઈ ગયા. આ પ્રમાણે ધંતુરો ખાવાથી દરએક ચોકીવાન બેભાન થઇ ગયો, એટલે ઘટે તે રાત્રે પ્રથમથી કરી રાખેલી ગોઠવણ પ્રમાણે, લાકડાં લઈ આવી કર્પરના શરીરને અગ્નિદાહ કીધો.

બીજે દિવસે પ્રભાતના, તે ચોર ગયા પછી, રાજાને ખબર થઈ કે, ચોર પોતાનું કામ કરી અને સીપાઈઓને મૂર્ખા બનાવી ચાલ્યો ગયો છે, એટલે તે મૂર્ખોને ઉઠાડી મૂકયા ને તેમની જગ્યાએ બીજાને મૂકીને કહ્યું કે; "તમારે આ અસ્થિ ને રાખપર નજર રાખવી, અને એની નજીકમાં જે કોઈ આવવાનો યત્ન કરે તેને પકડવો અને કોઈની પાસેથી કંઈ પણ ખાવાનું લેવું નહીં." આ પ્રમાણે રાજાએ ચોકીદારોને સૂચના આપ્યા પછી, તે ચોકી કરનારા રાત્રિ દિવસ ત્યાં બેસી કર્પરની રાખની ચોકી કરવા લાગ્યા. આ વાર્તા ઘટના જાણવામાં આવી, એટલે તેણે એક મંત્ર જાણનારો સંન્યાસી હતો તેની સાથે મિત્રતા કરી. પછી ધીમે ધીમે તેને મીઠી મીઠી વાતોથી સમજાવી તેનો વિશ્વાસ મેળવ્યો, અને તે દ્વારા દેવી દુર્ગા પાસેથી મોહનમંત્ર મેળવ્યો. પછી તે મંત્રના પ્રતાપથી, તે મંત્રનો જપ કરનારા ભટકતા સંન્યાસીની સાથે, જ્યાં કર્પરની રાખ

* સંસ્કૃતમાં કર્પર એટલે ઠીબ એમ પણ અર્થ થાય છે. મરણ પામેલાને દુધ ચોખા ચઢાવવાનો રીવાજ છે, તે પ્રમાણે આ ક્રિયા થઈ.



તથા અસ્થિ પડ્યાં હતાં ત્યાં ગયો; અને સઘળા ચોકીદારોને મોહનમંત્રથી મૂર્છિત કરી મૂકયા, અને કર્પરનાં રાખ હાડકાં ઉંચકી પછી તેને ગંગાજીના પવિત્ર જળમાં પધરાવી, લઈ, પાછો પોતાને ઘેર આવ્યો. કર્પરની રાખ નજીક જે વૃત્તાંત બન્યો તે સર્વ વૃત્તાંત સંન્યાસીને કહી, તેની ને રાજકન્યાની સાથે, સુખમાં રહેવા લાગ્યો. રાજાએ આ વાત જ્યારે સાંભળી કે ચોકીદારોને મૂર્છિત કરી મૂકયા છે, અને ચોર હાડકાં લઈ ગયો છે, ત્યારે તેણે ધાર્યું કે આ સર્વ બનાવ–પોતાની કન્યાના હરણથી માંડીને હાડકાં લઈ જવા સૂધીનું સઘળું કામ–કોઈક યોગીનું હોવું જોઇયે! તેથી તે રાજાએ પોતાના નગરમાં ઢંઢેરો પીટાવ્યો કે; "જે યોગીએ મારી પુત્રીનું હરણ વગેરે કર્યું છે ને તે સાથે બીજી કળાકુશળતા દર્શાવી છે તે જો પ્રગટ થશે તો હું તેને મારું અર્ધરાજ્ય આપીશ." તે સાંભળી ઘટે પ્રકટ થવાની મરજી જણાવી, પણ રાજકુમારીએ તેમ કરતાં ઘટને વાર્યો; અને કહ્યું કે, "એમ કદી કરતો નહીં. તું રાજાપર કદીપણ વિશ્વાસ મૂકતો ના–કેમકે તેણે છળપ્રપંચથી ઘણાને મરણશરણ કીધા છે," એટલે ઘટ પ્રકટ થયો નહીં, અને ગામમાં રહેવાથી પોતાની ગુપ્ત વાર્તા રખેને પ્રકટ થાય એવી બ્હીકને લીધે તે, સંન્યાસી અને રાજકન્યા બન્નેની સાથે, બીજા દેશ તરફ જવા નીકળ્યો.

માર્ગમાં જતાં જતાં તે રાજકન્યાએ એક સમયે એકાંતમાં પેલા સંન્યાસીને કહ્યું; "આ ચોરના એક સાથી કર્પરે, પાતિવ્રત્યમાંથી મને ભ્રષ્ટ કરી છે; અને આ બીજાએ મારા ઉંચા કુળમાંથી મને ભ્રષ્ટ કરી છે! તે ચોર તો મરી ગયો, અને આ ઘટ તો મને જરા પણ ગમતો નથી; પણ તું મને વધારે પ્રિય લાગે છે!" આમ વાર્તા કરી, સંન્યાસીની સાથે સંકેત કરીને તેણે એક રાતના ઘટને મારી નાંખ્યો. પછી તે પાપિણી સ્ત્રી અને સંન્યાસી સાથે સાથે જતાં હતાં એવામાં રસ્તામાં, ધનદેવ નામનો એક વાણિયો તેમને મળ્યો. તેનાપર તે રાજકન્યાનો પ્રેમ બાઝ્યો. રાજકન્યાએ વાણિયાને કહ્યું; "તમે મને બહુ ગમો છો! આ સાળો મુંડીઓ! મુવારેઓ! એનું મોઢું બાળો! એ મને જરાએ ગમતો નથી." પેલો વાણિયો પણ તેની લટાછટા જોઇને તેનાપર પ્રેમાસક્ત થઇ ગયો, ને તેથી તેની સાથે રંગ વિલાસ કર્યાં પછી માર્ગે પડ્યા. એકગામમાં ત્રણે જણા સાથે એક ધર્મશાળામાં ઉતર્યાં. ત્યાં રાત્રિએ તે રાજકુમારી સંન્યાસીને સૂતો મૂકી, તે વાણિયા સંગે ચાલી ગઈ. પેલો સંન્યાસી પ્રભાતમાં ઉઠીને જુવે છે તો રાજકન્યાને દીઠી નહીં. તે વિચાર કરવા લાગ્યો; "સ્ત્રીઓમાં સ્નેહ નથી જ" તેમ ચપળતાને લીધે ડહાપણ પણ નથી જ; કારણકે તે પાપિણી મને વિશ્વાસ ઉપજાવી, સૂતો વેચી અને સાથે મને લુંટીને ચાલતી થઈ છે! પરંતુ તેણે મને ઘટની માફક મારી નાંખ્યો નહીં, એટલો હું ભાગ્યશાળી છું." આવો વિચાર કરી તે સંન્યાસી પોતાના દેશ તરફ ચાલ્યો ગયો.

## ધનદેવની વહુની કથા.

આ બાજુએ પેલી રાજકન્યા વાણિયાની સાથે તેને દેશ ગઈ. ધનદેવ જ્યારે પોતાને શહેર પહોંચ્યો ત્યારે, તે વિચાર કરવા લાગ્યો કે "હું આ વેશ્યા સ્ત્રીને એકદમ ઘરમાં કેમ દાખલ કરું?

તેને પરભારી ઉતારવી એ જ ઠીક છે," આવો વિચાર કરી, સંધ્યાકાળ થયો હતો તેથી તે વાણિયો પોતાના ગામની એક ઘરડી ડોકરીને ઓળખતો હતો ત્યાં રાજકન્યાને લઇને ગયો. ત્યાં જઈ, અંધારામાં ધનદેવે પેલી ઘરડી ડોકરીને પૂછ્યું; "માજી ! તમને ધનદેવ શેઠના કુળ કુટુંબની કંઈ ખરખબર છે ?" તે સાંભળી પેલી ઘરડી ડોકરી, તેને ઓળખ્યા વગર બોલી; "ભાઈ ! બીજી તો શી વાર્તા કહું ? એ ધનદેવની સ્ત્રી નવનવા પુરુષોની સાથે દરરોજ રંગ ભોગ રમ્યા કરે છે તે હું જાણું છું. તે રાંડ દરરોજ રાત્રે પોતાની મેડીની ઉપરની બારીમાંથી એક ચામડાની ટોપલી નીચે લટકાવી રાખે છે. તેમાં જે છેલ પુરુષ બેસે છે તેને ઉપર ખેંચી લઈ, પોતાના ક્રીડાભવનમાં લઇ જઈ, ફક્કડ રીતે ક્રીડા કરે છે અને પાછલી રાત્રિ થાય છે ત્યારે તેવી જ રીતે ચામડાની ટોપલીમાં તેને બેસાડી નીચે ઉતારી મૂકે છે. એ રાંડ દરરોજ પુષ્કળ મદ્યપ્રાશન કરીને મદમત્ત બને છે, તેથી તે સારાસાર જાણી શકતી નથી. આ રીતે તે સ્ત્રી છીનાળને નામે આખા નગરમાં પ્રસિદ્ધિને પામી છે. તેનો ધણી ધનદેવ ઘણા દિવસ થયાં પરદેશમાં ગયો છે, પણ હજી આવ્યો નથી, એટલે તે બાપડાને આ વાતની ક્યાંથી ખબર હોય?"

જ્યારે ધનદેવે પોતાની સ્ત્રી વિષે ડોસીનાં આવાં વચન સાંભળ્યાં, ત્યારે તે મનમાં બહુ સંતાપ કરવા લાગ્યો. પણ ડોસીની વાતની સત્યતા માટે તેના મનમાં શંકા ઉત્પન્ન થઈ, તેથી તે જ વખતે કોઈ યુક્તિ કરી રાજકન્યાને ડોકરીને ત્યાં એકલી મૂકી, પોતાને ઘેર આવ્યો. ત્યાં આવી જોયું તો તેની દાસીઓએ દોરીએ બાંધેલી ચામડાની એક ટોપલી લટકાવી રાખી હતી. તેમાં તે બેઠો, એટલે દાસીઓએ તેને ઉપર ખેંચી લીધો. પછી ધનદેવ ટોપલીમાંથી બહાર નિકળી, પોતાની સ્ત્રી પાસે ગયો. મદિરા પીને તેના મદમાં આંધળી થએલી તેની સ્ત્રી, પતિને ઓળખી શકી નહી તેથી, મદના આવેશમાં પોતાના પતિને બાઝી પડીને તેને શય્યા ઉપર લઈ ગઈ. ધનદેવને પોતાની સ્ત્રીની આવી નઠારી ચાલ જોઈ તેની સાથે વિહાર કરવાની યત્કિંચિત્ પણ ઇચ્છા થઈ નહીં. થોડીવારમાં મદિરામત્ત થયેલી તે સ્ત્રી નિદ્રાવશ થઈ ગઈ. પરોઢિયામાં તેની દાસીઓએ ધનદેવને પેલી ટોપલીમાં બેસારી બારીમાંથી નીચે ઉતારી મૂક્યો. નીચે આવ્યા પછી તે વાણિયો ઉદાસ હૃદયે બોલ્યો; "બસ, મને હવે આ ઘર અંગારારૂપ છે. ઘરમાં સ્ત્રીઓ એક બંધનરૂપ તો છે અને તે સ્ત્રીઓ વળી પાછી આવી ! કે જે હમણાં મેં મારી નજરે જોયું ! હવે ઘર કરતાં વનમાં વસવું પરમ શ્રેયસ્કર છે." આવો નિશ્ચય કરી ધનદેવ તે રાજકન્યાનો પણ ત્યાગ કરી, ઘણે દૂર એક વનમાં નિકળી ગયો. રસ્તામાં જતાં જતાં તેને રુદ્રસોમ નામનો એક બ્રાહ્મણ મળ્યો. તે પરદેશ વહીને ઘણે દિવસે પોતાને ઘેર જતો હતો. તેની સાથે ધનદેવને મૈત્રી બંધાઈ. ધનદેવે તે બ્રાહ્મણને પોતાની સર્વે વિતક વાર્તા કહી સંભળાવી, ત્યારે તે બ્રાહ્મણને પણ પોતાની સ્ત્રી ઉપર શંકા આવી. પરંતુ ઉપરથી કંઈ પણ જણાવ્યા વગર તે વાણિયાની સાથે સાયંકાળે પોતાને ગામ જઈ પહોંચ્યો.

### રુદ્રસોમની સ્ત્રીની કથા.

જ્યારે તે બ્રાહ્મણ ગામમાં આવ્યો, ત્યારે નદી નિકટમાં પોતાની હવેલી હતી તેની પાસે



એક ગોવાળિયાને મદિરામત્તની માફક ગાયન લલકારતો જોયો. તેની મશ્કરી કરીને તે બ્રાહ્મણે પૂછ્યું; "અયે ગવલી ગમાર ! શું તું કોઇ સ્ત્રાના પ્રેમ પાશમાં ફસાયો છે કે આ પ્રમાણે મદમત્ત બનીને રાગડો તાણે છે અને જગતને તૃણસમાન ગણે છે ?" તે સાંભળીને પેલો ગોવાળિયો હસીને બોલ્યો; "અલ્યા ભાઈ! આ બંદા પાસે કેટલીક ગુપ્ત વાત છે તે સાંભળવા જેવી છે. આ ગામનો પટેલ રુદ્રસોમ નામનો એક બ્રાહ્મણ છે. તે ઘણા દિવસ થયા પરદેશ ગયો છે. તેની રુમઝુમ કરતી સ્ત્રીની સાથે આ બંદા રોજ રાતના રંગભોગ ઉડાવે છે. તેની દાસી મને સ્ત્રીનો વેશ પહેરાવીને ઘરમાં રોજ રોજ લઈ જાય છે, કે જેથી તેના ઘરનાં માણસો હું પુરુષ છું એમ જાણી પણ શકતાં નથી." ગોવાળિયાનાં આવાં વચન સાંભળી, તે બ્રાહ્મણને રુવેરુવે ક્રોધ વ્યાપ્યો; પરંતુ તેણે એ ક્રોધને મનમાં સમાવ્યો, અને ખરી વાર્તા જાણવાની ઇચ્છાથી બોલ્યો–"રાંડના ગમાર ! એ તું શી લવરી કરે છે! જા જા! એ વાત જ ખરી નથી ! જો તારી વાર્તા ખરી હોય તો મને તે જોવાની ઘણી ઉત્કંઠા છે. તેં ઘણા દિવસ મોજ ભોગવી છે, તો તું તારો પોશાક આજનો દહાડો મને આપ, એટલે હું પણ તારી પેઠે ત્યાં જઈ તે સ્ત્રીની સાથે વિલાસ ખેલી આવું!" ત્યારે તે ગોવાલીઆએ ઉદાર દીલે કહ્યું; "ભલે ભાઈ ભલે ! એમ કર. લે આ તારી મરજી છે તો મારો કાળો કાંબળો અને ધોકો અને આ કિનારા ઉપર બેસ. તેની દાસી રાત્રે અહીં આવશે અને આ પોશાક ઉપરથી રાતે તુંને ગોવાળ ગણી, સ્ત્રીનો પોશાક પહેરાવશે. પછી તું આજ રાત્રે હીંમતથી ત્યાં જજે અને આ બંદા આજ રાત્રે નિરાંત જીવે ખાટલે પોઢશે ! હં કે બાપજી, સમજ્યા કે ?" આ પ્રમાણે ગોવાળિયાએ કહ્યું, એટલે રુદ્રસોમે તેની પાસેથી કાંબળો અને ધોકો લઈ ગોવાળનો વેશ ધારણ કીધો, અને પેલો ગોવાળીઓ, ધનદેવની સાથે છેટે જઇને છાનોમાનો બેઠો. સાયંકાળનો સમય થયો, એટલે પેલી દાસી ગૂપચૂપ ત્યાં આવી ને અંધારામાં બેઠેલા બ્રાહ્મણ પાસે જઈ, તેને ગોવાળિયો માની, સ્ત્રીનો પોશાક પહેરાવી, 'ચાલ આમ,' એમ કહી, પોતાની સાથે લઈ જઈ, તેની સ્ત્રી હજુર પહોંચાડ્યો! પેલી સ્ત્રી, તેને ગોવાળીઓ જાણી ઉછળતા પ્રેમથી દોડી તેને ગળે વળગી પડી. જ્યારે રુદ્રસોમે પોતાની સ્ત્રીની આ દશા તરફ નજર કરી, ત્યારે તે વિચાર કરવા લાગ્યો; "હાય હાય ! દુરાચરણી સ્ત્રીઓ પોતાની સમીપમાં રહેલા નીચ પુરુષ ઉપર પણ પ્રસન્ન રહે છે! અફસોસ ! આ મારી વિષયાંધ સ્ત્રી, પોતાની સમીપમાં રહેલા ગોવાળ ઉપર ફીદા ફીદા થઇ ગઈ છે ! ધિક્કાર છે એને !" આવો મનમાં અફસોસ કરતો તે સ્ત્રી ઉપર ઉદાસ થઈ ગયો. કંઈક નિમિત્ત બતાવી, તે જ વખતે અવાજ બદલીને તે બ્રાહ્મણ ઘર બહાર નિકળી, ધનદેવની પાસે આવ્યો; અને પછી પોતાના ઘરનું સર્વ વૃત્તાંત તે વાણિયાને કહીને બોલ્યો. "હું પણ તારી સાથે વનમાં આવું છું ! ભલે આ ઘરકુટુંબ જળી જાય !" આ પ્રમાણે રુદ્રસોમે પોતાનો નિશ્ચય જણાવ્યો અને તે જ વખતે તે બન્ને જણા સાથે સાથે વનમાં ગયા.

### શશીની સ્ત્રીની કથા.

આ બે જણા માર્ગમાં જતા હતા એવામાં ધનદેવનો શશી નામનો એક મિત્ર રસ્તામાં

મળ્યો. વાતચિત કરતાં તે બન્ને જણાએ તેને પોતાના ઘરની વિતક વાર્તા કહી. તે સાંભળીને જેને પરપુરુષનો ઘણો જ વહેમ હતો અને એટલા માટે જે પોતાની સ્ત્રીને ભોંયરામાં પૂરીને પરદેશ ગયો હતો, અને ત્યાંથી ઘણે દહાડે પાછો ઘેર જતો હતો તે **શશી**ને, પોતાની સ્ત્રીપર પણ મોટો અવિશ્વાસ ઉત્પન્ન થયો! છતાં મૂગો મૂગો માર્ગે ચાલવા લાગ્યો. તે બન્નેને સાથે લઈ, સાયંકાળને વખતે તે પોતાના ગામમાં પોતાના ઘરની નજીકમાં આવી ચઢ્યો. તેણે ધાર્યું હતું કે આ બન્ને જણાની પરોણાચાકરી સારી રીતે કરી, મારી સ્ત્રીની મારા પ્રત્યેની પ્રીતિ ને તેનું સતીત્વ દર્શાવીશ; પણ ભાઈશ્રી આવો વિચાર કરીને જ્યાં પોતાના ઘરની સમીપમાં જાય છે, ત્યાં એક ગંધાતા રક્તપિતિયાને છેલ પુરુષ પેરે લલીત લાવણી ગાતો દીઠો! તેના હાથ અને પગ પિત્તને લીધે ખરી ગયા હતા, તોપણ તે શૃંગારી જણાતો હતો. તેને જોઈ **શશી** આશ્ચર્ય પામ્યો અને પૂછ્યું; "અલ્યા, તું કોણ છે, અને આટલો મોજમાં કેમ આવી ગયો છે?" ત્યારે તે રક્તપિતિયો બોલ્યો; "ઓરો આવ, તું આ બંદાને પીછાણતો નથી કે? બંદો તો કામદેવ છે કામદેવ!" **શશી**એ કહ્યું, "એમાં તો શંકા નથી. તારું સ્વરૂપ જ તે કહી આપે છે કે તું સાક્ષાત્ કામદેવ છે!" ત્યારે પુનઃ તે પિતિયો બોલ્યો; "સાંભળ, હું તને કંઈ કંઈ કહું તે! આ ગામમાં **શશી** નામનો એક લુચ્ચાનો પીર હતો. તે પરપુરુષનો ઘણો દ્વેષી હતો, તેથી પોતાની સ્ત્રીને ભોંયરામાં પૂરી તેની સેવામાં એક દાસી રાખીને પરદેશમાં ગયો છે. પણ તે સ્ત્રીને દૈવયોગે બંદાનાં દર્શન થયાં એટલે તે રતિરાણીએ કામાતુર થઇને પોતાનો દેહ આ બંદાને અર્પણ કરી દીધો છે! દરરોજ જ્યારે રાત પડે છે ત્યારે તેની દાસી પોતાના વાંસા ઉપર આ બંદાને બેસારીને તેની પાસે ભોંયરામાં લઈ જાય છે; અને આ બંદો હંમેશાં તેની સાથે રંગભોગ રમે છે. ત્યારે બોલ હવે ગધેડા! આ બંદો કામદેવ ખરો કે નહીં? કામ વગર બીજા કોને પરસ્ત્રીનો સમાગમ થાય? **શશી**ની રૂપસુંદર સ્ત્રીનો જે પ્રીતમ હોય તે કામદેવ નહીં તો બીજો કોણ?"* પિતિયાનાં આવાં વચન સાંભળી, વજ્રના પ્રહાર જેવું **શશી**ને દુઃખ થવા માંડ્યું. પરંતુ તેની ખાત્રી કરવાની ઇચ્છાથી પોતે પિતિયાને કહ્યું; "ખરેખર તું કામદેવ છે! પણ મેં જે તારી પાસેથી વાર્તા સાંભળી, તેમાં મને અદ્ભુતાશ્ચર્ય થયું છે. મને તારી વાતપરથી તે સ્ત્રી જોવાની ઘણી ઉત્કંઠા થઈ છે, તો માગણી કરુંછું કે આજ રાત્રે હું તારો વેશ લઇને ત્યાં જાઉં! તને તો તે હમેશાં મળ્યા કરે છે, માટે તને કંઈ ઘણી હાનિ થનાર નથી, તેથી તું મારા ઉપર કૃપા કર, અને એક દિવસ મને રજા આપ!" **શશી**એ આ માંગણી કીધી, ત્યારે તે પિતિઓ બોલ્યો, "ભલે, ભા ભલે, એ પણ ઠીક છે. તું મારો પોશાક પહેર અને તારો મને પહેરવા આપ. તું તારા હાથ અને પગ, મેં જેમ લુગડાથી ઢાંક્યા છે, તેમ ઢાંકી અહીં બેસી રહે. જ્યારે સાંઝ પડશે અને અંધારુ થશે ત્યારે તેની દાસી અહીં આવી મારા સ્વરૂપમાં રહેલા તને, પીઠ ઉપર ઉપાડી લેશે, એટલે તું તેની સાથે મારી પેઠે જજે! મારા હાથ પગ પિતથી ખરી પડ્યા છે, માટે હું તો હંમેશાં તેની દાસીની પીઠ ઉપર બેસીને જાઉં છું!" આ પ્રમાણે તે પિતિયાએ કહ્યું, કે **શશી**એ પિતિયાનો પોશાક પહેર્યો, અને પોતાના હાથ અને પગ

* અંગ્રેજીમાં આમ છે; " તે બીજી સ્ત્રીને કેમ પસંદ કરે?"



ઢાંકીને તેની જગ્યાએ બેઠો. બ્રાહ્મણ તથા વાણિયો, જે સાથે આવ્યા હતા તે દૂર જઈ ઉભા રહ્યા અને પેલો પિતિયો પણ ત્યાંથી **શશિ**ની મદદથી દૂર ખસી ગયો.

અંધારું થયું અને રાત્રિનો આરંભ થયો, એટલે પેલી દાસી પિતિયાના વેશમાં બેઠેલા **શશી**ની પાસે આવી, ને તેને પિતિયો સમજી બોલી; "ચાલ," એમ કહી ઉંચકીને પીઠ ઉપર બેસાર્યો; અને રાત્રિને સમયે પિતિયા જારની વાટ જોતી તેની સ્ત્રી પાસે તેને ભોંયરામાં લઈ ગઈ. **શશી**એ ભોંયરામાં પોતાના પ્રિતમ વગર દુઃખી થતી સ્ત્રીના અંગનો સ્પર્શ અંધારામાં કર્યો એટલે જાણ્યું કે આ મારી જ સ્ત્રી છે—આવો નિશ્ચય કર્યા પછી, તે **શશી**ને પણ વૈરાગ્ય ઉત્પન્ન થયો. તેની સ્ત્રી જ્યારે નિદ્રાવશ થઈ ગઈ, ત્યારે કોઈ જાણે નહી તેમ ગુપચુપ તે બહાર નિકળી જઈ, **ધનદેવ** તથા **રુદ્રસોમ**ની પાસે આવ્યો; અને ઉદાસ થઈ તે બન્નેની આગળ પોતાનું વૃત્તાંત જણાવીને કહ્યું; "હાય! હાય! સ્ત્રીઓ દ્રોણીમાં વહેતા જોસબન્ધ ઝરણા જેવી છે; તેઓ નીચા (ણ) તરફ જ સદા ધસે છે, તે ચંચળ ( કામચારિણી ) છે, દૂરથી રળિયામણી જણાય છે ( પરન્તુ પાસે જતાં તો નઠારી લાગે છે ), તે કંટક જેવી પીડક છે અને એ રીતે ક્ષોભ પામતી એક ગુફાની નદીનું જેમ પાણી પી શકાતું નથી, તેમ કુટિલ નારીઓનું બરાબર રીતે રક્ષણ કરી શકાતું નથી. મેં આ મારી સ્ત્રીને ભોંયરામાં પૂરી રાખી હતી, તોપણ તે પિતિયાપર આશક પડી! તો હવે મને ઘર શું કામનું છે? હવે તો મને વનમાં જ સુખ મળશે. ધિક્કાર છે આવા સંસારને!" આ પ્રમાણે સંતાપ કરતા, પોતાના સમાન દુઃખી બન્ને જણાની સાથે, તે રાત્રી તેણે ત્યાં જ ગાળી કાઢી.

## એક નાગદેવ ને તેની સ્ત્રીની કથા.

બીજે દવસે તે ત્રણે જણા સાથે સાથે વનમાં જવાને ઉઠ્યા. ચાલતાં ચાલતાં સાયંકાળે માર્ગમાં આવેલા એક વૃક્ષ નીચે સુંદર વાવ આવી ત્યાં ઉતારો કીધો. પછી ભોજન કરી જળપાન કર્યું અને રાત્રિનો વખત થયો એટલે તે વૃક્ષ ઉપર ચઢીને સૂતા. એવામાં એક વટેમાર્ગુ ત્યાં આવીને વૃક્ષની નીચે સૂતો. તે માણસને જોયા પછી એક ક્ષણ થઈ ન થઈ તેટલામાં વાવમાંથી એક પુરુષને બહાર નિકળતાં દીઠો. તે પુરુષે પોતાના મુખમાંથી એક સ્ત્રી અને સુવાનો પલંગ—આ બન્ને બહાર કાઢયાં. પુરુષ આ સ્ત્રી સાથે રતિવિલાસ રમી, તે શય્યા ઉપર નિદ્રાવશ થઈ ગયો. ત્યારપછી પેલી સ્ત્રી, તે વટેમાર્ગુને જોઈ પોતાની શય્યા ઉપરથી ઉઠી, કામ ભરિત તેની પાસે ગઈ, અને રંગે રમી. રમ્યા પછી પેલા વટેમાર્ગુએ પૂછ્યું; "તમે કોણ છો?" ત્યારે તે સ્ત્રી બોલી; "આ નાગદેવ છે; હું તેની સ્ત્રી છું અને નાગની કન્યા છું, પણ તું જરાએ ડરીશ મા. કારણકે મેં નવાણું વટેમાર્ગુઓને મારા પ્રિતમ કીધા છે, અને આજે તું સોમો છે." આ પ્રમાણે નાગકન્યા તે વટેમાર્ગુ સાથે વાત કરે છે, એટલામાં દૈવેચ્છાથી તે નાગ જાગૃત થયો ને બન્ને જણાને એકાંત સ્થળે વાત કરતાં દીઠાં. તેને ક્રોધ વ્યાપ્યો તેથી મુખમાંથી અગ્નિની જ્વાળા કહાડી તે બન્નેને બાળીને ભસ્મ કરી દીધાં.

જ્યારે તે નાગદેવ ત્યાંથી પાછો વાવમાં ચાલ્યો ગયો, ત્યારે ઝાડ ઉપર બેઠેલા પેલા ત્રણે જણા પરસ્પર બોલ્યા કે; "જ્યારે શરીરની અંદર રાખવામાં આવેલી સ્ત્રીઓ પણ સાચવવી મુશ્કેલ છે, ત્યારે ઘરમાં રહેનારી સ્ત્રીઓની તો વાત જ શી કરવી? સ્ત્રી જાતિને જ ધિક્કાર છે." એ રીતે તે ત્રણે જણા વાર્તા કરતા કરતા સંસારની જંજાળમાંથી મુક્ત થઈ વનમાં ચાલ્યા ગયા. વનમાં તે ત્રણેએ ગયા પછી, મૈત્રી–કરુણા વગરે યોગશાસ્ત્રોક્ત ભાવના* સાંધી, જેથી તેમનાં અંતઃકરણ શાંત થઈ ગયાં. તેઓ સારી રીતે બુદ્ધિને વશ કરી, સર્વ પ્રાણીઓ ઉપર સમાનભાવ રાખી, અનુપમ આનન્દદાયક સમાધિ ચઢાવી, પરમાર્થસિદ્ધિ મેળવ્યા પછી, પાપ માત્રમાંથી મુક્ત થઈ, મોક્ષને પામ્યા અને તે ત્રણેની દુરાચરણી સ્ત્રીઓ, પોતાના પાપને લીધે ઘણી માઠી હાલત ભોગવી, આલોક અને પરલોકમાંથી ભ્રષ્ટ થઈ, થોડા સમયમાં મરણ પામી.†

"આ પ્રમાણે સ્ત્રીઓ ઉપર પ્રેમ ધરાવનારા પુરુષો સુખ મેળવતા નથી! પણ તેમની તરફ અનાદર કરનારા અને સારાસાર જાણનારા પુરુષો જ મોક્ષપદને પામે છે."

શક્તિયશાનો સમાગમ કરવામાં ઉત્કંઠિત નરવાહનદત્તે, ગોમુખ પાસેથી આ પ્રમાણે વળી વાર્તાનો વિનોદ ઘણીવાર સૂધી મેળવ્યો, અને તે પછી નિદ્રાવશ થઈ ગયો.

---

*યોગશાસ્ત્રોક્ત ચાર ભાવનાઃ–મૈત્રી, કરુણા, મુદિતા ને ઉપેક્ષા છે. સમાનમાં મૈત્રી, દુઃખીને જોઈ કરુણા, સુખીને જોઈ મુદિતા–હર્ષની વૃત્તિ અને દુષ્ટ અથવા અપકાર કરનાર તરફ ઉપેક્ષા–ઉદાસીનતા. અંગ્રેજી ભાષાંતર કરનારે આ સ્થળે જે ચાર ભાવના જણાવી છે, તે બૌદ્ધદર્શનની છે ને તે આ છે.–

१ सर्वं क्षणिकं क्षणिकम् २ दुःखं दुःखम्
३ स्वलक्षणं स्वलक्षणम् ४ शून्यं शून्यम्.

અને અંગ્રેજી ભાષાંતરકાર આનો અર્થ આ પ્રમાણે કરે છે–

( 1 ) Everything is momentary and momentary only :
( 2 ) Everything is pain and pain only :
( 3 ) Everything is individual and individual only :
( 4 ) Everything is baseless and baseless only. "

પરન્તુ આ પ્રકૃતમાં પ્રસંગ નથી, તેથી અમારા ધારવા પ્રમાણે ઇંગ્રેજી ભાષાંતર કરનારે બૌદ્ધમતનો જે અર્થ લીધો છે તે ભૂલ ભરેલો જણાય છે.

† કર્પર ને ઘટની જે વાર્તા છે તે જ વાર્તાનો થોડો આશય મહીપતરામ રૂપરામની સાસુ વહુની લડાઈમાં "ભાનુસા ને તેના દીકરા"ની વાર્તામાં છે. આ વાર્તા ને તે વાર્તાના આગલા પાછલા પ્રસંગમાં ફેરફાર છે ખરો, પણ મુદ્દો એક જ છે.



## તરંગ ૯ મો.

## ગોમુખે કહેલી નરવાહનદત્તને નવી કથાઓ (ચાલુ).

બીજી રાત્રિએ ગોમુખે પ્રથમની માફક નરવાહનદત્તને રંજન કરવા માટે નીચે પ્રમાણે એક કથા કહેવા માંડી.

### વ્યભિચારી નારીની કથા.*

એક નગરમાં એક ધનાઢ્ય સાહુકાર રહેતો હતો. તેને એક પુત્ર હતો, જે બોધિસત્વના અંશથી જન્મેલો હતો. એ છોકરાની માતા મરી ગઈ હતી, એટલે તેના પિતાએ બીજી સ્ત્રી કરી હતી. આ સ્ત્રી ઉપર તે સાહુકાર એટલો બધો લદબદ થઈ ગયો હતો કે તે છોકરાની સાવકી માએ તેના બાપને શિખવ્યું કે; "છોકરાને ઘરમાંથી કહાડી મૂકો!" આથી તેના બાપે છોકરાને ઘરમાંથી રજા આપીને કહ્યું કે "તું વનમાં જઈને રહે!" પિતાની આજ્ઞા થતાં જ તે છોકરો પોતાની સ્ત્રીને લઈ વનમાં જવાને સાહુકારના ઘરમાંથી બહાર નિકળ્યો. તેની સાથે તેના નાના બંધુને પણ તેના પિતાએ હાંકી કાંઢયો અને તે પણ તેની સંગે તો ચાલ્યો, પણ તે સુશીલ સ્વભાવનો નહીં હોવાથી, તેના વડીલ બન્ધુએ તેનાથી છૂટો પડીને બીજી દિશાનો માર્ગ લીધો. જતાં જતાં તે એક મોટા વેરાન જંગલમાં જઈ ચઢયો. તે અરણ્યમાં વૃક્ષ, ઘાસ કે પાણી કંઈ જ નહોતું, કેવળ સૂર્યના ગરમ તડકાથી ધગધગતી રેતીજ હતી; તેને લીધે પગ પણ જમીનપર મૂકાતો નહતો. વળી પોતાની પાસે ખાવામાટે ટીમ્મણ પણ નહતું, તેથી ધણી ધણિયાણી ભુખ્યાં ડાંસ થઈ ગયાં હતાં. આવા વેરાન જંગલમાં તે સાત દિવસ સૂધી ચાલ્યો, અને તે દરમ્યાન પોતાની સ્ત્રી, જે ભુખ તરસથી અત્યંત પીડાતી હતી; તેને પોતાનું માંસ તથા રુધિર ખાવાને આપ્યું, ને તે સ્ત્રીએ, ધણીનું રુધીર પાન કરી તેનું માંસ ખાઈ ક્ષુધા શાંત કીધી. આઠમે દિવસે એક પર્વતવાળા વનમાં બંને સ્ત્રી પુરુષ આવી પહોંચ્યાં. ત્યાં નદીના પાણીનો ખળખળાટ શબ્દ થઈ રહ્યો હતો, નવપલ્લવ વૃક્ષો ફળફુલથી લચી રહ્યાં હતાં ને ચોમેર સૃષ્ટિ સૌંદર્ય શોભી રહ્યું હતું. આવા રમણીય વનમાં પોતાનો મુકામ કરી, પ્રથમ ફળ મૂળ વગેરે લઈ આવી, પોતાની દુઃખથી કરમાઈ ગયેલી પ્યારીની સંભાળ લઈ, મોજાની માળાથી અલંકૃત પર્વતની એક નદી ઉપર તે સ્નાન માટે ગયો. નહાતાં નહાતાં ત્યાં તેણે એક મનુષ્યને નદીમાં તણાતો દીઠો. તે મનુષ્યના હાથ પગ કપાઇ ગયા હતા, ને તે મદદ માટે તરફડીયાં મારતો હતો. જો કે ભુખ અને તરસથી સાહુકાર પુત્ર નિર્બલ થઈ ગયો હતો, તે છતાં તેના મનમાં દયા આવી એટલે તે વીરલો, નદીમાં પડયો ને તે હીનાંગી પુરુષને બહાર ખેંચી કાઢયો. પછી તે દયાળુ પુરુષે તેને પોતાના આસન ઉપર લઈ જઈ પૂછયું; "ભાઈ! તારા હાથ પગ કોણે કાપી નાંખ્યા?" ત્યારે

---

* આ કથા દશકુમાર ચરિત્રમાં છે.

પેલો હીનાંગી બોલ્યો; "ભાઈ! મારા શત્રુઓએ મારા હાથ ને પગ કાપી નાંખી, મને મારી નાંખવાની ઇચ્છાથી નદીમાં ફેંકી દીધો હતો! પણ તમે મને બહાર કાઢીને મરણમાંથી ઉગાર્યો છે." તે હીનાંગીનું આવું દયાજનક વૃત્તાંત સાંભળ્યા પછી, તે પરાક્રમી પુરુષે તેના ઘા ઉપર મલમપટ્ટા લગાડી, તેને ખાવાનું આપ્યું, અને પછી પોતે સ્નાન કરી આહાર કીધો. પછી તે સાહુકારનો પુત્ર, જે બોધિસત્વાંશ હતો તે અને તેની સ્ત્રી, તે જ વનમાં રહ્યાં ને ફળાહાર કરીને તપ કરવા લાગ્યાં.

એક વખતે, તે વણિક્પુત્ર કંઈ ફળ તથા મૂળ લેવા માટે વનમાં ગયો હતો, તેવામાં તેની સ્ત્રી કામાતુર થઈ ગઈ, અને જેના ઘા રુઝાઈ ગયા હતા એવા હીનાંગી સાથે પ્રેમથી રતિક્રીડા કરવા લાગી; અને પછી તેના ઉપર આસક્ત બની, તેના પ્રેમમાં લુબ્ધ થઈ રહી. એક દિવસે તે સ્ત્રીએ પેલા હીનાંગી સાથે સંકેત કરી, પોતાના ઉદાર સ્વામીને મારી નાંખવાનો ઠરાવ કીધો. અને તે કાર્ય પાર પાડવા માટે, બીજે દિવસે તે દુરાચરણી સ્ત્રીએ યુક્તિપૂર્વક માંદી પડવાનો ઢોંગ કીધો. મલિન મનવાળી તે સ્ત્રીએ, નદીના કરાડાના એક નિચાણના ભાગમાં, ઉતરી શકાય નહી એવા વિકટ ખાડામાં, એક ઔષધિનું ઝાડ ઉગ્યું હતું તે બતાવીને, પોતાના પતિને કહ્યું; "તમે જો મારે માટે પેલી રાજ્યૌષધિ લઈ આવશો તો હું જીવી શકીશ. તેનો પ્રતાપ જણાવી દેવતાઓએ મને આમ સૂચવ્યું છે." તે સાંભળી પેલા ભોળા મનના ભર્તારે 'બહુ સારું,' એમ કહી, એક દોરી ઉપર ખડ વીંટી, તે દોરી એક ઝાડ સાથે બાંધી, અને તે ઝાલીને ઔષધી લેવા માટે તે ભયંકર નદીના ઉંડા કરાડામાં ઉતર્યો. જ્યારે તે છેક નીચે ઉતર્યો, ત્યારે ઉપર ઉભેલી તેની દુષ્ટ સ્ત્રીએ દોરી તોડી નાંખી, એટલે પેલો વાણિક્પુત્ર નદીમાં ગબડી પડ્યો ને નદીના પ્રચંડ વેગમાં તણાઈ ગયો.

પરન્તુ તે પુણ્યવંત હતો, તેથી મરતાં બચી ગયો. નદીએ તેને ઘણો દૂર ઘસડી જઈ, એક નગરની નજીકના કિનારા ઉપર, જાણે તેને ઘસડતાં ઘણો શ્રમ થયો હોય તેમ એક વૃક્ષની છાયામાં કાઢી નાંખ્યો. પછી તે વણિક્પુત્ર નદીના ભાઠામાંથી મહાકષ્ટે કિનારા ઉપર આવ્યો. તે મનમાં પોતાની સ્ત્રીનાં દુષ્ટાચરણનો વિચાર કરતો કરતો વિશ્રામ લેવા લાગ્યો. હવે એવું બન્યું કે, તે જે નગરના પાદરમાં આવ્યો હતો, તે નગરનો રાજા તે જ દિવસે મરણ પામ્યો હતો. તે દેશમાં જ્યારે રાજા મરણ પામતો ત્યારે ત્યાં એવો ચાલ હતો કે એક મંગળહસ્તીને નગરમાં ફેરવવો; અને તે હાથી પોતાની શુંડવતી જે પુરુષને ઉપાડી પોતાની પીઠ ઉપર બેસારતો હતો, તેનો રાજ્યાસન ઉપર અભિષેક કરવામાં આવતો હતો. દૈવેચ્છાથી તે મંગળહસ્તી આ વાણિયાનું ધૈર્ય અને ઉદારતા જોઈ પ્રસન્ન થયેલો હોય તેમ, ફરતો ફરતો તેની પાસે આવ્યો, અને તેને શુંડવતી ઉપાડી પોતાની પીઠ ઉપર બેસાડ્યો. પછી તે સાહુકારનો પુત્ર, જે બોધિસત્વાંશ હતો તેને, કાર્યભારીઓ, તત્ક્ષણે નગરમાં લઈ આવ્યા અને તેને રાજ્યાસન ઉપર બેસાડ્યો. રાજ્યાસન ઉપર બેઠા પછી, તેણે મોહિની ઉપજાવનારી લલિત લલનાઓ સાથે વિહાર કીધો નહીં, પણ કરુણા, પ્રીતિ, શાંતિ વગેરે સ્ત્રીઓ સાથે વિહાર કરવા માંડ્યો.



પેલી બાજુએ તેની સ્ત્રી, પોતાનો પતિ નદીમાં તણાઈ ગયો છે એમ માની લઈ, નિઃશંકપણે પેલા હીનાંગી પ્રિતમને માથે ઉપાડી, આસપાસના દેશોમાં ફરવા લાગી. જે દેશમાં તે જતી તે દેશમાં કહેતી હતી કે, "હું સતી છું! મારા ભર્તારના હાથ અને પગ તેના શત્રુઓએ કાપી નાંખ્યા છે, માટે હું ભિક્ષા માગીને તે ઉપર મારી અને તેની આજીવિકા ચલાવુંછું, માટે મને ભિક્ષા દો!" આ પ્રમાણે તે દરએક ગામમાં ને દરેક પૂરમાં ભિક્ષા માંગતી હતી. બન્યું એવું કે એમ ફરતી ફરતી તે, જે નગરમાં તેનો પતિ રાજ્ય કરતો હતો ત્યાં, જઈ ચઢી! ત્યાં પણ તેણે એ જ પ્રમાણે વાર્તા જણાવી ભિક્ષા માંગવા માંડી. નગરજનોએ તેને પતિવ્રતા ગણી તેની પૂજા કરવા માંડી. વાર્તા ઠેઠ રાજાના સાંભળવામાં આવી. રાજાએ તેને પોતાની પાસે તેડાવી. રાજાનાં તેડાંથી તે હરખાતી હરખાતી પોતાની કાંધ ઉપર પેલા હીનાંગીને બેસારીને તેની પાસે આવી. રાજા, તેને જોતાં તુરત ઓળખી ગયો, અને પછી કટાક્ષ કરી પૂછ્યું; "તમે જ પેલાં સતીબાઈ કે?" તે સ્ત્રી રાજ્યલક્ષ્મીના તેજમાં છવાઇ ગયેલા પોતાના પતિને ન ઓળખવાથી બોલી; "મહારાજ! હા હું જ તે સતીબાઈ છું!" તે સાંભળી, બોધિસત્વાંશમાંથી જન્મેલો તે વણિક્ રાજા ખડખડાટ હસી પડ્યો ને બોલ્યો; "મને તમારા સતીપણાનો પાકો અનુભવ છે–હું તમારું સતિત્વ કેવું છે તે સારી રીતે જાણું છું. તે કેમ જાણ્યું તે સાંભળ. હાથ અને પગવાળા જે પતિએ માંસ અને સ્વરક્ત ખવરાવ્યા છતાં પણ, જે માનુષરાક્ષસીને વશ કરી શકાઈ નહીં, તે સ્ત્રીને આ હીનાંગી પુરુષે કેવી રીતે તાબે કરીને પોતાની ચાકરડી બનાવી હશે, તે શું બરાબર સમજાય તેવું છે કે? પછી તેં તારા પરણેલા નિર્દોષ પતિને, સંકેતપૂર્વક શું નદીમાં નાંખી દીધો નથી કે? અને તે કામ કર્યા પછી આ હીનાંગીને ઉપાડીને તું શું ગામે ગામ ફરતી નથી કે? પેલી દુષ્ટ સ્ત્રી આ પ્રમાણે પોતાનું ગુપ્ત વૃત્તાંત ઉઘાડું પાડનાર પતિને ઓળખી, ભયની મારી જાણે મૂર્છા ખાઈ ગઈ હોય, આલેખાઈ હોય, મરી ગઈ હોય તેમ ત્યાંને ત્યાં જ સજ્જડ થઈ ગઈ. આ સતી બાઇને સજ્જડ થઈ ગયેલી જોઈ સભામાં બિરાજેલું મંત્રીમંડળ ઘણું જ આશ્ચર્ય પામ્યું ને પૂછવા લાગ્યું; "મહારાજ! એ શું છે?" એટલે તે રાજાએ ઇત્થંભૂત સ્વચરિત્ર સર્વને કહી સંભળાવ્યું. તે સાંભળી મંત્રીઓએ તે વ્યભિચારણી સ્ત્રી, કે જેણે પોતાના પતિનો દ્રોહ કીધો હતો તેનું નાક કાપી, તેના કપાળમાં દોકડાનો ડામ દઈ, હીનાંગી સહિત શહેરમાંથી હાંકી મૂકી! આ પ્રમાણે દૈવે જોડે જોડું ઠીક મેળવ્યું, હાથ પગ કપાયલા પુરુષને નકટીબાઈ મળ્યાં, અને જે પુરુષ બોધિસત્વાંશ હતો તેને રાજ્યલક્ષ્મી પ્રાપ્ત થઈ.

દૈવની ગતિ જેમ આપણા જાણવામાં આવતી નથી, એમ જ સ્ત્રીઓના નીચ વિચારવાળાં ને અવિચારી મનની ગતિ પણ, કોઈના જાણવામાં આવતી નથી! તેમ જ શિયળવ્રત પાળનારા ને સત્વશીળ શાંતિશીળ પુરુષોની પાસે તેની સ્તુતિ કરીને સંપત્તિઓ પોતે અણચિંતવી દોડી આવે છે." આ પ્રમાણે ગોમુખમંત્રીએ કથા કહી. ફરીથી નરવાહનદત્તને નીચેની કથા કહેવા માંડી.

## નિમકહલાલ પશુ ને નિમકહરામ સ્ત્રીની કથા.

એક ઉદાસચિત્ત બોધિસત્વાંશ મનુષ્ય, એક વનના કોઈ ભાગમાં ઝાડપાનની એક પર્ણકુટી બનાવી, તેમાં રહી તપશ્ચર્યા કરતો હતો. તે પોતે ઘણો જ દયાળુ દીલનો અને સાત્વિકવૃત્તિનો હતો. તે, તે વનમાં રહી પોતાના પ્રતાપથી શરણે આવેલા દુઃખી પ્રાણીઓને અને પિશાચોને દુઃખમાંથી મુકત કરતો હતો, અને તેમ બીજાં કેટલાંએક પ્રાણીઓનું જળ તથા અન્નવડે પોષણ પણ કરતો હતો. એક વખતે અન્ય પ્રાણીઓના ઉપકાર કરવાના હેતુથી, વનમાં ભટકતાં ભટકતાં એક કુવો તેની નજરે પડ્યો. તે કુવામાં તેણે નજર કીધી તો તેમાં એક સ્ત્રીને પડેલી દીઠી. તે સ્ત્રીએ તે તાપસને જોઈ અંદરથી ઉંચે સ્વરે ચીસ પાડી કહ્યું; "હે મહાત્મા ! આ કુવામાં અમે ચાર જણાં રાત્રે પડ્યાં છીએઃ હું સ્ત્રી, સિંહ, સુવર્ણચૂલ પક્ષી અને સર્પ ! માટે અમારા ઉપર કૃપા કરી અમને આ કુવામાંથી બહાર કાઢો." તે સાંભળી તે તાપસે તે સ્ત્રીને પૂછ્યું; "તમે ત્રણ તો રાત્રે અંધારામાં આંધળાં થઈને કુવામાં પડ્યાં હશો એ હું સ્વીકારું છું, કેમકે તમને માર્ગ સૂજ્યો નહીં હોય–પરંતુ આ પક્ષી કુવામાં કેમ પડ્યું?" તે સ્ત્રીએ કહ્યું; "તે પણ પારધીની જાળમાં સપડાઈ જવાથી આ કુવામાં પડી ગયું છે." અમારી પેઠે જ તે પછી તે મુનિ, પોતાની તપઃશકિતથી સર્વને કુવામાંથી બહાર કાઢવા તૈયાર થયો, પણ તે તેમ કરી શક્યો નહીં, પણ ઉલટું તેની તપ શક્તિ નાશ પામી ગઈ! ત્યારે તે મુનિએ "આ સ્ત્રી કોઈ મહા પાપિણી છે, કારણ કે તેની સાથે વાત કરવાથી મારી સિદ્ધિ નાશ પામી જણાય છે; તો હવે આ બાબતમાં કોઈ બીજી યુક્તિ શોધવી જોઈએ." આમ વિચાર કરી, તે સર્વને તૃણની દોરી સાથે બાંધીને કુવામાંથી બહાર કાઢ્યાં. તે સર્વે તેની સ્તુતિ કરવા લાગ્યાં. મુનિએ તેઓને બોલતાં સાંભળી આશ્ચર્યથી, સિંહને, પક્ષીને અને સર્પને પૂછ્યું; "મને કહો કે તમારી ભાષા આટલી સ્પષ્ટ કેમ છે અને તમારો ઈતિહાસ શો છે?" એટલે સિંહ બોલ્યો; "અમે મનુષ્ય જેવી ભાષા બોલીએ છીએ, અને અમને અમારો પૂર્વ જન્મ યાદ છે. અમે પરસ્પર એક બીજાના શત્રુ હતા તેનું વૃત્તાંત ક્રમથી સાંભળો !" આ પ્રમાણે કહી સિંહે પોતાનું વૃત્તાંત આ પ્રમાણે કહેવા માંડ્યું.

### સિંહની કથા.

હિમાચળ પર્વત ઉપર વૈદૂર્યશૃંગ નામના એક રમણીય નગરમાં, **પદ્મવેગ** નામનો વિદ્યાધરનો એક રાજા રાજ્ય કરતો હતો. તેને ત્યાં **વજ્રવેગ** નામનો પુત્ર જન્મ્યો હતો. તે ઘણો શૂરવીર અને અહંકારી હતો ! માટે વિદ્યાધરના લોકમાં રહી શૌર્યમદથી છકેલો ફરતો ને હરકોઈ સાથે ટંટો કર્યાં કરતો હતો. તેના પિતાએ તેને ઘણીવાર વાર્યો, તોપણ તેણે પિતાનું કહેવું માન્ય કર્યું નહીં, ત્યારે તેના પિતાએ શાપ દીધો કે, "જા, મનુષ્યલોકમાં અવતાર લે!" એટલે તે વિદ્યાધરનો મદ ગળી ગયો ને તેની વિદ્યા નાશ પામી. પછી શાપને લીધે બેભાન થઈ જઈ રુદન કરતો કરતો તેણે પિતાની પાસે જઈ, પોતાના શાપનો અંત આણવા માટે પ્રાર્થના કીધી. તેના પિતા **પદ્મવેગે** ક્ષણેક ધ્યાન ધરીને કહ્યું; "તું પૃથ્વી ઉપર બ્રાહ્મણને ઘેર પુત્ર થઈને અવતરીશ. ત્યાં પણ આ જ પ્રમાણે તું મદમત્ત બનીશ; ત્યારે પણ તને તારા તે પિતાનો શાપ થશે. પછી તું **સિંહ** થઈશ ને એક દિવસે કુવામાં પડીશ. ત્યાં કોઈ મહાશય સત્વધારી પુરુષ, દયા લાવી તને કુવામાંથી કાઢી તારો બચાવ કરશે. જ્યારે તું તેનાપર પ્રતિઉપકાર કરશે, ત્યારે તું આપત્તિમાંથી મુક્ત થઇ, આ શાપમાંથી પણ મુક્ત થશે." આ પ્રમાણે તેને તેના પિતાએ શાપનો નિવેડો કહ્યો.



ત્યાર પછી તે વજ્રવેગ **વિદ્યાધર**, માળવામાં **હરઘોષ** નામના એક બ્રાહ્મણને ઘેર પુત્ર થઈને જન્મ્યો. તેનું નામ **દેવઘોષ** પાડ્યું. તે ઘણો બળવાન્ હતો, માટે તેના ગર્વથી તેણે ઘણાઓની સાથે વૈર કરવા માંડ્યું. તેના પિતાએ કહ્યું, "બેટા ! તું બધાની સાથે વૈર કર મા" તોપણ તેણે તેનું કહેવું માન્ય કર્યું નહીં. છેવટે તેના પિતાએ ક્રોધ કરીને શાપ દીધો કે "અરે દુષ્ટબુદ્ધિ ! તને શૌર્યનું અભિમાન છે તો તું હવે **સિંહ**, જે પોતાના બળપર બહુ મુસ્તાક રહે છે તેમાં અવતાર લે!" આ પ્રમાણે દેવઘોષ, પિતાના શાપને લીધે વિદ્યાધર હતો, તોપણ આ વનમાં **સિંહની** જાતિમાં જન્મ્યો.

તે સિંહ તે હું છું. ગઈ કાલે રાત્રે ભટકતો ભટકતો દૈવયોગે હું આ કુવામાં પડી ગયો હતો. તેમાંથી તમે મહાસત્વે, મારો ઉદ્ધાર કર્યો છે. હવે હું જાઉં છું! પણ તમે કંઈ સંકટમાં આવો ત્યારે મને સંભારજો, એટલે હું તુરત તે સંકટ કાપીશ, અને તેથી હું મારા શાપમાંથી મુક્ત થઈ પૂર્વપદને પામીશ.

આ પ્રમાણે કહી તે સિંહ વનમાં ચાલ્યો ગયો. ત્યાર પછી બોધિસત્વાંશે સુવર્ણ ચૂલપક્ષીને પૂછ્યું; "ભાઈ! હવે તારું ચરિત્ર કહે!" એટલે તે પક્ષીએ પોતાનું ચરિત્ર કહેવા માંડ્યું.

### સુવર્ણચૂલ પક્ષીની કથા.

હિમાચળ પર્વત ઉપર **વજ્રદંષ્ટ્ર** નામનો એક વિદ્યાધરનો રાજા હતો. તેની રાણીને ઉપરા ઉપરી પાંચ કન્યા જન્મી હતી. તે રાજાએ શંકરનું આરાધન કર્યું, એટલે તેને પુત્રપ્રાપ્તિ થઈ અને તેનું નામ **રજતદંષ્ટ્ર** પાડ્યું. તે કુમાર રાજાને પ્રાણથી પણ વધારે પ્રિય હતો. પુષ્કળ પ્રેમને લીધે રાજાએ તે કુમારને બાલ્યાવસ્થામાં જ માયીક વિદ્યા ભણાવી. જ્યારે તે મોટો થયો ત્યારે તેના કુટુંબીઓ ઘણા હરખાવા લાગ્યા.

એક દિવસે **રજતદંષ્ટ્ર** પોતાની મોટી બહેન **સોમપ્રભાને** પાર્વતીની આગળ પિંજરક વગાડતી દીઠી, એટલે કુમાર બાલપણાના આગ્રહથી બોલ્યો; "મોટી બેહેન ! તે પિંજરક મને આપ, હું વગાડું." તોપણ તેની બહેને તેને પિંજરક આપ્યું નહીં, ત્યારે તે કુમારે પોતે ચપળપણાથી બહેનના હાથમાંથી તે ઝુંટવી લઈ, પોતે પક્ષીની માફક આકાશમાં ઉડી ગયો. ત્યારે તેની બહેને શાપ દીધો કે, "તું મારી પાસેથી પરાણે પિંજરક લઈ ઉડી જાય છે, તો તું, સુવર્ણચૂલ પક્ષી થજે." પછી **રજતદંષ્ટ્ર** રાજકુમાર બહેનના ચરણમાં પડીને બોલ્યો, વહાલી બહેન! મને માફ કર." એટલે તે તેના શાપનો અંત આણવા માટે બોલી; "અરે મૂર્ખા! તું જ્યારે પક્ષી થઈ અંધારા કુવામાં પડીશ, ત્યારે કોઈ દયાળુ માણસ તારો ઉદ્ધાર કરશે. તું તેનાપર પ્રત્યુપકાર કરશે ત્યારે આ શાપમાંથી મુક્ત થઈશ," આ પ્રમાણે બહેને કહ્યા પછી તે કુમાર સુવર્ણચૂલ નામનું પક્ષી થયું.

"હું તે પોતે સુવર્ણચૂલ નામનું પક્ષી છું. રાત્રે ઉડતાં ઉડતાં અનાયાસે આ કુવામાં પડ્યો છું, અને હવણાં તમે મારો ઉદ્ધાર કર્યો છે. હવે હું જાઉં છું. જ્યારે તમને દુઃખ પડે ત્યારે તમારે મારું સ્મરણ કરવું. હું તમારાપર ઉપકાર કરીશ, ત્યાર પછી હું આ શાપમાંથી મુકત થઇશ." આટલું કહી તે પક્ષી ઉડી ગયું. પછી બોધિસત્વે સર્પને પૂછ્યું; "તું કોણ હતો તે કહે." એટલે સર્પ પોતાનું ચરિત્ર તે મહાત્માને આ પ્રમાણે કહેવા લાગ્યો.

## સર્પની કથા.

પૂર્વે કશ્યપમુનિના આશ્રમમાં હું રહેતો હતો, ત્યારે હું મુનિકુમાર હતો. તે વખતે મારે એક મુનિકુમારની સાથે મૈત્રી હતી. એક વખતે તે મિત્ર તળાવમાં સ્નાન કરવા માટે ઉતર્યો ને હું તળાવના કિનારા ઉપર ઉભો રહ્યો. તે વખતે મેં ત્રણ ફેણના સર્પને ત્યાં આવતો દીઠો; એટલે મશ્કરીમાં તે મિત્રને ડરાવવા માટે, તે તળાવના કિનારા ઉપર જ, મંત્રના પ્રતાપથી, તે સર્પને સામે આવતાં જ સ્થિર કરી મૂક્યો. થોડા વખતમાં મારો મિત્ર તળાવમાં સ્નાન કરીને બહાર આવ્યો, ને એકદમ પેલા મોટા સર્પને જોઈ ભય પામી મુર્છાગત થઈ ગયો. મેં તેને ઘણી વારે શાંત કર્યો. પછી તે કુમારે યોગવિદ્યાથી ધ્યાન ધરીને જોયું તો જાણ્યું કે મેં તેને ડરાવવા માટે આ વેશ આરંભ્યો છો! તેથી તે મારો પરમ પ્રિય મિત્ર હતો તોપણ ક્રોધ કરી તેણે મને શાપ દીધો કે; "જા, તું પણ આવો જ ત્રણ ફેણવાળો સર્પ થા." જ્યારે મેં તે મુનિકુમારની ક્ષમા માંગીને શાપના અંત માટે પ્રાર્થના કરી, ત્યારે તેણે મને કહ્યું, "તું સર્પ થઈ કુવામાં પડીશ, અને એ અણી ટાંકણે જે તને તે કુવામાંથી કાઢશે, તેનાપર જ્યારે ઉપકાર કરીશ, ત્યારે તારો ઉદ્ધાર થશે."

આ પ્રમાણે શાપનું નિવારણ કહીને મુનિકુમાર ચાલતો થયો અને ત્યાર પછી હું સર્પપણાને પામ્યો છું. આજ રાત્રિના અંધારામાં રખડતાં રખડતાં, હું આ કુવામાં પડ્યો અને તે પછીની વીગત તો તમે જાણોછો. હવે હું જાઉં છું. તમે મારું સ્મરણ કરશો, ત્યારે હું તમારી પાસે આવીને તમને સંકટમાંથી છોડવીશ. ત્યાર પછી મારા શાપમાંથી હું મુક્ત થઇશ!" આ પ્રમાણે કહી સર્પ પણ ચાલ્યો ગયો. તે પછી પેલી સ્ત્રીએ પોતાનું ચરિત્ર આ પ્રમાણે કહેવા માંડ્યું:

## કુવામાં પડેલી સ્ત્રીની નિમકહરામીની કથા.

હું એક તરુણ રાજસેવક ક્ષત્રિયની સ્ત્રી છું. મારો પતિ શૂરવીર, ઉદાર, તરુણ, કાંતિવાન અને બહુમાની છે. આવો અનુપમ સુંદર પતિ છતાં, મેં પાપિણી સ્ત્રીએ પરપુરુષ સાથે પ્રેમ કીધો. તે વાર્તા મારા પતિના જાણવામાં આવી, ત્યારે તેણે મને શિક્ષા કરવાનો વિચાર કર્યો. આ વાર્તા કોઈ રીતે મારી સખીના જાણવામાં આવી, અને તેણે તે મને ગઈ કાલે જ કહી સંભળાવી એટલે શિક્ષાના ભયથી તે જ વખતે હું ઘરમાંથી બહાર નાસી નિકળી. નાસતાં નાસતાં રાત્રિને સમયે આ વનમાં આવી ચઢી ને આ કુવામાં પડી ગઈ. ત્યાંથી તમે મારો ઉદ્ધાર કર્યો. તમારી કૃપાથી હવે હું ક્યાંઈ પણ જઇને મારો નિર્વાહ ચલાવીશ. મને આશા છે કે મારો એવો એક દિવસ આવે કે જે દિવસે હું તમારા ઉપકારનો બદલો વાળું.



આ પ્રમાણે તે કુલટા સ્ત્રીએ તે બોધિસત્વને પોતાની વાત કહી, નજીકમાં આવેલા ગોવર્દ્ધન નામના રાજાના નગરમાં ગઈ. તેણે ત્યાંના રાજાના કુટુંબીઓની સાથે ઓલખાણ કરી, રાજાની પટ્ટરાણી પાસે દાસી થઇને રહી. હવે પેલા બોધિસત્વે, તે વનમાં પાપિણી સ્ત્રી સાથે સંભાષણ કર્યું હતું તેને લીધે તેની સર્વ સિદ્ધિ નાશ પામી ગઈ. ફળ તથા મૂળ વગેરે કંઈ તેની આગળ પ્રગટ થયાં નહીં. તે દિવસથી તે મુનિ ભુખ તથા તૃષાથી પીડાવા લાગ્યા, એટલે તેણે પેલા સિંહને યાદ કરવા ધાર્યું! અને જ્યાં સિંહને યાદ કીધો કે તે તરત આવી ઉભો રહ્યો; અને મૃગના માંસનો આહાર આપી તેના પ્રાણને સંતોષ પમાડ્યો. કેટલોક કાળ સુધી તે મુનિને મૃગમાંસ ખવરાવી તેમને ટટાર કર્યા. પછી તે કેસરી સિંહ બોલ્યો; "મારો શાપ નાશ પામી ગયો છે ને હવે હું આજ્ઞા માગું છું." આ પ્રમાણે કહી તે સિંહ વિદ્યાધર સ્વરૂપ ધારણ કરી, તેની આજ્ઞા લઈ, પોતાના દેશમાં ચાલ્યો ગયો.

પુનઃ તે બોધિસત્વાંશને આજીવિકાની અડચણ પડવા લાગી. આ વેળા તેણે સુવર્ણચૂલ પક્ષીનું સ્મરણ કર્યું. સ્મરણ કરતાં વેંત જ સુવર્ણચૂલ તેની સમીપમાં આવી ઉભું રહ્યું; મુનિએ તેની આગળ પોતાનું દુઃખ કહી બતાવ્યું, કે તુરત પક્ષી એક તરફ ઉડી ગયું, ને એક ક્ષણમાં એક રત્નનાં ઘરેણાનો ભરેલો દાબડો લઈ આવી તે મુનિને અર્પણ કરીને બોલ્યું; "મહારાજ ! આ રત્નનાં ઘરેણાંથી તમારું હમેશાં ગુજરાન ચાલ્યા કરશે. હવે મારો શાપ પૂર્ણ થઈ રહ્યો છે, માટે, તમારું કલ્યાણ થાઓ! હું હવે મારું કામ સિદ્ધ કરું છું." આ પ્રમાણે કહીને તે પક્ષી મટી વિદ્યાધરનો કુમાર થઈ, આકાશ માર્ગે પોતાના નગરમાં ગયો ને ત્યાં જઈ પોતાના પિતાની પાસેથી પોતાનું રાજ્ય લીધું. પેલા મુનિ રત્નો વેચવા માટે ફરતા ફરતા જે નગરમાં પેલી કુવામાંથી કાઢેલી સ્ત્રી, રાણીની દાસી થઇને રહી હતી તે નગરમાં જઈ ચઢ્યા અને એક વૃદ્ધ બ્રાહ્મણીના એકાંત ઘરમાં ઉતારો કર્યો. ઘરેણાંઓ મૂકી મુનિ જ્યાં બજારમાં જાય છે ત્યાં જે સ્ત્રીને પોતે કુવામાંથી કાઢી હતી તે સ્ત્રીને સામી આવતી દીઠી, અને તે સ્ત્રીએ મુનિને પણ દીઠા. બન્ને જણાંએ પરસ્પર વાતો કર્યા પછી, તે સ્ત્રીએ કથા પ્રસંગમાં મુનિને જણાવ્યું કે, હું રાજાની પાસે રહું છું. પછી તે સ્ત્રીએ મુનિને વૃત્તાંત પૂછતાં, મુનિરાજ પોતે સરળ હતા માટે, તે સ્ત્રીને સુવર્ણચૂલ પક્ષીએ રત્નનાં ઘરેણાંનો જે દાબડો આપ્યો હતો તે સર્વ વાર્તા કહી; અને પોતે તેને પોતાને ઉતારે, તે વૃદ્ધ ડોસીને ઘેર, તેડી જઇને તે ઘરેણાં બતાવ્યાં! તે સ્ત્રી લુચ્ચી હતી, એટલે તેણે આ ગુપ્ત વાર્તા પોતાની રાણીને જણાવી. આ રાણીની નજર આગળ, ઘરમાંથી સુવર્ણચૂલ પક્ષી કપટથી આ ઘરેણાંનો દાબડો ઉપાડી ગયું હતું. તેથી રાણી તે વાર્તા જાણતી હતી; અને તે સર્વ ઘરેણાં પોતાના નગરમાં પાછાં આવ્યાં છે એ જાણવા લાયક વાર્તા, દાસીના મુખથી સાંભળી, તે રાણીએ તુરત તે વાર્તા રાજાને જણાવી. રાજાએ પેલી દુષ્ટ સ્ત્રીની મદદથી, બોધિસત્વને બતાવ્યો કે તુરત રાજાના સીપાઇઓ, તેને પકડી બાંધીને ઘરેણાં સહિત દરબારમાં લઈ આવ્યા. રાજાએ તે મુનિને સર્વ વાર્તા પૂછી, ત્યારે મુનિએ યથાસ્થિત સર્વ વૃત્તાંત કહી સંભળાવ્યું, અને રાજાએ તે સત્ય પણ માન્યું; પરન્તુ તેની પાસેથી સર્વ ઘરેણાં લઈ લીધાં અને તે મુનિને છોડી દેવાને બદલે કેદખાનામાં પૂરી દીધા.

હવે કારાગૃહમાં કેદ પડેલા ને સંકટમાં સપડાયલા બોધિસત્વે, ઋષિના અવતારરૂપ સર્પનું સ્મરણ કર્યું કે તુરત સર્પ પણ તેની પાસે આવ્યો. તેણે મુનિ તરફ જોયું તો મુનિને કેદમાં પડેલા દીઠા. તેણે મુનિને પૂછ્યું; “આ શું?” મુનિએ તેના જવા પછીની સર્વ વાર્તા કહી સંભળાવી. પછી સર્પે મુનિને કહ્યું; “હું હમણાં જઈ રાજાને પગથી તે ગળા પર્યંત આખા શરીરમાં વિંટલાઈ વળું છું. તમે જ્યાં સૂધી આવશો નહીં, ત્યાં સૂધી હું રાજાને જરાપણ મૂકીશ નહીં, પણ વિંટાઈ રહીશ. તમારે અહિં બેઠાં બેઠાં કહેવું કે, ‘હું રાજાને સર્પના બંધનમાંથી મુક્ત કરું, પરંતુ મને ત્યાં કોઈ લઈ જાઓ તો તે કામ બનશે.’—એટલે તમને રાજાની પાસે લઈ આવશે. તમો આવીને મને આજ્ઞા કરશો એટલે હું તમારા વચનથી તે રાજાને છોડી દઈશ, એટલે તમને રાજા પોતાનું અર્દ્ધ રાજ્ય આપશે!” આ પ્રમાણે કહી, તે સર્પ, રાજાના મહેલમાં પેસી ગયો ને રાજાને શરીરે વિંટાઈ વળ્યો; અને રાજાના મસ્તકપર ત્રણ ફેણ ચઢાવીને બેઠો. રાજા પોતાનું શરીર ત્રણ ફેણાવાળા સર્પથી વિંટાયલું જોઈ “હાય! હાય! મુવો, રે મુવો! મને કોઈ છોડાવોરે છોડાવો!” આમ ચીસો પાડવા લાગ્યો. તે સાંભળી આસપાસનાં માણસો દોડી આવ્યાં, પરન્તુ તેમનાથી કંઈ વળ્યું નહીં ને બૂમાબૂમ પાડવા લાગ્યા કે, “રે રે! રાજાજીને સર્પ વળગ્યો છે!” તે સમાચાર જાણી, બોધિસત્વે ચોકીદારને કહ્યું; “હું રાજાને સર્પના સંકટમાંથી મુક્ત કરી તેનું રક્ષણ કરી શકીશ!” તે સાંભળી રાજાના ચાકરો તે મુનિને વિનતિ કરી રાજાની પાસે લઈ ગયા. પછી સર્પથી વિંટાયલો રાજા તે બોધિસત્વ પ્રત્યે બોલ્યો; “જો તમે મને આ સર્પના બંધનમાંથી મૂકાવો તો હું મારા રાજ્યમાંથી અર્ધ રાજ્ય તમને આપીશ! મારું આ વચન પાળીશ તેને માટે મારા આ મંત્રીઓ જમાન છે.” તે સાંભળી મંત્રીઓ બોલ્યા; “અમને એ કબુલ છે.” પછી બોધિસત્વાંશે આ સર્પને કહ્યું; “અરે સર્પરાજ! તમે રાજાને સત્વર મુક્ત કરો.” એટલે સર્પે રાજાને તે જ ક્ષણે છોડી દીધો. સર્પના બંધનમાંથી મુક્ત થયા પછી રાજાએ બોધિસત્વને અર્ધ રાજ્ય આપ્યું, અને એક ક્ષણમાં તે ઐશ્વર્યશાળી થઈ ગયો. પેલો સર્પ પણ પોતાના પાતકમાંથી મુક્ત થઈ, મુનિકુમાર થઈ સભામાં પોતાના પૂર્વજન્મનું વૃત્તાંત જણાવી, પોતાના આશ્રમમાં ચાલ્યો ગયો.

“આ પ્રમાણે મહારાજ, તમે જાણો કે જે લોકો શુભાચરણ કરે છે તેનું અવસ્ય ભલું જ થાય છે અને મોટા માણસો પણ બીજાને બુરું કરે છે તો તે મોટા હોય છે તો પણ દુઃખ પામે છે. અને સ્ત્રાઓને મરતાં પણ બચાવી તેમનાપર ઉપકાર કર્યો હોય, તોપણ તેમના અંતઃકરણમાં જરાપણ અસર થતી નથી; કારણ કે તેમનું મન વિશ્વાસપાત્ર જ નથી; ત્યારે બીજી તો તેનાથી શી આશા રાખીએ?” આ પ્રમાણે ગોમુખે રાજકુમાર નરવાહનદત્તને કથ કહીને ફરી કહ્યું, “મહારાજ! હવે એક મૂર્ખની કથા સાંભળો.

કોઈએક બૌદ્ધ લોકોના એક મઠમાં, એક મૂર્ખ બૌદ્ધ સાધુ રહેતો હતો. એક વખતે તે રસ્તા ઉપર ફરતો હતો એવામાં એક કુતરાએ તેના ઘુંટણને બચકું ભર્યું. કુતરું કરડયા પછી તે ગોરજી પોતાના વિહારમાં જઈ વિચાર કરવા લાગ્યો; “દરેક જણ મને પૂછે છે કે, ‘અલ્યા તારે



પગે આ શું થયું છે?’ આમ એક પછી એક મને પૂછે તેમાં મારો કેટલો બધો વખત ફોકટ જાય! અને એમ જવાબ આપવો કેમ પાલવે? તેથી એક એવી યુક્તિ કરું કે, જેથી સર્વેને એક સામટી તેની ખબર પડે!” આવો વિચાર કરી તે મૂર્ખ ગોરજી તરત વિહારની ઉપર ચઢી ગયો, ને એકદમ ઝાલર લઈ વગાડવા લાગ્યો. ભિક્ષુઓ—યતિઓ સમય વગર અણચિંતવ્યે ઝાલરનો સ્વર સાંભળી ભેળા થયા અને તેને પૂછવા લાગ્યા કે “શું છે, શું છે? સમય વગર તું ઝાલર કેમ વગાડે છે?” એટલે તે મૂઢ ગોરજી ભિક્ષુઓ પ્રત્યે બોલ્યો; “મારા ઘુટણને કૂતરો કરડ્યો છે, તે જોઈ પ્રત્યેક જણ મને પૂછે છે કે, તને શું થયું છે? મેં બે ત્રણને તો ઉત્તર આપ્યું, પરંતુ આમ કયાં સૂધી ઉત્તર આપું? આટલા માટે આ ઝાલર વગાડી તમને સઘળાને એકઠા કર્યા છે. માટે તમે સઘળા મારા ઘુટણને જોઈ ખાતરી કરી લ્યો કે મને કૂતરો કરડ્યા છે!” આમ કહી કૂતરાએ કરડેલો પોતાનો ઘુટણ સઘળાને બતાવ્યો. તે જોઈ સઘળા ગોરજી એક બીજાનાં પડખાં પકડી પકડીને હસવા લાગ્યા કે, “આ મૂર્ખે એક સાધારણ બાબતમાં કેવડો મોટો ઘોંઘાટ કરી મૂકયો!”

મૂર્ખ ગોરજીની કથા મેં સમ્ભળાવી. હવે તમે ‘ટક્ક’* નામના મૂર્ખની કથા સાંભળો.

## એક મૂર્ખ લોભીની કથા.

કોઈએક નગરમાં એક મહાધનવંત, પણ મૂર્ખ ‘ટક્ક’ રહેતો હતો. તે અને તેની સ્ત્રી હંમેશાં મીઠા વગરનો સાથવો ખાતાં હતાં. બંનેમાંથી એકે પણ એકે દિવસ બીજા અનાજનો સ્વાદ લીધો ન હતો, તેથી અનાજમાં કેવી મીઠાશ હોય છે તે તેઓ બીલકુલ જાણતાં ન હતાં. એક દિવસે તે લોભીને દૈવે જ પ્રેરણા કરી હોય તેમ તેણે પોતાની સ્ત્રીને કહ્યું; “અલિ! આજ તો મને દૂધપાક ખાવાની મરજી થઈ છે; માટે આજ તું મારે સારુ દૂધપાક બનાવજે.” તે સાંભળી તેની સ્ત્રીએ, “વારુ,” એમ કહી દૂધપાક કરવા માંડ્યો અને પેલો ‘ટક્ક’ અંદરના ઓરડામાં જઈ ગૂપચૂપ શય્યા ઉપર પડી રહ્યો, કારણ કે તેને બ્હીક હતી કે, રખેને કોઈ પરોણો આજે આપણે ત્યાં ઉતરી પડે! તેટલામાં એવું બન્યું કે, તેનો એક પરદેશી મિત્ર તેને મળવા માટે આવ્યો અને તેની સ્ત્રીને પૂછયું કે, ‘તમારો પતિ કયાં છે?’ પેલી સ્ત્રી તેને ઉત્તર આપ્યા વગર પતિની પાસે અંદરના ઓરડામાં ચાલી ગઈ; અને કહ્યું, “તમારા મિત્ર તમને મળવા આવ્યા છે.” પેલા ટક્કે પથારીમાં પડી રહી ધણીઆણીને કહ્યું,

---

*બાહ્લિક દેશમાં જન્મેલો માણસ ટક્ક નામથી ઓળખાય છે. પિટરસ્બર્ગના શબ્દ સંગ્રહમાં ‘ટક્ક’ નો અર્થ લુચ્ચો, ઠગારો કીધો છે, ને જણાવે છે કે તે મરેઠી શબ્દ છે. જનરલ કનિંઘામ પોતાની પ્રાચીન ભૂગોળ વિદ્યાના ગ્રંથને ૧૬૨ મે પૃષ્ઠે લખે છે કે ‘ટક્ક’ એ પંજાબનો એક મોટો સરદાર હતો. અને અદ્યાપિપર્યંત જેલમ અને રાવી નદીની વચ્ચેના પ્રદેશના ખેડૂતો તે નામથી ઓલખાય છે. પિટર્સબર્ગ કહે છે કે ‘ટક્ક’ એટલે ગીલઝીસ, ફીલ્સ.

"એમ કે? તો હવે હું કહું તેમ તું કર. તું મારા બે ચરણ પકડીને અહીં મારી આગળ બેસી રડવા માંડ અને મારો મિત્ર તારું રડવું સાંભળીને આવે ત્યારે તેને કહેવું કે, 'એ તો મરી ગયા છે,' એટલે તે અહીંથી ચાલ્યો જશે. પછી આપણે બન્ને જણાં એકલાં દૂધપાક ચપાટીશું." આ પ્રમાણે કહીને તે ટકક સુઈ ગયો અને તેની સ્ત્રી તેનાં ચરણ ખોળામાં લઈ રડવા લાગી. પેલા પરદેશી મિત્રે અંદર દોડી આવી, મિત્રપત્નીને પૂછ્યું, "ભાભી! એ શું થયું?" એટલે મિત્રપત્ની બોલી: "દિયેરજી! જુઓ તો ખરા, તમારા ભાઈ એકાએક મરી ગયા છે! તેથી હું રડું છું." તે સાંભળી પેલો મિત્ર વિચારના વમળમાં પડી ગયો કે, આને મેં હમણાં તો દૂધપાક રાંધતાં જોઈ છે, અને હવણાં આ કહેછે કે મારો પતિ મરી ગયો છે એનો અર્થ શો? વળી એનો પતિ હમણાં સૂધી સાજોસમો હતો, તે મરે કેમ? ખરેખર આ બન્ને જણાંએ મને મેમાન જોઈ, આવી રીતે મિથ્યા પ્રપંચ રચ્યો હશે, માટે આજે અહીં જ રોકાઈ એમની મઝા કરવી!! આ પ્રમાણે વિચાર કરી તે પણ ત્યાં બેસી ગયો અને 'હાય મિત્ર! હાય મિત્ર!' આ પ્રમાણે બોલીને રુદન કરવા લાગ્યો. તેનું રડવું સાંભળી આસપાસ રહેનારા ભાઈઓ અને કુટુંબીઓ પણ ત્યાં આવી ચઢ્યા અને મડદાંની માફક પડેલા 'ટક્ક'ને જોઈ દિલગીરીમાં ગરકાવ થઈ ગયા. પછી તેઓ તે 'ટક્ક'ને સ્મશાનમાં લઈ જવા માટે તૈયારી કરવા લાગ્યા, ત્યારે તેની સ્ત્રીએ પોતાના વરના કાન આગળ આવીને હળવેથી કહ્યું; "હવે, ઉઠો તમારા ભાઈઓ તો તમને ઉપાડીને લઈ જશે અને બાળી નાંખશે!" પણ પેલા જડ 'ટક્કે' એકાંતમાં સ્ત્રીને ઉત્તર આપ્યો કે, "ચાલ ચાલ, એમ તો નહીં બને! મારો મિત્ર 'ટક્ક' મારી ખીર ખાવાની ઇચ્છા રાખે છે, પણ તે જ્યાં સૂધી અહિંથી જશે નહીં, ત્યાં સૂધી હું મરણ પથારીમાંથી બેઠો થઈશ જ નહીં. મારા જેવાને એક મુઠ્ઠી અનાજ પણ પ્રાણ કરતાં વધારે વહાલું લાગે છે." એથી પેલી સ્ત્રી રડતી બેસી રહી અને તે મૂર્ખ લોભીને સ્મશાનમાં ઉપાડીને લઈ ગયા અને ત્યાં ચિતામાં બાળવા લાગ્યા, તોપણ પેલો લોભી 'ટક્ક,' કાષ્ઠ માફક જડ જેવો બનીને મરણપર્યંત એક પણ વચન બોલ્યા વગર પડી રહ્યો.

આ પ્રમાણે તે મૂર્ખ લોભીએ પોતાની મેળે પોતાના પ્રાણનો નાશ કર્યો, પરન્તુ ખીરનો નાશ કર્યો નહીં. અર્થાત્ બીજાને પોતાની ખીર–દૂધપાક ખાવા દીધો નહીં. ઉલટું તે લોભીએ જે ધન ઘણા ક્લેશે મેળવેલું હતું તેનો બીજાને ઉપભોગ કરવા દીધો. આ પ્રમાણે લોભીની કથા સંભળાવી. હવે માર્જારભૌતની કથા સંભળાવું તે સાંભળો.

## માર્જારભૌતની કથા.

ઉજ્જયણ નામની નગરીમાં કોઈએક મઠમાં એક ઉપાધ્યાય રહેતો હતો. તે વિદ્યાવાન્ હતો, તોપણ વ્યવહારશાસ્ત્રમાં મહામૂર્ખ હતો. રાત્રિએ જ્યારે તે સુતો, ત્યારે ઉંદરો તેને બહુ રંજાડતા હતા; તેને જરા પણ નિદ્રા લેવા દેતા નહીં. એથી કંટાળીને પોતાના કોઈએક મિત્રને તે વાર્તા જણાવી, એટલે તે બ્રાહ્મણ મિત્ર ઉપાધ્યાય પ્રત્યે બોલ્યો; "તમે એક



બીલાડો ઘરમાં રાખીને પાળો. તે તમારા ઉંદરોને ખાઈ જશે." ઉપાધ્યાય બોલ્યો; "બીલાડો તે વળી કેવો હશે? મેં તેને કદી જોયો નથી." તેના મિત્રે ફરીથી કહ્યું, "બીલાડાની આંખો પીળી હોય છે, તેના શરીરનો રંગ પીળો અને ધુસરો હોય છે, પાછળના ભાગમાં રુવાટાંવાળું ચામડું હોય છે, એવા પ્રાણીને બીલાડો કહે છે. આ જાનવર રસ્તા ઉપર ફર્યાં કરે છે, માટે મિત્ર! તમે મારા કહેલા એંધાંણ ઉપરથી તે બીલાડાને ઓળખીને પકડી લાવો." આ પ્રમાણે કહી તે મિત્ર પોતાને ઘેર વિદાય થયો. પછી પેલો જડ ઉપાધ્યાય પોતાના વિદ્યાર્થીઓને કહેવા લાગ્યો; "શિષ્યો! મારા મિત્રે બીલાડાની જે ઓળખાણો આપી છે તે તમે સાંભળી છે! તે પ્રમાણે બહાર જઈને કોઈ શેરીની અંદરની કોઈ જગ્યા ઉપરથી તેવા બીલાડાને પકડી લાવો." પેલા શિષ્યો તે સાંભળીને ગામમાં રસ્તાઓ ઉપર આડાઅવળા ફરવા લાગ્યા, તોપણ તેઓમાંથી કોઈને પણ બીલાડો મળ્યો નહીં, કેમકે તે મૂર્ખ શિરોમણિઓએ પણ ગુરુની માફક બીલાડો દીઠો નહોતો.

ત્યાર પછી એક વખતે તે વિદ્યાર્થીઓએ ફરતાં ફરતાં એક શેરીમાંથી એક છોકરાને નિકળતાં દીઠો. તેની આંખો પિંગળી હતી, તેનું શરીર ધુસરું અને પીળું હતું અને તે છોકરાએ પોતાની પીઠ ઉપર રુવાટાંવાળું હરણનું ચામડું બાંધ્યું હતું. વિદ્યાર્થીઓ આ પ્રમાણેનો છોકરો જોઈ, જે લક્ષણ સાંભળ્યાં હતાં તે યાદ રાખી, "આ જ બીલાડો છે" આમ માની તેને પકડીને ઉપાધ્યાયની પાસે લઈ ગયા. ઉપાધ્યાયે પણ મિત્રે કહેલાં સર્વ લક્ષણો તે બાળકમાં જોયાં, એટલે તે છોકરાને પોતાના મઠમાં રાખ્યો ને રાત્રે તેની પાસે ચોકી કરાવવા લાગ્યા. પેલા મૂર્ખ વિદ્યાર્થીઓએ તેનું નામ બીલાડો પાડ્યું અને તે નામ લઈને તેને બોલાવવા લાગ્યા; તેથી તે મૂર્ખ છોકરો પણ 'હું ખરેખર બીલાડો જ છું' એમ માનતો હતો અને તેવી જ સ્થિતિમાં તે ઉપાધ્યાયને ઘેર રહેવા લાગ્યો. થોડે દિવસે પ્રભાતમાં ઉપાધ્યાયનો મિત્ર, ઉપાધ્યાયને ઘેર આવ્યો અને અંદરના ઓરડામાં પેલા છોકરાને દીઠો; એટલે તે મૂર્ખ શિષ્યોને કહેવા લાગ્યો; "અરે આને અહીં કોણ લઈ આવ્યું?" મૂર્ખ ઉપાધ્યાય તથા શિષ્યો બોલ્યા; "અમે તમારી પાસેથી બિલાડાનાં જે લક્ષણો સાંભળ્યાં હતાં તે પ્રમાણે એને અહીં લઈ આવ્યા છીએ." એટલે તે મિત્ર બ્રાહ્મણ ખડખડાટ હસતો થકો બોલ્યો; "અરે! મૂર્ખાઓ! એ તો મનુષ્ય છે! એ મૂર્ખ મનુષ્ય ક્યાં અને ચાર પગવાળો તથા પુછડાવાળો પશુ બીલાડો ક્યાં? તમે ઘણા જ મૂર્ખ જણાવો છો." તે સાંભળી પેલા મૂર્ખબુદ્ધિ શિષ્યોએ છોકરાને ઘરમાંથી હાંકી મૂક્યો અને બોલ્યા; "ઠીક ત્યારે, હવે વળી બીજા તેવા બીલાડાને શોધી લાવીશું!" તે સાંભળીને ત્યાં બેઠેલા માણસોને અટ્ટહાસ્ય છૂટ્યું.

"માટે મહારાજ! મૂર્ખતા કોને હાસ્ય ઉપજાવતી નથી? આ રીતે બીલાડા અને મૂર્ખની કથા કહી, તો હવે બીજા મૂર્ખારાજની કથા પણ સાંભળો.

## મૂર્ખ અને નંદી પોઠીયાની કથા.

કોઇએક નગરમાં એક મૂર્ખાઓનો ચૂડામણિ રહેતો હતો–તે સર્વ મુર્ખાઓને ટક્કર મારે તેવો હતો. તેણે એક વખતે એક ધર્મશાસ્ત્રમાંથી સાંભળ્યું કે, જે મનુષ્ય તળાવ ખોદાવે તેને પરલોકમાં મોટું ફળ પ્રાપ્ત થાય છે. તે ઉપરથી તે ધનવંત મૂર્ખે, પોતાના ઘરથી થોડે છેટે એક મોટું તળાવ ખોદાવવા માડ્યું. તળાવ પૂરું થઈ રહ્યું ત્યાર પછી એક વખતે તે મૂર્ખચૂડામણિ તળાવ જોવા માટે ગયો, તો જોવામાં આવ્યું કે કોઈએ તળાવના કિનારા તોડી નાંખ્યા છે. તે દિવસે તો તે ચાલ્યો ગયો, પણ વળી બીજે દિવસે તેમ જ જ્યાં આવીને જુવે છે ત્યાં તળાવની બીજી તરફનો કિનારો ભાંગી ગયો હતો. તેના મનમાં ઉદ્વેગ થવા માંડ્યો અને વિચાર કરવા લાગ્યો કે, ‘એમ કોણ કરતું હશે.’ પછી તેણે ઠરાવ કર્યો કે, “હું પ્રભાતમાં આવી આ તળાવના કિનારા ઉપર આખો દિવસ બેસી રહીને જોયા કરીશ કે આ તળાવને કોણ નુકસાન કરે છે.’ આવો વિચાર કરી તે મૂર્ખચૂડામણિ બીજે દિવસે પરોઢીઆમાં ઉઠીને તળાવ ઉપર ગયો અને તપાસ કરવા લાગ્યો, તેટલામાં એક બળદ આકાશમાંથી નીચે ઉતરી, બે શિગડાંવતી તળાવને ખોદતો જણાયો. તે મૂર્ખચૂડામણિએ વિચાર કર્યો કે, “આ બળદ દેવતાઈ છે, તો હું તેની સાથે શા માટે સ્વર્ગમાં જાઉં નહીં? ચાલ જીવ, આપણે પણ જઇયે.” એમ વિચારી તે મૂર્ખ, તે બળદ પાસે ગયો ને બે હાથવતી તેનું પુછડું પકડી લીધું. ભગવાન્ **નન્દીકેશ્વર**, પોતાને પુછડે લટકી રહેલા તે મૂર્ખને લઇને વેગથી ઉડી, એક ક્ષણમાં કૈલાસપર્વતપર ગયા. પેલો મૂર્ખ કૈલાસપર્વતમાં કેટલાએક દિવસ રહી, ભાતભાતનાં દિવ્ય પકવાન્ન જમી, મજા કરી આનંદમાં રહેવા લાગ્યો; પણ **શંકર**નો બળદ તો હંમેશાં જા આવ કરતો હતો. તેને જોઈ, દૈવે મોહિત કરેલો મૂર્ખચૂડામણિ, અભિમાનથી વિચાર કરવા લાગ્યો કે; ‘હું આ બળદના પુછડાને છેડે વળગી, મનુષ્ય લોકમાં જઈ, અહીંનું અદ્દ્ભુત સુખ ભાઇઓને કહી, ફરીથી તેમ જ પાછો ચાલ્યો આવું તો ઠીક થાય!’ આ પ્રમાણે ઠરાવ કરી, એક દિવસે તે મૂર્ખચૂડામણિ બળદનું પુછડું પકડી પૃથ્વી ઉપર પાછો ગયો. જ્યારે તે ઘરમાં ગયો ત્યારે તેના કુટંબીઓને મળ્યો ભેટ્યો ત્યારે તેઓ તેને પૂછવા લાગ્યા કે ‘તમે આટલા દિવસ ક્યાં ગયા હતા?’ તે મૂર્ખચૂડામણિએ પોતાની સઘળી વાર્તા કહી સંભળાવી. તે સાંભળીને સઘળા મૂર્ખલોક તેને વીનવવા લાગ્યા કે, “ઓ ભાઈ! અમારા ઉપર કૃપા કરી અમને પણ ત્યાં લઈ જઈ, ઉત્તમ પકવાન્ન જંમાડ.” તે મૂર્ખચૂડામણિ, તેમની વિનવણીથી કબૂલ થયો કે તમને પણ ત્યાં લઈ જઇશ. પછી, બીજે દિવસે સઘળા કુટુંબીઓને તળાવના કિનારા ઉપર તે લઈ ગયો. થોડી વારમાં **શંકર**નો **નંદી** આકાશમાંથી ઉતરી તે તળાવ ઉપર આવ્યો, એટલે મૂર્ખચૂડામણિએ બે હાથવડે તે **નંદી**નું પુછડું પકડ્યું, કે તુરત બીજાએ તેના ચરણ પકડ્યા; કે તુરત તેના ચરણ ત્રીજાએ પકડ્યો. આ પ્રમાણે પ્રત્યેક મૂર્ખ તે **નંદી**ની સાથે સાંકળની માફક ગંઠાઈ ગયા. પછી પેલો **નન્દી** વેગથી આકાશમાં ઉંચો ઉડ્યો. જ્યારે તે બળદ



આ રીતે જતો હતો ત્યારે એક દિવ્ય મૂર્ખે, પેલા મૂર્ખચૂડામણિને પૂછ્યું; “તું મારી જિજ્ઞાસા તૃપ્ત કરવા કહે કે, તેં કૈલાસમાં કેવા મોટા લાડુ ખાધા હતા?” તે સાંભળી મૂર્ખચૂડામણી ફુલાઈ જઈ, પોતાની વર્તમાન સ્થિતિ ને આકાશગમનની વાત ભૂલી ગયો; અને પોતાની વાર્તા જણાવવા માટે, જ્યાં પોતાના બે હાથ, કમળની માફક પહોળા કરીને “આટલા મોટા,” એમ કહેવા જાય છે ત્યાં તે અને તેની સાથેના બીજા સઘળા આકાશમાંથી જમીન ઉપર કરરરભુસ થતા કે પડીને મરણ પામ્યા! તે જોઈ સઘળાં માણસો મશ્કરી કરવા લાગ્યાં. પછી પેલો બળદ કૈલાસપર્વત ઉપર ચાલ્યો ગયો.*

“આ મૂર્ખની માફક જે લોકો વિચાર કર્યા વગર પ્રશ્ન પૂછે છે–ઉત્તર આપે છે તો તે દુઃખને પામે છે. તમને આકાશમાં જનારા મૂર્ખોની કથા કહી સંભળાવી. હવે એક બીજા મૂર્ખની કથા સાંભળો.

## એક ગાયનરસિક મૂર્ખની કથા.

એક મૂર્ખો એક માર્ગ ઉપરથી જતાં પોતાનો ખરો માર્ગ વિસરી ગયો ને આડે રસ્તે પડ્યો. પછી તેણે રસ્તામાંથી માણસોને પૂછ્યું કે, હું કયે માર્ગે થઇને જાઉં? ત્યારે તેઓએ કહ્યું કે, “આ નદીના કિનારા ઉપર જે ઝાડ છે તેના ઉપર થઇને જે માર્ગ જાય છે તે માર્ગે ચાલ્યો જા.” તે મૂર્ખબુદ્ધિએ “આપણને લોકોએ ઝાડની ઉપરથી માર્ગ બતાવ્યો છે,” તેમ ધારીને પોતે ઝાડની ઉપર ચઢી ગયો ને તે ઉપર ચાલવા માંડ્યું. તેના ભારને લીધે તે વૃક્ષની ડાળ નમી ગઈ, તેથી તે મૂર્ખનંદ ઉપરથી સરી પડ્યો. પણ જમીનપર પહોંચ્યા પહેલાં ભયના માર્યા ઝાડની ડાળને પકડી લીધી અને તેપર લટકી ગયો. બન્યું એવું કે જેના ઉપર એક માવત બેઠો હતો તેવો એક હાથી તે નદીમાં પાણી પીને ત્યાં આવ્યો. તે હાથીને આવતો જોઈ, ઝાડની ડાળીએ લટકતો મૂર્ખ વટેમાર્ગુ, દીન વાણીથી માવતને કહેવા લાગ્યો; “મહાત્મા માવતરાજ! મને આ દુઃખમાંથી મુક્ત કર.” એ સાંભળી માવત પોતાનું અંકુશ મૂકી, ઝાડ ઉપરથી તેને ઉતારવા લાગ્યો. પણ બે હાથવતી તેના ટાંગ પકડીને જ્યાં ઉતરવા જાય છે ત્યાં તો એવું બન્યું કે હાથી માવત નીચેથી ચાલ્યો ગયો અને માવત પણ પેલા ઝાડની ડાળીપર લટકી રહેલા માણસના ટાંગા પકડીને લટકી રહ્યો. પછી ઉપર લટકતો મૂર્ખ માવતને ઉતાવળ કરીને કહેવા લાગ્યો કે, “તું જો કંઈ ગાયન જાણતો હોય તો ગા; કારણ કે તારું ગાયન સાંભળીને કોઇક આપણને આ દુઃખમાંથી મુક્ત કરશે. પરંતુ આપણે જો અહીંથી શરીર પડતું મૂકીશું તો નીચે નદીમાં પડીને તણાઈ જઇશું!” તે સાંભળી માવતે એક મનોહર ગાયન ગાવા માંડ્યું. તેણે એવું તો ફક્કડ ગાયું કે ટંગાયલો મૂર્ખ, ઘણો જ ખુશી થઈ ગયો; અને તેણે “વાહવાહ! કયા બાતાં,” એમ કહીને આનંદમાં ભાન ભૂલી જઇ ઝાડ છોડી દઈને

* મહિપતરામ રૂપરામના ભવાઈ સંગ્રહમાં ઢેડાના વેશમાં આ રીતનો કથાપ્રસંગ છે.

બે હાથથી તાલી વગાડવા ગયો, પણ તેટલામાં તો તે જ વખતે પોતે અને માવત બન્ને જણા નદીમાં પડીને મરણ પામ્યા. ખરેખર મૂર્ખોની સાથે પ્રસંગ પાડવાથી કોણ સુખ પામે છે?

આ પ્રમાણે ગોમુખમંત્રી નરવાહનદત્તને કથા કહી, ફરીથી હિરણ્યાક્ષની કથા કહેવા લાગ્યો.

## હિરણ્યાક્ષની કથા.

હિમાચળની સમીપમાં કાશ્મિર નામનો એક દેશ છે. તે પૃથ્વીના આભૂષણ જેવો છે ને સદ્ગુણ અને વિદ્યાનું ધામ છે. તે દેશમાં હિરણ્ય નામનું એક નગર હતું. તે નગરમાં કનકાક્ષ નામનો એક રાજા રાજ્ય કરતો હતો. તે રાજાએ ભોળાનાથ શંકરનું આરાધન કર્યું, ત્યારે શંકર પ્રસન્ન થયા. એટલે તે રાજાની રાણી રત્નપ્રભાથી તેને ત્યાં હિરણ્યાક્ષ નામનો પુત્ર અવતર્યો. એક વખતે તે રાજકુમાર દડાથી રમતો હતો, તેવામાં એક તાપસી જેને અગમનિગમની ખબર હતી તે ત્યાં આવી ચઢી. રમતાં રમતાં રાજકુમારના ઉછાળવાથી તે તાપસીને દડો લાગ્યો; એટલે તે તાપસીને ક્રોધ વ્યાપ્યો! પરંતુ તેણે પોતાના ક્રોધને શમાવી દીધો અને હાસ્ય કરી રાજકુમારને કહ્યું; "અલ્યા કુમાર! તારી જુવાની ને બીજા ગુણથી અત્યારમાં જ તું આટલો બધો ફાટ્યો ફાટ્યો ફરે છે તો તું જ્યારે મૃગાંકલેખાને પરણીશ, ત્યારે તો શું કરવાનું બાકી રાખીશ?" જ્યારે તેણે તે વચન સાંભળ્યું ત્યારે તે રાજકુમારે તાપસીની સમીપમાં જઈ, ક્ષમા માંગીને પૂછ્યું:–"ભગવતિ! મને જણાવો કે એ મૃગાંકલેખા સ્ત્રી કોણ છે?" તાપસીએ કહ્યું, "રાજકુમાર! પર્વત રાજેંદ્ર હિમાલય ઉપર મહા કીર્તિવંત શશિતેજા નામે પ્રખ્યાત વિદ્યાધરનો એક રાજા રહે છે. તેની પરમ લાવણ્યવતી કન્યાનું નામ મૃગાંકલેખા છે. તે કન્યા એવી તો સુંદર છે કે તેનું રૂપ વિલોકનારા વિદ્યાધરો રાત્રિમાં સુખે નિદ્રા પણ કરી શકતા નથી. તે તમારી રાણી થવા લાયક છે અને તેને લાયક તમે પણ છો." આ પ્રમાણે સિદ્ધ તાપસીનું કહેવું સાંભળી, હિરણ્યાક્ષ બોલ્યો; "માતાજી! કહો તે કન્યા મને કેવા પ્રકારે મળે?" તે સાંભળી તે ભોગેશ્વરીએ હિરણ્યાક્ષને કહ્યું; "હું હમણાં તે કન્યાની પાસે જાઉં છું અને તેની આગળ તારી વાર્તા કરી તેના મનનો અભિપ્રાય જાણી, ત્યાંથી પાછી આવીશ અને ત્યાર પછી તુંને ત્યાં લઈ જઇશ. આ ગામમાં અમરનાથનું મંદિર છે ત્યાં તેની પૂજા કરવા માટે હું હંમેશાં આવું છું, ત્યાં કાલે સવારે તું મને મળજે." આ પ્રમાણે કહી તે તાપસી પોતાની સિદ્ધિના બળવડે ઉડીને આકાશમાર્ગે હિમાચળ ઉપર, મૃગાંકલેખાની પાસે ચાલી ગઇ અને યુક્તિપ્રયુક્તિથી તેણીએ હિરણ્યાક્ષના ગુણ, તે કન્યાને સારી રીતે કહી સંભળાવ્યા. તે સાંભળી તે દિવ્ય કન્યા તેને મળવા માટે ઘણી જ ઉત્કંઠિત થઈ ગઈ ને યોગિણી પ્રત્યે બોલી; "ભગવતિ! મને જો તેવો ભર્તાર મળશે નહીં, તો મારું સર્વ જીવતર અવરથા થશે અને પછી મારે જીવવું વ્યર્થ છે." આ પ્રમાણે પોતાનો મનોભાવ દર્શાવી, આખો દિવસ કામાતુર થયેલી મૃગાંકલેખાએ તાપસી સાથે ગપાસપામાં ગાળી કાઢ્યો, અને રાત્રીએ પણ તે તાપસી સાથે જ પોતે રહી.



એ અરસામાં હિરણ્યાક્ષ પણ જે મૃગાંકલેખા માટે તલપાપડ થઈ રહ્યો હતો, તેણે તેના વિચારમાંને વિચારમાં તે આખો દિવસ ગાળી કાઢ્યો. રાત્રિએ તેને ઘણા પ્રકારે અછાડપછાડ કરવા પછી નિદ્રા આવી. ત્યારે પાછલી રાત્રે પાર્વતીએ તે રાજકુમારને સ્વપ્નમાં આવીને કહ્યું; 'પૂર્વ જન્મમાં તું વિદ્યાધર હતો, પરન્તુ એક મુનિના શાપથી આ મનુષ્યલોકમાં અવતર્યો છે. પણ તું આ તાપસીના કરકમળનો સ્પર્શ કરશે તો તુરત શાપમાંથી મુક્ત થઈ જઈશ અને તે પછી તું તુરત મૃગાંકલેખા સાથે પરણીશઃ તે તારી પૂર્વ જન્મની ભાર્યા છે; તેથી હવે તારે ચિંતા કરવી નહીં.' દેવી પાર્વતી તે રાજકુમારને આ પ્રમાણે કહી અંતર્ધ્યાન થઈ ગયાં. પ્રભાત થયું એટલે ઉઠીને રાજકુમારે સ્નાનસંધ્યા વિગેરે પ્રાતઃકર્મ આટોપી લીધું. પછી પેલી તાપસીએ સંકેત કર્યો હતો તે અમરનાથ મહાદેવના મંદિરમાં શંકર સન્મુખ જઈ, પ્રણામ કરીને તે તેની વાટ જોતો ત્યાં ઉભો રહ્યો.

અહીં હિમાચળ પર્વત ઉપર પણ મૃગાંકલેખાને ઘણી મોડી રાત્રે મહામુસીબતે નિદ્રા આવી, એટલે સ્વપ્નામાં આવીને પાર્વતીએ તેને કહ્યું: "પુત્રી! તું અફ્સોસ કર મા. હિરણ્યાક્ષન શાપની અવધિ પૂર્ણ થઈ છે, અને તે આ તાપસીના કરકમલનો સ્પર્શ કરશે, એટલે પુનઃ વિદ્યાધરના રૂપમાં આવશે, અને તને તારા પતિનો પુનઃસમાગમ થશે." આ પ્રમાણે સ્વપ્નામાં કહી દેવી પાર્વતી અંતર્ધ્યાન થઈ ગયાં. સવાર પડતાં જ મૃગાંકલેખાએ ઉઠીને પોતાના સ્વપ્નનું સર્વ વૃત્તાંત તે તાપસીને કહી સંભળાવ્યું. પછી પેલી સિદ્ધ તાપસી તે વાત સાંભળીને તરત પૃથ્વી ઉપર આવી, અમરેશ્વરના મંદિરમાં તેની વાટ જોઈને ઉભેલા હિરણ્યાક્ષને મળી; અને બોલી; "પુત્ર, ચાલ મારી સાથે વિદ્યાધર લોકમાં!" તે સાંભળી રાજકુમારે તેને પ્રણામ કર્યા. પછી તાપસી તેને પોતાના હાથ ઉપર બેસારી આકાશમાં ઉડી. હિરણ્યાક્ષ તે તાપસીના હસ્તકમળનો સ્પર્શ થતાં વાર જ વિદ્યાધર થઈ ગયો; અને તેને પોતાના પૂર્વજન્મનું સ્મરણ થયું. પછી તાપસી પ્રત્યે તે બોલ્યો; "હું હિમાચળ પર્વત ઉપર વજ્રકૂટ નામના નગરમાં વિદ્યાધરનો મોટો રાજા હતો; મારું નામ અમૃતતેજા હતું. પૂર્વ સમયમાં મેં એક મુનિનું અપમાન કર્યું હતું, તેને લીધે મારે મનુષ્ય લોકમાં અવતરવું પડ્યું હતું. મને જે શાપ થયો હતો તેમાંથી મુક્ત થવા માટે તમારા હસ્તકમળનો સ્પર્શ થતા સૂધીની અવધિ કહી હતી. મને શાપ થયા પછી મારી પ્રાણવલ્લભાએ દુઃખને લીધે પોતાનું શરીર ત્યાગ કરી દીધું. તેણીએ હમણાં અહીયાંના રાજાને ઘેર જન્મ લીધો છે. માટે તે મારી પૂર્વ જન્મની જ પ્રાણપ્રિયા છે. તમારા હસ્તકમળના સ્પર્શથી આજ મારો શાપ નાશ થયો છે અને હું પવિત્ર થયો છું. હવે હું તમારી સાથે ત્યાં આવી તે કન્યા સાથે લગ્ન કરીશ." આ પ્રમાણે અમૃતતેજા વિદ્યાધર, તે તાપસીને પોતાનું પૂર્વજન્મનું વૃત્તાંત કહેતો કહેતો આકાશ માર્ગે હિમાચળ ઉપર મૃગાંકલેખા જે નગરમાં વસતી હતી ત્યાં આવ્યો. નગરની નિકટે પહોંચ્યો ત્યારે એક કુંજમાં મૃગાંકલેખાને ઉભેલી દીઠી અને મૃગાંકલેખાએ પણ તે તાપસીએ બતાવેલા અમૃતતેજાને દીઠો. આ પ્રિયાપ્રિતમ પ્રથમ કર્ણદ્વારા એક બીજાના મનમાં જઈ વસ્યાં હતાં અને તે પછી અંદરને

અંદર રહ્યા છતાં પણ નેત્રદ્વારા એક બીજાના મનમાં વસ્યાં હતાં, એ આશ્ચર્ય ઉપજાવે તેવું હતું. પછી પેલી સ્પષ્ટવક્તા તાપસીએ **મૃગાંકલેખાને** સર્વ વિગત જણાવી કહ્યું કે, "આ વિષય જણાવી તું તારા લગ્ન માટે તારા પિતાને કહે." પછી **મૃગાંકલેખાએ** પિતાની સમીપમાં જઇ લજ્જિત થઈ, મુખ નીચું કરી પોતાની સખીદ્વારા તે જ વખતે સર્વ વૃત્તાંત પિતાને જણાવ્યું. હવે એવું બન્યું હતું કે, તેના પિતાને પણ **પાર્વતીએ** સ્વપ્નમાં સર્વ વાત કહી હતી. તે પ્રથમથી જ સર્વ જાણતો હતો, તેથી **અમૃતતેજાનો** સત્કાર કરી તેને પોતાના રાજમહેલમાં લઈ ગયો. ત્યાં જઈ, શાસ્ત્રમાં કહ્યા પ્રમાણે વિધિયુક્ત પોતાની પુત્રી **મૃગાંકલેખાનાં** તે વિદ્યાધરની સાથે લગ્ન કર્યાં. લગ્ન થયા પછી **અમૃતતેજા** પોતાના **વજ્રકૂટ** નગર તરફ વિદાય થયો. જેમ તેને પોતાની સ્ત્રી પુનઃ પ્રાપ્ત થઈ, તેમ રાજ્ય પણ પુનઃ હાથમાં લીધું. તેણે પોતાના પિતા કનકાક્ષ, જે માનવી હતા તેમને સિદ્ધ તાપસીના પ્રતાપથી પોતાની સમીપ તેડાવ્યા; અને ત્યાં રાખી, સ્વર્ગના સર્વ વૈભવ ભોગવાવી, પાછા પૃથ્વીપર વિદાય કીધા, અને પોતે પોતાની પ્રિયા રાણી **મૃગાંકલેખા** સાથે ઘણા કાળ સૂધી વૈભવ ભોગવી આનંદ કરવા લાગ્યો.

"મહારાજ! જાણો કે પ્રત્યેક પ્રાણી માટે પૂર્વ જન્મમાં કરેલાં કૃત્ય પ્રમાણે નસીબ નક્કી થયેલું હોય છે; અને તેને લીધે પ્રયત્ન કર્યા વગર પણ અસાધ્ય વસ્તુ પોતાની મેળે જ પગ આગળ આવી પડે છે." આ પ્રમાણે **શક્તિયશા** માટે અતિ ઉત્કંઠિત થયેલા **નરવાહનદત્ત** રાજા, **ગોમુખે** કહેલી કથા શ્રવણ કરયા પછી નિદ્રાવશ થઈ ગયા.

## તરંગ ૧૦ મો.

## શક્તિયશા સાથે થયેલાં લગ્ન.

### બે સંન્યાસીની કથા.

બીજી રાત્રિએ ઉદાસીન **નરવાહનદત્તને** ખુશી કરવા માટે **ગોમુખ** પાછો નીચેની નવી કથા કહેવા લાગ્યો.

પૂર્વે **ધનેશ્વર** નામના શૈવસિદ્ધક્ષેત્રમાં ઘણા શિષ્યોથી સેવાતા એક મુનિ રહેતા હતા. એક દિવસે તે મુનિ પોતાના શિષ્યો પ્રત્યે બોલ્યા; "તમારામાંથી કોઇએ પણ કંઈ ચમત્કારીક વાત સાંભળી હોય તો તે મને સંભળાવો!" આ પ્રમાણે મુનિએ કહ્યું, ત્યારે એક શિષ્ય ગુરુને કહેવા લાગ્યો કે; "ગુરુદેવ! મેં એક અપૂર્વ નવલ વૃત્તાંત સાંભળ્યું છે, તે હું કહું છું તે સાંભળો."



ગુરુજી, કાશ્મિર દેશમાં **વિજય** નામનું શિવનું એક પવિત્ર ક્ષેત્ર છે. ત્યાં એક સંન્યાસી રહેતો હતો. તેને વિદ્યાનું બહુ અભિમાન હતું. તે **શિવજીની** પુજા કરીને રોજ એટલી જ પ્રાર્થના કરતો હતો કે; "હું નિરંતર વાદવિવાદમાં વિજય મેળવું તેવું કરજો!" એક દિવસે તે વિજય કરવા માટે **પાટલીપુત્ર** નગર જવા નીકળ્યો. માર્ગમાં કેટલાંએક વન, કેટલીક નદીઓ અને પહાડ પર્વતોને ઓલંઘીને તે એક મહા અરણ્યમાં જઈ ચઢ્યો. ત્યાં જતા સૂધીમાં તે પુષ્કળ થાકી ગયો હતો, તેથી એક દિવસ એક વૃક્ષ નીચે વિશ્રામ કરવા બેઠો; તે વૃક્ષની સમીપમાં એક વાવ હતી, તેથી તેમાં પાણી પીવા ઉતર્યો. જેવો તે વાવની જળની ઠંડકથી આસુદો થઈ ટટાર થતો હતો, તેટલામાં, ધર્મને પૂર્ણ રીતે જાણનાર એક ધાર્મિક પુરુષ હાથમાં દંડ અને કમંડલુ લઇને ત્યાં આવી ચઢ્યો. આ માણસ ઘણે દૂરથી આવ્યો હતો, તેથી રસ્તાની ધૂળથી તેનું અંગ ધૂળધૂળ થઈ રહ્યું હતું. એક સ્થળે બેઠા પછી તે સંન્યાસીએ પૂછ્યું; "અલ્યા! તું ક્યાંથી આવે છે અને ક્યાં જાય છે?" પેલા ધાર્મિકપુરુષે કહ્યું; "મિત્ર, હું વિદ્યાક્ષેત્ર પાટલીપુત્રમાંથી આવું છું, અને હું કાશ્મિરના પંડિતોની સાથે શાસ્ત્રાર્થ કરી તેમનો પરાજય કરવા માટે જાઉં છું!" જ્યારે તે સંન્યાસીએ આ પ્રમાણે ધાર્મિક પુરુષનાં વચન સાંભળ્યાં, ત્યારે તે વિચાર કરવા લાગ્યો કે; "હું જો આ એક **પાટલીપુત્રવાસીનો** અહીં શાસ્ત્રાર્થમાં પરાજય કરી શકીશ નહીં, તો ત્યાંના બીજા ઘણા પંડિતોને કેમ જિતી શકીશ?" આ પ્રમાણે વિચાર કરી તે સંન્યાસી, ધાર્મિક પુરુષ ઉપર આક્ષેપ કરીને બોલ્યો; "અયે ધાર્મિક! મને કહે કે તારું આવું વિપરીત આચરણ કેમ છે? મોક્ષની ઇચ્છાવાળો તું ક્યાં, અને વ્યસનથી આતુર બનેલો વાદી ક્યાં? વાદીનું મન હંમેશાં ક્લેશમાં મગ્ન હોય છે, અને તું તો વાદના અભિમાનબંધથી સંસારમાંથી મુક્ત થવાની ઇચ્છા રાખે છે. અગ્નિથી ઉષ્ણતાનો નાશ કરવા જેવું, કે બરફથી શીતળતાનો નાશ કરવા જેવું, કે પત્થરના વહાણથી મહાસમુદ્ર તરવાની ઇચ્છા રાખવા જેવું, કે બળતા અગ્નિને પવનવડે શાંત કરવા જેવું, તારું એ કૃત્ય છે. તારું આ કામ તો તને મૂર્ખ ગણાવે છે. ક્ષમા રાખવી એ બ્રાહ્મણનો ધર્મ છે; શરણે આવેલાનું રક્ષણ કરવું એ ક્ષત્રિયનો ધર્મ છે; મોક્ષની ઇચ્છા રાખનારા પુરુષોને શાંતિ રાખવી જોઇએ; અને કલહ–ટંટા કરવાનો સ્વભાવ રાક્ષસોનો હોય છે; માટે મુક્તિના અભિલાષી તમારે શાંત અને દાંત રહેવું જોઇએ; કારણકે મુક્તિના અભિલાષી સુખદુઃખમાંથી મુક્ત થયેલા હોય છે, અને તે ઝઘડાથી ડરે છે; માટે તમે શાંતિરૂપ કુવાડાથી આ સંસારરૂપ વૃક્ષનું છેદન કરો. પરંતુ હેતુવાદના અભિમાનરૂપ જલસિંચનને ઉત્તેજન આપો મા!" આ પ્રમાણે તે સંન્યાસીએ ધાર્મિકને કહ્યું, એટલે તે ધાર્મિક સન્યાસીને પ્રણામ કરીને બોલ્યો; "મહારાજ! આપ મારા ગુરુ થયાઃ હવે મને જવાની આજ્ઞા આપો." આમ કહી તે જેમ આવ્યો હતો તેમ જ પોતાના નગર તરફ પાછો ગયો. પેલો સંન્યાસી, તેના ગયા પછી હસતો હસતો તે વૃક્ષની નીચે બેસી રહ્યો હતો, એવામાં તેણે એક યક્ષને પોતાની પ્રાણ પ્યારી સાથે વાત કરતાં સાંભળ્યો. તે સંન્યાસી જ્યાં પોતાના કાન માંડીને તેને સાંભળવા જાય છે, ત્યાં પેલો યક્ષ મશ્કરીમાં પુષ્પમાળાથી પોતાની પ્યારીને મારવા લાગ્યો.

એટલે તેની સ્ત્રી ઘણી લુચ્ચી હતી તેથી ઢોંગ કરીને પોતાના શરીરને મડદા જેવું બનાવીને સુઈ ગઈ, કે તુરત તેની સખી વિગેરે તેનો પરિવાર ચીસો પાડીને રુદન કરવા લાગ્યો ! ઘણીવાર પછી જાણે તે પાછી જીવતી થઈ હોય તેમ તે સ્ત્રીએ પોતાનાં નેત્રો ઉઘાડ્યાં, ત્યારે તેના પતિ યક્ષે તેને પૂછ્યું; "પ્રિયે, તેં શું જોયું ?" પેલી સ્ત્રીએ એક બનાવટી વાર્તા આ પ્રમાણે કહી: "જ્યારે તમે મને પુષ્પમાળાથી મારી, ત્યારે એક કાળો કાળ પુરુષ અહીં આવેલો મારા જોવામાં આવ્યો: તેના હાથમાં પાશ હતો, તેનાં નેત્ર તેજસ્વી હતાં, તે ઘણો ઉંચો હતો, તેના માથા ઉપર લાંબા વાળ હતા અને તેની ભયંકર કાળી કાંતિથી દિશાના ભાગ શ્યામ થઈ ગયા હતા! તે અત્યંત ભયંકર દેખાતો હતો. તે દુષ્ટ મને યમલોકમાં લઈ ગયો. ત્યાં યમલોકના અધિકારીઓએ તેને ઠપકો આપી મને છોડી મૂકી!" આ પ્રમાણે તે યક્ષિણીએ પોતાના પતિને કહ્યું, એટલે તે યક્ષ હસતો હસતો યક્ષિણીને કહેવા લાગ્યો; "અલિ ! ઈંદ્રજાળ જાણ્યા વગર સ્ત્રીચરિત્ર સમજી શકાય નહીં. પુષ્પના મારથી કોણ મરણ પામે છે ? યમલોકમાંથી વળી પાછું આવવું કેમ બને ? એ સર્વ વાર્તા ખોટી છે. મૂર્ખી ! તેં તો પાટલીપુત્રવાસી એક સ્ત્રીના પ્રપંચનું અનુકરણ કર્યું જણાય છે. સાંભળ—

## સિંહાક્ષની રાણીની કથા.

પાટલીપુત્ર નગરમાં સિંહાક્ષ નામનો એક રાજા રાજ્ય કરતો હતો. તેની રાણી એક વખતે શુક્લપક્ષની તેરસને દિવસે મંત્રીની, સેનાપતિની, પુરોહિતની અને વૈદ્યની સ્ત્રીને પોતાની સાથે લઈ, એક સ્થાનમાં સરસ્વતીનાં દર્શન કરવાને ગઈ. માર્ગમાં કેટલાએક કુબડા, આંધળા, લુલા અને રોગી પુરુષો તેમને મળ્યા. તેઓએ રાણી વગેરે સ્ત્રીઓની આગળ પ્રાર્થના કરીને કહ્યું કે; "અમે નિર્ધન છીએ, રોગથી પીડા પામીએ છીએ, માટે અમારી ઉપર દયા કરો અને અમને ઔષધ આપો કે જેથી અમે રોગમાંથી છૂટીએ. આ સંસાર સમુદ્રની લહેર માફક ચંચળ છે; અને વિજળીના ચળકાટની માફક ક્ષણભંગુર છે. તે યાત્રા–મેળા વગેરે ઉત્સવથી એક ક્ષણ સુંદર જણાય છે, પરંતુ આ સંસાર પરિણામે અસાર છે, જૂઠો છે, તેમાં માત્ર ગરીબો ઉપર દયા કરવી તે અને દરિદ્રીને ધન આપવું તે જ સારમાં સારરૂપ છે; પરન્તુ તેવા ગુણવંત હાલમાં ક્યાં જીવે છે! જે મનુષ્ય પૈસાદાર છે તેને ધન શું કામનું છે ? જે માણસ તૃપ્ત થયેલો છે તેને જમવાનું શું પ્રયોજન છે ? જે મનુષ્ય શીતપ્રકૃતિનો છે તેને ચન્દનની શી જરૂર છે ? શિયાળો આવ્યા પછી વર્ષાદનું શું પ્રયોજન છે ? માટે અમને દુઃખમાંથી મુક્ત કરો !"

આવી રીતે રોગીઓનાં વચન સાંભળી પેલી રાણી વગેરે બોલ્યાં; "આ રોગપીડિત પુરુષો પણ યથાર્થ કહે છે; માટે આપણે સર્વ પ્રકારે તેઓનું ઔષધ કરવું!" આ પ્રમાણે સર્વ સ્ત્રીઓ પરસ્પર વાતચિત કરી, દેવીના મન્દિરમાં ગઈ. ત્યાં દેવીનું પૂજન કીધું. પછી સર્વ સ્ત્રી પાછી ફરી. માર્ગમાંથી પેલા દરદીઓને દરેક જણ પોત પોતાને ઘેર તેડી ગઈ અને તે સર્વ સ્ત્રીઓએ પોતાના મહાબળવન્ત પતિઓને ઉશ્કેરી તેમની પાસે આ રોગીઓના ઔષધના ઉપાય કરાવ્યા.



અને પોતે પણ તેઓની નજીક જ સેવામાં હાજરની હાજર રહી. આ પ્રમાણે હંમેશાં તે સ્ત્રીઓના સહવાસથી તે રોગીઓના મનમાં થોડે દીવસે કામ જાગ્રત થયો અને પરસ્પર પ્રેમપાશમાં સપડાયાં. પેલી સ્ત્રીઓ પણ રોગીમય જ સંસાર જોવા લાગી; તે વગર બીજું કશું તેમના જોવામાં આવતું જ નહીં. સ્ત્રીઓના કામાંધ બનેલા મનમાં આટલો પણ વિચાર આવ્યો નહી કે આ કંગાલ રોગી ક્યાં ને આપણા ભર્તાર રાજા વગેરે ક્યાં ? ખરે કામિનીઓને વિચાર ક્યાંથી આવે ?

રાજા, મંત્રી, સેનાપતિ વગેરે પોતપોતાની સ્ત્રીના અંગમાં રોગીના સંભોગથી થયેલા નખના તથા દંતના ક્ષત જોઈ આશ્ચર્ય પામ્યા; કારણ કે રોગી આમ કરે તે વાત કોઈ દિવસ સમ્ભવે જ નહીં. જ્યારે તે સર્વના મનમાં સંદેહ ઉત્પન્ન થયો, ત્યારે તે વાર્તા કેમ બીન હશે તેનો નિશ્ચય કરવા માટે સાવધાન રહેવા લાગ્યા; રાજા, પ્રધાન, સેનાધિપતિ, વૈદરાજ ને પુરોહિત સર્વે એકઠા મળી પરસ્પર તે વિશે વિચાર કરવા લાગ્યા કે આ નખ તથા દંતના ક્ષત કેમ થયા હશે ! પછી રાજાએ બીજાઓને કહ્યું; "તમે હમણાં ચૂપ જ રહેજો. આજ હું મારી રાણીને યુક્તિથી પૂછી જોઈશ." આ પ્રમાણે કહી તેઓને રજા આપીને પોતે રાજમહેલના વિલાસભવનમાં ગયો; અને પ્રેમ તથા ભય બન્ને બતાવીને રાણીને પૂછ્યું: "બોલ રે, તારો ઓષ્ટ કોણે ખંડિત કર્યો છે ? કોણે સ્તન ઉપર નખથી ક્ષત કરેલા છે ? જો તું સત્ય બોલીશ તો તારું સારું થશે, નહીંતર હું તને છોડીશ નહીં !" આ પ્રમાણે રાજાનું કહેવું સાંભળી, પેલી રાણી કૃત્રિમ રચના કરીને બોલી: "મારે તમારી આગળ કહેવું તો જોઈએ નહીં, પરન્તુ હું અભાગિણી, આ આશ્ચર્યકારક વાત છે, માટે તમારી આગળ જણાવું છું. સાંભળો: આ આપણી ચિત્રેલી ભીંત ઉપરથી ચક્ર અને ગદાધારી પરમાત્મા રાત્રે સાક્ષાત્કાર નિકળે છે અને મારી સાથે સંભોગ સુખ ભોગવી પ્રભાતમાં પાછા તે ચિત્રની ભીતમાં જ લય પામી જાય છે. જેનું સ્વરૂપ ચંદ્ર અને સૂર્યે પણ કોઈ દિવસ દીઠું નથી એવા તે શ્રી કૃષ્ણ મારી આવી દશા કરી મૂકે છે અને તમે તો સુતા જ રહો છો!" રાજા, પોતાની સ્ત્રી જાણે દુઃખી હોય તેમ તેનાં વચનો સાંભળી, પોતે મૂર્ખ હતો તેથી કંઈ સમજ્યો નહીં, પણ ખરેખરી વિષ્ણુની માયા હશે, એમ ધારી તેના કહેવાને સત્ય માન્યું; અને બીજે દિવસે તે વાર્તા પોતાના મંત્રી વગેરેને કહી. તેઓ પણ રાજાના જેવા જ મૂર્ખ હતા, તેથી તેઓએ પણ પોતાની સ્ત્રીઓને ભગવાન કૃષ્ણે ભોગવેલી છે એમ માની બોલ્યા વગર છાનામાના બેસી રહ્યા.

"આવી રીતે અસત્ય–બનાવટી દુરાચરણી સ્ત્રીઓ રચના કરવામાં કુશળ અને લુચ્ચી હોય છે અને તે જડબુદ્ધિવાળા પુરુષોને છેતરે છે. પરન્તુ હું તેવો જડબુદ્ધિ નથી." આ પ્રમાણે યક્ષે પોતાની ભાર્યાને વાત કહી તેને લજ્જાવન્ત કરી દીધી. હવે પેલા વૃક્ષ નીચે બેઠેલો સંન્યાસી, આ સર્વ સાંભળ્યા પછી તે યક્ષની પાસે જઈ બે હાથ જોડીને વિનતિ કરવા લાગ્યો; "મહારાજ ! હું આપના આશ્રયમાં આવ્યો છું તો આપનો શરણાગત કહેવાઉં; માટે મેં જે આપનાં વચન સાંભળ્યાં છે તે અપરાધની ક્ષમા કરો !" આ પ્રમાણે સત્ય વચન સાંભળીને યક્ષ સંતોષ પામ્યો

અને તેને કહ્યું; "હું યક્ષ છું ને મારું નામ સર્વસ્થાનગત છે. જા, હું તારા ઉપર પ્રસન્ન થયો છું; માટે મારી પાસેથી વરદાન માગી લે." પછી તે સંન્યાસીએ વરદાન માગ્યું કે, "તમે તમારી સ્ત્રી ઉપર ક્રોધ કરો મા, એ વર મને આપો." યક્ષ બોલ્યો; "જા, એ વર મેં તને આપ્યો! હવે બીજો વર માગી લે." એટલે સંન્યાસી બોલ્યો; "જો એમ હોય તો મને બીજો વર એ આપો કે, આજથી તમે બન્ને સ્ત્રી પુરુષ મને તમારો પુત્ર ગણો!" તે સાંભળીને યક્ષ પોતાની સ્ત્રી સમેત પ્રગટ થઈ તે જ વખતે બોલ્યો; "પુત્ર! અમને તે કબૂલ છે. તું અમારા બંનેનો પુત્ર છે. તને અમારી કૃપાથી કોઈ પણ જગ્યામાં દુઃખ પડશે નહીં અને વિવાદમાં, કલહમાં ને દ્યૂતમાં તું વિજય મેળવીશ." પેલા સંન્યાસીએ, આ પ્રમાણે વરદાન મેળવી તે યક્ષને પ્રણામ કરી તે રાત્રિ ત્યાં જ ગાળી અને યક્ષ તો વરદાન આપી ત્યાંથી અંતર્ધાન થઈ ગયો. પ્રભાતમાં ઉઠીને સંન્યાસી પાટલીપુત્ર નગરમાં આવ્યો; અને ત્યાંના રાજા સિંહાક્ષના રાજમહેલની આગળ જઈ, દ્વારપાળ મારફતે રાજાને જાણ કરાવી કે; "કાશ્મીરથી શાસ્ત્રચર્ચા કરવા માટે એક પંડિત આવ્યો છે!" દ્વારપાળે અંદર જઈ સભામાં રાજાને તે જણાવ્યું. રાજાએ વાદીને સભામાં બોલાવ્યો. સભામાં આવી વાદ કરવા માટે પંડિતો ઉપર તે આક્ષેપ કરવા લાગ્યો. છેવટ પંડિતોનો વિવાદ જાગ્યો, તેમાં સંન્યાસીએ યક્ષની કૃપાથી સઘળા પંડિતોનો પરાજય કર્યો. પછી તે સંન્યાસી રાજાની આગળ પંડિતો ઉપર આક્ષેપ કરતો બોલ્યો કે; "હું તમને આ પ્રશ્ન સ્પષ્ટ કરવા કહું છું—કે 'ચક્ર અને ગદાધારી એક પુરુષ રાત્રે ચિત્રની ભીતમાંથી નિકળી, દાંતવડે સ્ત્રીના ઓષ્ઠને ચુમ્બન કરી અને નખવડે સ્તન ઉપર ક્ષત કરી, તેની સાથે સંભોગ કરી પ્રભાતમાં પાછો ચિત્રની ભીંતમાં જ લય થઈ જાય છે, તેનો અર્થ શું? તેનો મને જવાબ દો.' પંડિતોએ તેની આ સમસ્યા સાંભળી; પણ ખરી વાર્તાથી અજાણ્યા હતા તેથી કંઈ ઉત્તર આપી શક્યા નહીં, પણ એક બીજાના મુખ સામું જોઈ રહ્યા. પછી સિંહાક્ષ રાજા પોતે જ તેને પૂછવા લાગ્યો; "મહારાજ! તમે પંડિતોને જે પ્રશ્ન પૂછ્યો છે તેનું ઉત્તર તમે પોતે જ કહો." તે સાંભળીને તે સંન્યાસીએ તે રાજાની સ્ત્રીનું કપટચરિત્ર, જે યક્ષની પાસેથી સાંભળ્યું હતું તે સર્વ, તેને કહી સંભળાવ્યું; અને છેવટે રાજાને કહ્યું; "કોઈ પણ માણસે સ્ત્રી સાથે પ્રેમ કરી વિશ્વાસ મૂકવો નહીં, કેમકે તેનું પરિણામ માત્ર એ જ આવે છે કે, તેનાં કૃત્ય નિર્દય જ જણાય છે." રાજા તેના ઉપર પ્રસન્ન થયો અને તેને પોતાનું રાજ્ય આપવાની ઈચ્છા કરવા લાગ્યો; પરન્તુ તે સન્યાસીને પોતાની સ્વભૂમિ ઉપર જ અત્યન્ત પ્રેમ હતો, માટે તેણે રાજ્ય લેવાની ના પાડી. પછી રાજાએ તે સંન્યાસીને રત્નો આપી તેનો ઘણો રુડો સત્કાર કર્યો. રત્ન લઈ તે સંન્યાસી કાસ્મિરમાં પોતાના દેશમાં આવ્યો અને ત્યાં યક્ષના પ્રસાદથી પોતે દુઃખ રહિત થઈ સુખમાં રહેવા લાગ્યો.

તે શિષ્ય પોતાના ગુરુ આગળ આ વાર્તા કહી મહામુનિ પ્રત્યે બોલ્યો: "આ પ્રમાણે મેં તે સંન્યાસીની પાસેથી કથા સાંભળી છે." તે સાંભળી મહામુનિ અને તેના બીજા શિષ્યો ઘણા જ આશ્ચર્ય પામ્યા.



મંત્રી ગોમુખ પોતાના રાજા નરવાહનદત્તને આ પ્રમાણે કથા સંભળાવી, પુનઃ બોલ્યો: "આ પ્રમાણે દુરાચરણી નારીઓનાં ચરિત્રો વિચિત્ર છે; તેના મર્મને કોઈ જાણવા સમર્થ નથી. હવે બીજી આ કથા છે કે જેમાં એક સ્ત્રીએ ૧૧ પતિને યમલોક કેમ પહોંચાડી દીધા, તે કથા સાંભળો.

## અગિયાર પતિની સ્ત્રીની કથા.

માળવા પ્રાન્તના એક ગામમાં એક પુરુષ રહેતો હતો. તેને ત્રણ પુત્ર પછી એક નાની કન્યા ઉત્પન્ન થઈ. તે કન્યાનો જન્મ થયા પછી તેની સ્ત્રી મરણ પામી. થોડા દિવસ પછી તેનો એક છોકરો મરણ પામ્યો; અને તે પછી તે કન્યાનો એક ભાઈ બળદના શિંગડાના પ્રહારથી મરણ પામ્યો. આ બનાવથી તેના પિતાએ તે કન્યાનું 'ત્રિમારિકા' એવું નામ પાડ્યું: કારણ કે તે કન્યાના જન્મથી ત્રણ જણનાં મૃત્યુ થયાં હતાં. કેટલોક કાલ વીત્યા બાદ તે કન્યા મોટી થઈ, એટલે તે ગામમાં એક ધનવંતનો પુત્ર રહેતો હતો. તેણે કન્યાના પિતાની પાસે તેની પુત્રીનું માગું કર્યું. તે માળવીએ પોતાની શક્તિ મુજબ વિધિ પ્રમાણે વિવાહોત્સવ કરી પોતાની પુત્રીનું તેને કન્યાદાન આપ્યું. પેલી કન્યા ધનવંતને પરણી; તથા તેની સાથે કેટલાએક દિવસ આનંદમાં ગુજાર્યા. થોડા દિવસ સુખમાં વીત્યા પછી તેનો પતિ મરણ પામ્યો; એટલે કેટલાએક દિવસ તેણે વિધવા ધર્મ પાળી તે ચંચળ નારીએ તરત એક બીજો પતિ કીધો. જે પણ થોડા જ સમયમાં દુઃખી થઈ ગયો ને પછી મરી ગયો. જુવાનીના મદમાં છકી ગયેલી તે ચપળાએ ત્રીજાને પતિ કર્યો. તે પતિહંતા સ્ત્રીનો તે પતિ પણ બીજા પતિની માફક જ મરણ પામ્યો. આ પ્રમાણે એક પછી એક એમ દશ વર મરણ પામ્યા, તેથી લોકો તેની મશ્કરી કરીને તેને 'દશમારિકા' કહેતા હતા. તે કન્યા જ્યારે અગીઆરમો પતિ કરવા માટે તૈયાર થઈ ત્યારે તેના પિતાને પણ લજ્જા આવી, અને તેણે પોતાની પુત્રીને તેમ કરતાં અટકાવી. લોકો તે કન્યાને હડધૂત કરવા લાગ્યા, તેથી તે પોતાના ઘરમાં ભરાઈને રહી. એક દિવસે તેને ઘેર એક કાંતિવાન તરુણ વટેમાર્ગુ આવ્યો; ત્યારે તે 'દશમારિકા' ના બાપે તે અતિથિને કહ્યું; "તને એક રાતવાસો આપીશ." પેલી 'દશમારિકા' તે તરુણને જોઈ તેના ઉપર મોહિત થઈ ગઈ; અને પેલો તરુણ પણ તે ચપળાના ચંચળ નયન પલકારા આગળ નમ્ર થઈને તેના ઉપર ફીદા ફીદા બની ગયો. પછી તે સ્ત્રી, કામાધીન થવાથી નિર્લજ્જ બનીને કહેવા લાગી; "હે પિતાજી! હું આ એક વટેમાર્ગુ તરુણ પુરુષને મારો પતિ કરવાની ઈચ્છા ધરાવું છું! જો તે મરી જશે તો પછી હું વૈરાગ્યવ્રત ધારણ કરીશ." તેના પિતાએ કહ્યું; "હે પુત્રી! તારા દશ પતિ મરી ગયા, તોપણ હજી બીજો કરતાં તને શરમ આવતી નથી? હવે આ પણ જો મરણ પામશે તો લોકો તારી ઘણી મશ્કરી કરશે!" આ સર્વ પેલો વટેમાર્ગુ સાંભળતો હતો, તે છતાં પેલો પંથી પણ શરમ મૂકીને બોલ્યો, "હું મરીશ નહી, કારણ કે મારી પણ એક પછી એક એમ દશ સ્ત્રી મરણ પામી છે, માટે અમે બન્ને જણાં સમાન છીએ. હું જો ખોટું બોલતો

હોઉં તો **શંકરનાં** ચરણસ્પર્શ કરીને સોગન ખાઉં છું!" આ પ્રમાણે તે વટેમાર્ગુએ કહ્યું, તે સાંભળી કોણ આશ્ચર્ય પામે નહીં? આ વાર્તા ગામના લોકોએ જાણી, એટલે તેમણે 'દશમારિકા'ને પરણવાની રજા આપી; અને તે 'દશમારિકા' વટેમાર્ગુની સાથે પરણી. તેની સાથે કેટલાએક વખત સુધી રહ્યા પછી તેનો ધણી તાઢીઆ તાવથી પીડાવા લાગ્યો અને તે યોગથી મરણ પામ્યો; એટલે તે 'અગિયારમારિકા' થઈ અને પથ્થરોને હસવું ઉપજાવવા લાગી. પછી તે, પોતાના કમભાગ્યથી ઘણી જ ઉદાસ થઈ ગઈ અને છેવટે ગંગાના કિનારા ઉપર જઈ વૈરાગ્ય ધારણ કર્યો!

આ વાર્તા સાંભળી વત્સરાજના કુમાર નરવાહનદત્તને પણ અત્યંત હસવું આવ્યું. પછી ગોમુખ ફરીથી બીજી કથા કહેવા લાગ્યો; "મહારાજ! હવે એક દરિદ્રી બળદવાળાની કથા સાંભળો?

## એક દરિદ્રી બળદવાળાની કથા.

એક ગામમાં એક કુટુંબવાળો દરિદ્રી માણસ રહેતો હતો. તેને ઘેર સમૃદ્ધિમાં માત્ર એક બળદ હતો. તે માણસ ઘણો જ ગરીબ હતો, તેથી તેનું આખું કુટુંબ અન્નજળ વગર દુઃખી થતું હતું અને પોતે પણ ઘણા કડાકા ખેંચી કાઢતો હતો; પરંતુ લોભને લીધે તે બળદને વેચતો નહીં. એક વખતે તે વિંધ્યાચળ પર્વત ઉપર જઇ, વિંધ્યવાસિનીની સમીપમાં દર્ભનું આસન પાથરી, ધન મેળવવા માટે આહાર વિહારનો ત્યાગ કરી, તપ કરવા લાગ્યો. થોડે દિવસે દેવીએ રાત્રે સ્વપ્નામાં આવીને તેને કહ્યું; "પુત્ર! ઉઠ. તારા નસીબમાં હંમેશાં આનંદમાં રહેવા માટે એક બળદ જેટલું જ ધન છે, માટે તે જ વેચીને હમેશાં આજીવિકા ચલાવ." આ પ્રમાણે સ્વપ્ન થયા પછી થોડીવારમાં પ્રભાત થયું અને માતાજીનું વચન યાદ કરી પોતાનું તપ પૂરું કરી પારણું કરી પોતાને ઘેર આવ્યો. પછી તે મૂર્ખ વિચાર કરવા લાગ્યો કે, "હું આ બળદ જો વેચી નાંખીશ તો હવે પછી ગુજરાન કેમ ચલાવીશ?' આવો વિચાર કરી તે બળદ વેચી શક્યો નહીં. પછી તે દરિદ્રીએ કોઇ માણસને વાતના પ્રસંગમાં પોતાને સ્વપ્નામાં દેવીએ જે આજ્ઞા કરી હતી તે જણાવી. સુબુદ્ધિશાળી મિત્રે લાંઘણ કરવાથી દુર્બળ થઈ ગયેલા તે દારિદ્રીને કહ્યું; "અરે મૂઢ! તારા નસીબમાં એક જ બળદ છે, તેને તું જો વેચીશ તો હમેશાં જીવતો રહીશ! આ પ્રમાણે જે દેવીએ તને કહ્યું છે તે કેમ સમજતો નથી? આ બળદને વેચી તેના ઉપર તારા કુટુંબની આજીવિકા ચલાવ, પછી તને બીજો બળદ મળશે, તે વેચીને કુટુંબીઓનું પોષણ કરજે. આ પ્રમાણે એક પછી એક બળદ મળ્યા કરશે." આ પ્રમાણે તે મિત્રે પોતાના ગામડીઆ મિત્રને સમજણ પાડી, એટલે તેણે તે બળદ વેચીને પોતાની આજીવિકા ચલાવવા માંડી. તે એક એક બળદ વેચતો જતો હતો, અને તેમ એક એક બળદ તેને મળતો ગયો અને તેમ તેમ વેચતો ગયો અને તેના ઉપર પોતાની આજીવિકા હંમેશાં સુખમાં ચલાવવા લાગ્યો.

"આ પ્રમાણે નસીબ સત્વાનુસાર સર્વને ફળ આપે છે, માટે મનુષ્યે બળ ધારણ કરવું. તે લક્ષ્મી બળશાળીને વરે છે, પરન્તુ નિર્બળને વરતી નથી. હે રાજકુમાર! હવે એક ધૂર્ત અને કપટી કાર્યભારીની કથા સાંભળો.



## એક કપટી અને ધૂર્ત મંત્રીની કથા.

દક્ષિણ દેશમાં આવેલા એક નગરમાં પૃથ્વીપતિ નામનો એક રાજા રાજ્ય કરતો હતો. તેના દેશમાં એક ધૂતારો રહેતો હતો. તે લોકોને ઠગીને પોતાનું ગુજરાન ચલાવતો હતો. એક દિવસે તેને મોટી સંપત્તિ મેળવવાની ઇચ્છા થઈ. તેને લીધે પોતે અસંતોષ પામીને વિચારવા લાગ્યો કે, "મને જોઇએ એટલું ધન મળતું નથી; તો આ મારી ધૂર્ત વિદ્યા મને શું કામની? શા માટે મહાલક્ષ્મી મેળવવા સારુ બીજો ઉપાય કરું નહીં?" આમ વિચારી તે ધૂર્તશિરોમણિ એક મોટા સાહુકારનો પોશાક ધારણ કરી, રાજાના રંગમહેલની આગળ જઈ, દ્વારપાળની સાથે મળી, તે દ્વારા કચેરીમાં રાજાને પોતાનું આગમન જાહેર કર્યું; અને પછી તે અંદર ગયો. ત્યાં રાજાને પ્રણામ કરી ભેટ અર્પણ કરી, વિનતિ કરી કે; "મહારાજ! મારે તમારી આગળ એકાંતમાં કંઇ વાતચિત કરવાની છે." રાજા તેની ભેટ તથા તેની સલામ ઉપર ભોલવાઈ જઈને બોલ્યો, 'ઠીક.' પછી તે રાજા તેની સાથે એકાંતમાં મળ્યો. ત્યાં પેલા સાહુકારે જણાવ્યું કે, "આપ હમેશાં સર્વ સભામંડળના દેખતાં મારી સાથે એકાંતમાં બેસીને એક ક્ષણ વાર્તા કરો તો હું આપને દરરોજ પાંચસો સોનામહોર ભેટ કર્યા કરું, આટલું જ આપની પાસે માગી લઉં છું, હું બીજું આપની પાસે કંઈ માંગતો નથી." તે સાંભળી રાજાએ મનમાં વિચાર કર્યો કે, તે દરરોજ મારી સાથે ગુપ્ત રીતે આવી જ વાતચિત કરે તો તેમાં શું અડચણ છે? તે કંઈ આપણી સોનામહોર લઈ જતો નથી, પણ ઉલટી દરરોજ આપી જાયછે. વળી તે મોટો સાહુકાર છે, માટે આપણને તેની સાથે વાત કરવામાં કશી શરમ પણ આવવાની નથી!" આ પ્રમાણે તે રાજાએ મન સાથે વિચાર કરી તેની સાથે દરરોજ ગુપ્ત વાત કરવાનો ઠરાવ કર્યો. પેલો ધૂર્ત પણ તે રાજાને કહેવા પ્રમાણે નિત્ય પાંચસો સોનામહોર આપવા લાગ્યો; અને એકાંતમાં બેસી રાજાની સાથે ગુપ્ત વાતચિત કરવા લાગ્યો. દરરોજ તે જોઈ લોકોએ જાણ્યું કે, એને મુખ્યમન્ત્રીનું પદ મળ્યું છે!

એક વખતે તે ધૂર્ત રાજાની સાથે એકાંતમાં વાત કરતો કરતો વારંવાર એક અધિકારી તરફ ખાસ નજર કરીને જોવા લાગ્યો. વાત કરીને બહાર નિકળ્યો, એટલે તે અધિકારીએ તે ધૂર્તની પાસે આવીને પૂછ્યું; "તમે મારા મુખ તરફ શા માટે જોતા હતા?" તે ધૂર્ત પોતાની મરજી પ્રમાણે ખોટું બોલ્યો કે; "રાજા મને કહેતા હતા કે તેણે મારા દેશને લુંટી લીધો છે, માટે હું તેના ઉપર અત્યન્ત ક્રોધે ભરાયો છું. એ ઉપરથી મેં તારા મુખ તરફ જોયું હતું. પણ હવે હું રાજાને સમજાવીશ." આ પ્રમાણે તે જૂઠા મન્ત્રીએ પેલા સરદારને કહ્યું, એટલે તેને ખૂબ ભય પેઠો અને તેણે પેલા ધૂર્તને ઘેર જઈ તેને એક હજાર સોનામહોર આપી. બીજે દિવસે પેલો ધૂર્ત, રાજાની સાથે વાર્તા કરતી વખતે પૂર્વપેરે, તે જ સરદારના મુખ તરફ જોવા લાગ્યો, અને વાર્તા કરી રહ્યા પછી કચેરીમાંથી ઉઠીને બહાર આવ્યો, કે પેલો અધિકારી તેની પાસે આવ્યો. પેલો ધૂર્ત બોલ્યોઃ "મેં યુક્તિવાળાં વચનોથી રાજાને સમજાવી તારા ઉપર પ્રસન્ન કર્યો છે, માટે હવે તું ધીરજ રાખ! હું તારાં સર્વ છિદ્રનો બચાવ

કરીશ.” આ પ્રમાણે તે અધિકારીને યુક્તિથી વશ કરીને જવા માટે રજા આપી. પછી તે અધિકારી તેની જૂદા જૂદા પદાર્થોથી સેવા સારી કરવા લાગ્યો.

આ પ્રમાણે તે નિપુણધૂર્તે, ઘણી યુક્તિ કરીને રાજા તથા તેના સરદાર, અધિકારી, ચાકરો પાસેથી પુષ્કળ ધન લુંટી લીધું. રાજાની સાથે વાર્તા કરવાના ઢંગથી તેણે પાંચ કરોડ સોનામહોર એકઠી કરી. ત્યાર પછી તે ધૂર્ત મન્ત્રીએ એક દિવસે એકાંતમાં રાજાને કહ્યું, “મહારાજ ! હું આપને હંમેશાં પાંચસો સોનામહોર આપુંછું, તોપણ તમારી કૃપાથી મેં પાંચ કરોડ સોનામહોર એકઠી કરી છે, માટે મારા ઉપર કૃપા કરી તે સોનામહોર આપ મહારાજ સ્વીકારો !” આ પ્રમાણે કહી પ્રત્યક્ષ તે સોનામહોર રાજાને અર્પણ કરી દીધી! રાજાએ ઘણો આગ્રહ કરવાથી, મહા કઠાવતિએ તેમાંથી અર્દ્ધ સોનામહોર તેણે પાછી લીધી. રાજાએ તેના ઉપર પ્રસન્ન થઈ તેને મુખ્ય મન્ત્રીની જગ્યા ઉપર નિમ્યો. તે ધૂર્ત લક્ષ્મી સાથે પ્રધાનપદ મેળવ્યા પછી પણ રાજાને ભેટ તથા માન આપીને ખુશી કરતો હતો.

“આ રીતે બુદ્ધિશાળીઓ કંઈ પણ મોટા અપરાધ કર્યાં વગર મોટી દોલત ને માન મેળવે છે. કુવો ખોદનારો પ્રથમ કાદવમાં લપટાઈ જાય છે, પણ જ્યારે તેમાંથી જળ નિકળે છે ત્યારે તે જેમ શુદ્ધ થાય છે, તેમ ફળ મળ્યા પછી તેના દોષ નાશ પામે છે.”

આવી રીતે મન્ત્રી ગોમુખે નરવાહનદત્તને કથા કહ્યા પછી કહ્યું, “હે વિવાહોત્કંઠિત ! હવે એક બીજી કથા સાંભળો.

## હેમપ્રભા તથા લક્ષ્મીસેનનો કથા.

રત્નાકર નામના એક નગરમાં બુદ્ધિપ્રભ નામનો એક રાજા રહેતો હતો. તે મદોન્મત્ત રાજારૂપી ગજના મદ ઉતારવામાં કેસરીસિંહ જેવો હતો. તેને રત્નરેખા નામની એક રાણી હતી. તે રાણીને પેટે હેમપ્રભા નામની એક કન્યા જન્મી હતી. તે કન્યા આ જગતમાં દિવ્ય કાંતિમાન્ હતી અને તે પૂર્વજન્મમાં વિદ્યાધરી હતી. તેથી હંમેશાં આકાશમાં વિહાર કરવાની અતિ શોખીન હતી અને મદને લીધે હીંચોલામાં બેસીને રોજ હીંચોલા ખાતી હતી. રાજાએ તે કન્યાને ઘણી વારી કે રખેને તું આમ હીંચકા ખાતાં પડી જશે; તો પણ તે કન્યાએ માન્યું નહીં. છેવટે તેના પિતાએ ગુસ્સે થઈ તે કન્યાને એક લપડાક લગાવી, તેથી પોતાનું અપમાન માની ક્રોધ કરી તેણે વનમાં જવાનો ઠરાવ કરી, રમવાને બહાને નગર બહાર આવેલા ઉપવનમાં ગઈ અને ત્યાં આમ તેમ ફરવા લાગી. તેની સાથે જે ચાકરો ગયા હતા તે મદિરાપાન કરીને બેભાન થઈ ગયા, એટલે તે કન્યા એક અઘોર વન તરફ, તેમની નજર આગળથી અદૃશ્ય થઈ ગઈ અને ત્યાંથી પછી પોતે એકલી ઘણે દૂર એક વનમાં જઈ, વૃક્ષનાં પાંદડાં અને ડાળીઓની પર્ણકુટી બાંધી તેમાં રહી. ત્યાં તે ફળ મૂળનો આહાર કરી, શંકરનું આરાધન કરવા લાગી. તેનો પિતા જે રાજા હતો તેને ખબર થઇ કે કન્યા ક્યાંઈ નાસી ગઈ છે, એટલે તેણે તેની બહુ ખોળ કરાવી; પરન્તુ ક્યાંઈથી પણ તેનો પત્તો મળ્યો નહીં; ત્યારે તે રાજા ઘણો જ સંતાપ



કરવા લાગ્યો; તેના મુખ ઉપર દુઃખનું વાદળ છવાઈ રહ્યું. ઘણા દિવસ વીત્યા એટલે તે રાજાને કન્યાવિયોગનું દુઃખ જરા ઓછું થયું, તેથી તે પોતાના મનને પ્રસન્ન કરવા માટે મૃગયા રમવા સારુ નિકળ્યો. વનમાં જઈ મૃગયા કરવા માટે આમ તેમ ફરતાં ફરતાં ઘણે દૂર બીજા વનમાં જ્યાં પોતાની પુત્રી હેમપ્રભા તપ કરતી હતી ત્યાં જઈ ચડ્યો. ફરતાં ફરતાં રાજા બુદ્ધિપ્રભે એક ઝાડપાનવાળી પર્ણકુટી દીઠી, એટલે ઓચિંતો તેની અન્દર ગયો, તો ત્યાં પોતાની પુત્રીને તપ કરતાં દીઠી. તે કન્યાનું શરીર તપને લીધે દુર્બળ થઈ ગયું હતું, તથાપિ તપના પ્રભાવથી ઘણી જ તેજસ્વી દીસતી હતી. તે કન્યાએ પોતાના પિતાને જોઈ, એકદમ ઉભી થઈ, પિતાનાં ચરણમાં પ્રણામ કર્યાં. તેનો પિતા પુત્રીને જોઈ રડી પડ્યો અને તેને પોતાને ગળે વળગાડી ખોળામાં બેસાડી. પછી પિતા અને પુત્રી ઘણે દિવસે ભેળાં મળ્યાં, તેથી બન્નેની આંખમાંથી હર્ષનાં અશ્રુ પડવા લાગ્યાં, પણ એક બીજાના મનનો એક બીજાથી ખુલાસો થઈ શકાયો નહીં, આ બનાવ જોઈ વનમાં વસનારાં મૃગોની આંખમાં પણ અશ્રુઓ આવી ગયાં. પછી રાજાએ ધીરે ધીરે પોતાની પુત્રીને ધીરજ આપી કહ્યું, “દીકરી! તું રાજ્યમહેલનો ત્યાગ કરી, આ વનમાં આવીને તપ શા માટે કરે છે? આ તે તેં શું કર્યું? હવે આ વનવાસ છોડી દે અને તારી માની પાસે ચાલ.” આ પ્રમાણે પિતાએ કહ્યું, એટલે હેમપ્રભા બોલી; “હે તાત! મને દૈવે જ પ્રેરણા કરી છે, બાકી મારામાં શી શક્તિ છે કે, હું આ પ્રમાણે વર્તું? હું તપનું સુખ ત્યાગ કરી ઘરનું સુખ મેળવવાની ઇચ્છા રાખતી નથી. હું તો તપ જ કર્યા કરીશ.” રાજાએ તે કન્યાને ઘણી સમજાવી, તો પણ તે એકની બે થઈ નહીં. ત્યારે રાજા વનમાંથી ઘેર ગયો અને પોતાની દીકરીને અતિથિઓની પૂજા કરવા માટે તેણે દરરોજ રાંધેલાં અનાજ અને પૈસાઓ મોકલવા માંડ્યા.

હેમપ્રભા ફળમૂળનો આહાર કરી, ધનથી તથા અનાજથી હંમેશાં અતિથિઓનો સત્કાર કરતી હતી. એક વખતે એક બાળબ્રહ્મચારિણી સાધ્વી ફરતી ફરતી તે કન્યાના આશ્રમપ્રત્યે આવી ચઢી. હેમપ્રભાએ તેને માન આપ્યું તથા તેની પૂજા કરી. પછી બન્ને વચ્ચે વાતો ચાલવા માંડી. વાતના પ્રસંગમાં રાજકન્યાએ પેલી બાળ બ્રહ્મચારિણીને પૂછ્યું, “તમે શા માટે બ્રહ્મચર્ય વ્રત લીધું છે?” એટલે બાળબ્રહ્મચારિણી બોલી; “એક વખતે હું બાલ્યાવસ્થામાં હતી, ત્યારે મારા પિતાનાં ચરણ ચાંપતી હતી; ચાંપતાં ચાંપતાં મારી આંખ નિદ્રાથી ઘેરાવા માંડી અને મારા બે હાથ શિથિલ થઈ ગયા, એટલે મારા પિતાએ મને લાત મારીને કહ્યું; ‘ઊંઘે છે શાની?’ મને લાત વાગી તેથી અત્યંત ક્રોધ ચઢી ગયો, ને તેને લીધે સંન્યાસ ધારણ કરી પિતાના ઘરમાંથી બહાર નિકળી ગઈ છું.”

હેમપ્રભા આ પ્રમાણે બાળબ્રહ્મચારિણીનું વૃત્તાંત સાંભળી, તેનો સ્વભાવ પોતાના સ્વભાવને મળતો આવતો જોઈ, પોતે ઘણી પ્રસન્ન થઈ અને તેને વનવાસમાં પોતાની બહેનપણી કરી, સાથે રાખી. એક દિવસે તે રાજકન્યાએ પ્રભાતમાં પોતાની સખી બ્રહ્મચારિણીને કહ્યું, “સખી! આજ રાત્રીએ મને એક સ્વપ્ન આવ્યું હતું. તેમાં જાણે હું એક મોટી નદીને તરી ગઈ. ત્યાર

પછી હું એક ધોળા હાથી ઉપર ચઢી, પછી એક પર્વત ઉપર ચઢી તથા પછી મેં આ આશ્રમમાં ભગવાન્ અંબિકાપતિ શંકરને દીઠા. એટલામાં મને એક વીણા મળી આવી. હું વીણા વગાડી શંકર આગળ સંગીત કરતી હતી, એવામાં એક દિવ્ય આકૃતિવાળો પુરુષ મારા જોવામાં આવ્યો. તેને જોઈ હું તારી સાથે આકાશમાં ઉડી ગઈ અને એટલામાં તો જાગી ઉઠી અને રાત્રી પૂરી થઈ પ્રભાત થયું." પેલી બાળ બ્રહ્મચારિણી તે સાંભળી તરત બોલી; "કલ્યાણિ! તું તો અવસ્ય કોઈ પણ દેવતાઈ જીવ છે, પણ કોઈ પાપને લીધે ભૂતલમાં તું અવતરી છે, આમ મને જણાય છે. તને જે આ સ્વપ્ન આવ્યું તે જણાવે છે કે, હવે તારા શાપનો અવધિ નજીકમાં આવ્યો છે." રાજપુત્રી તે સાંભળી ખુશી થઈ, ને બાળબ્રહ્મચારિણીનાં વચનને તેણે સ્વીકારી લીધું. એટલામાં જગતમાં દીપકરૂપ શ્રી સૂર્યનારાયણ સારી રીતે ઉદય પામ્યા. જ્યારે દશ અગિયાર વાગ્યાનો સમય થયો, એટલે એક રાજકુંવર ઘોડા ઉપર બેસીને તે આશ્રમમાં આવી ચઢ્યો. તે તે તાપસીનો વેશ ધારણ કરનારી હેમપ્રભાને જોઈ, તેના ઉપર પ્રસન્ન થયો અને પોતાના ઘોડા ઉપરથી ઉતરી, રાજકુમારીની પાસે આવી તેનાં ચરણુમાં પ્રણામ કર્યાં. તે રાજકન્યાએ પણ રાજકુમારની પરોણા ચાકરી કરી. કુમારે ત્યાં જ પોતાનો ઉતારો વગેરે કરી લીધો. તે કુમારને જોતાં જ તેનાપર મોહિત બનેલી રાજપુત્રીએ થોડીવારે તેને પૂછ્યું: "અરે મહાશય! આપ કોણ છો? તે કહો." પેલો રાજકુમાર બોલ્યો; "મહાભાગ! જેનું નામ તથા યશ પવિત્ર છે, એવા પ્રતાપસેન નામના એક મહા ભાગ્યશાળી રાજા છે. તે રાજાએ પુત્રને માટે શંકરની તપશ્ચર્યા કરવા માંડી, એટલે શંકરે તેના તપથી પ્રસન્ન થઈ, પ્રગટ થઈ, તેને કહ્યું કે; 'તારે ત્યાં એક વિદ્યાધર પુત્ર થઈને અવતરશે. જ્યારે તેનો શાપ નાશ પામશે ત્યારે તે પાછો પોતાના વિદ્યાધર લોકમાં ચાલ્યો જશે. પણ તને બીજો જે પુત્ર થશે તે તારા વંશને ચલાવશે અને રાજ્યનું પાલન કરશે.' આ પ્રમાણે શંકરનું કહેવું સાંભળી પ્રતાપસેન રાજા ઘણો પ્રસન્ન થયો ને તેણે વ્રતનું પારણું કર્યું. કેટલાક દિવસ વીત્યા બાદ તેને ત્યાં એક પુત્રનો જન્મ થયો. રાજાએ એ પુત્રનું નામ લક્ષ્મીસેન પાડ્યું. તેના પછી બીજા પુત્રનો જન્મ થયો, તેનું નામ સૂરસેન પાડ્યું. હે સુંદરમુખી! તે લક્ષ્મીસેન હું પોતે છું. હું આજ મૃગયા રમવા નિકળ્યો હતો, એવામાં મારો વાતાશ્વ મને આ આશ્રમમાં ખેંચી લાવ્યો છે."

આ પ્રમાણે રાજકુંવરે પોતાનું જીવનચરિત્ર કહ્યા પછી તે કન્યાને પૂછ્યું, "અયે મંજુભાષિણી! હવે તું કોણ છે તે તો કહે!" એટલામાં હેમપ્રભાને પણ પોતાના પૂર્વજન્મનું ચરિત્ર યાદ આવ્યું તેથી હર્ષ પામી, અને રાજકુમારને કહ્યું; "મનમોહન! તમારાં દર્શનથી મને પણ મારો પૂર્વજન્મ યાદ આવ્યો છે અને મારી વિદ્યાઓ પણ મને પાછી યાદ આવી છે. હું વિદ્યાધરી છું, પરંતુ શાપ થવાથી મનુષ્ય લોકમાં અવતરી છું; અને આ સખીની સાથે રહું છું. પૂર્વ જન્મમાં તમે મારા પ્રાણપતિ હતા, પરંતુ શાપથી ભૂતળ ઉપર અવતર્યા છો; અને તમારો મંત્રી તે મારી સખીનો પ્રાણપતિ થાય છે; જે સખી



હવણાં મારી સાથે રહે છે. હવે મારો અને મારી સખીનો બન્નેનો શાપ હવણાં નાશ થયો છે, માટે આપણે સર્વે ફરી વિદ્યાધરના લોકમાં મળીશું." આ પ્રમાણે કહી રાજકુમારી હેમપ્રભા પોતાની સખી સહવર્તમાન દિવ્યસ્વરૂપ ધારણ કરી, તે જ વખતે આકાશમાં ઉડીને વિદ્યાધર નગરમાં ચાલી ગઈ. લક્ષ્મીસેન તો આ બનાવ જોઈ, ઘણો જ આશ્ચર્ય પામી, એક ક્ષણ તે આશ્રમમાં બેઠો. એવામાં તેનો મંત્રી તેને શોધતો શોધતો ત્યાં આવી ચઢ્યો. લક્ષ્મીસેન જ્યાં પોતાનું વૃત્તાંત તેને કહેવા માંડે છે, એવામાં પોતાની પુત્રીને મળવાને ઉત્કંઠાવાળો બુદ્ધિપ્રભ રાજા ત્યાં આવી પહોંચ્યો. તેણે આશ્રમમાં તપાસ કરી તો પુત્રીને દીઠી નહીં, પરંતુ માત્ર લક્ષ્મીસેનને મંત્રીસહ બેઠેલો જોયો, ત્યારે તેમને પૂછ્યું; "મારી પુત્રીના શા સમાચાર છે?" લક્ષ્મીસેને તેને જોયા પ્રમાણે સર્વ સમાચાર કહી સંભળાવ્યા. તે સાંભળી બુદ્ધિપ્રભની આંખમાં અશ્રુ આવી ગયાં. તે ઉદાસ થઈ ગયો. એટલામાં પેલો રાજકુમાર અને તેનો મંત્રી પોતાનો પૂર્વજન્મ સંભારી શાપમાંથી મુક્ત થઈ, આકાશમાર્ગે વિદ્યાધર લોકમાં ગયા. ત્યાં જઈ લક્ષ્મીસેને પોતાની હેમપ્રભા સ્ત્રી સાથે પ્રેમાલિંગન કર્યું અને તે પછી તેને સાથે લઈ બુદ્ધિપ્રભ સસરાની પાસે આવ્યો અને તેને આશ્રમમાંથી પોતાને ઘેર મોકલી, તેની રજા લઈ, પોતાની સ્ત્રી તથા પોતાનાં મિત્ર અને તેની સ્ત્રી સહિત પોતે, પોતાના પિતા પ્રતાપસેનની પાસે જઈ, તેમના આગળ પોતાનું ચરિત્ર જણાવ્યું. તેના પિતાએ વંશપરમ્પરાથી પોતાને જે રાજ્ય મળ્યું હતું તે પોતાના પુત્ર લક્ષ્મીસેનને આપ્યું; લક્ષ્મીસેને તે રાજ્ય પોતાના નાના ભાઈ સૂરસેનને અર્પણ કર્યું ને પોતે પોતાના વિદ્યાધર નગરમાં ચાલ્યો ગયો. ત્યાં ગયા પછી લક્ષ્મીસેન, તેની સ્ત્રી હેમપ્રભા, તેનો મંત્રી અને તેની સ્ત્રી સાથે રહી વિદ્યાધરનું ઐશ્વર્ય સુખ ભોગવવા લાગ્યો.

## નવી રાણી સાથે લગ્ન.

આ પ્રમાણે ગોમુખ મન્ત્રીએ જે જે રસિક કથાઓ સંભળાવી, તે સર્વ કથાઓ ક્રમવાર નરવાહનદત્તે શ્રવણ કરી. એટલામાં એક મહીનો વીતી ગયો. શક્તિયશાનો વિવાહ સમય નજીકમાં જ આવી લાગ્યો. તેને માટે તે જો કે ઘણો આતુર થઈ રહ્યો હતો, તોપણ તેણે કથાના વિનોદમાં સર્વે રાત્રીઓ એક ક્ષણની માફક કાઢી નાંખી હતી. આ પ્રમાણે નરવાહનદત્તે કેટલાએક દિવસ વિનોદ કરતાં ગાળ્યા, પછી જ્યારે પોતાના વિવાહનો દિવસ પાસે આવ્યો, અને એક દિવસ તે પોતાના પિતાની સમીપમાં બેઠો હતો, તેટલામાં રાજકુમારે એકદમ સૂર્ય જેવું પ્રકાશમાન એક સૈન્યને આકાશમાંથી ઉતરતું જોયું. આ સેનાની વચમાં વિદ્યાધરનો રાજા સ્ફટિકયશા હતો. તે પોતાની પુત્રી શક્તિયશાને પરણાવવા માટે ઘણા જ પ્રેમથી આવતો હતો. તેને જોઈ, પહેલેથી વત્સરાજ તેની સામે ગયો તથા તેને અર્ઘ્ય–પગ ધોવાનું પાણી વગેરે આપી તેની સારી રીતે પરોણાચાકરી કરી. પછી નરવાહનદત્તે પ્રસન્ન મને પોતાના સસરાની પૂજા કરી. પછી સ્ફટિકયશા વિદ્યાધરે પોતાનો વિચાર તેઓને જણાવ્યો અને તુરત પોતાની સિદ્ધિના પ્રતાપથી

એક ક્ષણમાં પોતાને લાયક સમગ્ર દિવ્ય વૈભવ ઉત્પન્ન કરી, શાસ્ત્રમાં કહ્યા પ્રમાણે, પ્રથમથી આપેલી પોતાની પુત્રી **શક્તિયશા**, **નરવાહનદત્તને**, ઘણા જ હર્ષ સાથે પરણાવી ને પહેરામણીમાં અમોઘ રત્નોથી રાજકુમારને ભરી દીધો. રાજકુમાર **નરવાહનદત્ત** પણ વિદ્યાધરના રાજાની પુત્રી **શક્તિયશાને** પરણી, કમળ જેમ સૂર્યનાં કિરણોને શોભા આપે છે, તેમ તે રાજકુમાર પ્રમદાની શોભામાં વધારો કરવા લાગ્યો. અને **સ્ફટિકયશા** પોતાની પુત્રીનાં ધામધૂમથી લગ્ન કરી પોતાના નગરમાં પાછો ગયો. ત્યાર પછી કૌશાંબી નગરીમાં **નરવાહનદત્ત** રાજકુમાર પોતાની નવવધૂ **શક્તિયશાના** મુખકમળ ઉપર આસક્ત થઈને મધુર ભ્રમર સમાન રહેવા લાગ્યો.

---

**શક્તિયશા લંબક સંપૂર્ણ.**

---

શ્રી

## મહાકવિ શ્રી સોમદેવ ભટ્ટ વિરચિત

# કથાસરિત્સાગર.

(ભાષાંતર)

## एकादशोलंबक–वेला.*

### તરંગ ૧ લો.

### નરવાહનદત્તની કથા.

સમગ્ર વિઘ્નના ઓઘને નિવારનાર, સર્વસિદ્ધિના કારણરૂપ, પાપરૂપ સમુદ્રમાંથી તારનારા ગજાનનને પ્રણામ કરો.

એ પ્રમાણે શક્તિયશા સુંદરીને પ્રાપ્ત કરી તેની અને તેના પહેલાં પરણેલી રત્નપ્રભા આદિ રાણીઓમાં મુખ્ય મદનમંચુકા સહવર્તમાન, મિત્રમંડળથી પરિવૃત વત્સરાજનો યુવરાજ નરવાહનદત્ત, પિતાની સમીપ કૌશાંબી નગરીમાં રહેવા લાગ્યો. એક સમયે રાજકુમાર પોતાના ઉપવનમાં ગયો હતો, ત્યાં કોઈ બે રાજકુમાર ભાઈ અકસ્માત્ નજીક આવી ચઢ્યા. યોગ્યતા પ્રમાણે અન્યોન્ય નમન કર્યા પછી તેમાંનો એક બોલ્યો કે–

### રુચિરદેવ અને પોતકની કથા.

દેવ ! વૈશાખ નગરના રાજાના અમે બે જૂદી જૂદી માતાઓથી ઉત્પન્ન થયેલા પુત્ર છીએ. મારું નામ રુચિરદેવ છે અને આનું નામ પોતક છે. મારી પાસે એક વેગવાન્ હાથિણી છે અને આ મારા ભાઈ પાસે બે ઘોડા છે. હું મારી હાથિણીનો વેગ વધારે કહું છું અને એ એના ઘોડાઓનો વેગ વધારે કહે છે. આ વિવાદમાં અમારે શરત પડી છે કે, જો હું હારું તો મારી હાથિણી આપું અને એ હારે તો એના બે ઘોડા ડુલ થાય ! હવે અમારા વિવાદમાં કોણ ખરું અને કોણ ખોટું, તેનો નિર્ણય કરતાર પરીક્ષકની જરૂર છે; અને હે પ્રભો ! આપના વગર વેગની પરીક્ષા કરે, એવો અમે બીજો કોઈ પણ જોતા નથી; માટે આપ જ અમારે ત્યાં પધારો તો ઠીક. આપ કલ્પદ્રુમની પેઠે સર્વ અર્થને આપવાવાળા

* મલયાચળ સમીપ આવેલા સમુદ્રતટના એક પ્રદેશનું નામ.

છો, એમ જાણીને અમે ઘણે દૂરથી અહીં આવ્યા છીએ, તો આશા છે કે, આપ અમારી પ્રાર્થના સ્વીકારશો જ.'

આ પ્રમાણે રુચિરદેવનો અતિ આગ્રહ જોઈ, વત્સેશ્વરના પુત્ર નરવાહનદત્તે તેમની સાથે જવાને કબુલ કર્યું. પછી જેને પવનવેગી ઘોડા જોડેલા છે એવો એક રથ તેઓ લાવ્યા. તેમાં બેસીને નરવાહનદત્ત તેમની સાથે વૈશાખપુરમાં ગયો. નગરમાં જતાં, અહો ! જેને રતિનો સમાગમ નથી થયો એવો નવલ કામદેવ તો ન હોય, કિંવા કલંક રહિત દિવાચારી બીજો ચન્દ્રમા તો ન હોય, વા તરુણ યુવતીઓનાં હૃદયને સમૂળ ઉન્મૂલન કરનાર વિધાતાએ પુરુષાકારે નિર્મિત કરેલો સ્મરશર તો નહિ હોય, એમ મદથી ઉન્મત્ત થયેલી અને આકુલ એવી પૌરની કમળસરખાં નેત્રવાળી કન્યાથી જોવાતા અને વર્ણવાતા તેઓ તે ઉત્તમ નગરમાં પેઠા. આગળ જતાં પ્રાચીન કાળના લોકે પ્રતિષ્ઠા કરેલાં એક કામદેવનું મંદિરને જોતાં તેમાં જઈ યુવરાજે રતિપતિ ભગવાન્ કામદેવનાં ચરણમાં પ્રણામ કરી, માર્ગશ્રમ નિવારણાર્થ ક્ષણવાર ત્યાં વિશ્રામ કર્યો. મુહૂર્ત માત્ર વિરામ લીધા પછી કામદેવના મન્દિર સમીપ આવેલા, વિવિધ પ્રકારે શણગારેલા રાજકુમારના સત્કારાર્થે કરેલા ઉત્સવથી મંગળમય દેખાતા અને જેના આંગણામાં પરિસ્તોમવાળા મદમત્ત હસ્તીઓ અને વાજીઓ ઝૂલી રહ્યા હતા, એવા રુચિરદેવના વાસગૃહમાં આવતાં વત્સેશ્વર રાજકુમાર નરવાહનદત્ત, ઘણો હર્ષ પામ્યો. ત્યાં રુચિરદેવના સત્કારથી કૃતકૃત્ય થયેલા નરવાહનદત્તે, ઘરમાં જતાં તેની અદ્દભુત આકૃતિવાળી બ્હેનને દીઠી. તેના સૌંદર્ય અને લાવણ્યમાં ડૂબી ગયલાં ચક્ષુ અને મનવાળા રાજકુમારને સ્વજનનો વિયોગ અને માર્ગનો શ્રમ પણ જણાયો નહીં. પ્રફુલ્લ થયેલાં શ્યામ કમળની માળા જેવી પ્રેમદૃષ્ટિએ કરીને તે કન્યા પણ જાણે રાજકુમારને સ્વયંવરમાં જોતી હોય તેમ જોવા લાગી. ત્યાર પછી નરવાહનદત્ત જયેન્દ્રસેના કન્યાનું સ્મરણ કરતો સૂતો, પણ તેમ કરતાં બીજી પણ અનેક સુંદરીઓએ આવીને જાણે તેની સેવા કરવા માંડી હોય તેમ તે નિશ્ચિંત નિદ્રાવશ થઈ ગયો.

બીજે દિવસે સવારમાં પોતક વાયુના જેવા વેગવાન્ પોતાના બે ઘોડાઓ લઈને, વાહનવિદ્યાનું રહસ્ય જાણનાર રાજકુમાર નરવાહનદત્તની પાસે આવ્યો. રુચિરદેવની હાથિણી ઉપર બેસી, તેમાં પોતાની વેગવિદ્યા મૂકી, રાજકુમારે પોતકના બે ઘોડાઓને હરાવ્યા. રુચિરદેવ પોતકના બે ઘોડા જિતી ગયો. પછી રાજકુમાર જેવો ઘરમાં જાય છે, તેવામાં વત્સરાજે મોકલેલા દૂતે આવીને તેમનાં ચરણમાં મસ્તક મૂકી કહ્યું કેઃ—"કુમાર ! તમારા પિતા તમારા પરિવારદ્વારા તમને ક્યાંક ગયા જાણી મને મોકલીને કહાવે છે કે, 'તમે કોઈને પણ કહ્યા વગર ઉપવનમાંથી જ બહારોબહાર આટલે બધે દૂર ગયા છો, તેથી અમને ધીરજ રહેતી નથી, માટે સત્વર આપણે ઘેર પાછા આવો." કુમાર નરવાહનદત્ત, પિતાનો સંદેશ શ્રવણ કરી, અહિં રહેવાથી પ્રિયાનો લાભ થશે અને જવાથી માત્ર દુઃખ જ પ્રાપ્ત થશે, એવો વિચાર કરવા લાગ્યો. આવા તર્કવિતર્કમાં રાજકુમારનું મન ચકડોળે ચઢ્યું હતું, એવામાં એક સાર્થવાહ ( સંઘવી ) ઘણા હર્ષથી ત્યાં આવ્યો; અને રાજકુમારને પ્રણામ કરીને બોલ્યો; "મહારાજનો પરંપરા બિજય વાધો ! હે વીર! તમારો જય થાવ ! પુષ્પ વગરનું ધનુષ્ ધારણ કરનારા આપ સાક્ષાત્ કામદેવ જ છો ! હે પ્રભો ! હે ભવિષ્યના વિદ્યાધર ચક્રવર્તિ ! આપનો જય થાવ ! બાળક છતાં આપ શું મનોહારી નથી ? વૃદ્ધિ પામતાં શું આપ શત્રુને ત્રાસદાયક નથી ? દેવ ! આપ શત્રુમર્દન જેવા જ દેખાવ છો, એમાં સંશય નથી. હવે અલ્પ કાળમાં જ આપ ધન્વી, સ્વપરાક્રમે આકાશચારીઓને વશ કરી, વિદ્યાધરના ચક્રવર્તી થશો, એવી ઈચ્છાથી વ્યોમચારી પણ તમારી રાહ જુવે છે!" ઈત્યાદિ અનેક પ્રકારે સ્તુતિ કરવા લાગ્યો, ત્યારે વત્સેશ્વર કુલદીપક કુમાર નરવાહનદત્તે તે વણિક્ સાર્થવાહનો સત્કાર કરીને પૂછ્યું કે; "આપ કોણ છો ?" રાજકુમારના પૂછવાથી તે મહા વણિક્ નીચે પ્રમાણે પોતાનું વૃત્તાંત કહેવા લાગ્યો.



## સાર્થવાહ અને વેલાનું વૃત્તાંત.

પૃથિવીના મુકુટની માળારૂપ લંપા નામની એક નગરી છે. તેમાં કુસુમસર નામનો એક ધનાઢ્ય વણિક્ વસતો હતો. તે શિવનો ભક્ત હતો અને સર્વદા ધર્મ ઉપર પ્રીતિ રાખતો હતો. હે વત્સરાજના કુલદીપક ! હું તેનો એકનો એક જ પુત્ર છું ને મારું નામ ચન્દ્રસાર છે. એક સમયે હું મારા મિત્રોની સાથે દેવતાની યાત્રાના મેળામાં ગયો હતો, જ્યાં મેં ઘણા શ્રીમંતોને દાન આપતાં જોયા. મારા મનમાં પણ તે સમયથી પુણ્યદાન કરવાની શ્રદ્ધા ઉત્પન્ન થઈ. મારા પિતાનું ઘણું ધન હતું, તે સર્વનું પણ દાન આપતાં મને સંતોષ થયો નહીં. પુણ્યદાન કરવાની મારી શ્રદ્ધા તો પ્રતિદિન પ્રબળ થતી ગઈ. અન્તે પુણ્યદાનને માટે વધુ ધન કમાવાની ઈચ્છા થતાં મેં વહાણવટે જવાનો વિચાર કર્યો અને એક વહાણમાં રત્નાદિ જવાહિર ભરી, સમુદ્ર ખેડવાને નિકળી પડ્યો. પવન અનુકૂલ હોવાથી ઘણા જ થોડા સમયમાં હું ધારેલા દ્વીપમાં જઈ પહોંચ્યો. એ નવલ દ્વીપમાં મારે કોઈ સાથે ઓળખાણ પાળખાણ નહોતું, તોપણ હું મારી પોતાની અક્કલ હોશિયારીથી ઝવેરીનો ધંધો ચલાવવા લાગ્યો. તે વાત રાજાના જાણવામાં આવવાથી તેણે મને પકડીને કારાગૃહમાં નાંખ્યો—જે ક્ષુધા તૃષાથી પીડાતા બંધીવાનની કરુણાર્દ્ર ચીસોથી પાપી પ્રેત પીડાતા હોય એવા નરકસ્થાન જેવું હતું. મારે કર્મે પણ આ કારાગૃહમાં પીડાવું લખ્યું હશે, પરન્તુ સદ્દભાગ્યે મારા પિતાનો ઓળખીતો મહિધર નામનો એક મોટો ધનાઢ્ય તે નગરમાં રહેતો હતો. તેણે રાજાને મારે માટે કહ્યું કે;—મહારાજ ! લંપા નગરીના એક ધર્માત્મા વણિકનો તે પુત્ર છે ને તેને કારાગૃહનો વાસ અપકીર્તિ આપનાર છે ! એટલું જ નહીં પણ એના કુળને પણ કલંક લાગવા જેવું છે. આ ઉપરથી રાજાએ મને કારાગૃહમાંથી પોતાની પાસે બોલાવી, મારો સત્કાર કર્યો. કારાગૃહમાંથી છૂટ્યા પછી હું તે રાજાની કૃપાથી તથા મારો તે નરકરૂપ કારાગૃહમાંથી મોક્ષ કરાવનાર સદ્દગૃહસ્થના આશ્રયથી, બહુ મોટો વ્યાપાર કરીને સુખરૂપ ત્યાં જ રહેવા લાગ્યો.

એ દ્વીપમાં એક વખત વસંતોદ્યાનમાં લોકયાત્રા ભરાઈ હતી, તેમાં એક શિખર નામના વણિકની પુત્રી આવી હતી. તે કન્યા ઘણી જ સુંદર હતી. ભગવાન્ મકરધ્વજના ગર્વ-

સમુદ્રની લહરી જેવી તથા પ્રાપ્ત થયેલા નવયૌવનથી ઉન્મત્ત બનેલી તે કન્યાએ દર્શનની સાથે જ મારા મનને પરાધીન કરી નાંખ્યું. હું તેના સૌંદર્યમાં એવો મુગ્ધ થઇ ગયો કે, તેને ઘેર ગયો અને તેના પિતા પાસે તેના કોમળ હાથની પ્રાર્થના કરી. તેના પિતાએ એકાદ ક્ષણ વિચાર કરી મને કહ્યું; "મારાથી આ કન્યા તમને પરણાવાય તેમ નથી. કારણ કે તેમ કરવામાં એક મોટું કારણ છે. પરંતુ હું તેને મોસાળ મોકલું છું, ત્યાં જઈ તમે તેણીને માગી લેજો. હું ત્યાં સંદેશો કહાવીશ કે, તેઓ તમારી અભ્યર્થના સ્વીકારે!" આટલું કહી, શિખર શેઠે મને સન્માન આપી વિદાય કર્યો. બીજે દિવસે શિખર શેઠે પોતાની પુત્રીને કેટલાંક માણસ સાથે કેટલોક સામાન આપીને સમુદ્રમાર્ગે સિંહલદ્વીપ તરફ, તેને મોસાળ રવાના કરી. હું પણ સિંહલ-દ્વીપ જવાની સામગ્રી તૈયાર કરતો હતો, પરંતુ તેટલામાં તો વિદ્યુત્પાત જેવી ભયંકર વાર્તા અમારા દ્વીપમાં પ્રવર્તાઈ કે, "શિખર શેઠની પુત્રી જે વહાણમાં બેસીને સિંહલદ્વીપ જવા ઉપડી હતી તે વહાણ સમુદ્રમાં બૂડી ગયું છે અને તેમાંનું એકે માણસ જીવતું નિકળ્યું નથી!" આ વાર્તા મારે કાને આવતાં વાર જ હું નિરાશ થઈ ગયો ને મારો આત્મા શોકસાગરમાં ડૂબી ગયો અને તેથી અત્યંત ખિન્ન થઈ ગયો, પરન્તુ વૃદ્ધ પુરુષોએ મને સમજાવી આશા આપી શાન્ત કર્યો. વહાણ બૂડયું અને મારી મનોવૃત્તિ જેના ઉપર લાગેલી હતી તે કન્યા પણ સાથે બૂડી ગઈ કે કેમ, તેનો નિશ્ચય કરવાની જિજ્ઞાસા ઉત્પન્ન થતાં, મેં પુનઃ સિંહલદ્વીપ જવાની પાછી ઇચ્છા કરી. જે દ્વીપમાં હું રહેતો હતો ત્યાંના રાજાના પણ મારા ઉપર ચારે હાથ હતા. વળી ત્યાં વ્યાપારવડે હું જાતે પણ સારો સુખી થઈ ગયો હતો, છતાં અન્તે હું સિંહલદ્વીપ જવાને માટે વહાણમાં ચઢયો. કેટલાક દિવસ સૂધી તો અમને અનુકૂલ પવન રહ્યો, પરંતુ ત્યાર પછી કજ્જલરાશિ જેવાં વાદળથી ગગનમંડળ વ્યાપ્ત થવા લાગ્યું અને ઘનરૂપ ચોરે હસ્તીની શુંઢ જેવી ધારાઓથી, શરપાતની પેઠે અમારા ઉપર પોતાનું બળ અજમાવવા માંડ્યું. ભયંકર ગર્જનાઓ થવા લાગી અને પ્રતિકૂલ વિધિ જેવો પ્રતિકૂલ વાયુ વાવા લાગ્યો. પરિણામે આમતેમ ઉછળતું અમારું વહાણ સમુદ્રલહરીના આસ્ફાલનથી ભાંગી ગયું અને વહાણ ઉપરનાં સર્વ મારા વગર, ધનસમૃદ્ધિ સહિત જલરાશિનાં ભોગ થઈ પડયાં. દૈવે જ જાણે પોતાનો હાથ લાંબો કરીને મને ઉગારી લેવા ધાર્યો હોય, તેમ એક વહાણના પાટીયાનો કકડો મારે હાથ આવ્યો અને તેની સહાયતાથી પવનના વેગે હું સહિસલામત કિનારે આવી પહોંચ્યો. પૃથ્વી ઉપર આવ્યા પછી હું કિનારે ફરતાં ફરતાં માર્ગમાં પડેલાં સંકટોનું સ્મરણ કરતો અને ભાવીને નિંદતો હતો, એટલામાં અકસ્માત જ કોઈની પાસેથી પડી ગયેલું કેટલુંક સોનું મને જડયું. તે સોનું લઈ પાસેના ગામમાં ગયો ને તે વેચી, પહેરવાને માટે વસ્ત્ર તથા કંઇક ભોજન લઇને એકાંતસ્થળમાં વિશ્રામ લેવાને માટે બેઠો. યત્કિંચિત્ વિરામ લીધાથી પાટીયાને વળગી સમુદ્ર તરવાને કરેલાં તરફડિયાંનો શ્રમ ઉતરી ગયો, તેથી ઉભો થયો. પરન્તુ એ નવીન પ્રદેશમાં અજાણ્યો અને કાન્તા વિયોગથી વ્યાકુળ હોવાથી, હું ભાન ભૂલી ગયો. વળી પૂર્વ પશ્ચિમ દિશાઓનું પણ ભાન ન રહ્યું, તેથી આમતેમ જ્યાં ત્યાં રખડવા લાગ્યો.



હું આમતેમ ફરતો હતો, એટલામાં રેતીના શિવલિંગનું પૂજન કરતી એક અદ્‌ભુત કન્યકા મારા જોવામાં આવી. તે કન્યાએ વલ્કલ ધારણ કરેલાં હતાં, તોપણ તેની લાવણ્યમૂર્તિ રતિનો તિરસ્કાર કરે તેવી જણાતી હતી. તે કન્યાને જોતાં જ મારા મનમાં વિચાર આવ્યો કે, રખેને આ તો મારા મનની મોહિની નહિ હોય? પણ અરેરે! હું મંદભાગી છું તો તે માનસમોહા અહિં ક્યાંથી હોય? હું આ પ્રમાણે વિચાર કરતો હતો, એટલામાં તો તે તે જ કન્યા છે, એમ સૂચવતું હોય એવું મારું દક્ષિણ નેત્ર વારંવાર ફરકવા લાગ્યું.

ધીરે ધીરે હું તેની પાસે ગયો, અને પૂછ્યું, "અલિ ચપળ નયને! રાજમહેલના ભૂષણરૂપ છતાં તેં કેમ આ વન પ્રદેશનો અંગીકાર કર્યો છે?" મારા પૂછવા છતાં તેણે કંઈ જ પ્રત્યુત્તર આપ્યો નહિ. તેથી મેં ધાર્યું કે, કદાચ મારી પ્રિયાના જેવી કાંતિવાળી એ કોઈ ઋષિ-કન્યકા હશે અને તેને તપમાં વિક્ષેપ પડશે તો મને શાપ દેશે, એવા ભયથી હું તેની પાસેના એક સુંદર લતામંડપમાં જઇને બેઠો અને વારંવાર તેના મુખચન્દ્રને નિહાળવા લાગ્યો. શિવાર્ચન સમાપ્ત કર્યાં પછી તે કન્યા સ્નેહથી વારંવાર પાછું વાળીને જોતી અને કંઇક વિચાર કરતી, ધીરે ધીરે ત્યાંથી ચાલી ગઈ.

જ્યારે તે કન્યકા મારી દૃષ્ટિમર્યાદાને વ્યતીત કરી ગઈ, ત્યારે તો મને દિશાઓ તિમિરમય ભાસવા માંડી અને રાત્રીએ ચક્રવાકની જેવી દશા થાય છે, તેવી મારી પણ વિપરીત દશા થઈ ગઈ. કેટલોક સમય વ્યતીત થયા પછી પ્રભાતના બાળસૂર્ય જેવી તેજસ્વી, બાળબ્રહ્મચારિણી તપ તપ-વાથી કૃષાંગી, તપના પ્રભાવથી દિવ્ય નેત્રવાળી અને દર્શન માત્રથી જ કલ્યાણ કરે એવી મતંગજ મુનિની યમુના નામની કુમારિકા મારી પાસે આવી. તે ઋષિકુમારિકા સાક્ષાત્ ધૈર્યમૂર્ત્તિ જેવી મને તો લાગતી હતી. છેક સમીપ આવ્યા પછી તેણે મને કહ્યું–હે "આર્ય ચન્દ્રસાર! હે ધીર! ધીરજથી શ્રવણ કર. અહિંથી કેટલેક દૂર બીજા દ્વીપમાં એક શિખર નામનો મહાવણિક્ વસે છે. તેમને ત્યાં જ્યારે એક સૌંદર્યસંપન્ન કન્યાનો જન્મ થયો ત્યારે તેમના એક જિનરક્ષિત નામના બૌદ્ધ ધર્મના યતિએ કહ્યું હતું કે, 'શિખરશેઠ! આ કન્યાની માતા બીજી છે, માટે તમારે એનો વિવાહ કરવો નહિં અને જો તમે તેનો વિવાહ કરશો તો તમને દોષ લાગશે.' આર્ય ચન્દ્રસાર! તે જૈન સાધુનાં વચન ઉપર આસ્થા રાખનારા શિખરશેઠે, તમારી સાથે તે રૂપસુન્દરીનો વિવાહ નહિ કરતાં તેને તેના દાદાને ત્યાં સિંહલદ્વીપ મોકલવાને માટે વહાણમાં બેસારી હતી, પરન્તુ દૈવ પ્રતિકૂલ હોવાથી તે વહાણ ભર દરિયે ભાગ્યું અને વણિકકન્યા સમુદ્રના ખોળામાં જઈ પડી.

"આર્ય! આયુષ્યના બળથી સમુદ્રદેવે તેને પોતાના મોજાવડે કિનારા ઉપર કાઢી નાંખી અને સદ્‌ભાગ્યે જલાસ્ફાલનથી શ્રાંત થયેલી તે કન્યા સમુદ્રના કિનારા ઉપર પડેલી, શિષ્ય સાથે સમુદ્રસ્નાને ગયેલા મારા પિતા ભગવાન્ મતંગજના જોવામાં આવી. મારા પિતાને દયા આવવાથી તેમણે તેની આસનાવાસના કરી અને પાછા આવ્યા ત્યારે તેને પણ અમારા આશ્ર-મમાં લેતા આવ્યા. આશ્રમમાં આવ્યા પછી મને બોલાવીને કહ્યું; 'વત્સે યમુને! આ કન્યાને તારી સહચારી કર, તેનું ભરણ પોષણ કર અને આપણા આશ્રમમાં તેને જેમ વિનોદ ઉત્પન્ન

થાય તેમ તારી સંગે રાખ. સમુદ્રના કિનારા ઉપરથી તે જડી છે, તેથી તેનું નામ મારા પિતાએ
વેલા પાડ્યું છે. પોતાના સૌજન્યાદિ ગુણવડે તે કન્યા હાલ મુનિજનોને ઘણી પ્રિય થઈ પડી છે.
મેં સંસાર તજી દીધેલો છે અને હું બ્રહ્મચર્યવ્રત પાળું છું, તો પણ મારો સ્નેહ તેના ઉપર ઘણો
જ છે અને તેના વગર મને પળ પણ ગમતું નથી. પરન્તુ આર્ય ચન્દ્રસાર! હવે તે કન્યાનું યૌવન
શરદ્ કૌમુદીવત્ પ્રતિ દિવસ અધિકાધિક વૃદ્ધિંગત થતું જાય છે તો પણ તે અવિવાહિતા છે
તેથી જ્યારે હું તેના મુખકમળને જોઉં છું ત્યારે મને માત્ર સંતાપ જ ઉત્પન્ન થાય છે. વયે
આવેલી યુવાન્ કન્યાનું રક્ષણ કરવું કષ્ટ સાધ્ય છે. તે આર્ય ક્યારે નથી જાણતા? વળી તે
કન્યા તમારી પૂર્વજન્મની સ્ત્રી છે અને અનાયાસે તમે અહિં આવી ચઢ્યા છો, ઇત્યાદિ મેં
સમાધિથી જાણ્યું છે અને તેથી જ તમારી પાસે આવી છું અને તમને કહું છું કે:–'આર્ય! તમે
અમારા આશ્રમમાં આવીને તે કન્યાનો સ્વીકાર કરો ! આજ સૂધી તમે બે જણાંએ જે ક્લેશ
સહન કર્યો તે વિધિએ પરિણામે સફળ કર્યો.' મહારાજ વત્સેશનંદન! આ પ્રમાણે મેઘ વગરની
વૃષ્ટિરૂપ વાણીએ મને સંતોષ પમાડી, ભગવતી યમુના મને આશ્રમમાં લઈ ગઈ.

આશ્રમમાં ગયા પછી તે યમુનાએ જ મારે માટે પોતાના પિતાની પ્રાર્થના કરી, મનોરાજ્ય-
ની સંપત્તિ જેવી તે કન્યા મને અપાવી. વેલાને પરણ્યા પછી તો હું તે આશ્રમમાં જ સુખે
રહેવા લાગ્યો. એક સમયે અમે બે જણ જલક્રીડાની અભિલાષાથી તપોવનના એક સુંદર સરોવર
ઉપર ગયાં અને ત્યાં જલક્રીડા કરવા લાગ્યાં. પણ તે પ્રસંગે મુનીશ્વર ભગવાન્ મતંગજ સ્નાન કર-
વાને માટે તે સરોવર પર આવ્યા હતા તેમને અમે દીઠા નહિ અને સ્વચ્છંદે એક બીજાના ઉપર
પાણી છાંટવા લાગ્યાં. જલસીકરથી ભગવાન્ મતંગજ જ્યારે ભીંજાઈ ગયા, ત્યારે ક્રોધ
કરી તેમણે અમને શાપ દીધો કે "જાવ તમારો વિયોગ થશે!" ઋષિનાં વચન સાંભળતાં જ
વેલા તેમના પગમાં પડી ને દીન વચનથી પ્રાર્થના કરવા લાગી. વેલાની સ્તુતિથી પ્રસન્ન થયેલા
ઋષિએ કહ્યું કે–"હે ચન્દ્રસાર! બળવાન્ અને ભવિષ્યતઃ વિદ્યાધર ચક્રવર્તી નરવાહનદત્ત
જ્યારે હાથિણીના વેગથી બે ઘોડા જિતશે, ત્યારે પુનઃ તમારો સમાગમ થશે." આ પ્રમાણે
શાપાન્ત કહી, સ્નાનાદિક ક્રિયા કરી, ભગવાન્ મતંગજ મહર્ષિ તો ભગવાન્ શિવજીનાં દર્શન
કરવાને માટે આકાશ માર્ગે શ્વેતદ્વીપ તરફ ચાલ્યા ગયા. ત્યાર પછી, "પૂર્વે ભગવાન્ પાર્વતીપતિનાં
ચરણાગ્રભાગથી ગંધર્વને મળેલું, બાલ્યાવસ્થામાં ગંધર્વે મને અર્પણ કરેલું, ઉત્તમ રત્નથી ભરેલું તે જ
આમ્રવૃક્ષ હું તમને આપું છું," એમ કહેતી યમુના અમારી પાસે આવીને ઉભી રહી; અને તે અમુલ્ય
આમ્રવૃક્ષ અમને આપીને તરત જ ચાલી ગઈ. યમુનાના ગયા પછી વેલાનો વિયોગ થશે, એવી ભીતિ-
વાળો હું સ્વદેશ જવાને ઉત્કંઠિત થયો. સમુદ્ર ઉપર જઈને તપાસ કરી તો એક વણિકનું વહાણ મળ્યું.
પ્રથમ વેલાને તે વહાણમાં બેસારી, પછી હું જેવો તેમાં બેસવાનો વિચાર કરું છું, એવામાં
તો મુનિના શાપને લીધે પવન વહાયો અને વહાણ કિનારેથી ઘણું જ દૂર ઘસડાઈ ગયું.
આ પ્રમાણે મને મારી સ્ત્રીનો વિયોગ થતાં, તુરત જ હું બેભાન થઈ ગયો અને મૂર્છા
આવવાથી કિનારા ઉપર પડ્યો. ત્યાં સમુદ્ર કિનારા ઉપર કોઇક તપાસ કરવાને આવેલા હશે,



તેમની દૃષ્ટિએ હું પડ્યો. તેથી તેઓ મારી પાસે આવ્યા અને જેમ તેમ કરીને મને પોતાના આશ્રમસ્થાનમાં લઈ ગયા. તપોવનમાં જતાં હું જરા સ્વસ્થ થયો, ત્યારે મુનિએ મને મારું વૃત્તાંત પૂછ્યું, એટલે મેં પણ અથથી ઇતિ સૂધી જે બન્યું હતું તે સર્વ તે મહાત્માને કહી દીધું. મારું વૃત્તાત સાંભળી મુનિએ મને કહ્યું કે; "તે સવ શાપના પ્રાબલ્યથી થયું છે, માટે તેનો શોક ન કર;" ઇત્યાદિ વચનો કહી તેમણે મને શાન્ત કર્યો. પછી પુનઃ હું મારી પ્રિય પ્રમદાની શોધ કરવા માટે આમ તેમ રખડવા લાગ્યો. એવામાં મારો એક મોટો ધનાઢ્ય મિત્ર સમુદ્રયાત્રાએ નિકળેલો, તેનું વહાણ સમુદ્રમાં ભાગી જવાથી, એક પાટિયાને આધારે જ કિનારે આવેલો સહસા મને મળી ગયો. તેને મળ્યા પછી હું શાપનો અવધિ પૂરો થતાં પ્રિયાને મળવાની ઉત્કંઠામાં ને ઉત્કંઠામાં ભિન્ન ભિન્ન દેશોમાં ફરતો ફરતો, હે વત્સકુલદીપક! આજ આ વૈશાખપુરમાં આવી ચઢ્યો છું.

આ નગરમાં આવતાં વેંત જ મારા સાંભળવામાં આવ્યું કે, વત્સરાજના કુલદીપક અત્રે પધારેલા છે અને હાથિણીના વેગે આપે બે ઘોડાને જિતી લીધા તે વખતે જ મેં આપનાં દર્શન કર્યાં અને તે જ વખતે મારા શાપનો અન્ત આવ્યો ને હું પૂર્ણ આનંદ પામી શાંત થયો છું. મારા હૃદયમાં ધીકતો શોકાગ્નિ જરા શાંત થવા આવ્યો હતો, માટે જ કેટલાક સાધુઓની સાથે વેલા પુરસ્કૃત તેનો પિતા પણ સમુદ્ર માર્ગે અત્રે આવી ચઢ્યો છે. જેને ભગવતી યમુનાએ ઉત્તમ રત્નવાળો આમ્ર આપ્યો હતો, એવી વેલાને હું મળ્યો છું અને શાપ-સાગરને તરવાથી અમે દંપતી હવે પૂર્ણ આનન્દ પામ્યાં છીએ. હે વત્સેશનન્દન! આપનાં દર્શનથી મારો શાપ ટળી ગયો, તેથી હું આપનાં પદમાં પ્રણામ કરવાને અહિં આવ્યો છું અને મારી સ્ત્રી સાથે સ્વદેશ જવાને માટે આપની આજ્ઞાનો જ અભિલાષી છું. આ પ્રમાણે ચન્દ્રસાર, કુમાર નરવાહનદત્તની આગળ પોતાનું વૃત્તાંત કહી, સ્ત્રી સહિત સ્વદેશ જવાને માર્ગસ્થ થયો. આ સર્વ જોવાથી રુચિરદેવ, નરવાહનદત્તના માહાત્મ્યથી આશ્ચર્ય પામ્યો અને તેની અધિક સેવા ચાકરી કરીને પ્રસન્ન થયો; એટલું જ નહિ પણ વત્સકુળમાં જ શોભે એવી જયેન્દ્રસેના નામની પોતાની બહેન પણ નરવાહનદત્તને પરણાવી, તેનો પૂર્ણ પ્રેમ સંપાદન કર્યો. વળી રુચિરદેવે પહેરામણીમાં પોતાની વેગવાન્ હાથિણી તથા બે ઘોડા પણ નરવાહન-દત્તને અર્પણ કર્યાં.

પછી વત્સરાજનો કુમાર નરવાહનદત્ત, રુચિરદેવની રજા માગી, પહેરામણીમાં મળેલું સર્વ પોતાની સાથે લઈ નવીપરણેલી જયેન્દ્રસેના સહવર્તમાન કૌશાંબી નગરીમાં આવ્યો અને પોતાનાં માબાપને પ્રસન્ન કર્યાં. નવોઢા જયેન્દ્રસેના તથા મદનમંચુકા આદિ બીજી રાણીઓની સાથે નાના પ્રકારનાં સુખ માણતો, કુમાર નરવાહનદત્ત, રાજપત્તનમાં પોતાના દિવસો આનંદમાં નિર્ગમન કરવા લાગ્યો.

**વેલા લંબક સંપૂર્ણ.**

શ્રી

મહાકવિ સોમદેવ ભટ્ટ વિરચિત

# કથાસરિત્સાગર.

(ભાષાંતર)

—:o:—

## द्वादशोलंबक–शशांकवती.

## તરંગ ૧ લો.

—:o:—

### મંગળાચરણ.

જેપર મદજળ પાનની લીલામાં તલ્લીન થયેલા ભ્રમરાની પંક્તિ, અક્ષરપંક્તિ સમાન જણાય છે તથા વિઘ્નનું વારણ કરવામાં એક કીર્તિસ્તંભ જેવી પોતાની તે શૂંઢને, ઉંચી ઉછાળતા ગણપતિ તમારું પાલન કરો.

રાગરહિત છે છતાં રાગવાળી રચના કરવામાં ચતુર, રાગાદિક દોષથી મુક્ત અને પ્રેમ ઉપજે એવી બનાવટ કરવામાં ચતુર તથા નવલ નવલ આશ્ચર્યકારક સૃષ્ટિનાં ચિત્ર કરનારા એવા શ્રી શંકરને પ્રણામ કરું છું.

કામદેવનાં બાણ પુષ્પનાં છે, છતાં પણ તે જ્યારે છૂટવા માંડે છે ત્યારે ઈંદ્રાદિક દેવોનાં વજ્ર વગેરે પણ કુંઠિત જ બની જાય છે, તે કામનાં બાણોનો વિજય હો.

### નરવાહનદત્તનાં એક દિવ્ય કન્યા સાથે લગ્ન.

આ પ્રમાણે એક પછી એક નવી નવી પ્રમદાઓ સાથે લગ્ન કરી, નરવાહનદત્ત કૌશાંબી નગરીમાં રહેતો હતો. તેને ઘણી સ્ત્રીઓ હતી, છતાં શ્રીકૃષ્ણ જેમ રુક્મિણીને માન આપતા હતા, તેમ જ તે મદનમંચુકાને પોતાના પ્રાણ કરતાં પણ વધારે પ્રિય ગણતો હતો. એક રાત્રિએ તે નિદ્રાવશ થયો, તેવામાં તેને સ્વપ્નું આવ્યું કે, જાણે કોઇએક દિવ્ય કન્યા, આકાશ માર્ગેથી આવી, તેનું હરણ કરી ગઈ છે; અને જ્યારે તે જાગ્રત થયો, ત્યારે તેને માલમ પડ્યું કે, તે પર્વતના એક



શિખર ઉપર સારી ઘટાદાર છાયાવાળા વૃક્ષની નીચે ગારુડિક રત્નના શિલાતલ ઉપર પડેલો છે. વખત જો કે રાત્રીનો હતો ને સ્વાભાવિક રીતે અંધારું હતું, તોપણ એક દિવ્યાંગના તેની સમીપમાં ઉભી હતી અને તેની કાંતિથી વન ઝળાંઝળાં થઈ રહ્યું હતું. તેમાં રાજકુમારે જગતને મોહ કરવાની કામદેવની એક ઔષધિ જેવી તે કન્યાને દીઠી. તેણે મન સાથે નક્કી કીધું કે, આ જ કન્યા મને અહીં ઉપાડીને લઈ આવી છે. નરવાહનદત્તે તેના તરફ જોયું, તો તેને લજ્જાવડે જરા મંદેચ્છાવાળી દીઠી. પછી તે નિપુણ રાજકુમારે નિદ્રાવશપણાનો ઢોંગ ધારણ કીધો અને તેનો મનોભિપ્રાય જાણવા માટે, તે જાણે ઉંઘમાં જ હોય તેમ બડબડવા લાગ્યો: "પ્રિયા મદનમંચુકા ! તું ક્યાં છે? જરા અહીં આવીને મને આલિંગન કર તો !" જ્યારે તે સ્ત્રીએ તેને આ પ્રમાણે બોલતાં સાંભળ્યો, ત્યારે વિચાર કરી, તે મદનમંચુકાનું રૂપ ધારણ કરી, લજ્જા વગર સ્વતંત્રતાથી તેના શરીરને આલિંગન કીધું. નરવાહનદત્તે પોતાનાં નેત્ર ઉઘાડ્યાં ને જોયું તો તે સ્ત્રીને પોતાની પ્રિયાના જેવી જ દીઠી; એટલે તે બોલ્યો: "ઓહો !! તું કેવી બુદ્ધિમતી છે!" આમ બોલતાં બોલતાં મંદમંદ હાસ્ય કરતો તે તેને કંઠે બાઝી પડ્યો. પછી તે સ્ત્રીએ લજ્જાને દૂર હાંકી મૂકી, પોતાનું સ્વરૂપ પ્રગટ કર્યું ને બોલી: "આર્યપુત્ર! હું આપને સ્વેચ્છાથી વરી છું, તો મારો આપ અનુગ્રહ કરો!" રાજકુમાર નરવાહનદત્તે આ પ્રમાણે બોલતી તે કન્યા સાથે તે જ વખતે ગાંધર્વ વિધિયુક્ત લગ્ન કર્યાં અને તે આખી રાત્રી સ્વતંત્ર રીતે રતિકેલિ રમતાં તે સ્ત્રી સાથે ગાળી. બીજે દિવસે પ્રભાતના નરવાનદત્તને તેનાં કુળ ગોત્ર જાણવાની સ્વાભાવિક જિજ્ઞાસા થવાથી, યુક્તિપૂર્વક તે સ્ત્રીને કહ્યું: "પ્યારિ ! તને એક અપૂર્વ કથા કહું છું તે તું સાંભળ !"

### એક હાથી અને હાથણીની કથા.

કોઈએક તપોવનના એક સ્થાનમાં બ્રહ્મસિદ્ધિ નામના એક મુનિ રહેતા હતા. તેઓ યોગસિદ્ધિ બહુ સારી રીતે જાણતા હતા. તેમના આશ્રમ સમીપ એક ગુફા હતી, તેમાં પોતાને રહેવાનું ઘર કરીને એક વૃદ્ધ શિયાળ રહેતી હતી. એક વખતે ચોમાસાના દહાડામાં તે શૃગાળ સ્ત્રી ભૂખી હતી, તેથી ખાવાનું શોધવા સારુ ગુફાની બહાર નિકળી પડી. એવામાં પોતાની હાથિ-ણીનો વિયોગ થવાથી ઉન્મત્ત થયેલા એક હાથીએ, આ શિયાળડીને જોઈ, તેની પાછળ મારવા માટે ધાયો અને તપોવનવાસી મુનિ, જે ઘણા જ્ઞાનવંત હતા, તેઓએ આ દેખાવ જોયો. તેઓ દયાર્દ્ર થઈ ગયા. તેણે બન્નેના અનુગ્રહાર્થે, પેલી શિયાળ સ્ત્રીને હાથિણી બનાવી દીધી. પેલો હાથી, શિયા-ળને હાથિણી જોયાથી શાંત થઈ ગયો અને તેના ઉપર અનુરક્ત થયો. શિયાળડી મૃત્યુમાંથી મુક્ત થઈ અને હાથી, આ હાથિણીના સ્વરૂપમાં રહેલી શિયાળની સાથે ફરવા લાગ્યો. ફરતાં ફરતાં તે હાથિણીને માટે કમળ લેવા સારુ, શરદ્‌ઋતુમાં, કાદવથી ભરેલા એક તળાવમાં તે હાથી ઉતર્યો. કર્મસંજોગે તળાવમાં પુષ્કળ કાદવ હતો, તેથી હાથી તેમાં કળાઈ ગયો: ઘણી મહેનત કરી, પરંતુ તે તેમાંથી બહાર નિકળી શક્યો નહીં. જેમ વજ્રથી પાંખ કપાઈ જવાને લીધે નીચે પડેલો પર્વત આમ

તેમ જરા પણ હાલીચાલી શકતો નથી, તેમ તે હાથી સ્થિર જ થઈ ગયો. પેલી હાથિણી બનેલી શિયાળ, હાથીને દટાયલો જોયો એટલે તે જ વખતે બીજા હાથીની સોબત કરી, ત્યાંથી બીજા સ્થાનમાં નાસી ગઈ. થોડા સમયમાં કીચડમાં દટાયલા હાથીની જૂદી પડી ગયેલી હાથિણી, પોતાના ભર્તારને ઢુંડતી ઢુંડતી, જે તળાવમાં હાથી દબાયલો હતો, ત્યાં દૈવયોગથી આવી ચઢી. તે ભદ્ર* નામના ઉત્તમ કુળમાં જન્મેલી હતી. તેણીએ પોતાના પતિને કીચડમાં દબાયલો જોયો, એટલે તેની પાસે જવા માટે, તે તે તળાવના કાદવમાં પેઠી. આ જ સંધિપર બ્રહ્મસિદ્ધિ મુનિ જે પોતાના શિષ્ય સહિત તે માર્ગેથી જતા હતા, તે હાથીને કાદવમાં દટાયલો જોઈ દયાથી કોમળ થઈ ગયા. અને તે મહાતપસ્વીએ પોતાના મહાપરાક્રમશાળી શિષ્યો મારફતે તે તળાવના કાદવમાંથી તે હાથીને અને હાથિણીને બહાર કાઢ્યાં અને પછી મુનિ પોતાના આશ્રમ તરફ ગયા. પછી મૃત્યુ તથા વિયોગમાંથી મુક્ત થયેલાં તે હાથી ને હાથિણી પોતાની મરજી પ્રમાણે વિહાર કરવા લાગ્યાં.

"આ પ્રમાણે ઉત્તમ કુળમાં જન્મેલાં પ્રાણીઓ, દુઃખના સમયમાં પોતાના સ્વામી વા મિત્રનો ત્યાગ કરતાં નથી, પણ ઉલટાં તેને દુઃખમાંથી મુક્ત કરે છે. પરંતુ નીચ જાતિમાંથી ઉત્પન્ન થવાને લીધે, ચંચળ મનવાળાના અંતઃકરણમાં કોઈ પણ દિવસ સત્ત્વ અથવા તો સ્નેહ રહેતો નથી." જ્યારે તે દિવ્યકન્યાએ વત્સરાજના કુમાર નરવાહનદત્તના મુખેથી ઉપલું દષ્ટાંત સાંભળ્યું, ત્યારે તે બોલી:-"તમારું કહેવું યોગ્ય છે: એમાં જરાપણ સંદેહ નથી. તમે કથા કહી તેનું રહસ્ય-મર્મ શો છે તે મારા કળ્યામાં આવી ગયો છે, માટે હે આર્યપુત્ર! હવે તમે મારી પાસેથી પણ આ એક કથા સાંભળો.

* પાલકાવ્યમાં ભદ્ર હાથીનું આ પ્રમાણે વર્ણન કરેલું છે:—

प्रतिमानेषु विपुलश्चारुपृष्ठायताननः । मुखे सुराभिनिश्वासस्ताम्रजिह्वौष्टतालुकः ॥
तथास्य तुल्यसंस्थानौ दन्तौ शुभ्रौ विशेषतः । मधुपिङ्गलनेत्रश्च महाकायो महाबलः ॥
पुरस्तादुच्छ्रितश्चापि पश्चादवनतोऽपि यः । धनुर्विनतवंशश्च समपादतलः शुभः ॥
विंशत्या च नखैर्युक्तो योष्टादशभिरेव च । विद्युद्दवाग्निसिंहेभ्यो न बिभेत्यंकुशादपि ॥
अन्वर्थवेदी शूरश्च क्षमावान्न च कर्कशः । कल्याणमेधास्तेजस्वी स भद्रः परिकीर्तितः ॥

" જેનું લલાટ વિશાળ હોય, સુન્દર અને પહોળો જેનો વાંસો હોય, જેનું મુખ વિશાળ અને સુગંધી શ્વાસવાળું હોય, જીભ, તાળવું, અને ઓષ્ઠ જેના લાલ છે એવો, સમાન અંતરે રહેલા જેને બે વિશેષ ધવલ દંત છે એવો, મધુના જેવાં પીળાં નેત્રવાળો, મોટી કાયાવાળો, બળવાન, મુખ આગળના ભાગથી ઉંચો અને પાછળના ભાગથી નીચો એવો, ધનુષની પેઠે વિનત છે વાંસો જેનો એવો, જેનાં પગલાં સરખાં છે, ૨૦ અથવા ૧૮ નખવાળો, શૂરવીર, ક્ષમાશીળ, કોમળ અંતઃકરણવાળો, તેજસ્વી અને સારી બુદ્ધિવાળો હોય, વિજળી, દાવાનળ, સિંહ અને અંકુશ આદિથી ન ભય પામનાર અને યથાર્થ સમજનાર તે જ ભદ્ર નામનો હાથી કહેવાય છે."



## વામદત્ત અને તેની સ્ત્રીની કથા.

કાન્યકુબ્જ* નગરમાં શૂરદત્ત નામનો એક ઉત્તમ બ્રાહ્મણ રહેતો હતો. તે બ્રાહ્મણનું નામ બાહુશક્તિ હતું. તે, ગામના રાજાનો માનીતો હોવાથી સો ગામનો ઉપરી હતો. તેને વસુમતી નામની સ્ત્રી હતી. એ સ્ત્રી ગુણવતી અને પતિવ્રતા હતી. તેને પેટે વામદત્ત નામના ગુણવંત પુત્રનો જન્મ થયો. આ વામદત્ત થોડા દિવસમાં સઘળી વિદ્યા ભણીને વિદ્વાન્ થયો, તેથી તેના પિતાનો બહુ માનીતો થઈ પડ્યો. તે વયે આવ્યો એટલે શશિપ્રભા નામની એક સ્ત્રી સાથે પરણ્યો. કેટલાએક દિવસ વીત્યા પછી તેનો પિતા સ્વર્ગે સિધાવ્યો, અને તેની પુઠે તેની માતા પણ ગઈ.† પછી વામદત્ત પોતાની સ્ત્રી સાથે રહી, ઉત્તમ રીતે ઘરનો કાર્યભાર ચલાવવા લાગ્યો. પરન્તુ તે બ્રાહ્મણની સ્ત્રી શશિપ્રભા સ્વેચ્છાચારિણી હતી, તેને દૈવયોગે કયાંઈથી શાકિની, ડાકિણી વગેરેના મંત્ર તંત્રનું ચેટક હાથ આવ્યું હતું. આ ખબર તેના પતિને બીલકુલ નહોતી.

એક વખતે તે બ્રાહ્મણ રાજાની છાવણીમાં રહેતો હતો, તેવામાં તેના કાકાએ આવીને એકાંતમાં તેને કહ્યું: "ભાઈ ભત્રિજા! આપણા કુળને કલંક લાગ્યું! આપણા કુળને ખોંપ લાગી! કારણ કે મેં મારી નજરોનજર તારી વહુને તારા ગોવાળની સાથે બગડેલી દીઠી છે!" વામદત્તે પોતાના ઘરની આ વાર્તા સાંભળી, એટલે તેણે સેનામાં પોતાના કામ ઉપર કાકાને મૂક્યો અને તે હાથમાં માત્ર એક તરવાર લઈ પોતાને ઘેર ગયો; અને છાનોમાનો ઘરના આંગણામાં આવી, બગીચાની અંદર સંતાઈ રહ્યો. રાત્રિનો સમય થયો, એટલે પેલો ગોવાળ તેને ઘેર આવ્યો; એટલે તે રંડા તરત ઘરમાંથી બહાર આવી, ઘણા પ્રેમથી પોતાના યારની સામી જઈ તેને અંદર લઈ ગઈ અને ભાત-ભાતની રસોઈ, જે તૈયાર હતી તે, પોતાના હાથવતે તેને પીરસીને જમાડ્યો. ભોજન કરી રહ્યા પછી, જ્યારે બંનો શયનગૃહમાં પલંગપર પોઢવા માટે ગયાં, ત્યારે તે જોઈ વીર પુરુષ વામદેવ નાગી તરવાર લઈ તેના તરફ દોડયો, અને બોલ્યો, "ઉભાં રહો, કંગાળ કુતરાંઓ! હવે તમે કયાં જાઓ છો?" જ્યાં તે આમ બોલ્યો કે તેની સ્ત્રી પલંગપરથી ઉઠી, "ધિક્કાર છે લુચ્ચા" આમ બોલી, પતિની આંખ ઉપર ધૂળ નાંખી, કંઈ મંત્ર ભણી કે તે જ વખતે તે પાડો બની ગયો. પરંતુ આ નવા અવતારમાં તેની પૂર્વની સ્મૃતિ ગઈ નહીં. પોતાની સ્ત્રીનો દુરાચાર તેની નજર આગળ જ રમતો રહ્યો! તેની દુષ્ટ સ્ત્રીએ પોતાના પતિને પાડાઓની અંદર ઉભો રાખ્યો અને પેલા પાડાવાળા મારફતે દંડુકાનો પુષ્કળ માર મરાવ્યો. પછી તેની ઘાતકી સ્ત્રીએ, એક વાણિયાને પાડો જોઈતો હતો તેને, પશુ બનાવીને પરવશ કરેલા ને પાડારૂપે થયેલા પોતાના ધણીને વેચ્યો. આ વાણિયાને ગંગાજીની સમીપના એક

* હાલ જેને કનોજ કહે છે તે. † અર્થાત સતી થઈ. ‡ અરેબીયન નાઈટ્સની સિદ્દિનૂરહાનની વાર્તામાં સિદ્દિનૂરહાનના હાલ પણ તેની સ્ત્રીએ આવા જ કીધા હતા.

ગામમાં જવું હતું, તેથી તેણે તે પાડાપર સઘળો સરસામાન લાધ્યો ને નિરધારેલી જગ્યા તરફ જવા નિકળ્યો. **વામદેવ**, જેણે આવો બોજો કોઈ દિવસ ઉપાડેલો ન હતો, તેને આજે પાડો બનીને ઉપાડવો પડયો તેથી તે મહા કષ્ટને પામ્યો. તે મનમાં ને મનમાં બોલ્યો કે, “વિશ્વાસુ પુરુષના ઘરમાં, જાણવામાં ન આવેલી, પરંતુ દુરાચરણી સ્ત્રી પોતાની કક્ષામાં પેઠેલી નાગેણુની માફક કોને ભયંકર થઈ પડતી નથી ?”

આ પ્રમાણે વિચારમાં ગરકાવ થયેલો **વામદેવ**, આંખમાંથી અશ્રુ પાડતો ઘણો જ શોચાવસ્થામાં આવી ગયો. દહાડે દહાડે તેનું શરીર બોજો ઉપાડવાની મહા મહેનતથી ગળી જઈ માત્ર અસ્થિ ને ત્વચા જ બાકી રહ્યું. કર્મધર્મ જોગે, આવી હાલતમાં તેને એક કામણ ટુમણ જાણનારી જોગણીએ દીઠો, એટલે તેણે પોતાની વિદ્યાના પ્રભાવથી તેના પૂર્વ વૃત્તાંતનો વિચાર કર્યો, તો તેને સ્પષ્ટ માલમ પડયું કે તે બાપડો સ્ત્રીના કામણટુમણથી પાડો બન્યો છે. તેને દયા આવી તેથી મંત્રેલું જળ છાંટી **વામદેવને** પાડાપણાના બન્ધનમાંથી મુક્ત કરી, પુનઃ મનુષ્યાવતારમાં આણ્યો. **વામદત્ત** મનુષ્ય થયો; તે જોગણી તેને પોતાને ઘેર લઇ ગઈ અને તેને પોતાની **કાંતિમતી** નામની પુત્રી પરણાવી અને કહ્યું; “હું જે સર્ષવ તને આપું છું, તે સર્ષવ તારે તારી આગલી સ્ત્રીને છાંટીને ઘોડી બનાવી મૂકવી.” આ પ્રમાણે કહી તેને મંત્રેલા સર્ષવો આપ્યા. પછી તે **કાંતિમતી** સ્ત્રી ને સર્ષવના દાણા પણ સાથે લીધા અને પોતાને ઘેર આવ્યો. પહેલાં તો તેણે પેલા પાડાવાળાને મારી નાંખ્યો, અને પછી પોતાની આગલી સ્ત્રીને સર્ષવના દાણા છાંટી ઘોડી બનાવી દીધી. તે ઘોડીને એક ઘોડારમાં બાંધી અને પોતાનું વૈર વાળવા માટે પ્રતિજ્ઞા કરી કે, તેણીને દરરોજ સાત નેતરના સપાટા લગાવ્યા પછી જ ભોજન કરવું.*

આ નિયમ પ્રમાણે વર્તતો **વામદેવ** પોતાની પ્યારી **કાંતિમતીની** સાથે રહી ઘર વ્યાપાર ચલાવતો હતો. એક દિવસે તેને ઘેર એક પરોણો આવ્યો, તેની સાથે **વામદેવ** ભોજન કરવા માટે બેઠો. પેલો પરોણો ભોજન આવ્યું એટલે જમવા લાગ્યો, પણ તેટલામાં **વામદેવને** પોતાનો નિત્ય નિયમ—કુભાર્યાને મારવાનો યાદ આવ્યો, એટલે તે ભોજન પડતું મૂકીને એકદમ બહાર આવ્યો અને ઘોડીના રૂપમાં રહેલી પોતાની સ્ત્રીને, ધારા પ્રમાણે સાત નેતરના સપાટા લગાવ્યા ને પછી ઘરમાં આવી, સંતોષથી ભોજન કર્યું. આ સર્વ જોઈ પેલો પરોણો ઘણો આશ્ચર્ય પામ્યો અને તેને પૂછ્યું; “તમે ભોજન પડતું મૂકી એકદમ બહાર કયાં ગયા હતા ?” ત્યારે **વામદેવે** તે પરોણાને આદિથી અંતપર્યંત સર્વ વૃત્તાંત કહ્યું. પછી તે પરોણાએ કહ્યું; “આવો દુરાગ્રહ પકડવાથી તમને શું ફળ મળશે ? જે સ્ત્રીએ તમને પશુપણાથી મુકત કર્યા છે, તે તમારી પોતાની સાસુની સેવા કરી તેની પાસેથી કોઈ મોટી

* બગદાદ શહેરની પાંચ તરુણી ને ત્રણ ફકીરની વાર્તામાં આ જ પ્રમાણે ઝોબીદી, પોતાની બહેનોને જમ્યા પછી શિક્ષા કરતી હતી. તેમ જ સિદ્દિનૂરુહાન, પોતાની સ્ત્રીને નિરંતર ભરબજારમાં નિર્દય રીતે ચાબુકનો માર મારતો હતો.



વસ્તુ પ્રાપ્ત કરો.” આ પ્રમાણે પરોણાએ **વામદેવને** કહ્યું, એટલે તેણે ‘બહુ સારું,’ આમ કહી તેના કહેવા ઉપર વિશ્વાસ રાખી, બીજે દિવસે પ્રભાતમાં પરોણાઓનો યોગ્ય સત્કાર કરી, તેમને રજા આપી. અકસ્માત્ તેની સાસુ પરોણા તરીકે તેને ત્યાં આવી, એટલે **વામદેવ** તેની કૃપા મેળવવાની ઇચ્છાથી, પ્રયત્નપૂર્વક તેની સેવા ચાકરી કરવા લાગ્યો અને તેની પ્રાર્થના કીધી કે, ‘મને કંઈ ઉત્તમ વસ્તુ આપો !’ ત્યારે તે યોગેશ્વરીએ, તે સ્ત્રી અને પુરુષ બન્ને જણાને વિધિ પ્રમાણે મંત્રદીક્ષા આપી, ‘કાળ સંકર્ષિણી’ નામની મંત્રવિદ્યા ભણાવી. **વામદેવ** તે વિદ્યા ભણીને **શ્રીપર્વત** ઉપર જઈ, તે વિદ્યાની સાધના કરવા બેઠો. તે વિદ્યાઓ સિદ્ધ થઈ અને વિદ્યાઓએ પ્રત્યક્ષ દર્શન દઈ, તેને એક ઉત્તમ તરવાર આપી. **વામદેવ** તે તરવાર મેળવી કૃતકૃત્ય થયો અને પોતાની પ્યારી **કાંતિમતી** સહિત, ઉત્તમ વિદ્યાધરપણાને પામ્યો. પછી તેણે **મલયાચળ** પર્વત ઉપર **રજકૂટ** નામના શિખર ઉપર પોતાની સિદ્ધિના પ્રતાપથી ઉત્તમ નગરની સ્થાપના કરી ને ત્યાં વસી, વિદ્યાધરનો સ્વામિ થયો. **કાંતિમતી** સ્ત્રીથી તેને **લલિતલોચના** નામની એક કન્યા જન્મી હતી. જ્યારે એ કન્યાનો જન્મ થયો ત્યારે આકાશવાણી થઈ હતી કે, આ કન્યા વિદ્યાધરના ચક્રવર્તી રાજાને પરણશે.

“હે આર્યપુત્ર ! તે કન્યા, તે તમે, મને પોતાને જાણો. હું તમારા ઉપર આશક્ત થઇ મારી વિદ્યાના બળવડે તમને આ **મલયાચળ** પર્વત ઉપર લઈ આવી છું.”

**નરવાહનદત્ત**, આ પ્રમાણે જેણે પોતાનું કુળ કહી બતાવ્યું હતું એવી **લલિતલોચના** વિદ્યાધરી ઉપર અત્યંત પ્રસન્ન થયો. પછી તેણે તે વિદ્યાધરીને ઘણું માન આપ્યું. **નરવાહનદત્ત** તે સમયમાં તેની સાથે ત્યાં જ રહ્યો. એ વૃત્તાંત **રત્નપ્રભા** વગેરે તેની રાણીઓના યોગવિદ્યાબળથી **વત્સરાજ** વગેરેના જાણવામાં આવ્યું, એટલે તેઓને કુમાર વિશે કશી ચિંતા ઉપજી નહીં.

## તરંગ ૨ જો

# પિશંગજટ મુનિએ કહેલી મૃગાંકદત્તની કથા.

રાજકુંવર **નરવાહનદત્ત**, **મલયાચળ** ઉપર **લલિતલોચના** વિદ્યાધરીની સાથે પરણી ગમત મેળવ્યા પછી, વસંતઋતુના પ્રારંભના ઘણા આનંદમય કાળમાં, પુષ્પવડે શોભાયમાન જણાતાં જૂદાં જૂદાં વનોની અંદર, તે કન્યા સાથે વિહાર કરવા લાગ્યો. એક સમે રમતગમતમાં પુષ્પ વિણવા માટે, તે આમતેમ ફરતો હતો તેવામાં તેની સ્ત્રી આમ તેમ ફરતી ફરતી તેની નજરથી છેટે, તે વનના અંતના ભાગ તરફ નિકળી ગઈ. તે એવી ઘાડી વૃક્ષ વાટિકામાં જઈ ચઢી કે બંને એક બીજાંથી પુષ્કલ છેટાં પડી ગયાં. **નરવાહનદત્ત**, પુષ્પ વીણતો વીણતો નિર્મળ

જળથી ભરેલા એક તળાવ સમિપ જઈ ચડ્યો. તે તળાવના કિનારા ઉપર ઉગેલા તરુઓમાંથી પુષ્પ ખરીને તે તળાવના પાણીમાં પડતાં હતાં, તેથી તારાવાળા આકાશ જેવું તે તળાવ શોભતું હતું. ત્યાં બેસી નરવાહનદત્તે વિચાર કર્યો કે; "મારી પ્રાણવલ્લભા આવે, એટલામાં હું આ તળાવમાં સ્નાન કરી એક ક્ષણ તળાવના તટ ઉપર વિશ્રામ કરું તો ઠીક!" આવો વિચાર કરી, તેણે સ્નાન કર્યું. પછી દેવનું પૂજન કરી એક ચંદનવૃક્ષ નિચેના શિલાતળ ઉપર બેઠો. તળાવમાં રાજહંસીઓ આમતેમ ચાલતી હતી તેની મદ મદ ગતિ જોઈ, પોતાની પ્રિયાની ગતિ તેને યાદ આવી; આંબાની ઘટાઓમાં પ્રિયાના શબ્દ જેવા કોયલોના કૂહૂ કૂહૂ એવા મધુર રવ સાંભળી, સ્ત્રીના મધુરાલાપ અને પ્રિયાનાં નેત્ર જેવાં હરિણીઓનાં નેત્ર જોઈ, પોતાની દૂર રહેલી પ્યારી મદનમંચુકાનાં નેત્ર પોતા સમક્ષ નૃત્ય કરતાં જણાયાં. તત્ક્ષણે તે કામાતુર થઈ મૂર્છિત થઈ ગયો. એટલામાં તે તળાવના કિનારા ઉપર પિશંગજટ મુનિ આવી પહોંચ્યા. તે મુનિ નરવાહનદત્તને મૂર્છિત થયેલો જોઈ, તેના ઉપર, પ્યારીના અંગસ્પર્શની પેઠે શીતળતા કરનારું ચંદનનું જળ રેડયું. તુરત તેની મૂર્છા વળી. તે જાગ્રત થયો. નરવાહદત્તે, દિવ્ય નેત્રવાળા મુનિરાજને પ્રણામ કર્યા. પછી મુનિ બોલ્યા; " પુત્ર ! તને તારી ઇચ્છિત વસ્તુ પ્રાપ્ત થશે, તું ધૈર્ય ધર ! ગુણવડે સર્વ વસ્તુ પ્રાપ્ત થાય છે. તે સંબંધમાં જો તારે કંઇ જાણવાની ઇચ્છા હોય તો ચાલ મારા આશ્રમ પ્રત્યે, અને જો તેં સાંભળી ન હોય તો, સાંભળ મૃગાંકદત્તની કથા !"

આ પ્રમાણે કહી તે મુનિ તળાવમાં સ્નાન કરવા ગયા અને સ્નાન કરીને નરવાહનદત્તને પોતાના આશ્રમમાં લઈ ગયા. ત્યાં જઈ મુનિએ ઝટપટ પોતાનું સંધ્યા વગેરે આહ્નિક કર્મ આટોપી લીધું. પછી પિશંગજટે રાજકુમારને ખાવા માટે ફળાદિક આપી, તેનો સત્કાર કર્યો અને પોતે પણ ફળાહાર કીધો. ફળ ખાઈ રહ્યા પછી, પિશંગજટ મુનિ નરવાહનદત્તને આ પ્રમાણે કથા કહેવા લાગ્યા.

## મૃગાંકદત્તની કથા.

અયોધ્યા નામની એક નગરી છે. તે નગરી ત્રણ લોકમાં વિખ્યાત છે. તેમાં પૂર્વે અમરદત્ત નામનો એક રાજા રાજ્ય કરતો હતો. તે પૂર્ણ પ્રતાપી હતો. તે રાજાને સુરતપ્રભા નામની એક રાણી હતી. જેમ સ્વાહાસ્ત્રી અતિ 'તૈજસ'† અગ્નિ ઉપર પ્રેમ રાખે છે, તેમ તેનો પણ તે પ્રતાપી રાજા ઉપર અત્યંત પ્રેમ હતો. તે રાજાને સુરતપ્રભા રાણીથી મૃગાંકદત્ત નામનો પુત્ર જન્મ્યો હતો. ધનુષ જેમ અણી ઉપર રહેલા ગુણ ખેંચવાથી નમ્ર થાય છે, તેમ તે પણ એક કોટી ગુણના લાભથી નમ્ર હતો. તે કુમાર આજાનુબાહુ હતો.

તે રાજકુમારને પોતાના દશ કાર્યભારી હતાઃ–પ્રચંડશક્તિ, સ્થૂલબાહુ, વિક્રમકેસરી, દૃઢમુષ્ટિ, મેઘબળ, ભીમપરાક્રમ, વિમળબુદ્ધિ, વ્યાઘ્રસેન, ગુણાકર અને વિચિત્રકથ. તે

* આ વાર્તાનો સંબંધ આ અંકના છેલા તરંગ સુધી લંબાયેલો છે. † 'તૈજસ' એટલે તેજસ્વી ને તૈજસ એટલે પરાક્રમી—એમ બે અર્થ થાય છે.



દશે કારભારી કુલીન, ભરજુવાન, શૂરવીર, ડહાપણવાળા અને પોતાના મહારાજનું ભલું ચાહનારા હતા. મૃગાંકદત્ત પોતાના ઘરમાં રહી, આ દશ કાર્યભારીઓની સાથે, પોતાના દિવસો આનંદમાં ગાળતો હતો, પરંતુ હજુ સુધી તેને પોતાને યોગ્ય સ્ત્રી પ્રાપ્ત થઈ નહોતી. એક બતે ભીમપરાક્રમ મંત્રી, એકાંતમાં રાજકુમારની પાસે આવીને બોલ્યો; "મહારાજ ! આજ રાત્રિમાં મને જે થયું છે તે તમે સાંભળો !'

## ભીમપરાક્રમનું સ્વપ્ન !

"હું આજ રાત્રે ઉપરની અટારીપર સુતો હતો તેવામાં એકદમ નિદ્રામાંથી જાગી ઉઠ્યો અને જોઉં છું તો એક વજ્ર જેવા ભયંકર પંઝાવાળો સિંહ મારી તરફ દોડ્યો આવતો હતો. તુરત હું હાથમાં તલવાર લઇને ઉભો થયો કે તે સિંહ ત્યાંથી નાઠો. મારાથી જેટલી ઉતાવળ થઈ તેટલી ઉતાવળથી હું તેની પાછળ દોડ્યો. તે સિંહ નદીને પેલે પાર તરી ગયો અને ત્યાં પોતાની લાંબી જીભ મારા તરફ કરીને ઉભો. મેં ત્યાં જઈ તલવારવતી તેની જીભ કાપી નાખી અને હું પાછો સામે કિનારે આવ્યો; કેમકે તે નદીનો પટ એક પુલ જેવો પહોળો હતો. જોતજોતાં તે સિંહ એક મોટો વિકરાળ પુરુષ બની ગયો. મેં તેને પૂછ્યું, " તું કોણ છે ?" ત્યારે તે પુરુષે ઉત્તર આપ્યોઃ 'હું વૈતાળ છું, અને ઓ વીરમર્દ ! હું તારા પરાક્રમથી પ્રસન્ન થયો છું.' તે સાંભળી મેં તેને પુછ્યુંઃ 'જો એમ હોય તો ઘણું સારું, પણ મને કહે કે અમારા રાજા મૃગાંકદત્તનાં કેઈ સ્ત્રી સાથે લગ્ન થશે?' મેં જ્યારે આ પ્રમાણે પ્રશ્ન કીધું, ત્યારે તે વૈતાલે કહ્યુંઃ 'ઉજ્જયનિ નગરીમાં કર્મસેન નામનો એક પ્રસિદ્ધ રાજા રહે છે. તે રાજાની એક કુંવરી છે. તે કુંવરીએ પોતાના લાવણ્યથી અપ્સરાઓને પણ લજ્જિત કરી મૂકી છે. તે કુંવરી બ્રહ્માના લાવણ્યનો એક ભંડાર છે, અર્થાત્ બ્રહ્મા જ્યારે કોઈ સ્વરૂપવાળી મૂર્તિ ઘડે છે, ત્યારે તેનામાંથી સુંદરતા ગ્રહણ કરે છે અને તે સુંદરતાના ભંડારમાંથી એક સુંદરી ઘડે છે, તેમાંની અનુપમ કાંતિમાન્ એ કન્યા છે. તે કન્યાનું નામ શશાંકવતી છે. તેની સાથે તારા રાજાનાં લગ્ન થશે, અને તારો રાજા તે સ્ત્રીને પરણવાથી સમસ્ત ભૂમંડળનું રાજ્ય કરશે!' આ પ્રમાણે કહી તે વૈતાળ અદૃશ્ય થઈ ગયો અને હું મારે ઘેર આવ્યો. આ પ્રમાણે મહારાજ મને રાત્રિમાં સ્વપ્ન થયું છે."

જ્યારે રાજકુંવર મૃગાંકદત્તે, ભીમપરાક્રમ મંત્રી પાસેથી આ હકીકત સાંભળી, ત્યારે તેણે તુરત પોતાના સર્વ મંત્રીઓને બોલાવ્યા, અને સર્વને ઇત્થંભૂત વૃત્તાંત કહી સંભળાવ્યું અને પછી પોતે બોલ્યો; "સાંભળો ! આજ રાત્રિમાં મને પણ એક સ્વપ્ન આવ્યું હતું. તેમાં જાણે આપણે સઘળા કોઇએક મોટા જંગલમાં નિકળી ગયા અને ત્યાં જતાં રસ્તામાં તૃષાતુર થયા એટલે જળ શોધવા લાગ્યા. પછી મહામુસીબતે પાણી મળી શક્યું, તે પીવા માટે ગયા, તેવામાં તો શસ્ત્રબંધ પાંચ માણસોએ આપણને તેમ કરતાં અટકાવ્યા. આપણે તેઓને મારી નાંખ્યા, અને તૃષાતુર હોવાથી પાણી પીવા માટે આગળ વધ્યા; તો અહાહા ! તે પુરુષો પણ નહીં

જણાયા અને નહીં જળ પણ જોવામાં આવ્યું. આથી આપણે ઘણી ખરાબ હાલતમાં આવી પડ્યા. પણ એવામાં અકસ્માત, નદી ઉપર બેઠેલા **શિવશંકર ભોલાનાથજી**ના કપાળપર ઉજ્વળ ચંદ્રમા ઝધારા કરી રહ્યો હતો, તેનાં દર્શન થયાં. સર્વેએ તેમને પ્રણામ કર્યાં. પછી **મહાદેવે** પોતાની જમણી આંખમાંથી અશ્રુનું એક બિંદુ જમીન ઉપર પાડ્યું, તેમાંથી એક મહાસાગર બની ગયો; અને મને તેમાંથી એક ઉત્તમ મોતીની માળા મળી, તે મેં મારા ગળામાં પેહેરી લીધી; અને લોહીવાળી મનુષ્યની ખોપરીવડે તે સમુદ્રમાંથી મેં પાણી પીધું. પણ અહા ! એજ સમયે હું જાગી ઉઠ્યો અને રાત્રિ મટીને સવાર થયું."

આ પ્રમાણે **મૃગાંકદત્તે** પોતાનું આશ્ચર્યજનક સ્વપ્ન વર્ણવી બતાવ્યું, તે સાંભળી બીજા મંત્રીઓ ખુશી થયા; અને તે સર્વેમાંથી **વિમળબુદ્ધિ** મંત્રી બોલ્યો;–" હે રાજપુત્ર! તમો મહાભાગ્યવાન્ છો, કારણકે **શંકરે** તમારા ઉપર આ રીતે કૃપા દર્શાવી છે. તમને સ્વપ્નામાં મોતીની માળા પ્રાપ્ત થઈ ને સાગરનું પાન કર્યું, તેપરથી નિશ્ચય થાય છે કે તમને **શશાંકવતી** મળશે અને તમે સમગ્ર ભૂમંડળના ચક્રવર્તિ રાજા થશો. હવે સ્વપ્નની બીજી બાબતો એમ સૂચવે છે કે, થોડું ઘણું સંકટ ભોગવવું પડશે." જ્યારે આ પ્રમાણે **વિમળબુદ્ધિએ** કહ્યું, ત્યારે **મૃગાંકદત્ત** પુનઃ બોલ્યો; "મને સ્વપ્નું આવ્યું તેનું ફળ શુભ થશે, અને વળી **ભીમપરાક્રમે** વૈતાળ પાસેથી જે શ્રવણ કર્યું છે, તે પણ કહે છે કે એમજ થશે. **કર્મસેન** રાજા બળ અને કિલ્લાનું અભિમાન ધરાવે છે, છતાં હું મારી બુદ્ધિનાં બળથી તેની પુત્રી **શશાંકવતીને** પરણીશ; કારણ કે પ્રત્યેક કાર્યમાં બુદ્ધિબળનો ઉપયોગ મુખ્ય ગણાય છે. સાંભળો, હું તમને એની પુષ્ટિમાં એક કથા કહું છું તે.

## ભદ્રબાહુની કથા.

**મગધ** દેશમાં **ભદ્રબાહુ** નામનો એક રાજા રાજ્ય કરતો હતો. તેને **ચિત્રગુપ્ત** નામનો એક મંત્રી હતો. તે મંત્રી સારો બુદ્ધિમાન હતો. એક દિવસે તે રાજાએ પોતાના મંત્રીને યાદિચ્છાથી કહ્યું; "**વારાણસી**ના રાજા **ધર્મગોપ**ની પુત્રી **અનંગલીલા** નામે છે. તે કન્યા આ ત્રણ ભુવનની સૌંદર્યમૂર્તિ છે. મેં તે રાજા પાસે તે કન્યાનું માગું કર્યું, પરન્તુ તે રાજા શત્રુતાને લીધે મને તે કન્યા પરણાવતો નથી. પરંતુ તે કન્યા સાથે જો મારાં લગ્ન થશે નહીં, તો હું જીવવો મુશ્કેલ છું. હવે તે રાજા ભયજનક શત્રુ છે, કેમકે તેની પાસે **ભદ્રદત્ત** નામનો હાથી છે, તેના જોરથી તેનો પરાજ્ય કરી શકાય તેમ નથી. તેથી, હું તે કન્યાને પરણી શકું તેવો એક પણ ઉપાય મને જણાતો નથી; તો હે મિત્ર! મને કહે કે મારે હવે શું કરવું?" આ પ્રમાણે રાજાએ કહ્યું એટલે તેનો મંત્રી બોલ્યો; "મહારાજ! શું પરાક્રમથી જ કાર્ય સિદ્ધિ થાય છે ને બુદ્ધિથી કાર્ય સિદ્ધિ થતી નથી? તમારી ચિંતાનો ત્યાગ કરો; હું મારી બુદ્ધિના પ્રભાવથી તમારું કાર્ય સિદ્ધ કરી શકીશ."

આમ કહી બીજે દિવસે તે મંત્રીએ, આડંબરવાળા પાશુપત બ્રહ્મચારીનો વેશ ધારણ



કર્યો અને પાંચ સાત શિષ્યોને સાથે લઈ, **વારાણસી** તરફ ચાલ્યો. **વારાણસી** જઈ એક પ્રખ્યાત જગ્યા ઉપર તે બ્રહ્મચારી મહારાજે ઠઠારાભેર ઉતારો કર્યો. એ નગરીના ભક્તિભાવથી સરળ સ્વભાવનાં કેટલાંક માણસો નિત્ય ત્યાં આવતાં હતાં, તેની આગળ તેના શિષ્યરૂપે રહેલા માણસો કહેતા હતા કે 'એ તો સિદ્ધ પુરુષ છે!' એક દિવસે તે સિદ્ધબાવા, પોતાનું કાર્ય કેમ પાર પાડવું તેની યુક્તિ શોધવા માટે શિષ્ય સહિત રાત્રિએ નગરમાં ફરવા નિકળ્યા. એવામાં તેણે દૂરથી એક સ્ત્રીને, એક ઘરમાંથી બહાર નિકળતી દીઠી. તે સ્ત્રી રાજાના હાથીના માવતની હતી અને તે ભયને લીધે ઉતાવળી ઉતાવળી ચાલતી હતી; કેમકે શસ્ત્રધારી ત્રણ ચાર પુરુષો તેને ક્યાંઈ હરી જતા હતા, આમ તે મંત્રીના જાણવામાં આવ્યું. પછી તે મનમાં બોલ્યો; "બેશક, આ સ્ત્રી ખરેખર નાશીને કોઈપણ જગ્યાએ જાય છે, માટે જોઈએ તો ખરા કે તે ક્યાં જાય છે." આવો વિચાર કરી તે મંત્રી છેટે છેટે તેની પાછળ ગયો. તે સ્ત્રી જે ઘરમાં પેઠી તે ઘરને દૂરથી બરાબર નજરમાં રાખી, સિદ્ધબાવા પોતાના ઘરભણી પાછા વળ્યા; અને ઘેર જઈને સુઈ ગયા.

બીજે દિવસે હાથીનો માવત પોતાની સ્ત્રી, જે તેની સઘળી માલમતા લઈ નાશી ગઈ હતી, તેની શોધ કરવા લાગ્યો. તેના ઘર તરફ તપાસ કરવા મંત્રીએ પોતાના ખાનગી ફરનારાં માણસોને મોકલ્યાં હતા, તે પુરુષો હસ્તિપાળકના ઘર તરફ જઈને જુવે છે તો, તે હસ્તિપાળ, પોતાની નાશી ગયેલી સ્ત્રીની શોધ કરતો હતો, પણ તે મળી નહીં એટલે ઝેર પીને પોઢેલો જણાયો. મંત્રીના શિષ્યોએ, તેજ વખતે દયા લાવી, વિષના પ્રતિપ્રકારનું ઔષધ આપી, તેનું ઝેર ઉતારી નાંખી તેને સારો કર્યો; પણ બતાવ્યું એમકે આ કાર્ય તેઓએ સિદ્ધિથી કીધું છે. પછી શિષ્યોએ કહ્યું કે; "ચાલ, અમારી સાથે ગુરુજી પાસે, તે જ્ઞાની છે અને ભૂત ભવિષ્ય જાણે છે!" પછી તે લોકો હસ્તિપાળને મંત્રીની પાસે લઈ આવ્યા. પેલા હસ્તિપાળે, સિદ્ધ મહારાજના ચરણમાં પ્રણામ કર્યા. મહાવ્રતધારીના વેશથી શોભાયમાન થયેલા તે મહારાજ પ્રત્યે બોલ્યોઃ "મહારાજ! મારી સ્ત્રી ક્યાં ગઈ છે ને તે ક્યારે મળશે?" પેલો મંત્રી તે સાંભળી, ક્ષણભર મિથ્યા ધ્યાન ધરી, જે જગ્યામાં રાત્રે કેટલાક પુરુષો તે સ્ત્રીને લઈ ગયા હતા તે સ્થાન, એંધાણી સહિત બતાવ્યું. તુરત તે હસ્તિપાળ, મહારાજને પ્રણામ કરી, નગરની રક્ષા કરનારા સીપાઈઓને સાથે લઈ, તે જગ્યા ઉપર તપાસ કરવા ગયો, તો ત્યાંથી તેની સ્ત્રી અને ઘરેણાં મળ્યાં અને પાપીઓ પકડાયા. તેઓને મારી નાંખી, પોતાની સ્ત્રીને તે ઘેર લઈ આવ્યો.

બીજે દિવસે હસ્તિપાળ, મંત્રી મહારાજને ઘેર ગયો અને પ્રણામ કરીને બેઠો. પછી તેણે ખોટા સિદ્ધને કહ્યું; "મહારાજ! આજે આપ કૃપા કરી મારે ઘેર ભોજન કરવા પધારો." મહારાજ બોલ્યા, "અમ કીસીકે ઘરમેં નહીં જાતા; ઔર દિનમેં ભોજન નહીં લેતા, લેકીન રાત્રીમેં ભોજન લેતાહૂં!" આ ભાવિક માવતે, પોતાની ગજશાળામાં સાયંકાળને વખતે

ભોજન તૈયાર કરાવ્યું અને પેલો જુઠો જોગી મંત્રી, મંત્રની વિદ્યાથી એક સર્પ પકડી, વાસની ભુગળીમાં ઘાલી તે ભુગળી ગુપ્ત રીતે સાથે લઈ, શિષ્ય સહિત તે ભક્તને ઘેર ગયો અને જમ્યો. પછી જ્યારે હસ્તિપાળ પોતાને ઘેર ગયો અને બીજા માણસો પણ સુઈ ગયા ત્યારે મંત્રીએ વાંસની ભુંગળીમાંથી સર્પને બહાર કાઢી, ભદ્રદંત હાથી સુતો હતો તેના કાનમાં મૂકી દીધો; અને તે રાત્રી ત્યાંજ સુઈ રહ્યો ને પ્રભાત થતાં મગધ દેશ તરફ અગિયારા ગણી ગયો. પેલો હાથી સર્પના દંશથી મરણ પામ્યો.

આ રીતે રાજા ધર્મગોપના, ગર્વ જેવા હાથીને મારીને, પોતાનો ચતુર મંત્રી પાછો આવ્યો એટલે ભદ્રબાહુ રાજા ઘણો પ્રસન્ન થયો. પછી ભદ્રબાહુએ વારાણસી રાજાની કન્યા અનંગલીલાનું માગું કરવા માટે ધર્મગોપ રાજાની રાજધાની વારાણસીમાં એક દૂતને મોકલ્યો. તે રાજા હાથીના મરણથી નિરાશ થઈ ગયો હતો તેથી તેણે પોતાની કન્યા ભદ્રબાહુને આપી. સમય ને સમયસૂચકતા જાણનારા રાજાઓ નેતરની માફક નમ્ર બની જાય છે.

"આ પ્રમાણે ભદ્રબાહુ રાજા, પોતાના મંત્રી મંત્રગુપ્તના બુદ્ધિ બળથી, અનંગલીલા સાથે પરણ્યો હતો તો હું પણ બુદ્ધિથી તે સ્ત્રીને મેળવી શકીશ." જ્યારે મૃગાંકદત્તે આ પ્રમાણે કહ્યું, ત્યારે વિચિત્રકથ મંત્રીએ કહ્યું; "મહારાજ! સ્વપ્નામાં મળેલા હારથી તથા શિવજીના અનુગ્રહથી તમારું સર્વ કામ સિદ્ધ થશે. દેવતાઓનો પ્રસાદ કદી નિષ્ફળ જાય ખરો કે? આ વિષય ઉપર હું એક કથા કહું છું તે સાંભળો !

## પુષ્કરાક્ષ અને વિનયવતીની કથા.

પૂર્વે તક્ષશિલા નામની એક નગરી હતી. તેમાં ભદ્રાક્ષ નામનો રાજા રાજ્ય કરતો હતો. તે પુત્રની કામના માટે એકસોને આઠ શ્વેત કમળથી તરવાર ઉપર લક્ષ્મીની ભાવના કરી, તેની દરરોજ પૂજા કરતો હતો. તે પૂજા કરતો ત્યારે મૌન્યવ્રત ધારણ કરતો હતો. એક વખતે એવું બન્યું કે, મનમાંને મનમાં કમળ ગણતાં એક કમળ તેને ઓછું જોવામાં આવ્યું, એટલે તેણે પોતાનું હૃદય કમળ બહાર ખેંચી કાઢી, લક્ષ્મીદેવીને અર્પણ કર્યું. દેવી પ્રસન્ન થયાં અને તેને ચક્રવર્તી પુત્ર થવાનું વરદાન આપ્યું. તેમ રાજાને એવું પણ વરદાન આપ્યું કે, 'તારો દેહ કોઈ દિવસ વિંધાશે નહીં;' એમ કહી તેના હૃદયને જેવું હતું તેવું કરી દેવી અદૃશ્ય થઈ ગયાં. પછી રાજાની પટરાણીએ એક પુત્રને જન્મ આપ્યો. તે પુત્રમાં ચક્રવર્તિના સર્વે લક્ષણો હતાં. હૃદયકમળના પ્રસાદથી આ પુત્રનો જન્મ થયો હતો તેથી રાજાએ તે કુમારનું નામ પુષ્કરાક્ષ પાડ્યુ. વખત જતાં આ ગુણવંત રાજકુમાર તરુણાવસ્થામાં આવ્યો, એટલે રાજા ભદ્રાક્ષે રાજ્ય ઉપર પોતાના પુત્રનો અભિષક કર્યો ને પોતે વનમાં જઇને રહ્યો.

પુષ્કરાક્ષ પણ રાજ્ય મળ્યા પછી હમેશાં શંકરનું પૂજન કરતો હતો. એક દિવસ શિવ પૂજન કરી રહ્યા પછી તેણે શિવ પાસે સ્ત્રીની માંગણી કરી; ત્યારે આકાશવાણી થઈ



કે, "હે પુત્ર ! તારી ઈચ્છા પ્રમાણે સર્વ વસ્તુ તને મળશે." એ આકાશવાણી સાંભળી રાજકુમાર ઘણો પ્રસન્ન થયો ને વિજય માટે સારી આસ્થા બંધાઈ. એક દિવસે પોતાના મનને પ્રસન્ન કરવા માટે તે મૃગયા રમવા વનમાં ગયો, ત્યાં તેણે જોયું તો એક સર્પ સર્પણિનું જોડું, સંભોગ કરવામાં તલ્લીન થઈ રહ્યું હતું, તેને ખાવા માટે એક ઊંટનું બચ્ચું દોડે છે. તે જોઈ તે રાજા શોકાતુર થઈ ગયો અને તેણે, જોતજોતામાં ઊંટને મારી નાંખ્યું. મારતાંવારજ તે ઊંટ પોતાનું સ્વરૂપ બદલી એક કાંતિમાન્ વિદ્યાધર બની ગયો; અને તે રાજા ઉપર પ્રસન્ન થઈ તેને કહેવા લાગ્યો; "તમે મારા ઉપર ઉપકાર કર્યો છે તેથી હું તમને જે કહું છું તે તમે સાંભળો."

## ઉંટ કહેલો સ્વદોષ.

મહારાજ ! રંકુમાલી નામનો એક ઉત્તમ વિદ્યાધર છે અને તારાવલી નામની એક સ્વરૂપ સૌંદર્યવાન વિદ્યાધરની કન્યા છે. એ કન્યા તરુણ રંકુમાલીના રૂપ ઉપર મોહીત થઇ, તેના ઉપર આશક પડી, તેને પોતાના પતિ તરીકે પસન્દ કીધો અને સ્વેચ્છાથી બન્ને જણાં પરણ્યાં. પણ તેથી તે કન્યાના પિતાએ કોપ કરીને કેટલાએક કાળપર્યંત તેઓને વિરહ કરાવનારો શાપ દીધો. પછી તારાવલી અને રંકુમાલી બન્ને જણાં પરસ્પર પ્રેમરસમાં લદબદ થઈને પોતાના તાબાની નવી નવી ભૂમિઓમાં વિહાર કરતાં હતાં.

એક દિવસે શાપબલના પ્રતાપથી તેઓ એક જંગલમાં, એક બીજાની નજરથી દૂર થઈ ગયાં. તારાવલી પોતાના પતિને ધીમે ધીમે શોધતાં શોધતાં, પશ્ચિમ તરફના સાગરના કિનારા ઉપર આવેલા એક સિદ્ધાશ્રમપર જઈ ચઢી. તે વનમાં તે સ્ત્રીએ મોટાં જાંબુનું એક વૃક્ષ દીઠું. આ વૃક્ષ નવપલ્લવ થઈ રહ્યું હતું અને ગુંજારવ કરતા ભ્રમરાઓથી ભરપૂર, જાણે પ્રેમવડે અતિથીઓને શાંતિ આપતું હોય એવું, દેખાતું હતુ. ત્યાં જઈ તે વિદ્યાધરીએ ભ્રમરીનું રૂપ ધારણ કર્યું ને વિશ્રામ લેવા માટે તે વૃક્ષના એક પુષ્પ ઉપર બેઠી અને તે પુષ્પમાંથી મધપાન કરવા લાગી. કેટલાએક દિવસ વિત્યા બાદ, તેજ પ્રદેશમાં દૈવયોગે તેનો પ્યારો આવી પહોંચ્યો. તેને જોઈ ભ્રમરી બનેલી તે વિદ્યાધરી આનંદમાં ઉભરાઈ ગઈ અને તેને લીધે જે પુષ્પ ઉપર પોતે બેઠી હતી, તે પુષ્પપર વીર્યથી દ્રવિત થઈ ગઈ. એથી તે પુષ્પ ભીંજાઈ ગયું. પછી તે વિદ્યાધરી ભ્રમરીનું શરીર ત્યાગ કરી, ચન્દ્રીકા જેમ ચન્દ્રની સાથે જઈ મળે છે, તેમ પોતાની શોધમાં ફરતા રંકુમાલીને જઈ મળી, અને પછી તે વિદ્યાધરની સાથે પોતાને ઘેર ગઈ.

અહીંયાં વનમાં તેના વીર્યથી સીંચાએલા પુષ્પમાંથી એક જાંબુનું ફળ ઉત્પન્ન થયું. તે ફળની અંદરથી સમયના યોગે કરીને એક કન્યા પ્રકટ થઈ. દેવતાઈ લોકોનું વીર્ય નિષ્ફળ જતું નથી, પણ તેમાંથી ફળોપત્તિ અવસ્ય થાય છે. એક વખતે વિજીતાસ નામના મુનિ, ફળ મૂળ શોધતાં શોધતાં તે જાબુના વૃક્ષ નિચે પધાર્યા. એવામાં તે જાંબુના વૃક્ષ ઉપરથી, પેલું ફળ પાકી ગયું

હતું તે જમીન ઉપર પડ્યું. ફળ જમીન ઉપર પડતાની સાથેજ તેના બે કટકા થઇ ગયા અને તેમાંથી એક દિવ્ય કન્યા નિકળી આવી. તે કન્યાએ મુનિની સમીપમાં જઈ, વિનયથી નમ્રતાપૂર્વક પ્રણામ કર્યા. પેલા મુનિ, જેને દિવ્ય દૃષ્ટિ હતી ને જેના પ્રતાપથી તે સર્વ વસ્તુને યથાસ્થિત જોઈ શકતા હતા, તેઓ આ કન્યાનું પૂર્વ વૃત્તાંત જાણીને ઘણા આશ્ચર્ય પામ્યા. પછી તે કન્યાને પોતાના આશ્રમમાં લઈ ગયા, અને તે કન્યાનું **વિનયવતી** એવું નામ પાડ્યું. કેટલોક કાળ વિત્યા બાદ, આ કન્યા મોટી થઈ. એક સમયમાં હું આકાશ માર્ગે તેના આશ્રમ તરફથી જતો હતો, તેવામાં તે નવયૌવન કન્યાનાં મને દર્શન થયાં. આ વખતે હું તેના રૂપના ગર્વથી અને કામથી મોહિત થઈ ગયો હતો, તેથી તેના આશ્રમમાં ગયો, અને તે કન્યાને મારી સાથે આવવાનું કહ્યું. જ્યારે તે કન્યાએ ના પાડી, ત્યારે હું તે કન્યાનું બલત્કારે હરણ કરવા તત્પર થયો, એટલે તે કન્યા ચીસ પાડી ઉઠી. તે સાંભળી જીતેંદ્રિય મુનિ ક્રોધિષ્ટ થઈ ગયા ને કન્યાની પાસે આવી મને શાપ દીધો કે; "અરે રાજા ! તું રૂપના મદમાં છકી ગયો છે, માટે જા, તું સઘળા અંગમાં કદરૂપો ઊંટ જન્મ. જ્યારે **પુષ્કરાક્ષ** રાજા તને મારશે, ત્યારે તું ઊંટની જાતિમાંથી છુટીશ અને શાપમાંથી મુક્ત થઇશ; અને તેજ રાજા આ **વિનયવતીનો** પતિ થશે."

આ પ્રમાણે તે મુનિએ મને શાપ દીધો. પછી હું પૃથ્વી ઉપર ઊંટ થઇને અવતર્યો હતો, તેમાંથી આજે તમારા પ્રતાપથી મારા શાપનો અંત આવ્યો છે. પશ્ચિમ સાગરના સામા કિનારા ઉપર સુંગધી પવનથી બહેકી રહેલું સુરભિમારુત નામનું એક ઉત્તમ વન છે, ત્યાં આપ પધારો. ત્યાંથી તમને લક્ષ્મીરૂપ અને ગર્વને હઠાવી દેનારી એક સુંદર દિવ્ય કન્યા પ્રાપ્ત થશે."

આ પ્રમાણે **પુષ્કરાક્ષને** કહી, તે વિદ્યાધર સ્વર્ગ તરફ ચાલ્યો ગયો. પછી **પુષ્કરાક્ષ** પોતાની નગરીમાં આવ્યો અને પોતાનું રાજપાટ મંત્રીઓને સોંપી, પોતે એકલો, ઘોડેસ્વાર થઈ, રાત્રિએ ચાલી નિકળ્યો. લાંબે સમયે તે પશ્ચિમ સાગરના કિનારાપર આવ્યો. ત્યાં તેણે સ્વગત વિચાર કીધો કે, "હું આ સાગરને શી રીતે તરી શકીશ ?" પણ તે જ્યાં આમ વિચાર કરે છે, એવામાં એકાંતસ્થળમાં રહેલું એક **ચંડિકાદેવીનું** મંદિર તેના જોવામાં આવ્યું. ત્યાં જઈ તેણે જળમાં સ્નાન કરી, દેવીના મંદિરમાં પ્રવેશ કરી, દેવીને પ્રણામ કીધા. તે મંદિરમાં કોઇએ મુકેલી એક વીણા તેની દષ્ટે પડી, તે વીણાને આદર સહિત ઉપાડી લઈ, સ્વકૃત દેવીના ગુણાનુવાદનાં ભજન ગાઈ, તે રાજા વીણા વગાડવા લાગ્યો. થોડીવારે તે નિદ્રાવશ થઈ ગયો. વીણાનો મધુર ધ્વનિ સાંભળી દેવી એટલાં બધાં પ્રસન્ન થઈ ગયાં કે તે રાત્રિમાંજ, પોતાના ગણ મારફતે તે રાજાને સમુદ્રને સામે કિનારે પહોંચાડી દીધો.

પ્રભાતમાં ઉઠીને રાજા જુવે છે તો પોતે સમુદ્રને સામે કિનારે, દુર્ગાના મંદિર આગળ નહીં, પણ એક અરણ્યમાં પડેલો છે. તેથી તે બહુ આશ્ચર્ય પામ્યો. પછી ત્યાંથી ઉભો થઇને આસપાસ ફરવા લાગ્યો તો ફળના ભારથી લચી ગયલાં તરુવરોવડે જાણે પ્રણામ કરતું હોય એવું અને પક્ષીઓના કલ્લોલ શબ્દવડે જાણે આગતસ્વાગત કરતું હોય એવું, એક મન્દિર તેના



જોવામાં આવ્યું. **પુષ્કરાક્ષે** તે મન્દિરમાં પ્રવેશ કીધો, તો ત્યાં તેને શિષ્ય મણ્ડળીથી વિટાંયેલા એક મુનિનાં દર્શન થયાં. તે રાજાએ, તે ઋષિની પાસે જઈ પ્રણામ કર્યાં. તે મુનિ, જેને ભૂત ભવિષ્યનું સર્વ જ્ઞાન હતું તેણે **પુષ્કરાક્ષનો** સારી રીતે અતિથિ સત્કાર કર્યો ને પછી બોલ્યા; "રાજા **પુષ્કરાક્ષ** ! **વિનયવતી**, કે જેને માટે તું આવ્યો છે, તે હમણાં યજ્ઞના કાષ્ટ લેવા માટે વનમાં ગઈ છે; તું જરા વિશ્રામ કરઃ તે આવે એટલે હવણાં જ તે કન્યાનાં તારી સાથે લગ્ન કરીશ, કેમકે એ તારી પૂર્વ જન્મની સ્ત્રી છે." આ પ્રમાણે તે મુનિએ કહ્યું તે સાંભળી તે રાજા પ્રસન્ન થઈ સ્વગત બોલ્યો; "ધન્ય ! ધન્ય ! એજ તે મહામુનિ **વિજીતાસુ** ! અને આજ તે જંગલ ! બેશક, દેવીએ મને કૃપા કરીને સમુદ્ર ઉતારી આ પાર મૂક્યો જણાય છે. પણ આ મહામુનિ મને કહે છે કે, 'એ તારી પૂર્વ જન્મની સ્ત્રી છે' એ મને અદ્‌ભુતાશ્ચર્યતામાં ગરકાવ કરે છે," પછી તે રાજા, હર્ષાનન્દમાં આવી, મુનિ પ્રત્યે બોલ્યો; "ભગવાન્ ! **વિનયવતી** મારી પૂર્વ જન્મની સ્ત્રી શી રીતે છે ?" તે સાંભળી મુનિ બોલ્યા; "જો, તને સાંભળવાની ઇચ્છા હોય તો સાંભળ."

## પુષ્કરાક્ષ ને વિનયવતીના પૂર્વ જન્મની કથા.

પૂર્વે **તામ્રલીપ્તિ** નગરીમાં **ધર્મસેન** નામનો એક વાણિયો રહેતો હતો. તેની સ્ત્રીનું નામ **વિદ્યુલ્લેખા** હતું. તે પરમ લાવણ્યસંપન્ન હતી. દૈવયોગથી ચોરોએ તે વાણિયાને લુંટી લઈ, હથીઆરવતી જખ્મી કર્યો અને સખત માર માર્યો, તેથી તે વાણિયો મરવા જેવો થઈ ગયો. તે પોતે, પોતાની સ્ત્રી સહિત અગ્નિમાં પડવા માટે ઘરમાંથી બહાર નિકળ્યો. પણ તેઓ જ્યાં ઘર બહાર પગલું મુકે છે, તેવામાં ઓચિંતું એક હંસનું જોડું, આકાશમાર્ગે આવેલું તેમની નજરે પડ્યું. આ જોડાની આકૃતિ ઘણી સુંદર હતી. બળવા માટે જનારાં તે દંપતિ હંસનાં જોડાને જોઈ, તેનું ધ્યાન ધરતાં અગ્નિમાં બળી મર્યાં તેને લીધે તે બન્ને જણાં બીજે જન્મે હંસ અને હંસીરૂપે અવતર્યાં. આ હંસનું જોડું એક દિવસે વર્ષાઋતુમાં, રાત્રિ સમયે ખજૂરીના વૃક્ષ ઉપર પોતાના માળામાં બેઠું હતું, એવામાં એકદમ પવન જોરમાં ફુંકવા માંડ્યો અને તેને લીધે તે ઝાડ મૂળમાંથી ઉખડી ગયું. આ ગડબડાટમાં હંસ એક તરફ ઉડી ગયો ને હંસી બીજી તરફ ઉડી ગઈ, અને રાત્રિના ઘોર અધકારમાં એક બીજા જોઈ શકતાં ન હતાં, તેથી એક બીજાંનો વિયોગ થયો. જ્યારે બીજે દિવસે પવનનું જોર સમ્યું, ત્યારે હંસ, હંસીને શોધવા ગયો, પણ હંસી તળાવોમાં કે કોઈ દિશામાં મળી નહીં. અંતે તે હંસ વિહ્વલચિત્તે, **માનસરોવર**, જે હંસોને રહેવા માટે તે ઋતુમાં મુખ્ય સ્થળ છે, તે તરફ ગયો. જતાં જતાં માર્ગમાં એક બીજી હંસી મળી ગઈ. તેણીએ આશા આપી કે, "ધૈર્યધર, તારી હંસી તને ત્યાંથી જ મળશે!" ત્યાર પછી તે હંસ **માનસરોવરપર** ગયો. પછી તે ને હંસને પોતાની હંસીનો મેળાપ થયો, બંનેએ ચોમાસાની ઋતુ તે સરોવરપર જ ગાળી કાઢી. ચોમાસું વિત્યા પછી હંસ હંસીની સાથે વિહાર કરવા માટે, ગિરિશૃંગપર ગયો. ત્યાં એક પારધીએ તેની હંસીને તીરથી મારી નાખી, ત્યારે ભય અને શોકથી પીડિત થઈ તે હંસ ત્યાંથી પલાયન કરી ગયો અને પેલો પારધી, મરેલી હંસીને લઈ ચાલવા માંડ્યો

રસ્તામાં કેટલાએક શસ્ત્રધારી પુરુષો તેના જોવામાં આવ્યા, તેથી તે પારધી ભય પામ્યો કે, 'રખેને આ લોકો મારી પાસેની આ હંસીને જોય–જોશે તો તેઓ કદાચ તે લેઈ લેશે,' આમ ધારી, પાસેના દાતરડાથી ઘાસ કાપી, જમીન ઉપર તે હંસીને મૂકી, તે ઉપર ઘાસ ઢાંકી દીધું. પેલા શસ્ત્રધારી પુરુષો ત્યાંથી ચાલ્યા ગયા પછી, પારધીએ ઘાસના ગંજ આગળ આવી, હંસીને લેવા માંડી, પણ ત્યાં એવું બન્યું કે તે તૃણોમાં મૃતસંજીની નામની વનસ્પતિ હતી તેનો રસ, ઘાસ નિચે રહેલી હંસીને લાગ્યો એટલે હંસી સજીવન થઈ, તે પારધીના જોતાં જોતાંમાં એકદમ આકાશમાં ઉડી ચાલી ગઈ.

પેલો હંસ, જે પર્વત ઉપરથી ઉડીને નાસી ગયો હતો, તે વિભ્રાંત બની ગયો હતો. તેનું મન પોતાની પ્રિયા ઉપરજ ફર્યા કરતું હતું ને જ્યાં ત્યાં તેનેજ જોયા કરતો હતો અને તેથી મૂઢ બની ગયો હતો, તેને લીધે તે એક તળાવના કિનારા ઉપર બેઠેલા હંસના ટોળામાં જઈ પડ્યો. પણ જેવો તે હંસ તેમાં દાખલ થાય છે તેવીજ એક પારધીએ તે હંસના ટોળા ઉપર જાળ નાખી, સર્વ હંસોને માંસ માટે પકડી લીધા, એવામાં પેલી હંસી જે સજીવન થઈ આકાશમાં ઉડતી ઉડતી જતી હતી, તે પોતાના પતિને શોધતી શોધતી ત્યાં આવી ચઢી અને જુવે છે તો પોતાનો પતિ જાળમાં બન્ધાયલો છે ! તેથી તે ગભરાઈને ચારે તરફ દૃષ્ટિ કરતી તેની મુક્તિ માટે ઉપાય શોધવા લાગી. તેવામાં, એક તળાવના કિનારાપર કોઈ પુરુષે સ્નાનાર્થે જતાં, કપડાપર મુકેલો રત્નજડીત હાર, તેની નજરે પડ્યો. તે હંસી ત્યાં ગઈ ને તે માણસની નજર ચુકાવી, તેનો હાર લઇને આકાશમાં ઉડી ગઈ, અને પેલા પારધીને, રત્નજડીત હાર બતાવી, ધીમે ધીમે ઉડવા લાગી. તે પારધી તે હાર જોઈ લોભમાં પડ્યો, તેથી પક્ષીઓની જાળને પડતી મૂકી, ચાંચમાં હાર લઈ જનારી હંસીની પાછળ, ડંડુકો લઇને દોડ્યો. પેલી હંસીએ ઘણે દૂર એક પર્વત ઉપર જઈ તે હાર ત્યાં મૂકી દીધો, એટલે તે પારધી, તે હાર મેળવવાના લોભથી પર્વત ઉપર ચઢ્યો. પારધીને પર્વત ઉપર ચઢતો જોઈ, હંસી તરત પોતાનો પતિ જ્યાં જાળમાં ફસાઇને પડ્યો હતો, ત્યાં આવીને એક ઝાડ ઉપર વાંદરો સુતો હતો, તેની આંખમાં ચંચુનો પ્રહાર કર્યો. તે વાંદરો, આંખમાં પ્રહાર થવાથી ચમકીને ઉઠ્યો અને આસપાસ જુવે છે તો ઝાડ નિચે હંસથી ભરાયલી જાળ દીઠી, એટલે તુરત ક્રોધમાં તે જાળ ઉપર પડીને તેને તોડી વીખી નાખી, જેથી તે જાળમાં સપડાયલા સર્વ હંસો, ઝટ-ઝટ ઉડી ગયા અને પેલો હંસ અને હંસી બન્ને જણાં એકઠાં મળ્યાં અને એક બીજાએ પોતપોતાની વિતકવાર્તા કહી બતાવી. પછી તે દમ્પતી, ઘણાં પ્રસન્ન થઈ, પોતાની ઇચ્છા પ્રમાણે વિહાર કરવા લાગ્યાં.

હવે પેલો પારધી પર્વત ઉપરથી રત્નજડીત હાર લઈ, પક્ષીઓ લેવાના લોભને લીધે તે તળાવની પાળ તરફ જ્યાં પાછો આવે છે તેવો, જેનો હાર હંસીએ હરી લીધો હતો તે પુરુષ હાર શોધતો શોધતો ત્યાં આગળ આવ્યો હતો. તે પુરુષને જોઈ પારધી ગભરાટમાં પડી ગયો એટલે તે પુરુષ ચેતી ગયો કે આ માણસેજ મારો હાર ચોર્યો છે! તેણે તેની તપાસ કરી, તો પારધી પાસેથી હાર નિકળ્યો એટલે તરવારવતી તેણે તેનો જમણો હાથ કાપી નાંખ્યો.



એક સમયે પેલું હંસનું જોડું, એક કમળને પોતાની છત્રી બનાવી, મધ્યાહ્ન સમયે તળાવ-માંથી બહાર નિકળી, આકાશમાં ફરવા લાગ્યું. ફરતાં ફરતાં એક ક્ષણમાં તે જોડું એક નદીના કિનારા ઉપર જઈ ચઢ્યું. આ નદીના કિનારા ઉપર એક મુનિ, શિવલિંગના પૂજનમાં લીન થઈ ગયા હતા, તેવામાં એક પારધીએ, ધનુષ સાંધી પેલા હંસના જોડાપર તીર ફેંક્યું, એટલે તે જોડું તરત જમીન ઉપર પડ્યું અને તેજ વખતે તેની છત્રીનું કમળ, જ્યાં પેલા મુનિ શિવનું પૂજન કરી રહ્યા હતા, તેના લિંગ ઉપર પડ્યું. પેલા પારધીએ હંસ અને હંસી બન્નેને ઉપાડી લીધાં ને હંસી મુનિને ભેટ આપી, હંસ પોતે લઇને ચાલતો થયો. પેલા મુનિએ તે હંસીના માંસથી શિવનું પૂજન કર્યું.

શંકરના મસ્તક ઉપર જે કમળ પડ્યું હતું તેના પ્રતાપથી, હે પુષ્કરાક્ષ ! તું હંસ હતો તે હવણાં રાજાના કુળમાં જન્મ્યો છે અને હંસીના માંસથી મુનિએ શિવનું પૂજન કર્યું, તેથી તે હંસી હવણાં વિદ્યાધરના કુળમાં જન્મી છે.

આ પ્રમાણે વિજીતાસુ મુનિએ તેને પૂર્વજન્મ શ્રવણ કરાવ્યો, એટલે પુષ્કરાક્ષ રાજા, પુનઃ બોલ્યો; "હે મહારાજ ! અમે બન્ને જણાએ અગ્નિમાં પ્રવેશ કરી અમારાં પાતકો ધોઈ નાખ્યા છતાં પણ અમારો પક્ષીમાં જન્મ આવ્યો તેનું કારણ શું ?" આ પ્રમાણે પ્રશ્ન કર્યું, તેના ઉત્તરમાં મુનિરાજ બોલ્યા; "જે પ્રાણી મરણ સમયે જે વસ્તુમાં વાસના રાખે છે, તેમાં તેનો જન્મ થાય છે. એ ઉપર એક કથા સાંભળ !"

## લાવણ્યમંજરીની કથા.

ઉજ્જયની નામની એક નગરી છે. તેમાં પૂર્વે એક નિષ્ઠાવાળી અને બ્રહ્મચર્યવ્રત પાળ-નારી લાવણ્યમંજરી નામની એક કુમારીકા રહેતી હતી. એક વખતે કમળોદય નામના તરુણ બ્રાહ્મણને જોઈ તેનું ચિત્ત તેના ઉપર ચોંટ્યું. તે, તેના પ્રેમખટકાંથી અને કામાનલથી પીડા પામવા લાગી; પરંતુ તે બ્રહ્મચારીણિ હતી તેથી તેણે પોતાનો નિયમ છોડ્યો નહીં, પણ તેના પ્રેમનું ધ્યાન ધરતી જ બેસી રહી. થોડે કાળે તેણે ગન્ધવતી નદીના કિનારા ઉપર જઈ, તે તીર્થમાં પોતાનો દેહ ત્યાગ કર્યો. તેનું વિષયવાસનામાં ચિત્ત ચોંટ્યું હતું, તેમ તેનો ને તેનોજ વિચાર કરતાં મરણ થયું હતું, તેથી તે સ્ત્રી બીજે જન્મે, એકલવય નગરીમાં, રૂપવતી નામની વેશ્યા થઈ જન્મી; છતાં તીર્થના પ્રતાપથી અને શીયલવ્રતના મહાત્મ્યથી, પૂર્વજન્મનું તેને સ્મરણ રહ્યું હતું. તેણે બીજા જન્મમાં ચોડકર્ણ નામના એક મંત્ર જપીઆ બ્રાહ્મણ પાસે, પોતાના પૂર્વજન્મનું ચરિત્ર એકાંતમાં વર્ણવી બતાવ્યું; ત્યારે તે જપીઆએ ઉપદેશ આપ્યો કે, તારે દ્રઢનિષ્ઠાથી ( પરમાત્માનો ) જપ કરવો. આ પ્રમાણે એકચિત્તે ઇશ્વરનું મનન કરવાથી, છેવટે તે સ્ત્રી, વેશ્યા હતી તથાપિ તેના વિચાર શુદ્ધ હતા તેથી સદ્ગતિને પામી હતી.

"માટે હે રાજા ! જે માણસનું મન જેમાં ચોંટે છે, તે માણસ તદ્રતાને પામે છે !" આ પ્રમાણે કહી તે મુનિએ રાજાને સ્નાનાર્થે મોકલ્યો અને પોતે મધ્યાહ્નનું કર્મ પૂર્ણ કરી

લીધું. રાજા પુષ્કરાક્ષ, વનમાંની નદીના કિનારા ઉપર જાય છે, એવામાં ત્યાં વિનયવતીને ફુલ વીણતી દીઠી. તે વિનયવતી, પૂર્વના જોયેલા ગાઢા વનમાં આશ્ચર્યથી આવેલી જાણે તેજસ્વી સૂર્યની ક્રાંતિ હોયનીસુ તેવી, પોતાના અંગરંગથી શોભતી હતી. આવી અનુપમ કન્યાને જોઈ, તે રાજા અતિ ઉત્કંઠિત થઈગયો ને આ તે કોણ છે એવો પ્રશ્ન કરતો આશ્ચર્ય પામી ગયો. એટલામાં તો વિનયવતીને પોતાની વિશ્વાસુ સખી પ્રત્યે બોલતી સાંભળી કે;–

"અલિ બેનડી! પૂર્વે જે વિદ્યાધર મને હરણ કરવા માટે ઇચ્છતો હતો, તે આજ શાપમાંથી મુક્ત થઈ ગયો છે. તેણે કહ્યું છે કે, આજે તારો પતિ અત્રે આવશે!" તે સાંભળી તેની સખી, મુનિ કન્યાને કહેવા લાગી; "અલિ સખીરી! તારું કહેવું સત્ય છે. આજ વિજીતાસુ મુનિ પણ, પ્રભાતમાં મારા સાંભળતાં પોતાના મંજુકેશા નામના શિષ્યને કહેતા હતા કે; 'વત્સ! જા જલદી ને તારાવલી ને રંકુમાલીને સત્વર તેડી લાવ; કેમકે આજે નિશ્ચય વિનયવતી અને પુષ્કરાક્ષનો વિવાહ થશે!' આ પ્રમાણે ગુરુએ મંજુકેશાને આજ્ઞા કરી એટલે તે શિષ્ય, 'જેવી ગુરુજીની આજ્ઞા' એમ કહીને તારા માત પિતાને તેડવા ગયો છે. માટે સખિરી! ચાલ સત્વર આપણે પણ હવણાં આશ્રમમાં જઈએ."

આ પ્રમાણે સખીએ કહ્યું એટલે વિનયવતી વનમાંથી આશ્રમ તરફ ચાલતી થઈ. પુષ્કરાક્ષ છેટે છુપાઈ રહ્યો હતો, તેણે આ સર્વ વાર્તા સાંભળી હતી, તેથી તેનું અંગ કામાનલમાં બળતું હોય ને તેને ઠંડુ પાડવા જાણે ઈચ્છતો હોય, તે પ્રમાણે નદીમાં સ્નાન કરવા ગયો. સ્નાન પૂજન કરી રહ્યા પછી તે વિજીતાસુ મનિના આશ્રમમાં આવ્યો. ત્યાં તારાવલી અને રંકુમાલી બન્ને જણા આવીને સાથે ઉભા હતાં. તે બેને જોઈને પુષ્કરાક્ષે પ્રણામ કર્યાં. દંપતિએ પુષ્કરાક્ષની પૂજા કરી અને મુનિમંડળ તેની આસપાસ વિંટાઈ વળ્યું. ત્યાર બાદ બીજા મૂર્તિમાન અગ્નિ જેવા તેજસ્વી વિજીતાસુ મહર્ષિના તેજથી ઝળહળાટ તેજસ્વી જણાતી વેદિકા ઉપર, વર કન્યાને બેસારી, રંકુમાલીએ પોતાની પુત્રી વિનયવતીનું પુષ્કરાક્ષને દાન આપ્યું, અને આકાશમાં ફરનારો એક રથ પહેરામણીમાં આપ્યો, અને વિજીતાસુ મુનિએ તેને આશીર્વાદ આપ્યો કે, "તું આ કન્યાની સાથે, ચાર સમુદ્રની કટીમેખળાવાળી પૃથ્વી ઉપર એકેચક્રે રાજ કરજે!" આ પ્રમાણે વરદાન મળ્યા પછી, પુષ્કરાક્ષ, તે મુનિની આજ્ઞા લઈ, નવી વહુની સાથે, આકાશગામી દિવ્ય વિમાનમાં બેસી, એકદમ સમુદ્ર ઓલંઘી, પોતાની નગરીમાં આવ્યો. તે સમે, કાર્યભારી મંડળ પોતાના રાજાનાં દર્શન કરી અતિ આનંદ પામ્યું અને રાજાનો રુડી રીતે સત્કાર કર્યો. રાજા પોતાની રાજધાનીમાં થોડા દિવસ નિવાસ કરી, આકાશચારી રથના બળથી સમગ્ર પૃથ્વીને તાબે કરી, પોતે ચક્રવર્તી રાજા થયો અને પછી તે રાજા, નવી વહૂ વિનયવતીની સાથે રહી, બહુ વર્ષપર્યંત વૈભવ ભોગવવા લાગ્યો.

"તેમજ હે મહારાજ! કામ ઘણું મુસ્કેલ હોય, તોપણ દૈવ સાનુકૂળ હોય તો તે કામ પોતાની મેળેજ સિદ્ધ થાય છે. માટે મહારાજ! તમે નિશ્ચય રાખો કે, દેવ શંકરે



સ્વપ્નમાં આપને જેમ જણાવ્યું છે તે તે જ પ્રમાણે તમારું કાર્ય સિદ્ધ કરશે!" જ્યારે મૃગાંકદત્તે પોતાના નિપુણ મંત્રીના મુખથી, આ અદ્ભુતાશ્ચર્યજન કરનારી જનમનરંજન કથા સાંભળી, ત્યારે તે પોતાની પ્રાણવલ્લભા શશાંકવતિને મેળવવામાં અત્યંત તલપાપડ થઈ ગયો, અને પછી પોતાના મંત્રીમંડળ સાથે ઉજ્જયનિમાં જવાનો નિશ્ચય કીધો.

## તરંગ ૩ જો.

### મૃગાંકદત્તનો ઉજ્જયનિ નગરી તરફ પ્રવાસ.

વૈતાલે વર્ણવેલી ઉજ્જયનિના રાજા કર્મસેનની પુત્રી શશાંકવતીને મેળવવાની આશાથી, રાજકુમાર મૃગાંકદત્તે, પોતાના મંત્રીઓ સાથે વિચાર કર્યો કે, આપણે સઘળા મહાવ્રતિનો વેશ લઈ, આપણા નગરમાંથી ગુપ્ત રીતે બહાર નિકળી ઉજ્જયનિમાં જઈએ તો ઠીક. આ વિચાર કર્યા પછી રાજકુમાર મૃગાંકદત્તે પોતાના મંત્રી ભીમપરાક્રમને ખાટલાની ઇસ, ખોપરી આદિ મહાવ્રતિને લાયક સામગ્રી લઈ આવવાની આજ્ઞા કીધી. આ વાર્તા મૃગાંકદત્તના પિતાના મુખ્ય મંત્રીએ, એક પ્રણિધિ મારફતે જાણી કે, ભીમપરાક્રમે આ સર્વે ચિન્હો આણી ઘરમાં મૂકી છે. એવું બન્યું કે તે મંત્રી અકસ્માત કોઈ કાર્ય પ્રસંગે, મૃગાંકદત્તની હવેલી નીચે થઈને જતો હતો, એવામાં મૃગાંકદત્તે ઉપરથી પાનની પીચકારી મારી. તે પીચકારી મંત્રીના અંગપર પડી. રાજકુમારને તો ખબર ન હતી કે નિચે મહામંત્રી જાય છે; પરન્તુ આ વાતની રાજકુમારને જેવી ખબર પડી તેવીજ પોતે પીચકારી મારવી બંધ કરી.* મહામંત્રી ઘેર ગયો અને સ્નાન કર્યું. તેણે જાણ્યું કે મૃગાંકદત્તે પીચકારી ભૂલથી મારી છે, તે છતાં તેના અન્તઃકરણમાં અપમાનના ક્રોધે નિવાસ કર્યો.

બીજે દિવસે, દૈવયોગે રાજકુમારના પિતા અમરદત્તને મરકી થઈ આવી! અણધાર્યો સંધાયલો આ તાકડો બરાબર જોઈ, મંત્રી રાજાની પાસે ગયો અને સમય મળ્યો એટલે એકાંતમાં, એકદમ માંદા પડી ગયેલા રાજાને કહ્યું; "મહારાજ! મને અભયવચન આપો તો હું આપને આ રોગ થવાનું સત્ય કારણ કહી બતાવું!" રાજાએ તેને અભયવચન આપ્યું, ત્યારે તે બોલ્યો; "મહારાજ! આપને એકદમ અધોક થઈ આવી તેથી આપ પીડા પામો છો, માટેજ તમને આ વાત કહુંછું (બાકી કદી ન કહેત). જાણો રાજ, કે આપને મારી નાખવા માટે રાજપુત્ર મૃગાંકદત્તે, ભીમપરાક્રમના ઘરમાં અભિચાર (મારણપ્રયોગ) આરંભ્યો છે. મેં

*પહેલા ફકીરની વાર્તા અરેબીયન નાઈટસમાં છે, તેમાં પણ આવાજ કારણસર તે રાજપુત્રને પોતાના મંત્રી સાથે અણબનાવ થયો હતો.

આ વાર્તા મારા ગુપ્ત ચાર દ્વારા સાંભળી છે અને તેની સાબીતી પ્રત્યક્ષ પણ જણાય છે. દેહમાંથી જેમ વ્યાધિ દૂર કરીએ છીએ, તેમ રાજકુમાર મૃગાંકદત્તને દેશમાંથી દૂર કરી દેશવટો દો, એટલે આપ તુરત સારા થઈ જશો!" આ પ્રમાણે મંત્રીનાં વચન સાંભળી, રાજા એકદમ ભયભીત થઈ ગયો, અને એ વાતની સત્યતાની તપાસ કરવા તત્પર થયો! તેણે પોતાના સેનાપતિને **ભીમ**પરાક્રમને ઘેર મોકલ્યો. સેનાપતિ **ભીમ**પરાક્રમના ઘરમાં ગયો, અને જોયું તો તેના ઘરમાંથી જટા, ખોપરી વગેરે પદાથા મળી આવ્યા, તે લઈને રાજાને બતાવ્યા. એ જોઈ રાજાએ ઘણોજ ગુસ્સો કરી હુકમ કર્યો કે, "કોઈ હાજર! જાવ, રાજકુમાર રાજદ્રોહી છે, માટે સેનાપતિ, તમે જાવ ને આજે જ તેને અને તેના મંત્રીઓને આ નગરીમાંથી એકદમ હાંકી કાઢો!" એ પ્રમાણે ક્રોધે ભરાઈ રાજાએ સેનાપતિને આજ્ઞા આપી. મંત્રિઓ ઉપર વિશ્વાસ રાખનારો કયો રાજા પોતાના મંત્રિઓનાં નિર્દયકૃત્ય જાણી શકે છે? પછી તે સેનાપતિએ મૃગાંકદત્તની પાસે જઈ, રાજાનો હુકમ જણાવ્યો અને મૃગાંકદત્તને, તેના કાર્યભારી સહિત નગરમાંથી એકદમ હાંકી મૂકયો.

રાજકુમાર તો એ હુકમ સાંભલી ખુશી ખુશી થઈ ગયો, કેમકે તેને તો ભાવતું હતું ને વૈદે કહ્યું–જે જોઇતું હતું તેજ મળ્યું. પછી ગણપતિનું પૂજન કરી, માનસીક રીતે માતા અને પિતાનું સ્મરણ કર્યું; અને તે અયોધ્યાનગરીની બહાર નિકળી પડ્યો. તેની સાથે તેના મંત્રિઓ પણ નિકળી પડ્યા. થોડા સમયમાં તો સઘળા અયોધ્યાનગરીથી ઘણે દૂર ચાલ્યા ગયા. પછી મૃગાંકદત્ત રાજકુમારે, પોતાની સાથે આવનારા પ્રચંડશક્તિ આદિ દશ મત્રિઓ હતા, તેઓને કહ્યું; "ભાઇઓ! આપણે આપણી રાજધાની છોડીને બહુ દૂર આવ્યા છીએ, માટે ઉતારા માટે આટલામાં ગોઠવણ કરવાની જરૂર છે. આ જંગલમાં એક **શક્તિરક્ષિત** નામનો કીરાત (ભીલ્લ) રાજા રહેછે. તેણે મારી સાથે વિદ્યાભ્યાસ કર્યો છે, તેથી તે મારો સહાધ્યાયી થાય છે અને વળી મારો બાળસ્નેહી પણ છે. મારા પિતાએ તેના પિતાની સાથે યુદ્ધ કરેલું હતું, તેમાં તેના પિતાનો પરાજ્ય થયો, ત્યારે તેના પિતાને મારા પિતાજીએ કેદ કર્યો હતો, અને તેના રાજ્યનો વહીવટ ચલાવવા માટે મારા પિતાએ એક પ્રતિનિધિ ત્યાં રાખ્યો હતો, અને તેના પિતાને કેદમાંથી મુક્ત કરવા માટે, મેં મારા પિતાને વિનતિ કરી, ત્યારે તેનો છુટકો થયો હતો. વળી જ્યારે તેનો પિતા મરણ પામ્યો, ત્યારે તેના બીજા ભાયાતોએ રાજ્યમાં બખેડો કીધો તે વેળાએ, મારા કહેવાથી મારા પિતાશ્રીએ સૈનીક સહાયતા સાથે તે સહોદર સ્નેહીનો પુનઃપટાભિષેક કીધો હતો. માટે મિત્રો! આપણે સર્વે પ્રથમ ત્યાં ચાલો–પછી આપણે **શશાંકવતિને** માટે ઉજ્જયનિમાં જઇશું." તે વચન સાંભળી, સાથે આવેલા મંત્રિઓ બોલ્યા, 'ઠીક છે, ચાલો!' તુરત કુંવર મંત્રિઓની સાથે ચાલવા માંડયો. ચાલતાં ચાલતાં સાયંકાળનો સમય થયો તે વેળાએ તેઓ એક મોટા જંગલમાં જઈ ચઢ્યા. આ જંગલમાં ઝાડ અને જલ જેવું કંઇ પણ નહતું, તેથી તે સર્વે જળાશયની શોધ કરવા લાગ્યા. મહાપ્રયાસે એક તળાવ તેમની નજરે પડયું. તેના કિનારા ઉપર એક સુકાયલું વૃક્ષ ઉગ્યું હતું.



તે તળાવના પાણીમાં સ્નાન કરી, સાયંસન્ધ્યા વિગેરે કર્મ કરી, ટીમ્મણ કરી લીધું, પછી જળપાન કર્યું, અને માર્ગના થાકેલા હતા તેથી રાજકુમાર તથા તે મંત્રિઓ સઘળા તે સૂકા વૃક્ષની નીચે સૂઈ ગયા.

તે દિવસે શુક્લ પક્ષ હતો, તેથી ચન્દ્રમાની કાંતિથી રાત્રી સફેદ રંગની દીસતી હતી, અને ચોમેર સઘળું દેખાય તેમ હતું. રાજકુમાર રાત્રીમાં જાગ્યો ને જોવા લાગ્યો તો જે સૂકાયલા વૃક્ષ નીચે પોતે સુતો હતો, તે વૃક્ષને નવાં પાંદડાં, પુષ્પ અને ફળ ઉગેલાં જોવામાં આવ્યાં. તેનાપરના જે ફળ પાકેલાં હતાં તે ઉપરથી નીચે પડયાં. એ જોઈ તે જ વખતે પોતાના મંત્રી મિત્રોને જાગૃત કીધા અને તેઓને આ અદ્દભુત ચમત્કાર બતાવ્યો! મંત્રિઓ આ સર્વ અદ્દભુત બનાવ જોઈ આશ્ચર્ય પામ્યા. તેઓ સર્વે ભુખ્યા ડાંસ જેવાં હતા, તેથી તે વૃક્ષનાં ઘણાં મીઠાં ફળ ખાવા મંડી પડ્યા! જોતજોતામાં તે શુષ્કવૃક્ષ મટીને એક તરુણ બ્રાહ્મણરૂપ થઇ ગયું! ઇશ્વરી કર્તવ્ય અકલિત છે, હોય છે શું ને થાય છે શું. આમ થયું જોઈ, મૃગાંકદત્ત આશ્ચર્ય પામી, તે તરુણ બ્રાહ્મણને પૂછવા લાગ્યો; "ભાઇ! તું કોણ છે?" તે બ્રાહ્મણ બોલ્યો;–

## શ્રુતધિ સાથે સમાગમ.

અયોધ્યા નગરીમાં દમધિ નામનો એક ઉત્તમ બ્રાહ્મણ રહેતો હતો. હું તેનો પુત્ર છું. મારું નામ શ્રુતધિ છે. એક વખત દુષ્કાળ પડયો, તેમાં મારી માતા મરણ પામી, એટલે શોકને લીધે હું ને મારા પિતાજી નગર તજી નિકળ્યાં ને પૃથ્વી ઉપર ફરતા ફરતા આ સ્થળ ઉપર આવી પહોંચ્યા! મારા પિતા લાંઘણ ખેંચવાથી ઘણા દુર્બળ અને અશકત થઈ ગયા હતા, તેથી ફરતાં ફરતાં અમે અહીં આવ્યાં, ત્યારે કોઇએ તેને પાંચ ફળ આપ્યાં. તેમાંથી ત્રણ મને આપી, બે ફળ પોતાને માટે રાખી, તે સ્નાન કરવા માટે તળાવપર ગયા. તેના જવા પછી હું, મને આપેલાં ત્રણ ફળ અને પિતાનાં બે ફળ–એમ સઘળાં ફળ ખાઈ ગયો અને ઢોંગ કરી પોઢી ગયો. થોડીવાર પછી મારા પિતા સ્નાન કરીને આવ્યા અને પોતાનાં બે ફળ લેવા જાય છે તો તે દીઠા નહીં. તેમણે મારા તરફ જોયું. હું તો કપટથી નિદ્રાવશ થઇ લાકડાની માફક જડ બની ગયો હતો, તે જોઇ, તેણે જાણ્યું કે, એ નિદ્રાનો ઢોંગ કરે છે, માટે તેને શિક્ષા કરું! આમ ધારી મને શાપ દીધો કે; "તું આ તળાવના કિનારા ઉપર શુષ્કવૃક્ષ બની જા. જ્યારે કોઈ વખતે રાત્રીને સમયે તારી નીચે અતિથિઓ આવશે, અને અજવાળી રાત્રીએ ચાંદનીના પ્રકાશ વચ્ચે તારામાં પાંદડાં ફૂટશે અને ફળો આવશે, અને તું તારાં ફળોથી તે અતિથિઓને તૃપ્ત કરીશ, ત્યાર પછી તારો શાપ નાશ પામશે!" આ પ્રમાણે મને પિતાએ શાપ દીધો, ત્યારથી હું અહીં શુષ્કવૃક્ષ થઇને પડયો હતો. આજ તમે મારાં ફળ ખાધાં, તેથી ઘણે દિવસે શાપમાંથી હું મુક્ત થયો છું.

આ પ્રમાણે શ્રુતધિએ પોતાનું વૃત્તાંત રાજકુમારને કહી બતાવ્યું, પછી તેણે રાજકુમારને પૂછ્યું; "તમે કોણ છો અને કયાં જાઓ છો?" તેના ઉત્તરમાં મૃગાંકદતે પોતાનું ચરિત્ર તેને કહ્યું. શ્રુતધિએ તેનું સર્વ ચરિત્ર સાંભળી, પોતે નીતિકુશળ હતો અને પોતાને કોઈ સગુંવહાલું નહોતું તેથી રાજકુમારને કહ્યું કે, જો ઇચ્છા હોય તો તમારી સેવામાં હું હાજર છું! મૃગાંકદત્તે ઘણા

સ્નેહથી તેનો સ્વીકાર કરી, તે રાત્રિ તે જ તળાવના કિનારા ઉપર ગાળી કાઢી. બીજે દિવસે મૃગાંકદત્ત, શ્રુતધિ તથા મંત્રિયોની સાથે પ્રવાસે નિકળ્યો. ચાલતાં ચાલતાં એક કરિમંડિત * નામના ગાઢા જંગલમાં જઈ ચઢ્યો. ત્યાં મોટી જટાવાળા અને કદ્રૂપા પાંચ પુરુષો તેના જોવામાં આવ્યા, જેને જોઈ રાજકુમાર અને તેની સાથેના મિત્રો આશ્ચર્ય થઈ ગયા. તે પાંચ પુરુષો વિવેક સહિત રાજકુમાર મૃગાંકદત્તની સમીપમાં આવીને બોલ્યા;

"મહારાજ, અમારો કાશીપુરીમાં, બ્રાહ્મણને ઘેર જન્મ થયો છે. અમે અમારું જીવન ગાય ઉપર ચલાવતા હતા, પણ અમારા દેશમાં દુકાળ પડ્યો તેને લીધે તે દેશમાં તૃણનો નાશ થયો એટલે અમારી ગાયો લઈ, ત્યાંથી આ નિર્જનવનમાં આવીને વસ્યા છીએ. અમને આ વનમાં એક સુંદર જળથી ભરેલી વાવ મળી છે. તેના કિનારા ઉપર ત્રિફળાનાં † વૃક્ષ છે. એ વૃક્ષ પરથી હમેશાં તે ફળો વાવમાં પડે છે, જેને લીધે વાવનું જળ રસાયણ રૂપ બની ગયું છે. તેનું પાન કરતાં અને ગાયોનું દુધ પીતાં પીતાં અમને આ એકાંતમાં એકસો પાંચ વર્ષ વીતી ગયાં છે, તેથી અમે આવા કદરૂપા થઈ ગયા છીએ. તમે તો અમારે ઘેર પરોણા આવ્યા છો, માટે અમારા દેવ સમાન છો. કૃપા કરી હવણાં અમારા આશ્રમમાં પધારો."

આ પ્રમાણે ગોપાળોએ, મૃગાંકદત્તને વિનતિ કરી, એટલે તે પોતાના મંત્રિયો સહિત તેમના આશ્રમમાં ગયો. પેલા ગોપાળોએ તે દિવસે પરોણાઓને દુધપાક જમાડ્યો. બીજે દિવસે પ્રભાતમાં ઉઠીને, મૃગાંકદત્ત તથા મંત્રિયો ત્યાંથી આગળ ચાલ્યા. માર્ગમાં બીજાં પણ કેટલાંએક કૌતુક જોતાં જોતાં, ક્રમે ક્રમે મૃગાંકદત્ત પોતાના મિત્ર ભિલ્લરાજના દેશમાં જઈ પહોંચ્યો.

## શક્તિરક્ષિત ભિલ્લના સમાગમની કથા.

પછી રાજકુમારે આગળથી પોતાના મિત્ર કીરાતરાજ શક્તિરક્ષિતને પોતાના આવવાના સમાચાર જણાવવા માટે શ્રુતધિને મોકલ્યો. શ્રુતધિએ ભિલ્લરાજની પાસે જઈ, મૃગાંકદત્તના આવવાના સમાચાર કહ્યા. તે ભીલ્લનો રાજા, મૃગાંકદત્તના આવવા આગમચ, નગર બહાર નિકળી, તેને સામૈયે આવ્યો અને તેને પ્રણામ કરી, તેને તથા તેના મિત્રોને પોતાના નગરમાં તેડી જઈ, એક સુંદર મહેલમાં ઉતારો આપ્યો. ત્યાં તેની સારી રીતે પરોણા ચાકરી કરી, પછી તેને આવવાનું કારણ પૂછ્યું. રાજકુમારે પોતાના આવવાનું કારણ જણાવી, કેટલાએક દિવસ ત્યાં જ રહ્યો. પછી તેણે ભિલ્લ રાજા શક્તિરક્ષિતને કહ્યું; "સમય ઉપર અમારે તમારી સહાયતા જોઇશે તે તમે અમને આપશો ?" ભિલ્લરાજે કહ્યું; "હું સહાય કરવાને સદા તૈયાર છું !" આમ વાતચિત થઈ રહ્યા પછી તેની રજા લઈ, તેને સહાય કરવા માટે તૈયાર બનાવી, શશાંકવતી ઉપર આશક બનેલો રાજકુમાર, શુભ દિવસે, દશ મંત્રી અને શ્રુતધિ અને પોતે મળી કુલ બાર જણા, તે નગરીથી ઉજ્જયિનિ નગરી પ્રત્યે જવા માટે નિકળી પડ્યા.

* કરી=હાથી; મંડિત=શોભિત. હાથીથી શોભિત જંગલ. † ત્રિફળાઃ હરડાં, બેડાં ને આંબળાં.



## એક તપસ્વીનો સમાગમ.

માર્ગમાં જતાં એક વેરાન અરણ્યમાં સર્વ જઈ ચઢ્યા. ત્યાં એક વૃક્ષની નીચે ભસ્મ, મૃગચર્મ સહિત જટાધારી એક તપસ્વી બેઠો હતો તે નજરે પડ્યો. આવા ઉજ્જડ અરણ્યમાં તે જોગીને જોઈ, મૃગાંકદત્ત પોતાના મિત્રમંડળ સહિત તેની પાસે ગયો ને પૂછ્યું; "મહારાજ! આપ એકલા આ આશ્રમ રહિત ઊજ્જડ વનમાં કેમ વસો છો? " તે તપસ્વી બોલ્યો; "હુ તો એક મોટા ગુરુનો ચેલો છું. મારા ગુરુનું નામ શુદ્ધિકીર્તિ છે. હું મારા ગુરુની પાસેથી જૂદી જૂદી ઔષધિ અને મંત્રની સિદ્ધિ શિખ્યો છું. એક વખતે મને એક બત્રિશ લક્ષણો ક્ષત્રિય કુમાર મળ્યો, એટલે મેં તેની સાથે મૈત્રી કરી, તેના શરીરમાં મારો આવેશ કર્યો. પછી મેં મારા આવેશવાળા તે કુમારપ્રતિ પ્રશ્ન કર્યું, એટલે તેણે સિદ્ધ ઔષધિના રસના ક્ષેત્રો બનાવ્યાં અને મને કહ્યું કે, "અહીંથી ઉત્તર દિશા તરફ આવેલ વિંધ્યાટવીની ઉત્તર દિશા તરફ આવેલા એક પ્રદેશમાં એક શિશપાવૃક્ષ* છે. તે વૃક્ષની નીચે નાગરાજનું એક મોટું સુંદર ભવન છે અને મધ્યાહ્નને સમયે, જ્યારે તે શિશપા વૃક્ષ નીચે હંસનાં જોડાંઓ રમે છે ત્યારે ભીની ધૂળમાંથી મંત્રવડે પાણી ઉત્પન્ન કર્યાં પછી તે સ્થાન દેખાય છે અને તેમાંથી તે નાગભવન દેખાય છે. તે નગરમાં પારાવત નામનો એક બળવાન્ સર્પરાજ રાજ્ય કરે છે. તે સર્પ સર્વ સર્પોમાં મોટો ગણાય છે. તેને દેવાસુર નામના સંગ્રામમાંથી એક અનુપમ તરવાર મળી હતી. તે તરવારનું નામ વૈડુર્યકાંતિ છે. જે મનુષ્ય તે તરવાર મેળવે છે તે સિદ્ધનો અધિપતિ થઈ, સર્વનો વિજય કરે છે. તે તરવાર માત્ર વીર પુરુષોની સહાયતાથી મળી શકે છે." આમ ક્ષત્રિયના કુમારે કહ્યું ત્યાર પછી મેં તેના શરીરમાંથી આવેશ દૂર કરી તેને રજા આપી. પછી બીજી સર્વ વસ્તુનો ત્યાગ કરી મેં તે પૃથ્વી ઉપર જવા માટેની ઇચ્છા કરી. ત્યાં જઈ પૃથ્વી ઉપર તેવા વીર પુરુષોને શોધવા લાગ્યો, પરંતુ અદ્યાપિ પર્યંત તેવા વીર પુરુષની સહાયતા મળી નહીં, એટલે હું ઉદાસ થઈ મરવા માટે અહીં આવ્યો છું." જ્યારે મૃગાંકદત્તે આ વાર્તા તે તાપસની પાસથી સાંભળી ત્યારે તે બોલ્યો, "હું અને મારા કાર્યભારી તમને સહાય કરીશું." તે તાપસે તેનું કહેવું માન્ય રાખ્યું અને પછી તેની તથા તેના મંત્રીઓની સાથે, પગે એક જાતની ઔષધિ ચોપડી, તે નાગભવન તરફ જવા લાગ્યો.

## નાગના શાપને લીધે એક બીજાનો વિયોગ.

પેલા તપસ્વીએ, કુમારના બતાવેલા નિશાન પ્રમાણે, તે સ્થળ શોધી કાઢ્યું અને ત્યાં મંત્ર ભણીને દશ દિશાઓને બાંધી લઈ, તે સ્થળમાં મૃગાંકદત્ત વગેરે રાજકુમારોને બેસારી પોતે મંત્ર ભણી, સર્ષવના દાણાને મંત્ર્યા. પછી તે દાણા વેરી ધૂળમાંથી પાણી ઉત્પન્ન કર્યું. ત્યાર પછી નાગોને દુઃખ આપનારા મંત્રો ભણી, હોમ કરવા માંડ્યો. એ વખતે

* અંગ્રેજીમાં અશોકનુ વૃક્ષ લખ્યું છે.

અનેક વિઘ્નો આવ્યાં. ઉત્પાતના જેવી મેઘગર્જના થવા લાગી, પણ તે સર્વને મંત્રના પ્રભાવથી અટકાવી હોમ શરુ રાખ્યો. હોમ થઈ રહ્યા પછી તે શિંશપા વૃક્ષમાંથી એક દિવ્ય સ્ત્રી નિકળી. આ સ્ત્રી જાણે મોહનમંત્ર ભણતી હોય, તેમ રત્નનાં આભરણોનો ઝણઝણાટ કરતી, એક ક્ષણમાં ત્યાં આવી ને પછી મટકું મારીને તે તાપસના મનને વશ કર્યું. પછી તે તાપસનું ધૈર્ય હરણ કરી, ધન રતનવાળી તે સ્ત્રીએ, તે તાપસને ગાઢ આલિંગન કર્યું. તે તાપસ મોહિત થઈ ગયો ને મોહવ્યાપતાની સાથે જ તે મંત્રવિદ્યા વિસરી ગયો. તુરત તેના હાથમાંથી હોમ કરવાનું પાત્ર જમીન ઉપર પડી ગયું. એવામાં કલ્પાન્ત કાળના જેવો ભયંકર પારાવત નાગરાજ સમય સાંધી તે જ વખતે પ્રલય કાળના મેઘની માફક ગર્જના કરતો પોતાના લોકમાંથી નિકળી આવ્યો. તુરત પેલી સ્વર્ગની રંભા ત્યાંથી અદશ્ય થઈ ગઈ, અને નેત્રમાંથી અગ્નિની ઝાળ ઉત્પન્ન કરનાર અને ભયંકર ગર્જના કરનાર તે નાગરાજને જોઈ, તે તપસ્વીનું હૃદય ચૂર્ણ થઈ ગયું.

જ્યારે તપસ્વી મરી ગયો, ત્યારે નાગરાજ જરા શાંત પડ્યો, પણ તપસ્વીના સહાયક મૃગાંકદત્ત વિગેરેને શાપ દીધો કે "અરે પાપીઓ! તમે આ દુષ્ટને નિષ્કારણ સહાય કરીને આવું દુષ્ટ કામ કરવા તત્પર બન્યા, તો કેટલાએક દિવસ પર્યંત પરસ્પર—તમારા એક બીજાથી વિયોગ થાઓ." આ પ્રમાણે શાપ દઈ નાગરાજ ત્યાંથી અદશ્ય થઈ ગયો અને તે જ વખતે મૃગાંકદત્ત વિગેરે જે બેઠા હતા તે સર્વ શાપના પ્રભાવથી આંખે આંધળા થઈ ગયા તેઓના કાનમાંની શ્રવણશક્તિ નાશ પામી, અને તેથી—શાપને લીધે—તેઓ આમ તેમ જૂદા પડીને ગમે ત્યાં ચાલ્યા ગયા. પછી જંગલમાં તેઓ એક બીજાની શોધ કરવા લાગ્યા તથા બૂમો પાડવા લાગ્યા. મૃગાંકદત્ત પણ રાત્રિનું અંધારું દૂર થયું ત્યારે કાર્યભારી વિગેરેથી જૂદો પડી ગયો ને વનમાં આમતેમ ભટકવા લાગ્યો.

આ પ્રમાણે બે ત્રણ માસ સૂધી ભટક્યો, તેવામાં એકાએક શ્રુતધિ પોતાના મિત્રોની શોધ કરતો કરતો મૃગાંકદત્તને મળી ગયો. તે કુમાર મૃગાંકદત્તને જોઈ તેના ચરણમાં પડી રડવા લાગ્યો. પછી રાજકુમારે તેની આશ્વાસના કરી આદર સહિત સત્કાર કર્યો અને તેને પૂછ્યું; "કેમ ભાઈ! આપણા મંત્રીઓના કંઈ સરસમાચાર?" તે બ્રાહ્મણ મૃગાંકદત્તને ધીરજ આપતો નીચે પ્રમાણે બોલ્યો; "મહારાજ! મેં તો તેઓને દીઠા નથી. પરંતુ હું ધારું છું કે, આપે હવે ઉજ્જયિની નગરીમાં જવું છે, માટે તેઓ પણ ઉજ્જયિની નગરી તરફ જશે, માટે ત્યાં ચાલો. ત્યાં સર્વ આવી મળશે." આ પ્રમાણે કહી શ્રુતધિએ રાજકુમારને ઉજ્જયિની નગરીમાં જવાની પ્રેરણા કરી, અને પોતે પણ તેની સાથે ઉજ્જયિની નગરી તરફ જવા લાગ્યો. રસ્તામાં જતાં જતાં થોડા દિવસ પછી, તેઓને ઓચિંતો, એક રસ્તામાં તેમનો મંત્રી વિમળબુદ્ધિ મળી ગયો. મૃગાંકદત્ત ઘણા હર્ષથી તેને ભેટી પડ્યો. તે મંત્રીએ રડતાં રડતાં રાજકુમારના ચરણમાં પ્રણામ કર્યાં. પછી મૃગાંકદત્તે તેને પોતાની પાસે બેસારી, બીજા મંત્રીઓની વાર્તા પૂછી, ત્યારે વિમળબુદ્ધિ, સેવક ઉપર પ્રેમ રાખનારા મૃગાંકદત્ત પ્રત્યે બોલ્યો;



"મહારાજ! નાગના શાપને લીધે આપણા સર્વ મંત્રી ક્યાં ગયા છે, તેની મને ખબર નથી; પરંતુ તે સર્વે તમને મળશે. એ વાત હું જે રીતે જાણું છું, તે રીતે કહું છું તે સાંભળો.

## વિમળબુદ્ધિની વિતક વાર્તા.

નાગના શાપને લીધે તમારાથી વિખૂટો પડી ગયા પછી ફરતો ફરતો હું તે જંગલના પૂર્વ ભાગ તરફ ઘણે દૂર જઈ ચઢ્યો. હું ઘણો શ્રમિત થયો હતો, એટલામાં એક સાધુ મને મળ્યો. તે એક આશ્રમમાં લઈ ગયો. તે આશ્રમ મહર્ષિ બ્રહ્મદંડીનું હતું. તે આશ્રમમાં મુનિએ મને ફળ ખાવા માટે આપ્યાં. તે ખાધાં અને જળ આપ્યું તે પીધું, એટલે મારો થાક ઉતરી ગયો. એક સમે હું તે આશ્રમની આસપાસ ભ્રમણ કરતો હતો તેવામાં એક મોટી ગુફા મારી નજરે પડી. તેથી આશ્ચર્ય પામી હું તેની અંદર પેઠો. આગળ વધતાં અંદરના ભાગમાં એક મણિમય મંદિર મારા જોવામાં આવ્યું. આ મંદિરને જાળિયાવાળી અનેક બારીઓ હતી. તેમાંથી મેં અંદર નજર કરી તો, અહાહા! તે મણિભવનમાં એક સ્ત્રી એક મધમાખીવાળું ચક્ર ફેરવતી નજરે પડી. આ મધમાખીઓ પોતાની પાસે જે એક બળદ તથા એક ગધેડો ઉભા હતા તેના શરીર ઉપર પોતાનું રહેઠાણ કરીને રહેતી હતી. આ મધમાખીમાંની કેટલીકોએ બળદમાંથી નિકળતું દુધરૂપી ફીણનું પાન કીધું ને કેટલીકોએ ગધેડામાંથી નિકળતું રક્તરૂપી ફીણનુંપાન કીધું, એટલે પોતપોતે, જેના દૂધનું કે લોહીનું? પાન કીધું હતું તેના ગુણ પ્રમાણે એક સફેદ થઈ ગઈ ને બીજી કાળી થઈ ગઈ. પછી તે માખીઓએ પોતાના મુખમાંથી લાળ કાઢી એટલે તે મૂળ સ્વરૂપ ત્યજી કરોળીઓ થઈ ગઈ. પછી કરોળીઆઓ—જે બે રંગના હતા તેઓએ ચરકની અંદર લાળ કાઢી, તે લાળમાંની એક લાળમાંથી સારાં પુષ્પો થયાં અને બીજી લાળના જથામાંથી ઝેરી પુષ્પો ઉત્પન્ન થયાં. પછી તે કરોળીઆઓ, પોતાની ઇચ્છા પ્રમાણે, જૂદી જૂદી જાળમાં બંધાઈ ગયા એટલે તે કરોળીયાને એક મોટા સર્પે, કે જેને બે મુખ હતાં ને જે રંગે શ્યામ તથા સફેત હતો તેણે આવીને દંશ કર્યાં પછી ત્યાં બેસી ચક્ર ફેરવતી તે સ્ત્રીએ જૂદા જૂદા ઘડામાં તે કરોળીઆઓને મૂક્યા, પણ ત્યાંથી તેઓ પાછા નિકળ્યા, અને પોતપોતાની જાળમાં પાછા જઇને બેઠા. જેઓ ઝેરી પુષ્પની જાળપર જઇને બેઠા હતા તેઓએ ઝેરની તીક્ષ્ણતાને લીધે મોટે મોટે આક્રંદ કરવા માંડ્યું; એટલે બીજી જાળમાં બીજા કરોળીઆ હતા તે પણ રડવા લાગ્યા. તેમનું ઝીણું ઝીણું રુદનશબ્દ સાંભળી, એક મહા દયાવાન્ મુનિ, જે ત્યાં ધ્યાન કરતા હતા તેનું મન ધ્યાનમાંથી ઉડી ગયું; અને તેણે પોતાના કપાળમાંથી અગ્નિ કાઢી, જાળ સળગાવી દીધી. એટલે પેલી જાળ—કે જેમાં પેલા કરોળીયાઓ ગુંચવાઈ ગયા હતા તે સર્વે બળી ગયા ને તે કરોળીઆ આ સારા છિદ્રવાળા પ્રવાલના દંડમાં પ્રવેશ કરી, ઉપર રહેનારા સૂર્યના તેજમાં લીન થઈ ગયા. એટલામાં પેલી સ્ત્રી, જે ચક્ર, બળદ અને ગધેડાને ત્યાં ઉભાં રાખીને ઉપરનો ખેલ કરતી હતી, તે કોણ જાણે ક્યાં અદશ્ય થઈ ગઈ, તે મને જણાઈ જ નહીં.

એ જોઈ હું આશ્ચર્ય પામ્યો. પછી ત્યાં આડો અવળો પરિભ્રમણ કરવા લાગ્યો. ફરતાં ફરતાં ત્યાં કમળ જેમાં ખીલેલાં હતાં એવી એક વાવ મારી નજરે પડી. તેમાંનાં કમળો ઉપર ભ્રમરાઓ ગુંજારવ કરતા બેઠા હતા. તે જાણે મને કહેતા હોય કે તું અહીં આવીને જરા જોતો ખરો, કે એમાં શું જણાય છે. હું તે વાવની અનુપમ શોભા જોઈ, તેની નજીક જઈ તેના કિનારા ઉપર બેઠો અને તે વનની શોભા નિહાળવા લાગ્યો. વાવમાંના પાણીમાં નજર કરતાં, તેમાં એક મોટું અરણ્ય જોવામાં આવ્યું. તે અરણ્યમાં એક પારધી જણાયો. તે પારધીના હાથમાં દશ હાથવાળું સિંહનું બચ્ચું હતું, તેને લઇને તે ત્યાં આવ્યો. તે બાળક સિંહ તે પારધીને વશ રહ્યું નહીં, એટલે પારધી તેને તે અરણ્યમાં મૂકીને ગુસ્સાભેર ચાલ્યો ગયો. તે સિંહ ચાલતો ચાલતો વનમાં દૂર ગયો, ત્યાં તેણે બીજા વનમાં રહેલી એક સિંહણનો શબ્દ સાંભળ્યો, એટલે તે તેની પાસે જવા લાગ્યો. રસ્તામાં વા વંટોળીઆથી તે સિંહના દશે હાથ ભાંગી ગયા. ત્યાર પછી ગણપતિએ આવી, તેના હાથની જગ્યાએ પુરુષના હાથ ચોંટાડયા. એટલે તે સિંહ, સિંહણને શોધવા માટે ચાલ્યો. સિંહણને શોધવા માટે બીજા વનમાં જતાં તેને ઘણોજ શ્રમ પડયો હતો, પણ છેવટે તે સિંહણને મળ્યો અને તેને લઈ પોતાના વનમાં પાછો આવ્યો. પેલો લુબ્ધક, પોતાના સિંહને, સિંહણ સહિત આવ્યો જોઇ, તે આખું વન જે તેનું પોતાનું જ હતું તે તેને સોંપી દઈ, પોતે ત્યાંથી ચાલ્યો ગયો.

જ્યારે આ પ્રમાણે મેં જોયું, ત્યારે હું આશ્ચર્યમાં ગરકાવ થઈ ગયો. પછી હું ત્યાંથી ઉઠી આશ્રમમાં બ્રહ્મદંડી સ્વામી પાસે ગયો અને બન્ને અદ્દભુત બનાવ તેમને કહી સંભળાવ્યા. આ મુનિ ત્રિકાળજ્ઞાની હતા, એટલે તેણે મને કૃપા કરી આ પ્રમાણે ખુલાસો કીધો છેઃ–"અરે ! તું મહાભાગ્યવાન્ છે, કેમકે **શિવે** કૃપા કરીને આ સર્વ આશ્ચર્ય તને બતાવ્યું છે. તેં જે સ્ત્રી જોઈ તેને તારે **માયા** સમજી લેવી અને જે ચક્ર ફરતું હતું તેને **સંસારનું ચક્ર** જાણવું. ત્યાં જે મધમાખો હતી તેઓને સંસારી જીવ જાણ; અને એક બળદ અને બીજો ગધેડો હતો, તેમાં ધર્મ એ બળદની મૂર્તિ હતી અને ગધેડો **અધર્મની** મૂર્તિ હતી. બળદ ફીંણ રૂપે દૂધ ઓકતો હતો તે પુણ્ય હતું અને ગધેડો ફીણ રૂપે લોહી ઓકતો હતો તે પાપ હતું. તે માખીઓ પોતપોતાની ઇચ્છા (કર્મ) પ્રમાણે તેવું પાન કરતી હતી, ને તેથી તેના જેવા સારા નરસા ગુણોવાળી બની જતી હતી; પછી તેઓ પોતપોતાના આશ્રયથી ઉત્પન્ન થયલી વસ્તુનું પાન કરવાથી, તેમાંથી બે જાતના ધોળા ને કાળા કરોળીઆ થયા–તે ધોળા તથા કાળા બન્ને કરોળીઆઓએ પોતાની જાળરૂપી પાશમાં ફસાયેલા પોતાના બે જાતના પુત્ર ઉત્પન્ન કર્યા; તેમાં જેઓને ઉંચી જાતનાં પુષ્પનો (સાધુ સંતનો) સંબંધ હતો, તે સુખ ભોગવતાં હતાં અને હલકી જાતનાં ઝેરી પુષ્પનો (નઠારાનો) સંબંધ રાખનારાં દુઃખનો અનુભવ કરતાં હતાં. એમ તે પુષ્પોમાં પોતાની મનોવૃત્તિ પ્રમાણે તે ગુંથાઈ ગયા. પછી જે જીવો પોતાની જાળમાં આ પ્રમાણે ગુંથાયા હતા તેઓને કાળરૂપી સર્પે શુભ તથા અશુભ નામના બે મુખથી પુણ્યાત્મા ને પાપાત્મા પ્રાણીઓનો, યથાયોગ્ય રીતે ભક્ષ કર્યો હતો.



પછી તે સ્ત્રીરૂપ માયાએ તે સર્વે (જીવ) ને ઘડા રૂપ જૂદી જૂદી યોનિમાં મૂક્યા. ત્યાંથી પણ તેઓ બહાર નિકળ્યા ને પોતાને લાયક ધોળી અને કાળી આકૃતિ (સારા નરસા ગુણ) વાળી, જાળની ફાંસીમાં પુનઃ સપડાયા. આમાં સફેદ જાળ સુખકર હતી અને કાળી જાળ દુઃખકર હતી. તેમાં જે કાળા હતા તે પોતાની જાળમાં લપટાયા પછી દુઃખરૂપ (પાપ) ઝેરથી સખત પીડાતા હતા. તેઓ પરમેશ્વરનું શરણ લેવા માટે રડતા હતા. તેને જોઇને સફેદ રંગના કરોળીઆઓને પણ વૈરાગ્ય જ્ઞાન વ્યાપ્યું અને તેઓ પણ પોતાની જાળમાં લપટાઈ પરમાત્માનું ધ્યાન ધરતા હતા. પછી તપસ્વીના રૂપમાં રહેલા પરમાત્માએ જાગૃત થઈ, તે સઘળાને જ્ઞાનરૂપ અગ્નિથી બાળીને ભસ્મ કરી મૂક્યા, એટલે તે સર્વે પરવાળાના ઉત્તમ દંડ સમાન, આદિત્યના મંડળમાં પ્રવેશ કરી, તેની ઉપર જઈ, સૌએ ઉત્તમ ધામનો આશ્રય કર્યો છે અને પછી **માયારૂપ** સ્ત્રી, ચક્રના આકારમાં રહેલા સંસાર, ધર્મરૂપ બળદ અને પાપરૂપ ગધેડાની સાથે તે જ વખતે અદૃશ્ય થઈ જાય છે.

આવી રીતે જ હે વત્સ! આ સંસારમાં પુણ્યવંત અને પાપી પ્રાણીઓ પોતપોતાનાં કર્મને લીધે ભવાટવીમાં ભટકે છેઃ પણ **શિવનું** આરાધન કરવાથી જ મુક્ત થાય છે. હે પુત્ર! **શિવે** તારો મોહ મટાડવા માટે તને આ ખેલ બતાવ્યો છે. હવે તેં જે વાવના પાણીમાં જોયું હતું તે વિશે જણાવું છું, તે સાંભળ. તે પણ પવિત્ર પ્રભુએ **મૃગાંકદત્તને** ભવિષ્યમાં જે જે વીતવાનું છે, તેના પ્રતિબિંબ રૂપે ઉત્પન્ન કરીને સર્વ લીલા તને વાવના પાણીમાં બતાવી છે, જેથી તારો ગુંચવાડો મટી જશે. એમાં જે સિંહ, દશ ભુજાવાળો હતો અને તેને પારધીએ વનમાંથી કાઢી મૂક્યો તથા તેના બાહુ ભાંગી ગયા, તેપરથી જાણ કે **મૃગાંકદત્તને** દશ કારભારીઓ છે, તે તેના હાથ છે; અને તેના પિતાએ તેને ઉછેરીને મોટો કર્યા પછી, પારધી બનીને ક્રોધ કરી, તેને રાજ્યમાંથી કાઢી મૂક્યો છે. સિંહે દૂરના વનમાં સિંહણનો શબ્દ સાંભળ્યો હતો, તેમ આ રાજકુમારે પણ **અવંતી** નગરમાં રહેલી **શશાંકવતીની** ખ્યાતિ ઘણી સાંભળી છે. તે ત્યાં જવા લાગ્યો ત્યાં રસ્તામાં સર્પના શાપરૂપ પવનથી, **મૃગાંકદત્ત** પોતાના મંત્રિયોથી જૂદો પડયોછે,–તે તેના દશ હાથ ભાંગી પડ્યા છે. પછી **વિનાયક** દશ હાથ ચોંટાડે છે, તે તેને તેના મંત્રીઓ પાછા મેળવી આપે છે એમ જાણ. એમ એ પૂર્વ સ્થિતિને પામે છે. પછી જેમ તે સિંહ ઘણાં ઘણાં કષ્ટ ભોગવી છેવટે વનમાંથી સિંહણને લઇને આવ્યો હતો, તેમ **મૃગાંકદત્ત** પણ ઘણાં ઘણાં કષ્ટ ભોગવી **શશાંકવતીને** લઇને પોતાના નગરમાં આવશે. જેમ પારધી તે અરણ્યમાંથી સિંહને આવેલો જોઈ જતો રહે છે, તેમ જ્યારે રાજા **મૃગાંકદત્તને** અને તેની સ્ત્રીને પોતાની નજીક આવેલો જોશે ત્યારે તે પોતાનું આખું રાજ્ય તેને સોંપી તપોવનમાં તપ કરવા માટે ચાલ્યો જશે. આવી રીતે **શિવે** તે વાવમાંથી **મૃગાંકદત્તના** ભવિષ્યનું સર્વ ચરિત્ર તને જણાવી દીધું છે. માટે તારો રાજા પોતાના મંત્રીને, સ્ત્રીને અને પોતાના રાજ્યને પુનઃ પ્રાપ્ત કરશે.

હે મહારાજ ! જ્યારે આ પ્રમાણે તે મહામુનિએ મને કહ્યું, ત્યારે મને ધીરજ આવી અને પછી હું તે આશ્રમમાંથી બહાર નિકળી, તમને શોધવા લાગ્યો. રસ્તો કાપતો કાપતો હું ચાલ્યો

આવતો હતો તેવામાં મને આપની ભેટ થઈ ગઈ. માટે મહારાજ! આપ કંઈ પણ ચિંતા કરશો મા. આપણે પ્રવાસ સમયમાં ગણપતિનું પૂજન કર્યું છે, તેથી તે આપણા ઉપર અવશ્ય પ્રસન્ન થયા છે, એટલે પ્રચંડશક્તિ વગેરે મંત્રીમંડળનો આપણને મેળાપ થશે જ થશે."

જ્યારે **મૃગાંકદત્તે** આ પ્રમાણેની અદ્‌ભુત કથા, વિમળબુદ્ધિ મંત્રીને મોઢેથી સાંભળી, ત્યારે તે ખુશ ખુશ થઈ ગયો. પછી તે મંત્રીને સાથે લઈ, બીજા મંત્રીઓને શોધવા માટેનો વિચાર કરી, પોતાનું કામ સાધવા માટે, **અવંતી** નગરી તરફ ચાલ્યો.

## તરંગ ૪ થો.

### મૃગાંકદત્ત અને માયાબટુની કથા.

**મૃગાંકદત્ત**, શ્રુતધિ અને **વિમળબુદ્ધિને** સાથે લઈ **શશાંકવતીને** માટે ઉજ્જયિની નગરી તરફ ચાલવા માંડ્યો. રસ્તામાં લહરીરૂપ ભુજલતાને ઉછાળતી, શોભાયમાન ફીણવડે શ્વેત જણાતી, **નર્મદા** નદીના તટપર તે જઈ પહોંચ્યો. રાજાને પોતાના મંત્રીનો સમાગમ થયો, તે ઠીક થયું છે આમ માની, હાસ્ય કરતી હોય તથા નૃત્ય કરતી હોય તેમ **નર્મદા** નદી આમ તેમ તરંગોના નિર્મળતારૂપ હાસ્ય અને ઉછાળારૂપી નૃત્ય કરતી હતી. રાજકુમાર **મૃગાંકદત્ત** તે નદીમાં સ્નાન કરવા માટે ઉતરે છે, તેવામાં **માયાબટુ** નામનો એક ભિલ્લનો રાજા પણ તે નદીમાં સ્નાન કરવા માટે આવ્યો. **અકસ્માત્‌** તે નદીમાંથી ત્રણ જળમાનુષો એકદમ બહાર નિકળી આવ્યા ને **માયાબટુ** ભિલ્લને પકડ્યો. તે જોઈ તેના ચાકરો ભય પામીને ત્યાંથી નાસી ગયા, પણ **મૃગાંકદત્ત**, ભિલ્લને પાણીમાં ઘસડી જતો જોઈ, પોતાની તરવાર મ્યાનમાંથી બહાર કાઢી, પાણીમાં પડ્યો અને તે જળમાનુષોને મારી નાંખી, ભિલ્લના રાજાને છોડાવ્યો. તે ભિલ્લરાજ, જળ માનુષના ભયમાંથી મુક્ત થઈ પાણીમાંથી બહાર આવ્યો કે તુરત રાજકુમારના ચરણમાં પ્રણામ કરીને તેને પૂછવા લાગ્યો; "શું બ્રહ્માએ મારા પ્રાણનું રક્ષણ કરવા માટે તમને અહીં મોકલ્યા છે? મને કહો કે તમે કોણ છો? તમે કયા પુણ્યવંત દેશ ઉપર પ્રેમકટાક્ષ કરો છો ને હવે કીયા દેશમાં પધારો છો. આ પ્રમાણે ભિલ્લરાજે પૂછ્યું, એટલે શ્રુતધિએ **મૃગાંકદત્તનું** સર્વ વૃત્તાંત તે ભીલ્લ રાજને કહ્યું. તે સાંભળી ભિલ્લરાજ અતિશય પ્રેમથી તે રાજકુમારને પ્રણામ કરી પુનઃ બોલ્યો; "જો તમારે આવી રીતે કાર્ય સાધવાનું પ્રયોજન છે, તો હું તમારા મોટા કાર્યમાં તમારી મરજી માફક સહાય કરીશ; કેમકે ઈશ્વરે મોકલેલા આપે આજે મારું રક્ષણ કર્યું છે. પણ મહારાજ! હવે આપ આજે મારા મિત્ર **માતંગના** રાજા દુર્ગપિશાચને ત્યાં પધારો. પછી મારે મહેલે પધારવાની કૃપા કરશો, કેમકે હું આપનો દાસાનુદાસ છું."



**માયાબટુએ** આ પ્રમાણે પ્રણય સહિત અનેક વચનો કહી, રાજકુમારની પ્રાર્થના કરી, પોતાના નાના ગામમાં લઈ ગયો. ત્યાં તેને પોતાના વૈભવના પ્રમાણમાં તે રાજપુત્રની સારી રીતે સેવા કરી અને ત્યાર પછી તે ગામમાં વસનારા સર્વ માણસોએ પણ તેનો સારો સત્કાર કર્યો. **માતંગનો** રાજા, પોતાના મિત્રના પ્રાણ બચાવનારાને મસ્તક નમાવી, તેનો દાસ થઈ રહ્યો ને તેનાં ઘણાં જ વખાણ કરવા લાગ્યો. **માતંગરાયે** **મૃગાંકદત્તને** પોતાના ગામમાં રહેવા માટે ઘણો આગ્રહ કર્યો, તેથી અને **માયાબટુના આગ્રહથી**, **મૃગાંકદત્ત**, તેના ગામમાં કેટલાએક દિવસ સૂધી રહ્યો.

એક દિવસે **મૃગાંકદત્ત** રાજા, આનંદભવનમાં બેઠો હતો, એ સમયમાં ભિલ્લરાજાએ પોતાના પ્રતિહાર **ચંડકેતુ** સાથે દ્યૂત રમવું શરુ કીધું. પણ જ્યાં તે રમવા માંડે છે ત્યાં આકાશમાં મેઘમંડળો ગર્જના કરવા લાગ્યા, ઘરમાં પાળેલા મોરો તેથી થનથનાટ ભર્યું નૃત્ય કરવા લાગ્યા. તેને જોવાને માટે **માયાબટુ** ઉભો થયો ત્યારે જુગારનો રસિયો પેલો પ્રતિહાર પોતાના રાજાને કહેવા લાગ્યો; "અરે મહારાજ! એ મોરો સારી રીતે નૃત્ય શિખ્યા નથી માટે તેઓને તે શું જુવો છો? તમને મયૂરના નૃત્યમાં જો વધારે રસ પડતો હશે તો મારે ઘેર એક નૃત્યકુશળ મયૂર છે તે હું તમને કાલે બતાવીશ. તેના જેવો મોર પૃથ્વી ઉપર કોઈ પણ સ્થળે નથી." તે સાંભળી રાજાએ પ્રતિહારને કહ્યું; "ઠીક, કાલે તું તે મોર મને અવસ્ય બતાવજે!" આ પ્રમાણે પ્રતિહારને કહી, પોતાનું આહનિક (દિવસ કૃત્ય) કરવામાં તે ગુંથાયો. **મૃગાંકદત્ત** પોતાના સેવક સહિત ત્યાં બેઠો હતો તેથી તે વાર્તા તેણે પણ સાંભળી. પછી તેણે પણ ત્યાંથી ઉઠી ભિલ્લરાજની પેઠે પોતાનું સ્નાન વગેરે કર્મ કરી ભોજન વગેરે કર્યું.

### મૃગાંકદત્ત અને પ્રતિહારનું સાહસ કર્મ.

થોડીવાર પછી રાત્રી થઈ અને ચારે તરફ ગાઢ અંધારું પસરી ગયું. તે વેળાએ રાજકુમારે પોતાના શરીરપર કસ્તૂરીનો લેપ કીધો અને કાળાં વસ્ત્ર ધારણ કર્યાં. પછી હાથમાં તરવાર લઈ વીરચર્યા કરવા માટે પોતે જે ઉતારાના ઓરડામાં, પોતાના સેવકવર્ગ સાથે સૂતો હતો, તે સ્થાનમાંથી એકલો બહાર નિકળી પડ્યો અને રસ્તા ઉપર ચાલવા માંડ્યો. તે થોડેક ગયો, એટલામાં તે માર્ગે કોઇએક પુરુષ આવ્યો. આ વખતે ગાઢ અંધકાર હતો, તેને લીધે તે પુરુષે રાજકુમારને આવતો દીઠો નહીં, તેથી તેના ખભા સાથે પોતાનો ખભો અથડાયો. રાજકુમારે પોતાનું અપમાન થવાથી ક્રોધ કરી તે પુરુષને દ્વંદ્વયુદ્ધ કરવા માટે કહ્યું. જેને રાજકુમારે યુદ્ધ કરવા માટે બોલાવ્યો હતો, તે પુરુષ પણ પ્રૌઢ હતો, માટે તેણે સમયને ઘટતો ઉત્તર આપ્યો કે; "તું વિચાર કર્યા વગર કેમ ક્રોધ કરે છે? જો તું વિચાર કરતો હોય તો તારે **ચન્દ્રમાને** ઠપકો આપવો યોગ્ય છે, કારણ કે તેણે આજ રાત્રીમાં પ્રકાશ કર્યો નહીં, પણ અંધારું રાખ્યું છે. અથવા તો બ્રહ્માને ઠપકો દે, કારણ કે તેણે રાત્રિઉપર બાપડા **ચન્દ્રમાને** પૂર્ણ

અધિકાર આપ્યો નથી અને તેને લીધે આ અંધારામાં ફરતાં આવી રીતે નિષ્પ્રયોજન વૈર ઉત્પન્ન થાય છે." મૃગાંકદત્ત તેના નાગરિક વચનોની યુક્તિ શ્રવણ કરી ઘણો ખુશ થયો, અને બોલ્યો; "તું કહેછે તે યોગ્ય છે. પણ કહે, તું કોણ છે?" તે પુરુષે ઉત્તર આપ્યું; "રાત્રે ચોર શિવાય બીજો તે કોણ હોય?" મૃગાંકદત્તે તેને ખોટું સમજાવ્યું કે, "એમ છે કે? ત્યારે તો ઠીક મજાહ પડશે. લે, તું મારો હાથ પકડ, કેમકે આપણે બંને એક જ માર્ગે જનારા છીએ" આમ ખોટી વાર્તા કહી તે ચોરશું કામ કરવા માટે જાય છે તે જાણવાની ઈચ્છાથી તેની સાથે મિત્રતા કરી, મૃગાંકદત્ત પણ તેની સાથે ચાલવા માંડ્યો. ચાલતાં ચાલતાં એક ખડથી ઢાંકેલા જૂના કૂવા પાસે બંને આવી પહોંચ્યા. તે કૂવામાંથી, મૃગાંકદત્ત તે પુરુષની સાથે, એક ગુપ્ત સુરંગદ્વારા માયાબટુ રાજાના અંતઃપુરમાં દાખલ થયો. રાજમહેલમાં દીવા ચમકી રહ્યા હતા. તેને લીધે મૃગાંકદત્તે તે પુરુષનું મુખ જોયું તો તુરત જણાયું કે, આ તો ચોર નથી, પરંતુ રાજાનો પ્રતિહાર ચન્દ્રકેતુ છે. પણ રાણીનો પ્રિતમ પ્રતિહાર ચન્દ્રકેતુ મૃગાંકદત્તને ઓળખી શક્યો નહિ; કારણ કે રાજકુમાર જરા જરા દેખાય એવા એક ખૂણા ઉપર જઇને બેઠો હતો અને વળી તેણે પોતાનો પોશાક હંમેશ કરતાં જૂદો જ ધારણ કર્યો હતો.

જેવો પ્રતિહાર અંતઃપુરમાં દાખલ થયો કે, માયાબટુ રાજાની રાણી મન્જુમતિ, જે પ્રતિહાર ઉપર ઘણા દિવસ થયા આશક પડી હતી તે ઉભી થઈ પ્રિયતમને કંઠે વળગી પડી તેની સાથે જોરથી આલિંગન કર્યું અને પછી શય્યા ઉપર બેસારી પૂછ્યું; "આજે આ બીજા કયા પુરુષને લઈ આવ્યા છોજી?" પ્રતિહારે ઉત્તર આપ્યું, "એ તો મારો સખા છે. તું ગભરા મા, વિશ્વાસ રાખ." આ પ્રમાણે ગભરાટમાં પડેલી મન્જુમતિને પ્રતિહારે કહ્યું, એટલે રાણી બોલી; "મારાં ભાગ્ય સારાં નથી, માટે મને કોઇનો વિશ્વાસ આવતો નથી. તેમ ન હોત તો આ પીટ્યો રાજા, કાળના મુખમાં પહોંચી ગયો હતો, ત્યાંથી મૃગાંકદત્ત તેને શી રીતે બચાવી શકત?" તે સાંભળી પ્રતિહાર બોલ્યો; "પ્રિયે! તું દિલગીર શા માટે થાય છે? હું થોડા દિવસમાં મૃગાંકદત્ત અને રાજા બન્નેને મારી નાંખીશ," તે સાંભળીને દૈવયોગથી રાણી તેને કહેવાલાગી; "તમે વળી એ તે શી બડાઈ મારો છો? એમ જ હતું તો જ્યારે નર્મદાના પાણીમાંના જળ માનુષો રાજાને પકડીને અંદર ખેંચી જતાં હતાં, ત્યારે તમે સર્વ નાસી કાં ગયા? એકલા મૃગાંકદત્તે પાણીમાં ઉતરી તેના રક્ષણ માટે તૈયારી કરી ત્યારે તમે શા માટે તેને માર્યો નહીં? વાત તો એ છે કે, તમે તો ભયના માર્યા નાશી ગયા હતા. માટે, એવી બડાસ મારો નહીં ને મુંગા મુંગા બેસી રહો! જો કોઈ તમારું આવું બોલવું સાંભળશે, તો તે, શૂરવીર મૃગાંકદત્તથી તમારું સત્યાનાશ વળાવશે." પેલો પ્રતિહાર તેનાં એવાં વચન સાંભળી એકદમ ગુસ્સે થઈ ગયો ને બોલ્યો; "રાંડ ચંડાળણી! મને લાગે છે કે, તું હવણાં ઘણી ફાટી ગઈ છે. હું માનું છું કે, તું મૃગાંકદત્ત ઉપર પ્રેમાળ થઈ છે ને તેથી જ મારો તિરસ્કાર કરે છે. તો હવણાં જ તે તિરસ્કારનું ફળ જો." આ પ્રમાણે કહી, તે ખડ્ગ લઈ રાણીને મારવા તૈયાર થયો. પણ એટલામાં એકાંતમાં એક ચેટી ઉભી હતી, તે અત્યાચાર થતો અટકાવતી દોડી આવી ને તેના હાથમાંની છરી



લીધી અને તેટલામાં તુરત મન્જુમતી ત્યાંથી છટકી બીજા ઓરડામાં નાશી ગઈ. પેલી દાસી હાથવતી છરી પકડીને તેને અટકાવી રાખવા ગઈ. તે વખતે છરીથી તેના એક હાથની આંગળી કપાઈ ગઈ; છતાં વીર દાસીએ પોતાના હાથમાંથી તે છરીને મૂકી તો નહીં જ. પછી હાથમાં છરી લઈ ખીસીયાણો પડેલો ચન્દ્રકેતુ પ્રતિહાર, જે માર્ગેથી આવ્યો હતો તે માર્ગે, વિસ્મય પામેલા મૃગાંકદત્તની સાથે, પોતાના ઘર તરફ રવાના થયો.

જ્યારે ચન્દ્રકેતુનું ઘર આવ્યું ત્યારે મૃગાંકદત્ત અંધારામાં ગુપ્ત રહી તેના પ્રત્યે બોલ્યો; "તમારું ઘર આવ્યું, માટે તમે ઘેર જાઓ ને હું હવે મારે ઘેર જાઉં છું." તે પ્રતિહારે રાજકુમાર મૃગાંકદત્તને કહ્યું; "તું ઘણો થાકી ગયો છે, માટે અહીં જ સૂઈ રહે!" મૃગાંકદત્તને પણ તે પ્રતિહારની ચેષ્ટા જોવાની ઈચ્છા થઈ હતી તેથી તેનું કહેવું સ્વીકારી લીધું. પછી તે પ્રતિહારે પોતાના એક ચાકરને બોલાવીને કહ્યું, "જે ઓરડામાં પેલા મોરને પૂર્યો છે, તે ઓરડામાં આ પુરુષને ઉતારો આપ અને તેને સુવાનું ગાદલું પણ આપ." પેલો ચાકર 'જોહુકમ' કહી, જે ઓરડામાં મોર બાંધ્યો હતો તથા જ્યાં એક દીવો બળતો હતો, તે ઓરડામાં મૃગાંકદત્તને લઈ ગયો. ચાકર સુવા માટે તેને એક ગાદલું આપી બહાર ગયો અને મૃગાંકદત્તે અંદરથી સાંકળ વાસી, પાંજરામાં પૂરેલા મોર સામું જોયું. તેણે વિચાર કર્યો કે, "પ્રતિહારે જે મોર રાજાને બતાવવા કહ્યો છે તે આ જ મોર હોવો જોઈએ." આમ વિચાર કરી તેણે આશ્ચર્ય સહિત મોરના પાંજરાને ઉઘાડી નાંખ્યું. તુરત અંદર બેઠેલો મોર બહાર નિકળી મૃગાંકદત્ત પ્રતિ સાભિપ્રાય નિહાળી, વારંવાર તેના પગમાં લોટવા લાગ્યો અને પછી જમીન ઉપર પડવા માંડ્યો. તેમ થતાં રાજકુમાર મૃગાંકદત્તે તેના કંઠ તરફ જોયું તો ત્યાં એક દોરો બાંધેલો હતો. કુમારે ધાર્યું કે આ દોરો તેને દુઃખ આપતો હશે, એટલે રાજકુમારે તેના દોરાને ઝટ કાપી નાંખ્યો કે તેના જોતજોતાંમાં જ તે મોર ભીમપરાક્રમ મંત્રી થઈ ઉભો રહ્યો અને તેનું હૃદય ઉત્કંઠાથી ભરાઈ આવ્યું. રાજકુમાર પોતાના મિત્રને જોઈ, તરત તેને કોટી કરી પડ્યો ને આશ્ચર્ય પામી પૂછ્યું; "અરે મિત્ર! આ તે શું?" ભીમપરાક્રમ પોતાના મિત્રનો મિલાપ થવાથી ઘણો પ્રસન્ન થઈ બોલ્યો; "મહારાજ! આ કેમ બન્યું છે, તે હું આરંભથી કહું છું તે સાંભળો."

## ભીમપરાક્રમ મંત્રીના પર્યટનની કથા.

નાગના શાપને લીધે ત્યાં તમારાથી જૂદા પડયા પછી હું વનમાં ભટકવા લાગ્યો. ફરતો ફરતો એક સીમળાના ઝાડ નીચે જઈ ચઢ્યો. તે ઝાડની નીચે કોઇએ ગણપતિની મૂર્તિનું સ્થાપન કર્યું હતું. તે મૂર્તિનાં દર્શન કરી તેના મૂળ આગળ વિશ્રાંત થઈને હું બેઠો અને પછી વિચાર કરવા લાગ્યો કે, "અરેરે! રાત્રિના જે વૈતાળનું ચરિત્ર જોયું હતું, તે રાજાને જણાવી મેં પોતે મહા બુરું કામ કર્યું છે, માટે મને ધિક્કાર છે! પણ હવે હું અહીં જ મારા અપરાધી આત્માનો ત્યાગ કરું તો ઠીક." આમ વિચારી, અન્નનો ત્યાગ કરી, દેવની આગળ

બેઠો જ રહ્યો. ઉપવાસ કરતાં કરતાં કેટલાએક દિવસો વીતી ગયા પછી એક દિવસે તે માર્ગે કોઈ વૃદ્ધ વટેમાર્ગુ આવી ચઢયો. તે માર્ગમાં ચાલવાથી થાકી ગયો હતો, માટે થાક ખાવા માટે તે જ ઝાડની નીચે આવી બેઠો અને તે પોતે સજ્જન હતો, માટે મારા મુખ તરફ નજર કરી બોલ્યો, "દીકરા ! તું આ નિર્જન વનમાં આમ ઉદાસીન અવતારમાં કેમ બેઠો છે?" આ પ્રમાણે વારંવાર આગ્રહપૂર્વક મને પૂછવા લાગ્યો, ત્યારે મેં મારું પોતાનું સર્વ વૃત્તાંત તેને યથાસ્થિત જણાવ્યું. પછી તે વૃદ્ધ વટેમાર્ગુ પ્રેમથી ધીરજ આપી મને કહેવા લાગ્યો; "અલ્યા ભાઈ! તું શૂરવીર છે, તોપણ સ્ત્રીની માફક આત્મહત્યા કરે છે. ૫૯ ભુંડા ! એ શું બાયલાપણું ! સ્ત્રીઓ પણ આપત્તિમાં ધૈર્યનો નાશ કરતી નથી, તો તું મરદ બચ્યો છે, તે બાયલા પેરે કાં મરે છે? એ ઉપર એક કથા કહું છું તે સાંભળ.

## કમળાકર અને હંસાવલિની કથા.

પૂર્વે કોશલા નગરીમાં વિમળાકર નામનો એક રાજા હતો. તેને કમળાકર નામનો એક પુત્ર હતો. તે કુમાર જાણે બ્રહ્માએ કાર્તિકસ્વામી, કામદેવ અને કલ્પદ્રુમને જિતવાની ઈચ્છાથી ઉત્પન્ન કર્યો હોય, તેવો તેજસ્વી અને ઉદાર ગુણશાળી હતો. એવું બન્યું કે, એક દિવસે, બંદીજનને વખાણ કરવા લાયક તે કુમારની આગળ, તેના પરિચિત એક બંદીએ એક ગાથા ગાઈ કે:-

*पद्मासादनसोत्सवनानामुखरद्विजालिपरिगीतम् ।
कमलाकरमप्राप्ता क्व रतिं हंसावली लभताम् ॥

અર્થ:-પદ્મ-કમલો મેળવવામાં ઉત્સાહી અને અનેક પ્રકારના શબ્દ કરતાં પક્ષીઓની પંક્તિથી ગવાયેલાં કમલાકર (તળાવને) હંસાવલી (હંસોની પંક્તિ), નહી પામી ક્યાં સુખ મેળવવાની હતી?

આ પ્રમાણે મનોરથસિદ્ધિ નામનો તે બંદીજન વારંવાર તે ગાથા ગાવા લાગ્યો, ત્યારે રાજકુમાર કમળાકરે તેને પૂછ્યું; "એ તું શું ગાય છે?" ત્યારે તે બંદી બોલ્યો; "મહારાજ ! હું ભમતો ભમતો એક વખતે રાજા મેઘમાલીની વિદિશા નગરીમાં જઈ ચઢયો હતો. તે નગરી, લક્ષ્મીને ક્રીડા કરવાની ઉદ્યાનભૂમિ જેવી શોભે છે. એ નગરીમાં એક દર્દુર નામનો સંગીતાચાર્ય રહેતો હતો, તેને ઘેર મેં ઉતારો કર્યો હતો. તેણે મને એક દિવસે પ્રસંગોપાત કહ્યું કે; 'કાલે પ્રભાતના રાજપુત્રી હંસાવલી મારી પાસેથી નવીન નૃત્ય કળા શિખી છે. તે કળાચાતુર્ય રાજાની આગળ બતાવશે !' તે સાંભળીને મને પણ તે જેવાની ઈચ્છા થઈ.

* આ ગાથામાં અનેક અલંકાર છે. તેમાં શ્લેષની પ્રધાનતાથી બે અર્થ થાય છે. તેમાં પદ્મ એટલે લક્ષ્મી ને દ્વિજાલિ-બ્રાહ્મણોની પંક્તિ, એમાં વિશેષ ખૂબી છે.



બીજે દિવસે કંઈક યુક્તિ પ્રયુક્તિ કરીને હું તેની સાથે રાજમહેલમાં દાખલ થઈ નૃત્યશાળામાં ગયો. જ્યારે ઉમદાં વાજીત્રો વગાડનારાઓ પોતાનાં વાજીત્રો વગાડવા લાગ્યા, ત્યારે કેસરી કટિવાળી રાજકન્યા હંસાવલી પોતાના પિતાની આગળ નૃત્ય કરવા લાગી, અને તે વખતે તેણે જે પુષ્પનાં આભરણો પહેર્યાં હતાં તે ચલિત થવા લાગ્યાં. તેના બાહુરૂપ પલ્લવ ઉંચાનીચા થવા લાગ્યા, જે ઉપરથી જાણે યૌવનરૂપ પવનથી ચલાયમાન કામતરુની લતા જ હોયની શું, તેવી તે શોભતી હતી. આવી અનુપમ મૃગાક્ષીને જોઈ, મારા મનમાં એમ થયું કે 'આ કન્યાને યોગ્ય કુમાર કમળાકર શિવાય બીજે કોઈ પણ ભૂમંડળમાં નથી. જે આ હંસાવલિ કન્યા કામદેવ જેવા સુંદર કમળાકર રાજકુમારને વરે, તો તેના જેવી કોઈ ભાગ્યશાળી નહિ અને તે પછી કામદેવને પુષ્પનું ધનુષ લેવાનો આગ્રહ પણ શા માટે રહે? આમાં હું કંઈક ઉપાય કરું તો ઠીક.' આમ વિચાર કરી નૃત્ય થઈ રહ્યા પછી હું રાજમહેલના દ્વારપર ગયો અને એક પડદો તૈયાર કરી, તે લટકાવી સઘળાઓને જણાવ્યું કે, 'આ નગરમાં જે કોઈ પણ મારી સાથે ચિત્ર કાઢવામાં સ્પર્ધા કરવા ઈચ્છતો હોય તો તેણે આ પટ ચીરી કોઈ ચિત્ર ચિતરવું. આ વાત આખા ગામમાં પ્રસિદ્ધ થઈ ગઈ, પણ કોઇ બીજાએ મારા ચિત્ર પડદાને ચિરી નંખાવ્યો નહીં, અને પોતાનું પરાક્રમ બતાવ્યું નહીં. પછી રાજાએ મને બોલાવ્યો અને પોતાની પુત્રીના મહેલમાં ચિત્ર કામ કરવા ઉપર મને અધિકારી નિમ્યો. હે રાજા કમળાકર! પછી મેં તે હંસાવલીના રહેવાના મહેલના ઓરડાની ભીંત ઉપર તમારું તથા તમારા ચાકરનું ચિત્ર આલેખ્યું; પરન્તુ હું પોતે જ તે કન્યાને તમારા ચિત્રની વાર્તા કરું, તો તે કન્યા મને ધૂર્ત સમજે, માટે તે રાજકન્યાને મારે કમળાકર સમ્બન્ધે કોઇ યુક્તિથી ઉપદેશ કરવો, આવો મનમાં વિચાર કરી, એક ફક્કડ જુવાન, જે મારો ખાસ મિત્ર હતો તેની સાથે ગુપ્ત સંકેત કરી, તેનો વિશ્વાસ મેળવી, તેને શીખવ્યું કે, તું રાજમહેલમાં જા, ગાંડાપણાનો ઢોંગ કર, અને પછી કમળાકરના ગુણ રાજકન્યા તથા તેના ભાઇઓ આગળ ગા. તે ઉન્મત્ત બનેલો મિત્ર, તે નગરમાં ગાયન કરતો, નાચતો, કુદતો, દોડતો ચોમેરે ફરવા લાગ્યો. રાજાના કુમારોએ તેનાથી ગમ્મત મેળવવા માટે પોતાની પાસે બોલાવ્યો, અને તેની પાસે ખૂબ ગમ્મત કરાવી. પછી તેને હંસાવલીના મહેલમાં મોકલ્યો. તે ઉન્મત્ત પુરુષે, તમારું ચિત્ર જે મેં ચિતર્યું હતું તે જેયું, ત્યારે ગાંડો ઘેલો ને કાંગલો કુંગલો થતો, તમારી સ્તુતિ કરવા લાગ્યો. તે બોલ્યો; 'ઓય ઓય બાપલીયા! ધન્ય ઘડી ધન્ય દહાડો! અહા! આજે તો જેના હાથમાં શંખ અને કમળનાં ચિહ્ન છે અને લક્ષ્મીના વિલાસસ્થાનરૂપ કૃષ્ણની પેઠે શંખ ચક્રનાં જેને લાંછન છે તથા જે અત્યંત લક્ષ્મીવંત તથા અનન્ત ગુણવંત છે એવા કમળાકર મહારાજનાં દર્શન થયાં; હો બા." જ્યારે આ રીતે રાજપુત્રીએ તે ગાંડાને ગાતો ને નાચતો જેયો, ત્યારે 'આ ગાંડો કોના ગુણ ગાય છે અને તમે કોનું ચિત્ર કાઢયું છે?' આમ તે રાજકન્યાએ મને ઘણા આગ્રહથી પૂછ્યું. મેં કહ્યું; 'હે રાજપુત્રિ! આ ઉન્મત્તે ખરેખર આ ચિત્રેલા કુમારને જેયલો હશે-કે જે રાજકુમારને મેં તેમના અપ્રતિમ સૌંદર્યને માટે અત્રે આલેખ્યો છે.' આ પ્રમાણે કહી મેં તેની આગળ તમારા ગુણ ગાયા અને નામ

જણાવ્યું. કે તુરત હંસાવલિની હૃદયભૂમિમાં પ્રકાશિક પ્રેમરસનો છંટકાવ થઈ ગયો અને કામરૂપી નવપલ્લવ વૃક્ષ ઉગી નિકળ્યું. એવામાં તે કન્યાનો પિતા ત્યાં આવી ચઢયો. તેણે આ ગાંડાને નાચતો કુદતો જોયો કે, તુરત તેને અને મને બન્નેને ઘરમાંથી કાઢી મૂકયા.

હવે એ દિવસથી રાજકન્યા તમારા ઉપર અતિ ઉત્કંઠિત થઈ, દિવસે દિવસે ગળવા લાગી છે અને કૃષ્ણપક્ષના ચંદ્રની કળા માફક કેવળ તે શોભા માત્રમાં જ બાકી રહી ગઇ છે. તેણીએ યુક્તિથી મન્દવાડનો ઢોંગ કીધો છે ને પિતાની આજ્ઞા લઈ, પીડા હરનારા શ્રી ભગવાનના મન્દિરમાં ઉદાસચિત્તથી જઇ રહી છે. તે રાત્રી દિવસ તમારો સમાગમ કરવાની જ ચિંતા કર્યાં કરે છે ને તેને લીધે તેને નિદ્રા પણ આવતી નથી. વળી વિરહવેદનાને લીધે તે ચંદ્ર અને ચાંદનીને પણ સહન કરી શકતી નથી; અને રાત છે કે દહાડો તે પણ જાણતી નથી; પણ માત્ર તમારો ને તમારો જ વિચાર કર્યાં કરે છે. એક દિવસે હું, તે મન્દિરમાં ત્યાં ગયો. તે કન્યાએ મને દીઠો કે, તુરત પોતાની પાસે બોલાવી, મારું સારું સન્માન કરી, વસ્ત્ર તથા આભૂષણોની બક્ષીસ આપી. હું તો તુરત જ ત્યાંથી બહાર નિકળી ચાલ્યો. પણ તેણે મને જે વસ્ત્રો આપ્યાં હતાં તેમાંનાં એક વસ્ત્રની ભરેલી કોરમાં તમારે માટે એક ગાથા લખેલી જણાઈ, જે મેં હમણાં ગાઇ તે હતી. તે ગાથા ફરીથી સાંભળોઃ—

पद्मासादनसोत्सव नानामुखरद्विजालिपरिगीतम् ।
कमलाकरमप्राप्ता क्व रतिं हंसावली लभताम् ॥

અર્થઃ-પદ્મ-કમલો મેળવવામાં ઉત્સાહી અને અનેક પ્રકારના શબ્દ કરતાં પક્ષીઓની પંકિતથી ગવાયેલાં કમલાકર (તળાવને), હંસાવલી (હંસોની પંકિત) નહી પામી કયાં સુખ મેળવવાની હતી?

જ્યારે મેં આ ગાથા આખી વાંચી, ત્યારે મને તે કન્યાનો મનોભિપ્રાય જણાયો, ને જાણ્યું કે તે તમારે માટે બહુ દુઃખી થાય છે. પછી હું તે ગાથાનો અભિપ્રાય તમને જણાવવા માટે તમારી આગળ આવીને તે ગાથા બોલ્યો છું. જે વસ્ત્રમાં તે સુંદરીએ ગાથા લખી છે તે વસ્ત્ર આ રહ્યું," આમ કહી, તે બન્દીએ કમળાકરને તે વસ્ત્ર બતાવ્યું. રાજા કમળાકરે તે બન્દીનું આવું વચન સાંભળ્યું ને તે ગાથાવાળું વસ્ત્ર જોયું એટલે તે એ અત્યંત હર્ષમાં આવી ગયો, અને હંસાવલિ નેત્રદ્વારા કે કર્ણદ્વારા, તેના અંતઃકરણમાં કયાંથી ધૂસી ગઈ, તે તે પણ જાણી શકયો નહીં તો પણ તે ક્ષણથી તેનો ને તેનો જ વિચાર કરવા લાગ્યો.

હવે એવું બન્યું કે તે કુમાર ઘણો જ ઉત્કંઠિત થઈ તે કન્યાને મેળવવાના ઉપાયો મનમાં રચતો હતો, એવામાં તેના પિતાએ પોતાના પુત્રને બોલાવી કહ્યું; " હે પુત્ર ! આળસુ રાજાઓ મંત્રથી બાંધેલા સર્પની માફક નાશ પામે છે; જ્યારે એકવાર તે નાશ પામ્યા, ત્યારે ફરીથી તેનો ઉદય કેમ કરી થઈ શકે ? તેં સુખ ભોગવીને હજી સુધી વિજયની ઇચ્છા તરફ નજરે



કરી નથી, માટે તું આળસ મૂકી દે અને હું બેઠો છું તેટલામાંજ ઉદ્યમી થા અને મારા શત્રુ અંગરાજપર ચઢાઈ કરીને તેનો પરાજય કર." દેશમાં ગોંધાયલો રાજકુમાર, પિતાનું આ વચન સાંભળી, મનમાં ઘણો પ્રસન્ન થયો. તે પોતે શૂરો હતો અને વળી પોતાની પ્યારી તરફ જવાની ઇચ્છા કરતો હતો, તેથી તેણે પિતાના વચનને અંગીકાર કરી, યુદ્ધયાત્રા જવાનું નક્કી કીધું. તરત જ તેના પિતાએ સર્વ સેનાને તેની સાથે જવાનો હુકમ કર્યો. સેના તૈયાર થઈ, અને તે રાજકુમાર પૃથ્વી કંપાવતો તથા શત્રુનાં હૃદયો ધ્રુજાવતો, અગણિત સેના સહિત યુદ્ધે ચઢયો. ચાલતાં ચાલતાં કેટલીક કુચ કર્યાં પછી, અંગરાજાની સેનાને પકડી પાડી. જ્યારે સામો હલ્લો આવ્યો ત્યારે કુમાર કમળાકરે તેની સાથે મોટું યુદ્ધ કર્યું. યુદ્ધમાં તેજસ્વી અગસ્ત્યે જેમ સમુદ્રનું પાન કર્યું હતું, તેમ જ રાજકુમારે શત્રુના બળનું પાન કર્યું, અર્થાત વિજય મેળવ્યો, અને રાજાને જીવતો પકડી લીધો. તેણે અંગના રાજાને કેદ કરી, બેડી પહેરાવી, મુખ્ય પ્રતિહારને સેનાના માણસો આપી, પોતાના પિતાની હજુરમાં મોકલી દીધો. તે વેળાએ તેણે મુખ્ય પ્રતિહારને મહોડે સંદેશો કહેવરાવ્યો કે, "પિતાજી ! હું હવે બીજા શત્રુઓનો પરાજય કરવા માટે જાઉં છું !" આમ સંદેશો કહાવ્યા પછી, તે રાજકુમાર ક્રમવાર બીજા શત્રુઓને જિતતો જિતતો વિદિશા નગરીની નજીકમાં જઇ પહોંચ્યો.

શહેર બહાર પોતાનો પડાવ નાંખી, હંસાવલીના પિતા મેઘમાલીને, એક એલચી મોકલી કહાવ્યું કે, 'તારી કન્યા મને પરણાવ.' દૂતે જઈ મેઘમાલીને તે સંદેશો કહ્યો. જ્યારે રાજા મેઘમાલીએ દૂતદ્વારા જાણ્યું કે, કમળાકર શત્રુ તરીકે આવ્યો નથી, પણ કન્યા પરણવા માટે આવ્યો છે, અને તે રાજકુમાર ઘણો જ ઉત્તમ છે, ત્યારે તે હર્ષથી રાજકુમાર કમળાકરની છાવણીમાં ગયો. કુમારે તેનો સારી રીતે આદરસત્કાર કીધો અને મેઘમાલીએ પણ તેનું સારી રીતે આદરાતિથ્ય કીધું અને પછી કહ્યું કે, "શા માટે જે કાર્ય એક દૂતદ્વારા થાય તેવું હતું તે કાર્યમાં તમે જાતે આટલો બધો શ્રમ લીધો ? હું પોતે જ તમારી સાથે મારી પુત્રીનો વિવાહ કરવામાં પ્રસન્ન છું અને તેનું કારણ સાંભળો. જ્યારે મારી પુત્રી બાલ્યાવસ્થામાં હતી ત્યારે તે વિષ્ણુનું પૂજન કરવામાં સદોદિત તત્પર રહેતી હતી. તે વખત તેનું અંગ સરસડાના પુષ્પ જેવું કોમળ હતું. તેના અંગની કોમળતા જોઇ, મારા મનમાં ચિંતા થઇ કે, 'આવી ગુણવાન્ કન્યાને યોગ્ય કોણ જાણે કેવોએ પતિ મળશે. ખરેખર તેવો કોઇ વર શોધવો જોઇએ.' આમ વિચાર કર્યાં પછી, મેં મારી કન્યા માટે વરની શોધ કરી, પરંતુ જ્યારે યોગ્ય વર કોઈપણ સ્થળે જણાયો નહીં, ત્યારે મારા મનમાં અફસોસ થયો અને તેને લીધે રાત્રિમાં ઉજાગરો થવા લાગ્યો. એ ઉજાગરાથી હું માંદો પડ્યો. તે રોગની પીડામાંથી છૂટવા માટે મેં પરમાત્મા શ્રીવિષ્ણુની પૂજા કરી, તેને વિનતિ કરી. પછી એક રાત્રિએ હું જ્યારે સૂતો ત્યારે સ્વપ્નમાં વિષ્ણુએ મને આજ્ઞા કરી, 'હે પુત્ર ! હંસાવલિ, કે જેની ચિંતાથી તને તાવ આવ્યો છે, તેને તારા અંગપર હાથ ફેરવવા દે, એટલે તારો તાવ ઉતરી જશે. મારી પૂજા કરવાથી તેનો હાથ એવો પવિત્ર થયો છે કે, તે કન્યા જેના

જેના અંગપર હાથ ફેરવશે તેનો તાવ, અસાધ્ય હશે તોપણ, અવશ્ય નાશ પામશે. તારે હવે તે કન્યાના વિવાહની ફીકર કરવી નહીં; કારણ કે તે રાજકન્યાનો પતિ કમળાકર નિર્માણ થયો છે. પણ એ કન્યા થોડોક વખત પીડા ભોગવશે અને તે પછી તેનાં લગ્ન થશે, આ પ્રમાણે વિષ્ણુએ મને આજ્ઞા કરી, એટલામાં પ્રભાત થયું અને મારી નિદ્રા ઉડી ગઇ. પછી હંસાવલીએ મારા અંગને પોતાનો હાથ અડાડયો, એટલે મારો તાવ ઉતરી ગયો. આ પ્રમાણે તમારા બન્નેનો સમાગમ દૈવે જ નિર્માણ કરી મૂકયો છે, માટે હું હંસાવલીનાં લગ્ન તમારી સાથે ઘણા પ્રેમથી કરીશ."

આ પ્રમાણે કહી, લગ્ન કરવાનો નિશ્ચય કરી, રાજા મેઘમાલી પોતાના નગરમાં પાછો આવ્યો અને ઘરના સર્વને તે વાર્તા કહી. તે વાત હંસાવલીએ છાનામાના સાંભળી, એટલે તેણે પોતાની એક સખી, કનકમંજરીને કહ્યું: "અલિ સખી! તું જા અને જો કે આપણા ચિત્રપટ ઉપર આલેખેલો જે રાજકુમાર છે, તે જ આ છે કે કોઇ બીજો છે; કારણ કે મારા પિતા, ભયના માર્યા તે નામનો કોઇ બીજો કુંવર સેનાસહિત આવ્યો હોય, તેને અર્પણ કરી દેતા તો નથી? તેટલું જ મારે તપાસવાનું છે." આ પ્રમાણે તેણે પોતાની સખી કનકમંજરીને કહીને કમળાકરને જોવા વિદાય કીધી. કનકમંજરીએ માથે જટા બાંધી મૃગચર્મ ઓઢયું, જનોઇ પહેર્યું, હાથમાં રુદ્રાક્ષની માળા લીધી અને એક સાધુડીનો વેશ ધારણ કર્યો. અને પછી તે રાજકુમારની છાવણીમાં ગઈ. ત્યાં કમળાકરના માણસોએ અંદર ખબર આપી, એટલે જોગણના વેશમાં રહેલી તે સખી અંદર દાખલ થઈ ગઈ. ત્યાં જઇ જોયું તો, રાજકુંવર કામદેવના ત્રણ જગતને જિતવાના મોહનમંત્રાયુધનો અધિષ્ઠાતા દેવ હોય, તેવો શોભતો હતો. તેજ વખતે તેના સૌંદર્યથી પોતે જાણે સમાધિમાં લીન થઈ ગઈ હોય તેવી થઈ ગઈ. થોડીકવાર જડભરતપેરે તેની સામે જ ટગરટગર જોઈ રહી. તે વિચારના વમળમાં પડી ગઈ ને મનમાં જ બોલી: "જો મારાં આવા રાજકુમારની સાથે લગ્ન થાય નહીં, તો મારા જીવતરને ધિક્કાર છે. હવે ગમે તે થાઓ, પરંતુ જે ઉચિત હશે તે જ કરીશ." આમ વિચારી તે રાજકુમારની સમીપમાં ગઈ અને તેને આશીર્વાદ આપી, એક ઉત્તમ મણિ આપ્યો. રાજકુમારે તેનો આદર-સત્કાર કીધો અને મણિ લીધો. પછી તે જોગણ રાજકુમાર પ્રત્યે બોલી: "મહાશય! આ મણિનો ચમત્કાર મારા જોવામાં વારંવાર આવ્યો છે. આ મણિ શરીર ઉપર ધારણ કરવાથી શત્રુનાં તીક્ષ્ણ શસ્ત્રો અટકી પડે છે. આવું ઉત્તમ મણિ મેં તમારા ગુણ ઉપર વારી જઇને જ તમને અર્પણ કર્યું છે. હે રાજકુમાર! જેવું આ મણિ તમને ઉપયોગી છે, તેવું મને ઉપયોગી નથી, માટે લ્યો!" આ પ્રમાણે કહ્યા પછી રાજકુમારે તેને ભિક્ષા લેવા માટે કહ્યું, ત્યારે તેણે ગાંગાંતલ્લાં માર્યાં ને મારે એક ઘરની જ ભિક્ષા લેવી, એવું મારું વ્રત છે' આમ કહી ના પાડીને તે ત્યાંથી ચાલી ગઈ.

પછી તેણે સાધુડીનો વેશ ત્યાગ કર્યો અને પોતાનું મુખ ઉદાસી જેવું કરી હંસાવલીની પાસે ગઈ. હંસાવલીએ તેને પૂછ્યું; 'તું શું કરી આવી?' ત્યારે તેણે આ પ્રમાણે ખોટી વાર્તા કહી: "બહે-



ની! મારે તો રાજાનું કાવતરું તારી આગળ કહેવું યોગ્ય જ નથી, તોપણ તારા પ્રત્યેના મારા પ્રેમને લીધે હું સર્વ કપટ કહું છું, તે તું સાંભળ. હું સાધુડીનો વેશ લઈ તારી પાસેથી તે રાજપુત્રની છાવણીમાં ગઇ. હું ઠેઠ તેની સેનાનો પડાવ પડયો હતો ત્યાં ગઈ. ત્યાં એક પુરુષે પોતેજ મને કહ્યું: "ભગવતિ! તમે પણ શું ભૂતવિદ્યા અને તંત્રવિદ્યા જાણો છો કે?" તે સાંભળી મેં તે પ્રતિહાર જેવા જણાતા માણસને કહ્યું; "હા! હું તે સારી રીતે જાણું છું; કારણકે મારી આગળ તે વસ્તુ તે વળી શી ગણતરીમાં હોય?" પછી તે જ માણસ, મને તેજ વખતે, રાજકુમાર કમળાકરની પાસે લઈ ગયો. હું રાજકુમારની પાસે ગઇ અને જાઉં છું તો તેને ભૂત વળગેલું જણાયું. તેના માથાપર શિંગડાં હતાં અને તેની પાસેનાં માણસો તે છૂપાવવાનો પ્રયત્ન કરતા હતા. તે શિવાય તેની પાસે કંઈ મંત્રતંત્રના દોરા ને એક જાદુઈ મણિ બાંધેલો હતો. તે જોઇને તો મારું મન ઉદાસીમાં આવી ગયું. પછી મે ધંતરમંત્તર કરી, ખોટી રીતે તેનું ભૂત ઉતાર્યું, અને પછી કહ્યું; 'હું કાલે સવારે આવી એના રોગની શાંતિ કરીશ!' આમ કહી તે જ વખતે ત્યાંથી હું બહાર નિકળી ગઈ; અને આવું અણધાર્યું સંકટ આવી પડયું તેથી સંતાપ કરતી, હું ત્યાંથી ચાલી આવી છું ને તે સર્વ વાત તમને જણાવી છે. હવે શું કરવું તે કામ તમારું છે."

જ્યારે, વગર શંકાએ હંસાવલીએ આ પ્રમાણેની કૃત્રિમ વાર્તા, પોતાની સખીના મુખથી સાંભળી, ત્યારે તેને તોપનો ગોળો વાગે ને ભય પ્રાપ્ત થાય તેવું થયું. તે નિરાશ મુખડે બોલી: "હાયરે! ઓ મત્સર ભરેલા દૈવડા! તું જ્યારે પૂર્ણ સુખના સાગરમાં લહરીઓ ખાતા હોઇએ, ત્યારે ઝટપટ ડૂબાડી દે છે! હાય! હાયરે! ચન્દ્રમાં કલંક કીધું તે તેના સ્રજનારને કલંકિત કરે છે. આ રાજકુમાર, કે જેને મેં કદી જોયો નહોતો તેને, મેં મારો પ્રાણેશ કીધો, ને તે તો આવો નિવડયો. હવે તે હું શું કરું? પણ હવે તો સારો માર્ગ એ છે કે, કાંતો મારે મરવું અથવા અરણ્યમાં જઇ વસવું. હે સખી! મને કહે, કે મારે માટે કયો માર્ગ ઉત્તમ છે?" જ્યારે તે નિષ્કપટી સુંદરીએ આ પ્રમાણે કહ્યું, ત્યારે કપટી કનકમંજરીએ જવાબ દીધો: "તમારી કોઈ લોંડીને, તમારો પોષાક પહેરાવી, તમારી જગે બેસાડી પરણાવી દ્યો અને ચાલો આપણે કોઈ અરણ્યમાં નાશી જઈયે; કામમાં ગુંથાયલાં માણસો તે વખતે એવી હાલતમાં હશે, કે કોઈ કંઇ જાણી શકશે નહીં."

તે સાંભળી રાજકન્યાએ પોતાની દુષ્ટ સખીને કહ્યું: "ત્યારે તું જ મારો પોશાક પહેરીને તે રાજપુત્ર સાથે પરણ. તારા કરતાં વળી બીજી મારી કોણ અંગની સખી છે?" આ પ્રમાણે હંસાવલીએ કહ્યું, એટલે પાપિણી કનકમંજરી બોલી; "ઠીક! ઠીક! બહેન બા સાહેબ! તમે ખુશી થાઓ તો બસ યુક્તિથી એ કામ પાર ઉતારીશ. પછી મારું તો જે થવાનું હશે તે થશે; પણ વખત આવે ત્યારે તમને જેમ કહું તેમ તમારે કરવું." આ પ્રમાણે તેને ધૈર્ય આપી, કનકમંજરી પોતાની એક વિશ્વાસપાત્ર અશોકકરી નામની એક સખી હતી, તેની પાસે ગઈ અને પોતાની ગુપ્ત વાર્તા તેને કહી. પછી અશોક કરી સાથે, શું કરવું તેની સંતલસ કરી, જેનું મન ઉદાસ હતું એવી હંસાવલીની પાસે તે બંનો ત્રણ દિવસ સુધી રહ્યાં.

વિવાહનો મંગળ દિવસ આવ્યો, તે દિવસે સાયંકાળે વરરાજા કમળાકર ગજ, અશ્વ, રથ અને પેદલ સેના સહિત નગરમાં, ભારે દબદબા સહિત પરણવા માટે આવ્યો. આ વખતે સઘળાં માણસો વિવાહની ધામધૂમમાં સજ્જડ ગુંથાઈ ગયાં હતાં. તેનો લાભ લઈ બીજી ચાકરડીઓને બહાર કાઢી, હંસાવલીને શણગારવાના બાનાથી, તેના એકાંતભવનમાં ત્રણે જણાં ગયાં. કનકમંજરીએ હંસાવલીનો પોશાક ઉતારી પોતે પહેર્યો, અને અશોકકરીનો પોશાક હંસાવલીને પહેરાવ્યો અને અશોકકરીએ કનકમંજરીનો પોશાક પહેરી લીધો. પછી રાત્રિ પડી, ત્યારે કનકમંજરી હંસાવલીને કહેવા લાગી; "આ નગરીના પશ્ચિમ તરફના દરવાજામાંથી બહાર નિકળી, એક ગાઉપર જ્યાં એક પુરાણું શીમળાનું વૃક્ષ છે, ત્યાં તમે જાઓ, અને તેની બખોલમાં છુપાઈને બેસો ને મારા આગમનની વાટ જૂઓ. ત્યાં હું તમારું કાર્ય કર્યા પછી, એકદમ તમારી પાસે આવીશ." આ પ્રમાણે કપટી સખીએ, હંસાવલીને જે જે કહ્યું તે તે સર્વ ભોલી હંસાવલીએ કબૂલ કર્યું અને 'બહુ સારું' આમ કહી પોતાની સખીનો પોશાક ધારણ કરી, રાત્રિને વખતે તે અંતઃપુરમાંથી નિકળી ગઈ; અને શહેરના દરવાજામાં ઘણા માણસની ભીડ જામી રહી હતી, તેમાંથી કોઈ ઓળખે નહીં તેમ બહાર પસાર થઇ ગઈ અને તે શીમળાના વૃક્ષના થડ આગળ ગઈ. જ્યારે તેણે તેની બખોલમાં નજર કરી, ત્યારે તેની અંદર ઘાડું અંધારું તેના જોવામાં આવ્યું. તેથી તે ભયની મારી અંદર પેઠી નહિં, પણ તેની પડોશમાં વટવૃક્ષ હતું તેના ઉપર ચઢી ગઈ તે વડના પાંદડામાં પોતાનું શરીર ઢાંકીને છૂપાઈ રહી ને પેલી કપટી સખીની વાટ જોવા લાગી. તે પોતે નિખાલસ અંતઃકરણની ને નિષ્કપટી હતી, તેથી દુષ્ટ સખીના દુષ્ટ વિચાર તેણે જાણ્યા નહતા.

રાજમહેલમાં વિવાહનો વખત થયો. મંગળ સમય નજીક આવ્યો. રાજાએ હંસાવલીનો વેશ ધારણ કરીને બેઠેલી કનકમંજરીને વેદીની સમીપમાં લાવીને બેસારી. તેણે મુખ ઉપર ચુંદડીનો ઘુંઘટો તાણ્યો હતો તેથી કોઈ પણ તેને ઓળખી શક્યું નહીં, એટલે નિઃશંકતાથી રાજકુમાર કમળાકર તે ગૌરવર્ણી લોંડી સાથે પરણ્યો. પરણવાની સર્વ ક્રિયા થઇ રહ્યા પછી, તરત શુભમુહૂર્ત હતું તેથી રાજકુમાર હંસાવલીને અને તેની સખી અશોકકરીને સાથે લઈ, નગરના પશ્ચિમ મૂખના દરવાજા તરફથી છાવણી તરફ જવા નિકળ્યો. જતાં જતાં રસ્તામાં પેલા જ શીમળાના વૃક્ષ નજીક રાજકુમાર આવી પહોંચ્યો, કે જે વૃક્ષની પડોશમાં આવેલા વટવૃક્ષ ઉપર પાંદડાનાં ગુચ્છામાં હંસાવલી, કે જે બાપડીને ઘણી ઘાતકી રીતે કનક મંજરી એઠગી હતી તે, છૂપાઈને બેઠી હતી. તે શીમળાનું વૃક્ષ આવ્યું, એટલે રાજાની પાછળ હાથી ઉપર બેઠેલી વેશધારી હંસાવલી, ભયભીતપણાનું ડોળ ઘાલી રાજાને કંઠે વળગી પડી. રાજાએ અતિ આતુરતાથી તેને ભયભીત થવાનું કારણ પૂછ્યું, ત્યારે કનકમંજરી રડતી રડતી બોલી; "આર્યપુત્ર! મને યાદ છે કે ગઈ રાતના મને એક સ્વપ્નુ આવ્યું હતું. તે સ્વપ્નમાં એમ આવ્યું હતું કે, આ શીમળાના વૃક્ષમાંથી, રાક્ષસીના જેવી એક સ્ત્રી નિકળી મને પકડીને ખાવાની શરુઆત કરવા લાગી. એવામાં કોઈ એક બ્રાહ્મણે દોડતા આવી, તેના હાથમાંથી મને છોડાવી;



અને તે બ્રાહ્મણે મને ધીરજ આપીને કહ્યું; "પુત્રી! તું આ શીમળાના ઝાડને બળાવી નાંખજે; અને તેમાંથી કદી કોઈ સ્ત્રી જો નિકળે, તો તેને તેમાં પાછી હોમી દેજે! આમ કરવાથી તારું સર્વ સારું થશે!' આ પ્રમાણે કહી તે બ્રાહ્મણ અંતર્ધાન થઈ ગયો અને હું જાગૃત થઈ ગઈ. હવણાં આ વૃક્ષ જોઈને મને તે સ્વપ્ન યાદ આવ્યું છે, તેને લીધે હું બીહી ગઈ છું!!" આ પ્રમાણે વેશધારી હંસાવલિએ રાજકુમારને જણાવ્યું, એટલે રાજાએ પોતાનાં માણસોને હુકમ કર્યો કે, આ શીમળાના વૃક્ષને અને તેમાં રહેલી સ્ત્રીને બાળી મૂકો! તુરત જ માણસોએ તે શીમળાના વૃક્ષને બાળી નાંખ્યું. વેશધારી હંસાવલિએ ધાર્યું કે, તેની શેઠાણી બળી મુઈ, કેમકે વૃક્ષમાંથી બહાર નીકળી નહીં ને તેથી તે ઘણી ખુશી થઈ. પછી કુમાર કમળાકર, તે આનંદમગ્ન કનકમંજરીને, ખરી હંસાવલિ માની, પોતાની છાવણીમાં લઈ આવ્યો. બીજે દિવસે પ્રભાતમાં તે પોતાની કોશલ નગરી તરફ રવાના થયો અને થોડા દહાડામાં તે પોતાની નગરીમાં જઈ પહોંચ્યો. તેનો પિતા, પુત્રે દિગ્વિજય કર્યો તેને લીધે તેના ઉપર ઘણો પ્રસન્ન થયો અને તેને રાજગાદી ઉપર બેસારી, ઈશ્વરસ્મરણ કરવા માટે વંનમાં ચાલ્યો ગયો. પછી રાજા કમળાકર, હંસાવલિનો વેશ ધારણ કરનારી કનકમંજરીને પોતાની પટ્ટરાણી બનાવી, સમગ્ર પૃથ્વીનું રાજ્ય કરવા લાગ્યો.

પણ અહીંયાં કનકમંજરીના મનમાં ઘણો ભય હતો. તેણે વિચાર્યું કે, જો આ મનોરથસિદ્ધિ મને ઓળખી કાઢશે તો મારો પૂરેપૂરો ભવાડો થશે, માટે તેને દૂર કઢાવું, તો જ મારાથી સુખે ભોગ ભોગવાશે. આમ ધારી તેને પણ ખોટો ઉપાય કરી દૂરનો દૂર રાખ્યો.

હવે આપણે હંસાવલિની સ્થિતિ જોઇએ. તે રાતના, તે વડ ઉપર રહેલી હંસાવલિએ, આ સર્વ વાર્તા સાંભળી હતી અને સર્વ વૃત્તાંત પ્રત્યક્ષ જોયું હતું. ત્યારે જ તેણે જાણ્યું કે, મને કપટ કરીને છેતરવામાં આવી છે. આથી તે બહુ દુઃખી થઈ ગઈ. જ્યારે તે જગ્યા ઉપરથી કમળાકર ચાલ્યો ગયો, ત્યારે તે સ્વગત વિચાર કરવા લાગી કે, "અરે રે! મારી ઘાતકી સખીએ કપટ કરીને મારા પતિનું હરણ કર્યું છે! હાય! હાય! વળી તે દુષ્ટા તો મને આ ઝાડમાં પેસારી બાળી નંખાવી, મારી તરફની ચિંતામાંથી મુક્ત થવાની ઇચ્છા કરતી હતી! જે માણસ દુર્જનનો વિશ્વાસ કરે છે, તેવો કયો માણસ સુખ પામે છે? આ શીમળાનું વૃક્ષ મારે માટે બળી ગયું, તો હવે હું તેના અંગારામાં મારું શરીર નાંખી, તે વૃક્ષના ઋણમાંથી મુક્ત થાઉં!" આ પ્રમાણે વિચાર કરી, વટવૃક્ષ ઉપરથી તે નીચે ઉતરી મરવા માટે તૈયાર થઈ ગઈ. પણ દૈવયોગે થોડીવારમાં તેનું મન શાંત થયું. પછી તે વિચાર કરવા લાગી કે, "હું મારા આત્માની વૃથા હત્યા શા માટે કરું? હું જો જીવતી હઇશ, તો કોઈ કાળે પણ દ્રોહ કરનારી એ પાપિણી સખીના વેરનો બદલો લઈ શકીશ. જ્યારે મારા પિતાને તાવ આવ્યો હતો ત્યારે સ્વપ્નમાં શ્રી વિષ્ણુએ કહ્યું હતું કે, 'તારી પુત્રી જ્યારે તને હાથ અડાડશે ત્યારે તારો તાવ ઉતરી જશે!' અને પછી કહ્યું હતું કે, 'તારી પુત્રી કમળકરને જ પરણશે; કેમકે તે તેનો લાયક અને નિર્માણ થયેલો પતિ છે. પરંતુ તેને કેટલાએક દિવસ

સૂધી સંકટ ભોગવવું પડશે!' માટે હવણાં તો હું કોઈ સ્થળે જઈ, તે સારા દિવસોની વાટ જોઉં!" આવો ઠરાવ હંસાવલિએ કર્યો. પછી તે કોઈ નિર્જન વનમાં જવાને નિકળી પડી.

તે ઘણેજ દૂર અરણ્યમાં ચાલી ગઈ. ચાલતાં ચાલતાં તે ઘણી થાકી ગઈ. તેનાં ચરણ લડથડીયાં ખાવા લાગ્યાં. એવામાં જાણે રાત્રિને દયા આવી હોય ને તેને માર્ગ બતાવવા માટે પોતે જતી રહેતી હોય તેમ પ્રભાત થયું. તે કન્યાને જોવાથી જાણે દયાળુ થઈ દ્રવતું હોય તેમ આકાશ ઝાકળરૂપી અશ્રુઓનો વર્ષાદ ઝરવા લાગ્યું; ગુણવાનના બંધુસમાન સૂર્યનારાયણ દેવને તેનાં અશ્રુ જોઈ દયા આવી હોય અને જાણે તેનાં અશ્રુઓને તે લૂછતો હોય, તેમ પોતાનાં કિરણોને ફેલાવ્યાં અને આશાને* ખુલ્લી કરી તેને શાંતિ આપી! આ પ્રમાણે સૃષ્ટિએ સહાયતા આપવાથી, તે કન્યાના મનમાં ધીરજ આવી. પછી તે પોતે મનુષ્યોનો અવરજ્વર નહી તેવે માર્ગે ચાલવા લાગી, જેથી કોઈ મનુષ્ય તેને જોઈ શક્યું નહીં. વગર પગથીના માર્ગે ચાલવાથી તેનાં ચરણ, દર્ભ તથા કાંટાથી વિંધાઈ જતા હતા. આવી રીતે ચાલતાં ચાલતાં ઘણીવારે, જાણે 'અહીં આવ! અહીં આવ!' આ પ્રમાણે બોલાવત. હોય તેમ ગુંજારવ કરતા ભ્રમરાઓથી શોભાયમાન એક વનમાં તે જઈ પહોંચી. તે વનમાં લતાના ગુચ્છળાંઓવાળાં ઝાડ, પોતાની ડાળ સહિત કંપી રહ્યાં હતાં, તે જાણે સાદ કરતાં હોય તેમ જણાતું હતું. પછી પવન ખાતી ને થાક ઉતારતી રાજકુમારી શાંત થઇને તે વનમાં પેઠી. પતિ માટે ઉત્કંઠિત થયેલી રાજકુમારી, વસંતઋતુને લીધે ચારે તરફ પુષ્પિત થયેલા આંબાનાં વૃક્ષ ઉપર બેઠેલી કોયલોના મનહર કૂહૂ કૂહૂ શબ્દો જ્યાં થઈ રહ્યા હતા, એવા વનને ચારે બાજુથી નિહાળી, કંઈક શાંતિ ને કંઈક ઉદ્વેગને પામી. પછી, ઉદાસી થયેલી તે રાજકુમારી, મનમાં જ બોલી; "આ પુષ્પના પરાગથી પીળો જણાતો મલયાચળનો પવન, જો કે અગ્નિપેરે મને અહીં બાળે છે અને વૃક્ષ ઉપરથી નીચે પડતા આ પુષ્પના ઢગલાઓ તથા ભ્રમરાઓના ગુંજારવ, મને કામદેવના બાણના સમૂહની પેઠે દુઃખ આપે છે, તોપણ હું તો આ પુષ્પોવડે શ્રીપતિની† પૂજા કરીશ; અને આ જ વનમાં રહી, મારા પાતિકનો નાશ કરીશ!" આવો વિચાર કરી, તે કન્યાએ એક વાવમાં સ્નાન કરી ફળાહાર કર્યો અને દરરોજ, કમળાકરપતિ મળવાની ઇચ્છાથી, શ્રીપતિના પૂજનમાં એકચિત્ત થઈ રહી.

અહિં કોશલ નગરીમાં, દૈવયોગે કમળાકરને ઘણો કારી ચોથીઓ તાવ લાગુ પડ્યો. તે જોઈ પેલી વેશધારી હંસાવલિ કનકમંજરી બહુ બીવા લાગી. તે પોતાના મનમાં વિચાર કરવા લાગી કે; "આ અશોકકરીને હું સાથે લઈ આવી છું, તે ભય તો મારી સમીપમાં ઉભું છે જ. એ રાંડ કોઈ દિવસે તે મારી ગુપ્ત વાર્તા બહાર પાડે તો ઝેરપીવું પડે! તેમાં વળી આ બીજું લપ આવ્યું. હંસાવલિના પિતાએ ઘણા માણસોની સમક્ષમાં કહ્યું છે કે, 'મારી પુત્રી જેને હાથ લગાડે તેનો તાવ તુરત ઉતરી જાય છે.' એ વાર્તા મારા આ પતિ આગળ પણ તેમણે કહેલી છે.

* આશા=દિશા. † શ્રી=લક્ષ્મી ને પતિ=ધણી. અર્થાત્ શ્રીપતિ એટલે લક્ષ્મીપતિ વિષ્ણુ.



હવણાં રાજા તાવમાં સપડાયા છે, કર્મ સંજોગે તેને જો તે વાતનું સ્મરણ થશે અને મને કહેશે, કે મારે અંગે હાથ ફેરવી તાવ ઉતાર, તો હું તાવ ઉતારી શકીશ નહીં; કેમકે મારામાં તે શક્તિ નથી, એથી મારું ભોપાળું ભડાક દેતું કે ફૂટી જશે અને મારા બાર વાગી જશે. માટે, આ ભોપાળું ઢાંકવા માટે, મને પૂર્વે, એક જોગણે જ્વરનું ચેટક બતાવ્યું છે તે મંત્રને વિધિ પ્રમાણે સાધવા માંડું અને તે જ ચેટકમાં યુક્તિ કરી, આ અશોકકરીનો નાશ કરું તો જ મારું કલ્યાણ થાય! કારણ કે તે સિદ્ધને જો મનુષ્યનાં શરીરનો અર્ઘ વગેરે મળશે તો તે સિદ્ધ અભીષ્ટ વસ્તુ આપશે. આ ઉપાય કરવાથી રાજાનો તાવ પણ ઉતરી જશે અને અશોકકરીનો પણ નાશ થશે. આ પ્રમાણે મારાં બન્ને દુઃખ શાંત પડશે–એક પંથ ઔર દો કાજ સરશે. આમ કર્યા સિવાય મારું કલ્યાણ થાય, એમ હું જોતી નથી."

આવો વિચાર કરી, તેણે પોતાની દાસી અશોકકરી આગળ જેટલી વાત તેને અનુકૂળ પડે તેવી હતી, તેટલી કહી સંભળાવી; પરંતુ તે મંત્ર સાધનામાં મનુષ્યનો વધ કરવો પડે છે, તે વાર્તા જણાવી નહીં. અશોકકરીએ તે સાધના કરવામાં ટેકો આપ્યો અને પોતે સર્વ સામગ્રી લઈ આવી. પછી કનકમંજરીએ, યુક્તિ પ્રયુક્તિથી બીજી દાસીઓને બહાર કાઢી મૂકી અને મધરાતના અશોકકરીને સાથે લઈ, હાથમાં તરવાર ગ્રહી, અંતઃપુરનાં ગુપ્તદ્વારને રસ્તેથી શહેર બહાર નિકળી પડી; અને એક એકાંતસ્થળે શિવનું મંદિર હતું, જેમાં માત્ર એક લિંગ જ હતું ત્યાં ગઈ. ત્યાં ગયા પછી પોતાના હાથમાં પકડેલી તરવારથી એક બકરાને કાપી નાંખી, તેના રક્તથી શંકરને સ્નાન કરાવ્યું અને તેના રક્તનો જ અર્ઘ આપ્યો તથા માંસનું નૈવેદ્ય ધર્યું, આંતરડાંની માળા પહેરાવી, બકરાનું હૃદયકમળ શંકરના મસ્તક ઉપર ચઢાવ્યું, તેની બે આંખનો ધૂપ દીધો અને બકરાનું મસ્તક હતું તેનો હોમ કીધો! ત્યાર પછી શંકરની આગળની બલિદાનની વેદીને રતાંજળિથી લીંપી, તે ઉપર ગોરોચનનું આઠ પાંદડાવાળું કમળ આલેખ્યું, તેની કળીમાં કેરીના રસમાં બાંધેલા લોટનો જ્વરદેવ આલેખ્યો, તેના હાથમાં ભસ્મમુષ્ઠિ નામનું શસ્ત્ર આપ્યું ને તેને ત્રણ ચરણ અને ત્રણ મુખ બનાવ્યાં અને તેનાં પાંદડાઓમાં તેના સેવકોને, શાસ્ત્રમાં કહ્યા પ્રમાણેના વિધિપુર્વક આલેખ્યા. ત્યાર પછી જ્વરદેવનો નામ મંત્ર જપી, તેનું આવાહન કર્યું.* પછી કનકમંજરીને, મેં પ્રથમ કહ્યું તેમ, જ્વરદેવતાને મનુષ્યના શરીરના લોહીથી સ્નાનઅર્ઘ વગેરે કરાવાની ઇચ્છા હતી, તેથી તે અશોકકરી પ્રત્યે બોલી; "સખિ! હવે તું આ જ્વરદેવતાની આગળ સાષ્ટાંગ દંડવત્ પ્રણામ

*બૌદ્ધ ધર્મની આ નીચ પ્રકારની પૂજા વિધિ, બેશક તંત્રોક્ત શાસ્ત્રની છે, અને તેનો અમલ છઠ્ઠા શૈકામાં થતો હતો એવું ડેવીડના બૌદ્ધ ધર્મના વૃત્તાંતમાં જણાવ્યું છે. ડા. રાજેન્દ્રલાલ મિત્ર, પોતાના 'લલિત વિસ્તાર' ગ્રંથમાં જણાવે છે કે, It is wonder "that a system of religion so pure and lofty in its aspirations as Buddhism could be made to ally itself with such pestilent dogmas and practices." આ સઘળો મંત્રપ્રયોગવિધિ, પાશ્ચમના લોકોમાં પણ ચાલતો હતો.

કર; કારણ કે તેને પ્રણામ કરવાથી તારું પણ કલ્યાણ થશે!" ભોળા મનની અશોકકરી, વારુ બા! જેવી તમારી ઇચ્છા,' એમ કહીને જમીન ઉપર પડી, પણ તે જેવી જ્વરદેવને પ્રણામ કરવા જાય છે તેવી, તે દુષ્ટ ચાંડાળણી જેવી કનકમંજરીએ, તેની કાંધ ઉપર તરવારનો પ્રહાર કર્યો. પરંતુ દૈવયોગે તેને કાચો ઘા થયો, એટલે અશોકરી ભયભીત થઈ એકદમ ત્યાંથી ઉઠી ને નાઠી. તેની પાછળ કનકમંજરી હાથમાં તરવાર લઇને દોડી. અશોકકરી મોટેમોટે બૂમ પાડવા લાગી કે, "આવોરે આવો! બચાવો રે બચાવો! મને મારી નાંખે છે!" તેની બૂમ સાંભળી નગરીમાં ચોકી કરનારા સીપાઇઓ, જે પાસે જ હતા તે દોડી આવ્યા. તરવાર ઉગામવાથી ભયંકર દેખાતી કનકમંજરીને જ્યારે તેઓએ જોઈ, ત્યારે સર્વેએ તેને રાક્ષસી ધારી, તરવાર મારીને મરણતોલ કરી નાંખી. પછી અશોકકરીને સર્વે માણસોએ પૂછ્યું કે 'આ સર્વ શું છે?' ત્યારે તેણે બન્યા પ્રમાણે સર્વ વૃત્તાંત કહી બતાવ્યો. તે સાંભળીને નગરરક્ષક કોટવાળ તે બન્નેને રાજાની આગળ દરબારમાં લઈ ગયો અને રાજા કમળાકરને વિનતિ કરી સર્વ વૃત્તાંત નિવેદન કર્યો. રાજા તો તે સાંભળી આશ્ચર્ય જ પામ્યો અને પોતાની દુષ્ટ ભાર્યાને અને તેની સખીને, બન્નેને પોતાની પાસે બોલાવી મંગાવ્યા. સીપાઇઓ બન્ને જણાંને રાજાની નજીક લઈ આવ્યા. પણ કનકમંજરી ભયથી અને પ્રહારની સખ્ત પીડાથી ત્યાંને ત્યાં જ મરણ પામી.

રાજા કનકમંજરીને મરણ પામેલી જોઈ અતિશય ઉદાસ થઈ ગયો. પછી શસ્ત્રથી ઘવાયલી તેની સખી અશોકકરીને પૂછ્યું; "આ સર્વ શું બન્યું તે તું નિર્ભયપણે મને કહે." અશોકકરીએ જે કપટસાહસ કનકમંજરીએ કર્યું હતું તે સર્વ, આરંભથી તે અંત સૂધી રાજાની આગળ વર્ણવી બતાવ્યું. રાજા કમળાકરે દાસીએ કહેલું સર્વ વૃત્તાંત જાણી, ઘણો અફસોસ કર્યો ને પોતાને હતભાગ્ય માનવા લાગ્યો. તે બોલ્યો કે, "અરેરે! આ વેશધારી હંસાવલિએ મને છેતર્યો અને મેં મૂર્ખતા કરી, મારે પોતાને હાથે જ હંસાવલિને બાળી નાંખી. હાય જીવ! ધિક્ છે તને, ધિક્ છે તને! આ પાપિણી કપટ કરીને રાજાની મહારાણી થઈ પડી હતી. તેણે તો પોતાના પાપકર્મનું ફળ ભોગવ્યું, એ તો ઠીક જ થયું. પરંતુ દુષ્ટ વિધાતાએ, બાળકની પેઠે મને રૂપ માત્રમાં મોહ ઉપજાવી, કાચ આપીને મારી પાસેથી રત્ન હરણ કરી લીધું, એ દૈવગતિ શી? હંસાવલિના પિતાને વિષ્ણુએ કહ્યું હતું કે, 'તારી પુત્રી જેને હાથ અરાડશે તેનો તાવ ઉતરી જશે,' પણ અરેરે! તાવ ઉતારવા માટે તેની ખાતરી કરાવનારી આ વાતનું પણ મને સ્મરણ થયું નહીં?" આ પ્રમાણે કમળાકર વિલાપ કરતો હતો, તેવામાં તેને એકાએક વિષ્ણુનું વચન યાદ આવ્યું એટલે તે બોલ્યો; "તેના પિતા મેઘમાળીએ મને કહ્યું હતું કે, વિષ્ણુએ તેને કહ્યું છે કે, 'હંસાવલિ પતિને પરણ્યા પછી થોડો વખત ક્લેશ ભોગવશે.' તે મહાપ્રભુજીના શબ્દો, જે સર્વ મનુષ્યોને ખબર છે તે કોઇ કાળે પણ મિથ્યા થશે નહિ! આ બનવા જોગ છે કે, તે કોઈ બીજી જગ્યાએ જઈ રહી હશે! તે જીવતી હશે. સ્ત્રીના મનની પેઠે દૈવની ગહન ગતિને કોણ કળી શકે છે? મારા આ કાર્યમાં મનોરથસિદ્ધિ બંદીનો આશ્રય લેવો જરૂરનો છે."



આ પ્રમાણે વિચાર કરી તેણે મંગળપાઠમાં ઉત્તમ એવા મનોરથસિદ્ધિને બોલાવ્યો અને કહ્યું; "અરે ભાઈ! તું કેમ હવણાં રાજમહેલમાં નજરે પડતો નથી? હું, જે ધૂર્તોના અયોગ્ય કર્મથી છેતરાયલો છું એવાની મનોરથસિદ્ધિ તું ક્યારે કરશે?" તે સાંભળીને મંગળપાઠક મનોરથસિદ્ધિ બોલ્યો; "મહારાજ! કનકમંજરીએ પોતાની વાર્તા ઉઘાડી પડવાની બીકને લીધે, અશોકકરીને મારી નાંખી છે એ મારું ઉત્તર છે, પણ રાજન્! તમારે હંસાવલિને માટે જરા પણ ખેદ કરવો નહી; કારણ કે વિષ્ણુએ જ કહ્યું છે કે, 'તે કેટલાએક દિવસ સૂધી દુઃખમાં રહેશે.' હંસાવલિ નિરંતર ઉત્સાહથી વિષ્ણુનું આરાધન કર્યાં કરે છે, માટે વિષ્ણુ અવશ્ય તેની રક્ષા કરે છે! સંસારમાં ધર્મનો જ પ્રતાપ વધારે હોય છે તે વિષયનું શું પારખું તમે હમણાં જ જોયું નથી? મહારાજ! હવે હું તેની ભાળ કાઢવા જાઉં છું, તમે ધૈર્ય ધરી રહો!" આ પ્રમાણે મંગળપાઠકે રાજાની વિનતિ કરી એટલે રાજા બોલ્યો; "હું પણ તારી સાથે તેને શોધવા માટે આવું છું. તારા વગર અહીં મારું મન એક ક્ષણ પણ સ્થિર રહેશે નહીં."

આમ કહી તેની સાથે જવાનો રાજાએ નિશ્ચય કીધો. બીજે દિવસે કમળાકરે પોતાનું રાજ્ય પ્રજ્ઞાઢ્ય મંત્રીના હાથમાં સોંપી દીધું. મંત્રીએ રાજાને જવાને ઘણીએ ના પાડી, તોપણ તે કોઇને જણાવ્યા વગર, મનોરથસિદ્ધિની સાથે એકદમ નગર બહાર નિકળી ગયો. તે પોતાના દેહની પીડાને ગણકાર્યા વગર, મનોરથસિદ્ધિની સાથે ક્ષેત્ર, આશ્રમ અને વનમાં, પોતાની પ્યારીની શોધ કરતો કરતો, મુસાફરી કરતો હતો. ખરેખર, કામદેવની આજ્ઞા સર્વથી વધારે બળવાન્ હોય છે. જેમ તેમ કરતાં, અનેક સ્થળે ફરતાં ફરતાં મનોરથસિદ્ધિ અને રાજકુમાર, હંસાવલિ જે તપોવનમાં તપ કરતી હતી ત્યાં આવી ચઢ્યા. આ વનમાં એક તેજસ્વી રક્તાશોક—નવપલ્લવ આશુપાલવના વૃક્ષ નીચે, ચંદ્રમાની છેલ્લી કળા જેવી ફીકી અને અંગે કૃશ થઈ ગયેલી હંસાવલિને તેમણે બેઠેલી દીઠી. તેને જોઈ રાજા કમળાકરે પોતાના બંદીને પૂછ્યું; "બોલ્યા ચાલ્યા વગર મૌન્ય ધરીને, ધ્યાનપરાયણ થઇને આ કોણ બેઠું છે? શું તે વન દેવતા છે? તેનું રૂપ મનુષ્ય કરતાં વિશેષ જણાય છે." મંગળપાઠકે તેની તરફ નજર કરીને જોયું અને તરત રાજાને વધામણી આપી; "જય જય મહારાજ! તમારા ભાગ્યનો પાર નથી. જે હંસાવલિને મેળવવા માટે તમે આવ્યા છો, તે જ આ સાક્ષાત્ હંસાવલિ છે." આશુપાલવના વૃક્ષ નીચે બેઠેલી હંસાવલિ, રાજા અને બંદીજનનું આ પ્રમાણેનું સંભાષણ સાંભળી, તે બન્ને તરફ નજર કરી, એટલે તેમને ઝટ ઓળખી કાઢ્યા. તે જ વખતે તેને પોતાનું પાછલું દુઃખ સાંભરી આવ્યું, એટલે તે શોકાર્ત હૃદયે બોલી; "અહો પિતાજી! હું બહુ દુઃખી થઇ છું. આર્યપુત્ર કમળાકર! હાય! મનોરથસિદ્ધે! હાય! હાય! નસીબ! તું અવળું થઈ ગયું કેમ!" આ પ્રમાણે વિલાપ કરતી અને કરુણાળ સ્વરે વિલપંતી ને શોચંતી તે પૃથ્વી ઉપર મૂર્છિત થઈ ઢળી પડી.

કમળાકર પણ તે જોઇને તથા તેનો વિલાપ સાંભળીને દિલગીર થઇ જમીન ઉપર તૂટી પડ્યો. ત્યારે મનોરથસિદ્ધિએ તે બન્ને જણાનો મનોરથ સિદ્ધ કરવા આશ્વાસન કરી

શાંત કર્યાં. પછી બન્ને જણાં એક બીજાના મનનો અભિપ્રાય જાણી આનંદિત થયાં: બન્ને વિરહસાગરમાંથી તરીપાર ઉતર્યાં, તેથી અનુપમ આનન્દને પામ્યાં; અને બન્ને જણાએ ક્રમવાર પોતપોતાનું ચરિત્ર કહી બતાવ્યું. રાજા કમળાકર પોતાની પ્યારી હંસાવલિને લઈ, મનોરથસિદ્ધિની સાથે, પોતાની કોશલા નગરીમાં આવ્યો; અને ત્યાં જઈ, હંસાવલિના વિખ્યાત પિતા મેઘમાલીને તેડાવી, શાસ્ત્રમાં કહ્યા પ્રમાણે વિધિયુક્ત, જ્વરરોગ નાશ કરનારી હંસાવલિ સાથે તે પરણ્યો હતો. આ વખતે ઉભય પક્ષથી શુદ્ધ, હંસાવલિ સાથે ઉભેલા રાજા કમળાકરની શોભામાં અત્યંત વધારો થયો અને તે પોતાનું જીવિત કાર્ય પાર પાડી, ધૈર્ય રાખી હંસાવલિ સાથે વિહાર કરવા લાગ્યો અને મનોરથસિદ્ધિને પોતાની સમીપમાં રાખી એકચક્રે રાજ્ય ચલાવવા લાગ્યો.

"આ પ્રમાણે જે માણસ આપત્તિમાં પણ ધૈર્યનો ત્યાગ કરતો નથી, તેને સર્વે ઈચ્છિત વસ્તુ પણ ત્યાગ કરતી નથી. આ નિયમ પ્રમાણે તું શા માટે આત્મહત્યા કરે છે? જો જીવતો રહીશ તો તને તારા રાજાનો મેળાપ થશે જ થશે." હે મહારાજ! આ પ્રમાણે તે વૃદ્ધ વટેમાર્ગુએ મને વાર્તા કહી, ઉપદેશ આપી, મને મરતો બચાવ્યો છે. એ વાર્તા કહ્યા પછી તેને જ્યાં જવું હતું ત્યાં તે સ્વેચ્છાથી ચાલ્યો ગયો છે.

## ભીમપરાક્રમની કથા (ચાલુ).

આ પ્રમાણે ચંડિકાદત્તના ઘરમાં રાત્રીને વખતે ભીમપરાક્રમે, મૃગાંકદત્તને વાર્તા કહી, પુનઃ તેણે પોતાની વિતક વાર્તા શરુ કરી.

ભીમપરાક્રમે કહ્યું; "આ પ્રમાણે તે વૃદ્ધનો ઉપદેશ લઈ, હું તમને શોધવા માટે તે જંગલમાંથી પરભાર્યો તમારી પ્રિય ઉજ્જયિની નગરીમાં ગયો. ત્યાં તમારી મેં બહુ શોધ કરી, પણ તમારો મેળાપ થયો નહીં. પછી હું થાકયો પાકયો એક સ્ત્રીને ઘેર ગયો ને તેને ત્યાં ભોજન ખર્ચના પૈસા આપી રહ્યો. તે ઘરધણિયાણી સ્ત્રીએ મને સૂવા માટે એક ખાટલી બીછાવી આપી. હું થાકી ગયો હતો, એટલે ખાટલી ઉપર એક ક્ષણભર સૂઈ ગયો. થોડીવારે હું જાગી ઉઠયો અને ખાટલીપર પડયો પડયો જોઉં છું તો તે સ્ત્રીને મેં મંત્ર ભણીને ઘરમાં ચારે તરફ જવ વાવતી જોઈ. તુરત વાવેલા જવના છોડ ઉગ્યા, ક્ષણમાત્રમાં તેમાં જવ ઉત્પન્ન થયા. તે જવ પાકયા એટલે તે સ્ત્રીએ કાપી તેને અગ્નિ ઉપર સેકી, તેમાંથી જવના દાણા કાઢયા. પછી તેનો લોટ કરી તેનો સાથવો બનાવ્યો. આ સાથવાને એક કાંસાની થાળીમાં કાઢી, તેમાં પાણી નાંખીને બાંધ્યો, અને તેની રોટલી બનાવી. પછી તે રાંડે પ્રથમના જેવું જ ઘર કરી મૂકયું ને પછી સ્નાનાર્થે ઘરમાંથી બહાર નિકળી.

મને મનમાં શંકા થઈ કે બેશક આ કોઈ ડાકણીસાકણી હશે! હું તુરત સાવધાન થઈ ગયો ને મારી ખાટલી ઉપરથી ઉઠી, ઘરમાં જઈ, જે કાંસાના વાસણમાં તેણે મારે માટે મંત્રેલા સાથવાની રોટલી બનાવી રાખી હતી, તેને બીજા વાસણમાં મૂકી અને બીજા વાસણની



રોટલી પ્રથમના ખાલી કરેલા વાસણમાં મૂકી દીધી કે જેથી તેણે ધારેલું કપટ મારા ઉપર અસર કરી શકે નહીં. આ પ્રમાણે બન્ને રોટલીને અદલબદલ કરી, હું પાછો મારી ખાટલી ઉપર આવીને સૂઈ ગયો. થોડી વારમાં તે સ્ત્રી સ્નાન કરીને આવી અને મને ખાટલીપરથી ઉઠાડી, ભોજન માટે રોટલી આપી. અને તે પણ, લોટના બીજા વાસણમાં જે મંત્રેલી રોટલી હતી, તે ખાવા બેઠી. મેં જે રોટલીની અદલા બદલી કરી હતી તે વિશે તેને જરા પણ ખબર ન હતી. આ પ્રમાણે અજાણપણાથી તે રોટલી તેણે ખાધી કે, તરત તે રાંડ ડાકણી, બકરી બની ગઈ. તે જોઈ મને ઘણો જ ક્રોધ વ્યાપો, એટલે મેં તેને એક ખાટકીને ત્યાં વૈરભાવથી વેચી નાંખી.*

"આ વાર્તાની ખબર તે ખાટકીની સ્ત્રીને પડી, એટલે તે મારી પાસે આવી, ક્રોધ કરીને મને કહેવા લાગી; "કેમરે રખ્યા કાળા મોઢાના માંકડા! તેં મારી સખીને છેતરી છે, કેમ?!! ઠીક! ઠીક! મૂવા ગળાકાંસુ! તેનું ફળ હવે તું જોજે!" આ પ્રમાણે તે સ્ત્રીએ મને ખૂબ ભય ઉપજાવ્યો, એટલે હું છાનોમાનો નગરની બહાર નાસી ગયો. થાકયો પાકયો હોવાથી એક વડના વૃક્ષ નીચે જઈ સૂતો. પણ હું જ્યાં આ પ્રમાણે પડયો હતો, તેવામાં પેલા ખાટકીની દુષ્ટ સ્ત્રી, જે પોતે પણ કામણટુમણવાળી હતી તે ત્યાં ગૂપચૂપ આવી, અને મારે ગળે દોરો બાંધી પાછી ચાલી ગઈ. હું જાગ્યો અને મારા શરીર તરફ જોઉં છું તો, અહો! હું મોર બની ગયો હતો. પરન્તુ પ્રથમની સર્વ વાર્તા મને સાંભરતી હતી, તેથી મારા રક્ષણ માટે હું કેટલાએક દિવસ સૂધી આમ તેમ નિરાશામાં ભટકયો. છેવટે એક દિવસે એક જીવાંતકે મને પકડી લીધો અને તેણે આ ગામમાં લઈ આવી ભિલ્લરાજાના મુખ્ય પ્રતિહાર ચન્દ્રકેતુને ભેટ તરીકે અર્પણ કર્યો. પ્રતિહારે તે જ વખતે પોતાની સ્ત્રીને મને સોંપી દીધો. તેની સ્ત્રીએ મને આ મંડપમાં ગમ્મત માટે રાખ્યો છે! અને હે મહારાજ! આજ મહાપ્રભુ તમને અહીં લઈ આવ્યા છે અને તમે મારા કંઠમાંથી દોરો છોડી નાંખ્યો છે, એટલે હું ફરીથી મારા પોતાના મનુષ્યપણાને પામ્યો છું.

"પણ મહારાજ! હવે આપણે અહીંથી જલદી નાશી જઈએ તો ઠીક. કારણ કે એ પાપી પ્રતિહાર પોતાની ગુપ્ત વાર્તા ઉઘાડી પડી ન જાય, પણ ગુપ્ત રહે તેને માટે, પોતાની સંગે રાત્રે પર્યટન કરનારને નિરંતર મારી નાંખે છે! આજે તે તમને અહીં લાવ્યો છે, તેનું કારણ તેનું રાત્રિનું પર્યટન તમને દૃષ્ટિગોચર થયું છે તેજ છે. તે તમારા પણ બીજાના જેવા જ હાલ કરશે. માટે મહારાજ! હવે ઉતાવળ કરો અને તે કામણગારીએ બનાવેલો દોરો તમારે ગળે બાંધીને આ જાળીઆમાંથી ઉડીને બહાર જાઓ. તમે તમારું ગળું ઉંચું રાખજે,

* અરેબીઅન નાઈટ્સમાં બેદર અને ગ્વાહૂરની વાર્તા છે, તેમાં બેદરનાપર લાવી રાણીએ આવો જ મંત્ર પ્રયોગ કીધો હતો. તેમાં બેદરે ભીમપરાક્રમે જે યુક્તિ રચી હતી તેવી જ યુક્તિ રચી ને તેથી લાવી રાણી ઘોડી થઈ ગઈ હતી. પછી લાવી રાણી મુક્ત થઈ, ત્યારે બેદરને ઘુવડના રૂપમાં આણ્યો હતો, જેમ ભીમપરાક્રમ મોર થયો છે.

એટલે હું મારો હાથ જાળીઆની બહાર કાઢી, તમારા કંઠમાંથી આ દોરો છોડીને મારે ગળે બાંધીશ, એટલે હું પણ સત્વર બહાર નિકળી શકીશ. પછી તમે મારે ગળેથી દોરો છોડી નાંખજો, એટલે આપણે બન્ને જણા પાછા મૂળ સ્વરૂપને પામીશું. બારણાને બહારથી કડી મારેલી છે, માટે બીજી રીતે બહાર જવાશે નહીં, તેથી આ જ ઉપાય યોજવો ઠીક છે.”

આ પ્રમાણે કુશાગ્રમતિ **ભીમ**પરાક્રમે કહ્યું, એટલે **મૃ**ગાંકદત્તે તે વાત સ્વીકારી અને એ વિધિએ ત્યાંથી તે બહાર નિકળી ગયો. **ભીમ**પરાક્રમ પણ તે જ વિધિથી બહાર ગયો. બન્ને જણા, પોતાના બે મિત્ર જ્યાં રહ્યા હતા તે ઉતારાના ઘરમાં ગયા. ત્યાં સઘળા પરસ્પર મળ્યા ભેટ્યા અને **મૃ**ગાંકદત્ત વગેરેએ પરસ્પર પોતપોતાનું ઇત્થંભૂત વૃત્તાંત વર્ણવી, ઘણા જ આનંદમાં રાત્રિ ગાળી કાઢી.

પ્રભાતમાં તે નગરનો રાજા **માયાબટુ**, રાજકુમાર **મૃ**ગાંકદત્તની પાસે ગયો અને તેને રાત્રિના કુશળ સમાચાર પૂછ્યા. **મૃ**ગાંકદત્તને આનંદ ઉપજાવવા માટે તે બોલ્યો: “રાજકુમાર! ચાલો આપણે ચોપાટ ખેલીએ.” આ વખતે તે ભિલ્લરાજની સાથે તેનો પ્રતિહાર **ચન્દ્ર**કેતુ પણ હતો. તે બન્નેને **મૃ**ગાંકદત્તનો મિત્ર **શ્રુ**તધિ કહેવા લાગ્યો; “આજે શું કામ ચોપટ આરંભીએ? આજે તો આપણે, આપના પ્રતિહારના મોરનું નૃત્ય જોવાના હતા, તે શું વિસરી ગયા કે?” ભિલ્લરાજા **માયાબટુ**, **શ્રુ**તધિનું કહેવું સાંભળી, મયૂરનૃત્ય જોવાના આશ્ચર્યથી પ્રતિહારને મોર લેવા માટે મોકલ્યો. પણ પ્રતિહારને રાજાનો હુકમ સાંભળતાં યાદ આવ્યું કે, “હાય હાય ! ગઈ રાત્રે જે ચોરે મારી ગુપ્ત બાબત જાણી છે, તે ચોરને મેં રાત્રે મોરને રહેવાના રંગમંડપમાં પૂર્યો છે, તેને હજુ સૂધી માર્યો નહીં, એ શું ! ! હવે સત્વર જઈ તેને મારી નાંખું અને મોરને લઈ આવું તો જ ઠીક.” આમ વિચાર કરી તે પ્રતિહાર પોતા ઉપર જે ભય ભમતું હતું તેનું સ્મરણ કરતો કરતો, ઉતાવળો ઉતાવળો ઘેર ગયો. પણ જ્યાં તે મોરના ઓરડામાં પ્રવેશ કરીને જુવે છે, તો ત્યાં મોર કે ચોર બન્નેમાંનું એક પણ નજરે પડ્યું નહિ. તે હાંફ્લોફાંફ્લો, ભયભીત ને ઉદાસ થઈ ગયો. પછી મંદમંદ પગલે ચાલી રાજાની પાસે જઈને બોલ્યો; “મહારાજ ! કોઈ ચોર મારા ઘરમાંથી રાત્રે મોરને ચોરી ગયો છે !” તે સાંભળીને **શ્રુ**તધિ મુખ મલકાવીને બોલ્યો; “અહોહો ! એમ કે ? જેણે તમારા મોરને ચોર્યો તે ચોર હોશીયાર તો હોવો જોઈએ !” આમ કહી **મૃ**ગાંકદત્ત વગેરે એક બીજાના સામુ જોઈ, પેટ પકડી ખૂબ હસવા લાગ્યા. **માયાબટુ**એ આગ્રહ કરીને તેઓને પૂછ્યું કે, ‘કેમ હસો છો ? એમાં શું કારણ છે તે મને કહો.’ પછી **મૃ**ગાંકદત્તને રાત્રે કેવી રીતે પ્રતિહાર સાથે મિલાપ થયો, તે પછી રાણીના રંગમહોલમાં જઈને કેવી રીતે પ્રતિહાર, તેના પ્રીતમ તરીકે રંગ રમ્યો ને પછી હથીઆરવતી કેમ કલહ કર્યો, પછી પોતે તેને ઘેર કેવા પ્રકારે ગયો અને ત્યાં **ભીમ**પરાક્રમના કંઠમાંથી કેમ દોરો છોડી તેને મયૂરના દેહમાંથી મુક્ત કર્યો, તે સર્વ ઇત્થંભૂત પ્રતિહારનું વૃત્તાંત **મૃ**ગાંકદત્તે, ભિલ્લરાજાને કહી સંભળાવ્યું. **માયાબટુ**, એ પ્રમાણેનું સર્વ ચરિત્ર સાંભળી, એકદમ અંત:પુરમાં ગયો ને ચેટીનો હાથ તપાસ્યો તો તેના હાથમાં ખડ્ગનો ઘા



દીઠો. તે તુરત પાછો આવ્યો ને વિશેષ તપાસ માટે **ભીમ**પરાક્રમના ગળામાં દોરો બાંધ્યો, એટલે તે તુરત મોર બની ગયો. પછી ભિલ્લરાજાએ, અંત:પુરને કલંકિત કરનારા પ્રતિહારને એકદમ મારી નાંખ્યો ને પોતાની રાણી **મંજુ**વતી, જે અવિનયી હતી તેને મારવા ધાયો; પરંતુ **મૃ**ગાંકદત્તે તેને મારવા દીધી નહીં, પણ તેને પોતાના મહેલમાંથી ઘણે દૂર કાઢી, કાળાગૃહમાં પૂરી, તેનો સ્પર્શ કરવો પણ ત્યાગ કર્યો. જોકે **મૃ**ગાંકદત્ત **શ**શાંકવતીને મેળવવા અત્યંત આતુર હતો, તોપણ ભિલ્લરાજના આગ્રહથી તે કેટલાએક વધારે દિવસ સૂધી **પુ**લંધનગરીમાં રહ્યો. **માયાબટુ**એ તેનું પુષ્કળ સન્માન કર્યું, તેથી જ તે પોતાના બીજા મિત્રોને મેળવવાની આશાએ ત્યાં રહ્યો હતો.

## તરંગ ૫ મો.

### મૃગાંકદત્તનું ચરિત્ર.

એક વખતે **મૃ**ગાંકદત્ત, તેના વિમળબુદ્ધિ વગેરે જે મિત્રો આવી મળ્યા હતા તેની સાથે, **માયાબટુ** ભિલ્લરાજના ઘરમાં બેઠો હતો, એવામાં તે ભિલ્લરાજાનો સેનાપતિ, હાંફ્ળો ફાંફ્ળો આવીને તે રાજાને વિનતિ કરવા લાગ્યો કે; “મહારાજ! અમે આપની આજ્ઞા પ્રમાણે દુર્ગાને બળિદાન આપવા માટે કોઈ પુરુષની શોધ કરતા હતા. તેમાં એક પુરુષને પકડી લાવ્યા છીએ. અમે જ્યારે તેને પકડ્યો, ત્યારે તેણે અમારી સાથે પ્રચંડ યુદ્ધ કરી, આપણા પાંચસો યોધાઓને રણમાં, ભૂસેળા કરી દીધા હતા. છેવટે તે ઘણા પ્રહારોથી ઘવાયો અને ત્યારે જ અમે તેને પકડીને કેદ કરી શક્યા છીએ!” એ વાત સાંભળીને ભિલ્લરાજાએ, સેનાપતિને કહ્યું; “તેને અહીં જલદી લઈ આવ, મારે તે શક્તિવંત પુરુષને જોવો છે!” તુરત સેનાપતિ, તેને અંદર લઈ આવ્યો. ત્યાં બેઠેલા સઘળા માણસો નજર કરે છે તો તેઓએ જોયું કે તે પુરુષના અંગમાં શસ્ત્રોના ઘણા ઘા પડયા છે ને તેમાંથી ઝરતા લોહીથી તેનું અંગ લોહીલોહાણ અને ધૂળ ભરાવાથી ભૂખરા રંગનું થઈ ગયું છે તેને લીધે, જાણે ગંડસ્થળ ઉપર ચોપડેલા સિંદૂર સાથે મળેલા મદવડે ગારામય થઈ ગયેલો ને આમ તેમ ડોલતો, બેડીમાં પૂરેલો મદમત્ત હાથી હોય તેવો તે પુરુષ દેખાય છે. પણ રાજકુમાર મૃગાંકદત્ત જ્યાં નજર કરે છે, ત્યાં તો તેણે પોતાના મંત્રી ગુણાકરને જોયો. તે દોડી તેને કંઠે વળગી પડી, છાતીફાટ રડવા લાગ્યો. આ જોઈ ભિલ્લરાજાએ પૂછ્યું; ‘આ કોણ છે?’ મૃગાંકદત્તના બીજા મંત્રીઓએ તેનો ખુલાસો કર્યો કે, એ તો રાજાજીનો મંત્રી ગુણાકર છે. ભિલ્લરાજ તેના ચરણમાં પડયો ને તેઓને શાંત પાડયા. પછી ગુણાકરનું આશ્વાસન કરીને સમજાવ્યો અને તેને ઘરમાં લઈ જઈ સ્નાન કરાવી, જે જે જગ્યાએ ઘા પડયા હતા, તે તે જગ્યાએ વૈદ્ય મારફતે પાટાઓ બંધાવ્યા અને પછી તેને ખાનપાનમાં પથ્ય વસ્તુ આપવાનો હુકમ

કરી સારી રીતે ધીરજ આપી. જ્યારે ગુણાકર મંત્રીને શાંતિ વળી ને તે ટટાર થયો, ત્યારે મૃગાંકદત્તે તેને પૂછ્યું; "હે મિત્ર! તારું વૃત્તાંત કહી બતાવ." પછી ગુણાકર સર્વ સાંભળતાં બોલ્યો; "મહારાજ! મારું વૃત્તાંત કહું છું તે સાંભળો."

## ગુણાકરનું ચરિત્ર.

જ્યારે મને નાગનો શાપ લાગ્યો, ત્યારે હું આપથી જૂદો પડી ગયો. એ વખતે હું સર્વ વિસરી ગયો હોઉં તેમ મૂઢ બની ગયો અને તેને લીધે જંગલમાં આમ તેમ ભટકતાં ભટકતાં ઘણે દૂર નિકળી ગયો. ઘણીકવારે જ્યારે મને ભાન આવ્યું, ત્યારે હું અફસોસ કરતો કરતો વિચારવા લાગ્યો કે; "અરેરે! વિધાતા ખરેખર મૂર્ખ છે, કેમકે તેનો વિલાસ જૂદા જ પ્રકારનો છે. જે મૃગાંકદત્ત એક સુંદર હવેલીમાં ચમનદારી કરતો હતો, તે આજ ધગધગતી રેતીવાળા ઉજ્જડ જંગલમાં કેમ ચાલી શકશે? તેના મિત્રો બીચારા કેવી રીતે દહાડા ગાળી શકશે?" આમ વારંવાર મારા મનમાં વિચાર આવતો હતો, એવામાં દૈવયોગે હું ફરતો ફરતો વિંધ્યવાસિની દેવીની સમીપમાં જઈ ચઢ્યો. અહીં દેવીના મંદિરમાં હંમેશાં નાના પ્રકારના પ્રાણીઓનું, તેને બળિદાન આપવામાં આવતું હતું, તેથી તે મંદિર, યમમંદિરના જેવું વિકરાળ દીસતું હતું. હું તે દેવીના મંદિરમાં પેઠો અને દેવીને પ્રણામ કર્યા. આસપાસ નજર કરતાં ત્યાં એક મુડદું પડેલું મારા જોવા આવ્યું. તેણે પોતાના હાથવતી તરવાર મારી દેવીને સ્વાત્મભોગ આપ્યો હતો. તેને જોયા પછી ફરી મને તમારા વિયોગનું દુઃખ ઉપજી આવ્યું, એટલે મને પણ સ્વાત્માર્પણ કરીને દેવીને સંતોષ પમાડવાની ઇચ્છા થઈ. પણ જ્યાં હું એકદમ દોડીને તરવાર લઈને મારું મસ્તક કાપવા જાઉં છું, ત્યાં તો વૃદ્ધાવસ્થાને લીધે જેનું મસ્તક કંપતું હતું ને તે જાણે મને એમ કહેતું હોય કે; "અલ્યા ભલા માણસ! એમ મા કર! એમ મા કર," તેવી રીતે એક વૃદ્ધ તાપસીએ, દયા સહિત મારી પાસે આવીને મને મરતાં અટકાવ્યો. પછી તેણે મારું વૃત્તાંત પૂછ્યું. મેં જ્યારે તેને મારું સર્વ ચરિત્ર કહી સંભળાવ્યું, ત્યારે તે વૃદ્ધ તાપસી મને કહેવા લાગી; "દીકરા રે! તું એમ કર મા. કેમકે મરી ગયેલા મનુષ્યોનો પણ ફરીથી સમાગમ થાય છે, તો જે જીવતા છે એનો સમાગમ શા માટે નહીં થાય? તે સંબંધી આ એક વ્યાખ્યાન સાંભળ!"

## વિનીતમતિની કથા.

પૃથ્વી ઉપર અહિચ્છત્ર* નામની એક પ્રખ્યાત નગરી હતી. તે નગરીમાં પૂર્વે ઉદયતુંગ નામનો એક મોટો પ્રખ્યાત રાજા રાજ્ય ચલાવતો હતો. તેના મુખ્ય પ્રતિહારનું નામ કમળમતિ હતું. તેને વિનીતમતિ નામનો એક પુત્ર હતો. આ પુત્ર પિતા જેવો જ પરાક્રમી હતો. જેની તુલના ગુણથી મૃણાલ પણ કરી શકતું નહતું, કારણ કે તેમાં છિદ્ર છે; ધનુષ પણ કરી શકતું નહતું, કારણ કે તે

* જનરલ કનિંઘામ પોતાની ભરતખડની પ્રાચીન ભૂગોળ વિદ્યાના ૩૫૯ મા પાનામાં લખે છે કે, રોહિલખંડમાં આવેલા રામનગરની પાસેનું એડીકેટા નામનું શહેર તે અહિચ્છત્ર હશે.



કુટિલ હતું. તે કુમારમાં કોઈ છિદ્ર નહતું અને તે કુટિલ પણ નહતો. એક દિવસે તે કુમાર પોતના અમૃતમય મહેલની ઉપર સાયંકાળને સમયે, ઉદય પામતા ચન્દ્રમાનું પાન કરતો, એક મંચપર બેઠો હતો. ચન્દ્ર તો જાણે રાત્રી દેવીએ, કામદેવના કલ્પવૃક્ષનું પત્ર તોડીને પૂર્વ દિશારૂપ પ્રમદાના કાનનું ઉજ્વળ આભૂષણ બનાવ્યું હોય, તેમ શોભતો હતો. ધીમે ધીમે ચન્દ્રમાનાં ધવળ કિરણોથી આખું જગત્ શોભાયમાન જણાવા લાગ્યું અને વિનીતમતિના મનમાં પણ આનંદ વ્યાપી રહ્યો. કુમાર વિચાર કરવા લાગ્યો કે; 'અહો! ચન્દ્રની સફેદ ચાંદનીથી રસ્તાઓ સફેદ થઈ ગયા છે અને જાણે અમૃત છાંટયું હોય તેવા શોભે છે. આવી ફક્કડ ચાંદનીમાં હું એકલો શા માટે વિહાર કરું નહીં?" આવો વિચાર કરી તે કુમાર, ધનુષ બાણ ધારણ કરી, હવેલી ઉપરથી નીચે ઉતરી, નગર બહાર નિકળી ગયો. તે ફરતો ફરતો એક કોશ ચાલ્યો ગયો, ત્યારે અકસ્માત્ તેણે કોઈના રડવાનો શબ્દ સાંભળ્યો. જે તરફથી રડવાનો શબ્દ આવતો હતો તે તરફ તે ચાલ્યો. દૂર જતાં તેણે એક વૃક્ષ દીઠું. આ વૃક્ષની નીચે કોઈક દેવાંગના બેઠી બેઠી રડતી હતી તે તેને દૃષ્ટિગોચર થઈ. તેને જોઈને વિનીતમતિ પૂછવા લાગ્યો; "અરે કલ્યાણિ! તમે કોણ છો? તમે તમારા ખચન્દ્રને અશ્રુવડે મલીન કરીને કલંકવાળા ચન્દ્રમા સમાન શા માટે બનાવો છો?" આ પ્રમાણે વિનીતમતિએ પૂછ્યું, એટલે તે કન્યા બોલી; "હે મહાશય! હું નાગના રાજા ગંધમાલિની પુત્રી છું અને મારું નામ વિજયવતી છે. એક વખતે મારા પિતા રણસંગ્રામમાંથી નાસી આવ્યા, તેથી ક્રોધિષ્ઠ થઈ વાસુકીનાગે શાપ દીધો કે, 'અલ્યા કાયર! તું રણમાંથી નાસી આવ્યો, માટે જા તું તારા શત્રુને તાબે થઈ, તેનું દાસપણું કર!' તે શાપ થયા પછી કાલજિહ્વ નામના એક શત્રુ યક્ષે, મારા પિતાને હરાવી, હમેશાં પોતાને ઘેર પુષ્પનો ભારો લાવવા માટે ગુલામ પેરે રાખ્યા છે. મારા પિતાને દાસત્વમાં જે દુઃખ પડે છે તે મારાથી સહન થઈ શકતું નથી, માટે મેં તપ કરીને પાર્વતીને પ્રસન્ન કર્યાં. પાર્વતીએ પ્રત્યક્ષ દર્શન દઈ મને કહ્યું કે; 'બહેન, સાંભળ! (હિમાચલ પર્વતપર આવેલા) માનસરોવરની અંદર એક હજાર પાંખડીનું મોટું વિસ્તારવાળું સ્ફટિકનું દિવ્ય કમળ છે. એ કમળની ઉપર સૂર્યનાં કિરણો પડે છે, ત્યારે તેનાં કિરણો રત્નરૂપે ફેલાઈ જાય છે; અને તે રત્નનાં કિરણોથી, પીંજરા રંગના હજારો ફેણવાળા શેષના મસ્તક જેવું તે કમળ દર્શન દે છે. એક દિવસે તે માનસરોવરમાં કુબેર સ્નાન કરવા માટે ગયો. તે આ કમળને જોઈ, તેના ઉપર ઘણો જ મોહિત થઈ ગયો. તે કમળ મેળવવા માટે તે વિષ્ણુની પૂજા કરવા લાગ્યો. તે વખતે કુબેરના ચાકર યક્ષદેવો, તે તળાવમાં ઉતરી ચક્રવાક, હંસ વગેરે જળચરનું સ્વરૂપ ધારણ કરીને વિહાર કરવા લાગ્યા. ત્યાં તારા પિતાના શત્રુ કાળજિહ્વનો મોટો ભાઈ વિદ્યુજ્જિહ્વ નામનો યક્ષ, પોતાની સ્ત્રી સહિત ચક્રવાકનું રૂપ ધારણ કરી રમતો હતો. તેણે રમતાં રમતાં પાંખ ફફડાવી, જે કુબેરને વાગી, અને તેના હાથમાં રહેલું અર્ઘનું પાત્ર જમીન ઉપર પડી ગયું. એથી કુબેરને ક્રોધ વ્યાપ્યો. તેણે વિદ્યુજ્જિહ્વને અને તેની સ્ત્રીને શાપ દીધો કે, તમે બન્ને જણાં ચક્રવાક થઈ આ સરોવરમાં જ પડયાં રહો. આ શાપ થયા પછી વિદ્યુજ્જિહ્વ અને તેની સ્ત્રી ચક્રવાક થઈને તે સરોવરમાં રહે છે.

તેનો નાનો ભાઇ કાળજિહ્વ, પોતાના મોટા ભાઇને ખુશી કરવા માટે, પ્રત્યેક રાત્રે ચક્રવાકનું રૂપ ધારણ કરી, પોતાના વિરહાતુર ભાઇને પ્રસન્ન કરવા જાય છે અને પ્રભાતમાં પાછો યક્ષનું રૂપ ધારણ કરે છે. તારો પિતા ગંધમાલિ, જેને તેણે દાસ કર્યો છે, તે પણ ત્યાંજ રહે છે. તેથી મારી દીકરી તું **અહિચ્છત્ર** નગરમાં જઈ, ત્યાંના મહાવીર પ્રતિહારના પુત્ર **વિનીતમતિ**ને તે સરોવર ઉપર મોકલ; કારણ કે તે ઘણો જ પરાક્રમી છે, તેમ મોટો શૂરવીર પણ છે. લે આ તરવાર અને આ અશ્વ, અને તે બન્ને તે **વિનીતમતિ**ને આપજે. **વિનીતમતિ** આ અશ્વ અને આ તરવારની મદદથી તે યક્ષનો પરાજય કરી, તારા પિતાને દાસપણામાંથી મુક્ત કરશે, અને જે માણસ આ ઉત્તમ તરવારનો સ્વામી થશે તે આખી પૃથ્વીનો પરાજય કરી, પૃથ્વીપતિ થશે.' આ પ્રમાણે દેવી પાર્વતી કહીને અંતર્ધાન થઈ ગયાં. હું તે દેવીની પ્રેરણાથી ધીમેધીમે આજ જ અહીં આપના નગરની નિકટમાં આવી છું. તમે પણ દેવીના પ્રસાદ પ્રમાણે રાત્રિને સમયે અહીં નગર બહાર આવી ચઢ્યા છો અને મેં યુક્તિ કરીને મારો કરુણાળ સ્વર તમને સંભળાવી અહીં ખેંચી આણ્યા છે. હે સુભગ ! માટે તમે મારું આ કાર્ય પાર પાડો."

આ પ્રમાણે તે સ્ત્રીએ માગણી કરી, એટલે **વિનીતમતિ**એ 'બહુ સારું,' આમ કહી, તે કાર્ય કરવાની પ્રતિજ્ઞા કરી. તુરત તે નાગકન્યા તે જ વખતે આકાશ માર્ગે ઉડી ગઇ અને એક વેગવાળો અને પીડારૂપે થયેલા **ચંદ્ર**માના જેવો જણાતો શ્વેત અશ્વ, અને આકાશના ઉત્તમ તારા અને આકાશ જેવી તેજસ્વી તરવાર લઈ આવી, તે વિનીતમતિને અર્પણ કરી. તે અશ્વ જાણે વીર પુરુષપર તુષ્ટમાન્ થયેલી **લક્ષ્મી**એ મોકલ્યો હોય ને દિશાઓનાં અંધારાનો નાશ કરવા માટે દોડતો હોય એવો જણાતો હતો. **વિનીતમતિ** કુમાર આ ઉત્તમ અશ્વ ઉપર સવાર થયો ને પોતાના હાથમાં તરવાર લઈ ચાલ્યો. અશ્વના પ્રભાવથી તે ક્ષણમાત્રમાં **માનસરોવર**પર જઈ પહોંચ્યો. આ વખતે પવનવડે ચંચળ થયેલું કમળવાળું તળાવ, ચક્રવાકના આર્ત શબ્દથી જાણે કાલજિહ્વ ઉપર દયા કરીને, 'તું આવ મા! આવ મા! આમ જણાવતું હોય તેવું દેખાતું હતું. **વિનીતમતિ** તે તળાવ ઉપર ગયો ને ત્યાં જોયું તો ગંધમાલિ યક્ષોના ટોળામાં હતો. તેને છૂટો કરવા માટે પોતે તરવારથી, નીચ યક્ષોને ઘાયલ કરી, ત્યાંથી હાંકી કાઢ્યા. એ જોઈ કાલજિહ્વ, જે પોતાના ભાઇને આનંદ ઉપજાવવા માટે ચક્રવાકનું રૂપ ધરી, સરોવરમાં રહેતો હતો તે, યક્ષનું મૂળ રૂપ લઇને બહાર આવ્યો ને ચોમાસાના મેઘની માફક ગર્જના કરવા લાગ્યો. પછી તે બન્ને જણાનું તુમુલ યુદ્ધ થયું. યુદ્ધમાં કાલજિહ્વ આકાશમાં ઉડ્યો, એટલે **વિનીતમતિ**એ અશ્વ સહિત તેની પાછળ ઉડી, તેની ચોટલી પકડી લીધી; અને તરવારથી તેનું માથું કાપવાની જ્યાં તે ઇચ્છા કરે છે, ત્યાં તો તે યક્ષ દીનવાણી બોલી તેને શરણ થઈ ગયો. પછી **વિનીતમતિ**એ તેને છૂટો કર્યો, ત્યાર પછી કાળજિહ્વે, સર્વ સંકટ હરનારી ને મહામોટી ઐશ્વર્ય શકિત ધરાવનારી **ઈતિઘ્ન*** નામની પોતાની વિંટી તેને આપી, અને સર્પ થઈ ગંધમાલિ સર્પને દાસપણામાંથી મુકત કર્યો. મુકિત મળવાથી

* 'ઈતિ' એટલે મુશળધાર વર્ષાદ, અનાવૃષ્ટિ, ઉંદર અને શત્રુ પક્ષે હુમલો કરવો તે.



ગંધમાલિ ઘણો ખુશી થયો, અને **વિનીતમતિ**ને પોતાની પુત્રી **વિજયવંતી**ને કન્યાદાનમાં આપી, તે પોતાને ઘેર વિદાય થયો. પછી **વિનીતમતિ** તરવાર, વિંટી, અશ્વ અને કન્યારત્નને લઇ, કૃતકૃત્ય બની, પ્રભાતમાં પોતાને ઘેર આવ્યો. તે વેળાએ તેના પિતાએ તેને બહુ માન આપ્યું અને સર્વ વૃત્તાંત પૂછ્યું. તેનો પિતા સર્વ વૃત્તાંત સાંભળી ઘણો પ્રસન્ન થયો. આ વાર્તાની રાજાને જ્યારે ખબર પડી, ત્યારે તેણે પણ તેનું સારું સન્માન કર્યું. તે પછી શાસ્ત્રવિધિયુકત **વિનીતમતિ**, નાગકન્યાને પરણ્યો.

**વિનીતમતિ** ચાર રત્ન અને પોતાના ઉત્તમ ગુણવડે ઘણો દીપતો હતો, એવામાં એક વખતે કમળમતિએ પોતાના પુત્રને એકાંતમાં કહ્યું; "પ્રિયપુત્ર ! આપણા રાજા ઉદયતુંગની પુત્રી ઉદયવતી સર્વ વિદ્યામાં કુશલ છે. રાજાએ આ કન્યાને માટે એવો ઠરાવ કીધો છે કે, કોઈ પણ બ્રાહ્મણ અથવા તો ક્ષત્રિય, શાસ્ત્રાર્થ કરી તે કન્યાનો પરાજય કરે તો તેને તે કન્યા પરણાવવી. તેનું રૂપ જોઇને આખું જગત્ આશ્ચર્યમાં લીન થઈ ગયું છે; તે અમરસુંદરી જેવી છે; તેણે શાસ્ત્રવાદમાં સઘળા પંડિતોને હરાવ્યા છે. હવે તું એક જ આપણા ક્ષત્રિયવર્ગમાં વિદ્વાન્ છે, માટે છાનોમાનો કેમ બેસી રહ્યો છે ? તું આપણી ક્ષત્રિયવર્ગની વિદ્યામાં તેની સાથે વાદ કરી તેનો પરાજય કરી, તેની સાથે લગ્ન કર." આ પ્રમાણે પિતાએ કહ્યું, એટલે **વિનીતમતિ** બોલ્યો; "પિતાજી ! કપટ ભરેલી સ્ત્રીઓની સાથે મારા જેવાને વાદ કરવો શું લાઝીમ છે કે ? તોપણ ફીકર નહીં, હું તમારી આજ્ઞા માથે ચડાવું છું. " આ પ્રમાણે તે પ્રૌઢ પુત્રે કહ્યા પછી, તેનો પિતા રાજાની પાસે ગયો ને વિનતિ કરી; "મહારાજ ! વિનીતમતિ રાજપુત્રીની સાથે કાલે સવારે વિદ્યાવાદ કરશે." રાજાએ તેની વિનતિ સ્વીકારી અને કમળમતિ પોતાને ઘેર આવ્યો અને **વિનીતમતિ**ને, રાજાના કહ્યા પ્રમાણે કહી બતાવ્યું.

બીજે દિવસે પ્રભાતમાં, રાજહંસે* શોભાવેલી વિદ્વાનોની સભારૂપ કમલિની પ્રતિ, **વિની-** **વિનીતમતિ** વાદી ગયો, એટલે જેમ સૂર્યના દર્શનથી કમલિની ખીલે છે, તેમ વિનીતમતિના આવવાથી સભા ખીલી રહી (અર્થાત્ પ્રસન્ન થઈ)! અને તેનો આશ્રય કરી રહેનાર વિદ્વાનોના લોચનરૂપ ભ્રમરો સામા આવી દર્શન કરવા લાગ્યા. એક ક્ષણ પછી કામદેવે દોરીથી ખેંચેલા ધનુષ જેવી રાજકન્યા **ઉદયવતી**, હળવે હળવે પગલાં માંડતી, ગુણ ઉપર રાચીને, આરંભમાંથી જાણે વાદીના પૂર્વપક્ષનો ઉપક્ષેપ કરતી હોય તેવા મનહર શબ્દવાળાં ગુણવંત† આભૂષણોથી‡ શોભાયમાન તે રાજકન્યા, રાજસભામાં આવી ને એક મરકતમણિના આસન ઉપર જઈ બેઠી. આ વખતે તે કન્યા સ્વચ્છ આકાશમાં નિર્મળ ચંદ્રમાની લેખા હોય તેવી શોભતી હતી. પછી તે કન્યા પૂર્વપક્ષ કરવા લાગી. જે વખતે તે બોલવા માંડી તે વખતે દાંતનાં કિરણોરૂપ દોરામાં જાણે અતિશય મનહર પદરૂપ રત્નમયમાળા ગુંથતી હોય, તેવી જણાતી હતી. **વિનીતમતિ**એ એક ક્ષણમાં તેના પૂર્વપક્ષમાં રહેલા દોષો દેખાડ્યા અને પદે પદે તે કન્યાને

* રાજાઓમાં હંસ-શ્રેષ્ઠ પક્ષે ને બીજે પક્ષે હંસોનો રાજા. † સૌજન્યાદિ પક્ષ. પ્રસાદાદિ

‡ ઘરેણાં તથા શબ્દાલંકાર તથા અર્થાલંકાર.

નિરૂત્તર કરી દીધી. તે જોઈ સભાસદોએ વિનીતમતિનાં બહુ વખાણ કર્યાં. રાજપુત્રીનો પરાજય થયો, તોપણ પોતાને ઉત્તમ પતિ મળ્યો, તેથી તે પોતાનો વિજય માનવા લાગી. પછી રાજા ઉદયતુંગે પ્રસન્નચિત્તથી વાદરૂપ મૂલ્યથી જિતેલી પોતાની પુત્રીનાં વિનીતમતિની સાથે લગ્ન કર્યાં અને પહેરામણીમાં ઘણાં રત્નો આપ્યાં. પછી વિનીતમતિ, રાજકુમારી અને નાગકન્યા બન્ને સ્ત્રીની સાથે સુખરૂપ રહેવા લાગ્યો.

એક વખતે તે જુગાર રમવા માટે ગયો હતો, ત્યાં બીજાઓથી હારીને આવ્યો, એટલે તેનું મન ઉદાસ થઈ ગયું. એવામાં એક બ્રાહ્મણે આવી તેની પાસેથી કંઈ ખાવાનું માગ્યું. આ વખતે તે ઘણો ક્રોધાતુર હતો તેથી તેણે પોતાના ચાકરના કાનમાં કહ્યું, 'એને એક થાળીમાં રેતી ભરી તેને વસ્ત્રથી ઢાંકીને આપ.' ચાકરે તેની આજ્ઞા પ્રમાણે કરી બ્રાહ્મણને રેતી ભરેલી આપી. પેલા ભોળાભટાક બ્રાહ્મણભાઈએ વસ્ત્ર ઢાંકેલા થાળને હાથમાં લીધો તો તે ઘણો વજનદાર લાગ્યો, એટલે તેમાં સુવર્ણ ભર્યું હશે એમ માની ખુશી થતો થતો વિદાય થયો! પણ એકાંત જગ્યામાં જઈ થાળ ઉપરથી વસ્ત્રને ઉઘાડીને જોયું તો તે રેતીથી ભરેલો હતો, એટલે તે રેતી જમીન ઉપર ઢોળી નાંખી, તેણે મને ઠગ્યો આમ શોકાતુર થતો પોતાને ઘેર આવ્યો. વિનીતમતિએ તો એ વિષે કંઈપણ વધુ વિચાર કર્યો નહીં; પણ તે દિવસથી જુગારનો ત્યાગ કરી દીધો અને પોતાની સ્ત્રી સહવર્તમાન સુખરૂપ સ્વઘરમાં જ રહ્યો.

કેટલોક કાળ વીત્યા બાદ, રાજા ઉદયતુંગ વૃદ્ધાવસ્થાને પામ્યો ને તેના અંગના સંધિ–બંધ* શિથિલ પડી ગયા. તેને લીધે તે રાજ્ય કરવામાં અસમર્થ થઈ ગયો. તેને પુત્ર ન હતો, માટે પોતાની રાજ્યગાદી ઉપર પોતાના જમાઈ વિનીતમતિનો અભિષેક કરી, તે ગંગાતટે દેહત્યાગ કરવા ગયો. વિનીતમતિએ રાજ્યગાદી ઉપર બેઠા પછી, થોડા કાળમાં, ઘોડાના અને તરવારના પ્રભાવથી દશે દિશાને તાબે કરી લીધી અને તેની આગળ ઈતિઘ્ન વિંટી હતી તેને લીધે, રામચંદ્રના રાજ્યમાં જેમ રોગ અને દુકાળ પડતો નહીં, તેમ તેના રાજ્યમાંથી પણ રોગ અને દુકાળનો નાશ થઈ ગયો હતો.

એક વખતે તેના નગરમાં કોઈક રત્નચંદ્રમતિ નામનો બૌદ્ધ ધર્મી સાધુ આવ્યો. તે શાસ્ત્રવાદ કરનારા હાથીઓમાં કેસરીસિંહ જેવો બળવાન્ સમર્થ હતો. રાજા પોતે વિદ્વાન હતો, તેથી તે ગુણવાનને સદાકાળ માન આપતો હતો. તેણે આ બૌદ્ધ સાધુનો સત્કાર કરી તેને સારું માન આપ્યું. પછી તે સાધુએ રાજાની આગળ પ્રાર્થના કરીને 'વિવાદ કરો' આવું ધન માંગી લીધું, અને તેમાં પ્રતિજ્ઞા કરવા માટે આવો શ્લોક કહ્યો કે, "જો હું પરાજય પામું તો મારે આ બૌદ્ધ વેશનો ત્યાગ કરી જીવનપર્યંત બ્રાહ્મણોની સેવા કરવી, અને જો આપનો પરાજય થાય તો, હે મહારાજ! તમારે બૌદ્ધ ધર્મનો ઉપદેશ ગ્રહણ કરવો!" રાજાએ તે માંગણી સાંભળી તેના કહેવાને સ્વીકાર્યું. પછી રાજાએ સાત દિવસ સુધી શાસ્ત્રવાદ કીધો, અને

---

* સંધિ=સુલેહ કરવી ને બંધ=યુદ્ધ કરવું; અર્થાત લડાઈ કે સુલેહ કરવાની શક્તિ મંદ પડી ગઈ.



આઠમે દિવસે તે ભિક્ષુએ રાજાનો પરાજય કર્યો! જેણે ઉદયવતીને વાદમાં જિતી હતી તેને રોડાબોડા માથાવાળાએ જિતી લીધો! ત્યાર પછી તે ભિક્ષુએ સાત્વિક ગુણવાળો ઉપકાર શીખવનાર બૌદ્ધધર્મનો ઉપદેશ આપ્યો ને સર્વ પ્રાણીઓપર દયા કરવાનું વિનીતમતિને શીખવ્યું. રાજાએ બૌદ્ધ ધર્મ ઉપર આસ્થા ધરી તે ધર્મને ગ્રહણ કર્યો અને બ્રાહ્મણો માટે, બૌદ્ધ યતિઓ માટે અને બીજા ધાર્મિકો માટે વિહાર સ્થાન, અન્નછત્ર વગેરે બંધાવ્યાં અને પોતે શ્રી અરિહંતની પૂજા કરવા લાગ્યો. જૈન ધર્મના સેવન કરવાથી તેના કામ ક્રોધ નાશ પામી ગયા.

તે રાજાએ એક સમે તે સાધુને કહ્યું કે, મને બોધિસત્વના સર્વ આચરણ પઢાવો, કે જે આચરણથી સર્વ પ્રાણીપર ઉપકાર થઈ શકે! તે સાધુએ કહ્યું; "અરે રાજા! જે મનુષ્યો નિષ્પાપ હોય છે, તેઓ બોધિસત્વપણું એટલે યોગાવસ્થા ધારણ કરી શકે છે! પરંતુ પાપી પુરુષોથી એ યોગચર્યા કરી શકાતી નથી. તું સાધારણ રીતે–જાણે અજાણે થતા પાપથી નિર્દોષ નથી, અને હું પણ તેવા જ પ્રકારનો છું; પણ નીચેની યોગવિદ્યાથી, તારા જે નાના નાના કે સ્વાભાવિક પાપો હોય તેનો નાશ કરી, યોગની યુક્તિથી, સૂક્ષ્મરૂપનો નિશ્ચય કરી, શાંતિ પામ!" આ પ્રમાણે કહી તે ભિક્ષુએ તેને સ્વપ્નમાણવકની રીતિ શીખવી. તે રાજાએ પણ તે ઉપદેશ પ્રમાણે સ્વપ્ન જોઈ, બીજે દિવસે પ્રભાતમાં તે સાધુને કહ્યું; "આચાર્યજી! મેં સ્વપ્નામાં જોયું કે, જાણે હું આજ પરલોકમાં ગયો છું અને ત્યાં મને ભૂખ લાગી છે; મેં ભોજન માટે અન્નની માંગણી કીધી, ત્યારે કેટલાક પુરુષો લાકડીઓ લઈ મને કહેવા લાગ્યા; 'એ રાજા! આ ખા, ધગધગતી રેતી, જે તેં પૂર્વે યાચક બ્રાહ્મણને ખાવા માટે આપી હતી તે! જ્યારે તું દશ કરોડ સોના મહોરનું દાન કરશે, ત્યારે તે પાતકમાંથી તારો છૂટકો થશે!' આ પ્રમાણે તે દંડધારીઓએ કહ્યું, એટલામાં પ્રભાત થઈ ગયું અને અહો! હું જાગ્રત થઈ ગયો." આ પ્રમાણે તે રાજાએ ગુરુને પોતાના સ્વપ્નની વાર્તા કહી, ત્યાર પછી તે સાધુની આજ્ઞા પ્રમાણે, પોતાના પાપના પ્રાયશ્ચિત્તના નિવાર્ણાર્થે દશ કરોડ સોના મહોરનું દાન દીધું ને ફરી રાજાએ સ્વપ્નમાણવક કર્યું. ફરીથી તે રાજાને તે જ સ્વપ્ન આવ્યું અને તેણે ઉઠીને પ્રભાતકાળમાં તેનું વર્ણન કીધું કે "સ્વપ્નામાં આજ પણ હું બીજી દુનિયામાં ગયો હતો. ત્યાં મને ક્ષુધા લાગી ત્યારે મેં ભોજન માગ્યું, એટલે તે દંડધારી પુરુષોએ મને પાછી ધગધગતી રેતી જ ભોજનમાં આપી. મેં તેઓને પૂછ્યું, 'કેમ? મેં દાન આપ્યું તો પણ હજી મને ધગધગતી રેતી કાં ખાવા આપો છો?' ત્યારે તેઓએ મને કહ્યું, 'તેં જે દાન કર્યું છે તે નિષ્ફળ છે. કારણ કે તેમાં એક પળ બ્રાહ્મણના સુવર્ણની હતી!' તે સાંભળી હું તુરત જાગ્રત થઈ ગયો અને આ વાર્તા તમને કહી બતાવી." આટલું બોલી પુનઃ રાજાએ બીજી દશ કરોડ સુવર્ણ મુદ્રાનું દાન કર્યું. પુનઃ રાત પડી કે તેને સ્વપ્ન આવ્યું. તે સ્વપ્ન બરાબર જોયા પછી પ્રભાતમાં તેણે તે સાધુ આચાર્યને આ પ્રમાણે વર્ણવી બતાવ્યું: "અરે! મને તે દંડધારી પુરુષોએ આજ પણ સ્વપ્નમાં રેતીનું જ ભોજન આપ્યું હતું. જ્યારે મેં તેઓને પૂછ્યું, ત્યારે તે પુરુષો બોલ્યા કે; 'રાજા! તારું એ દાન પણ નિષ્ફળ ગયું છે; કારણ કે તારી સરહદમાં આવેલા જંગલમાં આજ

ચોરોએ એક બ્રાહ્મણને લુંટી તેને મારી નાંખ્યો, છતાં તેં તે બ્રાહ્મણની રક્ષા કરી નથી! માટે તેં આજે જે દાન આપ્યું છે તે દાન વ્યર્થ ગયું છે. માટે ફરીથી એથી બમણું દાન કર.' આ પ્રમાણે કહ્યા પછી પ્રભાત થવાથી હું જાગી ઉઠયો હતો." આ પ્રમાણે રાજાએ સાધુગુરુ આગળ સ્વપ્નની વાર્તા કહી, તેના કહેવા પ્રમાણે આગલા દિવસ કરતાં બમણું દાન આપ્યું અને તે પછી તેણે પોતાના આચાર્યને કહ્યું; "મહારાજ! ધર્મમાં અંતરાય ઘણા છે, માટે મારા જેવો પ્રાણી તે ધર્મ કેમ પાળી શકે?" તે સાંભળીને ભિક્ષુ બોલ્યો; "હે મહારાજ! વિદ્વાનોએ આટલામાં ધર્મ પાળવા ઉપર ઉદાસીન થવું નહીં. જે માણસો ધીર, ઉત્સાહી અને સ્વધર્મપરાયણ હોય છે, તેઓની દેવતાઓ પણ રક્ષા કરે છે અને તેની મનકામના પણ પૂર્ણ કરે છે. એ વિષય ઉપર ભગવાન્ બોધિસત્વને વરાહ થવું પડયું હતું, તે સંબંધની કથા તેં સાંભળી નહોય તો સાંભળ, હું તને કહી બતાવું છું."

## પવિત્ર વરાહની કથા.

પૂર્વે વિંધ્યાચળ પર્વત ઉપરની એક ગુફામાં બુદ્ધના અંશમાંથી જન્મેલું એક વરાહ રહેતું હતું. તેની સાથે તેનો એક વાનર મિત્ર પણ રહેતો હતો. આ વરાહ પોતાના વાનરમિત્રની સાથે રહીને હંમેશાં સર્વ પ્રાણીઓપર ઉપકાર કરતો હતો અને પ્રત્યેક અતિથિનો સત્કાર કરવામાં જ પોતાનો સમય ગાળતો હતો. એક વખતે પાંચ દિવસપર્યંત મૂશળધાર વર્ષાદ વર્ષ્યો, તેને લીધે માણસો આવજાવ કરતાં અટકી પડ્યાં અને સૂર્યનારાયણ વાદળામાં જ છૂપાઈ રહ્યા! એથી તે વરાહ અને વાનર બંનો ગુફામાંથી બહાર નિકળી શકયા નહીં. પાંચમી રાત્રે બન્ને જણા સૂતા છે, એવામાં એક સિંહ, પોતાની સ્ત્રી ને બાળક સહિત તે ગુફાના દ્વાર આગળ આવ્યો. ત્યાં આવીને સિંહે, સિંહણને કહ્યું: "અરે સ્ત્રી! આજ પાંચ દિવસ થયા, વાદળાંથી આકાશ છવાઈ રહ્યું છે અને આપણને કાંઇ પ્રાણીનું ભોજન મળ્યું નથી! હવે મને તો નિશ્ચય છે કે, ભૂખથી આજ આપણે મરી જઈશું!" તે સાંભળીને સિંહણે જવાબ આપ્યો; "એ તો નકી છે કે આપણે સઘળાં જો ભુખ્યાં રહીશું તો મરણ પામીશું, પણ તમે બે જણા મને ખાઇને જીવતા રહો, કારણ કે તમે મારા પ્રાણ પ્યારા છો અને આ મારો પુત્ર છે, તો તેનાથી વધારે મારે બીજું શું છે? મારા પ્રાણનું સર્વસ્વ તમે બન્ને જણા છો. મારા જેવી તમને તો બીજી ઘણીએ સ્ત્રી મળશે, માટે તમે મારો આહાર કરો અને તમે બંનો તમારા પ્રાણ બચાવો!"

આ પ્રમાણે તે સિંહ અને સિંહણ વચ્ચે વાતચિત થતી હતી, એવામાં દૈવયોગે તે મહાશય વરાહ જાગી ઉઠયો અને સિંહણ સિંહની વાતચિત સાંભળી, ઘણો પ્રસન્ન થયો. તે વિચારવા લાગ્યો કે, "આ અંધારી રાત્રિ કયાં! ચોમાસાના દિવસ કયાં અને આવે સમયે અતિથિનું આવવું ક્યાં, માન ન માન, આજે મારા પુણ્યનો ઉદય થયો જણાય છે. હવે કંઈ પણ અડચણ નડે નહીં એટલામાં હું તે અતિથિઓને મારા આ ક્ષણભંગુર દેહથી તૃપ્ત કરું! આ નાશવંત શરીર બીજા શું કામમાં આવવાનું છે?" આવો વિચાર કરી તે વરાહ ઉભો થઈ, ગુફાની બહાર આવ્યો અને સ્નેહમય વાણીથી સિંહને કહ્યું; "હે ભાઈ! તું ખેદ કર મા. હું, તારી સ્ત્રી, તારો પુત્ર ને તારે માટે આજ આવ્યો છું. માટે તું મને ખા!" આ પ્રમાણે વરાહે કહ્યું, તે



સાંભળી કેસરી સિંહ ઘણો પ્રસન્ન થયો અને પોતાની સ્ત્રી પ્રત્યે બોલ્યો; "પ્રથમ આપણો પુત્ર આ વરાહને ખાય, અને તે પછી હું ખાઇશ અને ત્યાર પછી તું તેને ખાજે." આ કહેવું સિંહણે માન્ય કર્યું. પછી સિંહનું બચ્ચું પ્રથમ વરાહને ખાવા લાગ્યું; અને તેની પછી સિંહ વરાહને ખાવા તૈયાર બન્યો. પણ જેવો સિંહ તે વરાહને ખાવા માંડે છે, કે તુરત જ મહા ઉદાર વરાહે મધુર વાણીથી કહ્યું; "હે સિંહરાજ! મારું લોહી જમીન ઉપર પડે નહીં, એમ ઝટ તમે મારા લોહીનું પાન કરી જાઓ! અને મારું માંસ ખાઇને તમારાપેટની તૃપ્તિ કરો. પછી જે બાકી બચે તે ભલે તમારી સ્ત્રી ખાય." આ પ્રમાણે બોલનારા વરાહને સિંહ આખોને આખો ખાઈ ગયો અને માત્ર તેનાં હાડકાં જ બાકી રહ્યાં. તોપણ તે મહા ઉદાર વરાહની ઉદારતા ને તેનું ધૈર્ય જોવા માટે જ થોભ્યા હોય તે પ્રમાણે તે વરાહના પ્રાણ ગયા નહીં. પણ એટલામાં ક્ષુધાતુર થયેલી સિંહણ તે ગુફામાં જ મરણ પામી અને તે સિંહ પોતાના બચ્ચા સાથે કોઈ સ્થળે નાશી ગયો. રાત્રિ પણ પૂરી થઈ. પ્રભાત થયું. એ સંધીમાં ગુફામાં સૂતેલો વાનર જાગૃત થયો. તે બહાર આવ્યો અને પોતાના મિત્ર વરાહને હાડકાવાળોજ માત્ર રહેલો જોઈ ગાભરો થઈ તેને પૂછવા લાગ્યો: "હે મિત્ર! તું કહેવાને શકિતમાન હોય તો બોલ, તારી આવી દશા કોણે કરી છે?" તે સાંભળી ધીર સ્વભાવવાળા વરાહે આદિથી અંતપર્યંત, રાત્રિમાં બન્યા પ્રમાણે સર્વ વૃત્તાંત કહી સાંભળાવ્યો. તે સંભળીને વાનર રડતો રડતો તે વરાહના ચરણમાં પ્રણામ કરી તેને કહેવા લાગ્યો: "તું કોઈ દેવાંશી જીવ છે, માટે તેં આ પશુ દેહમાંથી તારા આત્માને મુકત કર્યો છે. પરંતુ હજી તારે કંઈ ઇચ્છા હોય તો તે મને કહે, એટલે હું તે ઇચ્છા પૂર્ણ કરું." આ પ્રમાણે તે વાનરે કહ્યું, એટલે વરાહ તેને કહેવા લાગ્યો; "હે મિત્ર! મારી જે ઇચ્છા છે, તે ઇચ્છા બ્રહ્મા પણ પાર પાડી શકે તેમ નથી. આ સિંહણ મારી નજર આગળ ભુખને લીધે મરણ પામી છે, તે પાછી પોતાના પૂર્વ દેહને પ્રાપ્ત થઈ જીવતી થાય અને મને ખાઇને સંતોષ પામે, એમ મારું મન ઇચ્છે છે."

આ પ્રમાણે તે વરાહ બોલતો હતો, એવામાં ધર્મરાજે સ્વદેહે પ્રગટ થઈ પોતાનો હાથ તેના શરીરપર ફેરવ્યો કે, તે વરાહે તુરત મુનિરાજનું દિવ્યસ્વરૂપ ધારણ કર્યું. પછી ધર્મરાજા બોલ્યા; "મેં જ આ સિંહ, સિંહણ ને તેના બાળકનું રૂપ ધારણ કર્યું હતું, ને આ સર્વે માયા રચી હતી; કેમકે તું પરોપકાર ને જનદયા કરવામાં એકકો કહેવાય છે તો તારો પરાજય કોઈ પણ રીતે કરવો, એમ મેં મનમાં ધાર્યું હતું. પરંતુ તેં અખંડ પરાક્રમથી, પરોપકાર કરવા માટે તારા પ્રાણ આપ્યા અને મને ધર્મને જિતી લીધો છે અને તેથી તેં આજે મુનીંદ્રની પદવી મેળવી છે!" તે સાંભળી, તે મુનિ, સમક્ષ ઉભેલા ધર્મરાજાને જોઇને બોલ્યો; "પવિત્ર પ્રભુ! જો કે મને મુનીંદ્રની પદવી પ્રાપ્ત થઈ છે, તો પણ જ્યાં સુધી આ મારો મિત્ર વાનર છે, તે વાનરની જાતિમાંથી મુક્ત થયો નથી, ત્યાં સુધી મને આ પદ આનંદ આપતું નથી!" તે સાંભળી ધર્મરાજે તે વાનરને પણ તેની યોનિમાંથી મુક્ત કરી, મુનિની પદવી આપી.

જો મોટાની સાથે સત્સમાગમ થાય છે તો તેમાંથી અવશ્ય મોટું ફળ પ્રાપ્ત થાય છે. ત્યાર પછી ધર્મરાજ અંતર્ધાન થઈ ગયા અને મરણ પામેલી સિંહણ પણ અદૃશ્ય થઈ ગઈ.

"માટે હે રાજા! જો કોઈ મનુષ્ય પરાક્રમ અને પરોપકારવડે ધર્મનો ઉત્સાહ રાખે છે, તો દેવતાઓ પણ તેમાં સહાય કરે છે; અને તેથી મનોરથની સિદ્ધિ થાય છે." આ પ્રમાણે દાનશૂર વિનીતમતિએ બૌદ્ધ સાધુનું વચન સાંભળી, ફરીથી રાત્રે તેણે સ્વપ્નમાણવક કર્યું. સ્વપ્ન જોયા પછી તે પાછો જાગ્રત થયો અને પ્રભાતમાં પોતાના ગુરુને કહેવા લાગ્યો; "મહારાજ ! મને સ્મરણ છે કે, આજે તો જાણે કોઇએક મુનિએ, સ્વપ્નમાં મારી પાસે આવીને કહ્યું કે; 'પુત્ર! હવે તારાં સર્વ પાતિક નાશ પામ્યાં છે ને તું શુદ્ધ થયો છેઃ હવે તું બોધિસત્વપણું પ્રાપ્ત કરવા માટે તેનો આચાર પાળ.' તે સાંભળતાં વેંત જ હું આ જ શાંતિમાં જાગ્રત થઈ ગયો છું–મને આજે જરા પણ દુઃખ થયું નથી." આ પ્રમાણે તે રાજા પોતાના ત્યાગી ગુરુને જણાવી, એક શુભ દિવસે તેની આજ્ઞા લઈ, યોગચર્યા કરવા લાગ્યો અને દરરોજ યાચકોને ગુરુની ઇચ્છા પ્રમાણે દાન દેવા લાગ્યો. જેમ જેમ તે દાન આપતો હતો, તેમ તેમ તેની લક્ષ્મી પણ અક્ષય થતી હતી. ધર્મ કરવાથી જ સંપત્તિ વૃદ્ધિ પામે છે.

પછી એક દિવસે એક યાચક બ્રાહ્મણ તે રાજા પાસે આવીને વિનંતિ કરવા લાગ્યો; "મહારાજ ! હું બ્રાહ્મણ છું અને પાટલીપુત્ર નામના નગરમાં વસું છું. ત્યાં એક બ્રહ્મરાક્ષસ રહે છે. તે મારી અગ્નિશાળાનો માલેક થઈ બેઠો છે ને મારા પુત્રને પણ તે હરી ગયો છે. તેને અટકાવવા, કે તેનો પરાજય કરવામાં મારી કોઈ યુક્તિ ચાલી શકતી નથી. માટે યાચકોની મનઃકામના પાર પાડવામાં કલ્પવૃક્ષ સરખા આપની પાસે એક વસ્તુ માંગવા માટે આવ્યો છું. તે એ છે કે, આપની ઇતિઘ્ન–સર્વ સંકટનાશક વિંટી મને આપો, કે તેને લીધે મારું કલ્યાણ થાય!" આ પ્રમાણે તે બ્રાહ્મણે રાજાની પાસેથી વિંટી માંગી. રાજાને જે વિંટી કાળજિહ્વ પાસેથી મળી હતી તે વિંટી ઉદારતાથી તે યાચકને આપી દીધી. તે બ્રાહ્મણ વિંટી લઈ વિદાય થયો. તે બોધિસત્વ રાજાનો યશ શ્રી બુદ્ધનાં નિર્મળ વ્રત ધારણ કરવાથી આખા જગતમાં પ્રખ્યાત થયો.

એક દિવસે કોઇએક ઇંદુકલશ નામનો રાજકુમાર ઉત્તર દેશમાંથી આ રાજાને ત્યાં પરોણા તરીકે આવ્યો. રાજા વિનીતે તેનો આદરસત્કાર કરી, તેનાં નામ ઠામ પૂછ્યાં, તો જાણ્યું કે આ કુમાર ઉત્તમ કુળમાં જન્મેલો છે. પછી વિનીતે વાતમાંને વાતમાં તેના આગમનનું કારણ પૂછ્યું ત્યારે તે રાજકુમાર બોલ્યો; "આજકાલ પૃથ્વી ઉપર સઘળા યાચકોના તમે ચિંતામણિ છો, તેથી સર્વની ઇચ્છા પ્રમાણે મનોરથ પૂરો છો. કોઈ યાચક તમારા પ્રાણની માગણી કરવા આવે તો તે પણ નિરાશ થઇને પાછો જતો નથી. મારે જે કહેવાનું છે તે સાંભળો; હું મારા પિતાની રાજ્યગાદી ઉપર બેસીને રાજ્ય ચલાવતો હતો, તે પરથી કનકકળશ નામના મારા ભાઇએ આવીને મને રાજગાદી ઉપરથી ઉઠાડી મૂક્યો છે, માટે હું તમારે શરણે આવ્યો છું. હે વીર! તમારી પાસે જે તરવાર અને ઘોડો છે તે બે ચીજ મને આપો તો



તેના પ્રતાપથી હું મારા ભાઇનો પરાજ્ય કરી, મારું રાજ્ય પુનઃ પ્રાપ્ત કરું." વિનીતમતિ રાજાએ તેનું કહેવું સાંભળી, તરત પોતાનો ઘોડો અને તરવાર, જે રાજ્યના કવચમણિરૂપ હતાં, તે બન્ને દાનમાં આપી દીધાં. તે જોઈ મંત્રીઓ પોતાનાં મુખ નીચાં કરી નિસાસા નાખવા લાગ્યા; પરંતુ તે આપતી વખતે રાજાના મનમાં તલમાત્ર પણ ક્લેશ કે વિચાર ઉપજ્યો નહીં, કારણ કે તેનો સ્વભાવ ધીર થઈ ગયો હતો. તે તરવારના પ્રતાપથી તે રાજકુમારે ભાઇનો પરાજ્ય કરી પોતાનું રાજ્ય પુનઃ સંપાદન કીધું. ત્યાર પછી રાજ્ય ઉપરથી ભ્રષ્ટ થયેલો તેનો ભાઈ કનકકળશ, વિનીત રાજાની પાસે આવ્યો, અને રાજ્ય ગયાના દુઃખથી અગ્નિમાં પ્રવેશ કરવાની તૈયારી કરવા લાગ્યો. તે વાર્તા વિનીતમતિના જાણવામાં આવી, એટલે તેણે પોતાના મંત્રીઓને કહ્યું; "આ સત્પુરુષ મારા અપરાધથી રાજ્યભ્રષ્ટ થઇને આ દશાને પામ્યો છે તો હવે મારે તેને મારું રાજ્ય અર્પણ કરી, તેના ઋણમાંથી મુક્ત થવું જોઇએ. આ મારા રાજ્યથી જો હું બીજાપર ઉપકાર કરી શકું નહીં, તો આ રાજ્ય શા કામનું છે? માટે મારે આ રાજ્યથી કોઇનાપર ઉપકાર કરવો જોઇએ. વળી હું પુત્ર રહિત છું, માટે આ રાજકુમાર મારા દત્તકપુત્ર તરીકે રાજ્યકાજ ભલે ચલાવે!" આ પ્રમાણે મંત્રીઓને કહ્યું, ત્યારે મંત્રીઓએ તેમ કરવાની સંમતિ આપી નહિ. તોપણ રાજાએ તો કનકકળશને તેડાવી પોતાનું રાજ્ય તેને અર્પણ કરી દીધું; અને તે જ વખતે તે પોતાની બન્ને સ્ત્રીની સાથે નગરની બહાર સંકલ્પ વિકલ્પ કર્યાં વગર, શાંત મનથી (યોગી વેશ ધરી) નિકળી ગયો. તે જોઈ શહેરનાં માણસો વિલાપ કરવા લાગ્યાં કે, "હાય! હાય! પૂર્ણ ચંદ્ર આખા જગતને તૃપ્ત કર્યાં કરતો હતો, તેને એકદમ મેઘમંડળે આવીને ઢાંકી દીધો ને તેથી તે અદૃશ્ય થઈ ગયો ! અરેરે! કલ્પદ્રુમ જેવો આપણો રાજા, જે સર્વ પ્રાણીઓના મનોરથ પૂર્ણ કરતો હતો, તેને હવે દૈવ કયાં લઈ જશે?" આ પ્રમાણે શોકતપ્ત થઈ આંસુડાં પાડી રુદન કરતી તેની પ્રજા, તેની પાછળ શહેરની બહાર નિકળી, ત્યારે વિનીતે પોતાની પ્રજાને સામભેદથી સમજાવી અતિ શ્રમે શહેરમાં પાછી વાળી; અને પોતે પોતાની બન્ને સ્ત્રીઓની સાથે, રથ કે અશ્વ વગર પાંઉપ્યાદો અરણ્યમાં ચાલ્યો ગયો.

તે વનમાં દૈવે તેની ધૈર્યતાની વધારે કસોટી કરવા માટે ઝાડ પાણી વગરની મરુભૂમિ બનાવી દીધી. તેમાં તડકાની ગરમીથી રેતી ધગધગતી હતી. રાજા વિનીત ઘણો તરસ્યો થયો હતો ને માર્ગમાં ઘણું ચાલવાથી થાકીને મ્લાન થઈ ગયો હતો, તેથી તે પોતાની બન્ને સ્ત્રીની સાથે એક જગ્યા ઉપર જઇને વિશ્રામ લેવા બેઠો. ત્યાં તથા તેની બન્નો સ્ત્રી નિદ્રાવશ થઈ ગયાં. પણ નિદ્રામાંથી જાગૃત થઇને જ્યાં તે જુવે છે તો ત્યાં તેના ધર્મના પ્રતાપથી એક મોટો બગીચો બનેલો જણાયો. તેમાં શીતળ ને સ્વચ્છ જળથી પૂર્ણ ભરેલાં તળાવોમાં કમળ ખીલી રહ્યાં હતાં; લીલા ઘાસના ગાલિચાથી જમીન ઢંકાઈ ગઈ હતી; વૃક્ષો ફળના ભારથી લંચી જતાં હતાં અને સઘન છાયા નીચે લીસી અને મનોહર–મોટી તથા ઉંચી પાષાણુની પાટો પડી હતી; કુંજલતા ને વૃક્ષ ઘટાથી તે વાટિકા નવપલ્લવ થઈ રહી હતી

ને જ્યાં ત્યાં પશુ પક્ષીઓ આનંદમાં કલોલ કરી રહ્યાં હતાં. આવી રીતે તે અનુપમ બગીચો જાણે, તપના પ્રતાપથી એવો દેખાતો હતો કે જાણે વિનીત રાજાએ નંદનવનને તો સ્વર્ગમાંથી ભૂમિપર આણ્યું હોય! રાજા વિનીત વારંવાર તે અનુપમ બગીચાને જોઈ, મનમાં આશ્ચર્ય પામ્યો ને વિચાર કરવા લાગ્યો કે,' 'આ તે મને સ્વપ્ન આવ્યું હશે કે ભ્રમ થયો હશે કે દેવતાઓએ મારા ઉપર દયા આણીને આ બગીચો બનાવ્યો હશે, કે શું હશે!' આ પ્રમાણે તે આશ્ચર્યમાં ગરકાવ થયો હતો, એવામાં કોઈ બે સિદ્ધ, હંસના જોડાનું રૂપ ધારણ કરી, આકાશમાં વિચરતા હતા, તેમણે આકાશમાંથી નીચે પ્રમાણે કહ્યું; "હે રાજા! તને તારા પોતાના પવિત્ર માહાત્મ્યમાં અતિશય આશ્ચર્ય કેમ ઉત્પન્ન થાય છે વારુ! આ સર્વ તારા તપોબળથી તને મળ્યું છે; માટે તું હમેશાં પુષ્પ તથા ફળવાળા આ બગીચામાં યથેચ્છ મને નિવાસ કર!" વિનીતમતિએ આ પ્રમાણે સિદ્ધનાં વચન સાંભળ્યાં કે શાંતિથી તે વનમાં બન્ને સ્ત્રીની સાથે રહીને તપ કરવા લાગ્યો.

એક દિવસે વિનીતમતિ શીલાતળ ઉપર બેઠો હતો, ત્યાં તેણે સમીપમાં કોઇએક પુરુષને ફાંસી ખાઈ આત્મહત્યા કરવા માટે તૈયાર થયેલો દીઠો. તે જોઈ તે તરત તેની પાસે દોડી ગયો અને મધુર વાણીથી તેને સમજાવી, મરતો અટકાવ્યો અને તે પુરુષને ફાંસી ખાવાનું કારણ પૂછ્યું. તેણે ઉત્તર આપ્યોકે; "હું મારા આત્મઘાત કરવાનું કારણ તમને આરંભથી માંડીને કહું છું તે સાંભળો."

## એક બ્રાહ્મણની કથા.

મારા પિતાનું નામ નાગશૂર હતું અને મારું નામ સોમશૂર છે. હું સોમ જ્ઞાતમાં જન્મ્યો છું. મારા જન્મ સમયે મારા પિતાએ જોશીઓને તેડાવ્યા. તેઓએ મારા જન્મગ્રહ જોઇને મારા પિતાને કહ્યું કે, તમારો પુત્ર ચોર થશે. હું ચોર થાઉં, તેથી ભય ધરીને મારા પિતાએ મને મહાશ્રમે સારી રીતે ધર્મશાસ્ત્ર ભણાવ્યું. હું ધર્મશાસ્ત્ર ભણ્યો તો ખરો, પણ દુર્જન લોકોની સંગતથી ચોરી કરતાં શિખ્યો. આ જગતમાં પૂર્વજન્મનું જે કર્મ હોય છે તેને કોણ ફેરવી શકે છે? એક વખતે ચોકી કરનારા સીપાઇઓએ મને ચોરોના ટોળામાંથી પકડ્યો અને દેહાંતદંડ કરવા માટે વધસ્થાનમાં લઈ ગયા. તે ક્ષણે રાજાનો એક હાથી ગાંડો થઈ પોતાની સાંકળ તોડી નાંખી માણસોને મારતો મારતો, હું જ્યાં ઉભો હતો ત્યાં આવ્યો. ચંડાળ લોકો તે હાથીના ભયથી મને મૂકીને આમ તેમ નાસી ગયા અને આ અવસરમાં હું પણ લાગ જોઈ ત્યાંથી સટકી ગયો. પણ એવામાં નગરજનોને મોઢેથી મારા સાંભળવામાં આવ્યું કે, મને ફાંસીએ દેવા માટે રાજસેવકો લઈ ગયા છે, એવું જાણતાંવાર જ મારો પિતા મરણ પામ્યો ને તેની પાછળ મારી મા સતી પણ થઈ. આ વાર્તા સાંભળીને મારું મન ઉદાસ થઈ ગયું. હું ઉદાસી થઇને દેહત્યાગ કરવાની ઇચ્છાથી ફરતો ફરતો આ મોટા નિર્જન વનમાં આવી ચઢ્યો છું. હું અહીં આવ્યો ત્યારે એક દિવ્ય સ્ત્રીએ મને અકસ્માત દર્શન દઈ શાંત કર્યો અને કહ્યું; "હે પુત્ર! વિનીતમતિ રાજાના આશ્રમમાં તું આવ્યો છે, માટે હવે તારાં પાપ નાશ પામ્યાં છે, તું તેની પાસે જા, તેનાથી તને જ્ઞાન મળશે!" તે સ્ત્રી આટલી વાર્તા કહી આકાશમાં ઉડી ગઈ અને પછી હું વનમાં તે રાજર્ષિની શોધ કરવા માટે ફરવા લાગ્યો. પરંતુ તે રાજર્ષિ મને ક્યાંઈ પણ મળ્યા નહીં, તેથી ઘણો નિરાશ થવાથી મારું (પાપી) શરીર ત્યાગ કરવા માટે તૈયાર થયો હતો. પણ મહારાજ! એવામાં તમે મને દીઠો ને મરતાં અટકાવ્યો.



સોમશૂરનાં તે વચન સાંભળી, રાજર્ષિ વિનીત, તેને પોતાની પર્ણકુટીમાં લઈ ગયો અને ત્યાં પોતાનું ઓળખાણ કરાવવા માટે પોતાનું નામ તેને જણાવી, તેની આગતાસ્વાગતા કરી. જમવાનો સમય થયો એટલે બન્ને જણાએ સાથે ભોજન કર્યું. ત્યાર પછી વિનીતે સરળ સ્વભાવના સોમશૂરને અવળે માર્ગે જતાં અટકાવવા માટે જૂદી જૂદી ધર્મ સંબંધી કથાઓ નીચે પ્રમાણે કહેવા માંડી. તે બોલ્યોઃ "હે પુત્ર! અજ્ઞાનનો ત્યાગ કરવો જોઇયે. કારણ કે અજ્ઞાનથી બુદ્ધિ વિપરીત થાય છે, ને વિપરીત બુદ્ધિવાળા મનુષ્યો આલોકમાં અને પરલોકમાં દુઃખ ભોગવે છે. તે ઉપર શાસ્ત્રની એક કથા સાંભળ."

## દેવભૂતિની કથા.

પૂર્વે પાંચાલ દેશમાં દેવભૂતિ નામનો એક બ્રાહ્મણ વસતો હતો. તે વેદવિદ્યામાં ઘણો કુશળ હતો. તેને ભોગવતી નામની સ્ત્રી હતી. તે સ્ત્રી મહા સતી હતી. એક વખતે દેવભૂતિ સ્નાન કરવા માટે ગયો અને તેની સ્ત્રી શાક લેવા માટે શાકના વાડામાં ગઈ. ત્યાં ધોબીના એક ગધેડાને શાક ચરતો જોઈ, હાથમાં લાકડી લઇને તે સ્ત્રી ગધેડાની પાછળ દોડી, એટલે તે ગધેડો ત્યાંથી નાસી ગયો. નાસતાં નાસતાં રસ્તા ઉપરના એક ખાડામાં તે ગધેડો પડ્યો. તેથી તેનો પગ મરડાઈ ગયો. તે વાત તે ગધેડાના માલીક ધોબીના જાણવામાં આવી, એટલે તે ગુસ્સે થઈ ગયો ને હાથમાં લાકડી લઇને તે બ્રાહ્મણીની પાસે આવ્યો, ને તેવતી તથા પગની પાટુવતી તે બ્રાહ્મણીને સારીપેઠે મારી. તે બ્રાહ્મણી ગર્ભવતી હતી, તેથી આવી રીતે માર પડતાની સાથે તેનો ગર્ભ પાત થયો. પણ પેલો ગધેડાનો ધણી તેની કંઈપણ દરકાર કર્યા વગર, આ પ્રમાણે વેર લઈ, પોતાનું ગધેડું લઇને પોતાને ઘેર ચાલ્યો ગયો.

એટલામાં પેલો બ્રાહ્મણ, સ્નાન કરીને પાછો આવ્યો, ત્યારે પોતાની સ્ત્રીને દુઃખી હાલતમાં જોઈ, તે પરથી તેને પૂછ્યું કે, 'આ શું થયું?' ત્યારે તેણે સર્વ વીતક વાર્તા કહી સંભળાવી. તે સાંભળી તે બ્રાહ્મણ ઉદાસ થઈ ગયો. પછી તે, તે ગામના બળાસુર નામના શાસન અધિકારી પાસે ગયો, ને ફરિયાદ કરી ન્યાય માંગ્યો. ત્યારે તે મૂર્ખચૂડામણિ શાસનઅધિકારીએ, ગધેડાના માલેક ધોબીને બોલાવ્યો અને તે બન્નેની તકરાર સાંભળી લીધી. પછી તે મૂર્ખ અધિકારીએ એવો ચૂકાદો આપ્યો કે, આ ધોબીના ગધેડાનો પગ મરાડાઈ ગયો છે, માટે જ્યાં સુધી તે ગધેડાનો પગ સારો થાય નહીં ત્યાં સુધી તે બ્રાહ્મણે ધોબીનો ભાર ઉપાડવો અને આ ધોબીએ બ્રાહ્મણની સ્ત્રીનો ગર્ભ પાત કીધો, માટે તેણે બીજો ગર્ભ પેદા કરી આપવો!!

આ પ્રમાણે તે ન્યાયમૂર્તિએ બન્નેને શિક્ષા કરી. તે શાસનઅધિકારીનો આવો નિર્ણય સાંભળીને, તે બ્રાહ્મણ અને બ્રાહ્મણી બન્ને જણાએ, તે દારુણ દુઃખને લીધે ઝેર ખાઈને પ્રાણત્યાગ કર્યા ! આ વાર્તા તે ગામના રાજાના જાણવામાં આવી, ત્યારે તેણે અન્યાય કરનારા અને બ્રહ્મહત્યારા શાસનઅધિકારીને મારી નખાવ્યો, અને તે પછી તે દુષ્ટ, ઘણા કાળપર્યંત પશુ જાતિમાં અવતર્યો.

"આ રીતે જે માણસ અજ્ઞાનરૂપ અંધારામાં ઢંકાઈ ગયા છે, તે પોતાના દોષથી જ આડે માર્ગે જાય છે. તે શાસ્ત્રરૂપ દીવાઓને આગળ ધરતા નથી ને તેથી અજ્ઞાનરૂપ અંધારામાં અટવાઈ અવશ્ય આડાઅવળા પડે છે !" રાજર્ષિ વિનીતમતિએ, ઉપદેશની ઈચ્છા રાખનારા સોમશૂરને આ પ્રમાણે કથા કહી, તેને શિખામણ માટે પુનઃ કહ્યું; "હે વત્સ ! હું તને પૂર્ણ જ્ઞાની થવા માટે એક બીજી કથા કહું છું, તે સાંભળ."

## દાનપારમિતા ઈંદુપ્રભની કથા.

પૂર્વે કુરુક્ષેત્રમાં **મલયપ્રભ** નામનો એક રાજા રહેતો હતો. એક સમયે તેના દેશમાં દુકાળ પડ્યો, તેથી તે **મલયપ્રભ** પોતાની પ્રજાને ધનનું દાન દેવા તત્પર થયો; પણ તેના લોભી મંત્રીઓએ લોભથી તે રાજાને ધનદાન દેતાં અટકાવ્યો. તે જોઈ તેના પુત્ર **ઈંદુપ્રભે** પોતાના પિતાને કહ્યુંઃ "પિતાજી ! તમે લોભી મંત્રીઓના કહેવાથી પ્રજાપ્રતિ બેદરકારી કેમ રાખો છો ? તમે તેના કલ્પવૃક્ષ છો અને પ્રજા તમારી કામધેનુ છે !" આવી રીતે રાજાને આગ્રહપૂર્વક પુત્રે કહ્યું, તોપણ રાજા મંત્રીઓને અધીન હતો, માટે તેણે ઉદાસીન થઈને પુત્રને કહ્યું કેઃ "મારી પાસે શું અખૂટ દોલતબોલત છે? મારી પાસે જ્યાં સુધી અખૂટ ધન નથી, ત્યાં સુધી હું પ્રજાનું કલ્પવૃક્ષ કેમ થઈ શકું ? અને એવી ઈચ્છા છે તો તું જ પ્રજામાં કલ્પવૃક્ષપણું શા માટે ધારણ કરતો નથી ?" પિતાની આ વાણી સાંભળી; "મારે તપ કરીને કાં તો કલ્પવૃક્ષ મેળવવું અથવા તો પ્રાણત્યાગ કરવો" આવી પ્રતિજ્ઞા કરી, તે મહાસત્વ ગુણી રાજકુમાર, પોતે વનમાં જઈ તપ કરવા લાગ્યો અને અહીં દુકાળ પણ મટી ગયો. રાજકુમારનું તીવ્ર તપ જોઈ ઈંદ્રે આવી વરદાન માંગવા કહ્યું, ત્યારે તે રાજકુમારે માગ્યું કે; "મારા પોતાના નગરમાં કલ્પવૃક્ષ ઉગાડો !" એટલે ચારે તરફ ફેલાયલી નવપલ્લવ શાખાઓવડે અને પક્ષીઓના શબ્દોવડે દૂર રહેલા યાચકોને જાણે પોતાની સમીપમાં ખેંચી લાવતું હોય એવું તથા બોલાવતું હોય એવું કલ્પવૃક્ષ, , એકદમ તે નગરમાં ઉગ્યું. પછી તે રાજકુમાર નિરંતર યાચકોને દુર્લભ એવી વસ્તુનું દાન દઈને, પોતાની પ્રજાને, તે જાણે સ્વર્ગમાં હોય અને જેમ તેઓ ઇચ્છા રહિત થાય તે પ્રમાણે, ઇચ્છા રહિત જ કરી દીધા. કેટલાએક કાળસૂધી રાજાએ એ પ્રમાણે દાન આપ્યા પછી, ઈંદ્રે તે રાજાની પાસે આવી તેને લોભાવવા માટે કહ્યું કે; "તેં લોકો ઉપર પૂર્ણ ઉપકાર કરેલો છે, માટે હવે તું સ્વર્ગમાં પધાર !" ત્યારે કલ્પવૃક્ષરૂપ થયેલો તે રાજા બોલ્યોઃ "જ્યારે આ લોકના વૃક્ષ પોતાના સ્વાર્થની ઇચ્છા રહિત થઈ મનોહર ફળ તથા પુષ્પોથી હંમેશાં પરોપકારનું કામ કર્યા કરે છે, તો હું કે જે તેઓનું કલ્પવૃક્ષ છું, તે પરોપકાર કરવો છોડી દઈ, મારા પોતાના જ સુખ



માટે, આટલા બધા લોકના સુખની આશાનો ભંગ કરી, સ્વર્ગમાં કેમ આવું?" આવી રીતે તેણે કહ્યું. તેનું ઉદાર વચન સાંભળી પુનઃ ઈંદ્ર બોલ્યો; "એમ જો તારા મનમાં હોય તો તારી સમગ્ર પ્રજા ભલે સ્વર્ગમાં આવે !" ત્યારે રાજાનો પુત્ર કલ્પવૃક્ષ, તેને કહેવા લાગ્યો કે; "હે દેવ ! જો તું પ્રસન્ન થયો હોય તો મારી પ્રજાને સ્વર્ગમાં લઈ જા. મારે કંઈ પ્રજાનું કામ નથી; હું પરોપકાર કરવાની સિદ્ધિ મેળવવા માટે જ મોટું તપ કરીશ." આ પ્રમાણે રાજકુમારે કહ્યું, ત્યાર પછી બુદ્ધદેવનો જેમાં અંશ હતો એવા તે રાજકુમારના વખાણ કરતો ઈંદ્ર તેના ઉપર પ્રસન્ન થયો ને તેના કહેવા પ્રમાણે તેની સમગ્ર પ્રજાને સ્વર્ગમાં લઈ ગયો. પછી **ઈંદુપ્રભ**, કલ્પવૃક્ષના સ્વરૂપનો ત્યાગ કરી, પોતાનું અસલ સ્વરૂપ ધારણ કરી, વનમાં જઈને તપ કરવા લાગ્યો; અને તે તપના પ્રભાવથી બોધિસત્વપદને પામ્યો.

"માટે જે લોકો દાન ઉપર પ્રેમ રાખે છે તેને સિદ્ધિ મળે છે, એમ મેં કહ્યું છે. આ પ્રમાણે દાનપારમિતાની કથા કહી, હવે તું **શીલ**પારમિતાની કથા સાંભળ."

## શીલપારમતાની કથા.

પૂર્વે હેમપ્રભ નામનો પોપટનો રાજા, વિંધ્યાચળ પર્વત ઉપર રહેતો હતો. તેનામાં બુદ્ધદેવનો અંશ હતો. તેણે પૂર્વ જન્મથી જ શિયળ પાળવાનો અભ્યાસ કર્યો હતો. વળી તેને પૂર્વ જન્મનું સ્મરણ હતું અને તે ધર્મનો ઉપદેશ પણ કરતો હતો. આ રાજાને ત્યાં **ચારુમતિ** નામનો એક પોપટ પ્રતિહારપણું કરતો હતો. તે સંસારના વિષયમાં ઘણો જ આસક્ત રહેતો હતો. એક વખતે કોઇએક પારધીએ તે પ્રતિહારની સ્ત્રીને મારી નાંખી; ત્યારે તેનાં વિરહદુઃખથી ઉદાસી થઈ, પોતાની કરુણાજનક અવસ્થાનો શોચ કરતો થકો તે પોપટ, વનમાં જવા ચાલી નિકળ્યો. તેથી પોપટના રાજા બુદ્ધિશાળી **હેમપ્રભે**, યુક્તિથી તેના શોકને દૂર કરાવી, તેનું હિત કરવા માટે કૃત્રિમ વચન કહેવા માંડયાં; "અરે ભાઈ **ચારુમતિ** ! તારી સ્ત્રી મરણ પામી નથી, પણ તે તો પારધીની જાળમાંથી છટકીને ઉડી ગઈ છે, ને મેં તેને હવણાં જીવતી દીઠી હતી. મારી સાથે ચાલ, હું તને તારી સ્ત્રી બતાવું!" આમ કહી રાજા, **ચારુમતિ**ને સાથે લઈ, તે પોપટરાજને આકાશ માર્ગે ઉડીને એક જળાશય ઉપર લઈ ગયો. તેના પાણીમાં તેને તેનું જ પ્રતિબિંબ બતાવીને કહ્યું; "જો આ તારી સ્ત્રી પાણીમાં બેઠી છે." તે સાંભળીને મૂર્ખબુદ્ધિ **ચારુમતિ** ઘણો પ્રસન્ન થયો અને પાણીમાં પ્રવેશ કરી, પોતાના પ્રતિબિંબને આલિંગન કરી, તેનું ચુંબન કર્યું. પરંતુ તેને સ્ત્રીનો સ્પર્શ થયો નહીં અને તેનું વચન પણ સાંભળ્યું નહીં, ત્યારે તેના મનમાં ચિંતા થઈ કે, "આ મારી સ્ત્રી આલિંગન કેમ આપતી નથી ? અને મારી સાથે વાતચિત કેમ કરતી નથી ? શું તે મારા ઉપર ગુસ્સે તો થઈ નહીં હોય ?" આ પ્રમાણે તેના કોપની શંકા કરી, ત્યાંથી જરા દૂર જઈ, તેને પ્રસન્ન કરવા માટે આમળાં લઈ આવ્યો અને પોતાના પ્રતિબિંબને પોતાની સ્ત્રી માની, તેને સારું લગાડવા માટે, તે પ્રતિબિંબ ઉપર આમળાં નાખ્યાં. તે આમળાં પાણીમાં પડયાં કે તરત તેમાં ડૂબકી ખાઇને પાછાં બહાર આવ્યાં. એટલે **ચારુમતિ**એ જાણ્યું કે, મારી

સ્ત્રીએ આમળાંને સ્વીકાર્યાં નહીં, પણ પાછાં ઠેલી મૂક્યાં છે. તેથી તે ઉદાસ થઈ, હેમપ્રભ રાજાની પાસે આવ્યો અને બોલ્યોઃ "મહારાજ! મારી સ્ત્રી મારો સ્પર્શ પણ કરતી નથી, તેમ મારી સાથે બોલતી પણ નથી. વધારે તો શું, પણ મેં તેને એક આમળું આપ્યું તે પણ તેણે પાછું ઠેલી મૂક્યું છે!" તે સાંભળી રાજાએ ધીમે ધીમે–જાણે કોઈ વાત કહેવાને તે ઘણો જ દિલગીર હોય તેમ બોલ્યોઃ "આ વાર્તા તને કહેવા માટે હું યોગ્ય નથી, તોપણ મારે તારી સાથે જે પ્રેમ છે તેને લીધે તને કહું છું, કે તારી સ્ત્રી બીજા ઉપર આસક્ત થઈ છે, માટે તારા ઉપર કેમ પ્રેમ કરે? તું આજ મારી સાથે ચાલ, હું આજ જળમાં તે પ્રત્યક્ષ બતાવી આપીશ." આમ કહી પોપટનો રાજા ચારુમતિને જળાશય ઉપર લઈ ગયો અને પાણીમાં પોતાનું અને તેનું,–બન્ને જણાનું–પ્રતિબિંબ ચારુમતિને બતાવ્યું. ચારુમતિએ બન્ને પ્રતિબિંબ સાથે અડકીને ઉભેલાં દીઠાં, એટલે તે મૂર્ખાએ પોતાની સ્ત્રીને પરપોપટ સાથે આસક્ત થયેલી છે એમ માન્યું ને તેથી તેના ઉપર વિરક્ત થઈ ગયો અને પાછો વળીને રાજા આગળ વિનતિ કરવા લાગ્યોઃ "હે મહારાજ! મેં મૂર્ખે તમારો ઉપદેશ માન્યો નહીં તેનું આ ફળ મળ્યું છે! માટે હવે મારે શું કરવું, તે વિશે ઉપદેશ કરો." આ પ્રમાણે જ્યારે ચારુમતિએ વિનતિ કરી, ત્યારે રાજા હેમપ્રભને તેને ઉપદેશ આપવાનો અવસર મળ્યો. પછી તે પ્રતિહાર પ્રત્યે બોલ્યોઃ "ભાઈરે! હલાહલનું પાન કરવું, તે સારું, ગળામાં સર્પ બાંધવો તે સારો, પરંતુ સ્ત્રી ઉપર વિશ્વાસ કરવો તે સારો નથી; કારણ કે તેનાપર કોઈપણ પ્રકારના જાદુમંત્ર કે મોહનમંત્રનો ઉપાય ચાલતો નથી. જેમ વંટોળીઓ ચારે તરફથી ધૂળ ઉરાડીને ઉત્તમ માર્ગ ઉપર જનારા લોકોને ધૂળ ધૂળવાળા કરી મૂકીને તેનો ખૂબ પરાભવ કરે છે, તેમ રજોગુણ ધારણ કરનારી અતિ ચપળ નારીઓ, ઉત્તમ માર્ગ ઉપર જનારને કલંકમય કરે છે; અને તેનો ભારે પરાભવ કરે છે. માટે ધીર પરાક્રમશાળી અને બુદ્ધિવાળા મનુષ્યોએ તો સ્ત્રી ઉપર આસક્તિ રાખવીજ નહીં. પણ શીયળવ્રતવાળા, જેઓએ ઇંદ્રિયનિગ્રહ કીધા છે તેવા ઋષિનું પદ મેળવવામાં આસક્તિ રાખવી." આ પ્રમાણે તે રાજાએ ચારુમતિને ઉપદેશ આપ્યો એટલે તેણે સ્ત્રીઓનો ત્યાગ કર્યો અને બ્રહ્મચર્યવ્રત પાળવા માંડ્યું. પછી તે વખત વીતતાં બુદ્ધ સમાન થઈ ગયો.

"આ પ્રમાણે જે પુરુષો પોતે શિયળના પારને પામ્યા હોય છે, તે બીજાનો પણ ઉદ્ધાર કરે છે, ને તેથી મેં તમને શિયળપારમિતાની કથા કહી સંભળાવી. હવે ક્ષમાના પારને પહોંચેલાની કથા સાંભળ!"

## ક્ષમાપારમિતાની કથા.

કેદાર પર્વત ઉપર શુભનય નામનો એક મહા મુનિ રહેતો હતો. તે હંમેશાં મંદાકિની ગંગામાં સ્નાન કરીને પોતાનું ષટ્કર્મ કર્યા કરતો હતો. તે મુનિ સ્વભાવે સરળ તથા ધીરવીર હતો અને તેનું શરીર તપ કરવાથી દુર્બળ થઈગયું હતું. એક સમય ઉપર કેટલાએક ચોર ત્યાં આવ્યા અને તેઓએ ત્યાં આગળ કોઇ વખતે જમીનમાં સોનું દાટ્યું હતું, તે શોધવા લાગ્યા.



શોધતા તે સોનું ક્યાંઈથી મળ્યું નહીં, ત્યારે તે ચોરોએ વિચાર કર્યો કે, આ વનમાં બીજા કોઈ માણસનો પગરવ નથી, માટે આ મુનિએ જ તે કાઢી લીધું હશે. આમધારી તે ચોરો મુનિના મઠમાં જઈ મુનિને કહેવા લાગ્યા; "એ રાંડના ગમાર! શઠના શિરોમણિ ને ચોરના ઉસ્તાદ! તેં અમારું સોનું જમીનમાંથી કાઢી લીધું છે, તે પાછું આપ. આશ્ચર્ય છે કે તું અમો ચોરનો પણ ચોર થયો છો" આ પ્રમાણે તે પાપી ચોરોએ મુનિને અસત્ય વચન કહી, નહીં સાંખી શકાય તેવાં વેણો કહ્યાં. ત્યારે તે મુનિ બોલ્યા; "ભાઇઓ! મેં તમારી એક પણ સોનામહોર દીઠી નથી અને કંઇ લીધુંએ પણ નથી! એટલે તે દુષ્ટ ચોરો લાકડીઓથી તે મુનિને મારવા લાગ્યા, તો પણ સત્યવાદી મહામુનિએ તેનું તેજ વાક્ય પુનઃ પુનઃ કહ્યું. ત્યારે તે ચોરોએ માન્યું કે આ મુનિ દુરાગ્રહી છે! તે એમ નહીં સમજે આમ માની એક પછી એક તેના હાથ તથા પગ કાપી નાંખ્યા, અને છેલ્લે આંખો કાઢી લીધી. તોપણ મુનિના મનમાં જરાપણ ક્રોધ વ્યાપ્યો નહીં. છેવટપર્યંત તેણે તો તેજ વચન બોલ્યા કીધું. પછી ચોર લોકોએ તેને નિર્વિકાર–કામ ક્રોધાદિરહિત માની, બીજો કોઇ સુવર્ણ લઈ ગયો હશે આમ ધારીને જેમ આવ્યા હતા તેમ જ પાછા ચાલ્યા ગયા.' બીજે દિવસે પ્રભાતના તે મુનિનો શિષ્ય શેખરજ્યોતિ નામનો રાજા, તે મુનિનાં દર્શન કરવા માટે આવ્યો. તેને મુનિની આવી દશા જોઈ, ઘણો જ અફસોસ વ્યાપ્યો. પછી મુનિની સર્વ બાબતથી વાકેફ થઈ તે રાજાએ તે જ વખતે તે ચોરોની શોધ કરાવી ને તે જ જગ્યાએ પકડી, મંગાવ્યા. જ્યારે તે રાજા ચોરોને દેહાંતદંડ કરવા માટે તૈયાર થયો ત્યારે તે મુનિ, રાજાને કહેવા લાગ્યો; "પ્રિય શિષ્ય! તું જો એ ચોરોને મારીશ તો હું મારો દેહ ત્યાગ કરી દઇશ. તે ચોરો નિરપરાધી છે; કારણ કે મને તો હથીઆરવતી આમ થયું છે, તેમાં તેઓનો અપરાધ શો? કદી તું કહીશ કે શસ્ત્ર વાપરનારા તો તે હતા કેની? તેના ઉત્તરમાં જણાવવાનું કે તેઓને ઉશ્કેરનારો ક્રોધ છે. સોનામહોર ખોવાઈ જવાથી તેઓને ક્રોધ થયો હતો અને તે સોનામહોરનું ગુમ થઈ જવાનું કારણ મારું પૂર્વ જન્મમાં કરેલું પાપ છે. તે પાપ થવાનું કારણ મારું પોતાનું અજ્ઞાન છે; માટે તે અજ્ઞાન મારું બુરું કરનાર છે, માટે મારા અજ્ઞાનનો જ નાશ કરવો યોગ્ય છે; કારણ કે તે જ મારું બુરું કરનાર છે. કદાચિત્ આ ચોરો મોતને પાત્ર છે, તોપણ તેઓએ મારાપર ઉપકાર કીધો છે માટે તેઓ શિક્ષા લાયક નથીઃ પણ જીવતા રાખવા લાયક છે. જો આ ચોર લોકો મને આ પ્રમાણે શિક્ષા કરત નહીં, તો હું મોક્ષફળ આપી, ક્ષમા કોના ઉપર કરત? માટે આ ચોર લોકોએ મારા ઉપર પૂર્ણ ઉપકાર કર્યો છે." આ પ્રમાણે ક્ષમાવંત મુનિએ ઘણાં ઘણાં વાક્યો સંભળાવી, રાજાને જ્ઞાનનો ઉપદેશ આપી, તે ચોરોને મરણશિક્ષામાંથી મુક્ત કરાવ્યા. અને તે જ વખતે તે તપના પ્રતાપથી તથા ક્ષમાના પ્રભાવથી, તે મુનિરાજનું શરીર પ્રથમ જેવું હાથ પગવાળું અક્ષત બની ગયું, અને વધારામાં તેને સિદ્ધિનો લાભ થયો.

"જે ક્ષમાવંત પુરુષો હોય છે, તે સંસારસાગરને તરે છે, આવી રીતે ક્ષમાપારમિતાનું વૃત્તાંત કહ્યું, હવે ધૈર્યપારમિતાનું વૃત્તાંત સાંભળ.

## ધૈર્યપારમિતાની કથા.

પૂર્વે માલાધર નામનો એક બ્રાહ્મણ પુત્ર હતો. તેણે એક વખતે આકાશમાં એક સિદ્ધકુમારને વિહાર કરતો દીઠો. પછી તેની પેઠે ઉડવા માટે પોતે પણ બન્ને પડખાં ઉપર ખડની પાંખો બાંધી, હમેશાં આકાશમાં ઉડી ઉડી ઉડવાનો અભ્યાસ કરવા લાગ્યો. આ પ્રમાણે તે દરરોજ શ્રમ કરવા લાગ્યો, પણ તે શ્રમ નિષ્ફળ જતો હતો. એક દિવસે આકાશમાં ઉડતા સિદ્ધકુમારે તે છોકરાને ઉડવા માટે શ્રમ કરતાં દીઠો, ત્યારે તેણે વિચાર કર્યો કે, "આ છોકરો ધૈર્યવંત છે અને થાકી જાય છે, તથાપિ અલભ્ય વસ્તુમાં પણ ઉદ્યમ કરે છે. હજી એ બાળક છે; માટે મારે એના ઉપર દયા કરવી યોગ્ય છે. એને મારો સેવક બનાવું તો ઠીક!" આમ વિચાર કરી તે તેના ઉપર પ્રસન્ન થયો અને તેને પોતાની શક્તિથી પોતાની પાસે ખેંચી લઈ, પોતાનો સેવક કર્યો. જેઓ ધૈર્ય ધારીને કામ કરે છે તેના ઉપર દેવતાઓ પણ પ્રસન્ન રહે છે. આ પ્રમાણે મેં ધૈર્યપારમિતાની કથા કહી બતાવી. હવે ધ્યાન પારમિતાની કથા સાંભળ.

## ધ્યાનપારમિતાની કથા.

પ્રાચીનકાળમાં કર્ણાટક દેશમાં વિજયમાલી નામનો એક સાહુકાર વસતો હતો. તે ઘણો જ સમૃદ્ધિવાળો હતો. તેને એક પુત્ર હતો, જેનું નામ મલયમાલી હતું. મલયમાલી તરુણાવસ્થામાં આવ્યા પછી એક દિવસ પોતાના પિતાની સાથે ઈંદુકેસરી નામના રાજાના રંગમહાલયમાં ગયો. ત્યાં તેની પુત્રી ઈંદુયશા તેની નજરે પડી. તે કન્યા કામદેવની એક સૌભાગ્ય–લતાની પેઠે મનમાં મોહ ઉપજાવનારી હતી. આ કન્યાએ તે સાહુકારના પુત્રને દર્શન આપતાં જ તેના હૃદયમાં માર*દ્વારા પ્રવેશ કર્યો. પછી તે પોતાને ઘેર આવ્યો, પણ તે મલયમાલી કામાતુર થયો હતો તેથી તેને નિદ્રા આવી નહીં. દહાડે દહાડે તેનું શરીર ફીકકું પડતું ગયું; અને તે નિરંતર ચન્દ્રવિકાસી કમળની પેઠે કોકડું વળીને પડી રહેવા લાગ્યો; અને રાત દિવસ તે રાજકુમારીની મનમોહન છબીનું જ ધ્યાન ધરવા લાગ્યો. પછી તેણે આહારપાણી પણ ત્યજી દીધાં. જ્યારે તેનાં ઘરનાં માણસોએ પૂછ્યું કે, "ભાઈ! તું આમ ઉદાસીમાં કેમ છે," ત્યારે પણ તેણે, મૂગો હોય તેમ કંઈ ઉત્તર વાળ્યું નહીં.

એક દિવસે તેનો મંથરક નામનો એક મિત્ર, જે રાજાનો ચિત્રકાર હતો, તે પ્રતિષ્ઠિત હતો. તેણે એકાંતમાં, વિરહાગ્નિથી બળતા સાહુકારના પુત્રને પૂછ્યું; "અલ્યા ભાઈ! તું ભીંતે આળખેલાં ચિત્રની માફક ભીંતની તરફ નજર કરીને શા માટે બેસી રહે છે? તું કેવળ એક પાષાણમય મૂર્તિ પેરે, નથી ખાતો, નથી પીતો, નથી સાંભળતો, નથી જોતો, તેનું કંઈ કારણ?" આ પ્રમાણે તે મિત્રે આગ્રહપૂર્વક તેને પૂછ્યું, ત્યારે તે સાહુકારના પુત્ર મલય-

* માર–કામદેવ, એને બૌદ્ધ લોકો પિશાચ ગણે છે.



માલીએ, પોતાના મિત્ર મંથરકને, પોતાના મનની વાત કહી. તે સાંભળીને મંથરક બોલ્યો; "તારા જેવા વણિક્પુત્રે રાજકન્યાની ઈચ્છા કરવી યોગ્ય નથી. હંસ ભલે બીજા સાધારણ તળાવોના કમળોની સુખસંપત્તિની વાંછના કરે, પણ, તે હંસ વિષ્ણુના નાભિકમળની વૈભવ લક્ષ્મીને ભોગવનારો ક્યાંથી થઈ શકે? તે વૈભવ તો બ્રહ્મા જ ભોગવે!"

આ પ્રમાણે તે ચિત્રકારે કહીને તેને ઘણું સમજાવ્યો, તોપણ તેને તેની વિરહવેદનામાંથી વારી શક્યો નહીં. પછી તે ચિત્રકારે તેનો સમય કાઢવા માટે, તેને આનંદ આપનારી રાજકુમારીની એક વસ્ત્ર ઉપર છબી આળેખી, તે તેને આપી. તે સાહુકારપુત્ર ચિત્રમાં રહેલી નિર્જીવ રાજકન્યાને પ્રાપ્ત કરી તેને જોવા લાગ્યો, તેને સમજાવવા લાગ્યો, તેનો સ્પર્શ કરવા લાગ્યો અને ઘરેણાં વગેરેથી શણગારવા લાગ્યો, અને તે જ ઈંદુયશા રાજકન્યા છે આમ મનમાં માની, તેમાંને તેમાં ધીમે ધીમે તન્મય બની–તે છબી નથી પણ સાક્ષાત્ રાજકન્યા છે એમ માની, સઘળાં કામ કરવા લાગ્યો. રાજકન્યા ચિત્રમાં આળખેલી હતી, તોપણ પોતે તેના મનનમાં તન્મય બની ગયો હતો, તેથી તે છબીને હળવે હળવે બોલતી, ચુંબન વગેરે કરતી હોય તેમ જોવા લાગ્યો. આ પ્રમાણે તે પોતાના મનોવિચારથી સિદ્ધ થયેલી સ્ત્રી સાથે સંભોગસુખ પણ ભોગવતો હતો. ચિત્રપટમાં રહેલા ચિત્ર શિવાય બીજી સર્વ સંસારની ખટપટનો તેણે ત્યાગ કર્યો હતો. એક દિવસે તે વણિક્કુમાર અજવાળી રાત્રિમાં તે ચિત્રપટ લઈ, પોતાની પ્યારી સાથે વિહાર કરવા માટે ઘરમાંથી બહાર નિકળી બગીચામાં ગયો. ત્યાં એક વૃક્ષ નીચે તે ચિત્રપટને મૂકી, પોતાની પ્યારીને માટે પુષ્પ વીણવા સારુ ઘણે દૂર વનમાં નિકળી ગયો. એવામાં વિનયજ્યોતિ નામના એક મુનિ, આકાશમાં તે માર્ગે થઈ જતા હતા, તે આ રીતના સાહુકારપુત્રને જોઇ તેના ઉપર દયા કરી તેનો ઉદ્ધાર કરવાની ઇચ્છાથી નીચે ઉતર્યા. તેણે પોતાની શકિતથી તે ચિત્રપટ ઉપર એક ભાગમાં એક કાળોતરો સર્પ ચિતર્યો ને તેને સજીવન કરીને, મલયમાલી જાણે નહીં તેમ, અદૃશ્ય થઈ ઉભા રહ્યા. એવામાં મલયમાલી પુષ્પો વિણીને પેલા ચિત્રપટની પાસે આવ્યો અને ચિત્રપટ ઉપર નજર કરે છે તો તે ઉપર કાળોતરા નાગને બેઠેલો દીઠો! તે વિચાર કરવા લાગ્યો: "અરે! આ સર્પ હવણાં અહીં કયાંથી આવ્યો? દૈવે શું આ રૂપરૂપના ભંડાર એવી સુંદરીનું રક્ષણ કરવા માટે હવણાં આ શેષનાગને ઉત્પન્ન કર્યો છે?" આવો વિચાર કરી પટમાં આળખેલી પોતાની પ્યારીને પુષ્પથી શણગારી, ભાવાપન્ન સ્ત્રીને જ્યાં આલિંગન કરીને તે પૂછવા જાય છે કે, 'પ્યારી! આ શું બન્યું છે,' ત્યાં તે સાહુકારના પુત્રે મુનિની માયાના પ્રતાપથી, પોતાની સ્ત્રીને સર્પે કરડેલી અને તેને લીધે મરણ પામેલી દીઠી. એટલે તે પોતાના ચિત્રપટને વિસરી જઈ, ગાંડો બની ગયો અને 'હાય! હાય!' એમ કરતો, જેમ ચિત્રપટમાં કોઈ વિદ્યાધર ઉત્પન્ન થઈ જમીન ઉપર પડે, તેમ પોતે ભૂમિ ઉપર પડ્યો! એક ક્ષણ પછી તેને શુદ્ધિ આવી, એટલે તે વિલાપ કરવા લાગ્યો અને મરવા માટે તૈયાર થઈ, ઉઠીને એક વૃક્ષ ઉપરના ભાગપર ચઢ્યો ને ત્યાંથી નીચે જમીન ઉપર પોતાના શરીરને પટકી પાડ્યું! પણ જેવો તે નીચે પડ્યો કે તરત તે મુનિરાજે પ્રગટ

થઈ, પોતાના બે હાથમાં તેને ઝીલી લીધો અને ધૈર્ય આપી કહ્યું: "અરે મૂર્ખ! તું એટલું સમજતો નથી કે, રાજકુમારી તો રાજમહેલમાં રહે છે અને આ તો એક વસ્ત્ર ઉપર ચિત્રેલી નિર્જીવ પુતળી છે! તું કેનું આલિંગન કરે છે? અને સર્પ કેઈ સ્ત્રીને કરડયો છે? તને રાગીને આ પોતાના વિચારની ભાવનાનો શો ભ્રમ થયો છે? તું આટલા જ દૃઢ ધ્યાનથી પરમાત્માને જાણવાની શા માટે ઈચ્છા કરતો નથી, કે જેમ કરવાથી તને આટલું દુઃખ પડે નહીં?" આ પ્રમાણે મુનિરાજે ઉપદેશ આપ્યો એટલે તેને જે મોહમાયાના અંધકારનું આવરણ થયું હતું તેનો નાશ થઈ ગયો, અને તે સમજ્યો કે આ સર્વ જૂઠું છે! પછી તે મુનિને પ્રણામ કરીને કહેવા લાગ્યો; "મહારાજ! હું આપના પ્રતાપથી આ આપત્તિમાંથી મુક્ત થયો છું, માટે હવે હું જેમ સંસારસાગર તરી જાઉં, તેવી મારા ઉપર કૃપા કરો!" આ પ્રમાણે મલયમાલીએ તે જ્ઞાનશાળી અને સત્વશાળી મુનિને વિનતિ કરી, એટલે તે મુનિ કે જે બોધિસત્વ હતા તેઓ પોતાનું જ્ઞાન તેને સમજાવી અંતર્ધાન થઈ ગયા. પછી મલયમાલીએ વનમાં જઈ તપશ્ચર્યા આરંભી. તે તપના પ્રભાવથી ત્યાગ કરવા લાયક વસ્તુ અને કાર્યાકારણ વસ્તુના તત્ત્વને સમજી, અરહંતપણાને પામ્યો. પછી સાહુકારનો ઇંદ્રિયનિગ્રહવાળો પુત્ર પોતાના નગરના રાજા ઉપર દયા કરી, તેના નગરમાં આવ્યો, અને ઈંદુકેસરી રાજાને તથા નગરના મનુષ્યોને જ્ઞાનોપદેશ આપી મુક્તિનાં ભાગી કર્યાં.

"આ પ્રમાણે જે લોકો દૃઢ ધ્યાન ધરાવનારા છે, તેઓનું ખોટું ધ્યાન પણ ખરું થઈ પડે છે. ધ્યાનપારમિતાની કથા કહી. હવે પ્રજ્ઞાપારમિતાની કથા સાંભળ.

## પ્રજ્ઞાપારમિતાની કથા.

પૂર્વકાળમાં સિંહલદ્વીપમાં સિંહવિક્રમ નામનો એક ચોર રહેતો હતો. તે જ્યારથી જન્મ્યો હતો, ત્યારથી જ પરના પૈસા ચોરીને તેના ઉપર પોતાની આજીવિકા ચલાવતો હતો. જ્યારે તે વૃદ્ધાવસ્થાને પામ્યો, ત્યારે તેણે ચૌર્ય કર્મ ત્યજી દઈ મનમાં વિચાર કર્યો; "હાય હાય! હવે મારું પરલોકમાં શું થશે? ત્યાં મારા રક્ષણ માટે કોને તેડી જાઉં? શું હું શંકરનો અથવા વિષ્ણુનો આશ્રય કરું? પણ તે બે દેવતાને મારી તમા શાની હોય? કારણ કે દેવતાઓ, મુનિઓ અને બીજાના સેવકો તો બહુ પડેલા છે, તો કોણ બચાવશે મને? હવે તો બંદાએ ચિત્રગુપ્તની સેવા કરવી, કે જે પ્રાણી માત્રના પુણ્ય અને પાપ લખે છે. તે પોતાની યુક્તિથી મારી રક્ષા કરશે. કારણ કે જે કાયસ્થ હોય છે તે જ માત્ર બ્રહ્મા અને રુદ્રનું કામ કરે છે અને જેમ બ્રહ્મા જગતને ઉત્પન્ન કરે છે અને રુદ્ર હસ્તમાં રહેલા જગતનો જેમ નાશ કરે છે, તેમ કાયસ્થભાઈ પણ તળે ઉપર કરી દે છે, અને વખતે ( છઠ્ઠીના લેખ પણ) ભૂસી નાંખે એવી શક્તિ ધરાવે છે!" આ પ્રમાણે વિચાર કરી, તે ચોરશાહે ચિત્રગુપ્તની જ સેવા કરવા માંડી અને તેને પ્રસન્ન કરવા માટે તેની જ સેવા કરી, બ્રાહ્મણને જમાડવા લાગ્યો.



આ પ્રમાણે તે ચોર આચરણ કરતો હતો, તેવામાં એક દિવસે ચિત્રગુપ્ત, એક અતિથિનું રૂપ ધરી, તેને ઘેર, તેની ભાવના જાણવા માટે ને પરીક્ષા કરવા માટે આવ્યો. તે ચોરે, તેનું સારી રીતે પૂજન અર્ચન કરી તેને અચ્છી રીતે મિષ્ટાન્ન લેવડાવ્યાં ને પછી દક્ષિણા આપી ને કહ્યું કે; "મહારાજ! હવે કહો તમે કે 'તારા ઉપર ચિત્રગુપ્ત પ્રસન્ન થાઓ!' ત્યારે બ્રાહ્મણના રૂપમાં રહેલો ચિત્રગુપ્ત બોલ્યો; "શા માટે તું હરિ અને હર તથા બીજા દેવોને છોડી, ચિત્રગુપ્તની સેવા કરે છે?" તે સાંભળીને પેલો તસ્કર સિંહવિક્રમ બોલ્યો: "ભટજી મહારાજ! તેની તમારે શી પંચાતી પડી છે? મારે બીજા દેવતાઓનું કંઈ પણ કામ નથી, મારે તો તેનું જ કામ છે!" તે સાંભળીને તરત બ્રાહ્મણના રૂપમાં રહેલો ચિત્રગુપ્ત પ્રસન્ન થઇને બોલ્યો: "અહો! એમ કે? તો ઠીક, જો, તારે મારી પાસેથી તેમ બોલાવવું હોય તો તું મને તારી સ્ત્રીનું દાન કર!" તે સાંભળી સિંહવિક્રમ ઘણો જ ખુશી થયો અને બોલ્યો કે; "મારા ઈષ્ટ દેવતાની ખાસ પ્રસન્નતાર્થે હું મારી સ્ત્રી તને ભેટ કરું છું!" ચિત્રગુપ્તે તેનાં તેવાં વચન સાંભળી પોતાનું સ્વરૂપ પ્રગટ કર્યું ને પછી તેને કહ્યું; "આ હું જ ચિત્રગુપ્ત છું અને હું તારા ઉપર પ્રસન્ન થયો છું, તો કહે હવે, હું તારું શું પ્રિય કરું?"

સિંહવિક્રમ એકદમ બહુ ખુશી થઈ ગયો ને તેની પાસેથી મોટો વર માંગ્યો કે, "મહારાજ! મારું મૃત્યુ જ ન થાય એવું વરદાન આપો!" તે સાંભળી ચિત્રગુપ્ત બોલ્યો; "મૃત્યુમાંથી કોઇની રક્ષા કરી શકાય તેમ નથી; તોપણ હું તારી રક્ષા કરવા માટે એક યુક્તિ બતાવું છું, તે તું સાંભળ. જે દિવસથી શ્વેતમુનિ માટે શંકરે ક્રોધ કરીને કામને બાળી નાંખ્યો છે, અને તેની જરૂર લાગવાથી પાછો પેદા કીધો છે, તે દિવસથી જ્યાં શ્વેતમુનિ રહે છે ત્યાં કાળ, ધર્મરાજની આજ્ઞા યુક્ત હોય તે છતાં કોઈ પ્રાણીને મારતો નથી. તે શ્વેતમુનિ હવણાં સમુદ્રના સામા કિનારા ઉપર તરંગિણી નદીને તરી જઈ, તપોવનમાં રહે છે. તે તપોવનમાં મૃત્યુ જઈ શકતું નથી. તારી ઇચ્છા હોય તો તે ઠેકાણે હું તને લઇને મૂકી આવું. પણ યાદ રાખજે કે તારે તે નદી છોડી આણી તરફના કિનારા ઉપર કદીપણ આવવું નહીં. છતાં કદાચ તું જો પ્રમાદ કરીને આણી તરફ આવ્યો અને કાળે તને સપડાવ્યો તે હું તારું પરલોકમાં આવ્યા પછી પણ રક્ષણ કરીશ!"

આ પ્રમાણે ચિત્રગુપ્તે સિંહવિક્રમને કહ્યું, ત્યારે સિંહવિક્રમ ઘણો જ પ્રસન્ન થયો. પછી ચિત્રગુપ્ત, સિંહવિક્રમને ઉપાડીને શ્વેતમુનિના આશ્રમમાં મૂકી, પોતે અંતર્ધાન થઈ ગયો. હવે જ્યારે તે ચોરરાજનું આયુષ્ય પૂરું થઈ રહ્યું ત્યારે કાળ, સિંહવિક્રમને લેવા માટે, જ્યાં તે રહેતો હતો તે તરંગિણી નદીના કિનારા ઉપર ગયો. પરન્તુ સિંહવિક્રમને શ્વેતમુનિના આશ્રમમાં બેઠેલો દીઠો જોયો, ત્યારે તેને પકડવાનો એક પણ ઉપાય દેખાયો નહીં. પછી કાળે, એક દિવ્ય માયાવી સ્ત્રી બનાવી, સિંહવિક્રમને, આ પાર લાવવા લલચાવવા માટે મોકલી. તે સ્ત્રી ચોર પાસે ગઈ અને પોતાના હાવભાવ ને લટાછટાથી સિંહવિક્રમને મોહ ઉપજાવી, કેટલાએક દિવસ તેની

પાસે રહી. યુક્તિથી ચોરને પોતાને અધીન કર્યો. આ પ્રમાણે કેટલોએક કાળ વીત્યા પછી, તે સ્ત્રી પોતાના કુટુંબીઓને મળવાને બહાને તરંગિણી નદીને સામે કિનારે મોજાંવાળી નદીમાં તરતાં તરતાં જવા માટે અંદર ઉતરી. સિંહવિક્રમ તે સ્ત્રીના પ્રેમને લીધે તેની પાછળ છેક નદીના કિનારા સૂધી, તેને મૂકવાને ગયો. હવે જ્યારે તે સ્ત્રી નદીના મધ્ય ભાગમાં જઈ પહોંચી, ત્યારે પોતે તણાવા લાગી, અને જાણે પાણીના વહેમાં તણાતી હોય, ને કંઈ થાક લાગતો ન હોય તેમ ચીસો પાડીને કહેવા લાગી; “ઓ આર્યપુત્ર ! તમે શું મને મરી ગયેલી જોવાને ઈચ્છો છો? અરે મારી રક્ષા કરો, રક્ષા કરો ! તમારું પરાક્રમ શું શિયાળના જેવું છે ? તમે શું ફોકટમાં સિંહનું નામ ધરી બેઠા છો?” આવું પોતાની પ્રાણ પ્યારીનું દીન વચન સાંભળી, તુરત સિંહવિક્રમ નદીમાં કૂદી પડયો, અને તેની રક્ષા કરવા માટે તેની પાછળ પાછળ જવા લાગ્યો. જેમ જેમ તે તેની પૂઠે પડયો તેમ તેમ તે સ્ત્રી પાણીના વેગમાં વધારે ને વધારે તણાતી હોય તેમ આગળને આગળ જવા લાગી અને એક ક્ષણમાં સિંહવિક્રમને સામે પાર લઈ ગઈ. જેવો તે સામા કિનારા ઉપર પહોંચ્યો કે કાળે તેના કંઠમાં પાશ નાંખી તેને પકડયો. જે લોકોનું અંતઃકરણ વિષયમાં આસક્ત હોય છે તેઓના માથા ઉપર કાળ સદા ભમે છે. તે પછી કાળ તે પ્રમાદી સિંહવિક્રમને યમ રાજાની સભામાં લઈ ગયો. યમરાજામાં ચિત્રગુપ્ત, કે જેની પ્રસન્નતા તેણે પ્રથમથી પ્રાપ્ત કરી હતી તેણે જોયો. ચિત્રગુપ્તે પ્રથમથી જ તેના કાનમાં ગુપચુપ જણાવી દીધું કે, “તને ધર્મ રાજા પૂછશે કે તારે પ્રથમ નરકનું દુઃખ ભોગવવું છે કે સ્વર્ગનું સુખ ભોગવવું છે? ત્યારે તારે પ્રથમ સ્વર્ગનું સુખ માગી લેવું. સ્વર્ગમાં જઈ, ત્યાં નિરંતર રહેવા માટે પુણ્યકર્મ કરજે; અને સઘળાં પાપનો નાશ કરવા માટે ત્યાં ઉગ્ર તપ આરંભજે, એટલે તું બચી જશે.” આ પ્રમાણે ચિત્રગુપ્તે સિંહવિક્રમને કહ્યું, એટલે તે વિચક્ષણ, ભયભીત થઈ જમીન તરફ મોં રાખીને ‘ઠીક છે, તેમ કહીશ,’ આમ કહી તેનું વચન કબૂલ કર્યું.

એક ક્ષણમાં ધર્મરાજાએ, ચિત્રગુપ્તને કહ્યું કે; “આ ચોરને હિસાબે કંઈ પણ પુણ્યાંશ છે કે નથી?” ચિત્રગુપ્ત બોલ્યોઃ “હા છે ! તે હમેશાં અતિથિઓનો સત્કાર કરતો હતો અને તેણે પોતાના ઈષ્ટ દેવતાને પ્રસન્ન કરવા માટે અતિથિને પોતાની સ્ત્રી પણ અર્પણ કરી હતી! મહારાજ! એ દેવતાના એક દિવસપર્યંત સ્વર્ગમાં વસવાને માટે પાત્ર છે!” તે સાંભળી ધર્મરાજા સિંહવિક્રમની તરફ જોઈને બોલ્યા; “કેમ ભાઈ? તું શું ઈચ્છે છે? પ્રથમ સુખ કે દુઃખ-સ્વર્ગ કે નરક?” ત્યારે સિંહવિક્રમે કહ્યુંઃ “મહારાજ! પ્રથમ સુખ ભોગવવા માગું છું!” એટલે ધર્મરાજાએ વિમાનને આજ્ઞા કરી કે વિમાન આવ્યું. તેમાં બેસી, ચિત્રગુપ્તના વચનને સંભારતો થકો તે ચોર સ્વર્ગમાં ચાલતો થયો.

સ્વર્ગમાં જતાં, માર્ગમાં આકાશગંગામાં સ્નાન કરી, જપ તથા વ્રતમાં તે પરાયણ થઈ રહ્યો ને સ્વર્ગના સુખભોગનો ત્યાગ કરી બેઠો, એટલે દેવના એક બીજા વરસ સૂધી રહેવાને તેને આજ્ઞા થઈ. આ પ્રમાણે સ્વર્ગ લોકમાં જઈ, તીવ્ર તપ કરવા લાગ્યો અને તેથી કરીને તેને



નિરંતર સ્વર્ગમાં રહેવાની જ આજ્ઞા થઈ. છેવટે તપના ભાવથી, શંકર સ્વરૂપનાં દર્શન થયાં અને જ્ઞાન પ્રાપ્ત થયું; અને તેથી તેના પાપ માત્ર બળી ગયાં. આથી નરકના દૂત તેનું મુખ જોવાને પણ શક્તિમાન થયા નહીં, અને ચિત્રગુપ્તે ભોજપત્ર ઉપર જે તેનાં પાતકો લખ્યાં હતાં, તે ભૂસી નાખ્યાં અને યમરાજા ચૂપ બેઠા!

“આ પ્રમાણે ચોર સિંહવિક્રમ પણ, ઉત્તમ બુદ્ધિના પ્રતાપથી સિદ્ધિ પામ્યો હતો. આવી રીતે આ પ્રજ્ઞાપારમિતાની કથા તને કહી. હે વત્સ! આ રીતે વિદ્વાનો બુદ્ધે કહેલા નાવ સમાન દાન વગેરે છ પારમિતાનો જે કોઈ આશ્રય કરે છે, તે સંસારસાગરને તરી જાય છે.”

## વિનીતમતિની કથા ( ચાલુ. )

આ પ્રમાણે તે વનમાં રહેલા, બોદ્ધિસત્વાંશની પદવીમાં રહેલા વિનીતમતિ રાજાએ, સોમશૂરને ધર્મોપદેશ આપ્યો અને તે ધર્મોપદેશ સાંભળીને જાણે સૂર્યદેવ શાંત થઈ ગયા હોય ને સાયંકાળના રાતા રંગરૂપ કષાયવસ્ત્ર ધારણ કરીને અસ્તાચળ પર્વતની ગુફામાં પ્રવેશ કરતા હોય, તેમ ચાલ્યા ગયા. પછી વિનીતમતિ રાજા અને સોમશૂર બન્ને જણા યથાયોગ્ય રીતે સાયંકાળનું કર્મ પૂર્ણ કરી, ત્યાં જ રાત્રિવાસો રહ્યા. બીજે દિવસે વિનીતમતિએ સોમશૂરને બૌદ્ધધર્મનું સર્વ રહસ્ય સમજાવ્યું. સોમશૂરે તે વનમાં એક વૃક્ષ નીચે પર્ણકુટી બાંધી, પોતાના ગુરુની સેવા કરવા માંડી, સમાધિ ચઢાવવામાં પાત્ર થયો. ધીમે ધીમે ગુરુ અને શિષ્ય બન્ને જણા સાથે યોગવિદ્યાની મહાસિદ્ધિ મેળવી પરમ જ્ઞાનને પ્રાપ્ત થયા.

આ અરસામાં પેલા ઈંદુકળશ રાજાએ, તે તરવાર તથા ઘોડાના પ્રભાવથી ઘણો જ ગર્વ ધર્યો અને કનકકળશ ઉપર ચઢાઈ કરી, તેને અહિચ્છત્રની રાજ્યગાદી, જે વિનીતમતિએ તેને આપી હતી તે ઉપરથી પણ ઉઠાડી મૂક્યો. કનકકળશ તે રાજ્યથી પદભ્રષ્ટ થયા પછી, પોતાના બે ત્રણ મંત્રીઓ સહિત વનમાં ભટકતો ભટકતો દૈવયોગે વિનીતમતિના આશ્રમવાળા વનમાં આવી ચઢ્યો. તે ઘણે દૂરથી આવતો હતો, તેથી અત્યન્ત તૃષાળુ તથા ભુખાળવો થઈ ગયો હતો. પણ તે જ્યાં ફળ અને પાણી માંગવા જાય છે, એવામાં તો ઈન્દ્રે, વિનીતમતિ રાજા આવો મોટો અતિથિ આવ્યો છે તેની સેવા કરી શકે છે કે નહી, તેની કસોટી કરવા માટે, તે આખા નવપલ્લવ વનને બાળીને પ્રથમના જેવું જ ઉજ્જડ, મરુભૂમિ જેવું કરી મૂકયું. વિનીતમતિ પણ પોતાના આશ્રમને અણચિંત્યું મારવાડ જેવું ઉજ્જડ થઈ ગયેલું જોઈ, ગાભરો બની આમ તેમ એક ક્ષણભર વિચાર કરી ભટકવા લાગ્યો. ભટકતાં ભટકતાં કનકકળશને અને તેની સાથે આવેલા મંત્રીઓને દીઠા, કે જેઓના પ્રાણ ભુખ તથા તરસને લીધે કંઠે આવીને અટક્યા હતા. તે બોધિસત્વે, ભુખ્યા અને તરસ્યા તે અતિથિની પાસે જઈ, સારી રીતે સત્કાર કર્યો, અને તેને સર્વ સમાચાર પૂછીને કહ્યું; “આ અરણ્યમાં તો કંઈ ભક્ષ્ય પદાર્થ મળે તેમ નથી; તે ઉજ્જડ મેદાન થઈ ગયું છે; છતાં તમારી

ક્ષુધા શાંત થાય એવો એક ઉપાય તમને બતાવું છું. અહીંથી અર્ધ કોશ ઉપર એક ખાડો છે, તેમાં એક મૃગ દોડતાં દોડતાં પડીને મરણ પામ્યો છે; માટે ત્યાં જઈ તેનું માંસ ખાઇને તમારા પ્રાણનું રક્ષણ કરો!" પેલો ભુખ તથા તરસને લીધે પીડાતો રાજા, 'ઠીક છે' એમ કહી, પોતાના મંત્રીઓ સહિત તે ખાડા તરફ જવાને તૈયાર થયો. એવામાં બોધિસત્વ વિનીતમતિ, કનકકળશ તે ખાડા પાસે પહોંચે તે પહેલા યોગવિદ્યાથી મૃગનું રૂપ ધારણ કરી, તે ખાડામાં જઇને, પેલા અતિથિઓ માટે પોતાનો પ્રાણત્યાગ કરીને સૂતો. થોડીકવાર પછી કનકકળશ અને તેના સાથી ત્યાં આવી પહોંચ્યા ને ખાડામાં જોવા માંડ્યું, તો અંદર મુવેલા મૃગને પડેલું દીઠું. તેને બહાર કાઢી ખડ અને લાકડાનો તાપ કરી તે મૃગના માંસને ભુંજી, તેઓ સઘળું માંસ ખાઈ ગયા.

એવામાં તે બોધસત્વ વિનીતમતિની, નાગપુત્રી અને રાજપુત્રી બે સ્ત્રીઓ, આશ્રમમાં પોતાના પતિને શોધવા લાગી, પણ તે જણાયો નહી. અરણ્ય પણ ઉજ્જડ જણાયું. બંને રાણી વિહ્વળ બની ગઈ; અને પોતાના ધર્મપુત્ર સોમશૂરની પાસે ગઈ. તે દઢ સમાધિમાં બેઠો હતો, તેમાંથી તેને ચલાયમાન કરી, તેની આગળ સર્વ વાર્તા કહી. સોમશૂરે ગુરુ ક્યાં હશે તે વિશે સમાધિ ચઢાવી, જોયું કે તુરત ગુરુનું ચરિત્ર જાણી, તે વાત જો કે ઘણી જ દુઃખદાયી હતી, તોપણ ગુરુપત્નીને કહી. પછી સોમશૂર ગુરુપત્નીઓને સાથે લઈ, જ્યાં પોતાના ગુરુએ પોતાનો આત્મા, અતિથિઓને અર્પણ કર્યો હતો તે ખાડાની સમીપમાં ગયો. ત્યાં નાગકન્યા અને રાજકન્યા, હાડકાં અને શિંગડાં માત્ર જેનાં શેષ રહેલાં હતાં એવા મૃગના આકારમાં પડેલા પોતાના પતિને જોઈ, કરુણાળસ્વરે આક્રંદ કરવા લાગી. પછી બન્ને પતિવ્રતા સ્ત્રીઓએ, આશ્રમમાંથી કાષ્ઠ એકઠાં કરી તેની ચિતા ખડકી, તેમાં અગ્નિ પધરાવ્યો અને પછી તે હાડકાં અને શિંગડાં લઈ તેઓએ ચીતામાં પ્રવેશ કર્યો. બંનેરાણી સતી થઈ. આ વખતે ત્યાં કનકકળશ ઉભો હતો, તેણે આ સઘળું વૃત્તાંત જાણી પોતાના સેવક સહિત પોતે પણ અગ્નિમાં પ્રવેશ કર્યો. જ્યારે સઘળાં અગ્નિમાં બળી મૂવાં ત્યારે સોમશૂરથી આ દારુણ દુઃખ સહન થઇ શક્યું નહીં, તેથી તે પણ પોતાનો પ્રાણત્યાગ કરવાની ઇચ્છાથી દર્ભના પાથરણા ઉપર બેઠો. તે જ વખતે ઇંદ્રે ત્યાં આવીને તેને કહ્યું: "તું મરણ પામીશ મા! મેં તારા ગુરુની પરીક્ષા કરવા માટે આ સર્વ કર્યું હતું. હવે હું, વિનીત અને તેની બે સ્ત્રીઓ અને કનકકળશ વગેરે જે જે બળીને ખાખ થઈ ગયાં છે, તેઓની રાખ ઉપર અમૃતનો છંટકાવ કરી, તે સઘળાંને જીવતાં કરું છું!!" આવું વચન સાંભળી સોમશૂર હર્ષથી ઉભો થઈ ઇંદ્રને પ્રણામ કરી, જ્યાં તે ગુરુનાં દર્શન કરવા જાય છે, ત્યાં વિનીતમતિ રાજા, તેની બે સ્ત્રી અને તેને ત્યાં અતિથિ તરીકે આવેલો કનકકળશ તથા તેનાં માણસો વગેરે સર્વે સજીવન થઈને બેઠાં થયાં ત્યાર પછી સોમશૂરે, પોતાના ગુરુને, બન્ને સ્ત્રીઓને અને જેઓ પરલોકમાં જઇને પાછાં આવ્યાં હતાં તેમને મસ્તકથી પ્રણામ કીધા; વાણીરૂપી પુષ્પથી પૂજન કર્યું અને તે પછી પ્રેમ સહિત જ તેનાં દર્શન કર્યાં આ સર્વ જોઈ કનકકળશ વગેરે પણ વિનીતમતિનો ભક્તિભાવ જોઇ, તેની તરફ ઘણા જ ભક્તિભાવવાળા થઈ રહ્યા. એટલામાં



તેના પરાક્રમથી પ્રસન્ન થયેલા બ્રહ્મા, વિષ્ણુ વગેરે સર્વ દેવતાઓ તે આશ્રમમાં આવ્યા; અને વિનીતમતિને વર માગવાનું કહ્યું. તેણે માગ્યું કે, 'હું પરોપકાર કરું એવો વર આપો!' પછી તે દેવતાઓએ પરોપકારમાં તેને કામ લાગે તેવો, દિવ્ય પ્રતાપવાળો વર આપ્યો. તે પછી સર્વે અંતર્ધાન થઈ ગયા. વિનીતમતિ, સોમશૂર વગેરેને એ સર્વ વૃત્તાંત જણાવી, તેઓને સાથે લઈ, તે એક દેવતાઈ તપોવનમાં તપ કરવા માટે ચાલ્યો ગયો.

"હે ભાઇ! આ પ્રમાણે જે બળીને ખાખ થઈ ગયા હોય છે, તેઓ પણ પાછા જીવતા થાય છે તો જે જીવતા છે ને પોતાની મરજી માફક હરે ફરે છે, તે શા માટે પરસ્પર મળશે નહીં? માટે હે વત્સ! તારે દેહનો ત્યાગ કરવો નહીં; તું શૂરવીર છે માટે જા, તને મૃગાંકદત્તની સાથે અવશ્ય સમાગમ થશે!" આ પ્રમાણે તે વૃદ્ધ તાપસીના મુખથી આશ્ચર્યજનક આ કથા સાંભળી, મને મનમાં આશા આવી. હું મારા હાથમાં તરવાર લઈ તે વૃદ્ધ તાપસીને પ્રણામ કરી, પછી ત્યાંથી ચાલી નિકળ્યો. ચાલતાં ચાલતાં આ જંગલમાં આવી ચઢ્યો. અત્ર આ ભિલ્લ લોકો, દેવી ચંડિકાને બળદાન આપવા માટે, કોઇ બળિની શોધ કરતા હતા, તેમણે મને પકડ્યો. તેઓ સાથે મેં મોટું યુદ્ધ કર્યું. તેઓએ મને શસ્ત્રના પ્રહારથી ઘાયલ કર્યો તથા કેદ કરી ભિલ્લના રાજા માયાબટુની પાસે લઈ આવ્યા. હે મહારાજ! જ્યારે હું તે ભિલ્લ રાજાની પાસે આવ્યો ત્યારે મેં તમારાં અને તમારી પાસે બેઠેલા એ ત્રણ કાર્યભારીઓનાં દર્શન કીધાં! તમારી કૃપાથી જેમ ઘરમાં શાંતિ વળે છે, તેમ મને અહીં પણ શાંતિ વળી છે."

આ પ્રમાણે ગુણાકર મંત્રી મિત્રે પોતાનું ચરિત્ર કહ્યું. તે સાંભળી ભિલ્લરાજાના ઘરમાં ઉતરેલા મૃગાંકદત્તના મનમાં પરમ સંતોષ પ્રાપ્ત થયો. સંગ્રામમાં ગુણાકરના શરીરમાં જે ઘા પડ્યા હતા, તેને માફક આવે તેવી યોગ્ય ઔષધિ વગેરે લગાડી. દિવસ ઘણો વીતી ગયો હતો, તેથી મૃગાંકદત્ત બીજા મિત્રોની સાથે ઉઠીને પોતાનું આહ્નિક કર્મ કરવાને માટે ત્યાંથી ઉઠ્યો.

મૃગાંકદત્તને શશાંકવતીને મેળવવા માટે ઉજ્જયિની નગરીમાં જવાની ઘણી ઉત્કંઠા હતી; તોપણ પોતાનો મિત્ર ગુણાકર માંદો હતો, તે સાજો થાય ત્યાં સુધી અને બાકીના મિત્રો હજુ આવી મળ્યા ન હતા તેને શોધવા માટે, પોતે કેટલાએક દિવસ તે જ નગરમાં રહ્યો.

## તરંગ ૬ ઠ્ઠો.

## મૃગાંકદત્ત અને શશાંકવતીની કથા ( ચાલુ ).

થોડે દહાડે ગુણાકરના શરીરમાં જે ઘા પડ્યા હતા તે રુઝાઈ ગયા ત્યારે મૃગાંકદત્ત, એક સારે દહાડે તે ભિલ્લરાજાની આજ્ઞા માંગી, શશાંકવતીને મેળવવા માટે તેના ગામમાંથી બહાર નિકળી, ઉજ્જયિની તરફ ચાલવા માંડ્યો.

તેનો મિત્ર રાજા માયાબટુ અને તેનો મિત્ર માતંગપતિ દુર્ગપિશાચ, બન્ને જણા પોતાના ચાકરો સહિત ઘણે દૂર સૂધી તેને વળાવવા માટે ગયા અને તેઓએ કોઈ પણ કામ કરવામાં મદદ કરવાની કબૂલાત આપી. તેઓને પાછા વળાવ્યા પછી, મૃગાંકદત્ત પોતાના મંત્રી,–શ્રુતધિ, વિમળબુદ્ધિ, ગુણાકર અને ભીમપરાક્રમની સાથે વિંધ્યાટવીમાં બીજા મિત્રોની શોધ માટે આગળ જવા લાગ્યો.

એક વખતે રસ્તામાં સૂર્યાસ્ત થઈ જવાથી માર્ગમાં આવેલ એક વૃક્ષની નીચે તે સૂતો હતો, તેવામાં રાત્રિમાં મૃગાંકદત્ત ઓચિંતો જાગી ઉઠ્યો ને આસનાસ જૂવે છે તો ત્યાં એક બીજા મનુષ્યને પોતાના ટોળામાં સૂતેલું દીઠું. મૃગાંકદત્ત ઉભો થયો, પાસે ગયો ને તેના મુખ ઉપરથી વસ્ત્ર ઉંચું કરી, જ્યાં તેના મુખ સામું તે જુવે છે, ત્યાં તો તેનો વિચિત્રકથ નામનો મંત્રી નજરે પડ્યો. વિચિત્રકથ પણ જાગી ઉઠ્યો ને જૂવે છે તો પોતાના રાજા મૃગાંકદત્તને દીઠા. એટલે તે સદ્ગુણી મંત્રીએ, ઘણા આનંદથી તેનાં ચરણને ચુંબન કર્યું. રાજકુંવરે પણ મિત્રના અણચિંતવ્યા દર્શનવડે આનંદમય થઈ ગયેલાં ખુલ્લાં નેત્રથી, પ્રેમભેર તેને આલિંગન કીધું. તુરત બીજા સર્વ મંત્રીઓ પણ જાગૃત થઈ ગયા ને તે સર્વેએ વિચિત્રકથને અભિનંદન કર્યું. પછી વિચિત્રકથે તે સર્વ મંત્રીઓને તેમના વૃત્તાંત જાણવા માટે પૂછ્યું, એટલે તે મંત્રીઓએ ક્રમવાર પોતપોતાનું ચરિત્ર કહી સંભાળવ્યું. તે પછી વિચિત્રકથે, પોતાનું વૃત્તાંત કહેવા માંડ્યું કે;–

## વિચિત્રકથ મંત્રીની વીતકવાર્ત્તા.

જ્યારે પારાવતકરા નામના નાગરાજના શાપને લીધે, આપણે સર્વે આડાઅવળા વિખૂટા પડી ગયા, ત્યારે હું પણ તમારાથી જૂદો પડી, ગભરાટમાં આવી પડ્યો; અને ભયંકર વનમાં ઘણા દિવસ એકલો ભટક્યો. તમારા વિરહશોકથી તથા શાપને લીધે હું ભાન ભૂલી ગયો હતો, તેથી ઘણે દૂર ચાલ્યો ગયો. ચાલતાં બહુ થાકી ગયો. ત્રીજે દિવસે ઓચિંતો તે જંગલની સરહદ ઉપર આવેલા એક દિવ્ય અને વિશાળ નગર આગળ હું જઈ ચઢ્યો. આ નગરમાં એક દિવ્ય પુરુષ, બે દિવ્ય અંગના સાથે રહેતો હતો. નગર બહાર તેણે મને થાકેલો પાકેલો અને બેભાન પડેલો જોયો. પછી મને ધીરજ આપી અને શીતળ જળથી સ્નાન કરાવ્યું. પછી તે મને પ્રેમપૂર્વક પોતાના નગરમાં લઈ ગયો અને ત્યાં બહુ સારી રીતે દિવ્ય ભોજન જમાડ્યું અને તેણે પોતે પણ ભોજન કીધું. ત્યાર પછી તેની બે સ્ત્રીઓએ ભોજન કર્યું. ભોજન કર્યાં પછી હું સ્વસ્થ થયો. ત્યારે મેં તેઓને વિનતિ કરી કે, "હે આર્ય ! તમે કોણ છો? અને હું મરવા જેવો થયો હતો, તેની તમે શા માટે રક્ષા કરી? હું મારા સ્વામીથી છૂટો પડી ગયો છું, તેથી ગમે તેમ પણ હવે હું તો મરવાનો જ!" આમ કહી મેં તેની આગળ મારું સર્વ ચરિત્ર વર્ણવ્યું. પછી તે મહાત્મા ઉદારચિત્ત પુરુષે, ઘણો જ પ્રેમ આણી મને કહ્યું:– "હું યક્ષ છું; આ બે મારી સ્ત્રીઓ છે અને આજે તમે અમારે ઘેર અતિથિ થઈને આવ્યા છો. આંગણે આવેલા અતિથિનું યથાશક્તિ સન્માન કરવું, એ ગૃહસ્થાશ્રમીઓનો ધર્મ છે. તે ધર્મ પ્રમાણે મેં તમારો આદરસત્કાર કીધો છે. પણ તમે તમારા પ્રાણ શા માટે



ત્યાગ કરો છો? તમારે સઘળાઓને નાગના શાપથી કેટલોક કાળ સૂધી વિયોગ વેઠવાનો છે, તે હવે ઘણો થોડા વખત છે; પણ જ્યારે તમારો શાપ શાંત થશે ત્યારે તમે સૌ ભેગા થશો જ. પણ હે ભદ્રમુખ ! તું કહે કે આ સંસારમાં કયો માણસ સુખી છે? એ સત્ય જ છે. હું યક્ષ છું, તોપણ મેં જે જે દુઃખ ભોગવ્યાં છે, તે તું સાંભળ.

## શ્રી દર્શનની કથા.

આ પૃથ્વીરૂપ પ્રમદાના મુકૂટને શોભા આપનાર સુમન*ગુણથી ગૂંથેલી માળા સમાન ત્રિગતી નામની એક નગરી છે. આ નગરીમાં પવિત્રધર નામનો એક તરુણ બ્રાહ્મણ રહેતો હતો. તે ધનથી રાંક હતો, પણ કુટુંબ અને કુળ વગેરે બીજાથી રાંક ન હતો. તેના કુટું-બમાં ઘણાં માણસો હતાં, તેમ તે પોતે કુળવંત પણ હતો. તે હમેશાં લક્ષ્મીવંતોની વચમાં વસતો હતો, પરંતુ કુલીન અને અભિમાની હતો. તેણે એક રાત્રે વિચાર કર્યો કે; "હું આ લક્ષ્મીવંતોની વચમાં રહીને સદાચરણ પાળું છું, તોપણ જેમ ઉત્તમ અર્થવાળા કાવ્યમાં એક નિરર્થક શબ્દ શોભતો નથી, તેમ હું નિરર્થક,† આ લક્ષ્મીવંતોમાં શોભતો નથી. વળી હું સ્વતંત્ર છું, માટે મારાથી પારકાની સેવા થઈ શકશે નહીં અને દાન પણ લેવાઈ શકાય નહિ તો ઠીક! મને ગુરુમુખથી યક્ષિણીની સાધના કરવાના મંત્રનો ઉપદેશ તો મળેલો છે. તેથી હું કોઈ એકાંત જગ્યામાં જઈ યક્ષિણીની સાધના કરું." આ પ્રમાણે વિચાર કરી પવિત્રધર એક અરણ્યમાં ગયો ને ત્યાં વિધિ પ્રમાણે યક્ષિણીને પોતાની સ્ત્રી કરવા માટે તેનું સાધન સાધવા બેઠો. કેટલાએક દિવસ પછી, સૌદામિની નામની યક્ષિણી તેને સિદ્ધ થઈ ને તેની સ્ત્રી થઈને તેની સાથે રહેવા લાગી. શિશિરઋતુ ગયા પછી વસંતઋતુ વૃક્ષ શોભાથી જેમ શોભે છે, તેમ પવિત્રધર સૌદામિની સંગે શોભતો હતો. તે બન્ને જણાએ સંસારસુખમાં રંગ ઉમંગે મહાલતાં હતાં. સમય વીત્યા છતાં તેમને પુત્રપ્રાપ્તિ થઈ નહીં, એ તેમને મોટું દુઃખ હતું. એક દિવસ પવિત્રધર બ્રાહ્મણ ઉદાસ મન કરીને બેઠો હતો, તે જોઈ સૌદામિની યક્ષિણીએ તેને પૂછ્યું; "આર્યપુત્ર ! તમે વૃથા ચિંતા કરો મા; આપણને પુત્રપ્રાપ્તિ થશે જ થશે. એ ઉપર હું એક કથા કહું છું, તે તમે સાંભળો."

## સૌદામિનીની કથા.

દક્ષિણ દિશાની સરહદપર એક અત્યંત શ્યામરંગની તમાલ વૃક્ષની ઘાટી ઝાડી હતી; તેમાં સૂર્યનારાયણનાં કિરણો પણ પ્રવેશ કરી શકતાં નહીં અને તે વર્ષાઋતુની જન્મભૂમિ જેવી જ જણાતી હતી. આ ઝાડીની અંદર પૃથૂદર નામનો એક પ્રખ્યાત યક્ષ રહેતો હતો. તેની હું એકની એક જ લાડવાઈ સૌદામિની નામની બાળા છું. મારા પિતા જૂદા જૂદા મુખ્ય પર્વતો ઉપર અને દિવ્ય ઉપવાનેમાં વિહાર કરવા જતા, ત્યારે મારા ઉપર તેને ઘણો સ્નેહ હોવાને લીધે, મને પણ સાથે લઈ જતા હતા. હું તે પર્વતો ઉપર અને વન ઉપવનમાં હમેશ વિહાર કરતી હતી.

* પુષ્પ–દેવતા. પણ અત્ર સુમનગુણનો અર્થ ગુણવાન્ અથવા વિદ્વાન્ થાય છે. † ધન વગરને

એક વખતે હું કપિશભ્રૂ નામની મારી સખી સાથે કૈલાસપર્વત ઉપર રમતી રમતી જઈ ચઢી! ત્યાં મેં અટ્ટહાસ નામના–યક્ષકુમારને દીઠો. તે એક પોતાના મિત્રની વચમાં ઉભો હતોઃ તેણે પણ તે જ વખતે મને જોઈ. આ પ્રમાણે અમે બન્ને જણાનાં નેત્રોનું તારામૈત્રક થયું–એક બીજાના રૂપ ઉપર મોહિત થયાં. જ્યારે મારા પિતાએ આ સર્વ જાણ્યું અને અમારા બન્નેનું જોડું કોઈ પણ રીતે ખોટું નથી એમ માન્યું. તેણે તુરત અટ્ટહાસને બોલાવ્યો ને અમારા બન્નેનો વિવાહ નિશ્ચય કર્યો. તુરત લગ્નનો દિવસ મુકરર કરી, મારા પિતા મને ઘેર લઈ ગયા અને અટ્ટહાસ પણ ઘણો જ પ્રસન્ન થતો, પોતાના મિત્રોની સાથે પોતાને ઘેર વિદાય થયો.

બીજે દિવસે મારી સખી કપિશભ્રૂ મારી પાસે આવી ઘણી ઉદાસીનામ બતાવવા લાગી. ત્યારે મેં તેને પૂછ્યું; “ અલિ સખિ! તું આજ આમ ઉદાસીમાં કેમ છે ? ” તેણે દિલગીરીથી નીચે પ્રમાણે કહેવા માંડયું; ‘ સખિ! તારી આગળ મારે આ વાર્તા કરવી ઉચિત નથી, કારણકે તે તુંને દુઃખ ઉપજાવનારી થઈ પડશે. તો પણ હું કહું છું, કેમકે તેમ કર્યા વગર છૂટકો નથી; માટે તું સાંભળ! હુ આજે અહીંયાં આવતી હતી, તે વેળાએ મેં હિમાચલના શિખર ઉપર આવેલા ચિત્રરથ નામના ઉપવનમાં તારા પતિને રમતો દીઠો. તેના મિત્રોએ તારા ઉપર આરક્ત થયેલા અટ્ટહાસને ખુશી કરવા માટે યક્ષનો રાજા બનાવ્યો, તેના ભાઈ દીપ્તશિખને તેનો પુત્ર નલકૂબર બનાવ્યો અને તેના બીજા મિત્રો તેના કાર્યભારી થયા. આ પ્રમાણે તારો સ્વામી, તે મિત્રોની સાથે આનંદ કરતો હતો, એવામાં દૈવેચ્છાથી નલકૂબર આકાશ માર્ગે ફરતો ફરતો ત્યાં આવી ચઢયા. તેણે આ સર્વ નાટક જોયો, તેથી તેના ઉપર કોપ કરી તેને તેડાવ્યો અને શાપ દીધો કે; ‘તું સેવકજન થઇને રાજાની શોભાની ઈચ્છા કરે છે, તો હે દુષ્ટબુદ્ધિ ! જા, માનવી થા. તું શ્રેષ્ઠતા મેળવવા ઈચ્છે છે, તો પડ પૃથ્વીપર !’ આ પ્રમાણે શાપ થયા પછી અટ્ટહાસ ઉદાસ થઈને વિનતિ કરવા લાગ્યો કે; ‘હે મહારાજ ! મેં મૂર્ખે આનંદ માટે આ રમત આરંભી હતી; પરંતુ કંઈ અધિકારના અભિમાનથી છાકી એ રમત કરી નથી, તો તમે મારા ઉપર ક્ષમા કરો!’ નલકૂબરે આ પ્રમાણે અટ્ટહાસની દયાજનક વાણી શ્રવણ કરી; પછી એ વિશે ખરું ખોટું જાણવા માટે સમાધિ ચઢાવી જોયું તો તેમ જ જણાયું, એટલે તે શાપનો સમાધિમાં અંત આણવા માટે નલકૂબર બોલ્યો; ‘તું મનુષ્ય થયા પછી જે યક્ષિણી ઉપર આશક પડયો છે, તે યક્ષિણીમાં તારા આ નાનાભાઈ દીપ્તશિખને પુત્ર તરીકે ઉત્પન્ન કર્યા પછી મારા શાપમાંથી મુક્ત થઈ, તારી તે સ્ત્રીની સાથે યક્ષલોકમાં પાછો આવીશ; અને આ તારો જે ભાઈ છે, તે તારો પુત્ર થઈ પૃથ્વી ઉપર રાજ્ય કર્યા પછી મારા શાપમાંથી મુક્ત થશે.’ આ પ્રમાણે કુબેરના પુત્રે કહ્યું કે, તરત શાપના પ્રતાપથી અટ્ટહાસ કોણ જાણે કયાં અંતર્ધ્યાન થઈ ગયો, વે જણાયો જ નહીં. હે સખિ ! આ સર્વ મેં મારી નજરે જોયું છે, તેથી ઉદાસ થઇને તારી પાસ આવી છું. આ પ્રમાણે મારી સખીએ કહ્યું કે,” મારી અવસ્થા વિલક્ષણ થઈ ગઈ અને મારા પોતાના શરીરને ધિક્કારતી માતા અને પિતાની પાસે ગઈ અને આ વાર્તા તેમને નિવેદન કરી, ફરીથી તે પતિનો સમાગમ થવા માટે સમય ગાળવા લાગી.



“હે પ્રભો! તમે જ તે અટ્ટહાસ છો અને બ્રાહ્મણ જાતિમાં ઉત્પન્ન થયા છો. હું તે યક્ષિણી છું; અને મારો તમારો આ રીતે સમાગમ થયો. હવે આપણને થોડા જ સમયમાં પુત્રની પ્રાપ્તિ થશે.” પવિત્રધર બ્રાહ્મણની જ્ઞાનશાળી સ્ત્રી સૌદામિનીએ તેને એ રીતે કહ્યું, ત્યાર પછી પુત્ર થશે, આવી આશાથી તે ઘણો ખુશી થયો. કેટલોક કાળ વીત્યા બાદ તે યક્ષને તેની સ્ત્રીથી પુત્રનો જન્મ થયો. જન્મ થતી વખતે જ તે પુત્રે તેના ઘરમાં અને તેના મનમાં ઝળાંઝળાં કરી દીધાં! જ્યારે તે પવિત્રધર બ્રાહ્મણે પોતાના પુત્રનું મુખ જોયું, ત્યારે એક ક્ષણમાં દિવ્યાકૃતિવાળો અટ્ટહાસ–યક્ષ બની જઈ, પોતાની પ્રિયા યક્ષિણીને કહેવા લાગ્યો, “હે પ્રિયે ! આપણે બે શાપમાંથી મુક્ત થયાં છીયે. જો આ હું અટ્ટહાસ છું, માટે ચાલ હવે આપણે આપણા લોકમાં જઇએ.” આ પ્રમાણે યક્ષ અટ્ટહાસે કહ્યું, તે સાંભળી તેની સ્ત્રી કહેવા લાગી; “પ્રાણનાથ ! તમારો ભાઈ શાપને લીધે પુત્ર થઇને અવતર્યો છે, તેનું પોષણ કોણ કરશે, તેનો પ્રથમ વિચાર કરો!” અટ્ટહાસે ધ્યાન ધરી, તેનો વિચાર કીધો ને પછી બોલ્યો, “પ્રિયે ! આ નગરમાં દેવદર્શન નામનો એક બ્રાહ્મણ રહે છે; તે પુત્ર અને સંપત્તિ બંનેમાં નિર્ધન છે; અગરજો કે તે નિત્ય પંચાગ્નિનું સેવન કરે છે, તોપણ એ અગ્નિ તેને ત્યાં વિશેષ બળે છેઃ તેની સ્ત્રીને પુત્ર નથી અને તેના પેટમાં ક્ષુધાગ્નિ ઝળઝળાટ કરી રહ્યો છે. એક દિવસે પુત્ર અને સંપત્તિ, આ બે વસ્તુ મેળવવા માટે તે પંચાગ્નિ તાપતો હતો, તેવામાં અગ્નિદેવે પ્રસન્ન થઈ, સ્વપ્નમાં આવી તેને કહ્યું કે,–‘ તારા નસીબમાં ઔરસપુત્ર તો નથી, પણ તને અનૌરસ–દત્તક પુત્ર થશે. હે બ્રાહ્મણ! તે પુત્રને લીધે તારી દરિદ્રતા પણ નાશ પામશે !!’–આ પ્રમાણે અગ્નિદેવે જે આજ્ઞા કરી છે, તે આશાપર ને આશાપર તે બ્રાહ્મણ બેઠો છે. તેને ત્યાં આપણો આ દીકરો મૂકીશું, કારણ કે એ પણ એક નસીબનિર્માણ ચમત્કૃતિ છે.” આ પ્રમાણેની વ્યવસ્થા અટ્ટહાસે પોતાની સ્ત્રીને કહી. પછી પોતાના બાળકના કંઠમાં એક દિવ્યરત્નની માળા પહેરાવી અને તે બાળકને એક સુવર્ણથી ભરેલા કળશ ઉપર બેસારી, રાત્રે જ્યારે તે બ્રાહ્મણ ને તેની સ્ત્રી ગાઢ નિદ્રામાં સૂતાં હતાં, તે સમયે, તેના ઘરમાં જઇને ગુપચુપ તે બાળકને મૂકી આવ્યો અને પછી અટ્ટહાસ પોતાની પ્રિયા સંગે પોતાના લોકમાં ચાલ્યો ગયો.

જ્યારે બ્રાહ્મણ દેવદર્શન અને તેની સ્ત્રી, થોડીવાર પછી જાગ્યાં ત્યારે તેઓએ, રત્નરૂપ તારાવડે તેજોમય ચંદ્રમાને બાળકરૂપે રમતો દીઠો. દેવદર્શન તે બાળકને અને સુવર્ણના કળશને જોઈ આશ્ચર્ય પામ્યો. તે વિચાર કરવા લાગ્યો કે, “ આ શું ?” પણ સુવર્ણના કળશને જોઇ, તેને સ્વપ્નમાં અગ્નિદેવે જે વચન કહ્યું હતું, તેનું સ્મરણ થયું. તે બહુ રાજી થયો અને તરત દૈવે અર્પણ કરેલા તે બાળકને અને ધનને લઈ ઠેકાણે પાડયું અને પુત્રલાભ નિમિત્તે મહોત્સવ આરંભ્યો. દશ દિવસ વીતી ગયા ને અગિયારમો દિવસ થયો ત્યારે તે બ્રાહ્મણે પોતાના પુત્રનું શ્રીદર્શન* એવું નામ પાડયું. દેવદર્શન પુત્ર જન્મ

* શ્રી—લક્ષ્મી, દર્શન—દેનારો; અર્થાત્ લક્ષ્મી આપનારો.

થયા પછી મોટો ધનાઢ્ય થયો હતો, એટલે યજ્ઞ વિગેરે ક્રિયાઓ કરવા લાગ્યો અને દુનિયાના નાના પ્રકારના વૈભવ પણ ભોગવવા લાગ્યો.

વીરલો **શ્રીદર્શન** પિતાના ઘરમાં રહી, ધીમે ધીમે મોટો થવા લાગ્યો. તે વેદવિદ્યામાં તથા અસ્ત્રવિદ્યામાં પ્રવીણતા મેળવીને મહાપરાક્રમી થયો. આ કુમાર જ્યારે તરુણ થયો, ત્યારે તેનો પિતા દેવદર્શન **પ્રયાગતીર્થ**માં જઈ નિર્વાણને પામ્યો અને એ વાર્તા **શ્રીદર્શન**ની માતાના જાણવામાં આવી, એટલે તેણે અગ્નિમાં પ્રવેશ કીધો. **શ્રીદર્શને** પોતાના માતા પિતા માટે ઘણો શોક કીધો અને પછી શાસ્ત્રમાં કહેલી ક્રિયા કરી. વખત વીતતાં તેનો શોક ઓછો થયો. **શ્રીદર્શન** પરણ્યો નહોતો, તેમ તેને કોઈ સગુસંબંધી પણ નહોતું. જો કે તે વિદ્વાન્ હતો તો પણ, તે જુગારની લતમાં પડયો. આમ કેટલાએક કાળ સૂધી વર્ત્યો, એટલે તેનું ધન નાશ પામી ગયું; અને આ દુષ્ટ વ્યસનને લીધે તેને ખાવાપીવાના પણ સાંસા પડવા લાગ્યા.

એક વખતે **શ્રીદર્શન** ત્રણ દિવસ સૂધી ભુખ્યો હોવાથી, દ્યૂતશાળામાં ભરાઈ બેઠો. પોતે જે કપડાં પહેર્યાં હતાં, તે પોતાને છાજે નહીં તેવાં–ઘણાં ફાટેલાં ને મેલાં–હતાં, તેથી લજ્જાને લીધે તે ક્યાંહી બહાર પણ જઈ શક્યો નહીં. બીજાઓએ તેને ખાવાનું આપવા માંડ્યું, તે લેવાને પણ તેણે ના પાડી. પછી જુગારના તેના એક ગોઠીયા મુખરપ નામના મિત્રે તેને કહ્યું; "તું શા માટે આટલો બધો મુઝાય છે ? તું શું જાણતો નહોતો કે, જુગારના વ્યસનનું પાપ આવું જ હોય છે ? તું શું જાણતો નહોતો કે, સઘળા નસીબને ચકરભ્રમરમાં આણનાર આ દ્યૂતકળા છે ? શું બ્રહ્માએ દ્યૂતમાં રમતાં તારી આવી દશા નિર્માણ કીધી હતી કે ? જે માણસ જુગારની કપટકળામાં કુશળ હોય છે, તેને માટે બાહુને ઓઢવાનું વસ્ત્ર રૂપે કલ્પેલ છે; ધૂળને શય્યા કલ્પેલી છે; ચૌટાને ઘર કલ્પેલું છે અને તેની સ્ત્રીએ તેનો વિનાશ કલ્પેલો છે. માટે તું શા માટે ખાતો નથી ? આહાર પાણી લે ને ફોકટમાં મર નહિ ! તું વિદ્વાન્ છે, છતાં પણ તારા શરીરની દરકાર કેમ કરતો નથી ? જે માણસ ધીરજ રાખીને જીવતો રહે છે, તે પોતાની ઇચ્છા શું પાર પાડતો નથી કે ? એ વિષે **ભૂનંદન**ની એક આશ્ચર્યજનક કથા સંભળાવું છું, તે તું સાંભળ.

## કાશ્મીરના રાજા ભૂનંદનની કથા.

પૃથ્વીના શણગારની માફક શોભા આપનાર કાશ્મીર નામનો એક દેશ છે. **બ્રહ્માએ** પ્રથમ સ્વર્ગ રચ્યું અને પછી પુણ્યશાળી લોકોને માટે આ બીજું સ્વર્ગ રચ્યું છે. એ બે વચ્ચે ભેદ માત્ર એટલોજ છે કે, સ્વર્ગમાં સુખભોગ માત્ર જોવાના જ છે; પણ કાશ્મીરમાં તો તે ભોગવવાના પણ છે. ત્યાં બે કીર્તિવંત દેવી **શ્રી** ને સરસ્વતીએ નિરંતર સ્પર્ધાથી એક બીજા–"મારી અગ્રગણ્યતા અહીં છે;" "ના, મારી છે"–એમ કહી, નિવાસ કર્યો છે. આ દેશમાં ધર્મનો દ્રોહ કરનાર કળિનો પ્રવેશ ન થવા દેવા માટે **હિમાચળ** પોતાના શરીરને પલટાવીને પર્વતરૂપ થઈ, તે દેશની સીમાનું રક્ષણ કરતો હોય તેમ ઉભો રહી ચોકી કરે છે.



"આ દેવતાનું ઉત્તમ તીર્થ છે, માટે તું અહીંથી દૂર જા," આમ જાણે પાતિકને કહી, પોતાના મોજાંથી તિરસ્કાર કરતી હોય તેવી **વિતસ્તા** નદીવડે તે દેશ શોભે છે. તે નગરમાં રૂપેરી ચૂર્ણલેપવડે લીપેલા ઉંચા મહેલની હારો, સમીપમાં રહેલા **હિમપર્વત**ના શિખરનો ભ્રમ કરાવે છે. આવા અનુપમ દેશમાં **ભૂનંદન** નામનો રાજા રહેતો હતો. તે બ્રાહ્મણ, ક્ષત્રિય અને વૈશ્યનો ગુરુ હતો; પ્રજાને **ચંદ્રમા**ની પેઠે રંજન કરતો હતો અને વિદ્યા તથા વેદમાં પારંગત હતો. તેનું પરાક્રમ ખંડિત કરેલા કામિનીનાં કુચમંડળ ઉપર, તેમ શત્રુઓના મંડળ ઉપર શોભા આપતું હતું. તે રાજા પોતે (શેષ) *નીતિવાળો હતો; પણ તેની પ્રજા નીતિવાળી† હતી; તેનું મન કૃષ્ણ ઉપર આસક્ત હતું, તોપણ તેની પ્રજા અકૃષ્ણતરમાનસ‡ હતી ! અર્થાત્ તેની પ્રજાનું મન દુરાચરણ પછાડી નહોતું.

આ રાજાએ એક વખતે દ્વાદશીને દિવસે, વિધિવડે પરમાત્મા શ્રી **વિષ્ણુ**નું પૂજન કર્યું. રાત્રિના તે સૂતો. તેને સ્વપ્ન આવ્યું. તેમાં તેણે કોઈપણ બે દૈત્યકન્યાને ( રમતી ) દીઠી, અને જાણે તેમની સાથે તેણે પોતે વિહાર કર્યો હોય તેમ લાગ્યું. પણ વિહાર પામ્યા પછી તે જાગૃત થયો, ત્યારે તે કન્યાને દીઠી નહીં, પણ પોતાના અંગમાં સંભોગનાં ચિહ્નો તેને સ્પષ્ટપણે જોયાં. તે રાજા મનમાં આશ્ચર્ય પામ્યો અને વિચારમાં પડી ગયો કે, "આ શું ! આ કંઈ સ્વપ્ન નથી, પણ ખરેખર વિહાર થયો છે–એમ હું તર્ક કરું છું. પરંતું આહ ! તે દેવતાઈ અંગનાએ મને ખરેખર ઘણી જ વિચિત્ર રીતે છેતર્યો છે," આ પ્રમાણે શંકા થયા પછી તે તેનું જ ધ્યાન ધરવા લાગ્યો અને તેને તેનો વિરહ થવાથી તે બહુ પીડાવા લાગ્યો. ધીમે ધીમે તેણે રાજ્યનાં પણ સઘળાં કામકાજનો ત્યાગ કર્યો.

પછી તે રાજા તે સ્ત્રીને કેવી રીતે મેળવવી, તેનો વિચાર કરતો મનમાં બોલ્યો; "મને **વિષ્ણુ**ના પ્રસાદથી આ સ્ત્રી સાથે સમાગમ થયો હતો, તો હવે હું આ રાજ્યરૂપ ફાંસીમાંથી મુક્ત થઈ, એકાંતમાં જઈ, તે સ્ત્રીને પ્રાપ્ત કરવા માટે પરમાત્માનું ધ્યાન ધરું તો ઠીક ! હાય રે ! આ રાજ્ય તો તે સ્ત્રીના વિરહથી મને કેવળ નીરસ લાગે છે !" આ પ્રમાણે વિચાર કરી, **ભૂનંદને** પોતાનો દૃઢ નિશ્ચય પ્રજાને જણાવ્યો અને પોતાના નાના ભાઈ **સુનંદ**ને રાજ્ય સોંપી દીધું.

તેણે રાજ્યનો ત્યાગ કર્યા પછી, જ્યાં પૂર્વે ભગવાને ત્રણ પગલાં પૃથ્વી ભરતાં પગ મૂકીને, જે સ્થાન પવિત્ર કર્યું હતું, તે **ક્રમસર** નામના **વિષ્ણુ**ના પવિત્રતીર્થમાં તે ગયો.

---

* ન–ઇતિવાળો હતો–એમ ગૂઢાર્થ છે, પણ ન કાઢી નાંખતાં જે શેષ રહે તે ઇતિ–અર્થાત તેની પાસે સંકટહર ઈતિ એટલે વિંટી હતી.

† આ ઠેકાણે વિરોધાભાસ અલંકાર બતાવ્યો છે. ઉપરથી વિરોધનો આભાસ થાય છે, પણ તેનો અર્થ એવો છે કે, ઈતિ એટલે છ જાતના–દુષ્કાળાદિક સંકટ, તેથી રહિત એટલે સુખી હતી. ન–નહી+ઈતિ–દુકાળાદિ અથવા સંકટ કાપનારી વિંટી. રાજા પાસે તે વિંટી હતી, પણ પ્રજા પાસે નહોતી

‡ અતિ નિર્મળ મનની હતી.

આ તીર્થની સમીપમાં આવેલા પર્વત ઉપર બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ્વર, આ ત્રણ દેવ, શિખરને આકારે બિરાજે છે અને વિષ્ણુના ચરણે, વિતસ્તા નદી ઉપર મત્સર આણ્યો હોય, તેમ કાશ્મીરમાં એક વિસ્તારવાળી વિષુવતી નામની દેવનદી ઉત્પન્ન કરી છે. આવા પવિત્ર સ્થળમાં જઈ, નવા જળની ઇચ્છાવાળો બપૈયો (ચાતક) જેમ ઉનાળાના તાપમાં દુઃખથી પીડિત થઇને જેમ તપ કરે છે, તેમ આ રાજા પણ સર્વ રસ ( સંસારરસ ) ઉપરથી, માયા ઉતારી તે સ્થળે તપ કરવા લાગ્યો.

જ્યારે તપ કરતાં કરતાં બાર વર્ષ વીતી ગયાં, ત્યારે કોઇએક મોટો જ્ઞાની અને તપસ્વી પુરુષ, તે માર્ગે આવી ચઢ્યો. તે તપસ્વીને માથે જટા હતી, તેના વાળના છેડા પીળા રંગના હતા, અંગે ફાટેલું વસ્ત્ર ધારણ કર્યું હતું, તેની સાથે શિષ્યગણો હતા, તેથી જાણે તે તીર્થના પહાડ ઉપરથી ઉતરેલા શંકર હોય તેમ શોભતો હતો. તે તપસ્વી, રાજાને જોતાં વેંત જ તેના ઉપર પ્રેમ કરી, તેની પાસે ગયા અને મધુરી વાણીથી તેને પૂછ્યું કે; "તું અહીં શા માટે તપ કરે છે?" રાજાએ તેને ઉત્તર આપી સર્વ વૃત્તાંત તે તપોધનને નિવેદન કર્યું. તે તપસ્વી એક ક્ષણભર ધ્યાન કરતો હોય તેમ શાંત રહીને બોલ્યો; "હે રાજન્! તારી પ્રિય સ્ત્રી દૈત્યકન્યા પાતાળમાં રહે છે. તું ખુશી થા. હું તને તે કન્યાની પાસે લઈ જાઉંછું. હું દક્ષિણ દેશમાં રહેનારા ને યજ્ઞ કરનારા બ્રાહ્મણ યજ્ઞનો પુત્ર છું, મારું નામ ભૂતિવસુ છે અને હું યોગીઓનો ગુરુ છું. હું મારા પિતા પાસેથી પાતાળ નામના શાસ્ત્રમાંથી હાટકેશ્વરના મંત્ર અને તંત્રના વિધિનો ક્રમ શીખ્યો છું. કેટલેક કાળે હું શ્રીપર્વત ઉપર જઈ, ત્ર્યંબકેશ્વર ઉપર તપ આરંભી, ત્ર્યંબકેશ્વરનું ધ્યાન કરવા લાગ્યો. મારા ધ્યાનથી શંકરે પ્રસન્ન થઈ મને આજ્ઞા કરી કે; "તું પાતાળમાં જા અને દૈત્યની અંગનાઓ સાથે પરણી વિહાર કર અને રતિસુખ ભોગવ અને તે ભોગવી પછી તું મારા ચરણમાં આવજે અને વધુ સાંભળ! તે મારાં ચરણનો લાભ કેમ થાય, તેનો ઉપાય તને કહું છું,–'આ પૃથ્વી ઉપર પાતાળમાં જવાનાં ઘણાં ભોંયરાં છે, પણ તેમાં એક ઘણું મોટું ને પ્રખ્યાત ભોંયરું કાશ્મીરમાં, મયદાનવે કરેલું છે. તે ભોંયરાંને માર્ગે, બાણાસુરની કન્યા ઓખા પોતાના પતિ અનિરુદ્ધને, દૈત્યોથી ગુપ્ત રીતે ઉદ્યાનભૂમિમાં લઈ જઇને ખુશી કરતી હતી. તે વખતે કૃષ્ણપુત્ર પ્રદ્યુમ્ને, પોતાના પુત્રની રક્ષા કરવા માટે એક પવતના શિખરમાં, તે ભોંયરાંનું એક બારણું કરી, તે બારણાથી રક્ષા કરવામાટે સારિકા નામની દુર્ગાનું, સપ્તપદી સ્તુતિથી આરાધન કરી, તે બારણાઉપર તે દેવીનું સ્થાપન કર્યું છે. તેને લીધે હજુ સૂધી તે સ્થાન પ્રદ્યુમ્નશિખર અને સારિકા શિખરના નામથી ઓળખાય છે. તે ગુફાના બારણામાંથી તારા શિષ્યોની સાથે પાતાળમાં જા! ત્યાં તને મારી કૃપાથી ઇચ્છિત વસ્તુ પ્રાપ્ત થશે!" આટલું કહી શંકર અંતર્ધાન થઈ ગયા અને તેની કૃપાથી મને સર્વ જ્ઞાન ઉત્પન્ન થયું છે અને હું આ કાશ્મીર દેશમાં આવ્યો છું, માટે હે રાજા! તું પણ અમારી સાથે સારિકાશિખર ઉપર ચાલ. હું હમણાં પાતાળમાં તારી પ્રેમપાત્ર બાળાની પાસે તને લઈ જઈ, ભેટાડી, રંગે રમાડીશ!'



આ પ્રમાણે તે તપસ્વીએ કહ્યું, એટલે ભૂનંદને તે માન્ય કીધું. પછી ભૂનંદનરાજા, તે તપસ્વીની સાથે સારિકાશિખર ઉપર ગયો. ત્યાં જઈ વિતસ્તા નદીમાં સ્નાન કરી, વિનાયકનું પૂજન કરી, દિશાબંધન કરી, પુરસ્સર દેવી સારિકા–દુર્ગાનું પૂજન કર્યું અને દુષ્ટ દૃષ્ટિનું કે કોઈનું વિઘ્ન ન આવે, તે માટે આસપાસ હાથ ફેરવ્યો. શંકરના મહાપ્રેમપાત્ર તે તપસ્વીએ વિધિ પ્રમાણે આસપાસ શર્ષવ છાંટ્યા; તુરત ભોંયરાને પ્રગટ કર્યું. પછી તે રાજા, પેલા તપસ્વી તથા શિષ્યોની સાથે તે ભોંયરામાં પેઠો. ત્યાં રાત્રિ દિવસ ચાલવા માંડ્યું. એમ ચાલતાં ચાલતાં પાંચ દિવસ વીતી ગયા. છઠ્ઠે દિવસે તે સઘળા પાતાળમાં વહેનારી ગંગા નદી ઉતરીને રૂપેરી જમીન ઉપર જઈ પહોંચ્યા. ત્યાં તેઓએ એક દિવ્ય વન દીઠું. તેમાં ઉઘડેલાં સોનાનાં કમળની સુગંધ ચારે તરફ ફેલાઈ ગઈ હતી; પ્રવાળાં, અગર, ચંદન તથા કપૂરનાં વૃક્ષો ત્યાં શોભતાં હતાં. આ દિવ્ય વનના મધ્ય ભાગમાં એક મોટું વિસ્તારવાળું શિવનું મંદિર આવેલું હતું. આ મદિર રત્નજડિત પગથીઆંઓથી સુંદર દેખાતું હતું, સોનાની ભીંતોથી મનહર જણાતું હતું, મણિના સ્થંભોથી ઝળાંઝળાં કરતું હતું. તે મંદિરમાં ચંદ્રકાંતમણિની મોટી મોટી શિલાઓ બાંધી હતી, તેથી તે નિર્મળ અને દૃઢ હતું.

આવા અનુપમ મંદિરને જોઈ, રાજા વગેરે સઘળા ઘણા ખુશી થઈ ગયા. તે મહાત્મા જ્ઞાની તપસ્વી, પોતાના શિષ્યોને અને રાજા ભૂનંદનને આશ્ચર્ય થયેલા જોઇને બોલ્યા; "જે પાતાળવાસી હાટકેશ્વર* દેવ, ત્રણ લોકોમાં ગવાય છે, તે ભોળાનાથનું આ સાક્ષાત્ મંદિર છે. તમે સૌ તેનું પૂજન કરો." પછી સપ્ત ગંગા નદીમાં સ્નાન કરી, ત્યાં થનારા નૂતનનૂતન જાતનાં પુષ્પોથી શંકરનું પૂજન કરવા લાગ્યા. થોડીવાર સર્વે પૂજન કરી, પછી સૌએ વિશ્રામ કર્યો. પછી તે સઘળા ત્યાંથી આગળ ચાલી એક દિવ્ય જાંબૂના વૃક્ષ પાસે આવ્યા. આ જાંબૂનું વૃક્ષ ઘણું વિશાળ હતું અને તેમાંથી પાકેલાં ફળો જમીન ઉપર પડતાં હતાં. પેલા તપસ્વીએ આ જાંબૂના વૃક્ષને જોઇને પોતાની સાથે આવેલાઓને કહ્યું; "ખબરદાર! કોઈ પણ આ ફળ ખાશો મા! આ ફળ ખાધાથી વિઘ્ન થાય છે ને ઇચ્છિત વસ્તુ પ્રાપ્ત થતી નથી." આ પ્રમાણે ગુરુએ ના પાડ્યા છતાં, એક વિદ્યાર્થીને ભૂખ લાગી હતી, તેથી તેણે એક જાંબૂ ખાધું. જેવું તેણે ખાધું, તેવો જ તેનો આકાર ચૈતન્યરહિત જડ જેવો થઈ ગયો.

તે જોઈ બીજા શિષ્યોના મનમાં ભારે ભય વ્યાપી ગયો. તેઓએ તે ફળ ભયથી ખાવાની ઇચ્છા જ કરી નહીં. પછી તે તપસ્વી, ઇચ્છારહિત શિષ્યોની અને ભૂનંદન રાજાની સાથે આગળ ચાલવા માંડ્યો. એક કોશ ચાલ્યો, એવામાં એક ઉંચો સોનાનો કિલ્લો તેમની નજરે પડ્યો. તેના બારણામાં ઉમદાં રત્નો જડેલાં હતાં. આ કિલ્લાના બારણામાં બન્ને પડખા ઉપર સોનાના† બે ઘેટા ઉભા હતા. તે ઘેટા પોતાનાં શિંગડા મારીને કોઇને પણ અંદર જવા દેતા ન હતા. પણ તે તપસ્વીએ, એક લાકડીમાં મંત્રનું

* આ હાટકેશ્વર છ નાગરના ઈષ્ટ દેવ ગણાય છે. † અંગ્રેજીમાં લોઢાના છે.

આવાહન કરી, તે લાકડી બન્ને ઘેટાના માથા ઉપર મારી, એટલે તે બન્નેને જાણે વજ્ર વાગ્યું હોય તેમ થયું; બંને ઘેટાં ત્યાં જ ક્યાંનાં ક્યાં નાસી ગયા, તે પણ દેખાયું નહિ. પછી તે તપસ્વી પોતાના શિષ્ય તથા રાજાની સાથે તે કિલ્લાની અંદર પેઠો. ત્યાં સુવર્ણ અને રત્નજડિત મહેલો જોવામાં આવ્યા. તે નગરના સઘળા મહેલના બારણા ઉપર ચોકી કરનારા ઉભા હતા. તેઓના હાથમાં લોઢાનાં મુશળ હતાં, તેઓ દાંતવતી નીચલા હોઠને દબાવી ઉભા હતા તેથી ઘણા વિક્રાળ દેખાતા હતા. પછી તપસ્વી આદિ સઘળા, એક વૃક્ષની નીચે છાયામાં બેઠા. તે તપસ્વી, દુષ્ટ પુરુષોનો નાશ કરનારી યોગવિદ્યાનું ધ્યાન ધરવા લાગ્યો. તે યોગ સમાધિના પ્રતાપથી દ્વારચોકી કરનારા ભયંકર રાક્ષસો, તે બારણાં-પરથી પલાયન કરીને અદૃશ્ય થઈ ગયા.

અને એક ક્ષણ પછી સઘળાં મહેલોમાંથી, દૈત્ય કન્યાઓની સેવા કરનારી વારાંગનાઓ, દિવ્ય ઘરેણાં અને વસ્ત્ર પહેરી બહાર આવી. તે સર્વે, પોતાની સાથે લાવેલી ભેટ સોગાત સાથે, તે પુરુષોની અને તપસ્વીની પાસે ગઈ અને જે પ્રમાણે પોતાની શેઠાણીઓએ કહેવરાવ્યું હતું, તે પ્રમાણે તેઓને મહેલમાં પધારવા માટે પ્રાર્થના કીધી. કૃતકૃત્ય થયેલા તપ-સ્વીએ, પોતાની સાથે રહેલાઓને કહ્યું "તમે સર્વે મહેલમાં પ્રવેશ કીધા પછી તમારી પ્રિયાના હુકમને તાબે જ રહેજો!" જો વાંકાચૂકા થયા તો વિપત્તિમાં જ પડશો! આમ કહી તે તપસ્વી, કેટલીએક વારાંગનાઓ સહિત એક ઉત્તમ મહેલની અંદર પેઠા. તે અંદરના ભાગમાં ગયો, તો ત્યાં એક મોહિણી જેવી દૈત્યકન્યાનાં તેને દર્શન થયાં. તે તપસ્વીએ તે કન્યાને સ્વીકારી, પોતાની ઇચ્છા પ્રમાણે વૈભવ પણ સ્વીકાર્યો. તેવી જ રીતે બીજા પણ અનેક શિષ્યો, સખીઓદ્વારા જૂદા જૂદા મહેલમાં જઈ દૈત્યકન્યાની સાથે વૈભવ સુખ માણવા લાગ્યા.

રાજા ભૂનંદનને એક સખી પ્રણામથી નમ્રતા બતાવી, જે મહેલનો બહારનો ભાગ મણીમય હતો તેમાં લઈ ગઈ. કહેવું જોઇએ કે, આ મહેલની અંદર નરદમ મણિની ભીંત હતી, તેમાં તે દૈત્યકન્યાની લોંડીઓનાં પ્રતિબિંબ પડતાં હતાં, તેથી જાણે ભીંતમાં સજીવ ચિત્ર આળેખ્યાં હોય તેમ જણાતું હતું. નીચેની જમીન પણ ઘણી સ્વચ્છ હતી. તે ભૂમિ ઇંદ્રનીલ મણીની બનાવેલી હતી, તેથી જાણે નભોમંડળમાં જઇને આકાશમાં ફરતા વિમાન જિતવાની ઇચ્છા કરતી હોય, તેવી તે જણાતી હતી. બાળસૂર્યના તડકાને સહન કરનાર પુષ્પ પણ ત્યાં વસનારી સ્ત્રીના કોમળ અંગની ઉપમા ધારણ કરી શકતા ન હતા. એક તરફ સંગીત ચાલી રહ્યું હતું, નૃત્ય પણ થતું હતું, પુતળીઓ ડોલતી હતી. ત્યાં જેવો રાજા દાખલ થયો કે, સ્વપ્નમાં જોયેલી અનુપમ અસુરની કન્યા જોવામાં આવી. આ કન્યાની કાંતિવડે સૂર્ય વગેરેથી રહિત પાતાળમાં, પ્રકાશ પ્રકાશ થઈ રહ્યો અને પ્રજાપતિએ રત્ન વગેરેનો પાતાળમાં પ્રકાશ કર્યો હતો– તે પુનરુક્ત–વ્યર્થ દોષ કર્યો હોય તેમ જણાતું હતું.

કન્યાનું અનિર્વર્ણનીય રૂપ જોઈ, રાજાના નેત્રમાં હર્ષનાં અશ્રુ આવી ગયાં. તે જાણે, બીજી વસ્તુ જોઇને નેત્રમાં જે મળ લાગ્યો હતો તેને ધોઈ નાંખતો હોય તેવો જણાતો



હતો. બાળા, જેનું નામ કુમુદ્દિની* હતું અને જેની આસપાસ ભ્રમરાઓ ગુંજારવ કરી, તેના ગુણનું ગાન કરી રહ્યા હતા, તે બાળા, વિનયથી ઉભી થઈ. પછી રાજાને માન આપી તેનો હાથ પકડીને બોલી; "પ્રિયે! મેં તમને બહુ દુઃખ આપ્યું!" આમ બોલતાં બોલતાં તેણીએ તેને આસન ઉપર બેસારી દીધો. રાજાએ ક્ષણમાત્ર આસન ઉપર બેસીને વિશ્રામ લીધો. ત્યાર પછી તેણે સ્નાન કરી વસ્ત્ર અને આભૂષણ ધારણ કર્યાં. પછી તે અસુર કન્યા તે રાજાને પાન કરવા માટે ઉદ્યાનમાં લઈ ગઈ. ત્યાં ગયા પછી, જે વાવમાં મદ્ય ભરેલું હતું, તેના કિનારા ઉપર જઈ, તેની સાથે વિનોદ કરતી બેઠી. તે વાવના કિનારા ઉપર આવેલા ઝાડપર જે શબ લટકતાં હતાં, તેમાંના લોહી ને ચરબીનો આસવ એક વાવમાં પડતો હતો, અને તેનાથી તે વાવ છળાંછળ ભરાઈ ગઈ હતી. પેલી દૈત્ય કન્યાએ તે વાવમાંથી ચરબી ને લોહીના આસવનો એક પ્યાલો ભરીને તે રાજાને પીવા માટે આપ્યો. તે અપવિત્ર વસ્તુ રાજાએ સ્વીકારી નહીં. તે સ્ત્રીએ તે પ્યાલો પીવાનો ઘણો આગ્રહ કર્યો અને અંતે કહ્યું; "પ્રિયે, તમે અમારા પાનક પદાર્થની ના પાડો છો, તેમાં તમારું કલ્યાણ થશે નહીં!" રાજાએ દૈત્યકન્યાને કહ્યું; "ભલે, ગમે તે થાઓ; પરંતુ જે વસ્તુ અમારે પીવા લાયક નથી, તેનું હું કદીપણ પાન કરીશ નહીં!" તત્ક્ષણે તે કન્યા-એ પેલો પ્યાલો તે રાજાના મસ્તકપર ઢોળી દીધો અને તે વિજળી પેઠે ત્યાંથી ચાલી ગઈ, અને તે જ ક્ષણે, રાજાની આંખ તથા મોં તદ્દન બંધ થઈ ગયાં! તુરત જ તે દૈત્ય કન્યાની દાસીઓએ આવીને ભૂનંદનને ઉંચકીને બીજી વાવના પાણીમાં યાહોમ ઝોકાવી દીધો.†

જેવો તેને પાણીમાં નાંખ્યો, તેવું જ તે રાજાએ પ્રથમ જે ક્રમસર તપોવનમાં પોતે તપ કરતો હતો તે જ તીર્થમાં, પોતાને ઉભેલો જોયો અને પોતાની મૂર્ખતાની મશ્કરી કરતો હોય તેવા શ્વેતરંગના (બરફથી) હિમાલયને ઉભેલો પણ દીઠો. તે રાજા ઉદાસ થઈ ગયો; તે આશ્ચર્ય તથા ગભરાટમાં પડી ગયો અને પોતે આ પ્રમાણે છેતરાયો, તેને માટે બડબડવા લાગ્યો. "અહો! તે દૈત્ય કન્યાનો બગીચો ક્યાં અને આ ક્રમસર તથા હિમા-ચળ પર્વત ક્યાં! અરેરે! આ તે શું આશ્ચર્ય? શું એ સર્વે માયા હશે કે મારી બુદ્ધિનો ભ્રમ છે, કે કંઈ બીજું? અથવા શું ખરેખર તે તપસ્વીએ મને કહ્યું હતું કે, દૈત્યકન્યા જેમ કહે તેમ કરજો. ના પાડશો નહિ! તે સાંભળ્યા છતાં પણ મેં તે કન્યાનું વચન ઉલ્લં-ઘન કર્યું, તેને લીધે મને આ ફળ મળ્યું છે? મને જણાય છે, કે તે પાન કંઈ નિંદિત નહતું, પરંતુ તે દૈત્યની કન્યાએ મારી પરીક્ષા કરવાને પીવાનો આગ્રહ કર્યો હતો. તેણે મારા મસ્તક ઉપર પ્યાલો રેડી દીધો, તેની સુગંધ દિવ્ય આવે છે. રે! રે! કમનસીબ લોકો મોટા ક્લેશ ભોગવે છે, તોપણ દૈવ તેને ફળ આપતો નથી; કારણ કે તેનું દૈવ જ અવળું હોય છે!" આ પ્રમાણે જ્યારે ભૂનંદન રાજા વિચાર કરતો હતો, તે સમયે રાજાના અંગ ઉપર જે સુગંધી પાણી

*કુમુદ્દિનીની આસપાસ ભ્રમરો સદા ગુંજારવ કરે છે, તેમ આ સ્ત્રીની આસપાસ તેની સખીઓ ગુંજારવ–સ્તુતિ કરતી હતી. † તરંગ ૨૬ મામાં શક્તિદેવની કથા જોવી; તેમાં પણ આમ જ છે.

પડ્યું હતું, તેની સુગંધથી ભમરાઓએ તે રાજાને ઘેરી લીધો. "હાય ! હાય ! જેમ કોઈ થોડા પરાક્રમવાળો પુરુષ વૈતાળને જાગૃત કરે છે તો તેને દુઃખ સહન કરવું પડે છે, તેમ મારે પણ આ ક્લેશ સહન કરીને, સારું ફળ ભોગવવાનો સમય તો એક તરફ રહ્યો, પણ દુઃખ ભોગવવાનો સમય આવ્યો છે ! હાય !" આ પ્રમાણે તે અફસોસ કરે છે, તેટલામાં ભમરાઓ તે રાજાને કરડવા લાગ્યા. રાજા ઉદાસ થઈ પ્રાણત્યાગ કરવા માટે તૈયાર થઈ ગયો.

એવામાં દૈવયોગે તે સ્થળપર કોઈએક તરુણ મુનિકુમાર આવી ચઢ્યો. તેણે રાજાની આવી દશા જોઈ, તેથી તેના અંતઃકરણમાં દયા ઉપજી. તેણે ભમરાઓને ઉરાડી મૂકયા. પછી તેની પાસે આવી તે રાજાને મરતાં અટકાવીને પૂછ્યું; "તું શા માટે આત્મઘાત કરે છે ?" તે રાજાએ સર્વ વૃત્તાંત કહી બતાવ્યો. પછી તે ઋષિએ રાજાને કહ્યું; "રાજાજી ! જ્યાં સૂધી આ દેહ છે ત્યાં સૂધી શોક–દુઃખનો નાશ કયાંથી થાય ? માટે, શાણા પુરુષોએ હમેશાં આનંદમાં રહી, મનુષ્યને યોગ્ય ધર્મ, અર્થ કામ અને મોક્ષ સંપાદન કરવા. જ્યાં સૂધી બ્રહ્મા, શંકર અને વિષ્ણુ એ ત્રિમૂર્ત્તિ એકજ છે એવી બુદ્ધિ થતી નથી, ત્યાં સૂધી ભેદવાળી ઉપાસનાવડે જે સિદ્ધિઓ પ્રાપ્ત થાય છે, તે ક્ષણભંગુર જ હોય છે. માટે હવે પુનઃ બ્રહ્મા, વિષ્ણુ અને શંકરનું અભેદબુદ્ધિથી ધ્યાન ધરી, બીજા બાર વર્ષપર્યંત તપ કરો; ત્યાર પછી તમે તમારી મનમોહનાને મળશો અને છેવટે તમને મોક્ષ મળશે. તારો દેહ તો સિદ્ધપણાને પામી ચૂકયો છે, માટે તમે અફસોસ કરવો છોડી દ્યો. મારી પાસેથી કાળામૃગનું ચર્મ અને મંત્ર બન્ને ગ્રહણ કરો. આ ચર્મ શરીર ઉપર વિંટાળીને તપ કરવા માંડો. ચર્મ વિંટાળવાથી ભમરા તમને દુઃખ દઈ શકશે નહી." આમ કહી તે મુનિ કુમારે, રાજાને મંત્ર અને મૃગચર્મ બન્ને વસ્તુ આપી. રાજાએ તે લીધા પછી ધૈર્ય ધારણ કરી, તે જ તીર્થમાં રહ્યો અને તે મુનિ ત્યાંથી આગળ ચાલતા થયા. રાજા ભૂનંદે, બાર વર્ષ સૂધી તે પવિત્રાશ્રમમાં રહી, તપવડે જ્યાં સૂધી શંકર પ્રસન્ન થયા નહિને તેને વાર્યો નહિ, ત્યાં સૂધી તપવડે પરમાત્માનું આરાધન જ કર્યા કર્યું. બાર વર્ષના અંતે દૈત્યકન્યા કુમુદિની તેની પાસે આવી તેને પાતાળમાં લઈ ગઈ અને ત્યાં ઘણા દિવસપર્યંત રાજાએ તે સ્ત્રી સાથે રહી વૈભવો ભોગવ્યા અને અંતે પરમ સિદ્ધિને પામ્યો.

"આ રાજાની માફક જે નસીબવંત પુરુષો આનંદમાં રહી ધૈર્ય ધારણ કરે છે, તેઓ પોતાની પદવીમાંથી ભ્રષ્ટ થઈ ઘણા દૂર આવી પડ્યા હોય છે તોપણ, પાછા પોતાની પદવી ઉપર જઈ બેસે છે.

### શ્રીદર્શનની કથા ( ચાલુ ).

"હે શ્રીદર્શન ! જેનું દૈવ ઐશ્વર્યશાલિન છે, જેના અંગપર માંગલિક ચિહ્નો પ્રત્યક્ષ જણાય છે તેવો તું, આહાર પાણીનો શા માટે ત્યાગ કરી ઉદ્વેગમાં આવી, આત્માની સંભાળ લેતો નથી ? તારે તારા શરીરની સંભાળ લેવી જ જોઇએ !" આ પ્રમાણે મુખરકમિત્રે, દ્યૂતશાળામાં શ્રીદર્શનને કહ્યું, એટલે રાત્રિનો લાંઘણવાળો શ્રીદર્શન, તેને કહેવા લાગ્યો;



"ભાઈરે ! તું કહે છે તે તો ઠીક જ છે; પણ હું કુળવંત છું અને જુગાર રમવાથી આવી માઠી હાલતમાં આવી પડ્યો છું. હવે આ નગરમાં ફરતાં મને બહુ શરમ લાગે છે, તેથી જ હું બહાર નિકળી શકતો નથી. પણ હે મિત્ર ! આજ રાત્રે હું બીજા કોઈ પરદેશમાં જવા ઇચ્છા કરું છું. તેમ કરવાને જો તું મને અટકાવ કરે નહિ, તો હું આહાર કરું, નહીંતર ભોજન કરીશ નહીં." તે સાંભળી મુખરક બોલ્યો; "ઠીક છે, તારી મરજી એમ હોય તો તેમ કરજે." પછી મુખરક ખાવાનું લઈ આવ્યો ને પોતાના મિત્રને તે આપ્યું. શ્રીદર્શને આહાર કરી પાણી પીધું અને પછી તે તરત પરદેશ જવા માટે તૈયાર થયો. મુખરક, જેને શ્રીદર્શન ઉપર અત્યંત પ્રેમ હતો, તે પણ તેની સાથે પરદેશ જવાને તૈયાર થયો.

બન્ને જણા રાત્રિને સમયે પ્રદેશ તરફ ચાલતા થયા. બન્યું એવું કે, શ્રીદર્શનનાં માતા પિતા–સૌદામિની અને અટ્ટહાસ–દૈવ ઇચ્છાથી તે રાત્રે આકાશમાં વિહાર કરવા નિકળ્યાં હતાં. તેમણે, જે પુત્રને જન્મતાંવાર જ દેવદર્શન બ્રાહ્મણને ઘેર મૂકયો હતો, તે પુત્રને જુગારના વ્યસનથી નિર્ધન થઈ માઠી અવસ્થામાં આવી ગયેલો અને તે માટે પરદેશમાં જતો જોયો. દંપતીએ સ્નેહથી આકાશમાં અદૃશ્ય રહીને કહ્યું; "અયે શ્રીદર્શન ! તારી માતા–દેવદર્શનની સ્ત્રીએ, પોતાના ઘરની જમીનમાં અલંકારો દાટયાં છે, માટે ઘેર જઈ તે ઘરેણાં લઈ, માળવા દેશમાં જા. માળવે શ્રીસેન નામનો મહાસંપત્તિવાળો રાજા રાજ્ય કરે છે. તે રાજાએ બાલ્યાવસ્થામાં જુગારમાં ઘણું જ કષ્ટ વેઠેલું છે. તે રાજાએ જુગારીઓને માટે એક મહામઠ બંધાવ્યો છે, જેમાં જુગારીઓ રહે છે અને મનમાનતાં ભોજનો કરે છે. માટે હે વત્સ ! તું ત્યાં જા, ત્યાં તને સુખ થશે." શ્રીદર્શને એ આકાશવાણી સાંભળી. તે પોતાના મિત્ર સહિત પાછો ઘેર આવ્યો અનેજમીન ખોદી પૃથ્વીમાંથી દાટેલાં ઘરેણાં કાઢ્યાં. પોતાના ઉપર દેવતાનો અનુગ્રહ થયો છે, એમ માની, મુખરક મિત્રની સાથે માળવા દેશ તરફ ગયો. તેણે આખી રાત્રિ અને એક દિવસ એમનું એમ ચાલ્યા જ કીધું. તે ઘણો દૂર નિકળી ગયો. સાયંકાળે તે તથા તેનો મિત્ર, બન્ને જણા, બહુસસ્ય નામના ગામમાં આવી પહોંચ્યા. ઘણા ગાઉ કાપીને આવ્યાથી થાકયા પાક્યા હતા તેથી, તે બન્ને જણાએ તે ગામની નજીકમાં, એક નિર્મળ જલાશય હતું તેની સમીપમાં ઉતારો કર્યો. પછી તળાવમાં ઉતરી હાથ પગ ધોઈ, જળપાન કીધું. પણ જેવા તે બંને બેસે છે, તેવામાં કોઈએક અનુપમ લાવણ્યવતી સુંદર કન્યા, તે તળાવમાં પાણી પીવા માટે આવી. આ કન્યાનું શરીર કમળના જેવું શ્યામ રંગનું હતું. શંકરે બાળી નાંખેલા કામદેવના ધુમાડાવડે શ્યામરંગની થયેલી રતિ હોયની શું, તેવી તે શોભતી હતી. કન્યાએ પ્રેમથી ભરપૂર ભરેલી દૃષ્ટિવડે, શ્રીદર્શન તરફ જોયું. તેનાં દર્શનથી શ્રીદર્શ તથા તેનો મિત્ર, બન્ને ઘણા આનંદિત થયા ! પછી તે કન્યાએ શ્રીદર્શનને તથા તેના મિત્રને કહ્યું; "અરે મહાપુરુષો ! તમે બન્ને જણા અહીં મોતના મુખમાં કયાંથી આવી પડ્યા છો ? પતંગ જેમ અજાણપણાથી ભડભડતા અગ્નિમાં પડે છે, તેમ તમે શા માટે અત્રે આવ્યા છો ?" તે ભયંકર વચન સાંભળી, મુખરક જરા પણ ગભરાયા વગર

તે કન્યાને પૂછવા લાગ્યો; " તમે કોણ છો અને તમે શું કહ્યું, તે અમને કહો. " ત્યારે તે કન્યા બોલી; " તમો બન્ને જણ સાંભળો, હું તમને સંક્ષેપમાં આ વાર્તા કહું છું.

## પદ્મિષ્ઠાની કથા.

સુઘોષ નામનું એક પ્રખ્યાત અગ્રહાર ( બ્રાહ્મણને બક્ષીસમાં મળેલું ગામ ) છે. તેમાં પદ્મગર્ભ નામનો એક વેદવેત્તા બ્રાહ્મણ રહેતો હતો. તેની સ્ત્રીનું નામ શશિકળા હતું. તે ઉત્તમ કુળમાં જન્મેલી હતી. તે બ્રાહ્મણને તે સ્ત્રીથી બે છોકરાં થયાં હતાં. તેમાં એક પદ્મિષ્ઠા નામની કન્યા અને બીજો મુખરક નામનો પુત્ર છે. મારું નામ પદ્મિષ્ઠા છે; મારો ભાઈ મુખરક બાલ્યાવસ્થામાં જુગારના ખરાબ વ્યસનમાં પડ્યો અને નાની વયમાં જ કોઇ ઠેકાણે નાસી ગયો છે. તેના અફસોસને લીધે, મારી માતા મરણ પામી છે અને પુત્ર તથા સ્ત્રીના વિયોગથી મારા પિતા કષ્ટ પામી, ગૃહવાસનો ત્યાગ કરી, મને એકની એક પુત્રીને સાથે લઈ, પોતાના પુત્રની શોધ કરવા માટે પરદેશમાં આમતેમ ભટકવા લાગ્યા. તેઓ દૈવયોગે આ ગામમાં આવી ચઢ્યા. આ નગરમાં ફક્ત નામનો જ બ્રાહ્મણ, પણ લુટારાઓની સેનાનો ઉપરી, વસુભૂતિ નામનો એક ચોરનો સરદાર રહે છે. તે પાપી રાજાએ અને તેના સીપાઇઓએ, મારા પિતાના શરીરપર જે સુવર્ણ હતું તેથી તેમને મારી નાંખી, તેના શરીરપરનું સુવર્ણ લઈ લીધું અને મને કેદ કરેલી છે! તે પાપીએ, પોતાના પુત્ર સુભૂતિ સાથે મારાં લગ્ન કરવાનો નિશ્ચય કર્યો છે. પરંતુ તેનો પુત્ર કોઇ સ્થળે લુટ કરવા માટે ગયો છે, તે હજુ સૂધી, પૂર્વ જન્મના મારા પુણ્યના પ્રતાપને લીધે પાછો ફર્યો નથી! 'હવે દૈવ કરે તે ખરું! જો તે લુટારાનો સરદાર તમને એને દેખશે તો તમને અવશ્ય દુઃખ દેશે, માટે તેમાંથી જેમ તમે છૂટો તેવો ઉપાય યોજો.

મુખરક આ પ્રમાણે બોલતી કન્યાને તુરત ઓળખી કાઢી કે 'આ તો મારી બહેન! તે તેને કંઠે વળગી પડી રડતો રડતો બોલ્યો; " અરેરે ! મજહતભાગ્યની પ્રિયભગિની પદ્મિષ્ઠા! હું જ તારો ભાઈ મુખરક ! હું જ તે પાપી જુગારી ! હું જ માતા પિતાનો દ્રોહ કરનાર અને કમનસીબ મુખરક! હાય! હાય! મને ધિક્કાર છે!" પદ્મિષ્ઠા પણ તે વચન સાંભળી પોતાના મોટા ભાઇને જોઈ શોકાતુર થઈ ગઈ. તે કરુણાળ હૃદયે એકદમ ચારે તરફથી મહાશોકમાં વિંટલાઈ વળી. શોકાર્ત હૃદયે બન્ને ભાઈ બહેન માતા પિતાનો શોક કરવા લાગ્યાં. શ્રીદર્શને તે બન્ને જણાને ધીરજ આપી, શાંત પાડ્યાં અને પ્રસંગને અનુસરતું બોલ્યો; " આ સમય અફસોસ કરવાનો નથી. હવણાં તો આત્માનું રક્ષણ કરવાની જરૂર છે. માટે ધનનો પણ ત્યાગ કરી, આ ચોરથી બચવાનો ઉપાય કરવો જોઇએ! " આ પ્રમાણે શ્રીદર્શને કહ્યા પછી, તે બન્ને જણાએ ધૈર્ય ધારણ કરી, દિલગીરીનો ત્યાગ કર્યો. પછી તે ત્રણે જણાં તળાવના કિનારા ઉપર બેસી, શું કરવું તે વિષે પરસ્પર વિચાર કરવા લાગ્યાં. મંત્ર કરી એવો ઠરાવ કર્યો કે, શ્રીદર્શન માંદો થાય, મુખરક તેની ચાકરી કરવા માંડે અને પદ્મિષ્ઠાએ આ સમાચાર ગામના ધણીને જણાવવા.



## શ્રીદર્શનની પ્રપંચકળા.

સંકેત પ્રમાણે શ્રીદર્શન, જે ઘણા ઉપવાસ કરવાથી દુર્બળ થઈ ગયો હતો તે, માંદો થઇને તળાવના કિનારા ઉપર લાંબો થઈ સૂતો; અને મુખરક રડતો રડતો તેનાં ચરણ પકડીને બેઠો. પદ્મિષ્ઠા ત્યાંથી તરત જ ચોર રાજા બ્રાહ્મણની સમીપમાં ગઈ અને બોલી; 'કોઇએક બીમાર વટેમાર્ગુ આવીને તળાવપર પડ્યો છે અને એક બીજો માણસ તેની ચાકરી કરે છે!' તે સાંભળીને તરત તે ચોરે, પોતાના ચોર નોકરને તપાસ માટે મોકલ્યા. તે સીપાઈઓ તળાવના કિનારા ઉપર જઇ જોયું તો બે જણને દીઠા! એક માંદો પડીને સૂતો હતો અને બીજો તેની ચાકરી કરતો હતો. સીપાઇઓએ ચાકરી કરનારા મુખરકને પૂછ્યું; " ચેમ રે રાંડના! તું આટલો બધો ચિમ રડેસેક કાં બોલતો ની! અભાગણીના પોરીયા! મોતના મોંઢામાં મરવા આવેલો તે માટે રડેસે એ? ઇમ કે?" તે સાંભળી મુખરક કરુણાજનક સ્વરથી તે ચોર સીપાઇને કહેવા લાગ્યો; " આ બ્રાહ્મણ, મારો મોટો ભાઈ થાય છે; તે તીર્થ કરવા માટે પરદેશમાં ગયો હતો ત્યાંથી તેને મંદવાડ લાગુ પડ્યો છે; અને તેની પીડાથી ભ્રમિત હૃદયનો થઇ પરદેશમાં ભટકવા લાગ્યો છે. ભટકતાં ભટકતાં તે આ ગામને પાદરે મને મળી ગયો. જેવો તે મને મળ્યો તેવો જ બેભાન–જડ જેવો થઈ જઈ મને કહેવા લાગ્યો; 'હે ભાઈ! તું ઉભો થા અને મારે માટે ઝટ દર્ભનું પાથરણું પાથરી તે ઉપર મને સુવાડ અને આ ગામમાં જો કોઈ ગુણવંત બ્રાહ્મણ હોય તો તેને તેડી લાવ, કે તેને હું મારી સર્વ વસ્તુ અર્પણ કરી દેઉં. કારણ કે હું આજ રાત્રિમાં મરણ પામવાનો છું! આવી રીતે આ મારા ભાઇએ મને કહ્યું છે. આ પરાયો દેશ છે, સાયંકાળ થઈ ગઈ છે માટે મને શું કરવું, તેની કંઈ ગમ પડતી નથી. તે જ દુઃખથી હું પીડાઉં છું ને રુદન કરું છું. ઓ બાપજી! હવે તમે મારું એક કામ કરો. આ ગામમાં જઈ કોઈ ગુણવંત બ્રાહ્મણને લઈ આવો. આ મારો ભાઈ જીવે છે, ત્યાં સૂધીમાં અમારી પાસે જે છે, તે આ હાથે કરીને સઘળું તે કોઈ બ્રાહ્મણને દાન કરે. બેશક, આજે રાત્રિના તે મરણ પામશે, કારણ કે તેનો મંદવાડ ઘણો કારી છે અને હાય! હાય! જ્યારે તે મરણ પામશે, ત્યારે મારાથી તેનું દુઃખ કેમ સહન થશે? ઓ બાપલીયારે! મારું શું થશે? હું એ કારી ઘા કેમ ખમીશ? હું પણ કાલે પ્રભાતમાં અગ્નિમાં બળી મરીશ. ઓ બાપજી! તમો કૃપાળુ છો, અહીં આવ્યા છો અને અમારા સહજ મિત્ર થયા છો, ત્યારે કૃપા કરીને અમારુ સાંભળો છો, તો આટલી અમારી માંગણી કબૂલ કરો!"

મુખરકનાં આવાં વચન સાંભળી, તે ચોરના મનમાં દયા આવી. તેણે તરત વસુભૂતિ પાસે જઇને સઘળી વાર્તા યથાસ્થિત કહી. પછી તે બોલ્યો; "મહારાજ! તે બ્રાહ્મણ પોતે તમને ધન આપવા માટે તૈયાર થયો છે, માટે તેની પાસેથી તમે ધનનું દાન ગ્રહણ કરો. વધ કરીને ધન હરણ કરવું, તે કરતાં દાન તરીકે લેવું તે ઉત્તમ છે!" આ પ્રમાણે તે માણસોએ કહ્યું, ત્યારે વસુભૂતિ બોલ્યો; "અલ્યા રાંડના ગમારના જણ્યાઓ! એ તે તમે શી ગાંડી ગાંડી વાતો કરો છો? માર્યા વગર તેની પાસેથી ધન લેવું, એ તે આપણો

કયાંનો ધર્મ ? એ પ્રમાણે ધન ગ્રહણ કરવાથી મોટો અન્યાય થાય અન્યાય ! જેની પાસેથી ધન હરણ કર્યું હોય તેને મારી નાંખ્યો ન હોય તો તે અવશ્ય આગળ ઉપર આપણું બુરું કરે છે !" આ પ્રમાણે તે પાપી ચોરનો સરદાર બોલી રહ્યો. તે પછી, તેના સીપાઇઓ તેને પ્રત્યુત્તર આપવા લાગ્યા; "બાપજી ! એ વાત તો સાચી કહી ! બળાત્કારથી ધન લેવું તે કરતાં માણસ પાસથી દાનથી ધન લેવું તેમાં મોટો ફરકસે. પણ આમ કરવામાં શો ભય હો બાપજી ! તે બન્ને જણા મરવા તૈયાર થયા છે, માટે તેની પાસેથી પ્રતિગ્રહ લેવાનો છે. કાલે પ્રભાતમાં જો તે બન્ને બ્રાહ્મણ જીવતા હશે તો આપણે તેમને મારી નાંખશું; નહીંતર વૃથા બ્રહ્મહત્યા કરીને શા માટે પાપ માથે વોહોરી લેવું ? તેમાંથી શું ફળ વિશેષ મળશે?" તે દલીલથી વસુભૂતિએ તેમનું કહેવું કબૂલ કર્યું. રાત્રિ થઈ. વસુભૂતિ શ્રીદર્શન પાસે દાન લેવા માટે આવ્યો. શ્રીદર્શને પોતાનું સર્વ નાણું સંતાડીને થોડું થોડું તેને આપવા માંડ્યું અને તે વખતે નિસાસા મૂકવા લાગ્યો. તેની સાથે ભાંગા તૂટા અક્ષરો બોલી વાતચિત કરી અને પછી થોડાં ઘરેણાં આપ્યાં. પેલો ચોર તેની પાસેથી ઘરેણાં લઈ, પોતાનું કામ ફતેહ કરીને નોકરચાકર સહિત પોતાને ઘેર આવ્યો.

## શ્રીદર્શનનું સાહસ.

રાત્રિના જ્યારે સઘળા ચોરો નિદ્રાવશ થઈ ગયા, ત્યારે પદ્મિષ્ઠા ઉઠીને તે તળાવ ઉપર, શ્રીદર્શન અને મુખરકની પાસે આવી. ત્રણે જણાં એકઠાં થઈ નાશી જવા માટે વિચાર કરી, ત્યાંથી તે જ વખતે, ભય વગરના સારા રાજમાર્ગે થઈ, માળવા જવાને ચાલવા લાગ્યાં. રાત્રિનો સમય હતો, માટે જતાં જતાં ઘણે દૂર એક મોટા જંગલમાં તેઓ આવી ચઢ્યાં. આ જંગલમાં હંમેશાં અસંખ્ય કાંટાઓ હતા; આમ તેમ કાળાં મૃગો ફરતાં હતાં, જે નેત્રની શોભા ધારણ કરતાં હતાં. આ અરણ્યની તનુલતા*શુષ્ક થઈ ગઈ હતી; અને વાઘ તથા સિંહ વિગેરે ત્રાડ મારતા હતા, તેનાથી તે ભય પામતી હોય તેમ ચર નામના પક્ષીના લાંબા ચિત્કારવડે રુદન કરી રહી હતી. આ પ્રમાણે રાત્રિ વીતી આખો દિવસ ગયો તોપણ તેઓએ તે જ જંગલમાં ચાલ્યા કીધું. પણ તેઓને આખા દિવસમાં ચાલવાનું જે કષ્ટ પડ્યું હતું, તે જોઈ જાણે સૂર્યનારાયણને દયા ઉપજી હોય તેમ તેમણે પોતાનું તે જ પાછું ગ્રહણ કરી લીધું. સૂર્યોદય અસ્ત પામ્યા, અર્થાત્ સાયંકાળ થઈ. પછી ત્રણે થાકાંપાકાં અને ક્ષુધાથી દુઃખી હતાં માટે એક વૃક્ષની નીચે બેઠાં. થોડી વારમાં તેઓએ દૂરના ભાગમાં એક અગ્નિ બળતો દીઠો. શ્રીદર્શને અનુમાન કર્યું કે; "કદાચિત્ આ ગામ તો નહોય ? ચાલ જીવ ! ત્યાં જઈને જોઉં તો ખરો !" આવો વિચાર કરી શ્રીદર્શન જે તરફ અગ્નિ બળતો હતો તેણી તરફ ચાલ્યો. જ્યારે તે તે જગ્યાએ પહોંચ્યો અને જુવે છે તો એક રત્નમયમંદિર તેના જોવામાં આવ્યું. આ મણિમય મંદિરની મોટી કાંતિ, અગ્નિની જ્વાળા જેવી જણાતી હતી. તે મહેલમાં એક દિવ્ય દેવી-યક્ષિણી બેઠી હતી. વાંકી આંખવાળા

* શરીરરૂપ લતા અથવા નાજુક લતા.



અને વિપરીત ચરણવાળા યક્ષો તે કન્યાને વિંટી વળ્યા હતા. તે યક્ષોએ જાત જાતનાં માંસ તથા મદ્ય લઈ આવી, તે યક્ષિણીને અર્પણ કર્યાં; એટલે વીર શ્રીદર્શને તે યક્ષિણી પાસે જઈને કહ્યું; "મને અતિથિનો ભોજન ભાગ આપો." પેલી યક્ષિણી શૂરવીર શ્રીદર્શનના પરાક્રમથી પ્રસન્ન થઈ અને તેની માંગણી પ્રમાણે તેને તથા તેની સાથે જે બે જણા હતા, તેને ખાવાનું તથા પાણી આપ્યું. તે શ્રીદર્શને લીધું. યક્ષિણીએ પોતાના અનુચરને આજ્ઞા કરી કે, 'જાઓ એને ઉપાડીને એના મુકામ ઉપર મૂકી આવો.' યક્ષ તૈયાર થયો અને શ્રીદર્શનની પાસે આવીને ઉભો રહ્યો કે, તે તેની કાંધ ઉપર બેસી, પદ્મિષ્ઠા અને પોતાનો મિત્ર મુખરક જ્યાં હતા ત્યાં આવ્યો. પછી શ્રીદર્શને તે યક્ષને વિદાય કીધો અને તે પોતે, તે બન્ને જણાની સાથે વિવિધ પ્રકારનું દિવ્ય અન્ન જમ્યો અને નિર્મળ તથા શીતળ જળનું પાન કર્યું.

મુખરકે, 'શ્રીદર્શન આવી રીતે અન્ન લઈ આવ્યો અને યક્ષ ઉપર બેસીને આવ્યો' તે જોઈ, 'એ કોઈ દેવતાઈ અંશ છે' એમ માન્યું; અને તેને સત્વશાળી તથા પરાક્રમી ગણવા લાગ્યો. મુખરક ઘણો પ્રસન્ન થઈ પોતાનો પણ ધન્યભાગ્ય ગણીને બોલ્યો; "પ્રિય મિત્ર ! તું કોઈ દેવાંશી છે, માટે આ મારી બહેન પદ્મિષ્ઠા, જે ત્રણ જગતમાં સૌથી શ્રેષ્ઠ રૂપસુંદરી છે, તે હું તને આજ પરણાવું છું; કારણ કે તે કન્યા તારા જ યોગ્ય છે." શ્રીદર્શન તે સાંભળીને ઘણો પ્રસન્ન થયો અને પોતાના મિત્ર મુખરકને કહેવા લાગ્યો; "પરમસ્નેહી ! ઘણા લાંબા વખતથી મેં જે ઇચ્છા કરી હતી, તે હું ઘણી ખુશી સાથે માન્ય કરું છું ! પરંતુ હું મારા સ્થાન ઉપર ગયા પછી શાસ્ત્રમાં કહેલા વિધિ પ્રમાણે આ કન્યાને પરણીશ." આ પ્રમાણે શ્રીદર્શને કહ્યું, ત્યાર પછી તે ત્રણેએ આનંદમાં રાત્રિ ગાળી કાઢી.

પ્રભાત થયું; ચારે તરફ અરુણોદયનો પ્રકાશ પ્રસરી ગયો; ખેતરોમાંના લીલા ઝાડના છોડ ઉપર પાણીનાં બિંદુઓ મોતીનો ભ્રમ કરાવવા લાગ્યાં; મંદમંદ પવન વાવા લાગ્યો; અંધકારે ઝાડના ઝુંડમાં જઈ આશ્રય કર્યો; પક્ષીઓ મધુર મધુર શબ્દો ઉચ્ચારી વનદેવતાનું પ્રાભાતિક મંગળગાન કરવા લાગ્યાં; સિંહો પોતાની ગુફામાં જાગ્રત થઈ બરાડ પાડવા લાગ્યા; ધીરે ધીરે વિશાળ વન ભૂમિમાં ઝાકળનો વર્ષાદ ઓછો થવા માંડ્યો અને તેને લીધે પળપળમાં દૃષ્ટિની મર્યાદામાં વધારો થવા લાગ્યો, એટલે તે ત્રણે જણાં ધીમે ધીમે ચાલવા માંડ્યાં. છેવટે માળવાના રાજા શ્રીસેનના ગામમાં સર્વે આવી પહોંચ્યાં.

ઘણે દૂરથી આવ્યા હતા, તેથી તે ત્રણે જણાં ખૂબ થાકી ગયાં હતાં, માટે તરત નગરમાં જઈ એક બ્રાહ્મણી ડોસીને ઘેર જઈ ઉતારો માંગ્યો. વાતના પ્રસંગમાં તે ત્રણે જણાએ પોતાનું વૃત્તાંત અને નામ કહી બતાવ્યું. વાતચિત કરતાં જણાયું કે, તે ડોસી ઉદાસ છે. જ્યારે તેઓએ તેની ઉદાસીનતાનું કારણ પૂછ્યું, ત્યારે તે વૃદ્ધાએ તેઓને કહ્યું; "આ ગામમાં સત્યવ્રત નામનો એક બ્રાહ્મણ, રાજાનો નોકર હતો, તેની હું સ્ત્રી છું. મારાં માતાપિતા અને સસરાનું કુળ ઉંચું ગણાય છે. મારું નામ યશસ્વતી છે. જ્યારે મારો ધણી મરણ પામ્યો, ત્યારે આ નગરનો રાજા, જે મહાદયાળુ છે, તેણે મારા વરની આજી-

વિકામાંથી એક ચતુર્થાંશ જેટલી આજીવિકા મને બાંધી આપી. તે ઉપર હું મારો નિર્વાહ કરૂં છું. અમારા નગરનો રાજા સર્વ જગતનું પોષણ કરનારો છે; પણ હમણાં મારાં પાપને લીધે તેને રાજ્યક્ષ્મા નામનો રોગ લાગુ પડ્યો છે. તે રોગ કોઈપણ વૈદ્યોથી દૂર થઈ શકે તેવો નથી કેવળ અસાધ્ય છે. આ રોગ ઉપર મંત્ર જાણનારાઓના મંત્રો ચાલ્યા નથી, ઔષધિ જાણનારાઓની ઔષધિ ચાલી નથી, પરંતુ એક મંત્રવાદીએ તે રાજાની આગળ એવી પ્રતિજ્ઞા કરી છે કે, જો કોઈપણ શૂરવીર મને મારા કામમાં સહાયતા કરે તો હું વૈતાળનું સાધન સાધી, આ રાજયક્ષ્મા રોગ મટાડું." ત્યાર પછી એક ઢંઢેરો પીટાવ્યો હતો, તો પણ આજસુધી કોઈ તેવો શૂરવીર પુરુષ મળ્યો નથી. હવે રાજાએ કાર્યભારીઓને આજ્ઞા કરી છે કે, 'આપણા ગામમાં, આપણે જુગારીઓને માટે જે એક મોટો મઠ કરાવ્યો છે, તેમાં કોઈ પરદેશી શૂરવીર પુરુષ આવી રહે, તો તેપર નજર રાખવી; કેમકે જુગારી લોક બડા સાહસિક, સ્ત્રી પુત્ર તથા સગાસંબંધીનો ત્યાગ કરનારા, નિડર, વૃક્ષના મૂળને શય્યા કરી તેની નીચે કે કોઈ બીજે સ્થળે વિશ્રામ કરનારા, એક યોગી જેવા હોય છે, તેઓ મને કંઈ સહાય કરશે.' આ પ્રમાણે રાજાએ જ્યારથી મંત્રીઓને આજ્ઞા કરી છે, ત્યારથી તેઓએ તે મઠના ઉપરીને તેવો જ હુકમ આપ્યો છે કે, કોઈ વીર જુગારીને લક્ષમાં રાખવો; અને તે મઠનો ઉપરી હમેશાં કોઈ પ્રદેશથી આવતા જતા વીર પુરુષની શોધ કરે છે. તો હે ભાઈઓ! તમે પણ જુગારી છો અને તમે શ્રીદર્શન, જો એ કાર્ય કરવામાં સમર્થ હો તો હું આજ જ તમને તે મઠમાં એકદમ લઈ જાઉં. આ કામ કરવાથી તમને રાજાથી સત્કાર મળશે અને મારાપર ઉપકાર કર્યો ગણાશે. કારણ કે આ દુઃખથી મારા પ્રાણનો નાશ થશે!"

જ્યારે આ પ્રમાણે તે વૃદ્ધ બ્રાહ્મણીએ કહ્યું, ત્યારે શ્રીદર્શને તેને કહ્યું; "માજીરે! એ તો બહુ સારૂં! હું એ કામ કરવાને શક્તિમાન્ છું, માટે મને તે મઠમાં લઈ જાઓ." પછી તે ડોસી, શ્રીદર્શન, પદ્મિષ્ઠ અને મુખરકને લઈ મઠમાં ગઈ અને ત્યાંના ઉપરીને કહ્યું; "આ બ્રાહ્મણ જુગારી છે, અને તે પરદેશમાંથી આવેલો છે. રાજાને માટે જે મંત્ર-શાસ્ત્રી છે, તેને સહાય કરવાને આ વીર શક્તિમાન્ છે." તે મઠાધિપતિએ તેને પૂછ્યું; "કેમ, તું સમર્થ છે કે?" શ્રીદર્શને હા પાડી. તુરત તે મઠના માલીકે તેનો રૂડી રીતે આદર સત્કાર કીધો ને પછી રાજાની પાસે તેને લઈ ગયો અને ત્યાં મઠના માલીકે શ્રીદર્શ-નને રાજા બતાવ્યો. શ્રીદર્શને રાજાને જોયો તો તે ચંદ્ર પેરે ક્ષીણતા પામેલો, પાંડુરોગથી દુર્બળ થઈ ગએલો અને મૃગલાંછનવાળા દ્વિતીયાના ચંદ્ર જેવો બની ગયો હતો.

શ્રીદર્શન તે રાજાને પ્રણામ કરી ત્યાં બેઠો; અને રાજા શ્રીસેન તેની ભવ્યાકૃતિ તરફ જોઈ ઘણો પ્રસન્ન થયો. તેના મનમાં નિશ્ચય થયો કે, આ આપણા કામને પાર પાડશે. પછી રાજા બોલ્યો; "તારા વિમલત્વથી મારો આ રોગ અવશ્ય નાશ પામશે; કેમકે તારાં દર્શન કરવાથી જ મારા શરીરની પીડા શાંત થઈ હોય, એમ જણાય છે. માટે હે આર્ય! તું તે મંત્રવાદીને સહાય કર!" આ પ્રમાણે તે રાજાએ કહ્યું, ત્યારે શ્રીદર્શન બોલ્યો;



"મહારાજ! આપ જે સહાય કરવાનું કહો છો, તે કુચ ગણતરીમાં નથી!" પછી તે રાજાએ પેલા મંત્રવાદીને બોલાવી તેને કહ્યું; "હે મંત્રશાસ્ત્રી દેવ! આ વીર તમને સહાય કરશે, માટે હવે તમે જે કહ્યું હતું તે કાર્ય શીઘ્ર કરો." તે સાંભળી મંત્રવેત્તાએ શ્રીદર્શનને કહ્યું; "મહાપુરુષ! તું જો વૈતાળને બોલાવવામાં સહાય કરી શકે તેમ હોય તો, આજે કાળીચૌદશ છે, માટે રાત્રિ પડે ત્યારે કાર્ય સિદ્ધ કરવા માટે આ નગરના સ્મશાનમાં મારી સાથે આવજે!" આ પ્રમાણે કહી મંત્રસિદ્ધ કરનાર તપસ્વી ત્યાંથી પોતાને ઘેર ગયો અને શ્રીદર્શન પણ રાજાની આજ્ઞા માંગી મઠમાં આવ્યો.

## શ્રીદર્શનનું બીજું સાહસ.

મઠમાં આવી, પદ્મિષ્ઠ તથા મુખરકની સાથે શ્રીદર્શને વાળું કરી લીધું. રાત્રિ થઈ, એટલે શ્રીદ-ર્શન, હાથમાં નાગી તલવાર લઈ, નિડરતાથી એકલો સ્મશાનમાં ગયો. આ વખતે સ્મશાન અરણ્ય જેવું ભયંકર દીસતું હતું; ઘણાં ભૂતડાંઓ આમતેમ દોડાદોડી કરી રહ્યાં હતાં; શિયાળવાનો શબ્દ થઈ રહ્યો હતો; ચારે તરફનો ભાગ ભયંકર જણાતો હતો; સર્વત્ર ગાઢ અંધારૂં પથરાઈ રહ્યું હતું અને એક જગ્યામાં કાંઈ બળતું હતું, તેનો જરા જરા પ્રકાશ પડતો હતો. આવા ભયંકર જંગલમાં તે શૂરવીર ચારે તરફ ફર્યો, તો એક સાધના કરનારો મધ્યભાગમાં બેઠેલો તેના જોવામાં આવ્યો. આ મંત્રશાસ્ત્રીએ આખા શરીરપર ભસ્મ ચોળી હતી; કેશ અને ઉપવીત ધારણ કર્યાં હતાં, માથે શબને ઓઢાડવાનું વસ્ત્ર વીંટયું હતું અને શરીર ઉપર કાળું વસ્ત્ર ઓઢયું હતું. શ્રીદર્શને તે મંત્રશાસ્ત્રીની સમીપમાં જઈ, પોતાનું નામ જણાવ્યું. પછી શ્રીદર્શને કટીબંધ કસી તૈયાર થઈને કહ્યું; "બોલ, તારું શું પ્રિય કરું?" મંત્રશાસ્ત્રીએ કહ્યું; "અહિંયાથી અર્ધ કોશ ઉપર, પશ્ચિમ દિશામાં એક અશોક વૃક્ષ છે. તેની નીચે ચિતા બળે છે, જેના અગ્નિવડે તે વૃક્ષનાં પાંદડાં બળી ગયાં છે, તે વૃક્ષ નીચે એક શબ પડયું છે, તેને તું જેવુંને તેવું અહીં ઉપાડી લાવ."

તે સાંભળી શ્રીદર્શન સાધકનું મન પ્રસન્ન થયું અને તે બોલ્યો; "જેવો હુકમ, હમણાં જ તે શબ લઈ આવું છું!" આમ કહીને તે જલદી જલદી ચાલતો થયો. એવામાં તે શબને લઈને કોઈ બીજો પુરુષ જાય છે એમ તેને જણાયું, તે જોતાં શ્રીદર્શને દોટ મૂકીને તેની પાસે જઈને કહ્યું; "ભાઈ, એને તમે કયાં લઈ જાઓ છો? મૂકી દ્યો એ શબને. મારે તેને અગ્નિ-સંસ્કાર કરવો છે!" આમ કહી તેની કાંધ ઉપરથી તે શબને ખેંચવા માંડયું. સામો માણસ શ્રીદર્શનને કહેવા લાગ્યો; "હું એ શબને મૂકીશ નહીં, કારણ કે તે મારો મિત્ર છે. અલ્યા તારે ને તેને શું લાગે વળગે છે?" આ પ્રમાણે બન્ને જણ એક બીજાની કાંધ ઉપરથી શબની તાણાતાણ કરવા લાગ્યા. તેવામાં તે શબમાં વૈતાળનો પ્રવેશ થયો અને તે ભયંકર બુમબરાડા પાડવા માંડયું; એથી પ્રતિપુરુષનું હૈયું ફાટી ગયું અને બીકનો માર્યો તે મરણ પામ્યો! પછી શ્રીદર્શન તે મુડદાંને હાથમાં ઉપાડી લઈ ચાલ્યો. એવામાં જે બીજો પુરુષ મુડદાંને લેવા માટે કલહ કરતો હતો અને ભયનો માર્યો મરણ પામ્યો હતો, તે વૈતાળ થઈને

ઉઠયો અને શ્રીદર્શનની પાછળ જઇને, તેને અટકાવી બોલ્યો; " ઉભો રહે! તું મારા મિત્રને કાંધ ઉપર ઉપાડીને કયાં ચાલ્યો જાય છે રે? થોભ, હું તને અહીંથી નહીં જવા દઉં." તુરત શ્રીદર્શને જાણ્યું કે, મારા પ્રતિસ્પર્ધીના અંગમાં વૈતાળે પ્રવેશ કીધો છે અને તેથી તે કોપ કરી બોલ્યો; " એ તારો મિત્ર છે તેની શી ખાતરી? ચાલ નિકળ અહીંયાથી લબાડ! એ તો મારો મિત્ર છે!" તે સાંભળીને વૈતાળ થયેલો બીજો પુરુષ બોલ્યો; " એ તારો મિત્ર છે, તેનું શું પ્રમાણ? આ શબ જે કહે તે ખરું!" શ્રીદર્શને કહ્યું; " ઠીક! ઠીક, એ વાત તો ખરી. એને કહેવા દે કે કોણ એનો મિત્ર છે?" કાંધ ઉપર બેઠેલો વૈતાળ શબ બોલ્યો; " હું હમણાં ભુખ્યો છું, તો જે માણસ મને આહાર આપશે તે મારો મિત્ર! અને તે જ પોતાની ઇચ્છા પ્રમાણે મને લઈ જાય," આ પ્રમાણેનું તે શબનું કહેવું સાંભળી, બીજું વૈતાળ થયેલું શબ બોલ્યું; " મારી પાસે તો કંઈ ખાવાને આપવાનું નથી; જો એની પાસે હોય તો એ ભલે તને ખાવાપીવાનું આપે!" તે સાંભળીને શ્રીદર્શન બોલ્યો; " ફક્કડ કહ્યું! લે, હું તને ખાવાને આપું છું!" આમ કહી પોતાના ખભા ઉપર બેઠેલા વૈતાળને ખોરાક આપવા માટે, તરવારવડે જ્યાં તે સામા શબને મારવા જાય છે, તેવામાં તો તે વૈતાળ થયેલો શબ, પોતાની સિદ્ધિવડે અંતર્ધાન થઈ ગયો.

પછી શ્રીદર્શનના ખભા ઉપર બેઠેલા વૈતાળે શ્રીદર્શનને કહ્યું; " તેં મને ભોજન આપવાનું કબૂલ કર્યું છે, તો લાવ હવે ખાવાનું કયાં છે?" ત્યારે શ્રીદર્શને બીજું માંસ મેળવવાની ઇચ્છા કરી, પણ કયાંઇથી માંસનો લાભ થયો નહીં, ત્યારે તેણે તરવારવતી પોતાનું શરીર ઉતરડી તેમાંથી માંસ કાઢી વૈતાળને ખાવા માટે આપ્યું. એથી વૈતાળ ઘણો જ પ્રસન્ન થયો અને તે જ વખતે બોલ્યો; " હે મહાસત્વ! હું તારા ઉપર પ્રસન્ન થયો છું. આ તારો દેહ અક્ષત થશે અને તારા શરીરમાં તરવાર વગેરે ગમે તેવું હથિયાર ઘા કરી શકશે નહીં. હવે મને તું લઈ જા અને તું જે કામ કરવા ધારે છે તે કામ સિદ્ધ થશે. પરંતુ તે મંત્રવાદી તપસ્વી જે સાધના કરે છે, તેનામાં પરાક્રમ થોડું છે, તેથી તેનો તો નાશ જ થશે!" આ પ્રમાણે તે વૈતાળે કહ્યું, તે જ વખતે શ્રીદર્શનનું અંગ પાછું જેવું હતું તેવું ક્ષત રહિત થઈ ગયું. પછી તેણે તે શબને પોતાની કાંધ ઉપર ઉપાડયું અને તે લઈ જઈ, પેલા મંત્રવાદી સાધકને અર્પણ કર્યું. તેણે શ્રી દર્શનનાં બહુ બહુ વખાણ કર્યાં. પછી તે શબ, જેમાં વૈતાળે પ્રવેશ કર્યો હતો, તેનું રાતાં પુષ્પ અને ચંદનવડે પૂજન કર્યું; પછી એક ખૂણામાં જ્યાં માણસના હાડકાના ભૂકાનું એક મંડળ પૂરી તેના ઉપર કળશનું સ્થાપન કર્યું હતું, તે સ્થળે તેને મૂકયું. તેની આસપાસ ખોપરીઓમાં તેલના દીવાઓ બળતા હતા. અને શબને મૂકવાનું મંડળ મોટું હતું, તેમાં પૂજેલા પ્રેતને સુવરાવી પોતે તેની છાતી ઉપર બેસી, હાથમાં માણસના હાડકાનો ચમસ અને સરવો લઈ, તે શબના મુખમાં આહૂતિ આપવા લાગ્યો. એક ક્ષણ થયા પછી એકદમ તે વૈતાળના મુખમાંથી એવી તો અગ્નિની જવાળા નિકળી કે, મંત્રવાદી સાધક તે શબ ઉપરથી ઉભો થઇને નાસવા માંડ્યો અને તેના હાથમાંના ચમસ તથા સરવો પડી ગયાં. તુરત જે વૈતાળ સુતો હતો, તે ફડાક દેતો કે ઉભો થઈ ગયો ને મુખ ફાડી હિચકારા મંત્રવાદીની પાછળ દોડી, તેને આખો ને



આખો ગળી ગયો. શ્રીદર્શન, મંત્રવાદીને વૈતાળ ગળી ગયો જોઈ, હાથમાં તરવાર લઈ, તે વૈતાળની પાછળ દોડયો, એટલે તે વૈતાળ બોલ્યો; " શ્રીદર્શન! હું તારી આવી ધૈર્યતાથી ઘણો પ્રસન્ન થયો છું: માટે તું મારા મુખમાંથી પ્રસન્ન થયેલા આ સર્ષવો લઈ, તે રાજાના હાથમાં આપજે અને તેને માથે બાંધજે, એટલે તે રાજા, તરત રાજક્ષય રોગની પીડામાંથી મુક્ત થશે અને તું પણ આ સર્ષવના પ્રતાપથી આખી પૃથ્વીનો રાજા થશે." શ્રીદર્શન, તે વૈતાળનું આવું વચન સાંભળી, તેના પ્રત્યે બોલ્યો; " હું તે સિદ્ધ વગર રાજાની પાસે કેમ જાઉં? હું જો એકલો જાઉં તો બેશક રાજા કહેશે કે, મેં સ્વાર્થ માટે તે મંત્રવાદીને મારી નાંખ્યો હશે, એમ માની તે મારો જ નાશ કરશે!

આ પ્રમાણે શ્રીદર્શને કહ્યું, ત્યારે તે વૈતાળ બોલ્યો; " હું તને એક ઉપાય બતાવું છું તે પ્રમાણે કરવાથી તારા ઉપર મંત્રવાદીને મારવાનું આળ આવશે નહીં અને તું શુદ્ધ ગણાઈશ. તે ઉપાય એ કે આ શબ અહીં પડયું છે તેનું ઉદર ચીરીને, હું જેને ગળી ગયો છું તે મંત્રવાદીને તેના પેટની અંદર બતાવજે." આ પ્રમાણે કહી શ્રીદર્શનને સર્ષવ આપી વૈતાળ મુડદાંમાંથી બહાર નિકળી કોઈ સ્થળે ચાલ્યો ગયો અને તુરત તે મુડદુ જમીન ઉપર પડી ગયું.

પછી શ્રીદર્શન તે સર્ષવ લઈ, પોતાના મઠમાં, જ્યાં પોતાનો સંગાથ ઉતર્યો હતો ત્યાં આવીને સુઈ રહ્યો. બીજે દિવસે શ્રીદર્શન રાજાની પાસે ગયો અને રાત્રિનો સર્વ બનાવ ઇત્થંભૂત રાજાને કહી બતાવ્યો અને પછી મંત્રીઓને સ્મશાનમાં લઈ જઈ, પેલા શબને ચીરી, તેમાં મંત્રશાસ્ત્રી રહેલો હતો તે બતાવ્યો. રાજાએ તે સર્ષવ માથાપર અને હાથે બાંધ્યા કે તરત તેના સર્વ રોગનો નાશ થઈ ગયો અને રાજા શ્રીસેન સાજોતાજો બની ગયો. તે રાજાને પુત્ર ન હતો, તેથી તેણે જીવિતદાન આપનારા શ્રીદર્શનને દત્તક કરી લીધો અને તે જ વખતે તેનો યુવરાજની પદવી ઉપર અભિષેક કર્યો. ઉત્તમ ક્ષેત્રમાં પુણ્ય બીજ વાવ્યાં હોય તેમાંથી મોટાં ફળની પ્રાપ્તિ થાય છે. પછી શ્રીમાન્ શ્રીદર્શન, પ્રથમથી સેવા કરવા માટે સાથે આવેલી લક્ષ્મી જેવી પદ્મિષ્ઠાની સાથે પરણ્યો અને શૂરવીર શ્રીદર્શન, તે નગરમાં, પદ્મિષ્ઠા તથા તેના ભાઈની સાથે રહી, નાના પ્રકારના વૈભવો ભોગવવા અને પૃથ્વીનું રક્ષણ કરવા લાગ્યો.

## શ્રીદર્શન ને અનંગમંજરી.

કોઈએક દિવસ ઉપેંદ્રશક્તિ નામનો માળવાનો નગરશેઠ, સમુદ્ર કિનારા ઉપર ફરવા ગયો હતો. ત્યાં તેને કિનારા ઉપરથી ઉત્તમ રત્નના એક ગણપતિ જડ્યા. શેઠે આ ગણપતિ યુવરાજને ભેટ કીધા. તેણે તે ગણપતિને અણમોલ જાણી તેના ઉપર ભકિત રાખી, તેની બડી ધામધુમથી પ્રતિષ્ઠા કરી અને તેના હંમેશના ખર્ચ માટે એક હજાર ગામ આપ્યાં અને ત્યાં મોટી યાત્રાનો ઉત્સવ કર્યો. એ મેળામાં માળવા નગરનાં સઘળાં મનુષ્યો એકઠાં મળ્યાં હતાં. મેળાની રાત્રે ઉત્તમ ગીત અને વાદિત્રવડે મહોત્સવ કર્યો. તેથી વિઘ્નવિનાશક ગણપતિ તેના ઉપર બહુ પ્રસન્ન થયા. ગણપતિએ પોતાના ગણોને બોલાવીને આજ્ઞા કરી કે; "મારી કૃપાથી શ્રીદર્શન જગત્ ઉપર ચક્રવર્તી રાજાધિરાજ થાઓ! અને પશ્ચિમ તરફના સમુદ્ર

વિશે હંસદ્વીપ નામનો એક પ્રખ્યાત દ્વીપ છે. તેમાં અનંગોદય નામનો રાજા રાજ્ય કરે છે; તેની પુત્રી અનંગમંજરી નામની કન્યા સ્ત્રીઓમાં રત્ન સમાન છે. એ કન્યા મારી ભાવીક ભક્તાણી છે. તે હંમેશાં મારું પૂજન કરીને મારી પાસેથી વર માગે છે કે, 'હે ભગવન્! મને સર્વ પૃથ્વીનો અધિપતિ મળે, એવું વરદાન આપો; માટે હું તે કન્યાનાં શ્રીદર્શનની સાથે લગ્ન થાય એમ ઇચ્છું છું; કારણ કે આ પ્રમાણે કરવાથી બન્નેને મારી ભકિતનું ફળ આપ્યું કહેવાશે. માટે તમે કોઈ યુકિતથી શ્રીદર્શનને ત્યાં લઈ જઈ, તે બન્નેનાં પરસ્પર દર્શન કરાવી, તેને ઝટ પાછો અહીં લઈ આવો. તે બન્નેનો સમાગમ તો વખત વીતતાં સારી રીતે થશે. આજે તે બન્નેનાં લગ્ન થાય એવો યોગ નથી! વળી આ ઉપેંદ્રશકિત વાણિયાએ પણ મારી મુર્તિ શ્રીદર્શનને આપીને મારાપર ઉપકાર કર્યો છે, માટે તેને પણ મારે કંઈ ફળ આપવું જોઈએ."

આ પ્રમાણે ગણપતિએ ગણોને આજ્ઞા કરી, એટલે તેઓ તે જ વખતે, રાત્રે નિદ્રાવશ થયેલા શ્રીદર્શનને પોતાની સિદ્ધિવડે હંસદ્વીપમાં લઈ ગયા અને અનંગમંજરીના રાજભવનમાં, જ્યાં એક પલંગ ઉપર અનંગમંજરી સુતી હતી, તેના પડખામાં તેને સુવાડયો. થોડીવાર થયા પછી શ્રીદર્શન જાગી ઉઠયો અને તે ચારે તરફ નજર કરીને જુવે છે તો તેને એક સુંદર મહેલ નજરે પડયો. તે મહેલમાં રત્નના દીવાઓ ઝગઝગાટ બળી રહ્યા હતા; ઉપરના ભાગમાં છતો બાંધી હતી ને તેમાં અમૂલ્ય મોટાં મણિઓ ઝળાઝળાં થઇ રહ્યાં હતાં; રાજાવર્ત નામના શ્યામરંગના મણિઓથી નીચેની જમીન જડવામાં આવી હતી; તે સુંદરભવનમાં, રેશમી ધોયેલા શ્વેતરંગના ઓછાડ પાથરેલા એક પર્યંક ઉપર, નેત્રને આનંદ આપનારી રાજકન્યા અનંગમંજરી સુતી હતી; તેની કાંતિ સુંદર અમૃતના ઝરાની પેઠે ચોતરફ પ્રસરી રહી હતી અને તે ચારે તરફ તારામંડળવડે મંડિત ગગનમંડપ વિશે ધવલ મેઘના ખોળામાં રહેલી, નેત્રને આનંદ આપનારી, શરદ્ઋતુના ચંદ્રમાની મૂર્ત સમાન શોભતી હતી. શ્રીદર્શન, અનંગમંજરીને ઓચિંતી જોઈ ઘણો પ્રસન્ન થયો, આશ્ચર્ય પામ્યો ને વિભ્રમ ચિત્ત થઇને એક ક્ષણ વિચાર કરવા લાગ્યો કે; "હું કયાં સુતો હતો ને હમણાં ક્યા મકાનમાં આ જાગ્રતાવસ્થામાં આવી પડયો છું? આ શું થયું? આ સ્ત્રી કોણ? આ સ્વપ્નું શું છે? પરંતુ મારું આ સ્વપ્નું ખરું પડે તો પછી મારા ભાગ્યનો પારજ નહીં. પણ પહેલે આ સ્ત્રીને જાગ્રત કરીને જરાક મળું અને પૂછું કે તું કોણ છે!" આમ સારાસારનો વિચાર કરી હળવે હળવે તેણે અનંગમંજરીના ખભા ઉપર હાથ ફેરવ્યો, ને તેને જાગ્રત કરવા માંડી. જેમ ચંદ્રમાનાં કીરણનો સ્પર્શ થવાથી કુમુદિની જાગ્રત થઈ, ભ્રમરરૂપી નેત્રોને નચાવે છે, તેમ અનંગમંજરી પણ જાગ્રત થઈ નેત્ર નચાવી તેને ટગરટગર જોવા લાગી અને શ્રીદર્શનને જોઈ તે વખતે તે ક્ષણભર વિચારમાં પડી ગઈ કે; "આ દિવ્ય દેહી પુરુષ કોણ હશે? મારા શયનગૃહમાં કોઇનો પ્રવેશ થઈ શકે તેમ નથી, તેમાં એ આવ્યો કયાંથી? શું એ દેવતા છે? હા, હા! એ કોઈ દેવતા જ હશે!" આ પ્રમાણે થયેલા સંભ્રમવડે તથા વિનયવડે આકુળ બની તે કન્યા ઉભી થઈ, તે રાજાને પૂછવા લાગી; "આપ કોણ છો? શું આપ મારે માટે પધાર્યાં છો? કોઈથી પણ પ્રવેશ કરી શકાય નહીં એવા આ સ્થાનમાં આપ શી રીતે આવ્યા તે મને કહો." શ્રીદર્શને પોતાનું સર્વ વૃત્તાંત કહી બતાવ્યું અને પછી તે રાજાએ અનંગમંજરીને પૂછ્યું; "તમે કોણ છો ને આ સ્થાન કોનું છે?" અનંગમંજરીએ પોતાના દેશનું, કુળનું અને પોતાનું નામ જણાવ્યું. બન્ને જણાંએ પરસ્પર સ્વપ્નની ભ્રાંતિનો ત્યાગ કર્યો; અન્યોઅન્યે એક બીજાની ખાતરી થવા માટે પોતાના આભૂષણોનો અદલો બદલો કર્યો; અનંગમંજરીએ પોતાનાં ઘરેણાં શ્રીદર્શનને અર્પણ કર્યાં, શ્રીદર્શને પોતાનાં આભૂષણો અનંગમંજરીને આપ્યાં. એ રીતે બન્ને જણાં પરસ્પર ગાંધર્વવિધિએ લગ્ન કરી મનમાં આનંદ પામે છે એવામાં ગણપતિના ગણોએ તે બન્નેને મોહિત કરી મૂક્યાં. બન્ને જણાં પોતાની ઇચ્છા પાર પાડયા વગર જ, તે જ વખતે નિદ્રાવશ થઈ ગયાં. તુરત જ નિદ્રાવશ થયેલા શ્રીદર્શનને ગણપતિના ગણો તેને ઘેર લઈ આવ્યા.



આ રીતે શ્રીદર્શન પોતાના મનના મનોરથ પૂર્ણ કરી શકયો નહીં, તે પૂર્ણ કરવા પહેલાં પોતાના સુંદર શયનગૃહમાં આવ્યો. થોડીવારે તે જાગ્રત થયો. જ્યારે તેણે પોતાને પોતાના મહેલમાં એક શય્યા ઉપર સુતેલો દીઠો અને પોતાના શરીર ઉપર સ્ત્રીનાં આભરણો જોવામાં આવ્યાં, ત્યારે તે મહા વિચારમાં ગરકાવ થઈ ગયો. તે બોલ્યો; "અરે રે! આ શું? વળી હું કયાં આવી પડ્યો? હંસદ્વીપના રાજાની કન્યા કયાં ગઈ રે! રે! તેનો સુંદર દેવતાઈ રંગમહેલ પણ કયાં ગયો? રે હું અહીં કયાંથી આવી પડયો? આ સઘળાં ઘરેણાં, જે છે, ને જે હમણાં અનંગમંજરીનાં જ મારા અંગપર છે, તેથી આ વાર્તા સત્ય છે કે હું સ્વપ્નમાં નથી. પણ ત્યારે એ થયું શું? ધારું છું કે, આ કોઈ દૈવી ખેલ છે!" આ પ્રમાણે તે વિચાર કરતો હતો, એવામાં પદ્મિષ્ઠા સતીએ નિદ્રામાંથી જાગ્રત થઇને પૂછ્યું, "નાથજી! આપ શાનો વિચાર કરો છો?" પછી રાજાએ પોતાની સઘળી વાર્તા તેને જણાવી. તે સાંભળી રાણીએ રાજાને ધીરજ આપી અને રાજાએ તે રાત્રિ તેની સંગે રમી ગાળી કાઢી.

બીજે દિવસે અનંગમંજરીના નામવાળાં આભરણથી અલંકૃત શ્રીદર્શને તે સર્વ વાર્તા આદિથી અંતપર્યંત શ્રીસેન રાજાને કહી અને તે રાજા, તેને રાજી રાખવાને ઘણો ઉત્કંઠિત હતો તેથી તેણે હંસદ્વીપની શોધ કરવા માટે, ગામમાં ઢંઢેરો પીટાવ્યો અને દ્વીપમાં જવાના માર્ગનો શોધ કરાવ્યો. પરંતુ કોઇ પણ રીતે હંસદ્વીપનો પત્તો લાગ્યો નહીં. અનંગમંજરીના વિરહથી શ્રીદર્શન રાજા કામજ્વરથી પીડિત થવા લાગ્યો. તેણે સર્વ વૈભવસુખનો ત્યાગ કરી દીધો. અને તે સ્ત્રીએ આપેલા હારપર્યંત સર્વ આભૂષણો તરફ સારો દિવસ જોવા લાગ્યો, પણ (આ)હારનો ત્યાગ કર્યો; તે અનંગમંજરીનું નિદ્રાળું મુખકમળ જોવા લાગ્યો, પણ તેણે નિદ્રાનો ત્યાગ કર્યો.

બીજી તરફ હંસદ્વીપમાં રાત્રિ પૂરી થઈ અને પ્રભાતનો સમય થયો કે, મંગળાની તુરીયોના તૂ તૂ આવજો થયા. અનંગમંજરી નિદ્રામાંથી જાગ્રત થઈ ગઈ. તરત તેને રાત્રિમાં બનેલું સર્વ વૃત્તાંત યાદ આવ્યું અને શ્રીદર્શનનાં આભૂષણોથી પોતાના શરીરને શણગારેલું જોઇ,

અત્યંત ઉત્કંઠાથી શોકગ્રસ્ત થઈ રહી. તે બોલી, " આ આભૂષણો, સ્વપ્નની ભ્રાંતિનું હરણ કરી, ખરો પ્રેમ બતાવી આપે છે. પરંતુ પ્રેમ કરનારો મનુષ્ય ક્યાં છે? તે મળવો મુશ્કેલ છે, તો હવે મારા પ્રાણ રહેવા પણ મુશ્કેલ જ છે." આ પ્રમાણે અનંગમંજરી પુરુષનાં આભૂષણો પહેરીને બેઠી બેઠી ચિન્તા કરે છે, એવામાં તેનો પિતા રાજા અનંગોદય, અણુચિંતવ્યો કન્યાના આનંદભવનમાં આવ્યો અને જોય છે તો તે કન્યા પોતાનું આખું શરીર વસ્ત્રથી ઢાંકીને લાજથી નીચું જોઇ નમ્ર થઈ ગઈ છે. પછી ઘણા પ્રીતિશાળી રાજાએ, પોતાની લાડવાઇ દીકરીને પાસે તેડીને, પોતાના ખોળામાં બેસારી પૂછ્યું; " બ્હેન! તેં પુરુષનો પોશાક શા માટે પહેર્યો છે? આવડી બધી લજ્જા કેમ વ્યાપી છે? કહે તો ખરી, તારે મારી, જરા પણ બીક રાખવી નહીં; કારણ કે મારા પ્રાણ તારા ઉપર જીવન ગાળે છે! તું મારી આંખની કીકી જેવી છે; માટે જરા પણ ગભરાઈશ મા" આ પ્રમાણે પિતાએ મધુર ભાષણ કરી, પુત્રીની લાજ ઓછી કરી, એટલે તેણીએ સર્વ વાર્તા પોતાના પિતાને કહી બતાવી.

તેનો પિતા અનંગોદય આ સર્વ વાર્તા સાંભળી, આ અમાનુષિક કર્મને ઈંદ્રજાળ જેવું જાણી, શું કરવું તે વિશે સંશયમાં પડી ગયો. પછી તે પોતાના નગરમાં એક મહાવ્રતધારી સિદ્ધયોગી બ્રહ્મસોમની પાસે ગયો. યોગી બ્રહ્મસોમ તેને જોઈ ઘણો પ્રસન્ન થયો. રાજાએ તેને પ્રશ્ન કર્યો કે; " મહારાજ! ગઈ રાત્રિમાં મારી પુત્રીને કોઈ દિવ્ય પુરુષની સાથે સમાગમ થયો છે, તો કહો કે તે પુરુષ કોણ અને ક્યાં છે?" તે મુનિએ સમાધિ ચઢાવી, સત્ય જાણી, રાજાને કહ્યું; "સત્ય વાત તો એ છે કે, દેવ ગણપતિના ગણો, માળવા દેશમાંથી ત્યાંના શ્રીદર્શન રાજાને અહીં લઈ આવ્યા હતા; કારણ કે તારી પુત્રી ઉપર અને તે રાજા ઉપર ગણપતિ પ્રસન્ન થયા છે. એ ગણપતિના જ પ્રસાદથી શ્રીદર્શન પૃથ્વીનો ચક્રવર્તી રાજા થશે; માટે તારી પુત્રીનો તે પતિ પ્રશંસાપાત્ર છે." આ પ્રમાણે તે જ્ઞાની યોગીએ રાજાને કહ્યું, ત્યારે તે રાજા વિનયથી બોલ્યો; "મહારાજ! માળવા દેશ ક્યાં અને આ મોટો હંસદ્વીપ ક્યાં? તે બન્ને નગર વચ્ચે ઘણો જ કપરો માર્ગ છે; માટે આ કામ કાળાંતરે પણ બની શકે તેમ નથી. હે દેવ! તમે મારા ઉપર કૃપા કરો, કારણ કે મારે તો તમારો જ એક આશ્રય છે!" આ પ્રમાણે રાજાએ ગદગદિતસ્વરે મુનિને વિનતિ કરી. તે મુનિનો પોતાના સેવક ઉપર ઘણો પ્રેમ હતો. માટે 'આ હું તારું કામ પાર પાડું છું' આમ કહીને તત્ક્ષણે તેઓ અંતર્ધાન થઈ ગયા; અને તે જ વખતે તેઓ શ્રીસેન રાજાના માળવા નગરમાં જઈ પહોંચ્યા. શ્રીદર્શન રાજાએ નગરમાં ગણપતિનું એક દેવમંદિર ચણાવ્યું હતું તેમાં જઈ, ગણપતિને પ્રણામ કરી બેઠા; અને ગણપતિની આ પ્રમાણે સ્તુતિ કરવા માંડી:–"હે ગણપતિ! તમને નમસ્કાર હો. આપનું મસ્તક નક્ષત્રની માળાઓવડે અલંકૃત છે અને તેથી આપ મેરુપર્વતના શિખર સમાન શોભો છો. આપ કલ્યાણમય મૂર્તિ છો! નૃત્ય ઉત્સવ કરતી વખતે ઉંચો કરવાથી વાદળાનો સ્પર્શ કરનાર અને ત્રણભુવનરૂપ મંદિરને ધારણ કરવામાં એક સ્તંભ સમાન તમારા બાહુને હું નમસ્કાર કરું છું. હે વિઘ્નનાશક! સર્વ સિદ્ધિઓના એક ભંડાર સમાન મોટો છે



ઉદરરૂપ કુંભ જેનો તથા જે સર્પનાં આભૂષણથી અલંકૃત છે એવા તમને હું નમસ્કાર કરું છું." આ પ્રમાણે તે યોગી, જ્યાં ગણપતિની સ્તુતિ કરે છે, તેટલામાં તો આ ગણપતિની મૂર્તિ લઈ આવનારા ઉપેંદ્રશક્તિ વાણિયાનો પુત્ર મહેંદ્રશક્તિ, થોડા સમયમાં ઉન્માદ રોગ થવાથી બ્હેકેલો આમ તેમ ફરતો ફરતો તે દેવમંદિરમાં આવી ચઢ્યો. તે એકદમ તે તપસ્વીને પકડવાને માટે દોડ્યો. તપસ્વીએ તે ગાંડા છોકરાને એક તમાચો માર્યો ને તે જ વખતે મંત્રવડે હાથને મંત્ર્યા હતા તેથી તેનો ઉન્માદ મટી ગયો: તે વણિક પુત્ર પ્રથમ જેવો ડાહ્યો થઈ ગયો. તુરત તેણે યોગીને સર્વ માન આપ્યું. તે પોતે નાગો નાગો ફરતો હતો તેથી શરમાઈ ગયો અને ત્યાંથી એકદમ બહાર નિકળી, હાથવતી પોતાના ગુહ્ય ભાગને ઢાંકી, દોડ્યો દોડ્યો પોતાને ઘેર ગયો. પોતાનો છોકરો ડાહ્યો થયો, તે વાર્તા તેના પિતા ઉપેંદ્રશક્તિએ માણસો પાસેથી સાંભળી, એટલે તે આનંદસાગરમાં ડૂબી ગયો હોય તેમ ખુશી ખુશી થઈ ગયો; અને તરત સામે જઈ તે છોકરાને પોતાને ઘેર તેડી લાવી, નવરાવી ધોવરાવી વસ્ત્રાલંકાર વગેરે પહેરાવી, સારી રીતે શણગારી, તેને સાથે લઈ, બ્રહ્મસોમ તપસ્વીની પાસે આવ્યો, અને પોતાના પુત્રને ડાહ્યો કરનારા તે મુનિને ઘણું ધન અર્પણ કર્યું. તે તપસ્વી તો દિવ્ય સિદ્ધિથી ભરપૂર હતા, એટલે તેણે તે નાણું ગ્રહણ જ કર્યું નહીં.

એટલા સમયમાં શ્રીસેનને, કોઇ અલૌકીક તપસ્વીના મઠમાં આવવાના સમાચાર મળ્યા. તુરત જ તે પોતે શ્રીદર્શન સહિત, ભક્તિપૂર્વક તે યોગીને મળવા માટે આવ્યો. રાજાએ યોગિની આગળ જઈ તેને પ્રેમપુરઃસર પ્રણામ કર્યા. પછી તેની સ્તુતિ કરી કે; " તમારા પધારવાથી વણિક પુત્ર ગાંડો હતો તે ડાહ્યો થયો તે કામ તો યોગ્ય થયું, પરંતુ હવે મારા પુત્ર શ્રીદર્શનનું જેમ શુભ થાય તેમ તમે મારું કાર્ય પણ કરો." રાજાએ એ રીતે વિનતિ કરી, ત્યારે તે તપસ્વી હસતો હસતો બોલ્યો; "હે રાજન્! એ તો ચોર છે, કારણ કે એ રાજકુમાર રાત્રિનો હંસદ્વીપમાંથી અનંગમંજરીનાં આભૂષણો ને તેના હૃદયને ચોરીને આંહી નાસી આવ્યો છે; તો હું કેવા પ્રકારે તારું કાર્ય પાર પાડું? તોપણ પ્રસન્ન થા, હું તારું કાર્ય કરીશ." આમ કહેતાંની સાથે તો તેણે શ્રીદર્શનનો હાથ પકડ્યો ને તુરત તે તપસ્વી અંતર્ધાન થઈ ગયો. મુનિદેવ તેને હંસદ્વીપ લઈ ગયો અને ત્યાં અનંગમંજરીના આભૂષણો સહિત શ્રીદર્શનને અનંગોદય રાજાની સમક્ષ ઉભો રાખ્યો. રાજા અનંગોદય પણ શ્રીદર્શનને આવ્યો જોઈ, ઘણો ખુશી થયો; અને તે જ વખતે પ્રથમ તે મુનિનું પૂજન કર્યું, અને ત્યાર પછી તે કુમારને આવકાર દીધો. પછી એક શુભ દિવસે રાજાએ રત્નોના ઢગવાળી પૃથ્વી જેમ દાનમાં આપે તેમ શ્રીદર્શન સાથે અનંગમંજરીનાં લગ્ન કરી, પહેરામણીમાં અઢળક રત્નો તથા કન્યાને તેથી પણ અધિક રત્નો દાનમાં આપ્યાં અને ફરીથી તે કન્યાની સાથે જમાઈને એકરસ કરી, તે તપસ્વીની શક્તિથી, બન્ને જણાંને માળવા દેશમાં વિદાય કીધાં. શ્રીદર્શન હંસદ્વીપમાંથી પોતાના નગરમાં જ્યારે આવ્યો, ત્યારે રાજાએ તેનો સારી રીતે આદરસત્કાર કર્યો અને તે પછી શ્રીદર્શન, બન્ને સ્ત્રી સહિત આનંદમાં વૈભવ ભોગવવા લાગ્યો.

કેટલોક કાળ વીત્યા બાદ શ્રીસેન રાજા પરલોકમાં સિધાર્યો અને શૂરવીર શ્રીદર્શને, તે રાજ્ય સંભાળીને દિગ્વિજય કરી, ચક્રવર્તી પદ ધારણ કીધું. જ્યારે તે પૃથ્વીપતિનું પદ ધારણ કરતો હતો, ત્યારે તેની બે રાણીઓ પદ્મિષ્ઠા ને અનંગમંજરીએ એકેક પુત્રને જન્મ આપ્યો હતો. એમાં મોટાનું નામ પદ્મસેન ને નાનાનું નામ અનંગસેન પાડ્યું હતું. તેઓ દહાડે દહાડે મોટા થતા હતા.

કેટલાક દિવસો વીત્યા બાદ એક દિવસે શ્રીદર્શન રાજા પોતાના મહેલનાં વિલાસભવનમાં, પોતાની બે રાણી સાથે વિલાસ કરતો બેઠો હતો, તેવામાં ઘરની બહારના ભાગમાં કોઈ એક બ્રાહ્મણને રડતો સાંભળ્યો. રાજાએ કંચુકીને હુકમ કર્યો કે; ‘ જાઓ, બહાર જે બ્રાહ્મણ રડે છે, તેને અંદર તેડી લાવો.’ કંચુકી બહાર જઈ તે બ્રાહ્મણને અંદર તેડી લાવ્યો. રાજાએ તેને પૂછ્યું; “તું શા માટે રડે છે?” ત્યારે તે બ્રાહ્મણે વ્યગ્રચિત્તે કહ્યું; “મારા ઘરમાં દીપ્તશિખ ( તેજસ્વી અગ્નિદેવ ) બળતો હતો, તેને કાળમેઘે હવણાં અટ્ટાટહાસ્ય કરીને, તેની જ્યોતિર્લેખા ને ધૂમલેખા ( પ્રકાશ અને ધુમાડા સહિત અગ્નિ )ને ઠારી દીધી છે, તેથી હું રડું છું.* ” આ પ્રમાણે કહી તે જ વખતે તે બ્રાહ્મણ જોતજોતામાં અદૃશ્ય થઈ ગયો. તે જોઈ રાજા આશ્ચર્ય પામીને જ્યાં આમ બોલે છે કે, “તેણે એ શું કહ્યું અને તે ગયો ક્યાં?” એટલામાં તો તે રાજાની બન્ને રાણીઓ, અશ્રુઓની ધારાઓ વરસાવતી ને રુદન કરતી કરતી એકદમ મરણ પામી.

એકદમ વજ્રનો પ્રહાર થાય તેવી રીતે રાજા શ્રીદર્શન પોતાની સ્ત્રીનું મરણ થયું જોઇ, મહાદુઃખમાં આવી પડ્યો. તે પણ ‘હાય! હાય! આ શું થઈ ગયું?’ આમ આક્રંદ કરતો મૂર્છાગત થઈ ગયો! તેની પાસે જે માણસો ઉભાં હતાં, તેઓ તેને ઉંચકી, તુરત બીજી જગ્યામાં લઈ ગયાં. મુખરકે બન્ને રાણીને સ્મશાનમાં લઈ જઈ અગ્નિસંસ્કાર કર્યો. જ્યારે રાજાની મૂર્છા વળી ત્યારે તેણે બન્ને રાણીનો ઘણીવાર સૂધી વિલાપ કર્યો. તેનો બન્ને રાણીપર સમાન પ્રેમ હતો, તેથી બંને રાણીની ઉત્તરક્રિયા પૂર્ણ કરી. પણ તે આખો દિવસ અશ્રુરૂપ દુર્દિનવડે અંધકારયુક્ત થઈ રહ્યો. પછી તેણે પોતાના રાજ્યના બે વિભાગ પાડી, બન્ને પુત્રને વહેંચી આપ્યા; અને તે પછી પોતાને વૈરાગ્ય આવવાથી વનમાં જવા માટે નગર બહાર નિકળ્યો. તેની પાછળ તેના કાર્યભારીઓ આવવા લાગ્યા, પણ રાજાએ સમજાવી તેઓને પાછા વાળ્યા અને તેણે તપ કરવા માટે વનમાં જઈ વાસ કીધો.

વનમાં તે પોતાની મરજી પ્રમાણે ફળ ને મૂળ ઉપર આજીવિકા કરતો હતો. એક દિવસે તે ફરતો ફરતો એક વડવૃક્ષ સમીપમાં જઈ ચઢ્યો; પણ જેવો તે વૃક્ષ નજીક જઈ પહોંચ્યો કે, એકદમ ઓચિંતી બે દિવ્ય સ્ત્રીઓ તેમાંથી બહાર નિકળી, હાથમાં ફળ લઈ તે રાજાની પાસે

* આ દ્વિઅર્થી વાકય છે. તે બ્રાહ્મણનું ખુલ્લું કહેવું તો એવું જણાય છે કે, મારે ત્યાં હોમનો અગ્નિ હતો તે જતો રહ્યો છે તેથી રડું છું. પણ ગુહ્યાર્થમાં એમ છે કે, દીપ્તશિખ નામનો મારો ભાઈ, જ્યોતિર્લેખા ને ધૂમલેખા નામની બે સ્ત્રી સાથે, વિલાસ વૈભવમાં મગ્ન થઈ રહ્યો ને પોતાની સ્થિતિનો વિચાર કરતો નથી, તેથી હું રડું છું.



આવી અને કહેવા લાગી; “ રાજાજી! આ ફળ તથા મૂળ અમારી પાસેથી લો!” તે સાંભળીને રાજા બોલ્યો; “ મારે તમારી સાથે શું સંબંધ છે, તે તમે બંને મને કહો, પછી એ પદાર્થ લઇશ!” એટલે તે બે દિવ્ય સ્ત્રીએ કહ્યું; “ તમે જો અમારે ઘેર પધારો તો અમે અમારા ઘરમાં જઈ, તમને સર્વ સત્ય વાત વિદિત કરીશું!” તે સાંભળી શ્રીદર્શન તેમ કરવા કબુલ થયો. પછી તે બન્ને સ્ત્રીની સાથે વૃક્ષની અંદર ગયો. ત્યાં તેના જોવામાં એક સુવર્ણમય નગર આવ્યું. તે નગરના એક ભવ્ય ભવનમાં જઈ તેણે વિશ્રામ કર્યો અને પછી ત્યાંના દેવતાઈ ફળો ખાધાં. પછી તે બન્ને સ્ત્રીઓ બોલી; “ સાંભળો રાજાજી, અમે કહીએ છીએ તે.”

## શ્રીદર્શનનું પૂર્વજન્મનું વૃત્તાંત.

પૂર્વે પ્રતિષ્ઠાનપુરમાં કમળગર્ભ નામનો એક બ્રાહ્મણ રહેતો હતો. તેને બે સ્ત્રીઓ હતી. એકનું નામ પથ્યા અને બીજીનું નામ અબલા. કાળે કરી તે ત્રણે જણાં ઘરડાં થયાં અને મરણ સમયે ત્રણે જણાં અન્યોઅન્ય અથાગ પ્રેમ હોવાથી, એકસાથે, અગ્નિમાં બળી મૂવાં. જયારે તે અગ્નિમાં બળવાને તૈયાર થયાં ત્યારે તે બે સ્ત્રી તથા એક પતિ, એમ ત્રણે જણાએ, અગ્નિદેવ પાસે વર માંગ્યો કે; “હે મહારાજ! અમે ત્રણે દરેક જન્મમાં સ્ત્રી પુરુષ થઇને અવતરીએ, એવો વર આપો.!” અટ્ટહાસના નાના ભાઈ આ કમળગર્ભે, તીવ્ર તપ કર્યું હતું, તેના પ્રતાપથી પ્રદીપ્તાક્ષ નામના યક્ષનો દીપ્તશિખ નામનો પુત્ર થઇને તે અવતર્યો અને તેની બે સ્ત્રીઓ પથ્યા તથા અબળા, ધૂમકેતું નામના યક્ષને ત્યાં પુત્રી થઇને જન્મી. રાજાએ એકનું નામ જયોતિર્લેખા અને બીજીનું નામ ધૂમલેખા પાડ્યું.

તે બન્ને કન્યા કેટલોક કાળ ગયા પછી તરુણાવસ્થાને પામી, એટલે તેઓએ પતિ મેળવવા માટે અરણ્યમાં જઈ તપ કરીને શંકરને પ્રસન્ન કર્યા. શંકરે પ્રસન્ન થઈ દર્શન આપ્યાં અને તે બન્ને જણીને આજ્ઞા કરી કે, તમે બન્ને જણીએ પૂર્વ જન્મમાં જે વરની સાથે અગ્નિમાં બળતાં પહેલાં, અગ્નિદેવ પાસેથી વર માંગ્યો હતો કે, સર્વ જન્મમાં કમળગર્ભ ( દીપ્તશિખ ) અમારો ભર્ત્તાર થાય, તે અટ્ટહાસનો નાનો ભાઈ દીપ્તશિખ, પોતાના રાજાના શાપવડે હવડાં ફરીથી મનુષ્ય લોકમાં ‘શ્રીદર્શન ’ નામે જન્મ્યો છે; માટે તમે બન્ને પણ મનુષ્ય લોકમાં જઇને તેની સ્ત્રી થાઓ. જયારે તેનો શાપ નાશ પામશે, ત્યારે ફરીથી તમે સર્વે યક્ષ જાતિમાં આવશો. આ પ્રમાણે ગૌરીપતિનું વચન સાંભળી, અમે બન્ને જણી પૃથ્વી ઉપર પદ્મિષ્ઠા અને અનંગમંજરીરૂપે અવતરી હતી અને આપ શ્રીદર્શનની સ્ત્રી થઇને ઘણા દિવસ પર્યંત તમારી સંગે રહી હતી. દૈવયોગે અટ્ટહાસે બ્રાહ્મણનું રૂપ ધારણ કરી, યુક્તિથી શ્લેષવાણીથી અમારાં પૂર્વજન્મનાં નામો કહી, પૂર્વજન્મ યાદ કરાવ્યો. એટલે અમે બન્ને સ્ત્રીઓએ પોતાનો દેહ ત્યાગ કરી, યક્ષિણીનું સ્વરૂપ ધારણ કર્યું છે. અમે તે બે સ્ત્રીઓ છીએ અને જે દીપ્તશિખ હતો તે તમો છો. આ પ્રમાણે તે સ્ત્રીઓએ કહ્યું, એટલે શ્રીદર્શનને પોતાનો પૂર્વ જન્મ યાદ આવ્યો કે તરત શ્રીદર્શન દીપ્તશિખ નામનો યક્ષ થઇ ગયો અને પ્રેમથી પૂર્વ પ્રમાણે જ તે પોતાની બન્ને કાંતાને જઈ મળ્યો.

"વિચિત્રકથ ! તે યક્ષ હું પોતે છું એમ જાણ અને આ જ્યોતિર્લેખા તથા ધૂમલેખા નામની આ મારી બે સ્ત્રીઓ છે. મારા જેવા દેવતાના અંશમાં જન્મેલાને પણ આવી રીતે અત્યંત સુખ તથા દુઃખ નડે છે, તો તું મનુષ્યને સંકટ નડે, એમાં આશ્ચર્ય શુ? હે ભાઇ! તારે થોડા દિવસમાં તારા મિત્ર **મૃગાંકદત્ત**ની સાથે સમાગમ થશે, માટે તું ખેદ કર મા. હું તારો અતિથિસત્કાર કરવા માટે અહીં ઉભો રહ્યો છું. આ ભૂમિમાં મારું ઘર છે, તેમાં ઉતારો કર! હું તારી ઇચ્છાનુસાર સેવા બજાવીશ. ત્યાર પછી હું મારી સ્વભૂમિ જે કૈલાસ, તે ઊપર જઇશ." આમ કથા કહી કેટલાએક વખત સૂધી તે યક્ષે મારી સારી રીતે સેવા કરી. તે બુદ્ધિશાળી યક્ષે આજ રાત્રે તમને અહીં સુતેલા જાણી, મને સુતેલોને સુતેલો ઉપાડી, તમો સુતેલાની વચમાં મૂકી દીધો છે. મેં જાગૃત થઇને તમને દીઠા અને તમે મને દીઠો. હે મહારાજ! તમારાથી વિખૂટા પડયા પછીનું મારું આ પ્રમાણે વૃત્તાંત છે.

આવી રીતે, નામ પ્રમાણે ગુણ ધરાવનારા **વિચિત્રકથ** નામના પોતાના મંત્રી પાસેથી, રાજકુમાર **મૃગાંકદત્ત**, તે રાત્રે મંત્રીઓની સાથે આ નવલકથા સાંભળી, પરમ આનંદને પામ્યો અને તે રાત્રી તેણે જંગલમાં જ કાઢી. પ્રભાત થયું, એટલે તે પોતાના મિત્રોની સાથે, નાગના શાપથી જે મિત્રો જૂદા પડી ગયા હતા અને હજી આવી મળ્યા ન હતા, તેમને શોધવા માટે ને **શશાંકવતી**ને મેળવવા માટે, ઉજ્જયિની નગરી તરફ ચાલ્યો.

## તરંગ ૭ મો.

## મૃગાંકદત્ત ને શશાંકવતીની કથા ( ચાલુ ).

### (પ્રચંડ શકિતની કથા)

રાજકુમાર **મૃગાંકદત્ત**, શ્રૂતધિ અને ચાર બીજા મંત્રીઓની સાથે વિંધ્યાચળની અરણ્યભૂમિમાં ફરતો ફરતો એક રમણીય ભાગમાં આવી ચઢ્યો. આ વનની જગ્યા, લીલા ઝાડની ધાડી છાયાથી ઘણી રળિયામણી દેખાતી હતી. તેમાં એક મિષ્ટ ને શીતળ જળથી ભરપૂર તળાવ હતું. ત્યાં જઈ સર્વે જણાએ મુકામ કર્યો. સર્વેએ જળાશયમાં સ્નાન કર્યું; પછી જૂદી જૂદી જાતના ફળાહાર કરી, સર્વે વિશ્રામ માટે બેઠા છે એવામાં, નજદીકના ભાગ ઉપર, વેલાઓથી ઢંકાયલી એક જગ્યામાં, કોઈ વાત કરતું હોય તેવા શબ્દો, કુમારના સાંભળવામાં આવ્યા. રાજકુમાર ઉભો થઈ લતામંડપની નજીકમાં જઈ કાન માંડીને સાંભળવા લાગ્યો. પછી વૃક્ષવેલામાં નજર કરી, તો તેની અંદર એક મોટો હાથી જોવામાં આવ્યો. તે હાથી કોઈક આંધળો મનુષ્ય, જે રસ્તા ઉપર થાકી ગયો હતો તેને પોતાની શુંડવડે ફળ ખવરાવતો હતો, જળ પાતો હતો તથા કાનવડે પવન નાંખીને શાંતિ આપતો હતો અને માયાળુ મનુષ્યની માફક, પ્રેમથી વારંવાર સ્પષ્ટ વાણીથી પૂછતો હતો કે, "ભાઈ! તને શાંતિ વળી કે? કેમ બોલો, ઠીક છો કે?" જ્યારે રાજપુત્રે આ સર્વ બનાવ જોયો, ત્યારે તે આશ્ચર્યમાં ગરકાવ થઈ ગયો.



તે પાછો ફરી પોતાના મિત્રોની પાસે આવીને બોલ્યો; "જૂઓ! જૂઓ! એક જંગલી હાથી મનુષ્ય પેરે વર્તે છે! એ કેવું અદ્દ્ભુત! તમે ખાત્રી રાખો કે, તે કોઈ મનુષ્ય હશે ને કોઇ કારણ માટે આવી રીતે અહીં વનમાં વસતો હશે. પણ પેલો બીજો મનુષ્ય, મારા મિત્ર પ્રચંડશકિતના જેવો જ જણાય છે! પરંતુ **પ્રચંડ** શકિતને નેત્રો છે ને આ તો આંધળો છે. માટે ચાલો આપણે તેઓની નજીક જઇને તપાસ કરીએ." આ પ્રમાણે પોતાના મિત્રોને કહી, **મૃગાંકદત્ત** તે વેલાઓમાં છૂપો રહી, હાથી ને મનુષ્યની વાત સાંભળવા લાગ્યો. એ અરસામાં તે આંધળાને શાંતિ વળી, ત્યારે તે હાથીએ તે આંધળાને પ્રશ્ન કર્યો; "ભાઈ! તું કોણ છે ને તું આંધળો છતાં અહીં શા માટે આવ્યો છે, તે મને કહે." તે સાંભળી પેલો આંધળો પુરુષ તે હાથી પ્રત્યે બોલ્યોઃ–

અયોધ્યા નામની એક નગરી છે; તેમાં અમરદત્ત નામનો એક રાજા રાજ્ય કરે છે અને તેનો પરમ ગુણશાળી **મૃગાંકદત્ત** નામનો એક પુત્ર છે. તે મહાભાગ રાજકુમારનો હું સેવક છું અને મારું નામ **પ્રચંડશક્તિ** છે. કોઈ કારણને લીધે રાજાએ પોતાના દેશમાંથી તે રાજકુમારને દેશવટો દીધો. પછી તે રાજકુમાર, હું તથા બીજા નવ, એમ દશ સેવકોની સાથે, **શશાંકવતી** નામની રાજકન્યાને પરણવા માટે ઉજ્જયિની નગરી તરફ જવા નિકળ્યા. ચાલતાં ચાલતાં માર્ગમાં એક નાગરાજનો શાપ થયો, તેથી અમે સઘળા એક બીજાથી વિખૂટા પડી ગયા છીએ. હું નાગના શાપથી ભૂલો પડેલો, આંધળો થઈ આમતેમ ફરતો ફરતો અહીં આવી પહોંચ્યો. અહીંયા મને ફળ, મૂળ તથા જળ વગેરે ખોરાક પાણી મળ્યાં, તેપર નિર્વાહ કરતો પડી રહ્યો હતો. એક સમયે રસ્તામાં જનાવરોને રહેવાના ખાડામાં હું પડી ગયો અને લાંઘણો ખેંચવી પડી, તે દુઃખને લીધે, 'મરણ થાય તો ઠીક,' આમ મને થવા લાગ્યું. તો પણ અફસોસ કે દુઃખ દેવાની ઇચ્છાથી દૈવે મારો અંત આણ્યો નહીં. આજ તમારાં દર્શનથી મારી ક્ષુધા શાંત થઈ છે, માટે તે દુઃખ વિસરી ગયો છું, તેમ જ મારો અંધાપો પણ તમારી કૃપાથી નાશ પામે એમ ઇચ્છા રાખું છું, કારણ કે તમે તો મારા પ્રભુ છો. આ પ્રમાણે તે અંધપુરુષે કહ્યું, ત્યારે **મૃગાંકદત્ત**ની ખાતરી થઈ કે, એ **પ્રચંડશક્તિ** જ છે; અને તેથી તે હર્ષ તથા દિલગીરીના મધ્યભાગમાં ડોલવા લાગ્યો; રાજકુમારને જેટલે અંશે પોતાના સેવકની મુલાકાતનો લાભ થયો, તેટલે જ અંશે તેનો અંધાપો સાંભળીને મનમાં દિલગીરી પેદા થઈ. પછી તેણે પોતાના મંત્રીઓને કહ્યું; "ભાઇઓ, આ મારો મિત્ર **પ્રચંડશક્તિ** છે," પરંતુ અતિ અફસોસની વાત એ છે કે, તે આવી માઠી દશામાં આવી પડ્યો છે. આપણે હવણાં એકદમ તેને મળવું, એ મને ઠીક દીસતું નથી; કારણ કે કદાચિત્ તે હાથી જ તેનાં નેત્રને માટે ઉપચાર કરવાનો હોય તો તે આપણને જોઇને નાસી જશે, તો પછી આપણે શું કરીશું? માટે હાલ તો શું થાય છે તે આપણે જોઈએ." આ પ્રમાણે રાજકુમાર પોતાના મંત્રીઓને કહીને પાછો ઝાડોની ઘટામાં છૂપાઈ રહી, તેની વાત સાંભળતો ઉભો રહ્યો. એવામાં **પ્રચંડશક્તિ**એ તે હાથીને પૂછ્યું; "હે મહાત્મા! તમે કોણ છો, તે વાત મને

કહો. તમે હાથી છો તો તમે તથા તમારી વાણી મદવાળી હોવી જોઈએ. મદવાળા છતાં તમે મદ રહિત છો અને વાણી પણ વિનયવતી વાપરો છો, તેનું કારણ શું ?" જ્યારે તે મહાત્મા હાથીએ, તે વાણી સાંભળી, ત્યારે તે ઊંડો નિઃશ્વાસ નાંખીને કહેવા લાગ્યો; "સાંભળ ! હું મારું વૃત્તાંત આદિથી અંતપર્યંત તને કહી સંભળાવું છું તે."

## ભીમભટ તથા સમરભટની કથા.

પૂર્વે એકલવ્યા નામની એક નગરી હતી. તેમાં શ્રુતધર નામનો રાજા રાજ્ય કરતો હતો. તેને બે રાણી હતી. તે બંનોને પુત્ર હતા. જ્યારે રાજા પરલોકમાં ગયો, ત્યારે નાનાભાઈ સત્યધરે, મોટા ભાઈ શીલધરને રાજ્યાસન ઉપરથી ઉઠાડી મૂકી, દેશમાંથી દૂર કર્યો. નાનાભાઈએ રાજ્યમાંથી દૂર કર્યો, તેથી શીલધરના મનમાં ઘણો દ્વેષ ઉત્પન્ન થયો. તે દ્વેષના ક્રોધથી તેણે શંકરની તપશ્ચર્યા કરી ને શંકરને પ્રસન્ન કરી, તેની પાસેથી વરદાન માંગ્યું કે; "હું દેવ અથવા તો ગંધર્વ થઈ આકાશગામી થાઉં, કે જેથી રમત માત્રમાં મારા ભાઈ સત્યધરનો નાશ કરું !" તે સાંભળી શંકરે તેને કહ્યું કેઃ "એ વરદાન તને મળશે, પરંતુ હમણાં તારો શત્રુ સ્વાભાવિક મોતથી મરણ પામ્યો છે; તે ફરી *રાધાનગરીમાં ઉગ્રભટ નામના રાજાને ત્યાં પુત્ર થઈને અવતરશે. રાજા તે પુત્ર ઉપર ઘણો પ્રેમ રાખશે અને તેનું નામ સમરભટ પાડશે. ત્યાં તું તેનો ઓરમાન મોટો ભાઈ થઈને અવતરીશ. તારું નામ ભીમભટ પડશે. ત્યાં તું તેને મારી નાંખીને રાજ્ય કરીશ. પરંતુ તેં જે તપ કર્યું છે તે તપ અત્યંત ક્રોધ કરીને કર્યું છે, માટે તું કોઈ મુનિના શાપથી પદભ્રષ્ટ થઈ, એક જંગલી હાથીરૂપે અવતરીશ. તોપણ તે જન્મમાં તને પૂર્વજન્મનું સ્મરણ રહેશે અને મનુષ્યના જેવી વાણી બોલી શકશે. જ્યારે તારે ત્યાં એક અતિથિ આવશે અને તેને તું તારું સર્વ ચરિત્ર કહી સંભળાવીશ અને અતિથિપર ઉપકાર કરીશ, ત્યારે તું હાથીપણામાંથી મુક્ત થઈશ અને તું ગંધર્વ બનીશ !" આવી રીતે કહી શંકર અંતર્ધાન થઈ ગયા. પછી શીલધરે તપ કરવાથી ક્ષીણ થયેલો પોતાનો દેહ ગંગાશાયી કરી ત્યાગ કરી દીધો.

આ પ્રમાણેની મારી કથા છે, પણ તેમાં બીજી એક કથા શરુ થાય છે. તે એ કે, રાધાનગરીમાં ઉગ્રભટ રાજા, કે જેનું નામ મેં પ્રથમ જણાવ્યું છે, તે પોતાના જેવી જ ઉત્તમ કુળવાળી મનોરમા નામની સ્ત્રી સાથે આનંદમાં દિવસ ગુજારતો હતો. એક વખતે લાસક નામનો એક નટ, તે રાજાની પાસે આવ્યો અને તેણે, 'વિષ્ણુએ મોહિનીનું રૂપ ધારણ કરી દૈત્યોનું અમૃત હરી લીધું હતું,' તે નાટકનો પ્રયોગ રાજાને ભજવી બતાવ્યો. તે પ્રયોગમાં સુંદર રણભૂમિ ઉપર એક તરફ દૈત્યોની પંક્તિઓ આવીને બેઠી છે અને એક તરફ દેવતાઓની પંક્તિ ગોઠવાઈ છે. તે સમયે તે નટની લાસ્યવતી નામની પુત્રીએ, મોહિનીના† વેશ ધારણ કરી, રાજાની આગળ સુંદર નૃત્ય અને ગાયન કરી, પોતાના હાથના લટકા તથા લટાછટાથી અને નેણના મટકાથી આખી સભાને મોહસાગરમાં ડૂબાડી દીધી ! જેણે આખા

* એ દેશ બંગાલમાં છે. † અંગ્રેજીમાં 'અમરિતિકા' નામ છે.



જગતના દૈત્ય દાનવને ક્ષોભ પમાડ્યા હતા, એવી સાક્ષાત્ મોહિની જેવી તે નટડી—નટની કન્યાનું અલૌકિક સ્વરૂપ જોઈ, રાજા કામાધીન થઈ ગયો અને તે તેના પ્રેમપાશમાં પડ્યો. જ્યારે નૃત્ય પૂર્ણ થઈ રહ્યું, ત્યારે રાજાએ તે કન્યાના પિતા, નાટકના સૂત્રધારને ઘણા રૂપિયા આપી તે કન્યા વેચાતી લીધી અને તે જ વખતે તે કન્યાને પોતાનાં રણુવાસમાં મોકલાવી દીધી. લાસ્યવતી કન્યાની સાથે રાજાએ લગ્ન કીધાં અને તે દિવસથી તે હમેશાં તેને પોતાની સમીપમાં રાખી તેના મુખ તરફ જ નિહાળ્યા કરતો હતો. એક દિવસે રાજાએ પોતાના યજુઃસ્વામી નામના પુરોહિતને બોલાવીને કહ્યું; "મહારાજ ! મારે પુત્ર નથી, માટે તમે મારે માટે પુત્રેષ્ટિ (પુત્ર આપનાર) યજ્ઞ કરો !" પુરોહિત રાજાજ્ઞાને તાબે થયો ને કહ્યું; 'સ્વામીની જેવી આજ્ઞા.' પછી ગોર મહારાજે કેટલાએક પંડિતોને એકઠા કરી, રાજાને માટે પુત્રેષ્ટિ નામનો યજ્ઞ આરંભ્યો; અગ્નિકુંડમાં ચરનો હોમ કર્યો. હોમ કરતાં શેષ ભાગ, જે માત્ર પવિત્ર પુરોડાસ બચ્યો હતો, તેમાંથી મુખ્ય ભાગ મોટી રાણી મનોરમાને આપ્યો. કારણ કે તે રાણી ગોરની પ્રથમથી સેવા કરતી હતી અને બીજો ભાગ નાની રાણી લાસ્યવતીને આપ્યો. બન્ને જણીએ યજ્ઞનો પવિત્ર પુરોડાશ પ્રાશન કર્યો. પછી તે બંનોને ગર્ભ રહ્યો અને આગળ જણાવેલા શીલધર અને સત્યધર નામના પુત્રોએ, આ રાણીઓની કુખમાં પ્રવેશ કીધો. જ્યારે દશ માસ પૂર્ણ થયા ને પ્રસૂતિકાળ સમીપ આવ્યો, ત્યારે મોટી રાણી મનોરમાએ, ઉત્તમ ચિહ્નવાળા પુત્રને જન્મ આપ્યો. તે વખતે આકાશવાણીએ સ્પષ્ટતાથી કહ્યું કે; 'આ પુત્ર ભીમભટ નામનો પ્રખ્યાત કીર્તિવાળો રાજા થશે.' બીજે દિવસે લાસ્યવતીએ પુત્રને જન્મ આપ્યો. તેના પિતાએ તે પુત્રનું નામ સમરભટ પાડ્યું.

તે બન્ને પુત્રોને જન્મસંસ્કાર કર્યો અને પછી તે બન્ને, દહાડે દહાડે મોટા થવા લાગ્યા. મોટો કુમાર ભીમભટ, પોતાના સદ્ગુણથી નાનાભાઈનો પરાજય કરવા લાગ્યો તેને લીધે, બન્ને ભાઈઓ વચ્ચે પરસ્પર વૈર વધવા માંડ્યું. એક દિવસે બાહુયુદ્ધની રમત રમતા સમરભટે બલાત્કારથી ભીમભટના કંઠ ઉપર હાથનો થાપો માર્યો. તુરત ભીમભટને ક્રોધ ચઢી ગયો અને તેણે બે હાથથી સમરભટને પકડીને ઉંચો કરીને પટાક દેતોકે જમીનપર પછાડ્યો. જમીન ઉપર પડવાથી સમરભટનું આખું શરીર ખૂબ કુટાઈ ગયું અને આંખ નાક વગેરે સઘળી ઈંદ્રિયોમાંથી લોહીની ધારા વહેવા માંડી. દાસદાસીઓ તે કુંવરને ત્યાંથી ઉપાડી, તેની માતાની કને લઈ ગયા. તેની માતા લાસ્યવતી, પોતાના પુત્રને લોહીલુહાણ થઈ ગયેલો જોઈ, પ્રેમને લીધે ભયભીત થઈ ગઈ અને તેના માથા ઉપર પોતાનું મસ્તક નમાવીને કરુણાળ સ્વરે આક્રંદ કરવા લાગી.

એટલામાં રાજા વિલાસભવનમાં આવ્યો; અને રાણીને રડતી જોઈ, એટલે તેનું અંતઃકરણ પણ આકુળ વ્યાકુળ થઈ ગયું. પછી તેણે શોકાગ્રસ્ત હૃદયે નટડીને પૂછ્યું; 'અરે આ શું થયું ?' લાસ્યવતીએ કહ્યું; 'આપના કુંવર ભીમભટે આ મારા કુંવરને આવી સ્થિતિમાં આણ્યો છે ! પરંતુ પ્રાણપતિ ! હું તમારી આગળ કહેતી નથી. આ રીતે તે વારંવાર મારા કુંવરને કનડે છે.

આ પ્રમાણેનો બનાવ જોવાથી મને વિચાર આવે છે કે, એ તે તમારું શું કલ્યાણ કરશે? માટે આવા નઠારા કુંવરને માટે તમને જે ગમે તે વિચાર કરો!" આ પ્રમાણે પોતાની પ્રાણપ્રિય રાણી **લાસ્યવતી**એ કહ્યું, એટલે **ઉગ્રભટ** રાજા ક્રોધાયમાન થઈ ગયો. તેણે તત્ક્ષણે **ભીમભટ**ને પોતાની પાસે આવતો બંધ કીધો; અને તેની આજીવિકા પણ બંધ કરી દીધી; અને **સમરભટ**ની રક્ષા કરવા માટે સો રજપૂતોને અંગરક્ષક તરીકે નિર્માણ કીધા તથા પોતાનો ખજાનો પણ નાના કુંવરની ઇચ્છાપર મૂકી દીધો. મોટા કુમાર **ભીમભટ**ની પાસેથી સર્વ છીનવી લઈ, તેને પોતાની સમીપમાંથી હાંકી મૂક્યો.

પછી વડી રાણી **મનોરમા**એ પોતાના પુત્રને બોલાવીને કહ્યું; "તારા પિતાએ પાતરના પુત્ર ઉપર પ્રેમ કરીને તારો ત્યાગ કર્યો છે, તો હવે તું તારા દાદાના **પાટલીપુત્ર** નગરમાં જા. ત્યાં તારા દાદાને પુત્ર નથી, માટે તે તને રાજ્ય આપશે. હવે પછી આ ગામમાં તું જો રહીશ તો **સમરભટ** બળવાન્ છે અને તારો શત્રુ થયો છે, તેથી તને મારી નાંખશે!" માતાનાં આવાં વેણ સાંભળી **ભીમભટ** બોલ્યો; "મા! હું ક્ષત્રિય બચ્ચો છું, તે નપુંસકની પેઠે ભય પામી દેશનો ત્યાગ કરીશ નહીં! તું ધીરજ ધર. તે બાપડો મને મારવા માટે શું શક્તિમાન્ છે કે?" ત્યારે તેની માતાએ કહ્યું; "જો તારી આ જ નગરમાં રહેવાની ઇચ્છા હોય તો, તું મારા દ્રવ્યથી તારી રક્ષા કરવા માટે ઘણાંએક માણસોને નોકરીમાં રાખ." તે સાંભળી **ભીમભટ** બોલ્યો; "મા! તેમ કરવું મને લાજમ નથી; કારણ કે એમ કરવાથી તો અવશ્ય મને મારા પિતાની સાથે વૈર કર્યું ગણાશે. પરંતુ ફીકર ના કર, મારું તો તારા આશીર્વાદથી જ કલ્યાણ થશે, તું ગભરા મા, શાંત થા, ધીરજ ધર, ફીકર તજ!" આ પ્રમાણે **ભીમભટે** પોતાની માતાને શાંતિ આપી, પછી તે રાજદરબારમાંથી બહાર નિકળી ગયો.

આ વાર્તા નગરના માણસોના જાણવામાં આવી, એટલે તેઓ સર્વે એકઠા થયા ને બોલવા માંડ્યા કે; "હાય! હાય! રાજાએ **ભીમભટ**ને રાજદરબારમાં આવતો અટકાવ્યો, તે મોટો અન્યાય કર્યો છે. મોટા રાજકુમારનું રાજ્ય **સમરભટ** હરણ કરવા માટે તૈયારી કરે છે; પરંતુ તેવી તેનામાં શક્તિ નથી. ભાઈઓરે, આપણે તો **ભીમભટ**ની સેવા કરવી અયોગ્ય છે." આવો ઠરાવ કરી શહેરના સઘળા લોકો ગુપ્ત રીતે **ભીમભટ**ની એવી રીતે સેવા કરવા લાગ્યા કે, તે વગર પૈસે ઘણા ચાકરો રાખી, સુખમાં રહેવા લાગ્યો; અને નાનો કુમાર **સમરભટ** તો પોતાના પિતાએ રાખી આપેલાં માણસોની સાથે રહી, મોટા ભાઈને મારવા માટે ઉપાયો રચવા લાગ્યો.

આ સમયમાં **શંખદત્ત** નામનો એક તરુણ બ્રાહ્મણ, જે ઘણો શૂરવીર હતો અને બન્ને રાજકુમારનો મિત્ર હતો, તે **સમરભટ** પાસે આવ્યો અને કહ્યું; "તારે તારા મોટા ભાઈની સાથે વેર કરવું લાજમ નથી; એ તારો ધર્મ કહેવાય નહીં. તારાથી તેનો પરાજય થઈ શકશે નહીં; પણ તેની સાથે વૈર કરવાથી ઉલટી તારી અપકીર્તિ થશે." આ પ્રમાણે તે બ્રાહ્મણ મિત્રે ઉપદેશ આપ્યો, પણ **સમરભટે** તેનું કહેલું માન્યું નહીં, પણ ઉલટો તેનો અનાદર કર્યો. મૂર્ખને



હિતોપદેશ શાંત કરતો નથી, પણ કોપ ઉત્પન્ન કરાવે છે. આવી રીતે **શંખદત્ત**નું અપમાન થયું, એટલે તે ધીરજવંત બ્રાહ્મણ કોપિત થયો, છતાં શાંતિ રાખી પોતાને ઘેર ગયો. પાછળથી તેણે **સમરભટ**નો પરાજય કરવાની ઇચ્છાથી **ભીમભટ** સાથે ઘાડી મૈત્રી કરી.

તે પછી કોઈ એક પરદેશી, **મણિદત્ત** નામનો સાહુકાર, એક ઉત્તમ અશ્વ લઇને તે નગરમાં આવ્યો. આ અશ્વમાં બહુ ઉત્તમ લક્ષણો હતાં. તેનો રંગ ચંદ્રમાના જેવો શ્વેત હતો; તેનો ખોંખારો શુદ્ધ શંખના સ્વર જેવો, શ્રવણ કરવા લાયક હતો; જ્યારે તેને દૂરથી જોતા ત્યારે ક્ષીરસાગરમાંથી મોજો ઉંચે ઉછળ્યો હોય તેવો તે દેખાતો હતો; તેના કંઠપર ઉર્મિનાં ચિહ્નો હતાં; જેમ ગંધર્વના કુળમાંથી જન્મ્યો હોય ને મુકૂટ, બાજુબંધ વગેરે આભૂષણો શરીરમાં હોય, તેમ જાત જાતનાં તેજદાર આભૂષણોથી તે અશ્વ શણગારેલો હતો. આ અશ્વને શહેરમાં ઉભો રાખી તે સાહુકારે વેચવાનો શંખ ફુંક્યો. **ભીમભટે** ત્યાં આવી પુષ્કળ ધન આપી, તે સાહુકાર પાસેથી તે અશ્વ વેચાતો લીધો. તે વાર્તા **સમરભટ**ને કાને પડી. તેણે તત્ક્ષણે તે અશ્વના વેપારી સાહુકાર પાસે જઈ, બમણી કીંમત આપીને અશ્વની માગણી કીધી, પરંતુ તે સાહુકારે પ્રથમથી **ભીમભટ**ને તે અશ્વ વેચાતો આપી દીધો હતો, એટલે કહ્યું; "બાપજી! મેં તો તે અશ્વ વેચી નાંખ્યો છે, માટે હવે શી રીતે આપું?" તે સાંભળી **સમરભટ**ને વધારે ક્રોધ વ્યાપ્યો અને તેથી જોરજુલમથી તે ઘોડાને લેવામાટે તૈયારી કરવા લાગ્યો. આમ વિવાદ થવાથી બન્ને રાજકુમારોના સીપાઈ શસ્ત્ર સજી સામસામા દોડીને લડી પડ્યા. ભયંકર યુદ્ધ સળગ્યું. એ લડાઈમાં **ભીમભટે** પોતાના પ્રચંડ ભુજદંડવડે, **સમરભટ**નાં માણસોને મારી નાંખ્યાં. **સમરભટ** તેથી ડરી ગયો. તે અશ્વ મૂકીને નાઠો. એટલે **શંખદત્ત** અત્યંત ક્રોધિષ્ટ થઈ આકુળવ્યાકુળતાથી તેની પાછળ પડ્યો અને તેની ચોટલી પકડીને જ્યાં તેને મારવા જાય છે, એવામાં **ભીમભટે** પાછળથી દોડી આવી, **શંખદત્ત**ને વાર્યો અને કહ્યું "તેને હમણા જવા દે; કારણ કે તેને મારવાથી મારા પિતાને દુઃખ ઉત્પન્ન થશે!!" **ભીમભટ**નાં વચન સાંભળી **શંખદત્તે** **સમરભટ**ને મૂકી દીધો કે તે ભયનો માર્યો તુરત નાસી ગયો. તેના શરીરમાં ઘા વાગ્યા હતા ને તેમાંથી લોહી જતું હતું, તેથી તે ભયથી કંપતો કંપતો પિતાની સોડમાં પેસી ગયો (આથી રાજા અત્યંત ક્રોધાયમાન થયો).

તે પછી શૂરવીર **ભીમભટે** તે અશ્વ પોતાને તાબે લીધો; પછી તે પોતાને ઘેર ગયો. પણ તે જ્યાં બેસે છે, તેટલામાં એક બ્રાહ્મણે તેની પાસે આવીને એકાંતમાં લઈ જઈ તેને કહ્યું, "તારી માતા **મનોરમા** અને ગોર મહારાજ **યજુઃસ્વામી** અને તારા પિતાના મંત્રી **સુમતિ** એ સર્વેએ હમણાં તને કહેવરાવ્યું છે કે; 'પ્રિય પુત્ર! તું જાણે તો છે કે, રાજા તારા ઉપર કેવો ગુસ્સે છે. અધુરામાં પૂરુ તેં હમણાં યુદ્ધ મચાવ્યું, તેથી તારાપર તે અતિશે કોપ્યા છે. માટે તારે તારા શરીરનું, ધર્મનું અને યશનું રક્ષણ કરવાની ઇચ્છા હોય અને જો તું વધારે આયુષ્યની ઇચ્છા રાખતો હોય, તેમ તું જો અમને તારા હિતેચ્છુ માનતો હોય તો, જ્યારે **સૂર્યનારાયણ** દેવ અસ્ત થાય અને સાયંકાળનો સમય આવે ત્યારે, કોઇપણ જાણે

નહીં તેમ, એકદમ આ નગરમાંથી તારે ચાલી નિકળવું. તું તારા દાદાને ઘેર જજે; તેમ કરવાથી તારું કાર્ય સિદ્ધ થશે.' આ પ્રમાણે તેઓએ સંદેશો કહીને એક સોનામહોર ને રત્નાલંકારથી ભરેલો ઘડો મારી મારફતે મોકલાવ્યો છે, તે તમે લ્યો."

**ભીમભટ** જાતે બુદ્ધિશાળી હતો, તેથી તે સંદેશો સ્વીકાર્યો અને "તેમની ઇચ્છાનુસાર વર્તીશ," આમ કહી, ઊમદાં રત્નોથી ભરેલા તે સોનાના ઘડાને લઇ, તે બ્રાહ્મણદ્વારા પ્રતિસંદેશ મોકલાવી, તેણે તેને વિદાય કર્યો.

રાત્રિ પડતાં તે તથા તેનો મિત્ર **શંખદત્ત** બન્ને પ્રવાસનો પોશાક પહેરી તૈયાર થયા. **ભીમભટ** હાથમાં નાગી તરવાર લઇ પેલા અશ્વ ઉપર સ્વાર થયો અને **શંખદત્ત** હાથમાં સોનાનો ઘડો લઇ, એક બીજા અશ્વ ઉપર ચઢયો. બન્ને જણા ગુપ્ત રીતે શહેરની બહાર નિકળી પડી, સાથે જ ચાલતા થયા. અશ્વો ઘણા જ ઉતાવળા ચાલનારા હતા, એટલે મધરાત્રિની આગમચ તો તેઓ ઘણો રસ્તો કાપી ગયા. મધરાત્રિનો સમય થયો ને આખી દુનિયા નિદ્રાસાગરમાં ડૂબી ગઇ હતી, તે વખતે આ બન્ને શૂરાઓ, પોતાના ઘોડાઓને રેવાલ ચાલ ચલાવતા ચલાવતા એક શરવા વનમાં આવી ચઢ્યા.

આ વનમાં એક સિંહનું જોડું પોતાનાં બચ્ચાંઓની સાથે નિદ્રાવશ થયું હતું. સુસવાટા ભરેલા અશ્વના પગની પડઘીથી તે શરવા વનમાં ખડખડાટ થવા માંડ્યો, તેથી સિંહનું જોડું અને તેનાં બચ્ચાં જાગ્રત થયાં. તેઓએ એકદમ દોડી બન્ને ઘોડાની નીચે આવી તેનું પેટ નખોવતી ચીરી નાંખ્યું. શૂરવીર **ભીમભટે** તથા **શંખદત્તે**, તરવાર મારીને તત્ક્ષણે તે સઘળાં, સિંહ, સિંહણ અને તેમનાં બચ્ચાંના ટુકડે ટુકડા કરીને ઉરાડી દીધાં; પછી બન્ને જણા ઘોડા પરથી નીચે ઉતર્યાં; પણ જ્યાં નજર કરે છે, તો ત્યાં બન્ને ઘોડાનાં આંતરડાંઓ જમીન ઉપર પડી ગયાં, અને તે જ સાથે તે જમીન ઉપર કડડડડધુબ કરતાને પડી ગયા.

રાજકુમાર **ભીમભટ** ઘોડાને જમીન ઉપર પડ્યો જોઈ ઉદાસ થઇ ગયો અને **શંખદત્તને** કહેવા લાગ્યો; "મિત્ર! મહાકષ્ટે આપણા શત્રુઓથી નાસીને આપણે અહીં સૂધી આવ્યા, પરંતુ અહો! હજારો યત્ન કરતાં પણ દૈવની આગળથી ક્યાંય નાશીને જવાતું નથી! નસીબ બે ડગલાં આગળનું આગળ જ! દૈવ આપણને ગામમાં જોઈ શક્યો નહીં ને વનમાં કાઢ્યા! ઘરના ઉઠ્યા વનમાં ગયા તો વનમાં લાગી લાય, તેમ આ વનમાં આપણી પાસે એક ઘોડાને પણ દૈવ જોઈ શક્યો નહીં. હાય! તેણે આપણા અશ્વનો પણ નાશ કર્યો. અરે મેં જે અશ્વ માટે દેશવટો લીધો, તે અશ્વ પણ મરણ પામ્યો. અર્ધરાત્રિનો સમય છે, તો મારા પગ આ અટૂલ જંગલમાં કેમ ચાલી શકશે?"

આ પ્રમાણે **ભીમભટે** કહ્યું, એટલે તેનો મિત્ર **શંખદત્ત** બોલ્યો; "ભાઈ! અવળું થયેલું નસીબ માણસના પુરુષાતનનો પરાજય કરે છે, એમાં કંઈ નવાઈ જેવું નથી. એ તો નસીબનો સ્વભાવ જ છે. પરંતુ તે દૈવનો પરાજય ધૈર્ય–ઉત્સાહથી નવાઈ જેવું છે. જે માણસ પર્વતની માફક ધીરજ ધરીને સ્થિર રહે છે, જે જરા પણ ચલાયમાન થતો નથી, તો પવનનું બળ જેમ



પર્વત આગળ વ્યર્થ થઈ પડે છે, તેમ દૈવનું બળ તેવા મનુષ્ય આગળ નરમ ઘેંસ જેવું થઈ જાય છે. માટે હે મિત્ર **ભીમભટ**! ચાલ, આપણે ધૈર્યરૂપી અશ્વ ઉપર સ્વાર થઈ ચાલવા માંડીએ ને વિજય કરીએ."

આ પ્રમાણે **શંખદત્તે** કહ્યું એટલે **ભીમભટ** ધૈર્ય ધારણ કરી, તેની સાથે ધીમે ધીમે વનમાં આગળ ચાલવા લાગ્યો. રસ્તામાં દર્ભ વાગવાથી રાજકુમારના પગ ચીરાઈ ગયા. થોડીવાર પછી રાત્રિ મટી પ્રભાતનો સમય થયો. સૂર્યનારાયણ દેવતા–આ જગતનો દીવો પ્રકટ થયો અને ચારે તરફ રાત્રિનાં અંધારાનો નાશ કરી ઝળઝળાટ પ્રકાશ કરી રહ્યો. બન્ને માર્ગ ઉપર કમળપુલો કમળગુચ્છમાં ખીલી નિકળ્યાં હતાં. તે ઉપર ઉડતા ભમરાઓ 'બહુ સારું થયું કે આ રાજકુમાર સિંહાદિકથી આકુળવ્યાકુળ થઈ જંગલ વટાવી ગયો,' આમ કહેતા હોયની શું, એમ એક બીજાના મુખ તરફ જોઈ ઉલ્લાસ પામતા હતા ને ગુંજારવ કરી રહ્યા હતા. રાજકુમાર **ભીમભટ** અને તેનો મિત્ર, બન્ને જણા, આ મનોહારી રચના જોતા જોતા ગંગાના કિનારા ઉપર, જ્યાં મુનિઓની પર્ણકુટીઓ હતી ત્યાં જઈ પહોંચ્યા. **શંકરના** મસ્તક ઉપર રહેલા **ચંદ્રમામાંથી** ઝરતાં અમૃતના જેવાં શીતળ, સ્વચ્છ અને મિષ્ટ જળમાં સ્નાન કરીને રાજપુત્ર વિસામો ખાવા બેઠો. એટલામાં માર્ગમાં મળેલા પારાધી પાસેથી હરિણનું માંસ વેચાતું લઇ લીધું હતું તેને, **શંખદત્તે** અગ્નિ ઉપર સેકીને રાજકુમારને ખાવા આપ્યું. તેણે પોતે પણ ખાધું. પછી ગંગા તરીને સામે કિનારે જવા માટે બન્નો જણ તૈયાર થયા. ગંગાનદી બન્ને કાંઠામાં ભરપૂર પૂરજોસથી ઉછળતી વહેતી હતી અને પોતાના મોજારૂપ હાથોને ઉંચા ઉછાળીને વારણ કરતી હતી કે, 'તમે હમણાં નદી ઉતરશો મા; જો ઉતરશો તો હેરાન થશો.' એવો રાહધાટ જોઈ રાજકુમાર તે નદીના કિનારા ઉપર થઇને જવા લાગ્યો. ચાલતાં ચાલતાં તેણે એકાંતમાં આવેલી એક પર્ણશાળાના આંગણામાં એક બ્રાહ્મણ કુમારને વેદાધ્યયન કરતો જોયો. **ભીમભટ** તેની પાસે જઈ પૂછવા લાગ્યો; "તું કોણ છે અને આ નિર્જનવનમાં એકલો શું કરે છે?" ત્યારે બ્રાહ્મણનો છોકરો તેને કહેવા લાગ્યો કે,—

"ભાઈ, હું વારાણસી નગરનો રહેવાસી છું, **શ્રીકંઠ** નામના બ્રાહ્મણનો પુત્ર થાઉં છું અને મારું નામ **નીલકંઠ** છે. મારા પિતાએ મને ગર્ભાધાન વગેરે સર્વ સંસ્કાર કર્યા છે. હું ઉપવીત ગ્રહણ કર્યા પછી બાલ્યાવસ્થામાં જ ગુરુને ઘેર રહી વિદ્યાભ્યાસ કરવા લાગ્યો; પણ વિદ્યાભ્યાસ પૂર્ણ કરીને જ્યાં મારે ઘેર ગયો, ત્યાં મારાં સઘળાં સગાંવહાલાં, દૈવયોગે મરણ પામ્યાં હતાં. ઘરમાં વાત કરવા જેવું પણ કોઈ રહ્યું નહોતું, એથી હું અનાથ થઈ ગયો. તેમ ઘરમાં ફુટી બદામ પણ રહી ન હતી, એટલે હું ગૃહસ્થાશ્રમ કરી શકું તેમ પણ નહતું. આ પ્રમાણે મારી માઠી હાલત થઈ ગઈ, તેથી હું અથાક દિલગીરીમાં ગરકાવ થઈ ગયો, અને દિલગીરીને લીધે આ વનમાં વાસ કરી, તીવ્ર તપ કરવા લાગ્યો. મારા તપથી ગંગાજી પ્રસન્ન થયાં ને એક રાત્રિના તેણે સ્વપ્નામાં આવી મને કેટલાંક ફળો આપીને કહ્યું, 'પુત્ર! જ્યાં સૂધી તારો મનોરથ પૂર્ણ થાય નહીં ત્યાં સૂધી તું આ ફળો ખાઈ તારો નિર્વાહ ચલાવજે!'

આટલું જ્યાં હું સાંભળું છું ત્યાં તો રાત્રિ મટીને પરોઢીયાનો સમય થયો અને મારી નિદ્રા ઉડી ગઈ. પછી હું ગંગાજીપર જઈ સ્નાન કરવા લાગ્યો. તેવામાં ગંગાના પાણીમાં કેટલાંક ફળો તણાતાં તણાતાં મારી પાસે આવ્યાં. તેને મેં લઈ લીધાં ને મારી પર્ણશાળામાં લાવીને પ્રાશન કર્યાં. આ પ્રમાણે દરરોજ હું ગંગા નદીમાં સ્નાન કરવા જાઉં છું, ત્યારે મને પાણી-માંથી ફળો મળે છે અને તે ઉપર નિર્વાહ કરીને હું અહીં રહું છું."

આ પ્રમાણે બ્રાહ્મણના પુત્રે કહ્યું, ત્યારે **ભીમ**ભટ, **શં**ખદત્તને કહેવા લાગ્યો; "મિત્ર! આ ગુણવાન્ પુરુષ છે. તે પરણીને પોતાનો ગૃહસ્થાશ્રમ ચલાવી શકે, તેટલા ધનનું હું તેને દાન કરું છું." શંખદત્ત તેના બોલવા સાથે સમ્મત થયો. તુરત રાજકુમારે, જે દ્રવ્ય તેની માતાએ તેને આપ્યું હતું તે, આ ગુણવંત બ્રાહ્મણકુમારને દાનમાં આપી દીધું. જે મોટા લોકો મહાપરાક્રમશાળી હોય છે, તે બીજા માણસનું દુઃખ સાંભળી, જો તે જ વખતે તે દુઃખનો નાશ કરે નહીં તો તેની મોટાઈનું શું ફળ?

રાજકુમારે તે બ્રાહ્મણકુમારનું દુઃખ સાંભળી, તેના દુઃખનો અંત આણ્યા પછી, કિનારાની ચારે બાજુએ ફર્યો. પરંતુ ક્યાંઈથી પણ ગંગાજી ઉતરવાનો ઉપાય સુઝ પડયો નહીં. પછી **ભીમ**ભટે પોતાના મસ્તક ઉપર તરવાર બાંધી લીધી અને **શં**ખદત્તને સાથે લઈ, બે હાથથી ગંગામાં પડી તરવા લાગ્યો. પણ જ્યાં ગંગાના મધ્ય ભાગમાં તેઓ તરતા તરતા આવ્યા, ત્યાં પાણીના જોરને લીધે **ભીમ**ભટ **શં**ખદત્તથી છૂટો પડીને પાણીના પ્રવાહમાં તણાવા લાગ્યો; અને મહાકષ્ટે તે સામે કાંઠે આવી પહોંચ્યો. કિનારે ઉતર્યા પછી **શં**ખદત્તને જોવા લાગ્યો તો તેને ક્યાંઇ દીઠો નહીં; એટલે તે ગંગાને કિનારે કિનારે તેની શોધ કરવા લાગ્યો. એવામાં સૂર્યનારાયણ અસ્ત થઈ ગયા તથા ચારે તરફ અંધારું વ્યાપી રહ્યું. **ભીમ**ભટ અત્યંત નિરાશ થઈ ગયો, "હાય પ્રિય! તેં મને રણવગડામાં ક્યાં મૂક્યો? હું શું કરીશ?" આમ કરુણાળ સ્વરે વિલપંતો ને શોચંતો તે ગંગામાં પડીને આત્માઘાત કરવા તૈયાર થયો અને તે ગંગાની આગળ વિનતિ કરવા લાગ્યો; "હે દેવી જાહ્નવી! તેં મારા પ્રાણનું હરણ કર્યું છે; તો હવે આ પ્રાણરહિત શૂન્ય દેહને પણ તું ગ્રહણ કર." આમ કહીને જ્યાં તે ગંગામાં પોતાના શરી-રને પડતું મૂકવા જાય છે, એવામાં તે ગંગાનદીના જળના મધ્ય ભાગમાં સાક્ષાત્ ગંગાજી પ્રગટ થયાં અને **ભીમ**ભટના તીવ્ર પ્રેમના વેગ ઉપરથી પ્રસન્ન થઈ, તે જ વખતે બોલ્યાં; "વત્સ! ઉદ્ધતાઈ ભર્યું કામ મા કર! તારો મિત્ર જીવતો છે અને થોડા સમયમાં તારો ને તેનો મિલાપ થશે. તું મારી પાસેથી, 'પ્રતિલોમ અને અનુલોમ' નામની વિદ્યા શીખી લે. આ વિદ્યાનો પ્રતાપ એવો છે કે, જો કોઈ માણસ આ મંત્રવિદ્યાને 'અનુલોમ' રીતે ભણે તો તેને કોઇ બીજા માણસ જોઇ શકતા નથી, તેમ 'પ્રતિલોમ' રીતે ભણે તો પોતાની ઇચ્છા પ્રમાણે સ્વરૂપ ધારણ કરી શકાય છે. હે પુત્ર! આ વિદ્યાનો આવો પ્રતાપ છે. પણ એમાં સાત અક્ષર વર્જિત કહ્યા છે. આ વિદ્યાના પ્રતાપથી તું આ પૃથ્વી ઉપરનો એક ચક્રવર્તી રાજા થઇશ." આ પ્રમાણે કહી તે વિદ્યા **ભીમ**ભટને ભણાવી અને તુરત ગંગાજી અંતર્ધાન



થઈ ગયાં. **ભીમ**ભટને પણ મિત્રના મેળાપની અને રાજ્યના લાભની આસ્થા બંધાઈ, એટલે તેણે મરવું માંડી વાળ્યું અને કમળ જેમ સૂર્યનાં દર્શન માટે આતુર થઈ રાત્રિને કષ્ટમાં ગાળે છે, તેમ **ભીમ**ભટે પણ મિત્રને મેળવવાની ઉત્કંઠાથી તે રાત્રિ ઘણા જ કષ્ટમાં ગાળી.

પ્રભાત થયું. રાજકુમાર મિત્રની ખોળ કરતો કરતો ત્યાંથી આગળ ચાલતો થયો. એક વખતે તે એકલો શંખદત્તને ખોળતો ખોળતો **લાટ*** નગરમાં જઈ ચઢ્યો. આ દેશમાં વર્ણ† જૂદા જૂદા હતા, તોપણ મનુષ્યોની ચિત્રમાં ઉજ્વળ સ્થિતિ જોવામાં આવતી હતી. તે કળાઓનું‡ ઘર હતું, છતાં તે દોષાકર§ શબ્દનું પાત્ર ન હતું. **ભીમ**ભટે તે નગરમાં પ્રવેશ કીધો. તે દેવ મંદિરોને જોતો જોતો આખા નગરમાં ભટકીને દ્યૂતશાળામાં ગયો. ત્યાં કેટલાએક જુગારીઓને જુગાર રમતાં દીઠા. તેઓના અંગ ઉપર ધોતિયાં શિવાય બીજું કંઈ પણ વસ્ત્ર ન હતું, છતાં તેઓ ઘણા સૌંદર્યવાન્ જણાતા હતા. તેમના હૃષ્ટપુષ્ટ તથા ચાલાકીવાળા અવયવો તેના વૈભવ સુખને તથા અંગબળને જણાવી આપતા હતા. તે લોકો ધન મેળવવા માટે આ કળા શીખ્યા હોય અને તે સઘળા ગુપ્ત રીતે મોટા શ્રીમાન્ હોય, એમ જણાતું હતું. **ભીમ**ભટે તે જુગારીઓની સાથે વાતચિત કરી અને પછી રમવા બેઠો. જુગારી-ઓએ જાણ્યું કે, આપણને આજે અચ્છો શિકાર મળ્યો છે–તો એના સઘળા અલંકારો હરી લઇશું. પણ જુગાર રમતાં તો જુગારીઓએ બીજા ભોળા માણસોને છેતરીને પાસાવતી જે ધન એકઠું કર્યું હતું, તે સઘળું ધન **ભીમ**ભટે જિતી લીધું.

જ્યારે જુગારીઓ હારી ગયા અને તેઓ પોતપોતાને ઘેર જવા લાગ્યા, ત્યારે **ભીમ**ભટે, બારણા આડો હાથ રાખી તેઓને જતા અટકાવીને કહ્યું; "તમે ક્યાં જાઓ છો? તમારું આ દ્રવ્ય પાછું લો, મારે તે જોઇતું નથી. હું આ ધન તો મારા પ્યારા મિત્રોને આપનાર છું અને તમારા શિવાય મારા ઇષ્ટ મિત્રો કોણ છે, કે હું એ ધન તેને આપું? મને તમારા જેવા પ્રિય મિત્રો ક્યાંથી મળવાના હતા?" આ પ્રમાણે કહી **ભીમ**ભટે તેઓને ધન આપવા માટે ઘણો ઘણો આગ્રહ કર્યો, પરંતુ તે જુગારીઓએ શરમના માર્યા તે ધન પાછું લીધું નહીં.

પછી તે મંડળીમાંથી અક્ષક્ષપણક નામનો એક જુગારી બોલ્યો, "મિત્રો! આપણે જે ધન હારી ગયા, તે ધન આપણાથી પાછું લેવાય નહીં એવી દ્યૂત કળાની પરિભાષા છે. તોપણ એ આપણો મિત્ર થઇને આપણને જો પોતાની ઇચ્છાથી, પોતે જિતેલું ધન આપે છે, તો આપણને તે લેવામાં

---

* હાલના વિદ્વાનો ભરુચની આસપાસના પ્રદેશને લાટ દેશ માને છે. દાઉસન સાહેબ કહે છે કે, તે ખાનદેશનો પણ કંઇક ભાગ છે, પણ મહી નદીની નીચેનો છે. † વર્ણ એટલે રંગ જૂદા જૂદા રહેવા છતાં ચિત્રોમાં માણસોની છબી ઘણી ઉજ્વળ જોવામાં આવતી હતી. આ વિરોધાભાસ અલંકાર થયો. તેના પરિહારમાં બ્રાહ્મણ ક્ષત્રિય વગેરે ચાર વર્ણ જૂદા જૂદા હતા, પણ નવનવાં ચિત્રો ઉપરથી માણસોની હાલત ઘણી જ ઉત્તમ રીતની જણાતી હતી. ‡ કળાનું સ્થાન ચંદ્રમા છતાં તેનો દોષાકર–ચંદ્ર શબ્દથી વ્યવહાર થતો નહતો. એ વિરોધ. તેનો પરિહાર તે દેશ કળાનું ઘર હતું અને ત્યાં કોઈપણ દોષનું પાત્ર ન હતું. § દોષાકર એટલે દોષની ખાણ ને બીજા અર્થમાં ચંદ્રમા.

હરકત શી છે? એ આપે છે તો આપણે શા માટે તે લઈએ નહીં?" તે સાંભળી બીજા જુગારીઓ બોલ્યાઃ " તે જિત્યો ભલે! પણ આપણને જે ધન આપે છે, તે ધન લેવામાં આપણને તો કંઈ હરકત નથી. પરંતુ તે આપણી સાથે હમેશાંની મૈત્રી કરે તો આપણે તેનું ધન લઈએ; નહીંતર આપણને તેની એક કોડી પણ હરામ છે;" **ભીમભટે** તે જુગારીઓનું કહેવું સાંભળી, ' આ જુગારીઓ ઘણા શૂરવીર જણાય છે, માટે કોઈ વખતે મને કામ લાગશે,' આવો મનમાં વિચાર કરી તેની સાથે ગાઢી મૈત્રી કરવાના કસમ લીધા અને પછી તેઓને તે જિતેલું સઘળું ધન આપી દીધું.

પછી તે સઘળા જુગારીઓએ **ભીમભટને** વિનતિ કરી કે, ' અમે આજ બગીચામાં મીજબાની કરીએ છીએ, માટે તમે ત્યાં ભોજન કરવા પધારો.' **ભીમભટે** તેઓની માંગણી માન્ય રાખી. પછી તે જુગારીઓ ભાતભાતનાં ભોજનો લઈ, પોતાના કુટુંબ સહિત બગીચામાં ગયા. **ભીમભટ** પણ તેઓની મીજબાનીમાં સામેલ થયો અને ભાતભાતનાં પકવાન્ન, મદ્ય વગેરે મૌજના અનેક પદાર્થો પ્રાશન કર્યાં. ભોજન કરી રહ્યાબાદ તે સઘળા **ભીમભટની** આસપાસ વિંટળાઈ વળી બેઠા અને પૂછ્યું; ' તમે ક્યાંના વાસી છો? તમારા કુળનું નામ શું? તમે કોના પુત્ર છો?' **ભીમભટે** તેઓનો પ્રશ્ન સાંભળી તેઓને પોતાનું નામ, વંશ, ચરિત્ર વગેરે સર્વ વાત યથાર્થ કહી સંભળાવી. પછી તેણે પણ તેઓનાં નામ ઠામ ને ચરિત્ર પૂછ્યાં; એટલે તેઓમાંથી પેલો અક્ષક્ષપણક નામનો જુગારી, પોતાનું ચરિત્ર આ પ્રમાણે કહેવા લાગ્યો.

## અક્ષક્ષપણકની કથા.

પૂર્વે **હ**સ્તિનાપુરમાં **શિ**વદત્ત નામનો એક મહાલક્ષ્મીવંત બ્રાહ્મણ રહેતો હતો, તેનો હું પુત્ર થાઉં છું. મારું ખરું નામ તો વસુદત્ત છે, પણ જુગાર રમવાથી લોકો મને અક્ષક્ષપણકને નામે બોલાવે છે. મેં બાલ્યાવસ્થામાં પિતાના ઘરમાં રહી શસ્ત્રકળા તથા વેદવિદ્યાનો ઘણો સારી રીતે અભ્યાસ કર્યો છે. જ્યારે મારી તરુણાવસ્થા આવી, ત્યારે મારા પિતાએ અમારા કુળને છાજતા કુળમાં મારાં લગ્ન કર્યાં. મારી મા સ્વભાવે કર્કશા, અશામ્ય ને અતિ ક્રોધી હતી. તેનો ઉગ્ર સ્વભાવ એવો હતો કે, તેને સો વાતે સમજાવીએ તોપણ તે સમજે તેવી જ ન હતી. તે મારા પિતાને ઘણી જ રંજાડતી હતી. વાત વાતમાં કજીઓ કરી આખા ગામમાં મારા રાંક પિતાને ગધેડે ચડાવતી હતી. એથી મારા પિતા કંટાળી ગયા ને ઘરનો તથા મારો ત્યાગ કરી, અમે જાણીએ નહીં તેમ, મારાં લગ્ન થયા પછી, એક દિવસે કોઈ સ્થળે ચાલ્યા ગયા. આ પ્રમાણે બનાવ બનેલો જોઈ, હું અત્યંત બીધો, પણ મેં મારી માના મનને રાજી રાખવા માટે, તેની સેવામાં મારી સ્ત્રીને સોંપી. મારી સ્ત્રી સાસુજીના કરડા સ્વભાવથી ડરીને તેની સેવામાં બારે પહોર ને બત્રીસે ઘડી તત્પર રહેવા લાગી. આખો દિવસ તેના આગળ હાજરની હાજર રહે, પાણી માંગે તો દુધ હાજર કરે, ને તેનું થુંક પડે ત્યાં લોહી નાંખે. પરંતુ મારી માને તેનાથી સંતોષ વળ્યો નહીં. તે તો રોજ રોજ કજીયો લઈને બેસવા લાગી. વાત કરતાં કજીઓ કરે, તેને કેમ



સમજાવાય? મારી માનો સ્વભાવ ઘણો જ નઠારો હતો, તેથી તે કજીયો કરી, એકદમ મુંગી બેસી રહે નહીં, પણ સઘળી વસ્તુની તપાસ કરે ( કે રખે કંઈ ગયું હોય ). કાં તો વિલાપો કરીને દીનતા બતાવે અને કાં તો છળપ્રપંચ કરે. અગ્નિમાં જે સ્વતઃ દાહકપણું છે, તેને કોણ મટાડી શકે?

મારી માતાના ખાસ ગુણો કેમે કરતાં ગયા નહીં અને મારી સ્ત્રી સાથે તે ઘણી નઠારી ચાલ ચલાવવા લાગી. તેથી તે બાપડી થોડા જ વખતમાં ઉદાસ થઈ એક દિવસ તે ઘરમાંથી નિકળીને કોણ જાણે ક્યાંઈ નાસી ગઈ. મેં તેની શોધ ખોળ કરી, પણ તેનો કશો પત્તો મળ્યો નહીં; ત્યારે મારા મનમાં ઘણો જ ખેદ થયો ને મેં પણ ઘર મૂકીને નાસી જવાનો વિચાર કીધો. એ વાત મારા સગાકુટુંબીઓના જાણવામાં આવી, એટલે તે પાપીઓએ એકઠા મળી મને બીજીવાર બળાત્કારે પરણાવ્યો. હવે નવાં વહુજી પધાર્યાં. હું નવી વહુ સાથે લગ્ન કરી તેને ઘરમાં લઈ આવ્યો, એટલે મારી માતાજીએ તે નવી વહુને પણ રંજાડવા માંડ્યું. વખત જતાં મારી નવી સ્ત્રીએ પણ ઉંચે દોરડાંની ફાંસી બાંધી, તેમાં પોતાના ગળાને ભેરવી, લટકીને આત્મહત્યા કરી.

જ્યારે મારી નવી વહુ મરણ પામી, ત્યારે તે દુઃખથી હું અત્યંત શોકાતુર થઈ ગયો; અને ઘરથી કંટાળી હું પરદેશમાં જવાને તૈયાર થયો. વળી તે વાર્તા મારા કુટુંબીઓને કાને પડી, કે તેઓ મારી પાસે આવ્યાં ને મને સમજાવ્યો. ત્યારે મેં મારી માની રીતભાત સારી રીતે વર્ણવી બતાવી. ત્યારે તેઓ મને કહેવા લાગ્યાં કે; "તું તો સમજુ છે! માનો સ્વભાવ હવે બદલાયો છે, છે તો સારી; પણ કોણ જાણે કેમ એમ વર્તે છે. એ તો ડોસાંડગરાં એવાં જ હોય, માટે સપૂતે તપાસી લેવું જોઈએ. ગમે તેમ તોપણ તારી તે જનેતા છે; એ કડવાં વેણ પણ તે કહેશે, અને સારી વસ્તુ પણ તે જ તને ખવરાવશે. બે ભાણાં હોય ત્યાં ખડખડાટ થાય, ત્યારે આપણે શું કરવું?" આમ કહી મને જતાં અટકાવ્યો; અને વધુ કહ્યું; "ભાઈ! તું શા માટે ગભરાયો છે તે તો કહે?" વળી મેં મારી માની નઠારી વર્તણુક ઘણી સારી રીતે તેઓની આગળ કહી સંભળાવી અને મેં મારા કુટુંબીઓને વધારે કહ્યું કે; "મારા પિતા પણ મારી માતાના દુઃખથી નાસી ગયા છે." તે સાંભળીને તેઓએ મારા પિતાને વનમાં જવાનાં બીજાં નવાં કારણો બતાવ્યાં, પણ તેઓને મારા બોલવા ઉપર વિશ્વાસ આવ્યો નહીં. મને ત્રીજી વાર પરણાવવા માટે ઘણો આગ્રહ કર્યો, ત્યારે મેં એક યુક્તિ રચી. મેં એક લાકડાની પુતળી કરાવીને તેની સાથે એકાંતમાં વિવાહ કરવાનો ડોળ કર્યો. ત્યાર પછી તે પુતળીને બીજા ઘરમાં લાવીને રાખી અને અંદરને બારણે આગળાં મરાવ્યાં અને તે ઓરડા ઉપર એક કામકાજ કરનારીને ચોકી રાખનારી પણ પુતળી જ રાખી, અને તેને ત્યાં ચોકી કરવાનું કહ્યું. પછી મેં મારી માતાને કહ્યું;–"જીજીરે! મેં મારી નવી વહુને બીજા ઘરમાં રાખી છે, માટે હવેથી હું તે ઘરમાં જૂદો રહીશ અને તારે પણ તારા ઓરડામાં અમારાથી જૂદું રહેવું. તારે અમારા ઘરમાં જવું નહીં અને મારી સ્ત્રી તારા ઘરમાં આવશે નહીં. તે ઘણી ભીરુ-

હૃદય છે, તેથી તારો પ્રેમ કેમ સંપાદન કરવો તે જાણતી નથી;” આ પ્રમાણે મેં મારી માતાને કહી સંભળાવ્યું, ત્યારે મારી માએ તે વાત કબૂલ કરી.

કેટલાક દિવસ ગયા પછી મારી માએ નવીવહુ સાથે કલહનો શેતાન જગાડવા માટે, તેને મળવાના ઘણા ઉપાયો રચવા માંડ્યા. પણ મેં તે કૃત્રિમ લાકડાની પુતળી, તે ઘરની અંદર રાખી હતી ને અંદરથી આગળાઓ માર્યા હતા, એટલે તે કંઈ કરી શકી નહીં. મારી સ્ત્રીને મારી માથી, મળી શકાયું નહીં. એક દિવસે મારી માતાએ પોતે હાથમાં પથ્થર લઈ ઘરના આંગણામાં ઉભી રહીને પોતાના કપાળમાં તે પથરો મારીને કપાળ ફોડ્યું. તેનું મસ્તક લોહીલુહાણ થઇ રહ્યું. પછી તે લાંબો રાગડો કાઢી રડવા લાગી. તેનો ઘાંટો સાંભળી હું તથા મારાં સઘળાં કુટુંબીઓ એકઠાં થઇને તેને પૂછવા લાગ્યાં, “માજી ! આ તમને શું થયું ? કોણે તમને માર્યાં ?” એટલે મારી માતા ઇર્ષ્યાંથી બોલી; “રહ્યા રાંડવા ! તું તે શું જોઇને બોલે છે? ઓ ભાઇઓરે, આવો આવો ! આ મારા દીકરાની વહુએ એકદમ આવી, વિના કારણ મારા માથામાં પથરો મારી, મારું માથું ફોડી નાંખ્યું છે અને મારી આ દશા કરી છે. ઓ દૈવડા ! આ તે શો કહેર ! હાય હાયરે ! હવે હું શું કરું ? હું ક્યાં જાઉં ? મરણ પામીને જ હવે તો મારે તેનો બદલો વાળવો જોઇએ !” તે સાંભળીને મારા કુટુંબીઓ મારી સ્ત્રી ઉપર રીસે ભરાયાં અને તેઓ મને ને મારી માને તેડી, જે ઓરડામાં મેં લાકડાની પુતળી મૂકી રાખી હતી, તે ઓરડાની પાસે આવ્યાં. તેઓએ આગળા ઉઘાડી, ઓરડાનું બારણું ઉઘાડ્યું. પછી અંદર ગયાં. પણ ત્યાં જઈ જુવે છે તો એક લાકડાની પુતળી સિવાય બીજું કંઇ જ નહતું. એવો વેશ જોઈ તેઓ મારી માની પુષ્કળ મશ્કરી કરી, ખૂબ હસવા લાગ્યા. મારી મા પણ શરમાઈ ગઇ. મારા સંબંધીઓને પણ ખરી ખાતરી થઈ કે, તેણે જ કુભાંડ મચાવ્યું છે. તેઓને મારા બોલવાપર પૂરતો વિશ્વાસ આવ્યો અને સર્વે ઠઠ્ઠોલી કરતાં ને હસતાં હસતાં ચાલ્યાં ગયાં.

ત્યાર પછી હું મારા દેશનો ત્યાગ કરી, મુસાફરી કરતો કરતો આ દેશમાં આવ્યો અને આ જુગારશાળામાં દાખલ થયો. અહીયાં મેં આ શાળામાં, પાંચ જણાને પાસેવતી રમતાં દીઠા. તે આ શૂરવીર તથા પરાક્રામમાં સમાન **ચંડભુજંગ**, પેલો **પાંશુપત** અને આ **સ્મશાનવૈતાલ** છે અને પેલો **કાળવરાટક** અને આ **શારિપ્રસ્તાર**. હું પણ તેઓની સાથે એવી સરતે જુગાર ખેલવા તૈયાર થયો કે, જે હારે તે બીજાનો દાસ થઈ રહે. રમતાં રમતાં તેઓ સર્વે હારી ગયા ને તેથી મારા દાસ થયા. પણ તેઓના સદ્‌ગુણોએ મારાપર વિજય મેળવ્યો છે. વાસ્તવિક રીતે હું તેમનો દાસ થઇ રહ્યો છું. તેઓની સાથે રહ્યો, તેથી હું મારા દુ:ખને વિસરી ગયો છું.

અહીં મારું નામ અવસ્થાના પ્રમાણમાં **અક્ષક્ષપણક** * પડ્યું છે તે તમો જાણજો. આ બીજા પણ ઉત્તમ અને પુણ્યવંત કુળમાં જન્મેલા છે; પરંતુ તેઓએ અહીં પોતાનું રૂપ ગુપ્ત રાખેલું છે, તેમ હું પણ ગુપ્ત તેઓની સાથે રહું છું. તેમાં પુણ્યયોગે આજ તમે અમને મળ્યા,

* પાષાનો ભિક્ષુક.



એ અમારાં ધન્યભાગ્ય માનીએ છીએ. તમે અમારા રાજા છો. અનેક ગુણ ઉપર અનુરાગ રાખનારા એવા અમોએ પણ પ્રથમ તમારી પાસેથી એવી બુદ્ધિથી ધન લીધું છે.

## શંખદત્તની કથા.

આ પ્રમાણે **અક્ષક્ષપણકે** પોતાનું ચરિત્ર **ભીમભટને** જણાવ્યું, પછી બીજાઓએ પણ પોતપોતાનાં ચરિત્રો **ભીમભટ** આગળ વર્ણવ્યાં. તે સાંભળી, તે સઘળા જુગારીઓ માટે **ભીમભટે** જાણ્યું કે, તેઓ મૈત્રી કરવા યોગ્ય છે, વિરલ છે અને વાસ્તવિક રીતે તેઓ માત્ર ધન મેળવવા માટે જુગાર કળા ધારણ કરીને ગુપ્ત રીતે રહ્યા છે. પછી તેઓ સંગે બીજી જૂદી જૂદી વાર્ત્તાઓ કરી, તે આખો દિવસ રમતગમતમાં કાઢી નાંખ્યો. સાયંકાળ થઈ એટલે પૂર્વ દિશાનું લલાટ તેજસ્વી ચંદ્રમારૂપી ચાંદલાવડે પ્રકાશવા માંડ્યું. **ભીમભટ**, **અક્ષક્ષપણક** વગેરે ૭ જુગારીઓની સાથે તે બાગમાંથી ઉઠીને તેઓને ઘેર જઈ રહ્યો. રાજકુમાર **ભીમભટ** ત્યાં રહેતો હતો, તેવામાં વર્ષાઋતુ આવી. મિત્રનો સમાગમ થશે, આમ સૂચવતો હોય તેમ વર્ષી રહેલો મેઘ ગડગડાટ કરવા લાગ્યો. આ વખતે તે ગામના પાદરપર આવેલી **વિપાશા** નામની નદી, સાગરમાં મળતી હતી, તે સમુદ્રના મોજાના પૂરજોસથી પૂર્ણ ભરાઈ ગઈ. તેના બન્ને કાંઠા છલાછલ ભરેલા હતા. તેથી તે જાણે ગાંડી થઇને આમ તેમ ઉન્માદપણું બતાવતી હોય તેવી જણાતી હતી. પણ જ્યારે જળના પ્રવાહ આવતા બંધ પડ્યા, ત્યારે તે સમુદ્ર તરફ ધસવા લાગી. આ ધમપછાડનું મોટું પૂર એક મોટા મગરમચ્છને કિનારા ઉપર ઘસડી લાવ્યું. તે મચ્છ ઘણો જ મોટો હતો, તેથી નદીના કિનારા ઉપર આવીને અટકી રહ્યો. પૂર ઉતરવા માંડ્યું, છતાં તે પાછો પાણીમાં તણાયો નહીં. નદીનું પાણી ઉતરી ગયા પછી આ મોટો મચ્છ, કિનારાપર ઉભેલાં માણસોના જોવામાં આવ્યો. તે માણસોએ અનેક હથિયારથી તે મચ્છનું પેટ ચીરી નાંખ્યું. તેમાંથી એક જીવતો બ્રાહ્મણ બહાર નિકળ્યો. તે જોઈ, સર્વ માણસો આશ્ચર્ય પામીને હાહાકાર કરવા લાગ્યા. તેમનો આશ્ચર્યમાં ગરકાવ કરનારો હોકારો સાંભળી, **ભીમભટ** પણ પોતાના મિત્રોને સાથે લઈ ત્યાં ગયો; ત્યારે પોતાના મિત્ર **શંખદત્તને** મગરમચ્છના ઉદરમાંથી બહાર નિકળેલો દીઠો. તે તરત દોડીને તેને કંઠે વળગી પડયો અને મગરમચ્છના પેટમાં રહ્યાથી તેની ચરબીનો ખરાબ ગંધ, જે તેના શરીરમાં લાગી ગયો હતો તેને જાણે તે ધોતો હોય તેમ અશ્રુધારાથી તેને સ્નાન કરાવવા લાગ્યો. **શંખદત્ત** વિપત્તિમાંથી બચ્યો, વળી મિત્રને મળ્યો તેથી આનંદથી ઉભરાઈ જવા લાગ્યો. પછી **ભીમભટે** સાનંદાશ્ચર્ય **શંખદત્તને** પૂછ્યું, ‘ભાઈ! આપણે વિખૂટા પડ્યા પછી તારું શું થયું ?’ તે સાંભળી **શંખદત્તે** પોતાની વાર્તા ટુંકામાં **ભીમભટને** કહી સંભળાવી.

“**ગંગાના** પ્રવાહમાં હું તણાતો તણાતો દૂર ગયા પછી મને એક મોટો **મગરમચ્છ** એકદમ ગળી ગયો. હું તેના મોટા પેટરૂપી ઘરમાં ઘણા દહાડા રહ્યો. જ્યારે મને ક્ષુધા લાગતી, ત્યારે છરીવતી તેના પેટનું માંસ કાપી કાપીને ખાતો હતો. આજે દૈવે જેમ તેમ કરતાં તે મગરમચ્છને આ ગામને પાદરે આણી મૂકયો, એટલે અહિંયાના માણસોએ તેના પેટને ચીરી

નાંખ્યું અને તેમાંથી હું બહાર નિકળ્યો. હે મિત્ર ! ત્યાર પછી મેં તમારાં તથા સૂર્યનાં દર્શન કર્યાં છે-રે દિશાઓ પણ આજ જ મારે માટે પ્રકાશ પામી છે. આ પ્રમાણેનું મારું વૃત્તાંત છે; તે કરતાં વધારે હું કંઇ જાણતો નથી."

આ પ્રમાણે શંખદત્તે, ભીમભટને પોતાનું વૃત્તાંત કહી સંભળાવ્યું, એટલે ત્યાં જે બીજા મનુષ્યો ઉભા હતા, તે આશ્ચર્ય પામીને આ પ્રમાણે બોલ્યા; "ગંગામાં આ પુરુષને મગરમચ્છ ગળી ગયો, તે મગરમચ્છ વળી સમુદ્રમાં તણાઈ ગયો, સમુદ્રમાંથી તે વિપાશા નદીમાં આવ્યો; વળી તે મચ્છ મરણ પામ્યો અને તેમાંથી આ પુરુષ જીવતો નિકળ્યો, એ બધું બહુ વિસ્મય પમાડનારું છે ! પણ અહા હા ! દૈવની ગતિ ગહન છે અને તેનું ચરિત્ર પણ અદ્ભુત છે." ભીમભટ પણ એ પ્રમાણે જ બોલ્યો. પછી શંખદત્તને લઇ તે અક્ષક્ષપણક વગેરેની સાથે, પોતાના ઉતારા ઉપર આવ્યો; અને ત્યાં મત્સ્યના ઉદરમાં રહી જાણે ફરી તેણે પુનર્જન્મ લીધો હોય, તેમ તેને સ્નાન કરાવી, વસ્ત્રાલંકાર ધારણ કરાવીને મોટો ઉત્સવ કર્યો અને તે મિત્રની સાથે ભીમભટ તે દેશમાં સુખરૂપ રહેવા લાગ્યો.

## હંસાવલિની કથા.

એક વખતે તે દેશમાં નાગરાજ વાસુકિનો મહોત્સવ આવ્યો. આ મહોત્સવ વખતે નગરના મહાજનો નાગદેવતાના મંદિરમાં એકઠા થયા હતા. તે મેળો જોવા માટે રાજકુમાર પણ પોતાના મિત્રમંડળ સંગાથે ત્યાં ગયો. નાગરાજ વાસુકિના મંદિરમાં સર્પનાં ગુંછળાંની પેઠે પુષ્પની માળાઓ લટકાવી દીધી હતી. પાતાળના જળ સમાન શોભતા એવા મંદિરમાં નાગરાજ વાસુકિની મૂર્તિ શોભતી હતી, તેને ભીમભટે પ્રણામ કર્યાં. પછી ત્યાંથી આગળ દક્ષિણ દિશામાં જઈ એક મોટા નાગહ્રદનાં દર્શન કર્યાં. આ તળાવમાં રાતા રંગનાં કમળો ભરપૂર ભરેલાં હતાં, તેથી જાણે સર્પની ફેણનાં રત્નોથી તળાવ ભરાઈ ગયું હોય, તેમ તે શોભતું હતું અને કાળાં કમળોને લીધે જાણે સર્પના ઝેરાગ્નિના ધૂમપટલથી ઢંકાઈ ગયું હોય, તેવું તે તળાવ જણાતું હતું; તેમ જ પવનવડે ઝાડમાંથી પુષ્પો ખરીને પાણીમાં પડતાં હતાં, તેનાથી તળાવ ભરપૂર ભરાઈ રહ્યું હતું અને જાણે વૃક્ષરાજ તેનું પૂજન કરતા હોય તેમ લાગતું હતું. એ જોઈને ભીમભટ આશ્ચર્યમાં ગરકાવ થઇને વિચાર કરે છે કે, "મુકાબલો કરતાં મને આ ઉઘડેલાં કમળોની આગળ, જે સાગરમાંથી તેના ગર્વરૂપ લક્ષ્મીદેવીને વિષ્ણુએ હર્યાં છે, તે સમુદ્ર આના આગળ બહુ જ નાનો દેખાય છે; કારણ કે આ તળાવની સૌંદર્યતાનો ગર્વ કોઈ પણ હરી શકયું નથી ?" આ પ્રમાણે ભીમભટ તે તળાવ તરફ જોઈ આશ્ચર્ય પામીને વિચાર કરે છે, એવામાં તેણે નાગહ્રદમાં નહાવા માટે આવેલી એક કન્યાને દીઠી. આ કન્યા લાટ દેશના રાજા ચંદ્રાદિત્યની કુવલયાવલિ નામની રાણીને પેટે જન્મેલી હતી. તે હંસાવલિ એવા રુડા નામથી શોભતી હતી. એ કન્યાનું અનુપમ સર્વાંગ, તેનું દેવતાઈપણું નિશ્ચય કરી આપતું હતું. પરંતુ તેનાં ચપળ નેત્રો મટકું મારીને મનુષ્યપણું જણાવતાં હતાં. તે કન્યાનું શરીર પુષ્પના જેવું કોમળ હતું, તેના ગુણ ધનુષના છેડાને પ્રાપ્ત થયા હતા અને તેનો મધ્ય ભાગ



એક મુષ્ટિમાં આવે તેવડો હતો-તેથી તે કન્યા કામદેવના ધનુષ્યબાણ જેવી શોભતી હતી. આ કન્યાએ ભીમભટને જોયો કે તરત જ પોતાનાં અણીવાળાં નેણનાં વક્ર કટાક્ષ બાણ મારી તેને ઘાયલ કર્યો. તેમ જ જગતની સૌંદર્યતાનું હરણ કરનાર ભીમભટે પણ તેના નેત્રદ્વારા તેના હૃદયમાં પ્રવેશ કરી, તેના ધૈર્યને હરી લીધું. તે કન્યા તેના ઉપર આસક્ત થઇ ગઈ. ધીમે ધીમે કામ પીડાથી તે અત્યંત અધીરી બની ગઈ અને પોતાની વિશ્વાસુ ગુપ્ત દૂતી, જે પરાયા મનુષ્યનો અભિપ્રાય જાણવામાં ઘણી જ કુશળ હતી તેને તેના મિત્રોની પાસે મોકલી, અને તે દ્વારા ભીમભટનું નામ તથા કુળ જાણી લીધું. પછી તેણે સ્નાન કર્યું, અને પછી તે પોતાના પરિજનોની સાથે ઘર તરફ જવા લાગી. પણ જતાં જતાં, વારંવાર અડપડીયાળી આંખે તે રાજકુમારની તરફ એકી નજરથી જોતી જોતી ચાલતી હતી. ભીમભટ પણ પોતાની પ્રાણવલ્લભાના પ્રેમપાશના બંધનને લીધે લડથડીયાં લેતો લેતો, મિત્રોની સાથે જેમ તેમ કરતાં ઘેર આવ્યો અને તે સુંદરીનાં દર્શનથી તે વિહ્વળ થઇ ગયો.

એવામાં રાજકુમારી હંસાવલિએ પોતાની વિશ્વાસુ એક દૂતીને, વિરહની સાંત્વના કરવા માટે, પોતાની ઇચ્છાનુસાર સંદેશો કહાવી, ભીમભટ તરફ મોકલી. તે દૂતી, એકાંતમાં ભીમભટની પાસે આવીને બોલી; 'મહારાજ ! રાજકુમારી હંસાવલિએ તમને આ પ્રમાણે સંદેશો કહાવ્યો છે, 'કામના વેગમાં તણાતા આ સ્નેહીજનને જોઈ, આપે તેનો અનાદર કર્યો, તે શું આપને યોગ્ય છે ? આપે મારો ઉદ્ધાર કરવો ઘટિત છે. આ અનાથના નાથ તમે જ છો !" ભીમભટ દૂતીના મુખદ્વારા પોતાની પ્યારીનાં વચનામૃતનું પ્રેમપૂર્વક પાન કરતો, પાછો સજીવન થઇ ગયો અને ઘણો જ પ્રસન્ન થઈ બોલ્યો,-" દૂતિ ! હું પણ કામના વેગમાં તણાઉં છું, કંઈ તટસ્થ રહ્યો નથી. આ વાત શું મારી વહાલી જાણતી નથી ? અસ્તુ ! તોપણ હવે મને આધાર મળ્યો છે, તો હું ઘણી જ ખંતથી તારી બાઈસાહેબનું વચન અમલમાં લાવીશ અને તેને કીનારે આણીશ. આજ રાત્રે હું મારી વિદ્યાના પ્રભાવથી ગુપ્ત થઈ તમારી સખીના અંતઃપુરમાં દાખલ થઇશ." તે સાંભળી ચેટી મનમાં ઘણો સંતોષ પામી અને પોતાની સખી હંસાવલિની પાસે જઈ તે વાર્તા વિદિત કીધી. હંસાવલિ પણ, પોતાના પ્રિયતમને મળવાની ઉત્કંઠાથી પોતાના ભવનમાંથી સર્વને રજા આપી અને પોતે તત્પર થઇને બેઠી.

સૂર્યનારાયણ અસ્ત પામ્યા. સાયંકાળનો સમય થયો. તુરત ભીમભટ, ગંગાજીએ આપેલી મંત્રવિદ્યાનો ઉલટો પાઠ કરી, અદૃશ્ય થઈ ગયો. પછી રાજકુમારીના નિર્જનભવનમાં પેઠો. કારણ રાજકન્યાએ આગળથી જ સઘળાં માણસોને બહાર કાઢયાં હતાં. તે રંગમહેલમાં રતિસમાગમ કરવામાં પ્રેમ ઉપજાવનાર અગરચંદનની સુગંધ ફેલાઈ રહી હતી; પંચરંગી* પુષ્પોના હારતુરા તથા ગજરાઓ લટકાવી દીધા હતા-તેને લીધે આ ક્રીડાભવન કામદેવના બગીચા જેવું દીપતું હતું. ભવનમાં અત્તરગુલાબની સુગંધ ચોમેર બહેકી રહી હતી. ત્યાં ગંગાજીએ આપેલી મંત્રવિદ્યારૂપ લતાના ફળસમાન, પોતાની પ્રાણવલ્લભાને ભીમે રમતી દીઠી. તુરત ભાગ્યશાળી ભીમ ગંગાજીએ આપેલી મંત્રવિદ્યાને સુલટી ભણીને તે રાજપુત્રી આગળ પ્રત્યક્ષ થઈ ગયો. તરત રાજકન્યાના સર્વાંગે

* કામદેવના પાંચ જાતનાં પુષ્પો, બાણ તરીકે ગણાયલાં છે.

આનંદ આનંદ વ્યાપી રહ્યો. તેનાં રોમાંચ ખડાં થઈ ગયાં અને કામને લીધે કંપ તથા ભય થયો. તે ઉભી થઈ ગઈ, એટલે તેનાં ચરણમાંનાં ઝાંઝરો ઝણકારા કરવા લાગ્યાં અને તેને લીધે એક ક્ષણ જાણે તે નૃત્ય કરતી હોય તેવી દીસવા લાગી.

રાજકુમારી હજુ કન્યાત્વસ્થામાં હતી, તેથી સ્વાભાવિક રીતે લજ્જાવશ થઈ ગઈ. તેણે નીચું નિહાળ્યું. કામમાં પ્રેરણા કરનારા પોતાના અંતઃકરણને, 'હવે મારે શું કરવું' તે વિશે જાણે ખુલાસો પૂછતી હોય, તેમ તે સ્થિર થઈ ગઈ. આ વખતે તેના શરીરમાં ભય, કંપ, રોમાંચ વગેરે પ્રત્યક્ષ દેખાતાં હતાં. પછી **ભીમ**ભટ બોલ્યો; "અલિ મુગ્ધે! જ્યારે તારા અંતઃકરણની વૃત્તિ તો પ્રત્યક્ષ દર્શન દે છે, ત્યારે ખોટી રીતે તું શરમને લીધે શા માટે તેને ઢાંકવાનો યત્ન કરે છે? જે વસ્તુ સ્પષ્ટ થઈ છે, તે વસ્તુ કેમ ઢંકાઈ શકાશે? તારા અંગમાં રોમાંચો થાય છે; તારા સ્તનના વિસ્તારથી કમખાના સાંધાઓ ફાટફાટ થાય છે. એ સર્વને કેવી રીતે ગુપ્ત રાખી શકાશે? હશે, શરમાય છે શું? આવ આણી તરફ, આપણે બન્ને વિહાર કરીએ!" આ પ્રમાણે અનેક પ્રણયનાં વચનો કહી, હંસાવલિની લાજ મૂકાવી, તેની સાથે ગાંધર્વવિધિએ લગ્ન કર્યાં. પછી તે કન્યાના મુખકમળમાં, જેમ ભ્રમર, કમળની આસપાસ રસાસ્વાદ લેવાને મચ્યો રહે છે, તેમ તેનું ચુંબન કરવામાં જ તે રાત્રિ તેણે ગાળી. પ્રભાત થયું, એટલે **ભીમ**ભટે રાજકન્યાની રજા માગી અને 'પ્રિયે! હું રાત્રિના પાછો આવીશ,' આમ કહી તે પોતાને ઘેર આવ્યો.

પ્રભાત થયું, એટલે અંતઃપુરમાં કંચુકી આવ્યો. તેણે રાજકુમારી તરફ જોયું તો તેના માથાના સઘળા કેશ ચોળાઈ પિંખાઇને ચારેમેર ફેલાઈ ગયા હતા; ગાલ ઉપર દાંતના અને નખના પ્રહાર દેખાતા હતા અને તે પોતે જાણે પ્રત્યક્ષ કામદેવનાં બાણોના પ્રહારનાં વ્રણોથી આકુળવ્યાકુળ થઈ ગઈ હોય તેવી જણાતી હતી. આ સર્વ ચિહ્નો રતિસમાગમને સૂચવનારાં હતાં: કંચુકીએ તે કન્યાના પિતાની આગળ સર્વ વાર્તા નિવેદન કીધી. રાજાએ તે વાર્તાનો નિશ્ચય કરવા માટે, રાત્રે પોતાના દૂતને અંતઃપુરની પાસેના ભાગમાં છૂપાઈ, તપાસ કરવા કહ્યું.

**ભીમ**ભટે, તે આખો દિવસ તો પોતાના મિત્રોની સાથે આનદમાં ગાળી કાઢ્યો. સાયંકાળ થયો. વળી તે અદૃશ્ય થઈ, પોતાની પ્રાણવલ્લભાના અંતઃપુરમાં ગયો. જ્યારે રાજદૂતોએ જોયું કે **ભીમ**ભટ અદૃશ્યરૂપે, કોઈ દેખે નહીં તેમ રંગભુવનમાં દાખલ થયો છે, ત્યારે માન્યું કે તે કોઈ સિદ્ધ પુરુષ હશે. પછી તેઓ ત્યાંથી બહાર નિકળી આવ્યા ને રાજાની પાસે આવીને કહ્યું; "મહારાજાધિરાજ! અમે અંતઃપુરની ચારે તરફથી બરાબર ચોકસી કરીને ચોકી કરતા હતા, છતાં તે પુરુષ અદૃશ્ય રહીને અંદર પેઠો છે." તે સાંભળી રાજાએ હુકમ કર્યો કે, "જે મનુષ્ય, આવા મજબૂત ચોકી પહેરા છતાં કુંવરીના ભવનમાં ગયો છે, તે અવશ્ય કોઈ મહાત્મા હશે, માટે તેને અહીંયા માન સાથે તેડી લાવો કે હું તેનો હેતુ જાણું. તેને નમ્રતાથી આ પ્રમાણે કહેજો:–'રાજાજી કહેછે કે તમે શા માટે મારી પાસથી ખુલ્લી રીતે કન્યાનું માગું કર્યું નહીં? તમારા જેવાએ ગુપ્ત રીતે આ શું કર્યું? અમને તમારા જેવો ગુણવાન્ જમાઈ ક્યાંથી મળે? માટે ચાલો, તમને રાજાજી બોલાવે છે.'" આવો સંદેશો કહીને રાજાએ દૂતોને મોકલ્યા. દૂતોએ



અંતઃપુરમાં કન્યાના શયનગૃહના બારણા આગળ જઈ રાજાએ કહેલો સદેશો **ભીમ**ભટને કહ્યો. **ભીમ**ભટે જાણ્યું કે, હું અંતઃપુરમાં ગુપ્ત રીતે આવું છું, તેની રાજાને ભાળ મળી છે, તો હવે છૂપાવામાં માલ નથી. તે સ્વભાવે ઘણો ગંભીર હતો, એટલે તેણે શયનગૃહમાંથી જ ઉત્તર આપ્યો; "જાઓ, તમારા રાજાને જણાવો કે હમણાં તો મધ્યરાત્રિ છે, માટે હું આવીશ નહીં; પરંતુ કાલે રાજસભામાં આવીને તમને તમામ વાર્તા યથાસ્થિત નિવેદન કરીશ." રાજાના દૂતો તુરત ત્યાંથી રાજાની પાસે આવ્યા અને બે હાથ જોડી બોલ્યા; "મહારાજ! તે પુરુષે સંદેશો કહાવ્યો છે કે, 'હું હમણાં આવતો નથી, કારણ કે રાત્રિ અંધારી છે. પણ કાલે સવારે સભામાં આવીને તમને સર્વ હકીકત જણાવીશ." તે સાંભળીને રાજા ગુપચુપ નિદ્રા કરી ગયો.

બીજે દિવસે પ્રભાતના **ભીમ**ભટ અંતઃપુરમાંથી નિકળી પોતાના મિત્રોની પાસે ગયો ને રાત્રિમાં જે વાત બની હતી, તે પોતાના મિત્રોને જણાવી. તે સાંભળી મિત્રો ઘણા ખુશી થયા. પછી **ભીમ**ભટે રાજદરબારમાં જવા માટે સ્નાનસંધ્યા કરી, ઉમદા પોશાક પહેર્યો. તેના સાત જુગારી મિત્રો પણ ઉમદા પોશાક પહેરીને શણગારાયા. પછી **ભીમ**ભટ પોતાના મિત્રોની સાથે રાજદરબારમાં–જ્યાં કચેરી ભરીને રાજા **ચંદ્રાદિત્ય** બેઠો હતો ત્યાં ગયો; અને વાંકા વળી પ્રણામ કરીને ઉભો રહ્યો. રાજાએ મહાતૈજસ રાજકુમાર **ભીમ**ભટના તેજ, ધૈર્ય અને સૌંદર્ય તરફ જોઈ, તેના વિશે બહુ ઉંચો વિચાર બાંધ્યો. પછી તેનો આદરસત્કાર કરી, સભામંડળમાં તેને યોગ્ય આસન ઉપર બેસાડ્યો અને ક્રમવાર તેના મિત્રોને પણ બેસાડ્યા. તે મિત્રો પણ પોતપોતાના ઘટતા આસન ઉપર બેઠા. આ વખતે સઘળા સભાસદોનાં નેત્રો, આ રાજકુમારની છબી નિહાળવામાં જ એકમીટનાં થઈ રહ્યાં હતાં. રાજકુમારે પણ તેઓના નેત્રદ્વારા, તેઓના મનમાં પ્રવેશ કરી દીધો હતો. એક ક્ષણ સૂધી તો સભામાં કશો પણ અવાજ સંભળાયો નહીં. પછી **ભીમ**ભટનો મિત્ર **શંખદત્ત**, તે રાજાને ઉદ્દેશી બોલ્યો; "મહારાજ! **રાધા** નગરના રાજા **ઉગ્રભટ**ના આ રાજકુમાર છે. એ વિદ્યામાં અગાધ છે અને મોહિત કરવાની મંત્રવિદ્યામાં અતિ કુશળ છે. તે વિદ્યાને લીધે એમનું પરાક્રમ ઘણુંજ પ્રૌઢ છે. એમનું નામ **ભીમ**ભટ છે. આ કુમાર અહીં આપની કન્યાનું પાણિગ્રહણ કરવા માટે આવ્યા છે." તે સાંભળતાં વેંત જ રાજાને રાત્રિના બનાવનું સ્મરણ થયું. તેણે આ કુમાર તરફ જોયું ને નિશ્ચય કીધો કે એ મારી પુત્રીનો યોગ્ય પતિ છે. પછી રાજાએ કહ્યું; "અમે ભાગ્યશાળી છીએ કે, આપ જેવા અમારા સંબંધી થવાની ઈચ્છા રાખો છો." આમ કહેતાંની સાથે તેની માંગણી સ્વીકારી.

પછી રાજા **ચંદ્રાદિત્યે** વિવાહ માટે પોતાની સંપત્તિના પ્રમાણમાં સર્વ ઠાઠમાઠ કર્યો અને મંગળ મુહૂર્ત જોઈ, એક દિવસે પોતાની પુત્રી **હંસાવલિ** સાથે **ભીમ**ભટનાં લગ્ન કર્યાં અને લગ્નની પહેરામણીમાં ઘણા હાથી, ઘોડા, ગામ, ગરાસ વગેરે આપ્યું. **ભીમ**ભટ તે સર્વ વસ્તુ લઈ તે નગરમાં જ **હંસાવલિ**ની તથા લક્ષ્મીની સાથે આનંદમાં રહેવા લાગ્યો. **લાટ** દેશનો રાજા **ચંદ્રાદિત્ય** અપુત્ર હતો. તેણે કેટલાએક દિવસ રાજ્ય કર્યું ને પોતાની વૃદ્ધાવસ્થા થવાથી, તે રાજાએ **લાટ** દેશનું સર્વ રાજ્ય પોતાના જમાઇને સોંપી વનમાં જઈ તપ કરવા માંડ્યું. રાજકુમાર **ભીમ**ભટ, **લાટ**

દેશનું રાજ્ય મળ્યા પછી કૃતાર્થ થયો અને શંખદત્ત વગેરે સાત મિત્રોની સાથે સારી રીતે રાજ કારભાર ચલાવવા માંડ્યો.

## ભીમભટનું પરાક્રમ.

એમ રાજ્ય ચલાવતાં ચલાવતાં ઘણા દિવસ વીતી ગયા. તેમાં એક દિવસે ભીમભટે દૂતો મારફતે સાંભળ્યું કે પિતા ઉગ્રભટ, પ્રયાગમાં જઈ મરણ પામ્યા છે. જ્યારે તે રાજા મરવાને તૈયાર થયા, ત્યારે તેણે રાધાનગરીની રાજ્યગાદી ઉપર નટીના પુત્ર નાના રાજકુમાર સમરભટનો અભિષેક કીધો છે. આ અશુભ સમાચાર સાંભળી, ભીમભટે પિતાના મરણથી મોટો શોક કરી સ્નાન કર્યું, પછી તેની ઉત્તર ક્રિયા કરી, અને પછી એક કાગળમાં નીચે પ્રમાણે લખીને, એક સંદેશહારકને, સમરભટ તરફ મોકલ્યો. તે પત્રમાં લખ્યું હતું કે:–"અલ્યા પાતરના જણ્યા ! મૂર્ખ! મારા પિતાના રાજ્યાસનપર બેસવાનો તને શો હક છે? એ રાજ્ય તો મારું છે. હું લાટાધિપતિ છું, માટે તારાથી સિંહાસનારૂઢ થવાશે નહીં!!" આ પ્રમાણે સંદેશો એક કાગળમાં લખી, તે કાગળ સંદેશહારકદ્વારા, પોતાનું ભુંડું ઇચ્છનારા ભાઈ ઉપર મોકલ્યો. પછી દૂત ત્યાંથી રવાના થયો અને તે રાધાનગર આવ્યો; અને રાજદરબારમાં કચેરી ભરી સમરભટ બેઠો હતો ત્યાં જઈ, તેને તે પત્ર આપ્યો અને પછી જણાવ્યું કે, હું ભીમભટનો દૂત છું. સમરભટ, ભીમભટના નામની મોહોર છાપવાળો, આવો અગત્યનો, પણ ઉદ્ધતાઈથી ભરેલો પત્ર વાંચીને ઘણો ગુસ્સે થયો અને પ્રતિસંદેશ કહાવ્યો કે: "અલ્યા દૂતડા! તારે તારા રાજાને કહેવું કે, પૂર્વે મારા પિતાએ તને કુપાત્ર જાણીને દેશમાંથી કાઢી મૂક્યો છે, માટે તારા જેવા અવિનયીને આવું મિથ્યાભિમાન ધરવું યોગ્ય નથી. શિયાળ પણ પોતાની ગુફામાં બેઠો હોય ત્યારે સિંહ સમાન થઇ રહે છે; પરંતુ જ્યારે તે સિંહ સમીપ આવે છે, ત્યારે તો શિયાળ તે શિયાળ ને સિંહ તે સિંહ જ રહે છે." આવી રીતે કેટલુંએક બડબડી, તે જ પ્રમાણે કાગળ લખી, સમરભટે પણ સામો પોતાના દૂતને ભીમભટ તરફ મોકલ્યો.

તે દૂત લાટ દેશમાં જઈ, રાજભવનના દ્વારમાં ઉભો રહ્યો અને પ્રતિહાર મારફતે અંદર કહાવ્યું કે, રાધાનગરીથી જે પ્રતિદૂત આવ્યો છે તે, રાજા ભીમભટને મળવા માંગે છે. પ્રતિહારે રાજાની આગળ આ સમાચાર જણાવ્યા કે રાજાની પરવાનગી મેળવી તે પ્રતિદૂતને સભામંડપમાં તેડી ગયો. દૂતે રાજસભામાં આવી, રાજાને સમરભટનો કાગળ આપ્યો. ભીમભટે તરત તે કાગળને ઉખેડ્યો, ને વાંચ્યો કે તેને અટ્ટહાસ્ય છૂટ્યું. પછી તેણે પોતાના ભાઈના દૂતને કહ્યું, "રાજદૂત! જા, તું તારા દેશમાં, અને મારા કહેવા મુજબ તે પાતરના જણ્યાને કહેજે. જ્યારે તેં અશ્વ લેવા માટે મારી સાથે કલહ કર્યો ત્યારે શંખદત્ત તને મારી નાંખતો હતો, પણ તે વખતે મેં ત્હને બાળક અને પિતાનો પ્યારો જાણીને બચાવ્યો હતો! પણ આજથી હું તારા અવિનયને સહન કરીશ નહીં. બેશક હું તને મારા તે પિતા પાસે મોકલી દઇશ કે જે પિતા તને અત્યંત ચાહે છે. હવે તું મારા પ્રિય પિતાની પાસે જવા તૈયાર થા અને જાણ કે હું થોડા દિવસમાં તને આવી મળીશ." આ પ્રમાણે સમરભટના દૂતને કહી તેને રજા આપી. તુરત ભીમભટે યુદ્ધયાત્રાની



તૈયારી કરવા માંડી. જ્યારે તે ચંદ્રાધિપતિ, પોતાના પૂર્ણ પ્રતાપમાં આવ્યો* અને ઉદયાચળની શીખરીરૂપ મત્તમાતંગપર આસન વાળી બેઠો, ત્યારે તેનાં દર્શન કરી, સૈન્યરૂપ સમુદ્ર ચારે તરફથી ઉભરાઈને ઘોર ગર્જના કરવા માંડ્યો. યુદ્ધ માટે આવેલા અસંખ્ય રાજકુમારો, સામંતો વગેરેથી દિશાઓ બંધ થઈ ગઈ. અસંખ્ય હાથી, ઘોડા, પાયદળ અને રથના ભારથી પૃથ્વી ડોલવા લાગી અને તે આકુળવ્યાકુળ બની ગઈ અને જાણે ભારથી ફાટીને તેના બે કટકા થતા હોય તેમ તે ભયથી રડતી જણાઇ. આ વિધિએ મહાગંજાવર સેનાસહિત રાજકુમાર ભીમભટે, રાધાનગર તરફ ચાલવા માંડ્યું. સેનાના ચરણમાંથી ઉડેલી ધૂળથી આકાશમાં સૂર્યની પ્રભા ઢંકાઈ ગઈ તથા ચારે તરફ અંધકાર છવાઈ ગયો.

આ પ્રમાણે તે ભયંકર સેનાસહિત રાજકુમાર રાધાનગરની નજીકમાં આવી પહોંચ્યો. સમરભટને તે વાર્તાની ખબર પડી, એટલે તે પણ તેના ઉપર ક્રોધ કરી, એકદમ પોતાની સેનાને તૈયાર કરી, યુદ્ધ કરવા માટે, ભાઇના આવવા પૂર્વે નગર બહાર નિકળી પડ્યો. રણસંગ્રામ શરુ થયું. પૂર્વ તથા પશ્ચિમસૈન્યસાગર એકઠા મળ્યા. બંને પક્ષના અજિત સુભટો વચ્ચે, જાણે જગતનો પ્રલય કરવા માટે લડતા હોય તેમ, ઘોર સંગ્રામ ચાલ્યો. સંગ્રામમાં શૂરાઓની ચળકાટ મારતી તરવારોના પરસ્પરના આઘાતથી અગ્નિ ઉત્પન્ન થવા લાગ્યો. તે જાણે કોપાયમાન થયેલા કાળના આગળના દાંતના કટકા થતી વખતે, જેમ તેમાંથી અગ્નિ ઉત્પન્ન થઈ આકાશમાં ફેલાઈ જાય છે, તેમ આ તેજસ્વી અગ્નિ આકાશમાં ફેલાઇ ગયો. શૂરવીરને નિહાળતી અમરસુંદરીનાં નેણબાણ જેવાં અગ્રભાગમાં અતિ તીક્ષ્ણ વિસ્તારવાળાં અને પીછાંવાળાં બાણો ચોતરફ છૂટવા લાગ્યાં; એક બીજા એક બીજા ઉપર પ્રાણની દરકાર કર્યાં વગર તૂટી પડવા લાગ્યા. સંગ્રામભૂમિ રંગભૂમિ જેવી થઈ પડી. તેનો ચંદ્રવો ધૂળનો થઈ રહ્યો; તેના વાજીત્રોનું કાર્ય સૈન્યના માણસોની ચીચીયારી સારવા લાગ્યું અને તેના નૃત્ય કરનારા તે કંપતાં ધડો બની ગયાં. સંગ્રામનો અનુપમ દેખાવ જોવા માટે આકાશચારી દેવતાઓ વિમાનમાં બેસીને આવ્યા. કેટલીએક અમરકન્યાઓ શૂરાને વરવા માટે વરમાળાઓ લઈ તૈયાર થઈ ઉભી રહી અને મુંડમાલા ધારણ કરનારી મદમત્ત થયેલી કાળરાત્રિ જેવી અત્યંત મદમત્ત લોહીની નદી, જે કરંકવાહિનીનું કામ કરતી હતી, તે પ્રાણીઓને ઘસડી જવા લાગી.

એક ક્ષણ સુધી મહાભયંકર તુમુળ યુદ્ધ ચાલુ રહ્યું. તેમાં મોટા હાથી જેવા શંખદત્તે, અક્ષક્ષપણકે અને બાહુયુદ્ધમાં ઘણા નિપુણ ચંડભુજ વગેરે શૂરા સરદારોએ તથા બળવંત પુરુષોની સહાયતાથી ધનુષધારી ભીમભટે, શત્રુની સેનાને પાયમાલ કરી નાંખી. સૈન્યનો નાશ થયલો જોઈ, રથમાં બેઠેલો સમરભટ, પ્રચંડ કોપ કરી એકદમ તેની સેના તરફ ધસ્યો આવ્યો અને મંદ્રાચળે જેમ સાગરને વલોવી નાંખ્યો હતો, તેમ તેણે રણસાગરને વલોવવા* માંડ્યો.

* જ્યારં ચંદ્રને આ અલંકાર લાગુ પાડવામાં આવે છે ત્યારે એનો અર્થ એવો થાય છે કે, ચંદ્ર ઉદય પામ્યો. † તાત્પર્ય એ છે કે મંદ્રાચળવતી મથવાથી સમુદ્રમાંથી જેમ ઉત્તમ ચૌદ રત્ન નિકળ્યાં, તેવી આશાથી સમરભટે લઢવા માંડ્યું.

હાથી ઉપર બેઠેલો **ભીમભટ** તેની સામા ધસ્યો અને બાણુવતી **સમરભટ**ના બાણુના કટકા કરી, તેના રથમાં જોડેલા ચાર ઘોડાને બાણોનો પ્રહાર કર્યો. ઘોડા તુરત યમસદનમાં પહોંચી ગયા, રથના કટકા થઈ ગયા; તે પાંઉખ્યાદો થઇ ગયો. તુરત **સમરભટ** ક્રોધ કરી, હાથમાં તોમર લઈ એકદમ **ભીમભટ**ના હાથી તરફ ધસ્યો; અને તેની નજીકમાં જઈ, તે હાથીના કુંભસ્થળ ઉપર વજ્રસમાન પ્રહાર કર્યો. તોમરના પ્રહારથી હાથી ચીચીયારી પાડતો ધબ દેતો કે જમીન ઉપર પડી મરણ પામ્યો. બન્ને જણા વાહન વગરના પાળા થઈ ગયા. પછી ક્રોધે ચઢેલા બન્નો રાજાઓ, હાથમાં ઢાલ તરવાર ધારણ કરી, દ્વંદ્વયુદ્ધ કરવા લાગ્યા. **ભીમભટ**ને અદૃશ્ય વિદ્યા પ્રાપ્ત થઈ હતી, એટલે તે અદૃશ્ય થઈ **સમરભટ**ને મારી શકે તેમ હતું, તથાપિ તેણે ધર્મ ઉપર નજર રાખી, કપટથી શત્રુને માર્યો નહીં. બન્ને જણાએ અસિયુદ્ધ શરુ કર્યું, તેમાં તરવારની લઢાઇમાં કુશળ એવા **ભીમભટે**, લડતાં લડતાં એકદમ પાતર-પુત્રનું મસ્તક છેદી નાંખ્યું અને તેને સ્વર્ગમાં મોકલી દીધો.

જ્યારે **ભીમભટે**, **સમરભટ**નો તથા તેની સઘળી સેનાનો નાશ કર્યો, ત્યારે આકાશમાં રહેલા **સિદ્ધપુરુષો**એ અને ચારણોએ, **ભીમભટ**ને જય જયકારના શબ્દોથી વધાવી લીધો. **ભીમભટે** સંગ્રામની સમાપ્તિ કરી અને બંદીજન તથા ભાટ ચારણુની સ્તુતિના શબ્દ સાંભળતાં, **રાધાનગર**માં પ્રવેશ કીધો; અને જેમ વનવાસમાં વસી, શત્રુનો સંહાર કરીને **શ્રીરામચંદ્રજી** પાછા **અયોધ્યા**માં પધાર્યાં હતા અને પોતાની માતુશ્રી **કૌશલ્યા**ને મળી તેને આનંદ ઉપજાવ્યો હતો, તેમ તેણે પણ શત્રુનો સંહાર કરી, પોતાના મિત્રો સહિત પુનઃ **રાધાનગર**માં પ્રવેશ કરી, પોતાની માતાને આનંદમાં મગ્ન કરી મૂકી. રાજાના કાર્યભારીઓ અને નગરવાસીઓ ઘણા ગુણવંત હતા. તેઓ સદ્ગુણી રાજાની સારી બુઝ જાણુતા હતા અને તેઓએ **ભીમભટ**ને જયજયકારના શબ્દથી વધાવી લીધો; અને પછી વિનતિ કરી કે, આપ આપના પિતાનું આસન અલંકૃત કરો! **ભીમભટ** તરત પોતાના પિતાના પ્રૌઢ રાજ્યાસન ઉપર બિરાજમાન થયો. પછી પોતાના પ્રત્યેક કાર્યભારીઓને અને નોકર ચાકરને સારો શિરપાવ દીધો અને તે મંગળ પ્રસંગ નિમિત્તે મહોત્સવ કર્યો. એક શુભ દિવસે **ભીમભટે** પોતાના બાળમિત્ર **શંખદત્ત**ને **લાટ**દેશના રાજ્યપર અભિષેક કર્યો અને **લાટ**દેશમાં, ત્યાંની સેનાથી શણુગારીને વિદાય કીધો. પછી **અક્ષક્ષપણુક** વગેરે બીજા મિત્રોને પણ ગામો બક્ષીસ કરી અનરગળ ધન આપ્યું અને પોતે **લાટ** રાજાની કન્યા **હંસાવલિ** સાથે, **રાધાનગર**માં રહી, પોતાના પિતાનું રાજ્ય, પોતાના તે સર્વે મિત્રો સંગે વૈભવ ભોગવતો ચલાવવા લાગ્યો. વખત વીતતાં તેણે આખી પૃથ્વીને પોતાને તાબે કરી અને જૂદા જૂદા રાજાની કન્યાનું હરણુ કરી, તેની સાથે અનુપમ વિલાસ ભોગવવામાં અત્યંત આસક્ત થઈ ગયો. તેણે પોતાના રાજ્યનો કાર્યભાર, કાર્યભારી ઉપર નાંખી દીધો અને રાત્રિ દિવસ મદિરાપાન આદિ બીજા દુર્ગણુથી વિંટાઈ વળી, અંતઃપુરમાં રાણીઓની સાથે વિહાર કરવા લાગ્યો. દહાડે દહાડે તે એટલો બધો વિલાસી થઈ ગયો કે, એક દિવસ પણ રણુવાસમાંથી બહાર નિકળવું જ બંધ કરી દીધું.



આવી રીતે ઘણા દિવસો વીતી ગયા. એક દિવસે, જાણે પૂર્વ જન્મમાં **શંકરે** જે આજ્ઞા કરી હતી, તે સમય નજીક આવ્યો હોય, તેમ **ઉત્તંક** નામના એક પ્રતાપી મુનિ, દૈવેચ્છાથી તે રાજાને જોવા માટે પધાર્યા. તેઓ રાજભવનના દ્વારપર આવીને ઉભા રહ્યા અને પ્રતિહારોને કહ્યું કે, "રાજાને નિવેદન કરો કે, **ઉત્તંક** મુનિ પધાર્યાં છે." માણુસોએ મહેલમાં જઈ જનાનામાં રહેલા રાજાને તે ઋષિનું આવવું જણાવ્યું. પરંતુ રાજા સ્ત્રીના પ્રેમમાં, ઐશ્વર્યના મદમાં ને મદ્યપાનના નશામાં એવો આંધળો બની ગયો હતો કે, તેણે કંઈ પણ સાંભળ્યું જ નહીં. મુનિ ઘણીવાર સુધી દ્વારપર ઉભા રહ્યા, તોપણુ તેને અંદર આવવાની આજ્ઞા મળી નહીં, તેથી તેઓ કોપ્યા અને રાજાને આ પ્રમાણે શાપ દીધોઃ—"એ મદમત્તથી અંધત્વ પામેલા મનુષ્ય! તારા સિંહાસનપરથી તું પતિત થા અને જંગલી મદાંધ હાથીના પદને પામ!" તે વાર્તા રાજાએ, મદ્યમદના કેફમાંથી મુક્ત થયા પછી, પોતાના માણુસોદ્વારા સાંભળી, એટલે તે તરત મદરહિત થઈ ગયો અને ભયથી એકદમ બહાર આવી, મુનિનાં ચરણુમાં પ્રણુામ કરી, દીન વચનોવડે મુનિને શાંત કરવા લાગ્યો. મહામુનિ શાંત થયા, તેમના હૃદયમાં પાછી ઘણી દયા ઉપજી, તેથી બોલ્યાઃ—"રાજા! તું હાથી તો થશે જ, તેમાં જરા પણ ફેર પડવાનો નથી; પરંતુ જ્યારે **મૃગાંકદત્ત** રાજકુમારનો મંત્રી પ્રચંડશક્તિ, **નાગરાજ**ના શાપથી પોતાના રાજકુમારથી જૂદો પડી જશે અને આંધળો થઇને આમ તેમ ફરતો ફરતો તારે ઘેર અતિથિ તરીકે આવી રહેશે, ત્યારે તું તેની પરોણા ચાકરી કરજે; પછી તેને તારું વૃત્તાંત કહી સંભળાવજે અને ત્યારે તારો આ શાપમાંથી છૂટકો થશે; અને તે પછી **શંકરે** કહેલી ગંધર્વજાતિમાં તારો જન્મ થશે અને તારો અતિથિ પણ તે જ વખતે દેખતો થશે!" આ પ્રમાણે કહી મુનિ **ઉત્તંક**, જેમ આવ્યા હતા તેમ પોતાને આશ્રમે ચાલ્યા ગયા. તુરત જ **ભીમભટ** પોતાના રાજ્યાસનપરથી પડયો. તે જંગલી હાથી થઈ વનમાં જન્મ્યો.

"હે મિત્ર! તું જાણુ કે તે **ભીમભટ** તે હું પોતે છું; અને જે **પ્રચંડશક્તિ**નું મને કહ્યું હતું તે તું છે. હું જાણું છું કે, હવે મારા શાપનો અંત આવ્યો છે." આ પ્રમાણે **ભીમભટ**હાથી, પોતાનું ચરિત્ર યથાસાંગ **પ્રચંડશક્તિ**ને સંભળાવી રહ્યો કે, તુરત તે હાથી ટળીને ગંધર્વ થઈ ગયો. **પ્રચંડશક્તિ**ને પણ આંખો આવી. તે દેખતો થયો અને જુવે તો હાથી મટી એક તેજસ્વી ગંધર્વ, તેની સામે ઉભેલો છે.

બીજા મંત્રી સહિત, લતાની ઘટામાં છૂપાઈ રહીને ઉભેલા, સમયવેત્તા **મૃગાંકદત્તે** આ સર્વ વાર્તા સાંભળી, ત્યારે તેની પૂર્ણ ખાતરી થઈ કે, આ તો મારો મંત્રી **પ્રચંડશક્તિ** છે. તે એકદમ દોડીને પોતાના મંત્રી **પ્રચંડશક્તિ**ની કોટે વળગી પડયો. પ્રચંડશકિત પણ ઓચિંતો પોતાના મિત્રને આવ્યો જોઈ, એકદમ જાણે અમૃતના વર્ષાદમાં તરબોલ થઈ ગયો હોય, તેમ તેનું શરીર શીતળતાને પામ્યું. રાજાના ચરણુમાં પ્રણુામ કરીને પછી તે તેને ભેટી પડયો. બન્ને જણા ઘણા દિવસથી વિખૂટા પડ્યા હતા, માટે ઘણીવાર સૂધી એક બીજાને ભેટી અત્યંત શોકાતુર થઈ, સારી પેઠે રડ્યા. તેઓને ગંધર્વ થયેલા **ભીમભટે** ધીરજ આપી છાના

રાખ્યા. પછી મૃગાંકદત્ત તે ગંધર્વને પ્રણામ કરીને બોલ્યો,–"હે ગંધર્વરાજ ! આ અમારો મિત્ર અમને મળ્યો અને તમારી કૃપાથી તેને પુનઃ નેત્ર આવ્યાં, એ આપનો પ્રતાપ અદ્‌ભુત છે, માટે હું તમને નમસ્કાર કરું છું." જ્યારે ગંધર્વે, રાજકુમારનું આ પ્રમાણે બોલવું સાંભળ્યું, ત્યારે કહ્યું:–"થોડા વખતમાં જે મત્રીઓ તમને મળ્યા નથી, તે સઘળા તમને આવી મળશે. શશાંકવતી તમારી પત્ની પણ થશે અને તમે આ પૃથ્વી ઉપર ચક્રવર્તી રાજા પણ થશો ! હવે પછી તમારે કોઈ કાર્યમાં ધૈર્ય તજવું નહીં, પણ સતેજ બનીને સર્વ કાય કર્યાં જવું. તમારો સર્વત્ર વિજય છે. હે મહાભાગ ! હવે હું જાઉં છું; પણ જ્યારે તમે મારું સ્મરણ કરશો, ત્યારે હું તમારી સમક્ષ આવીશ !" હાથીના દેહમાંથી મુક્ત થયેલા અનુપમ ગંધર્વરાજ **ભીમભટે**, આ પ્રમાણે કહી, પોતાની મિત્રતા પ્રગટ કરી; પછી મનોહર હાર અને બાજુબંધના ઝણઝણાટથી દિશાના મુખને ગજાવી મૂકતો થકો તે એકદમ આકાશમાં ઉડી ગયો. રાજપુત્ર મૃગાંકદત્ત પણ પોતાના મંત્રીઓ સહિત પ્રચંડશક્તિને મળી ઘણો ખુશી થયો અને મંત્રીઓની સાથે તે દિવસ તે વનમાં આનંદમાં ગુજાર્યો.

## તરંગ ૮ મો.

## મૃગાંકદત્ત અને શશાંકવતીની કથા ( ચાલુ. )

### વિક્રમકેસરી મંત્રીનું ચરિત્ર.

નૃત્ય કરતી વખતે પોતાની શુંડના પ્રહારથી, આકાશમાંથી પુષ્પની વૃષ્ટિ માફક, તારાઓનો વરસાદ વરસાવે છે, તેવા વિઘ્નનાયક ગણપતિનો જયજયકાર હો !

મૃગાંકદત્તે મંત્રીમિત્રોની સાથે તે વનમાં આખી રાત્રિ ગાળી કાઢી. બીજે દિવસે પ્રભાત થયું એટલે તે, પ્રચંડશક્તિ જેમાં મુખ્ય છે એવા મંત્રીઓની સાથે, શશાંકવતીને પરણવામાં સાહે દેનારા જે મિત્રો હજુ સુધી આવી મળ્યા નહતા, તેઓની રસ્તામાં શોધ કરતો કરતો, ઉજ્જયિની નગરી તરફ જવા લાગ્યો. માર્ગે ચાલતાં ચાલતાં તેણે, કોઈક કરાળમુખા વિકૃતવેષધારીના અંગપર બેસીને, આકાશમાંથી **વિક્રમકેસરીને** જતાં દીઠો. મૃગાંકદત્તે પોતાની સાથે રહેલા મંત્રીઓને, આંગળી કરીને આશ્ચર્ય થઇ બતાવ્યું કે, 'જુઓ, જુઓ ! આ કોઈએક પુરુષ, માણસ ઉપર ચઢીને આકાશમાં જાય છે. પણ એટલામાં તો **વિક્રમકેસરી** આકાશમાંથી સરરર્ કરતો કે નીચે ઉતર્યો. પણ તેણે વિકૃતવેશધારી પુરુષની કાંધ ઉપરથી નીચે ઉતરી પડી, મૃગાંકદત્તના ચરણમાં, જળથી ભરેલાં તેણે આવીને, સાષ્ટાંગ પ્રણામ કર્યા. મૃગાંકદત્ત, **વિક્રમકેસરીને** જોઈ ઘણો આનંદ પામ્યો. તેને પ્રેમથી દ્રઢાલિંગન કર્યું. આમ એક પછી એક સર્વે મંત્રીઓ તેને મળ્યા. પછી **વિક્રમકેસરીએ** પોતાના પેલા વિરૂપ સેવકને કહ્યું, 'હમણાં તું જા, હું જ્યારે તારું સ્મરણ કરું ત્યારે તું હાજર થજે !' તે સાંભળી વિકરાળમુખો વિકૃત પુરુષ, પોતાના સ્વામીને પ્રણામ કરી ચાલતો થયો. પછી સર્વે મિત્રો એકઠા મળીને વનમાં બેઠા.



રાજા મૃગાંકદત્તે ઘણું આશ્ચર્ય પામી, વનમાં બેઠેલા **વિક્રમકેસરીને** પૂછ્યું,–"ભાઈ! તું આટલા દિવસ ક્યાં રહ્યો હતો, તે વૃત્તાંત મને કહી બતાવ." એટલે **વિક્રમકેસરી** બોલ્યો.

નાગરાજનો શાપ થયા પછી, હું આપનાથી જૂદો પડ્યો. તે પછી, બહુ દિવસપર્યંત હું વનમાં તમારી શોધ કરવા લાગ્યો. પરંતુ તમારા કોઈનો ક્યાંઈ પણ મને પત્તો મળ્યો નહીં, ત્યારે વિચાર કરવા લાગ્યો કે; 'મારા મિત્રને ઉજ્જયિનીમાં તો જવાનું જ છે, તો હું પણ ઉજ્જયિનીમાં જઈ તેને જોઉં તો ઠીક–ત્યાં ક્યાંય પણ તેનો પત્તો મળશે ! આવો નિશ્ચય કર્યાં પછી હું ઉજ્જયિની નગરીમાં જવા માટે નિકળ્યો. જતાં જતાં માર્ગમાં ઉજ્જયિનીની પડોસમાં આવેલા એક બ્રહ્મસ્થલ નામના ગામમાં હું જઈ પહોંચ્યો. આ ગામના પાદરમાં એક તળાવ હતું. તેના કાંઠા ઉપરના એક વૃક્ષ નીચે હું વિસામો ખાવા માટે બેઠો હતો, એવામાં તે વૃક્ષ નીચે જ સર્પ કરડ્યો હતો તેની પીડાથી પીડિત થતો એક વૃદ્ધ બ્રાહ્મણ, મારી પાસે આવ્યો અને મને કહેવા લાગ્યો– "રે ઉઠ, એકદમ ઉઠ! અહીંયાથી નાસી જા! મારા બેટા નાસી જા! અહીં બેસીશ તો તને પણ સર્પ કરડશે અને જેવા મારા હાલ થયા છે, તેવા જ તારા પણ હાલ થશે. આ વાવમાં એક મોટો ઝેરી સર્પ રહે છે, તે મને કરડયો છે, તેથી હું ઘણો જ પીડા પામું છું. હવે મારાથી તે દુઃખ સહન થતું નથી; માટે હું આ વાવમાં પડીને મારા પ્રાણ ત્યાગ કરવા માટે તૈયાર થયો છું;" પણ તું નાસી જા. તે સાંભળી મને તેની બહુ દયા આવી. હું ઝેર ઉતારવાની વિદ્યા જાણતો હતો, તેથી મેં તેને દેહત્યાગ કરતાં વારી, મંત્રવિદ્યાના પ્રભાવથી તે બ્રાહ્મણના શરીરમાંથી ઝેર ઉતારી નાંખ્યું અને બ્રાહ્મણને સારો કર્યો.

પછી તે બ્રાહ્મણે અતિ ઉત્કંઠાથી, પણ બહુ જ આદરથી, મારું વૃત્તાંત. જાણવા માટે મને પ્રશ્ન કર્યું. મેં તેને સર્વ ચરિત્ર યથાસ્થિત કહ્યું. તે વૃત્તાંત સાંભળી તે ઘણો પ્રસન્ન થઇને કહેવા લાગ્યો;–"હે વીર! તેં મારા આજ પ્રાણ બચાવ્યા છે, તો તું મારી પાસેથી વૈતાળની સાધનાનો આ મંત્ર લેઃ એ મંત્ર મને મારા પિતાની પાસેથી મળ્યો છે અને જે પુરુષો મહાપરાક્રમી હોય છે તેઓને આ મંત્ર સર્વ કાર્યમાં સિદ્ધિ આપનારો થઈ પડે છે. મારા જેવા નપુંસક પુરુષોને આ મંત્ર કંઇ જ ફળદાયક નથી; કારણ કે મારા જેવા તો હંમેશાં પરાક્રમ રહિત હોય છે. વળી તે મંત્રના પ્રતાપથી મારાથી કંઇ પણ સાધન થઇ શકતું નથી." આ પ્રમાણે તે બ્રાહ્મણે મને કહ્યું. મેં તે બ્રાહ્મણને પ્રત્યુત્તર આપ્યો; "ભાઈ! મારા મિત્ર મૃગાંકદત્તથી વિખૂટા થયા પછી હવે હું તારા વૈતાળને શું કરું?" તે સાંભળીને તે બ્રાહ્મણને પુષ્કળ હસવું આવ્યું. તેણે મને કહ્યું; "અલ્યા ઓ, તું તો કોઇ બડો ગમાર જણાય છે! તને એટલી પણ ખબર નથી કે, વૈતાળને વશ કરવાથી માણસો સર્વ ઇષ્ટ વસ્તુ સંપાદન કરી શકે છે? પૂર્વે ત્રિવિક્રમસેન રાજાએ વૈતાળની કૃપાથી વિદ્યાધરનું ઐશ્વર્યપદ પ્રાપ્ત કર્યું હતું, તેની શું તને ખબર નથી? ચાલ, તેની કથા તને કહી સંભળાવું છું, એટલે તારા મનમાં ખાતરી થશે કે વૈતાળને વશ કરવાથી કેવો અલભ્ય લાભ થાય છે.

## વૈતાળ પંચવિંશી.*

### ત્રિવિક્રમસેન રાજાની કથા.

પૂર્વે ગોદાવરી નદીના કિનારા ઉપર પ્રતિષ્ઠાન નામનો એક દેશ હતો. તે નગરમાં વિક્રમસેન રાજાનો પુત્ર, ત્રિવિક્રમસેન નામનો એક રાજા રાજ્ય કરતો હતો. આ રાજા ઈંદ્ર જેવો પરાક્રમી અને પ્રખ્યાત કીર્તિવાળો હતો.

તે રાજા જ્યારે રાજસભામાં બિરાજતો હતો, ત્યારે તેની પાસે **ક્ષાંતિશીલ** નામનો એક સાધુ હંમેશાં આવતો હતો અને તે રાજાને ભેટ તરીકે નિત્ય એક ફળ અર્પણ કરતો હતો. રાજા તત્ક્ષણે તે ફળ ઉપાડી, પોતાની પાસે બેઠેલા કોશાધ્યક્ષના હાથમાં આપતો, પણ તેમાં શું છે, મને તે શા માટે આપે છે, તે વિશે કંઈ પણ પૂછપડછ કરતો નહીં. આ પ્રમાણે દશ વર્ષ સૂધી તે જતિએ, રાજાને નિત્ય એક ફળની ભેટ આપ્યા જ કીધી.

એક દિવસે તે જતિ **ત્રિવિક્રમ** રાજાના સભામંડપમાં ગયો અને રાજાની આગળ ફળ મૂકીને વિદાય થયો. દૈવયોગે એક પાળેલું વાનરું, પોતાના રખેવાળોની પાસેથી છૂટીને આ સભામાં દોડી આવ્યું. રાજાએ તે વાનરાને તે ફળ ખાવા માટે આપ્યું. જ્યારે તે વાનરે ફળ લઈને ખાવા માટે તેના બે કટકા કર્યાં, ત્યારે તેમાંથી એક રત્ન નિકળ્યું. આ રત્ન ઊંચી જાતનું ને અણમોલ હતું. રાજાએ રત્ન જોઈ, તે ઉપાડી લીધું અને કોશાધ્યક્ષને પૂછ્યું; "મને તે સાધુ જે જે ફળો ભેટ તરીકે આપતો હતો તે સઘળાં ફળો મેં તારા હાથમાં આપ્યાં છે, માટે તે ફળો તેં ક્યાં મૂક્યાં છે તે કહે." જ્યારે તે રાજાએ કોશાધ્યક્ષને આ પ્રમાણે પૂછ્યું, ત્યારે તે ગભરાયો. તે વિનતિ કરવા લાગ્યો;–"મહારાજ! મેં પણ તે ફળોને ભાગ્યા વગર જ, બારીમાંથી ખજાનામાં નાંખી દીધાં છે. જો આપની આજ્ઞા હોય તો હું ખજાનો ઉઘાડીને તેની તપાસ કરું." જ્યારે કોશાધ્યક્ષે આ પ્રમાણે કહ્યું, ત્યારે રાજાએ તેમ કરવાની આજ્ઞા આપી. કોશાધ્યક્ષ તરત ઉઠ્યો. એક ક્ષણમાં તેણે ભંડારમાં જઈ જોયું તો ફળ માત્ર ફાટી ગએલાં હતાં અને ચોમેર વેરાઈને પડવાં હતાં, તે તેના જોવામાં આવ્યાં. તેમાંથી બહાર પડેલાં રત્નો ઝળઝળાટ કરતાં હતાં. તે જોઈ તરત રાજાની પાસે આવીને તે બોલ્યો; "મહારાજ! ફળ તો ભાગીને સૂકાઈ

*વૈતાળ પંચવિંશીનો ગ્રંથ એટલો બધો તો જગવિખ્યાત છે કે, એ સંબંધી કંઈ પણ વિવેચન કરવાની આવસ્યકતા નથી. એનાં ઘણી ઘણી ભાષામાં ભાષાંતર થયાં છે, અનુકરણ થયાં છે અને કેટલેક તો નામ ઠામમાં ફેરફાર છે ખરો. અને ત્રિવિક્રમસેનને બદલે જગવિખ્યાત પરાર્થ પરમાર્થમાં મહાત્મા એવા વિક્રમાદિત્યને નામે એ ગ્રંથ લખાયો–વખણાયો–પંકાયો છે. મંગોલિયન ભાષામાં આની મતલબ સમાવીને એક ગ્રંથ થયો છે. "સિદ્ધિકરની કથાઓ" એ નામે એક ગ્રંથ યૂરોપમાં ૧૮૬૬ માં લીપીઝીકમાં છપાયો હતો, તે પણ આ જ ગ્રંથ છે. સંસ્કૃતમાં કથાર્ણવમાં તથા એક બીજા ગ્રંથમાં એનાં અનુકરણો થયાં છે. તામિલમાં એક, તૈલંગમાં બે, મરાઠીમાં એક, કેનરીમાં એક અને ગુજરાતીમાં મડાપચીસીને નામે કવિ સામળે આ વાર્તાઓ લખી છે. એક પારસીએ મરેઠીપરથી અશુદ્ધ ભાષામાં ગુજરાતી ગદ્યમાં વૈતાળપચ્ચિસી લખી છે. હિંદીમાંથી અંગ્રેજીમાં વેલીંગ્ટન સાહેબે ભાષાંતર કીધું છે.



ગયાં છે, પણ રત્નો ઝગારા કરતાં ત્યાં પડ્યાં છે!" રાજા તે કોશાધ્યક્ષના પ્રમાણિકપણા ઉપર પ્રસન્ન થયો અને તે સઘળાં રત્નો તેને ભેટ આપી દીધાં અને તુરત જ સભા વિસર્જન કરી.

બીજે દિવસે વળી સભા ભરાઈ. મોટા મોટા સુભટો, સામંતો અને મંત્રીઓ આવ્યા. નિયમ પ્રમાણે જતિ પણ આવ્યો. તેણે આવી રાજાને ફળ ભેટ કર્યું અને પછી પોતાની જગ્યા ઉપર જઈને તે બેઠો. પછી રાજાએ તેને પૂછ્યું; "એ જતિ મહારાજ! તમે દરરોજ મને મોટી અણમોલ ભેટ શા માટે આપો છો, તેનો જ્યાંસૂધી ખુલાસો કરશો નહીં, ત્યાં સૂધી હવે હું તમારી ભેટ સ્વીકારીશ નહીં." આ પ્રમાણે રાજાએ કહ્યું, એટલે તે જતિએ રાજાને એકાંતમાં તેડી જઈ તેનું કારણ આ પ્રમાણે જણાવ્યું,–"મહારાજ! મારી પાસે વીરવૈતાળને સાધવાનો મંત્ર છે, પરંતુ તેમાં સહાયતા માટે એક શૂરવીર પુરુષની જરૂર પડે છે. હે વીરેંદ્ર! હું તે કાર્યમાં તમારી સહાયતા માગું છું." જ્યારે રાજાએ તેનું તે કહેવું સાંભળ્યું, ત્યારે તુરત જ તે કાર્યમાં સહાયતા આપવાનું વચન આપ્યું. તે સાંભળી જતિ ઘણો પ્રસન્ન થયો અને પુનઃ તે રાજા પ્રત્યે બોલ્યો,–"જો આપની મને સહાયતા આપવાની સંપૂર્ણ ઈચ્છા છે, તો હું કહું તેમ કરજો. આવતી કાળી ચૌદશને દહાડે, આપણા નગરના મહાસ્મશાનમાં એક વડ છે, તેની નીચે હું તમારી વાટ જોઈને બેશીશ, ત્યાં તમે પધારજો." **ત્રિવિક્રમ** રાજાએ ઉત્તર આપ્યું; "બહુ સારું! નિઃશંક હું તમારી પાસે ત્યાં આવીશ." તે સાંભળીને **ક્ષાંતિશીલ** ગોરજી, ખુશી થતો થતો પોતાને અપાસરે આવ્યો.

કાળીચૌદશને દહાડે, મહાપરાક્રમી **ત્રિવિક્રમ** રાજાને, તે જતિએ જે વચન આપ્યું હતું, તેનું સ્મરણ થયું. રાત્રિ પડી–રાજા **ત્રિવિક્રમે**, કાળાં વસ્ત્ર ધારણ કર્યાં; માથે તમામ પુષ્પનો મુગટ ધારણ કર્યો; હાથમાં તરવાર લીધી અને કોઈ જાણે નહીં તેમ મહેલમાંથી ગૂપચૂપ બહાર નિકળીને સ્મશાન તરફ ચાલ્યો. થોડીવારમાં તે સ્મશાન ભૂમિમાં આવી પહોંચ્યો. આ વખતે ભયંકર તથા ઘોર અંધારી રાત્રી ઝમઝમ કરી રહી હતી; આખું સ્મશાન શ્યામરંગનું દેખાતું હતું; કોઈ કોઈ ઠેકાણે ચિતાઓ બળતી હતી, તેના અગ્નિની જ્વાળા ભયંકર નેત્ર સમાન દારુણ દેખાવ આપતી હતી; ચારે તરફ માણસોનાં હાડકાં ને ખોપરીઓ ઠામ ઠામ પડ્યાં હતાં, તેથી ભય વ્યાપતો હતો; વૈતાળ અને ભૂત, માંસનું ભોજન મળવાથી રાજી થઈ તાળીઓ પાડી નાચી-કુદી રહ્યાં હતાં; કોઈ કોઈ સ્થળે હવામાં ભૂતના ભડકા થઈ રહ્યા હતા, ને આ રીતે કાળભૈરવના બીજરૂપ જેવું ગંભીર અને ભયંકર તે સ્મશાન દેખાતું હતું; શિયાળિયાના મોટા શબ્દો ચોમેર ગાજી રહ્યા હતા. આ સર્વ જોયા છતાં રાજા **ત્રિવિક્રમસેન** જરાયે ગભરાયો નહીં, પણ તેને વધારે હિંમત આવી. તે એકદમ આગળ ગયો ને **સિદ્ધવડને** શોધી કાઢ્યો. પેલો ગોરજી, વડવૃક્ષ નીચે એક મંડળના ન્યાસ ધ્યાનમાં રોકાયો હતો તેની પાસે જઈ, રાજા બોલ્યો;–"ગોરજી મહારાજ! હું આપની પાસે હાજર થયો છું. જે હુકમ હોય તે ફરમાવો, એટલે તે બજાવું." જ્યારે તે ગોરજીએ તેનાં આવાં વચન સાંભળ્યાં ત્યારે તે ઘણો જ પ્રસન્ન થયો ને રાજાને કહેવા લાગ્યો; "રાજાજી! તમે જો મારા ઉપર કૃપા કરવાની જ ઇચ્છા રાખતા હો અને મારું

કાર્ય પાર પાડવાની જ ઇચ્છા ધરાવતા હો, તો અહીંથી દક્ષિણ દિશામાં, થોડે દૂર એક અશોક વૃક્ષ છે ત્યાં જાઓ. તે વૃક્ષપર એક મુડદું ઉંધે મસ્તકે લટકે છે તેને તમે જોજો. તે મુડદાંને તમે અહીં લઈ આવો અને મને મારા કાર્યમાં સહાય કરો! હે વીરેંદ્ર! રાજા ત્રિવિક્રમ પોતે શૂરવીર હતો, સત્ય પ્રતિજ્ઞાવાળો હતો, એટલે જેવું તે ગોરજીનું આ કહેવું સાંભળ્યું કે, તુરત કહ્યું,–"હું તે કાર્ય કરીશ," અને તેમ કહી, તુરત દક્ષિણ દિશા તરફ ચાલ્યો. માર્ગમાં એક ચિતા બળતી હતી તેમાંથી તેણે સળગતું ઉંબાડીયું ઉપાડી લીધું અને તેના અજવાળે અજવાળે માર્ગ કાપતો કાપતો તે મહાકષ્ટે અશોકવૃક્ષ પાસે જઈ પહોંચ્યો. તે વૃક્ષ ચિતાના ધુમાડાથી બળીને કાળું થઈ ગયું હતું; તેમાંથી બળતાં માંસની ગંધ આવતી હતી અને તે વૃક્ષ જાણે સાક્ષાત્ ભૂતાવળનું ઘર હોય તેવું જણાતું હતું. તે વૃક્ષની એક શાખાપર અદ્ધર લટકતું એક શબ તેણે જોયું. તે શબ જાણે કોઈ રાક્ષસની સ્કંધપર બેઠેલું હોય તેવું જણાતું હતું.

ત્રિવિક્રમસેન ઝડપથી તે વૃક્ષ ઉપર ચઢી ગયો અને જે દોરીથી મુડદાંને લટકાવવામાં આવ્યું હતું તે દોરી કાપી નાંખી, જમીન ઉપર તે શબને પાડ્યું. પડતાંની જ સાથે, તે શબ જાણે તેને મહા પીડા થઈ હોય તેમ મોટી ચીસ પાડી ઉઠ્યું. ભયંકર બરાડા પાડવાથી રાજાના મનમાં શંકા થઈ કે, આ સાવ મરી ગયું નથી, પણ તેમાં હજુ જીવ છે! તેથી પોતે વૃક્ષ ઉપરથી નીચે ઉતરી, તેના શરીરને પંપાળવા લાગ્યો કે જેથી તેને શાંતિ વળે! પરંતુ તે જોઇને તો ઉલટું તે મુડદું ખડખડાટ હસવા લાગ્યું. ત્યારે રાજાએ જાણ્યું કે, આ મુડદામાં વૈતાળે વાસ કર્યો છે! માટે તેણે જરા પણ ભય વગર, દૃઢતાથી તે મુડદાને પૂછ્યું; "તું કેમ હસ્યું? ચાલ આપણે બન્ને જણા અહીંથી બીજે ઠેકાણે જઇએ." પણ આમ જ્યાં ત્રિવિક્રમસેન કહે છે, એવામાં તો તે વૈતાળવાળું મુડદું, એકદમ જમીન ઉપરથી ઉડીને તે ઝાડની શાખામાં લટકી ગયું. પુનઃ તે રાજા વૃક્ષ ઉપર ચઢ્યો અને તે મુડદાંને પુનઃ જમીનપર તોડી પાડ્યું. વીર પુરુષોનું હૃદયરત્ન, વજ્રથી પણ ભેદાતું નથી, ત્યારે આવી સાધારણ બાબતમાં તે શામાટે ડરે? પછી રાજા નીચે ઉતર્યો અને તે મુડદાને પોતાની ખાંધપર લઈ, મુંગો મુંગો ચાલવા લાગ્યો. આ રીતે તે રાજા ચાલે છે ત્યાં તેના ખભાપર રહેલા શબમાં ભરાયલા વૈતાળે તેને કહ્યું; "અલ્યા રાજા! હું તને માર્ગમાં આનંદ થાય, તે માટે એક વાર્તા કહી બતાવું છું, તે તું સાંભળ."

## પ્રથમ વૈતાળ–પદ્માવતીની કથા.

વારાણસી નામની એક નગરી છે. તેમાં શંકર નિવાસ કરીને રહ્યાછે. પુણ્ય જનો જેમાં વસે છે એવી કૈલાસભૂમિની પેઠે તે નગરીમાં પણ પુણ્યશાળી લોકો વસે છે. અગાધ જળવાળી ગંગાનદી હંમેશાં આ નગરીની સમીપમાં વહે છે અને તે કાશીનગરીની કંઠમાળા હોય તેવી શોભે છે.

એ નગરીમાં પૂર્વે પ્રતાપમુકુટ નામનો એક રાજા રાજ્ય કરતો હતો. તેણે પોતાના પ્રતાપરૂપ અગ્નિથી શત્રુપક્ષના વનને બાળીને ભસ્મ કરી મૂક્યું હતું. તે રાજાને વજ્રમુકુટ નામનો એક કુમાર હતો. તેણે રૂપમાં કંદર્પના દર્પનો પણ ભંગ કીધો હતો અને પરાક્રમમાં શત્રુજનની પ્રતિષ્ઠાનું



નાક કાપી નાંખ્યું હતું. આ રાજકુમારનો એક મિત્ર, પ્રધાનપુત્ર હતો. તેનું નામ બુદ્ધિશિરા હતું. પ્રધાનપુત્ર મહાબુદ્ધિશાળી તથા રાજપુત્રને પ્રાણ કરતાં પણ વિશેષ પ્યારો હતો.

એક દિવસ રાજકુમાર પોતાના મિત્રની સાથે મૃગયા ખેલવા માટે વનમાં ગયો. રાજકુમાર માર્ગમાં ચાલતાં ચાલતાં શૌર્ય લક્ષ્મીના ચમ્મર જેવી કેશવાળીવાળાં સિંહોનાં મસ્તકોને છેદતો તથા બીજા પ્રાણીઓના પ્રાણ હરણ કરતો હતો. મૃગયામાં તલ્લીન થઇ તે ઘણે દૂર એક વનમાં આવી ચઢ્યો. તે વનમાં ઘાડા બંદિજન પેરે કોયલો ટહુકા કરી રહી હતી; ઝાડના ઝુંડની ટોચપરના કુસુમગુચ્છો ડોલી રહ્યા હતા અને જાણે અતિથિપર ચમ્મર કરતા હોય તેવું તે વન શોભતું હતું. ત્યાં તેણે અને મંત્રિપુત્રે, સ્વચ્છ તથા શીતળ જળથી ભરપૂર એક સરોવર જોયું. તે સરોવર ભાતભાતના કમળોનું* જન્મસ્થાન હોય તેવું એક સાગર દીપતું હતું. રાજકુમાર અને પ્રધાનપુત્ર આ તળાવની શોભા બેઠાંબેઠાં નિહાળે છે, તેટલામાં એક દિવ્ય કન્યા, પોતાની સખીઓ સાથે તે તળાવમાં સ્નાનાર્થે આવી. તે કન્યા પોતાના લાવણ્યની ધારાવડે, જાણે તળાવને પૂરી દેતી હોય, નેત્રપાતથી જાણે નવા શ્યામકમળના વનને સ્રજતી હોય, ચંદ્રમા કરતાં અધિક શોભાયમાન મુખવડે જાણે કમળોનો તિરસ્કાર કરતી હોય–તેવી તે રાજકન્યા, જેણે સફેત રંગના કમળને લજ્જાસ્પદ કીધાં છે તેણે–તે જ વખતે રાજકુમારને પોતાના સૌંદર્યનાં દર્શન કરાવી, તેના મનને હરી લીધું; અને તે જ પ્રમાણે તરુણ રાજકુમારે પણ, તે કન્યાના મનને એક તીક્ષ્ણ નેણબાણ મારી, એવું તો મોહિત કરી મૂક્યું કે, તે બાળાએ, પોતાને શોભા આપનારી લજ્જા અને પોતાના અલંકાર તરફ જરાપણ જોયું નહીં. તે વિકળ–વિહ્વળ જેવી બની ગઇ. રાજકુમાર વજ્રમુકુટ તે કન્યા તરફ જોઈ, મંત્રિપુત્રની સાથે આશ્ચર્યમાં ગરકાવ થઇ વિચાર કરવા લાગ્યો કે,–'એ કોની કન્યા છે?' તે કન્યાએ શણગારની ઇસારતથી પોતાનો દેશ અને પોતાનું કામ વગેરે આ પ્રમાણે તેને સમજાવ્યાં:–તેણે પુષ્પના શેખરમાંથી (મુકુટમાંથી) એક કમળ કાઢી પોતાના કાનમાં પહેર્યું; પોતાના અલંકારમાંથી દંતપત્ર લઇને ઘણી વાર સૂધી દાંતને સાફ કર્યાં. પછી એક બીજા કમળને લઈ તે મસ્તક ઉપર મૂક્યું, અને સાભિપ્રાય પોતાનો હાથ હૃદય ઉપર ધર્યો. રાજકુમાર તો તેની સંજ્ઞામાં જરાપણ સમજ્યો નહીં, પણ તેનો ચતુર મિત્ર મંત્રિપુત્ર, તે સંજ્ઞાથી સઘળું સમજી ગયો. થોડીવારમાં તે કન્યા પોતાના પરિજન સહિત સ્નાન કરી, ત્યાંથી ચાલી ગઈ; અને જેવી તે ઘેર પહોંચી કે, તુરત એક છત્રપલંગપર જતાંવારને સૂતી, પણ તેનું મન રાજકુમારને જે સંજ્ઞા કરી હતી, તે સબંધી વિચાર કરતું જ ઘેરાઈ રહ્યું.

હવે પેલો રાજકુમાર, વિદ્યા વિસરી ગયેલા વિદ્યાધરની માફક, પોતાની નગરીમાં જઈ વિરહાવસ્થામાં આવી, દુર્દશાને પામ્યો. એક દિવસે તેના મિત્ર મંત્રિપુત્રે તેની પાસે આવીને એકાંતમાં તેને પૂછ્યું; "બોલો ભાઈ! તમે આમ ઉદાસ કેમ થઈ ગયા છો? ભલા, મને તો તે કારણ જણાવો કે તમારા મુખ ઉપર ખેદનું વાદળ કાં છાઈ રહ્યું છે? કારણ હું કંઈ જોઈ શકતો નથી."

* અત્રે શ્લેષ છે. કમળ એટલે કમળફુલ ને કમળ એટલે લક્ષ્મી. સાગરમાંથી લક્ષ્મીનો જન્મ છે, તેમ જ અહીં લક્ષ્મીરૂપ કમળો જન્મેલાં છે.

પીડાથી દુઃખી થતાં હ્રદયે, રાજપુત્રે પોતાના દુઃખનું કારણ અને વિરહાવસ્થા કહી બતાવી. મંત્રિપુત્રે તેને ધૈર્ય આપ્યું અને કહ્યું,–"એ ફીકર તમે તજો, હું તમને તે સુંદરી મેળવી આપીશ." રાજકુમાર અધીરાઈથી બોલ્યો–"ભાઈ! મને હવે વાત કહેતાં પણ ઠીક લાગતું નથી, પણ ગઈ કાલે સરોવર ઉપર જે કન્યાને દીઠી હતી તેનો વિરહ મારાથી સહન થતો નથી; તેને મળવાની મને ઘણી ઉત્કંઠા થાય છે! પણ તેનું નામ, ઠામ અને વંશની મને જરાએ ખબર નથી, તો તે આપણેને કેમ મળી શકશે! તું મને વૃથા શા માટે ધીરજ આપે છે? તને વધુ કહેવાથી કંઈ મારું દુઃખ મટવાનું નથી." આ પ્રમાણે રાજકુમારે કહ્યું, ત્યારે મંત્રિપુત્ર બોલ્યો,–"શું? તે કન્યાએ તમને સંજ્ઞામાં પોતાનું નામ, ઠામ ને કુળ જણાવ્યું હતું, તેમાં તમે સમજ્યા નથી? તે કન્યાએ શણગાર સજવાનું બહાનું કાઢી, તમને સઘળું જણાવ્યું છે તે તમે કેમ ભૂલી ગયા? તેણે કાન ઉપર ઉત્પલ (કમળ) ધારણ કરીને તમને સૂચવ્યું કે, 'હું કર્ણોત્પલ રાજાના દેશમાં રહું છું. તે કન્યાએ દંતરચના કરીને તમને કહી બતાવ્યું કે, 'તે નગરમાં હું દંતઘાતકની* કન્યા છું;' તે કન્યાએ કાનમાં પદ્માભૂષણ ધારણ કરી તમને જણાવ્યું કે, 'મારું નામ પદ્માવતી છે;' અને છેવટે તેણે છાતી ઉપર હાથ મૂકી સાભિપ્રાય જણાવ્યું કે, 'તમે મારા પ્રાણ છો અને (આ હૃદય તમારું છે.) હું તમારા ઉપર જીવન ગાળું છું.' કલિંગ દેશમાં કર્ણોત્પલ નામનો એક પ્રખ્યાત રાજા રાજ્ય કરે છે; તેનો એક પ્રસાદપાત્ર દંત વૈદ્ય છે; જેનું નામ સંગ્રામવર્દ્ધન છે, તેની ત્રણ લોકમાં રત્ન સમાન પદ્માવતી નામે એ પુત્રી છે. એ કન્યા સંગ્રામવર્દ્ધનને પ્રાણ કરતાં અધિક પ્યારી છે. મહારાજ! આ પ્રમાણે મેં લોકો પાસેથી સાંભળ્યું છે. એ ઉપરથી તે કન્યાએ દેશ વગેરેની જે સંજ્ઞા કરી છે, તે મારા સમજવામાં આવી છે."

આ પ્રમાણે તે મંત્રીકુમારે, તે રાજકુમારને, કન્યાનું નામ ઠામ વગેરે જણાવ્યાં, એટલે રાજકુમાર તે બુદ્ધિશાળી મંત્રી ઉપર ફીદાફીદા થઈ ગયો. પછી તે, મંત્રીકુમારની સાથે એકાંતમાં વિચાર કરવા લાગ્યો કે, હવે શું કરવું. એક સમયે મંત્રીપુત્રને સાથે લઈ, પ્રિયાને મેળવવા માટે તે રાજકુમાર મૃગયા રમવાનું બહાનું કાઢી, પોતાના નગરમાંથી બહાર નીકળ્યો. પૂર્વે જે દિશામાં તે મૃગયા રમવા ગયો હતો, તે દિશા તરફ તે ચાલવા માંડ્યો. સાથે સીપાઇ પણ નહતા ને સફરુ પણ ન હતું, કારણ કે અર્ધ માર્ગમાં ગયા પછી, રાજકુમારે અને મંત્રીકુમારે, પવન જેવા વેગવંત ઘોડાઓને જરા ઉતાવળથી ચલાવી, પાછળ આવતા સીપાઈઓને ઠાપ આપી, બન્ને જણા ઘણે દૂર નિકળી ગયા હતા. થોડે દહાડે બંને કલિંગ દેશમાં આવી પહોંચ્યા. બન્ને કુમારે કર્ણોત્પલ રાજાના નગરમાં આવીને પૂછ્યું કે; "અહીં દંતઘાતકનું ઘર ક્યાં છે?" લોકોએ તે ઘર તેમને બતાવ્યું. તે બરાબર લક્ષમાં રાખી ઘરથી થોડે દૂર એક ડોકરીનું ઘર હતું, તેમાં રાજકુમારે ને મંત્રીકુમારે ઉતારો કીધો. મંત્રીપુત્રે અને રાજપુત્રે પોતાના ઘોડાને શેરીમાંથી ડેલીમાં લઈ આવીને બાંધ્યા; પછી તેને પાણી પાઈ, તેના મોં આગળ ખડ નાખ્યું; પછી બન્ને જણા ડોસીના ઘરમાં જઇને બેઠા. ડોસી પણ તે પરોણાની પાસે આવીને બેઠી. ક્ષણવાર પછી મંત્રીકુમારે ડોસીને કહ્યું; "માજી!

* દંતઘાતક એટલે દંતવૈદ્ય. એક બીજા કહે છે કે હાથીદાંતનું કામ કરનાર.



આ ગામમાં રાજાનો માનીતો દંતવૈદ્ય સંગ્રામવર્દ્ધન રહે છે, તેને તમે ઓળખો છો?" તે સાંભળીને પેલી વૃદ્ધ ડોસીએ વિવેક સહિત કહ્યું; "હા, બાપુ! હું તેને સારી પેઠે જાણું છું; કારણ કે તેણે હમણાં જ મને પરિચારિકા તરીકે પોતાને ઘેર રાખી છે અને હું તેની પુત્રી પદ્માવતીની આગળ મુખ્ય ધાત્રી તરીકે રહું છું. મારો દુષ્ટ છોકરો, જે જુગારી છે તે મારાં વસ્ત્ર સારાં જૂવે છે કે ચોરી જાય છે. હમણાં મારાં વસ્ત્ર સારાં નથી, તેથી હું ત્યાં જતી નથી; બાકી નિત્ય તે કન્યા પાસે હું જાઉં છું!" જ્યારે પ્રધાનપુત્રે તે ડોસીનાં તે વચન સાંભળ્યાં, ત્યારે તે ઘણો રાજી થયો અને તે ડોસીને સાડલો વગેરે વસ્ત્ર પહેરવા માટે લઈ આપ્યાં. તે લઈ ડોસી ઘણી પ્રસન્ન થઈ. પછી મંત્રીકુમારે ફરીથી ડોસીને કહ્યું; "માજીરે! તમે આમારાં મા છો, માટે અમે તમને એક ગુપ્ત વાર્તા કહીએ છીએ, તે તમારે પાર પાડી આપવી. તે વાત આ છેઃ–તમારે દંતઘાતકની પુત્રી પદ્માવતીને કહેવું કે, સરોવરપર જે રાજકુમારને તેં દીઠો હતો, તે રાજકુમાર આ નગરમાં આવ્યો છે. તેણે તારા પ્રત્યેના પ્રેમને લીધે, તને ખબર આપવા માટે મને મોકલી છે!'" તે ડોસી તેઓનું દાન લઇને તેને આધીન થઈ ગઇ હતી, માટે મંત્રીપુત્રે જે કહ્યું તે સાંભળી, 'બહુ સારું, આ ચાલી,' આમ કહી પદ્માવતીની પાસે ગઈ અને તેને કહાવ્યા પ્રમાણે સમાચાર કહ્યા અને ત્યાંથી સમાચાર લઈને એક ક્ષણમાં પાછી ફરી. જ્યારે તેને મંત્રીપુત્રે પૂછ્યું કે,–"માજી! શા સમાચાર લઇ આવ્યાં," ત્યારે તે ડોસી બન્ને જણાને કહેવા લાગી; "એકાંતમાં મેં તમારા આવવાની વાત તે કન્યાને જણાવી. તે સાંભળીને તે કન્યા રાતી પીળી થઈ જઈ, મને પુષ્કળ ગાળો ભાંડી અને પછી કર્પૂરથી ભરેલા બે હાથવતી મારા બન્ને ગાલ ઉપર તમાચો માર્યો, તેની વેદનાને લીધે હું રડતી રડતી તમારી પાસે આવી છું. બેટા! જુઓ તેણે મને કેવો તમાચો માર્યો છે તે? તેના હાથની વિંટીની છાપ મારા ગાલ ઉપર પડી ગઈ છે તેથી જણાશે."

એ સાંભળીને રાજકુમાર તો પોતાનો હેતુ પાર પડ્યો નહીં, એમ ધારી ખેદાતુર થઇ ગયો. પણ મહાબુદ્ધિશાળી મંત્રીકુમારે, રાજકુમારને એકાંતમાં તેડી જઇને કહ્યું; "તમે જરા પણ ઉદાસ થશો મા! તેની વાર્તા ગુપ્ત રાખવા માટે, આ ડોસીને ગાળો ભાંડી છે અને તેના ગાલ ઉપર સફેદ કર્પૂરવાળી પોતાની દશ આંગળીઓ ઉઠાડી છે, તે ઉપરથી તેણે એમ કહાવ્યું છે કે, 'આ શુક્લપક્ષ છે, તેમાં અજવાળીઆની દશ રાત્રિ સમાગમ કરવામાં અનુચિત છે, માટે દશ રાત્રિ સુધી સ્થિરતા કરો, પછીની વાત પછી.'" આ પ્રમાણે રાજકુમારને સમજાવીને, પછી મંત્રીકુમારે પોતાની પાસે થોડુંક સોનું હતું તે ગુપ્ત રીતે બજારમાં વેચ્યું, અને તેમાંથી સર્વ સામગ્રી ખરીદી, તે ડોસીને સોંપી. પછી તેની મારફતે ઉત્તમ ભોજન તૈયાર કરાવી, તે બન્ને જણા તે ડોસી સાથે બેસીને જમ્યા.

આમ દશ દિવસ કાઢી નાંખ્યા. અગિયારમો દિવસ થયો. ફરી મંત્રીકુમારે સમાચાર મેળવવા માટે, ડોસીને પદ્માવતીની પાસે મોકલી, તપાસ કરાવી કે હવે કેમ ચાલે છે. ડોસી પણ રોજરોજ અચ્છાં અચ્છાં મિષ્ટાન્ન ભોજન કરીને તેને આધીન થઈ ગઇ હતી, તેથી તે અતિથિના મનરંજનાર્થે તેના હુકમથી પદ્માવતીને મહેલે ગઇ અને પાછી પુનઃ બન્ને કુમારની પાસે આવી બોલી,–"આજ

હું અહીંથી પદ્માવતીની પાસે ગઇ અને બોલ્યા વગર મુંગી મુંગી ઉભી રહી; પણ તેણે સ્વેચ્છાથી હું તમારો તે દિવસનો સંદેશો લઈ ગઈ, તે અપરાધ માટે મને પોતાના હાથને અળતાવાળા કરી, ત્રણ આંગળીઓ મારી છાતી ઉપર મારી અને તેવીને તેવી હું ત્યાંથી અહીં તમારી પાસે ચાલી આવી છું.” તે સાંભળી મંત્રીપુત્રે રાજકુમારને કહ્યું કે, ‘ તમારે મનમાં કંઇ પણ બીજી શંકા કરવી નહીં. પદ્માવતીએ પોતાની ત્રણ અળતાવાળી આંગળી આ ડોસીની છાતીમાં મારીને, યુક્તિથી જણાવ્યું છે કે, ‘હું, ત્રણ રાત્રિ સૂધી રજસ્વલા છું, માટે મળી શકતી નથી.”

આ પ્રમાણે મંત્રીપુત્રે રાજકુમારને કહ્યું અને ત્રણ દિવસની વાટ જોઇ રાજકુમાર ધીર ધરી બેઠો. ત્રણ દિવસ વીતી ગયા પછી મંત્રીપુત્રે પુનઃ તે ડોસીને પદ્માવતીની પાસે મોકલી. ડોસી પદ્માવતીના મહેલમાં ગઇ, એટલે પદ્માવતીએ તે ડોસીનું તે દિવસે બહુ સારી રીતે સન્માન કર્યું. ઘણા પ્રેમથી તેને ભોજન કરાવ્યું અને સરબત વગેરે પાઇને તેને સારો દહાડો ગમ્મત કરાવી. સાંઝ પડી એટલે તે ડોસી પોતાને ઘેર આવવા તૈયાર થઇ. એવામાં બહાર રસ્તા ઉપર માણસોમાં મોટો કોલાહલ થઈ રહ્યો. લોકો મોટે મોટે બોલવા લાગ્યા કે,–‘હાય! હાય! રાજાનો હાથી ગાંડો થઇ બંદીખાનું ભાંગીને બહાર નીકળી લોકોને મારી નાંખે છે; ભાગો રે! ભાગો! નાસો રે નાસો!’ તે સાંભળી પદ્માવતીએ પેલી વૃદ્ધાને કહ્યું; ‘ ડોસી મા, તમે હમણાં મોટા રસ્તા ઉપર થઇને જશો મા; કારણ કે ત્યાં હાથીનો ભય છે. એક દોરીમાં બાજઠને બાંધી તેમાં બેસારી આ મોટી બારીમાંથી તમને અમે અમારા ઘરના બગીચામાં ઉતારીએ છીએ; તમે તે બાગમાં ઉતરી, પછી આ ઝાડ ઉપર ચઢી, સામા કિલ્લાને ઓળંઘી ચાલ્યાં જજો અને કિલ્લા પાછળ એક ઝાડ છે તે ઉપર ચઢી ત્યાંથી ઉતરીને ઘેર જજો.’ આમ કહી પદ્માવતીએ તે ડોસીને બાજઠ ઉપર બેસારી, ચેટીઓ મારફતે બારીમાંથી પાછળના બગીચામાં ઉતારી મૂકી; પછી તે ડોસી ઝાડઉપર ચઢી કિલ્લા ઉપર ઉતરી અને ત્યાંથી ઝાડ ઉપર પાછી ચ્હડી, પાછળના રસ્તા ઉપર ઉતરી પડી, ત્યાંથી પોતાને ઘેર ચાલી આવી. ત્યાં જઈ રાજકુમારને અને મંત્રીકુમારને સઘળી વાર્તા, બન્યા પ્રમાણે કહી–તે સાંભળ્યા પછી મંત્રીપુત્ર રાજકુમારને કહેવા લાગ્યો,–“મહારાજ! તમારું કાર્ય સિદ્ધ થયું છે; તે કન્યાએ યુકિતસર તમને માર્ગ પણ બતાવી દીધો છે. માટે આજ જ સાંજ પડે ત્યારે, જે માર્ગે થઇ ડોસી આવી છે, તે જ માર્ગે થઇને તમારે પદ્માવતીની પાસે જવું.”

આ પ્રમાણે મંત્રીપુત્રે સમજાવ્યું. થોડીવારમાં સૂર્યદેવ આથમી ગયા. સાયંકાળનો સમય થયો; એટલે રાજકુમાર અતિ પ્રસન્ન થયો અને તે આખો દહાડો આનંદમાં ગાળી કહાડયો. રાજકુમાર, મંત્રીના પુત્રને સાથે લઈ, ડોસીએ બતાવેલા માર્ગે થઈ, ઝાડ ઉપર ચઢ્યો; ત્યાંથી કીલ્લા ઉપર ઉતરી પડ્યો, પછી ત્યાંથી બાગમાં ઉતર્યો. બાગમાં જ્યાં મહેલનું પછવાડું પડતું હતું તેની નજીકમાં તે ગયો. તે પાછળના ભાગમાં એક બારીમાંથી દોરીએ બાંધેલી માંચી લટકતી હતી અને દાસીઓ પણ બારીઓમાંથી મ્હોડાં કાઢીને તેના આવવાની વાટ જોતી ઉભી હતી. તેણે ઇસારો કર્યો કે, “જુઓ છો શું! આ બાજઠ ઉપર બેસી જાઓ,



એટલે અમે તમને ઉપર ખેંચી લઇએ.” રાજકુમાર તરત તે માંચીપર બેઠો કે ઉપરથી દાસીઓએ તેને દોરીવતી ખેંચી લીધો. તે બારીમાંથી અંદર ઉતરી પોતાની મનમોહના પાસે ગયો અને મંત્રીપુત્ર, રાજકુમારને અંદર દાખલ થતો જોઈ, પોતાના ઉતારા ઉપર પાછો ફર્યો.

રાજકુમાર પદ્માવતીના રંગભવનમાં દાખલ થઇને જુવે છે તો પુર્ણિમાના ચંદ્રસમાન જેના મુખની કાંતિ ચારે તરફ પ્રસરી રહી છે એવી પુર્ણિમાની રાત્રિ, અમાવાસ્યાના ભયથી જાણે એકાંતભવનમાં આવીને સંતાઈ રહી હોયની શું, તેવી રીતે બેઠેલી પદ્માવતીને દીઠી. પદ્માવતી રાજાને જોઈ હિમ્મતથી ઉભી થઈ અને ઘણા દિવસથી મળવાની ઉત્કંઠાને લીધે એકદમ તેને કંઠે વળગી પડી અને તેને ખુબ જોરથી આલિંગન કીધું અને ચૂંબન આદિ સેવાથી તેનું ઘણું જ સન્માન કર્યું. રાજકુમારે તે મુગ્ધા રસીલી છબીલી નવવધૂ સાથે, પ્રેમાગ્નિની સાક્ષીએ ગંધર્વવિધિએ લગ્ન કર્યાં અને પોતાના મનની ઇચ્છા પૂર્ણ કરી ગુપ્ત રીતે તે ત્યાં જ રહ્યો.

કેટલાએક દિવસ તો બન્ને જણાએ વિહારવિલાસના આનંદમાં ગાળી કહાડ્યા; પણ એક રાત્રે રાજકુમારને પોતાનો મિત્ર યાદ આવ્યો, ત્યારે પોતાની વહાલીને કહ્યું; “પ્યારી! મારો એક દીલોજાન દોસ્ત, મંત્રીનો કુમાર, મારી સાથે આવ્યો છે; તે આ નગરમાં તારી ધાત્રીના ઘરમાં એકલો રહે છે. માટે હે તન્વાંગી! હું તેને મળી પાછો હમણાં તારી પાસે આવું છું–મને જવાની આજ્ઞા આપ.” જ્યારે પક્ષી પદ્માવતીએ તે વચન સાંભળ્યાં, ત્યારે તે બોલી ઉઠી; “પ્રિય! આર્યપુત્ર! મારે તમને કંઇ પૂછવું છે તે જરાક કહો તો! મેં તમને જે જે સંજ્ઞાઓ કરી હતી, તે તમે પોતે જ સમજ્યા હતા કે તમારો મિત્ર મંત્રિપુત્ર સમજ્યો હતો?” આ પ્રમાણે પદ્માવતીએ પૂછ્યું, ત્યારે ભોળા ભટાક રાજપુત્રે કહ્યું; “પ્યારી! હું તમારી કરેલી સંજ્ઞામાં કંઈ પણ સમજ્યો ન હતો; પણ મારા મિત્ર મંત્રીપુત્રે તેનું રહસ્ય મને સમજાવ્યું હતું. તેનું જ્ઞાન અલૌકિક છે અને તેણે જ સર્વ વિગત મને કહી છે!” પદ્માવતીએ તે સાંભળ્યું, કે તે વિચારમાં પડી ગઈ. પછી રાજકુમાર પ્રત્યે બોલી; “પ્રાણેશ! તમે બહુ જ ખોટું કર્યું. તમે તમારા આવા દીલોજાન દોસ્તના મને બહુ મોડા સમાચાર કહ્યા. જો કે એ તમારો મિત્ર છે, તોપણ તે મારો ભાઈ થાય. માટે મારે તો હમેશાં જ તેની આગતાસ્વાગતા કરવી જોઇએ ને ભોજનાદિની સંભાળ લેવી જોઇતી હતી! પણ તેમ ન થવાથી મને ભારે સોચ થાય છે!” આ પ્રમાણે પદ્માવતીએ કહી તેને જવાની રજા આપી. તુરત રાજપુત્ર જે માર્ગેથી આવ્યો હતો, તે માર્ગે થઈ તે રાત્રે પોતાના મિત્રની પાસે આવ્યો અને સઘળી વાત વિગતવાર કહી. તેમાં પોતે પોતાની સ્ત્રી આગળ સંજ્ઞા જાણવા વિશે જે વાર્તા કહી હતી, તે વાર્તા પણ પોતાના મિત્રને કહી. મંત્રીપુત્રે બીજી વાતો ઉપર તો સારો અભિપ્રાય આપ્યો, પણ રાજપુત્રે સંજ્ઞા જાણવા માટે, તેનું નામ ત્યાં જણાવ્યું, તે માટે સારો મત આપ્યો નહીં; અને કહ્યું કે; ‘ તે ગેરડહાપણવાળી વાર્તા છે.’ આ પ્રમાણે બન્નેને વાતો કરતાં કરતાં આખી રાત્રિ વીતી ગઈ અને પ્રભાત થયું.

બીજે દિવસે બન્ને જણાએ સ્નાન સંધ્યા કીધી. તે પૂરી થઈ રહ્યા બાદ, બન્ને જણા પાછા વાતચિત કરતા હતા, એવામાં પદ્માવતીની એક સખી, ભાતભાતનાં પકવાન્ન–એક થાળમાં ભરી, પાન, સોપારી, એલચી તથા લવિંગાદિ પદાર્થ લઈને ત્યાં આવી. તેણે મંત્રિપુત્રને કુશળ સમાચાર પૂછ્યા, પછી તેને માટે જે જે વસ્તુઓ આણી હતી, તે સર્વે મિષ્ટપદાર્થ તેના આગળ મૂક્યા અને તેને ભોજન કરવા માટે વિનતિ કરી ! પણ રાજકુમારને તેમાંથી ભોજન ન કરવા દેવા માટે, યુક્તિથી વાતમાં વાત કહી કે, 'અમારાં બાઈ સાહેબ, ભોજન કરવા માટે રાજકુમારની પધારવાની વાટ જોતાં બેઠાં છે, તે તરત પધારે તો ઠીક.' આમ જણાવી, કોઈ જાણે નહીં તેવી રીતે, ક્ષણ પછી તે ત્યાંથી નિકળીને ઘેર ચાલી ગઈ. તેના ગયા પછી મંત્રીકુમારે રાજકુમારને કહ્યું; "હે રાજપુત્ર ! હું તમને કંઈ આશ્ચર્ય હમણાં બતાવું છું તે તમે જુઓ!" આમ કહી પદ્માવતીએ જે પકવાન્ન મોકલાવ્યું હતું, તેમાંથી એક વસ્તુ ઉપાડીને કુતરાને નાંખી. કુતરું તે પકવાન્ન ખાતાની સાથે જ મરણ પામ્યું. તે જોઈ રાજકુમાર પૂછવા લાગ્યો;–"અરે !આ શું કૌતુક?" મંત્રીકુમાર બોલ્યો;–"એમાં વળી કૌતક શું? પદ્માવતીની આગળ તમે કહ્યું કે, મારા મંત્રીએ મને સર્વ સંજ્ઞાની સમજણ પાડી છે. તે ઉપરથી તેણે જાણ્યું કે, હું નિપુણ છું, તે કોઈ દિવસ તેનાથી તમને છૂટા પાડીશ ! તમોને સદા પોતાની પાસે, પ્રેમપાશમાં જકડી રાખવા માટે જ, તેણીએ આ ઝેરી પકવાન્ન મને મારી નાંખવા માટે મોકલાવ્યું છે. તે તમને અત્યંત ચાહે છે અને તેથી જ તેણે વિચાર્યું કે, જ્યાં સુધી હું હૈયાત છું, ત્યાં સુધી રાજકુમાર કેવળ મારે જ અધીન રહેશે નહીં, પણ મિત્રને અધીન રહેશે અને તેથી કદાચ મને છોડીને પાછો પોતાની નગરીમાં ચાલ્યો જશે. હમણાં તેનાપર તમે કોપ કરશો નહીં! હોય, સંસાર છે, સર્વના સ્વભાવ કંઈ સમાન હોતા નથી. આજથી તમે તેની સાથે એવા પ્રેમમાં તલ્લીન થાઓ કે, જેથી એ પોતાના સગાંસંબંધીને મૂકીને તમારી સાથે આવે; અને તેને માટે હું તમને જે ઉપાય બતાવું છું, તે યુક્તિથી તમારે તે સ્ત્રીનું હરણ કરવું."

આ પ્રમાણે મંત્રીકુમારે કહ્યું, ત્યારે રાજકુમાર તેનાં વખાણ કરીને બોલ્યો; "બેશક તારું નામ બુદ્ધિશિરા છે તે યથાર્થ છે–તું બુદ્ધિની સાક્ષાત્ મૂર્તિ છે!" તે જ્યાં આ પ્રમાણે તેની સ્તુતિ કરે છે, એવામાં તો અણચિંતવ્યું, બહાર રસ્તા ઉપર માણસો કોલાહલ કરવા લાગ્યાં. "અરે રે ! હાય ! હાય ! ધિક્કાર છે કાળને કે રાજાનો એકનો એક બાળકુમાર મરણ પામ્યો !" તે સાંભળીને મંત્રીપુત્ર ઘણો જ પ્રસન્ન થયો. તે રાજકુમારને કહેવા લાગ્યો; "અરે ભાઈ! તું આજ રાત્રે પદ્માવતીને મહોલે જા. ત્યાં જઈને તેને એવી તો મદિરા પાજે કે, જેની નિશામાં તે ચકચૂર બનીને બેભાન થઈ, મુડદાની માફક હાલ્યાચાલ્યા વગર પડી રહે! જ્યારે તે પૂર નિશામાં આવીને નિદ્રાવશ થાય, ત્યારે તારે તેની જાંઘ ઉપર અગ્નિથી તપેલા ત્રિશૂળનો ચાંદલો કરવો; પછી તેનાં સર્વ ઘરેણાં લઈ, પાછળની બારીએથી દોરીએ લટકીને બાગમાં ઉતરી પડવું અને ત્યાંથી ઘેર આવતા રહેવું. તે પછી જેમ આપણું સારું થાય તેમ



હું વિચાર કરીને કરીશ!" આ પ્રમાણે મંત્રીકુમારે રાજપુત્રને કહી, પછી ડુક્કરના વાળ જેવી ઝીણી ધારવાળું એક ત્રિશૂળ કરાવ્યું; તે ત્રિશૂળ રાજકુમારને આપ્યું; રાજકુમાર પણ પોતાની સ્ત્રી તથા પોતાના મિત્રના અંતઃકરણ જેવું અતિવક્ર ને કઠિન ગજવેલનું ત્રિશૂળ હાથમાં લઈ, 'તારા કહેવા પ્રમાણે વર્તીશ' આમ મંત્રીપુત્રને કહી, હંમેશની માફક રાત્રે પદ્માવતીને મહેલે ગયો. શુદ્ધ અંતઃકરણવાળા મિત્રની શિખામણમાં રાજાઓ સાચજુઠની કદી પણ તપાસ કરતા નથી, પણ તેનાં વચનને હંમેશાં માન આપે છે. રાજકુમાર પોતાની પ્રિયતમા પાસે ગયો અને ત્યાં જઈ તેને અચ્છી રીતે મદ્યપાન કરાવ્યું. જ્યારે પદ્માવતી મદિરાપાન કરીને બેભાન થઈ શય્યા ઉપર ઢળી પડી, ત્યારે રાજકુમારે તેની જાંઘ ઉપર ત્રિશૂળ તપાવીને તેનો ચાંદલો કીધો; પછી તેના શરીર ઉપરથી સઘળાં ઘરેણાં ઉતારી લીધાં; પછી પોતાને ઘેર, મિત્રની પાસે આવ્યો અને જે ઘરેણાં તે ત્યાંથી લઈ આવ્યો હતો તે મંત્રીકુમારને બતાવી, પોતે જેવી રીતે પોતાની પ્યારી સાથે વર્ત્યો હતો, તે સર્વ વાર્તા સવિસ્તર કહી બતાવી. મંત્રીકુમારના મનમાં ખાતરી થઈ કે, આપણી ઇચ્છાનુસાર કાર્ય પાર પડયું છે.

બીજી સવારના મંત્રીપુત્રે સ્મશાનમાં જઈ, એક તપસ્વીનો વેશ ધારણ કર્યો; અને પોતાની સાથે રહેલા રાજકુમારને પોતાનો શિષ્ય બનાવ્યો. આ પ્રમાણે ઠાઠમાઠ કર્યા પછી, મંત્રીપુત્રે રાજપુત્રને કહ્યું; "તમે આ ઘરેણાંમાંથી એક માળા લઈને બજારમાં વેચવા માટે જાઓ. તે વેચવાનું ડોળ ઘાલજો અને કોઈ પૂછે તો ત્રગણી ચોગણી કિંમત બતાવજો, એટલે તે કોઈ લેશે નહીં, પણ એ રીતે આખા ગામમાં તે હાર સર્વ કોઈની નજરે પાડજો. નગરમાં કદી રાજાના સીપાઈઓ તમને પકડીને પૂછે કે, 'આ હાર તને ક્યાંથી મળ્યો?' તો તમારે ગભરાયા વગર, તેઓને કહેવું કે, 'એ હમેરા ગુરુજીને બીકનેકે ખાતર દીયા હૈ, ઇસસે જ્યાદા હમકું કુછ માલુમ નહીં હૈ.'" આમ સમજાવી રાજપુત્રને માળા આપીને વિદાય કીધો. રાજકુમાર માળા લઈ તે જ વખતે નગરમાં જઈ, આમ તેમ ફરવા લાગ્યો અને સર્વ વેપારીને તે માળા બતાવવા માંડી. નગરમાં દંતઘાતક–પદ્માવતીના બાપના ઘરમાં ખાતર પડયું હતું, તેની તપાસમાં નગરરક્ષકો ફરતા હતા તેણે, રાજકુમારના હાથમાં મોતીની માળા જોઈ, શક આણી તેને પકડ્યો. અને તેને તે જ વખતે શહેરના ફોજદાર આગળ લઈ ગયા; શહેર ફોજદાર તેને જોઈ વિચાર કરવા લાગ્યો કે, 'આ સાધુ કંઈ માળાની ચોરી કરે એમ સંભવતું નથી.' તેણે તેને શાંતિથી પાસે બેસારી ધીરે ધીરે પૂછવા માંડયું; "મહારાજ! અમારા ગામમાં દંતઘાતક નામના એક શેઠ છે; તેની કન્યાનું કાલ રાત્રિના કેટલુંક ઘરેણું ચોરાયું છે. કહો, તમને આ મુક્તાવળી ક્યાંથી મળી?" તે સાંભળી યોગીના વેશમાં રહેલા રાજકુમારે કહ્યું; "હમેરા ગુરુજીને હમકુ માળા દી હૈ! ઉસકુ આકર તુમ પ્રશ્ન કરો. હમેરા ગુરુ સ્મશાનમેં મુકામ કરકે પડા હૈ!" તુરત શહેર ફોજદાર તેની સાથે સ્મશાનમાં, જ્યાં મંત્રીપુત્ર ઢોંગ મચાવીને બેઠો હતો ત્યાં ગયો અને તેને પ્રણામ કરીને પૂછ્યું; "મહારાજ! આ મોતીની માળા તમારા શિષ્યના હાથમાં ક્યાંથી આવી?" તે સાંભળી ધૂર્ત મંત્રીપુત્રે, ત્યાંથી સર્વ

માણસોને ખસેડી મૂક્યા, એટલે શહેર ફોજદારને પાસે બેસાડી કહ્યું; "હું જોગી છું અને હંમેશાં જંગલોમાં આમતેમ ભટક્યા કરું છું. ભટકતો ભટકતો દૈવયોગે એક રાત્રિને વખતે આ સ્મશાનમાં આવી ચઢ્યો, અને મેં અહીં જ મુકામ કર્યો. તે વેળા ચારે તરફથી જોગણીઓનું ટોળું એકઠું થઇને બેઠેલું અહીંયાં મારા જોવામાં આવ્યું. એમાં એક જોગણી રાજાના છોકરાને લઈ આવી હતી. તેણે તેના કાળજાને ચીરી, તેમાંથી હૃદયકમળ કાઢી, ભૈરવને અર્પણ કર્યું. આ વખતે હું દૂર બેસી હાથમાં માળા લઇને જપ કરતો હતો, ત્યાં એક જોગણી મદિરા પી ગાંડી થઇને મારી પાસે આવી, પોતાનું મોઢું વાકુંચુંકું કરવા લાગી. પછી તે મારા હાથમાંથી માળા ઝુટાવવા માંડી. મેં તેનો તિરસ્કાર કરી તરછોડી કાઢી, તોપણ તેણે ગણકાર્યું નહીં, ત્યારે મને ક્રોધ ચઢ્યો; અને મેં મંત્ર ભણી અગ્નિ ઉપજાવ્યો અને તે અગ્નિમાં ત્રિશૂળને ધગાવી, તેની જાંઘ તથા કેડ ઉપર ડામ દીધા; અને તે જ વખતે તેના ગળામાંની આ મોતીની માળા ખેંચી લીધી. એ અમ જોગી ભાઇકું કીસ કામકી હૈં, ઉસ સબબસેં એ શિષ્યકું એ બેચનેકે ખાતર નગરમેં ભેજા થા."

આ વાત સાંભળી, શહેર ફોજદાર તુરત શહેરમાં આવ્યો અને જોગીએ કહેલી સર્વ વાર્તા રાજાને જણાવી. રાજાએ પણ તે વાર્તા સાંભળીને માન્યું કે, જ્યારે દંતઘાતકની કન્યાની જ આ માળા છે, તો તેણે જ મારા પુત્રને ખાધો હશે! એ ઉપરથી તેણે તે કન્યાની જાંઘ જોવા માટે એક વૃદ્ધા, જે પોતાની સંબંધી હતી તેને મોકલી,–તપાસ કર કે તે કન્યાની જાંઘપર ત્રિશૂળનો ડામ છે કે નહીં. તેણે તપાસ કરીને રાજાને કહ્યું કે; 'હા, તે કન્યાની જાંઘ ઉપર ડામ છે!' તે સાંભળી રાજાની પરિપૂર્ણ ખાતરી થઈ કે, એ રાંડ ડાકેણે જ મારા કુંવરને ખાધો છે! આમ ખાતરી થતાં જ, રાજા પોતે તે ધૂર્ત જોગીની પાસે સ્મશાનમાં ગયો અને તે જોગીને પ્રણામ કરીને પૂછવા લાગ્યો; "મહારાજ! એ રાંડ પદ્માવતી ડાકણે મારા કુંવરનો નાશ કર્યો, તો તેના બદલામાં મારે તેને શી શિક્ષા કરવી?" તે સાંભળી યોગીવેશી મંત્રીપુત્ર બોલ્યો; "રાજન્! તેને નગરમાંથી બહાર કાઢી મૂક, એ જ શિક્ષા બસ છે!" તે સાંભળી રાજાએ તે કન્યાને નગરમાંથી બહાર હાંકી મૂકી. એ વખતે તે કન્યાનાં માતાપિતા ઘણો જ સંતાપ કરવા લાગ્યાં; પછી તે કન્યાને નગર બહાર કાઢી મૂકી અને તેને અટ્ટલરાનમાં તદ્દન નગ્નાવસ્થામાં અત્યંત દુઃખ પામતી એકલી છોડી દીધી. પ્રેમપાશમાં જકડાઈ ગયેલી પદ્માએ પોતાના પ્રાણ કાઢ્યા નહીં; કેમકે તેણે મનમાં નક્કી કર્યું હતું કે, આ સર્વ મંત્રીના પુત્રનું કારસ્તાન છે–આમ વિચારતી તે એકલી વનમાં બેસી રહી! એવામાં રાજકુમાર અને મંત્રીપુત્ર બન્ને જણા જોગીનો વેશ ઉતારી, ઘોડેસ્વાર થઈ, તે જ્યાં શોક કરતી બેઠી હતી ત્યાં આવી પહોંચ્યા. તેઓએ તેને દિલાસો દીધો. રાજકુમારે તેને પોતાના ઘોડા ઉપર બેસાડી લીધી અને પછી તેને પોતાની રાજધાનીમાં લઈ ગયો ને ત્યાં આનંદમાં તે સ્ત્રીની સાથે રંગ રમવા લાગ્યો.



અહીંયા પદ્માવતીના પિતાની શી અવસ્થા થઈ તે સાંભળ. પેલા દંતઘાતકે તો એમ જ ધાર્યું કે મારી પુત્રીને વનમાં વાઘ વરુ વગેરે માંસાહારી પ્રાણીઓ ખાઈ ગયાં હશે, તેથી તેની દીલગીરીમાં ને દીલગીરીમાં જ તે મરણ પામ્યો અને તેની પાછળ તેની સ્ત્રી પણ સતી થઇ બળી મુઈ.

આ પ્રમાણે ત્રિવિક્રમના ખભા ઉપર બેઠેલા વૈતાળે, તે રાજાને વાર્તા કહ્યા પછી પૂછ્યું, "હે રાજા ત્રિવિક્રમ! મને આ કથામાં મોટો સંશય ઉપજ્યો છે, તેનું તમે મારે માટે નિરાકરણ કરો. કારણ કે તમે બુદ્ધિશાળી પુરુષોમાં શ્રેષ્ઠ ગણાઓ છો. મને કહો કે આમાં જે સ્ત્રી પુરુષ મરણ પામ્યાં, તેનું પાપ કોને શિર? મંત્રીના પુત્રને શિરે, કે રાજકુમારને શિરે, કે પદ્માવતીને શિરે? કોણ પાપનો ભોક્તા થાય છે? હે રાજ! જો તમે જાણ્યા છતાં પણ મને સત્ય કહેશો નહીં, તો આ તમારા મસ્તકના હજારો કટકા થઈ જશે, તેમાં જરા પણ સંશય નથી!"

જ્યારે આ પ્રમાણે વૈતાળે પૂછ્યું, ત્યારે ત્રિવિક્રમસેન, જે સત્યવક્તા હતો તેને શાપનો ભય લાગ્યો, અને તેને લીધે તેણે વૈતાળને ઉત્તર આપ્યું કે; "હે યોગેશ્વર! એમાં સંશયવાળું શું છે? તેં જે ત્રણનાં નામ કહ્યાં, તેને શિરે શાનું પાપ હોય? રાજા કર્ણોત્પલને શિરે પાપ ચોંટે છે." વૈતાળ બોલ્યો,–"અરે વિક્રમ! રાજાને શાનું પાપ લાગે? પાપ તો તે કામ કરનારાં ત્રણ જણાંને લાગે કે જેને લીધે તે સ્ત્રી પુરુષો ઝુરી ઝુરીને મરણ પામ્યાં. હંસો જ્યારે ડાંગર ખાઈ જાય છે, ત્યારે કાગડાઓ કેમ અપરાધી ઠરે?" રાજા, વૈતાળને સમજણપૂર્વક કહેવા લાગ્યો: "બેશક, એ કામમાં ત્રણે જણાં નિર્દોષ છે. મંત્રીપુત્રે જે જે કામ કર્યું તે પોતાના રાજાના કલ્યાણ માટે કર્યું હતું. રાજાનું કલ્યાણ ઇચ્છવું તે મંત્રીનો ધર્મ છે, માટે તે નિર્દોષ છે. પદ્માવતી તથા રાજકુમાર એ બન્ને જણાં કામાનળમાં બળી રહ્યાં હતાં, માટે તેને પાપ પુણ્ય સમજવાની ગતિ જ ન હતી, તે તો પોતાનો સ્વાર્થ સાધવા પાછળ જ તત્પર રહેતાં હતાં, માટે તેઓ પણ પાપી ગણાય નહીં. પણ રાજા કર્ણોત્પલ, પોતે નીતિશાસ્ત્ર જાણતો નહતો, ત્યારે તેણે દૂતો મારફતે પોતાની પ્રજામાં જે જે કાળાં કર્મો થતાં હતાં તે શોધવાની જરૂર હતી. તે ધર્મ તે ચૂકયો, તેથી જ તે ધૂર્ત લોકોનાં ચરિત્ર તથા ગુપ્તાભિપ્રાય જાણવામાં કુશળ ન રહ્યો. તેને લીધે જ તેણે વિચાર કર્યા વગર ન્યાય કીધો હતો અને તેને લીધે જ તે પાપનો ભાગી થયો છે."

જ્યારે આવી રીતે રાજાએ ભયને લીધે પોતાનું મૌનવ્રત ત્યજી વૈતાળને સારી રીતે ઉત્તર આપ્યું કે તે જ વખતે મનુષ્યની કાયામાં રહેલો વૈતાળ, માયાથી તે રાજાની દૃઢતાની કસોટી કસવા માટે, અચાનક તેની ખાંધ ઉપરથી જણાય નહીં તેમ અદૃશ્ય થઈ ગયો. તે જોઈ નિર્ભય રાજા, જરાપણ ડગ્યા વગર પુનઃ તે વૈતાળને પકડવા માટે ચાલ્યો. *

---

* આ વાર્તાને બહુ અંશે મળતી ૧૧ મી વાર્તા મડાપચ્ચીસીમાં કવિ સામળે લખી છે. તેમાં નામ ઠામ તથા રામસ્યાનો પ્રકાર જુદો જ છે.

## તરંગ ૯ મો.

## વૈતાળ પંચવિંશી.

### બીજો વૈતાળ–ત્રણ તરુણ બ્રાહ્મણોની કથા.

જ્યારે તે વૈતાળ રાજાની આંખ મીંચાવીને ઓચિંતો અલોપ થઈ ગયો, ત્યારે રાજા ત્રિવિક્રમસેન તે વૈતાળને લેવા માટે, પુનઃ પૂર્વના અશોકવૃક્ષ તરફ ચાલ્યો. તે વૃક્ષની પાસે આવીને જૂવે છે તો, રાત્રિ છતાં પણ એક ચિતા બળતી હતી અને તેના પ્રકાશને લીધે જમીન ઉપર પડેલાં ને ચીસો પાડતાં એક મુડદાને તેણે દીઠું. રાજાએ તે મુડદાનાં શરીરમાં રહેલા વૈતાળ સાથે તેને પોતાની ખાંધ ઉપર લીધું અને મુંગે મોઢે તે ઉતાવળે ઉતાવળે ચાલવા લાગ્યો. પછી રાજાની ખાંધ ઉપર રહેલો વૈતાળ પુનઃ રાજાને કહેવા લાગ્યો; "અલ્યા વિક્રમા! તેં જે શ્રમ માથે ઉઠાવ્યો છે તે તને અણઘટતો અને ક્લેશદાયક છે અને તે તારા જેવા સત્યવાદી ને વીર પુરુષને યોગ્ય પણ નથી. પણ હવે તારા મનરંજનાર્થે એક કથા કહી બતાવું છું, તે તું સાંભળ.

કાલિંદી–યમુના નદીના કિનારા ઉપર બ્રહ્મસ્થળ નામનું એક દાનમાં મળેલું ગામ છે. તે ગામમાં અગ્નિસ્વામી નામનો એક બ્રાહ્મણ રહેતો હતો. તે વેદ પારંગત હતો. તેને ત્યાં એક કન્યા જન્મી. તેનું નામ તે બ્રાહ્મણે મંદારવતી પાડ્યું. બેશક, જ્યારે બ્રહ્માએ આ નવીન ને અનુપમ સૌંદર્યવાળી કન્યાને ઘડી, ત્યારે તેણે નિઃશંકપણાથી, પૂર્વે જે સ્વર્ગની અપ્સરાઓને સર્જી હતી તેની નિંદા કરવા માંડી હશે, એવી તે કન્યા લાવણ્યવતી હતી. જેમ જેમ તે કન્યા તરુણાવસ્થાને પામતી ગઈ, તેમ તેમ તેના અંગ ઉપર કુદરતી લાવણ્ય નજરે પડવા લાગ્યું.

એક વખતે ગામમાં કાન્યકુબ્જગામથી ત્રણ વિદ્વાન બ્રાહ્મણો આવ્યા. આ ત્રણે વિદ્વાનો ગુણમાં સમાન હતા. તે ત્રણે બ્રાહ્મણપુત્રોએ તે કન્યાના પિતા પાસે જઈ, પોતપોતાને માટે તેનું માગું કર્યું, અને તે ત્રણે એમ જ ધારતા હતા કે, જો તે મારા વગર બીજાને આપે તો મારે પ્રાણ ત્યાગ કરવો, પણ તેના પિતાએ તે કોઈને પણ તે કન્યાનું દાન દીધું નહીં, કેમકે તેને ભય હતો કે, જો તે કોઈ પણ એકને કન્યા આપશે તો બીજાના મોતનું તે કારણ થઈ પડશે. તેથી તેણે તે કન્યાને કુંવારી જ રાખી. તે ત્રણ બ્રાહ્મણપુત્રો પણ રાત દિવસ ત્યાં જ પડ્યા રહી, તે કન્યાના મુખચન્દ્ર ઉપર એક દૃષ્ટિ કરી ચકોરનું વ્રત ધારણ કરી બેઠા.

એક સમે, તે કન્યા મંદારવતીને અણચિંતવ્યો અગ્નિસમાન તાવ લાગુ પડ્યો. તે કન્યા મરણ પામી. તે બ્રાહ્મણના પુત્રો મરણ પામેલી કન્યાનો અફસોસ કરવા લાગ્યા અને ઘણા વિહ્વળ બની ગયા. પછી તે કન્યાને શણગારી તેને ઠાઠડીમાં સુવાડી સ્મશાનભૂમિમાં લઈ ગયા. ત્યાં તેને અગ્નિસંસ્કાર કરવામાં આવ્યો.



તે દિવસથી ત્રણમાંથી એક બ્રાહ્મણકુમાર તે સ્મશાનમાં જ નાનો મઠ બાંધી, તે સ્ત્રીની રાખની શય્યા કરી, ત્યાં રહીને અયાચિતવ્રત ધારણ કરી–કોઈ આપે તો લેવું, નહીંતર માગવું નહીં, એમ ભિક્ષા ઉપર નિર્વાહ ચલાવવા લાગ્યો. બીજો બ્રાહ્મણ તે સ્ત્રીનાં ફુલ (હાડકાંની ઝીણી ઝીણી કરચો), ગંગા નદીમાં પધરાવવા ગયો અને ત્રીજો બ્રાહ્મણ તાપસ થઈ પરદેશમાં ભટકવા લાગ્યો.

જે ત્રીજો બ્રાહ્મણ, તાપસ થઈ દેશયાત્રા કરવા નિકળ્યો હતો, તે કોઈક કાળે વ્રજલોક નામના ગામમાં જઈ ચઢ્યો. ત્યાં તે કોઈએક બ્રાહ્મણને ઘેર પરોણો થઈને ઉતર્યો. ઘરના ધણીએ તે અતિથિની સેવા પૂજા કરીને જમવા માટે બેસાર્યો. પણ તે તાપસ બ્રાહ્મણ ભોજન કરે છે, એવામાં તે બ્રાહ્મણનું એક બાળક, ખૂબ જોરથી ભેંકડો તાણી રડવા લાગ્યું. તેને છાનો રાખવાના ઘણાએ ઉપાયો કર્યા, તોપણ તે જ્યારે રડતો રહ્યો જ નહીં, ત્યારે તે છોકરાની માએ ઘણો ગુસ્સો કરી, પોતાના તે પુત્રને, બે હાથથી ઉપાડી, બળતા અગ્નિમાં હોમી દીધું! અને જેવું તે બાળકને અગ્નિમાં હોમ્યું, તેવુંજ તે કુમળા અંગવાળું બાળક, બળીને ખાખ થઈ ગયું!!

તે પરોણા તપસ્વીએ આવું સાહસ કર્મ જોયું, ત્યારે તે ચમકી ગયો. તેના શરીરના રુંવાટે રુંવાટાં ખડાં થઈ ગયાં અને તેનાથી રહેવાઈ શકાયું નહીં, તેથી તે બોલી ઉઠ્યો; "હાય! હાય! બહુ ભુંડું થયું! હું આ બ્રહ્મરાક્ષસના ઘરમાં ક્યાંથી આવી લાગ્યો? હવે મારા શા હાલ થશે? આ તો મૂર્તિમંત પાતિકનું જ મંદિર જણાય છે! ફટ્ જીવડા! હવે તું શું પાતકીનું ભોજન લેશે? ના, ના, હવે આ ઘરમાં ભોજન લઈ શકાય નહીં." આ પ્રમાણે તે બ્રાહ્મણ બોલ્યો, તે સાંભળી તે ગૃહસ્થે કહ્યું; "મહારાજ! હું મૃતસંજીવિની ( મરણ પામેલાને જીવતાં કરનારી) વિદ્યા જાણું છું, તો હવે તમે તેનું પરાક્રમ જુઓ!" આ પ્રમાણે કહી, જે પોથીમાં મૃતસંજીવિનીનો મંત્ર હતો તે પોથી બહાર કાઢી, તેનો પાઠ કરી, ચપટી ધુળ મંત્રી, તે મંત્રેલી ધૂળ અગ્નિમાં નાંખી, એટલે પલકવારમાં તે અગ્નિમાંથી, પ્રથમના જેવો સાજો તાજો સારો રમતો હસતો જીવતો બાળક બહાર નિકળી આવ્યો. તુરત તે તપસ્વી અતિથિ શાંત થઈને પાછો જમવા લાગ્યો. પેલા ગૃહસ્થે, પાછી તે મંત્રની પોથીને લુગડામાં બાંધી, એક ખીલી ઉપર લટકાવી દીધી; અને ભોજન કરી રાત્રે તે અતિથિ સાથે તે જ ઘરમાં સૂતો.

જ્યારે ઘરનાં બીજા માણસો સુઈ ગયાં ને અર્ધરાત્રિનો વખત થયો, ત્યારે તે અતિથિ થયેલા તપસ્વીએ વિચાર કર્યો કે; 'આ વખતે કોઈ પણ જાગતું નથી, તક સારી છે, માટે જો મૃતસંજીવિની મંત્રની પોથી ચોરીને હું નાસી જાઉં અને તેના બળથી મારી સ્ત્રીને જીવતી કરું તો ઠીક!' આવો વિચાર કરી તે ઉભો થયો ખરો, પરંતુ ડરવા લાગ્યો કે રખેને આ બ્રાહ્મણ જાગશે ને જાણશે તો મારી ભુંડી વલે થશે! આ વિચારથી ડરતાં ડરતાં પણ તેણે ખીલી ઉપરથી મંત્રની પોથીને ઉતારી, બગલમાં મારી અને એકદમ ઘરની બહાર નિકળી મુઠીઓ વાળી નાસવા લાગ્યો.

તે રસ્તામાં ક્યાંઈ પણ રાતવાસો રહ્યો નહીં, પણ જ્યાં પોતાના મને માનેલી સ્ત્રીને બાળી હતી, ત્યાં પરભાર્યો સ્મશાનમાં આવ્યો. બીજો બ્રાહ્મણ, જે તે સ્ત્રીનાં હાડકાં લઈને ગંગાજીમાં

પધરાવવા માટે ગયો હતો, તે પણ તે જ વખતે તે સ્મશાનમાં આવી પહોંચ્યો. પેલા મંત્રવિદ્યાની પોથીવાળા બ્રાહ્મણે, તે સ્મશાનમાં ઝુંપડી બાંધી, રાખ ઉપર શયન કરનારાને અને ગંગાજીથી આવેલા બન્નેને કહ્યું; "ભાઈ! આ ઝુંપડી વેગળી લઈ જાઓ, કારણ કે હું એક મંત્રવિદ્યાના પરાક્રમથી, હમણાં ને હમણાં જ, અગ્નિમાં બળી મરેલી મારી પ્યારીને રાખમાંથી સજીવન કરું છું તે જુઓ!" આ પ્રમાણે તે તાપસે બન્ને જણાને ઘણા સમજાવ્યા અને જ્યારે સમજ્યા નહિ ત્યારે તેની ઝુંપડીને એક તરફ ઉડાડી દઈ, પોતાની પોથી છોડી, તેમાંથી પેલો મૃતસંજીવિની વિદ્યાનો મંત્ર ભણ્યો. પછી ધૂળને મંત્રી અગ્નિમાં જેવી નાંખી, તેવી જ મંદારવતી, અગ્નિમાંથી જીવતી થઇને બહાર નિકળી. તે બાળા અગ્નિમાંથી નિકળી હતી, તેથી તેનું પૂર્વનું અંગ તદ્દન બદલાઈ ગયું હતું. હમણાં તે સુવર્ણની પ્રતિમા હોય તેવી શોભતી હતી.

પછી પેલા ત્રણે જણાએ, ફરીથી જીવતી થયેલી તે રૂપવતી સ્ત્રીને જોઈ, એટલે પાછા કામવ્યાકુળ થઈ તેને પરણવા માટે માંહોમાંહે ઝઘડો કરવા લાગ્યા. એક જણ બોલ્યો કે; "એ મારી પ્રિયા છે, કારણ કે મેં તેને મંત્રના બળથી સજીવન કરી છે!" બીજાએ કહ્યું; "ચલરે ચલ છોકરી! એ તો મારી છે, કારણ કે મેં તીર્થાટન કર્યું, તેના પ્રતાપથી એ પાછી સજીવન થઈ છે, તારું શું લાગેવળગે છે? ચાલ દૂર જા!" એવામાં ત્રીજો બોલી ઉઠ્યો; "જાઓ રે જાઓ, ભલા થઇને ઘેર, નહીં તો એકાદ થપડ ખાશો થપડ! ઓળખો છો કે? તમે બન્નેનું શું લાગેવળગે છે! એ પ્યારી તો મારી છે, મારી! તમારા બાપની શી મીરાત છે કે એને તમારી કહો! જો મેં આ સ્મશાનમાં રહી, ભુખ તરસ વેઠી, આ સ્ત્રીની રાખનું રક્ષણ કરી, રાખી મૂકી નહત, તો તે જીવતી શાની થાત? એ જીવતી થવામાં મારા તપનો જ પ્રતાપ કારણભૂત છે, બીજું કઈ નહીં; માટે મુંગા મુંગા રસ્તો માપો!" આ પ્રમાણે ત્રણે જણા વિવાદ કરવા લાગ્યા.

હવે વૈતાળે કહ્યું; "અલ્યા વીરવિક્રમા! ચાલ ન્યાય કર, કે વાસ્તવિક રીતે તે કન્યા કોની સ્ત્રી ઠરે? જો તું જાણતો હોય ને સત્ય કહેશે નહીં, તો તારા મસ્તકના ચૂરેચૂરા થઈ જશે!" વૈતાળનું આવું વચન સાંભળી, ધીરવીર વિક્રમ આ પ્રમાણે બોલ્યો; "જે બ્રાહ્મણે ઘણાં ઘણાં કષ્ટો વેઠી મંત્રવિદ્યા મેળવીને તે કન્યાને જીવતી કરી, તે તો તેનો પિતા ઠરે છે! તેણે કન્યાને પુનઃ જન્મ આપ્યો છે, માટે તે તેનો પતિ થઈ શકે નહીં, જે તેનાં હાડકાં લઇને ગંગાજી ગયો હતો તે તેનો પુત્ર ગણાય! પણ જેણે સ્મશાનમાં ઝુંપડી બાંધી તેની રાખની પથારી કરી, તેમાં શયન કરી તપ કર્યું હતું, તે તેનો પતિ થઈ શકે; કારણ કે તેણે ગાઢ પ્રેમથી તેની પાછળ ભેખ લઈ, તેને છાજતું કર્મ કરી બતાવ્યું છે!" આ પ્રમાણે ત્રિવિક્રમ રાજાએ મૌનવ્રત તજીને વૈતાળને નિર્ણય કહી સંભળાવ્યો, તે સાંભળતાંવાર જ વૈતાળ અણચિંતવ્યો તેની ખાંધ ઉપરથી ઉડીને પાછો પોતાના સ્થાનક ઉપર જઈ બેઠો; અને પેલા ગોરજી માટે ત્રિવિક્રમ રાજા ફરીને તે વૈતાળને લેવા માટે વિચાર કરવા લાગ્યો. ધીરવીર પુરુષો જે વાત પાર પાડવાનું માથે લે છે, તે પ્રાણ જતાં સૂધી પણ પૂર્ણ કર્યા વગર છોડતા નથી.



# તરંગ ૧૦ મો.

---

## વૈતાળ પંચવિંશી.

### ત્રીજો વૈતાળ–શુક સારિકાની કથા.

પછી વીરરાજ ત્રિવિક્રમસેન રાજા, પુનઃ તે વૈતાળને લેવા માટે તે મહાવૃક્ષ તરફ ચાલ્યો. ત્યાં જઇને જોયું તો તે વૈતાળ એક મરી ગયેલા માણસના ખોળીયામાં ભરાઇને બેઠો હતો. તેને પાછો પોતાની ખાંધ ઉપર મારી, મૌનવ્રત ધારણ કરી, ગોરજી આગળ આવવા માટે તે પાછે ફર્યો. તેના ખભા ઉપર બેઠેલા વૈતાળે તે ચાલતા રાજાને કહ્યું; "હે ત્રિવિક્રમસેન! તમારે આ અંધારી રાત્રિમાં આવજાવ કરવી પડે છે, તેના શ્રમથી તમને ઉદાસી આવે નહીં, માટે એક નવલ કથા કહું છું તે સાંભળો."

પૃથ્વી ઉપર પાટલીપુત્ર નામનું એક પ્રખ્યાત નગર છે. તે નગરમાં પ્રાચીનકાળમાં વિક્રમકેસરી નામનો એક રાજા રાજ્ય કરતો હતો. દૈવે આ રાજાને જેટલે દરજ્જે ગુણવાન્ બનાવ્યો હતો, તેટલે દરજ્જે ધનવાન્ પણ બનાવ્યો હતો. તેની પાસે અસંખ્ય રત્નો હતાં. તે રાજાને ઘેર કોઇએક દેવતા, શાપને લીધે વિદગ્ધચૂડામણિ નામનો પોપટ થઇને અવતર્યો હતો. આ પોપટને સર્વ શાસ્ત્ર મુખપાઠ હતાં અને તેને અલૌકિક જ્ઞાન હતું. તેણે તે રાજાના કુંવરને ઉપદેશ કરી તેના લાયક મગધદેશના રાજાની પુત્રી ચંદ્રપ્રભા, જે તે રાજકુમારને સર્વ રીતે સમાન હતી, તેની સાથે પરણવાનું જણાવ્યું. તે ઉપરથી રાજકુમાર તે કન્યા સાથે પરણ્યો. આ કન્યા તે રાજકુંવરને સર્વાંશે યોગ્ય હતી. જેમ રાજકુમારની પાસે ભણેલો ગણેલો પાવરધો પોપટ હતો, તેમ તે કન્યાની પાસે પણ સોમિકા નામની એક સારિકા–મેના હતી. તે પણ સર્વ કળા ને જ્ઞાનમાં કુશળ હતી. તે સારિકા વખતોવખત તે કન્યાને સલાહ સુદ્ધાંત આપતી હતી. જ્યારે રાજકુમાર ચંદ્રપ્રભાને પરણીને પોતાને મહોલે લઈ આવ્યો, ત્યારે ચંદ્રપ્રભાની મેનાને પણ સાથે લઇ આવ્યો હતો. રાજાએ તે મેના સોમિકાને પોતાના શુકના પાંજરામાં પૂરી. તે બન્ને જણાં–શુક અને સારિકા–સાથે રહેવા લાગ્યાં. શુક જેટલે દરજ્જે વિદ્વાન્ હતો, તેટલે દરજ્જે આ મેના પણ પંડિતા હતી. કળામાં મેના ઘણી પ્રવીણ હતી. તે બન્ને જણાં આનંદમાં રહેતાં અને પોતાની અલૌકિક જ્ઞાનશક્તિથી પોતાનાં રાજા રાણીનાં મનને સંતોષ ઉપજાવી, તેમની સેવા બજાવતાં હતાં.

પરંતુ મેના ભોજન વખતે જૂદી બેસીને જમતી અને સૂતી વખતે પણ છેટી જઇને સૂતી હતી. આ વાત શુકને ગમી નહીં. તેણે એક દિવસ ઉત્કંઠિત હૃદયે કહ્યું: "પ્યારિ મેના તું મારાથી દૂર બેસીને ભોજન કરે છે અને નિદ્રા પણ દૂર રહીને કરે છે, તે તને છાજતું નથી. આપણે એક જ ભાણે ભોજન કરીએ ને એક જ ઢોલીએ પોઢીએ તો કેવી મજાહ પડે! ચાલ, આપણે લગ્ન કરીએ, કે જેથી આપણે એક જ પિંજરામાં ખાઇએ પીએ ને પોઢીએ

ને મજા કરીએ!" તે સાંભળી એ મેના મુખ મરડતી બોલી! "ચાલરે ચાલ! એ તું શું બકે છે? હું કોઈ પુરુષ સાથે પ્રસંગ કરવો ઠીક ધારતી નથી. પુરુષો ઘાતકી અને કૃતઘ્ની હોય છે." તે સાંભળી શુકને કોપ ચઢયો. તેણે પ્રત્યુત્તર વાળ્યું કે; "પુરુષો દુષ્ટ તથા કૃતઘ્ની નથી, પણ સ્ત્રીઓનાં હૃદય જ ઘણાં ક્રૂર હોય છે!" આમ તે બન્નેને પરસ્પર વિવાદ ચાલવા લાગ્યો. પછી તે બન્ને જણાંએ એવો ઠરાવ કર્યો કે, જે હારે તેણે દાસ થઇને રહેવું–એટલે પોપટ હારે તો મેનાનો દાસ થઇને રહે ને મેના હારે તો પોપટની દાસી–સ્ત્રી થઇને રહે. આવો નિશ્ચય કરીને બન્ને જણાં રાજાના કુંવર આગળ ન્યાય છણાવવા આવ્યાં. રાજકુંવર પોતાના પિતાની કચેરીમાં બેઠો હતો, તેની આગળ શુકે આવીને પોતાની વાર્તા જાહેર કરીને કહ્યું કે; "હે રાજન્! અમારી તકરારનો આપ નિર્ણય કરો." રાજકુમાર તેઓનો વાદવિવાદ ધ્યાનમાં લઇને બોલ્યો; "સારિકા! તું પુરુષોને કૃતઘ્ની કહે છે તે સિદ્ધ કરી આપ, કે કેવી રીતે પુરુષો કૃતઘ્ની છે!" પછી સારિકા પોતાનો પક્ષ સિદ્ધ કરવા માટે પુરુષનો દોષ બતાવનારી એક કથા કહેવાનો આરંભ કરવા માટે બોલી; "સાંભળો રાજ! પુરુષોના અવગુણો હવે હું ખુલ્લા કરું છું તે."

## મેનાએ કહેલી કથા.

આ પૃથ્વી ઉપર કામંદિકા નામનું એક પ્રખ્યાત નગર છે. તે નગરમાં પૂર્વે અર્થદત્ત નામનો એક સાહુકાર રહેતો હતો. તે મોટો ધનવંત હતો. તે સાહુકારને ઘેર એકનો એક પુત્ર અવતર્યો. શેઠે તે બેટાજીના જન્મ વખતે મહોત્સવ કર્યો અને અગીઆરમે દિવસે તેનું ધનદત્ત એવું શુભ નામ પાડયું. વખત વીતતાં તે પુત્ર મોટો થયો અને ધીમે ધીમે તે તરુણાવસ્થામાં આવ્યો. પણ એવામાં તેનો પિતા મરણ પામ્યો. પિતા મરણ પામ્યા પછી, 'બંદાને કોણ કહેનાર હતું,' તેથી મરજીમાં આવે તેમ તે સ્વચ્છંદે વર્તવા લાગ્યો. તે ઘણો જ બેકેદ બની ગયો. જ્યારે તરુણાવસ્થાની જાળમાં મનુષ્ય ફસાય છે, ત્યારે તેના મનના તરંગો કંઈ જૂદા જ આકારમાં બહાર દેખાવ દે છે. કેટલાએક લુચ્ચા મિત્રોએ તેની સાથે પ્રેમ બાંધ્યો અને ઐક્યતા કરી તેને જુગારના ધંધામાં ફસાવ્યો. દુર્જન લોકોની સંગત એક દુઃખરૂપી ઝાડનું મૂળ છે અને દુષ્ટના સમાગમમાં દુઃખ શિવાય બીજું કશું મળતું નથી. થોડા વખતમાં ધનદત્ત, પોતાનું સર્વ ધન ખોઈ બેઠો અને તે દરિદ્ર થઈ ગયો. હવે તેને તે નગરમાં રહેતાં શરમ આવી, માટે પોતાના દેશનો ત્યાગ કરી પરદેશમાં ફરવા માટે ગયો.

પરદેશમાં ભટકતો ભટકતો એક વખત તે ચંદનપુરમાં આવી ચઢ્યો. તે નગરમાં જઇને પોતાને ભુખ લાગી હતી, માટે એક સાહુકારને ઘેર ભોજન કરવા માટે ગયો. તે સાહુકારે ધનદત્તના અંગ તરફ નજર કરીને જોયું તો તેનું શરીર સકોમળ જણાયું. તેણે તેને પૂછયું કે, "તમારું કુળ કિયું? તમારું નામ શું?" ધનદત્તે પોતાની સર્વ વીતક વાર્તા કહી બતાવી. તે સાંભળી શેઠે તેને કુળવંત જાણ્યો અને દૈવયોગે તેનો સત્કાર કરી, તેને પોતાને ઘેર રાખ્યો. થોડે દહાડે તે શાહે પોતાની રત્નાવળી નામની કન્યા તેને પરણાવી, અપાર ધન પહેરામણીમાં આપ્યું.



ધનદત્ત પોતાના સસરાને ઘેર ઘરજમાઈ થઇને રહ્યો છે. ત્યાં રહી ઘણા દિવસ સુખચહેનમાં ગુજાર્યા અને તે પોતાની પ્રથમની માઠી સ્થિતિ ભૂલી ગયો. તેણે ઘણું નાણું મેળવ્યું, એટલે તે પાછો જુગાર રમવામાં તત્પર થયો. તેને પોતાના દેશમાં આવવાની ઇચ્છા થઈ, એટલે તે લુચ્ચાના પીરે, પોતાના પરવશ સસરાને અટરમ ગટરમ સમજાવી કહ્યું કે, 'હું મારા દેશમાં જઈ થોડા વખતમાં પાછો આવીશ.' જો કે તે શેઠને પણ દીકરો દીકરી તે સર્વમાં આ એક દીકરી જ હતી, તેથી તેનું મન દીકરીને મોકલવામાં માન્યું નહીં, તો પણ જમાઇના આગ્રહથી, તેણે પોતાની પુત્રીને, કીમતી દાગીના પહેરાવી શણગારી, અને તેની સાથે એક ઘરડી ડોસીને ચાકરડી તરીકે સોંપીને બન્નેને વિદાય કીધાં. ધનદત્ત, પોતાની સ્ત્રી અને પેલી ઘરડી ડોસીને સાથે લઇ, પોતાના દેશ તરફ જવાને નીકળ્યો. ચાલતાં ચાલતાં અર્દ્ધ માર્ગમાં આવ્યાં, ત્યાં એક ભયંકર જંગલ આવ્યું. ધનદત્તે પોતાની સ્ત્રીને કહ્યું; "આ જંગલમાં ઘણો ભય છે, અહીંયાં ચોર લુટારા ઘણા વસે છે, માટે તારાં સઘળાં ઘરેણાં કાઢી મને આપ, હું મારી પાસે રાખીશ એટલે કંઈ ભય નડશે નહીં. પેલી નિખાલસ અંતરની સ્ત્રીએ, પોતાના તમામ દાગીના ઉતારીને પોતાના સ્વામીને સોંપ્યા. હાય રે! જુઓ જરા નજર કરો, કૃતઘ્ની પુરુષો જુગાર, વેશ્યા વગેરે દુઃખદાયક છંદનો સંગ કરે છે અને તેઓ પાપાચરણ કરતાં પણ જરાએ ડરતા નથી. કૃતઘ્ની પુરુષોનું હૃદય ખરેખર તરવાર જેવું વિષમ હોય છે.

હવે આગળ સાંભળો! પેલા પાપી ચંડાળ પુરુષે તે સર્વ અલંકાર પોતાના કબજામાં લઈ, તે ધનને માટે, પોતાની ગુણવાન્ પ્રિયાને અને તેની સાથે આવેલી વૃદ્ધાને મારી નાંખવાનો ઠરાવ કર્યો. માર્ગમાં એક ઊંડી ખોહ આવી, તેમાં એક ધક્કો મારી, પોતાની પ્રાણેશ્વરી અને પેલી નિર્દોષ વૃદ્ધ દાસીને તે પાપીએ ગબડાવી દીધાં અને પછી તે ચંડાળ પુરુષ, પાછું વાળી જોયા વગર ત્યાંથી નાસી ગયો. તે ડોસી તો ખોહમાં પડતાંની સાથે જ મરણ પામી, પણ તે સ્ત્રી, વેલાની એક ડાળીને વળગી રહી, તેથી મરણ પામી નહીં. ખોહમાં પડયા પછી બાકી રહેલા આવરદાને ભોગવવા માટે, ખડ તથા વેલાને પકડી, અતિ ઘણાં કષ્ટે ઉપર ચઢી આવી અને પછી દયા ઉપજે તેવી રીતે મોટે સ્વરે આક્રંદ કરવા લાગી. તેના આખા શરીરમાં ઉઝરડાઓ પડી ગયા હતા અને તેમાંથી લોહી ઝરતું હતું. પછી તે કન્યા મહાકષ્ટે, પોતાના પિતાના ઘર તરફ ચાલવા લાગી ને જે માર્ગેથી આવી હતી તે જ માર્ગે–રસ્તામાં માર્ગને ચૂકી જવાય નહિ તે માટે, પગલે પગલે પોતાના ગામનો રસ્તો પૂછતી પૂછતી, બાપને ઘેર આવી પહોંચી. તેની માતા અને પિતા, અકસ્માત પોતાની પુત્રીની આ દશા જોઇને ગાભરાં થઈ રડવા લાગ્યાં ને પોતાની પુત્રીને પૂછવા લાગ્યાં કે; "બહેન! તને આ શું થયું?" ત્યારે તેની દીકરીએ કહ્યું; "પિતાજી! ચોર લોકોએ રસ્તામાં અમને લૂટી લીધાં, મારા પતિને બાંધીને કેદ કરી કયાંઈ લઈ ગયા છે અને મને તથા મારી સાથે આવેલી ડોસીને એક ઊંડી ખોહમાં નાંખી દીધાં હતાં. ઓ મા! મારી વહાલી ચાકરડી તો પડતાંની સાથે જ મરણ પામી છે, પણ હું જીવતી રહી છું. થોડીવારે એક દયાળુ વટેમાર્ગુ તે ખોહની પાસે આવી ચઢ્યો, તેણે મને

તેમાંથી બહાર કાઢી અને દૈવયોગે મને તમારો ફરી મેળાપ થયો છે !” જ્યારે સુશીળ રત્નાવલીએ આ પ્રમાણે કહ્યું, ત્યારે તે સાંભળી તેના માતાપિતાએ તેને ખૂબ ધારણુ દીધું. સતી રત્નાવલી પોતાના પતિનું ધ્યાન ધરતી પિતાને ઘેર જ રહી.

એ અરસામાં ધનદત્ત પોતાના ગામમાં ગયો. કેટલાક રંગતાળીઆ મિત્રો તેને તરત આવી મળ્યા. તેઓ બોલ્યા કે; “કેમ ભાઇ, હમણાં ક્યાં પધાર્યા હતા ? કંઇ જણાતા જ નહતા તે !” એમ કહી પ્રેમ બતાવી, પાછો જુગાર રમવામાં તેને ફસાવ્યો. ધનદત્તે ખૂબ જુગાર ખેલીને પોતાની પાસનું સઘળું નાણું ઉરાડી દીધું; અને પાછો જેવો હતો તેવો બાવો થઇને બેઠો. પછી તેણે વિચાર કર્યો કે; “હવે વળી પાછો હું સસરાને ઘેર જઈ, તેની પાસેથી ધન માંગી લાઉં તો ઠીક. તે તેની દીકરીના સમાચાર પૂછશે તો હું કહીશ કે તે મારે ઘેર છે!” આ પ્રમાણે મનમાં નિશ્ચય કરી, તે પોતાના સસરાને ઘેર જવા નિકળ્યો. થોડા દિવસમાં તે પોતાના સસરાનાં નગર ચંદનપુરમાં આવી પહોંચ્યો. પણ જેવો તે પોતાના સસરાને ઘેર આવે છે, તો ત્યાં રત્નાવલીએ તેને દૂરથી આવતાં દીઠો. તરત તે સુશીળ સ્ત્રી તેની સામે દોડી ગઈ અને તે પાપીનાં ચરણુમાં પ્રણામ કર્યા. પોતાનો પતિ ગમે તેવો દુષ્ટ હોય છે, તોપણ સતી સ્ત્રીઓનું મન યત્કિંચિત્ પણ તેના પ્રતિના પ્રેમમાંથી પાછું હઠતું નથી. તેનું મન પોતાના ભર્તાર ઉપર સદા સર્વદા પ્રેમાળ જ રહે છે, શુદ્ધ જ રહે છે, કપટ રહિત જ રહે છે, પણ ચંડાળ ધનદત્ત, જેણે પોતાની સ્ત્રીને બોહમાં નાંખી દીધી હતી તે તો તેને જોઈ ધ્રુજવા લાગ્યો. તેના મનમાં ભય વ્યાપ્યો કે હવે કોણ જાણે મારા કેવાએ બુરા હાલ થશે; પરંતુ સતી રત્નાવળીએ પોતાના પિતાની આગળ, ચોર વગેરેની જે કૃત્રિમ વાર્તા કરી હતી તે, પોતાના પતિ આગળ કહી અને પછી કહ્યું; ‘ તમે જરા પણ ડરશે મા ! મેં તમારી આબરુનું સર્વપ્રકારે રક્ષણ કર્યું છે !’ ધનદત્ત નિર્ભય થઈ ઘરમાં ગયો અને સસરાને મળ્યો. સાસુ સસરાએ ઘણા હર્ષથી તેનું આદરાતિથ્ય કર્યું. તેના સસરાએ માન્યું કે, ‘ ચોરોએ આપણા જમાઇને જીવતો છોડી મૂક્યો, માટે આજ તો આપણે ઘેર દીવાળી છે !’ તેણે પોતાના કુટુંબીઓને જમવા નોતરી મહોત્સવ કર્યો. ધનદત્ત પોતાના સસરાને ઘેર પોતાની સ્ત્રી સાથે રહી, સસરાની અનુપમ લક્ષ્મીનો પુનઃ ઉપભોગ કરતો, સુખરૂપ રહ્યો છે અને તે રત્નાવળીની સાથે આનંદમાં દિવસ ગુજારે છે. પણ ધિક્કાર ! ધિક્કાર ! હાય ! હાય ! તે પાપી ચંડાળે પછી શું કીધું તે તો જુઓ ! એક વખતે રાત્રે, સર્વ સૂઈ ગયાં હતાં તે વખતે, કરતકાળ જેવા તે રાક્ષસે, કંપારી છૂટે એવું ઘોર કર્મ કર્યું ! તે કહેવું તો હું યોગ્ય જ ધારતી નથી, પરંતુ આ કથાના પ્રસંગમાં મારે તમને જણાવવું પડે છે કે, તેણે પોતાની સ્ત્રી રત્નાવળીને, પૂર્ણ નિદ્રાવશ અવસ્થામાં ઠાર મારી નાંખી અને તેનાં સર્વ ઘરેણાં લઈ, કોઈ જાણે નહીં તેમ પોતાના દેશમાં નાસી ગયો.

“ આવી રીતે પુરુષો ચંડાળના ચંડાળ હોય છે !” આ પ્રમાણે સારિકાએ પુરુષની કૃતઘ્નતા જણાવી, એટલે રાજકુમારે પોપટને કહ્યું; “ હવે તારે જે કહેવું હોય તે કહે. ” ત્યારે પોપટે કહ્યું;



“ મહારાજ ! સાંભળો. સ્ત્રીઓનું સાહસ કર્મ કોઇથી પણ સહન કરી શકાય તેવું નથી. તે અનીતિમાન્, વ્યભિચારિણી અને ઘણી જ નિર્દય હોય છે. એ ઉપર એક કથા સાંભળો.”

## શુકે કહેલી કથા.

હર્ષવતી નામની એક નગરી હતી. તેમાં ધર્મદત્ત નામનો એક નગરશેઠ રહેતો હતો. તેની પાસે કોટાનુકોટી નાણું હતું. તે શેઠને એકની એક દીકરી હતી. તે કન્યાનું નામ વસુદત્તા હતું. તે વસુદત્તા સ્વરૂપમાં અનુપમ હતી. તે કન્યા એકને એક જ–અછતની હતી, તેથી તેના પિતાને પ્રાણુ કરતાં પણ વધારે વહાલી હતી. શેઠે તે કન્યાને, પોતાના સમાન કુળવાળા, દ્રવ્યવાળા, તરુણાવસ્થા માટે પ્રખ્યાત અને જેનું સૌંદર્ય જોઈ કામી સ્ત્રીઓનાં નેત્ર, જેમ ચન્દ્રમાને જોઈ તૃપ્તિ પામતાં નથી, તેમ તૃપ્ત થાય નહીં તેવા શાહપુત્ર સાથે વસુદત્તાને પરણાવી. તેના વરનું નામ સમુદ્રદત્ત હતું. સમુદ્રદત્ત સ્વભાવે સરળ, નિપુણ ને કામદેવ જેવો કાંતિમાન્ હતો. તે તામ્રલિપિ નગરીમાં વસતો હતો. તામ્રલિપિમાં આર્ય લોકોની જ વસ્તી હતી.

વસુદત્તા પોતાના પિતાને ઘેર રહેતી હતી અને સમુદ્રદત્ત જે તેનો પતિ હતો, તે પોતાના પિતાને ઘેર રહેતો હતો. એટલે તે કન્યાના મનને કંઈ ચહેન પડતું નહીં. આખો દિવસ કામના વિકારો તેના મનમાં થયા કરતા હતા. એક દિવસે તે કન્યા પોતાની બારીમાં બેઠી બેઠી નગરની ચર્યા જોતી હતી, એવામાં દૂરથી તેણે એક પુરુષને જતો દીઠો. આ પુરુષ ભરયુવાન્ અને રૂપાળો રાજવી હતો. તેને જોઈ ચલિત ચંચલા વસુદત્તા ઉપર મારે * હુમલો કીધો. જોત જોતામાં તે તેને વશ થઈ ગઈ. તરત તેણે પોતાની લોંડીને હુકમ કર્યો, ‘ જા તું નીચે અને પેલો તરુણ, જે ચાલ્યો જાય છે તેને લાવ મારી પાસે કે મારી છાતીને બેધડી ઠારું ! પેલી લોંડી તરત ત્યાંથી નીચે ઉતરી, તે પુરુષની પાસે જઈ બોલી; “ અમારી સખી આપને ઉપર બોલાવે છે, માટે કૃપા કરી પધારો !” તે સાંભળી તે તરુણુ તેની સાથે વસુદત્તા પાસે આવ્યો અને વસુદત્તાએ તેની આગળ પોતાનું જીગર ખોલી પોતાનો મનોભાવ પ્રકટ કીધો અને પછી તેને ગળે વળગી પડી, પોતાનો પ્રિતમ કીધો ! તે તરુણુ પુરુષે પણ તેના અંતઃકરણની આશા પૂર્ણ કરી. એ દિવસથી તે સાહુકારની કન્યાનું મન તે પુરુષ ઉપર અત્યંત પ્રેમાતુર રહેવા લાગ્યું અને તે બન્ને જણાં દરરોજ રાત્રે રંગભોગ રમવા લાગ્યાં.

આ પ્રમાણે કેટલાએક સમય સૂધી, બન્ને જણાંએ પોતાના દિવસો ખુશખુશાલીમાં કાઢ્યા. પણ તેમને ખબર ન હતી કે, હવે આપણા પ્રેમમાં ભંગ પડશે. દૈવની ગતિ વિચિત્ર છે. તે કોઇપણ જાણી શકતું નથી. એક દિવસે તેનો પરણેલો પતિ, પોતાની વહુને આણે તેડવા માટે સસરાને ઘેર આવ્યો. સાસુ સસરો જમાઇને જોઈ ખુશી ખુશી થઈ ગયાં અને બોલ્યાં, ‘ભલે પધાર્યા !’ તે દિવસે તે શેઠના ઘરમાં કંઈ ઉત્સવ હતો, માટે વસુદત્તાએ

* કામદેવે.

શણગાર સજ્યા હતા. ઘરમાં નવનવાં પકવાન્નો કર્યાં હતાં અને સગાંવહાલાંને જમવાને નોતર્યાં હતાં, તેમની આવજાવ છેક સાયંકાળ સૂધી રહી, પણ તેથી વસુદત્તાને કંઈ નિરાંત વળી નહી. તેનું મન તો પોતાના પ્રિતમમાં જ ચોંટેલું હતું. થોડીવારમાં રાત્રિ પડી. શેઠાણીએ પોતાની પુત્રીને કહ્યું; "દીકરા! આજ તારો પતિ આવ્યો છે, માટે તારા શયનમંદિરને શણગારવામાં આવ્યું છે તો હવે તું ત્યાં સુવાને માટે જા!" વસુદત્તાએ કંઈ જવાબ દીધો નહિ, કેમકે તેનું ચિત્ત પરપુરુષપર ચોટયું હતું. તે મેડી ઉપર ગઈ, પણ શય્યામાં એક બાજુએ કોર મરડી પડી રહી. તેણીએ પતિને પૂછ્યું પણ નહીં કે તમે કયારે આવ્યા, કેમ છો, વગેરે. બાપડા સમુદ્રદત્તે તો મનમાં આશા રાખી હતી, કે મને સ્ત્રી તરફનું પુષ્કલ માન મળશે! પણ આ વખતે તેની આશા નિષ્ફળ થઈ ગઈ. તે પોતે તેને મનાવવા લાગ્યો, પણ તેણીએ જરાએ પ્રેમ દર્શાવ્યો નહીં; પણ તે મિથ્યા ઢોંગ કરીને સુઈ જ રહી. સમુદ્રદત્તે તેણીને બહુ વાર સૂધી હાથવતી ઢંઢોળી, પ્રણુય વચનો કહ્યાં, તો પણ તેણે ઊંચું મુખ કરી તેની તરફ નજરે કરી નહીં. જ્યારે તે બાપડાએ ઘણી વાર સૂધી તેને સમજાવી વિનવી, પણ તે સમજી નહિ ત્યારે તે બાપડો નિરાશ થઈ ગયો. તેણે દિવસે અચ્છાં અચ્છાં ભોજન કર્યાં હતાં, વળી તે ઉપર મદિરાનું પાન કર્યું હતું અને મુસાફરીથી થાકયો પાકયો આવ્યો હતો, એટલે તેને પણ નિદ્રા આવવા લાગી. થોડીવારમાં તે નિદ્રાવશ થઈ ગયો. ઘરમાંનાં માણસો પણ દિવસના ઉત્સવમાં મિષ્ટાન્ન જમ્યાં હતાં અને ઉપરથી મદિરાપાન કર્યું હતું, એટલે તે સઘળાં પણ એક પછી એક પોઢી ગયાં!

જ્યારે ઘરનાં સર્વે નિદ્રાવશ થઈ ગયાં, ત્યારે એક ચોર તેના ઘરની ભીંતને કોચીને, વસુદત્તાના ઓરડામાં પેઠો. પેલી વણિક કન્યાએ તે દિવસે પોતાના પ્રિતમ સાથે સંકેત કર્યો હતો કે, હું અર્ધરાત્રે તમારી પાસે આવીશ, એટલે તે સમય થયો કે તુરત તે શય્યા ઉપરથી નીચે ઉતરી પડી. પછી સોળ શણગાર ધારણ કર્યાં; બાળેબાળે મોતી પરોવ્યાં અને પ્રિતમ પાસે જવાને તૈયાર થઈ ગઈ. પોતાના ઘરમાં ચોર આવ્યો છે તે પણ તેણે દીઠો નહીં, તેનું કારણ બીજું કંઇ જ નહિ પણ આ વખતે તેનું મન પોતાના પ્રિતમની પાસે હતું, તેથી તે આંખો છતાં આંધળીભીંત બની ગઈ હતી; અને તેને લીધે જાણે મને કોઈ જૂવે છે, આમ માનતી રૂમઝૂમ કરતી ઘરમાંથી બહાર નિકળી પડી. જ્યારે તે ચોરે જોયું કે, બાઈ શ્રી પાંચ તો ઘરેણાં પહેરી બહાર જાય છે, ત્યારે તેની ચોરવાની આશા ભંગ થઇ ગઈ! તેણે વિચાર કર્યો કે, 'હું જે દાગીના ચોરવા માટે આવ્યો છું, તે દાગીના તો આ કન્યા પહેરીને જાય છે! પરંતુ આ કન્યા આ અર્ધરાત્રિને વખતે કયાં જાય છે? ચાલ, તેની હું તપાસ કરું! આવો વિચાર કરી ચોર પણ તેની પાછળ, ઘરની બહાર નીકળી, વસુદત્તા જાણે નહી તેમ, તેને જોતો જોતો પાછળ પાછળ ચાલ્યો.

વસુદત્તાએ પોતાના એક હાથમાં પુષ્પો રાખ્યાં હતાં અને સાથે એક સંકેત જાણનારી સખીને પણ લીધી હતી. તેની સાથે તે નગરની બહાર આવી. થોડે દૂર એક બગીચો હતો તેમાં ગઈ, પણ ત્યાં જઇ જૂવે છે તો પોતાના પ્રિતમને એક વૃક્ષની ડાળીએ અદ્ધર લટકતો દીઠો. તેનો પ્રિતમ તેણીને મળવા આવ્યો હતો અને પોતાની પ્યારીને કરેલા સંકેત પ્રમાણે તે



રાત્રે બગીચામાં ભરાયો. ઘણી વાર થઇ પણ પોતાની વલ્લભા આવી નથી, એમ જોઈ વિરહાતુર થઈ ફાંસો ખાઇને તે મરણ પામ્યો. નગરરક્ષક સીપાઈઓ રોન ફરતાં ફરતાં ત્યાં આવ્યા. તેઓએ તેને ચોર જાણી તેના ગળામાં બરાબર ફાંસી નાંખી વૃક્ષની ડાળીએ લટકાવી દીધો હતો.

સાહુકાર પુત્રી વસુદત્તા, ત્યાં આવીને જ્યાં પોતાના પ્રિતમને ધારી ધારીને જોતાં તેને મરણ પામેલો જોયો, એટલે તે એકદમ વિકળ અને વિભ્રમિત થઈ ગઈ અને બોલી, "હાય! હાય! મારું નખ્ખોદ વળી ગયું! હવે મારું શું થશે?" આવી રીતે કરુણાળ ને કોમળ સ્વરે રડતી રડતી તે જમીન ઉપર મૂર્છા ખાઇને પડી, પછી તેણે વૃક્ષ ઉપર ચઢી, પોતાના મરણુવશ થયેલા પ્રિતમને નીચે ઉતારી, તેના ગળામાંથી ફાંસી કાઢી નાંખી, પછી તેના શરીરપર ચંદન ચર્ચ્યું અને પુષ્પોના હારથી તેને શણગાર્યો. પ્રિતમપર પૂર્ણ પ્રેમ હોવાથી ને તેના મરણના શોકથી, આ વખતે તેના મનમાં ગાઢ અંધકાર વ્યાપી રહ્યો હતો, એટલે તે કન્યાએ ઘણી આતુરતાથી મરણ પામેલા પ્રિતમને આલિંગન કરી, તેના મુખને ઉચું કરી, તેનું ચુંબન કરવાની ઇચ્છા કરી, પણ તે જ્યાં ચુંબન કરવા જાય છે, ત્યાં એકદમ પ્રિતમના ચૈતન રહિત શબમાં એક વૈતાળે પ્રવેશ કીધો અને દાંતવતી તેનું નાક કરડી ખાધું! તુરત તે સ્ત્રી ભયભીત થઇ ગઈ અને 'ઓય! ઓય!' કરીને તેને ફેંકી દઈ ભયની મારી બાજુએ ખસી ગઈ. તેના મનમાં વિચાર આવ્યો કે, શું એ જીવતો હશે? આમ વિચારી પુનઃ પાસે જઈ તેને નિહાળવા લાગી. પણ આ વખતે તે શબમાંથી વૈતાળ નીકળી ગયો હતો, તેથી તેનું મુડદું ચૈતન્ય રહિત જણાયું. તેણે જાણ્યું કે એ તો મરી ગયો છે (તેથી તે ડરવા લાગી અને શિક્ષા ભોગવી) દર્પભંગ થઈ, રડતી રડતી ત્યાંથી પોતાને ઘેર ચાલી આવી.

આ અરસામાં પેલો ચોર, જે ગૂપચૂપ તેની પાછળ આવ્યો હતો, તેણે તે કન્યાનાં સર્વ આચરણ નજરે જોયાં. પછી તે મનમાં બોલ્યો; "આ રાંડ પાપિણી સ્ત્રીએ આ શું કર્યું? કોડથી રાંડ પ્રીતમને મળવા આવી, પણ એનું તો નાક કપાયું! અફસોસ! જેમ એક ભયંકર અંધારો કૂવો હોય છે, તે કૂવો માત્ર પડવા શિવાય બીજા કશા ઉપયોગમાં આવતો નથી, અને તેમાં પડનારા માણસનો જેમ પત્તો લાગતો નથી, તેમ જ ગાઢ અજ્ઞાનથી દૂષિત થયેલું સ્ત્રીઓનું અંતઃકરણ પણ મહાભયંકર છેઃ તે કેવળ લોકોને ફસાવનાર જ છે. જેમાં ફસાયલો પ્રાણી, કદી પણ બચી શકતો નથી. પણ હવે આ સ્ત્રી શું કરે છે, તે તો હું જોઉં" આવો વિચાર કરી, આશ્ચર્યમાં ગરકાવ થઈ તે ચોર દૂરદૂર તેની પાછળ પાછળ તેના ઘરસૂધી આવ્યો.

પછી તે વ્યાભિચારિણી સ્ત્રી પોતાના શયનમંદિરમાં, જ્યાં તેનો પતિ ભર નિદ્રામાં સૂતો હતો ત્યાં ગઈ અને ચીસો પાડી રડતી રડતી બોલી; "અરે! આવોરે, આવો! દોડો રે દોડો! અરે આ મારા પાપી દુશ્મને–મુવા આ મારા ધણીએ, મારો કંઈ પણ વાંક વગર મારું નાક કરડી ખાધું! મને તે દુષ્ટના હાથમાંથી બચાવો રે બચાવો!" આવો કોલાહલ સાંભળી, તે કન્યાનો પતિ, તેનો પિતા, તેની માતા તથા ઘરનાં બીજાં સર્વ માણસો જાગી ઉઠયાં! તેઓ એકદમ ગાભરાં થઈ દોડયાં. તેનો પિતા કન્યાના ઓરડામાં દોડી આવ્યો ને જુવે છે તો પોતાની દીકરીનું નાક તાજું

જ કરડેલું છે. તેણે અત્યંત ક્રોપ કરી, જમાઈપર પોતાની દીકરીને વિકળાંગી કરવાનો વાંક મૂકી કેદ કરાવ્યો. પેલી ઢોંગી ને લુચ્ચી સ્ત્રીનું કપટભરેલું બોલવું સાંભળી, સાહુકાર વગેરે ઘરનાં સર્વ માણસો શંકાશીળ થયાં હતાં, તેથી તેને કેદ કરાવ્યો છતાં પણ, **સમુદ્રદત્ત** મુગા માણસની પેઠે મોંમાંથી એક પણ શબ્દ બોલ્યો નહીં.

પેલા ચોરે આ સર્વ તમાસો સારી રીતે જોયો. પછી તે પોતાને ઘેર ચાલ્યો ગયો. તે આખી રાત્રિ, હોકારામાં ને કલબલાટમાં ધીમે ધીમે વીતી ગઈ. પ્રભાત થયું કે, તે સાહુકારે પોતાના જમાઇને અને જેનું નાક કાપવામાં આવ્યું હતું તે પોતાની દીકરીને, બન્નેને સાથે લઈ, રાજસભામાં ગયો અને રાજાને વિનતિ કરી કે; 'મહારાજ! આ મારો જમાઇ થાય છે. એણે મારી દીકરીનું નાક કાપી ખાધું છે, માટે હું આપની તેહનાતમાં ન્યાય માંગવા આવ્યો છું.' તે સાંભળી રાજાએ ન્યાય આપ્યો કે, 'આ માણસે પોતાની સ્ત્રીનું નાક કાપ્યું છે, માટે તે અપરાધી છે. તેથી હું એને, પોતાની સ્ત્રીને વિકલાંગી કરવાના અપરાધ માટે દેહાંતદંડ દઉંછું!' તે સાંભળી **સમુદ્રદત્ત** બોલ્યો; 'મહારાજ! હું એ વાતથી બિલકુલ નિર્દોષ છું, મને કંઈ પણ ખબર નથી.' છતાં આંધળા ને હૈયા ફૂટા રાજાએ તેના વચન ઉપર વિશ્વાસ રાખ્યો નહીં. તેણે તો સીપાઇઓને હુકમ કર્યો કે, 'જાઓ, એને અહીંથી લઈ જાઓ અને ફાંસીએ ચઢાવી, તેના પ્રાણ લ્યો!' સીપાહીઓને જેવો હુકમ મળ્યો કે તુરત તેને ઢંઢેરો પીટતા પીટતા વધભૂમિ ઉપર લઈ ગયા.

એ વાત પેલા રાતના ચોરે જાણી. તે એકદમ રાજાના સીપાહીઓની પાસે ગયો અને તેઓને કહ્યું; "સબુર! મારી વાત સાંભળ્યા પછી તેને ફાંસી ચઢાવજો. હું આ વિશે સઘળું જાણું છું, માટે મને તમે રાજાની આગળ લઇ જાઓ; હું તેની આગળ સર્વ વાર્તા કહી બતાવીશ!" જ્યારે તે ચોરે આ પ્રમાણે કહ્યું, ત્યારે સીપાહીઓ **સમુદ્રદત્ત**ને અને ચોરને રાજાની પાસે લઈ આવ્યા. ચોરે રાજાને વિનતિ કરી કે, 'તમે મને જો શિક્ષા ન કરવાનું અભયવચન આપો તો હું આપની આગળ સર્વ વાર્તા, બન્યા પ્રમાણે કહું.' રાજાએ કહ્યું; 'તારે કંઇ પણ ભય ધરવો નહીં, જેવું હોય તેવું સત્ય કહી દે!' પછી ચોરે સઘળી હકીકત રાજાની આગળ જાહેર કરી અને કહ્યું કે, "આપને જો મારા કહેવા ઉપર વિશ્વાસ આવતો ન હોય તો, હજુ પણ એ પાપિણીનું નાક, શબના મુખમાં છે તેની તપાસ કરો!" રાજાએ જ્યારે આ પ્રમાણેનાં વચન સાંભળ્યાં, ત્યારે તેણે પોતાના નોકરોને મોકલી, તેની તપાસ કરાવી, તો ચોરના કહેવા પ્રમાણે જ, શબના મુખમાં નાક જોવામાં આવ્યું, રાજાએ તે ચોરની સર્વ વાત માન્ય રાખી. પછી તે વાણિયાના છોકરાને ફાંસીની શિક્ષામાંથી મુક્ત કર્યો, પણ તે પાપિણી સ્ત્રી–સાહુકારની કન્યાનાં બે કાન કપાવીને તેને દેશ પાર કરી દીધી; તેના પિતાનું સર્વસ્વ લંટી લીધું અને તે ચોરના ઉપર પ્રસન્ન થઈ, તેને નગરમાં ન્યાયાધીશની પદવી આપી.

"માટે હે મહારાજ! તમે જુઓ કે, આવી રીતે આ જગતમાં, સ્ત્રીઓ સ્વભાવથી જ દુષ્ટચરિત્રવાળી અને વિશ્વાસઘાતી છે!" આ પ્રમાણે શુકે વાર્તા કહી, પણ એટલામાં તેનો



શાપ પૂરો થયો અને તે ઇંદ્રના શાપથી મુક્ત થઈ, **ચિત્રરથ** નામના દિવ્ય ગંધર્વરૂપે સ્વર્ગમાં ચાલ્યો ગયો અને તે સારિકા પણ તત્ક્ષણે શાપમાંથી મુક્ત થઈ, તે જ વખતે **તિલોત્તમા** નામની સ્વર્ગની અપ્સરા થઈ, સ્વર્ગમાં ચાલી ગઈ. આ કારણથી બન્નેનો નિર્ણય સભામાં અધુરો જ રહી ગયો.

આ પ્રમાણે વૈતાળે કથા કહી રાજાને કહ્યું:, "હે વીર **વિક્રમા**! હવે પુનઃ તું નિર્ણય કર કે સ્ત્રી ખરાબ છે કે પુરુષ? તું જાણતાં છતાં પણ ખરી વાત જણાવશે નહીં, તો તારા મસ્તકના કકડે કકડા થઈ જશે!"

ખભા ઉપર બેઠેલા વૈતાળનું આવું વચન સાંભળી, તે રાજા બોલ્યો, "હે યોગેશ્વર! સ્ત્રીઓ જ પાપી છે! પુરુષમાં કોઈક જ તેવો પાપી, કદાચિત જ નિકળે છે, પરંતુ સ્ત્રીઓ તો સઘળી, હંમેશાં જ દુરાચરણી ને પાપિણી હોય છે!" જ્યાં વીર **વિક્રમ** આમ બોલે છે, એટલામાં તો તે વૈતાળ, રાજાની કાંધ ઉપરથી પાછો અદૃશ્ય થઈ ગયો અને પોતાના રહેઠાણ ઉપર જઈ બેઠો. રાજા **ત્રિવિક્રમ** ફરીને તેને લઈ આવવા માટે પ્રયત્ન કરવા લાગ્યો.

## તરંગ ૧૧ મો.

## વૈતાળ પંચવિંશી.

### ચોથો વૈતાળ–*વીરવરની કથા.

વૈતાળના નાસી જવાને લીધે વળી **ત્રિવિક્રમ** રાજા તેને લાવવા માટે અંધારી રાત્રીમાં તે અશોકવૃક્ષની તરફ ચાલ્યો. ત્યાં જઇને રાજા નિડરતાથી જૂવે છે તો વૈતાળ જે એક માણસના શબમાં ભરાયલો હતો તે દીઠો. તે શબ રાજાને જોઈ ખડખડાટ હસવા લાગ્યું. આ વખતે ચારે તરફ શૂન્ય હતું. તમરાના શબ્દો તમતમ થઈ રહ્યા હતા, દેડકાં ડરાઉં ડરાઉં કરી રહ્યાં હતાં, જક્ષણીઓની દોડાદોડ ને ભૂતડાંના ભડકા જોવામાં આવતા હતા. તે વખતે તે શબનું હાસ્ય જોઈ કોને કંપ ન થાય વારુ? પરંતુ આ રાજા તો મહાવીર હતો. તે જરા પણ ડર્યો નહીં, પણ તે મુડદાને પોતાની ખાંધ ઉપર ઉપાડીને ત્યાંથી મુગો મુગો ચાલવા લાગ્યો. માર્ગમાં વૈતાળ રાજાને પુનઃ કહેવા લાગ્યો, "હે **ત્રિવિક્રમસેન**! તેં એક નઠારા ભીખારીને માટે આવડો શ્રમ શા માટે ઉઠાવ્યો છે? તું આટઆટલો મોટો શ્રમ કરે છે તે

* વીરવરની કથા–આ પુસ્તકના ૨૨૮ મા પાને રાજપુત્ર અને વણીકપુત્રની કથાને નામે તથા ૫૦૯ મે પાને, વીરવરની કથાને નામે જોવી. વીરવરની કથા હિતોપદેશમાં પણ આવેલી છે. હિતોપદેશ-રણછોડભાઈ કૃત ભાષાન્તરને પાને ૮૬ મે પણ વીરવર અને શૂદ્રકની કથાને નામે આપેલી છે. રાસમાળામાં જગદેવ પરમારની વાર્તા વગેરેને મળતી આ કથા છે. વળી આવી જ એક વાત પારસી ભાષાના 'તુતીનામા' નામના ગ્રન્થમાં છે. વળી તરકીશ તુતીનામામાં પણ આવી વાત આપી છે. બધાનો મૂળ પાયો કથાસરિત્સાગરની વૈતાળપંચવિંશીની આ વાર્તા ઉપરથી લેવાયલો લાગે છે.

નિષ્ફળ જાય છે, તો તને વિચાર આવતો નથી કે એનું કારણ શું? પણ હું રસ્તામાં તને ખુશી કરવા માટે એક મનરંજન વાર્તા કહી બતાવું છું, તે તું સાંભળ."

પૃથ્વી ઉપર શોભાવતી નામની એક નગરી છે. તે નગરીમાં શૂદ્રક નામનો મહાપરાક્રમી રાજા રાજ્ય કરતો હતો. જેમ આ નગરી નામ પ્રમાણે ગુણ ધરાવનારી ઉત્તમ હતી, તેમ જ રાજાનું પરાક્રમ પણ જેવું તેવું ન હતું. કેદ કરેલી શત્રુની સુંદરીઓએ ઉરાડેલા ચામરોના પવનવડે, તે પ્રતાપી રાજાનો પ્રતાપરૂપ અગ્નિ, નિશદિન પ્રજ્વલિત રહેતો હતો. આ રાજા જ્યારે રાજ્ય ચલાવતો હતો, ત્યારે ધર્મના ચારે ચરણ સુદૃઢ હતા, તેથી અતિ તેજસ્વી આ પૃથ્વી રામચંદ્ર વગેરે રાજાઓને વિસરી ગઈ હતી.

તે રાજાને વીર પુરુષો બહુ પ્રિય હતા. એક સમયે તેની પાસે નોકરી કરવા માટે માળવામાંથી વીરવર નામનો એક બ્રાહ્મણ આવ્યો. તેની સાથે ધર્મવતી નામની તેની એક સ્ત્રી, સત્વવર નામનો એક પુત્ર તથા વીરવતી નામની એક કન્યા પણ હતી. તે ત્રણ માણસનું કુટુંબ હતું અને ચાકરી કરવાની ત્રણ વસ્તુ તેની સાથે હતી: તરવાર હાથમાં, કટાર કેડે ખોસેલી, અને ઢાલ-પાછળ બાંધેલી હતી. વીરવર, રાજાની આગળ જઈ રામરામ કરીને બોલ્યો; "મહારાજ! હું આપની સેવા કરવાની ઇચ્છા રાખુંછું. પણ મારે રોજ પાંચસેં સોનામહોરનો ખરચ છે, તે આપ આપો તો હું આપની સેવામાં હાજર છું!" રાજાએ તેના મુખ તરફ જોયું તો તેનું પરાક્રમીપણું પ્રત્યક્ષ જણાયું, તેથી રાજા શૂદ્રકે તેના માંગવા મુજબ તેને પગાર બાંધી આપીને સેવામાં રાખ્યો. છતાં રાજાના મનમાં વિચાર આવ્યો કે, એના કુટુંબમાં માત્ર ત્રણ માણસ છે, ત્યારે એ પાંચસેં સોનામહોરને શું કરશે? એને કંઇ કુટેવ હશે, તેમાં આ દ્રવ્ય વાપરતો હશે અથવા તો કોઈ પુણ્યના કાર્યમાં ખરચ કરતો હશે, એ હકીકત જાણવા માટે રાજાએ વીરવરની પાછળ પ્રણિધિઓ રાખ્યા, જે તેની તપાસ કરવા લાગ્યા.

વીરવર હંમેશાં પ્રભાતમાં રાજાનાં દર્શન કરી, હાથમાં શસ્ત્ર ધારણ કરી બપોર સુધી રાજમહેલની દેવડી ઉપર જઇને પોહેરો કરતો હતો; મધ્યાહ્ન થઇ રહ્યા પછી ઘેર જઈ પોતાને દરરોજ જે પાંચસેં સોનામહોર મળતી, તેમાંથી સો સોનામહોર ભોજનાદિક પદાર્થ માટે પોતાની સ્ત્રીના હાથમાં આપતો, સો સોનામહોરમાંથી વસ્ત્ર, અંગરાગ અને પાન વેચાતાં લેતો; પછી સ્નાન કરી શિવ તથા વિષ્ણુના પૂજનમાં સો સોનામહોર વાપરતો અને બાકીની બસો સોનામહોર બ્રાહ્મણોને તથા દુર્બળોને દાન તરીકે આપી દેતો હતો! આ પ્રમાણે તે હંમેશાં પાંચસેં સોના મહોર વાપરતો હતો. પછી તે અગ્નિહોત્ર વૈશ્વદેવાદિ ક્રિયાઓ કરી, ભોજન કરતો અને પછી તે થોડી વાર નિદ્રા કરતો અને પાછો રાત્રિને સમયે હાથમાં તરવાર લઈ તે રાજાની દેવડી ઉપર જઈ ચોકી માટે એકલો ઉભો રહેતો હતો. આ પ્રમાણે વીરવર નિરંતર વર્તતો હતો. તે સર્વ જોઈ, તે વાત પ્રણિધિઓએ રાજાને નિવેદન કરી. એથી રાજા શૂદ્રક મનમાં ઘણો જ પ્રસન્ન



થયો અને પોતાના દૂતો તેની ચર્ચા જોવા માટે તેની પાછળ ફરતા હતા, તેમને પાછળ ફરવાની મના કરી દીધી! તેણે મનમાં વિચાર્યું કે, એ પુરુષ ઘણો શૂરવીર છે અને પાંચસેં સુવર્ણ મુદ્રા કરતાં પણ વધારે ધનને પાત્ર છે.

દહાડે દહાડે રાજાની વીરવર ઉપર સારી રીતે પ્રીતિ થતી ગઈ. એમ કેટલાએક દિવસ વીતી ગયા. વીરવરે સૂર્યના તાપથી ઘણો સખત ઉનાળાનો સમય પણ રમતમાત્રમાં ગાળી કાઢયો, અને હવે જાણે વીરવરની ઉપર ઈર્ષ્યા કરતો હોય તેમ, ચળકાટ કરતી વિજળીરૂપ તરવારને ધારણ કરતો, જળધારાનો પ્રહાર કરતો અને ગર્જના કરતો વર્ષાઋતુનો સમય આવ્યો. તે સમયમાં વર્ષાદ, રાત દિવસ ચારે તરફ મુશળધાર વર્ષવા લાગ્યો. તોપણ વીરવર રાજાની દેવડી આગળથી જરાપણ ડગ્યો નહિ, પણ સ્થિર થઈ ચોકીપર બરાબર હાજર રહેતો હતો. રાજા શૂદ્રક, પોતાના મહેલના જરુખામાં બેસી તે કૃત્ય નિત્ય જોયા કરતો હતો. એક દિવસે રાજાએ વિચાર કર્યો કે, વીરવર રાત્રે બરાબર ચોકી કરે છે કે નહીં, તે જાણવાની ઇચ્છાથી પોતાના મહેલની ઉપર ચઢીને બહાર ડોકી ઉપર જોયું અને ઉપરથી પૂછ્યું; "અરે! દેવડી ઉપર કોણ હાજર છે?" તે સાંભળીને વીરવર બોલ્યો; "જનાબ! આપનો તાબેદાર હાજર છે, જો હુકમ!" તે સાંભળી રાજા વિચાર કરવા લાગ્યો કે; "ઓહો! આ વીરવર મારી કેવી ભક્તિ કરે છે. ખરે! તે સત્ય પરાક્રમી છે અને સત્યપ્રતિજ્ઞાવાળો પણ છે, માટે મારે તેને અવશ્ય મોટી જગ્યા ઉપર નિમવો જોઈએ; કારણ કે એવા માણસને આવી સાધારણ ચાકરી ઘટિત નથી!" આ પ્રમાણે વિચાર કરી શૂદ્રક રાજા અગાસીમાંથી અંતઃપુરમાં જઈ નિદ્રાવશ થઈ ગયો.

બીજે દિવસે, સાયંકાળનો સમય હતો; ચારે તરફ ઘોર અંધકાર વ્યાપી રહ્યો હતો; વર્ષાદ મુશળધાર વર્ષી રહ્યો હતો; નગરમાં કેડ સમાન પાણીનાં પૂર, ભરપૂર જોશમાં વહેતાં હતાં; સર્વ મનુષ્યો પોતપોતાના ઘરમાં ભરાઈ બેઠાં હતાં; કોઈ કોઈ મનુષ્ય ક્વચિત જ બહાર જતું આવતું જણાતું હતું-પરંતુ આખું નગર એક નિર્જન અરણ્યના જેવું જણાતું હતું. આ વખતે વીરવર પોતાના હાથમાં શસ્ત્ર ધારણ કરી, રાજાની દેવડી ઉપર ઉભો ઉભો ચારે તરફની તપાસ રાખતો હતો. આ વખતે પણ રાજાએ પોતાના મહેલના ઉપરના માળપર ચઢી વીરવર છે કે નહીં, તે જાણવા માટે ઉપરથી પૂછ્યું; "અરે! મહેલના દ્વાર ઉપર કોણ હાજર છે?" વીરવર હાજર હતો તેણે કહ્યું; "મહારાજ! તમારો દાસ હાજર છે!" તે ઉત્તર સાંભળી, રાજા શૂદ્રક, વીરવરનું ધર્માચરણ જોઈ, તેની તરફ અતિ આશ્ચર્યતાથી જોવા લાગ્યો! એવામાં રાજાએ ઓચિંતો, દૂરથી, ખેદથી આકુળવ્યાકુળ થયેલી કોઈ સ્ત્રીનો દયા ઉપજાવે એવો વિલાપ સાંભળ્યો. તે સાંભળીને રાજાને વિચાર થયો કે; "મારા દેશમાં કોઈ માણસનું અપમાન થતું નથી; તેમ કોઈ દરિદ્રી પણ નથી; તેમ કોઇ દુઃખી પણ નથી, તો કોઇક સ્ત્રી, આવી માઝમ રાતને સમયે કેમ રડતી હશે?" આમ વિચાર કર્યો અને તેને

કોમળ કરુણાળ સ્વર સાંભળી, રાજાના મનમાં દયા ઉપજી. તુરત રાજાએ નીચે ઉભેલા વીરવરને આજ્ઞા કરી; "અયે વીરવર! સાંભળ! જો અહીંથી ઘણે દૂર કોઇએક સ્ત્રી રડે છે. તે કોણ છે અને શા માટે રડે છે, તે તપાસ કરી મને જણાવ!"

રાજાનાં વચન સાંભળી વીરવર બોલ્યો; "જેવી મહારાજની આજ્ઞા! આ ચાલ્યો!" આમ કહી, કમ્મરે જમૈયો ખોશી, હાથમાં તરવાર લઈ, તે ત્યાંથી તપાસ કરવા માટે નિકળ્યો. તેણે ઝગારા મારતા, વિજળીરૂપ નેત્રવાળા અને મોટી મોટી જળધારારૂપ શિલાને વર્ષાવનાર વર્ષાદના અંધારારૂપ મહારાક્ષસની જરાપણ દરકાર કરી નહીં. આખા નગરમાં સઘળાં માણસો પોતાના ઘરમાં નિદ્રાવશ થઈ ગયાં હતાં; ચારે તરફ તમરાં તમતમ કરી રહ્યાં હતાં. આવા ભયંકર સમયમાં વીરવર એકદમ ચાલી નીકળ્યો. તે જોઈ રાજાને તેની ઘણી દયા આવી. "ભય ઉપજાવનાર આ વખતમાં તે એકલો જાય છે કે નહિ તે જોઉં! આમ વિચારી તે રાજા, અંધારપછેડો ઓઢી, હાથમાં તરવાર લઈ, મહેલમાંથી બહાર નિકળી પડ્યો અને વીરવર જાણે નહીં તેમ તેની પાછળ પાછળ ચાલ્યો!

વીરવર જે દિશામાંથી રડવાનો સાદ આવતો હતો તે દિશા તરફ ચાલ્યો. ચાલતો ચાલતો તે છેક નગર બહાર એક તળાવ તરફ નિકળી ગયો—જ્યાંથી રુદનનો શબ્દ આવતો જણાતો હતો. નગરમાંથી બહાર નીકળી તે તળાવ ઉપર ગયો. તળાવની અંદર પાણીમાં એક સ્ત્રીને "હાય શૂરવીર! હાય કૃપાળુ! હાય દાતા! તું મને મૂકીને કેમ જતો રહીશ? હું હવે તારી વગર કેમ રહી શકીશ?" આ પ્રમાણે કોમળ સ્વરે રડતી હતી તેને જોઈ, આશ્ચર્યથી વીરવરે તે સ્ત્રીને પૂછ્યું; "સુન્દરી! તું કોણ છે? શા માટે આક્રંદ કરે છે?" આ વખતે રાજા પણ વીરવરની પાછળ ઉભો ઉભો સર્વ સાંભળતો હતો.

વીરવરનાં આવાં વચન સાંભળી જે સ્ત્રી રુદન કરતી હતી, તેણે આ પ્રમાણે જવાબ આપ્યો; "વત્સ વીરવર! હું પૃથ્વીદેવી છું. હમણાં મારો સ્વામી રાજા શૂદ્રક છે. તે પરમ ધાર્મિક છે. તે રાજા આજથી ત્રીજે દિવસે મરણ પામશે. હવે મને એ રાજાના જેવો બીજો પ્રતાપી નાથ ક્યાંથી મળશે? તે માટે મને અફસોસ થાય છે અને હું મારા અનાથ દેહને માટે અફસોસ કરું છું!" આવાં વચન પૃથ્વીદેવીનાં સાંભળી, વીરવર ડરી ગયો હોય તેમ બોલ્યો; "હે દેવિ! આપનું આ કહેવું તો મેં સાંભળ્યું, પરંતુ તે રાજા કોઇ પણ ઉપાય કરવાથી ઉગરે એમ છે? જો તેવો ઉપાય તમો જાણતાં હો તો કહો, કે જેથી હું આ જગતની રક્ષા કરનારા ચિંતામણિનું રક્ષણ કરું!"

વીરવરનું આવું વચન સાંભળી પૃથ્વીદેવી બોલી: "હા, એક ઉપાય છે. તે ઉપાય તું એકલો જ કરી શકવા સમર્થ છે!" તે સાંભળીને વીરવર બોલ્યો; "માતાજી! તેમ હોય તો મને તે ઉપાય સત્વર કહો, એટલે હું તે ઉપાય જલદી સાધવા માંડું! મારા રાજા મરણ પામ્યા પછી મારે જીવીને શું ફળ કાઢવાનું છે?" તે સાંભળીને પૃથ્વીદેવી બોલ્યાં; "તને કોટીકોટી ધન્યવાદ ઘટે છે. તારા સમાન બીજો વીર પુરુષ કોણ છે, કે જે પોતાના સ્વામીના હિતમાટે અસાધ્ય



સાધવાને તત્પર રહે. તું એકનિષ્ઠ રાજ્યભક્ત છે, તો રાજાનું કલ્યાણ કરવાનો ઉપાય સાંભળ: રાજા શૂદ્રકે, રાજમહેલની સન્મુખ જે ચંડિકા દેવીની પ્રતિષ્ઠા કરી સ્થાપન કર્યું છે, તે દેવી મહાપ્રતાપી અને શ્રેષ્ઠ છે, તેને તું, તારા પુત્ર સત્વવરનું બળીદાન આપી પ્રસન્ન કરશે તો રાજા મરશે નહીં, પણ તે બીજાં સો વર્ષ સૂધી જીવશે! આ ઉપાય તું આજ જ જો કરીશ તો રાજા જીવશે, નહીંતર આજથી ત્રીજે દિવસે તે નિઃશંક મરણ પામશે!"

આ પ્રમાણે જ્યારે પૃથ્વીદેવીએ વીરવરને ઉપાય કહ્યો, ત્યારે વીરવર બોલ્યો; "માતાજી! હવે હું જાઉં છું, અને હમણાં જ તે ઉપાય યોજું છું," દેવી પૃથ્વીએ કહ્યું, "તારું કલ્યાણ થાઓ!" આમ આશીર્વાદ આપી, તે તુરત અંતર્ધાન થઈ ગયાં. આ સર્વ વાર્તા વીરવરની પાછળ ગુપ્ત રીતે આવેલા રાજાએ યથાસ્થિત સાંભળી.

વીરવર પૃથ્વીદેવીએ બતાવેલો ઉપાય કરવા માટે પોતાના ઘર ભણી ચાલ્યો. રાજા પણ હવે શું બને છે, તે જાણવાની ઇચ્છાથી તેની પાછળ પાછળ ગયો. થોડીવારમાં વીરવર પોતાને ઘેર પહોંચ્યો. ઘરમાં જઈ પોતાની સ્ત્રી ધર્મવતીને જગાડી, પૃથ્વીદેવીએ રાજાના મરણ સંબંધિ જે ભવિષ્ય કહ્યું હતું, તે તેની આગળ કહી સંભળાવ્યું. તે સાંભળીને તે સ્ત્રી બોલી; "પ્રાણપતિ! આપણે આપણા રાજાના શુભમાં સદા તત્પર રહેવું જોઇએ. માટે આપ પુત્રને ઉઠાડો ને તેને સર્વ સમજાવો. પછી વીરવરે તરુણ સત્વવરને જગાડીને સર્વ વૃત્તાંત કહી સંભળાવ્યું અને છેવટે કહ્યું; "પુત્ર! એ રીતે આપણો રાજા મરણ પામે તેમ છે, પણ તેનો એક ઉપાય એ છે કે, જો તારું બળિદાન દેવી ચંડિકાને આપીએ તો રાજા મોતમાંથી ઉગરે અને બીજાં સો વર્ષ વધારે જીવે. જો તેમ ન કરીએ તો આજથી ત્રીજે દિવસે આપણો અન્નદાતા રાજા નિઃશંક મરણ પામશે!" આ પ્રમાણેનાં પિતાનાં વચન સાંભળીને તે બાળક જરાપણ ચમક્યો નહીં; કારણકે તેનું મન નપુંસક ન હતું, પણ દૃઢ હતું. પોતાના નામને સફળ કરતો થકો સત્વવર પિતા પ્રતિ બોલ્યો; "પિતાજી! મારા પ્રાણ આપવાથી જો રાજાજીનો પ્રાણ બચતો હોય તો હું કૃતાર્થ થયો સમજું છું! વળી મેં જેતેનું અન્ન ખાધું છે, તેનો બદલો પણ મારાથી પૂર્ણ અપાયે કહેવાશે, તો હવે તમે વાર શા માટે લગાડો છો? મને હમણાં જ દેવી ચંડિકા પાસે લઈ જાઓ અને દેવીને મારું બળિદાન આપો અને મારા હોમથી રાજાને શાંતિ થાઓ!"

આ પ્રમાણે સત્વવરે કહ્યું, ત્યારે વીરવર બોલ્યો; "વત્સ! ખરેખર તું મારા વીર્યથી જ જન્મ્યો છે, તેમાં યત્કિંચિત્ પણ શંકા જેવું નથી. તેં બહુ યોગ્ય કહ્યું!" આ સઘળું પાછળ આવેલા રાજાએ, ઘરની બહાર ઉભા ઉભા સાંભળીને ખૂબ વિચાર કીધો અને પછી બોલ્યો; "ઓહો! આ સઘળાનું પરાક્રમ એક સરખું જણાય છે!"

પછી વીરવરે પોતાના પુત્ર સત્વવરને ખાંધ ઉપર બેસાર્યો અને ધર્મવતીએ કન્યા વીરવતીને પોતાની ખાંધ ઉપર બેસારી. બન્ને જણાં કાળ અંધારી રાત્રે, ચંડિકાના મંદિર તરફ ચાલ્યાં. રાજા શૂદ્રક પણ ગુપચુપ તેમની પાછળ ચાલ્યો! બન્ને જણાંએ દેવીના મંદિરમાં જઈ, પોતપોતાની ખાંધ ઉપરથી બંનો બાળકને નીચે ઉતાર્યાં. પછી સત્વવર, દેવીને ધૈર્ય ધરી પ્રણામ કરી

વિનતિ કરવા લાગ્યો; "હે માતાજી! મારા મસ્તકના બળિદાનવડે, રાજા શૂદ્રક દીર્ઘાયુષી થાઓ અને હે દેવિ! તે બીજાં સો વર્ષ સૂધી રાજ્ય કરો!" આ પ્રમાણે પુત્રે દેવીની આગળ વિનતિ કરી. તે સાંભળી તેના પિતા વીરવરે; "જય જય! ધન્ય ધન્ય! ઠીક, ઠીક! વત્સ! તેં બહુ રુડું કહ્યું!" આમ કહી પોતાની તરવારને ખેંચી, પુત્ર સત્વવરનું મસ્તક છેદી નાંખ્યું. પછી તે મસ્તક ઉપાડી દેવીની આગળ ધરીને શૂરવીર વીરવર બોલ્યો; "હે માતાજી! આ મારા પુત્રના બળિદાનથી રાજા શૂદ્રક શત વર્ષ પર્યંત જીવો!" તત્ક્ષણે આકાશવાણી થઇ "ધન્ય! ધન્ય વીરવર! તારા સમાન બીજો રાજભક્ત કોણ છે કે જેણે એક ઉદારચિત્ત પુત્રના પ્રાણનું બળિદાન આપી, રાજા શૂદ્રકનો પ્રાણ બચાવ્યો ને તેને પાછું રાજ્ય આપ્યું!" આ સર્વ ગુપ્ત રહેલા રાજાએ નજરે જોયું અને સાંભળ્યું. પછી વીરવરની નાની કન્યા વીરવતી, પોતાના ભાઈ સત્વવરને મરણ પામેલો જોઈ, તેની પાસે જઈ, તેના મસ્તકને આલિંગન કરી વિલાપ કરવા લાગી. તે ઘણા અફસોસમાં આંધળી બની છતીફાટ રડવાથી ત્યાંને ત્યાં જ મરણ પામી.

વીરવરની સ્ત્રી ધર્મવતીએ, વીરવરને કહ્યું; "પ્રાણપતિ! તમે રાજાનું શ્રેય તો કર્યું. હવે હું કહુંછું તે ઉપર લક્ષ દ્યો. જુઓ કે આપણી દીકરીને જરા પણ જ્ઞાન નહતું, તોપણ ભાઇના મરણશોકને લીધે તે પણ તે જ ગતિને પામી છે અને મારાં બન્ને સંતાન મરણ પામ્યાં છે; હવે મારે જીવીને શું કરવું? હું મૂર્ખ છું માટે મેં રાજાનું કલ્યાણ થવા માટે પ્રથમ જ દેવીને મારું મસ્તક અર્પણ કર્યું નહીં! પણ હવે મને મરણની ઈચ્છા થઈ છે. માટે મને મરવાની આજ્ઞા આપો, એટલે હું મારાં સંતાનનાં શરીર ખોળામાં લઈ ચિતામાં પ્રવેશ કરું!" આ પ્રમાણે ઘણો ઘણો આગ્રહ કરીને પતિની પાસેથી ધર્મવતી આજ્ઞા માંગવા લાગી, ત્યારે વીરવરે કહ્યું; "હે મનસ્વિનિ! તારાં બે સકુમાર બાળક મરણ પામ્યાં, માટે હવે તું દુઃખી થઈ જાય એમાં શક નથી! હવે તારે સંસારમાં કોના ઉપર લાડ કરવાનું રહ્યું? હવે તારી આગળ કાલું કાલું બોલનાર કોણ છે? હવે તું કોના કાલાકાલા શબ્દ સાંભળી, તારા દહાડા કાઢશે? એ આશાઓ તો હવે ભંગ થઈ ગઈ છે, માટે ભલે તારી મરજી માફક કર! તારું કલ્યાણ થશે! હવે તારે ચિંતા કરવી નહીં, કે મેં મારો આત્મા પ્રથમ જ દેવીને કેમ અર્પણ કર્યો નહીં! તેમ બીજાનું કાર્ય થતું હોય તો હું પણ મારો આત્મા દેવીને શા માટે અર્પણ કરું નહીં? પ્યારી! હમણાં અહીં દેવીનું મંદિર કરવા માટે આ લાકડાં ભેળાં કરી મૂકેલાં છે, તે લઇને અહીં હું ચિતા ખડકું છું, એટલીવાર તું થોભ!" આમ કહી વીરવરે ચિતા ખડકી, તેમાં અગ્નિ મૂકયો અને ચિતા સળગાવી. તેમાં બન્ને બાળકને સુવાડ્યાં. પછી સતી ધર્મવતી, વીરવરની પાસે આવી તેનાં ચરણમાં પ્રણામ કરી, દેવી ચંડિકાને પ્રણામ કીધા; અને પ્રાર્થના કરવા લાગી; "હે દેવિ! પ્રાણનાથ વીરવર આવતા ભવમાં પણ મારા પ્રાણપતિ થાઓ અને મારા પ્રાણદાનથી મારા પ્રાણપતિના સ્વામી શૂદ્રક રાજાનું કલ્યાણ થાઓ!" આ પ્રમાણે બોલી તે સાધ્વી સ્ત્રી, જ્વાળાના સમૂહથી વ્યાપેલી ચિતાના અનળને જળસમાન ગણી તેમાં કૂદી પડી.

પછી વીરવરે સ્વયં કહ્યું; "મેં રાજાનું કાર્ય પૂર્ણ કર્યું અને તેને માટે આકાશવાણીએ પણ મને ખાતરી આપી છે. રાજાનું મેં જે નિમક ખાધું છે તેનો બદલો મેં વાળી આપ્યો છે,



અને તેના ઋણમાંથી આજે હું મુક્ત થયો છું! માટે હવે મારે એકલાએ જીવવાની શા માટે તૃષ્ણા રાખવી જોઇએ? તે તૃષ્ણા ફોકટ જ છે. ભરણપોષણ કરવા લાયક મારા આખા કુટુંબનો નાશ કરી, એક મારા આત્માનું પોષણ કરું, તે શું મારા જેવાને શોભે? ના, ના, એવું કૃત્ય કરનાર કોઈપણ મનુષ્ય યશપાત્ર થતો નથી. માટે હું પણ મારા આત્માનો અંબાદેવીને ભોગ આપી, તેને શા માટે તૃપ્ત કરું નહીં?" આમ વિચારી, પ્રથમ તે દેવીને અનુકૂળ કરવા માટે તેની સ્તુતિ કરવા લાગ્યો.

"હે દેવી! તમે મહિષાસુરને માર્યો છે, તમે ત્રિશૂળ ધારણ કરી રુરુદાનવને માર્યો છે અને તેના વધથી દેવતાઓને આનંદ આપ્યો છે. હે માતૃકામ્બા! મુકુટરૂપ તમે ત્રણ ભુવનને ધારણ કરી રહ્યાં છો. તમારો જયજયકાર હો! હું તમને નમન કરુ છું! હે દેવિ! જગત્ માત્ર તમારાં ચરણ પૂજે છે, તમે ભકત માત્રનાં કલ્યાણકર્તા છો, સૂર્યનાં કિરણોને ધારણ કરનારાં છો અને પાપરૂપ અંધારાનો નાશ કરનારાં છો; તમને હું નમસ્કાર કરું છું! હે કાળિકા! તમારો જય થાઓ. હે કપાલિનિ! તમારો જય થાઓ! હાડકાંની માળા ધારણ કરનારાં હે પાર્વતિ! તમને નમસ્કાર હો! હમણાં હું મારા મસ્તકનું તમને બળિદાન આપું છું, તે આપ સ્વીકારી લ્યો!" આ પ્રમાણે વીરવરે, માતાજીની સ્તુતિ કરી, તુરત જ પોતાના હાથમાં તરવાર હતી, તેના વડે પોતાનું મસ્તક છેદી નાંખ્યું.

રાજા શૂદ્રક, જે ત્યાં ગુપ્ત રીતે રહીને આ સર્વ બનાવ જોતો ઉભો હતો, તે આ સાહસ કર્મ જોઈ, ગભરાટ, દુઃખ તથા આશ્ચર્યમાં પડી ગયો. તે મનમાં વિચાર કરવા લાગ્યો કે; "આ સજ્જન પુરુષના કુટુંબે મારે માટે જે કર્યું છે, તેવું બીજે કોઈ પણ સ્થળે મેં દીઠું કે સાંભળ્યું પણ નથી! આ સંસાર ઘણો જ આશ્ચર્યકારક વસ્તુથી ભરપૂર છે; તેમાં આવો ધીરવીર પુરુષ ક્યાંથી મળે? આ પુરુષે પોતાના સ્વામીને જણાવ્યા વગર, પરોક્ષ રીતે પોતાનું ને પોતાના કુટુંબનું પ્રાણદાન દીધું છે, તેવું કાર્ય કોઈ પણ કરશે નહીં! માટે હું જો એણે કરેલા ઉપકારના પ્રમાણમાં તેનો બદલો વાળું નહિ, તો પછી હું રાજા શાનો? અને મારુ જીવતર પણ પશુની માફક વ્યર્થ કેમ નહી ગણાય?"

આ પ્રમાણે વિચાર કરી રાજા શૂદ્રક, મ્યાનમાંથી તરવાર કાઢી, દેવીની પાસે જઈ વિનતિ કરવા લાગ્યો; "હે ભગવતિ! હંમેશા આપને શરણે રહેલો હું, મારા મસ્તકનું બળિદાન આપું છું, તેનાથી આપ મારા ઉપર પ્રસન્ન થઈ, મારો અનુગ્રહ કરો! આ વીરવર બ્રાહ્મણે, નામાનુસાર જે કર્મ કર્યું છે અને મારે માટે પ્રાણ પણ તજ્યા છે, તે સહકુટુંબ જીવતો થાઓ!" આટલું કહી રાજા શૂદ્રક તરવાર લઈ, પોતાનું મસ્તક છેદવા માટે જ્યાં તૈયાર થાય છે, ત્યાં આકાશવાણી થઈ કે; "હે રાજા! તું સાહસ કર્મ કર મા! હું તારા આ સાત્વિક ભાવથી પ્રસન્ન થઈ છું. તારી ઇચ્છાનુસાર શૂરવીર વીરવર પોતાનાં સંતાન તથા સ્ત્રી સહિત જીવતો થાઓ;" આટલું કહી આકાશવાણી બંધ પડી. તરત વીરવર, તેની સ્ત્રી તથા બે સંતાન સહિત, અક્ષતદેહે, આળસ મરડી ઉભો થયો. રાજા તે અદ્દભૂત કર્મ જોઈ આશ્ચર્ય પામ્યો ને ગુપ્ત રહી હર્ષથી પૂર્ણ ભરેલાં નેત્રથી તેને નિહાળવા લાગ્યો.

શૂરવીર વીરવર પણ જાણે નિદ્રા કરી ઉઠયો હોય તેમ પોતાના પુત્ર પુત્રીને, સ્ત્રીને અને પોતાને સજીવન જોઈ વિભ્રમ મનવાળો થઈ ગયો. તે પોતાની સ્ત્રીને, પુત્રને ને પુત્રીને જૂદાં જૂદાં નામ લઈને પૂછવા લાગ્યો; તમે તો બળીને રાખ થઈ ગયાં હતાં, તે પાછાં સજીવન કેમ થયાં? મેં પણ મારા મસ્તકને તરવારથી છેદી નાંખ્યું હતું, છતાં હું પણ કેમ જીવતો થયો! મને આ ભ્રમ થયો છે કે આ તે દેવીનો ખરેખર અનુગ્રહ છે? જ્યારે તેની સ્ત્રી તથા સંતાને તે સાંભળ્યું, ત્યારે તેઓ બોલ્યાં; "આપણે સઘળાં જીવતાં થયાં છીએ, તેમાં દેવીએ ન જાણી શકીએ એવો અનુગ્રહ કર્યો છે!" વીરવર, અંબિકાદેવીનો અનુગ્રહ સ્વીકારી, તેને પ્રણામ કરી, પોતાનું કાર્ય સિદ્ધ કરી, પોતાની સ્ત્રી તથા સંતાનને લઈ ઘેર ગયો અને ત્યાં સ્ત્રીને તથા બે સંતાનને મૂકી, પાછો પ્રથમની માફક તે રાત્રે રાજાની દેવડી ઉપર જઈને ઉભો રહ્યો. રાજા શૂદ્રકે આ સર્વ ગુપ્ત રીતે જોયું હતું, તે કોઈ જાણે નહીં તેમ પાછો પોતાના મહેલમાં જઈ, ઉપરના માળ ઉપર ચઢીને પૂછવા લાગ્યો, "અરે! દેવડી ઉપર કોણ ઉભો છે?" વીરવર બોલ્યો, "મહારાજ! હું ઉભો છું! હું આપની આજ્ઞાથી તે સ્ત્રીની પાસે ગયો હતો, પરંતુ તે સ્ત્રી રાક્ષસીની માફક જોતજોતામાં કોણ જાણે ક્યાં અલોપ થઈ ગઈ, તે મને જણાયું જ નહીં!" રાજા, વીરવરનું આવું વચન સાંભળી ઘણો આશ્ચર્ય પામ્યો અને તેનું ચરિત્ર પોતે પ્રત્યક્ષ જોયું હતું, તે ઉપર મનન કરવા લાગ્યો કે,–"બેશક! મનસ્વી પુરુષોનું મન, સમુદ્રની માફક ગંભીર અને ધીર હોય છે. તેઓ લોકોત્તર કર્મ કર્યા છતાં પણ મ્હોડેથી કહી દેખાડતા નથી!" આ પ્રમાણે વિચાર કરી રાજાએ રાજમહેલના માળ ઉપરથી નીચે ઉતરી, પોતાના અંતઃપુરમાં જઈ, બાકીની રાત્રિ ગાળી.

પ્રભાત થયું. રાજાને મજરો કરવા સર્વે આવ્યા. વીરવર પણ રાજાને મજરો કરવા માટે આવ્યો. તે વખતે રાજાએ ઘણી ખુશીની સાથે પોતાના મંત્રીઓની આગળ, વીરવરનું સર્વ વૃત્તાંત વર્ણવી દેખાડ્યું. સઘળા મંત્રીઓ ઘણા આશ્ચર્ય પામ્યા. પછી શૂદ્રક રાજાએ ઘણા પ્રેમથી વીરવરને અને તેના [illegible]ને કર્ણાટક સહિત લાટ દેશનું રાજ્ય, યાવત્‌ચંદ્રકાળ સુધીનો લેખ લખીને બક્ષીસ આપ્યું; અને તે[illegible]થી વીર વીરવર તથા શૂદ્રક રાજા, પરસ્પર એકબીજાના મિત્ર થઈ આનંદમાં રહેવા લાગ્યા.

[illegible]આ પ્રમાણે વૈતાળે અદ્‌ભૂત કથા કહીને ત્રિવિક્રમસેન રાજાને કહ્યું; "અલ્યા ત્રિવિક્રમ-[illegible] સઘળામાં વધારે મોટો પરાક્રમી–ઉદારચિત્ત કોણ, તે મને કહે. તું જાણતો હોય તે જો [illegible]નહીં, તો તારા મસ્તકના હજારો કટકા થઈ જશે." તે સાંભળીને રાજાએ [illegible]ર આપ્યું, "આ સર્વમાં રાજા શૂદ્રક વધારે પરાક્રમી–ઉદારચિત્ત છે!" વૈતાળ [illegible]જા! વીરવર કેમ સર્વ કરતાં મોટો પરાક્રમી નહીં? તેના સમાન આ [illegible]ે કોઈ પણ જણાશે નહીં અને તેની ધર્મપત્ની ધર્મવતી શું મોટી પરા-[illegible] છતાં જેણે પોતાની નજર આગળ પોતાના પુત્રને પશુ માફક દેવીને [illegible] હતું અને તેનો પુત્ર સત્વર કેમ મોટો પરાક્રમી નહીં? તે બાળક [illegible] અતિ પ્રૌઢ હતું! માટે હે રાજા! તું એ સર્વ કરતાં રાજા શૂદ્રકને [illegible] પણ મને ખાતરી આપી કારણ શું તે મને કહે."



આ પ્રમાણે વૈતાળે પ્રશ્ન કર્યો ત્યારે રાજા ત્રિવિક્રમસેન બોલ્યો; "મારું કહેવું એવું નથી કે, વીરવર મોટો વીર નહિ. પરંતુ વીરવર કુલવતનો પુત્ર હતો અને પોતાના પ્રાણોથી, પુત્રોથી અને સ્ત્રીથી પણ પોતાના રાજાનું રક્ષણ કરવું, એને જ ધર્મ જાણતો હતો; તેની સ્ત્રી સતી, કુળવંત અને પતિને દેવ-સમાન ગણનારી હતી; તેને પોતાના પતિની પાછળ મરવા શિવાય બીજો ઉત્તમ ધર્માચરણનો રસ્તો કયો હતો? તેણે પોતાનો ધર્મ બજાવ્યો, તેમાં શું આશ્ચર્ય? એવાં ઉત્તમ દંપતીને પેટે જન્મેલો સત્વવર પણ તેના જેવો જ મહાસત્વવંત હતો. જેવો દોરો હોય તેવું વસ્ત્ર બને છે અને જેવા બાપ તેવા બેટા થાય છે! પણ રાજા શૂદ્રક સર્વથી શ્રેષ્ઠ એટલા માટે છે કે, રાજાઓ તો પોતાના સેવકોના પ્રાણો લઈ પોતાનું રક્ષણ કરે છે. પણ શૂદ્રક પોતાના દાસોને માટે પોતાનો પ્રાણ આપવા તત્પર થયો, માટે તે સર્વ કરતાં વિશેષ વીર છે."

એ પ્રમાણે રાજાનું મૌનવ્રત ખંડિત કરી, તેણે જે કહ્યું તે સાંભળી, વૈતાળ, રાજા જાણે નહીં તેમ તેના ખભા ઉપરથી એકદમ પોતાની માયાવડે અલોપ થઈ ગયો અને તે પાછો પોતાના સ્થાન ઉપર જઈ બેઠો. રાજા ત્રિવિક્રમસેન પણ તેને લેવાનો નિશ્ચય કરી, પ્રથમના માર્ગે થઈને તેજ રાત્રે પાછો સ્મશાન તરફ ચાલ્યો.

## તરંગ ૧૨ મો.

## વૈતાળ પંચવિંશી.

### વૈતાળ પાંચમો—સોમપ્રભા ને ત્રણ પુરુષોની કથા.

રાજા ત્રિવિક્રમસેન ફરીથી તે અશોકવૃક્ષની નજીક ગયો અને જુવે છે તો વૈતાળવાળું શબ, તે વૃક્ષને ડાળે, પ્રથમની માફક લટકતું હતું. રાજા તે વૃક્ષ ઉપર ચઢ્યો. વૈતાળને નીચે ઉતારી તેની તરફ ઘણી જ અપ્રસન્નતા બતાવી. પછી કેટલાએક તેનાપર સંસ્કારો કરી તેને પાછું પોતાના ખભા ઉપર ઉપાડ્યું અને ત્યાંથી ઉતાવળે પગે, મુગોમુગો ચાલવા લાગ્યો. થોડેક સૂધી તો વૈતાળ ચુપચુપ પડી રહ્યો, પણ પછી તે રાત્રિએ, તે મહાસ્મશાનમાં વૈતાળે રાજાને પ્રથમની માફક કહ્યું:–"રાજ! તમે કષ્ટકારી કામમાં પડ્યા છો, તે જોઈ મને તમારા ઉપર ઘણો પ્રેમ છૂટ્યો છે! તેથી તમારા મનને આનંદ આપવા માટે હું એક કથા કહું છું તે સાંભળો."

પ્રાચીન કાળમાં ઉજ્જયિણી નગરીમાં પુણ્યસેન નામનો એક રાજા રાજ્ય કરતો હતો. તેના ઉપર આજીવિકા કરનાર, તેનો આશ્રિત અને તેનો પ્રિય મંત્રી હરિસ્વામી નામનો એક બ્રાહ્મણ હતો. આ મંત્રી સદ્‌ગુણસંપન્ન હતો. તે મંત્રીને એક સ્ત્રી હતી. તે પણ મંત્રીના જેવી જ ગુણવંત અને વિવેકી હતી. તેણે દેવસ્વામી નામનો એક પુત્ર અને સોમપ્રભા* નામની કન્યાને જન્મ આપ્યો હતો. આ કન્યા રૂપ ને લાવણ્યતામાં અનુપમ હતી. જેવું તેનું નામ

* સોમ=ચન્દ્ર. † પ્રભા=કાન્તિ. ચન્દ્રની કાન્તિ.

હતું, તે જ પ્રમાણે તે ગુણવતી પણ હતી. તે કન્યા જ્યારે થોડા વર્ષની થઈ, ત્યારે મંત્રી તેનો વિવાહ કરવાનો વિચાર કરવા લાગ્યો. તે વાર્તા રૂપગર્વિતા કન્યાના જાણવામાં આવી, ત્યારે તેણે પોતાની મા અને ભાઇદ્વારા પોતાના પિતાને જણાવ્યું; "મને તમારે ગમે ત્યાં દેજો, પરંતુ મારો પતિ શૂરવીર, કળાકુશળ અથવા યોગવિદ્યાનિપુણ શોધજો. મારી જીંદગીની કંઇપણ કિંમત તમને હોય તો કોઇ મૂર્ખાનંદની સાથે મારાં લગ્ન કરશો મા."

જ્યારે તેના પિતા હરિસ્વામીએ આ પ્રમાણે પુત્રીનું કહેવું સાંભળ્યું, ત્યારે તેને માટે તેવા ગુણી વરની શોધ કરવા માંડી. તે રાત દિવસ ચિંતા કરવા લાગ્યો, કે એવો જમાઇ ક્યાંથી મળશે!

બન્યું એવું કે, તે દેશ ઉપર, દક્ષિણ દેશનો રાજા યુદ્ધ કરવાની ચઢાઈ કરવાને તૈયાર થયો; એટલે રાજાના હુકમથી દક્ષિણ દેશના રાજાની સાથે મિત્રતા કરવા માટે હરિસ્વામીને પ્રતિનિધિ–એલચી તરીકે જવા જણાવ્યું. હરિસ્વામીનું મન પોતાની પુત્રી માટે પતિ શોધવામાં ગુંચવાઈ ગયું હતું; છતાં રાજાનો હુકમ માન્ય કરી, તે દક્ષિણ દેશના રાજાની પાસે ગયો. ત્યાંના રાજા સાથે સર્વ વાતચિત કરી, તેની સાથે સંધિ કરી, પોતાનું કાર્ય કર્યા પછી થોડાક દહાડા તે ત્યાં રહ્યો છે, તેવામાં નગરીમાં રહેનારા એક બ્રાહ્મણે, હરિસ્વામીની કન્યાની રૂપસપત્તિનાં વખાણ બહુ સાંભળ્યાં હતાં, તેથી તે હરિસ્વામીની પાસે આવ્યો અને કન્યાનું માગું કર્યું. હરિસ્વામીએ તે વિવાહાર્થીની માંગણી તરફ ધ્યાન આપીને કહ્યું; "મારી પુત્રીની ઇચ્છા એવી છે કે, પરણવું તો વિરલ, કળાકૌશલ્યવાન્ અથવા યોગવિદ્યામાં નિપુણ સાથે પરણવું, પણ મૂર્ખ કે નપુંસક જોડે પરણવું નહીં! કહો હવે મને તમે કે, તમે શું જાણો છો?" તે સાંભળી વિવાહાર્થી બ્રાહ્મણે ઉત્તર આપ્યું; "હું યંત્ર વગેરે કળામાં કુશળ છું!" હરિસ્વામીએ કહ્યું; "બહુ સારું, તમે યંત્રાદિક વિદ્યાના જ્ઞાનમાં ઘણા કુશળ છો, તો મને એકાદો ચમત્કાર બતાવી આપો કે, મારા મનને ખાતરી થાય." તરત તે કળાનિપુણ બ્રાહ્મણે, પોતાની શક્તિથી એક આકાશગામી માયાવી યંત્રવાળું વિમાન બનાવ્યું અને તેમાં હરિસ્વામીને બેસાડી સ્વર્ગ વગેરે ત્રણ લોકમાં લઈ જઈ, તેને તે તે લોક બતાવ્યા. હરિસ્વામી સ્વર્ગ વગેરે જોઈ ઘણો સંતોષ પામ્યો અને પછી તે વિજ્ઞાનશાળી બ્રાહ્મણે, દક્ષિણના રાજાની છાવણીમાં હરિસ્વામીને લાવી મૂક્યો. હરિસ્વામીએ પ્રસન્ન થઈ તે કળાકુશળ બ્રાહ્મણ સાથે પોતાની પુત્રીનો વિવાહ કર્યો અને સાતમે દિવસે લગ્ન કરવાનો ઠરાવ કર્યો.

એ અરસામાં ઉજ્જયિણી નગરીમાં શું બન્યું તે સાંભળ. એક બીજો બ્રાહ્મણ હરિસ્વામીને ઘેર આવ્યો અને હરિસ્વામીના પુત્ર દેવસ્વામીની આગળ તેની બહેન સોમપ્રભાનું માગું કર્યું. દેવસ્વામીએ ઉત્તર આપ્યું; "જુઓ ભાઈ! તમારું કહેવું તો ઠીક છે, પરંતુ મારી બહેને તો કોઇ વિદ્યાવંત અથવા તો કળાકૌશલ્યવાળા કે શૂરવીરની સાથે પરણવાનો ઠરાવ કર્યો છે, તે વિના કોઈ બીજા સાથે પરણવાની તે ચોખ્ખી ના પાડે છે!" તે સાંભળીને તે બ્રાહ્મણે કહ્યું; "હું શૂરવીર છું!" પછી તેણે શસ્ત્ર તથા અસ્ત્રવિદ્યાના સર્વ ચમત્કાર દેવસ્વામીને બતાવ્યા. દેવસ્વામી તેની અમોઘ શક્તિ જોઈ બહુ પ્રસન્ન થયો અને પોતાની બહેનનાં



તે શૂરવીર બ્રાહ્મણની સાથે લગ્ન કરવાનો ઠરાવ કર્યો. જોશીઓને મૂહૂર્ત પૂછ્યું કે, લગ્ન ક્યારે કરવાં? ત્યારે જોશી મહારાજોએ પણ, તેના પિતાએ જે દિવસ, બીજા પાણિગ્રહણાર્થી બ્રાહ્મણને માટે નિર્માણ કીધો હતો, તે જ સાતમો દિવસ, લગ્ન કરવાનો કહ્યો! આ વાર્તા દેવસ્વામીએ પોતાની માતાના અજાણપણામાં કીધી હતી.

હવે તે જ વખતપર કન્યાની માતા આગળ વળી એક ત્રીજો બ્રાહ્મણ આવી કન્યાની માંગણી કરવા લાગ્યો. હરિસ્વામીની સ્ત્રીએ ઉત્તર આપ્યું કે; "મારી પુત્રીને તો કોઈ જ્ઞાની અથવા કળાબાજ અથવા શૂરવીરની સાથે પરણવાની ઈચ્છા છે!" તે બ્રાહ્મણ બોલ્યો; "માજી! હું જ્ઞાની છું!" હરિસ્વામીની સ્ત્રીએ તેને ભૂતભવિષ્યની સર્વ વાર્તા પૂછી, ત્યારે તેણે યથાર્થ ઉત્તર આપ્યું. તેથી પ્રસન્ન થઈને તે બ્રાહ્મણીએ પોતાની પુત્રીનું તે બ્રાહ્મણ સાથે વેવિશાળ કર્યું, અને તે જ સાતમે દિવસે લગ્ન કરવાનું ઠરાવ્યું.

આ પ્રમાણે એક ઘરનાં ત્રણ જણાંએ, એક કન્યાનો ત્રણ જણની સાથે, જૂદો જૂદો સંબંધ કર્યો. બીજે દિવસે હરિસ્વામી પોતાને ઘેર આવ્યો અને પોતે જે કન્યાદાનનો નિશ્ચય કર્યો હતો, તેની સર્વ વાત પોતાની સ્ત્રી તથા પુત્રની આગળ કહી બતાવી. મા દીકરો ઘણાં ગભરાયાં. તેમણે પોતે પણ કન્યાદાન માટે જે જે ઠરાવ કર્યો હતો, તે હરિસ્વામીને કહી બતાવ્યો.

હરિસ્વામી પણ ત્રણ વર સાથે વેવિશાળ થયું સાંભળી, ઘણો ગુંચવાડામાં પડી ગયો. વાત કરતાં છ દિવસ વીતી ગયા. સાતમા લગ્નના દિવસે, હરિસ્વામીને ઘેર જ્ઞાની, માયાવિદ્યાનિપુણ તથા શૂરવીર એમ ત્રણે વર, સાથે જ પરણવા માટે આવ્યા!

પણ તે જ વખતે એક અજબ બનાવ બન્યો. સોમપ્રભા કન્યા કયાંઈ ગુમ થઈ ગઈ. તેની ઘણી શોધ કરી, પણ કોઈસ્થળેથી તે કન્યાનો પત્તો મળ્યો નહીં. ઘરનાં સર્વ માણસો આશ્ચર્યમાં ગરકાવ થઈ ગયાં. હરિસ્વામી ઘણા ગભરાટમાં પડ્યો. તેણે ત્રિકાળજ્ઞાનીને પૂછ્યું; "હે જ્ઞાનીપુરુષ! મારી કન્યા કયાં ગઈ છે, તે મને સત્વર કહો." જ્ઞાનીએ કહ્યું; "હરિસ્વામી! તમારી કન્યાને ધૂમ્રશિખ નામનો રાક્ષસ, વિંધ્યાચળના વનમાં, પોતાના રહેઠાણમાં હરીને લઈ ગયો છે!" તે સાંભળી હરિસ્વામી અત્યંત ભયાકુળ થઈ ગયો અને બોલ્યો; "હાય! હાય! હવે મારી વહાલી દીકરી મને કેવી રીતે મળશે અને તેનો વિવાહ કેમ થશે?" તે સાંભળીને જે વિજ્ઞાની હતો તે બોલ્યો; "તમે ગભરાઓ નહીં. જ્યાં આ જ્ઞાની પુરુષ તમારી પુત્રી બતાવે છે અને તે જ્યાં બેઠી છે, ત્યાં હું તમને હમણાં લઈ જઈશ!" આમ કહી તે જ વખતે તે કળાનિપુણે સર્વ શસ્ત્ર અસ્ત્રથી ભરપૂર પૂર્ણ માયાવી એક ઉત્તમ વિમાન બનાવ્યું અને તેમાં હરિસ્વામી, જ્ઞાની, શૂરવીર ને ચોથો યાંત્રિક, એમ સર્વે બેઠા. પછી તે વિમાનને આકાશમાં ઉડાડયું અને તે સર્વને એક ક્ષણમાં તે વિજ્ઞાનીએ, ધૂમ્રશિખનો આશ્રમ, જે વિંધ્યાચળના અરણ્યમાં હતો ત્યાં લાવી મૂકયા! રાક્ષસે આ સર્વને પોતાની જગ્યામાં અકસ્માત્ આવ્યા જાણ્યા કે તે ઘણોજ ક્રોધિષ્ઠ થઈ ગયો. તે તેમની સાથે યુદ્ધ કરવા માટે પોતાના ઘરમાંથી બહાર નિકળ્યો. હરિસ્વામીએ શૂરવીરને લડવા માટે આગળ કર્યો. આ વખતે સીતાને માટે જેમ રામ અને

રાવણનું યુદ્ધ થયું હતું, તેમ મનુષ્ય અને રાક્ષસનું એક કન્યા માટે દારુણ યુદ્ધ શરુ થયું. આ યુદ્ધ ઘણું આશ્ચર્યકારક હતું. રાક્ષસ યુદ્ધમાં ઘણો જ મદમત્ત થઈને લડતો હતો, તોપણ શૂરવીર બ્રાહ્મણે અર્ધચંદ્રાકાર બાણ મારી તે રાક્ષસનું માથું પળવારમાં ઉરાડી દીધું. રાક્ષસ મરણ પામ્યો, એટલે તેના ઘરમાંથી સોમપ્રભાને લઈ આવી, તેને વિમાનમાં બેસારી, તે ત્રણે પાણિગ્રહણાર્થીઓ, કળાનિપુણ બ્રાહ્મણના વિમાનમાં બેસી, આકાશમાર્ગે હરિસ્વામીને ઘેર પાછા ફર્યા.

જ્યારે મંગળમુહૂર્તનો સમય નજદીક આવ્યો, ત્યારે જ્ઞાની, વિજ્ઞાની અને શૂરવીરની વચ્ચે પરણવાને મોટો ઝગડો ઉભો થયો. જ્ઞાનીએ કહ્યું; "આ કન્યા ઉપર મારો હક છે, કારણ કે હું જો જણાવતે નહીં કે એ કન્યા ક્યાં છે, તો તમે રાક્ષસના ઘરમાં ગુપ્ત રહેલી કન્યાને કેવી રીતે મેળવી શકતે? માટે એ કન્યાનાં લગ્ન તો મારી સાથે જ થશે" તે સાંભળીને કળાનિપુણે કહ્યું; "ચાલ, ચાલ, તારી વાત તારી પાસે રહેવા દે! એ શી વાત કરે છે, હું આમ ન કરત ને તેમ ન કરત એવી એવી! હું જો આકાશમાં ઉડનારું વિમાન તૈયાર કરતે નહીં, તો તમે દેવતાની માફક એક ક્ષણમાં આવજાવ કેવી રીતે કરી શકતે? અને જ્યારે આવજાવ જ થાત નહીં, ત્યારે તમારું કાર્ય પણ સિદ્ધ કેમ થતે? અને રાક્ષસ પાસે વિમાન હતું અને તારી પાસે તે ન હોત તો તું લડત જ શી રીતે? માટે આ કન્યાની સાથે તો મારાં લગ્ન થશે, મારાં! માટે એ હરિસ્વામી! મારી સાથે તમે એને પરણાવો." એટલે શૂરવીર બોલ્યો; "પણ હે ભલા માણસો, જરા વિચારતો કરો કે હું જો યુદ્ધમાં રાક્ષસ સાથે લડાઈ કરીને તેને મારત નહીં, તો તમે બે જણા ગમે તેટલો યત્ન કરત તોપણ આ કન્યાને તમારામાંથી કોણ લઈ આવત વારુ, તે તો જરાક મને કહો? માટે આ કન્યા મને જ મળવી જોઈએ." આ પ્રમાણે તે ત્રણે જણા પરસ્પર તકરાર કરવા લાગ્યા. તે વખતે એક ક્ષણભર હરિસ્વામીનું મન ગભરાટમાં પડી ગયું ને તે મૌન્ય ધરી રહ્યો.

માટે હવે રાજન્ ત્રિવિક્રમસેન! તમે મને કહો કે, આ ત્રણમાં તે કન્યાનાં કોની સાથે લગ્ન કરવાં? જો જાણતાં છતાં પણ મને તમે કહેશો નહીં તો તમારા મસ્તકના હજારો કટકા થઈ જશે," રાજા ત્રિવિક્રમસેન, વૈતાળને મોઢેથી ઉપલો પ્રશ્ન સાંભળી, મૌન્ય વ્રત મૂકીને બોલ્યો; "તે કન્યાનાં લગ્ન શૂરવીર બ્રાહ્મણ સાથે થવાં જોઇયે, કેમકે તેણે પોતાના પ્રાણની યત્કિંચિત્ પણ દરકાર કર્યા વગર, પોતાના બાહુબળથી યુદ્ધમાં રાક્ષસનો વધ કરી, કન્યાને પાછી મેળવી છે, અને તે શૂરાને મદદ કરવા માટે ત્રિકાળજ્ઞાની તથા કળાનિપુણ વિજ્ઞાનીને બ્રહ્માએ ઉત્પન્ન કર્યા હતા. શું જોશી તથા યંત્રકળાનિપુણ હંમેશાં બીજાના હાથ નીચે રહીને કામ કરતા નથી?'

આ પ્રમાણે રાજાએ પોતાનું મૌન્ય છોડીને ઉત્તર વાળ્યો. તે સાંભળતાની સાથે વૈતાળ, પૂર્વપેરે જ રાજાની ખાંધ ઉપરથી એકદમ ઉડીને પોતાના સ્થાનક ઉપર ચાલ્યો ગયો અને તે રાજા પણ યત્કિંચિત્ ખેદ કર્યા વગર તેને પુનઃ લેવા માટે તે તરફ પાછો ફર્યો.*

---

* આ વાર્તાને જ મળતી એક વાર્તા હિંદી વૈતાળ પંચવિંશીમાં છે. તેમાં અરણ્યમાં ચાર વિદ્વાને સરત કરીને એકે એક પુતળી ઘડી, બીજાએ અલંકાર આપ્યા, ત્રીજાએ વસ્ત્ર આપ્યાં ને ચોથાએ જીવતી કરી. આ ચારે જણ તેને પરણવા તૈયાર થયા, તેમાં અલંકાર આપનાર તેની સાથે લગ્ન કરવા શક્તિમાન્ થયો હતો. ગુજરાતી સામળકૃત મદાપચ્ચિશીમાં ૫ મી વાર્તા એને મળતી છે, પણ તેમાં કાળજ્ઞાનીને સ્વામી કરવાનું કહ્યું છે.



# તરંગ ૧૩ મો.

## વૈતાળ પંચવિંશી.

### વૈતાળ ૬ ઠ્ઠો–એક ધોબીકન્યાની કથા.

પુનઃ રાજા ત્રિવિક્રમસેન, વળી તે મહાઘોર સ્મશાનમાં જઈ, શિંશપાવૃક્ષ ઉપર ચઢ્યો અને પ્રથમની માફક તે વૈતાળને પોતાની ખાંધ ઉપર ઉપાડી, મુગો મુગો ઊતાવળો ઉતાવળો ચાલવા માંડ્યો. વૈતાળે માર્ગમાં રાજાને પુનઃ કહ્યું; "રાજાજી! તમે બુદ્ધિશાળી ને શૂરવીર છો, તેથી તમને હું ચાહું છું; અને એક વિનોદકારક કથા તમને કહું છું, તેમાં મારું જે પ્રશ્ન છે તેનું ઉત્તર આપજો."

પૂર્વકાળમાં પૃથ્વી ઉપર યશઃકેતુ નામનો એક રાજા રાજ્ય કરતો હતો. તેની રાજધાનીનું નામ શોભાવતી હતું. આ નગરીમાં ગૌરીનું એક સુંદર મંદિર હતું. તે મંદિરની દક્ષિણ દિશામાં ગૌરીતીર્થ નામનું એક તળાવ હતું. દર વર્ષે અષાડ માસની અજવાળી ચૌદશને દહાડે, જૂદા જૂદા દેશનાં મોટાં મોટાં માણસો આ તળાવમાં સ્નાન કરવા માટે આવતાં હતાં અને તે વખતે ત્યાં મોટો મેળો ભરાતો હતો.

એક વખતે અષાડ માસની અજવાળી ચૌદશને દહાડે, ત્યાં ગંજાવર મેળો ભરાયો. તેમાં, બ્રહ્મસ્થળ ગામનો રહેવાસી, ધવળ નામનો એક ધોબી પુત્ર, તે તળાવમાં સ્નાનાર્થે આવ્યો, તેવી જ રીતે, શુદ્ધપટ નામના એક ધોબીની કન્યા પણ ત્યાં સ્નાનાર્થે આવી. તેનું નામ મદનસુંદરી હતું. આ કન્યાનું ચન્દ્રમા જેવું મનહર લાવણ્ય જોઈ, ધવળ ધોબીનું મન વિહ્વળ થઈ ગયું. પછી તેણે તે કન્યાની તપાસ કરી અને તેનું નામ તથા તેના કુળનું નામ અને ઠામ જાણી, ચિંતાતુર હાલતે તે પોતાને ઘેર ગયો અને એક ખૂણામાં તૂટમૂટ ખાટલી થઈને પડ્યો. ભોજનનો સમય થયો, તોપણ તે કન્યાના કામણગારા કટાક્ષથી ઘાયલ થઇ ગયેલા તેણે, આહાર લીધો નહીં: તે તો ઉદાસ થઇને પડયો જ રહ્યો. ત્યારે તેની માતા, પોતાના દીકરાને અફસોસમાં આવેલો જોઈ, પોતે પણ દિલગીર થઈ ગઈ. તેણે તેને પૂછ્યું; "ભાઈ બાપુડા! તને શું થયું છે?" ત્યારે તે ધોબીએ પોતાની મા આગળ પોતાના અંતરનો પડદો ખોલી નાંખ્યો. ધોબણે તે વાર્તા પોતાના પતિ વિમળની આગળ જઇને કહી, એટલે તે પોતાના પુત્રની પાસે આવ્યો અને જૂવે છે તો પુત્રને કામજ્વરથી પીડિત થતો જોયો. તે બોલ્યો; "બેટા! તું શા માટે ખેદ કરે છે? તું તારા મનમાં જેની ઇચ્છા કરે છે તે આપણને મળી શકે તેવી છે, તો હવે તારે જરાપણ ઉદાસ થવું નહીં. હું શુદ્ધપટને કહીશ, એટલે તે તરત તને પોતાની કન્યા પરણાવશે. આપણે શુદ્ધપટ કરતાં કુળમાં તથા ધનમાં કંઈ ઉતરતા નથી. વળી તે મને ઓળખે છે અને

હું તેને ઓળખું છું, માટે . કન્યા મેળવવી, એ કંઈ દુષ્કર નથી." આ પ્રમાણે કહી, વિમળે પોતાના પુત્રને સમજાવ્યો અને ઉઠાડીને જમવા બેસાર્યો. ધવળે પણ પોતાનું કાર્ય સિદ્ધ થશે, એવું સાંભળી ખુશીથી ભોજન કર્યું.

બીજે દિવસે વિમળ, ધવળને સાથે લઈ, શુદ્ધપટ ધોબીને ઘેર ગયો અને તેની આગળ પોતાના પુત્રને માટે તેની કન્યાનું માગું કર્યું. શુદ્ધપટે ઘણા માનપૂર્વક તે પોરીયાવેરે પોતાની પોરી મદનસુંદરીનું વેશવાળ કર્યું અને બીજે દિવસે લગ્ન કરવાનો ઠરાવ કર્યો.

ધોબી વિમળ પોતાના પુત્રને લઈ ઘેર આવ્યો અને બીજે દિવસે મોટી ધામધુમની સાથે શુદ્ધપટને ઘેર, જાન લઇને ગયો. શુદ્ધપટે જાનનાં માણસોનો સારી રીતે આદરસત્કાર કરી, પોતાની પુત્રી મદનસુંદરીનાં ધવળ સાથે લગ્ન કર્યાં. ધવળ પણ તે કન્યાના જેવો ફુટડો ને રૂપાળો હતો, છતાં તેની નજર તે કન્યા ઉપર ઠરી રહી! તે મદનસુંદરીની સાથે પરણી, તેને સાથે લઈ પોતાને ઘેર આવ્યો અને પોતાનો મનોરથ પૂર્ણ કરી આનંદમાં પિતાને ઘેર રહી દહાડા કાઢવા લાગ્યો.

એક દિવસે ધવળને ઘેર તેનો સાળો આવ્યો. ઘરનાં સઘળાં માણસોએ તેને આદરમાન આપ્યું અને બહેન મદનસુંદરીએ ભાઇનાં ઓવારણાં લીધાં! પછી તેને ઉતારો કરાવ્યો અને પોતાના માતા પિતાના કુશળ સમાચાર પૂછ્યા. સર્વના શુભ સમાચાર જણાવીને વેવાઇને, વેવાઈના પોરીયાએ કહ્યું; "અમારે ત્યાં દેવીનો મહોત્સવ છે, તે ઉપર મારા પિતાએ મારી બહેનને તથા બનેવીને તેડવા માટે મને મોકલ્યો છે." વેવાઇએ કહ્યું; "બહુ સારું, અમે વેવાઇનું તેડું કાં ના પાડીએ એવા છીએ!" આમ કહી તેને કસાર રાંધીને જમાડ્યો અને મંદિરાનું સારી રીતે પાન કરાવ્યું; અને ઘરનાં માણસોએ તે દિવસે તેની સેવા ચાકરી બહુ સારી રીતે કરી.

બીજે દિવસે પ્રભાતમાં ધવળ ધોબી ગાંસડાપોટલાં બાંધી તૈયાર થયો અને પોતાની વહુ તથા સાળાની સાથે સસરાને ઘેર જવા નિકળ્યો. તે ત્રણેજણાં થોડીવારમાં શોભાવતી નગરીમાં આવી પહોંચ્યાં. જેવો ધવળધોબી નગરીની સમીપમાં આવ્યો કે, દુર્ગાનું મોટું મંદિર તેની નજરે પડ્યું. તેણે પોતાની ધોબણ વહુને અને સાળાને દેવી પ્રત્યે ભક્તિભાવ દર્શાવતાં કહ્યું; "ચાલો, આપણે સર્વ આ મહાપ્રતાપી દેવી દુર્ગાના મંદિરમાં જઈ, તેનાં દર્શન કરીએ." પણ ધવળના સાળાએ પોતાના બનેવીને કહ્યું: "આપણે ત્રણ જણ છીએ, આપણી પાસે દુર્ગાની આગળ ભેટ મૂકવાનું કંઈ નથી, તો આપણે સર્વ ખાલી હાથે કેમ જઇએ?" તે સાંભળી ધવળ બોલ્યો; "ત્યારે તમે ભાઈ બહેન અહીં બેસો, હું જઇને દર્શન કરી આવું છું!" આમ કહી ધવળ, દેવીના મંદિરમાં દર્શન કરવા ગયો. દેવીના મંદિરમાં જઈ, દેવીને પ્રણામ કર્યાં અને મહાભયંકર અઢાર ભુજાવાળી, રૂપંદડવડે ભયંકર, દાનવનો નાશ કરનારી અને ચરણકમળનાં તળિયાંથી મહિષાસુરનું મર્દન કરનારી દેવી દુર્ગાને, પૂર્ણ પ્રેમથી તે નિહાળવા લાગ્યો. આ વખતે દૈવની પ્રેરણાથી તેને દિવ્યજ્ઞાન ઉપજ્યું અને તે જ્ઞાનથી તે આ પ્રમાણે વિચાર કરવા લાગ્યો; "મનુષ્યો, જૂદા જૂદા પ્રાણીઓનાં બળિદાનથી આ દેવીનું પૂજન કરે છે અને સિદ્ધિઓ મેળવે છે; ત્યારે હું સિદ્ધિ મેળવવા માટે મારા પોતાના શરીરનું દેવીને બળિદાન કરી તેને શા માટે પ્રસન્ન કરું નહીં?" આ પ્રમાણે વિચાર કરી,



દેવીની જ્યાં સ્થાપના હતી, ત્યાંના એકાંત ગભારામાંથી એક તરવાર લઈ આવી, કેટલાક લટકતા મુંડો, જે ઘંટ ટાંગવાની સાંકળમાં ભરાવ્યા હતા તે સાંકળ સાથે પોતાની ચોટલીને બાંધી, હાથમાંની તરવારથી પોતાનું મસ્તક કાપી, દેવીને બળિદાન આપ્યું! તરવારથી જેવું મસ્તક કાપ્યું, તેવું જ તે ધડથી જૂદું પડી પૃથ્વીપર પડ્યું.

હવે તે બહાર ભાઈબહેન તેની વાટ જોતાં બેઠાં હતાં તે તરફ નજર કરીએ. તેઓ ઘણી વાર સૂધી બેઠાં રહ્યાં, તોપણ જ્યારે ધવળ પાછો આવ્યો નહીં, ત્યારે બંને વિચારમાં પડી ગયાં. પછી સાળો, બનેવીને તેડવા માટે દેવીના મંદિરમાં ગયો. પણ મંદિરમાં જઈ તેણે જોયું તો તેના બનેવીનું મસ્તક ધડથી જૂદું પડેલું હતું. તે જોઈ તે ઘણો ગભરાઈ ગયો અને તેને પણ વ્યામોહ થયો, એટલે તેણે પણ તેની જ પેઠે તરવારથી પોતાનું મસ્તક દેવીની સન્મુખ કાપી નાંખી દેવીને બલિદાન આપ્યું.

જ્યારે ભાઈ પણ પાછો ફર્યો નહીં અને ઘણી વાર થઈ ગઈ, ત્યારે મદનસુંદરી ઉઠીને દેવીના મંદિરમાં, ભાઇને અને પતિને જોવા માટે ગઈ. પણ તે દેવળની અંદર જઈ જૂવે છે તો પોતાના પતિને અને પોતાના ભાઇને મરેલા દીઠા. તત્ક્ષણે મદનસુંદરી પૃથ્વીપર તૂટી પડી. તે વિલાપ કરવા લાગી; "હાય! હાય! આનું કારણ શું? હવે મારું શું થશે?" આમ રડતી ને આક્રંદ કરતી તે એક ક્ષણ પછી ઉભી થઈ અને મરણ પામેલા પોતાના પતિનો અને ભાઇનો અફસોસ કરી, તે મનમાં વિચાર કરવા લાગી કે; "હવે હું જીવીને શું કરીશ? હું પણ મારા પ્રાણ કાઢી દેવીને બલિદાન આપીશ!" આમ વિચાર કરી તે પણ મરવા માટે તૈયાર થઈ ગઈ. પછી તે દેવીની સ્તુતિ કરવા લાગી કે; "હે દેવિ! તમે સૌભાગ્ય અને પાતિવ્રત્યના કાર્યમાં મુખ્ય અધિષ્ઠાત્રી છો; કામદેવનો નાશ કરનારા શંકરનાં અર્ધાંગના છો, અર્ધ નારીશ્વર છો, સમગ્ર લલનાગણની નાયિકા છો, વળી તેના દુઃખનાં હર્તા છો! આવાં રુડા ગુણવાળાં છતાં, તમે એકદમ મારા પ્રાણપતિ અને ભાઇનો પ્રાણ કેમ લીધો? હે મા! આ રીતે મારી તરફ વર્તવું તમને ઘટિત નથી, કારણ કે હું તમારી નિત્ય ભક્તિ કરું છું; તમારી ચેલી છું! પણ હે દેવી! હે જગદંબા! હે માતાજી! હવે મારે આપની આગળ એક વચન કહેવાનું છે, તે કરુણ વચન આપ સાંભળો. મારુ સૌભાગ્ય બળી ગયું, માટે હવે હું મારી આ અભાગણી કાયા તમને અર્પણ કરું છું અને ઇચ્છું છું કે, હવે હું ફરી, હરકોઈ જગ્યામાં જન્મું, ત્યાં પણ આ જ મારો ભાઈ અને આ જ મારો પ્રાણપતિ–બન્ને મને પાછો મળો!"

આ પ્રમાણે દેવીની સ્તુતિ કરી તેને પ્રણામ કર્યાં; પછી પાસે એક આશોપાલવનું વૃક્ષ હતું, તે ઉપર એક વેલાની ડાળીની ફાંસી કરી; પણ તે ફાંસીમાં જ્યાં તે પોતાનું ગળું ભેરવીને લટકવા જાય છે, એવામાં આકાશના વિશાળ ક્ષેત્રમાંથી એક મોટી ગર્જના થઈ; "હે પુત્રી! તું સાહસ કર્મ કર નહીં. તું હજી બાળક છે, છતાં તેં જે સાહસ મને બતાવ્યું છે, તેનાથી હું તારા ઉપર પ્રસન્ન થઇ છું. તું તારા ગળામાથી ફાંસી કાઢી નાંખ અને તારા ભાઇનું તથા ધણીનું મસ્તક, તેમના ધડ ઉપર બેસાડ, એટલે તે બન્ને જણા મારા પ્રતાપથી પુનઃ જીવતા થશે."

મદનસુંદરીએ હરખાતાં હરખાતાં ફાંસી કાઢી નાંખી અને ઉતાવળી ઉતાવળી શબની પાસે ગઈ. પણ ત્યાં હર્ષઘેલાપણાના ગભરાટમાં પોતાના ભાઇના અને પતિના ધડને ભૂલી ગઈ. એ કારણે ભાઇના ધડ ઉપર ધણીનું મસ્તક વળગાડયું અને ધણીના ધડ ઉપર ભાઇનું મસ્તક બેસાડયું. તરત દેવીની કૃપાદૃષ્ટિથી બન્ને જણા આળસ મરડીને બેઠા થયા અને એક પણ ઘા તેના અંગપર થયેલો જણાયો નહિ. પરંતુ એક બીજાના માથાં અદલ બદલ થવાથી તેમનાં શરીરમાં સંકરતા થઇ ગઈ. પછી બન્ને જણાએ એક બીજાનાં વાર્ત્તા અન્યોઅન્ય કહી. તે સાંભળી સાળા બનેવી બંને ઘણા પ્રસન્ન થયા. પછી ત્રણે જણાંએ દેવી જગદંબાને પ્રણામ કરયા ને પ્રેમપૂર્વક પૂજન કરી, મગ્નમસ્ત થતાં પોતાના ઘર તરફ ચાલ્યાં. હવે મદનસુંદરી તેઓની સાથે રસ્તામાં જતાં જતાં, એક બીજાનાં મસ્તક અદલ બદલ થયેલાં જોઈ, વિચાર કરવા લાગી; "હવે મારે શું કરવું? મારો ધણી કોણ ને મારો ભાઈ કોણ?" એ વિશે તેને કઈ પણ સૂઝ પડયું નહીં. તે ઘણા ઘણા તર્કો કરવા લાગી, પરંતુ તેમાં પણ તેને કંઈ સૂઝયું નહીં.

"હવે કહો રાજાજી! તે સંકરવર્ણો બનેલા બે જણામાંથી તેનો પતિ કોણ? તમે જાણ્યા છતાં કહેશો નહીં તો તમને પ્રથમ કહેલો શાપ લાગુ પડશે!" રાજા વીર ત્રિવિક્રમસેન, વૈતાળે પૂછેલું પ્રશ્ન સાંભળી બોલ્યો; "તે બાઇના પતિનું મસ્તક જેના ધડ ઉપર હોય તે જ તેનો પતિ, કારણ કે આખા શરીરમાં ઉત્તમ અંગ મસ્તક ગણાય છે અને તેનાથી આખા શરીરની પીછાણ પણ થાય છે."

જ્યારે આ પ્રમાણે રાજા ત્રિવિક્રમસેને મૌન્ય મૂકીને જણાવ્યું, કે તત્ક્ષણે વૈતાળ તેના ખભા ઉપરથી અણચિંતવ્યો ઉડી ગયો અને પાછો રાજા તેને પકડવા માટે ચાલ્યો.

# તરંગ ૧૪ મો.

## વૈતાળ પંચવિંશી.

### વૈતાળ સાતમો—વીર પરાક્રમીની કથા.

રાજા ત્રિવિક્રમસેન, પુનઃ વૈતાળને લેવા માટે અશોકવૃક્ષ તરફ ગયો. વૈતાળવાળું શબ વૃક્ષ ઉપર લટકતું હતું. તેને વૃક્ષપરથી નીચે ઉતારી પોતાની ખાંધ ઉપર લઈ ગોરજી મહારાજા તરફ તે આવવા લાગ્યો. રસ્તામાં પેલો વૈતાળ, રાજા ત્રિવિક્રમસેનને કહેવા લાગ્યો; "મહારાજ! તમને ઘણો જ શ્રમ પડે છે, તેથી તમારું મન ગભરાઈ ગયું હશે. હું તમને ખુશી કરવા ખાતર એક કથા કહું છું તે સાંભળો!"

પૂર્વ દિશામાંના સમુદ્રતટપર, તામ્રલિપ્તિ નામની એક નગરી છે. તે નગરીમાં પ્રાચીનકાળમાં ચંદ્રસેન નામનો રાજા રાજ્ય કરતો હતો. તે પરસ્ત્રી ઉપર સદા ઉદાસ રહેતો હતો, પણ રણસંગ્રામમાં ઉદાસ રહેતો નહતો; તે શત્રુની સંપત્તિ હરી લેતો હતો, પણ પડોસીની સંપત્તિ ખુંચવી લેતો નહતો.



એક વખતે તે રાજાની દેવડીપર કોઇક દક્ષિણી રાજાનો, સત્વશીળ નામનો કુંવર આવ્યો.
તેણે પોતાના આવ્યાની રાજસભામાં ખબર આપી. રાજાએ તેને તેડાવી મંગાવ્યો. સભામાં તે
રાજકુમારે, પોતાની નિર્ધનતા પ્રદર્શિત કીધી. પછી તેણે તથા તેની સાથેના બીજા રાજકુમારોએ,
રાજાની સમક્ષ, કાર્પટના ચીરા કરી નાંખ્યા ને તે ધારણ કરી, કાર્પટીકા* થઈ રહ્યા અને ઘણા દિવસ
પર્યંત તે રાજાને ત્યાં રહીને તેની સેવા કરવા લાગ્યા. પણ તેને રાજાની તરફથી કંઈ પણ
ઇનામ મળ્યું નહીં. એક વખતે તે રાજકુમાર વિચાર કરવા લાગ્યો; "જો કે મને બ્રહ્માએ
રાજકુળમાં જન્મ આપ્યો છે, તોપણ શા માટે મને દરિદ્રી કીધો છે? અને જ્યારે મારી દારિ-
દ્રતા આટલી બધી મોટી–વિશાળ છે, ત્યારે દૈવે મારી આશા પણ શા માટે થોડી વિશાળ
કીધી? અગરજો હું અને મારા સર્વે સાથીઓ, રાજાની સેવા તનમનથી–એકદીલથી કરીએ
છીએ અને હું ઘણા સમયથી ભુખ તથા તરસથી પીડા પામું છું, તથાપિ હજુ સુધી રાજા
મારી સામું કેમ જોતો નથી?"

આવી રીતે તે કાર્પટીક પોતાના સ્થાનમાં બેસીને નિત્ય વિચાર કરતો હતો. એક
વખતે રાજા મૃગયા રમવા માટે વનમાં જવા નિકળ્યો. તે વખતે સત્વશીળ કાર્પટીક, હાથમાં
એક મોટી ડાંગ લઇ, રાજાની આગળ ચાલ્યો અને રાજાની પાછળ કેટલાએક ઘોડેસ્વાર
ને પાળા ચાલવા લાગ્યા! તે રાજાએ વનમાં જઈ ભયંકર પ્રાણીઓનો શિકાર આરંભ્યો.
એવામાં એક મોટું વરાહ રાજાની નજરે પડયું. રાજા તેની પાછળ પડ્યો. દોડતાં
દોડતાં એકક્ષણમાં તો તે વરાહ ઘણે દૂર બીજા વનમાં નિકળી ગયું. એમ પાંદડાં અને
ઘાસથી ઢંકાયલા તે બીજા મહાવનમાં વરાહ તો ક્યાંઈ છટકી ગયું, પણ રાજા એટલો બધો
તો શ્રમિત થઈ ગયો કે, તે પાછો ફરવાને પણ અશક્ત થઈ પડ્યો; અને હું કેઇ દિશામાં
આવ્યો છું, અને મારું નગર કેઇ દિશામાં છે તે પણ તે ભૂલી ગયો. તેની ભૂલ આ રણવ-
ગડામાં કોણ ભાગે? આવા વખતમાં પણ પેલો કાર્પટીક સત્વશીળ, ભુખ્યો તરસ્યો, પોતાના
પ્રાણની દરકાર કર્યા વગર, રાજાના પવનવેગી ઘોડાની પાછળ પાછળ પગપાળો, દોડયો
આવતો હતો. પોતાની પાછળ આ રીતે કાર્પટીકને આવતો જોઇ રાજાએ તે કાર્પટીકને પૂછ્યું;
"અલ્યા તું કોણ છે અને અહીં શા માટે આવ્યો છે?" તે રાજકુમાર બોલ્યો; "મહારાજ!
હું દક્ષિણ દેશના રાજાનો રાજકુમાર છું અને તમારો દાસ છું." તે સાંભળીને રાજા બહુ
પ્રસન્ન થયો અને પ્રીતિથી બોલ્યો; "આપણે આવ્યા, તે માર્ગ તારા ધ્યાનમાં છે?" તે સાંભ-
ળીને તે કાર્પટીકે, બે હાથ જોડી પ્રણામ કરી કહ્યું; "મહારાજ! હા, હું માર્ગ જાણું છું.
પરંતુ આપ એક ક્ષણ અહીં વિશ્રામ કરો, કેમકે હમણાં કમલિનો નાયક અને આકાશરૂપ
પ્રમદાની કટિમેખલાનો મધ્યમણિ સૂર્યનારાયણ દેવતા, ઘણો જ તીવ્ર તપે છે અને
તે આખા જગતને તપાવી રહ્યો છે. જ્યારે તડકો શાંત પડીને છાંયડો થશે, ત્યારે
આપણે જઇશું!" તે સાંભળીને રાજા તેનાપર બહુ કૃપાળુ થઈ બોલ્યો; "ત્યારે તો

* કર્પટ એટલે જીર્ણ વસ્ત્ર અને કાર્પટીકા એટલે પરતંત્રપણું.

તું ક્યાંઇથી પણ મને પાણી આણી આપ!" તે સાંભળી તે કાર્પટીકે કહ્યું; "જનાબ, હું લાવું છું!" આમ કહી તે એક ઉંચા વૃક્ષ ઉપર ચઢયો અને ચોમેર જોવા લાગ્યો, તો દૂર એક નદી નજરે પડી. તુરત તે રાજકુમાર કાર્પટીક, વૃક્ષપરથી નીચે ઉતરી પડ્યો અને રાજાને અશ્વારૂઢ કરી, તેની લગામ પકડી, તેને નદી ઉપર લઇ ગયો. ત્યાં લઈ જઈ રાજાને અશ્વ ઉપરથી નીચે ઉતાર્યો, પછી તેના ઘોડા ઉપરથી સરસામાન કાઢી નાંખ્યો, પછી અશ્વને સ્નાન કરાવી પાણી પાયું અને તેના મુખ આગળ લીલું ઘાસ નીરી તેને ઠંડો પાડ્યો. એટલામાં રાજા પણ સ્નાન કરીને પાછો ફર્યો. પછી કાર્પટીકે પોતાના વસ્ત્રના છેડામાંથી મીઠાં સ્વાદિષ્ઠ ને આરોગવા યોગ્ય સુંદર આંબળાં કાઢી, પાણીમાં ધોઈ તે રાજાને ભોજન માટે આપ્યાં. રાજાએ તેને પ્રશ્ન કર્યું કે; "આ આંબળાં તું કયાંથી લઈ આવ્યો?" તે રાજકુમાર પોતાના ઘુંટણ ઉપર આંબળાંથી ભરેલો ખોબો મૂકીને વિનતિ કરતો બોલ્યો; "જનાબ! હંમેશાં આ ઉપર આજીવિકા કરતાં મને આજ દશ વર્ષ વીતી ગયાં છે; હું એક બુદ્ધમુનિનું વ્રત ધારણ કરી, દેવની આરાધના કરું છું!" તે સાંભળી રાજા આશ્ચર્યમાં ગરકાવ થઇને બોલ્યો; "અરે સત્વશીળ! એ તું શું કહે છે? તું ખરેખર નામ પ્રમાણે ગુણ ધરાવનાર છે; પણ હું એનો આહાર કરીશ નહીં!" આમ કહેતાં તે રાજાના મનમાં દયા આવી અને પોતે લજ્જાવશ થઇને મનમાં જ વિચાર કરવા લાગ્યો કે; "જે રાજાઓ પોતાના નોકરના દુઃખને કે સુખને જાણતા નથી, તેઓને ધિક્કાર છે! તેમ જ રાજાની આસપાસ રહેનાર દરબારીઓ પણ, રાજાના નોકરની સુખી કે દુઃખી અવસ્થા જાણતા નથી, તેવાને પણ ધિક્કાર છે!" આ પ્રમાણે તે રાજા વિચાર કરતો હતો, ત્યારે રાજકુમારે બહુ બહુ વિનય કરી, રાજાને આહાર કરવા માટે કહ્યું. પછી રાજાએ મહાકષ્ટે શરમાતાં શરમાતાં, તેના હાથમાંથી બે આંબળાં લઈ ખાધાં ને પછી જળપાન કરી ક્ષણભર ત્યાં વિશ્રામ કર્યો. તે કાર્પટીકે પણ આંબળાં ખાઈ જળપાન કરી તેની સાથે વિશ્રામ કીધો.

થોડીવાર પછી રાજા ઉઠ્યો. પેલા કાર્પટીકે ઘોડાને તૈયાર કીધો ને તેના ઉપર સામાન માંડ્યો. રાજા તે ઉપર સ્વાર થઈ ચાલવા લાગ્યો. તે કાર્પટીકે માર્ગ બતાવવા માટે રાજાની આગળ આગળ ચાલવા માંડયું. રસ્તામાં રાજાએ કાર્પટીકને કહ્યું, તું મારા ઘોડાના પાછળના ભાગ ઉપર બેસી જા!' પણ કાર્પટીકે તે કબૂલ કર્યું નહીં. પણ તે ઘોડાની આગળને આગળ જ ચાલ્યો. રસ્તામાં જતાં રાજાની સૈનાનો મેલાપ થયો. તે સર્વને લઈ રાજા પોતાની નગરીમાં આવ્યો અને આખા શહેરમાં તે કાર્પટીકે તેની જે સેવા કરી હતી તે જણાવી. પછી તે કાર્પટીકને ધન તથા દેશ બક્ષીસ કીધા, છતાં રાજાને જોઇતો સંતોષ વળ્યો નહીં; કેમકે તે ધારતો હતો કે, તેની રાજભક્તિનો હજી યોગ્ય બદલો આપ્યો નથી! એ રીતે તે કાર્પટીક શ્રીમાન્ થઈ ગયો. રાજકુમાર સત્વશીળે તે પછી કાર્પટીકનો વેશ ત્યાગ કરી, રાજા ચંડસિંહની પાસેને પાસે રહેવા માંડયું.



એક વખતે રાજા ચંડસિંહે સિંહલદ્વીપના રાજાની કન્યાનું પોતાને માટે માગું કરવા માટે તે કાર્પટીકને સિંહલદ્વીપમાં જવાનું કહ્યું. સત્વશીળને સમુદ્રને રસ્તે જવાનું હતું. તેણે પોતાના ઇષ્ટ દેવનું પૂજન કીધું. તે પછી રાજાએ જે બ્રાહ્મણો તેની સાથે જવાને મુકરર કીધા હતા તેઓને સાથે લઈ, તે વહાણપર ચઢ્યો. તે વહાણ સમુદ્રમાં પાણી કાપતું કાપતું ધીમે ધીમે ચાલતું હતું, પણ જ્યાં તે વહાણ મહાસાગરની મધ્યમાં આવ્યું કે તે સમુદ્રમાંથી એક ધ્વજા નિકળતી તેણે જોઈ. સત્વશીળ ને વાહાણમાં બેઠેલા બીજા સર્વે, આશ્ચર્ય પામ્યા. આ ધ્વજાનો દંડ સોનાનો હતો, તેની ટોચનો ભાગ આકાશને અડતો હતો અને જૂદા જૂદા પચરંગી રંગવાળા વાવટાઓથી તે ધ્વજા ઘણી જ સુંદર દેખાતી હતી. તે ધ્વજા નિકળી કે તત્ક્ષણે એકદમ મેઘની ઘટા આકાશમાં છાઈ રહી, ક્ષણવારમાં વરસાદ વરસવા માંડયો અને ભયંકર પવન ખૂબ જોરથી ફુંકવા માંડયો. જેમ માહાવત હાથીને મહાકષ્ટે ખેંચીને સ્થંભ સાથે બાંધે એમ વરસાદ તથા પવને બલાત્કારથી તે વહાણને ધ્વજાના સ્થંભની સાથે વલગાડી દીધું; અને થોડીવારમાં તે ધ્વજા ને સ્થંભ, તે વહાણની સાથે સમુદ્રના મોજાના મારાથી ઉંચા નીચા થવા લાગ્યાં.

તે વેળાએ વહાણમાં બેઠેલા બ્રાહ્મણો, ભયથી નિરાશ થઈ ગયા અને પોતાના રાજા ચંડસિંહનું નામ લઈ પ્રભુ પાસે આશ્રયની પ્રાર્થના કરતા રોવા લાગ્યા તથા કહેવા લાગ્યા કે, "અરેરે! બહુ ભુંડું! બહુ ભુંડું! આ તો અકરાકેર થાય છે!"

જ્યારે સત્વશીળે તે આક્રંદ સાંભળ્યું ત્યારે તે કંપી ઉઠયો. તે વીર ને રાજભક્ત હતો, તેથી તેનાથી તે દુઃખ સહન કેમ થાય? એ પ્રમાણે વહાણ ડુબવાનું કંઇ પણ કારણ તેના જાણવામાં આવ્યું નહીં, તેથી તે હાથમાં નાગી તરવાર લઈ, તેનો ઉપાય કરવા માટે, પોતાના જીવની જરાપણ દરકાર કર્યાં વગર, કમ્મરકસી ધ્વજાની સન્મુખ જઈ, સમુદ્રમાં ભૂસ્કો માર્યો. તે જેવો સમુદ્રમાં પડયો કે, વાવાઝોડાથી તે વહાણ પાણીમાં ઘણે દૂર મોજામાં ઘસડાઈ ગયું અને મોજાઓના ઉપરાચાપરી મારાથી ઊંચે નીચે ઉછળી તે વહાણ સમુદ્રના મોજાં સામે જોરથી પછડાયું, જેથી તેના કટકે કટકા થઈ ગયા અને તેમાં બેઠેલા બ્રાહ્મણો પણ જળચરોના મુખમાં જઈ પડ્યા.

હવે જ્યારે સત્વશીળ સમુદ્રમાં પડયો ત્યારે તે આસપાસ જોવા લાગ્યો તો ત્યાં નહીં મળે સમુદ્ર યા નહીં મળે ધ્વજા! સર્વે અલોપ થઈ ગયું હતું. પણ તેને સ્થાને ત્યાં તેણે એક દિવ્ય નગરી દીઠી. આ નગરીમાં નરદમ સોનાનું એક ભવન હતું. તેમાં મણિના સ્તંભો હતા; તે ભવનની નજીકમાં એક બગીચો હતો; તેની નજીકમાં એક વાવ હતી, તે વાવનાં પગથીઆમાં અણમોલ રત્નો જડવામાં આવ્યાં હતાં; તે વાવની બાજુએ કાત્યાયની* દેવીનું, મેરુપર્વત જેવડું અતિ ઊંચું એક મંદિર હતું; તે મંદિરમાં જૂદી જૂદી જાતના મણિની પાટડીની દિવાલ ચણેલી હતી અને તેમાં રત્ન જડેલાં હતાં. તે મંદિરના શિખર ઉપર ઊંચે એક ધ્વજા ફરફર કરી રહી હતી.

* અંગ્રેજીમાં દુર્ગાનું મંદિર છે.

રાજકુમાર સત્વશીળે તે દેવીના મંદિરમાં પ્રવેશ કીધો અને ત્યાં જઇને દેવીને પ્રણામ કરી, તેની સ્તુતિ કરી. પછી આ શું ઈંદ્રજાળ છે કે સત્ય છે, એવી ભ્રાંતિ કરતો, આશ્ચર્ય થકો તે તે દેવીની સમીપમાં જઈ બેઠો.

કાર્પટીક ભ્રાંતિવમળમાં ગુંગળાતો હતો એ અરસામાં, તે દેવીની નજીકમાં જ એક પ્રભાના મંડળરૂપ ધૂમટ પ્રકાશતો હતો તેને ભેદીને એક દિવ્ય કન્યા ઓચિંતી ત્યાં પધારી. તે કન્યાનાં નેત્ર શ્યામકમળ જેવાં હતાં, તેનું મુખ વિકસિત કમળ જેવું હતું, તેનું હાસ્ય કમળ પુષ્પસમાન હતું, તેના શરીરની કોમળતા કમળદળ સમાન હતી અને તે એક ચલિત કમળસરોવર જેવી શોભતી હતી. તે કન્યાની સાથે એક હજાર દાસીનો પરિવાર પણ હતો. તે કન્યાએ મંદિરની અંદર પ્રવેશ કીધો, તેની સાથે જ સત્વશીળના મનમાં પણ પ્રવેશ કીધો! તે દેવી કાત્યાયનીના ગભારાનાં બારણાં ઉઘાડી તેમાં પેઠી. ત્યાં જઈ તેણે દેવીનું પૂજન કર્યું. પછી તે તુરત ત્યાંથી બહાર નિકળી પડી. પરંતુ સત્વશીળના હૃદયમાંથી તે કોઇ પણ રીતે બહાર નિકળી શકી નહીં. તે કન્યા તુરત જ પાછી તે પ્રભામંડળમાં જ પેસી ગઈ અને તેની પાછળ સત્વશીળ પણ પ્રભામંડળમાં ઘૂસી ગયો.

ત્યાં વળી એક બીજું જ ઉત્તમ નગર તેના જોવામાં આવ્યું. આ નગર સર્વ સંપત્તિના સંકેતસ્થાન જેવું દેખાતું હતું. ત્યાં જઇને કાર્પટીક જૂવે છે, તો એક સુંદર મણિના બનાવેલા છત્રપલંગપર તે કન્યા બેઠી હતી. સત્વશીળ તે કન્યાની પાસે જઈ બેઠો. ત્યાં બેઠા પછી જાણે ચિત્રમાં આળેખેલો હોય તેમ તે દિગમૂઢ થઈ, તે કન્યાની સામે એકી ટસે જોવા લાગ્યો. આ વખતે તેનાં રોમાંચ થઈ ગયાં અને તેના અવયવો ધ્રુજવા લાગ્યા. જ્યારે તે કન્યાએ જોયું કે તે તેનાપર પૂર્ણ આશક બન્યો છે, અને તેને આલિંગન આપવા તત્પર છે, ત્યારે તે કન્યાએ પોતાની ચેટીઓના મુખ તરફ નજર કરી, એટલે તે જ વખતે ભર્તૃદારિકાના ગૂઢ અભિપ્રાય જાણનારી તે ચેટીઓ બોલી; “ અયે ભાઈ ! આપ તો અમારે ત્યાં પરોણા આવ્યા છો, તો અમારાં બાઇસાહેબ જે આગતાસ્વાગતા કરે, તે આપ સ્વીકારો ! ચાલો ઉઠો, સ્નાન કરો અને તે પછી ભોજન કરો ! આથી સત્વશીળના મનમાં આશાના અંકુર ફૂટચા. તેણે માન્યું કે આપણું કંઈ કાર્ય થશે ખરું. તે ઉભો થયો. પછી ચેટીઓ તેને બગીચામાં એક વાવ હતી ત્યાં તેડી ગઈ અને સ્નાન કરવા કહ્યું. પણ જ્યાં તે વાવમાં ઉતરી, પાણીમાં ડૂબકી મારીને બહાર નિકળે છે, ત્યાં તો તેને જણાયું કે તે તામ્રલિપ્તિ નગરીના રાજાના બગીચામાંની વાવમાંથી બહાર નિકળ્યો છે. “ અહોહો ! હું હમણાં આ બગીચામાં ક્યાંથી આવ્યો ? એક ક્ષણપર તો એક દિવ્ય નગરીમાં હું હતો અને બીજી ક્ષણમાં હું તામ્રલિપ્તિમાં ક્યાંથી આવ્યો! એ તે શું આશ્ચર્ય !” એકદમ પોતાને તામ્રલિપ્તિમાં આવેલો જોઈ તે મનમાં પુનઃ બોલ્યો. “ હું સ્નાન કરવા ક્યાં ઉતર્યો અને નિકળ્યો ક્યાં ? અમૃતના રસની વૃષ્ટિ જેમ નેત્રને આનંદ આપે છે, તેમ તે નગર નેત્રને આનંદ આપનાર હતું, તે ક્યાં ગયું અને તરત જ હું હલાહલના જેવું આ સ્થાન ક્યાંથી આવી લાગ્યું ? મને શું આ કંઈ સ્વપ્ન થયું છે, કે !



જાગું છું ? તેમ તો નથી. હું જાગ્રતાવસ્થામાં અનુભવ લઉં છું. ખરેખર મને મૂઢને પાતાળની કન્યાઓએ છેતર્યો છે ! ”

આવો વિચાર કરી તેને અનુપમ સુંદર કન્યાનો વિરહ થયો, તેથી તે ગાંડા જેવો થઈ ગયો. પછી તે રાજાના બગીચામાં કામાર્ત થઇને વિલાપ કરતો ભટકવા લાગ્યો. પવનથી પુષ્પના પરાગો ઉડીને તેના અંગ ઉપર પડવા લાગ્યા, તેથી તેના શરીરમાં વિયોગને લીધે વધારે વધારે વિરહવેદનાનો અગ્નિ બળવા લાગ્યો અને જેમ જેમ અગ્નિ બળવા લાગ્યો, તેમ તેમ તે વધારે વધારે પીડાવા લાગ્યો. થોડીવારમાં બગીચાના રખવાળ માળીઓએ, સત્વશીળને ત્યાં ભટકતો જોયો. તેની આવી ઉન્મત દશા જોઈ, તેઓએ રાજાની આગળ જઈ, સર્વ વાર્તા તે વિદિત કીધી. તે સાંભળી ગભરાઇને ચંડસિંહ પોતે ત્યાં આવ્યો અને જૂવે છે તો સત્વશીળ ઉન્મત્તાવસ્થામાં આવેલો છે ! રાજાએ તેને ઠંડો મીઠો પાડીને પૂછ્યું; “ હે મિત્ર ! મને કહે કે આ તને શું થયું છે ? તું ક્યાં ગયો હતો ? તને કોણ મળ્યું હતું ? તું ક્યાં રહ્યો હતો ? તને ગાંડપણ ક્યાંથી લાગ્યું ? તું એક સ્થળે જવા માટે નિકળ્યો હતો, પણ બીજી જગ્યાએ જઈ પહોંચ્યો જણાય છે, એટલે જ્યાં તેં બાણ મારવા ધાર્યું હતું ત્યાં તે લાગ્યું નથી, તો કહે એનો શો અર્થ ?” તે સાંભળીને સત્વશીળે પોતાનો સર્વ વૃત્તાંત રાજાને જણાવ્યો. તે સાંભળીને રાજા, તે ઉપર વિચાર કરવા લાગ્યો કે; “ અફસોસ ! આ શૂરવીર છે ખરો, પણ તે મારા જ પુણ્યને યોગે ઘણું કરીને છેતરાયો છે. એ પુરુષે મારી જે સેવા કરી છે, તેનો બદલો વાળવાનો આ અવસર મને ઠીક મળ્યો છે. જો હું એનો બદલો વાળું તો મારાથી વળી શકે તેમ છે. માટે હું એનું કાર્ય સિદ્ધ કરી શકીશ !” આવો વિચાર કરી, વીરરાજાએ તેને કહ્યું; “પ્રિય સત્વશીળ ! હવે તારો વિના પ્રયોજનનો શોક ત્યજી દે, કેમકે હું તને તે જ માર્ગેથી તે અસુરકન્યાની પાસે પાછો લઇ જઇશ !” આમ કહી ધીરજ આપી તેને સ્નાન કરાવી શાંત કર્યો.

બીજે દિવસે રાજાએ પોતાનું રાજ્ય કાર્યભારીને સોંપ્યું અને પોતે તેને લઈ વહાણમાં બેઠો. સત્વશીળે જે જળમાર્ગ બતાવ્યો, તે માર્ગે રાજાએ વહાણ હંકારાવ્યું. થોડે દહાડે જ્યારે તે વહાણ બરાબર મધ્ય ભાગમાં આવી પહોંચ્યું, ત્યારે પ્રથમની જ પેઠે જળના મધ્યમાંથી એક ધ્વજાસ્થંભ બહાર નિકળ્યો. તે નરદમ સુવર્ણનો હતો; તેની ટોચ ઉપર સુવર્ણની ધ્વજા ફરકતી હતી; તે જોઈ સત્વશીળે રાજાને કહ્યું; “ મહારાજ ! જુઓ ! આ મોટો ધ્વજાસ્થંભ બહાર નિકળ્યો છે તે. એ જાણે સમુદ્રમાં એક મિનારો હોયની શું તેવો જણાય છે. તેનો પ્રતાપ દેવતાઈ છે. હું આ સ્થંભની તરફ પાણીમાં પડું કે આપ મારી પાછળ પાણીમાં પડજો, એટલે તુરત એ સ્થંભ ડૂબી જશે.” આમ કહીને કમ્મર કસી તે તૈયાર થયો. એટલામાં તો તે વહાણ પવન તથા વરસાદના જોરથી ધ્વજા તરફ ઘસડાવા લાગ્યું; પછી ધીમે ધીમે તે વહાણ પાણીમાં ડૂબવા લાગ્યું અને પછી તે ધ્વજા નજીક તણાઇ ગયું. સત્વશીળે પ્રથમ તે ધ્વજાના દંડ તરફ આબાદ ઠેકડો માર્યો, તેની પાછળ રાજા પણ તેમજ ઠેકડો મારીને સમુદ્રમાં કુદી પડ્યો. જેવા તે બન્ને જણા પાણીમાં પડ્યા, કે પૂર્વના જ દિવ્ય નગરમાં જઈ પહોંચ્યા. રાજા આ

અનુપમ નગરી જોઈ ઘણું આશ્ચર્ય પામ્યો. પછી દેવી પાર્વતીને પ્રણામ કરી, સત્વશીળની સાથે જઈ તે દેવીના મંદિરમાં બેઠો.

એવામાં સખીજનના મંડળ સાથે વિહાર કરતી કરતી, મૂર્ત્તિમતી કાંતિપેરે દીપતી, પેલી જ દિવ્ય કન્યા, તે જ પ્રભામંડળમાંથી બહાર નીકળી આવી. તેને જોઈ સત્વશીળે રાજાને કહ્યું; "આ જ તે કમળમુખી છે!" રાજાએ તે કન્યાને જોઇને મનમાં નક્કી કર્યું કે, "સત્વશીળ આ કન્યા ઉપર ફીદા થયો છે તે યોગ્ય જ છે.' એટલામાં તે દિવ્યકન્યાએ પણ રાજાના અંગ તરફ નજર કરી અને તેનાં અંગમાંનાં ઉત્તમ લક્ષણો જોઈ, વિચાર કરવા લાગી કે, "આ નવીન ઉત્તમ પુરુષ કોણ હશે વારુ!" આમ વિચાર કરતી તે દેવીનું પૂજન કરવા માટે ગર્ભાગારમાં ગઈ. તે જ ક્ષણે, રાજા તેનું અપમાન કરી, સત્વશીળને સાથે લઈ, મદિરમાંથી નિકળીને બગીચામાં ચાલ્યો ગયો. તે દૈત્યકન્યા અંદર જઈ દેવીની પાસે ઉત્તમ પતિ મળવાનો વર માંગી, તેનું પૂજન કરીને બહાર નિકળી. પણ ત્યાં આવીને જૂવે છે તો રાજા અને સત્વશીળ બેમાંથી એકે જણાયા નહીં. તુરત તેણીએ પોતાની સખીને કહ્યું; "અલિસખિ! જો તો ખરી, હમણાં મેં અહીં એક મહાત્માને બેઠેલો દીઠો હતો તે કયાં છે? તેને ખોળી લાવ. તે પુરુષ સર્વોત્તમ લક્ષણોથી ભરપૂર છે અને તે પ્રતિષ્ઠિત અને માનનીય જણાય છે, માટે તેની પાસે જઈ તેને વિનંતિ કર કે, આપ અમારે ત્યાં પરોણા પધારી અમારી પરોણાગત સ્વીકારો અને અમારા ઉપર કૃપા કરો! જ્યારે તે કન્યાએ પોતાની સખીને આ પ્રમાણે આજ્ઞા આપી, ત્યારે તે સખી બગીચામાં ગઈ અને તે બન્નેને શોધી કાઢી, પોતાના બાઈ સાહેબની વિનતિ, વિનયતાથી તેઓને નિવેદન કરી. રાજા જાતે વીરપુરુષ હતો, એટલે તે દાસીના વાક્ચાતુર્યથી લોભાયો નહીં, પણ તેની મશ્કરી કરીને બોલ્યો; "અહોહો! એમકે? ઓ છોકરી! તું આ પ્રમાણે અમને માન આપે છે, એ જ અમારી પરોણા ચાકરી સારી રીતે થાય છે; ચલ જા, તારી બાઇશ્રીપાંચને કહે કે, હવે બીજા વધારે સત્કારનું શું પ્રયોજન છે?

જ્યારે તે સંદેશો લઈ તે સખી, તે જ વખતે પોતાની બાઇ આગળ આવી યથાસ્થિત તે વાર્તા કહી સંભળાવી, ત્યારે દૈત્યરાજકન્યાને લાગ્યું કે, 'આ પુરુષ સર્વથા માન આપવા યોગ્ય તથા ઉદાર સ્વભાવનો છે, જેને લીધે જ તે આપણી દરકાર કરતો નથી.' રાજાના અનાદરથી તે તેનાં દર્શન માટે તલપાપડ થઈ ગઇ!

પરંતુ રાજાએ તે કન્યાના અલૌકિક અતીથિ સત્કારની જરા પણ દરકાર કરી નહીં, તે તેના ઉપર સંપૂર્ણ બેદરકાર રહ્યો; અને તેથી જાણે તે રાજાના ધૈર્યપાશથી ખેંચાતી હોય તેમ તે કન્યા તેના તરફ વધારે વધારે ખેંચાવા લાગી. તે કન્યાને વિચાર આવ્યો કે, હું પતિ માટે પાર્વતીની સેવા કરતી હતી. તે સેવાના પરિપાકનું ફળ મને પાર્વતીએ આજે આપ્યું છે, તો હું તે શા માટે ગ્રહણ ન કરું?' આમ માની તે દૈત્યકન્યા પોતે જાતે જ બગીચામાં રાજાની પાસે આવી. જે રસ્તા ઉપરથી તે કન્યા જતી હતી, તે રસ્તાની બાજુના વૃક્ષો, સુંદર આલાપ કરતાં પક્ષીઓના મધુર શબ્દોથી, પવનથી, લતારૂપી ભુજાઓને ઉંચી નીચી કરીને



અને પુષ્પની વૃષ્ટિ કરીને, તેને જાણે માન આપતાં હોય તેમ હીલમીલી રહ્યાં હતાં. મંદમંદ પગલે ચાલી, દૈત્યરાજકન્યા રાજા પાસે ગઈ અને વિનયથી તેને પ્રણામ કરી, મેમાનગીરી લેવા માટે વિનતિ કીધી. રાજા તે દૈત્યકન્યાની વિનતિ સાંભળી, સત્વશીળની તરફ જોઈ બોલ્યો; "બાઈ સાહેબ! અમે કંઈ અહીંયાં મેમાનગીરી લેવા આવ્યા નથી, પણ અમારા મિત્ર સત્વશીળે કહ્યું કે, 'અહીં એક અનુપમ દેવી છે, તેથી તેનાં દર્શન કરવા માટે આવ્યા છીએ. હું ધ્વજાના માર્ગેથી દેવીના અનુપમ મંદિરમાં આવી પહોંચ્યો અને દેવીનાં દર્શન પણ કર્યાં, એટલે અમારુ કાર્ય પૂર્ણ થયું છે. એવામાં અકસ્માત્ તમારાં દર્શન થયાં. તમે અમને મેમાનગીરી લેવા માટે નિમંત્રણ કીધું, તો પ્રથમ કહો કે તમે કોણ છો? બાકી તમારી મેમાનગીરીની અમને જરાએ દરકાર નથી!" તે સાંભળીને કન્યા ઘણી જ આતુરતાથી બોલી, "તમારે મારાં ઘરબાર ને વંશકુટુંબ જાણવાની ઇચ્છા છે તો તે જોવા માટે ચાલો. આ મંદિરથી અલગ જ મારું બીજું નગર છે અને તે નગર ત્રણ લોકમાં સર્વ કરતાં ઉત્તમ છે!" તે સાંભળીને રાજાએ હસતાં હસતાં તે કન્યાને કહ્યું; "અહાહા! મને આ માણસે વાત કહી છે કે, તે એક રત્નમય સુંદર નગર છે અને ત્યાં એક રત્નની વાવ પણ છે અને તે વાવ અતિથિના સ્નાન માટે છે, કેમ?" તે કન્યા બોલી,–"મહારાજ! તમે એમ બોલો નહીં. મારો કોઇને ઠગવાનો જ્યારે ભાવ જ નથી ત્યારે હું શું આપ જેવા પૂજ્યને ઠગીશ? ના, તેમ કદી પણ બનશે નહીં. તમે તમારા ઉત્તમ પરાક્રમથી મને એક દાસી બનાવી દીધી છે, તો મારી પ્રાર્થનાનો તમારા જેવા પુરુષે અનાદર કરવો યોગ્ય નથી!"

રાજાએ તેનાં આવાં વિનયવચન સાંભળી, તેની માંગણી સ્વીકારી. પછી તે તથા સત્વશીળ સાથે સાથે, પૂર્વના તેજોમય મંડપની અદર પેલી કન્યાસહિત પેઠા. તેનાં બારણાં બંધ કરેલાં હતાં, છતાં તે પોતાના પ્રતાપથી ઉઘાડી તે કન્યાએ તે બન્ને જણાને તેમાં દાખલ કીધા. તેઓ અંદર જઇને જૂવે છે તો ત્યાં એક દેવતાઈ બીજું નગર હતું. તે નગર જાણે મેરુપર્વતનો ઉપરનો ભાગ હોય તેમ રત્ન તથા સુવર્ણનું રચેલું હતું. દૈત્યકન્યાએ તે નગરના નિજભોવનમાં, તે રાજાને એક ઉત્તમ મૂલ્યવંત રત્નજડિત સિંહાસન ઉપર બેસાડી, યથોચિત અર્ધ્ય–પગ ધોવાનું પાણી આપી તથા બીજા પ્રકારોથી તેની સેવા કરી. પછી દૈત્યકુમારી બોલી; "હું અસુરના રાજા મહાત્મા કાળનેમીની બાળા છું અને તેથી મારા પિતાને ચક્રધારી વિષ્ણુએ સ્વર્ગમાં પહોંચાડ્યો છે. મારા બાપદાદાથી મળેલાં આ બન્ને નગર મારાં છે. એ નગર વિશ્વકર્માએ રચેલાં છે અને અત્ર જે જે ઇચ્છા કરવામાં આવે છે તે તે પ્રાપ્ત થાય છે. અત્ર જરા ને કાળ* પણ આવી શકતા નથી. પરંતુ આ નગર ઉપર કોઈ રાજા નથી, માટે હવેથી તમે મારા પિતા અને હું તમારી પુત્રી છું એમ ગણો અને મારાં નગરો તમારે અધીન લો." જ્યારે દૈત્યકુમારીએ આ પ્રમાણે પોતાનું સર્વ વૃત્તાંત કહ્યું અને તે કન્યા રાજાને અધીન થઈ રહી, ત્યારે રાજાએ

* જરા–વૃદ્ધાવસ્થા અર્થાત આ નગરમાં રહેનાર સદા જ યુવાન્ રહે છે અને કાળ એટલે મૃત્યુ અર્થાત્ અત્ર રહેનારનું કદી મૃત્યુ જ થતું નથી.

તેને કહ્યું, “ જો તારી એવી ઇચ્છા છે તો, હે પુત્રિ ! હું તારાં, આ પ્રતાપી સત્વશીળ સાથે લગ્ન કરું છું; કારણ કે તે મારો મિત્ર છે અને વળી બાંધવ પણ છે !”

દેવી દુર્ગાના મૂર્તિમંત પ્રસાદ જેવા જણાતા રાજાએ, જ્યારે આ પ્રમાણે કહ્યું, ત્યારે ગુણવંત ને વિનયવંત તે કન્યાએ, તે પ્રતાપી વીરને નિહાળી, રાજાનું કહેવું માન્ય કર્યું. પછી રાજાએ સત્વશીળનાં તે કન્યા સાથે રુડી રીતે લગ્ન કર્યાં અને તેનાં મનનાં કોડ પૂરાં કર્યાં; અને તે પછી તેને અસુર નગરનો રાજા બનાવ્યો. પછી ચંડસિંહ રાજાએ કહ્યું, “ હે સત્વશીળ ! મેં તારાં બે આંબળાનાં ફળ ખાધાં હતાં, તેમાંથી એક ફળનો બદલો તો મેં વાળી આપ્યો છે; પણ હવે બીજા ફળને માટે હું તારો ઋણદાર છું, જેનો બદલો હું આપી શકું તેમ નથી !” આ પ્રમાણે રાજાએ કહ્યું, ત્યારે સત્વશીળે તેને વિનયસહિત પ્રણામ કર્યાં. પછી રાજાએ દૈત્યકન્યાને કહ્યું, “ હે પુત્રિ ! તું હવે મને માર્ગ બતાવ, એટલે હું હવે મારી પોતાની રાજધાનીમાં જાઉં !” ત્યારે દૈત્યકન્યાએ એક અપરાજિત નામની તરવાર અને જરા ને મોત હરનારું ભક્ષફળ, તે રાજાને અર્પણ કર્યું. પછી રાજા તે બન્ને જણાની સાથે વાવ ઉપર ગયો અને તેમાં ડૂબકી મારી કે તુરત તે પોતાના નગરના બગીચાની વાવમાંથી નિકળ્યો. ત્યાર પછી તે રાજાની સર્વ મનઃકામના ક્રમે કરીને સફળ થઈ. તેમ સત્વશીળ પણ દૈત્ય નગરનું રાજ્ય ચલાવતો થકો તે અસુરકન્યાની સાથે રહી યથેચ્છ વૈભવસુખ ભોગવવા લાગ્યો.

“હવે બોલ ઓ વિક્રમા ! તે સમુદ્રમાં પડવામાં બન્નેમાં વિશેષ પરાક્રમી કોણ ?” જ્યારે વૈતાળે આવું પ્રશ્ન રાજા ત્રિવિક્રમસેનને કર્યું, ત્યારે તેના શાપથી ભય પામી, રાજાએ તેને ઉત્તર આપ્યું, “ આ બન્ને જણામાં વધારે પરાક્રમી મને તો સત્વશીળ જણાય છે. કારણ કે આરંભમાં કંઈ પણ સ્વાર્થ વગર અને ભવિષ્યમાં શું બનવાનું છે, તે વિશે અજાણ્યો હતો તથાપિ, તેણે સમુદ્રમાં ભુસ્કો માર્યો હતો. રાજાએ તો સર્વ વાર્તા યથાર્થ જાણી હતી અને તે સત્ય છે એવો વિશ્વાસ હોવાથી, સમુદ્રમાં ભુસ્કો માર્યો હતો; તેમ તે જાણતો પણ હતો કે, સમુદ્રમાં પડ્યા પછી શું થશે. તેના મનમાં એમ હતું કે, સત્વશીળના ઉપકારનો બદલો વાળવો છે, તેથી તે વાળવા માટે, સર્વ જાણ્યા પછી, સમુદ્રમાં પડ્યો હતો. સત્વશીળને પ્રથમ કંઈ દૈત્યકન્યાપર પ્રેમ નહતો, તેમ તેને મેળવવા માટે પણ તે પડ્યો નહતો.”

આ પ્રમાણે રાજા ત્રિવિક્રમસેને મૌન વ્રત મૂકીને, વૈતાળના પ્રશ્નનું ઉત્તર આપ્યું, એટલે વૈતાળ પ્રથમની માફક, રાજા જાણે નહીં તેમ તેની ખાંધ ઉપરથી અદૃશ્ય થઈ, સ્મશાનમાં આવેલા અશોકવૃક્ષ ઉપર જઇને લટકવા લાગ્યો. તુરત રાજા પણ પાછો વળ્યો અને ફરીથી તેને લેવા માટે ઉતાવળથી તેની પાછળ પડ્યો. બુદ્ધિશાળી જનો જે કામ આરંભે છે, તે કામ પૂર્ણ કર્યાં વગર કદી પણ શિથિલ થતા નથી.



## તરંગ ૧૫ મો.

# વૈતાળ પંચવિંશી.

## વૈતાળ આઠમો–ત્રણ સુઘડ નરની કથા.

રાજા ત્રિવિક્રમસેન જ્યારે વૈતાળ આકાશમાર્ગે અદૃશ્ય થઇને પોતાના સ્થાનકપર ચાલ્યો ગયો, ત્યારે ફરીથી તે સ્મશાનમાં ગયો અને અશોકવૃક્ષ ઉપરથી વૈતાળને ઉતારી, પોતાની ખાંધ ઉપર લઈ ચાલવા માંડ્યું. રસ્તામાં જતાં જતાં ખાંધ ઉપર રહેલા વૈતાળે, ત્રિવિક્રમસેનને કહ્યું, “ હે રાજન્ ! શ્રમ મટાડવા માટે અને આનંદ થવા માટે હું તમને એક પ્રશ્ન પૂછુછું તે સાંભળો.”

અંગદેશમાં વૃક્ષઘટા નામનો એક મોટો અગ્રહાર (બ્રાહ્મણને દાનમાં મળેલું ગામ ) હતો. તેમાં વિષ્ણુસ્વામી નામનો એક મોટો ધનવંત, યજ્ઞ કરનારો બ્રાહ્મણ રહેતો હતો. તેને પોતાને યોગ્ય સ્વભાવની ને કુળવાન્ એક સ્ત્રી હતી. તે સ્ત્રીએ એક પછી એક એમ ત્રણ પુત્રને જન્મ આપ્યો. એ પુત્રો રૂપે, ગુણે, શીલે પોતાનાં માતપિતાને સર્વાંશે મળતા જ હતા. આ ત્રણે બાળકો તરુણાવસ્થાને પામ્યા અને દિવ્ય ચતુર નિવડ્યા. એક વખતે તેના પિતાએ યજ્ઞ કરવાનો આરંભ કર્યો અને એક કાચબો લેવા માટે તે ત્રણે ભાઇને સમુદ્રતીરે મોકલ્યા. કાચબો લેવાને તે ત્રણે સાગર-પર ગયા અને જ્યારે તેઓને કાચબો જડ્યો, ત્યારે મોટા ભાઇએ બીજા બે ભાઇને કહ્યું, “આ કાચબો ઘણો ગંધાય છે અને ચીકણો છે, માટે મારાથી પકડી શકાતો નથી; તમારા બેમાંથી એક એ કાચબાને પકડો. કારણ કે યજ્ઞમાં પિતાજીને કાચબાની જરૂર છે !” આ પ્રમાણે મોટા ભાઇએ કહ્યું. તે સાંભળી બે નાના ભાઇઓ, મોટા ભાઇને કહેવા લાગ્યા, “મોટા ભાઈ! તમને એ કામ કરવામાં ગ્લાનિ થાય છે, ત્યારે અમને બેને પણ કેમ થાય નહીં ?” તે સાંભ-ળીને મોટા ભાઈ બોલ્યો, “રે ! તમે બન્ને જણા તે કાચબાને પકડી લ્યો. જો તમે તેને પકડશો નહીં અને જવા દેશો તો, પિતાના યજ્ઞનો ભંગ કરનારા તમે ઠરશો અને તેથી બેશક તમે અને પિતાજી, સઘળા નરકમાં પડશો !” આ પ્રમાણે મોટા ભાઇએ કહ્યું, એટલે નાના ભાઇઓ હસી પડ્યા અને બોલ્યા; “ વાહ વાહ મોટા ભાઈ! જ્યારે તમે અમારા ધર્મને સારી રીતે જાણો છો, ત્યારે તમારા પોતાના ધર્મને તમે કેમ જાણતા નથી? જેટલી અમારી ફરજ છે, તેટલી જ તમારી પણ ફરજ નથી કે પિતાને માટે કાચબો પકડી લેવો ?” મોટો ભાઇ બોલ્યો, “તમે શું મારી સુઘડતાથી અજાણ્યા છો ? હું હંમેશાં ભોજન કરવામાં મહાચતુર છું અને વળી સુઘડ પણ છું! તેથી જ દુર્ગંધી પદાર્થને અડકી શકતો નથી!” આવું તેનું વચન સાંભળી, વચેટ, મોટા ભાઇને કહેવા લાગ્યો, “પણ હું તો તમારા કરતાં પણ વધારે સુઘડ છું, તે તમે જાણતા નથી કે ? હું તો અભિજ્ઞસુંદરીનો સ્વામી છું !” આ પ્રમાણે વચેટે કહ્યું, એટલે વળી મોટો ભાઈ બોલ્યો, “ ભલે, ત્યારે આપણો નાનો ભાઈ આપણા બેનીવતી કાચબો

ઉપાડી લે!" એટલે નાનો ભાઈ પણ ભ્રુકૂટી ચઢાવીને બોલ્યો, "ચાલો, ચાલો, ડાહ્યાના ડિંગલાઓ! બક બક નહીં કરો! પિતાજીની આજ્ઞા પાળવા આ કાચબાને તમે ઉપાડી લ્યો. હું સુંદર સુંવાળી રુવેળ તળાઈમાં સુનારો શોખીન છું, તે તમે જાણતા નથી કે? તમારાથી વધારે સુઘડ તો હું છું. મને તો ગંદકી બીલકુલ જ ગમતી નથી."

આ પ્રમાણે ત્રણે ભાઈઓ પરસ્પર તકરાર કરવામાં તલ્લીન થઈ ગયા અને અભિમાનમાં ડૂબી જઈ તે કાચબાને ત્યાંનો ત્યાં જ પડતો મૂકી, પોતાની તકરારનો નિર્ણય કરાવવા માટે તે જગ્યાની નજીકમાં પ્રસેનજિત રાજાનું વિટંકપુર નામનું નગર હતું, તે તરફ ચાલ્યા.

તે નગરમાં ત્રણે ભાઈઓ જઈ, રાજભવનના દ્વાર ઉપર ઉભેલા પ્રતિહાર મારફતે રાજાને જાહેર કર્યું અને રાજાનો હુકમ મળતાં, ત્રણે ભાઈઓએ રાજભવનમાં પ્રવેશ કીધો. તે ત્રણે જણે પોતપોતાની સર્વ વાર્તા રાજા આગળ, બન્યા પ્રમાણે જણાવીને કહ્યું;–"અમારામાંથી સુઘડ કોણ છે, તેનો ન્યાય આપ કરો!"

રાજા તેઓની વાત સાંભળીને બોલ્યો, "હે સુઘડ નરો! હું તમારી પરીક્ષા કરું, ત્યાં સુધી તમે અહીં જ રહો!" પછી તે ત્રણે જણા ત્યાં જ રહ્યા.

જ્યારે ભોજનનો સમય થયો ત્યારે રાજાએ તે ત્રણેને બોલાવી, ઉત્તમ આસન ઉપર બેસાડી, ખટરસવાળાં સ્વાદિષ્ઠ મધુરાં ભોજનો પીરસાવ્યાં. સઘળા જમવા લાગ્યા. પણ જે સુઘડ અને સ્વાદિષ્ઠ ભોજન જમનારો હતો તેણે, ભોજનમાં ખરાબ ગંધ આવવાથી મુખ મચડ્યું અને એક ગ્રાસ પણ લીધો નહીં. રાજાએ તે બ્રાહ્મણને પૂછ્યું;–"બ્રહ્મદેવ! આપ ભોજન કેમ લેતા નથી? આ ભોજનની પરિમળ સરસ છે અને એ બહુ સ્વાદિષ્ઠ છે, તો તમે કાં જમતા નથી?" ત્યારે તે બ્રાહ્મણ બોલ્યો,–"હે રાજા! આ ભાતમાં મડદાના ધુંવાડાની વાસ આવે છે, તેથી એ સ્વાદિષ્ઠ છે, છતાં પણ એ ખાવાને મારું મન ઇચ્છા કરતું નથી?" આ પ્રમાણે તે બ્રાહ્મણે કહ્યું, ત્યારે રાજાએ સઘળાને આજ્ઞા કરી કે ભાતને સુંઘી તેની પરીક્ષા કરો, કે તેમાં ગંધ છે કે નહિ! રાજાની આજ્ઞાથી સર્વે જણાએ તે ભાતને સુંઘ્યો ને બોલ્યા,–"ભાત સુગંધીદાર અને દોષ વગરના સફેત ચોખાનો છે, એમાં જરા પણ ખરાબ વાસ આવતી નથી!" પરંતુ સુઘડ ભોજન કરનારા બ્રાહ્મણે તો પોતાના નાકને બંધ જ કરી રાખ્યું અને એક દાણો પણ તે ભાતમાંથી ખાધો નહીં.

તે રાજા તે બ્રાહ્મણના કહેવાપર ખૂબ વિચાર કરવા લાગ્યો અને તેના કહેવાનો નિશ્ચય કરવા, તે ચોખા ક્યાંથી આવ્યા અને ક્યાં વાવ્યા હતા, તેની શોધ કરવા માંડી. તપાસ કરતાં પોતાના સેવકો મારફતે નીચે પ્રમાણે તેના જાણવામાં આવ્યું,–'ગામની નજદીકમાં એક સ્મશાનઘાટ છે, તેની પાસેના ક્ષેત્રની શાલના એ ચોખા છે!" રાજા તે સાંભળી તે બ્રાહ્મણ ઉપર અત્યંત પ્રસન્ન થયો અને તેને કહેવા લાગ્યો; "ઓ ભાઈ! તું ભોજનની પરીક્ષા કરવામાં અતિ ચતુર છે. એ ભાત રહેવા દે અને બીજું જે ભોજન તને ગમે તે કર!" આમ કહી તેને બીજી રસોઇ જમાડી અને રાજાએ પણ ભોજન કર્યું.



જમાડ્યા પછી તે ત્રણે બ્રાહ્મણને તેમના ઉતારા ઉપર મોકલ્યા. પછી રાજાએ પોતાની એક સર્વ અંગમાં ફુટડી અને સોળ શણગારથી શોભતી રાજદરબારની નટડીને તેડાવી. જ્યારે સાયંકાળનો સમય થયો ત્યારે ચતુર સુંદરીના પરીક્ષક નારીચંગ બ્રાહ્મણ પાસે તે નટડીને મોકલી. નારીચંગના શયનગૃહમાં તે નટડીને મૂકવા તેની સાથે રાજાના સેવકો ગયા. તે નટડી પૂર્ણ ચંદ્રવાળી પૂર્ણિમાની મધ્યરાત્રિ જેવી શશીમુખી હતી. કામદેવને ઉત્તેજન આપનારી તે સુંદર નટડી તે ચતુર બ્રાહ્મણના શયનગૃહમાં ગઈ. તેની પ્રભાથી તે આખું ઘર દેદીપ્યમાન થઈ રહ્યું. એટલે તે સુઘડ પુરુષ તો તે સ્ત્રીના અંગમાંથી જે દુર્ગંધ આવવા લાગી તેથી મૂર્છાગત થઈ ગયો અને તેણે પોતાના ડાબા હાથથી પોતાનું નાક બંધ કરી દીધું; અને રાજાનાં માણસોને કહ્યું:–"અરે ઓ ભાઇઓ! એને જલદીથી અહિંયાંથી લઈ જાઓ! અરે કાઢોરે કાઢો, એના શરીરમાંથી બકરાની વાસ આવે છે. તેથી એ જો અહિં વધારે વાર રહેશે તો મારા પ્રાણ નિકળી જશે!" જ્યારે રાજાના સેવકોએ તેનું આ કહેવું સાંભળ્યું, ત્યારે તેઓ ગભરાઈ ગયા ને તે નટડીને રાજાની પાસે પાછી લઈ આવ્યા અને સર્વ વાર્તા રાજાને કરી સંભળાવી.

પછી રાજાએ તે સુઘડ સુંદરીના પરીક્ષક બ્રાહ્મણને, તે જ વખતે બોલાવીને પૂછ્યું,–"આ ફુટડી સ્ત્રી, કે જેના અંગપર ચંદન, કર્પૂર, અગર, ગુલાબ વગેરે ઉત્તમ સુગંધીદાર અત્તર છાંટેલાં છે, જે સોળે શણગાર સજીને તમારી પાસે આવી હતી, તેના શરીરમાંથી અતિ ફક્કડ સુગંધીદાર પરિમળ આવે છે, એમ આખું જગત્ કહે છે, ત્યારે તમે કહો છો કે, એના શરીરમાંથી બકરાની વાસ નિકળે છે તે કેમ સંભવે?" આ પ્રમાણે રાજાએ સુંદરીપરીક્ષકને કહ્યું, ત્યારે સુંદરીપરીક્ષકે તે વાત કબૂલ કરી નહીં, પણ પોતાના જ કહેવાને વળગી રહ્યો! પછી રાજાએ યુક્તિપ્રયુક્તિથી તેની તપાસ કરવા માંડી, તો જાણવામાં આવ્યું કે, તેને તેની માતા, બાલ્યાવસ્થામાં જ મૂકીને મરણ પામી હતી અને તે નટડી બકરીનું દૂધ પીને ઉછરી હતી, તેને લીધે તેના મુખમાંથી બકરાના જેવી ખરાબ વાસ આવતી હતી! રાજાએ તે જાણ્યું, એટલે સુંદરીપરીક્ષકની સુઘડતાનાં બહુ બહુ વખાણ કર્યાં.

પછી ત્રીજા રુવેળ સુવાળી તળાઇની પરીક્ષા કરનારા તૂલિકાચંગ બ્રાહ્મણને માટે એક ફક્કડ પલંગ મોકલાવ્યો અને ઉપર પાથરવા માટે સાત રુવેળ સુંવાળી તળાઈ મોકલાવી. એક ઉત્તમ મહેલમાં તે પલંગ ઢળાવી, તેપર અતિ સુંવાળી તળાઇઓ પથરાવી. તે ઉપર ધોયેલો સફેદ ને કોમળ ઓછાડ પાથર્યો, તથા તેના ઉપર તૂલિકાચંગ સૂતો! અર્ધ પ્રહર સુધી સૂતો ન સૂતો, એવામાં તેના વાંસામાં પીડા થવા માંડી, એટલે તે ચીસ પાડતો ને હાથથી પોતાનાં બે પડખાંને દબાવતો દબાવતો ઉઠ્યો. તુરત રાજાના સીપાહીઓ તેની પાસે આવ્યા ને તેના પડખામાં જોવા લગ્યા તો સખત બાંધેલા વાળનો કાપો હોય તેમ વાંકા અને લાલ કાપા પડેલા જોવામાં આવ્યા. તુરત સીપાહીઓએ રાજાની પાસે જઈ તે વાત તેને જણાવી. રાજાએ સીપાહીઓને હુકમ કર્યો કે,– "જાઓ અને જુઓ કે તળાઇઓની નીચે તો કંઈ નથી!"

સઘળા સીપાહીઓ, એક એક તળાઇની નીચે જોવા લાગ્યા તો સાતે તળાઇની નીચેથી, પલંગની ઉપરથી એક વાળ હતો, તે તેમનાં હાથમાં આવ્યો! સીપાહીઓએ તે વાળ રાજાની આગળ લઇ જઈ બતાવ્યો. રાજાએ તુરત તૂલિકાચંગને તેડાવી મંગાવ્યો. વાળને અને તૂલિકાચંગના બન્ને પડખા ઉપર પડેલા કાપાને જોઈ, રાજા મનમાં અત્યંત વિસ્મય પામ્યો કે, "આ બ્રાહ્મણ સાત તળાઈ ઉપર સૂતો હતો, ત્યાં તેના શરીરમાં, ઠેઠ નીચે રહેલો વાળ ક્યાંથી લાગ્યો!" આમ વિચાર કરતાં તેણે આખી રાત્રિ ગાળી કાઢી. બીજે દિવસે પ્રભાતમાં રાજાએ તે ત્રણે બ્રાહ્મણને સકોમળ, ચતુર અને સુઘડ માની સારો સત્કાર કીધો ને તે ત્રણેને ત્રણ લાખ સોનામહોર દાનમાં આપી. પછી તે બ્રાહ્મણપુત્રો ત્યાં જ સુખરૂપમાં રહ્યા, એટલે કાચબો કાચબાને ઠેકાણે રહી ગયો અને પિતાના યજ્ઞમાં ભંગ કરી, તેનું પાતક પોતાને માથે વહોરી લીધું.

જ્યારે આ પ્રમાણે સ્થિર મનવાળા વૈતાળે તે રાજાને અદ્દ્ભુતાશ્ચર્યમાં ગરકાવ કરનારી ઉક્ત કથા કહી, ત્યાર પછી પુનઃ ત્રિવિક્રમસેનને તેણે પૂછ્યું,–"રાજા! જે શાપ દેવાનું મેં તને કહ્યું છે, તેનું તું સ્મરણ કરીને કહે કે, ભોજનચંગ, નારીચંગ અને તૂલિકાચંગમાં વધારે સુઘડ કોણ?" જ્યારે બુદ્ધિમાન્ રાજાએ વૈતાળનો પ્રશ્ન સાંભળ્યો, ત્યારે તેણે પ્રત્યુત્તર આપ્યું,– "મારા વિચાર પ્રમાણે તો હું તૂલિકાચંગને અધિક સુઘડ માનું છું, કારણકે તેના અંગમાંથી વાળનું પ્રત્યક્ષ પ્રમાણ જણાયું હતું અને બીજાઓએ તે જોયું હતું. બીજાઓએ જે જે દૂષણો આપ્યાં હતાં, તે તો પ્રત્યક્ષ નહીં હતાં, પણ કદાચિત્ તેઓએ બીજાની મારફતે પણ કંઈ જાણ્યું હોય એવી શંકા કરી શકાય તેમ હતું!" જ્યાં આ પ્રમાણે હજી રાજા વાત કરે છે, એટલામાં તો પ્રથમની માફક જ વૈતાળ, તેના ખભા ઉપરથી ઉડીને સ્મશાનમાં ચાલ્યો ગયો. રાજા ત્રિવિક્રમસેન તેના જવાથી ખેદાતુર થયો નહીં, પણ તેને પકડવા માટે પાછો સ્મશાનમાં ગયો.

## તરંગ ૧૬ મો.

# વૈતાળ પંચવિંશી.

### વૈતાળ નવમો–અનંગરતિ ને તેના ચાર વિવાહાર્થીની કથા.

પુનઃ રાજા ત્રિવિક્રમસેન, મહાસ્મશાનમાં ગયો અને અશોકવૃક્ષ ઉપરથી વૈતાળને ઉતારી, ખાંધ ઉપર મારીને ચાલવા માંડયો. રસ્તામાં પુનઃ વૈતાળે કહ્યું; "અરે રાજા! આ ભયંકર સ્મશાનમાં મહાઘોર કાળી રાત્રિએ, તમારા જેવાને નિઃશંકતાથી ભટકવું, એ તમારી રાજપદવીને યોગ્ય છે કે ? આ મુડદાથી ભરપૂર સ્થળમાં ભૂતપ્રેત કેવાં દોડાદોડી કરી રહ્યાં છે, તે જુઓ ! અંધકારથી માણસોને માણસની પણ સૂઝ પડતી નથી અને અંધારા જેવા જણાતા



ચિતાના ધૂમાડાથી ચારે તરફ દિશાઓ ઢંકાઈ ગઈ છે, તેમને પણ તમે જોતા નથી કે ? અફસોસ છે કે એક ભિક્ષુકને રંજન કરવા માટે તમને આ અથાક મહેનતનું કામ કરવું પડે છે તથા વિટંબણા વેઠવી પડે છે! એ ઘણું જ દિલગીરી ભરેલું છે. તમારે આ દુરાગ્રહ છોડી દેવો જોઇએ. તમને વારંવાર જાવઆવ કરવાથી શ્રમ બહુ હશે, તો માર્ગમાં આનંદ થાય, તે માટે એક પ્રશ્ન કરું છું, તે તમે સાંભળો!!"

સૃષ્ટિના પ્રારંભમાં જ બ્રહ્માને હાથે રચાયલી, ઉત્તમ ભોગી* અને ભૂતિ*થી વિભૂષિત શિવની મૂર્તિ સમાન, ઉત્તમ ભોગી* અને ભૂતિ*થી અલંકૃત થયેલી અવંતિ નામની એક નગરી છે. સત્યયુગમાં તેનું નામ પદ્માવતી હતું, ત્રેતાયુગમાં તેનું નામ ભોગવતી હતું, દ્વાપરમાં તેનું નામ હિરણ્યવતી હતું અને આ કળિયુગમાં તેનું નામ ઉજ્જયિની નગરી પડ્યું છે. એ નગરીમાં વીરદેવ નામનો મહાપ્રતાપી રાજા રાજ્ય કરતો હતો. તેની રાણીનું નામ પદ્મરતિ હતું. એક દિવસે તે રાજા પોતાની મનોહારી, પતિ આજ્ઞાંકિત, મનરંજન કરનારી, સૌંદર્યવર્ણથી વિભૂષિત અને અતિ લાવણ્યસપન્ન રાણીને સાથે લઈ, મંદાકિની નદીને તટે આવેલા શિવમંદિરમાં, પુત્રપ્રાપ્તિની ઇચ્છાથી, પ્રતાપી શિવજીની પૂજા કરવા માટે ગયો. ત્યાં જઈ તેણે શિવજીની તપશ્ચર્યા કરવા માંડી. કેટલોક કાળ સૂધી તપ કર્યાં પછી, તે એક દિવસે સ્નાન કરી ધ્યાન ધરી બેઠો છે, તેવામાં તુષ્ટમાન થયેલા ભોળાશંકરે, આકાશવાણી-દ્વારા જણાવ્યું કે,– "હે રાજન્! તારી રાણીને પેટે એક મહા પ્રતાપી વીર પુત્ર અવતરશે અને એક અપૂર્વ લાવણ્યવતી, અપ્સરાનો પણ પરાજય કરનારી કન્યા અવતરશે!"

વીરદેવે જ્યારે આ આકાશવાણી સાંભળી ત્યારે તે મનમાં પરમ સંતોષ પામ્યો અને પોતાની પટ્ટરાણી પદ્મરતિને સાથે લઈ, પોતાની રાજધાનીમાં પાછો ફર્યો.

થોડો કાળ વીત્યા પછી રાજાની રાણીએ પ્રથમ પુત્રને જન્મ આપ્યો. તેનું નામ શૂરદેવ પાડ્યું. પછી એક કન્યારત્નને જન્મ આપ્યો. તે કન્યા, પોતાના રૂપથી કામને પણ લલચાવે તેવી હતી, આમ ધારી તેના પિતાએ તેનું નામ અનંગરતિ પાડ્યું. તે કન્યા દિવસે દિવસે ચંન્દ્રકળાની માફક વધવા માંડી. જ્યારે તે પરણવા યોગ્ય થઈ, ત્યારે તેના પિતા વીરદેવને પોતાની કન્યાને યોગ્ય પતિ શોધવાની ઇચ્છા થઈ. વીરદેવે પૃથ્વીપરના સર્વ રાજાનાં ચિત્રપટ મંગાવ્યાં અને તે સર્વેને બરાબર નિહાળી તપાસ્યા, પરંતુ તે રાજાઓમાંથી એક પણ રાજા પોતાની કન્યાને યોગ્ય પતિ વીરદેવને ભાસ્યો નહીં. પછી તે રાજાએ પ્રેમભાવથી પોતાની પુત્રીને કહ્યું,– "બેટા! તારે માટે પતિની બહુબહુ શોધ

* અત્ર મૂળ ગ્રંથકારે ફક્કડ શ્લેષ લખ્યો છે. ઉત્તમ ભોગી એટલે "સર્પ" વાળા અને ઉત્તમ ભોગી એટલે "ઉત્તમ ભોગ ભોગવનાર.;" "ભૂતિ" એટલે "ભસ્મ" અને "ભૂતિ" એટલે "ઐશ્વર્ય." શિવ પાસે સર્પ ને ભસ્મ રહ્યાં છે ને ઉજ્જયિનીમાં ઉત્તમ ભોગ ભોગવનારા ને ઐશ્વર્યવાન્ મનુષ્યો રહ્યા છે. ઉજ્જયિનીમાં શિવજીની દ્વાદશ જ્યોતિર્લિંગમાંનું એક મહાંકાળેશ્વરનું સ્થાન છે, એટલે શિવે પોતાની ભૂતિ ને ભોગી સહિત ત્યાં લિંગરૂપે વાસ કીધો છે, તેમાં કંઈ આશ્ચર્ય જણાતું નથી.

કરી, પરંતુ તારા સમાન કોઈ પણ પતિ મારા જોવામાં આવ્યો નથી, તો હવે તું સઘળા રાજાને એકઠા કરીને સ્વયંવર કર ને તારે મનગમતો પતિ શોધી લે!" રાજકન્યા, પોતાના પિતાનું આવું વચન સાંભળીને બોલી; "પિતાજી! સ્વયંવર રચના કરી તેમાંથી પતિ પસંદ કરી લેવા માટે હજી હું યોગ્ય થઈ નથી; હજી હું લજ્જાવંત છું. પણ હરકોઈ સૌંદર્યસંપન્ન તરુણ પુરુષ, કોઈપણ એક વિદ્યામાં નિપુણ હોય, તેની સાથે મારાં લગ્ન કરો તો મારે બીજા કોઈ અધિક રૂપાળાની ઇચ્છા નથી!"

રાજા વીરદેવ, પોતાની પુત્રી અનંગરતિનું આવું બોલવું સાંભળી, તેવા પુરુષની શોધ કરવા લાગ્યો. તે વાત લોકોમાં ફેલાવો પામવાથી, દક્ષિણ દેશમાં રહેનારા અતિતૈજસ ચાર મહા-પ્રતાપી, વીર અને ચતુર પુરુષો, વીરદેવને ઘેર આવ્યા. તે ચારે પુરુષ કળાનિપુણ અને ભવ્ય હતા. રાજાએ તે ચારેનો સારી રીતે આદરસત્કાર કીધો અને પછી રાજકન્યાને માટે આવેલા તે ચારે પુરુષો, એક પછી એક, તે કન્યાના બાપ આગળ પોતપોતાનું કળા–કૌશલ્ય–ચાતુર્ય–વિદ્યા આ પ્રમાણે પ્રકાશવા લાગ્યા.

પહેલાએ કહ્યું,– "હું શૂદ્ર છું અને મારું નામ પંચપટ્ટિ છે. હું એકલો દરરોજ પાંચ ઉત્તમ વસ્ત્રની જોડ તૈયાર કરું છું, તેમાંથી એક વસ્ત્રની જોડ દેવને અર્પણ કરું છું, એક વસ્ત્રની જોડ બ્રાહ્મણને અર્પણ કરું છું, બે વસ્ત્રની જોડીમાંથી એક હું પોતે પહેરું છું અને આ જો મારી સ્ત્રી થાય તો એક વસ્ત્ર તેને આપું અને બાકી એક વસ્ત્ર રહ્યું તે વેચીને તેમાંથી આહારવિહાર કરું! આ પ્રમાણે હું કળાકુશળ છું તો મારી સાથે અનંગરતિનાં લગ્ન કરો!"

જ્યારે આ પ્રમાણે પહેલા ચતુરે કહ્યું, ત્યારે બીજો પુરુષ બોલ્યો; "હું ભાષાજ્ઞ નામનો વણિક્કુમાર છું. મને પશુ પક્ષી સર્વેની ભાષાનું અચ્છી રીતે જ્ઞાન છે, માટે મને આ રાજકન્યા પરણાવો!"

આ પ્રમાણે બીજા વણિક્ પુત્રે કહ્યું, એટલે ત્રીજો બોલ્યો,– "રાજાજી! હું ક્ષત્રીય બચ્ચો છું ને મારું નામ ખડ્ગધર છે. મારી આ ભુજાઓ ઘણી જ મજબૂત છે. પૃથ્વી ઉપર તરવારથી પટા ખેલવાની વિદ્યામાં મારા જેવો બીજો કોઈપણ નિપૂણ નથી, માટે આપની પુત્રીનાં લગ્ન મારી સાથે કરો!"

ત્રીજો બોલી રહ્યો એટલે ચોથો બોલ્યો,– "હું બ્રાહ્મણ છું અને મારું નામ જીવદત્ત છે. મારું જ્ઞાન એવું છે કે, જે પ્રાણી મરી ગયું હોય તેને એક ક્ષણમાં સજીવન કરું! કારણ કે મેં વીરની ચર્યા કરીને સિદ્ધિ મેળવી છે અને તેના જ પ્રતાપથી હું મૃતને સજીવન કરી શકું છું. માટે એ કન્યા મને પરણાવો!" સુંદર વસ્ત્ર અને આભૂષણ ધારણ કરનારા તથા સુંદર આકૃતિવાળા, દેવસમાન ગુણ ધરાવનાર તે ચારે પુરુષે, રાજાને એ રીતે કહીને, તે કન્યાનું પોતપોતાને માટે માગું કર્યું. રાજા વીરદેવ અને તેની પુત્રી, આ ચાર ચતુરને આ પ્રમાણે માગું કરતા સાંભળી, ઘણા ગુંચવાડામાં પડી ગયાં.

આ પ્રમાણે કથા કહી વૈતાળે રાજા ત્રીવિક્રમસેનને પહેલાનો શાપ સંભારી આપીને પૂછ્યું,– "બોલો તો મહારાજ! હવે આ ચારમાં કોની સાથે અનંગરતિ કન્યાને પરણાવવી?"



જ્યારે રાજાએ આ પ્રમાણે વૈતાળનું બોલવું સાંભળ્યું, ત્યારે તે મૌન ત્યજી બોલ્યો,– "હે યોગેશ્વર! તમે વિના પ્રયોજને કાળક્ષેપ કરવા માટે, મારું મૌનવ્રત ત્યાગ કરાવો છો! તમારો જો તેવો વિચાર ન હોય તો, તમે મને આવાં અયુક્ત પ્રશ્ન શા માટે કરો છો? છતાં તમે સાંભળો હવે. વણકર શૂદ્ર હતો, માટે તેને તો ક્ષત્રિય રાજા પોતાની કન્યા પરણાવી શકે નહિ અને વાણિયાને ક્ષત્રિયની કન્યા કેમ આપી શકાય? તેમ તેને પશુ પક્ષીની ભાષાનું જ્ઞાન હતું, તે શા ઉપયોગમાં આવે તેમ હતું? ત્રીજો* બ્રાહ્મણ છે, તેણે પોતાનો ધર્મ છોડી ઇંદ્રજાળવિદ્યા સાધી અને વીરસાધનાનું માન ધરાવે છે તે પાપી, કન્યાને લાયક કેમ ગણાય? પણ રીત પ્રમાણે તો તે કન્યા તેની જ્ઞાતિવાળા, સુંદર શરીરવાળા, ક્ષાત્રકળામાં કુશળ અને પરાક્રમી એવા ક્ષત્રિયવીર ખડ્ગધરને પરણાવવી જોઈએ!"

રાજા ત્રિવિક્રમસેનનું આવું વચન સાંભળી, વૈતાળ પોતાના યોગના બળથી તેની ખાંધ ઉપરથી પ્રથમની માફક ઉડી ગયો અને તત્ક્ષણે પોતાના નિવાસસ્થાનપર જઈને બેઠો. પણ રાજા પુનઃ પૂર્વ માફક જ તેને લેવા માટે તેની પાછળ ગયો. જે માણસ પોતે ઉત્સાહી અને પરાક્રમી હોય છે, તેના હૃદયમાં ખેદ સ્થાન કરી શકતું નથી.

## તરંગ ૧૭ મો.

## વૈતાળ પંચવિંશી.

### વૈતાળ દસમો—મદનસેના અને તેનું વચન.

પછી તે જ રાત્રિએ ત્રિવિક્રમસેન દોડતો દોડતો અશોકવૃક્ષની પાસે ગયો અને તેના ઉપર ચઢી, ડાળ ઉપરથી વૈતાળને પકડી, પુનઃ પોતાના ખભા ઉપર લઈને તે ચાલવા માંડ્યો; ત્યારે રાજાના ખભા ઉપર બેઠેલા વૈતાળે રાજાને વળી કહ્યું; "રાજાજી! તમે ખિન્ન થયા છો તો સાંભળો આ એક વાર્તા, એટલે તમારી ખિન્નતા દૂર થશે."

પૂર્વે વીરબાહુ નામનો એક મહાપરાક્રમી રાજા વસતો હતો. સઘળા રાજાઓ તેની આજ્ઞા પાળતા હતા. તે રાજાની રાજધાનીનું નામ અનંગપુરી હતું. તે પુરી વિશાળ હતી. તે નગરીમાં એક મોટો સાહુકાર રહેતો હતો. અર્થદત્ત તેનું નામ હતું. તે સાહુકારને ધનદત્ત નામનો એક પુત્ર હતો અને તેનાથી નાની મદનસેના નામની એક કન્યા હતી. જે કન્યા એક રત્નસમાન તેજસ્વી હતી.

એક દિવસે તે કન્યા પોતાના બગીચામાં બહેનપણીઓની સાથે ક્રીડા કરતી હતી. એવામાં તેના ભાઈનો, ધર્મદત્ત નામનો વણિક્મિત્ર ત્યાં આવી ચઢ્યો. તેણે મદનસેનાને જોઈ. તે કન્યાના શરીરમાંથી લાવણ્યરસનો ઝરો વહેતો હતો; તેના કુચરૂપી કુંભની ડીંટડીઓ

* અત્ર મૂળ ગ્રંથમાં ભૂલ જણાય છે. ત્રીજો ક્ષત્રિય છે ને ચોથો બ્રાહ્મણ છે.

જરા જરા ખીલેલી હતી; નાભિની નીચે ત્રિવલિઓ, તરંગની પેઠે દેખાવ આપતી હતી; અને જાણે યૌવનરૂપ હાથીને જળક્રીડા કરવાનું એક સરોવર હોય તેવી તે દેખાવ દેતી હતી. તેને જોઈ ધર્મદત્તના અંતઃકરણમાં કામનાં બાણો સચોટ વાગ્યાં! અને વિરહવેદનાથી તે વિભ્રાંત થઈ ગયો. તે પોતાના મનમાં વિચાર કરવા લાગ્યો કે,– "અરે રે! આ કન્યા, કે જે પોતાની કાંતિપ્રભાથી ચોમેર ઝગઝગાટ કરી રહી છે, તેને શું સાક્ષાત્ *મારે જ ઘડી છે, કે જેની વજ્ર બાણરૂપી અણીથી મારું હૃદય ઘાયલ થયું છે." આ પ્રમાણે તર્કવિતર્ક કરીને તે જ્યાં ઘણીવાર સુધી તેને નિહાળવા જાય છે, ત્યાં ધર્મદત્તને ચક્રવાકના જેવો સમય આવ્યો. દિવસ પૂરો થયો. ચક્રવાચક્રવીનો, દિવસ પૂર્ણ થયાથી જેમ વિયોગ થાય છે, તેમ મદનસેના પોતાની રમત પૂરી કરી ઘેર ચાલી ગઈ. ધર્મદત્ત તેને જોવા માટે રખરખ કરવા લાગ્યો, પણ તેમાં તેનું કંઈ વળ્યું નહીં. તેના મનમાં તેથી ઘણું દુઃખ ઉત્પન્ન થયું. તે કન્યાને ન જોવાના દુઃખ સંતાપાનળથી, જાણે બળતો હોય તેમ સૂર્ય પણ લાલચોળ થઈ, પશ્ચિમ સમુદ્રમાં તરત ડૂબી ગયો! સાયંકાળ થઈ. ચન્દ્રમાને ખબર પડી કે, તે લાવણ્યમૂર્ત્તિ પોતાના નિવાસભવનમાં ગઈ છે, એટલે તે પણ હળવે હળવે, તે કન્યાના મુખકમળથી શરમાઇને છૂપાયો હતો ત્યાંથી બહાર નિકળી આવીને ઉદિત થયો.

પણ ધર્મદત્ત તો તેના જ વિશે વિચાર કરતો કરતો પોતાને ઘેર આવ્યો! તે શય્યામાં જઇને પડ્યો. ચન્દ્રમાના કિરણોના પ્રહારથી તે શય્યામાં આમતેમ આડોઅવળો આળોટવા લાગ્યો. તેના મિત્ર અને ભાઇઓ, તેની આવી દશા જોઈ, ઘણી ઘણી રીતે પૂછવા લાગ્યા. પરંતુ તે કામરૂપ ગ્રહમાં વિભ્રાંત થઈ ગયો હતો, એટલે કંઈપણ જવાબ દઈ શક્યો નહીં. મોડી રાત્રે, જેમ તેમ કરતાં ધર્મદત્તને નિદ્રા આવી, ત્યારે સ્વપ્નામાં પણ તેણે તે જ મદનસેનાને દીઠી. તે તેને પોતાની કાંતા જ માનવા લાગ્યો. કામોત્કંઠિત પુરુષ શું શું ધારતા નથી? થોડી વારમાં રાત્રિ પૂરી થઈ ને પ્રભાત થયું, એટલે તે જાગ્રત થયો. મદનસેના, આગલે દિવસે જે બગીચામાં રમતી હતી ત્યાં તે તુરત ગયો. ત્યાં માત્ર તે એકલી જ, પોતાની એકાંતિક સખીની વાટ જોતી ઉભી હતી. તક જોઈ, પ્રિયાને આલિંગન કરવામાં લાલસાવાળો ધર્મદત્ત, તેની પાસે ગયો અને તેનાં ચરણમાં પડ્યો. પ્રેમાતુર બનેલો તે, કોમળ વચનોથી પોતાની પ્રિયાને મનાવવા લાગ્યો, ત્યારે તે કન્યા બોલી,– "હું હજી કન્યા છું અને બીજાની સાથે મારો વિવાહ થયો છે, તો હવે હું તારી પ્રિયા કેમ થઈ શકું. મારા પિતાએ સમુદ્રદત્ત નામના એક સાહુકાર વેરે મારો વિવાહ કીધો છે અને હું હવે થોડા જ સમયમાં તે વાણિયાની સાથે પરણીશ. માટે, તું જલદીથી કોઈ જૂવે નહીં ને જાણે નહીં તેમ, અહીંયાંથી છાનોમાનો ચાલ્યો જા; કારણ કે તારા આવવાથી બીજાના મનમાં શંકા આવશે ને તેથી મને લાંછન લાગશે!" આમ મદનસેનાએ બહુબહુ રીતે તેને સમજાવી કહ્યું, પણ તે એકનો બે થયો નહીં. તે બોલ્યો,– "જે થવાનું હોય તે થાઓ, પરન્તુ હું તારા વગર જીવી શકતો નથી તેનું કેમ?" જ્યારે તે સાહુકારની પુત્રી મદનસેનાએ તેનું આવું કહેલું

* માર–કામદેવ.



સાંભળ્યું, ત્યારે તેને ભય ઉત્પન્ન થયો કે, રખેને તે તેનાપર બલાત્કાર કરે અને તેના બ્રહ્મચર્ય વ્રતને ખંડિત કરે. તે ભયથી થરથર કંપવા લાગી. પછી તે બોલી,– "જો એમ જ છે તો હમણાં મારાં લગ્ન થવા દે અને મારા પિતાની લાંબા વખતની જે ઇચ્છા છે કે, પોતાની પુત્રીનું કન્યાદાન જ કરવું–તે ઇચ્છા પૂર્ણ થવા દે, પછી હું તારી થઈ રહીશ; કેમકે તારા પ્રેમે મારું હૃદય હરી લીધું છે. હમણા નિશ્ચિંત રહે, હું તારી જ થઇશ." તે સાંભળીને તે વણિકપુત્ર બોલ્યો,– "જે સ્ત્રીએ બીજાને આલિંગન આપ્યું હોય, તેવી સ્ત્રી ઉપર મારો પ્રેમ ચોંટતો નથી. બીજાએ ભોગવેલા કમળ સાથે રસિક ( પ્રેમી ) ભમરો શું કદી પણ પ્રેમ કરે છે?" જ્યારે તેણે આ પ્રમાણે કહ્યું, ત્યારે મદનસેના બોલી,– "જો તારો એવો જ વિચાર છે, તો જા તને વચન આપું છું કે, લગ્ન થયા પછી પહેલ વહેલી હું તારી પાસે આવી જઇશ અને ત્યાર પછી મારા પરણેલા પતિની પાસે જઇશ, પછી કંઈ?" આ પ્રમાણે તેણીએ કહ્યું, તો પણ વણિકપુત્ર ધર્મદત્તને તેના કહેવા ઉપર જરા પણ વિશ્વાસ આવ્યો નહીં. તેણે તેને રોકી રાખી, જવા દીધી નહીં. પછી તે કન્યાએ જ્યારે પ્રતિજ્ઞાપૂર્વક તેની આગળ સત્યવાણીથી તેની ખાત્રી કરી આપી, તેનો વિશ્વાસ મેળવ્યો, ત્યારે ધર્મદત્તે તેને જવા દીધી. જ્યારે મદનસેના પોતાના ઘરમાં ગઈ ત્યારે તે ઘણી જ ઉદાસ થઈ ગઈ.

થોડા દિવસ વીત્યા બાદ, મુકરર કરેલો માંગલિક દિવસ આવ્યો. મદનસેના મોટી ધામધૂમથી પરણી. તે પોતાના પતિ સંગે સાસરે ગઈ. તેણે તે આખો દિવસ તો ઉત્સવમાં કાઢી નાંખ્યો. જ્યારે રાત પડી અને તે પોતાના પતિની સાથે શયનગૃહમાં ગઈ અને જ્યારે તેના પતિએ વિનોદવચનથી તેને ગમ્મત આપવા માંડી અને પોતા સંગે પલંગપર બેસાડી આલિંગન ચુંબન લેવા કહ્યું, ત્યારે તેણે તેમ કરવાની ના પાડી! તે સમુદ્રદત્તની પડખે ઢોલીયા ઉપર બેઠી ખરી, પરંતુ એકવાર પણ તેને આલિંગન કે ચુંબન આપ્યું નહિ. એ વખતે મદનસેનાની આંખમાં અશ્રુ ભરાઈ આવ્યાં. સમુદ્રદત્તે મનમાં વિચાર કીધો કે, એ મને ચાહતી નથી, અને તેથી મને આલિંગન ચુંબન લેવા દેતી નથી. આથી તે ગુસ્સાથી બોલ્યો,–" અલિ સુંદરી! જો હું તને ગમતો ન હોઉં તો મારે પણ તારું કંઈ કામ નથીઃ જેનાપર તારો પ્રેમ હોય તે તારા પ્યારા પાસે જા. પછી તે ગમે તે હોય ને ગમે ત્યાં હોય તેની મને શી તમા છે?"

મદનસેનાએ તેના પતિના મુખથી આવાં કઠોર વચન સાંભળ્યાં, ત્યારે તે નીચું મુખ કરી ધીમે ધીમે આ પ્રમાણે કહેવા લાગી; "આર્યપુત્ર! તમે મને પ્રાણ કરતાં પણ વધારે પ્યારા છો; પરંતુ મારી એક વિનતિ સાંભળો. આનંદથી તમે ઉભા થાઓ અને મને શિક્ષામાંથી મુક્ત કરો અને તેમ કરવાની પ્રતિજ્ઞા લો તો, હે મજના પ્રાણ! જીવનના હાર! હૃદયપર રમનારા દિલોજાન પ્યારા! હું તમને મારી સર્વ હકીકત યથાસ્થિત, કંઈપણ છૂપાવ્યા વગર કહું."

સમુદ્રદત્તે તે સાંભળીને ઘણી દિલગીરી સાથે તેના કહેવા પ્રમાણે વચન આપ્યું. પછી મદનસેના, લજ્જા, નિરાશા ને ભય સહિત બોલી,–" પ્રાણેશ! હું એક વખતે મારા ઘરના

બગીચામાં એકલી રમતી હતી. તેવામાં મારા ભાઈનો એક મિત્ર ધર્મદત્ત, મારે ઘેર આવ્યો. તે મને જોઈ વિહ્વળ થઈ ગયો અને મારો હાથ પકડીને મને રોકી રાખી અને પ્રેમ કરવા કહ્યું. જ્યારે તેણે મને પ્રેમ કરવા માટે કહ્યું, ત્યારે મારા પિતા મારું કન્યાદાન જ દે, તે માટે હું ઘણી ઉત્કંઠિત થઈ ગભરાઈ ગઈ અને ભવિષ્યમાં કંઈ પણ લાંછન ન લાગે એટલા માટે મેં આ પ્રમાણે તેની સાથે સરત કીધી છે! એ વખતે હું એકલી હતી, તેથી જો તેને હું ના પાડત તો તે મારાપર બળાત્કાર કરે તેમ હતું અને તેથી મારું બાળબ્રહ્મચર્યવ્રત ખંડિત થાય તેમ પણ હતું, માટે મેં ધર્મદત્તને પ્રતિજ્ઞાપૂર્વક કહ્યું; ‘ જો તું મને હમણાં જવા દેશે તો હું પરણ્યા પછી પ્રથમ તારી પાસે આવીને પ્રેમનો લાહાવો લેવડાવીશ અને પછી મારા પતિની સાથે પ્રેમવિહાર કરીશ !’ માટે હે પ્રાણનાથ ! મેં જે વચન આપ્યું છે, તે વચન મને પાળવાની તમે આજ્ઞા આપો. હું તેની પાસે જઈ એક ક્ષણમાં તમારી પાસે પાછી આવીશ. આ મોટું પાપ કર્મ છે, પરંતુ મેં બાલ્યાવસ્થાથી જે સત્યતા પાળી છે, તે સત્યતા આજ મારાથી ત્યાગ કરી શકાતી નથી!” મારા શિયળવ્રતની રક્ષા તો પ્રભુ કરશે. સમુદ્રદત્ત તે સ્રીનાં વચનરૂપ વજ્રના પ્રહારથી એકદમ ઘાયલ થઈ ગયો. પણ તેની આગળ સત્યતાથી બંધાયલો હતો, તેથી શું કરે ? તે નિરૂપાય જ હતો. ક્ષણભર વિચાર કરી તે બોલ્યો;– “ હાય ! હાય ! ધિક્કાર છે એને અને ધિક્કાર છે મને ! પણ એ બીજા ઉપર આસક્ત છે, અને બેશક એ તેની પાસે જશે જ, તો શા માટે હું એને હવે રોકું ? ભલે એને ગમે ત્યાં જાય ! હવે એ મારી સ્રી–પત્ની છે, એવો વિચાર હું શા માટે કરું ને એનાપર શા માટે પ્રેમ ધરું ?” આ પ્રમાણે વિચાર કરીને સમુદ્રદત્તે તેને મરજી માફક, યથેચ્છ જવાની આજ્ઞા આપી. તુરત મદનસેના ઉભી થઈ અને પતિનું ઘર છોડી બહાર નિકળી પડી.

એટલામાં તો હાસ્ય કરતી પૂર્વ દિશારૂપી પ્રમદાને પોતાના કરમાં પકડી, જકડી ચંદ્રમા પણ ઉદયાચળના વિશાળ મહેલના શિખર ઉપર ચઢ્યા. તેનો પ્રકાશ આખી દુનિયામાં ચારે તરફ ફેલાઈ ગયો. અગર જો કે અંધારું ગાઢ ગુફારૂપ પ્રમદાની સાથે વિલાસ કરવા માટે નાશી ગયું હતું અને ભ્રમરાઓ પણ ખીલેલા કમળવનમાં વિહાર કરતા હતા અને નગરમાં સઘળાં માણસો ગાઢ નિદ્રામાં ગરક થઈ ગયાં હતાં અને એકલી મદનસેના જ રસ્તા ઉપરથી જતી હતી, તોપણ તે જ વખતે એક ચોરે મદનસેનાને માર્ગમાંથી જતાં દીઠી. તેણે દોડી તેનો પાલવ સાહ્યો અને ઉભી રાખી. પછી તેણીને પૂછ્યું;– “ ઓહો ! બાઇસાહેબ ! આપ ક્યાં ચાલ્યાં આ રાત્રિને સમયે લટકમટક કરતાં ? ઉભાં રહો અને કહો કે તમે કોણ છો અને આ વખતે ક્યાં જાઓ છો ?” મદનસેનાએ ભયભીત થતાં કહ્યું,–“ અલ્યા ભાઈ ! તારે તેનું શું કામ છે ? મને છોડી દે અને મને મારા કાર્ય માટે જવા દે.” ત્યારે તે ચોર બોલ્યો,–“ એમ કે ? બહુ ડાહી ? તું તો અલિ છેલછબીલી છોગાળી જણાય છે ! પણ આ બંદા તો ચોર છે. તેના હાથમાં આવી છે તો હવે ક્યાં જશે.” તે સાંભળીને મદનસેના બોલી,–“ ત્યારે તું મારાં આ ઘરેણાં લે અને તે તારી પાસે રાખ !” તે ચોરે ઉત્તર આપ્યું,–“ અલિ મુગ્ધે !



હું એ પત્થરાને શું કરું ? હું, તું કે જે ત્રણલોકનો શણગાર છે, ચંદ્ર જેવા અલૌકીક મુખવાળી છે, શેષનાગના મણિવડે તારા શ્યામ કેશ શોભી રહ્યા છે, સૂક્ષ્મ કટી, હીરાપેરે ઝળકે છે, સોનેરી રંગના અવયવો છે, અને પદ્મરાગમણિ જેવા લાલચોળ ચરણવડે મનહર દીસે છે, તેને કદી પણ આ બંદો છોડે તેવો કાચો ન સમજતી !

આ પ્રમાણે તે ચોરે કહ્યું. તે નિરાધાર વણિક્કન્યા, મધરાત્રિને સમયે પરાધીન પડી છે, હવે શું કરે ? અંતે તેણે પોતાની સર્વ વાર્તા તેને જણાવી તેની આગળ પ્રાર્થના કરી કે,– “ એક ક્ષણ તમે મારા ઉપર કૃપા કરો અને મને જવાની રજા આપો ! જેથી હું મારી પ્રતિજ્ઞા પૂર્ણ કરું. જો તમો ઉભા રહેશો તો તે પ્રતિજ્ઞા પૂર્ણ થઈ કે તુરત જ અહીં હું તમારી પાસે પાછી આવીશ! માન માન, હે સુશીલ ગૃહસ્થ ! હું કદી પણ મારું આપેલું વચન ભંગ કરીશ નહીં !” તેની સત્ય પ્રતિજ્ઞાવાળી વાણી સાંભળી, તે ચોરે તેને જવાની રજા આપી અને તેના આવવાની વાટ જોતો તે ચોર ત્યાં જ બેસી રહ્યો !–

પછી તે વાણિયણ, ધર્મદત્ત સાહુકારની પાસે ગઈ. તે વાણિયાએ જ્યારે પોતાની પ્યારી સ્રીને એકાંતમાં આવેલી જોઈ, ત્યારે તેને પૂછ્યું,–‘ તારા વરે તને મારી પાસે આવવાની કેમ રજા આપી ?’ ત્યારે તેણીએ જેમ બન્યું હતું, તેમ સર્વ વૃત્તાંત યથાર્થ કહી બતાવ્યું અને વચમાં રસ્તામાં મળેલા ચોરની વાત પણ જણાવી દીધી. તે વાણિયો ક્ષણભર વિચારમાં પડી ગયો, પછી તે બોલ્યો,–“ તું પારકી સ્રી છે, તો મારે તારું શું કામ છે ? હું તારા સત્ય વચનપર ઘણો જ પ્રસન્ન થયો છું, માટે હવે તું મારી પાસે આવી છે એમ કોઈ જાણે નહીં એટલી વારમાં જેમ આવી છે તેમ જ પાછી ચાલી જા !” આ પ્રમાણે કહીને જ્યારે તે વાણિયાએ તેને રજા આપી, ત્યારે ‘જેવી તમારી કૃપા ’ એમ કહી, રસ્તામાં જ્યાં ચોર વાટ જોઇને બેઠો હતો ત્યાં, તે સાહુકારકન્યા આવી. ચોર બોલ્યો,–“ અલિ ! તું જે કસોટીને સ્થળે ગઈ હતી ત્યાં જઇને શું કર્યું. તે વાત તો જરાક મને પહેલાં કહે !” તે વણિક્પુત્રે જેવી રીતે તેને મુક્ત કરી હતી, તે સર્વ વાત તે ચોરના આગળ યથાસ્થિત તે સ્રીએ કહી બતાવી. તે સાંભળી ચોર બોલ્યો,–“ અહોહો ! જો એમ જ હોય તો હું પણ તારા સત્ય ઉપર ઘણો પ્રસન્ન થયો છું અને તને જવાની રજા આપું છું ! તું તારાં ઘરેણાં સહિત તારે ઘેર સુખરૂપ ચાલી જા !”

આમ કહી તે ચોરે તેનાં ઘરેણાં તેને પાછાં આપ્યાં અને તેના શિયળની રક્ષા કરી, તેની પાછળ પાછળ જઈ ઠેઠ તેને ઘેર મૂકી આવ્યો. પેલી સ્રી પણ પોતાના અખંડિત શિયળ વ્રત સહિત, અત્યંત પ્રસન્ન થતી પોતાના સ્વામીને ઘેર આવી અને ઘરમાં કોઈ જાણે નહીં તેમ, ધીમે ધીમે, પ્રસન્ન થતી થતી, પતિની પાસે જઇને પ્રણામ કરીને ઉભી રહી. તે વેળાએ સમુદ્રદત્તે તેને પૂછ્યું,–“ કેમ જઈ આવી, તારા યારને રાજી કરી, વચન પાળ્યું ? બોલ બોલ, ત્યાં જઇને શું કર્યું ? બોલ, બોલ !” તે સ્રીએ જે પ્રમાણે બન્યું હતું, તેમ તે સર્વ વાર્તા પતિની આગળ યથાસ્થિત કહી બતાવી. તેના ધણીએ તેના મુખ તરફ નજર કરી તો તેનાપર

બ્રહ્મચર્યનો પૂરતો પ્રકાશ પડતો હતો–સંભોગનાં કશાં પણ ચિહ્ન જણાતાં ન હતાં! તેણે માન્યું કે આ સ્ત્રીએ, પોતાનું શિયળ ખંડિત કર્યું નથી. તે સત્યવ્રત પાળવામાં પરાયણ છે તથા મહા સતી છે! એનું મન પણ શુદ્ધ છે અને એ મારા કુળને છાજતી છે! આમ માની તેનો સારી રીતે સત્કાર કર્યો. તે દિવસથી સમુદ્રદત્ત તેની સાથે સુખાનંદમાં મગ્નમસ્ત રહેવા લાગ્યો.

આ પ્રમાણે વૈતાળે સ્મશાનભૂમિમાંથી ચાલતા તે રાજાને વાર્તા કહી, પુનઃ રાજા ત્રિવિક્રમસેનને પૂછ્યું,–"હે નરેંદ્ર! હવે બોલો. આ ત્રણમાં વિશેષ ઉદારચરિત કોણ? ચોર, વાણિયો કે તેણીનો ધણી? તમે જાણતા હો, તે છતાં પણ જો ખરી વાર્તા કહેશો નહીં, તો તમારા મસ્તકના હજારો કટકા થઈ જશે!" વૈતાળનાં એવાં વચન સાંભળી, રાજાએ શાપના ભયથી મૌન્યવ્રત મૂકીને ઉત્તર આપ્યું,–"આ ત્રણમાં ચોરને મહાઉદારચરિત જાણવો, પણ બન્ને વાણિયાને ઉદારચરિત જાણવા નહીં. તેના પતિએ તેને જવા દીધી તેમાં આશ્ચર્ય નથી. તે સુંદર અને અતિ પ્રિય હતી તેને લીધે જ તે તેને પરણ્યો હતો, પણ જો એ સ્ત્રી બીજાપર આશક્ત છે, એમ તે જાણતે તો પરણતે જ નહીં. બીજા વણીક્પુત્રનું મન પણ ઘણા દિવસ થઈ જવાથી તેના ઉપર ઓછા પ્રેમવાળું થઈ ગયું હતું. વળી તેને ભય પણ લાગ્યો હશે કે આ વાર્તા તેના ધણીએ જાણી છે, તો તે પ્રભાતમાં રાજાને જણાવશે તો મારા બુરા હાલ થશે અને તે ભયથી તેણે પણ તેનો ત્યાગ કર્યો હશે. પરંતુ ચોરને કોઈનો ડર કે ગરજ ન હતી! તે હમેશાં એકાંતમાં ફર્યા કરતો હતો અને નિઃશંકતાથી પાપી કામ કર્યો જતો હતો. તેને મધ્યનિશાએ એકાંત સ્થળે, નવયૌવના, લાવણ્યસંપન્ન, આભૂષણવાળી સ્ત્રી મળી, છતાં તેને જવા દીધી, એનું નામ જ ઉદારચરિતપણું છે!"

જ્યારે તે વૈતાળે આ પ્રમાણે રાજાનું વચન સાંભળ્યું કે, તુરત તેના ખભા ઉપરથી તે પ્રથમની માફક ઉડીને પોતાના સ્થાન પ્રત્યે ચાલ્યો ગયો અને સદા જ ઉમંગી તથા અથાક ધૈર્યવાળો રાજા પણ તે વૈતાળને પકડવા માટે તુરત સ્મશાન તરફ પાછો ફર્યો.

## તરંગ ૧૮ મો.

## વૈતાળ પંચવિંશી.

### વૈતાળ અગિયારમો–ધર્મધ્વજ રાજા અને તેની ત્રણ રાણીની કથા.

રાજા ત્રિવિક્રમસેન પાછો સ્મશાનમાં ગયો. અશોકવૃક્ષ ઉપર ચઢયો ને વૈતાળને ખાંધ ઉપર ચઢાવ્યો અને ગોરજી મહારાજ તરફ આવવા નિકળ્યો. રસ્તામાં આવતાં ખભા ઉપર બેઠેલા વૈતાળે રાજાને કહ્યું; "હે રાજન્! એક વિચિત્ર કથા તમારી આગળ કહી બતાવું છું, તે તમે સાંભળો."



પૂર્વ કાળમાં ઉજ્જયની નગરી ઘણી જ આબાદ હતી. તેમાં ધર્મધ્વજ નામનો એક રાજા રાજ્ય કરતો હતો. તેને ત્રણ રાણી હતી. તે ત્રણે રાણી રાજપુત્રીઓ હતી અને તે ત્રણેપર ધર્મધ્વજનો અથાગ પ્રેમ હતો. મુખ્ય રાણીનું નામ ઇંદુલેખા હતું, બીજીનું નામ તારાવળી હતું અને ત્રીજીનું નામ મૃગાંકવતી હતું, આ ત્રણે રાણીનાં અંગ, અનંગપ્રિયા જેવાં હતાં. ગુણમાં પણ ત્રણે ઘણી નિપુણ હતી. તે રાજાએ સઘળા શત્રુનો પરાજય કર્યો હતો, એટલે તેના મનમાં કોઈ પણ જાતની ફિકરચિંતા ન હતી. તે કૃતકૃત્ય હતો, તેથી તે પોતાની આ ત્રણે રાણીની સાથે સુખાનંદમાં વિહાર કરી પોતાના દહાડા નિર્ગમન કરતો હતો.

એક વખતે વસંતઋતુનો સમય હતો ત્યારે દંપતીઓ નવનવા પુષ્પહાર ધારણ કરી, વનવિહાર માટે જાઆવ કરવા લાગ્યાં. જ્યાં જોઈયે ત્યાં વસંતોત્સવ શિવાય કશું નજરે આવતું ન હોતું. અબીલ ગુલાલની ઝાકમઝોળ થઈ રહી હતી. રાજા પણ એ ઋતુમાં એક દિવસે પોતાની ત્રણ રાણીને સાથે લઈ, વસંતવિહાર કરવામાટે એક ઉદ્યાનમાં ગયો. ત્યાં પુષ્પોના ભારથી લચી ગયેલી લતા ઉપર ભ્રમરાઓ બેઠા બેઠા પુષ્પમાંનું મદ્યપાન કરતા ધૂંધૂં કરી રહ્યા હતા. વનલતા જાણે એક કામદેવના ધનુષનું કામઠું હોય તેવી જણાતી હતી; અને ઉપર બેઠેલા કાળા ભમરાઓ, પણછ જેવા માલમ પડતા હતા; અને તે પણછ મદિરા ચોપડીને તૈયાર કરી હોય તેવી જણાતી હતી. ઉદ્યાનમાં આમ્ર વૃક્ષ ઉપર બેઠેલી કોયલ જાણે સંભોગરસ ભોગવવા માટે કામદેવની આજ્ઞા સર્વને નિવેદન કરતી હોય, તેમ કૂહૂ કૂહૂ ટૌકા કરી રહી હતી. તે સાંભળી રાજાના મનમાં પણ શૃંગારરસનો આવિર્ભાવ ઉત્પન્ન થયો. ઈન્દ્રસમાન રાજાએ, એક કુંજભવનમાં ત્રણે રાણીની સાથે બેસી કામદેવના જીવનને સજીવન કરનારા, તેમ જ મદને પણ સજીવન કરનારા મદ્યનું પાન કર્યું. પ્રથમ પ્રિયાઓને મદિરા પાઈ અને તેના નિઃશ્વાસથી સુગંધીદાર, તેના બિંબ જેવા લાલચોળ ઓષ્ઠના સંગથી રતુમડા રંગની બનેલી તથા સ્ત્રીના પીવામાંથી શેષ રહેલી મદિરાનું તે રાજાએ પાન કર્યું ને તેઓની સાથે રંગે રમવા લાગ્યો.

રમતાં રમતાં રાજાએ રમતમાં ઈંદુલેખાની વેણીની લટ પકડી કે તેના કાન ઉપર ખોસેલું કમળ ફુલ, ચંચળ થઇને ઈંદુલેખાના ખોળામાં પડી ગયું! તેના પડવાથી મહારાણીની સુકોમળ સાથળ ઉપર એક ઘા પડી ગયો; અને કુળવંત પણ સુકુમાર પટ્ટરાણી,–"હાય! હાય!" આમ બોલતી મૂર્છાગત થઈ જમીન ઉપર પડી ગઈ. તે જોઈ રાજા અને તેનાં પરિજનો, દિલગીરીથી અકળાઈ ગભરાઈ ગયાં. સઘળાંએ ગુલાબ જળ છાંટીને ધીમે ધીમે રાણીની સારવાર કરી અને તે પછી પટ્ટરાણીને રાજમહેલમાં લઈ ગયા અને ત્યાં ઉત્તમ વૈદ્યની દિવ્ય મલમપટ્ટીઓથી રાણીના ઘાના ઉપાયો કરવા માંડયા. જ્યારે રાત્રિના રાજાએ જોયું કે, હવે ઈંદુલેખાને સારું થયું છે, એટલે તે બીજી રાણી તારાવળીને લઇને, ચંદ્રપ્રાસાદ નામના ક્રીડાભવનમાં નિદ્રા કરવા માટે ગયો. ત્યાં ક્રીડા કરતાં કરતાં રાજાના ખોળામાં તે રાણી સુઈ ગઈ. કર્મસંજોગે બન્યું એવું કે, તે રાણીના શરીર ઉપરથી વસ્ત્ર ખસી ગયાં. તેનું શરીર નગ્ન થઇ ગયું. તે નગ્નાંગ ઉપર, જાળીઆ વાટે, ચંદ્રમાનાં કિરણો પડ્યાં. રાણી તારાવળી એકદમ-

ણમાં જાગ્રત થઈ ગઈ અને "વોય! વોય! હું બળું છું રે! બળું છું!" એમ બૂમ પાડવા લાગી. તુરત તે છત્રપલંગપરથી ઉઠી ઉભી થઈ અને પોતાના શરીરને પંપાળવા લાગી. તેની બૂમ સાંભળીને રાજા પણ ગભરાઇને જાગી ઉઠ્યો અને 'શું છે? શું છે?' એમ પૂછવા લાગ્યો. પણ પાસે જઇને જ્યાં રાજા જુવેછે, ત્યાં તો તારાવળીના શરીરમાં વિસ્ફોટક ફૂટી નિકળ્યો હોય તેવા ફોલ્લા ફુટી નિકળેલા જણાયા. રાજાએ તેને પૂછ્યું; "પ્રિયે તારાવળિ! આ તને શું થયું!" ત્યારે તારાવળી બોલી,–"પ્યારા! મારા નગ્ન શરીર ઉપર ચંદ્રમાનાં કિરણો પડ્યાં, તેને લીધે આમ થયું છે!" આ પ્રમાણે બોલતી તારાવળી પીડાથી પીડિત થતી ચીસો પાડવા મંડી પડી. રાજા મહાઉદાસ ગઈ ગયો અને પછી તુરત તે રાણીની દાસીઓને બોલાવી. લોંડીઓ ભય અને સાધ્વોત્કંપ સહિત ત્યાં દોડી આવી. તુરત રાજાએ તારાવળીનાં પરિજન પાસે, ભીની કમલીની શય્યા રચાવી, તેમાં તેને સુવરાવી અને તેના આ અંગપર ચંદનનો લેપ કરાવ્યો.

એટલામાં ત્રીજી રાણી મૃગાંકવતીએ, એ તારાવળીના મંદવાડના સમાચાર સાંભળ્યા. તે રાજાની પાસે આવવાની ઇચ્છાથી, પોતાના મહેલમાંથી બહાર નિકળી. પણ જ્યાં તે ખુલ્લા મેદાનમાં આવે છે, ત્યાં તો કોઇના ઘરમાં ધાન્ય ખંડાતું હતું, અને રાત્રિનો વખત હતો અને સઘળે જળજંપ્યું હતું તેથી ખાંડવાનો અવાજ સોસરો તેને કાને પડ્યો! આ શબ્દ સાંભળી મૃગાનેણી મૃગાંકવતી, તુરત પોતાના બે હાથ હલાવતી હલાવતી બોલી ઉઠી; "હાય! હાય! ઓ હું મરી ગઈ રે!" આમ મોઢેથી બોલતાંની સાથે જ અત્યંત પીડાને લીધે, માર્ગમાં તે બેસી ગઈ. જ્યારે તેને જરા તરા શાંતિ વળી, ત્યારે તે પાછી વળીને પોતાના પરિજનને સાથે લઈ, રડતી રડતી પોતાના અંતઃપુરમાં આવી. તે શય્યા ઉપર પડી અને આર્તનાદ કરવા લાગી. જ્યારે તેના રડતા પરિજને, રાણી મૃગાંકવતીને શય્યામાં તપાસી ત્યારે તેઓને માલમ પડ્યું કે, જેમ કમળ ઉપર ભ્રમરાઓ બેઠા હોય, તેમ તેના સુંદર હાથપર મોટા મોટા કાળા ડાઘા પડી ગયા છે! તુરત દાસીઓએ તે સમાચાર રાજાની આગળ જઇને કહ્યા. રાજા ધર્મધ્વજ તે સાંભળી આકુળવ્યાકુળ થઈ ગયો અને મૃગાંકવતીની પાસે આવીને પૂછવા લાગ્યો; "પ્યારિ! તું તો સાજી સમી હતી અને તને આ શું થયું?" જેના હાથમાં ઘણી પીડા થતી હતી એવી મૃગાંકવતીએ, પોતાના બે હાથ રાજાને બતાવી કહ્યું, "પ્રાણાધાર! જેવો મેં ધાન્ય ખંડાતા સાંબેલાનો અવાજ સાંભળ્યો, તેવા જ મારા હાથમાં આવાં ચાઠાં પડી ગયાં છે!" તે સાંભળી રાજા આશ્ચર્ય અને ખેદના વિચારવમળમાં પડી ગયો, (કે આતે કેવી સુકુમારતા!) પછી રાણીના હાથમાં, દાહની શાંતિ કરવા માટે ચંદન આદિનો લેપ કરાવ્યો.

પછી રાજા વિચાર કરવા લાગ્યો કે,–"એક રાણીના કાન ઉપરથી કમળ ફુલવાળું ભૂષણ ખોળામાં પડતાં તેની સાથળ ઉપર ઘા પડ્યો; બીજી રાણીના અંગ ઉપર ચંદ્રમાનાં કિરણો પડવાથી વિસ્ફોટક ફૂટી નિકળ્યો અને આ ત્રીજીએ સાંબેલાનો શબ્દ સાંભળ્યો કે, તેના હાથમાં કાળાં ચાઠાં પડી ગયાં! નશીબને યોગે, અતિઘણી સુકુમારતા, કે જે મારી રાણીઓમાં



સર્વોત્તમ છે, તે આજે ને એકે વખતે, ત્રણેમાં દુઃખરૂપ થઈ પડી છે! બેશક, એ એક મોટી ખામી છે!" આ પ્રમાણે વિચારના વમળમાં વિંટલાયલા તે રાજાને, અંતઃપુરમાં ફરતાં ફરતાં ત્રણ પહોરની રાત્રિ સો પહોરના જેવડી લાંબી થઈ પડી. જેમ તેમ કરતાં સવાર થઈ, એટલે રાજાએ શલ્ય કાઢનારા વૈદ્યોને બોલાવી, તે દ્વારા એવા ઉપાયો કરાવ્યા કે, થોડા સમયમાં તેનું તમામ અંતઃપુર સાજું થઈ ગયું.

ખભા ઉપર બેઠેલા વૈતાળે અદ્ભુતાશ્ચર્યમાં ગરકાવ કરનારી આ કથા કહીને, ત્રિવિક્રમસેન રાજાને પૂછ્યું,–"બોલો રાજન્! આ ત્રણ રાણીઓમાં વધારે સુકુમાર કોણ? તમે જાણતા છતાં જો આનું ઉત્તર આપશો નહીં તો તમારા માથાના હજારો કટકા થઈ પડશે!" તે સાંભળીને રાજા બોલ્યો; "સાંબેલાને અડક્યા વગર જ, તેના શબ્દશ્રવણથી જેના હાથમાં ચાઠાં પડી આવ્યાં, તે રાણી અતિ સુકુમાર છે–બીજી બે રાણીઓમાં એકે તેવી નહિ. એકને કમળના અડકવાથી ઘા પડ્યો હતો, બીજીને ચંદ્રનાં કિરણોના સ્પર્શથી દાહ થઈ વિસ્ફોટક ઉઠી આવ્યો હતો. એ બેમાં બીજાનો સંબંધ રહ્યો હતો, તે કારણ અગત્યનું છે. પણ મૃગાંકવતીને તો માત્ર શબ્દશ્રવણથી જ ચાઠાં પડ્યાં, તેથી તેના જેવી બીજી બેને કોમળ કહી શકાય નહીં!"

આ પ્રમાણે ત્રિવિક્રમસેને મૌન મૂકીને ઉત્તર આપ્યું, એટલે વૈતાળ તેના ખભા ઉપરથી ઉડી સ્મશાનમાં ચાલ્યો ગયો. પરંતુ રાજાએ તેને પકડવાનો દઢ નિશ્ચય કર્યો હતો, એટલે તે પણ વૈતાળની પાછળ પાછો ગયો.*

## તરંગ ૧૯ મો.

## વૈતાળ પંચવિંશી.

### વૈતાળ બારમો–યશઃકેતુના [કથા.

પછી રાજા ત્રિવિક્રમસેન, વૈતાળની પૂંઠે, પૂર્વ પેરે જ તે મહાસ્મશાનમાં ગયો અને તે જ અશોકવૃક્ષ ઉપર ચઢી વૈતાળને લઇને નીચે ઉતર્યો અને પછી પોતાની ખાંધ ઉપર લઈ, ચુપ ચુપ ગોરજી મહારાજ ભણી ચાલવા માંડ્યો. તેની ખાંધ ઉપર બેઠેલા વૈતાળે કહ્યું,–"રાજાજી! તમે આ કામ કરતાં જરાએ અકળાયા નથી, તેથી મને તમારા ઉપર બહુ પ્રેમ છૂટે છે, તો હવે સાંભળો, હું તમને એક મનોહારી કથા કહું છું, જેથી તમારો ખેદ નાશ પામશે!"

પૂર્વે અંગદેશમાં યશઃકેતુ નામનો એક રાજા રાજ્ય કરતો હતો. તે જાણે ન બળેલો કામદેવ, પોતાના અંગની † રક્ષા કરવા માટે પૃથ્વીનો આશ્રય ધરી, બીજે રૂપે જન્મ્યો હોય,

* સામળકૃત મડાપચ્ચીસીમાં ૧૪ મા દિવસે મડદાએ કહેલી વાત આને જ મળતી છે. † અંગ એટલે અંગદેશ ને અંગ એટલે શરીર.

તેવો શોભતો હતો. તે રાજાએ પોતાના બાહુબળથી સમગ્ર વેરીવર્ગનો પરાજય કર્યો હતો. તેને શત્રુની જરા પણ ચિંતા ન હતી. જેમ ઇંદ્રની પાસે બુદ્ધિશાળી બૃહસ્પતિ કાર્યભારી હતો, તેમ તેની પાસે પણ **દીર્ઘદર્શી** નામનો એક કાર્યભારી હતો. રાજા પૂર્ણ યુવાવસ્થામાં હતો, તેથી તેણે તે અવસ્થાના મદને લીધે, પોતાનો સર્વ રાજ્યકાર્યભાર પોતાના મંત્રીને સોંપી દીધો હતો અને તે પોતે તો સુખ જ ભોગવતો હતો. તે નિરંતર અંતઃપુરમાં જ રહેતો હતો. તેણે રાજસભાનું કામકાજ છોડી દીધું હતું. રણવાસમાં રહી તે કામી લોકોનાં વચનોનું પાન કરતો, પણ હિતવાદીનાં વચનો સાંભળતો નહીં અને તે મહેલની બારીઓમાં અને જાળીઓમાં વિચારશૂન્ય થઈ ખુશીમાં બેસતો, પણ કોઈ દિવસ ઘણાં સંકટવાળાં રાજકાજમાં મન ઘાલવાને ખુશી થતો નહીં.

પણ તેનો મહામંત્રી **દીર્ઘદર્શી** રાતદિવસ સાવધાનતાથી તેના રાજ્યના સઘળા વહિવટની તપાસ રાખી કામ ચલાવતો હતો. રાજ્યની આવી વ્યવસ્થાથી શહેરમાં લોકો અનેક પ્રકારે વાત કરવા લાગ્યા. તેઓ ગપાંશ મારવા લાગ્યા કેઃ "ભાઈરે ! હવે તો કાર્યભારી **દીર્ઘદર્શી**, વિશ્વાસુ રાજાને સ્ત્રીના વ્યસનમાં બુડાડી પોતે રાજલક્ષ્મીનો માલીક થઈ બેઠો છે ! કોણ પૂછનાર છે ? હાથમાં તેના મોંમાં !" આ વાર્તા દીર્ઘદર્શીના સાંભળવામાં આવી. તેણે એક દિવસે પોતાની સ્ત્રી મેધાવિનીને* કહ્યું; "પ્યારિ ! રાજા રોજ એશઆરામમાં મશગુલ રહીને ચમનદારી કરે છે; હું રાજ્યનો તમામ વહિવટ ઘણા શ્રમથી કરું છું, છતાં લોકો મારા ઉપર અપવાદ મૂકે છે કે, 'દીર્ઘદર્શી, રાજાનું દ્રવ્ય ખાઈ જાય છે.' લોકવાણી મિથ્યા હોય છે; છતાં પણ તે મોટા લોકોની કીર્તને કલંકિત કરી મૂકે છે; માટે તેનાથી સંભાળવું જોઇયે. લોકાપવાદથી **રામ** જેવાને પણ શું જાનકીનો ત્યાગ કરવાની ફરજ પડી નહોતી ? તો કહે હવે, મારે રાજાની નોકરી છોડવી કે શું કરવું ?" જ્યારે મેધાવિનીએ પોતાના પતિનું પ્રશ્ન સાંભળ્યું, ત્યારે નામ પ્રમાણે ગુણ ધારણ કરનારી તે ધીર નારીએ, પોતાના સ્વામીને કહ્યું; "સ્વામિનાથ ! તમે તીર્થયાત્રાનું નામ લઈને, યુક્તિથી રાજાની આગળથી રજા લો અને કેટલાએક દિવસ સૂધી પરદેશમાં જાઓ તો ઠીક. આ પ્રમાણે તમે જશો, ત્યારે તમારી નિઃસ્પૃહતા લોકોના જાણવામાં આવશે અને તમારી ઉપરથી લોકાપવાદ ઉડી જશે. તમારા જવા પછી, રાજા પોતે રાજ્ય ચલાવશે, તેથી તેના દુર્ગુણવ્યસનમાં પણ ઘટાડો થશે અને જ્યારે તમે પાછા આવશો, ત્યારે તમને ઘણા માનની સાથે તે મંત્રીપદ પાછું આપશે."

આ પ્રમાણે સ્ત્રીએ સલાહ આપી. તે સાંભળી, મંત્રી **દીર્ઘદર્શીને** ઘણો આનંદ થયો અને "હું એમ જ કરીશ," એમ કહી તે રાજા યશઃકેતુની પાસે ગયો. વાત કરતાં કરતાં પ્રસંગમાં યશઃકેતુ રાજા આગળ તેણે વિનતિ કીધી; "મહારાજ ! મને થોડા દિવસની રજા આપો તો ઠીક, કે જેથી હું તીર્થયાત્રા કરી આવું; કારણ કે મને ધર્મ ઘણો વહાલો છે !" તે સાંભળીને રાજા બોલ્યો; "અયે મંત્રી ! તને રજા મળશે નહીં. શું તીર્થ વગર દાન વગેરે ધર્મકર્મ કરવાથી

* અતિ ઘણી શ્યાણી=ડાહી ને બુદ્ધિશાળી.



સ્વર્ગ મળતું નથી ? એ ધર્મ ક્રિયા તો પોતાના ઘરમાં રહીને પણ કરી શકાય છે." ત્યારે મંત્રી બોલ્યો; "મહારાજ ! તીર્થોમાં જ હંમેશાં પવિત્રતા રહી છે. ધનાદિકવડે દાનધર્મ કરવાથી તે પવિત્રતા પ્રાપ્ત થાય છે ખરી, તોપણ તીર્થ જેટલી નહીં ! રાજાજી ! જ્યાં સૂધી આ શરીર તરુણાવસ્થામાં હોય છે, ત્યાં સૂધીમાં બુદ્ધિશાળી મનુષ્યોએ તીર્થયાત્રા કરી લેવી જોઇયે. આ દેહનો કાંઈ ભરોસો નથી, તે આજ છે ને કાલ નથી. ધર્મસાધન સાધ્યાવગર જો દેહ પડી જાય છે તો પછી તીર્થયાત્રા ક્યાંથી થાય ?" આ પ્રમાણે મંત્રી વાર્તા કરતો હતો અને રાજા તેને ના પાડતો હતો. એવામાં પ્રતિહારે પ્રવેશ કરી રાજાને વિનતિ કરી,– "મહારાજ ! સૂર્યનારાયણ હવે આકાશસરોવરના મધ્યમાં સ્નાન કરવા માટે ઉતર્યા છે, ( મધ્યાહ્ન થયા છે ) અને આપનો સ્નાનકાળ વહી જાય છે, તો જનાબ, સત્વર સ્નાન કરવા માટે પધારો !" તે સાંભળી રાજા એકાએક સ્નાન કરવા ઉઠ્યો અને યાત્રા માટે તૈયાર થયેલો મંત્રી, રાજાને પ્રણામ કરી પોતાને ઘેર વિદાય થયો.

તેણે ઘેર જઈ પોતાની સ્ત્રીને કહ્યું,– "હું યાત્રા કરવા જાઉં છું. તું પાછળ ઘરબાર સંભાળજે !" સ્ત્રીએ કહ્યું,– "હું પણ તમારી સાથે જ આવીશ !" મંત્રીએ તેને સમજાવી અટકાવી ને પોતે, પોતાના ચાકરનફરો જાણે નહીં તેમ, ચુપચાપ યાત્રા માટે ચાલી નિકળ્યો. દીર્ઘદર્શી દૃઢ વિચારનો વીરનર હતો, તેથી તે એકલો જૂદા જૂદા દેશમાં અને તીર્થોમાં ફરતો ફરતો તીર્થયાત્રા કરવા લાગ્યો. ફરતાં ફરતાં એક વખતે તે પુંડ્ર દેશમાં જઈ પહોંચ્યો. તે દેશમાં સમુદ્રની પડોસમાં એક નગર હતું. ત્યાં જઈ એક **શિવાલયના** મંડપમાં તેણે ઉતારો કર્યો. માર્ગમાં તડકા તાઢથી તે ઘણો જ હેરાન થયો હતો, તેથી તેના મુખની કાંતિ શ્યામ થઈ ગઈ હતી; તેનું આખું શરીર રસ્તાની ધૂળથી ધૂસરા રંગનું થઈ ગયું હતું. તે **શિવ**-મંદિરમાં **નિધિદત્ત** નામનો એક વાણિયો, **શંકરની** પૂજા કરવા માટે આવ્યો હતો. તેણે તે મંત્રીને દીઠો. તેની તરફ તે વાણિયે નજર કરી, તો તેના કંઠમાં જનોઈ જણાઈ અને તેના અંગમાં કેટલાંએક ઉત્તમ ચિહ્નો જોયાં. તેથી તેણે ધાર્યું કે, આ કોઈ કુળવત છે. તે ઉપરથી તે શેઠ, તે મેમાનને પોતાને ઘેર તેડી ગયો અને ત્યાં ઉષ્ણ જળથી સ્નાન કરાવી, કંસાર વગેરે જમાડ્યો. જ્યારે મંત્રીનો થાક ઉતર્યો અને તે શાંત થયો, ત્યારે તે સાહુકારે તેને પૂછ્યું; "કહોજી આપ કોણ છો ? ક્યાંથી આવ્યા છો અને ક્યાં જાઓ છો ?" તે પરોણાએ ગંભીરતાથી ઉત્તર આપ્યું,–"મારું નામ દીર્ઘદર્શી છે, હું **અંગ** દેશમાંથી અહીં આવું છું અને તીર્થયાત્રા કરવા માટે નિકળ્યો છું; અને હજી પણ તીર્થયાત્રા કરવા માટે જ જાઉં છું." **નિધિદત્ત** નગરશેઠ બોલ્યો,–"હું પણ સુવર્ણદ્વીપમાં વેપાર કરવા માટે જવાને તૈયાર થયો છું, તો હવે, હું ત્યાં જઇને પાછો આવું, ત્યાં સૂધી તમે મારા ઘરની સંભાળ રાખજો અને મારા ઘરમાં જ સુખથી રહો. તમે ઘણા ઘણા તીર્થમાં યાત્રા કરીને આવ્યા છો, એટલે તમને અહીં રહેવાથી વિશ્રામ મળશે. મારા આવ્યા પછી તમે સુખેથી વિદાય થજો." દીર્ઘદર્શી મંત્રીએ કહ્યું,–"તમે ત્યાં જાઓ ત્યારે મારે અહીં રહેવાનું શું પ્રયો-

જન છે? શેઠજી! હું પણ તમારી સાથે આવીશ અને સુખાનુસાર વર્તીશ!” તે સાંભળી તે સુશિલ ગૃહસ્થ નિધિદત્ત બોલ્યો; “ભલે, જેવી તમારી ઇચ્છા! મારી સાથે પધારો!” પછી રાત ઘણી વીતી ગઈ હતી, અને ઘણે દિવસે પલંગ સુવાને મળ્યો હતો, એટલે મંત્રી તરત નિદ્રાવશ થઈ ગયો.

બીજે દિવસે દીર્ઘદર્શી, નિધિદત્તની સાથે સમુદ્ર તરફ ગયો. સમુદ્ર તટ પર જઈ, જેમાં નિધિદત્તનો સરસામાન ભરેલો હતો એવા એક વહાણપર તે ચઢ્યો. શેઠ પણ તેમાં બેઠો. વહાણ સડસડાટ ચાલવા લાગ્યું. માર્ગમાં દીર્ઘદર્શી ભયાનક અને આશ્ચર્યજનક સમુદ્રની શોભા નિહાળતો નિહાળતો, સુવર્ણદ્વીપમાં જઈ પહોંચ્યો. જળપર્યટન કરવાની એક મુખ્ય મંત્રીને શું જરૂર હતી? પણ જે મનુષ્ય પોતાની પ્રતિષ્ઠાની દરકાર કરે છે, તે નિંદા અટકાવવા માટે શું નથી કરતો? નિધિદત્ત તે દ્વીપમાં વેચવું સાટવું કરવા લાગ્યો, ત્યારે મંત્રી દીર્ઘદર્શી ઘણા દિવસ નિધિદત્તની સાથે જ સુવર્ણદ્વીપમાં રહી ત્યાંની શોભા જોતો હતો.

હવે જ્યારે નિધિદત્ત સાથે વહાણમાં મંત્રી બેસી પાછો ફરતો હતો, ત્યારે તેના જોવામાં એક આશ્ચર્ય આવ્યું. વહાણ સમુદ્રના મધ્યમાં આવ્યું કે, અકસ્માત્ તેણે, સમુદ્ર વિષે એક પ્રચંડ મોજો ઉછળતો જોયો. તુરત જ તેની પાછળ પાંદડાં અને શાખાથી મનોહર, સુવર્ણ જેવી ઉજ્જ્વળ ઝગઝગતી શાખાઓવાળું, મણિમય ફળો તથા મનહર પુષ્પોથી અતિશય શોભાયમાન, એક કલ્પવૃક્ષને બહાર નિકળતું જોયું અને તે કલ્પવૃક્ષની એક શાખા ઉપર અનુપમ આશ્ચર્યજનક સ્વરૂપવાળી એક દેવાંગનાને, ઉત્તમ રત્નના પલંગ ઉપર સૂતેલી દીઠી. તેને જોતાં જ મંત્રી દીર્ઘદર્શી ક્ષણભર વિચારમાં પડી ગયો. તે મનમાં બડબડ્યો,–“અહાહા! આ તે શું કૌતક હશે!” પણ એટલામાં તો તે સુંદરી, કે જેના હાથમાં એક અનુપમ વીણા હતી, તેના સુરની મીલાવટ કરીને, તે આ પ્રમાણે ગાવા લાગી:–

यत्कर्मबीजमुप्तं येन पुरा निश्चितं स तद्भुंक्ते ।
पूर्वकृतस्य हि शक्यो विधिनापि न कर्तुमन्यथाभावः ।

“જે મનુષ્યે પૂર્વજન્મમાં જેવાં કર્મ કર્યાં છે, તે કર્મરૂપી બીજમાંથી ઉત્પન્ન થયેલાં ફળ, તે અવશ્ય ભોગવે છે. દૈવ પણ પૂર્વજન્મમાં કરેલાં કર્મને રૂપાંતરમાં લાવવા શક્તિમાન્ નથી.”

તાત્પર્ય કે, જો માઠાં કર્મ કર્યાં હોય તો તેમાંથી માઠાં ફળ ભોગવવાં પડે છે અને સારાં કર્મ કર્યાં હોય તો સારાં ફળ મળે છે. જ્યાં તે સુંદરી આ પ્રમાણે ગાયન કરી રહી કે તુરત કલ્પદ્રુમની શાખા ઉપર પલંગપર પોઢેલી તે કન્યા, સમુદ્રમાં ડૂબીને અદૃશ્ય થઈ ગઈ. એ જોઈ દીર્ઘદર્શી વિચારમાં પડ્યો કે; “ખરે! આજે મેં સમુદ્રમાં કંઇક આશ્ચર્યજનક અને અપૂર્વ દીઠું. ક્યાં સમુદ્ર, ક્યાં કલ્પવૃક્ષ અને ક્યાં ગાયન કરતી દિવ્યાંગના. ખરેખર! સમુદ્રમાં એવા એવા અનેક પદાર્થો ભરેલા છે, અને તે નમસ્કાર કરવા યોગ્ય છે. શું લક્ષ્મી, ચંદ્રમા, પારિજાતક વગેરે રત્નો સમુદ્રમાંથી નિકળ્યાં નથી?” આવા વિચારમાં દીર્ઘદર્શીનું મન



ગુલતાન હતું અને દિવ્ય કન્યાને જોઈ આશ્ચર્યમાં લીન થઈ ગયો હતો. તેની તરફ નજર કરી એક નાવીકે કહ્યું; “શેઠજી! તમે શા માટે એને જોઇને અટલા બધા આશ્ચર્ય પામો છો? આ સમુદ્રમાં તો હમેશાં જ એ દિવ્યાંગના જોવામાં આવે છે! પરંતુ જેવી તે દેખાય છે તેવી જ તે પાછી પાણીમાં ડૂબકી મારી અદૃશ્ય થઈ જાય છે. તમારા જોવામાં આજે નવું આવ્યું. તેથી તમને કૌતક થતું હશે, પણ એમાં શું છે બાપા?” આ પ્રમાણેનું ખારવાનું બોલવું સાંભળી, દીર્ઘદર્શીનું મન વિશેષ આશ્ચર્ય પામ્યું.

વખત વીતતાં તે મંત્રી, નિધિદત્તની સાથે સમુદ્રના કિનારા ઉપર જઈ પહોંચ્યો. વહાણને લાંગર્યું; વહાણમાંથી સઘળાં વાસણો ને બીજી વસ્તુઓ ખારવાઓએ કિનારા ઉપર ઉતારી નાંખી. બન્ને જણા કિનારા ઉપર ઉતરી પડ્યા. તુરત જ તે વાણિયાના ચાકરનોકરો ખુશી થતા થતા કિનારા ઉપર શેઠને લેવાને આવ્યા. નિધિદત્ત સઘળો માલ લઈ, દીર્ઘદર્શીની સાથે, ઘણા જ આનંદથી પાછો પોતાને ઘેર આવ્યો. ત્યાં બન્ને જણા આનંદમાં પોતાનો કાળ કાઢવા લાગ્યા. થોડાક દિવસ સૂધી તો દીર્ઘદર્શી, નિધિદત્તને ઘેર રહ્યો. એક દિવસે મંત્રીએ કહ્યું; “સંઘવીજી! મેં તમારા ઘરમાં ઘણા દિવસ રહી આનંદમાં વિશ્રામસુખ મેળવ્યું છે, હવે હું મારા પોતાના દેશમાં જવાની ઇચ્છા રાખું છું. તમે મને આટલા દિવસ આનંદમાં રાખ્યો, માટે તમારું કલ્યાણ થાઓ!” આમ કહી, રજા માગી. સંઘવીએ તેને જવા માટે નારાજીપો બતાવ્યો; પણ અંતે સંઘવીની રજા લઈ, મંત્રી ત્યાંથી નીકળી પડ્યો. તેની સાથે તેના સાથી તરીકે માત્ર તેના સદ્‌ગુણ જ હતા. તેને લઈ, તે એકલો, ધીમે ધીમે લાંબો માર્ગ કાપી, પોતાના અંગ દેશમાં આવ્યો.

અહીં મંત્રીની શોધ માટે યશઃકેતુ રાજા નગર બહાર દૂતોને નિત્ય મોકલ્યા કરતો હતો. જ્યારે તેમાંના કેટલાએક દૂતોએ નગરની બહાર આવેલા મંત્રીને દીઠો, ત્યારે તેઓએ રાજાની પાસે જઈ વધામણી ખાધી. રાજા, જે તેના વિયોગથી અત્યંત આકુળવ્યાકુળ થઈ રહ્યો હતો, તે નગર બહાર તેને સામે લેવાને આવ્યો. ઘણો પંથ કાપવાથી દુર્બળ થયલા અને ધૂળ ધૂળવાળા દીર્ઘદર્શીને રાજા પ્રેમથી ભેટ્યા. એ પછી તેને પોતાના નગરમાં તેડી લાવ્યો અને કહ્યું; “શા માટે તમે અમારો ત્યાગ કરીને, તમારા મનને જ સ્નેહરહિત કર્યું? રે, એટલું જ નહીં, પણ તમે તમારા શરીર ઉપરથી પણ પ્રેમ ઉતારી નાંખી તેને આવી માઠી હાલતમાં કાં લાવી મૂક્યું? પણ એમાં તમારો વાંક નથી; દૈવની ગતિ જ ન્યારી છે; તે કોણ જાણે છે? જુઓને, તમે મંત્રી, તેને તીર્થ કરવા માટે મરજી થઈ. પણ ભલા, હવે અમને કહો કે, તમે કિયા કિયા દેશમાં ફર્યા અને ત્યાં શું શું દીઠું?” મંત્રી, રાજાનું આવું પ્રશ્ન સાંભળી, પોતાના પ્રવાસનું વર્ણન કરવા લાગ્યો. તેમાં સુવર્ણદ્વીપમાં ગયો ત્યાં સૂધીની સર્વ વાર્તા કહી અને સમુદ્રમાં કલ્પદ્રુમ ઉપર ગાયન કરતી, ત્રણલોકમાં સારભૂત દિવ્ય કન્યાને દીઠી હતી, તેનું પણ રાજાની આગળ વર્ણન કર્યું.

રાજા યશઃકેતુ, દીર્ઘદર્શીને મોઢેથી તે વાર્તા સાંભળી, તે કન્યાપ્રત્યે એવો તો પ્રેમાળ લટ્ટુપટ્ટુ થઈ ગયો કે ન પૂછો વાત ! તે કન્યા જો મળે તો જ જીવતું સફળ, નહીંતર રાજ્ય અને જીવતર બન્ને વ્યર્થ છે, આમ તે માનવા લાગ્યો. તુરત જ તે રાજા, મંત્રીને એકાંતમાં લઈ ગયો અને કહ્યું;–" હું જો તે કન્યાને જોઈશ નહીં તો ખચીત મરી જઇશ ! માટે મને જવાદ્યો. દૈવને પ્રણામ કરી, જે રસ્તેથી તે મળે તે રસ્તે હું જઈશ અને તેને જોઈશ ! તમે મને ના પાડતા નહીં, અટકાવતા પણ નહીં, તેમ મારી પાછળ પણ તમે આવતા નહીં. હું ગુપચુપ એકલો જ આવતી કાલે ચાલતો થઈશ અને મારા ગયા પછી તમારે રાજ્યની સંભાળ રાખવી. જે મારાં વચનો છે તે તમારે યથાર્થ પાળવાં; નહીં તો હું તમારે બારણે મરણ પામીશ !" આ પ્રમાણે રાજાએ કહ્યું, પણ મંત્રીએ તેમ કરવા માટે ના પાડી અને તેને બહુ બહુ પ્રકારે સમજાવવા લાગ્યો. પણ રાજા એકનો બે થયો નહીં. તેણે મંત્રીની કોઇપણ વાત સાંભળવાની ના પાડી અને મંત્રીને તુરત જ ઘણા કાળથી મળવાને આતુર થયેલાં કુટુંબીને મળવા માટે, ઘેર મોકલી દીધો!

દીર્ઘદર્શી ઘેર આવ્યો કે તેના ઘરમાં મહોત્સવ વર્તાઈ રહ્યો; સગાંસંબંધીઓ તેને મળવા આવ્યાં;પણ તેનું મન રાજાની વાત સાંભળવાથી ઉદાસ થઈ ગયું હતું ( તેથી કશાપર પ્રેમ થયો નહિ. ) ઘરનાં માણસોને તો આજ દીવાળીનો દીવસ હતો, પરંતુ મંત્રીના મનમાં હોળી સળગતી હતી. જ્યારે રાજા અસાધ્ય દુર્ગુણમાં ફસી પડે છે, ત્યારે કાર્યભારીઓને ક્યાંથી સુખ થાય ? મંત્રીના મનમાં તો હજારો હજાર વિચાર રમવા લાગ્યા.

તે દિવસ વીતી ગયો. બીજે દિવસે સવારમાં રાજા, રાજ્યનો સઘળો કારભાર મંત્રીના હાથમાં સોંપી, એક જોગીનો વેશ ધારણ કરી, રાત્રીને વખતે નગર બહાર નિકળી પડ્યો રસ્તામાં જતાં જતાં તેને કુશનાભ નામના મુનિ મળ્યા. યશઃકેતુએ તેને પ્રણામ કર્યાં અને પૂછ્યું.– " મહારાજ ! મારું કાર્ય સિદ્ધ થશે કે નહીં ?" કુશનાભ મુનિએ કહ્યું,–" તું હિંમતથી ભીડ્યો રહે ! તને લક્ષ્મીદત્ત નામનો એક સાહુકાર મળશે, તેની સાથે તું વહાણમાં બેસી જજે અને સમુદ્રમાં તને તારી ઇચ્છિત સ્ત્રી મળશે !" રાજા તે મુનિનાં એવાં વચન સાંભળી ઘણો પ્રસન્ન થયો અને તેઓને પ્રેમપૂર્વક પ્રણામ કરી પોતાને માર્ગે પડ્યો.

દેશ, નદી, પહાડ, પર્વત વગેરેને ઓલંઘી, તે સમુદ્રના કિનારા ઉપર આવી પહોંચ્યો. રત્નાકર-રાજ, અતિથિનો સત્કાર કરવાને ઉમંગી હોય તેમ કુદી રહ્યો હતો; તેના જળતરંગો, ચળકાટ મારતાં ને ભ્રુકૂટી ચઢાવેલા ચંચળ નેત્ર જેવા જણાતા હતા; તેના મોજાઓ સર્વ અતિથિને પોતાની તરફ આવવા માટે, શ્વેત શંખ ફુંકતા હોય તેમ નાદ કરી રહ્યા હતા. એવા સમુદ્રના કિનારાપર, તે રાજાને, મુનિએ કહેલો લક્ષ્મીદત્ત શેઠ મળ્યો. તે શેઠ પણ સુવર્ણદ્વીપમાં જવાને તત્પર થયેલો હતો. તે વાણિયાએ રાજાના અંગ તરફ જોયું તો તેના અંગમાં શંખ ચક્ર આદિ ચિહ્નો નિહાળ્યાં. શેઠે તેને પ્રણામ કીધા. રાજા પણ તેનો સત્કાર સ્વીકારી તેની સાથે વહાણપર ચઢ્યો. જળયાત્રા શરુ થઇ. જ્યારે વહાણ સમુદ્રના મધ્યભાગમાં આવ્યું, ત્યારે પૂર્વે કહેલી દેવાંગના, કલ્પવૃક્ષની ડાળી ઉપર બેઠેલી, જળની બહાર નિકળી.



ચકોર જેમ ચંદ્રિકાનું પાન કરે છે, તેમ રાજા તે કન્યાનાં દર્શનનું પાન કરવા લાગ્યો ક્ષણવારમાં તે કન્યા વીણા વગાડીને મોહ પમાડતી આ પ્રમાણે ગાવા લાગીઃ–

यत्कर्मबीजमुप्तं येन पुरा निश्चितं स तद्भुंक्ते ।
पूर्वकृतस्य हि शक्यो विधिनापि न कर्तुमन्यथाभावः ॥
तस्माद्यत्र यथा यद्भवितव्यं यस्य दैवयोगेन ।
तत्र तथा तत्प्राप्त्यै विवशोऽसौ नीयतेऽत्र न भ्रांतिः ॥

" જે મનુષ્યે પૂર્વજન્મમાં જેવાં કર્મ કર્યાં છે, તે કર્મરૂપી બીજમાંથી ઉત્પન્ન થયેલાં ફળ તે અવસ્ય ભોગવે છે. દૈવ પણ પૂર્વજન્મમાં કરેલાં કર્મને રૂપાંતરમાં લાવવા શક્તિમાન્ નથી, તેને પણ તેનાં કર્મ પ્રમાણે ફળ મળે છે. માટે જે મનુષ્યને દૈવયોગે જેવું થવાનું હોય છે, તેને તેવું ફળ આપવા માટે દૈવ, તે પરાધીન મનુષ્યને તે તરફ ખેંચી લાવે છે, તેમાં જરા પણ ભ્રાંતિ નથી. મનુષ્ય દૈવાધીન છે."

જ્યારે રાજાએ એ ગાયન સાંભળ્યું, ત્યારે તે ભવિષ્યની જે વાર્તા સૂચવી હતી તેનો વિચાર કરતો કરતો, કામના બાણથી ઘાયલ થએલો, એક ક્ષણભર હાલ્યાચાલ્યા વગર તે દેવાંગનાની તરફ દૃષ્ટિ કરતો જ ઉભો રહ્યો! પછી રાજા સમુદ્રને પ્રણામ કરી નીચે પ્રમાણે, તેની સ્તુતિ કરવા લાગ્યો,–" હે રત્નાકર ! હે અગાધહૃદયી ! તમે આ કન્યાને તમારા ઉરમાં ઢાંકી રાખી, લક્ષ્મી હરિને આપીને તેને છેતર્યાં છે ! એવા હે દેવ તમને નમસ્કાર કરું છું. દેવતાઓ પણ તમારા પારને પામ્યા નથી. જ્યારે ઇંદ્ર, પર્વતોની પાંખો કાપવા લાગ્યો, ત્યારે પર્વતરાજે તમારો આશ્રય કર્યો હતો, એવા જે તમો તેને હું શરણે આવ્યો છું ! મારી ઇષ્ટસિદ્ધિ કરો !" રાજા નમ્ર થઇને એ પ્રમાણે જ્યાં સ્તુતિ કરે છે, એટલામાં તો તે કન્યા, વૃક્ષ સુદ્ધાં પાણીમાં ડૂબી ગઈ અને તે જોઈ તેની પાછળ તરત જ તે રાજા પણ કુદી પડ્યો–તે જાણે કામાગ્નિને શાંત કરવા પડ્યો હોય તેમ લાગતું હતું.

જ્યારે પેલા સાહુકાર લક્ષ્મીદત્તે, રાજાને ઓચિંતો સમુદ્રમાં પડ્યો જોયો, ત્યારે તે, ડૂબી મુઓ એમ જ તેણે તો જાણ્યું અને તેથી દિલગીર થઇને પોતે પણ પોતાનો પ્રાણત્યાગ કરવા માટે તૈયાર થયો. પણ તુરત આકાશવાણી થઇ. તેણે જણાવ્યું કે,–" અલ્યા લક્ષ્મીદત્ત શેઠ ! તું સાહસ કામ કરીશ નહીં. સમુદ્રમાં ડૂબી ગયેલા તે રાજાની તું ચિંતા કરતો નહીં. તપસ્વીનો વેશ ધારણ કરનારો એ તો યશઃકેતુ રાજા છે અને તે આ સમુદ્રની કન્યા સારુ જ અત્ર આવ્યો હતો. તે કન્યા આ રાજાની પૂર્વ જન્મની સ્ત્રી છે, માટે તે પોતાની સ્ત્રીને મળી, પાછો અંગદેશમાં જશે!" આ પ્રમાણે આકાશવાણીએ કહ્યું, એટલે લક્ષ્મીદત્ત શેઠને શાંતિ વળી અને તે પોતાનું કામ કરવા માટે મરજી માફક આગળ ચાલતો થયો.

યશઃકેતુ રાજા સમુદ્રની અંદર પડ્યો કે, તુરત તે સરરર કરતો સમુદ્રની નીચે ઉતરી ગયો. ત્યાં તેણે એક અતિ સુશોભિત વિશાળ નગર દીઠું. મણિમય મંદિરોના ઝળાંઝળાં કરતા

રત્નજડિત સ્થંભો, સુવર્ણની દીવાલો ને મોતીઓના તોરણવાળી બારી અને ઝરુખાથી તે નગર દેદીપ્યમાન થઈ રહ્યું હતું. તેમાં એક સુંદર વાવ હતી. તેનાં પગથીઆં અખંડ રત્નની શીલાઓથી બાંધેલાં હતાં. તે વાવમાં શીતળ, સ્વચ્છ તથા મિષ્ટ જળ ભર્યું હતું અને તે જાણે મનકામના પૂર્ણ કરનાર કલ્પવૃક્ષ હોય તેવી સુંદર શોભતી હતી. વાવ બહુ રળિયામણી દેખાતી હતી. એવા નગરમાં રાજાએ ઘેર ઘેર પ્રવેશ કીધો; તોપણ કોઈ પણ પ્રાણી તેની નજરે પડ્યું નહીં; તેમ તેની પ્યારી પણ ક્યાંઈ દેખાઈ નહીં. તે આસપાસ નિહાળતો હતો, તેવામાં એક અતિ રમણિય રત્નમય મહેલ તેના જોવામાં આવ્યો. તેનાં દ્વાર ખુલ્લાં હતાં. તેમાં તેણે પ્રવેશ કીધો. તે ઘરમાં જઈને રાજાએ જોયું તો, એક મનુષ્ય, વસ્ત્રથી આખા શરીરને ઢાંકી, રત્ન જડેલા ઉમદા પલંગ ઉપર એકલું જ સુતેલું હતું. તેને જોઈ રાજાએ વિચાર્યું કે, 'આ તે કોણ હશે? શું તે દિવ્ય સ્ત્રી તો નહીં હોય?' એમ વિચારી તેના મુખ ઉપરથી વસ્ત્રને ઉંચું કરીને તેનું મુખ જોયું. ઉપરથી શ્યામ વસ્ત્રરૂપ અંધકાર દૂર થવાથી, જેનો મુખરૂપ ચંદ્રમા હાસ્ય કરતો હોય એવી, અને ચાંદનીથી શુદ્ધ દેખાતી, દિવસે જાણે પાતાળમાં ગયેલી રાત્રિ હોય તેના જેવી, પોતાની પ્યારી મનમોહનાને તેણે સૂતેલી દીઠી.! કોઈ મુસાફર ઉનાળામાં મરુભૂમિમાં ભટકતો હોય તેને જેમ અચાનક નદીનાં દર્શનથી જેટલી શાંતિ વળે, તેટલી જ શાંતી, તે સ્ત્રીને જોતાંવાર રાજાને થઈ. તેના હ્રદયનો સંતાપ શાંત પડ્યો.

તે સ્ત્રીએ પણ પોતાની આંખ ઉઘાડીને જોયું, તો અકસ્માત્ શુભ લક્ષણવંત વીર પુરુષને પોતાની સામે ઉભેલો દીઠો. તે ઉત્સાહ સહિત શય્યા ઉપરથી છલંગ મારીને બેઠી થઈ અને રાજાની પરોણાચાકરી કરી નીચું મુખ કરી, જાણે પ્રફુલ્લિત નેત્રકમળોના ન્યાસથી રાજાના ચરણનું પ્રક્ષાલન કરતી હોય તેમ ધીરે ધીરે રાજાને પૂછવા લાગી,–"તમે કોણ છો અને આ અગમ્ય પાતાળમાં કેવી રીતે આવ્યા? તમારા શરીર ઉપર જે ચિહ્નો છે, તે સર્વ તમારું રાજવંશીપણું દાખવે છે, છતાં તમે તપસીપણું કેમ સ્વીકાર્યું છે? આપની મારા ઉપર કૃપા હોય તો આ પ્રશ્નનું ઉત્તર આપો." તે સ્ત્રીનું આવું મધુર ભાષણ સાંભળીને રાજાએ તેને પ્રત્યુત્તર આપ્યું,–"હે સુંદરિ! હું અંગદેશનો રાજા છું; મારું નામ યશઃકેતુ છે; મને મારા એક સ્નેહી પુરુષે કહ્યું કે, 'કોઈ એક કન્યા હમેશાં સમુદ્રમાં કલ્પવૃક્ષ ઉપર બેસીને દર્શન દે છે! તે જોવાને હું ઉત્કંઠિત થઇ રહ્યો અને તેથી–તારે માટે–આ યોગીનો વેશ ધારણ કરી, રાજપાટનો ત્યાગ કરી, વહાણમાં બેસી, સમુદ્રવાટે અત્ર આવ્યો છું. સમુદ્રમાં તારાં દર્શન કરી, તારી પાછળ સમુદ્રમાં કુદી પડી, હું અહીં આવ્યો છું. પણ હવે તમે મને કહેશો, કે આપ મનોહરામુખી કોણ છો?" તે સાંભળી તે સ્ત્રીએ આનંદ, અનુરાગ તથા લજ્જાસહિત કહ્યું,–

"પ્રિયતમ! મૃગાંકસેન નામનો વિદ્યાધરનો એક રાજા છે અને તેની હું મૃગાંકવતી નામની કન્યા છું. મારા પિતા મને આ પોતાના નગરમાં એકલી મૂકી, આખી પ્રજા સહિત કોણ જાણે ક્યાં જતા રહ્યા છે, તે મને ખબર નથી. મને આ નગરમાં જરાએ ગમતું નથી, માટે હું દરરોજ આ સમુદ્રની ઉપરના ભાગમાં આવી, ડોલતા કલ્પદ્રુમ ઉપર બેસી, વીણ વગાડી મારા નસીબનો શોક કરું છું!"



આ પ્રમાણે મૃગાંકવતીએ કહ્યું, ત્યારે રાજાને રસ્તામાં મુનિએ જે વચન કહેલાં હતાં તે યાદ આવ્યાં. પછી પ્રેમાતુર થઈ, કોમળ વચનથી, તે રાજાએ મૃગાંકવતીને અત્યંત પ્રસન્ન કરી; અને તે જ વખતે મૃગાંકવતી તેના પ્રેમથી પરવશ બની ગઈ. તેણે રાજાની પત્ની થવાનું માથું સ્વીકાર્યું. પણ તેમાં એક શરત કરી કે,–"મહારાજ! હું દરેક મહીનામાં ચાર દિવસ તમારાથી છૂટી પડીશઃ બે ચૌદશ તથા બે આઠેમ–એ ચાર દિવસ હું મારી પોતાની માલિક નથી. એ ચાર દિવસમાં હું ગમે ત્યાં જાઉં, પરતુ તમારે તે વિશે મને જરા પણ પૂછવું નહીં. તેમ મને જવાને અટકાવવી પણ નહીં; કારણ કે એ વિષય એવો જ ગુપ્ત છે!" જ્યારે તે સ્વર્ગની દિવ્યાંગનાએ એ પ્રમાણે કહ્યું, ત્યારે રાજા યશઃકેતુએ તેનું તે કહેવું કબુલ કર્યું અને તે પ્રમાણે વર્તવાની હા પાડી. પછી તેની સાથે ગાંધર્વવિધિએ લગ્ન કર્યાં. તે રાજા તે દિવ્યાંગના સાથે પાતાળમાં રહી વિલાસવૈભવનું સુખ ભોગવતો હતો, તેને લીધે તે દેવાંગનાના અંગમાં કામનાં આભૂષણો કંઇક વિચિત્રરૂપે શોભા આપતાં હતાં.

તે દિવ્યાંગનાની વેણીપર ગુંથેલાં પુષ્પો ખરી પડતાં હતાં, તેપરથી તે રાજા પ્રેમથી તેના કેશ પકડતો એમ જણાતું હતું અને તેના ઉપર નખની પંક્તિ શોભા દેતી હતી; લાલસુરેખ દાંતને ખૂબ ચુસવાથી તે સફેદ થઈ ગયા હતા; તેના ગાલ ઉપર દાંતનાં વ્રણ શોભતાં હતાં અને જેના ઉપર મણિની માળા તૂટી પડી હતી, એવાં કુચ ઉપર નખના ક્ષત દીપતા હતા. તે દિવ્યાંગનાના આખા શરીર ઉપરથી અંગરાગ લુછાઈ ગયો હતો, તે ઉપરથી તેના ગાઢ આલિંગનનો પ્રેમ દેખા દેતો હતો. આ પ્રમાણે રાજા યશઃકેતુ, હમેશાં તે કન્યાની સાથે વિલાસ વૈભવ ભોગવી આનંદમાં રહેતો હતો. એક દિવસે મૃગાંકવતીએ રાજાને કહ્યું,–"તમે હમણાં અહીં જ બેસી રહેજો. હું મારા કામસર જઈ હમણાં પાછી આવું છું! આજે કાળીચૌદશ છે, માટે મારે જવું જ જોઇએ. મેં પ્રથમથી જ તમોને કહ્યું છે; અને એ માટે મારે ગયા વિના ચાલે તેમ નથી! પણ તમે અહીં જ બેસજો, પણ આ સ્ફાટિક મણિભુવનના અંદરના ભાગમાં જશો નહિ; તેમ આ વાવમાં પડી મર્ત્યલોકમાં પણ જતા રહેશો નહીં!" આ પ્રમાણે કહી તેની રજા લઈ, મૃગાંકવતી તે નગરમાંથી બહાર નિકળી પડી. તેના ગયા પછી રાજા છાનોમાનો, હાથમાં નાગી તરવાર લઈ, તેનો ગુપ્ત ભેદ જાણવા–જોવા માટે તેની પાછળ નિકળી પડ્યો.

એવામાં રાજાએ, મૂખરૂપી ગુફા જેમાં ઉઘાડી હતી એવા સાકાર પાતાળ જેવો અને અંધકારરૂપ શ્યામ વર્ણના એક રાક્ષસને, એક નિર્જન વનમાં આવતો દીઠો! આ રાક્ષસે મૃગાંકવતીને જોઈ ભયંકર ગર્જના કરી. પછી મૃગાંકવતીને ઉપાડી પોતાના મુખમાં મૂકી દીધી–તે તેને ગળી ગયો! વિહ્વળ રાજાએ તે જોયું, ત્યારે ક્રોધથી અંગે અંગે તે બળવા લાગ્યો; અને જેમ કોઈ નાગ, પોતાના સ્થાનમાં જવાને ખેંચાતો હોય, તેમ ક્રોધ તે રાજાને રાક્ષસ તરફ ખેંચી જવા લાગ્યો! તે નગ્ન તરવાર ઉગામીને રાક્ષસની સામે થયો. તુરત તે રાક્ષસ દાંત વતી હોઠ પીસીને તેની સામે આવ્યો, પણ તે પ્રતાપી રાજાએ, તીક્ષ્ણ તરવારના એક જ ઝટકામાં તેના ધડ ઉપરથી માથાને જૂદું પાડી નાંખ્યું. રાક્ષસના ધડમાંથી લોહીની ધારા પડવા લાગી, તેથી રાજાનો

ક્રોધાગ્નિ તો શાંત થયો, પરંતુ સ્ત્રીનો વિયોગજન્ય અગ્નિ શાંત થયો નહીં. પણ જ્યાં તે મોહરાત્રિમાં આંધળો બની સ્થિર થઈને ઉભો રહ્યો છે, ત્યાં તો મૃગાંકવતી સાજી સારી, નિર્મળ ચંદ્રમાની સાક્ષાત્ મૂર્તિની માફક, દિશાઓને પ્રકાશ કરતી, ઓચિંતી તે રાક્ષસના શબમાંથી બહાર નિકળી આવી તેની સામે ઉભી રહી. રાજાએ પોતાની કાંતાને સકટમાંથી ઉગરેલી જોઈ કે તુરત ઉત્કંઠિત હૃદયે તેની તરફ ઉતાવળો દોડયો અને તેને ગળે લપટાઇ જઇને બોલ્યો,–"આંહી આવ! પ્યારી આંહી આવ!" પછી રાજાએ પૂછ્યું,–"પ્યારી! આ બધું શું છે? એ સ્વપ્ન છે કે માયા છે?"

પછી તે વિદ્યાધરી આ પ્રમાણે બોલી,–"પ્રિયતમ! આ સ્વપ્ન પણ નથી અને માયા પણ નથી. પણ મારા વિદ્યાધર પિતાએ મને જે શાપ આપ્યો હતો, તેની આ લીલા થાય છે. મારા પિતા પહેલાં અહીં રહેતા હતા. તેને ઘણાં સંતાન હતાં; તોપણ તે હંમેશાં મારા વગર ભોજન કરતા નહીં. જ્યારે હું તેની સાથે ભોજન કરવા બેસું ત્યારે જ તે જમતા, એટલો બધો તેનો મારા ઉપર સ્નેહ હતો.

હું હંમેશાં શુક્લપક્ષમાં ને કૃષ્ણપક્ષમાં, આઠમ અને ચૌદશે, શંકરનું પૂજન કરવા માટે આ નિર્જન વનમાં આવતી હતી. એક દિવસે ચૌદશે આંહી આવીને પાર્વતીનું પૂજન કરવા બેઠી. પૂજા કરતાં અધિક રસ ઝામ્યો, એટલે તેમાં જ તલ્લીન થઈ ગઈ અને તેને લીધે દૈવયોગે હું આખો દિવસ આ વનમાં જ રહી. મારા પિતાએ તે દિવસે મારી બહુ રાહ જોઈ અને ભુખ્યા તરસ્યા બેસી જ રહ્યા, પણ જરાએ અન્ન પાણી લીધાં નહીં. તેઓ મારા ઉપર બહુ રોષે ભરાયા. જ્યારે રાતના મને ભાન થયું, ત્યારે હું, તે દિવસે અપરાધ કર્યો હતો માટે, નીચું મુખ કરીને મારા પિતાની પાસે આવી. દૈવબળથી મારા પિતાનો મારા ઉપરથી સ્નેહ મમતા કમ થયાં ને મારા ઉપર અત્યંત ક્રોધ વ્યાપ્યો. તેઓએ મને જોતાં જ શાપ દીધો કે,–'લુચ્ચી છોકરી! તેં આજ ગર્વ કરીને મને ભૂખ્યો રાખ્યો છે; માટે તું મહિને મહિને–આઠમ અને ચૌદશે–ભક્તિભાવથી જ્યારે નગર બહાર શંકરનું પૂજન કરવા માટે જશે, ત્યારે સંત્રાસકૃતાંત નામનો રાક્ષસ તને ગળી જશે. પરંતુ તું હંમેશાં તેનું હૃદય ભેદી બહાર નિકળીશ. બહાર નિકળ્યા પછી તને શાપ અને રાક્ષસના ગળવાનું દુઃખ એ બેમાંથી કંઈ પણ સાંભરશે નહીં; અને હવે પછી તું આ સ્થળે સદાય એકલી જ રહેજે!

"જ્યારે મને મારા પિતાએ આ પ્રમાણે શાપ દીધો, ત્યાર પછી મેં નમ્રતાથી વિનતિ કરી કે,–'પિતાજી! ક્ષમા કરો!' ત્યારે મારા પિતાએ ધ્યાન ધરીને મારા શાપનો છુટકારો નીચે પ્રમાણે કહ્યો,–'જ્યારે રાજા યશઃકેતુ તારો ભર્તા થશે અને તે તને રાક્ષસે ગળી ગયેલી જોશે, ત્યારે તે રાક્ષસનો નાશ કરશે અને તું તેના શબમાંથી બહાર નિકળીશ અને આ શાપમાંથી મુક્ત થઈશ. તે પછી શાપ કેમ થયો તે તથા તારી પોતાની સર્વ વિદ્યાનું તને યથાર્થ સ્મરણ થશે.'! આ પ્રમાણે મારા પિતાએ મારા શાપનો અવધિ કહી સંભળાવ્યો અને અહીં મને એકલી જ મૂકી, સર્વ પ્રજા સહિત, માનવી લોકમાં આવેલા નિષધપર્વત ઉપર ચાલ્યા ગયા. શાપના પ્રતાપથી મને મોહ થયો હતો, તેથી હું અહીં



સદા એકલી જ રહેતી હતી. હવે આજ મારો શાપ નાશ પામ્યો છે અને મને સર્વ વૃત્તાંતનું સ્મરણ સારી રીતે થયું છે. હું હવણાં નિષધપર્વત ઉપર મારા પિતાને મળવા માટે જાઉં છું. (મને આજ્ઞા આપો!) અમારી વિદ્યાધરની જાતિમાં એવો રિવાજ છે કે, જ્યારે અમે શાપમાંથી મુક્ત થઇએ છીએ, ત્યારે પાછાં અમારી મૂળ જાતિ અને સ્થાનમાં જઇએ છીએ. હવે તમે અહીં સ્વતંત્રતાથી રહો અથવા જોઇયે તો તમારી રાજધાનીમાં જઇને રહો!"

આ પ્રમાણે તે વિદ્યાધરીએ કહ્યું, એટલે રાજા તેના પ્રત્યે બોલ્યો,–"સુમુખી! કૃપા કરી તું સાત દિવસસૂધી ત્યાં જતી નહીં; તેટલા દિવસ મારા ઉપર કૃપાળુ થા!

આપણે એટલા દિવસ આ બગીચામાં વિહાર કરીને આનંદમાં રહીશું. તે પછી તું તારા પિતાની પાસે જજે અને હું પણ મારી રાજધાનીમાં જઇશ!"

પેલી મુગ્ધાએ તે વાર્તા સાંભળી, પ્રેમવશ ને મોહિત થઈ હતી તેથી, તેમ કરવાને હા પાડી. રાજાએ ૭ દિવસપર્યંત મૃગાંકવતીની સાથે બગીચાઓમાં ને કમળના ફુલોથી મનહર દેખાતી વાવમાં અચ્છી રીતે વિહાર કર્યો. તે વિદ્યાધરી પ્રેમમાં એવી તો તલ્લીન ને ચકચૂર બની ગઈ કે, તે સર્વભાન ભૂલી ગઈ. તેઓ વિહાર કરતાં હતાં ત્યારે ગર્જના કરતી વાવ, તરંગરૂપ હાથને ઉંચા કરીને, હંસના અને સારસના મધુર કલરવ સંભળાવી કહેતી હોય કે,–'તમે અમને મૂકીને અહીંથી જશો મા! જશો મા!' તેવી રમણીય દેખાતી હતી.

સાતમો દિવસ થયો ત્યારે જે વાવમાં માયીક બારણાં હતાં અને જે મર્ત્યલોકમાં હરકોઇને લઈ જતી હતી, તે વાવ ઉપર યુક્તિથી રાજા મૃગાંકવતીને લઈ ગયો અને તેને ગળે બાઝી વાવમાં પડયો. તુરત પોતાના નગરની બહાર આવેલા એક બગીચામાં વાવ હતી તેમાંથી, મૃગાંકવતી સહિત બહાર નિકળ્યો. બગીચાના રખેવાળો, રાજાને અને મૃગાંકવતીને વાવમાંથી બહાર નિકળેલાં જોઈ અત્યંત પ્રસન્ન થયા અને મંત્રી દીર્ઘદર્શીની પાસે જઇને સર્વ સમાચાર નિવેદન કર્યાં કે રાજા તથા એક સ્ત્રી બન્ને જણાં આપણા નગરમાં આવી પધાર્યાં છે. મંત્રી શહેરના મહાજન સહિત, તરત રાજાની સામે સામૈયે આવ્યો અને રાજાને તેની ઈચ્છિત અંગનાનો લાભ થયો જોઇ અત્યંત પ્રસન્ન થયો. પછી તેનાં ચરણમાં પડયો. રાજા રાણીને રાજમહેલમાં લઈ આવ્યો અને પછી મંત્રી મનમાં વિચાર કરવા લાગ્યો કે,– "અહોહો! આ દેવાંગના રાજાને કેમ પ્રાપ્ત થઈ હશે! આકાશમાં જેમ વિજળી ઝબકારો કરીને અદૃશ્ય થઈ જાય છે, તેમ આ કન્યાને મેં સમુદ્રમાં જોઈ હતી. પરંતુ જેના લલાટમાં વિધાત્રીએ જે લખ્યું હોય, તે પ્રમાણે તેને સારું કે નરતું ફળ મળે છે. પછી તે ગમે તેટલું અલભ્ય હોય છે, તોપણ શું થયું!"

મંત્રી આ પ્રમાણે વિચાર કરતો હતો, તે વેળાએ રાજાના પધારવાથી મહાજન લોકો આનંદમાં આવી જઈ, આનંદોત્સવ વર્તાવી રહ્યા હતા; અને તેઓ પણ રાજા દેવાંગના પરણી લાવ્યો, તેથી આશ્ચર્યમાં ગરકાવ થઈ ગયા હતા. પણ આંહીં મૃગાંકવતીએ જોયું તો રાજા તો પોતાના દેશમાં

આવ્યો છે, તેમ પોતાના સાત દિવસની અવધિ પણ પૂરી થઈ રહી છે. તેણે વિદ્યાધર લોકમાં જવાની ઇચ્છા કરી અને પોતાની આકાશમાં ઉડવાની વિદ્યા સંભારી. પરંતુ તે વિદ્યાનું સ્મરણ થયું નહિં, ત્યારે જેમ કોઇનું અનરગળ ધન લુટાઈ ગયું હોય તેમ તે પરમ ઉદાસ થઈ ગઈ. તે જોઈ રાજા બોલ્યો,–"પ્યારિ! તું એકદમ આમ ઉદાસ ચિત્તની કેમ જણાય છે?" તે સાંભળી તે વિદ્યાધરી બોલી,–"હું શાપમાંથી મુક્ત થયા છતાં પણ તમારા સ્નેહને લીધે ઘણા દિવસ સુધી તમારી પાસે રહી. તેને લીધે મારી દૈવીવિદ્યા વિસરી ગઈ છું; તેમ મારી દિવ્ય ઉડવાની શકિત પણ વિસરી ગઈ છું!" જ્યારે રાજા **યશઃકેતુએ** તેનું એવું બોલવું સાંભળ્યું, ત્યારે તેણે નિશ્ચય માન્યું કે, હવે મને આ વિદ્યાધરી સર્વ રીતે પ્રાપ્ત થઇ ચૂકી છે. એટલે તેણે તે આનંદમાં, આખા નગરમાં મોટો ઉત્સવ કરાવ્યો!

પણ મંત્રી **દીર્ઘદર્શી** આ સર્વ મહોત્સવ જોઈ પોતાને ઘેર ગયો અને રાત્રે શય્યામાં સૂતો, તેટલામાં અકસ્માત્ તેની છાતી ફાટી ગઈ અને તે મરણ પામ્યો. રાજા **યશઃકેતુએ** તેનો અપાર શોક કીધો. પછી **મૃગાંકવતીની** સાથે રહી રાજ્યકારભાર પોતે એકલે હાથે ચલાવવા લાગ્યો.

આ પ્રમાણે ખભા ઉપર બેઠેલા વૈતાળે, માર્ગમાં ચાલતાં **ત્રિવિક્રમસેન** રાજાને કથા કહી, ફરીથી રાજાને પૂછ્યું,–"બોલો મહારાજ! રાજાનો ઉદય થયા પછી તેના મંત્રીનું હૃદય શા માટે એકદમ ફાટી ગયું? શું તેને રાજ્ય લેવાની ઇચ્છા હતી કે રાજાના આવવાથી હૃદય ફાટી ગયું? અથવા શું, 'હાયહાય, મને એ દિવ્ય સ્ત્રી મળી નહીં,' એવા વિચારમાં તેનું હૃદય ફાટી ગયું? આનું ઉત્તર તમે જાણતા છતાં જો આપશો નહીં તો તમારો ધર્મ નાશ પામશે અને તમારુ મસ્તક તરત કટકે કટકા થઈ જશે!" **ત્રિવિક્રમસેન** રાજા, વૈતાળનું એ પ્રશ્ન સાંભળીને બોલ્યો,–"વૈતાળ! તે મંત્રી ઉત્તમ ને સદાચરણી હતો, તેથી તેનામાં તારી કહેલી એક પણ વાત સંભવતી નથી. તેના મનમાં તો એમ આવ્યું કે, જ્યારે રાજાએ માત્ર સાધારણ સ્ત્રીના પ્રેમને લીધે રાજ્યનું કામકાજ છોડી દીધું હતું, તો હવે જ્યારે તેને દિવ્યાંગના મળી છે, ત્યારે તો કહેવાની જ વાત રહેશે નહીં! અર્થાત્ મેં પરદેશમાં જઈ મહામહાકષ્ટ વેઠ્યું ને ઉલટો રોગને વધાર્યો છે, એ મારો તો વધારે અપરાધ ગણાયો. આ પ્રમાણે હૃદયમાં વિચાર કરતાં જ મંત્રીનું હૃદય ફાટી ગયું હતું!" આ પ્રમાણે **ત્રિવિક્રમસેન** રાજા ઉત્તર આપે છે, એટલામાં તો માયાવી વૈતાળ એકદમ અદૃશ્ય થઈ તે મહાસ્મશાનમાં ચાલ્યો ગયો અને ધીર મનવાળો રાજા પણ પુનઃ તેને પકડવા માટે ઉતાવળો ઉતાવળો પાછળ દોડ્યો.



## તરંગ ૨૦ મો.

# વૈતાળ પંચવિંશી.

## વૈતાળ તેરમો–હરસ્વામીની કથા.

રાજા **ત્રિવિક્રમસેન** પુનઃ તે મહાસ્મશાનમાં ગયો અને અશોકવૃક્ષ* ઉપરથી વૈતાળને ઉતારી, પોતાની ખાંધ ઉપર મૂકીને ચાલતો થયો. માર્ગમાં રાજાના ખભાપર બેઠેલા વૈતાળે વળી કહ્યું,–"ત્રિવિક્રમસેન! તમને વારંવાર ફેરા ખાવાથી ઘણો શ્રમ થયો હશે, માટે એક ટુંક કથા સભળાવું છું તે સાંભળો."

વારાણસી નામની એક નગરી છે, જેને કેટલાએક કાશી નામથી ઓળખે છે. મહાદેવજી, કૈલાસનો ત્યાગ કરી આ નગરીમાં આવી વસ્યા છે, એવી તો તે નગરી ઉત્તમ છે. તે નગરીમાં **દેવસ્વામી** નામનો એક બ્રાહ્મણ રહેતો હતો. તે ત્યાંના રાજાનો માનીતો હતો. તે બ્રાહ્મણ પાસે કોટચાવધિ દ્રવ્ય હતું. તેને **હરસ્વામી** નામનો એક પુત્ર હતો અને તેની સ્ત્રીનું નામ **લાવણ્યવતી** હતું. તે સ્ત્રી નામ પ્રમાણે અતિશય રૂપવતી હતી. તેના સૌંદર્ય તરફ નિહાળતાં મારા લક્ષમાં એમ આવે છે કે, જાણે બ્રહ્માએ તિલોત્તમા વગેરે ઉત્તમ દેવાંગનાઓને ઘડ્યા પછી, તેમાં જે કુશળતા મેળવી હતી તે કુશળતાના તત્ત્વરૂપે, અનુપમરૂપ તથા લાવણ્યવાળી, આ સ્ત્રીને ઘડી હશે!

એક વખતે તે **હરસ્વામી**, પોતાની સ્ત્રી **લાવણ્યવતી** સાથે પોતાના મહેલની અગાસીમાં, રતિક્રીડાથી શ્રમિત થવાને લીધે, ચંદ્રમાની શીતળ ચાંદનીમાં, પલંગ ઉપર નિદ્રાવશ થઈ ગયો હતો અને તેના પડખા ઉપર **લાવણ્યવતી** પણ રતિશ્રમને લીધે નિદ્રાવશ થઈ ગઈ હતી! ઉંઘમાં **લાવણ્યવતીના** અંગ ઉપરથી વસ્ત્રો ખસી ગયાં હતાં, એટલે તેનું ગૌર તથા સુકુમાર અંગ તમામ દેખાતું હતું. આ વખતે ચંદ્રમાની ચાંદની પૂર બહારમાં ખીલી રહી હતી. તેવા સમયમાં **મદનવેગ** નામનો એક વિદ્યાધરકુમાર, આકાશમાં ફરતો ફરતો, તે મહેલના ઉપરના ભાગપર આવી ચઢ્યો. તેણે **લાવણ્યવતીને** હરસ્વામીના પડખામાં સૂતેલી દીઠી. **લાવણ્યવતી** ગાઢ નિદ્રામાં હતી અને પોતાના ભવનમાં હતી એટલે નિઃશંકતાથી સૂતી હતી. તેનાં સર્વ અંગ ખુલ્લાં દેખાતાં હતાં. તે જોઈ, તે વિદ્યાધરનું મન મોહવશ થઈ ગયું અને તે વિહ્વળ તથા અંધ બની ગયો. તેથી તે જ વખતે આકાશમાંથી તે નીચે ઉતરી પડ્યો ને પલંગ ઉપરથી, તે નિદ્રાવશ સ્ત્રીને ઉપાડી આકાશમાં પુનઃ ઉડી ગયો.

---

* અસલ ગ્રંથમાં શિંશપાનું વૃક્ષ છે. મોનિયર વીલીયમ કહે છે કે, અશોકવૃક્ષ ને શિંશપાનું વૃક્ષ એક જ છે, પણ ડા. કીંગ કહે છે કે તે નિરનિરાળાં છે. અશોકવૃક્ષ એ નામ ખરું નથી, પણ એક જ ધોરણ રાખવા માટે એ નામ અમે રાખ્યું છે. હજી સુધી શિંશપાનું વૃક્ષ તે કયું, તેનો નિર્ણય થયો નથી.

તુરતજ હરસ્વામી જાગી ઉઠયો અને પડખામાં તપાસે છે તો પોતાની મનમોહનાને દીઠી નહીં. તે એકદમ હાંફળોફાંફળો થઇને ઉઠયો અને વિચાર કરવા લાગ્યો કે,–"આ તે શું? મારી સ્ત્રી ગઈ કયાં? શું તે મારા ઉપર ગુસ્સો કરીને કયાંઈ નાસી તો નથી ગઈ? અથવા તો તે ગુપ્ત રહીને મારો મનોભિપ્રાય જાણવા માટે ગમ્મત તો નથી કરતી?" આવા આવા અનેક વિચારોથી આકુળવ્યાકુળ બની, રાત્રિનો વખત છતાં પણ, તે પોતાની હવેલીમાં, આમ તેમ ફરી લાવણ્યવતીને શોધવા લાગ્યો. પછી નીચે ઉતરી પડયો ને મહેલના બાગબગીચા સુદ્ધાંત તપાસી વળ્યો; તોપણ કોઈ પણ સ્થળેથી લાવણ્યવતીનો પત્તો મળ્યો નહીં. તે શોકરૂપ અનળથી તપ્ત થઇને આંસુ પાડતો ગદ્‌ગદિત કંઠે વિલાપ કરવા લાગ્યો;–"અયિ ચંદ્રવદની! અલિ! ચાંદનીવર્ણિ ગૌરાંગિ! હાય! પ્રિયે! તને પોતાના જેવી ગુણવાન્ જાણી, રાત્રિએ દ્વેષથી શું તારો ઉત્કર્ષ સહન કર્યો નહીં? પ્યારિ! તારી શ્વેત પ્રભાથી પરાજય પામેલો ચંદ્રમા ડરતો હોય તેમ છૂપાઈ રહેતો હતો, પણ સદોદિત પોતાનાં ચંદન જેવાં શીતળ કિરણોથી મને સુખ આપતો હતો. તે ચન્દ્રમા, હવે તારો વિરહ થયો તેથી જાણે તેનો હવણાં લાગ ફાવ્યો હોય તેમ વેરની ઝૂમમાં, ઝેરમાં બોળેલાં બાણ જેવાં અને ધગધગતા અંગારાના જેવાં દાહ ઉપજાવનારાં કિરણોથી મને અત્યંત પીડા કરે છે! પ્રિય રમણિ! તું કયાં ગઈ? પ્યારી! જરા તો બોલ! અરે દૈવડા! તને શું મારા સુખની ઇર્ષા આવી તેથી મારી પ્રિયાને તેં હરી લીધી છે?" આ પ્રમાણે વિલાપ કરતાં, હરસ્વામીએ મહાકષ્ટે રાત્રિ કાઢી, પણ તેની વિરહવેદના નીકળી ગઇ નહીં.

સૂર્યનારાયણે કિરણોવડે આખા જગતમાંથી ગાઢ અંધારાનો નાશ કર્યો, પરંતુ હરસ્વામીના અંતઃકરણનું મોહરૂપી અંધારું નાશ કરી શકયો નહીં. તેનો શોકસાગરમાં ડૂબેલો અવાજ, જેમ રાત્રી વીતી ગયાથી તે પોતાની પ્યારીનો વિરહ થવાથી ચક્રવાક, લાંબો ઘાંટો કાઢીને પ્રકટ કરે છે તેમ, વધારે વધારે સંભળાવા લાગ્યો.* તેનો શોકસ્વર ઘરનાં માણસોએ તેને ધીરજ આપી સમજાવ્યો, તોપણ તે તરુણ બ્રાહ્મણ, પોતાની પ્યારીના વિરહાનળમાં તપ્ત થઈ રહ્યો હતો, તેથી જરા પણ ધીરજ ધરી શકયો નહીં. તે રડતો રડતો આમ તેમ ફરતો હતો ને ગાંડા પેરે બકતો હતો કે,–"અહીં મારી પ્યારી બેસતી હતી, અહીં બેસીને સ્નાન કરતી હતી, અહીં શૃંગાર સજતી હતી, અહીં ભોજન કરતી હતી! રે! કયાં ગઈ? મધુરાક્ષી! તું કયાં છે? રે પ્રિયા! મને મૂકી તું કયાં ગઈ? હાય દૈવ!"

આવી રીતે લાવણ્યવતીના વિવિધ કામોનું સ્મરણ કરીને તે ભમતો હતો. અંતે તેના શોકથી થાકી, તે મરવા માટે તૈયાર થયો. ત્યારે તેનાં સગાંવહાલાંઓએ તેને કહ્યું,–"ભાઇ! એમ ધૈર્ય તજ નહીં! તે મરી ગઈ નથી, તો તું આ પ્રમાણે ઉન્મત્ત થઇને શા માટે આત્મઘાત કરવા તૈયાર થયો છે? તું જો જીવતો રહીશ તો કોઈ પણ દિવસ તારી સ્ત્રી તને આવી ભેટશે! માટે

* અત્રે ગ્રંથકારની ભૂલ જણાય છે. ચક્રવાક ને ચક્રવાકી રાત્રી વીતી જતાં તો વિરહવેદનાના દુઃખનું વારણ કરી શકે છે. પણ હરસ્વામીને તો તેથી ઉલટું છે.



તું આવી રીતે ગાંડાપણું છોડી દઈ ધીરજ ધર અને તારી સ્ત્રીની શોધ કર. જે માણસ ધીરજ ધરી કામ કરે છે, તે માણસને કોઈ પણ વસ્તુ આ જગતમાં દુષ્પ્રાપ્ય નથી." આ પ્રમાણે જ્યારે તેને ઘણી ઘણી રીતે સમજાવ્યો, ત્યારે અતિકષ્ટે, ઘણા દિવસ સૂધી તે તેઓના વચન ઉપર વિશ્વાસ મૂકી, ધીરજ પકડી રહ્યો. પણ પછી તેણે વિચાર કર્યો કે,–"હું મારી સર્વ સંપત્તિ બ્રાહ્મણને અર્પણ કરી, હવે તીર્થયાત્રા કરી, મારા પાતિકને ધોઈ નાંખું. કારણ કે, પાપનો નાશ થાય ને પુણ્યનો ઉદય થાય તો કદાચ ભટકતાં ભટકતાં પણ મારી પ્યારી લાવણ્યવતી મને મળશે!" આ પ્રમાણે પોતાની ભ્રમિત અવસ્થામાં તે ઠરાવ કરીને ઉઠ્યો. પછી સ્નાન વગેરે કરી, રીત પ્રમાણેનું સર્વ કર્માંતર આટોપી લીધું. પછી તે જ દિવસે શાસ્ત્ર વિધિએ પૂજન કરી, જૂદી જૂદી જાતનાં ભોજન તથા મદ્યથી બ્રાહ્મણોને અચ્છી રીતે તૃપ્ત કર્યાં અને પછી સઘળું ધન તેઓને દાનમાં આપી દીધું.

પછી તેણે પોતાનો દેશ તજી દીધો અને પોતાની પ્રાણ પ્યારીને મેળવવાની ઇચ્છાથી, તીર્થયાત્રા કરવા નિકળ્યો. ભટકતાં ભટકતાં માર્ગમાં હરસ્વામીને સૂર્યરૂપી પ્રચંડ મુખવાળો, ગરમ કિરણરૂપ કેશવાળીવાળો, ભયંકર, ગ્રીષ્મઋતુરૂપ કેસરીસિંહ મળ્યો! પ્રિયાના વિયોગવાળા વટેમાર્ગુઓએ મૂકેલા ઉષ્ણ નિઃશ્વાસથી જાણે ઉષ્ણ થઈ ગયો હોય તેમ અત્યંત ઉષ્ણ પવન ફુંકતો હતો. જ્યાં ત્યાં સૂર્યનાં કિરણોથી, જેમાં પાણી સૂકાઈ ગયાં છે અને વળી કાદવ પણ સૂકાઈ ગયો છે એવાં જળાશયો–તળાવો, ફાટી ગયેલાં હૃદય જેવાં જણાતાં હતાં. શિયાળવાના ચિત્કાર શબ્દવડે ગર્જિત થયેલાં, જેનાં પાંદડાં તાપથી કરમાઈ ગયેલાં છે એવાં વૃક્ષો, માર્ગમાં વસંતઋતુની શોભા નાશ થવાથી જાણે રુદન કરતાં હોય તેવાં દેખાતાં હતાં. તે સમયમાં હરસ્વામી પણ સૂર્યના તાપથી, પ્યારીના વિરહથી, ક્ષુધાથી, તૃષાથી અને નિત્ય માર્ગમાં ચાલવાથી, અંગ કરમાઈ જવાથી અને તે દુબળું તથા ધૂળથી ધુસરું થઇ જવાથી, ભટકતો ભટકતો, એક ગામમાં જઇ ચઢયો. ત્યાં ભોજનની ઇચ્છાથી પદ્મનાભ નામના અન્નછત્ર બાંધનારા બ્રાહ્મણને ઘેર ગયો. તે પોતે કુલિન હતો તેથી 'ભિક્ષાંદેહિ' બોલી શકયો નહીં. તે બ્રાહ્મણને ઘેર ઘણા બ્રાહ્મણો જમતા હતા, એટલે હરસ્વામી તેના દ્વારના ટોલ્લાને પકડી, મૂગો મૂગો–બોલ્યા ચાલ્યા વગર જ–ઉભો રહ્યો. હરસ્વામીને ટોલ્લો પકડીને દ્વારપર ગૂપચૂપ ઉભેલો જોઈ, અન્નછત્ર બાંધનારા બ્રાહ્મણની સ્ત્રીને દયા આવી. તે પોતે સદ્‌ગુણી ને પરમદયાળુ હતી, તેથી વિચાર કરવા લાગી કે,–"અફસોસ! સર્વ શક્તિમંત ક્ષુધા તે કોને ક્ષુદ્ર બનાવતી નથી? મારા ઘરના દ્વારપર આ કોઇ મનુષ્ય નીચું મુખ કરીને ઉભો છે! તે અન્નને માટે જ ઉભેલો જણાય છે. એ ઘણા દૂર દેશથી ચાલીને અહીં આવેલો જણાય છે, કેમકે સ્નાન કરી શરીરને સાફ કર્યું છે, તોપણ ભુખને લીધે તેની ઇન્દ્રિયો દુર્બળ થઈ ગઈ છે. બેશક, એ અન્નદાનનું પાત્ર છે!" આ પ્રમાણે મનમાં વિચાર કરી તે સાધ્વી સ્ત્રીએ, ઘરમાંથી ઘી તથા સાકર નાંખીને બનાવેલા ઉત્તમ પ્રકારના દુધપાકથી ભરેલું પાત્ર, બે હાથમાં લઇ આવીને તે બ્રાહ્મણને ઘણા વિવેક સહિત આપ્યું અને કહ્યું કે,–" આ લઇને કોઇપણ વાવના

કિનારા ઉપર જાઓ અને ત્યાં જઇ પ્રાશન કરો. કારણ કે અહીં બ્રાહ્મણો જમે છે, તેથી સઘળે એંઠવાડ એંઠવાડ ને ગંદકી થઇ રહી છે," હુરસ્વામી તે ભોજન પાત્ર લઇ,–"બહુ સારું, ત્યાં જાઉંછું!" આમ કહી ત્યાંથી થોડેક દૂર એક વડવૃક્ષ નીચે વાવ હતી, તેની પાળ ઉપર ગયો. તે પાળ ઉપર ભોજનનું વાસણ મૂક્યું. પછી વાવમાં ઉતરી હાથપગ ધોયા, આચમન લીધું, બહાર આવ્યો અને અતિ પ્રસન્ન થઇને મિષ્ટાન્ન લેવા માટે પાછો ફર્યો. પણ તેવામાં એક શકરો, પોતાની ચાંચમાં અને બે પગમાં પકડી, એક કાળા સર્પને લઈ-ને તે જ વડવૃક્ષ ઉપર આવીને બેઠો. તે મરેલા સર્પના મુખમાંથી ઝેરી લાળ ગળતી હતી. તે હુરસ્વામીના ભોજનપાત્રમાં પડી. હુરસ્વામીએ તે ઝેર પડતાં દીઠું નહીં, તેથી તેણે ઝટપટ ત્યાં આવીને સડાસડ ખાવા માંડ્યું. ભુખ કકડીને લાગી હતી અને વળી ખાવાનું મીઠું મીઠું હતું, એટલે એક ક્ષણમાં તે સઘળું ચપાટી ગયો. તુરત જ તેના શરીરમાં ઝેર ચઢી ગયું અને તેથી તેને લાહે લાહે બળવા માંડી. હુરસ્વામી ઝેરની પીડાથી આકુળવ્યાકુળ થઇ ગયો અને બોલ્યો,–"જ્યારે નસીબ અવળું થાય છે, ત્યારે આ જગતમાં શું અવળું થતું નથી? મારા પણ તેવા જ વનેખા છે. મને આહાર માટે ઘી તથા સાકરવાળો ઉત્તમ દુધપાક મળ્યો, તોપણ મારા નસીબને યોગે તે ઝેરરૂપ થઈ પડ્યો છે!"

આમ બોલતો બોલતો અને ઝેરની નિશામાં ડોલતો ડોલતો, તે અન્નછત્રવાળાને ઘેર ગયો અને તેની સ્ત્રીને કહ્યું,–"તમે મને ભોજન માટે જે દુધપાક આપ્યો હતો, તેમાં ઝેર હતું; અને તે ખાવાથી મારા શરીરમાં ઝેર ચઢી ગયું છે, તે ઉતારવા માટે કોઇ મંત્ર જાણનારને સત્વર બોલાવો કે જે મારું ઝેર ઉતારે. જો તમે મને બચાવશો નહીં, તો તમને બ્રહ્મહત્યાનું પાતિક લાગશે." હુરસ્વામી આ પ્રમાણે તે સ્ત્રીને કહીને તરત જમીન ઉપર ચટોપાટ પડ્યો, તેની આંખો ઉંચી ચઢી ગઇ, મુખમાંથી ફીણ નિકળવા માંડ્યું અને તેનું આખું અંગ તણાવા લાગ્યું. તેણે ત્રણ ચાર ડચકીઆં ખાધાં ને તરત પ્રાણ તજ્યા.

પેલી ઘરધણીઆણી, આ સર્વ સાંભળીને અને હુરસ્વામીને જમીન ઉપર પડેલો જોઈ દિગ્મૂઢ થઇ ગઈ. તે મનમાં વિચાર કરવા લાગી કે, "આ શું થયું." તેના પતિએ, પોતાની સ્ત્રી નિર્દોષ હતી તથા પરોણાની સેવાચાકરી કરનારી હતી, છતાં પણ તેના ઉપર અતિથિને મારવાનો મિથ્યા દોષ આવવાથી, ક્રોધ કર્યો ને તે સાધ્વીને ઘરમાંથી કાઢી મૂકી. તે સ્ત્રી અતિ ગુણવાન્ હતી અને સદાકાળ ઉત્તમ કર્મ કરતી હતી, છતાં પણ તેના ઉપર મિથ્યા અપવાદ આવ્યો અને તે અપવાદને લીધે તેનું અપમાન થયું, એટલે સંસારપરથી મોહ તજી દઇ, તપ કરવા સારુ કોઇ તીર્થમાં જઈને રહી.

હવે ધર્મરાજાની આગળ તે વિશે તકરાર નિકળી કે બ્રાહ્મણની હત્યા શકરાએ કરી, કે સર્પે કરી, કે અન્ન આપનારાઓએ કરી? કોણે બ્રહ્મહત્યા કરી? આ વિશે કોઈ પણ રીતનો નિર્ણય થયો નહીં.



વૈતાળ બોલ્યો,–"તો હવે રાજા ત્રિવિક્રમસેન! તમે મને આ પ્રશ્નનું ઉત્તર આપો કે બ્રહ્મહત્યા કોણે કરી? જો મારા પ્રશ્નનું ઉત્તર જાણ્યા છતાં પણ તમે નહીં આપશો તો તમને પૂર્વાપર જે શાપ દેવાનું કહ્યું છે, તે શાપ લાગુ પડશે."

રાજા ત્રિવિક્રમસેને શાપના ભયથી બીહીને, તે વૈતાળનું પ્રશ્ન સાંભળી, મૌન વ્રત મૂકી તેનું ઉત્તર દીધું,–"હે યોગેશ્વર! બ્રહ્મહત્યાનું પાતિક હુરસ્વામીને પોતાને જ લાગે છે, તેમાં બીચારા સર્પનો શું વાંક છે? તે તો પરાધીન પડ્યો હતો ને તેને તેનો શત્રુ લઈ આવીને ખાતો હતો. તેવામાં તેના મુખમાંથી લાળ ઝરી, તેમાં તે શું કરે? તેમ જ તે ક્ષુધાતુર શકરો, અકસ્માત્ જે આહાર મળ્યો તે લઇને ખાતો હતો, એટલે તેનો પણ શું દોષ? અને અન્નસત્રવાળાં દંપતી, જેણે દુધપાક ખાવા માટે આપ્યો હતો, તેમાંથી પણ એકને બ્રહ્મહત્યા શા માટે લાગે? તે બન્ને જણ તો ધર્મ માર્ગમાં વર્તતાં હતાં, ત્યારે તેમનો દોષ શો? તેથી, જે મૂર્ખ માણસ, વિચાર કર્યા વગર, ઉપર જણાવેલામાંથી એકને પણ અંગે બ્રહ્મહત્યા લાગ્યાનું કહે, તે જડબુદ્ધિને જ બ્રહ્મહત્યા લાગે છે એમ હું માનું છું!"

આ પ્રમાણે રાજા ત્રિવિક્રમસેને જ્યાં ઉત્તર આપ્યું કે, તત્ક્ષણે તે વૈતાળ, પુનઃ રાજાના ખભા ઉપરથી ઉડીને, પુનઃ પોતાની સ્મશાનભૂમિમાં ચાલ્યો ગયો. રાજા સ્વભાવે ધીર હતો, એટલે તે પણ પુનઃ તેની પાછળ જ ગયો.

## તરંગ ૨૧ મો.

## વૈતાળ પચીસી.

### વૈતાળ ચૌદમો–સાહુકારપુત્રી અને ચોરની કથા.

ત્રિવિક્રમસેન રાજા, પુનઃ તે મહાસ્મશાનમાં ગયો અને તે જ અશોકવૃક્ષ ઉપર ચઢી, ત્યાંથી પુનઃ વૈતાળને લઈ પોતાની ખાંધ ઉપર ઉપાડીને ચાલતો થયો. રસ્તામાં જતાં વળી તે વૈતાળે રાજાને કહ્યું,–"રાજાજી! તમે વારંવાર આવજાવ કરવાથી થાકીને લોથપોથ થઈ ગયા છો, તો સાંભળો; હું તમને એક આશ્ચર્યજનક કથા કહું છું."

અયોધ્યા નામની એક નગરી છે. જેમાં રાવણનો નાશ કરનારા રાજા રામચંદ્ર, જે સાક્ષાત્ વિષ્ણુનો અવતાર હતા, તે એક વખતે રાજ્ય ચલાવતા હતા. તે નગરીમાં વીરકેતુ નામનો એક રાજા રાજ્ય કરતો હતો. જેમ કિલ્લો નગરીનું રક્ષણ કરે છે, તેમ આજાનુબાહુ આ રાજા, આખી પૃથ્વીનું પાલન કરતો હતો. તે રાજાના સમયમાં તે નગરીમાં રત્નદત્ત નામનો એક સાહુકાર વસતો હતો. તે સાહુકાર મોટો ધનાઢ્ય હતો અને સમગ્ર વાણિયા મહાજનનો શેઠ હતો. તેને ત્યાં નંદયંતી નામની સ્ત્રીનેપેટે, દેવતાના આરાધનના પ્રતાપથી, એક કન્યા જન્મી. આ કન્યાનું નામ રત્નવતી પાડ્યું હતું. આ કન્યા રૂપ, લાવણ્ય તથા ગુણથી પરીપૂર્ણ

હતી. તેનો સ્વભાવ સલજ્જ હતો. તે કન્યા જેમ જેમ પિતાના ઘરમાં ઉછરીને તરુણાવસ્થાને પામતી ગઈ, તેમ તેમ તેના આ સર્વ ગુણો પણ વૃદ્ધિને પામતા ગયા. જ્યારે તે બાળા, સ્ત્રી અવસ્થામાં આવી, ત્યારે તેની માંગણી મોટા મોટા વાણિયાઓએ જ નહીં, પણ રાજાઓએ પણ તેનું માગું તેના પિતા પાસે કર્યું. પણ તે કન્યા પુરુષ માત્રને ધિક્કારતી હતી. તે ઈંદ્ર સાથે પણ પરણવાની ઈચ્છા રાખતી ન હોતી. કોઈ તેની આગળ પરણવાની વાત કરે તો તે મરવાને તૈયાર થતી. એ કન્યા, રત્નદત્ત શેઠને ઘણી વહાલી હતી, તેથી તે પુત્રીનું મન આનંદમાં રાખવા માટે, પોતે ઉદાસીન થઈને ગુપચુપ બેસી રહ્યો, પણ પરણવા વિશે તેની પાસે એક પણ દિવસે વાત કહાડી નહીં. આ વાર્તા આખા અયોધ્યામાં અને બીજે સર્વ ઠેકાણે ફેલાઈ ગઈ.

એક સમયમાં એ નગરમાં ચોર લોકો, ચારે તરફથી પ્રજાને લૂટતા હતા. એથી સમગ્ર લોકોએ ભેળા થઈને રાજા વીરકેતુને વિનતિ કીધી કે,–"હે મહારાજ! આપણા નગરમાં નિરંતર રાત્રે ચોર લોકો, અમારા ઘરમાં ખાતર પાડી, અમને લુંટી જાય છે, પણ તેનો જરા પણ બંદોબસ્ત નથી. આ તે જુલમ અમારાથી કેમ સહન થઈ શકે? આપ જનાબ, તેનો બંદોબસ્ત કરશો તો ઠીક." રાજાએ પ્રજાની વિનતિ ઉપર લક્ષ દઈ, ચોરને પકડવા માટે આખા નગરમાં જૂદે જૂદે ઠેકાણે ઘણા કુશળ સીપાહીઓને ગુપ્ત રીતે ચોકી કરવાનો હુકમ કીધો અને તેમને ચેતાવ્યા કે,–"રાત્રિમાં ચેતતા રહેજો અને જેવા ચોરને દેખો કે તે જ વખતે તેને મુસ્કેતાટ કરી મારી પાસે લઈ આવજો."

પેલા ચોકીવાળા રાત્રે ગલીકુંચીઓમાં ગુપ્ત રહીને ચોકી કરતા અને ચારે તરફ તપાસ કરતા હતા, પરંતુ તેઓને ચોરનો કંઈ પણ પત્તો મળ્યો નહીં. નગરમાં જેમનું તેમ ચોરાણું લુટાણું ચાલુ જ રહ્યું. રાજાને આખરે ઘણો જ કંટાળો આવ્યો, એટલે તે પોતે હાથમાં નગ્ન તલવાર લઈ, એક રાત્રે નગરની ચોકી કરવા માટે એકલો જ નિકળી પડ્યો. તે એકલો ચારે તરફ ફરતો હતો, તેટલામાં કોઈને કોટની ઉપર થઈને નગરમાં પ્રવેશ કરતાં દીઠો. આ પુરુષ જરા પણ અવાજ ન થાય તેમ હળવે હળવે, ઘણી જ કુશળતાથી, બીલાડીપેરે પગ મૂકીને ચાલતો હતો અને ભયભીત નેત્રથી વારંવાર પાછો વળીને, ચોબાજુએ જોતો હતો. રાજા તે પુરુષને જોઇ વિચાર કરવા લાગ્યો કે,–"બેશક, આ પુરુષ જ ચોર છે; તે એકલો જ સર્વ સ્થળે ફરીને મારા નગરમાં ખાતર પાડતો હોવો જોઇએ!" આમ વિચાર કરીને રાજા તેની પાસે ગયો પછી તે ચોર રાજા તરફ નજર કરી પૂછવા લાગ્યો:– "અલ્યા, તું કોણ છે?" ત્યારે રાજાએ તે ચોરને ઉત્તર આપ્યો: "હું ચોર છું." તે સાંભળી ચોર ઘણો ખુશી થયો ને બોલ્યો,– "ત્યારે તો ઠીક થયું. તું મારો મિત્ર છે. તું આજે મારે ઘેર આવ. હું તારો સારી રીતે આદરસત્કાર કરીશ!" રાજાએ તે વાત માન્ય કરી તેની સાથે ચાલવા માંડ્યું.

તે ચોરનું ઘર દૂરના નિર્જનવનમાં આવેલી એક ખાઇના ભોંયરામાં હતું. આ ઘરમાં સઘળી જાતના એશઆરામના વૈભવો ભરેલા હતા; તેમજ તેમાં તેજસ્વી દીવાથી ઝળઝળાટ થઈ રહ્યો હતો. તે ભોંયરું જાણે બળીરાજા વિનાનું એક બીજું પાતાળ હોય તેવું જણાતું હતું.



તે ભોંયરામાં તે ચોર, વીરકેતુ રાજાને લઈ ગયો અને એક આસન ઉપર બેસાડી, પોતે ઘરની અંદરના એક ઓરડામાં ગયો. એવામાં એક લોંડી, બીજા ઓરડામાંથી ગૂપચૂપ બહાર આવી અને રાજાને કહેવા લાગી,–"મહારાજ! તમે આ મૃત્યુના મુખમાં શા માટે આવ્યા છો? શું જાણુતા નથી કે, આ મનુષ્ય એક નામજાદો ચોર છે? નિઃશંક માનો કે એ ચોર પોતે એકલો છે, છતાં મહાબળવાન્ છે. તે પોતાના ઓરડામાંથી હમણાં બહાર નિકળશે કે વિશ્વાસઘાત કરી તમને મારી નાંખશે. માટે તમે અહીંથી સત્વર નાશી જાઓ! રે નાશી જાઓ!" આ પ્રમાણે તે લોંડીએ કહ્યું, એટલે રાજા ત્યાંથી તરત ઉઠીને નાસી ગયો ને પોતાના નગરમાં આવ્યો. પછી તે ચોરને પકડવા માટે સેના તૈયાર કરાવી.

જ્યારે સેના લડવા માટે સજ્જ થઈ, ત્યારે તે રાજા લડાઇ માટે નિકળ્યો. સૈન્યને સાથે લઈ તેણે ચોરના ભોંયરા ઉપર ઘેરો ઘાલ્યો ને રણશિંગડાના નાદ કીધા. હવે જ્યારે ચોરે જાણ્યું કે, પોતાના ઘર ઉપર ઘેરો આવ્યો છે ત્યારે તેણે ધાર્યું કે,–"મારા માણસમાંથી કોઇ પણ ફૂટ્યું છે! તે વગર આ કામ બને નહીં. ચાલ જીવ, મરવું તો એકવાર લખેલું જ છે, તો આવો અવસર ક્યાંથી મળશે? હવે તો જે બને તે ખરું!" એમ વિચારી, મરવાનો નિશ્ચય કરી તે શૂરો ચોર હાથમાં ઢાલ તથા તરવાર લઈ યુદ્ધ કરવા માટે ભોંયરાની બહાર નિકળી પડ્યો. ત્યાં તેણે એકલાએ ઘણા હાથીઓની શુંડો કાપી નાંખી, ઘોડાની જાંઘો કાપી નાંખી અને મોટા મોટા યોધાઓનાં માથાં કાપી નાંખ્યાં. આ રીતનું તેણે અમાનુષિક કર્મ કર્યું. આવા તેના કર્મને જોઈ રાજા પોતે તેની સામે લડવા ગયો. વીરકેતુ તરવારની વિદ્યામાં કુશળ હતો. તેણે કરણયુક્તિથી ચોરના હાથમાંથી તરવાર અને ખડ્ગને છીનવી લીધાં, એટલે તે શસ્ત્રરહિત થઈ રહ્યો. તુરત રાજાએ પણ પોતાનાં શસ્ત્ર ફેંકી દીધાં અને તેની સાથે બાહુયુદ્ધ કરી, તેને જમીન ઉપર પછાડી, જીવતો પકડી લીધો, પછી તે બળવાન્ ચોરને કેદી કરી, તેની સર્વે દોલત એકઠી કરી, તેને ને તેના દ્રવ્યને પોતાની નગરીમાં લઈ સાથે જ આવ્યો. નગરમાં જતાં જ રાજાએ હુકમ કર્યો કે, કાલે સવારે એ ચોરને શૂળી ઉપર ચઢાવી દેવો.

બીજે દિવસે પ્રભાત થયું કે, રાજાના સીપાહીઓ ઢોલ વગાડતા શૂળીના સ્થંભ તરફ તે ચોરને લઈ જવા લાગ્યા. તેવામાં પેલી વાણિયાની કન્યા રત્નવતીને કાને ઢોલનો અવાજ પડ્યો. તે તરત ઝરુખામાં આવીને જોવા લાગી અને તે ચોરને ત્યાંથી લઈ જતાં દીઠો. ચોરના શરીરમાં સખત ઘા પડયા હતા અને તેનું શરીર ધૂળથી ભુરા રંગનું થઇ ગયું હતું, તોપણ, તેનો સીનો નિહાળતાં જ, રત્નવતી તો તેનાપર ફીદા ફીદા થઈ ગઈ ને તેનો તેનીપર પ્રેમ ચોંટ્યો. કામદેવ ક્યાં વાસ કરે છે તે કોણ જાણે છે? તરત રત્નવતી પોતાના પિતા રત્નદત્ત પાસે ગઈ ને કહ્યું,–"પિતાજી! જેને હવણાં શૂળીપર ચઢાવવાને લઈ જવામાં આવે છે તેની સાથે હું વરી ચૂકી છું! તે મારો આજથી સ્વામી નિર્માણ થઈ ચૂક્યો છે. આપ રાજાને કહી તેને ઉગારો. જો તમે તેમ કરશો નહીં ને તે મરશે તો હું તેની

પાછળ સતી થઇશ!" જ્યારે રત્નદત્ત શેઠે, રત્નવતીને મોઢેથી આવી વાણી સાંભળી, ત્યારે તે બોલ્યો,–"અરે બહેન ! ગાંડી બની ગઇ છે કે શું? તું એ શું બોલે છે? તેં અગાડી કામદેવના જેવા અને ગુણવંત પતિ સાથે લગ્ન કરવા ના પાડી હતી, તે તું આજે, નિંદાપાત્ર અને કંગાલ ચોર સાથે પરણવાને કેમ તૈયાર થઈ? જે તું રાજાઓને પણ પરણવાની ના પાડતી હતી તે તું આજે આપત્તિમાં આવેલા અને વળી રાજાએ જેને શૂળી ઉપર ચઢાવવો એમ નક્કી કીધું છે, તે ચોરની સાથે કેમ પરણવાની ઇચ્છા કરે છે?" ઇત્યાદિ ઘણી તકરાર તેના પિતાએ કરી, તોપણ તે કન્યા પોતાના ઠરાવમાંથી જરા પણ પાછી હઠી નહીં. નિરુપાયે રત્નદત્ત શેઠ તરત રાજાની પાસે ગયો ને કહ્યું કે,–"જનાબ ! આપ મારું સર્વસ્વ લઇને પણ આ ચોરને ઉગારો, પણ મારો મા. હું તમને એક કરોડ સોનામહોર આપું છું ને એને છોડી દ્યો." પણ રાજાએ તેને છોડયો નહીં; કારણકે રાજાએ નગર લૂટનારા તે ચોરને પોતાના જીવને જોખમે પકડયો હતો, તો તે તેને કેમ છોડે? રાજાએ ના પાડી, ત્યારે તે સાહુકાર નિરાશ મુખે પોતાને ઘેર પાછો આવ્યો; અને સર્વ હકીકત પોતાની દીકરીને કહી. તુરત જ રત્નવતીએ તે ચોરની પાછળ સતી થવા માટે ઠરાવ કર્યો. તેના સગાંએ, તેને ઘણીએ વારી, બહુ સમજાવી, પણ તે એકની બે થઈ નહીં. અંતે રત્નવતી શણગારેલી પાલખીમાં બેસી, જ્યાં ચોરને મારવાની વધભૂમિ હતી ત્યાં ગઈ અને તેની પાછળ તેનાં માતા, પિતા અને કુટુંબીઓ પણ રડતાં રડતાં ગયાં.

એ અરસામાં ચંડાળોએ તે ચોરને શૂળીના સ્થંભ ઉપર ચઢાવ્યો હતો. તેઓ શૂળીનો આગળો છટકાવવાની તૈયારીમાં હતા, તેટલામાં આસપાસ ઉભેલા માણસોના મુખથી તે ચોરે સાંભળ્યું કે, સૌંદર્યની સાક્ષાત્ મૂર્તિ રત્નવતી તો તેની પાછળ સતી થવા આવી છે! તે સાંભળીને તે ચોરે તેની તરફ એક મીઠી નજર કીધી. તેણે રત્નવતીને અને તેનાં સંબંધીઓને ત્યાં આવતાં દીઠાં. તે જોઈ તે ચોર એક ક્ષણ આંખમાંથી અશ્રુ પાડીને રડ્યો અને તે પછી જરાક હસ્યો. તે પછી શૂળી ઉપર ચઢી પ્રાણત્યાગ કરી દીધો. પછી તે વણિકની સદ્દગુણી કન્યાએ, શૂળી ઉપરથી તે ચોરના શરીરને નીચે ઉતાર્યું અને જેમ એક પણીગેત સ્ત્રી, સતી થતી વખતે પોતાના પતિના શબને ખોળામાં લઇને બેસે, તેમ તે તેના શબને ખોળામાં લઇને ચિતામાં બેઠી.

તે જ અગત્યની ક્ષણે, તે સ્મશાનમાં ભૈરવનાથ–શિવજી પાસે જ વસતા હતા. તે આ પ્રસંગ જોઈ અત્યંત પ્રસન્ન થયા ને કરુણાળ થતા, અદૃશ્ય રહીને નીચે પ્રમાણે બોલ્યા;–"હે સતિ! તેં આ સ્વયંવરપતિ ઉપર આવી રીતે પતિભક્તિ દાખવી છે, તે માટે હું તારાપર અત્યંત પ્રસન્ન થયો છું. માગ માગ, જે માગે તે આપું." તે સાંભળીને તે કન્યાએ ભૈરવદેવને માનસિક પૂજનથી વધાવી, પ્રણામ કર્યા ને તેની પાસેથી આ પ્રમાણે વર માંગ્યો; 'મારા પિતા કે જેને હમણાં કંઈ પુત્ર નથી તેને સો પુત્ર થાઓ; મહારાજ! હું મારા પિતાને એકને એક જ સંતાન છું, તેથી મારા મરણને લીધે તે પોતાના પ્રાણત્યાગ કરશે માટે હું એ વરદાન માગું છું." આ



પ્રમાણે તે સતી સ્ત્રીએ વર માંગ્યો, તે સાંભળીને ભૈરવ બોલ્યા;–"તારા પિતાને સો પુત્ર થશે! હવે તું બીજો વર માંગી લે. કારણ કે તારા જેવી દૃઢ પરાક્રમવાળી સ્ત્રી, સાધારણ વરદાનને પાત્ર નથી, તેને તો ઉત્તમ વરદાન મળવું જોઇએ."

તે સાંભળીને રત્નવતી ફરીથી બોલી;–"જો આપ મારા ઉપર પ્રસન્ન થયા હો તો, આ મારો પતિ પુનર્જીવન પામે અને તે હંમેશાં ધાર્મિક થાય, એ વર આપો." ત્યારે ભૈરવનાથ બોલ્યા; "ભલે, તારો પતિ જીવો, સદ્દગુણી થાઓ, ધાર્મિક થાઓ અને તેના ઉપર રાજા વીરકેતુ પ્રસન્ન થાઓ!" આ પ્રમાણે આકાશમાં અદ્ધર ઉભેલા ભૈરવે જ્યાં વર આપ્યો કે, તરત તેનો ચોર પતિ, આળસ મરડીને ઉભો થયો અને તેનું શરીર શસ્ત્રના ઘાથી રહિત થઈ ગયું.

રત્નદત્ત સાહુકાર આ સઘળું જોઈ અતિ વિસ્મય પામ્યો ને પોતાની પુત્રી રત્નવતીને અને ચોર જમાઇને લઈ, ખુશી થતો થતો સહકુટુંબ સહપરિવાર પોતાને ઘેર આવ્યો અને જેને પુત્ર થવાનું વરદાન મળ્યું હતું એવા રત્નદત્ત શેઠે તે દિવસે પોતાના આનંદના પ્રમાણમાં ઉત્સવ કર્યો. આ સઘળી વાર્તા રાજાના જાણવામાં આવી, એટલે તે પણ બહુ પ્રસન્ન થયો ને તેણે તેજ વખત મહાવીરલા તે ચોરને પોતાની સેનાના અધિપતિ પદે સ્થાપ્યો. પછી તે વીર ચોર, ચોરીનો ધંધો છોડી દઈ, વાણિક્ કન્યા સાથે પરણી, સન્માર્ગમાં વર્તવા લાગ્યો ને રાજ્યમાં માનીતો થઈ પડ્યો અને પોતાની કાંતા સાથે નવનવા રતિવિલાસ ભોગવવા લાગ્યો.

આ પ્રમાણે રાજાની ખાંધ ઉપર બેઠેલા વૈતાળે, રાજાને કથા કહીને પૂછ્યું કે;–"રાજન્! બોલો ત્યારે, એ ચોર, શૂળીના લાકડા ઉપર બેઠો બેઠો રડયો કેમ ને હસ્યો કેમ? જો જાણતાં છતાં પણ મને સત્ય ઉત્તર આપશો નહીં તો તમારા મસ્તકના હજાર કટકા થઈ જશે." જ્યારે વૈતાળે આ પ્રમાણે પ્રશ્ન કર્યું, ત્યારે રાજાએ તેના શાપના ભયથી ડરીને ઉત્તર આપ્યું કે;–"ચોરે જે રુદન કર્યું તેનું કારણ એ જ હતું કે, આ વાણિયાએ કારણ વગર મારી સાથે સંબંધ કર્યો છે, પણ તેનો મારાથી બદલો વાળી શકાવાનો નથી; અને હાસ્ય કર્યું તેનું કારણ એ જ કે, તે પોતાના મનમાં બડબડયો કે, 'આ કન્યા, રાજા જેવા વરોનો ત્યાગ કરી મારી તરફ, કામદેવના પ્રેરવાથી તુષ્ટમાન થઈ ગઈ! ઓહો! સત્ય છે કે, સ્ત્રીઓનું ચિત્ત ચમત્કારથી છેક જ ભરપૂર છે!' એવો વિચાર કરતાં જ તેને હસવું આવ્યું હતું." આ પ્રમાણે રાજા ત્રિવિક્રમસેને ઉત્તર આપ્યું કે, તે જ વખતે માયાવી વૈતાળરાજ તેની ખાંધ ઉપરથી ઉડીને પોતાની શક્તિથી પોતાના સ્થાન ઉપર ચાલ્યો ગયો અને રાજા પણ વળી પ્રથમની માફક તેની પાછળ પડ્યો.

## તરંગ ૨૨ મો.

## વૈતાળ પંચવિંશી.

### વૈતાળ પંદરમો—એક યોગ ગુટિકાની કથા.

રાજા ત્રિવિક્રમસેને વળી તે મહાસ્મશાનમાં જઈ, અશોકવૃક્ષ ઉપરથી વૈતાળને નીચે ઉતારચો ને પોતાની ખાંધ ઉપર બેસાડીને ચાલવા લાગ્યો. રસ્તામાં ચાલતાં ચાલતાં રાજાની ખાંધ ઉપર બેઠેલો વૈતાળ વળી બોલ્યો:,–"હે રાજા ! માર્ગ કાપવા હું તને એક કથા કહુ છું તે તું સાંભળ."

નેપાળ દેશમાં શિવપુર નામનું એક નગર હતું. તેમાં પૂર્વે યશ:કેતુ નામનો રાજા રાજ્ય કરતો હતો. આ રાજા નામ પ્રમાણે ગુણ ધરાવતો હતો. તે રાજા, પ્રજ્ઞાસાગર નામના મંત્રીને સઘળો રાજ્ય કારભાર સોંપી, ચંદ્રપ્રભા રાણીની સાથે મોજમઝા ઉડાવતો હતો. કેટલાએક સમય પછી રાજાને, તે રાણીથી એક કન્યા અવતરી. તે અતિ લાવણ્યવતી અને ચંદ્રસમાન ગૌરવર્ણની હતી, તેથી તેનું નામ રાજા અને રાણીએ શશિપ્રભા પાડયું.

શશિપ્રભા રાજકન્યા, વખત જતાં મોટી થઇને સ્ત્રી અવસ્થાને પામી. એક વખતે વસંતઋતુમાં તે કન્યા, પોતાના પરિજનને સાથે લઇ, વસંતોત્સવ જોવા માટે બાગમાં ગઈ. તે બાગમાં કોમળ હાથથી તે પુષ્પો ચૂંટવા લાગી, ત્યારે તેના હાથ ઉંચા થવાથી, ખીલેલા કમળગુચ્છ જેવા તેના સુંદર કુચ સ્પષ્ટ દેખાતા હતા; અને પુષ્પના ડીટડામાંથી તેની કરરૂપ સાંણસી છૂટી પડતી, ત્યારે હાથ અને કુચની વચ્ચેના ભાગની શોભા, ઘણી જ મનમોહક જણાતી હતી.

આ વખતે એક ધનાઢય સાહુકારનો મન:સ્વામી નામનો બ્રાહ્મણકુમાર પણ તે મેળો જોવાને આવ્યો હતો. તેણે આ પ્રમાણે બગીચાના એક ભાગમાં પુષ્પ ચૂંટતી શશિપ્રભાને જોઇ અને તે કામાતુર થઇ ગયો તથા વિહ્વળ બની ધીરજ ખોઈ બેઠો. તેણે ઘણા ઘણા ઉપાય કર્યા, પણ તેનું પોતાનું મન તેને અધીન રહ્યું નહીં. ત્યારે તે વિચારમાં પડયો કે, "આ શું સાક્ષાત્ રતિરાણી, પોતે જ કામદેવને માટે બાણ બનાવવા માટે આ બાગમાં વસંતે ભેળાં કરેલાં પુષ્પો ચૂંટે છે અથવા શું વનદેવી પોતે જ, ઋતુરાજનું પૂજન કરવા માટે અહીં પુષ્પ ચૂંટતી ઉભી છે ?" આ પ્રમાણે તે બ્રાહ્મણકુમાર વિચારમાં તલ્લીન થઇ ગયો છે, તેવામાં તો તે રાજકન્યાની પણ, પૂર્ણ કામદેવ જેવા મન:સ્વામી ઉપર નજર પડી. તેને જેવો દીઠો કે તરત જ રાજકન્યા પુષ્પો ચૂંટવાં વિસરી ગઈ, તે સાથે પોતાના દેહને પણ વિસરી ગઇ કે હું શું કરું છું. તે બીલકુલ ભાન રહીત થઈ ગઈ.

જ્યારે આ પ્રમાણે તે બન્ને જણાં પહેલી નજર નાંખતાં જ પ્રેમરસમાં ગરકાવ બનીને મોહવશ થઈ ઉભાં છે, તેવામાં અચાનક હાહાકાર થઇ રહ્યો. તુરત તે બન્ને જણાં પોતાની



ડોક વાંકી કરીને જોવા લાગ્યાં કે શું છે, ત્યારે તેઓને જણાવ્યું કે, નગરનો એક હાથી, પોતાના હાથીખાનામાં બીજા મદમત્ત હાથીની સુગંધ આવવાથી, મદોન્મત થઈ, બંધીખાનાને તોડી નાંખી, બહાર નિકળી નાઠો છે. તેણે પોતાના માવતને પણ ઉરાડી મૂકયો છે અને રસ્તાનાં ઝાડનો નાશ કરતો કરતો અને પોતાની શુંડમાં અંકુશને લટકાવતો ત્યાં આવી પહોંચ્યો છે. તે જોઇને રાજકન્યાની સાથે આવેલાં માણસો ભયનાં માર્યાં પલાયન કરી ગયાં. પણ મન:સ્વામીએ દોડીને, એકલી પડેલી તે રાજકન્યાને, પોતાના બે હાથમાં ઉંચકી લીધી અને પછી તેણીને એક દૂરની જગ્યામાં ઝડપથી લઇ ગયો કે જ્યાં હાથી આવી શકે તેમ નહોતું. જ્યારે આ રીતે તે નાજુક લલનાને ઉંચકવામાં આવી, ત્યારે તેણે જરા જરા તે બ્રાહ્મણ રાજકુમારને આલિંગન આપ્યું અને ભય, પ્રેમ તથા લજ્જાથી આકુળવ્યાકુળ બની ગઈ. થોડીવારમાં હાથી નાસી ગયો અને સર્વ ઠેકાણે શાંતિ પ્રસરી ગઈ. તુરત રાજકન્યાનાં પરિજનો ત્યાં આવી પહોંચ્યાં અને રાજકન્યાનું રક્ષણ કર્યું, તે માટે તે બ્રાહ્મણનાં પુષ્કળ વખાણ કરતાં કરતાં તે કન્યાને રાજમહેલમાં લઈ ગયાં. કન્યા આખે રસ્તે પાછું વળીને મન:સ્વામી તરફ નજર કરતી કરતી પોતાને ઘેર ગઈ. ઘેર ગયા પછી તે અત્યંત કામાતુર થઈ ગઈ. રાત દિવસ જીવિતદાન આપનારા તે જ બ્રાહ્મણનું તે સ્મરણ કરવા લાગી અને કામદેવરૂપ અગ્નિના સપાટામાં પૂર્ણ આવી જવાથી રાત દિવસ બળવા લાગી.

મન:સ્વામી પણ તે વખતે ઉદ્યાન છોડી તેની પાછળ ગયો. તેણે રાજકન્યાને અંત:પુરમાં જતાં જોઈ, એટલે તે અતિ ઉત્કંઠાથી વિચાર કરવા લાગ્યો;–"હાય ! હાય ! હું હવે એ રાજકન્યાનો વિયોગ સહી શકતો નથી ને એના વિના મારો દેહ પણ રાખી શકતો નથી. હું હવે એને શી રીતે મેળવી શકીશ ? હવે મારો એક જ ઉપાય છે કે, ધૂર્તશિરોમણિ મૂળદેવનો આશ્રય કરવો. તે મહાસિદ્ધ પુરુષ છે અને મારો ગુરુ છે. તે અવશ્ય મારું કાર્ય પાર પાડશે જ!" આ પ્રમાણે વિચાર કરીને તે દિવસ તો જેમ તેમ કાઢી નાંખ્યો, પણ બીજે દિવસે પ્રભાતમાં મન:સ્વામી મૂળદેવ ગુરુની પાસે ગયો. ત્યાં માયાથી અદ્ભુત શ્યામ માર્ગ જેમાં છે અને સિદ્ધ તથા શશી* સદાકાળ જેની આસપાસ વિરાજેલા છે, એવા મૂર્તિમાન્ મૂળદેવને બિરાજેલા દીઠા. મન:સ્વામીએ મૂળદેવને પ્રણામ કરી તેની આગળ પોતાના મનની સર્વ વાર્તા જાહેર કરી. મૂળદેવે તેની વાત સાંભળી હસતાં હસતાં તેનું કાર્ય કરવા માટે કબુલાત આપી. પછી તેણે એક યોગવટી–જાદુઈ ગોળી–પોતાના મુખમાં મૂકી કે તે પોતે વૃદ્ધ થઈ ગયો અને બીજી યોગવટી મન:સ્વામીને તેના પોતાના મુખમાં મૂકવા આપી. મન:સ્વામીએ તે ગોળી પોતાના મુખમાં નાંખી કે તે સુંદર કન્યા બની ગઈ. પછી ધૂર્તશિરોમણિ મૂળદેવ મહારાજ, કન્યાના આકારમાં રહેલા મન:સ્વામીને પોતાની સાથે તેડી ચાલતા થયા. તે અને મન:સ્વામી, તે રાજકન્યા–મન:સ્વામીની પ્રિયતમા–ના પિતા રાજાની પાસે રાજસભામાં ગયા. ત્યાં જઈ મૂળદેવે વિનતિ કીધી કે,–મહારાજ! મારે એકનો એકજ દીકરો છે અને તેણે મને કહ્યું કે મારી ધણિયાણી માટે એક કન્યા આણી આપો. ઘણા

* એક પક્ષે ચંદ્રમા અને બીજે પક્ષે શશી નામનો પુરુષ.

દૂર દેશોમાં ફરી તેને માટે મેં આ એક કન્યા શોધી કાઢી. ત્યાં તો મારો બેટો હવણાં કોણ જાણે કયાં નાસી ગયો છે. હાલ હું તેને શોધવા સારુ જાઉં છું ને તેને તેડીને થોડા દિવસમાં આવું ત્યાં સુધી આપ એની રક્ષા કરજો; કારણે કે તમે આખા જગતની રક્ષા કરનારા છો, તો તમારા વગર આ કન્યા કોને સોંપું?" યશઃકેતુ રાજાએ તે સાંભળી, વૃદ્ધ બ્રાહ્મણના શાપથી ડર ખાઈને તેનું કેહવું માન્ય રાખ્યું અને પોતાની પુત્રી શશિપ્રભાને બોલાવીને કહ્યું,–"બહેન ! આ બ્રાહ્મણની કન્યાને તું તારા નિવાસ ભવનમાં જ રાખજે અને તેનું સ્નાન ભોજનપાન અને શયન એ સઘળાની તું સારી રીતે વ્યવસ્થા કરજે !" પિતાનું આવું વચન સાંભળી રાજકન્યા, કન્યારૂપે રહેલા મનઃસ્વામીને પોતાના અંતઃપુરમાં લઈ ગઈ. બ્રાહ્મણના રૂપમાં રહેલો મૂળદેવ, ઈચ્છા થઈ તે દિશા તરફ ત્યાંથી ચાલતો થયો અને કન્યારૂપ ધારણ કરનાર મનઃસ્વામી પોતાની પ્રિયાની નજદીકમાં રહ્યો.

થોડાક દિવસમાં રાજકન્યાને તે નવી કન્યા સાથે પૂરેપૂરો સખીભાવ બંધાયો ને તેની સાથે સર્વ જાતની ગપસપ મારવા લાગી. એક વખતે તે વિરહવ્યાકુળ થવાથી દુબળી પડી ગઈ હતી ને શય્યા ઉપર શરીરને આમ તેમ ફેરવતી હતી. એવી રીતે તેને વેદના ખમતી જોઈ, રાત્રિને સમયે, એકાંતમાં, તેની પાસેની શય્યા ઉપર સૂતેલા કન્યારૂપ મનઃસ્વામીએ પૂછ્યું,–" અલિ સખિ ! દિવસે દિવસે તારો ચહેરો ફીક્કો કેમ પડતો જાય છે અને તું સૂકાતી કેમ જાય છે? અલિ શશિપ્રભા ! તારી વેદના કહે છે કે, તું કાંતના વિરહદુઃખથી દુબળી થઈ ગઈ છે. મને તારા મનની વાત કહે; કારણ કે સ્નેહી તથા સમાન વયી સખી ઉપર અવિશ્વાસ શો કરવો ? તું જો તારા અંતરની વાત મારી આગળ ખુલ્લી કરીશ નહીં તો હું આજથી અન્નજળનો ત્યાગ કરીશ.'

તે સાંભળી રાજકન્યાએ ઉંડો નિઃશ્વાસ નાંખ્યો ને ધીમેસથી બોલી,–" સખિરિ ! આ સઘળામાં શું હું તારાપર જ અવિશ્વાસ મૂકું ? મારો તારા ઉપર સંપૂર્ણ વિશ્વાસ છે. લે સાંભળ, તને મારા અંતરની વાત જણાવું છું. એક વખતે વસંતઋતુમાં, આપણા નગરના ઉદ્યાનમાં મેળો ભરાયો હતો. તેમાં હું જોવાને ગઈ હતી. ત્યાં એક સુંદર બ્રાહ્મણકુમાર મારા જોવામાં આવ્યો. હિમમાંથી મુક્ત થયલો મનોહર ચન્દ્રમા હોય તેવો શોભાયમાન જોવાથી, કામને ઉદ્દીપન કરનાર, ચારે તરફ મનુષ્યની રમત ગમતથી જે સમયે વન નવપલ્લવ શોભાયમાન જણાય છે એવા સાક્ષાત્ ઋતુરાજ જેવો તે હતો. તે બ્રાહ્મણના મુખચંદ્રનું અમૃતપાન કરવા માટે, મારાં નેત્ર જ્યાં ચકોરનું આચરણ કરી પાછું વળીને તેને જોય છે, તેટલામાં તો મદ ઝરતો અને છૂટી ગયલો, મદમત્ત કાળા મેઘમંડળ સમાન એક સમર્થ [illegible] હાથી, ગર્જના કરતો કરતો તે બગીચામાં દોડી આવ્યો. તેના ભયથી ડરીને મારાં સર્વ પરિજનો નાસી ગયા અને માત્ર હું એકલી જ ત્યાં રહી ગઈ. તે બ્રાહ્મણકુમારે મારી પાસે દોડી આવી મને બે હાથેથી ઉંચકી લીધી, અને દૂરના એક સ્થળે મને સહીસલામત લઈ ગયો. તેના અંગનો મારા અંગમાં જ્યારે સ્પર્શ થયો ત્યારે જાણે 'શું મારે અંગે શ્રીખંડ લાગ્યો છે, કે હું અમૃતમાં સ્નાન કરું છું ?' તેમ કોણ જાણે કેવી દશામાં આવી પડી કેમ. તેનું વર્ણન હું કરી



શકતી નથી. હું પરાધીન થઈ પડી. થોડી વારમાં હાથી નાસી ગયો ને ચારે તરપ શાંતિ પ્રસરી ગઈ. તુરત મારાં દાસ દાસીઓ આવી લાગ્યાં અને મને આ ભવનમાં લઈ આવ્યાં. તે વેળા જાણે કોઇને સ્વર્ગમાંથી પૃથ્વીપર પટકે ને દુઃખ થાય, તેવું મને મોટું દુઃખ થયું. તે દિવસથી આજ સુધી મને જૂદા જૂદા વિચારો, મારા તે પ્રાણ બચાવનારા પ્રિયતમ માટે થયા કરે છે ને તેનો સમાગમ ઈચ્છું છું. જાગૃત દશામાં પણ તેને મારી સોડમાં જ રમતો જોઉં છું અને હું નિદ્રાવશ થાઉં છું ત્યારે સ્વપ્નમાં પણ પ્રિયતમને મધુર વાણી બોલતા અને ચુંબન આલિંગન વિગેરે આપીને લજ્જાત્યાગ કરાવતો જોઉં છું. હું પોતે અભાગણી છું અને અજ્ઞાનમાં મોહિત થયેલી છું, એટલે મને તેનાં નામ ઠામ વગેરે મળતાં નથી. પણ તેં જેમ મને જોઈ તેમ હું, મારા પ્રિયતમ–મારા હૃદયના નાથના વિરહથી, વિકળ ને વિભ્રમ થઇ ગઈ છું. મારા અંતરમાં વિરહાનળ એટલો ભડભડાટ બળે છે કે, મને કંઈ જ સૂજતું નથી."

બ્રાહ્મણબાળાનું રૂપ ધારણ કરનાર મનઃસ્વામીએ જ્યારે પોતાની પ્રિયાનાં મધુર અને પ્રેમમાં લદબદ થયેલાં વચનો સાંભળ્યાં, ત્યારે જાણે તેના કાનમાં અમૃત પડ્યું હોય તેમ તે ઘણો જ આનંદમાં આવી ગયો અને પોતાના આત્માને કૃતાર્થ માની તે જ વખત પ્રકટ થવાને યોગ્ય છે એમ જાણી, પોતાના મુખમાંથી યોગવટી બહાર કાઢી, પોતાનું મૂળ સ્વરૂપ પ્રગટ કર્યું, અને બોલ્યો,–" ચંચળનેણિ ચતુરા ! તેં જેને ઉદ્યાનમાં જોઈ, સ્વભાવથી જ વેચાતો લઈ દાસ બનાવ્યો છે, તે પુરુષ હું પોતે જ છું. મને તારી સાથે એક ક્ષણ જ સમાગમ રહ્યા પછી તું ચાલી ગઈ, ત્યારે વિરહથી મને અતિશય દુઃખ ઉત્પન્ન થયું. તેનું પરિણામ એટલું જ આવ્યું કે, મારે કન્યાનું રૂપ લેવું પડ્યું. તો હે તન્વંગિ ! તેં અને મેં, જે જે વિરહવેદના સહન કરી છે, તેને હવે તું દૂર કર. હવે કામદેવ પણ આપણા વિરહદુઃખને સહન કરતો નથી–એકદમ બન્ને જણાં રતિરંગે રમીએ એવી પ્રેરણા કરે છે. " આ પ્રમાણે મનઃસ્વામીએ કહ્યું, તે સાંભળીને તથા તેના મુખકમળ તરફ વારી જઇને, રાજકન્યા તરત સ્નેહ, આશ્ચર્ય અને લજ્જાવશ થઈ ગઈ. પછી બન્ને જણાંએ પ્રેમાળ હૃદયે ગાંધર્વ લગ્ન કર્યાં અને પછી પ્રેમ-રસનો લહાવો લેવાને માટે કામરતિના રંગ ભોગનો ઓચ્છવ કર્યો. તે દિવસથી, મનઃસ્વામી કૃતકૃત્ય થઇને, દિવસે મુખમાં યોગગુટિકા રાખી કન્યા થઇને રહેતો હતો અને રાત્રે મુખમાંથી યોગગુટિકા કાઢી, પુરુષ થઇને વિલાસ રમતો હતો.

આ પ્રમાણે ઘણા દિવસો વીતી ગયા. એટલામાં યશઃકેતુ રાજાના સાળા મૃગાંકદત્તે, પોતાની પુત્રી મૃગાંકદત્તાને, મહામંત્રી પ્રજ્ઞાસાગરના પુત્રવેરે પરણાવવા માટે વિવાહનો આરંભ કર્યો. તેમાં પોતાની ભાણજી રાજકન્યાને નિમંત્રણ કર્યું. રાજકન્યા પોતાના મામાની કન્યાના વિવાહમાં ગઈ. તે વખતે કન્યારૂપે રહેલા મનઃસ્વામીને અને બીજા પરિજનને પણ પોતાની સાથે લેતી ગઈ.

ત્યાં વિવાહમંડપમાં પ્રજ્ઞાસાગરના કુમાર વરરાજાએ, મનઃસ્વામી કન્યાની અનુપમ મોહક આકૃતિ જોઇ, એટલે કામબાણથી વીંધાઇને તે ઘેલો બની ગયો. આ પ્રમાણે મિથ્યા

કન્યાએ, જેના મનને મોહિત કરેલું છે એવો મંત્રીપુત્ર, પોતાની સ્ત્રી સાથે પોતાને ઘેર ગયો, તો ત્યાં સર્વ સ્થળે તેને શૂન્યકાર ભાસ્યું. તેનું અંતઃકરણ તો મિથ્યા કન્યાએ ચોરી લીધું હતું, તો તે શું દેખે? તે બીજો કંઈ જ વિચાર કરતો ન હતો, પણ મનઃસ્વામી કન્યાના મુખની મોહક છબી, ગોરા ગાલ, દાડમની કળી જેવા દાંત, ત્રાજવાં પાડેલી હડપચી અને શ્યામ નેત્ર તરફ જ નજર કરી રહ્યો હતો. મિથ્યા કન્યાના ધ્યાનમાં તે લેહલૂર ને ચકચૂર થઈ ગયો હતો. મહાસમર્થ પ્રેમભુજંગે તેને દંશ કર્યો હતો. તે અણચિંતવ્યો મૂર્છા ખાઈ પડ્યો. વિવાહમાં ભેગા થયેલા સર્વ લોકો ઉત્સવને પડતો મૂકી આકળાં ગાભરાં બની ગયાં અને તેની પાસે આવીને પૂછવા લાગ્યાં કે,–"ભાઈ! તને શું થયું?" તેનો પિતા પ્રજ્ઞાસાગર પણ ત્યાં સત્વર દોડ્યો આવ્યો. તેણે પાણી છાંટીને અને પવન નાંખીને પુત્રને ઠંડો પાડ્યો. જ્યારે તે મૂર્છામાંથી જાગૃત થયો ત્યારે ગાંડાપેરે બબડતો બબડતો મનોભિપ્રાય સ્પષ્ટ રીતે જણાવવા લાગ્યો. તેનો પિતા, પુત્રને આવો વિકળ વિહ્વળ જોઈ ગભરાઈ ગયો અને તે જે વાત બોલી ગયો તેપર વિચાર કરતાં તેને જણાયું કે, એ વાત બનવી અશક્ય છે. તે વાર્તા રાજાના જાણવામાં આવી, એટલે તે પણ ત્યાં આવ્યો અને જોવા લાગ્યો તો મંત્રીપુત્ર, મનઃસ્વામિની કન્યાનું નામ મુખે રટ્યા કરતો હતો અને કામદેવની સાતમી દશા–મદમત્તાવસ્થાને પ્રાપ્ત થયો હતો.* તે જોઈ રાજાએ પોતાના મંત્રીઓને પૂછ્યું,–"આપણે ઘેર બ્રાહ્મણ જે કન્યા મૂકી ગયો છે, તેની સાથે એનાં લગ્ન શી રીતે કરાય? અને બેશક જો આપણે તેમ કરીશું નહીં, તો મંત્રીપુત્ર તેના વગર મરણ પામશે અને જ્યારે એ મરણ પામશે, ત્યારે તેનો પિતા મહામંત્રી પ્રજ્ઞાસાગર પણ મરણ પામશે અને જ્યારે તેવો ગુણવાન્ અને ન્યાયશાળી મુખ્યમંત્રી મરણ પામ્યો કે પછી રાજ્યનો નાશ થશે. તમે હવે કહો, આપણી શી અવસ્થા? હવે મારે શું કરવું? બોલો, બોલો!"

આ પ્રમાણે રાજાએ સર્વ કાર્યભારીઓને પૂછ્યું, ત્યારે કાર્યભારીઓ બોલ્યા,–"રાજાનો પોતાનો મુખ્ય ધર્મ એ કહ્યો છે કે, પોતાની પ્રજાના સદ્‌ગુણનું રક્ષણ કરવું અને તે રક્ષણ કરવાનું મૂળ, મંત્ર અર્થાત્ રાજ્ય સલાહ છે; અને તે મંત્ર મંત્રીને અધીન છે. જો મંત્રીનો નાશ થયો તો મૂળનો નાશ થયો જાણવો; અને સદ્‌ગુણનો નાશ તે પછી પૂરેપૂરો જ થયો છે. માટે ગમે તેમ પણ સદ્‌ગુણનો નાશ થવા દેવો નહીં. વળી જો આ મંત્રી તથા તેનો પુત્ર બન્ને, બ્રાહ્મણનો નાશ થવા દઈએ તો આપણને પાતિક લાગે છે, એટલા માટે સમીપમાં રહેલો ધર્મનાશ અટકાવવો. તમારે ત્યાં બ્રાહ્મણે જે કન્યા મૂકી છે, તે કન્યા તમે મંત્રીપુત્રને પરણાવો. કાળાંતરે બ્રાહ્મણ આવે ને ગુસ્સે થાય ત્યારે તેને બીજા ઉપાયથી સમજાવી સર્વે ઠીકઠાક કરીશું."

* કામદેવના સપાટામાં જે કોઈ આવે છે તેની "કાવ્યાલંકાર" વાળો રુદ્રાક્ષ ૧૦ દશા આ પ્રમાણે જણાવે છે: ૧ નેણપ્રીતિ'. ૨ ચિત્તાસક્તિ, ૩ લીનતા; ૪ નિદ્રા નહીં આવવી, ૫ સુકાઈ જવું, ૬ વિષયપર અરુચિ, ૭ લજ્જાનાશ, ૮ ઉન્માદ, ૯ જડતા ને ૧૦ મું મરણ. "સાહિત્ય દર્પણ" કાર તેના ૧૦ ભેદ આ પ્રમાણે જણાવે છે: ૧ અભિલાષા, ૨ ચિંતા, ૩ સ્મૃતિ, ૪ ગુણાનુવાદ, ૫ ઉદ્વેગ, ૬ સમ્પ્રલાપ ( બકવું ), ૭ ઉન્માદ, ૮ વ્યાધિ, ૯ જડતા ને ૧૦ મું મરણ.



આ પ્રમાણે કાર્યભારીઓએ કહ્યું, ત્યારે રાજાએ તેઓના કહેવાને સંમત થઈ, મંત્રીના પુત્ર સાથે બ્રાહ્મણકન્યાનાં લગ્ન કરવાનો નિશ્ચય કર્યો. રાજાએ રાજકન્યાના મહેલમાંથી મનઃસ્વામી, જે કન્યા રૂપમાં હતો તેને, પોતાની પાસે તેડાવ્યો. તેણે રાજાની પાસે આવીને કહ્યું: "મહારાજ, એક બીજો માણસ પોતાના પુત્રને પરણાવા માટે જેને લઈ આવ્યો છે, વળી જેને તમારે શરણે મૂકેલી છે એવી મને જો તમે નિર્માણ કરેલા શિવાય અન્યને પરણાવશો તો હું પરણીશ ખરી, કેમકે આપ મહારાજ છો, ન્યાય અન્યાય સારી રીતે જાણો છો! પણ તેમાં એવી સરતે હું પરણું કે, મારો આ પતિ ૭ માસ સૂધી તીર્થયાત્રા કરી આવે નહીં, ત્યાં સૂધી તે મારાપર બળાત્કાર કરે નહીં ને મને એક શય્યામાં સૂવા માટે પણ કહે નહીં. જો તે એ પ્રમાણે કરવા ના પાડશે તો હું મારી જીભ કરડી આત્મહત્યા કરીશ."

આ પ્રમાણે કન્યાનું સ્વરૂપ ધારણ કરનારા તે તરુણ મનઃસ્વામીએ સરત કહી; ત્યારે રાજાએ તે વાત મંત્રીપુત્રને જણાવી, એટલે તેને શાંતિ વળી. તેણે તે સર્વે સરતો સ્વીકારી. પછી મંત્રીપુત્રે મનઃસ્વામી કન્યાના કહેવા પ્રમાણે ઠરાવ કબુલ કરી તેની સાથે લગ્ન કર્યાં. પછી તે પોતાની સ્ત્રી મૃગાંકવતીને અને મનઃસ્વામી રૂપધારી કન્યાને, એકાંત ભવનમાં રાખી, સારી રીતે તેનાપર ચોકી પહેરા મૂકી, મૂર્ખમતિપેરે તે પોતાની પ્રિય કાંતાના પ્રેમની ઈચ્છાથી, તીર્થયાત્રા કરવા માટે નિકળી પડ્યો.

પછી સ્ત્રીના આકારમાં રહેલો મનઃસ્વામી, એકાંતભવનમાં મૃગાંકવતીની સાથે જ ભોજન તથા શયનમાં સરખો ભાગીયો થઈ રહ્યો. જ્યાં મૃગાંકવતી જાય ત્યાં મનઃસ્વામી પણ જતો હતો. એક વખતે રાત્રે, સઘળાં પરિજનો નિદ્રાવશ થઈ ગયાં હતાં અને મૃગાંકવતી તથા મનઃસ્વામી બન્ને જણાં એક પલંગ ઉપર સૂતાં હતાં અને વખત તદ્દન એકાંત હતો, તે વખતે મૃગાંકવતી બોલી,–"પ્રિય સખિ! મને નિદ્રા આવતી નથી, માટે તું કંઈ વાર્તા કહે તો ઠીક."

જ્યારે તરુણાવસ્થામાં રમતા મનઃસ્વામીએ મૃગાંકવતીનું આવું બોલવું સાંભળ્યું ત્યારે તેણે, પૂર્વકાળમાં સૂર્યવંશમાં ઈલા નામનો એક રાજા કેમ જન્મ્યો હતો અને તેને ગૌરીના શાપથી જગતમાત્રને મોહ પમાડે એવું સ્ત્રીપણું કેમ પ્રાપ્ત થયું હતું અને તેને ઈંદ્રના નંદનવનમાં બુધનાં કેમ દર્શન થયાં ને પરસ્પર બન્નેનો કેવી રીતે સમાગમ થયો ને તેમાંથી પુરૂરવા રાજાનો કેમ જન્મ થયો, તે સર્વ કથા સુંદર વાણીએ કહી સંભળાવી અને પછી કળાબાજ મનઃસ્વામી બોલ્યો,–"આવી રીતે જ દેવતાની આજ્ઞાથી અથવા તો મંત્ર કે ઔષધના પ્રતાપથી કોઇ વખત સ્ત્રી પુરુષ થાય છે અને પુરુષ સ્ત્રી થાય છે તથા આ પ્રમાણે મોટા પુરુષોની કાર્યસિદ્ધિને અર્થે સમાગમ પણ થાય છે!"

મૃગાંકવતી મુગ્ધાવસ્થામાં હતી, તેનું યૌવન ખીલતું હતું, તેનો પતિ પરણીને તરત પરદેશમાં ચાલ્યો ગયો હતો અને તેના અંગમાં કામદેવ દેડાદોડી કરી રહ્યો હતો. હંમેશાં સાથે રહેવાને લીધે મનઃસ્વામી સાથે તેનો પૂર્ણ સખિભાવ બંધાયો હતો, તેથી તે તેના ઉપર પૂર્ણ

વિશ્વાસ મૂકીને બોલી,–" અલિ સખિ ! આ કથા સાંભળીને મારાં અંગમાં ચરચરાટ અગ્નિ બળે છે અને આ મારું હૃદય ચૂર્ણ થાય છે. માટે સખિ ! એ શું થાય છે તે મને સમજાવ" સ્ત્રીના રૂપમાં રહેલો મનઃસ્વામી તે સાંભળીને ફરી બોલ્યો: " સખિ ! એ સઘળાં કામદેવનાં નવલ ચિહ્નો જણાય છે. સર્વે કામચિહ્નો મારાં અનુભવેલાં છે, તેથી મને સ્પષ્ટ સમજાય છે ને એ વાત હું તારી આગળ ગુપ્ત રાખતી નથી." આ પ્રમાણે પ્રેમમૂર્ત્તિ મનઃસ્વામીએ કહ્યું, ત્યારે મૃગાંકવતી મૃદુસ્વરે તેને કહેવા લાગી,–" અલિ પ્રિય સખિ ! તું મને પ્રાણ જેવી વહાલી છે અને તને સમયનું પણ જ્ઞાન છે, તો હું તારા આગળ શા માટે મનની વાત કહું નહીં ? હું પુરુષ વગર રહી શકતી નથી તો કોઈ ઉપાયથી આંહી કોઈ પુરુષને લાવી શકાય તેમ હોય તો કેવું સારું થાય વારુ ?" આ પ્રમાણે મૃગાંકવતી બોલી, એટલે મનઃસ્વામી તેના મનના ભેદને સમજી ગયો. તે ધૂર્તરાજનો શિષ્ય હતો, એટલે ધૂર્તવિદ્યા તો તેના પોતાના જ બાપની હતી. તેથી તેણે વિચાર કરીને કહ્યું,–" ભલે, જો તમારો એવો વિચાર હોય તો હું તમને એક ગુપ્ત વાત કહું છું તે સાંભળો. મને વિષ્ણુનું વરદાન છે, તેમની કૃપાના બળથી હું [illegible] ઇચ્છાથી રાત્રે રોજ પુરુષ થઈ શકું છું. માટે આજ હું તમારે માટે પુરુષ થઈ તમારા મનને સંતોષ પમાડીશ !" આમ કહી તેણે તુરત મુખમાંથી યોગગુટિક કાઢી નાંખી, એટલે તે છેલછબીલો છોગળો તરુણ પુરુષ થઈ ઉભો રહ્યો. અન્યોઅન્યને પૂર્ણ વિશ્વાસ હતો, તેથી મૃગાંકવતી પણ ડરી નહીં ને શરમાઈ પણ નહીં, તેમ કોઈ જાતની ત્યાં પરતંત્રતા પણ ન હતી. બન્ને સ્વતંત્ર હતાં, એટલે તે બન્ને પ્રેમમાં તલ્લીન થઈ ગયાં ને સમયોચિત સારી રીતે રતિમહોત્સવ ઉજવવા લાગ્યાં. એ દિવસથી મનઃસ્વામી મગાંકવતીની સાથે દિવસે સ્ત્રીના રૂપમાં રહેતો તથા રાત્રે પુરુષરૂપે રહેતો. આ પ્રમાણે પાંચ મહીના વીતી ગયા. છઠ્ઠો મહિનો પણ અર્ધો વીતવા આવ્યો અને મંત્રીપુત્રને આવવાનો સમય નજીક આવ્યો. એટલે ઘણી સાવધાનતાથી, રાત્રીએ કોઈ જાણે નહીં તેમ, મનઃસ્વામી પોતાની મરજી પ્રમાણે મૃગાંકનું હરણ કરી ચાલ્યો ગયો.

આ સર્વ વાર્તા તેના ગુરુ મૂળદેવના જાણવામાં આવી, એટલે તેણે ફરીથી વૃદ્ધ બ્રાહ્મણનું સ્વરૂપ ધારણ કર્યું ને પોતાના મિત્ર શશીને તરુણ બ્રાહ્મણનું સ્વરૂપ લેવરાવી, તેને સાથે લઈ રાજસભામાં ગયો. ત્યાં જઈ વિનયથી યશઃકેતુ રાજાને કહ્યું,–" મહારાજ ! હું મારા પુત્રને પરદેશમાંથી શોધીને લઈ આવ્યો છું, માટે કૃપા કરી હવે મારી પુત્રવધૂને મારે સ્વાધીન કરો." તે સાંભળી રાજા વિચારમાં પડી ગયો અને બ્રાહ્મણના શાપના ભયથી કંપવા લાગ્યો. તે વિચારવા લાગ્યો કે, આ બ્રાહ્મણને હા પાડવી કે ના પાડવી. જો ના પાડશું તો તે શાપ દેશે–ના તો પડાય તેમ નથી; હા પાડું છું તો તે કન્યાને ક્યાંથી લાવવી ? તે તો બીજાને પરણાવી છે અને હવે તો તે પણ નથી. પછી બહુ વિચાર કરી તે બોલ્યો,–" બ્રહ્મદેવ ! આપની પુત્રવધૂ કોણ જાણે ક્યાં નાશી ગઈ છે તે મને ખબર નથી; માટે મારો અપરાધ ક્ષમા કરો. મેં તમારો અપરાધ કર્યો, માટે હું મારી પુત્રી તમારા પુત્રને પરણાવું છું !"



મૂળદેવ મહારાજ, રાજાનાં એવાં વચન સાંભળી, વૃથા કોપ કરી, રાતા પીળા થઈ ગયા, અને જેમ તેમ બોલવા લાગ્યા. જ્યારે રાજાએ તેને ઘણી વિનવણી કીધી, ત્યારે જ મૂળદેવ મહારાજ શાંત થયા. રાજાએ મૂળદેવના કરી લીધેલા પુત્ર શશીને પોતાની પુત્રી શશિપ્રભા, શાસ્ત્રમાં કહેલા વિધિ પ્રમાણે પરણાવી અને પુષ્કળ ધન પહેરામણીમાં આપ્યું. પછી રાજાએ કહ્યું કે,–' તમે અહીં જ રહો તો સારું:' તોપણ મૂળદેવ, તેના ધનની ઉપેક્ષા કરી, વહુ તથા વરને સાથે લઈ પોતાના સ્થાનમાં ચાલ્યા ગયા.

માર્ગમાં મનઃસ્વામી શશીને મળ્યો, એટલે તકરાર શરુ થઈ. મનઃસ્વામી બોલ્યો કે,–" ગુરુની કૃપાથી આ શશિપ્રભા સાથે મેં પ્રથમથી ગાંધર્વ વિધિએ લગ્ન કર્યાં છે, માટે મારો એ સ્ત્રી ઉપર હક છે; તારું કંઈ લાગે કે વળગે નહીં." તે સાંભળીને શશી બોલ્યો,–" અલ્યા મૂર્ખ ! તું શું ખાંડ ખાય છ ? એ સ્ત્રી તો મારી છે. કારણ કે મને એ કન્યાનું, તેના પિતાએ અગ્નિની સાક્ષીએ કન્યાદાન આપ્યું છે." આવી રીતે માયાના પ્રતાપથી બન્ને જણાઓ રાજકન્યા મેળવીને તે કન્યા માટે વિવાદ કરવા લાગ્યા, પણ તેમાં કોઈ પણ જાતનો નિવેડો આવ્યો નહીં.

" હે રાજા ! હવે તમે એનું ઉત્તર આપો કે, શશિપ્રભા કોની સ્ત્રી ગણાય ? મનઃસ્વામીની સ્ત્રી ગણાય કે શશીની સ્ત્રી ગણાય ? એ મારા સંશયનું છેદન કરો. જો તમે જાણી જોઈને ઉત્તર આપશો નહીં તો તમારા મસ્તકના હજારો કટકા થઈ જશે." આ પ્રમાણે ખાંધની ઉપર બેઠેલા વૈતાળે કહ્યું, તે સાંભળી રાજા ત્રિવિક્રમસેન મૌનવ્રત મૂકીને બોલ્યો,–" હું તો માનું છું કે, રાજકન્યા ન્યાયની રીતે શશીની સ્ત્રી ઠરે છે; કારણ કે રાજાએ શાસ્ત્રના નિયમ પ્રમાણે, અગ્નિની સાક્ષીએ, પોતાની કન્યા શશીને પરણાવી છે. મનઃસ્વામીએ તો ચોર પેરે ગાંધર્વ લગ્ન કીધાં હતાં અને ચોર પારકી વસ્તુ ચોરે છે, તે ઉપરથી તેનું વાજબી રીતે સ્વામીપણું કોઈ દિવસ રહેતું નથી !"

એ પ્રમાણે રાજાનું ઉત્તર સાંભળી, વૈતાળ વળી રાજાની ખાંધ ઉપરથી ઉડીને એકદમ પોતાના સ્થાન પ્રત્યે નાસી ગયો અને રાજા પણ તરત તેની પાછળ ઉતાવળો દોડયો.

# તરંગ ૨૩ મો.

---

## વૈતાળ પંચવિંશી.

### વૈતાળ સોળમો–જીમૂતવાહનની કથા.*

રાજા ત્રિવિક્રમસેન ફરીથી તે મહાસ્મશાનમાં ગયો ને અશોકવૃક્ષ ઉપરથી વૈતાળને ઉતારી પોતાની ખાંધ ઉપર ઉપાડી ત્યાંથી ચાલવા માંડ્યો. રસ્તામાં આવતાં આવતાં વૈતાળે રાજાને વળી કહ્યું; "હે રાજન્ ! માર્ગમાં તમે થાકી ન જાઓ, માટે હું તમને એક અનુપમ કથા કહી સંભળાવું છું તે સાંભળો."

સર્વ રત્નોનો પિતા હિમાચળ નામનો એક પર્વત છે. તે શંકરપ્રિયા ગંગા અને ગૌરીનું ઉત્પત્તિ સ્થાન છે. કુળવંત પર્વતોમાં એ પર્વત મુખ્ય છે. તે ઉપર દેવલોકો આવીને વસ્યા છે. એ પર્વત ત્રણ લોકમાં કુળાભિમાનથી ઉન્નત જોવામાં આવે છે અને તેનો મહિમા જગતમાં ગવાય છે, તે સત્ય છે. તેની ટોચ ઉપર ગમે તેવો વીરલો પણ જઈ શકતો નથી ને તેનાં શિખરો સર્વ પર્વતોમાં ગર્વ ધારણ કરનારાં છે. તેની ટોચો ગગન મંડળ સાથે વાતો કરે છે એવો તે પ્રતાપી છે. તે હિમાચળના એક શિખર ઉપર, નામ પ્રમાણે ગુણ ધારણ કરનારું કાંચનપુર નામનું એક નગર છે. આ નગર જાણે સૂર્યે, તે પર્વત ઉપર પોતાનાં કિરણો મૂક્યાં હોય, તેવું ઝળાંઝળાં કરી રહ્યું છે.

તે અપૂર્વ નગરમાં, જેમ શ્રીમાન્ ઈંદ્રરાજા મેરુ ઉપર રાજ્ય કરે છે, તેમ પૂર્વે જીમૂતકેતુ નામનો એક વિદ્યાધરનો રાજા રાજ્ય કરતો હતો. તે રાજાના રાજભવનની નજીક એક અનુપમ ઉપવન હતું. તેમાં પરાપૂર્વથી એક કલ્પવૃક્ષ ઉગેલું હતું. તે વૃક્ષ પોતાના નામ પ્રમાણે યાચકના મનનો મનોરથ પૂર્ણ કરતું હતું. તેને લીધે દેશવિદેશમાં ઘણું વિખ્યાત હતું. જીમૂતકેતુ રાજાએ તે કલ્પવૃક્ષની પ્રાર્થના કરી. તેના પ્રતાપથી તેને જીમૂતવાહન નામનો એક પ્રતાપી પુત્ર અવતર્યો હતો. તે પુત્ર જ્ઞાનશીળ મહારાજ બોધિસત્વના અંશમાંથી જન્મ્યો હતો. તે દાનવીર, દયાવીર ને શૌર્યવીર હતો, ગુરુસેવામાં પરાયણ વર્તનારો હતો અને તેને જ્ઞાનને લીધે પોતાના પૂર્વજન્મનું સ્મરણ હતું. તે કુમાર વખત વીતતાં બાલ્યાવસ્થામાંથી તરુણાવસ્થામાં આવ્યો. તે પૂર્ણ વિચક્ષણ હોવાથી ને સર્વ સદ્ગુણસંપન્ન હોવાથી, તેમ જ મંત્રીઓને પણ વિચાર આપવા યોગ્ય હોવાથી, તેના પિતાએ તેનો યુવરાજપદપર અભિષેક કીધો.

જ્યારે જીમૂતવાહનને યુવરાજ કીધો, ત્યારે એક વખતે તેનું હિત ઈચ્છનારા, તેના પિતાના મંત્રીઓએ તેની પાસે જઈને કહ્યું;–" યુવરાજ ! તમે યુવરાજપદ ભોગવો છો, તો અમારી

---

* આ કથાનુ બીજું રૂપાંતર, આ ગ્રંથના ૨૨ મા તરંગમાં આવેલું છે; જુઓ પૃષ્ઠ ૧૫૯. બાબુ ડા. રાજેન્દ્રલાલ મિત્ર, 'નેપાળનું બુદ્ધ ધર્મનું સાહિત્ય' એ નામના પોતાના ગ્રંથમાં જણાવે છે કે, ક્ષેમેન્દ્રકૃત "બોધી સત્વાધાન કલ્પલતા"માં પણ આ વાર્તા આવેલી છે.



વિનતિ શ્રવણ કરો. આપણા ઉપવનમાં જે કલ્પવૃક્ષ છે, તે સર્વની મનઃકામના પૂર્ણ કરે છે અને કોઈ પણ પ્રાણી તેનો તિરસ્કાર કરવા ચાહતું નથી એવું તે પ્રતાપી છે. આપે પણ તેની હંમેશાં પૂજા કરવી. આ કલ્પવૃક્ષના પ્રતાપથી ઈંદ્ર પણ આપણું અપમાન કરી શકે તેમ નથી, ત્યારે બીજો કોણ અમારું કે આપનું નામ લઈ શકનાર છે?" જીમૂતવાહન, મંત્રીઓનું તે કહેવું સાંભળી, વિચાર કરવા લાગ્યો;–"અફસોસ ! આવું દૈવી કલ્પવૃક્ષ મેળવીને મારા પૂર્વજોએ તેની પાસેથી એવું કોઈ પણ અનુપમ ફળ મેળવ્યું નહીં કે જે યાવત્ચંદ્રાકાળ યશ અપાવે. રે ! રે ! આવા દેવતરુ પાસેથી કૃપણને માગવા લાયક વસ્તુઓ માંગી છે. તુચ્છ વસ્તુની માંગણી કરવી ત્યારે તો એક આત્મા અને બીજો મહાત્મા, આ બન્નેને હલકી પદવીમાં ઉતારી પાડવા જેવું કેની ! આ કલ્પતરુ પાસે કોઈએ સપત્તિ માંગી, કોઈએ પુત્ર ને કોઈએ સ્ત્રી! આ રીતે જ આ કલ્પવૃક્ષને અયોગ્ય બનાવી દીધું છે. ઠીક, ઠીક, હું તો આ કલ્પતરુની પાસેથી મારા મન ગમતું ફળ મેળવીશ."

એવો વિચાર કરી મહાઉદ્દારચરિત જીમૂતવાહન પોતાના પિતાની પાસે ગયો અને તેમની સારી પેઠે સેવા કરી તેમને પ્રસન્ન કર્યા. એક પ્રસંગે તેના પિતા એકાંતમાં આનંદ કરતા બેઠા હતા, તે વખતે જીમૂતવાહને વિનતિ કરી કે,–" પિતાજી ! તમે જાણો છો કે, આ સંસારસાગરમાં આપણા શરીરથી લઈને સર્વ વસ્તુ, જળના તરંગની પેઠે ચંચળ છે. ખાસ કરીને વિજળી અને લક્ષ્મી તેમ જ અરુણોદય સાધારણ રીતે અલપ ઝલપ પ્રકાશ બતાવીને થોડી વારમાં નાશ પામે છે. તેને કિયા પુરુષે ક્યારે સ્થિર થઈ જોયું છે ? જોત જોતામાં તે ત્રણે વસ્તુ નાશ પામે છે. આ સંસારમાં તો એકલો પરોપકાર જ સ્થિર રહે છે. જે પરોપકારી ધર્મ તથા યશને પ્રવર્તાવે છે, તો તે ધર્મ તથા યશ કોટી યુગપર્યંત સાક્ષી આપવા માટે સ્થિર રહે છે. માટે હે પિતાજી! જાણો તમો કે, આ સર્વ ભોગ એક ક્ષણમાં નષ્ટ થનારા છે, ત્યારે આપણે આ કલ્પવૃક્ષનું વૃથા કોને માટે પાલન કરીએ છીએ. આપણા જે જે પૂર્વજોએ, આ કલ્પતરુ તો 'મારું છે;' 'ના, મારું છે;' એમ દૃઢ આગ્રહ કરીને તેનું રક્ષણ કર્યું હતું, તે આજે ક્યાં છે ? તે કોણ અને આ કોણ ? કોઈ કોઈનું નથી. અભિમાન કરવું કે, 'આ મારું છે' તે કેવળ વૃથા છે. માટે હે પિતાજી ! તમો આજ્ઞા આપો તો સર્વ મનઃકામના પૂરનારા આ કલ્પવૃક્ષને એક પરોપકારરૂપ ફળની સિદ્ધિમાટે નીમું, જેમાંથી આપણું કલ્યાણ થશે ને સર્વની કામના પણ પૂર્ણ થશે. "

આ વચન સાંભળી તેના પિતાએ તેમ કરવાને સંમતિ આપી. એટલે જીમૂતવાહને ઉપવનમાં જઈ તે કલ્પવૃક્ષને કહ્યું;–" ઓ પ્રભુ ! તેં અમારા પૂર્વજોની સર્વ મનઃકામના પૂર્ણ કરી છે, તો હવે મારી પણ આ એક અપૂર્વ મનઃકામના પૂર્ણ કર. આ પૃથ્વીને હું બહુ દરિદ્રી જોઈ શકતો નથી તો તે દરિદ્રી મટીને લક્ષ્મીવાળી થાય તેમ કર. હે દેવવૃક્ષ! તારું કલ્યાણ થાઓ અને આજથી હું તને ધનની ઈચ્છા રાખનારા મનુષ્યોને અર્પણ કરી દઉંછું! " આ પ્રમાણે હાથ જોડીને જીમૂતવાહને કહ્યું, એટલે કલ્પવૃક્ષને વાચા થઈ કે;–" જ્યારે તું મને રજા આપે છે તો આ હું ચાલ્યું. " આ પ્રમાણે કહી એક ક્ષણમાં કલ્પવૃક્ષ અસંખ્ય ધન ધરણી ઉપર વરસાવીને આકાશમાં ઉડી

સ્વર્ગમાં ચાલ્યું ગયું. પૃથ્વી ઉપર એટલો તો ધનનો વર્ષાદ થયો કે કોઈ પણ મનુષ્ય દરિદ્રી રહ્યું નહીં. જ્યાં જોઇએ ત્યાં ધનસંપત્તિની રેલછેલ જોવામાં આવી. આ પ્રમાણે મનુષ્યો ઉપર અતિ મોટી કરુણા કરવાથી જીમૂતવાહનની ત્રણ લોકમાં વાહવાહ થઈ રહી.

પણ એથી તેના ભાયાતો માત્સર્યને લીધે જગતમાં ફેલાતી તેની કીર્તિ સહન કરી શક્યા નહીં. તેઓ સર્વે એકઠા મળીને વિચાર કરવા લાગ્યા કે, જીમૂતવાહને પોતાનું કલ્પવૃક્ષ, લોકોની પીડા મટાડવા માટે સર્વ લોકોને અર્પણ કરી દીધું છે ને હવે તે કલ્પવૃક્ષ વગરનો થયો છે, માટે હવે તે અને તેનો પિતા બન્ને જણા સહજમાં જિતી શકાશે!' આમ ધારી તેઓએ યુદ્ધ માટે તૈયારી કરી અને જીમૂતકેતુનું રાજ્ય લેવાની ઇચ્છાથી લઢવા માટે તૈયાર બની ગયા. જીમૂતવાહનના જાણવામાં તે વાર્તા આવી ત્યારે તેણે પોતાના પિતાને કહ્યું;–"પિતાજી! આપ જ્યારે શસ્ત્ર લેશો, ત્યારે બીજો કોણ તમારી સામો ટકી શકે તેમ છે? પરંતુ આ પાપી ને નાશવંત શરીરને માટે આપણા કુટુંબીઓને મારીને આપણે રાજ્યની ઇચ્છા કરીએ, એ એક કૃપણતા અને કુળદ્રોહ જ ગણાય! આપણે એકલા રહી રાજ્યને શું કરવું છે? ચાલો, આપણે બન્ને જણા કોઇ બીજી જગ્યામાં જઇને આ લોક તથા પરલોકના સુખ માટે ધર્માચરણ જ કરીએ. ભલે આપણા ભાયાતો રાજ લેવા માટે લોભીઆ થઇ રહ્યા છે તે રાજ્ય લઇને ખુશી થાય!" આ પ્રમાણે જીમૂતવાહને કહ્યું, ત્યારે જીમૂતકેતુ બોલ્યો;–"બેટા! હું તો તારે માટે રાજ્ય મેળવવાની ખટપટ કરુંછું, પણ જ્યારે તું જ પોતે ભાયાતો ઉપર દયા આણી રાજ્ય છોડી દે છે, ત્યારે મારા જેવા વૃદ્ધને હવે રાજ્ય સાચવીને શું કરવું છે? ચાલ, હું પણ વનમાં આવવા તૈયાર છું." આ પ્રમાણે પિતા તરફથી આજ્ઞા થઈ કે, જીમૂતવાહન પોતાનું રાજ્ય ત્યજી, માતા તથા પિતાને સાથે લઇ મલયાચળ પર્વત ઉપર ચાલ્યો ગયો. ત્યાં ચંદન વૃક્ષથી ઢંકાઈ ગયેલા ઝરઝર ઝરતાં ઝરણાંની નજીકની એક ગુફામાં, પોતાનો આશ્રમ સ્થાપ્યો ને માતા પિતાની સેવા કરવાની ઇચ્છાથી ત્યાં જ રહ્યો. એ પર્વત ઉપર વિશ્વાવસુ નામના એક મહાસિદ્ધ પુરુષ રહેતા હતા, તેના પુત્ર મિત્રાવસુની સાથે જીમૂતવાહનને મિત્રતા થઈ.

એક વખતે જીમૂતવાહન ફરતો ફરતો ઉપવનમાં, દેવી પાર્વતીનાં દર્શન કરવા માટે તેના મંદિરમાં ગયો. તે મંદિરમાં તેણે એક દિવ્ય કન્યાને દીઠી. આ કન્યા વીણા વગાડીને પોતાની સખીઓની સાથે પર્વતરાજની પુત્રીનું* આરાધન કરવામાં તત્પર જણાતી હતી. મૃગો તેનાં નેત્રની લાવણ્યતા જોવાથી જાણે લજ્જા પામ્યાં હોય તેમ સ્થિર થઇને તે કન્યાના સંગીતને સાંભળતાં હતાં; કર્ણના મૂળને જોતી, તારણ કરનારા શ્રીકૃષ્ણને ધારણ કરનારા સુંદર નેત્રસમાન અર્જુનથી જેમ પાંડવની સેના શોભતી હોય, તેમ શ્યામ કીકીવાળા સફેદ રંગના નેત્ર સુધીના છેડાવાળાં નેત્રથી તે શોભાયમાન દેખાતી હતી. જાણે એક બીજાં એકબીજાં સાથે અથડાઈ પડીને તેનાં મુખચંદ્રને જોવા માટે ઇચ્છતાં હોય તેમ, અને દર્શન કરવાને આતુર થયાં હોય તેમ તેનાં સ્તન ઉંચાં મુખ કરી રહ્યાં હતાં; બ્રહ્માએ જ્યારે તેને ઘડી, ત્યારે મુઠી મુઠીવતી તેના મધ્યભાગને દબાવીને કૃશ કરી

* દેવી પાર્વતી અથવા દુર્ગા.



નાંખ્યો હતો; અને તેમ દબાવવાથી તેના મધ્યભાગમાં જે આંગળાં પડ્યાં હતાં, તે ત્રિવલ્લીરૂપે મોહાકર્ષણ કરી રહ્યાં હતાં; અર્થાત્ તેની કટિ ઘણી જ પાતળી હતી અને તે ઉપર ત્રિવલ્લીના આંટા ઘણા જ મોહક જણાતા હતા.

જીમૂતવાહને જેવી તે સુંદરીને જોઈ, તેવી જ તે સ્રીના રૂપે તેની દૃષ્ટિદ્વારા તેના હૃદયમાં પેસી જઈ તેના મનને મોહિત કરી નાંખ્યું. પેલી કન્યા પણ વનને શોભા આપનાર, ઉત્કંઠારૂપ વિકારને ઉપજાવનાર મધુમાસ–ઋતુરાજ, જાણે પોતાનો મિત્ર કામદેવ બળી જવાથી વનમાં આવીને વસ્યો હોય તેવા જીમુતવાહનને જોઈ, તેના ઉપર પ્રેમ થવાથી, પરાધીન થઇને વિહ્વળ બની ગઈ. તેની વીણા, સખીની માફક વ્યાકુળ આલાપ કરવા લાગી. તેનો કંઠ ખોખરો બની ગયો, તેની દેહદશા ભ્રમિત સમાન દેખાવા લાગી. પછી જીમૂતવાહને તેની સખીને પૂછ્યું;–"તારી સખીનું ભાગ્યશાળી નામ શું છે અને તે કીયા વંશને દીપાવે છે?" તે સાંભળી તેની સખી બોલી;–"મારી સખીનું નામ મલયવતી છે, અને તે સિદ્ધરાજ વિશ્વાવસુની પુત્રી થાય છે અને મિત્રાવસુની ભગિની થાય છે." આ પ્રમાણે ચતુર સખીએ જીમૂતવાહનને કહી, જીમૂતવાહનનું નામ તથા તેનો વંશ, તેની સાથે આવેલા મુનિકુમારને પૂછી લીધાં. પછી મંદમંદ હસતાં, તે સખી સંક્ષેપમાં પોતાની ભર્તૃદારિકા મલયવતીને કહેવા લાગી;–"ધન્ય ઘડી ધન્ય દહાડો, સમગ્ર જગતને માન આપવા યોગ્ય પ્રાહુણો આજ આપણે ત્યાં પધારેલો છે. પણ અલિ સખિરી! તું આ વિદ્યાધરના રાજાનું આતિથ્ય કેમ કરતી નથી?" સખીના એ પ્રમાણે કહેવા છતાં પણ તે સિદ્ધકન્યા લજ્જાથી મુખ નીચું કરીને અબોલ રહી. પણ તે સખીએ જીમૂતવાહનને કહ્યું;–"આ કન્યા તમારાથી શરમાય છે, માટે મને તમારું અતિથિપૂજન કરવાની રજા આપો." પછી તે સખીએ જીમૂતવાહનની રજાથી તેનાં ચરણનું પ્રક્ષાલન કીધું અને તેના કંઠમાં પુષ્પની માળા પહેરાવી. જીમૂતવાહને પ્રેમ કરવામાં નિર્ભય થઈ, પોતાના કંઠમાંની માળા કાઢીને મલયવતીના કંઠમાં પહેરાવી દીધી. મલયવતીએ પણ તુરત જ તે શ્યામ કમળની માળા જેવી પોતાની શ્યામ દૃષ્ટિ જીમૂતવાહન ઉપર ફેંકી, તેના પ્રેમનું પ્રતિઉત્તર આપ્યું.

આ પ્રમાણે તે બન્ને જણાંએ એક પણ શબ્દ બોલ્યા ચાલ્યા વગર સ્વયંવર વિધિ કરી લીધી. એવામાં એક ચેટીએ આવીને મલયવતીને કહ્યું: "રાજકન્યા! આપને આપની માતા બોલાવે છે, માટે સત્વર પધારો!" તે સાંભળી મલયવતી, કામનાં બાણમાં જડાઇ ગઈ હોય તેમ, જીમૂતવાહન ઉપર દૃઢ બેઠેલી પ્રેમાતુર દૃષ્ટિને, મહાકઠાવતીએ પાછી ખેંચતી ખેંચતી પોતાના ઘર તરફ વળી અને જીમૂતવાહન પણ તેનું મનન કરતો કરતો પોતાના આશ્રમ પ્રત્યે આવ્યો.

મલયવતી પોતાની માતાનાં દર્શન કરી, પ્રાણેશના વિરહને લીધે વિભ્રાંત થઇને સત્વર શય્યા ઉપર સૂઇ ગઇ. તેના અંતઃકરણમાં કામરૂપ અનળનો ધૂમાડો નિકળતો હતો, તેથી તેનાં નેત્ર આકુળવ્યાકુળ થઇ ગયાં હતાં અને તેથી નેત્રમાંથી અશ્રુધારા વહેતી હતી. તેનું અંગ સંતાપથી ધિકવા લાગ્યું. સખીઓએ ઠંડક કરવાને મલયવતીના અંગપર ચંદનનો લેપ

કીધા, કમળના પાત્રાના પંખાવતી પવન નાંખવા માંડ્યો, તેને પોતાના ખોળામાં સુવાડી, જમીન ઉપર સુવાડી, વગેરે અનેક ઉપાયો કીધા. આમ કરવા છતાં મલવતીને કોઈપણ રીતે શાંતિ વળી નહીં. દિવસ, સંધ્યાકાળને બોલાવી પોતે કોણ જાણે કયાં ગુમ થઈ ગયો; અને ચન્દ્રમા પૂર્વદિગંગનાના* મુખનું ચુંબન કરતો પ્રકાશવા માંડયો. પછી તેના અંગમાં કામદેવ ધૂમવા લાગ્યો, તોપણ તે લજ્જાને લીધે દૂતીપ્રેષણ વગેરે કંઈપણ કરી શકી નહીં અને જીવવાની આશા છોડી બેઠી. મોહરૂપી ભ્રમરગણ જેમાં કેદ થયેલા છે એવા હૃદયને સંકોચીને, કમલિનીની માફક, ચન્દ્રમાવાળી દુઃખ આપનારી રાત્રિ, જેમ તેમ કરતાં તેણે ગાળી નાંખી.

એ અરસામાં જીમૂતવાહનની દશા કેવી હતી ? તે મલયવતીની મનમોહક છબી નિરખી તેના વિયોગથી કામ ઘેલો બની ગયો હતો. કામદેવના સપાટામાં સપડાઈ જવાથી તેના મનમાં નવા નવા રાગ ઉભરાવા લાગ્યા. તેના મુખની કાંતિ પીળી પડી ગઇ, તોપણ તે શરમને લીધે એકપણ શબ્દ બોલી શક્યો નહીં; તથાપિ દુઃખ જે કારણથી તેને થતું હતું, તે સ્પષ્ટ જણાતું હતું. આં પ્રમાણે જીમૂતવાહને રાત્રિ ગાળી. પ્રભાત થયું કે તે અતિ ઉત્કંઠાથી, વળી જે ગૌરીના મંદિરમાં પોતે તે સિદ્ધકન્યાને મળ્યો હતો તે દેવાલયમાં, પ્રથમના મુનિકુમારને સાથે લઇને ગયો. કામાનળના તાપની વિહ્વળતાને શાંત કરતો જ્યાં તે બેસે છે તેવામાં પેલી સિદ્ધકુમારીકા મલયવતી પણ, વિરહન સહન થવાથી, શાંતિ મેળવવા ગૂપચૂપ, તે નિર્જનવનમાં આવી, આસપાસ નજર કરી પોતાના પ્રિતમને શોધવા લાગી. પણ તે એક વૃક્ષ આડો બેઠો હતો તેથી તેણે દીઠો નહીં; એટલે તે મુગ્ધાની આંખમાં અશ્રુ ભરાઈ આવ્યાં. પછી તે કુમારી પાર્વતીની પ્રાર્થના કરવા લાગી: “હે દેવિ ! તમારી ભક્તિ થકી જીમૂતવાહન મારા પ્રાણાધાર થયા છે. તે જો આ જન્મમાં મારી સાથે લગ્ન કરે નહીં, તો બીજા ભવમાં તે મારા પ્રાણાધાર થાઓ, એવી મારી મનોભાવના તમારી સેવા પૂજાથી પાર પડો !” આ પ્રમાણે કહી મલયવતી તે જ વખતે પાર્વતીની સન્મુખ આવેલા અશોક-વૃક્ષની ડાળી ઉપર, પોતાનું ઉત્તરીય વસ્ત્ર નાંખી તેની ફાંસી બાંધી, બે હાથ જોડી, આકાશ તરફ દૃષ્ટિ કરીને નીચે પ્રમાણે પોતાના પ્રાણાધારની છેલ્લી પ્રાર્થના કરવા લાગી: “હાય ! જીમૂતવાહન ! તમે દયાના ઉજ્જવળ પ્રતાપથી જગતમાં વિખ્યાતિ મેળવી છે, છતાં તમે મારું રક્ષણ કેમ કરતા નથી ? તમારો દયા ધર્મ હમણાં કયાં ગયો ?” આમ કહી ઝાડની ડાળીપર લટકતી ફાંસીમાં જ્યાં તે પોતાનું ગૌર ગળું મૂકવા જાય છે ત્યાં તો આકાશવાણી થઈ: “દીકરી ! તું સાહસ કર્મ કર મા, કેમકે વિદ્યાધરનો રાજા જીમૂતવાહન, જે ભવિષ્યમાં પૃથ્વીનો એક ચક્રવર્તી રાજા થવાનો છે તેને તારો પતિ વિધાતાએ નિર્માણ કીધો છે.” આ પ્રમાણે આકાશવાણી થઈ તે, ઝાડની સુઘડ ઘટામાં બેઠેલા જીમૂતવાહને અને તેની સાથે રહેલા મુનિકુમારે સ્પષ્ટ રીતે સાંભળી; એટલે તે બન્ને બહુ પ્રસન્ન થયા. પછી તુરત જીમૂતવાહન મુનિકુમારને લઈ પોતાની પ્રાણપ્યારીની પાસે આવ્યો. ત્યાં જઈ તેના મિત્ર મુનિકુમારે, મલયવતીને કહ્યું: “જુઓ, દેવીએ તમને જે વરદાન આપ્યું હતું, તે વરદાન આજ ખરું પડયું છે. જરા આમ નજર તો કરો ! જૂઓ

* પૂર્વદિશારૂપી અંગના–સ્ત્રી.



તો ખરાં કે આ કોણ છે !” એટલે મલયવતીએ તેના તરફ નજર કરી. પછી જીમૂતવાહને મધુર મધુર વચનોથી મલયવતીને રંજન કરી, પોતાને હાથે તેના કંઠમાંની ફાંસીને સત્વર કાઢી નાંખી. આ વખતે બન્ને જણાં અમૃતનો વરસાદ વરસ્યો હોય અને આનંદ થાય તેમ આનંદમાં ગરક થઈ ગયાં. મલયવતી પ્રથમ મેલાપને લીધે લજ્જાથી જમીન તરફ નજર કરી ભોંય ખોતરવા લાગી. એવામાં મલયવતીની દાસી પોતાની ભર્તૃદારિકાને શોધતી શોધતી ત્યાં આવી ચઢી; અને પોતાની સખીને જોઈ એટલે તેણે કહ્યું: “કલ્યાણિ ! તને મન માનતું સુખ મળ્યું છે, તો હવે સુખી થજે. આજે જ મિત્રાવાસુ કુમારે, મારી સમક્ષમાં તારા પિતાને વિનતિ કરી કે, ‘પિતાજી ! જગતને માન્ય તથા મનુષ્યોના દુઃખનું નિવારણ કરવામાટે કલ્પતરુનું દાન કરનારા વિદ્યાધર રાજના કુમાર, જીમૂતવાહન આપણે ઘેર આવ્યા છે. તે આપણા અતિથિ થયા છે, તો આપણે તેની પૂજા કરવી જોઇએ. વળી આ જગતમાં તેના જેવો કોઇ બીજો પુરુષ નથી, માટે હું ધારું છું કે, આપણે મલયવતીનાં તેની સાથે લગ્ન કરી તેને માન આપીએ તો ઠીક !’ રાજાજીએ તેનું વચન માન્ય કર્યું છે. તે પછી તારો વિવાહ કરવા માટે મિત્રા-વસુ કુમાર, આ મહાભાગના આશ્રમમાં ગયા છે. તારો વિવાહ હમણાં થવાનો છે, એ હું જાણું છું; માટે તું હવે આપણે ઘેર ચાલ અને આ મહારાજ જીમૂતવાહન પોતાના આશ્રમમા પધારે તો ઠીક.” આ પ્રમાણે સખીએ, રાજપુત્રીને કહ્યું; એટલે તે આનદ પામી, સ્મિત-હાસ્ય કરતાં મોઢું ફેરવી, જીમૂતવાહનના મુખ તરફ નજર કરતી, આનંદ ને દિલગીરી ઉભયનો એકે સામટો અનુભવ કરતી ધીરે ધીરે પોતાના ઘર તરફ ચાલી ગઇ.

જીમૂતવાહન પણ તુરત પોતાના આશ્રમમાં ગયો. ત્યાં આવેલા મિત્રાવસુને મળી, તેના કુશલ સમાચાર પૂછી તેની પાસેથી પોતાનું ઇચ્છિત કાર્ય જાણી, તેણે તેનો સારી રીતે આદરસત્કાર કર્યો. તેને પોતાનો પૂર્વજન્મ યાદ હતો, તે મિત્રને કહ્યો, જે પૂર્વજન્મમાં પણ તે પોતાનો મિત્ર હતો અને તેની બહેન તેની સ્ત્રી પણ હતી, તે સર્વ વાત જણાવી. આ વાત સાંભળી મિત્રાવસુ વિશેષ ખુશી થયો અને જીમૂતવાહનનાં માતાપિતાને જણાવ્યું કે, તમારા પુત્ર વેરે મારી બહેનનું સગપણ કર્યું છે, તે સાંભળી તે બન્ને જણાં પણ અત્યંત પ્રસન્ન થયાં. આ પ્રમાણે મિત્રાવસુ પોતાનું કાર્ય સિદ્ધ કરી ઘેર ગયો ને સર્વ વૃત્તાંત જણાવી પોતાનાં માતા પિતાને આનંદ આપ્યો. પછી તે જ દિવસે મિત્રાવસુ જીમૂતવાહનને પોતાને ઘેર તેડી ગયો અને પોતાની સિદ્ધિને છાજતી સર્વ સામગ્રી તૈયાર કરાવી અને વિવાહોત્સવનો આરંભ કરી તે જ શુભ દિવસે વિદ્યાધરના કુમાર સાથે, પોતાની બહેનનાં લગ્ન કર્યાં. વિવાહમાં મોટી ધામ-ધૂમ થઇ રહી હતી. લગ્ન થયા પછી જીમૂતવાહને નવી મુગ્ધા મલયવતીની સાથે રહી પોતાના સર્વ મનોરથ સિદ્ધ કર્યાં.

હવે એક વખતે જીમૂતવાહન મિત્રાવસુની સાથે મલયાચળ પર્વત ઉપર ફરતાં ફરતાં, ચમત્કાર જોવાની ઇચ્છા થવાથી, સમુદ્ર કિનારા ઉપર આવેલા એક વનમાં જઈ પહોંચ્યો.

ત્યાં વનમાં મોટા મોટા હાડકાના ઢગલાઓ તેણે જોયા; એટલે જીમૂતવાહને મિત્રાવસુને પૂછ્યું: "ભાઈ મિત્રાવસુ! આ કયા પ્રાણીઓનાં હાડકાં પડ્યાં છે વારુ?" ત્યારે મિત્રાવસુએ પોતાના દયાવીર બનેવીને કહ્યું:

"આ હાડકાંની બાબતમાં હું તમને ટુંકમાં એક વાત કહુંછું તે તમે સાંભળો. પૂર્વે નાગની માતા કદ્રુએ, ગરુડની માતા વિનતા સાથે વાદ કરીને ઠરાવ કર્યો હતો કે, જે હારે તેણે જિતનારનું દાસત્વ કબૂલ કરવું. આ ઠરાવમાં નાગની માતાએ, ગરુડની માતાને કપટથી હરાવી, પોતાની દાસી કરી હતી. પછી બળવંત ગરુડે, પોતાની માતાને દાસીપણામાંથી મુક્ત કરી, છતાં પણ વૈરભાવને લીધે કદ્રુના પુત્ર નાગોને ખાવાનો આરંભ કર્યો. ગરુડ હમેશાં પાતાળમાં જતો હતો અને ત્યાં જઈ કેટલાએક નાગના ટુકડે ટુકડા કરી નાંખતો, કેટલાકને પગથી છુંદી નાંખતો અને કેટલાએક તો ગરુડના કાળા કેરથી ભય પામીને આપોઆપ જ મરણ પામતા હતા. આ સઘળું નાગના રાજા વાસુકીએ જોયું, એટલે તેના મનમાં ભય વ્યાપ્યો કે, આમ થશે તો તો સઘળા નાગોનો એકદમ નાશ થશે. તેથી તેણે ગરુડની પ્રાર્થના કરી કહ્યું કે, "મહારાજ! હું તમારી સાથે એક સરત કરવાની ઇચ્છા રાખુ છું; અને તે એવી રીતે કે, હું તમારા ભોજન સારુ દક્ષિણ સાગરના કિનારા ઉપર દરરોજ એક એક નાગને મોકલીશ. પરંતુ તમારે આ પાતાળમાં કોઇ પણ દિવસ, કોઈ રીતે આવવું નહીં. મને આશા છે કે, તમે આ સરત કબૂલ રાખશો; કારણ કે સઘળા નાગનો એકદમ નાશ થવાથી તમને શો લાભ થશે વારુ?" આ પ્રમાણે વાસુકીએ જણાવ્યું. એટલે મહા સમર્થ ગરુડે, પોતાના સ્વાર્થ તરફ નજર કરીને કહ્યું: "ઠીક, મારે એ સરત કબૂલ છે." તે દિવસથી વાસુકીનાગ દરરોજ એક એક નાગને અહીં મોકલે છે ને ગરુડ તેનું ભોજન કરે છે. જે નાગને ગરુડ ખાય છે, તે હાડકાંઓ કાળે કરીને મોટામોટા પર્વતના શિખર જેવડાં ઉંચાં થઈ ગયાં છે."

જીમૂતવાહને, મિત્રાવસુને મોઢેથી આ વાત સાંભળી ત્યારે, તે દયાવીર ને શૌર્યવીર, સમર્થ પુરુષ, અફસોસ કરવા લાગ્યો ને બોલ્યો: "મને રાજા વાસુકીમાટે મહા ધિક્કાર છૂટે છે કે તે રાજાએ નપુંસક પેરે પોતાને હાથે દરરોજ પોતાની પ્રજાને શત્રુના હાથમાં સોંપવાની સરત કરી છે. તેને હજાર મુખ છે, છતાં તે એક મુખથી પણ ગરુડને શા માટે કહી શક્યો નહીં કે, 'ગરુડ! પ્રથમ તું મને ખા અને પછી બીજાને ખાજે; નિરંતર નાગ કન્યાઓનાં કરુણાજનક રુદનને સાંભળવામાં નિર્દય એવા વાસુકિએ, નિર્બળ ને નપુંસક બનીને શા માટે પોતાના કુળનો સંહાર કરનાર ગરુડની એ રીતે પ્રાર્થના કરી નહીં? તેને આવી સરત કરતાં શું શરમ આવી નહીં? મને અફસોસ થાય છે કે, ગરુડ કશ્યપનો દીકરો છે, શૂરવીર છે અને કૃષ્ણનું વાહન છે ને તે પવિત્ર છે, છતાં આવું પાપ કરે છે! હાય હાય! એ કેટલી બધી મૂર્ખતા!" આ પ્રમાણે ઉદારચિત્ત જીમૂતવાહન બોલી રહ્યા પછી, તે મન સાથે નક્કી વિચાર કરી પુનઃ બોલ્યો: "આ નાશવંત દેહવડે આ અસાર સંસારમાં હું સારવાળી વસ્તુ કેમ નહીં મેળવું? હું એવો ભાગ્યવંત ક્યાંથી નીવડું કે ગરુડને મારી નાશવંત કાયા આજ અર્પણ કરીને, જેના સગાંકુટુંબ સંતાપ કરે છે અને પોતે ભયભીત થયેલો છે એવા એક નાગના પ્રાણને બચાવું?



જ્યારે આ પ્રમાણે જીમૂતવાહન પોતાના મનમાં મનોરથ કરતો હતો, તેવામાં મિત્રાવસુના પિતાની પાસેથી એક પ્રતિહાર, મિત્રાવસુને બોલાવવા માટે આવ્યો. જીમૂતવાહને કહ્યું, "મિત્ર! તું ઘેર જા, હું તારી પાછળ હમણાં આવુંછું." આમ કહી મિત્રાવસુને ઘેર વિદાય કર્યો. મિત્રાવસુના ગયા પછી. દયાવીર જીમૂતવાહન, પોતાનું ઇચ્છિત કાર્ય કરવામાં તત્પર થઇને આનંદથી ચોમેર ફરવા લાગ્યો. તેવામાં તેના કાનપર ઘણે દૂરથી દયાજનક ધ્વનિ પડ્યો. તે ધ્વનિને આધારે તે તે તરફ ગયો. ત્યાં એક પથ્થરની શિલાની સમીપમાં એક તરુણ પુરુષને ઉભેલો દીઠો. તે શરીરે રૂપાળો હતો અને દુ:ખી જણાતો હતો. તેને કોઈ મહિપતિના સીપાઇ સરખા એક પુરુષે તહીં મૂક્યો હતો; તેની પોતાની નજીક, એક વૃદ્ધ સ્ત્રી, રડતી રડતી ઉભી હતી, અને તે પુરુષ તેને વિનયપૂર્વક પાછા જવા માટે કહેતો હતો.

જીમૂતવાહને ગુપ્ત રીતે જ્યારે તેની કરુણાજનક વાણી સાંભળી ત્યારે તેના અંગમાં રુવે રુવે દયા વ્યાપી ગઈ. તે કોણ છે અને એ વૃદ્ધ સ્ત્રી પણ કોણ છે, તે જાણવાની ઇચ્છાથી ગુપ્ત રીતે ત્યાં ઉભા રહી, બન્નેનું સંભાષણ તે સાંભળવા લાગ્યો. તે વૃદ્ધ ડોસી અતિશય દુ:ખને લીધે પીડાતી હતી ને તે તરુણ પુરુષનું મુખડું વારંવાર નિહાળી રડતી હતી. તે બોલી! "પુત્ર શંખચૂડ! મેં તને હજારો વેદના વેઠીને જન્મ આપ્યો છે. અરે ઓ ગુણવંત! ઓ સુપુત્ર! તું જ એક મારા કુળમાં દીવો છે, તેને હવે હું ફરી ક્યાં જોઈશ? પ્રાણપ્રિય પુત્ર! તારા મરણ પછી તારો મુખચંદ્ર અસ્ત થશે, એટલે તારા પિતા શોકના અંધારા સાગરમાં ડૂબી જશે. હાય હાય! તે પોતાની વૃદ્ધાવસ્થા કેમ ગાળશે? બાપુ! તારું કોમળ શરીર, સૂર્યના તડકામાં પણ કરમાઈ જાય તેવું છે તે ગરુડની ભયંકર ને તિક્ષ્ણી ડાઢનો પ્રહાર કેમ સહન કરી શકશે? નાગલોક તો ઘણો વિસ્તારવાળો છે, છતાં નાગરાજ વાસુકીએ અને દૈવે, મને અભાગણીને શોધીને મારા એકના એક જ દીકરાને ક્યાંથી ચૂંટી કાઢ્યો હશે? અરરર! હું મારું દુ:ખ કોની આગળ રડું? ઓ પ્રભુ! આ દુ:ખ જોઇ શકાતું નથી!" જ્યારે આ પ્રમાણે તે વિલાપ કરતી હતી ત્યારે તેને તેનો તરુણ પુત્ર સમજાવવા લાગ્યો: "મા! હવે બસ કર! તારો આ વિલાપ હવે હું સહન કરી શકતો નથી! તું ઘેર જા. હું તને છેલ્લા પ્રણામ કરું છું. હું ધારું છું કે, હવે ગરુડને આવવાનો સમય થયો છે!" જ્યારે તે વૃદ્ધ સ્ત્રીએ આવાં વચન સાંભળ્યાં ત્યારે તેનાં શોકવર્ણાં નેત્રો, ચારે દિશા તરફ ફરી વળ્યાં ને તે મોટેથી બૂમ પાડી ઉઠી! "હાય હાય! મારું સત્યાનાશ ગયું; મારા પુત્રને હવે કોણ ઉગારશે?"

આ અરસામાં જીમૂતવાહન, જે બોધિસત્વાંશ હતો તે, આ સર્વ વિલાપ સાંભળીને અને દુ:ખદાયક બનાવ નજરો નજર જોઇને, દયામાં ગરક થઈ ગયો. તે મનમાં વિચાર કરવા લાગ્યો: "મને લાગે છે કે આ કોઈ દુ:ખી નાગ છે. અફસોસ છે કે વાસુકીનાગે, શંખચૂડ નામના તપસ્વી નાગને, આજ ગરુડના ભોજન માટે મોકલ્યો છે. આ વૃદ્ધ સ્ત્રી તેની માતા છે અને સ્નેહને લીધે અહીં સૂધી તેની પાછળ આવી છે. તેનો આ એકનો એક જ પુત્ર જણાય છે. તે બીચારી વૃદ્ધ સ્ત્રી, પોતાના દુ:ખને લીધે, દયા આવે તેમ વિલાપ કરે છે; તે બાપડીને સુખી

કરવા માટે હું જો આ મારા નાશવંત દેહથી એક દુ:ખી નાગને છોડાવું નહીં તો બેશક મારો જન્મારો અફળ ગયો સમજીશ; અરે મને ધિક્કાર છે !" આવો વિચાર કરી જીમૂતવાહન હર્ષથી દોડતો દોડતો તે વૃદ્ધ સ્ત્રીની સમીપમાં ગયો ને બોલ્યો: "માજી! ડરો નહીં. હું તમારા પુત્રને ઉગારું છું." જ્યારે તે વૃદ્ધ સ્ત્રીએ તેનો અવાજ સાંભળ્યો ત્યારે તે બીહીકથી ગભરાઈ ગઈ કે, 'આ ગરુડ આવ્યો ને તેથી જીમૂતવાહનને ગરુડ સમજી બોલી: "ખા મને, ઓ ગરુડ ! ખા મને. પણ મારા પુત્રને નહીં ખા." ત્યારે શંખચુડ બોલ્યો: "માજી ! તમે ડરો નહીં. એ ગરુડ નથી, પણ કોઈ મહા પુરુષ છે ! ચંદ્રમાની પેઠે આનંદકારી આ પુરુષ ક્યાં અને ભયંકર ગરુડ ક્યાં ?" જ્યારે શંખચૂડે આ પ્રમાણે કહ્યું ત્યારે તેની માતાને ધીરજ આવી. પછી જીમૂતવાહન બોલ્યો: "માજી ! હું વિદ્યાધર છું અને તમારા પુત્રને ઉગારવા માટે આવ્યો છું. તમે તમારા પુત્રને લઈને ઘેર જાઓ ને હું વસ્ત્રથી ઢંકાયેલું આ મારું શરીર, ક્ષુધાતુર ગરુડને ખાવા આપીશ."

ત્યારે તે વૃદ્ધ સ્ત્રી બોલી: "પુત્ર ! તું મારા પુત્ર માટે પ્રાણ આપે, એ મને ઠીક લાગતું નથી. આવા ભયંકર સમયમાં તેં અમારા ઉપર આટલી કરુણા કરી છે, તેથી તું તો એક રીતે મારો મુખ્ય પુત્ર ગણાયો છે." તે સાંભળી જીમૂતવાહન આગ્રહપૂર્વક બોલ્યો: "માતાજી! તમે બન્નો મારા આ મનોરથનો ભંગ કરતાં નહિ. મારી માગણી સ્વીકારી, મારા નાશવંત દેહને કૃતાર્થ કરવા દો." આ પ્રમાણે જ્યારે તે ઘણી ઘણી રીતે તેઓને સમજાવવા લાગ્યો ત્યારે શંખચૂડ બોલ્યો: "મહાસત્વવંત! તમે ખરેખર તમારી કૃપાળુતા દર્શાવી છે, તેને માટે હું તમારો આભારી થયો છું. પરંતુ હું તમારા શરીરનો ભોગ આપી, મારા શરીરનું રક્ષણ કરવા માટે બીલકુલ ઇચ્છા રાખતો નથી. કેમકે એક રત્નનો વિનાશ કરી નકામા પાષાણનો બચાવ કરવા કોણ ઇચ્છશે? પોતાનો પિંડ પોષનારા મારા જેવાથી તો આખું આ જગત્ ભર્યું છે. તેના જીવવાથી શું કોઈ પણ દિવસ પરનું ભલું કરી શકાવાનું છે કે? નહીં જ. પરંતુ જેના ઉપર આખી દુનિયા પોતાનો નિર્વાહ કરે છે—જે જગતને શોભાવવામાં મોટા સ્થંભ સમાન છે તેવા, તમારા જેવા પુરુષો તો વિરલ છે. વળી, હે નિર્મળબુદ્ધિ ! મારા પિતા શંખપાળનું કુળ નિર્મળ છે, તેમાં હું ચંદ્રમાના બિંબમાં જેમ કલંક લાગ્યું છે તેમ કલંક લગાડવાની જરાપણ ઇચ્છા રાખતો નથી. હું તમને મરવા નહીં દઈશ."

શંખચૂડે આ પ્રમાણે વિનતિ કરી, જીમૂતવાહનને મરતાં અટકાવી, પોતાની માતા તરફ નજર કરીને જ્યાં પુનઃ બોલવા જાય છે ત્યાં તો તેનું હૈયું ભરાઈ આવ્યું અને આંખમાંથી અશ્રુઓ ખળખળ વહેવા લાગ્યાં. છતાં ધૈર્યથી તે બોલ્યો: "માજી! આ વન બહુ જ ભયંકર છે, માટે તમે હવે અહીંથી સત્વર જતાં રહો. તમે શું જોતાં નથી કે, આ નાગના લોહી અને માંસના કાદવથી ખરડાયેલી વધશિલા, કાળને ક્રીડા કરવાની એક ભયંકર શય્યા સમાન છે? હવે હું સમુદ્રના કિનારા ઉપર જઈશ, ને ત્યાં ગોકર્ણેશ્વરને પ્રણામ કરી, જ્યાં ગરુડ આવે નહી તે પહેલાં ઝટપટ હું પાછો ફરીશ." આ પ્રમાણે પોતાની વિલાપ કરતી દીન માતાને દિલાસો આપી, તેની રજા લઈને તેને પ્રણામ કરી, શંખચૂડ, ગોકર્ણને પ્રણામ કરવા માટે ગયો.



જીમૂતવાહન તે જોઈ વિચાર કરવા લાગ્યો કે, 'અરે જો હમણાં જ ગરુડ આવે તો કેવું સારું. કે આત્માર્પણ કરી પરોપકાર કરવાનો મારો મનોરથ સિદ્ધ કરું. જીમૂતવાહન જ્યાં આમ વિચાર કરે છે, એટલામાં તો ગરુડની પાંખોના પવનથી વૃક્ષો હાલતાં જોવામાં આવ્યાં અને તે જાણે ગરુડને ના પાડતાં હોય કે તું નહીં જા, નહીં જા, તેમ જણાતાં હતાં. જીમૂતવાહને ઝાડપાનના ખડખડાટથી જાણ્યું કે, ગરુડરાજ આવે છે. એટલે તે દૃઢ નિશ્ચય કરીને સ્વાત્માર્પણ કરવા સારુ, વધશિલા ઉપર જઈને બેઠો. આ વખતે પવનથી ચારે તરફ ઉછાળા મારતો સમુદ્ર, જાણે તેજસ્વી રત્નની કાંતિરૂપ દૃષ્ટિથી, તે મહાસત્વશાળી જીમૂતવાહનના અતિશય પરાક્રમને, આશ્ચર્યથી જોતો હોય તેમ ઉછળી ઉછળી જોવા લાગ્યો. તુરત ગરુડ પોતાની પાંખવતી આકાશમંડળને ઢાંકતો તે વધશિલા તરફ આવી પહોંચ્યો અને ચાંચવતી જીમૂતવાહનને છુંદી નાંખી તેના માથાને ફોડી તેમાંથી શિરોરત્ન કાઢી લીધું. આ વખતે તેના મસ્તકમાંથી લોહીની ધારા વહેવા લાગી. પછી ગરુડ તેને ઉપાડી એકદમ મલયાચળના શિખર ઉપર, ભોજન કરવા માટે લઈ ગયો. પર્વતપર જ્યારે ગરુડ તેને કોચી કોચીને ખાવા લાગ્યો ત્યારે વિદ્યાધરકુળચંદ્ર, ઈશ્વર આગળ પ્રાર્થના કરવા લાગ્યો: "હે જગન્નાયક! હે દયાસાગર! હે કૃપાધન ! મારો દેહ પ્રત્યેક જન્મમાં પર ઉપકારમાં આ જ પ્રમાણે ઉપયોગમાં આવો. પરંતુ પરોપકાર વર્જિત કે મારા સાથીને ઉપકાર નહીં કરી શકે તેવું સ્વર્ગ કે મોક્ષ મને કંઈ જોઈતું નથી." આ પ્રમાણે વિદ્યાધર રાજેંદ્ર જીમૂતવાહન વિચાર કરે છે ત્યારે તેના મસ્તક ઉપર આકાશમાંથી પુષ્પની વૃષ્ટિ થઈ.

એ અરસામાં ગરુડ જ્યારે લોહી લોહાણ થયલા જીમૂતવાહનને લઈ આકાશમાં ઉડેલો, તે વેળાએ જીમૂતવાહનનો મુકૂટમણિ, ગરુડની ચાંચમાંથી લોહીની ધારા સંગે મલયવતીના ખોળામાં જઈને પડ્યો. જ્યારે તેણીએ તે મુકૂટમણી જોયો ત્યારે તે પોતાના પ્રિયનાથનો જ છે, એમ તેણીએ તુરત પારખી કાઢ્યું ને પછી તે ગભરાઈ ગઈ; રડતી રડતી સાસુજી તથા સસરાજી, જે નજીકમાં હતાં, તેમની પાસે જઈને તે લોહી લોહાણ થયેલો મુકૂટમણિ બતાવ્યો. જ્યારે તે વૃદ્ધ સ્ત્રી પુરુષો પોતાના વાહલા, એકના એક જ પુત્રનો મુકૂટમણિ અને તે વળી લોહી લોહાણ થયેલો જોયો ત્યારે, 'આ શું થયું ?, એવા ગભરાટમાં એકદમ પડી ગયાં. પછી રાજા જીમૂતકેતુ અને રાણી કનકવતી બન્ને જણાંએ પોતાની વિદ્યાનું સ્મરણ કર્યું કે, તેઓને સર્વ વૃત્તાંત જાણવામાં આવ્યું. તુરત રાજા રાણી ઉભાં થયાં ને પોતાની મુગ્ધા નવલકિશોરી વહુને સૌ વાત કહીને તેને સાથે લીધી; અને જ્યાં ગરુડ જીમૂતવાહનને ખાતો હતો ત્યાં ગયાં. એ જ અરસામાં શંખચૂડ, શંકરનાં દર્શન કરી ઉતાવળો ઉતાવળો વધશિલા તરફ આવ્યો, પણ ત્યાં જઈને જુવે છે તો તે શિલાને લોહી લોહીવાળી દીઠી. તે તુરત મુર્છા ખાઈને પડ્યો ને વિલાપ કરતો કરતો બોલ્યો: "હાય હાય! મારા જેવો કોઈ પણ મહા પાપી નહીં હોય! હાય! હું મંદભાગી છું! પાપી છું! બેશક, તે મહાત્મા, પુણ્યવંત અને કૃપાળુ પુરુષે મારે માટે પોતાનો દેહ, ગરુડને અર્પણ કરી દીધો જણાય છે. અરેરે! આ ક્ષણમાં ગરુડ ! તેને ક્યાં લઈ ગયો

હશે ? પણ ચાલ જીવ, હવે હું તેને ખોળી કાઢું; અને તે જો હજુ જીવતો હોય તો હું મારો દેહ અર્પણ કરી તેને મુક્ત કરું!" આ પ્રમાણે વિચાર કરતો અને આંખમાંથી અશ્રુઓ ઢાળતો શંખચૂડ, જમીન ઉપર લોહીની પડેલી ધારાને આધારે આધારે, ઘણી ત્વરાથી ચાલવા લાગ્યો.

આણી તરફ જ્યારે ગરુડ જીમૂતવાહનને ચાંચવતી કોચી કોચીને ખાતો હતો ત્યારે જીમૂતવાહનના મનમાં જરાપણ અફસોસ થયો નહી, પણ ઉલટો તે વધારે પ્રસન્ન થતો જણાયો. તે જોઈ ગરુડને અત્યંત અદ્દ્ભુતાશ્ચર્ય થયું. તે પોતાના મન સાથે બોલ્યો: " આશ્ચર્ય ! આશ્ચર્ય ! આ કોઈ વીરલો છે! આ કોઈક મહાપ્રતાપી જણાય છે! હું જેમ જેમ ચાંચ મારુ છું તેમ તેમ એ જરાપણ દિલગીર થતો નથી કે હાય હાય પણ કરતો નથી, પણ ઉલટો ખુશી થાય છે! ને એ મરતો પણ નથી. હું જ્યારે એના અંગને કરડું છું ત્યારે એનું શરીર રોમાંચ ધારણ કરે છે. મારા ભણી એનું જોવું પણ પ્રેમાળ જણાય છે. તે જાણે એવું સૂચવે છે કે, જાણે હું એનાપર ઉપકાર કરતો હોઉં! આ કોઇપણ સત્પુરુષ હોવો જોઇએ, પણ નાગ તો નથી જ. માટે હવે એને ખાવો બંધ કરીને તે કોણ છે, એ પૂંછવું જોઇએ." જ્યારે આ પ્રમાણે ગરુડ મનમાં વિચાર કરે છે ત્યારે જીમૂતવાહન બોલ્યો: "હે પક્ષીરાજ! તમે ખાતા બંધ કેમ પડી ગયા ? શું મારા શરીરમાં માંસ અને લોહી નથી? અથવા તો શું તમારું પેટ ભરાયું ? જો પરીપૂર્ણ પેટ ભરાયું ન હોય તો પેટ ભરીને ખાવ. હજી પુષ્કળ માંસ ને લોહી મારા અંગમાં છે!" પક્ષીરાજા ગરુડ, તે સાંભળીને ઘણો જ આશ્ચર્ય પામી તેને પૂછવા લાગ્યો: "હે મહા સત્વશાળી! ખરેખર તું નાગ નથી, પણ કોઈ પરોપકારી મહાત્મા છે, માટે કહે તું કોણ છે ?" તે સાંભળી જીમૂતવાહન બોલ્યો: " સત્ય વાત કહું છું કે, હું નાગ છું. પણ ભાઇ! હું ગમે તે છું તેની તારે શી પંચાત ? તું તારું કામ કર. એવો તે કોણ મૂર્ખ હોય કે જે ચાલતી વાતમાં બીજી વાતનો જવાબ આપે. આ વખતે જે પ્રકરણ ચાલે છે તેને જ અનુસરતી વાત કર, એટલે બસ!"

આ પ્રમાણે જીમૂતવાહન ગરુડને કહે છે ત્યાં તો શંખચૂડ આવી પહોંચ્યો. તેણે દૂરથી જીમૂતવાહનને ગરુડના પંજાતળે દીઠો કે મોટેથી બૂમ પાડીકહ્યું: " અરે ઓ વિનાતા પુત્ર! તું સાહસ કરી મહા પાતક કર મા. તને આ ભ્રમ શો થયો છે? તું જેને ખાય છે તે કંઈ નાગ નથી, પણ તારે માટે નિર્માણ કરેલો નાગ તો હું આ રહ્યો!" આ પ્રમાણે શંખચૂડે બૂમ પાડી અને પછી એકદમ દોડતો કે ગરુડ તથા જીમૂતવાહન જ્યાં હતા ત્યાં તે બેની વચ્ચે આવીને ઉભો રહ્યો. તેણે ગરુડ તરફ જોયું તો ગરુડને ગભરાટમાં પડેલો દીઠો. એટલે તે વળી બોલ્યો: "તું શા માટે ગુંચવાડામાં પડ્યો છે? મારી આ ફેણાને અને આ બે જીભને શું તું જોતો નથી ? અને તું શું આ દિવ્યદેહી વિદ્યાધરની મનમોહક છબીને પણ પીછાણતો નથી?" જ્યારે આ પ્રમાણે શંખચૂડ બોલે છે, તેટલામાં તો જીમૂતવાહનનો પિતા, માતા અને તેની સ્ત્રી મલયવતી, ઉતાવળાં ઉતાવળાં ત્યાં આવી પહોંચ્યાં. તેનાં માતાપિતા, પોતાના પુત્રના



શરીરના ચૂથેચથા થયેલા જોઇને, તે જ વખતે વિલાપ કરવા લાગ્યાં: " હાય હાય! જીમૂતવાહન બેટા! હાય દયાળુ! હાય વત્સ! હાય પુત્ર! તેં પરને માટે તારા દેહનું દાન કર્યું! અરેરે વિનતા પુત્ર! તેં વિચાર કર્યાં વગર આવું અનુચિત કર્મ કેમ કર્યું?" જ્યારે ગરુડે તેઓનો વિલાપ સાંભળ્યો ત્યારે તે પશ્ચાત્તાપ કરતો બોલ્યો: " શું મેં મોહવશ થઇ, અંધ બનીને બોધિ-સત્વ—મહાત્મા સાધુનું ભક્ષણ કર્યું? આ તો પરને માટે પોતાનો પ્રાણ ત્યાગ કરનારો જીમૂતવાહન છે, જેની કીર્તિઘોષણા ત્રણ ભુવનમાં ગાજી રહી છે. તે મહા પુરુષ છે. હવે જો એ મરી જશે તો મારે અગ્નિમાં બળી મરવું પડશે; કારણ કે અધર્મરૂપ ઝેરી વૃક્ષનું ફળ શું જીરવી શકાય કે? તે પરિણામે દુઃખકર જ થઈ પડે છે." આ પ્રમાણે ગરુડ નિરાશ થતો વિચાર કરે છે, એવામાં તો જીમૂતવાહન પોતાના સંબંધીઓને પ્રણામ કરી, ઘાની વેદનાથી મરણ પામ્યો.

જીમૂતવાહનનાં માતાપિતા, રાજા અને રાણી શોકસાગરમાં ડૂબી જઈ વિલાપ કરવા લાગ્યાં, અને શંખચૂડ પણ વારંવાર પોતાના શરીરને ધિક્કારી તેની બહુ બહુ નિંદા કરવા લાગ્યો કે, "અરે ઓ અભાગિયા શરીર! તેં તારો જન્મ સફળ કર્યો નહીં અને તારે માટે બીજાના પ્રાણ લીધા, ધિક્કાર! ધિક્કાર !" આ વખતે સઘળાં શોકસાગરમાં ગરક થઈ ગયાં હતાં અને મલયવતીનું કોમળ હૈયું ભરાઇ આવ્યું હતું. તેના સુખનો સૂર્ય અસ્ત થયો હતો અને તે બિચારી હંમેશાં પરની દાસી જેવી, એક અમંગળરૂપ વિધવા થઈ પડી હતી. તે દયામણી દૃષ્ટિથી આકાશ તરફ નજર કરી, રડતાં રડતાં, ગદ્દગદિત કંઠે, પ્રથમ પ્રસન્ન થઇને વર આપ-નારાં પાર્વતીને ઠપકો આપતાં બોલી: " માતાજી! તમે મને વરદાન આપ્યું હતું કે, તારો પતિ વિદ્યાધરનો ચક્રવર્તી રાજા થશે, તો તે આશા આજ વિફળ થઈ છે, ત્યારે આપે મને શા માટે ખોટી આશા આપી હતી ?" આ પ્રમાણે મેણાં માર્યાં, એટલે પાર્વતીદેવી તરત પ્રત્યક્ષ થઈ, દર્શન આપીને બોલ્યાં: " પુત્રી! મારું વચન કોઇ દિવસ મિથ્યા થાય જ નહીં." આમ કહી પોતાના કમંડળમાંથી અમૃતની અંજલિ ભરી, જીમૂતવાહનના અગ ઉપર છાંટી કે, તેનું શરીર પ્રથમના કરતાં વધારે તેજસ્વી થયું અને તે તે જ વખતે આળસ મરડીને બેઠો થયો.

તેણે બેઠા થતાંની સાથે જ દેવી પાર્વતીને પ્રણામ કર્યાં; ત્યાર પછી સઘળાંએ તે દેવીને પ્રણામ કર્યાં. પછી દેવી પાર્વતી બોલ્યાં: "મારા પુત્ર ! તેં આ પ્રમાણે પરોપકાર નિમિત્ત પોતાનો દેહાર્પણ કર્યો, તેથી હું તારા ઉપર અત્યંત પ્રસન્ન થઈ છું. હું તારો આજે મારા આ હાથે, વિદ્યાધરના ચક્રવર્તીના સિંહાસન ઉપર અભિષેક કરુ છું ને વરદાન દઉં છું કે, તું એક કલ્પપર્યંત રાજ્ય કરજે." આમ કહી પાર્વતીએ કળશના જળથી, જીમૂતવાહન ઉપર જળનો અભિષેક કર્યો ને પછી દેવી, અંતર્ધાન થઇ ગયાં. આ વખતે આનંદોત્સવ વર્તાઇ રહ્યો. જીમૂતવાહનના મસ્તક ઉપર આકાશમાંથી પુષ્પની વૃષ્ટિ થઈ અને સ્વર્ગમાં દેવનાં દુંદુભિ ગડગડવા લાગ્યાં.

તે પછી ગરુડ અતિ નમ્ર થઇને જીમૂતવાહન પ્રત્યે બોલ્યો: "હે ચક્રવર્તિ રાજેન્દ્ર ! હું તમારા દૈવી પરાક્રમથી અત્યંત પ્રસન્ન થયો છું; અને તમે, અપૂર્વ કૃત્ય કરી ઉદાર-બુદ્ધિથી ત્રણ જગતને આશ્ચર્ય પમાડનાર એક અપૂર્વ ચિત્ર આ બ્રહ્માંડની ભીંત ઉપર આળેખ્યું છે. તમે મારો અપરાધ ક્ષમા કરી, મારી પાસેથી ઇચ્છિત માંગી લો." જ્યારે આ પ્રમાણે ગરુડે વિનતિ કરી ત્યારે મહાસત્વશાળી રાજા જીમૂતવાહને કહ્યું "ગરુડરાજ ! જ્યારે તમે પશ્ચાત્તાપ કરો છો ત્યારે તો ભવિષ્યમાં તમારે ફરીથી નાગનું ભક્ષણ કરવું નહીં તે વાત કબૂલ કરો અને તમે પ્રથમ જે જે નાગોનો નાશ કર્યો છે અને જે નાગનાં હાડકાં શેષ રહ્યાં છે તે સર્વને પુનઃ સજીવન કરો, એ વરદાન હું માંગું છું." ત્યારે ગરુડ બોલ્યો: "ભલે એમ થાઓ ! આજ પછી હું નાગોનું ભક્ષણ કરીશ નહીં. પ્રભુ મારાપર કૃપા કરો ! અને મેં જે જે નાગોને આજ પહેલાં મારી નાંખ્યા છે, તેઓ પાછા સજીવનપણાને પામો !"

આ પ્રમાણે ગરુડે કહ્યું કે, તેના વરદાનરૂપ અમૃતના છંટકાવથી, જે નાગનાં હાડકાં જ માત્ર બાકી હતાં અને જેનું ગરુડ પ્રથમ ભક્ષણ કરી ગયો હતો, તે સઘળા સજીવન થઇને ઉઠ્યા. તુરત જ મલયાચળ ઉપર દેવતાઓ, નાગો, મુનિવરો કલ્લોલ કરતા એકઠા મળ્યા અને તે ઉપરથી જ મલયાચળને ત્રણ લોકના સ્વામીનું પદ મળ્યું છે. આજ ક્ષણે દેવીપાર્વતીના પ્રતાપથી સર્વ વિદ્યાધરના રાજા પણ જીમૂતવાહનનું અદ્‌ભુત ઐશ્વર્ય જાણીને ત્યાં પધાર્યા અને તેના ચરણમાં પ્રણામ કરી ઉભા રહ્યા. જીમૂતવાહનના સંબંધીઓ ને મિત્રો તે વખતે ઘણા આનંદમાં આવી ગયા હતા. તેઓ સંગે વિદ્યાધરો, જેને પાર્વતીએ પોતાને હાથે ચક્રવર્તીપણાનો અભિષેક કર્યો હતો અને ગરુડને જેણે ક્ષમા કરી, જવાને આજ્ઞા આપી હતી તેવા દયાવીર મહાત્મા જીમૂતવાહનને તથા તેના સંબંધીઓને, તત્ક્ષણે હિમાચળ ઉપર લઈ ગયા. જીમૂતવાહન હિમાચળ ઉપર જઈ પોતાનાં માતાપિતા, મલયવતી, મિત્રાવસુ અને પોતાને ઘેર આવજાવ કરનારા શંખચૂડ વગેરે સગાંસંબંધીઓની સાથે આનંદમાં દિવસ નિગમન કરવા લાગ્યો; અને બહુ કાળપર્યંત, ઉત્તમ અમાનુષિક ઐશ્વર્યથી, અદ્‌ભુત રીતે મેળવેલી, રત્નાદિકથી ભરપૂર, વિદ્યાધરના ચક્રવર્તી પદની ધોંસરી વહેવા લાગ્યો.

આ પ્રમાણે કરુણામય, ઉત્કંઠિત રસવાળી, ઉદારચરિત, પુરુષની રસાત્મક કથા કહીને ફરી વૈતાળે, ત્રિવિક્રમસેન રાજાને પૂછ્યું: "મહારાજ ! બોલો, આ વાતમાં શંખચૂડ વધારે ઉદાર કે જીમૂતવાહન વધારે ઉદાર ? જો તમે જૂઠું કહો તો તમને આગળ આપેલા સોગન લાગુ પડે છે !" રાજા ત્રિવિક્રમસેને વૈતાળનાં આવાં વચન સાંભળી, તેના શાપથી ડરીને મૌન્યવ્રત ત્યજી દીધું અને ઉદ્વેગરહિત થઇ બોલ્યો: "જીમૂતવાહનનું ચરિત્ર તો ઘણા જન્મથી જ તેવું હતું અને તે પ્રસિદ્ધ હતું, માટે તેના ચરિત્રમાં કશું આશ્ચર્ય નથી; પરંતુ શંખચૂડનું ચરિત્ર વધારે આશ્ચર્યજનક ને સ્તુતિપાત્ર છે. તે તો મરણમાંથી ઉગરી ગયો હતો છતાં પણ, તેણે પોતાના વતી બીજાને સ્વાત્માપર્ણું કરવાની ના પાડી ને એક ઉદારચિત્ત



પુરુષે પોતાના શત્રુને સ્વાત્માર્પણ કર્યો છે એમ જાણી ઘણો દૂર ગરુડ ગયો હતો ત્યાં પણ તેની પાછળ ઝટપટ દોડી ગયો અને પોતાનો દેહ તેને અર્પણ કર્યો. ધન્ય છે શંખચૂડને !"

જ્યારે તે પ્રતાપી વૈતાળે આ પ્રમાણે ખુલાસો સાંભળ્યો ત્યારે તત્ક્ષણે તે તેના ખભા ઉપરથી ઉઠી, વળી પોતાના મહા સ્મશાનમાં ચાલ્યો ગયો. રાજા પણ તેને પકડવા માટે તેવી જ રીતે તેની પાછળ ચાલ્યો. ધીરજવાળા પુરુષો સ્વીકારેલું કામ પાર પાડ્યા વગર પાછા પડતા નથી.*

## તરંગ ૨૪ મો.

## વૈતાળ પંચવિંશી.

### વૈતાળ સત્તરમો–ઉન્માદિનીની કથા.

પછી વીરવર રાજા ત્રિવિક્રમસેન, ફરીથી તે મહા સ્મશાનમાં ગયો ને અશોક વૃક્ષ ઉપરથી વૈતાળને લઇ પોતાના ખભા ઉપર નાંખ્યો ને ચાલવા માંડ્યો. તે થોડુંક ચાલ્યો ત્યારે તેની ખાંધ ઉપર બેઠેલા વૈતાળે રસ્તામાં કહ્યું: "મહારાજ ! તમને ઘણો શ્રમ પડે છે તો શ્રમનિવારણ વિનોદકારક એક કથા કહું છું તે સાંભળો."

પૂર્વે ગંગા નદીના કિનારા ઉપર કનકપુર નામનું એક નગર હતું. આ નગરમાં ધર્મની મર્યાદા અખંડ હતી; તેથી કળિને અંદર પ્રવેશ કરવાનો જરા પણ વખત મળ્યો ન હતો. તે નગરમાં યશોધન નામનો એક પ્રતાપી રાજા રાજ્ય કરતો હતો. તે રાજામાં નામ પ્રમાણે ગુણ હતા. જેમ સમુદ્રનો કિનારો સમુદ્રને સ્વાધીન રાખી તેનાથી પૃથ્વીને લય થતી બચાવે છે, તેમ આ રાજા પણ અધર્મના ઉત્પાતથી પોતાની ભૂમિને બચાવતો હતો. બ્રહ્માએ જાણે શીતળ કાંતિવાળો ચન્દ્રમા અને ઉષ્ણ તેજવાળા સૂર્યના અખંડ સ્વરૂપ–મંડળમાંથી આ રાજાને ઘડ્યો હોય તેવો તે શાંત તથા પ્રતાપશાળી હતો. અગરજો કે તે જગતને ચન્દ્રપેરે આનંદ દેતો હતો, તોપણ તેનું વીરત્વ અત્યુષ્ણ હતું ને તેના રાજની મર્યાદા દિન પ્રતિદિન વૃદ્ધિંગત થતી હતી. તે રાજા પાડોસીની નિંદા કરવામાં અપ્રવિણ હતો, પણ શાસ્ત્રાર્થ કરવામાં પ્રવિણ હતો. તેનામાં દોષની દારિદ્રતા હતી, પણ સંપત્તિ ને સૈન્યની દરિદ્રતા નહોતી. તેની

* રાજા વિક્રમાદિત્યના વિક્રમચરિત્રમાં ૧૧ માં પ્રકરણમાં આ કથા આવેલી છે. પાલનગરમાં એક રાક્ષસ દરરોજ પુષ્કળ મનુષ્યોને ખાઇ જતો હતો. તેથી નગરના રાજાએ તેનો બંદોબસ્ત કીધો કે, તને એક મનુષ્ય રોજ રોજ આપીશું., એક વખતે વિક્રમાદિત્ય, એક પુરુષની વતી ગયો હતો ને તેથી રાક્ષસ ઘણો પ્રસન્ન થયો ને રાજાને વચન આપ્યું હતું કે, હવે પછી હું ભોગ નહીં લઉં.

પ્રજા તેના ગુણાનુવાદ કરતી હતી કે તે પાપ થકી ડરે છે, યશનો લોભી છે, પરસ્ત્રીનો ધિક્કારનાર છે–તે સંબંધે નપુંસક છે; તે માત્ર વીરત્વ દર્શાવનારો શૂરવીર છે, ઉદાર છે ને શૃંગારમાં નિપુણ છે.

તે રાજાના નગરમાં એક મોટો સાહુકાર રહેતો હતો. તે સાહુકારને ઉન્માદિની નામની એક કન્યા હતી. તે કન્યાના લાવણ્યધનને જે જે નિરખતા તે, કામની મોહન શક્તિના પ્રતાપથી ગાંડા બની જતા હતા. આ કન્યા જ્યારે તરુણાવસ્થામાં આવી ત્યારે નીતિ જાણનારો તેનો પિતા સાહુકાર, યશોધન રાજાની પાસે ગયો ને વિનતિ કીધીઃ “મહારાજ! ત્રણ લોકમાં રત્ન સમાન ગણાતી મારી પુત્રી હું કોઇને પણ પરણાવવા ઇચ્છું છું; પરંતુ તેનો વિવાહ કરું, તે પહેલાં આપને તે વાત નિવેદન કરું છું. આપ સમગ્ર ભૂમંડળના એક રત્ન છો, તો મારી એવી ઇચ્છા છે કે, આપ મારી પુત્રીરૂપ રત્નને ગ્રહણ કરી અથવા તો તેને બીજે સ્થળે પરણાવાની રજા આપી મારા ઉપર અનુગ્રહ કરો.” રાજાએ આ પ્રમાણે સાહુકારનાં વચન સાંભળ્યાં કે તરત પોતાના બ્રાહ્મણોને બોલાવ્યા ને અતિ ઘણી સભ્યતાથી તેઓને તે કન્યાના ગ્રહ ને લક્ષણ કેવાં છે, તે જોવા માટે મોકલ્યા. બ્રાહ્મણો ત્યાં ગયા અને જ્યાં તેઓએ તે અનુપમ ત્રિલોક સુંદરી, મોહનની મંત્રમૂર્તિ મનહર કન્યાને જોઈ કે તરત ક્ષોભ પામી ગયા, સઘળાનાં શરીરમાં કામ વ્યાપી ગયો. પછી તેઓએ મનને કબજે કરી, ધૈર્ય ધરી વિચાર કીધો કેઃ “જો આપણો રાજા આ કન્યાની સાથે લગ્ન કરશે તો બેશક આપણો દેશ પાયમાલ થઈ જશે. કારણ કે રાજા આ કન્યામાં એવો લપટાઈ જશે કે, તે રાજકાજની જરાપણ દરકાર કરશે નહીં, માટે આપણે રાજાની આગળ એનાં સારાં લક્ષણો કહીશું નહીં, પણ એના અવગુણ ગાઇશું.” આ પ્રમાણે સર્વે જણા છૂપી રીતે વિચાર કરી, રાજાની પાસે ગયા અને જૂઠું બોલ્યા કે; “મહારાજ! તે કન્યાના ગ્રહ સારા નથી ને તેનાં અંગચિહ્ન પણ સારાં નથી.” તે સાંભળી રાજાએ તે સાહુકારની કન્યાને પોતે પરણવાની ના પાડી.

એ પ્રમાણે રાજાની આજ્ઞા મળ્યા પછી તે સાહુકાર, ઉન્માદિનીનો પિતા, પોતાને ઘેર આવ્યો અને રાજાના સેનાપતિ બળધરની સાથે પોતાની પુત્રીનાં લગ્ન કર્યાં. તે કન્યા વેદવિધિથી પરણી પોતાના પતિને ઘેર જઈ સુખરૂપ રહી. પરંતુ રાજાએ તેને કુલક્ષણા ગણીને અપમાન આપ્યું, તે તેના મનમાં ખટકયા કરતું હતું. તે ને તે જ વાત રાત દિવસ તેના મનમાં રમ્યા કરતી હતી. કેટલાએક દિવસ વીત્યા પછી એક વખતે ઉઘડેલી કુમુદલતાના પુષ્પરૂપી દાંતવાળો અને કમલિનીના વનનું મથન કરનારો, હેમંતરૂપ હાથીનો પરાજય કરી, વસતરૂપ કેસરી પધાર્યો; અને પોતે નવલ વનમાં દાખલ થઈ ક્રીડા કરવા લાગ્યો. તેને મનોહર પુષ્પમંજરીની પંક્તિરૂપ કેશવાળી હતી અને આંબાના અંકુરરૂપ નખ હતા–આ પ્રમાણે વસંતઋતુ બેઠી. ઘેર ઘેર વસંતોત્સવ અને કામપૂજન ચાલવા માંડ્યાં. તે કાળે યશોધન રાજા, વસંતોત્સવ જોવા માટે હાથી ઉપર બેસીને નગર બહાર નિકળ્યો.



આ વખતે રાજાનું સ્વરૂપ જોવાથી કુલીન કાંતાઓનાં મનમાં વિકાર ઉત્પન્ન થઈ આવે તો રાજાને અધર્મ લાગે, માટે સ્ત્રીઓને ખસેડવા સારુ ડડીમ્ ડડીમ્ ડંકો વાગ્યો ને સર્વેને ચેતાવ્યાં કે ઘરમાં ભરાઈ જજો.

આ ડંકો જેવો ઉન્માદિનીએ સાંભળ્યો, તેવું જ તેણે જાણ્યું કે, રાજાની સ્વારી ચઢી છે. રાજાએ તેનો ત્યાગ કર્યો હતો, તેનું તે વેળાએ તેને સારી રીતે સ્મરણ થઈ આવ્યું, એટલે જાણે તેનું વેર લેવાને તે ઇચ્છતી હોય તેમ એકદમ તે પોતાની મેડીના ઝરુખામાં આવીને, પૂર્ણ રતીરૂપ પોતાની મનહર છબીનાં રાજાને દર્શન કરાવવા ઉભી રહી. રાજા તેની મનહર અને રસરૂપ બનાવનારી છબીલી છબી નિહાળી, જેમ વસંતમાં મલયાચળના પવનોથી અંધરુખેલા અગ્નિની ઝાળ સળગી ઉઠે છે, તેમ તેનું મન એકદમ પ્રજ્વળી ઉઠ્યું. રાજાએ તેના સ્વરૂપને નિરખીને જોયું તો રતિ રાણીના વિજયશસ્ત્ર સમાન તેનું નૌતમ રૂપ હતું, જે તે રાજાનાં હૃદયમાં એકદમ પેસી ગયું; અને ક્ષણેક પછી તો રાજા મૂર્છા ખાઇ પડ્યો. તેના પરિજનોએ તેને બેઠો કરી શાંત કર્યો. શાંત થયા પછી રાજા રાજભવનમાં આવ્યો અને પરિજનોને પૂછ્યું કેઃ “એ કામિની કોણ હતી?” ત્યારે તેઓએ જણાવ્યું કેઃ “અન્નદાતાજી ! આપે કુલક્ષણી ગણીને જેની સાથે લગ્ન કરવાની ના પાડી હતી. તે જ આ સ્ત્રી છે!” તે સાંભળીને રાજાના મનમાં અત્યંત પશ્ચાત્તાપ થયો. પછી તેણે અસત્ય ભાષણ કરનારા તે બ્રાહ્મણોને દેશમાંથી હાંકી કાઢ્યા અને પોતે હંમેશાં અતિ ઉત્કંઠાપૂર્વક રાતદિવસ તે કામિનીની છબીનું મનન કરવા લાગ્યોઃ “અહાહા ! આ ચંદ્ર કેવો જડ ને લજ્જારહિત છે, કે તે કલંકવાળો છતાં પણ હજી ગૌરવ ધરી ઉદય પામે છે? તે કામિનીનો મુખચંદ્ર તો નિષ્કલંકી છે ને હંમેશાં જગતના નેત્રને આનંદ આપે તેવો છે. સુવર્ણના કળશ જડ હોય છે અને હાથીનાં કુંભસ્થળ પણ ઘણાં કઠિન જણાય છે; પણ તે બન્ને તે કામિનીનાં પીન તથા ઉન્નત પયોધર સમાન નથી. કટિમેખલારૂપ નક્ષત્રમાળાવડે અલંકૃત કામમાતંગના મસ્તક જેવું વિશાળ તે સ્ત્રીનું જંઘામંડળ કોનું મન લોભાવતું નથી વારુ?”* આ પ્રમાણે મનમાં વિચાર કરી, તે રાજા દરરોજ અંતઃકરણમાં કામાનળના તાપથી બળતો હતો; તેથી દિવસે દિવસે ક્ષીણ થવા લાગ્યો. તેનું શરીર કૃશ થઈ ગયું; તોપણ તે રાજાએ લજ્જાથી કોઇની આગળ એ વાત જણાવી નહીં; મનની વાત મનમાં જ રાખી મૂકી. પણ તેનાં બહારનાં લક્ષણો ઉપરથી તેના વિશ્વાસપાત્ર સેવકોએ સઘળી રીતભાત જાણીને પૂછ્યું; “મહારાજ ! દિવસે દિવસે આપના શરીરમાં વિકૃતિ થતી જાય છે અને આપના મુખ ઉપર પીળાસ છવાઈ ગઈ છે તેનું કારણ શું?” રાજાએ પ્રથમ આ વાત તો કહેવાની ઇચ્છા કરી નહીં, પણ પછી પરાકાષ્ટાએ દુઃખ દર્શાવતાં, પોતાની ગુપ્ત પીડાનું કારણ તેઓને કહ્યું ત્યારે તેઓ બોલ્યાઃ “મહારાજ ! શા માટે તમે મનમાં સંતાપ કરો છો? તે કુળવંતી ગુણવંતી નારી તમારે સ્વાધીન છે, તેની સાથે યથેચ્છ રંગવિલાસ રમો !” રાજાએ તે સાંભળ્યું છતાં, પોતે ધર્મિષ્ઠ હતો, તેથી તેમના કહેવાને જરાપણ અનુમોદન આપ્યું નહીં!

* કામદેવરૂપી હાથીના કુંભસ્થળ જેવાં તેનાં ઢગરાં, એ અર્થ એમાં સમાયલો છે.

આ વાત ધીમે ધીમે દશે દિશાએ ફેલાઈ ગઈ. રાજભક્ત બાળધર સેનાપતિએ પણ એ જાણી–કે રાજા મારી સ્ત્રીના મુખચંદ્રને જોઈ વિહ્વળ થઇ ગયો છે, એટલે તે રાજાની પાસે ગયો ને તેનાં ચરણમાં પ્રણામ કરીને પ્રાર્થના કરવા લાગ્યો: "મહારાજ ! આપ મને અને મારી સ્ત્રીને એક ગુલામ તથા ગુલામડી તરીકે ગણો. મારી સ્ત્રીને પરાંગના ગણો નહીં. હું પોતે મારી સ્ત્રી આપને અર્પણ કરુ છું, તો આપ તે કૃપા કરી સ્વીકારો. જો તમે મારા આપવાથી ગ્રહણ કરશો નહિ તો હું તેને કોઈ દેવમંદિરમાં મૂકી દઈશ. પછી તે દેવમંદિરની સ્ત્રીને ( મોરલીને ) ગ્રહણ કરવામાં તમને શી અડચણ છે ?"* આ પ્રમાણે તે રાજ્યભક્ત સેનાપતિએ આગ્રહપૂર્વક રાજાની પ્રાર્થના કરી, તોપણ રાજાએ તે વાર્તા સ્વીકારી નહીં અને અંતઃકરણમાં ઘણો ખેદ કરીને ગુસ્સાથી કહ્યું: " હે સૈન્યનાયક! જાણ કે હું પોતે ધર્મનું રક્ષણ કરનાર રાજા છું, તો આવું અધર્મનું કામ કેમ કરું? શું તે મારો ધર્મ છે? જ્યારે હું પોતે જ મર્યાદા મૂકીને વર્તીશ ત્યારે કોણ ધર્મપરાયણ રહેશે વારુ? તું મારો ભક્ત થઈ, મને પાપના માર્ગ ઉપર એક ક્ષણના વિષયાનંદના સુખ ભોગવાવી પાતિકમાં ઉતારી, મારી પરલોકમાં અસદ્‌ગતિ થાય, તેમ કરવા કેમ પ્રેરણા કરે છે? હવે જો તું તારી ધર્મપત્નીનો ત્યાગ કરીશ તો હું તને શિક્ષા કર્યા વિના જવા દઈશ નહીં. કેમકે મારી પદવીનો કયો રાજા આવા અધર્મને કબૂલ કરશે? અધર્મ કરવા કરતાં મરવું અતિ શ્રેષ્ઠ છે. " આમ કહી રાજાએ સેનાપતિને તેમ કરવાની સાફ ના પાડી. કેમકે ઉત્તમ સત્વશાળી પુરુષો પ્રાણ તજે છે, પણ સન્માર્ગ ત્યાગ કરતા નથી અને એ જ રીતે એક નિશ્ચયવાળા રાજાએ નગર જનની વિનતિને પણ તુચ્છકારી કાઢી હતી. તેઓએ એકઠાં મળી કહ્યું: " મહારાજ ! આપ સમજો અને અમારી માગણી સ્વીકારો," તોપણ રાજાએ તેઓની વાત કબૂલ કરી નહીં.

થોડે દિવસે રીત પ્રમાણે કામદેવનો ઉષ્ણ જ્વર તે રાજાને લાગુ પડયો અને તેથી તેનું શરીર વધારે ક્ષીણ થઈ ગયું અને તેનું નામ ને યશ જ માત્ર રહ્યાં.† સેનાપતિ પણ રાજાનું આ રીતનું ઉદારચરિત મરણ સહન કરી શકયો નહિ, તેથી તેણે પણ રાજાની પાછળ ચિતામાં પ્રવેશ કીધો, કારણ કે ભક્તોનું ચરિત્ર અવર્ણ્ય જ હોય છે.

આ પ્રમાણે રાજાની ખાંધ ઉપર બેઠેલા વૈતાળે રાજાને અદ્‌ભૂત ને અપૂર્વ કથા કહી, ત્રિવિક્રમસેનને અત્યંત ખુશી કીધો ને પુનઃ પૂછ્યું: "બોલો મહારાજ ! આ રાજા તથા સેનાપતિમાં વધારે રાજનિષ્ઠ કોણ? યાદ રાખજો કે, જો તમે ખોટો ઉત્તર આપશો તો તમને પ્રથમ કહેલા સોગન લાગુ પડશે." આ પ્રમાણે વૈતાળે કહ્યું, એટલે રાજા મૌન

---

* સ્ત્રીઓ દેવતાને અર્પણ કરવાનો ચાલ ઘણા કાળથી પ્રસરેલો જણાય છે. જયદેવ કવિની સ્ત્રી પદ્માવતીને પણ આ પ્રમાણે જ જગન્નાથજીને અર્પણ કરી હતી. મેવાડનો એક ભાટ સુજાનરાય જણાવે છે કે, પ્રસિદ્ધ સુકવિ મીરાંબાઈને પણ તેની માતાએ આ પ્રમાણે કૃષ્ણને અર્પણ કરી હતી. હાલ ગૂજરાતમાં બહુચરાજીને તથા દક્ષિણમાં ખંડોબા ને તુલજાભવાનીને કન્યાઓ અર્પણ કરવામાં આવેછે.

† તે મરણ પામ્યો. આ રાજાના જેવો જ ડેફનીશ નામનો ગ્રીસનો રાજા થઈ ગયો છે.



વ્રત મૂકીને બોલ્યો: "બન્નેમાં રાજા વધારે રાજનિષ્ઠ છે." તે સાંભળીને વૈતાળ ગુસ્સો કરીને બોલ્યો: "શું? રાજા વધારે રાજનિષ્ઠ?' કેમ તમે રાજાને વધારે રાજનિષ્ઠ કહ્યો અને સેનાપતિને ન કહ્યો, તેનું કારણ શું? યાદ રાખો કે, સેનાપતિએ ઘણા દિવસ સુધી તે સ્ત્રી સંગે રહીને ઉત્તમ પ્રકારે રતિસુખ ભોગવ્યું હતું ને તેની મનહર મૂર્તિની મોહીની જાણતો હતો; તે છતાં પણ તેણે આવી સુંદર રંભાને, રાજા તરફના પોતાના પ્રેમને લીધે અર્પણ કરવાની આજ્ઞા માગી; અને જ્યારે રાજા મરણ પામ્યો ત્યારે પોતાની સ્ત્રીનો ઉપભોગ તજીને, પોતે તેના નિરંતરનો ત્યાગ કર્યો–અગ્નિમાં બળી મર્યો. પણ રાજાએ તો તે સ્ત્રીની પ્રેમલીલાનો કંઇ પણ લહાવો લીધા વગર જ તેને લેવાને ના પાડી હતી, તો તે કેમ શ્રેષ્ઠ?"

વૈતાળે જ્યારે આ પ્રમાણે કહ્યું, ત્યારે તે સાંભળીને રાજાને હસવું આવ્યું ને તેણે ઉત્તર આપ્યો: "આ વાતની સત્યતા માન્ય રાખીએ, તો પણ યાદ રાખવું કે, સૈન્યાધિપતિ કુલિન હતો, તેથી રાજનિષ્ઠ હતો ને તેણે એ પ્રમાણે આચરણ દાખવ્યું તેમાં આશ્ચર્ય શું છે? કારણ કે સેવકો પોતાના સ્વામીનું રક્ષણ, પ્રાણ જતાં પણ કરવા ધર્મથી બંધાયલા છે. પણ રાજાઓ તો હંમેશાં મદથી મદોદ્ધત હોય છે, હાથીની માફક નિરંકુશિત હોય છે અને જ્યારે તેઓ વિષયાસક્ત થાય છે ત્યારે, હાથી જેમ સાંકળ તોડી નાંખે છે, તેમ તેઓ નીતિ મર્યાદાની સાંકળ તોડી નાંખે છે. મર્યાદાનો ભંગ કરનારા નિરંકુશિત મનવાળા રાજાની ઉપર, જળનો અભિષેક કરવામાં આવે છે તે પાણીના રેલાની સાથે જ, તેના શરીરમાંથી સમગ્ર વિવેક બુદ્ધિ તણાઈ જાય છે; તેમ તેઓનું મન અત્યાભિમાની હોય છે; અને જ્યાં ચમ્મરોનો પવન વાવા માંડે છે ત્યાં તો વૃદ્ધ પુરુષોના કહેલા શાસ્ત્રાર્થના સદુપદેશનાં રજકણો પણ જેમ માખી, મચ્છર ને ધૂળ દૂર ઉડી જાય છે, તેમ દૂર નાશી જાય છે; અને રાજછત્રથી જેમ સૂર્યનાં કીરણો દૂર થાય છે તેમ, સત્યનાં કીરણો પણ દૂર થાય છે; અને વૈભવરૂપી વંટોળિયાથી તેઓની મિચાયલી આંખો માર્ગામાર્ગને જોઈ શકતી નથી. નહુષ વિગેરે રાજાઓ, જેણે જગતમાં યશ વિજય મેળવ્યો હતો, તે સઘળા કામના બાણ આગળ પરાજય પામ્યા છે. આ રાજા પણ પૃથ્વી ઉપર ચક્રવર્તી હતો, તો પણ તે લક્ષ્મીના જેવી ચંચળ અને મનોહારી મોહીની રૂપ રતિરંભા ઉન્માદિની તરફ મોહ પામ્યો નહીં અને બેશક, જો તેણે અનીતિ માર્ગપર પગ મૂકયો હોત તો તે મરણ પામત નહીં; તેથી જ મેં તેને આત્મસંયમમાં શ્રેષ્ઠ ગણ્યો છે ને પૂર્ણ રાજનિષ્ઠ માન્યો છે."

જ્યારે વૈતાળે ઉપર પ્રમાણે રાજાનો ઉત્તર સાંભળ્યો ત્યારે પુનઃ તે તેની ખાંધ ઉપરથી ઉડીને એકદમ માયાના બળથી પોતાના નિવાસ ઉપર ચાલ્યો ગયો. એટલે રાજા પણ પૂર્વપેરે જ ઉતાવળો ઉતાવળો પુનઃ તેને મેળવવા માટે તેની પાછળ પડ્યો. કારણ કે મોટા પુરુષો જે કામ આરભે છે તે ઘણું જ કઠિણ હોય છે, છતાં પણ તે અધવચમાંથી કેમ મૂકી દે?*

---

* ઈરાની 'તુતીનામા' માં આ વાત આવેલી છે, જે પરથી ઘણે સ્થળે રૂપાંતરથી તે લખાયલી જણાય છે. રાજતરંગીણીમાં પણ, ડા. બુલર કહે છે કે આ વાત છે. બુદ્ધશાક્યમુનિના સંબંધમાં પણ આ વાત બરમામાં ચાલે છે. જાતકમાળામાં પણ આ વાર્તા રૂપાંતરે આવેલી છે.

# તરંગ ૨૫ મો.

## વૈતાળ પંચવિંશી.

### વૈતાળ અઢારમો–એક બ્રાહ્મણ કુમારની કથા.

ત્યાર પછી રાજા ત્રિવિક્રમસેન, તે જ રાત્રે માંસાહારી અને અગ્નિની ઝાળ જેવી જિહ્વાવાળાં ચંચળ ભૂતોથી ભરપૂર અને ઝળઝળાટ બળતી ચિતાના અગ્નિથી ચારે તરફ વિંટાયલી સ્મશાનભૂમિમાં પાછો ગયો. તે પાછો હઠે કે ડરે તેવો ન હતો. નિડર, નિર્ભય, સહાસિક, વિરલો હતો. સ્મશાનમાં જઇને તે એકદમ અશોકવૃક્ષ ઉપર ચઢ્યો; તો તેની ડાળીઓ ઉપર વૈતાળના જેવાં હજારો વૈતાળવાળાં મુડદાંઓ લટકતાં જેયાં. તે સર્વને નિડર થઇને જેવા લાગ્યો, પણ તેમાં પોતાના વૈતાળનું ખોળીયું કિયું હશે, તે પરખાયું નહીં ત્યારે રાજા મન સાથે વિચાર કરવા લાગ્યો; "અરે ! આ બધું શું ? શું તે માયાવી વીર વૈતાળ આ પ્રમાણેનો ખેલ મચાવી મારો કાળક્ષેપ કરે છે કે ? મને જણાતું નથી કે, આ બધામાંથી મારે કીયું શબ લેવું. જો આજ રાત્રિમાં મારું કાર્ય પૂરણ થશે નહીં તો હું અગ્નિમાં બળી મરીશ, પણ બીજાનું અપમાન સહન કરી શકીશ નહીં." વૈતાળે રાજાનો કાર્યસિદ્ધ કરવામાં આ પ્રમાણેનો દઢ નિશ્ચય જેયો, એટલે તેના પરાક્રમથી પ્રસન્ન થઈ ગયો અને પોતાની માયાને પાછી ખેંચી લીધી. તુરત જ રાજાએ તે વૃક્ષ ઉપર મનુષ્ય-કાયામાં એક જ વૈતાળને લટકતો જેયો. પછી તેને ઉપરથી નીચે ઉતારી પોતે પણ નીચે ઉતર્યો અને તે વૈતાળને પોતાની ખાંધ ઉપર મારી ચાલવા લાગ્યો. જ્યારે તે રસ્તામાં એકલો ચાલતો હતો ત્યારે વૈતાળ બોલ્યો "રાજાજી ! તમે મારે માટે વારંવાર આવજાવ કરી, છતાં પણ તમે જરા પણ શ્રમિત થયા જણાતા નથી; તમારા અંગમાં તો અતિશય ઉમંગ દેખાય છે. તે જેઈ મને આશ્ચર્ય થાય છે ને જણાય છે કે તમારુ નસીબ ઘણું રુડું છે. તો હું એક નવલ કથા કહું છું તે સાંભળો."

ઉજ્જયિની નામની નગરી છે. હિમાચળની પુત્રી પાર્વતી સાથે પરણવા માટે ઉગ્ર તપ કરી, તેને પરણ્યા પછી શંકરે આ નગરીનાં બહુ વખાણ સાંભળ્યાં, તેથી જાણે તેની તરફ લોભાયા હોય તેમ, આ નગરીમાં મહાકાળેશ્વર સ્વરૂપે આવીને વસ્યા છે. ભોગવતી એટલે નાગપુરી અને અમરાવતી આ બે નગરીમાં ત્રીજી પંક્તિની ઉજ્જયિની ગણાય છે. ઘણાં સત્કર્મ કર્યાં હોય તેને પ્રાપ્ત થાય તેવા ઉંચા પ્રકારના વભવથી તે નગરી ભરપૂર છે. તે નગરીમાં સ્તબ્ધતા ને કર્કશતા માત્ર સ્ત્રીઓના કુચમાં જ હતી, પણ મનુષ્યોમાં સ્તબ્ધતા–મૂર્ખતા ને કઠિણતા નહોતી. ભંગ* માત્ર સ્ત્રીના ભ્રમરમાં જ હતી, ને ચંચલતા માત્ર તેના નેત્રમાં જ હતી. તમ† રાત્રિઓમાં જેવામાં આવતું હતું, પણ તમ–અજ્ઞાનતા મનુષ્યમાં જેવામાં આવતું નહીં. વક્રોક્તિ કવિવરોની વાણીમાં જેવામાં આવતી હતી, હાથીઓમાં મદોન્મતપણું જેવામાં આવતું હતું, અને મુક્તા, ચંદન અને ચંદ્રમામાં શીતતા ‡ જેવામાં આવતી હતી.

* ભંગ એટલે હારવું. † અંધકાર–અજ્ઞાન. ‡ શીતતા એટલે ઠંડાપણું. અત્રે ગ્રંથકારનો કહેવાનો આશય એવો છે કે ત્યાં પૂર્ણ બુદ્ધિશાળી, શૂરવીર, જ્ઞાની, સત્યવાદી, નિવૃત્તિપરાયણ વર્તનારા ને ઉત્સાહી મનુષ્યો વસતા હતા.



તે નગરીમાં ચંદ્રપ્રભ નામનો એક રાજા રાજ્ય કરતો હતો. તેનો કાર્યભારી બહુશ્રુત હતો, અને તેનું નામ દેવસ્વામિ હતું. તે મોટા શ્રીમાન્ હોઇને તેણે ઘણા યજ્ઞ કર્યાં હતા દેવસ્વામિને કેટલાએક કાળ વિત્યા બાદ એક પુત્ર અવતર્યો. તેનું નામ, તેણે ચંદ્રસ્વામિ પાડ્યું. તે પુત્રે જે કે સારી રીતે વિદ્યાભ્યાસ કર્યો હતો, તોપણ તરુણાવસ્થામાં આવતાં ધીરે ધીરે તે જુગારના કુછંદમાં પડ્યો. એક દિવસે તે બ્રાહ્મણકુમાર ચંદ્રસ્વામિ એક દ્યૂતશાળામાં દ્યૂત રમવા માટે ગયો. કૃષ્ણમૃગના જેવી ચિત્રવિચિત્ર શ્યામવર્ણિ સાક્ષાત્ વિપત્તિ દેવી, પાસા તરફ ચંચળ દૃષ્ટિ કરતી તે ગૃહમાં નિહાળતી હતી; અને તે ગૃહમાં બેઠેલા જુગારીઓને કહેતી હતી કે, "ચાલો જેઇએ, આજે વળી આપણને કેવો શિકાર હાથ આવે છે?" દ્યૂતશાળામાં તે જુગારીઓ લાંબા લાંબા ઘાંટા પાડીને એક બીજાને કહેતા હતા કે, "આવ બચ્ચાજી ! આવ. એવો કાણ છે કે જેની લક્ષ્મિ હું હરી નહીં શકું ? હું એવો છું કે એક ક્ષણમાં અલકાપુરીના સ્વામિ કુબેરભંડારીને પણ દરિદ્રી બનાવી દઉં." ચંદ્રસ્વામિ તે દ્યૂતશાળામાં ગયો અને જુગારીઓની વચમાં બેસીને ધીમે ધીમે તેઓની સાથે રમવાની શરુઆત કરી. પેહેલી બાજીમાં તે વસ્ત્ર વિગેરે સઘળું હારી ગયો અને બીજી બાજીમાં ઉછીના આણેલા સઘળા પૈસા પણ હારી ગયો. જુગારીઓએ તેની પાસે તે ધન પાછું માગ્યું, જે તે આપી શકયો નહીં; ત્યારે દ્યૂતશાળાના માલિકે ચન્દ્રસ્વામિને પકડીને લાકડીએ સારી રીતે ઠોકયો,* અને તેનું આખું અગ ભાગી નાખ્યું. ચન્દ્રસ્વામિ તેના મારથી મૂર્છાગત થઈ પડ્યો ને પોતે મરી ગયો હોય તેમ પોતાના શરીરને પાષાણની માફક સજડ કરી ત્યાંજ પડ્યો રહ્યો.

જ્યારે આ પ્રમાણે બે ત્રણ દિવસ વીતી ગયા તોપણ તે ત્યાંથી ઉઠ્યો નહીં ત્યારે દ્યૂતશાળાના માલિકે ગુસ્સે થઈ બીજા જુગારીઓને કહ્યું: "આ સાલાએ આપણને છેતરવા માટે કપટોપાય આરંભ્યો છે, તો એ ચૈતન્ય રહિત મુડદાને અહીંયાંથી સત્વર ઉપાડી કોઈપણ અંધારા કૂવામાં હોમી દ્યો. હું તમને તમારી મહેનતના પૈસા આપીશ."

જ્યારે તે દ્યૂતશાળાના માલિકે આ પ્રમાણે કહ્યું ત્યારે જુગારીઓ તુરત ચન્દ્રસ્વામિને ઉપાડીને જંગલમાં ઘણે દૂર લઈ ગયા ને ત્યાં કુવો શોધવા લાગ્યા, તે સમયે તે ટોળામાંના એક ઘરડા ખુવડ જુગારીએ બીજા જુગારીને કહ્યું: "તમે વૃથા શા માટે મહેનત કરો છો ? આ માણસ તો બહુધા મરણ પામ્યો છે; તો હવે એને કુવામાં નાંખી દેવાથી આપણને શું ફાયદો છે? ચાલો, એને અહીંજ નાંખી દ્યો. આપણને શેઠજી પૂછશે તો કહીશું કે, સાહેબ, અમે તેને કુવામાં ઝોકાવી આવ્યા છીએ."

બીજા જુગારીઓને તે ઘરડા જુગારીનું વચન ઠીક લાગ્યું એટલે સઘળાએ તે માન્ય કર્યું; અને તેને ત્યાંજ પડતો મૂકી ચાલતા થયા.

તે જુગારીઓ તેને ત્યાં મૂકી ચાલ્યા ગયા પછી ચન્દ્રસ્વામિ ઉઠીને નજીકના એક ઉજડ શિવ મંદિરમાં ગયો. જે કે તે ઘણોજ દુઃખી થયો હતો તોપણ જરાક વિશ્રામ લઈ,

* મૃચ્છકટીક નાટકમાં માથુર જુગારીની રીતને આ સાથે સરખાવો.

ટટાર થઈ વિચાર કરવા લાગ્યો: "અફસોસ ! મને લુચ્ચા જુગારીઓએ કપટથી ભોળવીને છેવટે લુંટી લીધો છે. હાય ! હાય ! હવે મારી પાસે પહેરવાનું પણ વસ્ત્ર રહ્યું નથી, ને હું છેકજ નાગો થઈ ગયો છું. મારું આખું શરીર ધૂળથી ભરેલું છે, એટલે હવે મારાથી કયાંઈ પણ જવાય તેવુંએ નથી. મારો પિતા, મારો ભાઈ અને મિત્ર, મારા આ હાલ જોઈ મને કોણ જાણે શું કહેશે ? હમણાં તો હું અહીં જ બેસી રહીને વખત કાઢું. રાત્રે ક્ષુધા ટાળવા માટે અહીંથી બહાર જઈ ભોજન મેળવવા માટે કંઈ શ્રમ લઈશ, અને ખાવાનું શોધી લાવી ભુખને શાંત કરીશ." તે આ પ્રમાણે ભુખનો ને નગ્નાવસ્થાના દુઃખનો જ્યાં વિચાર કરે છે ત્યાં તો સૂર્યનારાયણ, ચન્દ્રસ્વામિનું દુઃખ જોવાથી ખેદાતુર થયા હોય તેમ, પોતાનો તાપ મંદ પાડીને અસ્તાચળપર ચાલ્યા ગયા અને પોતાનો આકાશવાસી પોશાક તજી દીધો. પક્ષીઓ પોતપોતાના માળા ભણી આવવા લાગ્યાં. ચારે તરફ શીતળતા પથરાઈ ગઈ. એવામાં બીજા શંકર સમાન એક મોટો મહા પ્રતાપિ બ્રહ્મચારિ પાશુપત ત્યાં આવ્યો, તેણે આખા અંગમાં વિભૂતિ ચોળી હતી. તેના માથાપર મનહર શ્યામ જટા શોભતી હતી, અને હાથમાં ત્રિશૂળ ધારણ કર્યું હતું, તેણે ચન્દ્રસ્વામિને જોઈ પૂછ્યું; "તું કોણ છે ?" ચન્દ્રસ્વામિએ દીનતાથી પોતાનું વૃત્તાંત ઈત્થંભૂત કહી સંભળાવ્યું, તે તપસ્વિએ તેની વાણી સાંભળીને કહ્યું:" તું આ મારા આશ્રમમાં આવ્યો છે; અને ક્ષુધાથી ઘણો જ દુર્બળ થયો છે; તેમ મારો અતિથિ પણ છે, માટે ચાલ, ઉભો થા; ને સ્નાન કરી ભિક્ષાનો ભાગ ગ્રહણ કરી જા." આ પ્રમાણે જ્યારે તે મુનિએ કહ્યું ત્યારે ચન્દ્રસ્વામિ બોલ્યો: "પૂજ્ય માહાત્મા ! હું બ્રાહ્મણ છું તો હું તમારી ભિક્ષામાંથી ભાગ કેમ લઉં ?" તે સાંભળીને તે સિદ્ધ, જેને અતિથિ બહુ પ્રિય હતા, ને જે યોગવિદ્યામાં પૂર્ણ હતો તે પોતાના મઠમાં ગયો અને પોતાની "ઈષ્ટ સિદ્ધિ" * વિદ્યાનું સ્મરણ કર્યું. તે સિદ્ધિ મૂર્તિમતી થઈને તે સિદ્ધની આગળ ઉભી રહી ને બોલી: "મહારાજ! શી આજ્ઞા છે?" ત્યારે તે સિધ્ધે આજ્ઞા કરી કે, "આ અતિથિની સેવા કરજે: ને જોઈયે તે તેના મુખ આગળ ધરજે." તે વિદ્યાએ કહ્યું, "જેવો હુકમ." પછી તેણે એક બગીચામાં સુંદર મહેલવાળું એક સુવર્ણમય નગર રચ્યું. તે નગર તરફ ચન્દ્રસ્વામિની નજર ગઈ એટલે તે આશ્ચર્ય પામતો થકો તેની તરફ ટગર ટગર જોવા લાગ્યો, કે તુરત તેના એક મહેલમાંથી વારાંગનાઓ બહાર નિકળી ને આશ્ચર્ય પામતા ચન્દ્રસ્વામિની પાસે જઈને બોલી: "ભલા ગૃહસ્થ ! ઉઠો, સ્નાન કરો અને ભોજન કરી થાક દૂર કરો." પછી ચન્દ્રસ્વામિ ઉઠયો ને તેની સાથે તે મહેલમાં ગયો. ત્યાં વારાંગનાઓએ તેને મર્દન કરી, ઉષ્ણ જળથી સ્નાન કરાવ્યું, તેના શરીર ઉપર અંગરાગ ( કેસર કસ્તુરીવાળો ને ચંદન યુક્ત લેપ ) ચોપડ્યો; અને અમૂલ્ય વસ્ત્ર પહેરવા આપ્યાં. તે પહેર્યાં પછી વારાંગનાઓ તેને એક બીજા સુંદર ઓરડામાં લઇ ગઈ. આ ઓરડામાં દાખલ થતાં તરુણ ચન્દ્રસ્વામિએ એક ઉત્તમ પ્રમદાને દીઠી. તે સર્વાંગે અતિ ઉત્તમ હતી, અને બ્રહ્માએ પણ જાણે બહુ વખત લઈને પોતાની એક અનુપમ કૃતિના નમુના દાખલ તેને ઘડી હોય તેવી તે જણાતી હતી. જેવો ચન્દ્રસ્વામિ

* ઈષ્ટ સિદ્ધિ એટલે જે વસ્તુની ઈચ્છા કરીએ તે વસ્તુ તુરત પ્રાપ્ત થાય એવી યોગવિદ્યા.



તે ઓરડામાં દાખલ થયો તેવીજ તે સુંદરીએ ઉત્કંઠા સહિત ઉભાં થઈ સત્કાર કરી પોતાની સોડમાં તેને બેસાડ્યો; ચન્દ્રસ્વામિએ તે ઉત્તમ પ્રમદાની સાથેજ ત્યાં દિવ્ય ભોજન કીધું. તે પછી પાંચ જાતનાં પાકાં ફળોથી મુખમર્જન કર્યું અને પછી ઘણા આનંદ સાથે પાનની બીડી ખાધી. ત્યારબાદ રાત્રે તે સ્ત્રીની સાથે શય્યા ઉપર શયન કરી રંગભોગ રમ્યો; ને નિદ્રાવશ થઈ ગયો.

બીજે દિવસે પ્રભાતમાં જ્યારે તે જાગ્યો ને જુવે છે તો ત્યાં પાછું શિવાલય જ દીઠું, ન મળે પેલી દિવ્ય વારાંગના, કે ન મળે તે નગર અને અનુપમ સાહેબી; અને ન મળે પેલી ફક્કડ દાસીઓ. આ સઘળી વિલક્ષણતા જોઈ તે મનમાં બહુ ઉદાસ થઈ ગયો. એવામાં મઠમાંથી પેલો તાપસ બહાર નિકળીને હસતો હસતો પૂછવા લાગ્યો, "કેમ ભાઈ! કાલ રાત્રિનું કેવું સુખ હતું." એટલે તે બે હાથ જોડી, શોક કરતો, તપસ્વી પ્રત્યે બોલ્યો: "મહારાજ ! મેં આપના પ્રતાપથી રાત્રિ તો સુખમાં ગાળી હતી; પરન્તુ તે દિવ્ય સ્ત્રીનો વિરહ થવાથી હવે મારા પ્રાણ નાશ પામશે." તે સાંભળીને પેલો તપસ્વી, જે સ્વભાવે જ દયાળુ હતો, તે હસતો હસતો બોલ્યો: "તું અહીંજ રહે. વળી આજે રાત્રે, કાલની પેઠે જ તને સર્વ સુખ મળશે." આ પ્રમાણે તાપસનું કહેવું સાંભળીને ચન્દ્રસ્વામિ ત્યાં રહ્યો; અને તે તપસ્વિની વિદ્યાના પ્રભાવથી, દર રાત્રે તેવોજ વૈભવ ભોગવવા લાગ્યો.

આ સર્વ સુખ જોઈ દૈવપ્રેરિત ચન્દ્રસ્વામિના મનમાં વિચાર આવ્યો કે આ સર્વ યોગવિદ્યાનો પ્રભાવ છે; માટે હું પણ તે જાણવાનો પ્રયત્ન કરું તો ઠીક. આમ ધારી એક દિવસે તેણે તાપસરાજને પ્રસન્ન કરીને તેની આગળ પાર્થના કરી: "મહારાજ ! જો આપની હું શરણાગત ઉપર ખરેખરી કૃપા હોય તો જે વિદ્યાનો આવો અનુપમ પ્રભાવ છે તે યોગવિદ્યા મને શિખવો." જ્યારે તેણે આ વિનતિ, અત્યંત આગ્રહપૂર્વક કીધી ત્યારે તે તાપસે ઉત્તર આપ્યો: "તું એ વિદ્યા સંપાદન કરી શકીશ નહીં, કેમકે એ વિદ્યા તો જળમાં રહીને પરાકાષ્ટે સાધી શકાય છે. કદાચિત્ યોગવિદ્યાભિલાષી જન જળમાં રહી તેના મંત્રનો જાપ કરે છે, તોપણ તેને એ વિદ્યાનો પ્રતાપ ઘણીક રીતની માયા દાખવી ગભરાવી મુકે છે, ને તેથી એ વિદ્યાનો પ્રયોગ અફળ જાય છે. એ વિદ્યા સાધતાં તે મોહવશ થાય છે, ને તેથી તે એકને મિત્ર ને બીજાને શત્રુ ગણે છે, ને પોતે પોતાને પણ ભુલી જાય છે, ને એ પણ પોતે વિસરી જાય છે કે પોતે યોગવિદ્યાની સાધના કરવા બેઠો છે. એમાં અભિલાષીને એમ જણાય છે કે જાણે તે ફરી જન્મ્યો, બાળક થયો; કામાર, કિશોર, અને તરુણાવસ્થાને પામ્યો; પરણ્યો, ને તે પછી પાછો એમ જ માને છે કે તે પોતે બાળક જ છે. પણ જે કોઇ, પોતે પોતાના મનમાં ખાત્રીપૂર્વક એમ માને કે હું તો ચોવીશ વરસની ઉમરનો હતો; અને પોતાના ગુરુની આપેલી વિદ્યાના પ્રભાવથી પાછો શુદ્ધિમાં આવી દૃઢ મનનો થાય છે તો તેનેજ પોતાની જાતિનું યથાર્થ સ્મરણ થાય છે; અને પછી જાણે છે કે આ બધું જોયું તે તો મોહમાયાનો પ્રતાપ હતો તો તે જ જય મેળવે છે; અને પછી પોતાની મૂળ શક્તિમાં રહ્યા છતાં ભડભડાટ બળતા અગ્નિમાં પ્રવેશ કરે છે, ત્યારે તે આ સિદ્ધિવિદ્યા સંપાદન કરી, જળમાંથી બહાર નિકળે છે ને ત્યારે જ

સત્ય સિદ્ધિ પ્રાપ્ત થય છે. પણ જો આ વિદ્યા, અભિલાષી શિષ્યને નહીં પ્રાપ્ત થઈ તો, અપાત્રને ગુરુએ તે વિદ્યા શિખવવાનો પ્રયત્ન કીધો તેટલા માટે તેની પણ વિદ્યા નષ્ટ થાય છે. મને વિદ્યાની સિદ્ધિ થઇ છે, તેથી તને સર્વ ઇચ્છિત વસ્તુ મળે છે તો હવે તારે તે વિદ્યા સાધીને શું પ્રયોજન છે, ને આટલો આગ્રહ શું કરવા કરે છે? યાદ રાખ કે કદાચ મારી વિદ્યાનો નાશ થશે તો તારું આ સર્વ સુખ પણ સાથે સાથે નાશ પામશે."

આ પ્રમાણે તે તપસ્વિએ ચંદ્રસ્વામિને કહ્યું, તોપણ ચંદ્રસ્વામિએ પોતાની હઠ મૂકી નહી. તે બોલ્યો; "આપે કહેલું હું સર્વ કરી શકીશ; તમે આ વિશે કંઈપણ ફીકર રાખો નહીં." છેવટે તપસ્વિએ કંટાળીને તેને વિદ્યાજ્ઞાન આપવાનું કબૂલ કર્યું. સત્પુરુષો પોતાના ભક્તના આગ્રહથી શું કરતા નથી? પછી તે પાશુપત તપસ્વિ, તે મૂર્ખ ચંદ્રસ્વામિને નદીના કિનારા ઉપર લઈ ગયો ને કહ્યું; "બેટા! તું આ વિદ્યાનો જપ, જળમાં રહીને કર્યા કર. જ્યારે તને માયા જણાશે ત્યારે હું તને મારી વિદ્યાના પ્રતાપથી પાછો સાવધ કરીશ, ને પછી તું માયાના અગ્નિમાં પ્રવેશ કરજે. હું અહીં નદીના કિનારા ઉપર તારી પાસે જ ત્યાં સૂધી ઉભો છું." આમ કહી પાશુપતમાં ઉત્તમ એવો તે તાપસ, સ્નાન કરી પવિત્ર થઈ ત્યાં બેઠો. ચંદ્રસ્વામિ પણ સ્નાન કરી આચમન લઇ, શુદ્ધ થયો. પછી તાપસે યથાર્થ રીતે ચંદ્રસ્વામિને તે વિદ્યાનો મંત્રોપદેશ કર્યો. પછી ગુરુ તીર ઉપર ઉભા રહ્યા અને ચંદ્રસ્વામિ ગુરુને પ્રણામ કરી ઉતાવળથી નદીમાં કુદી પડયો. જ્યારે તે જળમાં બેસીને તે વિદ્યાનો જપ કરવા લાગ્યો, ત્યારે તેની આસપાસ માયા ફરી વળી. તે મિથ્યા માયાના મોહમાં એકદમ ફસી પડ્યો, અને પોતાનો વર્તમાન જન્મ વિસરી જઇ, જ્યાં નજર કરે છે ત્યાં તો પોતે બીજી નગરીમાં કોઈ બ્રાહ્મણને ઘેર પુત્ર થઇને અવતર્યો છે એમ જાણ્યું. ત્યાં મોટો થઈ ઉપવીત ગ્રહણ કર્યું, વિદ્યા ભણ્યો અને પછી સ્ત્રી પરણ્યો એમ દીઠું. પછી તે માયામાં જ, દુઃખમાં અને સુખમાં મૂઢ જેવો બની ગયો. વખત વિતતાં તે છોકરાંછૈયાંવાળો થઇ પડયો. ત્યાં તો તે ચંદ્રસ્વામિ પોતાનાં બાળબચ્ચાંના સ્નેહને લીધે તેને અધિન થઈ, જૂદાં જૂદાં વ્યવહારિક કામ કરવામાં ગુંથાયો; અને માતા પિતા તથા ભાઇભાંડુઓની સાથે પ્રેમ બાંધીને ત્યાં જ રહ્યો છે એમ જોયું. આ પ્રમાણે માયાના પ્રભાવથી તે બીજા જન્મનો મિથ્યા અનુભવ લેવા લાગ્યો.

પછી તેના ગુરુએ સમય ઉપર પ્રબોધ કરનારી વિદ્યાનો તેને ઉપદેશ કર્યો. તે વિદ્યાના પ્રયોગથી તેને જલદીથી સર્વ પૂર્વ જ્ઞાન પુનઃ પ્રાપ્ત થયું અને પોતાને અને ગુરુને ઓળખ્યા એટલે તેણે આ સર્વ માયાજાળ માની, અને પછી દિવ્ય એવું અસાધ્ય ફળ મેળવવા માટે અગ્નિમાં પડવા તત્પર થયો. ત્યાં તો તેના વડીલો, ઇષ્ટમિત્રો, બંધુ વગેરે સર્વ, તેને અગ્નિમાં પડતો અટકાવવા દોડી આવ્યાં ને કહ્યું કે, 'ભાઈ, ભાઈ! તમે એ શું કરો છો? એમ કરવાનું કંઈ કારણ?" અગરજો તેઓએ તેને પડતાં અટકાવવા માટે ઘણા ઘણા પ્રકારની તકરાર કરી, તોપણ દિવ્ય ભોગો મેળવવાની ઇચ્છાથી તે પાછો હઠયો નહી, પણ પોતાનાં સગાં સંબંધીને તેડીને, ચિતામાં પ્રવેશ કરવા માટે નદી તટપર ગયો. ત્યાં તેણે જોયું તો જાણે



તેના પોતાનાં વૃદ્ધ માતપિતા અને સ્ત્રી તેના શોકમાં જ મરવાને તૈયાર થયાં છે અને તેનાં નાનાં બાળકો રડારોળ કરી રહ્યાં છે. તે જોઈ ચંદ્રસ્વામિના મનમાં વિચાર આવ્યો કે: "હાય! હાય! જો હું આ અગ્નિમાં પ્રવેશ કરીશ તો મારાં સર્વે કુટુંબી મારી પાછળ પ્રાણ કાઢશે; અને હું નથી જાણતો કે ગુરુનું વચન સાચું છે કે ખોટું? હવે હું અગ્નિમાં પડું કે નહીં પડું? હું શું કરું? પણ ગુરુનું વચન તો સત્ય જ છે, તે ખોટું કેમ થાય? નહીં, નહીં હું તો અગ્નિમાં ખુશીથી પ્રવેશ કરીશ!" આવો વિચાર કરી તે બ્રાહ્મણ ચંદ્રસ્વામિએ તુરત અગ્નિમાં પ્રવેશ કર્યો.

ત્યાં પ્રવેશ કરતાં તેને આશ્ચર્યસહિત જણાયું કે તે અગ્નિ બરફ જેવો શીતલ છે, પછી તે માયાનો નાશ થઇ ગયો, એટલે તે પાણીમાંથી નિકળી નદીના કિનારા ઉપર આવ્યો. તેના ગુરુ બેઠેલા હતા તેને જોઈ તે બહુ આશ્ચર્ય પામ્યો. પછી નદીના કિનારા ઉપર બીરાજમાન એવા પોતાના ગુરુના ચરણમાં પ્રણામ કરી ઉભો રહ્યો, એટલે ગુરુએ પૂછ્યું, જળમાં ઉતર્યા પછી તને શું શું થયું હતું તે કહે. તે સાંભળી ચંદ્રસ્વામિએ જળમાં પેઠાથી તે અગ્નિ ઠંડો પડયોઃ ત્યાં સૂધીનું પોતાનું સર્વ ચરિત્ર ઇત્થંભૂત કહી સંભળાવ્યું. તે પછી ગુરુ બોલ્યોઃ "વત્સ! મને શંકા થાય છે કે તેં અગ્નિમાં પડતાં સંકલ્પવિકલ્પ કર્યો હશે ને મંત્રપ્રયોગમાં કંઇ પણ ભૂલ કીધી હશે તે વગર અગ્નિ ઠંડો કેમ લાગે? આ વિદ્યાની સાધનામાં આ ચમત્કાર, બેશક અદર્શનીય છે." ગુરુનું આવું વચન સાંભળીને ચંદ્રસ્વામિ બોલ્યો, "મહારાજ! મારી ખાત્રી છે કે મેં કંઈપણ ભૂલ કીધી નથી." પછી તેના ગુરુએ તે બાબત નક્કી કરવા માટે પોતાની વિદ્યાને સંભારવા માંડી, પણ તે યોગવિદ્યા પ્રગટ થઈજ નહીં, પણ વિનાશ પામી; અને તેના શિષ્યને પણ સિદ્ધ થઈ નહીં. આ પ્રમાણે બન્ને જણા વિદ્યામાંથી ભ્રષ્ટ થઈ ખેદ કરતા કરતા આશ્રમમાં ગયા.

આ પ્રમાણે વૈતાળે કથા કહ્યા પછી પુનઃ રાજા ત્રિવિક્રમસેનને પ્રથમના સોગન આપીને પ્રશ્ન કર્યોઃ "મહારાજ! જે પ્રમાણે ગુરુએ ક્રિયા બતાવી હતી તે પ્રમાણે શિષ્યે સર્વ ક્રિયા કરી, છતાં બન્ને જણાની વિદ્યા શાથી નાશ પામી તે સંશય ટાળો!" ત્રિવિક્રમસેને વૈતાળનો પ્રશ્ન સાંભળી પ્રત્યુત્તર આપ્યોઃ "હે માયાવી! હું જાણું છું, કે તું આવી આવી નવલ કથા કહી, તેનો પ્રત્યુત્તર માગીને મારો કાળ ગાળે છે; તોપણ હું તારા પ્રશ્નનો ઉત્તર આપું છું તે સાંભળ. જ્યાં સૂધી કોઈ પણ પ્રાણીનું મન ધીરજવાળું, સંકલ્પ વિકલ્પ રહિત, નિર્મળ અને સાત્વિક વૃત્તિવાળું થતું નથી, ત્યાં સૂધી તે પોતે શુદ્ધ થઇ, દુષ્કર કર્મ કરે છે તોપણ તેને સિદ્ધિ પ્રાપ્ત થતી નથી. આ બાબતમાં તે બ્રાહ્મણનું મન, જ્યારે તેના ગુરુએ તેને પ્રબોધથી જાગ્રત કીધો ત્યારે પણ ડગમગવા લાગ્યું હતું. ચંદ્રસ્વામી મૂર્ખ હતો તેને લીધે તેને યોગ સિદ્ધિ મળી નહીં; તેને અગ્નિમાં પડતાં અનેક સંકલ્પ વિકલ્પ થયા હતા ને ગુરુ વચનપર વિશ્વાસ બેઠો નહીં! અને ગુરુએ અપાત્રને વિદ્યાનો ઉપદેશ કીધો તેથી તેની વિદ્યા પણ નાશ પામી."

આ પ્રમાણે રાજાએ મૌન્યવ્રત મૂકીને ઉત્તર આપ્યો, કે વળી તેના ખભા ઉપરથી તે વૈતાળ અદૃશ્ય થઇને પોતાના સ્થાનક ઉપર ચાલ્યો ગયો. એટલે રાજા પણ વળી તેની પાછળ તેને પકડવા માટે ગયો.*

---

## તરંગ ૨૬ મો.

## વૈતાળ પચ્ચીંશી.

### વૈતાળ ઓગણીશમો–એક ચોર પુત્રની કથા.

રાજા ત્રિવિક્રમસેન ઉતાવળથી તે વૈતાળની પાછળ પુનઃ મહાસ્મશાનમાં ગયો અને અશોકવૃક્ષ ઉપરથી વૈતાળને લઇને પોતાની ખાંધ ઉપર ઉઠાવી ચાલવા લાગ્યો. રસ્તામાં જતાં જતાં વૈતાળે પુનઃ કહ્યું, "રાજાજી! તમને હું એક મનમોહક ચિત્તચોરક કથા કહું છું તે સાંભળો."

વક્રોળક નામનું એક નગર હતું. તે દેવનગર સમાન સુંદર હતું. તેમાં ઇંદ્રના જેવો પ્રતાપી સૂર્યપ્રભ નામનો એક રાજા રાજ્ય કરતો હતો. વિષ્ણુએ વરાહ અવતાર લઇને મનુષ્યના કલ્યાણ માટે બહુ કાળપર્યંત આ પૃથ્વીને પોતાની ભુજા ઉપર ધારણ કરી હતી, તેમજ આ રાજાએ પણ બહુ કાળપર્યંત પૃથ્વીનું રાજ્ય ધારણ કર્યું હતું. એ રાજાના રાજ્યમાં યજ્ઞના ધૂમાડાના સંબધથી અશ્રુનો પાત થતો હતો, પરંતુ દુઃખને લીધે અશ્રુપાત

* આ વાર્તાને મળતીજ એક વાર્તા "સ્પેક્ટેટર" ના ૯૪ મા અંકમાં છે. ઇજીપ્તના ખેડીવને એક પંડિતે માયા ચમત્કાર બતાવવા માટે તેને પાણીના વાસણમાં ઉતાર્યો, ને પછી પાણીમાં ડુબકી મારવા કહ્યું તેણે તેમ કીધું એટલે ખેડીવે જોયું કે તે કોઈ સમુદ્રકિનારાના મોટા પર્વત નજીક જઈ પડયો છે. એટલે તે રાજા, તે પંડિતપર ઘણો કોપ્યો કે તેણે આ રીતે તેને દગો દીધો છે. પણ અંતે તેણે જાણ્યું કે હવે ગુસ્સો કરવો વ્યર્થ છે, એટલે આ અરણ્યમાંથી હવે કેમ નિકળવું ને દહાડા કેમ ગાળવા તેનો તે વિચાર કરવા લાગ્યો. પછી આગળ ચાલતાં તેણે કેટલાકોને કામ કરતાં જોયા, ને તેઓ સાથે વાતચિત કરતો તે નગરમાં ગયો. ત્યાં એક સૌંદર્યસંપન્ન સ્ત્રી સાથે તે પરણ્યો, જેનાથી તેને સાત પુત્ર ને સાત પુત્રી અવતરી. પછી તે ઘણી દુર્દશામાં આવી પડયો એટલે ખજુર વેચવાનો ધંધો કરવા બજારમાં ફરવા લાગ્યો. એક દિવસે તે સમુદ્રતટે ફરતો હતો. ત્યારે તે પોતાની આગલી ને હાલની જીંદગી સંબધી ઘણો વિચાર કરવા લાગ્યોઃ ને તેમ કરતાં કપડાં ઉતારી, નિમાજ પઢી, મુસલમાનની રીત પ્રમાણે તે સમુદ્રમાં નહાવા ઉતર્યો. ત્યાં ડુબકી મારીને જેવું પોતાનું માથું ઉંચુ કરે છે, કે તરત પોતે જે વાસણમાં પહેલે ઉતર્યો હતો તેમાંથીજ બહાર નિકળ્યો ને પેલો પંડિત ને તેના દરબારીઓ આસપાસ ઉભેલા જણાયા. ખેડીવે તો તુરતજ પેલા પંડિતને લબડધક્કે લીધો કે તેણે શા માટે આટલો બધો વખત કંટાળો આપ્યો ને દુઃખમાં કઢાવ્યો; પણ જ્યારે તે પંડિતે કહ્યું કે આ તો માયા ને માત્ર સ્વપ્ન હતું ને એ તો એક ક્ષણમાં બન્યું છે, ત્યારે તે ઘણો આશ્ચર્ય પામ્યો.



થતો ન હતો. શૃંગાર વિષયમાં મારની (કામની) કથા ચાલતી હતી, પણ માર (મારવા) ની વાત તો સ્વપ્ને પણ સંભળાતી ન હોતી. દ્વારપાળના હાથમાં સુવર્ણદંડ જોવામાં આવતો, પણ શિક્ષામાં સુવર્ણદંડનું નામે નહોતું; લોક ઘણા સદાચારી હતા. તે રાજાની પાસે પુષ્કળ દ્રવ્ય હતું, પરંતુ તેને એક વસ્તુની ખોટ હતી–જેને લીધે બીજી વસ્તુમાં રાજાનું મન લાગતું હતું નહીં, પણ રાતદિવસ તે દિલગીરીમાં રહેતો હતો. તેને દુઃખ એ હતું કે તેને ઘણી રાણીઓ છતાં પણ એકે ને પુત્ર નહોતો.

હવે, આ વાર્તાના કાળમાં એક બીજી વાર્તા ચાલે છે તે તું સાંભળ. તામ્રલિપ્તિ નામની એક બીજી વિશાળ નગરી હતી. તેમાં ધનપાળ નામનો એક મોટો સાહુકાર રહેતો હતો. તેને ત્યાં છપ્પનપર ભુંગલ વાગતી હતી. તેને ત્યાં ધનવતી નામની એકની એક કન્યા જન્મી, તેની સુંદરતા અનુપમ હતી, અને તેથી એમ માનવામાં આવતું હતું કે, શકે આ કન્યા કોઈ અપ્સરા હશે કે વિદ્યાધરી હશે, ને તે શાપને લીધે ભ્રષ્ટ થઇને આ મર્ત્યલોકમાં અવતરેલી હશે. પણ તે કન્યા જ્યારે ભરજોબનમાં આવી ત્યારે તેનો પિતા મરણ પામ્યો. રાજાએ તે કન્યાના પિતાની સંપત્તિનું કંઈ રક્ષણ કીધું નહીં તેથી, તેની પિત્રાઇઓ તેની સર્વે સંપત્તિ લુટી ગયા. પછી તે સાહુકારની હિરણ્યવર્ત. નામની સ્ત્રી, ગુપ્તરીતે, પોતાના સોનાના દરદાગીનાઓ લઇને, એક દિવસે કોઈ જાણે નહી તેમ, સાંયકાળે, નગરમાંથી નાશી ગઇ. તેની સાથે તેની પુત્રી ધનવતી પણ હતી. આમ દેશવટો લેવાથી પોતાના ધણીના પિત્રાઇઓના દુઃખમાંથી મુક્ત થઈ, મહાકઠાવતિએ તે નગર બહાર પોતાની પુત્રીનો હાથ પકડીને નિકળી શકી! તે કન્યા વગર હિરણ્યવતીને રાત્રીના ઘોર અંધારામાં આધારવાળું કોઈ નહોતું; ને તે જ પ્રમાણે તેના હૃદયમાં પણ સંતાપનું અંધારુ વ્યાપેલું હતું. રાત્રિ બરાબર થઇ ચૂકી હતી. માણસે માણસનાં મોઢાં પણ જણાતાં નહોતાં; તેમાં જેવી રીતે કાળરાત્રિની નિલશામતા દશે દિશામાં વ્યાપી રહી હોય તેવી ઘોર મહાઝમ રાત્રીના બાપડી હિરણ્યવતી ને તેની કન્યા બન્ને જણાં ચાલતાં હતાં. ચાલતાં ચાલતાં મા દીકરી એક નગરના પાદરે આવી પહોંચ્યાં. ત્યાં એક શૂળીના લાકડાપર કોઈ ચોરને ચઢાવેલો હતો, તે હજુ પુરો મરી ગયો ન હતો, પણ મરણના કિનારા ઉપર આવી તરફડિયાં મારતો હતો. તેને કર્મધર્મસંયોગે, અચાનક, હિરણ્યવતીના ખભાનો હડસેલો વાગ્યો, એટલે તે ચોરના અંગમાં શૂળીનો દાંતો જરા વધારે ઉતર્યો એટલે તે વધારે પીડાવા લાગ્યો ને બોલ્યો! "અરે રે! કોણે મારા ઘા ઉપર આ રીતે મીઠાનું પાણી છાંટયું? કોણે મને ધક્કો મારીને પીડા કરી?" ત્યારે તે શેઠાણી, તેનાં વચન સાંભળીને બોલીઃ "ભાઈ! તું આ વખતે અંધારામાં કોણ છે?" તે ચોર બોલ્યોઃ "હું ચોર છું; ને મને આ શૂળી ઉપર ચઢાવ્યો છે, તો પણ મારા પ્રાણ કેમે કર્યા જતા નથી તો બોલ. હે સુશિલા! હવે મારે શું કરવું? ને તમે કહો કે તમો કોણ છો ને આ વખતે કયાં જાઓ છો?" તે સાંભળી તે વિધવા વાણિયાણિએ પોતાની સર્વ વિતકવાર્તા ઇત્થંભૂત કહી. એવામાં તો ચંદ્રમાએ પૂર્વ દિશારૂપ પ્રમદાના લલાટમાં ચાંદલો કરીને પ્રકાશ કર્યો.

જ્યારે ચારે દિશામાં અજવાળું અજવાળું થઇ રહ્યું ત્યારે તે ચોરે નજર કરી તો તે વાણિયણ જોડે તેની કન્યા ધનવતીને ઉભેલી દીઠી. એટલે તે ચોરે તે બાઇને કહ્યુ: "શેઠાણી! મારી એક અરજ જરા ધ્યાનમાં લ્યો તો હું તમારો કોટી કલ્પ પર્યંત મહા મોટો ઉપકાર માનીશ. જો તમે મને આ તમારી કન્યા પરણાવો તો હું તમને એક હજાર સોના મહોર આપું." ત્યારે તે શેઠાણી, સ્ત્રીના સ્વભાવ પ્રમાણે, જરાક હસી પડીને બોલી: "અલ્યા મૂઢ! તારે હવે આ કન્યા પરણીને શું કરવું છે?" ત્યારે તે ચોર બોલ્યો: "હવે હું મુવાતુલ્ય તો છું જ; પણ મારે પુત્ર નથી તેથી મને મોટો સંતાપ થાય છે. તમે જાણો છો કે પુત્ર વગરનો મનુષ્ય સ્વર્ગલોકમાં જઈ શકતો નથી, પણ જો તમે મારી આ માંગણી સ્વીકારશો તો હું એને આજ્ઞા કરીશ તે પ્રમાણે તમારી પુત્રી, જો કોઈ બીજાથી પુત્ર ઉત્પન્ન કરશે, તો પણ તે પુત્ર મારો તો ક્ષેત્રજ ગણાશે–પછી તેનો પિતા ગમે તે હો. આ જ કારણસર હું આ કન્યાની માગણી કરું છું. હવે તમે મારો મનોરથ પૂર્ણ કરો એટલે બસ!" જ્યારે તે સાહુકારની સ્ત્રીએ તે ચોરનાં આવાં વચન સાંભળ્યાં ત્યારે સોનામહોરની લાલચે, પોતાની કન્યા પરણાવાનું કબૂલ કીધું. તે કોઈ સ્થળે જઇને હાથમાં જળ લઈ આવી ને તે ચોરની આગળ જઇને બોલી, "મેં આ કન્યાનું તને કન્યાદાન દીધું છે." આમ કહી પોતાના હાથમાંનું જળ તે ચોરના હાથમાં રેડ્યું. પછી તે ચોરે તે સાહુકાર કન્યાને આજ્ઞા કીધી કે, "પ્રિયે! જા, તું ઇચ્છિત પુરુષદ્વારા પુત્ર ઉત્પન્ન કરજે!" પછી પેલી વાણિયણ વિધવાને ચોરે કહ્યું કે: "તમે પેલા સામા વડવૃક્ષ નિચે જઇને ખાડો ખોદો; અને તેમાંથી સોના મહોર કાઢી લો. હું જ્યારે મરી જાઉં ત્યારે ક્રિયા કર્માંતર સાથે મને અગ્નિસંસ્કાર કરજો, ને મારાં હાડકાંને લઇ કોઈ તીર્થમાં નાખજો. હવે તમે તથા તમારી પુત્રી બન્ને જણાં વક્રોળક નગરમાં જાઓ. ત્યાં સૂર્યપ્રભ રાજાના રાજ્યમાં કોઇને પણ કોઈ પણ જાતનું દુઃખ નથી. તેથી તમે પણ ત્યાં ઉપદ્રવ તથા ચિંતા રહિત, મનભાવતી રીતે આનંદમાં રહી શકશો." આટલું કહી તે તૃષાતુર ચોરે, વાણિયણે આપેલું જળ પીધું કે તુરત શૂળીની વ્યાથાથી તે મરણ પામ્યો.

ત્યાર પછી તે વિધવા વાણિયણ ત્યાંથી ચાલી, ચોરે બતાવેલા વડવૃક્ષ નીચે પુત્રીસહિત ગઈ; અને ત્યાંથી સર્વ ધન કાઢી લઈ પોતાના પતિનો એક મિત્ર હતો તેને ઘેર ચુપ ચુપ જઇને ત્યાં સર્વ ધન સંતાડી મૂક્યું, અને જ્યારે તે ત્યાં રહી હતી તે દરમીયાન કોઈ જાણે નહીં તેમ પેલા ચોરના દેહને અગ્નિસંસ્કાર કરાવ્યો ને તેનાં હાડકાંને તીર્થજળમાં નંખાવ્યાં, ને બીજી સર્વ ક્રિયા કર્માંતર પણ કીધું. પછી થોડે દિવસે તે વાણિયણ પોતાનું ગુપ્તધન અને પુત્રીને સાથે લઈ, વક્રોળક નગરમાં ગઈ. વસુદત્ત નામના એક સારા સાહુકારનું એક ઘર ભાડે રાખ્યું અને તેમાં પોતાની પુત્રી ધનવતી સાથે તે સુખરૂપ રહી.

તે વખતે તે નગરમાં વિષ્ણુસ્વામી નામનો એક મહા પ્રવિણ શિક્ષાગુરુ રહેતો હતો. તેનો મનઃસ્વામિ નામનો એક બ્રાહ્મણ વિદ્યાર્થી હતો, જે અતિશય કાંતિવાન્ હતો. અગરજો તે વિદ્વાન્ અને કુળવાન્ હતો, તોપણ તરુણાવસ્થાના મદપ્રવાહમાં તણાવાથી, હુંસાવળી નામની કોઇએક



વેશ્યા ઉપર આશક પડ્યો હતો. જ્યારે તે વેશ્યા પાસે ગયો ત્યારે તે રાંડ બોલી; "રઝ્ઝા! તું તે મારાપર શું જોઇને રીઝ્યો થયો છે? તારી પાસે એક ફુટી બદામ પણ નથી, ને અમે તો જે પૈસાવાળા હોય તેના સેવક છીયે. તું જો પાંચસો સોનામહોર મને પારિતોષકમાં આપે તો પછી હું તારી છું. માટે જા એટલી મહોર લઇને આવજે, નહીં તો દિસ્તો રહે." મનઃસ્વામિની શક્તિ તેટલું પારિતોષક આપવાની નહોતી. એટલે તેનું મુખ ઝંખવાઈ ગયું અને ત્યાંથી નિકળી ગયો, પણ તે દરરોજ સંતાપ કરવા લાગ્યો.

એક વખતે ધનવતીએ, પોતાના ઘરના ઝરૂખામાંથી મનઃસ્વામિને જોયો. મેં પૂર્વાપર કહ્યું તેમ મનઃસ્વામિનું શરીર, કામવેદનાથી દુબળું થઈ ગયું હતું, તોપણ તેના રૂપ લાવણ્યની સંપત્તિ કોઈ પણ પ્રકારે ઓછી થઈ નહોતી, પણ ઓર વધી હતી. તેથી ધનવતી, મનઃસ્વામિના રૂપ ઉપર મોહિત થઈ ગઈ. તુરત તેને ચોરે કરેલી આજ્ઞા યાદ આવી એટલે તેણે ચાતુર્યથી પોતાની સમીપમાં ઉભેલી પોતાની માતાને કહ્યું; "મા! જો તો ખરી પેલા બ્રાહ્મણકુમારનું રૂપ ને યૌવન, તે કેવાં મોહ કરાવનારાં છે! તેનું રૂપ તથા તારુણ્ય જગતના નેત્રમાં અમૃતનો વર્ષાદ વર્સાવે છે." જ્યારે હિરણ્યવતી શેઠાણીએ પોતાની કન્યાનું આવું બોલવું સાંભળ્યું ત્યારે તે સમજી ગઈ કે મારી પુત્રીની તેના ઉપર પ્રીતિ ચોંટી છે, તો હવે તેને માટે શું કરવું? આમ તે વિચાર કરે છે, એવામાં તેને પણ ચોરનું વચન યાદ આવ્યું. એટલે તે મનમાં બોલી: "મારી પુત્રી, પોતાના ધણીની આજ્ઞા પાળવાને ધર્મથી બંધાયલી છે–કે તેણે ઇચ્છિત પુરુષ સાથે સમાગમ કરીને સુતોત્પત્તિ કરવી. તો હવે શા માટે આ છેલને બોલાવે નહીં?" આવો વિચાર કરી હિરણ્યવતી શેઠાણીએ પોતાની એક વિશ્વાસુ અને રહસ્ય જાણનારી દાસીને બોલાવી પોતાના મનની વાત કહી અને પોતાની પુત્રી માટે તે તરુણ બ્રાહ્મણને લઈ આવવાને દાસીને મોકલી.

દાસી તુરત ગઈ, અને મનઃસ્વામિને મળીને તેને એકાંતમાં લઈ જઈ પોતાની શેઠાણીનો સંદેશો નિવેદન કર્યો. મનઃસ્વામિ, જે તરુણ હતો ને સાથે વિષયી પણ હતો, તેથી બોલ્યો કે: "તારી શેઠાણી જો મને હુંસાવળીને માટે પાંચસો સોનામહોર આપે તો હું એક રાત્રિ તેની પુત્રીનું મન સંતોખી જાઉં!" આ પ્રમાણે તેણે તે દાસીને કહ્યું; એટલે તે પાછી આવી અને પોતાની શેઠાણીને સર્વ સમાચાર કહ્યા. શેઠાણીએ તે જ વખતે તેના હાથમાં તેટલી સોનામહોર આપીને તે બ્રાહ્મણને તેડવા પાછી મોકલી. તુરત તે દાસી મનઃસ્વામિની પાસે ગઈ ને તેને સોનામહોર ગણી આપી. તે લઈ મનઃસ્વામિ તે દાસી સાથે ધનવતીની પાસે ગયો. એટલે પૃથ્વીને શોભા આપે એવી તે અનુપમ કન્યા, અતિશય આનંદ પામતી મનઃસ્વામિને ગળે વળગી પડી; તેને પુષ્કળ ચુંબન કર્યાં ને પછી પોતાના વિલાસભવનમાં રતિક્રીડા રમવા માટે તેડી ગઈ. મનઃસ્વામિ પણ તે તન્વાંગીના અંગનું સૌંદર્ય, જે વિશ્વના ભૂષણરૂપ હતું તેથી, જેમ ચકોરપક્ષી ચાંદનીને નિહાળીને અત્યંત આનંદ પામે છે તેમ આનંદને પામ્યો. પછી મનઃસ્વામિએ તે આખી રાત્રિ ધનવતી સાથે રંગભોગમાં ગાળી, ને પછી કોઈ જાણે નહીં

તેમ, જેમ આવ્યો હતો તેમ જ પ્રભાતમાં તે ચાલતો થયો, અને તેજ સમયે સાહુકાર કન્યા ધનવતી, મનઃસ્વામિના સમાગમથી ગર્ભવતી થઈ, દશ મહીના પૂરા થતાં તેણીએ બત્રીશ લક્ષણા, ને ભવિષ્યમાં પરાક્રમી થાય એવા સર્વ ચિહ્નોવાળા એક પુત્રને જન્મ આપ્યો. પુત્ર જન્મથી મા દીકરી બન્ને જણાં ઘણાં પ્રસન્ન થયાં. એક દિવસે રાત્રે સ્વપ્નામાં શંકરે પોતે સાક્ષાત્ દર્શન આપીને તેઓને કહ્યું: "હે શંકર સેવકો! તમે આ પુત્રને પ્રભાતમાં, કોઈ જાણે નહીં તેમ, સૂર્યપ્રભ રાજાના બારણામાં મૂકી આવજો, તેને એક સુંદર શય્યામાં સુવાડજો ને તેની સાથે હજાર સોનામહોર પણ મૂકજો. આમ કરવાથી તમારું કલ્યાણ થશે." આ પ્રમાણે મા દીકરી બન્ને જણીને આજ્ઞા કરી શંકરદેવ અંતર્ધાન થઈ ગયા; અને મા દીકરીએ જાગૃત થઇને પોત પોતાનું સ્વપ્ન પરસ્પર જણાવ્યું. પછી શંકરનાં વચન ઉપર વિશ્વાસ રાખી, તે બાળકને એક પારણામાં સુવાડી એક હજાર સોનામહોર સહિત તેને રાજાની દેવડી ઉપર ચુપચુપ મૂકી આવ્યાં.

રાજાને પણ એ અરસામાં પુત્રની ઘણી ચિંતા થતી હતી તેથી તે જ રાત્રે શ્રી શંકરે તેને પણ સ્વપ્નમાં કહ્યું કે: "રાજા ઉઠ. તારી દેવડી પર કોઈ એક સુંદર બાળકને સુવર્ણ મહોર સાથે પારણામાં સુવરાવીને કોઈ મૂકી ગયું છે, તેને લે." આ પમાણે જ્યારે સ્વપ્નમાં શંકરે કહ્યું કે, પ્રભાત થતાં જ રાજા જાગી ઉઠયો, ને તત્ક્ષણે પ્રતિહારે આવીને વિનતિ કરી કે, "મહારાજ! આપણી દેવડીપર કોઈ બાળક મૂકી ગયું છે." તે સાંભળી રાજા પોતે સિંહદ્વાર ઉપર ગયો ને જુવે છે તો એક સુંદર, સ્વરૂપવાન, રેખા, છત્ર, ધ્વજા, વિગરેના ચિહ્નથી જેના હાથ ને પગ લાંછિત હતા એવા એક કુમારને સ્મિતહાસ્યવાળા પ્રફુલ્લિત વદને રમતો દીઠો. તેની પાસે સોનામહોરનો ઢગલો પણ પડેલો હતો. તે જોઇને સૂર્યપ્રભ બોલ્યો: "મને શંકરે મારા લાયક પુત્રરત્ન આપ્યું છે. જય શંભો!!" આમ કહી બે હાથથી તેને ઉંચકી લઇને પોતે રાજમહેલમાં ગયો. પછી રાજાએ પુત્રજન્મનિમિત્તે મોટો ઉત્સવ કર્યો. હજારો યાચકોના મનોરથ પૂરણ કર્યા, જેથી દરિદ્ર શબ્દ નિરર્થક થઇ પડ્યો—કોઈ દરિદ્રી જ રહ્યું નહીં. બાર દિવસ સુધી રાજાએ નૃત્યવાદિત્ર તથા બીજી રમત ગમતથી આખા નગરમાં આનંદ આનંદ વર્તાવી દીધો. પછી બારમે દિવસે તે બાળકનું ચંદ્રપ્રભ એવું નામ પાડયુ.

તે રાજકુમાર ઉત્તરોત્તર મોટો થયો. જેમ જેમ તે શરીરે મોટો થયો, તેમ તેમ તેનામાં આનંદદાયક ગુણો પણ ઘણા વધી પડયા. વખત વિતતાં તે કિશોરાવસ્થામાં આવ્યો, અને સમગ્ર ભૂભાર ઝીલવાને શક્તિમાન થયો. તે રાજ્ય ચલાવવા લાયક થયો અને પોતાના શૌર્ય, પરાક્રમ, ઔદાર્યતા, વિદ્વત્તા ને કળાકુશળતાથી તેણે પ્રજાનાં મન હરી લીધાં. તેનો પિતા રાજા સૂર્યપ્રભ, પોતાના પુત્રને રાજ્ય ચલાવે તેવો જોઈ, પોતે વૃદ્ધાવસ્થાને પામ્યો હતો તેથી રાજ્યાસન ઉપર ચંદ્રપ્રભને સ્થાપી કૃતકૃત્ય થયો. પછી તે વારાણસીમાં જઈ, ઇશ્વરનું ભજન સ્મરણ કરવા લાગ્યો, અને જ્યારે તેનો પુત્ર ચંદ્રપ્રભ નીતિપૂર્વક ન્યાયથી રાજ્ય ચલાવતો હતો, તેવામાં જ તેણે પોતાનો દેહ ઉગ્ર તપ કરીને તજી દીધો.



આ વાર્તા સાંભળી ચંદ્રપ્રભ ઘણો દિલગીર થઇ ગયો. પછી ધર્મપરાયણ ચંદ્રપ્રભે પોતાના પિતાની શાસ્ત્રવિધિયુક્ત ઉત્તરક્રિયા કરી, અને પોતાના મંત્રી મંડળને કહ્યું: "સુણો! હું મારા પિતાના ઋણમાંથી શી રીતે મુક્ત થાઉં? હું તેની ક્રિયા મારે સ્વહસ્તે કરીશ, હું મારા પિતાના અસ્થિને ગંગાજળમાં પધરાવીશ, ને ગયાક્ષેત્રમાં જઇશ, ને ત્યાં મારે સ્વહસ્તે મારા પૂજ્યપિતાને પિંડદાન આપીશ, તે પછી હું સર્વ તીર્થમાં ફરી, સર્વ સ્થળે શ્રાદ્ધ સારીશ, ને ઠેઠ પૂર્વ સમુદ્રના કિનારા સુધી જઇશ; ને અનેક પ્રકારનાં દાન ધર્મ કરી મારા પિતા માટે પુણ્ય હોરીશ." જ્યારે રાજાએ આ પ્રમાણે કહ્યું, ત્યારે મંત્રીમંડળે જવાબ આપ્યો: "આપ નામદાર મહારાજાને એ પ્રમાણે વર્તવાની કંઇપણ જરુર નથી; કેમકે રાજ્યને અંતે ઘણી ઉથલપાથલ વળગેલી હોય છે, તેમાં રાજા વગર એક ક્ષણ પણ રાજ્યમાં ચાલે તેમ નથી. તેથી આપ મહારાજે, આપના પિતાના ઋણમાંથી મુક્ત થવા માટે કોઇ બીજાને એ કાર્ય સોંપવું જોઇયે. આપ અત્રે બેઠા જ આપનો ધર્મ બજાવો એટલે બસ. તીર્થયાત્રા કરવાથી વિષેશ શું લાભ છે? રાજાઓ, કે જેઓને રાજ્યનું સંરક્ષણ કરવું અવશ્યનું છે, તેઓને યાત્રા બાત્રા સાથે કંઇ કામ નથી. એવાં એવાં કાર્ય તો ઉલટાં ભયને વધારે છે." જ્યારે મહારાજા ચંદ્રપ્રભે, આ પ્રમાણે પોતાના મંત્રીઓનાં વચન સાંભળ્યાં, ત્યારે તેણે કહ્યું: "સઘળા સંશય ને વિકલ્પોને હવે દૂર રાખો. હું તો મારા પિતાને માટે તીર્થયાત્રા કરવા માટે અવશ્ય જઇશ જ. જ્યાંસુધી હું તરુણ ને શક્તિવાળો છું ત્યાં સુધી, તીર્થયાત્રા કરીશ જ. આ શરીર ક્ષણભંગુર છે: જળનાં બિંદુ માફક એક ક્ષણમાં નાશ થયા પછી કોણ જાણે છે કે શું થશે? હું જ્યાં સુધી તીર્થયાત્રામાંથી પાછો આવું ત્યાં સુધી તમારે આ રાજ્યની સંભાળ રાખવી." જ્યારે મંત્રીઓએ રાજાનો આ રીતે આગ્રહપૂર્વક ઠરાવ સાંભળ્યો ત્યારે તેઓ ચૂપ થઇ ગયા. પછી રાજાએ સર્વ સામગ્રી સજ્જ કરી, તરત મુસાફરીની તૈયારી કીધી. પછી એક શુભ દિવસે સ્નાન કરી, બ્રાહ્મણોનું પૂજન કરી અને અગ્નિમાં હોમ આપી, તિલક કરી, સર્વ સામાન અશ્વવાળા રથોમાં મૂકી, પોતે પણ રથમાં બેસીને આત્મસંયમ કરી, યાત્રાળુનો વેશ ધારણ કરી યાત્રા માટે પ્રયાણ કીધું. તેને વળાવવા માટે સામંતો, રાજકુમારો અને નગરજનો છેક રાજ્યના સીમાડા સુધી પાછળ પાછળ ગયા. તે સઘળાને રાજાએ જેમ તેમ સમજાવી, તેમની મરજી ઉપરાંત પાછા વાળ્યા, અને પછી પોતે ગોર અને બીજા કેટલાએક બ્રાહ્મણોને સાથે લઇ, ત્યાંથી આગળ ચાલતો થયો. તેણે રાજકાજ મંત્રીને સોંપ્યું હતું, એટલે તેના મનમાં જરા પણ ચિંતા ન હતી. રાજા ચંદ્રપ્રભ જૂદી જૂદી જાતના દેશ જોતો જોતો, નવી નવી ભાષા સાંભળતો સાંભળતો અને પ્રવાસના અવનવા ચમત્કારો નિહાળતો, પ્રસન્ન ચિત્તે, જૂદા જૂદા દેશની રીતભાતનું અવલોકન કરતો કરતો મુસાફરી કરતો હતો. ધીમેધીમે તે ગંગા નદીના કિનારા ઉપર જઇ પહોંચ્યો. ગંગાજીમાં સુંદર જળ તરંગો ઉછળી રહ્યા હતા, તેથી સાક્ષાત્ ગંગાજી જાણે પ્રાણીઓને સ્વર્ગમાં ચઢવાને એક પગથીઆ જેવી હોય તેવી શોભી રહી હતી, હિમાચળ પર્વતમાંથી ઉત્પન્ન થયેલી અને શંકરના મસ્તકની જટામાં વિહાર કરતી

દેવર્ષિ અને ગણો જેને વંદન કરે છે એવી દેવી ગંગા, અંબિકાની પેરે ક્રીડા કરતી હતી. રાજા ચંદ્રપ્રભ ગંગા તટે પહોંચતાં તુરત રથમાંથી ઉતરી પડ્યો ને અનુપમ ગંગા નદીમાં વિધિ પ્રમાણે સ્નાન કરી, સૂર્યપ્રભ રાજાનાં અસ્થિ તેમાં પધરાવ્યાં.

પછી અનેક બ્રાહ્મણોને દાન આપ્યું ને શ્રાદ્ધ સાર્યું. પછી તે પાછો રથમાં બેસી ધીમેધીમે મુનિવર્ણિત પ્રયાગરાજમાં આવ્યો. ત્યાં ગંગા યમુનાનો પ્રવાહ, પ્રભાનો ( તેજનો ) અને ધુમાડાનો સમાગમ મનુષ્યને ઉત્તમ ગતિ આપવા માટે જેમ શોભે તેમ શોભતો હતો. ( ગંગાજી સ્વચ્છ સફેત જેવા હતાં, ને યમુના જળ શ્યામ વર્ણું હતું. ) ત્યાં ચંદ્રપ્રભે ઉપવાસ કરી, સ્નાન, દાન, શ્રાદ્ધ વિગેરે ઉત્તમ પ્રકારની ક્રિયાઓ કરી. ત્યાંથી પોતે વારાણસીમાં ગયો. આ નગરીમાં દેવમંદિરની ઉપર રહેલી રેશમી ધ્વજાઓ પવનથી આમ તેમ ફડફડાટ કરી સર્વ લોકને જાણે એમ કહેતી હોય કે "આવો અને મોક્ષને પામો," તેવી રીતે ઉડી રહી હતી.

રાજા ચન્દ્રપ્રભે, તે નગરીમાં જઇને ત્રણ દિવસ ઉપવાસ કર્યો, અને પોતાની મનપસંદ સામગ્રીથી શંકરનું પૂજન કર્યું. ત્યાંથી પછી તે ગયાજી ગયો. ત્યાં ફળોના ભારથી લચી રહેલાં વૃક્ષો, પગલે પગલે પ્રણામ કરી, ભ્રમરાઓના ગુંજારવનો નાદ સંભળાવી, તે રાજાની સ્તુતિ કરતાં હોય તેવાં જણાતાં હતાં. રસ્તામાં પવન, વૃક્ષપરથી પુષ્પોને વેરી રાજાની પૂજા કરતો હોય તેમ ચારે તરફ વાતો હતો. રાજા પોતે જૂદા જૂદા અરણ્યને ઓળંગી પવિત્ર ગયાશિરમાં* ગયો, અને ત્યાં વિધિ પ્રમાણે શ્રાદ્ધ કર્યું. ત્યાં તે સમયે બ્રાહ્મણોને પુષ્કળ દક્ષિણા આપી, ત્યાંથી તે રાજા ધર્મારણ્યમાં ગયો, અને પછી તે રાજા ગયાકૂપ ઉપર ગયો,

* "ગયાશિર" એટલે ગયાસુરનું મસ્તક. એ એક પવિત્ર અસુર હતો. તેણે બ્રહ્માને પ્રસન્ન કરવાને, ગયાજીથી ૩૦ મૈલ દૂર આવેલા કોલાહલમાં તપશ્ચર્યા આરંભી. તેનું ઉગ્ર તપ જોઈ બ્રહ્મા તથા બીજા સર્વ દેવો તેને વરદાન આપવા આવ્યા; ને પૂછ્યું કે તારી જે ઈચ્છા હોય તે માગ. ગયાસુરે માગ્યું કે મને એવું વરદાન આપો કે મારું અંગ આ જગતમાં સર્વેથી એટલું વિશેષ પવિત્ર ગણાય, કે જેથી જે કોઈ તેનો સ્પર્શ કરે તેને મોક્ષ પ્રાપ્તિ થાય. દેવોએ આ વરદાન આપ્યું, ત્યારે યમરાજાએ ફરીયાદ કરી કે જો એજ પ્રમાણે થશે તો પછી યમપુરીમાં કોઈ આવશે નહીં, એટલે મારી પદવી માત્ર નામની રહેશે. આ સાંભળી બ્રહ્માજી, બીજા દેવો સાથે વિચાર કરીને ગયાસુર પાસે પુનઃ ગયા ને ગયાસુરનું અંગ બલિદાન માટે માગ્યું: જે તેણે ખુશીથી આપ્યું. બ્રહ્માએ તેના અંગનું બલિ આપીને ગયાસુરના અંગની આસપાસ દેવોની આણ બેસાડી, જેથી તેનું અંગ ત્યાં જ સ્થિર થઈ રહ્યું. હાલમાં તેનું અંગ ગયાક્ષેત્રમાં જ પડેલું છે એમ મનાય છે. તેનું મસ્તક ઉત્તર દીશા તરફ છે, ને ચરણ દક્ષિણ તરફના છે ને તેનું નામ ગયાક્ષેત્રમાં રાખવામાં આવ્યું છે. ગયાક્ષેત્રની પહોળાઈ લંબાઈ ૧૦ ચોરસ મૈલ છે, પણ ગયાસુરે જે સ્થળ રોક્યું છે તે ભાગ એ મૈલ જેટલો છે, ને તેને ગયાશિર કહે છે. એ સ્થળ વિષ્ણુપાદની અગ્નિકોણમાં આવેલું છે. ત્યાં યાત્રાળુઓ પોતાના પૂર્વજના તારણ માટે શ્રાદ્ધ સારીને પિંડદાન દે છે. ગયાસુરના મુખ્ય ભાગને ગયામુખ કહે છે, ને ત્યાં શ્રાદ્ધ સરાય છે. તેની પાસે ધર્મારણ્ય છે. જે બૌદ્ધગયાની પૂર્વે માં આવેલું છે. ત્યાં ધર્મરાજે ગયાસુરનો બલિદાન માટે યજ્ઞ કીધો હતો. ગયાશિરની અગ્નિદિશાએ ગયાકુપ છે, અહીઆં પિંડ નાંખવામાં આવે છે. ગયાક્ષેત્રનું મહાત્મ્ય વાયુપુરાણ તથા પદ્મપુરાણમાં વિસ્તારથી આપવામાં આવ્યું છે. અત્રે બ્રાહ્મણોનો ઘણો જુલમ છે ને તેઓ યાત્રાળુઓને પૈસા માટે ઘણા કનડે છે, તેટલું છતાં પણ હજારો યાત્રાળુ દર વરસે ત્યાં જાય છે.



કે જ્યાં પિતૃઓને પિંડ આપવામાં આવે છે. શ્રાદ્ધ સારી ગયાકૂપમાં જેવો ચન્દ્રપ્રભ, રાજાનો પિંડ મૂકવા જાય છે તેવામાં તેણે અદ્ભુતાશ્ચર્ય જોયું. પિંડ લેવા માટે, તે કુવામાંથી ત્રણ હાથ બહાર નિકળ્યા. રાજા તે ત્રણ હાથ જોઈ ભ્રમમાં પડ્યો ને વિચાર કરવા લાગ્યો કે, 'આ શું ?' અને પોતાની સાથે ઉભેલા પુરોહિતને પૂછ્યું કે, "ગોર મહારાજ ! હવે હું કોના હાથમાં પિંડ મૂકું ?" ત્યારે તે રાજગોર રાજા પ્રત્યે બોલ્યા: "મહારાજ! આ હાથ, જેમાં લોઢાની મેખ જડેલી છે તે હાથ તો ચોરનો દેખાય છે; અને આ બીજો હાથ બ્રાહ્મણનો જણાય છે, કારણ તેમાં પવિત્રી* ધારણ કરેલી છે; અને આ ત્રીજો હાથ રાજાનો છે; કારણકે તેની આંગળીમાં મુદ્રિકા છે અને શંખ ચક્રનાં ચિહ્ન પણ જણાય છે. પણ હવે અમને સુઝતું નથી કે આમાં કોના હાથમાં પિંડ આપવો !!" તે સાંભળીને રાજા પણ સંશયમાં પડી ગયો.

જ્યારે વૈતાળ, રાજાના સ્કંધપર પડ્યા પડ્યો આવી અદ્ભુતાશ્ચર્યવાળી કથા કહી રહ્યો, ત્યારે છેવટે તેણે ત્રિવિક્રમસેન રાજાને પૂછ્યું: "મહારાજ ! કહો, હવે કોના હાથમાં પિંડ આપવો જોઇએ ? આપ મહારાજ તે મને કહો, ને યાદ રાખો કે, પૂર્વના કસમનું બંધન તમને ચોંટેલું જ છે."

જ્યારે રાજા ત્રિવિક્રમસેને વૈતાળને મોઢેથી આ પ્રમાણેનો પ્રશ્ન સાંભળ્યો ત્યારે તેનો ઉત્તર આપવા માટે તૈયાર થયો; કેમકે તે ધર્મવેત્તા ન્યાય જાણનાર હતો. તે મૌન્ય તજી બોલ્યો: "તે ચન્દ્રપ્રભ ચોરનો ક્ષેત્ર જ પુત્ર હતો માટે તેણે ચોરના હાથમાં પિંડ આપવો જોઇયે. તે ચોરનો પુત્ર ગણાય, પણ બીજા બેનો નહીં. જો કે તે બ્રાહ્મણના વીર્યથી ઉત્પન્ન થયો હતો, તોપણ તે તેનો પુત્ર ગણાઈ શકે નહીં; કેમકે તે બ્રાહ્મણ પોતે, એક રાત માટે વેચાયો હતો. એટલે તે તો ભાડુતી મજુર જેવો હતો, અને મજુર શું કોઈ પદાર્થનો સ્વામી થઈ શકે છે ? કદાચ ચન્દ્રપ્રભને સૂર્યપ્રભનો પુત્ર ગણવામાં આવતે, કેમકે તેણે તેનું નામકરણ આદિ વિધાન કીધું હતું ને તેને આવી સારી સ્થિતિમાં લાવ્યો હતો, તથા પાળીપોષી મોટો કીધો હતો; પણ તેમ કરતાં તેણે પારણામાંથી હજાર સુવર્ણ મુદ્રા લીધી હતી. તે ન લીધી હોત તો તે તેનો પુત્ર ગણાઈ શકતે. જે સુવર્ણમહોરો તેના ઓસીકા નીચે મૂકી હતી, તે તેના પાલણપોષણ માટેનું દામ ઠરે છે. માટે, જેણે ધનવતી સાથે સંકલ્પપૂર્વક વિવાહ કર્યો હતો, અને જેણે તું ગમે તેની પાસેથી એક પુત્ર ઉત્પન્ન કરજે, આમ આજ્ઞા કરી હતી ને પોતાનો સઘળો વારસો અને પલ્લું આપ્યું હતું, તે ચોરનો આ ચન્દ્રપ્રભ ક્ષેત્ર જ પુત્ર થઈ શકે છે, માટે તેણે ચોરના હાથમાં જ પિંડ મૂકવો જોઇએ એમ મારું મન કહે છે."

આ પ્રમાણે રાજાએ ઉત્તર આપ્યો. તે સાંભળી વૈતાળ તત્ક્ષણે તેની ખાંધ ઉપરથી ઉડીને પોતાના સ્થાન ઉપર ચાલ્યો ગયો; અને રાજા ત્રિવિક્રમસેન ફરીથી તેની પાછળ ગયો.†

* અંભિત્રમાં એક જાતનું પાત્ર, ચાલનિ શબ્દ છે. જે સોમવલ્લીનું પાન કરતી વેળાએ કામમાં આવે છે.

† હીંદી વૈતાળ પંચવિંશીમાં આબેહુબ આ જ પ્રમાણે વાર્તા છે, પણ સંસ્કૃતમાં હિરણ્યવતી તેને
મંડી પડી હતી
અડકી એમ છે તેને બદલે હિંદીમાં ધનવતી પોતાની ઇચ્છાથી જ તેની સાથે વાત કરવા
એમ જણાવ્યું છે. વળી રાજાની દેવડીપર બાળકને મૂકી આવવાની સલાહ હિરણ્યવતીએ આપીછે, પણ શિવે નહીં. રાજા તે બાળકને જાતે લાવ્યો નથી, પણ તેનાં માણસો લાવ્યાંહતાં.

# તરંગ ૨૭ મો.

## વૈતાળ પંચવિંશી.

### વૈતાળ વીશમો–રાજા અને બ્રાહ્મણકુમારની કથા.

પછી રાજા ત્રિવિક્રસેન પુનઃ મહાસ્મશાનમાં જઇને અશોકવૃક્ષ ઉપરથી તે વૈતાળને નીચે ઉતારી પોતાની ખાંધ ઉપર ઉંચકીને મૂગો મૂગો ચાલવા લાગ્યો. રસ્તામાં જતા ખાંધ ઉપરથી વૈતાળ બોલ્યોઃ "રાજાજી! તમે આવો આગ્રહ શા માટે રાખો છો, જાઓ ઘેર, ને સુખે સુઈ જાઓ, ને રાત્રીનાં સઘળાં સુખ ભોગવો. મને પેલા ઘાતકી જતિ મહારાજ પાસે લઈ જવો, એ તમારા જેવા પુરુષને યોગ્ય નથી. તો પણ તમારે જો તેમજ કરવાનો વિચાર હોય તો ભલે તેમ કરો, પણ હું એક કથા કહું છું તે સાંભળો."

નામ પ્રમાણે ગુણ ધરાવનારું **ચિત્રકૂટ** નામનું એક નગર છે. તે નગરમાં જૂદા જૂદા ચરંગી રંગવાળી હવેલીઓ હતી, તેથી તે પોતાનું નામ સાર્થક કરી રહ્યું હતું. ત્યાં વર્ણાવર્ણીની જે ખાસ મર્યાદા સ્થાપિત કરવામાં આવી છે, તેનું કોઇ પણ ઉલ્લંઘન કરી શકતું નહતું. તે નગરમાં સર્વ રાજાના શિરોમણિ તૂલ્ય ચંદ્રાવલોક નામનો એક રાજા રાજ્ય કરતો હતો. તે રાજા પોતાનાં પ્રિયજનોના નેત્રને અમૃતની ધારા* પેરે આનંદ આપતો હતો. આ રાજાને વિચક્ષણ પુરુષો શૌર્યરૂપ હસ્તીનું કેદખાનું કહેતા હતા; ઉદારતાનું ઉત્પત્તિ મંદિર કહેતા હતા અને રૂપનું વિલાસભવન કહેતા હતા. તે રાજાને સઘળી સંપત્તિ હતી, તો પણ તેને પોતાને લાયક એક પણ સ્ત્રી ન હતી. તે તરુણાવસ્થામાં હતો એટલે તેના મનમાં સ્ત્રી તરફ ઘણી જ ઉત્કંઠા હતી.

એક વખતે તે રાજા પોતાની ચિંતા દૂર કરવા માટે અશ્વારૂઢ થઇને પોતે એકલો મૃગયા કરવા માટે શહેર બહાર ગયો. મોટા જંગલમાં જઈ શ્યામા રંગના આકાશમાં રહેલો સૂર્ય, જેમ કિરણોથી અંધારાનો નાશ કરે છે તેમ, રાજાએ સચોટ, એક સરખા બાણોથી ડુકરોનાં ટોળાંનો નાશ કરવા માંડયો. અર્જુનનાથી પણ અધિક પરાક્રમ બતાવી યુદ્ધમાં દુર્મદ થયેલા ધોળા વાળવાળા ભયંકર સિંહોને બાણ શય્યાપર સુવરાવી દીધા. ઇંદ્રના જેવો પરાક્રમી થઈ, વજ્ર જેવી કઠિન સાંગના મારથી, પર્વતના જેવા શરભોને† જમીન દોસ્ત કરી મૂકયા. એ રીતે શિકાર કરી રહ્યા પછી તે રાજાને વનની અંદરનો ભાગ જોવાની ઇચ્છા થઈ, તેથી અશ્વને એડીનો સખત માર મારીને તે એકલો વનની અંદર પેઠો. અશ્વને એડીના તીક્ષ્ણ કાંટાનો ને ચાબકાનો માર પડયો, એટલે તે તેજી, પવનવેગે ઉડયો ને તે રાજાને ચાલીસ ગાઉ દૂર લઈ ગયો. અશ્વના ઘણા દોડવાથી રાજા



અંગભગ થઇ ગયો. બીજા વનમાં જઇને અશ્વ અટક્યો, એટલે રાજા ચિત્તભ્રમ થઇને થાકયો પાકયો આમ તેમ ભટકવા લાગ્યો. ભટકતાં ભટકતાં નજીકમાં એક વિશાળ સરોવર જોવામાં આવ્યું. હાથસમાન દેખાતાં કમળો જાણે 'આમ આવો, આમ આવો' એમ સંજ્ઞા કરતાં હોય તેમ, સન્મુખ પવનથી વારંવાર ઉંચાં થતાં ને ડોલતાં દીસતાં હતાં. રાજા તે તળાવના કિનારા ઉપર ઉતરયો ને અશ્વ ઉપરથી સામાનને ઉતારી નાંખ્યો અને તેને નહવાડી પાણી પાઈ એક વૃક્ષની છાયા નીચે બાંધ્યો, અને તેના મુખ આગળ ઘાસ નિર્યું. પછી પોતે સ્નાન કરયું અને જળપાન કરીને જરા વાર વિશ્રામ કરવા બેઠો. જ્યારે તેનો થાક ઉતર્યો ત્યારે તે, વનલીલાનાં દર્શન કરવા ને સરોવરની શોભા નિરખવા આમ તેમ નજર કરવા લાગ્યો. એવામાં તે વનના એક ભાગમાં આવેલા અશોકવૃક્ષ નીચે તેણે એક મુનિબાળાને, પોતાની સખી સંગે જોઈ. તે કન્યાએ પુષ્પનાં આભૂષણો પહેર્યાં હતાં અને શરીરપર વલ્કલ વસ્ત્ર ધારણ કર્યાં હતાં, તેથી તે અત્યંત કાંતિમાન્ જણાતી હતી. તેમાં વળી તે મુનિબાળાએ મોહ ઉત્પન્ન કરે તેવી ઢબે વેણી ગુંથી હતી, ને મનહર રીતે અંબોડો બાંધ્યો હતો, તેથી તે અનુપમ મનોરમ જણાતી હતી. આ પ્રમાણેનું તે બાળાનું આશ્ચર્યજનક સ્વરૂપ નિહાળી, રાજા કામનાં બાણોથી વિંધાઇ ગયો ને પોતાના મનમાં વિચાર કરવા લાગ્યોઃ "આ કોણ હશે? શું સાવિત્રી નહાવા આવી છે? અથવા શંકરના અંકમાંથી ભ્રષ્ટ થયેલી ગિરિજા શું ફરી અહીં તપ કરે છે? અથવા દિવસે અસ્ત પામેલા ચન્દ્રની કાંતિ શું વ્રત ધારણ કરીને અહીં રહે છે? હું હવે ગૂપચૂપ, ધીમેધીમે તેની પાસે જઈ એ કોણ છે તેની તપાસ કરું." આવો વિચાર કરી રાજા તે કન્યાની સમીપમાં ગયો.

જ્યારે તે મુનિબાળાએ તેને પોતા સમીપ આવતો જોયો ત્યારે તે રાજાના સૌંદર્યપર વારી ગઈ અને તેનાં નેત્ર મોહિત થઈ ગયાં. તે પ્રથમ ગુંથેલી પુષ્પની માળા હાથમાં લઇને વિચાર કરતી સ્થિર થઈ ઉભી રહી ને મન સાથે બોલીઃ "આ અરણ્યમાં આ તે કોણ છે? શું એ કોઈ સિદ્ધ છે કે વિદ્યાધર છે? આનંદની વાર્તા તો ખરેખર એ જ છે કે એનું સ્વરૂપ જગતના નેત્રને કૃતાર્થ કરનારું છે."

જ્યારે આ પ્રમાણેના વિચાર તેના મનમાં રમણ કરતા હતા, ત્યારે અડપડીયાળી આંખે જોતી જોતી, લજ્જાથી જેના ઊરૂ સજડ બંધાઈ ગયા છે એવી તે બાળા કષ્ટથી ઉભી થઈ; ને ત્યાંથી બીજે ઠેકાણે જવા માટે ચાલવા માંડી. તેટલામાં તો નીતિ અને ચાતુર્યમાં નિપુણ રાજા, તે કન્યા પાસે આવી પહોંચ્યો ને નીચે પ્રમાણે વિનયસહિત કહ્યુંઃ "સુંદરી! હું જે ઘણા દૂરના દેશમાંથી આવ્યો છું, ને જેને તમારાં દર્શનનો મહા મોટો લાભ થયો છે, તે તમારી પાસેથી કંઈ આગતાસ્વાગતાની ઇચ્છા કરતો નથી–તેમ કરો એવું માંગતો નથી. તે વાત તો એક કોરે રહી, પણ તેનાથી દૂર ભાગી જવું એ તે વળી આશ્રમવાસીનો કેવો ધર્મ?" રાજાનું આવું વચન સાંભળી મુનિબાળાની સખી જે ઘણી જ ચતુર હતી તેણે, રાજાને ત્યાં બેસાડી તેનો અતિથિ સત્કાર–પરોણાચાકરી સારી રીતે કરી.

---

* અર્થાત્ જેઓ તેની આજ્ઞા માનતા ને તેના ધારા પાળતા હતા તેઓને તે ઘણો આનંદ આપનારો હતો. † એ એક આઠપગું, ઘણું વિકાળ પ્રાણી છે, દોડવામાં તે ઘણું ચપળ છે ને વળી ભયંકર પણ છે.

પછી પ્રેમપૂરમાં તણાતા રાજાએ ઉત્કંઠિત હૃદયે તેની સખીને પૂછ્યુંઃ "કલ્યાણિ ! તમારી આ સખી કયા પવિત્ર વંશને દીપાવે છે? અને કાનને અમૃત સમાન મધુર લાગે એવા તેના નામના શા શા અક્ષરો છે? વળી આ બાળા પુષ્પ જેવા સુકુમાર પોતાનાં અંગને તપ કરીને આ અરણ્યમાં દુઃખી શા માટે કરે છે?" તેની સખીએ આ પ્રમાણે રાજાનાં વચન સાંભળીને જવાબ દીધો; "મારી સખી કણ્વઋષિની કન્યા છે, અને તે આ આશ્રમમાં જ ઉછરીને મોટી થઈ છે. એ કન્યા મેનકા અપ્સરાથી જન્મેલી છે, અને એનું નામ ઈંદિવરપ્રભા છે. અહીંથી થોડેક દૂર તેના પિતાનો આશ્રમ છે ત્યાંથી હમણાં તે, પિતાની આજ્ઞા લઈ આ સરોવરમાં સ્નાન કારણે આવી છે."

જ્યારે આ પ્રમાણે તેણે ચંન્દ્રાવલોકને કહ્યું, ત્યારે તે સાંભળીને તે પ્રસન્ન થયો, અને અશ્વારુઢ થઈને કણ્વઋષિની પાસે તે કન્યાનું માગું કરવા માટે ગયો. આશ્રમદ્વાર આવ્યું એટલે અશ્વ ઉપરથી તે નીચે ઉતર્યો ને અશ્વને આશ્રમ બહાર બાંધી, વિનીત વેશવાળા જટા (વડવાઈ) ને વલ્કલ (છાલ) થી વિંટાયેલા સુંદર ગંભીર વૃક્ષ સમાન શોભાયમાન, ઋષિઓથી વિંટલાઈ વળેલા, કણ્વમુનિનાં આશ્રમમાં ગયો. ત્યાં ગ્રહોની મધ્યમાં રહેલો ચંદ્રમા જેમ તેજસ્વીપણાથી બીજાને આનંદ આપે છે તેમ ઋષિની વચમાં વિરાજેલા તેજસ્વીપણાથી આનંદ આપનારા કણ્વમુનિને વિરાજમાન થયેલા દીઠા. તેની સમીપમાં જઈ રાજાએ સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કર્યાં, અને પછી તે એક કોરે બેઠો. મુનિએ પણ તેનો અતિથિસત્કાર કરી તેને વિશ્રામ કરાવ્યો. જ્યારે તેનો થાક ઉતર્યો ત્યારે વખત ન ગાળતાં સર્વજ્ઞ મુનિ મહારાજ બોલ્યા; "વત્સ ચન્દ્રાવલોક ! હું તને તારા હિતનું એક વચન કહું છું તે તું સાંભળ. આ સંસારમાં પ્રાણી માત્રને મરણનો ભય છે તે તું જાણે છે તો તું નિષ્કારણ વરાહ અને મૃગોનો શા માટે શિકાર કરે છે? બ્રહ્માએ ક્ષત્રિને માટે જે હથિયારો યોજેલાં છે તે પશુ પક્ષિ, માનવ વગેરેના રક્ષણ માટે છે, પરંતુ કોઈના પ્રાણ નાશ કરવા માટે નથી. માટે તું ધર્મથી પ્રજાનું પાલન કર, શત્રુઓનો નાશ કર, અને હાથી ઘોડા શસ્ત્ર વિગરેની કળામાં પ્રવીણ થઈ ચલાયમાન લક્ષ્મીને મેળવી તેના આપેલા સર્વ ભોગ ભોગવ, રાજ્યનું સુખ ભોગવ, ગરીબોને ધન આપ, દિશાઓમાં યશ ફેલાવ, પણ કાળની ક્રીડા જેવી ભયંકર તથા હિંસક મૃગયા રમવામાં શું લાભ છે, કે જેમાં મારનાર, મરનાર ને અશ્વ સર્વે એક સરખા પીડા પામે છે? પાંડુ રાજાનું ચરિત્ર તેં સાંભળ્યું નથી?"

રાજા ચંદ્રાવલોક, કે જેને માત્ર અર્થનું જ્ઞાન હતું તેણે કણ્વ મહામુનિનાં વચન સાંભળ્યાં અને વિચાર કરીને તે સ્વીકાર્યાં; અને પછી ઉત્તર આપ્યોઃ "પૂજ્ય મહાત્મા ! તમે મને બરાબર શિક્ષા આપી છે. તે માટે હું તમારો પરમ અનુગ્રહ માનું છું. આજથી હું મૃગયાનો ત્યાગ કરું છું." હવે પછી કોઈ દિવસ પણ હું મૃગયા કરીશ નહીં ને પ્રાણીઓને આજથી નિર્ભય કરું છું; તે સાંભળીને મુનિ બોલ્યા, "રાજા ! તારાં અભય ને ઉદાર વચનો મારા અંતઃકરણને બહુ બહુ આનંદ આપે છે. ધન્ય છે કે તેં પ્રાણીઓને અભય વચન આપ્યું ! તો



હવે ઇચ્છામાં આવે તે વરદાન માંગી લે." જ્યારે તે મુનિએ આ પ્રમાણે કહ્યું ત્યારે રાજા, જે સમયવેત્તા હતો, તે બોલ્યોઃ "મહારાજ ! તમે જો મારા ઉપર કરુણાળ થયા હો તો આપની ઈંદિવર પ્રભા કન્યા મને પરણાવો." જ્યારે રાજાએ આ પ્રમાણે કહ્યું ત્યારે મુનિએ આલ્હાદિત હૃદયે તે કહેવું માન્ય રાખ્યું ને તે કન્યા, જે સ્નાન કરીને ત્યાં પાછી આવી હતી અને કણ્વમુનિને અપ્સરાથકી જે ઉત્પન્ન થઈ હતી અને જે રાજાને યોગ્ય હતી, તે બાળાના વિવાહ કરવા ઠરાવ્યા. પછી વેદવિધિ પ્રમાણે લગ્ન કર્યાં. પછી કણ્વપત્નીએ તે કન્યાને શણગારી રાજાને સોંપી, એટલે રાજા અશ્વારૂઢ થઇ, તે કન્યાને સાથે લઈ ચાલતો થયો. તેની પાછળ આશ્રમવાસીઓ, આશ્રમની હદ સૂધી વળાવા ગયાં. ત્યાં સર્વની આંખમાંથી અશ્રુઓની ધારા વહેવા લાગી. સીમાડા ઉપર આવ્યા પછી રાજાએ સર્વને કહ્યું કે, "હવે આપ સર્વ પાછાં વળો; કારણ કે તમારો ને મારો બન્નેનો સમય જાય છે." આમ કહી સૌને પાછાં વાળી પોતાની સ્ત્રીને પોતાની સાથે અશ્વ ઉપર બેસાડી, તે ઉતાવળથી ચાલવા લાગ્યો. સૂર્ય તેનું દિવસનું વિસ્તારવાળું ચરિત્ર નિહાળીને જાણે ખિન્ન થયો હોય તેમ* પોતે પણ કંટાળીને અસ્તાચળના મસ્તક ઉપર જઇને વિશ્રામ કરવા બેઠો. એવામાં મૃગશીર્ષરૂપ ચળકતી આંખવાળી, જેને ઘણો કામ વ્યાપેલો છે અને અંધકારરૂપ લપટથી લપટાઇ ગયેલી છે એવી રાત્રિરૂપ અભિસારિકાએ તરત દેખાવ દીધો.

એ સમયે રાજા પણ એક પીપળાના વૃક્ષ સમીપમાં જઇ પહોંચ્યો. આ વૃક્ષની સમીપમાં સત્પુરુષના અંતઃકરણ જેવા સ્વચ્છ પાણીની એક વાવ હતી. તે જગ્યા ઝાડની વિસ્તારવાળી ઘટાથી તથા જમીનપર ઉગેલા લીલા ઘાસથી ઢંકાઈ ગઈ હતી. તે સર્વ જોઇ રાજાએ મનમાં વિચાર કર્યો કે, આજની રાત્રિ તો અહીં જ ગાળવી. આવો વિચાર થતાંની સાથે જ તે અશ્વ ઉપરથી ઉતરી પડ્યો. અશ્વને નવરાવી સાફ કરી જળપાન કરાવી, વાવના કિનારા ઉપર તેને બાંધી, તેના મોં આગળ ઘાસ નાંખ્યું. પછી રાજાએ વડવૃક્ષ નીચે વન પુષ્પની શય્યા રચી ને પછી તે અને ઈંદિવરપ્રભા બન્ને જણાં સાથે સૂતાં. એવામાં ચન્દ્રમા પણ પ્રાચી (પૂર્વ) ના મુખ ઉપર રહેલો શ્યામબુરખો ઉંચો કરી, તેનાં † રાગવાળા મુખનું ચુંબન કરતો જણાયો. ચંદ્રમાનાં કિરણોએ આલિંગન કરેલી સમગ્ર દિશાઓ, માન મૂકીને હર્ષથી ઝગઝગાટ પ્રકાશવા લાગી. પછી ચંદ્રમાનાં શ્વેત કિરણો, લતાનાં ગુંછળાંઓમાં ફેલાયાં. તે રત્નના દીવા સમાન ચળકાટ મારવા લાગ્યાં. તેનાથી વડવૃક્ષનાં મૂળ પણ પ્રકાશ પામ્યાં. રાજા ઈંદિવરપ્રભાને આલિંગન કરીને, નવા સમાગમને લીધે અતિશય ઉત્કંઠાને લીધે, રસપોષક સુરતસમાગમનું સુખ ભોગવતો હતો. પ્રથમ તો તેણે, ઈંદિવરપ્રભાની લજ્જાને જાણે દૂર કરાવતો હોય તેમ, ધીમે ધીમે અધર વસ્ત્રને દૂર કર્યું; અને પછી તેના મુગ્ધભાવનો નાશ કરી, તેના કોમળ ઓષ્ઠને પીડા આપવા માંડી. પછી તરુણીરૂપ મદમત્ત હસ્તીના કુંભસ્થળ જેવા બન્ને કુચકુંભ ઉપર નખ-

* અર્થાત્ સૂર્યે જોયું કે, રાજા લાંબા પ્રવાસથી કંટાળી ગયો છે, એટલે તેને આસાયેસ લેવા માટે અસ્ત પામ્યો. † દિશાના પક્ષમાં રાતું અને સ્ત્રીના પક્ષમાં પ્રેમવાળું

વતી નવીન નક્ષત્રમાળાનું ચિત્ર કાઢ્યું; અને પછી તેના મુખપર, નેત્રપર ને બે ગાલપર ઉપરાચાપરી ચુંબન કર્યાં. આ પ્રમાણે સર્વ અંગમાંથી જાણે લાવણ્યરૂપ સુધારસનું તે પાન કરતો હોય તેમ ચુંબન કરવા મંડી પડ્યો. આ પ્રમાણે તે અજવાળી રાત્રિમાં ચન્દ્રાવલોકે મુનિબાળા સાથે રતિકેલિ કરી અને તે રાત્રિને એક ક્ષણપેરે ગાળી કાઢી.

પ્રભાત થયું, એટલે રાજા શય્યામાંથી ઉઠ્યો; સ્નાન સંધ્યાવંદન કરી, મુનિબાળાને લઈ પોતાના સૈન્યને મળવા માટે આગળ ચાલવા માંડ્યો. રાત્રે જે નિશાનાયક ચન્દ્રમાએ, કમળની શોભાનો નાશ કરી નાંખ્યો હતો, તે હવે ઝંખવાણો પડી ગયો. તે ધીમે ધીમે અસ્ત થવા માંડ્યો ને કમળના સ્વામીના ભયથી ડરીને અસ્તાચળની ગુફામાં ઘુસી ગયો; કેમકે સૂર્યનારાયણ ક્રોધ કરી લાલચોળ થઈ આવતા હતા અને પોતાનાં કિરણોથી પોતાની સેનાનો બિમ્બ–અગ્ર ભાગ ચલાવીને મેદાનમાં દાખલ થતા જણાતા હતા. તે જ ક્ષણે એક બ્રહ્મરાક્ષસ ત્યાં આવ્યો. તેના કેશ વિજળી જેવા પિંગળા હતા; તે કાજળ જેવો કાળો હતો; ને જાણે પ્રલયકાળનો મેઘ હોય તેવો જણાતો હતો. તેણે મનુષ્યના આંતરડાંની માળા પહેરી હતી ને વાળનું અંગવસ્ત્ર ઓઢ્યું હતું. તે માણસના માથાનું માંસ ખાતો હતો અને ખોપરીવતી લોહીનું પાન કરતો હતો. તે બ્રહ્મરાક્ષસ રાજાને જોઈ અતિ તિણ્ણા ભયંકર દાંત કાઢીને ભયભીત કરે તેવી રીતે ખડખડાટ હસી પડ્યો; પછી ક્રોધ કરી મુખમાંથી અગ્નિ ઓકવા મંડી પડયો; અને પછી રાજાનો તિરસ્કાર કરીને બોલ્યો: “અલ્યા ચાંડાળ! હું જ્વાળામુખ નામનો રાક્ષસ છું અને આ વડમાં મારૂં રહેઠાણ છે. દેવતાઓ પણ એ વડ આગળ આવી શકતા નથી, ત્યારે તું કોણ કે હું આજ રાત્રે ફરવા માટે ગયો ત્યારે પાછળથી આવી આ વૃક્ષ નીચે સુઇને સ્ત્રી સાથે રંગવિલાસ રમ્યો? હવે તે અવિનયનું ફળ ભોગવો બચ્ચાજી! અરે ઓ દુરાચારી! તારું મન કામમાં બાવરું થઈ ગયું છે, તો હું તારા હૃદયને ચીરી નાંખીને તેમાંથી લોહી પીશ, લોહી; જાણે છે બચ્ચાજી! રાતની મોજમઝા હવે યાદ આવશે.”

રાજાએ જ્યારે આ પ્રમાણેની ભયભરી વાણી સાંભળી ને જોયું કે તેની સ્ત્રી તે રાક્ષસનાં વચન સાંભળી ધ્રૂજે છે ને એ રાક્ષસ અજિત્ય છે ત્યારે નમ્રતાથી બોલ્યો: “મહારાજ! મેં અજાણતાં તમારો અપરાધ કર્યો છે, તો આપ કૃપા કરી તેની ક્ષમા કરો. કારણ કે હું તમારા આ એક આશ્રમમાં તમારો અતિથિ છું. હે કૃપાળુ! તમે શાંત થઈ મારા ઉપર પ્રસન્ન થાઓ.” જ્યારે તે બ્રહ્મરાક્ષસે ઉપર પ્રમાણે રાજાનાં નમ્ર વચન સાંભળ્યાં ત્યારે તે શાંત થયો. પોતાના મનમાં “ભલે તેમ કરે, એ પણ ઠીક છે,” આમ વિચારીને તે બોલ્યો: “તેં મારો જે અપરાધ કીધો છે તે એક સરતે દરગુજર કરું છું: તારે એક બ્રાહ્મણનો છોકરો, જે સાત વર્ષનો હોય, મહા બળવંત હોય, વિવેકશાળી હોય અને વળી તે છોકરો પોતાની ખુશીથી તારે માટે પોતાનો દેહ મને અર્પણ કરે તેવો હોય તેને શોધી લાવવો. વળી તે છોકરાને મારતી વખતે તેના માતાપિતા, તે બાળકના હાથ



પગ મજબૂત પકડીને તેને જમીન ઉપર દબાવી રાખે અને તે મારા ભોગપ્રાણીને તારે તરવારના ઘાથી મારી નાંખવો જોઇશે. તેવો બાળક તું જો મને સાત દિવસની અંદર આપી જઇશ નહીં તો હું તારા ભર દરબારમાં આવીને, તને અને તારા સર્વ પરિજનને મારી નાંખીશ. નહીં તો તારા અપરાધની માફી બક્ષીસ.”* તે સાંભળી રાજા ભયનો માર્યો તુરત તો બોલ્યો, ‘ઠીક, તેમ કરીશ.’ એટલે તે બ્રહ્મરાક્ષસ તત્ક્ષણે ત્યાંથી અંતરધાન થઇ ગયો. પછી ચંદ્રાવલોક રાજાનું મન ઉદાસ થઈ ગયું અને તે અશ્વારૂઢ થઇ સેનાની શોધ કરતો કરતો ત્યાંથી આગળ ચાલ્યો. ચાલતાં ચાલતાં તે વિચાર કરવા લાગ્યો કે, “અફસોસ છે કે, હું મૃગયા રમવા નિકળ્યો! નિકળ્યો તો ખેર, પણ તેમાં વળી કામમાં મોહિત ક્યાં થયો? હું મૂર્ખ પણ પાંડુ રાજાની માફક એકદમ કામમાં મોહિત થઈ પડ્યો. મને ધિક્કાર છે!! આ રાક્ષસે જેવું માંગ્યું છે તેવું બળિદાન હું ક્યાંથી આપી શકીશ? એવો બાળક મળવો બહુ મુશ્કેલ છે. પણ હવણાં તો હું મારા નગરમાં જાઉં અને શું થાય છે તે જોઉં!” આમ વિચાર કરતો કરતો તે જ્યાં જાય છે ત્યાં તેની શોધમાં ફરતી તેની સેનાની મુલાકાત થઇ. તે તેઓ સર્વને મળ્યો ને તે સઘળાને લઇ ચિત્રકૂટ નગરમાં આવ્યો. નગરજનો પોતાના રાજાને યોગ્ય સ્ત્રીની પ્રાપ્તિ થઇ જાણી, ઘણાં રાજી થયાં ને મોટો ઉત્સવ કર્યો. પરંતુ રાજાના મનમાં તો પેલા બ્રહ્મરાક્ષસના વિચારો જ ભમ્યા કરતા હતા, તેથી તેને તે ઉત્સવમાં જરા પણ મઝા પડી નહીં, પણ તે આખો દિવસ દિલગીરીમાં કાઢી નાંખ્યો.

બીજે દિવસે રાજાએ એકાંતમાં સર્વ મંત્રીઓને બોલાવીને પોતાનું ચરિત્ર ઇત્થંભૂત કહી સંભળાવ્યું. ત્યારે સુમતિ નામનો એક મંત્રી બોલ્યો: “મહારાજ! તમે અફસોસ કરશો નહીં. હું કોઇપણ પ્રકારે તેવો ભોગ શોધી લાવીશ, કેમકે આ પૃથ્વીમાં તો એવા ઘણા ઘણા પુરુષો પડેલા છે.” જ્યારે તે મંત્રીએ આ પ્રમાણે કહી, રાજાના મનનું સમાધાન કર્યું ત્યારે તત્ક્ષણે તે રાજા શાંત થયો. પછી મંત્રીએ તરત સાત વર્ષના બાળક જેવડી એક સોનાની મૂર્તિ ઘડાવી ને તેના અંગપર રત્નના દાગીનાઓ ઘાલ્યા. પછી તે મૂર્તિને એક રથમાં બેસાડી, નગરમાં, ગામડાઓમાં અને વ્રજમાં ચારે તરફ ફેરવી. જ્યારે તે રથ આ રીતે ફરતો હતો ત્યારે તેની સાથે એક ઢંઢેરો પીટાતો હતો કે, “જે બ્રાહ્મણનો સાત વર્ષનો પરાક્રમી પુત્ર, બ્રહ્મરાક્ષસને પોતાનાં માતાપિતાની આજ્ઞા લઇ, પોતાની મરજીથી, જનમંડળના કલ્યાણ માટે, પોતાનો દેહ અર્પણ કરવા તૈયાર થાય અને તે બાળકના માતાપિતા તેને આજ્ઞા આપે અને જ્યારે તે બાળકને મારવામાં આવે ત્યારે તેના હાથ પગ તેનાં માતાપિતા પકડી રાખે, તો રાજાજી, તે બાળકને–કે જે પોતાનાં માતાપિતાને આ પ્રમાણેના કૃત્યથી ધનવાન્ કરવા ઇચ્છે છે તેને, આ સુવર્ણની રત્નજડિત મૂર્તિ, સો ગામ સાથે ભેટ આપે છે.”

* બ્રહ્મરાક્ષસની માંગણી સગાળશા શેઠની પાસે કોઢીયાએ જેવી માંગણી કરી હતી તેવી છે.

આ પ્રમાણે રથમાં બેસાડેલી સોનાની મૂર્તિ આગળ મંત્રી પોતે વારંવાર લાંબે સાદે માણસની મારફતે ઢંઢેરાનો સાદ પડાવતો હતો. આમ કરતાં તે રથ એક બ્રાહ્મણના ગામમાં જઈ ચઢયો. એવું બન્યું કે ત્યાં એક બ્રાહ્મણનો સાત વર્ષનો છોકરો-જે ઘણો જ પરાક્રમી ને અદ્ભૂત ચરિત્રવાળો તથા રૂપાળો હતો તેણે, આ ઢંઢેરો સાંભળ્યો. જોકે તે હજુ બાળક હતો, તોપણ પૂર્વજન્મના સંસ્કારથી તે હમેશાં પરનું હિત કરતો હતો. અર્થાત્ મૂર્તિમાન્ પ્રજાના પુણ્યની તે એક સાક્ષાત્ મૂર્તિ હોય તેવો જણાતો હતો. તે તુરત જ ઢંઢેરો પીટનારાની પાસે જઈ બોલ્યો:-"હું તમારે માટે મારો દેહ અર્પણ કરવા તૈયાર છું, માટે જરા થોભો. હું મારાં માતાપિતાની આજ્ઞા લઈને હવણાં આવું છું." તે સાંભળીને ઢંઢેરો પીટનારા ઘણા જ ખુશી થયા અને બોલ્યા,-"જા, રજા લઈને સત્વર આવ." તે બાળક તુરત પોતાને ઘેર ગયો ને બે હાથ જોડી માતાપિતા પ્રત્યે બોલ્યો:-"હું મારો આ નાશવંત દેહ જનસમાજના કલ્યાણ માટે ને સર્વ સત્વપણું પ્રાપ્ત કરવા માટે, અર્પણ કરું છું. માટે મારા ઉપર પ્રસન્ન થઈ તેમ કરવાની મને આજ્ઞા આપો ને તમારું દારિદ્ર્ય દૂર કરો. તમે બન્ને જણાં મને મારતી વખતે સાથે રહો, અને રાજાની પાસેથી સો ગામ તથા આ સુવર્ણની એક મૂર્તિ મળે તે તમે લઇ લો. તેથી હું તમારા ઋણમાંથી મુક્ત થઈશ અને વળી બીજાનું કારજ સરશે. તમારે આથી કંઇપણ દુ:ખ ધરવાનું કારણ નથી. તમારું દારિદ્ર્ય ફીટી જશે અને મારી જગોએ તો તમને બીજાં ઘણાં સંતાનો થશે." તેનાં માતાપિતા, પુત્રની આવી વાણી સાંભળીને બોલ્યાં:-"ભાઈ! બેટા! બાપુ! આ તું શું બોલે છે? કંઈ ગાંડોબાંડો થઈ ગયો છે કે શું? કે તને ભૂત વળગ્યું છે? નહીંતર તું આમ કેમ બોલે? કયો માણસ દ્રવ્ય માટે પોતાના પુત્રની હિંસા કરવા તત્પર થાય અને એવો કયો પુત્ર હોય કે પોતાનો દેહ અર્પણ કરે?" જ્યારે આ પ્રમાણે તેનાં માતાપિતાએ વચન કહ્યાં ત્યારે તે બાળક પુન: બોલ્યો "પિતાજી માતાજી! જરા ધૈર્ય ધરો ને સાંભળો. હું ગાંડો થયો નથી, પણ હું સમજીને જ બોલુ છું. મારું બુદ્ધિવાળું ભાષણ સાંભળો. આ શરીર મુખેથી વર્ણવી શકાય નહીં એવી અપવિત્ર વસ્તુથી ભરેલું છે, વળી તે જન્મથી જ નિંદાપાત્ર છે અને દુ:ખનું એક સ્થાન છે. આ શરીર કંઇ ઘણા કાળ સુધી ટકવાનું નથી, કોઇ રીતે પણ નાશ પામવાનું છે જ, માટે ડાહ્યા મનુષ્યો કહે છે કે, એ નાશવંત શરીરથી જે કંઈ પુણ્યપ્રાપ્તિ થઈ શકે તે જ, આ અસાર સંસારમાં સારરૂપ છે. તે પુણ્ય તે એ જ કે, સર્વ પ્રાણીઓનાપર ઉપકાર કરવો; એનાથી વિશેષ પુણ્ય શું? તેમાં પણ જો આ દેહથી માતાપિતાની ભક્તિ થતી હોય તો તેના કરતાં એક પણ ઉત્તમ પુણ્ય ફળ નથી. માટે હું તમારી દરિદ્રતાનો નાશ કરવારૂપ સેવા કરવા તત્પર છું, તો મને આજ્ઞા આપો." આ અને એવા જ ભાષણથી તેનાં રડતાં માતાપિતાને તે બાળકે બહુ બહુ રીતે સમજાવ્યાં; અને તેનો દૃઢ નિશ્ચય જોઇ તેનાં માતાપિતાએ તે વાત કબૂલ કરી. તુરત તે બાળક રાજાના સેવકો પાસે ગયો અને તે સોનાની મૂર્તિ તથા સો ગામનો લેખ લખાવી લઇ પોતાનાં માતાપિતાને સ્વાધીન કીધો. પછી તે બાળક રાજસેવકોની પાછળ પાછળ પોતાનાં માતાપિતાને સાથે લઇ ચિત્રકૂટનગરમાં, રાજાની પાસ ગયો. રાજા ચંદ્રાવલોક



તે બાળકની તરફ જુવે છે તો તેનું તેજસ્વી મુખ અને ઉત્સાહી હૃદય, શૂરવીરતા અને ચમત્કારીક જ્ઞાન જોઇ, ડીંગ થઈ ગયો ને તે બહુ પ્રસન્ન થયો. તે જાણે તેની રક્ષા કરનારું એક રત્ન આવ્યું હોય તેવો તેને જણાયો. પછી રાજાએ તે બાળકને નવરાવ્યો, પુષ્પની માળા પહેરાવી, ચંદન અર્ચ્યું, તેની આગળ ધૂપ કર્યો અને ભોજન કરાવી, સુંદર હાથી ઉપર બેસાડી તેને અને તેનાં માતાપિતાને બ્રહ્મરાક્ષસના સ્થાન તરફ લઇ ચાલ્યો.

વડવૃક્ષ આગળ સર્વ આવી પહોંચ્યાં. તે બાળકને હાથી ઉપરથી નીચે ઉતારી, ગોરમહારાજે વડની બાજુએ એક મંડળ કાઢયું ને ત્યાં વેદિ કરી, તે ઉપર અગ્નિનું સ્થાપન કર્યું. પછી વિધિ પ્રમાણે પૂજા કરી, તે અગ્નિમાં હોમ આપ્યો અને પોતાનું જે ભણવાનું હતું તે ભણ્યો, કે તરત અટ્ટાટ્ટહાસ્ય કરતો, લાલ મદિરાના પાનથી ગાંડા જેવો થઇ ગયેલો બ્રહ્મરાક્ષસ જ્વાળામુખ, વારંવાર બગાસાં ખાતો અને હાંફતો હાંફતો ત્યાં પ્રગટ થયો. તેની આંખમાંથી અગ્નિની જ્વાળા નિકળતી હતી તેથી, પોતાના શરીરની છાયાથી દિશામાં અંધારું થયું હતું ત્યાં પ્રકાશ કરતો હતો. તેનું મુખ પણ જ્વાળાના જેવું જ હતું, અર્થાત્ તેનું સ્વરૂપ ભયંકર હતું. રાજા ચંદ્રાવલોક તે બ્રહ્મરાક્ષસને જોઈ, નમ્રતાથી બોલ્યો "પૂજ્ય મહાત્મા! મેં તમારે માટે મનુષ્યનું બળિદાન આણ્યું છે. દયાળુ પુરુષ! મેં જે સાત દિવસની પ્રતિજ્ઞા કરી હતી તે દિવસ આજ પૂરા થયા છે. આજ સાતમો દિવસ છે, માટે મારા ઉપર કૃપા કરી શાસ્ત્રની વિધિ પ્રમાણે આ બળિદાન ગ્રહણ કરો." આ પ્રમાણે રાજાએ બ્રહ્મરાક્ષસની પ્રાર્થના કરી, એટલે બ્રહ્મરાક્ષસ પોતાની જીભથી બે ગલોફાંને ચાટતો ચાટતો તે બાળક સામું જોવા લાગ્યો.

તે જ વખતે તે મહા ઉદારમતિ બાળક પણ ખુશી થતો ઈશ્વરપ્રત્યે પ્રાર્થના કરવા લાગ્યો: 'હે જગદીશ્વર! આ દેહને પરોપકારમાં અર્પણ કરી, મેં જે પુણ્ય પ્રાપ્ત કર્યું છે, તે પુણ્યના ફળ માટે મને સ્વર્ગ કે મોક્ષ કશાની ઇચ્છા નથી; કારણ કે ત્યાં જવાથી બીજાપર ઉપકાર થઈ શકતો નથી-માટે મારો દેહ હવે પછી જન્મોજન્મમાં પરના ઉપકારમાં આવો, એ જ હું માગું છું." આ પ્રમાણે તે બાળક જ્યાં સંકલ્પ કરે છે ત્યાં તો એક ક્ષણમાં તે બાળકનું મહા ઔદાર્ય જોવા માટે આકાશમાં દેવતાના વિમાનની ઠઠ ભરાઇ ગઈ ને ત્યાંથી પુષ્પની વૃષ્ટિ થવા લાગી. પછી તે બાળકને બ્રહ્મરાક્ષસની પાસે લાવ્યા અને તેની માએ તેના હાથ પકડ્યા તથા તેના પિતાએ તેના પગ પકડ્યા. પછી રાજાએ તરવાર કાઢી. પણ જેવો રાજા તે બાળકને મારવા જાય છે તેવો જ તે બાળક ખડખડાટ હસી પડ્યો-એટલે ત્યાં જેટલાં માણસો હતાં તે અને બ્રહ્મરાક્ષસ પોતે પણ, પોતાનું કામ છોડીને ઘણું જ આશ્ચર્ય પામ્યાં, અને બે હાથ જોડી, સરળતાથી તે બાળકની તરફ ટગર ટગર જોવા લાગ્યાં.

આ પ્રમાણે વૈતાળે અતિશય કરુણામય અને સત્વગુણશાળી કથા કહી, પુન: રાજા ત્રિવિક્રમસેનને પૂછયું: "રાજાજી! બોલો, તે બાળક મરણના બારીક સમયે હાસ્ય કરવા લાગ્યો,

તેનું કારણ શું? મને એ સબંધી ઘણી અજાયબી ઉત્પન્ન થઈ છે, માટે તમે તેનો ઉત્તર આપો. તમે જાણતા છતાં પણ જો મને ઉત્તર આપશો નહીં તો તમારા મસ્તકના હજારો કટકા થઈ જશે."

જ્યારે રાજા ત્રિવિક્રમસેને વૈતાળનો આવો પ્રશ્ન સાંભળ્યો ત્યારે તે તેના શાપના ભયથી ડરી જઈને બોલ્યો: "વૈતાળ! મરણ સમયે તે બાળક કેમ હસ્યો, તેનો અભિપ્રાય હું તુંને કહું છું તે તું સાંભળ. આ તો જગ જાણીતી વાત છે કે, જ્યારે શક્તિહીન પ્રાણીપર કોઈ પણ સમયે સંકટ આવે છે ત્યારે, જીંદગીના રક્ષણાર્થ તે પ્રાણી માતાપિતાને સંભારે છે; અને માતાપિતા મરણ પામ્યાં હોય તો તે પીડામાંથી રક્ષા કરવા માટે રાજા, જે સર્વ પ્રાણીનું રક્ષણ કરનાર નિર્માણ થયો છે તેને શરણે જાય છે. રાજાની પણ મદદ મળે નહીં તો પછી પોતાના નસીબને (દૈવને) શરણે જાય છે. હવે આ બાળકના સંબધમાં તે સર્વ એક જ જગ્યામાં હતું, પરંતુ તે સર્વ વિપરીત થઇ ગયું હતું, એટલે પછી તે કોને સભારે? ધનની આશાથી માતાપિતાએ તેના હાથ પગ દબાવી રાખ્યા હતા; રાજા પોતાના પ્રાણ બચાવવા ખાતર તેનો નાશ કરવા તૈયાર થયો હતો અને ત્યાં જે દૈવ (નસીબ) હતું તે બ્રહ્મરાક્ષસ પોતે હતો, જે તેને ખાવા તત્પર હતો. એથી આશ્ચર્ય પામી તે બાળક મરણને બારીક સમયે પોતાના મન સાથે આ પ્રમાણે વિચાર કરવા લાગ્યો: 'મૂર્ખ મનુષ્યો આ નાશવંત, પરિણામે રસ વગરનાં ને વ્યાધિથી પીડા પામતા દેહને પોષણ કરવા માટે કેવાં કેવા નીચ કામ કરે છે? જે દેહમાં બ્રહ્મા, ઇંદ્ર, રુદ્ર વિગેરે દેવતાઓ છે તે દેહ પણ અવશ્ય નાશ પામે છે, તો તેવા દેહના ઉપર નિત્યતાની દૃઢ વાસના બાંધવી, એ કેવી વિચિત્રતા?' આ સર્વ અલ્પજ્ઞ મનુષ્યની મોહિનીને લીધે તેઓની વિચિત્રતા જોઈ, આનંદ અને આશ્ચર્યને લીધે તે ખડખડાટ હસ્યો હતો: આનંદ એટલા માટે કે, પોતાની ઇચ્છિત વસ્તુ પ્રાપ્ત થઇ હતી અને આશ્ચર્ય એટલા માટે કે લોકો કેવા મોહમાયામાં ગુંથાઈ ગયા છે."

(આ વાત જ્યારે તે બાળકે બ્રહ્મરાક્ષસને કહી ત્યારે તે અત્યંત પ્રસન્ન થઈ ગયો અને તે બાળકને મરણશરણમાંથી તારણ આપી મુક્ત કીધો. રાજા પણ ઘણો પ્રસન્ન થતો ત્યાંથી પોતાના નગર ચિત્રકૂટમાં આવ્યો. પ્રજા પણ બાળકનું અદ્‌ભુતાશ્ચર્યવાળું કર્મ જોઇને આનંદ પામી ગઈ ને તે બાળક બચ્યો તે માટે, ને રાજા ઉગર્યો તે માટે તેણે મોટો ઉત્સવ કીધો.)

જ્યારે ઉપર પ્રમાણે કહીને રાજા વિરત થઈ ગયો કે, તરત વૈતાળ માયાથી તે રાજાની ખાંધ ઉપરથી અંતર્ધાન થઈ, પોતાના નિવાસ ઉપર ચાલ્યો ગયો. રાજાએ તેના જવાથી જરાપણ વિચાર કર્યો નહીં, પણ તે વળી ઉતાવળો ઉતાવળો તેની પાછળ ગયો. મોટા પુરુષનું હૃદય મહાસાગરના હૃદયની માફક કોઇથી ક્ષોભ કરી શકાય નહીં તેવું હોય છે. માણસ સમુદ્રને ગમે તેટલો મથે પરંતુ તેની અંદરનો ભાગ જરા પણ ડોળાતો નથી, કારણ કે તે અગાધ છે; તેમ મોટા લોકો ગમે તેવાં દુઃખમાં કે સુખમાં આવે છે, તોપણ તેનું અંતઃકરણ અધીરું બનતું નથી, પણ સ્થિરતામાં રહી પોતાનું કામ સાધે છે.



# તરંગ ૨૮ મો.

## વૈતાળ પંચવિંશી.

### વૈતાળ એકવીશમો—અનંગમંજરી ને તેના સ્વામી મણિવર્માની કથા.

પછી રાજા ત્રિવિક્રમસેન, પુનઃ તે મહાસ્મશાનમાં ગયો ને અશોકવૃક્ષ ઉપરથી વૈતાળને લઈ પોતાના ખભા ઉપર મૂકીને ચાલવા માંડ્યો. ચાલતાં ચાલતાં રસ્તામાં વૈતાળે ફરી રાજાને કહ્યું: "હે રાજાજી! હું તમને એક અત્યંત કામોદ્દ્પાદક કથા કહું છું તે સાંભળો."

પૂર્વે આ પૃથ્વી ઉપર વિશાપા નામની એક નગરી હતી. બ્રહ્માએ સ્વર્ગમાંથી ભ્રષ્ટ થયેલા પુણ્યવંત પુરુષોને રહેવા માટે બીજી ઈંદ્રપુરી નિર્માણ કરી હોય તેવી તેની શોભા હતી. તે નગરીમાં પદ્મનાભ નામનો રાજા રાજ્ય કરતો હતો. જેમ ઉત્તમ ચક્ર અને નંદક તરવાર ધારણ કરતા લક્ષ્મીપતિ વિષ્ણુએ બળિરાજાને તાબે કર્યો હતો તેમ, આ રાજાએ ઉત્તમ પુરુષના મંડળને આનંદ પમાડી તાબે કર્યાં હતા—તે લક્ષ્મીપતિ હતો અને શૂરવીર રાજાઓને તાબે કર્યાં હતા. તે રાજાના રાજ્યસમયમાં તે નગરીમાં અર્થદત્ત નામનો એક મોટો સાહુકાર રહેતો હતો. તેના ધનની આગળ કૂબેર પણ પરાજય પામ્યો હતો.

તેને ત્યાં અનંગમંજરી નામની એક પુત્રી જન્મી હતી. બ્રહ્માએ જાણે બીજી સ્વર્ગસુંદરીની મૂર્તિનાં દર્શન કરાવ્યાં હોય તેવી તે તેજસ્વી હતી. શેઠે તે કન્યાનાં તામ્રલીપ્તી નગરીમાં રહેનારા એક મોટા સાહુકારના પુત્ર મણિવર્મા વેરે લગ્ન કર્યાં હતાં. તે શેઠને એ પુત્રી વગર કંઈ પણ સંતાન નહીં હોવાથી તેનો એ પુત્રી ઉપર અત્યંત પ્રેમ હતો, તેથી તેણે દીકરી જમાઈને પોતાને ઘેર નજર આગળ જ રાખ્યાં. અનંગમંજરીનો પતિ મણિવર્મા રસહીન પુરુષ હોવાથી, જેમ કોઈ રોગી માણસને, કડવાં ને તીખાં ઔષધ સખ્ત દુઃખદ થઈ પડે છે તેમ, મણિવર્મા ઉપર અનંગમંજરીનો અભાવ થયો હતો. પરંતુ કોઈ કૃપણને ઘણે દહાડે મળેલી સપત્તિ જેમ પ્રાણ કરતાં પણ વધારે પ્રિય હોય છે તેમ, મણિવર્માને તે સ્ત્રી જીવિત કરતાં પણ અધિક પ્રિય લાગતી હતી.

એક દિવસે મણિવર્માને પોતાનાં માતાપિતાને મળવાની ઇચ્છા થવાથી તામ્રલીપ્તીમાં પોતાને ઘેર ગયો. કેટલાએક દિવસ વીત્યા બાદ, વટેમાર્ગુને એક ગામથી બીજે ગામ જતાં અટકાવતી હોય તેવી ગ્રીષ્મ ઋતુ આવી અને ચારે તરફ સખત તડકો પડવા લાગ્યો. દિશાઓ જાણે વસંત ઋતુના વિરહથી ઉષ્ણ નિઃશ્વાસ નાંખતી હોય તેમ, માલતી, ગુલાબની સુગંધથી ભરપૂર પવન વાતો હતો. અત્યંત તપેલી પૃથ્વીએ મેઘને બોલાવવા માટે મોકલેલી દૂતીના જેવો ધૂમકોટ પવનથી, ઠેઠ આકાશ સૂધી પહોંચતો હતો. પૃથ્વી સૂર્યના સખ્ત તાપે તપી જવાથી, છાયાની ઇચ્છા રાખનારા વટેમાર્ગુઓ, જેમ ધીરે ધીરે વૃક્ષની છાયા નીચે બેસતા બેસતા જતા હતા, તેમ દિવસો પણ ધીરે ધીરે જતા હતા—દિવસો લાંબા થયા હતા. રાત્રિ

પણ પ્રેમ સહિત ભેટીને સુનારા હેમંતપતિના વિરહથી ચન્દ્રમાની કાંતિ જેવી પિંગળા રંગની થઈ ગઇ હતી; તે અત્યંત દુર્બળ જણાતી હતી–રાત્રિ ટુંકી થઈ હતી.

આ ઉનાળાના સમયમાં એક દિવસે તે વણિક્ કન્યા **અનંગમંજરી**, અંગપર ચન્દનનો લેપ કરીને સફેદ ચન્દ્રી જેવી થઇને પોતાની હવેલીના ઝરુખામાં જઈ બેઠી હતી. તેણે શરીર ઉપર રેશમી વસ્ત્ર પહેર્યાં હતાં. તેની સાથે તેની એક વિશ્વાસુ સખી પણ બેઠી હતી. **અનંગમંજરી** નીચે રાજમાર્ગપર જોતી હતી, તેવામાં રસ્તા ઉપરથી જતા, રાજાના પુરોહિતના એક તરુણ બ્રાહ્મણ કુમારને દીઠો. તેનું નામ કમળાકર હતું. તેનું લાવણ્ય એવું તો ઉત્તમ હતું કે, જાણે રતિને ખોળવા માટે સાક્ષાત્ કામદેવ ફરતો હોયની શું, તેના જેવો તે જણાતો હતો. કમળાકર પણ **ચન્દ્રમાની** મૂર્તિ જેવી જરુખામાં બેઠેલી અપ્રતિમ લાવણ્યવાળી તે સુંદરીને જોઈ આનંદથી કમળાકરપણાને* પ્રાપ્ત થયો–અત્યંત હર્ષ પામ્યો. તે બન્ને તરુણોનાં નેત્રનો પરસ્પર જે મિલાપ થયો, તે કામગુરુની આજ્ઞાથી થયો હતો, એટલે વગર ગાંઠે એક બીજાનું મન પરસ્પર ગંઠાઇ ગયું. કામદેવના આવેગરૂપ વંટોળિયાથી તેઓનું મન દૂર દૂર જઇને પડ્યું અને તે બન્ને લજ્જા રહિત થઇ, રજોગુણથી પરાભવ પામ્યાં–બંને જણ પ્રેમાતુર થઇ ગયાં.

જ્યારે આ પ્રમાણે કમળાકર કામાતુર થયો ત્યારે તેની સાથે તેનો મિત્ર હતો, તે મહા કષ્ટે તેને પોતાના ઘેર લઈ ગયો.

હવે અનંગમંજરીની અવસ્થા શી થઈ? તે પણ તેના વિરહથી વળખાં મારવા લાગી. તે પણ પરાધીન બની ગઈ. તેણીએ તેના નામની સખીની પાસે તપાસ કરાવી; ને જોકે તેની ઘરમાં જવાની ઇચ્છા ન હોતી, તોપણ મહા સંતાપ કરતી તે, સ્વસખી સાથે, હવેલીની અંદર ગઇ. શય્યા ઉપર સુઇને કામજ્વરથી ઘેલી થયેલી તે સદાકાળ પોતાના પ્રિયતમનું જ સ્મરણ કરતી આળોટવા ને ગબડવા લાગી, તોપણ પ્રિતમનાં ક્યાંઇ પણ દર્શન થયાં નહીં; તેમ તેના વિશે કંઇ સમાચાર પણ મળ્યા નહીં. આ પ્રમાણે બે ત્રણ દિવસ વીતી ગયા, તેટલામાં તો તે વિરહવેદનાથી જ દુબળી ને ફીક્કી પડી ગઇ. વિરહવેદનાનો ઉન્માદ તેનાથી સહી શકાય તેમ નહતો. તેના મનમાં એમ જ આવ્યું કે, આવો છેલ પુરુષ મળવો દુર્લભ છે ને તેના વગર જીવવું પણ વૃથા છે; એટલે તેણે નિશ્ચય કીધો કે, હવે તો પ્રાણત્યાગ કરવો. આ રીતે આશાભંગ ભામિની વિલપંતી ને શોચંતી વળખાં મારતી મરવા તત્પર થઈ.

એક દિવસે રાત્રે **ચન્દ્રમાનો** ઉદય થયો ને તેણે જાણે કન્યાને સપડાવવા માટે પોતાનો કર ( કીરણ ) જાળીયામાં નાંખ્યો હોય તેમ કામગૃહમાં ચાંદની પડી. આ વખતે **અનંગ-મંજરીનાં** સર્વ દાસ દાસીઓ નિદ્રાવશ થઇ ગયાં હતાં. સર્વ સ્થળે શૂન્યકાર હતું. તે સમયે

* કમળાકર એટલે કમળનો જથો. ગ્રંથકાર કહે છે કે ચંદ્રને જોઇને કમળ ખીલ્યું, પણ ચંદ્ર કુમુદને ખીલવે છે, કમળને નહીં, તેથી અત્રે ગ્રંથકારની ઉપમા યોગ્ય જણાતી નથી.



સાહુકારકન્યા પ્રાણત્યાગ કરવા માટે મહેલમાંથી બહાર નિકળી, પોતાના ઘર આગળના બગીચામાં વૃક્ષલતાથી ઢંકાયેલા એક કુવામાં પડવા માટે ગઈ. તે સ્થળે તેના પિતાએ કુળદેવી ચન્ડીની સ્થાપના કરી હતી. ત્યાં જઇ ધર્મની લાગણીથી **અનંગમંજરીએ** દેવીને પ્રણામ કર્યા ને તેની સ્તુતિ કરવા માંડી. સ્તુતિ કરી રહ્યા પછી તેણીએ વિનતિ કરીઃ “હે માતાજી ! આ જન્મમાં જો કમળાકર મારો પ્રિતમ થાય નહીં તો આવતે જન્મે તો તે મારો પતિ થાઓ ! એ હું તમારી આગળ વિનતિ કરી માંગી લઉં છું.” આટલું કહી કામરાગમાં લીન થયેલી કન્યાએ, દેવીની સન્મુખમાં આવેલા આશોપાલવના વૃક્ષની ડાળીમાં, પોતાના અંગવસ્ત્રની એક ફાંસી બનાવી, ફાંસી ખાઇ મરવાનો ઠરાવ કીધો.

એવામાં તેની વિશ્વાસુ સખી, જે મહેલમાં સૂતી હતી તે, જાગૃત થઇ અને તેણે જોયું તો **અનંગમંજરીને** ત્યાં દીઠી નહીં. દૈવયોગે તે તરત નીચે ઉતરી, તે ઉદ્યાનમાં જ તેને ખોળવા નિકળી પડી. ત્યાં તો **અનંગમંજરીને** ગળામાં ફાંસી નાંખતાં દીઠી, એટલે તે બુમ પાડી ઉઠી કે; “અરે રહેવા દે ! રહેવા દે !” આમ કહી દોડી આવીને તેના કંઠમાંની ફાંસીને કાપી નાંખી. **અનંગમંજરી**, જે દુઃખમાં ગરકાવ થઇ ગઈ હતી તેણે પોતાની આંખ ઉઘાડીને જોયું તો ફાંસી કાપનાર તેની વિશ્વાસુ સખી હતી; તેથી તેને વધારે દુઃખ લાગ્યું, ને તે જમીન ઉપર મૂર્છાગત થઇ પડી. પછી તે સખીએ તેને ધીરજ આપીને આગતા-સ્વાગતા કરી ને એક ક્ષણ પછી પૂછ્યુંઃ “ બહેન બા સાહેબ ! તમારે ફાંસી ખાઈ મરવાનું શું કારણ છે વારુ ?” એટલે **અનંગમંજરીએ** પોતાનાં દુઃખનું સર્વ કારણ તેને કહ્યું અને ફરી ઉમેર્યું, “ **સખિ માલતિકા** ! હવે પ્રિતમનો સમાગમ થવો તો ઘણો જ દોહેલો છે. કારણ કે હું માતાપિતાને અધીન છું. મને કહે હવે મરણ શિવાય બીજે કોઇપણ સ્થળે સુખ મળે તેમ છે ? મારો એ જ છેલ્લો ઇલાજ છે.” એમ બોલતાં બોલતાં તો કામનાં બાણના અગ્નિથી અત્યંત બળતી, **અનંગમંજરી** નિરાશ થઇને પુનઃ મૂર્છાગત થઈ ગઈ.

તે જોઈ **માલતિકા** અફસોસ કરવા લાગી કેઃ “હાય ! હાય ! મુવા કામની આજ્ઞાનું ઉલ્લંઘન કરવું એ સહેલી વાત નથી. મારી આ સખી, જે સદાકાળ બીજી અવિનયી વનિતાને હસતી હતી, તે આજે આત્મસંયમમાં પાછી પડી છે ને બીજાને હસવાનું પાત્ર થઈ પડી છે. એ રડ્યા કામદેવનો જ પ્રતાપ તો !! ” આ પ્રમાણે **માલતિકા** વિલાપ કરતી કરતી, ધીમે ધીમે શીતળ જળ અને પવનથી **અનંગમંજરીની** આસનાવાસના કરવા લાગી. તેના અંગનો તાપ સમાવવા માટે નલિનીદલની (કમળ પત્રની) શય્યા કરીને તેના ઉપર તેને સુવરાવી અને તેની છાતી ઉપર બરફના જેવો ઠંડોગાર હાર પહેરાવ્યો. **અનંગમંજરી** વિલપંતી કરુણાળ સ્વરે બોલીઃ “સખી ! આ હાર વિગેરે ઘાલવાથી મારા અંતરમાં બળતો અગ્નિ શાંત પડવાનો છે કે ? રામરામ કર ! આ ચંદન તો અગ્નિલેપ થઈ મને બાળી મૂકે છે ! આ મોગરાનો હાર તો અગ્નિનું કામ સારે છે ! રે આ કમળ ! મૂવારે રડ્યાં મને કટકપેરે કાપે છે. બહારના ઉપચારથી મને શાંતિ મળે તેમ નથી. બહેન માટે

અંતરના અગ્નિને જેવી રીતે શાંતિ મળે એવો કંઇ ઉપાય તું તારી બુદ્ધિથી યોજ. તું જો મને જીવતી જોવાની ઇચ્છા રાખતી હોય તો મારા પ્રિતમની સાથે મને મેળવ.” માલતિકાએ, આ પ્રમાણે બોલતી અનંગમંજરીને કહ્યું: “સખિ! આજે ઘણી રાત ગઈ છે, માટે કાલે સાંઝના હું આજ ઠેકાણાનો સંકેત કરીને, તારા પ્રિતમને લઇ આવીશ. તું ધીરજ રાખી, હવણાં તો ઘરમાં જઇ સુઈ જા.” જ્યારે માલતિકાએ આ પ્રમાણે આશા આપી ત્યારે અનંગમજરી પોતાની તે પ્રિયસખી ઉપર અત્યંત પ્રસન્ન થઈ ને પોતાના કંઠમાંની મોતનમાળા કાઢી તેને નઝર કરી દીધી. પછી તે બોલી: “બહેન! હવણાં તું તારે ઘેર જા. કાલે સવારે મારા પ્રિતમની પાસે કાર્યસિદ્ધ કરવા માટે જજે. તું તારા કાર્યમાં વિજય પામજે!” આમ કહી તે સખીને રજા આપી, પોતે પણ પોતાના શયનગૃહમાં પાછી જઈ સુઇ ગઇ.

બીજે દિવસે પ્રભાતમાં માલતિકા, પોતાને કોઇપણ દેખે નહી તેમ છાનીમાની કમળાકરના ઘર તરફ ગઇ અને તેના બગીચાની અંદર તેને જોવા લાગી. તે એક વૃક્ષની નીચે ચંદનના જળથી ભીંજાવેલા કમળપત્રની શૈયા ઉપર સૂતેલો હતો. તે પણ કામાનળથી બળી રહ્યો હતો. રહસ્ય જાણનારો તેનો એક મિત્ર કેળનાં પાંદડાંથી પવન નાંખીને તેને શાંત કરતો હતો. એ જોઇ માલતિકા વિચાર કરવા લાગી કે: “શું, અનંગમંજરીના જ વિરહથી એની પણ આવી અવસ્થા થઈ છે કે?” આમ વિચાર કરી, તેનો નિશ્ચય કરવા માટે તે સંતાઇને ઉભી રહી.

એવામાં કમળાકરના મિત્રે કમળાકરને કહ્યું: “ભાઈ! એક ક્ષણ આ સુંદર બગીચા તરફ નજર કરી જરા મનને તો ખુશી કર. એકદમ ગભરાઇને નિરાશ ન થા.” તે સાંભળી તે બ્રાહ્મણકુમાર પોતાના મિત્ર પ્રત્યે બોલ્યો: “મિત્ર! તું કહે છે તે તો ઠીક છે, પણ તે વણિક્પુત્રી અનંગમંજરીએ મારા અંત:કરણનું તો હરણ કર્યું છે, ને હું અંત:કરણ રહિત થઈ ગયો છું, તો પછી કેવી રીતે હું અંત:કરણને ખુશી કરી શકું? વિશેષ વળી કામદેવે મને અંતર વગરનો કરી મૂક્યો છે. તેણે બાણ મારીને મારા અંતરને ઘાયલ કરી મૂક્યું છે. હવે તો એ જ ઉપાય છે કે, જેમ બને તેમ જલદી તું મને તે સ્ત્રી, જેણે મારું અંતર ચોર્યું છે તેની આગળ લઇ જા. તે વિના હું કદી પણ સારો થઈ શકીશ નહીં.”

જ્યારે આ પ્રમાણે તે બ્રાહ્મણકુમાર બોલ્યો ત્યારે માલતિકાના મનનો સંદેહ મટી ગયો અને તે પ્રસન્ન થઇને વૃક્ષના ઓથામાં છૂપાઇને ઉભી હતી ત્યાંથી બહાર નિકળીને તેની પાસે જઇ બોલી; “અરે સુભગ! સાંભળ, હું તને એક વાત કહું છું તે. તું ટટાર થા ને આહ્લાદિત હૃદયે મારા સંદેશાને ગ્રહણ કર. અનંગમંજરીએ મને તારી પાસે મોકલી છે; તને હું અનંગમંજરીનો સંદેશો કે જેનો અર્થ ખુલ્લો છે તે કહું છું તે સાંભળ. અનંગમંજરીએ કહાવ્યું છે કે, ‘અલ્યા છેલ! કોઈ સુંદરીના સકોમળ હૃદયમાં બળાત્કારે પ્રવેશ કરી, તેના હૃદયને ચોરી જવું અને તે પછી તેની કંઇપણ ખરખબર રાખવી નહીં, એ તે



સારા માણસનું કેવું લક્ષણ ગણાય? એ શું તમારા જેવાને ઘટીત ગણાય કે? પણ આ કહેવાની કંઇ જરૂર નથી કે, તમે તો તમારો ધર્મ બજાવ્યો છે. પણ હવે તે હરિણનયનાએ પોતાનું અંગ તથા પ્રાણ તમને મનોહર* મૂર્તિને અર્પણ કરવાની ઈચ્છા કરી છે; કેમકે તે કન્યાના અંત:કરણમાં રાત દહાડો ચિતા સળગે છે ને તેમાંથી ઉના નિસાસા નિકળે છે, તે જાણે તેના અતરમાં કામાનળ સળગતો હોય ને તેમાંથી ધુમાડા નિકળતા હોય તેમ જણાય છે; અને તેના સુગંધીદાર કાજળ સહિત વહેતાં આંસુડાંઓ તે તેના મુખકમળની સુગંધીથી લોભાઇને આસપાસ ભમરાઓ ફરી વળ્યા હોય તેવા જણાય છે. માટે જો તમારી ઈચ્છા હોય તો તમારા બન્નેનું સારુ થાય, એવી એક યુક્તિ હું બતાવું.”

માલતિકાનાં આવાં વચનો સાંભળીને કમળાકર બોલ્યો: “કલ્યાણિ! તમે જે વાત કરો છો તે ઉપરથી મને એક તરફથી આશા આવે છે, તોપણ બીજી તરફથી મારી પ્રિયા, જે મારા ઉપર પૂર્ણ પ્રેમવતી છે, તેની પણ મારા જેવી વિરહાવસ્થા જણાય છે, તે મને ભય ઉપજાવે છે. અમારા બન્નેની એક જ ગતિ છે, માટે તમને જેમ ગમે તેમ તમે કરો. તમે જ અમારા તારક છો.” આટલું કહીને કમળાકર બંધ થયો, એટલે માલતિકા બોલી: “તમે આજ રાત્રે અમારા ઉદ્યાનના બહારના ભાગમાં ઉભા રહેજો; હું જ્યા રાત્રિના, કોઈ જાણે નહીં તેમ, અનંગમંજરીને ત્યાં લઈ આવીશ. પછી હું બગીચાનાં બારણાં ઉઘાડી કોઈ યુક્તિથી તમને અંદર લઈ જઇશ; એટલે તમારા બંનેની ઇચ્છા પ્રમાણે તમારો સુખરૂપ સમાગમ થશે.” આ પ્રમાણે કહી, કમળાકરને પ્રસન્ન કરી, પોતાનું કાર્ય સિદ્ધ કરીને માલતિકા, અનંગમંજરીની પાસે ગઈ અને તેને સર્વ વાત કહીને પ્રસન્ન કરી.

થોડી વાર પછી સંધ્યા ઉપર આસક્ત થયેલો સૂર્યનારાયણ દેવતા, દિવસની સાથે ક્યાંઈ ચાલતો થયો—સૂર્ય અસ્ત પામ્યો. પૂર્વ દિશા પોતાના લલાટમાં ચન્દ્રમાનો ચાંદલો કરી, મુખને શણગારી બનીઠણી જાણે બીજાને લલચાવવાને સામાન્યા તત્પર થાય તેમ તૈયાર થઈ રહી. શ્વેત થયેલું કમળાકર (તલાવ), પદ્માકર (કમળફુલ)ના રૂપનો મોહ તજીને કુમુદિનીનો સંગ કરવા માટે તેને વશ થયું તેથી, આનંદ પામીને મલકાતે મુખડે કુમુદિનીએ કહ્યું: “દૈવેચ્છાથી કમળાકર, પદ્માકરનો ત્યાગ કરીને મારે વશ થયું; ધન્ય ઘડી, ધન્ય રાત્રિ!!” સાયંકાળ થઇ ને ચન્દ્રમાની શ્વેત ચાંદની ચારે તરફ પથરાઈ ગઈ. તે વખતે કામી કમળાકર પણ છેલ બટાઉ બની, પોતાની ઇચ્છા પૂર્ણ કરવા માટે અનંગમંજરીના ઘરના બગીચાની બહારના ભાગમાં જઇને ઉભો રહ્યો. તરત માલતિકા, અનંગમંજરી—જેણે ઘણા જ કષ્ટથી આખો દિવસ કાઢ્યો હતો તેને યુક્તિથી તે બગીચામાં લઇ આવી, તેને આંબાના વૃક્ષની ઘટા નીચે બેસાડી, પોતે બગીચાની બહાર જઇને કમળાકરને પણ તેડી લાવી. જ્યારે કમળાકર અંદર આવ્યો ત્યારે, જેમ વટેમાર્ગુ ગ્રીષ્મ ઋતુમાં ઘણા પાંદડાવાળા વૃક્ષની અંદર રહેલી છાયાને જોઇ આનંદ પામે છે, તેમ પાંદડાંથી ઢંકાઈ ગયેલી વૃક્ષ ઘટામાં બેઠેલી અનંગમંજરીને જોઈ આનંદ પામ્યો.

* મનોહર—રૂપાળો—મનને હરણ કરનાર.

જેવો કમળાકર ઉદ્યાનમાં પેસે છે તેવી જ અનંગમંજરી, કામવશ થવાથી લજ્જા મૂકી દઇને એકદમ દોડી ને તેને કંઠે વળગી પડી; અને નિસાસા મૂકતી બોલી: "પ્યારા ! વહાલા ! હું તમને પકડી લાવી છું, હવે ક્યાં જશો? હું તમને હવે જવા દઇશ નહીં !" આમ બોલતાં તે એટલા બધા હર્ષમાં આવી ગઈ કે, તેનો શ્વાસ બંધ પડી ગયો ને તે તત્ક્ષણે મરણ પામી. જેમ પવનના સપાટાથી લતા જમીન ઉપર પડે છે તેમ તે જમીન ઉપર પડી ગઈ. અફસોસ ! કામમાર્ગ અદ્દ્ભુતાશ્ચર્યવાળો છે ! જ્યારે કમળાકરે, જેમ વજ્રપાત પડે તેમ પોતાની પ્રિયાને પડતી જોઇ ત્યારે તે પોતે પણ, "હાય ! હાય ! આ શું થઇ ગયું !" આમ બોલતો કે મૂર્છા ખાઇ જમીન ઉપર પડ્યો. ક્ષણભર તો તે જમીન ઉપર પડ્યો રહ્યો, પણ મૂર્છા વળી એટલે તે ઉઠ્યો ને પોતાની પ્રિયાને ખોળામાં બેસાડી તેને આલિંગન કરીને તેનું ચુંબન કરવા લાગ્યો ને પછી અત્યંત વિલાપ કરવા લાગ્યો. તેના મનમાં એટલી બધી તો દિલગીરી વ્યાપી ગઇ કે, શોક દુઃખથી જ તેના પણ એક ક્ષણમાં પ્રાણ નિકળી ગયા. આ પ્રમાણે બન્ને જણાં મરણ પામ્યાં, તે જોઈ માલતિકા બહુ અફસોસ કરવા લાગી. તેટલામાં રાત્રિએ જોયું કે, બંનો પ્રિયાપ્રિતમ પોતપોતાને માર્ગે લાગ્યાં છે, એટલે તે પણ તેના દુઃખને લીધે જાણે ક્ષીણ થઇ ગઈ હોય તેમ પૂરી થઈ—પ્રભાત થયું. તુરત જ બગીચાની રક્ષા કરનારાઓને ખબર પડી કે, અનંગમંજરીને કોઇ પરાયો પુરુષ બેઉ અહીં મરી ગયાં છે, એટલે તેઓએ જઇને અનંગમંજરીના પિતાને સર્વ સમાચાર કહ્યા. તે સાહુકારના મનમાં લજ્જા, આશ્ચર્ય, ગભરાટ ને ઉદાસીનતા એકદમ વ્યાપી ગઈ. પછી સઘળાં સગાંવહાલાં જ્યાં અનંગમંજરી અને કમળાકર પડ્યાં હતાં ત્યાં આવ્યાં. બન્નેને પડેલાં જોતાંની સાથે જ સર્વે વિલે મુખે ઉભા ને હવે શું કરવું તેની કોઇને સૂઝ પડી નહીં. સઘળાં નિરાશ થઈ નીચું જોવા લાગ્યાં. નઠારી સ્ત્રી શોકજનક ને સંતાપકારી છે અને તે પોતાના કુળપર વિપત્તિ આણે છે.

આ પ્રમાણે સઘળાં માણસો મુખમાં આંગળી ઘાલીને ટગર ટગર જોતાં ઉભાં હતાં અને વિચાર કરતાં હતાં કે, અનંગમંજરીએ આ બહુ જ ભુંડુ કરયું, કુળને કલંક લગાડ્યું. એવામાં મણિવર્મા ઘણા આનંદ સાથે તામ્રલીપ્રી નગરીથી, પોતાની પ્રિયા અનંગમંજરીના મુખદર્શનની અભિલાષાનો ભરેલો ત્યાં આવી પહોંચ્યો. જેવો તે સસરાના ઘરમાં ગયો, તેવાં તેણે સઘળાને ઉદાસ જોયાં; એટલે પૂછપરછ કરીને સર્વ વાર્તા યથાસ્થિત જાણી કે તેની આંખમાં આંસુ ભરાઈ આવ્યાં; ને તે આંધળોભીત થઈ ગયો. પછી મણિવર્મા અનંગમંજરીનું સ્મરણ કરતો કરતો તે બગીચામાં આવ્યો. ત્યાં તેણે પોતાની સ્ત્રીને પરપુરુષની સાથે મરણ પામેલી દીઠી છતાં, તે અનંગમંજરી ઉપર પૂર્ણ પ્રેમાળ હતો, એટલે તેણે પણ તરત પ્રાણત્યાગ કરી દીધા. તે જોઇ જે માણસો ત્યાં હતાં તે ઉભાં ઉભાં એટલા જોરથી વધુ રડવા લાગ્યાં કે, આખા નગરમાં તેની ખબર પડી ગઇ ને તેથી નગરજનો પણ તે કુતુહલ જોવા માટે તે બગીચામાં દોડી આવ્યા.



પણ એટલામાં એક કૌતક થયું. દેવી ચંડીકા, જેનું મંદિર બગીચામાં, અનંગમંજરીના પિતા અર્થદત્તે બાંધ્યું હતું, તેની સમીપમાં તેના ગણોએ પ્રાર્થના કરી કે: "માતાજી! આપની પ્રતિમાનું સ્થાપન કરનારો અર્થદત્ત વાણિયો, આપનો સદાનો ભક્ત છે ને આપનું સ્થાપન કીધું છે, તેનાપર હવણાં અથાક દુઃખ પડ્યું છે, તેમાંથી કરુણા કરી તેને પાર ઉતારો." શંકરનાં પત્ની અને શરણાગતનું રક્ષણ કરનારાં દેવી ચંડીકા, પોતાના ગણોની સ્તુતિ સાંભળીને બોલ્યાં: "ત્રણે જણાં કામ વિકારમાંથી મુક્ત થઇને સજીવન થાઓ." તુરત તે ત્રણે જણાં નિદ્રામાંથી જાગૃત થયાં હોય તેમ એક ક્ષણમાં, દેવીની કૃપાથી ઉઠ્યાં ને કામવિકારમાંથી મુક્ત થઈ ગયાં. આ જોઇને ત્યાં જે માણસો ઉભાં હતાં તે સઘળાં આનંદાશ્ચર્યમાં ગરકાવ થઈ ગયાં. પછી કમળાકર શરમથી નીચું જોઇને પોતાને ઘેર ચાલતો થયો અને અર્થદત્ત પણ લજ્જા વાળી થયેલી પોતાની પુત્રી અનંગમંજરીને અને જમાઇને લઈ પોતાને ઘેર ગયો અને ઉત્સવ કર્યો.

વૈતાળે, રાત્રિએ માર્ગમાં ચાલતાં રાજાને આ પ્રમાણે કથા કહી, ફરીથી ત્રિવિક્રમસેન રાજાને પૂછ્યું: "રાજાજી! કહો મને જરાક, કે આ ત્રણ જણાં પ્રેમમાં મુગ્ધ બન્યાં હતાં, તેમાં વધારે પ્રેમ મુગ્ધ કોણ હતો? તમે જાણી બુઝીને જો મને સત્ય ઉત્તર આપશો નહીં તો તમારા મસ્તકના હજારો કટકા થઈ પડશે." જ્યારે રાજાએ આ પ્રમાણે વૈતાળનો પ્રશ્ન સાંભળ્યો ત્યારે તે બોલ્યો: પ્રેમમુગ્ધ ત્રણે જણામાં મને મણિવર્મા વધારે ભાસે છે. કોઇપણ મનુષ્ય સારી રીતે જાણી શકશે કે, જે બીજાં બે મરણ પામ્યાં તે બંનો જણાં એક બીજાપર અત્યંત આસકત હતાં, ને તેમની કામાવસ્થા કાળક્રમે કરીને વક્ર થઇ હતી, ને તેથી તેઓ મરણ પામ્યાં તેમાં આશ્ચર્ય નથી. પરંતુ મણિવર્મા તો અત્યંત પ્રેમમૂઢ હતો. કારણકે તેણે જ્યારે જોયું કે તેની સ્ત્રી તો પરાયા પુરુષ ઉપર આસક્ત થયેલી હતી ને તેથી મરણ પામી છે, તે સમયે ક્રોપ કરવાને બદલે ઉલટો તેના ઉપર વધુ આસક્ત થઇ, દિલગીરીમાં જ મરણ પામ્યો, તો તેનાથી વિશેષ પ્રેમમૂઢ કોણ?"

આ પ્રમાણે ત્રિવિક્રમસેન રાજા ઉત્તર આપતો હતો, એવામાં તો વૈતાળ તેના ખભા ઉપરથી ઉડી, વળી પોતાના સ્થાન ઉપર ચાલ્યો ગયો. એટલે રાજા પણ ફરી તેની પાછળ ગયો.*

* બીજી વૈતાળ પંચવિશીમાં આ પ્રમાણે એક વાત છે. ચોરના હાથમાંથી એક રાજાએ એક સ્ત્રીને છોડાવી, પોતે તેને લઇને જતો હતો, ત્યાં અન્નાદિ વસ્તુ લાવવા, તે સ્ત્રીને એક દેવળમાં મૂકીને રાજા એક ગામમાં ગયો. પણ માર્ગમાં રાજાને એક કુટ્ટણી મળી. તે હાવભાવ બતાવીને, તેને પોતાને ઘેર તેડી ગઇ. એટલે રાજા તે સ્ત્રીને ભૂલી ગયો. એ સ્ત્રીને એક વાણિયાએ જોઇ, એટલે તે તેને પોતાને ઘેર તેડી ગયો. વાણિયાભાઈ, ફડાકીદાસ, તે ઉંદર ને માંકડ મચ્છર મારીને ફડાકી બતાવવા લાગ્યા. એ જોઈને તે સ્ત્રીને રાજાનું પરાક્રમ યાદ આવ્યું ને તેથી તેની વિરહવેદનાથી મરણ પામી અને વાણિયો તેના વિરહથી મરણ પામ્યો. થોડી વારે રાજા પાછો તે સ્ત્રીને શોધવા નિકળ્યો, પણ તે મળી નહીં એટલે તે પણ મરણ પામ્યો ને તેના વિરહથી કુટ્ટણી પણ મરણ પામી. વૈતાળે પૂછ્યું; આ ચારે મૃત્યુમાં અજાયબ જેવું મૃત્યુ કોનું? રાજાએ કહ્યું કે કુટ્ટણીનું. કેમકે ત્રણ તો પ્રેમને લીધે મરણ પામ્યાં હતાં, પણ કુટ્ટણીમાં તો પ્રેમ જ કેવો?

## તરંગ ૨૯ મો.

# વૈતાળ પંચવિંશી.

### વૈતાળ બાવીસમો–ચાર બ્રાહ્મણ બંધુની કથા.

ત્યાર પછી રાજા ત્રિવિક્રમસેન, ફરીથી તે મહાસ્મશાનમાં ગયો ને અશોકવૃક્ષ ઉપર ચઢી વૈતાળને પકડ્યો અને પોતાની ખાંધ ઉપર ચઢાવીને નીચે ઉતરી ચાલવા માંડયો. રસ્તામાં જતાં જતાં તે વૈતાળે રાજાને કહ્યું: "મહારાજ! તમે ઘણા જ પરાક્રમી અને સજ્જન જણાવ છો, માટે આ એક અપૂર્વ કથા તો સાંભળો."

એક કાળે આ ભૂમિપર ધરણીવરાહ નામનો એક પ્રતાપી રાજા હતો, જે કુસુમપૂરનો યશસ્વી સ્વામી હતો. તેના દેશમાં બ્રહ્મસ્થળ નામનું બ્રાહ્મણોને દાનમાં આપેલું એક ગામ હતું; તેમાં ઘણા બ્રાહ્મણો રહેતા હતા.તે ગામમાં વિષ્ણુસ્વામી નામનો એક બ્રાહ્મણ રહેતો હતો. અગ્નિને અનુકૂળ જેમ સ્વાહા નામની સ્ત્રી હતી, તેમ વિષ્ણુસ્વામીને પણ તેના જેવી એક ઉત્તમ સ્ત્રી હતી. આ સ્ત્રીએ ચાર પુત્રોને જન્મ આપ્યો હતો. આ ચારે પુત્ર વેદ વિગેરે વિદ્યામાં કુશળ થઇને તરુણાવસ્થાને પામ્યા, એટલામાં તો તેના પિતા વિષ્ણુસ્વામી પોતાનો દેહ મૂકી પરલોકમાં ચાલતા થયા; અને તેની પાછળ તેની સ્ત્રી સતી થઇ.

પિતાના મરણ પછી તે ચારે પુત્રો ઘણી કંગાલ અવસ્થામાં આવી પડ્યા, કેમકે તેઓનું રક્ષણ કર્તા કોઈ નહોતું અને તેઓની સર્વ સંપત્તિ પિત્રાઇઓએ છીનવી લીધી હતી. ત્યારે તે ભાઇઓ પરસ્પર વિચાર કરવા લાગ્યા: "આપણે અહીંયાં કોઇનો આશ્રય નથી; તો પછી આપણે યજ્ઞસ્થળમાં આપણા આજાને* ઘેર શા માટે નહીં જઇએ?"

આવો વિચાર કરી રસ્તામાં ભિક્ષા માગતા માગતા, ઘણે દિવસે તેઓ આજાને ઘેર જઇ પહોંચ્યા. તેનો આજો તો મરણ પામ્યો હતો, તોપણ, મામાએ આદરસત્કાર કરીને પોતાના ઘરમાં ભાણજાઓને રાખ્યા. તે ચારે જણા મામાને ઘેર રહી ગુજરાન કરતા હતા અને વેદાદિક ભણતા હતા. પણ તેઓ છેક જ કંગાલ હતા, એટલે થોડા દિવસ પછી મામાએ ભાણજાઓને ભોજન અને વસ્ત્રાદિ આપવામાં આનાકાની કરી–કોઇ કોઇ વાર જમવા વખતે કાઢી મૂકે, ગાળો ભાંડે, લુગડાં માંગે તો કહે કે હમણાં મળશે નહીં; એવી રીતે તેઓ ખરાબ દશામાં આવી પડ્યા.

જ્યારે પોતાના કુટુંબીઓ જ અપમાન કરવા લાગ્યા ત્યારે ચારે ભાઇઓના મનમાં ઘણો જ સંતાપ થયો અને તેઓ નિસ્તેજ બની ગયા. એક વખતે તે સર્વ એકાંતમાં ભેળા થયા ને વિચાર કરવા લાગ્યા: પ્રથમ મોટો ભાઇ બોલ્યો: "ભાઈ! આપણે હવે શું કરવું? જે કંઈ

* આજો અથવા નાનો તે માતાનો બાપ થાય.



કરે છે તે સર્વ વિદ્યાર્થી કરે છે, મનુષ્યથી કોઇપણ દિવસ કંઇપણ થઇ શકતું નથી. જ્યારે તિરસ્કાર સંબંધી ઉદ્વેગ મારા મનમાં આવ્યો ત્યારે હું ભટકતો ભટકતો આજે સ્મશાનમાં ચાલ્યો ગયો. ત્યાં જમીન ઉપર શિથિલ અગવાળા મરણ પામેલા એક પુરુષને પડેલો દીઠો. જ્યારે મેં તેને જોયો ત્યારે મારા મનમાં આવ્યું કે, 'આ પુરુષને જ ધન્ય છે, કે જેણે દુઃખનો બોજો છોડી દઇને અહીં વિશ્રામ કર્યો છે.' આ પ્રમાણેનો મારા મનમાં વિચાર થયા પછી, મેં પણ મરવાનો નિશ્ચય કીધો. ત્યાં એક ઝાડની ડાળીમાં ફાંસી કરીને લટક્યો, કે તે જ વખતે હું વિભ્રાંત થઈ ગયો, પણ મારા પ્રાણ ગયા નહીં. તેવામાં તો મારી ફાંસી તૂટી ગઈ ને હું જમીન ઉપર પડ્યો. થોડી વાર પછી મને જ્યારે ભાન આવ્યું ત્યારે મેં જોયું તો ત્યાં કોઈ એક પુરુષ વસ્ત્રવતી મને પવન નાંખતો જણાયો. તે પુરુષ મને સચેતન થયેલો જોઇને બોલ્યો: 'મિત્ર! કહે મને કે તું પંડિત થઇને શી વસ્તુનો શોક કરે છે? આ સંસારમાં પ્રાણીમાત્ર સુખદુઃખ ભોગવે છે, તેનું કારણ પાપ અને પુણ્ય છે. પાપ કર્મ કરવાથી દુઃખ ભોગવવાં પડે છે, અને પુણ્ય કર્મ કરવાથી સુખ ભોગ મળે છે; તેમાં બીજું કંઇ જ કારણ નથી. તને જો દુઃખ ભોગવવું ગમતું ન હોય તો તું પુણ્ય કર્મ કર, પણ આત્મહત્યા કરી નરકનું દુઃખ શું કામ હોરે છે?' આ પ્રમાણે મને શીખામણ આપી તે પુરુષ કયાંઈ પણ અદૃસ્ય થઈ ગયો, અને હું આત્મહત્યા કરવાનો વિચાર છોડી દઇને અહીં પાછો આવ્યો. માટે જો આપણું નસીબ નઠારું છે તો આપણે મરી પણ શકતા નથી. હવે મેં ઠરાવ કીધો છે કે કોઇ તીર્થમાં જઈ તપ કરીને આ દેહને પાડવો, જે તપના પ્રભાવથી હું પુનર્જન્મમાં નિર્ધનતાનું દુઃખ ભોગવું નહીં."

મોટા ભાઇનાં આવાં વચન સાંભળીને નાનો ભાઇ બોલ્યો; "આર્ય! શા માટે તમે પંડિત છતાં ધનને માટે આટલું બધું દુઃખ ધરો છો? શું તમે જાણતા નથી કે, દ્રવ્ય શરદઋતુના મેઘસમાન ચંચળ છે? તે ઘડીમાં આવે છે અને ઘડીમાં નાશ પામે છે. દુર્જનની મિત્રતા, વેશ્યાની પ્રીતિ અને લક્ષ્મીનો સંગ, આટલી વસ્તુને બીજી જગ્યાએથી પ્રયત્નપૂર્વક લઇ આવીને રાખી હોય તોપણ, તેની રહેવાની ઇચ્છા ન હોય તો તે ગમે તેમ કરીને પણ ચાલી જાય છે. માટે પંડિતે એવો કોઇપણ પ્રતાપી ઉદ્યોગ કે કળાકૌશલ્ય દાખવવું જાઇએ કે જેમ પારધી મૃગને બાંધી લાવે છે તેમ તે કળાકૌશલ્ય પણ સંપત્તિને વારંવાર બાંધી લાવે." આ પ્રમાણે વચલા ભાઇએ કહ્યું; એટલે મોટો ભાઇ એક ક્ષણભર ધૈર્ય રાખીને બોલ્યો: "આ માટે કયો ગુણ મેળવવો જોઇએ?" ત્યારે તે ચારે ભાઇ પરસ્પર વિચાર કરીને બોલ્યા: "આપણે સમગ્ર ભૂમંડળમાં ફરી શોધ કરી કંઇક માયીક વિદ્યા શીખીએ." આ પ્રમાણે માયીક–યોગ વિદ્યા શિખવાનો નિશ્ચય કરી, સઘળાએ ઠરાવ કીધો કે, આપણે અમુક સ્થળે વિદ્યા સંપાદન કરીને પાછા એકઠા થવું અને પછી ચારે જણા ચાર દિશામાં ચાલતા થયા.

વિદાય થયા પછી ચારે જણ જૂદી જૂદી યોગવિદ્યામાં નિપુણતા મેળવીને ઘણે દિવસે, પાછા પોતાને મળવા ઠરેલી જગ્યાએ આવ્યા. ત્યાં તે ચારે ભાઇઓ પરસ્પર પૂછવા લાગ્યા: "ભાઇ તમે સવ શું શું શિખ્યા?" એટલે તેમાંથી એક જણાએ ઉત્તર આપ્યો કે "મેં તો એવું જ્ઞાન

સંપાદન કીધું છે કે, મને હરકોઈ પણ પ્રાણીનાં હાડકાં મળ્યાં હોય તો તેમાં હું એક ક્ષણમાં યોગ્ય માંસ ઉપજાવું." તેનું આવું વચન સાંભળીને બીજો બોલ્યો: "જો એ રીતે માંસ અને હાડકાં એકઠાં મળ્યાં હોય તો હું, તેમાં તે પ્રાણીને સંભવે તેવાં રુવાટાં અને ચામડી ઉત્પન્ન કરી જાણું છું." ત્યારે ત્રીજો બોલ્યો: "ભાઈ! હું તો એવી વિદ્યા શિખ્યો છું કે ચામડી, માંસ અને રુવાટાંવાળા પ્રાણીના અવયવો બરાબર નવા કરી આપું, જેથી તે પ્રાણી કોણ છે તે જણાય." એટલે ચોથો બોલ્યો: "તમે જેને અવયવવાળો દેહ બનાવ્યો હોય, પણ તેમાં જીવ ન હોય તો હું જીવ મૂકવાની ક્રિયા જાણું છું."

આ રીતે તે ચારે ભાઈઓએ, પરસ્પર પોતાની વિદ્યાનો પ્રભાવ જણાવ્યો. પછી પોતપોતાની વિદ્યા સિદ્ધ કરવા માટે હાડકાં લેવા માટે જંગલમાં ગયા. ત્યાં દૈવયોગે અજાણતાં એક સિંહનું હાડકું તેઓના હાથમાં આવ્યું. આ ચારે જણા ભણ્યા હતા પણ ગણ્યા નહતા, માટે તેઓએ તે હાડકાને તપાસ્યા વગર જ ઉપાડી લીધું. પછી, એક જણાએ તે હાડકાપર માંસ ઉપજાવ્યું, અને તે માંસ સાથે હાડકાંને સાંધ્યાં. બીજાએ પોતાની વિદ્યાના પ્રતાપથી ચામડી અને રુંવાટાં ઉત્પન્ન કીધાં; ત્રીજાએ તેના શરીરમાં ઘટે તેવાં સઘળાં અંગો બનાવ્યાં, એટલે તે એક સિંહનું શરીર તયાર થયું. પછી તુરત ચોથાએ પ્રાણ મૂકયા, એટલે તો તે અરણ્યમાં, અત્યંત ભયંકર ડાઢોથી જેનું મુખ ભરેલું છે અને નખરૂપ જેનું અંકુશ, ઘણું તીક્ષ્ણ જણાય છે તેવો એક સિંહ, કેશવાળીના ગુચ્છળાંને ઉછાળતો ઉછાળતો ઉભો થયો; અને દોડીને પોતાને ઉત્પન્ન કરનારા ચારે જણાને મારી, તેનું પેટપૂર ભક્ષણ કરીને વનમાં ચાલ્યો ગયો. આ પ્રમાણે મોટી ભયંકર ભૂલ કરી, સિંહને ઉત્પન્ન કરી, ચારે બ્રાહ્મણો મરણ પામ્યા. દુષ્ટ પ્રાણીને જન્મ આપી કયો પુરુષ પોતે સુખ પામે છે?

જો નસીબ અવળાં હોય તો પરાકાષ્ટાએ મેળવેલો ગુણ પણ સુખકર થતો નથી, પણ દુઃખકર થઇ પડે છે. માટે મૂળ રૂપ જે દૈવ તે અનુકુલ હોય અને તેને જ્ઞાન જળ સિંચ્યું હોય, ને તે જો નય*રૂપ કયારામાં ઉગેલ હોય તો જ પૌરુષવૃક્ષ‡ બહુધા ફળે છે.

આ પ્રમાણે ઘોર રાત્રિએ ચાલતાં ચાલતાં ત્રિવિક્રમસેનને, વૈતાળે કથા કહીને ફરીથી પૂછયું: "મહારાજ! એ ચારે જણાએ મળીને સિંહ ઉત્પન્ન કર્યો ને તે સિંહે ચારેને માર્યાં, પણ આ ચારમાં વધારે અપરાધી કોણ? ને તેઓની હત્યાનું પાતિક કોના ઉપર છે, તે મને કહો. જો જાણ્યા છતાં ઉત્તર આપશો નહીં તો તમારા મસ્તકના હજાર હજાર કટકા થઇ જશે." તે સાંભળી રાજાએ મનમાં વિચાર કર્યો કે: "આ વૈતાળરાજ મારું મૌન મૂકાવીને પાછો નાશી જવા ધારે છે. પણ ફીકર નહીં. તે ભલે નાશી જતો. હું ફરીથી જઇને તેને પકડી લાવીશ." આ પ્રમાણે હૃદયમાં વિચાર કરી, રાજાએ વૈતાળને કહ્યું; "એ ચાર જણામાં જેણે સિંહના ખોળીઆમાં પ્રાણ મૂકયો તેને બ્રહ્મહત્યા લાગે છે. કેમકે બીજાઓએ હાડકાં, માંસ, લોહી, ચામડી, અવયવો સર્વ ઉત્પન્ન કીધાં ખરાં, પણ તેઓ જાણતા નહોતા કે, એ કેઈ જાતનું પ્રાણી છે; ને તેથી તેઓએ

* નય-વિવેક. ‡ પરાક્રમ.



અજ્ઞાનપણામાં કરેલા કૃત્યથી કોઇપણ રીતે પાપના ભાગી થતા નથી. પણ જેણે દેહમાં પ્રાણ મૂકયા, તેણે તો, આ સિંહ ઉભો થયો છે, તે પ્રત્યક્ષ જોયું છતાં પણ, માત્ર પોતાનું કળાચાતુર્ય બતાવવા માટે જ પ્રાણ મૂકયા, તેથી તેના જ માથાપર બ્રહ્મહત્યાઓ લાગે છે."

ઉપર પ્રમાણે રાજાનું વચન સાંભળી માયાવી વૈતાળ, વળી તે રાજાની ખાંધ ઉપરથી પોતાના સ્થાનમાં ચાલ્યો ગયો, એટલે રાજા પણ પુનઃ તેની પાછળ દોડ્યો.*

## તરંગ ૩૦ મો.

## વૈતાળ પંચવિંશી.

### વૈતાળ ત્રેવીશમો—એક સાધુ, જે પ્રથમ રડ્યો ને પછી હસ્યો તેની કથા.

તે મહાઉદારચિત્ત રાજા ત્રિવિક્રમસેને પુનઃ તે મહા સ્મશાનમાં જઈ, અશોકવૃક્ષ ઉપર ચઢી, વૈતાળને પકડ્યો. આ વખતે વૈતાળે પોતાનાં અનેક રૂપ બતાવ્યાં. તોપણ રાજા મોહ પામ્યો નહીં, પણ તેને પકડી ખાંધ ઉપર ઉપાડી મુગો મુગો ચાલવા માંડ્યો. એવામાં વૈતાળે પુનઃ તેને કહ્યું: "હે રાજા! આ અકાર્યમાં તારો આગ્રહ વારણ કરી શકાય નહીં તેવો છે. તું તે પૂરતા આગ્રહથી પાર પાડે છે, માટે હવે હું તારો શ્રમ ઉતારવા માટે તને એક કથા કહું છું તે સાંભળ."

પૂર્વે કલિંગદેશમાં શોભાવતી નામની એક નગરી હતી. તે પુણ્યશાળીઓથી ભરપૂર એવી ઇંદ્રની સ્વર્ગપુરી જેવી શોભતી હતી. તે નગરીમાં અત્યંત ઐશ્વર્યવાળો, પ્રદ્યુમ્નના જેવો ઉજ્વળ પ્રતાપવાળો પ્રદ્યુમ્ન નામનો એક રાજા રાજ્ય કરતો હતો. તેના સમયમાં ધનુષો ઉપર ગુણનો અપકર્ષ† હતો, પણ ગુણનો નાશ ન હતો; મૃદંગ ઉપર કર (હાથ) નો માર પડતો, પણ પ્રજા ઉપર કરનો(દંડ) માર ન હતો; યુગમાં કળિયુગ કહેવાતો હતો, પણ લોકોમાં કળિએ પ્રવેશ કર્યો ન હતો, અને બુદ્ધિમાં તીક્ષ્ણતા હતી, પણ બીજી તીક્ષ્ણતા (કઠોરતા) ન હતી.

* પંચતંત્રમાં આ વાત આપેલી છે, પણ તેમાં થોડુંક રૂપાંતર છે. તેમાં સત્વબુદ્ધિ, સહસ્રબુદ્ધિ, લક્ષબુદ્ધિ ને એકબુદ્ધિ એવા ચાર ભાઈઓ હતા: પહેલા ત્રણ કળાનિપુણ હતા, પણ છેલ્લો તો માત્ર સાધારણ અકકલ ધરાવતો હતો. એકે માંસ કીધું, બીજાએ ચામડી, વાળ ને લોહી કીધાં, ત્યારે ત્રીજો પ્રાણ મૂકવા તૈયાર થયો; એટલે એકબુદ્ધિએ કહ્યું કે 'આ સિંહ છે, તેનામાં પ્રાણ આવતાં જ તે તમને ખાઈ જશે.' પણ બીજા ત્રણેએ કહ્યું કે, આપણે જેને જન્મ આપીએ છીએ તે આપણને જ ખાશે કે?' આમ કહીને તેમણે તે વાત માન્ય નહીં કરી. ત્યારે એકબુદ્ધિ વૃક્ષપર ચઢી ગયો. પછી સિંહ જીવતો થયો કે, તુરત તે ત્રણેને ખાઈ ગયો હતો. બહારેદાનેશમાં ગાય ઉત્પન્ન કરવાનું વર્ણન છે.

† ગુણ એટલે સદ્ગુણ અને દોરી, અપકર્ષ એટલે તિરસ્કાર ને ખેંચાવું—એવા બે અર્થ થયા છે.

રાજા પ્રદ્યુમ્ને આ નગરીના આગલા ભાગમાં એક તરફ યજ્ઞસ્થળ નામનો અગ્રહાર સ્થાપન કર્યો હતો. તેમાં ઘણા બ્રાહ્મણો રહેતા હતા. તે અગ્રહારમાં યજ્ઞસોમ નામનો એક બ્રાહ્મણ રહેતો હતો. તે વેદપારંગત હતો, મોટો ધનાઢ્ય હતો, અગ્નિહોત્રી હતો, અને હંમેશાં અતિથિ તથા દેવતાનું પૂજન કરતો હતો. તેની તરુણાવસ્થા વીતી ગયા પછી, ઘણી ઘણી બાધા આખડી રાખી ત્યારે, તેની કુળવંત સ્ત્રીના પેટથી એક જ પુત્ર અવતર્યો. આ બાળકમાં ઘણાં ઉત્તમ સામુદ્રિક લક્ષણો હતાં. દહાડે દહાડે તે બાળક મોટો થયો, એટલે બ્રાહ્મણોએ તેને સર્વ સંસ્કાર કરી, તેનું દેવસોમ એવું નામ પાડ્યું. તે બ્રાહ્મણકુમાર પોતાના પિતાના ઘરમાં રહેતો મોટો થયો. જ્યારે તે સોળ વર્ષનો થયો, ત્યારે સંપાદન કરેલી સર્વ વિદ્યા ને વિનયવડે તે લોકોને રંજન કરવા લાગ્યો, જેથી લોકો તેની વિદ્યા અને વિનય ઉપર એટલાં બધાં તો વારી જતાં હતાં કે, તેઓ વારંવાર તેની મુલાકાત લેતાં અને તેને જોઈ ખુશી થતાં હતાં. એવામાં એકાએક દેવસોમને તાવ આવ્યો ને જે સર્વ લોકનો પ્રિય થઈ પડ્યો હતો તે મરણ પામ્યો. તેનો પિતા યજ્ઞસોમ અને તેની સ્ત્રી, બન્ને જણાં, મરણ પામેલા પુત્રને, તુરતાતુરત અગ્નિસંસ્કાર કરવા લઈ ગયાં નહીં, પણ તેના શબને પોતાના ખોળામાં સુવાડીને વિલાપ કરવા લાગ્યાં.

એ સમયે ત્યાં કેટલાએક વૃદ્ધ પુરુષો આવ્યા અને વિલાપ કરતા યજ્ઞસોમ પ્રત્યે બોલ્યા: "અલ્યા ભાઈ! તું વૃથા શોક શા માટે કરે છે? આ સંસારરૂપ ગંધર્વનગરની ગતિ, જળના પરપોટા જેવી ક્ષણભંગુર છે! તે શું છે તે કોઈ ભૂતભવિષ્ય જાણનારો માણસ પણ જાણી શકતો નથી! જરા નજર કર. મોટા મોટા રાજાઓ આ પૃથ્વીના પતિ થયા છે. તેઓ મહા પરાક્રમી હતા. તેઓ મોહવશ થઈ વારાંગનાનો થેઇથા થેઇથાનો નાચ જોતા ને ગાયન સાંભળતા, રત્નના સુંદર પલંગો ઉપર બેસી આનંદમાં મઝા કરતા, પોતાના શરીરપર ચંદનના રસનો લેપ કરતા, ઉત્તમ અંગનાઓમાં બેસી વિલાસ ભોગવતા અને પોતાને અજર અમર માની મોટી મોટી સાહેબી ભોગવતા હતા. તે સઘળા રાજાઓ, જ્યાં પ્રેત હંમેશાં રુદન કર્યા કરે છે એવા વિક્રાળ સ્મશાનમાં ચિતા ઉપર જઈને સુતા છે, તે તને ખબર નથી? તેને પણ માંસાહારી પશુઓ ખાઈ ગયા છે અને તેની ચિતાની આસપાસ શિયાળવાં વિંટાઇને ચિત્કાર શબ્દ કરે છે. આ પ્રમાણે તે રાજાઓનો પણ કાળ કોળીઓ કરી ગયો છે, ત્યારે બીજાઓ તે શા હિસાબમાં છે? તું વિદ્વાન્ છે, શાણો છે, તો એ સર્વ જાણતો નથી? તું આ શબને આલિંગન કરીને શું કરીશ તે કહે. તું સર્વ સમજે છે, તે છતાં, જનાર વસ્તુ–નાશવંત વસ્તુનો–શા માટે શોક કરે છે?" આ પ્રમાણેનાં તે બ્રાહ્મણોનાં વચન સાંભળી, યજ્ઞસોમે પોતાના મરણ પામેલા પુત્રને જમીન ઉપર સુવાડી, તેને મરણ સમયના સર્વ સંસ્કાર કરી, એક પાલખીમાં સુવાડી, સઘળાં સગાંકુટુંબીઓ આંખમાંથી અશ્રુઓ પાડતાં અને આક્રંદ કરતાં સ્મશાનભૂમિમાં તેને અગ્નિદાહ કરવા લઈ ગયાં.

તે સ્મશાનમાં એક વૃદ્ધ તાપસ, એક નાનકડી પર્ણકૂટી બાંધીને રહેતો હતો. એ યોગી પાશુપત મતનો હતો. તેણે ઘણો કાળ ગાળ્યો હતો અને તપશ્ચર્યા પણ ઘણી કરી હતી, તેથી તેનું શરીર અત્યંત દુર્બળ થઈ ગયું હતું અને ઓ! હમણાં શરીર તૂટી પડશે, એવા ભયથી



જાણે તેનું આખું શરીર, નાડી ( રૂપી દોરડાં)થી વિંટળાઈ વળ્યું હોય તેવું જણાતું હતું. તેની જટા વિજળી જેવી પીળી હતી; ભસ્મવડે તેનાં રુવાં શ્વેત થઈ ગયાં હતાં. એ ઉપરથી જાણે બીજા શિવજી જેવો તે શોભતો હતો. તેનું નામ વામશિવ હતું. તેનામાં યોગજ્ઞાન અતિ ઉત્તમ હતું. જ્યારે તેણે દૂરથી માણસોના પોકળશ્રાદ્ધનો મોટો અવાજ સાંભળ્યો, ત્યારે પોતાના એક વિદ્યાર્થીને કહ્યું: "ઉઠ તો ભાઈ! આ મઠની બહાર જઈ સત્વર તપાસ કર કે એ શું છે? આ સ્મશાનમાં કોઈપણ દિવસ આવો કોળાહળ મેં સાંભળ્યો નથી, તો આજે આવો ભયંકર કોળાહળ કેમ થઈ રહ્યો છે?" આ શિષ્ય મૂર્ખ અને જરા લુચ્ચો હતો અને ધ્યાન યોગ વગેરે પોતાને આવડતું હતું, તેનું બહુ અભિમાન રાખતો હતો. તેમાં વળી આજે તેના ગુરુએ તેને સખ્ત ઠપકો દીધો હતો, તેથી તે ઉદાસ હતો. તેનો એવો નિયમ હતો કે, હંમેશાં ભિક્ષામાં જે ફળ મળે તે ખાઇને જ પોતાનું ગુજરાન કરવું.

તેણે એ પ્રમાણેનાં ગુરુ વચન સાંભળી ગુસ્સો કરીને જવાબ દીધો: "મારે ભિક્ષા માગવા જવાનો સમય થયો છે, માટે હું તો જતો નથી, તમે પોતે જઇને જુઓ." તે સાંભળીને ગુરુ બોલ્યા: "અલ્યા મૂર્ખા! તું કેવળ ઉદર પોષણ કરવામાં જ તત્પર રહે છે! ધિક્કાર છે તને! હજુ તો અર્દ્ધ દિવસ થયો નથી, એટલામાં જ તારે ભિક્ષા માંગવાનો વખત વહી ગયો કે?" જ્યારે તે હૃદયશૂન્ય શિષ્યે, ગુરુનાં આવાં વચન સાંભળ્યાં ત્યારે ઉલટો ક્રોધ કરીને બોલ્યો: "ડોકરાજી! તને ધિક્કાર છે! ચાલ, હું તારો શિષ્ય નથી અને તું મારો ગુરુ નથી. હું તો આજથી બીજે ઠેકાણે જઇને રહીશ. લે આ પાત્રો, તે તું લઇને ફરજે અને ભિક્ષા માંગી ખાજે!" આ પ્રમાણે કહી ગુરુની આગળ દંડ અને કમંડળ પછાડ્યાં ને પછી ત્યાંથી ઉઠીને ચાલતો થયો.

પછી પેલો યોગી, શિષ્યની મૂર્ખતા ઉપર હસતો હસતો મઠની બહાર નિકળ્યો ને જ્યાં બ્રાહ્મણપુત્રને બાળવા માટે આણ્યો હતો ત્યાં આવ્યો. તે યોગીએ જોયું તો કેટલાક માણસો એક તરુણ કુમારના મરણ માટે બહુ બહુ અફસોસ કરતા હતા. તે તરુણ કુમારના શરીરને જોઈ, પેલો પાશુપત વામશિવ, જે વૃદ્ધાવસ્થાને લીધે દુઃખી થતો હતો તેને, પેલા તરુણ બ્રાહ્મણકુમારના દેહમાં પોતાનો જીવ મૂકવાની ઇચ્છા થઈ. પછી તે એકદમ એકાંતમાં ગયો ને ઘાંટા કાઢીને ખૂબ રડ્યો; અને તે પછી પોતાની ઇચ્છાનુસાર અંગના હાવભાવ અચ્છી રીતે હલાવીને સારી રીતે આનંદથી નાચ્યો. પછી તે સાધુએ તરુણ થવાની ઇચ્છાથી એક ક્ષણમાં પોતાનું ખોળીયું તજી દીધું ને યોગવિદ્યાના પ્રભાવથી તત્ક્ષણે તે તરુણ બ્રાહ્મણના શરીરમાં પેઠો. એ સમયમાં ચિતા ખડકાઈ રહેવા આવી હતી અને તે તરુણને ચિતામાં સુવાડવાની તૈયારી થતી હતી, ત્યાં તો તે બગાસું ખાઈ જીવતો થઈને ઉઠ્યો. તે જોઈ તેનાં સર્વે સગાંવહાલાં, જે ત્યાં ડાઘુ થઇને આવ્યાં હતાં, તે સઘળાં ખુશ ખુશ થઈ ગયાં ને મોટા ઘાંટા કાઢીને બોલ્યાં: "ધન્ય ધન્ય! એ જીવે છે! હજી જીવે છે!"

પછી તે બ્રાહ્મણકુમારના શરીરમાં પેઠેલો પેલો પાશુપત યોગેશ્વર, જેને પોતાનું વ્રત ત્યાગ કરવાની જરાએ ઇચ્છા ન હતી, તે આ પ્રમાણે તેઓ સર્વપ્રત્યે દાંભિકપણાથી બોલ્યો: "ભાઇઓ

આજ હું મરણ પામ્યો હતો ને પરલોકમાં ગયો હતો, પણ ત્યાં ગયા પછી શંકરે મારાપર કૃપા કરી ને તેથી હું સજીવન થયો છું. માટે મારે તો મહાપાશુપતનું વ્રત લેવું છે અને તે વ્રત હમણાં જ મારે એકાંતમાં જઈ ધારણ કરવું છે. જો હું વ્રત ધારણ કરીશ નહીં, તો પુનઃ મરી જઈશ, એમ શંકરે કહ્યું છે. માટે હવે તમે સર્વે ઘેર પધારો અને હું પણ હવે જઈશ." આ પ્રમાણે તે દૃઢ નિશ્ચયવાળા વ્રતધારીએ, દૃઢ આગ્રહથી ત્યાં ઉભેલાઓને કહ્યું. સર્વ સગાં ખુશીની સાથે દીલગીર પણ થયાં. પછી તે સઘળાંને પેલા બ્રાહ્મણકુમારે ઘેર મોકલ્યાં. પછી તે પોતાનું પ્રથમ કલેવર જ્યાં ત્યાગ કર્યું હતું ત્યાં ગયો ને તેને એક નાળામાં પધરાવી દીધું અને તે મહાયોગી તરુણ થઈ, વ્રત ધારણ કરીને બીજે કોઈ ઠેકાણે ચાલ્યો ગયો.

આ પ્રમાણે તે ઘોર અંધારી રાત્રીએ, ખભાપર પડેલા વૈતાળે, રસ્તામાં ચાલતાં રાજાને કથા કહી અને પુનઃ ત્રિવિક્રમસેનને પૂછ્યું: "બોલો તો ખરા મહારાજ! જ્યારે તે યોગીરાજને તો પોતાનું શરીર ત્યાગ કરવું હતું, ત્યારે તે એકાંતમાં જઈને ખૂબ રડ્યો કેમ ને પછી નાચ્યો કેમ? તે જાણવાની મને ઇચ્છા છે." તે સાંભળી બુદ્ધિશાળી રાજા, વૈતાળના શાપથી ડરીને મૌન મૂકીને બોલ્યો: "વૈતાળ! સાંભળ. તે યોગીનો શો અભિપ્રાય હતો તે હું કહું છું. તે તપસ્વીના મનમાં પ્રથમ આવ્યું કે, આ જીર્ણ શરીર, ઘણા દિવસથી મારી સાથે જ રહે છે, અને મેં જે સિદ્ધિઓ મેળવી છે તે એ દેહનો પ્રતાપ છે. વળી મારા આ દેહને મારાં માતા પિતાએ પણ લાડકોડથી રમાડ્યો હતો, તેનો મારે આજ ત્યાગ કરવો પડે છે, આમ ધારીને તે પ્રથમ ખૂબ રડ્યો હતો; દેહ ઉપર જે સ્નેહ બંધાય છે તે ત્યાગ કરી શકાતો નથી અને નાચ્યો તેનું કારણ એ હતું કે, હવે હું નવા શરીરમાં પ્રવેશ કરીશ અને અધિક યોગ સાધીશ, એવી આશાથી તેણે નાચ કર્યો હતો; તરુણાવસ્થા કોને પ્રિય લાગે નહી?"

મુડદાની અંદર રહેલો વૈતાળ, રાજા ત્રિવિક્રમસેનનું આ પ્રમાણેનું ઉત્તર સાંભળી પુનઃ તેની ખાંધ ઉપરથી ઉડી સ્મશાનભૂમિમાં આવેલ ગંજાવર વૃક્ષ ઉપર જઈ બેઠો. તે રાજાને પણ વધારે ઉત્સાહ થયો ને તેને પકડવા માટે પુનઃ તેની પાછળ પડ્યો; કારણ ધીરવીર પુરુષની સ્થિરતા, કુળવંત હિમાચળ પર્વતની પેઠે વિજયી હોય છે, એ આશ્ચર્યકારક છે; તે કલ્પાંતે પણ ચલાયમાન થતી નથી.



# તરંગ ૩૧ મો.
# વૈતાળ પંચવિશી.

## વૈતાળ ચોવીસમો–એક વિલક્ષણ કથા.

પછી વીર રાજા ત્રિવિક્રમસેન, કાળા અંધારાથી છેક નિમાશામ થઈ ગયેલી અને ચિતાના અગ્નિરૂપી જેની ઝગઝગતી દૃષ્ટિ છે એવી રાત્રિરૂપ રાક્ષસીને ન ગણકારતાં, પુનઃ તે ભયંકર સ્મશાનમાં ગયો અને અશોક વૃક્ષ ઉપર ચઢીને પુનઃ તે વૈતાળને પકડી પોતાની ખાંધ ઉપર ચઢાવીને પ્રથમની માફક ચાલવા માંડ્યો. પુનઃ તે વૈતાળે રાજાને કહ્યું: "રાજાજી! હવે તો હું આવજાવ કરવાથી થાકી ગયો છું, પણ તું આવજાવ કરતાં થાકયો નથી; માટે હું તને એક અઘરો પ્રશ્ન પૂછું છું, તેનાપર લક્ષ દે."

દક્ષિણ દિશાના એક ભાગના એક નાના ગામમાં ધર્મ નામનો એક માંડલિક રાજા હતો. તે અતિઘણો સદ્‌ગુણી હતો, પણ તેના ભાયાતો દુર્જન હોવાથી તેને સ્થાનભ્રષ્ટ કરવા ઇચ્છતા હતા. તેને એક સ્ત્રી હતી. જેનું નામ ચંદ્રવતી હતું. તે માળવા દેશમાં કોઇક મોટા કુળવાનને ત્યાં જન્મી હતી. તે પ્રમદા, ઉત્તમ પ્રમદાઓની મુકુટમાળા જેવી હતી. આ રાણીએ લાવણ્યવતી નામની એક કન્યાને જન્મ આપ્યો હતો. તે કન્યા પોતાના નામ પ્રમાણે જ ગુણ ધરાવતી હતી.

જ્યારે તે કન્યા વિવાહ કરવાને યોગ્ય થઈ, ત્યારે ધર્મરાજા, લાવણ્યવતીનો સંબંધ કરવા તૈયાર થયો. તે વખતે તેના ભાયાતોએ એકઠા મળી ધર્મરાજાના દેશને પાયમાલ કરી નાંખ્યો અને તેને રાજ્યગાદી ઉપરથી પદભ્રષ્ટ કર્યો. જ્યારે નગરમાં રહેવાને તે લાચાર થઈ પડ્યો ત્યારે તે, અમૂલ્ય હીરા, માણેક, રત્નો વગેરે લઈ, પોતાની સ્ત્રી તથા કન્યા સહિત તે જ રાત્રે નગરમાંથી નાસી ગયો અને પોતાના સસરાને ઘેર જવા માટે માળવા તરફ ચાલ્યો. ચાલતાં ચાલતાં પોતાની સ્ત્રી તથા પુત્રી સહિત તે વિંધ્યાચળના ભયંકર જંગલમાં આવ્યો. તેટલામાં રાત પડી અને રાજાને આટલે સુધી ઘસડી લાવનાર દિવસ પણ અસ્ત પામ્યો. રાજા ત્યાં જ રાતવાસો રહ્યો. ઝાકળનો વર્ષાદ વર્ષતો હતો, તેથી જાણે રાત્રી રડતી હોય તેવી જણાતી હતી. પ્રભાત થયું કે, સૂર્યનારાયણનાં કિરણો, જાણે તું આગળ જા મા, કારણ કે આ જંગલમાં ઘણા લુટારાઓ રહે છે તેમ તે રાજાને ના કહેતાં હોય તેમ ઉદયાચળ ઉપર ડોકીયું કરવા લાગ્યાં. માર્ગમાં પગે ચાલવાથી, દર્ભના કાંટાવડે રાજાની રાણીના ને લાવણ્યવતીના પગમાં પા પડી ગયા હતા. તો પણ શું કરે? ચાલ્યા વગર છૂટકો નહીં, તેથી તે બાપડાં ચાલતાં ચાલતાં ભિલ્લોના એક ગામમાં જઈ ચઢ્યાં. તે ગામમાં બીજાના ધનમાલ તથા પ્રાણનો નાશ કરનારા પાપી ભિલ્લો રહેતા હતા અને ત્યાં કોઈ ધર્માત્મા રહેતો ન હતો, તેથી જાણે પાપીઓથી ભરેલી ભયંકર યમરાજની નગરી હોય, તેવું તે ગામ જણાતું હતું.

આ ભિલ્લના ગામમાં જેવો રાજા દાખલ થયો કે, ભિલ્લ લોકોએ વસ્ત્ર તથા ઘરેણાંથી શણગારેલા રાજાને અને તેની સાથે તેની સ્ત્રી તથા કન્યાને પણ દીઠી. તુરત જ તે લોકો જૂદાં જૂદાં હથીઆરો હાથમાં લઈને લૂટવા માટે આવ્યાં. જ્યારે રાજા ધર્મે, ભિલ્લોને પોતાના તરફ આવતા જોયા, ત્યારે તેણે પોતાની સ્ત્રીને અને પુત્રીને કહ્યું; "આ ભિલ્લ લોકો શરુઆતમાં તમારી લાજ લૂંટશે, માટે તમે તો હમણાં જ અહીંથી પાસેના વનમાં ચાલ્યાં જાઓ. હું તેઓને પહોંચી વળીશ!" રાજાનું તેવું વચન સાંભળી, સમય પ્રમાણે વર્તનારી રાણી ચંદ્રવતી, પોતાની પુત્રી લાવણ્યવતીને સાથે લઈ, ભયની મારી પાસેના વનમાં પેસી ગઈ. પછી વીર રાજા એકલો ઉભો રહ્યો: તેની પાસે ઢાલ અને તરવાર જ તેનાં સાથી હતાં. પેલા ભિલ્લ લોકો સામા આવી રાજા ઉપર કામઠાવતી બાણ ફેંકવા લાગ્યા, પણ રાજાએ તે સઘળાંને ઢાલપર ઝીલી લઈ, તરવારથી ઘણા ભિલ્લને ધૂળ ચાટતા કરી દીધા. જ્યારે કેટલાએક ભિલ્લો મરણ પામ્યા, ત્યારે તે ગામના નાયક ક્રોધે ભરાયો ને તેણે સઘળા ભિલ્લોને તેનાપર એક સામટા તૂટી પડવાનો હુકમ કર્યો. સઘળા ભિલ્લો હથિયાર લઈ તેની ઉપર તૂટી પડ્યા; અને તીર મારીને તેના શરીરના બખતરને ચીરી નાંખી, એકલા ઉભેલા રાજાને મરણશરણ કરી દીધો. પછી તેની પાસે જે કંઈ માલમતા હતી તે લૂટી લઈને ભિલ્લની સેના જયવાદ્ય વજાડવતી પાછી પોતાના ગામ ભણી ગઈ.

હવે રાણી ચંદ્રવતી, પુત્રી સહિત વનમાં ભરાઈ જઈ એક ઝાડની કુંજલતાના ઓઠામાં સંતાઈને આ સર્વ યુદ્ધ જોતી હતી. તેણે જ્યાં પોતાના પ્રાણજીવનને મરણ પામતો જાયો, ત્યારે તેના કલેજામાં વજ્રબાણ વાગ્યા જેવું દુઃખ થઈ આવ્યું. તે એબાકળી બનીને પુત્રી સહિત તે વનમાંથી ઘણે દૂર બીજા ઘીચ જંગલમાં નાસી ગઈ. તે વખતે બરાબર મધ્યાહ્નનો સમય થઈ રહ્યો હતો અને સૂર્યનો સખ્ત તાપ પડતો હતો. ચાલતાં ચાલતાં એક વૃક્ષ તેના જોવામાં આવ્યું, તેની છાયા વિશ્રામ કરવા માટે વટેમાર્ગુને નિમંત્રણ કરતી હોય તેવી જણાતી હતી. થાકેલાં પાકેલાં ચંદ્રવતી અને લાવણ્યવતી બન્ને જણાં, આશોપાલવના ઝાડની નીચેના કમળવાળા સરોવરપર જઈને બેઠાં, ત્યાં બેઠા પછી રાણી શોકની મારી અત્યંત રુદન કરવા લાગી.

હવે એવું બન્યું કે, કોઈએક રાજા, પોતાના દીકરા સહિત તે જંગલમાં મૃગયા કરવા માટે આવ્યો. બાપનું નામ ચંડસિંહ હતું અને પુત્રનું નામ સિંહપરાક્રમ હતું. બાપ દીકરો બન્ને જણા ઘોડા ખેલવતા ખેલવતા જતા હતા, એવામાં ચંડસિંહે ધૂળમાં સ્ત્રીનાં પગલાં પડેલાં દીઠાં, ત્યારે તે પુત્રપ્રત્યે બોલ્યો: "બેટા! આ જમીન ઉપર ધૂળમાં જે પગલાં પડેલાં છે, તે કોઈપણ પદ્મિનીનાં પગલાં હોય એમ લાગે છે; કારણ કે આ પગલામાં ઉત્તમ રેખાઓ આબાદ પડેલી છે. એ સુંદર પ્રમદાનાં સુરેખ પગલાંને આધારે ચાલો આપણે જઈએ ને શોધીએ કે તે કોણ છે. જો તે મળશે તો તેમાંથી તને જે પસંદ પડે તેની સાથે તું પરણજે." આ પ્રમાણેનું પિતાનું બોલવું સાંભળી, સિંહપરાક્રમ બોલ્યો: "આ પગલાંમાં જેનાં નાનાં પગલાં જણાય છે,



તે ખરેખર વહુ હશે અને તેની અવસ્થા પણ કિશોર હશે માટે, તે મારે લાયક છે; અને જેનાં પગલાં મોટાં છે તે અવસ્થામાં મોટી હશે, માટે તે તમારે લાયક છે." આ પ્રમાણે પુત્રનું વચન સાંભળી ચંડસિંહ બોલ્યો: "બેટા! એ તું શું બોલેછે? તારી મા હજુ તો હમણાં જ સ્વર્ગવાસી થઈ છે, તેવી ગુણવાન્ સ્ત્રીના મરણ પછી મને ઉત્તમ સ્ત્રી મળે નહીં તો પછી પરણવાનું મન કેમ થાય? માટે મારે બીજી સાથે પરણવાની ઈચ્છા નથી." તે સાંભળીને પુત્રે પિતાને કહ્યું: "પિતાજી! જે ગૃહસ્થના ઘરમાં સ્ત્રી ન હોય તે ગૃહસ્થનું ઘર અરણ્યતુલ્ય જાણવું. આ વિષયમાં મૂળદેવે ગાયેલી ગાથા શું તમે સાંભળી નથી?

यत्र घनस्तनजघना नास्ते मार्गावलोकिनी कांता ।
अजडः कस्तदनिगडं प्रविशति गृहसंज्ञकं दुर्गं ॥

"જે ગૃહસ્થના ઘરમાં પીન પયોધરવાળી અને ભરાઉ જાંઘવાળી કાંતા દરરોજ માર્ગ ઉપર નજર કરીને પોતાના પતિની વાટ જોતી ઉભી ન હોય, તેને ઘર નહિ પણ બેડી વગરનું એક કેદખાનું જાણવું અને તે કેદખાનામાં મૂર્ખ શિવાય બીજો કયો મનુષ્ય પ્રવેશ કરે છે?" માટે પિતાજી! મેં જે સ્ત્રીને પસંદ કરેલી છે તે શિવાયની બીજી સ્ત્રી સાથે આપને પરણવું પડશે. જો તેમ ન કરો તો તમને મારા જીવના સોગન છે."

પિતાએ, પુત્રનો આવો આગ્રહ જોઈ, તેનું વચન સ્વીકાર્યું. પછી ચંડસિંહ પોતાના પુત્રની સાથે તે પગલાંને આધારે આધારે ધીમે ધીમે આગળ ગયો. જતાં જતાં સરોવરના કિનારા ઉપર તેઓ આવી પહોંચ્યા. આ વખતે મધ્યાહ્ન કાળ થયો હતો, તોપણ આશોપલ્લવનાં વૃક્ષ નીચે, અંધારાની રાણી ચંદ્રવતીને, મોતીરૂપ તારામંડળથી અલંકૃત થયેલી બેઠેલી દીઠી. તે મધ્યાહ્નકાળે, આકાશના મધ્યભાગમાં પ્રકાશતી મધ્યરાત્રી જેવી દીસતી હતી. તેની પાસે તેની પુત્રી લાવણ્યવતી, ચોમેર પ્રકાશ કરતી શુદ્ધ સ્વચ્છ ચાંદની જેવી દીપતી હતી. રાજા ચંડસિંહ અને તેનો પુત્ર, તે બન્ને સ્ત્રીઓને જોઈ, ઉત્કંઠિત હૃદયે તેમની પાસે ગયા, એટલે રાણી ચોરની શંકા થવાથી ધ્રુજતી ધ્રુજતી ઉભી થઈ.

પણ તેની પુત્રી લાવણ્યવતી બોલી: "જીજી! તું ડર નહીં. આ કંઈ ચોર નથી, પણ કોઈ સુંદર વેશધારી ઉત્તમ સજ્જનો છે, જે મૃગયા કરવા માટે આવ્યા જણાય છે." આ પ્રમાણે પુત્રીએ માતાને કહ્યું, તોપણ રાણીના મનમાંનો ભય ઓછો થયો નહીં. એટલામાં તો રાજા ચંડસિંહ અને સિંહપરાક્રમ, બન્ને જણા ઘોડા ઉપરથી નીચે ઉતર્યા અને ચંડસિંહ બન્ને જણી પ્રત્યે બોલ્યો: "તમે શામાટે ગભરાવ છો? તમારી તરફ અમારો ઘણો પ્રેમ છે, તેને લીધે તમને જોવા આવ્યા છીએ. તમે ધીરજ ધરો, અને કહો કે તમે બેકોણ છો? તમને અમારી તરફથી જરા પણ દુઃખ થશે નહીં. તમે બન્ને જણી જાણે શંકરના નેત્રાનળની જ્વાળાથી બળી ગયેલા કામદેવના દુઃખથી દુઃખી થયેલી રતિ અને પ્રીતિ આ વનમાં આવીને વસી હોય એવી જણાવ છો. કહો, તમે આ નિર્માનુષ્ય વનમાં કેવી રીતે

આવીને વસ્યાં છો? કેમકે તમારા બન્નેનું સુકુમાર અંગ તો ફક્ત રાજમહેલમાં રહેવાને યોગ્ય છે અને તમારા બન્નેના ચરણ સારી લોંડીયોના ખોળામાં રહેવા ઉચિત છે. તે ચરણ આ કાંટા અને કાંકરાવાળી જમીન ઉપર રખડે છે, તે જોઈ અમારા મનમાં બહુ ખેદ થાય છે. તમારાં કોમળ અને ગોરાં તથા તડકામાં લાલચોળ થઈ ગયેલાં મુખ ઉપર, પવનથી ઉડીને ધૂળ વળગેલી છે, તે જોઈ અમને અદ્દ્ભૂતાશ્ચર્ય લાગે છે. એ જ અમારા મુખને મ્લાન કરે છે. અતિશય ગરમ સૂર્યનાં કિરણો, તમારા પુષ્પ જેવા કોમળ અંગ ઉપર પડીને તમને બાળે છે, તેથી અમારા અંતઃકરણમાં ઘણો જ અફસોસ થાય છે! માટે તમારું વૃત્તાંત સત્વર કહો. આ વનમાં ઘણાં માંસાહારી પશુઓ રહે છે, માટે અમે તમને અહિ એકલાં રહેલાં જોઈ શકતા નથી, પણ અમે તમોને અમારે ઘેર લઈ જવા ઇચ્છીએ છીએ."

જ્યારે **ચંડસિંહે** આ પ્રમાણે વિનયવચન કહ્યાં, ત્યારે રાણી, લજ્જા તથા શોકથી આકુળવ્યાકુળ થઈ ગઈ. તે ઉંડો નિઃશ્વાસ મૂકી ધીમેધીમે તેની આગળ પોતાનું સર્વ વૃત્તાંત કહેવા લાગી. **ચંડસિંહે** તેના ચરિત્ર ઉપરથી જાણ્યું કે, એનો પતિ મરણ પામ્યો છે; એટલે તેને મધુર મધુર વાણીથી સમજાવી, મા અને દીકરીને રાજી કરી, પોતાને આધીન કરી લીધાં અને બંનેને પોતાના કુટુંબમાં સામેલ થવાને જણાવ્યું.

પછી **ચંડસિંહ** બન્ને ઘોડાની પીઠ ઉપર મા અને દીકરીને બેસારી, ઘોડેસ્વાર થઈ, કુબેરની રાજધાની જેવી પોતાની **વિત્તપપૂરી**માં તેઓને લઈ ગયો. **ચન્દ્રવતી** રાણીએ પણ પોતાનો નવો અવતાર થયો એમ માન્યું. કારણ કે તેને જીવવાની જરાપણ આશા નહોતી. વળી તે અનાથ હતી, એટલે તેનું કંઈપણ ચાલી શકે તેમ નહતું. વળી તે અબળા, વળી નિરાધાર, વળી પરદેશમાં પડેલી, વળી શોકમાં ડૂબેલી, તે શું કરી શકે? રાણી **ચન્દ્રવતી**એ પરણવા કબૂલ કર્યું. **સિંહપરાક્રમ** સરત પ્રમાણે જેના ટુંકા પગ હતા તે **ચન્દ્રવતી** રાણીની સાથે પરણ્યો. **ચન્ડસિંહ** મોટા પગવાળી તેની દીકરી સાથે પરણ્યો. કારણ કે બાપ દીકરાએ પ્રથમ પ્રતિજ્ઞા કરી હતી કે, મોટા પગવાળી પિતાએ પરણવી અને નાના પગવાળી દીકરાએ પરણવી. સત્યનો અનાદર કોણ કરે છે? આ પ્રમાણે ભૂલભૂલામણીથી નાના મોટા પગની સરત ઉપરથી–દીકરી હતી તે પિતા સાથે પરણી અને માતા હતી તે પુત્ર સાથે પરણી; એટલે દીકરી પોતાની જ માની સાસુ થઈ અને માતા તે પોતાની દીકરીની વહુ થઈ. કેટલોએક વખત ગયા પછી બન્ને જણીઓને દીકરા અને દીકરીઓ થયાં અને તે છોકરાંઓને ઘેર પણ છોકરાંઓ, વખત વીતતાં થયાં. આ પ્રમાણે **ચન્ડસિંહ** અને **સિંહપરાક્રમ** બન્ને જણા **લાવણ્યવતી** અને **ચન્દ્રવતી**ને પરણીને તે જ નગરમાં આનંદમાં દિવસ ગુજારતા હતા.

એ પ્રમાણે માર્ગમાં ચાલતાં **ત્રિવિક્રમસેન** રાજાને વૈતાળે કથા કહી, રાજાને પૂછ્યું; "હવે રાજન્! દીકરી અને માતાને વખત જતાં સારી સંતતિ થઈ તે



બાપ દીકરાની સંતતિ હતી, તો તેઓનાં છોકરાંનું સગપણ શું? તે તમે મને કહો. જો જાણવા છતાં પણ તમે કહેશો નહીં તો તમારા મસ્તકના હજારો કટકેકટકા થઈ જશે."*

વૈતાળનો તે પ્રશ્ન સાંભળીને રાજાએ મનમાં તેનો ઘણો ઘણો વિચાર કીધો, પણ તેને કંઈપણ જવાબ સૂઝ્યો નહીં, એટલે તે ગૂપચૂપ થઇને ચાલ્યો જ ગયો. ત્યારે મુડદાંના શરીરમાં રહેલો ને ખભાપર પડેલો વૈતાળ, હસીને સ્વગતજ બોલવા લાગ્યો કે,–" આ પ્રશ્ન ઘણું અટપટું છે, એટલે રાજા સમજી શકતો નથી કે એનું ઉત્તર કેમ આપવું. એ ભાઇ તો તેથી મનમાં ઘણા જ રાજી થઈ મુંગા મુંગા, ઝડપથી પગલાં ભરતા ભરતા ચાલ્યા જાય છે. પણ એને ખબર નથી કે, તેના માથાપર ભયનું વાદળ કેવું છે. આ રાજા મોટો પરાક્રમી છે અને પેલા ભિક્ષુકને આટલા દિવસ સૂધી રખડાવ્યો તોપણ એ હાર્યો નથી તો એને હવે હું ઠગી શકીશ નહીં; પણ હવે હું પેલા દુષ્ટાત્મા જતિને છેતરી, તેની સિદ્ધિ આ કલ્યાણકર્ત્તા રાજાને અપાવું તો ઠીક થાય."

આવો વિચાર કરી, વૈતાળે તત્ક્ષણે રાજાને કહ્યુંઃ "રાજાજી! તમે રાત્રિમાં અત્યંત ભયંકર સ્મશાનમાં આ પ્રમાણે આવજાવ કરવાથી બહુ બહુ દુઃખ સહન કર્યાં છે. હવે તમે સુખને લાયક થયા છો, એમાં જરાપણ સંદેહ નથી. હું તમારી ધૈર્યતાથી ઘણો જ પ્રસન્ન થયો છું અને તમારા સંબંધથી હું આશ્ચર્ય ને અદ્દ્ભુતતામાં ગરકાવ થઈ જાઉં છું. તમે આ શબને હવે લઈ જાવ. હું હવે આમાંથી બહાર નિકળી જાઉં છું, પણ તમારા હિતનું તમને એક વચન કહું છું તે તમે સાંભળો અને તેનો અમલ કરજો. તમે જે દુષ્ટ જતિને માટે આ શબ લઇ જાઓ છો, તે આજે આ શરીરમાં મારું આવાહન કરી મને તેડાવીને મારુ પૂજન કરશે. પછી તે લુચ્ચો અને મેલા મનનો જતિ, હે રાજા! તું બત્રીશ લક્ષણો છે, માટે તારું બલિદાન આપવા સારુ તને કહેશે કે, 'મહારાજ! એને તમે સાષ્ટાંગદંડવત્ પ્રણામ કરો.' ત્યારે, ઓ મહાપુરુષ! તારે જમીન ઉપર સુઇને પ્રણામ કરવા નહીં, પણ તે જતિને કહેવું કે, 'તમે મને પ્રથમ કરી બતાવો, પછી હું તે પ્રમાણે કરીશ.' એટલે તે જતિ જમીન ઉપર પડીને પ્રણામ કરી બતાવશે. પણ જેવો તને પ્રણામ કેમ કરવા તે બતાવા જાય તેવું જ તારે તરવારવતી તેનું મસ્તક કાપી નાંખવું; એટલે પછી જે વિદ્યાધરની ઐશ્વર્યસિદ્ધિ તેણે મેળવવા માટે ઇચ્છી છે, તે સિદ્ધિ તને પ્રાપ્ત થશે. પછી તે જતિના દેહનું બલિદાન કરી, તું આ પૃથ્વી ઉપર રાજ્ય કરજે અને પછી વિદ્યાધરની લક્ષ્મી મેળવજે. પરતુ તું જો જતિના કહેવા પ્રમાણે કરીશ તો તે તારું બલિદાન આપશે. મેં આટલા દિવસ આ કામમાં વિઘ્ન નાંખ્યું હતું, તેનું કારણ આ જ છે. હવે જા, તે જતિની સિદ્ધિ તને પ્રાપ્ત થાઓ! જય જય!" આટલું કહી વૈતાળ, વીર **ત્રિવિક્રમસેન**ના ખભા ઉપર રહેલા મુડદામાંથી બહાર નિકળીને ચાલ્યો ગયો.

ત્યાર પછી રાજા **ત્રિવિક્રમસેન**, પ્રસન્ન થયેલા વૈતાળ પાસેથી, **શાંતિશીળ** ગોરજીને પોતાનો શત્રુ સમજી, વડવૃક્ષ નીચે જ્યાં ગોરજી મહારાજ બિરાજ્યા હતા ત્યાં મુડદું લઇને ખુશી થતો થતો ગયો.

* શામળકૃત મડાપચ્ચીશીમાં પચ્ચીશમી વાત આ જ છે.

## તરંગ ૩૨ મો.

## વૈતાળ પંચવિંશી.

### વૈતાળ પચ્ચીસમો–શાંતિશીલ ગોરજીની કથા.

તે પછી રાજા ત્રિવિક્રમસેન, પોતાની ખાંધ ઉપર શબને ઉપાડી, શાંતિશીલ ગોરજી, જ્યાં સ્મશાનમાં વડવૃક્ષની નીચે અંધારામાં એકલો બેઠો હતો ત્યાં ગયો. કાળીચૌદશનો દિવસ હતો, ચારે તરફ અંધારું વ્યાપી રહ્યું હતું. ગોરજી એક ઝાડના મૂળ પાસે બેસી રાજાને મુડદુ લઈ આવવાની રાહ જોતો હતો. તેણે ધોળા હાડકાંના લોટનું મંડળ પૂર્યું હતું અને ભૂમિને લોહીથી લીંપી હતી તથા તેની ચાર દિશામાં લોહીથી છળાછળ ભરેલા કળશોની સ્થાપના કરી હતી. તેની વચ્ચોવચ્ચ તે બેઠો હતો. એક તરફ મનુષ્ય ચરબીનો દીવો ઝળઝળાટ બળતો હતો, પડખે અગ્નિની સ્થાપના કરી હતી, તેમાં હોમ પણ આપ્યો હતો અને પોતાના ઇષ્ટદેવને જેટલો સામાન જોઇતો હતો, તેટલો સામાન તેણે અહીં એકઠો કરી મૂક્યો હતો.

આ પ્રમાણે ગોરજી મહારાજ તૈયારી કરીને બેઠા હતા, એવામાં રાજા શબ લઇને આવ્યો. ગોરજી મહરાજ શબસહિત રાજાને આવતો જોઈ, હર્ષથી ઉભા થયા ને તે રાજાના વખાણ કરવા લાગ્યાઃ “મહારાજ! તમે મારા ઉપર એવો મોટો ઉપકાર કર્યો છે કે, એવો બીજા કોઇથી થઈ શકે તેમ નથી. આપે જે મોટું સમર્થ કામ, આવી નઠારી જગ્યાએ જઇને, અને આવે કવખતે ઉઠાવી લીધું, તેનો વિચાર જ થાય તેમ નથી. તમે આ પ્રમાણે પોતાના દેહની જરા પણ દરકાર કર્યાં વગર નિઃશંકપણે પરોપકાર કરો છો, તેથી જ તમે કુળવંત રાજામાં મુખ્ય ગણાઓ છો તે યોગ્ય જ છે, તેમાં જરાપણ શંકા જેવું છે જ નહીં. જે કાર્ય કરવા માટે વચન આપ્યું તે પ્રાણ જતાં સૂધી પણ કરવું જ, એ મોટા લોકોની મહત્તા છે, આમ વિદ્વાનો કહે છે.”

આ પ્રમાણે કહી તે મુંડીઆએ પોતાનો મનોરથ સિદ્ધ થયો માન્યો; અને તે જ વખતે રાજાના ખભા ઉપરથી શબને નીચે ઉતારી લીધું. પછી તેને જળથી સ્નાન કરાવ્યું, તેની ડોકમાં પુષ્પની માળા પહેરાવી, તેના લલાટમાં તિલક કર્યું, અને છેલ્લે જે મંડળ પૂરી રાખ્યું હતું તેમાં તે શબને પધરાવ્યું. પછી ગોરજીએ આખા શરીરપર ભસ્મ ચોળી, નિમાળાનું પવિત્ર જનોઈ કંઠમાં નાંખ્યું, અને મુડદાને ઓઢાડવાનું કપડું અંગ ઉપર ઓઢ્યુંઃ અને એ રીતે કેટલોક સમય સૂધી તે ધ્યાન ધરી રહ્યા. પછી તે ગોરજીએ સમાધિમાં મંત્રનો જપ કરીને, મંત્રના બળથી શબમાં વૈતાળને તેડ્યો; અને તે પછી પોતે ધ્યાન પુરઃસર તે શબની પૂજા કરવા લાગ્યો. તેણે મનુષ્યના માથાની ખોપરીમાં માણસના સફેત મોતી જેવા દાંતમાંનું લોહી ભરી રાખ્યું હતું. તે નિર્મળ લોહીનું, ચાટવામાં* લઇને અર્ધ્ય આપ્યું; પછી

*હોમ કરવાનું એક પાત્ર.



સુગંધી પુષ્પ ચઢાવ્યાં, ચંદન ચર્ચ્યું અને મનુષ્યની આંખો બાળીને તેનો ધૂપ કીધો અને છેલ્લે મનુષ્યમાંસનું બળિદાન આપ્યું. આ પ્રમાણે શબની પૂજા થઈ રહ્યા પછી, તેણે પાસે બેઠેલા રાજાને કહ્યું; “રાજાજી! અત્ર મંત્રના અધિષ્ઠાતા દેવ પધાર્યા છે, માટે તમે તેને જમીન ઉપર નીચા પડી સાષ્ટાંગ દંડવત્ કરો. એ દેવ વરદાન આપનારા છે, તે તમારી ઇચ્છા પ્રમાણે તમને વરદાન આપશે.”

તે સાંભળતાં જ રાજાને વૈતાળનું વચન યાદ આવ્યું. તેણે તે ગોરજીને કહ્યું; “મહારાજ! હું પ્રણામ કરવાની રીત જાણતો નથી, માટે પ્રથમ તમે પ્રણામ કરી બતાવોઃ ત્યાર પછી હું તમારા કરવા પ્રમાણે જ કરીશ!” તરત જ તે લોભી ભિક્ષુક જમીન ઉપર લાંબો થઇને રાજાને દંડવત્ પ્રણામ બતાવવાને પડ્યો. તુરત જ રાજાએ તરવાર કાઢી, એક જ ઝટકો મારી તેનું માથું કાપી નાંખ્યું અને તેના પેટને ચીરી તેમાંથી કમળને પણ કાઢી લીધું અને તે મસ્તક અને કમળ બન્નેનું વૈતાળને બલિદાન દીધું. તે જોઈ ભૂત પિશાચ વગેરે સર્વે પ્રસન્ન થઇને જય જયના શબ્દો પોકારી નાચવા કુદવા મંડી પડ્યાં; અને મનુષ્ય શબમાં રહેલો વૈતાળ તે રાજા ઉપર પ્રસન્ન થઇને બોલ્યોઃ “રાજા! જે વિદ્યાધરનું પદ આ મુંડીઆને જોઇતું હતું તે પદ, હવે જ્યારે તું આ પૃથ્વીનું ચક્રવર્તી રાજ્ય ભોગવી રહેશે, ત્યારે તને પ્રાપ્ત થશે. મેં તને માર્ગમાં બહુ બહુ દુઃખ આપ્યું છે, તો હવે તું મારી પાસેથી કંઈ ઇચ્છિત વરદાન માંગી લે.”

વૈતાળનું આવું વચન સાંભળી રાજા બોલ્યોઃ “તું મારાપર પ્રસન્ન થયો, એટલે જ હવે મને સર્વ વરદાન પ્રાપ્ત થઈ ચૂક્યાં છે અને મારા સર્વ મનોરથો પૂર્ણતાને પામ્યા છે. તોપણ તારું વચન ફોકટ ન જવા દેવું જોઈએ એમ ધારી હું તારી પાસેથી આટલું વરદાન માગું છું કે, તારા પૂછેલા ચોવીશ પ્રશ્નોત્તર અને તેમાંની અતિ મનહર આખ્યાનવાળી ચોવીશ કથાઓ, અને છેવટની પચ્ચીસમી આ કથા, આ જગતમાં પ્રખ્યાતી અને માનને પામો.!” જ્યારે રાજાએ આ પ્રમાણે વૈતાળ પાસેથી વરદાન માગ્યું ત્યારે તે બોલ્યોઃ “જા, એમ જ થશે! હું કહું છું તે સાંભળ રાજા. આ ચોવીશ કથાઓ, જે આરંભમાં છે તે અને છેવટની આ પચીસમી કથા એ **વૈતાળ પંચવિંશી**ના નામથી જગતમાં પ્રખ્યાત થઇને બહુ માન પામશે. જે કોઈ એ કથા સાંભળશે તેનું કલ્યાણ થશે. જે કોઈ મનુષ્ય આદરથી આ “વૈતાળ પંચવિંશી”નું, એકપણ વાક્ય કોઈ બીજાને સંભળાવશે અથવા તો જે પોતે સાંભળશે તે બન્ને જણા પાપમાંથી મુક્ત થશે. જ્યાં આ કથા કહેવાશે ત્યાં યક્ષો વૈતાળ, કુષ્માંડ, ડાકિની અને રાક્ષસો વગેરે પોતાનું પરાક્રમ બતાવી શકશે નહીં, પણ ત્યાંથી નાસી જશે.” આ પ્રમાણે કહી વૈતાળ તે મનુષ્યના શબમાંથી બહાર નિકળી ગયો ને પોતાની ઇચ્છાનુસાર, યોગમાયાના પ્રભાવથી પોતાના સ્થાનક તરફ ચાલતો થયો.

પછી મહાદેવજી ત્રિવિક્રમસેન ઉપર પ્રસન્ન થયા અને દેવગણોને સાથે લઈ રાજાની સમીપમાં આવી ઉભા રહ્યા. રાજાએ મહાદેવને પ્રણામ કર્યા. પછી મહાદેવે તે રાજાને કહ્યુંઃ

"બેટા! તેં તે દુષ્ટને મારી નાંખ્યો, તે બહુ જ રુડું કયુ છે. કારણ કે તેને ચક્રવર્તીપદ મેળવવાની ઘણી અભિલાષા હતી અને તે પદ પ્રાપ્ત કરવા માટે તે ઘણો જ દુરાગ્રહ કરતો હતો. હમણાં આ પૃથ્વી ઉપર રાક્ષસો, મ્લેચ્છરૂપે અવતર્યાં છે, તેઓનો નાશ કરવા માટે મેં મારા સ્વરૂપમાંથી વિક્રમાદિત્યને ઉત્પન્ન કર્યો હતો, પણ આજ વળી ઘણા જ દુરાચારી શ્રમણદ્રુમણથી લોકોને દુઃખ આપનારા દુષ્ટોને શિક્ષા કરવા માટે તું નવો વીર ત્રિવિક્રમસેન ઉત્પન્ન થયો છે. તારી આગળ સર્વ કોઈ વિનીત થઈને વર્તશે. હવે તું દ્વીપ તથા પાતાળ સહિત આખી પૃથ્વીને તારે તાબે કરી, થોડા સમયમાં વિદ્યાધરનો રાજા થઈશ. ત્યાં બહુ કાળપર્યંત દેવતાઈ ભોગો ભોગવ્યા પછી તને વૈરાગ્ય વ્યાપશે, એટલે તું તે સઘળા વૈભવોનો અનાદર કરી, છેવટે મારી સમીપમાં આવીને રહીશ. હું તને 'અપરાજિત' નામની એક તરવાર આપું છું, તે તું લે. આ તરવારના પ્રતાપથી મેં જે કહ્યું છે તે પ્રમાણે, મારી કૃપાથી તું સર્વ મેળવી શકીશ." આ પ્રમાણે કહી તે રાજાને તે અનુપમ તરવાર મહાદેવે આપી અને ત્રિવિક્રમસેને વાણીરૂપ પુષ્પોથી મહાદેવજીને વધાવી લીધા, એટલે તે તત્ક્ષણે અંતર્ધાન થઈ ગયા.

એ સઘળું કામ સમાપ્ત થયું ત્યાં તો રાત્રિ પણ વીતી ગઈ ને પ્રભાત થયું. પછી રાજા ત્રિવિક્રમસેન પ્રતિષ્ઠાનપૂરમાં આવ્યો અને પોતાના મંત્રીઓને ભેળા કરી, આદિથી અંતપર્યંત, રાત્રિમાં જે જે ચરિત્રો થયાં હતાં, તે સર્વ કહી સંભળાવ્યાં. તે સાંભળી કાર્યભારીમંડળ મનમાં બહુ આશ્ચર્ય પામ્યું અને તેઓએ રાજાને ઉત્તમ વરદાન મળવાના કારણથી મોટો ઉત્સવ કર્યો. રાજાએ તે આખો દિવસ સ્નાનદાન કરવામાં ને શંકરનું પૂજન કરવામાં ગાળ્યો; તેમ નૃત્ય ગીત વાદિત્ર–ઢોલ નગારાં વગેરે વગડાવ્યાં, આખી પ્રજામાં હર્ષાનંદ ફેલાવી દીધો. પછી તે રાજાએ થોડા દિવસમાં શંકરની તરવારના પ્રતાપથી દ્વીપ ને પાતાળ સહિત આખી પૃથ્વી ઉપર, શત્રુરહિત ચક્રવર્તી રાજ્ય કરવા માંડ્યું. છેલ્લે શંકરની આજ્ઞાથી વિદ્યાધરની મોટી રાજ્યલક્ષ્મી મેળવી, બહુ કાળપર્યંત તેનો ઉપભોગ કરી, છેવટે કૃતકૃત્ય થઈ–સર્વ મનોરથો પૂર્ણ કરી કૈલાસભવનમાં શંકર સમીપ જઈને રહ્યો.

## ઈતિ શ્રી વૈતાળ પંચવિંશી.

---

## વિક્રમકેસરીની કથા (ચાલુ.)

* શાપને લીધે જૂદા પડી ગયેલા મંત્રી વિક્રમકેસરીએ, ઘણે દિવસે માર્ગમાં મળેલા મૃગાંકદત્તને એ પ્રમાણે વૈતાળ પંચવિંશીની કથા કહીને, પુનઃ આત્મવૃત્તકથન જારી કરી રાજકુમારને કહ્યું: "મહારાજ! તે વૃદ્ધ બ્રાહ્મણે એક ગામમાં એ પ્રમાણે મને "વૈતાળ પંચવિંશી" ની કથા કહી, ફરીથી કહ્યું: 'મારા પ્યારા બેટા! શું તે વીરલા ત્રિવિક્રમસેન રાજાએ વૈતાળના અનુગ્રહથી પોતાના સર્વ મનોરથ પૂર્ણ કર્યાં નહોતા? તું પણ ખેદ

* આ વાર્તાના પૂર્વાપરના સંબંધ માટે પૃષ્ઠ ૮૨૬ મું જોવું.



કરવો છોડી દઈ, મારી પાસેથી આ મંત્ર ગ્રહણ કરી તે મંત્રથી મુખ્ય વૈતાળને પ્રસન્ન કર, એટલે તે વતાળદ્વારા, તું તારા રાજા મૃગાંકદત્તને પણ મળી શકીશ. ઉત્સાહી લોકોને સર્વ મળે છે, પરંતુ ઉત્સાહ વગરના ક્યા માણસો દુઃખી થતા નથી? માટે મારા દીકરા! તેં મને સર્પના ઝેરની વેદનામાંથી મુક્ત કર્યો છે, એટલે તું મારો બંધુ થયો છે, તેને લીધે હું તને પ્રેમથી જે કંઈ કહું છું તે કાર્ય તું કર.'

"જ્યારે આ પ્રમાણે તે બ્રાહ્મણે કહ્યું, ત્યારે મેં તેની પાસેથી ક્રિયા સહિત વૈતાળની સાધનાનો મંત્ર ગ્રહણ કર્યો. પછી તેની આજ્ઞા માંગી ચાલતો થયો. પછી મહારાજ! હું ઉજ્જયિની નગરીમાં ગયો, ને નગર બહાર સ્મશાનમાં ઉતર્યો. કાળીચૌદશની રાત્રિએ મેં એક મુડદાંને સ્મશાનમાંથી લીધું. તેને જળથી સ્નાન કરાવી તેને અંગ ઉપર ચંદન ચર્ચ્યું, તેને પુષ્પની માળા પહેરાવી, પછી તેનું ધ્યાન ધરી, તે વૃદ્ધ બ્રાહ્મણે જે મંત્ર આપ્યો હતો તે જપીને તે મુડદામાં વૈતાળનું આવાહન કર્યું અને વિધિ પ્રમાણે તેનું પૂજન કર્યું. પછી મેં તે વૈતાળને ઉત્તમ પ્રકારના મનુષ્યમાંસનું બળિદાન આપ્યું. એટલે તે પેટ ભરીને ખાવા લાગ્યો. કારણ કે તે વતાળ મનુષ્યના માંસનો ભોગી હતો. તેણે પેટપૂરતું ખાધા છતાં મને કહ્યું કે, 'હું આટલા માંસથી તૃપ્ત થયો નથી, હજી મારે વધારે માંસ જોઈશે!' આ વખતે હું માંસ લઈ આવત, પરંતુ તેણે બહુ જ ઉતાવળ કરી, જેથી મને બીજે ક્યાંઈ પણ જવાનો સમય મળ્યો નહીં, તેથી મેં મારા શરીરમાંથી જ માંસની પિંડીઓ કાપી કાપીને તે વૈતાળને ખાવા માટે આપી. તે જોઈ યોગેશ્વર વૈતાળ મારા ઉપર બહુ જ પ્રસન્ન થયો અને મને કહેવા લાગ્યો; 'હે મિત્ર! હું તારા સહાસશીળસત્વથી પ્રસન્ન થયો છું. માટે હે વીર! તારાં અંગ પ્રથમ જેવાં અક્ષત હતાં તેવાં થઈ જાઓ; અને તારી ઇચ્છામાં આવે તેવું વરદાન તું મારી પાસેથી માંગી લે.' આવી રીતે જ્યાં તે વૈતાળે મને કહ્યું કે, તુરત મારું અંગ જેવું હતું તેવું તેજસ્વી બની ગયું. પછી મેં તેને કહ્યું: 'હે દેવ! જે મનુષ્યનું મેં તમને બલિદાન આપ્યું છે તે પુનર્જીવન પામો અને મારા રાજા મૃગાંકદત્ત જ્યાં છે ત્યાં મને તું હમણાંને હમણાં લઈ જા; એ વરદાન શિવાય મને બીજા વરદાનની ઇચ્છા નથી. 'તે વૈતાળે મારું આવું વચન સાંભળી, 'અસ્તુ' એમ કહેતાં વેંત જ જે મનુષ્યોનું માંસ, મેં બલિદાનમાં આપ્યું હતું તે મનુષ્યો, જરા પણ દુઃખ વગર પાછા જેવાને તેવા સજીવન થયા. પછી વૈતાળે કહ્યું, 'તું મારી ખાંધપર જલદી ચઢી બેસ, એટલે હમણાં જ હું તને તારા રાજા સમીપ લઈ જાઉં છું.' 'બહુ સારું.' એમ કહી એકદમ વૈતાળ મુડદામાં પેઠો અને પછી તે મુડદાની ખાંધ ઉપર હું ચઢી બેઠો, એટલે વતાળે આકાશ માર્ગે ઉડવા માંડ્યું. આકાશમાં જતાં જતાં તે વૈતાળે તમને માર્ગમાં જતા દીઠા કે તુરત જ મને અહીં ઉતારી મૂક્યો ને મને તમારાં ચરણકમળની સમીપમાં પહોંચાડ્યો. પછી પોતાનું કાર્ય પૂરું કરીને તે ચાલતો થયો; અને તેના પ્રતાપે મારે આજ તમારો સમાગમ થયો છે. હે વરદ ! જ્યારથી આપણને નાગનો શાપ થયો હતો ને આપણે વિખૂટા પડી ગયા હતા, તે પછીનું મારૂં આ પ્રમાણેનું ચરિત્ર છે."

જ્યારે પોતાની પ્રિયતમાને ઉજ્જયિની નગરીમાંથી મેળવવા જનારા રાજા મૃગાંકદત્તને, તેના વિખૂટા પડેલા મંત્રી વિક્રમકેસરીએ, પોતાના વિયોગ સમયનું ચરિત્ર કહી સંભળાવ્યું, ત્યારે તે ઘણો જ પ્રસન્ન થયો. વખત જતાં પારાવતકુળ નાગના શાપથી જે જે મંત્રીઓ વિખૂટા પડ્યા હતા તે સઘળા એક પછી એક પાછા તે રાજાને આવી મળ્યા અને તે સઘળાનું સાહસ ચરિત્ર જાણ્યું, તેથી પણ મૃગાંકદત્ત ઘણો જ હર્ષ પામ્યો. *

## તરંગ ૩૩ મો.

## મૃગાંકદત્તના મંત્રીઓને થયેલો શાપ ને તેમાંથી મુક્ત થવું.

વિઘ્નનિવારણ કરનારા ગણનાયક, જ્યારે રાત્રીના નૃત્ય કરે છે, ત્યારે નક્ષત્રમાળા જાણે તેના કુંભસ્થળમાંથી સરીને તેના ગુંઠણ ઉપર પડતી હોય તેવી દેખાય છે, એવા વિઘ્ન-વિનાશકને નમસ્કાર હો.

### અરણ્યમાં પ્રવાસ.

આ પ્રમાણે વિક્રમકેસરીની કથા પૂર્ણ થઈ રહ્યા પછી, મૃગાંકદત્ત ઘણો જ ખુશી થતો હતો; કેમકે તેને મિત્ર સાથે પોતાનો મિળાપ થયો હતો. પછી જે મધ્યરસ્તામાં મૃગાંકદત્ત વિશ્રામ કરવા માટે ઉતર્યો હતો, ત્યાંથી ગુણાકર, વિમળબુદ્ધિ, વિચિત્રકથ, ભીમપરાક્રમ, પ્રચંડશક્તિ, શ્રુતધિ બ્રાહ્મણ અને વિક્રમકેસરીને સાથે લઈ, તેણે પ્રયાણ શરુ કીધું. આ સઘળા વિખૂટા પડેલા મિત્રોને શોધવા માટે તેણે અથાગ મહેનત કરી હતી ને તેઓ મળી આવ્યા હતા. તે સાત અને પોતે આઠમો—એમ આઠે જણા શશાંકવતીને મેળવવા માટે ઉજ્જયિની નગરી તરફ જવાનો નિશ્ચય કરી આગળ ચાલવા માંડ્યું. જે મિત્રો મળ્યા નહોતા તેને પણ તે શોધતો હતો.

ચાલતાં ચાલતાં માર્ગમાં એક ભયંકર જંગલ આવ્યું. ઉનાળાના દિવસ હોવાથી સરોવરનાં પાણી સુકાઈ ગયાં હતાં. કોઈ પણ સ્થળે વૃક્ષ વેલા નજરે પડતા નહતા. સૂર્યના તીવ્ર તાપને લીધે જમીન ઉપરની રેતી ધગધગી રહી હતી. આ જંગલમાં ચાલતાં ચાલતાં રાજકુમારે કાર્યભારીઓને કહ્યું; "ભાઇઓ! આ અરણ્ય કેવું વિશાળ ને ભયંકર છે! એને ઓલંગવું કઠિન છે. આ મરુ દેશનાં ઝાંઝવાં જણાય છે, તે જાણે બળતા દુઃખાનળની જ્વાળા

* વાસ્તવિક જોતાં, વૈતાળ પંચવિંશીમાં ૨૫ વાર્તા નથી, પણ ૨૪ છે. હિંદી ને તામીલ વૈતાળ પંચવિંશીમાં પણ તેમ જ છે.



હોય તેવાં ભાસે છે. આ રેતીવાળાં અરણ્યમાં વૃક્ષ વગેરેનો આશ્રમ પણ નથી, તેથી પ્રાણીઓએ આ માર્ગ તજ્યો જણાય છે ને પગથીનો નાશ થઈ ગયો છે. માણસનો પગરવ ક્યાંઈ પણ જણાતો નથી. આ ભૂમિ સુકાયલી, ખડખડ શબ્દ કરતી, નાના નાના ઘાસને લીધે જાણે છૂટા છૂટા અને લુખા વાળવાળી હોય, કાંટાઓને લીધે જાણે સિંહ વાઘ વગેરેના ત્રાસથી રોમાંચિત થઈ હોય, તેવી જણાય છે. તડકામાં કલેશ પામતી અને પાણીની આશાથી રડતા મૃગના પોકારોથી જાણે એ ભૂમિ રડતી હોય તેવી દીસે છે. માટે આ ભયંકર ભૂમિમાં આપણે ઉતાવળથી ચાલવું જોઈએ." મૃગાંકદત્તે આ પ્રમાણે કહીને જલદી ચાલવા માંડ્યું ને ભૂખ તથા તરસથી પીડા પામતા પોતાના મંત્રીઓની સાથે એકદમ તે અરણ્યને વટાવી દીધું. તે આગળ ગયો, એવામાં જાણે સૂર્યના પ્રતાપથી પિગળી ગયેલા ચંદ્રમાના ઝરા વહેતા હોય તેવાં સ્વચ્છ અને શીતળ જળથી ભરેલું એક સરોવર તેના જોવામાં આવ્યું. તે સરોવર એટલું તો વિશાળ હતું કે તેણે આખી દૃષ્ટિમર્યાદાને ઢાંકી દીધી હતી; અને ત્રણલોકની લક્ષ્મીએ—દિશાઓમાં વ્યાપેલું પોતાનું પ્રતિબિંબ જોવા માટે એક મણિનું દર્પણ બનાવ્યું હોય તેવું તે શોભતું હતું. તે સરોવર મહાભારતનું અનુકરણ કરતું હતું; જેને ધાર્તરાષ્ટ્રોએ* ડોળી માર્યું છે, જે વિચિત્ર અર્જુનના† (પરાક્રમથી) શોભીતું છે, જે વિશ્રાન્તિ આપે છે, અને જેમાં રસા‡સ્વાદ સારો છે, તેવું તે હતું. કિનારાપર એકઠા થયેલા નીલકંઠે§ જેવું ઉત્તમ વિષ‖ પીધેલું છે, અને અચ્યુતને¶ આશ્રય કરી રહેલી લક્ષ્મી** જેમાં દીપે છે, તેવા મંથનકાળના સાગર સરખું તે હતું અને જેની અંદર સૂર્યનાં કિરણો ન પહોંચવાથી અતિ શીતળ અને ઘણું જ ઉંડું, અનંતપદ્મના†† સ્થાનરૂપ, જમીનપર આવેલી પાતાળ ભૂમિ જેવું તે સરોવર શોભતું હતું. એવા સરોવરને રાજાએ જોયું ને તેથી તે ઘણો હર્ષ પામ્યો.

આ તળાવના પશ્ચિમ કિનારા ઉપર એક દેવતાઈ વૃક્ષ આવેલું હતું. તે ઉપર રાજકુમાર અને તેના મંત્રીની નજર પડી. પવનવડે તેની વિસ્તારવાળી શાખારૂપી હજારો ભુજાઓ હાલન ડોલન કરી રહી હતી અને તેના મસ્તકને આકાશગંગાનો સ્પર્શ થતો હતો, તેથી આ વૃક્ષ જાણે શંકર નૃત્ય કરતા હોયની શું તેવું શોભતું હતું. તે વૃક્ષની ઊંચી ટોંચો ઘણે જ ઉંચે જઈને આકાશના તળિયાને વીંધતી હોય તેવી જણાતી હતી. તેની ડાળીની ટોંચો, જાણે કૌતુકથી નંદનવનની શોભા જોવા માટે જ ઉંચે ચઢી હોય, તેવું તે જણાતું હતું. દેવતાઓએ ચારે તરફ લટકાવેલા અમૃતના ઘડાઓથી જેમ કલ્પદ્રુમ શોભે છે, તેમ શાખાઓમાં લટકતાં મધુર રસ-

* ધાર્તરાષ્ટ્ર એટલે એક જાતના હંસ, જેના પગ કાળા ને ચાંચ લાંબી હોય છે તે. બીજા અર્થમાં ધૃતરાષ્ટ્રના પુત્રો કૌરવો. † અર્જુન એ એક જાતનું વૃક્ષ છે, ને પાંચ પાંડવમાંનો ત્રીજો પરાક્રમી પુરુષ. ‡ રસ એટલે પાણી ને રસ એટલે કાવ્યનો રસ. § નીલકંઠ એટલે મયૂર ને નીલકંઠ એટલે શિવજી. ‖ વિષ એટલે ઝેર ને વિષ એટલે પાણી. ¶ અચ્યુત એટલે વગર બગડેલી ને અચ્યુત એટલે ભગવાન. ** લક્ષ્મી એટલે દેવી ને લક્ષ્મી એટલે શોભા. †† વાસુકિ નાગના મસ્તકના કમળપર આવેલું હોય તેવું તે સરોવર અનંતના મસ્તકપરના કમળ જેવું હતું અને તળાવના અર્થમાં અનંતકમળનું ઘર હતું.

વાળાં ફળથી આ વૃક્ષ શોભી રહ્યું હતું. પરંતુ તે ઝાડ વારંવાર પોતાના પલ્લવરૂપ હસ્તને ચંચળ કરી, પક્ષીપેરે શબ્દ કરીને જાણે કહેતું હોય કે, "મારો કોઇપણ પ્રકારે સ્પર્શ કરશો નહીં," તેવું જણાતું હતું.

જ્યાં મૃગાંકદત્ત આ વૃક્ષ તરફ સ્થિર દૃષ્ટિ કરીને જૂવે છે, ત્યાં તો ભુખ્યા તથા તરસ્યા તેના મંત્રીઓ દોડીને તે વૃક્ષ ઉપર ચઢી, તેના ફળ ખાવા મંડી પડ્યા અને જોતજોતામાં તો તે છએ મંત્રી મનુષ્યાકૃતિથી વિકૃત થઇને, ફળરૂપ થઈ પડ્યા. તે જોઈ મૃગાંકદત્ત વિમૂઢ બની ગયો અને તે છએનાં નામ લઈ લઇને વૃક્ષમાંથી બોલાવવા લાગ્યો. જ્યારે તેમાંથી કોઇએ પણ જવાબ આપ્યો નહીં અને તે છએ જણા અદૃશ્ય થઈ ગયા, ત્યારે મૃગાંકદત્ત કરુણાળ સ્વરે વિલાપ કરવા લાગ્યો કે; "હાય! હાય! હવે મારે શું કરવું." આમ વિલાપ કરતો કરતો તે ભૂમિપર મૂર્છાગત થઈ પડ્યો. આ વખતે શ્રુતધિ બ્રાહ્મણ, જે વૃક્ષ ઉપર ચડ્યો નહતો તેજ માત્ર મૃગાંકદત્તની પાસે ઉભો હતો.

તેણે મૃગાંકદત્તને બહુ બહુ પ્રકારે ધીરજ આપીને કહ્યું: "મહારાજ! તમે શાણા થઇને ધૈર્ય તજી આમ શું કામ ગભરાઓ છો? જે મનુષ્ય દુઃખમાં પણ ગભરાતો નથી તે જ સુખ ભોગવે છે. સર્પના શાપને લીધે આપના સર્વ મંત્રીઓ વિખૂટા પડી ગયા હતા, તેનો શું ફરી સમાગમ તમને થયો નથી? ધૈર્ય ધરો! શાંત થાઓ! એ જ રીતે ફરીથી તેઓ આપને મળશે અને બીજાઓને પણ આપ મળશો; તેમ હવે તમને થોડા દિવસમાં શશાંકવતીનો પણ સમાગમ થશે."

જ્યારે આ પ્રમાણે શ્રુતધિએ કહ્યું, ત્યારે રાજકુમાર બોલ્યો: "એમ શી રીતે બનશે વારુ? સત્ય વાત તો એ છે કે, આપણો નાશ કરવાને માટે જ વિધાતા આવું સંકટ હારદોર મોકલે છે. જો તેમ ન હોત તો ભીમપરાક્રમને રાત્રિમાં વૈતાળનાં કેમ દર્શન થાય અને તે તેને ક્યાંથી મળત? અને તેઓ વચ્ચે વાતચિત થઈ નહીં હોત તો શશાંકવતીની વાત આપણા જાણવામાં ક્યાંથી આવત? અને હું પણ અયોધ્યાથી શા માટે તેને પરણવા માટે નિકળત? વચમાં વિંધ્યાચળના વનમાં નાગના શાપને લીધે, આપણ ઇષ્ટમિત્રનો પરસ્પર વિયોગ થયો, અને વળી એક પછી એક મિત્રનો ધીમે ધીમે સમાગમ થયો, ને વળી પાછો હમણાં તે આપણા ઇષ્ટમિત્રનો વિયોગ થયો, એ સર્વ ખરેખર અણચિંતવ્યું બન્યું છે. તે બેશક આપણા નાશ માટે જ દૈવ યોજતો નથી કે? મારા મિત્રોને આ વડમાં રહેનારો કોઈ ભૂત ગળી ગયો હોવો જોઇયે. તેના વિના મને શશાંકવતી કદી પણ મળી શકવાની નથી! તેમાં ભ્રમ કરવા જેવું કંઇજ નથી. તેઓ વગર હું કેમ જીવી શકીશ! મૃગાંકદત્તે આ પ્રમાણે દીલગીરીથી કહ્યું, અને તે પછી તે તળાવમાં પડવાને તૈયાર થયો. પણ શ્રુતધિએ તેને પકડી રાખીને અનેક પ્રકારે ધૈર્ય આપ્યું ને કહ્યું: 'મહારાજ! તમે આ શું કરો છો? તમારા જેવાને આ બાળકપણું છાજે નહીં.'



એવામાં આકાશવાણી થઈ કે, "પુત્ર! તું સાહસકર્મ કર નહીં. તારું પરિણામે સર્વ સારું થશે. આ વૃક્ષમાં ગણપતિદેવ રહે છે, તેનું તારા મિત્રોએ અજાણતાં અપમાન કર્યું છે. હે રાજા! તારા મિત્રો અપવિત્ર હતા, તેઓએ આચમન કર્યું ન હતું, હાથ પગ પણ ધોયા ન હતા, છતાં પણ ક્ષુધાથી પીડા પામેલા હતા, એટલે ફળ ખાવા માટે આ વૃક્ષ ઉપર ચઢી ગયા, એટલે જેવા તે વૃક્ષને અડક્યા તેવા જ ફળરૂપ થઈ ગયા છે. અહીં ગણપતિએ શાપ દીધો છે કે, જે મનુષ્ય, આ વૃક્ષ નીચે આવીને જેવો વિચાર કરશે તેવો તે બની જશે. માટે બીજા પણ તમારા ચાર મંત્રીઓ આ માર્ગેથી આવતા હતા તેઓ પણ આ વૃક્ષ ઉપર ચઢ્યા, તેવા જ ફળરૂપ બની ગયા છે. માટે તું તપ કરીને ગણપતિને પ્રસન્ન કર. ગણપતિના પ્રસાદથી તારું સર્વ કાર્ય સિદ્ધ થશે."

આ પ્રમાણે જાણે અમૃતરસ વરસાવતી હોય તેવી આકાશવાણીએ મૃગાંકદત્તને કહ્યું ત્યારે તેના મનમાં મિત્રસમાગમની પુનઃ આશા આવી. પછી તેણે દેહ ત્યાગ કરવાનો વિચાર છોડી દીધો અને પાસેના તળાવમાં જઈ, સ્નાન કરી, નિરાહાર રહી, તે જ વૃક્ષ નીચે બેસી, ગણપતિનું પૂજન કર્યું અને પછી બે હાથ જોડીને સ્તુતિ કરવા માંડી:

"जय निजताण्डवडम्बरमर्दभरन्यंचितेन भुवनेन ।
समहीशैलवनेन प्रणम्यमानेश गजवदन ॥ १ ॥
जय ससुरासुरमानुषभुवनत्रयपूजितांघ्रिकमलयुग ।
वरविविधसिद्धिनिर्भरनिधानकुंभोपमाकार ॥ २ ॥
जय युगपदुदितचंडद्वादशदिनकृत्प्रदीप्ततेजस्क ।
हरहरिसुरपतिदुर्जयदितिजकुलाकालकल्पान्त ॥ ३ ॥
जय भक्तवृजिनवारण लीलानीराजनोल्मुकेनेव ।
परशुरेण विराजितकरतलकलितानलज्वाल ॥ ४ ॥
अभिमतसिद्ध्यै भर्तुस्त्रिपुरावजये गणेश गौर्यापि ।
यः पूजितोऽसि तं त्वां श्रितोऽस्मि शरणं नमस्तेऽस्तु ॥ ५ ॥

હે ગજવદન! હે ઈશ! તમારો જયજયકાર હો! તમે જ્યારે તાંડવ નૃત્ય કરો છો, ત્યારે તમારા ચરણના મર્દનરૂપ ભારથી પૃથ્વી, પર્વત અને વન સહિત ભૂમંડળ નમીને જાણે તમને પ્રણામ કરતું હોય તેવું દેખાય છે. સુર, અસુર અને માનવ, જે ત્રણ ભુવનમાં વસનારાં છે તેઓ જેનાં ચરણરૂપ કમળ યુગલને પૂજે છે, વિવિધ પ્રકારની ઉત્તમ સિદ્ધિઓથી પૂર્ણ ભરેલા ભંડારના ઘટ સમાન જેનો આકાર છે, એવા હે ગજવદન! તમારો જયજયકાર હો. એકી વખતે જ ઉદય પામેલા તીવ્ર દ્વાદશ સૂર્યના જેવી તમારી પ્રભાશ્રી છે; અને હરિ, હર, તથા ઇંદ્રથી જિતી શકાય નહીં એવા દૈત્યકુળના તમો અકાળ કલ્પાંતકાળ છો,

ભક્તોના દુઃખનું નિવારણ કરવાની આરતીના ઉંબાડિઆં જેવી ઉત્તમ ફરશીથી તમારા કરતલમાં અગ્નિની ઝાળ બળતી હોય તેમ તમારો કરતલ શોભે છે; હે ગણેશ! જ્યારે ત્રિપુરાસુરનો પરાજય કરવો હતો, ત્યારે ગૌરીએ પણ પોતાના ભર્ત્તાની ઇષ્ટસિદ્ધિ કરવા માટે જેની પૂજા કરી હતી એવા જે તમે તેને હું શરણે આવ્યો છું; તમને નમસ્કાર હો."

આ પ્રમાણે ગણપતિની સ્તુતિ કરી રહી નિરાહાર રહી, તે વૃક્ષ જ નીચે દર્ભાસન ઉપર સુતો, ને તે રાત્રિ મૃગાંકદત્તે ત્યાં જ ગાળી કાઢી. એ જ રીતે ગણપતિના આરાધનમાં બીજા અગીયાર દિવસ પણ કાઢી નાંખ્યા. એટલા દિવસ સૂધી શ્રુતધિએ તેની પરિચર્યા કર્યા કીધી.

બારમે દિવસે રાત્રે સ્વપ્નમાં આવીને ગણપતિએ કહ્યું: "હે વત્સ! હું તારા ઉપર પ્રસન્ન થયો છું, તારા મંત્રીઓ હવે શાપમાંથી મુક્ત થશે ને તે સર્વ તને આવી મળશે. ત્યાર પછી તું તેઓની સાથે ઉજ્જયિની નગરીમાં જઇને શશાંકવતીની સાથે પરણજે અને ત્યાંથી પાછો વળી તારી રાજધાનીમાં જઈ, પૃથ્વીપતિ થજે." આ પ્રમાણે પાછલી રાત્રિમાં સ્વપ્ન થયું. રાત્રિ વીતતાં તો તે જાગી ઉઠ્યો અને મૃગાંકદત્તે પોતે જે સ્વપ્ન દીઠું હતું, તે સ્વપ્નનું સર્વ વૃત્તાંત શ્રુતધિને કહી સંભળાવ્યું. તેણે રાજાને ધન્યવાદ આપ્યો. પ્રભાતમાં સ્નાન કરી ગણપતિનું પૂજન કરી, જ્યાં ગણપતિના નિવાસભુવનવૃક્ષને રાજકુમાર પ્રદક્ષિણા કરે છે ત્યાં તો તે દશે મત્રી ફળ મટી પુરુષાકૃતિ થઇને નીચે ઉતરી રાજાના ચરણમાં આવીને પડ્યા. તેમાં પ્રથમના છ હતા તે અને પાછળથી નિકળેલા વ્યાઘ્રસેન, સ્થૂળબાહુ, મેઘબળ, અને દૃઢમુષ્ટિ પણ હતા.

આ પ્રમાણે દશે મંત્રી એકદમ તેને આવી ભેટ્યા, તેથી રાજા ઘણા જ આનંદમાં આવી ગયો. દરેક તરફ આકુળદૃષ્ટિથી જોઈ તેઓને તે વારંવાર ભેટ્યો, અને આનદથી ગદ્ગદિત થયેલી વાણીએ તેમના ક્ષેમકુશળ સમાચાર પૂછવા લાગ્યો. પછી શ્રુતધિએ તેઓને ઇત્થંભૂત સર્વ ચરિત્ર કહી સંભળાવ્યું. પછી તેઓએ મૃગાંકદત્તની તરફ નજર કરી તો તપથી તેનું શરીર દુર્બળ થઈ ગયેલું હતું. તે જોતાં તેઓની આંખમાં પણ અશ્રુ આવી ગયાં અને પોતાના રાજા જીવતા રહ્યા, તેથી પોતાને મહા મોટા નસીબદાર ગણવા લાગ્યા.

પછી મૃગાંકદત્ત મંત્રીઓની સાથે તળાવમાં ઉતરીને નાહ્યો અને ઘણો પ્રસન્ન થઈ પોતાનું કાર્ય સિદ્ધ કરવા માટે ધૈર્ય ધરી, તે મંત્રીઓની સાથે તે દિવસે અત્યાનંદથી ગણપતિનું પારણું કર્યું.



# તરંગ ૩૪ મો.

## મૃગાંકદત્ત અને તેના મંત્રીઓની કથા.

મૃગાંકદત્ત પારણું કર્યા પછી ટટાર થયો. પછી સરોવરના સુંદર તટ ઉપર પોતાના મંત્રીમંડળની સભા કરીને તેની મધ્યમાં પોતે વિરાજ્યો. પછી જે ચાર મંત્રીઓ પાછળથી નવા જ આવ્યા હતા તેઓને આદરપૂર્વક કુમારે પૂછ્યું: "મંત્રીઓ! તમે જ્યારથી મારાથી જૂદા પડ્યા, ત્યાર પછી તમારું શું થયું તે મને કહો;" એટલે તેમાંથી વ્યાઘ્રસેન નામનો મંત્રી બોલ્યો:

### વ્યાઘ્રસેને કહેલી કથા.

મહારાજ! હું તમારી આગળ મારું વૃત્તાંત વર્ણવી બતાવું છું તે સાંભળો. જેવો પારાવતનાગનો શાપ થયો તેવો જ હું તમારાથી વિખૂટો પડી ગયો. આ વખતે મારું મન બહુ ગભરાટમાં પડી ગયું હતું, તેથી મને કંઈ પણ સૂઝ પડ્યું નહીં કે હવે મારે શું કરવું! આખી રાત્રિ હું અરણ્યમાં આથડ્યા જ કર્યો. ઘણીવાર પછી મને ભાન આવ્યું, ત્યારે હું દિશાઓ અને રસ્તાઓની શોધમાં પડ્યો. અંધારાને લીધે મને કોઇપણ મળી શક્યું નહીં, તેથી મને અત્યંત ખેદ થવા લાગ્યો અને તે ખેદને લીધે જાણે રાત્રિ ઘણી મોટી થઇ હોય તેમ લાગ્યું. જેમ તેમ કરતાં તે પૂરી થઈને પ્રભાત થઈ રહ્યું. તુરત ભગવાન્ સૂર્યનારાયણનો પ્રકાશ થયે ને દિશાઓ ઝળાંઝળાં થઈ. મેં ચોમેર નજર કરી તો ત્યાં શૂન્ય અરણ્ય શિવાય બીજું કંઇ જ મારા જોવામાં આવ્યું નહીં. પછી હું વિચાર કરવા લાગ્યો કે, "હાય ! હાય ! મારા પાલનહાર રાજા મૃગાંકદત્ત ક્યાં ગયા હશે? તેને અમારો વિયોગ થયો છે તો તે એકલા કેવી રીતે રહેતા હશે? હવે મને તેનાં દર્શન કેમ થશે? હું તેને ક્યાં શોધીશ? હાય ! હાય! હવે મારી શી વલે થશે વારુ? પણ જે થયું તે ભોગવવે જ છૂટકો. હવે તો સારો માર્ગ એ જ કે, મારે ઉજ્જયિની નગરીમાં જવું કે કદાચિત્ ત્યાંથી મને તેમનો મેળાપ થાય. કારણ કે શશાંકવતીને માટે તેઓ ઉજ્જયિનીમાં અવશ્ય જશે જ !" આવી રીતે અંતઃકરણમાં આશા બાંધી, હું ધીમે ધીમે ઉજ્જયિનીના રસ્તા તરફ ચાલ્યો. ચાલતાં ચાલતાં રસ્તામાં જંગલ આવ્યું, તે મહાકષ્ટદાયક થઈ પડ્યું. અગ્નિની ચણગારીઓના ઢગલા જેવાં સૂર્યનાં કિરણોથી મારું અંગ અત્યંત તપાયમાન થઈ ગયું; તોપણ મેં આગળ ચાલ્યા જ કીધું.

ચાલતાં ચાલતાં એક ખીલેલા કમળવાળા તળાવ ઉપર હું આવી પહોંચ્યો. તે તળાવના કિનારા ઉપર બેઠેલાં હંસ, સારસ વગેરે પક્ષીઓ મધુર શબ્દો કરી રહ્યાં હતાં. તેના નાદથી જાણે તે સરોવર મારી સાથે સંભાષણ કરતું હોય, પોતાના નિર્મળ તરંગરૂપી કરથી મને [illegible] દેતું હોય અને તેની પાળ, પોતાનું વિપુલ અંતઃકરણ નિર્મળ હતો, માટે તેને તે સંબંધી

રીતે શોભતું હતું. તે તળાવ સત્પુરુષના દર્શનની પેઠે સર્વ પીડાને શાંત કરનારું હતું.* તેને જોતાં મને ઠંડક વળી. મેં તળાવમાં ઉતરી સ્નાન કરી કોમળ કમળોનું ભોજન કર્યું. પછી બેઠો બેઠો વિચાર કરતાં વનની સૌંદર્યતા નિહાળતો હતો અને વિશ્રામ લેતો હતો, એવામાં મારી તરફ દૃઢમુષ્ટિ, સ્થૂલબાહુ ને મેઘબળને મેં આવતા જોયા. હું તેઓને મળ્યો. મેં સર્વને તમારા સમાચાર પૂછ્યા. પરંતુ તેઓને તમારા વિશે કંઇપણ ખબર ન હતી, તેથી તેઓ પણ ગભરાટમાં પડી ગયા. અમને સર્વને તમારા વિશે ઘણા નઠારા નઠારા વિચાર આવવા લાગ્યા. અંતે જ્યારે અમારાથી તમારો વિરહ સહન થઈ શક્યો નહીં, ત્યારે અમે સર્વેએ તે તળાવમાં પડી દેહત્યાગ કરવાનો વિચાર કર્યો.

એવામાં કોઈએક મુનિકુમાર તે તળાવમાં સ્નાન કરવા માટે આવ્યા. તેનું નામ **મહાતપા** હતું, તેના પિતાનું નામ **દીર્ઘતપા** હતું; તેના મસ્તકપર જટા હતી; અને તે કુમાર જાણે ખાંડવવનને બાળવાની ઈચ્છાવાળો પ્રચંડ તેજસ્વી અગ્નિ, ફરીથી પોતાના તેજથી આ બ્રાહ્મણના શરીરરૂપે અવતર્યો હોય તેવો પ્રતાપી જણાતો હતો. તેણે પોતાના અંગ ઉપર પવિત્ર મૃગચર્મ ઓઢ્યું હતું, ડાબા હાથમાં કમંડળ ધારણ કર્યું હતું ને જમણા હાથમાં રુદ્રાક્ષમાળાનો બેરખો પહેર્યો હતો અને તેની સાથે આવેલાં મૃગો પોતાનાં શિંગડાંથી તે ઋષિકુમારને સ્નાન કરવા માટે મૃત્તિકા ખોદી આપતાં હતાં. તેની સાથે બીજા કેટલાક સમવયી ઋષિકુમારની મંડળી પણ હતી. તે દયાળુ મહાત્મા અમને તળાવમાં પડવાને તૈયાર થયેલા જોઇ, એકદમ અમારી તરફ દોડ્યા આવ્યા; કારણ કે સજ્જનો સ્વાભાવિક રીતે કરુણાળુ હોય છે, અને સર્વ પ્રત્યે નિઃસ્વાર્થ મૈત્રીભાવ દર્શાવે છે. તે મહાત્માએ અમોને કહ્યું: "અલ્યા વટેમાર્ગુઓ! હીચકારાને ઉચિત આ કામ તમારે કરવા લાયક નથી. નપુંસકો, દુઃખમાં આંધળા બનેલા કાયર લોકોની પેઠે વિપત્તિના ખાડામાં પડે છે; પરંતુ જેઓ ધૈર્યધારી છે અને જેઓને વિવેકની આંખ હોય છે, તેઓને સત્વર સત્યમાર્ગ પ્રાપ્ત થાય છેઃ તેઓ અંધારા ખાડામાં પડતા નથી, પણ પોતાની ઇચ્છિત વસ્તુને પામે છે. હું તમારા મુખ તરફ નજર કરું છું, તો મને તમારી આકૃતિ ભવ્ય જણાય છે, માટે મારી ખાત્રી છે કે, તમો ઇષ્ટ વસ્તુ મેળવશો. મને આ સ્થિતિમાં તમને જોવાથી ઘણો સંતાપ થાય છે, તો હવે મને કહો કે, તમારા મનમાં શું દુઃખ છે?"

જ્યારે આ પ્રમાણે તે મુનિકુમારે કહ્યું, ત્યારે મેં આરંભથી અંતપર્યંત સર્વ વાર્તા તેમને કહી સંભળાવી. પછી તે મુનિકુમાર, કે જે ભૂત ભવિષ્ય જાણવાની શક્તિ ધરાવતા હતા, તેણે અને તેની પાછળ આવેલા બીજા મુનિ બાળકોએ, મધુર ભાષણથી અમને સમજાવીને આત્મહત્યા કરતાં અટકાવ્યા. પછી તે સર્વે તળાવમાં સ્નાન કરવાને ઉતર્યાં. નાહીધોઈ બહાર આવ્યા પછી, અમને થોડે દૂર, જ્યાં પોતાના પિતાનો આશ્રમ હતો ત્યાં, પરોણાચાકરી કરવા માટે તેડી ગયા. અહીં આશ્રમમાં દ્વાર સમીપ જ કેટલાંક વૃક્ષો ઉભાં રહી, પોતાની શાખારૂપી ભુજાઓને ઉંચી કરીને જાણે તપનો આરંભ કરી, સૂર્યનાં કીરણોનું પાન કરતાં

* ...ો, તેનું હૃદય ઉદાર, તથા પરોપકારી હતું.



હોય તેવાં જણાતાં હતાં. આ અતિ રમણીય આશ્રમની એક બાજુમાં અમને બેસાડી, અર્ઘ્યપ્રદાન આપી, તે મુનિકુમાર, આશ્રમના એક વૃક્ષ પાસે જઈને ભિક્ષા માંગવા લાગ્યા; એટલે તે વૃક્ષમાંથી ફળો પોતાની મેળે તૂટીને તેના પાત્રમાં પડ્યાં. તુરત તે મુનિકુમાર ફળથી પૂર્ણ ભરાયેલું ભિક્ષાપાત્ર લઈને અમારી પાસે આવ્યા અને તે દિવ્યસ્વાદવાળાં મધુરાં ફળ અમને ખાવા માટે આપ્યાં. અમે સર્વે, તે સ્વાદિષ્ટ ફળ ખાઈને જાણે અમૃતરસનું પાન કરી તૃપ્ત થયા હોઈએ તેમ તૃપ્ત થઈ ગયા. થોડીવારમાં સાંઝ પડી. સૂર્યનારાયણ પોતાના તેજ સહિત સમુદ્રમાં ડૂબી ગયા. તેના આઘાતથી જળમાંથી ઊંચાં ઉછળેલાં બિંદુઓવડે જાણે આકાશ ચીકાર થઈ ગયું હોય તેમ તારાઓ પ્રકાશી રહ્યા. પોતાના મિત્ર,મિત્ર (સૂર્ય) ના ડૂબી જવાથી ચંદ્રમાને જાણે વૈરાગ્ય આવ્યો હોય તેમ તે, ચાંદનીરૂપ શ્વેત વસ્ત્ર ધારણ કરી, ઉદયાચળ પર્વતના શિખર ઉપર આવેલા તપોવનમાં આવી વસ્યો. ચંદ્રનો ઉદય થયો. તુરત જ સઘળા મુનિઓ પોતપોતાનું સર્વ કર્તવ્ય કર્મ સંપૂર્ણ કરી એક સ્થાનમાં આવીને બેઠા. પછી અમે સઘળા તે મુનિઓનાં દર્શન કરવા માટે આશ્રમમાં ગયા; અને તેઓને પ્રણામ કરી તેમની સમીપમાં બેઠા. તે મુનિઓએ મધુરી વાણીથી અમારો અતિથિસત્કાર કરીને અમને પૂછ્યું કે, 'તમે ક્યાંથી આવ્યા છો?' એટલે જે મુનિકુમાર અમને આશ્રમમાં તેડી લાવ્યો હતો, તેણે તે મુનિની આગળ આરંભથી તે આશ્રમમાં આવવા સૂધીની અમારી સર્વ વાર્તા કહી સંભળાવી. મુનિમંડળમાં મુખ્ય, પ્રતાપી કણ્વ મુનિએ અમારી તરફ ગંભીર દૃષ્ટિ કરીને કહ્યું કે, "અરે વીર પુરુષો! તમે આમ ગભરાઓ છો શા માટે? આપત્તિમાં ગભરાવું નહીં ને સંપત્તિમાં છકી જવું નહીં, પણ સદા ઉત્સાહ રાખવો, એવું સત્પુરુષનું આચરણ છે. મોટા લોકો મોટાં મોટાં કામ કરતાં ધૈર્યથી દુઃખને તરી જાય છે અને મોટી વસ્તુને મેળવી મોટી નામના કરે છે. આ વિષયમાં શું તમે સુંદરસેનની કથા સાંભળી નથી? તેણે પણ મંદારવતીને માટે ઘણાં સંકટ સહન કર્યાં હતાં. "આ પ્રમાણે કહી કણ્વમુનિ, સર્વ મુનિના સાંભળતાં અમને આ પ્રમાણે કથા કહેવા લાગ્યા.

## સુંદરસેન અને મંદારવતીની કથા.

ઉત્તર દિશાના મુખને શોભા આપનાર **નૈષધ** નામનો એક દેશ હતો. તે દેશમાં પૂર્વે અલકા નામની નગરી હતી. તે નગરમાં મનુષ્યો સદાસર્વદા, સર્વ વસ્તુનો ત્યાગ કરવાથી જ સુખી હતા–( તે નગરમાં પુષ્કળ દ્રવ્ય હોવાથી કોઈ વસ્તુની અભિલાષા નહોતી ) ને માત્ર રત્નના દીવાઓને જ રાત્રિ દિવસ વિશ્રામ મળતો નહોતો–તેઓ જ આખો દિવસ પ્રકાશ કર્યાં કરતા હતા.

આ નગરમાં **મહાસેન** નામનો મહાપ્રતાપી રાજા રાજ્ય કરતો હતો. તેનામાં નામ પ્રમાણે જ ગુણ હતા. તેને લીધે કાર્તિકસ્વામીની પેઠે, અતુલિત બળશક્તિથી, તેણે સર્વ શત્રુઓને બાળી નાંખ્યા હતા. તે રાજાના મંત્રીનું નામ ગુણપાલિત હતું. તે શૌર્યનો ભંડાર અને પૃથ્વીનો ભાર ઉપાડનારા બીજા શેષનાગ જેવો હતો. તે જ સઘળો રાજ્યકાર્યભાર ચલાવતો હતો. રાજાએ સઘળા શત્રુઓનો પરાજય કર્યો હતો, માટે તેને તે સંબંધી

જરાપણ ચિંતા ન હતી. એટલે પોતાના રાજ્યકાર્યભાર ગુણપાલિત પ્રધાન પર મૂકી પોતે રાજભવનમાં શશિપ્રભા રાણી સાથે નાનાવિધના વિલાસ કરવામાં તલ્લીન રહેતો હતો. તે રાણીને એક પુત્ર રત્ન સાંપડયું હતું, જેનું નામ સુંદરસેન પાડયું હતું. આ કુમાર, અવસ્થામાં કુમાર હતો, છતાં તેના ગુણોને લીધે તે મહાપુરુષ હતો અને શૌર્ય ને સૌંદર્યતાની દેવીએ તેનાપર વારી જતી હતી.

આ રાજકુમારના પાંચ મંત્રી હતા. તેઓ બાલ્યાવસ્થાથી જ તેની સાથે રમતગમત કરતા મોટા થયા હતા. તે સર્વે, અવસ્થામાં તથા પરાક્રમમાં પણ રાજકુમાર જેવા જ હતા. તે પાંચેનાં નામ ચંડપ્રભ, ભીમભુજ, વ્યાઘ્રપરાક્રમ, શૂરવીર વિક્રમશક્તિ તથા દૃઢબુદ્ધિ હતાં. તે પાંચે મંત્રી મહાસાત્વિક, બળવંત, બુદ્ધિવાન્, કુલીન, રાજ્યભક્ત અને પશુ પક્ષીઓની ભાષા જાણનારા હતા. રાજકુમાર પોતે તરુણ અવસ્થામાં હતો, પણ તેને પોતાના યોગ્ય સ્ત્રી મળતી ન હતી, તેથી તે પરણ્યો જ ન હતો, પણ પોતાના પિતાને ઘેર રહીને મિત્ર તથા મંત્રી ચંડપ્રભ વગેરેની સાથે કાળ ગાળતો હતો. એક વખતે કુમાર સુંદરસેન અને તેનું મંત્રીમંડળ બેઠું હતું, તે સમયમાં યોગ્ય સ્ત્રી, લક્ષ્મી વગેરેની ચર્ચા ચાલતાં સુંદરસેને પોતાના મંત્રીઓને કહ્યું: "લડાલડીમાં અજિત્ય પરાક્રમ, પોતાના બાહુબળથી મેળવેલું ધન અને યોગ્ય સૌંદર્યવતી સ્ત્રી–આ ત્રણ વસ્તુથી પુરુષ જગતમાં પ્રતિષ્ઠાને પામે છે, પરંતુ તે ત્રણે વસ્તુ જો ન હોય તો પછી આ સૌંદર્યતા શા કામની?"

આ વાત થયા પછી થોડા દિવસ ગયા ને રાજકુમાર સુંદરસેન પોતાના પાંચ મિત્રને અને યોદ્ધાઓને સાથે લઈ, મૃગયા રમવા માટે શહેર બહાર નિકળ્યો. એવામાં કોઇએક પ્રૌઢવયની કાત્યાયની નામની સાધુડી દૂર દેશથી ચાલી આવતી હતી, તેણે રાજકુમારને નગર બહાર આવતો જોયો. રાજકુમારનું દેવતાઈ સ્વરૂપ જોઈ તે સાધુડી કલ્પના કરવા લાગી કે: "આ તે શું રોહિણી રહિત ચન્દ્રમા છે, કે રતિ રહિત કામદેવ છે?" જ્યારે તેણે રાજાનાં માણસોને પૂછયું કે, 'આ કોણ છે?' ત્યારે રાજકુમારના પરિજનોએ કહ્યું: 'એ તો અમારા રાજકુંવર છે!' તે રાજકુમાર છે એવા સમાચાર જાણતાં જ તે સાધુડી બ્રહ્માની સૃષ્ટિનું સૌંદર્ય વખાણીને અતિ આશ્ચર્ય પામી. પછી તે સાધુડી રાજકુમારની નજીકમાં ગઈ ને લાંબો ઘાંટો કહાડીને કહ્યું કે, 'રાજકુમારનો વિજય થાઓ!' આમ કહી તેને પ્રણામ કર્યા. સુંદરસેનનું મન આ વખતે પોતાના મંત્રી સાથે વાતમાં ગુંથાયું હતું, એટલે તે સાધુડીના પ્રણામ સત્કાર વગર જ ત્યાંથી ચાલ્યો ગયો; જેથી તે સાધુડીએ ક્રોધાયમાન થઈ પુનઃ ઘાંટો પાડીને રાજકુમારને કહ્યું; "અરે રાજકુમાર ! તું મારા આશીર્વાદ પણ સાંભળતો નથી, તેનું કારણ શું? આ પૃથ્વી ઉપર એવો કોણ રાજા કે રાજકુમાર છે કે જે મારું અપમાન કરે? પણ જ્યારે તને હમણાં જ જુવાની અને બીજા ગુણોનો આટલો બધો મત્સર છે, ત્યારે તો તું હંસદ્વીપના રાજાની કન્યા, મંદારવતી, જે આ જગતમાં એક રત્નભૂત છે તેની સાથે પરણીશ,



ત્યારે તો તું મદમાં એટલો બધો ફાટી જશે કે, શિવ કે ઈંદ્ર કે બીજા દેવતાનું પણ વચન સાંભળીશ નહીં, તો પછી માણસોનું બોલવું તો કેમ જ સાંભળશે?"

તે સાધુડીના આ શબ્દો સાંભળતાની સાથે જ, સુંદરસેન નમ્ર બની ગયો. તુરત જ તે સાધુડીને આશ્રયેથી પોતાની પાસે બોલાવી, તેને પ્રણામ કરી તેની ક્ષમા માંગી અને મંદારવતી વગેરેનો પત્તો મેળવવા માટે તેની સાથે માણસ આપી, પોતાના મંત્રી વિક્રમશક્તિને ઘેર ઉતારો લેવા માટે મોકલી; અને પછી પોતે મૃગયા રમવા માટે વનમાં ગયો. વનમાં મૃગયા કરી પાછો ઘેર આવ્યો, અને પોતાનું દિવસ કૃત્ય આટોપી લીધું. એટલામાં પેલી સાધુડી ખાઈ પીને પરવારી રહી હતી, તેને સમીપમાં બોલાવીને પૂછયું: "હે ભગવતિ ! તમે આજ મને જે મંદારવતી કન્યાનું નામ સંભળાવ્યું, તે કન્યા કોણ છે તે મને કહો. કારણ કે તેના નામથી મને ઘણું જ આશ્ચર્ય ઉત્પન્ન થયું છે."

તે સાંભળીને તે સાધુડી બોલી; "સાંભળો ! હું મંદારવતીની સર્વ કથા તમને કહું છું. હું આ પૃથ્વી ઉપર અને બેટોમાં તીર્થયાત્રા કરતી ફરું છું. એક વખતે તીર્થયાત્રા કરતાં કરતાં હું હંસદ્વીપમાં જઈ પહોંચી. ત્યાંના મંદારદેવ રાજાની કન્યા મારા જોવામાં આવી. તે કન્યા દેવપુત્રને ઉપભોગ કરવા લાયક છે. જે પુણ્યશાળી પુરુષો છે તેઓને જ એ કન્યાનાં દર્શન થાય છે, પણ જે પાપીઓ છે તેઓ તો સ્વપ્ને પણ તેનું મોં જોવા પામતા નથી. તેનું નામ મંદારવતી છે. તેની મોહક કાંતિ એવી તો અનૂપ છે કે, નંદનવનમાં વસનારી દેવતાની રાણી ઈંદ્રાણી પણ તેના આગળ લેખામાં નથી. તેનું મોઢું જોતાં, જેમ લક્ષ્મીનાં દર્શન કરતાં આનંદ થાય છે, તેમ આનંદ ઉપજે છે; તે મનહર મૂર્તિનાં દર્શન કરતાં કામોદ્દીપન થાય છે. તે જાણે તદ્દન જ અમૃતથી ભરપૂર બીજી ચન્દ્રમાની સાક્ષાત્ મૂર્તિ બ્રહ્માએ ઉપન્ન કરેલી હોય તેવી ભાસે છે. તે કન્યા જેવી સ્વરૂપવતી બીજી કોઇપણ કન્યા આ ભૂમિ ઉપર નથી. માત્ર એક તમે જ તે કન્યાની રૂપસંપત્તિનું હરણ કરનારા જણાઓ છો, એમ હું જાણું છું. જે મનુષ્યે તે કન્યાને જોઈ નથી તેની આંખ નકામી છે અને તેનો જન્મ પણ અવરથા છે."

આ પ્રમાણે જ્યારે રાજકુમારે તે સાધુડીને મોઢેથી વાત સાંભળી ત્યારે તે બોલ્યો; "હે માતા! અમે તેનું તેવું અનુપમ રૂપ કેવી રીતે જોઈ શકીએ તે કહો." તે સાંભળીને તે સાધુડીએ ઉત્તર આપ્યું: "મેં જ્યારે તે કન્યાને જોઈ ત્યારે મારું ચિત્ત તેમાં એવું તો સજ્જડ ચોંટી ગયું ને હું તેનાથી એટલી તો મોહિત થઈ ગઈ કે, હું ચિત્રકળા જાણતી હોવાથી, મેં તેની એક છબી કપડાપર ઉતારી લીધી છે, અને તે મારી ઝોળીમાં વાંસની ભુંગળીમાં રાખી છે. જો તમને આશ્ચર્ય થતું હોય તો તે હું બતાવું!" જ્યારે તે સાધુડીએ આ પ્રમાણે કહ્યું, ત્યારે તો રાજકુમાર બહુ હરખાઈ ગયો. પછી તે સ્ત્રીએ વાંસની ભુંગળીમાંથી તે કન્યાની છબીને બહાર કાઢીને કુંવરને સંતોષ આપવાને બતાવી. રાજકુમાર સુંદરસેન પણ ચિત્રમાં ચિતરેલી કન્યાની વિચિત્ર છબી જોઈ આનંદને લીધે સ્તબ્ધ જ થઈ ગયો અને એકી

ટશે તેને નિહાળવા લાગ્યો. જાણે કામદેવના પુષ્પ બાણોથી તેનું આખું શરીર ખીલાઈ ગયું હોય તેમ તે જ વખતે તેના અંગનાં રુંવાટે રુંવાટાં ઉભાં થઈ ગયાં. પછી ધીમે ધીમે તે કન્યાની છબીમાં તે એવો તો તલ્લીન થઈ ગયો કે, જાણે કંઈ તે સાંભળતો જ ન હોય; ઉત્તર આપતો જ ન હોય અને જોતો જ ન હોય, એવો આળેખેલા ચિત્રની પેઠે ઘણીવાર સુધી સ્થિર થઈ ગયો.

જ્યારે તે રાજકુંવરના મંત્રીઓએ આ પ્રમાણે જોયું, ત્યારે તેઓએ તે સાધુડીને કહ્યું; "પૂજ્ય માતાજી! તમે અમારા રાજકુમાર સુંદરસેનની છબી આ ચિત્રપટમાં ચિતરી લ્યો, તો અમે તમારી નમુનાદાર ચિત્રકળા જોઇએ." તે સાંભળીને તે સાધુડીએ તત્ક્ષણે પોતાના ચિત્રપટમાં રાજકુમારની છબી ચિતરી કાઢી. તે જોઇને ત્યાં બેઠેલા સઘળા મંત્રીઓ બોલ્યા; "વાહ ! આ સાધુડીએ જે ચિત્ર ચિતર્યું છે તે આબેહૂબ છે; તેમાં જરાપણ ખોડખાપણ કઢાય તેમ નથી; કેમકે કોઇને પણ આ ચિત્ર તરફ નજર કરતાં તરત લાગશે કે, તે સાક્ષાત રાજકુમારનાં જ દર્શન કરે છે. ખરેખર રાજકુંવરી મંદારવતીનું લાવણ્ય બેશક આ ચિત્રમાં ચિતરેલું છે તે યથાર્થ જણાય છે. આ કુમાર સાથે જો મંદારવતીનાં લગ્ન થાય તો જોડું બરાબર દીપી રહે, તેમાં કંઈ પણ સંદેહ નથી."

જ્યારે આ પ્રમાણે મંત્રીઓ બોલ્યા, ત્યારે સુંદરસેન, તે સાધુડી ઉપર બહુ પ્રસન્ન થયો ને તેની પાસેથી બન્ને ચિત્રપટ–છબીઓ લઈ તે સાધુડી જે હમેશાં એક સ્થાનમાં રહેતી ન હતી, પણ જૂદા જૂદા સ્થળમાં ફર્યાં કરતી હતી, તેથી તેનો યથોચિત સત્કાર કરી તેને જવાની આજ્ઞા આપી. પછી રાજકુમાર મંદારવતીની છબી હાથમાં લઈ વિચારભવનમાં ગયો ને શય્યાપર પડયો. ત્યાં પડ્યાં પડ્યાં તે મંદારવતીના દરેક અંગને તપાસી તપાસીને વિચાર કરવા લાગ્યો: "અરે! આ તે શું મારી પ્રિયાનું મુખ છે કે અમૃતકાંતિથી નિષ્કલંકી બનેલો ભગવાન્ ચન્દ્રમા છે? આ તે શું કામદેવનો રાજ્યાભિષેક કરવાના બે અમૃતથી ભરપૂર કળશ છે કે પીનપયોધર છે? આ તે શું અમૃતમય લાવણ્ય લહરો છે કે ત્રિવલિઓ છે? આ બે કટી પશ્ચાત્ ભાગ (નિતંબ) છે કે રતિરાણીનું વિલાસસ્થળ છે?" આ પ્રમાણે ચિત્રમાં ચિતરેલી સ્ત્રીનાં પ્રત્યેક અંગને જોઈ જોઈ, શય્યા ઉપર સુતાંસુતાં રાજકુંવર તેના વિશે અનેક વિચારો કરતો હતો. આ રીતે નિરંતર તેનો વિચાર કરતાં કરતાં તેણે અન્નજળ પણ ત્યાગ કરી દીધાં અને થોડા દિવસમાં તો રાજકુમારને એવો તો સજ્જડ કામજ્વર લાગુ પડયો, કે તે છેક જ તવાઇ ગયો.

તે વાર્તા રાજાના જાણવામાં આવી. તેના પિતા ને માતા–મહાસેન અને શશિપ્રભાએ કુંવરના મિત્રોને પૂછ્યું; "ભાઇઓ! કુમાર માંદા પડવાનું શું કારણ છે?" ત્યારે તેઓએ, તે સાધુડી આવી અને તેણે હુંસદ્વીપના રાજાની કુંવરી મંદારવતીની વાર્તા કહી અને રાજકુમારને તે કન્યાની છબી જોઇને કેમ કામજ્વર લાગુ પડયો, તેની સર્વ વાર્તા કહી સંભળાવી. તુરત



મહાસેન રાજા, રાજકુંવર સુંદરસેન પાસે ગયો ને બોલ્યો:–" વહાલા દીકરા! તેં શા માટે તારો આ યોગ્ય વિચાર અમારાથી ગુપ્ત રાખ્યો છે? મંદારવતી કન્યા ત્રિભુવનનું રત્ન છે અને તે તારે લાયકની છે, પણ તેને માટે આટલી વેદના શી? તું ધૈર્ય ધર. હું તારાં લગ્ન તેની સાથે કરી આપીશ. મંદારવતીનો પિતા મંદારદેવ મારો પરમ મિત્ર છે, તેથી આ બાબત ઘણી સહેલી છે. તેમાં તું આટલો બધો સંતાપ શા માટે કરે છે? આ કાર્ય એક દૂતથી થઈ શકે તેવું છે. જરા ધીરજ ધરી ટટાર થા. હું તે કાર્ય સત્વર કરી, બેશક તને મંદારવતી પરણાવીશ." આ પ્રમાણે મહાસેને પોતાના પુત્રને ધૈર્ય આપી તેની સાથે વાતચિત કરી, મંદારદેવ પાસે કન્યાનું માગું કરવા માટે સુરતદેવ નામના એક એલચીને હુંસદ્વીપ મોકલવાનો ઠરાવ કર્યો. રાજાએ તે એલચીના હાથમાં, પેલી સાધુડીએ ચિતરેલી સુંદરસેનની માધુરીસી મૂરતવાળી છબી આપી: એટલા જ માટે કે, મંદારદેવ તેનું લાવણ્યરૂપ ધન સારી રીતે જોઈ શકે.

તે દૂત ઘણો જ ચાલાક હતો. તે ઉતાવળો ઉતાવળો ચાલવા માંડયો. ચાલતાં ચાલતાં રસ્તામાં સમુદ્રના કિનારા ઉપર એક શશાંકપુર નામનું નગર આવ્યું ત્યાં તે આવી પહોંચ્યો. એ નગરમાં મહેંદ્રાદિત્ય રાજા રાજ્ય કરતો હતો. અહીંથી વહાણમાં બેસીને કેટલેક દહાડે તે દૂત મંદારદેવ રાજાના હુંસદ્વીપમાં દાખલ થયો. તે નગરમાં જતાં જ તે રાજભવન આગળ ગયો અને દ્વારપાળને કહ્યું કે, 'મંદારદેવ રાજાને જણાવો કે મહાસેન રાજાનો દૂત તમને મળવા આવ્યો છે.' દ્વારપાળે દરબારભવનમાં જઇને જણાવ્યું કે, તુરત રાજાએ દ્વારપાળને આજ્ઞા કરી કે, 'તેને અંદર પ્રવેશ કરાવ.' દ્વારપાળ રાજાજ્ઞાને મસ્તક ઉપર ચઢાવી બહાર આવ્યો ને પછી દૂતને અંદર જવાની રજા આપી. દૂત રાજભવનમાં આવી આમ તેમ નજર કરે છે તો મંદારદેવને સિંહાસનારૂઢ થયેલા નિહાળ્યા. દૂતે, પ્રણામ કરી, રાજાના હાથમાં મહાસેન રાજાના કુશળ સમાચારનો પત્ર આપ્યો ને પછી વિસ્તારપૂર્વક સર્વ વાર્તા સંભળાવી અને છેલ્લે કહ્યું: "મહારાજ! મહાસેન રાજાએ તમને આ પ્રમાણેનો સંદેશો કહેવરાવ્યો છે: 'કોઇ એક કાત્યાયની નામની સાધુડીએ તમારી કન્યારત્નની છબી ચિતરીને અમારા કુમારને બતાવી છે, તે જોઈ અમારા કુમારના મનમાં આપની કન્યા પરણવાની ઇચ્છા થઈ છે, તો તમે અમારા પુત્રવેરે તમારી કુંવરીનાં લગ્ન કરો તો ઠીક. સુંદરસેનનું અપ્રતિમ લાવણ્ય આપની કન્યા સમાન છે: જોડું જુગતેજુગતું છે; આપને તે બાબતની ખાત્રી કરવા માટે અમારા રાજકુમારની છબી ચિતરાવાનું અમારા મનમાં આવ્યું, તેથી અમે પણ ચિત્રપટમાં સુંદરસેનની છબી ચિતરાવી છે અને તમને જોવા માટે તે મોકલી છે. અમારા કુમાર રૂપમાં એક જ છે: તેના સમાન બીજો કોઇપણ નથી. તે કુમાર પોતાને અનુરૂપ પ્રમદા ન મળવાના કારણથી પરણવાની ના પાડતો હતો; પણ રાજકુમારના રૂપ લાયક એક તમારી કુંવરી છે, તેથી તે પરણવાને આતુર થયો છે.' આ પ્રમાણે મહાસેન રાજાએ મને સંદેશો આપીને સુંદરસેન રાજકુમારનો ચિત્રપટ–છબી મને આપી છે, તે આ જુઓ મહારાજ! અને પછી વાસંતિક લતાનું વસંતની સંગાથે મેલન કરો, એટલે કશી કચાસ રહેશે નહીં!"

રાજા મંદારદેવે, મહાસેનના દૂતનું કહેવું સાંભળી, તરત કંચુકીદ્વારા પોતાની પુત્રી મંદારવતીને અને તેની માતાને તેડાવ્યાં; અને કહ્યું: 'જુઓ આ ચિત્રપટ!' આમ કહી ચિત્રપટને ઉકેલીને મા દીકરીને રાજકુમારનું ચિત્ર બતાવ્યું. તે રાજાના મનમાં ગર્વ હતો કે, મારી પુત્રી સમાન તો આ પૃથ્વી ઉપર કોઈપણ સૌંદર્યમૂર્તિ છે જ નહીં; પણ આ તેનો ગર્વ તે ચિત્ર જોતાં તત્ક્ષણે નાશ પામ્યો. તે બોલ્યો; "મારી દીકરી મંદારવતીનાં જો આ રાજકુમાર સાથે લગ્ન થાય તોજ એનું સ્વરૂપસૌંદર્ય સફળ થાય, નહીં તો અફળ છે! આ રાજકુમાર શિવાય બીજાની સાથે પરણવાથી આ કન્યાનું સૌંદર્ય એળે ગયા જેવું છે; અને કન્યાને પરણ્યા વગર રાજકુમારનું સૌંદર્ય પણ એળે ગયા જેવું જ છે! હંસ વગર કમલિની શોભા શી અને કમલિની વગર હંસની શોભા શી? કિંતુ પરસ્પર જોડાવાથી તેના રૂપનો પ્રકાશ થાય છે."

આ પ્રમાણે રાજાએ રાણીને કહ્યું, એટલે રાણીએ તેને અનુમોદન આપ્યું. મંદારવતી રાજકુમારને જોઈ તરત કામમોહિત થઈ રહી અને મટકું માર્યા વગર આનંદભરપૂર નેત્રે તે ચિત્રપટને નિહાળીને જાણે પોતે ભ્રમિત થઈ ગઈ હોય કે નિદ્રાવશ હોય કે અજાગૃત હોય કે આળેખેલી હોય તેમ સ્થિર થઈ ગઈ. જ્યારે મંદારદેવે પોતાની પુત્રીને રાજકુમાર ઉપર આસક્ત થયેલી જોઈ, ત્યારે તેણે કુંવરીનું રાજકુમાર સાથે પરણાવાનું માગુ સ્વીકાર્યું અને તે દૂતને મોટું માન આપીને તે દિવસે ત્યાં જ રાખ્યો.

બીજે દિવસે મંદારદેવે, કુમારદત્ત નામના પોતાના દૂતને બોલાવીને, મહાસેન રાજા તરફ જવાનો હુકમ કર્યો; અને બન્ને દૂતોને જણાવ્યું કે, "અલકાનગરીના રાજા મહાસેનની પાસે જઈને મારીવતી કહેજો કે, "મંદારદેવે સ્નેહને લીધે પોતાની કન્યાનો તમારા પુત્ર સાથે વિવાહ કર્યો છે, તો હવે કહો, તમારા રાજકુમાર અમારી તરફ પરણવા આવશે કે, અમે અમારી કન્યા તમારે ત્યાં પરણવા મોકલીએ?" બંને દૂત રાજાનો સંદેશો માથે ચઢાવીને તુરત વહાણમાં બેસી સમુદ્ર માર્ગે અલકાનગરી તરફ ઉપડી ગયા. માર્ગમાં શશાંકપુર આવ્યું, એટલે તે નગરના કિનારાપર ઉતરી પડી, ત્યાંથી પગ રસ્તે ચાલતા, સમૃદ્ધિવાળી કુબેરની અલકાપૂરી જેવી વૈભવશાળી અલકાનગરીમાં જઈ પહોંચ્યા. તુરત બંનો દૂત રાજભવનમાં રાજાની પાસે ગયા. રાજાએ પણ તે બંને દૂતનો સારી રીતે આદરસત્કાર કર્યો. પછી બન્ને દૂતે રાજાની પાસે જઈને મંદારદેવ રાજાનો પ્રતિસંદેશો કહ્યો. રાજા મહાસેન, મંદારદેવનો સંદેશો સાંભળીને બહુ પ્રસન્ન થયો અને બન્નો જણાનું યથોચિત પારિતોષક કર્યું.

પછી રાજાએ કન્યાના પિતા તરફથી આવેલા કુમારદત્તને, કન્યાના જન્મનું નક્ષત્ર પૂછ્યું, અને તરત જોષીઓને તેડાવી લગ્નનું મુહૂર્ત જોવડાવ્યું. જોષીઓ મીન મકર કરી ટીપણામાં જોઈને બોલ્યા: "મહારાજાધિરાજ! કુંવર અને કુંવરીનાં આજથી ત્રણ મહીના પછી કાર્તિક સુદ પાંચમને દિવસે શુભ લગ્ન આવે છે." તે મંગળ દિવસે લગ્ન કરવાનું નિર્માણ કરી, અલકાપતિએ, દૂતદ્વારા, મંદારદેવને તે કહેવરાવ્યું અને એક પત્રમાં તે સર્વ વિગત લખીને



તેના દૂત કુમારદત્ત અને પોતાના દૂત ચંદ્રસ્વામીને તે પત્ર આપીને વિદાય કર્યા. બન્ને દૂત ત્યાંથી નિકળીને હંસદ્વીપના રાજા મંદારદેવની પાસે આવ્યા અને તેને પત્ર આપી સર્વ વાર્તા કહી સંભળાવી. મંદારદેવ પણ મહાસેનનો પત્ર વાંચીને અને દૂતદ્વારા કહેવરાવેલા સમાચાર જાણીને બોલ્યો કે, 'ઠીક છે, એમાં કંઈ હરકત નથી.' પછી તેણે મહાસેન રાજાની તરફથી આવેલા દૂતને સરપાવ આપી, તેના દેશ તરફ પાછો વિદાય કર્યો. ચંદ્રસ્વામીએ પાછા આવીને મહાસેન રાજાને કહ્યું કે, ત્યાં સઘળી ગોઠવણ સંતોષકારક રીતે થઈ છે. પછી વર અને કન્યા પક્ષના સર્વ લોકો ઉત્સાહથી લગ્નકાળની વાટ જોઈ રહ્યા.

એ અરસામાં એક નવો બનાવ બન્યો. હંસદ્વીપમાં મંદારવતીએ રાજકુમારનું ચિત્ર જોયું હતું, એટલે તે તો રાજકુમાર ઉપર મોહિત થઈ પ્રેમઘેલી બની ગઈ. એકેક દિવસ તેને એકેક યુગ જેવડો લાંબો લાગતો હતો. આ રીતે દિવસો જતા હતા, તે તેનાથી સહન થઈ શકતા ન હતા–તેમાં જ્યારે તેણે સાંભળ્યું કે, લગ્નનો દિવસ ઘણો દૂર ગયો છે ને લગ્નને હજી વિલંબ છે, ત્યારે તે આવરીબાવરી બની ગઈ. તે આટલો બધો લાંબો વખત, પ્રિતમપ્રાણ વગર રહી શકે તેમ નહતું. તે પોતાના પ્રિતમપ્રાણને મળવા માટે અતિશય આતુર થઈ રહી ને લગ્નમુહૂર્ત દૂર જોઈને આશાભંગ થઈ ગઈ. તે કામાનળથી બળવા લાગી. સુંદરસેન પ્રત્યે તેનું હૃદય મોહિત થઈ ચોંટી બેઠું હતું, તેથી તેના શરીરે જે ચંદનના લેપ કરવામાં આવતા, તે અંગારાના વર્ષાદ જેવા લાગતા હતા; કમલિનીનાં પાંદડાંની શય્યા પાથરવામાં આવતી, તે પણ ધગધગતી રેતીની પથારી જેવી લાગતી હતી અને ચંદ્રમાનાં કિરણો પણ પ્રચંડ દાવાનળની ઝાળ જેવાં લાગતાં હતાં.

પછી તે કન્યાએ મૌનવ્રત ધરી, આહાર પાણીનો ત્યાગ કરી, જાણે વિરહવ્રત કરતી હોય તેમ વિહ્વળ થઇને એકાંતવાસ લીધો! તે જોઇ તેની વિશ્વાસુ અને અંતરંગ સ્નેહી સખીએ પૂછ્યું: "બેન બા સાહેબ! તમે આમ સદા ઉદાસમાં કેમ રહો છો?" જ્યારે સખીએ ઘણી ઘણી રીતે પૂછ્યું, ત્યારે મંદારવતીએ નામરજી છતાં આ પ્રમાણે ઉત્તર આપ્યું: "સખિરી! મારા લગ્નને તો હજી ઘણા દિવસનો વિલંબ છે અને હવે હું મારા નિર્માણ કરેલા પ્રાણેશ અલકરાજના કુમારની વિરહવેદના સહન કરી શકતી નથી. મને કામદેવ બહુ પીડે છે, મારા સસરાનો દેશ બહુ દૂર પડયો છે, સમય ઘણો લાંબો છે, અને વળી દૈવની ગતિ ઘણી વિચિત્ર છે; તો કોણ જાણે છે કે, હવે પછી કોનું શું થશે? મેં તો મન સાથે નક્કી કીધું છે કે, હવે તો મરવું જ અને તેમાં જ સુખ છે!" આમ બોલતાં બોલતાં મંદારવતી વિરહાતુરતાથી તરત શોચનીય દશામાં આવી પડી.

તે જોઇને તેની સખી, મંદારદેવ અને તેમની રાણી પાસે જઇને બોલી: "મહારાજ! રાજકુમારીની અવસ્થા દિનપરદિન કામવેદનાથી ક્ષીણ થતી જાય છે; માટે તમારે તે વિશે વિચાર કરવાની અગત્ય છે." જ્યારે રાજા રાણીએ, મંદારવતીની મુખ્ય સખીના મુખથી આ પ્રમાણેની વાત સાંભળી, અને જાતે પણ તેવી દશા નિહાળી, ત્યારે રાજાએ પોતાના મંત્રીમં-

ડળને ભેગું કરીને આ પ્રમાણેનો ઠરાવ કીધો: "અલકાનગરીનો રાજા મહાસેન આપણો મિત્ર છે અને રાજકુંવરી મંદારવતી હવે વધારે કાળ લગ્નની ઢીલ સહન કરી શકે તેમ જણાતું નથી; તો પછી આપણે શરમ શાને માટે રાખવી ? બનનાર હશે તે બનશે. તેને અલકાનગરી મોકલી દઇએ, એટલે તે પોતાના પતિની પાસે રહી, ધીરજથી પોતાનો કાળક્ષેપ કરશે!" આ પ્રમાણે રાજા મંદારદેવે ઠરાવ કર્યો. પછી કુંવરીને ધીરજ આપીને સારે દિવસે, દ્રવ્ય તથા ચાકર નફર આપીને, પરણવા માટે એક વહાણમાં બેસાડીને, હુંસદ્વીપથી અલકાનગરી જવા માટે સમુદ્ર રસ્તે વિદાય કીધી. તેની માતાએ તેને આશીર્વાદ દીધા ને તેના કલ્યાણ માટે પૂર્ણપ્રેમથી, ગદ્ગદિત કંઠે પ્રભુ પ્રાર્થના કીધી. કન્યા સાથે રાજાના મુખ્ય મંત્રી વિનીતમતિને પણ મોકલ્યો.

રાજકન્યાએ હુંસદ્વીપથી નિકળ્યા પછી પોતાના પરિજન અને મંત્રી સાથે સમુદ્રમાં કેટલાએક દિવસ સૂધી તો આનંદમાં પ્રવાસ કીધો, પણ એક દિવસે અચાનક ભયંકર વર્ષાદની ઝડી, પવનના સુસવાટાની સાથે, ચારે તરફથી જાણે લૂટારા તૂટી પડી તીરનો મારો ચલાવતા હોય તેમ પડી. એક ક્ષણમાં જ્યાં કંઈ દુઃખ ન હતું, સઘળાં સુખશાંતિમાં બેઠાં હતાં ત્યાં દૈવયોગથી મહાસંકટ આવી પડયું. પવનના સપાટામાં તે વહાણ દૂર ઘસડાઈ ગયું અને સમુદ્રના મોજામાં ઉંચે ચઢીને નીચે પછડાતાં તેના કટકેકટકા થઈ ગયા. તેમાં બેઠેલો મંત્રીરાજ વિનીતમતિ, કન્યા તથા તેનાં પરિજન અને ધનનો ભંડાર, સર્વ સમુદ્રને તળિયે જઇને બેઠાં.

પણ સમુદ્રે, પોતાના તરંગરૂપ બાહુથી પકડીને રાજકન્યાને જીવતી જ, વહાણ ભાંગી ગયું હતું તેના નજીકના એક ઝાડપાનવાળા કિનારા ઉપર કાઢી નાંખી. રાજકન્યા સમુદ્રના કિનારા ઉપર નિકળતાં તરત આડુંઅવળું જોવા લાગી તો અરણ્ય સિવાય બીજું કંઈ જોવામાં આવ્યું નહીં. તે ભયથી બાવરી બનીને વિચાર કરવા લાગી: "અરે જીવ ! તું સમુદ્રમાં ક્યાંથી પડ્યો ? તને વળી સમુદ્રના મોજાએ કિનારા ઉપર ક્યાંથી ફેંકી દીધો ? નજર કર, નસીબ શું શું કરતો નથી ! કંઇનું તે કંઈ કરે છે !" આમ વિચાર કર્યાં પછી તે કન્યા પોતાને એકલી જોઈ, વળી દુઃખસાગરમાં ડબકાં ખાવા લાગી અને બોર બોર જેવડાં આંસુ પાડી અત્યંત વિલાપ કરવા લાગી; "અરેરે ! હું ક્યાં જતી હતી અને ક્યાં આવી પડી ? મારી સાથે દાસદાસીઓ તથા સરસામાન હતો, તેનું શું થયું ? રે વિનીતમતિ ક્યાં ગયો ? આ અકસ્માતમાંથી હું મંદભાગિણી જ ક્યાંથી સલામત નિકળી ? ને હવે હું ક્યાં જાઉં ? હાય ! હાય ! ઓ રંડ્યા ચંડાળ દૈવડા ! તેં શું કામ મને સમુદ્રમાંથી ડૂબતી બચાવી ? હવે હું અભાગિણી ક્યાં જાઉં અને શું કરું, તે મને સૂઝતું નથી. ઓ મા ! ઓ પિતાજી ! ઓ અલકરાજકુમાર પ્રાણનાથ ! જરા તો જુઓ ! હું તમારાં દર્શન કર્યાં વગર ટળવળી મરું છું ! તમે કોઈ મારી રક્ષા કેમ કરતાં નથી ?" આ પ્રમાણે વિલાપ કરીને, હૃદય ફાટે તેવા અવાજે, મંદારવતી આક્રંદ કરવા લાગી. આ વખતે તેની આંખમાંથી મુક્તાફળ જેવાં અશ્રુઓ ટપકતાં હતાં, તે જાણે તૂટેલા મુક્તાહારનાં મોતી હોય તેવાં જણાતાં હતાં.



આ વખતે જોગાનુજોગથી તે સમુદ્રના કિનારાની નજદીકમાં એક આશ્રમ હતું, ત્યાંથી મતંગજ નામના મુનિ, સમુદ્રજળમાં સ્નાન કરવા માટે આવ્યા. તેની સાથે તેની બાળ બ્રહ્મચારિણી, યમુના નામની પુત્રી પણ હતી. મુનિએ અને યમુનાએ મંદારવતીનો કરુણાજનક હૃદયભેદક સ્વર સાંભળ્યો; એટલે બંને જણાં તે કન્યાની પાસે ગયાં; અને દયાથી તેના તરફ જોયું તો ટોળામાંથી વિખૂટી પડેલી મૃગલીની માફક તે બેહેબાકળી થઇને આમતેમ નિહાળતી હતી. પછી મુનિએ મધુરવાણીથી તેને પૂછ્યું: "દીકરી ! તું કોણ છે ? આ વનમાં તું કેવી રીતે આવી ચઢી અને રડે છે શા માટે ? બાપુ, છાની રહે." મંદારવતીને, મહર્ષિની કોમળ મધુર વાણી શ્રવણ કરતાં જ ધીરજ આવી. પછી તેણે ધીમે ધીમે, શરમાતાં શરમાતાં, નીચું જોઇને જ મુનિને પોતાની સર્વ વાર્તા કહી સંભળાવી.

ત્યારે મુનિ મતંગજે સમાધિ ચઢાવીને તેનું ભાવી ફળ જોયું ને વિચાર કરીને બોલ્યા; "રાજકન્યા ! તું હવે ખેદ કર મા. જે બનવાનું હતું તે બન્યું. ધીરજ રાખ ને ટટાર થા. તારું શરીર સરસડાના પુષ્પ જેવું સુકોમળ છે, તે ક્લેશથી વધારે પીડિત થશે. શું વિપત્તિ કંઈ એવો વિચાર કરે છે કે, તેનો ભોક્તા યોગ્ય છે કે અયોગ્ય, કોમળ છે કે કઠણ ? તારા ભાગ્યમાં સારું ફળ ભોગવવાનું વિધાતાએ નિર્માણ કીધું છે. તને હવે તારા પતિનો સત્વર સમાગમ થશે. ચાલ, ઉઠ; અહીં નજીકમાં મારો આશ્રમ છે ત્યાં તું પોતાનું ઘર સમજીને, મારી પુત્રીની સાથે રહેજે, અને ખાજે પીજે." આ પ્રમાણે તે કન્યાને ધીરજ આપી, મુનિ સ્નાન કરવા ગયા, અને જળસ્નાન કરી પોતાની પુત્રીને અને મંદારવતીને સાથે લઈ આશ્રમમાં આવ્યા. ત્યાં મંદારવતી દરરોજ, યમુનાની સાથે ઋષિની સેવા વગેરે કરી આનંદમાં કાળ ગાળવા લાગી અને પતિને મળવાની ઇચ્છા રાખી બ્રહ્મચર્યવ્રત પાળવા લાગી.

હવે અહીં અલકાનગરીમાં સુંદરસેન, મંદારવતીને પરણવા માટે લગ્નના દિવસની વાટ જોતો બેઠો છે. તે હંમેશાં દિવસ ગણ્યા કરતો કે ક્યારે મહિનો જાય ને હું પરણું. આવા વિચાર કરવાથી અને ઘણી ઘણી ઉત્કંઠાથી તેનું શરીર દુબળું પડી ગયું. તે હંમેશાં તેના તે જ વિચાર કરતો હતો, ત્યારે તેના ચન્દ્રપ્રભ આદિ મંત્રીઓએ તેને સમજાવ્યો અને ધીરજ આપીને કહ્યું કે,–"આમ અધીરા શું થાઓ છો ? થોડા દિવસમાં પરણશો જ તો ! ઉતાવળે આંબા ન પાકે," ત્યારે તે શાંત પડ્યો. એવામાં લગ્નનો દિવસ પણ નજીક આવ્યો. મહાસેન રાજાએ હંસદ્વીપમાં કુમારને મોકલવા માટે સર્વ તૈયારી કરાવી અને એક શુભ દિવસે શુભ ચોઘડીએ પ્રસ્થાનમંગળ કરીને સુંદરસેનને પૃથ્વી કંપાવતી સેના સાથે, વિદાય કર્યો.

રાજકુમાર પરણવાના હર્ષથી આનંદઘેલો થઈ ગયો હતો. તેણે પોતાના મંત્રીઓ તથા સેના સહિત કેટલાક દિવસ જળયાત્રા કર્યાં પછી, પહેલો મુકામ સમુદ્રતીરે આવેલા શશાંકપુરમાં કર્યો. તે નગરના રાજા મહેંદ્રાદિત્યને જેવી ખબર થઈ કે, તે તુરત વિવેક વિચારથી તેનું સામૈયું કરી, રાજકુમારને હાથી ઉપર બેસાડીને ગામમાં લઈ આવ્યો. શહેરના ધોરી રસ્તા ઉપર રાજકુમારને નિહાળવા માટે હજારો સ્ત્રીઓનાં ટોળે ટોળાં એકઠાં મળ્યાં હતાં.

રાજકુમારને નિરખતાં નગરસુંદરીઓનાં નેત્રકમળ પ્રફુલ્લિત થઈ ગયાં ને જેમ ચકોર ચન્દ્રને એકી ટશે નિહાળે તેમ નિહાળી રહ્યાં. આ પ્રમાણે રાજકુમાર ધામધુમથી રાજભવનમાં આવ્યો; અને એક સુંદર મહેલમાં ઉતર્યો. મહેંદ્રાદિત્ય રાજાએ તેની બહુ રૂડી રીતે સેવા કરી અને કહ્યું કે, 'હું તમને પરણાવવા માટે તમારી સાથે આવીશ.' તેથી રાજકુમારે તે દિવસ ત્યાં વિશ્રામ કર્યો. રાત્રિ થઈ એટલે તે શય્યા ઉપર સુતો હતો, પણ તેના મનમાં પ્રિયાના જ નવ નવા તરંગો રમતા હતા: "હું કાલે, સમુદ્ર ઉતરીને સસરાને ઘેર જઈ, નવોઢા હોવાથી સ્વભાવિક રીતે પ્રેમ, લજ્જા ને ભયવાળી સુંદરીને પરણીશ! જ્યારે તેનું આલિંગન કરીશ ત્યારે તે મને કહેશે કે, 'અહો પ્રાણ! દૂર રહો, અડો મા!.' આ સુંદર શબ્દો શું હું શ્રવણ કરીશ!" આવાં વિચારમાં ને વિચારમાં તેણે આખી રાત્રી ગાળી કાઢી.

પ્રભાત થયું, એટલે સુંદરસેન પોતાની સેના તે નગરમાં મૂકી મહેંદ્રાદિત્યને અને તેના પોતાના કાર્યભારીઓને સાથે લઇને સમુદ્રના કિનારા ઉપર ગયો. ત્યાં એક મોટા વહાણમાં પોતે તથા પોતાની સાથે આવનારાં પરિજન સર્વ ચઢ્યાં. વહાણમાં અનાજ પાણી પણ પુષ્કળ લીધું હતું. તેની સાથે અગત્યનાં ને લેવાં જોઇએ તેટલાં થોડાં માણસો હતાં, તેઓને એક બીજા વહાણમાં બેસાડયાં હતાં. સઘળાંઓ વહાણ ઉપર ચઢયાં. એટલે વહાણને હંકાર્યું અને તેની ઉપરનો સઢ છોડી મૂકયો. વહાણ ત્રણ દિવસ સુધી નૈઋત્ય ખૂણા તરફ સડસડાટ શાંતિમાં ચાલ્યું ગયું. પવન પણ અનુકૂળ હતો ને હવા પણ સારી હતી. પણ ચોથે દહાડે અકસ્માત્ ઉત્પાત કરનારો પવન વાવા લાગ્યો. સમુદ્રના કિનારા ઉપર જે વનરાજિ હતી તે અદ્ભુત પવનને જોઈ હાહાકાર કરી આમ તેમ ચલાયમાન થવા લાગી. સંસારમાં કાળક્રમથી જેમ પદાર્થો નીચ ઉંચ પદવીને પામે છે, તેમ સમુદ્રના તરંગો પવનના સપાટાથી વારંવાર ઉપર નીચે ચઢવા લાગ્યા. ખારવાઓએ ઘણી જ મહેનત વેઠી સઢને ઉતારી નાંખ્યો; અને ચિચિયારી પાડી મહાસાગરને શાંત કરવા રત્નો ભેટ કર્યાં, પણ કર્ણધાર (Pilot) પોતાનું સુકાન હાથમાં રાખી શકયો નહીં. તેનો સર્વ શ્રમ ફોકટ ગયો. પવનના બહુ વાવાથી ને સમુદ્રના મોટા તોફાનથી, તે વહાણની ચારે તરફ મોટી મોટી વજનદાર પત્થરોની પાટો બાંધવામાં આવી હતી, તે છતાં પણ બન્ને વહાણ, જાણે મદોન્મત હાથીને માવતો નચાવતા હોય તેની પેઠે, સાગરના મોટા તરંગથી ઉંચે ચઢીને નીચે પડતાં હતાં—તે જાણે કોઈ લડવૈયો રણમાં ઘૂમ્યો જતો હોય તેમ, એક બીજા સાથે યુદ્ધ કરતાં ફરતાં હતાં.

આ પ્રમાણે સાગરનું ભયંકર તોફાન જોઈ, રાજપુત્ર અધૈર્યથી ગભરાયો અને પોતાની જગ્યાપરથી ઉઠી, મહેંદ્રાદિત્ય રાજાને કહ્યું: "મહારાજ! પૂર્વ જન્મના મારા પાપને લીધે આપને પણ અકસ્માત્ મરવાનો સમય આવ્યો છે, એ મારાથી જોઈ શકાતું નથી; માટે હું સમુદ્રમાં પડીને મારા દેહનો ત્યાગ કરું છું કે જેથી તમો ઉગરશો!" આ પ્રમાણે કહી રાજપુત્ર, પોતાના અંગવસ્ત્રથી કમરકસીને એકદમ સમુદ્રમાં કુદકો મારીને પડયો. રાજકુમારના ચંડપ્રભ વગેરે પાંચ મિત્રો અને મહેંદ્રાદિત્ય છએ જણાથી, આ દુ:ખ સહન ન થઈ શકાયું, એટલે



તેઓ પણ સમુદ્રમાં કુદી પડ્યા. સમુદ્રમાં ચારે તરફથી મોટા મોટા મોજા ઉછળતા હતા, તેમાં આ સઘળાઓ તણાયા. જ્યારે શુદ્ધિમાં આવ્યા ત્યારે તરતા તરતા મોજાના જોરથી ભિન્નભિન્ન દિશામાં ઘસડાઈ ગયા હતા. થોડીવારમાં તો પવન શાંત પડ્યો ને સાગર પણ ક્રોધથી મુક્ત થયેલા સજ્જન માણસની માફક શાંત થઈ ગયો. એ અરસામાં પવનના સપાટામાં એક વહાણ જોશભેર તણાતું સુંદરસેનની નજીકમાં જઈ ચઢ્યું. તેની નજીકમાં જ તેનો મંત્રી દૃઢબુદ્ધિ પણ ડબકીયાં ખાતો આવી પહોંચ્યો હતો. તે બન્ને જણા જીવન તથા મરણની મધ્યમાં રહેલી અવસ્થામાં હતા, એટલે વહાણ જોતાં જ તેપર ચઢી ગયા. સુંદરસેન આ વખતે કેણી તરફ વહાણ હંકારવું, તેનો વિચાર કરવા લાગ્યો. પણ તે દિગ્મૂઢ બની ગયો હતો તેથી તેને એકે દિશા જ સૂજી નહીં. ઉપર ભૂરા રંગનું આકાશ અને નીચે કાળા રંગનું પાણીજ માત્ર જોવામાં આવતું હતું, તે સિવાય કંઈ પણ નજરે પડતું ન હતું. તે જોઈ સુંદરસેન હિંમત હારી ગયો ને શુંઢણીએ પડી બે હાથ જોડીને પરમાત્માનું ધ્યાન કરવા લાગ્યો. એવામાં દૈવ અનુકૂળ હોય તેમ પવન પણ ધીરો અને જોઇએ તેવો આવવા લાગ્યો; અને તેના યોગે, વહાણ ત્રીજે દહાડે એક કિનારા ઉપર જઇ લાંગર્યું, ત્યારેજ સુંદરસેનના તથા દૃઢબુદ્ધિના મનમાં જીવવાની આશા આવી. તે બન્ને જણા તે કિનારા ઉપર ઉતરી પડયા. થોડીવાર ત્યાં વિશ્રામ કરી, ધીરજ પકડીને સુંદરસેન પોતાના મંત્રી દૃઢબુદ્ધિ પ્રત્યે બોલ્યો: "મિત્ર! હું સમુદ્રમાંથી તો પાર પહોંચ્યો છું, પણ વિક્રમશકિત, વ્યાઘ્રપરાક્રમ, ચંડપ્રભ તથા ભીમભુજ વગેરે મારા ઉત્તમ મિંત્રીઓનો અને વળી સહજ પ્રેમથી મિત્ર થયેલા મહેંદ્રાદિત્ય રાજાના મોતનું કારણ થઇ પડ્યો છું, તો બોલ હવે શા કારણ આ સ્થિતિમાં જીવ રાખી મૂકું! બેશક, હું નરકમાં પડયો છું એમ સમજું છું. મારે હવે જીવવું જોઈએ નહીં; કારણકે મારાં કાળાં કામ મને શું શોભા આપશે?" તે સાંભળીને દૃઢબુદ્ધિ બોલ્યો: "મહારાજ! તમે ધૈર્ય ધરો. આપણે સર્વ સુખ ભોગવીશું, એમ મારું મન કહે છે. કહેવતમાં કહ્યું છે કે 'જીવતો નર ભદ્રા પામે!' જેમ આપણે સમુદ્ર તરીને આ કિનારા ઉપર આવી પહોંચ્યા છીએ, તેમ જ તેઓ પણ કોઈ કિનારા ઉપર પહોંચ્યા હશે. નસીબની ગતિ કોણ જાણી શકે છે? તેના પરિણામનું જ્ઞાન કોઈ પણ ધરાવનારો નથી."

એ પ્રમાણે દૃઢબુદ્ધિ રાજપુત્રને ધીરજ આપતો હતો, તેવામાં તો તે કિનારા ઉપર બે તપસ્વિઓ સ્નાન કરવા માટે આવ્યા. તે સંતપુરુષ સ્વભાવે દયાળુ હતા. તેઓએ રાજકુમારની મુખમુદ્રાને મ્લાન થયેલી જોઈ તેની પાસે આવીને પૂછ્યું, "ભાઇઓ! તમે કોણ છો?" રાજકુમારે ત્યારે પોતાની સર્વ વિતકવાતો તેઓને સંભળાવી. બન્ને ઋષિઓના મનમાં દયા આવી ને તેઓ બોલ્યા: "ડાહ્યા પુરુષ! દેવતાઓ પણ પોતાના પૂર્વ કર્માનુસાર પ્રાપ્ત થયેલા સુખદુ:ખમાં ફેરફાર કરી શકતા નથી, તો પછી મનુષ્ય તે કોણ? તેથી દૃઢ મનના પુરુષો, જેઓ શોકને દૂર હાંકી મૂકવા તત્પર રહે છે, તેઓએ, સત્ય માર્ગે ચાલવું જોઇએ. મનુષ્યને દુ:ખ પડે તે દુ:ખના નિવારણાર્થે ધર્માદિક કૃત્ય કરવાં કે જેથી દુ:ખનો નાશ થાય. કહેવત છે કે, પુણ્યે પાપ ઠેલાય. પરંતુ શરીરને ક્ષીણ કરી નાંખવાથી કે

અફસોસ કરવાથી કંઈ દુઃખનો નાશ થતો નથી. માટે તું દીલગીરી દૂર કરી, ધૈર્યથી શરીરનું રક્ષણ કર. આ આરોગ્ય શરીરવડે ધર્માદિક ચાર પુરુષાર્થ સાધી શકાય છે. તારા હાથ પગમાં જે જે ચિહ્નો છે તે ઉપરથી ખાત્રીથી જણાય છે કે, ભવિષ્યમાં તને સુખ મળશે.” આ પ્રમાણે કહી તે બન્નેને ધીરજ આપી, સ્નાન કરી, તે મુનિઓ પોતાના આશ્રમમાં તેઓને તેડી ગયા અને સુંદરસેન અને દૃઢબુદ્ધિ બન્ને જણા તે આશ્રમમાં નિવાસ કરીને બીજા મંત્રીઓની વાટ જોતા જોતા કેટલાએક દિવસ સુધી ત્યાંજ રહ્યા.

આ અરસામાં સુંદરસેનનો મંત્રી **ભીમભટ** તથા **વિક્રમશક્તિ** બન્ને જણા પણ તરતા તરતા સમુદ્રના જૂદા જૂદા કિનારા ઉપર જઈ ચઢયા. આ બન્ને જણા કિનારા ઉપર ઉતરીને વિચાર કરવા લાગ્યા કે જેમ આપણે અહીં ઉતર્યા છીએ તેમ સુંદરસેન પણ કોઈ કિનારા ઉપર કદાચ ઉતર્યા હશે, માટે આપણે તેની શોધ કરવી જોઇએ. આમ વિચાર કરી દિલગારીથી ભરેલા તે બન્ને મંત્રીઓ એક મહાવનમાં સુંદરસેનને શોધવા પેઠા. બીજા મંત્રી ચન્ડપ્રભ, વ્યાઘ્રપરાક્રમ અને મહેંદ્રાદિત્ય રાજા–આ ત્રણ જણા પણ તરતા તરતા મહા કઠાવતીએ બીજા કિનારા ઉપર જઈ પહોંચ્યા. તેઓએ સુંદરસેનની બહુ શોધ કરી, પણ કોઇપણ સ્થળેથી રાજકુમારનો પત્તો મળ્યો નહીં, ત્યારે તેઓના મનમાં અત્યંત દિલગીરી વ્યાપી ગઈ. છેવટે તેઓને પોતાનું વહાણ આખું અણીશુદ્ધ મળવાથી, તેમાં ચઢી શશાંકપુરમાં આવ્યા. ત્યાં આવ્યા પછી, બંનો મંત્રીએ ત્યાં રહેલી સેનાને સર્વ વૃત્તાંત કહ્યું. પછી તે સર્વે રડતા રડતા અલકાનગરીમાં ગયા. રાજા અને પ્રજા, મંત્રીઓને રડતા જોઇને અને રાજકુમાર ડૂબી ગયાના સમાચાર સાંભળીને, વિલાપ કરવા લાગ્યાં. આખા નગરમાં હાહાકાર વર્તાઈ રહ્યો અને સૂર્યે પણ વાદળાંરૂપ શ્યામવસ્ત્ર ધારણ કરી દિલગીરી બતાવી. ચારે તરફ દિલગીરીનાં જ દર્શન થતાં હતાં. શહેરમાં ઘેર ઘેર રડારોળ ચાલી રહી. મહાસેન રાજા અને તેની રાણી, પુત્રમરણના સમાચાર સાંભળીને જીવતાં રહ્યાં, તે માત્ર તેમના આયુષ્યના બળને લીધે જ હતું. “રાજા અને રાણી પુત્રના માઠા સમાચાર સાંભળીને મરવા માટે તૈયાર થયાં, પણ મંત્રીઓએ ઘણા ઘણા દાખલાઓ આપીને કહ્યું કે, ‘તમે શા માટે પ્રાણત્યાગ કરો છો? રાજકુમાર કોઈપણ કિનારા ઉપર ઉતર્યા હશે, ત્યાંથી થોડા વખતમાં તમોને આવી મળશે.’ રાજાને મંત્રીનાં વચન પરથી કંઇક આશા આવી, પણ રાજવૈભવપર વૈરાગ્ય આવવાથી, ધીરજ ધરી નગર બહાર આવેલા **સ્વયંભૂ***ના મંદિરમાં જઇને તપ કરવા લાગ્યો. તેની સાથે મંત્રીઓ પણ તે દેવની ભક્તિ કરવા લાગ્યા અને રાજકુમારની શોધ કરવાને ચોતરફ માણસો મોકલ્યાં.

એવામાં હંસદ્વીપમાં મંદારદેવ રાજાને ઉડતા સમાચાર મળ્યા કે, મારી પુત્રીનું વહાણ મહાસાગરમાં ભાંગી ગયું છે અને મંત્રી તથા પુત્રી મંદારવતીનો કંઇપણ પત્તો લાગ્યો નથી. વળી બીજી તરફથી ખબર મળી કે જમાઇનું વહાણ પણ અહીં આવતાં સાગરમાં ડૂબી ગયું છે, અને તેમાંથી માત્ર બે મંત્રીઓ જ બચી ગયા છે. તેઓએ અલકાનગરીમાં જઈ, રાજાને રાજકુંવરના ડૂબી

* જાતેજ જન્મેલાઃ શિવ, વિષ્ણુને બ્રહ્મા.



મુવાના સમાચાર કહ્યા છે; ને તે ઉપરથી રાજા મહાસેન નગર બહાર એક શિવાલયમાં જઇ તપ કરે છે અને પુત્રને મળવાની આશામાંને આશામાં હજુ જીવે છે. આવા માઠા સમાચાર સાંભળીને મંદારદેવના મનમાં આવ્યું કે, આ અસાર સંસારમાં હવે જીવવું શા કામનું છે? આવો વિચાર કરી, અત્યંત શોકમાં ડૂબી જઈ, આ દેહથી કંટાળીને તે મરવા માટે તૈયાર થયો. ત્યારે મંત્રીઓએ તેને પણ સમજાવીને મરતાં અટકાવ્યો અને કહ્યું કે; ‘તમે આમ હિંમત શું હારી જાઓ છો? થોડા દહાડામાં કંઈ ને કંઈ પણ સારા સમાચાર મળી આવશે.’ પછી મંદારદેવે પણ એવો વિચાર કર્યો કે,–હું મારું રાજ્ય મંત્રીને સોંપી, મહાસેન પાસે જાઉં તો ઠીક. કારણ કે ત્યાં ગયા પછી મહાસેન રાજા જેમ કરવાનો નિશ્ચય કરશે તેમ હું પણ કરીશ.’ આવો ઠરાવ કરીને કાર્યભારીને રાજ્યકાર્યભાર સોંપી, સમદુઃખી મહાસેન રાજાની પાસે તે અને તેની રાણી કંદર્પસેના બન્ને ગયાં. ત્યાં જઈ મહાસેનને, મંદારવતીના માઠા સમાચાર કહેતાં કહેતાં તો રાજા રાણી રડી પડ્યાં. મહાસેનને એક તો પુત્રમરણનું દુઃખ હતું, તેમાં વળી મંદારવતીના પણ માઠા સમાચાર મળ્યા, એટલે તેના મનમાં ઘણો જ શોક વ્યાપી રહ્યો. અન્યોઅન્ય એક બીજાને મળ્યા ને ખૂબ તરેહથી વિલાપ કીધો. પછી હંસદ્વીપનો રાજા પણ ત્યાં જ રહી, બ્રહ્મચર્યવ્રત પાળી મિતભોજન કરવા લાગ્યો અને દર્ભાસન ઉપર બેસીને તપ કરવા લાગ્યો.

આ પ્રમાણે પવન જેમ એક ઝાડનાં પાંદડાંને જૂદા જૂદા સ્થળમાં ધસડી જાય છે, તેમ દૈવે સઘળાને જૂદા જૂદા પાડીને એક બીજાનો વિયોગ કરાવ્યો હતો. પણ દૈવ તરણાનો મેરુ ને કીડાનો કુંજર કરે છે. તેની લીલા વિલક્ષણ છે. (તે કોણ જાણે છે?) એક સમયે એવું બન્યું કે, સુંદરસેન પોતે, જે મુનિના આશ્રમમાં નિવાસ કરીને રહેતો હતો તે ત્યાંથી નિકળી નજદીકમાં એક બીજું આશ્રમ હતું અને જ્યાં મંદારવતી રહેતી હતી, તે આશ્રમ તરફ દૈવેચ્છાથી જઇ ચઢ્યો. ત્યાં તેણે એક સ્વચ્છ–નિર્મળ જળથી ભરપૂર તળાવ જોયું, એટલે તેણે તે સ્થળે વિશ્રામ કર્યો. તેના કિનારા ઉપર પુષ્કળ વૃક્ષો ઉગેલાં હતાં અને તે પાકેલાં રસદાર ફળના ભારથી લચી ગયાં હતાં. આથી તળાવની શોભામાં બહુ વધારો થતો હતો. રાજકુમાર અને મંત્રીએ તે તળાવમાં ઉતરી શીતળ તથા સ્વચ્છ જળથી સ્નાન કર્યું. પછી કિનારા ઉપરના તરુઓપરથી સ્વાદિષ્ટ ફળ પાડીને ખાધાં અને પછી ત્યાંથી નજીકના વનમાં આવેલી એક નદીના ઝરણાના મૂળ પાસે ગયો. તે જ્યારે કિનારે કિનારે ચાલ્યો જતો હતો, તેવામાં દૂરના એક શિવાલયના શિવલિંગ પૂજન માટે કેટલીક મુનિબાળાને પુષ્પ વીણવામાં ગુંથાયેલી જોઈ. તે મુનિબાળાના મધ્યમાં એક અનુપમ કાંતિવાળી મુનિકન્યા ઉભી હતી. તે આ ત્રણ લોકના સૌંદર્યનો સાક્ષાત્ નમુનો હતો. તે પોતાની ચાંદની જેવી કાંતિના પ્રભાવથી સમગ્ર વનને દીપાવી રહી હતી. આ કન્યા જે દિશા તરફ નજર કરતી હતી તે દિશા જાણે ઉઘડેલાં શ્યામ કમળવાળી હોય તેવી જણાતી હતી. તે જ્યારે ભૂમિ ઉપર પગ મૂકતી હતી, ત્યારે પૃથ્વી ઉપર કમલિનીનાં વનો પ્રગટ થતાં હતાં.

તેને જોઇને રાજકુમાર પોતાના મંત્રી દૃઢબુદ્ધિને કહેવા લાગ્યોઃ “મિત્ર! એ તે કોણ હશે વારુ? શું એ ઇંદ્રના હજારો નેત્રથી જોવા લાયક અપ્સરા તો નહીં હોય? અથવા તો

જેના કરપલ્લવમાં પુષ્પો વળગેલાં છે એવી આ વનદેવી તો નહિ હોય? મને તો એમ લાગે છે કે, અપ્સરાઓ ઘડવામાં પૂર્ણ કૌશલ્ય મેળવ્યા પછી બ્રહ્માએ આ કન્યા, પોતાનું અપ્રતિમ ચાતુર્ય દર્શાવવાને ઘડી હશે. અહા! એનું રૂપ શું! એ કેવી અદ્‌ભુત જણાય છે! મેં આગળ મારી પ્રાણપ્રિયાનું જે ચિત્ર જોયું હતું, તે મંદારવતીના ચિત્રની સર્વ આકૃતિ આ કન્યાના આકારને આબેહુબ મળતી છે. પરંતુ આ કન્યા જ મંદારવતી છે, એમ કેમ કહી શકાય? તે ચિત્ર ક્યાં ને આ કન્યા તે ક્યાં? તે કન્યા હુંસદ્વીપમાં રહે છે અને આ તો અરણ્ય છે; તેથી એમ તો નહીં કહી શકાય કે તે કન્યા તે આજ છે! હું કલ્પના કરી શકતો નથી કે આ કન્યા કોણ છે, ક્યાંથી આવી છે ને અહીંયાં કેમ રહી છે?" તે સાંભળીને મંત્રી દૃઢબુદ્ધિ તે કન્યાની તરફ જોઈને રાજકુમારને કહેવા લાગ્યો: "મહારાજ! આ કન્યા તમે જેમ ધારો છો તેમ જ કોઈ અન્ય સ્ત્રી છે, મુનિ કન્યા તો નથી જ. જો કે તેણે વન પુષ્પોનાં આભરણ પહેર્યાં છે, તોપણ તે હાર, કટિમેખલા, વેણી વગેરે જૂદાં જૂદાં આભરણ એવી રીતે પહેર્યાં છે કે મુનિકન્યા તેમ પહેરી શકે નહિ. મુનિકન્યા તેની બનાવટ શું જાણે? વનમાં આવું સુકુમાર રૂપ કોઈ દિવસ હોય જ નહીં! માટે હું ધારું છું કે, એ કોઈ રાજાની પુત્રી અથવા તો કોઈ દેવકન્યા હશે. પણ હવે તે કન્યા કોણ છે, તેની ખાતરી કરવા માટે આપણે બન્ને જણા એક ક્ષણભર અહીંથી ઉઠીને આ સામા ઝાડવામાં સંતાઈને ઉભા રહીએ, એટલે તેમની વાતચિતપરથી સાર સમજાશે." જ્યારે દૃઢબુદ્ધિએ આ પ્રમાણે કહ્યું, ત્યારે રાજકુમાર અને તે બન્ને જણા વૃક્ષના ઓઠામાં સંતાઈ ગયા. થોડીવારમાં પેલી મુનિબાળા પુષ્પો વીણી પેલી રતિ જેવી મંદારવતીની સાથે તે નદીને કિનારે સ્નાન કરવા આવી. ત્યાં સર્વ કન્યાઓ સ્નાન કરવાનાં વસ્ત્રો પહેરી, નદીમાં ઉતરી પડી. દૈવયોગે સર્વ જળક્રીડા કરતી હતી, તેવામાં એક ઝુડ તે કન્યાને પગે વળગ્યું. તે જોઈ તત્કાળ બીજી કન્યાઓ ચીસો પાડીને કહેવા લાગી, "ઓ વનદેવી! અમારું રક્ષણ કરો! રક્ષણ કરો! અરેરે! આ મંદારવતી જળમાં સ્નાન કરતી હતી, એવામાં એક ઝુડ અચાનક આવીને એકદમ તેને પગે વળગ્યું છે, તેથી તે મરી જાય છે; ધાઓ રે ધાઓ!" તે સાંભળતાંની સાથે જ સુંદરસેન મનમાં બડબડયો: "રે આ શું સાંભળ્યું? મારી પ્રાણ, હૃદયરમણી વહાલી મંદારવતી આ!" આમ બોલતાં તો તે એકદમ દોડ્યો ને શસ્ત્રવતી તે ઝુડના કટકેકટકા કરી નાંખ્યા; અને તેને મૃત્યુના મુખમાંથી બચાવી, નદીમાંથી કિનારા ઉપર લઈ આવી, તેની સારી રીતે આશ્વાસના કીધી.

મંદારવતી પણ ભયમાંથી મુક્ત થઈને તે પુરુષ તરફ નજર કરી વિચાર કરવા લાગી "આ મહાત્મા પુરુષ મારા નસીબ યોગે અહીં ક્યાંથી આવી ચઢયા છે? મેં આગળ અલકાનગરીના રાજકુમાર, મારા પ્રાણાધારની જે છબી જોઈ હતી, તેને આબેહૂબ મળતી જ આની મુખાકૃતિ છે, માટે શું તે તો નહીં હોય? પણ મારા આવા નઠારા વિચારોને ધિક્કાર છે!! શિવ! શિવ! તે આવી માઠી અવસ્થામાં, કોઈપણ દિવસ પરદેશમાં હોય જ નહીં. એટલે મને લાજમ નથી કે, કોઇ પરપુરુષ પાસે બેસવું. હવે હું દૂર જઈને બેસું તો ઠીક. પ્રભુ! આ મહા પુરુષનું કલ્યાણ કરો!" આમ વિચારી તે પોતાની સખીઓ પ્રત્યે બોલી: "સખીઓ! પ્રથમ



આપણે આ ઉપકાર કરનાર મહાત્માને પ્રણામ કરીએ ને પછી ચાલો મારી સાથે, આપણા આશ્રમ ભણી." તે સાંભળી, જેને મંદારવતી એવું નામ સાંભળવા ઉપરથી ઘણો જ આધાર મળ્યો હતો, અને પ્રથમ જોયેલો ચિત્રપટ પણ જેના મનમાંથી વિસરતો નહતો અને આ કોણ હશે? આવો સંદેહ જેને થતો હતો, તેવા રાજપુત્રે પોતાના મનના સંતોષ માટે તેની એક સખીને પૂછ્યું; "અયે મુનિબાળા! જરા થોભી મને કહેશો કે, તમારી આ સખી કોની પુત્રી છે? અને કેઇ જાતિમાં જન્મી છે? એ જાણવાની મને ઘણી ઇચ્છા છે."

તે સાંભળીને એક મુનિકન્યાએ આ પ્રમાણે જવાબ આપ્યો: "હુંસદ્વીપના રાજા મંદારદેવની કન્યા છે; અને એનું નામ મંદારવતી છે. તે અલકાપુરીના રાજકુમાર સુંદરસેનની સાથે પરણવા માટે સમુદ્ર માર્ગે અલકાપુરી તરફ જતી હતી, પણ ભરદરીએ જ્યાં વહાણ આવ્યું, ત્યાં સમુદ્રના મોજાના મારાથી વહાણના કટકે કટકા થઈ ગયા અને આ કન્યા, સમુદ્રમાં તરતી તરતી આ કિનારા ઉપર ઘસડાઈ આવી છે. તે કીનારાપર બેઠી બેઠી રડતી હતી, એવામાં અમારા પિતા મતંગજમુનિ સ્નાન કરવા સમુદ્રતટપર આવ્યા. તેમણે એ કન્યાને રડતી જોઈ, તેની પાસે જઇ ધીરજ આપીને આશ્રમમાં લઈ આવ્યા છે." 'આ પ્રમાણે સખીએ કહ્યું, એટલે દૃઢબુદ્ધિ હર્ષઘેલો થઈ નાચવા કુદવા લાગ્યો ને સુંદરસેનને કહેવા લાગ્યો: "રાજકુમાર! ધન્ય ઘડી! ધન્ય દહાડો! જય જય! તમને રાજકુંવરી મંદારવતી મળી, તે માટે તમારો જય જય! આપણે જેનું ચિંતન કરતા હતા તે જ એ સ્ત્રી નથી શું? તમારા નસીબની બલિહારી છે! તેપર વારી જાઉં છું!" તે સાંભળીને બીજી મુનિકન્યાઓ, મંદારવતીની તે સખીને પૂછવા લાગી કે, 'આ કોણ છે?' એટલે તેણે સર્વ વૃત્તાંત મુનિકન્યાઓને જણાવ્યું અને તેઓએ પોતાની સખી મદારવતીને રાજી રાજી કરી દીધી. આ પ્રમાણે સર્વ વાર્તા થઈ રહી, તેટલામાં તો મંદારવતી રડી પડી અને "ઓ આર્યપુત્ર!" આમ કહીને સુંદરસેનના ચરણમાં પડી. સુંદરસેન પણ મંદારવતીને છાતી સરસી ચાંપીને રડવા લાગ્યો. બન્નેને રડતાં જોઈ વનવૃક્ષ અને પાંદડાં પણ દયાથી પીગળીને રડવા લાગ્યાં.

એવામાં મુનિની કન્યાઓએ મતંગજમુનિની આગળ જઈને સર્વ વાત વિદિત કરી. તુરત તે મુનિ પોતાની પુત્રી યમુનાને સાથે લઈને, જ્યાં રાજકુમાર ને રાજકુમારી ઉભાં ઉભાં રડતાં હતાં ત્યાં આવ્યા. સુંદરસેન અને મંદારવતી મુનિને આવતા જોઈ, એકદમ દોડીને તેમના ચરણમાં પડ્યાં ને હર્ષાશ્રુથી પાદ પખાળી પ્રણામ કર્યાં. મુનિએ તેઓને બહુ પ્રકારે ધીરજ આપી આશ્વાસના કરી. પછી તેઓને પોતાના આશ્રમમાં લઈ આવ્યા ને ત્યાં તેઓની સારી રીતે પરોણાચાકરી કરી. રાજકુમાર ઘણા દિવસનો થાક્યો પાક્યો હતો, તેને અહીં સુખ મળવાથી સારી રીતે શાંતિ વળી. બીજે દિવસે મતંગજમુનિએ રાજકુમારને કહ્યું; "કુમાર! મારે કામકાજને લીધે હવણાં શ્વેતદ્વીપમાં જવું છે, માટે તું આ મંદારવતીને સાથે લઈ અહીંથી પરબાર્યો અલકાનગરીમાં જા. ત્યાં જઈ આ મંદારવતી, જેને મેં પુત્રી તરીકે પાળી છે, તે કન્યાનું આજથી હું તને દાન દઉં છું, તેની સાથે પરણજે ને આનંદે

કલ્લોલ કરજે. તું આ રાણીની સાથે આનંદમાં ઘણો કાળ રાજ્ય સુખ ભોગવીશ અને પૃથ્વી ઉપર ચક્રવર્તી રાજ્ય કરીશ. વળી થોડા વખતમાં તું તારા સઘળા કાર્યભારીઓને પણ મળીશ."

આમ કહીને સુંદરસેન અને મંદારવતીને આશીર્વાદ આપી, પ્રાણસમાન વહાલી પુત્રી યમુનાને સાથે લઈ, મુનિ મતંગજ આકાશ માર્ગે ઉડીને ચાલતા થયા. તુરત જ સુંદરસેન, મંદારવતી અને દૃઢબુદ્ધિ, ત્રણે જણ તે આશ્રમ ત્યજીને સમુદ્રના કિનારા ઉપર ગયાં. જ્યારે તેઓ કિનારા ઉપર આવ્યાં, ત્યારે તેણે એક નાના વહાણને સમુદ્ર માર્ગે જતું દીઠું. તે વહાણનો માલીક એક તરુણ વાણીઓ હતો. તેને જોઈ, રાજકુમારે જલદીથી રસ્તો પૂરો થાય એવા હેતુથી, દૃઢબુદ્ધિદ્વારા તે વહાણના માલિક વણિક્‌પુત્ર પાસે તે વહાણમાં બેસવા માટે માગણી કરી. તે વણિક્‌પુત્રે તેની માગણી સાંભળી તેની તરફ નજર કરી, ત્યાં તો રૂપરૂપના ભંડાર જેવી રંભા મંદારવતીને તેની સાથે જોઈ. તે દુષ્ટ વાણિયો કામાધીન થઇ ગયો. તેણે પોતાનો મનોરથ પાર પાડવાની આશાથી કહ્યું: "ભલે બેસો !" પછી વહાણને કિનારાની પાસે આણ્યું. સુંદરસેને પ્રથમ પોતાની સ્ત્રી મંદારવતીને વહાણપર ચઢાવી. પણ પોતે જ્યાં ચઢવા જાય છે, ત્યાં તો પેલા શઠ અને સ્ત્રીલંપટ વાણિયાએ ખારવાને વહાણ હંકારવાની ઇસારત કરી કે તરત ખારવાએ વહાણ હંકાર્યું. રાજકુમાર સુંદરસેન તેના તરફ જવાને ઘણો હાંફ્ળો ફાંફ્ળો થયો, પણ તેનો કાંઈ ઉપાય ચાલ્યો નહીં. મંદારવતી, બીચારી અબળા, તે શું કરે ? તે કરુણાળ સ્વરે રડવા લાગી. સુંદરસેનના જોત જોતામાં વહાણ અદૃશ્ય થઈ ગયું, એટલે તુરત તે મૂર્છાગત થઇ પડયો ને મોટેથી બોલ્યો: "હાય ! હાય ! મને લૂટારાઓએ લૂટી લીધો ! ધિક્કાર છે તે દુષ્ટ વાણિયાને !" આમ બોલી તે છાતીફાટ રડવા લાગ્યો. તે કેમે કરતાં પણ છાનો રહે નહીં, ત્યારે દૃઢબુદ્ધિ બોલ્યો: "ઉઠો, તમે આમ અધીરા કેમ બની જાઓ છો ? આ કંઇ શૂરવીરને છાજે નહીં. તૈયાર થાઓ. આપણે આ જ માર્ગે જઇ તે ચોરને શોધી કાઢીએ: કેમકે સંકટના ઘણા શોકજનક કાળમાં પણ ડાહ્યા પુરુષો દૈવથી હારી જતા નથી, તેઓને તો વધારે વધારે ઉત્સાહ રહે છે."

આ પ્રમાણે દૃઢબુદ્ધિએ સુંદરસેનને શિખામણ દીધી, એટલે તેના મનમાં કંઈક ધીરજ આવી, અને તે કિનારા ઉપરથી ઉઠીને ચાલવા માંડયો. રસ્તામાં જતાં જતાં તે નિરંતર એમજ બુમ પાડી રડતો હતો કે; "ઓ દેવી મંદારવતી ! હવે તારું શું થશે ? ઓ મારી પ્યારી ! તું ક્યાં ગઈ ? હું તને ક્યાં જોઇશ !" આમ કરી તે સદા જ વિરહવેદનાથી બળતો ધીકતો રહેતો હતો. તેણે આહાર પાણી તજી દીધાં હતાં અને ગાંડા માણસની માફક ઉન્મત્ત બનીને એક ભયંકર વનમાં ચાલતો હતો. તેની સાથે માત્ર એકલો દૃઢબુદ્ધિ જ હતો. તે પણ બાપડો રડતો હતો અને વારંવાર શિખામણ દેતો હતો, તોપણ તે મિત્રનાં હિતવચનપર કુમાર જરા પણ લક્ષ દેતો ન હતો, પણ તે માત્ર સ્ત્રીમાં જ લીન થઇને આડોઅવળો દોડતો હતો. જ્યારે તેણે વનમાં પુલથી ભરેલી લતાને જોઈ ત્યારે તે બોલ્યો: "શું, ઉઘડેલાં પુલનાં આભરણ પહેરનારી મારી સ્ત્રી, તે ચોર વેપારીના હાથમાંથી નાસીને અહીં આવી છે ?" આમ



બોલી તેને ભેટવા માટે દોડયો. જ્યારે તેણે તળાવમાં, ભ્રમરાઓથી વિંટાયલાં કમળોને જોયાં ત્યારે તે વિચાર કરવા લાગ્યો કે: "મારી સ્ત્રી તે ચોરના હાથમાંથી નાસીને ભયની મારી અહીં તળાવમાં આવી સંતાઈ, કમળ જેવા નેત્રવાળાં મુખને બહાર કાઢીને શું મારી તરફ જુવે છે ?" લતાના પાંદડાંઓમાં ગુપ્ત રહેલી કોયલોનો ટૌકો સાંભળીને તે બોલ્યો: "શું, મને મારી મંજુલભાષિણી પ્રિયા બોલાવે છે કે ?" આમ સર્વ પદાર્થોમાં સ્ત્રીરૂપને જોઈ, તે પગલે પગલે મોહ પામવા લાગ્યો. આ પ્રમાણે ઘણું અટણ કીધું. ચંદ્રને પણ સૂર્ય માની તે રાત દિવસ આ જ રીતે રઝળતો હતો.

ઘણા દિવસ સુધી વનમાં ભટકયા પછી તે વનમાં ફરતાં ફરતાં દૃઢબુદ્ધિ અને રાજકુમાર બન્ને જણા રસ્તા ઉપર ભૂલા પડ્યા. બંને એક મોટા જંગલમાં નિકળી ગયા. વિકરાળ ગેંડાઓ, વાઘ, વરુ, સિંહ અને લૂટારાઓને લીધે તે વન અતિ ભયંકર દેખાતું હતું; જ્યાં ત્યાં ભિલ્લ લોકો નાગી તરવાર લઇને ફર્યાં કરતા હતા. જ્યારે આ વનમાં તે રાજકુંવર આવ્યો, ત્યારે તે નિરાધાર હતો; અને સાક્ષાત્ સંકટમૂર્તિપેરે દુર્દૈવથી ભરપૂર હતો. આ વન વિંધ્યાચાળનું હતું અને અહીં વિંધ્યકેતુ નામનો એક ભિલ્લ રાજા રાજ્ય કરતો હતો.

તેણે વિંધ્યવાસિની દેવીને બળીદાન આપવા માટે તેવો કોઈ પુરુષ ખોળવા અર્થે પોતાના ભિલ્લોને હુકમ કર્યો હતો. તેઓ કોઈ પુરુષની શોધ કરતા હતા, તેવામાં આ રાજપુત્ર ત્યાં જઈ ચઢ્યો. રાજપુત્ર પોતાનો દેશ છોડીને પરદેશમાં રખડતો હતો; પોતાની પ્રાણવલ્લભાનો વિરહ વેઠતો હતો; તેમાં વળી પેલા દુષ્ટ વાણિયાએ સ્ત્રીહરણનું અપમાન કર્યું હતું ને તે સહન કરવું પડયું હતું; વનમાં ઘણી લાંઘણ થઈ હતી; રખડવાથી ઘણો થાક ચઢ્યો હતો ! એવી રીતે પંચાગ્નિમાં તે બાપડો બળ્યો ધિકયો હતો, તેમાં વળી નસીબે તેની ધીરજની કસોટી કરવાની ખાતર, ચોરની ધાડરૂપ છઠ્ઠો અગ્નિ ઉપજાવ્યો. વનમાં ફરતા ભિલ્લો રાજકુમાર અને દૃઢબુદ્ધિને પકડવા માટે તેના ઉપર તૂટી પડ્યા; અને તીર કામઠાં ચઢાવીને મારવા લાગ્યા. રાજકુમાર અને દૃઢબુદ્ધિ આ વખતે હિંમત હાર્યા નહીં, પણ તેમના વાળે વાળે શૂરાતન વ્યાપી ગયું. તેઓએ એક જ ખડ્ગથી ઘણા ભિલ્લોને કાપી નાંખ્યા. તુરત કેટલાએક ભિલ્લ વિંધ્યકેતુની પાસે જઇને બોલ્યા: "મહારાજ ! કોઈ એક પુરુષ આવ્યો છે, પરંતુ તે પકડાતો નથી અને અમે તેને પકડવા માટે ઘણા ઉપાયો કર્યા, તે સર્વ નિષ્ફળ ગયા છે. તેણે આપણાં ઘણાં માણસોને કાપી નાંખ્યાં છે. હવે જેવો હુકમ હોય તેમ કરીએ." તે સાંભળીને વિંધ્યકેતુ રાજાએ બીજી સેના મોકલી. તેની સાથે પણ રાજકુમાર ને દૃઢબુદ્ધિએ પરાક્રમવાળું યુદ્ધ કરયું ને ઘણા માણસોને ધૂળ ચાટતા કીધા. રાજકુમાર પોતે યુદ્ધકળામાં ઘણો જ નિપુણ હતો, તોપણ છેવટે ઘણાં બાણ વાગ્યાં, તેથી તે અને દૃઢબુદ્ધિ બંનો બેભાન થઇ મૂર્છા ખાઇને જમીન ઉપર પડી ગયા. તેમના શરીરમાંથી લોહીની ધારા વહેતી હતી; એટલે બંનો નિર્ગત થઈ ગયા હતા. તુરત જ ભિલ્લો તે બન્નેને મુસ્કેટાટ બાંધી પોતાના ગામમાં લઇ ગયા અને કેદખાનામાં પૂર્યા.

જેમ રાજા અને દૃઢબુદ્ધિ હમણાં કેદખાનામાં સપડાયા હતા, તેવી જ રીતે વિખુટા પડેલા ભીમભુજ અને વિક્રમશક્તિ પણ સમુદ્રના કિનારા ઉપરથી ઉતરીને આ જ જંગલમાં રાજકુમારની શોધ કરવા માટે આવ્યા હતા. તેઓ પણ પૂર્વથી જ ભિલ્લ રાજાના આજ કારાગૃહમાં પૂરાયા હતા. રાજકુમાર અને દૃઢબુદ્ધિ કારાગૃહમાં આવીને ચારે તરફ જુવે છે તો ઠેક ઠેકાણે જીવડાના ઢગલાઓ પડ્યા હતા; કરોળિયાઓએ પોતાનાં જાળાંઓ બાંધ્યાં હતાં; ભીંતના બાકામાં સર્પની કાંચળીઓ લટકતી હતી—તે ઉપરથી અહીં સર્પોના અવરજવર હશે, એવું પણ અનુમાન થતું હતું! ઢીંચણ પર્યંત પગ ઊંડા ઉતરે એટલી તો તેમાં ધૂળ પડી હતી; ચારે તરફ ઊંદરનાં ભયંકર દરો નજરે પડતાં હતાં. આવું ભયંકર કારાગૃહ અનેક ભયભીત અને દીન માણસોથી ચીકાર ભરેલું હતું. સર્વ તરફ નજર કરતાં તે સાક્ષાત્ નરકનું ભુવન હોય તેમ લાગતું હતું. રાજકુમાર અને દૃઢબુદ્ધિ મંત્રી આમ તેમ ફરતા હતા, તેવામાં જે બે મંત્રી પૂર્વથી કેદ થયા હતા, તે રડતા રડતા ત્યાં આવ્યા ને કુંવરના ચરણમાં પ્રણામ કરીને નીચા પડ્યા. રાજકુમારે પણ તે બન્ને જણને ઓળખ્યા, એટલે તેની આંખમાં આંસુ ભરાઈ આવ્યાં. પછી તે બન્નેને કંઠે વળગી પડ્યો. ઘણા દિવસને વિરહ હતો અને આજ અહીં આવી રીતે મળ્યા, તેથી પરસ્પર એક બીજાનું જૂનું દુઃખ નવું થઈ આવ્યું અને તે હજારગણું વધી પડ્યું.

તે જોઈ બીજા કેદીઓ તેઓને ધીરજ આપીને કહેવા લાગ્યાઃ 'ભાઇઓ! આ રડવું—શોક કરવો હવે બંધ કરો! પૂર્વ જન્મમાં કરેલાં કર્મને શું કોઇ પણ ફેરવી શકે છે? તમે શું વિચાર કરતા નથી કે, આપણે સર્વને અહીં પુલિંડસના રાજાએ કારાગૃહમાં પૂર્યાં છે, અને આપણ સર્વનું એક સાથે જ મૃત્યુ થવાનું છે? ભિલ્લરાજ વિંધ્યકેતુ આવતી કાળીચૌદશને દિવસે, દેવી દુર્ગાની મહાપૂજા કરવાનો છે! તે દિવસે દેવીને નરપશુનું બલિદાન આપવા માટે આપણને અહીં એકઠા કર્યા છે, તો હવે અફસોસ કરવાનું શું પ્રયોજન છે? નસીબની ગતિ, જે જીવતા પ્રાણી સાથે રમતગમત કરે છે, તે અદ્‌ભુત છે! જ્યારે દૈવે તમારાપર સંકટ આણ્યું છે, ત્યારે તે જ પ્રમાણે તે તમારું કલ્યાણ પણ કરશે, ધીરા રહો!" જ્યારે આ પ્રમાણે બીજા કેદીઓ બોલ્યા ત્યારે રાજકુમાર વગેરે પણ પરાધીન થઇને બેસી રહ્યા. અફસોસ છે કે, મોટા પુરુષોને પણ આપત્તિને અધીન થઇને બેસવું પડે છે.

જ્યારે કાળીચૌદશનો દિવસ આવ્યો, ત્યારે રાજાએ પોતાના માણસોને આજ્ઞા કરી કે, હું દુર્ગાદેવીનું પૂજન કરવા માટે જાઉં છું અને તમે સઘળા કેદીઓને લઇને પાછળથી મંદિરમાં આવજો. આમ કહીને રાજા પોતે દેવી દુર્ગાને મંદિરે ગયો અને સઘળા કેદીઓને પણ મંદિરમાં લઈ જવામાં આવ્યાઃ જેમાં સુંદરસેન રાજકુમાર પણ હતો. દેવીની મૂર્ત્તિ અતિ ભયંકર હતી. દીવાની જ્યોત જેવી લાલ સુરેખ તેની જીભ હતી; તેના દાંત તે જાણે કંઠમાં ઘાલેલી ઘંટાવળિ હોય તેવા હતા; કંઠમાં માણસની તુંબલીની માળા પહેરી હતી, તેને લીધે દેવીનું મુખ ભયંકર મૃત્યુના મુખ જેવું ભાસતું હતું. સઘળા કેદીઓમાંથી સુંદરસેન તે દેવીના ભયંકર મુખ તરફ નજર કરીને નમ્રતા ને દીનતાથી પ્રેમપૂર્વક આ પ્રમાણે સ્તુતિ કરીને



વિનતિ કરવા લાગ્યોઃ " હે દેવી અંબિકા! તેં અસુરોના મહાભયંકર જુલમાટથી કોપી, તારા લોહીવર્ણા ત્રિશૂળથી તેઓનો નાશ કીધો છે ને મહાસમર્થ દૈત્યોને છુંદી નાંખ્યા છે; તું વળી તારા ભક્તોને સંકટમાં સહાય કરનારી છે, એવી હે દેવી! તું મારી તરફ પૂર્ણ દયા કરીને જો! હું દુઃખ દાવાનળમાં બળું છું, તેનાપર અમૃતનો વર્ષાદ વરસાવીને શાંતિ આપ! હે દેવિ! હું તને પ્રણામ કરું છું!"

જ્યારે આ પ્રમાણે બોલીને રાજકુમાર દેવીની સ્તુતિ કરતો હતો, તેટલામાં પુલિંડસનો રાજા વિંધ્યકેતુ, દેવીની પૂજા કરવા માટે આવ્યો. જેવો રાજકુંવરે તે ભિલ્લના રાજાને જોયો કે, તરત તેને ઓળખી કાઢ્યો કે આ તો મારા પિતાની કૃપાનું માણસ છે, તેથી તે અત્યંત લજ્જાવશ થઈ ગયો ને નીચે મુખે પોતાના મિત્રાને કહ્યુંઃ " અહા! આપણા ભિલ્લરાજા વિંધ્યકેતુ આવે છે. એજ આ વિંધ્યાચળનો રાજા છે. એ મારા પિતાને હંમેશાં પ્રણામ કરવા આવતો હતો. હવે જે થવાનું હોય તે થાય, પણ આપણે અહીં કંઈ પણ બોલવું નથી, કારણ કે માની પુરુષો મરવું સ્વીકારે છે, પણ આવી નઠારી અવસ્થામાં તે કેમ આવ્યો, તે બીજાને જણાવવાનું સ્વીકારતો નથી."

હજુ આ પ્રમાણે રાજકુમાર પોતાના મંત્રીઓની સાથે વાત કરે છે, ત્યાં તો વિંધ્યકેતુ રાજાએ પોતાના નોકરોને આજ્ઞા કરી કેઃ " સીપાઇઓ અહીં આવો, ને મને બતાવો કે કીયા પશુએ પકડતી વખતે આપણાં ઘણાં માણસોને કાપી નાંખ્યાં છે? કયાં છે તે? તેને હાજર કરો. મારે તે શૂરવીર પુરુષને જોવો છે!" જેવો રાજાનો હુકમ થયો કે, તુરત સીપાઇઓ, જેના શરીર ઉપર મોટા મોટા ઘા પડેલા હતા, પણ તેમાંનું લોહી સુકાઇ ગયું હતું, અને સર્વાંગ ધૂળ ધૂળ થઈ રહ્યું હતું તેવા સુંદરસેનને પકડીને રાજાની આગળ ખડો કર્યો. રાજા વિંધ્યકેતુએ તેના તરફ જરા જોયું તો તેને તે સહેજ ઓળખાણવાળો જણાયો, ત્યારે શંકાથી પૂછ્યુંઃ "તું કોણ છે અને ક્યાંથી આવ્યો છે?" સુંદરસેને જવાબ દીધોઃ "હું જે છું તે છું, તું તારું કામ જે ચાલે છે તે કર. તારે મારા નામ ઠામનું શું પ્રયોજન છે?"

રાજા વિંધ્યકેતુ સુંદરસેનનો સ્વર સાંભળીને તેને બરાબર પિછાણી અત્યત ગભરાઇ ગયો; અને " હાય! હાય!" આમ બોલતો બોલતો જમીન ઉપર મૂર્છાગત થઇ પડ્યો. પછી તે રાજકુમારને ભેટીને વિલાપ કરતો બોલ્યો; " અરે પ્રતાપિ મહાસેન! તમે મારા ઉપર જે જે ઉપકાર કર્યો છે, તેના બદલામાં હું ચંડાળ હવણાં તમારો કેવો ધિક્કાર કરવા જોગ બદલો વાળું છું! આ તમારો પ્રાણ કરતાં પણ વધારે પ્રિય એવો પુત્ર સુંદરસેન, જે કોણ જાણે અત્ર કયાંથી આવી ચઢ્યો છે, તેને બલિદાન માટે હું તૈયાર કરું છું! હાય! હાય! શો અનર્થ! ધિક્કાર! ધિક્કાર! આ દેહને!" આ અને એવા જ બીજા કરુણાળ શબ્દ બોલી તે રડવા લાગ્યો. તે સાંભળી મંદિરમાં ઉભેલાં સઘળાં માણસોની આંખમાંથી દડદડ આંસુ પડવા લાગ્યાં. પણ સુંદરસેનના મિત્રો, જે આથી ઘણા જ પ્રસન્ન થઈ ગયા હતા તે સર્વે

ભિલ્લરાજને દિલાસો આપીને બોલ્યા; "ભિલ્લરાજ! તમે પ્રથમથી રાજકુમારને ઓળખ્યા નહીં, તેમાં તમારો અપરાધ નથી. હવે જે બાબત થઈ ગઈ તે માટે અફસોસ શું કામ કરો છો? આજ તો મોટી હર્ષની વાત છે કે, તમે રાજપુત્રને ઓળખ્યા, તો હવે ખેદ તજો."

પછી ભિલ્લરાજા પોતે કરેલા અપરાધનો શોક કરવો મૂકી દઈને રાજકુમારના ચરણમાં પડયો; અને તેની આગળ પોતાના અપરાધની ક્ષમા માંગી, તથા જેટલા પુરુષોને મારવા માટે કેદ કર્યાં હતા તે સઘળાને છોડી દીધા! પછી પોતે દેવીનું પૂજન કરી રાજકુમારને અને તેના મિત્રોને સાથે લઈ પોતાના ગામમાં ગયો ને સૌને પોતાના ઘરમાં ઉતારો આપ્યો. પછી રાજપુત્રના ઘાપર પાટાપટ્ટી કરી, પથ્ય પળાવીને તેની સેવાચાકરી કરવા માંડી.

એક દિવસ રાજકુમારને ભિલ્લરાજે પૂછયું, "કહોને મહારાજ, તમે આ વનમાં કેમ આવી ચઢયા! તે જાણવાની મને અતિ ઉત્કંઠા છે."

ત્યારે સુંદરસેને પોતાની સર્વ વાર્તા ઇત્થંભૂત કહેવા માંડી કે, 'હું મંદારવતીને પરણવા માટે જતો હતો, એવામાં સમુદ્રમાં મારું વહાણ ભાંગી ગયું અને હું તરતો તરતો કિનારા ઉપર નિકળ્યો. પછી ભટકતો ભટકતો પુનઃ મંદારવતીને મળ્યો અને તેનું હરણ થયા પછી હું અહીંયાં આવી ચઢયો છું!' વિગેરે બધી વાર્તા સારી રીતે કહી સંભળાવી. તે સાંભળીને ભિલ્લરાજના મનમાં ઘણું જ આશ્ચર્ય થયું અને તે બોલ્યો; "અહોહો! કેવા અવનવા બનાવો બને છે! તમે મંદારવતીને પરણવા માટે ગયા, અને તેમાં વળી સમુદ્રમાં વહાણ ભાંગી ગયું, ત્યાંથી તમે મતંગજ મુનિના આશ્રમમાં જઈ ચઢયા, ત્યાં વળી તમને મંદારવતીનો સમાગમ થયો; વળી તેને લઇને તમે નિકળ્યા, ત્યાં માર્ગમાં તમે વાણિયાપર વિશ્વાસ મૂકયો ને તે તમારી સ્ત્રીનું હરણ કરી ગયો; વળી તે સ્ત્રી આ વનમાં મળશે એવા વિશ્વાસથી તમે અત્રે આવ્યા; ત્યાં તો તમે બલિદાન માટે પકડાઇને કેદખાનામાં પડયા; ત્યાં વળી તમને અમારી સાથે ઓળખાણ થઈ અને મૃત્યુના મુખમાંથી તમો છૂટયા! બેશક દૈવની ગતિ ગહન છે! તેને કોઈ જાણી શકતો નથી. હું દૈવને સર્વથા પ્રણામ કરું છું! હવે રાજકુમાર! તમારે તમારી પ્રિયાવિશે જરા પણ ચિંતા કરવી નહીં. કારણ કે દૈવે જેમ તમારી આવી સ્થિતિ કરી છે, તેમ તે જ તમારું સારું પણ કરશે," આમ જ્યાં ભિલ્લરાજા, રાજકુમારને ધીરજ આપે છે, એવામાં તેનો સેનાપતિ ઉતાવળો ઉતાવળો ત્યાં આવ્યો ને રાજાને પ્રણામ કરી કહ્યું: "મહારાજ! કોઇએક વાણિયો આ આપણા વનમાં આવી ચઢયો છે. તેની પાસે પુષ્કળ નાણું છે ને તેના સંગે એક ઉત્તમ અને નાજુક સ્ત્રી છે, જે ઘણી જ ફુટડી છે. તેની સાથે ચાકરો પણ છે. જેવું તે વાણિયા સંબંધી મેં જાણ્યું, તેવો જ હું તેનાપર તૂટી પડયો ને તે સઘળાને કેદ કરીને, તેનું દ્રવ્ય ને તે સ્ત્રીને લઈ હજૂરમાં આવ્યો છું અને તેઓને બહાર ઉભાં રાખ્યાં છે!" સુંદરસેન અને વિંધ્યકેતુ, બન્ને જણા, સેનાપતિનું તે બોલવું સાંભળી વિચાર કરવા લાગ્યા કે, "શું પેલો વાણિયો મંદારવતીને લઇને સમુદ્રમાં નાસી ગયો હતો તે તો એ નહીં હોય?" આમ મનમાં વિચાર કરીને રાજાએ સેનાપતિને આજ્ઞા કરી,–"તે વાણિયાને અને તેની સાથે જે સ્ત્રી છે, તેને જલદી અંદર લઈ આવ." સેનાપતિ



તરત બહાર જઈ તે બન્નેને અંદર લઈ આવ્યો. વાણિયાને અને મંદારવતીને જોતાં જ દૃઢબુદ્ધિ બોલ્યો,–"આ જ તે રાણી મંદારવતી છે અને તેને હરણ કરનારો પણ આ જ દુષ્ટ વાણિયો છે!"

આમ બોલતાં બોલતાં તો દૃઢબુદ્ધિ, મંદારવતી તરફ જોઇને રડી પડ્યો ને બોલ્યો,–"દેવિ! આ તમારી શી અવસ્થા! તમારુ મુખકમળ મ્લાન થયું છે, તમારા અધરપલ્લવ સુકાઈ ગયા છે; તો શું તમારી તાપથી બળી ગયેલી લતાના જેવી અવસ્થા થઈ છે!" આમ જ્યાં તે બોલે છે, ત્યાં તો સુંદરસેન એકદમ ઉભો થઈ પોતાની પ્યારીને કંઠે વળગી પડયો. સ્ત્રી તથા પુરુષ બન્ને જણાંને ઘણા દિવસનો જે વિરહ થયો હતો તેની મલિનતા ધોવા માટે, ઘણીવાર સૂધી રુદન કરી આંસુ પાડી પરસ્પરની મલિનતાનો નાશ કર્યો.

પછી વિંધ્યકેતુએ તે બન્ને જણાંને ધીરા પાડીને છાનાં રાખ્યાં અને વાણિયાને પૂછયું કે,–"અયે એ બનિયા બકકાલ! તેં આ રાજકુંવરનો વિશ્વાસ મેળવી તેની સ્ત્રીનું શા માટે હરણ કર્યું? બોલ હરામખોર!" તે સાંભળી વાણિયાભાઇના તો ટાંગા ઢીલાઢબ થઈ ગયા. તે ભયથી ગદ્ગદ કંઠે અતતત્ બોલ્યો,–"મ–મ–મ મહારાજ! મેં જે આ કામ કર્યું તે નિષ્ફળ છે ને તે મેં મારા નાશ માટે જ કર્યું છે. આ પવિત્ર દેવી, સર્વ પ્રકારે પોતાના જ પ્રતાપથી નિષ્કલંકી રહી છે. હું તેને એક આંગળી પણ અડાડી શકયો નથી. જો કે તેના પાતિવ્રત્યનો ભંગ કરવા માટે હું તૈયાર થયો હતો, પરંતુ હું તે પ્રતાપી સ્ત્રીના ઘણા જ ઉગ્ર તેજને લીધે, અગ્નિની ઝાળને જેમ અડકી શકાય નહીં, તેમ અડકી શકયો નથી. મેં મારા મનમાં વિચાર કર્યો હતો કે, હું એને મારા દેશમાં લઈ ગયા પછી સમજાવીશ; અને જ્યારે તે શાંત થશે, ત્યારે હું તેની સાથે પરણીશ. હું પાપીનો આવો વિચાર હતો, તેની ક્ષમા કરો!" રાજા વિંધ્યકેતુએ આ સર્વ સાંભળીને સીપાઇઓને હુકમ કર્યો કે, જાઓ આ વાણિયાને ગરદન મારો. પણ સુંદરસેને કહ્યું,–"મહારાજ! તમે એને મારી નાંખવાની આજ્ઞા કરો નહીં, પણ તેને પોતાના પ્રાણ કરતાં પણ ધન વધારે વહાલું છે તે લુંટી લ્યો; અને પછી છોડી મૂકો. લોકમાં કહેવાય છે કે જે માણસો ધન વગરના છે તે દરરોજ મરણ પામેલા જેવા જ છે! પણ મરણ પામેલા તો ઉલટા વિશ્રામ ભોગવે છે; માટે મારા કહેવા પ્રમાણે કરો."*

આમ કહી સુંદરસેને તે વાણિયાને મરણના મુખમાંથી મુક્ત કર્યો અને તે હતભાગ્ય વાણિયો જીવતો રહેવાથી ખુશી થતો થતો પોતાનું ધન મૂકીને પોતાની મરજી પ્રમાણે ત્યાંથી ગમે ત્યાં ચાલતો થયો.

પછી મંદારવતીને અને સુંદરસેનને વિંધ્યકેતુ પોતાની રાણીના વૈભવભવનમાં લઈ ગયો. ત્યાં રાજાએ પોતાની રાણીને, મંદારવતીની સેવા કરવાનો હુકમ કર્યો. રાજકુમાર તથા રાણી બન્ને જણાંએ ઘણે દિવસે સ્નાન કર્યું, ચંદનાદિકનો લેપ કર્યો તથા આભૂષણ અને વસ્ત્ર

* "ગુજરાત જન વાર્તા" માં અભેસિંગ ને માનસિંગની વાર્તામાં આ જ પ્રમાણેનું એક વર્ણન એનો કર્તા આપે છે.

પહેરીને શણગાર સજ્યા. પછી રાજા વિંધ્યકેતુએ એક સિંહાસન ઉપર સુંદરસેનને બેસાડી મોતી, કસ્તુરી વગેરે ઉત્તમ ઉત્તમ વસ્તુઓ ભેટ કરી, તેનું સારી રીતે સન્માન કર્યું; અને તે જોડું મળ્યું તેના ઉત્સવ નિમિત્તે રાજાએ પોતાના નગરમાં ઉત્સવ મનાવી, મોટી ધામધૂમ કરી મૂકી. સમગ્ર ભિલ્લ તથા ભિલડીઓ આનંદમાં આવીને પુષ્કળ મજા કરતાં નાચવા કૂદવા મંડી પડ્યાં.

બીજે દિવસે સુંદરસેને વિંધ્યકેતુને કહ્યું,–"મારા ઘા રુઝાઈ ગયા છે ને મારો સર્વ મનોરથ પાર પડયો છે, તો હવે હું મારી રાજધાની તરફ જઇશ. પરંતુ મારા જવાની આગમજ એક પત્ર કોઈ ખેપીઆની સાથે મોકલીને મારા આવવાના સમાચાર મારા પિતાને જણાવો તો બહુ રુડું!" વિંધ્યકેતુએ, રાજકુમારના કહેવા મુજબ તાબડતોબ એક પત્રમાં રાજકુમારના આવવાના સમાચાર લખી, એક દૂતને મહાસેન રાજાની તરફ વિદાય કર્યો.

હવે અલકાપુરીમાં મહાસેન રાજા, પુત્રના સમાચારની ઘણા દિવસ સૂધી રાહ જોતો એકાંતવાસમાં બેઠો હતો; પરંતુ કંઈ પત્તો મળ્યો નહીં, ત્યારે તેણે પોતાની રાણી સહિત અગ્નિમાં બળી મરવાનો નિશ્ચય કર્યો અને જે દિવસે રાજદૂત ત્યાં જઈ પહોંચ્યો તે દિવસે પોતે શંકરના મંદિર આગળ એક ચિતા ખડકાવીને તેમાં પડવાની તૈયારી કરતો હતો. નગરની સઘળી પ્રજા તેની આસપાસ વિંટળાઇને અફસોસ કરતી હતી, એવામાં વિંધ્યકેતુનો દૂત, પત્ર લઇને દોડ્યો દોડયો તે ટોળાંની પાસે આવ્યો, અને જુવે છે તો આખું નગર રડારોળ કરી રહ્યું છે; અને રાજા ચિતામાં પડવાને તૈયાર થયો છે. તુરત જ તે ભિલ્લ, જોસભેર જઇને રાજાની આગળ ઉભો રહ્યો. તે દૂતનું શરીર ધૂળધૂળવાળું હતું, તેના હાથમાં તીર કામઠું હતું અને વેલાની છાલથી માથાના કેશ બાંધ્યા હતા. તે શરીરે શ્યામ રંગનો હતો અને બીલીપત્રનું ગુંથેલું વસ્ત્ર કેડ ઉપર બાંધ્યું હતું. તેવા ભિલ્લને હાંફતો હાંફતો આવેલો જોઇ લોકો તેના તરફ ટગર ટગર જોઈ રહ્યા. દૂતે મહાસેન રાજાને પ્રણામ કરી કહ્યું,–"મહારાજ! આપનો જયજયકાર હો! તમારા પુત્ર સુંદરસેન તથા મંદારવતી બન્ને જણાં, સમુદ્રમાંથી બચીને અમારા રાજા વિંધ્યકેતુને ત્યાં ઉતર્યાં છે. તેણે આપને પ્રથમથી જાણ કરવા માટે મને મોકલ્યો છે. પ્રતાપી રાજકુમાર, વિંધ્યકેતુની સાથે પાછળથી આવે છે."

આ પ્રમાણે કહી અને પોતાનું ખાસ કામ બજાવીને તે ભિલ્લરાજાના દૂતે, રાજાના શોકનો નાશ કીધો ને પછી રાજાના ચરણમાં પ્રમાણ કરી પેલો પત્ર મૂકયો. તુરત જ ત્યાં મળેલા મનુષ્યોએ મોટો હર્ષનો પોકાર કરી કહ્યું,–"રાજકુંવર સુંદરસેન ઘણું જીવો!" પછી તે પત્ર વાંચ્યો તો તેમાંથી મહાઅદ્ભુત વાર્તા જાણવામાં આવી, એટલે લોકો વધારે ખુશી થઇને જયજયકારનો પોકાર કરવા લાગ્યા. પછી પત્ર લઈ આવનારા દૂતને ઘણું માન આપ્યું ને મહાસેનરાજા પ્રસન્ન થતો, પોતાની પ્રજાને સાથે લઈ રાજધાનીમાં ગયો. શહેરમાં તો મહોત્સવ થઇ રહ્યો. બીજે દિવસે પોતાનો પુત્ર આવનાર હતો, એટલે રાજાનો જીવ તલપાપડ થઇ રહ્યો. તે અતિ ઉત્કંઠાથી મંદારદેવને સાથે લઇ રાજા પુત્રને સામૈયે ગયો. આ વખતે રાજાના અમોઘ ચતુરંગ–હાથી ઘોડા, રથ અને પાયદળરૂપ–સેનાના અસહ્ય ભારથી જાણે પૃથિવી ભયભીત થઈ હોય તેમ કંપતી હતી.



અહીં વિંધ્યાટવીમાંથી પણ સુંદરસેન, મંદારવતી, દઢબુદ્ધિ તથા કારાગૃહમાંથી મળી આવેલા વિક્રમશક્તિ અને ભીમભુજને સાથે લઈ પોતે એક પવનવેગી અશ્વ ઉપર સ્વાર થઈ નિકળ્યો. સાથે વિંધ્યકેતુ પણ પોતાની સેના લઇને આવ્યો હતો. તે વખતે આખી પૃથ્વી જાણે ભલ્લની સેનામય હોય તેવી જણાતી હતી. આ પ્રમાણે સર્વ તૈયાર થઇને દડમજલ મુસાફરી કરતા હતા, તે કેટલાએક દિવસ વીત્યા પછી નગર સમીપ આવી પહોંચ્યા. રસ્તામાં સુંદરસેનને તેના પિતા, કુટુંબીઓ સહિત સામા આવતા મળ્યા. તુરત કુંવર તથા તેના મિત્રો, અશ્વ ઉપરથી નીચે ઉતરી પડ્યા અને રાજા મહાસેનના ચરણમાં સાષ્ટાંગ પ્રણામ કર્યા; અને સાથે આવેલા કુટુંબીઓ ઘણા હર્ષથી નિહાળતાં તેમને મળ્યાં ને ભેટ્યાં. જેમ સમુદ્ર પૂર્ણિમાના ચન્દ્રમાને જોઈ ઉભરાઈ જાય છે, અને પોતાનામાં પોતે સમાઇ શકતો નથી, તેમ રાજકુમારને જોઈ રાજાના મનમાં પણ અથાગ આનંદ થયો અને તે અંદર ન માતાં ઉભરાવા લાગ્યો.

જ્યારે તેણે મંદારવતી વહૂને આવીને સસરાજીના ચરણમાં ખોળો પાથરીને પ્રણામ કરતી જોઈ, ત્યારે રાજા પોતાને તથા પોતાના કુળને ધન્ય ધન્ય સમજવા લાગ્યો; અને બહુ ખુશી થઈ ગયો. પછી રાજાએ પુત્રના ત્રણ મંત્રીઓ, જેઓ પણ તેના ચરણમાં પડયા હતા, તેમને કેતુએ પ્રણામ કર્યાં. તે સર્વને ઘણા જ આદરપૂર્વક માન આપ્યું.

પછી મહાસેન બોલ્યોઃ "કુંવરજી! આ રાજાનું નામ મંદારદેવ છે અને તે તમારા સસરા થાય છે, માટે તેના ચરણમાં પ્રણામ કરો!" તે સાંભળતાં જ સુંદરસેન સસરાને પગે પડ્યો, અને તેને પરમ સંતોષ પમાડયો. પરંતુ સુંદરસેનના મનમાં પોતાના બે મંત્રી, જેણે પ્રથમથી અલકાપુરીમાં સમાચાર કહ્યા હતા તે હજુ મળ્યા નથી તેને માટે ખેદ થતો હતો. એવામાં તો ચંડપ્રભ તથા વ્યાઘ્રપરાક્રમ પણ ત્યાં આવી પહોંચ્યા ને તે સુંદરસેનના ચરણમાં પડ્યા તે જોઇ સુંદરસેને પોતાના સર્વ મનોરથ સિદ્ધ થયા માન્યા ને જાણે તેને અષ્ટસિદ્ધિ ને નવેનિધિ મળી હોય તેમ લાગ્યું.

એવામાં શશાંકપુરમાં મહેંદ્રાદિત્યના જાણવામાં આવ્યું કે, સુંદરસેન હવણાં તેના નગરમાં આવી પહોંચ્યો છે, એટલે તે પણ હરખાતો હરખાતો તેને મળવા માટે આવ્યો અને માર્ગમાં જ્યાં સઘળા ઉભા હતા ત્યાં તે આવી પહોંચ્યો. પછી રાજકુમાર સુંદરસેન તે સર્વેને સાથે લઈ નળકુબેર જેમ રંભાને લઇને પોતાને મહેલે પધારે છે, તેમ તે પોતાની રાજધાની અલકામાં આવ્યો. એ નગરીમાં મોટા શ્રીમંત અને ઘણા પુણ્યવંત પુરુષો વસતા હતા, તેઓના ઘેર ઘેરથી નગર સુંદરીઓ રાજકુંવરને નિરખવાને નિકળી પડી, મહેલની બારીઓમાં ને અટારીઓમાં બેસીને તેના ઉપર પ્રેમદૃષ્ટિનો વર્ષાદ વર્ષાવવા લાગી. જ્યારે રાજકુમાર પોતાના પિતાની રાજધાનીમાં દાખલ થયો ત્યારે તેની માતા, જે રાત દિવસ વિરહવેદનાથી રડ્યા કરતી હતી તેના ચરણમાં તેણે પ્રણામ કરીને તેને શાંત કરી. તે દિવસે સઘળા સગાંકુટુંબીઓમાં અને ચાકરોમાં આનંદ આનંદ થઈ રહ્યો હતો.

બીજે દિવસે **મહાસેન** રાજાએ, જોશીઓને બોલાવીને મુહૂત પૂછ્યું; અને તેણે આપેલાં મુહૂર્તે, રાજા **મંદારદેવે** પોતાની પુત્રીનાં લગ્ન કર્યાં. **મંદારદેવને** કંઈ સંતાન ન હતું, એટલે તેણે ઘણા પ્રેમથી પુત્રીને અણમોલ રત્નો કન્યાદાનમાં આપ્યાં; ને પોતાના મરણ પછી પોતાનું રાજ્યપાટ વગેરે સર્વસ્વ પુત્રીને ભેટ કર્યું. **સુંદરસેનના** પિતા **મહાસેને** પણ પોતાના વૈભવને અને પોતાની ઇચ્છાને અનુસરતો મહોત્સવ કર્યો– આખું નગર જમાડયું, કેદીઓને છોડી મૂકયા અને સુવર્ણ તથા વસ્ત્રનો વર્ષાદ વર્ષાવી, હજારો માગણોને રાજી રાજી કરી દીધા ! પોતાને ઘેર આવેલા **મહાસેન મહેંદ્રાદિત્ય** તથા જંગલના રાજા **વિંધ્યકેતુને** ઘણું માન આપ્યું. તે સઘળા પણ મંદારવતીનો મેળાપ થવાથી પોતાને કૃતાર્થ થયેલા સમજતા અને **સુંદરસેન** આવ્યો જોઈ, ઘણા જ રાજી થતા થતા–જેમાં સ્ત્રીઓ ગીત ગાતી હતી અને નૃત્ય કરતી હતી, એવા વિવાહના આનંદને અનુભવી, પોત પોતાને ઘેર વિદાય થયા. સર્વે વિદાય થયા પછી **મહાસેન** રાજા પણ થોડા દિવસ રાજ્ય કરી, પોતાનો પુત્ર રાજ્ય યોગ્ય અને પ્રજામાં માનીતો થયો જાણી, તેને રાજ્યગાદી ઉપર બેસાડી, પોતે તપશ્ચર્યા કરવા માટે વનમાં ગયો. **સુંદરસેને** પિતા વનમાં પધાર્યા પછી ને પોતે ગાદી ઉપર બેઠા પછી, તમામ વેરીનો પોતાના બાહુબળથી પરાજ્ય કરી, પોતાના મંત્રીઓની સાથે રહી આખી પૃથ્વીપર એકચક્રે રાજ્ય કરવા માંડયું. **મંદારવતીના** પુનઃ મેળાપથી તે આનંદમાં ગાંડો ઘેલો થઈ જતો હતો ને બોલતો કે: “ પ્યારી ! દૈવે તારાપર ઘણું સંકટ પાડયું હતું !” એટલે **મંદારવતી** કહેતી,–“ના, નાથ! તમને ઘણું સંકટ પડયું હતું,” આમ વિલાસભવનમાં રહી કલ્લોલ કરતાં હતાં.

**વ્યાઘ્રસેન** મંત્રીએ સરોવરતટપર બેઠેલા **મૃગાંકદત્તને** આ પ્રમાણે કથા કહી; પુનઃ તેને કહેવા લાગ્યો: “હે રાજકુમાર ! આ પ્રમાણે તે મુનિએ અમને આશ્રમમાં અદ્‌ભુત કથા કહી સંભળાવી; અને જ્યારે તે કથા પૂર્ણ થઈ ત્યારે, દયાળુ એવા કણ્વમુનિએ અમને શિખામણ આપી કે; “ બાળકાઓ ! જે મનમાં ધીરજ રાખી, સહન ન થઈ શકે તેવાં વિષમ દુઃખને સહન કરે છે, તે લોકો આવી રીતે પોતાના અર્થો સિદ્ધ કરે છે; પરંતુ જે બળહીન હોય અને કંઈ પણ કરતા નથી તેઓ તો કષ્ટ જ ભોગવે છે! માટે તમે ગભરાઓ નહીં, અને હીજડાપણું છોડીને જાઓ, શોધ કરો. તમારા રાજા **મૃગાંકદત્તને** સર્વે મિત્રોની સાથે મુલાકાત થશે જ અને તે **શશાંકવતીને** પરણી પૃથ્વી ઉપર એક ચક્રવર્તી રાજા પણ થશે.” આ પ્રમાણે અમને કણ્વમહર્ષિએ કહ્યું, એટલે અમને ધીરજ આવી. પછી અમે ત્યાં રાતવાસો રહી, પ્રભાતના તે આશ્રમમાંથી નિકળ્યા. ધીમેધીમે ચાલતા આ વનમાં આવી પહોંચ્યા; ત્યાં તો થાકીને લોથપોથ થઈ ગયા. ભુખ પણ કડકડીને લાગી હતી અને તૃષા પણ તેવી જ લાગી હતી. તેવામાં આ વૃક્ષ નજરે પડયું કે, તુરત અમે તેનાપર ચડી ગયા ને ફળ લેવા મંડ્યા, પણ એટલામાં આ ગણેશના વૃક્ષના પ્રતાપથી અમે સર્વે ફળરૂપ થઈ ગયા. તો પછી મહારાજ ! તમે તપ કરીને આજ અમને ફળરૂપમાંથી મુક્ત કર્યાં છે!”



આ પ્રમાણેનું અમારા ચારે મંત્રીનું, જ્યારથી નાગનો શાપ થયો ને તમારાથી વિખૂટા પડ્યા, તે પછીનું વૃત્તાંત છે. હવે આપણો શાપ પૂર્ણ થયો છે. આપણે એકઠા મળ્યા તો હવે ચાલો, આપણું કાર્ય હવે સિદ્ધ કરીએ.

**મૃગાંકદત્તે** પોતાના મંત્રી **વ્યાઘ્રસેનની** પાસેથી આ પ્રમાણે કથા સાંભળી, ધીરજ ધરીને **શશાંકવતીને** મેળવવાની પૂર્ણ આશામાં ત્યાં જ રાતવાસો કર્યો.

## તરંગ ૩૫ મો.

### મૃગાંકદત્ત યુદ્ધે ચડયા.

પ્રભાત થયું એટલે **મૃગાંકદત્ત**, **શ્રુતધિ** અને બીજા મંત્રીઓ, તે સુંદર તળાવના કિનારા ઉપરથી ઉઠીને, સઘળાએ તે ગણપતિના વૃક્ષને પ્રણામ કર્યા ને પછી **શશાંકવતીને** મેળવવા માટે ત્યાંથી ઉજ્જયિની નગરી તરફ રવાના થયા. રસ્તામાં કેટલીએક વનભૂમિઓ, અનેક શતહ્રદવાળી* અને તમાલ (વૃક્ષ) જેવા શ્યામ રંગની ચોમાસાની રાત્રિ જેવી દેખાતી હતી. વળી તે વનભૂમિમાં કોઈ કોઈ ઠેકાણે ફરતા **ભીમે**† (હાથીઓએ) કીચકના કટકે કટકા કરી નાંખ્યા હતા અને વિપરીત **અર્જુનનો** આકાર જણાતો હતો, તેથી **વિરાટની** નગરી જેવી તે દેખાતી હતી. તે વનભૂમિ અને પર્વતની ગુફાઓ પુષ્પવતી‡ હતી, છતાં શુદ્ધ હતી, શાંત મુનિઓએ સેવત હતી, તોપણ ક્રૂરસત્વોનો§ તેમાં નિવાસ હતો. આવી ભયંકર વનભૂમિને તે રાજકુમાર તથા તેના મંત્રીઓ ઓલંઘી ગયા અને ઉજ્જયિની નગરીની નજદીકમાં જઈ પહોંચ્યા. ત્યાં **ગંધવતી** નામની નદીમાં સઘળાએ સ્નાન કરી પોતાનો થાક ઉતાર્યો. પછી તે નદી ઉતરી મહાકાળના મહાસ્મશાનમાં સર્વે જઈ પહોંચ્યા. ત્યાં મહા **ભૈરવનાથની** મૂર્તિનાં તેણે દર્શન કીધાં. એ મૂર્તિ, પડોસમાં બળતી ચિતાના ધુમાડાથી કાળી કોયલા જેવી થઈ ગઈ હતી, તેની આસપાસ હાડપિંજર તથા ખોપરીઓના ઢગલા પડ્યા હતા. મનુષ્યહાડકાની માળા પહેરીને વીરની મૂર્તિ એક તરફ ઉભેલી હતી. ત્યાં ભુતપ્રેત પિશાચ વગેરે ફરતાં હતાં અને ડાકણો આમ તેમ રમત કરતી હતા.

આવા ભયંકર સ્મશાનને વટાવ્યા પછી એક યુગની પુરાણી ઉજ્જયિની નગરી, જેમાં **કર્મસેનરાજા** રાજ્ય કરતો હતો, તેના દરવાજા આગળ **મૃગાંકદત્ત** જઈ પહોંચ્યો. તે નગરીને

*વનભૂમિપક્ષમાં ધરો સમજવાં અને મેઘપક્ષમાં વિજળી સમજવી.

†વનભૂમિપક્ષમાં ભીમ એટલે ભયંકર અને વિરાટ નગરીના પક્ષમાં ભીમસેન; વનભૂમિપક્ષમાં વાંસ અને નગરી પક્ષમાં કૈચાકીચક, વનભૂમિપક્ષમાં અર્જુન ઝાડ ને નગર પક્ષમાં અર્જુન પાંડવ.

‡ પુષ્પવતી–રજસ્વલા સ્ત્રી અને ગુફાના પક્ષમાં પુષ્પોવાળી. તેથી વિરોધ પરિહાર પણ થાય છે.

§ક્રૂરસત્વ એ વિરોધ છે. તેનો પરિહાર–ક્રૂર પ્રાણીઓ રહેતાં હતાં.

ફરતો કોટ હતો, જે જાણે પર્વતનાં શિખર હોય તેવો દેખાતો હતો. તે ઉપર ઉત્તમ કુળમાં જન્મેલા આબરુદાર શૂરવીર રાજકુમારના હાથ નીચેના સીપાઈઓ, જૂદા જૂદા હથિયારો સજી કિલ્લાની ડેઢી ઉપર બેસીને ચોકી કરતા હતા. તેની આસપાસ હાથી, ઘોડા ને રથો ફરી વળ્યા હતા, એટલે તે નગરમાં એક ચલિયું પણ પેસી શકતું નહતું.

આ પ્રમાણે રક્ષણ થયેલા નગરને જોઈને, મૃગાંકદત્ત મનમાં વિચારવા લાગ્યો કે, આ નગરીમાં ક્યાંયથી પણ પ્રવેશ કરી શકાય તેમ નથી તો હવે શું કરવું ! આવા વિચારથી તેના મનમાં બહુ દીલગીરી ઉત્પન્ન થઈ. તેણે પોતાના મંત્રીઓને કહ્યું: "અફસોસ છે કે હું બહુ મોટો દુર્ભાગી છું ! આ નગરી સુધી આવવા માટે મેં અનેક પ્રકારનાં કષ્ટ સહન કર્યાં, ઘણું દુઃખ વેઠ્યું, તો પણ હું એ નગરીમાં પ્રવેશ કરી શકીશ એમ મને લાગતું નથી; તો હવે શશાંકવતી પ્યારીને તો કેમ જ પરણી શકીશ? જ્યાં નજર કરું છું ત્યાં ચોકીપહેરાનો એવો મજબૂત બંદોબસ્ત જોવામાં આવે છે કે, એક ચલ્લુ પણ ફરકી શકે તેમ નથી;" મૃગાંકદત્તનાં આવાં નિરાશા ભર્યાં વચન સાંભળીને મંત્રીઓ બોલ્યા,–"રાજકુમાર ! શું તમે એમ ધારો છો કે, આપણે આટલા બધા આ નગરીને પહોંચી વળીશું નહી. તમારે આ બાબતમાં ગભરાવું નહીં, પણ ઉપાયો શોધવા જોઇએ. આપણને ઘણીવાર આકાશવાણીએ કહ્યુંછે કે, તમારા કામમાં ફતેહ પામશો, તે તમે કેમ વિસરી જાઓ છો?" મંત્રીઓનું તેવું વચન સાંભળી મૃગાંકદત્તે શહેરની બહાર કેટલાએક દિવસ સુધી રહેવાનો વિચાર કરીને એક સ્થાનમાં સર્વ મંત્રીઓને સાથે લઈને તે રહ્યો.

પછી વિક્રમકેસરીએ, પ્રથમથી જે વીર વૈતાળને સાધ્યો હતો તે દ્વારા રાજમહેલમાંથી શશાંકવતીનું હરણ કરવાની ઇચ્છાથી તેનું સ્મરણ કર્યું કે તરત વૈતાળ હાજર થયો. તેના શરીરની કાંતિ શ્યામ રંગની હતી; તે કદે તાડ જેવો ઉંચો હતો; ગળું ઊંટના જેવું લાંબું હતું; મુખ હાથીના જેવું ભયંકર હતું; બળદના જેવા પગ હતા; આંખ ઘુવડના જેવી હતી અને કાન ગધેડાના કાનને મળતા હતા. એવી રીતે વૈતાળનું સ્વરૂપ અતિઘણું બેડોળ હતું, તે સાથે માણસને ભયજનક પણ હતું. તેણે આવીને કહ્યું કે,–"મને શી આજ્ઞા છે?" ત્યારે વિક્રમકેસરીએ કહ્યુઃ–"તું હમણાં ઉજ્જયિની જઈને રાજમહેલમાંથી શશાંકવતીને હરણ કરીને લાવ!" પછી વૈતાળ ઉજ્જયિનીમાં પેસવા ગયો, પણ તેમાં તે જઈ શક્યો નહીં. કારણ કે તે નગરીને શંકરે એવું વરદાન આપ્યું હતું કે, વૈતાળ, ભૂત, પ્રેત, વગેરે કોઇપણ તેમાં પ્રવેશ કરી શકશે નહીં. આથી વૈતાળ જેવો ગયો હતો તેવો જ નિરાશ થઇને પાછો ફર્યો, તેણે પોતાની અશક્તિ બતાવી. વિક્રમકેસરીએ તેને પાછા જવાની આજ્ઞા આપી. પણ આ જોઈને રાજકુમારનું મન તદ્દન ભાંગી પડ્યું–તથાપિ ઉજ્જયિનીમાં જવાને માટે તેને તાલાવેલી લાગી રહી.

તે જોઇને શ્રુતધિ બ્રાહ્મણ, જે નીતિનીપુણ હતો તેણે મૃગાંકદત્તને કહ્યું,–" રાજન્ ! તમે નીતિનાં તત્ત્વો જાણો છો, છતાં અજ્ઞાન પેરે મુઝાઓ છો શા સારુ? પોતાનાં અને પરનાં બળમાં કેટલો અંતર છે તેનો વિચાર કર્યાં વગર આવી બાબતમાં કયો માણસ વિજય મેળવે છે?



આ નગરીને ચાર દરવાજા છે. તેના પ્રત્યેક દરવાજા ઉપર બબ્બે હજાર હાથી, પચીસ પચીસ હજાર ઘોડા, દશ દશ લાખ રથ તથા જેમાં મોટા મોટા શૂરવીર પુરુષો નાયક તરીકે વ્યવસ્થા રાખે છે એવી દશ લાખ પાયદળ સેના, રાત દિવસ એનું રક્ષણ કરવા માટે તૈયાર થઇને ઉભી છે; તેને જિતવાનો વિચાર કરવો એ તો માત્ર એક સ્વપ્ન જ છે. તેમ આપણે બેચાર ગણત્રીનાં માણસોએ એકદમ વિચાર કર્યા વગર યાહોમ ઝોકાવી દાખલ થઈએ એ તો પતંગનું આચરણ ગણાય, અને તેમાં કંઈ પણ કાર્યસિદ્ધિ થાય નહીં. તેમ સાધારણ સૈનાથી પણ આ નગર જિતી શકાય તેમ નથી. કારણ કે આ અજિત્ય સૈનાપર આપણા જેવાએ હલ્લો કરવો, એ હાથી સાથે મનુષ્યોની લડાઈ થયા બરાબર છે. માટે હવે હું તમને જે સલાહ બતાવું તે પ્રમાણે કરો. તમે આગળ પુલિંડસના રાજા માયાબટુને, નર્મદા નદીમાં સ્નાન કરતી વેળા, ઝુંડના મુખમાંથી મરતો બચાવીને રક્ષા કરી હતી. તે ભિલ્લરાજ મિત્રની સહાયતા લ્યો. તેના મિત્ર, અતિ બળવાન્ દુર્ગપિશાચ, જે માતંગનો રાજા છે તેની પણ સહાયતા લ્યો. એ દુર્ગપિશાચ માયાબટુને લીધે તમારો પૂર્ણ પ્રેમવાળો મિત્ર થયો છે. એ બંનો રાજાઓ સાથે પરાક્રમશાળી, બાલ્યાવસ્થાથી બ્રહ્મચર્યવ્રત પાળનારા કિરાટના રાજા શક્તિરક્ષિતની મદદ માંગો. તે સર્વ બળવાન્ રાજાઓને એકઠા કરી, તેની સેનાથી ચારે દિશાને ઘેરી લ્યો ને પછી તમે તમારો મનોરથ પાર પાડવા માટે તૈયાર થાઓ. આપના સાંભળવામાં આવ્યું હતું કે, માતંગરાજા તો તૈયાર થઈને જ બેઠો છે અને તમારા નોતરાની જ માત્ર વાટ જુવે છે; એ તમે કેમ વિસરી ગયા? માતંગરાજાની સાથે જ માયાબટુએ પણ સંકેત કરી રાખ્યો છે અને તેપણ તૈયાર થઈને બેઠો છે. હવે માત્ર હૂકમની વાર છે. માટે આપણે સઘળા પ્રથમ તો વિંધ્યાચળની દક્ષિણ દિશા ઉપર આવેલા માતંગરાજના કરભગ્રીવ નામના નિવાસસ્થાનમાં ચાલો; ત્યાંથી જ આપણે શક્તિરક્ષિત કિરાટરાજને પણ તેડાવીશું. પછી આપણ સઘળા એકઠા મળીને જો ઉદ્યોગ કરીશું તો આપણું કામ પાર પડશે."

જ્યારે મૃગાંકદત્ત અને તેના મંત્રીઓએ શ્રુતધિનું તે બોલવું સાંભળ્યું, ત્યારે સર્વેએ કહ્યું,–"શ્રુતધિનું કહેવું ગંભીર અને વિદ્વાનને પણ માન્ય કરવા જોગ છે, માટે આપણે તેમ જ કરવું જોઇએ. અમે સર્વે એ બાબતમાં સંમત છીએ." પછી બીજે દિવસે પ્રભાતમાં, નિત્ય આકાશમાં અટન કરી જગતની આશાને* પ્રકાશ કરી સુખ આપનારા, ઉદયાચળની ટોચપર પ્રકાશ કરનારા, ગુણવંતના મિત્ર એવા ભગવાન્ સૂર્યને નમસ્કાર કરી, રાજકુમાર મૃગાંકદત્ત તથા તેના મંત્રી વ્યાઘ્રસેન, ભીમપરાક્રમ, ગુણાકર, મેઘબળ, વિમળબુદ્ધિ, વિચિત્રકથા, સ્થૂલબાહુ, વિક્રમકેસરી, પ્રચંડશક્તિ, શ્રુતધિ અને દૃઢમુષ્ટિ વગેરે સર્વે–ત્યાંથી વિંધ્યાચળની દક્ષિણ દિશા ઉપર આવેલા દુર્ગપિશાચના નિવાસભવન તરફ જવા નિકળ્યા. રસ્તામાં પોતાનાં ચરિત્ર જેવી અતિશય વિસ્તારવાળી અને ભયંકર વનભૂમિને અને પોતાના અભિપ્રાય જેવા વિસ્તીર્ણ વન પ્રદેશને ધીમેધીમે ઓળંગતાં, સાંજ પડી ત્યારે તે સર્વે એક સરોવરના કિનારા ઉપર, એક

* આશા એટલે દિશા ને આશા એવા બે અર્થ થાય છે.

ઝાડ નજીક જઈ પહોંચ્યા. બીજે દિવસે કુમાર, પોતાના મન જેવા ઉન્નત વિંધ્યાચળ પર્વત ઉપર ચઢ્યો અને તે ઉપરથી જમણા ભાગ તરફ નીચે ઉતર્યો. દૂર સપાટ પ્રદેશમાં નજર કરી તો હાથીના દાંત તથા મૃગચર્મ જેમાં અતિશય હતાં એવા ભિલ્લનાં ગામડાંઓ દેખાવા લાગ્યાં. તે જોઈ રાજકુમાર મનમાં વિચાર કરવા લાગ્યો કે, આમાં માતંગરાજનું ગામ કિયું હશે અને તે આપણને કેમ જડશે ?

આમ હજુ તે વિચાર કરે છે, એવામાં તો રાજકુમારે અને તેના મંત્રીઓએ એક મુનિકુમારને સામે આવતો દીઠો. તુરત રાજકુમાર અને તેના મંત્રીઓએ તેને પ્રણામ કર્યાં. પછી રાજકુમારે પૂછ્યું,–"હે સૌમ્ય ! ભિલ્લના રાજા દુર્ગપિશાચનું ઘર કેઈ દિશામાં છે, તે તમે જાણો છો ? અમારે તેને મળવું છે. સદ્‌ગુણશાળી તાપસકુમાર તે સાંભળીને બોલ્યો,–"અહીંથી એક કોશ દૂર પંચવટી નામનો એક પ્રદેશ છે; જ્યાંથી થોડે દૂર અગસ્ત્યમુનિનો આશ્રમ છે. જે આશ્રમ ગર્વિષ્ઠ થયેલા નહુષરાજાને સ્વર્ગમાંથી નીચે ઢોળી પાડીને તેની અવગણના માટે બાંધ્યું હોય તેવું જણાય છે. પિતાની આજ્ઞાથી વનવાસ સ્વીકારીને રામ, અને લક્ષ્મણ, સીતા સહિત જ્યાં આવીને ઘણા દિવસ સુધી, તે મુનિની સમીપમાં રહ્યાં હતાં; અને એવામાં રાહુનો નાશ કરનારા સૂર્ય અને ચંદ્ર જેવા રામ અને લક્ષ્મણ, જેઓએ અનેક રાક્ષસોનો નાશ કીધો હતો તેમને પીડા કરવા માટે કબંધ નામનો રાક્ષસ આવ્યો હતો, ત્યારે શ્રી રામચંદ્રે યોજનબાહુની ( કબંધરાક્ષસની ) ભુજાને કાપી નાંખીને, લાંબી સુવાડી મૂકી હતી, અને તે જાણે અગસ્ત્ય મુનિની પ્રાર્થના કરવા માટે આવેલા સર્પાકારમાં રહેલા નહુષરાજાનો ભ્રમ કરાવતી હતી, તે આશ્રમ તમે જોજો. જ્યાં હજી પણ જ્યારે રાક્ષસો ચોમાસામાં મેઘની ગર્જનાઓ સાંભળે છે, ત્યારે તેઓને આકાશમાં છવાઈ જનારો રામના ધનુષનો ટંકાર યાદ આવે છે, એટલે તેઓ ચારે દિશામાં નજર કરે છે. વળી જ્યાં સીતાએ ઉછેરેલા વૃદ્ધ મૃગો જ્યારે ચારે તરફ નજર કરે છે ને સર્વત્ર શૂન્ય જણાય છે, ત્યારે તેઓની આંખમાં અશ્રુઓ આવી જાયછે અને તેઓ અતિ દુઃખથી દ્રવિત થઈને તૃણ ચરતા બંધ પડી જાય છે; જ્યાં રામે ઘણાં મૃગ માર્યાં ત્યારે શેષ રહેલા મૃગની રક્ષા કરવા માટે મરીચીરાક્ષસે સુવર્ણમૃગનું રૂપ ધારણ કરીને, રામચંદ્રને દૂર લઈ જઈ છળ્યા હતા ને પાછળથી સીતાનું હરણ કરાવીને તેનો વિરહ કરાવ્યો હતો ને તેવી રીતે અનેક મૃગોનું રક્ષણ કીધું છે, તેવા બાકી રહેલા મૃગો નિર્વિઘ્ને હજીપણ ચરે છે; જ્યાં કાવેરીના પુષ્કળ જળવાળા પ્રદેશમાં, જાણે અગસ્ત્યે સમુદ્રનું પાન કરીને તે જળને પાછું કાઢ્યું હોય તેમ ડગલે ડગલે જળાશયો જોવામાં આવે છે, ત્યાં તમો જાઓ. આવા અનુપમ અગસ્ત્યના આશ્રમથી થોડે છેટે, વિંધ્યાચળના સપાટ પ્રદેશ ઉપર કરભગ્રીવ નામનો એક ઘણો જ દુર્ગમ કિલ્લો છે. તે કિલ્લામાં ભિલ્લનો રાજા દુર્ગપિશાચ રહે છે. તે ઘણો જ બળવાન્ છે. તેને કોઈપણ રાજાએ વશ કર્યો નથી; કારણ કે તેનું પરાક્રમ ભયંકર છે. દુર્ગપિશાચના હાથ નીચે એક લાખ તીરકામઠાંવાળા ભિલ્લ લોકો છે; અને તે સઘળાઓના ઉપરી તરીકે પાંચસો વીર યોદ્ધાઓ છે; જેઓ જુદી જુદી વણજારો પાછળ ફરી તેઓને લૂંટે છે. દુર્ગપિશાચ કોઈ



પણ રાજાની આણ માનતો નથી અને પોતાની મરજી માફક ધનવાન્ વટેમાર્ગુઓને પોતાના માણસો મારફતે લૂટી લેછે. તે સર્વે શત્રુઓનો નાશ કરી, આ વિંધ્યાટવીના વનનો સર્વોપરી સ્વામી થઈ બેઠો છે."

જ્યારે મૃગાંકદત્તે, આ પ્રમાણે દુર્ગપિશાચના રહેઠાણને, તે મુનિકુમારના કહેવાથી જાણ્યું, ત્યારે તેણે મુનિને પ્રણામ કર્યા ને તેની આજ્ઞા લઈને જલદીથી તે તરફ વળ્યો. તે પોતાના મંત્રીઓ સહિત, મુનિએ બતાવેલે માર્ગે જ ચાલ્યો. ક્રમે ક્રમે જ્યાં માતંગપતિ દુર્ગપિશાચને રહેવાનો કિલ્લો કરભગ્રીવ હતો, તેની નજીકમાં તે જઈ પહોંચ્યો. આસપાસમાં ભિલ્લ લોકોનાં અસંખ્ય ગામડાંઓ હતાં. તે જ્યાં ચોતરફ નજર કરે છે ત્યાં તો કોઈ ભિલ્લે મોરપીંછ ખોસ્યાં હતાં, કોઈના હાથમાં હાથીના દાંત હતા, કોઈએ શરીર ઉપર વાઘાંબર ધર્યું હતું અને કોઈએ હાથમાં મૃગનું માંસ લીધું હતું–તેવી રીતે ફરતા જણાતા હતા. તે ભિલ્લોને જોઈ રાજકુમારે પોતાના મંત્રીઓને કહ્યું,–"મિત્રો ! જુઓ આ ભિલ્લ લોકો, પક્ષીની માફક અરણ્યમાં ફરી પોતાની આજીવિકા ચલાવે છે; તોપણ તે દુર્ગપિશાચને પોતાનો રાજા કરીને માને છે–એ કેટલું બધું આશ્ચર્યકારક છે ? આ ઉપરથી નજર કરતાં અમે વિચારતાં જણાય છે કે, કોઈપણ વસ્તુ રાજા વગરની નથી. આશ્ચર્યજનક તો એ છે કે કોઈ પણ જનપ્રતિ અન્યાયથી વર્તીને એક બીજાની વસ્તુનો ઉપભોગ કરે નહીં, તેની મર્યાદા બાંધવા માટે, બ્રહ્માએ પ્રજાની ઉપર રાજા નામનો એક ઉપરી સરજ્યો છે કે જેની મર્યાદામાં સઘળા રહે છે." આ પ્રમાણે રાજકુમાર પોતાના મિત્રોને કહેતો કહેતો, દુર્ગપિશાચનો કરભગ્રીવ કિલ્લો શોધતો હતો; એટલામાં તો માયાબટુ, જે પણ ત્યાં આવ્યો હતો તેનાં માણસોએ, પ્રથમ જોયલા રાજકુમારને ઓળખી કાઢ્યો. તેઓ તરત પાછા ફરી માયાબટુની પાસે ગયા ને કહ્યું,–"રાજકુમાર મૃગાંકદત્ત અહીં પધાર્યાં છે." એટલે ભિલ્લરાજા સેનાસહિત તેની સામે આવ્યોઃ અને તેની નજદીકમાં પહોંચતાં જ અશ્વ ઉપરથી ઉતરી પડ્યો ને પ્રેમભર્યો દોડતો કે રાજકુમારના ચરણમાં પડ્યો; પછી ઉભો થઈ તેને ગળે વળગી પડ્યો. રાજાએ તેને કુશળ સમાચાર પૂછ્યા. અન્યોઅન્ય મળ્યા ભેટ્યા પછી માયાબટુ તે રાજકુમારને અને તેના મંત્રીઓને વાહન ઉપર બેસાડી પોતાની છાવણીમાં લઈ ગયો. ભિલ્લરાજા માયાબટુએ, દુર્ગપિશાચને, મૃગાંકદત્ત આવ્યાના સમાચારની જાણ કરવા માટે પોતાના ખાસ કંચુકીને મોકલ્યો. તે કંચુકીએ માતંગરાજા દુર્ગપિશાચને જેવા આ વર્તમાન કહ્યા તેવો જ, પોતાના નામને સાર્થક કરનારો તે* રાજા પણ, પોતાના મહેલમાંથી નિકળીને ત્યાં આવ્યો. દુર્ગપિશાચનું શરીર એક મોટી શિલા જેવું કઠિન હતું, તેના શરીરની કાંતિ તમાલ જેવી હતી અને તેના પાદમાં ભિલ્લ લોકો આશ્રય કરીને રહ્યા હતા, તેથી જાણે બીજા વિંધ્યાચળ જેવો તે દેખાતો હતો. તેની ભ્રુકૂટી સ્વભાવે જ ત્રણ પાંખડાવાળી હતી, તેથી જાણે

* દુર્ગપિશાચ એટલે રાક્ષસોનો કિલ્લો–મોટો–મહાસમર્થ.

વિંધ્યવાસિની દેવીએ પોતાનો ભક્ત કરવા માટે તેના લલાટમાં ત્રિશૂળનું ચિહ્ન કર્યું હોય, તેવું તેનું મુખ ભયંકર દેખાતું હતું. જો કે તે તરુણ હતો તોપણ તેણે સમગ્ર વયસ* ખાળી કાઢ્યાં હતાં; જો કે તે કૃષ્ણ† હતો, તોપણ કોઈની સેવા કરતો નહતો, છતાં તે ભૂભૃત (રાજા)‡ ની સેવા કરતો હતો. નવા મેઘની પેઠે, તે મયૂરના પિચ્છથી§ વિચિત્ર ધનુષને ધારણ કરતો હતો; હિરણ્યાક્ષની માફક અતિ વિકાળ વરાહે** તેના શરીરને ઘાયલ કર્યું હતું, ઘટોત્કચની પેઠે પરાક્રમી અને વિકાળ ભીમ રૂપને†† તે ધારણ કરનારો હતો; કળિકાળની પેઠે તેના રાજ્યમાં જે જન્મતા, તે પ્રજા ધર્મમાં પ્રેમશાળી અને મર્યાદારહિત થતી હતી. સહસ્રાર્જુને પોતાનો આડો હાથ ખસેડી લેવાથી જેમ નર્મદા નદીનો પ્રવાહ છૂટીને ભૂમિમાં ફેલાઈ જતો હતો, તેમ દુર્ગપિશાચની સેના પૃથ્વી ઉપર ચારે તરફ ફેલાઈ ગઈ હતી.‡‡ આ ભિલ્લ રાજાની સેના જ્યારે ચોતરફ ફરી વળતી, ત્યારે જાણે એમ થતું કે, શું શ્યામરંગી સમુદાયના અંજનપર્વત ઉપરથી શિલાઓ પડી છે, કે પૃથ્વી ઉપર અચાનક કલ્પાંતે પ્રલય સમયનો મેઘ સમૂહ પડ્યો છે? આવી શંકા ઉપજતી હતી; અને તે સેનાની શ્યામરંગની કાંતિથી દિશાઓમાં અંધકાર (કાળાશ) ફેલાઈ જતો હતો.

આવી સેનાના સ્વામી દુર્ગપિશાચે, દૂરથી જ જમીન ઉપર પોતાનું મસ્તક મૂકીને, મૃગાંકદત્તને પ્રણામ કીધા ને પછી બોલ્યો; "આજ મને વિંધ્યવાસિની દેવી પ્રસન્ન થયાં છે; કારણ કે આપ ઉત્તમ વંશમાં જન્મેલા મહારાજ રાજકુમારે મારે ઘેર પધારીને તે પાવન કર્યું, તો પછી મારા જેવો ભાગ્યશાળી તથા કૃતકૃત્ય કોઈ પણ નહીં હોય!" આ પ્રમાણે માતંગરાજે કહીને, પછી મોતી અને કસ્તુરી વગેરેનું રાજકુમારને નજરાણું કર્યું. રાજકુમારે પણ યથોચિત પ્રેમવડે તેને માન આપી, તેની ભેટ સ્વીકારી. પછી સઘળાએ પોતાની સેનાનો ત્યાં જ પડાવ નાંખ્યો. તુરત ત્યાં સાંકળોથી બાંધેલા હાથીઓ ઝૂલવા લાગ્યા, ઘોડાઓ પાયગામાં હણહણાટ કરવા લાગ્યા, પાળાઓ પોતપોતાના તંબૂમાં નિવાસ કરીને રહ્યા અને તેને લીધે તે વિશાળ વનભૂમિ ખળભળાટ પામીને જાણે પોતાને અપૂર્વ નગરીની સમૃદ્ધિ

* 'વયસ' એટલે મોટી ઉમરનો ને બીજો અર્થ પક્ષી થાય છે.

† કૃષ્ણ એટલે કાળો ને એ એક અવતારનું નામ છે.

‡ પર્વતનાં ચરણ-મૂળની સેવા કરતો હતો, એટલે તળેટીમાં રહેતો હતો.

§ ભિલ્લના ધનુષનું પુછડું, મોરના પીછાથી વિચિત્ર જણાતું હતું.

** હિરણ્યાક્ષના શરીરને જેમ વરાહરૂપ ઈશ્વરે ચીરી નાંખ્યું હતું, તેમ આના શરીરમાં વરાહે મોટા ઘા કર્યા હતા.

†† ભિલ્લરાજાનું શરીર ઘણું ભયંકર અને બળવાન્ હતું.

‡‡ અંગ્રેજી ભાષાંતરકાર અત્રે સમજેલો જણાતો નથી. સહસ્રાર્જુન હંમેશાં નર્મદા નદીમાં સ્નાન કરવા જતો, ત્યારે તેના હજાર હાથવડે તે નર્મદાના જળને ખાળી રાખતો, પણ તે હાથો જ્યારે તે ખસેડી લેતો હતો ત્યારે એકદમ પાણીનો પ્રવાહ છૂટતો, તેથી ચોતરફ જળ જળ થઇ રહેતું હતું.



મળી હોય ને તેને લીધે મદમત્ત બની ગઈ હોય, તેમ એટલો સમય તે પોતાનું સ્વરૂપ પણ વિસરી ગઈ.

આ પ્રમાણે સર્વ માણસો પોતપોતાનો નિવાસ કરીને ક્રમવાર ગોઠવાઈ ગયા પછી, મૃગાંકદત્તે, તે વનના સુંદર બગીચામાંના એક તલાવ ઉપર જઈને સ્નાન કીધું અને નિત્યકર્મ કરી ભોજન લીધું. તે પછી એકાંતમાં પોતાના મંત્રીઓની સાથે બેસીને તે વિશ્રામ લેવા લાગ્યો. તુરત માયાબટુ તેની પાસે આવીને બેઠો અને દુર્ગપિશાચ પણ એક તરફ આવીને બેઠો. સભામાં જૂદા જૂદા વિષય ઉપર વાતો ચર્ચાવા માંડી. ચાલતી વાતમાં વચમાં રાજકુમારને પ્રેમ તથા વિનયવાળા ભાષણથી ચતુરાઈ દાખવતો દુર્ગપિશાચ બોલ્યો;–" મહારાજ! આ માયાબટુ ઘણા દિવસ થયા અહીં આવ્યા છે અને તમારી આજ્ઞાની વાટ જોતા અહીં મારી સાથે જ રહ્યા છે; તોપણ તમે અમને કંઈપણ સરસમાચાર મોકલ્યા નહીં. તમે આજદિન સુધી ક્યાં હતા અને શું શું કામ કર્યાં, તે હવણાં કૃપા કરીને અમને જણાવો તો ઠીક!" રાજકુમારે તેનું બોલવું સાંભળીને કહ્યું,–" સાંભળો. હું જ્યારે માયાબટુને ઘેર આવ્યો ત્યારે મારી સાથે માત્ર શ્રુતધિ હતો. પાછળથી ત્યાં ગુણાકર પણ આવી ચઢ્યો; અને ચાલતી વખતે ભીમપરાક્રમનો પણ મેળાપ થયો. હું આ ત્રણ મંત્રીને સાથે લઈ બીજા મંત્રીની શોધ કરવા નિકળ્યો. રસ્તામાં જતાં જતાં પ્રચંડશક્તિ તથા વિચિત્રકથનો પણ મેળાપ થયો, એટલે મારા પગમાં વધારે જોર આવ્યું; અને મનમાં આશા આવી કે, હવે આપણે બીજા મંત્રીઓને પણ મેળવી શકીશું. આમ નિશ્ચય કરતો હું આગળ ચાલ્યો જાઉં છું, એવામાં વિક્રમશાળી વિક્રમકેસરીનાં દર્શન થયાં. અમે સાત જણા થયા, તોપણ મારા ચાર મંત્રી હજી મને આવી મળ્યા ન હતા. તેની શોધ કરવામાં મારું મન ગુંચવાઈ ગયું હતું. 'હાય! હાય! તે બીચારા ક્યાં હશે? શું કરતા હશે?' આવા વિચારમાં ને વિચારમાં મને રાત્રે નિદ્રા પણ આવતી નહીં. તોપણ હું હવે પૂર્ણ હીંમતમાં હતો, કેમકે છ મંત્રી તો મળ્યા હતા, ત્યારે હવે ચારને મેળવવામાં શું વાર લાગવાની છે? આમ ધારીને હું આગળ ચાલ્યો. એવામાં માર્ગમાં એક ઉજ્જડ અરણ્ય આવ્યું. તેમાં ન મળે અન્ન કે ન મળે જળ! ચારે તરફ ધૂળના ઢગ ઉડતા માલમ પડતા હતા. સૂર્યનાં કિરણોના સખત તાપમાં અમારાં અંગો બળતાં હતાં, તો પણ અમે ઉતાવળથી ચાલતા હતા. ચાલતાં ચાલતાં રસ્તામાં એક સરોવરના કિનારા ઉપર જઇ પહોંચ્યા. ત્યાં એક ગણપતિનું નિવાસભૂત વૃક્ષ જોવામાં આવ્યું. તેનાપર પાકેલાં અને રસથી ભરપૂર મોટાં મોટાં ફળો લટકતાં હતાં. તેને જોઈ મારા મંત્રીઓ, જે ભુખ્યા તથા તરસ્યા હતા તે, હાથ પગ ધોયા વગર જ, એકદમ તે વૃક્ષ ઉપર ચઢી ગયા. જેવા તેઓ ચઢ્યા, તેવા જ તે સર્વે ફળરૂપ બની ગયા! માત્ર આ શ્રુતધિ અને હું જ ચઢ્યા ન હતા, તેથી અમે બે જ બચી ગયા. આ પ્રમાણેનો બનાવ જોઇને હું ચમકી ગયો. આ વખતે મારા મનમાં આવ્યું કે, હવે મારી આશા પાર પડવી મુશ્કેલ છે. હાય! હાય! મારા અદૃષ્ટમાં આમ થવા માંડ્યું છે, તો હવે શું કરવું? આમ વિચાર કરતાં કરતાં હું તમ્મર ખાઇને જમીન ઉપર પડી ગયો અને

મારી આંખોમાંથી ખળખળાટ આંસુ વહેવા લાગ્યાં. તે જોઈ શ્રુતધિ પણ મૂંઝાયો; પરંતુ તેણે ધીરજ રાખીને મને સમજાવ્યો કે, 'ભાઈ! તમને આમ મૂંઝાવું ઉચિત નથી. ઉભા થાઓ ને આકાશવાણી યાદ કરો!' તોપણ કેમે કરતો હું સમજ્યો નહીં; અને મરવાને તૈયાર થયો; ત્યારે મને શ્રુતધિએ રોકી રાખ્યો અને કહ્યું: 'તમે આ શું બાળચેષ્ટા કરો છો? કાલે સર્વ સારું થશે.' તે જ્યાં આમ કહે છે, એટલામાં આકાશવાણી થઇ કે, 'આ વૃક્ષમાં ગણપતિ રહે છે, માટે કોઈ અપવિત્રતાથી તે વૃક્ષ ઉપર ચઢી શકતા નથી. તારા મંત્રીઓ નાહાયા ધોયા વગર ઉપર ચઢી ગયા માટે, ફળરૂપ થઈ ગયા છે, તેમ બીજા ચાર મંત્રીઓ પણ અહીં આવીને આ જ વૃક્ષ ઉપર ચઢવાથી તે પણ ફળરૂપ થઇને રહ્યા છે. તે સઘળા તને મળશે, માટે તું ગણપતિનું આરાધન કર.' હું તે સાંભળીને તુરત ગણપતિનું સેવન કરવા લાગ્યો. પછી મારા આ સર્વે મંત્રીઓ ફળરૂપમાંથી મુક્ત થઇને મારી સેવામાં આવી નમ્યા. તેમાં બીજા ચાર મિત્ર **દૃઢમુષ્ટિ**, **વ્યાઘ્રસેન**, **મેઘબળ** તથા **સ્થૂળબાહુ** પણ હતા. આવી રીતે મારા સર્વ મંત્રીઓ, જે નાગના શાપથી છૂટા પડી ગયા હતા તે આવી મળ્યા. તે સઘળાને સાથે લઈ હું ઉજ્જયિની નગરી તરફ ચાલ્યો. પરંતુ તેના દરવાજા ઉપર એવી તો મજબૂત ચોકીઓ બેઠી છે કે, મારો તેમાં પ્રવેશ પણ થઈ શક્યો નહીં. મારી પાસે મોટી સેના નથી, માટે હું **શશાંકવતી**નું હરણ પણ કેમ કરી શકું? તેમ ત્યાં દૂત મોકલવાની મારી યોગ્યતા પણ કેમ ગણાય? આવો વિચાર આવવા પછી અમે સઘળા તમારી સહાયતા લેવા માટે, તમારી પાસે આવ્યા છીએ. હવે અમારું કાર્ય સિદ્ધ કરવા માટે, હે મિત્રો! તમે જેમ સલાહ આપો તેમ અમારે વર્તવાનું છે; કારણ કે તમારી સહાયતા વગર અમારું કાર્ય સિદ્ધ થાય તેમ નથી." આ પ્રમાણે જ્યારે **મૃગાંકદત્તે** પોતાનું ચરિત્ર કહી સંભળાવ્યું, ત્યારે **દુર્ગપિશાચ** ને **માયાબટુ** બોલ્યા: "હિમ્મત પકડો! આ તો અમારે માટે એક નાનીસરખી રમત છે. તે રમત રમતાં શી વાર? અમારા આ પ્રાણ પ્રથમથી જ આપને સ્વાધીન છે, તો હજુરનો હુકમ હોય તેમ વર્તીએ. જો આપનો હુકમ હોય તો અમે **કર્મસેન** રાજાને કેદ કરીને હવણાં તમારા મુખ આગળ રજુ કરીએ અને તેની કન્યા **શશાંકવતી**ને હવણાં હરી લાવીએ."

આ પ્રમાણે **માતંગરાજે** તથા **માયાબટુએ**—બન્ને જણાએ વિનતિ કરી, એટલે રાજકુમાર **મૃગાંકદત્ત**, પૂર્ણ પ્રેમ અને અતિ ઘણા માનથી બોલ્યો,—"તમારેવિશે જે કંઈ ધારીએ તે સર્વ ધારી શકાય છે. કારણ કે તમારામાં જે ધીરતા અને પરાક્રમ છે તે જ મિત્રના કબૂલેલા કામને પાર પાડવાનું સ્પષ્ટપણું જણાવી આપે છે. જ્યારે **બ્રહ્માએ** તમારો જન્મ આ ભૂમિપર આપ્યો, ત્યારેજ તમારામાં સર્વ ગુણો યથાર્થ રીતે તેણે મૂક્યા છે. તેણે **વિંધ્યાચળ** પર્વતની દૃઢતા, સિંહ, વાઘ વગેરેની શૂરવીરતા ને વનકમલિનીમાંનો મિત્રરાગ તમારામાં યથાર્થરૂપે મૂક્યો છે. બેશક, સત્ય માનો કે, આ પ્રમાણેની જૂદી જૂદી ગુણશાળી વસ્તુમાંથી ઉત્તમ ઉત્તમ ગુણ ગ્રહણ કરીને તમને સરજ્યા છે, તો તમને મારે કંઈ પણ કહેવું પડે તેમ નથી જ. હવે તમને ઠીક લાગે તેવી રીતે વર્તો." આ પ્રમણે જ્યાં **મૃગાંકદત્ત** વાર્તા કરે છે, ત્યાં તો સૂર્ય, અસ્તાચળના શિખર



ઉપર જઇને પોતાનો નિવાસ કીધો. પછી **મૃગાંકદત્તે** તથા તેના મંત્રીઓએ અને બીજા ભિલ્લ-રાજાઓએ પણ ઉતારામાં જઈ પોતાને ઘટતી ક્રિયાઓ કરી અને સર્વેએ ત્યાં જ છાવણીમાં રાત્રી ગાળી કાઢી.

બીજે દિવસે પ્રભાતમાં સર્વ ઉઠયા; અને **મૃગાંકદત્તે** પોતાના મિત્ર કિરાતરાજ **શક્તિરક્ષિત**ને બોલાવવા માટે ગુણાકર મંત્રીને મોકલ્યો. **શક્તિરક્ષિત**ની પાસે જઈ ગુણાકરે સર્વ વાર્તા કહી સંભળાવી. થોડા દિવસમાં **શક્તિરક્ષિત** પોતાની મોટી સેનાને સાથે લઇને, **મૃગાંકદત્ત** જ્યાં છાવણી નાંખી પડયો હતો, ત્યાં આવ્યો. **શક્તિરક્ષિત**ની સાથે દશ લાખ પાયદળ સેના હતી ને બે લાખ ઘોડેસ્વાર હતા. મોટા મોટા શૂરવીર, જે ઉપર બેઠા હતા એવા દશ હજાર મદમત્ત હાથીઓ હતા; અને અઠ્ઠયાશી હજાર રથ હતા. આ ગંજાવર સેનામાં ધ્વજા તથા પતાકા એટલી બધી હતી કે, તેનાથી આકાશ છવાઈ ગયું હતું. આ સર્વ સેનાના મોખરાપર **શક્તિરક્ષિત** અને ગુણાકર હતા. **મૃગાંકદત્તે** તે ગંજાવર સેનાને ફરીથી જોયા પછી, તે તુરત જ તેની સામે ગયો અને તેને માન આપી પોતાના મિત્રને તથા મંત્રીને છાવણીમાં લઈ આવ્યો. એવામાં **દુર્ગપિશાચ** તથા **માયાબટુએ**, દૂતદ્વારા પોતાના મિત્ર કુટુંબીઓને બોલાવ્યા હતા, તેઓ સર્વ પણ ત્યાં આવી પહોંચ્યા. આ વખતે તે છાવણીરૂપ સાગરમાં હજારો વાહિનીઓ (સેના અથવા નદીઓ) આવીને મળી અને મોટી મોટી ગર્જનાઓ થવા લાગી. તે જોઈ **મૃગાંકદત્ત**ના મનમાં અમોઘ આનંદ પ્રાપ્ત થયો. પછી **માતંગરાજ દુર્ગપિશાચે**, સર્વને જાતજાતનાં માંસ ભોજનો તથા ફળો પીરસાવ્યાં અને મદિરા પાઇને સંતોષ્યા; અને ઉત્તમ ઉત્તમ જરીનાં વસ્ત્રો તથા કેસર કસ્તુરી અને મોતીઓની માળા આપીને સર્વનો સારી રીતે સત્કાર કર્યો. તે છાવણીમાં નાયક તરીકે **માયાબટુ** હતો. તેણે સર્વને ઉષ્ણ જળથી સ્નાન કરાવી, ચંદન, કેસર, કસ્તુરી વગેરે અંગરાગ તેઓના શરીરમાં ચર્ચ્યાં અને પછી જળપાન કરાવી સુવા માટે શય્યા વિગેરેની પણ ગોઠવણ કરી. સર્વ પોતપોતાની યોગ્યતા પ્રમાણે જમીન ઉપર જમવા બેસી ગયા. પછી સર્વ રાજાની સાથે **મૃગાંકદત્ત** પણ એક ભાગમાં બેસીને જમ્યો. તે સર્વ મંડળથી થોડો દૂર ગયો હતો, તોપણ **માતંગરાજ દુર્ગપિશાચ** તેની નજીકમાં બેઠો હતો ને તેની જ સમીપ તેને ભોજન લેવું પડયું. આથી કંઈ **મૃગાંકદત્ત**ને બુરું લાગ્યું નહતું. પુરુષ કંઈ બળવાન્ નથી, પરંતુ કાર્ય, દેશ અને સમય બળવાન્ છે, જેને અધીન પુરુષને રહેવું પડે છે.

હવે જે નવી ભિલ્લની સેના આવી હતી, તેણે પણ વિશ્રામ લીધો. એટલે કોઇને વધુ વિશ્રામ લેવાની જરૂર ન હતી. તેથી બીજે દિવસે રાજસભા ભરી, હસ્તીદંતના સિંહાસન ઉપર **મૃગાંકદત્ત** આરૂઢ થયો અને ત્યાં ભેગા મળેલા રાજાઓનો તેમની યોગ્યતા પ્રમાણે સત્કાર કર્યા પછી, સર્વને રજા આપી. પછી એકાંતમાં **દુર્ગપિશાચ** વિગેરે મિત્રસહાય રાજાઓને કહ્યું: "હવે આપણે શા માટે વિલંબ કરીએ છીએ? આ સેના લઇને શા માટે આપણે સત્વર ઉજ્જયિની નગરી તરફ પ્રયાણ નહીં કરીએ? આપણે વાર શામાટે લગાડવી જોઇયે? હવે ચાલતા કેમ નથી?" તે સાંભળીને **શ્રુતધિ** બ્રાહ્મણ રાજકુમાર પ્રત્યે બોલ્યો: "મહારાજ! આપ ઉતાવળ

કરો નહિ. હું તમને નીતિવેત્તાઓનું મત કહુંછું તે સાંભળો. જે રાજાને વિજય મેળવવાની ઇચ્છા હોય તેણે પ્રથમ શું કરવું યોગ્ય છે તથા શું કરવું યોગ્ય નથી તે સંબંધી જ્ઞાન અવશ્ય મેળવવું જોઇએ. વિજય ઇચ્છનાર રાજાએ, જે કામ, ઉપાય કર્યાં છતાં પણ બની શકે નહીં એવું હોય, તે કામ કરવું નહીં; પરંતુ જે કામ આપણાથી બની શકે તેવું હોય, તે કામ આરંભવું. હરકોઈ કામ પાર પાડવામાં ઉપાય એ મુખ્ય છે. ઉપાયના ચાર વિભાગ છે; સામ–સમજુતિ, દામ–પૈસા આપી સલાહ કરવી, ભેદ–શત્રુનાં માણસોને ફોડવાં અને દંડ કહેતાં જો કોઈ રીતે શત્રુ રાજા માને નહીં તો પછી શિક્ષા કરવી. આ ચાર ઉપાયમાં પહેલો બીજો એમ એક પછી એક ઉપાય ઉત્તમ ગણાય છે; અને પાછલા ઉપાય અધમ ગણાય છે. માટે મહારાજ! હું એમ ધારું છું કે, આ વિષયમાં પ્રથમ આપણે સામ ઉપાયથી કામ લેવું ઘણું સારું છે. કારણ કે કર્મસેન રાજાને કંઇ ધનની કામના નથી, એટલે તે ઉપાય નકામો છે–અર્થાત્ દામ ઉપાયથી આપણું કામ સિદ્ધ થાય તેમ મને જણાતું નથી. તેમ ભેદ પડાવવો, તેના સહાયક રાજાઓને ફોડવા, એ પણ બને તેમ નથી. એ રાજાએ પોતાના મંત્રીઓને ગુસ્સે કર્યા નથી, તેમ તેમનું અપમાન પણ કર્યું નથી, માટે તેઓ કંઇ આપણી લાલચમાં ફસાય તેમ નથી. વળી કર્મસેનને આપણે કદી શિક્ષા કરવાનું ધારીએ તો તે પણ અશક્ય છે. કારણ કે તેણે ઘણા ઘણા રાજાઓનો પરાજય કર્યો છે, તે પંડે બળવાન્ છે ને એક મજબૂત કિલ્લામાં રહે છે. આપણે તેની સાથે યુદ્ધ કરીએ, તોપણ બળવાન સાથે યુદ્ધ કરતાં વિજયનો વાવટો ફડફડશે જ, એમ ખાતરીથી કહી શકાય નહીં. વળી જે પુરુષ, સ્ત્રી પરણવાની ઇચ્છા કરે છે તેણે કન્યાના કુટુંબીઓનો નાશ કરવો ને પછી કન્યા પરણવી, એ કર્મ નીતિમાન્ કહેવાતું નથી. માટે, પ્રથમ તે રાજાને સમજાવવા માટે એક પ્રતિનિધિ મોકલો. જો કર્મસેન રાજા આપણી માંગણી સ્વીકારશે તો તો ઠીક, પણ તે નહીં સ્વીકારે તો પછી આપણે નિરુપાયે દંડનો ઉપયોગ કરીશું.”

શ્રુતધિનું આવું નીતિવાળું વચન સાંભળી, સર્વે જણાએ તેને સારી રીતે ટેકો આપ્યો. પછી મૃગાંકદત્તે સર્વ રાજાની સાથે મસલત કરી, ભિલ્લરાજાનો સુવિગ્રહ નામનો એક દૂત, જે દૂતકર્મમાં ઘણો જ નિપુણ હતો, જાતે વળી બ્રાહ્મણ હતો તેને, એક પત્ર આપીને, કર્મસેન રાજાની પાસે મોકલ્યો. તે દૂત ઉજ્જયિનીમાં જઈ રાજભવનના દ્વારપર ઉભો રહ્યો. પછી તેણે પ્રતિહારને કહ્યું,–‘હું મૃગાંકદત્તનો દૂત છું અને રાજા કર્મસેનને એક પત્ર આપવા માટે આવ્યો છું, માટે મને રાજસભામાં પ્રવેશ કરાવ.’ તુરત પ્રતિહારે રાજભવનમાં જઈ રાજાને તે વર્તમાન નિવેદન કર્યાં. તુરત રાજાએ દૂતને રાજસભામાં આવવાની આજ્ઞા આપી, એટલે પ્રતિહારે બહાર આવી તે દૂતને અંદર જવાની રજા આપી. તુરત દૂત સુવિગ્રહ, રાજભવનમાં દાખલ થયો. રાજભવનમાં જતાં તેણે પહેલી ડોઢીમાં મોટી મોટી ઘોડાની પાયગાઓ જોઈ, બીજી ડોઢીમાં હાથીઓનાં મકાનો હતાં તે જોયાં–આમ જૂદી જૂદી ડોઢીઓમાં જૂદી જૂદી રચના જોતો જોતો તે છેક જ્યાં રાજાજી સિંહાસન ઉપર વિરાજમાન થયા



હતા, ત્યાં ગયો. ત્યાં જુવે છે તો રાજા કર્મસેન, સુવર્ણ રત્નજડિત એક સિંહાસન ઉપર વિરાજમાન થયો હતો અને તેની આસપાસ મંત્રીમંડળ બેઠું હતું. તેણે જતાંવાર રાજાને પ્રણામ કર્યા ને પછી એક આસન ઉપર બેઠો. રાજાએ ધીમે ધીમે તેને કુશળ સમાચાર પૂછ્યા અને તેને અભિવદન આપ્યું. આ પ્રમાણે પરસ્પર શિષ્ટાચાર થઇ રહ્યા પછી, દૂતે પોતાની પાસેનો પત્ર કર્મસેન રાજાના ચરણમાં મૂક્યો. રાજાજ્ઞાથી પ્રજ્ઞાકોષ નામનો તેનો મંત્રી, જે રાજાની સમીપમાં બેઠો હતો. તેણે તે પત્ર દૂતના હાથમાંથી લીધો ને તેની મોર ફોડીને ખુલ્લો કીધો અને પછી સર્વ સાંભળે તેમ સ્પષ્ટ ઉચ્ચારથી આ પ્રમાણે તે પત્ર વાંચ્યોઃ–

“સ્વસ્તિશ્રી કરભગ્રીવ કોટ્ટસ્થાનમાંથી, લખિતંગ મહારાજાધિરાજ અયોધ્યાનગરીના,
“ભૂમંડળના સ્વામી, સૂર્યવંશના ચુડામણિ, રઘુકુળદીપક, સર્વોત્તમ કુળોત્પન્ન, જેની સેવામાં
“કોટાનકોટી માંડલિકો હાજર રહે છે અને જેના છત્રની પ્રભાથી આકાશ તેજોમય થાય છે,
“એવા શ્રી અમરદત્તના રાજકુમાર, મહીમંડળના મંડનરૂપ–જેને સકળ રાજાઓ સરળ થઇને
“નમે છે, એવા પૂર્ણ પ્રતાપી મૃગાંકદત્ત–શ્રી ઉજ્જયિની નગરીના મહારાજા અને પોતાના
“વંશરૂપ મહાસાગરમાં ચંદ્રમા સમાન શોભતા, શ્રી કર્મસેન રાજાને આદરપૂર્વક નીચે પ્રમાણે
“જણાવે છે કે–

“આપ મહારાજને ઘેર જે દિવ્ય કન્યારત્ન છે, તેને આપ કોઇને પણ પરણાવશો,
“એ તો નિઃસંશય છે; તો કૃપા કરી તે કન્યા બીજા કોઇને ન આપતાં, તેનાં મારી સાથે લગ્ન
“કરશો; કારણ કે દેવતાઓએ તેને મારી રાણી તરીકે નિર્માણ કરી છે. આપ અમારા લખ્યા
“પ્રમાણે કરશો તો આપણીવચ્ચે સગાંકુટુંબીનો ગાઢો સંબંધ બંધાશે અને પૂર્વનું સર્વ વૈર નાશ
“પામશે, પણ આપ તેમ કરવાને ના પાડશો તો પછી હું તે કન્યાને પરણવા માટે અમારી
“પોતાની ભુજાને વિનતિ કરીશ.”

આ પ્રમાણે પ્રજ્ઞાકોષે પત્ર વાંચ્યો, કે તે સાંભળી રાજાને અત્યંત ક્રોધ ચઢ્યો. તેણે પોતાના મંત્રીઓને કહ્યુંઃ “મંત્રીઓ, સાંભળો, હું જે કંઈ કહું તેઃ એ રાજા આપણો સદાનો શત્રુ છે અને વળી ધ્યાનમાં લો કે, આ એક મૂર્ખ છોકરું, પોતાની સ્થિતિ શી છે, તે સંબંધી કંઈ પણ જાણતો નથી. તે પોતાનો આ સંદેશો, એવી તો ધિક્કારવા જોગ રીતે મોકલે છે કે તે હું સાંભળી શકતો નથી. તેનું ફળ તે આજ જ જોશે. તેણે પત્રમાં પહેલ વહેલું પોતાનું નામ લખ્યું છે! અંહ! અહઃ ને મારું નામ પછી લખ્યું છે! શો ગર્વ! વળી ‘અમે’ એમ બહુવચન લખી આપણું અપમાન કરે છે અને છેવટમાં ગર્વથી ફુલાઇને પોતાના બાહુનું પરાક્રમ જણાવે છે! ઠીક, ઠીક! એ છોકરડો શી છાસ પીએ છે? હું ધારું છું કે, મારે આ બાબતમાં તેને પ્રતિઉત્તર મોકલવો યોગ્ય નથી, તો પછી કન્યા આપવાની તો વાતજ શી કરવી! અલ્યા દૂતડા! તું જા, અને તારા રાજાને કહે કે, જે તારી મરજીમાં આવે તે કરી લે.”

આ પ્રમાણે કર્મસેન રાજાએ કહ્યું, ત્યારે બ્રાહ્મણદૂત સુવિગ્રહ, જે ઘણો જ હિમતવાળો હતો તેણે, પ્રસંગને અનુસરતું રાજાને ઉત્તર આપ્યુંઃ “અલ્યા ઓ મૂર્ખ! તું શો ગર્વ ધરે

છે? જ્યાં સૂધી તેં તે રાજકુમારને જોયો નથી ત્યાં સૂધી ફાટ્યું ફાટ્યું ભલે બક, પણ હવે યુદ્ધ માટે તૈયાર થઈ રહે. તે જ્યારે આવશે ત્યારે પછી તારુ ને તેનું બળ જણાઈ આવશે!" આ પ્રમાણે જ્યાં તે દૂત બોલે છે ત્યાં તો રાજસભામાં ખળભળાટ થઈ રહ્યો. પણ રાજા, જો કે ઘણો ક્રોધમાં આવ્યો હતો તો પણ, ધીરો રહ્યો ને બોલ્યોઃ "ચાલ, ચાલ્યો જા જલદીથી નીચ કુતરા! તું દૂત છે, માટે હું તારાથી લાચાર છું–કાસદિયાના કાન કપાય નહીં–નહીંતર તો હવણાં હું તારા કટકે કટકા કરી નાંખત!" આ સમયે બીજા યોધાઓ–રાજસભામાં બેઠા હતા તેઓ–પોતાના દાંત કચકચાવીને, હોઠ પીસીને અને હાથવતી હાથને ઘસીને, પરસ્પર કહેવા લાગ્યા કે, "આ જ ક્ષણે આપણે શા માટે એને મારી નાંખીએ નહીં?" પરંતુ બીજાઓ ધીરજથી બોલ્યા કે,–"ના, ના–એ બ્રાહ્મણ છે, વળી મૂર્ખ છે, વળી દૂત છે, તેને જવા દો. વાચાળ છે, તો આપણે તેની વાણી ઉપર શા માટે ગુસ્સો કરવો જોઈએ? તે જ્યારે આપણી ઉપર ચઢી આવશે ત્યારે આપણે જોઈશું!" એ સાંભળીને, કેટલાએક, કે જેમનાં મુખ ક્રોધથી લાલચોળ થઈ ગયાં હતાં અને ભ્રૂકૂટીના ભંગથી સમીપમાં પડેલા ધનુષને ચઢાવવાનું સૂચવતાં હતાં, તેઓ મૂગે મોઢે બેસી રહ્યા.

આ પ્રમાણે આખી સભા ક્રોધાવેશમાં આવી ગઈ, કે તુરત સુવિગ્રહ દૂત, મૃગાંકદત્તની છાવણી તરફ ચાલતો થયો; અને મૃગાંકદત્તને તથા તેના મિત્રોને, કર્મસેન રાજાના સર્વ સમાચાર કહી સંભળાવ્યા. રાજકુમાર તે સમાચાર સાંભળીને યુદ્ધયાત્રા માટે તૈયારી કરવાને સર્વને કહેવા લાગ્યો. જ્યાં રાજાની આજ્ઞારૂપી પ્રબળ પવન વાયો, ત્યાં સૈનાસાગર હાલકલ્લોલક થવા માંડ્યો. પેદળ, હેદળ, હાથીઓ, જેમ સમુદ્રમાં મગરમચ્છ વગેરે ચારે તરફ ધસડાય, તેમ ધસડાવા લાગ્યાં. પક્ષના* રાજાઓનાં મન આનંદ પામ્યાં ને બીકણ માણસોનાં મન ભય પામવા લાગ્યાં. પછી મૃગાંકદત્ત, બળવાન્ ઘોડાઓના મુખમાંથી ઝરતી ફીણવાળી લાળથી અને હાથીઓના ગડસ્થળમાંથી ઝરતા મદથી, જમીનને ભીનીગાર કરી મૂકતો અને તુરી તથા રણશિંગડાંઓના નાદથી ત્રણભુવન બહેરાં કરતો, ઉજ્જયિની નગરીને જિતવા માટે ધીમે ધીમે તે તરફ ચાલ્યો.

## તરંગ ૩૬ મો.

## મૃગાંકદત્ત અને શશાંકવતી–યુદ્ધ.

મૃગાંકદત્ત, પોતાના મિત્ર સહિત, યુદ્ધમાટે તૈયાર થઈને રણે ચઢ્યો. તે વિંધ્યાટવી ઉતરીને ઉજ્જયિની નગરીની સરહદ ઉપર જઈ પહોંચ્યો. જ્યારે વીર પરાક્રમી કર્મસેન

* પર્વતની પાંખો ને પક્ષના રાજાઓ.



રાજાએ તે સમાચાર જાણ્યા, ત્યારે તે પણ યુદ્ધ કરવા માટે તૈયાર થઈ ગયો! તુરત જ નગરની બહાર આવીને શત્રુને મળવાને છાવણી કરી પડાવ નાંખ્યો. જ્યાં બન્ને તરફની સૈના સામસામી આવી મળી ને બન્ને પક્ષની સેનાના યોધાનાં અન્યો અન્ય દર્શન થયાં કે, તુરત શૂરવીરોનાં રોમાંચ ઉભાં કરનાર દારુણ યુદ્ધ શરુ થયું. આ વખતે નૃસિંહ ( મોટા શૂરવીરો ) ના ભયંકર નાદથી, નપુંસક અસુરો નાસતા હતા, એવા હિરણ્યકશિપુના સંગ્રામ જેવા તુમુલ સંગ્રામે શેષને સળકાવ્યો. આકાશમાં જેમ મેઘમંડળ એક બીજાનો નાશ કરીને અથડા-અથડી કરતાં આગળ વધે છે, તેમ લડવૈયાઓ પણ એક બીજાનો નાશ કરતા આગળ વધવા લાગ્યા; અને ખેતરમાં જેમ અનાજ ઉપર તીડનો વર્ષાદ વરસે છે, તેમ લડવૈયાઓ અન્યો-અન્યપર બાણોનો વર્ષાદ વરસાવી રહ્યા. તરવારથી હાથીઓનાં કુંભસ્થળો ભેદાય, તેમાંથી જે મોતીઓના ઝુમખાઓ જમીન ઉપર પડતા, તે જાણે આકુળવ્યાકુળ થયેલી યુદ્ધદેવીના તૂટેલ હારનો વરસાદ વરસતો હોય તેમ જણાતું હતું. રણભૂમિ સાક્ષાત્ કાળના વિકાળ વદન જેવી દેખાતી હતી; અને તીક્ષ્ણ ચળકતા ભાલાની અણીઓ, જેમાં મનુષ્ય, હાથી, અશ્વ, વગેરેનાં શિરો પરોવાયલાં હતાં તે જાણે દંતપંક્તિ હોય તેમ લાગતું હતું. મોટા મોટા શૂરવીર યોધાઓનાં મસ્તક, ચક્રથી કપાઈને આકાશમાં અદ્ધર જતાં હતાં, તે જાણે દેવાંગનાઓને ચુંબન કરવા માટે આકાશમાં ઉંચાં ઉડાડવામાં આવ્યાં હોય તેવો ભ્રમ કરાવતાં હતાં. પોતાના રાજાને ઉત્તમ પ્રકારે યુદ્ધ કરતો જોઈ, મદમત્ત થયાં હોય તેમ લડવૈયાનાં ધડ, ઠેકઠેકાણે નૃત્ય કરતાં નજરે પડતાં હતાં.

આ પ્રમાણે પાંચ દિવસ સૂધી મોટું યુદ્ધ ચાલ્યું, ત્યારે લોહીની મોટી નદીઓ વહેવા માંડી અને હાડકાંના મોટા મોટા ડુંગરો થઈ પડ્યા. એ સંગ્રામમાં હજારો યોધાઓનો નાશ થઈ ગયો. પાંચમે દિવસે સાયંકાળે, સર્વ મંત્રીઓ સહિત મૃગાંકદત્ત કુંવર જ્યાં બેઠો હતો ત્યાં આવીને શ્રુતધિએ કહ્યુંઃ "મહારાજ! જ્યારે તમે અહીં યુદ્ધ કરવામાં રોકાયા હતા, ત્યારે હું એક યોગીનું રૂપ ધારણ કરીને, છાવણીમાંથી બહાર નિકળીને ઉજ્જયિની નગરીમાં ગયો હતો; કેમકે તેના દરવાજાપર કોઈ પણ પહેરેગીરો નહોતા. ત્યા ગયા પછી મેં મારી યોગવિદ્યાના પ્રભાવથી અદૃશ્ય રહીને જે જોયું છે, તેનું યથાર્થ વર્ણન કરું છું તે સાંભળો. જ્યારે કર્મસેન રાજા યુદ્ધ કરવા માટે નગરમાંથી બહાર નિકળ્યો, ત્યારે તેની કન્યા શશાંકવતી પણ, પોતાના પિતાનું શ્રેય કરવા માટે, તે જ વખતે માતાની આજ્ઞા લઈને રાજમહેલમાંથી બહાર નિકળીને નગરની સમીપમાં એક ગૌરીદેવીનું મંદિર છે ત્યાં ગઈ અને પિતાનો વિજય થવા માટે દેવીની આરાધના કરવા બેઠી. હું ત્યાં ગુપ્ત રીતે દાખલ થયો અને અદૃશ્ય રહીને તેની સર્વ વાર્તા શ્રવણ કરવા લાગ્યો. તે પ્રસંગે એકાંતમાં શશાંકવતીએ પોતાની આપ્ત સખીને કહ્યું–'અલિ સખિ! મારા પિતાને મારે માટે આ યુદ્ધ કરવું પડે છે, પણ કદી પ્રતિપક્ષી રાજા મારા પિતા ઉપર વિજય મેળવશે તો રાજ્યના શ્રેય માટે, મારા પિતાનો મારા પ્રતિ ગમે તેવો પ્રેમ છે તે છતાં પણ, તેઓ મને તે રાજાને પરણાવશે, એમ હું નક્કી માનું છું. હું નથી જાણતી કે, તે રાજકુમાર સ્વરૂપમાં, ગુણમાં મારે યોગ્ય છે કે નહીં. તે કદરૂપો અને

ગુણહીન હશે તો હું મરવું કબુલ કરીશ, પણ તેવા અનુચિત વરસાથે પરણીશ નહીં. પૃથ્વી ઉપર એક ચક્રવર્તી હોય તોપણ તે કદરૂપો હોય તો મારે તેની સાથે પરણવું યોગ્ય નથી; પણ ગમે તેવો દરિદ્રી હોય, છતાં તે કાંતિવાન્ હોય તો હું તેની સાથે પરણવું કબૂલ કરું છું. માટે હે સખિ! તું પુરુષપરીક્ષામાં ઘણી ચતુર છે, તેમ તારું નામ પણ ચતુરિકા છે, એટલે તારાથી આ કાર્ય થઈ શકે તેમ છે. તો તું અબઘડી જ્યાં રાજકુમાર છે તે સેનામાં જા અને તેનું મુખ જોઇને મને જેવા સમાચાર હોય તેવા કહે કે, તે રાજકુંવર સર્વ ગુણે કેવો છે!'

"જ્યારે રાજકુંવરીએ પોતાની સખીને આ પ્રમાણે હુકમ આપ્યો, ત્યારે તે સખી તુરત ત્યાંથી નિકળી ને કોઇક યુક્તિથી તેણે આપણી છાવણીમાં પ્રવેશ કીધો, અને મહારાજ! તમારાં દર્શન કરીને પાછી આવી, રાજકન્યાને કહ્યું: 'બહેન બા સાહેબ! બીજું તો હું તમારી આગળ શું કહું? પણ આટલું જ કહેવું બસ છે કે, તે રાજકુમારની લાવણ્યતા અપ્રતિમ છે! શેષનાગની જિહ્વા પણ તેના રૂપ ગુણનું વર્ણન કરી શકે તેમ નથી. તથાપિ હું તમને તેના રૂપને માટે એટલું જ જણાવું છું કે, સુંદરીમાં જેમ તારા જેવી કોઇપણ સુંદરી નથી, તેમ જ પુરુષમાં પણ તેના જેવો બીજો કોઈ પણ ફુટડો નથી. પણ હાય! મેં જે તારી આગળ રૂપનાં વખાણ કર્યાં છે તે કંઇ જ નથી. હું માનું છું કે, તે પુરુષના જેવો ત્રણ લોકમાં કોઈ સિદ્ધ નથી, ગંધર્વ નથી અને દેવ પણ નથી!' આ પ્રમાણે તે સખીએ તમારાં વખાણ કર્યાં, તે સાંભળીને રાજકુમારી **શશાંકવતી** તમારા સ્વરૂપ ઉપર મોહિત થઈ ગઈ! તેનું મન કામનાં બાણથી વિંધાઈ ગયું; અને તે વખતથી તે પોતાના પિતાનું શ્રેય થોડું જ ઇચ્છવા લાગી. તેનું તપ શિથિલ પડી ગયું અને તમારો સમાગમ કરવા માટે તેના તનમાં ને મનમાં તાલાવેલી લાગી રહી છે.

"માટે મહારાજ! આજ રાત્રે જ્યારે સર્વ નિદ્રાવશ થાય, ત્યારે તમે કેટલાએક માણસોને લઈ, કોઈ ન જાણે તેમ તે દેવીના મંદિરમાં જાઓ અને રાજકુંવરીને હરણ કરીને માયાબટુને ઘેર જતા રહો. આ રાજાઓ તથા હું, પાછળથી કર્મસેન રાજાને શાંત કરીને આવીશું. તાત્કાલ તો હવે આ યુદ્ધ બંધ કરો; અને આપણા માણસોનો વધારે ઘાણ કઢાવો નહીં. મારી ઇચ્છા એવી છે કે, તમારું કુશળ થાય અને તમારા સસરાનું પણ કુશળ થાય એમ મારે કરવું. જેમાં પ્રાણનો નાશ થાય એવી યુદ્ધની રીતિ તે કંઈ યોગ્ય રીતિ નથી. ચાર ઉપાયમાં યુદ્ધ કરવું તેને વિદ્વાનો અધમ ઉપાય કહે છે અને તેઓ યુદ્ધની પ્રશંસા કરતા નથી. વળી લોકોમાં પણ કહેવત છે કે 'કજીયાનું મોં કાળું!"

આ પ્રમાણે શ્રુતધિએ કહ્યું, એટલે મૃગાંકદત્તે તે વાર્તા સ્વીકારીને રાત પડતાં પોતાના મંત્રીઓને લઈ, અશ્વારૂઢ થઈ, કોઈ જાણે નહીં તેમ ઉજ્જયિની નગરીમાં પેઠો. આ વખતે મધરાત્રી હોવાથી બાળક કે વૃદ્ધ સઘળાં ભરનિદ્રામાં ઘોરતાં હતાં. દરવાજા ઉપર દરવાનો પણ થોડા જ હતા અને તે પણ નિદ્રાદેવીની સેવામાં પહોંચી વળ્યા હતા. એટલે મૃગાંકદત્ત દરવાજામાં થઈ સહેલથી નગરમાં દાખલ થયો; અને પછી ત્યાંથી શ્રુતધિએ જે જે



વર્ણન કર્યું હતું, તે તે નિશાની પ્રમાણે, તે, દેવી ગૌરીનાં મંદિર તરફ ગયો. તે મંદિર એક પુષ્કરંડ નામના મોટા ઉદ્યાનમાં હતું. આ ઉદ્યાનમાં, પૂર્વ દિશામાં ઉદય પામેલા ચન્દ્રમાના ગૌર કિરણોથી શ્વેત જણાતું ગૌરીનું મંદિર નજરે પડયું, એટલે રાજકુમાર અને તેના મંત્રીઓ ત્યાં ગયા.

અહીં મંદિરમાં સખીઓ થાક તથા ઉંઘને લીધે નિદ્રાવશ થઈ ગઈ હતી. માત્ર **શશાંકવતી** જ જાગૃતાવસ્થામાં પથારી ઉપરી પડી પડી મનમાં બડબડતી હતી કે,–"હાયરે! માત્ર મારે માટે જ ઉભય સૈનાના રાજાઓ, રાજકુમારો તથા શૂરાઓ, દરરોજ અસંખ્ય કપાઈ જાય છે–એ કંઈ થોડું દુ:ખકર નથી. તથાપિ દેવી અંબિકાએ મને સ્વપ્નમાં આવીને કહ્યું હતું કે, પૂર્વજન્મમાં તારો જે ભર્તા હતો તે જ આ જન્મમાં પણ તારો ભર્તા થશે અને તેને માટે રાજકુમાર પણ આ યુદ્ધ આદરી બેઠો છે. વળી તે કુમારનું નામ શ્રવણ કરતાં જ મારા મનમાં કામે પોતાનાં બાણોનો વરસાદ વરસાવી મને ઘાયલ કરી મૂકી છે! પણ હું કમનસીબવાળી કન્યા છું, કે મારા પિતા મને તે વર સાથે પરણાવવાની ના પાડેછે. તેનું કારણ એ જ કે, મારા પિતાને તે રાજકુમારના વડવાઓ સાથે પરાપૂર્વનું વૈર છે. વળી તે રાજકુમાર ગર્વિષ્ઠ છે અને તેણે પોતાના પત્રમાં પોતાની મોટાઈ સાથે અભિમાન જણાવ્યું છે, તેથી મારા પિતા તેનાપર ગુસ્સે થઈ, મારાં તેની સાથે લગ્ન ન કરવાની જીદ્દ કરે છે, આમ મારા સાંભળવામાં આવ્યું છે. જ્યારે નસીબ અવળાં હોય છે ત્યારે દેવતાની આજ્ઞા શી અને સ્વપ્ન પણ શું? તે કંઈ ફળતાં નથી. હવે વાત તો એ છે કે, કોઇ પણ રીતે મારા પ્રિતમને મળી શકું તેમ નથી. હજુ રણભૂમિ ઉપર મારા પિતાનું અથવા તો પ્રિયતમનું–એકેનું અશુભ થયું મારા સાંભળવામાં આવ્યું નથી, તો તેનું પરિણામ કંઇ જણાય તે આગમજ હું મારા દેહનો શા માટે ત્યાગ કરું નહીં? કારણકે જીવવાથી તો ઉલટા વધારે દુ:ખના ભોગી થવું પડશે."

આવો વિચાર કરતાંની સાથે જ તે ઉભી થઇને ગૌરીના મંદિર બહાર ગઇ. ત્યાં જઈ પોતાનાં પહેરેલાં એક વસ્ત્રની આશોપાલવના વૃક્ષની શાખા ઉપર ફાંસી બનાવી અને તે ફાંસી ઘાલી મરવા માટે તૈયાર થઈ. એવામાં મૃગાંકદત્ત અને તેના મિત્રો, જે ઉદ્યાનમાં દાખલ થયા હતા, તેઓએ પણ પોતાના અશ્વો વૃક્ષની શાખાએ બાંધ્યા. પછી સર્વે ગૌરી–શંકરપત્ની ગિરિજાના દેવળમાં દાખલ થયા. જતાં જતાં નજદીકમાં આશોપાલવના ઝાડની શાખા ઉપર ફાંસી ખાતી **શશાંકવતીને** જોઈ. વિમળબુદ્ધિ મંત્રીએ રાજકુમારને કહ્યું,–"જુઓ મહારાજ! આ કોઈ ફુટડી કન્યા પોતાના આત્માનો નાશ કરવા માટે તૈયાર થઈ છે, એ કોણ હશે વારુ?" તે સાંભળીને રાજકુમારે તરત તેના તરફ નજર કરી, તો કોઈ અનુપમ રંભારૂપ બાળા જોવામાં આવી. એટલે તે બોલ્યો; "પ્રિય મિત્ર! અહો! આ તે શું? એ કોણ હશે વારુ? શું સાક્ષાત્ કામપ્રિયા રતિ છે? અથવા શું મૂર્તિમતી નિવૃત્તિ છે? અથવા શું સાકાર ચંદ્રમાની કાંતિ છે કે કામદેવની જંગમ મૂર્તિ છે? અથવા તો એ કોણ છે? એ શું કોઈ દેવાંગના છે? ના, ના, એ તે તો નથી જ. કારણકે દેવાંગનાને ફાંસી ખાઈ મરવાનું શું કારણ હોય? માટે હવે આપણે આ વૃક્ષને ઓથે

એક ક્ષણ સંતાઈને ઉભા રહીએ, એટલે જે ખરું હશે તે આપણા જાણવામાં આવશે ને એ કોણ છે તે પણ જણાશે !" આમ કહીને રાજકુમાર અને તેના સર્વે મિત્રો, વૃક્ષને ઓથે સંતાઇને ઉભા રહ્યા. એટલામાં તો નિરાશાથી ભરપૂર **શશાંકવતી**, આંખમાંથી ડળકડળક અશ્રુ ધારાનો વરસાદ વરસાવતી આ પ્રમાણે દેવી **પાર્વતી**ની વિનતિ કરવા લાગી,–"હે **ગૌરી**! સર્વ સંકટનું નિવારણ કરનારી દેવી **ગૌરિ**! મારાં પૂર્વજન્મનાં પાતિકને યોગે કરીને, આ જન્મમાં રાજકુમાર **મૃગાંકદત્ત** મારો પતિ થઈ શકયો નહીં, તો હે ભગવતિ! હે સંકષ્ટનાશિનિ! તમારી કૃપાથી તે જ રાજકુમાર બીજા જન્મમાં મારો પ્રાણપ્રિય થાઓ !" આ પ્રમાણે રાજકન્યાએ દેવીને વિનતિ કરી, પછી તેને પ્રણામ કર્યાં અને પછી પોતાને હાથે ફાંસીને પોતાના ગળામાં નાંખી. આ વખતે તેના નેત્રમાંથી ચોધારાં અશ્રુઓ વહેવા લાગ્યાં.

એવામાં રાજકુંવરીની સખીઓ જાગૃત થઈ ગઈ, અને જુવે છે તો **શશાંકવતી**ને ઘરમાં દીઠી નહીં. એટલે સર્વ સખીઓ તત્ક્ષણે ગભરાટમાં પડી ગઈ અને તેને ખોળતાં ખોળતાં, જ્યાં ફાંસીમાં ગળું ઘાલીને **શશાંકવતી** ઉભી હતી ત્યાં સૌ આવી ચઢી. **શશાંકવતી**ની આવી દશા જોઇને સર્વે કહેવા લાગી,–"હાય રે બાપલિયા! આ સખિ! તું આ ઉદ્ધતપણું શું કરે છે? ધિક્કાર છે તારી ઉદ્ધતાઈને!" આમ કહીને તે જ વખતે તેના કંઠમાંની ફાંસીને કાઢી નાંખી.. આ પ્રમાણે જ્યારે નિરાશા ને લજ્જાવશ થઇને **શશાંકવતી** ઉભી છે, તેવામાં તો દેવી **ગૌરી**નાં મંદિરના ગંભારામાંથી આકાશવાણી થઈ કે,–"હે સુભાગ્યવતિ **શશાંકવતિ**! નિરાશ ન થા. મેં સ્વપ્નમાં તને જે વેણુ કહ્યું છે તે કદી પણ ખોટું પડશે નહીં. અહિંયાં જ તારો પૂર્વજન્મનો પતિ **મૃગાંકદત્ત** તારી પાસે આવ્યો છે, માટે હવે તું તેની સાથે લગ્ન કરી સમગ્ર ભૂમંડળની રાજરાજેશ્વરી થા!"

આવી વાણી સાંભળી, **શશાંકવતી** તરત સભ્રાંત થઈ, જ્યાં પોતાની આસપાસ જોવા લાગી, ત્યાં તો તત્ક્ષણે **મૃગાંકદત્ત**નો મંત્રી **વિક્રમકેસરી**, તે કન્યાની નજદીક ગયો ને કુમારીને આંગળીથી કુમાર બતાવીને કહ્યું,–"રાજકુમારી! દેવી **ભવાની**એ સ્વપ્નમાં તમને સત્ય કહ્યું છે; કેમકે અહિંયાં જ તમારા પૂર્વજન્મના પતિ રાજકુમાર તમારા પ્રેમથી મોહિત થઇને આવ્યા છે." જેવાં આ વચન રાજકન્યાએ સાંભળ્યાં તેવી જ તે લજ્જાથી નીચું જોઈ રહી, પણ અડપડીયાળી આંખે, સહચર મિત્રોના વચમાં ઉભેલા તેજસ્વી રાજકુમારને નિહાળવા લાગી–તે વેળા જાણે **ચંદ્રમા**, સમગ્ર ગ્રહમંડળોને સાથે લઈ આકાશમાંથી નીચે ઉતર્યાં હોય ને સર્વના નેત્રમાં અમૃત વરસાવતા હોય, તેવી રીતે તેની રમણીય છબી શોભતી હતી.

એ ક્ષણે રાજકન્યાના અવયવો, જાણે પીછાવાળાં કામબાણથી વિંધાઈ ગયા હોય અને તેના છેડાનાં પીછાંથી વિંટાઈ ગયા હોય તેમ આનંદમાં આવીને રોમાંચિત થઈ ગયા ને તે એક સ્તંભપેરે જડ થઈ, અડગ ઉભી રહી. તત્ક્ષણે **મૃગાંકદત્ત**, લજ્જાળ થયેલી માધુરીસી સુરત પાસે ગયો અને તેનો હાથ પકડી તેની શરમનો ત્યાગ કરાવી, સમયોચિત પ્રેમના



મધુર રસ ઝરતી મંજુલ વાણીથી કહ્યું,–"હે તન્વાંગિ! હું તારા ગુણમાં* બંધાયો છું ને તેથી મારો પોતાનો દેશ, રાજ્ય અને સગાંસંબંધી સર્વનો ત્યાગ કરી, તારો દાસ થઇને અહીં આવ્યો છું. હું તારે ખાતર માર્ગમાં ભટકયો, મેં અરણ્યમાં વાસ કર્યો, પૃથ્વી ઉપર શયન કર્યું ફળનો આહાર કર્યો, તીવ્ર તાપ તડકા સહન કર્યા! એ પ્રમાણે, હે છબીલિ! અનેક પ્રકારના કષ્ટ સહિત તપ કર્યું, તેનું ફળ એ મળ્યું કે આજે મેં તારી, નેત્રને અમૃતતુલ્ય શીતળતા આપનારી માધુરીસી મૂરતનાં દર્શન કીધાં. અલિ ઓ હરિણનયના! જો તારો મારા ઉપર પ્રેમ હોય તો તું અમારા અંતઃપુરની† રમણીઓનાં નેત્રને આનંદ આપવા માટે તૈયાર થા–મારી સાથે લગ્ન કર. હવે યુદ્ધનો અંત આવવા દે; હવે બન્નો સૈનાનું કલ્યાણ થવા દે; મારા જન્મને કૃતકૃત્ય થવા દે; મારા પિતાને હું મળું ને તે આશિર્વાદ આપે તેમ થવા દે."

આ પ્રમાણે **મૃગાંકદત્તે** **શશાંકવતી**ને કહ્યું, એટલે **શશાંકવતી** ધરણી તરફ નેત્રને નીચાં ઢાળીને મધુરે મધુરે સ્વરે, મીઠી કોયલડી ટૌકો કરે ને આનંદ આપે તેમ બોલી,–"આર્યપુત્ર! તમે આ મનુષ્યને, ગુણથી ખરીદ કરી દાસી બનાવી છે; તો હે પ્રાણેશ! હવે હું તમારે અધીન જ છું. તમને યોગ્ય લાગે ને આપણું કુશળ થાય તેમ કરો."

આ પ્રમાણે રાજકન્યાની વાણી સુધાનું પાન કરી, રાજકુમાર તૃપ્ત થયો; અને જોયું કે ઇચ્છિત વસ્તુ પ્રાપ્ત થઈ છે, એટલે તુરત તેણે **ગૌરીદેવી**ની સ્તુતિ કરી, તેને પ્રણામ કરી પોતે ઘોડા ઉપર ચઢયો; અને તેના દશે મંત્રી મિત્રો પણ ઘોડા ઉપર ચઢયા. પછી રાજકન્યાને **મૃગાંકદત્ત**ની પાછળ બેસાડી દીધી ને મંત્રીના અશ્વોપર તેની દાસીઓને બેસાડી લીધી. પોત પોતાનાં હથીઆરો હાથમાં પકડીને તે અગીયારે જણ, રાતમાં ને રાતમાં જ ત્યાંથી ચાલતા થયા. રસ્તામાં પહેરેગીરોએ આ અગીયાર જણને જતા દીઠા, તો પણ તે સર્વના રુદ્ર જેવાં ભયંકર રૂપ જોઇને, તેઓ ચેં કે ચૂં કરી શકયા નહીં. તે સઘળા **ઉજ્જયિની** નગરીમાંથી નિકળીને પરભાર્યા, **શ્રુતધિ**ના કહેવા પ્રમાણે, **માયાબટુ**ના ઘર તરફ ચાલતા થયા.

જ્યારે **ઉજ્જયિની** નગરીમાં રહેલા રાજાના સીપાઇઓ, જેઓ ચોકી કરતા હતા તેઓએ, આ પ્રમાણે સર્વને જતા જોયા ત્યારે તેઓ બહુ ગભરાટમાં પડી ગયા ને શોધ કરવા લાગ્યા કે, 'તેઓ કોણ હતા અને કયાં ગયા?' એવામાં ખબર થઈ કે, તે ચોરો રાજકન્યાનું હરણ કરવા માટે આવ્યા હતા અને રાજકન્યાને હરી ગયા છે. તે વાર્તા મહારાણીને કાને ગઈ, એટલે તેણે તરત **કર્મસેન** રાજાને ખબર આપવા માટે નગરરક્ષકને સેનામાં મોકલ્યા. પણ તેટલામાં તો નગરચર્યા જોવા મોકલેલા દૂતનો ઉપરી, તેજ રાત્રિના, સૈનામાં દોડી ગયો ને **કર્મસેન** રાજાની પાસે જઈ વિનતિ કરી: "મહારાજ આજે જ સાયંકાળે **મૃગાંકદત્ત** પોતાના કાર્યભારીઓને સાથે લઈ, **ઉજ્જયિની** નગરીમાં ગયો હતો અને **પુષ્પકરંડ** નામના ઉદ્યાનમાં

---

* ગુણ-સદ્ગુણ–દોરી. † અંતઃકરણની રમણી એટલે તેમાં રમણ કરનારા વિકારો –વિચારો.

જઈ, પાર્વતીના મંદિરમાંથી આપણી કુંવરીનું હરણ કરી ગયો છે. આ વાતની મેં ખાત્રી કરી છે. હવે આપને જે કરવું હોય તે કરો, આપ ધણી છો."

જેવા રાજા કર્મસેને તે સમાચાર સાંભળ્યા કે તુરત પોતાના સેનાપતિને એકાંતમાં બોલાવીને, ઇત્થંભૂત સર્વ વૃત્તાંત કહ્યું; અને હુકમ કીધો કે,–"તમે પાંચસો સારા સુભટોને અતિ ત્વરાવાળા ઘોડા ઉપર બેસાડી કોઈ જાણે નહીં તેમ, ગુપ્ત રીતે, ઉજ્જયિનીમાં જાઓ અને જ્યાંથી તમને જડે ત્યાંથી પકડી તે રાંડના રાજકુમારને કેદ કરો, અથવા તો તેને એકદમ મારી નાંખો. જાઓ, હવે વખત ગાળો મા; હું સેના લઇને હમણાં તમારી પાછળ આવું છું." રાજાનો હુકમ થયો કે, સેનાપતિએ, 'જો હુકમ ! આ ચાલ્યો,' આમ કહીને ઉજ્જયિની નગર તરફ જવા નિકળ્યો. થોડે પહોંચતાં જ, નગરરક્ષક કોટવાળ મળ્યો. તેને સેનાપતિએ પૂછ્યું,–'અરે કોટવાળજી ! રાજકન્યાનું હરણ કયાંથી થયું અને કોણે કર્યું ?' તેણે ઉત્તર આપ્યું કે,–'કેટલાએક યોધાઓ રાજકન્યાને ઉપાડીને બીજે જ માર્ગેથી પલાયન કરી ગયા છે.' ત્યાર પછી તે સેનાપતિ, નગરાધ્યક્ષને સાથે લઇને પાછો રાજાની પાસે આવ્યો ને જે બન્યું હતું તે સર્વ વૃત્તાંત કહી સંભળાવ્યું; અને રાજા કર્મસેનને યથાસ્થિત વાત સમજાવી. રાજા તે વાત સાંભળી મનમાં વિચાર કરવા લાગ્યો કે,–'હવે રાજકુમારને શિક્ષા કરવી તો કેવળ અશક્ય છે. હવે મારો કંઈ પણ ઉપાય ચાલે તેમ રહ્યું નથી.' આવો વિચાર કરી તેણે તેને પકડવાની વાત માંડી વાળી ને પોતે બોલ્યાચાલ્યા વગર તે રાત્રી પડ્યો રહ્યો. પણ મૃગાંકદત્તની છાવણીમાં માયાબટુ–વગેરે રાજાઓએ શ્રુતધિની સુચનાપરથી શસ્ત્ર સજીને રાત્રી ચંચળતામાં ગાળી.

બીજે દિવસે પ્રભાતમાં જ્યાં ચારે તરફ સૂર્યનાં કિરણોએ અંધારાનો નાશ કરી, પોતાના સુવર્ણરંગી યોધાઓને જગતમાં પોતાનું સમર્થપણું દર્શાવવા મોકલ્યા, કે સર્વે આળસમાંથી મુક્ત થઇને સતેજ થયા. રાજા કર્મસેન પણ નિદ્રામાંથી મુક્ત થઇને ઉઠ્યો. તે બુદ્ધિશાળી હતો, એટલે તેણે પોતાની સ્થિતિ સારી રીતે જાણી લીધી. વિચાર કરી તેણે મૃગાંકદત્તની છાવણીમાં પોતાના દૂતને આ પ્રમાણેનો મુખસંદેશો કહાવી મોકલ્યો,–'મૃગાંકદત્તે મારી પુત્રીનું છળકપટથી હરણ કર્યું છે તો ખેર, તેની મને દરકાર નથી; મારે તે વર કબૂલ છે. મૃગાંકદત્ત જેવો બીજો વર મને કોણ મળવાનો હતો? પણ હવે તમે સર્વ, રાજકુમારને લઇને મારે મહેલે પધારો, કે હું શાસ્ત્રવિધિ પ્રમાણે મારી કન્યાનાં લગ્ન કરું.' આ પ્રમાણે રાજાએ દૂત મારફતે કહેવરાવ્યું, તે સર્વ સાંભળીને, શ્રુતધિ વગેરે રાજાઓએ તે જ વખતે કર્મસેનનું તે કહેવું સ્વીકાર્યું; અને પછી તે દૂતને કહ્યું,–"અયે દૂતરાજ ! તમે જઇને તમારા રાજાને કહો કે, અમે તમારું કહેવું સ્વીકારીએ છીએ; પણ હવે તમે શહેરમાં પધારો, એટલે અમે રાજકુમારને તેડીને તમારી તરફ આવીશું !" દૂત, આ સમાચાર સાંભળીને ત્યાંથી પોતાના રાજાની પાસે ગયો ને વિગતવાર સર્વ સમાચાર કહી સંભળાવ્યા. તુરત કર્મસેન રાજા, પોતાની સેનાનો પડાવ ઉપાડી ઉજ્જયિની નગરીમાં ગયો. માયાબટુ



વગેરે ભિલ્લરાજાઓ કર્મસેનને નગર તરફ જતો જોયો, એટલે તેઓ પણ શ્રુતધિ વગેરેને સાથે લઈ પોતાના નગર તરફ ફર્યાં ને રાજકુમાર ગયો હતો, તે તરફ જવા લાગ્યા.

એ અરસામાં તો મૃગાંકદત્ત રાજકન્યાનું હરણ કરી. મંત્રીઓ સહિત માયાબટુના કાંચનપુર નગરમાં દાખલ થઇ ગયો હતો. તેનો, તેના સાથીઓનો ને નવી રાણીનો, માયાબટુની રાણીઓએ યોગ્યતા પ્રમાણે આદરસત્કાર કીધો. મૃગાંકદત્ત પોતાનું કાર્ય સિદ્ધ થયું એટલે ત્યાં જ સુખરૂપ રહ્યો. બીજે દિવસે ભિલ્લરાજાઓ, શ્રુતધિ તથા બીજા રાજાઓ આવ્યા. તેમાં કિરાટરાજ મહાશૂરવીર શક્તિરક્ષિત તથા તેની ગંજાવર સેના ને ભિલ્લરાજ પરાક્રમી માયાબટુ, ને અજિત્ય માતંગપતિ દુર્ગપિશાચ, પોતપોતાની સેના સાથે પણ હતા. તે સર્વે, રાત્રીદેવીના સંગમાં રહેલ ચંદ્રમા જેમ શોભે તેમ શશાંકવતીની સાથે રહેલા મૃગાંકદત્તને જોઈ ઘણાજ પ્રસન્ન થયા; અને મોટો ઉત્સવ કરી મૃગાંકદત્તને તથા તેની રાણીને ધન્યવાદ આપવા લાગ્યા. મૃગાંકદત્તે પણ મોટો દરબાર ભરી સર્વનો યથોચિત સત્કાર કીધો. પછી સર્વે રાજાઓએ રાજકુમારને કર્મસેનનો સંદેશો કહી સંભળાવ્યો; અને જણાવ્યું કે, તે રાજા પોતાની સેનાને લઇને પોતાના નગરમાં ગયો છે, માટે આપ પરણવા માટે ત્યાં પધારો.

મૃગાંકદત્તે તે ક્ષણે હા કે ના કંઈ પણ જણાવ્યું નહીં, પણ તે જ સ્થળે તેણે સર્વ સેનાની છાવણી કરી દીધી, જે છાવણી એક ચાલતા મોટા નગર સમાન જણાતી હતી. સર્વ વ્યવસ્થા કર્યા પછી રાજકુમારે પરણવા જવું કે નહીં, તેનો વિચાર કરવા માટે એકાંતમાં, મંત્રીઓની અને રાજાઓની સભા કરી. સભાના મધ્યમાં તે બોલ્યો,–"હવે મારે કેમ કરવું તે તમે જણાવો. પરણવા માટે ઉજ્જયિનીમાં જવું કે ન જવું ?–કહો હવે મારે શું કરવું?" ત્યારે સહાય મિત્રોએ કહ્યું, "કર્મસેન રાજા દુષ્ટ છે, માટે તેને ઘેર જવાથી આપણું કુશળ કેવી રીતે થશે? વિશેષમાં આપણે તેની પુત્રીનું પ્રયોજન હતું. તેનું તો હરણ કરી લાવ્યા છીએ, તો હવે જવાનું શું કારણ છે?" ત્યારે મૃગાંકદત્તે શ્રુતધિ બ્રાહ્મણ તરફ દૃષ્ટિ કરી કહ્યું,–"ગુરુદેવ ! તમે કેમ કંઈ બોલતા નથી ? અને છાનામાના તટસ્થ થઇને કેમ બેઠા છો? હવે આપણે કેમ વર્તવું, તે તમે અમને કહો."

ત્યારે શ્રુતધિ બોલ્યો,–"જો તમે સાંભળો તેમ હોય તો હું જેમ સમજું છું તેમ તમને કહું ને તે ઉપર ધ્યાન આપો. મારા વિચાર પ્રમાણે તો કર્મસેનને ઘેર અવશ્ય જવું જોઇએ; કેમકે તેણે જે સંદેશો કહેવરાવ્યો છે, તે નિષ્કપટભાવથી કહેવરાવ્યો છે–તે લાચાર થઇ ગયો છે. જો તેમ ન હોત તો તમે કન્યાનું હરણ કરી ગયા ત્યાર પછી તે બળવાન્ રાજા, યુદ્ધ કરવું પડતું મૂકીને પોતાને ઘેર કેમ ચાલ્યો જાય ? ઉજ્જયિનીમાં પાછા ફરવાથી તેનું શાંતચિત્ત પ્રત્યક્ષ જણાય છે. વિશેષમાં, કદી તમે તેને ત્યાં જશો તોપણ તે તમને શું કરશે ? તમે કંઇ નિર્બળ નથી ને એકલા પણ જવાના નથી, પણ સર્વ સેના સાથે જશો. ઉલટા જ્યારે તમે ત્યાં જશો ત્યારે તેનો તમારા ઉપર પુષ્કળ પ્રેમ થશે; અને

પોતાની પુત્રીના સંબંધને લીધે તે તમારો મોટો સહાયક ને મિત્ર થઈ પડશે. તે રાજાએ આપણને ઉજ્જયિનીમાં પરણવાને માટે આવવાનું નિમંત્રણ કીધું છે તે યોગ્ય જ છે, કેમકે, તે રાજા વેદવિધિથી પોતાની પુત્રીનાં લગ્ન કરવાની ઇચ્છા રાખે છે. આ કારણે હું ધારું છું કે, શુદ્ધાંતઃકરણથી તેણે આપણને આવવાનો આગ્રહ કર્યો છે; અને તેથી મારી સલાહ તો એવી છે કે, આપે ઉજ્જયિનીમાં પધારવું, ને નિર્વિઘ્ને લગ્ન કરવાં !" જ્યારે આ પ્રમાણે શ્રુતધિએ કહ્યું, ત્યારે ત્યાં મળેલા સર્વે એકે અવાજે બોલ્યાઃ "સાબાશ! સાબાશ!" આવાં વચન બોલીને શ્રુતધિના કહેવાને વધાવી લીધું.

પછી મૃગાંકદત્ત બોલ્યો,–"આ તમારા કહેવાને હું અમાન્ય કરતો નથી, પણ હું મારા માતાપિતા વગર લગ્ન કરવા ઇચ્છતો નથી. માટે અહીંથી મારા માતાપિતાને તેડવા માટે કોઇને મોકલો. તેઓ અહીં આવીને જે અભિપ્રાય આપશે, તે પ્રમાણે વર્તવાને હું ખુશી છું." આ પ્રમાણે રાજકુમારે કહ્યું; પછી કોને મોકલવો, તેનો મિત્રમંડળમાં વિચાર કરતાં ઠર્યું કે, ભીમપરાક્રમને મોકલવો. તુરત જ રાજકુમારે ભીમપરાક્રમને માતાપિતાની તરફ રવાના કર્યો અને તે પોતે માયાબટુના કાંચનપુરમાં જ રહ્યો.

હવે આપણે પાછા આપણી આરંભની વાત ઉપર આવીએ. જ્યારે રાજા અમરદત્તે અયોધ્યા નગરીમાંથી મંત્રીની શિખવણી ઉપરથી રાજકુમારને રાજ્યની બહાર કાઢી મૂક્યો અને રાજકુમાર પોતાના મંત્રીઓને લઈ દેશવટે ચાલ્યો ગયો, ત્યારે પાછળથી અયોધ્યા નગરીની પ્રજામાં ખળભળાટ થઈ રહ્યો. જનજનમાં ચર્ચા ચાલી કે રાજા તો વિનીતમતિને અધીન થઇ ગયો છે અને વિનીતમતિએ રાજાની આગળ ખોટી ચુગલી કરીને રાજકુંવરને વિના કારણે દેશવટો અપાવ્યોછે! આ વાર્તા ચર્ચાતી ચર્ચાતી રાજાના કાનપર ગઈ. રાજા કોનો મિત્ર છે? રાજા તથા સ્ત્રીનો વિશ્વાસ કરે તે મૂર્ખમતિ ગણાય. વિનીતમતિ રાજાના પૂર્ણ વિશ્વાસપર તાગડાધિન્ના કરતો હતો, પણ હવે તેના સુખનો સૂર્ય અસ્તાચળની ગુફામાં પ્રવેશ કરવાની તૈયારી કરતો હતો. રાજાએ તરત એ વિષયની તપાસ કરાવી તો અંદરખાનેથી મંત્રીનો પ્રપંચ જણાયો, એટલે રાજાએ દુષ્ટ મંત્રી ઉપર કોપ કરી તેનાં ઘરબાર લૂટી લીધાં અને તેના કુળનો નાશ કરી નાંખ્યો; અને પોતે પોતાના પુત્રના દેશવટાને લીધે અત્યંત સંતાપ કરવા લાગ્યો. પોતાનો એકનો એક કુમાર પરદેશ ચાલ્યો ગયો, તેથી રાજ્ય હવે શું કામનું છે? આમ વિચારી, રાણીને લઈ, તે નગરની બહાર, નંદીગ્રામમાં વિષ્ણુના* મંદિરમાં જઈ રહ્યો ને ઉગ્ર તપ કરવા લાગ્યો.

આમ તપ કરતાં ઘણા દિવસ વીતી ગયા પછી, એક દિવસે દૂતે આવી નિવેદન કીધું કે,–'મહારાજ! રાજકુમારની આજ્ઞાથી ભીમપરાક્રમ આવેછે!' ભીમપરાક્રમે, પવનવેગી અશ્વપર બેસીને અયોધ્યામાં પ્રવેશ કીધો. તેણે આવીને નિહાળ્યું તો પૂર્વાપર અયોધ્યાની જે રમણીયતા હતી, તેનાં દર્શન દુર્લભ થઈ પડયાં છે–રાજકુમાર ન હોવાથી તે સ્મશાન સરખી જણાતી હતી,

* અંગ્રેજી ભાષાંતરમાં શિવનું મંદિર છે.



તે જાણે રામચંદ્રના વિયોગથી ફરી વિરહદશામાં આવી પડી હોય તેવો દેખાવ આપતી હોયની શું, તેમ લાગતું હતું. નગરજનો ભીમપરાક્રમને જોઈ, એકદમ ચારે તરફથી તેને વિંટી વળ્યાં, અને રાજકુમારના વર્તમાન જાણવાની ઇચ્છા દર્શાવી. ભીમપરાક્રમે સર્વને રાજકુમારની વાર્તા વિદિત કીધી ને પછી તે સર્વ સંગે નગર બહાર નંદીગ્રામમાં ગયો. ત્યાં પોતાના પ્યારા પુત્રના વિયોગથી ને તપ તથા ચિંતાથી જેનું શરીર દુર્બળ થઈ ગયુંછે ને જેની આસપાસ રાણીઓ ફરી વળી સેવા કરેછે, એવા અમરદત્ત રાજાનાં દર્શન થયાં. ભીમપરાક્રમે રાજાની સમીપમાં જઇ પ્રણામ કીધા, એટલે રાજા તેને પ્રેમથી ભેટયો ને પોતાના પ્રિય પુત્રના સમાચાર પૂછયા. ત્યારે ગદ્દગદિત કંઠે, નેત્રમાંથી અશ્રુ પાડતાં ભીમપરાક્રમ બોલ્યો,–"મહારાજ! આપના કુમાર મૃગાંકદત્તે, પોતાના સ્વપરાક્રમથી કર્મસેન રાજાની કન્યા શશાંકવતીને જિતી લીધી છે; પરંતુ તે પિતૃભક્ત હોવાથી, પોતાનાં માતાપિતા વગર પરણવા જવું સર્વથા યોગ્ય ધારતો નથી, માટે આપને નિમંત્રણ કરવા સારુ મને મોકલ્યો છે. તે પોતાનું મસ્તક પૃથ્વી ઉપર મૂકીને તમને વિનતિ કરેછે કે, આપ કૃપા કરીને પધારો. હાલમાં કુમાર વિંધ્યાટવીમાં આવેલા માયાબટુના કાંચનપુરમાં, આપ મહારાજની વાટ જોતો રહ્યો છે. હવે મહારાજ! આપ અમારું ચરિત્ર સાંભળો." આમ કહીને ભીમપરાક્રમે, અયોધ્યા છોડયું ત્યાંથી, તે નાગના શાપથી વિયોગ કેમ થયો, અરણ્યોમાં કેવી કેવી વિટંબણા પડી, કર્મસેન રાજાની સાથે યુદ્ધ કેમ થયું, કેમ સલાહ થઈ, ત્યાં સૂધીનું સ્વામીનું સર્વ અદ્દ્ભુત ચરિત્ર વર્ણવી સંભળાવ્યું. જ્યારે રાજા અમરદત્તના મનમાં પુત્રના કુશળ સમાચારની પક્કી ખાતરી થઈ, ત્યારે તેણે ઉરોમંગથી ઉજ્જયિની જવા માટે ખુશીથી તૈયારી કરી. સાથે હાથી, ઘોડા, લહાવલશ્કર–સર્વે લીધાં. તે તથા રાણીઓ હાથી ઉપર બેઠાં અને અતિ ઉત્કંઠાથી પુત્ર પાસે જવા માટે જાન તૈયાર થઈ. તેની સાથે તેના મંત્રીઓ તથા માંડલિક રાજાઓ પણ હતા. માર્ગમાં કોઈપણ સ્થળે વિસામો લીધા વગર, દમપરદમ ચાલતાં, થોડા દિવસમાં જ, જ્યાં રાજકુમાર હતો ત્યાં, ભિલ્લની રાજધાનીમાં સર્વ જાન જઈ પહોંચી.

જ્યારે મૃગાંકદત્તે કે જેને પિતાના દર્શનની ઘણા દિવસ થયા ઉત્કંઠા હતી તેણે, તેમના આવવાના સમાચાર જાણ્યા, એટલે પિતાને મળવા માટે તે પણ પોતાના મિત્ર તથા બીજા રાજાઓ અને સેના સહિત સામો ગયો. દૂરથી માતાપિતાનાં દર્શન થયાં કે, તુરત તે અશ્વ ઉપરથી ઉતરી પડયો; અને માતાપિતા, જે પણ હાથી ઉપરથી નીચે ઉતરી પડયાં હતાં, તેમના ચરણમાં પડીને તે આળોટવા માંડયો. જ્યારે તેના પિતાએ તેને છાતી સરસો ચાંપ્યો, ત્યારે રાજકુંવર પિતાના ગદ્દગદિત કંઠે લપટાઈ વળ્યો; ને તેનાં નેત્ર અશ્રુથી ભરપૂર ભરાઈ આવ્યાં. તે પછી માતાએ પણ કુમારને છાતી સરસો ચાંપ્યો. તે કુંવરનું મુખડું તે ફરી ફરી નિહાળવા લાગી ને રખેને પુનઃ વિયોગ થાય એમ તેને જાણે શંકા થતી હોય, તેમ કેટલોક વખત તો પુત્રને છાતીથી દૂર કરવા–વીલો મૂકવા–જવા દેવાને તે તૈયાર થઈનહીં. પછી રાજકુમારે પોતાના મિત્ર તથા મંત્રીઓની, રાજા અમરદત્ત સાથે ઓળખાણ કરાવી. એટલે સર્વે રાજા અને રાણીનાં ચરણમાં નમ્યા. રાજા રાણી બંને

જણુંએ, પોતાના પુત્ર ઉપર પ્રેમ ધરાવનાર અને સંકટમાં સહાય કરનારા તેના મિત્રોને, પૂર્ણ પ્રેમ-દૃષ્ટિથી જોઇને બહુ સારું માન આપ્યું.

પછી મહારાજ **અમરદત્ત**, **માયાબટુ**ના રાજભુવનમાં ગયા અને પોતાના પુત્રની ભવિષ્યની પત્ની **શશાંકવતી**, જેણે સામા આવી સાસુજી તથા સસરાજીના ચરણમાં પ્રણામ કીધા, તેને પ્રેમથી આશિર્વાદ આપ્યો. સાસુજી અને સસરાજી, દીકરાની વહુને જોઈ અમોઘ આનંદમાં ગરકાવ થઈ ગયાં. **માયાબટુ**એ **અમરદત્ત**ને નજરાણો કર્યો. તે સ્વીકારી રાજા, રાણી તથા દીકરાની વહુ સહિત, તે નગર બહાર પૂર્ણ પ્રેમથી ભરપૂર, છાવણીમાં આવ્યો; અને પોતે, રાણી, પુત્ર તથા બીજા રાજાઓની સાથે આહારવિહાર કરવામાં મચ્યો–નાના પ્રકારનાં ગીત વાદિત્ર નૃત્ય વગેરેથી તે આખો દિવસ રાજાએ આનંદમાં ગાળ્યો. પુત્રનો ઉત્તમ યશ તથા ભવિષ્યમાં ચક્રવર્તી થવાનું સાંભળ્યું, તેથી તે પોતાના આત્માને કૃતાર્થ માનવા લાગ્યો.

એવામાં બુદ્ધિવાન્ કર્મસેન રાજાએ, પુખ્ત વિચાર કરી, એક દૂતને પત્ર આપીને તથા મુખસંદેશા સાથે **મૃગાંકદત્ત** તરફ મોકલ્યો; અને કહાવ્યું કે,–"હું જાણું છું કે, તમો ઉજ્જયિની નગરીમાં પધારશો નહીં. જો તેમ જ થશે તો પછી હું મારા કુમાર **સુષેણ**ને તમારી તરફ મોકલીશ, અને તે વેદવિધિપૂર્વક પોતાની બહેન **શશાંકવતી**નાં તમારી સાથે લગ્ન કરશે. તમે કુળવંત છો, માટે મારી ઇચ્છા છે કે તમારે જો અમારી સાથે પ્રેમ રાખવો હોય તો, વેદવિધિ વગર મારી કુંવરી સાથે લગ્ન કરવાં નહીં."

આ પ્રમાણે દૂતે રાજાનો સંદેશો, મૂખથી ને કાગળમાં લખ્યો હતો તે, રાજભવનમાં બેઠેલા સમાજમાં કહી સંભળાવ્યો–ને તે રાજસભામાં વિરાજમાન થયેલા રાજા, રાજકુમાર તથા બીજા સર્વેએ સાંભળ્યો. પછી રાજા **અમરદત્તે** જ તેના ઉત્તરમાં જણાવ્યું,–"રાજા કર્મસેન વગર આવો અનુગ્રાહી સંદેશો બીજો કોણ કહાવે? તે મહાપ્રતાપી રાજાનો અમારા ઉપર પૂર્ણ પ્રેમ છે, તો ઓ દૂત! તું તેઓને જઇને કહે કે, આપ **સુષેણ**ને અહીં મોકલી દો. અમે તમારા કહેવા પ્રમાણે એવી તો સારી રીતે વર્તીશું કે તમો તમારી પુત્રીનાં લગ્નની વિધિ સાંભળીને અત્યંત સંતોષ પામશો!" આ પ્રમાણે ઉત્તરરૂપ સંદેશો એક કાગળ ઉપર લખી આપી, દૂતના હાથમાં આપ્યો; અને પછી દૂતનો રુડી રીતે સત્કાર કરી વિદાય કર્યો. પછી રાજાએ, રાજકુમારને,**શ્રુતધિ**ને અને બીજા રાજાઓને કહ્યું,–"હવે યોગ્ય તો એ છે કે, આપણે સર્વે **અયોધ્યા** જઇએ. તે આપણી રાજધાની છે, એટલે લગ્નને માટે તે યોગ્ય સ્થળ છે. ત્યાં લગ્ન પ્રસંગે અચ્છી ધામધૂમ કરી શકાશે; અને ત્યાં **સુષેણ**નો પણ સત્કાર યથાર્થ રીતે થઈ શકશે. રાજા **માયાબટુ**ને અહીંઆં રહેવા દો. તેઓ જ્યારે **સુષેણ** અહીં આવશે, ત્યારે તેને સાથે લઇને પાછળથી આપણે ત્યાં આવી પહોંચશે. ચાલો આપણે પહેલા **અયોધ્યા**, ત્યાં જઇને લગ્ન માટે સર્વ ધામધૂમ શરુ કરીએ." ત્યાં મળેલા સર્વે, રાજાનું તે કહેવું સાંભળીને એકમત થયા ને અત્યંત આનંદને પામ્યા.



પછી **માયાબટુ**ને, **સુષેણ**ના આવતા સૂધી **કાંચનપુર**માં રાખી, **અમરદત્ત** રાજા, **મૃગાંકદત્ત**, તેની માતા, **શશાંકવતી**, કુંવરના મંત્રીઓ તથા બીજા રાજાઓ અને સઘળી સેના, સર્વ મનોરથ સિદ્ધ કરીને બીજે દિવસે **અયોધ્યા** નગર તરફ જવા નિકળ્યા. તેમનો સેના (રૂપી) સાગર, અસંખ્ય પાળાઓરૂપી જળથી ભરપૂર, ઉછળતા ઘોડાઓરૂપ હજારો મોજાથી ઉછળતો હતો અને તેના તુમુલ અને લાંબા શબ્દથી સર્વના કાન તથા શબ્દ ઢંકાઈ જતા હતા. તે સેનાસાગર દેખાવમાં અતિ ગંભીર ને ભયંકર દીસતો હતો. સેનાના ચરણાઘાતથી ધૂળ ઉડીને આકાશ સૂધી પહોંચતી હતી; તેથી આકાશ, ભૂમિ જેવો ભ્રમ કરાવતું હતું; અને ભૂમિ ઉપર શ્યામળા રંગના હાથીની હારદોર ચાલતી પંકિત, મેઘથી ભરેલા આકાશ જેવી દીસતી હતી. આ પ્રમાણે પિતા પુત્ર ધીમે ધીમે જતા હતા, તેઓ માર્ગમાં આવેલા **કિરાટરાજ શકિતરક્ષિત**ને રાજભવને, તેના પ્રેમને લીધે પધાર્યાં. **શક્તિરક્ષિતે** અને તેની રાણી તથા કાર્યભારી મંડળે, તે પિતા પુત્રને અણમોલ રત્નો, સોનું અને સારાં વસ્ત્રોથી સારી રીતે સંતોષ્યા તથા નાના પ્રકારનાં પકવાન્ન જમાડી તેની સેવા કરી. રાજા **અમરદત્ત**, પોતાના મંડળ સહિત, એક દિવસ તેને ઘેર પરોણો રહ્યો; અને બીજે દિવસે ત્યાંથી ઉપડી ધીમે ધીમે ચાલતાં કેટલેક દિવસે **અયોધ્યા** નગરીમાં જઈ પહોંચ્યો. નગરમાં ખબર પડી કે, રાજા અને રાજકુમાર પધારે છે, એટલે સર્વત્ર આનંદ આનંદ થઈ રહ્યો. જ્યાં રાજા, રાણી, અને કુમારે નગરમાં પ્રવેશ કીધો, ત્યાં તો જાણે તે નગરી, તોફાની પવનમાં એક સરસી હોય તેવી તેઓને જણાઈ. નગરની કમળનયનાઓ મોટા મોટા મહેલના ઝરુખાપર ચઢી બેઠી હતી ને તે આમ તેમ જોતી હતી, તે જાણે ખીલેલાં કમળો, ઘડીએ ઘડીએ ડોલતાં, પોતાની કાંતિ દાખવતાં હોયની શું, તેવી જણાતી હતી; અને તેમનાં ચંચળ ને ઉત્કંઠિત નેત્રો, ઘણા વરસથી દેશવટો લીધેલો રાજકુંવર, જે નવી વહુ સાથે પધારે છે, તેને જોવાને ઉંચાં નીચાં થતાં તે જાણે નલિની–કુમુદિની નૃત્ય કરતી હોય તેમ લાગતું હતું. તેમાં રાજહંસ* પડતાં હતાં અને તેઓ જાણે પતાકા† હલાવતાં હોય તેમ જણાતું હતું. એવી **અયોધ્યા**નગરીમાં જ્યાં રાજા ને કુમારે પ્રવેશ કીધો, કે નગરજનોએ જય જયકારના શબ્દોથી તેમને વધાવી લીધાં. પછી સર્વે રાજમહેલમાં પધાર્યાં ને પિતા પુત્ર સિંહાસનપર બિરાજ્યા. બ્રાહ્મણોએ આશીર્વાદના ધ્વનિથી આકાશ ગજાવી મૂકયું. બંદીજનો સ્તુતિ કરવા લાગ્યા, ચારણગણ તેમના ગુણાનુવાદ કરવા લાગ્યા.

જ્યારે નગરજનોએ **શશાંકવતી**ને જોઈ ત્યારે તેઓ તો દંગ જ થઈ ગયાં; અને અદ્ભુતાશ્ચર્યમાં ગરકાવ થઈ પરસ્પર બોલ્યાં કે–"રત્નાકર પણ **શશાંકવતી**નાં દર્શન કરે તો પછી તે પોતાની કન્યા લક્ષ્મીના સ્વરૂપનો ગર્વ કરે નહીં અને હિમાચળ પોતાની પુત્રી ગૌરીના સ્વરૂપમાં મદમત્ત રહે છે, તે પણ પોતાનો ગર્વ ત્યજી દે!' રાજા અને રાજકુમારે નગરમાં પ્રવેશ કીધો કે, તત્ક્ષણે મંગળસૂચક મોટાં મોટાં વાજીંત્રો વાગવા લાગ્યાં. તેનાં પડછદાથી

*રાજારૂપી હંસ. †ધ્વજા. ઘેર ઘેર બારણે બાંધેલી ધ્વજાઓ પવનથી હાલતી હતી, તે જાણે રાજારૂપી હંસના પધારવાથી, તે જ જાણે હલાવતા હોય તેવી જણાતી હતી.

મુખર થયેલી દિશાઓ પણ 'રાજાનો આગમન ઉત્સવ અમને વિદિત થયો છે,' આમ જણાવતી હોયની શું, તેમ પ્રતિઉત્તર આપતી હતી. આખું નગર પરમહર્ષમાં આવી ગયું હતું અને સિંદૂરના જે સાથિયા આખા નગરમાં પૂરવામાં આવ્યા હતા, તે જાણે એમ દર્શાવતા હોય કે, નગરી જાણે અનુરાગમાં* અત્યંત પરિપૂર્ણ થઈ છે.

બીજે દિવસે જોષિઓને બોલાવી, પુત્રનાં લગ્ન જોવરાવીને લગ્નદિવસ મુકરર કર્યો. પછી **અમરદત્ત** રાજાએ લગ્નની ધામધૂમ કરવા માંડી. જૂદી જૂદી દિશાઓમાંથી આણેલાં રત્નોથી આખી અયોધ્યા નગરી ઝળાંઝળાં થઈ રહી અને તે એવી તો અલૌકિક દીપવા લાગી કે, કુબેરની નગરી પણ તેની આગળ પોચ્ઇસ મનાતી હતી.

આ પ્રમાણે સઘળી ધામધુમ ચાલતી હતી, એવામાં **માયાબટુનો** એક દૂત આવ્યો. તેને દ્વારપાળ રાજા પાસે લઈ ગયો. રાજાને પ્રણામ કરી તે ઉલ્લાસચિત્તે બોલ્યો,–"મહારાજ ! રાજકુમાર **સુષેણ** અને **માયાબટુ**, બન્નો અયોધ્યા નગરીની સરહદ ઉપર આવીને ઉતર્યા છે." તે સાંભળીને રાજા **અમરદત્ત** ઘણો જ પ્રસન્ન થઈ ગયો અને પોતાના સેનાપતિને સેના સહિત, **સુષેણને** સામે લેવા જવા માટે હુકમ કર્યો. **મૃગાંકદત્તને** પણ તે ખબર થઈ, એટલે તે પણ મિત્રપ્રેમને લીધે, પોતાના મિત્રોને સાથે લઈ, સેનાપતિ સાથે **સુષેણ** અને **માયાબટુની** સામે ગયો. દૂરથી બન્નેનાં દર્શન થયાં કે, તુરત જ બન્ને રાજકુમાર અશ્વપરથી નીચે ઉતરી પડ્યા ને અન્યોઅન્ય એક બીજાને ગળે વળગી, આલિંગન કરી, એક બીજાના કુશળ સમાચાર પૂછીને અત્યાનંદ પામ્યા. પછી પૂર્ણપ્રેમથી એક રથમાં બન્ને રાજકુમાર બેસીને નગરમાં પેઠા. તેમને નિહાળવા માટે ઉભેલી નવરંગી નારીના નેત્રને આનંદ આપતા બન્નો કુમાર રાજભવનમાં આવ્યા.

રથમાંથી ઉતરી **સુષેણ** પ્રથમ **અમરદત્ત** રાજાની પાસે ગયો. ત્યાં મહારાજ **અમરદત્તે** તેનો રુડીરીતે સત્કાર કીધો ને સર્વના કુશળ સમાચાર પૂછ્યા. રાજા સાથે વાતચિત થઈ રહ્યા બાદ, **સુષેણ** ત્યાંથી પોતાની બહેન **શશાંકવતીના** નિવાસભવનમાં ગયો. પોતાના ભાઈને જોતાં જ **શશાંકવતીના** નેત્રમાં આંસુ ભરાઈ આવ્યાં અને તે ભાઈને કંઠે વળગી પડી, ગદગદિત થઈ, શિથિળ થઈ, જમીનપર બેસી ગઈ; અને જાણે પોતાના કામથી શરમાતી હોય તેવી વીલી વીલી જણાઈ. ત્યારે રાજકુમાર **સુષેણે** બહેનને કહ્યું,–'વહાલી બહેન ! પિતાજીએ કહેવરાવ્યું છે કે, તેં કંઈ પણ અઘટિત કામ કર્યું નથી, ને એ હું મારા મનથી જ કહેતો નથી; પણ હું જ્યારે નિદ્રાવશ હતો, ત્યારે દેવી ગૌરીએ સ્વપ્નમાં આવીને મને કહ્યું હતું, કે તારી કન્યાને તું **મૃગાંકદત્તને** પરણાવ ! કારણ કે **શશાંકવતી** તેની પૂર્વજન્મની સ્ત્રી છે; ને તેનો આ જન્મનો નિર્માણ પતિ **મૃગાંકદત્ત** છે, તેથી કહું છું. તેં જે કર્યું છે તે યોગ્ય જ છે. સ્ત્રીઓએ પોતાના પતિને અનુસરવું, તે તેઓનો પૂર્ણ પવિત્ર ધર્મ છે."

* પ્રેમ.



આ પ્રમાણે પોતાના ભાઈનાં વચન સાંભળી **શશાંકવતી** નીચું જોઈ રહી અને 'મારું આભલસિત સિદ્ધ થયું છે!' આમ પોતાના ધડકતા હૃદયને કહીને તસતસતી છાતીએ, લજ્જાને છોડીને ઉભી થઈ.

પછી **સુષેણે** જે ધન **શશાંકવતીએ** એકઠું કરીને સાચવી રાખ્યું હતું, તે રાજાની સમક્ષમાં **શશાંકવતીને** સોંપ્યું. તેમાં બે હજાર ભાર* સુવર્ણ રત્નથી લાધેલા પાંચ ઉંટો ને પુષ્કળ સુવર્ણનાં પાત્રો હતાં. તે પછી તે બોલ્યો: "આ એની ખાનગી સંપત્તિ છે, પણ મારા પિતાએ જે મોકલાવ્યું છે, તે ચોરીમાં કન્યાદાન વખતે હું આપીશ." આ પ્રમાણે વ્યવસ્થા કર્યા પછી, **મૃગાંકદત્ત** વગેરે સઘળા રાજાઓએ અને માણસોએ, મિઠામિઠા પકવાન્નો જમી, સરકાનું પાન કરી, સારો દિવસ મોજમઝામાં ગુજાર્યો.

પ્રભાત થયું. એ મંગળ દિવસ લગ્નનો હતો. તે દિવસે **અમરદત્ત** રાજા અતિ ,ઘણા ઉમંગથી સઘળા કામકાજમાં ગુંથાઈ ગયો હતો. પ્રભાતમાં રાજકુમાર **મૃગાંકદત્તે** રીતિ પ્રમાણે સ્નાન વગેરે નિત્યકર્મ કરી લીધું. બીજી તરફ નવરંગી નારીઓ, **શશાંકવતી**–જે પોતાની કાંતિથી જ શણગારેલી હતી તેને કુળાચાર પ્રમાણે ધર્મસંસારયુક્ત શણગારવામાં રોકાઈ ગઈ. શણગાર સજી રહ્યા પછી વરકન્યા પોતપોતાના ઓરડામાંથી નિકળીને, વિવાહ નિમિત્ત રચેલી ચોરી, જ્યાં અગ્નિદેવનું સ્થાપન કર્યું હતું, ત્યાં આવ્યાં. ત્યાં **સુષેણ** કન્યાદાન દેવાને તૈયાર જ હતો. ચોરીમાં બેઠા પછી, **શ્રીકૃષ્ણે** જેમ **લક્ષ્મીના** શોભાયમાન કરકમળને ગ્રહણ કર્યો હતો, તેમ રાજકુમારે પણ કમળ જેવા કોમળ તથા સુંદર, રાજકુમારીના કરકમળને ગ્રહણ કર્યો. હાથેવાળો મેળવ્યા પછી, અગ્નિની આગળ ચાર મંગળ ફેરા ફરતી વખતે, **શશાંકવતીને** અગ્નિનો તાપ અને ધુમાડો લાગવાથી, તે કોપ રહિત છતાં પણ લાલચોળ થઈ ગઈ–તેની આંખમાં પાણી વહી રહ્યાં. વરકન્યા ચોરીમાં બેઠા પછી લાજાહોમ ( ધાણીનો હોમ ) નો સમય થયો કે, **સુષેણે** **શશાંકવતીના** હાથમાં ભાત ભાતની ધાણી આપવા માંડી અને તેણે તે અગ્નિમાં હોમવા માંડી, તે જાણે રાજકુમારની મહાપ્રયત્ને કાર્યસિદ્ધિ થઈ તે જોઈને કામદેવ સ્મિતહાસ્ય કરતો હોયની શું, તેમ એ અગ્નિમાં પડતી ધાણીની અંજળિઓ જણાતી હતી. પ્રથમ ધાણીની અંજળિનો હોમ કીધો કે, તત્સમયે કન્યાદાનમાં કંઈક આપવાનો રિવાજ હોય છે, તે પ્રમાણે **સુષેણે**, પંચ સહસ્ર અશ્વ, એક સો હાથી, બસો ભાર સોનું, નેવું હાથણીઓ ને પુષ્કળ ઉંચાં જરીનાં વસ્ત્ર, ઉમદાં રત્નો તથા મોતીનાં જડાવ ઘરેણાં તથા મોતનમાળાઓથી ભરપૂર ૨૦ ઉંટો કન્યાદાનમાં આપ્યાં. બીજી વાર વળી ધાણીની અંજળિઓ અગ્નિમાં હોમી, ત્યારે **સુષેણે** પૃથ્વીવિજયમાં જે દ્રવ્ય મેળવ્યું હતું, તે દ્રવ્ય પોતાની બહેનને દાનમાં આપ્યું. આ પ્રમાણે તેણે ચારે મંગળફેરા વખતે પુષ્કળ દ્રવ્ય, બહેનને કન્યાદાનમાં આપ્યું.

આવી રીતે લાજાહોમ થઈ રહ્યો, એટલે વિવાહ સંબંધી સર્વ કર્માંતર પૂર્ણ થઈ ગયું. પછી **મૃગાંકદત્ત** અને **શશાંકવતી** બન્ને જણાં ચોરીમાંથી ઉભાં થયાં અને પોતાની

* એક ભાર એટલે ૨૦ તોલા વજનમાં.

વૈભવભવનમાં ગયાં. આ વખતે વરરાજાને માન આપવા માટે જૂદાં જૂદાં વાજીંત્રો—શરણાઈ, ઢોલ, ત્રાસાં, નગારાં વિગેરે ઢમકવા લાગ્યાં. અમરદત્ત રાજાએ લગ્નમાં આવેલા તથા માંડવામાં પધારેલા સર્વ રાજાઓને, તેઓનાં માણુસોને, તેમની સાથે આવેલાં પોપટ મેનાં વગેરે સઘળાંને અને પોતાની આખી પ્રજાને તથા મંત્રીઓને, હાથી, ઘોડા, રત્ન, હીરા, માણેક, મોતી, ખાવાપીવાના સર્વે પદાર્થો તથા ઉંચાં ઉંચાં વસ્ત્રો, સૌ સૌની યોગ્યતા પ્રમાણે આપીને, સારી રીતે સંતોષ્યા. આ વખતે રાજાએ સર્વને એવી તો સરસ રીતે સંતોષ પમાડ્યા કે, તેથી તેની મોટાઇમાં બહુ વધારો થયો; અને વૃક્ષ ઉપર વસ્ત્ર અને આભરણો લટકાવવામાં આવ્યાં હતાં, તેથી તે રાજા પૃથ્વી ઉપરનાં કલ્પદ્રુમ પેરે શોભતો હતો.

આ પ્રમાણે પહેરામણીનો ઉત્સવ થઈ રહ્યા બાદ, રાજા, **મૃગાંકદત્ત**, **શશાંકવતી** તથા બીજા રાજાઓ અને સુષેણ, સર્વે એક પંક્તિએ ભોજને બેઠાં. ભોજન થઈ રહ્યા બાદ, આખો દિવસ મધુપાન કરવાના આનંદમાં જ સર્વેએ ગુજાર્યો. મહેલના સર્વ મનુષ્યોએ પણ અચ્છી રીતે ખાધું પીધું અને રાગતાન ને નૃત્યમાં ગુલતાન થઈ ગયાં. તેટલામાં તો **સૂર્યનારાયણ** પણ પૃથ્વી પર્યટન કરી, પૃથ્વી રાણીના અધરનું પાન કરતા કરતા **અસ્તાચળપર્વતની** ગુફામાં પધારી ગયા. દિવસ પોતાના કીર્ત્તિકાંત સૂર્યનારાયણને નવરાગ ( પ્રેમ—રતાસ ) દેવીથી ઉજ્જ્વળ એવી સંધ્યાની સાથે ક્યાંઈ નાશી ગયો જોઈ, પોતે શોકમાં પડીને કોપાયમાન થઈ હોય તેમ દેખાવા લાગ્યો; અને સંધ્યાકાળ સમયે આમ તેમ ઉડતા પક્ષીઓ, તે જાણે તેના કટિમેખળા તૂટી પડી હોય તેવા જણાતા હતા. થોડી વારમાં ચંચળ તારારૂપ કીકીવાળાં મુખથી શોભાયમાન થયેલી રાત્રિરૂપ અભિસારિકા, અતિશય કામાતુર થવાથી, અંધારારૂપ શ્યામ વસ્ત્ર ઓઢીને, ચંદ્રમા તરફ પ્રેમથી ભરપૂર થઇને ચાલતી થઈ. નૂતન સિંદૂરના જેવો ઉજળા રંગનો અને કોપાયમાન થયેલી વિશાળ નેત્રવાળી સ્ત્રીના કુટિલકટાક્ષ જેવો વક્ર **ચંદ્રમા** ઉદય થયો ને ઉદયાચળ ( રૂપ ) હાથી ઉપર અંકુશ ધારણ કરીને બેઠેલો જણાયો. આ વખતે ચારે તરફ પ્રકાશ થઈ રહ્યો હતો. પૂર્વદિશારૂપ પ્રમદા, અંધકારના જવાથી, અતિ પ્રસન્નતામાં આવી ગઈ હતી; અને તે સ્વચ્છ ને ઝળાંઝળાં કરતી લટકમટકના હાવભાવથી મોહ ઉપજાવતી હતી, તે જાણે રતિરૂપ લતા, નવપલ્લવરૂપ **ચંદ્રમાનું**, પોતાના કાનમાં કર્ણાભરણ ધારણ કરી, સ્મિતહાસ્યવદનથી શોભતી હોય, તેવી જણાતી હતી.

**મૃગાંકદત્ત** સાયંકાળનાં સંધ્યાવંદનાદિ સર્વ કર્મો કરીને, પોતાની પ્યારી રતિ મૂર્તિ છેલ છબીલી નવોઢા મુગ્ધા, નવી પટરાણીને સાથે લઈ ક્રીડાભવનમાં ગયો. ત્યાં નાના પ્રકારના દીવાઓ ઝગઝગાટ કરી રહ્યા હતા; ભિંતે મહાપુરુષોની નૂતન નૂતન છબીઓ લટકતી હતી; એક તરફ મોટો, સુંદર, ગાદલાં ઓસીકાં અને ગાલમસુરીઆં બીછાવેલો છત્રપલંગ ઢાળેલો હતો; તેની ઉપર પુષ્પના હારો ઝુલી રહ્યા હતા. વિલાસભવનમાં પ્રવેશ કરતાં **શશાંકવતીના** મુખચંદ્રે અંધકારને હાંકી મૂકીને ચારે તરફ ઝળઝળાટ પ્રકાશ કરી મૂક્યો. ત્યાં ચિત્રેલાં ચિત્રો ઝળાંઝળાં થઈ રહ્યાં ને મણિના દીવાઓ નકામા જેવા થઈ પડ્યા. દંપતી છત્રપલંગ ઉપર ચઢયાં,



અને સુતાં. **શશાંકવતી** શરમાળ મુગ્ધા હતી ને નવો પ્રસંગ હતો, એટલે તે લજ્જાની મારી કોર મરડીને સુતી. **મૃગાંકદત્ત** થોડીવાર રહી, પછી તેના તરફ ફર્યો અને પ્રિયાના અંગને આલિંગન આપી, તેના ગોરા, કોમળ ને મનોહર મુખપર હાથ ફેરવીને, ધીમે ધીમે, અમૃતરસનું પ્રેમપૂર્વક પાન કરતો હોય તેમ, તેણે ગાલ, નેત્ર, લલાટ વગેરે સ્થળે ચુંબન કરી, પછી તેના ઓષ્ઠ ઉપર દંતક્ષત કરી, તેની લજ્જા છોડાવી દીધી. પછી રાજકુંવર, જે **શશાંકવતીનું** સુરતસમાગમસુખ ઘણા દિવસથી ઇચ્છેલું હતું, તે ભોગવવાનો આજે રુડી રીતે અવસર મળ્યો તે માટે, પ્રેમથી લદબદ થઇને, પ્રિયાને પોતાની બાથમાં પકડીને, તે સુરતસમાગમ રમવા લાગ્યો. આ વખતે **શશાંકવતી** ગળગળી થઇ બોલી: “વહાલા ! જાઓ, જાઓ, એમ શું કરો છો? પ્યારા ! હમણાં મને છેડો નહીં ! ના, ના, મને એ ગમતું નથી જો !” સુરતના સમાયમાં મધુરી પ્રિયાનાં આવાં કાલાંકાલાં ને મધુરાંસાં વેણ, રાજકુમારને મોહનમંત્રના રસપાનનું સુખ આપતાં હતાં; અને તેથી વિશેષ વ્યાકુળ બની, તે અધરોષ્ઠના અમૃતનું પ્રેમપૂર્વક પાન કરતો રતિક્રીડા રંગભર રમવા લાગ્યો. પ્રેમમૂર્તિ કામણગારી પ્રિયા, તીરછાં નેનબાણ મારતી ને રકઝક કરતી, રસવર્ધનહારી ચુટકાની ચટકી લગાડી, બાજુમાંથી ખસી જવાનો યત્ન કરતી હતી, તેવામાં તેની કટિપરની અણમોલ રત્નની કટિમેખળા તૂટી ગઈ ને રત્નો વેરાઈ ગયાં !! ક્રીડા પૂર્ણ થતાં **શશાંકવતીના** કેશ વિખરાઇને તેના ગોરા મુખકમળની આસપાસ વિંટળાઈ વળ્યા ને તે રતિ સમાગમનું સુખ અંતરમાં ગ્રહણ કરતી હોય, તેમ પોતાનાં નેત્રોને અર્ધાં મીચી ગઈ ને અર્ધાં ખુલ્લાં રાખી શરમાઈ ગઈ.

**શશાંકવતીનું** શરીર શિથિલ પડવાથી પ્રમાદ પૂર થઈ ગયું; અને તે ઉપર ચોપડેલો અંગરાગ પણ લુછાઈ ગયો. આ પ્રમાણે દંપતી નવલ સુરતસમાગમસુખ ભોગવતાં આખી રાત્રિનો ક્ષય થઈ ગયો, પણ ઉભયની સુરતસમાગમ કરવાની ઇચ્છાનો ક્ષય થયો નહીં.

પ્રભાતનો સમય થયો. શીતળ તથા મધુરો મંદમંદ પવન વાતો હતો. આ વખતે રિવાજ પ્રમાણે બંદીજનોએ રાજભવનમાં દાખલ થઈ, મધુરકંઠથી, રાજકુંવરને જાગ્રત કરવા માટે, આ પ્રમાણેની ભેરવીનું તાન માર્યું: “ રાજકુમાર ! હવે મંગળસૂચક પ્રભાત થયું છે, માટે તમે શય્યામાંથી ઉઠો. જુઓ, જુઓ, સ્ત્રીઓને સુરતમાં જે કલેશ ઉપજ્યો હોય તેને વારણ કરનારો અને મૃગનેણીઓના સુગંધી કેશને આમ તેમ ચંચળ કરતો પ્રભાતનો વાયુ વાય છે. જ્યારે **ચન્દ્રમા** અસ્તાચળ ઉપર પધારે છે, ત્યારે રાત્રિદેવી પણ તેની પાછળ એકદમ જાય છે, તે વખતે દુર્વાના વનમાં, દરેક દૂર્વાની અણી ઉપર, પ્રભાતનાં તુષારબિંદુ (હિમજળ) ચળક ચળક કરે છે, તે જાણે રાત્રી રાણીની મોતનમાળા તૂટીને મોતી વેરાઈ ગયાં હોય તેમ જણાય છે. **ચન્દ્ર** અને **ચન્દ્રિકાના** સમાગમ સમયે પ્રકાશ પામે છે એવી સફેદ કુમુદિનીમાં, ભમરાઓ ભરાઇને મધુપાન કરીને વિહાર કરતા હતા, તે પણ હવે પ્રભાત થયાથી નિસ્તેજ થઈ ગઈ છે અને બીડાવા માંડી છે; ત્યારે હવે પરાગમાં લીન થયેલા ભ્રમરાઓની અવસ્થા તો જુઓ, જુઓ ! તે કેવી છે? તે બીજા કમળમાં વિહાર

કરવા ચાલ્યા જાય છે. જ્યારે કોઈ માણસ ઉપર આપત્તિ આવે છે, ત્યારે તેનો પક્ષ છોડી ક્યા મનુષ્યો ચાલ્યા જતા નથી ? કામદેવે રાત્રિરાણીના ઓષ્ઠને, સૂર્યનાં કિરણથી મંડિત થતા જોઈ, પોતે ચન્દ્રમારૂપ તિલક પોતાના લલાટમાં કર્યું નહીં, તેથી શોક કરતો, પોતાનું અલ્પ તમરૂપ શરીર કર્યું છે એવો, તે કામદેવ રાત્રીદેવીને પરાધીન થઈ જોઈ પોતે ક્ષીણ થઈ ગયો છે. કારણ કે પોતાનો મિત્ર ચન્દ્રમા પણ આ અવસરમાં તેની સમીપમાં નથી."

આ પ્રમાણે પ્રભાતમાં બંદીજનની ભૈરવીનું તાન સાંભળીને શશાંકવતીએ મૃગાંકદત્તના કંઠનું આલિંગન છોડી દીધું; અને મૃગાંકદત્તને પણ સુરતસમાગમ કરવાના શ્રમથી જે મીઠી નિદ્રા આવી હતી તે ઉડી ગઈ. તે વસ્ત્ર સરખાં કરી તરત પલંગ ઉપરથી નીચે ઉતર્યો. અને ક્રીડાભવનમાંથી નિકળી દંતધાવન કરી, મંગળસ્નાન કરી, પોતાના પિતાની સાથે બેસીને પોતાને કરવા યોગ્ય સઘળાં કામ કર્યાં. તે આખો દિવસ ઉત્સવમાં નિકળી ગયો. જેમ દિવસ આનંદમાં જતો હતો, તેમ જ તેની રાત્રિ પણ આનંદમાં જ જતી હતી. આ પ્રમાણે રાજકુમારે ઘણા દિવસ મહોત્સવમાં ગુજાર્યા.

લગ્ન થયાને ઘણા દિવસો વિતી ગયા હતા, તોપણ મહારાજ અમરદત્તે સઘળા માણસોને વિદાયગીરી આપી ન હતી; કારણ કે કેટલાએક રાજાઓનો હજી સત્કાર કરવો બાકી રહ્યા હતો. તેથી એક શુભ દિવસ તે કામને માટે મુકરર કર્યો. તે દિવસે અમરદત્ત રાજાએ, મોટું દરબાર ભરી, અચ્છી રીતનો ઠઠારો કીધો હતો. પહેરેગીરો આમતેમ ફરતા હતા ને નેકીવાળો, ઘડીએ ને પળે 'નિઘા રખો'નો પોકાર કરતો હતો. દરબારગઢમાં પુત્રના મંત્રીઓને, બીજા રાજાઓને અને તેના સાળા સુષેણને બોલાવ્યો. પ્રથમ સુષેણને માથે અભિષેક કરીને પાઘડી બંધાવી અને તેના લાયક એક દેશ, હાથી, ઘોડા અને હજાર ભાર સુવર્ણ આપી, તેનો લેખ કરી આપ્યો તથા તેના યોગ્ય તેને સૌંદર્યવતી સો સ્ત્રીઓ અર્પણ કરી સારો સત્કાર કર્યો. ત્યાર પછી ભિલ્લરાજા માયાબટુને, કિરાટરાજ શક્તિરક્ષિતને તથા તેના બંધુઓને, માતંગપતિ દુર્ગપિશાચને તથા મૃગાંકદત્તના મંત્રીઓ શ્રુતધિ વગેરેને દેશ, હાથી, ઘોડા, સોનું તથા વસ્ત્ર વગેરે આપીને તેમનો પણ ઘણી સારી રીતે સત્કાર કર્યો. પછી રાજા અમરદત્તે ભિલ્લરાજા વગેરેને સુષેણની સાથે જ પોતપોતાના નગરમાં જવાની રજા આપી.

વિવાહ વીત્યા પછી અમરદત્ત પોતાના કુમારના પરાક્રમથી અત્યંત પ્રસન્ન થઈ, નિર્વિઘ્ને રાજ્ય કરવા લાગ્યો. મૃગાંકદત્ત પણ વેરીઓને વશ કરી, ઘણે દિવસે, મહાસંકટે પ્રાપ્ત થયેલી શશાંકવતીની સાથે ક્રીડા કરી આનંદમાં રહેતો હતો; ભીમપરાક્રમ વગેરે પોતાના ઈષ્ટમિત્ર તથા મંત્રીઓની સાથે ઘણા કાળ સુધી સુખાનંદમાં રહી તે કાળક્ષેપ કરતો હતો.

કેટલોએક કાળ વિત્યા બાદ, રાજાના અંગમાં રહેલી—અગભૂત જરા—વૃદ્ધાવસ્થા—જાણે રાજાના કાન સમીપ આવીને 'તમે લક્ષ્મી સુખે ભોગવી, તમારી અવસ્થા પણ વૃદ્ધ થઈ, તો હવે



તમારો આ શાંતિનો સમય ઇશ્વરારાધનામાં ગાળો, તો કેવું રુડું!' આવો ઉપદેશ કરતી હોય તેવી દેખાવા લાગી. રાજા અમરદત્ત પણ વૈભવ ભોગવવામાં ઉદાસીન થઈ ગયો હતો, એટલે તેણે ગુપ્તપણે વિચાર કરી પોતાના સર્વે મંત્રીઓને કહ્યું: "મંત્રીઓ ! સાંભળો. હવે મારા મનમાં જે કર્તવ્યતા કરવાની બાકી રહી છે, તે હમણાં હું તમારી સમીપમાં કહું છું. હું હવે વૃદ્ધ થયો છું, મારા દાંત પડી ગયા છે, હાડકાં શિથિળ થયાં છે અને પળીઆં આવ્યાં છે, મારું શરીર જરજરિત થઈ ગયું છે ને યમના દૂતે મારા કેશ પકડ્યા છે, તો હવે મારા જેવો વૃદ્ધ પુરુષ, નિરસતાથી, અસાર વૈભવ ભોગવવામાં જે તૃષ્ણા રાખીને તેને ભોગવે તે તો એક ઉપહાસ્ય જેવું જ ગણાય. જેમ જેમ ઉમર વધતી જાય છે, તેમ તેમ તેની સાથે જ નબળા મનના પુરુષોને લોભ તથા કામનો આગ્રહ પણ વધતો જાય છે. એ બેશક, મૂર્ખ પુરુષનું સ્વાભાવિક આચરણ ગણાય છે. પરંતુ તેવા કામનો સત્પુરુષો કદીપણ આદર કરતા નથી. હવે મને ક્ષુદ્ર વૈભવો ભોગવવાની જરા પણ ઇચ્છા નથી. મારે મૃગાંકદત્ત એક જ પુત્ર છે. તે ઉજ્જયિનીના રાજાનો ને તેના સહાયોનો પરાજય કરીને પૃથ્વી ઉપર કીર્ત્તિવંત થયો છે. તે સદ્‌ગુણી છે ને પ્રજા અને કાર્યભારીમંડળમાં પ્રેમનું પાત્ર થઈ પડેલો છે. વળી તે ગુણશાળી અને સારી સહાયવાળો છે માટે, હું મારા પોતાના વિશાળ રાજ્યપર તેનો પટાભિષેક કરી, તપ કરવા માટે તીર્થમાં જવા ઇચ્છું છું. મહાત્મા પુરુષોનું ચરિત્ર, જો બીજાને પ્રશંસા કરવા લાયક અને અવસ્થાને છાજે તેવું હોય તો જ તે શોભા આપે છે."

રાજા અમરદત્તના મંત્રીઓ, જે સ્વભાવે ધીરવીર હતા તેઓ અને નગરના સંભાવિત ગૃહસ્થો તથા રાણી, તે સર્વેએ, રાજાનું આવું વચન સાંભળીને કહ્યું: "આપની ઇચ્છાનુસાર કાર્ય કરો!" પછી અમરદત્તે જોશીઓને બોલાવ્યા અને પુત્રનો અભિષેક કિયે દિવસે કરવો, તેનું મુહૂર્ત પૂછ્યું. જોશીઓએ શુભ દિવસ જોઈ આપ્યો. તે દિવસે રાજાએ પ્રતિષ્ઠિત વિદ્વાન્ બ્રાહ્મણોને તેડાવી, તે દ્વારા, વેદવિધિયુક્ત પોતાના પુત્રને પટાભિષેક કરાવ્યો અને તે નિમિત્તે નગરમાં મહોત્સવ મનાવ્યો. આ ઉત્સવમાં રાજમંદિર વિશે પ્રતિહારની આજ્ઞાથી માણસો આમ તેમ દોડમદોડા કરી રહ્યાં હતાં, નોકરો પોતાને ફરમાવેલા કામમાં વળગી ગયાં હતાં, વારાંગનાઓ જનસમાજમાં થા થા થેઈ થેઈ કરી નૃત્ય કરી રહી હતી અને ભાટ ચારણો, 'રાજાજી ઘણું જીવો' ના ઘોષ ગજાવી રહ્યા હતા. એથી જાણે આખું રાજભવન આનંદથી જયજયકારનો શબ્દ કરી રહ્યું હોય તેવું જણાતું હતું. જેમ જેમ મૃગાંકદત્ત અને તેની રાણીના મસ્તક ઉપર અમોઘ તીર્થનું જળ પડવા લાગ્યું, તેમ તેમ આનંદમાં આવેલાં માતાપિતાના નેત્રમાંથી હર્ષાશ્રુજળની નદી વહેવા લાગી. વૃદ્ધ રાજા રાણીના હર્ષનો પાર નહોતો. તેઓ ગળગળાં થઈ ગયાં ને શીતળ હર્ષાશ્રુજળથી વહેતાં નેત્રવડે પુત્રને નિહાળી, એવા તો આનંદમાં તન્મય થઈ ગયાં, કે તેઓના અંગમાં રગેરગે આનંદનું લોહી ઉભરાઈ આવ્યું. જ્યારે સિંહપરાક્રમી નવા રાજા સિંહાસનારૂઢ થયા ત્યારે દૃષ્ટિ કરતાં, તે જાણે પોતાના વેરીઓની તરવાર, જમીનપર ધ્રુજતી પડી છે ને તે તરફ નજર કરે છે તેમ સિંહ પેરે જોતા જણાતા હતા.

રાજા અમરદત્તે પુત્રને રાજ્ય સિંહાસન ઉપર બેસાડીને આખા નગરમાં પતાકાઓ બંધાવી દીધી ને ઘેર ઘેર દીવાળીનો દહાડો મનાવ્યો; અને રાજમાર્ગ ઉપર પાણીનો છટકાવ કરાવી તેને શણગારવાનો હુકમ કર્યો હતો. આ ઉત્સવ સાત દિવસ સુધી આખા શહેરમાં ચાલ્યો. આઠમે દિવસે પ્રભાતમાં રાજા અને રાણી, દેવારાધન કરવા માટે નગરીની બહાર નિકળ્યાં. આ વખતે મૃગાંકદત્ત તથા સકળ પ્રજા તેને વળાવવા માટે તેની પાછળ નગર બહાર નિકળી. સ્નેહ એ વસ્તુ અજબ મોહનમંત્ર છે. તેનામાં જે માણસ આસક્ત થયો, તેને બહુ વિરહવેદના ભોગવવી પડે છે. શાસ્ત્રમાં કહ્યું કે છે કે स्नेहमूलानि दुःखानि. દુઃખનું મૂળ સ્નેહ છે. તે પ્રમાણે સઘળાં માણસો રાજાને છોડીને પાછાં વળી શકતાં ન હતાં, પરંતુ થોડેક ચાલ્યાં. પછી રાજાએ સર્વને કહ્યું, 'સર્વે ઘેર જાઓ.' આ વખતે વળાવવા માટે આવેલાં માણસોનાં નેત્રમાં અશ્રુ આવી ગયાં. જેઓએ હંમેશાં તેની સાથે પોતાનું જીવન ગાળ્યું હતું, તે પોતાના સ્વામીનો વિરહ કેમ સહન કરી શકે વારુ? પરંતુ તે સઘળાને છોડી રાજા અને રાણી ઈશ્વરનું આરાધન કરવા માટે વારાણસી ગયાં. ત્યાં રાજા દરરોજ પોતાની રાણી સહિત ગંગા કિનારે જઈ, પોતાના અંગને શીતળ જળથી ત્રણ કાળ સ્નાન કરાવી, ત્રિપુરારિ વિશ્વેશ્વરનું ત્રણ કાળ પૂજન કરતો હતો; અને ઋષિઓની માફક ફળ તથા કંદનો આહાર કરતો હતો; અને તે સર્વ કાર્યમાં તેની રાણી સર્વ પ્રકારે ભાગ લેતી હતી.

પણ મૃગાંકદત્ત, સૂર્ય જેમ વિશાળ ને સ્વચ્છ આકાશમાં વિરાજમાન થઈ પોતાના કરથી* પર્વતોને આક્રમણ કરી, ચારે તરફ પોતાના તાપને ફેલાવીને તપવા માંડે છે, તેમ તેણે નિર્મળ તથા અતિપ્રતાપી રાજસિંહાસન ઉપર વિરાજમાન થઈ, પોતાના કર, રાજાઓ ઉપર નાંખી તેને તાબે કરી, ચારે તરફ પ્રતાપ વિસ્તારીને તપવા† લાગ્યો! તેણે, માયાબટુ અને કર્મસેન, તથા બીજા રાજાઓને પોતાના સેનાપતિ નીમ્યા; શ્રુતધિને મંત્રિમંડળનો અગ્રેસર કર્યો અને તે સર્વ સંગે રહી, દ્વીપસહિત ચાર દિશાવાળી પૃથ્વીને તાબે કરી, આખા ભૂમંડળમાં પોતે ચક્રવર્તી થઈ, એકછત્રે રાજ્ય કરવા માંડ્યું.

જ્યારે મૃગાંકદત્ત ચક્રવર્તી રાજા થયો હતો, ત્યારે પ્રજામાં ચારે તરફ સુખશાંતિ વ્યાપી રહી હતી. દુકાળનું દુઃખ, ચોરનો ભય અને પરરાજાની ચઢાઇનાં દુઃખો માત્ર વાર્તા મારફતે જ ઘરડાં ખોખરાંઓ સંભળાવતાં હતાં. નિત્ય આનંદ તથા મોજમઝા કરતી ભૂમિ, નવ રામચંદ્રના સર્વોત્તમ રાજ્યનું અનુપમ સુખ ભોગવતી જણાતી હતી. આ રીતે ચક્રવર્તી રાજા મૃગાંકદત્ત, પોતાની રાજધાની અયોધ્યાનગરીમાં રહીને, મંત્રીઓ તથા રાણી શશાંકવતીની સાથે વસતાં સુખાનંદમાં દિવસ નિર્ગમન કરતો હતો. તેના ચરણકમળને વંદન કરવા જૂદા જૂદા દેશના રાજાઓ નિરંતર ત્યાં આવતા અને તેની તહેનાતમાં ખડા રહેતા હતા. મૃગાંકદત્તે પોતાની સર્વોત્તમ પ્રિયા શશાંકવતી સંગે, રંગે રમતાં, આનંદ ને સુખમાં, નિષ્કંટક રાજસુખ ભોગવ્યું હતું.

---

* કર એટલે હાથ ને કર એટલે કિરણ. † દીપવા–શોભવા.



* આ પ્રમાણે પિશંગજટ મુનિએ, મલયવનમાં, વિરહવેદનાથી પિડાતા નરવાહનદત્ત રાજકુમારને કથા કહ્યા પછી કહ્યુંઃ "એ રીતે ઓ બાળક! પૂર્વે મૃગાંકદત્ત, જેમ ઘણાં ઘણાં સંકટ સહન કર્યા પછી શશાંકવતીને પરણ્યો હતો, તેમ જ તને પણ મદનમંચુકાનો પુનઃ મેળાપ થશે જ!" પછી નરવાહનદત્ત, અમૃતપેરે જીવન આપનારું આવું પિશંગજટ મુનિનું વચન સાંભળી, મદનમંચુકાને મળવાને ધૈર્ય ધરી, મુનિને પ્રણામ કરીને તે મુનિની આજ્ઞા લઈ, મદનમંચુકાનું મનમાં રટણ કરતો, પોતાને જે હરી લઈ આવીને પાછળથી અદૃશ્ય થઈ ગઈ હતી, તે પ્યારી લલિતલોચનાની મલયાચળના વનમાં આડી અવળી શોધ કરતો ફરવા લાગ્યો.

શશાંકવતી લંબક સંપૂર્ણ.

---

* આ વાર્તાનો પૂર્વાપરનો સંબંધ ૭૧૨ માં પૃષ્ઠમાં જોવો.

श्री

महाकवि श्री सोमदेव भट्ट विरचित

# કથાસરિત્સાગર.

( ભાષાંતર )

त्रयोदशोलंबक—मदिरावती.

## તરંગ ૧ લો.

### મંગળાચરણ.

જે ગણેશ, સંધ્યાકાળ*ના ઝળઝળાંમાં નૃત્ય કરે છે ત્યારે, જાણે ત્રણુલોક ઉંચા નીચા થઈ તેનું અનુકરણ કરતા હોય તેવા દીસે છે, તે વિઘ્નવિનાશક તમારું સંરક્ષણ કરો !

શિવના લલાટપરના ત્રીજા નેત્રની કાંતિ, ગૌરીએ પ્રણુય કોપ કર્યો ત્યારે તેને મનાવવા માટે પ્રણામ કરતા, તેના ચરણુપર ચોપડેલા અલતાના રંગથી લાલચોળ શોભાની પ્રેમવતી સખીપેરે શાહે છે; તે તમારું કલ્યાણ કરો।

અમે દેવી સરસ્વતીને પ્રણામ કરીએ છીએ, કે જે દેવી કવીંદ્રોના માનસસરોવરમાંના† કમળમાં ભ્રમરીપેરે નિવાસસ્થાન કરી રહી છે અને કાવ્ય ભાવના ઉત્પન્ન કરી સમર્થ કવિઓને આનંદ ઉપજાવે છે।

### વિરહપીડિત નરવાહનદત્તની કથા.

પછી વત્સરાજ કુમાર નરવાહનદત્ત, મદનમંચુકા વિના વિરહવેદનાથી અત્યંત પીડિત થઈ, મલયાચળની તળેટી અને આસપાસનાં વન ઉપવન, કે જે વસંતઋતુને લીધે અતિ ઘણાં રળિયામણાં

* અંગ્રેજીમાં યુગોની સંધ્યા છે, પણ અત્રે સોમદેવ કવિ નિત્યની સંધ્યા કહે છે. † માનસરોવર એટલે તલાવ ને અંતઃકરણ એમ બે અર્થ થાય છે.



દીસતાં હતાં ત્યાં ભટકવા લાગ્યો. પણ તેને કોઈ સ્થળે આનંદ થયો નહીં. આંબાની મંજરી કોમળ છતાં પણ કામદેવની ધનુર્લતાપેરે શિલીમુખનો* વરસાદ વરસાવતી હતી ને તેથી ઉલટી તેનાં હૃદયને અતિ ઘણી પીડા થતી હતી. સુંદર વનવૃક્ષની ઘટ ઘટામાં બેઠેલી કોયલડીઓ મધુરો શબ્દ કાઢી ટૌકા કરતી હતી. તે ટૌકા મધુર અને મનને આનંદ પમાડે તેવા છતાં પણ, મારના† કટાક્ષના બાણુપેરે તેની હૃદયને સંતાપ ઉપજાવતા હતા. મલયાચળપરથી આવતો મંદમંદ વાયુ, જો કે અતિ ઘણો શીતળ હતો અને પુષ્પના પરાગથી પિંગળા વર્ણનો જણાતો હતો, તો પણ તેનો સ્પર્શ રાજકુમારના અંગને થતાં તે જાણે તેને કામાનળમાં બાળતો હોય તેવી પીડા કરતો હતો. કહેવું જોઈયે કે, આ પ્રમાણે અપાર કષ્ટના સાગરમાં નાગરનટવર છેલછબીલો રાજકુમાર પડ્યા પછી, ભ્રમરના ગુંજારવથી ચોતરફ ગણુગણાટ થઈ રહ્યો છે એવા સુંદર વને, જાણે તેને પોતાની હદમાંથી હાંકી મૂકયો હોય તેમ તે મલયવન છોડીને બીજી તરફ ચાલતો થયો.

ધીમે ધીમે, દેવાશ્રયથી અટણુ કરતાં કરતાં, તે ગંગાજી તરફના માર્ગપર જઈ ચઢ્યો. ગંગાતટની પડોસમાં આવેલા એક રમણીય સરોવરના કિનારાપર, થાકયો પાકયો રાજકુમાર, જઈ પહોંચ્યો. ત્યાં એક ઘટાદાર વૃક્ષની છાયા નીચે બેઠેલા, ફુટડા ને કાંતિમાન્ બે બ્રાહ્મણુકુમારોને, અન્યોઅન્ય વાતચિત કરતા રાજકુમારે નિહાળ્યા. જ્યારે તે બંને બ્રાહ્મણુકુમારને નરવાહનદત્તનાં દર્શન થયાં, ત્યારે તેઓને શંકા થઈ કે, ‘શું આ સાક્ષાત્ કામદેવ તો નથી ?’ એવા વિચારથી, તેઓ જ્યાં બેઠા હતા ત્યાંથી ઉભા થઈ, તેની નજીક જઈ, વિનયથી પ્રણામ કરીને બોલ્યા: “ભગવન્ કામદેવ ! અમે તમને પ્રણામ કરીએ છીએ ! હે કુસુમાયુધધારી ! કૃપા કરી કહો કે, આપ પુષ્પનું ધનુષ ધારણ કર્યા વિના ને રતિરાણી વિના આમ એકલા કેમ ભટકો છો ?” જ્યારે વત્સરાજના કુમાર નરવાહનદત્તે આ પ્રમાણે તે બ્રાહ્મણુકુમારનાં વિનયવચન સાંભળ્યાં, ત્યારે તે બોલ્યો: “બાળકાઓ ! હું કામદેવ નથી, પણ મર્ત્યલોકનો માનવી છું; પણ બેશક હું મારી રતિરાંણીને ખોઈ બેઠો છું. હાય ! પ્રિય મદનમંચુકા ! તું કયાં ગઈ છે ? ઓ મૃગનયણી ! મજુલ ભાષણી ! હૃદય હરણી ! તું હમણાં કયાં છે ?” આ પ્રમાણે તે બ્રાહ્મણુકુમારને કહ્યા પછી, રાજકુમારે પોતાનું સર્વ ચરિત્ર તેઓને ઇત્થંભૂત વર્ણવી સંભળાવ્યું; છેવટે તે બ્રાહ્મણુકુમારો પ્રત્યે બોલ્યો: “બાળકાઓ ! કહો હવે તમો કે આપ કોણુ છો ? અને અત્ર કીયા કારણુસર પધાર્યા છો ?” ત્યારે તે બે બ્રાહ્મણુકુમારમાંનો એક, રાજપુત્ર પ્રત્યે પૂર્ણ પ્રેમપૂર્વક વિનીત થઈને બોલ્યો: “મહારાજ ! આપ જેવા પ્રતાપી પુરુષના મુખ આગળ અમે અમારી ગુપ્ત કથા શી રીતે કહી શકીએ ? પણ ચિંતા નહીં. આપ મહારાજની જો આજ્ઞા થઈ છે તો તેને માન આપી, હું જે મારી કથા કહું છું, તે પર કાન દો !”

### પહેલા બ્રાહ્મણુકુમારની કથા.

કલિંગ દેશમાં શોભાવતી નામની અતિ રમણીય અને મહાપુણ્યશાળી એક નગરી છે. જે નગરીમાં કળિયુગે કદી પણ પ્રવેશ કીધો નથી, તેમ જ્યાં દુષ્ટવાસનાવાળા મનુષ્યો પણ

* શિલીમુખ એટલે ભ્રમર, અને બાણુ એવા બે અર્થ થાય છે. † માર એટલે કામદેવ.

વસતા નથી ને જેના પરદેશી શત્રુઓ પણ નથી, એવી તે ઉત્તમ નગરી, બ્રહ્માએ રચી છે. તે સર્વ રીતે આબાદ છે. ત્યાંના રહીશો અહોકાળ ધર્મપરાયણ વર્તીને ધનધાન્ય ને પુત્ર પરિવારથી સુખી છે.

તે નગરીમાં યશસ્કર નામનો એક વિદ્વાન્ ને પંડિતોનો શિરોમણિ બ્રાહ્મણ વસતો હતો. તેણે પુષ્કળ ધનવાન્ હોઇને અનેક યજ્ઞો કર્યા હતા. તેને પોતાના જેવી કુળવાન્ ને ડાહી, શાણી પ્રમદા હતી. તેનું નામ મેખલા હતું. જ્યારે તે દંપતી પૂર્ણ તરુણાવસ્થામાં હતાં, ત્યારે તેમને પેટે મારો જન્મ થયો છે. હું તેઓનો એકનો એક જ પુત્ર છું. મારાં માતાપિતાએ પુરાં લાડકોડથી મને ઉછેર્યો ને વયે આવતાં મને જનોઈ દીધું.

જ્યારે હું બાલ્યાવસ્થામાં હતો ને વેદાધ્યયન કરતો હતો, તેવામાં અમારા દેશમાં વરસાદ નહિ પડવાથી, મહા મોટો દુકાળ પડ્યો. તેથી મારાં માતાપિતા તે દેશ છોડી, માલમતા તથા દાસદાસીઓ સાથે લઇને, વિશાળા નગરીમાં ગયાં. તે નગરીમાં લક્ષ્મી ને સરસ્વતી દેવી, પોતાનો લાંબા કાળનો વરભાવ ત્યજી દઇને મા જણી સગી બ્હેન સમાન રહેતાં હતાં. ત્યાં ગયા પછી મારા પિતાને એક સાહુકાર, જેની સાથે તેઓને પૂર્વથી જ મૈત્રી હતી તેણે, એક ઘર આપ્યું. તેમાં તે સર્વે જઈ વસ્યાં અને હું બાલ્યાવસ્થામાં હતો તેથી મારા સમવયી સહાધ્યાયી વિદ્યાર્થીઓ સાથે ગુરુજીને ત્યાં જઈ રહ્યો.

ગુરુજીને ત્યાં હું રહ્યો હતો, ત્યારે વિજયસેન નામનો, સમાન વયનો, શ્રીમાન, ક્ષાત્રય કુળોત્પન્ન, ભવિષ્યમાં કીર્તિ સંપાદન કરી શકે એવો એક વિદ્યાર્થી, મારો પરમ સ્નેહી થયો હતો. એક દિવસે એવું બન્યું કે, તે મારા મિત્રની મદિરાવતી નામની એક કુંવારી બ્હેન, અમારા ગુરુજીને ત્યાં, તેની સાથે આવી. તે કન્યા એટલી તો લાવણ્યસંપન્ન હતી કે, હું ધારું છું કે, તેના મુખચંદ્રની મધુરીમાંથી બ્રહ્માજીએ, લોકલોચનને અમૃતસમાન આનન્દ આપતા ચંદ્રમાનું બિમ્બ ઘડયું હશે—એવું તેનું મુખલાવણ્ય હતું. તે કન્યાની માધુરીસી મૂરત નિહાળી હું, બેશક, એમ માનું છું કે, જ્યારથી કામદેવે આ મનોહર મોહની મૂર્ત્તિનાં દર્શન કીધાં હશે, ત્યારથી જ તેણે તેને, પોતાનું છઠ્ઠું બાણ—કે જે આ જગતને વિહ્વળ કરી મૂકવામાં પૂર્ણ શક્તિમંત: છે,—માની, પોતાના પંચ બાણનો થોડો આદર કરવા માંડ્યો હશે. જ્યારે મેં તે કન્યાને નિહાળી ને તેનો વંશ તથા નામ મારા મિત્રથી સાંભળ્યાં, ત્યારથી હું કામદેવના અનિવાર્ય બાણથી ભેદાઈ ગયો. હું તે બાળાપર ભરપૂર પ્રેમથી આશક થઈ ગયો. તે કન્યાએ પણ, પોતાના તરફથી, પ્રેમ તથા લાવણ્યથી ભરપૂર ભરેલા નેત્ર તીરછાં કરી મને નિહાળ્યો. તેના ગાલપર રતાસ ખીલી રહી અને તેના સર્વાંગે રોમાંચ થઈ ગયાં; તેપરથી તેણે પોતાનો અંકુરિત પ્રેમ મને સંપૂર્ણ રીતે દર્શાવ્યો. પછી રમતગમત નિમિત્તે તેણે, થોડોક કાળ ત્યાં જ ઉભાં રહી, મારી તરફ પ્રેમદૃષ્ટિથી જોયા કીધું ને છેવટે તે ઘણી દિલગીર થતી પોતાના હૃદયપર હાથ મૂકતી, પ્રેમદૂતિ જેવી પોતાની કટાક્ષદૃષ્ટિથી મારા તરફ નજર કરતી કરતી, મંદમંદ પગલે ચાલીને પોતાને ઘેર ગઈ.



પછી તે મોહનમૂર્ત્તિની વિરહવેદનાથી પીડા પામતો હું મારે ઘેર ગયો. ઘેર જતાંવાર, જેમ એકાદું માછલું જમીનપર પછડાઈ પડી તરફડીયાં મારે છે, તેમ હું જમીનપર પડી તરફડવા લાગ્યો. પણ મને કોઈ રીતે શાંતિ વળી નહીં. મારું અંગ કામજ્વરથી બળવા લાગ્યું ને પ્યારીના પ્રેમપાશથી જાણે હું બંધાઈ ગયો હોઉં તેમ મારા વિચારો એકજ દૃષ્ટિ કરી રહ્યા. શય્યાપર અનેક પ્રકારે આળોટવા છતાં પણ મારાપર નિદ્રાદેવીએ કૃપા કરી નહીં. મારી પ્રિયાના જ મારા મનમાં વિચાર આવતા હતા હું મારા મન સાથે બડબડતો કે, "બ્રહ્માજીના લાવણ્યામૃત સર્વસ્વનિધાનરૂપ* તે કન્યાના મુખારવિંદનાં હું પુનઃ દર્શન કયારે કરીશ વારુ? ભાગ્યવતી ને સુખી છે તેની સખીઓ, કે જેની તરફ તે સ્નેહયુક્ત નેત્રથી જુએ છે, ને સ્વતંત્ર રીતે મનોહર મુખથી મધુરાલાપ કરે છે! ભાગ્યવતી છે તે સખીઓ કે જે તેના અંગોઅંગ સાથે સ્પર્શ કરીને આનંદ પામે છે." આ અને એવા જ પ્રકારના બીજા અનેક વિચારોમાં ગુંથાઇ જઇને મેં મહામહાકષ્ટે તે દિવસ અને રાત્રી ગાળી. પછી બીજે દિવસે હું ગુરુજીને ત્યાં અભ્યાસ માટે ગયો, પણ મહારાજ! મારા મનનો અભ્યાસ તો કંઇ જૂદો જ હતો.

ગુરુજીને ત્યાં વિજયસેન પણ આવ્યો હતો. તેની પાસે જઈ મેં પ્રેમપૂર્વક રહસ્ય વાર્તા કરવા માંડી; તેટલામાં વિજયસેને મને મોટા આનંદથી કહ્યું: "પરમ દહાડે મારી બહેન અહિંયાં આવી હતી, તેણે મારી માતાને કહ્યું કે,—'જી જી! આપણા ભાઇનો એક અતિ ઘણો પ્યારો મિત્ર છે! તે ઘણો રૂડો ને બહુ ગુણવાન જણાય છે.' તેથી મારી માતા તને જોવાને ઘણી ઉત્કંઠિત થઈ છે, ને તને તેડાવ્યો છે. જો તારો મારી તરફ પ્રેમ હોય તો મારે ઘેર તું ચાલ, કે હું તારા ચરણકમળની રજથી મારું ઘર પાવન કરું.!" તેનાં આ પ્રમાણે અકસ્માત નિકળેલાં વચનથી, જેમ કોઈ વટેમાર્ગુ, મારવાડમાં પાણી વિના તરફડતો હોય ને એકાએક વરસાદનું ઝાપટું આવવાથી આનંદમાં મગ્નમસ્ત થઈ જાય તેમ મને આનંદ વ્યાપ્યો. હું પછી તે ક્ષત્રિયકુમાર સાથે તેને ઘેર ગયો ને તેની માતાને મળી પ્રણામ કીધા. તેણે મારો રુડી રીતે સત્કાર કર્યો. પછી હું મારી પ્રિયાનાં દર્શન કરતો, આનંદ સહિત ત્યાં જ બેઠો; અને તેથી મારા મનનો ઉદ્વેગ તુરત તો સમાઇ ગયો.

તેટલામાં વિજયસેનને તેના પિતાએ બોલાવ્યો, એટલે તે મારી પાસેથી ઉઠીને તેના પિતા પાસે ગયો. તુરત જ મદિરાવતીની ધાવે મારી પાસે આવીને પ્રણામ કરી કહ્યું: "હે ભર્તૃદારક! અમારી ભર્તૃદારિકા મદિરાવતીએ ઉપવનમાં માલતીનો એક છોડ રોપ્યો છે, તે જળસિંચણથી મોટો થયો છે, ને હમણાં ઋતુરાજના સમાગમથી તેને નવીન પુષ્પનો ફાલ આવ્યો છે—જે પુષ્પો ઋતુરાજના સમાગમ સુખથી વિલાસયુક્ત આનંદથી સ્મિત હાસ્ય કરતાં ચળકચળક કરી રહ્યાં છે. ભર્તૃદારિકા મદિરાવતીએ, ચોપાસથી આવીને ભ્રમરો

* એટલે 'લાવણ્યરૂપી અમૃતના ભરેલા ખજાનારૂપ.'

ભરાતા હતા, તેઓને દૂર કરીને, આજે, જે પુષ્પો મુકુલિત હતાં તેને તોડ્યાં છે. તેણે મોતીની એકાવળિ માળા ગુંથે તેમ, તે પુષ્પની એકાવળિ માળા ગુંથી છે. રાજ ! તે માળા અને આ નવલ પદાર્થ, તમો પ્રિતમ–પ્રાણ–નેત્રમણિને ભેટ મોકલ્યાં છે તે સ્વીકારો." આ પ્રમાણે તે ચતુર ધાત્રીએ કહ્યા પછી, તેણે મને તે પુષ્પની માળા અને પાંચ ફળ, કપૂર અને નાગવલ્લીનાં પાન ભેટ આપ્યાં. પછી એકાવળિ પુષ્પની માળા, જે મારી પ્રિયાના સ્વહસ્તની ગુંથેલી હતી તેને મેં મારા કંઠમાં ધારણ કીધી, ને પ્રિયાના કંઠને આલિંગન આપવાથી જેટલો સુખાનંદ પ્રાપ્ત થાય તેનાથી પણ વિશેષ સુખાનંદમાં હું લદબદ થઈ ગયો. પછી પૂર્ણપ્રેમ પુરસ્સર સમર્પણ કરેલું નાગવલ્લીનું પાન મુખમાં મૂકી, મારી વહાલીની સખી પ્રત્યે બોલ્યો: "સુશીલ છોકરી ! હું તને વધારે શું કહું ? ટુંકમાં એટલું જ કહું છું કે, મારા અંતઃકરણમાં એવો તો ત્વરિત પ્રેમ ઉછળી રહ્યો છે કે–જો તારી સખી, આ દાસને પોતાનો જીવનપ્રાણ કરશે નહીં તો બેશક તે મરણ પામશે. તે જો મને પ્રાપ્ત થશે નહીં તો હું મારો જન્મારો એળે ગયો સમજું છું. તે મારી પ્રાણેશ્વરી છે, નેત્રનો મણિ છે, હૃદયની રાણી છે, વૈભવની વિભૂતિ છે ને આયુષ્યની દાનેશ્વરી છે. હવે તું જઈને તેને કહે કે, તને યોગ્ય લાગે તેમ કર." આ પ્રમાણે કહ્યા પછી, મેં તેને જવા માટે આજ્ઞા આપી ને તે ગઈ કે, તુરત વિજયસેન મારી પાસે આવ્યો. તેની પાસે બેસી થોડીવાર વાતચિત કીધા પછી, હું તેની સાથે ગુરુજીને ત્યાં પાછો આવ્યો.

બીજે દિવસે વિજયસેન, પોતાની બહેન મદિરાવતી સાથે મારે ઘેર આવ્યો અને તેથી મારા ગુરુ વગેરે અત્યાનંદ પામ્યાં. આથી જો કે મારો અને મદિરાવતીનો પ્રેમ, એક બીજાના વારંવારના સહવાસથી સચોટ ચોંટી ગયો અને તે ઘણી કુશળતાથી છૂપો રાખ્યો, તેટલું છતાં દિવસે દિવસે વૃદ્ધિગત થતો ગયો. હું અને મારી પ્રિયા, અતિશય સહવાસથી ગુપ્ત રીતે કોઈ કોઈ સમયે નવનવા ખેલખેલતાં હતાં ને જેમ પ્રેમ વૃદ્ધિ પામે તેવા ચુટકા કરતાં હતાં.

એક દિવસે મારી પ્રિયાની દાસીએ આવીને મને એકાંતમાં કહ્યું: "મહાભાગ ! સાંભળો અને હું જે વાત કહું તે સારી રીતે મનમાં જ રાખજો. જુઓની, જે દિવસથી બહેન મદિરાવતીએ તમારાં દર્શન, ગુરુજીને ત્યાં કીધાં છે, તે દિવસથી કોણ જાણે તેને શું થયું છે, કે તે ઉદાસનાં ઉદાસ જ રહે છે. જમવા બેસે છે ત્યારે તેમને અન્નપર રુચિ જણાતી નથી, પણ દિગમૂઢપેરે બેચાર કોળીયા લીધા ન લીધા કે ઉઠી જાય છે. અગાડી તો તે સારા સારા શણગાર સજતી હતી, પણ હમણાં તે શરીરપર કંઈ પણ અલંકાર ધારણ કરવા, તે જાણે તેને કરડતા હોય તેમ, કંઈ જ પહેરતી નથી. તેને ગાયનમાં પણ કંઈ આનંદ ઉપજતો નથી. પોપટ અને મેનાને નથી બોલાવતી કે નથી રમાડતી. કેળનાં પાંદડાંનો પંખો બનાવી તેવતે પવન ઢાળું છું તો તે કહે છે કે, મને તો એ વાયુ અંગારા જેવો લાગે છે. ચંદનનો લેપ કરું છું તો, 'બળીરે બળીરે' કહે છે, ને હીમ જેવાં શીતળ ચંદ્રનાં કિરણોને અંગારા જેવાં ઉનાં



ઉનાં કહે છે. વળી કૃષ્ણ પક્ષની ચંદ્રિકા પેરે દિવસે દિવસે તેનું શરીર ક્ષીણ થતું જાય છે. જો તેને કોઈ વાતથી સુખ, આનંદ અને ઉલ્લાસ થતો હોય, તો તે માત્ર તમારી વાત, તમારું નામ ને તમારું ચરિત્ર જ છે. તે ગમે તેવી દિલગીરીમાં બેઠી હોય છે, પણ તમારી વાત નિકળી કે ટટાર થઈ જાય છે. તે વખતે તે જરાતરા હસે પણ છે. આ રીતની મદિરાવતીની અવસ્થા થઈ પડી છે. એ સર્વે હકીકત, મને મારી પુત્રી, જે મદિરાવતીની રહસ્ય જાણનારી સખી છે, ને સદા તેની સાથે–જેમ ચંદ્ર સાથે છાયા જાય છે તેમ ફર્યાં કરે છે, તેણે મને કહી છે. વિશેષમાં તમને કહું છું કે, પછી હું મદિરાવતી પાસે ગઈ, ને મેં એકાંતભવનમાં તેની સાથે વાતચિત કરી. મેં સમજાવી તેને ઘણું ઘણું પૂછ્યું, ત્યારે તે બોલી કે, 'મારો પ્રાણ તો એ એ ને એ જ છે ! એના વગર મારાથી જીવાય તેમ નથી.' ત્યારે હે સુભગ ! હું તમને એટલું જ જણાવવા આવી છું, કે જો તમને તમારી પ્યારીની કંઈપણ કિંમત હોય ને તેને જીવતી જોવા ચાહતા હો તો, જેમ તેના મનનાં લાડ કોડ પૂરાં થાય, તેવો રસ્તો લ્યો." તે દાસીની વાણીસુધાનું પાન કરતાં મને અત્યાનંદ પ્રાપ્ત થયો. પછી મેં કહ્યું: "એ સર્વ તારે હાથ છે, હું તારે જ અધીન છું, તારી ઇચ્છામાં આવે તેમ કર." આ પ્રમાણેનો જવાબ સાંભળી તે ખુશી થતી થતી ઘેર ગઈ ને હું પણ ઉલ્લાસચિત્તે–પ્રફુલ્લિત હૃદયે મારે ઘેર આવ્યો.

પણ કર્મસંજોગ કેવો ન્યારો હોય છે, તે મહારાજ ! તમો સાંભળો. આ વાત થઈ તેને બીજે દિવસે ઉજ્જયિની નગરીથી એક ક્ષત્રિય કુમાર શોભાવતીમાં આવ્યો. તેણે મદિરાવતીના પિતાને ત્યાં પોતાને પરણવાનું માગું મોકલ્યું. મદિરાવતીના પિતાએ તે માગું સ્વીકાર્યું ને તે હકીકત મેં તેની દાસીઓથી સાંભળી. હું જે એક વખતે પરમાનંદને પામ્યો હતો, તે આ વખતે કર્ણને દારુણ દુઃખ દેનારી વાર્તા સાંભળીને એવો તો લોથપોથ થઈ ગયો કે, જાણે કોઇએ મને સ્વર્ગમાંથી ઢોળી પાડયો હોય, કે હું વજ્રથી વિંધાઇ ગયો હોઉં, કે ભૂતથી ઘેરાઈ ગયો હોઉં, કે વનવગડામાં સંધ્યાકાળ થવાથી માર્ગ ન સૂઝવાને લીધે બેબાકળો થયો હોઉં, તેમ બહુ વારસૂધી મૂર્છાગત જ રહ્યો. પણ થોડી વારે મારી મૂર્છા વળી ને હું શુદ્ધિમાં આવ્યો, ત્યારે હું મનમાં જ બડબડયો કે, "હમણાંથી જ ગભરાઈ જવાનું શું કારણ છે ? હે જીવડા ! ધૈર્ય ધર ને આખર પરિણામ શું આવે છે તે તો જો ! તું જો ગભરાઇશ નહીં તો તારી મનકામના પૂર્ણ થશે. સ્વાત્મનિગ્રહવાળા મનુષ્યો જ પોતાની મનકામના પૂર્ણ કરી, ઇચ્છિત વસ્તુ પ્રાપ્ત કરી શકે છે."

આવી રીતની આશામાં મેં કેટલાક દિવસ કાઢી નાંખ્યા અને મારી પ્રિયા મદિરાવતીની અંતરંગ સખીઓ, વારંવાર આવી જે તે વાત કહેતી, તે કહીને મને ધીરજ આપતી હતી. પણ એક વખતે મને મદિરાવતીએ જણાવ્યું કે, લગ્નનો મંગળ દિવસ નજીક આવ્યો છે. પછી લગ્નનો તે મંગળ દિવસ બડી ધામધૂમથી નિર્ગમન કરવાનો તેના પિતાએ નિશ્ચય કરી, ઇચ્છામાં આવે ત્યાં ફરતી મારી પ્રાણેશ્વરીને ફરતી અટકાવી, ઘરમાં કેદ રાખી અને

લગ્નને દિવસે ઢોલ તાંસા ને સરણાઇઓના નાદ સાથે તેને ત્યાં વરરાજા, જાન લઇને પરણવા માટે આવ્યો.

જ્યારે આ પ્રમાણે મેં જોયું, ત્યારે મારી સર્વે આશા ભંગ થઈ ગઈ ને આ જીવતરને હળાહળ જેવું જોવા લાગ્યો. પછી મેં એક નિશ્ચય કીધો કે, હવે આવા દુઃખમાં જીવવા કરતાં મરવું એ સર્વોત્તમ છે. એવો વિચાર કરી હું નગરબહાર નિકળ્યો ને એક વડવૃક્ષપર ફાંસી તૈયાર કરી; તેમાં લટકીને મરવાના વિચારથી કંઠમાં ફાંસીની દોરી—અને તે વેળાએ મને, પ્રિયાપ્રાપ્તિ કરનાર કામદેવ અને મારો આત્મા, એ બંનેપર એટલો તો ધિક્કાર છૂટયો કે, મેં સટ દેતી કે ફાંસીની દોરી ગળામાં ભેરવી ને એક ઝોલ્લા સાથે જ લટકી પડયો, થોડીવાર પછી જ્યારે હું શુદ્ધિમાં આવ્યો ને મારી મૂર્છા વળી ત્યારે મને જણાયું, કે હું કોઇક તરુણ પુરુષના પગપર સૂતો છું. તે મનુષ્ય પ્રેમાળદૃષ્ટિથી મારી આસનાવાસના કરતો અતિ કરુણાથી લદબદ થઇ શિતળ વાયુ નાંખતો હતો; તેપરથી મેં ધાર્યું કે, આ જ પુરુષે મારી ફાંસી કાપી નાંખીને મને મરતાં અટકાવ્યો હશે. પછી મેં તેને કહ્યું: “ મહાશય! આજે તમે તમારી દયાર્વૃત્તિ દર્શાવી મારા પ્રાણ બચાવ્યા એ તો ઠીક. પણ હે મિત્ર! હું મારી પ્રિયાની વિરહવેદનાથી અતિ ઘણું કષ્ટ પામું છું ને તેથી મરવાને તત્પર થયો હતો, તો હવે જીવનથી શું લાભ છે? વિરહવેદનાના દુઃખદાવાનળથી મને ચંદ્રમા અગ્નિપેરે બાળે છે, ભોજન ઝેર જેવું લાગે છે, રાગગીત કાનમાં સોયાપેરે ભોંકે છે, વનઉપવન એ કાળાગૃહ જેવું ભાસે છે, પુષ્પમાળા ઝેર પાયેલા તીક્ષ્ણ બાણોપેરે પીડે છે અને ચંદન વગેરે શીતળ અંગરાગો બળતા અંગારાના વરસાદપેરે મને સળગાવી મૂકે છે. તો ઓ મિત્ર! હવે કહો મને કે વિરહવેદનાથી વ્યાકુળ થયેલા મારા જેવા કંગાલ મનુષ્યને, આ સંસારની સર્વ સુખદાયી વસ્તુ દુઃખદાયી થઇ પડી છે તો પછી, આ સંસારમાં જીવીને, કીયા રસભોગ ભોગવવાના હવે રહ્યા છે?”

જ્યારે મેં આ પ્રમાણે કહ્યું ત્યારે, મારા તે સંકટસહાયકબંધુએ, મારી કથા ઇત્થંભૂત કહેવાનું કહ્યું. તેપરથી મેં મારી પ્યારી મનોહારી મદિરાવતીના સમાગમનું યથાર્થ ચરિત્ર કહી સંભળાવ્યું. તે સાંભળી તે સુશીલ મનુષ્યે મને કહ્યું: “ અલ્યા ભાઈ! તું શાણો થઈને આમ કાં ધૈર્ય તજે છે? જ્યારે આપણે જે કંઇ પ્રયત્ન—કાર્ય કરીએ છીએ, તે આ આત્મા—મનના સુખ માટે હોય છે, ત્યારે પછી આત્મહત્યા કરવાથી શી સાર્થકતા થશે? આ સંબંધમાં, મારું ચરિત્ર તને સંભળાવું છું તે, મનમાંથી સંતાપ દૂર કરીને સાંભળ.”

## બીજા બ્રાહ્મણની કથા.

હિમાલયની તળેટીમાં નૈષધ નામનો એક અતિ રમણીય ને મનને સદા આનંદમાં જ રાખે તેવો દેશ છે. હિમાચળની સર્વ લીલાએ તે દેશમાં વાસો કીધો છે. ત્યાં નિરંતર દેવતાઓની અપ્સરાઓ આવીને ગુપ્ત રીતે એવું તો નૌતમ નૃત્ય કરે છે કે, સંધ્યાકાળના



સમયે, પ્રત્યેક મનુષ્ય પોતે પોતાને ભૂલી જાય છે; કેમકે તે વિચારવમળમાં તણાય છે કે, તે સ્વર્ગ લોકમાં છે કે મૃત્યુલોકમાં વાસો વસે છે! જગતમાં સર્વોત્તમ સુખ આપનારા સર્વે વૃક્ષોની ઘટા તે દેશની આસપાસ છવાઈ રહી છે ને માનસસરોવરના હંસો ત્યાં આવીને જે ક્રીડા કરે છે, તેથી દેવતાઓને પણ ત્યાં આવીને વસવાની ઇચ્છા થાય છે. તે દેશ સદ્ગુણનું ધામ ને કલિયુગના દુર્લભ દર્શનનું ઠામ છે. તે સત્યની જન્મભૂમિ અને સત્યયુગનું નિવાસભુવન છે. તે દેશના રહેવાસીઓ શાસ્ત્રના શ્રવણપાનથી કદીપણ તૃપ્ત થતા નથી, પણ અર્થસંગ્રહથી સદા જ તૃપ્ત રહે છે. તેઓ પરોપકાર કરવામાં કદીપણ સંતોષ પામતા નથી, પણ સ્વપત્નીથી સદા સંતોષિત રહે છે. તે દેશમાં, સદ્ગુણ અને સંપત્તિથી પૂર્ણ શ્રીમંત એવા બ્રાહ્મણકુળોત્પન્ન **શીળશ્રુત**નો હું પુત્ર થાઉં છું. હે મિત્ર! મને પરદેશના નવાનવા અદ્ભુત ચમત્કારો જોવાની ઇચ્છા થવાથી, ઘરબાર તજીને યાત્રાર્થે હું નિકળ્યો છું. યાત્રા કરતો કરતો, નવાં નવાં નગરો, પૂરો તથા પાટણોમાં હું ફર્યો, ને ત્યાંના મહામોટા શિક્ષાગુરુઓનાં ને પંડિતોનાં દર્શન કીધાં. એમ ફરતાં ફરતાં અત્રથી થોડે દૂર **શંખપુર** નામનું એક નગર છે, ત્યાં હું જઈ ચઢયો. તે નગરમાં નાગરાજ **શંખપાળ**નું **શંખહૃદ** નામનું નિર્મળ જળથી ભરપૂર, જગવિખ્યાત એક સુંદર સરોવર છે.

તે નગરમાં હું એક ઉપાધ્યાયને ત્યાં જઇ રહ્યો હતો. એવું બન્યું કે, એક પર્વણીને દિવસે હું ત્યાંથી શંખહૃદસરોવરના દર્શનાર્થે ગયો. જેમ દેવદાનવોએ સમુદ્ર મથન કરવા માંડ્યો, ત્યારે ક્ષિરસાગરના કિનારાપર મોટી ભીડ ઝામી રહી હતી, તેમ આ સરોવરના સર્વે કિનારા પુણ્યવાન્ ને પાપાત્મા પ્રાણીઓથી ચિકાર ભરાઈ ગયા હતા. તે સરોવરમાં દેશદેશાવરના અસંખ્ય લોકો સ્નાન કરતા હતા, તેથી સમુદ્રપેરે તે ગાજી રહ્યો હતો.

પોતાના ઉછળતા તરંગ (રૂપી હાથ) થી, જાણે કોઇ અતિ દિવ્ય કાંતિમાન્ લલનાના ઉરુના અને સ્તનના ગુપ્ત અંગ ભાગને કામી પુરુષ સ્પર્શ કરીને, તેના કેશકલાપ વિખેરી નાંખી, તેની પુષ્પની માળા તોડી નાંખતો હોય અને તે લલિતલલનાના અંગના અંગરાગનો પ્રેમથી સ્પર્શ કરવાથી જાણે પિંગળા વર્ણનો બને, તેવું તે સરોવર શોભતું હતું. તે સરોવરની શોભા નિરખી, હું તેની દક્ષિણ દિશા તરફ ચાલ્યો; અને વૃક્ષોના ગુલ્મોને નિહાળ્યાં: તો તે જાણે શિવજીના ત્રીજા નેત્રથી બળી ગયેલો મૂર્તિમાન્ કામદેવ હોય, તેના જેવા જણાયા. તે, શ્યામતરુના તાપિચ્છો જાણે ધુમાડો હોય, કેશુડાનાં રાતાં પુષ્પો જાણે અંગારા હોય અને ખીલેલી લાલ રંગની અશોક લતાઓ તે જાણે તેની જ્વાળા હોય તેવાં લાગતાં હતાં.

તેવા વનમાં ફરતાં ફરતાં, ખીલેલાં પુષ્પોથી શોભાયમાન એક લતામંડપના દ્વારમાં ઉભા રહીને એક કન્યાને, લતામાંથી પુષ્પ વીણતી મેં જોઈ. તે કન્યા, નેત્રકટાક્ષની ચંચળતાથી કર્ણમાં ધારણ કરેલા શ્યામકમળને કંપાવતી હતી. તે જ્યારે પોતાનો એક હાથ ઉંચો કરીને પુષ્પ તોડતી હતી, ત્યારે તેના સ્તનની દીટી ને ગૌરભાગ દેખાતો હતો, તેથી બહુ મોહ ઉપજાવતી હતી; તેણીના સુંદર કેશ, ગર્દનપર વિખરાઈ પડેલા હતા, તે જાણે તેના શશિ-

વદનના ભયથી નાશીને, તેને શરણુ આવી, અંધકાર છુપાઈ બેઠું હોય તેવા જણાતા હતા. આ અતિ ફુટડી મદનવર્ધક ગજગામિનીને નિહાળતાં હું સ્વતઃ બોલ્યો કે, "બેશક, બ્રહ્માજીએ રંભા અને તેની બીજી અપ્સરા બહેનોને ઘડી કુશળતા મેળવ્યા પછી આ કન્યાને ઘડી હશે; પણ તે મટકું મારે છે, તેપરથી હરકોઈ ધારી શકે કે એ માનવી છે."

જે ક્ષણે મેં એ ચંચળનેણી ચતુરાને જોઈ કે, તુરત, ત્રણલોકને મોહન કરનાર મારના ભાલાવતી મારું અંતઃકરણુ ભેદાઇ ગયું. તેણીએ મારા હૃદયમાં વાસ કીધો. જે ક્ષણે તે બાળાએ મને જોયો, એટલે તે પણ રતિરાણીના પ્રિતમ રંગીલા કામદેવને વશ થઈ ગઈ. તેના હાથ પ્રેમમોહથી સ્થિર ને શક્તિહીન થઈ પુષ્પ વિણવાં પડતાં મૂકી અડગ થઈ ગયા. તે કન્યાએ પોતાના કંઠમાં એક સુવર્ણની માળા પહેરી હતી ને તેની વચમાંના પદ્મરાગમણિની કાંતિ લાલચોળ થઈ ઝળાંઝળાં થઈ રહી હતી, તે જાણે તેના હૃદયમાં અનુરાગ ઘણો ભરાયો હોય ને તે તેનું હૃદય ચીરીને બહાર નિકળતો હોય તેમ જણાતું હતું. તે લટાછટા કરતી, વારંવાર પાછી ફરતી, આનંદલોચનમય કીકીને મોહભરીને સ્થિર કરતી, ને પુનઃ પુનઃ મને નિહાળતી હતી, તે એટલું તો રમ્ય લાગતું હતું કે, હું તેનું વર્ણન કરી શકતો નથી. આ પ્રમાણે તારામૈત્રક થતું. અમે થોડીકવાર ઉભા રહ્યા, એટલામાં લોકોએ ભયથી મોટું કોળાહળ કરી મૂક્યું; ને ચોમેરથી કીકીયારી સંભળાવા લાગી. તુરત જ બીજા અરણ્યવાસી હાથીના મદની ગંધથી મદમત્ત થયેલો એક હાથી, સાંકળ તોડી, માવતને દૂર ઉરાડી મૂકીને અમારી તરફ દોડતો આવતો જણાયો. માવતે ખોસેલું અંકુશ તેના કાનમાં લટકતું હતું. જે ક્ષણે મેં તે હાથીને જોયો, તે જ ક્ષણે હું દોડયો ને ભયથી થરથર કાંપતી ને જેનાં દાસદાસીઓ આ ભય વખતે નાસી ગયાં છે, તેવી મારી પ્યારીને મારી બગલમાં ઉંચકી લીધી ને લોકોના ટોળા વચ્ચે લઈ જઈ મૂકી ને પછી તેને ધીરજ આપી. તે ભયમાંથી મોકળી થઈ, એટલામાં તેનાં પરિજનો ત્યાં આવી પહોંચ્યાં. પણ જેવી તે બાળા સ્વસ્થ થઇને આંખ ઉઘાડી બેસે છે, એટલામાં તો તે મદમસ્ત હાથી, લોકોની ચીચીયારીથી ગભરાઇને, અમો જ્યાં ઉભાં હતાં તે દિશા તરફ દોડતો આવ્યો; તેવા જ ભેળા થયેલા લોકો, તે રાક્ષસના પાસે આવતાની સાથે, ભયના માર્યા વેરણખેરણ થઈ ગયા ને તે સાથે મારી પ્રિયા પણ કોણ જાણે ક્યાં જતી રહી, કે તે મારા જોવામાં આવી નહીં. હું જેવો તે ગડબડ વખતે ભયનો માર્યો બીજી બાજુએ જઈ ઉભો હતો, એવામાં તેના પરિજનો તેને લઇને ચાલતાં થયાં હતાં.

થોડીવારમાં તો પેલો ગાંડો હાથી ક્યાંક ચાલ્યો ગયો ને લોકો ભયમાંથી મુક્ત થઈ ગયા. પછી હું મારી પ્રિયાની શોધમાં પડયો ને ચારે તરફ તે છબીલી છેલડીને શોધી, પણ કોઈ સ્થળેથી તેનો પત્તો મળ્યો નહીં. અધુરામાં વળી હું તેનું નામ, રહેવાનું સ્થળ કે વંશવેલો કશું જાણતો નહોતો, એટલે પછી તેને કેમ શોધી શકું ? આથી હું જેમ કોઈ વિદ્યાધર પોતાની વિદ્યાથી ભ્રષ્ટ થઇને ગમે ત્યાં ફર્યા કરે છે તેમ, હૃદયશૂન્ય થયેલો હું ચોમેર ભટકવા લાગ્યો. કેટલીકવારે, પછી જેમ તેમ કરતાં, મારી હૃદયરમણીની છબી હૃદયમાં ધરતાં, મરતાં તરફડતાં, હું મારા



ઉપાધ્યાયને ઘેર જઈ શક્યો. અહા ! મારી પ્યારી ! જેના વદનકમળપર વારી જતાં પણ મારું મન તૃપ્ત થઈ શકે તેમ નહોતું, તે કોણ જાણે ક્યાં ગઈ! અને તેનો મને વલોપાત એવો તો લાગ્યો, કે મને કશું ચહેન પડયું નહીં. ગુરુજીને ઘેર, મારી પ્રિયાને જે મેં આલિંગન આપ્યું હતું, તે ક્ષણના સુખાનંદનું સ્મરણ કરતો હતો, તેથી જાણે હું મૂર્છિત થઇ ગયો હોઉં, ગાંડો બન્યો હોઉં, માદકનું પાન કરેલો હોઉં, કે મરી ગયો હોઉં તેવી મારી સ્થિતિ થઇ પડી. આમ મારી પ્યારીની વિરહવેદનાથી અતિ ઘણી પીડા ભોગવવા લાગ્યો. મારુ મન ને તન મારા હાથમાં રહ્યું નહીં ને હું તન મન વગરનો જડ હોઉં તેવો થઇ પડયો. વખત વીતતાં જાણે કોઇ કુલિન સ્ત્રી, કરુણાભાવથી કોઇને પોતાના ખોળામાં સુવાડે (ને તેને જેમ વિશ્રાંતિ મળે) તેમ હું વિચારમાંને વિચારમાં ઘૂમ થઈ ગયો, અને તેમાં જ મારા મનમાં આશાનાં કિરણો પ્રકટ થયાં (કે તે કન્યા મને કોઇપણ વેળાએ પ્રાપ્ત થશે). એ અજ્ઞાનતાથી મારા હૃદયમાં અસાધ્ય પીડા વૃદ્ધિ પામી, તેથી મારા મસ્તકમાં અતિશય શિરોપીડા થવા લાગી. આવી જ રીતે મારો આખો દિવસ ચાલ્યો ગયો, તે સાથે મારું આત્મસંયમપણું પણ ચાલ્યું ગયું; કમળો કરમાઈ ગયાં, તેની સાથે મારું વદનકમળ પણ કરમાઈ ગયું; સૂર્યનારાયણ અસ્તાચળપર જઇને બેઠા, એટલે મારા મનના ઉદયનો પણ અસ્ત થયો અને પક્ષીઓ, પોતપોતાના માળા ભણી ચાલતાં થયાં ને મારું મન પણ છબીલી છબીમાં ચાલ્યું ગયું; ચક્રવાકનું જોડું છૂટું પડી ગયું, તે સાથે મારું મન પણ તનથી છૂટું પડી ગયું.

થોડીવારમાં કામદેવનો પરમપ્રિય મિત્ર, સુખી મનુષ્યોના નેત્રને આનંદસાગરમાં તરાવનાર ચંદ્રમા, પૂર્વ દિશારૂપ પ્રમદાના મુખારવિંદપરના ગૌર લલાટમાં ચાંદલો હોય તેવી રીતે ઉદયને પામ્યો. તેનાં અમૃતમય શીતળ કિરણો જો કે આશા* પ્રકાશ કરતાં હતાં, તોપણ મારા અંગમાં અગ્નિ સળગાવતાં હતાં. જો કે તે ચોમેર ઝળાંઝળાં કરી રહ્યાં હતાં, તોપણ મારી જીવન આશાનો ઝળઝળાટ મટી ગયો હતો—હું મરવાની અણીપર આવી પડયો હતો. આવી રીતે મરણની ઈચ્છા કરીને મારા અંગને ચંદ્રના ચાંદનીરૂપ અગ્નિમાં બલિદાન આપતો બેઠો હતો, તેવામાં મારા એક સહાધ્યાયીની મારા કરમાયલા મુખપર દૃષ્ટિ પડી, એટલે તેણે મને કહ્યું: "અલ્યા ભાઈ! હું તારા અંગમાં તો કોઇ પણ જાતનો વ્યાધિ જોતો નથી, તે છતાં તું આમ છેક લેવાઈ કેમ ગયો છું ? જો લક્ષ્મીની કે કામની વેદનાથી તારું મન વ્યગ્ર થયું હોય તો તે વિષયમાં હું તને જે સત્ય વાત છે તે કહું છું, તેપર તું લક્ષ દે. આ અસાર સંસારમાં, અતિશય લોભથી કોઈ પણ મનુષ્ય, ચોરીને કે પોતાના પાડપડોસીને છેતરીને, લક્ષ્મીનું હરણુ કરે છે, તો તેવા મનુષ્યે જાણવું કે, લક્ષ્મી અચલિત નથી, પણ ચલિત છે; તે કોઇની પાસે પણ સ્થિર થઈ રહેતી નથી, રહી નથી ને રહેશે પણ નહીં. લક્ષ્મીરૂપ હળાહળ વૃક્ષનાં ફળ પાપ કર્મો હોય છે, માટે તે હળાહળ વૃક્ષનાં પાપી ફળો પામી,

* આશા એટલે આશા અને આશા એટલે દિશા.

પોતાના જ ફળભારથી તે ભાંગી જાય છે. કપટાદિકથી જે ધન પ્રાપ્ત થાય છે તે ધનનો અર્જન* કર્તા મનુષ્ય કેવળ અર્જનાદિક કષ્ટનો જ આ દુનિયામાં તો ભોગી થાય છે; અને જ્યારે તે પરલોકમાં સિધારે છે, ત્યારે ત્યાં તે જ્યાં સૂધી ચંદ્ર ને તારા રહે છે, ત્યાં સૂધી નર્કનું અતિઘણું દુઃખ સોષે છે. હવે જે મનુષ્ય કામદેવના પાશમાં સપડાય છે તે કામના† પૂર્ણ કર્યાં વગર જ નિરાશાના અગાધસાગરમાં પડીને આખરે મૃત્યુને પામે છે. વળી કામદેવને વશ કરવા માટે જે અધર્મ કર્યો હોય છે તે નર્કાગ્નિમાં ઝોકાવી દેનારો મુખ્ય દૂત છે. પણ જે મનુષ્યનું મન, પૂર્વ જન્મના સત્કર્મોને યોગે નિશ્ચિત હોય છે, તેવો ધીરવીર મનુષ્ય, જે ઉત્સાહ ને આત્મસંયમપણું રાખી શકે છે, તે લક્ષ્મી પણ મેળવે છે અને પોતાની કામના પણ પૂર્ણ કરે છે. તારા જેવા હિજડા-બાયલાને નથી અર્થ પ્રાપ્તિ થતી, કે નથી કામ પ્રાપ્તિ થતી. માટે ઓ ભલા ભાઈ! તું ધૈર્ય ધર ને પછી તારું મનોવાંચ્છિત પ્રાપ્ત કરવાનો પ્રયત્ન કર.”

જ્યારે આ પ્રમાણે મારા તે મિત્રે મને જણાવ્યું ત્યારે મેં તેને ઘણો બેદરકારી ભરેલો ને ઉડાવનારો જવાબ આપ્યો. જો કે મેં મારી અંતરની વાર્તા તેને જણાવી નહીં. પછી ઘણા વિચારમાં, પણ નિરાશા ભરી રીતે તે રાત્રી મેં ગાળી કાઢી. પછી વખત વીતતાં મને ખબર મળી કે, તે સુંદરી આ નગરમાં વસે છે, તેથી તેની શોધ કરવાને હું આ નગરીમાં આવવાને નિકળ્યો. માર્ગમાં આ વડવૃક્ષપર તને ફાંસો ઘાલીને લટકી મરતાં મેં જોયો, એટલે મેં એકદમ તારી ફાંસી કાપી નાંખી, તને મરતાં બચાવ્યો છે; ને હમણાં મેં તને મારી સર્વ વિતકવાર્તા યથાસ્થિત કહી સંભળાવી છે.

“આ રીતે, હે મિત્ર! જે સુંદરીનું નામ ઠામ કંઈ પણ હું જાણતો નથી, તેને મેળવવાને માટે હું શ્રમ કરું છું. જો કે એ બાબત કોઈ પણ પુરુષાર્થી મનુષ્યના પુરુષાર્થ બહાર છે, તોપણ જ્યારે મદિરાવતી તને ચાહે છે ને તને મળે તેમ છે, ત્યારે તું નાહિંમત થઇને, પુરુષ પ્રયત્ન કરવાને બદલે, હિજડાપણું શું કામ બતાવે છે? શું તેં પ્રાચીનકાળની રુક્મિણીનું ચરિત્ર સાંભળ્યું નથી? શું તેનો ચેદિદેશના રાજા શિશુપાળ સાથે પ્રથમ વિવાહ કર્યાં છતાં, પાછળથી વિષ્ણુએ‡ તેનું હરણ કર્યું નહોતું.”

## મદિરાવતીનું હરણ.

આ પ્રમાણે જ્યારે મારો મિત્ર પોતાનું ચરિત્ર મને કહી સંભળાવતો હતો, તેવામાં આગળ મંગળ ઢોલ નગારાં વાગી રહ્યાં છે, ગાયન થઈ રહ્યું છે, ને સ્ત્રીઓ રુમઝુમ કરતી સાથે ચાલે છે એવા ઠાઠમાઠથી, મદિરાવતી અમારી તરફ આવતી જણાઈ. તે નગરમાં એવો રિવાજ હતો, કે જે કન્યાનાં લગ્ન થાય તે નગર બહાર કામદેવનું મંદિર હતું, તેમાંના દેવની, હરેક પરણતી કન્યાએ પૂજા કરવી. રિવાજ પ્રમાણે મદિરાવતી પણ પૂજન કરવાને પોતાના

*અર્જન એટલે મેળવનાર ને અર્જન એટલે દુઃખસંકટ. † મનકામના-ઇચ્છા. ‡ વિષ્ણુના અવતારરૂપ કૃષ્ણે.



પરિજન સાથે ત્યાં આવતી હતી. આ ક્ષણે મેં મારા મિત્રને કહ્યું; “ભાઈ! હું જાણતો હતો કે, લગ્નમંગળ વર્તાયા પહેલાં, મદિરાવતી કામદેવનું પૂજન કરવાને માટે અત્ર આવશે, ને તેટલા જ માટે હું આ વડ વૃક્ષપર ફાંસી ખાઇને મરવા તૈયાર થયો હતો; કેમકે મને મરણ પામેલો જોઈ તે સારી રીતે જાણે, કે તેનો પ્રીતમ-પ્રાણ તેનેજ માટે મરણ પામ્યો છે!” જ્યારે આ પ્રમાણે મેં મારા વિચાર તે દઢ વિચારના બ્રાહ્મણ મિત્રને કહ્યા, ત્યારે તે બોલ્યો: “અલ્યા ભાઈ! જ્યારે આમ જ વાત છે, ત્યારે હું તને એક યુક્તિ બતાવું છું તે પ્રમાણે ચાલ. આપણે હમણાં કામદેવના મંદિરમાં જઇને મૂર્તિની પાછળ છૂપાઈ જઈએ, ને જોઇયે કે આ કાર્યમાં આપણું કંઈ વળે તેમ છે કે નહીં?” મારા મિત્રની તે સલાહને હું સંમત થયો, ને પછી તેની સાથે મંદિરમાં જઈ, ગુપ્તપણે મૂર્તિની પાછળ ભરાઈ બેઠા.

તુરત મદિરાવતીએ મંદિરમાં પ્રવેશ કીધો. તેની સાથે રહેલી સાહેલીઓ, લગ્નનાં મંગળ ગીતો ગાતી હતી. મંદિરમાં પ્રવેશ કરતાં જ મદિરાવતીએ સર્વે સાહેલીઓને કહ્યું કે, “બ્હેનીઓ! મારે ભગવાન્ કામદેવ પાસે કંઈ એકાંતમાં મનોગત વરની* યાચના કરવી છે, માટે તમો સર્વે અત્ર દ્વારપર જ રહો.” આમ કહી સર્વે સાહેલીઓને બારણાં આગળ ઉભી રાખી, તે એકલી દેવાલયમાં આવી. પછી તેણે કામદેવનું પૂજન કર્યું, ને આ પ્રમાણે પ્રાર્થના કરી: “હે પ્રભો! આપ મનોભવ† છો, તે છતાં આપ મારા મનમાં જે રમી રહ્યો છે, તે પ્રીતમને કેમ જાણી શક્યા નહીં? મને નિરાશ કરી, તમારું બાણ કેમ માર્યું? આપ જો મારા હૃદયમાં રમતો વર આપી શક્યા નહીં તો ખેર; પણ હે રતિકાંત! આપ મને હવેના જન્મમાં મારો ઇચ્છિત વર આપજો. આવતા જન્મમાં મને તે સુંદર બ્રાહ્મણ-કુમાર વર આપજો, કે જે મારા સર્વ લાડકોડ પૂરાં પાડી, મને પરમ સુખ આપે.”

આ પ્રમાણે તે બાળા બોલી અને અમે અમારા કાનોકાન તે સાંભળ્યું. ત્યાર પછી મદિરાવતીએ, પોતાનું પાનેતર કાઢીને તેની ફાંસી બનાવી એક ખીલા સાથે બાંધી, ને તે ફાંસો ગળામાં ઘાલવા તૈયાર થઈ. એ જોઈ મારા તે મિત્રે મને કહ્યું: “શું જોઈ રહ્યો છે? જા ઉતાવળો એની પાસે, ને એના ગળામાંથી ફાંસી કાઢી નાખી, તેને શાંતિ આપ!” એટલે તુરતજ હું ઉતાવળો ઉતાવળો મદિરાવતી પાસે ગયો, ને તેને ગળે લપટાઈ વળી, ઉપરાચાપરી ચુંબનો આપી, અત્યંત ગભરાવી મૂકી. પછી હર્ષના આવેશમાં ગદ્દગદિત કંઠે મારી પ્રિયાને કહ્યું: “પ્રિયે! મુગ્ધે! ચંદ્રવદની! તું આ શું સહાસકર્મ કરે છે? જેને તેં પ્રાણ આપી ખરીદ્યો છે, અને જે આવા સંકટ સમયમાં અતિ ઘણા પ્રેમથી તારાં દર્શન કરતો ઉભો છે, એવા તારા દાસ તરફ દયાદૃષ્ટિ કર.” આટલું કહેતાં કહેતાં તો મેં તે સુંદરાંગીના કંઠમાંની કાળમાળા (ફાંસા) કાઢી નાંખી.

મારી પ્રિયા, ભય અને આનંદ વચ્ચે ડબકીયાં ખાતી, ક્ષણભર મારા મોઢા સામું જોઈ રહી અને હું તેની લટકાળી છબીને નિહાળતો વિચારસાગરમાં પડી ગયો. તેટલામાં તો

* વર એટલે પતિ ને વરદાન. † મનમાંથી જન્મેલા.

મારા મિત્રે મને કહ્યુંઃ "ઉતાવળ કર; હવે સમય વ્યર્થ ગુમાવવાનો નથી. હમણાં સંધ્યાકાળ થઈ છે ને ઝળઝળું જણાય છે, તેથી કોઈ કોઇને બરાબર પિછાણી શકશે નહીં. હું હમણાં મદિરાવતીનું પાનેતર પહેરી લઉંછું, ને પછી તેની સખીઓ સાથે તેને ઘેર જાઉં છું, અને તું આ પાછલે દરવાજેથી બીજાં વસ્ત્ર એને પહેરાવી અને મોઢું ઢાંકીને હરણ કરી જા. પછી તારી ઇચ્છામાં આવે ને કંઈ હરકત નડે નહીં ત્યાં સુધી કોઈ બીજા દેશમાં આજ રાતમાં ને રાતમાં ચાલ્યો જજે. મારી તારે ચિંતા કરવી નહીં, કેમકે હું મારું લાગ્યું ફોડી લઇશ; નસીબ મને યારી આપશે."

આ પ્રમાણે કહીને, મારા મિત્રે મદિરાવતીનું પાનેતર તથા ચુંદડી પહેરી લીધાં ને પછી સંધ્યાકાળના અંધારામાં તેની સાહેલીઓ સાથે તેના ઘર તરફ, તે મંદિર છોડી ચાલતો થયો.

પછી હું અણમોલ મોતનમાળા જેના કંઠમાં શોભી રહી છે, એવી પ્રાણપ્રિયા મદિરાવતીને લઇને, દેવાલયના પાછલા દ્વારમાંથી પસાર થઈ ગયો ને રાતમાંને રાતમાં બાર ગાઉ નિકળી ગયો. પ્રભાત થતાં મેં એક સ્થળે મુકામ કર્યો ને મારી પ્યારી સાથે સ્નાન કરી ભોજન કર્યું. પછી ધીમે ધીમે ચાલતાં કેટલેક દિવસે હું મારી પ્રિયા સાથે અચળપુરમાં જઈ પહોંચ્યો. ત્યાં જતાં એક ગુણજ્ઞ બ્રાહ્મણકુમારે, પોતાનો પૂર્ણ સ્નેહ બતાવી મને એક ઘરમાં ઉતારો આપ્યો. ત્યાં રહી નિર્વિલંબે મેં મદિરાવતીનો પાણિગ્રહણ કર્યો. આ પ્રમાણે મારી મનકામના પૂર્ણ કરી પૂર્ણાનંદમાં હું મારી પ્રિયા સાથે તે નગરમાં રહેતો હતો ખરો, પણ મારા મિત્રનું શું થયું હશે, તેની મારા મનમાં બહુ બહુ ચિંતા થતી હતી; મને તેને માટે અનેક અનેક વિચાર આવતા હતા, ને તેની ખબર અંતર મેળવવા માટે હું બહુ તપાસ કરતો હતો, કે તે સુખી છે કે દુઃખી, તેની પણ કશી ખબર મને મળી નહોતી. કેટલાક દિવસ વીતી ગયા પછી, ઉતરાયણનું મુખ્ય પર્વ હોવાથી હું ગંગા સ્નાનાર્થે ગંગાજીપર આવ્યો તો આજે અહીં, જેને મારા પ્રત્યે નિષ્કારણ મિત્રતા બતાવી, અનંત ઉપકાર કર્યા છે તે મારા મિત્રનાં સહજમાં દર્શન થયાં. હું દોડતો દોડતો જઇને તેને ગળે વળગી પડ્યો ને બહુ પ્રેમથી ભેટયો અને જેવો હું તેના કુશળ સમાચાર પૂછું છું, એટલામાં તો આપ મહારાજ અત્રે પધાર્યા. હે વત્સરાજકુમાર! જાણો આપ કે, આ મારી પાસે બેઠેલો પુરુષ, મારો સંકટ સહાયકબંધુ છે અને એના જ ઉપકારથી આ જીવન અને મારી સ્ત્રી બંને છે!"

જ્યારે એક બ્રાહ્મણકુમારે, પોતાનું ચરિત્ર ઇત્થંભૂત કહી સંભળાવ્યું, ત્યાર પછી નરવાહનદત્તે બીજા બ્રાહ્મણ પ્રત્યે કહ્યુંઃ "હે બ્રહ્મદેવ! હું તમારાથી અતિ પ્રસન્ન છું. હવે કહો મને કે તમો આ સંકટમાંથી કેમ મુક્ત થયા. તમારા જેવા મનુષ્યો, કે જેઓ પોતાના મિત્ર માટે પ્રાણ સમર્પણ કરવાને તત્પર થાય છે, તેવા જગતમાં જવલ્લે જ હોય છે." વત્સરાજકુમારના મુખારવિંદમાંથી નિકળતું અમૃતવેણનું પાન કર્યા પછી, બીજા બ્રાહ્મણે પોતાનું ચરિત્ર આ પ્રમાણે કહ્યું.



## બીજા બ્રાહ્મણકુમારના સહાસની કથા.

જ્યારે હું કામદેવના મંદિરમાં મદિરાવતીનાં ચુંદડી પાનેતર પહેરી બહાર નિકળ્યો, ત્યારે મને મદિરાવતી ધારીને તેના પરિજન તથા સાહેલીઓ વિંટળાઈ વળી. ગાવા નાચવા તથા પીવામાં સઘળાં એવાં તો ગુલતાન થઈ ગયાં કે કોઇએ મને પીછાણ્યો નહીં, ને એકદમ એક મ્યાનામાં બેસાડી દીધો; અને ત્યાંથી ઉપાડીને સોમદત્ત, કે જેને ત્યાં લગ્નના ઢોલ વાગતા હતા, ત્યાં લઈ ગયા. સોમદત્તનું ઘર બડા ઠાઠમાઠથી શણગારેલું હતું. ત્યાં એક બાજુએ ઉત્તમ ઉત્તમ વસ્ત્રોના ઢગલા પડેલા હતા, બીજી બાજુએ અલંકારોનો ઠઠારો ચાલુ હતો; એક બાજુએ મોતૈયા સેવૈયા ને પકવાન્નોના ઢગ વળેલા હતા, બીજી બાજુએ વેદી લીંપી ગુંપીને તૈયાર કરેલી હતી; એક બાજુએ દાસીઓ ગાઈ રહી હતી, બીજી બાજુએ ભાટ ચારણો વિજયગાન લલકારી રહ્યા હતા; અને ત્રીજી બાજુએ બ્રાહ્મણો, લગ્નના મંગળ સમયની રાહ જોઈ, બેઠા બેઠા વાતોના તડાકા મારતા હતા. મારી સાથે જે દાસદાસીઓ હતી, તેઓએ મદ્યપાન કરેલું હોવાથી મને કોઈ પિછાણી શક્યું નહીં; પણ મને કન્યા જાણીને તે રાત્રિના એક ઓરડામાં લઈ જઈ બેસાડયો. હું એક સુંદર પલંગપર બેઠો, કે મારી આસપાસ કેટલીક સ્ત્રીઓ ફરી વળી. વિવાહના આનંદમાં આવી સર્વે નૂતન નૂતન ચેષ્ટા કરવા મંડી પડી. કોઈ ગીત ગાતી તો કોઈ વિવાહની વાતો કરતી, કોઈ ઘર સંસારનાં સુખ દુઃખની વાત કહેતી તો કોઇ માથું ગુંથવા ને અલંકાર સજવા બેસી ગઇ હતી. હું મારા મુખપર ઘુંઘટ તાણીને બેસી રહ્યો. તત્ક્ષણે મારા ઓરડામાં કટિમેખળાનો રણકારો ને ઝાંઝરનો ઝણકારો સંભળાયો ને કેટલાંક દાસદાસીઓ સાથે એક કન્યાએ પ્રવેશ કીધો. નાગ કન્યાપેરે તેના મસ્તકપર (ગુંથેલી વેણીમાંનું) મણી ઝગારા કરી રહ્યું હતું; કાંચળી જેવું તેનું અંગ ગૌર દીપી રહ્યું હતું; સમુદ્રની લહરીપેરે તે લાવણ્ય સંપન્ન* હતી, ને મુક્તામાળાથી તે મનહર દેખાતી હતી. તેણે કંઠમાં સુંદર પુષ્પમાળા ધારણ કરી હતી અને તેમાં લતા (રૂપી કર) તથા સુંદર ચળકતા પલ્લવ (રૂપી આંગળાં) બહુ શોભતાં હતાં, તેથી જાણે સાક્ષાત્ વનદેવી મનુષ્યોમાં આવી વસી હોય તેવી તે જણાતી હતી. તેણે ઓરડામાં પ્રવેશ કર્યો ને પછી મારી પાસે આવીને બેઠી; અને તે એવા વિચારમાં ગુલતાન થઇ ગઈ હતી કે, હું તેની પ્રિય સખી છું. જ્યારે મેં ઘુંઘટડામાંથી તેનું મુખકમળ નિહાળ્યું ત્યારે, અહા! શંખહ્રદ સરોવરપર જે કન્યા સ્નાનાર્થે આવી હતી તે મારી હૃદયહરણી પ્રિયા, જેને હાથીના તોફાન વખતે બચાવ્યા પછી તુરતાતુરત ત્યાંથી લોકોના ટોળામાંથી કોણ જાણે ક્યાં અલોપ થઈ ગઈ હતી તે મારી પ્યારી છે, એમ મને જણાયું. તત્સમે હું એટલો બધો તો હર્ષાનંદમાં આવી ગયો કે, મારું અંગ ફાટવા લાગ્યું, પછી હું સ્વગત બોલ્યોઃ "શું આ તે કાકતાલીયન્યાય છે કે સ્વપ્ન છે કે સત્ય છે? આ મારી પ્રિયા અત્ર ક્યાંથી?"

થોડીક વાર વીત્યા પછી, મુલાકાતે આવેલી તે સખીને, મદિરાવતીના પરિજનોમાંથી એક દાસીએ પૂછ્યુંઃ "બહેન બા સાહેબ! આજ આપ કેમ ઉદાસ જણાઓ છો?" જ્યારે

* લાવણ્ય એટલે સૌંદર્યવાળાં અને સમુદ્રવાળી લાવણ (લવણ) એટલે મીઠું.

તે સ્ત્રીએ દાસીના આ પ્રમાણેના શબ્દો સાંભળ્યા, ત્યારે તે પોતાના હૃદયની વાત ગુપ્ત* રાખીને બોલી; "કેમ રે ! તમે શું જાણતાં નથી કે, મદિરાવતી મારી કેવી પ્રાણ સમાન સખી છે તે? તે જેવી પરણશે કે, તુરત પોતાને સાસરે વિદાય થશે, તો હું તેના વગર એક ઘડી પણ રહી શકીશ કેમ? તમે સર્વે હમણાં જરાક બહાર જાઓ, કેમકે મારે મદિરાવતી સાથે કંઈ છાનીછપની વાતચિત કરવી છે."

આ પ્રમાણે કહીને સર્વે દાસીઓને ઓરડાની બહાર કાઢી, પછી બારણાં દઈને સાંકળ ચઢાવી. પછી તે, મને પોતાની સખી મદિરાવતી ધારીને, મારી પાસે આવીને બેઠી; અને આ પ્રમાણે બોલી: "પ્રિય સજની મદિરાવતી ! તારા જેવું દુઃખ તો આ દુનિયામાં બીજા કોઈને હશે નહીં, કે તારા અભીષ્ટ વરપેરે તને નહીં પરણાવતાં, તારા પિતાએ તને બીજાને જ પરણાવવાનો નિશ્ચય કીધો છે. હાય ! હાય ! આ તે કંઈ થોડું દુઃખ ! ઓ મૂવા દૈવડા ! એ રડયા ભાગ્યડા ! તું શું કરવા બેઠું છે? છતાં ઓ સખી ! કદાચ તું તારા પ્રિતમ પ્રાણને મળી શકશે, કેમકે તું તેના સંગે રહી છે ને તેને તું પિછાણે છે, પણ હાય ! મારા દુઃખનો તો કંઈ પાર જ નથી. બહેન સાંભળ, હું તને મારા સંતાપનું ને શોકનું કારણ કહું છું તે. કેમકે તું જ એકલી મારી સખી છે, ને આપણે બે કંઈ જૂદાં નથી. તેથી જ તને મારી ગુંજવાર્તા કહું છું.

"તારાં લગ્ન થયેથી, મારો વિરહ થશે, એ વેદનાથી વીંધાયલી હું, થોડા દિવસપર શંખહૃદ સરોવરપર સ્નાન કારણે ગઈ હતી. તે સરોવરની પડોશમાં આવેલા એક સુંદર બગીચામાં હું ફુલ વીણવાને ગઈ, તેવામાં એક ફુટડો કામણગારો બ્રાહ્મણકુમાર, મારી દૃષ્ટિએ પડયો. તેના વદનકમળપર હજુ નવાવાળ ફુટતા હતા, તે જાણે કમળનો રસાસ્વાદ લેવાને ભ્રમરોનો સમુદાય બેઠો હોય તેવું જણાતું હતું. તેની કાન્તિ એવી તો સુંદર હતી કે, જાણે આકાશ છોડીને, દિવસના ચંદ્રમા પૃથ્વીપર પધાર્યા હોય, કે સુંદરતારૂપ હાથીખાનાનો સુવર્ણ સ્થંભ હોય. તેને નિહાળતાંની સાથે જ હું જાણે કામબાણથી વીંધાઈ ગઈ હોઉં તેમ નિસ્તેજ થઈ ગઈ ને લજ્જા તથા ભય એ બન્નો મારા હૃદયગૃહમાંથી એકદમ નિકળી નાઠાં. પછી હું તેની મન હરણ કરનારી માધુરી મુરત નિહાળીને, મારા મન સાથે બોલી: " અહા ! જે મુનિબાળાઓ વનમાં બેસી તપશ્ચર્યા કરે છે, પણ જો તેઓને આ છેલછબીલા છોગાળાનાં દર્શન થયાં નહીં તો પછી તેઓના તપનું શું સાર્થક છે?" પછી મેં મનને કહ્યું; "અલ્યા મનડા! તું તો તારાં લોચનથી આ મૂર્તિનાં દર્શન કરીને પાવન થા!" હું તે નાગરનટવરને તીરછાં નેત્ર મારીને આ રીતે નિહાળતી હતી, ત્યારે મને જણાયું કે, તેની દૃષ્ટિ પણ મારા પ્રત્યે સ્થિર ઠરી રહી છે. પણ કર્મસંજોગે, બંદીખાનું ભાંગીને એક મદમસ્ત થયેલો હાથી, અમારી તરફ દોડતો આવ્યો,

* કારણ કે તે સ્ત્રી પોતાના હૃદયમાં જે પ્રેમ ઉછળી રહ્યો હતો, તે મદિરાવતીને જણાવવાને બહુ ઉત્કંઠિત હતી.



એટલે મારા સેવકો તો ભયના માર્યાં નાસી ગયા ને હું ભયાકુળ થઈ ગઈ. આ પ્રમાણેની મારી અવસ્થા જોતાં જ તે ફાંકડો જુવાન મારી તરફ દોડી આવ્યો ને પોતાની છાતીસરસી ચાંપીને મને લોકોના ટોળા વચ્ચે ઉપાડી જઈ મૂકી દીધી. જ્યારે હું તે છબીલાના કોમળ હાથમાં પડી હતી, ત્યારે માન મારી સજની, તેના હાથના ને અંગસ્પર્શના અમૃતથી મારાં નેત્રો, આનંદમાં એવાં તો મિંચાઈ ગયાં કે, હું જાણે મૃત્યુવશ થઈ ગઈ હોઉં; અરે ! હૃદય, હર્ષથી એવું ધડકવા લાગ્યું કે જાણે હમણાં તે નિકળી નાસશે ! નથી મેં તે હાથીને જાણ્યો, કે નથી ભયને માન્યો, કે નથી જાણ્યું કે હું કોણ છું ને હું કયાં છું. હું તો માત્ર આનંદસરોવરમાં જ તરવા લાગી હતી. એટલામાં તો મારા પરિજનો ત્યાં આવી પહોંચ્યા ને હું તે તરુણ નટવરને નિરખીને નેત્રને ઠારતી હતી. તેટલામાં વળી જાણે સાક્ષાત્ વિરહ, હાથીરૂપે થઈને અમારી તરફ પુનઃ દોડયો આવ્યો અને મારા સેવકો ભયથી કાંપતા મને ઉંચકી ઘેર લઈ આવ્યા. આ નાસાનાસમાં મારો પ્રિતમ કોણ જાણે કયાં ચાલ્યો ગયો, તે હું કંઈ જાણતી નથી. જે પુરુષે મારા પ્રાણનું સંરક્ષણ કર્યું છે તે, બેશક માન મારી આલિ ! કે તે રૂપરત્નનો ભંડાર હતો, ને તેને જાણે મારી પાસથી કોઈ લુટી ગયું હોય તેમ મને, તેનાં દર્શન ન થતાં લાગ્યું. એ દિવસથી રાત અને દહાડો, જાગતાં કે ઉંઘતાં, ખાતાં કે પિતાં, હું મારા તે પ્રિયનું જ રટણ કર્યાં કરું છું. હું તેનાં નામઠામ કંઈપણ જાણતી નથી, તોપણ તે પ્રાણનાં દર્શન સ્વપ્નમાં પણ મને થાય એવા હેતુથી, નિદ્રાદેવીની પ્રાર્થના કરું છું! પણ વહાલા મોઈ નિંદ્રા, કોણ જાણે કયાં નાશી ગઈ છે કે, મને ક્ષણભર પણ ઉંઘ આવતી નથી ને સારી રાત હું ચક્રવાકી પેરે રખા કરું છું.

" અલિ સખી! આવા નિરાશાના દુઃખના ડુંગરમાં દટાયલી જે હુ, તેને માત્ર તારી માધુરી મૂરત જ સુખ આપે છે. પણ હવે તો તું સાસરે જશે, ત્યરિ મારા શા હાલ? હાય દૈવ! તું કેમ આટલું બધુ નિષ્ટુર થયું છે? મેં પાપિણીએ એવા શું પાપ કીધાં છે કે, મારા હૃદયના રાજ, નેત્રના મણિનો મિલાપ કરાવતું નથી? ઓ મદિરાવતી! હવે મારે મરવું જ યોગ્ય છે, માટે હવે છેલ્લું તારા મુખનું દર્શન કરી લઉં, કેમકે જ્યારે તું પાછી સાસરેથી અત્ર આવીશ ત્યારે તારું દર્શન કરવાને હું જીવવાની નથી."

આ પ્રમાણે કર્ણને અમૃતસમાન મધુર વચનો જ્યારે તે સુંદરી સંભળાવતી હતી, ત્યારે ક્ષણે ક્ષણે તેના અંજનવાળાં અશ્રુઓ ખરી પડી, તેના મુખચંદ્રને મલીન કરતાં હતાં. પછી તેણે મારા મુખપરનો ઘુમટો તાણ્યો અને જ્યાં તે મારા મોઢા સામું જોય છે એટલામાં મને પિછાણી તે હર્ષમાં આવી ગઈ, ને સાથે સાથે ભય અને લજ્જામાં ગરકાવ થઈ ગઈ. ત્યારે મેં તે પ્રિયંવદાને કહ્યું: " અલિ મુગ્ધે! તું શું વિચાર કરે છે? જ્યારે દૈવ અનુકૂળ થાય છે ત્યારે અચિંત્ય—અતર્કય પદાર્થનો સમાગમ પણ સહેજમાં થાય છે. તુ જેનું નામ રટણ કરે છે, તે હું પોતે છું. જેવી રીતે તેં અસહ્ય દુઃખશોક ભોગવ્યાં છે, તેવી જ રીતે, તેનાથી હું કંઇ વિરક્ત નથી. વાત આ ખરી છે કે, વિધાત્રી આ સૃષ્ટિમાં અવનવા ચમત્કારોની રચના કરે છે.

પ્રિયે ! પ્રસંગ મળતાં હું તને મારી વિતક વાર્તા સર્વ યથાર્થ કહી સંભળાવીશ; પણ હમણાં વાતચિત કરવાનો સમય નથી. હમણાં તો આપણે અત્રથી નાસી જઇયે, તેવી કંઈ યુક્તિ શોધી કાઢ." જ્યારે મેં તે બાળાને આ પ્રમાણે કહ્યું, ત્યારે તે શાણી કન્યાએ આ યુક્તિ, જે પ્રસંગને યોગ્ય હતી તે, મને બતાવીઃ "આપણે અહિંયાંથી પાછલે રસ્તે હમણાં નાસી જઇએ. પાછલા બારણાંપર જે બગીચો છે, તે મારા પિતા, જેઓ એક ક્ષત્રિય છે, ને હમણાં ઘરમાં નથી, તેમનો છે; એટલે આપણને કશી અડચણ નડવાની નથી. ત્યાં આપણે ચાલો, ને પછી નગર છોડી જ્યાં દૈવ લઇ જશે ત્યાં આપણે જઇશું !" આ પ્રમાણે તે બાળાએ યુક્તિ બતાવ્યા પછી, તેણે પોતાનાં આભરણો સાડીના સોડામાં છૂપાવી દીધાં, અને પછી બતાવેલે માર્ગે હું, તેની સાથે ત્યાંથી નાઠો.

પછી રાતમાંને રાતમાં, મારી તે પ્રાણવલ્લભાને સંગે લઇને, પકડાઈ જવાના ભયથી, હું ઘણે દૂર નિકળી ગયો. પ્રભાત થતાં અમે એક વિશાળ અરણ્યમાં જઇ ચઢયાં. તે અરણ્યમાં કોઇ માણસનું જણ્યું જણાતું નહોતું, તેથી અન્યોન્ય વિનોદવાર્તા કરતાં કરતાં ત્વરાથી ચાલ્યાં જતાં હતાં, તેટલામાં મધ્યાહ્નકાળ થયો. નિર્દય નિષ્ઠુર રાજા પેરે, સૂર્ય પોતાના કરથી*, વટેમાર્ગુને માટેના વિશ્રામસ્થળ વિનાની ને પ્રાણીઓના શબ્દ વિનાની તથા છાયા વિનાની ભૂમિને તપાયમાન કરતો હતો. આ વખતે મારી પ્રિયા, થાકથી લોથપોથ થઈ ગઈ. તે તૃષાથી અત્યંત પીડાવા લાગી. પછી હું તેને હળવે હળવે એક નવપલ્લવવૃક્ષની છાયા નીચે લઈ આવ્યો, જેમ કરતાં મને અથાક શ્રમ પડયો હતો.

ત્યાં જતાં વારને મારી પ્રિયાના અંગપર પરસેવો પરસેવો થઈ ગયો ને તાપ તથા તૃષાથી તે મૂર્છાગત થઈ ગઈ. પછી તેને મારા એક વસ્ત્રપર સુવાડી પવન ઢાળવા માંડયો. પણ એટલામાં, ઘાયેલ થયેલો એક અરણી પાડો, અમારી તરફ દોડતો આવતો જણાયો. કોઈ શૂરવીર ઉદારચિત્ત પુરુષ, અશ્વારૂઢ થઈ, ધનુષબાણ ધરીને આ પાડાની પૂઠે પડયો હતો. જેમ ઇંદ્રિ પોતાના વજ્રના પ્રહારથી પર્વતના કટકેકટકા કરી નાંખ્યા હતા, તેમ જ આ વીર પુરુષે, પોતાના ચંદ્રાકાર ધનુષવડે તે પાડાને વીંધી નાંખી, જમીનપર લાંબો છટ કરી દીધો. તેણે જ્યારે અમને જોયા, ત્યારે તે અમારી તરફ આવ્યો અને પ્રેમપૂર્વક પૂછ્યુંઃ "સુશીળ ગૃહસ્થો તમો કોણ છો ને આ સ્ત્રી પણ કોણ છે ને તમારું અહિંયાં આવવું કેમ થયું છે ?"

પછી મેં મારું જનોઈ બતાવી સાચજૂઠથી ભેળાયલો જુક્તિદાર જવાબ દીધોઃ "મહારાજ! હું બ્રાહ્મણ છું ને આ મારી સ્ત્રી છે. કંઈ કાર્યાર્થે અમે પરદેશ ગયા હતા, પણ માર્ગમાં આવતાં કેટલાક લૂટારાઓએ અમારા સંઘને લૂટી લીધો ને કેટલાકોને મારી નાંખ્યા છે, તેમાંથી નાસભાગ કરતાં અમે જૂદાં પડી ગયાં, ને માર્ગ ભૂલવાથી આ અરણ્યમાં આવી ચડયાં છીએ. પ્રભુ કૃપાથી અત્રે આપ મળી ગયા, એટલે અમારો સર્વે ભય નાશ પામ્યો છે."

* કર એટલે વેરો ને કિરણ એવા બે અર્થ થાય છે.



મેં આ પ્રમાણે જ્યારે તેઓને જણાવ્યું ત્યારે તેનું દયાળુ હૃદય દયાદ્રવ થયું ને પછી મને કહ્યુંઃ "મહારાજ ! હું ભિલ્લનો રાજા છું અને આ અરણ્યમાં મૃગયા ખેલવા આવ્યો છું. તમો વટેમાર્ગુ છો ને આ અરણ્યમાં મારા મેમાન છો; વળી ભુખ્યા તરસ્યા ને થાકયાપાકયા છો, તો કૃપા કરી વિશ્રામ લેવાને માટે, આજે મારે ઘેર પધારીને તે પાવન કરો. મારું ઘર અહિંયાં નજદીકમાં જ છે."

આ પ્રમાણે વિનય દર્શાવી, તેણે અમોને ઉઠાડયાં. હું તો ઝાઝો થાકી ગયો નહોતો, પણ મારી પ્રિયા છેક લોથપોથ થઈ ગઈ હતી, તેથી તે ભિલ્લરાજાએ તેને પોતાના અશ્વપર બેસાડી દીધી ને પછી અમને પોતાને રાજભુવને તેડી ગયો. ત્યાં જતાં જ તેના કુટુંબીજનોએ અમારો બહુ રુડી રીતે સત્કાર કીધો ને ખાવાપીવાના સર્વે પદાર્થો આપીને અમને સંતોષ આપ્યો. કુદેશમાં પણ ક્વચિત્ ઉદારમતિ મહાત્મા જ્યાં ત્યાં નીકળી આવે છે. જમ્યા પછી તે ભિલ્લરાજાએ અમને વળાવો આપ્યો, તેને લઇને અમો ચાલી નિકળ્યાં. પછી વળાવાએ જંગલ વટાવી માર્ગે પાડયાં. ત્યાંથી અમે એક અગ્રહાર–બ્રાહ્મણને ધર્માદા મળેલા ગામમાં આવી પહોંચ્યાં. ત્યાં આવ્યા પછી મારી પ્રાણેશ્વરી, જીવન દાનેશ્વરી પ્રિયા સાથે વિધિપૂર્વક લગ્ન કીધાં. પછી તે સ્ત્રીને સંગે લઇને એક સંઘ જતો હતો, તે સાથે હું દેશેદેશ ફરવા લાગ્યો. આજે હું મારી પ્રિયા સંગે ગંગા સ્નાને આવ્યો, તેટલામાં આ મારો સ્વયંવર મિત્ર એકાએક મળી ગયો અને તેટલામાં વળી આપનાં પણ દર્શન થયાં. ઓ મહારાજ ! આ પ્રમાણેનું મારું ચરિત્ર છે."

આટલું બોલી તે બ્રાહ્મણકુમાર અબોલ રહ્યા, એટલે **વત્સરાજકુમાર નરવાહનદત્તે** સહજ પ્રતાપથી ઉચિત ફળ જેને મળ્યું છે તેવા બ્રાહ્મણકુમારની અત્યંત પ્રશંસા કીધી. પણ એ આરસામાં તો ઘણા દિવસથી તેની શોધ કરવા માટે ભટકતા ગોમુખ આદિ મંત્રીઓ આવી ચઢયા. આવતાંને વાર સર્વે **નરવાહનદત્તનાં** ચરણકમળમાં પડયા, ને નેત્રમાંથી હર્ષાશ્રુ ઢાળવા લાગ્યા. **નરવાહનદત્તે** તેઓનો, યથોચિત સત્કાર કરી તેમની સારી રીતે પ્રશંસા કરી. પછી રાજપુત્ર પોતાની મોહનમૂર્તિ લલિતલોચના રાણી, જે પણ ત્યાં એટલામાં આવી પહોંચી હતી તેને, અને પેલા બે તરુણ બ્રાહ્મણકુમાર, કે જેઓએ ચતુરાઇ ને કળાથી પોતાની મનકામના પૂર્ણ કરી હતી તેને, સાથે લઈ, રાજધાનીનગર કૌશાંબીમાં આવ્યો.*

* હોરેસ હેમન વિલસન સાહેબ આ કથાના પ્રસંગને માટે લખે છે કે, "આ આખ્યાનની ઘટના ચમત્કૃતિવાળી ને વિનોદક છે, પણ એ વિશેષ આશ્ચર્યભૂત એટલા માટે છે કે માલતી માધવ (પ્રકરણ) માં માધવ અને મકરંદે પોતાની પ્રાણેશ્વરીને પ્રાપ્ત કરવાને પ્રયુકિત ખેલી હતી, તેવી જ આ પણ છે." માલતીમાધવ પ્રકરણમાં આનું સાદૃશ્ય ચિત્ર છે.

श्री

## મહાકવિ શ્રી સોમદેવ ભટ્ટ વિરચિત

# કથાસરિત્સાગર.

(ભાષાંતર)

चतुर्दशलंबक–पंच.

## તરંગ ૧ લો.

### મંગળાચરણ.

જ્યારે તુષ્ટમાન થયા ત્યારે ઉમાને પોતાનું જે શિવજીએ, (તેના તપથી પ્રસન્ન થઇ) અર્ધ અંગ અર્પણ કર્યું છે, એવા વરદાતા પાર્વતીપતિ તમારા મનોરથ પૂર્ણ કરો!

વિઘ્નજિત ગણેશે રાત્રિના તાંડવનૃત્ય સમયે પોતાની સિંદૂર ચર્ચિત સૂંઢ ઊંચી કરી, તે જાણે પ્રવાળાના દાંડાનું ચંદ્ર–છત્ર હોયની શું, તેવી શોભતી હતી, એવો કરદંડ તમારું રક્ષણ કરો.

### મદનમંજુકા હરણ.

કૌશાંબીનગરીમાં પધાર્યા પછી, નરવાહનદત રાજકુમાર, ત્રણે લોકમાં સૌંદર્યતામાં અગ્રેસર એવી પટરાણી મદનમંજુકા તથા બીજી રાણીઓ અને ગોમુખ વગેરે મંત્રીઓ સાથે રહી, પિતાની અથાક સંપત્તિવડે, નવનવા વૈભવવિલાસમાં તલ્લીન થઈ ગયો. તે દરરોજ નવા નવા પ્રકારના નૃત્યથી, સંગીતથી ને વિનોદવિલાસથી, નવી નવી રાણીઓ સાથે રહી, મહા આનંદમાં મન માનતી રસક્રીડા રમતો હતો.

એક દિવસે, જ્યારે રાજકુમાર પોતાનું સર્વ કામ આટોપીને અંતઃપુરમાં ગયો, ત્યારે ત્યાં તેણે પોતાની મોહીનીમૂર્તિ મદનમંજુકા, કે તેના પરિજનો, એમાંથી કોઈને જોયા નહિ. જ્યારે તેણે પોતાની પ્યારીને જોઈ નહીં, ત્યારે તે તેના વિરહથી, પ્રભાતમાં જેમ ચંદ્રમાની કાંતિ, રાત્રિના વિયોગથી નિસ્તેજ જણાય છે, તેમ તે નિસ્તેજ થઈ ગયો. તેના મનમાં અનેક સંકલ્પ વિકલ્પ થવા માંડ્યા ને પછી તે પોતાના મનમાં જ બોલ્યો: "મને આશ્ચર્ય થાય છે કે, મારી પ્રિયા ક્યાં ગઈ છે? મારો શું તેના પ્રત્યે કેવો પ્રેમ છે, તેની



કસોટી કરવાને કોઈ સ્થળે તે છૂપાઈ ગઈ છે? શું તે મારી કોઈ નિર્જીવ ભૂલથી કોપાયમાન થઇ છે? શું કોઈએ મંત્રથી તેને સંતાડી દીધી છે અથવા કોઇ તેને હરી ગયું છે? મને કંઈ સમજાતું નથી, કે પ્રાણપ્રિય, મદનમંજુકા ક્યાં જતી રહી છે?" પછી રાજકુમારે ચોપાસ તેની શોધ કરી, પણ કોઈ સ્થળેથી તેનો પત્તો મળ્યો નહીં, ત્યારે તે વિરહવેદનાથી અત્યંત કોપાયમાન થઈ ગયો. તેની છાતીમાં વિરહાનળના યોગે, ભડભડાટ અગ્નિ બળતો હોય તેમ તે બળવા લાગ્યો. જેવા તેના પિતા વત્સરાજને આ વાતની ખબર પડી એટલે તે, તેની માતાઓ, મંત્રીઓ, દાસદાસીઓ સર્વે એકદમ તેની પાસે આવ્યાં. રાજકુમારને શાંતિ વાળવા માટે હિરાની માળા પહેરાવી, ચંદનનો લેપ કર્યો, ચંદ્રમાની શીતળ ચાંદનીમાં બેસાડયો અને કમળપત્રનો વાયુ ઢાળ્યો ને તેને કમળશય્યાપર પોઢાડયો, તોપણ કોઇ રીતે તેનો વિરહાનળ મંદ પડયો નહીં, પણ ઉલટો વધ્યો. મદનમંજુકાની માતા કલિંગસેનાને જેવી પોતાની પુત્રી ખોવાઈ ગયાની વાર્તાની ખબર પડી, તેવી તે પણ, જેમ કોઈ વિદ્યાધર પોતાની સિદ્ધિસાધકવિદ્યા વિસરી જઈને ઢળી પડે, તેમ મૂર્છાગત થઈ પડી. આખા નગરમાં પણ આ વાત ફેલાઇ જતાં હાહાકાર વર્તાઇ રહ્યો–ને સર્વ સ્થળે શોક વ્યાપી રહ્યો.

એટલામાં અંતઃપુરરક્ષક એક વૃદ્ધ લોંડીએ, નરવાહનદત્તને સઘળા સાંભળતાં કહ્યું: "રાજકુમાર! જ્યારે મદનમંજુકા કન્યાવસ્થામાં હતી, ત્યારે એક દિવસે તે પોતાના ઝરુખામાં બેસીને શશિસૌંદર્ય નિહાળતી હતી. તેવામાં આકાશગામી માનસવેગ નામના એક વિદ્યાધરે તેને નિહાળી, અને તે પ્રેમવશ થઈ ગયો. પછી તે વિદ્યાધર આકાશમાંથી સડસડાટ નીચે ઉતરીને કલિંગસેના પાસે આવ્યો ને પોતાનું નામ જણાવી કહ્યું કે,–'મને તારી પુત્રી પરણાવ.' ત્યારે કલિંગસેનાએ તેનું મોટું અપમાન કરી ના પાડી, એટલે તે ભાઈસાહેબ જેવા આવ્યા હતા તેવા જ ચાલતા થયા. હું ધારું છું કે, હમણાં પણ તે પાછો આવીને શા માટે પોતાની સિદ્ધિવિદ્યાના પ્રતાપથી તેનું હરણ કરી ગયો નહીં હોય? આ તો સત્ય વાત છે, કે દેવતાઈ પ્રાણીઓ પરસ્ત્રીનું હરણ કરતા નથી, તોપણ બીજી રીતે તપાસીએ તો કોઈ પ્રેમાંધ પ્રાણી કંઇ સારાસારનો વિચાર કરતો નથી." આ વાર્તા સાંભળી નરવાહનદત્તનું અંતઃકરણ, તરંગમાં જેમ કમળ ઘુમરીઓ ખાય છે તેમ, વિરહપીડાથી, કોપથી ને અધૈર્યતાથી ઘુમરી ખાવા લાગ્યું.

ત્યારે રુમણ્વાન્ બોલ્યો:–"આ નગરનું ચોમેરથી સારી રીતે રક્ષણ થાય છે, તેથી કોઈ નગરમાં પેસી શકે કે જઈ શકે તેમ નથી, માત્ર આકાશમાંથી કોઈ આવે તે જ. પરંતુ શિવકૃપાથી રાણી સાહેબનું કોઈ અનિષ્ટ કરી શકે તેમ નથી. હું તો ધારું છું કે, રાણી સાહેબ પ્રણયકોપથી પોતે જ કોઈ સ્થળે સંતાઈ ગયાં હશે. આ બાબતમાં એક કથા કહું છું તે સાંભળો.

### સાવિત્રી ને અંગિરાની કથા.

પૂર્વે અંગિરા નામના ઋષિએ, અષ્ટાવક્રની સમીપમાં જઈ, તેની કન્યા સાવિત્રી સાથે પરણવાનું માગું કર્યું હતું. જો કે આ જોડું જુગતે જુગતું હતું, તોપણ અષ્ટાવક્રે તે મુનિનું

માંગું સ્વીકાર્યું નહીં, કેમકે તે બાળાનું બીજે સ્થળે વેશવાળ કર્યું હતું. પછી અંગિરા મુનિ, અષ્ટાવક્રના બાંધવની અશ્રુતા નામની કન્યા સાથે પરણ્યા; અને બહુ કાળ સુધી તે સ્ત્રી સાથે સુખમાં રહી ગૃહસ્થાશ્રમ ભોગવ્યો. પણ તેની સ્ત્રી સારી રીતે જાણતી હતી, કે મારા પતિએ પ્રેમપૂર્વક પ્રથમ માંગું તો મારા કાકાની પુત્રી સાવિત્રીનું કીધું હતું ને જ્યારે તેણે ના પાડી ત્યારે મારી સાથે પરણ્યા છે.

એક સમયે એવું બન્યું કે, મુનિ અંગિરા જપ કરવા બેઠા હતા, ને જપ કરતાં ઘણો કાળ વીતિ ગયો. ત્યારે તેની ભાર્યા અશ્રુતાએ પુનઃ પુનઃ પ્રેમપૂર્વક પૂછ્યું કે,–" નાથ! આપ એટલો બધો વખત શા વિચારમાં તલ્લીન થઈ ગયા હતા, તે મને કહો. " ત્યારે અંગિરાએ કહ્યું,–" પ્રિયે! હું સાવિત્રીનો જપ કરતો હતો!" અશ્રુતાએ સાવિત્રીનું નામ સાંભળતાં જ માન્યું, કે તે મારા કાકાની પુત્રી છે, ને મારા પતિ તેના પ્રત્યે પ્રેમથી જોય છે, એટલે તે મુનિબાળા ઘણી ખીજવાઈ ગઈ. પછી તેણે પોતાના જ આત્માને કહ્યું, "આ જ મંદભાગી છે!" પછી મન સાથે એકનિશ્ચય કરી તે દેહત્યાગ કરવા માટે અરણ્યમાં ગઈ અને પ્રથમ પોતાના પતિનું કલ્યાણ થાય, તે માટે પ્રાર્થના કરી, ને પછી પોતાના કંઠમાં ફાંસી ઘાલી. તત્ક્ષણે રુદ્રાક્ષની માળા ને કમંડળ ધારણ કરીને દેવી ગાયત્રી પ્રકટ થયાં અને તેના પ્રત્યે કહ્યું,–"પુત્રિ! ઉદ્ધતાઇથી વર્તે છે શું કામ? તારો પતિ કોઈ સ્ત્રીનું ધ્યાન ધરતો નહોતો, પણ તે, હું પવિત્ર દેવી સાવિત્રી–ગાયત્રીનો જપ જપતો હતો!" આટલું કહેતાંની સાથે જ દેવીએ તેના કંઠમાંની ફાંસી કાઢી નાંખી, ને પછી, પોતાના ભક્તજનોનું કલ્યાણ કરનારી તે દેવી, તેને દિલાસો આપી, અંતર્ધાન થઈ ગયાં. જ્યારે અંગિરા મુનિએ પોતાની ભાર્યાને પર્ણકુટીમાં જોઈ નહીં, ત્યારે તેઓ તેને શોધવા નિકળ્યા. તે ફરતા ફરતા અરણ્યમાં આવ્યા. ત્યાં તેમની સ્ત્રી મળી આવી, એટલે તેને લઇને ઘેર પધાર્યાં.

આ રીતે આ જગતમાં વસતી સ્ત્રીઓને, પોતાના પતિનો પ્રણયભંગ દુઃસહ થઈ પડે છે. માટે હું ધારું છું કે રાજકુંવરનાં પટરાણી, રાજપુત્રના કંઈક સ્વલ્પાપરાધને લીધે રોષમાં આવી, આટલા તેટલામાં સંતાઈ ગયાં હશે, એટલે ચિંતા કરવા યોગ્ય કંઈ નથી; કેમકે શંભુ તેની પુનઃ રક્ષા કરશે. ચાલો આપણે તેની શોધ કરીએ.

જ્યારે રુમણ્વાને આ પ્રમાણે દૃષ્ટાંતકથા કહી, ત્યારે વત્સરાજે કહ્યું: "હું પણ ધારું છું કે એમ જ હશે; કેમકે તેનું કંઈપણ અનિષ્ટ થઈ શકે તેમ નથી. આકાશવાણીએ ઘણી વાર કહ્યું છે કે, ' આ મદનમંજુકા એ સાક્ષાત્ રતિનો અવતાર છે અને દેવતાઓએ તેને નરવાહનદત્ત, જે સાક્ષાત્ કામદેવનો અવતાર છે, તેની ભાર્યા નિર્માણ કીધી છે; અને એ પટરાણી સાથે રહીને નરવાહનદત્ત એક કલ્પપર્યંત વિદ્યાધરનું ઐશ્વર્યપદ ભોગવશે,' તેથી આ દેવવાણી કોઈપણ કારણસર મિથ્યા થશે નહીં. માટે આપણે તેની સારી રીતે શોધ કરવી જોઇએ. " જ્યારે રાજાએ આ પ્રમાણે કહ્યું, ત્યારે નરવાહનદત્ત, જો કે ઘણો ઉદાસ થઈ ગયો હતો, તોપણ પોતાની પ્રાણપ્યારીને શોધવાને બહાર નિકળી પડ્યો.



તેણે ઘણી ઘણી શોધ કરીઃ વન, ઉપવન, મહેલો, બગીચાઓ, વગેરે સર્વ સ્થળે મદનમંજુકાને શોધી, તોપણ કોઈ સ્થળેથી તેનો પત્તો મળ્યો નહીં. આથી નિરાશ થઇ રાજકુંવર ઉન્માદાવસ્થામાં આવી જઇને આમ તેમ ભટકવા લાગ્યો. નગરમાંથી મદનમંજુકાની ભાળ નહીં મળી ત્યારે તે નગર બહાર નિકળ્યો. આ વખતે પુરગૃહોનાં દ્વારો–બારી બારણાં બંધ હતાં, તે જાણે રાજકુંવરનું દુઃખ જોઇને આંખો મીંચીને ઉભાં હોય તેવાં જણાતાં હતાં. જ્યારે તે વનમાં ગયો, ત્યારે વનવાટિકાનાં વૃક્ષો મલીન પાંદડાંરૂપી હાથોની સાન કરીને કહેતાં હોય કે, "અમે તારી પ્યારીને જોઈ નથી, " તેવાં જણાતાં હતાં. જ્યારે તે ઉદ્યાનમાં શોધવા ગયો, ત્યારે સારસ પક્ષીનું જોડું આકાશ તરફ ઉડી ગયું. તે જાણે એમ જણાવતું હોય કે, આ માર્ગે તો તમારી પ્યારી ગઈ નથી. આજ પ્રમાણે મરુભૂતિ, હરિશિખ, ગોમુખ ને વસંતક પણ ચારે દિશામાં રાણીને શોધવાને ફરી વળ્યા હતા.

## વેગવતી ને નરવાહનદત્તની કથા.

એવામાં વેગવતી નામની એક કન્યા વિદ્યાધરી, રૂપાંતરથી મદનમંજુકાનું અપૂર્વ ને કાંતિમાન્ રૂપ ધારણ કરીને, એક બગીચામાંના અશોકવૃક્ષ નીચે આવીને બેઠી. રાણીની શોધ માટે ભ્રમણ કરતો કરતો મરુભૂતિ ત્યાં આવી પહોંચ્યો. તેણે દુઃખિત હૃદયને શાંત કરનારી તે વિદ્યાધરીને જોઇ; એટલે અત્યંત આનંદના આવેશથી તે નરવાહનદત્ત પાસે દોડયો ને કહ્યું; " રાજ! ખુશી થાઓ, ખુશી થાઓ! આપની! પ્રાણવલ્લભા આ બગીચામાં બિરાજે છે!" આ શબ્દો સાંભળતાં જ નરવાહનદત્ત અત્યંત હર્ષમાં આવી ગયો ને તુરત જ તે બગીચામાં ગયો.

વિરહવેદનાથી અત્યંત વ્યાકુળ રાજકુમાર, મદનમંજુકાની સાદૃશ્યાકૃતિને જોઈ, જેમ કોઇ વટેમાર્ગુ નિર્જળ પ્રદેશમાં જળને જોઇને આનંદ પામે, કે સ્વાતિ નક્ષત્રનું જળ જોઇને ચાતક આનંદ પામે, તેમ તે આનંદમાં ગરકાવ થઈ ગયો. જે ક્ષણે પોતાની પ્યારીને જોઈ, તે જ ક્ષણે રાજકુમાર હર્ષાવેશમાં તેનું આલિંગન કરવાને દોડયો. પણ તે વિદ્યાધરી પક્કી હતી અને તે પરણવાની ઇચ્છા કરતી હતી, તેણે તંત્ક્ષણે કહ્યું, " આઘા રહો અલબેલા, મને હમણાં અડશો મા, પણ પહેલાં મારે જે કહેવાનું છે તે સાંભળો. જ્યારે હું તમારી સાથે પરણી, તે પહેલાં તમો મારા નાથ થાઓ, તેટલા માટે મેં યક્ષની પ્રાર્થના કીધી હતી ને કહ્યું હતું કે, 'જો મને નરવાહનદત્ત નાથ પરણશે તો મારા લગ્નને દિવસે, મારે સ્વહસ્તે હું તમોને બલિદાન દઇશ!' પણ પ્રાણેશ! મારા લગ્નને દિવસે મને એ વાતની વિસ્મૃતિ થઈ ગઈ. આથી યક્ષો કોપાયમાન થઈ ગયા ને આજે તેઓ મને મહેલમાંથી અત્ર ઉપાડી લાવ્યા છે. અત્ર લાવીને મને મૂકયા પછી તેઓએ મને કહ્યું કે, 'જા, ફરીથી લગ્નવિધિ આદર, અમને બલિદાન દે અને પછી તારા પતિ પાસે જજે. જો એથી ઉલટી વર્તીશ તો તારું કલ્યાણ થશે નહીં.' માટે મારી સાથે પુનઃ લગ્ન સત્વર કરો, કે જેથી હું યક્ષોને તેમની ઇચ્છા પ્રમાણે બલિદાન દઉં અને પછી તમારું મનોવાંચ્છિત ભલે કરો!"

**નરવાહનદત્ત**, **મદનમંજુકા**ની વિરહવેદના એક ક્ષણ પણ સહન કરી શકતો નહોતો. તેના જીવને તાલાવેલી લાગી રહી હતી, એટલે તેંજ ક્ષણે **શાંતિસોમ** પુરોહિતને તેડાવી મંગાવ્યા ને લગ્નની સર્વ સામગ્રી સજ્જ કરી **મદનમંજુકા**ના રૂપમાં રહેલી વિદ્યાધરી વેગવતી સાથે લગ્ન કર્યાં. એ સમયે મોટો મહોત્સવ થઈ રહ્યો, ચોમેર વાજીત્રો ગડગડી રહ્યાં અને **વત્સરાજ**ના આનંદનો પાર રહ્યો નહીં. રાણીઓ પણ પૂર્ણ આનંદમાં આવી ગઇ અને કલિંગસેના અતિઘણી ખુશી ખુશી થઈ ગઈ. પછી માયાવી **મદનમંજુકા**, કે જે વિદ્યાધરી **વેગવતી** હતી તેણે, પોતાને હાથે યક્ષોનું પૂજન કરી, મદ્ય, માંસ અને બીજાં પકવાન્નોથી તેઓને સંતોષ્યા. વિવાહ વીત્યા પછી **નરવાહનદત્ત**, માયાવી **મદનમંજુકા**ને લઇને શયનમંદિરમાં ગયો. ત્યાં તે પરમાનંદમાં લીન થયેલો, પ્યારી સંગે મધુપાન કરી મત્ત તો થયો હતો, છતાં પણ રસિક મોહીનીની વાક્ચાતુર્યતાથી પૂર્ણ મત્ત થઈ ગયો. ત્યાર પછી, જેમ દિનાધીશ* પોતાનું રૂપ પલટી છાયાપેરે રહે છે, તેમ આકૃતિની વિકૃતિ કરીને રહેલી વિદ્યાધરી સાથે રહીને તે મૃત્યુ લોકનાં સર્વ સુખ ભોગવવા લાગ્યો. ભોગ ભોગવ્યા પછી તે વિદ્યાધરીએ રાજકુમારને એકાંતમાં કહ્યું; 'મારા પ્યારા! હવે હૂં પોઢી જાઉં છું, પણ તે વેળા-તમારે આટલી વાત યાદ રાખવી, કે જ્યારે હૂં નિદ્રામાં હોઉં, ત્યારે તમારે મારા મુખ પરનું વસ્ત્ર ખસેડી મારું મુખ જોવું નહીં." જ્યારે રાજપુત્રે આવાં વેણ સાંભળ્યાં, ત્યારે તેને અત્યંત અદ્‌ભુતાશ્ચર્ય ઉત્પન્ન થયું ને તે વિચાર કરવા લાગ્યો, કે એનું તે વળી શું કારણ હશે. બીજે દીવસે જ્યારે તે વિદ્યાધરી નિદ્રામાં હતી, ત્યારે કુતૂહલને ખાતર રાજપુત્રીના મુખપરનું વસ્ત્ર ખસેડીને જોયું તો, અહા ! તે કંઇ **મદનમંજુકા** નહોતી, પણ કોઇ બીજું જ રૂપ નજરે પડ્યું,† કે જેની રૂપાન્તરની માયા નિદ્રામાં પડવાથી નાશ પામી હતી. રાજકુમાર આ પ્રમાણે વિચારમાં પડી ગયો છે, તેટલામાં તો તે વિદ્યાધરી જાગી ઉઠી. ત્યારે રાજપુત્રે પૂછ્યું, "અલિ ! કહે મને કે તું કોણ છે ?" જ્યારે તે દીર્ઘદષ્ટિ વિદ્યાધરીએ જોયું કે, રાજપુત્રે જાગૃત થઇને મારી ગુપ્ત વાત જાણી છે ને મારું રૂપાન્તર પણ જાણ્યું છે, ત્યારે તે બોલી:

"પ્યારા! સાંભળો. હું આપને સર્વ વાત યથાર્થ વિદિત કરું છું. વિદ્યાધરપુરીમાં **આષાઢપુર** નામનો એક ગિરિ છે. તેમાં વેગવાન્ વિદ્યાધરનો **માનસવેગ** નામનો એક કુમાર રાજ્ય કરે છે, જે પોતાના બાહુબળ માટે અતિઘણો ગર્વિષ્ઠ છે. એ વિદ્યાધરની હું વેગવતી નામની ભગિની થાઉં છું. મારા ભાઇને મારો બહુ તિરસ્કાર હતો, તેથી તેણે મને વિદ્યાધરની સિદ્ધિવિદ્યા શિખવવાને ના પાડી. ત્યારે મેં તે વિદ્યા મારા પિતાજી, જેમણે અરણ્યવાસ કીધો હતો, તેમની પાસે જઇને મહાકષ્ટે સંપાદન કીધી ને તેમનો મારાપર એવો મોટો ઉપકાર થયો છે, કે કોઇપણ વિદ્યાધર કરતાં હું એ વિદ્યા વધારે સારી જાણું છું. જેમ **રાવણ** પ્રેમાંધ

* દિનનો રાજા–સૂર્યનારાયણ.

† દેવતાઈ પ્રાણીઓ પોતાની માયાનો પ્રતાપ જાગૃત અવસ્થામાં જ બતાવી શકે છે, પણ જ્યારે નિદ્રાવશ થાય છે, ત્યારે તેઓની માયા નાશ પામે છે.



થઇને દુ:ખાર્ત **રામચંદ્ર**ની ભાર્યા **સતી જાનકી**નું હરણ કરી લાવ્યો હતો, તેમ મારો ભાઈ, પ્રેમમાં આંધળો થઇને તમારી પ્યારીનું, માયાના પ્રતાપથી હરણ કરી ગયો છે. એ તમારી પ્યારી **મદનમંજુકા**ને મેં આષાઢપુરગિરિપરના એક બગીચામાં, સિપાઇઓના ચોકી-પહોરા વચ્ચે બેઠેલી જોઈ. તે સાધ્વી સુંદરી છે, તેથી મારા ભાઈની કંઈપણ દરકાર કરતી નથી ને તેની ઇચ્છાને વશ થઈ નથી; તેમ મારો ભાઇ તેનાપર બળાત્કાર પણ કરી શકતો નથી, કેમકે તે જો કોઇ સ્ત્રીપર બળાત્કાર કરે તો તેનું મૃત્યુ થશે, એવો તેને શાપ થયેલો છે.

"આવી અવસ્થા હોવાથી મારા ભાઇએ **મદનમંજુકા**ને તેને વશ થવા માટે, વાતચિત કરવા મને દૂતી તરીકે આગળ કીધી. હું તે સુંદરી પાસે ગઈ અને અનેક પ્રકારની વાતચિત કીધી, સમજાવી–પટાવી ! પણ તે તો માત્ર તમારું જ નામ રટયા કરે છે. વાતચિતના પ્રસંગમાં તે સાધ્વી સ્ત્રીએ તમારું, મદાજ્ઞા જેવું મનોહર નામ મને જણાવ્યું ને તે મારા હ્રદયમાં સચોટ ચોંટી ગયું. મારું મન તમારાપર પૂર્ણ પ્રેમથી આંધળું થઇ ગયું. એક પ્રસંગે હું સ્વપ્નાવસ્થામાં હતી, ત્યારે મને દેવી **પાર્વતી**એ કહ્યું હતું કે,–"હે પુત્રી ! જેનું નામ સાંભળતાં તું પ્રેમાતુર થઇ જશે, તે જ તારો પતિ થશે." એ સ્વપ્ન મને એ વખતે યાદ આવ્યું. પછી હું **મદનમંજુકા** પાસે ગઇ. તેને ધૈર્ય આપી, તેનું સ્વરૂપ ધરી, અત્ર આવીને કપટકળાથી આપની સાથે લગ્ન કીધું છે. માટે મારા પ્યારા ! તમે મારી સાથે ચાલો. આપની પ્યારીની દુ:ખદ અવસ્થા માટે મારા મનમાં એટલું બધું તો લાગે છે, કે હું આપને તે જ્યાં છે, ત્યાં તેડી જાઉં છું; કેમકે હું એક રીતે તો મારી તે શોકયની કૃપાપાત્ર કિંકરી છું; તેમાં વળી આપ તેને પ્રાણસમાન વહાલી ગણો છો, એટલે આપની પણ કિંકરી છું. હું આપપર એટલો બધો તો પ્રેમ ધરાવું છું કે તેથી, કંઇ પણ ઇર્ષ્યા વગર તમારી દાસી થઇને કંઈ પણ કાર્ય કરવાને તત્પર થઈ છું."

વેગવતી, આ પ્રમાણે **નરવાહનદત્ત**ને કહ્યા પછી પોતાની માયાના પ્રતાપથી, તેને સાથે લઇને તે જ રાત્રીએ તુરત આકાશમાં ઉડી ગઇ. જ્યારે આ પ્રમાણે દંપતી **આષાઢપુર** તરફ ધીમે ધીમે જતાં હતાં, ત્યાં તો બીજે દિવસે પ્રભાતના **નરવાહનદત્ત**ના રાજમહેલમાં, તેના અદશ્ય થવાથી મોટો ઉત્પાત થઇ રહ્યો. **વત્સરાજ**ને જેવા આ વર્તમાન નિવેદન થયા, તેવા જ તે વજ્રના પ્રહારથી વીંધાઇને શિથિલ થઇ પડે, તેમ જમીનપર પડ્યો ને તેવી જ અવસ્થા **વાસવદત્તા**, **પદ્માવતી** તથા બીજાઓની પણ થઈ પડી. નાગરીકો, યૌગંધરાયણ વગેરે મંત્રિમંડળ અને **મરુભૂતિ**નો પુત્ર મુખ્ય તથા બીજા સર્વે સહપરિવાર, એવા તો ગભરાઇ ગયા, કે તેઓનું દુ:ખ વર્ણવી શકાય તેવું નથી. આખા નગરમાં હાહાકાર વર્તાઈ રહ્યો ને સર્વે રાજપુત્રનું કોણે, કેમ હરણ કર્યું, તે માટે ઘણા ગુંચવાડામાં પડી ગયા.

એવામાં જાણે આકાશમાંથી બીજા સૂર્યદેવ, પોતાની કાંતિના પ્રભાવથી સર્વને નિસ્તેજ કરતા હોય, તેવા તેજસ્વી **નારદમુનિ** ત્યાં પધાર્યા. **વત્સરાજે** તેનું અર્ઘ્યથી પૂજન કર્યું. તે પછી દેવર્ષિ **નારદજી**એ કહ્યું; "રાજન્ ! તું ગભરા નહીં ! તારા કુમારને એક વિદ્યાધરી

પોતાના નગરમાં લઇ ગઇ છે ને તે ત્યાંથી જલદીથી પાછો ફરશે. આ વર્તમાન તને નિવેદન કરવા માટે મને **શિવજીએ** તારી પાસે મોકલ્યો છે." એ સંદેશો કહ્યા પછી મુનિ **નારદે** **વેગવતીનું** સર્વ ચરિત્ર, જેમ બન્યું હતું તેમ, ઇત્થંભૂત કહી સંભળાવ્યું. **વત્સરાજ** તે સાંભળીને શાંત થયો ને પછી **નારદજી** અંતર્ધાન થઈ ગયા.

આ સમયમાં **વેગવતી**, **નરવાહનદત્તને** લઇને આકાશમાંથી **આષાઢપુર** ગિરિપર આવી પહોંચી. આ સમાચાર જેવા **માનસવેગ** વિદ્યાધરને મળ્યા કે, તુરત તેઓને મારી નાંખવા માટે તે દોડયો. પછી માયાવિદ્યાથી **વેગવતીએ** અતિઘણું દારુણ યુદ્ધ કર્યું; કારણકે સ્ત્રીઓને તો પતિ પ્રાણથી પણ અધિક હોય છે, કંઈ બાન્ધવ હોતો નથી. **વેગવતીએ** પોતાની માયાના પ્રતાપથી મહાભયંકર **ભૈરવનું** રૂપ ધારણ કર્યું ને પોતાના ભાઈ **માનસવેગને** માયાથી મોહ પમાડી **અગ્નિગિરિપર** ફેંકી દીધો. પછી **નરવાહનદત્ત**, જેને આ દારુણ યુદ્ધ કરતાં પહેલાં **વેગવતીએ** એક માયાના રક્ષણ નીચે સોંપ્યો હતો, તેને લઇને તે **ગંધર્વનગરમાં** ગઈ ને ત્યાંના એક નિર્જળ કૂવામાં સંતાડયો. ત્યાં બેસાડ્યા પછી તેને કહ્યું: "આર્યપુત્ર! આપ અત્ર થોડો વખત રહો, આપણું સર્વ રીતે કલ્યાણ થશે. તમારાં અંતરમાં તમે જરાપણ ગભરાશો નહીં. આપ મહાપ્રતાપીને, અત્રથી જ વિદ્યાધરનું ચક્રવર્તી રાજ્ય મળવાનું છે. મારા મોટા ભાઈ સાથે યુદ્ધ કરી, તેનું અપમાન કરતાં મારી માયિકવિદ્યાઓ શિથિલ પડી ગઈ છે, માટે તેને પુનઃ પ્રદીપ્ત કરવા હું જાઉં છું. હું ત્યાંથી ઘણી જલદીથી પાછી ફરીશ." આ પ્રમાણે કહીને **વેગવતી** વિદ્યાધરી, કોઈ તપોવન તરફ ચાલી ગઈ.

## તરંગ ૨ જો.

## મદનમંજુકા હરણ—ગંધર્વનગર.

ગંધર્વનગરના એક કૂવામાં રહીને **નરવાહનદત્ત** દિવસ કાઢે છે. તેવામાં એવું બન્યું કે, **વીણાદત્ત** નામના કોઈએક વિદ્યાધરની દૃષ્ટિએ તે પડયો. બેશક, માર્ગમાં ઉગેલાં વૃક્ષો, જેમ પોતાનાં ફળો પરાર્થમાં અર્પણ કરે છે અને છાયાથી વટેમાર્ગુ જનના તાપ ટાળે છે, એમ જ જો પરાર્થ માટે જન્મ ધરનારા મહાશયો આ લોકમાં હોત નહીં, તો આ જગત્ જીર્ણ અરણ્ય જેવું થઈ જાત. આ ગુણો ધારણ કરનાર પેલો સુશીલ ગંધર્વ હતો. તેણે જેવો **નરવાહનદત્તને** જોયો, તેવો જ તે કૂવા સમીપ ગયો ને પછી તેના નામઠામ ને વંશગોત્ર પૂછી, પોતાના હાથનો ટેકો આપી તેને કૂવામાંથી બહાર કાઢયો અને પછી પૂછ્યું; "અલ્યા



ભાઇ! તું કહે છે, કે તું મનુષ્ય છે, દેવતા નથી, તો કહે મને કે જ્યાં મનુષ્યની આવવાની ગતિ નથી, એવા આ દેવતાઈ ગંધર્વનગરમાં તું શી રીતે આવી શકયો?" ત્યારે **નરવાહનદત્તે** કહ્યું; "મને એક વિદ્યાધરી અત્રે લાવી છે ને તેણે પોતાની વિદ્યાના પ્રભાવથી મને આ કૂવામાં મૂકયો છે." **વીણાદત્ત** ગંધર્વ ઘણો સારા સ્વભાવનો હતો. તેણે જ્યારે નરવાહનદત્તના અંગમાં ચક્રવર્તીનાં સર્વ ચિહ્નો જોયાં, ત્યારે અત્યત પ્રસન્ન થઇને તેને પોતાને ભવને તેડી ગયો ને ત્યાં તેની યોગ્યતા મુજબની વિલાસવૈભવની સર્વે સામગ્રી પૂરી પાડી. બીજે દિવસે **નરવાહનદત્ત** તે નગરીનું અવલોકન કરવાને નિસર્યો. ત્યાં તેના જોવામાં એક ચમત્કાર આવ્યો: દરેક ગંધર્વના હાથમાં વીણા હતી. એ જોઈ તેણે આશ્ચર્યથી **વીણાદત્તને** પૂછ્યું: "ભાઈ! મને કહેશો કે, શા માટે અત્રેના સર્વ લોકો બાળક સહિત હાથમાં વીણા લઇને ફરે છે?"

ત્યારે **વીણાદત્તે** ઉત્તર આપ્યું;–"ગંધર્વના રાજા **સાગરદત્ત**, જે અત્રે રાજ્ય કરે છે, તેને ગંધર્વદત્તા નામની એક કન્યા છે. તે એટલી બધી તો લાવણ્યસંપન્ન છે, કે તેના આગળ સ્વર્ગની અપ્સરા પણ પાણી ભરે છે! તે કાંતિની પ્રભાથી એવી તો દીપી રહી છે કે, જાણે **બ્રહ્માજીએ** લાવણ્યમય, અમૃત, ચંદ્ર, ચંદન અને બીજી વસ્તુઓ બનાવ્યા પછી, પોતાની સુંદરતા બતાવવાની શકિતની કસોટી કસવાને જ જાણે આ સુંદરીનું વપુ ઘડયું હોય! તે નિરંતર **વિષ્ણુનું** એક ભજન ગાય છે, જે ભજન તે જ પ્રભુએ તેને શિખવ્યું છે ને તેના જ પ્રતાપથી ગાંધર્વશાસ્ત્રમાં એ કન્યા પારાંગત થઈ છે–એના જેવો કોઈ ગાંધર્વ પણ અત્રે નથી. એ કન્યાએ એવું પણ લીધું છે, કે જે કોઈ ગંધર્વ, આ **વિષ્ણુની** સ્તુતિનું પદ વીણામાં વગાડી, ત્રણ ગ્રામ સહિત ગાઈ સંભળાવે, તેની સાથે પરણવું. પરિણામ એ આવ્યું છે કે, સર્વે ગાંધર્વો તેને મેળવવાની આશામાં વીણામાં તે સ્તુતિ ગાવાનો અભ્યાસ કરે છે. પણ ખૂબી એ છે કે, અદ્યાપિપર્યંત રાજકુંવરીએ, માગેલી સરત પ્રમાણે કોઈપણ વીણાકુશળ થયો નથી."

**વીણાદત્તના** મુખથી આ ભાષણ સાંભળીને, રાજકુંવર **નરવાહનદત્ત** અત્યંત પ્રસન્ન થયો ને પછી કહ્યું; "મને સર્વ કળા સ્વયંવરથી વરી છે, ને ત્રણલોકમાં રહેલું છે, તે સર્વ ગાંધર્વશાસ્ત્ર હું સંપૂર્ણ રીતે જાણું છું." આ પ્રમાણેનાં રાજપુત્રનાં વચન સાંભળીને, અત્યંત રાજી થતો **વીણાદત્ત**, તેને **સાગરદત્ત** રાજા સમીપ તેડી ગયો. રાજાને વિનયપૂર્વક પ્રણામ કરી તે બોલ્યો; "મહારાજ! **વત્સરાજના** કુમાર **નરવાહનદત્ત**, કોઈ વિદ્યાધરીના હાથમાંથી છૂટા પડીને આપના નગરમાં આવી ચઢયા છે. એ પોતે સંગિતાચાર્ય છે, ને આપની કુંવરી **ગાંધર્વદત્તા**, **વિષ્ણુની** સ્તુતિના જે પદપર આટલી બધી તુષ્ટમાન થઈ ગઈ છે ને જે ગાવામાં બહુ આનંદ લે છે, તે પદ એ સારી રીતે ગાઈ જાણે છે!" જ્યારે રાજાએ **વીણાદત્તનું** આ પ્રમાણેનું કહેલું સાંભળ્યું, ત્યારે તે બોલ્યો,–"તમોએ કહ્યું તે સત્ય છે, કેમકે મેં ઘણો વખત થયાં ગંધર્વોના મુખથી એ રાજકુંવરની ગાયનકળામાં કુશળતા સંબંધી સાંભળ્યું છે; માટે મારે એમનો આજે રુડી રીતે સત્કાર કરવો યોગ્ય છે. એ કોઈ દેવાંશી નર છે, તેમાં ભ્રાંતિ

નથી! તે વગર એ આ દેવતાઈ ભૂમિપર કેમ આવી શકે? જો એ મનુષ્ય હોત તો વિદ્યાધરના સંગમાં અત્ર શી રીતે આવી શકત? હાંરે કોઇ છે? જાઓ, ગાંધર્વદત્તાને કહો કે, તને રાજાજી રાજસભામાં બોલાવે છે. ચાલો, આજે આપણે રાજકુંવરનું કળાકૌશલ્ય તપાસીએ!" રાજાએ આ પ્રમાણે કહ્યું કે, તુરત પ્રતિહાર રાજપુત્રીને તેડવાને રણુવાસમાં ગયો.

તત્ક્ષણે સૌંદર્યની સાક્ષાત્ મૂર્તિ જેવી તે રાજકન્યા, જેમ વાસંતિકલતા, પુષ્પના આભરણુ પહેરીને, પોતાની કાંતિપ્રભા દાખવતી, પવનથી ડોલતી હોય તેવી રીતે, તરુણાવસ્થાના મદમાં ડોલતી ડોલતી તે બાળા, રાજસભામાં આવી. તે પોતાના પિતાના સિંહાસનની પડોસમાં બેઠી, એટલે સેવકોએ રાજકુમાર સંબંધી જે વાર્તા વીણાદત્તે જણાવી હતી, તે તેને નિવેદન કીધી. આ વાતચિતમાં થોડો સમય વીતી ગયો, એટલે રાજાએ રાજકન્યાને વિષ્ણુસ્તુતિનું પદ ગાવાની આજ્ઞા કીધી. તુરત તેણે વીણા લઇને, એવાં તો તીવ્ર આલાપ સાથે વિષ્ણુભજન ગાયું કે, સભા છક થઈ ગઈ. તે જ્યારે વીણાના શ્રુતિમંડળો ગોઠવીને ગાતી હતી, ત્યારે જાણે બ્રહ્માની પુત્રી સાક્ષાત સરસ્વતી આલાપ લેતી હોય તેવી રીતે શોભતી હતી. નરવાહનદત્ત તો તેનું લાવણ્ય, ગાવાનો લહેકો ને ધ્વનિના મોહમાં અંજાઈ જઇને આશ્ચર્યમાં ગરકાવ થઈ ગયો. પછી રાજકુંવરે, ગંધર્વરાજ બાળાને કહ્યું,– "કુંવરી! મને તમારી વીણાનો સુસ્વર બોખરો જણાય છે, ને હું ધારું છું, કે તેના તંતુમાં વાળ ભરાયલો છે!" તેપરથી વીણાને તપાસવામાં આવી તો પ્રત્યક્ષ જણાયું કે, તેમાં વાળ ભરાયો હતો. એ જોઇને ગંધર્વો ને બીજા સર્વે સભાસદો આશ્ચર્યમાં ડૂબી ગયા. પછી રાજાએ પોતાની પુત્રીના હાથમાંથી વીણા લઇને રાજપુત્રના હાથમાં આપી અને કહ્યું,– "કુમાર આ લ્યો અને અમારા કર્ણમાં અમૃત સિંચો," પછી કુમારે કંઠ ને વીણાનો એક તાર કરી, તે બડી કુશળતાથી વગાડી ને એવી તો કળાકુશળતા–સુસ્વર ને આલાપ સાથે વિષ્ણુસ્તુતિનું તે પદ ગાઈ સંભળાવ્યું કે, ગંધર્વો ચિત્રપેરે જડ થઈ ગયા.

તુરત જ ગંધર્વદત્તાએ, ખીલેલા નીલકમળની માળા તેના કંઠમાં પહેરાવતી હોય તેમ પ્રેમથી ભરપૂર નેત્રમાળા તેના કંઠમાં આરોપી. રાજકન્યા, નરવાહનદત્તને તનમનથી વરી. જ્યારે રાજાએ તે જોયું ત્યારે, અને પુત્રીએ જે પણ લીધું હતું, તેનું સ્મરણ થયું ત્યારે, તત્ક્ષણે રાજકુમાર નરવાહનદત્તને, ગંધર્વદત્તાનું કન્યાદાન આપવાનું નિર્ધાર્યું. લગ્ન પ્રસંગે મોટી ધામધૂમ કરવામાં આવી. તે પ્રસંગ એવી તો સારી રીતે ઉજવ્યો, કે દેવતાઈ વાજીત્રોના નાદથી આકાશ ધમધમી રહ્યું. સર્વ તરફ ધામધૂમ થઈ રહી. તે વિવાહઉત્સવમાં એટલો તો આનંદ આનંદ થઇ રહ્યો, કે તેને કોઇની પણ ઉપમા આપવી, તે એ વિવાહના આનંદની ખૂબી ઘટાડ્યા જેવું છે. પછી નરવાહનદત્ત, નવી વહુ ગંધર્વદત્તા સાથે ત્યાં જ રહીને સ્વર્ગસુખનો અપ્રતિમ લહાવો લેવા લાગ્યો.

થોડા દિવસ વીત્યા પછી, પુનઃ એક દિવસે વત્સરાજનંદન, તે નૌતમ નગર નિરખવા નિકળ્યો. નગરના દિવ્યભવનો, રાજમાર્ગો, વિદ્યાશાળા ને સંગીતશાળાઓ વગેરે અનુપમ સ્થળો જોતો જોતો, તે નગર બહારના એક ઉદ્યાનમાં ગયો. ત્યાં જઈ, જેવો તે એક સુંદર નવપલ્લવ વૃક્ષની



ઘટ્ટ ઘટામાં વિશ્રાંતિ લેવાને બેસે છે, ત્યાં તો મેઘ વગરના આકાશમાંથી, દિવ્ય વિદ્યુલ્લતા ઝબકારો કરતી જણાય, તેવી એક સ્ત્રી, પોતાની કન્યાને લઇને આકાશમાંથી નીચે ઉતરતી દૃષ્ટે પડી! પોતાની વિદ્યાના પ્રભાવથી નરવાહનદત્તને ઓળખીને તે આકાશમાંથી ઉતરતી સ્ત્રીએ પોતાની પુત્રીને કહ્યું,– "જો, જો, પુત્રી! આ તારો ભવિષ્યનો ભર્તા, વત્સરાજલોચનાનંદ!" પછી તે સ્ત્રી, બાળા સહિત રાજકુમારની સમીપમાં આવી, ત્યારે કુમારે પૂછ્યું,– "તમો કોણ છો? અને અહીંયા કેમ પધારવું થયું?" ત્યારે તે દેવતાઇ સ્ત્રીએ, પોતાનો હેતુ શો છે, તેનો ઉપોદ્ઘાત કરતાં આ પ્રમાણે કહ્યું:

" કુંવરજી! વિદ્યાધરના રાજા દેવસિંહની હું ભાર્યા છું ને મારું નામ ધનવતી છે. આ મારી પુત્રી થાય છે અને એનું નામ આજીનાવતી છે. એ ચંડસિંહની બહેન થાય છે એક પ્રસંગે આકાશવાણીએ જણાવ્યું હતું, કે આપ આ કન્યાના ભવિષ્યના ભર્તા છો. મારી વિદ્યાના પ્રભાવથી મારી જાણમાં આવ્યું કે,– તમો વિદ્યાધરના ભવિષ્યના ચક્રવર્તી રાજા, વેગવતી વિદ્યાધરીના સમાગમથી અત્રે આવ્યા છો, તેથી મારી ઇચ્છા દર્શાવવા હું અત્રે આવી છું. હજી આપને વિદ્યાધરનું ચક્રવર્તીપદ પ્રાપ્ત થયું નથી, વળી આપ સહાય વગરના છો, તેથી આપે અત્રે રહેવું યોગ્ય નથી. કેમકે આ સ્થળ વિદ્યાધરોની જા આવતું છે; તેઓ જો તમોને જોશે તો, બેશક દ્વેષથી તમારો નાશ કરશે. માટે ચાલો, હું તમોને નિર્ભય સ્થળે તેડી જાઉં. શું જ્યારે ચંદ્ર ક્ષીણ થાય છે, ત્યારે તે સૂર્યમંડળમાં કાળ ગાળતો નથી? જ્યારે સમય આવે ત્યારે, આપ મારી પુત્રી સાથે લગ્ન કરજો!" આ પ્રમાણે કહીને તે વિદ્યાધરી, નરવાહનદત્ત તથા પોતાની પુત્રીને લઇને આકાશમાં ઉડી ગઈ. પછી તે રાજકુંવરને લઇને શ્રાવસ્તી નગરીમાં આવી ને ત્યાંના એક ઉદ્યાનમાં નરવાહનદત્તને મુકામ આપી, પોતાની પુત્રી આજીનાવતી સાથે તત્ક્ષણે જ અદૃશ્ય થઇ ગઇ.

## શ્રાવસ્તી નગરી.

અત્રે પણ બાપડો રાજકુમાર એકલવાયો થઈ પડ્યો. તે આમ તેમ ઉદ્યાનમાં ફરતો હતો, તેવામાં પ્રસન્નજિત્ત રાજા, જે મૃગયા ખેલવા ગયો હતો, તેણે પાછા ફરતાં, ઉદાર આકૃતિવાળા ને ઉત્તમ લક્ષણુવાળા પૂર્ણ તેજસ્વી ને દિવ્ય કાંતિમાન્ પ્રતાપી રાજકુમારને જોયો. આશ્ચર્યતામાં ગરકાવ થયેલો રાજા, રાજકુમારની નજીકમાં ગયો અને તેના વંશ તથા નામ ઠામ પૂછ્યાં અને તે જાણુતાંવાર રાજા પ્રસન્નજિત્ત અત્યંત પ્રસન્ન થઈ ગયો. તે રાજકુંવરને પોતાને રાજમહોલે તેડી લાવ્યો. તેના મહેલમાં એક તરફ હાથીશાળામાં હજારો હાથીઓ ડોલી રહ્યા છે, એક તરફ અશ્વોનો હણુહણાટ થઇ રહ્યો છે ને પેદળની પણ મોટી સંખ્યા પડાવ કરી પડી છે. આ રીતે તેનો રાજમહેલ તે જાણે દેશદેશાંતરમાં ભ્રમણ કરવાથી શ્રમિત થયેલી રાજલક્ષ્મીનું વિશ્રામસ્થળ હોય તેવો જણાતો હતો. જે પુરુષ પોતાને અતિપ્રિય હોય છે, પછી તે ગમે તેટલે દૂર વસતો હોય તોપણ તેની પાસે જેમ સ્ત્રીઓ દોડી જાય છે, તેમ જ કલ્યાણુશાળી પુરુષો, ગમે ત્યાં પડ્યા હોય છે, તો પણ તેને ગમે ત્યાંથી દોડી

આવીને સંપત્તિ વરે છે. આજ પ્રમાણે નરવાહનદત્તને પણ થયું. રાજા પ્રસન્નજિત્ત તેના ઉત્તમ ગુણોથી મોહ પામી ગયો. તેણે પોતાની ભગીરથયશા નામની કન્યાનાં તેની સાથે લગ્ન કીધાં. અત્રે રાજકુમાર ભગીરથયશા, જે જાણે સાક્ષાત્ લક્ષ્મીને, બ્રહ્માએ માંસ તથા રુધિરવાળી મૂર્તિમતી ઘડી હોય તેવી શોભતી હતી. તે પ્યારી સાથે રહીને તે સર્વ પ્રકારના સુખ વિલાસ ભોગવવા લાગ્યો.

એક સંધ્યાકાળે, લોકલોચનાનંદ, પૂર્વ દિશારૂપ પ્રમદાના મુખના અલંકાર જેવો રાત્રિ રાણીનો પ્રિતમ ચંદ્રમા ઉદય પામ્યો તે વેળાએ, નિર્મળ આકાશમાં, દર્પણપેરે પ્રતિબિંબ પાડતું, અને અમૃતપેરે મોહ ઉત્પન્ન કરનારું ભગીરથયશાનું શશિવદન પણ ઝળકી રહ્યું હતું અને ચંદ્રની શ્વેત ચાંદનીથી નગરભુવનો પણ સફેત જણાતાં હતાં. તે સમયે નરવાહનદત્તે, ભગીરથયશાના કહેવાથી, અન્યોઅન્ય મધુપાન કરવાનો પ્રારંભ કર્યો. રાજકુંવર, પ્યારીના શશિવદનના પ્રતિબિંબથી અલંકૃત થયેલા મધુનું પાન કીધું ને તેમ કરી પોતાનાં નેત્રને તૃપ્ત કરી આનંદ પામ્યો, ને જીભને, નેત્રને તૃપ્ત કરતાં, આનંદ પામતાં, પણ તૃપ્ત કરી આનંદ આપ્યો. પછી તેણે શશિને, શશિવદની કરતાં ઉતરતી જોઈ, કેમકે ચંદ્રમાના મધુ મદથી થતા જરાક લાલાસવાળા નેત્ર નહોતાં ને ભ્રકુટીના વિલાસોની ખામી હતી. બન્નો જણાએ, 'ના પ્રિતમ! તમો લ્યો,' 'ના, પ્યારી! પ્રથમ તું લે!' એ રીતના રસવર્ધનહારી ચુટકા રમતાં, પરસ્પર પ્રેમી પ્યાલાનું પાન કીધા પછી, રતિમંદિરમાં વિલાસ ખેલવા માટે સિધાર્યાં.

ભગીરથયશા સાથે નરવાહનદત્ત સુતો છે, તેવામાં અધવચ્ચ તે જાગી ઉઠ્યો. તે વેળાએ તેના મનમાં એકદમ ઘર, રાણી, મંત્રી વગેરે સર્વેનું સ્મરણ થઈ આવ્યું. તેને રડતાં હૃદયે કહ્યું: "ભગીરથયશાના પ્રેમમાં લુબ્ધ થવાથી, મારે કહેવું જોઇયે કે, હું મારી બીજી રાણીઓને વિસરી ગયો છું. એ કેમ બન્યું વારુ? ના, હા, એ સર્વદૈવાધીન છે, તે કરે તે ખરું! કોણ જાણે ક્યાં છે રાણીઓ! ક્યાં પડયા છે મારા મંત્રીઓ? તેમાં મરુભૂતિ અદ્ભુત પરાક્રમી ને રણોત્સાહી છે, હરિશિખ નીતિનિપુણ છે! પણ હમણાં તે બંનેનું મારે કંઈ પણ કામ નથી; ચતુર ગોમુખ, જે મારા સર્વ કાર્યમાં સાથી છે, તે હાલમાં મારાથી દૂર પડેલો છે, એ જ મને ઘણું સાલે છે." આ પ્રમાણે તે શોક કરતો હતો, તેવામાં અકસ્માત્ કોઈના રડવાના આ શબ્દો તેને કાને પડયા. "હાય! હાય! કેવું શોકજનક!" આ શબ્દો અત્યંત મધુર ને મૃદુ હતા, ને તે કોઈ દુઃખી સ્ત્રીના હોય તેમ જણાયું. એ શબ્દ સાંભળતાં રાજકુમારની નિદ્રા નાશી ગઈ. આવા કરુણાળ શબ્દ સાંભળી રાજપુત્ર ઉભો થયો ને દીવાના* પ્રકાશથી આસપાસ જોવા માંડયું તો બારીમાં ઉભેલી કોઇક દિવ્ય સ્ત્રી તેની નજરે પડી. રાજકુમારને તે રાત્રીએ કાળા લાંછનવાળા ચંદ્રમાનાં દર્શન થયાં હતાં, તેથી જાણે બ્રહ્માજીએ એકનિશ્ચય કરીને તેને ઠગવા માટે પ્રપંચ કરી, આકાશમાંથી અદ્ધર ભૂમિપર, લાંછનરહિત શશિવદની બતાવવા ધાર્યું હોય, તેમ તે સ્ત્રીને નિહાળતાં તેને લાગ્યું. રાજકુમારનાં નેત્ર, તે સ્ત્રીના લાવણ્યથી ઉત્કંઠિત થઈ ગયાં, તેથી જ્યારે તે દિવ્યાંગનાના

* અંગ્રેજીમાં દીવો પ્રકટાવ્યો એવો લેખ છે, પણ તે ખોટો છે.



મુખ શિવાય બીજો અંગ ભાગ દેખાતો નહોતો, ત્યારે તે તેનું મુખારવિંદ જોવાને તત્પર થઈ ગયો. પણ તેટલામાં તો તેને એક વાતનું સ્મરણ થઇ આવ્યું ને તેથી તે મનમાં બોલ્યો: "હું આ સ્ત્રીના અંગને જોવાને ઉત્કંઠિત થયો છું, પણ કદાચ એમાંથી કંઈ માઠું ફળ થયું તો? પૂર્વે ઘણા કાળ પર આતાપી દૈત્ય, ત્રણલોકને દુઃખ દેતો હતો, ત્યારે બ્રહ્માજીએ પ્રપંચ રચના કરીને, તેને નંદનવાટિકામાં મોકલીને કહ્યું, 'તું ત્યાં જા, તને કંઈ અદ્ભુત ચમત્કાર જણાશે.' પછી જ્યારે આતાપિ દૈત્ય ત્યાં ગયો, ત્યારે તેણે ધૂળમાં પડેલાં સ્ત્રીનાં પગલાં જોયાં, જે પગલાંપરથી તેણે ધાર્યું, કે તે સ્ત્રી અત્યંત લાવણ્યસંપન્ન હશે. પછી તે સ્ત્રીને જોવાની ઉત્કંઠાથી તે ગાંડો થઈ ગયો, ને તેમાં જ મરણ પામ્યો! આ રીતે કદાચિત્ બ્રહ્માએ મારો પણ નાશ કરવા માટે આ સ્ત્રીને તો નહીં સર્જી હોય?" આ પ્રમાણે તે એક ક્ષણભર વિચારના વમળમાં પડી ગયો છે, તેવામાં પેલી સ્ત્રીએ બારીમાંથી કરપલ્લવ કાઢીને, તેની સાનથી, પોતા તરફ રાજપુત્રને આવવાનું જણાવ્યું.

પછી રાજપુત્ર વિચાર કરીને જેમાં પોતાની પ્યારી સુતી હતી, તે રતિમંદિર છોડીને બહાર નિકળ્યો અને અત્યંત ઉત્કંઠિત હૃદયે તે દિવ્યાંગના પાસે ગયો. જ્યારે તે પાસે ગયો, ત્યારે તે સ્ત્રી બોલી: "અન્ય સ્ત્રીપર આસક્ત થયેલા ઓ મદનમંજુકાના પતિ! આ વાત જો તે જાણે તો પછી તેની શી સ્થિતિ? હાય હાય! ઓ મદનમંજુકા! તું કેવી હતભાગિણી છે!" જ્યારે નરવાહનદત્તે આ વાકય સાંભળ્યું, ત્યારે તેને પોતાની પ્યારીનું સ્મરણ થઈ આવ્યું ને તેથી વિરહાનળ તેની છાતીમાં ભડભડાટ બળવા લાગ્યો. પછી તેણે તે સુંદરીને પૂછ્યું, "તું કોણ છે? તેં મારી પ્યારી મદનમંજુકાને ક્યાં જોઈ? અને કહે મને કે તું મારી પાસે શા અર્થે આવી છે?" ત્યારે તે વિરલ સ્ત્રી, નરવાહનદત્તને રાત્રિનો સમય છતાં, પણ દૂર એકાંતમાં લઈ ગઇ ને કહ્યું, "હે રાજન્! તમે સર્વ વૃત્તાંત કાન દઈ સાંભળો;" અને પછી તે આ પ્રમાણે બોલવા લાગી.

"પુષ્કરાવતી નામની એક નગરી છે. તેમાં અગ્નિની સેવા કરવાથી પીળા વર્ણનો થઇ ગયેલો પિંગળગાંધાર નામનો વિદ્યાધરનો રાજા રાજ્ય કરે છે. રાજ! તમે જાણો, કે હું તે વિદ્યાધરની કુંવારી કન્યા છું, ને મારું નામ પ્રભાવતી છે. અગ્નિની પૂર્ણ પ્રેમથી ઉપાસના કરવાથી તે દેવે પ્રસન્ન થઇને મારા પિતાને વરદાન આપ્યા પછી મારો જન્મ થયો છે. હમણાં હું આષાઢપુરમાં, મારી સખી વેગવતીને મળવા માટે ગઇ હતી, પણ તે મને ત્યાં મળી નહીં, કેમકે તે તપશ્ચર્યા કરવા માટે કોઈ સ્થળે ગઈ છે, એમ મારા જાણવામાં આવ્યું. પછી તેની માતા પૃથ્વીદેવીને મળતાં તેણે વાતના પ્રસંગમાં મને કહ્યું કે, તમારી પ્યારી પટ્ટરાણી મદનમંજુકા ત્યાં કેદખાને પડેલી છે. એ ખબર મળતાં જ હું તેની પાસે ગઈ. તેને મેં જોઇ. લાંઘણો કરવાથી તેનું અંગ નિસ્તેજ ને મલીન થઈ ગયેલું મને જણાયું. તેણે પોતાના કેશ એક જટાપેરે બાંધી લીધા છે ને રડતાં, કલ્પાંત કરતાં તે, માત્ર તમારા સદ્ગુણોનું જ રટણ કર્યા કરે છે. તેની આસપાસ હર્ષ અને શોક—સુખ અને દુઃખની

વચ્ચે આવી પડેલી વિદ્યાધરાધીશ કન્યાનું ટોળું, સજળનેત્રે ફરી વળીને ચોકી કરે છે; પણ–તમારા દર્શનનો લાભ થશે, તેથી હર્ષ ને તમારી પ્યારીનું દુઃખ જોઇને તે વિદ્યાધરાધીશની કન્યાઓ, શોકમાં આવી પડી છે. હું તમારી પ્યારી પાસે ગઈ, તેને ધૈર્ય આપ્યું. પછી તેણે આપનું નામ જણાવી, આપને તેડી લાવવાને મને પ્રાર્થના કરી. તેની કરુણાળ વાણી સાંભળી, મારું મન ગળી ગયું ને તેની તરફ દયાભાવ ઉત્પન્ન થવાથી ને તમારા પ્રતાપથી મોહ પામીને, હું તમારી પાસે આવી છું. મેં મારી વિદ્યાના પ્રભાવથી જાણ્યું, કે તમો હમણાં અહિંયાં છો, એટલે મારો ને તેનો અર્થ સાધવા માટે હું અત્રે આવી છું; પણ જ્યારે મેં જોયું કે, તમો તો તમારી પ્યારીને ભૂલી ગયા છો, અને અત્રે બીજી સ્ત્રીઓ સાથે રંગની વાત કરો છો, ત્યારે મેં તમારી પટ્ટરાણી અને બીજી સંખ્યાબંધ રાણીઓ માટે સંતાપ કરતાં કહ્યું, “હાય, હાય! કેવું શોકજનક!”

જ્યારે પ્રભાવતી વિદ્યાધર રાજકન્યાએ આ પ્રમાણે કહ્યું, ત્યારે **નરવાહનદત્તને** પોતાની પ્યારીને મળવાની તાલાવેલી લાગી રહી. તેણે તે કન્યાને કહ્યું, “જ્યાં **મદનમંજુકા** હોય, ત્યાં મને તું હમણાં ને હમણાં લઈ જા ને તારી મરજીમાં આવે તેમ કર!” વિદ્યાધરી પ્રભાવતીએ રાજપુત્રનું આ પ્રમાણેનું કહેવું સાંભળી, તુરત તેને સાથે લઇને આકાશમાં ઉડી. તે ચંદ્રની ચાંદનીમાં ગગનમાં પ્રવાસ કરવા લાગી. તે ગગનમાં આ રીતે પ્રવાસ કરતી હતી, તેટલામાં કોઈ સ્થળે બળતો અગ્નિ તેના જોવામાં આવ્યો, એટલે **નરવાહનદત્તનો** હાથ પકડી તે પ્રૌઢા સ્ત્રીએ ચાર મંગળ ફેરા ફરી લીધા ને પ્રપંચયુક્તિથી તેની સાથે લગ્ન કીધાં; કેમકે દેવાંશી જીવોના સર્વ કર્મ કંઈ પણ હેતુપૂર્વક જ હોય છે, ને તેઓ જે કંઈ સંકલ્પ કરે છે, તે તાત્કાળ થાય છે. પછી તે પોતાના પ્યારાને આકાશમાંથી પૃથ્વી બતાવવા લાગી, ત્યારે તે પૃથ્વી પવિત્ર વેદિકા જેવી, નાદીઓ સર્પાકૃતિ જેવી અને પર્વતો સર્પના રાફડા જેવા જણાવા લાગ્યા. આ રીતે તે ઘણા અદ્ભુત ચમત્કૃતિવાળા પદાર્થો બતાવતી બતાવતી, ઘણો લાંબો પંથ કાપી ગઈ.

એટલામાં **નરવાહનદત્તને** આકાશપંથ કાપતાં અત્યંત તૃષા લાગી ને પોતાની પ્યારી પાસે પીવા માટે પાણી માગ્યું. તુરત પ્રભાવતી આકાશમાંથી ઉતરી પૃથ્વીપર આવી; અને **નરવાહનદત્તને** વનના એક ખુણામાં આવેલા સુંદર સરોવરપર લઈ ગઈ. એ સરોવર ચંદ્રની ચાંદનીના પ્રકાશથી સ્વચ્છ સફેત, નિર્મળ જળથી ભરેલું જણાતું હતું અને તે જાણે રૂપાનો રસ હોય, તેવો ભાસ કરાવતું હતું. ત્યાં જળપાન કરવાથી રાજપુત્રની તૃષા શાંત થઈ, પણ વનની અપ્રતિમ સૌંદર્યલીલા નિહાળતાં, સંભોગતૃષા જાગ્રત થઈ, ને તે પોતાની પ્રિયાને આલિંગન આપવાને તલપાપડ થઇ ગયો. તેની તે ઇચ્છા જાણતાં જ પ્રભાવતીએ ના પાડી, કેમકે તે પોતાનો અર્થ સાધવા માટે આવી નહોતી, પણ **મદનમંજુકાનાં** દુઃખથી દયાળુ બનીને **નરવાહનદત્તને** તેડવા આવી હતી. પણ જ્યારે રાજકુમારે અત્યાગ્રહ કર્યો, ત્યારે તે લાચાર બની ખરી, પણ ગુસ્સો કરીને **મદનમંજુકાનું** મનમાં સ્મરણ રાખીને, દુરાગ્રહી થઇ બેઠી. તેણે રાજપુત્રનો અત્યંત અનાદર કર્યો. સત્ય વાત આ છે કે, પરાર્થ કાર્ય કરનારા મહાશયો જ્યારે અન્યનું કામ માથે



ઉઠાવે છે, ત્યારે સ્વાર્થપર તલ માત્ર પણ દૃષ્ટિ કરતા નથી. તેણે રાજકુમારને કહ્યું, “પ્રાણેશ! હું તમોને ના પાડું છું તે માટે કંઈ દુઃખ લગાડશો નહીં, પણ આ રીતે ના કહેવામાં મારો મુખ્ય હેતુ છે ને તેથી આ મારી કહેલી વાત સાંભળો.”

## વિધવા ને તેના બાળકની કથા.

**પાટલીપુત્ર** નગરમાં, એક વખતે એક વિધવા રહેતી હતી. તેને એક સંતાન હતું. તે વિધવા તરુણ, ને રૂપવતી હતી, પણ ગરીબ હતી. તે પોતાના અને પોતાના બાળકના આત્માનું પોષણ કરવા માટે દરરોજ નવા નવા પુરુષો સાથે સમાગમ કરતી હતી ને તેથી દર રાત્રિએ તે ઘર છોડીને પોતાની ઇચ્છામાં આવે ત્યાં ભટકતી હતી. પણ જ્યારે તે ઘર બહાર નિકળતી, ત્યારે પોતાના પુત્રને સમજાવી પટાવીને કહેતી કે, “બાપુ! તું ડાહ્યો થજે, હું કાલે સહવારના તારે માટે લાડુ લાવીશ!” આ રીતે તે નિરંતર તેને માટે લાડુ લાવતી હતી. તે બાળક દરરોજ લાડુની લાલચે ઘરમાં શાંત થઇને પડી રહેતો હતો.

પણ એક દિવસે એવું બન્યું, કે તે સ્ત્રી લાડુ લાવવાનું ભૂલી ગઈ. જ્યારે તે બાળકે મોદક માગ્યો, ત્યારે તે સ્ત્રી બોલી: “મોદક!* બેશક હું બીજો મોદક જાણતી નથી, પણ મારો કામુક જ મોદક છે, તો બીજો કીયો મોદક (બીજાને પ્રસન્ન કરનાર) લાવું?” એટલે તે બાળકે પોતાના મન સાથે કહ્યું, “માતા મારે માટે આજે મોદક લાવી નહીં, કારણ કે તે મારા કરતાં બીજાને વધારે ચાહે છે!” આવો વિચાર કરતાં, દિલગીરીમાંને દિલગીરીમાં તે બાળકનું હૃદય ફાટી ગયું.

“માટે પ્રાણનાથ! જેને હું અત્યંત ચાહું છું, તેનો પ્રથમ સમાગમ કરાવ્યા વગર હું તમારી ઇચ્છા પૂર્ણ કરી શકીશ નહિ. કેમકે આ વાત જ્યારે **મદનમંજુકા**, કે જેને મેં તમારો આનંદકારક મેળાપ કરાવવાનું વચન આપ્યું છે, તે જાણે, ત્યારે તેનું પુષ્પ જેવું સુકોમળ હૃદય ફાટી ગયા વગર રહે નહીં. તેથી જ્યાં સૂધી મેં મારી પ્રિયસખીને શાંત કરી નથી, ત્યાં સૂધી તમો પ્યારા, પ્રાણથી પણ અધિક છો, તેની સમાગમ સુખની ઇચ્છા પૂર્ણ કરી શકીશ નહીં.”

## વિદ્યાધર નગરી.

જ્યારે આ પ્રમાણે પ્રભાવતીએ કહ્યું, ત્યારે **નરવાહનદત્ત** આનંદાશ્ચર્યમાં લીન થઈ ગયો ને સ્વગત બોલ્યો: “અહાહા! જે બ્રહ્માજી નવા નવા ચમત્કારો દર્શાવવામાં બડા રસિકડો છે, તે બ્રહ્માજીએ અચિંત્ય ઉદાર ચરિત્રવાળી પ્રભાવતીને સરજી છે!” આવા આવા વિચારમાં ગુંથાઈ જતો, પોતાની પ્યારી રસિકડી છબીલીનાં પ્રેમપૂર્વક બહુ બહુ વખાણ કરતો તે બોલ્યો,–“અલિ સદ્‌ગુણસંપન્ન સુંદરિ! ચાલ, ત્યારે મને જ્યાં **મદનમંજુકા** છે ત્યાં લઇ જા.”

---

* મોદક એટલે લાડુ અને મોદક એટલે બીજાને પ્રસન્ન કરવો. સ્ત્રીએ કહ્યું, કે હું તો મોદક એટલે મારા યારને ખુશી કરવાનું જાણું છું, બીજાને નહીં.

જ્યારે આ પ્રમાણે રાજપુત્ર સંતોષ પામ્યો, ત્યારે પ્રભાવતી એક ક્ષણમાં રાજપુત્રને લઇને પુનઃ આકાશમાં ઉડી ને તુરત આષાઢપુરગિરિપર આવી પહોંચી. જેમ વૃષ્ટિપુરથી જળનો નદી સાથે સમાગમ થતાં, નદી આનંદથી પ્રફુલ્લિત (ઉભરાઇ) થાય છે, તેમ શોકથી સુકાઇ ગયેલી મદનમંજુકાને, રાજપુત્રનો સમાગમ કરાવી, આનંદથી પ્રફુલ્લિત કરી દીધી!.

જ્યારે નરવાહનદત્તે, પોતાની પ્યારી પટ્ટરાણી મદનમંજુકાને જોઈ, ત્યારે તે વિરહાનળથી સંતાપ પામેલી, જેમ બીજના ચંદ્રમાની કળા પાતળી ને ઝાંખી જણાય છે, તેવી જણાતી હતી. પણ જેમ રાત્રિ અને ચંદ્રનો સમાગમ થતાં ત્રણ લોકમાં આનંદ આનંદ છવાઈ રહે છે, તેમ આ બંન્નો દંપતીનો સમાગમ સર્વને સુખદાયી થઈ પડયો. તે બંનેને નવું જીવન આવ્યું. દંપતી, વિરહવેદનાથી અત્યંત તપી રહ્યાં હતાં. તે એક બીજાને આલિંગન કરતાં, પરસ્પરના અંગમાંથી નિકળતા પ્રસ્વેદનાં બિંદુથી જાણે બંનો એકરસરૂપ થઈ ગયાં હોય, તેવાં જણાતાં હતાં. પછી પ્રભાવતીની વિદ્યાના પ્રભાવથી, રાત્રિના જે વૈભવના પદાર્થ આવી મળ્યા તે લઈ, દંપતિ મનમાનતો વૈભવ ભોગવવા લાગ્યાં. ધન્ય છે પ્રભાવતીની વિદ્યાના પ્રભાવને, કે માત્ર મદનમંજુકા સિવાય, ત્યાંના રક્ષકોમાંના કોઇને પણ નરવાહનદત્તનાં દર્શન થયાં નહીં.

બીજે દિવસે પ્રભાતના નરવાહનદત્તે, પ્યારી મદનમંજુકાની એક વેણી છોડીને તેના વાળ ઠીક કરવા માંડ્યા, ત્યારે તે પોતાના શત્રુ પ્રત્યે અત્યંત ક્રોધાયમાન થઇને બોલી: "નાથ ! પ્રાણ! સાંભળો. મેં ઘણો વખત થયાં આવી પ્રતિજ્ઞા કરી છે કે, 'મારી વેણી, જ્યારે મારા પતિ, માનસવેગ જે મારો નિરંતરનો શત્રુ છે, તેને મારશે, ત્યારે જ બાંધીશ, પણ તે પૂર્વે બાંધીશ નહીં. પણ જો તે મરે નહીં તો મારા મરણ સૂધી એ એક વેણી જ રહેશે. તે વખતે જોઇએ તો પક્ષીઓ પાસે તે છોડાવવી, અથવા તો અગ્નિમાં તેને બળવા દેવી!' પણ હમણાં, જ્યારે તે મારો શત્રુ હજુ હયાત છે, તે વેળાએ તમોએ આ એક વેણી છોડવા માંડી, તેથી મારું મન બહુ રડે છે. જો કે વેગવતીએ તેને અગ્નિગિરિપર ફેંકી દીધો હતો, તોપણ હજી તે મરણ પામ્યો નથી! વળી ઓ પ્રાણ! તમને અત્રે પ્રભાવતી, પોતાની માયિક વિદ્યાના પ્રભાવથી અદૃશ્ય રીતે લાવી છે, ને તેથી તમો સુખરૂપ રહો છો; તેમ નહીં હોત તો મારા શત્રુના સેવકો, જે અહિયાં, આ જુઓ ફર્યાં કરે છે, તેઓ તમારી હાજરી સહન કરી શકતે નહીં ને મારું બહુ ભુંડું થતે."

જ્યારે આ પ્રમાણે નરવાહનદત્તને તેની પ્યારી મદનમંજુકાએ કહ્યું, ત્યારે તેણે વિચાર્યું કે હજી કાર્યસિદ્ધિ કરવાનો કાળ આવ્યો નથી, માટે એ કહે છે તે યથાર્થ છે. તેણે તુરતાતુરત પોતાની પ્યારીને ધૈર્ય આપ્યું અને તે બોલ્યો: "પ્રિયે ! તારી ઇચ્છા પૂર્ણ થશે; હું તારા શત્રુનો સત્વર વધ કરીશ! પણ તે પૂર્વે હું વિદ્યાધરની વિદ્યા પ્રાપ્ત કરીશ. પ્રિયે! હમણાં જરાક ધૈર્ય ધર !" આ પ્રમાણેની બીજી ઘણી ઘણી પ્રેમવાણી સંભળાવી, મદનમંજુકાને શાંત કીધી ને પોતે ત્યાં જ, વિદ્યાધરના નગરમાં રહ્યો.



પછી પ્રભાવતી ત્યાંથી અદૃશ્ય થઈ ગઈ, પણ તેણે વિચાર્યું કે આવી રીતે નરવાહનદત્ત ગુપ્ત રહે,-તે ઠીક નહીં. વખતે તે પકડાઈ આવશે તો બહુ વિપરીત બનશે. તેથી તેને માયાના પ્રતાપથી પોતાનું રૂપ આપી પ્રભાવતી બનાવ્યો. નરવાહનદત્ત રૂપાન્તરથી પ્રભાવતી થઈ રહ્યો. પછી રાજકુમાર રૂપાન્તરમાં માયિકવિદ્યાના પ્રભાવથી જે જે પદાર્થો મળતા, તેથી સુખરૂપ રહીને નિઃશંકપણે ફરીહરી વિલાસવૈભવ ભોગવવા લાગ્યો. મદનમંજુકાનું રક્ષણ કરનારી સર્વ વિદ્યાધરશ ને ગંધર્વ રાજકન્યાઓ તો એમ જ જાણતી હતી, કે આ તો વેગવતીની સખી પ્રભાવતી છે અને તે વેગવતીના પ્રેમને ખાતર મદનમંજુકા બંદીને ફોસલાવવાને માટે અહિયાં આવી રહી છે. સઘળાઓ એમ જ ધારતા હતા, કે એ કંઈ નરવાહનદત્ત નથી, પણ પ્રભાવતી જ છે. એ વાત જ્યારે માનસવેગને જણાવી ત્યારે તેને પણ કંઇપણ શંકા ઉત્પન્ન થઈ નહીં.

એક દિવસે મદનમંજુકાએ વાતના પ્રસંગમાં નરવાહનદત્તને પોતાનું ચરિત્ર આ પ્રમાણે કહી સંભળાવ્યું.

## મદનમંજુકાએ કહેલી સ્વહરણ કથા.

પ્રાણનાથ ! જ્યારે માનસવેગ વિદ્યાધર મારું હરણ કરી, પોતાની માયાથી મને અહિયાં હરી લાવ્યો, ત્યાર પછી તેણે મને, ક્રૂર કર્મોથી ડરાવી, પોતાની ઇચ્છા પૂર્ણ કરવાનું જણાવ્યું. હું તો તેના ક્રૂર ને ડરામણા, અંગને કંપાવનારા ને હૃદયને ધડકાવનારા કાર્યોથી એવી તો ભયાકૂળ થઇ ગઈ કે ન પૂછો વાત. મારા દુઃખની પરાકાષ્ટા થઈ. એક સમે, ભયંકરાકૃતિ ધારણ કરી, લટકતી જિવ્હાથી ડરાવતા ભગવાન્ ભૈરવનાથ, નાગી લટકતી તરવાર હાથમાં લઇને તેની પાસે આવ્યા ને હુંકાર શબ્દ કરી તરવાર ઉગામી માનસવેગને કહ્યું,-" અલ્યા નીચ ! ચાંડાળ! મારી હૈયાતિમાં વિદ્યાધરના નિર્માણ થયેલા ચક્રવર્તી રાજાની પત્નીને અપમાન આપવાની તું કેમ ઇચ્છા કરે છે?" જ્યારે તે પાપી માનસવેગને ભૈરવનાથે આ પ્રમાણે ડારો દીધો, ત્યારે તે મુખમાંથી લોહી ઓકતો ઓકતો ધરણીપર ઢળી પડ્યો. તુરત ભૈરવનાથ અંતર્ધાન થઇ ગયા, કે તુરત જ તે પાપી પણ પુનર્જીવન આવ્યું હોય, તેમ ટટાર થઈ ઉભો થયો. તે પોતાને રાજભુવને ચાલ્યો ગયો; પણ પુનઃ તે મારી તરફ પોતાની માયા ચલાવીને ક્રૂર કર્મ આદરવા લાગ્યો.

પછી ભયની મારી ને વિરહવેદનાથી પીડાતી હું વિચાર કરવા લાગી, કે હવે તો પ્રાણત્યાગ કરવો એ જ ઉચિત માર્ગ છે. પણ રણવાસની દાસીઓએ આવીને મને ધૈર્ય આપીને કહ્યું,-" બહેન બા સાહેબ ! તમો જરાપણ ગભરાશો નહીં. પૂર્વે થોડા કાળપર, આ માનસવેગે એક લાવણ્યસંપન્ન મુનિબાળાને નિહાળી તેનું હરણ કરવા માંડયું હતું; ત્યારે તેના સંબંધી જનોએ આ પ્રમાણે તેને શાપ દીધો છે, કે 'હે પાપી ! અધમાત્મા ! જ્યારે તું બીજાની સ્ત્રીપર બળાત્કાર કરશે, ત્યારે તારા મસ્તકના હજારોહજાર કટકા થઇ પડશે!' તેથી બહેન બાસાહેબ ! તમો ડરો નહીં; એ તમારાપર કદી પણ બળાત્કાર કરી શકશે નહીં. વિ-

શેષમાં, જેમ દેવવાણીએ જણાવ્યું છે, તેમ આપ આપના પ્રાણનાથને પણ ઘણાં સત્વર મળશો!" આ પ્રમાણે મને ચેટીઓ ધૈર્ય આપતી હતી, તેટલામાં, માનસવેગની બ્હેન વેગવતી મારી પાસે આવી, અને તે કેટલીક રીતે મને સમજાવવા લાગી. પણ જેવી તેણે મને જોઈ તેવી તે દયાથી પિગળી ગઈ. તેણે મને ધીરજ આપી કે, હું તારા પ્રાણનાથને સત્વર અત્રે તેડી લાવીશ; અને પ્રાણેશ! આપ સારી રીતે જાણો છો કે, તે તમને કેમ મળી છે.

તે પછી આ વનવગડામાં બેસીને હું તમારું નામ પ્રત્યેક ક્ષણે જપ્યા કરતી હતી. તેવામાં એક પ્રસંગે, જેના મોહક દર્શનથી અમૃતપેરે મન શાંત થઈ જાય તેવી, માયાળુ અને સાધ્વી પૃથ્વીદેવી, તે દુરાત્મા માનસવેગની મા, લાંછન વગરની ચંદ્રની ચાંદની જેવું સફેત વસ્ત્ર પહેરીને, મારી તરફ પધારતી જણાઈ; અને પ્રેમપૂરહૃદયે મને તેણે કહ્યું–, "તારા લલાટમાં કલ્યાણ થવાનું લખાયલું છે, તો હે દીકરી! તું શા માટે અન્ન જળનો ત્યાગ કરીને તારું આરોગ્ય બગાડે છે? તું તારા મનમાં એમ માનતી નહીં કે, હું શત્રુનું અન્ન કેમ ખાઉં? તારી એ કલ્પના મિથ્યા છે. આ રાજ્યમાં મારી બાળા વેગવતીનો ભાગ છે, જે તેને તેના પિતા તરફથી મળેલો વારસો છે. તે તારી સખી થાય છે, ને વળી તે હમણાં તારા પ્રાણેશને વરી છે. રીતિ પ્રમાણે આથી તેની મિલકત તે તારા પતિની મિલકત ગણાય ને તારા પતિની મિલકત તે તારી મિલકત છે; માટે તું અન્નજળ લે. હું તને જે કંઇ કહું છું તે સત્ય છે; કેમકે, એ સર્વ મેં મારી વિદ્યાના પ્રભાવથી જાણ્યું છે." આ પ્રમાણે તેણે જણાવ્યા પછી, શપથપૂર્વક મારી ખાત્રી કરી આપી ને પછી પોતાની પુત્રીના સંબંધથી મને સમજાવી, અત્યાગ્રહથી મનાવીને, મને મારી યોગ્યતા પ્રમાણેનું ભોજન કરાવ્યું. પછી વેગવતી તમને લઇને અત્રે આવી, ત્યારે તેણે પોતાના ભાઈ સાથે દારુણ યુદ્ધ કરીને તેને જિત્યો, અને તમારું સંરક્ષણ કીધું. વેગવતીનો પૂર્વાપરનો સંબંધ મારા જાણવામાં નથી.

હું વેગવતીની સિદ્ધિ, અને આકાશવાણીનું મનમાં સ્મરણ કરીને મારો તમારો પુનઃ સંયોગ થશે, એવી આશામાં ને આશામાં પ્રાણત્યાગ ન કરતાં દિવસ ગાળવા લાગી. જો કે હું શત્રુઓના સંકટની મધ્યમાં બેઠેલી છું, તોપણ મહાનુભાવા પ્રભાવતીના પ્રભાવને ધન્ય છે, કે જેના પ્રભાવથી મારો ને તમારો પુનઃ સમાગમ થયો છે. પણ મને જે મોટી ચિંતા થાય છે, તે એ જ કે કદાચ સંજોગાસંજોગથી પ્રભાવતી અત્ર ન હોય તો, તેણે જે પોતાના સ્વરૂપમાં તમને બદલી નાંખ્યા છે તે રૂપ ટળીને તમો ખુલ્લા પડી જશો અને ત્યાર પછી આપણા શા હાલ થાય?" આ અને એવાં જ બીજાં વચનો પટરાણી મદનમંજુકાએ કહ્યા પછી તેને ધીરજ આપીને, વીરસો નરવાહનદત્ત, તેના સંગે રંગે રમતો ત્યાં જ રહ્યો.



## નરવાહનદત્ત કેદી થયો તેની કથા.

હવે કર્મધર્મયોગથી એક દિવસે એવું બન્યું કે પ્રભાવતી પોતાના પિતાને ભુવને ગઈ, એટલે પ્રભાતમાં તેના દૂર થવાથી, નરવાહનદત્તનું પ્રભાવતીનું તદ્રૂપ, જે તેણે આપ્યું હતું તે નાશ પામી ગયું. બીજે દિવસે નરવાહનદત્તનું પુરુષરૂપ, ત્યાં ચોકી કરનારા પરિજનોએ પ્રત્યક્ષ જોયું. એ જોતાં જ સર્વ ભયાકુળ થઈ ગયા, સર્વેએ રાજભુવનમાં દોડી જઇને માનસવેગને કહ્યું,–"મહારાજ! વાટિકામાં કોઇ જારપુરુષ આવ્યો છે!" આ પ્રમાણે કહેવાને જ્યારે તેઓ જતા હતા, ત્યારે મદનમંજુકા ભયથી થરથર કંપવા લાગી. તે તેઓને જતા અટકાવવા લાગી; પણ તે સર્વેએ કંઈપણ દરકાર કર્યા વગર, રાજભુવનમાં જઇને રાજાને આ વાર્તા નિવેદન કીધી હતી.

તુરતજ માનસવેગ દોડયો દોડયો, પોતાની સેનાને લઇને ત્યાં આવ્યો, ને નરવાહનદત્તને ઘેરી લીધો. આ ખબર જેવી માનસવેગની માતા પૃથ્વીદેવીને પડી, કે તે અતિ ત્વરાથી ત્યાં આવી પહોંચી. તેણે પોતાના પુત્રને કહ્યું,–"ભાઈ! આ પુરુષ મારે કે તારે કોઇને પણ મારવા યોગ્ય નથી; કેમકે એ કોઈ પરસ્ત્રીગામી નથી, પણ વત્સરાજનો પુત્ર નરવાહનદત્ત પોતે જ છેઃ તે પ્રેમથી વિહ્વળ થઇને પોતાની પત્નિને મળવા આવ્યો છે. એ સર્વ મેં મારી માયાના પ્રતાપથી જાણ્યું છે. મને નથી જણાતું કે તું ક્રોધથી આ પ્રમાણે અંધ કેમ થઇ ગયો છે? વિશેષમાં હું એનો સત્કાર કરવાને યોગ્ય છું, કેમકે એ મારો જમાઈ થયો છે, ને વળી એ સર્વોપરી ચંદ્રવંશમાં જન્મેલો છે." જ્યારે માનસવેગની માતાએ આ પ્રમાણે તેને કહ્યું, ત્યારે તો તે ક્રોધથી વિશેષ રાતો પીળો થઈ ગયો, અને બોલ્યો; "હં! એમ છે કે! ત્યારે તો એ મારો શત્રુ થાય!" એ સાંભળતાં પૃથ્વીદેવીને વિશેષ ચિંતા થઈ. તેણે જાણ્યું કે બેશક માનસવેગ એનો નાશ કરશે. પછી તેણે જમાઈરાજને બચાવવા માટે, પોતાના સ્નેહભાવથી, નવી યુક્તિ રચી. તેણી બોલી,–"પ્રિયપુત્ર! આ વિદ્યાધર લોકમાં રહીને તારાથી અધર્મે વર્તી શકાશે નહીં; કારણ કે અત્રે વિદ્યાધરોએ ધર્મનું સંરક્ષણ કરવા માટે ન્યાયમંદિર સ્થાપ્યું છે. માટે હું તને કહું છું કે, તે મંદિરમાં જઈ મુખ્ય ન્યાયાધીશ સમક્ષ તું એનાપર તારે જોઇએ તેવો આરોપ મૂક. ન્યાયમંદિરમાં છણાયલા ન્યાય પછી, તારા બંદી તરફ તું જે જે કંઇ કૃત્ય કરશે તે તને શોભા આપશે, પણ તેથી વિપરિત કરેલું તારું આચરણ વિદ્યાધરોને અપ્રસન્ન કરશે, ને દેવતાઓ તે સહન કરી શકશે નહીં!"

માતા તરફના પૂજ્યભાવને લીધે, એ પ્રમાણે વર્તવાને માનસવેગે સ્વીકાર્યું, અને વિદ્યાધરોના ન્યાયમંદિરમાં લઈ જવા માટે નરવાહનદત્તને બંદી તરીકે બાંધ્યો. પણ વીરસો નરવાહનદત્ત તે બંધન સહન કરી શકયો નહીં. તેને રુવે રુવે ક્રોધ વ્યાપી ગયો, તેથી તેણે દ્વારપરનો એક સ્થંભ ઉપાડી, માનસવેગના મનુષ્યોને મારી નાંખ્યા; અને પછી દેવસમાન બળ ધરાવનારા તે વીરપરાક્રમી યોદ્ધાએ, મરણ પામેલા માનસવેગના એક સેવકના હાથમાંથી તરવાર લઇને, તેની સામા થનારા ઘણાકોને યમસદનમાં મોકલી દીધા! પછી માનસવેગ

પોતાની વિદ્યાનો એક મંત્ર ભણ્યો ને તે મંત્રના પ્રભાવથી, **નરવાહનદત્ત** અને **મદનમંજુકાને** બંદી કરીને ન્યાયાસન સમક્ષ લઈ ગયો. જેમ સુધર્મા સભામાં દેવતાઓ બિરાજે છે, તેમ ડંકાનો સ્વર સાંભળીને, ચોમેરથી વિદ્યાધરો, તે ન્યાયસભામાં આવીને બીરાજ્યા.

તુરત **વાયુપથ** નામનો ન્યાયમંદિરનો મુખ્ય ન્યાયાધીશ આવ્યો, ને મંદિરના મધ્યમાં મૂકેલા સુવર્ણસિંહાસનપર વિરાજમાન થયો. પછી સઘળા વિદ્યાધરો તેની આસપાસ, મુજરો કરીને બેસી ગયા; અને કેટલાક વિદ્યાધરો અધર્મને જાણે દૂર હાંકી મૂકતા હોય તેમ આમથી તેમ ચમર ઢાળવા લાગ્યા. દૂરાચારી **માનસવેગ**, **નરવાહનદત્તને** લઇને ન્યાયાસનની સામા ઉભો રહ્યો, ને તે આ પ્રમાણે બોલ્યો,–"ન્યાયમંદિરના ધર્મરાજ ! આ મારો શત્રુ, જે મર્ત્યુલોકનો માનવી છે, તેણે મારા રણવાસને વણસાડયો છે, ને મારી ભગિનીને લાંછન લગાડયું છે; અને વિશેષમાં એ આપણા રાજપાટનો સ્વામિ થવા ઇચ્છા કરે છે, માટે હું જણાવું છું, કે એનો શિરચ્છેદ કરવો જોઇયે !" જ્યારે મુખ્ય ન્યાયાધીશે, **માનસવેગની** આ પ્રમાણેની વિનતિ સાંભળી, ત્યારે તેણે **નરવાહનદત્તને** કહ્યું,–" આ સંબંધમાં તમારે કંઈ કહેવું છે ?" એટલે તેણે ઠંડે કલેજે કહ્યું,–"ધર્મસભા તેનું નામ છે કે, જેમાં ધર્મરાજ હોય છે; ધર્મરાજ તેને કહેવો જોઇયે કે જે સભ્યજનોની સંમતિ સાથે ધર્મરૂપ વાત કરે છે; ધર્મ તેને ગણવો કે જેમાં સત્ય જ સમાયલું હોય છે; સત્ય તેને કેહેવું કે જેમાં પ્રપંચનો અંશ પણ નહીં હોય. અત્રે તો તેથી હું વિપરિત જોઉં છું ! મને માયિક વિદ્યાના પ્રભાવથી બંદી કીધો છે, ને જમીનપર ઉભો રાખ્યો છે, જ્યારે મારો પ્રતિપક્ષિ છુટો છે ને આસનપર બિરાજે છે; એટલે અમારા બંનો વચ્ચે સમાન વાત ક્યાં રહી છે?"

ન્યાયમંદિરના નાયક **વાયુપથે**, **નરવાહનદત્તનું** આ કહેવું સાંભળ્યું, કે તત્ક્ષણે તેણે **માનસવેગને** જમીનપર બેસવાનો ને બંદીને બંધનમાંથી મુક્ત કરવાનો હુકમ આપ્યો. પછી, **વાયુપથ** ધર્માધ્યક્ષ અને સર્વ સભ્યજનોના સાંભળતાં, **માનસવેગે** તેનાપર જે દોષારોપ કીધો હતો, તેનું આ પ્રમાણે ઉત્તર આપ્યું,–" કૃપા કરી કહો મને કે, મારી પ્રાણવલ્લભા **મદનમંજુકા**, કે જેનું હરણ આ અધમાત્મા કરી લાવ્યો છે, તેને મળવા હું અત્રે આવ્યો, તો મેં કોના અંતઃપુરને લાંછન લગાડયું છે–ભ્રષ્ટ કીધું છે? એની ભગિની વેગવતી મારી પાસે, મારી પ્રિયા **મદનમંજુકાનું** સ્વરૂપ ધારણ કરીને આવી, અને પ્રપંચયુક્તિથી મારી સાથે તેણે લગ્ન કીધાં, તો તેમાં મારી શી ભૂલ થઈ છે? એ કહે છે કે મારે રાજ્ય લેવાની ઇચ્છા છે, તો કહો મને કે આ જગતમાં એવો કોણ છે કે જેને કોઇ પણ પ્રકારની ઇચ્છા જ હોતી નથી ?" આ સાંભળીને ધર્માધ્યાક્ષ **વાયુપથે**, શાંત ચિત્તે કહ્યું,–" આ મહાશય જે કંઇ કહે છે, તે સત્ય છે, યથાન્યાય છે ! ગુણજ્ઞ **માનસવેગ** ! સંભાળજે, તેનો પ્રતાપી ઉદય થવાનો છે, તેના પ્રત્યે તું કદાપિ પણ અધર્મે વર્તી શકીશ નહીં. એણે યત્કિંચિત પણ અધર્માચરણ આદર્યું નથી !"

આવી રીતે ધર્માધ્યક્ષ **વાયુપથે**, **માનસવેગને** કહ્યું, તે છતાં તે નિષ્ઠુર હૃદયનો ને ક્રોધથી અંધ બની ગયેલો, પોતાના પાપાચરણમાંથી પાછો હઠયો નહીં; અને ત્યારે **વાયુપથને**



અત્યંત ક્રોધ વ્યાપ્યો. પછી, ધર્મના સંરક્ષણાર્થ, તે **માનસવેગ** સાથે યુદ્ધ કરવા તત્પર થયો. તુરત બંનો પક્ષની સેના તૈયાર થઈ ગઈ; બંનો વચ્ચે મોટું યુદ્ધ શરુ થયું. ધીર પુરુષ, જ્યારે ધર્માસનપર બિરાજમાન થાય છે, ત્યારે માત્ર ધર્મ જ લક્ષમાં રાખે છે અને તે નિર્બળ ને સબળ સર્વને સમાન ગણે છે. પછી નિર્બળ પરાયો હોય ને સબળ પોતાનો હોય, તોપણ તે તેની દરકાર કરતો નથી. પછી **નરવાહનદત્તે** આકાશમાં ઉભેલી દિવ્ય કન્યાઓ, જે કૌતુકથી આ જોતી હતી, તેના તરફ દ્રષ્ટિ કરીને **માનસવેગને** કહ્યું,–" તારી માયિકવિદ્યાને કોરણે મૂક અને મૂળ સ્વરૂપમાં રહીને ચાલ આવ, આપણે બંનો દ્વંદ્વ યુદ્ધ કરીએ ને પછી જો મારું પરાક્રમ, કે હું કેવી રીતે એક ક્ષણમાં એક ઘાથી તારા કટકે કટકા કરી નાંખું છું !"

ધર્મસભામાં બેઠેલા વિદ્યાધરો પરસ્પર આ પ્રમાણે કલહમાં રોકાઈ ગયા છે, તેવામાં ન્યાયમંદિરમાં રહેલો મધ્ય સ્થંભ અકસ્માત્ કડકડાટ કરતો ફાટયો ને તેમાંથી **ભૈરવરૂપધારી શિવજી** હુંકારો કરતા નિકળી આવ્યા. તેમના કાજળ સરખા શ્યામ શરીરથી સમગ્ર આકાશ આચ્છાદિત થઈ ગયું ને તેથી સૂર્ય ઢંકાઇ ગયો. તેમનાં નેત્રમાંથી નિકળતો અગ્નિસમાન તેજસ્વી પ્રકાશ, જાણે વિજળીનો ઝબકારો હોય તેવો જણાતો હતો; તેની દંતપંક્તિ, આકાશમાં જાણે બગલાની હાર ઉડતી હોય તેવી જણાતી હતી અને આ રીતે તેઓ એવા ભયંકરાકૃતિવાળા જણાતા હતા ને બોલતા હતા, કે જાણે મહાપ્રલયકાળે કોપે ચઢેલો પ્રચંડ મેઘ ગર્જતો હોય. તે મહાપ્રભુએ, **માનસવેગ** પ્રત્યે ક્રૂર નજર કરી, ગર્જના કરતાં કહ્યું,–"અલ્યા શઠ ! વિદ્યાધરના ભવિષ્યના ચક્રવર્તી રાજાનો તારાથી કો કાળે પણ પરાભવ થવાનો નથી જ, તો મોતનાં વલખાં કેમ મારે છે ?" આમ કહેતાંની સાથે જ નિસ્તેજ થએલો **માનસવેગ** જે નીચું મુખ કરીને ઉભો રહ્યો હતો, તેને હાંકી મૂક્યો ને **વાયુપથનું** માન વધાર્યું. પછી તે પૂજ્ય **ભૈરવનાથ**, **નરવાહનદત્તનું** સંરક્ષણ કરવા માટે, તેને પોતાના હાથમાં ઉચકીને ઉડી ગયા; અને સુંદર ને સુખકર ઋષિમુખ પર્વતપર મૂકીને, એકદમ અંતર્ધાન થઈ ગયા અને વિદ્યાધરોના ન્યાયમંદિરમાં અન્યોઅન્ય કલહ મચ્યો હતો, તે તુરત શાંત થઇ ગયો. **વાયુપથ**, પોતાના બીજા વિદ્યાધર મિત્રો સાથે પોતાને ભુવને ચાલ્યો ગયો, પણ **માનસવેગ** નિરાશમુખે, હર્ષ તથા વિષાદ ( શોક ) માં ડોલાં ખાતી **મદનમંજુકાને** આગળ કરીને, પોતાની આષાઢપુરીમાં પાછો ફર્યો.

## તરંગ ૩ જો.

### મદનમંજુકા હરણ–ઋષ્યમૂક પર્વતપર નરવાહનદત્ત.

હું ધારું છું કે, વીર પુરુષનો અભ્યુદય અનુપમ છે. દૈવ તેની ધાડી ધૈર્યતાની કસોટી કસવા પુનઃ પુનઃ તેની તરફ સુખ અને દુઃખ, આનંદ ને સંતાપ મોકલે છેઃ આમ માનવાનું

કારણ એ જ છે, કે પ્રકૃતિતરલ* દેવીએ નરવાહનદત્તને વિદેશમાં પગલે પગલે એક પછી એક ઉત્તમ પ્રમદાઓ પરણાવી અને પછી તેઓનો વિયોગ પડાવ્યો.

**નરવાહનદત્ત** ઋષ્યમૂક પર્વતપર રહ્યો હતો, તેવામાં તેની પ્યારી **પ્રભાવતી** ત્યાં આવી ને સમાગમ થતાં તે બોલી,–" પ્રાણનાથ ! મારા મંદભાગ્યને લીધે, **માનસવેગ** તમારો નાશ કરવાની ઇચ્છા ધરીને જ્યારે તમોને ધર્માલયમાં લઈ ગયો, ત્યારે હું હાજર નહોતી. જેવી તે વાતની મને ખબર પડી, તેવી જ હું ત્યાં આવી ને મેં મારી માયિક વિદ્યાના પ્રભાવથી, ભૈરવનાથનું રૂપ ધારણ કરી સૌને આંજી નાંખ્યા, અને પછી આપને આ સુરક્ષિત સ્થળે લાવી મૂક્યા છે. અગરજો વિદ્યાધરો મહા પ્રબળ પ્રતાપી છે, તોપણ તેઓનો વિદ્યાપ્રપંચ આ ગિરિ પ્રદેશમાં ચાલતો નથી–એ સિદ્ધક્ષેત્ર છે. માનો તમો, હે રાજ! કે અહિયા મારી માયિક વિદ્યાનો પ્રભાવ પણ કંઈ ચાલી શકે તેમ નથી અને તેથી મને ઘણો સંતાપ થાય છે, કે આ અરણ્યમાં ઉત્પન્ન થતાં ફળમૂળપર આપ કેમ જીવી શકશો ?" તેણે એ પ્રમાણે કહ્યું. ત્યારપછી **નરવાહનદત્ત**, પોતાનો છૂટકો નહીં થાય ત્યાં સૂધી, **મદનમંજુકા**નું ધ્યાન ધરતો, ત્યાં જ સંતોષ સહિત નિવાસ કરવા લાગ્યો અને તે પર્વતની પડોસમાં આવેલા પવિત્ર પંપા સરોવરમાં સ્નાન કરી દિવ્ય સ્વાદિષ્ઠ ફળ અને મૂળ જે કંઈ મળી આવતાં તેનો આહાર કરતો, નિર્મળ સરોવરનું પવિત્ર પાણી, કે જેના કિનારાપરનાં વૃક્ષોનાં સૌગંધિક ને રસમય ફળો પડવાથી તે અતિ ઘણું સ્વાદિષ્ઠ લાગતું હતું, તેવા જળનું પાન કરી, હરણનું માંસ ખાઈ, દિવસ ગાળતો હતો–તે જાણે રઘુકુળદીપક પુણ્યશ્લોક **રામચંદ્રજી**, પૂર્વકાળમાં પર્વતની તળેટીમાં ગુફામંદિરમાં રહીને અને ફળ મૂળનો આહાર કરીને કાળ નિર્ગમન કરતા હતા, તેનું અનુકરણ કરતો હોય તેમ જણાતું હતું. તે સમયે **પ્રભાવતી**એ, **રામચંદ્રજી** જૂદી જૂદી પર્ણકુટીમાં રહ્યા હતા, તેનું વર્ણન કરી **નરવાહનદત્ત**ના મનરંજનાર્થે, આ પ્રમાણે **રામચરિત્ર** કહ્યું.

## રામચરિત્ર.

**રામચંદ્રજી**, **લક્ષ્મણ**, **સીતા** તથા ઋષિમુનિઓ, ચેલા સમૂહ સાથે આ વનમાં પધાર્યાં પછી એક વૃક્ષ નીચે પર્ણકુટી બાંધીને તેમાં રહ્યાં હતાં. **સીતા** સતી, ઋષિપત્ની **અનુસૂયા**એ મર્દન કરવાને જે અંગરાગ આપ્યો હતો, તેનું મર્દન કરી આખા વનને બહેકબહેકાટ કરી મૂક્તી હતી. તે ઋષિપત્નીના સમુદાયમાં, વલ્કલવસ્ત્ર ધારણ કરી રહેતી હતી. અત્રે **વાલિ**એ દુંદુભી દૈત્યનો નાશ, તેની ગુફામાં જઇને કીધો હતો. **વાલિ** તથા **સુગ્રીવ**ના વૈરનું તે જ મુખ્ય કારણ હતું. **સુગ્રીવે** ( જ્યારે ગુફામાંથી લોહી વહેવા માંડયું ત્યારે ) ભ્રમથી એમ માન્યું કે, દૈત્યે **વાલિ**ને મારી નાંખ્યો છે, તેથી ભયનો માર્યો તે ગુફાના દ્વારને એક પર્વતથી બંધ કરી નાશી ગયો. પણ **વાલિ**એ તે દૈત્યને ગુફામાં મારી નાંખ્યો અને જ્યારે તે પાછો ફર્યો, ત્યારે ગુફાના દ્વારને પર્વતથી બંધ કરેલું જોયું. તે પર્વતને દૂર કરી તે પોતે બહાર

* જેનો મૂળ સ્વભાવ જ ચંચળ–લોલ–હાલ્યા કરે, તેવો હોય છે.



નિકળ્યો. પછી ( કિષ્કિંધામાં ) જઇને સુગ્રીવને દેશનિકાલ કીધો અને કહ્યું કે," મને ગુફામાં કેદ કીધો તે એટલા જ માટે કે તારે મારું રાજ ભોગવવું છે !" સુગ્રીવ કંઈ સામો થયો નહીં, પરન્તુ તુરત પલાયન કરી ગયો. તે પોતાના વાંદર સુભટો, જેમાં **હનુમાનજી** મુખ્ય હતા, તેને લઈને આ ઋષ્યમૂક પર્વતના પેલા વૃક્ષ નીચે આવીને રહ્યો હતો.

પછી અત્રે **રાવણ** આવ્યો. તેણે સુવર્ણ મૃગ બનાવીને **રામ**ને તેથી મોહિત કરી, તેની પત્ની જનકાત્મજા–જનક રાજાની પુત્રીનું હરણ કર્યું હતું. પછી રઘુકુળદીપક, જેઓને **સીતા**ની શોધ કરવી હતી, તેઓએ સુગ્રીવ સાથે મૈત્રી કીધી. સુગ્રીવની ઇચ્છા **વાલિ**ના પ્રાણ લેવાની હતી, તેથી પોતાના બાહુ પરાક્રમની ખાત્રી કરાવવા, જે **વાલિ** એક તાડને મહાકષ્ટે વીંધી શકતો હતો, તેવા સાત તાડને **રામે** એક બાણે વીંધ્યા. પછી પ્રતાપી **રામ** કિષ્કિંધામાં ગયા અને જોતજોતામાં એક બાણથી **વાલિ**ને વીંધી નાંખી, સુગ્રીવને તેનું રાજ્ય આપ્યું હતું.

પછી **હનૂમાન્** જેમાં મુખ્ય છે, એવા **સુગ્રીવ**ના સેવકો, **સીતા**ની શોધ કરવા માટે દશે દિશામાં દોડ્યા. રામચંદ્રજી, ચાતુર્માસ અત્રે જ રહ્યા હતા. એ વેળાએ તેના દુઃખથી દુઃખી થતો હોય તે પ્રમાણે મેઘ પણ આક્રંદ કરીને અશ્રુ પાડતો હોય તેમ ગર્જના કરી વૃષ્ટિ કરતો હતો. શોધ કરતા વાંદરાઓ સમુદ્ર તીરે જઈ પહોંચ્યા. ત્યાં **સંપાત**પક્ષીના કહેવાથી **હનૂમાન્** સમુદ્ર ઉલ્લંઘી લંકામાં ગયો અને **રામચંદ્ર** જે વાર્તા જાણવા માટે અત્યંત ઉત્કંઠિત હતા, તે **સીતા** માતા ક્યાં છે, તેની શોધ કરીને, શુભ સમાચાર લઇ આવ્યો. પાછો **રામચંદ્રે** વાંદરા સેના સજ્જ કરી, સમુદ્રપર પાજ બાંધી, **લંકા**માં જઇને ત્યાંના રાક્ષસરાજા **રાવણ**ને માર્યો અને પુષ્પક વિમાનમાં બેસીને **સીતા**ને લઈ આવ્યા તે આ સ્થળપર થઇને **અયોધ્યા** ગયા હતા.

" પ્રિય પ્રાણ આર્ય પુત્ર ! આ પ્રમાણે આપનો અભ્યુદય થશે. જે ધીરવીર આપત્તિમાં પણ ધૈર્ય ધરી રહે છે, તેનું કલ્યાણ થાય છે. " આ અને એવી અનેક વાતો **પ્રભાવતી** **નરવાહનદત્ત**ને કહી તેને બહુ આનંદ ઉપજાવતી હતી ને તેને સંગે લઈ, રંગે રમવા માટે તે વન ઉપવનમાં ફરતી હતી.

## ધનવતી અને અજીનાવતીનો પુનઃ સમાગમ.

એક દિવસે **નરવાહનદત્ત** અને **પ્રભાવતી**, પંપાસરોવરની પડોસમાં બેસીને વિહાર કરતાં હતાં, તેવામાં આકાશમાંથી ઉતરીને ધનવતી અને અજીનાવતી, તેની પાસે આવી. આ બે સ્ત્રીઓ તે જ હતી, કે જે **નરવાહનદત્ત**ને ગંધર્વનગરમાંથી **શ્રાવસ્તી** નગરીમાં લઈ ગઇ હતી ને જ્યાં કુમાર ભગીરથયશાને પરણ્યો હતો. કુમાર જ્યાં હતો, ત્યાં તે બંનો આવી અને જ્યારે અજીનાવતી, સખી પ્રેમથી મોહિત થઇને **પ્રભાવતી** સાથે વાતમાં ગુંથાઈ ગઈ, ત્યારે ધનવતીએ **નરવાહનદત્ત**ને આ પ્રમાણે કહ્યું,–" ઘણા વખતપર મેં તમોને મારી કન્યા અજીનાવતીનું વાગ્દાન દીધું હતું. તો હવે આપનો ઉદયકાળ સમીપ આવ્યો છે, એટલે આપ એને પરણો." સખીજન પ્રત્યેના પ્રેમથી **પ્રભાવતી**એ અને **નરવાહનદત્તે** તે માંગણી સ્વીકારી. પછી

ધનવતીએ વેદવિધિયુક્ત પોતાની કન્યાનું, વત્સરાજના કુમાર **નરવાહનદત્તને** કન્યાદાન દીધું. તેણે લગ્ન ઉત્સવ રુડી રીતે કીધો અને તેની વિદ્યાના પ્રતાપથી સર્વ દિવ્ય અને ઉત્તમ સામગ્રી ત્યાં આવી પડી હતી, તેથી મંગળ વિવાહ બહુ સુન્દર શોભી રહ્યો.

બીજે દિવસે તેણે **નરવાહનદત્તને** કહ્યું,–"પુત્ર ! હવે આવા અરણ્યમાં તમોને રહેવું યોગ્ય નથી. વિદ્યાધરો મહાપ્રપંચી છે અને હવે તમોને અત્રે કંઈ કામે નથી. માટે તમો તમારી પત્ની સાથે કૌશાંબી નગરીમાં પધારો. હું ત્યાં મારા પુત્ર **ચંડસિંહ** અને બીજા વિદ્યાધરેન્દ્રો સાથે તમારો અભ્યુદય કરવા માટે આવી પહોંચું છું !" આ પ્રમાણે બોલી રહ્યા પછી, શ્વેત-વસ્ત્રધારી ધનવતી આકાશમાં ઉડી ગઈ. જો કે તે વેળાએ દિવસ હતો, તોપણ તેના ગૌરવર્ણથી ને શ્વેતવસ્ત્રથી જાણે ચાંદની ચટકી રહી હોય, તેમ ગગનમંડળ શોભી રહ્યું.

પ્રભાવતી ને **અજીનાવતી**, **નરવાહનદત્તને** લઇને આકાશમાર્ગે ઉડી, કૌશાંબી નગરી તરફ ચાલી. જ્યારે નગર બહારના ઉદ્યાન નજીક જઈ પહોંચ્યાં, ત્યારે ત્રણે જણ આકાશમાંથી નીચે ઉતર્યાં. તુરત રાજાનાં પરિજનોએ તેમને પીછાણ્યાં અને સર્વ ઘણા ઘણા ખુશી થઇ ગયા. પુરજનોએ ચોપાસથી જયઘોષ કીધો કે,–"અહો ! આજે અમે પરમ સુખી થયા ! રાજપુત્ર પાછા પધાર્યા!" વત્સરાજને જેવા આ વર્તમાન નિવેદન થયા એટલે તે, **વાસવદત્તા**, **પદ્માવતી** અને **રત્નપ્રભા**, અને બીજી વહૂઓને સાથે લઈ, અમૃતના રસસાગરમાં જાણે તરતો હોય તેવા આનંદ સહિત ત્યાં આવી પહોંચ્યો. **યૌગંધરાયણ** તથા **વત્સેશ્વરના** બીજા મંત્રીઓ, કલિંગસેના અને કુમારના મંત્રીઓ, ગોમુખ અને તેના અનુયાયીઓ પણ જેમ ગ્રીષ્મઋતુમાં વટેમાર્ગુ, પાણીનાં સ્થળ તરફ જાય તેવી પ્રેમતૃષ્ણા સહિત ત્યાં આવી પહોંચ્યાં. રુક્મિણિ તથા **સત્યભામાની** વચ્ચે **શ્રીકૃષ્ણ** બિરાજતા હોય તેવી રીતે અને જાણે તેમનું ઉત્તમ કુળ સુખ્યાસને બેસવાની યોગ્યતા જણાવતું હોય તેમ, **નરવાહનદત્તને**, પ્રભાવતી ને **અજીનાવતી**-ના મધ્યમાં વિરાજમાન થયેલો નિહાળ્યો. જ્યારે તેનાં દર્શન થયાં ત્યારે જાણે સઘળાં અંગો ફાટી જવાના ભયથી નેત્રમાંથી હર્ષાશ્રુ વરસાવી આનંદરસ ખાલી કરતાં હોય તેમ જણાતું હતું. ઘણા વખતનો વિરહ વેઠ્યા પછી **વત્સરાજ** ને તેની રાણીઓ, **નરવાહનદત્તને** પૂર્ણ પ્રેમના ઉમળકાથી ભેટ્યાં. ને હર્ષથી અંગના વાળેવાળ એક બીજા સાથે ઐક્ય કરી ગયાં હોય તેમ એક બીજાથી છૂટાં થતાં નહોતાં.

તુરત જ કુંવરના આગમનની વધાઈ જણાવા માટે ભેરી, તૂરી, નફેરી વગેરે વાજાં વાગવા લાગ્યાં. એટલામાં જ, વેગવતની પુત્રી ને **માનસવેગની** બહેન વેગવતી, જે **નર-વાહનદત્ત** સાથે પરણી છે તે, પોતાનો સ્વામી કૌશાંબીમાં આવ્યો છે એમ પોતાની માયાથી જાણીને, ગગનમંડળમાંથી ત્યાં ઉતરી આવી ને સાસુસસરાના ચરણકમળમાં પ્રણામ કરી, આર્યપુત્રને નમન કીધું અને પછી તેણે કુમારને કહ્યું,–"મંગળમૂર્ત્તિ! આપને માટે તપોવનમાં સિદ્ધિ વિદ્યાનું સાધન કરવા હું ગઈ હતી, ત્યાં તપ કરતાં મારી દેહ કેવળ દુબળી થઇ ગઈ છે. તોપણ સ્વાત્મનિગ્રહ કરીને મેં વિદ્યા સંપાદન કીધી છે ને હવે હું આપનાં ચરણસમીપમાં



આવીને ઉભી છું." આ પ્રમાણે જ્યારે તે બોલી રહી, ત્યારે **નરવાહનદત્ત** તથા બીજાઓએ, તેનો રુડી રીતે સત્કાર કીધો ને ધન્યવાદ દીધો અને તે પોતાની સખીઓ પ્રભાવતી ને અજીનાવતી પાસે જઇને બેઠી.

પૂર્ણ પ્રેમથી તે એક બીજાને ભેટીને પછી તેઓના મધ્યમાં બેઠી. તત્ક્ષણે અજીના-વતીની માતા ધનવતી ત્યાં પધારી. તેની સાથે કેટલાક વિદ્યાધરેન્દ્રો પણ આવ્યા હતા. તેમની સેનાથી આકાશ જાણે મેઘઘટાથી છવાઈ ગયું હોય તેવું જણાતું હતું. તેનો પુત્ર અજા-નુબાહુ, **ચંડસિંહ** સાથે આવ્યો. તેનો સમર્થ પિત્રાઇ ભાઈ **અમિતગતિ** પણ જોડે આવ્યો. પછી પ્રભાવતીનો પિતા **પિંગળગાંધાર** પણ આવ્યો અને પ્રથમથી જ જેણે **નરવાહનદત્તનો** પક્ષ લીધો હતો, તે, વિદ્યાધરોનો ન્યાયાધ્યક્ષ **વાયુપથ** પણ આવ્યો. છેલ્લે, પોતાની પ્રબળ સેના લઇને રત્નપ્રભાનો પિતા વીરપરાક્રમી **હેમપ્રભ**, પોતાના પુત્ર **વજ્રપ્રભ** સાથે ત્યાં આવ્યો અને ગંધર્વરાજ **સાગરદત્ત**, પોતાની કન્યા **ગાંધર્વદત્તા** ને પુત્ર **ચિત્રાંગદને** તથા પોતાની અજિત્ય સેનાને લઇને ત્યાં આવ્યો. સઘળાં ત્યાં પધાર્યાં, ત્યારે વત્સરાજ અને તેના પુત્રે સર્વનો યથોચિત સત્કાર કીધો. પછી સર્વે રાજાઓ પોત પોતાની યોગ્યતા મુજબ રાજસભામાં આસનપર બેઠા.

તુરત જ દરબારભુવનમાં **પિંગળગાંધારે**, પોતાના જમાઈ **નરવાહનદત્તને** કહ્યું; "મહારાજ! આપ અમો સર્વેના દેવનિર્મિત ચક્રવર્તી રાજા છો, આપના પ્રત્યેના અમારા પૂર્ણ પ્રેમને લીધે અમો સર્વે આપની હજુરમાં આવ્યા છીએ. દેવી **ધનવતી**, જે આપનાં સાસુ થાય છે તેઓ, નિરંતર બ્રહ્મચર્યવ્રત પાળે છે, જનોઈ પહેરે છે, કૃષ્ણચર્મ ઓઢે છે. તેઓ તેથી જાણે સાક્ષાત્ દુર્ગા (ભગવતી) જેવાં જણાય છે. તેઓએ **સાવિત્રીનું*** પૂર્ણ દિવ્યજ્ઞાન મેળવ્યું છે ને સર્વ વિદ્યાધ-રોને વંદનીય છે. તેઓ તમારું રક્ષણ કરવાને તત્પર છે; ને તેથી પૂર્ણ આશા છે કે, આપને આપના કાર્યમાં વિજય મળશે, એ નિઃસંશય છે. પણ મારે **શું** કહેવાનું છે, તે તમો સાંભળો. હિમાચળપર્વતપર આવેલા વિદ્યાધરના રાજ્યના બે ભાગ છે: ઉત્તર ને દક્ષિણ અને તે દરેક ભાગમાં અત્યંત નાનાં મોટાં શિખરો આવેલાં છે. ઉત્તરની વેદિકા (અર્ધભાગ) કૈલાસની ઉતરે આવેલી છે, પણ દક્ષિણની વેદિકા તેની આ તરફ ( દક્ષિણે ) છે. આ **અમિતગતિએ** ઉત્તરની વેદિકાનું રાજ્ય પ્રાપ્ત કરવા માટે કૈલાસપર્વતપર જઈને **શંકરને** પ્રસન્ન કરવાને અતિ ઉગ્ર તપ કર્યું હતું. ભોળાશંકર પ્રસન્ન થયા ત્યારે કહ્યું કે,–"**નરવાહનદત્ત**, ભવિષ્યનો તમારો ચક્રવર્તી રાજા નિર્માણ થયો છે, તે તારી મનકામના પૂર્ણ કરશે, તેની પાસે જા. એટલા માટે એ અહિયાં આવેલો છે. તે ઉત્તરની વેદિકાનો મુખ્ય અધિપતિ **મંદારદેવ** છે. તે દુષ્ટાત્મા છે, પણ મહાપરાક્રમી છે. તોપણ આપ વિદ્યાધરની માયિક વિદ્યા સિદ્ધ કરશો, એટલે તેને ક્ષણમાં જિતી શકશો.

"પણ દક્ષિણ વેદિકામાં **ગૌરીમુણ્ડ** નામનો રાજા રાજ્ય કરે છે. તે પણ ઘણો દુષ્ટ સ્વભાવનો છે અને તે સિદ્ધિવિદ્યામાં મહાબળવાન્ હોવાથી તેનો પરાજય કરવો અતિ કઠિન છે. વિશેષમાં તે વળી

* એ એક ગાયત્રી દેવી છે, જેના પ્રતાપથી ત્રિકાળનું જ્ઞાન થાય છે.

તમારા શત્રુ માનસવેગનો પરમ મિત્ર છે. જ્યાં સૂધી ગૌરિમુણ્ડ તમારે શરણે આવે નહીં, ત્યાંસૂધી તમારૂં કાર્ય પાર પડવાનું નથી; અને જ્યાં સૂધી તમો સર્વાંતિરિક્ત* માયિક વિદ્યા સત્વર સંપાદન કરો નહીં, ત્યાં સૂધી તે જિતાશે નહીં."

પિંગળગાંધાર આ પ્રમાણે કહી રહ્યો, ત્યાર પછી ધનવતીએ કહ્યું; "પ્રિય પુત્ર! જેમ રાજા પિંગળગાંધારે કહ્યું, તેમ કરવાથી કાર્ય સિદ્ધ થશે. તું હવે વિદ્યા સિદ્ધ સંપાદન કરવા માટે સિદ્ધક્ષેત્રમાં જા અને શિવજીનું આરાધન કર. તેની કૃપા વગર કોણ વિજય પામે છે? અત્રે મળેલા સર્વ રાજાઓ ત્યાં તારું સંરક્ષણ કરશે." પછી ચિત્રાંગદે કહ્યું; "એમ જ કરવું જોઇયે; પણ હું સર્વ કરતાં આગળ રહીશ ને મને શત્રુઓને જિતવા દ્યો."

### નરવાહનદત્ત તપશ્ચર્યા કરવા ગયો.

આ પ્રમાણેની સલાહ નરવાહનદત્તને મળી, ત્યાર પછી સિદ્ધિ પ્રાપ્ત કરવાને જવા નિકળ્યા પૂર્વે, પ્રસ્થાન આદિ સર્વ ક્રિયા યથાવિધિ કરી; પછી હર્ષાશ્રુથી જેમનાં નેત્રો ભરપૂર થયાં છે, તેવાં માતા પિતાના અને બીજા વડીલોના ચરણકમળમાં પ્રણામ કીધા ને તેમના આશિર્વાદ લીધા. અમિતગતિએ પોતાની કળાચાતુર્યતાથી જે ઉત્તમ પાલખી બનાવી હતી, તેમાં તે પોતાની રાણીઓ ને મંત્રીઓ સહિત બિરાજ્યો ને યુદ્ધયાત્રા માટે પ્રયાણ કીધું. આ વખતે જાણે કલ્પાંત કાળના પવનથી હાલકલોલ થઈ રહેલો મહાસાગર ગર્જના કરી રહ્યો હોય, તે પ્રમાણે આકાશના દ્વારને ખળભળાવતું સૈન્ય ચાલતું હતું ને તેના હોકારાના અવાજથી દિગંતોમાં પડછંદા પડતાં, તે નગારા પેરે વાગી રહ્યાં હતાં, ને તે જાણે વિદ્યાધરના ચક્રવર્તી રાજાનું આવાગમન સૂચવતાં હોય તેમ જણાતું હતું.

નરવાહનદત્તને તુરત જ ગંધર્વરાજરાજેશ્વરો, વિદ્યાધરેશો અને ધનવતી, સિદ્ધક્ષેત્રગિરીપર લઈ આવ્યા. ત્યાં જતાં નરવાહનદત્તે સિદ્ધોને પૂછ્યું કે, 'હવે મારે શું કરવું?' તેપરથી સિદ્ધોએ જણાવ્યું કે, શિવનું આરાધન કરો. તુરત જ વત્સરાજ પુત્રે શિવજીનું વ્રત આરંભ્યું ને ઇંદ્રિયનિગ્રહ રાખીને પ્રભાતમાં સ્નાન કરી, ફળાહાર કરી, ભૂમિપર આસન કરી, ત્યાં જ નિદ્રા કરીને ઉગ્ર તપશ્ચર્યા કરવા માંડી. વિદ્યાધરેશો, રાત ને દહાડો, સર્વ સંકટને દૂર રાખવા માટે તેની ચારે તરફથી રક્ષા કરતા ફરતા હતા. વિદ્યાધરોની રાજકન્યાઓ, જ્યારે કુમાર તપશ્ચર્યા કરવામાં એકતાર થઈ ગયો હતો, ત્યારે તેને પોતાનાં શ્યામ નેત્રની પ્રભાથી એવી તો ઉત્કંઠાથી નિહાળવા લાગી કે, તેથી જાણે રાજપુત્ર કૃષ્ણમૃગચર્મ અંગે ધારણ કર્યું હોય તેવો જણાતો હતો. કેટલીકો અતિઘણી ઉત્કંઠાથી તેને નિહાળતી હતી અને તેઓનો હાથ તેમની છાતીપર જ ઠરી રહ્યો હતો, તેથી જાણે એમ બતાવતી હતી કે, પોતાના હૃદયમાં આ પ્રાણેશે વાસ કીધો છે, તેને જાણે છાતીપર હાથ મૂકીને હૃદયમાં સંતાડે છે! પાંચ વિદ્યાધર રાજાઓની ઉદારચિત્ત બાળાઓ, તેનાં દર્શન કરતાં જ કામાનળથી બળવા લાગી, એટલે તેઓએ માંહોમાંહે સંકેત

*સર્વ કાર્ય થઇ શકે તેવી ઉત્તમ વિદ્યા.



કીધો કે, 'આપણે પાંચે કન્યાઓએ આ કુમારને આપણો નાથ નીમ્યો છે, ને આપણે સર્વ એક વખતે જ તેની સાથે લગ્ન કરીશું, પણ જૂદાં જૂદાં નહીં કરીશું! પણ જો આપણામાંથી કોઇપણ તેની સાથે જૂદી પડીને લગ્ન કરશે, તો બાકીની સર્વે સખી દ્રોહના સંતાપથી દુઃખિત થઇને અગ્નિમાં બળી મરશે."

જ્યારે આવી રીતે દેવકન્યાઓ, તે રાજપુત્રનાં દર્શન કરતાં કામાતુર થઈને ક્ષોભ પામતી હતી, તેવામાં તે તપોવનમાં મહા મોટો ઉત્પાત અકસ્માત્ થવા માંડયો. પવન એવો તો જોરભેર ફુંકવા માંડયો, કે તેના સપાટાથી હજારો વૃક્ષો જડમૂળથી ઉખડી ગયાં અને તે જાણે એમ સૂચના કરતાં હોય કે આ રણભૂમિમાં આવી જ રીતે શૂરાઓનાં શિર રડવડશે. ધરતી ધ્રુજવા લાગી કે કોણ જાણે હવે શું થશે; પર્વતશૃંગો* ફટોફટ ફાટવા લાગ્યાં, તે જાણે ભયાકુળો–કાયરોને નાસીને પેસવા માટે માર્ગ કરતાં હોય તેમ જણાતું હતું; અને આકાશ, જો કે મેઘમંડળ વગરનું હતું, તોપણ ઘણું ભયંકર જણાતું હતું; તે જાણે કહેતું હોય કે, 'ઓ વિદ્યાધરો! સાવધ થઈ તમારા ભવિષ્યના ચક્રવર્તીનું રક્ષણ કરો, રક્ષણ કરો!' નરવાહનદત્ત આવા મહાઉત્પાતમાં તલમાત્ર પણ ડર્યા વગર સ્થિર બેસી રહ્યો. તે ધીરચિત્તે ત્રિલોચનપરમાત્માનું ધ્યાન ધરવામાં ગુલતાન થઈ ગયો. વિદ્યાધર ને ગંધર્વના મહાપરાક્રમી રાજાઓ, કંઈ સંકટ આવે, કે તુરત લઢવાને તૈયાર હોય તેમ શસ્ત્ર સજીને ચોતરફ ચોકી કરતા હતા ને લતારૂપી તરવારને તે રણમાં ચોમેર ફેરવતા ને સિંહપેરે ગર્જના કરતા હતા. તે જાણે એમ સૂચવતા હતા, કે કેઇ પણ અરિષ્ટ આવી પહોંચે તો તેની સામા થવાને અમે સર્વ રીતે તૈયાર છીએ.

આ બનાવ બન્યો, તેને બીજે દિવસે, કલ્પાંતે જેમ આકાશ ઘનઘોર છવાઈ જાય છે, તેમ મહામોટી ભયંકર ગર્જના ને ગડગડાટ કરતા વિદ્યાધરોના સૈન્યથી આકાશ છવાઈ ગયું. તુરત જ ધનવતીએ પોતાની સિદ્ધિ વિદ્યાનું સ્મરણ કર્યું, એટલે તુરત તેના જાણવામાં આવ્યું કે, આ તો માનસવેગ સાથે ગૌરિમુણ્ડ આવે છે!" તેને જોતાં જ નરવાહનદત્તનું રક્ષણ કરનારા વિદ્યાધર ને ગંધર્વોએ પોતાના ઝગારા કરતાં હથિયારો ઉઠાવ્યાં, પણ તે જ સમયે ગૌરિમુણ્ડ અને માનસવેગ બંને જણ તેઓ તરફ આ પ્રમાણે બૂમ મારતા ધસ્યા આવ્યાઃ "ઓ મૂઢો! આપણે દેવતાઓ ક્યાં ને એ મર્ત્ય લોકનો માનવી ક્યાં? તે આપણા સમાન કેમ થઈ શકે? ઓ આકાશગામીઓ! હું આજે તમારા દર્પનો ભંગ કરીશ, કેમકે તમે નીતિ વિરુદ્ધ વર્તી આ માનવીની સહાયતાએ આવ્યા છો." આ પ્રમાણે ગૌરિમુણ્ડે વચન કહ્યાં, એટલે અતિ ઘણો કોપ કરીને ચિત્રાંગદ તેના તરફ ધસ્યો ને પ્રબળ હુમલો કીધો.

ગંધર્વરાજરાજેશ્વર સાગરદત્ત, ચંડસિંહ, અમિતગતિ, રાજેંદ્ર વાયુપથ અને પિંગળગાંધાર અને બીજા પરાક્રમી વિદ્યાધરેશ્વરો, પાપી માનસવેગપર સિંહપેરે ગર્જના કરતા, પોતપોતાની સર્વ સેનાસહિત તૂટી પડ્યા. ખરેખરું દારુણ સંગ્રામ શરુ થયું. સૈન્યના ચરણના આઘાતથી આકાશમાં ચારે તરફ ધૂળધૂળ ઉડી રહી. શસ્ત્રોના પરસ્પર અથડાવાથી વિદ્યુત-

* શિખરો. † પગના પડવાથી.

પેરે ચમકારા થવા લાગ્યા, ચારે તરફ લોહીરૂપી જળનો વરસાદ વરસી રહ્યો. આ રીતે તુમૂલ સંગ્રામમાં ચિત્રાંગદ અને તેના બીજા સાથીઓએ ભૂતયાગ આરંભ્યો હોય ને તેમાં લોહીરૂપી આસવથી ભરેલા શત્રુઓના શિરોનું બલિદાન આપતા હોય, તેમ મસ્તકો કાપીને ભૂતભૈરવને આહાર માટે આપ્યાં. જેમાં મનુષ્યોનાં ધડરૂપી ઝુંડ* તણાયા જતાં હતાં, તણાતાં શસ્ત્રો તે સર્પો જેવાં દીસતાં હતાં ને ચરબી તે ફીણના ગોટા જેવી લાગતી હતી, તેવી મહામોટી ભયંકર લોહીની નદી, કાપાકાપીમાં નિકળેલા લોહીથી, વહેવા લાગી.

ઝપાઝપીને અતે ગૌરિમુણ્ડનું સર્વ લશ્કર કપાઈ ગયું. તે પોતે બંધીવાન થઈ મરણ પામવાની અણીપર આવ્યો. ત્યારે પૂર્વે આરાધેલી ગૌરીની સિદ્ધિવિદ્યા, જે તે દેવીએ પ્રસન્ન થઇને આપી હતી તેનું સ્મરણ કીધું. તરત જ ત્રિનેત્રવાળી, ત્રિશિખાવાળી ને હાથમાં ત્રિશૂળ ધારણ કરેલું છે એવી તે વિદ્યા સાક્ષાત્ થઈ. પછી નરવાહનદત્ત તરફના સર્વે વિદ્યાધરોને મોહ પમાડી મૂર્છિત કરી દીધા. ગૌરિમુણ્ડને પુનઃ મહાબળ આવ્યું. તે ગર્વ ધરી દ્વંદ્વયુદ્ધ કરવા માટે મોટી ગર્જના કરતો નરવાહનદત્ત તરફ ધસ્યો. બંનો જણા મહાસમર્થ યુદ્ધમાં ઘૂમવા લાગ્યા, પણ તેમાં માયાવી ગૌરીમુણ્ડને નરવાહનદત્તે હઠાવ્યો. ત્યારે તેણે પુનઃ પોતાની સિદ્ધિ-વિદ્યાનું સ્મરણ કર્યું ને તેના પ્રતાપથી, તે પોતાના પ્રતિસ્પર્ધીને હાથમાં ઉંચકીને આકાશમાં ઉડ્યો. અગરજો કે તેણે રાજપુત્રને મારી નાંખવાની ઘણી મરજી કીધી, પણ ધનવતીની વિદ્યાના પ્રતાપથી તે કંઈપણ કરી શક્યો નહીં, ત્યારે ( ક્રોધથી ) છેવટે તેણે રાજપુત્રને અગ્નિગિરિપર ફેંકી દીધો.

માનસવેગે અહિંયાં મોટું સંગ્રામ મચાવીને ગોમુખ આદિ તેના મિત્રોને પકડ્યા ને તેઓને લઇને આકાશમાં ઉડ્યો. તેણે પોતાની ઇચ્છા પ્રમાણે તેઓને ગમે તે દિશામાં ફેંકી દીધા. પણ જ્યારે તેઓને ફેંકી દીધા ત્યારે ધનવતીએ પ્રેરેલી સાક્ષાત્ સિદ્ધિવિદ્યાઓએ તેઓને બચાવી લઇને, જૂદે જૂદે સ્થળે સુરક્ષિતપણે મૂકી દીધા. પછી તે સિદ્ધિવિદ્યા દે-વીએ એક પછી એક સર્વે વીરલાઓને ધૈર્ય આપીને કહ્યું, "તમારા સ્વામી સિદ્ધ કાર્ય કરીને ક્ષેમકુશળ સત્વર આવશે, તમે. જરાપણ ગભરાશો નહીં;" આટલું કહીને તે વિદ્યાદેવીઓ અંતર્ધાન થઈ ગઈ. ગૌરીમુણ્ડે અને માનસવેગે જાણ્યું કે, આપણો જય થયો છે અને એ-વા જ વિચારમાં ગુલતાન થઇને તેઓ પોતપોતાને ઘેર સિધાવ્યા.

પણ જે જે વિદ્યાધરેશો ને ગંધર્વરાજો મૂર્છાગત થઈ પડ્યા હતા, તેઓને જ્યારે ધન-વતીએ કહ્યું કે; "નરવાહનદત્ત પોતાનું કાર્ય સિદ્ધ કરીને સત્વર પધારશે ને તેનું કશું પણ અનિષ્ટ થવાનું નથી," ત્યારે સર્વે મૂર્છામાંથી જાગૃત થયા ને ચિત્રાંગદ આદિ સર્વેનો ગભ-રાટ મટી ગયો. પછી તેઓ પણ પોતપોતાને સ્થાનકે ચાલ્યા ગયા. ધનવતી પણ પોતાની દીકરી અજીનાવતી અને તેની બીજી સોકય રાણીઓને સાથે લઇને પોતાને ઘેર આવી.

---

* મોટા મધરો.



આ પ્રમાણે સર્વ મંડળ વિખરાઈ ગયા પછી માનસવેગ, મદનમંજુકા પાસે ગયો ને કહ્યું; "તારો પતિ હણાયો છે, તો હવે બાઇસાહેબ ! જરા આમ નજર કરો, મને પરણો ! પણ મદનમંજુકાએ તેને કંઈપણ મચક આપી નહીં; પણ તે હસીને બોલી; "ઓ મૂઢમતિ ! તેને મારે તેવો માઇનો પૂત કોઇએ જનમ્યો નથી, પણ તે તને તો મારી નાંખશે જ; કેમકે ઈશ્વરે જ તેને વિદ્યાધરોનો ચક્રવર્તી નિર્માણ કીધો છે !" આ સાંભળી ક્રોધથી પગ પછાડતો તે પાછો ફર્યો.

જ્યારે ગૌરીમુણ્ડે નરવાહનદત્તને અગ્નિગિરિપર ફેંકી દીધો, ત્યારે તે જ ક્ષણે કોઇએક દિવ્ય પુરુષ ગગનમાંથી ઉતરી આવ્યો ને તેને અદ્ધર ઉંચકી લીધો. આમ તેના આત્માનું રક્ષણ કરીને, ત્યાંથી ઉંચકી લઈ જઇને તેને મંદાકિનીના શીતળ તટપર મૂક્યો. પછી તેણે નરવાહનદત્તને ઠંડો પાડ્યો, એટલે કુમારે તે પુરુષને પૂછ્યું, 'તમે કોણ છો ?' તે દિવ્ય પુરુષે કહ્યું; " મહારાજ ! હું વિ-દ્યાધરાધિપ છું ને મારું નામ અમૃતપ્રભ છે. શિવજીએ મને હમણાં તમારા સંરક્ષણાર્થે પ્રેર્યો છે. આ સામો દેખાય છે, તે ગિરિ કૈલાસ છે, ત્યાં ચાલો અને ત્યાં રહીને શિવજીનું આરાધન કરો !" તે મહાશય વિદ્યાધરેશે આ પ્રમાણેનાં અમૃતતુલ્ય વચનોથી તેના કર્ણને આનંદ ઉપજાવ્યા પછી, રાજપુત્રને તુરત જ કૈલાસગિરિપર લઈ જઈ મૂક્યો અને તે પછી તે દિવ્યપુરુષ તેની આજ્ઞા લઇને ત્યાંથી અંતર્ધાન થઈ ગયો.

જ્યારે નરવાહનદત્ત કૈલાસ પર્વતપર ગયો, ત્યારે તેણે પ્રથમ તો વિનાયક, જે અગ્ર-સ્થાને બિરાજેલા હતા, તેને તપથી પ્રસન્ન કરવા માટે તેનું આરાધન કરવા માંડ્યું. વિના-યક પ્રસન્ન થઈ, જ્યારે આજ્ઞા આપી ત્યારે તપ તથા ઇંદ્રિયનિગ્રહથી જેનું અંગ શિથિળ થઈ ગયું છે, તેવા રાજકુમારે ગિરિજાપતિના આશ્રમમાં પ્રવેશ કીધો. ત્યાં નંદીકેશ્વર દ્વાર-પર બિરાજેલા હતા. તેનાં દર્શન થયાં. તેમની પ્રદક્ષિણા કરી, પ્રણામ કરીને તે ઉભો રહ્યો. નંદીકેશ્વરે કહ્યું; " બાલકા ! તેં તારી સર્વ ઇચ્છા સિદ્ધ કીધી છે, કેમકે તારાપર જે જે વિઘ્નો આવ્યાં છે, તે સર્વપર તેં જય મેળવ્યો છે. હવે તું અહિંયાં જ રહે અને પાપ નાશ કરવા માટે જ્યાં સુધી શંકર પ્રસન્ન ન થાય ત્યાં સુધી ઉગ્ર તપ કર. સિદ્ધિ પ્રાપ્ત કરવા માટે શુદ્ધ થઇને તપશ્ચર્યા કરે છે, તે જ વિજય પામે છે." નંદીકેશ્વરે આ પ્રમાણે કહ્યું, ત્યારથી નરવાહનદત્તે ઘણી ઉગ્ર તપશ્ચર્યાનો આરંભ કીધો અને વાયુ ભક્ષણ કરીને તે એક મને શંકર પાર્વતીનું ધ્યાન ધરવા લાગ્યો.

ભક્તવત્સલ શિવ ભગવાન્ તેના તપથી અત્યંત પ્રસન્ન થઈ ગયા અને ગિરિજા સહિત પ્રત્યક્ષ દર્શન દઇને, તેની ઇચ્છા પ્રમાણે વરદાન આપ્યું. પ્રણામ કરતા રાજકુમાર પ્રત્યે, પ્રેમાળ દૃષ્ટિ કરતા તેઓ આ પ્રમાણે બોલ્યા; " બાળકા ! તું હવે સર્વ વિદ્યાધરોનો ચક્રવર્તી મહારાજા થશે અને સર્વે અત્યુત્તમ સિદ્ધિવિદ્યાઓ તને આ જ ક્ષણે પ્રેમથી વરશે ! મારા પ્રભાવથી કોઇપણ શત્રુ તારો પરાભવ કરી શકશે નહીં–તું અજિત્ય થશે; તારા અંગને શસ્ત્ર, ઘા પણ કરશે નહીં; તું અછેદ્ય, અભેદ્ય થશે. હું તારા સર્વે શત્રુને મોતને

શરણે મોકલીશ. જ્યાં તું દર્શન આપશે ત્યાં તારા શત્રુઓને પ્રાપ્ત થયેલી, ગૌરીની સર્વ સિદ્ધિવિદ્યાઓ પણ તને યત્કિંચિત્ હાનિ કરી શકશે નહીં; હવે તું કાર્ય સિદ્ધ કર!" આ પ્રમાણે શિવ ગૌરીએ નરવાહનદત્તને વરદાન આપ્યું. ત્યાર પછી બ્રહ્માજીએ બનાવેલું મહાપદ્મ* નામનું એક વિમાન ભેટ આપ્યું. તત્સમે સર્વે સિદ્ધિવિદ્યાઓ સાક્ષાત્ મૂર્તિમાન્ થઇને તેની સમીપમાં આવીને ઉભી રહી, અને પૂછ્યું કે; "આપની શી ઇચ્છા છે તે કહો. કહો તે કાર્ય પૂર્ણ કરવાને અમો ઉત્સુક છીએ;" આમ જણાવીને તેનું દાસત્વ સ્વીકાર્યું. નરવાહનદત્તે જણાવ્યું કે; 'જ્યારે હું સ્મરણ કરું ત્યારે હાજર થજો!' એમ કહીને સર્વેને વિદાય કીધી.

આ રીતે નરવાહનદત્તને પુષ્કળ વરદાનો મળ્યા પછી તેણે તે મહાપ્રભુને પ્રેમપૂર્વક પ્રણામ કીધા અને તે મહાપ્રભુની આજ્ઞા લઈ પેલા દિવ્ય મહાપદ્મ વિમાનમાં બેસીને, પ્રથમ અમિતગતિના વક્રપુર તરફ પ્રયાણ કીધું. તે જ્યારે ચાલવા માંડયો, ત્યારે તેને પ્રાપ્ત થયેલી સર્વે સિદ્ધિઓ, તેને માર્ગ દર્શાવવા માટે સાથે થઈ ને તેનો જય જોઇને સિદ્ધાના ભાટચારણોએ તેનું સ્તુતિગાન કરવા માંડ્યું. જ્યારે અમિતગતિએ તેને આકાશમાર્ગે વિમાનમાં બેસીને આવતાં નિહાળ્યો, ત્યારે તે સત્વર તેની સમીપ ગયો અને પ્રેમપૂર્વક પ્રણામ કરીને રાજપુત્રને પોતાને રાજભુવને તેડી ગયો. રાજપુત્રે, પોતાને પ્રાપ્ત થયેલી સર્વે સિદ્ધિવિદ્યાનું યથાર્થ વૃત્તાંત કહ્યું. ત્યાં અમિતગતિ અત્યંત પ્રસન્ન થઈ ગયો ને પોતાની પુત્રી સુલોચનાનું તેને કન્યાદાન આપ્યું. તેથી ચક્રવર્તી રાજકુમારે, બીજી વિદ્યાધરની લક્ષ્મી જેવી પ્રાપ્ત થયેલી તે રાણી સાથે, તે આખો દિવસ મહાઉત્સવ કરતાં રંગરાગમાં ગાળ્યો.

## તરંગ ૪ થો.

## નરવાહનદત્ત ચરિત્ર-પુનઃ સંમેલન.

બીજે દિવસે નવા ચક્રવર્તીમહારાજ નરવાહનદત્ત, વક્રપુરમાં સભામંડળમાં સિંહાસનારુઢ થયા હતા, તેવામાં આકાશમાંથી રાજદંડ ધારણ કરેલો એક પુરુષ ઉતર્યો. તે સભામંડળમાં આવી નવા ચક્રવર્તીને પ્રણામ કરીને બોલ્યો; "જાણો મહારાજ! હું વિદ્યાધરેશોના કુળપરંપરાનો પ્રતિહારનો ઓદ્ધો ધરાવું છું, મારું નામ પૌરસ્ચિદેવ છે. આપને ચક્રવર્તીપદ પ્રાપ્ત થયું છે, તો નિયમ પ્રમાણે હવેથી આપની સેવામાં હું હાજર થયો છું." આ પ્રમાણેનાં તે પ્રતિહારનાં વચન સાંભળીને નરવાહનદત્તે, અમિતગતિના મુખ તરફ જોયું, એટલે તે

* અંગ્રેજી ભાષાંતરકાર જણાવે છે, કે મહાપદ્મ એટલે કમળાકૃતિનું તે વિમાન હતું.



બોલ્યો; "દેવ! એ સત્ય કહે છે." નરવાહનદત્તે તે નવા પ્રવેશ કરનારા પુરુષને પોતાના પ્રતિહારના પદપર નિમ્યો.

નરવાહનદત્તનો પ્રભાવ ચારે દિશામાં ફેલાયો, એટલે જે બન્યું હતું, તેનું જ્ઞાન ધનવતીને થયાથી, તે વેગવતી તથા તેની બીજી પત્નીઓ સહિત, પોતાના પુત્ર ચંડસિંહને સાથે લઇને, ત્યાં આવી પહોંચી. પિંગળગાંધાર રાજા વાયુપથને સાથે લઈ આવ્યો; ચિત્રાંગદ સાગરદત્ત સાથે આવ્યો; હેમપ્રભ તથા બીજાઓ સૂર્યમંડળને છાયી દેતી સેના સહિત જાણે એમ સૂચવતા આવ્યા, કે તેઓ શત્રુના તેજ ને તાપને સહન કરી શકતા નથી! તે સર્વેએ ચક્રવર્તી નરવાહનદત્તના ચરણકમળમાં દંડવત્ કીધા. રાજપુત્રે સર્વેનો તેની યોગ્યતા પ્રમાણે સત્કાર કીધો; પણ પોતાની સાસુ ધનવતીને પૂજ્ય બુદ્ધિથી નરવાહનદત્તે બહુ પ્રેમ સહિત પ્રણામ કર્યાં અને ધનવતીએ પ્રસન્નચિત્તે પોતાના જમાઇને આશિર્વાદ આપ્યો. જ્યારે નરવાહનદત્તે પોતાને સિદ્ધિવિદ્યા કેમ પ્રાપ્ત થઈ, તેનું સર્વ વૃત્તાંત યથાસ્થિત કહી સંભળાવ્યું, ત્યારે ચંડસિંહ તથા બીજાઓ, પોતાના ચક્રવર્તીના જયથી ખુશ ખુશ થઇ ગયા.

જ્યારે મહારાજાએ જોયું કે, તેઓની રાણીઓ પણ ત્યાં આવી છે, પણ મંત્રીઓ તેમાં દેખાતા નથી, ત્યારે ધનવતીને પૂછ્યું; "માર' મંત્રીઓ ક્યાં છે?" તેણીએ કહ્યું; "જ્યારે માનસવેગે તેઓને આકાશમાંથી દિશાઓમાં ફેંકી દીધા, ત્યારે મેં મારી અત્યુત્તમ વિદ્યાના પ્રભાવથી તેઓનું રક્ષણ કીધું છે ને જૂદે જૂદે સ્થળે તેઓને સુરક્ષિતપણે રાખ્યા છે." પછી તે સર્વેને મૂર્તિમતિ સિદ્ધિને લાવવાની આજ્ઞા આપી કે, તત્ક્ષણે સૌ મંત્રીઓને રાજસભામાં લાવીને હાજર કીધા. ગોમુખ વગેરે નરવાહનદત્તનાં દર્શન થતાં જ સદ્ગદિત થઈ ગયા. સામે ઉમંગ સહિત દોડીને રાજાને પ્રણામ કીધા; પછી પોતપોતાને સ્થાનકે સર્વે બિરાજ્યા. થોડીવારે રાજપુત્રે પૂછ્યું કે "તમે આટલા દિવસ સૂધી કયાં રહ્યા, ને કેમ દિવસ કાઢ્યા? તમો એક પછી એક સર્વે તમારી વિસ્મયકારક કથા મને કહો!" ત્યારે ગોમુખે પોતાની વાત આ પ્રમાણે પ્રથમ કહી સંભળાવી.

### નાગસ્વામી અને યોગિનીની કથા.

તે પ્રસંગે જ્યારે મને શત્રુએ આકાશમાંથી ફેંકી દીધો, ત્યારે કોઇક દેવીએ મને અદ્ધર હાથમાં ઝીલી લીધો ને મને પુષ્કળ ધૈર્ય આપ્યું. તે પછી દૂરના એક અરણ્યમાં તે મને લઇ ગઇ અને મૂકીને તે અદૃશ્ય થઈ ગઈ. તમારા વિયોગદુઃખથી હું ઘણો મુઝાયો, ત્યારે મેં મારા મનમાં ભૈરવજપ ખાઇને મરવાનો નિશ્ચય કીધો. પણ તેટલામાં તો કોઈએક મહાતપસ્વી ત્યાં આવી પહોંચ્યા ને તેણે મને શાંત કરીને કહ્યું; "ભાઈ ગોમુખ! આવું અનુચિત કર્મ તું કરતો નહીં; તારા સ્વામીની પોતાની મનઃકામના પૂર્ણ થશે ત્યારે તારો ને તેનો પુનઃ મિલાપ થશેજ!" પછી મેં પૂછયું; "આપ કોણ છો? અને એ વાત આપ શી રીતે જાણો છો?" ત્યારે તેઓએ કહ્યું; ચાલ મારી પર્ણકુટીમાં; ત્યાં હું તને સઘળું કહીશ." તે ઋષિએ

મારું નામ જણાવીને પોતાની જ્ઞાનસંપત્તિની સિદ્ધતા મારા મનમાં દૃઢ બેસાડી હતી, એટલે હું કંઈપણ આનાકાની વગર તેમના આશ્રમમાં ગયો. તે આશ્રમનું નામ શિવક્ષેત્ર હતું. આ આશ્રમમાં બેઠા પછી તેઓએ પોતાનું વૃત્તાંત મને આ પ્રમાણે કહ્યું.—

હું બ્રાહ્મણ છું, મારું નામ નાગસ્વામી છે અને હું કુંડિનપુરનો રહીશ છું. જ્યારે મારા પિતાજી સ્વર્ગલોકમાં સિધાવ્યા, ત્યારે હું પાટલીપુત્રનગરમાં વિદ્યાભ્યાસ કરવા માટે,—જયદત્ત શિક્ષાગુરુને ત્યાં જઈ રહ્યો. ગુરુજી મને બહુ સારી રીતે ભણાવતા હતા, પણ હું એવો તો જડબુદ્ધિ હતો કે, એક અક્ષર પણ શિખી શક્યો નહીં. આથી મારા સર્વ સહાધ્યાયીઓ મારી બહુ હાંસી કરવા લાગ્યા. આ પ્રમાણે ઉપહાસને પાત્ર થયો, તેથી કંટાળીને હું દેવી દુર્ગા (વિંધ્યવાસિની) નાં દર્શન કરવા માટે વિંધ્યાચળપર ગયો. જતાં જતાં રસ્તામાં વક્રોલક નામનું એક નગર આવ્યું. ત્યાં હું ભિક્ષા માંગવાને એક ગૃહસ્થને ઘેર જઈ ચઢ્યો. ભોગચોઘડીએ ત્યાં એવું બન્યું કે, ઘરધણિયાણીએ મને ભિક્ષાદાન સાથે એક લાલ કમળ પણ આપ્યું. તે લઈને હું બીજે ઘેર ભિક્ષા માંગવા ગયો અને તે ઘરધણિયાણીએ જ્યારે મને તથા લાલ કમળને જોયું, ત્યારે કહ્યું,"હાય હાય ! ઓ ભાઈ! તને પેલી રાંડ કામણટુમણ કરનારી ડાકણીએ પોતાના પંઝામાં સપડાવ્યો છે! અલ્યા ભાઈ જો તો ખરો, પેલી રાંડ ડાકણે તને રાતાં કમળને બદલે મનુષ્ય હાથ આપ્યો છે તે!" જ્યારે તેના તે શબ્દ મેં સાંભળ્યા ત્યારે મેં મારા હાથ તરફ દૃષ્ટિ કીધી તો, અહા ! મને કમળને બદલે મનુષ્ય હાથ જણાયો ! મેં તુરત તે હાથ ફેંકી દીધો અને તે બાઈને પગે લાગી કહ્યું; "માતાજી ! કંઈ એવી યુક્તિ બતાવો, કે જેથી હું જીવથી બચું ! " આ પ્રમાણેનું મારું કહેવું સાંભળી તે બાઈ બોલી, "અત્રેથી બાર ગાઉ દૂર કરભક નામનું ગામ છે. તે ગામમાં દેવરક્ષિત નામનો બ્રાહ્મણ રહે છે, તેને ઘેર તું જા. તેને ઘેર એક કપિલા ગાય છે,* જે સાક્ષાત્ ઉત્તમ સુરભિ છે. તું તે ગાયને શરણે જઈશ, તો તે તારું આજ રાતના રક્ષણ કરશે."

તે સ્ત્રીનું આ પ્રમાણેનું કહેવું સાંભળી, ભયનો માર્યો દોડતો દોડતો હું કરભક ગામમાં ગયો અને બ્રાહ્મણને ઘેર છેક સાંજ પડવા આવી ત્યારે જઈ પહોંચ્યો. જ્યારે હું તેના ઘરમાં ગયો, ત્યારે ત્યાં મને કપિલા સુરભિનાં દર્શન થયાં. મેં તેનું પૂજન કીધું ને કહ્યું; "હે દેવિ! હું ભયનો માર્યો તમારે શરણે આવ્યો છું, તો તમો મારું રક્ષણ કરો !" તુરત જ રાત પડી. એટલે પેલી યોગિની, બીજી યોગિનીને સાથે લઈને આકાશમાર્ગે ઉડતી ત્યાં આવી પહોંચી ને મારા માંસ તથા લોહીને માટે તલપાપડ થઈ રહી. જ્યારે તે કપિલા ગાયે આ પ્રમાણે તે યોગિનીઓને આવતી જોઈ, ત્યારે તેણે પોતાની ખરી વચ્ચે મને દાબી દીધો અને સારી રાત તે યોગિની સાથે યુદ્ધ કરીને મારું સંરક્ષણ કીધું. સવાર થઈ એટલે તે યોગિનીઓ નાશી ગઈ અને તે ગાયે મને મનુષ્યવાણીપેરે કહ્યું; "પ્રિય પુત્ર! આ બીજી રાત્રિના હું તારું સંરક્ષણ કરી શકીશ નહીં, માટે આગળ જા. અહિયાંથી વીશ ગાઉ દૂર અરણ્યમાં એક શિવમંદિર

* દેવની ગાય.



છે, તેમાં ભૂતશિવ નામનો એક અતિ ઘણો બળવાન્ પાશુપત તપસ્વી રહે છે. તે મહાસમર્થ છે ને પ્રબળ યોગવિદ્યા જાણે છે. તેથી જો આજ રાતના તું તેને શરણે જશે તો એકરાત્રિ તે તારું સંરક્ષણ સારી રીતે કરશે."

તે ગાયનાં આવાં વચન સાંભળી, તેને પ્રણામ કરીને હું ભૂતશિવ પાશુપત પાસે જવાને નિકળ્યો. તે મુકામપર પહોંચીને હું તેને શરણે ગયો. જ્યારે રાત પડી ત્યારે પેલી જ યોગિનીઓ, પૂર્વપેરે જ ત્યાં આવી પહોંચી. પછી ભૂતશિવ પાશુપતે મને અંદરના ઓરડામાં બેસાડીને, હાથમાં ત્રિશુલ ધરીને તે યોગિનીઓને ખૂબ હંકાવી. પુનઃ પ્રભાતથતાં તે સર્વે નાસી ગઈ. બીજે દિવસે સવારમાં તે પાશુપતે મને જમાડ્યા પછી કહ્યું; " બ્રાહ્મણ ભાઈ ! હવે હું તારું સંરક્ષણ કરી શકું તેમ નથી, પણ અહિયાંથી ચાલીશ ગાઉ દૂર સંધ્યાવાસ નામનું ગામ છે, તેમાં વસુમતિ નામનો એક બ્રાહ્મણ વસે છે, તેને શરણે તું જા. તે તારું આ રાત્રિના સંરક્ષણ કરશે અને આ ત્રીજી રાત્રીના તારું સંરક્ષણ થયું, તો પછી તું ભયમાંથી મુક્ત થયો સમજજે !"

આ પ્રમાણે તેણે કહ્યા પછી મેં તેને પ્રણામ કર્યાં અને સંધ્યાવાસ ગામમાં જવા નિકળ્યો. પણ તે ગામ ઘણું દૂર હોવાથી, હું તે ગામમાં જઈ પહોંચ્યુ તે પૂર્વે સૂર્યાસ્ત થયો. રાત્રિ પડતાં જ તે યોગિનીઓ દોડી આવીને મને પકડી લીધો. પછી મને કેદી કરીને ઘણી ખુશી થતી થતી તેઓ આકાશ માર્ગે ઉડી. હવે તે યોગિનીઓ પોતાના ગામ તરફ જાય છે, તેવામાં કર્મસંજોગે બીજી વધારે બળવાન્ યોગિનીઓ તેઓને માર્ગમાં મળી; અને એકાએક તે બંનો વચ્ચે મોટી લડાઈ શરુ થઈ. આ ગડબડાટમાં હું જેના હાથમાં કેદી હતો, તેના હાથમાંથી છૂટી ગયો ને એક અજાણ્યા પ્રદેશમાં જઈ પડ્યો.

હું જ્યાં પડ્યો હતો, તેની નજદીકમાં જ એક મોટું મંદિર નજરે પડ્યું. તેનાં ખુલ્લાં દ્વાર જાણે મને એમ કહેતાં હોય કે "ભલે અંદર ચાલ્યો આવ ! હું પેલી યોગિનીઓથી ભયભીત થઈ ગયો હતો, તેથી બીકનો માર્યો તેમાં પેસી ગયો. મંદિરમાં પેઠો તો ત્યાં સો સુંદરીના મધ્યમાં બિરાજેલી એક અનુપમ કાંતિવાળી એક સ્ત્રી મારી દૃષ્ટિએ પડી; તે જાણે બ્રહ્માજીએ દયા કરીને મારા પ્રાણના સંરક્ષણાર્થે સરજેલી, રાત્રિએ પ્રકાશતી દિવ્ય ઔષધિ હોય તેવી દેખાતી હતી. ક્ષણભર તો હું તેની સામા ટગરટગર જોઈ રહ્યો, પણ જ્યારે શુદ્ધિમાં આવ્યો, ત્યારે મેં તે સ્ત્રીને પૂછ્યું કે; 'આપ કોણ છો?' ત્યારે તે સુંદરી બોલી; મારું નામ સુમિત્રા છે ને હું યક્ષિણી છું; શાપને લીધે હું આ મર્ત્યલોકમાં આવી પડી છું. જ્યારે મને શાપ થયો ત્યારે એવા પ્રકારે જણાવવામાં આવ્યું હતું કે, જ્યારે તું માનવી સાથે પરણશે ત્યારે તારા શાપની અવધિ પૂરી થશે ને તું મુક્ત થઈશ. હવે તું જ્યારે અકસ્માત્ અહીં આવી ચઢ્યો છે, ત્યારે કંઈ પણ ડર વગર મને પરણ અને મારી ઇચ્છા પ્રમાણે વિલાસ કરી મારા ને તારા હૃદયને શાંત કર.' આ પ્રમાણે બોલીને તે પ્રમદાએ પોતાની દાસીઓને આજ્ઞા કીધી કે, મારી આગતાસ્વાગતા સારી રીતે કરે. પછી મારા આનંદ માટે તેની દાસીઓએ મને સ્નાન કરાવ્યું;

ઉત્તમોત્તમ ચંદનનો લેપ કરીને સારા સારા વસ્ત્રાલંકાર ધારણ કરાવ્યા ને અચ્છાંઅચ્છાં મિષ્ટાન્ન લેવડાવી, ઉત્તમ પ્રતિનું મદ્ય પાયું અને એ રીતે મને આનંદમાં ગરકાવ કરી દીધો. અકળિત છે ઈશ્વરગતિ કે, તે યોગનિઓનો ભય ક્યાં ને તત્ક્ષણે આ પરમ સુખ ક્યાં? હું માનું છું કે દૈવ પોતે પણ આ વાત નથી જાણી શકતો કે ક્યારે સુખ આપવું ને ક્યારે દુઃખ નાંખવું!

પછી તે યક્ષિણી સાથે સુખાનંદમાં કાળ ગાળતો હું કેટલાક દિવસ સૂધી ત્યાં જ રહ્યો. પણ હાય! એક દિવસે તેણીએ, પોતાની સ્વેચ્છાથી મને કહ્યું; "બ્રાહ્મણ! હવે મારો શાપ પૂર્ણ થયો છે ને હું આ સ્થળ છોડી સત્વર જઇશ. પણ તમોએ મારી સાથે રહી વિલાસવૈભવ ભોગવ્યા, તેથી હું તમારાપર પ્રસન્ન થઈ છું. તેથી તમોને જણાવું છું, કે હવેથી તમને દિવ્યદૃષ્ટિ થશે અને અગરજો તમો તપસ્વી થશો, તોપણ તમો નિર્ભય થશો ને તમારી ઇચ્છા પ્રમાણે ચિંતવ્યા સર્વ પદાર્થો તમોને સાંપડશે. પણ જ્યાં સૂધી તમો અહિંયાં રહો, ત્યાં સૂધી આ મારા મંદિરના મધ્યના બંધ કરેલા ભાગને જોતા નહીં!" આ પ્રમાણે કહેતાંની સાથે જ તે સુંદરી અદૃશ્ય થઈ ગઈ. ત્યાર પછી માત્ર એક કૌતક જોવાને કારણે મેં તે મંદિરના મધ્યનું બન્ધ કરેલું બારણું ઉઘાડ્યું અને તેમાં એક ઘોડો હતો તે જોયો. હું તેની નજીકમાં ગયો, એ લે તે અશ્વે મને એક એવી તો સજ્જડ લાત ઝાડી કે, હું એકદમ આ શિવાલય આગળ આવીને પડ્યો.*

તે વખતથી હું અહિંયા જ રહ્યો છું ને તે પ્રમદાના પ્રતાપથી મને દિવ્ય જ્ઞાન પ્રાપ્ત થયું છે. જો કે હું માનવી છું, તો પણ ત્રિકાળજ્ઞાન ધરાવું છું. મારા પ્રમાણે જ આ જગતમાં સર્વે મનુષ્ય દુઃખ પછી સુખને પામે છે. માટે તું હવે અહિંયાં રહે અને શિવજી તારી મનઃકામના પૂર્ણ કરશે.

જ્યારે તે મહાયોગીએ મને આ પ્રમાણેની કથા કહી ત્યારે મને આશા આવી કે, હું તમોને પુનઃ મળી શકીશ; પછી હું તે જ આશ્રમમાં કેટલોક કાળ રહ્યો. આજે, મહારાજ! રાત્રિના સ્વપ્નમાં આવીને શિવજીએ મને આપના મહાવિજયની વાર્તા નિવેદન કીધી હતી, અને પછી કોઈ દિવ્યકન્યા મને ઉંચકીને અહિંયાં લઇ આવી છે. આ પ્રમાણેનું મારું વૃત્તાંત છે.

આ પ્રમાણે સ્વાત્મચરિત્ર કથન કરીને ગોમુખ અબોલ થયો; પછી મરુભૂતિએ પોતાનું સ્વાત્મચરિત્ર નરવાહનદત્ત સમીપ આ પ્રમાણે કહેવા માંડ્યું.

### મરુભૂતિ ચરિત્ર.

જ્યારે માનસવેગે તે પ્રસંગે મને આકાશમાંથી ફેંકી દીધો, ત્યારે કોઈક દેવીએ મને હાથમાં ઝીલી લીધો ને એક દૂરના વનમાં મૂકીને અદૃશ્ય થઈ ગઈ. હું દુઃખાર્ત થઈ આત્મહત્યા કરવા માટે અતિ ગભરાટથી વગડામાં આમ તેમ ભટકવા લાગ્યો, એવામાં નદી-

* અરેબીયન નાઇટ્સમાં ત્રીજા ફકીરે જે વાત કહી છે, તે આને મળતી જ છે. 'જુઓ ગુજરાતી પ્રેસની અરેબીયન નાઇટ્સ'ની બીજી આવૃત્તિનું ૧૦૪ મું પૃષ્ઠ.



નાળાંના ઓસાડમાં એક આશ્રમ મારા જોવામાં આવ્યું. મેં તે આશ્રમમાં પ્રવેશ કીધો. ત્યાં એક જટાધારી તપસ્વી એક શીલાતળપર બેઠેલા દૃષ્ટિગોચર થયા. તેમને મેં પ્રણામ કીધા ને હું. પછી તેમની સમીપમાં ગયો. તેઓએ મને પૂછ્યું; "અલ્યા! તું કોણ છે રે? અને આ નિર્જન પ્રદેશમાં ક્યાંથી આવ્યો?" તેપરથી મેં તેને મારું સર્વ ચરિત્ર કહી સંભળાવ્યું. તે સાંભળીને તેઓ બોલ્યા; "અલ્યા માનવિ! તું આત્મઘાત કરતો નહીં. થોડા સમયમાં તને તારા સ્વામીના અત્રે જ સર્વ સમાચાર મળશે, પછી તારે જે કંઈ કરવું યોગ્ય હોય તે કરજે."

આ પ્રમાણેની તેની સલાહને અનુસરીને હું તે જ આશ્રમમાં, આપ મહારાજની શી ખબર મળે છે, તે જાણવાને અતિ ઉત્કંઠિત થઈ રહ્યો. હું તે આશ્રમમાં રહ્યો હતો, તેવામાં એક સમયે કેટલીક દેવકન્યાઓ તે નદીમાં સ્નાનાર્થે આવી. તે જોઇને મને તે મુનિએ કહ્યું; "જલદી દોડ અને તે દેવકન્યાઓ સ્નાન કરે છે, તેમાંથી એક જણીનાં વસ્ત્ર હરી લાવ; એટલે તું તારા સ્વામિની જે ખબર મેળવાને ઉત્સુક છે, તે ખબર તને તુરત મળશે. એ દેવકન્યા જ્યારે વસ્ત્ર માંગવા આવે, ત્યારે તું જે પૂછીશ તે સમાચાર તને જણાવશે!" જ્યારે મેં તે મુનિનાં આવાં વચનો સાંભળ્યાં, ત્યારે મેં તેના કહ્યા પ્રમાણે દોડી જઈને,તે દેવકન્યાનાં વસ્ત્ર હરણ કર્યાં. મેં જે કન્યાનાં વસ્ત્ર લીધાં હતાં તે બાળા, લજ્જાથી અતિ નમ્રમુખી થઈ, બે હાથે પોતાના કુચને ઢાંકતી, ગૌર અંગ દાખવતી, નીચું નિહાળતી, દોડતી દોડતી મારી પાસે આવી.

ત્યારે તે મુનિએ કહ્યું; "જો તું એને નરવાહનદત્તનું ભવિષ્ય કહેશે તો, એ તને તારાં વસ્ત્ર પાછાં આપશે!" તે દેવકન્યાએ કહ્યું; "હમણાં નરવાહનદત્ત કૈલાસગિરિપર બિરાજે છે, તે શિવારાધનમાં ગુંથાયો છે અને થોડા દિવસમાં તે વિદ્યાધરોનો ચક્રવર્તી થશે!"

આ પ્રમાણે તે મુનિની સાથે વાતચિત કર્યાં પછી તે દેવાંગનાને પૂર્વમાં કોઇનો શાપ થયો હતો, તેના યોગે તે તે જ મુનિની ભાર્યા થઇને ત્યાં જ રહી. પછી તે તપસ્વી, તે વિદ્યાધરી સાથે આનંદવિલાસ કરવા લાગ્યો. તેના ભવિષ્ય કથનપરથી તમારો પુનઃ મિલાપ થશે, એવી આશાથી હું પણ ત્યાં જ રહ્યો. થોડા કાળ વીત્યા પછી તે દેવાંગના ગર્ભવતી થઈ. તેણે એક બાળકને જન્મ આપ્યો. પછી તેણે તે તપસ્વીને કહ્યું; "નાથ! હવે મારા શાપનો અંત આવ્યો છે, તેથી હું તમારી સાથે રહી શકીશ નહીં. પણ જો તમને મારી સાથે વિલાસ રમવાની અદ્યાપિ પણ ઇચ્છા હોય તો આ મારા ગર્ભને ભાત સાથે રાંધીને તેનું ભોજન કરો; અને તેમ કરશો તો જ તમો મારી સાથે પુનઃ વિલાસ ભોગવી શકશો!" આ પ્રમાણે કહીને તે દેવાંગના ઉડી ગઈ. પછી તે તપસ્વીએ, તે બાળકને ચોખા સાથે રાંધીને તેનું ભોજન કીધું; એટલે તે પણ આકાશમાં ઉડયો ને તે દેવાંગનાની પાછળ પડયો.

પ્રથમ તો હું, તે મુનિએ કહ્યા છતાં પણ, તે ભાત ખાવાને અચકાયો હતો; પણ જ્યારે મેં જોયું કે તે ભાત ખાવાથી આ પ્રમાણે સિદ્ધિવિદ્યા પ્રાપ્ત થાય છે, ત્યારે મેં તે વાસણમાંથી ભાતના બે પ્રાસ લીધા. પ્રાશન કીધા તેને લીધે એ પરિણામ આવ્યું કે, જ્યાં હું દીર્ઘશંકા કરતો ત્યાં સઘળે સ્થળે સુવર્ણ નિકળતું હતું. આ પ્રમાણે મને સિદ્ધિ પ્રાપ્ત થઈ ને દૈન્યતા જતી

રહી, એટલે તુરત હું તે આશ્રમ છોડી ચાલતો થયો. પછી ભટકતો ભટકતો એક ગામમાં જઈ ચઢયો. તે ગામમાં મેં એક વેશ્યાને ત્યાં ઉતારો કીધો ને ધન્ય છે તે મારી વિષ્ઠાને કે જે સુવર્ણ હતું, તેનાથી હું પૂર્ણ વૈભવ ભોગવવા લાગ્યો. તે વેશ્યા મારા આ દમદમાટથી ઘણી ખુશી થઈ ગઈ. પણ તે કુટ્ટણી, હું આટલું બધું સુવર્ણ કયાંથી લાવું છું, તે ગુપ્ત કાર્ય જાણવાને ઘણી ઉત્કંઠિત થઈ ગઈ. તેણે એક દિવસે કપટકળાથી મને ભોજનમાં ઉલટીનું ઔષધ આપ્યું. ને તેથી મને ઉલટી થઈ તેની સાથે જે બે ગ્રાસ મેં પેલા ભાતના ખાધા હતા, તે તેજસ્વી પદ્મરાગમણી જેવા બહાર નિકળી પડયા. જેવા તે મુખમાંથી બહાર આવ્યા, કે પેલી રાંડ કુટ્ટ-ણીએ તે તુરત ઊંચકી લીધા ને સટદેતી કે ગળી ગઈ. તે કુટ્ટણીની કપટકળાનો ભોગ થઈ પડવાથી હું મારી સુવર્ણ ઉત્પન્ન કરવાની સર્વ શકિત ગુમાવી બેઠો છું.*

પછી મેં મારા મન સાથે વિચાર કીધો કે, બેશક, શિવના લલાટમાં અદ્યાપિ પર્યંત અર્ધચંદ્ર રહ્યો છે ને વિષ્ણુના કંઠમાં કૌસ્તુભ મણિ રહ્યું છે, તેનું કારણ બીજું કંઈ જ નથી, પણ હું ધારું છું કે એ જ છે કે હજી સૂધી તેઓ કુટ્ટણીના સપાટામાં સપડાયા નથી! પણ જગત્ આવું જ છે! તે આ શ્ચર્યોથી ભરપૂર છે! છળપ્રપંચથી પૂર્ણ છે! વિલક્ષતાવાળું છે! અસાર છે! તેનું કે સમુદ્રનું માપ કોઈ પણ સમે કોણ માપી શકશે ?" આ પ્રમાણે નિરાશા ઉત્પન્ન કરનારો વિચાર મનમાં આણ્યા પછી, હું તપશ્ચર્યા કરવાથી પ્રસન્ન થઈ તમારો મિલાપ કરાવે તેને માટે દેવી દુર્ગાના મંદિરમાં ગયો અને ત્યાં રહીને ત્રણ રાત્રિ સૂધી નિરાહાર રહ્યો. દેવીએ મને રાત્રિએ સ્વપ્નામાં આ પ્રમાણેની આજ્ઞા આપીઃ "તારા સ્વામિની સર્વ મનઃકામના પૂર્ણ થઇ છે; તું જા અને તેને મળ!" આ સાંભળતાં જ હું જાગી ઉઠયો; અને તે જ પ્રભાતના કોઈ દેવીએ મને ઉંચકી લઈ આવીને આપનાં ચરણારવિંદનાં દર્શન કરાવ્યાં. મહારાજ! મારું આ પ્રમાણેનું ચરિત્ર છે.

જ્યારે મરુભૂતિએ આ પ્રમાણે પોતાનું આત્મચરિત્ર કહી સંભળાવ્યું ને મુંગો રહ્યો ત્યારે નરવાહનદત્ત અને તેના સભાસદો, મરુભૂતિને કુટ્ટણીએ જે રીતે ઠગી લીધો, તે યાદ કરીને ખડખડાટ હસી પડયા ને તેની સજ્જડ મજાક બનાવી.

## હરિશિખનું ચરિત્ર.

પછી હરિશિખ બોલ્યોઃ—જ્યારે મને તમારો શત્રુ માનસવેગ પકડીને આકાશમાં ઉડયો ને પછી ત્યાંથી ફેંકી દીધો, ત્યારે કોઇક દેવીએ મને પણ અદ્ધર ઝીલી લીધો હતો. તેણે મને ઉજ્જયિની નગરીમાં મૂકી દીધો. ત્યાં મને એટલો બધો તો પરિતાપ ઉત્પન્ન થયો, કે મેં આત્મહત્યા કરવાનો ઠરાવ કીધો. એક રાત્રિએ હું ઘોર સ્મશાનમાં ગયો ને ત્યાં પડેલાં લાકડાં એકઠાં કરી બળી મરવાને એક ચિતા ખડકી. પછી તેમાં અગ્નિ મૂકયો ને અગ્નિદેવનું પૂજન

* મી॰ રણછોડભાઈ ઉદયરામની પ્રાસ્તાવિક કથાસમાજમાંની પહેલી વાર્તામાં આજ પ્રમાણે એક દૂતિએ કપટ કર્યું છે.



કર્યું. આ પ્રમાણે હું પૂજા કરવામાં રોકાયો હતો, તેવામાં ભૂત, ભૈરવો ને ડાકણીસાકણીનો મુખ્ય નાયક તાલજંઘ રાક્ષસ મારી પાસે આવ્યો. તેણે મને કહ્યું; "અલ્યા મૂઢ! બળી શાને મરે છે? તારો રાજા તો હજી જીવતો છે, તેને પોતાની ઇચ્છા પ્રમાણે સિદ્ધિવિદ્યા પ્રાપ્ત પણ થઈ છે અને વળી તે તને મળશે જ તો. તો ફોકટમાં કાં જીવ ગુમાવે છે? જા, જા, જઇને તેને મળની મૂર્ખાં! એટલે થયું!" જો કે તે રાક્ષસ સ્વભાવે તો નિર્દય હતો, તોપણ આવાં પ્રીતિનાં વચન કહીને તેણે મને મરતાં બચાવ્યો. જ્યારે નસીબ પાધરું હોય છે, ત્યારે પથ્થર પણ નરમ માખણ જેવો થઈ જાય છે, ત્યારે જીવતો જીવ નરમ માખણ થાય, તેમાં નવાઈ શું? પછી હું દેવીના મંદિરમાં જઇને તેની સેવા કરવા લાગ્યો ને ત્યાં જ કેટલોક સમય રહ્યો. આજે કોઇક દૈવીપ્રાણીએ, આપ મહારાજ સમીપ મને ઉંચકી લાવી મૂકી દીધો.

## વિદ્યાધરોપર ચઢાઈ.

આ પ્રમાણે હરિશિખે પોતાનું સ્વાત્મચરિત્ર કહી સંભળાવ્યા પછી, બીજાઓએ પણ વારા ફરતી પોતપોતાનું ચરિત્ર કહ્યું. પછી અમિતગતિની સૂચનાપરથી નરવાહનદત્તે, વિદ્યા-ધરોની પૂજ્ય પવિત્ર ધનવતીની પ્રાર્થના કરીને પોતાના મંત્રીઓને પણ વિદ્યાધરની સિદ્ધિવિદ્યા શિખવાડી. તુરત તેના સર્વે મંત્રીઓ પણ વિદ્યાધર થઈ ગયા. ત્યારે ધનવતીએ કહ્યું; "રાજ! હવે તમો તમારા શત્રુઓનો પરાજય કરો."

એક માંગલિક દિવસે, પ્રતાપી નરવાહનદત્તે પોતાની ચક્રવર્તી સેનાને ગૌરિમુણ્ડના ગોવિંદકૂટપર ચઢાઈ કરવાની આજ્ઞા આપી. પછી વિદ્યાધરોની સેનાના યોધાઓ આકાશમાં ચઢ્યા, તેથી સૂર્ય છવાઈ ગયો. તે જાણે શત્રુરૂપ સૂર્યને ઢાંકવા માટે રાહુ ઉદય પામ્યો હોય તેવું જણાતું હતું. નરવાહનદત્ત પદ્મવિમાનની કળીપર* વિરાજમાન થયો અને રાણીઓને પદ્મવિમાનના કેસરામાં (અંદરના ભાગમાં) બેસાડી, તેના મિત્રોને પત્રોપર બેસાડ્યા અને તેની આગળ ચંડસિંહ અને બીજાઓ ચાલતા હતા તે સર્વસંગે, અતિઉમંગે, શત્રુને જિતવા માટે તેણે પ્રયાણ કીધું. રસ્તામાં ચાલતાં ચાલતાં તે ધનવતીના માતંગપુર આગળ આવી પહોંચ્યો. તે દેવીના કહેવાપરથી એક દિવસ તે ત્યાં પરોણો રહ્યો. ધનવતીએ તેની સારી રીતે આગતાસ્વાગતા કરી. નરવાહનદત્ત ત્યાં રહ્યો હતો, તે જ વખતે, પોતાના એક દૂતને મોકલીને વિદ્યાધરોના રાજા ગૌરિમુણ્ડ તથા માનસવેગને કહેણ કહાવ્યું કે, તમો યુદ્ધ કરવા માટે તૈયાર થજો.

બીજે દિવસે તેણે પોતાની રાણીઓને માતંગપુરમાં જ રાખીને પોતે વિદ્યાધરના રાજાની નગરી ગોવિંદકૂટપર ચઢાઇ કીધી. ત્યાં માનસવેગ ને ગૌરિમુણ્ડ યુદ્ધ માટે સજ્જ થઈ આવેલા હતા, તેઓની સાથે ચંડસિંહ અને તેના બીજા સહાયક રાજાઓ યુદ્ધ કરવાને દોડ્યા. જ્યારે રણસંગ્રામ શરુ થયું, ત્યારે જેમ કુવાડાના ઘાથી વૃક્ષો તૂટી પડે, તેમ યોધાઓનાં મસ્તકો સટાસટ કપાઇને જમીનપર પડતાં હતાં. ગોવિંદકૂટગિરિમાંથી લોહીના ઝરા ધોધબંધ વહેતા જણાયા. તે રણસંગ્રામમાં

* કમળની જે આગી—અગ્ર ભાગ હોય છે તે.

મહાકાળરૂપી દૈત્ય, વીરલા યોદ્ધાઓના પ્રાણુ લેવાને પોતાની લાલચોળ જિહ્વા (જીભ) બહાર ક્હાડીને બતાવતો હોય, તેમ લોહીથી નિતરતી લાલચોળ તરવાર દર્શન દેતી હતી. આ મહાસંહારના રણોત્સવમાં, માંસ તથા લોહીનું પાન કરીને ભૂત ને વેતાળો તાળીઓ પાડીને રણભૂમિને ગજાવી મૂકતા હતા. મનુષ્યોનાં ધડો નૃત્ય કરતાં હતાં, તે જોઇને ભૂતડાંઓ તો ખુશી ખુશી થઈ ગયાં હતાં.

એવામાં **માનસવેગ**, **નરવાહનદત્ત** સન્મુખ, દાંત કકડાવતો આવીને ઉભો રહ્યો. તેને જોતાં વેંત જ **નરવાહનદત્ત**ને અત્યંત કોપ ચઢયો. **માનસવેગે** **નરવાહનદત્ત**ને કહ્યું,–"હં ! સંભાળજે, હવે હું તને છોડીશ નહીં, ચાલ સામો આવ !" સામે ધસી, **નરવાહનદત્ત** તેના ઉપર તૂટી પડયો. પહેલે ઝપાટે જ તે પાપીની ચોટલી પકડી, જમીનપર નાંખીને તેનું મસ્તક ધડથી છૂટું કરી નાંખ્યું! આ જોઇને **ગૌરિમુણ્ડ**ને અત્યંત ક્રોધ વ્યાપ્યો. તે **નરવાહનદત્ત** તરફ અતિઘણી ત્વરાથી દોડયો આવ્યો. પણ **નરવાહનદત્ત**ને જોતાં જ તેની સિદ્ધિવિદ્યા નિષ્ફળ થઈ ગઈ. રાજપુત્રે તેની પણ ચોટલી પકડી, તેને જમીનપર ઝીક્યો, ને પછી તેના ટાંગા પકડી, આકાશમાં ખૂબ ચક્કર ખવાડીને, એક પથ્થર સાથે પછાડી તેનાં છોતરે છોતરાં ઉરાડી દીધાં. આ રીતે **માનસવેગ** અને **ગૌરિમુણ્ડ**ને મરણને શરણ મોકલ્યા, એટલે તેઓની બાકીની સેના ભયની મારી પલાયન કરી ગઈ. તત્ક્ષણે આકાશમાં યુદ્ધ જોવાને આવેલા દેવતાઓએ પુષ્પવૃષ્ટિ કરી ને "ધન્ય! ધન્ય!"ના પોકારથી ચક્રવર્તીને અભિનંદન આપ્યું. પછી **નરવાહનદત્તે** પોતાના સર્વે સાથીઓ સંગે રંગ ઉમંગથી વિજય ચંગ વગાડતાં, ગોવિંદકૂટ નગરમાં પ્રવેશ કીધો; અને તત્સમયે **ગૌરિમુણ્ડ**ના માંડલિક બીજા વિદ્યાધર રાજાઓએ આવીને તેને પ્રણામ કીધા ને તેનું સ્વામિત્વ સ્વીકાર્યું.

**નરવાહનદત્તે** પોતાના શત્રુઓને જિતી વિજય મેળવ્યો. તે નિમિત્તે ઉત્સવની ધામધૂમ ને આનંદની હેલી થઈ રહી હતી; એ જ સમયે એકદમ ધનવતીએ રાજનગરમાં પ્રવેશ કીધો. તે **નરવાહનદત્ત** પ્રત્યે બોલી: "મારા પૂજ્ય ! **ગૌરિમુણ્ડ**ને **આત્મનિકા** નામની એક કન્યા છે, જે ત્રૈલોક્યસુંદરી છે; તું તે બાળા સંગે લગ્ન કર." જ્યારે તેણે એ પ્રમાણે કહ્યું, ત્યારે તુરત જ ચક્રવર્તી **નરવાહનદત્તે** તે બાળાને તેડાવી મંગાવી તેની સાથે લગ્ન કર્યું. પછી તે આખો દિવસ બડી ધામધુમમાં, પોતાના સાથીઓ સંગે રહી, ઉમંગ ઉત્સવમાં તેણે પૂરો કીધો.

બીજે દિવસે પ્રભાતના નવા ચક્રવર્તીએ, વેગવતી તથા પ્રભાવતીને, **માનસવેગ**ની નગરીમાં મોકલીને **મદનમંજુકા**ને તેડાવી મંગાવી. જેમ રાત્રિ પડવાથી ને સૂર્યનો વિરહ થયા પછી, પ્રભાતના અંધકારનો પરાજય કરીને ઉદય થયેલા સૂર્યનાં દર્શન કરી, ઝાકળના જળથી ખીલી રહેલી કમલિની પ્રફુલ્લિત વદનની જણાય છે, તેમ જ લાંબો સમય વિરહવ્યથાનાં સંકટ સોષ્યા પછી, શત્રુનો પરાભવ કરી ઉદય પામેલા પોતાના પ્રાણેશનાં દર્શન કરતાં, **મદનમંજુકા**નાં નેત્રો હર્ષાશ્રુથી ભીંજાઈ ગયાં; તેનાં વદનકમળપર હર્ષ પ્રકાશી રહ્યો; તે કંઈક અલૌકિક આનંદસાગરમાં તરવા લાગી. રાજપુત્ર પણ તેનું શશિવદન નિહાળીને પરમાનંદને પામ્યો. પછી તેણે તેને વિદ્યાધરોની વિદ્યા ભણાવી, એટલે તે વિદ્યાધરી થઈ ગઈ. તે પછી



તે પૂર ઉરઉમંગથી પોતાની પ્યારી સંગે રંગે રમવા લાગ્યો. રાજપુત્ર, પોતાની પ્યારીને લઇને ગૌરિમુણ્ડની એક કુંજવાટિકામાં વિલાસ રમવા ગયો. ત્યાં આનંદોત્સવ કરી, અચ્છાં અચ્છાં પકવાન્નો જમી, મધુપાન કરી મઝા ઉડાડવા માંડી. ત્યાંથી જ પ્રભાવતીને મોકલીને ભગિરથયશાને પણ તેડાવી મંગાવી, તેને પણ વિદ્યાધરની સિદ્ધિવિદ્યા ભણાવી.

એક દિવસે ચક્રવર્તી રાજેન્દ્ર સભામંડપમાં સિંહાસનારૂઢ થયા હતા, તેવામાં બે વિદ્યાધરોએ આવી તેને પ્રણામ કરી કહ્યું,–"મહારાજ ! દેવી ધનવતીની આજ્ઞાનુસાર અમે મંદારદેવની ચિકિત્સા જોવાને, વિદ્યાધરોની ઉત્તરવેદીમાં ગયા હતા. ત્યાં અમે અગોચર રહ્યા (કેમકે તે પ્રતાપી દેવીના પ્રતાપથી અમને તે વિદ્યા પ્રાપ્ત થઈ છે.) અને જે જોયું તે આપને નિવેદન કરીએ છીએ. વિદ્યાધરરાજ પોતાના સભામંડપમાં, દરબારીઓ સહિત બેઠો હતો; ત્યાં તેને આપ મહારાજના સંબંધમાં આ પ્રમાણે બોલતો અમે સાંભળ્યો,–'મેં સાંભળ્યું છે કે, પેલા **નરવાહનદત્તે** વિદ્યાધરોનું ચક્રવર્તી પદ મેળવ્યું છે. તેણે **ગૌરિમુણ્ડ**નો તથા તેના બીજા વિરોધીઓનો નાશ કીધો છે, તો હવે મારે તેને આગળ વધવા દેવો નહીં જોઇયે. પણ હું હવે તે વૈરીને ઉગતો જ ડાંભીશ!!' આ પ્રમાણેનું તેનું ભાષણ સાંભળી, તે વર્તમાન આપને નિવેદન કરવા અમે અત્ર આવ્યા છીએ."

જ્યારે **નરવાહનદત્ત**ના રાજભુવનમાં વિરાજમાન થયેલા સભ્ય જનોએ, દૂતના મુખથી આ પ્રમાણેનાં વચન સાંભળ્યાં, ત્યારે ચક્રવર્તી શિવાય બીજા સઘળાઓ, પવનમાં જેમ કમલિનીના હાલ થાય છે, તેમ ક્રોધથી લાલા પીળા થઈ ઉછળી રહ્યા. **ચિત્રાંગદ**ના બંનો બાહુ ઉછળી કંપવા લાગ્યા, તેથી હાથે પહેરેલાં કંકણો, ઝણઝણાટનો રણકો કરી યુદ્ધની આજ્ઞા માંગતાં હોય તેવાં જણાયાં. અમિતગતિના કંઠનો હાર, તેના ક્રોધના નિશ્વાસઉચ્છ્વાસથી છાતીપરથી આમતેમ ડોલવા લાગ્યો તે જાણે પુનઃ પુનઃ એમ કહેતો હોય કે, 'વીરમર્દ ! તું ઉઠ, તું ઉઠ !' તેવો જણાતો હતો; પિંગળગાંધારે પોતાના હાથની મૂઠ્ઠીનો જમીનપર પ્રહાર કીધો. તેનો પડછંદો થઈ રહ્યો, તે જાણે શત્રુને એ જ પ્રમાણે ચૂર્ણ કરવાના ૐકારરૂપ નાન્દી કરતો હોય તેવો સંભળાયો; **વાયુપથ**ના નેત્રની ભ્રુકુટી વક્ર થઈ ગઈ. તે જાણે શત્રુનો સંહાર કરવાને ધનુષ્યકમાન ચઢાવી હોય તેવી જણાતી હતી; **ચંડસિંહ** એક હાથ સાથે બીજો હાથ મસળવા લાગ્યો. તે એમ સૂચવતો હતો કે, 'આજ પ્રમાણે મારા શત્રુનો ચૂરેચૂરા કરી નાંખીશ: **સાગરદત્તે** પોતાને હાથે ખભો ઠોકયો, તેથી ગગનમાં રણકો થઈ રહ્યો; તે જાણે શત્રુને યુદ્ધ માટે નિમંત્રણ કરતો હોય તેવો ગાજી રહ્યો. હવે **નરવાહનદત્ત** અત્યંત ક્રોધિષ્ઠ થયો ખરો, તથાપિ જરાપણ સસળ્યો કે વસળ્યો નહીં. તેણે કેવળ શાંત દેખાવ દીધો; કેમકે મહાત્માઓની મહત્તા તેની અક્ષોભ્ય* વૃત્તિમાં જ સમાયલી છે.

નવીન ચક્રવર્તીએ, વિદ્યાધરોના ચક્રવર્તીને યોગ્ય રત્નો સંપાદન કરીને, શત્રુને જિતવાને પ્રયાણ કરવાનો ઠરાવ કીધો. ચક્રવર્તી **નરવાહનદત્ત** પોતાની રાણી અને મંત્રીઓ

* નિર્વિકારી રહેવું, પોતાની કોઇપણ વૃત્તિ જણાવવી નહીં.

સહિત વિમાનમાં બેઠો. તે ગોવિંદકૂટથી નિકળ્યો. તેના પક્ષોના ગંધર્વરાજો ને વિદ્યાધરેશો, પોતપોતાની સેના સહિત, જેમ ચંદ્રને વિંટાઇને ગ્રહો ગમન કરે છે, તેમ ચાલવા લાગ્યા. જેની અગાડી પ્રતાપી વિદ્યાવાળી દેવી ધનવતી ચાલે છે તેવો નરવાહનદત્ત, હિમાચળ-પર્વતપર આવી પહોંચ્યો. ત્યાં તેના જોવામાં એક સુંદર સરોવર આવ્યું. તે સરોવરમાંનાં ગંભીર છત્ર જેવાં જણાતાં શ્વેતકમળો ને તેપર બેઠેલા શ્વેતહંસો, આમતેમ આન્દોલન કરતા હતા, ચમરી જેવા શોભતા હતા અને તે સરોવર જાણે ચક્રવર્તીને આપવાની ભેટ લઇને ઉભુ હોય તેવું જણાતું હતું. તેના ગંભીર તરંગો તેની તરફ ઉછળતા હતા, તે જાણે ઉંચા હાથ કરીને સરોવર એમ કહેતું હોય કે, તને ચક્રવર્તીપદ પ્રાપ્ત થયું છે, માટે આ સરોવરમાં સ્નાન કર, તેવું તે શોભી રહ્યું હતું. પછી વાયુપથે રાજાને કહ્યું,–"મહારાજ! આપ એ સરોવરમાં ઉતરો ને સ્નાન કરો.' ચક્રવર્તી તે સરોવરમાં ઉતર્યો ને સ્નાન કીધું, કે તત્ક્ષણે આકાશવાણી થઈ કે, "આ સરોવરમાં ચક્રવર્તી શિવાય બીજો સ્નાન કરી શકતો નથી, પણ હે નરવાહનદત્ત ! તેં સ્નાન કીધું, એટલે તારું ચક્રવર્તીપદ સિદ્ધ થઈ ચૂક્યું છે."

આ આકાશવાણી ચક્રવર્તીએ સાંભળી કે તે અત્યાનંદને પામ્યો અને જેમ વરુણદેવ, સાગરમાં રહી જળક્રીડા કરે છે, તેમ તે પોતાની રાણી સાથે તે સરોવરમાં જળક્રીડા કરવા મંડી ગયો. જળક્રીડા કરતાં અંગોઅંગ સાથે ઝીણાં ઝરમરીયાં વસ્ત્રો ચોંટી ગયાં છે, કેશની વેણીઓ છૂટીને વિખરાઈ ગઈ છે અને કાજળ ધોવાઈ જવાથી નેત્રો રાતાંચોળ થઈ ગયાં છે, તેવી પ્રમદાઓને જોઈ તે બહુ ખુશી થવા લાગ્યો. પક્ષીઓની પંક્તિ,* સરોવરમાંથી મધુરા શબ્દ કરતી ઉડી, તે તેને આગળ મળનારી રંભાઓની કટીમેખલા હોય તેવી જણાતી હતી. તે સરોવરમાં ઉગેલાં કમળો, તેની રાણીઓના વદનકમળની લાવણ્યતાથી નિસ્તેજ થઇ જતાં હોય, તેમ તરંગોના ઉછળવા સાથે જળમાં ડૂબી જતાં હતાં. સ્નાન કર્યાં પછી નરવાહનદત્તે પોતાના પરિજનો સાથે તે જ સરોવરપર રહીને તે દિવસ પૂરો કીધો. ત્યાં આગળ વિજયી રાજકુમારે, પોતાની પત્નીઓ અને મંત્રીઓ સાથે રહીને હાસ્યવિનોદમાં બધો વખત કાઢી નાંખ્યો.

બીજે દિવસે ત્યાંથી તે પોતાની સેના સાથે વિમાનમાં બેસીને ચાલતો થયો. તે એકલો જતો હતો, તેવામાં માર્ગમાં આવેલા વાયુપથના નગર સમીપ તે જઈ ચઢ્યો. ત્યાં વાયુપથને આનંદ આપવા માટે તે એક દિવસ પ્રાહુણા તરીકે રહ્યો. એવું બન્યું કે, એક વખતે તે કુંજલતામાં ફરતો હતો, તેવામાં વાયુપથની બહેન વાયુવેગયશા તેની દૃષ્ટિએ પડી. તેને નિહાળતાં જ તેના પ્રેમપાશમાં તે સપડાઈ ગયો. તે બાળાનું વદન પૂર્ણિમાના ચંદ્ર જેવું તેજસ્વી હતું, તેની વાણી શાંતિરસથી ભરપૂર મધુરી હતી, તેનું મુખ મંદમંદ હાસ્ય કરતું અને ઝળાંઝળાં કરતું હતું, તેના નિતંબ મોટા ને ગુરુ (ભારે) હતા ને તે વિનયવતી જણાતી

* હાર અને માળા.



હતી. એવી બાળાને જોતાં જ નરવાહનદત્ત પ્રેમપાશમાં લદબદ થઈ ગયો. પછી તે તેની પાસે જઇ બોલ્યો, " અયિ મધુરાક્ષિ ! આ રસિકને રંજન કર !' તે બાળા, જે હેમવેળુકા* નદીના તટપર આવેલા બગીચામાં ઉભી રહીને કલ્લોલ કરતી હતી, તેણીએ જ્યારે પોતા તરફ પ્રીતિભર્યાં નેત્રથી નરવાહનદત્તને નિહાળતો દીઠો ત્યારે જો કે તે તેનાપર પૂર્ણ પ્રેમવતી હતી તોપણ, અદૃશ્ય થઇ ગઈ. એ બાળાએ પૂર્વમાં, પોતાની પાંચ સખીઓ સાથે એવું પણ લીધું હતું, કે પરણવું તો પાંચેએ સાથે પરણવું; અને જો એક પણ પહેલી પરણે તો બાકીની ચારે અગ્નિભક્ષણ કરવું. તેથી જ તે ત્યાંથી અંતર્ધાન થઈ ગઈ હતી. પણ નરવાહનદત્તને આ કારણની યત્કિંચિત્ પણ ખબર નહીં, એટલે તે કોણ જાણે કેવા કારણસર ચાલી ગઈ હશે, એમ વિચારમાં પડી ગયો. પછી તે નિરાશ મુખડે પોતાના ઉતારાપર આવ્યો. ગોમુખ, જે આવી વાત જાણવા તથા સમજવામાં ઘણો ચતુર હતો, તેણે આ વાત મુખચર્યાં ઉપરથી જ સારી રીતે જાણી લીધી. રાણીઓએ રાજાજીને આટલા બધા ઉદાસ મુખના જોઇને, મરુભૂતિ, જે રાજા સંગે હતો તેના દ્વારા, તેમને શું થયું તે જાણી લીધું અને પછી તેમની બડી મજાક કરવા મંડી પડી. જ્યારે મરુભૂતિએ, અવિચારે આ વાત રાણીને કહી દીધી, ત્યારે લજ્જાવશ થતો ગોમુખ દિગ્મૂઢ બની ઉભો જ રહ્યો. તે વિચાર કરવા લાગ્યો, કે આ ઘણું ખોટું થયું છે!

ગોમુખે, રાજાની મુખમુદ્રાપરથી તેમનું અંતર બરાબર પીછાણી ધૈર્ય આપ્યું ને પછી સર્વ વાત યથાસ્થિત જાણી. પછી વાયુવેગયશાનો આમ કરવામાં શો હેતુ સમાયલો છે, તે જાણવાને તેના નગરમાં ગયો. ત્યાં અકસ્માત્ વાયુપથે તેને જોયો. તેણે ધાર્યું કે, તે નગરલીલા નિહાળવા આવ્યો હશે, તેથી આગ્રહ કરી તેને પોતાને ભવને તેડી ગયો અને એકાંતમાં વાતચિતના પ્રસંગમાં કહ્યું,–" ભાઈ ગોમુખ ! મારું એક તમારે કામ કરવું પડશે. મારે વાયુવેગયશા નામની એક કુંવારી બહેન છે. તેને પવિત્ર મુનિઓએ એવી ભવિષ્ય વાણી કહી છે કે, 'તે ચક્રવર્તીની ભાર્યાં નિર્માણ થઇ ચૂકી છે !' હવે મારી એવી ઇચ્છા છે કે, તે નરવાહનદત્તને ભેટ આપવી. કૃપા કરીને આ મારી ઇચ્છા તમો પૂર્ણ કરો; અને આ જ કાર્ય માટે હું તમારી પાસે હમણાં આવતો પણ હતો!" જ્યારે મંત્રી ગોમુખને આ પ્રમાણે વાયુપથે કહ્યું, ત્યારે તે બોલ્યો,–" અગર જો કે મહારાજાધિરાજ હમણાં મુખ્યત્વે કરીને પોતાના શત્રુઓને જિતવાને જ નિકળ્યા છે, તોપણ તમારી સાથે આપણનો આટલો બધો ગાઢો મૈત્રીભાવ હોવાથી, તમોને મારાથી ના પડાય તેમ નથી. પણ તમે એક કામ કરો; તમો હમણાં મહારાજા પાસે આવો ને એ વાર્તા નિવેદન કરો. પછી હું સઘળો ઘાટ બરાબર બેસાડી આપીશ." આ પ્રમાણે કહીને ગોમુખ તેમની આજ્ઞા લઇને વિદાય થયો. તેણે નરવાહનદત્ત પાસે આવીને જણાવ્યું કે, 'કંઇ પણ યાચના વગર આપણું કાર્ય સિદ્ધ થયું છે; હવે જીવને જરાક નિરાંત રાખજો!' આટલું સાભળતાં તો નરવાહનદત્તના આનંદનો પાર રહ્યો નહીં.

* સુવર્ણની રેતીવાળી નદી.

બીજે દિવસે **વાયુપથ** પંડે મહારાજા પાસે આવ્યો ને વિનયસાથે પોતાની બહેન સાથે વિવાહ કરવાને મહારાજાની પ્રાર્થના કીધી. ચતુર ગોમુખે તે વાત ઉંચકી લઈ રાજાને કહ્યું,–"મહારાજ! આપ વાયુપથની વિનતિનો અનાદર કરશો નહીં, એમ હું ધારું છું. એ આપણો પૂર્ણ પ્રેમભક્ત છે–સેવક છે, તો આપે એ કહે તેમ કરવું જ જોઇયે!" પછી રાજાએ મોંધાસોંધા થઈ તેની વિનતિ સ્વીકારી. તુરત **વાયુપથ** પોતે પોતાની બહેનને લઇ આવ્યો; ને જેની પરણવાની જરાપણ ઇચ્છા નહોતી, તેનાં ચક્રવર્તી સાથે લગ્ન કરવાનો આરંભ કીધો. પણ જ્યારે લગ્નવિધિ ચાલતી હતી, ત્યારે તે બાળાએ બૂમ પાડીને આ પ્રમાણે કહ્યું,–"અયે લોકપાળો! મારી ઇચ્છા વિરુદ્ધ બલાત્કારથી મને મારો ભાઈ પરણાવે છે, તો હું કોઈપણ પ્રકારે પ્રતિજ્ઞા ભંગ કરી પાપી થતી નથી, તેના તમો સાક્ષી છો!" જ્યારે તે આ પ્રમાણે બોલી, ત્યારે **વાયુપથ**ની અંગના ને કન્યાની સખીઓ ઘણા મોટા ઘાંટા પાડીને મંગળગીતો ગાતી હતી, તેથી કોઇના સાંભળવામાં તેનો એક પણ શબ્દ આવ્યો નહીં; પરન્તુ રાજા તેના મોઢાપરથી તે શું બોલી તે વર્તી ગયો, તેમજ ગોમુખ પણ ચેતી ગયો! તેથી તે, એનું શું કારણ છે, તે જાણવા માટે ત્યાં ત્યાં ભટકવા લાગ્યો. તેને વિચાર આવ્યો કે, જો આ કન્યાનો આ બોલવાનો એવો અર્થ નિકળતો હોય કે રાજા સાથે પરણવું નહીં અને જો તેને બળાત્કારે પરણાવવામાં આવતી હોય, તો રાજાની શોભા શી? સુખ શું? બળાત્કારનાં લગ્ન કદી સુખદાયી હોતાં નથી! પછી આ વિષયની તપાસ કરવાને તે ઝટપટ બહાર પડયો. ચતુર મંત્રીઓ રાજાનું સુખ સદા સર્વદા ઇચ્છે છે.

ગોમુખ ફરતો ફરતો એક નિર્જન જગ્યાપર આવી પહોંચ્યો. ત્યાં ચાર વિદ્યાધર બાળાઓ ચિતા ખડકીને અગ્નિમાં બળી મરવા તૈયાર થયેલી દષ્ટે પડી! જ્યારે ગોમુખે તેઓને આ પ્રમાણે કરવાનું કારણ શું છે, એમ પૂછ્યું. ત્યારે તે ચારે સુંદરીઓએ, કેવા પ્રકારે વાયુવેગયશાએ પોતાની પ્રતિજ્ઞા તોડી છે અને કેવા કારણસર બળી મરવું પડે છે, તે વિગતવાર જણાવ્યું. તુરત જ ગોમુખ **નરવાહનદત્ત** સમીપ ગયો અને સર્વ મંડળી સમક્ષ પોતે જે જોયું હતું, તે વિસ્તારથી કહી સંભળાવ્યું. રાજાએ જ્યારે તે વાત જાણી, ત્યારે તે હસ્યો, પણ **વાયુવેગયશા**એ કહ્યું,–"ઉઠો, આર્યપુત્ર! ઉઠો! આપણે બંનો ઉતાવળાં ચાલો ને તે કુમારિકાઓને અગ્નિનું ભક્ષ થતી બચાવો. પછી તેઓના આ પ્રમાણે વર્તનનું કારણ હું સારી રીતે જણાવીશ." જ્યારે નવી રાણીએ આ પ્રમાણે રાજાને કહ્યું, ત્યારે રાજાધિરાજ પોતાના પરિજન સાથે સત્વર ઉઠયો, ને તે શોકજનક સ્થળપર જઈ પહોંચ્યો.

ત્યાં જતાં જ રાજાએ જોયું તો તે કુમારિકાઓ ભડભડાટ બળતા અગ્નિમાં બળી મરવા માટે તૈયાર થઈ ઉભી હતી. **વાયુવેગયશા**એ તેઓને દૂર ખસેડી મૂકી અને પછી રાજાને વિનયથી કહ્યું,–"રાજ! આ પહેલી કુમારિકાનું નામ કાલિકા છે; એ કાલકૂટના રાજાની કન્યા છે; આ બીજીનું નામ **વિદ્યુત્પુંજા** છે; તે વિદ્યુત્પુંજની કન્યા છે; આ ત્રીજીનું નામ **માતંગિની** છે, તે **મંદર**ની કન્યા છે; આ ચોથીનું નામ **પદ્મપ્રભા** છે; એના પિતાનું નામ



**મહાદંષ્ટ્ર** છે; અને પાંચમી હું છું. અમે પાંચે જણી એક સમયે **સિદ્ધક્ષેત્ર**માં ગઈ હતી. ત્યાં આપને તપશ્ચર્યા કરતા નિહાળી, આપના સુંદર સ્વરૂપપર વારી ગઇ. તેજ સ્થળે નિશ્ચય કીધો કે, 'આપણે પાંચે સખીઓએ, એક લગ્ને, એક ટાંણે, આ રાજકુંવરને આપણો પ્રિય પ્રાણેશ કરવો! પણ કોઈ એકલીએ તેની સાથે પરણવું નહીં. પણ કદાચ આપણામાંથી કોઈ એકલી તેને પરણે તો બીજી ચારેએ, સખીદ્રોહ કરનારીપર વૈર લેવા માટે અગ્નિભક્ષણ કરીને મરવું.' આ પ્રતિજ્ઞાને લીધે, હું આપ આર્યપુત્ર સંગે એકલી લગ્ન કરવાને ના પાડતી હતી. માનો મારા રાજ! જો કે હું વિધિપૂર્વક આપને અંગથી તો અર્પણ થઈ છું, તથાપિ હજી સૂધી મેં મારો આત્મા તમોને અર્પણ કર્યો નથી; એ વિષેના તમો મારા પ્રાણેશ અને લોકપાળો સાક્ષી છો, કે મેં મારી પ્રતિજ્ઞાનો મારી સ્વેચ્છાથી ભંગ કીધો નથી. હવે હે પ્રાણનાથ! મારી આ સખીઓ સાથે લગ્ન કરો ને મને પાપમાંથી બચાવો. અલિ સખીઓ! આ મારા ખુલાસા પછી મારા સંબંધી કંઈ પણ નઠારો વિચાર તમારે લાવવો નહીં જોઇયે; કેમકે હું પરાધીનપણામાં પરણી છું!"

જ્યારે તેણીએ આ પ્રમાણે કહ્યું, ત્યારે મૃત્યુના મુખમાંથી ઉગરેલી તે સખીઓ, અન્યોઅન્ય એક બીજીને પ્રેમથી ભેટી પડી અને રાજા પણ મનમાં બહુ હર્ષને પામ્યો. તે કન્યાઓના પિતા પણ, જે બન્યું હતું તે જાણીને, તત્ક્ષણે તે સ્થળે આવી પહોંચ્યા ને પોતાની કુમારિકાઓનું **નરવાહનદત્ત** સાથે લગ્ન કરીને કન્યાદાન આપ્યું! તે વિદ્યાધરેશો, જેમાં મુખ્ય કાલકૂટ છે, તે સાથે સર્વેએ, પોતાના જમાઈનું ચક્રવર્તીપણું માન્ય રાખ્યું. આ રીતે **નરવાહનદત્તે** એક જ સપાટે પાંચ વિદ્યાધરરાજની કન્યા સાથે લગ્ન કીધાં ને વળી તેઓની મોટી સહાયતા પણ મેળવી. તે એકે સમે પાંચ વિદ્યાધરાધિપતિની કન્યા સાથે પરણ્યો, તેથી તેની કીર્તિ ચોમેર અધિક ગાજી રહી.

ચક્રવર્તી **નરવાહનદત્ત**, આ નવી વહૂઓ સાથે રહીને યથેચ્છ રતિરંગ ખેલવા લાગ્યો ને બહુ મઝા ઉડાવી, વિલાસ ભોગવતો હતો. તેટલામાં એક સમયે તેના સૈન્યાધિપતિ હરિશિખે આવીને કહ્યું,–"પ્રભુ! જો આપ રાજનીતિના પૂર્ણ જાણ છો, તો શા માટે તેથી વિપરીત આચરણ કરો છો? યુદ્ધને માટે નિકળેલા, આ પ્રમાણે કામવિલાસમાં તલ્લીન થઈ ગયા છો, એનો શો અર્થ વારુ? આપ તો **મંદારદેવ**ને જિતવાને નિકળ્યા છો! પણ હું તો જોઉં છું તો જણાય છે કે, આપ અંતઃપુરની રમણીઓ સાથે વિલાસમાં લદબદ થઈ ગયા છો, એ કેવળ અયોગ્ય કૃત્ય છે!" જ્યારે આ પ્રમાણે હરિશિખે કહ્યું, ત્યારે રાજા બોલ્યો,–"હરિશિખ! તારો ઠપકો યોગ્ય છે; પણ હું મારી સ્વેચ્છાનુસાર આ પ્રમાણે વિલાસમાં મગ્ન થયો નથી. હમણાં જે કન્યાઓને હું પરણ્યો છું, તે સંબંધીઓ વધારવા માટે છે, પણ પ્રેમવિલાસ વધારવા માટે નહીં! શત્રુઓનો નાશ કરવામાં પણ સંબંધીઓ એ મુખ્ય અંગ છે. આટલા જ માટે મેં લગ્ન કીધાં છે. માટે હવે મારી સેનાને શત્રુપર ચઢાઈ કરવા માટે આગળ ચલાવ."

જ્યારે રાજાએ આ પ્રમાણેની આજ્ઞા કીધી, ત્યારે તેના સસરા **મંદરે** તેમની પાસે આવીને આ પ્રમાણે કહ્યું,–"મહારાજ! આપનો શત્રુ **મંદારદેવ** ઘણે દૂર અને વિકટ દેશમાં

રહે છે; માટે જ્યાં સૂધી ચક્રવર્તીનાં સર્વે રત્નો તમોને સિદ્ધ થાય નહીં, ત્યાં સૂધી તે તમારાથી જિતી શકાશે નહીં. તે ત્રિશીર્ષા નામની અંધારી ગુફામાં, સુરક્ષિતપણે રહેછે. તે ગુફા ઘણી ભયંકર ને અગમ્ય છે ને તેમાં તેનું રાજ્ય છે. તેના દ્વારપર મહાવીર દેવમાય ચોકી કરે છે. જે કોઈ ચક્રવર્તીનાં સર્વે રત્ન સંપાદન કરે છે તે જ તેમાં પ્રવેશ કરી શકે છે. જે કોઈ વીર, ચંદનવૃક્ષ, જે ચક્રવર્તીનું આ દેશમાંનું એક રત્ન છે, તેને સંપાદન કરે છે, તે જ પોતાની કામના પૂર્ણ કરી શકે છે. માટે તમો તે રત્નરૂપ ચંદનવૃક્ષને સંપાદન કરો ! કેમકે તે વૃક્ષ સમીપ, ચક્રવર્તી વગર બીજા કોઇથી જઈ શકાતું નથી.”

મંદરરાજનું આ પ્રમાણેનું કહેવું સાંભળીને, નરવાહનદત્ત તુરત જ પવિત્ર થઈ ઉપવાસ કરી, ચંદનવૃક્ષની તપશ્ચર્યા કરવા માટે, રાત્રિના જ નિકળી પડયો. જ્યારે તે વીરલો એકલો જતો હતો, ત્યારે માર્ગમાં તેને ઘણાં દારુણ વિઘ્નો નડ્યાં. પણ તે શૂરવીર હતો, તેથી નિડર થઈ આગળ ચાલ્યો અને તે વૃક્ષના મૂળ નજીક તુરત જ જઈ પહોંચ્યો. ચંદનવૃક્ષને તેણે જોયું તો જણાયું, કે તે એક વિશાળ ઓટલાપર, સુંદર થાળાંમાં ઉભેલું હતું; તેની આસપાસ અમુલ્ય રત્નો ઝળાંઝળાં કરી રહ્યાં હતાં. તે ઓટલાનાં પગથિયાંપરથી નરવાહનદત્ત ઉપર ચઢયો ને તેની સમીપમાં જઈ રાજાએ પ્રેમપૂર્વક તે વૃક્ષને પ્રણામ કીધા. તે વૃક્ષે અદ્દશ્યરૂપે રહીને કહ્યું,–“ ચક્રવર્તી ! હું ચંદનવૃક્ષ તારે અધીન છું. જ્યારે તું મારું સ્મરણ કરીશ, ત્યારે હું હાજર થઇશ. હમણાં તું જા ને ગોવિંદકૂટમાં જઈ રહે. ત્યાંથી જ આજ પ્રમાણે તને બીજાં પણ રત્ન સિદ્ધ થશે અને તે પછી તું મંદારદેવને જિતી શકીશ !” આ સાંભળીને નરવાહનદત્ત, વિદ્યાધરોનો મહા પ્રતાપી રાજેંદ્ર બોલ્યો,–“ હે દેવ ! તમારી આજ્ઞા પ્રમાણે હું વર્તીશ.” આ રીતે પૂર્ણ વિજય થયો ને કાર્ય સિદ્ધ થયું, એટલે તે દૈવીવૃક્ષનું પુનઃ પૂજન કર્યું અને તે પછી પ્રફુલ્લિત હૃદયે તે આકાશ માર્ગે ઉડીને પોતાની છાવણીમાં આવ્યો.

ત્યાં રાતની રાત તે પડી રહ્યો. બીજે દિવસે પ્રભાતમાં, સભામંડળમાં સર્વે વિરાજ્યા હતા તેઓ સમક્ષ, પોતે રાત્રિમાં ચંદનવૃક્ષરત્ન કેમ સિદ્ધ કીધું, તેનું ચરિત્ર વિસ્તારથી વર્ણવી સંભળાવ્યું. તે વાત સાંભળીને સર્વે આનંદ પામ્યા. તેની રાણીઓ, મંત્રીઓ, કે જેઓ બાળપણના જ તેના ગોઠીયા હતા તેઓ અને બીજા વિદ્યાધરો, કે જે તેના સેવકો હતા તેઓ, વાયુપથ અને બીજાઓ, પોતપોતાની સકળ સેના સહિત અને ચિત્રાંગદ તથા બીજા ગંધર્વરાજો, તેનો આ રીતે એકદમ વિજય થયો તેથી, મહાઆનંદના સાગરમાં તરવા લાગ્યા; અને તેના સત્ય, ઉત્સાહ, દ્યુતિ અને પ્રભાવવાળા ધૈર્ય પરાક્રમની અત્યંત સ્તુતિ કરવા મંડી પડ્યા. પછી પોતાના તે સહાયક વિદ્યાધર રાજાઓ સાથે મંત્ર કરીને, મંદારદેવના દર્પનો ભંગ કરવાને, દૈવીવિમાનમાં બેસીને, ચંદનવૃક્ષે કહેલાં બીજાં રત્નો સિદ્ધ કરવા માટે, રાજપુત્ર નરવાહનદત્ત ગોવિંદકૂટ ગિરિપર પાછો આવ્યો.

શ્રી

મહાકવિ શ્રી સોમદેવ ભટ્ટ વિરચિત,

# કથાસરિત્સાગર.

(ભાષાંતર)

## पंचदशोलंबक–महाभिषेक.

### તરંગ ૧ લો.

### મહાવિજય.

સંધ્યાકાળે તાંડવનૃત્ય સમયે શુંડા દંડને ઉંચો કરી સીત્કાર કરી જળના કણો ઉરાડી, તારાઓના તેજનો વધારો કરતા જણાતા વિઘ્નજિત (ગણપતિ ) તમારું (અજ્ઞાન) અંધારું હરો.*

### રત્નપ્રાપ્તિ.

એક દિવસે ચક્રવર્તી નરવાહનદત્ત, ગોવિંદકૂટગિરિપર સભામંડળમાં એક સુંદર આસનપર બિરાજમાન થયો હતો, ત્યારે અમૃતપ્રભ નામનો એક વિદ્યાધર, જેણે પૂર્વાપર ચક્રવર્તીને તેના શત્રુ માનસવેગે અગ્નિગિરિપર ફેંકી દીધો હતો ત્યાંથી ઉપાડી, સંરક્ષણ કીધું હતું તે, આકાશમાર્ગેથી ઉતરી આવ્યો. તેણે સભામાં પ્રવેશ કીધો અને પછી તે ચક્રવર્તીના સિંહાસન સમીપ ગયો; અને તેણે વિનયથી પ્રણામ કીધા; અને તે પછી પોતાનું નામ નિવેદન કીધું. ચક્રવર્તીએ પણ અતિપ્રેમથી તેનો આદર સત્કાર કીધો. પછી તે વિદ્યાધરે કહ્યું; “ મહારાજ ! દક્ષિણ દિશામાં મલયગિરિ નામનો એક મોટો પર્વત છે. તેનાપર એક પર્ણકૂટી છે. તેમાં વામદેવ નામના એક મહાસમર્થ તપસ્વી રહે છે. દેવ ! તે મુનિએ કોઈ અગત્યના કાર્યને માટે આપને તેડાવ્યા છે ને આજે મને આપને તેડવા માટે મોકલ્યો છે. વિશેષમાં આપ મારા રાજા છો. આપે પૂર્વે જ, અપૂર્વ પરાક્રમથી મને જિતી લીધો છે, તેથી પણ હું આપને તેડવા આવ્યો છું; તો હવે મારી સાથે આપ ચાલો. આપના મહાવિજયને માટે તે મુનિના આશ્રમમાં પધારવાને આપ સત્વર તૈયાર થાઓ.”

* આ મંગળાચરણમાં કવિએ ખૂબ ખૂબી બતાવી છે. શુંડમાંથી પાણી ઉરાડીને આકાશના તારાઓ જે મ્લાન થયા હોય તેને ધોઈધોઈ સાફ કરવાથી તે સારી રીતે પ્રકાશી અંધારાને હરી લે છે; તેમ વિઘ્નજિતને પ્રાર્થી, તેના પ્રતાપથી અજ્ઞાનરૂપી અંધકારને હણો.

જ્યારે તે વિદ્યાધરે આ પ્રમાણેની વિનતિ કીધી, ત્યારે નરવાહનદત્તે પોતાની રાણીઓ અને સેનાને ગોવિંદકૂટમાં જ રાખી અને પોતે વિદ્યાધર સાથે આકાશમાં ઉડ્યો, અને ઝટપટ મલયાચળપર પહોંચી ગયો, અને વામદેવ મુનિ પાસે જઇ પહોંચ્યો. ત્યાં તેણે મુનિનાં દર્શન કર્યાં. મુનિદેવ, વૃદ્ધવયને લીધે, ઉજળા રુની પૂણી જેવા જણાતા હતા, પણ ઉંચા પડછંગ હતા; તેમની આંખની આસપાસનું માંસ સુકાઈ જવાથી ત્યાં ખાડા પડી ગયા હતા, છતાં તેમની તેજસ્વી આંખો રત્નપેરે ચળકી રહી હતી; અને તે વિદ્યાધરેન્દ્રનાં સર્વ રત્નો આપનારી હોય તેનીપેરે શોભતી હતી; તેની જટાવેલાપેરે ડોલી રહી હતી, તે જાણે સિદ્ધિ પ્રાપ્ત કરાવવા માટે હિમાચળની પંકિત, ચક્રવર્તી સાથે આવી હોય તેવી જણાતી હતી. પછી ચક્રવર્તીએ તે મુનિને પ્રણામ કરી પૂજન કીધું: અને મુનિએ તેનો યથોચિત સત્કાર કીધો. પછી મુનિ બોલ્યા,– "પૂર્વે જ્યારે શંકર, હિમાચળપર તપશ્ચર્યા કરવા ગયા હતા, ત્યારે તું તેનું તપભંગ કરવા ગયો હતો. તે વેળાએ શંકરે પોતાના ત્રીજા નેત્રના અગ્નિથી તને બાળી મૂક્યો હતો. તે જ તું કામદેવ છે. પછી રતિએ શંકરને પ્રસન્ન કર્યા, તેપરથી તને વિદ્યાધરનો ચક્રવર્તી શિવજીએ નિર્માણ કીધો છે. તું હવે ચક્રવર્તી થયો છે, તો હું કહું છું તે સાંભળ: મારા આ આશ્રમની અંદર એક ગંભીર ગુફા છે, તેમાં ઘણાં રત્નો છે, જે કેમ લેવાં તે હું તને બતાવું છું– તે તું લે. તે રત્નો પ્રાપ્ત થવાથી તું નિર્વિઘ્ને મંદારદેવને જિતી શકશે; અને આ જ હેતુથી, શિવની આજ્ઞા પ્રમાણે મેં તને અહીંયાં તેડાવ્યો છે."

આ પ્રમાણે નરવાહનદત્તને મુનિએ કહ્યા પછી, ગુફામાં પ્રવેશ કીધા પછી કેવા પ્રકારે વર્તવું, શું કરવું, તેનો સર્વ વિધિ મુનિએ કહી સંભળાવ્યો. તુરત જ નરવાહનદત્તે ઉમંગથી ગુફામાં પ્રવેશ કીધો. ગુફામાં જતાં ઘણાં ઘણાં વિઘ્નો તેને નડવા માંડ્યાં, પણ તે સૌની સામે થયો ને આગળ વધ્યો ગયો. પ્રથમ થોડે ચાલતાં એક મદોન્મત હાથી, મેઘગર્જના કરતો તેની તરફ પોતાનાં કુંભસ્થળને નીચાં નમાવી દોડ્યો આવ્યો. રાજાએ તેના મુખપર એક ફફડાવીને મુક્કી મારી ને પછી તેના દાંત પકડી, છલંગ મારી તેનાપર પગ મૂકી તે હાથીના મસ્તક પર ચઢી બેઠો. તુરત જ તે ગુફામાં આકાશવાણી થઈ કે,–"ધન્ય ! ધન્ય જયજય ચક્રવર્તી ! તને આ હાથી રૂપી એક મહારત્ન પ્રાપ્ત થયું છે !" પછી તેણે એક તરવાર જોઈ, જે મહા પ્રબળ સર્પ જેવી જણાતી હતી. નરવાહનદત્ત તેની તરફ કુદી પડ્યો અને જાણે ચક્રવર્તીની લક્ષ્મીની વેણીને પકડે તેમ તેને પકડી, ઉંચકી લીધી. તુરત જ તે ગુફામાં ગંભીર દેવવાણી થઇ કે,– "જય ! જય ! હે શત્રુતાપન ! તને વિજયી તરવારરત્ન પ્રાપ્ત થયું છે !" એ સાંભળીને તે ઘણો હર્ષ પામ્યો. પછી તેને ચંદ્રિકારત્ન, કામિનીરત્ન અને છેલ્લે વિધ્વંસિની* નામની ઉત્તમ વિદ્યારત્ન પ્રાપ્ત થયું અને પૂર્વાપર પ્રાપ્ત થયેલાં બે રત્નો, સરોવર અને ચંદનવૃક્ષ સાથે, કુલ્લે સાત રત્નો (જે ચક્રવર્તીપદ આપનારાં અને કાર્યપરત્વે અતિ ઉપયોગી થઈ પડનારાં હતાં તે)

* મોહરત્ન–મોહાસ્ત્ર જ–જેના પ્રતાપથી પ્રતિપક્ષી એવો મોહ પામે કે, ગમે તેનો પણ નાશ થઇ જાય.



લઇને તે ગુફામાંથી બહાર નિકળ્યો; અને પોતે કેવા પ્રકારે સર્વે રત્નો સિદ્ધ કીધાં, તેનું સર્વ વૃત્તાંત વામદેવ મુનિને જણાવ્યું.*

પછી તે મુનિએ ચક્રવર્તીને કહ્યું,–"વત્સ ! હવે તું જા, તને ચક્રવર્તીનાં સર્વ રત્નો પ્રાપ્ત થઈ ચૂક્યાં છે. હવે તું સત્વર, કૈલાસગિરિની ઉત્તરમાં આવેલા પ્રદેશના મંદારદેવનો પરાજય કર; અને પછી તે પર્વતના બંનો ભાગનો ચક્રવર્તી થઈ, ત્યાંની રાજલક્ષ્મીનું સુખ ભોગવ !" આ પ્રમાણે તે મુનિએ આશિર્વાદ આપ્યો. ત્યાર પછી વિજયી ચક્રવર્તીએ તેઓને પ્રણામ કીધા ને પછી અમૃતપ્રભ સાથે તે આકાશમાં ઉડ્યો. એક ક્ષણમાં તે ગોવિંદકૂટ ગિરિપર પોતાની છાવણીમાં આવી પહોંચ્યો. ત્યાં તેની પ્રતાપી સાસુ ધનવતી, પોતાની વિદ્યાના પ્રભાવથી તેની સેનાનું રક્ષણ કરતી હતી. પછી તેના પક્ષના સહાયક વિદ્યાધર રાજાઓ, તેની રાણીઓ, મંત્રીઓ અને બીજા જે સર્વે તેના આવવાની રાહ જોતા હતા, તેઓએ નરવાહનદત્તને પ્રેમપૂર્વક અભિવંદન આપ્યું. જ્યારે મહારાજ આસનપર વિરાજ્યા, ત્યારે સર્વેએ અનેક પ્રકારના તેઓને પ્રશ્નો કીધા, એટલે ચક્રવર્તી પોતે વામદેવ મુનિને કેવા પ્રકારે મળ્યો ને તેઓએ શું શું કહ્યું, પછી ગુફામાં કેમ પ્રવેશ કીધો, ત્યાં કેવાં કેવાં સંકટો નડ્યાં, પછી કેમ રત્નો પ્રાપ્ત થયાં, તે સર્વ વાર્ત્તા અથથી તે ઇતિ સૂધી માંડીને, કહી સંભળાવી. આ આનંદમાં મહોત્સવ કરાવવામાં આવ્યો. દિવ્ય વાજીંત્રો ચોમેર વાગી રહ્યાં, વિદ્યાધરીઓ થનથન નૃત્ય કરવા લાગી ને સામાન્ય લોકોએ મધુપાન કરી આનંદ આનંદ વર્તાવી દીધો.

બીજે દિવસે શુભ ચોઘડીએ, જ્યારે સર્વ ગ્રહ શત્રુને હાનિ કરતા અને પોતાનો વિજય વધારે એવા શુભ હતા અને પોતાના શત્રુની સંપત્તિનો નાશ કરનારા ને પોતાની સંપત્તિને વધારનારા હતા, તેવા મંગળકાળમાં, નરવાહનદત્તે સર્વ ક્રિયા કરી, ચઢાઈ માટે પ્રયાણ કીધું. બ્રહ્માએ બનાવેલું ઉત્તમ વિમાન, જે શિવજીએ તેનાપર પ્રસન્ન થઈ ભેટ આપ્યું હતું તેપર તે પોતે આરૂઢ થઈ, પોતાની રાણીઓ ને સેનાને લઇને, મંદારદેવનો પરાજય કરવા માટે આકાશમાં ઉડ્યો. ઘણાક પરાક્રમીઓ, અને તેના સહાયકો તેની આસપાસ ફેરી વળી

* બૌદ્ધ લોકોના ગ્રંથમાં ચક્રવર્તીના સપ્ત રત્નોના સંબંધમાં અનેક વાર લખવામાં આવ્યું છે. 'મહાવસ્તુ, નામના ગ્રંથમાં ચક્રવર્તીના આ પ્રમાણેનાં સાત રત્નો જણાવ્યાં છે:– વિમાન, હાથી, અશ્વ, રાણી, સેનાપતિ ને ઘરનો કારભારી. પણ સાતમા રત્નનું નામ નથી. તરવાર તેમાં જણાતી નથી. બીજા એક ગ્રંથમાં આ પ્રમાણે ચક્રવર્તીનાં ચૌદ રત્નો જણાવ્યાં છે, જેમાંના સાત એકેન્દ્રિ અને સાત પંચેન્દ્રિ છે. તે આ પ્રમાણે:–ચક્ર, છત્ર, ચર્મ, (ઢાલ ગેંડાની ને ૧૦૦ ટાચકાની), દંડ, અસિ (તરવાર), મણિ ને કાંગણી (કાંસકી) એ સર્વ એકેન્દ્રિ છે. સૈન્યાધિપતિ, ગાથાપતિ (વંશગોત્રાદિ વાર્ત્તા કહેનાર ભાટ), સૂત્રધાર, પુરોહિત (રાજગોર), સ્ત્રી (રાણી), અશ્વ અને ગજ (હાથી), એ સર્વે પંચેન્દ્રિ છે. નરવાહનદત્તને પ્રાપ્ત થયેલાં સપ્ત રત્ન આ છે:–સરોવર, ચંદનવૃક્ષ, ગજ, તરવાર, ચંદ્રિકા, કામિની અને વિધ્વંસ ( મોહાસ્ત્ર ).

ચાલતા હતા; નિડર ને નિમકહલાલ ગંધર્વરાજો તથા વિદ્યાધરેશો, જેઓ હરિશિખ સેનાપતિના હુકમના તાબેદાર હતા, તેઓ અને પોતાની પ્રવિણુ માતા, (સાસુ) ધનવતી સાથે, ચંડસિંહ, વીરલો પિંગળગાંધાર, બળવંત વાયુપથ, વિદ્યુત્પુંજ, અમિતગતિ, કાલકૂટરાજ મંદર અને મહાદંષ્ટ્ર, ચક્રવર્તીનો પ્રિયમિત્ર અમૃતપ્રભ અને વીરલો ચિત્રાંગદ તથા સાગરદત્ત—આ સર્વે રાજાઓ અને ગૌરિમુણ્ડના મરણુ પછી નરવાહનદત્તને શરણુ આવેલા સઘળા બીજા રાજાઓ પણ, વિજય કરવાની ઇચ્છાથી તેની સાથે પ્રેમથી આવ્યા હતા, તે સૌ પોતપોતાની સેના સાથે ચાલી નિકળ્યા. આકાશ સેનાથી છવાઈ ગયું હતું, સૂર્યનારાયણુ દર્શન દેતો બંધ પડયો હતો—તે જાણે ચક્રવર્તીના તેજનો પ્રતાપ પોતાથી શ્રેષ્ઠ જોઇ, પોતાનો પ્રકાશ શરમથી છૂપાવ્યો હોય તેવી રીતે જણાતું હતું.

ચાલતાં ચાલતાં ચક્રવર્તી નરવાહનદત્ત, દેવર્ષિનું નિવાસભૂત માનસસરોવર ઓળંગી દેવાંગનાઓના ક્રીડાસ્થાન જેવી ગંડશીળાને ઓળંગી ગયો ને હિમગિરિના ઉંચા શૃંગોને મૂકીને પોતાના યશરશ્મિપેરે ઝળાંઝળાં કરી રહેલા સ્ફટિક મણિમય કૈલાસગિરિની તલેટીમાં જઈ પહોંચ્યો. ત્યાં જતાં મંદાકિનીના તટપર તેણે પોતાની છાવણી નાંખી. મંદાકિની ખળખળ મધુરો અવાજ કરતી, પણ ધીમે ધીમે વહેતી હતી; પક્ષીઓ કીલ કીલ કરી રહ્યાં હતાં ને તેમના આનંદી સુસ્વરથી ચોમેર દિવ્ય આનંદ વ્યાપી રહ્યો હતો; ચોતરફ નવપલ્લવ વૃક્ષની ઘટ્ટ ઘટા છવાઈ રહી હતી. આ લીલાનાં દર્શન નરવાહનદત્ત કરતો હતો, તેવામાં તેની હજુરમાં વિદ્યાધરોનો એક નિપુણરાજા, નામે મંદર આવ્યો. તેણે મંજુલ સ્વરથી, મનના આનંદને વૃદ્ધિ પમાડનારું આ પ્રમાણે ભાષણુ કીધું; “ આ દેવગંગાના તટપર આજનો દિવસ આપની સેનાને વિશ્રામ લેવા દ્યો! તમોને આ યોગ્ય નથી કે આ રીતે કૈલાસપર્વત ઓળંગીને ચાલ્યા જાઓ. કેમકે આ શિવના નિવાસસ્થાનને જે કોઈ ઓળંગી જાય છે, તેની સર્વે સિદ્ધિવિદ્યા નાશ પામે છે. તમારે આ સ્થળ ઉપર થઇને ન જવું, પણ ત્રિશીર્ષા ગુફામાં થઇને જવું. તે ગુફાના દ્વારપર દેવમાય નામનો રાજા ચોકી કરે છે. તે અતિ બળીઓ છે; તેથી તેને જિત્યા વગર તમો કેમ આગળ પ્રયાણુ કરી શકશો ?” મંદરનું આ બોલવું ધનવતીએ માન્ય રાખ્યું, એટલે નરવાહનદત્તે તે દિવસે ત્યાં જ પડાવ નાંખ્યો.

જ્યારે ત્યાં નરવાહનદત્તનો પડાવ પડયો હતો, ત્યારે તેણે એક દૂત મોકલી દેવમાયને વિષ્ટિ કહેણુ કહાવ્યું. પણ આ મૈત્રિભાવનો સંદેશો તે મહાગર્વિષ્ઠે માન્ય રાખ્યો નહીં. તેથી બીજે દિવસે, યુદ્ધ માટે તૈયાર થયેલા પોતાના સર્વે રાજાઓને સાથે લઇને, નરવાહનદત્ત દેવમાયપર ચઢયો. આ ખબર જેવી દેવમાયને પડી, એટલે તે પણ લડવા માટે વરાહ, વજ્રમુષ્ટિ વગેરે ઘણાક રાજાઓને, અને બીજાઓની સેના લઇને, સામે આવ્યો. સામસામી સેના મળતાં, કૈલાસગિરિપર બંનોનું દારુણ યુદ્ધ શરુ થયું. આ સંગ્રામ જોવાને દેવતાની ભીડ આકાશમાં ઝામી હતી. તેઓના વિમાનથી આકાશ છવાઈ ગયું. લડાઇમાં જે વીરપુરુષોની ગર્જના થતી તે ભયંકર હતી અને વિદ્યાધરોના કપાયલા મસ્તકોના કરારૂપી તોફાનથી રણભૂમિ બીહામણી જણાતી હતી. ચંડસિંહે, દેવમાયનો સેનાધિપતિ વરાહ, જે મોખરે આવી અને અગ્રયોધ્ધા થઈ લડતો



હતો, ને જે પોતાના નામ પ્રમાણે અદ્ભુત કાર્ય કરતો હતો, તેના પેટમાં કટારી મારી નીચે પાડયો, તેમાં કંઇ આશ્ચર્ય જેવું નથીઃ પણ નરવાહનદત્તે, પોતાની માયિકવિદ્યાનો કશો પણ ઉપયોગ કર્યા વગર, જ્યારે દ્વંદ્વયુદ્ધમાં લડતાં, દેવમાય શિથિળ થઈ ગયો, ત્યારે તેને પકડી પોતાનો બંદીવાન કીધો. તે પકડાયો એટલે તેના લશ્કરમાં નાસાનાસ થઈ ગઈ. તેમાં કેટલાક મરણુ પણ પામ્યા. તેના મોટા સહાયક સુભટો વજ્રમુષ્ટિ, મહાબાહુ ને તીક્ષ્ણદંત વગેરે પણ નાસી ગયા. તુરત જ ગગનમંડળમાં ઉભેલા દેવતાઓએ “ જય! જય!” એવી વાણીથી વિજયી ચક્રવર્તીને આશીર્વાદ આપ્યો. જ્યારે દેવમાયને બંદીવાન કરીને પ્રતાપી ચક્રવર્તી સમીપ લાવવામાં આવ્યો, ત્યારે તેનાં બંધન છોડાવી નાંખવાનો હુકમ આપ્યો ને રાજાધિરાજે તેને ધૈર્ય આપી રુડો સત્કાર કીધો. મહાપુરુષો એ જ પ્રમાણે શત્રુપર પણ ઉપકાર કરે છે. દેવમાયે બાહુબળથી વિજય મેળવનારા ચક્રવર્તીને પ્રણામ કીધા ને તેનો દાસાનુદાસ થઇ રહ્યો. પાછળથી તેના સાથી વજ્રમુષ્ટિ આદિ પણ નરવાહનદત્તને શરણે આવ્યા.

આ રીતે રણસંગ્રામ પૂર્ણ થયું ને દિવસ પણ પૂર્ણ થયો. પછી બીજે દિવસે રાજસભામાં દેવમાય આવ્યો ને રાજાની પાસે ઉભો રહ્યો. પછી જ્યારે નરવાહનદત્ત, જે ત્રિશીર્ષા ગુફામાં પ્રવેશ કરવાને ઉત્કંઠિત હતા, તેણે તે ગુફા સંબંધી તેને વૃત્તાંત પૂછ્યું, ત્યારે તે બોલ્યો.—

## ત્રિશીર્ષા ગુફાનો ઈતિહાસ.

મહારાજ! પ્રાચીનકાળમાં આ કૈલાસગિરિની ઉત્તર તથા દક્ષિણુ બંનો બાજુની ગાદીપર બે જૂદા જૂદા વિદ્યાધરેન્દ્રો રાજ્ય કરતા હતા. એક સમે ઋષભ નામના એક રાજાએ, શિવજીનું તપ કર્યું, એટલે તે દેવે પ્રસન્ન થઈ તેને બન્ને ભૂમિનો રાજા નિર્માણુ કીધો. હવે એક દિવસે એવું બન્યું કે, તે કૈલાસગિરિ ઉલ્લંઘીને ઉત્તર દિશા તરફ જતો હતો, તેવામાં શિવજીના આ સ્થાનને અપમાન પમાડી તેનું ઉલ્લંઘન કરવાથી તેઓ કોપાયમાન થઈ ગયા. તેને લીધે, ઋષભ પોતાની વિદ્યા વિસરી ગયો, ને ગગનમાંથી હેઠળ પડયો. ઋષભે પુનઃ શિવજીની ઉગ્ર તપશ્ચર્યા કીધી અને પુનઃ શિવજીએ તેને બન્નો ભૂમિનો ચક્રવર્તી બનાવ્યો. ત્યારે તેણે નમ્રપણાથી શિવજીને વિનવ્યા કે; “ હે દેવ! મને કૈલાસગિરિ ઉલ્લંઘવાની આજ્ઞા નથી, તો મને હવે જણાવો કે કીયે માર્ગે જઇને હું મારું બન્ને પર્વત ઉપરનું રાજકાર્ય કરું ?” જ્યારે પિનાકપાણિ શિવજીએ આ પ્રમાણે તેનું કહેવું સાંભળ્યું, ત્યારે તુરત જ પોતાનું પિનાક ભોંકીને કૈલાસને ચીરી નાંખ્યો ને આ ગુફા બનાવી, જેથી ઋષભ ઉત્તરમાંથી દક્ષિણુમાં ને દક્ષિણુમાંથી ઉત્તરમાં જઈ પોતાનું રાજ્ય ચલાવી શકે.

જ્યારે શિવજીએ કૈલાસને ચીરીને આ પ્રમાણે ગુફા બનાવી, ત્યારે કૈલાસગિરિ, નિરાશ મુખડે શિવજી પાસે આવીને કહેવા લાગ્યો; “ મહાદેવ! મારી ઉત્તર બાજુમાં કોઈપણ મર્ત્યપ્રાણી જઈ શકતું નહોતું, પણ હવે ભવિષ્યમાં તો આ ગુફાદ્વારે સઘળા મને ઉલ્લંઘીને જઈ શકશે. માટે આપ આ ગુફામાં કંઇક એવી મર્યાદા કરો કે, જે કોઈ તોડી શકે નહીં ને મને પીડા કરે નહીં.” જ્યારે શિવજીએ આ પ્રમાણે કૈલાસનું કહેવું સાંભળ્યું, ત્યારે તે દેવે આ ગુફાના

રક્ષણ માટે મોટા પ્રચંડ હાથીઓ, અતિઘણા ઝેરી અજગરો અને ગુહ્યકોને, ગુફામાં મૂકયા. તે શિવાય વળી દક્ષિણ દ્વારપર માહમાય વિદ્યાધરને ને ઉત્તર દ્વારપર અપરાજિતા કાળરાત્રિ ચંડિકાને ચોકી કરવાને બેસાડી, કે જેમને જિત્યા વગર કોઈ એકબાજુથી બીજીબાજુએ જઈ શકે નહીં.

આ પ્રમાણે શિવજીએ આ ગુફાનું સંરક્ષણ કીધું. ત્યાર પછી વળી વિશેષમાં તેના સંરક્ષણ માટે મહારત્નો ઉપજાવ્યાં ને નિયમ બાંધ્યો કે, “ આ ગુફા બંનો બાજુથી તે જ ઉઘાડી શકશે, કે જે આ રત્નો મેળવી શકશે. વિદ્યાધરનો ચક્રવર્તી, તેની રાણીઓ, તેના મનુષ્યો અને ઉત્તર પર્વતની બાજુએ જે કોઇને નીમવામાં આવે તે જ એ દ્વારથી જઈ આવી શકશે; પણ આ જગતમાં તે શિવાય બીજો એવો કોઈ નથી કે જે જઈ શકે.” તે ત્રિલોચન પ્રભુએ આ પ્રમાણે મર્યાદા બાંધ્યા પછી, ઋષભ ત્યાંથી વિદાય થયો, પણ તે અત્યંત ગર્વિષ્ઠ બની ગયો. તે પોતાના સ્વાબમાં દેવલોક સામા યુદ્ધ કરવા ગયો. તે યુદ્ધમાં ઇંદ્રે તેને ઘાયલ કરી મૃત્યુવશ કીધો! આ પ્રમાણેનો ત્રિશીર્ષા ગુફાનો ઇતિહાસ છે; અને એ ગુફા આપના જેવા, હે દેવ ! ચક્રવર્તી સિવાય બીજાઓથી ઉલ્લંઘી શકાતી નથી.

વખત વીતતાં ગુફાના દ્વારપર ચોકી કરવાને નિર્માણ કીધેલા માહમાયને ત્યાં મારો જન્મ થયો છે. મારું નામ દેવમાય પાડવામાં આવ્યું. મારા જન્મ ટાંકણે આકાશવાણી થઈ કે,– “ વિદ્યાધર કુલોત્પન્ન આ કુમારનો કોઇપણ પરાજય કરી શકશે નહીં; પણ જે કોઈ એને જિતશે તે આ વિદ્યાધરોની બંનો ભૂમિનો ચક્રવર્તી નિર્માણ થયેલો છે એમ જાણવું અને એ કુમારે તેને પોતાનો રાજાધિરાજ સમજીને તેને તાબે રહેવું !” હું જ તે દેવમાય છું. આકાશવાણી પ્રમાણે તમે મારો પરાજય કીધો છે, તમોએ રત્ન પણ સિદ્ધ કીધાં છે; તેથી સિદ્ધ થાય છે કે, આપ કૈલાસગિરિની બંનો બાજુના પ્રતાપી રાજેન્દ્ર છો; અને અમો સર્વના પણ તમેજ રાજેન્દ્ર છો ! હવે આપ ચાલો અને આ ત્રિશીર્ષા ગુફાને ઉલ્લંઘો અને આપના બાકીના શત્રુઓનો પરાજય કરો.

દેવમાયે આ પ્રમાણે ગુફાનો ઇતિહાસ જ્યારે કહી સંભળાવ્યો, ત્યારે ચક્રવર્તીએ કહ્યું; “હમે જલદીથી કુચ કરીશું, પણ હમણાં તો ગુફાના દ્વારપર પડાવ નાખીશું અને કાલે પ્રભાતના યોગ્ય વિધિએ ક્રિયા કર્યા પછી ગુફામાં પેસીશું.” આ પ્રમાણે કહીને નરવાહનદત્તે સેનાનો પડાવ ઉઠાવી ગુફાના મુખપર છાવણી કીધી. તેણે ગુફામાં દૃષ્ટિ કીધી તો સૂર્યચંદ્ર રહિતના પ્રલયકાળના અંધારાની એક જન્મ ભૂમિ હોય ને ઘોર અંધકાર વ્યાપી જાય, તેવી રીતે તેમાં અંધકાર વ્યાપેલો જોવામાં આવ્યો.

બીજે દિવસે સ્નાન સંધ્યા કરી, રીતિસરની પૂજા કરીને નરવાહનદત્ત પોતાના સાથીઓને સંગે લઇને વિમાનમાં બેઠો ને સિદ્ધ કરેલા સપ્ત રત્નોનું સ્મરણ કરીને ગુફામાં ચાલવા માંડયો. ચંદ્રિકાનું સ્મરણ કીધું, એટલે તેણે આવીને અંધકારનો નાશ કીધો; ચંદનવૃક્ષે ઝેરી અજગરોની દાઢોને શીતળ કરી દીધી, દિશાના દિગ્ગજોને રત્નહાથીએ મારી હઠાવ્યા; ગુહ્યકોનો તરવારે



નાશ કીધો અને બીજાં વિઘ્નોને બીજા રત્નોએ દૂર કીધાં. એ રીતે તેણે ગુફા પસાર કીધી; ને તે ઉત્તર તરફના દ્વારપર આવી પહોંચ્યો. તે જ્યારે ગુફામાંથી બહાર નિકળ્યો ત્યારે કૈલાસગિરિનું ઉત્તર તરફનું પડખું જણાયું, તે જાણે પુનર્જન્મ થયા પછી નવી દુનિયા જણાય તેવું જણાતું હતું. તે વેળાએ તુરત આકાશવાણી થઇ કે, “ધન્ય ધન્ય! ચક્રવર્તિ! દેવનિર્મિત રત્નોના પ્રભાવથી તું આ ગુફામાંથી સહિસલામત બહાર નિકળ્યો છે ! તારો જય ! જય !”

ત્યાર પછી ધનવતી અને દેવમાયે ચક્રવર્તીને કહ્યું; “મહારાજ! આ ગુફાના આ દરવાજાપર નિરંતર ચોકી કરનારી કાળરાત્રી છે. પૂર્વે જ્યારે દેવ અને દાનવોએ સમુદ્રમંથન કીધું ને તેમાંથી અમૃત નિકળ્યું, ત્યારે દૈત્યો તે છીનવી લેવાને તૈયાર થયા હતા. તે વેળાએ, શ્રી વિષ્ણુએ તેને એ અર્થે પ્રકટાવી હતી, કે એ દૈત્યરાજોના ફુરચેફુરચા ઉરાડી દે. હમણાં તેને શિવજીએ અત્ર ચોકી કરવા નીમી છે; એટલા માટે કે આપના જેવા પૂર્ણ પ્રતાપી સિવાય બીજો કોઈ અત્રેથી જઈ શકે નહીં. તમો અમારા ચક્રવર્તી છો; ને સર્વ રત્ન પ્રાપ્ત કરેલાં છે; વળી આવી ભયંકર ગુફામાંથી સુખરૂપ પસાર થયા છો; તેથી વિજય મેળવવા માટે પૂજ્ય કાળરાત્રીની અવશ્ય પૂજા કરો!”

આ પ્રમાણે ધનવતી ને દેવમાયે નરવાહનદત્તને જણાવ્યું, તેટલામાં તો સંધ્યાકાળ થઈ ગઈ. કૈલાસગિરિના ઉત્તર તરફનાં શૃંગો સંધ્યાકાળની લાલાસથી લાલચોળ થઈ ગયાં. તે જાણે ભવિષ્યના રણસંગ્રામથી લોહીથી ભીંજાયલાં હોય તેવાં જણાતાં હતાં. ગુફાના અંધકારનો મહાપરાજય કરીને નરવાહનદત્ત હજી હમણાં જ બહાર આવ્યો હતો; તેના તાજા ને નવા વૈરથી ધુંધવાઇને અંધકારે વિશેષ બળવાન્ થઇને ચોમેરથી રાજાની સેનાને ઘેરી લીધી. કાળરાત્રીની પૂજા નરવાહનદત્તે કીધી નહીં, તેથી કોપાયમાન થઇને તેના અંકુરરૂપે જન્મેલા ભૂત, વૈતાળ, ડાકણો ને શિયાળવાં ચોમેર ભટકવા લાગ્યાં. એક ક્ષણમાં તે નરવાહનદત્તની સકળ સેના મોહવશ થઇ પડી ! સૌ ઘોરવા લાગ્યાં. નરવાહનદત્ત જ માત્ર જાગૃત હતો ને તેની સર્વે ઇંદ્રિયો સાવધ હતી. તેણે પોતાની સેનાની આ રીતે અવદશા જોઇને મનમાં વિચાર કર્યો કે; ‘મેં કાળરાત્રિનું પૂજન કીધું નહીં, તેથી તે ક્રોધાયમાન થઈ છે, ને તેના ક્રોધથી આ દશાને પામ્યા છીએ, માટે તેનું પૂજન કરી ક્ષમા માગું.’ આમ વિચારી વાણીરૂપ પુષ્પથી તે, તે દેવીની આ પ્રમાણે સ્તુતિ કરવા મંડી ગયો.

आशिरश्चक्रसंचारचतुरा प्रणवाकृतिः ।
त्वं प्राणशक्तिर्जन्तूनां जीवनी त्वां नमाम्यहम् ॥
स्रवन्महिषकण्ठास्रधाराभिस्त्रिशिखास्त्रिभिः ।
आश्वासितत्रिभुवने दुर्गारूपे नमोऽस्तु ते ॥
रुरुरक्तभृतश्रान्तकरास्थितकपालया ।
नृत्यन्त्या त्रिजगद्रक्षापात्रयेव जितं त्वया ॥

ऊर्ध्वाक्षिदीप्तिदीपाढ्यकपालाकालरात्र्यपि ।
कपालहस्ता सार्केन્दुरिव भासि भवप्रिये ॥

"હે દેવી ! તમે શત્રુઓના મસ્તકપર્યંત ચક્ર ચલાવવામાં ચતુર છો, ૐકારરૂપમૂર્તિ છો. અને પ્રાણીઓને જીવાડનારી પ્રાણશક્તિ છો, તેવાંને હું પ્રણામ કરું છું! મહિષાસુરના કંઠમાં ત્રણ ધારવાળું ત્રિશૂળ મારીને ઝરતી શોણિત ધારાઓથી ત્રણ ભુવનનું આશ્વાસન કર્યું છે, એવાં હે દુર્ગારૂપી દેવિ ! તમને નમસ્કાર હો! તમે રુરુ નામના દૈત્યના લોહીથી ભરેલી અને ત્રણ જગતને રક્ષણ કરવાનું પાત્ર હોય તેના જેવી ખોપરીને હાથમાં લઇને નૃત્ય કરો છો; આપે જગતને જિત્યું છે; હે શંકરપ્રિયા ! તમારા હાથમાં કપાળ છે અને તમે કાળ-રાત્રિ છો, છતાં પણ તમારા લલાટમાં અત્યંત પ્રકાશમાન ઉર્ધ્વનેત્રરૂપી ઉજ્વળ અને ઉત્તમ દીપક છે, તેથી તમે સૂર્ય અને ચંદ્રમા સહવર્તમાન હો તેવાં ભાસો છો ( હું તમને વંદન કરું છું. )

આ રીતે જો કે તેણે કાળરાત્રીને પ્રસન્ન કરવા માટે પ્રેમપૂર્વક સ્તુતિ કીધી, તોપણ તે દેવી પ્રસન્ન થઈ નહિ. ત્યારે પોતાના મસ્તકનું બળિદાન આપવાનો તેણે વિચાર કીધો. તે કાર્ય કરવા માટે પોતાની તરવાર મ્યાનમાંથી બહાર કાઢી. આ પ્રમાણે નરવાહનદત્તને સાહસ કરતો જોઇ તે દેવી બોલી; "પ્રિય વત્સ ! તું આ પ્રમાણે સાહસ કર્મ કર નહીં. હે વીર ! હું તારાપર પ્રસન્ન થઈ છું ને આજ્ઞા કરું છું કે, તારી સેના મુર્છામાંથી મુક્તિ પામો! તું વિજયી હો !" અને તત્ક્ષણે તેની સેના જાણે નિદ્રામાંથી જાગૃત થઈ હોય તેમ ઉઠી ઉભી થઈ. તે જોઈ તેની રાણીઓ અને તેના મિત્રો ને વિદ્યાધરેશોએ ચક્રવર્તીનાં બહુ બહુ વખાણ કીધાં. પછી નરવાહનદત્તે ખાઈ પી તથા બીજાં અગત્યનાં કામકાજ કરીને તે રાત્રી પૂરી કીધી. તે રાત્રી ત્રણ પહોરની છતાં સો પહોર જેવી લાંબી લાગતી હતી.

બીજે દિવસે પરોઢીયામાં કાલરાત્રીનું પુનઃપૂજન કરી, નરવાહનદત્ત પોતાની સેના લઇને, ધૂમશિખ,* જે પોતાનું વિદ્યાધરોનું સૈન્ય લઇને સામો આવ્યો હતો તેની સાથે લડવાને નિકળ્યો. ધૂમશિખ, એ મંદારદેવનો મુખ્ય સહાયક હતો. તેણે ચક્રવર્તીને આગળ વધતો અટકાવ્યો અને યુદ્ધારંભ કીધો. પરસ્પર એવું તો દારુણ યુદ્ધ થયું કે, આકાશ તરવારોથી છવાઈ ગયું; અને પૃથ્વી વીરલાઓના મસ્તકથી ચીકાર થઈ ગઈ; અને યોદ્ધાઓનો "મારો! મારો! કાપો! કાપો!" સિવાયનો બીજો સ્વર સંભળાતો નહોતો. ચોમેરથી લોહીની નદીઓ વેહવા માંડી, વીરલાઓનાં મસ્તકો ડાકણીસાકણીના સંબંધથી અદ્ધર ઉડવા લાગ્યાં; આકાશ પૃથ્વી એકાકાર ગઈ ગયાં.

દારુણ સંગ્રામ થયા પછી, લડાઇના કેદી તરીકે ધૂમશિખને બંદીવાન કરીને ચક્રવર્તીએ પકડી આણ્યો. ધૂમશીખ મરણથી ઉગરીને ચક્રવર્તીને શરણ ગયો ને પોતાનું મસ્તક તેમના

* ધુમાડાની શિખા અર્થાત્ અગ્નિ.



ચરણમાં મૂક્યું અને કહ્યું; "રાજ! હું તમારો તાબેદાર છું !" એટલે ચક્રવર્તીએ તેને મુક્ત કીધો ને પછી તેને, તેને માર્ગે જવા દીધો. તે રાતના નરવાહનદત્તે ધૂમશિખના નગરમાં જ પડાવ નાંખ્યો ને જેમ અગ્નિમાં લાકડાં બળી ગયા પછી તે જેમ શાંત થાય છે, તેમ ધૂમશિખ, પોતાનો દર્પ ભંગ થયાથી શાંત જણાતો હતો. તે રાત્રીએ રાજાએ ત્યાં જ રહી આહારવિહાર કીધો.

### મંદારદેવ સાથે યુદ્ધ.

બીજે દિવસે નરવાહનદત્તે, દૂતો મારફતે સાંભળ્યું કે, આ સર્વ વર્તમાનની જાણ થવાથી, મંદારદેવ યુદ્ધ માટે આગળ વધે છે! એટલે તેને જિતવાનો દઢ નિશ્ચય કરી, તે પોતાની વિદ્યાધરસેના સહિત તેની સામે ગયો. થોડે આગળ વધતાં, મંદારદેવની સેના, જેમાં તેના સહાયક રાજાઓ પણ હતા, તે દૃષ્ટિગોચર થઈ. તેઓ વ્યૂહરચના રચતા હતા. તે સેનાને તોડે એવી વ્યૂહરચના નરવાહનદત્તે પોતાની સેનાની કરી અને પછી પોતાના સાથી રાજાઓને લઇને તે એકદમ આગળ ધસ્યો ને શત્રુની સેનાપર તૂટી પડ્યો! બન્ને સેના વચ્ચે મહાદારુણ યુદ્ધ શરુ થયું અને પ્રલયકાળને સમયે જેમ મહાસાગર ગર્જના કરે છે ને પોતાની મર્યાદા છોડી દે છે, તેમ ગર્જના થવા લાગી. યોધાઓ મીન-હદ ઓળંગી ગયા. એક બાજુએ ચંડસિંહ આદિ બીજા સુભટો લડતા હતા, બીજી બાજુએ કાંચનદંષ્ટ્ર વગેરે વીરલાઓ ઘૂમતા હતા. આ વખતનું યુદ્ધ, પ્રલયકાળના પવન સમાન હતું. યોધાઓના પગપ્રહારથી ત્રણભુવન કંપવા ને હિમાચળાદિ ગિરિઓ ખળભળવા લાગ્યા. વીરલાઓના અંગમાંથી લોહીની ધારા વહેવા લાગી! કૈલાસગિરિની એક બાજુ લાલ રંગથી રંગાઈ ગઈ, પણ બીજી બાજુ વિભૂતિ જેવી સફેદ જણાતી હતી. તેથી જાણે તે પર્વત પોતે પણ ગૌરી ને શંકરનું અનુકરણ કરતો હોય તેવો જણાતો હતો. આ મહાસંગ્રામમાં, તરવાર અને નેજાઓના પ્રકાશથી, અનેક સૂર્યનાં પ્રતિબિંબ જણાતાં હતાં તેથી, તે સંગ્રામ શૂરવીરોને પ્રલયકાળ જેવો થઈ પડયો હતો. આવું દારુણ સંગ્રામ જોવાથી, નારદાદિક દેવતાઓ, કે જેઓ આ યુદ્ધ જોવાને આકાશમાં ઉભા હતા તેઓ, જોકે દેવાસુર નામના યુદ્ધના સાક્ષીઓ હતા તોપણ, આશ્ચર્યમાં ગરકાવ થઈ ગયા.

આવી રીતના ભયંકર યુદ્ધમાં, સમર્થ ઝપાઝપી થયા પછી, ચંડસિંહ આગળ વધ્યો. કાંચનદંષ્ટ્ર તેની સામે ધસ્યો. તેણે ચંડસિંહના મસ્તકપર એક ગદાનો પ્રહાર કીધો ને તેને ભૂ ચાટતો કીધો. જ્યારે ધનવતીએ જોયું કે, તેનો પુત્ર ગદાપ્રહારથી પડયો છે, ત્યારે તેણે મોહાસ્ત્ર મૂકીને બંનો સેનાને મૂર્છિત કરી દીધી. નરવાહનદત્ત, પોતાના ચક્રવર્તીના પ્રતાપને યોગે મોહવશ થયો નહોતો, તેમ જ મંદારદેવ પણ સામી બાજુએ જાગૃત રહ્યો હતો. ધનવતી, જે ત્રણેલોકનો સંહાર કરવામાં પૂર્ણ શક્તિમાન્ હતી, તેને ક્રોધથી લાલચોળ થયેલી જોઇને, આકાશમાં ઉભેલા દેવતાઓ પણ નાસભાગ કરવા મંડી પડ્યા.

જ્યારે મંદારદેવે જોયું કે, નરવાહનદત્ત માત્ર એકલો જ છે, તેનો કોઈ પણ સહાયકારક તેની પાસે નથી, ત્યારે નગ્ન શસ્ત્ર ઉગામી તે તેની તરફ વળ્યો. તેને જોતાં જ નરવાહનદત્ત વિમાનમાંથી ઉતરી પડયો ને મ્યાનમાંથી તરવાર-જે પોતાને પ્રાપ્ત થયેલા સપ્ત રત્નમાંની એક

હતી તે-બહાર ખેંચી કાઢી અને પોતાના શત્રુને મળવાને ધસ્યો. મંદારદેવ, જે માયાવી હતો ને માયાથી જ વિજય કરવાની ઇચ્છા રાખતો હતો તેણે, પોતાની માયિકવિદ્યાને યોગે, મદોન્મત્ત હાથીનું સ્વરૂપ ધારણ કર્યું. નરવાહનદત્ત, જે પોતે પણ માયિક વિદ્યામાં નિપૂણ છે તેણે, આ પ્રમાણેનો ખેલ જોયો ત્યારે, તેણે પણ પોતાની વિદ્યાના પ્રભાવથી સિંહનું મોટું ભયંકર સ્વરૂપ ધારણ કર્યું. પછી મંદાર હાથીના કુંભસ્થળપર થાપો માર્યો. એ જોઇ મંદારદેવે પોતાનું હાથીનું સ્વરૂપ ત્યજી દીધું. નરવાહનદત્તે પણ સિંહસ્વરૂપ તજ્યું. બંનો જણ પોતપોતાના મૂળ સ્વરૂપે લડવા લાગ્યા. જેમ બે નટવા રંગભૂમિમાં ઉભા રહીને નાના પ્રકારનું મુગ્ધનર્તક કરતા હોય, તેમ હાથમાં ખડ્ગો પકડીને, દરેક પ્રકારની પટાબાજી ખેલતા તથા મુષ્ટિયુદ્ધ કરતા બંનો સુભટો શોભતા હતા. થોડીવારમાં આ પ્રમાણેનું મુગ્ધનર્તક થયા પછી, નરવાહનદત્તે હસ્તલાઘવથી,* મંદારદેવના હાથમાંની, વિજયનું મોટું ચિહ્ન દર્શાવનારી તરવાર પડાવી લીધી. મંદારદેવે, આ પ્રમાણે પોતાની તરવાર તેણે પડાવી લીધેલી જોઈ કે, તે જ યુક્તિથી નરવાહનદત્તનું ખડ્ગ છીનવી લીધું. નવીન ચક્રવર્તી કંઇ ગાંજ્યો જાય તેવો નહોતો. તેણે તુરત જ એ જ પ્રકારની તાલીમની યુક્તિથી તેનું ખડ્ગ પણ છીનવી લીધું. આ રીતે મંદારદેવ શસ્ત્ર રહિત થઈ ગયો, એટલે તે ઘણા ક્રોધથી બાહુયુદ્ધથી લડવા લાગ્યો. લડતાં લડતાં નરવાહનદત્તે તેને બે ઘુટણમાંથી પકડી જમીનપર ચત્તોપાટ નાંખી દીધો.

ચક્રવર્તીએ તેની છાતીપર પગ મૂક્યો ને પછી તેના કેશ પકડી તેનું મસ્તક કાપવા તૈયાર થઈ ગયો છે, એટલામાં મંદારદેવની કુંવારી બહેન મંદારદેવી, તેની તરફ દોડતી દોડતી આવી અને તેને એ કર્મ કરતાં અટકાવીને બોલી; "મહારાજ! જ્યારે મેં આપને સિદ્ધક્ષેત્રમાં તપશ્ચર્યા કરતાં નિહાળ્યા હતા, ત્યારેજ મેં મનમાં નિશ્ચય કીધો હતો કે, આપ મારા પ્રાણનાથ છો. માટે મારા નાથ! પ્રાણ! તમો તમારા સાળાનો વધ કરતા નહીં!" જ્યારે દઢ ઠરાવના રાજાને આ પ્રમાણે તે કમળાક્ષીએ વિનતિ કીધી, ત્યારે તત્ક્ષણે તેણે મંદારદેવને છોડી દીધો. મંદારદેવ પોતાના પરાજયથી શરમાઇને નીચું જોઈ રહ્યો, ત્યારે નરવાહનદત્તે તેને કહ્યું; "વિદ્યાધરેશ! હું તમોને મુક્ત કરું છું અને એથી હવે આપ જરાપણ શરમાશો નહીં. હોય! રણમાં એકનો વિજય અને એકનો પરાજય થાય છે! એ કંઈ માણસના હાથમાં નથી, માટે ઉદાસીનતા તજો!" જ્યારે નરવાહનદત્તે આ પ્રમાણે કહ્યું, ત્યારે મંદારદેવ બોલ્યો; "ઠીક બોલ્યા, પણ જ્યારે રણસંગ્રામમાં મારી જીંદગીનું રક્ષણ એક સ્ત્રીએ કર્યું, ત્યારે હવે મારી આ જીન્દગી શા કામની વારુ? હવે, હું તો તપોવનમાં, જ્યાં મારા પિતાજી તપશ્ચર્યા કરે છે ત્યાં જઈ તપ કરીશ; અને તમો બંને પ્રદેશના નિર્માણ ચક્રવર્તી થયા છો તો અત્ર સુખેથી રાજ્ય કરો!! બેશક, આ પ્રમાણે બનશે જ, એવું મને મારા પિતાજીએ ઘણા સમય પૂર્વે કહ્યું હતું. આજે તેવું જ બન્યું છે, તો હવે શોચ શો કરવો?" જ્યારે આ પ્રમાણે તે ગર્વિષ્ઠ રાજાએ કહ્યું, ત્યારે નરવાહનદત્તે તેનું ઘણું માન રાખ્યું. પછી મંદારદેવ પોતાના પિતા

* પટાબાજીની કુશળતા.



પાસે તપોવનમાં ચાલ્યો ગયો. તત્સમયે ગગનમંડળમાં આ યુદ્ધ જોવાને આવેલા દેવતાઓએ કહ્યું; "ધન્ય ધન્ય! મહાચક્રવર્તી! તેં તારા સર્વ શત્રુઓને જિત્યા છે અને મહારાજ્ય પ્રાપ્ત કીધું છે! તારો જય જયકાર હો!" એમ કહી પુષ્પવૃષ્ટિ કીધી.

જ્યારે મંદારદેવ તપોવનમાં ગયો, ત્યારે ધનવતીએ પોતાની માયિક વિદ્યાના પ્રભાવથી પોતાના પુત્ર તથા સેનાને મૂર્છામાંથી જાગૃત કીધાં. તુરત નરવાહનદત્તના મિત્રો, સહાયકો અને બીજા સર્વે, જેમ નિદ્રામાંથી ઉઠે તેમ ઉઠયા. તેઓએ જોયું તો જણાયુંકે, શત્રુનો સંપૂર્ણ પરાજય થયો છે. તત્ક્ષણે તેઓ સર્વે, પોતાના સ્વામીનો મહાવિજય દર્શાવનારો જય પોકારવા લાગ્યા:- "ચક્રવર્તી વિદ્યાધરેન્દ્ર મહારાજાધિરાજ નરવાહનદત્તનું રાજ અમર તપો!" મંદારદેવના પક્ષરાજાઓ કાંચનદંષ્ટ્ર, અશોકક, રક્તાક્ષ, કાલજિહ્વા અને બીજાઓએ નરવાહનદત્તને શરણ આવી તેના ચરણમાં પ્રણામ કીધા. પણ જ્યારે ચંડસિંહે કાંચનદંષ્ટ્રને જોયો, ત્યારે તેણે પૂર્વમાં પોતાને કરેલો ગદાનો પ્રહાર યાદ આવ્યો તે અત્યંત ક્રોધાયમાન થઇ પોતાની અજિત્ય તરવારને મજબૂતાઇથી હાથમાં પકડીને તેની સામા ધસ્યો. ધનવતીએ પોતાના પુત્રને વાર્યો અને કહ્યું, "ક્રોધથી મુક્ત થા, મારા પ્રિયપુત્ર! રણસંગ્રામમાં તને જિતે એવો કોણ માઇનો પૂત છે? પણ મેં જ મારી યોગવિદ્યાને લીધે. બંને સેનાનો સંહાર થતો અટકાવવાને માયા રચી હતી, તેમાં કોનો દોષ હોય?" આ પ્રમાણેનાં શ્લાઘાનાં વચનો બોલીને તેણે પોતાના પુત્રના ક્રોધને શાંત પમાડ્યો, અને પોતે કેવી માયા રચી હતી તે કહી સંભળાવી. તે સાંભળી નરવાહનદત્ત અને બંનો સેનાને બહુ આનંદ ઉપજ્યો. એમ નરવાહનદત્તને, શિવજીના નિવાસસ્થળ કૈલાસની ઉત્તર તરફનું પોતાને રાજ્ય પ્રાપ્ત થયું અને તેના શત્રુનો પરાજય થયો હતો. કેટલાકો નાસી ગયા ને કેટલાકો મરણ પામ્યા હતા. તેના મિત્રોમાંના કોઇને, કંઈપણ હાનિ થઈ નહીં, તે જોઇને તે અત્યંત આનંદમાં આવી ગયો. શત્રુપર મહાવિજય મેળવ્યો, તેના ઉત્સવ માટે ચોમેરથી સુંદર ઢોલ નગારાં ગડગડી રહ્યાં; ગાંધર્વ ને સુંદર વિદ્યાધરીઓ રાગતાનથી આનંદ ઉપજાવવા લાગી. પછી મહાવિજયી ચક્રવર્તીએ, વિજય ઉત્સવ કરી મોજમઝામાં પડી, પોતાની રાણીઓ ને પ્રધાનો સાથે, વૈરિગણના પ્રતાપના જેવી લાલચોળ મદિરાનું પાન કરવા કરાવવામાં ને વૈભવ ભોગવવામાં તે સારો દિવસ નિર્ગમન કીધો.

## તરંગ ૨ જો.

## મહાભિષેક.

બીજે દિવસે ચક્રવર્તી નરવાહનદત્તે, પોતાની સેના સાથે કૈલાસગિરિપરથી ઉઠાંતરી કીધી અને કાંચનદંષ્ટ્રની સલાહ પ્રમાણે તેને બતાવેલે માર્ગે, મંદારદેવની વિમળપુરીમાં પ્રવેશ

કીધો. તે નગરમાં પ્રવેશ કીધો ત્યારે જાણે કૈલાસગિરિને શોભા આપવા માટે સુમેરુગિરિ ત્યાં આવ્યો હોયની શું, તેમ તે નગરી સુવર્ણના ઝગારાથી ઝળાંઝળાં કરી રહી હતી; તેમાંના ભુવનો દિપાયમાન જણાતાં હતાં! અતિશય ગંભીર અચ્યુત લક્ષ્મીથી વિરાજમાન અસંખ્ય રત્નોના ધામરૂપ મહાસાગર જેવા તે નગરમાં પ્રવેશ કરી, તે રાજભુવનમાં પેઠો. પછી ત્યાંની અલૌકિક સભામાં જઈ એક દિવ્યાસનપર તે વિરાજમાન થયો. તે જ્યારે અલૌકિક રાજસભામાં બેઠો હતો, ત્યારે તેની આસપાસ અનેક વિદ્યાધરેશો તેને પ્રણામ કરતા બિરાજ્યા હતા, બંદીગણો તેની સ્તુતિના, પ્રૌઢ કવિતોથી સભાસ્થાનને ગજાવી રહ્યા હતા. સભામાં જૂદી જૂદી ચરચા ચાલતી હતી, તેવામાં રણવાસની એક વૃદ્ધ ડોસીએ પાસે આવીને, નમ્રપણાથી ચક્રવર્તીને કહ્યું; "મહારાજ! તમોએ મંદારદેવનો પરાજ્ય કીધો ને તે તપોવનમાં ચાલ્યો ગયો છે એ વાત સાંભળીને, તેની રાણીઓ અગ્નિભક્ષણ કરવાને તૈયાર થઈ છે! આ વાર્તા આપ મહારાજને હું નિવેદન કરવા આવી છું. હવે આપને યોગ્ય લાગે તે કરો!" આ વાર્તા સાંભળીને તુરત જ નરવહાનદત્તે પોતાના રાજાઓને મોકલી, તે રાણીઓને આત્મઘાત કરીને મરતાં અટકાવી અને સર્વેને રહેવાને સારાં સારાં ભવનો આપ્યાં. પુષ્કળ બક્ષીસ આપી, અને તેઓને બહેન પ્રમાણે ગણી. આ કૃત્ય કરવાથી આખા વિદ્યાધર વર્ગનો તે પૂર્ણ પ્યારો થઈ પડ્યો ને તેઓ તેના પૂર્ણ આજ્ઞાંકિત થઈ ગયા.

તે પછી ગુણજ્ઞ મહારાજે, અમિતગતિ, જે પૂર્ણ કૃતજ્ઞ હતો, પોતાનો સર્વ પ્રકારે સહાયકારક હતો, તે સાથે વળી મંદારદેવના રાજ્ય ઉપર તેને પ્રથમથી જ શિવજીએ નિર્માણ કીધો હતો, તેનો અભિષેક કીધો. વળી મંદારદેવના સહાયક કાંચનદંષ્ટ્ર આદિ રાજાઓ, જે તેને પોતાને શરણે આવેલા હતા તેઓને, તેના આજ્ઞાંકિત થવાની ભલામણ કરી, તે સર્વેને અમિતગતિના એકનિષ્ઠ ભક્ત બનાવ્યા. પછી કૈલાસપર્વતની ઉત્તર બાજુની નવી રાજ્યલક્ષ્મીથી અલંકૃત થઈ, નવી રાણી સાથે તે સાત દિવસ સૂધી વનઉપવનમાં ફરી, નવનવા આનંદ વિલાસ વૈભવ ભોગવવામાં તલ્લીન થઈ ગયો.

જોકે એને વિદ્યાધરેન્દ્રપદ પ્રાપ્ત થયું હતું, અત્યંત લક્ષ્મી મળી હતી, તોપણ તેથી તૃપ્ત નહીં થતાં, વિશેષ મોટી પદવી મેળવવાપર તેનું મન દોડ્યું. દેવતાઓના નિવાસસ્થાન મેરુપર્વતપર ચઢાઇ કરવાની તેની મરજી થઈ. તેના મંત્રીઓએ તેને ઘણો ઘણો સમજાવ્યો, તોપણ તે એકનો બે થયો નહીં. તેને તો મેરુ જિતવાનો જ વિચાર કાયમ રાખ્યો. તેજસ્વી મનુષ્યો, પોતાને અત્યંત પ્રાપ્ત થાય છે તોપણ વિશેષ પ્રાપ્ત કરવાથી પાછા હઠતા નથી: જેમ દાવાનળ ઘણો વૃદ્ધિ પામે છે, ત્યારે સર્વને પોતાના સપાટામાં લે છે તેમ.

આમ નરવાહનદત્તને વિજય કરવાની ઉત્કંઠા વૃદ્ધિ પામવા લાગી, તેવામાં એક સમયે મુનિ નારદ ત્યાં પધાર્યા. તેઓએ તેને કહ્યું; "રાજમણિ! તમો નીતિવેત્તા થઈને આવો અણઘટતો વિચાર કેમ કરો છો? જે કાર્ય બનવું અશક્ય છે, પણ પોતાના બળને લીધે શક્ય ધારતો હતો તેવો રાવણ, જેમ કૈલાસને તેના જડમૂળથી ઉપાડવાને તૈયાર થયો હતો ને



અપમાનને પામ્યો હતો, તેમ કાર્યશક્તિનો ન વિચાર કરનાર અપમાનને પામે છે. મેરુપર્વતને ઓળંગવો સૂર્યચંદ્રને પણ મુસ્કેલ છે, તો તમે તે કીસ ગણતીમાં? વિશેષમાં, શિવજીએ તમોને દેવતાઓપર રાજ્ય કરવાને નિર્માણ કીધા નથી, પણ વિદ્યાધરોની ભૂમિ હિમાચળને જિતી લેઈ, તેપર રાજ્ય કરવાને નિમ્યા છે, તો હવે દેવતાઓના નિવાસસ્થાન મેરુને જિતવા જવાનું શું કારણ છે? તમારા મનમાંથી આ કલ્પિત ભાવના કાઢી નાંખો. વિશેષમાં કહું છું કે, જો તમે તમારા કલ્યાણ માટે ઉત્કંઠિત હોવ તો, તમે જઇને મંદારદેવના પિતા અકંપનનાં દર્શન કરો, તેને પ્રણામ કરો, તે હમણાં તપોવનમાં બિરાજે છે." જ્યારે નારદમુનિએ આ પ્રમાણે કહ્યું, ત્યારે તેની તે સલાહ તેણે માન્ય કરી. પછી મુનિ તેને આશીર્વાદ આપી, જે દિશામાંથી આવ્યા હતા તે તરફ પાછા ગયા.

રાજનીતિનિપૂણ ચક્રવર્તીને જ્યારે આવું સાહસ કરવાથી નારદમુનિએ વાર્યો અને ઋષભના નાશની જે કથા દેવમાયના મુખથી તેણે સાંભળી હતી તેનું સ્મરણ થયું, ત્યારે પોતાના મન સાથે ખૂબ વિચાર કીધો અને પછી, તેણે દેવલોકપર ચઢાઈ કરવાનો વિચાર જ છોડી દીધો. અકમ્પન મુનિનાં દર્શન માટે તે તપોવનમાં ગયો. નારદની શિક્ષા પ્રમાણે તે તે તપોવનમાં પહોંચ્યો ત્યારે જોયું તો પદ્માસન વાળીને તપશ્ચર્યા કરવામાં તલ્લીન થઇને અનેક મુનિઓ, બ્રહ્માને વિંટી વળીને બેઠા હોય તેવી રીતે, બિરાજમાન થયેલા અકમ્પન મુનિનાં દર્શન થયાં. મુનિઓની મધ્યમાં બ્રહ્મદેવ જેવા અકંપન મુનિ બિરાજેલા હતા; તેઓ વૃદ્ધ થઈ ગયા હતા; તેમણે શરીરે વલ્કલ ધારણ કર્યાં હતાં; જટા ઝૂલી રહી હતી, તેથી જાણે મુનિઓના મહાવૃક્ષ જેવા તેઓ શોભતા હતા. નરવાહનદત્ત તે મુનિ સમીપ ગયો અને પ્રણામ કીધા. પછી પ્રેમથી તેમનું પૂજન કીધું. તે રાજર્ષિએ પણ તેનો રુડો સત્કાર કીધો; અને પછી બોલ્યા, "આ તપોવનમાં આવવામાં, હે રાજન્! તમે ઘણું રુડું કીધું છે! જો તમે આ મુનિઓનો અનાદર કીધો હોત તો, બેશક સર્વે તમને શાપ દેત ને તમારું તેથી બહુ અકલ્યાણ થાત!"

આ પ્રમાણે રાજર્ષિ ને ચક્રવર્તી વાતચિતમાં ગુંથાયા હતા, તેવામાં મંદારદેવ, જે તે તપોવનમાં રહેતો હતો અને જેણે પણ તપ કરવાની દિક્ષા લીધી હતી તે, પોતાની બહેન મંદારદેવીને સાથે લઇને, પિતા પાસે આવ્યો. જ્યારે નરવાહનદત્તે તેને જોયો, ત્યારે તેણે પૂર્ણ પ્રેમથી તેને આલિંગન આપ્યું. ધીર પુરુષો, પોતાના શત્રુને પરાજ્ય પમાડી, તેને શાંત પાડી, તેના પ્રત્યે પછીથી બહુ પ્રેમભાવ બતાવે છે. જ્યારે રાજર્ષિ અકમ્પને મંદારદેવીને પોતાના ભાઈ સાથે આવેલી જોઈ ત્યારે તેણે ચક્રવર્તીને કહ્યું; "સાંભળ રાજપુત્ર! આ મારી પુત્રી નામે મંદારદેવી છે. એક સમયે આકાશવાણીએ કહ્યું હતું કે, એ ચક્રવર્તીની રાણી થશે; માટે તું એનો પાણિગ્રહણ કર; હું તને એનું કન્યાદાન દઉં છું!"

જ્યારે આ પ્રમાણે રાજર્ષિએ કહ્યું, ત્યારે તેની પુત્રી મંદારદેવી બોલી; "પિતાજી! મારા જેવી જ કુળવાન્ ને સમાન વયની મારે ચાર સખીઓ છે; એકનું નામ કનકાવતી છે તે કાંચનદંષ્ટ્રની કન્યા થાય છે; બીજીનું નામ કળાવતી છે ને તે કાલજિહ્વાની કન્યા છે; ત્રીજીનું

નામ શ્રુતા છે તે દીર્ઘદંષ્ટ્રની કન્યા થાય છે; ચોથીનું નામ અંબરપ્રભા છે; તે પુંડ્રરાજની કન્યા થાય છે; અને પાંચમી હું, વિદ્યાધર રાજની કન્યા છું. અમે પાંચે સખીઓ એક વખતે ફરતી ફરતી સિદ્ધક્ષેત્રમાં જઈ ચઢી. ત્યાં અમને અમારા આ નિર્માણ પતિનાં દર્શન થયાં. એમને જોતાં જ અમારાં મન એમનાપર પૂરેપૂરાં ઠરી રહ્યાં. પછી અમે પાંચેએ એવો ઠરાવ કીધો કે, સર્વેએ આ જ પતિ સાથે એકે દિવસે ને એકે મુહૂર્તે પરણવું; પણ જો અમારામાંથી કોઈપણ એક જણી તેની સાથે, વચનભંગ કરી પ્રથમ પરણે, તો બાકીની ચારેએ તે સખીદ્રોહને માટે અગ્નિમાં બળી મરવું. આ પ્રમાણે હોવાથી, હું મારી તે સખીઓને છોડીને પરણીશ નહીં. મારા જેવી કુળવંત કન્યા પોતાનું આપેલું સત્ય વચન કેમ ભંગ કરે વારુ?"

જ્યારે તે ધૃતિમતી કન્યાએ, આ પ્રમાણે કહ્યું, ત્યારે તેના પિતા અકમ્પને તે ચારે કન્યાના પિતા, ચારે કુળવાન્ વિદ્યાધરેશોને તેડાવી મંગાવ્યા; અને જે બન્યું હતું તે બધું તે સર્વેને નિવેદન કર્યું. એ વાત જાણી તે સર્વે પોતપોતાને કૃતકૃત્ય માનવા લાગ્યા. સર્વેએ, તે જ ક્ષણે, પોત-પોતાની કન્યાને ત્યાં તેડાવી મંગાવી. પછી નરવાહનદત્ત તે પાંચ કન્યાને પરણ્યો. સૌથી પહેલાં મંદારદેવીને તે પરણ્યો. પછી તે ત્રણ કાળ, પ્રભાત, મધ્યાહ્ન અને સાયંકાળ, એમ ત્રણ વખત મુનિઓનું પૂજન કરતો, તે તપોવનમાં ઘણા દિવસ સૂધી, તેમની સંગે રહ્યો. આ વખતે તેના માણસો પણ ઉત્સવ કરવામાં ખૂબ મઝા કરતા હતા.

કેટલાક દિવસ તે તપોવનમાં વીત્યા પછી, એક દિવસે રાજર્ષિ અકમ્પને નરવાહનદત્તને કહ્યું; "રાજન્! હવે તમો રાજ્યાભિષેકની ક્રિયા કરવા માટે ઋષભાચળપર પધારો." તત્ક્ષણે દેવમાયે પણ કહ્યું; "મહારાજ ! તમારે એ જ પ્રમાણે કરવું ઘટિત છે; કેમકે પૂર્વ કાળના સઘળા ચક્રવર્તીઓ, ઋષભ અને બીજાઓની તે જ ગિરિપર અભિષેકની ક્રિયા થઈ હતી !" આ સાંભળીને હરિશિખે નરવાહનદત્તની તરફેણમાં થઈ કહ્યું કે; 'આપણી નજીકમાં ગંભીર મંદરગિરિ છે, ત્યાં અભિષેક થાય તો કશી હરકત નથી.' પણ એટલામાં આકાશવાણી થઈ કે, "રાજન્! સઘળા પ્રાચીનકાળના ચક્રવર્તીઓ રાજ્યાભિષેકની ક્રિયા માટે ઋષભાચળપર ગયા હતા, માટે તું પણ ત્યાં જા! તે સિદ્ધક્ષેત્ર–પવિત્ર સ્થળ છે." આ પ્રમાણેની આકાશવાણી સાંભળીને નરવાહનદત્તે તે સલાહ માન્ય રાખી અને અકમ્પન તથા બીજા મુનિઓને પ્રણામ કરી, મંગળ મુહૂર્ત જોઇને, તે ગિરિ તરફ જવાને તે નિકળ્યો. ચક્રવર્તી નરવાહનદત્ત, જેમાં અમિતગતિ મુખ્ય છે એવા સર્વે વિદ્યાધરોને સાથે લઇને, ત્રિશીર્ષા ગુફાના ઉત્તર મુખ આગળ આવી પહોંચ્યો. ત્યાં આવતાં જ તેણે કાળરાત્રિનું પ્રેમ પુરઃસર પૂજન કીધું ને પછી ગુફાનું દ્વાર ઉઘાડી, તેમાં પ્રવેશ કરી દક્ષિણ દ્વારપર આવ્યો. સકળ સેના સાથે ત્યાં આવ્યા પછી, દેવમાયની વિનતિપરથી, નવો ચક્રવર્તી એક દિવસ વિશ્રામ લેવાને માટે, પોતાના પરિજન સહિત તેના નિવાસભવનમાં ગયો.



નરવાહનદત્ત દેવમાયના મંદિરમાં રહ્યો હતો, ત્યારે તેને વિચાર આવ્યો કે આ કૈલાસગિરિ છે, ને શિવજીનું સ્થાન પણ પાસે છે, માટે તેમનાં દર્શન કરી આવું તો ઠીક. એવું વિચારી તે ગોમુખને સાથે લઇને, તે દેવનાં દર્શને ગયો. જ્યારે તે શિવજીના આશ્રમમાં ગયો ત્યારે તેને પ્રથમ પવિત્ર સુરભિ ને* પવિત્ર વૃષભનાં દર્શન થયાં. તે તેમની પૂજા કરીને મુખ્ય દ્વારપર નંદિકેશ્વર હતા ત્યાં આવ્યો. ગોમુખ અને નરવાહનદત્તે તેમની પ્રદક્ષિણા કરીને પ્રણામ કર્યા, એટલે તે અત્યંત પ્રસન્ન થયા ને શિવાશ્રમનાં દ્વાર ઉઘાડ્યાં. આશ્રમમાં શિવજી દેવી સંગે વિરાજતા હતા તેમનાં દર્શન થયાં. શંકરના મસ્તકપર આવેલા અર્ધચંદ્રમાનાં કિરણો આમ તેમ પ્રસરી બીજાને આનંદ ઉપજાવી રહ્યાં હતાં, તે જાણે પાર્વતીના મુખચંદ્રથી પરાજય પામી આમ તેમ નાસાનાસ કરતાં હોય તેવાં દીસતાં હતાં. શિવજી પોતાની પ્રિયા સાથે પાસાથી રમતા હતા, તે જાણે, જેમ નેત્રઇંદ્રિયને પોતાનો મનોભાવ સ્વતંત્ર રીતે દર્શાવવાની છૂટ હોય છે અને પોતાને સ્વાધીન છતાં સદા જ ચંચળ રહે છે, તેમ ( પાસા ) પડતા ( ફરતા ) હતા. જ્યારે નરવાહનદત્તને ગિરિરાજકન્યા ને વરદાન દેનારા દેવનાં દર્શન થયાં, ત્યારે તેણે તેમને પ્રેમપૂર્વક પ્રણામ કીધા અને પછી ત્રણ પ્રદક્ષિણા કરી; પછી શંકરે કહ્યું; "પ્રિય પુત્ર ! તું અહિયાં આવ્યો તે ઠીક જ થયું; નહીં તો તારું અકલ્યાણ થાત; પણ હવે તારી સર્વે માયિકવિદ્યા અચલિત થશે. હવે તું ઋષભાચળપર જા. તે પવિત્ર સ્થળ છે. ત્યાં જઈ મંગળ ચોઘડીએ તારી રાજ્યાભિષેકની ક્રિયા કરાવ." આમ ચક્રવર્તીને આ પ્રમાણે તે પ્રભુએ આજ્ઞા કરી. તે પ્રમાણે નરવાહનદત્ત વર્તવાને અતિ ઉત્કંઠિત થઈ ગયો. તે બોલ્યો; "હું આપની આજ્ઞા પ્રમાણે વર્તીશ !" એમ કહીને તેણે તેમને અને તેમની અર્ધાંગનાને પુનઃ પ્રણામ કર્યા અને પછી દેવમાયને મહોલે પાછો આવ્યો. તેના મુખપર આનંદની લેહરો છાઈ રહી હતી. તે જોઇને દેવી મદનમંજુકાએ વિનોદમાં પૂછ્યું ! "આર્યપુત્ર ! આપ ક્યાં ગયા હતા ? આજે તમો કંઈ ઘણા આનંદમાં જણાવ છો તે શું છે ? શું વળી કોઈ બીજી પાંચ કન્યા પરણી આવ્યા છો કે?" જ્યારે તેણીએ આ પ્રમાણે ચેષ્ટા કરી ત્યારે નરવાહનદત્તે તેને સત્ય હકીકત, પ્રફુલ્લિત હૃદયે કહી સંભળાવી. પછી તેની જ સાથે તે દિવસ વિનોદ વિલાસમાં ગાળી કાઢ્યો.

બીજે દિવસે નરવાહનદત્ત પોતાની સેના, વિદ્યાધરો ને ગંધર્વોને સાથે લઇને, આકાશમાં જાણે બીજો સૂર્ય પ્રકટ્યો હોય તેવી રીતે ઝળાંઝળાં પ્રકાશ કરતો, પોતાની રાણીઓ અને મંત્રીઓ સંગે વિમાનમાં બેસીને, ઋષભાચળ તરફ જવા લાગ્યો. જ્યારે તે ઋષભાચળપર જઈ પહોંચ્યો, ત્યારે તપસ્વીપેરે ઉભેલા વૃક્ષોની લતાઓ, પવનથી ડોલાયમાન થઇને જેમ અર્ઘ્યદાન (તપસ્વીને) આપે, તેમ તેનો સત્કાર કરવા માટે પુષ્પવડે વધાવવા લાગી. અહિંયા, બીજા વિદ્યાધરોના રાજાઓએ, પોતાના મહારાજાની યોગ્યતાને છાજતી અભિષેકની સર્વ સામગ્રી લાવીને તૈયાર રાખી હતી. આ અભિષેકના મહોત્સવ માટે હાથમાં નજરાણાં લઇને,

* દેવગાય.

જૂદી જૂદી દિશામાંથી ઘણા વિદ્યાધરરાજો–કેટલાક ભયથી,–કેટલાક પ્રેમથી–કેટલાક પરાજય પામ્યાથી ને કેટલાક ભકિતથી ત્યાં આવ્યા હતા.

તે વિદ્યાધરોએ તેમને કહ્યું; "કહો મહારાજ ! આ રાજ્યાસનની અર્ધ જગ્યાપર કોણ વિરાજે છે ને કોને મહારાણીનો અભિષેક કરાવવાનો છે ?" રાજાએ જવાબ દીધો; "રાણી મદનમંજુકાનો મારી સાથે અભિષેક કરાવવાનો છે!" આ સાંભળતાં તો સર્વે વિદ્યાધરો વિચારમાં પડી ગયા. પણ તેટલામાં આકાશવાણી થઈ; "સાંભળો વિદ્યાધરો ! આ મદનમંજુકા મૃત્યુલોકનું પ્રાણી નથી, એ તો સાક્ષાત્ રતિરાણી છે. આ તમારો સ્વામી છે તે કામદેવનો અવતાર છે અને તેની સ્ત્રી થવાને જ એ જન્મેલી છે. એ કંઈ કલિંગસેનાને પેટે, માનસવેગથી જન્મેલી નથી, પણ એ દૈવી જીવ હોવાથી, સ્વયંભૂ છે. જ્યારે કલિંગસેનાને ગર્ભ રહ્યો, ત્યારે માયાએ તે ગર્ભને અદલબદલ કરી નાંખ્યો હતો ને તેથી એ જન્મી છે. કલિંગસેનાના ગર્ભનું નામ તો ઈત્યક હતું; અને બ્રહ્માની આજ્ઞાથી તે મદનવેગ પાસે હમણાં રહે છે. તેથી, આ મદનમંજુકા પોતાના સ્વામીના આસનની અર્ધ ભાગિયણ છે અને એના તપથી પ્રસન્ન થઈ, શિવજીએ એને આવું વરદાન આપ્યું છે કે, 'તું વિદ્યાધરના નવીન ચક્રવર્તીની રાણી થશે.' આ પ્રમાણે બોલ્યા પછી આકાશવાણી બંધ પડી. વિદ્યાધરો ઘણા રાજી થયા. તેઓ રાણી મદનમંજુકાનાં ઘણાં વખાણ કરવા લાગ્યા.

## રાજ્યાભિષેકની ક્રિયા.

એક મંગળમય દિવસે નરવાહનદત્તને ચક્રવર્તીના સિંહાસનપર બેસાડ્યો. તેની ડાબી બાજુએ રાણી મદનમંજુકાને બેસાડી. મહર્ષીઓએ, સુવર્ણના ઘડા ભરીને પવિત્ર તીર્થોમાંથી જે જળ આણ્યું હતું, તેનાથી અભિષેક કરવાનો પ્રારંભ કીધો. આ ક્રિયાકર્માંતર વખતે પુરોહિત શાંતિસોમ બહુ કામકાજમાં પડી ગયા હતા અને ત્યાં મળેલી દેવાંગનાઓ મંગળમય ગીત ગાવા મંડી પડી હતી અને બ્રાહ્મણો વેદની ધૂન લગાવી રહ્યા હતા, તેથી આકાશ ગાજી રહ્યું હતું. ચોમેર દિવ્ય વાજીંત્રો વાગી રહ્યાં હતાં. અદ્ભુતાશ્ચર્ય છે કે, અતિ પવિત્ર જળનો તેના મસ્તકપર અભિષેક થયો, તેની સાથે જ તેના વૈરિઓનાં હૃદયમાંનો ગૂઢ વૈરમળ પણ ધોવાઇને નિકળી ગયો. લક્ષ્મી પણ તે જળને (સમુદ્રના જળને) પોતાનો બાંધવ ગણીને તેની સાથે જ આવી હોય તેમ જળાભિષેકની સાથે જ રાજાના અંગને વિંટાઈ વળી. આકાશમાં ઉભેલી સ્વર્ગની રંભાઓ, પુષ્પની માળાઓ તેનાપર ફેંકતી હતી અને જે તેના અંગપર પડતી હતી, તે જાણે ગંગાજી તેના અંગમાંથી ધોધબંધ વહેતાં હોય તેવું જણાતું હતું. લાલ રંગના અંગરાગથી અલંકૃત થયેલો ચક્રવર્તી, ઉદયકાળે સમુદ્ર સ્નાન કરીને બહાર નિકળેલા સૂર્યપેરે શોભતો હતો. પછી મંદારપુષ્પની માળાથી અલંકૃત થઈ, દિવ્ય વસ્ત્રાલંકાર ધારણ કરી, મસ્તકપર તેણે દેવતાઈ મુગટ ધારણ કર્યો, એટલે તે ઇંદ્રપેરે શોભવા લાગ્યો. તેની રાણી મદનમંજુકા પણ અભિષેક થયા પછી, દિવ્યાભરણથી અલંકૃત થઈ હતી, તે પણ ઇંદ્રની પાસે શચી બેઠી હોય તેની પેરે શોભવા લાગી.



તે આખો દિવસ, અગરજો મેઘગર્જનાપેરે નગારાં વાગ્યા કરતાં હતાં અને વરસાદપેરે આકાશમાંથી પુષ્પવૃષ્ટિ થયા કરતી હતી અને દેવાંગનાઓના પ્રકાશના ઝગારાથી વિજળી પેરે ચમકારા થયા કરતા હતા; તોપણ, મહાઆશ્ચર્ય છે કે, એવી રીતે ચોમાસાની ઘટા છવાયલી છતાં, તે દિવસ રળિયામણો લાગતો હતો. તે ટાંકણે, તે પર્વતરાજના નગરમાં માત્ર વિદ્યાધરીઓ જ થાથાથેઇથેઈ કરી નૃત્ય કરી રહી નહોતી; પણ પવનથી ચળાયમાન થયેલી લતાઓ પણ નૃત્ય કરતી હતી અને જ્યારે ગવૈયા બજવૈયાઓ ઉત્સવથી ઉમંગી થઈ મૃદંગપર થાપ મારતા હતા, ત્યારે પર્વતરાજ પોતાની ગુફામાંથી પ્રત્યાઘાત (પડઘા) પાડીને તે થાપમાં વૃદ્ધિ કરીને ગમત ઉડાવતો હતો. આ સમયે આખા પર્વતપર વિદ્યાધરો દિવ્ય આસવોનું પાન કરીને આમ તેમ ડોલતા હતા, તેથી જાણે પર્વત પણ મધુપાન કરી ડોલતો હોય તેવો દિસતો હતો; અને ઇંદ્ર પોતાના વિમાનમાં બેસીને, આ અભિષેક ક્રિયા જોવા આવેલો હતો તે પણ આ દબદબો જોઇને, પોતાના અભિષેકની ક્રિયાનો ગર્વ તદ્દન ભૂલી જ ગયો.

## કુટુમ્બ મિલાવડો.

આ રીતે નરવાહનદત્તને પોતાની લાંબા સમયની ઇચ્છાનુસાર ચક્રવર્તીનો રાજ્યાભિષેક થયા પછી, પોતાનાં વૃદ્ધ માતાપિતાને મળવાની અતિ ઉત્કંઠા થઈ આવી ! તુરત જ ગોમુખ તથા બીજા મંત્રીઓની સભા ભરાઈ. એ વિષયપર વિચાર કરાયો. પછી ચક્રવર્તીએ, વાયુપથને બોલાવીને આ પ્રમાણે કહ્યું; "તમે જાઓ અને મારા પૂજ્ય પિતાજીને કહો કે, નરવાહનદત્ત તમારું અતિ ઉત્કંઠાથી સ્મરણ કરે છે!' અને પછી અત્રે જે જે બન્યું છે, તે સર્વ વૃત્તાંત તેમને પણ નિવેદન કરજો; અને તેઓને તથા રાણીઓને તથા મંત્રીઓને પણ આ સર્વ વાત નિવેદન કરી, અત્રે તેડી લાવો." આ પ્રમાણે મહારાજાએ આજ્ઞા કરી, ત્યારે વાયુપથે કહ્યું, "જો હુકમ!" અને તત્ક્ષણે વાયુવેગ કૌશાંબી નગરી તરફ જવાને ઉડી ગયો.

એક ક્ષણમાં તે કૌશાંબી નગરીમાં જઈ પહોંચ્યો. તેની સાથે સાત કરોડ વિદ્યાધરોની સેના હતી, તેને જોઇને નાગરિકો ભયભીત તથા આશ્ચર્યમાં ગરકાવ થઈ ગયા ! પછી વાયુપથ, વત્સના રાજા ઉદયનને મળવા માટે તેના મહેલમાં ગયો. ત્યાં તેના મંત્રીઓ અને તેની રાણીઓ સહિત રાજાએ તેનો ઘણો રુડો આદરસત્કાર કર્યો. વિદ્યાધરના રાજાએ આસન ઉપર બેઠા પછી, વત્સરાજનું આરોગ્ય કુશળ પૂછ્યું. વાયુપથની સામા સર્વે કૌતુકથી જોતા હતા ત્યારે તેઓના સાંભળતાં તે બોલ્યો; "આપના કુમાર નરવાહનદત્તે, શંકરની તપશ્ચર્યા કરીને તથા તેમનાં સાક્ષાત્ દર્શન કરીને, તેમની પાસેથી શત્રુથી કદી પણ જિતી શકાય નહીં તેવી સિદ્ધિવિદ્યા સંપાદન કર્યા પછી, વિદ્યાધરના દક્ષિણ વિભાગના રાજા માનસવેગ તથા ગૌરિમુણ્ડનો નાશ કરી, ઉત્તર વિભાગના રાજા મંદારદેવને જિત્યો છે ! તેણે વિદ્યાધરોના બંને રાજના ચક્રવર્તીની મોટામાં મોટી પદવી પ્રાપ્ત કરી છે; વિદ્યાધરોએ તેઓને પોતાના મહારાજા તરિકે માન્ય રાખ્યા છે; તેઓને ચક્રવર્તી પદનો મહાભિષેક, હમણાં જ

ઋષભાચળપર થયો છે. મહારાજ ! તેઓ તમને, તમારી રાણીઓને તથા મંત્રીઓને મળવાને અતિ ઉત્કંઠિત છે. તેઓએ આપને તેડવા માટે મને મોકલ્યો છે. આપ પધારો ! પોતાના સંતાનના પુણ્યવંત કર્મો જોવાને જેઓ જીવે છે, તેઓ પોતાને અહોભાગ્ય–કૃતકૃત્ય માને છે!"

જ્યારે વત્સરાજે, વાયુપથના મુખમાંથી આવાં વચનો સાંભળ્યાં, ત્યારે જેમ મેઘગર્જના સાંભળીને મોર આનંદ પામે છે, તેમજ તે આનંદ પામ્યો. તે પુત્રને મળવાને તલપાપડ થઈ ગયો. તેણે વાયુપથનું નિમંત્રણ સ્વીકાર્યું અને તુરત જ રાજ્યનો બંદોબસ્ત કરીને, પોતાના પરિવાર સહિત એક પાલખીમાં બેઠો અને વિદ્યાધરની વિદ્યાના પ્રભાવથી તુરત આકાશમાં ઉડી ચાલવા લાગ્યો. તેની સાથે તેના મંત્રીઓ ને તેની રાણીઓ પણ હતી. જોતજોતામાં સર્વે, દિવ્યપર્વત ઋષભ ઉપર પહોંચી ગયા. પર્વતપર પહોંચતાં જ વત્સરાજ ઉતર્યો. ત્યાં તેણે ઘણી રાણીઓ સહિત વિદ્યાધર રાજાઓના મંડળની મધ્યે, એક દિવ્ય સિંહાસનપર બિરાજમાન થયેલા પોતાના પુત્રને જોયો ! તે જાણે પૂર્વના પર્વતના મસ્તકપર, ઘણા ગ્રહોથી વિંટાઈ વળેલો ને તારાવલિથી અલંકૃત થયેલો ચંદ્રમા વિરાજતો હોયની શું, તેવો શોભતો હતો. પૂર્ણ વૈભવ સહિત બિરાજેલા પોતાના પુત્રને જોતાં જ, વત્સરાજના નેત્રમાં, અમૃતપેરે આનંદ વ્યાપી રહ્યો; અને જેમ ચંદ્રનાં દર્શન થતાં જ મહાસાગર આનંદથી ઉભરાઈ જાય છે, તેમ તે આનંદથી ઉભરાવા લાગ્યો.

લાંબા કાળનો વિયોગ વેઠ્યા પછી નરવાહનદત્તને પોતાના પિતાનાં દર્શન થયાં, એટલે તે ઉત્કંઠાથી ઉતાવળો ઉતાવળો ઉભો થયો અને પોતાની રાણીઓ સહિત તેને મળવા માટે ગયો. તુરત જ વત્સરાજ તેને ભેટ્યો ને પોતાની છાતીમાં ચાંપ્યો; જે વેળાએ પોતાના ખોળામાં બેસાડી મસ્તકપર હાથ ફેરવ્યો, તે વેળાએ તેનાં નેત્રમાંથી હર્ષાશ્રુની ધારા વહી રહી અને તેના જળથી જાણે પુનઃ તેનો અભિષેક થયો હોય તેવું જણાતું હતું. રાણી વાસવદત્તા પણ ઘણે લાંબે સમયે પોતાના પુત્રને મળી, ખૂબ પ્રેમથી ભેટી ને ખોળામાં બેસાડી, તેનાં વદનકમળનાં દર્શન કરે છે, ત્યારે તેને પુત્રની બાલ્યાવસ્થાનું સ્મરણ થઈ આવ્યું; તેના સ્તનમાંથી દૂધની ધારા વહી, જેથી પણ નરવાહનદત્ત તદન નાહી વળ્યો. દેવી પદ્માવતી તથા યૌગંધરાયણ અને તેના પિતાના બીજા મંત્રીઓ, અને તેનો મામો ગોપાળક વગેરે, ચકોર જેમ ચંદ્રનાં દર્શન કરી નેત્રને ઠારે છે, તેમ સઘળો પરિવાર, નરવાહનદત્તનાં દર્શન કરીને નેત્રને ઠારવા લાગ્યો. ચક્રવર્તીએ પણ તે સર્વેનો, તેમની યોગ્યતા મુજબ રુડી રીતે સત્કાર કર્યો. સાસુ કલિંગસેનાએ પુત્રી જમાઇને જોયાં, એટલે તેના અંતરમાં તો એટલો બધો આનંદ ઉભરાયો કે તેને સમાવવાને ત્રણે લોક તેને માટે ઘણા નાના જણાયા, તો વિશેષ શું કહું ? યૌગંધરાયણ અને બીજા મંત્રીઓ, પોતાના પુત્ર મરુભૂતિ* અને બીજાઓને, પોતાના પ્રતાપી રાજાના પ્રતાપથી દૈવિસિદ્ધિ પ્રાપ્ત થઈ, તેને માટે તેઓને અભિવંદન આપવા મંડી પડ્યા.

પુરુષો પરસ્પર મળી રહ્યા પછી સ્ત્રી મંડળમાં મળવાનો શિષ્ટાચાર શરુ થયો. નવનવા દિવ્ય વસ્ત્રાલંકાર સજીને બેઠેલી દેવી મદનમંજુકા, રાણી રત્નાવળી, લલિતલોચના, અલંકારપ્રભા,

* અંગ્રેજીમાં હરિશિખ નામ છે.



કર્પૂરિકા, શક્તિયશા અને ભગીરથયશા અને દિવ્ય સ્વરૂપ ધારણ કરવાની શક્તિ હતી તેવી રુચિરદેવની બ્હેન અને વેગવતી, અજીનાવતી, ગાંધર્વદત્તા, પ્રભાવતી, આત્મનિકા, વાયુવેગયશા, અને તેની પાંચ સાહેલીઓ, જેમાં મુખ્ય કાલિકા હતી તે, અને મંદારદેવી મુખ્ય છે એવી પાંચ દેવાંગના વગેરે–નરવાહનદત્ત ચક્રવર્તીની બીજી રાણીઓને લઇને ઉઠી. સર્વે પુત્ર વધુઓએ પ્રથમમાં વત્સરાજ સસરાજીને પ્રણામ કર્યા, પછી સાસુજી વાસવદત્તાને પ્રણામ કીધા; પછી બીજી સાસુજીને પ્રણામ કીધા. તેઓએ તે રાણીઓને પૂર્ણ હર્ષના ઉમળકામાં, સૌ સૌને યોગ્ય આશીર્વાદ આપ્યો કે, 'ઘણું જીવો ને પુત્ર પરિવારવાળી થાવ !

વત્સરાજ અને તેની રાણીઓ, પોતપોતાના મોભાને યોગ્ય આસનપર વિરાજ્યા પછી, નરવાહનદત્ત પોતાના ઉંચા સિંહાસનપર વિરાજ્યો. રાણી વાસવદત્તા પોતાના પુત્રની નવી નવી રાણીઓને જોઈ અત્યાનંદને પામી. તેણે સર્વનાં નામઠામ તથા વંશગોત્ર વગેરે શું છે, તે પૂછ્યું; ને તે જાણી પોતે અતિ પ્રસન્ન થઈ. વત્સરાજ અને તેનો પરિવાર, નરવાહનદત્તનો દેવતાઈ વૈભવનો દબદબો જોઈ, એવો વિચાર કરવા લાગ્યો કે તેઓનો જન્મ કંઈ અકૃતાર્થ નથી–કૃતાર્થ છે.

આ પ્રમાણે સગાકુટુંબી મિત્રો વહાલાંઓને મળવાનો મહોત્સવ થઈ રહ્યો હતો, તેવામાં વીર પ્રતિહાર રુચિરદેવ સભામાં આવ્યો ને બોલ્યો; 'મહારાજનો જયજયકાર હો ! પાનભૂમિ સર્વ પ્રકારે તૈયાર થઈ છે, આપ ત્યાં પધારો." આ પ્રમાણેનાં પ્રતિહારનાં વચન સાંભળીને સર્વેજન પાનશાળામાં* ગયા. પાનશાળામાં અનેક જાતનાં રત્નો ને મણિઓના પ્યાલાઓ ગોઠવેલા હતા, તે જાણે નવ નવા રત્નોના ખીલેલાં કમળો હોય તેના જેવા જણાતા હતા. ચોમેર જાઈજુઈ ગુલાબ ચંપો ચંપેલીનાં પુષ્પ પાથર્યાં હતાં, તે જાણે ઉપવનની કમલિનીઓ ખીલી રહી હોય તેમ જણાતું હતું. પાનશાળામાં સ્ત્રીઓનાં ટોળેટોળાં હતાં અને ઠામઠામ મદિરાથી ભરપૂર કળશો પડેલા હતા, તેમાંથી જ્યારે તે સ્ત્રીઓ મદિરા ભરી ભરી સર્વને આપતી હતી, ત્યારે અમૃત હરણ કરીને મોહિની, સર્વને અમૃત આપતી હોય તેવો ભ્રમ થતો હતો. પાનશાળાનો આ સમયનો સર્વ દેખાવ કંઈ જૂદો જ હતો. મદિરા, રણવાસની પ્રમદાઓની લજ્જાને તોડાવી નાંખનાર; મદિરા, કામદેવનું જીવન ને વિલાસની સખી, તેનું પૂર્ણ પ્રેમથી સર્વે જણે ત્યાં બેસીને પાન કર્યું. સર્વનાં મુખ મદિરાપાનથી રાતાંચોળ થઈ ગયાં. તે જાણે સૂર્યોદય સમયનાં રાતાં કિરણોથી જેવાં કમળો જણાય તેવાં લાલ જણાતાં હતાં. લાલ કમળ જેવાં પાનક પાત્રો, રાણીઓનાં ઓષ્ઠોનો સંગ કરવાથી ભયાકુળ થયાં હોય તેમ મદિરાથી પોતાનો રંગ છૂપાવતાં હતાં.

થોડીવારમાં નરવાહનદત્તની રાણીઓને મદિરા મદની અસર જણાવા લાગી. તેઓની ભ્રુકુટી વક્ર થઈ ગઈ અને કલહ કરવાનું કશું કારણ હતું નહીં તે છતાં તેઓની આંખ લાલચોળ થઈ ગઈ. તેટલું છતાં હુકમ થતાં જ સર્વ ભોજનશાળામાં ગઈ. ત્યાં માયિકવિદ્યાના પ્રભાવથી

* મદ્ય વગેરે પીવાનો ઓરડો.

અનેક પ્રકારનાં અચ્છાં અચ્છાં મિષ્ટાન્નોનો મઘમઘાટ થઈ રહ્યો હતો. આ સિદ્ધાન્તોને સુના-રૂપાના થાળોમાં પીરસેલાં હતાં. પાત્રો ગોઠવેલાં હતાં, પડદા અને જવનિકા ટાંગેલી હતી, અને જ્યાં ત્યાં આનંદ અને સુખ મળે તેવી ગોઠવણો રાખી હતી. તે ભોજનશાળા જાણે મંગળદેવીની રંગભૂમિ હોય તેવી જણાતી હતી.

સર્વે ત્યાં બેસીને જમ્યાં. સૂર્યનારાયણ પણ સંધ્યાકાળ થતાં જ અસ્તાચળપર વિશ્રામ લેવાને ચાલ્યો ગયો. સર્વે શયનગૃહમાં ચાલતાં થયાં. **નરવાહનદત્ત**, માયિકવિદ્યાના પ્રભાવથી અનેક રૂપ ધારણ કરીને સઘળી રાણીને મહોલે રંગ રમવાને સિધાવ્યો, પણ ખરેખરી રીતે તો એનું મૂળ સ્વરૂપ પ્યારી રાણી **મદનમંજુકા** પાસે જ રંગ રમવાને રહ્યું હતું. રાત્રિના મદન-મંજુકાની કાંતિ ચંદ્રવદન જેવી જણાતી હતી; ચંચળ નેત્રો પ્રકાશિત તારાપેરે શોભતાં હતાં; તે સંપૂર્ણ પાનમહોત્સવમાં ગુલતાન થઈ હતી.* **વત્સરાજ** પોતે અને તેના પરિવારે પણ તે રાત્રિ ત્યાં જ રહીને દેવતાઈ સુખનો અનુભવ લીધો, તે જાણે પુનર્જન્મ લીધા વગર જ સ્વદેહે દેવતાઈ સુખ ભોગવતા હોય તેમ લાગતું હતું. બીજે દિવસે પ્રભાતના સર્વે ઉઠ્યા અને માયાથી ઉત્પન્ન થયેલા કુંજો ને વાટિકાઓ ને લતામંડપો ને વનઉપવનોમાં ફરી હરી, અનેક પ્રકારના વિલાસો ભોગવી તે દિવસ ગાળ્યો.

આમ રંગરાગ ને મોજમઝામાં કેટલાક દિવસ વીતી ગયા. એક દિવસે **વત્સરાજ**, પોતાને નગરે જવાનું કહેવાને માટે વિદ્યાધરોના ચક્રવર્તી પાસે, પૂર્ણ પ્રેમભર્યા હૃદયથી ગયો. **નરવાહનદત્તે** તેને પ્રેમ પુરઃસર પ્રણામ કર્યા. પછી વત્સરાજે કહ્યું; " પુત્ર ! જેનામાં પંચેન્દ્રિયનું જ્ઞાન છે, એવો કોણ મનુષ્ય છે કે જે આ દિવ્યભોગથી આનંદ ન પામે ? પણ જન્મભૂમિ તરફ જવાની સર્વ મનુષ્યોને સ્વાભાવિક ઋચિ થાય છે. મારા કહેવાનું તાત્પર્ય એ જ કે, હવે હું મારે નગરે જઈશ; અને તું વિદ્યાધરોની આ રાજલક્ષ્મીનું સર્વ સુખ ભોગવઃ તું દિવ્ય મનુષ્ય છે અને આ દિવ્યભૂમિના ભોગ ભોગવાને જ સર્જેલો છે. જ્યારે કોઈ યોગ્ય પ્રસંગ આવે ત્યારે અમને તેડાવજે, અમે ઘણા આનંદથી આવીશું. મારા જન્મ્યાનું સાર્થક તો એ જ છે કે, નેત્રને તૃપ્ત કરવા જોગ અમૃતથી ભરપૂર તારા શશી-વદનને નિહાળવું અને તારા દિવ્ય સુખભોગ નિહાળી આનંદ પામવો !"

**નરવાહનદત્તે**, પોતાના પિતા વત્સરાજનું આ ગંભીર કહેવું સાંભળ્યું. તત્ક્ષણે વિદ્યા-ધરાધીશ દેવમાયને તેડાવી મંગાવ્યો. પછી બાષ્પબિંદુ પાડતાં ગદ્ગદિત કંઠે બોલ્યો,– "મારા પિતાજી તથા મારી માતાઓ, પોતાના મંત્રીઓ તથા પરિવાર સહિત, પોતાને નગર પાછા ફરે છે, તો એમની સાથે એક હજાર ભાર† હેમ ને મણિ મોકલ; અને તેને લઈ જવા માટે એક હજાર વિદ્યાધરોને કામે લગાડ." જ્યારે દેવમાયને, પોતાના સ્વામી તરફથી પ્રેમ-ભર્યું આ પ્રમાણે કહેવામાં આવ્યું, ત્યારે તે બોલ્યો; " હે માન દેનારા ! આ કાર્ય કરવા

* અર્થાત્ મદિરા પીવાથી તેની સંપૂર્ણ અસર તેનાપર થઈ હતી. † એક ભાર એટલે વજનમાં ૨૦ તોલા થાય છે.



માટે હું પોતે જ મારા પરિજનો સહિત કૌશામ્બી નગરીમાં જઈશ !" પછી ચક્રવર્તીએ પોતાના પિતાના પરિજનોને ઉમદા વસ્ત્રાલંકારથી સંતોષ પમાડ્યાં; અને પિતાજીનો પ્રવાસ સુખરૂપ નિવડે તેટલા માટે **વાયુપથ** તથા **દેવમાયને** વળાવા તરીકે સાથે મોકલ્યા. **વત્સરાજ** ને તેનો પવિવાર એક દિવ્ય વિમાનમાં બેસી પોતાને નગરે જવાને ઉપડ્યો. ઘણે લાંબે સૂધી **નરવાહનદત્ત** તેઓને વળાવવા માટે ગયો. દૂર ગયા પછી પુનઃ પિતા પુત્ર પ્રેમથી પરસ્પર ભેટ્યા. **વત્સરાજનાં** નેત્રો અશ્રુથી ભિંજાઈ ગયાં. જ્યારે **નરવાહનદત્ત** પોતાની માતા **વાસવદત્તાને** મળવા ગયો, ત્યારે તેની છાતી, પુત્રવિરહ થશે એવા વિચારથી જ ભરાઈ આવી ! તે પુત્રને ભેટતાં જ ચોધારાં આંસુએ રડી પડી. તે વારંવાર તેના મુખ તરફ જ જોયા કરતી હતી, પણ જેમ તેમ કરતાં મન કઠણ કરીને તે ત્યાંથી આગળ ચાલી. **નરવાહનદત્ત** પોતાનાં માતાપિતા તથા વડીલોને વળાવીને પોતાના મંત્રીઓ સહિત ઋષભાચળ પર્વતપર પાછો ફર્યો ખરો, પણ તેનાં નેત્રો, માતાપિતાના વિરહને લીધે આંસુથી ભરાઈ ગયાં હતાં. જગતમાં માતાપિતાના પ્રેમથી બીજો પ્રેમ સાધારણ છે, તો તેના વિરહથી કોને રડવું ન આવે ?

ચક્રવર્તી **નરવાહનદત્ત**, પોતાના બાળમિત્રો ગોમુખ આદિ, અને વિદ્યાધરેશોના મંડળ સાથે, ઋષભાચળપર જ રહ્યો. તે પોતાની મુખ્ય રાણી **મદનમંજુકા** તથા બીજી રાણીઓ સાથે રહીને સ્વર્ગના નિરંતરના સુખાનંદનો લહાવો, અતૃપ્ત રહીને લેવા લાગ્યો.

શ્રી

## મહાકવિ શ્રી સોમદેવ ભટ્ટ વિરચિત

# કથાસરિત્સાગર.

(ભાષાંતર)

## ષોડશોલંબક–સુરતમંજરી.

## તરંગ ૧ લો.

### નરવાહનદત્તના રંગભોગ.

જેના ગંડસ્થળ ઉપરથી, તાંડવ નૃત્ય સમયે ઉંચો ઉડેલો ને પાન કરીને ઓકી કાઢયો હોય તેવો જણાતો સિંદુર, જે વિઘ્નના પ્રતાપ જેવો જણાય છે તેવા વિઘ્નજિત, તમારાં વિઘ્ન નિવારી તમારું રક્ષણ કરો.

### વસંત વર્ણન.

જ્યારે નરવાહનદત્ત ઋષભાચાળપર પોતાની રાણીઓ ને મંત્રીઓની સંગે વિદ્યાધરનું ચક્રવર્તી પદ, પોતાના મહાપરાક્રમથી પ્રાપ્ત કરીને રહેતો હતો અને વિદ્યાધરોની રાજલક્ષ્મીનું અપરંપાર સુખ ભોગવતો હતો તેવામાં, તેના સુખમાં વૃદ્ધિ કરવા માટે વસંતરાજ, પોતાના પૂર્ણ દબદબા સહિત પધાર્યો. લાંબો વખત વીત્યા પછી ચંદ્રની ચન્ની સફેત ને મનમોહક છટકી રહી હતી, તેથી નેત્રને શાંતિ વળવા લાગી. પૃથ્વીપર ચારે દિશામાં નવપલ્લવ વૃક્ષો દૃષ્ટિગોચર થયાં, તેથી જાણે પૃથ્વી પણ પોતાના આનંદનો ઉભરો તુષારબિંદુ (ઝાકળના પાણી, જે તૃણોની ટોંચપર રહે છે તે)થી જણાવતી હતી; અને ઉપવન ને વનનાં વૃક્ષો, મલયાચળપરથી આવતા મંદ મંદ પવનથી એક બીજાને વારંવાર આલિંગન કરતાં ચંચળ થતાં તથા કાંટાઓના સંગથી રોમાંચિત થતાં રસમય (પ્રસ્વેદ) જણાવતાં હતાં.* કામદેવની રંગભૂમિનો પ્રતિહાર–કોકિલ, આંબાને નવપલ્લવ જોઇને મધુર શબ્દથી માનવતી માનિનીઓનું માનભંગ કરવા લાગ્યો–માનિનીઓ કોકિલના કલરવ સાંભળી કામાતુર થવા લાગી; અને જેમ કામના ધનુષમાંથી

* આ વાકયમાં શ્લેષ છે. સંસ્કૃત કવિઓ એમ ધારે છે કે, આનંદ પ્રાપ્ત થાય તેનું લક્ષણ એ છે કે ચંચળ થવું, રોમાંચિત થવું ને પ્રસ્વેદ વળવો.



બાણની પંક્તિ સણણણ કરતી તૂટી પડતી હોય તેમ ભ્રમરોનું ટોળું, પુષ્પોની લતાપર ગણગણાટ કરતું તૂટી પડતું હતું. આ પ્રમાણે વસંતનો બહાર ખીલી રહ્યો હતો તે જોઇને, નરવાહનદત્તના મંત્રી ગોમુખ અને બીજાઓએ તેને કહ્યું; “ જુઓ, જુઓ, મહારાજ! આ ઋષભાચળ તદ્દન બદલાઈ ગયો છે; તે તો હવે પુષ્પાચળ થઈ ગયોછે. જુઓ, આ વનમાં ચારે તરફ પુષ્પો ખીલી રહ્યાં છે, જે જાણે વસંતરાજમય સર્વ થઈ ગયું હોય તેવું જણાવે છે. જુઓ મહારાજ આ લતાઓ. તે પોતાના પુષ્પો સાથે પવનથી એક બીજાને અથડાતાં ડોલી રહી છે. તે જાણે કાંસિયાંનો તાલ આપતી હોય તેવી જણાય છે. આ ગણગણાટ કરતી ભ્રમરીઓ ગાન કરતી હોય તેમ લાગે છે. જ્યારે આ પરાગ, જે તે પુષ્પોમાંથી ઉડી રહ્યો છે તે જાણે વસ્ત્ર પહેરીને ઋતુરાજ આવતો હોય તેવો જણાય છે. વસંતે તૈયાર કરેલી ઉદ્યાનભૂમિ, તે જાણે કામદેવની સભા હોય ને તેમાં આ બધો ઠાઠમાઠ ઝામી રહ્યો હોય તેવી દીસે છે. જરા નજર તો કરો. આ આંબાઓ, જે ભ્રમરના વસ્ત્રાલંકાર ધારીને બેઠા છે તે તરફ; એ તો જાણે જગતનો પરાજય કરીને બેઠેલા કામદેવના ધનુષબાણ પેરે શોભી રહ્યા હોય તેવા જણાય છે. ચાલો આજે મંદાકિની નદીના તટપર, આપણે સઘળા આ વસંતરાજનો બહાર ખીલી રહ્યો છે, તેની મઝા ભોગવીએ.”

નરવાહનદત્તના મંત્રીઓએ આ પ્રમાણે કહ્યું. તે પછી તે પોતાના રણવાસની રાણીઓને લઇને મંદાકિની નદીના તટપર ગયો. એલચી, લવીંગ, બોલસરી, આશોપાલવ અને મંદારવૃક્ષોની ઘટ્ટ ઘટા, જે નવપલ્લવ થઈ ઝુકીને લચી રહી હતી ને તેપર બેઠેલા નાના પ્રકારનાં પક્ષીઓ પોતાનો મધુરો સ્વર કાઢીને આનંદ ઉપજાવતા હતા, તેવા બગીચામાં ફરી હરી, તે ઉત્સવ મહાલવા માંડયો. નરપતિ, નદીના તટપર જઇને ચંદ્રકાંતમણિની એક શિલાપર બેઠો. પોતાની ડાબી બાજુએ રાણી મદનમંજુકાને બેસાડી. તેની બીજી રાણીઓ અને પરિજનો, તથા વિદ્યાધરેશો, જેમાં મુખ્ય ચંડસિંહ તથા અમિતગતિ છે તેઓને પણ બેસાડયા. ત્યાં સુવર્ણનાં પાત્ર ભરીને મદિરા લાવવામાં આવી. તેનું યથેચ્છ પાન કીધું. પછી નૂતન નૂતન વાતોપર તડાકા મારવા માંડ્યા. રંગમાં આવી મહારાજે વસંતરાજની આ અલૌકિક લીલા નિહાળીને કહ્યું: “ દક્ષિણ દિશામાંથી આવતો પવન–ઝીણો ઝીણો પવન–સુગંધીદાર ને બહુ મોજ આપનારો છે; આકાશ પણ સ્વચ્છ છે; આ ઉપવન પણ સર્વ તરફથી પુષ્પો ને વેલાઓથી ઝુકી રહ્યું છે; કોકીલાના સ્વરો ઘણા મધુરા લાગે છે! તેમાં વળી મદિરા વધારે મોહ ઉપજાવે છે; તો હવે આ વસંતરાજના આનંદમાં શું કમીના છે વારુ? વસંતમાં તો સર્વ વસ્તુ પ્રિય હોય છે, પણ જો પ્યારીનો વિરહ થયો તો તે વેઠવો બહુ કઠિણ છે. આ વસંતમાં કદાચ જનાવરોને પણ વિરહ થયો તો તેઓને પણ તે ભારે થઈ પડે છે. અહિંયાં જ જુઓની, આ કોયલડી વિરહ વ્યથાથી કેવી કાલી થઈ ગઈ છે! એણે કૂહૂકૂહૂ શબ્દથી ઘણીવાર સૂધી પોતાના નાસી ગયેલા પ્યારાને બોલાવ્યો, પણ જ્યારે કોઇપિણ રીતે તેનો પત્તો લાગ્યો નહીં, ત્યારે તે જાણે મરણ પામી હોય તેમ શબ્દ કર્યા વગર આ આંબાની, કુંજમાં ભરાઈ બેઠી છે.”

આ સર્વ સાંભળી મંત્રી ગોમુખ બોલ્યો; "એ સાચું છે. સર્વ પ્રાણી આ વખતે વિરહાવસ્થા વેઠી શકતાં નથી. હું તમોને શ્રાવસ્તિ નગરીમાં બનેલી એક વાર્તા કહું છું, તો હે મહારાજ ! તે હવે આપ સાંભળો."

## સુષેણા અને સુરસેનની કથા.

શ્રાવસ્તિ નગરીમાં એક રાજકુમાર, રાજાની નોકરી કરતો હતો અને તે નોકરીના બદલામાં એક ગામની આજીવિકા ખાતો હતો. આ રાજકુમારનું નામ સુરસેન હતું. તેની સ્ત્રી માળવા દેશની હતી. તેનું નામ સુષેણા હતું. સુરસેન અને સુષેણા વચ્ચે એવો તો ગાઢ પ્રેમ હતો કે ન પૂછો વાત. સુરસેન પોતાની સ્ત્રીને પોતાના પ્રાણ કરતાં પણ વધારે પ્યારી ગણતો હતો. એક વખતે રાજાએ સુરસેનને બોલાવીને આજ્ઞા કરી કે, 'તું હમણાં જ આ સેનાની સાથે પરગામ જા!' સુરસેન રાજાનો હુકમ માથે ચઢાવીને ઘેર આવ્યો. જ્યારે તે, સર્વ સામાન સજ્જ કરીને છાવણી તરફ જવા તૈયાર થયો, ત્યારે તેની પ્યારી સ્ત્રીએ તેની પાસે આવીને, હાથ પકડીને કહ્યું; "પ્યારા ! તમારે મને એકલી મૂકીને અહિંયાથી ન જવું જોઇયે; હું તમારા વગર અહીં એક ક્ષણ પણ રહી શકીશ નહીં!" સુરસેન પોતાની પ્રિયાનાં મધુરાં મૃદુ વચનો શ્રવણ કરીને બોલ્યો; "પ્યારી ! તું કહે છે તે તો ઠીક છે; પરંતુ જ્યારે મને રાજાએ હુકમ કીધો છે, ત્યારે હવે હું કેમ રહી શકું? હે સુંદરી ! તું શું મારી સ્થિતિ જાણતી નથી ? હું રાજકુમાર છતાં પરતંત્ર છું-રાજાની નોકરી કરીને આજીવિકા ચલાવું છું!" તે સાંભળી તેની સ્ત્રી રડતાં રડતાં બોલી; "નેત્રમણિ ! તમારે જો જવું જ હોય તો ભલે જાઓ: હું દુઃખસુખમાં ગમે તેમ મારા દહાડા ગુજારીશ; પણ તમે વસંતઋતુમાં તો નિઃશંક પાછા ફરજો: એક દિવસ પણ વધારે રોકાશો તો મારાથી તે ઋતુનો તાપ સહન થઈ શકશે નહીં!" તે સાંભળીને સુરસેને તેને કહ્યું; "પ્યારિ ! એ મને મંજુર છે! ખાતરીથી માન, હે મદન મૂર્તિ! કે ગમે તેવું કામ હશે તોપણ તે કામ છોડીને, ચૈત્ર મહિનાને પ્રથમ દિવસે હું અહીં આવીશ." આ પ્રમાણે પ્રિયતમે બહુબહુ તેને સમજાવી, આશા આપી, ધીરજ દીધી, ત્યારે તેની સ્ત્રીએ તેને જવાની હા પાડી. પછી સુરસેન, રાજાની છાવણીમાં ગયો.

સુષેણા, હવે પોતાના પતિના ગયા પછી આંગળીના વેરડાપર દિવસો ગણવા લાગી અને હમણાં વસંતઋતુ આવશે ને થોડા દિવસમાં હું મારા નાથને મળીશ, આવી આશામાં ને આશામાં તે દિવસ નિર્ગમન કરવા લાગી. થોડો કાળ વીત્યા પછી વસંતઋતુ આવી. ચારે તરફ કામને બોલાવવાના મંત્ર જેવા સુંદર કોયલોના કૂ-હૂ-કૂ-હૂ ટૌકા સંભળાવા લાગ્યા—જાણે કામદેવે ચઢાવેલા ધનુષ્યના ટંકાર થતા હોય તેવા વસંતઋતુને લીધે મદોન્મત્ત થયેલા ભ્રમરાઓના સ્વર કાને પડવા લાગ્યા. આ પ્રમાણે વસંતનાં ચિહ્ન જોઈ, સુષેણા મનમાં બોલી; " વસંત આવી પહોંચ્યો ચૂક્યો! ધારું છું કે, મારો પતિ પણ આજકાલમાં નિઃશંક આવી પહોંચશે !" આમ વિચાર કરી તેણે નાહાઈ ધોઈ અંગમાં અંગરાગ ચોપડ્યો, નવનવાં વસ્ત્રો પહેર્યાં, હાથમાં, કંઠમાં, નાકમાં ને કાનમાં ઘરેણાં પહેર્યાં; માથે



પુષ્પની વેણી ગુંથી, બનીઠણીને કામદેવનું પૂજન કીધું; પછી ઉમરા ઉપર જઈ પતિની વાટ જોતી ઉભી રહી. સાયંકાળ વીતિ રાત્રી થઈ ગઈ, તોપણ પતિ આવ્યો નહીં. તે બાપડી નિરાશ થઈ નિસાસો મૂકીને ઘરમાં ગઈ અને એક પલંગ ઉપર વિશ્રાંત થઇને પડી! વિચાર કરવા લાગી: "મારો મૃત્યુ સમય તો હવે આવ્યો, પણ મારો પતિ આવ્યો નહીં. કેમકે જે પુરુષો પરની ચાકરી કરનારા છે, તેને પોતાના કુટુંબી ઉપર શાનો પ્રેમ હોય?" તે આવા વિચાર કરતી હતી અને પોતાના પ્રિયતમનું મનમાં સ્મરણ કરતી હતી, તેટલામાં તો કામરૂપી દાવાનળથી બળી ગયા હોય તેમ તેના દેહમાંથી પ્રાણ બહાર નિકળી ગયા ને તે નિસ્તેજ થઈ પડી.

હવે સુરસેન તરફ જોઇએ. તેણે જ્યારે જોયું કે વસંતઋતુ આવી છે, ત્યારે પોતાની પ્યારીને મળવાની ઉત્કંઠાથી મહાકષ્ટે રાજાની પાસેથી રજા મેળવી અને પોતાના કહ્યા પ્રમાણે જ એક મોટા ઊંટ ઉપર બેસીને, રાતોરાત ચાલી નિકળ્યો. જે દિવસે સુષેણા મૃત્યુ પામી, તે જ દિવસે, રાત્રિના પાછલા ભાગમાં, તે પોતાને ઘેર આવી પહોંચ્યો. પણ ઘરમાં જઇને જુવે છે તો, ચારે તરફથી ખીલેલી પુષ્પથી ભરેલી લતા જેમ પવનથી ઉખડીને લોટપોટ થઈ પડી હોય, તેમ સર્વ શૃંગાર સજીને, પ્રાણ રહિત, એક શય્યા ઉપર પડેલી તેણે પોતાની પ્યારીને જોઈ! એટલે તે જોતાં જ, તે રાજકુમાર પણ વિહ્વળ થઈ ગયો. પછી પોતાની પ્રિયાને પોતાના ખોળામાં લઈ વિલાપ કરવા માંડ્યો, અને તેમ કરતાં તો એક ક્ષણમાં તેના દેહમાંથી પણ પ્રાણ નિકળી ગયા! આવી રીતે બંને જણાં વિરહવેદનાથી મરણ પામ્યાં.

જ્યારે સુરસેનની કુળદેવી, સર્વને વરદાન આપનારાં ચંડીકાએ તે સ્ત્રીપુરુષની આ રીતની દશા જોઈ, ત્યારે તેમના ઉપર દયા આણીને તે બન્નેને સજીવન કર્યાં. જીવ આવ્યા પછી બંનો બેઠાં થયાં! એક બીજાને સુદૃઢ પ્રેમની પૂર્ણ ખાત્રી થવાથી તે દિવસ પછી બન્ને જણાં એક બીજાં પ્રત્યે અત્યંત પ્રેમ રાખવા લાગ્યાં અને તે પછી કોઈ પણ દિવસે તેઓ છૂટાં પડ્યાં જ નહીં. આ પ્રમાણે હે મહારાજ! મલયાચળના મંદમંદ પવનથી વધેલા વિરહાનળને કિયાં પ્રાણીઓ સહન કરી શકે છે?" ગોમુખે આ કથા કહી, તે ઉપર વિચાર કરીને નરવાહનદત્ત પણ અકસ્માત્ ઉદાસીન થઈ ગયો. મહાત્મા પુરુષોનો અંતરાત્મા, સુખમાં હો કે દુઃખમાં હો, તોપણ આગળ થનારાં શુભ અને અશુભ ફળને સૂચવે છે.

આમ અનેક ચર્ચાઓમાં સાયંકાળ થઈ ગઈ. નરવાહનદત્ત મિત્રમંડળીમાંથી ઉઠીને પોતાના નિવાસભવનમાં દાખલ થયો અને સાયંસંધ્યા કરી પોતાની શય્યા ઉપર જઇને સુતો. તેણે પાછલી રાત્રે સ્વપ્ન જોયું,-જેમાં રાજાએ પોતાના પિતાને, કોઈ એક શ્યામ સ્યામા દક્ષિણ દિશા તરફ ઘસડી જતી હોય તેવું દીઠું. તે તરત જાગ્રત થયો અને પોતાના પિતાને કંઈ પણ દુઃખ થયું હશે, એવી શંકા કરીને પોતાને પ્રાપ્ત થયેલી પ્રજ્ઞપ્તિવિદ્યાનું ધ્યાન ધર્યું; તે વિદ્યાદેવી, તુરત પાસે આવીને ઉભી રહી. રાજાએ તે વિદ્યાને પૂછ્યું; " બોલ ! મારા પિતા વત્સરાજ હમણાં શું

કરે છે? કારણ કે મેં હમણાં સ્વપ્નામાં તેમના સંબંધમાં બહુ ભુંડું જોયું છે અને તેથી મને બહુ બહુ શંકા થાય છે.” આ પ્રમાણે વિદ્યાને પૂછ્યું, એટલે તે વિદ્યાદેવી રાજાની આગળ પ્રત્યક્ષ આવીને બોલી; “હે મહારાજ ! તમારા પિતા વત્સરાજનું ચરિત્ર સાંભળો.

## વત્સરાજ વગેરેની સ્વર્ગારોહણ કથા.

“તમારા પિતા કૌશાંબી નગરીમાં રહેતા હતા. એક સમયે ઉજ્જયિનીમાંથી એક દૂતે આવીને તમારા પિતાને એવા સમાચાર કહ્યા કે, ‘ચંડમહાસેન રાજા મરણ પામ્યા છે; અને તેની રાણી અંગારવતી તેની પાછળ સતી થયાં છે!’ આ સાંભળીને વત્સરાજ તથા વાસવદત્તાને મુર્છા આવી; બંનો ધરણીપર ઢળી પડ્યાં. પછી બન્ને જણાં સ્વર્ગવાસી સાસુ સસરાનો બહુ અફસોસ કરવા લાગ્યાં. આ વાતની જેવી મંત્રીઓને ખબર થઈ કે, તેઓ તુરત રાજાની પાસે આવીને બોલ્યા; ‘મહારાજ ! આ ક્ષણભંગુર સંસારમાં કોણ અમર રહે છે? આપના સસરા તો પરમ સુખી થઈ ગયા, તો તેનો અફસોસ શા હેતુથી કરવો જોઇએ? તમારા જેવા તેમના જમાઈ, ગોપાલક જેવો સુપુત્ર અને નરવાહનદત્ત જેવો દોહિતરો છે, તો હવે તેમના સુખનું શું પૂછવું? તેઓ તો મહાભાગ્યશાળી થઈ ગયા છે.’ આમ સમજાવીને વત્સરાજને ઉઠાડ્યા ને છાના રાખ્યા. તમારા પિતાએ, પોતાની સાસુ અને સસરાને જળદાન દઇને ઠંડાં પાડ્યાં. પછી વત્સરાજે, પોતાની પાસે રહેલો ગોપાલક, જે શોકાતુર થઇને રડતો હતો તેને, ગદ્ગદિત કંઠે કહ્યું; ‘ગોપાલક! હવે તું રડ મા અને અહીંથી ઉજ્જયિનીમાં જઈ, તારા પિતાની રાજ્યગાદી ઉપર બેસી પ્રજાનું પાલન કર. દૂતદ્વારા મેં સાંભળ્યું છે કે, પ્રજા તારી વાટ જુવે છે.’ ત્યારે ગોપાલક રડતો રડતો બોલ્યો; ‘ મહારાજ! તમને અને મારી બહેનને મૂકીને જવાનું મને ગમતું નથી. વળી મારા પિતા વગરની તે નગરી મારાથી જોઈ પણ શકાશે નહીં; એટલા માટે મારી આજ્ઞાથી મારો નાનો ભાઈ પાળક મારી ગાદી ઉપર વિરાજીને પ્રજાનું પાલન કરે, એમ હું ઇચ્છું છું.’ આવી રીતે કહીને જ્યારે ગોપાલકે વધુ કહ્યું કે,–‘મને રાજ્ય કરવાની ઇચ્છા જ નથી!’ ત્યારે વત્સરાજાએ, રૂમણ્વાન સેનાપતિને બોલાવીને કહ્યું,–‘તમે ઉજ્જયિનીમાં જઈ ગોપાલકના નાના ભાઈ પાળકને રાજ્યગાદી ઉપર બેસાડી આવો.’ તુરત રૂમણ્વાન ઉજ્જયિનીમાં ગયો ને તમારા નાના મામા પાળક રાજકુમારને તેડાવીને કહ્યું,– ‘તમારા મોટા ભાઇએ તમને ગાદી ઉપર બેસવાની આજ્ઞા આપી છે, માટે તમારો રાજ્યાભિષેક કરવા હું આવ્યો છું!’ આમ જણાવી તેને રાજ્યાસન ઉપર બેસાડ્યો ને તે પાછો કૌશાંબીમાં આવ્યો.

“પછી આપના પિતાજી વત્સરાજે પણ સંસાર તરફ નજર કરતાં જોયું તો જણાયું કે આ સર્વ પદાર્થ નાશવંત છે અને આ ક્ષણિક વસ્તુ ઉપર રાગ કરવો એ નકામું છે, આમ ધારી વિચારી સર્વ વસ્તુ ઉપરથી પ્રેમ ઓછો કરી નાંખ્યો, અને યૌગંધરાયણ વગેરે પોતાના મંત્રીઓને કહ્યું,–‘ મંત્રીવર્યો! આ સાર વગરના સંસારમાં જેટલી વસ્તુઓ છે, તે પરિણામે માણસને



નિરસ થઈ પડે છે. મેં રાજ્ય પણ કર્યું; રાજ્યલક્ષ્મીથી વૈભવો ભોગવવામાં પણ કંઈ મણા રાખી નથી; તેમ શત્રુઓનો પરાજય પણ કર્યો છે; વળી વિદ્યાધરનું ચક્રવર્તી રાજ્ય કરનાર પુત્રનાં પણ દર્શન થયાં છે; હમણાં મને અને મારી સમાન વયના સર્વે મિત્રોને વૃદ્ધાવસ્થા પ્રાપ્ત થઈ છે,–જરાએ દાંત કચકચાવતાં આવીને અમારા કેશને પકડીને અમને મૃત્યુને અર્પણ કર્યા છે અને બળવંતો જેમ નિર્બળના રાજ્યને દબાવે છે, તેમ પળીયાંઓએ અમારા શરીરને તાબે કરી દીધું છે. માટે હવે હું કાલંજરગિરિ ઉપર જઇને આ ક્ષણભંગુર દેહનો ત્યાગ કરીશ, અને શાસ્ત્રમાં વર્ણવેલા મોક્ષ નગરમાં જવા માટે ઉપાય કરીશ!” આ પ્રમાણે રાજાનું કહેલું સાંભળી સઘળા મંત્રીઓએ તે વચન ઉપર બહુ બહુ વિચાર કીધો; અને પછી તેઓએ અને વાસવદત્તાએ એકમત થઇને કહ્યું; “ મહારાજ! આપ ઇચ્છાનુસાર વર્તો, અમે પણ તમારી કૃપાથી જ પરલોકમાં ઉંચી ગતિ પામીશું.”

“આવી રીતે રાજાના અંતરંગ મિત્રોએ રાજાને કહ્યું, એટલે વત્સરાજે કાલંજરગિરિપર જવા માટે દઢ નિશ્ચય કર્યો અને પછી પોતાના મોટા સાળા ગોપાલકને સભામાં બોલાવીને કહ્યું; ‘ગોપાલક! તું અને નરવાહનદત્ત એ બન્ને મારા મનથી સમાન પુત્રો છો, માટે હું મારું આ કૌશાંબીનું રાજ્ય તને સોંપું છુંઃ તારે નીતિપૂર્વક રાજ્યની રક્ષા કરવી.’ જ્યારે વત્સરાજે આ પ્રમાણે કહ્યું, ત્યારે ગોપાલક બોલ્યો; ‘ મહારાજ ! આપની આજ્ઞા મારા મસ્તકપર છે. પરંતુ આપ જ્યાં જશો ત્યાં હું પણ આવીશ–એ નિર્માણ છે; કારણકે હું આપના વગર એક ક્ષણ પણ રહી શકીશ નહીં ને રહેવાને ખુશી પણ નથી.’ આ પ્રમાણે ગોપાલકે આગ્રહથી કહ્યું, ત્યારે વત્સરાજાએ કૃત્રિમ ગુસ્સો કરીને કહ્યું; ‘અલ્યા દાંભિક! તું આજે જ જ્યારે મારું કહ્યું માનતો નથી અને સ્વતંત્ર વર્તમાન દર્શાવે છે, ત્યારે કોઈ પોતાના રાજ્યાસન ઉપરથી ભ્રષ્ટ થયો હોય તેનું તો તું શું જ કહ્યું માને?’ આ પ્રમાણે જ્યારે રાજાએ ઘણાં જ કઠોર–કર્કશ વચનો કહ્યાં, ત્યારે ગોપાલકે બહુ રડવા માંડ્યું. તે પોતાનું મોઢું નીચું રાખી રહ્યો. જો કે તેણે વનમાં જવાનો નિશ્ચય કીધો હતો, તોપણ ક્ષણભર તે વિચાર દૂર કીધો.

“પછી રાજા, વાસવદત્તા અને પદ્માવતી, શણગારેલા એક હાથી ઉપર અંબાડીમાં બેઠાં, અને તેના મંત્રીઓ જૂદાં જૂદાં વાહનોમાં બેઠા. પછી તે સર્વે નગરની બહાર નીકળ્યા. આ વખતે રાજાને વનમાં જતો જોઈ, બાળકથી વૃદ્ધપર્યંત તમામ પ્રજા છાતીફાટ રડતી રડતી તેને વળાવવાને નિકળી. થોડે દૂર ગયા પછી રાજાએ પોતાના હાથીને ઉભો રાખીને કહ્યું; ‘હે નગરજનો! તમે હવે રડો મા, પાછા નગરમાં જાઓ. ગોપાલક રાજ્યાસન ઉપર બિરાજી તમારું યથાર્થ રીતે પાલન કરશે.’ આવી રીતે સમજણ આપી પોતે, મંત્રીઓ અને રાણીની સાથે કાલંજરગિરિ ઉપર ગયો. ત્યાં પહોંચતાં જ હાથી ઉપરથી ઉતરી પડી, શંકરના મંદિરમાં ગયો. તેની પાછળ રાણીઓ અને મંત્રીઓ પણ ગયા. વત્સરાજે, શંકરને પ્રણામ કરી, સર્વ સમયમાં પોતાને ઘણી જ વહાલી એવી ઘોષવતી નામની વીણાને હાથમાં લીધી. પોતાની બન્ને બાજુ ઉપર ઉભેલી રાણીઓની સાથે અને યૌગંધરાયણ

વગેરે મંત્રીઓની સાથ શંકરનું ભજન કરતાં કરતાં, ભૈરવજપની પેરે તે નીચે ઢળી પડ્યો! તેવું જ ઝળઝળાટ પ્રકાશ કરતું એક ઉત્તમ વિમાન આકાશમાંથી ઉતરી આવ્યું. તેમાં વત્સરાજ તેની રાણી તથા તેના મંત્રીઓ ચઢી બેઠા અને દેવની પેરે શોભતા સ્વર્ગમાં સિધાવી ગયા!"

આ પ્રમાણે વિદ્યાના મુખથી સર્વ વૃત્તાંત શ્રવણ કરતાં વેંત જ નરવાહનદત્ત એકદમ "હાય પિતા! તમે મને મૂકીને કેમ ગયા? હું તમારો બાળક હવે તમારા મુખને ક્યાં જોઇશ," વગેરે બોલી વિલાપ કરતો કરતો મૂર્છાવશ થઈ, ધરણીપર ઢળી પડયો. જ્યારે થોડીવારે એને શાંતિ વળી, ત્યારે એ બેઠો થઇને પિતાનો, માતાનો તથા વૃદ્ધ મંત્રીઓનો, તે પોતે અને પોતાના બાળક મંત્રીઓ સહિત, અફસોસ કરવા લાગ્યો. એવામાં વિદ્યાધરો ને ધનવતીએ આવીને રાજાને શાંત પાડી કહ્યું; "મહારાજ! તમે સંસારના સ્વરૂપને જાણો તો છો જ કે, તે એક ઇંદ્રજાળના જેવો ખેલ છેઃ ક્ષણમાત્રમાં થાય છે ને ક્ષણમાત્રમાં નાશ પામે છે; છતાં પણ તમે તેના ઉપર કેમ મોહ પામો છો? તમારા પિતા વગેરે તો આ સંસારના સર્વે મનોરથ સિદ્ધ કરીને સ્વર્ગવાસી થયા છે, તેનો તમે શા માટે અફસોસ કરો છો? તેઓને તમારા જેવો પ્રતાપી વિદ્યાધરનો ચક્રવર્તી પુત્ર છે, તો હવે તેનાથી બાકી શું સુખ ભોગવવાનું તેમને રહી ગયું છે? તેઓ તો જગતમાં ભાગ્યશાળી થઈ ગયા!" જ્યારે તેઓએ આ રીતે નરવાહનદત્તને ધૈર્ય આપ્યું, ત્યારે તે આક્રંદ કરતો રહ્યો અને તેણે પોતાના પિતાને દાધાંજલિ આપી. પછી પુનઃ તેણે વિદ્યાને પ્રશ્ન કર્યું કે,–"હે વિદ્યા! મારો મામો ગોપાલક હવણાં ક્યાં છે? અને તે શું કરે છે?" એ સાંભળીને વિદ્યાએ પુનઃ રાજાને ઉત્તર આપ્યું.

"જ્યારે વત્સરાજ અને ગોપાલકની બહેન કાલંજરગિરિ ઉપર દેહપાત કરવા માટે ગયાં, ત્યાંથી તેણે બહેન બનેવીનો બહુ અફસોસ કર્યો. આ સર્વ જગત્ નાશવંત છે, તેમાં જે અભિમાન કરે છે કે, આ મારું ને આ તારું તે વ્યર્થ છે, આમ વિચાર કરતાં કરતાં, તેને વૈરાગ્ય વ્યાપ્યો. તે પોતે નગરની બહાર રહ્યો ને તે જ વખતે પોતાના નાનાભાઈ પાળકને ઉજ્જયિનીમાંથી બોલાવી મંગાવીને, કૌશાંબીનું રાજ્ય પણ તેને જ આધીન કર્યું. આવી રીતે વૈરાગ્યને લીધે તે બન્ને રાજ્યગાદી–કૌશાંબી ને ઉજ્જયિની ઉપર, પોતાના નાના ભાઇને બેસાડી, તે પોતે અસિતગિરિ* ઉપર કશ્યપના આશ્રમમાં જઈ, તે મુનિની પાસેથી વલ્કલ વસ્ત્ર ધારણ કરી ત્યાં રહ્યો છે. હમણાં તેઓ મુનિઓની વચમાં બેસીને તપ કરે છે."

## ગોપાલકની મુલાકાત.

આ રીતે જ્યારે નરવાહનદત્તે વિદ્યાની પાસેથી સર્વ સમાચાર સાંભળ્યા, ત્યારે તે પોતાના મામાને મળવા માટે ઘણો જ આતુર થયો. કારણ કે હવે કુટુંબમાં વડીલ તરીકે માત્ર એટલો મામો જ હતો. તુરતજ નવો ચક્રવર્તી એક વિમાનમાં બેસીને આકાશમાર્ગે વિદ્યાધર તથા રાણીઓ સહિત ઉડ્યો ને પલકારામાં કશ્યપ મુનિના આશ્રમમાં તે દાખલ થયો. અહીં

* કાળો પર્વત.



અનેક કાળા મૃગો, ચકચકતી આંખો ફેરવી આમ તેમ ફરતા ફરતા તૃણ ચરતા હતા અને પક્ષીઓના મધુર સ્વરો નિર્ભયપણાથી ચોતરફથી સંભળાતા હતા. તે જાણે ભલે પધાર્યા, આવો, ભલે આવો!' આવી રીતે આદરમાન આપતા હોય તેમ જણાતું હતું. અગ્નિહોત્ર હોમનારા તપસ્વીઓના અગ્નિહોત્રના કુંડમાંથી બહાર નિકળી ગગનમાં ચઢેલો ધુમાડો, જાણે મુનિઓને સ્વર્ગનો માર્ગ બતાવતો હોય તેમ જણાતું હતું. ઘણી કપિલા (ગાયો)નાં સમૂહ સહિત ઘણા નાગેન્દ્રો તથા મોટા મોટા હાથીઓ ત્યાં રહેતા હતા. સારાંશ કે, એ આશ્રમ જાણે પૃથ્વીની ઉપર અજવાળાવાળું પાતાળ આવી રહેલું હોય, તેવું જણાતું હતું.

નરવાહનદત્તે આ આશ્રમમાં ઘણા મુનિમંડળની મધ્યમાં, વલ્કલવસ્ત્ર ધારણ કરનાર જટાધારી, જાણે મુર્તિમંત શમ હોય તેવા પોતાના મામાને તપોવનમાં બિરાજતા દીઠા. ગોપાલક પણ પોતાના ભાણેજને આવેલો જોઈ, મુનિમંડળમાંથી તરત ઉભો થયો. નરવાહનદત્તને પોતાના ખોળામાં બેસાડી છાતી સાથે ચાંપી, બહુ રડવા લાગ્યો. પ્રેમનું સ્વરૂપ કંઇ વિલક્ષણ જ હોય છે. આ વખતે પરસ્પર–એક બીજાને મળવાથી, બન્નેના મનમાં મરણ પામેલાં સગાંનો શોક ફરી જન્મ પામ્યો! કહેવત છે કે, જ્યારે પોતાનાં સગાંનો મેળાપ થાય છે, ત્યારે માણસને વિસારે પડેલા દુઃખનું પુનઃ સ્મરણ થઈ આવે છે. તે વખતે અત્યંત દુઃખ ઉપજે છે અને તે સર્વને પીડાકારક થઈ પડે છે. મામા ભાણેજને રડતા જોઈ, તે આશ્રમનાં પશુપક્ષીઓની આંખમાં પણ ઝળઝળિયાં ભરાઈ આવ્યાં. પછી કશ્યપ વિગેરે મુનિઓએ પાસે આવીને બન્નેને સમજાવીને શાંત કર્યાં.

આ પ્રમાણે તે દિવસ પૂરો કીધો. બીજે દિવસે પ્રભાતમાં નરવાહનદત્તે પોતાના મામાની પાસે જઇને વિનતિ કરી કે; "મામા! તમે આ વનમાં રહીને દુઃખ શા માટે ભોગવો છો? મારી સાથે વિદ્યાધરના લોકમાં આવીને ઐશ્વર્યસુખ ભોગવો!" ત્યારે ગોપાલકે ઉત્તર આપ્યું; "વત્સ! મેં તારાં દર્શન કર્યાં, તેથી હજુ મને સુખ પ્રાપ્ત થયું નથી, એમ તું શું ધારે છે? જો તું મને ઘણો જ ચાહતો હોય કે મારે તો મામાને તેડી જવા જ છે, તો હું કહું છું કે, તું જ આ ચોમાસું, જે હવે પાસે આવ્યું છે, તે ચાર મહીના અહીં જ ગાળી કાઢ. આપણે સાથે રહીશું અને આનંદમાં દહાડા ગુજારીશું." નરવાહનદત્તને વડીલમાં ગોપાલક જ હતો; તે તેના ઉપર બહુ જ પ્રેમ ધરાવતો હતો, તેથી મામાનું વેણ સાંભળીને તે જ વખતે તેણે ત્યાં રહેવાનો નિશ્ચય કીધો અને સહપરિવાર તે પર્વત ઉપર આવેલા કશ્યપ મુનિના આશ્રમમાં રહ્યો.

## તરંગ ૨ જો.

## સુરતમંજરીની કથા.

એક સમયે **નરવાહનદત્ત** અસિતગિરિ ( કાળાપર્વત ) ઉપર સભામંડપમાં, રત્નજડિત સિંહાસન ઉપર વિરાજમાન થયો હતો, આસપાસ વિદ્યાધરો બેઠા હતા. તેવામાં તેના સેનાપતિએ આવીને વિનતિ કરી; "મહારાજ! આજ રાત્રે હું મારા કિલ્લામાં રહીને સેનાની રક્ષા કરતો હતો, એવામાં કોઇએક દિવ્ય પ્રાણીને, આકાશ માર્ગે એક સ્ત્રીનું હરણ કરી જતાં મેં જોયો. આ વખતે તે સ્ત્રી, 'હાય ! આર્યપુત્ર ! આ કોઈ પાપી મારું હરણ કરી જાય છે !' આવા શબ્દ મારે કાને સાંભળવામાં આવ્યા. મેં તેના તરફ નજર કરી. મને જણાયું કે, તે અનુપમ રૂપવતી નારીને, હમણાં બળવાન્ છે તેવા ચંદ્રમાએ પોતાના તેજના હરણના અપરાધ માટે કેદ પકડી મંગાવી છે, એમ મારા જાણવામાં આવ્યું.* હું ને મારાં માણસો તેની પાછળ ઉડ્યાં ને તે પુરુષને ધમકાવીને કહ્યું; "અલ્યા ઓ પાપી ! તું પરસ્ત્રીનું હરણ કરીને ક્યાં જશે ? ધર્મરક્ષક **નરવાહનદત્ત**, જેનું ચક્રવર્તી રાજ્ય સાઠ હજાર યોજનમાં છે, તેટલા ભાગમાં પક્ષીઓ પણ અધર્મ કરી શકતા નથી, ત્યારે બીજાની તો વાત જ શી કરવી ? છતાં તું એવો નિડર થયો છે કે, પરસ્ત્રીનું હરણ કરીને નાસે છે ?" આમ રહીને મેં અને મારાં માણસોએ તેને, પેલી સ્ત્રીની સાથે જ પકડીને નીચે ઉતાર્યો. જ્યારે તેને મેં પૂછ્યું અને તેનું મુખ જોયું, ત્યારે તો, મહારાજ ! શું કહું ? તે તો વિદ્યાધર **ઈત્યક** નામનો તમારો સાળો જણાયો, જે **મદનવેગ**થી કલિંગસેનાને પેટે જન્મેલો છે. પછી મેં તેને પૂછ્યું; 'અલ્યા ! આ સ્ત્રી કોણ છે ? અને એને તું શા માટે હરી જાય છે? તે બોલ્યો; '**મતંગજ** નામનો વિદ્યાધરનો એક રાજા છે. તેની રાણી **અશોકમંજરી**ને પેટે આ કન્યાનો જન્મ થયો છે. એનું નામ **સુરતમંજરી** છે. આ કન્યાની માતા અશોકમંજરીએ પ્રથમથી જ એનું મારી સાથે વેવિશાળ કર્યું હતું; પરંતુ એના બાપે બીજા એક મનુષ્યની સાથે એને પરણાવી ને મારી સગાઈ તોડી નાખી હતી. આ વાર્તા મારા જાણવામાં આવી કે, હું આજ તેને ત્યાં જઈ આ કન્યાનું હરણ કરી લાવ્યો છું. માટે આમાં મારો શું અપરાધ છે તે તમે જ કહો ?" આટલું કહીને ઈત્યક બોલતો બંધ થયો. પછી મેં સુરતમંજરીને પૂછ્યું; 'બહેન! તારાં લગ્ન કોની સાથે થયાં છે અને તું આના હાથમાં કેવી રીતે આવી તે સવિસ્તર કહે.' ત્યારે તે બોલી:—

'ઉજ્જયિની નગરીમાં **પાળક** નામનો એક રાજા રાજ્ય કરે છે. તે ઘણો જ સંપત્તિવાળો છે. તેને **અવંતિવર્દ્ધન** નામનો કુમાર છે. તેની સાથે મારાં લગ્ન થયાં છે. હું આજ તેના

* અર્થાત્ તે સ્ત્રીનું દિવ્યપણું ચંદ્રના તેજથી પણ અધિક હતું ને તેથી ચંદ્રે તેને પોતાનું તેજ ચોરી લીધું, તેનો અપરાધ ગણીને જાણે પકડી મંગાવી હોય !



શય્યાભવનમાં સુતી હતી અને મારા પ્રાણનાથ પણ સુઈ ગયા હતા, એવામાં આ ચંડાળ મારું હરણ કરીને મને અહીં સૂધી લઇ આવ્યો છે. જો મારા પ્રાણનાથ જાગતા હોત તો તેને પણ આ વાતની ખબર પડત; પણ તેઓ જાણતા જ નથી કે મારા શા હાલ થયા છે.' આ પ્રમાણે સુરતમંજરીનું બોલવું સાંભળી, ઈત્યક તો સડક જ થઇ ગયો, તેનાં ગાત્ર શિથિળ થઈ ગયાં. પછી મેં બન્નેને કોટડીમાં કેદ કર્યાં. હવે આપ નિર્ણય કરી જે આજ્ઞા કરો, તે પ્રમાણે વર્તવાને હું તૈયાર છું."

**નરવાહનદત્તે**, એ પ્રમાણેની હકીકત **હરિશિખ** સેનાપતિના મુખથી સાંભળ્યા પછી, એનો શો ન્યાય કરવો, એ વિશે પોતાને કંઈપણ સૂઝ પડ્યું નહીં. તે ગોપાલકની પાસે ગયો; અને સર્વ વાર્તા કહી સંભળાવી. ગોપાલકે કહ્યું; "પ્યારા ભાણજા ! આમાંનું હું કંઈ જાણતો નથી. હું ધારું છું કે તે કન્યા હવણાં **પાળક**ના પુત્રવેરે પરણી હશે, પણ આ વાતનો નિશ્ચય કરવા સારુ, **ભરતરોહ** મંત્રીને અને **પાળક**ને ઉજ્જયિનીમાંથી અહીં બોલાવો અને પૂછો, એટલે સત્ય વાર્તા શી છે તે જણાશે !" **નરવાહનદત્ત**, મામાનું વચન સાંભળીને, **પાળક**, મામાના કુમારને અને તેના મંત્રીને તેડાવવા માટે **ધૂમ્રશિખ** વિદ્યાધરને મોકલ્યો. એ વિદ્યાધર પવનવેગે ઉજ્જયિનીમાંથી **પાળક**ને, તેના પુત્રને અને મંત્રીને તેડી લાવ્યો. રાજકુમાર અને મંત્રી, **નરવાહનદત્ત**ને અને ગોપાલકને પ્રણામ કરીને ઉભા રહ્યા. પછી **નરવાહનદત્ત** તથા ગોપાલકે તેઓને આદરસત્કાર આપીને યથોચિત બેસાડ્યા અને ચાલતી ચર્ચાનો ખુલાસો કરવા માટે પૂછ્યું કે; "કુંવરજી ! **સુરતમંજરી** તમારી પણીયત ભાર્યા છે કે નથી ?' ત્યારે, **અવંતિવર્દ્ધન**, જે ચંદ્રવદન છતાં રાત્રિએ જેની કાંતિ હરી લીધી હતી તેના જેવો જણાતો હતો તેની, સુરતમંજરીની, **પાળક**ની અને ઈત્યકની, **વાયુપથ** અને બીજા વિદ્યાધરેશોની અને કશ્યપાદિ બીજા મુનિઓની તથા સભ્યજનોની સમક્ષ, **ભરતરોહ** મંત્રીએ આ પ્રમાણે કહેવા માંડ્યું.

### ચંડમહાસેન અને અંગારવતી.

"મહારાજ અને સભાસદો ! હું તમને સુરતમંજરીને વિશે આરંભથી સઘળું વૃત્તાંત કહી સંભળાવું છું, તે તમે સાંભળો. એક દિવસે ઉજ્જયિની નગરીની પ્રજાએ, પાળક રાજાની આગળ આવી નમ્રતાથી વિનતિ કરી કે, 'રાજા ! આવતી કાલે આ નગરીમાં **ઉદકદાન** નામનો મહોત્સવ થવાનો છે. મહારાજ ! જો તમે આ ઉત્સવનું કારણ ન જાણતા હો તો અમે આપને તે કારણ જણાવીએ છીએ.

પૂર્વે તમારા પિતા **ચંડમહાસેને**, એક ઉત્તમ તરવાર અને પત્ની મેળવવા માટે દેવી **ચંડિકા**ની તપશ્ચર્યા કરી હતી. ઉગ્રતપથી પ્રસન્ન થઇને દેવીએ તેના ઉપર કરુણા કરીને એક ઉત્તમ તરવાર આપી અને સ્ત્રી માટે આ પ્રમાણે કહ્યું; 'રાજા ! તું આ તરવારથી **અંગારક** નામના અસુરનો નાશ કરીને થોડા વખતમાં તેની મનોહર કન્યા **અંગારવતી**ને પરણશે ,' આ પ્રમાણે દેવી ચંડિકાએ વરદાન આપ્યા પછી રાજા, ચંડિકાને પ્રણામ કરીને તરવાર લઈ ઘેર આવ્યો. પરંતુ

તેના મનમાં દેવીએ જણાવેલી અંગારવતીની કથા વારંવાર ઘોળાયા કરતી હતી કે તે કન્યા ક્યારે મને પરણશે-વરશે.

હવે એવો બનાવ બનવા લાગ્યો કે, ઉજ્જયિની નગરમાં જે કોઈ પુરુષ નગરીનો રક્ષક થતો હતો, તેને કોઈપણ પ્રાણી દર રાત્રિએ મારી નાંખીને ખાઈ જતું હતું. તેને લીધે આખા નગરમાં ત્રાસ વર્તાઈ રહ્યો. આજ જેને કોટવાલની જગ્યા મળતી, તે બીજે દિવસે કૈલાસ-વાસ કરતો હતો. આવું ત્રાસદાયક કામ કરનારની બહુ બહુ શોધો કરી, પરંતુ કોઈ રીતનો પત્તો જ લાગ્યો નહીં. ચંડમહાસેને પોતે જ તેની તપાસ કરવા સારુ નગરચર્યા કરવાનો વિચાર કીધો. એક દિવસે તે પોતે ચોકી કરવા નિકળ્યો ને મધરાત્રિનો સમય બરાબર થયો હતો; આકાશમાં હીરાની પેરે તારાઓ ઝળક ઝળક કરી રહ્યા હતા; નગર ચારે તરફ શૂન્યકાર જણાતું હતું; કોઈ કોઈ ઠેકાણે ઘુવડ ને કંસારીના અવાજો કાને પડતા હતા; અંધારાકીલ સિવાય કશું પણ નજરે પડતું નહતું. આ વખતે રાજા અંધાર પછેડો ઓઢી હાથમાં નાગી તરવાર લઈ, મોટા રસ્તાઓ ઉપર અને ગલીકુંચીઓમાં ઘણી જ બારીક નજરથી ચોતરફ નિહાળતો નિહાળતો ફરતો હતો, તેવામાં તેને એક વ્યભિચારી પુરુષ મળ્યો. તેણે નવનવા હાર વગેરે પોતાના કંઠમાં પહેર્યા હતા અને માથે પીળો ફેંટો બાંધ્યો હતો. રાજાએ તેને જોતાં જ તરવારથી તેનું માથું કાપી લીધું, કે તરત કોઈક રાક્ષસ આવીને તેને ખાઈ ગયો. રાજાના મનમાં તુરત આવ્યું કે બેશક, આ જ રાક્ષસ દરરાત્રે, આ નગરીમાં આવીને કોટવાળોને ખાઈ જાય છે, માટે તેને પણ ઠાર કરું! આમ વિચારી તેના કેશ પકડીને તેને જમીન ઉપર પટકી નાંખી મારવા લાગ્યો, ત્યારે તે રાક્ષસ બોલ્યો; "મહારાજ! મને વૃથા શા માટે મારો છો? આ નગરમાં કોટવાળને ખાનારો રાક્ષસ તો પડોસમાં રહેનારો બીજો જ રાક્ષસ છે; હું તે રાક્ષસ નથી." રાજાએ તેને પૂછ્યું; "તે વળી કોણ છે, તે જલદી જણાવ?" પછી તે રાક્ષસ બોલ્યો; "મહારાજ! તે પાતાળવાસી અંગારક નામનો મોટો અસુર છે. તે મધરાતના આ નગરીમાં આવીને કોટવાળને મારી નાંખે છે અને ચારે તરફ ફરી બલાત્કારથી રાજકન્યાનું હરણ કરી લાવે છે; અને તે સઘળીને પોતાની અંગારવતી નામની કન્યાની ચાકરડી બનાવે છે; આપ તેને, જ્યારે તે વનમાં ભટકતો હોય ત્યારે શોધીને મારી નાખો તો તમને કંઈપણ અડચણ નહીં પડે!" આ વાત રાજાએ રાક્ષસની પાસેથી સાંભળી, એટલે તેણે તેને માર્યો નહીં, પણ જીવતો જવા દીધો, અને પછી પોતે પાછો મહોલે ચાલ્યો આવ્યો.

હવે એક દિવસે રાજા મૃગયા કરવા માટે વનમાં ગયો. ત્યાં તેણે આકાશમાંથી પડેલો જાણે મેસનો પહાડ હોય એવો ને કોપથી લાલચોળ નેત્રવાળા સુવર રૂપે થયેલ અંગારકને દીઠો. રાજાએ તેને દૂરથી જોતાં જ વિચાર કર્યો કે; "આવો મોટો કંઈ વરાહ તો હોય જ નહીં. માયાવી અગારક તો ન હોય?" આવા વિચારમાંને વિચારમાં રાજા ચંડમહાસેને



તેના ઉપર બાણનો પ્રહાર કર્યો. પરંતુ અંગારક, તેના બાણોને ગણકાર્યા વગર, તેના રથને ઉથલાવી પાડી, જમીનના એક મોટા કોતરમાં પેસી ગયો.

રાજા પોતે મહા શૂરવીર હતો, એટલે તે પણ તેની જ પાછળ તે કોતરમાં પેઠો. તે જુવે છે તો એક મોટું નગર તેના જોવામાં આવ્યું; પણ પેલો સુવર જોવામાં આવ્યો નહીં. પછી તે નગરના સીમાડા ઉપર આવેલી નિર્મળ જળથી ભરેલી એક વાવડીના કિનારાપર તે બેઠો. એવામાં સો કન્યાના પરિવારથી વિંટળાયલી, મૂર્તિમતી રતિ હોયની શું, તેવી એક કન્યાને દીઠી. રાજાને જોતાં જ પેલી કન્યા, તેની પાસે આવી ને તેના ઉપર પ્રેમ બતાવવા લાગી અને પછી રડતી રડતી બોલી; "મહારાજ! આપ અહિં કેમ પધાર્યા છો?" રાજાએ કહ્યું; "હું તો એક સુવરનો શિકાર કરતો અહીંઆં આવ્યો છું." તે કન્યાએ કહ્યું; "અરે રે! આપ અહીં ક્યાંથી આવ્યા? બહુ જ ભુંડું કર્યું કે, તમે તેની પાછળ અહીં આવ્યા છો! જે તમે જોયો તે કંઈ વરાહ નથી, પણ અંગારક નામનો દૈત્ય છે. તેની કાયા વજ્ર જેવી મજબૂત છે. તે પોતે મહા બળવંત છે. હાલમાં તે વરાહનું રૂપ ત્યાગ કરી પોતાના રાક્ષસરૂપમાં સુતો છે. જ્યારે ભોજનનો સમય થશે ત્યારે તે ઉઠશે અને તમને મારીને ખાઈ જશે. હે નેત્રમણિ! હું તેની દીકરી થાઉં છું. મારું નામ અંગારવતી છે. હાય! આજે જ તમારો નાશ થશે, એમ જાણીને મારા પ્રાણ કંઠે આવ્યા છે!" આ વખતે ચંડમહાસેનને, દેવીએ આપેલું વરદાન યાદ આવ્યું. તેણે મનમાં વિચાર કીધો કે, બેશક આ તરવારથી મારું કાર્ય સિદ્ધ થશે, માટે હવે ડરવા જેવું નથી. આવી આશાથી તે બોલ્યો; "હે કમળાક્ષી! તને મારા ઉપર પ્રેમ હોય તો મારા કહેવા મુજબ કર. તારો પિતા જાગે, ત્યારે તું તેની પાસે જઈને રડવા માંડજે. તે તને પૂછશે કે; 'બેટી! કેમ રડે છે?' ત્યારે તું તેને કહેજે કે, 'તમે જ્યારે મદમત્ત થઈ જાઓ છો, ત્યારે તમને કોઈ મારી નાખે તો પછી મારી શી વલે! માટે તમારી આગળ રડું છું.' આ યુક્તિ કરવાથી તારું અને મારું બન્નેનું કલ્યાણ થશે!"

જ્યારે રાજાએ આ પ્રમાણે કહ્યું, ત્યારે તે કન્યા, જે પણ રાજાના રૂપ ઉપર મોહિત થઈ કામવ્યાકુળ બની ગઈ હતી તે, તેના કહેવા પ્રમાણે, પોતાના પિતા અંગારકની પાસે જઈને બેઠી અને જેવો તે રાક્ષસ જાગૃત થયો કે, પોતે તેની આગળ મોં ઢાંકીને રડવા લાગી. દીકરીને રડતી જોઈ રાક્ષસ બોલ્યો; "બેટા! તું શા માટે રડે છે? જે દુઃખ હોય તે મને જણાવ!" તે કન્યાએ કહ્યું; "પિતાજી! બીજું તો કંઈ પણ દુઃખ નથી. પરંતુ તમને કોઈપણ મારી નાંખશે તો મારી શી વલે થશે, તે માટે રડું છું." પછી તે રાક્ષસે પોતાની પુત્રીને ધીરજ આપીને કહ્યું; "બહેન! તારે મારી કંઈ પણ ચિંતા કરવી નહીં. મારું શરીર વજ્રનું છે, માટે મને કોઈ પણ મારી શકે તેમ નથી. મારા ડાબા હાથમાં મોતના મર્મસ્થાનનું મુખ્ય છિદ્ર છે, પણ ત્યાં તો હું ધનુષ ઉંચકું છું તેથી મારું સારી રીતે રક્ષણ થાય છે!" આ વાર્તા થતી હતી, તે રાજાએ ભીંતની પાછળ છૂપાઈ રહીને સાંભળી. પરંતુ તે દૈત્યને અંદરના કપટની કશી ખબર ન હતી.

પછી પોતાની પુત્રીને ધીરજ આપી તે રાક્ષસ, જળસ્નાન કરી શંકરનું પૂજન કરવા ગયો ને ત્યાં મૂગે મોઢે શંકરનું પૂજન કરવા લાગ્યો. એવામાં પાછળથી ચંડમહાસેન રાજાએ ત્યાં આવી, દૈત્યના જ ધનુષને ઉપાડી, તેપર બાણ ચઢાવીને તેની પાસે જઈ કહ્યું; "અરે ચંડાળ! તું શું જુવે છે? ચાલ, આવી જા લડવાને માટે." આ વખતે રાક્ષસ શંકરનું પૂજન કરતો હતો, તેમાં તેનો જમણો હાથ રોકાયલો હતો તેથી તેણે પોતાનો ડાબો હાથ ઉંચો કરીને સંજ્ઞાથી જણાવ્યું કે, તું જરાવાર ઉભો રહે; હું પૂજા કર્યાં પછી તારી સાથે યુદ્ધ કરીશ! પરંતુ નિશાન પાડવામાં ચાલાક ચંડમહાસેન રાજાએ, તેનો ડાબો હાથ ઉંચો જોયો કે, તે જ વખતે તેના મર્મ ભાગ ઉપર સચોટ બાણ માર્યું કે, તે રાક્ષસ જમીન ઉપર ઢળી પડયો. આ વખતે તે રાક્ષસને તૃષા લાગી હતી, પરંતુ પૂજામાં હોવાથી તેણે જળપાન કર્યું નહીં, તેથી તૃષાતુર જ મરણ પામ્યો. પણ તેણે મરણ સમયે કહ્યું કે, "જેણે મને તરસ્યો જ મારી નાંખ્યો છે, તે જો વર્ષે વર્ષે મને જળદાન દઈને તૃપ્ત કરશે નહીં, તો તેના પાંચ મંત્રીઓ મરણ પામશે!" આટલું બોલી તે રાક્ષસ ટાંગા ઘસીને મરણ પામ્યો. તે પછી ચંડમહાસેન તેની પુત્રી અંગારવતીને લઈ ઉજ્જયિની નગરીમાં આવ્યા અને તેની સાથે વેદવિધિથી લગ્ન કીધાં હતાં.

"મહારાજ! તે દિવસથી તમારા પિતા વર્ષે વર્ષે, પ્રજા પાસે, અંગારક નિમિત્તે જળનું દાન કરાવવા લાગ્યા. તે જ દિવસથી ઉદકદાન એટલે પાણીનું દાન એવા નામનો મહોત્સવ નગરમાં ચાલવા લાગ્યો છે. આજે પણ તે જ ઉદકંદાન નામનો મહોત્સવ છે. તમારા પિતા તે હંમેશાં કરતા હતા, માટે તમે પણ આ મહોત્સવમાં ભાગ લ્યો.

"રાજા પાળકે આ પ્રમાણેનાં પ્રજાનાં વચન સાંભળી, તે વખતે નગરમાં ઉદકદાનનો મહોત્સવ કરાવવા માટે ઢંઢેરો ફેરવી દીધો. નગરનાં માણસો નવાંનવાં વસ્ત્ર પહેરીને શણગારાયાં; ભાતભાતનાં ભોજનો રંધાવા માંડ્યાં અને નગરજનો તીર્થમાં આવેલા પીપળાને પાણી રેડવા માટે ગયાં. એવામાં એક મદમસ્ત થયેલો હાથી પોતાની સાંકળ તોડાવી, હસ્તિશાળામાંથી નાસતો નાસતો નગરમાં ચારે તરફ ઘૂમવા લાગ્યો. તેણે પ્રથમ તો પોતાના માવતને પાડી નાંખી, તેના હાથમાંથી અંકુશ પડાવી લીધું. તે અંકુશ પોતાની શુંડમાં ભેરવ્યું ને તે વતી જે માણસ નજીકમાં આવતાં તેને તીક્ષ્ણ પ્રહાર કરવા લાગ્યો. આ પ્રમાણે તેણે ઘણાં માણસોને મારી નાંખ્યાં. મોટા મોટા માવતો અને ભાલાવાળા માવતો પણ, દૂરથી જ પલાયન કરી ગયા. નગરનાં માણસો પણ મરણના ભયથી દૂર નાસી ગયાં. કોઇએ પણ હાથીને પકડવાની હિમત જ કરી નહીં. કોણ કાળના મુખમાં હાથ નાંખવાની હિમ્મત કરી શકે?

## એક ચંડાળકન્યા અને રાજકુમાર.

મદમસ્ત થયેલો હાથી આખા નગરમાં મસ્તાનની માફક ભાંગફોડ કરતો કરતો, ચંડાળોના મહોલ્લામાં ગયો. ત્યાં તે ઘણી જ મસ્તી કરવા લાગ્યો. એવામાં એક ચંડાળની કન્યા ઘરમાંથી બહાર નિકળી. આ કન્યાના મુખની કાંતિથી ચોમેર પ્રકાશ થઈ રહ્યો હતો.



મારા વૈરી ચંદ્રમાનો પરાજય કર્યો તે ઠીક થયું છે, આમ સમજી, જાણે તેના ચરણમાં આવી વસ્યા હોય એવા સુંદર લાલ સુરેખ ચરણ કમળથી* જમીન ઝળાંઝળાં થઈ રહી હતી અને સઘળાં માણસો જ્યારે આ કન્યાના સુંદર મુખને નિહાળતાં હતાં ત્યારે બીજા વિષયને વિસરી જતાં ને તે જાણે જગતનાં નેત્રને વિશ્રામ આપનારી નિદ્રા હોય તેમ નેત્રને વિશ્રામસુખ આપતા હતા; તાત્પર્ય કે સઘળાં લોકો તેના રૂપ ઉપર વારી જતાં હતાં.

એ કન્યાએ પેલા સામા આવેલા હાથીની શુંડ ઉપર, ડાબા હાથની એક થાપટ મારી ને ભમ્મર ચડાવી કટાક્ષથી પ્રહાર કર્યો. પેલો હાથી તે કન્યાના હાથનો સ્પર્શ થતાં જ જડ બની ગયો. તે નીચું માથું કરી ત્યાં જ ઉભો રહ્યો. તેનામાં એક ડગલું પણ આગળ ભરવાની હીમ્મત રહી જ નહીં. પછી તે કન્યાએ પોતાના અંગપર ઓઢવાની ઓઢણીને ઉતારી, તેના બે છેડા, હાથીના બે દંતની સાથે બાંધી, તેનો હીંચકો બનાવી, કુદકો મારી, તે ઉપર બેસીને હીંચકા ખાવા લાગી. થોડીવાર પછી સૂર્યના તડકા અને શ્રમને લીધે કન્યાના મુખ ઉપર ઘામનું પાણી છૂટયું. તે જોઈ હાથી પોતાની નજદીકમાં આવેલા એક ઝાડની છાયા તળે તેને લઇ ગયો. આ સર્વ જોઈ નગરજનો દંગ જ થઈ ગયાં; તેઓ, પરસ્પર કહેવા લાગ્યાં; "અરે! આ તો આશ્ચર્યની વાત છે કે આ કન્યાને જોઈ હાથી સડક જ બની ગયો! ખરેખર, આ કન્યા કોઈ દેવતાઈ પ્રાણી છે; કારણકે તેના રૂપના તેજસ્વી પ્રભાવથી પશુઓ પણ વશ થાય છે."

એવામાં રાજકુમાર અવંતિવર્દ્ધનને કાને પણ આ વાર્તા પહોંચી ગઈ. એટલે તે પોતે, ઘણી જ ઉત્કંઠાથી તે કન્યાને જોવા માટે તે સ્થળ ઉપર આવ્યો અને કન્યાને નિહાળવા લાગ્યો. કન્યાએ હાથના લટકા મટકા કરીને અને નેણના પલકારા મારીને, આ અમારા રાજકુમારના ચિત્તનું હરણ કરી લીધું. તેમ રાજકુમારે પણ પોતાનું ગુલાબી અંગ ને છેલછબીલાપણાથી તે કન્યાના મનને હરી લીધું.

તે કન્યા તેને જોતાં જ મોહવશ થઈ ગઈ. થોડીવારે હીંચકા ઉપરથી ઉતરી ઓઢણીને છોડી, અંગ ઉપર તે ઓઢીને, પ્રેમના હાવ અને ભાવ દર્શાવતી, પણ લજ્જાપૂર્વક રાજકુમારને નિહાળતી નિહાળતી, ઘેર ચાલી ગઈ. રાજકુમાર પણ તેને પ્રેમદષ્ટિથી નિહાળી જ રહ્યો. માવતો હાથી ઉપર ચઢીને હાથીને પાછા હસ્તિશાળામાં લઈ ગયા.

હાથીનો ભય દૂર થયો. શૂન્ય મનવાળો રાજકુમાર પણ પોતાને મહોલે આવ્યો. આજે ઉદકદાન મહોત્સવ હતો તે તો તે પોતે વિસરી ગયો અને દૃષ્ટિગોચર થયેલી કન્યાએ કરેલા કામણથી બેભાન થઈ પોતાના મિત્રોને પૂછવા લાગ્યો; "તમે શું પેલી હાથીના દાંત ઉપર હીંચકા ખાનારી કન્યાને ઓળખો છો? જો ઓળખાણ હોય તો જરા મને તેનું નામ જણાવો અને કહો કે તે કોની કન્યા છે?" તે સાંભળીને તેના મિત્રોએ કહ્યું; "મહારાજ! આ નગરમાં ચંડાળ મોહોલ્લામાં ઉત્પલ નામનો એક ચંડાળ રહે છે, તેની એ દીકરી થાય

* ચંદ્ર કમળને ધિક્કારે છે ને કુમુદિનીને ચાહે છે.

છે. એનું નામ સુરતમંજરી છે. એ જાતે ઢેઢી છે. માટે, જેમ એક ચિત્રમાં રૂપવતી કન્યા ચિત્રેલી હોય ને તેના રૂપનાં દર્શન કરીને માત્ર સંતોષ જ થાય છે, પરંતુ તેની સાથે ભોગવિલાસ કે ચુંબન, એમાંનું કશું થઈ શકતું નથી, તેમ જ આ કન્યાના રૂપને જોવું તે જ માત્ર ફળ છે, બીજું કંઈ જ નથી. એના વિશે વિશેષ ચર્ચા કરવાથી કંઈ જ અર્થ સરે તેવું નથી!" તે સાંભળી રાજકુમાર બોલ્યો; "મિત્રો ! હું ખાતરીથી કહું છું કે, તે કન્યા ચંડાળ જાતની નથી, પરંતુ કોઈ દેવતાઈ પ્રાણી છે–એમાં જરાપણ શંકા જેવું નથી. જો તે ચંડાળની દીકરી હોય તો તેનું આવું અનુપમ રૂપ હોય જ નહીં. મારે જણાવવાનું એ છે કે, આ કન્યાને હું જો પરણીશ નહીં તો મારી હવે તમારે સર્વે આશા છોડવી! આવી સુંદર સ્ત્રીને પરણ્યા વગર જીવવામાં ફળ શું?" આ પ્રમાણે તેણે પોતાના મિત્રોને કહ્યું, પરંતુ તેના સલાહકાર મિત્રો તેની ચિંતા દૂર કરી શક્યા નહીં. ઉલટું, રાજકુમાર તે કન્યાના વિરહાગ્નિથી અત્યંત પીડાવા લાગ્યો.

આ વાર્તા તેના માતાપિતા પાળક–રાજા અને અવંતિવતીએ જાણી, ત્યારે તે બહુ જ ગભરાયાં. શું કરે? જ્યાં ઉપાય નહીં, ત્યાં સર્વ વૃથા છે. રાણીએ રાજાને કહ્યું; "મહારાજ! આ કુંવર રાજવંશી થઈને ચંડાળની કન્યા સાથે પરણવાની કેમ ઇચ્છા રાખે છે, એ કંઈ સમજાતું નથી." પાળક રાજાએ ઉત્તર આપ્યું; "દેવી! જ્યારે રાજકુમારનું મન આ ચંડાળ કન્યા તરફ ખેંચાયલું છે, ત્યારે હું ધારું છું કે, અવશ્ય તે કોઈ દેવકન્યા હશે; અને કંઈ કારણથી માતંગને* ત્યાં અવતરેલી હશે. મોટા પુરુષોનું મગજ, પોતાના પ્રેમ અને અપ્રેમ ઉપરથી કાર્યાકાર્યને કહી આપે છે. હે દેવિ! આ વિષય ઉપર એક કથા મને યાદ આવી છે, તે તારા સાંભળવામાં ન આવી હોય તો સાંભળ.

## ચંડાળ ને પ્રસેનજિત રાજાની કન્યાની કથા.

પ્રાચીનકાળમાં પ્રતિષ્ઠાનપૂરમાં, પ્રસેનજિત નામનો એક રાજા રાજ્ય કરતો હતો. તેની કુરંગી નામની કન્યા, રંગે ને રૂપે ઘણી જ ફુટડી હતી. તે એક વખતે રથમાં બેસીને ઉપવનમાં ક્રીડા કરવા ગઈ. ક્રીડા કરી જેવી તે બહાર નિકળી કે, તે જ વખતે એક હાથી, પોતાની સાંકળ તોડાવીને દોડતો દોડતો તહીં આવ્યો ને પોતાના બે દંતુશળ ઉપર તે રથને ઉપાડીને ઉંચો ફેરવ્યો. આ કન્યાની પાછળ ચાકરો અને દાસીઓ આવતી હતી, તે તો હાથીને ધસમસ્યો આવતો દૂરથી જોતાં જ નાસી ગઈ હતીઃ કન્યાને કોઇનો પણ આશ્રય નહતોઃ તે નિરાધાર હતી. આ ટાંકણે કોઈએક ચંડાળ, હાથમાં તરવાર લઇને દોડયો દોડયો આવ્યો અને એક તરવારના ઝટકાથી હાથીની સુંઢને કાપીને જૂદી કરી નાંખી; અને તે મોટા હાથીને મારીને તે આફતમાંથી રાજકન્યાને છોડાવી. હાથીના મરણ પછી ચાકર ચાકરડીઓ સર્વે રાજકન્યાની પાસે આવી પહોંચ્યાં અને તેને ઉભી કરી રથમાં બેસારીને ઘેર લઈ ગયાં. પરંતુ

* ઢેડ ચાંડાળ.



રાજકન્યા તો તે ચંડાળ પુત્રના અમાનુષિક કર્મ તથા અતિ લાવણ્ય ઉપર ગાંડી ઘેલી થઈ ગઈ. તે મન સાથે વિચાર કરવા લાગી કે; "હવે જો પરણું તો આ હાથીની આપત્તિમાંથી છોડાવનારા ચંડાળ કુમારની સાથે જ પરણું, નહીંતર ઝેરપાન કરીને મરીશ!" આવો વિચાર કરતી તે વિરહાતુર થઈને બેઠી.

બીજી તરફ, પેલો ચંડાલપુત્ર પણ રાજકન્યાના સ્વરૂપમાં મોહ પામીને મહાકષ્ટે, ધીરે ધીરે ઘેર ગયો. શય્યા ઉપર પડીને મનમાં તે કન્યાનું સ્મરણ કરીને તે અત્યંત ખેદ કરવા લાગ્યો; "અરે રે ! હું ઢેડને ઘેર જન્મ્યો છું અને તે રાજાની કન્યા છે;–તો અમારો એનો કયાંથી સમાગમ થાય ? કયાં રાજા ને કયાં તેલી ! કાગડા ને રાજહંસીનો સમાગમ બનવો ઘણોજ દુર્ઘટ છે. આ વાત પણ જો હું કોઇની આગળ જઈને કહું, તો લોકો મારી મશ્કરી કરીને મને હસી કહાડે ! તે કહેશે કે 'ગાંડીઆ! એ તે કંઈ બની શકે ?' માટે કોઈ આગળ મારાથી આમાંનું કંઈ કહેવાઈ શકાય તેમ પણ નથી અને મારાથી વાત વિસારી શકાય તેમ પણ નથી. હવે તો આ સંતાપમાંથી છૂટવાનો એ જ રસ્તો છે કે મરવું!" આવો વિચાર કરી તે ચંડાળ કુમાર, મધરાતના પોતાના ઘરમાંથી બહાર નિકળી સ્મશાનમાં ગયો. ત્યાં નાહી ધોઇને લાકડાની એક મોટી ચિતા ખડકી, પછી તેમાં અગ્નિ પધરાવ્યો ને ચિતાને સળગાવી. પછી તે આ પ્રમાણે અગ્નિદેવની પ્રાર્થના કરવા લાગ્યોઃ–"હે પાળકદેવ ! વિશ્વાત્મા ! તમે મનુષ્યને પાવન કરનારા છો; માટે હું આ જન્મની મારી અપવિત્ર કાયાની તમને આહુતિ આપીને વિનતિ કરું છું કે, બીજા જન્મમાં પણ મારો આ રાજકન્યાની સાથે સંબંધ થાઓ!" આટલું બોલી તેને પ્રદક્ષિણા કરી, પણ તે જેવો અગ્નિમાં પડવા માટે ઉછાળો મારે છે, કે તત્ક્ષણે અગ્નિદેવ તેના ઉપર પ્રસન્ન થયા ને પોતાનું સ્વરૂપ પ્રગટ કરી તેને કહેવા લાગ્યા,– "અરે ચંડાળ ! તું સાહસ શા માટે કરે છે ? રાજકન્યા તને જ પરણશે! તું હવણાં ચંડાળ છે, પરંતુ પૂર્વ જન્મમાં તું ચંડાળ ન હતો. એ સંબંધે હું તને તારા પૂર્વ જન્મની વાર્તા સંભળાવું છું, તેથી તને જ્ઞાન થશે!

"આ જ નગરમાં કપિલશર્મા નામનો એક કુળવાન્ બ્રાહ્મણ રહે છે. તેની યજ્ઞશાળામાં હું મૂર્તિમાન્ રહું છું. તેને એક અતિ સુંદર પુત્રી છે. એક વખતે તે કન્યા મારી પાસે આવીને ઉભી રહી. હું તેના રૂપ ઉપર મોહિત થઈ ગયો. પછી તેને મેં મારી સ્ત્રી કરી અને તેનાં પાતિક બાળી નાંખ્યાં! મારા પુત્ર ! આ પ્રમાણે મારા સમાગમથી તેને તે જ વખતે એક પુત્ર જન્મ્યો, જે પુત્ર તું જ છે. પણ બન્યું એવું કે, કાપેલ શર્માની કુંવારી કન્યાએ, શરમને લીધે તને તે જ વખતે રસ્તા ઉપર ફેંકી દીધો. જોગાનજોગથી તે વેળાએ તે માર્ગે થઈ એક ચંડાળ જતો હતો, તેણે તને ઉપાડી લીધો. અને તે તને પોતાને ઘેર લઈ ગયો અને બકરીનું દુધ પાઇને ઉછેર્યો ! એ રીતે, મારા પુત્ર! તું બ્રાહ્મણીના ગર્ભમાંથી જન્મેલો દેવપુત્ર છે; માટે તું જરાપણ અપવિત્ર નથી. ધ્યાનમાં રાખ કે રાજકુમારી કુરંગી તારી જ સાથે પરણશે!" આટલું કહી અગ્નિદેવ અંતર્ધાન થઈ ગયા; અને પેલો ચંડાળ કુમાર પણ અગ્નિનાં વચન ઉપરથી બહુ

હરખાઈ ગયો. તેના મનમાં નિશ્ચય થયો કે, હું કંઈ ચંડાળપુત્ર નથી, પણ પવિત્ર દેવપુત્ર છું. આવો વિચાર કરતો તે પાછો પોતાને ઘેર આવ્યો.

હવે અગ્નિદેવે બીજી તરફ રાજા પ્રસેનજિતને સ્વપ્નામાં આવી આજ્ઞા કરી કે; તે ચંડાળપુત્ર નથી, પણ મારા વીર્યથી જન્મેલો દેવપુત્ર છે; તે બ્રાહ્મણીના ઉદરમાં પાકેલો છે. માટે તારે તેને તારી રાજકન્યા કુરંગી પરણાવવામાં શંકા કરવી નહીં!' તે આજ્ઞા ઉપરથી રાજાએ ચંડાળપુત્રને બોલાવી સર્વ વાર્તા પૂછી જોઈ અને પોતાની મનની પતી જ કીધા પછી, પોતાની પુત્રીને તે ચંડાળપુત્રવેરે પરણાવી.

"માટે હે રાણીજી! આવી રીતે પૃથ્વી ઉપર ઘણા દિવ્ય પુરુષો પ્રસિદ્ધ રહેતા નથી, પણ ગુપ્ત રહેલા જોવામાં આવે છે. તમો ખાત્રીથી માનજો કે, આ સુરતમંજરી કોઈપણ દિવ્યકન્યા છે, તે ચંડાળપુત્રી નથી. વળી મારો પુત્ર, જે તેના ઉપર અત્યંત આસક્ત થયો છે, તે આસક્તિ જ પૂર્વ જન્મનો સંબંધ સૂચવે છે! અને તેથી જ મારો પુત્ર પણ તેને એક અલૌકિક રત્ન ગણે છે, આમ મારી તો ખાતરી જ છે!" જ્યારે પાળક નૃપતિએ, અમો બેઠા હતા ત્યાં રાણીજીને ઉપરની કથા સંભળાવી, ત્યારે આ પ્રમાણેની મેં એક બીજી કથા કહી હતી.

## રાજકન્યા અને ખારવાની કથા.

પૂર્વ કાળમાં, રાજગૃહ નગરીમાં, મલયસિંહ નામનો એક રાજા રાજ્ય કરતો હતો. તેને માયાવતી નામની એક કન્યા હતી. તે કન્યા રૂપરૂપનો ભંડાર હતી. એક વખતે તે કન્યા મધુમાસમાં ( ચૈત્રમાં ) બગિચામાં રમવા માટે ગઈ. તેને ત્યાં રમવાની લેહ લાગી છે, એવામાં કોઇએક રૂપાળા રઢિયાળા છેલછબીલા છોગાળા તરુણ ખારવાના છોકરાની તેના ઉપર નજર ગઈ. તે ખારવાનું નામ સુપ્રહા હતું. આ રાજકન્યાને જોતાંવાર જ તે ખારવાભાઈ તો કામાતુર થઈ ગયા. રાજકન્યા ક્યાં ને આ રાંકડો બાપડો ખારવો ક્યાં? પરંતુ દૈવ શકયાશકય (બની શકે તેવું ને ન બની શકે તેવું) નો વિચાર જ કરતું નથી. તે માછીમાર તો માછલાં પકડવા માટે જતો હતો, પણ ભાઈ પોતે જ કામજાળમાં પકડાઈ–જકડાઈ ગયા! પણ કામમોહિત થઈ જવાથી તે ત્યાંથી પાછો વળી ઘેર આવ્યો ને આહારપાણી તજીને ઢોલીએ ઢાળી તેપર પડી, કેવળ રાજકન્યાની મનહર મૂર્તિનું જ ધ્યાન ધરવા લાગ્યો. થોડીવાર સુધી તો ઘરનાં મનુષ્યોને તેના સંબંધી કશી ખબર પડી નહીં, પરંતુ વાળુ વેળા થઈ ત્યારે ભાઇશ્રી ભોજન ઉપર આવ્યા નહીં અને તેની માએ ઘાંટો પાડીને કહ્યું તો તેનું ઉત્તર પણ મળ્યું નહીં, ત્યારે ભાઇના ખાટલા આગળ આવીને ડોસી બોલી; "પોરા! તું ચીમ ખાતો નથી. તારા મનમાં તે સું શે! સટ વાત કરી દે એટલે બાંધી ચબર તો પડે." ત્યારે તે ખારવાએ, તેની મા, જેનું નામ દેવરક્ષિકા હતું, તેને કહ્યું; "માંડી! આય આપણા રાજાની પોરીને મેં જોઇલી શે, ને તે મને બહુ ગમે શે, તો હવે મને તેની સાથે પરણુવાનું મન થીયું છે, તો તે ચીમ બનશે?" પછી



તેની મા બોલી, "પોરા! તું ઝરા ચિંતા કર નહીં, ઉઠીને ઝટ જમી લે. હું મારી યુક્તિથી તારું કામ પાર પાડીશ."

આ પ્રમાણે કહીને તેણે પોતાના પુત્રને ધીરજ આપી. જ્યારે તે છોકરાના મનમાં પોતાનું કાર્ય થવા વિશે જરાપણ ચિંતા રહી નહીં, ત્યારે તે ઝટપટ ઉઠીને સાજો થઈ ગયો અને જમ્યો. હવે પેલી ખારવણુ, જે મહા સોદી હતી, તેણે એક ટોપલીમાં કેટલાંક સ્વાદિષ્ઠ માછલાં ભર્યાં ને તે લઈ રાજકન્યાને મહોલે ગઈ; અને તેની દાસીઓને કહ્યું કે; 'તમે અંદર જઈ રાજકન્યાને જણાવો કે, એક ખારવણ તમને સારાં સારાં માછલાં ભેટ કરવા આવી છે। જો હુકમ કરો તો અંદર આવે. દાસીઓએ અંદર જઇને તે વાત રાજકન્યાને નિવેદન કરી. રાજકન્યાએ હુકમ કર્યો કે, 'તેને અંદર આવવા દ્યો.' પછી પેલી ખારવણુ અંદર ગઈ અને રાજકન્યાને આ-શીર્વાદ આપી ટોપલીમાંથી માછલાં કાઢીને ભેટ કર્યાં ને તુરત પાછી ચાલી ગઈ. બીજે દિવસે પણ તેવી જ રીતે એક ટોપલીમાં સારાં સારાં માછલાં ભરીને લઈ ગઈ ને ભેટ કરી પૂર્વાપેરે જ પાછી ચાલી આવી. આવી રીતે તે દરરોજ રાજકન્યાને માછલાં ભેટ આપવા લાગી, તેથી રાજ-કન્યા તેનાપર બહુ પ્રસન્ન થઈ ગઈ; અને તેને કંઈ બદલો આપવાની ઇચ્છા કરી. પરંતુ ખારવણે પ્રથમથી એક પણ અક્ષર ઉચ્ચાર્યો નહીં. તે તો માત્ર રાજકન્યા શું કહે છે, તે સાંભળવાની વાટ જ જોવા લાગી.

એક દિવસે રાજકન્યા તે માછણુ ઉપર પ્રસન્ન થઇને બોલી: "બોલરે, માછણુ. તારી શી ઇચ્છા છે? ગમે તેવું વિકટ કામ હશે, તોપણુ તે હું પાર પાડી આપીશ!" ત્યારે તે ખારવણે બે હાથ જોડી, આગળપાછળ કોઈ છે કે નહીં તે તપાસી જોયું ને તે સ્થળ એકાંત છે એમ જાણ્યા પછી નમ્રતાથી બોલી; "કુંવરીબા! મને માફ્ચ કરો તો હું મારી વાત ચ્હહું." રાજ-કુમારી બોલી; "બોલ, તારે ગમે તે માંગી લે. તારી માગણી ગમે તેવી નઠારી હશે તોપણુ જા હું તને ક્ષમા કરીશ, ચાલ બોલ ઝટ!" પછી પેલી ખારવણુ વિનયથી બોલી; "બ્હેનબા છાહેબા! તમે એક દિ બાગમાં રમતાં હતાં કેની, ત્યારે મારા પોરાએ તમને દીઠલાં જો! તે દિવસથી તમારા વગર તેને કયાંઈ પણ ચહેન પડતું નથી. તે તો તિમને ને તિમને જ જોયા કરે છે! તિમને કહું કે જારથી તિમને દીઠાં તારથી મરવા તૈયાર થઇલો ને અન્નપાણી પણ છોડી દીધેલ. પણ બહેનબા; મેં તેને બહુ બહુ સમજાવીને મરતાં અટકાવ્યો. માટે તમારી મારા ઉપર દયા હોય તો તમે મારા પોરાને આલિંગન કરીને જીવતો રાખો." જ્યારે રાજકન્યાએ આ પ્રમાણે તે ખારવણુના મોંથી સાંભળ્યું, ત્યારે તે ઘણી શરમાઈ ગઈ; પરંતુ તેના ઉપર તિલ માત્ર પણ ગુસ્સે થઈ નહીં. તે મનમાં વિચાર કરીને નીચે પ્રમાણે બોલી; "ડોસી; તું આજ રાત્રે કોઈ જાણે નહીં તેમ તારા છોકરાને મારા મહોલમાં તેડી લાવજે!" જ્યારે તે ખારવણે આવા શબ્દો રાજકન્યાના મુખથી સાંભળ્યા ત્યારે, "બ્હેનબાનો જેવો હુકમ" આમ કહી, હરખાતી હરખાતી પોતાના છોકરાની પાસે આવી ને તેને ખુશાલીની સર્વ વાર્તા યથાસ્થિત કહી સંભળાવી.

રાત પડી. ખારવણે પોતાના છોકરાને પોતાની શકિત મુજબ વસ્ત્ર અને ઘરેણાં પહેરાવ્યાં. પછી તેને રાજકન્યાના એકાંતભુવનમાં તેડી ગઈ. રાજકન્યાએ, વિરહવ્યથા વેઠવાથી

સોહરાઈ સુકાઈ–ગયો હતો તેવા સુપ્રહાર ખારવાનો હાથ પકડીને, પોતાના સુવાના પલંગ ઉપર બેસાડ્યો. પછી તેની સાથે પ્રેમની વાતો કરવા માંડી! વિરહાગ્નિથી જેનાં અંગ બળી ગયાં હતાં એવા તે ખારવાના છોકરાના અંગ ઉપર ચંદનના જેવો શીતળ અને કોમળ કર ફેરવ્યો, તથા તેના ચરણ દાબીને શાંત કર્યો. તે ખારવાનો છોકરો તો જાણે અમૃતમાં નાહાયો હોય તેમ તુરત જ શાંત થઈ ગયો. હમણાં તે પોતાને કૃતાર્થ માનીને ત્યાં જ નિદ્રાવશ થઈ ગયો. જેવો તે સુતો કે તરત રાજકન્યા ત્યાંથી ઉઠી બીજા ઓરડામાં જઈ પોતાના પલંગ ઉપર પોઢી ગઈ. આવી રીતે યુક્તિથી રાજકન્યાએ ખારવાના છોકરાને પણ પ્રસન્ન કર્યો અને પોતાનું શિયળ પણ સાચવ્યું!

પણ જ્યારે તે ખારવાના છોકરાના અંગ ઉપર રાજકન્યા હાથ ફેરવતી હતી, તે હાથનો સ્પર્શ બંધ થયો કે તુરત ખારવાભાઈ તો ઝબકીને જાગી ઉઠયા. આસપાસ જોયું તો પોતાના હાથમાં આવેલી રાજકન્યા જતી રહેલી છે, એટલે જેમ કોઈ દરિદ્રી પુરુષના હાથમાં સોનાથી ભરેલો કળશ આવીને જતો રહ્યો હોય ને તે જેમ નિરાશ થઈ અફસોસ કરે, તેમ તે મચ્છીમાર નિરાશ થઇને રડવા લાગ્યો; અને તે ચિંતામાંને ચિંતામાં તેના ખોળીઆમાંથી તરત જ પ્રાણ નિકળી ગયા! થોડીવારે રાજકન્યા તે પલંગની પાસે આવીને તે ખારવાને તપાસવા લાગી તો તેને મરેલો દીઠો, એટલે તે મનમાં સંતાપ કરવા લાગી અને પોતાને બહુ ધિક્કારવા લાગી. તેણે મન સાથે ઠરાવ કીધો કે, બીજે દિવસે તેના શબ સાથે બળી મરવું.

પ્રભાત થયું, એટલે ખારવા સાથે ચિતામાં બળવાને રાજકન્યા તૈયાર થઈ. આ વાર્તા તે કન્યાના પિતા **મલયસિંહે** જાણી, એટલે તે ત્યાં આવ્યો ને બોલ્યો, “બેટા! તું આ સાહસ શું કરે છે? એ તને છાજે નહીં!” એ રીતે, ઘણી સમજાવી, તોપણ રાજકન્યા એકની બે થઈ નહિ. પછી તેના પિતાએ અંજલિમાં જળ લઈ આચમન કરીને લોકપાળની આ પ્રમાણે પ્રાર્થના કરવા માંડી,–“જો હું ત્રિનેત્ર **શંકર** ઉપર ખરેખરી ભક્તિ રાખતો હોઉં તો, હે લોકપાળો! તમે આ વખતે મને કહો કે મારે શું કરવું ઉચિત છે?” જ્યારે રાજાએ આ પ્રમાણે કહ્યું, ત્યારે આકાશવાણી થઈ કે, “હે રાજન્! તારી પુત્રી પૂર્વજન્મમાં આ ખારવાની જ સ્ત્રી હતી. સાંભળ તેની કથાઃ–પૂર્વજન્મમાં **નાગધર** ગામમાં **બલધર** નામનો એક સદ્‌ગુણી બ્રાહ્મણ રહેતો હતો. તેના પિતાનું નામ **મહિધર** હતું. જ્યારે **બલધરનાં** માતાપિતા કૈલાસવાસી થયાં, ત્યારે તેના પિત્રાઈઓએ તેની સર્વ માલમીલકત લુંટી લીધી. **બલધર** ધન વગરનો થઈ ગયો, તેથી અફસોસ કરતો વિરક્ત થઇને પોતાની સ્ત્રીને લઈ, **ગંગાના** કિનારા ઉપર ગયો. ત્યાં તે દરરોજ સ્નાન સંધ્યા કરી, નિરાહાર રહી તપ કરવા લાગ્યો. તપ કરતાં કરતાં કિનારા ઉપર મચ્છીમારો માછલાં મારતા હતા, તે જોઈ ક્ષુધાને લીધે તેના મુખમાં દરરોજ પાણી છૂટતું હતું અને તે મનમાં ઇચ્છતો કે આ માછલાં પણ ખાવા મળે તો ઠીક! આવી નઠારી વાસનામાં જ તેનું મરણ નિપજ્યું. નઠારા સકલ્પથી તેનું મન મલીન રહી ગયું, તેને લીધે તેનો ખારવાને ઘેર જન્મ થયો છે. હવે તેની સ્ત્રીએ શુદ્ધ



સંકલ્પ રાખીને એકનિષ્ઠાથી તપ કીધું હતું અને તે પોતાના ભર્તારની પાછળ સતી થઈ હતી. તેથી–શુદ્ધ તપના પ્રભાવયોગે, તારે ત્યાં, ઉત્તમકુળમાં જન્મી છે. માટે હે રાજન્! હવે તારી પુત્રી, જે પુણ્યશાળી છે, તે જો પોતાનું અર્ધું આયુષ્ય આપીને તેને જીવતો કરે તો એ ખારવો જીવતો થશે; અને એ પણ તારી પુત્રીના તપઃપ્રભાવથી તથા ગંગાજીના માહાત્મ્યથી પવિત્ર થઈ, તારો જમાઈ થઈ રાજ્ય કરશે!” આટલું જણાવી આકાશવાણી બંધ પડી. પછી રાજકન્યાએ હાથમાં જળ લઈ પોતાનું અર્ધું આયુષ્ય તે છોકરાને આપ્યું કે, તત્ક્ષણ તે ખારવો આળસ મરડીને બેઠો થયોઃ પછી રાજાએ જળ લઈ સંકલ્પપૂર્વક પોતાની પુત્રી તેને પરણાવી ને મોટી ધામધૂમથી નગરમાં ફુલેકું ફેરવી, તે ખારવાને પોતાના મહેલમાં લઈ ગયો. માટે પુરુષોને બહુધા પૂર્વજન્મના સંસ્કાર યોગે જ પ્રેમ ઉપજે છે. વળી આવી જ એક ચોર સંબંધી કથા પણ સાંભળો.

## એક વણિક્‌કન્યા અને ચોરની કથા.*

પૂર્વે અયોધ્યા નગરીમાં **વીરબાહુ** નામનો એક રાજા રાજ્ય કરતો હતો. તે પોતાની પ્રજાનું હમેશાં પુત્રની માફક પાલન કરતો હતો. એક દિવસે નગરનાં માણસો તે રાજાની પાસે આવી નમ્રતાથી વિનતિ કરવા લાગ્યાં કે; “મહારાજ! કોઈ ચોર આપણી નગરીમાં આવીને દરરોજ મોટી ચોરીઓ કરે છે. જો કે અમે દરરોજ ઉજાગરો કરીને તેને પકડવાને અનેક ઉપાયો કરીએ છીએ, તોપણ અમને તેનો કોઈપણ રીતે પત્તો મળતો નથી, માટે જ આપની આગળ ફરીયાદ કરવા આવ્યા છીએ.” રાજાએ પ્રજાની આ વિનતિપર લક્ષ આપી, પોતાના માણસોને હુકમ ફરમાવ્યો કે, તમારે દરરોજ રાત્રિના ઘણી સાવધતાથી ચોકી કરવી ને નગરમાં તથા નગર બહાર તપાસ રાખવી. સીપાઈઓ રાજાને સલામ કરીને ચોરને પકડવા માટે રાત્રિના નગરમાં આડાઅવળા નિકળી પડ્યા, પણ ચોર જણાયો નહીં, પરંતુ તે જ રાત્રે નગરમાં બેચાર ખાતરો પડ્યાં ને સવારે રાજાની પાસે પાછો પ્રજાનો પોકાર જેવોને તેવો જ ગયો. રાજા મનમાં વિમાસણ કરવા લાગ્યો કે, હજુ ઉપદ્રવ શાંત થયો નથી તો હવે મારે પોતે જઇને તપાસ કરવી.

આમ વિચારી રાજાએ લોકોને કહ્યું કે; “તમારે કંઈ પણ ચિંતા કરવી નહીં, હું જ આજ રાત્રે નિકળીશ ને ચોરને પકડીશ;” એમ કહી સર્વને વિદાય કીધા. પછી તે રાત્રે રાજા પોતે અંધારપછેડો ઓઢી, હાથમાં નાગી તરવાર પકડીને ચોરને શોધવા માટે નિકળી પડ્યો.

અર્ધરાત્રિનો સમય છે, ચારે તરફ નગરવાસીઓ ભરનિદ્રામાં પોઢી ગયાં છે, તે વખતે રાજા **વીરબાહુ**, ગલીકુંચીમાં થઈ મોટા રસ્તા ઉપર ને મોટા રસ્તા ઉપરથી નગરના ચૌટામાં ને ચૌટામાંથી નગરના કિલ્લા ભણી, એમ ચારે તરફ ફરવા લાગ્યો. ફરતો

* આ વાર્તા વૈતાળ પંચવિંશીમાં આવી ગઈ છે. પણ અમારો વિચાર સર્વ કથા આપવાનો હોવાથી, આ વાત અત્રે તેવી જ રહેવા દીધી છે. આ વાર્તા માટે જુઓ પૃષ્ઠ ૯૦૩.

ફરતો તે કિલ્લા ( નગરના કોટ ) તરફ આવ્યો. ત્યાં કિલ્લાની દીવાલપર એક પુરુષને ફરતો દીઠો. તે ભયનો માર્યો હળવેહળવે, સમાલી સમાલી પગ મૂકતો હતો; અને કાગડાની આંખની પેઠે ચારે તરફ ઘણી ચંચળતાથી નજર કરતો હતો કે કોઈ આવે છે ને જોય છે કે કેમ ? અને તે વળી સિંહની માફક ડગલે ડગલે ડોકને વાંકી કરીને પાછળ ફરી તપાસ પણ રાખતો હતો.

તેના હાથમાં નગ્ન તરવાર હતી, તેથી તે પોલાદ પેરે ચળકી રહ્યો હતો; તેની કાખમાં દોરી હતી, તે જાણે–જેને મનુષ્યો તારા કહે છે તેવા રત્નોને ચોરી લેવાને રાખી હોય તેવું જણાતું હતું. તેને જોઇને રાજાએ મન સાથે કહ્યું,–" મારી સંપૂર્ણ ખાત્રી છે કે, આ જ માણસ ચોર છે, અને તે એકલો જ આવીને આ નગરમાં ચોરી કરી મારી નિર્દોષ પ્રજાને પીડે છે!"

આમ વિચાર કરી રાજા,–જે ઘણો જ ચતુર હતો તે, તે ચોરની પાસે ગયો. તે ચોરે શંકા સહિત તેને પૂછ્યું; " તમે કોણ છો સાહેબ ?" રાજા, જેને નગરમાં હંમેશાં ખાતરો પડતાં તેથી ઘણું જ દુઃખ થતું હતું તેણે, વિચારપૂર્વક ઉત્તર આપ્યું,–"જેને ઘણા દુર્ગુણોને છૂપાવવા પડે છે, તેવો હું એક સહાસિક ચોર છું; અને આ ગામમાં ખાતર પાડીને મારો નિર્વાહ કરું છું. પણ બોલ ભાઈ! તું કોણ છું ?" તે એકલા ફરનારા ચોરે કહ્યું,–"હું પણ ચોર છું, પણ નિત્ય એકલો જ ચોરી કરવા નિકળું છું. હું ઘણો શ્રીમાન્ છું; તું મારે ઘેર ચાલ, હું તારી ધનાશા એવી રીતે પૂર્ણ કરીશ, કે જેથી પુનઃ તારે ખાતર પાડવાની જરૂર જ રહેશે નહીં !" રાજા બોલ્યો; " ઠીક, ચાલ ત્યારે;" આમ બોલી, તે પણ ચોરની સાથે તેને ઘેર ગયો. તે ચોર પડોશના વનમાં પૃથ્વીની અંદરના એક ભોંયરામાં રહેતો હતો. ત્યાં ઘણાં રત્નો ભરેલાં હતાં અને નવનવી સ્ત્રીઓ પણ રહેતી હતી.–તેને લીધે જેમ નાગ લોકમાં દાનવો મનમાન્યો ઉપભોગ કરે છે, તેમ અહીં પણ નવાનવા પદાર્થોનો તે ઉપભોગ કરતો હતો. ચોરના વનમાંનાં ભોંયરાની શોભા અલૌકિક દેખાતી હતી. પેલો ચોર, રાજાને બહારના દિવાનખાનામાં બેસાડી, પોતે ઘરની અંદર ગયો. પણ એટલામાં, કર્મધર્મ યોગે, તે ચોરના ઘરની એક દાસી, દયા આણીને તે રાજાની પાસે આવીને કહેવા લાગી:—

"મહારાજ ! તમો અહિંયાં કયાંથી આવ્યા, ? અરે ! એકદમ નાસી જાઓ, નાસી જાઓ! આ એકચર નામનો ચોર છે; તે મહાવિશ્વાસઘાતી છે; તે તમોને મારી નાંખ્યા વિના છોડશે નહીં; કેમકે તેનું આ ગુપ્ત સ્થળ જાહેર થઈ જશે, એવો તેને પૂર્ણ ભય છે !" તે સાંભળીને રાજા ત્યાંથી તુરત નાસી ગયો. તે એકદમ પોતાને ઘેર આવ્યો. પછી રાજાએ પોતાના સેનાપતિને બોલાવી સેના તૈયાર કરાવી અને પુનઃ તે વનમાં ગયો. ત્યાં તે ચોરના ઘરને ઘેરો ઘાલી ઘેરી લીધું અને શૂરવીરોને તેના ઘરમાં દાખલ કરી, ચોરના ઘરમાંથી સઘળું નાણું હરી લઈ, તે ચોરને કેદ કરીને પોતાના નગરમાં લઈ આવ્યો.

જ્યારે રાત્રિ વીતી ગઈ ને પ્રભાત થયું, ત્યારે રાજાએ હુકમ કર્યો કે, તે ચોરને ફાંસીએ લટકાવી દ્યો! રાજાના સીપાઇઓ તે ચોરને ચૌટા વચ્ચેથી ફાંસીના લાકડા ઉપર લઈ જતા



હતા, તેવામાં એવું બન્યું કે, એક વણિક્ કન્યા, પોતાના ઝરુખામાં આવીને તે ચોરને જોવા લાગી· અને જોતાંવેંત જ તે કન્યા તે ચોર ઉપર આસક્ત બની ગઈ. તે તુરત જ પોતાના પિતા પાસે જઈને બોલી; "પિતાજી ! ઢંઢેરો પીટતા પીટતા જે ચોરને રાજાના સીપાઇઓ ફાંસીએ ચઢાવવા લઈ જાય છે તે ચોરની સાથે જો મારાં લગ્ન થશે નહીં, તો ખાત્રીથી માનજો કે, હું કદી પણ જીવીશ નહીં."

તે વખતે તે કન્યાના પિતાએ તેને બહુ બહુ રીતે સમજાવી, પરંતુ તે કન્યા જરાપણ સમજી નહીં. પછી તે કન્યાનો પિતા રાજાની પાસે ગયો અને રાજાને કરોડો સોના મહોર આપી, તે ચોરને ફાંસીને લાકડેથી છોડવવા માટે વિનતિ કીધી. રાજા તો એકનો બે થયો નહીં. તે તો વાણિયાનાં તે વચન સાંભળી ઘણો જ કોપાયમાન થઈ ગયો અને તે ચોરને ન છોડતાં, સખ્ત હુકમ કર્યો કે, તેને સત્વર ફાંસીપર ચઢાવી દ્યો ! પછી તે વાણિયાને હડધૂત કરી હાંકી કાઢયો. હવે તે વાણિયાની દીકરી, જેનું નામ વામદત્તા હતું તે, પોતાના પ્રિયતમ ચોરને મરણ પામેલો જાણીને, તુરત જ વધભૂમિ ઉપર આવીને, પ્રેમથી તે ચોરનું શરીર પોતાના ખોળામાં લઈ બળીમરવા માટે ચિતા ઉપર ચઢી બેઠી.

"આવી રીતે પૂર્વજન્મના સંબંધને લીધે, પ્રેમ–સ્નેહ થાય છે. પરાધીન પ્રાણીઓ વિશે જે વસ્તુ ભાવી છે, તેને કોણ અટકાવી શકે છે, અને કોણ કોને વારી પણ શકે છે ? માટે હે રાજાજી ! તમારા પુત્ર અવંતિવર્દ્ધનની, આ સુરતમંજરી પૂર્વજન્મની કોઈ સ્ત્રી છે. જો તેમ ન હોય તો રાજવંશી અવંતિવર્દ્ધન, ઢેડીના કુળમાં જન્મેલી સ્ત્રી ઉપર આસક્ત જ કેમ થાય ? માનો ન માનો, પણ સુરતમંજરી કોઈ દેવાંશી હશે, તેમાં મને તો તિલમાત્ર પણ શક નથી ! હવે તમે તે કન્યાના પિતા ઉત્પલહસ્તની આગળ જઈ તેનું માગું કરો અને જુઓ તે તમને શું જવાબ આપે છે."

## સુરતમંજરીનાં લગ્ન.

આવી રીતે જ્યારે મેં પાળક રાજાને વિનતિ કરી, ત્યારે રાજાએ તે જ વખતે તે કન્યાનું માગું કરવા માટે, કન્યાના પિતા ઉત્પલહસ્તની પાસે પોતાના દૂતોને મોકલ્યા. દૂતોએ તે ઢેડની આગળ જઈ કહ્યું કે; " અમારા રાજા પોતાના કુંવરને માટે તારી પુત્રીનું માગું કરે છે, તું તેને તારી પુત્રી પરણાવ !" તે ઢેડે જવાબ આપ્યો કે,– "જે પુરુષ આ નગરમાં રહેનારા અઢાર હજાર બ્રાહ્મણોને મારા ઘરમાં બેસાડીને ભોજન કરાવે, તેને ઘેર મારે મારી પુત્રી પરણાવવી, એવું મારું પણ છે. તે જો તારા રાજાને કબૂલ હોય તો તારા રાજાને જઈને કહે કે, ભલે લગ્ન કરીએ." આવી પ્રતિજ્ઞા સાંભળી, રાજાના દૂતોએ તુરત તો 'ઠીક છે' એવું ઉત્તર આપ્યું. પછી તેઓએ રાજા પાલકની પાસે આવીને, ઢેડે જે ઉત્તર આપ્યું હતું તે કહી સંભળાવ્યું! રાજા, ઢેડના આવા વિલક્ષણ બોલવા ઉપરથી ઘણો વિચારમાં પડી ગયો. તેણે ધાર્યું કે, 'બેશક, આમાં કંઇ કારણ જેવું છે ખરું !' પછી રાજાએ ઉજ્જયિની નગરીના બ્રાહ્મણોની એક મોટી સભા બોલાવી અને તેની આગળ ઇત્થંભૂત વાર્તા કહી સંભ-

ળાવી; અને છેલ્લે રાજાએ કહ્યું,– "તમે અઢાર હજાર બ્રાહ્મણો, જો આ ઉત્પલહસ્ત ઢેડાને ઘેર ભોજન કરો તો મારું કારજ સરે તેમ છે. તમે જો મારા કહેવા પ્રમાણે ચાલશો નહીં તો હું તમારા ઉપર પ્રસન્ન થઇશ નહીં!" બ્રાહ્મણો, રાજાનું આવું વિપરીત વચન સાંભળી– 'ચંડાળનું અન્ન જ કેમ ખવાય, ખાઇએ તો જાતિભ્રષ્ટ થઇએ'–એવા વિચારમાં પડી ગયા અને રાજાને શું પ્રતિઉત્તર આપવું, તેની જરા પણ સૂઝ પડી નહીં. પછી સઘળા બ્રાહ્મણો, મહાકાળેશ્વરના દેવળમાં જઈ તપ કરવા લાગ્યા. ત્યારે શંકરે તે સઘળાને સ્વપ્નામાં આવીને કહ્યું; "ઉઠો બ્રહ્મદેવો ! આ ઉત્પલહસ્ત કે તેનું કુટુંબ ઢેડ નથી, પણ એ તો શાપયોગે ભ્રષ્ટ થયેલો વિદ્યાધર છે: તમો ભય વગર તેને ઘેર ભોજન કરો!" સ્વપ્ના પછી પ્રભાત થયું. સઘળા બ્રાહ્મણો ઉઠીને રાજાની પાસે ગયા અને તેમને કહેવા લાગ્યા,–"મહારાજ ! ઉત્પલહસ્તને ઘેર ભોજન કરવાની અમને જરાએ અડચણ નથી ! માત્ર તેનું ઘર ચંડાળવાડામાં છે તે જ મોટી અડચણ છે. તે જો કોઈ બીજી જગ્યામાં રહી, શુદ્ધ અન્ન રંધાવે તો અમે ખુશીથી તેને ત્યાં જમીશું !" રાજા તે સાંભળીને બહુ પ્રસન્ન થયો. તેણે તુરત સારા સારા કારીગરોની મારફતે એક અલાયદું સુંદર મકાન બંધાવી, તેમાં ઉત્પલહસ્તને લાવી રાખ્યો. પછી ત્યાં બ્રાહ્મણોને માટે અન્ન રંધાવ્યું. બ્રાહ્મણો જમવાને બેઠા. ઉત્પલહસ્ત નાહી ધોઈ પીતાંબર પહેરીને દેવાંશી જેવો થઇ, પંક્તિમાં આવીને ઉભો રહ્યો. તેના ઘરમાં, યત્કિંચિત્ પણ સંકલ્પ વિકલ્પ કર્યા વિના અઢાર હજાર બ્રાહ્મણોએ ભોજન કર્યું.

જ્યારે અઢાર હજાર બ્રાહ્મણો ભોજન કરીને પોતપોતાને ઘેર ગયા કે તુરત ઉત્પલહસ્ત, બે હાથ જોડી પ્રણામ કરીને **પાલક** રાજાને કહેવા લાગ્યો,–"મહારાજ ! ગૌરિમુણ્ડ નામનો એક મોટો વિદ્યાધરનો રાજા હતો. તેનો હું, **મતંગદેવ** નામનો આશ્રિત છું. રાજન્ ! જ્યારે આ સુરતમંજરી કન્યાનો મારે ત્યાં જન્મ થયો, ત્યારે ગૌરિમુણ્ડ મારી પાસે આવી મને ગુપ્તરીતે કહેવા લાગ્યો કે,– 'દેવતાઓ કહે છે કે, વત્સરાજનો પુત્ર **નરવાહનદત્ત**, વિદ્યાધરોનો ચક્રવર્તી રાજા થશે. તે આપણો દુશ્મન જ્યાં સુધીમાં ચક્રવર્તી પદ પામે નહીં, તેટલામાં જ તું તેની પાસે જઈ, તારી માયાથી તેને ઝટપટ મારી નાંખ ! એમાં હવે વિલંબ કરવાનું કામ નથી.' આ પ્રમાણે મને જ્યારે તે પાપી ગૌરિમુણ્ડે પ્રેરણા કરી, ત્યારે હું, **નરવાહનદત્ત**ને મારવા માટે આકાશમાર્ગે ચાલ્યો. રસ્તામાં મને **શંકર**નાં દર્શન થયાં. તેણે મારો વિચાર જાણી, તરત ક્રોધથી હુંકારો કરીને મને કહ્યું,– 'અલ્યા પાપી ! તું મહાપુરુષઉપર કેમ જુલમ ગુજારવાની ઇચ્છા કરે છે ? જા, અલ્યા દુષ્ટબુદ્ધિ ! તું આ જ દેહથી, ઉજ્જયિની નગરીમાં ઢેડની અંદર જઈને વાસ કર; અને તારી સ્ત્રી તથા પુત્રી સાથે એવી જ રીતે રહેજે. જ્યારે કોઇ પુરુષ તારે ઘેર અઢાર હજાર બ્રાહ્મણને ભોજન કરાવીને તારી પુત્રીને પરણશે, ત્યારે તારો શાપ નાશ પામશે ! અને હું કહું છું કે, તારે પણ જે અઢાર હજાર બ્રાહ્મણ જમાડનારો મળે, તેને જ તારી પુત્રી પરણાવવી, પણ બીજાની સાથે તેનાં લગ્ન કરવાં નહીં."



આ પ્રમાણે કહીને **શંકર** અંતર્ધાન થઈ ગયા. પછી હું તે જ **મતંગદેવ**, ઉજ્જયિની નગરીમાં, ઉત્પલહસ્ત નામધારી ઢેડવાડાની અંદર આવીને રહ્યો. પરંતુ મારે તેઓની સાથે કશો સમ્બંધ નથી. આજે તમારા પુત્રની કૃપાથી મારો શાપ નાશ પામ્યો છે; માટે હું આ મારી પુત્રી સુરતમંજરીનાં તમારા પુત્રની વેરે લગ્ન કરું છું અને **નરવાહનદત્ત** ચક્રવર્તીની સેવા કરવા માટે પાછો મારા પોતાના વિદ્યાધરના લોકમાં જાઉં છું!" આ પ્રમાણે **મતંગદેવે** વાર્તા કહી, પોતાની પુત્રી રાજકુમારને આધીન કરી, પોતાની સ્ત્રી સહિત આકાશમાં ઉડી ગયો અને તે **મતંગદેવ** તમારાં ચરણકમળમાં દાખલ થયો છે.

રાજા **પાલક**, આ સર્વ વૃત્તાંતની ખબર થયાથી તે ઘણો જ પ્રસન્ન થયો. તેણે પોતાના પુત્રની સાથે સુરતમંજરીનાં પૂર્ણ પ્રેમથી લગ્ન કર્યાં. તેમનો કુમાર **અવંતિવર્દ્ધન** પણ તે વિદ્યાધરીને પરણી, પોતાના મનોરથ કરતાં પણ અધિક ફળ મેળવી કૃતકૃત્ય થયો.

એક વખતે આ રાજકુમાર પોતાના શયનભવનમાં સુરતમંજરીની સાથે સુતો હતો, તેવામાં સુરતમંજરીનું હરણ થયું. બીજે દીને પ્રભાતમાં ઉઠીને જુવે છે તો અકસ્માત્ પોતાની પ્રાણવલ્લભાને દીઠી નહીં ! એટલે રાજકુમાર તેની ખોળ કરાવવા લાગ્યો. પરંતુ તેને જરાએ પત્તો લાગ્યો નહીં, ત્યારે તે વિલાપ કરીને ઘણો જ કલ્પાંત કરવા લાગ્યો. તેના પિતા રાજાજી પણ, પુત્રની પાસે આવીને આ ચમત્કારથી ઘણા અકળાવા લાગ્યા. અમે સર્વે ત્યાં જઇ તેઓને બહુ બહુ રીતે શાંત કર્યા અને કહ્યું કે,–"આ નગરીની રાત્રે, ચારે તરફથી બહુ સંભાળથી ચોકી થાય છે: તેમાં પરાયો પુરુષ પ્રવેશ કરી શકે તેમ તો છે જ નહીં, માટે કોઇ આકાશવાસી પાપી પુરુષે રાણીજીનું હરણ કર્યું હશે, એમ ધારીએ છીએ !" આ પ્રમાણે અમે ત્યાં એકઠા થઇ વાર્તા કરતા હતા, એવામાં તો આપનો દૂત **ધૂમશિખર** વિદ્યાધર, આકાશમાંથી ઉતરી આવ્યો; અને તેણે રાજાની આગળ આવી સર્વ વાર્તા નિવેદન કરી અને પછી મને, રાજકુમારને ને પાલકરાજાને આવવાને વિનતિ કીધી; તે અમને અહીં લઇ આવ્યો છે ! પોતાના પિતાની સાથે જે ઉભી છે તે સુરતમંજરી પોતે જ છે; તે અમારા કુમારની રાણી છે. આ પ્રમાણેની સર્વ વાર્તા છે. હવે પછી આપને જે ગમે તે કરો.

આ પ્રમાણે **પાલક**ના મંત્રી **ભરતરોહે**, **નરવાહનદત્ત**ની આગળ કથા કહ્યા પછી તે મૌન્ય ધરી રહ્યો, ત્યારે સભાસદોએ **મતંગદેવ**ને પૂછ્યું,–"મતંગદેવ ! તમે સત્ય બોલજો કે, આ સુરતમંજરી તમે કોને પરણાવી છે ?" તેણે ઉત્તર આપ્યું, "મેં તો અવંતિવર્દ્ધનને પરણાવી છે!" પછી, સભાસદોએ ઇત્યકને પ્રશ્ન કર્યું,–"તું આ કન્યાનું શા માટે હરણ કરી જાય છે ?" તે બોલ્યો,–"તેની માતા, વચનથી મને પરણાવવા બંધાઈ ચૂકી છે તેથી !" પછી સભાસદોએ કહ્યું,–"તેના પિતા જીવતાં, તેની માતાને પરણાવવાનો કંઈ હક્ક નથી, છતાં પણ તેણે ત્હને વચન આપ્યું હતું તેનો કોઈ સાક્ષી છે ? જો નથી તો હે પાપિ ! તું અપરાધી છે, તારાથી આ પરસ્ત્રીનું હરણ કરી શકાશે નહીં !" આમ સભાસદોએ તેને કહ્યું, ત્યારે ઇત્યક ઉત્તર આપી શકયો નહીં. **નરવાહનદત્ત**, તેના નઠારા કામને લીધે અત્યંત કોપાયમાન થઇ

ગયો. તેણે તેને શિક્ષા કરવાની આજ્ઞા આપી. પણ તેટલામાં મહાત્મા કશ્યપ વગેરે મુનિવરો બોલ્યા,–"આ તમારો સાળો છે, મદનવેગનો પુત્ર છે. વળી આ એનો પહેલો જ અપરાધ છે. તમે એને આ વખત ક્ષમા કરો." આમ જ્યારે સર્વેએ રાજાને જણાવ્યું, ત્યારે રાજાએ તેને ધિક્કાર સાથે હાંકી મૂક્યો; અને પોતાના મામાના દીકરા અવંતિવર્દ્ધનને, તેની સ્ત્રી સુરતમંજરી સોંપી અને તેને તથા તેના મંત્રીને તથા મામા પાલકને, વાયુપથ સંગે, સર્વને ઉજ્જયિનીમાં વિદાય કીધાં.

## તરંગ ૩ જો.

## કશ્યપમુનિ અને નરવાહનદત્ત.

નરવાહનદત્તે, અસિતગિરિપર રહીને, સદ્‌ગુણી ને પતિવ્રતા સુરતમંજરીનું હરણ કરી જતો હતો, તેવામાં પોતાના સાળા ઇત્યકને વાગદંડ ( વાણીથી નિંદી ) દઇને જવા દીધો અને સુરતમંજરીને પાછી તેના પતિને સ્વાધીન કીધી, ત્યારે તેનો યશ ચોતરફ ફેલાઇ રહ્યો. તે જ્યારે મુનિઓના ટોળા વચ્ચે બિરાજ્યો હતો, ત્યારે કશ્યપ મુનિ બોલ્યા, "તારા જેવો કોઇ રાજા કે કોઇ ચક્રવર્તી થયો નથી; હું તારા હાલના કૃત્યપરથી બહુ સંતોષ પામું છું કેમકે જ્યારે તું ન્યાયાસનપર વિરાજે છે, ત્યારે તેં તારા મનને કોઇપણ પ્રકારના રાગદ્વેષથી દૂર રાખ્યું છે. તારા જેવા નિર્વિકાર ચક્રવર્તીનાં જેઓ દર્શન કરે છે તેઓ, બેશક, બહુ ભાગ્યવંત છે. જો કે તારું રાજ્ય બહુ વિશાળ છે, તોપણ તારામાં કોઇપણ પ્રકારનો દોષ જોવામાં આવતો નથી. પ્રાચીન કાળમાં ઋષભાદિક બીજા ઘણાક ચક્રવર્તીઓ થઇ ગયા છે; પણ તેઓ દોષોને અધીન થવાથી, પોતાના ઉચ્ચપદપરથી ભ્રષ્ટ થઇને પાછા પડ્યા છે. ઋષભ, સર્વદમન અને ત્રીજો બંધુજીવક, આ સર્વેમાં અતિ અહંકાર આવવાથી, ઇંદ્રે તેઓને યોગ્ય શાસન આપ્યું હતું. વિદ્યાધર કુમાર જીમૂતવાહનને જ્યારે મહર્ષિ નારદજીએ આવીને પૂછ્યું કે, તને શા કારણથી વિદ્યાધરોનું ચક્રવર્તી પદ પ્રાપ્ત થયું છે? ત્યારે તેણે, પોતે કલ્પવૃક્ષ કેવા પ્રકારે લોક કલ્યાણાર્થે સમર્પણ કરી દીધું હતું અને પોતાના અંગને પણ જન હિતાર્થે કેમ સમર્પણ કીધું, તે વખાણી સંભળાવ્યું, એટલે પોતાના સદ્‌ગુણની શ્લાઘા કરવાથી જ, તે પોતાની ઉંચી પદવીપરથી ભ્રષ્ટ થઇને પડ્યો હતો. મહારાજ વિશ્વાંતર, જે પણ અહીંયાં ચક્રવર્તી હતો, તેના કુમાર ઇંદિવરાક્ષને, ચેદીદેશના રાજા વસંતતિલકે, પોતાની સ્ત્રીનું હરણ કરવા માટે મારી નાંખ્યો, ત્યારે તે ચક્રવર્તીને અત્યંત શોક વ્યાપ્યો અને આત્મસંયમન વગર પોતાના દુષ્ટ પુત્રના શોકમાં જ તે મરણ પામ્યો હતો! માત્ર તારાવલોક એકલો જે મનુષ્ય હતો અને પોતાના અપાર સદ્‌ગુણના યોગે વિદ્યાધરોનો ચક્રવર્તી થયો હતો, તે કંઇ પણ પાપાચરણથી વિરક્ત રહ્યો હતો અને બહુ કાળપર્યંત યશકીર્તિથી વિદ્યાધરોના ચક્રવર્તીના પદપર



વિરાજ્યો હતો; અને છેવટે આ અસાર સંસારપર વૈરાગ્ય આવવાથી આ સર્વ રાજપાટ ત્યાગ કરીને તપોવનમાં જઇ રહ્યો હતો. આ રીતે પ્રાચીનકાળમાં ઘણા ઘણાઓ, મહાસંકટે વિદ્યાધરોના ચક્રવર્તી પદને તો પામ્યા હતા ખરા, પણ પાછળથી મોહમાં ફસાવાથી, કે વિષયમાં અંધ થવાથી, પોતાના પદપરથી ભ્રષ્ટ થયા હતા; માટે તારે સાવધ રહેવું જોઇએ! નીતિમાર્ગથી જરા પણ ચલાયમાન થવું જોઇએ નહીં; આ વિદ્યાધર લોકપર, ધર્મપરાયણતાથી રાજ્ય કરવું જોઇએ; અને તારે તપાસવું જોઇએ કે, તારા વિદ્યાધરો પણ સન્માર્ગથી વિપરીત આચરણ કરે છે કે કેમ!"

જ્યારે આ પ્રમાણે કશ્યપમુનિએ નરવાહનદત્તને વાત કહી, ત્યારે ચક્રવર્તીએ તે કહેલું માન્ય રાખ્યું અને ઘણા વિનય સાથે તે, મુનિ પ્રત્યે બોલ્યો; "ઋષિરાજ! કહો મને કે, તારાવલોક મનુષ્ય છતાં શી રીતે વિદ્યાધરનો ચક્રવર્તી થયો હતો?" આ સાંભળી કશ્યપમુનિ બોલ્યા; "સાંભળ, હું તે કથા તને કહું છું."

### તારાવલોકની કથા.

પૂર્વકાળમાં શિવી નામના દેશમાં ચંદ્રાવલોક નામનો એક મહાપ્રતાપી રાજા રાજ્ય કરતો હતો. તેની રાણીનું નામ ચંદ્રલેખા હતું. તે રાણીનું કુળ* ક્ષિરસાગર જેવું નિર્મળ હતું. તે સાધ્વી ને વર્તનમાં બીજી ગંગાજી જેવી શુદ્ધ હતી. ચંદ્રાવલોક રાજા પાસે શત્રુઓનો પરાજય કરવામાં મહાસમર્થ એવો કુવલયાપીડ નામનો એક હાથી હતો. આ હાથીના યોગે તે રાજાને કોઇપણ શત્રુ તેને પરાભવ પમાડી શકતો નહીં. તેની પ્રજા સર્વ વાતે સુખી હતી.

જ્યારે તે રાજાની વૃદ્ધાવસ્થા આવીને ઉભી રહી, ત્યારે તેને ત્યાં, ચંદ્રલેખા રાણીની કુખે, સર્વ લક્ષણોથી સંપૂર્ણ એવો એક પુત્ર અવતર્યો. રાજાએ તે પુત્રનું નામ તારાવલોક પાડ્યું. જેમ જેમ તે કુંવર ઉમરે વૃદ્ધિ પામતો ગયો, તેમ તેમ જન્મથી જ સાથે આવેલા એવા તેના ગુણો પરાર્થ–પરમાર્થ, આત્મસંયમન ને વિવેકવિચાર પણ વૃદ્ધિ પામતા ગયા. તે મહાત્મા, એક શબ્દ વગર સર્વ વિદ્યામાં પારંગત થયો અને તે એટલો બધો તો ઉદારચિત્તનો હતો કે, માત્ર "નકાર" શબ્દ જ શિખ્યો નહોતો. વખત વીતતાં તે કર્મમાં વૃદ્ધ જેવો જણાયો, પણ વયમાં તરુણ જ રહ્યો! અગરજો તે પરાક્રમમાં સૂર્યસમાન તેજસ્વી હતો, પણ આકૃતિમાં સોમ* સમાન શોભતો હતો. પૂર્ણિમાના ચંદ્રપેરે તે પૂર્ણ કળાથી પ્રકાશતો હતો; કામદેવની માફક સર્વ જગતને પોતાનાં દર્શનથી વિહ્વળ બનાવી મૂકતો હતો; પિતાની આજ્ઞા પાળવામાં તેણે જીમૂતવાહનો પરાજય કીધો હતો; અને તેના અંગમાં ચક્રવર્તીનાં સર્વે સંપૂર્ણ ચિહ્નો પ્રત્યક્ષ દર્શન દેતાં હતાં.

તે કુંવર વયે આવ્યો ત્યારે તેના પિતા ચંદ્રાવલોક, મદ્રદેશના રાજાની કુંવરી માદ્રીને લઇ આવ્યા ને તેનાં તારાવલોક સાથે લગ્ન કીધાં. પરણ્યા પછી તુરત જ, ચંદ્રાવલોકે પોતાના

* કુળ એટલે વંશ અને કુળ એટલે કીનારો. † સોમ એટલે ચંદ્ર ને સોમ એટલે બીજાને આનંદ આપનાર.

પુત્રના ઉત્તમ ગુણો નિહાળીને તેનો યુવરાજ પદપર પટાભિષેક કીધો. જ્યારે તારાવલોકને યુવરાજ કીધો, ત્યારે તેણે પોતાના પિતાની આજ્ઞાથી, ગરીબગુરબાંઓને માટે અન્નછત્રો બાંધ્યાં. તે દરરોજ જેવો પ્રભાતમાં ઉઠતો તેવો જ કુવલયાપીડ હાથીપર બેસીને આ અન્નછત્રો જોવાને જતો હતો. તેની પાસે હરકોઈ મનુષ્ય જે કંઈ માંગવા આવતો, તે આપવાને તે તત્પર રહેતો હતો. કોઇ મસ્તક માગનાર આવે તો તે પણ આપવા તે ના પાડતો નહીં. આ રીતે યુવરાજ તારાવલોકની કીર્તિ દશે દિશામાં ગાજી રહી.

કેટલોક સમય જતાં તેની રાણી માદ્રીએ બે જોડ પુત્રોનો જન્મ આપ્યો. આ બન્નો કુમારોનું નામ તેણે રામ ને લક્ષ્મણ પાડયું. આ બંનો કુમારો માતા પિતાના પ્રેમ અને આનંદ માફક મોટા થયા. તે બંને કુમારો તેના દાદા દાદીને તો પ્રાણ કરતાં અધિક પ્રિય હતા અને તારાવલોક ને માદ્રી જેના ઉપર દોરી કસેલી છે એવા ધનુષ જેવા ગુણવંત* તે બંનો કુમારોનું વદનકમળ નિહાળતાં તેઓ કદી પણ ધરાતાં નહોતાં.

આવો તારાવલોકનો પ્રતાપ નિહાળી, તેના શત્રુઓનાં કાળજાં બળવા લાગ્યાં. તેનો કુવલયાપીડ હાથી, તેના બે પ્રતાપી પુત્રો ને તેનું દાનવીરપણું એ સર્વ જોઇને, તેઓએ છળ પ્રપંચ કરવો ધાર્યો. તેઓએ પોતાના બ્રાહ્મણોને બોલાવીને કહ્યું; “તમો તારાવલોક પાસે જાઓ ને તેના કુવલયાપીડ હાથીની માંગણી કરો. જો તે તમોને આપશે તો પછી અમો તેને તેના રાજ્યપરથી ઢોળી પાડીશું, કેમકે તેના પરાક્રમનું મૂળ તે છે! તે બળી ગયા પછી તે અસમર્થ થઈ પડશે અને જો તે ના પાડશે તો તેના દાનવીરપણાને લાજ લાગશે!” શત્રુઓએ, આ પ્રમાણે તે બ્રાહ્મણોને સમજાવ્યા, ત્યારે તેઓ તેમ કરવાને તત્પર થયા; અને તેઓએ તારાવલોક જે મહા દાનવીર હતો, તેની પાસે જઇને કુવલયાપીડની યાચના કીધી.

તારાવલોક મનમાં બોલ્યો; “આ બ્રાહ્મણોને આ મદમત્ત હાથીની શી ગરજ છે? પણ હું ધારું છું કે, એ કોઈ બીજાના પ્રેરેલા પ્રણિધિઓ† છે. પણ ગમે તે થાઓ. હું એઓને મારો સર્વોત્તમ હાથી દાનમાં આપીશ! હું જીવતાં આ યાચકોને તેઓની ઇચ્છા પૂર્ણ કર્યા વગર કેમ પાછા વાળું?” આ પ્રમાણે વિચાર કરીને તારાવલોકે યાચકવૃત્તિ દર્શાવનારા તે બ્રાહ્મણોને પોતાનો પૂર્ણ પ્રતાપી હાથી દાનમાં આપી દીધો!

પણ જ્યારે ચંદ્રાવલોકની પ્રજાએ જાણ્યું કે, અતિ પરાક્રમી હાથીનું દાન, યુવરાજે બ્રાહ્મણોને કરી દીધું છે, ત્યારે તેઓ ઘણા ગુસ્સે થઈ ગયા. તેઓ રાજા પાસે જઇને બોલ્યા,–“મહારાજ! હવે આપણા કુમારે આ રાજ્ય ત્યાગ કરવું જોઇયે! તેઓએ પોતાના સર્વે હકો છોડી દઈ, જાણે સંન્યસ્ત લેવાના હોય એવું આચરણ કીધું છે, એ શું, જુઓ તો ખરા. તેઓએ કોઈ ભામટા જેવા યાચકોને આપણો અતિ ઉત્તમ કુવલયાપીડ હાથી, જે આપણી રાજ્યલક્ષ્મીનું મૂળ અને બીજા મદોન્મત્ત હાથીઓનો પરાજય કરવામાં બહુ પરાક્રમી હતો, તેનું દાન કરી દીધું!! આપની

* ગુણવાળા, ધનુષની દોરીવાળા. † સેવક. પ્રણિધિ એટલે દૂત–જાસુસ.



ઇચ્છામાં આવે તો કુંવરજીને આપ તપોવનમાં તપ કરવા મોકલો; અથવા તે હાથીને પાછો લઈ લો. તેમ નહીં કરશો તો અમે આ આસનપર બીજો રાજા બેસાડીશું*!”

નાગરીકોએ આ પ્રમાણે ચંદ્રાવલોકને વિનતિ કીધી, ત્યારે તેણે પ્રતિહારદ્વારા આ સંદેશો પોતાના કુંવરને જણાવ્યો. ત્યારે તારાવલોકે તે સંદેશો સાંભળ્યો. પછી તે બોલ્યો; “હાથી તો મેં યાચકોને દાનમાં આપી દીધો છે! તે પાછો ન જ લેવાય. મારો નિયમ છે, કે મારી આગળથી કોઈપણ યાચક વિમુખ જાય નહીં. પણ પ્રજાની ઇચ્છા ઉપર જ આધાર રાખે તેવા આ રાજપાટની મને શી દરકાર છે? અને રાજલક્ષ્મી, જે બીજાના ઉપયોગમાં આવતી નથી, વળી જે વીજળી, જેવી ચંચળ છે, તેની પણ મને શું દરકાર છે? આ પશુ સમાન સ્વાર્થી પ્રજામાં રહેવું તેના કરતાં વનનાં વૃક્ષો, જે પોતાનાં ફુલ ને ફળો સર્વેને પરાર્થે અર્પણ કરે છે તેવા વનમાં જઈ રહેવું એ વધારે સારું છે!” આ પ્રમાણે ઉત્તર કહાવી તારાવલોકે વલ્કલ વસ્ત્ર ધારણ કીધાં. પછી પોતાના પિતાના ચરણમાં પ્રણામ કરી, પોતાની સર્વે સંપત્તિ યાચકોને દાનમાં આપી દીધી. તેની પોતાની સ્ત્રી, જે પણ તેની સાથે વનમાં જવાને તત્પર હતી તેને તથા બે કુમારોને સાથે લઇને, તે પછી નગર બહાર નિકળ્યો. પોતાના પુત્રોને તેણે ધીરજ આપી. તેને જતો જોઈ નગરના બ્રાહ્મણો રડવા લાગ્યા. તેઓને પણ તેણે શાંત કીધા. પશુ પક્ષીઓ પણ તેના આ રાજ્યત્યાગથી રડવા લાગ્યાં. પૃથ્વી પણ એવા પ્રકારે જણાઇ કે, તે જાણે અશ્રુનો વરસાદ વરસાવતી હોય.

તારાવલોક વન તરફ ચાલ્યો. તેની પાસે બીજું કંઇ નહોતું, માત્ર એક રથ ને બે ઘોડા જ! વનમાર્ગમાં થોડેક તે ગયો કે એક બ્રાહ્મણે આવીને તેની પાસેથી તે રથના ઘોડાની યાચના કીધી! તત્ક્ષણે તે અશ્વો તે યાચકોને તેણે દાનમાં આપી દીધા. પછી પોતાની સ્ત્રીની સાહેતાથી, બે બાળકોના સંરક્ષણ માટે, તપોવનમાં જતાં જતાં પોતે જાતે તે રથ ખેંચવા લાગ્યો. પણ વળી તે વનમાં થોડેક દૂર ગયો કે, બીજા એક બ્રાહ્મણે આવીને તે રથની યાચના કીધી! કંઈપણ સંકોચ વગર તત્ક્ષણે તેણે તે રથ પણ દાનમાં આપી દીધો. તે એક નિશ્ચયવાન્ મહાત્મા, પોતાની સ્ત્રી તથા બાળક સાથે મહાકષ્ટે પગપાળો તપોવનમાં જઈ પહોંચ્યો. ત્યાં જઇને એક વિશાળ વૃક્ષ નીચે ચર્મ બીછાવીને તેણે વિશ્રામ કીધો. તે સમય ઉપર, તેની સ્ત્રી માદ્રી, તેની સેવામાં એકનિષ્ઠ થઇને ઉભી રહી. તે મહાશય કુંવર, તે વનમાં રાજ્ય કરવા લાગ્યો! અને તે જ તપોવનમાં એકનિષ્ઠાથી તપ કરવા માંડયું. પવનથી આમ-તેમ આન્દોલન કરી રહેલી પુષ્પમંજરી તેના સુંદર ચમ્મરોનું કામ કરતી હતી; ઘટ્ટ છાયા-વાળા વૃક્ષનાં પત્રો, છત્રનું કામ સારતાં હતાં; પાંદડાં તે શય્યા હતી; શિલા તે તેનું સિંહાસન હતું; ભ્રમરીઓ તેની ગાનારી દાસીઓ હતી અને નાના પ્રકારનાં ફળો તે તેનું સુરસ સ્વાદિષ્ઠ ભોજન હતું.

* પ્રાચીન કાળમાં રાજા પ્રજાને અધીન હતા, પણ સ્વતંત્ર ને મનસ્વી કાર્ય કરનારા ન હતા, એમ આ પરથી જણાય છે.

એક દિવસે તેની સ્ત્રી માદ્રી તે આશ્રમ છોડીને વનમાં ફળફુલ લેવાને ગઈ હતી, તેવામાં એક વૃદ્ધ બ્રાહ્મણ તારાવલોકની પાસે તેની પર્ણકૂટીમાં આવ્યો અને કહ્યું કે, મને તમારા પુત્રો રામ લક્ષ્મણ દાનમાં આપો! તારાવલોકે પોતાના મન સાથે વિચાર કર્યો કે, નિઃશંક, લુચ્ચું દૈવ મારા ધૈર્યની કસોટી કસે છે, એમાં કંઈ પણ સંદેહ નથી! હું મારા બે બાળ કુંવરો, જે મને પ્રાણ સમાન વહાલા છે, તેને કેમ આપી શકીશ? ચિંતા નહીં, હું એને દાનમાં આપીશ ને એના વિરહનો શોક વેઠીશ, પણ મારી આગળથી યાચક વિમુખ જાય, તે મારાથી કદી પણ ખમાશે નહીં!" આમ વિચાર કરી, તુરત જ તેણે તે વૃદ્ધ બ્રાહ્મણને તે બંને બાળકો આપી દીધા. જ્યારે તે બ્રાહ્મણે બંને કુમારોને લઈ જવાનો પ્રયત્ન કીધો, ત્યારે તે બંને બાળકો સામા થયા. આથી કોપાયમાન થઈ તે બ્રાહ્મણે તે બંને કુંવરને હાથે પગે સજ્જડ બાંધ્યા. પછી સારી રીતે સોટીથી ઝાપટયા! તે બંને બાળકો પુષ્કળ અશ્રુ પાડતા પોતાના પિતાના મુખ તરફ જોતા હતા અને 'ઓ મા!' ઓ મા!' એમ બુમ પાડતા હતા, તેના તરફ કંઈ પણ દયા આણ્યા વગર, તે નિર્દય બ્રાહ્મણ તે બંનેને ધસડી ગયો. આવી રીતની બાળકોની સ્થિતિ જોઈ, તોપણ તારાવલોક દ્રઢ મનનો રહ્યોઃ તે જરા પણ ડગ્યો નહીં! સ્થાવર ને જંગમ સર્વ પ્રાણ તારાવલોકની દૃઢતા જોઇને ને તેના નસીબનો આવો વિલક્ષણ ચકરાવો જોઇને કેવળ ગદ્‌ગદિત થઈ ગયાં.

પતિવ્રતા માદ્રી જ્યારે ફળફુલ લઇને વનમાંથી પોતાના સ્વામીના આશ્રમમાં પાછી ફરી; અને જ્યારે તેણે પોતાના પતિને શોકભરિત વદને નીચી નજરે ભૂમિ તરફ નિહાળતા જોયા, અને પોતાના બાળકનાં રમકડાં, હાથી, ઘોડા, રથ અહિંયાં તહિંયાં પડેલાં જોયાં, પણ બાળકોને કેથે પણ જોયા નહિ, ત્યારે તે ઘણી ગભરાઈ ગઈ. તેનું હૃદય શોકથી છિન્નભિન્ન થઈ ગયું. તે એકદમ બુમ પાડી ઉઠી કે, "અફસોસ! હું મરી ગઇ! મારા બંને બાળકો ક્યાં છે, હે નાથ!" ત્યારે તેના પતિએ દ્રઢ મને ને શાંતચિત્તે કહ્યું,–"હે નિર્દોષી! હમણાં એક વૃદ્ધ રાંક બ્રાહ્મણ અહીંયા આવ્યો હતો, તેની યાચનાપરથી આપણાં બંને બાળકો તેને મેં દાનમાં આપી દીધાં છે!" જ્યારે તે સુશીલ સુંદરીએ પોતાના સ્વામીના મુખથી આવી વાણી સાંભળી, ત્યારે તો તે શોક અગ્નિનો ત્યાગ કરી, હર્ષ ભરી, જરી ન ડરી, સાધ્વી નરી, સુંદરી બેઠી થઈ, અને પોતાના સ્વામી પ્રત્યે બોલી; "એ તો આપે બહુ યોગ્ય કીધું! આપ યાચકને વિમુખ શી રીતે કાઢી શકો?" તેણીનું આ પ્રમાણે બોલવું સાંભળીને અને તે દંપતીનું સમાન પરાક્રમ નિહાળીને શેષનાગ સળક્યો, ઇંદ્રાસન ડોલ્યું!

ઇંદ્રે પોતાની યોગવિદ્યાના પ્રભાવથી જોયું તો જણાયું કે, માદ્રી અને તારાવલોકની દાનવીરતાથી પૃથ્વી કંપે છે. એટલે તેણે પણ તેની પરીક્ષા લેવા માટે, એક બ્રાહ્મણનું રૂપ ધારણ કીધું અને તારાવલોકના મઠમાં જઇને તેની પાસે, તેની સ્ત્રી માદ્રીની યાચના કીધી! તારાવલોક, જરાપણ આનાકાની વગર જળ મૂકી સંકલ્પ કરીને પોતાની સ્ત્રીનું દાન કરવા તૈયાર થયો અને જે સુશીલ સુંદરી, આ વનમાં તેના સુખદુઃખની સાથી



હતી તેને, જરા પણ સંકોચ વગર આપી દેવાને ઉત્કંઠિત થયો. બ્રાહ્મણના સ્વરૂપમાં ગુપ્ત રહેલા ઇંદ્રે કહ્યું; "રાજર્ષિ! આવી સદ્‌ગુણસંપન્ન સ્ત્રીનું દાન કરવામાં તારી શી ઇચ્છા છે વારું?" તારાવલોક બોલ્યો,–"બ્રાહ્મણ! મારી કંઇપણ ઇચ્છા નથી. હું એટલું જ ઇચ્છું છું કે, બ્રાહ્મણો આવીને મારી જીંદગી પણ માગે તો તે આપવા હું તૈયાર થાઉં!" આ પ્રમાણેનાં તેનાં વચન સાંભળી, ઇંદ્ર જે બ્રાહ્મણના રૂપમાં ગુપ્ત રહ્યો હતો તેણે, પોતાનું સ્વરૂપ પ્રકટ કરયું અને કહ્યું, "મેં તારી દાનવીરતાની કસોટી કસી છે ને તેમાં હું સંતોષ પામ્યો છું. માટે હવે હું તને કહું છું કે, તારે કદી પણ તારી આ સદ્‌ગુણી સ્ત્રીનું દાન કોઇને કરવું નહીં. આનંદ કર! હવે તું થોડા વરસમાં વિદ્યાધરોનો ચક્રવર્તી રાજા થશે." આ પ્રમાણે કહીને ઇંદ્ર અદૃશ્ય થઈ ગયો.

આ અરસામાં જે વૃદ્ધ બ્રાહ્મણ તારાવલોકના બે બાળકોને દક્ષિણામાં લઈ ગયો હતો, તે માર્ગ ભૂલવાથી, નસીબના યોગે, ચંદ્રાવલોકની રાજધાનીમાં જઈ ચઢયો અને બજારમાં તે બે બાળકોને વેચવા મૂકયા. નગરજનોએ તુરત જ તે બંને બાળકોને ઓળખી કાઢ્યા, એટલે તેઓએ ચંદ્રાવલોક મહારાજ પાસે જઇને તે વાત નિવેદન કીધી અને તે બ્રાહ્મણ તથા બંને કુમારોને રાજા પાસે લઈ ગયા. રાજાએ જેવા પૌત્રોને જોયા કે, તેની આંખમાંથી દડદડ અશ્રુ વહી ચાલ્યાં; અને તે બ્રાહ્મણને સર્વ વાર્તા પૂછી અને જ્યારે તેણે સત્ય હકીકત જાણી, ત્યારે તે હર્ષ અને શોકની મધ્યે તરવા લાગ્યો! પોતાના પુત્રનો અલૌકિક સદ્‌ગુણ જાણી, તેનો પણ રાજ્યપરથી મોહ ઉઠી ગયો. તેની પ્રજાએ તેને રાજ્ય છોડવાને ઘણીએ ના પાડી, પણ તે એકને બે થયો નહીં. પેલા બ્રાહ્મણ પાસેથી તે બંને કુમારોને લઇને તેને પુષ્કળ ધન આપ્યું; અને તે બંને બાળક સાથે, તારાવલોકના વનાશ્રમ તરફ તે ચાલતો થયો!

વનમાં તે જટાધારી, વલ્કલધારી ને આશાગત* દ્વિજો,† જે વૃક્ષના ફળના પરોપકારથી પોતાનું જીવન ચલાવે છે તેના જેવા, જટાધારી, વલ્કલવાળા, આશાગત ને દ્વિજના કલ્યાણ માટે જ જેણે સર્વસ્વ અર્પણ કરેલું છે તેવા પોતાના પુત્ર તારાવલોકને દીઠો. તુરત જ તારાવલોક ઉઠયો ને દોડી જઈ પિતાના ચરણમાં પ્રણામ કીધા. જ્યારે તેના પિતાએ તેને પોતાના ખોળામાં બેસાડયો, તે પછી ચંદ્રાવલોકના નેત્રમાંથી અશ્રુ વહી ચાલ્યાં, ત્યારે તે અશ્રુથી તારાવલોક નાહી વળ્યોઃ એ જાણે તેને વિદ્યાધરના ચક્રવર્તીને પવિત્ર જળથી અભિષેક થયો હોયની શું, તેમ જણાતું હતું.

પછી રાજા ચંદ્રાવલોકે, તારાવલોકને તેના બે પુત્ર–રામ અને લક્ષ્મણ–પાછા સોંપ્યા ને જણાવ્યું કે, એ બન્ને બાળકને માટે પુષ્કળ ધન આપ્યું છે. વનમાં બેઠેલા પિતા પુત્ર પોતપોતાના પરાક્રમની વાતો કરતા હતા, તેવામાં આકાશમાંથી ચાર દાંતવાળા એક હાથીપર

* આશાવાળા અને ચારે દિશામાંથી આવેલા. † એક પક્ષે બ્રાહ્મણ ને બીજે પક્ષે પક્ષી.

વિરાજમાન થયેલી દેવી લક્ષ્મી ત્યાં પધારી, તેમ જ તેની સાથે બીજા વિદ્યાધરો પણ ગગનમાંથી ઉતરી આવ્યા. જેના હાથમાં કમળ છે એવાં લક્ષ્મીજીએ તારાવલોકને કહ્યું, "આ હાથીપર તું સ્વાર થા અને વિદ્યાધરના લોકમાં ચાલ અને તેં તારા દાન પ્રભાવથી જે દિવ્ય પદવી પ્રાપ્ત કીધી છે, તેના ભોગ ભોગવ !"

દેવી લક્ષ્મીજીએ આ પ્રમાણે કહ્યું, કે તુરત તારાવલોક પોતાના પિતાના ચરણમાં પડ્યો, અને તેમના આશીર્વાદ લઇને, તે દેવાંશી હાથીપર સ્વાર થયો અને પોતાના પુત્ર તથા સ્ત્રી સહિત, આશ્રમવાસીઓની સમક્ષ, સર્વે વિદ્યાધરોની વચ્ચે, આકાશમાં ઉડી ગયો ! ત્યાં જ-તાં જ તેને વિદ્યાધરોની સર્વ માયિકવિદ્યા પ્રાપ્ત થઈ ગઈ. તેણે ત્યાં રહી વિદ્યાધરોના અલૌકિક સુખો ભોગવ્યાં હતાં; પણ અંતે આ સંસારના સર્વે ઉપભોગપર તેને અરુચિ થઈ, એટલે પાછો તે વનમાં જઇને તપ કરવા લાગ્યો.

"આ રીતે તારાવલોક, જો કે મનુષ્ય હતો તોપણ પોતાના નિષ્કલંકી સદ્ગુણોવડે તેણે વિદ્યાધરોનું રાજ્ય મેળવ્યું હતું. બીજાઓ તો તે મેળવ્યા પછી પાછા પદભ્રષ્ટ થયા હતા, તેનું કારણ એ જ કે તેઓ પાપાચરણ કરતા હતા. માટે, તારી પોતાની તરફથી કે કોઈ બીજાની તરફ અયોગ્ય આચરણ ન થાય, તેને માટે તું બહુ સાવધ રહેજે !"

જ્યારે કશ્યપમુનિએ આ પ્રમાણે કથા કહી અને નરવાહનદત્તને યોગ્ય શિક્ષા વચન કહ્યાં, ત્યારે ચક્રવર્તીએ એ જ સલાહ પ્રમાણે વર્તવાનું માન્ય કીધું. તેણે તુરત જ, કૈલાસપર્વતપર આ પ્રમાણે ચક્રવર્તીનો ઢંઢેરો પિટાવ્યો કે,–"સાંભળો, વિદ્યાધરો ! જે મારી પ્રજા છે તે, આજ પછી કોઈપણ સમયે અયોગ્ય આચરણ કરશે, તેને હું, માનજો નક્કી કે, દેહાંતદંડ દઈશ !" વિદ્યાધરોએ તેનો આ હુકમ મસ્તકપર ચઢાવ્યો. સુરતમંજરીને તેના સ્વામીને સ્વાધીન કીધી, તેથી તેની કીર્તિ દશે દિશામાં વ્યાપી રહી.

આ પ્રમાણે ન્યાય કરવાથી કીર્તિ પ્રાપ્ત થઈ છે તેવો નરવાહનદત્ત ચક્રવર્તી, પોતાના પરિવાર સહિત, મામા ગોપાળક સાથે અસિતગિરિપર ચાતુર્માસના દિવસ નિર્ગમન કરતો હતો.

---

શ્રી

મહાકવિ શ્રી સોમદેવ ભટ્ટ વિરચિત

# કથાસરિત્સાગર.

(ભાષાંતર)

## सप्तदशो लंबक–पद्मावती.

### તરંગ ૧ લો.

### કાલંજર પર્વતપર રહેલા નરવાહનદત્તે કહેલી કથા.

**મંગળાચરણ.**

જેઓ ચિત્ર વિચિત્ર (નાના પ્રકારના) વેશ ધારણ કરે છે, જેણે પોતાની પ્યારીને પોતાના અંગના અર્ધ ભાગમાં રાખી છે (અને અર્ધનારીશ્વર કહાવે છે), તદપિ તપસ્વી છે, નિર્ગુણ છે, જગતને સ્તુતિ કરવા લાયક છે, એવા શંભુને હું નમસ્કાર કરું છું.

જે પોતાના કાનને ફડફડાવતા, ગંડસ્થળપર બેઠેલા ભ્રમરનાં ટોળાંને ઉરાડી મૂકે છે અને તે જાણે વિઘ્નનાં ટોળાંને હાંકી મૂકતા હોય તેવા જણાય છે, એવા વિઘ્નોનો અંત આણનારા ગણપતિને અમે પ્રણામ કરીએ છીએ.

નરવાહનદત્ત રાજરાજેન્દ્ર, જેણે સર્વ વિદ્યાધરોના રાજા ઉપર વિજય મેળવી ચક્રવર્તી-પદની પ્રાપ્તિ કીધી છે તે, પોતાના મામા ગોપાલક, જે તપરિવપેરે કાલંજર પર્વતપર, કશ્યપ મુનિના આશ્રમમાં રહીને પોતાની જીન્દગી ગાળતા હતા તેની સંગે, ચાતુર્માસ રહ્યો છે; તેની સાથે તેનું મંત્રીમંડળ છે, તેની પચીસ રાણીઓ પણ છે અને અનેક વિદ્યાધરેશો પણ છે–તે સર્વ, કથા વાર્તા કરીને કાળ ગાળે છે.

એક દિવસે મુનિઓ અને તેની રાણીઓએ તેને કહ્યું; "મહારાજ ! કહો તો ખરા કે, જ્યારે માનસવેગ તમારી પટ્ટરાણી મદનમંજુકાનું હરણ કરી ગયો, ત્યારે આપ તેની વિરહ-વેદના કેમ વેઠી શકયા ને કેવી રીતે કાળ ગાળ્યો હતો ?" આ પ્રમાણે જ્યારે નરવાહનદત્તને, મુનિઓએ તથા તેની રાણીઓએ પ્રશ્ન કીધું, ત્યારે તે આ પ્રમાણે બોલવા લાગ્યો; "જ્યારે તે પાપી શત્રુ મારી પટ્ટરાણીનું હરણ કરી ગયો, ત્યારે મેં મારો શોકસમય કેમ ગાળ્યો હતો, તેનું હું વર્ણન

કરું છું, તે તમે સાંભળો ! પાછલી રાત્રિના જ્યારે મેં ઉઠીને જોયું કે, મારી પ્રાણવલ્લભા મદનમંજુકાનું હરણ થયું છે, ત્યારે હું વિહ્વળ ને શૂન્યમૂઢ બની ગયો અને તેના શોકમાંને શોકમાં મેં કોઈપણ ભવન કે બગીચા કે ઓરડામાં તપાસવામાં બાકી રાખી નહીં. મારી સાથે તપાસવામાં મારા મંત્રીઓ પણ હતા. જ્યારે મારી પ્રિયાની કંઈપણ ભાળ મળી નહીં, ત્યાર પછી હું નિરાશ થઈ, ગાંડા જેવો બની, બગીચાના એક વૃક્ષના મૂળ આગળ બેઠો. આ તકનો લાભ લઈને, ગોમુખ, જે આવી સંધિ શોધતો જ હતો, તેણે મને કહ્યું,–'મહારાજ! આપ નિરાશ ન થાઓ; આપને રાણી સાહેબ આવીને ભેટશે. કેમકે દેવતાઓએ જણાવ્યું છે કે, આપ તેની જ સાથે વિદ્યાધરોના ચક્રવર્તી રાજા થશો ! તે દેવવાણી છે તે સત્ય જ થશે, કદીપણ તે વાણી મિથ્યા થવાની નથી. ધીરવીર પુરુષો વિરહવેદના વેઠ્યા પછી જ, પોતાની પ્યારીને મેળવી શકે છે. શું રામભદ્ર, રાજાધિરાજ નળ અને તમારા પિતા અને પિતામહ, અનેક પ્રકારે વિરહવેદના વેઠ્યા પછી, પોતાની પ્યારીનો સમાગમ કરી શક્યા નથી ? શું વિદ્યાધરનો રાજા મુક્તાફળ, અનેક પ્રકારે વિરહવેદના વેઠ્યા પછી પોતાની રાણી પદ્માવતીનો સમાગમ કરી શક્યો નથી ? હવે સાંભળો મહારાજ ! હું તમોને તે દંપતીની કથા કહું છું.' આ પ્રમાણે કહીને ગોમુખે અને નીચે પ્રમાણે કથા કહી સંભળાવી."

### બ્રહ્મદત્ત અને બે રાજહંસની કથા.

આ દેશમાં, જગવિખ્યાત વારાણસી નામની એક નગરી છે. તે નગરી ગંગાસહિત શોભાયમાન અને મોક્ષને આપનારી શંકરની મૂર્તિ હોય તેવી જ, ગંગાનદી અને વિશ્વેશ્વર શંકરની મૂર્તિ સહિત શોભે છે અને તે મોક્ષપદ આપે છે. તે નગરીના દેવાલયોની પતાકાઓ પવનવડે ઉંચી નીચી થઈ, જાણે હમેશાં લોકોને એમ જણાવતી હોય કે, "આવો! આવો! ને મોક્ષને પામો!" તેવી રીતે ફરફરી રહી છે. તેના પ્રાસાદોનાં શિખરો ધોળાં હોવાથી અને ચંદ્રચૂડનું નિવાસસ્થાન છે તેથી, અને તે શંકરના ભકતોથી ભરપૂર છે તેને લીધે, જેમાં શ્વેત શિખરવાળા પ્રાસાદો આવેલા છે, જ્યાં શિવના ગણ રહે છે, એવી શંકરની વાસભૂમિ કૈલાસ પર્વત જેવી, તે નગરી શોભે છે.

આ નગરીમાં પૂર્વે બ્રહ્મદત્ત નામનો એક રાજા રાજ્ય કરતો હતો. તે શિવભકત હતો, બ્રાહ્મણ ઉપર શ્રદ્ધા રાખનારો હતો, શૂરવીર હતો, દાતા અને ક્ષમાપરાયણ હતો. આ રાજાની આજ્ઞા પૃથ્વી ઉપર દ્વીપદ્વીપાંતરમાં જતાં, કે અગમ્યસ્થાનોમાં જતાં, અડકતી નહોતી. તે સમુદ્રમાં ડૂબતી નહોતી, પણ સર્વત્ર પ્રસરેલી હતી. તે રાજાને સોમવલ્લભા નામની એક રાણી હતી. ચકોર જેમ ચંદ્રની પ્રભાને જોઈ આનંદ પામે છે, તેમ રાજા તેને જોઈ ઘણો જ આનંદ પામતો હતો. તે વારંવાર નેત્રથી તેના તરફ એક દૃષ્ટિ કરીને, તેને નિહાળ્યા કરતો હતો. એ રાજાને શિવભૂતિ નામનો એક મંત્રી હતો. તે જાતે બ્રાહ્મણ હતો અને બુદ્ધિમાં બૃહસ્પતિ જેવો ચતુર હતો અને સઘળાં શાસ્ત્ર તેણે કંઠે કરેલાં હતાં.



એક દિવસે રાત્રે રાજા પોતાની ચંદ્રપ્રાસાદ નામની સુંદર અગાસીમાં સૂતો હતો, એવામાં તેણે આકાશમાંથી આવતું એક હંસનું જોડલું જોયું. આ હંસનું જોડું સોનાપેરે ઝળાંઝળાં કરતું હતું. તે રાજહંસની પંક્તિઓથી વિંટળાયલું હતું, તેથી તે આકાશગંગાના જળમાંથી ઉગ્યું ઉડેલું સુવર્ણ કમળનું જોડું હોય તેવું દેખાતું હતું. આ આશ્ચર્યજનક હંસમિથુન થોડીવારમાં નજર આગળથી અદૃશ્ય થઈ ગયું! રાજા તેનાં દર્શનને માટે ઉત્કંઠા સહિત દુઃખ પામવા લાગ્યો. તેના જ વિચારની દિલગીરીમાં તેને તે રાત્રિએ જરાપણ ઉંઘ આવી નહીં–વગર ઉંઘે જ તેણે તે રાત્રિ ગાળી. પ્રભાતમાં રાજાએ, રાત્રિમાં જે પ્રમાણે જોયું હતું, તે સર્વ કથા કહીને, શિવભૂતિને કહ્યું; "મને તે દિવ્ય હંસ જોવાની અત્યંત ઇચ્છા થઈ છે; પણ તે જો મારા જોવામાં આવશે નહીં તો મારે આ રાજ્યનું અને આ જીવતરનું કશું પ્રયોજન રહ્યું નથી!"

આ પ્રમાણે રાજાએ કહ્યું, એટલે મંત્રી શિવભૂતિ બોલ્યો; "મહારાજ ! તમે ગભરાઓ મા. આ કાર્ય કરવામાં એક ઉપાય છે તે તમે સાંભળો, હું તમને સંભળાવું છું. આ સંસારમાં, પૂર્વ જન્મના કર્મના વિચિત્ર સમ્બન્ધથી બ્રહ્માએ સરજેલો પ્રાણીસમુદાય, જૂદો જૂદો ભાસે છે; અને તેનું કોઈથી માપ કરી શકાતું નથી. આ સંસાર દુઃખમય છે, પણ એમાં વસતાં પ્રાણીઓ, ઘરબહાર, આહારપાન આદિમાં રચી–પચીને મોહવશ થઈ દુઃખમાં પણ સુખની બુદ્ધિ કરીને બેસે છે. બ્રહ્માએ પ્રાણીઓની જાતિ અનુસારે જૂદા જૂદા આહાર પાન નિવાસ વગેરે, તેને પ્રેમ ઉપજાવે તેવા, બનાવી રાખ્યા છે. આ સર્વ કહેવાનું તાત્પર્ય એટલું જ કે, મહારાજ! માનસરોવર હંસોનું નિવાસસ્થાન છે, ને હંસો સરોવરમાં રહે છે; તો જેમાં અનેક કમળો આવી રહ્યાં છે, જ્યાં જરાપણ પીડા થાય તેમ નથી અને ચોકીવાળાઓ જેવું રક્ષણ કરે છે એવું એક સુંદર મોટું તળાવ તમે બંધાવો. વળી તે તળાવને કિનારે પક્ષીને પ્રિય લાગે તેવું અનાજ નંખાવો કે, જેથી લોભાઈને જળની નજીક રહેલાં પક્ષીઓ જૂદી જૂદી દિશાઓમાંથી ચારો ચરવાને અને વિશ્રામ કરવાને માટે ત્યાં દોડ્યાં દોડ્યાં આવે. તે પક્ષીઓમાં તમે જોયેલા બે હંસો પણ નિઃશંક આવશે, એટલે તુરત તમોને તે હંસોનું દર્શન થશે. માટે આપ સત્વરે, મારા કહેવા પ્રમાણે તળાવ ખોદાવીને બંધાવો અને મનમાં ઉદાસ ન થાઓ."

રાજાએ મંત્રીનું કહેવું સાંભળીને તે જ વખતે એક મોટું તળાવ ખોદાવવું શરુ કર્યું. તે તળાવ થોડા સમયમાં તયાર થઇ ગયું. તે તળાવપર એક પછી એક હંસ, કારંડવ, ચક્રવાક, સારસ વગેરે પક્ષીઓ આવીને વસવા લાગ્યાં. કેટલાએક દિવસ પછી રાજાએ જોયેલું હંસનું જોડું પણ તે તળાવ ઉપર એક કમળના ગુચ્છા ઉપર આવીને બેઠું. તળાવ રક્ષકોએ તે જોડાને દીઠું કે તુરતજ રાજાને જણાવ્યું. આ ખબર સાંભળતાં જ રાજા હરખાતો હરખાતો, પોતાના મનોરથને સિદ્ધ થયો માની, તે તળાવ ઉપર આવ્યો; અને છેટેથી સોનાના બે હંસોને જોઈ તેને માન આપ્યું. તે હંસોને દુધ અને ચોખા ખાવા આપી તેમની આશ્વાસના કરી. રાજા તે હંસને જુવે છે તો તેનું શરીર સ્વચ્છ સુવર્ણ જેવું હતું, તેનાં નેત્ર મુક્તામણિ જેવાં હતાં,

પ્રવાળાં જેવી ચાંચ અને ચરણ હતા અને ગરુડના જેવી ઝળઝળાટ કરતી પાંખો હતી. આ બન્ને હંસ વિશ્વાસ કરીને અહીં આવ્યા છે તે હવે જતા રહેશે નહીં, આમ રાજાએ નિશ્ચયપણે માન્યું અને તેનો તેના પ્રત્યે પ્રેમ હોવાથી, તે તે જ તળાવના કિનારા ઉપર મહેલ બંધાવી હંમેશાં ત્યાં જ રહેવા લાગ્યો.

એક દિવસે રાજા તે તળાવના કિનારા ઉપર ફરવા નિકળ્યો ! તે ફરતો ફરતો તે તલાવના કિનારાના એક ભાગ ઉપર, જ્યાં તાજાં પુષ્પોથી હમણાં જ કોઇયે પૂજા કરી હોય ત્યાં, જઈ પહોંચ્યો. આ પૂજાનો પ્રકાર જોઈ રાજાને શંકા થઇ કે, 'આ શું ? અહીં કોણે આવી, પુષ્પોથી પૂજા કરી હશે ? શું રક્ષક સિપાઇઓને એની ખબર હશે ? ચાલ, તેઓને જઇ પૂછી તો જોઉં.' આવો વિચાર કરી તેણે તળાવના રક્ષકોને પૂછ્યું કે,–"અહીં આ પુષ્પો કોણે વેર્યાં છે, તે તમે જાણો છો ?" ત્યારે સિપાઇઓ બે હાથ જોડીને આ પ્રમાણે વિનતિ કરવા લાગ્યા,–"મહારાજ ! આ તળાવમાં વસતા સુવર્ણ હંસો ત્રણે કાળ જળસ્નાન કરી, નિરંતર આ કિનારા ઉપર આવીને, આવી જ રીતે દેવનું પૂજન કરી ધ્યાનમાં બેસે છે. મહારાજ ! તે ચમત્કારનું શું કારણ છે, તે અમે જરાપણ સમજી શકતા નથી !" તે સાંભળીને રાજા મનમાં બોલ્યો,–'અહો ! આ બન્ને હસ છે અને તે વળી તપ કરે છે, એ તે શું ? ખરેખર, આ વાતમાં કંઇક ચમત્કાર હોવો જોઇયે. આ બે હંસ કોણ છે, તે વાર્તા જણાશે નહીં ત્યાં સૂધી હું પણ તપ કરીશ !" આમ વિચાર કરી પોતાની સ્ત્રી અને મંત્રીસહિત તે આહાર પાણીનો ત્યાગ કરી શંકરનું પ્રેમપૂર્વક ધ્યાન ધરી તપ કરવા લાગ્યો. તપ કરતાં જ્યારે બાર દિવસ થયા, ત્યારે તે દિવ્ય હંસે, બ્રહ્મદત્ત રાજાના સ્વપ્નામાં આવીને સ્ફુટવાણીથી કહ્યું,–"અયે રાજા ! ઉભો થા. કાલે તું તારું વ્રત પૂર્ણ કરીને પારણું કરજે. તે પછી અમે એકાંતમાં તમને ત્રણે જણને અમારી વાર્તા વિદિત કરીશું !" આટલું કહી તે બન્ને હસ અદૃશ્ય થઇ ગયાં. થોડીવારમાં પ્રભાત થયું. રાજા, રાણી અને મંત્રીએ ઉઠીને પારણાં કર્યાં. પારણાં કર્યાં બાદ રાજા, રાણી ને મંત્રી તળાવના સુંદર કિનારા ઉપર આવીને ઉભાં કે, તે બન્ને હંસ, રાજાની પાસે આવ્યા. રાજાએ તે બન્નેની પૂજા કરી, તેઓને ઘણું જ માન આપ્યું. પછી તે રાજાએ પૂછ્યું કે,–"અહો દેવહંસો ! કહો, તમે બે કોણ છો ?" એટલે બન્ને હંસોએ ક્રમવાર પોતાની વાર્ત્તા કહી બતાવી.

## પાર્વતીએ પાંચ ગણોને દીધેલા શાપની કથા.

મંદરાચળ નામનો એક જગવિખ્યાત પર્વત છે. તેની સુંદર વનભૂમિમાં દેવગણો નિરંતર વિહાર કરે છે. ક્ષિરસાગરનું મથન કર્યું અને તેમાંથી નિકળેલા અમૃતથી છંટાયલા પર્વતના શિખરો ઉપર જે પુષ્પ, ફળ, મૂળ તથા પાણી વગેરે જે કંઈ વસ્તુ છે, તે સઘળી જરા ને મૃત્યુના નાશ વગર સર્વેને અમર બનાવી મૂકે છે ! વળી તે પર્વતની જૂદા જૂદા રંગની, રંગબેરંગી રત્નોથી જડેલી શિખરોની ટોચો, કૈલાસ કરતાં પણ અધિક સુંદર છે, જે શંકરને વિહાર કરવાના ઉપવન જેવી જણાય છે.



એવા સુંદર મંદરાચળ ઉપર એક વખતે શંકરે, દેવી પાર્વતીની સાથે અચ્છી રીતે વિલાસ કીધો. એવું બન્યું કે, એક દિવસે કોઈ દેવતાનું કામ હોવાને લીધે શંકર, તે જ પર્વત ઉપર પાર્વતીને એકલાં મૂકી અંતર્ધાન થઈ ગયા. પાર્વતીજી શંકરના જવાથી વિહ્વળ થઈ ગયાં. તેઓથી શંકરનો વિયોગ સહન થઈ શક્યો નહીં. દેવી પાર્વતી વિલાસભવનોમાં આમતેમ ભટકવા લાગ્યાં. પાર્વતીની એવી અવસ્થા જોઈ, બીજા દેવતાઓએ આવીને તેને સમજાવી ધૈર્ય આપીને શાંત પાડ્યાં; પણ તેમના મનનો ઉદ્વેગ શાંત પડ્યો નહીં.

વસંતઋતુનો બહાર ખીલી રહ્યો હતો; પણ પોતાના પ્રાણનાથ પાસે ન હતા ને મદનરાજ પોતાનાં તીરો પૂર જોરમાં ફેંકતો હતો તેવા સમયમાં, પાર્વતીજી એક ઝાડની નીચે ગણધરોની વચમાં બેઠાં, ત્યાં પોતાના પ્રાણનાથનું સ્મરણ કરતાં મહાચિંતાતુર થઈ ગયાં. એવામાં જયાની પુત્રી ચંદ્રલેખાકુમારી, જે પાર્વતીને ચમ્મર કરતી હતી, તે ઘણા જ પ્યારથી મણિપુષ્પેશ્વરને ટીકી ટીકીને જોવા લાગી ! સમાન રૂપવતી અને તારુણ્યસંપન્ન નવયૌવનાને, મણિપુષ્પેશ્વર ગણધર પણ તેવી જ પ્રેમદૃષ્ટિથી નિહાળવા લાગ્યો. આ બનાવ જોઈ પિંગેશ્વર અને ગુહેશ્વર નામના બે ગણોએ એક બીજાના મોઢા સામું જોયું ને મ્હોં મલકાવ્યું. અકસ્માત્ પાર્વતીજીની તે બન્ને જણા ઉપર નજર પડી, એટલે તેમના મનમાં વિચાર આવ્યો કે, આ બે જણા એકદમ શું જોઇને હસે છે ? શું કંઈ તેમણે જોયું ? અથવા શું મારા તરફ જોઇને હસે છે ? આમ વિચારી મનમાં ઘણો જ ક્રોધ કરી, પાર્વતીજીએ આડીઅવળી નજર કરીને જોવા માંડયું, તો મણિપુષ્પેશ્વર અને ચંન્દ્રલેખાને એક બીજાંનાં મુખ તરફ હસતે મુખડે ટીકી ટીકીને તારામૈત્રક કરતાં નિહાળ્યાં.

દેવી પાર્વતી પોતે વિરહદુઃખથી બળજળી તો રહ્યાં હતાં, તેવામાં આમ બળતામાં ઘી હોમાયું. તેમને આ વખતે આવું કંઈ ગમતું ન હતું, તેથી ગુસ્સે થઇને બોલ્યાં; "આ વખતે મારા પ્રાણપતિની ગેરહાજરીમાં તમે કામનાટક ભજવ્યું, તે બહુ રુડું કર્યું, હં ! વળી આ બન્ને જણાએ પણ તમારા અવિનય તરફ જોઇને હાસ્ય કર્યું, તે પણ ઠીક કર્યું ! માટે આ તમો બંને પ્રિયાપ્રિતમ, જેઓ કામાંધ થઈ ગયાં છો, તેઓ–કામાંધ મનુષ્ય જાતિમાં સ્ત્રી પુરુષ થઇને અવતરો. પૃથ્વી ઉપર તમે બન્ને જણાં અવિનયી સ્ત્રીપુરુષ થઇને અવતરશો અને પરસ્પર મશ્કરી ઠઠ્ઠા કરવાની તમને ટેવ પડશે, તેથી તમે ઘણાં ઘણાં દુઃખો ભોગવશો. આ બે ગણો, જેણે તમને જોઈ હાસ્ય કર્યું છે તેઓ પણ ઘણા સંકટને પામશે ! પ્રથમ જન્મમાં તેઓ બ્રાહ્મણ થશે, પછી બ્રહ્મરાક્ષસ થશે, તે પછી પિશાચ થશે, પછી ચંડાળને ઘેર અવતરશે, પછી ચોરને ત્યાં જન્મ ધરશે અને ત્યાર પછી પૂછડી વગરના–બાંડા કુતરા જન્મશે ! તે પછી જૂદી જૂદી જાતનાં પક્ષીઓમાં અવતરશે, કારણ કે આ બન્ને ગણ તો સ્વસ્થ શુદ્ધ મનના હતા, છતાં તેઓએ તેમનું હાસ્ય કરી અવિનય કર્યો છે !"

આ પ્રમાણે પાર્વતીનો શાપ સાંભળીને ધૂર્જટી નામનો ગણ બોલ્યો,–"માતાજી ! આ તો મહા અન્યાય થયો. આ કંઈ સાધારણ ગણ નથી, પણ મોટા ગણ છે, તેને

સ્વલ્પાપરાધને માટે આવો કઠીન શાપ દેવો, એ ઠીક થતું નથી!" તે સાંભળીને પાર્વતીજી લાલચોળ થઈ ગયાં ને બોલ્યાં,–"અલ્યા ! તું વળી વચમાં બોલનારો કોણ ? જા મૂર્ખા ! તું પણ મનુષ્યની જાતિમાં અવતાર લે." આ પ્રમાણે દેવી અંબિકાએ શાપ દીધો. તે સાંભળીને, ચંદ્રલેખાની માતા જયા, દેવી પાર્વતીના ચરણમાં પ્રણામ કરીને વિનતિ કરવા લાગી,–"માતાજી! શાંત થાઓ! શાંત થાઓ ! મારી પુત્રીનો અને અણજાણથી અપરાધ કરનારા આ ગણોનો અપરાધ ક્ષમા કરી, તેના શાપની કોઈ રીતે મુક્તિ હો !" આ પ્રમાણે જ્યારે પ્રતિહારીએ વિનતિ કરી, ત્યારે ગિરિજા શાંત થઈ બોલ્યાં,–"જ્યારે આ સર્વેને ધીમે ધીમે જ્ઞાન થશે, ત્યારે એ સર્વે એકઠાં થશે. તે પછી તેઓ બ્રહ્મા વગેરેએ જ્યાં તપ કર્યું હતું, તેવા તપોવનમાં જઈ સિદ્ધેશ્વર શિવજીનાં દર્શન કરશે અને ત્યાર પછી પોતપોતાના શાપમાંથી મુક્ત થઈ મારાં સ્થાનમાં પાછાં આવશે ! આ ચંદ્રલેખા, તેનો આ પતિ અને આ ધૂર્જટ, એ ત્રણે મનુષ્યમાં અવતરીને સુખી થશે, પરંતુ આ બે ગણ તો દુઃખી જ રહેશે !"

આ પ્રમાણે કહીને દેવી બોલતાં બંધ થયાં. એવામાં અંધકાસુર નામનો રાક્ષસ, જેને ખબર થઈ હતી કે, શંકર, પાર્વતીજીને એકલાં મૂકીને કોઈ સ્થળે ગયા છે તે, લાગ જોઇને પરણવાની ઇચ્છાથી, પાર્વતીની પાસે આવ્યો. તેણે દેવી ઉપર અત્યંત મોહિત થઈ પરણવાની ઇચ્છા દર્શાવી. પરંતુ પાર્વતીના પરિજને તેનું બહુ અપમાન કરીને કાઢી મૂક્યો. તે ચાલ્યો ગયો. આ વાતની શંકરને જેવી ખબર પડી, એટલે તેઓએ તેની પુંઠે પડીને તેનો નાશ કર્યો ને પછી પાર્વતીની પાસે આવી તેનું આશ્વાસન કર્યું. પાર્વતીજી શિવજી ઉપર ઘણાં જ પ્રસન્ન થયાં ને તેની આગળ અંધકાસુરના આવવાની કથા કહી. દેવીનાં વચન સાંભળી, શંકરે પાર્વતીને આ પ્રમાણે કહ્યું,–"જે અંધકાસુર અહીં આવ્યો હતો, તે તારો પૂર્વનો માનસિક પુત્ર છે. આજે મેં તેના કટકેકટકા કરી નાંખ્યા છે; અને તે કેવળ માંસ ને હાડકાની હાલતમાં આવી પડ્યો છે. પણ હવે પછી તે, થોડીવારમાં ભૃંગી નામનો આપણો ગણ થઈ જન્મશે!" આ પ્રમાણે કથા કહીને પાર્વતીને શંકરે પ્રેમપૂર્વક આલિંગન આપ્યું. પછી દંપતી મલયાચળની ધાટી ઘટામાં અને સુંદર શિખરો ઉપર વિહાર કરવા ચાલ્યાં ગયાં. મણિપુષ્પેશ્વર વગેરે પાંચ જણ પછી મર્ત્યલોકમાં અવતર્યા. હે રાજા ! તેમાં પ્રથમ તમને પિંગેશ્વર અને ગુહેશ્વરનું આશ્ચર્યજનક ચરિત્ર કહું છું તે સાંભળો.

## પિંગેશ્વર ને ગુહેશ્વરની કથા.

આ પૃથ્વી ઉપર એક અગ્રહાર, એટલે રાજાએ દક્ષિણામાં આપેલું એવું બ્રાહ્મણનું ગામ હતું. તેમાં ધનાઢ્ય ને ગુણવંત એક બ્રાહ્મણ રહેતો હતો. તે બ્રાહ્મણ આધેડ વયનો થયો, ત્યારે તેને ત્યાં ઉપર જણાવેલા બે ગણ, પુત્ર થઈને અવતર્યા. તે બેમાં મોટાનું નામ હરિસોમ ને નાનાનું નામ દેવસોમ પાડ્યું હતું. જ્યારે આ બે પુત્રો બાળક મટીને મોટા થયા, ત્યારે તેના પિતાએ તે બન્ને જણાને જનોઈ દીધું ને બ્રાહ્મણ બનાવ્યા! પરંતુ તે છોકરાઓના કમનસીબને લીધે પ્રથમ તે બ્રાહ્મણનું સઘળું ધન નાશ પામ્યું, તેઓ દુઃખી થયા અને છેવટે તેનાં માતાપિતા પણ મરણ પામ્યાં.



તે બે બાળક છોકરાઓ એકલવાયા ને નિરાધાર થઈ ગયા. તેઓની પાસે મળે નહીં ધન ને નહીં કોઇનો આશ્રય ! તેમાં પિત્રાઇઓએ તેઓ પાસથી ગિરાસ હતો, તે પણ છીનવી લીધો; એટલે તે બીચારા આજીવિકા વગરના થઈ ગયા. પછી તે બન્ને જણા પરસ્પર વિચાર કરવા લાગ્યા કે, હવે શું કરવું ? મોટાભાઇએ છોટાભાઇને કહ્યું,–"ભાઇ ! આપણે હમણા તો ભિક્ષા ઉપર આજીવિકા ચલાવીએ છીએ, પરંતુ તે પણ બરાબર મળતી નથી, માટે ચાલો અહીંથી કોઈ પરદેશમાં જઇએ; અથવા તો આપણા વડવાને ઘેર જઇને રહીએ ! એમ કરવું મને તો ઠીક લાગે છે. જો કે તે ગામ ઘણે દૂર છે, તોપણ શું થયું ? આપણે ત્યાં જઈ શકીશું ! આપણે આ સંસારમાં આવ્યા છીએ ને આ પૃથ્વીએ આપણને ઝીલ્યા છે; તોપણ આપણે નિરાધાર હોઇયે તેવા છીએ. પણ ચિંતા શી છે ? ભાગ્યમાં જે લખ્યું છે, તે મિથ્યા થતું નથી. આપણી પાસે નિર્વાહનાં કંઈ સાધન નથી, તો હવે દેશ છોડ્યા વગર બીજો ઉપાય નથી !"

આવો વિચાર કરી તે બન્ને ભાઈ ઘરમાંથી નિકળીને ગામેગામ ભિક્ષા માંગતા માંગતા ને ખાતા ખાતા ધીમે ધીમે પોતાના વડવાના ગામમાં જઈ પહોંચ્યા. તે ગામમાં જઇને પૂછ્યું કે,–"અરે ભાઈ! આ ગામમાં સોમદેવ બ્રાહ્મણ ક્યાં રહે છે ? ગામના માણસોએ કહ્યું; "ભાઈ! તે સ્ત્રી પુરુષ બન્ને જણાં તો ઘણો સમય થયાં મરી ગયાં છે. તેના બે છોકરા છે, તેમાં એકનું નામ યજ્ઞદેવ અને બીજાનું નામ ક્રતુદેવ છે. તેઓ પેલી ભાગોળે રહે છે." હરિસોમ ને દેવસોમ બિચારા ચાલી ચાલીને થાકી ગયા હતા, વળી ભૂખ પણ કડકડીને લાગી હતી અને આખું શરીર ધૂળથી ભરાઈ ગયું હતું, ચાલવાની જરા પણ આય હતી નહીં, પણ જેમ તેમ કરતાં મામાને ઘેર જઇને ઉભા રહ્યા ને નમસ્કાર કરી તેની ઓસરીએ, ખડીયા તુંબડાં ટાંગીને બેઠા. મામાએ બન્ને ભાણજાને માન આપ્યું. તેઓને નવરાવીને જમાડ્યા અને ઘરમાંથી પહેરવા માટે વસ્ત્ર આપ્યાં. પછી તે બન્ને ભાઈ તે ગામના એક ઉત્તમ બ્રાહ્મણની પાસે અભ્યાસ કરવા લાગ્યા. પણ નસીબ બે ડગલાં આગળનું આગળ! તેમ તેમને થયું. થોડા દિવસમાં યજ્ઞદેવ અને ક્રતુદેવને પૈસાટકામાં મોટી ખોટ આવી અને તેઓએ ચાકરનફરને રજા આપી. પછી તે બન્ને મામાએ ભાણેજોને પ્રેમપૂર્વક કહ્યું,–"અલ્યા ભાણિયાઓ ! સાંભળો, આટલા દિવસ સુધી તો અમારે ત્યાં લક્ષ્મીની લીલાલેહેર હતી, તેથી આપણાં ઢોરને ગોવાળ ચારી આવતો હતો; પણ હમણાં આપણા દિવસ વાંકા આવ્યા છે અને અમારી શક્તિ ગોવાળ રાખવાની નથી, માટે તમે રોજ આ ઢોરાંઓને ચારવા જજો!" મામાનું આવું વચન સાંભળી, બન્ને ભાણેજોની આંખમાં ઝળઝળીઆં ભરાઈ આવ્યાં, તેઓને પોતાના પિતાનો સુખી સમય યાદ આવ્યો. પણ નાચાર ! તેઓને ઘણું દુઃખ લાગ્યું, પણ શું કરે ? થોડીવાર પછી ભાણેજોએ ગદ્ગદિત કંઠે ઉત્તર આપ્યું,–"બહુ સારું ! મામા

સાહેબ! તમો કહો છો તો કાલથી અમે ઢોરાં ચારવા જઇશું!" એ, તે દિવસથી દૈવહીન તે બન્ને ભાઈ, રોજ પ્રભાતમાં ઉઠી ઢોરાંને લઇને વનમાં ચારવા જતા ને ત્યાંથી સાંઝના પાછા આવતા હતા.

એક દિવસે તે બંનો ભાઈ વનમાં ઊંઘી ગયા હતા, તેવામાં એક પશુને–બકરાને કોઈ ચોરી લઈ ગયું અને એક પશુને એક વાઘ ખાઈ ગયો! ભાણેજો ઢોરને લઇને પાછા ઘેર આવ્યા ત્યારે મામાઓને ખબર પડી કે, આજ બે ઢોરને કોઈ ઉપાડી ગયું છે, એટલે તેઓ દિલગીર થઈ ગયા. અધુરામાં પૂરું તેના મામાએ એક ગાય ને એક બકરું, યજ્ઞને માટે તૈયાર રાખ્યું હતું, તેને પણ વળી બીજી વખતે કોઈ ઉઠાવી ગયું! તે વાત પણ મામાના જાણવામાં આવી કે મામાઓ તો મોટો અફસોસ કરવા લાગ્યા. આ જોઈ ભાણેજોએ વહેલા વહેલા સઘળાં ઢોરને ઘરમાં લાવી બાંધ્યાં ને પછી વનમાં ચારે તરફ તે બે ઢોરની શોધ કરવા દોડ્યા! શોધતાં શોધતાં ઘણે દૂર વનમાં નિકળી ગયા. ત્યાં વાઘે અર્ધું ખાઇને અર્ધું પડતું મૂકેલું એક પશુ તેમના જોવામાં આવ્યું. હરિસોમ ને દેવસોમે તુરત ઓળખી કાઢ્યું કે, આ બકરું આપણું છે! પરંતુ હવે તે મરેલું લઇને ઘેર કેમ જવાય? તેની ફીકરમાં તેઓ આવી પડ્યા. પછી તે બન્ને જણા થોડીવાર અફસોસ કરીને પરસ્પર બોલ્યા; "આ બકરું આપણા મામાનું છે તેમાં તો શક નથી. મામાએ યજ્ઞને માટે તેને રાખી મૂક્યું હતું. એ તો હવે મરણ પામ્યું છે, માટે એ કંઈ કામ લાગશે નહીં, અને હવે તો મામાઓ આપણા ઉપર ગુસ્સે થઇને આપણને ઘરમાંથી હાંકી મૂકશે. માટે, આપણે જ આ બકરાને અગ્નિમાં સેકી તે ખાઈને તાજા બની જઈએ અને બાકી બચે તે ઉઠાવીને બીજા કોઈ સ્થાનમાં નાસી જઇએ તો કેમ? ત્યાં જઈ વળી ભિક્ષા ઉપર આજીવિકા ચલાવીશું!"

આવો વિચાર કરીને બન્ને ભાણેજોએ લાકડાં એકઠાં કરી તેમાં અગ્નિ નાંખીને તાપ કર્યો ને તે ઉપર પેલાં બચેલાં બકરાંને સેકવા લાગ્યા. થોડી વારમાં તેના મામાઓ, ભાણેજને નાસી ગયા જાણીને પાછળ દોડતા દોડતા ત્યાં જ આવ્યા. તેને જોઈ ભાણેજો તો શરમિંદા થઈ ગયા! હાય! હાય! 'હવે આપણે મામાને શું જવાબ આપીશું? આપણે આ બકરાંને માર્યું નથી, એ જ સત્ય વાત છે, છતાં તેઓના મનમાં તો એમ જ આવશે કે, આ ભાણજાઓએ જ, ખાવાને માટે બકરાંને મારી નાંખ્યું હશે!' એવા ભયથી તે બને ભાઈ ધ્રૂજતા ઉઠીને નાસવા લાગ્યા. ગભરામણને લીધે મુઠીઓ વાળીને બંનો ભાઇઓ ત્યાંથી નાઠા, એટલે મામાઓએ બૂમ પાડીને તેઓને શાપ દીધો કે, "ઓ લુચ્ચાઓ! તમે અમારો વિશ્વાસઘાત કરીને અહીં એકાંતે બકરાનું માંસ ખાવા માટે આવ્યા હતા, તો જાઓ. આવતા જન્મમાં તમે બ્રહ્મરાક્ષસ થઈ મનુષ્યનું માંસ ખાયા કરજો!" આવી રીતે મામાના શાપને લીધે તે બન્ને જણા તુરત બ્રહ્મરાક્ષસ થઈ ગયા. મુખમાં ભયંકર ને ઉગ્ર દાઢો થઈ; માથે ઉંચા ને પીળા કેશ થયા. પછી ભુખ્યા ને તરસ્યા તેઓ વનમાં આમતેમ ફરવા લાગ્યા ને જે પ્રાણી મળે તેને ખાવા–કરડવા લાગ્યા.



એક દિવસે એવું બન્યું કે, કોઇએક તાપસ તેમની નજરે પડ્યો. પેલા બ્રહ્મરાક્ષસોએ તેની પાછળ દોડી તેને પકડીને મારવા માંડ્યો. ત્યારે તે તાપસે પોતાના દિવ્યજ્ઞાનથી તેમનું સર્વ વૃત્તાંત જાણીને શાપ દીધો કે, "ઓ લુચ્ચાઓ! તમે મને તપસ્વીને ખાવા આવ્યા છો, તો જાઓ પિશાચ થઈ પડો!' તુરત તે બન્ને જણા પિશાચ થઈ અવતર્યાં. પિશાચ જન્મમાં એક બ્રાહ્મણની ગાયને ખાવા માટે પકડી ગયા, ત્યારે તે બ્રાહ્મણે શાપ દીધો કે, તમે ચંડાળ થઈ અવતરો! એટલે વળી તે બન્ને જણા ચંડાળની જાતિમાં જઇને અવતર્યાં.

બન્ને ભાઈ ચંડાળને ઘેર જન્મ્યા પછી દરરોજ ક્ષુધાની પીડા દૂર કરવા માટે હાથમાં તીરકામઠું લઈ વનમાંથી પશુ પક્ષી મારીને લઈ આવતા હતા અને તે ઉપર જ ગુજરાન ચલાવતા હતા. એક દિવસે, બન્ને ભાઇઓના હાથમાં તીર કામઠાં ધરેલાં છે ને દુઃખથી પીડાય છે, તેવી અવસ્થામાં ખાવાનું શોધતા એક ભિલ્લના ગામમાં જઈ ચઢ્યા. આ ગામમાં સઘળા ચોરટાઓ જ રહેતા હતા. ગામનો માલેક જે ભિલ્લ હતો, તે પોતાના માણસો મારફતે આસપાસના વગડામાંથી હરતાફરતા વટેમાર્ગુઓને પકડી, લૂટ કરાવીને પોતાનું ગુજરાન ચલાવતો હતો. એવું બન્યું કે, ગામધણીના રખેવાળ સિપાઇઓએ તે બન્ને ભાઇઓને ચોર જાણીને પકડ્યા અને તેમનાં નાક તથા કાન કાપી લીધાં, અને પછી લાકડીઓનો ખૂબ માર મારી પાંસરાદોર કરી મૂક્યા! મારથી તે બાપડા બ્રાહ્મણ–ચંડાળોના સાંધે સાંધા નરમઘેંસ જેવા થઈ ગયા છે, ભુખથી પેટમાં કોયલી પડી છે ને વગડામાં ચાલવાનું છે તે દુઃખનું તો પૂછવું જ નહીં! આ પ્રમાણે તેના ઉપર સોળે સંસ્કાર વીતાડી, પેલા ચોર ચોકી-વાળાઓ તે બન્નેને મુખ્ય ચોરની આગળ લઈ આવ્યા. ત્યાં ચોરના સરદારોએ પૂછ્યું,–"તમે કોણ છો રે રોંડના? ને ક્યાંથી આવ્યા છો?" ત્યારે તે બે બ્રાહ્મણો, જેઓને કકડીને ભુખ લાગી હતી અને જેને મોતનાં દર્શન થતાં હતાં તેણે, પોતાની આજીવિકા ન ચાલવાથી કેમ પરદેશ જવાનું થયું, ત્યાંથી માંડીને સઘળી વીતક વાર્તા કહી. તે સાંભળી ચોરના સરદારના મનમાં દયા આવી. "તેણે હુકમ કરી, તે બન્ને જણાને કેદમાંથી મુક્ત કરી, તેઓને કહ્યું કે,–"તમારે હવે કંઈપણ ડર રાખવો નહીં. તમો ખુશીથી અહીં રહો, ખાઓ પીઓ ને મઝા કરો! આજ આઠમનો દિવસ છે, માટે અમે કાર્તિકસ્વામીની પૂજા કરીને મહોત્સવ કરવાના છીએ અને એ તક ઉપર તમે આવ્યા છો, એટલે તમે અમારા મેમાન છો અને અમારા તરફથી માન પામવાને પણ યોગ્ય છો, તો ભલે રહો!" આટલું કહી તેઓનું આશ્વાસન કર્યું. પછી તે સઘળા ચોરોએ અંબિકા દેવીની પૂજા કરી, નાના પ્રકારનાં નૈવેદ્યો માતાને ધર્યાં અને પ્રથમ એ બે બ્રાહ્મણને જમાડી, તે પછી પોતે જમ્યા. દૈવયોગે ઘણો ગાઢો પ્રેમ થવાથી ચોરોએ તે બ્રાહ્મણોને જવા દીધા નહીં, પણ પોતાની પાસે જ સદાને માટે રાખ્યા.

આ બન્ને બ્રાહ્મણપુત્રો પણ આ ચોરોની સાથે એકમેક થઈ તેના કામમાં સામેલ થઈ ચોરી કરવા લાગ્યા. તેઓ પોતાની શૂરવીરતા જાહેરમાં જણાવીને ચોરના મોટા સેનાપતિ પદને પામ્યા. એક રાત્રે તે બન્ને ભાઈ, જે ચોરના સેનાપતિ બન્યા છે તેઓ, ચોરની

મોટી સેના લઈ દૂતનું કામ કરનારા ચોરે બતાવેલા **શૈવક્ષેત્ર** નામના એક મોટા નગર ઉપર લૂટ કરવા માટે ચઢયા. તેઓ સત્વર **શૈવક્ષેત્ર**માં આવી પહોંચ્યા! પણ દૈવયોગે નગરમાં પેસતાં જ તેઓને અપશુકન થયાં! તોપણ તે બે ભાઇઓએ જરાપણ પાછી પાની કરી નહીં, પણ હરહર મહાદેવ કરીને શહેરની ઉપર તૂટી પડ્યા. અને આખાં નગરને અને **શંકર**ના દેવાલયને લૂટીને પુષ્કળ માલમતા પોતાને હસ્તક કરી લીધી! પછી, મોટી આપત્તિમાં આવેલાં નગરનાં માણસો એકઠાં થઈ **શંકર**નુ નામ લઇને રડવા લાગ્યાં ને પ્રાર્થના કરવા લાગ્યાં કે,–" હે ભોળાનાથ! હે દીનબંધુ! આ સંકટમાં જ્યારે તમો રક્ષા કરશો નહીં, ત્યારે ક્યારે કરશો ? " દીનજનોની પ્રાર્થના સાંભળી, અને શ્રી**શંકર** પોતાના ભક્તોનું આવું ભયંકર દુઃખ જોઈ ઘણા જ ગુસ્સે થઈ ગયા ને એકદમ તે સર્વ ચોરોને આંધળા કરી દીધા. આ જોઇ નગરનાં માણસો પોતાના ઉપર **શંકર**નો અનુગ્રહ થયો માની હાથમાં ડંકુકા, પથરા અને છરી લઇને એકઠાં થઈ ગયાં ને પછી જેમ જેને ફાવ્યું, તેમ ચોરોને મારવા મંડી પડ્યાં. એક તરફથી **શંકર**ગણો અદૃશ્ય રહી ચોરોને ઉપાડી ઉપાડીને ખાડામાં નાંખતા હતા, કેટલાએક ચોરોને જમીન ઉપર પછાડીને માંકડની માફક મસળી નાંખતા હતા, ત્યારે બીજી ગમથી નગરજન તરફથી પુષ્કળ માર પડતો હતો! જે નગરજનો ચોરના ઉપર મારો મારો કરતા તૂટી પડ્યા હતા, તેણે પેલા બે સેનાપતિને દીઠા કે દાંત કકડાવીને તેના તરફ દોડયા! પણ જ્યાં તેને મારી નાંખવાની ઇચ્છા કરે છે, ત્યાં તો તે બન્ને જણા બાંડા કુતરા બની ગયા. એ સમયે તે બન્ને ભાઇઓને પોતાના પૂર્વજન્મનું સ્મરણ થયું; એટલે **શંકર**ની પાસે જઈ, તેની આગળ નાચવા ને કુદવા લાગ્યા. આ આશ્ચર્યજનક બનાવ જોઈ, નગરમાં રહેનારા બ્રાહ્મણ વાણિયા વગેરે સર્વજન આશ્ચર્યમાં ગરકાવ થઈ ગયાં; અને જ્યારે ચોરો નાસી ગયા અને તેઓનો ભય જતો રહ્યો, ત્યારે નગરજનો હસતારમતા પોતપોતાને ઘેર ગયા. પેલા બે બાંડા કુતરાઓને **શંકર**નાં દર્શનથી મોહ દૂર થયો ને પોતાના પૂર્વજન્મનું સ્મરણ થયું, એટલે તે બન્નો પસ્તાવો કરી, અનશન વ્રત લઈ **શંકર**નું ધ્યાન ધરતા ત્યાં જ બેઠા.

બીજે દિવસે પ્રભાતમાં નગરનાં સઘળાં માણસોએ **શંકર**નો મહોત્સવ કર્યો ને નવાનવા પૂજાના ઉપચારો લઈ **શંકર**નું પૂજન કર્યું. ભેગા થયેલા નાગરિકોએ તે બે કુતરાના મોં આગળ ખાવાનું નાંખ્યું, પરંતુ **શંકર**ના ધ્યાનમાં નિમગ્ન હોવાથી તે પશુઓએ ખાવા ઉપર જરા પણ લક્ષ આપ્યું નહીં. આમ ઘણા દિવસ સૂધી શહેરના માણસોએ તે કુતરાઓને ખાવાનું નાંખ્યું, પરંતુ તેઓએ તો નિરાહાર રહીને **શંકર**નું ધ્યાન જ ધર્યા કીધું. તેવો પ્રકાર જોઈ, સકળ પ્રજા ઘણી રીતે આશ્ચર્યમાં ગરકાવ થઈ ગઈ. આમ કેટલોક વખત વીત્યા પછી **શંકર**ના ગણોએ **શંકર**ને વિનતિ કરી,–" મહારાજ! આ બે કુતરાઓ, આપના **પિંગેશ્વર** અને **ગુહેશ્વર** નામના ગણ છે; તેઓને **પાર્વતી**એ શાપ દઇને આ દશાએ પહોંચાડ્યા છે. મહારાજ! એ બીચારાઓએ ઘણાં ઘણાં દુઃખ વેઠ્યાં છે, તો એમના ઉપર આપ કૃપા કરી દુઃખમાંથી છોડવો તો ઘણું સારું!' ત્યારે **શંકર** બોલ્યા, ' ઠીક છે! આ બે કુતરા આ દેહમાંથી છૂટીને ગીધ



પક્ષી થશે!' તુરત જ તે બન્ને જણા કુતરાના શરીરમાંથી છૂટીને ગીધમાં અવતર્યા. આ વખતે પણ તેઓને પૂર્વજન્મ સાંભરતો હતો, એટલે દાણા ખાઈ પૂર્વે કરેલા ઉપવાસનું પારણું કર્યું. પણ પુનઃ **શંકર**ની સમીપ નિરાહાર રહી તપશ્ચર્યા કરવા માંડી. કેટલોએક કાળ વીત્યા પછી **શંકર** તેમની ભક્તિથી પાછા પ્રસન્ન થયા ને આજ્ઞા કરી કે, 'જાઓ, તમો ચાસ પક્ષી થાઓ અને તે પછી મોર જાતિમાં અવતરજો!' આ પ્રમાણે કહેતાં જ તેઓ ચાસ પક્ષી અવતર્યા. ત્યાં પણ **શંકર**ની ભક્તિ છોડી નહિ! તે પછી મોર જાતિમાં અવતર્યા. તે જન્મમાં પણ **શંકર**ની ભક્તિ છોડી નહિ! એટલે હંસયોનિમાં જન્મ્યા. તે જન્મમાં પરમ ભકિતથી **શંકર**ની આરાધના કર્યા પછી અને તીર્થમાં સ્નાન કરી વ્રત કરીને તેનું જ ધ્યાન ધરતા રહ્યા. આમ **શંકર**ની ભક્તિ અને પૂજન કરતા રહી **શંકર**ને પ્રસન્ન કર્યા, એટલે તે હંસ સુવર્ણના હંસો બની ગયા!

તે સુવર્ણ હંસ તે અમો છીએ. જાણો રાજ, કે અમે હંસ નથી પણ **પાર્વતી**ના શાપથી ભ્રષ્ટ થયેલા **શંકર**ના **પિંગેશ્વર** અને **ગુહેશ્વર** નામના ગણ છીએ. **જયા**ની પુત્રી **ચંદ્રલેખા** ઉપર જે **મણિપુષ્પ** ગણ આસક્ત બનીને કામનાટક કરતાં શાપિત થયો હતો, તે રાજા થઇને અવતર્યો છે; અને તે મણિપુષ્પ તે તમે પોતે જ–**બ્રહ્મદત્ત** છો! તમારી સ્ત્રી **સોમપ્રભા**, તે **જયા**ની દીકરી **ચંદ્રલેખા** છે! અને **ધુર્જટ** તમારો **શિવભૂતિ** નામનો મંત્રી થઇને અવતર્યો છે. અમને જ્યારે **અંબામાતા**એ દીધેલા શાપના છૂટકારાનું સ્મરણ થયું, તે સાથે આ પણ સ્મરણ થયું કે અમે જ્યારે **મણિપુષ્પેશ્વર**નો અને બીજાનો ઉપકાર કરીશું, ત્યારે જ શાપમાંથી મુક્ત થઇશું. તેથી જ, તે કાર્ય સિદ્ધ કરવા અમે તમને રાત્રિમાં દર્શન આપ્યું હતું. હવે આપણે સઘળા એક પછી એક અહીં એકઠાં મળ્યા છીએ અને હવે પછી અમે તમને ઉત્તમ બોધ આપીશું. તમો અમારી સાથે ચાલો. આપણે **શિવજી**ના પવિત્ર સ્થળ **ત્રિદશગિરિ**, જેનું મુખ્ય નામ **સિદ્ધેશ્વર** ક્ષેત્ર છે ત્યાં જઇએ. એ ક્ષેત્રમાં પૂર્વે દેવોએ, **વિદ્યુત્ધ્વજ** નામના દૈત્યને મારવા માટે તપ કર્યું હતું. જ્યારે **શંકર** તેઓપર તુષ્ટમાન થયા, ત્યારે વિદ્યાધરના પતિ **મુક્તાફળકેતુ**ને દેવતાઓએ સહાય કરવા માટે મોકલ્યો હતો, અને તેણે વિદ્યાધરની સહાયતાથી સંગ્રામમાં **વિદ્યુત્ધ્વજ**નો નાશ કરી મહાજય મેળવ્યો હતો.

" તે **મુક્તાફળકેતુ** શાપને લીધે મનુષ્યમાં અવતર્યો હતો અને તે શાપમાંથી મુક્ત **શંકર**ની કૃપાથી પુનઃ પોતાની રાણી **પદ્માવતી**ને મળ્યો હતો. આવા અનુપમ મહાત્મવાળા ક્ષેત્રમાં આપણે જઈ **શંકર**ને નમસ્કાર કરીશું અને તે પછી આપણે પાછા આપણા સ્વસ્થાનમાં જઈ વસીશું; કેમકે આપણા શાપનો અંત આવી જ રીતે દેવીએ નિર્માણ કીધો છે!" આવી રીતે દિવ્ય હંસોએ રાજા **બ્રહ્મદત્ત**ને કહ્યું કે તે સાંભળતાં જ રાજા **બ્રહ્મદત્ત**ના મનમાં **મુક્તાફળકેતુ** રાજાની વાર્તા સાંભળવાની ઇચ્છા થઈ અને તત્ક્ષણે તે તલપાપડ થઈ ગયો!

# તરંગ ૨ જો.

## બ્રહ્મદત્તને હંસે કહેલી કથા.

પછી બ્રહ્મદત્ત રાજાએ તે દિવ્ય હંસોને પૂછ્યું; "મુક્તાફળકેતુએ વિદ્યુત્ધ્વજને કેમ માર્યો? તે શાપથી મનુષ્યજાતિમાં જન્મ્યો હતો, તેમાંથી તેનો ઉદ્ધાર કેમ થયો? તે રાણી પદ્માવતીને પુનઃ કેમ મેળવી શક્યો? તે મને પ્રથમ કહો; તે પછી તમારી ઇચ્છા પ્રમાણે આપણે વર્તીશું!" રાજાનું આ પ્રમાણેનું કહેવું સાંભળીને, તે બન્ને પક્ષીઓ આ પ્રમાણે મુક્તાફળકેતુની કથા કહેવા લાગ્યા.

## મુક્તાફળકેતુ ને પદ્માવતીની કથા.

પૂર્વે વિદ્યુત્પ્રભ નામનો, પ્રચંડ ઉગ્ર ને મહાબળવાન્ દૈત્યનો રાજા હતો. તે દેવતાઓને પણ અજિત્ય હતો. તે દૈત્યને પેટે પુત્ર ન હતો, એટલે એક સમે પુત્રની ઇચ્છાથી તે પોતાની સ્ત્રીને સાથે લઈ, ગંગા નદીના તટ ઉપર જઈ, બ્રહ્માને પ્રસન્ન કરવા માટે તપ કરવા બેઠો. તપ કરતાં કરતાં સો વર્ષ વીતી ગયાં, ત્યારે બ્રહ્મા તેના ઉપર પ્રસન્ન થયા અને તેને વર આપ્યો કે,– 'વત્સ! જા, ઉઠ. તને એક સુંદર પુત્ર થશે, જેને દેવતાઓ પણ મારી શકશે નહીં!" થોડેક કાળે તેની સ્ત્રીને ગર્ભ રહ્યો અને દશમે માસે પુત્ર જન્મ્યો. તેનું નામ તે અસુરરાજે વિદ્યુત્ધ્વજ પાડ્યું. તે દૈત્યપુત્ર બાળક હતો, ત્યારથી જ મહામદોન્મત ને બળવાન્ જણાતો હતો.

એક દિવસે તે નગરમાં ફરવા નિકળ્યો ત્યારે તેણે સિપાઇઓને નગરની ચારે દિશાનું રક્ષણ કરતા જોયા. આથી વિસ્મય પામી તેણે પોતાના મિત્રને પૂછ્યું,– "કહો મિત્ર મને, કે નિરંતર આ નગરની ચારે બાજુએ આ સિપાઇઓ રક્ષા કરવા માટે ફર્યા કરે છે, તેનું શું કારણ? આપણને શું કોઇનું ભય છે? ભય છે તો તે કોના તરફનું છે?" ત્યારે તેના મિત્રે કહ્યું,– કુંવરજી! દેવેન્દ્ર ઇંદ્ર આપણો મોટે વેરી છે, તે કદાચિત્ આપણા નગર ઉપર ચઢી આવે તો આપણો પરાજય થાય, માટે આ વીર પુરુષો ચારે તરફથી નગરની રક્ષા કરે છે. અહીં જે ચોકી કરનારા છે તેનો વારો પ્રહરે પ્રહરે બદલાય છે. એકએક વારામાં દશ લાખ હાથી, ચૌદ લાખ રથ, ત્રીસ લાખ અશ્વ અને દશ કરોડ પાયદળ–આટલી સેના પ્રહરે પ્રહરે આ નગરની રક્ષા કરવાને આવે છે. વળી બીજા પ્રહરમાં બીજા આવે છે. જે લોકોએ એક વાર વારો ભર્યો તેને પાછો સાત વર્ષે વારો ભરવો પડે છે. આપણી સેના બહુ વિશાળ ને અજિત્ય છે."

તે સાંભળીને વિદ્યુત્ધ્વજ બોલ્યો,–"આપણા આવડા મોટા રાજ્ય નગરની બીજાના હાથથી રક્ષા કરાવવી, તેનો અર્થ એ જ કે, આપણાથી નગરરક્ષા થઈ શકતી નથી. તો બસ, હવે હું તપશ્ચર્યા કરીને મારા બાહુબળથી મારા શત્રુનો પરાજય કરી તેને મારા પગ નીચે



ચાંપીશ! જેથી મને આ પ્રમાણે વિટંબણા વેઠવી પડે નહીં!" આમ બોલતો તે તપ કરવા જવાને તૈયાર થયો. ત્યારે તેના મિત્રે સમજાવીને કહ્યું કે,– "કુંવરજી! કંઈ આમ ચાલી નિકળાય કે? ઘેર ચાલો, માતાપિતાને મળો અને પછી ઇચ્છા થાય તેમ કરજો." તોપણ કુંવર તો તેને તરછોડીને પોતાના પિતાની આજ્ઞા લીધા વગર તપ કરવા માટે પરભાર્યો વનમાં ચાલતો થયો.

જ્યારે તેના માતાપિતાને આ વર્તમાન નિવેદન થયા કે, રાજકુમાર પરભાર્યો વનમાં તપ કરવા માટે ગયા છે, ત્યારે તેઓ ઘણાં ઉદાસ થઈ ગયાં અને પોતાના એકનાએક લાડકવાયા પુત્ર તરફ પૂર્ણપ્રેમ હોવાથી, તેની પાછળ તેઓ પણ વનમાં ગયાં. વનમાં જઇને તેઓએ પુત્રને કહ્યું,–"ભાઈ! ઉદ્ધત ન થા, સહાસ મા કર! કોમળ કાયાવાળો તું ક્યાં અને ભયંકર તપ ક્યાં? તપ કરવું બહુ જ કપરું છે! આપણું રાજ્ય શત્રુઓપર વિજયી છે ને ત્રણ લોકમાં સર્વોપરી ને બહુ પરાક્રમી છે, તો પછી તારે અજિતશત્રુરાજ્યથી વધુ શું જોઇએ છે? તપ કરીને વૃથા મનને દુઃખ દેવાનું તારે શું પ્રયોજન છે?" વિદ્યુત્ધ્વજ પોતાના પિતાનાં વાક્યો સાંભળીને બોલ્યોઃ "સાંભળો પિતાજી! જે હું કહું છું તેઃ

**( માલિની. )**

"અરિ ભયથકિ બી'ને, રે'વું ઉદાસ.
"અરિ વશ વરતીને, વેઠવો બંધ પાસ;
"અજિત વિજિયી શાંના? ઇંદ્રધૂમે જ જ્યારે,
"તપ કરિ પગ નીચે, દાબું તો મોજ મારે.

**( દોહરો. )**

"જિતાયે નવ ઇંદ્ર તો, મરણ શરણ સુખ સર્વ;
"પ્રસન્ન કરિ બ્રહ્મદેવને, હરીશ ઇંદ્રનો ગર્વ.

"માટે હું તો બાલ્યાવસ્થામાં જ તપ કરીને દિવ્ય શસ્ત્ર પ્રાપ્ત કરીશ. જો કે આપણું રાજ્ય ત્રણલોકમાં અજિત શત્રુવાળું છે, તોપણ હું સારી રીતે જાણું છું કે, આપણા નગરનું રક્ષણ કરવા માટે આપણી સેના અસ્ત્રશસ્ત્ર સજી સર્વદા તેનું રક્ષણ કરે છે! એનો ભાવ શો? એ જ કે શત્રુનો ભય સદા સર્વદા છે, એ જ! તો હવે મને તપ કરવા દ્યો અને તમે ઘેર પધારો!" આમ બોલી માતપિતાને વિદાય કીધાં! માતાપિતા પોતાના પુત્રનાં વચનો સાંભળીને સમજ્યાં કે એને તપ, કરવાનો દૃઢ આગ્રહ છે, તેથી એ આપણો ખાળ્યો ખળવાનો નથી ને વાળ્યો વળવાનો નથી, તો હવે શા માટે ઉદ્વેગ કરવો? ભલે તપ કરી પ[illegible]વે! આમ ધારી તેનાં માતાપિતા પાછાં રાજધાનીમાં આવ્યાં; અને વિદ્યુત્ધ્વજ બ્રહ્માનું આરાધન કરવા લાગ્યો.

પ્રથમ તેણે અન્નનો ત્યાગ કરીને પહેલાં ત્રણસો વરસ ફળાહાર કરી તપ તપ્યું! પછીનાં ત્રણસો વરસ જળપાન કરી ગુજાર્યાં; અને છેલ્લાં ત્રણસો વરસ વાયુનું ભક્ષણ કીધું. આમ કરતાં નવસો વર્ષ પૂરાં થયાં. આ રીતનું આખા જગતને ક્ષોભ પમાડે તેવું તેનું ઉગ્ર

તપ જોઈ, સૃષ્ટિકર્તા બ્રહ્મા તેની પાસે આવ્યા અને શસ્ત્રની ઇચ્છાવાળા વિદ્યુત્ધ્વજને બ્રહ્માસ્ત્ર આદિ મંત્ર તથા બીજાં અસ્ત્રશસ્ત્ર ભેટ કર્યાં; અને પછી કહ્યું,– 'વત્સ ! હું તારા તપથી ઘણો તુષ્ટમાન થઈ, તને આ બ્રહ્માસ્ત્ર વગેરે અસ્ત્ર આપું છું. કોઈ પણ અસ્ત્ર, આ અસ્ત્રનો પરાજય કરી શકતું નથી. પણ માત્ર પાશુપતાસ્ત્ર, જે રુદ્રનું અસ્ત્ર છે તે જ એનો પરાજય કરી શકશે ! માટે તને જો વિજયની ઇચ્છા હોય તો, સ્મરણમાં રાખજે કે, સમય વગર આ બ્રહ્માસ્ત્રનો ઉપયોગ કરતો નહિ, પણ યથોચિત સમય તપાસ્યા પછી જ એ અસ્ત્રનો ઉપયોગ કરજે !" આ પ્રમાણે ઉપદેશ આપી બ્રહ્મા બ્રહ્મલોકમાં ચાલ્યા ગયા ને અસુર પોતાને ઘેર આવ્યો; અને તેના આનંદમાં, તેના પિતાએ પુત્રને પ્રેમથી ભેટી, નગરમાં મહોત્સવ વર્તાવ્યો.

થોડો કાળ વીત્યા પછી, તે અસુરેશનંદન પોતાની ઉત્સાહવાળી ચતુરંગી અસુરસેના લઈને ઇંદ્રનો પરાજય કરવા માટે રણે ચઢ્યો. ઇંદ્રને જાણ થઈ કે, વિદ્યુત્ધ્વજ મારા ઉપર ચઢી આવે છે કે તુરત જ તેણે અમરાવતીનું ચારે તરફથી રક્ષણ કરી, પોતાના મિત્ર, વિદ્યાધરના રાજા ચંદ્રકેતુ અને ગંધર્વના મહારાજા પદ્મશેખરને સાથે લઈ, દેવતા અને લોકપાળો સહિત, વિદ્યુત્ધ્વજની સામો લડવા માટે નગર બહાર નિકળ્યો. તુરત વિદ્યુત્ધ્વજ સામે આવ્યો ! તેની સેનાથી ગગનમંડળ છવાઈ ગયું હતું. આ મહાસંગ્રામ જોવા માટે બ્રહ્મા, રુદ્ર વગેરે દેવતાઓ પણ આવ્યા હતા. બન્ને સેનાનું યુદ્ધ શરુ થયું. યોધાઓ પરસ્પર ' મારો મારો, કાપો કાપો ' કરતા હથિયારો વાપરવા મંડી પડ્યા; વીરલાઓનાં ધડો ઝટોઝટ ભૂમિપર પડવા લાગ્યાં; આકાશમાં રહેલો સૂર્ય ઢંકાઇ ગયો; ચારે તરફ ઘોર અંધારું વ્યાપી રહ્યું. ક્રોધરૂપી પવનથી હાલકલોલક થયેલો હજારો વાહિનીથી* ભરપૂર, જેમાં હાથી ઘોડારૂપ ઝુંડ આમતેમ તણાતાં હતાં એવો સંગ્રામસાગર, ધીમે ધીમે ઘોર ગર્જના કરવા લાગ્યો. દેવતાઓ અને અસુરો વચ્ચે દ્વંદ્વ યુદ્ધ ચાલ્યું. એક એકની સામા એક એક લડવા લાગ્યા. વિદ્યુત્ધ્વજનો પિતા વિદ્યુત્પતિ, ક્રોધ કરી ઇંદ્રની સાથે યુદ્ધ કરવા દોડ્યો. બંનો વચ્ચે પ્રથમ તો અસ્ત્રયુદ્ધ શરુ થયું. તેમાં ઇંદ્રનો પરાજય થયો, એટલે ઇંદ્રને ખૂબ ક્રોધ ચઢ્યો અને તેણે વિદ્યુત્પ્રભને પોતાના ભયંકર વજ્રથી નિપાત કર્યો! તરત વિદ્યુત્પ્રભ પ્રાણ છોડીને જમીન ઉપર પડ્યો. પિતાનું મરણ થવાથી વિદ્યુત્ધ્વજને અત્યંત ક્રોધ વ્યાપ્યો અને તે ઇંદ્ર સામા ધસી આવ્યો. તેને અત્યંત ક્રોધ ચઢ્યો હતો, એટલે તે સ્વાત્મ સ્વરૂપ ભૂલી ગયો ને તેથી બ્રહ્માનો ઉપદેશ પણ વિસરી જઈ, પ્રાણ જવાનો વખત ન છતાં, તેમજ ઇંદ્ર સામા સંકટ ન છતાં, બ્રહ્માસ્ત્ર મૂક્યું! તેમ બીજા પણ મોટા મોટા અસુરોએ પોતપોતાનાં પરાક્રમ દાખવવા માટે મોટાંમોટાં અસ્ત્રો, ઇંદ્રને મારવા માટે મોકલ્યાં ! આ વખતે ઇંદ્રે શંકરનાં આપેલાં પાશુપતાસ્ત્રનું ધ્યાન ધર્યું કે, તુરત જ તે બળવાન્ અસ્ત્ર, ઇંદ્રની આગળ આવીને ઉભું રહ્યું. ઇંદ્રે તેની પૂજા કરી અને પછી તે અસ્ત્રને શત્રુ ઉપર ફેંક્યું કે, પ્રબળ કાળના અગ્નિ જેવાં

* સાગર પક્ષે નદી ને યુદ્ધ પક્ષે સેના.



ધગધગતાં તે અસ્ત્રે, શત્રુની આખી સેનાને બાળીને ભસ્મ કરી દીધી! વિદ્યુત્ધ્વજ બાળક હતો, તેથી તેને બાળી ન નાંખ્યો, પણ તે મૂર્છાગત થઈ જમીન ઉપર પડ્યો. કારણ કે તે અસ્ત્ર બાળક, વૃદ્ધ અને પરાઙ્મુખ મનુષ્યને મારતું નથી. શત્રુસેનામાં હાહાકાર વર્તાઈ રહ્યો ને અસુરોનો મહાકાળ આવી પહોંચ્યો ! પછી દેવતાઓ પોતાનો વિજય કરીને જયજયકારની ગર્જના કરતા પાછા સ્વર્ગમાં ગયા.

વિદ્યુત્ધ્વજ, જે રણભૂમિ ઉપર મૂર્છિત થઇને બેભાન અવસ્થામાં પડ્યો હતો, તે લાંબે સમયે જ્યારે જાગૃત થયો ત્યારે રડતો રડતો રણમાંથી પલાયન કરી ગયો ને પોતાની બાકી બચેલી સેનાને મળીને બોલ્યો,–" મેં બ્રહ્માસ્ત્ર મેળવીને વિજયની આશા બાંધી હતી ને વિજય આપણો જ થશે એમ હું ધારતો હતો. પણ હું આજે જોઉં છું કે, આપણો પરાજય થયો છે. તો પણ શી ચિંતા છે ? હું યુદ્ધ ભૂમિ ઉપર જઈ પાછો ઇંદ્રની સાથે લઢીને, કાં તો જય મેળવીશ, કાં તો મારા પ્રાણત્યાગ કરીશ ! પરંતુ મારા પિતાના મરણ પછી, વીલે મુખે ને નિર્માલ્ય બનીને નગરમાં પ્રવેશ કરું, તો તો મને ધિક્ક ધિક્ક ! એ હું ઠીક ધારતો જ નથી." તેનાં આ વચન સાંભળીને તેના પિતાનો એક વૃદ્ધ મંત્રી હતો, તેણે કહ્યું,–"રાજાજી ! તમને બ્રહ્માએ કહ્યું હતું કે, સમય વગર બ્રહ્માસ્ત્રનો ઉપયોગ કરતા ના અને હવે સંતાપ કાં કરો છો ? તમે તે દેવના કહેવાપર લક્ષ ન રાખતાં, વિના પ્રયોજને બ્રહ્માસ્ત્ર મૂક્યું અને બીજાઓએ બીજાં શસ્ત્રો છોડવા માંડ્યાં, એટલે તેની આગળ બ્રહ્માસ્ત્ર મંદ પડી ગયું. ઇંદ્રે, વળી બ્રહ્માસ્ત્ર સામા પાશુપતાસ્ત્ર મૂક્યું તેથી બ્રહ્માસ્ત્રનો પરાજય થયો, તો હવે તમે શું કામ ઉતાવળા થાઓ છો ? આ સમયે શત્રુનો વિજય થયો છે અને તમારો પરાજય થયો છે, તો હાલને હાલ તમારે પુનઃ લઢવા જવું, એ હું યોગ્ય ધારતો નથી. છતાં તમે જો લડવા જશો તો યાદ રાખો કે, શત્રુનો વિજય થશે અને તમારો પોતાનો નાશ થશે.

**દોહરા.**

"ધીરા વીરા તે જન ભલા, કરે આત્મ રક્ષાય;
"વિજય મેળવે ક્ષણ મધે, કરે શત્રુશું અપાય.
"ધૈર્ય ધરી હિમત કરી, સમય સાચવે જેહ;
"શત્રુ નસાડે સેજમાં, કીર્તિ મેળવે તેહ.
"બહુબોલા ને આકળા, ક્ષણ ક્ષણમાં ગભરાય;
"યશ ખુવે આત્મા ખુવે, જગમાં તે નિંદાય."

એ સાંભળી વિદ્યુત્ધ્વજ બોલ્યો,–"જો તમારો એવો જ વિચાર હોય તો ઠીક છે, હું હમણાં લડવા નહીં જઇશ; પણ તમે આ સેના લઈ નગરમાં જાઓ અને રાજ્યનું રક્ષણ કરો. હું અહીંથી જ બહારોબહાર વનમાં જઈ સર્વેશ્વર શ્રી શંકરની આરાધના કરીશ અને મારી કામના પૂર્ણ થયા પછી હું નગરે આવીશ." સેનાના ઉપરીઓને, આવી રીતે પરભાર્યાં રાજાજી તપ

કરવા જાય એ વાત ઠીક તો લાગી નહીં, તોપણ વિદ્યુત્ધ્વજના આગ્રહ આગળ તેઓનો કશો ઉપાય ચાલ્યો નહીં. વિદ્યુત્ધ્વજે પોતાનાં માણસોને રાજનગરમાં મોકલી દીધાં અને પોતે પોતાના પાંચ દૈત્ય મિત્રોની સાથે, કૈલાસપર્વતની તળેટીમાં ગયો ને ગંગાના શીતળ તટ ઉપર બેસી તપ કરવા માંડ્યું.

તેણે ઉનાળામાં પંચાગ્નિ તાપીને તપ કીધું; શિયાળામાં ગળા સૂધી જળમાં બેસીને તપ કીધું અને ચોમાસામાં ખુલ્લા મેદાનમાં, મેઘની ધારા વચ્ચે બેસીને તપ કીધું! તે માત્ર ફળ ઉપર જ, શરીરનું પોષણ કરતો હતો. આવી રીતે એક હજાર વર્ષપર્યંત તો શિવનું આરાધન કર્યું. બીજાં એક હજાર વર્ષ પુષ્પનો આહાર કરીને તપ કર્યું. અને ત્રીજાં એક હજાર વર્ષ જળપાન કરીને તપ કર્યું. ચોથાં હજાર વર્ષ વાયુ ભક્ષણ કરી રહ્યો અને પાંચમાં હજાર વર્ષ કેવળ નિરાહાર રહીને જ તપ કર્યું. પાછા બ્રહ્મા તેની પાસે આવ્યા અને બોલ્યા,–"તેં તો બહુ ઉગ્ર તપ કર્યું; હવે તારે જે જોઇયે તે વર માગ અને તપ બંધ કર!" પરંતુ વિદ્યુત્ધ્વજે બ્રહ્મા પ્રત્યે જરાપણ માનભાવ બતાવ્યો નહીં; ઉલટો તેનો તિરસ્કાર કરીને બોલ્યો,–"ચાલ્યા જાઓ! મેં તમારા વરનો પ્રભાવ જોયો! હવે હું તો તમારાથી ભરી પૂરી પામ્યો!" આમ કહી પોતે બીજાં પાંચ હજાર વર્ષ નિરાહાર રહીને તપ કર્યું. ત્યારે તેના મસ્તકમાંથી ધૂમની મહાશિખા નિકળવા લાગી! એ જોઈ શંકર તેની પાસે આવ્યા અને બોલ્યા,–"બચ્ચા માગ માગ જે માગે તે આપું–જે ઇચ્છા હોય તે માગી લે." ત્યારે તેણે વર માગ્યો કે,–"મહારાજ, હું માગું છું કે, તમારી કૃપાથી રણભૂમિ ઉપર ઇંદ્રનો નાશ કરું, એવો વર આપો."

શંકરે ઉત્તર દીધું; "ઉઠ, ઉભો થા. કોઇનો પરાજય કરવો અને તેને મારી નાંખવો, એ બેમાં કંઈ તફાવત નથીઃ પરાજય થયો તે મારવા સમાન જ છે! તેથી તું રણસંગ્રામમાં ઇંદ્રનો પરાજય કરી અને તેની ગાદી ઉપર બેસીશ–જા યશ પામ!!"

આ પ્રમાણે કહીને મહાદેવ અંતર્ધાન થઈ ગયા અને વિદ્યુત્ધ્વજે પોતાને કૃતાર્થ માની પારણું કર્યું; અને પછી વન ત્યજી તે પોતાને નગરે ગયો. તેનાં દર્શન થતાં જ નગરજનોએ અને તેના પિતાના વૃદ્ધ મંત્રીઓએ મોટી ધામધુમથી તેને માન આપ્યું અને વાજતે ગાજતે શહેરમાં લઈ આવ્યા. પછી તપ કરી આવેલા રાજકુમારને મંત્રી મળ્યો ને સર્વ વાર્તા જાણી, યુદ્ધની સર્વ સામગ્રી સજજ કરવા માંડી! અસુર સેનાને ચારે તરફથી બોલાવીને એકઠી કરી અને ઇંદ્ર તરફ દૂત મોકલાવીને કહેવરાવ્યું કે,–'ચાલ લડવાને તૈયાર થા!' પછી અસુરેશ લઢવા માટે ચઢયો. સેનાની ભયંકર ગર્જનાથી જાણે આકાશ વજ્રથી ચીરાઈ જતું હોય તેવો ઘોર શબ્દ થતો હતો, સેનાની ધ્વજા પતાકાઓ આકાશને છાઈ દેતી હતી અને તે જાણે સ્વર્ગના દેવતાનું ઇષ્ટ* કરતી હોય તેમ જણાતું હતું! ઇંદ્રને જાણ થઈ કે, વિદ્યુત્ધ્વજને

* ઇષ્ટ એટલે વાંચ્છિત અને હોમ. અર્થાત્ સ્વર્ગના દેવતાને બળિદાન આપતી હોય તેમ પતાકા ઉડવાથી અંધકાર થઈ રહ્યો હતો. તેનો અર્થ કવિ એમ કરે છે કે, હોમ કરવાથી જે ધુમાડો નિકળે ને તેથી આકાશમાં અંધકાર થાય તેમ પતાકાના ઉડવારૂપી હોમથી અંધકાર થઈ ગયો.



શંકરનો વર મળ્યો છે, એટલે તેણે માન્યું કે 'હવે કાં તો મારું મૃત્યુ કે પરાજય એ બેમાંથી એક તો નક્કી જ છે!' આવા વિચારથી તે આકળો ગાભરો બની ગયો. પછી દેવતાના ગુરુ બૃહસ્પતિને બોલાવી, તેની સાથે સર્વ વિચાર કરી, દેવસેનાને રણમાં જવા માટે બોલાવી.

ધરણી ધ્રુજાવતો ને દિશાઓને કંપાવતો વિદ્યુત્ધ્વજ રણમાં આવી ઉભો રહ્યો; અને યોધાઓની સામસામી ભેટ થતાં જ બન્ને સેના વચ્ચે દારુણ યુદ્ધ શરુ થયું. યુદ્ધ એવું તો ઝપાટાબંધ ચાલતું હતું કે, બન્ને પક્ષવાળા પોતે કોણ છે તે વિસરી જઇને લડતા હતા. સુબાહુ જેનો ઉપરી છે તે દૈત્યો, વાયુઓની સાથે લડવા લાગ્યા; પિંગાક્ષ વગેરે દૈત્યો કુબેરની સાથે લડવા લાગ્યા; મહામાય આદિ અસુરો, અગ્નિઓની સાથે લડવા લાગ્યા; અયઃકાય અને તેની સેના, સૂર્યોની સાથે લડવા લાગી; આકંપન વગેરે, સિદ્ધોની સાથે લડવા લાગ્યા; અને બીજા કેટલાએક દૈત્યો, વિદ્યાધરો અને ગંધર્વોની સાથે યુદ્ધ કરવા લાગ્યા. આવી રીતે વિશ દિવસ સૂધી સુર અસુરનો મહાઘોર સંગ્રામ ચાલી રહ્યો; પણ એકવિશમે દિવસે રણમાં દેવતાઓને હચમચાવી પાડ્યા! દેવસેના નરમ થઈ ગઈ ને તે ભયાકુળ બની નાસીને સ્વર્ગમાં પેસી ગઈ,

આ પ્રમાણે દેવસેનાનો પરાજય જોઈ, ઇંદ્ર પોતે, ઐરાવતપર* ચઢી યુદ્ધ કરવા માટે નિકળ્યો; એટલે વળી દેવતાઓ પણ તેની સાથે ચંદ્રકેતુ વિદ્યાધર વગેરેને લઇને પાછા રણમાં આવ્યા. પુનઃ અમર અને અસુર વચ્ચે મહાઘોર યુદ્ધ થયું; જેમાં દેવ અને દૈત્યોનો કચ્ચરઘાણ નિકળી ગયો. વિદ્યુત્ધ્વજ, જે પોતાના પિતાનું વૈર લેવાને, બળીઝળી રહ્યો હતો, તે ઇંદ્રની ઉપર ધસ્યો; અને તેના ઉપર અસ્ત્રોનો વર્ષાદ વર્ષાવી મૂક્યો! પરંતુ ઇંદ્રે વારંવાર સમાન શસ્ત્ર મારીને દૈત્ય રાજાના ધનુષના કટકેકટકા કરી નાંખ્યા! અસુરેશે પણ ઇંદ્રને ગભરાવવામાં કચાસ રાખી નહીં. અનેક બાણ મારી તેની સેનાના ચૂરેચૂરા કરી, શંકરના વરદાનને લીધે મન્દોમત્ત થયેલો વિદ્યુત્ધ્વજ મોટું મુદ્ગર હાથમાં પકડી, ઇંદ્ર ઉપર ધસ્યો ગયો અને એક કુદકો મારી ઐરાવણ હાથીના દાંત ઉપર પગ મૂકી, તેના કુંભસ્થળ ઉપર ચઢી ગયો અને તેના માવતના ગદાવતી છુંદેછુંદા કરી નાંખી પાછળ સિંહાસનના કઠેરામાં બેઠેલા ઇંદ્રની તરફ ધસ્યો. પણ ત્યાં જતાં જ, ઇંદ્રે તેને મુશળ માર્યું. પણ વિદ્યુત્ધ્વજે તેને ફરીથી મુદ્ગર મારીને અધમુવો કરી દીધો. ઇંદ્ર મૂર્છા ખાઇને હાથી ઉપરથી નીચે વાયુના રથમાં જઈ પડ્યો. તુરત જ વાયુ, મન જેવા વેગવંત રથમાં ઇંદ્રને બેસારીને ત્યાંથી બીજી જગ્યા તરફ નાસી ગયો. જ્યારે ઇન્દ્ર હાથીની અંબાડીમાંથી પડી ગયો, ત્યારે જેને પંઝો વાગ્યો છે એવો વિદ્યુત્ધ્વજ પણ જમીનપર ગડબડી પડ્યો.

એજ સમયે આકાશવાણી થઈ,–"દેવતાઓ, સાંભળો! આજે તમારો અકલ્યાણકારી દિવસ છે, માટે સત્વર ઇંદ્રિને રણભૂમિમાંથી લઇને નાસો! તે સાંભળી વાયુ, જેમાં ઇંદ્રિ બેઠો હતો તે રથને બહુ દૂર લઈ ગયો. પણ તત્ક્ષણે વિદ્યુત્ધ્વજ પોતાના રથમાં બેસીને ઇંદ્રની પાછળ દોડ્યો ને જ્યાં ઇંદ્ર

* સંસ્કૃતમાં ઐરાવત નામ છે; પણ તે ઐરાવત હાથીનું નામ છે.

ગયો હતો તે તરફ ચાલ્યો. એવામાં ઐરાવત હાથી જે માવત વગરનો અને નિરંકુશ થયો હતો તે, સેનાનો નાશ કરતો કરતો જ્યાં ઇંદ્ર હતો ત્યાં ગયો. તેની નાસાનાસથી બંનો સેના ભય પામીને રણસંગ્રામમાંથી નાસી ગઈ; અને તેટલા કાળમાં બૃહસ્પતિ ભયભીત થયેલી શચીને બ્રહ્મલોકમાં લઇ ગયા અને આ પ્રમાણે ઇંદ્રનો પરાજય થયો.

વિદ્યુત્ધ્વજે ઇંદ્રનો પરાજય કરી, વિજય મેળવી, ગર્જના કરતી સેના સહિત શૂન્ય અમરાવતીમાં પ્રવેશ કીધો. ઇંદ્રે મૂર્છા વળ્યા પછી મન સાથે વિચાર કર્યો કે, હવણાં દવ, અસુરને અનુકૂળ છે ને આપણને પ્રતિકૂળ છે, તો હાલ તો થોભવું જોઇયે. આવો વિચાર કરીને તે સર્વ દેવતાઓને સાથે લઇ બ્રહ્મલોકમાં જઇ રહ્યો. ત્યાં બ્રહ્માએ તેને ધૈર્ય આપીને કહ્યું,–“ધૈર્ય ધર ! હવણાં શંકરના વરદાનથી તેનું બળ વધ્યું છે, માટે તારે કંઇ ચિંતા કરવી નહીં. વખત આવશે ત્યારે તને તારું રાજ્ય પુનઃ પ્રાપ્ત થશે જ !” આ પ્રમાણે ધૈર્ય આપી બ્રહ્માએ સર્વને સુખકારી બ્રહ્મલોકના એક ભાગમાં આવેલા સમાધિસ્થળમાં તેને રહેવાની જગ્યા આપી. ત્યાં ઇંદ્ર, ઇંદ્રાણી અને ઐરાવત હાથીની સાથે રહ્યો. વિદ્યાધરોને વાયુલોકમાં જવા માટે કહ્યું, તેથી તેઓ વાયુ લોકમાં જઇને રહ્યા. ગંધર્વરાજાઓ અતિશય પ્રતાપી એવા ચંદ્ર લોકમાં જઇને રહ્યા, અને બીજા દેવ પણ પોતપોતાનાં સ્થાન મૂકીને જૂદા જૂદા દેશોમાં જઇને વસ્યા. વિદ્યુત્ધ્વજ, જે નિરંકુશિત હતો, તે દેવનગરીને પોતાને અધીન કરી ચારે તરફ પોતાના નામનો ઢંઢેરો ફેરવીને અમરાવતીમાં રાજ્ય કરવા લાગ્યો. પ્રતિહારે નેકી પોકારી કે, રાજ રાજેન્દ્ર વિદ્યુત્ધ્વજ મહારાજનો જયજય !!

આ કથા આટલેથી રહી અને વચમાં બીજી કથા ચાલુ થઈ. વાયુલોકમાં વિદ્યાધરરાજ ચંદ્રકેતુ ગયો હતો, તે વિચાર કરવા લાગ્યો કે, મારે આમ રાજ્યપાટ છોડીને અહીં ક્યાં સૂધી બેસી રહેવું ? મારા શત્રુ વિદ્યુત્ધ્વજનું તપફળ કંઈ કાલ પરમમાં પૂરું થઈ રહે એવું નથી. હમણાં મારા જાણવામાં આવ્યું છે કે, મારો મિત્ર ગંધર્વરાજા પદ્મશેખર, ચંદ્રલોકમાંથી તપ કરવા માટે કૈલાસમાં ગયો છે અને તે શિવજીનું તપ કરે છે. પણ શંકર તેના ઉપર તુષ્ટમાન થયા કે નહીં, તેની મને હજી સૂધી ખબર મળી નથી, તેના સમાચાર મળે તે પછી મારે જે કરવાનું છે તે હું પણ કરું તો ઠીક !”

આવો તે જ્યાં મન સાથે વિચાર કરે છે એવામાં તો પદ્મશેખર ગંધર્વેન્દ્ર, શંકરની પાસેથી વરદાન મેળવીને તેની પાસે આવ્યો. ચંદ્રકેતુ તેને આવતો જોઈ ઉભો થઇને તેને મળ્યો ભેટ્યો અને ‘હું હવણાં જ તને યાદ કરતો હતો ત્યાં તું ઠીક આવી પહોંચ્યો, હવે બેસ અને શા સમાચાર છે તે કહે ” આમ કહી તેનો સત્કાર કીધો. પછી પદ્મશેખર બોલ્યો,– ‘હું કુશળ છું. મેં. ચંદ્રલોકમાંથી પરભાર્યા કૈલાસપર્વત ઉપર જઈ તપ કરીને શંકરને પ્રસન્ન કર્યા છે અને ભગવાન્ શંકરે પ્રસન્ન થઇને મને વર આપ્યો કે ‘તારી સ્ત્રીને એક મહાપ્રતાપી પુત્ર અવતરશે, તે પછી તને રાજ્ય મળશે ! તેમ જ વળી એક સર્વોત્તમ સુંદર કન્યા સાંપડશે અને તે કન્યાને વિદ્યુત્ધ્વજનો નાશ કરનાર



પુરુષ પરણશે.’ આટલું કહીને શંકર અંતર્ધાન થઈ ગયા. પછી હું ત્યાંથી નિકળીને અહીંયાં તારી પાસે આવ્યો છું અને તને મારી સર્વ વાર્તા વિદિત કીધી છે.”

ગંધર્વેન્દ્રને મુખેથી આ પ્રમાણેના મંગળ સમાચાર સાંભળીને, ચંદ્રકેતુ બોલ્યો,– “ મારે પણ વિદ્યુત્ધ્વજના કાળાકેરને સમાવવા માટે તપ કરવા જવું છે; કારણકે મનના મનોરથો, તપ કર્યા વગર સિદ્ધ થતા નથી !” આ પ્રમાણે પોતાના મિત્રને કહી, તેને પ્રણામ કરીને તે રાણી મુક્તાવળીને સાથે લઇને, તપ કરવા માટે કૈલાસપુરીમાં ગયો.

પદ્મશેખર ત્યાંથી બ્રહ્મલોકમાં સમાધિસ્થાનમાં જઈ વસેલા ઇંદ્રરાજાની પાસે ગયો અને શત્રુના નાશ માટે જે વરદાન મેળવ્યું હતું, તે સર્વ વૃત્તાંત દેવેન્દ્રને કહી સંભળાવ્યું. આ વાર્તા સાંભળી ઇંદ્રને બહુ શાંતિ થઈ અને તેને વિશ્વાસ આવ્યો કે હવે સત્વર કાર્ય સિદ્ધ થશે જ ! ઇંદ્રે આ વાતની વધામણી ખાવા માટે પોતાના ગુરુને તેડી મંગાવ્યા. તુરત ગુરુ બૃહસ્પતિ આવી પહોંચ્યા. ઇંદ્રરાજે, ગુરુને પ્રણામ કરી આસન આપી બેસાર્યા અને કહ્યું,– “ મહારાજ ! પદ્મશેખરે તપ કરી શંકરની કૃપા સંપાદન કરી છે; અને શંકરે તેને વર આપ્યો છે. કે તારો જે જમાઈ થશે તે વિદ્યુત્ધ્વજનો નાશ કરશે. હું ધારું છું કે, હવે આપણું અણહિત ઇચ્છનારા પાપીનો અંત નજીક આવ્યો છે ! ગુરુજી ! દુઃખની વાત શી કહું ? હું મારા રાજ્યાસન ઉપરથી ઘણા દિવસ થયા આવી માઠી સ્થિતિમાં અહિં આવીને વસું છું, તેથી ઘણો શોકાકુળ છું. માટે ગુરુજી, તમે મારે માટે કોઈ એવો ઉપાય શોધી કાઢો કે જેથી મને નિરાંત વળે.” ઇંદ્રનાં આવાં વચન સાંભળીને, ગુરુ બૃહસ્પતિ બોલ્યા,– “તું ગભરા નહીં. આ વાત સત્ય છે કે, આપણા શત્રુએ અનેક પાપો કીધાં છે, અને હવે તેનું તપ પુણ્ય પરવાર્યું છે. તેનું પુણ્ય ઘટ્યું છે અને હવે માત્ર પાપ જ શેષ રહ્યું છે તેથી, આ સમય ઉપર આપણને યુદ્ધ કરવાથી ફળ મળે તેમ છે. પણ હાલ તું મારી સાથે બ્રહ્માની પાસે ચાલ. તે આપણને યોગ્ય માર્ગ બતાવશે.”

આમ કહીને ઇંદ્રને સાથે લઇને, બૃહસ્પતિ બ્રહ્માની પાસે ગયા અને પ્રણામ કરી તેની આગળ પોતાની સર્વ વાર્તા કહી સંભળાવી. ત્યારે સ્વયંભૂ બોલ્યા,– “દેવ દેવેન્દ્ર ને ગુરુરાજ ! શું મને કંઈ તેનો નિવેડો આણવાની ચિંતા નથી ? મને તમારી સઘળી ચિંતા છે; પરંતુ શું કરું ? ઉપાય નથી ! શંકરે આણેલું આ સંકટ માત્ર શંકર જ ટાળી શકે તેમ છે, બીજો નહીં. જેણે વરદાન આપ્યું છે, તે જ તે વરદાનનું પાછું નિવારણ પણ કરી શકશે. પરંતુ તે દેવને મળતાં વિલંબ લાગશે. માટે, આપણે પ્રથમ વિષ્ણુ પાસે જઇએ. તેઓને શંકર સાથે ગાઢી મૈત્રી છે અને તેઓ જ આપણને કંઈ રુડો ઉપાય બતાવશે.”

આમ વિચાર કરી બ્રહ્મા, ઇંદ્ર અને બૃહસ્પતિ એ ત્રણે જણ હંસ વિમાનમાં બેસીને, શ્વેતદ્વીપમાં ગયા. ત્યાં વિષ્ણુ ચાર ભુજામાં શંખ, ચક્ર, ગદા, પદ્મ, ધારણ કરીને, શેષશય્યા ઉપર પોઢ્યા હતા. તેના પર્યંકને નાકે બેઠેલાં લક્ષ્મીજી, તેમનાં ચરણને ચાંપતાં હતાં. ત્રણે દેવ ત્યાં જઈ પ્રણામ કરીને ઉભા રહ્યા. વિષ્ણુએ તેઓનો યથાયોગ્ય સત્કાર કર્યો. દેવર્ષિ નારદ

પણ ત્યાં પધાર્યા હતા તેણે પણ પ્રણામ કર્યાં. સર્વે પોતપોતાની યોગ્યતા પ્રમાણે આસન ઉપર બેઠા. પછી વિષ્ણુએ આડે પડખે ફરીને પૂછ્યું,–"કેમ કુશળ તો છોની ?" ત્યારે તે ત્રણો દેવે વિનતિ કરી,–"ઓ પ્રભુ ! વિદ્યુત્ધ્વજ જીવતાં અમારી શી કુશળતા પૂછો છો ? તેણે અમારા ઉપર જે કાંઈ કર્યું છે અને કરે છે, તે શું આપના જાણવામાં નથી ? હમણાં તેને જ માટે અમારું અહીં આવવું થયું છે. એ સર્વ આપ જાણો છો તો હવે અમે શું જણાવીએ."

વિષ્ણુએ દેવતાઓની વિનતિ સાંભળીને કહ્યું,–" તે અસુરે મારી જે મર્યાદા તોડી નાંખી છે, તે હું કેમ વિસરી જાઉં વારુ ? પણ ત્રિપુરનો નાશ કરનારા ભોલાનાથ શંકરે પોતે જે કર્યું છે તેને તો તે જ ફેરવવા શક્તિવાન્–સમર્થ છે, હું કાંઈ કરી શકું તેમ નથી ! તે પાપી દૈત્યનો નાશ તે જ દેવ કરી શકશે. તમો તો ફોકટના ઉતાવળ કરો છો. પણ હું તમને એક ઉપાય બતાવું છું તેમ કરો. સિદ્ધેશ્વર નામનું શંકરનું એક ક્ષેત્ર છે. ત્યાં ભગવાન્ શંકર હંમેશાં હાજરાહજુર રહે છે. તે સ્થળ વિશે, બહુ કાળ પૂર્વે જ્યારે શંકરે મને અને પ્રજાપતિને જ્વાળામય લિંગનું રૂપ બતાવ્યું હતું, ત્યારે એકાંતમાં કહ્યું હતું કે, હું નિરંતર ત્યાં જ વસું છું.' માટે તમે મારી સાથે તે સિદ્ધેશ્વર ક્ષેત્રમાં ચાલો. આપણે ત્યાં જઈ તપ કરીને શંકરને પ્રસન્ન કરીશું, એટલે તે દેવ જગતનું કષ્ટ નિવારશે !" વિષ્ણુએ બ્રહ્માદિકને આ પ્રમાણે કહ્યા પછી, સર્વે ગરુડ તથા હંસના વિમાન ઉપર સ્વારી કરીને સિદ્ધેશ્વર ક્ષેત્રમાં ગયા. એ સ્થાનમાં જરા, મૃત્યુ અને રોગ આવી જ શકતા નહોતા. તે કેવળ સુખાશ્રમ જ હતું. ત્યાં પશુ પક્ષી વૃક્ષ સઘળાં સુવર્ણમય અને રત્નમય હતાં. બ્રહ્મા, વિષ્ણુ, ઇંદ્ર તથા બૃહસ્પતિ, તે ક્ષેત્રમાં ક્ષણે ક્ષણે જૂદાં જૂદાં રૂપને બતાવતા, નવ નવી જાતની રત્નમય શંકરની મૂર્તિનું પૂજન કરીને તેનું ઉગ્ર તપ કરવા લાગ્યા.

એ અરસામાં ચંદ્રકેતુ, જે ઘણા કાળથી તપ કરતો હતો, તેની ઉગ્ર તપશ્ચર્યાથી શંકરે પ્રસન્ન થઈ દર્શન દીધું અને તે વિદ્યાધર રાજાને વરદાન આપ્યું કે,–"ઉઠ હે મહાવીર ! તેં મને પૂર્ણ સંતોષ આપ્યો છે. જા તારું કાર્ય સિદ્ધ થશે. તારે ત્યાં પુત્ર અવતરશે ને તે યુદ્ધમાં વિદ્યુત્ધ્વજ દૈત્યનો નાશ કરશે. આ પુત્ર વિદ્યાધર જાતિનો છે, છતાં મનુષ્ય લોકમાં શાપને લીધે અવતરશે ને મનુષ્ય જાતિમાં રહીને દેવતાનું હિતકાર્ય કરશે; અને તે ગંધર્વ રાજકન્યા પદ્માવતીના તપોબળથી પોતાના વિજયી રાજ્યાસનને પુનઃ સંપાદન કરી, રાણી પદ્માવતીની અને સઘળા વિદ્યાધરની સાથે રહી, સમગ્ર વિદ્યાધરની ઐશ્વર્ય લક્ષ્મી, દશ કલ્પ પર્યંત ભોગવશે." આ પ્રમાણે જ્યારે તે પ્રભુએ ચંદ્રકેતુને વરદાન આપ્યું. તે પછી તે દેવ અંતર્ધાન થઈ ગયા અને ચંદ્રકેતુ પોતાની પ્રિયા સાથે, પ્રફુલ્લિત હૃદયે, ફરીથી વાયુલોકમાં આવ્યો.

એવામાં વિષ્ણુ વિગેરેની સિદ્ધેશ્વરક્ષેત્રમાં ઉગ્ર તપશ્ચર્યા જોઈને શંકર પ્રસન્ન થયા અને સાક્ષાત્ લિંગનાં દર્શન કરાવ્યાં. પછી નીચે પ્રમાણે વચન કહીને ખુશી કર્યાઃ તમે હવે બહુ કલેશ કરો મા, તમારા પક્ષના વિદ્યાધરરાજા ચંદ્રકેતુએ તપ કરીને મને પ્રસન્ન કર્યો છે. તેને



ત્યાં મારા અંશથી એક વીર પુત્ર અવતરશે અને તે પુત્ર તમારા શત્રુ વિદ્યુત્ધ્વજનો થોડા કાળમાં વધ કરશે. વળી, તે બીજી રીતે પણ દેવતાની સેવા કરશે. તે, શાપને યોગે મૃત્યુ લોકમાં અવતરશે; ત્યાંથી પદ્મશેખરની પુત્રી પદ્માવતી તપ કરીને તેને પૂર્વ સ્થિતિમાં આણશે અને એ વીર તે સ્ત્રી સહિત વિદ્યાધરનું રાજ્ય કરશે. તેની સ્ત્રી પાર્વતીના અંશમાંથી જન્મશે ને તેનું નામ પદ્માવતી રહેશે. અંતે તે બંને જણ સાયુજ્યમુક્તિ ભોગવશે. હવે થોડા દિવસ દુઃખઃસહન કરો અને પછી જાણો કે, તમારી ઇચ્છા પૂર્ણ થઈ જ !" આવી રીતે વિષ્ણુ વગેરે દેવતાઓને કહીને શંકર અદૃશ્ય થઈ ગયા. તે પછી બ્રહ્મા, વિષ્ણુ, ઇંદ્ર ને બૃહસ્પતિ, પ્રસન્ન થતા થતા જે જે લોકમાંથી આવ્યા હતા, તે તે લોકમાં પાછા વિદાય થયા.

થોડા સમયમાં જ વિદ્યાધર રાજેંદ્ર ચંદ્રકેતુની રાણી મુક્તાવળી સગર્ભા થઈ. દશ માસ પૂર્ણ થયા પછી તેણીએ દેવાંશી પુત્રને જન્મ આપ્યો. જેમ ઉગતો સૂર્ય અંધારાનો નાશ કરવા માટે ઉદય પામતો પામતો પોતાના તેજથી દિશાઓમાં પ્રકાશ કરે છે, તેમ જ આ કુમાર પણ પોતાના તેજથી દિશાઓને પ્રકાશિત કરતો હતો. તે દેવોને થતો ઉપદ્રવ ટાળવા માટે ઉત્પન્ન થયો હતો, એટલે તેના જન્મ ટાણે આકાશવાણી થઈ કેઃ "હે ચંદ્રકેતુ ! તારો પુત્ર વિદ્યુત્ધ્વજ દૈત્યનો નાશ કરશે અને એ બાળકનું–શત્રુનાશક–એવું રુડું નામ, જે મુક્તાફળકેતુ તે પાડવું !" આટલું કહીને આકાશવાણી વિરામ પામી અને ચંદ્રકેતુ પરમાનંદને પામ્યો. તુરત જ આકાશમાંથી પુષ્પવૃષ્ટિ થઈ, સર્વત્ર આનંદ મંગળ વર્તાઈ રહ્યો. આ વાર્તા ચારે તરફ પ્રસિદ્ધ થઈ કે, પદ્મશેખર, ઇંદ્ર અને બીજા દેવતાઓ, જે સર્વ ગુપ્ત રહેતા હતા તેઓ, જ્યાં ત્યાંથી એકઠા મળી ગયા અને શંકરના વરદાન વિશેની પરસ્પર વાતો કરીને પૂર્ણ આનંદ અનુભવ્યો. તે પછી પોતપોતાના સ્થાન ઉપર વિદાય થયા.

પછી ચંદ્રકેતુએ મુક્તાફળકેતુને સર્વ સંસ્કાર કર્યા ને દેવતાઓના આનંદની વૃદ્ધિસાથે દહાડે દહાડે તે રાજપુત્ર મોટો થવા લાગ્યો. ચંદ્રકેતુને ત્યાં પુત્ર જન્મ્યાને કેટલાએક દિવસો વીત્યા તે પછી, ગંધર્વના રાજા પદ્મશેખરને ઘેર એક સુંદર રૂપવતી, ફુટડી કન્યા અવતરી. કન્યાના જન્મ વખતે આકાશવાણી થઈ કે, "હે ગંધર્વેંદ્ર ! આ તારી કન્યા પદ્માવતી, વિદ્યુત્ધ્વજ, જે વિદ્યાધરોનો નિરંતરનો મહાપ્રબળ શત્રુ છે, તેનો નાશ કરનારાની પત્ની થશે." વખત વીતતાં બાળા પદ્માવતી દિવસે દિવસે મોટી થવા લાગી. ચંદ્રલોકમાં ઉત્પન્ન થયેલા લહરીઓવાળા અમૃતના લાવણ્યનો પ્રવાહ જેમ અતિશય રૂપાળો શોભતો હોય તેવી, તે દેખાતી હતી.

મુક્તાફળકેતુ બાળક છતાં મહાબુદ્ધિશાળી હતો. તે વ્રત ઉપવાસ આદિથી શંકરને પ્રસન્ન કરતો હતો. એક વખતે મુક્તાફળકેતુએ બાર દિવસસૂધી ઉપવાસ કર્યા અને શંકરનું ધ્યાન ધર્યું. તેના આવા સાહસકર્મથી પ્રસન્ન થઈ શંકરે તેને પ્રત્યક્ષ દર્શન આપીને કહ્યું: "પુત્ર ! હું તારી ભક્તિથી પ્રસન્ન થયો છું. હવે તને મારી કૃપાથી દિવ્ય આયુધો અને સર્વ વિદ્યાઓ પ્રત્યક્ષ મળશે. આ મારી અપરાજિત નામની તરવાર છે, તે તું લે. એ તરવારથી તું તારા શત્રુઓનો નાશ કરીશ અને ચક્રવર્તી પદ ભોગવીશ !" આટલું કહી

શંકરે તરવાર આપી ને પછી તે દેવ અંતર્ધાન થઈ ગયા. તે રાજકુમારને મહાશક્તિમાન્ શસ્ત્ર મળવાથી તે થોડા વખતમાં મહાપરાક્રમી અને અતિ બળીઓ થઈ પડ્યો.

આ જ અરસામાં વિદ્યુત્ધ્વજ અસુર, જે દેવલોકમાં રાજ્ય કરતો હતો, તે એક દિવસે સ્વર્ગંગામાં જળક્રીડા કરવા માટે ગયો. ગંગા તટઉપર જઇને તે જુવે છે તો, તેનું પાણી પુષ્પના પરાગથી પીળું જોવામાં આવ્યું. વળી તે પાણીમાંથી મદનો સુગંધ આવતો હતો અને ચારે તરફથી આવતા મોજાથી પાણી આમ તેમ ડોહોળાઈ જઈ ઉછાળા મારતું હતું. આ જોઈ તે ભાઈસાહેબ ગર્વથી મદોન્મત્ત થઈ ગયા ને તેના બાહુ, મદથી ફરકવા લાગ્યા ! તેણે પોતાના પરિજનોને કહ્યું: " હાંરે ! કોઈ છે કે ? જાઓ નદીના ઉપરના ભાગમાં અને જુઓ કે કોણ સ્નાન કરે છે !" તુરત જ અસુર સિપાઇઓ નદીના મૂળ તરફ તપાસ કરવા માટે દોડ્યા. ત્યાં જુવે છે તો ઇંદ્રનો ઐરાવત હાથી અને શંકરનો નંદીકેશ્વર પોઠીયો સ્નાન કરતા હતા. તપાસ કરનારા અસુરો તુરત પોતાના રાજાની પાસે આવ્યા અને કહ્યું; "રાજ ! નદીની ઉપલી બાજુએ ઇંદ્રનો ઐરાવત હાથી તથા શંકરનો પોઠીયો જળક્રીડા કરે છે. તે પોઠીઆની માળાના પુષ્પવાળું અને ઐરાવતના મદવાળું પાણી ઉછાળા મારતું મારતું આવે છે." આ સાંભળી અસુરેશ, જે પોતાના પાતકને લીધે શુનમૂઢ બની ગયો હતો તે, રુદ્રના પ્રભાવને જાણતો ન હોતો તેથી, તેણે પોતાના પરિજનોને કહ્યું; " જાઓ, દોડો, દોડો ! તે પોઠીઆને અને ઐરાવતને કેદ પકડીને અહીં લઈ આવો !" તુરત જ અસુરો દોડી ગયા. પણ જ્યાં તેઓએ તે બંનેને પકડવાની તૈયારી કીધી, ત્યાં તો ક્રોધ કરી હાથી ને બળદ બંનો તેની તરફ ધસ્યા ને સર્વેને ભૂ ચાટતા કરી દીધા. એમાંથી કેટલાએક ભાગી છૂટ્યા, તેણે પોતાના રાજાની પાસે જઇને કહ્યું; " મહારાજ ! તે બન્ને જાનવરે તો આપણા માણસોનું સત્યાનાશ વાળી નાંખ્યું !" આ સાંભળતાં જ વિદ્યુત્ધ્વજ ક્રોધે ભરાયો. તેણે એક મોટી અસુરસેના, એ પ્રાણીઓને પકડવાને મોકલી. તે સેનાનો પણ પોતાના પાતકને લીધે નાશ થવાનો હતો, એટલે તે જેવી તેની પાસે ગઈ કે, પોઠીઓ અને ઐરાવત, પોતાનાં મુખને ઉંચાં કરીને સામા ધસ્યા અને સઘળી સેનાને કચરી છુંદા પાક કરી નાંખ્યા. પછી પોઠીઓ શંકર પાસે ગયો ને ઐરાવત ઇંદ્રની પાસે ગયો. જ્યારે ઇંદ્રે, ઐરાવતના રક્ષકોના મુખથી, અસુરેશના પાપ કર્મની સર્વ વાર્તા સાંભળી, ત્યારે તેણે એક નિશ્ચય કીધો કે, ઠીક થયું ! તેણે શંકરનું અપમાન કર્યું છે, ત્યારે હું નિઃશંક માનું છું કે, તેનો નાશ નજીકમાં આવ્યો છે, એમાં શક નથી. તે સઘળી વાર્તા તેણે બ્રહ્માને જણાવી અને પોતે ઐરાવતપર ચઢીને યુદ્ધ કરવા ગયો. આ વખતે ઇંદ્રાણીએ ઇંદ્રનું લુણ ઉતાર્યું અને મોતીનો સાથીઓ પૂરીને શુકન વધાવ્યા. ઇંદ્રે, સઘળા વિદ્યાધર અને દેવતાઓનાં મોટાં મોટાં સૈન્યને સાથે લઈ, પોતાના શત્રુને મારવા માટે પ્રયાણ કીધું.



## તરંગ ૩ જો.

## પદ્માવતીની કથા.

ઇંદ્ર ઐરાવત ઉપર ચઢ્યો કે, શંકરકૃપાથી, બળ તથા ઉત્સાહથી ભરપૂર મોટી મોટી સેના ચારે તરફથી તેને આવી મળી; અને તડીંમ્ ધડીંમ્ ગર્જના કરતી દેવસેનાએ સ્વર્ગ ઉપર ઘેરો ઘાલ્યો. હવે વિદ્યુત્ધ્વજે જોયું કે, તેની અમરાવતી ઉપર મહા મોટો હલ્લો લઈ ઇંદ્ર આવ્યો છે, ત્યારે તે પોતાની સજ્જ થયેલી સેના લઇને યુદ્ધ કરવા માટે નગરની બહાર નિકળ્યો. આ વખતે તેને માનશુકનો થવા લાગ્યાઃ તેની ધ્વજા ઉપર વિજળી પડી, તેના મસ્તક ઉપર ગીધ પક્ષીઓ ઉડતા જણાયા, તેનું રાજછત્ર ભાંગી ગયું અને શિયળવાં લાંબા રાગ કાઢીને તેને નામે પ્રથમથી જ પોકળશ્રાદ્ધ કરતાં હોય તેમ રડવા લાગ્યાં. આવા અપશુકનો થયા છતાં, કૃતાંત કાળ નજીકમાં આવવાથી તેણે અપશુકનોને ગણકાર્યા નહિ. તે અસુર રણે ચઢ્યો. તુરત જ બંનો સેનાની ભેટ થઈ ને દેવ તથા અસુર વચ્ચે મોટું સંગ્રામ શરૂ થયું.

આ યુદ્ધમાં મુક્તાફળકેતુનું મુખ્ય કામ હતું, પણ તે હજુ આવ્યો નહતો. ઇંદ્રે ચારે તરફ નજર કરી, પણ મુક્તાફળકેતુને ક્યાંઈ પણ દીઠો નહીં, ત્યારે તેણે ચંદ્રકેતુને પૂછ્યું: " મુક્તાફળકેતુ હજી કેમ આવ્યો નથી ? " વિદ્યાધરના ચક્રવર્તી રાજા ચંદ્રકેતુએ વિનયથી ઉત્તર આપ્યું કે, " દેવેશ ! મારી સેનાએ જ્યારે પ્રયાણ કીધું ત્યારે હું એટલો તો ઉતાવળમાં હતો કે, તેને બોલાવવો જ વિસરી ગયો. પરંતુ મને પૂર્ણ આશા છે કે, તેને જેવી આ વાતની ખબર પડશે કે, તે તુરત જ દોડતો આવશે !" તે સાંભળીને ઇંદ્રે મુક્તાફળકેતુને તેડવા માટે, વાયુ નામના ચતુર સારથિને પોતાના રથસહિત મોકલ્યો. તેમ જ મુક્તાફળકેતુના પિતાએ પણ પોતાના પુત્રને બોલાવવા માટે ઇંદ્રના રથની સાથે જ પોતાના પ્રતિહારને સેનાસહિત મોકલ્યો.

મુક્તાફળકેતુએ જ્યારે જાણ્યું કે, તેના પિતા સંગ્રામ કરવા ગયા છે, ત્યારે તે તથા તેના માણસો, રણે ચઢવા તૈયાર થઈ ગયા. તેણે યુદ્ધ કરવાનાં સર્વ શસ્ત્રને ધારણ કીધાં, શરીર ઉપર કવચ પહેર્યું; અને શંકરે આપેલી પ્રસાદીની તરવાર કેડ ઉપર લટકાવી દીધી. પછી તે વિજયહસ્તી ઉપર બેઠો; અને સેના હાથીની આસપાસ વિંટળાઇને ઉભી રહી. તુરત તેની માતાએ ઘરની બહાર નિકળી આવી, પુત્રના લલાટમાં ચાંદલો કર્યો ને શુભશકુન જોઈ 'હર ! હર ! મહાદેવ 'ના જયઘોષ સાથે તે વાયુલોકમાંથી ચાલ્યો. આ વખતે દેવતાઓએ આકાશમાંથી પુષ્પવૃષ્ટિ કરી અને દિવ્ય વાજીંત્રો ઘણાઘણાટ ગાજી રહ્યાં. પવન પણ અનુકૂળ વાહતો હતો. એવામાં જે જે દેવતાઓ વિદ્યુત્ધ્વજની બીહીકથી આડાઅવળા સંતાઈ ગયા હતા, તેઓ પણ મુક્તાફળકેતુના સૈન્યમાં દાખલ થઈ ગયા. તેને લીધે સૈન્યસાગર વિશાળ

જણાતો હતો. મુક્તાફળકેતુ, મોટી સેના સાથે જતાં જતાં પણ રસ્તામાં મેઘવ[illegible]ન નામનું
પાર્વતીનું એક મોટું મંદિર આવ્યું ત્યાં ઉતરી પડી દેવીને પગે લાગ્યો. પ્રથમ તો [illegible] ને હાથી
ઉપરથી નીચે ઉતરી પડચો અને પછી દિવ્ય પુષ્પો મંગાવીને પાર્વતીની પૂજા કીધી [illegible] અને
તે પછી જાતે આગળ વધ્યો.

એ સમયમાં ગંધર્વરાજા પદ્મશેખરની તરુણ રાજકુંવરી પદ્માવતી, પોતાના ભવિષ્યના
પતિ, જે રણભૂમિ ઉપર યુદ્ધ કરવા ગયા હતા તેનું શ્રેય વાંછવા માટે અને પોતાના
પિતા રણસંગ્રામમાં ગયા છે તેમનો વિજય વાંછવા માટે, પોતાની માતાની આજ્ઞા લઈ [illegible], તપ
કરવાને નિકળી હતી. તે પોતાની સખીઓ સાથે વિમાનમાં બેસીને આ જ ક્ષણે ચંદ્રલોકમાંથી*
પાર્વતીના મંદિરમાં આવી પહોંચી. અહીંયાં માર્ગમાં સખીએ પદ્માવતીને પૂછ્યું, "બ્હેન બ[illegible]! હું તો
જાણતી નથી કે, તમોએ કીયો પતિ પસંદ કર્યો છે ને કોણ રણમાં જઈને લડે [illegible], કે તેના
કલ્યાણ માટે તમો તપ કરવા જાઓ છો! તમારા પિતાના રક્ષણ માટે તો તમારી માતા
તપ કરે છે અને તમો તો હજી કેવળ બાળક છો, ત્યારે કોની રક્ષા માટે તપ કરવાની ઇચ્છા રાખો
છો?" તે સાંભળીને પદ્માવતી બોલી, "બહેનરે! આ જગત્ ઉપર કન્યાઓનું [illegible] સર્વસિદ્ધિકારક
દૈવત પિતા જ છે; તેમ જ તેં જે મારા પતિ વિશે કહ્યું તો સાંભળ: હું તને [illegible] એક ગુપ્ત વાત
કહું છું તે મારે માટે તો અસાધારણ ગુણશાળી પતિ નિર્માણ થઈ ચૂકયો છે [illegible] અને તે પોતે
વિદ્યાધરના રાજકુમાર મુક્તાફળકેતુ છે. તેને શંકરે વરદાન આપ્યું છે કે, તે વિદ્યુદ્ધ્વજનો
નાશ કરશે ને પદ્માવતીને પરણશે. આ વાર્તા મારી માતાના પૂછવા ઉપરથી મારા પિતાએ
કહી હતી અને તેના કહેવાથી મેં જાણી છે. હવે આ યુદ્ધમાં મારા સ્વામિનાથ ગયા હશે અથવા
તો જશે, તેથી હું મારા પિતા અને પતિ બન્નેના વિજય માટે, ભગવતી ગૌરીની આરાધના
કરવાની ઇચ્છા રાખું છું; કારણ કે તપ કરવાથી વિઘ્ન વિનાશ પામે છે ને જય મળેછે."

જ્યારે આ પ્રમાણે તે રાજકન્યાએ કહ્યું ત્યારે તેની સખી બોલી,—"એમ કે! તું તો
ભવિષ્યના કલ્યાણ માટે પણ યોગ્ય ઉપાય કરે છે. સખિ! હું તને ધન્યવાદ આપું છું અને
આશીર્વાદ દઉં છું કે, તારી મનઃકામના પૂર્ણ થાઓ!" આ પ્રમાણે વાર્તા કરતાં કરતાં તે બંનો
ગૌરીના મંદિરની પડોસમાં આવેલા એક મોટા તળાવ ઉપર આવી પહોંચ્યાં. તે તળાવ કન્યા-
ઓના તેજસ્વી મુખકમળની કાંતિથી જાણે છવાઈ રહ્યું હોય, એમ તેજદાર ઉઘડેલાં સોનાનાં
કમળોથી ઢંકાઈ ગયું હતું. તેની શોભા અલૌકિક થઈ રહી હતી. ત્યાં જતાંવાર જ ગંધ-
ર્વરાજકન્યા પદ્માવતી નીચે ઉતરી પડી અને તળાવના તટ ઉપરથી કમળો વીણી અંબીકાના
પૂજન માટે એક ઠેકાણે ઢગલો કર્યો. પણ જેવી તે તળાવમાં સ્નાન કરવા માટે ઉતરે છે
તેવી જ, બે રાક્ષસીએ આકાશમાંથી ઉતરી આવીને તેને અને તેની સખીને ઉંચકી લીધી.

દેવ અને અસુરનું દારુણ યુદ્ધ ચાલતું હતું અને હજારો લડવૈયાઓના શરીરમાંથી
લોહીની નિકો વહેતી હતી. તેનું પાન કરવા માટે અને મુડદાનાં માંસ ખાવા માટે હજારો

* સંસ્કૃતમાં ઇંદ્રલોક-ચંદ્રલોક છે, પણ અંગ્રેજીમાં ઇંદ્રલોક છે.



રાક્ષસો તથા રાક્ષસીઓ આકાશમાર્ગે ઉતાવળાં ઉતાવળાં જતાં હતાં. તે રાક્ષસોમાંની આ બે રાક્ષસીઓ હતી. તેમનું મોઢું મોટી મોટી ડાઢોથી વિકરાળ જણાતું હતું, મુખમાંથી નિકળતી જ્વાળાવડે તેમના કેશ પિંગળા થઈ ગયા હતા, તેમનાં સ્તનો પેટ સુધી લાંબાં થઇને ઝુલી ગયાં હતાં અને શરીર ધુમાડા જેવું કાળું મેંસ જેવું હતું. આ રાક્ષસીઓ તળાવને માર્ગે થઈને જતી હતી. તેમણે પદ્માવતીને તળાવમાં સ્નાન કરતી જોઈ કે, તુરત આકાશમાંથી નીચે ઉતરી પડી અને તે કન્યાને ઉપાડીને આકાશમાં ઉડી ગઈ!

પણ પદ્માવતીના વિમાનનો અધિષ્ઠાતા દેવ, તે રાક્ષસી પાછળ પડયો. તેણે તેઓને પકડી પાડીને 'ધાજો, ધાજો!' એમ બુમ મારવા લાગ્યો. તેની બીજી સખીઓ પણ છાતીફાટ રડવા લાગી. એ જ સમયમાં મુક્તાફળકેતુ, પાર્વતીનું પૂજન સમાપ્ત કરીને બહાર નિકળ્યો; અને તેણે સ્ત્રીઓનો કરુણ સ્વર સાંભળ્યો, એટલે તે ઝડપથી તે દિશા તરફ ચાલ્યો. જ્યારે તે છેક તેની પાસે ગયો તો જણાયું કે, ત્રણકાળના મેઘમંડળમાં ઝબકારા કરતી વિજળી ચમકે ને જેમ શોભે, તેમ તેજસ્વી પદ્માવતી, બે રાક્ષસીઓની વચમાં શોભતી હતી. તુરત જ તે મહાવીર રાજાએ, એક એક તમાચાના મારથી બન્ને રાક્ષસીઓને જમીન ઉપર ફેંકી દીધી અને તેના હાથમાંથી પદ્માવતીને મુક્ત કરી. તે ગંધર્વ કન્યાના ઉદર ઉપર ત્રિવલિની લહરીઓ, સુંદર અને મોહક શોભી રહી હતી; નાભી ઉંડી ને ગોળબિંબ હતી; કટીનો ભાગ પાતળો અને તેની નીચેનો ભાગ ભરાઉં હતો; સાથળ કેળસ્થંભ જેવી ગૌર અને રમણીય લાગતી હતી. બ્રહ્માએ સ્વર્ગસુંદરીઓને બનાવ્યા પછી જે કુશળતા મેળવી હતી, તે સઘળી કુશળતા આ તન્વંગીને ઘડવામાં વાપરી હોય તેવી, જાણે લાવણ્યરસની તે એક નદી હોય એવી પદ્માવતી શોભતી હતી. જો કે મુક્તાફળકેતુ ઘણો જ ધીર અને શાંત હતો, તોપણ પદ્માવતીને જોઇને તેની ઇંદ્રિયો વિકૃત થઈ ગઈ. તેનું અંગ કંપવા લાગ્યું, તેનું શરીર રોમાંચિત થઈ ગયું અને તે ચિત્રની માફક જડ બની ગયો.

રાક્ષસીનો ભય ટળ્યા પછી પદ્માવતીએ પણ એક ક્ષણમાં શાંતતા મેળવી અને મુક્તાફળકેતુ તરફ તે ટગરટગર—એકી ટસે જોઈ રહી. મુક્તાફળકેતુ જગત માત્રનાં નેત્રને ઠારે તેવો લાવણ્યસંપન્ન હતો. તે ગમે તેવી સ્ત્રીના મનને મોહ પમાડે તેવો હતો તો પદ્માવતીનું કોણ ગજું? તે સ્ત્રીઓને તો તરત મોહમાં ફસાવતો. તે એવો હતો કે, જાણે બ્રહ્માએ, ઇન્દ્ર તથા કામને એક કરીને મુક્તાફળકેતુને ઘડયો હોય—તેવો એ ફુટડો કામણગારો જણાતો હતો. તેને જોઈને પદ્માવતી શરમની મારી નીચું જોઈ રહી અને પછી બોલી; "અલિ સખિરી! આ પુરુષે મારું સંરક્ષણ કર્યું છે, તો હું કહું છું કે, એમનું કલ્યાણ થાઓ! પણ પરાયા પુરુષપાસે પદ્મિનીએ પરિચયવગર ઉભા રહેવું, એ યોગ્ય નથી; હું આ પરપુરુષની પાસેથી દૂર જાઉં છું, માટે તે મને ક્ષમા કરે!"

આ સાંભળીને મુક્તાફળકેતુએ તેની સખીને પૂછ્યું; "અયી એ સુંદરાંગીની સુંદર અંગવાળી સખિ! આ કન્યા શું કહે છે?" એ સાંભળી રાજકન્યાની સખી બોલી:—

“ રાજ ! અમારી સખી, તમો જીવતદાન આપનારને, આશીર્વાદ આપતાં મને કહે છે કે, આપણે આ પરપુરુષ પાસેથી ચાલો દૂર જઇએ ! ” તે સાંભળી મુક્તાફળકેતુ સંભ્રમથી બોલ્યો,– “ આ કન્યા કોની છે અને તેનો સંબંધ કીયા ભાગ્યશાળી પુરુષની સાથે કર્યો છે, તે મને કહે. ” ત્યારે તેની સખી બોલી,–“ હે સુભાગ્ય ! અમારી સખીનું નામ પદ્માવતી છે; એના પિતાનું નામ પદ્મશેખર છે અને તે ગંધર્વનો રાજા છે. આ કન્યાને માટે શંકરે કહ્યું છે કે, તે મુક્તાફળકેતુની સાથે પરણશે. એ મુક્તાફળકેતુ વિદ્યાધરેશ ચંદ્રકેતુનો પુત્ર છે અને તે ઈન્દ્રને રણસંગ્રામ ઉપર સહાય કરી, વિદ્યુત્ધ્વજનો નાશ કરશે અને જગતમાં પ્રિય થઈ પડશે. હમણાં આ અમારી સખી રણભૂમિ ઉપર પોતાના પિતાનું અને પતિનું કલ્યાણ થાય, એવા હેતુથી દેવી પાર્વતીના મંદિરમાં તપ કરવા માટે આવી છે ! ” આ વાર્તા સાંભળીને મુક્તાફળકેતુના પરિજને પદ્માવતીને પીછાણી અને કહ્યું કે,–“ જયજય રાણીજી ! બહુ સારું થયું! બહુ સારું થયું કે તમારો સમાગમ થયો. આ મહારાજ પોતે જ મુક્તાફળકેતુ છે. તમારા ભવિષ્યના પ્રાણનાથ છે ! ” આમ બોલીને પદ્માવતીને પ્રસન્ન કરી દીધી. આ વખતે રાજકુમાર ને રાજકુમારી બન્ને જણાં અને તેમના પરિજનો ઘણા જ હર્ષમાં આવી ગયાં હતાં. એટલે સૂધી કે જે હર્ષ તેઓના અંતઃકરણમાં સમાયો સમાતો નહતો. બન્ને સ્ત્રી પુરુષ પોતપોતાનાં નેત્રને અર્દ્ધ વાંકાં કરીને પરસ્પર નિહાળતાં ઉભાં રહ્યાં. એવામાં એકદમ તુરીનો અવાજ બન્ને જણાને કાને પડયો. તુરત એક રથ જોવામાં આવ્યો. તે રથની સાથે વાયુ અને ચંદ્રકેતુનો સારથિ બન્ને જણા હતા. વાયુ ને પ્રતિહાર બન્ને જણા વાહન ઉપરથી નીચે ઉતરી, વિનયથી મુક્તાફળકેતુની સમીપમાં આવી ઉભા. પછી પ્રણામ કરીને વિનતિ કરવા લાગ્યા,–“ મહારાજ ! આપને ઇંદ્ર મહારાજ અને આપના પિતાજી, રણભૂમિ ઉપર બોલાવે છે, માટે આપ આ રથમાં બેસીને પધારો ! ” મુક્તાફળકેતુ, જો કે પદ્માવતીના અનુપમ પ્રેમપાશમાં બંધાઈ ગયો હતો, છતાં કીર્તિકારી કાર્યને લીધે ત્યાં થોભ્યો નહીં; પણ પદ્માવતીન મુખ તરફ એકવાર પ્રેમદૃષ્ટિ કરીને, તે બન્ને જણાની સાથે રથ ઉપર ચઢી બેઠો અને ઇંદ્રે મોકલાવેલું દિવ્ય કવચ શરીર ઉપર ધારણ કરી લીધું ! કે તુરત રથ સડસડાટ ચાલવા લાગ્યો. તે આ વેળાએ રથમાંથી મુખ બહાર કાઢીને વારંવાર પદ્માવતીની તરફ જોયા કરતો હતો. તેના નેત્રમાં પદ્માવતી રમી રહી હતી. તેના હૃદયમાં પદ્માવતીએ પ્રવેશ કીધો હતો; અને તે પોતે જ પદ્માવતીમય બની ગયો હતો. પદ્માવતી પણ, જેણે એક તમાચાના મારથી બે રાક્ષસીના પ્રાણ હરણ કર્યા હતા એવા મુક્તાફળકેતુની તરફ ટીકીટીકીને જોતી હતી. જ્યારે રથ ઘણો જ દૂર નિકળી ગયો ત્યારે રાજા પાછો ફરીને બેઠો અને પદ્માવતી તળાવમાં સ્નાન કરવા ગઈ. પાર્વતી અને શંકરનું પૂજન કર્યા પછી તેણી તે જ દિવસથી તે જ ક્ષેત્રમાં પિતા અને પતિના કલ્યાણ માટે તપ કરવા લાગી. પોતાના પ્રાણજીવનનું તે અહોકાળ મનન કરવા લાગી.

ક્ષણવારમાં મહાવીર મુક્તાફળકેતુ પણ વિજય કરાવનાર, મંગળકારક પદ્માવતીનાં મુખદર્શનનું સ્મરણ કરતો કરતો, દેવાસુર યુદ્ધમાં જઈ પહોંચ્યો. તુરત જ, મોટા મોટા અસુરો



વજ્ર કવચાદિક ધારણ કરીને તૈયાર થયેલા હતા. તેઓ, સેનાસહિત નવા યોધાને આવ્યો જોઈ એકદમ તેના ઉપર તૂટી પડ્યા અને તેના ઉપર બાણોનો વરસાદ વરસાવવા લાગ્યા. પરંતુ મુક્તાફળકેતુ મહાશૂરવીર હતો. તેણે ધનુષનો ટંકારવ કરી જોતજોતામાં જ, અનેક યોધાઓનાં મસ્તક હવામાં ઉડાવી દઈ, તેનું દિશારૂપી દેવીઓને બળિદાન આપવા માંડયું ! આવી રીતે હજારો અસુરોનાં માથાંઓ મુક્તાફળકેતુ કાપી નાંખે છે આમ જ્યારે વિદ્યુત્ધ્વજે જોયું, ત્યારે તે લાલચોળ થઇને મુક્તાફળકેતુની સામો લડવા માટે દોડી આવ્યો.

તરત જ મુક્તાફળકેતુએ તેના ઉપર તીવ્ર બાણો માર્યાં. તેનું અપૂર્વ પરાક્રમ નિહાળી દૈત્યનું ચારે તરફ ફરતું આખું સૈન્ય તેના ઉપર એક સામટું તૂટી પડયું. તે જોઈ ઇંદ્ર, સિદ્ધ, ગંધર્વ, વિદ્યાધર અને દેવતાઓને સાથે લઈને પોતે યાહોમ કરી અસુરની સેના ઉપર તૂટી પડયો. આ વેળાએ મહાભયંકર યુદ્ધ ચાલ્યું. બાણે બાણ, પ્રાસે પ્રાસ, તોમરે તોમર અને પટ્ટિશે પટ્ટિશનો મારો સામસામો ચાલવા લાગ્યો. રણભૂમિના મેદાનમાં અસંખ્ય યોધાઓનાં ધડો રઝળવા લાગ્યાં. થોડીવારમાં તો લોહીની નદીઓ વહેવા માંડી. તેમાં હાથી ને ઘોડાના શરીરરૂપી મગરમચ્છો તરવા લાગ્યા; હાથીનાં કુંભસ્થળમાંથી પડતાં મોતીઓ, રેતીને ઠેકાણે જણાવા લાગ્યાં અને વૈરિગણનાં મસ્તકો, પથરાઓની ગરજ સારવા લાગ્યાં. ભૂતો તથા પ્રેતો, માંસના ભોજનની જગ્યાએ અને મદ્યની જગ્યાએ, રુધિરનું પાન કરીને, ધડની સાથે નૃત્ય કરી આનંદ કલ્લોલ કરવા મંડી પડયાં. મહાસાગરમાં ઉત્પન્ન થતા ચંચળ તરંગો ક્ષણમાં એક તરફ જણાતા ને ક્ષણમાં બીજી તરફ દેખાતા હતા. એક ક્ષણે દેવતાઓનો વિજય નજરે પડતો તો બીજે ક્ષણે દૈત્યનો વિજય નજરે પડતો હતો. આ પ્રમાણે ચોવીશ દહાડા સૂધી મહાદારુણ યુદ્ધ ચાલ્યું અને તે જોવા માટે બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ, વિમાનમાં બેસીને આવ્યા હતા.

પણ પચીસમે દિવસે જ્યારે બન્ને સેનાના અસંખ્ય યોધાઓ મરણ પામ્યા અને બાકી રહેલા સુભટો પણ મરી પરવાર્યા, ત્યારે મુખ્ય મુખ્ય સુભટો વચ્ચે દ્વંદ્વ યુદ્ધ શરુ થયું. બંનો મહા સુભટનું યુદ્ધ શરુ થયું. મુક્તાફળકેતુ રથમાં બેસીને આવ્યો અને વિદ્યુત્ધ્વજ હાથીપર બેસીને આવ્યો. તે બે વચ્ચે યુદ્ધ ચાલ્યું. વિદ્યુત્ધ્વજે અંધકારાસ્ત્ર મૂકયું. તેનો નાશ કરવા માટે મુક્તાફળકેતુએ સૂર્યાસ્ત્ર મૂકી અંધારાને હાંકી કહાડયું–શસ્ત્ર મારીને કાપી નાંખ્યું. વિદ્યુત્ધ્વજે શિશિરાસ્ત્ર મૂક્યું એટલે મુક્તાફળકેતુએ ગ્રીષ્માસ્ત્ર મારીને તેનો નાશ કર્યો. વિદ્યુત્ધ્વજે શૈલાસ્ત્ર માર્યું કે મુક્તાફળકેતુએ વજ્ર મારીને તેના કટકે કટકા કરી નાંખ્યા. વળી વિદ્યુત્ધ્વજે નાગાસ્ત્ર માર્યું એટલે મુક્તાફળકેતુએ ગરુડાસ્ત્રથી તેના કટકા કરી નાંખ્યા. આમ અસુરરાજના સર્વ અસ્ત્રનો નાશ કર્યાં પછી મુક્તાફળકેતુએ એક બાણે તેના હાથીના માવતને માર્યો અને બીજા બાણથી તેના હાથીને મારી નાંખ્યો. આવી રીતે એક એક બાણથી તેના વાહન વગેરેનો નાશ કર્યો, એટલે અસુરરાજ એક રથમાં બેસીને લડવાને આવ્યો. વળી મુક્તાફળકેતુએ સચોટ બાણો મારીને તેના રથના અને ઘોડાના ચુરેચુરા કરી નાંખ્યા. એ વખતે વિદ્યુત્ધ્વજ પોતાની સેના સહિત, માયા કરી અદૃશ્ય થઇને ઉડી ગયો અને દેવસેના ઉપર જૂદાં જૂદાં અસ્ત્રો તથા પત્થરોને

વરસાદ વર્ષાવવા માંડ્યો; ત્યારે મુક્તાફળકેતુએ બાણનું મંડળ આકાશમાં છાઈ દીધું. વિદ્યુત્ધ્વજે તે ઉપર અંગારા વર્ષાવી તેને બાળી નાખ્યું. એટલે મુક્તાફળકેતુએ મંત્ર ભણી બ્રહ્માસ્ત્ર ચઢાવ્યું અને વિદ્યુત્ધ્વજ તથા તેની સેના ઉપર મૂક્યું. તે અસ્ત્રે વિદ્યુત્ધ્વજ તથા તેની સેનાને બાળીને ભસ્મ કરી મૂકી અને તે મહાસુર તથા તેની સેના જમીન ઉપર ઉપરાચાપરી આવીને પડી. વિદ્યુત્ધ્વજના પુત્રો તથા વજ્રદંષ્ટ્ર વગેરે આ બ્રહ્માસ્ત્રમાંથી બચ્યા. તે નાસીને રસાતળમાં પેસી ગયા.

આ પ્રમાણે મુક્તાફળકેતુનો વિજય થયો, એટલે દેવતાઓ "જય ! જય!" એમ વારંવાર વિજય શબ્દ પોકારવા લાગ્યા. તેઓ હર્ષધ્વનિ કરવા લાગ્યા કે, 'બહુ જ સારું કીધું!' બહુ જ સારું કીધું,' આમ બોલતાં બોલતાં પુષ્પની વૃષ્ટિ કરીને તેને વધાવવા લાગ્યા. શત્રુનો નાશ કીધા પછી ઇંદ્રે અમરાવતીમાં પ્રવેશ કીધો. તે પોતાના સિંહાસન ઉપર બિરાજ્યો અને ત્રણ ભુવનમાં મહોત્સવ વર્તાવ્યો. પ્રજાપતિ, શચિને અગાડી કરીને ઇંદ્ર પાસે આવ્યા અને પોતે મુક્તાફળકેતુને માથે મુકુટ પહેરાવ્યો; અને ઇંદ્રે, રાજ્ય પાછું લઇ આપનારા તે રાજકુમારને પોતાના કંઠમાંની અમુલ્યમાળા કાઢીને પહેરાવી. આ વખતે મુક્તાફળકેતુ સાક્ષાત્ વિજયશ્રીથી અલંકૃત બની શોભતો હતો. દેવતાઓએ આનંદમાં આવીને તેને ઘણા ઘણા આશીર્વાદ આપ્યા અને ઇંદ્રે પોતાના અર્ધા રાજ્યાસન ઉપર તેને બેસાડ્યો. પછી ઇંદ્રે પોતાના એક પ્રતિહારને વિદ્યુત્ધ્વજના નગરમાં બંદોબસ્ત કરવા માટે મોકલ્યો અને ધાર્યું કે, વખત આવતાં તે નગર મુક્તાફળકેતુને ભેટમાં આપીશ. પણ તુરત તો તેણે મુક્તાફળકેતુને પોતાના નગરના ઉપરી તરીકે પોતાની પાસે રાખ્યો.

હવે પદ્મશેખર રાજાને પોતાની કન્યા પદ્માવતીના મુક્તાફળકેતુની સાથે લગ્ન કરવાનાં હતાં, એટલે તેણે સાભિપ્રાય બ્રહ્માના મુખ તરફ નજર કરી. બ્રહ્મા તેના મનનો અભિપ્રાય સમજીને બોલ્યા,–"હજુ કંઇક કામ બાકી છે, માટે તું થોડો વખત સબૂર કર." આ પ્રમાણે વાત થઇ રહ્યા પછી, ઇંદ્રના વિજયોત્સવ નિમિત્તે એક મોટી સભા ભરાઈ. તેમાં હજારો દેવો, ગંધર્વો, વિદ્યાધરો આવ્યા. સભા ચીકાર ભરાયા પછી હાહા અને હૂહૂ નામના બે મહા સમર્થ સંગીતાચાર્ય, જે સંગીત શાસ્ત્રના મુખ્ય રચનારા છે તે આવ્યા. તેણે ગંભીર સ્વરથી સંગીત કરવા માંડ્યું! રંભાદિ અપ્સરાઓ તેના સા–રિ–ગ–મ પ્રમાણે નૃત્ય કરવા લાગી. તેના ગાનતાનમાં સભા ગુલતાન થઇ ગઈ. છેવટે અત્તરગુલાબપાન દઈ–લઈ વિજયોત્સવ પૂર્ણ કર્યો. બ્રહ્મા પોતાના લોકમાં વિદાય થઈ ગયા. પછી ઇંદ્રરાજાએ સઘળા લોકપાળોને સન્માન આપીને પોતપોતાના સ્થાન ઉપર જવાની આજ્ઞા આપી; ગંધર્વરાજા પદ્મશેખરને પુષ્કળ માન આપીને વિદાય કીધા અને છેલ્લે મુક્તાફળકેતુ તથા ચંદ્રકેતુનો રુડી રીતે સત્કાર કરી તેઓને પણ વિદ્યાધરનગરમાં વિદાય કર્યા.

આવી રીતે મુક્તાફળકેતુ, જગતમાં કંટક જેવા દુઃખકારક વિદ્યુત્ધ્વજનો નાશ કરી, તે વિદ્યાધર રાજકુંવર પોતાના પિતાની સાથે પોતાની રાજ્યધાનીમાં પાછો આવ્યો. રાજકુમાર



વિજય મેળવીને ઘણે દિવસે પોતાના પિતાની સાથે રાજધાનીમાં આવતો હતો, તેથી પ્રજાએ નગરમાં ઘેર ઘેર તોરણો બાંધ્યાં, રસ્તા ઉપર ધ્વજાઓ ચઢાવી દીધી, પાણીના છંટકાવ કરાવ્યા અને સર્વસ્થળે મંગળ ચિહ્નો દર્શાવ્યાં. આ રીતે શણગારેલા નગરમાં પિતા ને પુત્ર બન્ને જણે હર્ષ સહિત પ્રવેશ કીધો. પછી ચંદ્રકેતુ રાજાએ, નગરમાં મહોત્સવ કરી, મેઘ જેમ જળ વર્ષાવીને મનુષ્યને પ્રસન્ન કરે છે, તેમ તેણે ધન આપીને પોતાના કુટુંબીઓને તથા નોકરચાકરને પ્રસન્ન કર્યાં.

મુક્તાફળકેતુએ, વિદ્યુત્ધ્વજનો નાશ કરીને કીર્તિ મેળવી હતી, તોપણ પદ્માવતી વગર તેને પોતાના વિલાસવૈભવમાં આનંદ મળતો ન હોતો. પદ્માવતીના વિરહથી તે અત્યંત દુઃખી થવા લાગ્યો. તેને માત્ર એટલો જ આરામ હતો, કે તેનો સંયત નામનો એક મિત્ર, શંકરની આજ્ઞા સંબંધી તેની આગળ વાત કરી, તેના મનને રાજી રાખતો હતો; અને તેને જ લીધે મુક્તાફળકેતુ પણ જેમ તેમ કરીને દુઃખમાં દિવસ ગાળતો હતો.

## તરંગ ૪ થો.

## પદ્માવતી અને મુક્તાફળકેતુની કથા.

આ સમયમાં ગંધર્વનો રાજા પદ્મશેખર આનંદ પામતો પોતાની રાજધાનીમાં પધાર્યો. તેણે પરમ હુલ્લાસ સાથે વિજય મહોત્સવ કીધો; અને રાણીના હસતા મુખપંકજનું પાન કરી સંતોષ મેળવ્યો. પછી તેણે પોતાની રાણીને પૂછ્યું,–'પદ્માવતી કયાં છે?' ત્યારે રાણીએ જણાવ્યું કે,–"પ્રાણનાથ! તમારો યુદ્ધમાં વિજય થાય, એવા હેતુથી તે તપ કરવા માટે વનમાં ગઈ છે–તે તપ કરે છે!" એ વર્તમાન સાંભળીને રાજાના મનમાં અથાગ આનંદ પ્રાપ્ત થયો. પછી તેણે માણસો મોકલી પદ્માવતીને તેડાવી. તુરત જ તે આવી; અને પિતાને પ્રણામ કરી ઉભી રહી. પદ્મશેખરે તેનું તપવડે કલેશથી દુર્બળ થયેલું શરીર જોઈ, તેને આશીર્વાદ આપ્યો અને પોતાના ખોળામાં બેસાડીને કહ્યું,–"પ્યારી પુત્રી! તેં મારે માટે તપ કરીને શરીરને બહુ જ ગાળી નાંખ્યું છે, તે માટે હું ઘણો દિલગીર છું. પૂર્વે તારા જન્મ સમયે શંકરે કહ્યું હતું કે, જે વીર, વિદ્યુદ્ધ્વજનો નાશ કરશે, તેની સાથે તારાં લગ્ન થશે. હવે મુક્તાફળકેતુએ અસુરનો નાશ કરી વિજય મેળવ્યો છે, તે માટે જગતનું પાલન કરનારા તે વિજયી રાજકુમારની સાથે મેં તારો સંબંધ જોડ્યો છે. થોડા સમયમાં તારાં લગ્ન કરીશું ને તું આનંદથી તેને પરણજે."

આ સાંભળીને પદ્માવતી લજ્જાવશ થઈ નીચું મુખ કરી ગઈ, પણ હૈયામાં બહુ હરખાવા લાગી. પછી રાણી કુવલયાવળી બોલી,–" નાથ! તમે કહો છો તે તો ખરું, પરંતુ તે રાજ-

કુમારે ત્રણુલોકને જિતીને વશ કરેલા એવા ભયંકર અસુરનો કેવી રીતે નાશ કરીને ત્રણ લોકને અભયદાન આપ્યું, તે વૃત્તાંત મને જરા વિસ્તારથી કહો." જ્યારે રાજાએ રાણીનું આવું બોલવું સાંભળ્યું, ત્યારે તેણે રાણી આગળ જમાઇરાજનું પરાક્રમ તથા અસુરની સાથે થયેલું દેવદાનવનું ઘોર યુદ્ધ, ઘણી છટાથી વર્ણવી બતાવ્યું! પછી પદ્માવતીની સખી મનોહારિકાએ મુક્તાફળકેતુએ બે રાક્ષસીને કેવા પ્રકારે યમસદનમાં મોકલી દીધી, તે વાત રાજારાણીને કહી સંભળાવી. તે ઉપરથી, પદ્માવતીને અને મુક્તાફળકેતુને પરસ્પર દર્શન થયાં છે અને તેઓ વચ્ચે સુઘડ પ્રેમ બંધાયો છે એવી વાર્તા જાણી, ગંધર્વરાજ તથા રાણી પરમ સંતોષ પામ્યાં; અને પરસ્પર કહેવા લાગ્યાં કે,–"અગસ્ત્યે સમુદ્રનું જેમ પાન કર્યું, તેમ જે વીરલાએ અસુરની સેનાનો નાશ કર્યો છે, તેના મ્હોડા આગળ બે રાક્ષસી તે શી ગણત્રીમાં!"

આવી રીતે રાજા અને રાણી તે રાજકુમારના પરાક્રમની પ્રશંસા કરતાં હતાં, તે સાંભળીને પદ્માવતીને રુવેરુવે કામ વ્યાપી ગયો. તે ઘડીથી તે કામપીડાથી અત્યંત પીડાવા લાગી.

ક્ષણેક માતાપિતાની પાસે ઉભા રહ્યા પછી રાજકુમારી જનાનાના રત્નભવનની ચંદ્રિકામાં* ગઈ. આ ભવ્યભવનમાંના રત્નજડિત મણિમય સ્તંભો ઉપર મોતીનો ચંદ્રવો બાંધ્યો હતો; મણિથી જડેલી ભૂમિ ઉપર સુખશય્યા પાથરી હતી; રત્નના ચવરંગો, રત્નનાં પાત્રો ને રત્નનો જ સર્વ શણગાર ત્યાં હતો. જે જે વસ્તુની આપણને કામના થાય, તે તે સર્વ દિવ્ય વૈભવો, વિચાર કરતાં જ ત્યાં હાજરાહજુર આવી ઉભા રહેતા હતા. એવા ભવ્ય ભવનમાં તે જઇને બેઠી, એટલે તો પતિવિરહ તેને વધારે પીડવા લાગ્યો. તે પોતે ગંભીર ગર્જના કરતા શોકસાગરમાં ડબકીયાં ખાવા લાગી. તેને રત્નભવનની અગાસીમાંથી પાછળની બારીમાં નજર કરતાં એક દિવ્ય બગીચો જણાયો. તેમાં સોનેરી તરુઓની સુઘટ્ટ ઘટા છવાઈ રહી હતી અને સુવર્ણ લતાઓ ડોલી રહી હતી. તે બગીચામાંની રત્ન જડેલી હજારો વાવોમાં લહરીઓ લેહકી રહી હતી. આ નવિન ઉદ્યાનને નિહાળતાં તે બાળાના મનમાં વિચાર આવ્યો કે, "આશ્ચર્ય! આશ્ચર્ય ! આ અમારી નગરી, અમારા જન્મસ્થાન ચંદ્રલોક કરતાં પણ વધારે સૌંદર્યમય છે; ચંદ્રલોકમાં પણ નગરની નિકટમાં આવું ઉપવન નથી. આ ઉદ્યાન નંદનવન કરતાં વધારે શોભાયમાન છે અને હિમાચળના મસ્તકના એક મણિસમાન શોભે છે. અહીંઆં કોઈ મનુષ્યની આવજાવ નથી. એ નિર્જન સ્થળ છે, તો ચાલ જીવ ! એ બગીચામાં જઇ ઝાડની શીતળ છાયા નીચે બેસીને જરા વિરહાગ્નિને શાંત પાડું ! "

આવો વિચાર કર્યા પછી તે એકલી ગુપચુપ મહેલ ઉપરથી નીચે ઉતરીને નગર બહારના ઉદ્યાન તરફ ચાલી. પરંતુ વિરહપીડાને લીધે તેની આંખે અંધારાં આવવા લાગ્યાં અને તે લાંબું ચાલી શકી નહીં. માટે તેણે પોતાની વિદ્યાશક્તિથી પક્ષીઓને બોલાવ્યાં ને તેના ઉપર સ્વાર થઇને ઉપવનમાં ગઈ. બગીચામાં ગયા પછી તે એક કદલીગૃહમાં, પુષ્પના

* અગાસી.



પાથરણાં પાથરી તે ઉપર બેઠી ને મધુર અને દિવ્ય સંગીતધ્વનિ શ્રવણ કરવા લાગી. પરંતુ તેને જરા પણ શાંતિ વળી નહીં, તેમ કામદાહ પણ ઠંડો પડ્યો નહીં. ઉલટું નવીનવી ઉદ્યાનની શોભા જોવાથી તે વિરહિણી વિરહથી વધારે પીડાવા લાગી અને કામાનળ તેને વધારે ને વધારે બાળવા લાગ્યો.

પછી તે કન્યાને પોતાના પતિની છબી જોવાની ઇચ્છા થવાથી તેણે વિદ્યાસિદ્ધિના પ્રતાપથી એક ચિત્ર કાઢવાનું પાટીયું તથા એક કલમ, એમ બે વસ્તુ મંગાવી ને ઘુટણ ઉપર પાટી રાખી હાથમાં કલમ લઈ ચિત્ર કાઢવા, મનમાં મૂર્તિનું સ્મરણ કર્યું. પણ તેટલામાં તો તે વિચારમાં પડી કે, બ્રહ્મા પણ મારા પ્યારા જેવા બીજાને ઉત્પન્ન કરવા સમર્થ નથી, ત્યારે ( આ વખતે હું અત્યંત કામાતુર છું તેને લીધે ) મારો હાથ કંપે છે તો હું તેની છબી કેમ આળખી શકીશ ? અસ્તુ. જેવી ચિતરાશે તેવી છબી ચિતરીશ અને મારા મનને રીઝવીશ. મારે બીજાને બતાવીને યશ થોડો જ મેળવવાનો છે. આવો વિચાર કરીને તે પ્રિયતમની છબી ચિતરવા લાગી. તે આ કામમાં મગ્ન થઈ છે, તેટલામાં તેની સખી મનોહારિકા, રાજમહેલમાં તેને શોધવા નિકળી, પણ કયાંઈ તે જોવામાં આવી નહીં. એટલે તે પણ વિહ્વળ બની ગઈ. તે આસપાસ શોધ કરતાં કરતાં જ્યાં પદ્માવતી બેઠી હતી તેજ કદલીગૃહમાં આવી ચઢી. તે પાછળથી આવીને જુવે છે તો પોતાની સખીને એક પાટીયા ઉપર કંઈક આળેખતી દીઠી! તેને વિચાર આવ્યો કે, આ એકલી એકલી અહીં બેસીને શું કરતી હશે ? ચાલ હવણાં તો તેની પાછળ ગુપચુપ છૂપાઈ રહીને, હું એની સર્વ ચેષ્ટા તપાસું. આવો વિચાર કરી મનોહારિકા તેની પાછળ છૂપાઈ રહીને સર્વ જોવા લાગી.

પછી પદ્માવતી, પાટી ઉપર આળેખવા માંડેલું ચિત્ર પૂરું કરી, તેના તરફ પોતાનાં મૃગનેણ નાંખી, કરુણાથી અશ્રુ પાડતાં બોલી, "નેત્રમણિ ! તમે દુર્જય શત્રુનો નાશ કરીને ઇંદ્રનું સંરક્ષણ કર્યું છે, તો હે નાથ ! તમે મારી સાથે વાતચિત કરીને મારું રક્ષણ કેમ કરતા નથી ? પણ હાય ! એમાં તમારો વાંક નથી, પણ મારા નસીબનો જ વાંક છે. જેઓનાં પૂર્વજન્મનાં સુકૃત્યો જ ઓછાં છે, તેઓ કેમ સુખ પામે ?

## ગીતિ.

અકર્મિ જનની પાસે, કલ્પદ્રુમ પણ બને કૃપણ નિત્ય,<br>
બુદ્ધદેવને સંગે, ધરે ક્રૂરતા, તજે વળી સત્ય;<br>
સુવર્ણ શિલા થાયે, ગંગોદક તે ખારૂં અગર લાગે,<br>
હતભાગી પ્રાણિને, ચર્ચ્યું બાળે ચંદન, અકર્મિ કમભાગ્યે !

" પ્રાણ ! તમે ખરેખર કામની પીડાથી અજાણ્યા છો; માટે મારી પીડાને જાણતા નથી. તમે કહેશો કે, મને કેમ કામની પીડા નડતી નથી ? તેનું ઉત્તર એ જ કે, તમને દૈત્યો પણ પહોંચી શક્યા નહીં, ત્યારે બીચારો સાધુરામ કામદેવ શું કરી શકે ? હું તમારી આગળ મારા દુર્દૈવની કેટલી વાતો કહું ? પિટ્યો અદેખો દૈવડો એવો તો વકર્યો છે કે, મારી આંખનો

અશ્રુઓથી ઢાંકીને તમારી છબીનાં પણ દર્શન કરવા દેતો નથી !" આ પ્રમાણે જે સમે રાજકન્યા ગદ્ગદિત કંઠે કેટલાંએક વચનો કહીને, તૂટેલા મોતીના હારમાંથી ગળતાં મોટાં મોટાં મોતી જેવડાં અશ્રુઓ પાડીને રડવા લાગી, તત્સમે, છૂપાઇને ઉભેલી મનોહારિકા પણ તેની આગળ આવીને ઉભી રહી. પદ્માવતી પોતાની છબીને ઢાંકીને બોલી: "અલિ સખિ ! મેં આટલી વાર તારી શોધ કરી, પરંતુ તું ક્યાંઈ જણાઈ નહીં, તું ક્યાં હતી ?" તે સાંભળીને મનોહારિકા હસતાં હસતાં બોલી,–"બહેન બા, હું તો કંઇવારની તમને શોધતી ફરતી હતી, પરંતુ તમારો જ પત્તો લાગ્યો નહીં, તેનું કેમ ? હશે. પણ તમે ચિત્રને શા માટે ઢાંકી દો છો ? મેં તે ચિત્રને જોયું છે અને સર્વ સાંભળ્યું પણ છે. હવે સુયાણી આગળ પેટ છૂપાડવામાં કંઇ માલ નથી." તે સાંભળી પદ્માવતી લજ્જાને લીધે નીચું મુખ કરી રહી. પછી સખીને આલિંગન આપીને રડી પડી અને તે ગદ્ગદિત કંઠે બોલી,–"બહેન ! તું તો સર્વ જાણે છે, તો તારી આગળ છૂપાવવા જેવું શું છે ? જ્યારે પાર્વતીના આશ્રમમાં આપણે ગયાં હતાં અને તળાવના કિનારા ઉપર સ્નાન કરવા ઉતરતાં હતાં અને જ્યારે બે રાક્ષસી મને ઉપાડી ગઈ તે વખતે જે રાજકુમારે રાક્ષસીઓનો નાશ કરીને મારો ઉદ્ધાર કર્યો છે, તે જ રાજકુમારે મને ધગધગતા કામાગ્નિમાં ધકેલી પાડી છે ! હાય ! હાય ! હવે મને કંઇ સૂઝતું નથી કે મારે શું કરવું અને ક્યાં જવું અને કોને કહેવું, અથવા કયો ઉપાય આદરવો. મારું મન જે વસ્તુને ચહાય છે તે વસ્તુ મળવી કંઈ સુલભ નથી."

રાજપુત્રીનું આ પ્રમાણેનું બોલવું સાંભળી મનોહારિકા બોલી,–"તારા મને આશ્રય તો યોગ્ય સ્થાનમાં કર્યો છે હોં. જેમ ચંદ્રમાની નવી કળા અને શંકરનો મુકૂટ એ બન્નેનો સંબંધ પ્રશંસાપાત્ર ગણાય છે, તેમ જ તમારા બેનો સંબંધ સ્તુતિપાત્ર ગણાશે અને એક બીજાને શોભા આપશે. પણ મારે કહેવાનું એ જ કે ધીરી પડ, કેમકે તે તારા વગર ક્યાંઈપણ ટકી શકશે નહીં. તળાવ ઉપર જતેં રાજકુમારના મુખ ઉપરથી તેને શું ઓળખ્યો નહોતો કે ? તો હવે તારે મનમાં જરાપણ શંકા રાખવી નહીં કે તે તને વરશે નહીં. સ્ત્રીઓ તારાં ગોરાં અને રમણીય અંગો નિહાળીને વારી જાય, પુરુષ થઈ તારી સાથે ક્રીડા કરવાની કામના રાખે છે એવી તું ઉત્તમ છે, તો પછી કયો પુરુષ તારાપર મોહિત ન થાય ? તારા સમાન કાંતિવાન્ તે પુરુષ, તને જ કબૂલ કરે તેમાં આશ્ચર્ય શું છે ? શંકરે કહ્યું છે કે, તારાં લગ્ન મુક્તાફળકેતુની સાથે જ થશે, તે અસત્ય થશે શું ? પણ પોતાને ગમતી વસ્તુ જ્યારે દૂર હોય, ત્યારે તેને માટે આતુર થયેલો કયો મનુષ્ય ધીરજ ધરી શકે છે ? ચાલ ખુશી થા. થોડા સમયમાં તારો પતિ ભેટશે. પણ તે પતિ મેળવવો એ કંઈ કઠિન વાત નથી. સઘળાં મનુષ્યો જાણે છે કે, તને મેળવવી એ બહુ કઠિન વાત છે."

જ્યારે રાજકન્યાએ સખીના મુખથી આ સુંદર વચન સાંભળ્યાં ત્યારે તે બોલી,–"સખિ ! હું ઘણુંએ જાણું છું, પરંતુ શું કરું, તેની મને કંઈ ગમ પડતી નથી. મારું મન પણ મારા પ્રાણેશ્વર વગર એક ક્ષણ રહી શકતું નથી. જાણે તે મનને જ હરી ગયા છે. તેમ મુવો કામ પણ મને બહુ સતાવે છે. કેમકે જ્યારે મને તેનું સ્મરણ થાય છે ત્યારે મારું મન તરત નિવૃત્ત થાય છે; પણ મારા અવયવો બળવા માંડે છે અને પ્રાણ શરીરમાંથી બહાર નિકળી જશે, એમ જણાય છે."



આ પ્રમાણે બોલતાં બોલતાં પુષ્પ જેવી કોમળાંગી તે કુંવરી મૂર્છા પામીને પોતાની સખીના ખોળામાં પડી ગઈ. આ જોતાં તો તેની સખીની આંખમાંથી ચોધારાં અશ્રુઓ પડવા લાગ્યાં. પછી તેણે પોતાની સખીના અંગ ઉપર શીતળ જળ સિંચ્યું અને કેળના પાંદડાંથી પવન નાંખવા માંડ્યો. રાજપુત્રીના હાથમાં કમળનાં કડાં પહેરાવ્યાં ને કોટમાં કમળમાળા ઘાલી; શરીરપર શીતળ ચંદનનો લેપ કર્યો; અને તેને કમળશય્યામાં સુવરાવી. આ પ્રમાણે ક્રમવાર અનેક ઉપાય કર્યા, પણ આ સર્વે ઉપાયો પ્રતિકૂળ થઈ તેના ધગધગતા અંગના આલિંગનથી બળીને જાણે તેને દુઃખે દુઃખ ધારણ કરતા હોય તેવા દેખાવા લાગ્યા, અર્થાત્ કમળનાં કડાં, હાર ને શય્યા વગેરે સઘળું સુકાઈ ગયું.

પછી જુસ્સામાં જ પદ્માવતી બોલી ઉઠી,–"બેનડી ! તું મારે માટે શા વાસ્તે શ્રમ લે છે ? તું આ વખતે તું જે કંઇ ઉપચાર કરીશ તે ઉલટા મને વધારે દાહ કરશે ! પણ તે ઉપચાર મારી વ્યથાને શાંત કરશે નહીં. તેને શાંત કરવાનો એક જ ઉપચાર છે, ને તે જ ઉપચારથી હું થોડીવારમાં શુદ્ધિમાં આવીશ." દુઃખાર્ત હૃદયી પદ્માવતીનું કહેવું સાંભળીને સખી બોલી,–"સખિ ! હું જાણું છું કે, મારા ઉપચારો નિષ્ફળ જાય છે, પણ કહે, તારે માટે હું શું કરું ? તું જે કહે તે કરવાને હું હાજરાહજુર છું."

ત્યારે રાજકન્યા જરા લજ્જાવશ થઇને બોલી,–"અલિ મનોહારિકા, સખિ! જ્યારે તું મારો રોગ દૂર કરવા માગે છે તો સાંભળ. તું અહીંથી સત્વર જા ને મારા પતિને તેડી લાવ. આમ કરવાથી મારા શરીરની શાંતિ થશે. તે શિવાય શાંતિ થનારી નથી. એમ કરવાથી મારો પિતા ગુસ્સે થશે નહીં, પણ ઉલટા, મારાં તેની સાથે લગ્ન કરીને મને તેને સ્વાધીન કરશે." આ પ્રમાણે પદ્માવતીનું કહેવું સાંભળીને મનોહારિકા બોલી: "જો એમ જ છે તો તું ટટાર થા. એ કામ કંઈ મોટું નથી. હું હવણાં તારા સસરા ચંદ્રકેતુ વિદ્યાધરના, સુંદર ને પ્રસિદ્ધ ચંદ્રપુરમાં જઈ, તારા પતિને તેડી લાવું છું. ચાલ હોશિયાર થા ! દિલગીરીનો ત્યાગ કર !"

આ પ્રમાણે રાજકન્યાને મનોહારિકાએ ધીરજ આપીને શાંત કરી, એટલે રાજકન્યા બોલી,–"સખિરિ ! ચાલ, ત્યારે હવે ઝટપટ ઉભી થા અને જલદી કર. ઇચ્છું છું કે, તારો પ્રવાસ નિર્વિઘ્ને પાર પડો ! જા અને ત્રણભુવનના તારણકર્તા ને મારા હૈયાના હારની પાસે જઇને પ્રણયપૂર્વક નીચે પ્રમાણે મારો સંદેશો કહે.

**( મરાઠી ચાલની સાખી. )**

ગૌરિમંદિરે રક્ષણ કીધું, દેતિતિ રાક્ષસી દારો;
સ્ત્રીહત્યારા કામદેવથી, આજે કાં ન ઉગારો?
સંકટ હરી અનુકૂળ કરીને, ત્યાગવી નથી ઉંચ કર્મ;
ત્રિભુવન તારક અસુર મારક, કહો એ શુદ્ધ શું ધર્મ?

"હે કલ્યાણિ! મારો આ પ્રમાણે સંદેશો કહેજે; અથવા જેમ તને યોગ્ય લાગે તેમ તેની આગળ જઇને તે પોતે મારો મર્મ સમજી જાય તેમ વાત કહેજે!" આમ કહીને પોતાની સખીને વિદાય કરી. પછી મનોહારિકાએ વિદ્યાના પ્રતાપથી એક વાહનને બોલાવ્યું. તુરત એક પક્ષી હાજર થયું કે, તે તેના ઉપર સ્વાર થઈ અને વિદ્યાધરના નગરમાં જવા માટે ઉડી. ઉપવનમાં બેઠેલી પદ્માવતી પણ પતિને મળવાની આશાથી, મનને સ્થિર કરી આળોખેલી છબી સાથે લઈ, પિતાના રાજમહેલમાં ગઈ. ત્યાંથી પોતાની દાસીઓને સાથે લઈ, પોતાના રહેવાના ઓરડામાં ગઈ. ત્યાં સ્નાન કરી, પૂર્ણ ભક્તિથી ગૌરીપતિ શંકરનું પૂજન કરવા બેઠી અને બે હાથ જોડીને વિનતિ કરવા લાગી; "હે ભોળા શંભુ! તમારી ઇચ્છા અને કૃપા વગર આ ત્રણલોકમાં કોઇપણ જનની નાની કે મોટી માગણી સિદ્ધિ પામતી નથી; તો હે દેવ! હું તમને વિનતિ કરું છું કે, તમે જો વિદ્યાધરના પુત્ર ચક્રવર્તી મુક્તાફળકેતુની સાથે મારાં લગ્ન કરાવશો નહીં, તો હું તમારી આ મૂર્તિ સમીપ મારો આ દેહ ત્યાગ કરીશ!"

આ પ્રમાણે પદ્માવતીએ શંકરની આગળ કરેલી વિનતિ સાંભળીને તેની સખીઓ સખેદાશ્ચર્ય પામતી તેના પ્રત્યે બોલી, "દેવિ! તમે આમ દેહ તજવાની શું વાત કરો છો? આ ત્રણ જગતમાં એવી કઈ વસ્તુ છે કે, જે તમને દુર્લભ છે? તમે જો બુદ્ધની આગળ જઇને તેની માંગણી કરો તો તે પણ તમને જોતાં જ સંયમ છોડી દે, તો બીજાના ભાર શા કે પોતાનું વ્રત સ્થિર રાખી શકે? અમે તો માનીએ છીએ કે, આ સંસારમાં તમે જેની માગણી કરો છો, તે જ એક પુરુષ ભાગ્યશાળી છે, બીજા તો બાપડા જ છે!" સખીઓનાં આ વચન સાંભળીને નીતિવશ રહેલી રાજકન્યા બોલી, "હું જે પુરુષની કામના કરું છું તે જ એક પુરુષનો દેવતાઓને અને ઇંદ્રને આધાર છે. સૂર્ય જેમ અંધારાનો નાશ કરે છે, તેમ તેના વગર અસુરની ઘોર સેનાનો કોઈપણ નાશ કરી શકે તેમ નથી. વળી જેણે મને પ્રાણદાન આપ્યું છે, તેની હું કેમ કામના કરું નહીં?" આ પ્રમાણે ઉત્કંઠાવાળી પદ્માવતી પોતાની આપ્ત સખીઓની સાથે વાતચિત કરતી કરતી ત્યાં જ બેસી રહી.

એવામાં તો તેની સખી મનોહારિકા, વિદ્યાધરના નગરમાં જઈ પહોંચી. વિશ્વકર્માએ પ્રથમ સ્વર્ગને બનાવ્યું, પરંતુ તે જોવાથી તેને સંતોષ મળ્યો નહીં, ત્યારે તેણે અદ્‌ભુત સંપત્તિવાળું આ નગર રચ્યું હતું. તે નગરમાં દાખલ થઇને મનોહારિકા ચારે તરફ નજર કરી મુક્તાફળકેતુને શોધવા લાગી. પરંતુ તેનો પત્તો લાગ્યો નહીં. ત્યાંથી તે પોતાના પક્ષીપર બેસીને નગર બહાર આવેલા એક ઉપવનમાં ગઈ. અહીં વિલાસ વૈભવની યોજના, સિદ્ધિઓએ એવી તો ઉત્તમ કીધી હતી કે, જે વિચારમાં જ આવી શકતી નથી! ચારે તરફ મણિમય વૃક્ષોની ઘટાઓ ઝળાંઝળાં કરી રહી હતી; એક જાતના વૃક્ષમાંથી અનેક જાતના પુષ્પોના ગુચ્છાઓ નજરે પડતા હતા; કોઈ ઠેકાણે દિવ્યાંગનાઓના મધુર સંગીતની સાથે મિશ્ર થયેલો પક્ષીઓનો કલરવ કાને પડતો હતો, કોઈ સ્થળે નૌતમ નારીઓના તાથના પડછંદા થઈ રહ્યા હતા અને વૃક્ષ ઘટાઓમાં રત્ન જડિત શિલાતળો-બેઠકો ચોમેર ગોઠવી દીધેલી જણાતી હતી.



આ સઘળી નવલ અને અદ્‌ભુત રચના જોઈ, મનોહારિકા ખુશી ખુશી થઈ ગઈ. એવામાં જૂદાં જૂદાં પક્ષીના સ્વરૂપમાં રહેલા માળીઓ તેને જોઇને તેની પાસે આવ્યા અને મંજુલ સ્વરે તેની પ્રશંસા કરી બોલ્યા,–'આમ બિરાજો, આમ." આમ કહીને પારિજાતક વૃક્ષનીચે આવેલી એક રત્નજડિત શિલા ઉપર તેને બેસાડી, નાના પ્રકારના ફળફુલ મેવા વગેરે તેની આગળ ધર્યાં તથા તેનો રુડી રીતે સત્કાર કર્યો. મનોહારિકા પણ તે માળીઓએ કરેલો સત્કાર સ્વીકારીને મનમાં વિચાર કરવા લાગી,–"અહો! વિદ્યાધરના રાજાઓની વિભૂતિ ખરેખર આશ્ચર્યજનક છે. કારણ કે તેઓના આ બાગમાં જ જે જે વસ્તુઓ ચિંતવીએ છીએ, તે તે મળી આવે છે તો નગરમાં કેમ હશે! અહીંયાં દેવાંગનાઓ મધુર કંઠે ગાયન ગાઈ રહી છે, પક્ષીઓ બગીચાની ચારે તરફથી રક્ષા કરી રહ્યાં છે; બેશક આ વૈભવ તો અનુપમ છે.' આ પ્રમાણે પોતાના મનની સાથે તે વિચાર કરીને તે બગીચાના રક્ષકોને પૂછેછે કે,–"અહીં મુક્તાફળકેતુ ક્યાં હશે?" એટલામાં તો પારિજાતક અને બીજા વૃક્ષની ઘટા નીચે તે આવી, તો ત્યાં ચંદનના પાણીમાં ભીંજવેલાં ફુલના બીછાના ઉપર મુક્તાફળકેતુ સુતેલો નજરે પડ્યો! મનોહારિકાએ તેને પૂર્વે પાર્વતીના આશ્રમમાં દીઠો હતો, એટલે તેને જોતાં જ ઓળખી કાઢ્યો. પછી તે વિચાર કરવા લાગી, "હું ગુપ્ત રહી, બેભાન અવસ્થામાં હમણાં તપાસું કે, એની માંદગીનું શું કારણ છે."

આમ વિચારીને તે વૃક્ષને ઓથે છૂપાઇને ઉભી રહી. એવામાં સંયતક, જે મુક્તાફળકેતુને બરફ, ચંદન અને પવનવડે શિશિર ઉપચારો કરતો હતો, તેને મુક્તાફળકેતુએ કહ્યું,–"મિત્ર! તું મને શીતળ ઉપચાર કરે છે. પરંતુ મને જણાય છે કે, કામદેવે બરફમાં અંગારાઓ નાંખ્યા છે; ચંદનમાં બોયાંનો અગ્નિ નાંખ્યો હોય તેમ લાગે છે અને પવનમાં દાવાનળ અગ્નિએ વાસ કર્યો હોય તેમ જણાય છે. આવી મને ખાતરી થાય છે, કારણકે તું જે જે શિશિર ઉપચારો કરે છે તે ઉલટા મને દુઃખી કરે છે. માટે ભાઈ! તું વૃથા શરીરને ક્લેશમાં શા માટે નાંખે છે? આ ઉદ્યાન નંદનવન કરતાં પણ વધારે રમણીય છે. અત્રે દેવાંગનાનાં નૃત્ય અને ગીતનો વિનોદ મળે છે, પણ જાણુશો ભાઈ કે મારું મન તો ઉલટું તેનાથી વધારે ખેદ પામે છે. પદ્મશેખરની કમળમુખી કન્યા પાર્વતીનાં દર્શન વગર મારો વિરહાનળ શાંત પડનારો નથી. હું આ વાર્તા બીજાની આગળ કહેવાને પણ ખુશી નથી, તેમ મને કોઈ તેનો મેળાપ કરાવે તેવો પણ જણાતો નથી. પરંતુ તેને મેળવવાનો એક જ ઉપાય છે. જે પ્રદેશમાં મારી પ્યારીએ કટાક્ષ બાણે મારા હૃદયને ઘાયલ કર્યું છે, તે જ ગૌરીના આશ્રમમાં જઈ, પાર્વતીની સાથે રહેલા શંકરનું તપ કરીને તેની આરાધના કરું, એટલે તે પ્રસન્ન થઈ તેની સાથે મારો કેમ મેળાપ થાય, તેવો ઉપાય બતાવશે." આવો વિચાર કરીને જ્યાં રાજકુમાર ઉભો થવાની ઇચ્છા કરે છે, એવામાં તો મનોહારિકા હસ્તી હસ્તી તેના મોઢા આગળ આવીને ઉભી રહી. ત્યારે સંયતક બોલ્યો, "વાહરે વાહ! ભાઈ સાહેબ! તમો તો મોટા ભાગ્યશાળી જણાઓ છો. જાણો કે તમારા મનના સર્વ મનોરથો પાર પડ્યા!

જુઓ તો ખરા, નજર તો કરો, તમારી પ્યારીની પાસે રહેનારી તેની સખી આવી છે! જ્યારે હું તમારી સાથે પાર્વતીના આશ્રમમાં આવ્યો હતો, ત્યારે મેં પદ્માવતીની સાથે આ સ્ત્રીને પણ જોઈ હતી, તેથી હું ખાત્રીથી કહી શકું છું કે, એ તેની સખી છે રે સખી, લાલ!" આ પ્રમાણે સંયતકે ઘણા જ હર્ષથી કહ્યું. તે સાંભળીને રાજકુમારે ઉભા થઇને પ્રાણપ્યારીની સખીના તરફ જોયું, તો આનંદથી ઉભરાતી આશ્ચર્ય અને વિસ્મયથી છવાયલા હસ્તા ચહેરાવાળી પોતાની પ્રાણપ્યારીની સખી દૃષ્ટિગોચર થઈ. તુરત તે પોતે પણ હર્ષમાં આવી ગયો. પછી મનોહારિકા નજીકમાં આવીને ઉભી રહી, કે રાજકુમારે તેનો આદર સત્કાર કરીને પોતાની નજીક બેસાડી અને પછી પૂછ્યું,–"કેમ બાઈ! તમારી સખીનું શરીર તો સારું છે ના ?"

ત્યારે તે આગંતુક સખીએ ઉત્તર આપ્યો,–"મારી સખીએ તમને કહાવ્યું છે કે, હું તમારા વિરહ દુઃખથી મુઝાવું છું, માટે તમે જ્યારે પધારશો ત્યારે મારું મન સારું થશે. જ્યારથી તેણે તમને જોયા છે અને તમોએ તેનું મનડું હરી લીધું છે, ત્યારથી તે ચિત્તભ્રમ થઈ ગઈ છે. તે નથી જોતી કે નથી, સાંભળતી, તે આહાર લેતી નથી, પણ ફક્ત કમળનો હાર (ધારણ) કરે છે, શય્યાપર સૂતી નથી પણ કામદાહને લીધે કમળપત્રપર આડી અવળી લોટયા કરે છે. આટલું તો ઠીક, પણ આગળ અમે જ્યારે તેની આગળ પતિની વાતો કરતાં ત્યારે તે શરમને લીધે પતિની વાર્તા સાંભળતી નહોતી, પરંતુ હત્રણાં તો તે તમારા વગર મરણતુલ્ય થઈ પડી છે. તેનું ધીકતું અંગ સગડી જેવું ધકધકે છે. તેના શરીરપર કરેલો ભીનો ચંદનનો લેપ ક્ષણમાત્રમાં સુકાઈ જાય છે અને તેથી તેનું આખું અંગ સફેદ રુની પુણી જેવા રંગનું થઈ ગયું છે. તેણે સમાચારમાં તમારા ઉપર જે કવિતા મોકલાવી છે તે સાંભળો." આમ કહીને ઉપરની કવિતા મનોહારિકાએ બોલી સંભળાવી.

જ્યારે મુક્તાફળકેતુએ ધ્યાનપૂર્વક તે કવિતા સાંભળી, ત્યારે તે પ્યારીપર પૂર્ણ પ્રેમાળ થઇને હર્ષથી મનોહારિકા પ્રત્યે બોલ્યો, "મનોહારિકા! તારાં અમૃત જેવાં મધુરાં વેણ શ્રવણ કરવાથી મારું ધીકતું અંગ ઠંડું પડયું છે; મનને શાંતિ મળી ધીરજ આવીછે; અને મારી દિલગીરીનો નાશ થયો છે. એ સર્વે હું મારા પૂર્વજન્મનું પુણ્ય જ ગણું છું–કે એક ગંધર્વરાજાની પુત્રીએ આ પ્રમાણે મારા ઉપર પ્રેમ કીધો છે અને પોતાનો અથાગ પ્રેમપ્રવાહ મારી તરફ વહેવડાવ્યો છે. પણ હું તો કદાચિત્ તેના વિરહની પીડાને સહન કરી શકું, પરંતુ સરસડી જેવા કોમળ અંગવાળી તે મારી અંગના, મારો વિરહ કેમ સહન કરી શકે છે? તેનાં અંગો તો ઘણાં જ કોમળ છે. હવણાં તું જા ને તેને કહે કે, હું પોતે પાર્વતીના આશ્રમમાં જાઉં છું અને તું પણ રાજપુત્રીને તે જ આશ્રમમાં લઈ આવ. અમારા બન્નેનો ત્યાં યોગ્ય રીતે સમાગમ થશે. હે કલ્યાણિ! તું તારી સખીની પાસે જઈ તેને ધીરજ આપજે; અને પછી સત્વર પાર્વતીના આશ્રમમાં તેને લઈને આવજે. અમે બન્ને જણાં જે પરસ્પર પ્રેમવશ થયાં છીયે, તે કંઈ સ્વતઃ થતાં નથી; પણ શંકરે પ્રસન્ન થઇને અમારા બે વચ્ચે જન્મ્યા પૂર્વે જ પ્રેમ નિપજાવેલો છે. સ્વયંભૂ ભગવાને મને એક ચૂડામણિ ને હાર આપ્યો છે, તે તું લેતી જા. તે હાર દુઃખ માત્રનો નાશ



કરે છે, માટે એ હાર તું તેને આપજે. ઇંદ્રરાજે આપેલો આ હાર હું તને આપું છું: તે તું લઈ જા!" આમ કહીને રાજકુમારે તે જ વખતે પોતાના કંઠમાંથી હાર કાઢીને મનોહારિકાના કંઠમાં નાંખ્યો અને પેલા ચૂડામણિને મસ્તક ઉપરથી ઉતારીને આપ્યો અને કહ્યું કે,– "તું આ ચૂડામણિ તેને પહેરાવજે કે, જેથી તેના સઘળા સંતાપ સમી જશે!" તે બન્નો વસ્તુ લેતાં મનોહારિકા ઘણી જ પ્રસન્ન થઈ અને પછી તે વીરને પ્રણામ કરીને, એક પક્ષીની ઉપર બેસીને પદ્માવતીની પાસે આવી. મુક્તાફળકેતુ પણ પોતાનું સર્વ દુઃખ વિસરી ગયો. તે હરખાતો હરખાતો સંયતકને સાથે લઈ સત્વર પોતાના નગરમાં આવ્યો.

મનોહારિકા પાર્વતીની પાસે આવી પહોંચી અને તેની પાસે બેસીને તેના વરને જે કામજ્વર લાગ્યો હતો તે અને પોતે જે નજરોનજર જોયું હતું તે સર્વ વૃત્તાંત કહી સંભળાવ્યું; અને પછી તે બોલી,–"બહેન બા સાહેબ! તમારા પ્રિયતમે મને એક ચૂડામણિ ને એકાવળિ હાર તમારે માટે બક્ષિસ આપ્યો છે તે લો અને તમારે ગળે પહેરો તથા આ ચૂડામણિને માથે બાંધો, એટલે તમારાં સર્વ દુઃખ નાશ પામશે." એમ કહીને હારને કંઠમાંથી ઉતારીને તેના કંઠમાં પહેરાવ્યો અને પછી પુનઃ બોલી,–"બહેન, તમો ગભરાશો નહીં. તમારા પતિએ મને કહ્યું છે કે, 'હું પાર્વતીના આશ્રમમાં આવું છું અને તારી સખીને પણ લઇને ત્યાં આવજે. માટે હવે જવાની તયારી કરો." આ વાર્તા સાંભળી પદ્માવતી સખી ઉપર અત્યંત પ્રસન્ન થઈ ગઈ અને તેને ભેટી પડી. પછી સખીને પુષ્કળ પ્રેમમાન આપવા લાગી. તે પોતાનું પૂર્વનું સમગ્ર વિરહદુઃખ ક્ષણ માત્રમાં વિસરી ગઈ. પદ્માવતીએ રાજકુમારનો મોકલાવેલો ચૂડામણિ વેણીમાં ગુંથી લીધો અને તે પહેરી બહુ ખુશી થઈ ગઈ. પછી ગૌરીમંદિરાશ્રમે જવા માટે તેણે નાના પ્રકારના શણગાર સજવા માંડ્યા અને સર્વ પ્રકારની તૈયારી કરવા લાગી.

આ જ સમયમાં દૈવયોગે તપોધન નામના એક મુનિ, પોતાના દ્રઢવ્રત નામના શિષ્યને સાથે લઇને, પાર્વતીના આશ્રમમાં પધાર્યા. તેઓએ પૂજાની સર્વ સામગ્રી તૈયાર કરીને પોતાના શિષ્યને કહ્યું, "અલ્યા શિષ્ય! હું એક ક્ષણભર આ દિવ્ય ઉપવનમાં સમાધિ કરુંછું; માટે મારી સમાધિ પૂરી થાય ત્યાં સૂધી તું આશ્રમનાં બારણામાં ઉભો રહેજે ને કોઇને પણ અંદર આવવા દેતો નહીં. સમાધિ ઉતર્યા પછી હું પાર્વતીની પૂજા કરીશ; અને પછી આપણે અહીંથી આશ્રમે જઇશું, સમજ્યો કે?" શિષ્યે ઉત્તર આપ્યું; "મહારાજ! સર્વ સમજ્યો!" પછી મુનિએ શિષ્યને આશ્રમના બારણા આગળ ઉભો રાખ્યો ને પોતે પારિજાતકનાં વૃક્ષ નીચે સમાધિ કરવા બેઠા. પણ સમાધિ પૂર્ણ કરીને મુનિ પોતાના શિષ્યને જણાવ્યા વગર જ અંબિકાનું પૂજન કરવા માટે તેના મંદિરમાં ગયા. ગુરુએ પોતાના શિષ્યને જણાવ્યું નહીં કે, તેઓ સમાધિમાંથી મુક્ત થયા છે.

એવામાં મુક્તાફળકેતુ બનીઠની શણગાર સજી, દિવ્ય હાથીની ઉપર ચઢીને, પોતાના મિત્ર સંયતકની સાથે, તે જ આશ્રમના બારણા આગળ આવી પહોંચ્યો. તે જેવો હાથી ઉપરથી નીચે ઉતરીને આશ્રમમાં પેસવા જાય છે, તેવામાં દૃઢવ્રતે આવીને મુક્તાફળકેતુને અટકાવીને

કહ્યું; "ખડા રહો, નહીં જવાય. હમણાં ગુરુજી સમાધિમાં બેઠા છે, માટે બહાર ઉભા રહો." પરંતુ મુક્તાફળકેતુ, જે પ્યારીને મળવાને ઘણો ઉત્કંઠિત થઈ રહ્યો હતો, તેણે મનમાં વિચાર કર્યો કે, આશ્રમ કંઈ નાનું નથી, બહુ વિશાળ છે; મુનિ સમાધિમાં બેઠા હશે, તોપણ એક ખૂણા ઉપર બેઠા હશે; અને વખતે મારી પ્યારી આવીને મારી વાટ જોતી બેઠી હશે તો તેના મનમાં હું નહીં આવવાથી શું વિચારો આવશે ? માટે હું આકાશમાર્ગે થઇને અંદર જાઉં." આવો વિચાર કરીને મુક્તાફળકેતુ, મુનિકુમારની આંખ ચોરવીને આકાશમાર્ગે પોતાના મિત્ર સહિત તે આશ્રમમાં દાખલ થયો.

હવે મુનિકુમાર પોતાના ગુરુની સમાધિ પૂર્ણ થઈ છે કે નથી, તે જોવા માટે આશ્રમમાં જઇને પારિજાતકના વૃક્ષ નીચે ઉભો. ત્યાં મુનિને દીઠા નહીં, પણ મુક્તાફળકેતુને અને તેના મિત્રને ઘણા જ આનંદમાં ગપાટા મારતા દીઠા. એ જોઈ મુનિશિષ્ય ક્રોધાયમાન થઈ ગયો. તેણે મુક્તાફળકેતુને કહ્યું; " અલ્યા દુષ્ટ ! તું મને છેતરીને બીજે માર્ગેથી આ આશ્રમમાં આવ્યો ને મારા ગુરુની સમાધિમાં ભંગ કીધો! ઠીક, ઠીક! આ અવિનયનો તને સારો બદલો આપીશ. જા, તું ને તારો મિત્ર મનુષ્ય જાતિમાં અવતરો!" આ પ્રમાણે શાપ દઇને શિષ્ય પોતાના ગુરુને શોધવા ચાલ્યો. આ વચન સાંભળતાં જ મુક્તાફળકેતુ, જેમ વજ્ર પડે તેમ ઉદાસીમાં પડી ગયો. તેને સર્વાંગે કામ પરિપૂર્ણ વ્યાપી ગયો હતો, એટલે આ શાપ તો અનિવાર્ય દુઃખનું કારણ થઈ પડ્યો. તે બહુ અફસોસ કરવા લાગ્યો. આ પ્રમાણે જ્યાં એક પક્ષમાં ઉદાસી વ્યાપી રહી છે, તેવામાં બીજી તરફથી પદ્માવતી પોતાની સખી મનોહારિકાને સાથે લઈ, પ્રિયપતિને મળવાની ઉત્કંઠામાં ને ઉત્કંઠામાં, પક્ષીના ઉપર બેસીને ઉતાવળી ઉતાવળી તે આશ્રમમાં આવી પહોંચી. તેના ચરણના નૂપુરનો ઝણઝણાટ સાંભળી, રાજકુમારની મનોવૃત્તિ તેની તરફ ખેંચાઇ ખરી, પણ તે તેને જોઈ અત્યંત દિલગીર થઈ ગયો. પ્યારી આવી તેનો હર્ષ અને શાપથી પતન, એ બે અવસ્થાથી સુખ અને દુઃખ વચ્ચે તે ડોલ્લા ખાવા લાગ્યો. આ વખતે પદ્માવતીને પણ અપશુકન થવા લાગ્યા. તેની જમણી આંખ ફરકવા લાગી, મન કંપવા લાગ્યું, જમણું અંગ ફરકવા લાગ્યું અને તેણે મુક્તાફળકેતુ તરફ દૃષ્ટિ કરી તો તે ઉદાસ જણાયો. આ વિપરીત અવસ્થા જોઈ તે વિચાર કરવા લાગી કે, ' હું જરા મોડી આવી હોઇશ, તેથી મારા પ્રાણપતિને માઠું તો લાગ્યું નહીં હોય! ચાલ, તેની પાસે જઇને ક્ષમા માગી તેને રંજન કરું. ' આવો વિચાર કરી તે લટકાળી સલુણી, સલુણું મુખડું મલકાવતી, લટકતી ચાલે ચાલતી, પ્રેમ દર્શાવતી તેની નજીકમાં ગઈ અને પ્રણામ કરીને ઉભી રહી. રાજકુમાર ગળગળે કંઠે બોલ્યો; "મારી પ્યારિ! આપણી ઇચ્છા પૂર્ણ થાય તેમાં નહીં ધારી રીતે, દૈવે વિઘ્ન નાંખ્યું છે!" પદ્માવતી ગભરાટમાં કાવરી હાવરી બની બોલી; "હાય! આશા કેવી રીતે ભંગ થઈ? કહો મને કૃપા કરી કે મને જંપ વળે!" રાજકુમારે પોતાને થયેલા શાપની હકીકત પદ્માવતીને સવિસ્તર કહી સંભળાવી.



પછી રાજકુમાર, તેનો મિત્ર ને પદ્માવતી એ સઘળાં શાપનો નાશ કરાવવા માટે, શાપ દેનારા મુનિ શિષ્યના ગુરુની પાસે ગયાં. મુનિ મંદિરમાં પૂજા કરતા હતા. તેઓએ આ સર્વેને નમ્રપણે પાસે આવતાં જોઈ, ભૂતભવિષ્ય જાણનારા તે મુનિરાજે બહુ કરુણાથી મુક્તાફળકેતુને કહ્યું; "મારા મૂર્ખ શિષ્યે કંઈ પણ તપાસ કર્યા વગર એકદમ તને શાપ દીધો છે, એ બહુ ખોટું થયું! તારાથી મને કંઇપણ અડચણ થઈ નથી; હું મારી મેળે જ સમાધિ પૂર્ણ કરીને અહીં આવ્યો છું; એમાં તારો સ્વલ્પ પણ અપરાધ નથી."

( દોહરો )

ભાવી તો બળવાન છે, નહીં શૂરા બળવાન;
નિમિત્ત કરિ કાબે લુટયો, અર્જુન ચતુરસુજાણ.

"પણ આ પ્રમાણે શાપ થવો તારા નસીબમાં હશે, તેમાં બીજાનું શું ચલણ છે? સત્ય વાત એ જ છે કે, મનુષ્યલોકમાં અવતરીને પણ તારે દેવનું કેટલુંક કાર્ય કરવાનું છે. તું મનુષ્ય દેહમાં જન્મ્યા પછી દૈવયોગે આ પદ્માવતીને જોશે, એટલે તું અત્યંત કામાતુર થઈ જશે, તને કામજ્વર લાગુ પડશે ને તે વખતે જ તું મનુષ્યના દેહમાંથી મુક્ત થઈને દેવલોકમાં પાછો આવીશ; અને આ જ દેહે તું પાછો આ તારી પ્રાણેશ્વરીને મળીશ. કેમકે જગતનું તારણ કરનાર તું ઘણા કાળ વિરહવેદના વેઠવા યોગ્ય નથી. આ શાપ થવાનું મુખ્ય કારણ તો એ જ છે કે, તેં બ્રહ્માસ્ત્રવડે બાળ કે વૃદ્ધ સર્વે દૈત્યોનો નાશ કર્યો હતો!"

જ્યારે પદ્માવતીએ આ સઘળું સાંભળ્યું ત્યારે તેણે રુદન કરતાં કરતાં મુનિ મહારાજને વિનતિ કરવા માંડી,–"મહારાજ! તમે જે રીતે આર્યપુત્રનું રક્ષણ કીધું, તેમ કૃપા કરી મારું પણ રક્ષણ કરો; કેમકે હું એના વગર એક ક્ષણ પણ જીવી શકું તેમ નથી." ત્યારે મુનિ બોલ્યા,–"બેટા ! તારો કંઈ પણ અપરાધ નથી તો પછી તને મારાથી તેની સાથે કેમ મોકલાવાય? પણ હમણાં તું આ જ આશ્રમમાં રહીને મુક્તાફળકેતુ મુક્ત થઇને પુનઃ તારી પાસે આવે ને તારી સાથે લગ્ન કરે ત્યાં સૂધી તપ કર. તું તારા પતિની સાથે દશકલ્પ પર્યંત વિદ્યાધર ને અસુરોપર ચક્રવર્તી રાજ્ય કરીશ. હમણાં તું તપ કરીશ તો તે સમે તારા પતિએ તુને જે ચૂડામણિ આપ્યો છે અને જે બ્રહ્માના કમંડળમાંથી નિકળ્યો છે, જે મહાપ્રતાપી છે અને જેને તેં હમણાં વેણીમાં બાંધ્યો છે તે તારું રક્ષણ કરશે અને તે જ તને આરોગ્ય રાખશે."

આવી રીતે દિવ્યદૃષ્ટિવાળા મુનિએ પદ્માવતીને કહ્યા પછી, મુક્તાફળકેતુએ મુનિને પ્રણામ કરીને કહ્યું,–" મહારાજ ! મનુષ્યદેહમાં અવતર્યા પછી મારી શંકર ઉપર અચળ ભક્તિ થાઓ અને પદ્માવતી શિવાય બીજી સ્ત્રી ઉપર મારું મન ન જાઓ, એવો વર મને આપો!" ત્યારે મુનિરાજ બોલ્યા,–"પુત્ર ! જા, મારા વરદાનથી તારી શંકર ઉપર દૃઢ ભક્તિ રહેશે અને તારું મન સદાય નિર્મળ રહેશે !" આ પ્રમાણે મુનિરાજ અને મુક્તાફળકેતુ વચ્ચે

વાતચિત થઈ રહ્યા પછી, અપાર શોકસાગરમાં ડબકીયાં ખાતી પદ્માવતીએ મુનિના અપરાધી શિષ્યને શાપ દીધો કે,–"અલ્યા ઋષિકુમાર! તેં મારા નિરપરાધી ભવિષ્યના પતિને શાપ દીધો છે, તો હું તને તે અકાર્ય માટે શાપું છું કે, તું મનુષ્ય લોકમાં અવતર ને મારા પતિની ઇચ્છા પ્રમાણે સ્વરૂપ ધારણ કરનારું અને ગમે ત્યાં હરી ફરી શકનારું વાહન થા!" આ પ્રમાણેનો શાપ શ્રવણ કરી મુનિશિષ્ય પણ શોકાતુર થઈ ગયો, એટલે તુરત મુનિતપોધન પોતાના દિલગીર થયેલા શિષ્યને સાથે લઈને અંતર્ધ્યાન થઈ ગયા.

પછી મુક્તાફળકેતુએ પોતાની પ્રાણપ્રિયા પદ્માવતીને કહ્યું,–"પ્રિયે! હવે હું મારી રાજધાનીમાં જઈને ત્યાં મારું શું થાય છે, તે જોઉં છું" તે સાંભળીને જેમ પુષ્પરૂપી આભ્રણથી અલંકૃત લતા, પવનના આઘાતથી જમીન ઉપર પછડાઈ પડે છે તેમ જ, પુષ્પના આભ્રણથી અલંકૃત તે કન્યા, વિરહવેદનાથી ભયભીત થઈને જમીન ઉપર એકદમ ઢળી પડી. તે વિભ્રાંત થઈ રડવા લાગી. મુક્તાફળકેતુએ તેને જમીન ઉપરથી ઉપાડી પોતાના ખોળામાં લઈને પુષ્કળ આસનાવાસના કરી અને પછી તે તેનાથી છૂટો પડીને ચાલતો થયો. પરંતુ પોતાની પ્રિયાનાં આંસુથી ભરેલી સુંદર મુખશ્રીની નિર્મળ છબી તેની છાતીમાં કોતરાઈ ગઈ હતી. તેને લીધે તે વારંવાર પાછું ફરી ફરી તેને નિહાળતો નિહાળતો મંદમંદ પગલે પોતાના ઘર તરફ ગયો.

પદ્માવતી તેના ગયાથી અનાથ થઈ રહી અને તે અધિકાધિક વિરહવેદનાથી પીડિત થઈ રડવા લાગી. મનોહારિકા તેને બહુ બહુ રીતે સમજાવવા લાગી કે, 'બેનડી રે! હું જાણું છું કે, રુદન કર્યાં વગર મન સ્થિર થતું નથી ને મનનો ભાર પણ હલકો પડતો નથી; પરંતુ હવે તું ક્યાં સુધી રડ્યા કરીશ? બસ કર, હવે ઘણું થયું.' પદ્માવતીએ કહ્યું,–"અલિ સખિ! ગઈ રાત્રે મને સ્વપ્નામાં દેવી પાર્વતી પ્રત્યક્ષ દર્શન દઈને મારા કંઠમાં એક કમળમાળા પહેરાવવા તૈયાર થયાં; પરંતુ તરત તેણે હાથ ખેંચી માળા પાછી લઈને મને કહ્યું કે,– 'હવણાં એ તને નથી પહેરાવતી, આગળ થઈ રહેશે!' આમ કહીને પોતે હારને પહેરાવતાં અટકી ગયાં ને અદૃશ્ય થઈ ગયાં હતા. તેથી હું ધારું છું કે, દેવી પાર્વતીએ જ અગાઉથી પ્રિયને મળવામાં થનારું વિઘ્ન મને સૂચવ્યું છે." જ્યારે તેણે રડતાં રડતાં આ પ્રમાણે વાર્તા કહી, ત્યારે તે સાંભળીને મનોહારિકા બોલી,–"એ યથાર્થ છે. હું ધારું છું કે, તારી દિલગીરીમાં ઘટાડો કરવા માટે જ દેવીએ તુંને તે સ્વપ્નનો બનાવ બતાવ્યો છે; વળી મુનિએ પણ તેમ જ કહ્યું છે; તેમ શંકરની આજ્ઞા પણ તે જ પ્રમાણે છે. માટે ધીરજ રાખ. સર્વના કહેવા પ્રમાણે થોડા સમયમાં તારા પ્રિયતમનો તને સમાગમ થશે."

આ પ્રમાણે સખીનાં આશ્વાસનનાં વાક્યો સાંભળીને અને ચૂડામણિના દિવ્ય પ્રતાપથી, પદ્માવતી ધીરજ રાખી, તુરત તો પાર્વતીના તે આશ્રમમાં રહી. પ્રથમ તેણે સ્નાન કરી શુદ્ધ વસ્ત્ર ધારણ કીધાં. પછી તે દિવસમાં ત્રણ વખત, શિવ પાર્વતીનું પૂજન કરવા લાગી; અને પોતાના નગરમાંથી પોતાના પતિની છબી મંગાવી તેમાં દેવબુદ્ધિ રાખી, તેનું પણ



તે પ્રમાણે ત્રણકાળ પૂજન કરીને તપ આરંભ્યું! આ સર્વ સમાચાર તેના માતપિતા–રાજા તથા રાણીના જાણવામાં આવ્યા, એટલે તેઓ પાર્વતીના આશ્રમમાં પુત્રી આગળ આવીને રડી પડ્યાં અને તેને આ પ્રમાણે વેદના વેઠતી અટકાવવાને બોલ્યાં,–"વહાલી દીકરી! મુક્તાફળકેતુની સાથે ગમે તેમ પણ તારાં લગ્ન થશે જ, તો તું મહાક્લેશકારી તપ કરીને શા માટે કુમળાં અંગો બાળીજાળી નાંખે છે? ચાલ ઘેર, સઉ સારું થશે." પણ દૃઢ નિશ્ચયવાળી અને પતિને પરમેશ્વર માનનારી પદ્માવતીએ, પિતાને અને માતાને કહ્યું,–"પિતામાતા, સાંભળો! હું જે કંઈ કહું છું તે. શંકરે મારા શિર ઉપર જે ભર્તા નિર્માણ કર્યો છે, તે સ્વામિનાથ હમણાં જ એકાએક શાપ થવાથી દુઃખને અધીન થયા છે, ત્યારે કહો કે મારે નગરમાં ને રાજમંદિરમાં રહીને શું મોઝશોખ ને વિલાસ વૈભવ ભોગવવા ઉચિત છે વારુ?

## દોહરો.

"કુલીન કામિનીઓતણો, પરમ દૈવ પતિ છે જ;
તેને સૂખે તે સૂખણી, દુઃખે દુઃખ ગણે જ.

"એ કુલીન સ્ત્રીનો સહજ ધર્મ છે. માટે પુણ્યે પાપ ઠેલાય એમ જાણી હું તપ કરીને શંકરને પ્રસન્ન કરીશ. તપે કરી મારા પાપ નાશ પામશે અને શંકર પ્રસન્ન થશે, એટલે થોડા સમયમાં મારા પતિનો સમાગમ સહજ થશે; કારણ કે તપથી સર્વ સિદ્ધ કરી શકાય છે." આ પ્રમાણેનું પદ્માવતીનું ભાષણ સાંભળીને કુવલયાવળીએ રાજાને કહ્યું,–"પ્રાણનાથ! તમે જરા જેટલા પણ ઉદાસ થતા નહીં: ભલે એ કલેશદાયી તપ કરે અને પોતાની મનકામના પૂર્ણ કરે. એના નસીબમાં જ તપ કરવું લખ્યું છે, તેનું એક કારણ છે, તે હું તમારી આગળ કહું છું તે તમે સાંભળો.

"પૂર્વે શિવનગરીમાં સિદ્ધદેવરાજાની દેવપ્રભા નામની કન્યા, મનોવાંછિત પતિ મેળવવા માટે તપ કરતી હતી. એક સમે હું ત્યાં દર્શન કરવા માટે ગઈ હતી. આ કુંવરી પદ્માવતી પણ તેની સાથે હતી. તે દેવદર્શને દેવ મંદિરમાં ગઈ, તો ત્યાં તપ કરતી તે કન્યાને જોઈને એ બોલી,–"તું વર મેળવવા માટે આવડું મોટું તપ કરે છે, તે શરમાતી કેમ નથી!" આમ કહીને તેની મશ્કરી કરી. સિદ્ધરાજ કન્યા તે સાંભળીને અત્યંત તપાયમાન થઈ ગઈ અને બોલી, "અલી મૂર્ખી! જરા થોડું બોલ થોડું! નાને મ્હોડે મોટા બોલ ન શોભે. તું બાળક છે, માટે મને હસે છે પરંતુ તું પણ તારા પતિને માટે મારા જેવું જ ભયંકર તપ કરીશ અને ત્યારે તને મારી સ્થિતિની જાણ થશે!" આવો શાપ તેણે ક્રોધથી દીધો. માટે સ્વામિનાથ! આ પદ્માવતીએ હવે તે શાપ અવશ્ય ભોગવવો જ જોઈયે. કારણ કે સિદ્ધકન્યાનો દીધેલો શાપ કોણ ટાળી શકે તેમ છે? તેથી એને જે ગમે તે ભલે કરે." આ પ્રમાણે રાણીનું વચન સાંભળી રાજાના મનનું સમાધાન થયું. પછી રાજાએ પોતાની પુત્રીને કહ્યું,–"બેટા! હવે હું જાઉં છું!" ત્યારે પદ્માવતીએ પિતાને પ્રણામ કર્યા અને કહ્યું કે,– "ભલે પધારો! હું પણ થોડા દિવસમાં તમારી પાસે આવીશ." આમ કહીને તે પાછી પોતાના

સ્થાન ઉપર બેઠી અને ગંધર્વોનો રાજા પદ્મશેખર, દિલગીરી ભરેલો પોતાની રાજધાનીમાં પાછો આવ્યો. પદ્માવતી પણ, સ્વપ્નમાં શંકરે જે પ્રમાણે કહ્યું હતું તે પ્રમાણે, આકાશમાર્ગે બ્રહ્માદિક દેવતાઓથી સેવાયલા સિદ્ધેશ્વર ભગવાનની સેવા કરવા માટે ત્યાં ગઈ. તેણે ત્યાં જઈને તેની સેવા કરવા માંડી અને નિયમપૂર્વક મંત્રનો જપ કરવા માંડ્યો.

## તરંગ ૫ મો.

### મુક્તાફળકેતુની મનુષ્ય અવતારની કથા.

જ્યારે પદ્માવતી પૂર્વે કહ્યા પ્રમાણે, પોતાના પ્રાણેશ્વર, વિદ્યાધરના મહારાજાના પુત્ર મુક્તાફળકેતુનો પુનઃસમાગમ થાય તે માટે ભોળાનાથ શંકરની સેવા કરવામાં રોકાઈ છે, ત્યારે રાજપુત્ર, તે સમયે પોતાની રાજનગરીમાં જઈ પહોંચ્યો હતો. બ્રાહ્મણના શાપથી તે વિદ્યાધરના લોકમાંથી મનુષ્ય લોકમાં જશે ને તે વેળાએ ગર્ભમાં રહેવાના અનેક પ્રકારના સંકટ સોષવા પડશે, એ ભયે તેને ઘેરી લીધો હતો, તેથી તે એકદમ શિવને શરણે ગયો. જ્યારે તે શિવાલયમાં બેસીને શિવની આરાધના કરતો હતો, ત્યારે મંદિરના ગર્ભગૃહમાંથી* અકસ્માત્ વાણી થઈ કે,–"પુત્ર ! તું ડરતો નહીં. તને ગર્ભપીડા સહન કરવી પડશે નહીં ને મર્ત્ય લોકના માનવીમાં જન્મ છતાં તને કશી પીડા નડશે નહીં, તેમ તું મનુષ્ય લોકમાં ઘણો કાળ રહેશે નહીં. તું કશી પણ વેદના વિના, પરાક્રમી ને બળવાન્ થઈ મનુષ્યમાં જન્મીશ. ત્યાં તને મુનિ તપોધન દિવ્ય અસ્ત્ર શસ્ત્ર વિદ્યા આપશે ને મારો ગણ કિંકર તારા નાના ભાઈ તરીકે અવતરશે. તેની સહાયતાથી તું તારા સર્વ શત્રુપર વિજય મેળવશે. પછી દેવતાઓનું સર્વે કાર્ય સિદ્ધ કરી શકીશ; પછી તને પદ્માવતી પ્રાપ્ત થશે અને તું વિદ્યાધરેન્દ્ર થઈ એકચક્રે રાજ્ય કરીશ !" જ્યારે તે રાજપુત્રે આ પ્રમાણે દૈવીવાણી સાંભળી ત્યારે તેના હૃદયમાં પૂર્ણ ઠંડક થઈ અને શાપનો અમલ કયારે થાય છે, તેની વાટ જોતો તે ત્યાં જ બેઠો.

આ વાર્તા તો એટલેથી જ રહી. અહિંયાંથી એક બીજી વાર્તા શરુ થાય છે. પૂર્વ દિશામાં, વૈભવમાં દેવસભાને પણ ટક્કર મારે તેવું દેવસભા નામનું એક નગર હતું. તેમાં જગવિખ્યાત મેરુધ્વજ નામનો રાજા, એકચક્રે રાજ્ય કરતો હતો. જ્યારે જ્યારે દેવ અને દાનવો વચ્ચે રણસંગ્રામ શરુ થતો ત્યારે ત્યારે આ રાજા ઈંદ્રને સહાય કરવાને સ્વર્ગમાં જતો હતો. તે મહાશય મહાપ્રતાપી મહારાજા, કીર્તિનો લોભી હતો, પણ અન્યના કનકનો લોભી નહોતો; તેની તરવારમાં તીક્ષ્ણતા હતી, પણ શિક્ષામાં તિક્ષ્ણતા નહોતી; તે પાપથી ડરતો હતો, પણ શત્રુથી નહીં; તેની ભ્રુકૂટી ક્રોધથી વક્ર થતી હતી, પણ તેના હૃદયમાં વક્રતા† નહોતી; ધનુષ્યની

* અંદરના ભાગમાંથી. † વક્ર એટલે વાંકાપણું અર્થાત તે કોપતો તો ભ્રુકુટી ચઢાવતો, પણ તેનું હૃદય સરળ હતું.



પણછના* ઘસારાથી તેના હાથ કઠણ થયા હતા, પણ તેના વચનમાં જરા પણ કઠિનતા નહોતી –અર્થાત્ તે મધુર ભાષણ કરનારો હતો. તે રણસંગ્રામમાં દીનજનનું રક્ષણ કરતો હતો; પણ ભંડારમાંના દીનારનું† રક્ષણ કરતો નહોતો ( અર્થાત્ દાન કરવે ઉદાર હતો; ) તે ધર્મકર્મમાં રતિ ( પ્રીતિ ) રાખતો હતો, પણ સ્ત્રીમાં રતિ રાખતો નહોતો.

આ રાજાના હૃદયમાં બે વાતની નિત્યની ચિંતા વ્યાપેલી હતી. પહેલી તો એ ચિંતા હતી કે, તેને એકે પુત્ર નહોતો અને બીજી એ હતી કે, જે અસુરો, દેવાસુર નામના છેલ્લા યુદ્ધમાંથી છટકીને નાસી ગયા હતા ને જેઓ પાતાળમાં ભરાઈ બેઠા હતા, તેઓ વારંવાર પાતાળમાંથી નિકળી આવતા હતા; અને પ્રપંચ તથા કપટથી તેના રાજ્યમાં ફરી વળીને પવિત્ર સ્થળો, દેવાલયો અને મુનિના આશ્રમોનો નાશ કરીને પાછા એકદમ પાતાળમાં પેસી જતા હતા અને તેથી રાજા તેને પકડી શકતો નહીં. તે અસુરો આકાશ પાતાળ સર્વે ઠેકાણે જવાને ગતિમાન્ હતા. જો કે રાજા પોતે શત્રુરહિત હતો, તોપણ આ શત્રુઓને લીધે તે ઘણો દુઃખી થતો હતો.

તે આ બંને ચિંતાથી ચિંતાતુર હતો. એક સમયે એવું બન્યું કે, તે ઈંદ્રના રથમાં બેસીને ચૈત્રી પૂર્ણિમાને દિવસે અમરાવતીમાં ગયો. એ દિવસે ઈંદ્રનો જન્મ મહોત્સવ હતો અને દેવસભા પૂર્ણ રંગરેલથી ગાજી રહી હતી. મેરુધ્વજ રાજેન્દ્ર કંઈ આજે જ પહેલવહેલો ઈંદ્રલોકમાં ગયો છે તેમ નથી, પણ જ્યારે જ્યારે કોઈ મોટો ઉત્સવ થતો, ત્યારે ત્યારે તે ઈંદ્રના રથમાં બેસીને અમરાવતીમાં જતો હતો. આજે જ્યારે તે દેવલોકમાં ગયો, ત્યારે સભા ઝળાંઝળાં થઈ રહી હતી, ગીત વાદ્ય ને નૃત્યથી થા થા થેઈ થેઈ થઈ રહ્યું હતું. રાજાએ ઈંદ્રમંદિરમાં પ્રવેશ કીધો કે, ઈંદ્રે સામા આવી તેનો રુડો સત્કાર કીધો. પછી એક સુંદર આસનપર તેને પ્રેમસહિત બેસાર્યો. જો કે સભામાં રંગરાગની રેલછેલ થઈ રહી હતી ને તે જોઈ રાજા પ્રસન્ન થતો હતો, તોપણ તે વારંવાર નિઃશ્વાસ નાંખતો હતો.

આ પ્રમાણેની રાજાની મુખમુદ્રા નિહાળી, દેવેન્દ્રે તેના હૃદયની વાત જાણી લીધી અને પછી ઈંદ્રે કહ્યું,–" રાજન્ ! તારા હૃદયમાં દિલગીરીએ વાસો કેમ કીધો છે, તે હું જાણું છું. પણ એ ચિંતા તું મનમાંથી કાઢી નાંખ. તારે ત્યાં ઘણો જલદી મુક્તાફળધ્વજ નામનો શિવાંશી પુત્ર જન્મશે અને બીજો મલયધ્વજ નામનો શંકરનો ગણ પણ પુત્ર થઇ અવતરશે. મુક્તાફળધ્વજ અને તેનો નાનો ભાઈ મલયધ્વજ, તપોધન મુનિ પાસેથી સકળ અસ્ત્ર-શસ્ત્ર કળા પ્રાપ્ત કરશે અને વળી એક એવું વાહન પણ મેળવશે, કે જે ઇચ્છામાં આવે તેવી આકૃતિ ધરી શકશે અને વળી તે અજિત્ય સુભટ, પાશુપતાસ્ત્ર પણ પ્રાપ્ત કરી શકશે, જે વડે તે સર્વે અસુરોનો કચ્ચરઘાણ કહાડી, પૃથ્વી ને પાતાળના સર્વેને પોતાને તાબે કરશે.

* દોરી. † એક જાતનો સિક્કો

લે મારી પાસેથી આ ગગનગામી, કાંચનગિરિ ને કાંચનશેખર નામના બે હાથીઓ અને લે વળી આ બે અજિત્ય શસ્ત્ર, તેનાથી તું વિજય મેળવશે." ઇન્દ્રે આ પ્રમાણે મેરુધ્વજને કહીને તુરત પેલા બે હાથી ને અસ્ત્ર ભેટ આપીને તેને વિદાય કીધો. મેરુધ્વજ આનંદમાં તરતો તરતો પોતાની મૃત્યુલોકની રાજધાનીમાં આવ્યો. પણ જે અસુરો, છળપ્રપંચથી તે રાજાને નિશદિન હેરાન કરતા હતા તેઓ, રાજા જો કે ગગનગામી હાથીપર સ્વાર થઇને તેઓને પકડવા જતો હતો, તોપણ પકડાતા નહોતા. રાજા પકડવા ધસતો કે, આ અસુરો તે વેળાએ પાતાળમાં જ ધૂસી જતા હતા.

પછી તે રાજા, જેના મનમાં પુત્રની મોટી ઇચ્છા હતી તે, ઇન્દ્રે નિર્દેશ કીધેલા મુનિ તપોધન પાસે, પેલા ગગનગામી હાથીપર બેસીને, તે મુનિના આશ્રમમાં ગયો. મુનિને પ્રણામ કરી તે ત્યાં બેઠો. પછી ઇંદ્રનો સદેશો તેઓને નિવેદન કરીને તે બોલ્યો,–" મહારાજ! મારી મનકામના પૂર્ણ કરવા માટે મારે શો ઉપાય યોજવો, તે મને કૃપા કરી સત્વર બતાવો!" ત્યારે મુનિએ જણાવ્યું કે, તારી પોતાની મનકામના પૂર્ણ કરવા માટે, તારે ને તારી પત્નીએ શિવની આરાધના કરવી." રાજા તુરત મુનિએ બતાવેલી રીતિએ પોતાની કામના પૂર્ણ કરવા માટે, પોતાની રાણીસહિત, શિવજીની તપશ્ચર્યા કરવાને, એક શિવાલયમાં જઇને બેઠો. આમ સેવા કરતાં કેટલાક દિવસ વીત્યા બાદ, શિવજી તેમની આંતરિક શુદ્ધ સેવાભાવના જોઇને પ્રસન્ન થયા. એક રાત્રીના તેના સ્વપ્નમાં આવીને આજ્ઞા કીધી કે,–" ઉઠ, હે રાજા! તું એક પછી એક એમ બે અજિત્ય પુત્રો પામશે ને તેઓ અસુરોનો સંહાર કરશે!" સ્વપ્નમાં જ્યારે રાજાએ આ પ્રમાણેની દેવાજ્ઞા સાંભળી ત્યારે તે જાગૃત થયો. શિવની આજ્ઞાનું વૃત્તાંત તે મુનિને પ્રભાતમાં કહી સંભળાવ્યું. પછી તે દંપતીએ વ્રત મૂકીને પારણાં કીધાં અને પછી તે પોતાને નગરે આવ્યો.

થોડા દિવસમાં મેરુધ્વજની સતી લાવણ્યમયી રાણીને ગર્ભ રહ્યો અને મુક્તાફળકેતુએ પોતાનું વિદ્યાધર શરીર પેલા શાપને યોગે કોઈ ગુપ્ત રીતે ત્યજી દીધું ને તે મેરુધ્વજની રાણીના ગર્ભમાં પેઠો. તેનું મૂળ શરીર તેના સગાંકુટુંબીઓએ યોગવિદ્યાથી જેવું ને તેવું ચંદ્રલોકમાં સાચવી રાખ્યું હતું.

અહિંયાં દેવસભા નગરીમાં, મેરુધ્વજ રાજાને, પોતાની રાણીને સગર્ભા જોઇને અત્યાનંદ વ્યાપ્યો. રાણી જેમ જેમ ગર્ભના પ્રફુલ્લ થવાથી વધારે તેજસ્વી થતી ગઈ, તેમ તેમ રાજાનો આનંદ વધતો ગયો. પ્રજામાં પણ ચોમેર આનંદ વ્યાપી રહ્યો. જ્યારે દશ માસ પૂર્ણ થયા ત્યારે, જેમ પાર્વતીએ દેવસેનાની કાર્તિકસ્વામીને જન્મ આપ્યો હતો, તેમ જ, સૂર્ય સમાન કાંતિમાન્ પુત્રને તે રાણીએ જન્મ આપ્યો. તેના જન્મ ટાણે માત્ર આ ભૂમંડલમાં જ જયજયકાર થયો નહીં, પણ દેવતાઓમાંએ જયજયકાર થઈ રહ્યો. દેવનાં દુંદુભિ ગડગડી રહ્યાં અને દિવ્ય દૃષ્ટિવાળા મુનિ તપોધન પણ રાજા મેરુધ્વજને પુત્ર



જન્મ માટે, ધન્ય ધન્યનો આશીર્વાદ દેવાને તે નગરીમાં પધાર્યાં. તે મુનિની સંમતિથી ઇંદ્રે જણાવ્યું હતું તેમ, આ રાજકુંવરનું નામ મુક્તાફળધ્વજ પાડ્યું.

પછી મુનિ તપોધન, ત્યાંથી વિદાય થયા. બીજું એક વરસ વીત્યા પછી તે રાણીને પેટે, તે રાજાને ત્યાં બીજા પુત્રનો જન્મ થયો. રાજાએ પુનઃ તે જ મુનિ, જે પૂર્વાપેરે જ આનંદથી દેવસભા નગરીમાં આવ્યા હતા તેની સહાયથી, તે પુત્રનું નામ મલયધ્વજ પાડ્યું.

સંયતક પણ, શાપ પ્રમાણે તે રાજાના મંત્રીને ઘેર અવતર્યો. તેના પિતાએ પૂર્ણાનંદથી તેનું નામ મહાબુદ્ધિ પાડ્યું. બન્ને રાજપુત્રો ને મંત્રિપુત્ર સિંહબાળ પેરે દિન પ્રતિદિન મોટા થતા ગયા અને તેજ, બળ તથા બુદ્ધિમાં તેઓ સર્વોપરી દર્શન દેવા લાગ્યા.

જ્યારે તે કુંવરોને સાત વરસ પૂરાં થઇને આઠમું વરસ બેઠું, ત્યારે મુનિ તપોધન તે રાજાને ત્યાં પાછા પધાર્યા અને તે બેઉ કુંવરોને જનોઈ દીધું. બીજા આઠ વરસ સૂધી તે બાળકોને વિદ્યા, કળા ને અસ્ત્રશસ્ત્રનો કેમ ઉપયોગ કરવો, તેનું અચ્છી રીતે જ્ઞાન આપી પ્રવીણ કીધા. જ્યારે રાજા મેરુધ્વજે જોયું કે, તેના બાળકો તરુણ છતાં ગમે તેવા શસ્ત્રધારી સામે લડવામાં નિપુણ છે, ત્યારે તેણે પોતાના આત્માને કૃતકૃત્ય માન્યો.

બંને રાજકુંવરો અસ્ત્રશસ્ત્રકળા નિપુણ થયા પછી તપોધન મુનિએ રાજાને તેડાવી જણાવ્યું કે, 'મેં મારું કાર્ય પૂર્ણ કીધું છે. હવે હું મારે આશ્રમે જઈશ.' ત્યારે રાજાએ પ્રેમપૂર્વક કહ્યું,–"પૂજ્ય મહાત્મા! આપની ઇચ્છામાં આવે તે દક્ષિણા માંગી લ્યો અને પછી પધારો." ત્યારે તે મહામુનિએ મંદમંદ હાસ્ય કરતાં કહ્યું,–"હે રાજા! હું એ જ દક્ષિણા માગું છું કે, તું તારા બન્ને પુત્રો સહિત યજ્ઞનો ધ્વંસ કરનાર અસુરોનો નાશ કર!" ત્યારે રાજા બોલ્યો,– મહર્ષિ! મારી પણ એ જ ઇચ્છા છે, તો હવે આપ મહાયજ્ઞ આરંભો. તેનો ભગ કરવાને અસુરો આવશે, એટલે હું મારા પુત્રોને લઇને ત્યાં આવીશ. પૂર્વે દૈત્યોએ તમારા યજ્ઞનો છળપ્રપંચથી ભંગ કીધો હતો. પછી તેઓમાંના કેટલાક આકાશમાં ઉડી ગયા, કેટલાક સમુદ્રમાં પેસી ગયા ને કેટલાક પાતાળમાં ભરાઈ ગયા. મારી પાસે ઇંદ્રના આપેલા ગગનગામી બે હાથીઓ છે તેના પ્રતાપથી, જો તેઓ આકાશમાં ઉડશે તો હું ને મારા પુત્રો તેમને પકડીને તેમનો સજ્જડ બોરકૂટો કરીશું.

જ્યારે તે ઋષિએ આ પ્રમાણે રાજાનું કહેવું સાંભળ્યું, ત્યારે તે ઘણા પ્રસન્ન થઈ ગયા અને રાજા પ્રત્યે પુનઃ બોલ્યા,–"તારી જો તેવી જ ઇચ્છા છે તો હે રાજન્! હવે તું યજ્ઞની સર્વ સામગ્રીની પૂરતી તૈયારી કર, કે જેથી હું ત્રણલોકમાં પ્રખ્યાત દિગિશ્રુત આશ્રમમાં જઇને યજ્ઞનો આરંભ કરું. આ મારો શિષ્ય દૃઢવ્રત, તારી પાસે દૂત તરીકે આવશે અને એ ઇચ્છાનુસાર પક્ષીનું સ્વરૂપ ધારણ કરી શકશે ને મુક્તાફળધ્વજનું તે વાહન થશે."

આટલું કહીને તે મુનિ પોતાને આશ્રમે પધાર્યા અને રાજાએ તૈયારી કરીને યજ્ઞની સર્વે સામગ્રી તે મુનિના આશ્રમમાં મોકલાવી દીધી. મુનિએ સઘળા દેવ અને ઋષિઓને

તેડાવીને યજ્ઞનો આરંભ કીધો. આ ખબર પાતાળમાં વસતા દૈત્યોને થઈ, એટલે તેઓ ખળભળી ઉઠ્યા.

જ્યારે ઋષિ તપોધનને તે વાર્તાની ખબર પડી, ત્યારે તેઓએ પોતાના શિષ્ય દૃઢવ્રત જે પદ્માવતીના શાપને યોગે મુક્તાફળધ્વજની ઇચ્છાનુસાર રૂપ ધરનાર વાહન થઈ અવતરવાનો હતો, તેને દેવસભ નગરમાં મોકલ્યો. જ્યારે મેરુધ્વજ રાજાએ તેને દૂરથી આવતો જોયો; ને ત્યારે તેને તે મુનિના કહેલા વચનનું સ્મરણ થઈ આવ્યું. પછી તે રાજા પેલા બે ગગનગામી હાથીઓને લઇને રણે ચઢવા તૈયાર થયો. રાજા મુખ્ય હાથી કાંચનગિરિ ઉપર સ્વાર થયો અને બીજો હાથી કાંચનશિખર પોતાના નાના પુત્રને આપ્યો. મુક્તાફળધ્વજ દિવ્ય શસ્ત્ર ધારણ કરીને પેલા ઇચ્છાનુસાર રૂપ ધારણ કરનાર મુનિ શિષ્ય દૃઢવ્રતપક્ષીપર સ્વાર થયો. તુરત જ ભાટચારણોએ "મહારાજનો જયજયકાર થાઓ" એવી ગર્જનાથી આકાશ પાતાળ ગજાવી મૂક્યાં. તે ત્રણે મહાસુભટોએ, પ્રથમ પોતાની સેનાને મહામુનિને જાણ કરવાને વિદાય કીધી અને પોતે તો ગગનગામી વાહનોપર સ્વાર થઈ, બ્રાહ્મણોના આશિષ્ વચનોનો મંગળકારક ધ્વનિ સાંભળતા સાંભળતા આકાશમાં ઉડ્યા. જ્યારે તેઓ મુનિ આશ્રમે પહોંચ્યા, ત્યારે તે સર્વેને જોઇને મુનિ અત્યંત પ્રસન્ન થઈ ગયા. રાજા અને કુંવરોને તેઓએ બહુ બહુ આશિષ્ દીધી અને કહ્યું કે, "તમારાં સર્વે શસ્ત્ર તેજસ્વી ને અખંડ રહો !"

એટલામાં તો યજ્ઞનો ભંગ કરવાને અસુરોની મહાબળવાન્ સેના, ઘોર ગર્જના કરતી દોડી આવી, તૂટી પડી. મેરુધ્વજનું પ્રબળ સૈન્ય, અતિ ઘોર ગર્જના કરતું, આ અસુર સેનાને જોઇને તેપર તૂટી પડ્યું. દાનવ અને માનવ વચ્ચે તુમુલ સંગ્રામ શરુ થયું. દાનવો આકાશમાં રહીને, ભૂમિપર ઉભા રહેલા માનવોપર પોતાના તીક્ષ્ણ બાણોનો મારો ચલાવતા હતા ને માનવ સેનાને પૂર્ણ રીતે સંતાપતા હતા. આવો યુદ્ધખેલ જોઇને, મુક્તાફળધ્વજ, જે ઇચ્છાનુસાર રૂપધારી પક્ષીપર સ્વાર થયો હતો, તે દૈત્યોની સેનાના મધ્યમાં પેઠો ને બાણોનો વરસાદ વરસાવીને દૈત્યોનાં મસ્તકો, તેઓના ધડપરથી સટોસટ ને ચટોચટ કાપવા લાગ્યો. સહજવારમાં તેણે હજારો દૈત્યોનાં શિરોને કાપીને મોટો ડુંગર ઉભો કીધો. જે દૈત્યો તેનાં બાણના પ્રહારથી બચી ગયા તેઓ, પક્ષીપર બેઠેલા અગ્નિસમાન ઝળાંઝળાં પ્રકાશ આપતા મુક્તાફળધ્વજને જોઇને ચમક્યા કે આ તો સાક્ષાત્ નારાયણ, દાનવ દળવાને આવ્યા છે કે શું ? એવા સચોટ ભયથી સર્વે દાનવ ને દૈત્યો નાસભાગમાં પડી ગયા. પછી ભયના માર્યાં સઘળા દૈત્યો પાતાળમાં પેસી ગયા ને દૈત્યોના રાજા ત્રૈલોક્યમાળીને સર્વ વૃત્તાંત નિવેદન કીધું.

પાતાળવાસી અસુરેશે આ મોકાણના સમાચાર સાંભળ્યા, ત્યારે તેણે પોતાના દૂતોદ્વારા તપાસ કરાવી કે, આ વીરલો કોણ છે. તે શું નારાયણ પોતે છે ? તપાસ કરતાં જણાયું કે, તે નારાયણ નથી, પણ મર્ત્યલોકનો માનવી મુક્તાફળધ્વજ છે. તે સાંભળતાં તો તેને હાડોહાડ લાય લાગી રહી; કેમકે એક માનવીને હાથે અસુરોની હાર થાય, તે જાણીને તેના મનમાં ઘણી શરમ વ્યાપી રહી. તેણે આખા પાતાળમાં ઢંઢેરો પીટાવી દૈત્યદાનવોની મોટી સેના એકઠી કરી અને



શુકન જોઇને, પછી તે તપોધન મુનિના આશ્રમ તરફ યુદ્ધ કરવાને ચાલ્યો. મુક્તાફળધ્વજ ને તેની સેના તો યુદ્ધ માટે સજ્જ થઇને તૈયાર જ હતી. તેણે જ્યારે અસુરના રાજાને મોટી સેના લઇને લડવા આવતો જોયો, ત્યારે તે એકદમ તેનાપર તૂટી પડ્યો. પુનઃ દાનવ અને માનવ વચ્ચે મહાસમર્થ યુદ્ધ શરુ થયું. ઇંદ્ર ને રુદ્ર વગેરે દેવતાઓ આ યુદ્ધ જોવાને આકાશમાં આવીને ઉભા રહ્યા.

આ રીતે યુદ્ધ ચાલે છે, તેટલામાં મુક્તાફળધ્વજ પાસે અગ્નિપેરે ભડભડાટ જ્વાળા વરસાવતું મહાસ્ત્ર પાશુપત આવીને ઉભું રહ્યું. તે કદમાં ઋષ્ટપુષ્ટ હતું, તેને ત્રણ નેત્ર હતાં, ચાર મોઢાં હતાં, એક પગ હતો, આઠ હાથ હતા અને તે જાણે કલ્પાંતે પ્રલયકાળ આવ્યો હોય ને જેવી અગ્નિની જ્વાળા વરસી રહે, તેવી ઉની ઝાળ વરસાવતું હતું. તે શસ્ત્રે મુક્તાફળધ્વજને કહ્યું; " વીરમર્દ ! શિવજીની આજ્ઞાથી, તારો વિજય કરાવવાને હું હાજર છું. " જ્યારે આ પ્રમાણે તે શસ્ત્રે કહ્યું, ત્યારે મુક્તાફળધ્વજે તેનું પ્રેમપુરઃસર પૂજન કીધું ને પછી તેને હાથમાં લીધું.

એટલા સમયમાં તો અસુરોએ આકાશમાં રહી, બાણોનો પુષ્કળ મારો ચલાવ્યો અને મેરુધ્વજની સેનાને મૂર્છાગત કરી દીધી. પછી મુક્તાફળધ્વજ, જે અનેક કળાથી યુદ્ધ કરનારો હતો તેણે, પોતાની સેનાનું રક્ષણ કરવા માટે આકાશમાં બાણની જાળ છાઈ દીધી.

જ્યારે ત્રૈલોક્યમાળી દાનવરાજે, મુક્તાફળધ્વજ અને તેના ભાઈ તથા પિતાને ગગનગામી વાહનપર સ્વાર થયેલા જોયા, ત્યારે તેણે તેઓના ઉપર સર્પાસ્ત્ર બાણ માર્યું. અસંખ્ય ભયંકર ઝેરી સર્પો તેમાંથી દોડ્યા આવ્યા. મલયધ્વજે ગરુડાસ્ત્ર મારીને ગરુડોને બોલાવ્યા અને તુરત જ તે સર્પોને મોતને શરણે મોકલાવી દીધા; મુક્તાફળધ્વજે, દૈત્યરાજે અને તેના પુત્રોએ જે જે શસ્ત્રો માર્યાં, તે સર્વેનો ક્ષણ માત્રમાં નાશ કરી દીધો.

આવી રીતે યુદ્ધમાં પરાજય જોઈ તે દેવશત્રુ અને તેના પુત્રો તથા બીજા દાનવો અત્યંત કોપાયમાન થઈ ગયા. તે સર્વે ક્રોધાંધ થઇને અગ્ન્યાસ્ત્ર વગેરે બાણો એક સામટાં મારવા લાગ્યા. પણ તે સર્વે શસ્ત્રો, મુક્તાફળધ્વજની આગળ, અગ્નિ સમાન બળતા પાશુપતાસ્ત્રને જોઈ ભય પામીને ઉભી પૂછડીએ નાસી ગયાં.

આવો પ્રકાર જોઇને દૈત્યો ભયભીત થઈ ગયા. તેઓના મનમાં નિશ્ચય થયો કે, હવે આપણો કાળ પાસે આવ્યો છે; અને જો વધારેવાર અત્ર ઉભા રહ્યા તો બેશક ધૂળ ચાટતા થઈ જઇશું. એવો વિચાર કરીને સર્વે દૈત્યોએ અને દાનવોએ રણમાંથી નાસવાનો વિચાર કીધો. મુક્તાફળધ્વજ તેઓનો વિચાર પામી ગયો, એટલે તેઓને ઘેરી લેવાને માટે ચોમેરથી વજ્રબાણનું એક પિંજરું, જેમ પક્ષીઓને સપડાવવાને લોહપિંજરી કરવામાં આવે છે તેમ, કરીને, તેઓને સજ્જડ સપડાવવા, ભરી લીધું. પછી જ્યારે દાનવો નાસવાને માટે પ્રયત્ન કરવા લાગ્યા, ત્યારે જેમ પિંજરામાં સપડાયલાં પક્ષીઓ એક બીજા સાથે આથડે, તેમ સર્વે અથડાવા લાગ્યા.

એ સમયે મુક્તાફળધ્વજે, પોતાના પિતા તથા ભાઈની મદદથી તે સર્વને ઊનાં ધગધગતાં બાણોથી રીબાવી રીબાવીને જમપુરીમાં મોકલી દીધા. આ કચ્ચરઘાણથી દૈત્યોનાં માથાં, હાથ, પગ અને અંગો, લોહીથી ઝરઝરતાં જમીનપર આવીને પડવા લાગ્યાં. ચોમેર લોહીની નદીઓ વહેવા લાગી. તુરત જ દેવતાઓએ, મુક્તાફળધ્વજનું અતુલ બળ પરાક્રમ જોઇને "જય જય" નો મંગળસૂચક શબ્દ કાઢીને તેને અભિવંદન આપ્યું. પછી આકાશમાંથી પુષ્પવૃષ્ટિ થઈ અને તે વૃષ્ટિ થતાં જ મુક્તાફળધ્વજે મોહનાસ્ત્ર મારીને બાકી રહેલા અસુરોને મોહવશ કરી દીધા. અસુરો અને તેનો રાજા સર્વે ભાન વગરના થઇને ટપોટપ પૃથ્વીપર આવી પડયા. પછી વરુણાસ્ત્ર મૂકીને, તે રાજપુત્રે તે સર્વે દૈત્યોને બાંધી જકડી લીધા.

પછી તપોધન મુનિએ, મેરુધ્વજ રાજાને કહ્યું,–"સંહારમાંથી બચેલા આ અસુર યોધાઓને તમો મારતા નહીં, પણ તેઓને વશ કરો. તે પછી તેઓ સાથે રસાતળમાં જાઓ. આ અસુરેશો, તેના પુત્રો ને તેના મંત્રીઓ તથા પાતાળમાં વસતા મહાઅસુરો, દુષ્ટ નાગો અને પ્રચંડ રાક્ષસો, જેઓ દેવસભ નગરની પાડોસમાં આવેલી શ્વેતશૈલ પર્વતની ગુફામાં જઇને રહે ત્યાં સુધી છોડતા નહીં. તે ગુફામાં લઈ જઇને કેદ કરો." જ્યારે તે મુનિએ આમ કહ્યું, ત્યારે મેરુધ્વજે તે દૈત્ય યોધા પ્રત્યે કહ્યું–"તમો ડરતા નહીં, અમે તમને મારીશું નહીં, પણ તમો આ મુક્તાફળધ્વજ અને તેના ભાઇના તાબેદાર થાઓ તો બસ છે!" જ્યારે રાજાએ આ પ્રમાણે દાનવોને કહ્યું, ત્યારે સર્વ દાનવોએ, માનવોના આજ્ઞાંકિત થવાને સ્વીકાર્યું. પછી તે રાજાએ, દૈત્યરાજ ત્રૈલોક્યમાળીને આગળ કરીને, તેના પુત્ર તથા પરિવાર સાથે સર્વને, શ્વેતશૈલપર્વતની ગુફામાં લઈ ગયો અને ત્યાં જઇને સર્વને તે ગુફામાં કેદ કીધા; અને તેનાપર પોતાના મુખ્ય મંત્રીઓને ચોકી પહેરાપર રાખ્યા; અને તેમની સાહેતામાં બીજા અસંખ્ય યોધાઓને મૂકયા.

યુદ્ધ વિરામ પામ્યું. આકાશમાં, પોતાના રથમાં વિરાજમાન થયેલા દેવતાઓએ મંદારપુષ્પની વૃષ્ટિ કરી. પછી તે સર્વે પોતપોતાને સ્થાનકે વિદાય થયા. આખા ભૂમંડળમાં સર્વત્ર જયજયકાર અને આનંદ આનંદ વર્તાઈ રહ્યો. વિજયી રાજેન્દ્ર મેરુધ્વજે પોતાના બંનો કુમારોને કહ્યું,–"કુમારો! હવે હું આ યજ્ઞના સંરક્ષણાર્થ અત્ર રહું છું. તમો બંનો, આપણા શૂરવીર યોધાઓને લઇને પાતાળમાં જાઓ. તેઓની પાસે દૈત્યોના પુષ્કળ રથ છે અને સાથે આ નાશમાંથી બચેલી અસુર સેનાને પણ લેતા જાઓ. પાતાળમાં જઈ, ત્યાંના વાસીઓને સામોપચારથી આપણે વશ કરો અને તે પ્રદેશમાં આપણો મુખ્ય સુબેદાર નીમો અને આ પ્રમાણે તે પ્રદેશ તાબે કર્યાં પછી તમો પાછા આવો."

તુરત જ મહાવીર મુક્તાફળધ્વજ, જે ઇચ્છાનુસાર રૂપ ધારણ કરનાર દિવ્ય વાહનપર સ્વાર થયો હતો તે અને તેનો ભાઈ મલયધ્વજ, પિતાની ઇચ્છા પ્રમાણે, પોતાના વીરલાઓ સાથે, અને જે દાનવસેના તેઓને વશ થઈ હતી તેને સંગે લઇને રસાતળમાં પેઠો અને શત્રુઓના પ્રદેશ તરફ ચાલ્યો. જે નગરરક્ષકો અને બીજા દાનવ અને દૈત્યો તેઓની સામા થયા,



તેઓનો તેઓએ નાશ કરી નાંખ્યો અને જેઓ શરણે આવ્યા તેઓને ક્ષમાદાન દઇને ડિંડિમનો ડંકો બજાવતા આગળ વધ્યા. લોકોએ તેઓનો વિશ્વાસ મેળવ્યો. પછી તે સર્વને તાબે કરીને, નાના પ્રકારની સમૃદ્ધિવાળા, રત્નાદિકથી ઝળહળી રહેલાં મંદિરો સહિત, પોતાના અદ્ભુત પરાક્રમથી તેઓએ સાતે પાતાળ પોતાને વશ કીધાં. પાતાળ મંદિરોમાં રહીને તે બંને કુમારોએ નૂતન નૂતન દિવ્ય મનકામના પૂર્ણ કરનારાં ઉદ્યાનોમાં ફરી હરી અચ્છી રીતે મોજ ઉડાવવા લાગ્યા; અને રત્નજડિત પગથીયાંવાળી વાવો, જેમાં દિવ્ય સરકો ભરેલો હતો, તેની લહેજત લેવા લાગ્યા. આ ઉપવનોમાં તેઓએ અનેક દિવ્ય લાવણ્યસંપન્ન દાનવ સુંદરીઓને જોઈ. તેઓના સ્વરૂપસાદર્ય આગળ ઇંદ્રની અપ્સરાઓ પણ ફોસ ગણતીમાં ન હોતી. તેઓની મધુરીસી છબી ને લલિત લાવણ્ય નિહાળી, મોટા મોટા યોગીશ્વરો પણ પોતાનું વ્રત છોડી દે તેમ હતું. દૈત્યરાજોની એ કન્યાઓ, પોતાનું ગૌર અંગ વૃક્ષોમાં છૂપાવીને રહી હતી. તેને જોઇને સર્વે ચકિત થતા હતા.

ત્રૈલોક્યમાળીની સ્વયંપ્રભા રાણીએ, પોતાના સ્વામિનાથ બંધનમાંથી મુક્ત થાય તે માટે શંકરનું તપ આરંભ્યું હતું; અને તે જ રીતે તેની બે કુંવરીઓ,–ત્રૈલોક્યપ્રભા અને ત્રિભુવનપ્રભા, પણ, પોતાના પિતાના પરમ કલ્યાણ માટે તપ કરતી હતી.

પેલા બંનો રાજકુમારોએ પાતળવાસીઓને નવાનવા પ્રકારની વસ્તુઓથી નવાજીને અને તેઓને અભયદાન દઇને સર્વત્ર શાંતિ વર્તાવી; અને આ પાતળવાસીઓપર પોતા તરફથી સંગ્રામસિંહ વગેરેને મુખ્ય સુબેદાર તરીકે નીમ્યા. પછી બંનો કુંવરો, પોતાના પિતાની છાવણી, જે મુનિ તપોધનના આશ્રમમાં હતી, ત્યાં ગયા.

એટલા સમયમાં તે મુનિનો યજ્ઞ પૂર્ણ થવા આવ્યો હતો અને દેવ તથા ઋષિઓ સર્વે પોતપોતાના સ્થાનક પ્રત્યે જવાને તૈયાર થયા હતા. આ પ્રમાણે સર્વ કાર્ય નિર્વિઘ્ને પાર પડયું. તે જોઇને ઇન્દ્ર અત્યંત પ્રસન્ન થયો, ત્યારે મેરુધ્વજ રાજેન્દ્રે ઇન્દ્રને કહ્યું,–"સ્વર્ગના રાજરાજેન્દ્ર! આપ જો મારાપર પૂર્ણ પ્રસન્ન થયા હો તો મારે નગરે પધારી મને શોભા આપો." જ્યારે આ પ્રમાણેનું મેરુધ્વજનું બોલવું ઇન્દ્રે સાંભળ્યું ત્યારે તે તેને આનંદ પમાડવાને, મુનિ તપોધનની આજ્ઞા લઈને મેરુધ્વજના બે પુત્રો સાથે, દેવસભ નગરમાં પધાર્યો. ત્યાં મર્ત્યલોક ને પાતાળલોક બંનેના સ્વામી મેરુધ્વજે, ઇન્દ્રની એવી તો રુડી રીતે આગતાસ્વાગતા કીધી કે, તે પોતાનો સ્વર્ગનો વૈભવ પણ ભૂલી ગયો. પછી પ્રસન્ન થયેલો ઇન્દ્ર, તે રાજાને અને તેના કુમારોને પોતાની સાથે દિવ્ય વાહનપર બેસાડી સ્વર્ગલોકમાં લઈ ગયો. ત્યાં નારદની વીણાથી ને રંભાના સુસ્વર ભરેલા મધુરા ગાયનથી, અત્યંત મોહ પમાડી, મેરુધ્વજ, મુક્તાફળધ્વજ અને મલયધ્વજ, ત્રણેનો યુદ્ધનો સર્વ શ્રમ–કંટાળો વિસરાવી દીધો અને પછી રુડી રીતનો સત્કાર કરીને, વિશ્રામ સુખ આપી પારિજાતકની સુંદર માળા પહેરાવી અને દિવ્ય મુકુટ ધારણ કરાવીને, તે સર્વેને તેમને નગરે વિદાય કીધા.

રાજરાજેન્દ્ર મેરુધ્વજ મર્ત્યલોકમાં આવ્યા, પછી ત્યાંથી પાતાળમાં ને પાતાળમાંથી મર્ત્યલોકમાં એમ વારંવાર આવજાવ કર્યા કરતો હતો ને એ રીતે રાજ્ય કરતો હતો. એક સમયે મેરુધ્વજે, મુક્તાફળધ્વજને કહ્યું,–"આપણે શત્રુઓપર વિજય મેળવ્યો છે. તમો બંનો કુમારો તરુણ છો અને મારા તાબામાં અનેક પ્રદેશો છે. તેમાં અતિઘણા લાવણ્યથી ભરપૂર રાજકન્યાઓ વસે છે, તેમાંથી મેં તમારે માટે યોગ્ય રાજકન્યાની શોધ કરાવી છે: હવે સમય આવ્યો છે, માટે મારી ઇચ્છા છે કે, તમો બંને કુંવરો લગ્ન કરો!"

જ્યારે મુક્તાફળધ્વજના પિતાએ તેને આ પ્રમાણે કહ્યું ત્યારે તે બોલ્યો,–"પિતાજી" મારે હમણાં લગ્ન કરવાની ઇચ્છા નથી. હમણાં તો હું શિવજીને પ્રસન્ન કરવાને તપ કરીશ.! પણ જો તમારી ઇચ્છા છે તો મારા પ્રિય નાના ભાઈ મલયધ્વજનાં લગ્ન ભલે કરો.!' જ્યારે તેના નાના ભાઈ મલયધ્વજે આ પ્રમાણેનું વડીલ ભાઈથી મોંઢે બોલવું સાંભળ્યું, ત્યારે તે બોલ્યો,–"મહાશય બંધુ ! આપ પરણો નહીં અને આપ રાજ્યાસને વિરાજો નહી, ત્યાં સૂધી મારે પરણવું અને રાજ્યાસને બેસવું, એ શું મારો ધર્મ છે વારુ ? હું તો તમારે જ પગલે ચાલીશ."

જ્યારે મલયધ્વજે આ પ્રમાણે કહ્યું ત્યારે મેરુધ્વજે પોતાના વડીલપુત્ર મુક્તાફળધ્વજને કહ્યું,–"તમારા નાના ભાઈએ જે કંઈ હમણાં કહ્યું તે તદ્દન ધર્માનુસાર છે; પણ તમે જે હમણાં કહ્યું તે ધર્માનુસાર નથી. તરુણાવસ્થાનો આ નવપલ્લવ સમય છે, તપશ્ચર્યા કરવાનો આ સમય નથી. આ અવસ્થા તો વિલાસ વૈભવ ભોગવવાની છે, ક્લેશ વેઠવાની નથી. માટે પ્રિય પુત્ર ! તારો આ દુરાગ્રહ સમયને પ્રતિકૂળ છે, માટે એ વાત તું માંડી વાળ." આ રીતે રાજાએ તે કુમારને બહુ બહુ પ્રકારે દાખલા દલીલથી સમજાવ્યો, પણ તે એક નિશ્ચયવાન મહાત્મા, પોતાના દ્રઢ ઠરાવમાં જરા પણ ચળ્યો નહીં ને તેણે પરણવાની ઘસીને ચોખ્ખી ના પાડી; અને તેથી મેરુધ્વજ તરત તો મૌન્ય ધરી રહ્યો ને લગ્નને માટે કોઈ બીજી સંધિ જોવા લાગ્યો.

આ સમયમાં પાતાળમાં ત્રૈલોક્યપ્રભા અને ત્રિભુવનપ્રભા જે તપ કરતી હતી, તેઓએ પોતાની માતા સ્વયંપ્રભાને કહ્યું, "માજી ! જ્યારે હું આઠ વરસની હતી ને આ મારી બહેન સાત વરસની હતી, ત્યારે અમારા કમનસીબને યોગે અમારા પિતાજીને કેદમાં પડવાનું થયું ને અમો રાજકુળમાંથી ભ્રષ્ટ થયાં. આજે વાત કરતાં તપશ્ચર્યા કરતાં આઠ વરસ વીતી ગયાં, તો પણ હજી સૂધી શિવજી પ્રસન્ન થયા નથી ને અમારા પિતાજી કેદમાંથી મુક્ત થયા નથી. માટે હે મા ! અમો શત્રુને વશ પડીએ અને તેને હાથે કંઈ બીજી રીતની પીડા પામીએ, તે પહેલાં અમને અમારા આ કમભાગ્ય દેહનો અગ્નિમાં ઝંપાપાત કરીને ત્યાગ કરવા દે!"

જ્યારે સ્વયંપ્રભાની પુત્રીઓએ આ પ્રમાણે તેની માતાને કહ્યું ત્યારે તે બોલી,– "પુત્રીઓ ! જરાક ધૈર્ય ધરો; આપણને આપણી પૂર્વની યશ કીર્તિ પુનઃ પ્રાપ્ત થશે. કેમકે હું જાણું છું કે, જ્યારે હું તપધ્યાનમાં નિમગ્ન થઈ હતી, ત્યારે મને નિદ્રામાં જ શિવજીએ કહ્યું



છે કે, બેટા ! હિંમત રાખ, તારા નાથને તેનું રાજ્ય પુનઃ પ્રાપ્ત થશે અને રાજપુત્રો મુક્તાફળધ્વજ ને મલયધ્વજ તારી બંનો પુત્રીના સ્વામી થશે. તું એમ મા ધારતી કે, તેઓ મનુષ્ય છે. તેમાંનો એક તો ઉદારચિત્ત વિદ્યાધર છે અને બીજો તો મારો ગણ છે !' મને આ પ્રમાણે શિવજી તરફથી સ્વપ્ન થયું, એટલામાં તો રાત્રિ પૂર્ણ થઈ અને હું જાગી ઉઠી; અને આશામાંને આશામાં દિવસ નિર્ગમન કરું છું. તેથી હવે આ વાત તમારા પિતાને નિવેદન કરું અને તેની સંમતિ લઈને હું તમારાં લગ્ન કરીશ."

રાણી સ્વયંપ્રભાએ આ પ્રમાણે પોતાની બંનો કુંવરીને જણાવ્યું. પછી તેણીએ રણવાસની એક વૃદ્ધ સ્ત્રી ઇંદુમતીને બોલાવીને કહ્યું,–" તું હમણાં ને હમણાં શ્વેતશૈલગિરિની ગુફામાં જા અને મારા પ્રાણેશ્વરને આ પ્રમાણેનો સંદેશો, તેને પગે પડીને નિવેદન કર કે, મારા નાથ ! મને બ્રહ્માએ એવી તો વજ્ર હૃદયની બનાવી છે કે, તમારા વિયોગનો અગ્નિ સદા જ આ અંતરમાં બળ્યા કરે છે તોપણ, હું તેમાં બળીને ભસ્મ થતી નથી, એ આશ્ચર્ય છે ! પણ આપ નાથનો મને પુનઃસમાગમ થશે, એ જ આશાથી હું અદ્યાપિપર્યંત જીવું છું !' આ પ્રમાણે તેમને સંદેશો કહ્યા પછી, શિવજીનું જે સ્વપ્ન મને થયું છે, તે વાર્તા તેઓને કહેજે અને પછી મારી કુંવરીઓના લગ્નની વાર્તા પૂછી જોજે. અને તેઓ શું કહે છે તે સમાચાર લઈને તું અહિંયાં પાછી ફરજે. હું તેમની આજ્ઞા પ્રમાણે વર્તીશ."

આ પ્રમાણેનો નિર્દેશ યથાર્થ સમજાવીને ત્રૈલોક્યમાળીની રાણીએ દાસી ઇંદુમતિને વિદાય કીધી. તે લોંડી પાતાળમાંથી નિકળીને સુરક્ષિતપણે શ્વેતશૈલગિરિની ગુફા આગળ જઈ પહોંચી. ત્યાં ગુફાના દ્વારરક્ષક પહેરેગીરોની પ્રાર્થના કરી તે ગુફામાં દાખલ થઈ. કેદ પડેલા ત્રૈલોક્યમાળીનાં તેને દર્શન થયાં. પ્રથમ તે દાસી તેને જોતાં વારને રડી પડી. પછી તેના ચરણને ચુંબન કીધું અને જ્યારે અસુરેશે તેને પૂછ્યું કે, 'શી ખબર છે,' ત્યારે તેણીએ ધીમે ધીમે રાણી સાહેબનો સંદેશો નિવેદન કીધો. તે સાંભળી તે રાજા બોલ્યો,–"શિવજીએ મને પુનઃ રાજ્ય પ્રાપ્ત થવા વિશે કહ્યું છે જ, અને તે પ્રમાણે નિશ્ચય થશે જ: તે દેવની વાણી અસત્ય હોય જ નહીં. પણ મેરુધ્વજના પુત્રને મારી કન્યાનું દાન દેવા વિષે તે દેવ જે કંઈ કહ્યું છે, તેમ તો કાળાંતરે પણ બનશે નહીં. આ કારાગૃહમાં પડી રહી, હું મોતને શરણ જવાનું વધારે પસંદ કરીશ, પણ મારા શત્રુ અને તે વળી મનુષ્યને હું મારી કન્યા ભેટ તરીકે કદી પણ આપીશ નહીં !"

આ પ્રમાણેના સંદેશાનો પ્રતિઉત્તર, ઇંદુમતીને રાજાએ આપ્યો. તે લોંડી ત્યાંથી ચાલી નિકળી. તેણે પાતાળમાં જઈને સ્વયંપ્રભાને તે સંદેશો યથાર્થ નિવેદન કીધો. જ્યારે દૈત્યરાજકન્યા ત્રૈલોક્યપ્રભા તથા ત્રિભુવનપ્રભાએ તે ઉત્તર સાંભળ્યું, ત્યારે તેઓએ પોતાની માતા સ્વયંપ્રભાને કહ્યું,–"માતાજી ! અમે ભરયુવાવસ્થામાં છીએ અને અમને ઘણી ચિંતા થાય છે કે, અમારા વ્રતને કંઈ પણ કલંક ચઢશે; તેથી હવે તો અગ્નિદેવને શરણે જવા શિવાય

અમારો બીજો કોઈ રસ્તો નથી. તેથી હે મા ! અમો બંનો જણીઓ આવતી ચતુર્દશીને દિવસે અગ્નિપાન કરીશું; તું અમને આજ્ઞા આપ !" જ્યારે તે કુંવરીઓએ આ પ્રમાણે દ્રઢ નિશ્ચય જણાવ્યો ત્યારે તેની માતા અને સર્વે પરિજને પણ મરવાનો ઠરાવ કીધો ! ચૌદશ આવી. સર્વેએ, પાતાળના દેવ હાટકેશ્વર મહાદેવનું યથાવિધિ પૂજન કીધું. પછી પાપારિપુ નામના પવિત્ર તીર્થમાં જઈને સ્નાન કરી ત્યાં ચિતા ખડકી અને બળી મરવા માટે સર્વ પ્રકારની તૈયારી કીધી.

હવે એવું બન્યું કે, એ દિવસે મહારાજા મેરુધ્વજ, પોતાના બંનો પુત્રો તથા પોતાની રાણીને સાથે લઈને હાટકેશ્વર મહાદેવના પૂજનાર્થે પાતાળમાં પધાર્યો અને તે જેવો પાપા-રિપુના પવિત્ર તીર્થમાં સ્નાન કરવાને પોતાના પરિવાર સાથે જાય છે, તેવામાં તેણે નદી તટના એક ભાગમાંથી અગ્નિની જ્વાળા જોઈ. તે રાજાએ પોતાના મનુષ્યોને પૂછ્યું કે, આ ધુમાડો ક્યાંથી નિકળે છે, ત્યારે તે સ્થળના સુબેદાર સંગ્રામસિંહ અને બીજાઓએ જણાવ્યું કે,– "મહારાજ ! ત્રૈલોક્યમાળીની રાણી સ્વયંપ્રભા અને તેની પુત્રીઓ આજ કેટલોક કાળ થયાં અહીં તપશ્ચર્યા કરે છે. તેથી ધારીએ છીયે કે, તેઓએ હોમાદિક કંઈ પવિત્રક્રિયા કરવાને આ અગ્નિ સળગાવ્યો હશે અથવા તો કંટાળીને તેઓએ દેહાર્પણ કરવાને ચિતા સળગાવી હશે અને તેમાં બળી મરતાં હશે."

આ સમાચાર જાણીને, પોતાના બીજા પરિજનોને ત્યાં થોભાવી, રાજા પોતે, રાણી કુંવરો ને સુબેદાર વગરેને સાથે લઈને, ધુમાડો નિકળતો હતો તે તરફ તપાસ કરવા ગયો. ત્યાં જઈ તે એક વૃક્ષને ઓથે છૂપાઈ રહી, શો ખેલ થાય છે તે જોવા લાગ્યો. તેણે તે દૈત્યરાજકન્યાઓને તેની માતા સાથે નિહાળી. તેઓ ભડભડાટ બળતા ચિતાના અગ્નિદેવની પ્રદક્ષિણા કરી પૂજા કરતી હતી. તે પ્રમદાઓની મુખચંદ્રની પ્રભાથી પાતાળમાં સર્વ સ્થળે ઝળાંઝળાં પ્રકાશ થઈ રહ્યો હતો, તે જાણે પાતાળમાં સો ચંદ્ર એકે સામટા ઉદય પામ્યા હોયની શું, તેમ લાગતું હતું. ત્રણ લોકને પરાજય પમાડયા પછી જાણે કામદેવનો ચક્રવર્તિપદપર અભિષેક કરવાને કૂચરૂપી કાંચનઘટમાંથી, મુક્તાહારરૂપે ડોલતી જળધારા પડતી હોય, તેમ રાણી અને તેની કુંવરીઓની છાતી ખીલી રહી હતી. તેઓની વિશાળ જંઘાના થંભા અને તે પર બાંધેલી કટિમેખલા એવી તો સુંદર રીતે શોભી રહી હતી કે, તે જાણે નક્ષત્ર માળાવાળા કામદેવના હાથીના કુંભસ્થળ હોય તેવું મનોહર દીસતું હતું. બ્રહ્માએ જાણે તે રંભાઓના લાવણ્યનું સરક્ષણ કરવાને બે નાગદેવને તેના રક્ષણ માટે મૂકયા હોય તેમ બે પાસે વેણીઓ છૂટી લટકી રહી હતી. આ લાવણ્યરસની મૂર્તિઓને જોઈને રાજા આશ્ચર્યમાં ગરક થઈ ગયો. તે મન સાથે બોલ્યો; "અહો ! બ્રહ્મા, જે આ સર્વ જગતનો રચનાર છે, તેની સૃષ્ટિમાં પણ સૌંદર્યની નવનવી કૃતિ જોવામાં આવે છે. આ અસુરેશ કન્યાની તુલનાએ રંભા, ઉર્વશી અને તિલોત્તમા પણ કુછ બીસાતમાં નથી !"

જ્યારે આ પ્રમાણે રાજા વિચારમાં લવલીન થઈ ગયો હતો, ત્યારે દૈત્યરાજની મોટી પુત્રી ત્રૈલોક્યપ્રભાએ અગ્નિદેવનું પૂજન કરીને આ પ્રમાણે પ્રાર્થના કરવા માંડી. જ્યારથી



મારી માતાએ શિવજીએ આપેલા સ્વપ્નની વાર્તા મને જણાવી છે, ત્યારથી સદ્‌ગુણના મહાધામ, હૃદયના વિશ્રામ સ્થાનરૂપ મુક્તાફળધ્વજને મનસા, વાચા ને કર્મણા, સર્વથી મેં મારો પતિ માનીને, આ દેહ અર્પણ કીધો છે. હું, હે દેવ ! તમારી પ્રાર્થના કરું છું કે, તે ને તે જ ઉત્તર જન્મમાં મારો પતિ થાઓ ! જો કે આ જન્મે તો મારી માતાએ તેમની સાથે મારાં લગ્ન કરવાની સર્વ રીતની ઇચ્છા દર્શાવી છે, પણ કારાગૃહમાં પડેલા મારા પિતાજીએ તેને અનુમોદન આપ્યું નથી, તો પણ હે ભગવન્ ! આ મારી શુદ્ધ મનની પ્રાર્થના આપ સ્વીકારજો !" આ પ્રમાણેની ત્રૈલોક્યપ્રભાની પ્રાર્થના સાંભળીને, ત્રિભુવનપ્રભાએ પણ તે જ રીતે પ્રાર્થના કરી ને તેમાં મલયધ્વજ હવેના જન્મમાં મારો પ્રાણેશ્વર થાઓ, એમ યાચના કીધી હતી.

આ પ્રમાણેનો સંવાદ સાંભળીને મેરુધ્વજ ઘણા હર્ષમાં આવી ગયો અને તે પોતાની રાણીને કહેવા લાગ્યો; "જો આપણા બંને કુમારો આ બાળાઓને પોતાની રાણી તરીકે સ્વીકારે તો તો તેઓએ બે લોકમાં મહાવિજય મેળવ્યો ગણાશે ! હમણાં તો આપણે ચાલો, એ બાળા અને તેની માતા, જે ચિતા ખડકીને અગ્નિદેવને પ્રાણાર્પણ કરવાને તત્પર થઈ રહી છે, તેની પાસે જઈને તેઓને તેમ કરતાં વારીએ." રાજાએ રાણી સાથે એ પ્રમાણે વાતચિત કરી, પછી દૈત્યરાણી ને દૈત્યરાજ કન્યાને, બળી મરતાં અટકાવવાનો પોતે દૃઢ નિશ્ચય કીધો; અને પછી જ્યાં તે પોતે છૂપાયો હતો, ત્યાંથી એકદમ બહાર નિકળી આવી, ઉંચા હાથ કરીને બોલ્યો,–"હાં ! હાં ! હે સર્વાંગ સુંદરીઓ ! અયિ લલિત લલનાઓ ! તમો કંઈપણ સહાસ કરો મા, હું તમારા સર્વે સંતાપ ક્ષણમાત્રમાં દૂર કરીશ !" નદી તટપર ઉભેલી અસુરોની સર્વે સ્ત્રીઓએ જ્યારે આવા શબ્દો સાંભળ્યા, ત્યારે જાણે તેમના કર્ણમાં કોઈએ અમૃતરસનો વરસાદ વરસાવ્યો હોય, તેમ અંતરમાં આનંદ આનંદ થઈ રહ્યો ! સર્વે પરિજને જ્યારે રાજાનાં દર્શન કીધાં ત્યારે તેમને લાંબાછટ થઈને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કીધા.

પછી સ્વયંપ્રભા મહારાજ પ્રત્યે બોલી; "મહારાજ ! જ્યારે તમો રસાતળમાં પધાર્યા હતા, ત્યારે અમને તમારાં દર્શન થયાં હતાં. જો કે અમો તો માયિકવિદ્યાના પ્રતાપથી તમારી દૃષ્ટિથી અગોચર રહીઓ હતી; પણ હવણાં તમો, આ બંનો દુનિયાના વિજયી રાજેન્દ્ર, તેમણે અમોને જોઈ છે, તો હવે અમારે છૂપાઈને કયાં જવું ? જ્યારે તમારા જેવા મહાત્માએ અમને જોઈ છે, ત્યારે તો નિઃશંક હવે અમારા સંકટનો છેડો આવ્યો, એમ અમે માનીયે છીયે. વિશેષમાં અમારે આપ મહારાજને એ જ કહેવું છે કે, અમારે જે વર-દાનની ઇચ્છા છે, તે અમો અમારા આ મુખથી કેમ માગીશું ! (પણ દેવે જે વરદાન આપ્યું છે તે અફળ જશે નહીં.) આ અમારો આશ્રમ છે, તેમાં આપ જે ત્રણલોકના સ્વામી છો અને વળી અમારે પૂજ્ય છો તો આસન કરો અને પાદ ધોવા માટે અર્ઘ ને પાણી આપીએ છીએ તે લ્યો." જ્યારે રાણી સ્વયંપ્રભાનાં આ પ્રમાણેનાં વિનયવચન રાજા મેરુધ્વજે સાંભળ્યાં, ત્યારે તે મંદમંદ હાસ્ય કરતાં બોલ્યો; "આ તમારા જમાઈના પાદ ધોવા માટે તેમને અર્ઘ અને પાણી આપો–એ જ તમારા પૂજનિક છે." સ્વયંપ્રભા બોલી;

"એમને તો હવે નિર્વિલંબે શિવજી અર્ધ આપશે, પણ આપ તો આજ જ લ્યો !" મેરુધ્વજે કહ્યું,–"હું તે સ્વીકારું છું; પણ હે સુંદરિ ! તમારો આત્મઘાત કરવાની ઈચ્છાનો આ જ ક્ષણે ત્યાગ કરો. હાલમાં તમો સર્વ મનકામના પૂર્ણ કરનાર કોઈ નગરમાં જઈ, વિલાસવૈભવયુક્ત કોઈ અનુપમ મહેલમાં વસો. પછી તમારું જેમ કલ્યાણ થાય તેને માટે હું સર્વ પ્રકારનો પૂરતો પ્રયત્ન કરીશ."

રાજાએ આ પ્રમાણેનાં પ્રેમમય વચનો કહ્યાં, ત્યારે સ્વયંપ્રભાએ પ્રણય સહિત કહ્યું,–"આપ મહારાજની જ્યાં આજ્ઞા થઈ ત્યાં જ અમે અમારો આ દેહ ત્યાગ કરવાનો વિચાર છોડી દીધો એમ જાણો. પણ જ્યારે અમારા પ્રાણેશ્વર કારાગૃહમાં નિવાસ કરે છે, ત્યારે અમારાથી વિલાસભવનમાં કેમ જઈને રહેવાય વારુ? માટે મહારાજ! જ્યાં સુધી તમોએ સ્વેચ્છાપૂર્વક આપેલું વચન પૂર્ણ કરો નહીં ને અમારા સ્વામિનાથને, તેના મંત્રી તથા નોકરો સહિત કારાગૃહમાંથી મુક્ત કરો નહીં, ત્યાં સુધી હાલ તુરત તો અમો અહીં જ રહીશું. અમારા સ્વામી તમારા મોટા ભક્તિમાન્ અધિકારી થઈને વર્તશે ને જો આપની ઇચ્છા હશે તો તે પોતાના રાજ્યની લગામ પણ તમારે સ્વાધીન કરશે; અને માનો રાજ, કે તે આ બાબતમાં તમારી સાથે ઘણો મજબૂત કરાર કરશે અને તેના જમાન તરીકે અમો સર્વે પાતાળવાસીજનો બંધક* રહીશું ! વળી આ પાતાળના સર્વ પ્રદેશમાંનું જરજવાહીર છે, તે અમો તમોને સોંપીએ છીએ, જે તમો તમારી સાથે જ લઈ જાઓ."

જ્યારે ત્રૈલોક્યમાળી દૈત્યરાજની રાણી સ્વયંપ્રભાએ, આ પ્રમાણે મેરુધ્વજ રાજાને કહ્યું, ત્યારે તે બોલ્યો,–"આ બાબતમાં હું વિચાર કરીશ; પણ તમો તો તમારા વચનને વળગી રહેજો." આ પ્રમાણે કહીને રાજા ત્યાંથી પોતાના પરિજનો સાથે ચાલતો થયો. તેણે પાપારિપુ તીર્થમાં જઈને પ્રથમ સ્નાન કીધું ને પછી હાટકેશ્વર મહાદેવનું પૂજન કીધું. જ્યારે રાજા મેરુધ્વજને અસુર રાણી સ્વયંપ્રભા સાથે વાતચિત થતી હતી, ત્યારે દૈત્યરાજ કુંવરીઓએ, મેરુધ્વજના કામકુંવર જેવા ફુટડા ને કાળજડું કોરતા, ચિતડું ચોરતા, નારી જાતિનો મોડ મરોડતા, છેલ છબીલા છોગાળા, મુગટવાળા, મનોહર, મધુરા કુમારોનાં દર્શન કીધાં. તેણે જેવાં દર્શન કીધાં કે, તેઓનું મન તેમની સાથે જ ચાલતું થયું–કુંવરીઓ તો માત્ર સ્થૂલમૂર્તિ જ હોય, તેવી વિચાર કરતી ત્યાં ઉભી રહી. પછી રસાતળવાસી સર્વે દૈત્યો ત્યાં આવ્યા. સર્વે મેરુધ્વજને પાયે પડ્યા. ત્રૈલોક્યમાળીના છૂટકારા માટે વિનતિ કીધી. પછી મેરુધ્વજ, રાણી, કુંવરો ને નોકરચાકર સહિત અસુરલોકના નિવાસસ્થાનોમાંથી નિકળીને, પોતાની ઉજ્જ્વળ કીર્તિરૂપ શ્વેત છત્રથી દિશાઓને ઝગઝગિત કરતો, મર્ત્યલોકમાં પોતાને નગરે પધાર્યો. નગરમાં આવ્યા પછી મેરુધ્વજના કુમાર મલયધ્વજે આખી રાત્રી, દાનવેશની નાની કન્યા ત્રિભુવનપ્રભાની ફુટડી છબીની લગનીમાં લેહ લગાડી દીધી અને તેથી તે, રાત્રિમાં તે મધુરીની મૂર્તિમાં એવો તો લદબદ થઈ ગયો કે, તેને કામજ્વર આવ્યો. તેણે ઊંઘને માટે ઘણાં ફાંફાં માર્યાં, તોપણ એક નિમેષ પણ નિદ્રા

* બાંહેધર–જમાન.



આવી નહીં. પણ ધૈર્યનો મહાસાગર મુક્તાફળધ્વજ, અસુરરાજની વડી કુંવરી, ( જે કુંવરી ) તેના ઉપર ફીદાફીદા થઈ ગઈ હતી, વળી મુનિરાજનું પણ મન ચલાયમાન કરે તેવી કામણગારી હતી, તે સાથે તે રાજપુત્ર પોતે તરુણાવસ્થાના પુર સાગરમાં તરતો હતો. એટલે તે તેના ફુટડા રૂપનું મનન કરતો હતો ખરો, તોપણ પૂર્વ જન્મમાં મુનિએ જે આશીર્વાદ આપ્યો હતો તેને યોગે, તેનું મન જરાપણ વિકારવાન્ થવા પામ્યું નહીં. જ્યારે મેરુધ્વજે જાણ્યું કે, તેનો વડો પુત્ર તો એક નિશ્ચયવાન્ થઈને બેઠો છે કે પરણવું જ નથી ને મલયધ્વજ તો તે કન્યાના વિરહને લીધે કામજ્વરથી પીડાય છે અને અધુરામાં પૂરું અસુરેશ ત્રૈલોક્યમાળી પોતાની કન્યાઓને પરણાવવાની સાફ ના પાડે છે, ત્યારે તે વિચારવમળમાં બહુ ગુંચવાઈ ગયો.

## તરંગ ૬ ઠ્ઠો.

## મુક્તાફળધ્વજની કથા (ચાલુ).

મેરુધ્વજ રાજાએ (બે ચાર દિવસ વીત્યા પછી) પોતાના નાના કુમાર મલયધ્વજને કામજ્વરથી પીડાતો જોઈને પોતાની રાણીને કહ્યું,–"પ્રિયે ! આપણે પાતાળમાં ત્રૈલોક્યમાળીની જે કન્યાઓ જોઈ છે, તેવી ત્રણ ભુવનમાં કોઇપણ સ્થળે હશે નહીં. આપણા કુમારોનાં જો તેની જોડે લગ્ન ન થાય તો પછી સંસારમાં મેં શું કર્યું? તેમાં પણ આપણો નાનો કુમાર મલયધ્વજ, દૈત્યરાજની નાની કન્યાને જોયા પછી હમેશાં જ કામજ્વરથી રીબાયા કરે છે! તે શરમનો માર્યો પુટપાકની માફક મનમાં જ બળ્યા કરે છે. તે કન્યાઓ મળે તે માટે જ, મેં ત્રૈલોક્યમાળીને કેદમાંથી મુક્ત કરવાનું તેની રાણીને વચન પણ આપ્યું છે; પરંતુ હું તેને છૂટો કરવામાં ઢીલ કરું છું, તેનું કારણ એટલું જ કે, હું જો તેને કારાગૃહમાંથી અહુણાં જ મુક્ત કરું તો તે અસુરેશનો ગર્વ મનુષ્ય સાથે પોતાની કન્યાનાં લગ્ન કરતાં અટકાવશે, એમ હું માનું છું; અને તેમ થાય તો પછી મારે શું કરવું? તેથી હું ધારું છું કે, આપણે એક દૂત ત્રૈલોક્યમાળી તરફ મોકલીને સામોપચારથી તેની સાથે સલાહ કરીએ?"

રાણીએ તે જ વખતે આ પ્રમાણે કરવાને અનુમોદન આપ્યું. પછી તુરત જ રાજાએ પોતાના પ્રતિહારને બોલાવીને આજ્ઞા કરી કે,–"તું શ્વેતશૈલગિરિની ગુફામાં જા; અને કેદમાં પડેલા દૈત્યરાજ ત્રૈલોક્યમાળીને મારો આ સંદેશો પ્રેમપૂર્વક કહે કે, 'દૈત્યરાજજી ! દૈવયોગથી તમો ઘણા દિવસથી કારાગૃહનું દુઃખ ભોગવો છો, પણ હવે અમારા રાજા કહેવરાવે છે કે, તમે અમારું કહ્યું માનો અને કલેશ છોડીને પરસ્પર પ્રેમ બાંધો. આપની બે કુંવરીઓ, અમારા રાજકુમારને જોતાં વાર જ તેમના ઉપર પ્રેમવશ થઈ ગઈ છે, તો એ કુંવરીઓને અમારા પુત્રની સાથે પરણાવોઃ અમે તમને અહીંથી મુક્ત કરીએ છીએ. પણ તમો અમારી

સાથે ભક્તિભાવથી વર્તો, તેને માટે પૂરતી બાંહેધરી આપો, તેટલું વિશેષ કહેવાનું છે. આમ કર્યા પછી તમો તમારા પ્રદેશમાં ઇચ્છા મુજબ રાજ કરો."

આ સંદેશો લઈ તે પ્રતિહાર શ્વેતશૈલગિરિની ગુફામાં, જઈ, તે દૈત્યરાયની પાસે ગયો ને બોલ્યો કે,–"રાજાજી ! અમારા મહારાજ હવે તમારી સાથે સલાહ કરવા ઇચ્છે છે અને તમારી પુત્રીનું માગું કરે છે!" ત્યારે દૈત્યરાયે પ્રતિઉત્તર આપ્યું કે,–"મારે બીજું સર્વ કબૂલ છે, પણ હું તેનું માગું કબૂલ કરતો નથી; કારણ કે તે મનુષ્ય છે અને હું દૈત્ય છું! કહો ભિન્ન જાતિમાં લગ્ન કેમ થઇ શકે?" પ્રતિહાર તે સંદેશો લઈ મેરુધ્વજની પાસે આવ્યો ને તેને સર્વે વૃત્તાંત યથાવિધિ નિવેદન કર્યું.

આ પ્રતિઉત્તર સાંભળી મેરુધ્વજ બીજો કોઈ ઉપાય શોધવા લાગ્યો. એટલામાં આ સર્વ વાર્તા ત્રૈલોક્યમાળીની રાણી સ્વયંપ્રભાના જાણવામાં આવી. તુરત જ તેણે પોતાની વૃદ્ધ દાસી ઇંદુમતી સાથે સંદેશો કહાવીને પાતળમાંથી દેવસભનગરના રાજાની પાસે મોકલી.

ઇંદુમતી, દેવસભનગરમાં મેરુધ્વજ રાજાના રંગભુવનની વિશાળ દેવડી ઉપર આવીને ઉભી રહી. તેણે પ્રતિહારીદ્વારા રાણીને સમાચાર કહેવરાવ્યા કે, દૈત્યરાજની મહારાણીની દાસી ઇંદુમતી, પોતાની બાઈ સાહેબ તરફથી સંદેશો લઇને, તે કહેવા માટે આવી છે. તે પ્રતિહારી રણવાસમાં ગઈ ને રાણીને સમાચાર કહ્યા. રાણીએ તુરત તેને અંદર આવવાનો હુકમ કર્યો. મેરુધ્વજ રાજાની રાણી આગળ આવીને ઇંદુમતી પ્રણામ કરીને વિનયથી બોલી,–"દેવી! અમારી રાણી સ્વયંપ્રભા તમને વિનતિ કરે છે કે, 'તમે તમારું પોતાનું વચન વિસરી ગયાં છો કે શું? મહાપ્રલયને સમયે મહાસાગર અને મોટા મોટા સાત કુળવંત પર્વતો પણ ચલાયમાન થાય છે, પરંતુ આપ જેવા મહાત્માઓનાં વચનો તો કોઈ કાળે પણ ચલાયમાન થતાં નથી; કિંતુ, મૂળ સ્વરૂપમાં જ રહે છે. જો કે મારા પ્રાણનાથે તો પોતાની કન્યાને પરણાવવાની સાફ ના પાડી છે, તોપણ હું કહું છું કે, તમે તો તેને કેદમાં રાખ્યો છે, ત્યારે તે તમને ભેટ તરીકે પોતાની પુત્રી કેમ આપી શકે? તેનું ઉત્તર તમો જ આપો. તમે ઘટતો વિચાર કરી, ઉપકાર બુદ્ધિથી તેને કારાગૃહમાંથી મુક્ત કરો. તે પોતાની ભેટ સ્વેચ્છાનુસાર આપશે. તમારા કુંવરોની સાથે તે પોતાની કુંવરીઓ પરણાવીને તમારા ઉપકારનો અવશ્ય બદલો વાળશે. આ પ્રમાણે જો ઉપાય લેવાશે નહીં તો, સ્વયંપ્રભા અને તેની બંનો કન્યા પોતાના પ્રાણ ત્યાગ કરશે. પછી તમને કન્યા મળશે નહીં અને તમારું વચન ખોટું પડશે.'

"માટે દેવી ! તમારા રાજા અમારી સાથે અમુક ઠરાવ કરીને અમારા રાજાને કેદખાનામાંથી મુક્ત કરે, એટલે પછી તમારા સર્વ મનોરથો અમે પાર પાડીશું ને તેને માટે કંઈ યુક્તિ કરો." આટલું બોલી સ્વયંપ્રભાએ આપેલો ચૂડામણિ, એક પોટલીમાંથી બહાર કાઢીને તે બોલી,–"રાણી સાહેબ ! આ રત્ન આકાશગમન આદિ અનેક સિદ્ધિ આપે છે, નાના પ્રકારની મનકામના પૂરે છે ને વિદ્યાધરના પદને પ્રાપ્ત કરાવે છે. વળી આ



ચૂડામણિમાં ઘણાં દિવ્ય રત્નો જડવામાં આવેલાં છે. તે એક ઉત્તમ આભૂષણ છે, જે અમારી બાઈ સાહેબ આપને નઝર કરે છે! એ નઝરાણું આપ સ્વીકારો!" એમ કહીને ઇંદુમતીએ તે ચૂડામણિ તેના પગ આગળ મૂક્યો.

જ્યારે ઇંદુમતીએ આ પ્રમાણે કહ્યું ત્યારે મેરુધ્વજની રાણી બોલી; "અલિ દાસિ! જ્યારે તારી રાણી દુઃખમાં દહાડા કાઢે છે, ત્યારે તેવા સમયમાં હું તેના આભૂષણની નઝર કેમ સ્વીકારું?" તે સાંભળી, ઇંદુમતી અત્યંત આગ્રહ કરીને રાણીને સમજાવવા લાગી,–"રાણીજી! તમે અમારી આ પ્રથમ ભેટ જો સ્વીકારશો નહીં તો અમારા મનમાં તમારી તરફનું બહુ ઓછું આવશે અને અમારા મનમાં જરાપણ ધીરજ રહેશે નહીં. પણ જો તમે આ ચૂડામણિ ગ્રહણ કરશો, તો અમને તમારા તરફનો પૂર્ણ ભરોસો રહેશે કે, આપ તો અમારા અંતરંગ સ્નેહી છો!" આ પ્રમાણે ઇંદુમતીએ કહીને બહુ બહુ આગ્રહ કર્યો, ત્યારે મેરુધ્વજ રાજાની રાણીએ, કેવળ તેના મનને સંતોષ પમાડવા માટે જ, તે રત્નનું આભૂષણ લેવાની હા પાડી. પછી તેણે તે આવેલી પહેરાણીને કહ્યું,–"બાઈ! મારા સ્વામિનાથ આવતા સુધી તું અહીં જ રહે. જ્યારે તે આવે ત્યારે તેમને પણ મળજે!" આમ કહીને તે દાસીને પોતાના નિવાસભવનમાં બેસાડી. એટલામાં રાજા પણ રાણીને મળવા માટે ત્યાં પધાર્યા. રાણીએ ઇંદુમતીને આંખની સંજ્ઞા કરી. દાસી તરત ઉભી થઈ અને રાજાને મજરો કરીને વિનયથી ઉભી રહી. રાજાએ તેને આદરસત્કાર આપીને બેસવા માટે કહ્યું. પછી સામે બીછાવેલા એક સોનેરી કોચ ઉપર રાજા પોતે બેઠો. તે પછી ઇંદુમતી, સ્વયંપ્રભાએ મોકલાવેલો ચૂડામણિ રાજાને અર્પણ કરતાં બોલી,–"મહારાજ ! આ મણિ જેની પાસે હોય છે, તેને ઝેર, રાક્ષસ, જરા અને રોગ આદિ કોઇથી પણ પીડા થતી નથી. હે મહારાજ ! અમારાં રાણીજીએ આપને એ ભેટ તરીકે મોકલાવ્યો છે!" આ સાંભળી રાજા બોલ્યો,–"ઠીક છે, તેણે મોકલાવ્યું તો અમારે લેવામાં કશી અડચણ નથી; પરંતુ હું મારું વચન પાળ્યા પછી તે ચૂડામણિ લઇશ. આ વેળા તો હું નહીં લઉં." ત્યારે પ્રૌઢ બુદ્ધિશાળી ઇંદુમતીએ વિનતિ કરી,–"મહારાજ ! તમે અમારા વચનને માન્ય રાખ્યું, તે ઉપરથી જાણે આપે તે પાળ્યું હોય તેમ જ અમે સમજીએ છીએ. પણ જ્યારે તમે આ આભૂષણ લેશો, ત્યારે તમારી તરફનો અમને પૂર્ણ સંતોષ થશે." તે સાંભળીને રાણીએ મોં મલકાવીને રાજાને કહ્યું,–"પ્રાણનાથ! એ કહે છે તે ઠીક છે. આપણે તેનો હાથ પાછો વાળવો જોઇએ નહીં." આમ કહી રાણીએ ઇંદુમતીના હાથમાંથી ચૂડામણિ લઈ પોતાના મસ્તક ઉપર, સુંદર તાજની માફક બાંધ્યો. પછી ઇંદુમતીએ સ્વયંપ્રભાનો જે સંદેશો રાણીને કહ્યો હતો, તે સઘળો રાજાને પુનઃ કહી સંભળાવ્યો. તે સાંભળીને રાજાએ કહ્યું; "અલિ ઇંદુમતિ ! તું થાકી પાકી હશે, વળી અમારે ઘેર તું આજ પ્રથમ જ આવી છે, માટે એક દિવસ રહી જા અને કાલે હું એ વિષે વિચાર કરીને તને જે કહેવાનું હશે તે કહીશ!" રાજા રાણીનું આ કહેવું માન્ય રાખી, ઇંદુમતીએ તે રાત્રિ તેના સુંદરભવનમાં રહીને ગાળી. પ્રભાત થયું; રાજાએ દરબારભુવનમાં સભા ભરી;

મંત્રીઓને બોલાવ્યા. મેમાન આવેલી ઇંદુમતીને રાજસભામાં બોલાવી. પછી તે બોલ્યો; "કુલિન દાસિ! તું આ મારા મંત્રીઓને સાથે લઈ પાતાળમાં જઇને પ્રથમ ત્રૈલોક્યમાળી રાજાને જણાવ કે, "મેરુધ્વજ તમને કારાગૃહમાંથી મુક્ત કરવા માંગે છે!" પછી તું પાતાળમાં રહેનારી સ્વયંપ્રભા આદિ સર્વ અસુર નારીઓને તથા બીજા પાતાળમાં રહેનારા મુખ્ય દૈત્ય દાનવોને તેડી લાવ. પછી હાટકેશ્વરનું ચરણામૃત મહોરબંધ વાસણમાં ભરીને લઈ આવ. પછી તેઓને મોઢે કહેવરાવ કે, આ ત્રૈલોક્યમાળીએ, તેના કુટુંબીઓએ, ચાકરોએ અને નાગદેવોએ, મેરુધ્વજની આજ્ઞામાં ભક્તિભાવથી વર્તવું! આ બોલતી વખતે સ્વયંપ્રભા અને તેના સઘળા પરિવાર આદિ પ્રિયજનોએ ત્રૈલોક્યમાળીના પગ ઉપર હાથ મૂકીને, આ પ્રમાણે વર્તવા માટે સત્ય પ્રતિજ્ઞા લેવી. તેમાં સ્પષ્ટ જણાવવું કે, સર્વે પાતાળવાસીઓએ ઠરાવ પ્રમાણે ચાલવું અને તે પછી અમારી સાથે મિત્રભાવથી સંબંધ બાંધવો. જેવી રીતે એ ઠરાવ થાય તેવી રીતે પાતાળના બીજા રાજાઓએ પણ પ્રતિજ્ઞાપૂર્વક રુડી રીતે વર્તવાનું સ્વીકારવું ને તેઓએ જમાન રહેવું. રાજાથી તે રંક સૂધી સઘળાએ આ પ્રતિજ્ઞા પાળવા માટે પોતાના બાળકોને બાંહેધર તરીકે અમારે સ્વાધીન કરવા. આ ઉપરની સઘળી બાબત રાજા અને પ્રજાએ લેખિત ઠરાવ પ્રમાણે જ પાળવી અને તે પાળવા માટે હાટકેશ્વરનું ચરણામૃત સર્વેએ પીવું. આ પ્રમાણે સર્વ ઠરાવ થયા પછી, હું ત્રૈલોક્યમાળીને કારાગૃહમાંથી મુક્ત કરીશ!"

આ વાર્તા ઇંદુમતીની આગળ કહીને રાજાએ તેને પોતાના કાર્યભારીઓ સાથે વિદાય કરી. ઇંદુમતી મંત્રીઓને સાથે લઇને પાતાળમાં પ્રથમ ત્રૈલોક્યમાળીની પાસે ગઈ; અને તેને મેરુધ્વજનો ઠરાવ કહી સંભળાવ્યો. ત્રૈલોક્યમાળીએ ઘણા જ આનંદથી તેને સંમતિ આપી. તુરત ઇંદુમતી હર્ષભેર દોડતી દોડતી પાતાળમાં ગઈ અને સઘળી સ્ત્રીઓને અને સઘળા પુરુષોને એકઠા કર્યા. તે સર્વેને મંત્રીઓની સન્મુખ ઉભા રાખ્યા. પછી તેમના હાથમાં હાટકેશ્વરનું ચરણામૃત આપીને રાજાના અક્ષરે અક્ષર સઘળાંને કહી સંભળાવ્યા. તે પ્રમાણે સર્વેએ વર્તવાને પ્રતિજ્ઞા લીધી ને હાટકેશ્વરનું જળ પી ગયા. તત્ક્ષણે મેરુધ્વજ રાજાએ, ગુફા આગળ જઇને ત્રૈલોક્યમાળીને, તેના કુમારોને તથા સેવકોને કારાગૃહમાંથી મુક્ત કર્યા; અને તે સઘળાને પોતાના રાજભવનમાં દાખલ કરી, તેનો રુડો આદરસત્કાર કર્યો. પાતાળમાં જઈ સર્વેને પોતપોતાના રાજ્યાસન ઊપર બેસાડ્યા અને પોતે હજારો સોના મહોર હીરા પન્ના વિગેરે લઈ પૃથ્વી ઉપર પોતાની રાજધાનીમાં આવ્યો. ત્રૈલોક્યમાળી પણ પોતાના રસાતળ પાતાળમાં જઈ પોતાના રાજ્યાસનને તાબે કરી, સ્ત્રી, પુત્ર, દાસો અને સંબંધી જનો સાથે મોજમઝા મારવા લાગ્યો. જેમ મેઘ ચોમાસામાં જળ વરસાવીને પૃથ્વીને પાણી પાણી કરી દે છે, તેમ જ મેરુધ્વજે પણ પૃથ્વી ઉપર પાતાળની અસંખ્ય લક્ષ્મી પાથરી દીધી.

એક સમયે ત્રૈલોક્યમાળીએ પોતાની રાણીની સાથે એકાંતમાં વિચાર કર્યો કે, "આપણે આપણી કન્યાનાં લગ્ન મેરુધ્વજ રાજાના કુંવર સાથે કરવાં છે, તેથી પ્રથમ તેને આપણે ઘેર બોલાવીએ. તું સંમત થાય તો હું તેને સહકુટુંબ અહીં તેડી લાવું!" રાણીએ ઉત્તર આપ્યું,–



"હું તો આપની આજ્ઞાને અધીન છું. ભલે આપ પધારી તેને તેડી લાવો!" તુરત જ દૈત્યરાય પોતે મેરુધ્વજનો ઉપકાર સંભારીને પાતાળમાંથી તેની નગરીમાં આવ્યો. ત્યાં મેરુધ્વજે ત્રૈલોક્યમાળીનું રુડી રીતે સન્માન કર્યું, તેને ભેટ્યો અને પછી પોતાની પાસે બેસાર્યો. બેઠા પછી ત્રૈલોક્યમાળી બોલ્યો,–"રાજાજી! આપ પાતાળમાં રહ્યા છો, પરંતુ શાંતિમાં રહ્યા નથી; તેમ તમે બરાબર પાતાળ જોયુંએ નથી; માટે અમારે ત્યાં પધારીને અમારી મેમાનગીરી સ્વીકારો; અને તમારા પુત્રને માટે મારી બે પુત્રીઓ હું તમને ભેટ કરું છું તે અંગીકાર કરો!"

જ્યારે ત્રૈલોક્યમાળીએ આ પ્રમાણે ઘણા વિનયથી કહ્યું, ત્યારે મેરુધ્વજે પોતાના સેવકો અને ઇષ્ટ મિત્રોને તૈયાર થવાનું કહેવરાવ્યું. તે પંડે પણ તૈયાર થયો. બીજે દિવસે ત્રૈલોક્યમાળી તે સઘળાને લઇને પાતાળમાં જવાનો હતો, તેવામાં રાજાએ પોતાના કુંવરોની આગળ ત્રૈલોક્યમાળીના ચૂડામણિની તથા કન્યાદાન સંબંધી સઘળી વાર્તા ઇત્થંભૂત કહી સંભળાવી. પાટવીકુંવર મુક્તાફળધ્વજ બોલ્યો, "પિતાજી! મેં તો આપને પ્રથમ જ કહ્યું છે કે, હું શંકરની આરાધના કર્યા વગર પરણીશ નહીં. માટે આપે મારો અપરાધ ક્ષમા કરવો. હવે હું અહીંથી જઇશ ને શિવજીને સેવીશ. મલયધ્વજ ભલે પરણે, કારણ કે તે પાતાળની કન્યા સાથે પરણ્યા વગર કદી પણ શાંતિને પામનારો નથી!" આ સાંભળી મલયધ્વજ બોલ્યો,–"મોટા ભાઈ! તમો કુંવારા હો ત્યાં હું પરણી બેસું, એવું અપયશ હોનારું અને અધર્મ દર્શાવનારું નીચ કર્મ હું કેમ કરું વારુ?" આ પ્રમાણે જ્યારે મહાસંકટ આવી પડ્યું ત્યારે મેરુધ્વજ બોલ્યો,–"ભાઈ મુક્તાફળધ્વજ! આ પ્રમાણે હઠ લઇને બેસવું, એ તારા જેવાને ઘટિત નથી. હું કહું છું કે, વિચાર કરીને તું તારો ઠરાવ ફેરવ!" આ પ્રમાણે પિતાના નિરાશીભર્યાં વચન સાંભળ્યા છતાં પણ મુક્તાફળધ્વજે પરણવાની જરા પણ ઇચ્છા દર્શાવી નહીં, એથી મેરુધ્વજ ઉદાસ થઈ ગયો; અને ત્રૈલોક્યમાળી તે રાજાની રજા માંગી પોતાના માણસોની સાથે જેમ આવ્યો હતો, તેમ જ પોતાની રાજધાનીમાં પાછો ગયો.

ઘેર આવી તેણે રાણી તથા કુંવર કુંવરી આગળ જઇને નિરાશપણે કહ્યું; "તમે જુઓ તો ખરાં, આપણાં નસીબ પણ આજે તો અવળાં થઈ બેઠાં છે. તે આપણું જ અપમાન કરાવે છે. જે રાજા પૂર્વે મારી કન્યા માટે પ્રાર્થના કરતો હતો અને મેં તેને ના પાડી હતી. તેની આગળ આજ મેં વિનતિ કરીને વિવાહ કરવા માટે કહ્યું, ત્યારે તેના જ કુંવરોએ મને કહ્યું કે, અમારે તો પરણવાની ઇચ્છા જ નથી!" તે સાંભળી રાણી અને કુંવરીએ ઉત્તર આપ્યું કે,–"દૈવના મનમાં શું છે, તે કોણ જાણી શકે છે! તથાપિ શંકરનું વચન કોઈ કાળે પણ મિથ્યા થશે નહીં."

આ પ્રમાણે રાજા અને રાણી વચ્ચે વાર્તા ચાલતી હતી, તે સાંભળીને ત્રૈલોક્યપ્રભા અને ત્રિભુવનપ્રભા બન્ને જણીઓએ પરસ્પર પ્રતિજ્ઞા કરી કે,–"આપણે બાર દિવસ નિરાહાર ઉપવાસ કરીને શંકરને ઉપાસવા. જો એમ કરતાં પણ શિવજી આપણા વિવાહ વિષે કરુણાળ થશે નહીં, તો પછી આપણે પેટ ભરવા માટે અને લોકોનાં મેહેણાં ટોણાં ખાવા માટે

વૃથા જીવવાનું શું કામ છે ? પણ આપણે બન્ને જણીએ સાથે જ અગ્નિમાં બળી મરવું.” આવો દૃઢ નિશ્ચય કરીને તે દૈત્યની કન્યાઓ નિરાહાર વ્રત લઈ, શંકરની સમીપ ત્યાં બેસીને તેનું ધ્યાન ધરી જપ કરવા લાગી. આ વાર્તા ત્રૈલોક્યમાળી અને સ્વયંપ્રભાએ જાણી, એટલે તેઓ પણ પોતાની પુત્રીઓની પાસે આવીને ઉપવાસ કરીને તપ કરવા લાગ્યા.

પછી સ્વયંપ્રભાએ, આ સમાચાર મેરુધ્વજની રાણીને જાણ થવા માટે પોતાની વૃદ્ધ દાસીને મોકલી. ઇંદુમતીએ એકદમ જઇને મેરુધ્વજની રાણી આગળ પોતાના ઘરની આપત્તિનું યથાર્થ વર્ણન કર્યું. તે વાર્તા રાણીએ મેરુધ્વજને કહી કે, “ ત્રૈલોક્યમાળી રાજાનું ઘર તો આ પ્રમાણે મહાદુઃખી અવસ્થા ભોગવે છે.” તે સાંભળીને મેરુધ્વજ રાજા અને તેની રાણી પણ અન્ન જળનો ત્યાગ કરીને ભગવાન્ શંકરનું ધ્યાન કરવા લાગ્યાં. પિતૃભક્તિપરાયણ એવા તેના બંનો કુંવરો પણ અન્ન પાણી ત્યજીને શંકરનું આરાધન કરવા બેઠા.

આમ બન્ને લોકના રાજાઓ મહાસંકટમાં આવી પડ્યા છે. દહાડા પર દહાડા વહી જાય છે, પણ દુઃખનો આરો આવતો નથી. મુક્તાફળધ્વજ અન્ન પાણી ત્યજીને શિવજીનું આરાધન કરવામાં એકરાગી થઈ ગયો છે! દિવસ વીત્યા પછી સાતમે દિવસે પ્રભાતમાં ઉઠતાં મુક્તાફળધ્વજે પોતાના મિત્ર મંત્રિપુત્રને, જે પૂર્વ જન્મમાં સંયતક નામનો મિત્ર હતો અને હમણાં જેનું મહાબુદ્ધિ નામ હતું, તેને કહ્યું કે,–“મિત્ર ! મને હમણાં સ્મરણ થાય છે કે, જાણે ગઈ રાત્રે ઉદાસી થવાથી હું, તપોધન મુનિએ આપેલા મનના જેવા વેગવાળા મારા વાહન, જેણે ઉડતાં ઉત્તમ અશ્વનું રૂપ ધર્યું હતું, તે ઉપર સ્વાર થઇને ઘણે દૂર, મેરુપર્વતની નજદીકમાં આવેલા શંકરના દિવ્ય આશ્રમમાં ગયો. ત્યાં મેં તપ કરવાથી દુર્બળ થયેલી એક દિવ્ય કન્યાને દીઠી. હું તેને નિહાળું છું, તેટલામાં કોઇએક જટાધારી પુરુષે મારી પાસે આવીને હસતાં હસતાં મને કહ્યું, ‘તું એક કન્યાનો ત્યાગ કરીને ઉદાસીન થઈ આવ્યો છે, પરંતુ અહીં વળી બીજી પણ તારી જ વાટ જોતી બેઠી છે, તેની તરફ નજર કર !’ તે સાંભળીને હું તો તે કન્યાના લાવણ્યરસનું પાન કરવા લાગ્યો. પણ તેના લાવણ્યરસને પૂર્ણ રીતે પાન કરું, તે પહેલાં તો સવાર થઈ અને હું જાગી ઉઠ્યો.

“હવે મને એમ થાય છે કે, હું તે જ સ્થાનમાં જઇને ફરીથી તે કન્યાના રૂપને જોઈ મારાં નેત્રને શીતળ કરું. જો મને તે કન્યા સાથે મેળાપ થશે નહીં, તો પછી હું અગ્નિમાં બળી મરીશ. અહીં દૈત્યની કન્યા મારે માટે તપ કરે છે, પરંતુ મારું મન સ્વપ્નમાં જોયેલી દિવ્ય કન્યા ઉપર વધારે મોહવશ થઈ ગયું છે; તો બોલ, હવે મારે શું કરવું ? વિચાર કરતાં મને જણાય છે કે, ત્યાં જવાથી મારા હકમાં કંઈપણ વિશેષ લાભ થશે.”

આ પ્રમાણે મિત્રને કહીને તેણે તપોધન મુનિએ આપેલા વાહનનું સ્મરણ કર્યું. તુરત મુનિનો શિષ્ય દંડવત. ગગનગામી પક્ષી થઈને તેની આગળ આવી ઉભો રહ્યો. મુક્તાફળધ્વજ તથા તેનો મિત્ર, બન્ને જણા તે ઉપર સ્વાર થઈ અને મનમાં સંકલ્પ થાય



છે એવા દેવતાઈ શંકરના સ્થાનમાં જઈ પહોંચ્યા; જતાં મુક્તાફળધ્વજે નજર કરી તો સ્વપ્નમાં જોયેલું દિવ્ય સ્થાન દૃષ્ટિએ પડ્યું. તેને પરમ હર્ષ થયો. પછી ત્યાં આવેલા સિદ્ધોદક નામના તીર્થમાં રાજકુંવર અને તેનો મિત્ર, ઉભય સ્નાન કરવા ઉતર્યા.

આણીમેર રાજા મેરુધ્વજ, જે પોતાની નગરીમાં રહીને અન્ન જળનો ત્યાગ કરીને શિવજીનું આરાધન કરતો હતો અને તેની સાથે તેની રાણી, કુંવર ને પરિવાર પણ હતો, તેને જ્યારે ખબર પડી કે, રાજકુમાર તો કયાંઈક ગુપ્તપણે નાસી ગયો છે, ત્યારે તે ચકરી ખાઇને જમીન ઉપર તૂટી પડ્યો. રાણી રડવા લાગી અને આખું રાજકુટુંબ જે ઉપવાસ કરવાથી દુર્બળ થઈ ગયું હતું, તે વધારે દુઃખદ અવસ્થામાં આવી પડ્યું. આ સઘળી વાર્તા તે જ વખતે પાતાળમાં પણ ત્રૈલોક્યમાળીના જાણવામાં આવી, એટલે તે પોતાની બે પુત્રીને અને રાણીને લઇને ભૂખ્યો તરસ્યો દેવસભનગરમાં તુરત તે રાજાની પાસે આવ્યો. ત્યાં એકઠાં મળીને સઘળાઓએ એવો નિશ્ચય કર્યો કે; “આજે ચૌદશ છે ને ધારીએ છીએ કે કંવરજી કોઈ સ્થળે શંકરની પૂજા કરવા માટે ગયા હશે ! માટે આપણે આજ એક દિવસ અહીં બેસીને તેની વાટ જોઇએ. કાલે પ્રભાતમાં જો તે આવશે નહીં તો પછી આપણે પણ તે જ્યાં હશે ત્યાં જઈશું. પછી જે થાય તે ખરું !”

આ પ્રમાણે અહીં ઠરાવ થયો છે. હવે બીજી તરફ મેઘવનમાં ગૌરીના આશ્રમમાં પદ્માવતી તપ કરતી હતી, તેણે તે જ દિવસે પોતાની સખીઓને કહ્યું; “અલિ સખીઓ ! કાલે રાત્રે મને સ્વપ્ન આવ્યું હતું. એ સ્વપ્નમાં જાણે હું સિદ્ધીશ્વર ભગવાનનાં દર્શન કરવા ગઈ. ત્યાં કોઈ એક જટાધારી પુરુષે દેવમંદિરમાંથી બહાર નિકળી આવીને મને કહ્યું,–‘બેટા ! તેરા દુઃખ અબિ શાંતિ હુવા હૈ, ઔર તેરેકુ તેરા પતિકી સાથ સમાગમ હોયગા.’ આટલું કહીને તે સિદ્ધ મહારાજ અદૃશ્ય થઈ ગયા અને હું જ્યાં તેમને જોવા જાઉં છું, એવામાં તો હું જાગી ઉઠી અને જોઉં છું તો પ્રભાત થયું હતું; એટલે હું મારા કાર્યમાં પ્રવૃત્ત થઈ ગઈ. હવે ચાલો આપણે પાર્વતીના આશ્રમમાં જઇએ !” આમ કહી પદ્માવતી પોતાની સખીઓને સાથે લઈ મેરુપર્વતની નજદીકમાં આવેલા ગૌરીના આશ્રમના સપાટ પ્રદેશમાં ગઈ.

ત્યાં તે સિદ્ધોદક તીર્થમાં સ્નાન કરે છે, તેવામાં દૂર ઉભેલા મુક્તાફળધ્વજનાં તેને દર્શન થયાં. તેને જોઈ પદ્માવતી વિસ્મય પામીને પોતાની સખીઓ પ્રત્યે કહેવા લાગી; “સખીઓ ! આ સામે જે પુરુષ ઉભો છે, તે મારા પ્રિયતમ જેવો જણાય છે, એમાં જરાપણ સંશય જેવું નથી. પરંતુ મને આશ્ચર્ય લાગે છે કે, તે અહીં કયાંથી ? અને એ મારો પ્યારો પણ કયાંથી હોય ! રે એ તો મનુષ્ય છે !” જ્યારે તેની સખીઓએ પદ્માવતીનું આ કહેવું સાંભળ્યું, ત્યારે તેઓ તે પુરુષને જોઇને કહેવા લાગી; “ભર્તૃદારિકે ! આ પુરુષ જ માત્ર તારા પ્રિયતમ જેવો જણાતો નથી, પણ તેની સાથે રહેલો તેનો મિત્ર પણ સંયતકના જેવો જણાય છે, તે તરફ પણ જો ખરી !” એમ કહી આંગળીથી તેને પણ તેઓ બતાવવા લાગી. પછી સખીઓ બોલી,–“દેવિ ! તમે આજ અમારી પાસે સ્વપ્નની વાર્તા કહી છે, તે ઉપરથી સ્પષ્ટ જણાય છે કે, શાપને

લીધે મનુષ્ય જાતિમાં અવતરેલા આ બંને તમારા પતિ અને તેનો મિત્ર છે. અત્રે તેઓને કોઈ યુક્તિથી શિવજી લઈ આવ્યા હશે. જો શંકર ન લઈ આવ્યા હોય તો તેઓ અહીં મેરુના શિખર ઉપર કેમ આવી શકે? આ દેવભૂમિમાં મનુષ્યો કદીપણ આવજાવ કરી શકતા નથી. આ પ્રમાણે પદ્માવતી અને તેની સખીઓ વચ્ચે થોડીવાર વાતચિત ચાલ્યા પછી, પદ્માવતીએ સ્નાન કીધું. પછી શંકર પાર્વતીનું પૂજન કરી તે પુરુષ કોણ છે, એ જાણવાની ઇચ્છાથી શંકરના મંદિરના એક ખૂણામાં સંતાઇને તે ઉભી રહી.

મુક્તાફળધ્વજ પણ સ્નાન કરીને, શંકરનું પૂજન કરવા માટે તે સંયતક સાથે મંદિરમાં આવ્યો. તેણે આડું અવળું જોઇને મહાબુદ્ધિને કહ્યું; "ભાઇરે! મેં સ્વપ્નમાં જે મંદિર જોયું હતું તે આ જ મંદિર છે અને શંકરની રત્નમય મૂર્તિ પણ આ જ, મારા જોવામાં આવી હતી ને ઉત્તમ પ્રકારનાં દિવ્ય પક્ષીઓ અને સોનેરી રંગના ઝાડની ધાડી ઘટાવાળો આ જ પ્રદેશ સ્વપ્નમાં જોયો હતો. સ્વપ્નમાં જે જે વસ્તુઓ મેં જોઈ હતી, તે સઘળી અહીં મારા જોવામાં આવે છે, પરંતુ જે બાળાનાં દર્શન થયાં હતાં, તે તો અહિંયા ક્યાંઈ જોવામાં આવતી નથી; મારે તે કન્યાને જોવી જોઇએ. જો તે કન્યા મળશે નહીં તો હું આજે વગર શકે મારો પ્રાણ ત્યાગ કરીશ!" પદ્માવતી અને તેની સખીઓ એક અંધારા ખૂણામાં સંતાઇને આ સર્વ વાર્તા સાંભળતી હતી. તેઓએ જ્યારે કુંવરે કન્યા વિશેની છેલ્લી વાર્તા કરી તે સાંભળી, ત્યારે સર્વ સખીઓએ પદ્માવતીને કહ્યું કે:–"દેવિ! સાંભળ્યું કે? આ પુરુષ પણ તમારી મનમોહક મૂર્તિનાં સ્વપ્નમાં દર્શન કરીને જ તમને અહીં મળવા આવેલો જણાય છે. પણ તમારાં દર્શન ન થવાથી પ્રાણ તજવાની ઈચ્છા કરે છે. માટે હજી પણ આપણે ગોપન રહી, તે જાણે નહીં એમ સંતાઇને તેના મનનો શું અભિપ્રાય છે, તેની તપાસ કરીએ."

આવો વિચાર કરીને પદ્માવતી અને તેની સખીઓ શંકરની મૂર્તિની સમીપમાં એક અંધારા ખૂણામાં છૂપાઈ જ રહ્યાં. રાજપુત્ર તો શંકરનું પૂજન કરીને મંદિરમાંથી બહાર નિકળ્યો. ભક્તિપૂર્વક શિવાલયની ત્રણ પ્રદક્ષિણા કરી. તેટલામાં તો તેને અને તેના મિત્ર બન્નેને, પૂર્વજન્મનું સ્મરણ થયું અને બન્ને જણાએ ઘણા જ હર્ષથી વિદ્યાધર જન્મની પોતાની વાર્તા એક બીજાને કહી. એવામાં પદ્માવતી તે બન્ને જણાની નજર આગળ આવીને ઉભી રહી. મુક્તાફળધ્વજ, જેને પોતાના પૂર્વજન્મનું સ્મરણ થયું હતું તે પદ્માવતીને જોતાંવાર જ ઘણા હર્ષમાં આવીને પોતાના મિત્રને કહેવા લાગ્યો: "મિત્ર! મને આ જ પદ્માવતી સ્વપ્નમાં જોવામાં આવી હતી. તે મને અહીં મળી છે, એ હું મારા ધન્ય ભાગ્ય સમજું છું. હવે હું તેની પાસે જઇને વાતચિત કરી મારું હૈયું ઠારીશ." આમ કહીને તે તેની પાસે ગયો અને ગદ્ગદિત કંઠે બોલ્યો:–

"હે દેવિ! મારી પ્રાણેશ્વરિ! વિરહાગ્નિથી ભડભડાટ બળતા નેત્રને શીતળ કરનારી હવે તમે કોઈ પણ સ્થળે નાસી જશો ના. હું પૂર્વજન્મનો મુક્તાફળકેતુ છું! તમારો પ્રિય છું! તે પ્રિયતમ પાસે આવ્યો છું! દૃઢવ્રતના શાપને લીધે મનુષ્ય જાતમાં હું જન્મ્યો હતો અને



મારી પૂર્વ જાતિ વીસરી ગયો હતો. પણ હવે આજ મને મારી પૂર્વ જાતિનું સ્મરણ થયું છે. હે નેત્રમણિ! ચાલ આવ અને એકવાર આ વિરહાગ્નિમાં બળતા હૃદયને, પ્રેમાલિંગન કરીને ઠંડું પાડ." આમ કહી હર્ષભેર દોડીને તે પદ્માવતીને આલિંગન કરવાની જ્યાં ઇચ્છા કરે છે, ત્યાં તો પદ્માવતી ભયભીત થઈ ગઈ અને તે પોતે અદૃશ્ય થઈ ગઈ–જો કે તેનાં નેત્રો પણ સજળ થઈ ગયાં હતાં. જ્યારે મુક્તાફળકેતુએ પ્યારીને નહીં જોઈ ત્યારે તે મૂર્છા ખાઇને ધરણી ઉપર ઢળી પડ્યો.

તુરત સંયતક ઘણા શોકથી બોલ્યો; "અલિ ઓ પદ્માવતિ! તેં જેને માટે તપના ભયંકર કષ્ટને સહન કર્યું છે; ટાઢ, તાપ તેમ જ વર્ષાદમાં તેં અનેક પ્રકારની વેદના વેઠી છે, તે પુરુષ જ્યારે આજે તારી પાસે આવ્યો છે, ત્યારે તું તેની સાથે કેમ ભાષણ કરતી નથી? હું સંયતક પણ તારા વરનો પ્રિય મિત્ર છું; અને મને પણ તમારા બન્ને માટે જ શાપ થયો હતો, તો તમે મારી સાથે પણ કેમ બે શબ્દ બોલતા નથી?" આ પ્રમાણે સંયતકે પદ્માવતીને કેટલાંએક કરુણાજનક વેણ કહી સંભળાવ્યાં અને પછી રાજકુમારને શાંત કરીને કહ્યું: "મુક્તાફળધ્વજ! ગુણવતી દૈત્યરાજની કુંવરી તમારી ઉપર પ્રેમ કરીને તમને વરવા માટે આવી અને તમે તેનો અનાદર કરીને અહીં આવ્યા તો હું ધારુંછું કે, તેનું આ ફળ, તમને મળ્યું છે!"

પદ્માવતી અદૃશ્ય થઇને પાસે જ ઉભી હતી, તેણે આ સર્વ ભાષણ સાંભળ્યું, ત્યારે તે પોતાની સખીઓ પ્રત્યે બોલી,–"સાંભળો બહેનડીઓ! આ કુમારનું મન અસુરકન્યા ઉપર પણ મારે લીધે તલ માત્ર આસક્ત થયું નથી. હા! નાથ! તમે મારે માટે અથાક કષ્ટ વેઠો છો, પણ હું દુર્ભાગિણી તમને છળું છું!" એમ કહીને આક્રંદ કરવા લાગી. ત્યારે સખીઓ બોલી; "હા, હા, આ વાર્તા તો સઘળી પૂર્વાપર તપાસતાં મળતી જ આવે છે. તમને પણ સ્મરણ હશે કે, જ્યારે તમારા પ્રિયનો શાપ થયો ત્યારે તેણે મુનિના આગળ પ્રથમ પ્રાર્થના કરી હતી કે,–'મહારાજ! હું મનુષ્ય ભલે જન્મું, પણ મારું મન પદ્માવતી શિવાય બીજી સ્ત્રી ઉપર ન જાય તેવું મને વરદાન આપો.' ત્યારે મુનિએ 'અસ્તુ' કહી તેવો વર આપ્યો હતો. ખરેખર! તેના જ પ્રભાવથી એનું બીજી સ્ત્રી ઉપર મન આસક્ત થતું નથી." આ સાંભળતાં વેંત જ રાજકન્યાનું મન સંશયમાં પડી ગયું; તેને વધારે વધારે વિચારો આવવા લાગ્યા.

બીજી તરફ પ્રથમ પ્રિયાનાં દર્શન કરીને તે પછી તેને ન દેખવાથી મુક્તાફળધ્વજ આક્રંદ કરવા લાગ્યો; "હાય! પદ્માવતિ! હાય પ્રિયે! તું મારા તરફ શા માટે જોતી નથી? હું વિદ્યાધર હતો અને તે જન્મમાં મને મેઘવનમાં શાપ થયો અને મારી આ અવદશા થઈ તેનું કારણ, હે પ્યારિ! તું જ છે! હવે, આજ મને જો તારો સમાગમ થશે નહીં તો હું અવશ્ય મરણ પામીશ, તેનો તું કંઈ તો વિચાર કર!"

આવી રીતે રાજપુત્ર વિલાપ કરતો હતો. તે સાંભળી પદ્માવતી પોતાની સખીઓને કહેવા લાગી; "સખિઓરે! આ બન્ને જનની વાતો અને તેને કહેલાં અભિજ્ઞાન (નિશાનિ)

સાંભળતાં તો ખરેખર હું માનું છું કે, તેઓ તે જ છે. પરતુ વળી મને મનમાં શંકા થાય છે કે, કદાચ આ બન્ને જણાઓ આપણી સર્વ વાર્તા સાંભળીને આપણને ખોટી રીતે ફસાવતા હોય તો પછી આપણે શું કરવું? એ સંશયથી મારું મન ચકડોળે ચઢ્યું છે. પરંતુ ઓ સખિઓ! આ બિચારા દુઃખીઓનાં આવાં કરુણ વચન મારાથી સાંભળી શકાતાં નથી! શું કરું? પણ હમણાં પૂજા કરવાનો પણ સમય થયો છે, માટે હું તો **પાર્વતીના** મંદિરમાં પૂજા કરવા જાઉં છું!" આમ કહી પોતાનાં સખી મંડળને સાથે લઇને **પદ્માવતી**, અંબિકાના આશ્રમમાં ગઈ અને તે દેવીનું પૂજન કરીને આ પ્રમાણે વિનતિ કરવા લાગી,–"હે માતાજી! મેં **સિદ્ધીશ્વર** ભગવાનના સ્થાનમાં હમણાં જોયેલો પુરુષ જો મારો પૂર્વજન્મનો ભર્તાર હોય તો આપ મારા ઉપર તુષ્ટમાન થાઓ અને મારો તેની સાથે તાત્કાળમાં સમાગમ કરાવો!"

આ પ્રમાણે દેવીની વિનતિ કરી ને પછી **પદ્માવતી** આતુર થઇને અંબિકાના આશ્રમમાં ઉભી છે, એવામાં **સિદ્ધીશ્વર** ક્ષેત્રમાં રહેલા **મુક્તાફળધ્વજે** પોતાનો મિત્ર **મહાબુદ્ધિ**, કે જે પૂર્વજન્મમાં **સંયતક** હતો તેને કહ્યું; "મિત્ર! મને જણાય છે કે, તે મધુરી મૂર્તિ પોતાને આશ્રમે, અંબિકાના દેવળ આગળ ગઈ હશે. માટે ચાલો, આપણે પણ ત્યાં જઇએ!" આવો વિચાર કરીને, મનના જેવા વેગવંત પૂર્વના વિમાનમાં બેસીને બન્ને જણા અંબિકાના આશ્રમ પ્રત્યે આવ્યા.

ત્યાં આવી વિમાનને નીચે ઉતાર્યું. બંનો જણ વિમાનમાંથી ઉતરી પડ્યા. **પદ્માવતીની** સખીઓએ દૂરથી બન્ને જણાને વિમાનમાં બેસીને આવતા જોઈ **પદ્માવતીને** કહ્યું; "બહેન બા સાહેબ! જુઓ તો ખરાં, પેલા બન્ને જણા વિમાનમાં બેસીને અહીં પણ આવ્યા જો! તે જો મનુષ્ય હોય તો શું આ પ્રમાણે વિમાનમાં બેસીને આવી શકે? નહીં જ. માનો ન માનો બા સાહેબ! પણ તેઓ નિઃશંક દેવતાઓ છે." તે પછી **પદ્માવતી** બોલી,–"સખિઓ! તમને વળી શું તે વાર્તા સાંભરતી નથી કે, જ્યારે દૃઢવ્રતે મારા પ્રાણનાથને શાપ દીધો, ત્યારે મેં દૃઢવ્રતને શાપ દીધો હતો કે, 'મારા પ્રાણનાથ જ્યારે મનુષ્ય જાતિમાં અવતરે, ત્યારે તું ઇચ્છા પ્રમાણે સ્વરૂપ ધારણ કરી તેનું વાહન થઇને તેને સર્વ ઠેકાણે ફેરવજે. તેથી માનો ઓ સખિઓ! કે આ વિમાનરૂપ થયેલા મુનિના શિષ્યની ઉપર સ્વારી કરીને પોતાની મરજી મુજબ તેઓ સર્વત્ર ફરે છે."

આ પ્રમાણે **પદ્માવતીનું** કહેવું સાંભળીને સખીઓ બોલી,–"બાઈ સાહેબ! તમે જ્યારે આ પ્રમાણે જાણો છો, ત્યારે કેમ તેની સંભાળ લેતાં નથી? કેમ તેની સાથે બોલતાં નથી? અને શું વિચાર કરો છો?" તે સાંભળીને પુનઃ **પદ્માવતી** બોલી; "સખિઓ! એ જ મારો પૂર્વજન્મનો પ્રિયતમ છે, એવી મારા મનમાં હજુ ખાતરનિશા થઈ નથી, તો બોલો, હું પરપુરુષ સંગે કેમ બોલું? કદાચ તમે કહેશો કે તે જ તમારા નાથ છે, એમાં જરા પણ સંદેહ નથી; તોપણ તે જ્યાં લગણ બીજા દેહમાં છે, ત્યાં સુધી મારે તેનો સ્પર્શ કરવો કેમ ઉચિત હોય? સતી સ્ત્રીઓ પરપુરુષ સંગે કેમ ભાષણ કરે? પરપુરુષને છાયે કેમ તે ઉભી રહે? એ પણ



જ્યારે વિદ્યાધરની કાયા ધારણ કરશે, ત્યારે હું તેને આદરમાન દઈ આલિંગન કરીને તેમના મનને શાંત કરીશ! પણ હમણાં તો તેનો છાયો પણ મારા વ્રતનું ભંગ કરે! માટે હમણાં આપણે અહીં જ ગુપ્ત બેસી રહીએ અને તેઓ શું કરે છે તેની તપાસ રાખીએ." આવો વિચાર બતાવીને રાજકન્યા પોતાના સખી મંડળ સહિત ત્યાં જ સંતાઈ રહી.

એટલામાં પેલા બન્ને મિત્રો વિમાનમાંથી નીચે ઉતરીને દેવીના મંદિરમાં આવ્યા. ત્યાં **મુક્તાફળધ્વજે** ઘણી જ ઉત્કંઠાથી પોતાના મિત્રને કહ્યું; "મિત્ર! પૂર્વે આ જ આશ્રમમાં હું દેવીનુ પૂજન કરીને જેવો યુદ્ધમાં જવા નિકળ્યો, તેવામાં તે જ સ્ત્રી મને વરવા માટે અત્રે હીંયા આવી હતી. પણ તેને રાક્ષસીઓ ઉપાડી જતી હતી. તે રાક્ષસીઓનો મેં અહીં જ નાશ કરીને તેની મેં રક્ષા કરી હતી; અને તેનો સત્કાર કર્યો હતો! તે જ સ્ત્રીને મેં આજે બીજા ઉદ્યાનમાં દીઠી છે. જ્યારે મને આ વનમાં શાપ થયો, ત્યારે પણ એ જ સ્ત્રી મારી સાથે આવવાને તૈયાર થઈ હતી, પરંતુ મુનિ તપોધને તેને સાથે આવતાં અટકાવી; અને તે વેળાએ તપ કરી દિવસ નિર્ગમન કરવા માટે આજ્ઞા કરી. એ સર્વ આ વન નિહાળતાં મને યાદ આવે છે. હે મિત્ર! તે જ સ્ત્રી આજ મને દર્શન આપીને કોણ જાણે ક્યાં સટકી ગઈ છે! હાય પ્રિયા! તને શું, તારા ઝુરી મરતા પ્યારા માટે કંઈ લાગતું નથી?"

એ સાંભળીને **પદ્માવતી** પોતાની સખીઓ પ્રત્યે બોલી; "સખિઓ! એની વાતચિત ઉપરથી હવે મારી ખાત્રી થાય છે કે, એ મારા પ્રાણનાથ છે. પરંતુ તે મનુષ્યના શરીરમાં છે, માટે હું તેને કેમ ભેટી શકું? હવે **સિદ્ધીશ્વર** ભગવાન્ જે કરે તે ખરું! **સિદ્ધીશ્વર** ભગવાને જ મને સ્વપ્નમાં સમાચાર આપ્યા હતા કે, 'મને મારો પ્યારો મળશે!' તો હવે તે જ પ્રભુ અમારો સંયોગ પણ કરાવશે." આવો નિશ્ચય કરીને તે પુનઃ **સિદ્ધીશ્વર** ક્ષેત્રમાં ગઈ અને ત્યાં **શંકરનું** પૂજન કરી બે હાથ જોડીને **શંકરની** વિનતિ કરવા લાગી;' "હે **શંકર**! હે **પાર્વતીપતિ**! હે ગૌરીનાથ! હે ત્રણ લોકના કલ્યાણકર્તા! મને મારા પૂર્વજન્મના વિદ્યાધર પતિની સાથે સત્વર મેળાપ કરાવો અથવા તો આ ક્ષણે મોત આપો! કારણ કે એ બે શિવાય મારી ત્રીજી ગતિ મને જણાતી નથી." આ પ્રમાણે વિનતિ કરતી, સિદ્ધીશ્વરના દેવાલયના આંગણામાં તે ઉભી છે, એવામાં **મુક્તાફળધ્વજ** અંબિકાશ્રમમાં **પદ્માવતીની** શોધ કરવા લાગ્યો, પણ તેનો કોઇપણ સ્થળે પત્તો લાગ્યો નહીં. ત્યારે ઉદાસી થઇને તે પોતાના મિત્રને કહેવા લાગ્યો; "ભાઈ મહાબુદ્ધિ! તે સ્ત્રીનાં દર્શન મને થતાં નથી, માટે ચાલો આપણે ફરી શંકરના ધામમાં જઈએ અને ત્યાં પણ જો હવે તેનો સમાગમ થશે નહીં તો પછી હું અગ્નિમાં પડીને બળી મરીશ."

"તારું કલ્યાણ થાઓ!" જ્યારે તે મિત્રે આ પ્રમાણેનાં વચન સાંભળ્યાં ત્યારે બોલ્યો,–"તને સ્વપ્નમાં આવીને **શંકરે** જે વાર્તા કહી છે, તેમ વળી મુનિએ પણ કહ્યું છે કે, તું **પદ્માવતીને** મળીશ અને છેવટે ચક્રવર્તી રાજ્ય કરીશ તો શું તે વાર્તા કદી પણ મિથ્યા થશે?" આ પ્રમાણે **સંયતકે** પોતાના મિત્રને બોધ આપીને સમજાવ્યો. તે પછી **મુક્તાફળધ્વજ** પુનઃ

પોતાના મિત્રને સાથે લઈ પેલા વિમાનમાં બેસીને સિદ્ધીશ્વર ક્ષેત્રમાં આવ્યો. તેને જોઈ પદ્માવતી એક ખૂણામાં પાછી સંતાઈ ગઈ ને પોતાની સખીઓને કહેવા લાગી; "જોયું, આ વળી અહીંયાં પણ પાછા આવ્યા !" મુક્તાફળધ્વજ તો વિમાનમાંથી નીચે ઉતરીને તુરત શંકરની નજીકમાં ગયો. ત્યાં દૃષ્ટિ કરી તો શંકર તુરતના પૂજાયલા જોવામાં આવ્યા. તે જોઈ તેણે પોતાના મિત્રને કહ્યું,–"મિત્ર ! જો જો, હમણાં જ કોઇએ શંકરની પૂજા કરી છે. માન ન માન, પણ મારી પ્રિયાએ જ આ પૂજા કરી છે. તે આ જ આશ્રમમાં ક્યાંઈપણ છૂપાઇને ઉભી હશે !" આમ બોલીને તે કુમાર આશ્રમમાં ચારે તરફ પદ્માવતીની શોધ કરવા લાગ્યો. જ્યારે તે કોઈપણ સ્થળેથી મળી નહીં, ત્યારે વિરહી રાજકુમારઃ "હાય પ્રિયે ! હાય પદ્માવતી !" એવી રીતે ઉચ્ચારણ કરીને છાતી ફાટ વિલાપ કરવા લાગ્યો.

પછી કોયલના કૂહૂકૂહૂના મધુર ટઉકા સાંભળીને પોતાની પ્રિયા બોલે છે, એમ ધારી તે તેની તરફ દોડવા લાગ્યો; મોરની કળા જોઈ તેને પોતાની સ્ત્રીનો કેશકલાપ માની તે તરફ ધસ્યો; કમળ જોઈ તેને પોતાની પ્રિયાનું મુખ માની ચુંબન કરવા તે ધાયો ! કામજ્વરના આવેશથી વિહ્વળ થઇને આમ તેમ ભટકવા લાગ્યો. આ વખતે તેના મિત્રે મહાકષ્ટે તેને ધીરજ આપી, બહુબહુ રીતે સમજાવ્યો–અને પછી કહ્યું,–"અરે ઓ મિત્ર ! તેં ઘણી લાંઘણો કરીને હવે શું કરવા ધાર્યું છે ? પૃથ્વી અને પાતાળને જિતી લઇને, હવે આવી રીતે તું આકળ વિકળ થઈ તારા આત્માનો કેમ ત્યાગ કરે છે ? તું કોઇને પણ જણાવ્યા વગર એકાએક અહીં આવ્યો છે, માટે તારા પિતા મેરુધ્વજ, ત્રૈલોક્યમાલી–તારો ભવિષ્યનો સસરો, તને પરણવા માટે આતુર ત્રૈલોક્યપ્રભા, તમારી માતા વિનયવતી અને ભાઈ મલયધ્વજ–એ સઘળાં તું પાછો જશે નહીં તો તારા માઠા સમાચાર ધારીને, આજ ઘણા દિવસ થયા ઉપવાસો કરે છે, તે આજને આજ જ પ્રાણ તજવાને તૈયાર થશે. આ દિવસ પણ અસ્ત થવા આવ્યો છે. હવે ચાલો આપણે બન્ને જણા તેઓની પાસે જઇને તેઓને ધીરજ આપીએ."

જ્યારે મુક્તાફળધ્વજે તેના મિત્રનાં તે વચન સાંભળ્યાં, ત્યારે તે બોલ્યો,–"મિત્ર ! તું જ મારા વિમાનમાં બેસીને તેઓની પાસે જઈ સૌને શાંત કર." ત્યારે સંયતક બોલ્યો; "ભાઈ ! મુનિના શાપથી જે તારું વાહન બનેલો છે, તે મારું વાહન થઇને મને કેમ ઉપાડી લઈ જશે ?" રાજપુત્ર બોલ્યો; "ઠીક, એમ છે તો હે મિત્ર ! તું જરાવાર ઉભો રહે. અહીં શું બને છે, તે આપણે બન્ને જણા હમણાં જોઇએ અને પછી જઇશું."

આ પ્રમાણે બન્ને મિત્રનું ભાષણ સાંભળીને પદ્માવતીએ હળવે હળવે પોતાની સખીઓને કહ્યું,–"અલી સખિઓ ! સાંભળ્યું કે ? આ બન્ને જણાની વાર્તા ઉપરથી ને તેઓ જે નિશાની પત્તાબંધ વાત કરે છે, તે ઉપરથી મારી ખાત્રી થાય છે કે, આ પુરુષ જ મારો પૂર્વનો પતિ છે. પરંતુ એ મનુષ્યના દેહમાં ભ્રષ્ટ થયો છે, તેને લીધે આટલી કામવેદનાનું દુઃખ ભોગવે છે. મેં પણ સિદ્ધ કન્યાની હાંસી કરી હતી, તેને લીધે મને પણ શાપનો દોષ નડે છે



અને તેથી જ હું દુઃખી થાઉં છું." આ પ્રમાણે જ્યાં પદ્માવતી પોતાની સખી આગળ વાર્તા કરે છે, એવામાં સૂર્યનારાયણ અસ્ત થયા. આકાશમાં વિયોગી વનિતાના હૃદયને દાવાનળ સમાન, કિંચિત્ લાલ રંગનો ચંદ્રમા ઉદય પામ્યો; તેણે હળવે હળવે પોતાની સફેત ચંદ્રિકાવડે આખા જગતને શ્વેત કરી મૂક્યું; મુક્તાફળધ્વજ ચંદ્રની શ્વેત ચાંદની નિહાળીને અત્યંત કામાકુળ થઈ ગયો.

રાત્રિ પડતાં જ બાપડો રાજકુમાર ચક્રવાકની પેઠે રડવા લાગ્યો. તે સાંભળીને પદ્માવતીના મનમાં અત્યંત ખેદ વ્યાપી રહ્યો. તેણે ગુપ્ત રહીને જ કહ્યું; "હે રાજકુમાર ! તું જ મારો પૂર્વજન્મનો ભર્તાર છે, તથાપિ હમણાં તું મનુષ્ય કાયામાં છે તો મારે મન તું પરપુરુષ છે; તેમ હું પણ તારે પરસ્ત્રી જ ગણાઉં ! માટે તું વારંવાર શા વાસ્તે વિલાપ કરે છે ? જો તે મુનિનું વચન સત્ય હશે તો આપણો મેળાપ કોઈપણ યુક્તિથી થશે જ થશે."

મુક્તાફળધ્વજ પોતાની પ્યારીનાં આ વચનો સાંભળીને પરમ હર્ષ પામ્યો. પણ તે આમ તેમ જોવા લાગ્યો, તો તેણે ક્યાંઈ પણ પ્યારીને દીઠી નહીં; કારણ કે તે અદૃશ્ય હતી. આ વખતે વળી રાજકુમાર ગભરાયો અને બોલ્યો,–"પ્રાણવલ્લભે ! મને મારા પૂર્વજન્મનું સ્મરણ થતાં જ તને જોઇને મેં તરત ઓળખી કાઢી હતી, કેમકે તું તારી પૂર્વ કાંતિમાં છે; પણ તેં મને નહિ ઓળખ્યો, તેનું કારણ એ જ કે, તેં મને વિદ્યાધરના શરીરમાં જોયો છે, એટલે તું મને આ મનુષ્યદેહમાં કેમ પીછાણી શકે ? હવે તને મળવા માટે મારો બીજો ઇલાજ રહ્યો નથી, પણ એ જ છે કે, મારે ભ્રષ્ટ દેહ ત્યાગ કરવો !" આટલું બોલીને તે શાંત થયો; અને તેની સ્ત્રી પદ્માવતી પણ અદૃશ્ય જ રહી.

રાત્રી ઘણી વીતી ગઈ હતી. મહાબુદ્ધિ–સંયતક, તેનો પૂર્વજન્મનો મિત્ર હતો. તે કંટાળીને નિદ્રાવશ થઈ ગયો. વિચાર કરતાં મુક્તાફળધ્વજને ખાતરી થઈ કે, આ શરીર જ્યાં લગણ હશે, ત્યાં સૂધી પદ્માવતી મળશે નહીં. તેથી તેણે વનમાંથી લાકડાંઓને વીણીને એક ચિતા ખડકી. પછી તેમાં અગ્નિ પધરાવ્યો. પછી બે હાથ જોડીને કહ્યું; "હે પવિત્ર દેવતા ! તમારી કૃપાથી મારા પૂર્વ જન્મના દેહને પ્રાપ્ત કરાવી, થોડા સમયમાં મારી પ્યારી પદ્માવતી પ્રિયાનો મેળાપ થાય તેમ કરો." આ પ્રમાણે શંકરના લિંગ આગળ પ્રાર્થના કરી, તેને પ્રણામ કરી, રાજકુમારે પોતાનું શરીર અગ્નિમાં હોમી દીધું !

થોડીવારમાં મહાબુદ્ધિ જાગ્યો. તે મિત્રને શોધવા લાગ્યો તો તેને દીઠો નહીં, પણ ભડભડ બળતી ચિતા તેની નજરે પડી. તુરત જ તેણે અનુમાન કર્યું કે, મારો મિત્ર, પ્રિયાના વિરહથી વ્યાકુળ થઈ ગયો હતો, તેથી તેણે બેશક આ ચિતામાં સ્વાત્માર્પણ કર્યું છે. પણ હવે શું કરું ?" આ પ્રમાણે થોડીવાર વિચાર કર્યા પછી તેણે પણ શોકને લીધે તે જ ચિતામાં પોતાના શરીરને હોમી દીધું.

આ પ્રમાણે બન્ને મિત્રોનું સાહસ કર્મ જોઈ પદ્માવતીનું મન શોકથી દયાદ્રવિત થઇ ગયું. તેણે પોતાની સખીઓને કહ્યું; "સખિઓ ! સ્ત્રીઓને ધિક્કાર છે, કારણ કે તેઓનું

હૃદય વજ્ર કરતાં પણ કઠોર હોય છે. તેનો દાખલો જૂવો, કે મેં આ લોકોને બળી મરતાં નજરો નજર જોયા, પણ મારા શરીરમાંના પ્રાણ જરા સસળ્યા કે વસળ્યા પણ નથી ! બોલો, બોલો, હવે મારે મારા અભાગ્યા આત્માને કેટલા દિવસ સૂધી આમ કષ્ટમાં રાખી મૂકવો ? પૂર્વજન્મનાં પાતિકને લીધે હજી મારો ઉદય થાય એમ મને લાગતું નથી; તેમ મુનિનું વચન પણ સત્ય પડ્યું નહીં. ! હવે હું ધારૂં છું કે, મારૂં પણ મરવામાં જ મા કલ્યાણ સમાયલું છે. પરંતુ, આ ચિતામાં તો પરપુરુષો બળ્યા છે, એટલે એ અગ્નિ મારે મન અપવિત્ર, એમાં બળવું એ તો તદ્દન જ અઘટિત ! તો હવે મારે મહેનત વગર ફાંસી ખાઇને મરવું, કે જેથી મારો છૂટકો ઝટપટ થાય !" આ પ્રમાણે પોતાની સખીઓને કહી, પદ્માવતી, શંકરની સન્મુખ આવેલા એક અશોકવૃક્ષની શાખા ઉપર વેલાની ફાંસી ગુંથવા લાગી. તે જોઈ તેની સખીઓ બોલી; " બહેન બા ! ધીરાં પડો, ઉતાવળાં ન થાઓ, થોડા વખતમાં સહુ સારું થઈ રહેશે;" વગેરે વાક્યો કહી તેને વારતી હતી, તેટલામાં તપોધનમુનિ ત્યાં પધાર્યા; અને બોલ્યા; " પુત્રી ! તું આટલી અધીરી કેમ થઈ જાય છે ? શું મારું વચન ખોટું પડશે ? ધીરજ રાખ; ઉદ્ધત ન થા; હમણાં તું તારા પ્રાણપતિને અહીં આવેલો જોઇશ, જાણ કે તારા તપના પ્રભાવથી જ થોડા સમયમાં તેનો શાપ નાશ પામ્યો છે. માટે તારે પોતે આ પ્રમાણે તારા તપ ઉપર ઉદાસ થવું, એ ઉચિત નથી. હમણાં મેં મારી સમાધિ ચઢાવીને જોયું તો જણાયું કે, હમણાં જ તારા વિવાહ થશે, તેથી હું અત્રે આવ્યો છું. હવે તું અફસોસ કરવો છોડી દે." એ પ્રમાણે મુનિનાં વચન સાંભળીને પદ્માવતી તેને પ્રણામ કરીને હિંડોળાની માફક મનમાં ક્ષણવાર નવનવા તર્ક વિતર્કમાં ઝુલવા લાગી. એવામાં તો પદ્માવતીનો પ્રિયતમ મુક્તાફળકેતુ, વિદ્યાધરનો દેહ ધરીને, પોતાના મિત્ર સંયતક સહિત મુનિની પાસે આવી ઉભો રહ્યો. ચાતકવત્ આકાશમાં નવા મેઘમંડળને જોઈ જેમ હર્ષ પામે છે, કુમુદની જેમ પૂર્ણિમાના ચંદ્રમાને જોઇને હર્ષ પામે છે, તેમ જ પદ્માવતી પણ આકાશમાંથી નીચે ઉતરી આવેલા પોતાના પ્રાણપતિને જોઈ મનમાં અત્યંત હર્ષ પામી. તેમ જ મુક્તાફળકેતુ પણ પદ્માવતીને જોઈ, જેમ કોઈ પ્રવાસી ઘણા દિવસ મરુભૂમિમાં* ભટકીને થાકી ગયો હોય અને પછી નિર્મળ અને શીતળ જળવાળી નદીને જોઈ તેનું જળપાન કરી અત્યંત આનંદ પામે, તેમ જ તે, પ્રમદાના મનોરમ્ય લાવણ્યરસનું પાન કરી અત્યંત આનંદને પામ્યો. પછી શાપરૂપ રાત્રિ વીતી જવાથી બન્ને જણા, ચક્રવાકના જોડાની માફક પરસ્પર મળ્યાં, ચુંબનો લીધાં, ભેટ્યાં અને તપોધન મુનિના ચરણમાં પ્રણામ કરીને અત્યંત સંતોષને પામ્યાં.

તપોધન મુનિએ તે બન્ને જણાંનો વાંસો થાબડીને આ પ્રમાણે કહ્યું; " વત્સ, હું, તમને શાપમાંથી મુક્ત થયાં અને પ્રસન્ન થઈ પાછાં મળ્યાં તે જોઇ અત્યંત પ્રસન્ન થયો છું. અને તમને આજના મહોત્સવ માટે ધન્યવાદ આપું છું. "

* ઉજ્જડ વેરાન પ્રદેશ, કે જ્યાં વૃક્ષનો છાંયડો પણ નહીં ને પાણી સરખું પીવાનું પણ નહીં મળે.



આ પ્રમાણે સર્વ ધામધુમ થઈ રહી છે. મુક્તાફળકેતુ તે દિવસે સિદ્ધીશ્વર ક્ષેત્રમાં રહ્યો. બીજે દિવસે પ્રભાત થયું, એ સમયમાં મેરુધ્વજ રાજા પોતાની રાણી અને પુત્ર સહિત ઇંદ્ર રાજાએ આપેલા હાથી ઉપર બેસીને મુક્તાફળધ્વજને શોધતો શોધતો આ સિદ્ધીશ્વર ક્ષેત્રમાં આવી પહોંચ્યો. તેમ જ ત્રૈલોક્યમાળી પણ, તેની કુંવરી ત્રૈલોક્યપ્રભા, ચાકર નોકર અને અંતઃપુરને સાથે લઈ વિમાનમાં બેસીને મુક્તાફળધ્વજને શોધતો શોધતો આ ક્ષેત્રમાં આવી પહોંચ્યો. મુનિએ તે બન્ને રાજાનો રુડો સત્કાર કરીને કહ્યું કે; "તમે મુક્તાફળધ્વજની શોધ કરવા નિકળ્યા છો, તો જુઓ, આ મુક્તાફળકેતુ. એ પૂર્વજન્મના મુનિના શાપથી મનુષ્ય જાતિમાં અવતર્યો હતો, પરંતુ હવે તે મનુષ્ય જાતિમાંથી મુક્ત થયોછે." મુનિનાં આવાં વચન સાંભળીને મેરુધ્વજ વગેરે અગ્નિમાં બળી મરવા માટે તૈયારી કરવા લાગ્યા. ત્યારે તે મુનિએ તેઓને શિખામણ આપીને કહ્યું કે; "તમે આ સિદ્ધીશ્વર ક્ષેત્રમાંના સિદ્ધજળમાં સ્નાન કરો; શંકરનું પૂજન કરો; અને તેની ભક્તિ કરો, એટલે તમારું સર્વ કાર્ય સિદ્ધ થશે !" તે સાંભળીને મેરુધ્વજ વિગેરે સ્નાન કરી શંકરની સેવા પૂજા કરી એકદમ શોકમુક્ત થયા.

થોડીવારમાં ત્રૈલોક્યપ્રભાને પણ પૂર્વ જન્મ સાંભરી આવ્યો; એટલે તે મન સાથે વિચાર કરવા લાગી; "અહોહો ! પૂર્વજન્મમાં હું દેવપ્રભા નામની સિદ્ધરાજાની પુત્રી હતી. મુક્તાફળકેતુની સાથે મારાં લગ્ન થાય તે માટે તપ કરતી હતી, ત્યારે પદ્માવતીએ મારી મશ્કરી કરી હતી. ત્યાર પછી હું મારી પોતાની મનકામના પૂર્ણ કરવા માટે અગ્નિમાં પડીને બળી મુઈ અને દૈત્યકુળમાં અવતરી. ત્યાં પણ આ જ રાજકુમાર ઉપર પાછી આસકત થઈ ! પરંતુ તે રાજકુમાર તો પોતાનું મનુષ્ય શરીર ત્યાગ કરીને પુનઃ વિદ્યાધર થયો છે અને હું તો દૈત્યકન્યા જ રહી છું, તો હવે હું આ દેહથી તે વિદ્યાધર કુમારને કેમ મળી શકીશ ? માટે હવે મારા પ્રિયતમ મુક્તાફળકેતુને વરવા માટે આ મારા દેહને ફરીથી અગ્નિમાં હોમી દેવો !"

આ પ્રમાણે મન સાથે વિચાર કરી તેણે પોતાનો વિચાર પોતાનાં માતપિતાને જણાવ્યો. પછી મુક્તાફળધ્વજ માટે સળગાવેલા અગ્નિમાં તે કુદી પડી; એટલે અગ્નિદેવ, કરુણા કરી, તે કન્યાને પોતાના હાથમાં ઉંચકી લઈ, ત્યાં પ્રગટ થઈ બોલ્યા; "મુક્તાફળકેતુ ! આ સ્ત્રીએ તારે માટે પોતાની કાયાને અગ્નિમાં હોમી દીધી છે, માટે હવે તું આ સિદ્ધના રાજાની કન્યાનું પાણિગ્રહણ કર !" આમ કહીને તે દેવ, દેવપ્રભાને મુક્તાફળકેતુને સોંપીને પોતે અદૃશ્ય થઈ ગયા. થોડીવાર થઈ, એટલામાં બ્રહ્મા, ઇંદ્રને સાથે લઇને ત્યાં આવ્યા; ગંધર્વરાજા પદ્મશેખર, ચંદ્રકેતુ વિદ્યાધરની સાથે ત્યાં આવ્યો. તે સર્વેએ મુક્તાફળકેતુનાં બહુબહુ વખાણ કર્યાં. તેને સારી રીતિ ને પ્રીતિનું બહુ માન આપ્યું. તે પછી ગંધર્વરાજા પદ્મશેખરે શાસ્ત્રવિધિ પ્રમાણે પોતાની પુત્રી પદ્માવતીનાં મુક્તાફળકેતુની સાથે લગ્ન કીધાં અને પોતાની લક્ષ્મીના પ્રમાણમાં તેનો સારી રીતે સત્કાર કર્યો. વિદ્યાધરનો રાજકુમાર, ઘણા જ કાળથી પદ્માવતીને માટે ઉત્કંઠિત થઈ રહ્યો હતો, તેથી તે પરમાનંદને પામ્યો અને પદ્માવતીની સાથે લગ્ન કર્યાં.

પછી, જન્મવૃક્ષનું ફળ મેળવવા માટે સિદ્ધકન્યાની સાથે પણ લગ્ન કર્યાં અને મલયધ્વજ પણ દૈત્યરાજાએ અર્પણ કરેલી પોતાની પ્યારી ત્રિભુવનપ્રભાની સાથે પરણ્યો.

મુક્તાફળકેતુ અને મલયધ્વજ, દૈત્યરાજાની કન્યાને પરણ્યા. પછી મેરુધ્વજે પોતાને કૃતકૃત્ય માની, દ્વીપ સહિત પોતાનું સ્વરાજ્ય મલયધ્વજને અર્પણ કર્યું અને પોતે રાણી સહિત વનમાં જઈ તપ કરવા લાગ્યો. પછી દૈત્યનો મહારાજા ત્રૈલોક્યમાળી પોતાનો પરિવાર લઈ પાતાળમાં ગયો અને ઇંદ્રે મુક્તાફળકેતુને વિદ્યુદ્ધ્વજ રાજાની રાજ્યગાદી ઉપર બેસાડ્યો. એટલામાં નીચે પ્રમાણે આકાશવાણી થઈ; "મુક્તાફળકેતુ વિદ્યાધરની અને અસુરની સંપત્તિ ઉપર પોતાનું રાજ્ય નિર્વિઘ્ને ચલાવે અને દેવતાઓ પોતપોતાના સ્થાનમાં પધારો !" આ વાણી સાંભળીને ઇંદ્ર, બ્રહ્મા વગેરે દેવતાઓ અત્યંત પ્રસન્ન થતા પોતાની અમરનગરીમાં પધારી ગયા. તપોધન મુનિ, શાપમાંથી મુક્ત થયેલા પોતાના શિષ્યને લઈ પોતાના આશ્રમમાં આવ્યા. રાણી અને પોતાના પુત્ર મુક્તાફળકેતુને લઇને, ચંદ્રકેતુ રાજા પોતાના વિદ્યાધર લોકમાં આવ્યો. ત્યાં રહી તેણે પોતાના પુત્રની સાથે ઘણાં વર્ષ પર્યંત વિદ્યાધરની ચક્રવર્તી રાજ્ય લક્ષ્મીનું સુખ, યથેચ્છ રીતે ભોગવ્યું. પણ છેવટે તે, રાજ્યગાદી ઉપર પોતાના યશસ્વી પુત્રને બેસાડી, રાજ્યની લગામ તેના હાથમાં સોંપી પોતે, સંસારની વસ્તુ ઉપરથી માયા મમતા ઉઠાવી, રાણીને સાથે લઈ તપ કરવાને તપોવનમાં ચાલ્યો ગયો.

મુક્તાફળકેતુએ પ્રથમથી ઇંદ્રદ્વારા અસુરનું રાજ્ય મેળવ્યું હતું; અને હમણાં પિતાની પાસેથી વિદ્યાધરનું ચક્રવર્તી રાજ્ય મળ્યું, એટલે તે સંપત્તિશાળી ઉભય ચક્રવર્તી રાજ્ય મેળવી, પોતાને કૃતકૃત્ય માનીને ઉભય રાજ્યની ચક્રવર્તી લક્ષ્મીનો ઉપયોગ, રાણી પદ્માવતી સાથે રહી, સાક્ષાત્ સુખમૂર્તિ થઇને, મનમાનતી રીતે વિલાસવૈભવ સહિત કરવા લાગ્યો. દશ કલ્પ પર્યંત તે બે જગનાં વિલાસવૈભવમાં એવો તો ગુલતાન થઈ ગયો કે, તે પૂર્ણ યશસ્વી ને સુખીઓ રાજા કહેવાયો. પણ વૃદ્ધાવસ્થામાં સઘળા પદાર્થોને રસરહિત જાણી, મુક્તાફળકેતુ પણ મુનિના આશ્રમમાં જઈ તપ કરવા લાગ્યો અને તેવડે ઉત્કૃષ્ટ તેજને પ્રાપ્ત કરી શંકરની સાયુજ્ય ગતિને પામ્યો.

**બ્રહ્મદત્ત રાજા ને બે હંસની કથા (ચાલુ).**

બ્રહ્મદત્ત રાજા, તેની રાણી ને તેના પ્રધાનો, આ પ્રમાણે બે હંસોની પાસેથી ઘણી જ સરસ કથા સાંભળીને ઘણાં પ્રસન્ન થઈ ગયાં. તત્ક્ષણે તેઓને પણ જ્ઞાનના યોગે પોતપોતાનો પૂર્વજન્મ યાદ આવ્યો; અને તેઓને દિવ્ય ગતિ એટલે આકાશગામીપણું મળ્યું. પછી રાણી, મંત્રી અને બે દિવ્ય હંસો સાથે પુનઃ તે રાજા સિદ્ધીશ્વર ક્ષેત્રમાં જઈ શંકરનું ધ્યાન ધરી શાપમાંથી મુક્ત થઈ, શંકરની પાસે અનુચરવર્ગમાં દાખલ થયો.

હે મુનિવરો ! આ વાર્તા મને જ્યારે ગોમુખે કહી, ત્યારે મદનમંજુકાનો વિરહ શાંત પડ્યો અને હું ધીરજથી મનને ખુશી કરવા લાગ્યો.

આવી રીતે ચક્રવર્તી નરવાહનદત્ત રાજાએ, કશ્યપ મુનિના આશ્રમમાં રહી, સર્વેની આગળ પદ્માવતીની કથા કહી સંભળાવી. તે સાંભળીને ગોપાળક સહિત સર્વે મુનિઓ અત્યંત આનંદને પામ્યા.

શ્રી

મહાકવિ શ્રી સોમદેવ ભટ્ટ વિરચિત

# કથાસરિત્સાગર.

(ભાષાંતર)

**अष्टादशो लंबक–विषमशील.**

## તરંગ ૧ લો.

## નરવાહનદત્તે કહેલી વિક્રમાદિત્યની કથા.

### મંગળાચરણ.

ચંદ્રવદની પાર્વતી જેનાં અર્ધાંગના છે, ચંદ્રના કિરણ સમાન શ્વેત જેની કાંતિ છે, ચંદ્ર, સૂર્ય અને અગ્નિપેરે જેનાં નેત્ર ઝળહળી રહ્યાં છે અને અર્ધચંદ્ર જેના મસ્તકપર વિરાજી રહ્યો છે, એવા પ્રભુ ( શંકર ) ને હું પ્રણામ કરું છું.

જેની લીલા કરતાં ઉંચી કરેલી અને આગલા ભાગમાંથી જરાક વાંકી રાખેલી શુંડ, તે જાણે સિદ્ધિ (વિજય) આપે છે એવી જણાય છે ! તે ગજાનન (ગણપતિ) તમારું સંરક્ષણ કરો.

**મહારાજ મહેંદ્રાદિત્યની કથા.**

પછી અસિતગિરિપર મુનિ કશ્યપના આશ્રમમાં રહેલા નૃપેન્દ્ર નરવાહનદત્તે, ત્યાં ભેગા મળેલા મુનિમંડળને કહ્યું, વિશેષમાં, જ્યારે મને મારી પ્યારી રાણી મદનમંજુકાનો વિરહ થયો હતો, ત્યારે મારાપર પૂર્ણ પ્રેમીલી બનેલી છબીલી વેગવતી વિદ્યાધરી, મને શાંત કરવા માટે મારે નગરેથી મને ઉપાડી ગઈ અને એક વિદ્યાના સંરક્ષણ નીચે મૂક્યો. ત્યાં મારી પ્યારીથી વિખૂટો પડેલો ને તે પ્રદેશમાં એકલવાયો હોવાથી, મેં દેહત્યાગ કરવાનો વિચાર કીધો. પણ જ્યાં હું આવી સ્થિતિમાં આમ તેમ વનવગડામાં રખડતો હતો, તેવામાં વનાન્તે કણ્વ મહામુનિનાં મને અકસ્માત્ દર્શન થયાં.

તે ત્રિકાળજ્ઞાની મહામુનિનાં દર્શન થતાં મેં તેઓને પ્રણામ કર્યાં. પછી તેઓએ સમાધિ કરી ધ્યાન ધરીને જોયું તો જણાયું કે, હું કોઈ મહાદુઃખી છું. તેઓ મને પોતાના આશ્રમમાં તેડી ગયા.

ત્યાં લઈ જઈ મુનિરાજ મને કહેવા લાગ્યો કે; "તું સોમવંશી વીરલો થઇને આ પ્રમાણે કેમ મુઝાય છે? દેવનો આદેશ છે કે, તું તારી પ્રાણપ્યારીને મળીશ, તેનાપર કેમ વિશ્વાસ રાખતો નથી ? આ જગતમાં ઘણા અસંભવિત સમાગમો થયા છે. તે વિષયમાં તને હું વિક્રમાદિત્ય મહારાજની કથા સંભળાવું છું, તે તું સાંભળ."

અવંતિ દેશમાં ઉજ્જયિની નામની અતિ વિખ્યાત નગરી છે. મહાકાળેશ્વર ભગવાન્ કૈલાસગિરિની શોભાની મમતા મૂકીને એ અનુપમ નગરીમાં વિરાજમાન થયા છે. એ નગરી યુગના પ્રારંભમાં, સ્વર્ગના શિલ્પશાસ્ત્રી વિશ્વકર્માએ રચી છે. તે સતીસ્ત્રીપેરે પરપુરુષને અસ્પર્શ્ય છે; પદ્મિનીપેરે પદ્માનું નિવાસસ્થાન છે; સત્પુરુષની બુદ્ધિનીપેરે તે ધર્માચારવાળી છે; અને પૃથ્વીનીપેરે તે બહુ કૌતુકોથી ભરપૂર છે.*

જેમ અમરાવતીમાં દૈત્યોનો નાશ કરનારા ઇંદ્ર રાજા રાજ્ય કરે છે, તેમ શત્રુઓનો સંહાર કરનાર જગજ્જયી મહેન્દ્રાદિત્ય નામનો રાજા તે નગરીમાં રાજ્ય કરતો હતો. બાહુબળમાં તે નાના પ્રકારનાં શસ્ત્ર અસ્ત્ર સમાન જ હતો; રૂપમાં તે જાણે કુસુમાયુધ† હોય તેવો હતો. તેના કર દાન દેવામાં સદા સર્વદા ખુલ્લા હતા, પણ તરવાર પકડવામાં તે સદા સર્વદા બદ્ધમુષ્ટિ (બંધ) હતો. જેમ ઇંદ્રને શચિ, શિવને ગૌરી ને વિષ્ણુને શ્રી (લક્ષ્મી) છે, તેમ તે પૃથ્વીપતિને સૌમ્યદર્શના નામની રાણી અર્ધાંગના હતી. તે રાજાને સુમતિ નામનો મહામંત્રી હતો ને વજ્રયુદ્ધ નામનો પ્રતિહાર હતો. તે બેઉના અધિકાર વંશપરંપરા ઉતરી આવેલા હતા. એ સર્વ સંગે રહીને તે રાજા પોતાનું સામ્રાજ્ય ચલાવતો. તે શંકરની સેવા કરતો હતો અને વખતે પુત્રપ્રાપ્તિ માટે વ્રતાદિ પણ કરતો જતો હતો.

એવામાં એક નવો પ્રસંગ બન્યો. કૈલાસગિરિ, જેનાં દર્શન માટે દેવતાઓનાં ટોળેટોળાં તેની ગુફામાં વસે છે તે ગિરિ, અન્ય દિશાનો પરાજય પમાડી સાનંદે ઉત્તર દિશાના હાસ્ય જેવો સુંદર શોભે છે, તે કૈલાસ શૈલેન્દ્રપર, શિવજી પાર્વતી સહિત રહે છે. ત્યાં એક સમે મલેચ્છોના દુઃખથી પીડાયલો ઇંદ્રરાજ સર્વ દેવો સહિત આવ્યો. તેણે ત્યાં સંહારક પ્રભુને પ્રણામ કીધા. પછી તેની સ્તુતિ કીધી. શિવજીએ તેમને ત્યાં આવવાનું કારણ પૂછ્યું. ત્યારે ઇંદ્ર પ્રાર્થના કરતો બોલ્યો; "મહાપ્રભુ ! જે અસુરોને આપે અને વિષ્ણુએ

---

* સતીસ્ત્રીપર પરપુરુષ ગમે તેવો બળાત્કાર કરે, તોપણ તે જિતી શકાતી નથી. તેમ ઉજ્જયિની નગરીપર, પરપુરુષ ( પરદેશી ) ગમે તેટલા હલ્લા કરે પણ તે જિતાય તેમ નથી; પદ્મિની એટલે કમળિની–તેમાં પદ્મા એટલે લક્ષ્મી રહે છે, તેમ એ નગર ઘણું રમણીય છે ને તેમાં લક્ષ્મી એટલે પૈસાદારો ઘણા વસે છે. સત્પુરુષના હૃદયમાં જેમ–રુડી–વિશાળ બુદ્ધિ હોય છે, એટલે સત્પુરુષોમાં દુરાચારનો અંશ હોતો નથી, તેમ એ નગરમાં સઘળા સદ્‌ગુણીઓ જ–ધર્માચારવાળા જ વસે છે; અને પૃથ્વીમાં જેમ અનેક કૌતુકો જણાય છે, તેમ એ નગરમાં પણ અનેક કૌતુકો–અજાયબીઓ ભરેલી છે.

† કામદેવ. તે પુષ્પનું આયુધ ધારણ કરે છે, તેમ એ તેવો જ ફુલ સમાન હતો.



મારી નાંખ્યા છે, તેઓ મહીતલપર મ્લેચ્છરૂપે પુનઃ અવતર્યા છે. તેઓ બ્રાહ્મણોનો સંહાર કરે છે, યજ્ઞ અને બીજી ધર્મક્રિયાઓનો ભંગ કરે છે અને ઋષિમુનિઓની કન્યાઓનું હરણ કરી જાય છે ! હે પ્રભુ ! તે ચાંડાળો કીયો અપરાધ કરે નહીં તેવા છે? હે મહાપ્રભુ ! તું જાણે છે કે, દેવલોક પૃથ્વીલોકથી નિરંતર તૃપ્ત થાય છે. કેમકે બ્રાહ્મણો યજ્ઞાદિક કર્મ કરીને દેવનિમિત્ત બળિદાન દે છે અને તે બળિ સ્વર્ગે વસેલા દેવોને પહોંચે છે. પણ હમણાં ભૂર્લોકપર સર્વત્ર મ્લેચ્છોનો વાસ થયો છે, તેથી હોમ હવનાદિકના મંગળમય શબ્દો કાને પણ પડતા નથી. એથી સ્વર્ગ લોક, યજ્ઞાદિક ભાગ નહીં મળવાથી ઘણી પીડા પામે છે. માટે આપ મહાપ્રભુ આ દુઃખ દૂર કરવાનો કોઈ ઉપાય યોજો; અને મ્લેચ્છોનો નાશ કરી શકે તેવા વીરપુરુષને ભૂતળમાં પ્રકટાવો."

જ્યારે શિવજીની આ પ્રમાણે દેવતાઓએ પ્રાર્થના કરી ત્યારે તે પ્રભુએ તેઓને કહ્યું; "હે દેવો ! હમણાં તો વિદાય થાઓ; તમો આ કાર્ય માટે કંઈપણ ચિંતા રાખશો નહીં: તેમ સુખરૂપ રહો. ખાત્રી રાખો કે, તમારુ સંકટ દૂર થવા માટે હું સત્વર ઉપાય યોજીશ." આ પ્રમાણે કહીને શિવજીએ તે સર્વ દેવોને વિદાય કીધા.

તે સર્વે દેવો વિદાય થયા પછી તે મહાપ્રભુ, કે જેની જંઘાપર પાર્વતી વિરાજ્યાં છે તેઓએ, માલ્યવાન્ નામના પોતાના એક પ્રિય ગણને બોલાવ્યો અને તેને આ પ્રમાણે આજ્ઞા કરી; "પ્રિય પુત્ર ! તું મનુષ્યજાતિમાં, ઉજ્જયિની પુરીમાં, મહેન્દ્રાદિત્ય રાજરાજેન્દ્રને ત્યાં વીરપુરુષ થઇને અવતર. તે રાજા મારો અંશ છે અને તેની રાણી અંબિકાના અંશમાંથી અવતરેલી છે. તું તેના કુળમાં અવતરીને દેવોનું કાર્ય સિદ્ધ કરજે. ત્રણ વેદમાં સમાયલા ધર્મોનો ધ્વંસ કરનારા સર્વે મ્લેચ્છોનો સંહાર કરજે; અને મારા પ્રસાદથી તું સપ્તદ્વીપનો મહા પ્રતાપી ચક્રવર્તી રાજા થશે. વિશેષમાં, યક્ષ, રાક્ષસ ને વૈતાળનો પણ તું સ્વામી થશે. અર્થાત્ તારા તાબામાં તે સર્વે રહેશે. મનુષ્ય જન્મના સર્વ ભોગો ભોગવ્યા પછી તું પાછો મારી પાસે આવીશ."

જ્યારે માલ્યવાન્ ગણને, શિવજીની આ પ્રમાણે આજ્ઞા થઈ ત્યારે તે પ્રણામ કરીને બોલ્યો; "આપ બેઉ મહાપ્રભુની આજ્ઞા થઈ, તેનું મારાથી કેમ ઉલ્લંઘન થઈ શકે? પણ જે જન્મમાં સગાં, મિત્ર, નોકર ચાકરના વિરહથી પીડા પામવું; દ્રવ્યનાશનો સંતાપ કરવો; વૃદ્ધાવસ્થાનાં દુઃખો ભોગવવાં; રોગાદિકથી પીડા ખમવી અને એ સિવાય બીજાં અનેક પ્રકારનાં દુઃખો મનુષ્ય અવતારમાં હોય છે તે ભોગવવાં; ત્યાં સુખ, આનંદ ને વૈભવ તે શા હોય ?" જ્યારે તે ગણે આ પ્રમાણે શિવજીને કહ્યું, ત્યારે તે દેવે પ્રત્યુત્તર આપ્યું; "હે નિર્દોષ ! તું આજ્ઞાને અધીન થા. આ સર્વ દુઃખો તને નડશે નહીં; પણ મારી કૃપાથી તું જેટલો કાળ ભૂતળપર રહેશે, તે સર્વ કાળ પરમાનંદ સુખ ભોગવશે." જ્યારે શિવજીએ આ પ્રમાણે તે સદ્‌ગુણસંપન્ન ગણ માલ્યવાનને કહ્યું, ત્યારે તે તુરત અદૃશ્ય થઈ ગયો. પછી તે ઉજ્જયિનીમાં ગયો ને ઋતુમતી મહેન્દ્રાદિત્યની રાણીના ગર્ભમાં દાખલ થયો.

તે સમયે નિશાકાન્તકળાકલિતશેખર* ભગવાને, મહેન્દ્રાદિત્ય રાજાના સ્વપ્નમાં આવીને કહ્યું; "હું તારાપર પ્રસન્ન થયો છું તો તારી સ્ત્રીને એક પુત્ર અવતરશે. તે પોતાના પરાક્રમવડે દિશાઓ સહિત મહાવિજય કરી સમગ્ર પૃથ્વી તાબે કરશે; તે વીરલો યક્ષ, રાક્ષસ, પિશાચ અને બીજાઓ, તથા આકાશગામી ને પાતાળવાસી સર્વેને વશ કરશે; મ્લેચ્છોના સંઘનો નાશ કરશે; અને તે કારણથી તેનું નામ વિક્રમાદિત્ય રાખજે. તે શત્રુઓ સાથે વિષમ રીતે વર્તશે, તેથી તેનું નામ વિષમશીલ પણ કહેવાશે."

આ પ્રમાણેના શુભ સમાચાર જણાવી મહાદેવજી અલોપ થઈ ગયા. બીજે દિવસે પ્રભાતના રાજા જાગૃત થયો ને આ આનંદના સમાચાર પોતાના પ્રધાનમંડળને જણાવ્યા. ત્યારે તે પ્રત્યેકે રાજાને ઘણા પ્રફુલ્લિત હૃદયે, શિવજીએ તેઓને પણ સ્વપ્નમાં પુત્ર અવતરવાના જે આનંદની વધાઈ આપી હતી તે વાત જણાવી. આ જ ક્ષણે રણવાસની એક લોંડી ત્યાં આવી ને રાજાને એક ફળ બતાવીને કહ્યું; "મહારાજ ! રાણી સાહેબને આ ફળ રાત્રિના સ્વપ્નમાં શિવજીએ આપ્યું છે !" ત્યારે રાજા પુનઃ પુનઃ આનંદ પામતાં બોલ્યો; "કલ્યાણ! કલ્યાણ ! શિવજીએ મને પુત્ર આપ્યો છે !" આ સમાચારથી આનંદ પામી મંત્રીમંડળે રાજાને ધન્ય ધન્ય ભણ્યું.

રાણી તે પછી ગર્ભવતી થઈ. પ્રભાતમાં સૂર્યનારાયણના ઉદય પહેલાં સૂર્યબિંબ ઝળાંઝળાં કરી રહેછે, તેમ રાણીની કાંતિ ઝળહળી રહી. ગર્ભમાં જે મહાન્ ચક્રવર્તી રાજાને તેણે ધારણ કર્યો હતો, તેના પોષણના દુધને માટે સ્તનની ડીટીપર કાળાશ† આવી રહી હતી. તે જાણે પયરક્ષણ માટે મહોર મારી હોય તેમ જણાતું હતું. સ્વપ્નમાં રાણી જાણે સાત સમુદ્ર ઉલ્લંઘી ગઈ હોય અને સઘળા યક્ષ, રાક્ષસ ને વૈતાળ તેને વશવર્તી પ્રણામ કરતા હોય તેમ જણાયું. જ્યારે દશ માસ પૂર્ણ થયા ત્યારે રાણીએ મહાયશસ્વી કુમારનો જન્મ આપ્યો. તેજસ્વી ઉદય સમયનો સૂર્ય ઝળહળી રહે છે તેમ પ્રસૂતિગૃહ તે કુમારના તેજથી ઝળહળી રહ્યું. જન્મ થતાં જ આકાશ સ્વચ્છ ઝળકી રહ્યું. તે પુષ્ટ અંગ કરીને ખડખડાટ હસતું હોય તેમ જણાયું. દેવનાં દુંદુભિ વાગ્યાં તેથી તે ગાજી રહ્યું. તે પ્રસંગે આખી નગરી મહોત્સવાનંદમાં જાણે મદિરામત્ત થઈ હોય કે ભૂતાવિષ્ટ થઈ હોય, કે ભ્રમિત થઈ હોય, તેમ વ્યાકુળ થઈ ગયેલી જણાઈ. એ ટાંણે રાજાએ લક્ષ્મીનો એવો તો વર્ષાદ વરસાવ્યો કે, બૌદ્ધ સાધુઓ વગર કોઈપણ અનીશ્વર‡ રહ્યો નહીં. પછી રાજા મહેન્દ્રાદિત્યે, શિવજીની આજ્ઞા પ્રમાણે તેનું નામ વિક્રમાદિત્ય પાડ્યું અને લાડનું નામ વિષમશીલ રાખ્યું.

થોડાક દિવસ વીત્યા પછી રાજાના મંત્રી સુમતિને ત્યાં પુત્રનો જન્મ થયો. તેનું નામ મહામતિ પાડવામાં આવ્યું. પ્રતિહાર વજ્રયુદ્ધને ત્યાં પુત્ર જન્મ્યો. તેનું નામ ભદ્રાયુદ્ધ પાડ્યું.

* શિવજી, જેના મસ્તકપર અર્ધ ચંદ્ર આવી રહ્યા છે તેવા. † ગૌરવર્ણની સ્ત્રીના ગર્ભમાં છોકરો હોય તો સ્તનની ડીટી ઘેરા રંગની થાયછે અને છોકરી હોય છે તો ધોળાશ પડતી થાયછે.

‡ અનીશ્વરના બે અર્થ થાય છે. બુદ્ધ ધર્મને લાગુ પાડતાં તેઓ ઈશ્વરને માનતા નથી એટલે ઈશ્વર વગરના જ તેઓ રહ્યા. બીજો અર્થ એ કે, કોઈ પણ દ્રવ્ય વગરનો રહ્યો નહીં.



પુરોહિત શ્રીધરને ત્યાં જે પુત્ર અવતર્યો, તેનું નામ મહિધર પાડ્યું. દિનપ્રતિદિન રાજકુંવર વિક્રમાદિત્ય, મંત્રિમંડળના ત્રણ બાળકો સંગે મોટો થતો ગયો. જેમ જેમ તે મોટો થતો ગયો તેમ તેમ તે તેજ, બળ ને વીર્યમાં પણ વધતો ગયો. વખત આવતાં તેને ઉપવીત દેવામાં આવ્યું અને પછી રાજગુરુઓ પાસે તેને ભણવાને મૂક્યો. પણ ગુરુઓ તો માત્ર નિમિત્તરૂપ જ હતા; સર્વ વિદ્યા તેને વગર પ્રયાસે સહજ પ્રાપ્ત થઈ ગઈ. જ્યારે કુમાર વિદ્યા કે કળાના પ્રયોગો વિદ્વાનોની સભામાં કરી બતાવતો હતો, ત્યારે જેઓ તેમાં નિપુણ હતા તેઓ પણ કાન પકડતા હતા. જ્યારે નગરજનો રાજપુત્રને દિવ્યાસ્ત્રથી યુદ્ધ ખેલતાં જોતા હતા, ત્યારે તેઓ રામચંદ્રાદિક બીજા ધનુર્ધારી મહાવીરોની કથા વાર્તાપર બહુ જ થોડું લક્ષ આપતા હતા. પછી તેના પિતા મહેન્દ્રાદિત્યે, અનેક શત્રુઓનો પરાજય પમાડી તાબે કીધા હતા, તે નૃપોની રૂપવતી કન્યાઓ, જાણે બીજી લક્ષ્મી જ હોય તેવી રાજકન્યાઓનાં તેની સાથે લગ્ન કીધાં.

જ્યારે પિતા મહેન્દ્રાદિત્ય રાજાએ જોયું કે, કુમાર યુવાવસ્થામાં આવ્યો છે અને વીર વિક્રમ છે, અને તેનાપર તેની પ્રજાની પણ અત્યંત પ્રીતિ છે, ત્યારે તેણે પુત્રને પટ્ટાભિષેક કીધો. તે વૃદ્ધાવસ્થાએ પહોંચેલો હોવાથી વાનપ્રસ્થ થઇને પોતાના મંત્રી તથા રાણીઓને સાથે લઇ, વારાણસી તીર્થમાં ગયો. ત્યાં રહી શિવજીનું સેવન કરવા લાગ્યો.

## વિક્રમાદિત્યની કથા.

જેમ સૂર્યનારાયણ ગગનમાં ધીમે ધીમે તપે છે, તેમ વિક્રમાદિત્ય પોતાના પિતાના રાજ્યાસનપર વિરાજમાન થયા પછી ધીમે ધીમે તપવા (પ્રકાશવા) લાગ્યો. બહુ ઉન્મત્ત રાજાઓ પણ તેના ધનુષપર ગુણ (પણછ–દોરી)નો ચઢાવો જોઈ, તે ભયંકર શસ્ત્રથી ભય પામી, સર્વે નૃપો તેને શરણે આવ્યા અને પ્રભુતા દર્શાવનારા વૈતાળ રાક્ષસ પ્રભૃતિ બીજા અસુરોને પણ તેણે કુઆચરણ કરતા અટકાવ્યા. જેઓ અવળે માર્ગે હતા, તેઓને સવળે માર્ગે લગાડ્યા. તેમ, સૂર્યનાં કિરણો દશે દિશાને શોભા આપતાં સર્વત્ર વ્યાપી રહે છે, તેમ જ વિક્રમાદિત્યની ચતુરંગી સેના મહીતળપર સર્વત્ર શાંતિ પથરાવતી ઘૂમી રહી. તે મહાવીર રાજા હતો, તથાપિ પરલોક* સંબંધે ભીરુ હતો; તે શૂર હતો, તથાપિ તેનો કર ચંદન સમાન હતો; તે કુભર્તા હતો તથાપિ તે પ્રિયાંગનાઓનો પ્યારો હતો.† તેની પ્રજામાં તે પિતા વગરનાં બાળકોના પિતા સમાન હતો, તે બંધુ વગરનાઓનો બાંધવ હતો અને અનાથનો નાથ હતો. જ્યારે શ્વેતદ્વીપ,

* અત્રે વિરોધાભાસ અલંકાર થાય છે. તેને પરલોકનો એટલે પારકા લોક–શત્રુઓથી ડર નહીં, પણ પરલોક એટલે ઈશ્વરના લોકનો ડર હતો, અને તેથી અધર્મે વર્તતો નહીં. વીરલા રાજાઓમાં ઘણું ખરું અધર્મ હોય છે, પણ આ વીરલો છતાં ધર્મી હતો. શૂર એટલે સૂર્ય ને કર એટલે કિરણ. તે સૂર્ય સમાન તેજસ્વી હતો, પણ તેનાં કિરણ (કર–કરો) ચંદન સમાન હતા; એટલે તે શૂરો હતો, પણ પ્રજા ઉપર વેરો–કર ઘણો જ નરમ મૂકતો હતો; અથવા કર એટલે હાથ. તેના હાથ શૂર હતા, પણ તે નિર્બળને દમતા ન હતા.

† કુ એટલે ખરાબ ને ભર્તા એટલે સ્વામી. કુભર્તા એટલે ખરાબ ધણી. ખરાબ ધણી સ્ત્રીનો પ્યારો ન હોય પણ એ કુભર્તા–પૃથ્વીનો ધણી હતો; અને પ્રિયાઓનો પ્યારો હોય જ.

ક્ષીરસાગર, કૈલાસ અને હિમાલય પર્વતો રચ્યા, ત્યારે તે સર્વમાંથી સારભૂત તત્ત્વ કાઢી તેની કીર્તિનો ઉજ્જ્વળ યશ,* બેશક બ્રહ્માએ ઘડ્યો હશે, એમ ધારી શકાય છે.†

એક દિવસે વિક્રમાદિત્ય મહારાજ સભાભુવનમાં વિરાજમાન થયા હતા, તેવામાં તેના પ્રતિહાર ભદ્રાયુધે આવીને કહ્યું કે,–"મહારાજનો જય જયકાર થાઓ! આપ મહારાજે વિક્રમશક્તિ સેનાપતિને, સેના સહિત દક્ષિણ પ્રદેશમાં વિજય યાત્રાએ મોકલ્યો હતો અને તે પછી અનંગદેવ નામના એક દૂતને તેની ખબર લાવવા મોકલ્યો હતો. તે દૂત, હમણાં કોઈ બીજા મનુષ્ય સાથે દ્વારપર આવીને ઉભો છે અને પ્રવેશ કરવા માટે આપ મહારાજની આજ્ઞા માંગે છે. તેનું મુખકમલ પ્રફુલ્લિત જણાય છે. તેપરથી તે કંઈ મંગળ વાર્તા લાવ્યો છે એમ હું ધારુંછું મહારાજ!" રાજાએ કહ્યું; "તેનો સત્વર પ્રવેશ કરાવ!" તુરત જ તે પ્રતિહારે અનંગદેવને તેના સાથી સહિત સભાભુવનમાં હાજર કીધો. તે દૂતે સભાસ્થાનમાં પ્રવેશ કીધા પછી, મહારાજને દંડવત્ પ્રણામ કીધા; પછી વિનય સહિત તે બોલ્યો; "મહારાજનો જયજય થાઓ!" તેમ કરીને તે રાજા સામા આસન વાળીને બેઠો. પછી રાજાએ તેને કહ્યું, "હે અનંગદેવ! મને જણાવ કે, વિક્રમશક્તિ અને તેના સંગના બીજા રાજાઓ, મારી સેના અને વ્યાઘ્રબળ વગેરે સર્વે કુશળ છે? બીજા રાજપુત્રો અને પ્રધાન સેનાના શા સમચાર છે? હાથી, ઘોડા, રથ તથા પાયદળના પણ શા સમાચાર છે?"

જ્યારે અનંગદેવને આ પ્રમાણે મહારાજે પ્રશ્ન કર્યું, ત્યારે તે પ્રણામ કરીને બોલ્યો; "દેવેન્દ્ર! વિક્રમશક્તિ ને તેની સકળ સેના કુશળ છે. આપ મહારાજે દક્ષિણ પશ્ચિમ દેશની સીમાપર જય મેળવ્યો છે અને મધ્યદેશ ને સૌરાષ્ટ્ર તાબે કીધા છે; ગંગાજીની નજીકનો પૂર્વ દિશાનો પ્રદેશ સર કીધો છે; ઉત્તર દિશામાં આવેલા કાશ્મીરના રાજાને ખંડણી ભરતો કીધો છે. ઘણા દ્વીપો ને કિલ્લાઓ જિતી લીધા છે અને મ્લેચ્છોના સંઘોને સંહારી નાંખ્યા છે. ઘણા રાજાઓને વશ કીધા છે. કેટલાક રાજાઓ તો વિક્રમશક્તિની સેનામાં સામેલ થઈ ગયા છે અને તે પોતે, તે સર્વે નૃપમંડળ સહિત અત્રે આવે છે. મહારાજ! તે હમણાં અત્રેથી બે કે ત્રણ મજલ દૂર હશે."

જ્યારે તે દૂતે પોતાની હકીકત આ પ્રમાણે કહી, ત્યારે રાજરાજેન્દ્ર વિક્રમાદિત્ય અત્યંત પ્રસન્ન થઈ ગયો અને તે દૂતને વસ્ત્રાભૂષણ અને ગામગિરાસથી નવાજી નાંખ્યો. પછી રાજાએ તે મહાશય દૂતને કહ્યું; "અનંગદેવ! જ્યારે તું ત્યાં ગયો ત્યારે તેં કીયા કીયા દેશો જોયા ને ક્યાં ક્યાં શું શું ચમત્કાર વિલોક્યા, તે, હે ભદ્ર! તું મને યથાર્થ જણાવ!" આ પ્રમાણે અનંગદેવને જ્યારે પૂછવામાં આવ્યું, ત્યારે તેણે પોતાની મુસાફરીનો વૃત્તાંત નીચે મુજબ કહેવા માંડ્યો:–

## અનંગદેવની મુસાફરીનો વૃત્તાંત.

આપ મહારાજના હુકમ પ્રમાણે હું ધીમે ધીમે વિક્રમશક્તિ સેનાપતિના સૈન્યસાગરને જઈ મળ્યો. વિસ્તારવાળા તે (સૈન્ય) સાગરમાં અનંત નાગેન્દ્ર, પક્ષના ભૂભૃતો, હરિ ને બીજા

* કીર્તિને આર્ય કવિઓ સફેત માને છે. † અર્થાત્ તેની કીર્તિ ઉજળી–ચોતરફ વ્યાપી રહી હતી.



રત્નોથી પૂર્ણ અલંકૃત થયેલો તે શોભતો હતો.* હું વિક્રમશક્તિ પાસે જઈ ઉભો રહ્યો, એટલે તેણે મને પ્રણામ કર્યાં અને મારો રુડી રીતે સત્કાર કર્યો હતો! કેમકે હું આપ પ્રભુના દૂત તરીકે ત્યાં ગયો હતો. જ્યારે હું ત્યાં હતો અને તેણે મેળવેલા વિજય સ્વરૂપ તરફ અને વિશાળ સેના તરફ દૃષ્ટિ કરી વિચાર કરતો હતો, તેટલામાં સિંહલેશ્વરનો† એક દૂત ત્યાં આગળ આવ્યો.

તે દૂત, કે જે સિંહલદ્વીપથી આવ્યો હતો, તેણે ત્યાં આવીને, મારી સમક્ષ પોતાના સ્વામીનો સંદેશો આ પ્રમાણે નિવેદન કીધો:–'અમારા રાજાએ આસપાસ જે દૂતો મોકલ્યા હતા, તેઓએ અમારા રાજાને આવીને જણાવ્યું છે કે, તમારા રાજાનો અંતરંગ દૂત અનંગદેવ હમણાં છાવણીમાં આવ્યો છે, તો તેને આપ સત્વર અમારી પાસે મોકલાવો. હું તમારા રાજાના શુભ માટેના કંઈક સમાચાર કહેવા ઇચ્છું છું.' આ સમાચાર જાણીને વિક્રમશક્તિએ મને કહ્યું; "અનંગદેવ! તું સિંહલેશ્વર પાસે સત્વર પધાર; અને જો કે તે તને શું કહેવા ઇચ્છે છે."

હું તત્ક્ષણે સિંહલેશ્વરના રાજદૂત સાથે સમુદ્ર માર્ગે સિંહલદ્વીપ જવાને વહાણપર ચઢ્યો. તે નગરે પહોંચ્યો ત્યારે, હે મહારાજ! શું કહું આપને! મેં ત્યાંના સઘળા મહેલો સુવર્ણના જ જોયા અને તે મહેલોની અગાસીઓ રત્નોની જ હતી. તેથી જાણે દેવનગર હોય તેમ તે નગર શોભી રહ્યું હતું. પછી હું રાજભુવનમાં દાખલ થયો ને ત્યાંથી રાજસભામાં ગયો. ત્યાં દેવગણોથી ઇંદ્ર વિંટાયલો હોય તેમ, બુદ્ધિમાન્ અને વિનયવાન્ મંત્રીઓની મધ્યે વિરાજમાન થયેલા સિંહલેશ વીરસેનનાં દર્શન કીધાં! તેની હજુરમાં હું જઈ ઊભો રહ્યો, ત્યારે તેઓએ મારો વિવેકપૂર્વક આદર કીધો; અને પછી આપ પ્રભુના આરોગ્ય–કુશળ સમાચાર પૂછ્યા. વળી હું થાક્યો પાક્યો હતો, એટલે ઉતારે ગયો ને ભોજન લઇને વિશ્રામ લીધો. એ રીતે મારી રુડી રીતે તેઓએ પરોણાચાકરી કરી.

બીજે દિવસે સભામંડળમાં મહારાજે મને બોલાવ્યો; અને મારા પ્રત્યે પૂર્ણ પ્રેમમમતા દર્શાવીને પોતાના મંત્રિમંડળ સમક્ષ મને આ પ્રમાણે કહ્યું; "હે વિક્રમાદિત્ય રાજરાજેન્દ્રના રાજદૂત! મારે એક કન્યા છે, તે કન્યા આ મર્ત્યલોકમાં અનુપમ સુંદરી છે. તેનું નામ મદનલેખા છે. તેનાં હું તમારા રાજા સાથે લગ્ન કરવા ઇચ્છું છું. તે રાજા, એ કન્યાને અનુરૂપ ભર્તા છે અને તે રાજાને અનુરૂપ તે કન્યા છે. આજ કારણસર મેં તમોને તેડાવ્યા છે. હવે તમો તમારા રાજાને નામે તે કન્યાને, સ્વીકારો અને પછી તમો આ મારા રાજસેવક સાથે આ વર્તમાન નિવેદન કરવા, તમારા રાજા પાસે સિધારો; હું મારી કન્યાને તમારી પાછળ વિદાય કરું છું."

* આ ઉત્તમ શ્લેષ છે. મહાસાગરનું મથન કીધુ ત્યાં અનંત નામનો નાગેન્દ્ર નામે રાજા વાસુકી નાગ હતો અને પાંખવાળા ભૂભૃતો એટલે પર્વતો–મંદરાચળ હતો. ત્યાં હરિ એટલે વિષ્ણુ હતા. અત્રે વિક્રમશકિતના સૈન્યસાગરમાં અનંત એટલે ઘણા નાગેન્દ્ર–નામના રાજાઓ હતા; પક્ષ એટલે પોતાની બાજુના, ભૂભૃતો એટલે ભૂમિના સ્વામી રાજાઓ પણ હતા. હરિ એટલે ઘોડા અને બીજા રત્નો એટલે હાથી આદિ–તે સર્વથી વિંટળાઈ વળેલો હતો. † સિંહલદ્વીપનો રાજા.

આ પ્રમાણે કહ્યા પછી તે રાજાએ તુરત રણવાસમાં ખબર કરી અને પોતાની કન્યાને ત્યાં તેડાવી. તે કન્યા પોતાના મનોહર રૂપ, લાવણ્ય ને યુવાવસ્થાને યોગ્ય સકળ શણગાર સજીને, ધીમાં ધીમાં પગલાં માંડતી તુરત જ ત્યાં આવી. મહારાજ! આપને શી કહું તેના રૂપની શોભા! આ મહિમંડળમાં તેના રૂપની બરોબરી કરી શકે તેવો કોઈ પદાર્થ નથી તો નથી જ, પરન્તુ સ્વર્ગ લોકમાં વસતી ઇંદ્રાણી, રુદ્રાણી ને લક્ષ્મી પણ તેની તુલનાએ નથી. તેના ગાલની શોભા જોઇને ગુલાબ વક્ર થઈ ગયું છે, તેનાં નેત્રની અણીમાં જ સર્વ મોહમય થઈ ગયા છે, તેના ભ્રમરની શોભાથી ભમરો રડે છે; તેની દંતપંક્તિ નિહાળી દાડેમ લજવાય છે; તેના અધરોષ્ઠમાંથી ઝરતા અમૃત માટે દેવો વલખાં મારે છે; તેના સ્તનનો ઘાટ જોઇને હાથી ગાંડાં કાઢે છે; તેના જંઘાના થંભાથી કેળ કરમાયા કરે છે; તેની ત્રિવલિ જોઈ ગંગા, જમના અને સરસ્વતીએ રડવું જારી જ રાખ્યું છે; તેનો કેશ કલાપ જોઇને નાગો પાતાળમાં ભરાઈ બેઠા છે. જો તેને હું ઇંદ્રાણી કહું તો ઇંદ્રિ ગર્વથી ગાંડો થઈ જાય; જો રુદ્રાણી કહું તો શિવજી ભસ્મ મૂકી દે અને જો લક્ષ્મી કહું તો લક્ષ્મીને ઘણો ગર્વ વાધે અને વિષ્ણુ પોતે પોતાને કૃતકૃત્ય માને. કોઇની પણ ઉપમા તેને આપી શકાય એમ નથી. તે કન્યાને રાજાએ પોતાના ખોળામાં બેસાડી મને કહ્યું, 'આ કન્યા હું તમારા રાજાને પરણાવવા ઇચ્છું છું. તમો તે સ્વીકારો.' જ્યારે મેં તેને આવી રીતે જોઈ, ત્યારે તેનાં રૂપ યૌવનથી હું તો આભો જ બની ગયો અને હર્ષમાં આવી જઈ મેં કહ્યું; 'આ કન્યાને હું મારા રાજા માટે સ્વીકારું છું.' અને તે જ વખતે પાછો મને વિચાર આવ્યો કે, 'રે બ્રહ્મા પણ આશ્ચર્યજનક વસ્તુઓ બનાવ્યા પછી તેટલાથી જ સંતોષ પામતો નથી. કેમકે તેણે રૂપ લાવણ્યમાં સર્વોત્તમ અને અનુપમ, તિલોત્તમા અપ્સરાની મૂર્તિ ઘડ્યા પછી, હજીએ જાણે કંઈ અધુરું પડ્યું હોય, તેમ આ તેનાથી વિશેષ મનમોહક મૂર્તિ ઘડી છે!'

તે રાજા સાથે આ પ્રમાણે વાતચિત થયા પછી હું, તે રાજાના આ દૂત ધવલસેન સાથે, તે રાજા પાસેથી પૂર્ણ માનપાન મેળવીને, સિંહલદ્વીપમાંથી વિદાય થયો. અમે વાહાણુપર ચઢ્યા. સમુદ્ર કાપતા કાપતા અમે જતા હતા, તેવામાં સમુદ્રના મધ્યમાં એક ચમત્કાર અમે જોયો. મહાસાગરની મધ્યે એક રેતીનો કીનારો દૃષ્ટિએ પડ્યો અને તેના ઉપર અતિ લાવણ્યવતી બે બાળાઓ નજરે પડી. તેમાંની એક પ્રિયંગુ પુષ્પ જેવી શ્યામળી હતી ને બીજી ચંદ્રપ્રભા જેવી ગૌરવર્ણી હતી. તે બંનો બાળાઓએ પોતાના અંગરંગને છાજતા જ પોષાક ને અલંકાર ધારણ કર્યા હતા, તેથી તેઓની કાંતિ વધારે દીપતી હતી. તે બંનોએ પોતાના હાથમાં પહેરેલા રત્નજડતિ સુવર્ણના કંકણનો ઝાંઝપેરે રણકો કીધો અને પછી એ રત્નજડિત સુવર્ણ મૃગબાળને તાલી પાડીને પોતા સમીપ તેડી નચાવવા માંડી. આ દેખાવ દૃષ્ટિગોચર થયો, એટલે અમે બંનો વિસ્મય થયેલા અન્યોઅન્ય વાત કરવા લાગ્યા કે; 'રે! આ કૌતુક તે શું હશે? શું આ સ્વપ્ન છે કે ઇંદ્રજાળ છે કે, આપણું ચિત્તભ્રમ થયું છે? આવા ભરસાગરમાં રેતીનો કિનારો ક્યાંથી નિકળી આવ્યો અને તેનાપર આ બે કુંવરીઓ ક્યાંથી આવી?



અને તેઓ પાસે આ રત્નજડિત સુવર્ણ મૃગબાળ છે, તે જોવાની કોણે આશા રાખી હશે? આવી અનુપમ વસ્તુ આવે સ્થળે જણાય, એવું કદીપણ બનવા જોગ નથી!"

જ્યારે અમો અન્યોઅન્ય આ પ્રમાણે અદ્ભુતાશ્ચર્યમાં ડૂબી ગયેલા વાતચિત કરતા હતા, તેવામાં મહારાજ! અમારા ઘણા આશ્ચર્યવચ્ચે, એકાએક સમુદ્ર ગાજી ઉઠ્યો અને પવનના સપાટા જોરથી લાગવા માંડ્યા. આ પવનના ને મોજાના સપાટામાં અમારું વહાણ અથડાઈ કુટાઇને ભાંગી ગયું; અને અમો સર્વેએ જળવાસ કીધો. અમે ઉપરાછાપરી આવતા મોજામાં તણાઇગયા અને અમારામાંના કેટલાક તો મગરમચ્છોનો ખોરાક થઈ પડ્યા. પણ તે બંને બાળાઓએ એકદમ આવીને અમો બેને તો પોતાના હાથમાં ઉપાડી લીધા; અને અમને રેતીના તટપર લઈ ગઈ. આ રીતે અમો સાગરવાસી થતાં બચી ગયા. થોડી વારમાં પાછો પેલો રેતીનો કિનારો સમુદ્રના મોજાથી ઘેરાવા લાગ્યો, એટલે અમે ઘણા ગભરાયા. પણ પેલી બે બાળાઓ તો અમને આમ ગભરાતા જોઈ હર્ષથી નાચવા કૂદવા લાગી. પછી નિશાનીથી તેણે અમને સમજાવ્યું ને ત્યાંથી જે એક ગુફા દૃષ્ટિગોચર થઈ, તેમાં પ્રવેશ કરવા જણાવ્યું. તે ગુફામાં પ્રવેશ કરતાં દિવ્ય વૃક્ષાદિથી છવાયલું એક વન અમારી નજરે પડ્યું. ત્યાં રહી અમે જ્યાં આસપાસ દૃષ્ટિ કરીએ છીએ, તેટલામાં તો સમુદ્રએ જતો રહ્યો, પેલી બંનો બાળા પણ જતી રહી અને બાળમૃગ પણ અલોપ થઈ ગયું.

અમે તે ગુફામાં થોડો સમય આડા અવળા ભટક્યા અને એક બીજાની સાથે બોલતા હતા કે; "આ અદ્ભુતાશ્ચર્ય તે શું હશે? બેશક એ બાળા હશે કે કંઈ જાદુ હશે!" આમ વિચાર કરતા ભટકતા હતા, તેટલામાં અમે સત્પુરુષના હૃદય સમાન વિશાળ, ગંભીર ને સ્વચ્છ જળથી ભરપૂર એક તળાવ જોયું. એ તળાવ સાક્ષાત્ નિર્વાણ મૂર્તિ હતું, કેમકે તે હરેક પ્રાણીની તૃષ્ણા પૂર્ણ કરનાર હતું.

અમે તે તળાવ નિરખતા હતા, તેટલામાં ત્યાં એક ઉત્તમ અંગવાળી સુંદરી, સ્નાન કારણે આવતી નજરે પડી. તેની સાથે પુષ્કળ દાસદાસીઓ હતાં ને તે સુંદરી જાણે સાક્ષાત્ વનદેવી હોય તેવી અલૌકિક શોભતી હતી. તે સ્ત્રી આવતાંવારને પડદાવાળા રથમાંથી ઉતરી પડી. પછી તેણે તળાવમાંથી સુંદર કમળો એકઠાં કીધાં ને તે પછી સ્નાન કીધું અને પછી શિવજીની માનસિક પૂજા આરંભી. ત્યાં તો અમારી અજાયબી વચ્ચે તે તળાવના મધ્યમાંથી એકદમ રત્નમય શવલિંગ પ્રગટ થયું. તળાવમાંથી નિકળી શિવજી તે કન્યા પાસે ગયા. ત્યારે તે બાળાએ પોતાના વૈભવને યોગ્ય ઉપચારોથી ભગવાન્ શંકરનું પૂજન કીધું અને પછી હાથમાં વીણા લઈ, મધુરી મધુરી વગાડવા લાગી. તેણીએ સ્વરતાલ સુર પદ સાથે, દક્ષિણમાર્ગનો આશ્રય કરીને, સાવધાન થઇને, ચિત્રપેરે અચળ રહી, એવી તો સરસ રીતે મધુરો રાગ આલાપ્યો કે, અમો તો તદન છક્ક જ થઈ ગયા! તે સુંદરીનું ગાન સાંભળવા માટે આકાશમાં સિદ્ધદેવ વગેરેની મંડળી પણ ભેગી થઈ હતી. જ્યારે તે સુંદરીએ પોતાનું પદ પૂર્ણ કીધું ને શિવજીને પ્રણામ કીધા ને તેમનું વિસર્જન કીધું કે, તે દેવ અદૃશ્ય થઈ ગયા! ભગવાન્ શંકર, તુરત જ તે તળાવમાં

ડૂબકી મારી ગયા. પછી તે મૃગાક્ષી ઉભી થઈ, પોતાના રથમાં બેઠી અને પોતાના પરિજનો સાથે હળવે હળવે ચાલવા માંડી.

અમે તેની પુઠે પુઠે ચાલ્યા અને તેના પરિજનોને વારંવાર પૂછવા લાગ્યા કે, એ સુંદરી કોણ છે? પણ કોઇએ અમને જવાબ દીધો નહીં. પછી આપ મહારાજનો પ્રભાવ–પ્રતાપ દર્શાવવા માટે મેં આ સિંહલદ્વીપના રાજાના દૂત સાંભળે તેમ મોટે ઘાંટે કહ્યું; "એ સુંદરિ ! તું મારી સમક્ષથી તારું નામઠામ જણાવ્યા વગર અબોલ ચાલી જાય છે, તો હું તને વિક્રમાદિત્ય મહારાજાના સપત ઘાલીને કહું છું કે, તારું નામઠામ જણાવ્યા વગર તારાથી જવાશે નહીં !" આ સાંભળતાં જ તે સુંદરી અટકી પડી અને પોતાના પરિજનો સહિત પાછી વળી. પછી પોતાના રથમાંથી ઉતરી પડી, મારી પાસે આવી અને મધુરા સ્વરથી કહ્યું; "મારા પ્રભુ વિક્રમાદિત્ય રાજેન્દ્ર કુશળ છેની ? પણ રે ! રે ! હું એ પ્રશ્ન શું કામ કરું ? હે અનંગદેવ ! તે સર્વે તો હું જાણું જ છું. કેમકે માયિક વિદ્યાના પ્રભાવથી મને તે સર્વે જણાય છે અને તે જાણવાથી જ હું તને અહિંયા લાવી છું; કેમકે તે મહાત્માએ મારો મહાસંકટમાંથી ઉદ્ધાર કીધો છે. પણ તમે હવે મારે મહોલે પધારો; ત્યાં હું તમોને સર્વ વાર્તા નિવેદન કરીશ કે હું કોણ છું અને તે મહારાજને કેમ માન આપું છું અને તેણે મારાપર શો ઉપકાર કીધો છે."

તે લલિત લલના વિવેક દર્શાવવાને ખાતર પાછી રથમાં ન બેસતાં અમારી સાથે પગે ચાલવા લાગી. તે પોતાને ભુવને અમને તેડી ગઈ અને ત્યાં, અમારો ઘણો સત્કાર કીધો. તે મહોલ સ્વર્ગ સમાન હતો. તે અનેક પ્રકારનાં રત્નો તથા સુવર્ણનો બાંધેલો હતો. તે મહોલના રક્ષણ માટે અનેક પ્રકારના રૂપધારી, જાતજાતના અસ્ત્રશસ્ત્ર ધારણ કરેલા મહાવીરો ચોતરફ ફરતા હતા. ત્યાં સિદ્ધિઓ હોય તેવી અનેક સુંદરીઓ લટકમટક કરી રહી હતી. તેઓએ અમને સારી રીતે સ્નાન કરાવ્યું. પછી ઉત્તમ પ્રકારના વસ્ત્રાલંકારો પહેરાવ્યા અને તે પછી થોડો વખત વિશ્રાંતિ આપી.

## તરંગ ૨ જો.

### મદનમંજરીની કથા.

રાજસભામાં બેઠેલા વિક્રમાદિત્ય રાજાને એ પ્રમાણે કહીને વળી અનંગદેવ કહેવા લાગ્યો કે–મહારાજ ! ભોજન કર્યાં પછી તે સુન્દરી, સખીગણમાં બેસીને મને કહેવા લાગી કે; અનંગદેવ ! હું તમને કહું તે હવે તમે સાંભળો. હું કુબેરના ભાઈ મણિભદ્રની સ્ત્રી અને યક્ષરાજ દુંદુભિની પુત્રી છું. મારું નામ મદનમંજરી છે. હું કોઈ કોઇવાર મારા પ્રાણપતિની સાથે સરિતાના કિનારાઓમાં, કોઇવાર શૈલપ્રદેશમાં અને કોઈ કોઇવાર મનોહર ઉપવનોમાં ક્રીડા કરતી ફરું છું.



એકવાર, હું મારા વલ્લભની સાથે ઉજ્જયિની નગરીમાં આવેલા મકરંદ નામના ઉદ્યાનમાં મારા નાથ સાથે, વિહાર કરવાને માટે ઉતરી પડી. વિહાર કરી કરીને શ્રમિત થઈ ગયેલી હું, મારા પ્રાણનાથના ભુજપિંજરમાં ભરાઇને સુઈ રહી હતી, એટલામાં પ્રભાતકાળ થતાં, દૈવયોગે જ કોઈએક કાપાલિક તે ઉદ્યાનમાં આવી ચઢ્યો. તે સ્નિગ્ધ દૃષ્ટિએ મને ધારી ધારીને જોવા લાગ્યો. સ્વામીના પાર્શ્વમાં* સૂતેલી મને જોઇને તે દુષ્ટને કામ ઉત્પન્ન થયો. તે પાપીએ મને પોતાની ભાર્યા કરવાની ઇચ્છાથી, સ્મશાનમાં જઈ મોહનમંત્રની સાધના તથા હોમાદિ કર્મ કરવા માંડ્યાં. મારી વિદ્યાના પ્રભાવથી તે મારા જાણવામાં આવતાં જ મેં મારા સ્વામીને તે સર્વ વાત કહી દીધી અને તેમણે તે વાત પોતાના ભાઈ કુબેરને કહી. ધનાધ્યક્ષ મારા જેઠ, તે ઉપરથી બ્રહ્માની પાસે ગયા અને તેમને કહ્યું કે; "પ્રજાપતિ ! આ સંકટમાંથી અમને બચાવો !" પદ્મયોનિજ ભગવાન્ બ્રહ્માએ, ક્ષણવાર વિચાર કરીને કહ્યું કે; "ભો કુબેર ! કાપાલિક તારા ભાઈની સ્ત્રીને વશ કરવાને માટે સાધના કરે છે, એ વાત સત્ય છે; અને યક્ષના મોહનમંત્ર સાધનાથી, ખરેખરું ફળ આપે છે, એ પણ સત્ય છે. તે મંત્રોની શક્તિ જ એવી છે. પરન્તુ ઉત્તમ ઉપાય તો એ જ છે કે, જ્યારે તે સ્ત્રી મંત્રના જોરથી આકર્ષાય ત્યારે તેણીએ પોતે જ કરુણાજનક સ્વરથી રુદન કરવું અને મહારાજ વિક્રમાદિત્યને રક્ષણાર્થે બોલાવવો. તે રાજા તેણીનું રક્ષણ કરશે !" ત્યાર પછી મારા જેઠ ઘેર આવ્યા અને તેમણે, બ્રહ્માએ જે જે કહ્યું હતું, તે સર્વ મારા સ્વામીને કહ્યું અને મારા પ્રાણપતિએ તે સર્વ મને કહ્યું.

હવે હોમ કરવાને માટે સ્મશાનમાં બેઠેલા ખંડ કાપાલિકના કુમંત્રથી મારો આત્મા મૂળથી જ ચકિત થયેલો હતો, એટલામાં તો ધીરે ધીરે મંત્રોને સિદ્ધ કરી તેણે, મંત્રના જોરથી મને સ્મશાનમાં આકર્ષી લીધી. મંત્ર આકર્ષણે કરીને ખેંચાયલી એવી હું, પિતાના ઘરમાંથી, જ્યાં મનુષ્યઅસ્થિ પડેલાં હતાં એવા અને ભૂતથી સેવાતા અત્યંત ભયંકર સ્મશાનમાં આવી પડી. ત્યાં મેં હુતાગ્નિમાં આહુતિઓ આપતા અને શબના મંડળ ઉપર બેઠેલા પેલા દુષ્ટ કાપાલિકને જોયો. મને પોતાને ત્યાં આવી પડેલી જોઈ, દર્પથી મોહિત થઈ ગયેલો કાપાલિક, હોમ કર્મમાંથી ઉઠીને સદ્ભાગ્યે ત્યાંથી થોડે દૂર આવેલી એક નદી ઉપર પાણી પીવાને ગયો.

તે વેળાએ મને બ્રહ્માનાં વચન સાંભરી આવ્યાં. હું મનમાંને મનમાંજ વિચાર કરવા લાગી કે, "વિક્રમરાજા તો ઘણું કરીને સર્વદા જ રાત્રિને વખતે સ્મશાન ઉપર ફરે છે, તો શા માટે મારે તેમને ન બોલાવવા ?" આવો વિચાર કરીને હું ઉંચે સ્વરે વિક્રમરાજાને બોલાવવા લાગીઃ– "હે વિક્રમાદિત્ય ! હે રાજન્ ! હે દેવ ! તમે મારું રક્ષણ કરો ! રે રક્ષણ કરો ! હું ધનાધ્યક્ષ કુબેરના ભાઇ મણિભદ્રની સ્ત્રી છું, કુળવધૂ છું, સતી છું. હે પ્રભો ! હું દુન્દુભિ નામના યક્ષરાયની કન્યા છું. મારું નામ મદનમંજરી છે ! તમારા રાજ્યમાં આ કાપાલિક મારા ઉપર બળાત્કાર કરી મારી લજ્જા

*પાસામાં—સહોડમાં

લૂટશે! હે દેવ ! હે વિક્રમાદિત્ય! આવા સંકટમાં પડેલી મારા જેવી અબળાને તેના વ્રતનો ભંગ ન થાય તેમ, રક્ષણ કરો! રક્ષણ કરો !"

આ પ્રમાણે હું રુદન કરીને રાજાને બોલાવું છું, એટલામાં તો તેજથી દિશાઓને પ્રકાશમાન કરતો અને હાથમાં નગ્ન તરવાર લઇને મારી તરફ આવતો તે રાજા મારી દૃષ્ટિએ પડયો. રાજા વિક્રમાદિત્યે મારી પાસે આવી મને કહ્યું કે; " હે ભીરુ! તું ડરીશ મા! હે શુભે! આ દુષ્ટ કાપાલિકને મારી નાંખી હું તારું રક્ષણ કરીશ! મારા રાજ્યમાં અધર્મ કરી શકવાને કોણ સમર્થ છે ?" મને આ પ્રમાણે ધીરજ આપીને રાજાએ અગ્નિશિખ નામના વૈતાળનું આવાહન કર્યું. બળતા અગ્નિ જેવી આંખોવાળો અને ઉંચા કેશવાળો અગ્નિશિખ વૈતાળ બોલાવતાની સાથે જ ત્યાં આવીને ઉભો રહ્યો અને રાજાને કહેવા લાગ્યો કે; "મહારાજ! મને શી આજ્ઞા છે? તમારી આજ્ઞા માથે ચડાવવાને માટે હું તત્પર છું! " રાજાએ વૈતાળના સામું જોઇને તેને કહ્યું કે; "પરસ્ત્રીનું હરણ કરનાર અને પાપાત્મા પેલા કાપાલિકને મારીને તું તેનું ભક્ષણ કરી જા." આ પ્રમાણે રાજાનો હુકમ થતાં વાર જ અગ્નિશિખ ત્યાંથી પેલા કાપાલિકની તરફ દોડયો અને હાથ પ્રસારી તથા મુખ ફાડીને, પાણી પીને પાછા ફરતા કાપાલિકને પાછળથી ઉંચકી લઇ તેની જંઘાઓનું માંસ ખાવા લાગ્યો. તે કર્મ પૂરું થયું નહિ, ત્યાર પહેલાં તો તેણે તે પાપાત્માને માથા પછાડી ફેરવીને એવો તો જમીન ઉપર પછાડયો કે, જેથી તેનું શરીર અને મનોરથ બેઉનો સાથે જ ક્ષણવારમાં નાશ થયો.

એ પ્રમાણે તે દુષ્ટ કાપાલિકના ફુરચ ફુરચા ઉડી ગયા. માંસ ખાવાની ઇચ્છાવાળાં હજારો ભૂત ત્યાં આગળ ઉભરાઈ આવ્યાં. તેઓમાં મહા મદમત્ત યમશિખ નામનો પણ એક વૈતાળ આવી ચડયા. તે કાપાલિકનું કલેવર લઇને નાસી જવા લાગ્યો. તે ઉપરથી પૂર્વના અગ્નિશિખ વૈતાળે તેને કહ્યું કે; "અરે દુષ્ટ ! શ્રી વિક્રમાદિત્ય રાજાના આદેશથી મેં મારેલા આ કાપાલિકનું કલેવર લઇને તું કયાં જાય છે?" અગ્નિશિખનાં આવાં વચન સાંભળીને યમશિખ બોલ્યો; "વિક્રમરાજાનો એવો તે કેવો પ્રભાવ છે, તે તું મને બરાબર કહે!" તેણે આમ પૂછ્યું, તે ઉપરથી અગ્નિશિખ કહેવા લાગ્યો કે; "જો તું તે રાજાનો પ્રભાવ ન જાણતો હોય તો હું કહું છું તે સાંભળઃ–

## એક જુગારીની કથા.

પૂર્વે આ નગરમાં ડાકિનેય નામનો એક ધીરવીર ધૂતારો* રહેતો હતો. એકવાર તે કેટલાએક ધૂર્તોની સાથે જુગટું રમવા ગયો. ત્યાં સામા રમનારા જુગારીઓએ દ્યુત કપટકળાથી છેતરીને તેના બધા પૈસા પડાવી લીધા; અને એટલા પૈસા લીધા છતાં પણ વધારે નાણાં કઢાવવાની ઇચ્છાથી તેઓએ તેને બાંધી લીધો અને ઉપરથી લાકડીઓનો માર મારવા માંડયો. ઘણો માર મારવાથી તે પથ્થરની માફક મુડદું થઈ મરી ગયો હોય તેમ ઢોંગ કરી પડી રહ્યો.

* અંગ્રેજીમાં જુગારી છે.



ત્યારે પેલા દુષ્ટ ધૂર્તોએ વિચાર્યું કે, "જો આ માણસ જીવતો રહેશે તો કોઈ કાળે પણ વૈર લીધા વગર નહિ રહે!" એમ ધારી તેઓએ બીચારા ડાકિનેયને એક અંધારા અને અવાવડ કૂવામાં ફેંકી દીધો. ડાકિનેય કૂવામાં પડ્યો. ત્યાં તેણે ભયંકર વિકરાળ બે માણસોને દીઠા. તેમને જોઇને તે ભયથી ધ્રુજવા લાગ્યો. ત્યારે તેની પાસે જઇને તે બે આકૃતિએ દયાથી પૂછ્યું; " અલ્યા ભાઈ! તું કોણ છે અને કયાંથી અહિં આવી પડયો, તે અમને કહે." ક્ષણવાર સૂધી તો ધૂતારો તમ્મર ચડવાથી પડી જ રહ્યો. તેનાથી કંઈ જ બોલી શકાયું નહિ. પરન્તુ શાંત થઈ ડાકિનેય બોલ્યો; "તમે મને પૂછો તે હું કહું છું તે સાંભળો. મને મારા સોબતીઓએ પૈસાને માટે અહિં નાંખ્યો છે. પણ હવે તમે કોણ છો અને તમને આ કૂવામાં કોણે નાંખ્યા છે, તે તો મને કહો ?" પછી કૂવામાં રહેનારા પેલા બે પુરુષ બોલ્યા; " હે ભદ્ર ! અમે આ નગરના સ્મશાનમાં રહેનાર બે બ્રહ્મરાક્ષસ છીએ. અમે આ નગરના એક મુખ્ય મંત્રીની અને બીજા મુખ્ય સાહુકારની કન્યા રાખી બેઠા હતા. અમારી પાસેથી તે બે કન્યાઓને મુક્ત કરવાને માટે, ઘણા મંત્રશાસ્ત્રીઓ અને દીપ્તમંત્રશાસ્ત્રીઓ મથ્યા, પણ તેઓનું કંઇ જ વળ્યું નહિ. પછી કન્યાઓના પિતાનું શુભ કરનાર વિક્રમાદિત્યના જાણવામાં તે વાત આવતાં તે ત્યાં આવ્યો અને પેલી કન્યાઓને પૂછ્યું કે, " તમને પીડનાર કયાં છે?" અમે તો તે રાજાને જોઇને જ નાસવાની ઇચ્છા કરી અને તે કન્યાઓને મૂકી દીધી! પરન્તુ તેને જોતાં જ અમારા પગ જ આગળ ચાલી શકયા નહિ અને અમે ત્યાંથી નાસવાને શક્તિવાન થયા નહિ. દિશાઓને પોતાના તેજથી પ્રકાશિત કરતો રાજા વિક્રમાદિત્ય અમારી પાસે આવ્યો અને તેણે પોતાના પ્રભાવથી અમને બાંધી લીધા! વિક્રમરાજા હવે આપણને છોડનાર નથી એવી બ્હીકથી, અમે થરથર કંપવા લાગ્યા; પરન્તુ તે મહાકૃપાળુ રાજાએ એટલામાં તો હુકમ કર્યો કે, આ બે પાપી પુરુષોને એક વર્ષ દિવસ સૂધી આ અંધારા કૂવામાં નાંખી દ્યો. વળી તેણે અમને કહ્યું કે; 'વર્ષ દિવસ પૂરો થતાં અને આ કારાગૃહરૂપ અંધ કૂપમાંથી મુક્ત થયા પછી, જો પુનઃ તમે આવું નીચ કર્મ કરશો તો તમને મારી નાંખવામાં આવશે!' આ પ્રમાણે કહીને વીર વિક્રમાદિત્યે અમને આ અંધારા કૂવામાં નાંખી દીધા છે. વર્ષ દિવસ થવાને હવે માત્ર આઠ દિવસ જ બાકી રહેલા છે. આજથી આઠમે દિવસે અમારી અવધિ પૂર્ણ થાય છે, તો હે મિત્ર! તને અમારે માત્ર એટલું જ કહેવાનું છે કે, જો તું દરરોજ ગમે ત્યાંથી પણ અમને ભક્ષ્ય મેળવી આપવાને બંધાતો હોય, તો અમે તને બહાર કહાડીએ. પણ જો તું આ પ્રમાણે નહીં વર્તે તો અમે જ્યારે અહિંથી છૂટા થઈશું, ત્યારે તને જ પહેલા ખાઈ જઇશું. બોલ આ પ્રમાણે કામ કરવાને કબૂલ થાય છે કે કેમ ?' તે ધૂર્ત જુગારીએ બ્રહ્મરાક્ષસોનું આ મુજબનું કહેવું કબુલ કર્યું; એટલે બ્રહ્મરાક્ષસોએ તેને કૂવાની બહાર કહાડ્યો.

કૂવામાંથી બહાર નિકળી તેણે વિચાર કર્યો કે,–આમથી મરણભય છે અને આમ શત્રુપરનું વેર વાળવું છે, તો હવે શું કરવું? થોડીવાર વિચાર કર્યા પછી તે ધૂર્ત, રાત્રિએ સ્મશાનમાં મહામાંસ (મનુષ્યમાંસ) વેચવાને માટે નિકળ્યો.

હું તે સમયે સ્મશાનમાં ફરતો હતો, તેથી મેં તે માંસ લ્યોરે મનુષ્ય માંસ! એમ પોકારતા જુગારી ધૂર્તને બોલાવીને કહ્યું; ‘ભાઈ! મારે તાજું માંસ લેવું છે. તું મને પહેલાં શી કિંમત પડશે તે કહે.’ એ ઉપરથી તે ધૂર્ત ડાકિનેય બોલ્યો કે,–‘માંસના બદલામાં તું તારું રૂપ અને પ્રભાવ મને આપ.’ મેં તેને આ પ્રમાણે રૂપ તથા પ્રભાવ લેવાનું કારણ પૂછ્યું. તે ઉપરથી તે ડાકિનેય ધૂર્તે મને પોતાનું સવિસ્તર વૃત્તાંત નિવેદન કર્યું. એટલું જ નહિ પણ છેવટ તેણે મને કહ્યું કે,–‘હું તમારું રૂપ તથા બળ લઈને,–તેના જોરથી મારા શત્રુ જુગારીઓ તથા દ્યૂતશાળાવાળા સર્વેને પકડી લાવી, અંધારા કૂપમાં રહેતા બ્રહ્મરાક્ષસોને ખાવાને માટે આપીશ!’ તેના આવા ધૈર્યથી હું ઘણો જ પ્રસન્ન થયો અને મેં તેની સાથે સાત દિવસનો ઠરાવ કરીને મારું રૂપ તથા બળ તેને આપ્યું. ત્યાર પછી તે ધૂર્ત ડાકિનેય મારા બળથી પોતાના વેરી જુગારીઓને એક પછી એક એમ પકડી લાવી, તેમને પેલા કૂવામાં નાંખી દઈ, તે બ્રહ્મરાક્ષસોનું પેટ તૃપ્ત કરી પોતાનું કામ સાધવા લાગ્યો.

એમ કરતાં કરતાં સાત દિવસ પૂરા થવા આવ્યા, ત્યારે મેં મારું રૂપ તથા પ્રબળ તેની કનેથી પાછું માગી લીધું! પછી તે ડાકિનેય મારી પાસે આવી ભયથી કંપતાં કહેવા લાગ્યો,–‘મિત્ર! સાત દિવસ સૂધી મેં તમારા પ્રભાવથી મારા શત્રુઓને પકડી લાવી બ્રહ્મરાક્ષસોને ભક્ષ્ય પહોંચાડ્યું, પણ એક દિવસ માટે તેઓ બહાર નિકળતાં વાંત જ મારો પ્રાણ લેશે; માટે મારે હવે શું કરવું, તે આપ મને કૃપા કરી બતાવો.’ તેનાં આવાં કરુણાળ વચનથી અને સાત દિવસના પરિચયથી મને તેના ઉપર બહુ દયા આવી. પછી મેં તેને કહ્યું કે,–‘અલ્યા! આજ સૂધી જેમ તે બ્રહ્મરાક્ષસોએ તારા શત્રુઓને ખાધા, તેમ આજ હું તે બ્રહ્મરાક્ષસોને ખાઈ જાઉં તો પછી તારે કોઈ રીતનો ભય જ ન રહે; ચાલ, મને તે કૂવો દેખાડ, એટલે હું તારો આ જન્મપર્યંતનો ભય ટાળું!’ આ ઉપરથી તે ધૂર્ત ડાકિનેય બહુ ખુશી થયો અને કૂદતો નાચતો ઘણા જ વિનયથી મને પેલો કૂવો બતાવવાને માટે તેડી ગયો.

મેં તે કૂવામાં કંઈ પણ જોયું નહીં, તેથી નીચો વળીને કૂવાના કાંઠા ઉપર આવીને હું જેવો કૂવામાં જોવા જાઉં છું, તેવામાં તો તે દુષ્ટ ધૂર્તે મારી ગરદન પકડી, હડસેલો મારીને મને કૂવામાં નાંખી દીધો. કૂવામાં પડતાં જ પેલા બ્રહ્મરાક્ષસોમાંનો એક, તે હમેશની માફક મને તેમનું ભક્ષ્ય જાણીને વળગી પડ્યો. પરંતુ મેં હુશિયારીથી તેને દૂર કીધો. પછી તેઓની સાથે મારે બાહુયુદ્ધ થયું. ઘણીવાર સૂધી બાહુયુદ્ધ ચાલ્યું, પરંતુ તેમાં તેમનું કંઈ વળ્યું નહિ. જ્યારે તેઓને ખાતરી થઈ કે, આમાં આપણું કંઈ વળે તેમ નથી, ત્યારે તેઓ મને પૂછવા લાગ્યા કે, ‘તમે કોણ છો?’

તેમના પૂછવાથી મેં મારી અને ડાકિનેયની સઘળી હકીકત તેમને કહી. મારી વાર્તા સાંભળીને બ્રહ્મરાક્ષસોને આશ્ચર્ય ઉત્પન્ન થયું અને તેઓએ મારી સાથે મૈત્રી બાંધી. તેઓ બોલ્યા કે,–‘અહો! એ ધૂર્ત ડાકિનેયે ગરીબ બીચારા જુગારીઓની, અમારી અને તમારી કેવી દશા કરી! સત્ય છે કે, જુગારીઓનાં હૃદયમાં કંઈ જ દયા હોતી નથી! સત્ય જ છે કે, છળવિદ્યાથી



ભરેલા જુગારીના મનને મિત્રતા, દયા કે, ઉપકારની પણ કંઈ અસર થતી નથી, તો એવા જુગારીનો વિશ્વાસ શો? કાપટ્યથી ભરેલા મનવાળા ધૂર્તોમાં સાહસ કર્મ અને નિર્દયતા તો વાસ કરીને જ રહેલાં હોય છે. આ ઉપર તમને એક ઠિંઠાકરાળ નામના ધૂર્તની કથા કહીએ છીએ, તે તમે શ્રવણ કરો.” પછી તે બ્રહ્મરાક્ષસોએ આ પ્રમાણે વાર્તા શરુ કરી.

## ઠિંઠાકરાળ નામના પ્રવીણ જુગારીની કથા.

પૂર્વે આ ઉજ્જયિની નગરીમાં ઠિંઠાકરાળ* નામનો એક મહાધૂર્ત શિરોમણિ રહેતો હતો. નામ પ્રમાણે જ તેનામાં ગુણ હતા, છતાં તેનો સ્વભાવ તો તેનાં કર્તવ્યને પણ સારાં કહેવરાવે તેવો હતો! તે હમેશાં જુગાર રમવામાં ગુલતાન રહેતો હતો અને ‘હાર્યો જુગારી બમણું રમે’ તેમ દરરોજ તે હારી જતો હતો, તેમ છતાં પણ રમવાનો ચડસ ઓછો રાખતો નહીં. તેની સાથે રમનારા જુગારીઓ તેનો પૈસો હરી લેતા હતા, તોપણ તેઓ તેને રોજ સો કોરી ઉદરપોષણને માટે આપતા હતા. ઠિંઠાકરાળ, હમેશાં સાંજે જુગાર રમી ઉઠી, દયાથી જુગારીઓએ આપેલી સો કોરી લઈ બજારમાં જતો અને સારો નઠારો ઘઉંનો લોટ લઈ, અહીં તહીંથી એકાદ ઠિકરાનું ઠોબરું લઈ, તેમાં તે લોટ બાંધી, ભાખરા વણી નાંખતો. પછી વણેલા ભાખરા લઈને દેવતા શોધતો શોધતો તે સ્મશાનમાં જતો. ત્યાં એકાદ નવિન તાજી ચિતાના અંગારા ઉપર પેલા ભાખર શેકી નાંખતો હતો. ભાખરને શેકી તૈયાર કરી તે મહાકાળેશ્વરના મંદિરમાં જતો; અને ત્યાં જે ઘીનો દીવો બળતો હોય તે બુઝાવી નાંખી, તેમાંનું ઘી લઈ ભાખરને ચોપડતો અને તે ભાખર નિત્ય અડાવી જતો. પછી એકાદ તળાવડામાંથી પાણી પીધા પછી પાછો મહાકાળેશ્વરના મંદીરમાં જઈ, મસ્તક નીચે હાથ રાખી, ભૂમિ ઉપર નિરાંતે સૂઈ રહેતો હતો.

આ પ્રમાણે કાળ ગાળતાં એક દિવસ તે જ્યાં સુતો હતો, ત્યાં રાતના એક નવો બનાવ બન્યો. ઠિંઠાકરાળ શીળી અને સુંવાળી ફરસબંધી ઉપર પડ્યો પડ્યો આમ તેમ જોતો હતો, એટલામાં મંદિરમાંના માતૃકાઓનાં મંડળ તથા યક્ષ વગેરેની મૂર્તિઓ ઉપર તેની નજર ઠરી ગઈ. તેને જોતાં જ તેને વિચાર આવ્યો કે, “મારી પાસે જ્યારે મંત્રો છે, ત્યારે શામાટે હું દ્રવ્ય સંપાદન કરવા સાધના કરતો નથી? ‘વાગ્યો તો તીર, નહિ તો તુગ્ગો,’ તેમ મંત્ર જો સિદ્ધ થયા તો ઠીક છે, નહિં તો ખેર–‘ગાજરની તતુડી વાગી તો વાગી, નહિ તો કરડી ખાધી,’ તેમાં આપણું શું જવાનું છે?” એમ વિચાર કર્યા પછી તેણે દેવમંડળને પોતાની સાથે જુગાર રમવાને આમંત્રણ કર્યું; અને કહ્યું કે,–“ચાલો, આવોજી! આજ મને તમારી સાથે જુગાર રમવાની અભિલાષા ઉત્પન્ન થઈ છે; માટે તમે બહાર પધારો. જેના ધાર્યા–માગ્યા દાવ પડશે અને જે જિતશે તે હારેલાઓની પાસેથી પૈસા લેશે. આ બંદા તમારા ચોપટના સ્વામી થશે! પણ ધ્યાનમાં રાખજો કે, આપણે, તમો જે હારશો તેના ધણી છીએ!”

* ઠિંઠાકરાળ એટલે દ્યૂતશાળામાં ભયંકર એવો અર્થ થાય છે.

દેવલોકોએ તો તેના તરફ કંઈ ધ્યાન પણ આપ્યું નહિ. જુગાર–દ્યૂતની એવી રીત છે કે, કોઈ માણસે દ્યૂત રમવાની માંગણી કરી તો સામાથી તેને ના પડાય નહિ. તેથી ઠિંઠાકરાળે માની લીધું કે, તેઓની હા જ છે. પછી ઠિંઠાકરાળે તો એક બાજુ પૈસાની ઢગલી કરી. પછી પોતાની પાસેથી વિચિત્ર પ્રકારની કોડીઓ બહાર કહાડી ને કોડી ગગડાવી! માગ્યા દાવ પાડ્યા.

આ પ્રમાણે ઘણીવાર સૂધી તે પોતે ને પોતે જ દાવ મૂકીને રમ્યો ગયો! અને તેના ઉપરાઉપરી જિત્યો ગયો. છેવટ તેણે દેવતાઓને કહ્યું કે, "હું જિત્યો છું અને તમે હાર્યાં છો! માટે રીત પ્રમાણે હારેલા પૈસા આમ મૂકી દો." મૂર્તિઓમાંથી કંઈ જ જવાબ ન મળ્યો, ત્યારે ધૂર્ત જુગારી ઠિંઠાકરાળ ઘણો જ ગુસ્સે થઈ ગયો; અને બોલ્યો કે, "કેમરે, તમે મારી સાથે એક શબ્દ સરખો પણ બોલતા નથી? તમે પથ્થરની માફક સ્તબ્ધ ઉભાં રહ્યાં છો; પરન્તુ યાદ રાખો કે, આ બંદો નાણાં લીધા વગર તમને છોડનાર નથી? જુવો કે, હવે બંદા શું કરે છે! હવે મારે અમારી જુગારીની રીત પ્રમાણે વર્તવું પડશે. હમણાં એક ક્ષણમાં યમની દાઢ જેવી એક તીવ્ર કરવતી લાવી તમને વહેરી નાંખી વેચી મારીશ; અને એ રીત પ્રમાણે મારા જુગારમાં જિતેલા પૈસા લઈશ, યાદ રાખો લાલાજીઓ! આ બંદાને તમારી કંઈ પરવા નથી! તમારે ચાહે તે કરી લેજો," આ પ્રમાણે મૂર્તિઓની સાથે પોતે પોતાની મેળે જુગાર રમી જિતીને, ઉલટો મૂર્તિઓને વહેરી નાંખવાને માટે કરવતી લેવા જવા ઉઠ્યો. પણ તે ધૂર્ત ઠિંઠાકરાળ જેવો ઉઠવા જાય છે, તેવામાં તો દેવતાઓએ વચમાં પડી તેને શાન્ત પાડી દીધો; અને કહ્યું કે,–"અલ્યા શાન્ત પડ અને આ તારૂં નાણું લે," એમ કહીને તેને નાણું આપ્યું. દેવતાઓએ આપેલું ધન લઈને તે ધૂર્ત સવારમાં ઉઠીને તુરત, જુગારીઓની સાથે જુગાર રમવા ગયો અને ત્યાં સઘળું ધન ઉડાડી મૂક્યું! સાંજે પાછા 'બાવાજી બિહારીરામ' પેરે, હતા તેવા થઈ ભાખર કૂટી ખાઈને પાછા તે જ મંદિરમાં આવ્યા અને વળી તે રાતે પણ માતૃકાઓની સાથે પરાણે દ્યૂત રમીને ધન ઓકાવ્યું.

ધૂર્ત ઠિંઠાકરાળને તો આ ઉપરથી ધન અને જુગાર રમવો સહેલ થઈ પડ્યો. એ રીતે તે હમેશાં માતૃકાઓની પાસેથી ધન કઢાવી જુગાર રમવા લાગ્યો. એક વખત સઘળી માતૃકાઓ નીરાશ થઈને ઉદાસ થઈ બેઠી હતી, ત્યારે ચામુંડાદેવીએ માતૃકાદેવીઓને એવું શીખવ્યું કે;"જ્યારે તે ધૂર્ત જુગારી તમારી જોડે જુગાર રમવા આવે ત્યારે તે દ્યૂત રમવાની માંગણી કરશે અને દ્યૂતના ધારા પ્રમાણે રમવાની તો ના પડાય નહિ, તોપણ તમારે તેને સાફ ના પાડવી ને નિરાશ કરવો!" ચામુંડા તો આ પ્રમાણે શિખવીને ચાલ્યાં ગયાં, પરન્તુ માતૃકાઓએ તેમનાં વચન બરાબર યાદ રાખ્યાં. જ્યારે રાત પડી અને ઠિંઠાકરાળે તેમને જુગાર રમવાને માટે બોલાવી, ત્યારે માતૃકાઓએ તેને નાપાડી અને તે ઉપરથી ઠિંઠાકરાળે ભૈરવનાથને પણ પોતાની સાથે દ્યૂત રમવાને માટે બોલાવ્યો. મહાકાળેશ્વરે જાણ્યું કે, આ દુષ્ટ ઠિંઠાકરાળ તો જે નાણું મળે છે તે સર્વ જુગારમાં ઉડાવી દેછે અને તેને જુગારનો ઘણો જ ખરાબ ચડશ પડ્યો છે, માટે એની સાથે જુગાર રમવો એ તો ઠીક નહિ; પણ એને ઉત્તર વાળવો કે; "અલ્યા ધૂર્ત!



ચાલ ચાલ્યો જા." આમ વિચારી તેમણે ઉત્તર આપ્યો કે; "હું પણ તારી સાથે જુગાર રમવાને આવતો નથી; કારણ કે દોષથી ભરેલા ઇષ્ટ ને અનિષ્ટનો જેને યત્કિંચિત્ પણ વિચાર નથી, એવા દુર્જન પુરુષથી દેવતાઓ પણ દૂર રહેવું મુનાસબ ગણે છે અને અસમર્થની માફક ડરે છે."

કાળભૈરવે નાપાડી. હવે તો ઠિંઠાકરાળની જુગાર સંબંધી સર્વ આશાઓ ભાંગી પડી. તેની કપટકળાઓ પણ તેની આશાની સાથે જ જમીનદોસ્ત થઈ ગઈ. પણ કાળભૈરવનુ ઉત્તર સાંભળી તે શિયાવિયા થઈ ગયો અને નીચે મોંઢે આમ વિમાસણ કરવા લાગ્યો;–"અરેરે! જુગારીની દુષ્ટ રીતિઓથી કંટાળીને માતૃકાઓએ પણ મારું અપમાન કર્યું અને કાળભૈરવ પણ મારો તિરસ્કાર કરી રમવા આવ્યો નહિ. હવે તો મારે મહાકાળેશ્વરનું જ શરણું લેવું!" આમ વિચાર કરી ઠિંઠાકરાળ મહાકાળેશ્વરના પગમાં પડીને સ્તુતિ કરવા લાગ્યો કે;–"મહારાજ! તમે જ્યારે ગિરિરાજ કન્યાની સાથે દ્યૂત રમવા બેઠા હતા ત્યારે તેમણે તમારો ચંદ્ર, હસ્તિચર્મ અને પોઠીઓ પણ પડાવી લીધો હતો! અને તમે તો માત્ર નાગા જ થઈ રહ્યા છો. સર્વ જવાથી શોકથી ખિન્ન થયેલા એવા હે નગ્ન શિવજી! હું તમને પ્રણામ કરું છું! તમે વાંચ્છા રહિત છો અને તમારી પાસે જો કંઈ હોય તો તે બીજું કંઈ જ નહિ, પરન્તુ જટા, ભસ્મ અને મનુષ્યની ખોપરીઓ જ છે. આવા છતાં પણ તમને ઇચ્છા ઉત્પન્ન થાય છે, તો દેવતાઓને ધન્ય કહો કે, જે સર્વ વૈભવ પણ આપી શકે છે! હે ચંદ્રમૌલિ! તમે મહાપ્રતાપી છતાં મારા જેવા મંદ પુણ્યવાળા તરફ આમ કેમ (કૃપણ) થયા? તમે થોડા માટે મને કાં ઠગો છો? હે નાથ! હે ભૈરવ! તમે આખા જગતનું પોષણ કરો છો, છતાં મારી કેમ ઉપેક્ષા કરો છો? મહારાજ! જ્યારે તમે આ પ્રમાણે કરશો, ત્યારે કલ્પવૃક્ષ પણ ગરીબોની આશાને પૂરશે નહિ જ. હે નિશ્ચળ બુદ્ધિવાન્ ભગવાન્! હું તો માત્ર તમારે શરણે જ આવેલો છું! હે દેવ! મારું મન કષ્ટાવસ્થાથી ઘણું જ આકુળ વ્યાકુળ થયેલું છે. મહારાજ! મારા જેવા અલ્પજ્ઞના દોષ સામું આપે જોવું જોઈએ નહીં. તમારામાં ને મારામાં અક્ષનું* સાદૃશ્ય છે. તમે ત્રણ નેત્રવાળા છો અને હું ત્રણ પાસાવાળો છું; તમારા અંગ ઉપર ભસ્મ છે અને મારા અંગ ઉપર પણ ભસ્મ છે; તમે જેમ મનુષ્યના કપાળમાં ભોજન કરો, છો, તેમ હું પણ કપાળમાં જ† ભોજન કરું છું. તમે મારા ઉપર કૃપા કરવા યોગ્ય છો. દયા કરો. હવે હું નીચ જુગારીઓ સાથે ભાષણ કરનાર નથી; હું શરણાગતનું રક્ષણ કરો!"

આવી રીતે ઘણી પ્રાર્થના કરતાં ભૈરવદેવ પ્રસન્ન થયા અને તેને કહેવા લાગ્યા કે, "અલ્યા ઠિંઠાકરાળ! હું તારા ઉપર પ્રસન્ન થયો છું. ધીરજ રાખી મારી પાસે બેસ, તારા મનના મનોરથ પૂર્ણ થશે." ત્યાર પછી ઠિંઠાકરાળ દેવની કૃપાથી મળેલા ભોગ અને વૈભવ યથેચ્છ માણવા લાગ્યો.

એમ કરતાં કરતાં કેટલાક દિવસ વીતી ગયા. કોઇએક સમે મહાકાળના તીર્થમાં, રાત્રિના સ્વર્ગથી અપ્સરાઓ સ્નાન કરવાને માટે આવી. આવો સમય જોઈને મહાભૈરવે ઠિંઠાકરાળને કહ્યું કે;–"અલ્યા ઠિંઠાકરાળ! આ અપ્સરાઓ સ્નાન કરવાને માટે વાટિકામાં ઉતરે, એટલે

* અક્ષ એટલે નેત્ર ને અક્ષ એટલે પાસા. † કપાળ એટલે ખોપરી ને કપાળ એટલે ઠિકરાનું વાસણ

તું છાનોમાનો જઈ તીર ઉપર મૂકેલાં તેમનાં વસન* હરી લઈ, અહિંયાં આવતો રહેજે. તેઓ જળમાં રહીને તને સમજાવે, તોપણ જ્યાં સૂધી કળાવતી નામની અપ્સરા, તેઓ તને આપવાનું કબૂલ કરે નહિ, ત્યાં સૂધી તારે તેમને વસ્ત્ર આપવાં નહિ !" ભૈરવનાથનો આ પ્રમાણે હુકમ થયો કે, પછી ઠિંઠાકરાળ શું કરવા આડું અવળું જોય ! તે દોડતો દોડતો વાટિકાના તટ ઉપર ગયો અને અપ્સરાઓ સ્નાનમાં ગુંથાઈ હતી, એટલે તેમનાં વસ્ત્ર ઉપાડી લીધાં. પણ તે લઈ જેવો તે દૂર જવા લાગ્યો, એટલામાં તો તેઓએ તેને જોયો. તે અપ્સરાઓએ, જળમાં ઉભાં રહીને જ ઠિંઠાકરાળને બોલાવ્યો. તે ઉભો રહ્યો. પછી વિનયથી કહ્યું કે;–"હે ઠિંઠાકરાળ ! તું અમારાં વસ્ત્ર લઈ જઈને અમને શા માટે નકામાં દમે છે ? અમારાં વસ્ત્ર આપ, અમને નગ્ન ન રાખ !" એ પ્રમાણે બહુ બહુ રીતે અપ્સરાઓએ ઠિંઠાકરાળને વિનવ્યો. ભૈરવનાથથી ગર્વ પામેલો ઠિંઠાકરાળ બોલ્યો કે; "હે અપ્સરાઓ! તમારામાંની કળાવતી અપ્સરા જો તમે મને આપવાને કબૂલ થતાં હો તો ભલે હું તમને તમારાં વસ્ત્ર પાછાં આપું ! નહિ તો ખાતરી રાખજો કે, તમારાં વસ્ત્ર તમને કદાપિ પણ મળવાનાં નથી–તમારી ઇચ્છામાં આવે તો નાગી નાગી ઈન્દ્રની સભામાં જજો ને નાગી નાગી નૃત્ય કરજો ! ઠિંઠાકરાળની માગણી સાંભળી અપ્સરાઓ વિચાર કરવા લાગી કે;–"કળાવતીને ભગવાન્ સહસ્ત્રાક્ષનો–ઇન્દ્રનો–શાપ થયેલો છે. તે કોઈ રીતે અન્યથા થનાર નથી તો શા માટે મિથ્યાવાદ કરીને આ દુરાગ્રહી સાથે માથું ફોડવું ?" આમ વિચાર કરીને અપ્સરાઓએ કળાવતી આપવાને હા પાડી. એટલે ઠિંઠાકરાળે તેમને તેમનાં વસ્ત્ર પાછાં આપ્યાં. વસ્ત્ર લઈને આનંદ પામતી અપ્સરાઓ અલંબુષાની બાળા કળાવતી, ઠિંઠાકરાળને સોંપીને સ્વર્ગમાં ચાલી ગઈ.

દૈવેચ્છાથી ઠિંઠાકરાળ દેવકન્યાનો ભોક્તા થયો. તે હમેશાં વિવિધ તરેહનાં સાંસારિક સુખો, કળાવતી અપ્સરાની સાથે ભોગવવા લાગ્યો. તેણે શિવજીની આજ્ઞાથી એક સુંદર મહેલ ચણાવ્યો. તેમાં સુખરૂપ રહી તે મજા કરવા લાગ્યો. કળાવતી દિવસે ઈંદ્રની સેવા કરતી અને રાતે ઠિંઠાકરાળની સેજને શણુગારતી હતી. આ પ્રમાણે મનગમતી મોજ માણતાં કળાવતીએ પ્રેમના પૂરમાં પોતાના આભ્યંતર થઈ ગયેલા પતિના કંઠમાં હાથ નાંખીને એક દિવસ કહ્યું કે;–"પ્રિયતમ! હું તમારી સાથે નાના પ્રકારના રંગભોગ રમું છું; પરન્તુ હું તો ઇન્દ્રની અપ્સરાઓમાંની એક અપ્સરા છું! માત્ર શાપ થવાથી જ તમારે ભોગ પડી છું!" ઠિંઠાકરાળે પૂછ્યું કે;–"પ્રિયે! મારી વાહલી! તને શાથી શાપ થયો, તેનું કારણ જાણવાની મારી ઇચ્છા છે. માટે પ્રિયા! પ્યારિ! તને, તું શાપ થવાનું વૃત્તાન્ત કહી, મને તારાં અમૃત જેવાં વચનથી આનંદ પમાડ." કળાવતી એ ઉપરથી કહેવા લાગી કે:—

† "સાંભળો સ્વામિન્! એક સમે દેવલોક, વસંતઋતુમાં ખીલી રહેલા વન ઉપવનમાં નાના પ્રકારના વિહાર કરતા હતા. તે જોઈને મને કંઈ વિચાર આવ્યો અને મેં એમ કહ્યું

* અંગપર પહેરવાનાં ચોળીચણીઓ વગેરે લુગડાં. † આ વાર્તાનો પૂર્વ ભાગ,–લોકપ્રસિદ્ધ ઈન્દ્રસભા' નામના ઉર્દુ નાટકની વસ્તુનો પણ કદાપિ પૂર્વ વિભાગ હોય એમ લાગે છે.



કે;–"સ્વર્ગ લોકમાં વિહાર છે, પરન્તુ માત્ર દૃષ્ટિએ કરીને જોવાના જ છેઃ મનુષ્ય લોકમાં તો સઘળી જાતના વિહાર અનુભવી શકાય છે!" મારાં વચન ઇન્દ્રને શ્રવણે પડવાથી તેમને ક્રોધ ચડ્યો અને તેનું પરિણામ એ આવ્યું કે, તેમણે મને શાપ દીધો કે, 'તું મૃત્યલોકના વિહાર વૈભવને વખાણે છે તો જા, તું મનુષ્ય લોકમાં અવતરી મનુષ્ય સાથે રમ.' ઇંદ્રના આ શાપથી જ, હે નાથ ! મારો અને તમારો સુખદ સમાગમ થયો છે. હું મનુષ્યલોકનાં સુખ હાલ અનુભવું છું. પણ પ્રાણનાથ ! ક્ષમા કરજો;–કાલે ઇંદ્રિની* સભામાં રંભા નામની પ્રખ્યાત અપ્સરા, નવીન નૃત્ય કરનારી છે, એટલે મારે પણ નૃત્યાવસર સૂધી કદાપિ ત્યાં શોભવું પડશે–અને તેથી મને આવતાં વાર લાગે તો, મારા પ્રાણપતિ ! તમારે વિયોગવિધુર થઈ ન જવું, હોં"

ઠિંઠાકરાળ તો આ અપ્સરાની સાથે વિહાર કરવામાં પ્રેમઘેલો થઈ ગયો હતો, એટલે લટુજી બની જાય તેમાં શું આશ્ચર્ય ? કળાવતીનાં વચન સાંભળીને, તે તેના મુખ સામું જોઈ લેંધા જેવું પ્રેમમુગ્ધ મુખ રાખીને બોલ્યો કે;–"મારી પ્યારિ! રસીલિ ! જો એવું ઉત્તમ નૃત્ય થવાનું હોય તો તે મને બતાવની ? ગુપ્ત રીતે તું મને ત્યાં લઈ જા. મને એવું–રંભાનું નૃત્ય જોવાની બહુ ઇચ્છા છે." કળાવતીએ ઉત્તર આપ્યું કે;–"નાથ ! તમો કહો છો તે ખરૂં છે, પરન્તુ હું તમને ત્યાં લઈ જાઉં, તે જો ઈન્દ્ર રાજાના જાણવામાં આવે તો મારા અને તમારા બેઉના બાર વાગે ! એટલે લાચાર છું !" ઠિંઠાકરાળે તો કાલાંઘેલાં કહાડવા માંડ્યાં અને તેણીનું મન પ્રસન્ન કરવા લાગ્યો; તે ધીમે ધીમે બહુ બહુ આગ્રહ કરવા લાગ્યો. ત્યારે કળાવતીએ તેના ઉપરના પ્રેમને લીધે તેને નૃત્ય દેખાડવાનું કબૂલ કર્યું. પછી પ્રેમમાં ડૂબી જતાં તે બે જણાં કામને શાન્ત કરી નિદ્રાને વશ થયાં.

બીજે દિવસે પ્રભાતમાં કળાવતી પોતાની વિદ્યાના પ્રભાવથી ઠિંઠાકરાળને પોતાના કર્ણના કર્ણપૂર કમળમાં અદૃશ્ય રાખીને, સ્વર્ગમાં જવાને માટે ઉપડી. અમરાવતી પહોંચતાં દરવાજે ઝુલતા હસ્તીઓ, ઐરાવત, નંદનવન, બીજાં ઉપવનો, દેવગણ, મહેલ ઇત્યાદિ દેખાડતી દેખાડતી કળાવતી ઠિંઠાકરાળને લઈને ઈન્દ્રની રાજસભામાં આવી પહોંચી. ત્યાં ઈન્દ્રની સભા દેવગણથી ને વિદ્યાધરથી ચીકાર ભરાઈ ગયેલી હતી. એક તરફ નારદ વીણાના તાર ગોઠવતા હતા, એક તરપ મૃદંગના નાદની પરીક્ષાઓ થતી હતી, એક તરફ સૂર મેળવાતા હતા, તો એક તરપથી ઘૂઘરાનો ધમકાર થતો હતો. આમ કરતાં કરતાં તો અપ્સરાઓએ ગાવા માંડ્યું. પ્રખ્યાત રંભાએ નવ નવા અભિનયયુક્ત નૃત્યનો આરંભ કર્યો. ઇશ્વરની લીલાલહેર હોય ત્યાં શું બાકી ? કળાવતીના કર્ણપૂરમાં રહીને ઠિંઠાકરાળ આ સર્વ જોતો હતો. તેણે રૂડી રીતે નારદ તથા બીજા ગંધર્વોનાં ગાનતાન સાંભળ્યાં. જેના ઉપર મહા પ્રભુ પ્રસન્ન થયા હોય, તેને શી વાતની કમીના પડે ?

* અંગ્રેજીમાં વિષ્ણુસભા છે.

એમ કરતાં કરતાં તો રંભાનો નવીન નૃત્યપ્રયોગ પૂરો થયો; અને ગમ્મતને ખાતર ઇન્દ્રનો ભાંડ કે જે બકરાના ઘાટનો હતો, તે વિચિત્ર પ્રકારે હાસ્યજનક અભિનય કરતો અને વિચિત્ર ચાળા કરતો નૃત્ય કરવાને માટે ઉભો થયો. તેણે નૃત્ય કરવા માંડ્યું. તે જોતાં જ કળાવતીના કર્ણકમળમાં રહેલા ઠિંઠાકરાળે તેને ઓળખ્યો ને તે મનમાં મનમાં બોલ્યો;–"અહો! દેવમાયા કંઈ અદ્‌ભુત જ છે! હું આને તો સારી રીતે ઓળખું છું. એને ઉજ્જયિનીમાં રોજ દેખું છું અને આજે એ ઇન્દ્રનો ભાંડ ક્યાંથી બની ગયો? બેશક, આ માયામાં કંઈ વિલક્ષણ ભેદ હશે!" આ પ્રમાણે ઠિંઠાકરાળ વિચાર કરતો ને કરતો જ રહ્યો છે, એટલામાં તો ઇન્દ્રના છાગભાંડનો નૃત્ય પ્રયોગ પણ પૂરો થઈ ગયો. ત્યાર પછી પ્રસન્ન થતી કળાવતી ઠિંઠાકરાળને લઈને મનુષ્યલોકમાં પાછી આવી.

બીજે દિવસે ઠિંઠાકરાળ નગરમાં સહેલ સપાટા મારવાને ફરવા ગયો. ત્યાં તેણે પેલા બકરાને દીઠો! તેને જોતાં જ તે તેની પાસે ગયો અને અવિનયીપણે બોલ્યા કે;–"અલ્યા બોકડા! તું જેમ ઈન્દ્રની સભામાં વિચિત્ર નૃત્ય કરીને સર્વને આનંદ ઉત્પન્ન કરે છે, તેમ અહિંયાં મારી પાસે તેવું અદ્‌ભુત નૃત્ય કરી બતાવીને મને પ્રમોદ પમાડ! જો નહિ માને તો તને હું પૂર્ણ શિક્ષા કરીશ!" ઠિંઠાકરાળનાં આવાં વચન સાંભળી, બકરાના રૂપમાં ગુપ્ત રહેલા દેવના ભાંડને આશ્ચર્ય ઉત્પન્ન થયું. તે પોતાના મનમાં વિચાર કરવા લાગ્યો કે;–"અરે! આ શું? દેવલોકમાં બનેલી વાત આ મનુષ્ય લોકનું માનવી ક્યાંથી જાણે?" પુનઃ ઠિંઠાકરાળ બોલ્યો; "અલ્યા બોકડા! તું મારી આજ્ઞા માનતો નથી કે? ચાલ, નૃત્ય કરવા માંડ, કેટલીવાર? ખાતરી રાખજે કે, તારે મારી આગળ ગમે તે પ્રકારે નાચ કરવો પડશે જ પડશે!" આમ કહ્યા છતાં પણ બકરાએ કંઈ કર્યું નહિ, તેથી ક્રોધમાં આવી જઈ ઠિંઠાકરાળે પોતાની લાકડી તે બકરાના માથામાં એવી તો જોરથી આપટી દીધી કે, તેમાંથી લોહીની સેરો નિસરી. પછી તે બકરો લોહીલોહાણ થયેલો આકાશમાં ઉડી ગયો.

તે બકરો ઈંદ્રની સન્મુખ જઈ, પોતાને શાથી આવી વિપત્તિમાં આવવું પડ્યું, તે જણાવીને બોલ્યો કે; "મહારાજ! દેવલોકમાં થયેલી વાત મનુષ્યલોકમાં કેમ પ્રસિદ્ધ થઈ? આમાં કંઈ ઉંડો ભેદ છે!" ઇન્દ્રે સમાધિ ચડાવીને જોયું તો તેને સર્વ વાત જણાઈ આવી, કે કળાવતી ઠિંઠાકરાળને કેમ લાવી હતી ને સંજને સારીરંભાનું નૃત્ય કેમ જોયું હતું! પછી તેણે કળાવતીને બોલાવીને કહ્યું કે;–"રંભાના નવીન નૃત્ય પ્રયોગમાં તું તારા યારને લઇને આવી હતી અને તેથી આ ભાંડ બકરાને આમ દુઃખ થયું છે; તો જા, હું તને શાપ દઉં છું કે, તું નૃસિંહરાજાના નાગપુર નગરમાં જઈ પડ અને રાજાએ બંધાવેલા દેવમંદિરના સ્થંભમાં પથ્થરની પુત્તલિકા રૂપે થઈ જા!"

આ પ્રમાણે શાપ દેવાતાં, કળાવતીની માતા અલંબુષા, જે ત્યાં હતી, તેણે ઈંદ્રની પ્રાર્થના કરી કે;–"મહારાજ! ક્ષમા કરો. આ બાળાના દોષ સામું ન જુવો!" એ પ્રમાણે પ્રાર્થના થતાં ઈંદ્ર શાંત થયો અને નીચે પ્રમાણે શાપાનુગ્રહ કર્યો: "જ્યારે તે દેવાલય જીર્ણ



થઇને જમીનદોસ્ત થશે, ત્યારે તારી પુત્રી આ શાપમાંથી મુક્ત થઈ, સ્વર્ગમાં આવશે." આ રીતે શાપ અને તેમાંથી કેવી રીતે મુક્તિ થશે, તે બેઉ બાબતને સારી રીતે જાણીને તે ( અપ્સરા ) ઠિંઠાકરાળની પાસે આવી અને ગદ્‌ગદ્ કંઠે તેને કહેવા લાગી કે;–"નાથ! તમારાં કર્તવ્યે તો આડો આંક વાળ્યો! હાયરે! તે તો મને નડ્યાં!" પછી તેણીએ તે વૃત્તાન્ત આદ્યન્ત તેને કહી સંભળાવ્યું અને ત્યાર પછી પોતાનાં આભૂષણ ઉતારી ઠિંઠાકરાળને આપ્યાં અને પોતે **નાગપુર**માં આવેલા નૃસિંહરાજાના તે દેવાલયના સ્તંભમાં કોતરેલી પુત્તલિકાઓમાંની મુખ્ય પુતળી થવાને માટે ત્યાંથી અદૃશ્ય થઈ ગઈ.

ઠિંઠાકરાળ પોતાની પ્રિયાંગનાના વિયોગથી મૂર્ચ્છા ખાઈ ભૂમિ ઉપર પડ્યો. મૂર્ચ્છા વળતાં આંખ ઉઘાડીને જોયું તો પોતાની પ્રિયાને દીઠી નહિ. તે, તેના વિજોગ દાવાનળથી બળવા લાગ્યો. પ્રિયા વિજોગથી વ્યાકુળ થયેલો ઠિંઠાકરાળ, થોડીવાર પૃથ્વી ઉપર નિઃસત્વ જ પડ્યો રહ્યો; પરંતુ થોડીવારે યત્કિંચિત્ શાતા વળતાં, પુનઃ પ્રિયાને સંભારીને વિલાપ કરવા લાગ્યો કે;–"અરેરે! હું જ અભાગિયો કે ગુપ્ત રાખવા જેવી બાબત પણ મેં જાણ્યા છતાં પ્રસિદ્ધ કરી દીધી.! મારા સ્વાભાવિક ચાપલ્યનો જ આ દોષ છે! ગુપ્ત વાર્તા પણ મારાથી પ્રસિદ્ધ થઈ જાય છે, એ મારું ચાપલ્ય અન્તે મારા જ દુઃખનું કારણ થઈ પડ્યું અને મારા આ અકર્તવ્ય કર્મના ફળરૂપ જ મને મારી વહાલીનો દુઃસહ વિજોગ થયો! હરિ! હરિ! ઈશ્વરને જે ગમ્યું તે ખરું!! માથે આવ્યું ભોગવે જ છૂટકો!"

એમ વિચાર કરી, 'વિલાપ કરવો નહિ,' એમ મનને મનાવ્યું અને આ સમય વિલાપ કે હાયવરાળ કરવાનો નથી, પરંતુ પ્રિયજનના શ્રેયનો પ્રયત્ન કરવાનો છે! એમ પુનઃ વિચાર કરી, ધીરજ ધરી, ઠિંઠાકરાળે બ્રહ્મચારીનો સ્વાંગ ધારણ કર્યો. હાથમાં રુદ્રાક્ષની માળા, માથે કૃત્રિમ જટા, ડાબે ખભે જનોઈ અને એક હાથમાં જળને માટે કમંડળુ લઇને તે **નાગપુર** નગર તરફ જવાને માટે નિકળ્યો. કેટલેક દહાડે તે **નાગપુર** શહેરમાં આવી પહોંચ્યો. ત્યાં આવી **નાગપુર** નગરની ચારે દિશાએ પોતાની પ્યારીના અલંકારથી ભરેલા ચાર કળશ તેણે દાટ્યા; એટલું જ નહિ, પણ રાતને સમે નગરમાં પેસી મંદિરની નજીક એક ચૌટામાં પાંચમો પંચ* અમૂલ્ય રત્નથી ભરેલો કળશ દાટ્યો.

એ પ્રમાણે કર્યાં પછી તે મોટા આડંબરથી નગરની બહાર, નદીના કિનારા ઉપર એક નાનીશી પર્ણકૂટી બાંધી તેમાં રહેવા લાગ્યો. રોજ દિવસમાં ત્રણવાર સ્નાન કરવું, મધ્યાહ્ન થાય ત્યારે ભિક્ષા માગી લાવવી અને એકાદ શિલાતલને ધોઈ નાંખી તે ઉપર ભિક્ષાન્નનું ભોજન કરવું; એ પ્રમાણે તેણે પોતાની પ્રભુતા વધારી સ્તુતિ કરવાનો ઢોંગ આદર્યો અને તે સત્ય પણ થયો; કારણ કે આવા દૃઢ તપથી અને કેટલાક દંભથી આખા નગરમાં તેની સ્તુતિ થવા લાગી.

* પંચરત્ન આ છેઃ સુવર્ણ, અણમોલ હીરો, ઈન્દ્રનીલમણિ, રત્ન ને મોતી.

ઠિંઠાકરાળ આવા આડંબરથી નાગપુરમાં એક મોટો યોગી--સંત કહેવાવા લાગ્યો. એમ કરતાં કરતાં થોડે દહાડે તેની કીર્તિ રાજદ્વાર સૂધી પહોંચી ગઈ. રાજાના મનમાં ભક્તિ ઉત્પન્ન થઈ. તેણે કેટલાક માણુસો મોકલાવી, તે મહાયોગિરાજને ઘેર બોલાવ્યો. ધૂર્ત ઠિંઠાકરાળ પોતાના આડંબરમાંથી ઊંચો આવ્યો નહિ, અને રાજાના આમંત્રણની વારંવાર ઉપેક્ષા કરી. અન્તે રાજા પોતે તેની પર્ણકૂટી આગળ આવ્યો; અને પ્રણામ કરી તેની સામે બેઠો. રાજાએ ઘણીવાર સૂધી વાતચિત કરી અને જ્યારે સંધ્યાકાળ થયો, ત્યારે રાજાએ વિદાય થવા આજ્ઞા માગી. એટલામાં દૂરથી શિયાળવાં રોતાં સંભળાયાં અને તે શિયાળવાનું રુદન સાંભળીને કિતવ યોગિરાજ હસવા લાગ્યો! રાજાએ તેને હસતો જોઇને પૂછ્યું કે;" આપ શું હસો છો ?" ધૂર્ત શિરોમણિ યોગીએ પ્રત્યુત્તર આપ્યું કે; "કંઇ નહિ! સહેજ હાસ્ય થયું!" આવો ઉત્તર મળવાથી રાજાની જિજ્ઞાસા વધી પડી; અને તેણે પુનઃ બહુ આગ્રહથી પૂછ્યું, ત્યારે ધૂર્ત યોગીએ રાજાને કહ્યું કે;"આ નગરની પૂર્વ દિશાએ નેતરના સમવાય તળે, રત્નનાં આભરણોથી ભરેલો એક કળશ છે, તે તું કહાડી લે, એમ એ શિયાળ મને ચેતાવે છે। કેમકે હું પશુ પક્ષીની ભાષા જાણું છું!"

રાજા તો યોગીનું કહેવું સાંભળીને આભો જ બની ગયો. પછી તે ધૂર્ત, રાજાને પોતાની સાથે લઇને તે સ્થળ તરફ ગયો અને નેતરના સમવાય તળેથી રત્નાભરણથી ભરેલો પેલો ઘડો–કળશ તેણે રાજાને કહાડી આપ્યો. રત્નથી ભરેલો કળશ જોઈ રાજાને યોગીરાજ ઉપર બહુ શ્રદ્ધા બેઠી અને તેણે જાણ્યું કે, આ યોગીરાજ એટલું જ જાણતા નથી, પણ એની પાસે સિદ્ધવિદ્યા પણ હશે જ! પણ એ તો નિઃસ્પૃહી, સત્યવાદી અને જ્ઞાની માત્ર જણાય છે! પછી તે તાપસને તેને આશ્રમે આણી વારંવાર તેના પદમાં પ્રણામ કરી, મંત્રીઓની સાથે રાત્રી પડતાં રાજા નગરમાં ગયો.

આ જ પ્રમાણે જ્યારે બીજે દિવસે પણ વળી રાજા યોગિરાજની મુલાકાતે આવ્યો, ત્યારે તે દિવસે પણ શિયાળવાંના શબ્દથી જાણ્યું હોય તેમ પેલા ધૂર્તે ઢોંગ કરીને બીજી દિશામાંથી રાજાને રત્નાભરણ ભરેલો કળશ કહાડી આપ્યો. એ જ પ્રમાણે દિનપ્રતિદિન આવતાં ચાર સુવર્ણ કળશ રાજાને સ્વાધીન કર્યાં. આ અદ્દભુત કર્મથી મોહિત થયલાં પૌરજન, રાજા અને રાણીઓ સૌ, ત્યાર પછી તો તે મહારાજની ભક્તિપૂર્વક સેવા કરવા લાગ્યાં અને ગામમાં ઘેરે ઘેર મહારાજનું નામ પ્રસિદ્ધ થઈ ગયું.

એમ કરતાં એક વખત રાજાએ મહારાજને વિનતિ કરી કે;" મહારાજ! આપ મારા નગરમાં એક દેવ મંદિર છે, તેનાં દર્શન કરવા પધારો તો ઠીક." "જૈસી તુમેરી ઇચ્છા!" કહી તે મહારાજ રાજાની સાથે મંદિરમાં જવા માટે નિકળ્યો. નગરના બજારમાં આવતાં જ ધૂર્ત યોગીએ કાગડાઓની વાણી સાંભાળીને રાજાને કહ્યું કે; "હે રાજન્! તું આ કાગડા શું કહે છે, તે સમજે છે? તેઓ કહે છે કે, આ નગરના બજારમાં આવેલા મંદિરની પાસે એક રત્નપૂર્ણ કળશ દાટેલો છે! ચાલ, હું તને તે જગ્યા દેખાડું!" એમ કહી રાજાને જ્યાં કળશ દાટેલો હતો



ત્યાં તે ઢોંગી લઈ ગયો; અને જમીન ખોદાવી કળશ કહાડી આપ્યો. રાજા તો આથી વધારે આશ્ચર્ય પામી દિગ્મૂઢ થઈ ગયો; અને એમ જ માનવા લાગ્યો કે, આ તો કોઈ દેવતાઈ પુરુષ છે.

ત્યાર પછી રાજા ઠિંઠાકરાળને તેનો હાથ ઝાલીને દેવ મંદિરમાં તેડી ગયો. મંદિરમાં પ્રવેશ કરતાં ઠિંઠાકરાળે સ્તંભની પુત્તલિકાએ સામે જોયું, તો જેમાં કળાવતી હતી, તે સાલભંજીકાને* તેણે ઓળખી અને સાલભંજીકા થઈ રહેલી કળાવતીએ પોતાના પ્રિયતમને પણ ઓળખ્યો. સ્ત્રીઓનાં હૃદય ઘણાં જ કોમળ હોય છે. કળાવતી ઠિંઠાકરાળને જોઇને ગદ્દગદિત થઈ ગઈ અને પ્રેમપરાયણ થતાં નિઃસ્વત રુદન કરવા લાગી. સાલભંજીકાને રુદન કરતી જોઇને રાજા તથા મંત્રીઓ વિસ્મય થઈ ગયા અને યોગીરાજને તત્સંબંધી પૂછપરછ કરી. ત્યારે યોગીએ જવાબ દીધો કે;"હે રાજા! આ વાર્તા ઘણી જ ગોપનીય છે; તોપણ હું તે વાત તારાથી ગુપ્ત રાખવા ઇચ્છતો નથી; માટે રાજમહેલમાં ચાલ, તને હું તે ત્યાં કહીશ!"

આમ ભય ઉત્પન્ન કરી, પછી સર્વે રાજભવનમાં ગયા. ત્યાં જઈ યોગીરાજે કહ્યું કે; "રાજન્! એ દેવમંદિર અશુભ મુહૂર્તમાં બંધાયું છે. એટલું જ નહિ પણ તે એવી અપવિત્ર જગા ઉપર બંધાયું છે કે, આજથી ત્રીજે દિવસે તે તારું અનિષ્ટ કરશે; અને તારું અણહિત થશે, એમ જાણી એ પુત્તલિકા તને જોઈ વિલાપ કરે છે. જો તું સ્વશ્રેય ઇચ્છતો હોય તો, હે રાજન્! આજ જ તે મંદિરને જમીનદોસ્ત કરાવી નાંખ! દેવમંદિર બંધાવાની ઇચ્છા હોય તો તે કોઈ શુભ જગાએ, મંગળ મુહૂર્તમાં બંધાવજે. મારો આશીર્વાદ છે કે, તારું અકલ્યાણ નાશ પામો અને તારું તથા તારી સમસ્ત પ્રજાનું પરંપરા શ્રેય થાવ!!"

રાજાએ તે યોગીરાજની ભવિષ્યવાણી પોતાની પ્રજાને જણાવી અને સર્વની સંમતિથી મંદિરને પડાવી નાંખી, પાદર કરી નાંખ્યું; અને બીજું નવું મંદિર બંધાવા માંડયું. આ સત્ય છે કે, ધૂર્ત લોકો આ પ્રમાણે રાજાઓનો વિશ્વાસ મેળવી પછી તેઓને ઠગે છે.

ઠિંઠાકરાળ પેલા મંદીરને જમીનદોસ્ત કરાવી, પોતાનો યોગિવેશ ઉતારી, ઉજ્જયિની નગરી તરફ ચાલ્યો; અને કળાવતી પોતાના શાપમાંથી મુક્ત થતાં ઘણા જ આનંદથી ઠિંઠાકરાળને માર્ગમાં જ આવીને મળી! આલિંગન ચુમ્બનાદિથી તે ધૂર્તને શાન્ત કરી, પછી કળાવતી ઈન્દ્રનાં દર્શન કરવાને માટે સ્વર્ગમાં ગઈ. દેવરાજ કળાવતીને જોઈ આશ્ચર્ય પામ્યો, પણ પછી તેના પ્રિયતમની કપટકળા સાંભળી આનંદ પામ્યો. તે વખતે બૃહસ્પતિ, ઈન્દ્રની પાસે બેઠા હતા, તેમણે કહ્યું કે; "સુરરાજ! સાંભળ્યું? ધૂર્તની કળા વિચિત્ર કપટથી ભરેલી હોય છે! પ્રસંગાનુરૂપ હું પણ આપને એક ધૂર્તની કથા કહું, તે આપ શ્રવણ કરો.

## કુટ્ટિનીકપટ–એક ધૂર્તની કથા.†

પૂર્વ કલ્પમાં, એક નગરમાં કુટ્ટિનીકપટ નામનો એક જુગારી વસતો હતો. તે કપટદ્યૂતમાં ઘણો જ હોંશિયાર હતો. તે જ્યારે મરણ પામ્યો અને યમસદનમાં ગયો, ત્યારે ધર્મ-

* પુતળી. † આને મળતી કથા પાને ૭૭૩ મે છે.

રાજાએ* તેને કહ્યું કે; "હે કિતવ† ! તારા અપાર પાપને લીધે એક કલ્પપર્યંત તારે નરકમાં રહેવું પડશે; પરંતુ પૂર્વે તેં એક વેદ જાણનારા બ્રાહ્મણને એક સોના મહોરનું દાન આપ્યું હતું, તેથી એક દિવસ તને ઇંદ્રાસન મળનાર છે ! બોલ કે, તારે પ્રથમ ઇન્દ્રાસનનું સુખ ભોગવવું છે કે નરકમાં પડવું છે?" ધૂર્તે જવાબ દીધો કે; "મહારાજ ! પ્રથમ મારે ઇન્દ્રાસનનું સુખ ભોગવવું છે."

આ ઉપરથી ધર્મરાજાએ તે ધૂર્તને ઇન્દ્રાસનનું સુખ લેવાને માટે સ્વર્ગમાં મોકલ્યો. ધર્મરાજાના દૂતોએ સ્વર્ગમાં આવી દેવતાઓને કહ્યું કે; "આને એક દિવસના ઇન્દ્રાસનનો અધિકાર છે, માટે આજ ઇન્દ્રાસન ઉપર તેનો અભિષેક કરો !" દેવતાઓએ તેમ કર્યું અને ધૂર્તને ઇન્દ્રાસન ઉપર બેસાર્યો. ત્યાર પછી તે ધૂર્ત બોલ્યો કે; "હે દેવતાઓ ! મારા જુગારી મિત્રો તથા મેં રાખેલી વેશ્યાઓને અત્ર લાવો. પછી તેમને સ્વર્ગનાં, પૃથ્વીનાં અને સપ્તદ્વીપ માત્રનાં સર્વે પવિત્ર તીર્થોમાં સ્નાન કરાવો !" વળી બીજા કેટલાક દેવોને તેણે આજ્ઞા આપી કે; "તમે સર્વ પૃથ્વી ઉપર જઈ, સર્વ ભૂમિપાળોને આજ્ઞા કરો કે, તેઓએ અમારે માટે મહાયજ્ઞ કરવો અને દાન દેવાં !"

દેવલોકે તેની આજ્ઞા મસ્તકપર ચડાવી અને પૃથ્વીપાળો પાસે દાન યજ્ઞાદિ કર્મ કરાવ્યાં. તેથી પેલો ધૂર્ત ઇન્દ્રાસનથી ભ્રષ્ટ ન થતાં, તેના ઉપર અચળ થયો અને સ્વર્ગમાં બોલાવેલા તેના મિત્ર તથા વેશ્યાઓ પણ અમર થઈ ગયાં. બીજે દિવસે ચિત્રગુપ્તે ધર્મરાજને જણાવ્યું કે, તે પોતાના આ સત્કર્મથી ઇન્દ્રાસન ઉપર નિશ્ચળ થયો છે, એટલે ધર્મરાજા તેના સત્કર્મથી આશ્ચર્ય પામ્યા. તે તેના ચરિત્રનાં વખાણ કરવા લાગ્યા અને બોલ્યા કે, "બેશક, આ ધૂર્તે તો મને પણ ઠગ્યો !"

બૃહસ્પતિ બોલ્યા કે; "દેવરાજ ! ધૂર્ત લોકો આવા યુક્તિબાજ હોય છે !" બૃહસ્પતિની વાત પૂરી થઈ રહ્યા પછી, ઠિંઠાકરાળના દૃઢ ઠરાવ તથા ચતુરાઈથી ઇંદ્ર પ્રસન્ન થઈ ગયો અને કળાવતીને મૃત્યુલોકમાં મોકલી, ઠિંઠાકરાળને સ્વર્ગમાં બોલાવ્યો અને તેને પોતાના એક મિત્ર તરીકે ગણી, કળાવતી અપ્સરા તેને સોંપી, પોતાની પાસે રાખ્યો. આ પ્રમાણે વીરલો ઠિંઠાકરાળ શંકરની કૃપાથી સ્વર્ગમાં કળાવતીની સાથે દેવપેરે વસતાં અનેક સુખ ભોગવવા લાગ્યો.

[મદનમંજરી અનંગદેવને કહે છે કે, પછી બ્રહ્મરાક્ષસે અગ્નિશિખને કહ્યું.] આ રીતે ધૂર્ત લોકોનું કપટ સાહસ અગમ્ય છે. તો હે અગ્નિશિખ ! આ ધૂર્તે જે કંઈ કર્યું, તેમાં તું આટલો બધો આશ્ચર્ય કેમ પામે છે? ડાકિનિયે તને કૂવામાં નાંખી દીધો, તેમાં વિશેષ શું છે? એ તો એણે એની વિદ્યાનું બળ જ બતાવ્યું છે. અમારી સાથે તું પણ હવે અહિંથી બહાર નિકળ !"

એ પ્રમાણે તે બ્રહ્મરાક્ષસોની કથા સાંભળી, હું કૂવામાંથી બહાર નિકળ્યો અને ક્ષુધાતુર હતો તેથી ભોજ્યને માટે આમ તેમ ફરતો હતો; એટલામાં એક પથિક બ્રાહ્મણ હાથ

* અંગ્રેજીમાં ઇંદ્ર છે. † ઠગારા-ધૂર્ત.



આવ્યો; પરન્તુ તેણે બૂમ પાડી, તેથી મહાન્ વિક્રમાદિત્ય રાજા તેની વારે ધાઈ આવ્યો અને બોલ્યો કે;–"ચંડાળ ! બ્રાહ્મણનો વધ કર્યો તો નક્કી તારો નાશ થશે, માટે સાવધ રહેજે !" આમ કહેતાંની સાથે તો મને પકડી પાડ્યો અને હું તેના તેજઃપુંજ આગળ ચિત્રવત્ થઈ ઉભો રહ્યો. વિક્રમાદિત્યે આવી મારો શિરચ્છેદ કરવા માંડ્યો. ગરદનમાંથી રુધિરની ધારાઓ નિકળતાં હું રુધિરે નવાઈ ગયો અને મરણની વ્યાકૂળતામાં હું તે બ્રાહ્મણને છોડી દઈ, વિક્રમાદિત્યના ચરણકમળમાં પડ્યો. મારા ઉપર પણ પછી તેણે કૃપા કરીને મને છોડી મૂક્યો.

"વિક્રમાદિત્ય એવો પરાક્રમી છે અને તેના આદેશથી જ મેં આ ખંડકાપાલિકને માર્યો છે. હે યમશિખ ! આ મારું ભોજ્ય છે, માટે તું તેનો ત્યાગ કર." આ પ્રમાણે કહેવા છતાં, યમશિખે માન્યું નહિ અને ગર્વથી અગ્નિશિખના હાથમાંથી ખંડકાપાલિકનું શબ પડાવી લીધું. એટલામાં વિક્રમરાજા ત્યાં આગળ આવી પહોંચ્યો. રાજાએ આ વાત જાણીને ધૂળમાં પુરુષને આળેખીને તરવારવતી તેનો એક હાથ કાપી નાંખ્યો; એટલે પેલા યમશિખનો હાથ પણ કપાઈ ગયો. તુરત જ તેના હાથમાંનું શબ નીચે પડી ગયું. યમશિખ ભયભીત થઈ ત્યાંથી નાશી ગયો અને અગ્નિશિખ ખંડકાપાલિકનું શબ લઈ ખાવા લાગ્યો. આ સર્વ દેખાવ હું ( મદનમંજરી ), વિક્રમાદિત્યના પ્રબળ પ્રતાપથી એક ઠેકાણેથી જોતી હતી.

[અનંગદેવ વિક્રમાદિત્યને કહે છે.] મહારાજ ! એ પ્રમાણે તે યક્ષાંગનાએ આપના પ્રતાપનાં વખાણ કરીને વળી મને પ્રેમપુરઃસર કહ્યું કે; "અનંગદેવ ! એ પ્રમાણે સર્વ સમાધાન થઈ રહ્યા પછી મહારાજે મને કહ્યું કે, 'હે યક્ષકન્યા ! હવે સુખેથી તું તારે ઘેર જા.' પછી હું તેમને પ્રણામ કરીને, તેમણે કરેલા ઉપકારનો કેવી રીતે બદલો વાળવો, એમ વિચાર કરતી કરતી ઘર તરફ વળી. તમારા રાજાએ આમ મારું, મારા કુળનું, મારા સ્વામીનું અને મારી પ્રતિષ્ઠાનું રક્ષણ કીધું છે ! અમે તમારા રાજાનાં ઓશિંગણ છીએ. રાજાને તમે આ વાર્તા કહેશો તો તેમને પૂરતી યાદ આવશે.

"વળી સાંભળો. હમણાં મારા જાણવામાં આવ્યું છે કે, સિંહલદ્વીપના રાજાએ ત્રૈલોક્યસુન્દરી નામની સ્વયંવરા કન્યાને વિક્રમ સાથે પરણવા મોકલી છે. પરન્તુ વિક્રમના દ્વેષી રાજાઓએ મદથી છકી જઈ, વિક્રમને તથા તેના સામંતને મારી, તે કન્યાનું હરણ કરવાનો વિચાર કર્યો છે. હવે મારે આપને કહેવાનું માત્ર એ જ છે કે, તમે હમણાં વિક્રમશક્તિ પાસે જાવ અને તેમને આ ગુપ્ત વાર્તા નિવેદન કરી ચેતાવો કે, જેથી શત્રુઓ જય પામે નહિ, પણ માર્યા જાય. હું પણ રાજા વિક્રમાદિત્યને સહાય કરવા માટે પ્રયત્ન કરીશ. તને માયાવડે અહિં લાવવાનું કારણ પણ એ જ છે કે, તું સત્વર જઈ, રાજા તથા તારા સામંતને આ વાર્તા કહીને ચેતાવે. વળી રાજાએ કરેલા ઉપકારનો બદલો વાળવા માટે હું રાજાને એક પારિતોષિક તારી સાથે જ મોકલનાર છું.'

"આ પ્રમાણે વાત થાય છે, એટલામાં તો અમે સમુદ્રમાં જે બે કન્યાઓ જોઈ હતી તે કન્યાઓને અમારી આગળ આવેલી જોઈ. તેમાંની એક ચંદ્રની ચંદ્રિકા જેવી ગૌર વર્ણની

હતી અને બીજી પ્રિયંગુના* પુષ્પ જેવી શ્યામ હતી. એ બે કન્યાઓ જેમ સાગરની સેવા કરવા માટે ગંગા અને યમુના છે, તેમ શોભતી હતી. તે અમારી પાસે આવીને જમીન ઉપર બેઠી, એટલે મહારાજ ! મેં તે યક્ષિણીને પૂછ્યું કે, ‘ દેવિ ! આ બે કન્યાઓ કોણ ? વળી આ સોનાનો મૃગ શો ?'' મારા પ્રશ્નના જવાબમાં તે યક્ષિણી બોલી કે; “મહાભાગ અનંગદેવ ! તમને તે સાંભળવાની ઉત્કંઠા છે તો સાભળો!”

## ધંટ નિધંટની કથા. †

પૂર્વે ધંટ અને નિધંટ નામના બે મદમત્ત અને ભયંકર, દેવથી પણ ન જિતાય એવા, અને જગતને મહાપીડાકારી રાક્ષસો પ્રજાપતિએ ઉત્પન્ન કર્યાં હતા. એ બેઉ રાક્ષસનો નાશ કરવાના વિચારથી બ્રહ્માએ સર્વ લોકને મોહની જાળમાં ફસાવે એવી અને તરુણોના તાનનું માન ભૂલાવી દે એવી તરુણીઓને ઉત્પન્ન કરી. તે બન્ને બળવાન્ રાક્ષસો તે બે દિવ્ય કન્યાઓનું હરણ કરવાને માટે પરસ્પર યુદ્ધ કરવા લાગ્યા. તે યુદ્ધમાં બન્ને ખપી ગયા. પછી બ્રહ્માએ તે બેઉ કન્યાઓ મારા જ્યેષ્ઠજી કુબેરને આપીને કહ્યું કે, આ બે કન્યાઓને યોગ્ય વર જોઈ પરણાવજે ! કુબેરે તેને મારા વરને સોંપી અને મારા વરે મને સોંપી છે ! હવે મેં આ બે કન્યાઓને યોગ્ય વિક્રમાદિત્ય રાજાને પસંદ કર્યો છે, કારણ કે તે સર્વ રીતે આ દિવ્ય કન્યાઓને વરવાને યોગ્ય છે. મનુષ્ય છતાં વિક્રમાદિત્ય દેવાંશી છે, એટલે આ કન્યાઓ તેને જ યોગ્ય છે. આ બે કન્યાઓનો હેવાલ છે. હવે મૃગને માટે સાંભળો.

## સુવર્ણ મૃગબાળની કથા.

ઇન્દ્રને જયંત નામનો ઘણો જ પ્રિય પુત્ર છે. બાલ્યાવસ્થામાં એક વખત તે અમર-અંગનાઓની સાથે આકાશમાં ક્રીડા કરવાને માટે નિકળી પડ્યો હતો. આકાશમાં ફરતાં તેણે નીચે નજર કરી તો રાજાઓના કુમારોને, મૃગબાળ સાથે રમતા જોયા. પછી અમરઅંગનાઓ જયંતને લઇને સ્વર્ગમાં ગઈ, ત્યારે બાલ્યભાવથી જયંતે મોટે મોટેથી બૂમ પાડીને ઇન્દ્રને કહ્યું કે; ‘ હં હં ! બાપાજી ! મને સુવર્ણનો મૃગલો આપો ! મારે સોનાનું એક મૃગશાવક જોઇએ છે ! તે આપો. નહીં તો હું હું !! બાળહઠ જોઈ ઇન્દ્રે, વિશ્વકર્માને હુકમ આપ્યો અને વિશ્વકર્માએ એક સુવર્ણનું મૃગબાળ બનાવી, અમૃત છાંટી તેને સજીવન કર્યું અને ઇન્દ્રને ત્યાં મોકલાવ્યું. જયંત, તે સુવર્ણના મૃગબાળને જોઈ આનંદ પામ્યો. કેટલેક કાળે લંકાપતિ રાવણના જ્યેષ્ઠ પુત્ર અને નામ પ્રમાણે પરાક્રમવાળા ઇન્દ્રજિતે, ઇન્દ્રને જિતીને તે સુવર્ણમૃગને લંકામાં આણ્યો. ત્યાર પછી રામ અને લક્ષ્મણે, રાવણને મારી તે બાળમૃગ વિભીષણને સોંપ્યો અને એક વખત હું મારા કુટુંબ સાથે તેને ઘેર ગઈ હતી, ત્યારે વિભીષણે એ મૃગ મને ભેટ આપ્યો ! તે દિવસથી આ સુવર્ણમૃગ મારી પાસે છે; અને એ જ પારિતોષિકમાં મારે તમારા રાજાને આપવાનો છે.’

* પ્રિયંગુ–પીત હોય છે. આમાં શ્યામ કહે છે. † સુંદ અને ઉપસુંદની કથા આજ ગ્રંથને પૃષ્ઠ ૯૭ મે જોવી.



આ પ્રમાણે તે યક્ષાંગના વાત કરે છે, એટલામાં તો સંધ્યાકાળ થવા લાગ્યો અને પદ્મિનીનો મિત્ર સૂર્યનારાયણ અસ્તાચળ ઉપર વિશ્રામ લેવાને માટે ચાલ્યો ગયો. પછી હું ને સિંહલદ્વીપના રાજાનો દૂત, બન્ને જણ પણ તે યક્ષિણીએ બતાવેલા એક રમણીય પ્રાસાદમાં સંધ્યાકાળનું કાર્ય કરયા પછી નિદ્રાવશ થયા.

માર્ગ પરિશ્રમથી અમને ઘણી જ શાન્ત અને ઘસઘસાટ ઉંઘ આવી. જ્યારે સવારમાં ઉઠ્યા અને જાઇયે છીયે ત્યારે તો આપના સામંત વિક્રમશક્તિની છાવણી હતી ત્યાં, અમે પણ આવી પહોંચેલા જણાયા. ક્યાં યક્ષિણીના પ્રાસાદમાં અમારું સૂવું, અને ક્યાં છાવણી આગળ ઉઠવું ? આમ આશ્ચર્ય પામતા અને તે યક્ષિણીના વિદ્યાબળનાં વખાણ કરતા, વિવિધ વિચાર કરતા, અમે વિક્રમશક્તિની પાસે ગયા. અમને જોતાં વેંત જ તેણે અમને આદરસત્કારથી બોલાવ્યા અને ઘટિત માન આપ્યું તથા કુશળ સમાચાર પૂછ્યા. તે જેવો સિંહલેશ્વરના સમાચાર પૂછવાની ઇચ્છા કરે છે, એટલામાં તો પેલી યક્ષિણીએ જે મૃગના બાળનું વર્ણન કર્યું હતું, તે આદિ પારિતોષિક લઈ તે યક્ષિણી, યક્ષની મોટી સેના લઈ ત્યાં આગળ આવી પહોંચી !

વિક્રમશક્તિ આવી નૂતન સેનાને આવતી જોઈ, કંઈ પ્રેતાદિની માયા હશે કે શું હશે, એવા વિચારમાં પડી ગયો; તે મને પૂછવા લાગ્યો કે, “આ બધું શું છે? કોણ આવે છે?” મેં તેના ઉત્તરમાં સિંહલેશ્વરનું કર્તવ્ય, બેઉ કન્યાઓની ઉત્પત્તિ અને મૃગબાળનું પણ વર્ણન તેને કહી સંભળાવ્યું; એટલું જ નહિ, પણ વળી તે યક્ષિણીએ જેમ કહ્યું હતું, તેમ બીજા રાજાઓ એકત્ર થઈ આપણા મહારાજની સેના ઉપર તૂટી પડવા માંગે છે, માટે તેમાંથી આપણું રક્ષણ કરવાને આ યક્ષસેના અત્રે આવે છે, તે વાત પણ કહી. આ પ્રમાણેની ખબર સાંભળતાં, સામંત વિક્રમશક્તિ આનંદ પામ્યો અને ઘણા ઉમળકાથી તે દિવ્ય કન્યાઓને માન આપીને, તેમનો યથાઘટિત આદરસત્કાર કર્યો તથા તેમને ઉત્તમ વિશ્રામસ્થળ આપ્યું !

પછી વિક્રમશક્તિએ પોતાની સેનાને તૈયાર કરવા માંડી. મહારાજ! એક મુહૂર્ત માત્રમાં તો આપણી સેનાના નાયકો સંગ્રામને યોગ્ય બખ્તરાદિ પહેરી તથા શસ્ત્રાદિ સજીને તૈયાર થઈ ગયા. સેનામાં શંખ અને તૂરીના શૂર ચડાવે તેવા નાદ થવા લાગ્યા. એક ક્ષણમાં શત્રુ રાજાઓનું વાજતું ગાજતું મ્લેચ્છોથી ભરપૂર સૈન્ય પણ સામે આવતું જણાવા લાગ્યું. બેઉ સૈન્ય એક બીજાંને જોઈ પરસ્પર વૈરભાવ લાવી તથા અત્યંત આવેશમાં આવી જઈ, અન્યોન્યની સામે ધસવા લાગ્યાં. પ્રથમ પેલી યક્ષિણીએ પોતાના યક્ષસૈન્યને લડવા માટે આજ્ઞા આપી. યક્ષકન્યાની આજ્ઞા થતાં તે આપણું અને યક્ષનું સૈન્ય એકત્ર થઇને શત્રુની સેના ઉપર તૂટી પડ્યું. પાયદળના પગથી ઉડતી ધૂળથી સમરાંગણ ધૂળ ધૂળ થઈ ગયું; ચમકારા કરતી તરવારોની ધારો એક બીજીની સાથે અથડાવા લાગી; શૂરવીરોને શૂર ચ્હડાવવાને માટે મહાભયંકર રણશિંગડાના નાદ થવા લાગ્યા, કે જેથી આ સમરનો દેખાવ સવિદ્યુત ગાજતા અને મુશળધાર વરસતા મેઘથી દુર્દિન જેવો થઈ રહ્યો ! વળી છેદાતાં મસ્તકો ઉંચે ઉછળી ઉછળીને નીચે પડતાં હતાં. તેથી જેમ વિજયશ્રી કુન્દકકેલી કરતી હોય તેમ

લાગતું હતું. આ પ્રમાણે મહાભયંકર યુદ્ધ માત્ર થોડો જ વખત ચાલ્યું! શત્રુની ઘણી સેના તરવારતળે નિકળી ગઈ. કેટલાક રાજાઓ ધૂળ ચાટતા થયા અને શેષ રહેલા રાજાઓ, આપના સેનાપતિના ચરણકમળમાં મસ્તક નમાવી શરણે આવ્યા!

હે ભૂમંડળાધિપતિ! આ રીતે જ્યારે દ્વીપસહિત પૃથ્વી આપે એકચક્રે કરી અને મ્લેચ્છ-લોકનો નાશ કર્યો, ત્યારે પેલી યક્ષાંગના, પોતાના પતિની સાથે અમારી આગળ આવીને ઉભી રહી અને **વિક્રમશક્તિ**ને આ પ્રમાણે કહેવા લાગી: "આર્ય! તમારા રાજાની હમણાં મેં જે સેવા બજાવી છે, તે તમે તમારા રાજાને વિદિત કરજો. પછી મારીવતી કહેજો કે; 'આ બે દિવ્ય કન્યાઓ, જેને ભગવાન્ **પદ્મયોનિ**એ ઉત્પન્ન કરેલી છે, તેમનો સત્કાર કરે. આ કન્યાઓ ઉપર પ્રેમથી જોજો અને આ સુવર્ણના મૃગબાળને પણ રમાડીને પ્રસન્ન કરજો!' વળી તે યક્ષાંગના સુવર્ણ મૃગ ઉપરાંત કેટલાંક ઉત્તમ રત્નો આપી, તે આપ મહારાજને ભેટ કરવાનું કહી, પછી પોતાના પ્રિયતમની સાથે ત્યાંથી તુરત અંતર્ધાન થઈ ગઈ. બીજે દિવસે, **સિંહલેશ્વર**ની કન્યા **મદનલેખા** પણ પોતાના વૈભવની સાથે આપણા નિવાસભવનમાં આવી; અને તે આવે છે એવા સમાચાર મળતાં જ **વિક્રમશક્તિ** તેનો સત્કાર કરવાને માટે સામે ગયો.

હવે આપનાં દર્શનની અભિલાષાવાળો **વિક્રમશક્તિ**, વિજય કરી, બે દિવ્યકન્યાઓ તથા જગતના લોચનને આહ્‌લાદજનક પેલા સુવર્ણ મૃગશાવકને તથા **સિંહલેશ્વર**ની કન્યા **મદનલેખા**ને સાથે લઇને અત્રે આવે છે. તે નગરની સમીપ આવી પહોંચ્યો છે અને આ ખબર આપને જાણ કરવા માટે તેણે મને પ્રથમ મોકલ્યો છે. માટે મહારાજાધિરાજ! આપ તે યક્ષાંગનાની આપેલી પેલી દિવ્ય કન્યાઓ, સુવર્ણ મૃગબાળ અને **સિંહલેશ્વર**ની કન્યા અને બીજા રાજા-ઓના માન માટે પધારો કે, જેથી વિવેકની સાથે તમારાં ચરણકમળનાં દર્શનને માટે આવતાં તેઓને પણ પ્રમોદ વાધે."

રાજા **વિક્રમાદિત્ય**ને **અનંગદેવ**ને મોઢેથી યક્ષિણીની કથા સાંભળતાં જ, પોતે તેના ઉપર કરેલા ઉપકારનું સ્મરણ થયું. પોતે કરેલું કાર્ય જો કે દુસ્તર હતું, તથાપિ યક્ષિણીએ કરેલ પ્રત્યુપકારથી રાજા પોતાના ઉપકારને તૃણ બરોબર માનવા લાગ્યો. કહ્યું છે કે–

> **દોહરો.**—મોટા મનના માનવી, કરિ મોટા ઉપકાર;
> પોતાના મનથી ગણે, તેને નવ તલભાર.

રાજા **વિક્રમાદિત્ય** પોતાના દૂત **અનંગદેવ** ઉપર તથા **સિંહલેશ્વર**ના દૂત **ધવલસેન** ઉપર બહુ જ પ્રસન્ન થયો અને બેઉ દૂતને પુનઃ હાથી, ઘોડા, ગામ અને અઢળક ધન આપી નવાજી નાંખ્યા અને તે દિવસ ઘણા જ આનંદમાં નિર્ગમન કર્યો.

બીજે દિવસે પ્રભાતમાં **વિક્રમાદિત્ય** રાજા, **બ્રહ્મા**એ ઘડેલી બે દિવ્ય કન્યાઓ તથા **સિંહલેશ્વર**ની કન્યા **મદનલેખા**ની સામે જવાને માટે, મોટી સેના લઇને મોટા ઠાઠમાઠથી નગર બહાર નિકળ્યો. એ સામૈયામાં **જયવર્ધન** નામનો સામંત, **અંજનગિરિ** નામના ઉત્તમ હાથી



ઉપર બેઠો હતો; **રણભટ્ટ** નામનો સામંત, **મદમત્ત કાળમેઘ** નામના ગજ ઉપર બેઠો હતો; **સિંહપરાક્રમ** નામનો સામંત, **સંગ્રામસિદ્ધિ** નામના હાથી ઉપર બેઠો હતો; **વિક્રમનિધિ** સામંત, **રિપુરાક્ષસ** નામના મતંગજ ઉપર બેઠો હતો; **જયકેતુ પવનજવ** નામના અશ્વ ઉપર બેઠો હતો; **વલ્લભશક્તિ**, **સમુદ્રકલ્લોલ** નામના અશ્વ ઉપર બેઠો હતો; **બાહુ**, **શરવેગ** નામના અશ્વપર બેઠો હતો; **સુબાહુ**, ઘણા જ દબદબાથી **ગરુડવેગ** નામના અશ્વ ઉપર બેઠો હતો; **કીર્તિવર્મા**, શ્યામરંગની અને કોકણ દેશની **કુવલયમાળા** નામની ઘોડી ઉપર બેઠો હતો; અને **સમરસિંહ**, **સિંધ**દેશમાં જન્મેલી **ગંગાલહરી** નામની ઘોડીપર બેઠો હતો. આ પ્રમાણે તે સામૈયામાં હાથી અને અશ્વપર બેસનાર સામંતવર્ગ ઠણઠણાટ કરતો ચાલવા લાગ્યો! છડીદાર છડી પોકારી પ્રત્યેક સામંતની યથાનુક્રમ સલામ ભરતો ગયો. આ પ્રમાણે સપ્તદ્વીપ પૃથ્વીનો ધણી **વિક્રમાદિત્ય**, પોતાના સામંત મંડળ સાથે સામૈયે ચડ્યો, ત્યારે પૃથ્વી સેનામય, દિશાઓ સેનાના શબ્દમય ને આકાશ સેનાની પદરજમય થઈ રહ્યાં. સર્વ લોક **વિક્રમાદિત્ય**નો અદ્‌ભુત પ્રતાપ–મહિમા ગાવા લાગ્યા અને જયજય શબ્દ કરવા લાગ્યા.

## તરંગ ૩ જો.

## વિક્રમાદિત્યની કથા (ચાલુ).

પોતાના મુખ્ય સેનાપતિ **વિક્રમશક્તિ**ના અધિકારમાં વિજય કરીને આવેલી સેનામાં, **વિક્રમાદિત્ય** રાજા આવી પહોંચ્યો. **વિક્રમશક્તિ**, રાજાને પૂર્ણ આજ્ઞાંકિતપણું દર્શાવતો અને અત્યંત ઉત્કંઠિત બની, પોતાના તાબેદાર રાજાઓની સાથે સામો ગયો અને રાજાને માન તેને સેનામાં લઈ આવ્યો.

સેનામાં દાખલ થતાં, **વિક્રમાદિત્ય**ને સેનામાં રહેલા સામંત રાજાઓનું, પ્રતિહાર આ પ્રમાણે ઓળખાણ આપવા લાગ્યો;"મહારાજ! આ **ગૌડબંગાળ** દેશના રાજા **શક્તિકુમાર** આપને નમન કરે છે. આ **કર્ણાટકેશ્વર જયધ્વજ**, આ **લાટ** દેશના રાજા **વિજયવર્મા** અને આ **કાશ્મિર**ના રાજા **સુનંદન** છે! **સિંધુ** દેશના રાજા આ **ગોપાલ**, આ **વિન્ધ્યાટવી**નો ભિલ્લરાજ **વિંધ્યબળ** અને હે પ્રભો! **નિર્મૂક** નામનો આ **ઇરાન** દેશનો પારસી રાજા છે! આ સઘળા રાજાઓ આપને પ્રણામ કરે છે!" રાજા **વિક્રમાદિત્યે** પ્રતિહારે ઓળખાવેલા રાજાઓને, સામંતોને અને સૈનિકોને માન આપ્યું; વળી તેણે **સિંહલદ્વીપ**ના રાજાની રાજકન્યાને, પેલી બે દિવ્ય કન્યાઓને સુવર્ણના મૃગને અને **વિક્રમશક્તિ**ને પણ યથાઘટિત માન આપ્યું. રાજાએ તે દિવસ સેના-નિવેશમાં જ ગાળ્યો. બીજે દિવસે પ્રભાત થતાં રાજા **વિક્રમાદિત્યે** પોતાની મોટી સેનાની સાથે નગર તરફ પ્રયાણ કર્યું. વિદેશવાસી રાજાઓના નગરમાં આવ્યા પછી પણ ઘણું માન

આપ્યું અને સર્વે માંડલિક રાજાઓનો સત્કાર કરી સૌ સૌને સ્વદેશ જવાની અનુજ્ઞા આપી, પોતે મોજશોખ મારવા લાગ્યો.

પછી જ્યારે જગતને આનંદ આપનાર ઋતુરાજની સ્વારી પધારી, ત્યારે વસંતોત્સવ નિમિત્તે જ જેમ પુષ્પનાં આભરણથી શણગાર સજતી હોય, તેમ લતાઓ પુષ્પિત થવા લાગી. સંગીત ગાતી હોય તેમ ભમરીઓ ગુંજારવ કરવા લાગી, પવનને આલિંગન આપી નાચતી હોય તેમ વનરાજિઓ નૃત્ય કરવા લાગી અને મંગળપાઠ કરતા હોય તેમ પુંસ્કોકિલો કલ શબ્દ કરવા લાગ્યા. આવા આનંદકારી દિવસોમાં વિક્રમાદિત્ય સિંહલેશ્વરની કન્યા તથા બે દિવ્ય કન્યાઓની સાથે પરણ્યો. સિંહલેશ્વર રાજાનો તિલકકુમાર સિંહવર્મા ત્યાં આવેલો હતો. તેણે પાણિપીડન–કન્યાદાન વખતે વિક્રમાદિત્ય રાજાને પુષ્કળ રત્નો અર્પણ કર્યાં. આ ટાંકણે દિવ્ય કન્યાઓના તરફથી મદનમંજરી યક્ષાંગના ત્યાં આવી પહોંચી. તેણે પણ કન્યાદાનમાં અપાર રત્ન અર્પણ કર્યાં અને વળી રાજાને કહ્યું કે–"રાજન્ ! તમારા ઉપકારનો બદલો વાળવા જેટલી તો મારામાં શક્તિ નથી; પરન્તુ આ સમય જે થયું છે, તે તો માત્ર તમારા ઉપરની મારી આસક્તિનું જ પરિણામ છેઃ પ્રત્યુપકાર તરિકે તો મેં કંઈ જ કર્યું નથી. દેવની આગળ મારે પુનઃ પુનઃ માગી લેવાનું માત્ર એ જ છે કે, આ બે દિવ્ય કન્યાઓ તથા મૃગશાવક ઉપર આપ કૃપાની દૃષ્ટિથી જોતા રહેજો." રાજા વિક્રમાદિત્યે તે માન્ય કરી તેને પણ માન આપ્યું. ત્યાર પછી તે યક્ષાંગના ત્યાંથી અંતર્હિત થઈ ગઈ. આ રીતે વિક્રમાદિત્ય રાજા, ત્રણ ખીલતા યૌવનની કન્યાઓને પરણી, શત્રુ રહિત સદ્વીપ વસુન્ધરાનું રાજ ઘણા આનંદથી ભોગવવા લાગ્યો.

વસંતઋતુ પૂરો થયો અને નિદાઘ* આવ્યો ત્યારે રાજા વિક્રમાદિત્ય નવપરિણીત યૌવનાઓની સાથે નવપલ્લવથી ધટ્ટ થયેલાં તરુઓની છાયાવાળાં અને કુન્દ પુષ્પની વાસનાથી સુવાસિત થયેલાં ઉપવનોમાં, ઉપવનદીર્ધિકાઓમાં અને જલધારાયંત્રગૃહોમાં નાના પ્રકારના વિહાર કરવા લાગ્યો. એવા વિહારોમાંને વિહારોમાં જ ગ્રીષ્મઋતુ પૂર્ણ થઈ અને વર્ષાઋતુ બેઠી. તે પણ દોલાગૃહોમાં અને શ્રોત્રહારી મૃદંગ વાદિત્રના રંગતાનમાં વ્યતીત થયો અને શરદ્ઋતુ આવી; તે પણ હર્મ્યતલમાં–અગાસીઓમાં પડતી પૂર્ણિમાની ધવલ ચંદ્રિકામાં રતિકેલીઓ કરવામાં અને ખાનપાનમાં પૂર્ણ થયો; અને કામિજનને પ્રિય–કૃષ્ણાગરુના ધૂપથી વાસિત છે અંતરભાગ જેના એવાં ગૂઢ અંતઃપુરોમાં, સુખશય્યામાં રમણીઓના મદનનું શાંત્વન કરતાં જ વિક્રમાદિત્ય રાજાએ હેમંતઋતુને પણ આનંદમાં અને વિહારમાં ગાળ્યો. રાજા વિક્રમાદિત્ય એ રીતે ઋતુઋતુની ચર્યાનુસાર નાના પ્રકારના ભોગોપભોગ ભોગવતો હતો.

### મલયવતીની કથા.

આ વિલાસી રાજાની પાસે નગરસ્વામી નામનો એક ફક્કડ ચિતારો હતો, કે જેણે પોતાની ચિત્ર ચમત્કૃતિથી વિશ્વકૃત્ બ્રહ્મા પણ જિત્યા હતા. રાજાનાં આપેલાં સો ગામનો તે સ્વામી

* ઉનાળો.



હતો. એ ચિતારો બબ્બે દિવસે એક એક નૌતમ સ્ત્રીનું ચિત્ર ચિતરીને રાજાને અર્પણ કરતો હતો. એક સમે ઉત્સવ આવી પડવાથી તેનાથી ચિત્ર ચિતરાયું નહિ; અને રાજાને ચિત્ર અર્પણ કરવાનો દિવસ આવ્યો, ત્યારે ચિતારાને ચિત્રનું સ્મરણ થયું અને ચિત્ર સ્મરણ થતાં જ તે વ્યાકુળ થઈ ગયો અને સ્વગત બોલ્યો,–'અરે ! હા ! રે ! હવે રાજાને શું અર્પણ કરીશ ?' ચિત્ર તો તૈયાર નથી ! તે આ પ્રમાણે ચિન્તા કરતો હતો, એટલામાં એક દૂર દેશવાસી પથિક તેની પાસે આવી ચડ્યો અને તેણે નગરસ્વામીને કહ્યું,–"આર્ય ! આ મારી પોથી થોડીકવાર આપ આપની પાસે રાખોઃ હું હમણાં જ આવું છું." આમ કહી પોથી આપીને તે પથિક તો ક્યાં ગયો, તેનો કંઈ પત્તો જ લાગ્યો નહિ. પછી નગરસ્વામીને પોથીનું બાંધણું જોતાં, વિચાર આવ્યો,–'આની અંદર શું હશે ? લાવ જોઉં તો ખરો !' અતિ અધીરતાથી તેણે તે પોથી છોડી અને અંદર જોવા માંડ્યું તો તેમાં વસ્ત્ર ઉપર આળેખેલી, સૃષ્ટિના સારમય અને લાવણ્યના તત્વમય રૂપવતીઓનું માન ખંડન કરે એવી એક ચિત્રમય સ્ત્રી દીઠી. નગરસ્વામી આ ચિત્રપટ જોઈ આનંદ પામ્યો અને સ્વગત બોલ્યો,–"ચાલો, આપણું કામ તો થયું.' પછી રાજાને ત્યાં ગયો અને તે શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ ચિત્ર રાજાને અર્પણ કર્યું. ચિત્ર ઉપર રાજાની દૃષ્ટિ પડતાં જ રાજા વિસ્મય થયો અને બોલ્યો કે,–"આર્ય નગરસ્વામિ ! આ તમારા હસ્તે–કલમે આળેખાયલું હોય તેમ નથી ! હે ભદ્ર ! આ તો વિશ્વકર્માની કલમ હોય એમ લાગે છે. મનુષ્ય આવું સ્વરૂપ શી રીતે ચિતરી શકે ?" આ પ્રમાણે વિક્રમાદિત્યનું બોલવું સાંભળીને ચિત્રકાર નગરસ્વામીએ યથાવૃતાન્ત રાજાને નિવેદન કર્યું.

હવે રાજાનું મન ચિત્રપટમાં ચિતરેલી સુન્દરી ઉપર સચોટ બેઠું. તેને રાત ને દિવસ તેની ને તેની જ ઝંખના થવા લાગી. તે રાજા રાત દિન તેની ઝંખના કરતો હતો, એવામાં એક વખત તેને સ્વપ્ન આવ્યું. તેમાં તેણે તે સ્ત્રીને બીજા દ્વીપમાં પ્રત્યક્ષ જોઈ. ઘણી જ ઉત્કંઠાથી તે તેણી સાથે રંગ રમવાની ઇચ્છા કરે છે, એટલામાં બંદીજનોએ પ્રભાત સમયનું સૂચન કરી, રાજાના રંગમાં ભંગ કર્યો. થઈ રહ્યું. જાગી ઉઠ્યો. સ્વપ્ન સમાગમ સુખનો લાહવો લેવાયો નહિ. તે ઘણો જ ગુસ્સે થઈ ગયો અને જેમ પોતાનું સર્વસ્વ નાશ પામ્યું હોય તેમ ઉદાસીન થઈને પોતાને ઉઠાડનાર બંદીજનોને નોકરીમાંથી દૂર કર્યા ! પછી રાજા સ્વપ્નસમાગમનું સ્મરણ કરી કરીને શોક કરવા લાગ્યો કે,–"હા દૈવ ! તે પાંથ ક્યાં ? તેનું પુસ્તક ક્યાં ? તેનું અહિં આવવું શું ? તેની પોથીમાંથી ચિત્ર મળવું ક્યાં અને વળી તે જ અદ્ભુત સૌંદર્યવાન સ્ત્રીનો સ્વપ્નસમાગમ શો ? આ અદ્ભુત બનાવ બન્યો છે ! એ કંઈ દૈવની જ ગતિ છે ! અરે ! એ અનુપમ સુન્દરી ક્યાં પડી હશે ? હું ધારું છું કે, તે કોઈ બીજા દ્વીપમાં વસે છે, પણ મને તેનો સમાગમ કેમ થાય ?" વગેરે વગેરે વિચારો કરતો રાજા, દર્શનાનુરાગથી અત્યંત પીડા પામવા લાગ્યો. શીતળ ધારાગૃહોમાં પણ તેને શાતા વળી નહિ; ચંદનના લેપ અગ્નિ ઉત્પન્ન કરતા અને કમળપત્ર તો તેને કાળપેરે વ્યાલવૃંદ સમાન લાગતું. ટુંકામાં, તે કામજ્વરથી એવો પીડાવા લાગ્યો કે, વિનોદસ્થળ પણ તેને વિષાદસ્થળ થઈ પડ્યાં; અને તેથી તેનાં પરિજનો ઘણાં ચિંતાતુર થઈ ગયાં.

રાજાની આવી સ્થિતિ જોઇને, ભદ્રાયુધ પ્રતિહારે વિચાર કર્યો કે, ‘રાજા હમણાં જ વિજય પામેલો છે, તેમ છતાં શાથી આમ પ્રતિદિન શોસાતો જાય છે?’ આમ વિચારી તેણે રાજાની પાસે જઈ તેને પૂછ્યું,–“મહારાજ! આપ કેમ પ્રતિદિન કૃશ થતા જાવ છો?” રાજાએ ધીરેસથી ઉત્તર આપ્યું કે,–“મિત્ર! તું મારી ઉદાસીનું કારણ પૂછે છે તો સાંભળ. તારા જાણવામાં તો આવ્યું હશે જ કે, આપણા રાજચિત્રકારે મને એક ઉત્તમ સ્ત્રીનું ચિત્ર અર્પણ કર્યું છે. તે ચિત્રાંગનાનું સ્મરણ કરતો કરતો હું એક વખત નિદ્રાવશ થયો હતો. નિદ્રામાં પડતાં જ હું સમુદ્ર ઉલ્લંઘી, એક અતિ રમણીય નગરમાં ગયો. ત્યાં કેટલીએક કન્યાઓ હાથયાર બાંધીને ફરતી હતી. હું તેમની દૃષ્ટિએ પડ્યો કે તરત જ, ‘આને મારો! મારો!’ એમ સર્વે બૂમ પાડી ઉઠી. સદ્‌ભાગ્યે એક તાપસીએ આવીને મને બચાવ્યો અને તે મને પોતાના મંદીરમાં લઈ ગઈ. ત્યાં ગયા પછી તે મને સંક્ષિપ્તમાં કહેવા લાગી કે,–‘દીકરા! આ નગરની રાજકન્યા પુરુષનો વેશ કરે છે. એ કન્યાનું નામ મલયવતી છે અને તે હમણાં ક્રીડા કરવાને માટે આ પ્રદેશમાં આવી છે. જે કોઈ પુરુષ તેની નજરે પડે છે, તેને તે પોતાની હથિયારવાળી અનુચારિકાઓ પાસે મારી નંખાવે છે. તું તેનો ભોગ થઈ પડે નહિ, એમ ધારી હું તને અત્રે તેડી લાવી છું. માટે બેટા! મારું કહ્યું માને તો આ પુરુષસ્વાંગ ઉતારી, સ્ત્રીનો પોશાક પહેર.’

“પછી તે વૃદ્ધાએ મને સ્ત્રીનો પોશાક આપ્યો અને મેં સમયને યોગ્ય વિચારી તે ધારણ કરી લીધો. આમ હું સ્ત્રીનો પોશાક પહેરી રહું છું, એટલામાં તો ચિત્રમાં આળખેલી કન્યા, બારણાં ઉઘાડી અંદર આવી. તે મારી દૃષ્ટિએ પડતાં જ મેં તેને ઓળખી કે, ‘આજ તે ચિત્રમાં આળેખેલી કન્યા છે.’ આમ વિચારી હું મને ધનભાગ્ય માનવા લાગ્યો; અને મનમાં બોલ્યો કે, ‘બેશક હું અહોભાગ્ય છું! કેમકે પ્રથમ મેં એને ચિત્રમાં આળેખેલી જ જોઈ હતી, પણ આજે માંસ તથા લોહીવાળી, મારા પ્રાણસમાન વહાલી પ્યારીને અહી પ્રત્યક્ષ નિહાળી કૃતકૃત્ય થાઉં છું.’

“એટલામાં તો પોતાના પરિવાર સહિત આવેલી તે કન્યા, આગળ પડીને તે તાપસીને કહેવા લાગી,–‘ભગવતિ! તમારા ઘરમાં કોઈ પુરુષ છે, એમ મારા સાંભળવામાં આવ્યું છે!’ તાપસીએ મારા તરફ આંગળી કરીને કહ્યું,–‘આ મારી ભાણેજ મારે ઘેર આવી છે તે તો છે, મારે ઘેર વળી પુરુષ શો? જો કે હું સ્ત્રીસ્વાંગમાં હતો, તોપણ તે રાજકુંવરીના મનમાંથી આ વખતે જ પુરુષદ્વેષ નાશ પામ્યો. તે સ્નિગ્ધ દૃષ્ટિથી મારા તરફ જોવા લાગી. હું સ્ત્રીના સ્વાંગમાં હતો, તોપણ મારી કાન્તિથી તે મોહ પામી રહી અને કામાતુર થઈ ગઈ–રોમાંચિત થઈ ગઈ–વિચારમાં તલ્લીન થઈ ગઈ હોય તેમ–એમ જ કહેવું જોઇયે–તે શૂન્યમૂઢ બની રહી! એટલું જ નહિ, પણ પુષ્પધનુએ જેમ, પુષ્પબાણે ખીલી લીધી હોય તેમ, સ્તબ્ધ થઈ રહી! કામવાસનાથી મૂર્છા પામી હોય તેમ એક ક્ષણ પછી શ્વાસ મૂકી તે બોલી,–ભગવતિ! તમારી ભાણેજ મારી પણ અતિથિ ગણાય, માટે ભલે તે મારી સાથે



મારે ઘેર આવે. એનો પરિપૂર્ણ સત્કાર કરી કરાવીને હું પાછી એને તમારે ત્યાં મોકલીશ!’ આમ કહ્યા પછી રાજકન્યા મને પોતાના રાજમંદિરમાં લઈ જવાને તત્પર થઈ. મને યાદ છે કે, હું રાજકન્યાનો મનોભાવ સમજી ગયો, તેમ છતાં મેં તે તાપસીની સામું જોયું. તાપસી પણ રાજકન્યાનો મનોભાવ સમજી ગઈ અને મને તેની સાથે જવાની પરવાનગી આપી.

“રાજમંદિરમાં ગયા પછી હું હમેશાં નાના પ્રકારની રમતોમાં સામેલ રહેવા લાગ્યો. એકવાર વહૂવરની રમત રમવાનું ઠરાવ્યું. ત્યારે કેટલીક કન્યાઓ વહુ થઈ અને કેટલીક વર થઈ. રાજકન્યાનો ભાવ મારા ઉપર ઘણો હતો, તેથી જેમાં હું સામેલ થતો નહીં, તેમાં તેને આનંદ ઉત્પન્ન થતો નહીં. એમ કરતાં એક વખત રાજકન્યા વહૂ થઈ અને હું વર થયો. બીજી કન્યાઓએ અમારાં લગ્ન કર્યાં અને લગ્ન વિધિ પૂરો થયા પછી રીત પ્રમાણે બીજી કન્યાઓએ અમને સૂવા માટે શયનગૃહમાં મોકલ્યાં. અમે બે વરવહૂ–એકાન્તમાં–વળી વૈભવયુક્ત અંતઃપુરમાં–દાખલ થયાં. પછી પેલી કન્યા કોઈપણ જાતની શંકાથી રહિત હોવાથી મારે ગળે વળગી પડી. એકાન્તવાસ, કામ ઉદ્દીપન થાય તેવાં ઉપસ્કરણ–વરવહૂના વેશમાં અમે જ્યાં એકઠાં થયાં, ત્યાં તો “ખરું લોઢું ને આરસપહાણ” એટલે શું પૂછવું? મેં મારો સ્ત્રીનો સ્વાંગ ઉતારી તેને વરનો લાહવો લેવડાવ્યો; અને હું કોણ છું તે તેને જણાવ્યું. રાજકન્યા મને જોઈ અપાર આનંદ પામી અને પોતાનો મનોરથ સિદ્ધ થયો, તેથી ઘણી જ પ્રસન્ન થઈ; પરન્તુ કામને પહેલે પગથીએ આવીને ઉભી રહેલી તે, લજ્જાથી નીચું જોઈ, જેમ લતા કંપે તેમ કામાવેશથી કંપવા લાગી. હું તે કન્યાની લજ્જાનું વારણ કરી જ્યાં તેની સુરતસંમતિ મેળવું છું, એટલામાં તો બંદીજનોએ મારા રંગમાં ભંગ કર્યો–અર્થાત્ મને જગાડ્યો.

“હે ભદ્રાયુધ! સ્વપ્નમાં જોયેલી રાજકન્યા મળવી દુર્લભ છે અને એ માલ્યસુકુમાર મલયવતી–જે તેનું નામ છે તેના વિજોગથી ખરેખર મારો અંત જ આવશે!”

ભદ્રાયુધે રાજાની વાર્તા સાંભળીને માન્યું કે, આ સત્ય સ્વપ્ન છે, એટલે તે આ પ્રમાણે કહેવા લાગ્યો,–“મહારાજ! સ્વપ્નમાં જોયેલો દેખાવ જો આપણે યથાર્થ સ્મરણમાં હોય તો એક કપડા ઉપર તે આળેખો; એમ કરવાથી તેનો કંઈક ઉપાય થશે!” ત્યાર પછી રાજાએ ચિત્રપટ ઉપર પોતે જે જોયું હતું તે સર્વે ચિતરવા માંડ્યું. આદ્યંત સર્વ વૃત્તાંતનું ચિત્ર, આળેખી રહ્યા પછી તેણે તે પ્રતિહારને સોંપ્યું. પ્રથમ નગર, પછી રાજમાર્ગ તથા પછી તે કન્યાનો મહેલ પણ તેમાં ચિત્રેલા હતા. તે ચિત્ર લઈ પ્રતિહારે એક નવીન મઠ કરાવી તેમાં ટાંગ્યું. આ ધર્મશાળામાં દેશદેશના પથિકો, પ્રવાસીઓ–આવીને ઉતરવા લાગ્યા; કારણ કે ત્યાં પાંથને*–પ્રવાસીને–સદાવ્રત મળતું હતું, અને તેમને બે વસ્ત્ર અને દક્ષિણામાં એક મહોર આપવી એવો પણ નિયમ બાંધ્યો હતો. વળી જે પાંથ આવે તેને ઉક્ત ચિત્ર દેખાડવું, એવો મઠના રક્ષકને આદેશ આપેલો હતો અને જણાવ્યું હતું કે,–“જે પાંથ ચિત્રપટને ઓળખે ને એ નગર

* પ્રવાસી.

સંબંધી વૃત્તાંત જાણતો હોય તેને રાજાની પાસે લઈ જવો!" એ મઠની સ્થાપના કર્યાં પછી ઘણો કાળ વ્યતીત થઈ ગયો. એકવાર ગ્રીષ્મઋતુ હોવાથી કુન્દની વાસનાઓ વનને વાસિત કરવા લાગી; અને પથિકો મોટી શાખાવાળા વૃક્ષની શીળત છાયામાં મધ્યાહ્ન ગાળવા લાગ્યા; પાટલપુષ્પથી વન શોભવા લાગ્યાં. આવી ઋતુને ન જોઈ શકતો હોય તેવો–કેવડારૂપી દંતુશળવાળો અને મદ ઝરવાથી મસ્ત થયેલો કાળો અને મહા ઉન્મદ, વર્ષાકાળરૂપી હાથી, ગર્જના કરતો આવી પહોંચ્યો. વર્ષાકાળરૂપી મદોન્મત્ત હસ્તિની ગર્જના સાંભળીને જ ઉન્માદ થયો હોય તેવો પશ્ચિમ દિશાનો પવન વૃદ્ધિ પામ્યો અને તેણે કરીને પ્રબળ થયો હોય તેમ વિક્રમાદિત્ય રાજાનો વિરહાગ્નિ વિષમરૂપધારી થઈ પડયો. રાજા વિયોગદુઃખથી ઘણો જ પીડાવા લાગ્યો. રાજાની સેવામાં રહેલી વારાંગનાઓનાં પરિહાસવચન જ રાજાને યત્કિંચિત્ વિનોદ આપતાં હતાં. તે વારાંગનાઓ એક બીજાને કહેતી હતી કે,–"અલિ હારલતા! તું રાજાના મસ્તક ઉપર શીતોપચાર કર! ઓ ચિત્રાંગી! તું વળી શા વિચારમાં પડી ગઈ છું? હે કર્પૂરલતા! મહારાજના મદનસંતપ્ત અંગ ઉપર ચંદન ચર્ચની! અયી પત્રલેખે! કમળદળની અતિ કોમળ અને મનોહર શય્યા તો રચ! અલિ કંદર્પસેના! કદળીપત્રના વ્યજનથી મહારાજને શીતળ પવન ઢોળની!" પણ આમ શીતોપચાર કરતી વારાંગનાઓના યત્ન નિષ્ફળ ગયા અને રાજાનો વિરહાગ્નિ શાંત થયો નહિ.

પરન્તુ જ્યારે વિદ્યુતાગ્નિથી વિપ્રયોગીજનને ભયંકર એવો મેઘકાળ વીતી ગયો, ત્યારે પથિકોને જાણે દૂર પ્રદેશમાં મોકલાવતો હોય, પ્રેમી દંપતીઓના સમાગમને માટે તેમને પ્રેરતો હોય અને કલહંસના કલરવથી ઉપદેશ દેતો હોય, તેવો શરત્સમય આવી પહોંચ્યો. સ્ત્રીઓનાં વદનનો તિરસ્કાર કરે એવાં નવીન કમળોથી સરોવર શોભવા લાગ્યાં. એમ, કાસ અને પુષ્પથી મેઘનું હાસ્ય કરતો હોય તેવો શરત્સમય જામ્યા પછી, થોડેક દિવસે એક ભાટ, રાજાએ બંધાવેલા મઠમાં આવી ચડયો. એ ભાટનું નામ શંબરસિદ્ધિ હતું. તેણે ભોજન કરી અંગવસ્ત્ર તથા દક્ષિણા લઇને મઠ જોયો: તેવામાં પેલું ચિત્ર તેના જોવામાં આવ્યું. શંબરસિદ્ધિ ચિત્ર જોતાં જ બોલી ઉઠયો કે, "વાહરે! આ ચિત્રપટ કોણે આળેખેલું છે? આ નગર મેં જ જોયું છે. તે શિવાય બીજો જો હોય તો આ ચિત્રકાર જ હોય એમ જણાય છે–બાકી ત્રીજે કોઇએ તે જોયું હોય એમ મને લાગતું નથી." જ્યારે મઠવાસીજનોએ તે ભાટનું આ બોલવું સાંભળ્યું, ત્યારે મઠનો અધિકારી, શંબરસિદ્ધિને ભદ્રાયુધ પાસે લઈ ગયો; અને તે તેને રાજાની પાસે લઈ ગયો. રાજાએ શંબરસિદ્ધિને પૂછ્યું કે,–"ભાટ! તમે શું ચિત્રપટમાં આળેખેલું નગર જોયું છે જ?" તે ભાટે હા કહી; અને વધારામાં તેણે આ પ્રમાણે કહ્યું કે,–

"રાજન્! હું પૃથ્વી ઉપર ફરતો ફરતો સમુદ્ર માર્ગે એ નગરમાં ગયો હતો. તે એક મોટા દ્વીપની રાજધાની છે અને તેનું નામ મલયપૂર કહેવાય છે. તેમાં મલયસિંહ નામનો રાજા રાજ્ય કરે છે; તેને મલયવતી નામની એક કન્યા છે. તે રૂપ તથા રંગમાં ઘણી જ મનોરમ્ય છે, પણ તે પુરુષમાત્રનો દ્વેષ કરે છે; એટલે કોઇપણ પુરુષને જુવે તો તેને પોતાની સહીઓ પાસે મરાવી નાંખે છે. બન્યું એવું કે, એક સમે તે કન્યા જાણે સ્વપ્નમાં પોતાની સહચરીઓ સાથે



રમવા માટે નીકળી. એવામાં તેણે એક વીર પુરુષને મઠમાં જતાં દીઠા. તેને નિહાળતાં વાર જ તેના મનમાંથી પુરુષ ઉપરનો દ્વેષરૂપી દુરાગ્રહ દૂર થયો; અને જે કૃત્ય કર્યાં હતાં તે માટે સ્વપ્નમાંજ, ભય પામી. પછી તે, તે વીરપુરુષને પોતાને શયન મંદિર, પ્રેમથી તેડી ગઈને તેની સાથે વિવાહ કરી સમાગમ સુખ અનુભવવા માટે અંતઃપુરમાં ગઈ. ત્યાં જ્યાં તે સુરત સમાગમનું સુખ લેવા જાય છે, એવામાં તો પ્રભાતનો સમય થવા આવ્યો હતો, તેથી માગધીઓ આવીને રાજકન્યાને જગાડી. રાજકન્યા સંસારસુખ અનુભવવા તત્પર થઈ હતી, તેવામાં જાગૃત થતાંજ સર્વ સુખ વિસરી ગઈ અને સ્વપ્નમાં જોયેલા પ્રિયતમના વિરહાગ્નિથી બળવા લાગી. પોતાના સર્વ સુખમાં ભંગ પાડનારી દાસીપર કોપ કરીને તેને પોતાના અંતઃપુરમાંથી હાંકી કાઢી.

"કામાતુર થવાથી પરવશ થઇને શું કરવું, તે સર્વે તે વિસરી ગઈ. તે વારંવાર ઉઠી ઉઠીને પાછી શય્યા ઉપર પડવા લાગી. તે જોઈ તેની સખીઓ અને દાસીઓ પૂછવા લાગી કે,– "ભર્તૃદારિકે! તને શું થયું છે?" પરંતુ પોતે જાણે મુંગી હોય–જાણે ભૂતાવિષ્ટ હોય–જાણે અજ્ઞાની હોય–તેમ કોઇને કશું પણ ઉત્તર આપ્યું નહિ.

"જ્યારે તેનાં માતપિતાને પુત્રીની આ અવસ્થાના સમાચાર મળ્યા, ત્યારે તેમણે બહુ બહુ આગ્રહ કરીને તેને કહ્યું: 'બહેન! તું કેમ મુંઝાય છે?' તને શું થયું છે ત્યારે તેણે પોતાની વિશ્વાસુ સખીદ્વારા, સ્વપ્નની સર્વ વાર્તા જણાવી. તેના પિતાએ તે કન્યાને ધીરજ આપીને શાન્ત કરી. તે પછી રાજકન્યાએ ઉગ્ર પ્રતિજ્ઞા કરી કે, 'હું જો છ મહીનામાં મારા પતિ રાજાને મળીશ નહીં, તો અગ્નિમાં બળી મરીશ!' આજ પાંચ મહિના તો વહી ગયા છે, હવે એક માસ બાકી રહ્યો છે, તો ભવિષ્યમાં શું થશે તે કોણ જાણે? આ પ્રમાણે મલયપૂરમાં મેં વાર્તા સાંભળી હતી."

રાજા વિક્રમાદિત્ય આ પ્રમાણે શંબરસિદ્ધિના મુખથી સર્વ વાર્તા સાંભળીને, પોતાની વાર્તા સાથે તેની વાર્તા પણ મળતી આવી, તેથી ઘણો જ ખુશી થયો. તે જોઈ ભદ્રાયુધ બોલ્યો,–"મહારાજ! આપણું કામ સિદ્ધ થયું. કારણ કે તે રાજા અને દેશ તમારા તાબામાં છે; તો હવે છઠ્ઠો માસ પૂરો થાય નહિ, એટલામાં આપ ત્યાં જઈ પહોંચો!"

આ પ્રમાણે પ્રતિહાર ભદ્રાયુધનું કહેવું સાંભળીને, પ્રથમ તો રાજાએ, સઘળી વાર્તા સવિસ્તર કહેનારા શંબરસિદ્ધિને સારી રીતે ધન આપીને સંતોષ્યો અને તે પછી પોતાનો સંતાપ સૂર્યનાં કિરણોમાં નાંખી, પોતાની ફીકાશ મેઘમંડળમાં નાંખી, પોતાની દુર્બળતા નદીના પાણીમાં* અર્પી દીધી, અને પોતે શોક ને ફીકર તજી સચેત થયો. તે તરત જ થોડીએક સેનાને સાથે લઈ, પોતાની મન ગમતી, પ્રેમમાં રમતી, પોતા પ્રત્યે નમતી, વિરહવ્યથા ખમતી, શોચંતી ને વિલપંતી પ્યારીના પ્રદેશ પ્રત્યે ચાલ્યો.

ચાલતાં ચાલતાં રાજા વિક્રમાદિત્ય, સમુદ્રને કિનારે આવી પહોંચ્યો. ત્યાંથી તે નાવમાં બેશીને સઘળા સંગે મલયપુરના સીમાડા ઉપર ઉતરી પડયો; પણ જ્યાં તે મલયપુરમાં

* અર્થાત્ તે શરદૃઋતુમાં નિકળ્યો હતો.

પેસે છે ત્યાં તો નગરના દરવાજા આગળ હજારો માણસોને મહાશોકસાગરમાં પડેલા દીઠા! રાજાએ તેઓને પૂછ્યું કે,–"અરે! તમે આમ શા માટે શોક કરોછો તે કહો." ત્યારે લોકોના ટોળાએ કહ્યું,–"મહાભાગ! શું કહેવું? અમારા રાજાની એકની એક પુત્રી મલયવતીએ, છ માસ સુધીની અવધિ રાખી હતી. તે છ માસ પૂર્ણ થયા, પરંતુ તેનો પ્રિયતમ મળ્યો નહિ, તેથી આજ તે અગ્નિમાં બળી મરશે! હજી તો તે બીચારી બાળવયની છે, તોપણ આવું સાહસ કર્મ કરે છે, તે અમારાથી કેમ સહન થાય?" પછી રાજા વીર **વિક્રમ**, તુરત જ તે રાજકન્યા જે જગ્યાએ ચિતા ખડકી બળી મરવાની હતી, ત્યાં ગયો. જ્યારે ત્યાં ઉભેલા, રાજકન્યાના માણસોએ રાજા **વિક્રમાદિત્યને** જોયો કે તેના તેજ આગળ મુગ્ધ થઈને દૂર ખસી ગયા. રાજકન્યાએ પણ એકદમ ઉદય પામેલા પૂર્ણિમાના **ચંદ્ર** જેવા રાજાના મુખને જોયું કે, તરત જ પોતાની પાસે ઉભેલી સખીઓને કહ્યું,–"જૂવો, જૂવો સખીઓ! મેં સ્વપ્નમાં જે પુરુષની સાથે લગ્ન કર્યાં હતાં, તે જ આ પુરુષ–મારો પ્રાણેશ્વર–મારો વાહાલો, નાથ, નાવલો, પ્યારો, અહીં આવી પહોંચ્યો છે! દોડો ને મારા પિતાની પાસે જઈ તેને વધામણી આપો!" તરત કન્યાની સખીઓએ દોડીને રાજા રાણીને તે મંગળ સમાચાર આપ્યા કે, **મલયવતીનો** પ્રિયતમ આવી પહોંચ્યો છે. તે સાંભળીને રાજાનું દુઃખ દૂર થયું; અને ઘણા હર્ષમાં આવી વિનય વિવેક દર્શાવતો **વિક્રમાદિત્યની** પાસે, જ્યાં પોતાની પુત્રી ચિતા ખડકી ઉભી હતી, તે સ્થળમાં આવ્યો. આ વખતે **શંબરસિદ્ધિ** ભાટ, જે સમયસૂચકતામાં ઘણો જ પ્રવિણ હતો તેણે, પોતાનો જમણો હાથ ઉંચા કરીને નીચે પ્રમાણે શ્લોક ભણવા માંડ્યા:–

ગીતિ—"જય જય ભૂત નિયંતા' મ્લેચ્છરૂપી વન દાવાગ્નિ જય દેવ !<br>
સાત સમુદ્ર સૂધીની–ધરિણીના ધણી ખમા ખમા દેવ;<br>
જીતેલા નૃપ જેની, આજ્ઞા માને નમાવી શિરતાજ!<br>
એવા પરાક્રમાકર! જય! જય! વિમક્ર સમસ્ત મહારાજ!!

(દોહરો) વિષમશીળ રાજેન્દ્રનો, જય જય થાઓ આજ;<br>
સૂરસાગર વિક્રમતણું, અખંડ રહો સૌ રાજ."

ભાટના બોલવાથી આ મહાન્ **વિક્રમાદિત્ય** રાજા જ આવ્યો છે એમ જાણતાંજ, **મલયસિંહ** રાજાએ **વિક્રમાદિત્યના** ચરણમાં મસ્તક નમાવી તેનું ચુંબન કીધું. પછી મૃત્યુના મુખમાંથી મુક્ત થયેલી પોતાની પુત્રી **મલયવતી** અને મહાન્ **વિક્રમ** રાજાને લઈને તે પોતાને રાજમંદિરે આવ્યો. ત્યાં સારી રીતે આદરસત્કાર કરી, **વિક્રમાદિત્ય** રાજાને પોતાની સુતા પરણાવી. તેને પોતાનો જામાત્ર થયેલો જોઈ, **મલયસિંહ** રાજા પોતાને કૃતકૃત્ય માનવા લાગ્યો. જેવી ચિત્રમાં જોઈ હતી તેવી સ્વપ્નમાં જોઈ; અને સ્વપ્નમાં જોઈ હતી તેવી જ હમણાં સાક્ષાત્ હાડ માંસવાળી છબીલી પોતાના ખોળામાં આવી બેઠેલી **મલયવતી** પ્રિયાને જોઇને, **વિક્રમાદિત્ય** રાજા, **શૈલ્યસુતા-પાર્વતીના** કાન્ત–**શિવજીના**, પ્રસાદરૂપ કલ્પતરુનું આ એક અદ્દ્ભુત ફળ પોતાને મળ્યું એમ માનવા લાગ્યો.



પછી નિવૃત્તિરૂપ પોતાની વધૂ **મલયવતીને** લઈ ઉત્કલિકાવાળા* ચિર વિરહરૂપ સમુદ્રને ઉતરીને, પદે પદે સામંત રાજાઓએ પ્રણામ કરી કરીને અર્પણ કરેલા પારિતોષિકો ગ્રહણ કરતો કરતો, મહાન્ **વિક્રમાદિત્ય** રાજા, પોતાની ઉજ્જયિની નગરીમાં પાછો આવ્યો. ધારેલા આશ્ચર્યજનક કાર્યને સિદ્ધ કરી બતાવવારૂપ તેના પ્રભાવને જોઇને કોણ આશ્ચર્ય ન પામે? કોણ આનંદ ન દર્શાવે? વા આવા મંગળ પ્રસંગે કયો નાગરિક મહોત્સવ ન કરે?

## તરંગ ૪ થો.

## વિક્રમાદિત્યની કથા (ચાલુ).

એક સમયે વાતચિતના પ્રસંગમાં **કલિંગસેના** નામની મહારાજાધિરાજ **વિક્રમાદિત્યની** રાણીએ પોતાની સપત્નીઓને કહ્યું કે,–"બહેનો! આપણા મહારાજે **મલયવતી** માટે જે અદ્દ્ભુત ચરિત્ર દર્શાવ્યું છે, તેમાં કંઇ આશ્ચર્ય જેવું નથી; કેમકે જગતમાં આવાં કૃત્યો કરવાથી જ તેઓ વિષમશીળ નામથી સુપ્રસિદ્ધિને પામ્યા છે. શું તમોને ખબર નથી કે, મારા જેવીને જોઇને પણ મહારાજ કામમુગ્ધ થઈ ગયા હતા ને બલાત્કારથી મારી સાથે વિધિ વગર લગ્ન કર્યાં હતાં તે? મહારાજના આવા કૃત્યથી હું ઉદાસ થઈ ગઈ હતી. મારા મનમાં અનેક પ્રકારના વિચાર આવવા લાગ્યા કે, મહારાજે મારું વિધિપૂર્વક પાણિગ્રહણ કેમ નહિ કીધું હશે? આવી રીતે મને ઉદાસીનતામાં નિમગ્ન જોઇને, **દેવસેન** નામના એક કાર્પટીકે મને એ વિષયની કથા કહી સંભળાવી હતી, જે હું તમોને કહું છું, તે તમો સાંભળો."

**કલિંગસેના** બોલી,–"હું તો ઘણી ઉદાસીન હતી, ત્યારે મને તે કાર્પટીકે કહ્યું, "દેવિ! આપ કોપાયમાન કે ઉદાસ થશો નહીં, કેમકે મહારાજે આપની સાથે વિધિયુક્ત લગ્ન નહીં કીધાં, તેનું કારણ બીજું કંઈ નથી, પણ માત્ર આપની તરફનો તેમનો અગાધ પ્રેમ છે."

(સોરઠો.) "પ્રેમતણો જે દાસ, આઘું પાછું નવ જુએ;<br>
"ધરે નહિ વિશ્વાસ, રખે પ્યારી છટકી જશે.

"તેથી જ મહારાજે દેવી સાથે ઉતાવળા ઉતાવળા લગ્ન કીધાં છે. પ્રસંગવશાત્ આ સર્વે હકીકત આપને કહું છું તે સાંભળો.

### કલિંગસેનાના લગ્નની કથા.

(કલિંગસેના, સપત્નીઓને, કાર્પટીક જે પોતાને કહ્યું તે કહે છે.) "એક પ્રસંગે હું કાર્પટીક બનીને આપના સ્વામિનાથની સેવામાં હાજર હતો. તેવામાં એવું બન્યું કે, એક વિશાળ

* ઉત્કલિકા એટલે શોક અને બીજો અર્થે સમુદ્રનાં મોજાં થાય છે.

અરણ્યમાં, ગર્જના કરીને ચોમેર દોડતું એક વરાહ, જે મહાબળવંત હતું અને જેના નસકોરામાંથી નિકળતા સુસવાટાથી ચોમેર ધૂળ ઉડી રહી હતી તે દૃષ્ટિગોચર થયું. તેનું મોઢું, અંદરની દાઢને લીધે મહાભયાનક દીસતું હતું; તેના અંગનો રંગ, તમાલ વૃક્ષના જેવો હતો; તે જાણે ચંદ્રકળાને ક્ષય કરતી કૃષ્ણપક્ષની રાત્રી હોય તેવો સાક્ષાત્ કાળો કાજળ જેવો જણાતો હતો. હે દેવિ! આવા વરાહને જોતાં જ હું ચકિત થયો. મેં જે સ્વરૂપવર્ણન હમણાં તમારી સમક્ષ કર્યું, તે વર્ણન મહારાજને સંભળાવ્યું. આવા પ્રચંડ વરાહનો શિકાર કરવાને મહારાજા ઉત્સાહ ભર્યાં નિકળ્યા. તેઓ મહાવિશાળ અરણ્યમાં ગયા. ત્યાં અનેક વાઘ હરણ વગેરેની મૃગયા કીધી. પણ તેવામાં જે વરાહ માટે મેં વાર્તા કીધી હતી, તે વરાહ નજરે પડ્યો. મેં મહારાજને તે બતાવ્યો. મહારાજે તે જોયો, તો તેના અંગરંગના બેઢંગથી, મહારાજ પણ આશ્ચર્યમાં ગરકાવ થઈ ગયા. તેઓએ ધાર્યું કે, કોઈ માયાવીએ કોઈ કાર્ય પ્રસંગે આવું અદ્ભુત રૂપ ધારણ કર્યું હશે. તેવો વિચાર કરી ઉચ્ચૈઃશ્રવાના પુત્ર રત્નાકર અશ્વને, જેનાપર મહારાજ સ્વાર થયા હતા તેને, તે વરાહ પુઠે ધપાવ્યો!

"દેવિ! વાતના પ્રસંગમાં આ રત્નાકરની ઉત્પત્તિ જણાવું છું તે સાંભળો. દરરોજ મધ્યાહ્નકાળે સૂર્યનારાયણ દેવ બે ઘડી ગગનમંડળના મધ્યમાં વિશ્રાંતિ લેવાને થોભે છે, તે વખતે તેઓનો સારથિ અરુણરાજ, ઉચ્ચૈઃશ્રવા અશ્વને રથથી છોડી પાણી પાઈ, ચારો નીરે છે. એવું બન્યું કે એક વેળા ઉચ્ચૈઃશ્રવા ઘોડો રથથી છૂટો પડેલો વનમાં ચરતો હતો, તેવામાં ત્યાં રાજાની સુંદર અંગવાળી ને ઠણઠણાટ કરતી ઘોડી આવી ચઢી! તેને અનંગમાં* જોઇને આ અશ્વ તેનાપર પડ્યો. તે અશ્વિનીથી અવતરેલો આ રત્નાકર અશ્વ છે.

"આ ચપળ અશ્વ રત્નાકર ઉપર સ્વાર થયેલો રાજા, ઘણી ત્વરાથી તે વરાહ પુઠે પડ્યો. આગળ વરાહ ને પાછળ રાજા, એમ ઘણે સૂધી રાજા દોડ્યો, પણ તે વરાહ ઘણો વેગવાળો હોવાથી ઘણો જલદી, રાજાની નજર બહાર થઈ ગયો. જ્યારે વરાહનો શિકાર થયો નહીં, ત્યારે નિરાશ થયેલા રાજાએ પાછી નજર કરીને જોયું તો જણાયું કે તે એકલો જ તે અટૂલ અરણ્યમાં આવી ચઢ્યો છે ને સૌ પરિવાર તો દૂર રહ્યો છે. પછી મને જોઇને પૂછ્યું,– 'અલ્યા ભાઈ! તું જાણે છે કે, આપણે આપણી ભૂમિથી કેટલો લાંબો પંથ કાપી આવ્યા હઇશું?" જ્યારે મહારાજે મને આ પ્રમાણેનો પ્રશ્ન કીધો, ત્યારે હે દેવિ! મેં આ પ્રમાણે પ્રતિઉત્તર દીધું: 'રાજેન્દ્ર! આપણે ત્રણસો યોજન પંથ કાપ્યો છે!' આ સાંભળતાં તો રાજા અદ્ભુતાશ્ચર્યમાં ગરકાવ થઇ ગયો ને પુનઃ મને પૂછ્યું,–'ત્રણસો યોજન? એમ હોય તો તું પગપાળો આટલે દૂર સૂધી શી રીતે આવી શકયો?' જ્યારે તેઓએ મને આ પ્રમાણે પૂછ્યું, ત્યારે હે રાણીજી! મેં આ પ્રમાણે ઉત્તર આપ્યું,–'રાજેન્દ્ર! મારી પાસે એક એવો રસ છે કે, જે હું મારે પગે ચોપડું તો કદી પણ થાકું નહીં.† એ રસ મને કેમ મળ્યો તેની હકીકત સાંભળો.

* ઋતુમાં આવેલી. † માર્કણ્ડેય પુરાણમાં પગે રસ ચોપડવાથી ઉડી શકાય એવું ચૂર્ણ અગ્નિએ, કર્મઠને આપ્યાની વાત છે.



## દેવસેનને પ્રાપ્ત થયેલા સિદ્ધિલેપની કથા.

"લાંબા સમયપર, મારી પ્રાણપ્યારી અર્ધાંગનાનું મરણ થયું, ત્યારે તેના વિરહદુઃખથી અત્યંત પીડિત થયેલો હું, સકળ પવિત્ર તીર્થમાં સ્નાન કરવાને યાત્રાર્થે નિકળ્યો હતો. એક દિવસે ચાલતાં ચાલતાં હું એક દેવાલય આગળ આવી પહોંચ્યો. તે મંદિરના ચોગાનમાં એક સુંદર બગીચો હતો. મેં તે મંદિરમાં પ્રવેશ કીધો—એવી ઇચ્છાથી કે ત્યાં જ રાત્રી ગાળીશું. તે મંદિરમાં એક સ્ત્રી હતી, જેણે મારો રુડી રીતે સત્કાર કીધો. હું ત્યાં રહ્યો. જ્યારે મધ્યરાત્રી થઈ ને ચોમેર કીલ જેવું અંધારું વ્યાપી રહ્યું છે, તમરાં તમતમ કરી રહ્યાં છે, પવનના સુસવાટા ચોમેરથી લાગી રહ્યા છે. તેવે સમયે, ખરી માઝમ રાત્રિએ, તે સ્ત્રીએ એક અદ્ભૂત ચરિત્ર ચલાવ્યું. તેના મ્હોંનો ઉપલો હોઠ છેક ગગને જઈ ચડ્યો ને નીચલો હોઠ જમીનને વળગી રહ્યો. પછી આવું પોતાનું વિકરાળ મ્હોડું પહોળું કરીને તેણે મને કહ્યું,–'અલ્યા માનવિ! તેં કદી આવું મ્હોડું જોયું છે?' આ સ્વરૂપ જોઈ આપણા તો હાંજા જ ગગડી ગયા, પણ જેમ તેમ કરતાં મેં મારું ખડ્ગ કાઢીને ભ્રકૂટી ચઢાવી અને તે ઉગામીને કહ્યું,–"રાંડ! તેં કોઈ કાળે આવો મનુષ્ય પણ જોયો છે કે?' આવું મારું પરાક્રમ જોતાં જ તે સ્ત્રીએ, પોતાનો ભયંકર વેશ મૂકી દઈ, અતિ નમ્ર ને માયાળુ રૂપ પાછું ધરીને મને કહ્યું,–'હું યક્ષિણી છું; ને મારું નામ ચંડી* છેઃ હું તારી હિંમતથી અતિ પ્રસન્ન થઈ છું; હવે મને કહે કે હું તારું શું કલ્યાણ કરું?'

"જ્યારે તે યક્ષિણીએ આ પ્રમાણે કહ્યું, ત્યારે મેં તેને ઉત્તર આપ્યું–'જો તું ખરેખરી મારાપર પ્રસન્ન થઈ હોય તો મને એવું કંઈ આપ કે, જેથી હું આ પૃથ્વીના સર્વે તીર્થોમાં કંઈપણ દુઃખ વગર યાત્રા કરી શકું!' જ્યારે મેં આ પ્રમાણે માંગણી કીધી, ત્યારે તે યક્ષિણીએ મારે પગે ચોપડવાનો આ લેપ આપ્યો છે, જેના પ્રતાપથી મેં કંઈપણ પીડા વગર પૃથ્વીના તીર્થોમાં સુખરૂપ સ્નાન કીધું છે ને આજે આપ મહારાજાની સાથે સાથે આટલે દૂર સૂધી આવી શકયો છું! તે લેપના જ પ્રતાપથી આ અરણ્યમાં હું નિત્યે આવું છું ને અત્રેથી જે ફળાદિ મળે છે તેનો આહાર કરીને આપની સેવામાં ઉજ્જયિનીમાં પાછો આવી હાજર થાઉં છું!

"જ્યારે આ પ્રમાણે મેં મહારાજાને મારું વૃત્તાંત નિવેદન કીધું, ત્યારે તેઓની મુખમુદ્રાપરથી જણાયું કે, તેઓ મારાપર પ્રસન્ન થયા છે અને તેઓએ મને પોતાને યોગ્ય સેવક ગણ્યો. પુનઃ મેં મહારાજને કહ્યું,–'મહારાજ! જો આપની રુચિ હોય તો આપને માટે આ અરણ્યમાંથી સ્વાદિષ્ટ ને મિષ્ટ ફળફળાદિ લાવું!' ત્યારે મહારાજે કહ્યું,–'હું કંઈ આહાર કરીશ નહીં, કેમકે મને રુચિ નથી; પણ તું ઘણો શ્રમિત થયો છે તો કંઈ ખા.' પછી મેં એક કાકડી તોડી આણી; અને જેવી મેં તે ખાધી કે તત્ક્ષણે હું અજગર થઈ પડ્યો.

"જ્યારે વિષમશીળ મહારાજે મને અકસ્માત્ અજગર થઇને પડેલો નિહાળ્યો, ત્યારે તેઓ બહુ આશ્ચર્ય પામ્યા અને ઘણો શોચ કરવા લાગ્યા. વિક્રમાદિત્ય મહારાજ આ વેળા અરણ્યમાં

* [illegible]

એકલા હતા, તેથી વિચાર કરીને, નેત્ર રોગ નિરવાણુ કરીને જેને દાસ બનાવ્યો છે તેવા ભૂતકેતુ વૈતાળનું તેણે સ્મરણ કીધું! 'સ્મરણ કરતાં જ તે વૈતાળ ત્યાં આવીને ઉભો રહ્યો. તેણે મહારાજને પ્રણામ કરીને પૂછ્યું,–'મહારાજ! કહો મને, કેમ મારું સ્મરણ કીધું? આજ્ઞા હોય તે બજાવવા તૈયાર છું.' ત્યારે રાજાએ તેને કહ્યું,–'ભલા માણસ! આ મારો કાર્પટીક કાકડીનો આહાર કરતાં જ અજગર બની ગયો છે, તો હવે એને પૂર્વ સ્વરૂપમાં આણુ." પણ વૈતાળે કહ્યું,–'મહારાજ! મારામાં આ શક્તિ નથી. શક્તિ પણ નિરંતર અમુક વ્યક્તિમાં અમુક અંશમાં હોય છે. શું પાણી વિજળીના અગ્નિને ઠારી શકે છે? નહીં જ. તેમ મારાથી મારી શક્તિ પ્રમાણે જ કાર્ય થાય છે. આ કાર્ય મજથી થશે નહીં.' ત્યારે રાજાએ કહ્યું,–'જો એમ છે તો ચાલ, ઓ વૈતાલ! આપણે આ નજરે પડતા સામા ગામડામાં જઇએ. ત્યાં જવાથી ભિલ્લ લોકોના મોઢાથી આપણે કોઈ ઉપાય જાણી શકીશું!'

"આ પ્રમાણે મહારાજે ઠરાવ કીધા પછી, ભૂતકેતુ વૈતાળ સંગે તેઓ પેલા ભિલ્લના ગામમાં ગયા. ત્યાં જતાં તો રાજાના અંગપર આભરણો જોઇને લૂટારાએ તેમને ઘેરી લીધા. પણ જ્યારે તેઓએ રાજાપર તીરનો મારો ચલાવ્યો, ત્યારે રાજાની આજ્ઞાપરથી ભૂતકેતુ વૈતાળ સટાસટ પાંચસો ભિલ્લને ગળી ગયો. આ જોઇને રહ્યાસહ્યા ભિલ્લો તો ભયના માર્યા પલાયનમઃ કરી ગયા અને ગામમાં જઇને પોતાના સેનાપતિને જે વૃત્તાંત બન્યું હતું તે નિવેદન કીધું. આ હકીકત સાંભળતાં ભિલ્લ સેનાપતિ, જેનું નામ એકાકીકેસરી હતું, તે અતિશય ક્રોધાયમાન થઇને, પોતાના બીજા સાથીઓને લઇને રાજા સામે લડવાને આવ્યો. પણ તેના એક સેવકે મહારાજને તુરત પિછાણ્યા અને સેનાપતિને જણાવ્યું કે એ કોણ છે! એટલે તેણે આવીને મહારાજના પાદનું ચુંબન કીધું અને પછી કહ્યું,–'મહારાજ! આ દાસનો અપરાધ ક્ષમા કરો! મારું નામ એકાકીકેસરી છે, હું આપનો સેવક છું. આ ભિલ્લોનો અધિપતિ હું છું! અજાણતાં મારાથી જે અપરાધ થયો છે તે આપ ક્ષમા કરશો, તેવી મને પૂર્ણ આશા છે.' આમ બોલવા પછી એકાકીકેસરીએ વિક્રમાદિત્યને પુનઃ નમન કીધું. પછી મહારાજે પોતાના તાબેદારને કુશળ સમાચાર પૂછી સારી રીતે માન આપ્યું. પછી કહ્યું,–મારો કાર્પટીક પેલા વનમાં કાકડી ખાતાં અજગર થઈ પડયો છે, તો તે પુનઃ મનુષ્ય સ્વરૂપમાં આવે તેવો કોઈ ઉપાય હોય તો તે બતાવ!'

"ભિલ્લના સેનાપતિએ આ પ્રમાણે મહારાજનાં વચન સાંભળ્યાં, ત્યારે તે બોલ્યો,–'તમારા સેવકને કહો કે, તે આ મારા પુત્રને કાર્પટીકને બતાવે!' પછી તે ભિલ્લપુત્ર, વેતાળ સાથે હું જ્યાં પડયો હતો ત્યાં આવ્યો અને મને કોઇક ઔષધિનો રસ નાકવાટે સુંઘાડ્યો, એટલે જેવો હું હતો તેવો–પૂર્વપેરે જ, આ મનુષ્ય આકૃતિમાં બદલાઈ ગયો. આમ થવાથી અમે ઘણા ખુશી થતા, જ્યાં મહારાજ હતા ત્યાં આવ્યા. પ્રથમ હું મહારાજનાં ચરણકમળમાં પડ્યો, એટલે પ્રસન્નવદને મહારાજે ભિલ્લ નાયક, જે મારી આ પ્રમાણેની પૂર્વ સ્થિતિ નિહાળી ખુશી થતો હતો, તેની સાથે મારી પિછાણ કરાવી. તે પછી ભિલ્લનાયક એકાકીકેસરી, મહારાજની



આજ્ઞાને અનુસરીને, અમને સર્વેને પોતાને વિલાસભવને તેડી ગયો. તેણે ત્યાં બહુ રુડો સત્કાર કીધો.

"તેનો મહેલ સુંદર હતો. જ્યાં ત્યાં કેટલીએક ભિલડીઓ આમ તેમ લટકમટક કરી રહી હતી. તેના મહેલની ઉંચી ઉંચી ભિંતોમાં હાથીદાંત જડેલા હતા; સ્થળે સ્થળે વ્યાઘ્રાંબર લટકતાં હતાં; સ્ત્રીઓના અલંકાર જેવા મોરપિચ્છનાં વસ્ત્રો ખીટીઓ ઉપર શોભી રહ્યાં હતાં; ગુંજા (ચણોઠી)ની માળાઓના ઢગલા પડેલા હતા અને હાથીઓના મદને સ્ત્રીઓએ અંગ ઉપર શોભા તરીકે ચોપડ્યો હતો; સર્વે ભિલડી વચ્ચે સેનાપતિની સ્ત્રી બેઠેલી હતી. તેણે અંગપર કસ્તુરીથી રંગેલાં વસ્ત્ર પહેર્યાં હતાં. તે મોતી વગેરેના આભૂષણ પહેરી, બની-ઠણીને રાજાની સેવામાં હાજર રહી હતી.

"પછી રાજાજીએ સ્નાન કર્યું. નિત્ય કર્મ કરીને ભોજન કર્યું. પછી અમે સર્વ ગોઠડી કરવાને બેઠા. તે વખતે રાજાએ જોયું તો સેનાપતિ તરુણ અને તેનો પુત્ર વૃદ્ધ–એવું આશ્ચર્ય દીઠું. મહારાજે સેનાપતિને પૂછ્યું,–'સેનાપતિ! તમે તો તરુણ છો અને તમારો પુત્ર તો વૃદ્ધ છે, તે જોઈ મને ઘણો ગુંચવાડો થાય છે. એનું કારણ શું છે તે કહો.' આ પ્રમાણે જ્યારે રાજાએ તે ભિલ્લના નાયકને પૂછ્યું, ત્યારે તેણે કહ્યું,–'મહારાજ! આ બાબત ઉપર ઘણી મોટી કથા છે. જો તમને ઉત્કંઠા હોય તો સાંભળો."

## નિમકહલાલ વાંદરાની વાર્તા.

"પૂર્વે હું ચંદ્રસ્વામી નામનો એક બ્રાહ્મણ હતો. હું માયાનગરીમાં રહેતો હતો. એક વખતે મારા પિતાની આજ્ઞાથી હું વનમાં લાકડાં લેવા માટે ગયો, તો ત્યાં એક વાંદરો વનનો માર્ગ રોકીને બેઠો હતો. તેણે મને કશી પણ ઇજા કીધી નહીં, પરંતુ તે શોકાતુર નેત્રથી મારી તરફ જોવા લાગ્યો. તેણે મને સંજ્ઞા કરીને બીજો જ માર્ગ બતાવ્યો. આ જોઈ, મેં મન સાથે વિચાર કર્યો કે,–'એ વાંદરભાઈ, મને ફાડી ખાય નહીં, એટલામાં બીજે માર્ગેથી જવું વધારે સારું છે! જોઉં તો ખરો કે, એ વાંદરો મને બીજે માર્ગે મોકલે છે, તેમાં તેનો શો અભિપ્રાય છે. આવો વિચાર કરીને હું તેને બતાવેલે માર્ગે ચાલવા માંડ્યો. પછી તે વાંદરો મારી આગળ આગળ ચાલતો હતો, પણ હું નાશી જાઉં નહીં તે માટે પાછું મુખ કરીને મને પુનઃપુનઃ જોતો હતો. તે વાંદરો મને ઘણે દૂર જંગલમાં લઈ ગયો અને એક જાંબુનું ઝાડ આવ્યું તે ઉપર તે ચઢી ગયો. આ ઝાડની ચારે તરફ વેલાનાં ગુંછળાંઓ પુષ્કળ વિંટળાયલાં હતાં. મેં તે વૃક્ષઘટામાં ઝીણી નજર કરીને નીચા વળી જોયું, તો એક વાંદરી વેલાનાં ગુંછળામાં બંધાઈ ગયલી નજરે પડી. તે જોઈ મેં મારા મનમાં વિચાર્યું કે, આ વાંદરો મને આ વાંદરીને છોડાવવા માટે તેડી લાવ્યો હોવો જોઇએ. પછી હું ઝડપથી તે જાંબુના ઝાડ ઉપર ચઢી ગયો ને ફરશીવતી, વેલાનાં ગુછળાંના પાશને કાપીને, વેલાથી વિંટલાઈ ગયલી ને કેદ પડેલી તે વાંદરીને મોકળી કરી અને હું નીચે ઉતરી આવ્યો.

"ત્યાર પછી તે વાંદરી ને પેલો વાંદરો પણ નીચે ઉતરી આવ્યાં. બંનેએ મારા ચરણમાં પ્રણામ કર્યાં. પછી તે વાંદરો પેલી વાંદરીને મારી પાસે બેસાડી વનમાં દોડ્યો અને એક

ક્ષણમાં એક દિવ્ય ફળ લઈ આવી તે મને ભેટ આપ્યું. હું તે ફળ લઈ લાકડાનો ભારો માથે ઉંચકીને મારે ઘેર આવ્યો. ઘેર આવી મેં તથા મારી સ્ત્રીએ તે ફળનું પ્રાશન કર્યું; એટલે અમે બન્ને જણાં જરા અને રોગમાંથી મુક્ત થઈ નવતરૂણ થઈ ગયાં !*

"થોડો વખત વીત્યા પછી અમારા દેશમાં વર્ષાદ થોડો થવાથી દુકાળનો ઉપદ્રવ થવા લાગ્યો, તેથી દેશના માણસો ભૂખનાં માર્યાં, આજીવિકા નિમિત્તે આડાં અવળાં નાશી ગયાં. હું તથા મારી સ્ત્રી પણ દેશ છોડી નાઠાં તે રખડતાં રખડતાં આ પ્રદેશમાં આવી ચઢ્યાં. તે વખતમાં આ ભાગમાં કાંચનદંષ્ટ્ર નામનો એક ભિલ્લ રાજા રાજ્ય કરતો હતો. મારા શસ્ત્રબળથી મેં તેની સેવા સ્વીકારી; અને તેની સિપાઈગીરી કરવા માંડી. તેના યોધાઓમાં હું હમેશાં મોખરા ઉપર રહીને કામ કરતો હતો, તે જોઈ કાંચનદંષ્ટ્ર રાજાની મારા ઉપર અત્યંત પ્રીતિ થઈ અને તેણે સેનાપતિની પદવી ઉપર મારો અભિષેક કર્યો. હું પણ નિરંતર એક-નિષ્ઠાથી તેની સેવા કરતો હતો. તે રાજાને પુત્ર નહતો, તેથી તેણે મરણસમયે પોતાના રાજ્યાસન ઉપર મને બેસાર્યો છે. આજકાલ કરતાં મને અહીં રહેતાં સત્તાવીસસેં વર્ષ વીતી ગયાં છે; તોપણ વાંદરાએ આપેલું ફળ ખાધાથી હજી હું નવયૌવન રહ્યો છું.

"રાજા વિક્રમાદિત્ય એકાકીકેસરીનું સ્વાત્મચરિત્ર તેના મુખથી સાંભળીને ઘણો જ આશ્ચર્ય પામ્યો. તે જોઈ તે ભિલ્લનાયક, રાજાની પ્રસન્નતા મેળવવાને પુનઃ વિનતિ કરતો બોલ્યો; 'મહારાજ! મેં તે વાંદરાએ આપેલું અમરફળ ખાઈને જે ચિરંજીવન ગાળ્યું છે, તેનું સંપૂર્ણ ફળ આજે મળ્યું છે કે, આપ મહારાજનાં આ જીવને દર્શન થયાં. મહારાજ! તમે મારે ઘેર પધારીને મારા ઉપર અનુગ્રહ બતાવ્યો છે તો આ માણસની મનઃ કામના પણ આજ આપ પૂર્ણ કરો. મારી પ્રાર્થના આ છેઃ મને ક્ષત્રિય જાતિની સ્ત્રીને પેટે જન્મેલી એક કન્યા છે. તે કન્યા રૂપરૂપનો અંબાર છે. તેનું નામ મદનસુંદરી છે. આ કન્યારત્ન આપ વિના અન્યથી શોભા પામશે નહીં! તે માટે હું આપ કૃપાવંત ધણીને તે કન્યાનું દાન કરું છું, તો આપ તેની સાથે વિધિ પ્રમાણે લગ્ન કરો. મહારાજ! હું તમારો દાસ છું અને મારી પાસે બે લાખ તીરકામઠાંવાળા ભિલ્લની સેના છે, તે આપની સેવામાં હાજર છે.'

"જ્યારે ભિલ્લ નાયકે વિક્રમાદિત્ય રાજાને આ પ્રમાણે પ્રાર્થના કરી, ત્યારે મહારાજે તેનું વચન, પ્રસન્નવદને સ્વીકાર્યું અને મંગળ સમયે મદનસુંદરીની સાથે રાજાજી પરણ્યા. ભિલ્લ-રાજાએ મહારાજને સો ઊંટથી ઉંચકી શકાય એટલાં મોતીઓ અને કસ્તુરી, પહેરામણીમાં આપ્યાં! લગ્ન થયા પછી (દશૈયાં ચરવા માટે) રાજા વિક્રમાદિત્ય સાત દિવસ સૂધી તેના

* આ વાર્તાને મળતી વાર્તા ઓઇસ્ટરની વૈતાળ પચ્ચિસીને પૃષ્ઠ ૧૪ મે તથા ૧૭૫ મા પૃષ્ઠની નોટમાં છે. બેરીંગ ગાઉલ્ડની બનાવેલી મધ્યકાળની કલ્પિત કથાના ગ્રંથમાં એવી જ વાર્તા છે—કે વિદ-ફીરલ નામનો એક પુરુષ પોતાના શરીરની ખોલ વારંવાર ઉતારી નાંખતો હતો. તેણે પ્રથમ ૩૩૦ વર્ષે, પછી ૨૧૫ વર્ષે, ને ત્રીજી વખતે શાર્લામેન, જર્મન પાદશાહ સમક્ષ ખોલ ઉતારી હતી. અંગ્રેજી ભાષાંતરકાર મી૦ ટૅાની લખે છે કે, આ વાર્તા ભટકતા યાહુદીઓની, એક વાર્તાને મળતી છે.



ગામમાં રહ્યા અને આઠમે દિવસે મદનસુંદરીને અને ભિલ્લની સેનાને સાથે લઈ પોતાના નગર તરફ ચાલી નીકળ્યા."

(કાર્પટીક, રાણી કલિંગસેનાને કહે છે કે) "હવે, મહારાજની સેના જે જંગલમાં પડી છે તેની વાત કહું છું. જ્યારે રાજાનો તેજી અશ્વ, જોસભર દોડીને રાજાને દૂર લઈ ગયો, ત્યારે તેની સાથે આવેલી સેનાએ ચારે તરફ રાજાની શોધ કરી, પણ રાજાજીનો પત્તો કોઈ પણ સ્થળેથી મળ્યો નહીં, એટલે તે સેના ગભરાટમાં પડી ગઈ. પણ મહારાજના પ્રતિહાર ભદ્રાયુધે જણાવ્યું કે,–'ગભરાઓ છો શું કામ? આપણા મહારાજ જો કે ઘણો વખત થયો કોણ જાણે કયાં ગયા છે, તેની ખબર પડી નથી; તોપણ જાણો કે, મહારાજ, દિવ્ય પ્રતાપી છે, તેથી તેમનું જરા પણ અશુભ થશે નહીં. તે હવણાં અહીં પાછા પધારશે. શું તમોને સ્મરણમાં નથી કે, મહારાજ વિક્રમાદિત્ય અહીંથી એકલા પાતાળમાં જઈ, સુરૂપા નામની નાગકન્યાને પરણીને પાછા આવ્યા હતા તે? અને આ વીરલારાજ, તે પછી ગંધર્વલોકમાં જઈ ગંધર્વ રાજાની કન્યા તારાવતીની સાથે પરણીને પાછા મનુષ્યલોકમાં આવ્યા, તે શું તમે વિસરી ગયા કે?' આ પ્રમાણે કહીને ભદ્રાયુધે સર્વને શાંત કર્યા; અને સર્વે સેના અરણ્યનો માર્ગ રોકીને રાજાની વાટ જોતી ત્યાં જ પડાવ કરી રહી.

## વરાહ તથા હાથીના શાપની કથા.

"આ પ્રમાણે રાજાની સેનામાં ગડબડાટ ચાલે છે, તે વેળાએ વિક્રમાદિત્ય રાજા, ઘોડા ઉપર સ્વાર થઈ ભિલ્લની સેના સાથે યથેચ્છ મનમગ્ન થઈ, મદનસુંદરી, હું ને વૈતાળ અને ભિલ્લ સેનાને સાથે લઈ, પ્રથમ જોયેલા વરાહને જોવાની ઇચ્છાથી, પુનઃ વનમાં પેઠા. તુરત જ પૂર્વે જોયેલો વરાહ દૃષ્ટિએ પડયો. વરાહ સામો આવ્યો કે, રાજાજીએ પાંચ બાણ મારીને તેને જમીન ઉપર સુવાડી દીધો અને તુરત વૈતાળે દોડીને તેને ચીરી નાંખ્યો. તત્ક્ષણે તેમાંથી એક કાંતિમાન્ પુરુષ બહાર નિકળી આવ્યો. તેને જોતાં જ રાજાએ આશ્ચર્ય પામી પૂછ્યું,–'અલ્યા! તું કોણ છે?" પણ આમ જ્યાં પૂછે છે, એવામાં તો મોટા જંગમ પર્વત જેવડો એક વન હસ્તી ત્યાં આવી ચઢયો. રાજાએ તે જગલી મદમત્ત હાથીને દૂરથી આવતો જોયો કે, એક બાણ તેના મર્મસ્થાનમાં સચોટ માર્યું ને તેને પણ જમીન ઉપર પાડી નાંખ્યો. વળી વૈતાળે જઈ તેનું પેટ ચીર્યું, તો તેમાંથી એક દિવ્ય પુરુષ અને અપ્સરાને ટક્કર મારે તેવી સર્વાંગે સ્વરૂપવાળી એક સુંદરી નિકળી આવી. તેને જોઈ તે કોણ હશે, તે જાણવાની ઇચ્છાથી રાજાજી તેઓને પૂછવાની ઇચ્છા કરે છે, ત્યાં તો વરાહના ઉદરમાંથી નિકળેલા પુરુષે, રાજાને નમન કરી કહ્યું, "મહારાજ! મારું વૃત્તાંત આપને જણાવું છું તે સાંભળો.

"મહારાજ! અમે બન્ને જણા દેવકુમાર છિયે. આનું (હાથીમાંથી નિકળેલાનું) નામ ભદ્ર છે અને મારું નામ શુભ છે. એક સમે અમે ફરતા ફરતા કણ્વ મહામુનિના આશ્રમમાં જઈ ચઢ્યા તથા ત્યાં મુનિ કણ્વને ધ્યાનસ્થ જોયા, એટલે અમે બન્ને જણાએ બાળચેષ્ટાથી વરાહનું અને હાથીનું રૂપ ધરીને તે મુનિને ભડકાવ્યા. મુનિ અમને જોઈ બહુ ભડક્યા. તેમના

ધ્યાનમાં ભંગાણ પડયું. પણ પછી જ્યારે મુનિએ અમને ઓળખ્યા, ત્યારે શાપ દીધો કે, 'હે દુષ્ટો ! તમે આ વનમાં વરાહ તથા હાથી થઇને ફર્યાં કરો. જ્યારે વિક્રમાદિત્ય રાજા તમને મારશે, ત્યારે તમારો પશુયોનિમાંથી છૂટકો થશે !' મહારાજ ! આ પ્રમાણે અમે મુનિના શાપાનુરોધથી પશુ જાતિમાં અવતર્યાં હતા, તેમાંથી તમે અમારો ઉદ્ધાર કર્યો છે! મહારાજ! હવે તમે આ વરાહને ગજે અને હાથીની પીઠ ઉપર અડકો, એટલે તે બન્નેમાંથી દિવ્ય તરવાર અને ઢાલ બની જશે! અમારી કથા આટલેથી પૂરી થઈ છે. હવે આ સ્ત્રી પોતાનું વૃત્તાંત તમને જણાવશે.'

આટલું કહીને તે બન્ને દેવકુમાર અદૃશ્ય થઈ ગયા. રાજાએ વરાહ તથા હાથીનો સ્પર્શ કર્યો કે, તે તરવાર અને ઢાલ બની ગયાં. તે પછી રાજાએ હાથીમાંથી નિકળેલી સુંદરીને પૂછ્યું,–'હે સુભગે ! જણાવ કે તું કોણ છે ?'

"તે સ્ત્રી બોલી,–'અનાથના નાથ ! ઉજ્જયિનીમાં ધનદત્ત નામનો એક મોટો સાહુકાર વસે છે, તેની હું સ્ત્રી થાઉં છું. એક રાત્રિએ હું મારા મહેલની અગાસીમાં સ્વામી સંગે સૂતી હતી, ત્યાંથી આ હાથી આવીને મને ગળી ગયો અને અહીં લાવ્યો છે. તેના પેટમાં હું એકલી પડી હતી, પણ મને ત્યાં કોઈ પુરુષ જણાયો નહોતો. જ્યારે હાથીનું પેટ ચીરવામાં આવ્યું, ત્યારે મારી સાથે આ પુરુષ પણ બહાર નિકળ્યો, તેથી હું આશ્ચર્ય પામી છું. આ પ્રમાણેની મારી હકીકત છે.' આ પ્રમાણે તે દીન નારીએ કરુણાળ સ્વરે પોતાની વિતકવાર્તા કહી સંભળાવી, ત્યારે રાજાએ તે સરળવૃત્તિની સ્ત્રીને કહ્યું; 'બહેન ! તું જરાપણ ગભરાઇશ મા, ધીરજ રાખ અને મારી સ્ત્રીની સાથે સાથે ચાલ હું તુંને તારા પતિની પાસે પહોંચાડીશ.'

"આ પ્રમાણે કહીને રાજાએ વૈતાળને આજ્ઞા કરી કે, 'વૈતાળ ! તું આ સ્ત્રીને મારી રાણી મદનસુંદરી, જે બીજે માર્ગે આવે છે તેની પાસે મૂકી, સત્વર પાછો આવ.'

"મહારાજની આજ્ઞા સાંભળીને, વૈતાળ તે સ્ત્રીને ઉપાડીને ઉડયો અને તેને રાણી મદન-સુંદરીની પાસે પહોંચાડી દીધી અને પુનઃ ઝટપટ રાજાની પાસે આવી ઉભો રહ્યો. એવામાં અરણ્યમાં અમે અકસ્માત્ બે રાજકન્યાને જતી દીઠી. આ કન્યાઓની સાથે અણુમોલ સોના રૂપાનો સામાન પુષ્કળ હતો, તે ઉપરાંત મહેતાઓ, દાસદાસીઓ પણ હતા. મહારાજા વિક્રમાદિત્યે મને મોકલીને તેના મહેતાઓને બોલાવી મંગાવ્યા. જ્યારે તે મહેતાઓ આવ્યા, ત્યારે મહા-રાજાએ પૂછ્યું,–'ભાઈઓ! આ કન્યાઓ કોણ છે? અને કયાંથી આવે છે?' તે સાંભળીને મહેતાઓએ નીચે પ્રમાણે વાર્તા કહી.

## બે રાજકુંવરીઓની કથા.

"કટાહ નામનો એક બેટ છે. તે બેટ પરમ આનંદનું ધામ છે. તે નગરમાં ગુણસાગર નામનો, નામ પ્રમાણે ગુણ ધરાવનાર રાજા રાજ્ય કરે છે. તે રાજાની પટ્ટરાણીને પેટે ગુણવતી નામની એક કન્યાનો જન્મ થયો. તે કન્યાની રૂપસંપત્તિ જોઇને તેના સરજનારા બ્રહ્મા પણ આશ્ચર્ય પામ્યા હશે. તેના પિતાએ તે કન્યાનો પતિ કોણ થશે, તેને માટે કોઈ સિદ્ધ પુરુષને પૂછ્યું,



ત્યારે તેણે કહ્યું હતું કે, આ કન્યા સપ્તદ્વીપના રાજાની સાથે પરણશે. તે પછી ગુણસાગર મહારાજે પોતાના મંત્રીઓની સાથે વિચાર કરીને એવો નિશ્ચય કર્યો કે, મારી પુત્રીનો યોગ્ય પતિ તો રાજા વિક્રમાદિત્ય જ છે! માટે હું વિક્રમાદિત્યનો પાણિગ્રહણ કરાવવા માટે મારી પુત્રીને તેને દેશ મોકલું છું.'

"આ પ્રમાણે મંત્રીઓની સાથે વિચાર કરીને બીજે દિવસે રાજાએ એક મોટું વહાણ તૈયાર કરાવી તેમાં કન્યાને વિદાય કીધી. તેની સાથે પુષ્કળ નોકર ચાકર ને ધન માલમત્તા પણ આપી હતી. સમુદ્રની શોભા નિરખતાં, નિરખતાં કેટલેક દિવસે માલમતાથી ભરેલું અમારું વહાણ સુવર્ણદ્વીપની નજદીકમાં આવ્યું, પણ દૈવયોગે એક મોટો મચ્છ અમારા ગંજાવર વહાણને ગળી ગયો. દૈવની ગતિ સમાન આચરણ કરનારી સમુદ્રની લહેર તે માછલાને તાણીને છેક સમુદ્ર કિનારા ઉપર ધસડી ગઈ અને તે મોટો મચ્છ સમુદ્ર તટપર જઈને પડયો. તેને જોઇને પડોશમાં રહેનારા મચ્છીમારો, જાતજાતના છરાઓ લઈ ત્યાં દોડી આવ્યા; અને તે મહામત્સ્યના પેટને ચીરી નાંખ્યું, એટલે તેમાંથી માણસો અને ધનથી ભરેલું અમારું મોટું વહાણ બહાર નિકળી આવ્યું. તે જોઈ માછીઓએ તે હકીકત રાજાને જાહેર કરી. તુરત જ તે દ્વીપનો રાજા પણ ત્યાં આશ્ચર્ય પામતો અમને જોવાને આવ્યો. તે રાજાનું નામ ચંદ્રશેખર છે; અને તે ગુણસાગર રાજાનો સાળો થાય છે. તેણે વહાણમાં બેઠેલાં માણસોને પૂછ્યું,–'તમે કોણ છો અને કયાંથી આવો છો?' તે સાંભળીને વહાણમાં બેઠેલાં માણસોએ સઘળી વાર્તા તેને નિવેદન કીધી, એટલે રાજા ચંદ્રશેખરે પોતાની ભાણેજી ગુણવતીને ઓળખી અને તેને ઘણું માન આપી પોતાની રાજધાનીમાં તેડી ગયો અને તે આનંદ નિમિત્તે નગરમાં મોટો ઉત્સવ કર્યો. ચંદ્રશેખર રાજાએ પણ પોતાની કન્યા ચંદ્રવતીને રાજા વિક્રમાદિત્ય વેરે પરણા-વવાનો વિચાર પ્રથમથી કરી રાખ્યો હતો, એટલે બીજે દિવસે તેણે પણ એક મોટું વહાણ તૈયાર કરાવી તેમાં ગુણવતીને અને તેનાં માણસોને ચઢાવ્યાં અને સાથે ચંદ્રાવતીને પણ વિદાય કીધી; અને તેને માટે દાયજામાં આપવા નવનવી અણુમોલ વસ્તુઓ આપી. પછી મંગળ મુહૂર્તમાં અમારું તે વહાણ ત્યાંથી ઉપડયું.

"તે પછી આ બન્ને કન્યાઓ ધીમેધીમે સમુદ્રને ઓળંઘીને અહીં આવી પહોંચી છે. અમે આ કન્યાઓના સેવકો છીએ. મહારાજ! જેવા અમે અહીં આવી પહોંચ્યા, તેવો જ એક ઘણો મોટો વરાહ અને એક જબરજસ્ત હાથી અમારી પાછળ ઘણા જુસ્સાથી દોડ્યો આવ્યો હતો. પણ હે મહારાજ! અમે હાથ જોડીને નીચે પ્રમાણે બૂમ પાડી, 'હે લોકપાળો ! આ બે રાજકન્યાઓ વિક્રમાદિત્ય મહારાજાને પરણવા માટે જાય છે, તો તમે ધર્મ ખાતર તેનું રક્ષણ કરજો.' જ્યારે તે વરાહ અને હાથીને કાને આ શબ્દો પડયા, ત્યારે તેઓએ અમને મનુષ્યવાચાપેરે ઉત્તર આપ્યું કે,–'હે મનુષ્યો! તમે તે મહાપ્રતાપી રાજાનું નામ લીધું છે, એ જ તમારી સલામતી છે ! માટે ડરો નહીં, ધૈર્ય ધરો! અમે તમને કોઈપણ પ્રકારે પીડા કરનાર નથી. તમને હવણાં વિક્રમાદિત્ય રાજા મળશે.' આમ કહીને તે દિવ્ય વરાહ ને હાથી કોણ

જાણે ક્યાં અલોપ થઈ ગયા, તે પુનરપિ જણાયા જ નથી. આ પ્રમાણેની અમારી કથા છે! ગુણવતીના મહેતાઓએ કહ્યું.'

(કાર્પટિક કલિંગસેનાને કહે છે.) "પછી હે રાણીજી! મેં તેઓને કહ્યું કે, તમે જે વિક્રમાદિત્યને મળવા ઇચ્છો છો, તે આપ પોતે આ રહ્યા! આ સાંભળતાં જ તે મહેતાઓ પૂર્ણ આનંદ દર્શાવતા મહારાજના ચરણમાં પડ્યા અને બન્ને રાજકન્યા, ગુણવતી અને ચંદ્રવતી, રાજાને તે જ વખતે અર્પણ કરી દીધી. રાજાજીએ તુરત જ વૈતાળને આજ્ઞા કરી કે, 'આ બે રાણીઓને પણ, મદનસુંદરીની પાસે લઈ જા, એટલે તે ત્રણે જણી સાથે સાથે પ્રવાસ કરશે!' તુરત વૈતાળ તે બન્ને રાજકન્યાને મદનસુંદરીની પાસે લેઈ ગયો.

"પછી હે રાણીજી! રાજા સાહેબ મને લઇને આડે માર્ગે જંગલમાં ચાલવા લાગ્યા. રસ્તામાં જતાં જતાં સૂર્યનારાયણ અસ્ત થયા; સાંઝ પડી. તે જ સમયે અમે મૃદંગનો ધ્વનિ સાંભળ્યો. મહારાજ વિક્રમાદિત્યે પૂછ્યું,–'વૈતાળ! આ મૃદંગનો નાદ ક્યાં થતો હશે?' વૈતાળે ઉત્તર આપ્યું,–'હે પ્રભો! આ વનમાં એક દેવમંદિર છે, તેમાં વિશ્વકર્માએ એવી તો કારિગીરી કીધી છે કે, જેના કોતર કામની આગળ સ્વર્ગસદન પણ લજ્જામણાં પડી ગયાં છે! તે મંદિરમાં સાયંકાળના નાટારંભનો સમય થવાથી મૃદંગ વાગે છે.'

"આ પ્રમાણે વૈતાળે તે દેવમંદિરની હકીકત જ્યારે કહી, ત્યારે રાજાજીને તે કૌતુક જોવા જવાનો વિચાર થયો. પછી રાજાજીના ઘોડાને એક વૃક્ષ સાથે બાંધી, હું, વૈતાળ અને મહારાજા, ત્રણે જણા તે દેવાલયમાં ગયા. ત્યાં તાર્ક્ષ્યરત્નમય* શંકરનું મોટું શિવલિંગ હતું. તેની આગળ દિવ્યરૂપવાળી ત્રણ અપ્સરાઓ, ચાર પ્રકારના વાજીંત્ર તથા ઉત્તમ પ્રકારના સંગીતનો પ્રયોગ કરીને નૃત્ય કરતી હતી. તે નાટારંભ ઘણો જ દર્શનીય હતો. ઘણીવાર સુધી નાટારંભ થયા પછી અમારા જોવામાં એક કૌતુક આવ્યું. નૃત્યની સમાપ્તિએ તે નૃત્ય કરનારી નારીઓ સ્તંભ ઉપર ઉભેલી પાષાણની પુત્તળીઓનાં સ્વરૂપમાં બદલાઈ ગઈ અને તે જ પ્રમાણે વાજીંત્ર વગાડનારા ને ગાનારા પુરુષો પણ ચિત્રેલા પુરુષોમાં રૂપાંતર પામી ગયા. આ જોઇને વિક્રમાદિત્ય મહારાજ વિસ્મય પામ્યા. ત્યારે વૈતાળે કહ્યું,–'મહારાજ! આ તો વિશ્વકર્માની કરેલી અક્ષય માયા છે, તેને લીધે સાયંકાળ અને પ્રભાતમાં પ્રતિદિવસ આ પ્રમાણે જ ગાયન થાય છે.'

"વૈતાળની આ વાત સાંભળ્યા પછી, અમે ત્રણે જણાં તે મંદિરમાં ચારે તરફ ફરવા લાગ્યાં. ફરતાં ફરતાં એક ભાગમાં આવી પહોંચ્યા. ત્યાં એક અત્યંત કાંતિમય પુતળી જોવામાં આવી. તે પુતળીને જોતાં જ રાજાજી તેના લાવણ્ય ઉપર મોહી પડ્યા. તેઓ ક્ષણભર શૂન્ય હોય, સ્તબ્ધ હોય, તેવા થતા હતા! તે પણ જાણે સ્તંભ ઉપર કોતરેલા પુતળારૂપ બની ગયા.

"ક્ષણ પછી શાંત થઇને મહારાજ બોલ્યા કે,–'જો કાંતિ તથા લાવણ્યવાળી આવી સ્ત્રી મને પ્રાપ્ત થાય નહીં તો પછી મારા આ મોટા રાજ્યનું શું પ્રયોજન છે? અથવા વૃથા

* આનો અર્થ ગારુડ રંગ એવો થાય છે. ગરુડના રંગનો તે પથ્થર હતો. અંગ્રેજી ભાષાંતર કરનાર લખે છે કે, એ કાળા રંગનો ઘણો કીમતી પથ્થર છે.



જીવવાનું પણ શું પ્રયોજન છે? એ વગર મારો મનખો એળે જ ગયો!' તે સાંભળીને વૈતાળે કહ્યું,–'તમારી ઇચ્છા પૂર્ણ કરવી કંઈ ભારે વાત નથી! કલિંગદેશના રાજા કલિંગસેનની પુત્રી, કલિંગસેના નામે છે! તે કન્યાને જોઇને, વર્ધમાનપુરના એક શિલ્પશાસ્ત્રીએ તેવું જ રૂપ બનાવવા માટે આ તાદૃશ્ય પુતળી ઘડી છે! હાલ તમે ઉજ્જયિનીમાં ચાલો મહારાજ! અને કલિંગસેન રાજા પાસે તેની કન્યાનું માગું કરવા દૂતને મોકલો. તે રાજા તમારી પ્રાર્થના સ્વીકારે નહીં, તો તમે પરાક્રમ કરીને તેની કન્યા હરી લાવો!' વૈતાળનું આ વચન રાજાજીના મનમાં સચોટ બેઠું.

"અમે સર્વે તે રાત્રિ ત્યાં જ રહીને ગાળી. પ્રભાત થયું. અમે ત્રણે જણા ત્યાંથી ચાલવા લાગ્યા. ચાલતાં ચાલતાં એક વનમાં આવ્યા. ત્યાં અશોક વૃક્ષ નીચે બે ફુટડા પુરુષને બેઠેલા જોયા. અમને જોતાં જ તે બંને જણા ઉભા થયા અને રાજાજીનાં ચરણમાં પ્રણામ કીધા. પછી રાજાજીએ તેઓને પૂછ્યું;–'તમે બન્ને જણા કોણ છો? અને આ અરણ્યમાં શા માટે આવ્યા છો?" ત્યારે તેમાંનો એક પુરુષ બોલ્યો; 'મહારાજ! હું મારું ચરિત્ર કહું છું, તે આપ કૃપા કરી સાંભળો.'

## ધનદત્તની કથા.

"પૂર્વે ઉજ્જયિનીમાં એક વણિક રહેતો હતો. તેનો હું પુત્ર થાઉં છું. મારું નામ ધનદત્ત છે. એક વખતે હું મારી પ્રાણપ્રિયાની સાથે રાત્રે અગાસીમાં સુતો હતો. પણ પ્રભાતમાં જાગીને જોયું તો મારી સ્ત્રીને મેં દીઠી નહીં. પછી મારી સ્ત્રીની મારા ભવનમાં ચારે તરફ ખોળ કરી; બીજા પ્રાસાદ તથા ઉપવનોમાં જઇને પણ તેની શોધ કરી, તોપણ કોઈ સ્થળેથી તે મળી આવી નહીં. પછી મેં મારા મનમાં કહ્યું,–'ગમે તેમ હો, તો પણ તે મારાપર પૂર્ણ પ્રેમવાળી છે, એટલે તે કદી પણ પરપુરુષપર આસક્ત થશે નહીં! આ માટેની મારી ખાત્રી કરવા તેણે મને એક પુષ્પમાળા આપી હતી અને જણાવ્યું હતું કે, જ્યાં સૂધી તે પતિવ્રતા છે, ત્યાં સૂધી આ પુષ્પમાળા કદી પણ કરમાશે નહીં! અને તે માળા હજી સૂધી જેવીને તેવી જ મને દેખાતી હતી; તેથી મારા મનમાં માત્ર એ જ ગુંચવાડો થયો કે, કોણ જાણે તે ક્યાં ગઈ હશે? કાં તો તેને ભૂત કે રાક્ષસ ઉપાડી ગયો હશે, અથવા કંઈ બીજું થયું હશે! તે વગર બીજું કંઈ હોય નહીં!" આવો વિચાર કરીને હું મારી સ્ત્રીને ચારે તરફ શોધવા લાગ્યો. પણ જ્યારે તે મળી નહીં, ત્યારે હું શોચંતો ને વિલપંતો રુદન કરવા લાગ્યો; અને મારી સ્ત્રીના વિરહ દુઃખાનળમાં દગ્ધ બનીને લાંઘણો ખેંચવા લાગ્યો. પછી મારા કુટુંબીઓએ મને બહુ દિલાસો આપ્યો અને કહ્યું કે, તું ગભરા નહીં, ચિત્તને સ્થિર રાખ. સૌ સારું થશે, ચાલ જરાક જમી લે. સર્વેના આગ્રહથી મેં જરા તરા ભોજન કરવા માંડ્યું અને એક મંદીરમાં રહીને દરરોજ બ્રાહ્મણોને જમાડવા લાગ્યો. એક વખતે આ બ્રાહ્મણ, જે મારી સાથે છે તે, મારા મંદીરમાં આવ્યો. તેને મેં ઉતારો આપી, સ્નાન કરાવી જમાડ્યો. ભોજન કર્યાં બાદ મેં તેને પૂછ્યું; "મહારાજ! તમે ક્યાંથી આવ્યા?" તેણે ઉત્તર આપ્યું કે, 'હું વારાણસીની

નજદીકમાં આવેલા એક ગામમાં રહું છું અને ત્યાંથી તીર્થાટન કરતો કરતો અત્રે આવ્યો છું.' તે પછી મારા એક સેવકે આ બ્રાહ્મણની આગળ મારું સર્વ દુઃખ વર્ણવી બતાવ્યું. તે સાંભળીને આ બ્રાહ્મણ બોલ્યો; 'અલ્યા ભાઈ! તું આળસુ રહીને આત્માને શા માટે દુઃખ ખમે છે. ચાલ, ઉઠ અને કાર્ય કરવાને ઉદ્યોગી બન.

**દોહરો.**—ઉદ્યમિ જન તો મેળવે, દુર્લભ વસ્તુ સદાય;
નિરઉદ્યમિના હાથથી, લક્ષ્મી નાસી જાય.

'માટે મારા દોસ્ત! ઉભો થા! હું તારો મિત્ર છું; ચાલ, આપણે બન્ને જણા સાથે નિકળી તારી સ્ત્રીની ખોળ કરીએ.' મેં તે બ્રાહ્મણને કહ્યું; 'અરે ભાઈ! તે સ્ત્રી કેઈ દિશામાં ગઈ હશે, તેની તો ખબર નથી ત્યારે આપણે તેની શોધ ક્યાં ને કેમ કરીશું?'

જ્યારે મેં તેને આ પ્રમાણે કહ્યું, ત્યારે તે ઘણા પ્રેમાળ વચનથી બોલ્યો; 'એમ શું નામર્દાઇના બોલ બોલો છો? કેસટ, કે જેણે સર્વ આશા પોતાની લાવણ્યમયી પ્રિયાની પુનઃપ્રાપ્તિની છોડી દીધી હતી, તેને તેની પ્યારીનો પુનઃ સમાગમ શું નહોતો થયો કે? તેની આ વાર્તા તમો કાન દઈ શ્રવણ કરોજી.'

## કેસટ અને કંદર્પની કથા.

પાટલીપુત્ર (પટના) નગરીમાં, દ્વિજ કુળમાં જન્મેલો એક તરુણ શ્રીમાન્ બ્રાહ્મણ રહેતો હતો. તેનું નામ કેસટ હતું. લાવણ્યમાં સાક્ષાત્ બીજો કામદેવનો અવતાર હોય તેવો તે કાંતિમાન્ હતો. તેને પોતાના સમાન કૂળ ગુણલાવણ્યવાળી સ્ત્રી પરણવાની ઇચ્છા થઈ. એટલે એક દિવસે તે, પોતાના માતાપિતાને કંઈપણ જણાવ્યા વગર, ઘર બહાર નિકળી ગયો અને તીર્થયાત્રા નિમિત્તે, નિરનિરાળા સ્થળોમાં તે ફરવા લાગ્યો. ફરતાં ફરતાં તે એક સમયે નર્મદાના તટપર આવી પહોંચ્યો. ત્યાં આગળ તપાસ કરતાં કોઇક વરરાજા અને તેના જાનૈયાની જાન જતી હતી, તે તેના જોવામાં આવી. તે જાનમાં કોઇક ગુણવાન્ વૃદ્ધ બ્રાહ્મણ અગ્રણી હતો. તેણે દૂરથી કેસટને નિહાળ્યો. તે તુરત જ તેની પાસે આવ્યો. પછી કેસટની સાથે ક્ષેમકુશળના સમાચારની વાત કીધી. અંતે તેણે કેસટને એકાંતમાં તેડી જઇને તેને માનપૂર્વક કહ્યું; 'ભાઈ! હું તમારી પાસેથી એક કૃપાદાન માગું છું. મને પૂર્ણ આશા છે કે, તે તમો કશી પણ આનાકાની વગર સહેલાઇથી આપી આભારી કરશો. તે કૃપાથી મારાપર અપાર ઉપકાર થશે. જો આપ તે કરવા હા પાડો તો પછી હું તમોને મારી તે વાર્તા નિવેદન કરું.' આ વચન સાંભળીને કેસટે કહ્યું; 'બ્રહ્મદેવ! તમો જે કહો છો, તે કાર્ય જો મારાથી બને તેવું હશે, તો નિઃશંક માનો કે, હું તે કાર્ય નિર્વિલંબે કરીશ; અને તેનો સંપૂર્ણ લાભ તમને જ લેવા દઇશ."

કેસટનાં આ વચન સાંભળી તે બ્રાહ્મણે કહ્યું,–'સાંભળો ત્યારે. ઓ સુશીલ સજ્જન! મારે એક પુત્ર છે. જેમ તમો રૂપરૂપના ભંડાર છો, તેમ તે કુરૂપનો આગાર છે. તે દંતવો તો એવો છે કે, સઘળા દાંતો મોઢાની બહાર ડોકીયાં કરી રહ્યાં છે; નાક તો ચીબુચબાક ને ચપટુસપાટ; શરીર તો ભેંસને પણ પાણી ભરાવે તેવું કાળું મેસ જેવું; આંખો પીળી દેડકા



જેવી; કાન સુપડા જેવા ફાફરા; અને હાથ પગ દોરડી ને પેટ ગાગેરડી, એવો તે રૂપાળો રઢિયાળો છે! આવું તેનું નિંદ્ય રૂપ છતાં પણ, પુત્રપ્રેમને લીધે મેં તેનાં મિથ્યા વખાણ, એક રત્નદત્ત નામના બ્રાહ્મણ પાસે કીધાં ને તેની કન્યાનું માગુ કીધું! તે ભલા બ્રાહ્મણે મારા મિથ્યા વખાણથી ભોળવાઇને પોતાની રતિને પણ જતી મૂકે તેવી હંસગતિએ ચાલતી, પગના ઠમકાથી ધરણી ધમકાવતી ને માની પુરુષોના માનને ખંડિત કરતી એવી રૂપવતી કન્યાના વિવાહ, મારા પુત્ર સાથે કીધા. ભાઈ! તને શું કહું? તે કન્યાના જેવી લાવણ્યસંપન્ન કન્યા-રત્ન, આ ત્રિભુવનમાં કોઈ પણ નથી. તેની સાથે લગ્ન કરવાને મારા પુત્રને તેડીને આજે હું તેને દેશ જાઉં છું. આ જાન લઇને હું અહિં સૂધી તો આવેલો છું. પણ મારી તો સંપૂર્ણ ખાત્રી છે કે, જ્યાં તે બ્રાહ્મણ મારા કદરૂપા પુત્રને જોશે, ત્યાં તે પોતાની કન્યા કદી પણ મારા પુત્રવેરે પરણાવશે નહીં. મારો આ સઘળો શ્રમ અકારથ થઈ પડશે; દુનિયા મારા મોઢાપર હસશે; સર્વે મને થુ થુ કરશે! તેથી હવે શું કરવું, તેનો હું વિચાર કરતો હતો; તેવામાં મારી નજર તમારાપર પડી. હું ઉઠીને તમારી પાસે આવ્યો ને મારી ગુપ્ત વાર્તા તમને જણાવી દીધી છે! હે સજ્જન પુરુષ! તમે જેમ બોલ્યા છો, તેમ તમારું વચન પાળો ને મારી ઇચ્છા પૂર્ણ કરો કે હું કૃતાર્થ થાઉં. મારી પ્રાર્થના એટલી જ છે કે, તમો જાનમાં અમારી સાથે ચાલો અને તે કન્યાને મારા પુત્રને બદલે તમો પરણો અને પછી તેને મારા પુત્રને સ્વાધીન કરી દેજો! તમારી આગળ આ પ્રાર્થના કરવાનું પ્રયોજન એ જ કે, તમો તે રૂપવતી કન્યાને યોગ્ય પતિ છો.'

અંતે બ્રાહ્મણનાં તે વિનયવચન સાંભળીને કેસટે કહ્યું;–'ભટ્ટજી મહારાજ! તમારી પ્રાર્થના મને માન્ય છે.' પછી તે વૃદ્ધ બ્રાહ્મણ, પોતાની જાનમાં કેસટને તેડી ગયો અને તે સર્વ સંગે, હોડીમાં બેસીને નર્મદા ઓળંઘી સામે પાર ગયો. ત્યાંથી સર્વે એક ગામ નજીક ગયા. જાને ગામ બહાર એક સ્થળે પડાવ નાંખ્યો. તુરત જ ગગનનો પ્રવાસી સૂર્યનારાયણ અસ્તાચળપર વિશ્રાંતિ લેવાને સિધાવ્યો. થોડીવારમાં રાત્રી પડી. અંધકાર દશે દિશાને ઘેરી વળ્યું! પછી, કેસટ થાકેલોપાકેલો જળાશય આગળ મોઢું ધોવા ગયો. ત્યાં અદ્ભુત બન્યું. તે જળમાંથી એક વિકરાળ રૂપવાળો રાક્ષસ બહાર આવ્યો અને બોલ્યો; 'મારી પાસેથી તુ ક્યાં જશે અલ્યા કેસટા!* હું હમણાં તારો ભોગ લઉં છું!' ત્યારે કેસટ બોલ્યો;–'તું મારો ભોગ હમણાં લે નહીં. જે બ્રાહ્મણનું કાર્ય પાર પાડવાનું મેં વચન આપ્યું છે, તે કાર્ય પૂર્ણ થયા પછી હું તારી પાસે આવીશ, તે પછી તારે જોઇયે તેમ કરજે.' કેસટનાં આ વચન સાંભળીને રાક્ષસે તેની પાસેથી તે મતલબનું વચન લીધું અને પછી તેને જવા દીધો. જળ પી, તૃપ્ત થઈ, ઉદાસીનતામાં આવેલો કેસટ, ત્યાંથી જાનીવાસે આવ્યો.

પછી પેલા વૃદ્ધ બ્રાહ્મણે કેસટને અંઘોલડી કરાવી અને સ્ત્રીઓએ ગીતો ગાતાં સ્નાન કરાવ્યું. પછી કેસટને વરરાજાના સર્વે વસ્ત્રાલંકાર પહેરાવ્યા અને નગરમાં ગાજતે વાજતે સાજન માજન સહિત તેણે પ્રવેશ કીધો. સર્વે જાનૈયા કન્યાના પિતા રત્નદત્તને ઘેર ગયા. ત્યાં વાજી-

* 'મારી સમક્ષ શી રીતે પાગી પીશે,' એ અર્થ અગ્રેજી ભાષાંતરકાર યોગ્ય ધારે છે.

ત્રોના નાદ થઈ રહ્યા હતા અને શરણાઇઓ ફુંકાઈ રહી હતી. ઘરના આંગણા આગળ એક સુંદર ( માહીરું બાંધ્યું હતું અને ) ચોરી સ્થાપવામાં આવી હતી. ત્યાં માહિરામાં પધાર્યા પછી, કેસટે રત્નદત્તની પુત્રી ચંદ્રમુખી રૂપવતીનું પાણિગ્રહણ, શાસ્ત્ર વિધિ પ્રમાણે કર્યું. વેવાઈએ પહેરામણીમાં પુષ્કળ ધન આપ્યું. કન્યા તરફથી ભેગી થયેલી સ્ત્રીઓ, વરનું કામણગારું મુખ નિહાળી હરખાઈ હરખાઈ ગઈ અને વરકન્યાનું જોડું એકસરખું છે તે જોઈને, તેમનાં ઘણાં વખાણ કરવા લાગી. રૂપવતી એકલી જ નહીં, પણ તેની સર્વે સખીઓ પણ વરના સૌન્દર્ય ઉપર વારી જવા લાગી અને કામાતુર થઈ ગઈ. પણ આ સમયે કેસટ નિરાશા ને આશ્ચર્યમાં પડવાથી દિગ્મૂઢ થઈ ગયો હતો.

રાત પડી. વરકન્યા શય્યાગૃહમાં ગયાં. ત્યાં રૂપવતીએ જોયું તો તેનો પતિ વિચાર-સાગરના મહા મોટા વમળમાં ગુંચવાઈ ગયો હોય તેવો જણાયો. રૂપવતીએ અનેક પ્રકારના હાવભાવથી તેને રીઝવવાનો પ્રયત્ન કીધો, પણ જેના હૃદયમાં ચિંતાએ મોટું ઘર કીધું છે, તેને એ સર્વે કામલીલા શું સુખ આપી શકે ? તે તો મોઢું મરડીને પલંગની બાજુએ કોરવાળીને પડી રહ્યો. જ્યારે મધ્યરાત્રિ થઈ ત્યારે કેસટ ઉઠયો ને પોતાના મન સાથે વિચાર કીધો કે;–'આ સ્ત્રી તો ઉંઘે છે, તો ચાલ હવડાં, મારું વચન પૂર્ણ કરું!' આમ વિચારી, માત્ર પોતાનું વચન પૂર્ણ કરવા માટે તે પેલા રાક્ષસ પાસે ગયો. પલંગપર ઉંઘતી જાગતી પડેલી પેલી પતિવ્રતા સ્ત્રી રૂપવતી, તેનો સ્વામી ઉઠીને કયાં જાય છે, તે કૌતુક જાણવા માટે શય્યાપરથી ચડપદેતીકે ઉઠી અને કોઈ જાણે નહીં તેમ છૂપી છૂપી તેની પાછળ પાછળ ચાલી. જ્યારે કેસટ, જ્યાં પેલો રાક્ષસ હતો ત્યાં આવ્યો, ત્યારે રાક્ષસે કેસટને જોઈને કહ્યું; "શાબાશ ! અલ્યા કેસટ ! તેં તારું વચન યથાર્થ પાળ્યું છે. એ ઉપરથી જણાય છે કે, તું કોઈ મહાશય છે. તેં તારી પ્રતિજ્ઞા પાળીને તારી જન્મભૂમિ પાટલીપુત્ર તથા તારા પિતા દેવસટના સાત કુળને પવિત્ર કીધું છે. પણ બચ્ચાજી ! હવે આવી જાઓ કે, હું તમારો ભક્ષ કરું!' આવાં વચન સાંભળી, રૂપવતી એકદમ અગાડી ધસી આવીને તે રાક્ષસ પ્રત્યે બોલી,–'અલ્યા ભાઈ ! પહેલાં તું મારો ભક્ષ કર, કેમકે મારા સ્વામીના ભક્ષ પછી મારી શી વલે થશે ?' રાક્ષસે પ્રતિઉત્તર આપ્યું,–'ચાલ, બાજુએ ખસી જા. બીજી રીતે નિર્વાહ ન થાય તો ભિક્ષા માગી ચલાવજે!' રૂપવતી બોલી,–'હે મહાપુરુષ ! હું અબળાને વળી ભીખ કોણ આપશે?' રાક્ષસે ઉત્તર આપ્યું,–'જા હું તને વરદાન આપું છું કે, તું જેની પાસેથી ભિક્ષા માંગશે તે તને ભિક્ષા આપશે જ ! તે જો તારો આદર નહીં કરે તો સત્વર તેના મસ્તકના હજારો કટકા થઈ પડશે.'* ત્યારે પુનઃ રૂપવતી બોલી,–'જો એમ જ છે તો હું તમારી પાસેથી ભિક્ષામાં મારા પતિનું પ્રાણદાન માગું છું!' આ વચન સાંભળીને તે રાક્ષસે તે માંગણી સ્વીકારી નહીં, એટલે તત્ક્ષણે તેનું મસ્તક ફાટી ગયું ને તે મરણ પામ્યો. પછી પોતાના પતિ સાથે ઘેર આવીને રૂપવતી પોતાના શયનગૃહમાં સુઈ ગઈ. તેનો

*આ વાર્તાને મળતી જ વાર્તા આ ગ્રંથના ૬૧ માં તરંગમા બે બંધુની કથા છે.



પતિ કેસટ તેના આવા અલૌકિક સદ્‌ગુણપર વિસ્મય પામતો ને વારી જતો વિચારમાં જ ગુલતાન થઈ ગયો, ત્યાં તો તુરત રાત્રી પૂર્ણ થઈ.

બીજે દિવસે પ્રભાતમાં સર્વે જાનૈયાઓએ અચ્છાંઅચ્છાં મિષ્ટાન્ન અડાવ્યાં. પછી તે નગરમાંથી જાનને વિદાયગીરી આપી. ચાલતાં ચાલતાં આ નવું જોડું નર્મદાતટે આવી પહોંચ્યું. ત્યાં આવતાં પેલા વરના બાપ બ્રાહ્મણ ડોસાએ પોતાના પરિવાર સાથે રૂપવતીને એક હોડીમાં બેસાડી અને પોતે બીજી હોડીમાં બેઠો અને હોડીવાળા ખારવાઓ સાથે સંકેત કરીને એકલા કેસટને ત્રીજી હોડીમાં બેસાડયો. હોડીમાં બેઠા પહેલાં કેસટના અંગપર પોતાના જે અલંકાર હતા તે સર્વે ઉતારી લીધા. પેલો ડોકરો તો પોતાના પુત્રની વહુ તથા પોતાના કદરૂપા પુત્ર સાથે નદીને પેલે પાર ઝટપટ આવ્યો, પણ કેસટની હોડીવાળા ખારવાઓએ તો તેની હોડી, નદીના મધ્યભાગે, જ્યાં ઘણાં વમળ હતાં ત્યાં ઉભી રાખી અને તણાતા તણાતા તે હોડીને ઘણે દૂર લઈ ગયા. પછી તે ખારવાઓ એકદમ હોડીમાંથી કુદકા મારી નદીમાં પડ્યા અને તરીને પાર આવ્યા. કેસટને તો તે હોડીમાં જ બેસાડી મૂકયો, જે વમળ તથા તાણના જોરને લીધે અગાડીને અગાડી ઘસડાતો ગયો. આ પ્રમાણેનું કાવત્રું કરવાને પેલા વૃદ્ધ બ્રાહ્મણે તે ખારવાઓને પ્રથમથી જ પુષ્કળ પૈસા આપ્યા હતા.

કેસટને અને તે હોડીને, નદીની તાણનાં મોજાઓ ઘણે દૂર ઘસડી ગયાં. તે સમુદ્રમાં જઈ પડ્યો. ત્યાં મોજાઓના સપાટામાં સપડાવાથી તેની હોડી એક કિનારાપર જઈને પડી. કિનારે આવતાં તે વિભ્રાંત થઈ ગયો. પણ તેનું આયુષ્ય લાંબું હોવાથી, શક્તિ ને શુદ્ધિ આવતાં તે ટટાર થયો. ત્યારે તે મનમાં જ બોલ્યો,–'એ પણ ઠીક મઝા! ઉપકારનો બદલો અપકાર તે આનું નામ ! તે ભટભાઇએ મને સારું ઇનામ આપ્યું ! પણ આ વાત વિચારવા જોગ નથી, કેમકે જે બ્રાહ્મણે પોતાના પુત્ર સાથે મને પરણવા બેસાડયો, એ જ જણાવે છે કે, તે મૂર્ખ ને લુચ્ચો છે; તો પછી તેને માટે વધારે શું વિચારવું ?'

આવા વિચારમાં ગુંથાઈ ગયેલો કેસટ, નદીના તટપર પડ્યો છે, તેવામાં સાયંકાળ થઈ. નિશાચરીઓનાં ટોળે ટોળાં ચોમેર ઘૂમવા લાગ્યાં. પછી એક બાજુએ લુગડું પાથરી તે પડ્યો, પણ આવા ભયંકર દેખાવને લીધે તેને નિન્દ્રા આવી નહીં. રાત્રીના ચોથા પહોરમાં તેણે ગગનમાં કોલાહલ સાંભળ્યો. તુરત આકાશમાંથી કોઈ લાવણ્યમૂર્તિ પુરુષને જમીન ઉપર પડતાં જોયો. પ્રથમ તો કેસટ ભયભીત થઈ ગયો. પણ થોડીવાર પછી તેણે જોયું કે, ભય પામવા જેવું કંઈ નથી, એટલે પડેલા પુરુષની ભવ્ય મુખચ્છાયા નિહાળી ધૈર્ય ધરી તે પુરુષને પૂછ્યું,–'ભાઈ! તમો કોણ છો?' ત્યારે તે મનુષ્ય બોલ્યો,–"પ્રથમ તમે મને કહો કે તમો કોણ છો?' પછી હું મારા કર્મની કહાણી તમોને કહીશ.' તે પુરુષનું આ પ્રમાણેનું બોલવું સાંભળી કેસટે પોતાનું ઇત્થંભૂત વૃત્તાંત કહી સંભળાવ્યું. પછી તે ગગનમાંથી પડેલા પુરુષે કહ્યું,–'મારા દોસ્ત ! તું પણ મારા જેવો જ દુઃખીયો જણાય છે, તો હું તને મારા કર્મની કહાણી કહું છું તે સાંભળ.

## કન્દર્પની કથા.

"**વીણા** નદીના તટપર રત્નપુર નામની એક નગરી છે. તે નગરનો હું એક ગૃહસ્થ બ્રાહ્મણ છું, શ્રીમાનનો પુત્ર છું અને મારું નામ કંદર્પ છે. એક દિવસ સંઝ્યાકાળે હું **વીણા** નદીપર જળ ભરવા ગયો, તેટલામાં કર્મધર્મ સંજોગથી મારો પગ લપસ્યો ને હું પાણીમાં પડી તણાવા લાગ્યો. રાતમાંને રાતમાં નદીના પ્રવાહમાં હું ઘણે દૂર તણાઈ ગયો. પણ મારા દૈવમાં હજી મરણ નોંધાયલું નહિ હોવાથી પ્રભાત થતાં હું એક કિનારા આગળ આવી ચઢ્યો અને ત્યાં આવેલા એક ઝાડની ડાળ મારા હાથમાં આવી ગઈ. પછી તે ઝાડની ડાળીના જોરે હું કિનારાપર ચઢી ગયો. ત્યાં થોડીવાર વિશ્રાંતિ લીધા પછી, જ્યારે મારામાં શક્તિ આવી ત્યારે, આજુબાજુએ નજર કરી તો પડોસમાં માતૃકાઓનું એક વિશાળ, પણ નિર્મનુષ્ય મંદીર મારા જોવામાં આવ્યું. મેં તે મંદીરમાં પ્રવેશ કીધો અને અંધારાનો નાશ કરતી માતૃકાઓનાં દર્શન કીધાં. તેઓને પ્રેમપૂર્વક પ્રણામ કરતાં મેં આ પ્રમાણે સ્તુતિ કીધીઃ 'હે ભગવતિ ! હું દુઃખથી પીડાયલો મનુષ્ય છું, તમારે શરણે આવ્યો છું. તમે મારું સંરક્ષણ કરો.'

"આ પ્રમાણેની પ્રાર્થના કીધા પછી, નદીના મોજાઓમાં ઘણું સંકટ પામવાથી થાકીને લોથપોથ થઈ ગયો હતો તેથી, હે મિત્ર! મેં તે સ્થળે મારો થાક ઉથાર્યો નહીં ત્યાં સુધી પડી રહેવાને માટે વિશ્રામ કીધો. એટલામાં દિવસ પણ પૂરો થયો; અને ભયંકર વિકરાળ જોગણરૂપી રાત્રી દેવી પણ તારારૂપી હાડમાળા ધારણ કરી, ચાંદનીરૂપ વિભૂતિથી અલંકૃત થઈ, હાથમાં ચંદ્રમારૂપી શ્વેત કપાળ ધારણ કરીને, ધમધમાટ કરતી આવી પહોંચી.

"પછી, હું ભૂલતો ન હોઉં તો, માતૃકાઓમાંથી કેટલીક જોગણીઓ બહાર નિકળી આવી; અને અન્યોઅન્ય વાતચિત કરવા લાગી કે, 'આજ રાત્રીના આપણે સર્વેને જોગણોનો મેળો, જે ચક્રપૂરમાં મળનારો છે ત્યાં જવું છે; તો આ બ્રાહ્મણભાઈ! જંગલી જનાવરોની વચ્ચે અરણ્યમાં શી રીતે રહી શકશે ? એ આપણે શરણે આવ્યો છે તો આપણું કર્તવ્ય એ જ છે કે, એનું સંરક્ષણ કરવું. તેથી આપણે એને કોઈ એવા નિર્ભય સ્થળે મૂકી આવીએ કે જ્યાં એ સુખથી રહે. પછી આપણે એને અત્રે પાછા લાવીશું.' પછી જોગણીઓએ મને વસ્ત્રાલંકારથી શણગાર્યો અને મને લઈ આકાશમાં ઉડી ગઈ અને એક નગરમાં કોઈ ધનાઢ્ય બ્રાહ્મણને ઘેર મૂકીને, સર્વે ત્યાંથી કોઈ તરફ ચાલી ગઈ.

"હું ત્યાં રહ્યો અને ચોમેર નજર કરું છું તો, અહા ભાઈ! તને શું કહું ? એક સ્થળે લગ્નને માટે ચોરી રચાયલી જણાઈ, અને જાણે હમણાં જ 'સમે વર્તે સાવધાન' થનારું હોય તેમ ભાસ્યું. આશ્ચર્ય એ જણાતું હતું કે, કોઈ પણ સ્થળપર વરરાજાનો વરઘોડો ને જાનૈયા જણાતા નહોતા. પણ એટલામાં તો ત્યાં મળેલા બીજા સઘળા મનુષ્યો, દિવ્ય આભરણવાળો મને તે મંડપના દ્વારપર જોઈ, હું જ વરરાજા છું, એમ ઠોકી બેસાડી બોલ્યા કે,–'અરે જૂઓ છો શું? વરરાજા તો આ રહ્યા ! લો, તેઓ જ આવ્યા છે ને ! ચાલો, ચાલો, કન્યાને તૈયાર કરી, માહિરામાં પધરાવો,' એમ કહેવા લાગ્યા ! પછી તે ઘરના માલિક બ્રાહ્મણે મને પ્રેમથી તેડી



જઈ ચોરીમાં બેસાડ્યો અને પોતાની કન્યાને માહિરામાં પધરાવી, વિધિયુક્ત કન્યાનું દાન દઇ મંગળ ફેરા ફેરાવ્યા. ત્યાં ભેળી થયેલી સ્ત્રીઓ ઠમકા ને મચકાથી એક બીજા પ્રત્યે વાતચિત કરતી હતી કે,–'વાહ! વાહ! **સુમના** ભાગ્યશાળી તો ખરી કે, આવો કામણગારો રૂટડો ધણી પામી! તે જેવી સુંદરાંગી સુંદરી છે, તેવો જ આ પણ કામદેવ જેવો કામણગારો છે!' હું **સુમના** સાથે પરણ્યો! માહિરામાંથી નિકળી હું શયનગૃહમાં ગયો. ત્યાં મારે યોગ્ય સર્વ પ્રકારના સુગંધીદાર પદાર્થ, પકવાન્ન ને બીજા સાહિત્યો ઘણા ભભકાપર ગોઠવેલાં જણાયાં.

'રાત જતાં આપણે તો ભરનિદ્રામાં પડ્યા. એટલામાં પેલી જોગણીઓ જે મેળામાં ગઈ હતી તે ત્યાંથી પાછી ફરી અને ચોથે પહોરે જ્યાં હું પડ્યો હતો ત્યાં આવી, પોતાની તાંત્રિક શક્તિને જોરે તેઓ મને ઉઠાવીને ગગનમાં ઉડી ચાલી. તે સર્વે જોગણીઓ ગગનમાં સડસડાટ પ્રવાસ કરતી હતી, તેવામાં બીજી કેટલીક જોગણીઓ તેને સામેથી આવતી મળી. તેઓની ઇચ્છા થઈ કે મને હરી જવો, એટલે મારી ખેંચતાણ થઈ અને એ ઝઘડામાં આપણે તો ઢબાક દેતા કે આ નીચે ગગડી પડ્યા છીએ. હવે હું નથી જાણતો કે, **સુમના** ક્યાં છે અને હું કીયા નગરમાં પરણ્યો છું; અને હું કહી પણ શકતો નથી કે, હવે તે બાપડીની શી વલે થઈ હશે! આમ ઉપરાચાપરી દૈવેચ્છાથી પડેલાં સંકટોએ મને અહીં આણ્યો છે. હવે તારા સુખરૂપ સમાગમથી કંઈક રીતે સંકટમાંથી મોકળો થયો છું. આ પ્રમાણેની મારી વિતક વાર્તા છે.'

જ્યારે કંદર્પે પોતાનું ચરિત્ર આ પ્રમાણે કહી સંભળાવ્યું, ત્યારે કેસટે કહ્યું,–'ભાઈ! હવે તું તલમાત્ર પણ ભય રાખતો નહીં; હવે તને જોગણીઓ જરા પણ હેરાન કરી શકશે નહીં, કે અહિંયાંથી પકડી જશે નહીં. કેમકે મારી પાસે એવી તો સચોટ સિદ્ધિ છે કે, તેના યોગે તેઓ દૂરની દૂર જ રહેશે. ચાલ આપણે આમ તેમ ફરીએ; દૈવ આપણું કલ્યાણ જ કરશે.' આ પ્રમાણે વાતચિતમાં તો રાત્રી પણ પૂર્ણ થઈ ગઈ અને પ્રભાત થયું.

પછી સૂર્યનારાયણે પોતાની સ્વારી ચલાવી. તેની સાથે કેસટ અને કંદર્પે પણ પોતાની સ્વારી ચલાવી. તેઓ બેઉ સાગરને ઉલ્લંઘી ગયા અને કેટલેક દિવસે રત્નાનંદી નદીને તીરે આવેલા **ભીમ**પૂરા નગરમાં જઈ પહોંચ્યા. ત્યાં જઈ પહોંચતાં નદી કિનારાઓપર તેઓએ ઘણો મોટો કોલાહલ સાંભળ્યો. જ્યાંથી આ કોલાહલ આવતો હતો, ત્યાં તે બંનો પહોંચ્યા. ત્યાં તેઓએ નદીની ખાડીમાં તણાઈ આવેલો ને બંનો કિનારાઓને રોકીને પડેલો મોટો મગરમચ્છ જોયો. સમુદ્રના મોટા મોજાએ તેને જારભેર ઉરાડી દીધેલો, તે પોતાના ભારેપણાથી નદી તરફ ઘસડાઈ આવ્યો હતો. તે મગરમચ્છને ચીરી તેનું માંસ લેવા માટે કેટલાક માછીમારો હથિયાર લઇને ઉભા હતા. આ માછીમારોએ હથિયારના ઘા ધડાધડ કીધા અને તે, મગરનું પેટ ચીરી નાંખ્યું, એટલે તેમાંથી એક સ્ત્રી નિકળી આવી. લોકો તેને જોઇને ઘણા આશ્ચર્ય પામ્યા, તેમ તે સ્ત્રી પણ ઘણી ભયાકુળ થયેલી હોવાથી બાવરી બાવરી નદીના કિનારાપર આવીને બેઠી.

કંદર્પે તેણીને જોઈ. આશ્ચર્ય પામતો તે કેસટપ્રત્યે બોલ્યો.–'પ્રિય મિત્ર! જો જો પેલી **સુમના**! જેની સાથે મારાં લગ્ન થયાં છે તે! પણ મને સમજાતું નથી તે કે કેવા

પ્રકારે આ મગરના પેટમાંથી જીવતી નિકળી. એમાં શું ચમત્કાર છે, તે હવણાં અબોલા અબોલા આપણે તપાસીએ. બધી વાત જણાયા પછી બોલવું ન બોલવું તે થઈ રહેશે.' આ વાર્તા કેસટે પણ માન્ય કીધી, અને તે બંનો જણ જ્યાં હતા ત્યાં જ ગૂપચૂપ બેસી રહ્યા. પછી નદી તટપર ભેળા થયેલા લોકોએ પેલી **સુમના**ને કહ્યું,–'બાઈ, તું કુણ છું; કીકાથી ઈશા આવેલી ? ને ઈ મોટા મછીરના પેટમાંથી નીકળી આવેલી ઈ હું ? બોલરે લોંડી ! બોલ;–આવાં તે ગામડીઆઓનાં ગમાર વચન સાંભળીને **સુમના** ઉદાસ મુખે બોલી,–'હું રત્નગરમાં રહેતા જયદત્ત નામના દ્વિજશિરોમણિની પુત્રી થાઉં છું. મારું નામ **સુમના** છે. ભાઈઓ, એવું બન્યું કે એક રાત્રીના મારાં લગ્ન થયાં. તે રાત્રે કામદેવ જેવો રૂપાળો ને જેની લાવણ્યતામાં બ્રહ્મા પણ ખોડ કાઢી શકે નહીં તેવો એક બ્રાહ્મણ મારી સાથે પરણ્યો. અમારા બંનોનું જોડું તો જુગતેજુગતું હતું–જાણે કામ ને રતિ! પણ કર્મસંજોગ બળીયા હોય છે, તેમ મારે પણ બન્યું. તે જ રાત્રે શયનગૃહમાં હું ઉંઘતી હતી તેવામાં મારો નાથ કોણ જાણે કયાં જતો રહ્યો, તેનો કશો પત્તો જ મળતો નથી. મારા પિતાજીએ ઘણીએ શોધ કરાવી, ઘણા જાસુસો મોકલ્યા, ઘણા દૂતો ને સિપાઈઓ ચોમેર ફરી વળ્યા, પણ કોઈ સ્થળેથી મારા પ્રાણનાથના સરસમાચાર મળ્યા નહીં. આથી મને અત્યંત નિરાશા વ્યાપી રહી ને તેના આવેશમાં, મારા વિરહાગ્નિને શાંત પાડવા માટે મેં નદીમાં ઝોકાવી દીધું! ભોગજોગે આ માછલું મને ગળી ગયું, તે તો તમો જુઓ છો; તેમાં રહેલી મને આજે અહિંયાં દૈવે લાવી નાંખી છે !'

જ્યારે **સુમના** આ પ્રમાણે વાતચિત કરતી હતી તેવામાં, વાતને અંતે, ત્યાં ભેળા થયેલા ટોળામાંથી **યજ્ઞસ્વામી** નામનો એક પુરુષ નિકળી આવ્યો અને તુરત તે સ્ત્રીને ભેટી પડયો ને બોલ્યો,–'ચાલ, ચાલ, મારી વહાલી ભાણજી! તું મારી બહેનની પુત્રી છે. હું તારો મામો થાઉં છું, મારું નામ **યજ્ઞસ્વામી** છે ને તારી માનો હું સગો ભાઈ થાઉં છું! બહેન! હવે તું જરાપણ ગભરાતી નહીં. જાણ કે તારા સર્વે દુઃખોનો આરો સત્વર આવશે.' આવાં તે પુરુષનાં વચન સાંભળીને, **સુમના**એ પોતાના મોંઢાપર ઢાંકેલો ઘુંઘટો ખેંચી લઈને તેની સામે જોયું, તો **યજ્ઞસ્વામી**ને બરાબર ઓળખ્યો કે તે તેનો મામો જ છે. પછી રડતાં રડતાં તે તેને ગળે વળગી પડી ને તેને પ્રેમપૂર્વક પ્રણામ કીધા. થોડીકવાર રહ્યા પછી **સુમના**એ પોતાના મામાને કહ્યું,–'મામા સાહેબ! મારી એક પ્રાર્થના છે, તે તમો માન્ય કરીને મને ઉપકારી કરો. ઓ મામા! હું હવે મારા કંથ, મારા નાથ વગર ક્ષણભર પણ રહી શકતી નથી, માટે મને થોડાક સરપણ આણી આપો, કે જેની ચિતા ખડકીને તેમાં મારું બલિદાન દઉં. મારા પ્રાણધર ગયા તો હવે મારો અગ્નિદેવ શિવાય બીજો કોઈ આધાર નથી!'

**સુમના**ના મામાએ તેણીને ઘણું ધૈર્ય આપ્યું, ઘણી ઘણી રીતે સમજાવી, બહુ બહુ દૃષ્ટાંતો આપ્યાં, પણ **સુમના** એકની બે થઈ નહીં. તેણે બળી મરવાનો પોતાનો વિચાર છોડયો જ નહીં. હવે કંદર્પે જોયું કે, તેની સ્ત્રીના પોતાપરના પ્રેમની ખરી કસોટી કસાયી છે, એટલે



તે જ્યાં બેઠો હતો ત્યાંથી એકદમ નિકળી આવ્યો અને જેવો તે **સુમના** નજીક આવ્યો કે તેણીએ તેને સારી રીતે પીછાણ્યો. તે પ્રેમાવેશમાં જ્યાં બેઠી હતી ત્યાંથી ઉઠી, દોડી, ને પોતાના પતિના પાદારવિંદમાં પ્રણામ કરતાં તેના પાદનું શીત અશ્રુથી સિંચન કીધુંઃ તેમ, પતિનું પાદપ્રક્ષાલન કરતી હોય તેમ જણાતું હતું. જ્યારે તે વિચક્ષણ સ્ત્રીને લોકોએ અને તેના મામાએ પૂછયું કે, 'એ પુરુષ કોણ છે?' ત્યારે તેણીએ સર્વને ઘણા વિનયથી કહ્યું, 'ભાઈઓ! એ મારો ભરતા છે.' આ વાર્તા સાંભળતાં સર્વે રાજી રાજી થઈ ગયા. પછી **યજ્ઞસ્વામી** પોતાની ભાણજી, કંદર્પ અને કેસટ–સર્વેને પોતાને ઘેર તેડી ગયો. ત્યાં ગયા પછી સર્વેએ પોતપોતાનું ચરિત્ર સારી રીતે કહી સંભળાવ્યું. **યજ્ઞસ્વામી** અને તેના કુટુંબીજનોએ પૂર્ણપ્રેમથી તે સર્વેની રુડી રીતે આગતાસ્વાગતા કીધી ને ઘણું માન આપ્યું.

ત્યાં રહેતાં કેટલાક દિવસ વીતી ગયા છે. કંદર્પને પોતાની પ્યારી મળી ચૂકી છે. કેસટ પોતાની પ્રિયાને મળવાને ઉત્કંઠિત છતાં તેનો કશો પત્તો મળતો નથી. આ રીતે પ્યારીની વિરહવેદનાથી વ્યથિત થયેલા કેસટે, એક દિવસે કંદર્પને કહ્યું,–'પ્રિયમિત્ર! તારી પ્રિયા તો તને પ્રાપ્ત થઈ છે, એટલે તને જે જોઈતું હતું તે પ્રાપ્ત થઈ ચૂકયું. તો હવે તું તારી નગરી રત્નપુર જા અને તારી પ્રિયા સંગે રહીને રંગે રમ. પણ મને મારી ઇચ્છાનુરૂપ ફળ પ્રાપ્ત થયું નથી, તેથી હું મારે પૂર જઈ શકતો નથી. હે મિત્ર! હું તો હવે તીર્થાટન કરીશ ને તેમ કરતાં જ મારો દેહ પાડીશ.' **ભીમપુરા**માં રહેલા **યજ્ઞસ્વામી**એ તેના મુખથી આ વાર્તા સાંભળીને તેણે કેસટને કહ્યું,–'અલ્યા કાયર! આમ બાયલા પેરે નિરાશ થઈને તું કાં બોલે છે? જીવતો નર ભદ્ર પામે છે. આના પુરાવામાં જો તારી ઇચ્છા હોય તો કુસુમાયુધની આ કથા, જે હું તને કહું છું તે સાંભળ.

## કુસુમાયુધ અને કળમલોચનાની કથા.

ચંદ્રપુર નામનું એક નગર હતું. તેમાં દેવસ્વામી નામનો એક દ્વિજ રહેતો હતો. તેને ત્યાં એક કન્યા હતી, જેનું નામ કમળલોચના હતું. આ કન્યા સૌંદર્ય શિરોમણિ હતી. તેને ત્યાં કેટલાક શિષ્યો વિદ્યાભ્યાસ કરતા હતા. તેમાં કુસુમાયુધ નામનો એક શિષ્ય હતો, જેની સાથે આ કન્યા પ્રેમમાં પડી હતી.

એક દિવસે તે કન્યાના પિતાએ, કોઈ બીજા સાથે તે કન્યાનો વિવાહ કરવો નિર્ધાર્યો. આ ખબર કમળલોચનાને પડી કે, તેણે પોતાની એક સખીને આ પ્રમાણેનો સંદેશો કહાવીને કુસુમાયુધ પાસે મોકલી:–"જો કે મેં તો ઘણા દિવસ થયા તમોને જ મારા પ્રાણનાથ ગણીને મારું હૃદય અર્પણ કીધું છે, તોપણ મારા પિતાજીએ કોઈ બીજા સાથે મારો વિવાહ કરવાનો ઠરાવ કીધો છે. હવે આપને જેમ યોગ્ય લાગે તેમ કરીને મને લઈ જાઓ." આ વાર્તા સાંભળી કુસુમાયુધે તે સખી સાથે વિચાર કરીને તે રાત્રિના કમળલોચનાનું હરણ કરવાનો ઠરાવ કીધો. તેણે રાત્રીના ગામ બહાર એક ખચ્ચર તથા એક નોકરને મોકલ્યો કે, તે કન્યા તેપર બેસીને તેની પાસે આવે. રાત્રીના કમળલોચના ગામ બહાર ગઈ, તો

સંકેત કરેલા સ્થળપર એક ખચ્ચરવાળો, ખચ્ચર લઇને ઉભેલો જણાયો. કમળલોચના તે ખચ્ચરપર સ્વાર થઈ, પણ પેલો ખચ્ચરવાળો તેને પોતાના શેઠને ત્યાં તેડી નહીં જતાં, પોતે તેની સાથે પરણી જવા માટે, તેણીને બીજે જ સ્થળે ઘસડી ગયો.

રાતમાંને રાતમાં તે ખચ્ચરવાળો, કમળલોચનાને ઘણે દૂર તેડી ગયો. પ્રભાત થતાં તો તેઓ એક ગામમાં આવી પહોંચ્યાં. ત્યારે પેલી પતિવ્રતા સ્ત્રીએ પેલા ખચ્ચરવાળાને પૂછ્યું,–'અલ્યા! મારો પતિ કયાં છે? તેની પાસે મને કેમ તેડી જતો નથી?" જ્યારે પેલા લુચ્ચા ઠગારાએ તે બાળાના મુખથી આવાં વેણ સાંભળ્યાં, ત્યારે પરદેશમાં, વળી એકલવાઈ, વળી જાતે અબળા અને કોઇનો આશ્રય નહીં, તેના પ્રત્યે આવાં નિષ્ઠુર વચન કહ્યાં: "હેં! હેં! બાઈ સાહેબ! તમારો ભ-ર-થા-ર, કો-ણ, કો-ણ? આ હું તે કોણ? હેં! એએ! હેં! હું તમને પરણીશ તો કેવી મઝા પડશે-હી-ઈ-ઈ હી-ઈ-ઈ-ઈ! હવે તે બાપડાને કાં રડો છો? હેં! હેં! હેં! હું ફાંકડાને તો જરા જુઓ! હવે તેની વાત મૂકી દો મૂકી. મને પરણો અને આપણે બે રંગ ઉડાવી મોજ કરીશું, મોજ!" જ્યારે તે ચતુર ચતુરાએ આ ચતુરાઈ વગરના મૂર્ખાનો હેતુ જાણ્યો, ત્યારે મનમાં પુખ્તપણાથી વિચાર કીધો અને પછી પ્રપંચથી કહ્યું,–'તું મારો ભર્તા! વાહ! શી મઝા પડશે! અલ્યા! હું તને ઘણો ચાહું છું. હાયરે પ્યારા! આપણનું જોડું કેવું મઝાનું શોભશે. પણ ચાલ ઉતાવળ કર, જલદી ગામમાં જા અને લગ્નનું સાહિત્ય લઈ આવ કે, આપણે ઝટપટ મંગળફેરા ફરી લઇયે!" આવાં તે સ્ત્રીનાં કૃત્રિમ વચન સાંભળીને પેલો લુચ્ચો, પણ મૂર્ખો–ફુલાઇને ગધેડો બન્યો. તે સ્ત્રીને પડોસમાંના એક સુંદર બગીચામાં બેસાડી, પોતે ગામમાં લગ્નનું સાહિત્ય લેવાને દોડચો.

એ અરસામાં કમળલોચના, પેલા ખચ્ચરને લઇને ત્યાંથી નાસીને ગામમાં એક વૃદ્ધ માળીને ત્યાં ગઈ. તે માળીને પોતાનું સર્વ વૃત્તાંત નિવેદન કીધું, એટલે તેણે તેણીને સારો આદરસત્કાર આપ્યો. પછી કમળલોચના ત્યાં જ રહી. થોડીવારે પેલો નિષ્ઠુર નોકર બગીચામાં પાછો ફર્યો અને ચોમેર શોધ કરી. પણ જ્યારે કમળલોચના નજરે પડી નહિ ત્યારે નિરાશ થઇને, પોતાના શેઠ કુસુમાયુધ પાસે આવ્યો. જ્યારે તેના શેઠે તેને પૂછ્યું કે,–"કેમ, કમળલોચના કયાં છે?" ત્યારે તેણે આ પ્રમાણે જુઠાણું અડાવ્યું. "શેઠજી! તમો તો બડા ભોળાભટાક જણાઓ છો, પણ તમને સ્ત્રીચરિત્રની લેશ માત્ર પણ ખબર નથી. કુટિલ કામિનીઓનાં ચરિત્રો કોણ જાણી શકે છે? તમારાં બાઇશ્રી કલ્યાણીબાઈ તો કંઈ ગામ બહાર આવ્યાંએ નહીં ને તેમના ઘુઘરા ધમક્યાએ નહીં; પણ કોઈ અજાણ્યા માણસો જ ત્યાં આવ્યા ને મને ત્યાં ઉભેલો જોઇને પુષ્કળ ઠોક્યો ને પછી મને પકડ્યો–તે સાથે મારા ખચ્ચરને પણ પકડીને ઘસડી લઈ ગયાં. પણ ભલા ભગવાનની કૃપાથી હું તો જેમ તેમ કરીને તે ચંડાળોના હાથમાંથી છટકી આવ્યો છું. શેઠજી! સારું થયું કે, તમે ત્યાં નહોતા, નહીં તો કંઈ જોવા જેવું બનત! સાહેબ! શું કહું? મારાપર બહુ વિટંબણા પડી છે, વિટંબણા પડી છે, રે વિટંબણા પડી છે કે ન પૂછો વાત! હાય! હાય! મારું ખચ્ચર! તે કયાં ગયું?" આ પ્રમાણે બોલતાં તો તે ધૂર્તે ઘણો વિલાપ કીધો. કુસુમાયુધ આ વાત સાંભળી વિચારવમળમાં ઘસડાતો દિગ્મૂઢ થઈ ગયો.



હવે એવું બન્યું કે, કુસુમાયુધના પિતાએ તેનાં લગ્ન કરવાને માટે બીજે નગરે જવાને જાન કાઢી. રસ્તામાં જે નગરમાં કમળલોચના હતી, ત્યાં જાન આવી પહોંચી. જાનૈયાઓએ ગામને પાદરે જે બગીચો હતો તેની પડોસમાં ઉતારો કીધો. પછી કુસુમાયુધ એકલો તે વાડીમાં ફરવાને ગયો. ત્યાં કમળલોચનાએ તેને દીઠો, એટલે તુરત પેલા માળીને જણાવ્યું કે એ જ મારો ભર્તા છે, તેને તું તેડી આવ. એટલે માળી કુસુમાયુધ પાસે ગયો અને તેને સર્વ વાર્તા વિદિત કરી, પોતા સાથે તે સ્ત્રીની પાસે તેડી લાવ્યો. પછી તે માળી લગ્નનાં સર્વ સાહિત્ય ઝટપટ લઈ આવ્યો અને એક બ્રાહ્મણને બોલાવી ચોરી રચી અને ઘણા દિવસનાં ઇચ્છાતુર–વિરહાતુર વરકન્યાનાં લગ્ન, શાસ્ત્રવિધિએ થયાં. પછી કુસુમાયુધે, પેલા નિર્દય ને લુચ્ચા ચાકરને સારી રીતની શિક્ષા કીધી અને પાછળથી પેલી બીજી કન્યા, કે જેને પરણવાને તે નિકળ્યો હતો તેને પણ પરણ્યો; કેમકે કમળલોચના પ્રાપ્ત થવાનું કારણભૂત તે થઈ પડી હતી. આ પ્રમાણે એકને બદલે બે સ્ત્રીઓને પરણી, બહુ હરખાતો તે પાછો પોતાને નગરે આવ્યો.

[કેસટને યજ્ઞસ્વામી, મહારાજ વિક્રમાદિત્યને ધનદત્ત અને કલિંગસેનાને કાર્પટીક કહે છે.] "આ પ્રમાણે ભાગ્યશાળી નરોનો નહીં ધારી શકાય તેવી રીતે સંયોગ થાય છે, માટે હે કેસટ! તું ખાત્રી રાખ કે, તારી પ્યારી તને નિઃશંક મળશે જ." જ્યારે યજ્ઞસ્વામીએ આ પ્રમાણે ધૈર્ય આપ્યું, ત્યારપછી કંદર્પ, સુમના ને કેસટ કેટલાક દિવસ સૂધી ત્યાં જ રહ્યાં. થોડે દિવસે સર્વે પોતપોતાના નગરે જવાને નિકળ્યાં. રસ્તે ચાલતાં તેઓ એક વિશાળ અરણ્યમાં આવી ચઢ્યાં. ત્યાં એક અરણ્યના હાથીની દોડાદોડીથી ગભરાયલાં તે સર્વે વિખૂટાં પડી ગયાં. આમાં કેસટ, એકલો અટુલો, શોકાતુર ચહેરે ગામેગામ ફરતો ફરતો કાશીમાં આવી પહોંચ્યો. ત્યાં તેને કંદર્પનો પુનઃ મેળાપ થયો. તે ત્યાંથી નિકળી કંદર્પ સંગે, પોતાના પાટલીપુત્ર નગરમાં ગયો–જ્યાં જતાં કેસટના પિતાએ તે સર્વનું રુડી રીતે આદરાતિથ્ય કીધું. પછી કેસટે પોતાના પિતાજીને, રૂપવતી સાથે કેમ લગ્ન થયાં અને પેલા ભટ્ટાએ કેમ છેતર્યો તથા કંદર્પનો સમાગમ કેમ થયો, તે સર્વ ચરિત્ર યથાર્થ વર્ણવી સંભળાવ્યું.

હવે વિખૂટી પડેલી સુમનાનું શું થયું તે સાંભળો. અરણ્યવાસી હાથીની દોડાદોડીથી ભયની મારી તે એક ગીચ ઝાડીમાં પેસી ગઈ. તે ત્યાં થરથરતી ઉભી છે, તેવામાં તો સૂર્ય અસ્તાચળમાં ઢંકાઈ ગયો. ઝમઝમ કરતી રાત્રી ઝમકારા કરવા લાગી. એકાંત અરણ્યમાં ગુંચવાઈ ગયેલી અબળા સુમના મોટેમોટે આક્રંદ કરીને વિલાપ કરવા લાગી: "આહા! મારા નાથ! ઓ મારા પિતાજી! અરે માતુશ્રી! તમે કયાં ગયાં? હવે મારું શું થશે? હું શું કરું? આમ વિલાપ કરતાં કરતાં તેનો ઘાંટો પણ બેસી ગયો. પછી તેણે ઠરાવ કીધો કે, હવે તો દાવાનળમાં બળી મરવું.

હવે બીજી બાજુએ તપાસીએ તો પેલી જોગણીઓનું ટોળું, કે જેઓ કંદર્પ ઉપર બહુ કૃપાળ હતી, તેઓએ બીજી જોગણીઓને ઘણે દહાડે પણ મારી હઠાવી, તેમનો પરાજય કીધો અને પછી પોતાના મંદિરમાં આવીને રહી. ત્યાં આવતાં તેઓને કંદર્પનું સ્મરણ થયું.

તેઓએ પોતાની માયાના યોગે જાણ્યું કે, કંદર્પની પત્ની જંગલમાં માર્ગ ભૂલવાથી ઘણી વિલપે છે! તેના છુટકારા માટે સર્વે વિચાર કરવા લાગી કે, 'જો કે કંદર્પ તો ધીર પુરુષ છે, તેથી વિના આશ્રયે તે પોતાની ઇચ્છા પૂર્ણ કરશે, પણ તેની સ્ત્રી, હજી બાળક છે, અને તે અરણ્યમાં છૂટી પડવાથી માર્ગ ભૂલી ગઈ છે, તેથી કદાચ તે ગભરાટની મારી પોતાના પ્રાણ ત્યાગ કરશે. આપણું કર્તવ્ય એ જ છે કે, આપણે તેને રત્નપૂરમાં કંદર્પના પિતાને ઘેર સુખરૂપ પહોંચતી કરીએ. તે ત્યાં રહી તેની બીજી શોક્યો સાથે પોતાનો કાળ નિર્ગમન કરશે." આવો વિચાર કરીને તે જોગણીઓ અરણ્યમાં આવી અને **સુમના**ને ધૈર્ય આપી, પોતા સંગે લઇ જઇને પળવારમાં રત્નપુરમાં મૂકી દીધી.

રાત્રી વીતી ને વહાણું વાયું, એટલે **સુમના** નગરમાં ભટકવા લાગી. તેવામાં તેના કાનપર જ્યાં ત્યાં દોડતા મનુષ્યના મુખથી આવી વાર્તા સાંભળવામાં આવી કે,–"હાય! હાય! કંદર્પ બ્રાહ્મણની સ્ત્રી સદ્‌ગુણ સુંદરી અનંગવતી, પોતાનો પતિ ઘણો સમય થયાં ક્યાંઈ જતો રહ્યો છે તેનો પુનઃ સમાગમ થશે એવી આશાએ દહાડા કાઢતી હતી. પણ કંદર્પ આજસૂધી નહીં આવી પહોંચવાથી, તે આજે અગ્નિમાં પ્રવેશ કરીને પોતાનો પ્રાણ કાઢે છે! હાય! હાય! જુઓ તો ખરા, તેનાં સાસુ સસરા કેવો વિલાપ કરે છે! તે પણ પુત્રશોકે બળી મરવા જાય છે. એ જોઇને કોની છાતી ફાટી નહીં જાય?" આ શબ્દો **સુમના**એ સાંભળ્યા, તેવી જ તે ધસમસતી જ્યાં ચિતા ખડકીને અનંગવતી બળી મરવાની તૈયારી કરતી હતી ત્યાં ગઈ અને તેને અટકાવી ધૈર્ય આપતાં બોલી; "હે સૌભાગ્યવતિ! તું સાહસ કર્મ કર નહીં, કેમકે તારો પ્રાણનાથ હજુ જીવેછે!" આ પ્રમાણે કહ્યા પછી તેણીએ પોતાના પતિની સર્વે વાત ઇત્થંભૂત કહી સંભળાવી અને **સુમના**ને કંદર્પે આપેલી રત્નજડિત વિંટી જોઇને, તેણે તેનું કહેવું ખાત્રીપૂર્વક માન્યું. ત્યાં ભેગા મળેલા સર્વેએ **સુમના**ને બહુ માન આપ્યું, કેમકે તેની વાર્તા સત્ય હતી, અને તેના કહેવાથી ત્રણ જણ બળી મરતાં અટક્યાં. કંદર્પના પિતાએ પોતાના પુત્રની વહૂને ઘણું માન આપીને, પ્રફુલ્લિત હૃદયની અનંગવતીની સાથે તેને પણ તેડી ગયો ને પોતાના ઘરમાં સુખરૂપ રાખી.

હવે કંદર્પ, **પાટલીપુત્ર** નગરમાં કેસટના ઘરમાં રહ્યો હતો, ત્યાંથી એક રાતના, કેસટને કહ્યા વગર,–કેમકે તે જાણતો હતો કે, એ કાર્ય તેને પસંદ પડશે નહીં–**સુમના**ને શોધવા માટે નિકળી પડ્યો. તેના ગયા પછી કેસટ પણ રૂપવતી વગર મહાદુઃખી થવા લાગ્યો, એટલે તે પણ પોતાનાં માત પિતાને કહ્યા કહાવ્યા વગર **પાટલીપુત્ર** છોડી ગયો અને બંન્ને ગમે તેમ ભટકવા લાગ્યા. ભટકતાં ભટકતાં કંદર્પ તો જે નગરમાં કેસટનાં લગ્ન થયાં હતાં ને જ્યાં રૂપવતી રહેતી હતી તે નગરમાં જઈ પહોંચ્યો. નગરમાં ભટકતાં તેણે લોકોનો મોટો કોલાહલ સાંભળ્યો, ત્યારે તેણે ભેગાં થયેલાં લોકોને પૂછ્યું કે 'એ શું છે?' લોકોના ટોળામાંથી એક મનુષ્યે કહ્યું,–"આ નગરના એક શ્રીમાન્, કુળવાન ને ગુણવાન્ ગૃહસ્થની આ કન્યા રૂપવતી, પોતાના સ્વામીનાથ કેસટનો પુનઃ સમાગમ ન થવાના દુઃખથી પીડા પામી, આજે



મરવા તૈયાર થઈ છે, તેનો આ કોલાહલ છે. આ સ્ત્રીના કર્મની કહાણી ઘણી લાંબી છે; પણ જાણવા જોગ છે તે સાંભળો જી." આમ કહી તે પરાયા માણસે, કંદર્પને, કેસટનું લગ્ન રૂપવતી સાથે કેવી રીતે થયું, પછી કેસટ રાક્ષસ પાસે કેમ ગયો, ત્યાં શું થયું, પછી જાન-વાળા વરના બાપે કેસટને હોડીમાં બેસાડ્યો, તે કેમ તણાયો તે સર્વે ચમત્કારી વાર્તા કહી સંભળાવી; અને પછી અગાડી બોલ્યો,–

"આ પ્રમાણે તે દ્વિજ ડોકરો કેસટ સાથે પ્રપંચ રમ્યો અને પોતાના પુત્ર માટે રૂપવતીને લઇને માર્ગે પડ્યો! તે પછી કોઇને યત્કિંચિત્ પણ ખબર પડી નહીં કે પરણ્યા પછી કેસટનું શું થયું ને તે ક્યાં ગયો. પણ રૂપવતીએ મુસાફરી દરમિયાન કેસટને જોયો નહીં એટલે પૂછ્યું કે 'સર્વે સાથવાળા પ્રવાસમાં જણાય છે, પણ મારા સ્વામિનાથ કેમ જણાતા નથી? તે ક્યાં છે?' ત્યારે તે બ્રાહ્મણ ડોકરાએ, રૂપ દેખીને ભૂત પણ ભાગી જાય તેવા પોતાના પુત્રને બતાવીને કહ્યું, 'વહૂજી! આ મારો પુત્ર ને એ જ તમારો સ્વામી છે, તેને જુઓ. તે બ્રાહ્મણના ભૂતભાઇને પણ રૂપ દેખીને ઓકારી આવે તેવા પુત્રને જોતાં જ, રૂપવતી ક્રોધાયમાન થઈ બોલી; 'એ બમ્બમ્બભટ્ટ, આ ભૂતડો મારો સ્વામી ક્યાંથી થયો રે? તારાં વરસ તેં કોને નાંખ્યાં? કુતરાને કે? આ ભૂતડો મારો પતિ–પ્રાણ–નાથ કહેતાં તારી જીભ કપાઈ નથી જતી? જે મને કાલે પરણ્યો છે તે જો મને મારો સ્વામી મળશે નહીં તો માનજે કે હું નક્કી મારો પ્રાણ કાઢી તને હત્યા આપીશ!"

આ પ્રમાણે કહ્યા પછી રૂપવતીએ અન્ન જળનો ત્યાગ કીધો. તે ડોકરાજી ભટજી મહારાજે, રાજાને આ વાતની ખબર પડશે તો મહાબૂરા હાલ થશે એવા ભયથી, તેને પાછી તેના બાપને ત્યાં મોકલી દીધી. પછી રૂપવતીએ, તે બ્રાહ્મણે જે પ્રપંચ કીધો હતો, તે સર્વે પોતાના પિતાને કહ્યો; એટલે પિતા પણ અત્યંત શોકાતુર થઇ ગયો; અને બોલ્યો, "બાપુડી! તને જે પુરુષ પરણ્યો છે તે કોણ હતો અને આપણે તેને શા પ્રકારે શોધી કાઢી શકીશું?" રૂપવતીએ કહ્યું,–"પિતાજી! મારા સ્વામિનું નામ કેસટ છે અને **પાટલીપુત્ર** નગરના દ્વિજ કુલોત્પન્ન દેસટ ભટ્ટનો પુત્ર થાય છે. આ વાત મેં એક રાક્ષસના મુખથી સાંભળી છે!" આ પ્રમાણે કહ્યા પછી રૂપવતીએ, રાક્ષસ સાથે જે પ્રસંગ, પોતાના સ્વામિને લીધે પડ્યો હતો તે સર્વે વાર્તા કહી સંભળાવી. આ વાત સાંભળી તેનો પિતા ખાત્રી કરવા માટે નદી તટપર ગયો, તો ત્યાં મૃત્યુ પામેલો રાક્ષસ જણાયો. તેપરથી પોતાની પુત્રીની કહેલી સર્વે વાર્તા સત્ય માની અને તે દંપતીના સદ્‌ગુણથી બહૂ પ્રસન્ન થઈ ગયો. પછી તેણે પોતાની પુત્રીને બહુ ધીરજ આપી અને કહ્યું કે "તારો સ્વામિ નિઃશંક તને પાછો આવીને ભેટશે. તે પછી પોતાના પુત્રને **પાટલીપુત્ર** નગરમાં કેસટને શોધવા માટે મોકલ્યો. થોડા દિવસ વીત્યા પછી તે પાછો ફર્યો ને જણાવ્યું કે, 'અમે **પાટલીપુત્ર** નગરમાં દેસટ ગૃહસ્થને ત્યાં ગયા હતા; પણ જ્યારે અમે તેઓને તેના પુત્ર કેસટના સમાચાર પૂછ્યા, ત્યારે તેના પિતાએ નેત્રમાં આંસુ લાવીને કહ્યું, 'મારો પુત્ર કેસટ અહિયાં નથી; તે એકાએક અત્રેથી ચાલ્યો ગયો છે.

જો કે તે અહિયાં થોડા દિવસપર પોતાના એક મિત્ર કંદર્પ સાથે આવ્યો હતો ખરો, પણ રૂપવતીના વિરહથી પીડાયલો ને પ્રેમથી વિંધાયલો તે એકાએક રાત્રીના અમને કંઈપણ જણાવ્યા વગર પાછો ચાલ્યો ગયો છે.' આવી રીતના સમાચાર જાણીને પછી અમે અત્રે પાછા આવ્યા છીએ.'

જેઓને કેસટની શોધ ખોળ કરવાને મોકલ્યા હતા, તે સર્વે આવા વર્તમાન લાવ્યા ત્યારે રૂપવતીએ પોતાના પિતાને કહ્યું,–'પિતાજી! મને નથી લાગતું કે, મારા પ્રાણનાથનો મને પુનઃ સમાગમ થાય. તેથી હવે હું તો અગ્નિમાં પ્રવેશ કરીશ; કેમકે મારા પ્રાણનાથ વગર મારાથી કયાં સૂધી જીવાવાનું હતું?' આ પ્રમાણે કહ્યા પછી તેના પિતાએ આ સુંદરીને ઘણીએ સમજાવી, પણ તે જરાપણ ચળી નહીં અને બળી મરવા તૈયાર થઈ. આજે તે બળી મરવા જાય છે. તેની સાથે વળી તેની બે સાહેલીઓ પણ તે જ પ્રમાણે બળી મરવા તત્પર થઈ છે. એમાં એકનું નામ શૃંગારવતી છે ને બીજીનું નામ અનુરાગવતી છે. જ્યારે રૂપવતીને પરણવા માટે તેનો વર આવ્યો હતો, ત્યારે તેનાં દર્શન થતાં જ તે બંનો સાહેલી પણ તેના લાવણ્યપર લોભાઈને લેવાણી અને મનસા વાચા એવો ઠરાવ કીધો કે, વરવો તો એ જ પાતળીયો વરવો, અવર ભાઈ બાપ છે. તેથી તેઓ પણ બળી મરવા જાય છે અને તે જ કારણથી આ ધોંધાટ થઇ રહ્યો છે."

જ્યારે કંદર્પે તે મનુષ્યના મુખથી આ પ્રમાણેનો વૃત્તાંત જાણ્યો, ત્યારે તે એકદમ સ્મશાનમાં, તે ત્રણે બાળાઓને માટે જ્યાં ચિતા સળગાવી હતી ત્યાં, દોડતો દોડતો ગયો. તેણે ઇસારત કરીને લોકોને કીલકીલ કરતા અટકાવ્યા અને જોસભર રૂપવતી જે અગ્નિદેવનું પૂજન કરતી હતી તેની નજીક જઇને કહ્યું, "અયે સૌભાગ્યવતિ! તું ઉતાવળું પગલું ભર નહીં, તારો સ્વામિનાથ કેસટ કુશળ છેઃ હું તેનો મિત્ર કંદર્પ છું.' આ પ્રમાણે તે સ્ત્રીઓને સાહસ કરતી વારીને પછી કેસટનો સર્વ વૃત્તાંત અર્થેતિ–પેલા ડોકરા દ્વિજે જે પ્રપંચ કીધો હતો ત્યાંથી તે ઠેઠ હોડીમાં ચડ્યો ને તણાઈ ગયો, ત્યાં સુધીનો કહી સંભળાવ્યો. પોતાની વાતને બરાબર મળતી કંદર્પની વાત આવવાથી રૂપવતીને ઘણી ધીરજ આવી અને તે હસતી રમતી પોતાના પિતાના ઘરમાં, પેલી બે સખીઓને સંગે લઇને ગઈ. તેના પિતાએ કંદર્પનું સારી રીતે સન્માન કીધું અને તેને પોતાના ઘરમાં ઉતારો આપ્યો. કંદર્પ રાજી થતો ત્યાં જ રહ્યો.

હવે કેસટનું શુ થયું તે જોઇયે. તે તો ફરતો ફરતો રત્નપૂર જઈ પહોંચ્યો. સંજોગાસંજોગથી તે કંદર્પના ઘેરની, નજીક, જ્યાં તેની બે સ્ત્રીઓ હતી ત્યાં જઈ રહ્યો. તે એક વેળાએ તે માર્ગમાં ભટકતો હતો, તે જ વખતપર કંદર્પની સ્ત્રી સુમના અગાસીમાં ચઢીને આસપાસ શોભા નિરખતી હતી. તેની દૃષ્ટિએ કેસટ પડ્યો. તે દોડતી દોડતી સાસુ સસરા પાસે ગઈ, અને સર્વ સમક્ષ કહ્યું; "સસરાજી! બારીએ જરાક જુઓ; હમણાં મેં મારા નાથ કંદર્પના મિત્ર કેસટને જોયા છેઃ તેને જલદીથી અત્રે બોલાવો, કે તેમના પાસેથી મારા નાથના કંઈ સમાચાર મળશે." વહૂનું આ પ્રમાણેનું બોલતું સાંભળીને તેઓ સર્વે કેસટ પાસે ગયા ને તેને



સુમનાના કહેવા પ્રમાણે યુક્તિ કરી, અટરમગટરમ સમજાવીને કેસટને ઘેર તેડી લાવ્યા; જ્યાં તેની નજરે સુમના પડી, એટલે તો તે ઘણો રાજી રાજી થઈ ગયો. થોડીવાર વિશ્રાંતિ લીધા પછી સુમનાએ તેના ને પોતાના પતિના સમાચાર પૂછ્યા, એટલે તેણે તુરત સ્વાત્મચરિત્ર અને કંદર્પનું સર્વ ચરિત્ર, હાથીના ભયથી થયેલી નાસભાગ પછીનું–ઇત્થંભૂત કહી સંભળાવ્યું.

કેટલાક દિવસ સૂધી તે ત્યાં રહ્યો છે, તેની ત્યાં પરોણા ચાકરી રુડી રીત સાથે થાય છે, એટલામાં એક દિવસે કંદર્પ તરફથી એક પત્ર લઇને એક કાસદ આવ્યો. કાસદે કહ્યું, "કંદર્પ અને રૂપવતી, જે નગરમાં કંદર્પનો મિત્ર કેસટ, રૂપવતીને પરણ્યો હતો ત્યાં સુખરૂપ રહે છે." કાગળમાં પણ તે જ સમાચાર હતા. પછી કેસટે, કંદર્પના પિતાને તે સમાચાર ગદ્‌ગદિત કંઠે જણાવ્યા. બીજે દિવસે કંદર્પના પિતાએ તે કાસદને મોટા ઉત્સાહથી પોતાના પુત્રને ઘેર તેડી આણવા વિદાય કીધો. કેસટને પણ તેની સાથે જવા દીધો કે તે જલદીથી જઈ પોતાની પ્રિયાને મળે. કેસટ જે કાસદ પત્ર લઇને આવ્યો હતો તેની સાથે, રૂપવતી જે નગરમાં પોતાના પિતાને ભવને રહેતી હતી, ત્યાં ગયો. બહુકાળની વિરહવ્યથા વેઠ્યા પછી જેમ સ્વાતિ નક્ષત્રનું જળ જોઇને ચાતકને આનંદ થાય છે, તેમ તેણે પોતાનું દર્શન દઇને રૂપવતીને આનંદની રેલમાં લદબદ કરી દીધી. પછી તે કંદર્પને મળ્યો–ભેટ્યો. રૂપવતીની ઇચ્છાનુસાર તેની બે સાહેલીઓ, શૃંગારવતી અને અનુરાગવતીને પરણ્યો; પછી તે રૂપવતીને મહોલે જઈ રંગે રમ્યો. થોડા દિવસ પછી તે કંદર્પને છેલ્લો મળી ભેટીને, રૂપવતીને અને તેની સખીઓને સાથે લઇને, સ્વદેશ આવ્યો. કંદર્પ તે કાસદ સાથે રત્નપુર આવ્યો અને સુમના, અનંગવતી અને પોતાનાં સગાંસહોદરને પૂર્ણ ઉત્સાહ ને પ્રેમથી ભેટ્યો. આ રીતે કંદર્પને પોતાની પ્યારી સુમના મળી, કેસટને પ્રાણેશ્વરી રૂપવતીનો મેળાપ થયો; અને તે બંનો પોતાના દેશમાં સર્વે વૈભવો યથેચ્છ ભોગવી ચમનદારી ઉડાવવા લાગ્યા.

આ પ્રમાણે ધીરવીર પુરુષો, જો કે ફૂટેલા નસીબને યોગે વિરહવ્યથા વેઠે છે ખરા, પણ અંતે તો પોતાની પ્યારીનો–પ્રાણેશ્વરીનો–અનેક પ્રકારના અકળ્ય અપાર ભયંકર સંકટો વેઠી અને અપરિમિત વિરહને કશા પણ લેખામાં નહીં ગણતાં, પુનઃ સમાગમ કરી શકે છે. માટે પ્રિય મિત્ર! ચાલ જલદી ઉઠ; તને પણ તારી પ્યારી સ્ત્રી સત્વર મળશે. જો તેને શોધશે તો. દૈવની ગતિ કોણ કળી શકે છે? મારી જ વાત કહું તો તને આશ્ચર્ય થશે કે મારી સ્ત્રી એકવાર મરણ પામી હતી, પણ તે જીવતી થઈ પાછી મને મળી હતી.

[ધનદત્ત શેઠ કહે છે] "આ પ્રમાણેની કથા કહીને આ મિત્રે મને હોશિયાર કીધો; અને તે પંડે મારી સાથે ચાલ્યો. તેની સાથે ફરતાં ફરતાં હું અત્રે આવી પહોંચ્યો છું. વનમાં ફરતાં મેં જંગલી વરાહ અને જંગી હાથિને જોયા. (કહેવામાં બહુ અદ્‌ભૂત સમાયું છે કે) તે હાથિએ મારી નિરાધાર સ્ત્રીને એકવાર ઓકી કાઢી ને પુનઃ ગળી ગયો–તેવો દેખાવ મારી દૃષ્ટિએ પડ્યો. પછી હું તે હાથિની પુઠે પડ્યો! તે થોડીવાર મને જણાયો, પણ પછી તો તે કયાંઈ અલોપ થઈ ગયો તેનો પત્તો જ નથી. તેને શોધતો શોધતો હું અહીં આવી ચઢ્યો છું અને તેવામાં મારા મોટા ભાગ્યને યોગે આપ મહારાજનાં દર્શન થયાં."

આ પ્રમાણે તે તરુણ શાહપુત્ર પોતાની વિતક કથા કહી રહ્યાં, કે તુરત વિક્રમાદિત્ય મહારાજે, જે સ્ત્રી, હાથીને માર્યાં પછી તેના પેટમાંથી નિકળી હતી તેને તેડાવી, અને પેલા શાહપુત્રને સ્વાધીન કીધી. તે દંપતી, પોતાનો આવી અદ્‌ભૂત રીતે સમાગમ થયો તેથી ઘણાં પ્રસન્ન થયાં, અને અન્યોઅન્ય પોતપોતાની વિતકવાર્તા કહી સંભળાવી. તેમના મુખથી વારંવાર વિષમશીળ મહારાજના ગુણગાન થતા હતા, તેથી આકાશ ગાજી રહ્યું.

## તરંગ ૫ મો.

## વિક્રમાદિત્યની કથા (ચાલુ).

પછી વિક્રમાદિત્ય રાજાએ પોતાની પાસે આવેલા પેલા વણિક્‌પુત્રના મિત્રને પૂછ્યું કે–"હે ભદ્ર! તું કહે છે કે, મને મારી મરી ગયેલી પ્રિયા જીવતી થઈ પુનઃ મળી; એ કેમ બન્યું તે તું અમને વિસ્તારથી કહે!" આ પ્રમાણે રાજાના પૂછવાથી તે વણિક્‌પુત્રનો મિત્ર બોલ્યો કે; "દેવ! આપને એથી આશ્ચર્ય ઉત્પન્ન થાય છે તો હું તે વાર્ત્તા કહું છું તે સાંભળો.

### ચંદ્રસ્વામિ અને તેની સ્ત્રીની કથા.

બ્રહ્મસ્થળ નામના એક અગ્રહારમાં ચંદ્રસ્વામિ નામનો એક બ્રાહ્મણ પુત્ર રહે છે, જે હું પોતે જ છું. મારે ઘેર મારી સ્ત્રી છે, તે પરમ સ્વરૂપા છે. એક વખત મારા પિતાની આજ્ઞાથી કંઈ કાર્ય પ્રસંગે હું પરગામ ગયો હતો. એવામાં કોઈ એક કાપાલિક, ભિક્ષાને માટે મારે ઘેર આવ્યો. તેને જોવાથી મારી સ્ત્રીને તાવ આવ્યો અને સંધ્યાકાળે તો તે મરણ પણ પામી! પછી મારાં બન્ધુજન તેને સ્મશાનમાં લઈ ગયાં અને અગ્નિસંસ્કાર કરવાને માટે ચિતા ઉપર સુવાડી. એટલામાં કામ સમાપ્ત કરી, હું પરગામથી મારે ઘેર આવ્યો અને જોઉં છું તો ઘર આગળ સૌ રડારોળ કરી રહેલાં છે. તેઓએ મને મારી સ્ત્રીના મરણ સંબંધી સર્વે હકીકત કહી, એટલે હું પણ સ્મશાનમાં ગયો. મારા ત્યાં ગયા પછી તરત જ એક ખભા ઉપર ખટ્‌વાંગ* લઈ નાચતો અને બીજા હાથે ડાકલું વગાડતો વગાડતો તે કાપાલિક પણ ત્યાં આવી ચડયો. હે દેવ! તેણે આવીને મંત્ર ભણી ચિતામાં ભસ્મ નાંખી એટલે ચિતા શાન્ત–ઠંડી પડી ગઈ; અને મારી સ્ત્રી જરાપણ આંચ વગર ચિતામાંથી ઉઠીને બહાર આવીને ઉભી રહી. તે ચિતાની બહાર આવી, એટલે વળી કાપાલિકે મોહનમંત્રથી તેનું આકર્ષણ કરવા માંડયું. તે કાપાલિક મોહનમંત્રથી મારી સ્ત્રીનું આકર્ષણ કરતો આગળ ચાલવા લાગ્યો, એટલે મંત્ર જોરે ખેંચાતી મારી સ્ત્રી પણ તેની પાછળ પાછળ તણાવા લાગી.

* ખાટલાની ઈસને મળતી એક ચીજ–યષ્ટિ. ખાટલાની ઈસનો શિવના યોગી ને સાધુડાઓ મંત્ર તંત્ર, કામણ, ટુમણમાં ઉપયોગ કરે છે.



જ્યારે તે તેની પાછળ તણાવા લાગી, ત્યારે હું પણ હાથમાં ધનુષ બાણ લઈ, તેણીની પાછળ પાછળ ગયો. જતાં જતાં તે કાપાલિક ગંગાના તીર ઉપર આવેલી એક ગુફા આગળ આવ્યો. ત્યાં આવતાં ખભા ઉપરનું ખટ્‌વાંગ–તાંત્રિક સાધનાની સામગ્રી (ખાટલાની ઈસ) જમીન ઉપર મૂકી અને ગુફામાં રાખેલી બે કન્યાઓને કહેવા લાગ્યો કે,–"તમને જુવાની આવવા છતાં પણ મેં તમારો ઉપભોગ કર્યો નહોતો, કારણ કે મારે આ સ્ત્રી મેળવવી હતી! આજે તે સ્ત્રીને મેં મેળવી છે; એટલે હવે મારી પ્રતિજ્ઞા સફળ થઈ છે!" આ પ્રમાણે કહી તે કાપાલિક તેમને મારી સ્ત્રી બતાવવા લાગ્યો. પણ એટલામાં બહાર મૂકેલા પેલા ખટ્‌વાંગને–મંત્ર સાધનાના સામાનની ઈસને–મેં ગંગામાં પધરાવી દીધી; અને પછી હું તેને ધિક્કારથી કહેવા લાગ્યો કે,–"અલ્યા ચાંડાળ કાપાલિક! મારી સ્ત્રીનું હરણ કરીને હવે તું જીવતો રહે એમ જાણતો નહીં!" આથી તે ચમકીને પાછો ફર્યો અને પોતાના ખટ્‌વાંગને (ખાટલાની ઈસને) ખોળવા લાગ્યો, પરન્તુ તે તો મેં ગંગામાં ઝોકાવી દીધી હતી, તે કયાંથી મળે? ઈસ જવાથી સર્વ સિદ્ધિ રહિત થયેલો કાપાલિક, ત્યાંથી ભયનો માર્યો નાસવા લાગ્યો. પણ મેં કર્ણપર્યંત ધનુષ ખેંચીને તેને એક ઝેરી બાણ એવું સચોટ માર્યું કે, જેથી તે પુનરપિ નહિ ઉઠવાને માટે ભૂમિ ઉપર ધબાક દેતોકે પડ્યો. હે મહારાજ! આવી રીતે દુરાત્મા કાપાલિક લોક, પાપ કર્મવાળી સિદ્ધિઓથી શિવ ધર્મને વખોડાવે છે; પણ તેઓ મહાપાપી પુરુષો છે અને આવાં પાપ કરીને તેના ફળને પણ પામે છે; અર્થાત્ મરણશરણ થાયછે.

પછી હું પેલી બે કન્યાઓ તથા મારી સ્ત્રીને લઈને ઘેર આવ્યો. મને સ્ત્રી સહવર્તમાન ઘેર આવેલો જોઈને મારા બન્ધુજનોને અપાર આનંદ અને અદ્‌ભુતાશ્ચર્ય ઉત્પન્ન થયું. ઘેર આવ્યા પછી પેલી બે કન્યાને મેં પૂછ્યું:–'તમે કોણ છો?' તે ઉપરથી તેઓએ મને આ પ્રમાણે પોતાની હકીકત કહી.

"અમો બેમાંની હું, એક કાશીના રાજાની અને આ બીજી વણિકની કન્યા છે! જેમ તમારી સ્ત્રીને તે ચાંડાળ, સિદ્ધિના પ્રતાપથી હરણ કરી લાવ્યો હતો, તેમ જ પોતાની સિદ્ધિના પ્રતાપથી તે પાપકર્મી કાપાલિક, અમને તે ગુફામાં લઈ આવ્યો હતો અને આપે અમને ત્યાંથી છોડાવી, ત્યાંસૂધી ત્યાં જ પડેલીઓ હતી. તથાપિ મહારાજ! તે દુષ્ટે હજી પણ અમને દૂષણ આપ્યું નથી, અર્થાત્ અમારું યૌવન ઉચ્છિષ્ટ થયું નથી!" તે કન્યાઓનો આ વૃત્તાંત સાંભળ્યા પછી, હું તેમને મારી સાથે લઈને તેમની સ્વદેશભૂમિ વારાણસી–કાશીપુરીમાં ગયો; અને તેમના પિતાઓ આગળ બધી વાર્તા કહી, તે કન્યાઓને તેમના પિતાઓને સોંપી દીધી.*

હું ત્યાંથી પાછો ઘેર આવતો હતો, એટલામાં માર્ગમાં સ્ત્રીથી વિખૂટો પડેલો આ વણિકપુત્ર મારી દૃષ્ટિએ પડ્યો. પછી હું તેને મદદ કરવાને માટે તેની પાસે ગયો અને ત્યાંથી અમે બેઉ અહિયાં આવ્યા છીએ. પેલા કાપાલિકની ગુફામાં શોધ કરતાં મને ત્યાંથી ઉત્તમ અંગરાગ મળ્યો હતો અને તે અંગરાગ મેં મારા શરીર ઉપર લગાવ્યો છે. શરીર ચોળીને

*બુકેશિયો ડી–કેમરોનના ૧૦ મા દિવસની ૪ થી કથાનો પ્રસંગ આ કથા પ્રસંગને કંઈક મળતો છે.

નહાવા છતાં પણ તે અંગરાગની સુગંધી મારા શરીરમાંથી હજી સૂધી જતી નથી. આવી રીતે હે મહારાજ! મને મારી મરણ પામેલી સ્ત્રી જીવતી થઈ પુનઃ મળી હતી.

મહારાજા વિક્રમાદિત્યે આ વૃત્તાંત સાંભળ્યા પછી તે બેઉનો સારી રીતે સત્કાર કર્યો અને પછી માનપાન આપી વિદાય કર્યાં. પછી વિક્રમ રાજા ગુણવતી, ચંદનવતી અને મદનસુન્દરીને લઇને, પોતાની સેનાની સાથે ઉજ્જયિની નગરીમાં આવ્યો અને નગરમાં આવ્યા પછી બડી ધામધૂમથી તેમની સાથે લગ્ન કરી મોટો ઉત્સવ કર્યો.

ત્યાર પછી વિક્રમાદિત્ય રાજાને પેલા વનમાંના વિશ્વકર્માના રચેલા દેવમંદિરના સ્થંભમાં જોયેલી પુત્તળિકા યાદ આવી અને તે ઉપરથી તેણે પ્રતિહારને બોલાવીને આ પ્રમાણે આજ્ઞા આપીઃ–"મેં વનમાં જોયેલા દેવ મંદિરના સ્થંભમાં જેવી પુતળી છે, તેવી જ સૌંદર્યસંપન્ન કલિંગસેના રાજકન્યા છે. તે કન્યાને માટે કલિંગસેન રાજાને ત્યાં માગું મોકલવા દૂતને વિદાય કરો." પછી પ્રતિહારે, સુવિગ્રહ નામના દૂતને બોલાવી, રાજાની સન્મુખ ઉભો રાખ્યો અને તેને સઘળી બીના સમજાવી વિદાય કર્યો.

તે દૂત કલિંગ દેશમાં જઈ, પોતાની યોગ્યતા પ્રમાણે તે દેશના રાજા કલિંગસેનને મળ્યો, અને તેને આ પ્રમાણે વિક્રમાદિત્યની ઇચ્છા જણાવી,–"હે રાજન્! અમારા મહારાજાધિરાજ વિક્રમાદિત્ય તમને આ મુજબની આજ્ઞા કરે છે–'તમો જાણો છો કે, પૃથ્વી ઉપર જે જે ચિત્તવેધક રત્ન છે, તે અમારે ત્યાં આવે છે. હમણાં અમારા જાણવામાં આવ્યું છે કે, તમારે ત્યાં એક કન્યારત્ન છે, તેથી હે રાજન્! તે કન્યારત્ન અમને અર્પણ કરો અને અમારી સાથે સંબંધ કરી શત્રુ રહિત તમારું રાજ નિષ્કંટક સુખથી ભોગવો.'" દૂતનાં વચન સાંભળી કલિંગસેન રાજાને તો નખથી તે શિખ સૂધી ઝાળ લાગી. તે કોપિત થઈ બોલ્યોઃ–"એ તારો વિક્રમાદિત્ય તે વળી બે માથાનો કોણ છે રે, કે જે અમને પણ આજ્ઞા કરે છે? પોતાના બળ દર્પમાં અંધ થયેલો તે શું અમારી કન્યારત્નની માગણી કરે છે કે? યાદ રાખજે કે, અહિંથી તો તે અપમાન જ પામશે!" રાજા કલિંગસેનનાં આવાં વચન સાંભળીને, સુવિગ્રહ દૂતે જવાબ આપ્યોઃ–"તમે અમારા રાજાના ભૃત્ય છો, છતાં તમને તમારા પોતાના સ્વરૂપનું જ્ઞાન નથી. હે મૂઢ! શું તું વિક્રમ રાજાના પ્રતાપાગ્નિમાં શલભની–પતંગની માફક હોમાઈ જવાની ઇચ્છા કરે છે? યાદ રાખ કે, તેનું ફળ તને સત્વર જ પ્રાપ્ત થશે!"

આ પ્રમાણે કલિંગસેન રાજાને જવાબ આપી, સુવિગ્રહ દૂત ત્યાંથી ઉજ્જયિનીમાં પાછો આવ્યો અને મહાન્ વિક્રમાદિત્ય રાજાને તે રાજાનાં વચનો યથાર્થ કહી સંભળાવ્યાં. વિષમશીલ રાજા, કલિંગસેનનાં વચન સાંભળીને ક્રોધે ભરાયો. તેણે મોટી સેના તૈયાર કરી, ભૂતકેતુ વૈતાળને સાથે લીધો અને પછી કલિંગદેશ ઉપર ચહડી ગયો. સેનાના સંક્ષોભથી દિશાઓમાં થતા પ્રતિધ્વનિ, તે જાણે કલિંગ દેશના રાજાને એમ કહેતા હોય કે, 'તું વિક્રમાદિત્યને તારી કન્યા આપી અભય થા!' એવા થઈ રહ્યા. સાગર ઉલટ્યો હોય તેવી મોટી સેના લઇને વિક્રમાદિત્ય કલિંગદેશમાં પેઠો. કલિંગદેશનો રાજા કલિંગસેન પણ મોટી સેના લઇને યુદ્ધ કરવા માટે તત્પર થઈ રહેલો હતો. પણ



વિક્રમરાજાએ તેને સામો થતો જોઈ મનમાં નિશ્ચય કર્યો કે, "અરે! મને જ્યાં સૂધી કલિંગસેના મળશે નહિ ત્યાં સૂધી મારું મન સ્થિર થશે નહિ. પણ સસરાનો અને કન્યાના સંબંધીઓનો નાશ કરી, બન્ધુજનના શોકથી ખિન્ન થયેલી કન્યાને પરણવું, એ સારું ન કહેવાય! માટે કંઈ એવી યુક્તિ કરવી જોઈએ કે, જેથી યુદ્ધ થાય નહિ અને કન્યા મળે."

પછી રાજાએ વૈતાળને બોલાવી તેની સાથે વિચાર કરીને ઠરાવ કર્યો કે, આપણે રાતને વખતે કલિંગસેન રાજાને ઉંઘતો પકડવો. આ ઠરાવ કર્યા પછી રાજા વિક્રમાદિત્ય અને વૈતાળ બેઉ જણા પોતાની સિદ્ધિના બળથી રાત્રીના કલિંગસેન રાજાના અંતઃપુરમાં પેઠા; અને પછી જ્યાં આગળ તે રાજા નિશ્ચિતપણે ઉંઘતો હતો ત્યાં વૈતાળે તેને જઇને કહ્યુંઃ–"હે રાજા! તું વિષમશીલ વિક્રમાદિત્ય રાજાની સાથે વિરોધ કરી કેમ સ્વસ્થપણે નિદ્રા કરે છે? ઉઠ, ઉભો થા!" રાજા નિરાંતે સૂતેલો હતો. તે વિક્રમાદિત્યનું નામ સાંભળી ચમકીને જાગી ઉઠ્યો. પછી આમ તેમ જોયું તો સાહસિક વિષમશીલ રાજાને તથા તેની સાથે આવેલા ભયંકર રૂપવાળા વૈતાળને, પોતાના અન્તઃપુરમાં આવીને ઉભા રહેલા દીઠા. બરાબર ધારીને જોઈ તથા ઓળખીને, ભયથી ધ્રુજતો કલિંગસેન રાજા ઉભો થયો અને વિક્રમાદિત્યનાં ચરણ-કમળમાં મસ્તક મૂકીને બોલ્યો,–"હે મહાન્ પ્રતાપી વિક્રમાદિત્ય! હું તમારી આજ્ઞાનુસાર વર્તનાર સેવક છું; આપ મને જે આજ્ઞા કરો તે મારા મસ્તક ઉપર ચડાવવાને માટે પણ હું તત્પર જ છું!" વિક્રમાદિત્યે તેને ઉઠાડીને કહ્યું,–"હે રાજા! જો તું મને તારા સ્વામી રાજા તરિકે ગણતો હોય અને માન લેવા ઇચ્છતો હોય તો તારી પુત્રી કલિંગસેના મને પરણાવ!"

કલિંગસેન રાજાએ વિક્રમાદિત્યની માગણી સ્વીકારી. તુરત જ વિક્રમાદિત્ય રાજા પોતાની છાવણીમાં પાછો ફર્યો. જેનો મનોરથ સિદ્ધ થયો હતો એવો રાજા, પછી નિરાંતે નિદ્રાવશ થયો. હે રાણીજી! બીજે દિવસે તમારા પિતાએ, રાજા વિક્રમાદિત્ય સાથે તમારાં લગ્ન કર્યાં અને સારી પહેરામણી આપી. હે દેવિ! આ પ્રમાણે તમારા સ્વરૂપ ઉપર મોહ પામેલા વિક્રમાદિત્ય રાજા, પોતાના જીવને જોખમમાં નાંખી, તમારી સાથે પરણ્યા છે; પણ શત્રુનો પરાજય કરવાની ઇચ્છાથી જ પરણ્યા નથી. [ કલિંગસેના પોતાની સપત્નીઓને કહે છે. ] "દેવસેન કાર્પટિકના મુખથી આ વૃત્તાન્ત સાંભળીને, હે સખીઓ! મેં મારો કોપ મૂકી દીધો. રાજા વિક્રમાદિત્ય આ પ્રમાણે દેવમંદિરમાં કોતરેલી પુતળી જોઈ, તેના સરખા મારા રૂપથી મોહ પામીને મને પરણ્યા છે; અને આ મલયવતીને પણ ચિત્રમાં જોવાથી મોહ પામી પરણ્યા છે, તેમાં કશું આશ્ચર્ય નથી!" આ પ્રમાણે વિક્રમાદિત્યની પ્રિયાંગના રાણી કલિંગસેનાએ, પોતાના સ્વામીનો પ્રતાપ વર્ણવી બતાવી પોતાની સપત્નીઓને પ્રસન્ન કરી.

## કૃષ્ણશક્તિ કાર્પટિકની કથા.

રાજા વિક્રમાદિત્ય સઘળી રાણીઓની સાથે, તેમાં મુખ્યત્વે કરીને રાણી મલયવતીની સાથે, નાના પ્રકારનાં સુખ ભોગ ભોગવતો સામ્રાજ્ય કરતો હતો. એક સમયે કૃષ્ણશક્તિ નામનો એક રાજકુમાર, પાંચસે સ્વગોત્રના રાજકુમારોને લઇને, દક્ષિણ દેશમાંથી, વિક્રમાદિત્યના દરબારમાં

આવ્યો. કાર્પટિક વ્રત ધારણ કરીને તેણે પ્રતિજ્ઞા લીધી હતી કે, મારે બાર વર્ષ સૂધી વિક્રમાદિત્ય રાજાના દરબારમાં રહીને તેની સેવા કરવી છે! વિક્રમાદિત્ય રાજાએ તેને એવી પ્રતિજ્ઞા લેતાં ઘણોએ વાર્યો, પરન્તુ તેણે વાર્યું કર્યું નહિ. પછી તે પોતાની સાથે આવેલા રાજકુમારોની સાથે રાજાની સેવામાં રહ્યો અને અગિયાર વર્ષ સૂધી એકનિષ્ઠાથી સેવા બજાવી. બારમું વર્ષ બેસતાં પરદેશમાં રહેલા પતિથી વિજોગ વેઠતી કૃષ્ણશક્તિની સ્ત્રીએ, પોતાના સ્વામી ઉપર એક પત્રિકા લખી મોકલાવી. કૃષ્ણશક્તિને તે પત્રિકા મળી, પરન્તુ તે તેણે પોતાની પાસે રાખી મૂકી. જ્યારે મધ્યરાત્રી વીતી ગઈ ત્યારે તે પોતાની પ્રિયાની પત્રિકાને ઉકેલી, દીવાની આગળ બેસી વાંચવા લાગ્યો.

**આર્યા-ગીતિ.** "તરલ અને અતિ ઉંના, તમ વિરહે હું કઠિન હૃદયાના;
પ્રાણ ન નિકળે પિઉજી, પણ નિકળે છે સદૈવ નિઃશ્વાસા!"

નગરચર્યા જોવાને માટે નિકળેલા રાજા વિક્રમાદિત્યે, ઉપરની પત્રિકા પુનઃ પુનઃ વાંચતાં કાર્પટિકના મુખથી યથાર્થ સાંભળી. ત્યાર પછી તે પોતાના મહેલમાં આવ્યો અને વિચાર કરવા લાગ્યો કે, "અરેરે! આ બિચારો કાર્પટિક, ઘણા દહાડાથી અહિંયાં નોકરી કરે છે અને ઘેર એની સ્ત્રી વિજોગમાં દિવસ ગુજારે છે. આણે બાર વર્ષનું વ્રત લીધેલું છે અને તેટલામાં જો એનું કાર્ય પૂર્ણ નહિ થાય તો જરૂર તે પોતાના પ્રાણ તજશે. હવે મારે તેના કાર્યમાં પ્રત્યવાય નાંખવો નહિ, પણ જેમ એનું કાર્ય શીઘ્ર સંધાય તેમ કરવું જોઇએ." આમ વિચાર કરી રાજાએ એક દાસી મોકલીને તેને પોતાની પાસે બોલાવ્યો. તે કાર્પટિક તરત રાજાની પાસે આવી પ્રણામ કરી ઉભો રહ્યો. પછી રાજાએ એક શાસનપત્ર, રાજ્યની છાપ તથા મોહોરયુક્ત તેના હાથમાં આપતાં કહ્યું,–"ભદ્ર! તું ઓંકારપીઠને માર્ગે ઉત્તર દિશામાં જા. ત્યાં તને આ શાસન પત્રમાં લખ્યા પ્રમાણે ખંડવટક નામનું એક ગામ મળશે, જે તું વંશપરંપરા ભોગવજે!" આ પ્રમાણે કહી રાજાએ તેને વિદાય કર્યો.

કાર્પટિક તે લઇને તે જ રાતે પોતાના સાથીઓને કહ્યા કહાવ્યા વગર, રસ્તે પડ્યો. પરન્તુ થોડે ગયા પછી તેને વિચાર આવ્યો,–"આટલા નાના ગામથી મારું શું દળદર ફીટી જવાનું છે? મારા શત્રુઓનો હું કેમ પરાજય કરી શકીશ? બાર વર્ષની સેવાનું આ ફળ ગ્રહણ કરવું, આ તો મને લજ્જાસ્પદ જ છે! પણ નસીબ! રાજા વિક્રમાદિત્યે આપેલી આજ્ઞા મારે મસ્તકે જ ચડાવવી જોઇએ." આવા વિચારોથી મંદોત્સાહ થતાં ધીરે ધીરે ચાલતો તે ઓંકારપીઠ આગળના વનમાં આવી પહોંચ્યો. ત્યાં આગળ કેટલીક કન્યાઓ રમતી હતી, તેની પાસે જઈ તેણે પૂછ્યું,–"બહેનો! ખંડવટક કયાં આવ્યું તે તમે જાણો છો?" કન્યાઓએ જવાબ આપ્યો,–"ભાઈ! અમે તે જાણતાં નથી, પણ અહિંથી દશ કોશ ઉપર અમારા પિતાજી રહે છે, તેમને પૂછતાં કદાપિ તે જાણતા હશે તો તમને તે દેખાડશે; માટે તમે પધારો ત્યાં!"

કાર્પટિક કૃષ્ણશક્તિ ત્યાંથી આગળ ગયો અને તે કન્યાઓના પિતાને મળ્યો. પણ તે તો મહાભયંકર રાક્ષસ જણાયો. નિડર થઈ કાર્પટિકે તેને પૂછ્યું,–"ભાઈ! ખંડવટક ગામ કયાં



છે?" પેલો રાક્ષસ એનું ધૈર્ય જોઈ આશ્ચર્ય પામ્યો અને બોલ્યો,–"અલ્યા! તે ગામ તો ઘણા કાળથી ઉજ્જડ થઈ ગયું છે; તારે તે ગામ જવાનું શું કામ છે? તેમ છતાં જો તારે જવું જ હોય તો ચાલ અગાડી. અહિંથી આગળ જતાં બે માર્ગ આવશેઃ તે માર્ગમાંના ડાબા હાથ ભણીના માર્ગે જતાં ખંડવટક ગામની મોટા કિલ્લાવાળી એક હવેલી તને દૃષ્ટિગોચર થશે!"

પછી કાર્પટિક ત્યાંથી નિકળી, બતાવેલે માર્ગે થઇને જતાં, તે ખંડવટક ગામના દિવ્ય અને મનોહર છતાં મનુષ્યની વસ્તી જતી રહેવાથી ભયંકર લાગતા એક મોટા કિલ્લામાં આવીને ઉભો રહ્યો. ત્યાંથી આગળ ચાલતાં તે કાર્પટિક એક બીજા મોટા કિલ્લામાં ગયો અને ત્યાંથી એક પછી એક એમ સાત કિલ્લા વટાવી, તે એક સુન્દર રાજભવનમાં આવ્યો. એ રાજભવનની અંદર એક સુન્દર ઓરડો હતો. તે ઓરડામાં રત્નજડિત એક સુન્દર સિંહાસન ગોઠવેલું દેખાતું હતું. કાર્પટિક તે સિંહાસન ઉપર જઇને બેઠો કે, તરત જ એક રાક્ષસ હાથમાં છડી લઇને, ત્યાં આવ્યો અને કાર્પટિકને કહેવા લાગ્યો,–"હે મનુષ્ય! ઓ ભલા માણસ! તું આ સિંહાસન ઉપર આવીને કેમ બેઠો?" કૃષ્ણશક્તિ સ્વભાવે ઘણો ધીર હતો, વીર હતો. તે ઠંડેપેટે, ધીરે રહીને બોલ્યો,–"મહારાજાધિરાજ વિક્રમાદિત્યની આજ્ઞાથી હું અત્ર આવ્યો છું અને તમે સઘળા મારી પ્રજા છો!" રાક્ષસે, કાર્પટિકની પાસેથી મહારાજા વિક્રમાદિત્યે પોતાને હાથે લખેલું જે શાસનપત્ર હતું તે લઇને વાંચ્યું અને પછી તેને કહ્યું,–"ત્યારે તમે અમારા રાજા અને હું તમારો પ્રતિહાર છું; કારણકે વિક્રમાદિત્ય રાજાની આજ્ઞા સર્વત્ર અખંડ મનાય છે!"

પછી પ્રતિહાર રાક્ષસે સઘળા મંત્રીઓને ત્યાં બોલાવ્યા અને તેઓ રાજાની સેવામાં રહેનાર અનુચર વર્ગની સાથે ત્યાં આવીને હાજર થયા. પછી વળી હાથી, ઘોડા, રથ અને પાયદલવાળી ચતુરંગ સેના પણ સલામતી લેવાને આવી હાજર થઈ. પ્રજાસમાજ પણ આવ્યો. સૌએ રાજા કાર્પટિકને મજરો કરી સલામી ભરી, તેથી રાજા પોતાના મનમાં ઘણો જ પ્રસન્ન થયો. પ્રજા અને મંત્રીઓએ જળ મંગાવી તેમાં અનેક પદાર્થો નાંખી મંગળ સ્નાન કરાવ્યું અને વિધિ પ્રમાણે અભિષેક કીધો. રાજા કાર્પટિકને તે રાજ્યાસન ઉપર આરૂઢ કર્યો. રાજ્યાસન ઉપર બેઠા પછી તે કાર્પટિક વારંવાર પોતાના મનમાં વિસ્મય પામતો વિચાર કરવા લાગ્યો,–"અહો! વિક્રમરાજાનો પ્રતાપ ખરે જ અવર્ણ્ય છે! દાનશીળ રાજાઓમાં એ રાજાની બરાબરી કરે એવો કોઇપણ રાજા નથી; કારણ કે એક ગામનું નામ દઈ જે આવું મોટું રાજ્ય અર્પણ કરવાને માટે ખંચાતો નથી, તેવો તો મહારાજા વિક્રમ એક જ છે; બીજો કોઈ નહિ જ." આમ વારંવાર મહારાજા વિક્રમના દાનશીળ સ્વભાવપર વિચાર કરતો અને આશ્ચર્ય પામતો તે કાર્પટિક, ત્યાં સુખરૂપ રાજ્ય કરવા લાગ્યો. તે કાર્પટિકના મિત્રો–જેઓ ઉજ્જયિનીમાં હતા, તેમનું વિક્રમ રાજા પોષણ કરતો હતો.

કેટલાક દિવસો રાજ્ય વૈભવસુખમાં ગાળ્યા પછી, કૃષ્ણશક્તિ મોટી સેનાથી પૃથ્વીને કંપાવતો અને માંડલિક રાજાઓને નમાવતો, મહાન્ વિક્રમાદિત્ય રાજાને મળવા માટે ઉજ્જયિની આવ્યો અને નગરીમાં સવિનય તેની પાસે જઇને, દાનથી શોભતા મહાન્ વિક્રમાદિત્યનાં ચરણકમળમાં તેણે પોતાનું મસ્તક મૂક્યું. વિક્રમરાજાએ તેને ઉભો કરી કુશળ સમાચાર પૂછ્યા. પછી વળી તેના

રાજદ્વારીઆદિ અનેક બાબતોના સમાચાર પૂછી, છેવટે તેને કહ્યું,–"વીર ! હવે તું તારા દેશમાં જઈ તારા ઉપર પત્રિકા લખનાર તારી પ્રોષિતભર્તૃકાને આલિંગન આપી, તેના ઉષ્ણ નિઃશ્વાસને શાન્ત કર !" આમ કહીને વિક્રમાદિત્યે તેને સ્વદેશ જવાની આજ્ઞા આપી. પછી મોટી ધામધૂમ સાથે અને પોતાના મિત્રોને સાથે લઈ, કૃષ્ણશક્તિ વારંવાર વિક્રમ રાજાના ગુણ ગાતો ગાતો પોતાના દેશ તરફ જવાને માટે નિકળ્યો. તે જ્યાં સ્વદેશ આવીને જુવે છે તો ત્યાં તેના કેટલાક ભાયાતો રાજપાટ દબાવી પડ્યા હતા; અને તેનું પોતાનું કંઈજ રહ્યું નહોતું. કૃષ્ણશક્તિએ તેઓની સાથે યુદ્ધ કરી તેમને હરાવી પદભ્રષ્ટ કર્યા. પોતે પોતાના રાજ્યાસન ઉપર બેઠો અને ઘણા કાળની વિજોગણ અને સ્વામીને મળવાને માટે જ જીવન ગાળતી પોતાની પ્રાણપ્રિયાને તે મળ્યો–ભેટ્યો–એટલું જ નહિ, પરન્તુ કૃષ્ણશક્તિ પોતાની પ્રિયતમા સાથે નાના પ્રકારનાં સુખ ભોગવતો, પોતાના મનોરથ પૂરતો અને રાજ્યને આબાદ કરતો, પૂર્ણ આનંદમાં પોતાનું રાજ્ય ભોગવવા લાગ્યો. આ પ્રમાણે વિક્રમ રાજાનાં ઘણાં અદ્ભુત અને આશ્ચર્યજનક પરાક્રમો છે. વિક્રમના ચરિત્રની કથાઓનો પાર જ નથી.

## ઉર્દ્ધ્વકેશી બ્રાહ્મણની કથા.

એક વખત વિક્રમરાજાને એક બ્રાહ્મણ મળ્યો. તેના માથાના તથા શરીરના વાળ ઉભા થઈ ગયેલા હતા. વિક્રમરાજાએ આશ્ચર્યથી તે બ્રાહ્મણને પૂછ્યું,–"ભદ્ર ! તારા વાળ કેમ ઉભા થઈ ગયેલા જોવામાં આવે છે" તે બ્રાહ્મણે જવાબ આપ્યો,–"એ વાત હું આપ મહારાજને વિદિત કરું છું, તે આપ સાંભળો."

પાટલીપુત્ર કરીને એક પ્રખ્યાત નગર છે. તે નગરમાં અગ્નિસ્વામી નામનો એક અગ્નિહોત્રી બ્રાહ્મણ રહેતો હતો. હે રાજન્ ! તે બ્રાહ્મણનો હું દેવસ્વામી નામનો પુત્ર છું. હું પરદેશ પરણેલો હતો. પરણ્યો ત્યારે કન્યા નાની ઉમરની હતી, તેથી તે પોતાના પિતાને ઘેર જ રહી હતી. જ્યારે તે કન્યા યૌવનમાં આવી, ત્યારે તેને તેડવા માટે હું મારા એક સેવકને સાથે લઈને, ઘોડા ઉપર અસ્વારી કરી, તેના બાપને ગામ એટલે મારે સાસરે ગયો. સાસુ સસરાએ મને સારી રીતે આદર માન આપીને ઉતાર્યો તથા ભોજનાદિથી પણ મને તેમણે પૂર્ણ સંતોષ્યો. બીજે દિવસે સાસરવાસો કરી તથા મને જે આપવું ઘટે તે આપીને, મારાં સાસુ સસરાએ પોતાની પુત્રીને વિદાય કરવાને તૈયાર કરી અને એક દાસીની સાથે તેને મારી સાથે વળાવી.

પછી મારી યૌવનસંપન્ન સ્ત્રીને ઘોડી ઉપર બેસાડી મેં, ચાકરે અને તેણીની દાસીએ, મારા ગામ તરફ ગમન કરવા માંડ્યું. અર્ધેક માર્ગે આવ્યાં ત્યારે મારી સ્ત્રી તરસી થઈ. તેથી ઘોડી ઉપરથી ઉતરીને રસ્તાથી થોડેક દૂર એક ઉંડી નદી વહેતી હતી, ત્યાં પાણી પીવાને માટે ગઈ. ઘણીવાર થઈ પણ તે પાછી આવી નહિ, ત્યારે મેં મારા ચાકરને તેની શોધ કહાડવાને મોકલ્યો. કેટલીકવાર થઈ, તોપણ બેમાંથી એકે પાછું આવ્યું નહિ, ત્યારે ચિન્તાતુર થયેલો હું, ઘોડી પેલી દાસીને સોંપીને, એઉની શોધ કહાડવાને માટે નદી ઉપર ગયો. પણ ઓ–ઓ ! મહારાજ! નદીના તીર ઉપર જઈને હું શું જોઉં છું ? ત્યાં મારી સ્ત્રીનું મુખ મેં લોહીથી



ખરડાયલું દીઠું અને મારા ચાકરને તો તેણી આખોને આખો ને કાચોને કાચો જ ખાઈ ગયેલી જણાઈ. ચાકરનાં હાડકાં તેની સન્મુખ જ પડ્યાં હતાં. આવો વિચિત્ર અને ભયંકર દેખાવ જોતાં જ મારી છાતી ધબકવા લાગી અને હું તો ત્યાંથી પાછે પગલે મૂઠીઓ વાળી મારી ઘોડી ભણી દોડ્યો. પણ રાજન્! મારી સ્ત્રીની દાસીને જ્યાં હું ઘોડી સોંપીને ગયો હતો ત્યાં આવીને જોઉં છું તો પેલી દાસી પણ ઘોડીનું માંસ મસરકાવતી, હાથ, મોઢું અને છાતી લોહીથી ખરડીને બેઠી હતી! આ બનાવ જોતાં મારા તો મોતીયા જ મરી ગયા. ટુંકામાં, હે મહારાજ! હું એવો તો ભયભીત થઈ ગયો કે ન પૂછો વાત! બાયડીની કે દાસીની–ઘોડીની કે ચાકરની–કોઈની ઇચ્છા ન કરતાં, હે રાજન્! હું તો ત્યાંથી મારો જીવ લઈને નાઠો. અને એ ભયથી મારાં રુવાં અને વાળ જે ઉભા થઈ ગયા, તે અદ્યપિપર્યંત નીચા પડતા જ નથી. અદ્યાપિ પણ એ ભય અને દેખાવ, મારી સન્મુખ તાદૃશ્ય થતાં ઉભાં થએલાં રુવાં અને વાળ, સતેજ ખડા થઈ જાય છે. હે રાજન્! આપ જાણો કે, આ મારા વાળ તે દિવસના ઉભા છે અને તે નીચે બેસતા જ નથી કે સુંવાળા પણ પડતા નથી! હવે આજ તમારે શરણે આવ્યો છું, જે થાય તે ખરું!!"

તે બ્રાહ્મણની વાત સાંભળ્યા પછી વિક્રમાદિત્ય રાજાએ તેને અભયવચન આપ્યું અને કહ્યું,–"જા, હવે તારું કોઈ નામ પણ લેશે નહિ!" આમ કહીને તેને નિર્ભય કર્યો. પછી તે બ્રાહ્મણ વિક્રમાદિત્યના ગુણ ગાતો ગાતો પોતાને ગામ ગયો અને વિસ્મય થતો વિક્રમરાજા બોલ્યો,–"અહો! સ્ત્રીઓનું સાહાસ બહુ જ ભયપ્રદ હોય છે! તેઓ વિશ્વાસપાત્ર નથી." આવાં વચન સાંભળીને વિક્રમરાજાની પાસે બેઠેલા એક મંત્રીએ કહ્યું,–"મહારાજ ! દુષ્ટ–નીચ કુળમાં જન્મેલી સ્ત્રીઓ એવી જ હોય છે. શું મહારાજ ! આપે અગ્નિશર્માંનો વૃત્તાંત સાંભળ્યો નથી? સાંભળીએ મહારાજાધિરાજ !"

## અગ્નિશર્માની કથા.*

આપણા નગરમાં સોમશર્માં નામનો એક બ્રાહ્મણ રહે છે. તેને અગ્નિશર્માં નામનો એક ઘણો જ મૂર્ખ દીકરો છે. અગ્નિશર્માં મૂર્ખ છતાં તેના માબાપને તે પ્રાણ કરતાં પણ વધારે વહાલો છે. તે અગ્નિશર્માં પ્રખ્યાત વર્ધમાન (વઢવાણ) નગરના એક બ્રાહ્મણને ત્યાં પરણેલો હતો. કન્યાનો બાપ પૈસાદાર હતો, તેથી પરણ્યા પછી તેણે પોતાની કન્યા, બાળક હોવાથી સાસરે વળાવી નહોતી.

કેટલાંક વર્ષ વીતી ગયા પછી, જ્યારે કન્યા યૌવનમાં આવી, ત્યારે સોમશર્માંએ અને તેની સ્ત્રીએ પોતાના પુત્રને કહ્યું,–"દીકરા! તારી વહૂ હવે મોટી થઈ છે અને તું તેને તેડી લાવતો નથી એ બહુ ખોટું!" માબાપે આ પ્રમાણે કહ્યું, એટલે અગ્નિશર્માં, જે મૂર્ખનો સરદાર

* આ વાર્તા કળાવિલાસ આવૃત્તિ બીજીને પાને ૬૯ મે આવેલી સમુદ્રદત્ત અને વસુમતીની વાર્તાને મળતી છે. તેમજ આ જ ગ્રંથના પૃષ્ઠ ૮૪૫ મે વૈતાળ રાજા વિક્રમને વાર્તા કહેછે, તેમાંની પોપટની વાર્તા આને પૂરેપૂરી મળતી છે.

હતો તે કોઇને પૂછ્યાગાછ્યા વગર એકલો જ, પોતાની સ્ત્રીને તેડવા માટે સાસરે ગયો. અગ્નિશર્મા ગામમાંથી નિકળ્યો ત્યારે કપિંજલને* તેણે જમણી બાજુએ બોલતો સાંભળ્યો, એટલું જ નહિ પણ અશુભ ચિહ્નને સૂચવતી શિયાળ પણ તેની ડાબી બાજુએ રોવા લાગી !† અગ્નિશર્મા મૂર્ખ હતો. તે આ પ્રમાણે થતાં અપશુકનને શુભ શુકન સમજી બોલ્યો,–'જીવતી રહે! જીવતી રહે! સારા શુકન આપ્યા!" તેનાં આવાં વચન સાંભળી શુકનદેવી આશ્ચર્ય પામી અને તેના મૌર્ખ્ય ઉપર હસી પડી. પછી અગ્નિશર્માં સાસરે પહોંચ્યો. ત્યાં પણ તેને માનશુકન થયા. પૂર્વાંપેરે કપિંજલ જમણી અને શિયાળ ડાબી બાજુએ બોલી. પુનઃ પણ તેણે તો તે શુકનને, "જીવતી રહે ! જીવતી રહે !" એમ વધામણું દીધું અને સસરાના ઘરમાં પ્રવેશ કીધો. શુકનની અધિષ્ઠાતા દેવીને આથી ખરેખર એના ઉપર બહુ દયા આવી. તેણે પોતાના મનમાં વિચાર કર્યો કે, "શા માટે આ મૂર્ખ શિરોમણિ માનશુકનને શુકન ગણે છે ? નિઃશંક આ મૂર્ખચૂડામણિ છે. હવે મારે ગમે તેમ કરીને પણ આને શુભશુકનનો ભોક્તા કરવો."

અગ્નિશર્માં સસરાના ઘરમાં ગયો, એટલે તેના સાસુ સસરા અને બીજા સર્વેએ તેને માન આપ્યું; પછી આસન ઉપર બેસાડી પાણી આપ્યું; પછી આડોસીપાડોસીમાંનાં કોઈ ટોળ કરનારાં બૈરાંએ પૂછ્યું–"કેમ ગંગીના વર ! તમે એકલા જ આવ્યા છો કે શું ?" અગ્નિ-શર્માંએ કહ્યું,–"હા જ તો, હું એકલો જ આવ્યો તે એકલો જ, કોઇને કહ્યા કહાવ્યા વગર આવ્યો છું!" આવાં તેના મૌર્ખ્યને જોઈ સર્વ એક બીજાના મુખ સામું જોઈ હસી પડ્યાં.

પછી જમવાની તૈયારી થઈ. સૌ સાથે બેસી નાના પ્રકારનાં ભોજન જમ્યાં. રાત પડી ત્યારે એક સુન્દર શયનગૃહમાં એક મોટા છતરપલંગ ઉપર જઈ અગ્નિશર્માં સુતો. થોડી વાર પછી તેની સ્ત્રી પણ મંગળ શણગાર સજી, શયનગૃહમાં છમછમાટ કરતી આવી. થોડીવાર બંને સામસામા બેઠાં. લજ્જાને લીધે બેઉ જણ અબોલ રહ્યાં. એટલામાં આખો દહાડો મજલ કરીને આવેલો અગ્નિશર્માં, થાકને લીધે ઉંઘી ગયો. ધણી ઉંઘી ગયોછે એમ જોઇને, પેલી કપટી સ્ત્રી, સડાટ દેતી કે રાજી થતી પલંગમાં બેઠી થઈ. તે ધીરે રહી નીચે ઉતરી પડી અને પોતાનો યાર જે ચોર હતો, તેને મળવાને માટે ગામ બહાર નિકળી પડી. પણ ગામની ભાગોળે આવતાં તો તેણીએ પોતાના પ્રિતમને શૂળી ઉપર ચડાવેલો દીઠો. અત્યંત રુદન કરતી તે સુન્દરી પેલા ચોર પ્રિતમના શરીરને જોઈ રોતી અને માથું કૂટતી, તેના શરીરને પોતાના ખોળામાં લઈ બેઠી અને વારંવાર આલિંગન આપવા લાગી. પછી પ્રેમાવેશથી બહુ ઉમળકો આવવાથી અને અત્યંત કામાતુર થવાથી, તે જેવી મૃત યારના મુખ ઉપર ચુંબન કરવા જાય છે, એટલામાં એક ચેટકે–ભૂતે–પેલા ચોરના શબમાં પ્રવેશ કરી, તેણીનું નાક કરડી ખાધું ! નાક કપાઈ જતાં તે રંડા ચોંકી અને 'ઓય! ઓય! બાપલીયા રે!' કરતી કે પેલા યારનું શબ નીચે નાંખી દઈ, ઝટપટ સાળુનો છેડો નાક ઉપર દબાવીને ઘરભણી નાઠી.

* કપિંજલ–ચાતક અથવા ટિંટોડી. શુકનના સંબંધમાં ટિંટોડી જ યોગ્ય છે. † આ બધા અશુભ શુકન છે, છતાં અગ્નિશર્માં તેને શુભ ગણી આશીર્વાદ દે છે.



ઘેર આવી અને જેવી રીતે તે છાનીમાની નિકળી હતી, તેવી રીતે અંતઃપુરમાં દાખલ થઈ ગઈ અને પછી ભરનિદ્રામાં પડેલા પતિની સોડમાં સુઈ ગઈ. પછી એક છરી, તે પાખંડી રંડાએ પતિની સોડમાં ગુપ્ત રીતે મૂકી દીધી. થોડીવાર પછી જાણે ધણીએ હમણાં જ નાક કાપ્યું હોય તેમ ઢોંગ કરીને તે બૂમબરાડા પાડીને રોવા લાગી,–"હાય રે હાય! કોઈ આવોરે આવો ! ધાઓ રે ધાઓ! આ તો મારું નાક કાપી લેછે રે બાપલિયા!" તેણીના બરાડા અને રુદન સાંભળી ઘરનાં માણસો તથા આડોસીપાડોસી ઝબકી ઉઠ્યાં. સૌ તેણીના અંતઃપુરમાં દોડી આવ્યાં. સર્વેના આવવાથી અંતઃપુર ભરાઈ ગયું. તેણીના ભાઇઓએ તો પોતાની બહેનનું નાક કપાયલું જોતાં જ લાકડીઓ લીધી અને પેલા મૂર્ખ અગ્નિશર્માંને માર મારીને ધોઈ નાંખ્યો ! માત્ર આ-ટલેથી જ તેઓ જંપ્યા નહીં, પણ સવાર થતાંને વાર તેઓએ આ વાત દરબારે ચડાવી; અને રાજાને અષ્ટમપષ્ટમ્ સમજાવી દીધો. અક્કલના ઓથમીર રાજાએ, કંઇપણ વધારે તપાસ કર્યા વગર, અગ્નિશર્માંને "ભાર્યા દ્રોહી" ઠરાવી શૂળીએ ચડાવવાનો હુકમ કર્યો. કન્યાનાં સંબંધીઓને તો જોઇતું જ એ. તેઓએ ફરી તેને મુસ્કેટાટ બાંધી, વધ કરનારાઓને હવાલે કર્યો અને ફાંસીયાઓ તેને વધભૂમિ ઉપર લઈ ગયા.

આ વખતે રાત્રીએ બનેલું પેલી કુભારજાનું ચરિત્ર જોનાર શુકનદેવી, વિચાર કરવા લાગી,–"અરેરે! ગજબ થયો ! અપશુકને તો પોતાનો ભાવ પૂરેપૂરો ભજવ્યો; આને માથે મરણ-સંકટ આણ્યું પણ ખરું! પણ અરે! આ બાપડો બ્રાહ્મણનો પુત્ર નિર્મળ મનનો જ છે; કારણ કે, તેણે તો અપશુકનને પણ આદર આપ્યો હતો ! ઠીક, હવે મારે આને ગમે તે પ્રકારે બચાવી લેવો જોઇએ!" આ પ્રમાણે વિચાર કરી શુકનદેવીએ અંતરિક્ષમાં રહીને કહ્યું,–"અરે ચંડાળો! આ બ્રાહ્મણપુત્ર નિરપરાધી છે તેને મા મારો! મા મારો! તમારે જો સત્ય જોવું હોય અને કન્યાનું નાક કોણે કાપ્યું છે તે જાણવું હોય તો પેલા શૂળીએ ચઢાવેલા ચોરના મુખમાં જુવો કે શું છે?" આટલું કહી ચંડાળોને તે વ્યભિચારી રાંડનો બધો વૃત્તાંત કહી સંભળાવ્યો. આ પ્રમાણે આકાશવાણી સાંભળી ચંડાળો આશ્ચર્ય પામ્યા અને તેઓએ શૂળી આગળ જઈ ચોરના મુખમાં તપાસ કરી તો તેમાંથી પેલી રાંડના નાકનું ટેરવું નીકળી આવ્યું! ચંડાળોએ રાજદ્વારમાં જઇને જે બન્યું હતું તે રાજાને જાહેર કર્યું. તે ભેદ બહાર આવતાં જ રાજાએ બ્રાહ્મણના છોકરાને છોડી મૂકી પેલી રંડાને પકડાવી મંગાવી; અને તેને દેહાંતદંડની શિક્ષા કરી તથા તેનાં માબાપને પણ કેટલીક શિક્ષા કરી.

"મહારાજ વિક્રમાદિત્ય! સ્ત્રીઓ આવી દુષ્ટ હોય છે. સર્વદા જ તેઓ અવિશ્વાસનીય છે. સ્ત્રીઓ પોતાના ભર્તારને પણ મારતાં અચકાતી નથી." રાજા વિક્રમાદિત્ય પોતાના અમાત્યે કહેલી વાત સાંભળી બોલ્યો,–"મંત્રીજી! તમારું કહેવું યથાર્થ છે." આ સમયે રાજાની આગળ એક મૂળદેવ નામનો ( જગપ્રસિદ્ધ ) ધૂતારો બેઠો હતો, તે બોલી ઉઠ્યો,–"મહારાજ! શું સ્ત્રી માત્ર એવી નઠારી જ હોય છે કે? નારે, ના. બધે જ વિષવલ્લીઓ નથી હોતી, પણ અતિમુક્તલતા જેવી આમ્રને જ વળગનારી વેલીઓ પણ હોય છે, હોં! મેં જાતે અનુભવેલી એક કથા, આજ્ઞા હોય તો, મહારાજને વિદિત કરું. સાંભળો મહારાજ!"

## મૂળદેવની કથા.*

એક વખત હું મારા મિત્રવર્ય **શશી**ની સાથે **પાટલીપુત્ર** નગરમાં ગયો હતો. **પાટલીપુત્ર** એ એક સુઘડ નરને રહેવા યોગ્ય સુંદર નગર છે. અમે વારંવાર તેની ખ્યાતિ સાંભળતા હતા, તેથી મોહિત થઈ ત્યાંના લોકની કુશળતા અને ચંચળાઈ જોવાને માટે, ત્યાં ગયા હતા. **પાટલીપુત્ર**ની ભાગોળે અમે આવી પહોંચ્યા, તો ત્યાં એક વૃદ્ધ સ્ત્રી, એક તળાવ ઉપર લુગડાં ધોવાને માટે આવેલી હતી, તેની પાસે જઇને મેં પૂછ્યું–"બાઈ! પથિકો આવી 'અહિયા ક્યાં' વસે છે?" તે વૃદ્ધા–ડોકરી ધીરે રહીને–ઠાવકું મોંઢું રાખી–વક્રોક્તિમાં બોલી–"શું? અહિયાં ક્યાં વસે છે? અહિયાં તો ચક્રવાક સરોવરના તીર ઉપર, મત્સ્ય પાણીમાં અને ભ્રમરો કમળકોષમાં વાસ કરે છે ખરા, પરન્તુ પથિકો ક્યાં ઉતરે છે તે તો હું જાણતી નથી!"† અમે તો તે વૃદ્ધાનું આવું વક્રોક્તિયુક્ત ભાષણ સાંભળીને આભા જ બની ગયા.

પછી ત્યાંથી અમે નગરમાં ગયા અને એક ગૃહસ્થના દ્વાર આગળ જઈ ઉભા રહ્યા. ત્યાં આગળ છ રસવાળાં ઉનાં ઉનાં ભોજનની થાળી જેની આગળ પડી છે એવો એક બાળક, બેઠાબેઠો લાંબે સાદે પોકળશ્રાદ્ધ કરતો હતો. તેને જોઇને **શશી**એ મને કહ્યું,–"મિત્ર! મને આ છોકરો મૂર્ખ શિરોમણિ દેખાય છે; કારણ કે તે પોતાની સામે પીરસેલું ઉનું ઉનું સ્વાદિષ્ઠ

---

* અંગ્રેજી વાંચનાર કોઇ પણ આ વાર્તાનું રહસ્ય યથાર્થ જાણી શકશે કે જાણીતા નાટકકાર શેક્ષપિયરના All's well that end's well નાટકની વસ્તુને આબેહુબ મળતી આ વાર્તા છે.

† આ વક્રોક્તિનો અર્થ આ પ્રમાણે થાય છેઃ–મૂળદેવે પૂછ્યું કે 'અહિંયાં ક્યાં' વસે છે–અર્થાત્ આ ગામમાં ક્યાં આવીને ઉતરે છે. ત્યારે પેલી વૃદ્ધાએ 'અહિંયાં ક્યાં'નો આવો અર્થ કર્યો કે, અહિંયાં ક્યાં વસે છે?' આ તો સરોવર છે, ત્યાં પથિકોને ઉતરવાની જગ્યા જ ક્યાંથી હોય? અહિંયાં–એટલે સરોવરના તીર સંબંધે મને પૂછતા હો તો તીરપર તો ચક્રવાક આવીને વસે છે; પાણી સંબંધે પૂછતા હો તો પાણીમાં મત્સ્ય વસે છે! અને સરોવરના કમળકોષ સંબંધે પૂછતા હો તો તેમાં તો ભ્રમરો વસે છે. પથિકો અહિંયાં ક્યાં વસે? આમ ઉલટો પ્રશ્ન કીધો–તે સાથે વક્રોક્તિમાં જણાવ્યું કે, પથિકોને વસવાની જગ્યા જાણવી હોય તો નગરમાં જઈ પૂછ; મને વૃદ્ધને શાનો પૂછે છે. આમ બોલી અનાગરિક–મૂર્ખ બનાવ્યા.

'પથિકો ક્યાં ઉતરે છે તે તો હું જાણતી નથી,' એનો ભાવ આ કે, આ નગરમાં પથિકો જ નથી–સર્વે સ્વગૃહે વસનારા છે, ત્યાં પથિકો ક્યાંથી હોય?

ત્રીજો આ વિક્રોક્તિનો ભાવાર્થ આ પ્રમાણે છે;–ચક્રવાક એટલે ચતુર–રસિક–પ્યારીને માટે ઉત્કંઠિત એવા છેલ પુરુષો સરોવરના તીરપર, જ્યાં પણિયારીઓ પાણી ભરવા આવે છે ત્યાં આવીને વસે છે, પણ પ્યારીઓનો સમાગમ નહીં થવાથી વિરહવ્યથા વેઠે છે–તેવા પુરુષોને હું જાણું છું; મત્સ્ય જેવી પ્રીતિવાળા જેઓ છે–એટલે જે છેલ પુરુષો પોતાની પ્રિયાને સદોદિત વળગી રહ્યા છે ને પ્યારીથી વિખૂટા થતાં મરણશરણ થાય છે તેને પણ હું જાણું છું; અને જે ભ્રમર જેવા છે–પુષ્પે પુષ્પે ફરી–નવી નવી નાયિકાઓની આગળ પાછળ ભમી, પાછળથી કમળના પુષ્પમાં–અતિ સૌંદર્યસંપન્ન કુટડીઓની લપટમાં ઝડપાઈ જઈને મરણ પામેલા જેવા છે, તેઓને પણ હું જાણું છું; પણ જે પથિકો–એવા છેલ છે કે, આજે અહિંયાં ને કાલે તહિંયાં એમ રખડતા રઝળતા છે–જેઓની કોઈ એક સ્થળે પ્રીતિ ટકતી નથી, તેઓને વસવાનું જ ક્યાં હોય કે તે હું જાણું? આ સુંદર વક્રોક્તિ છે.



ભોજન જમતો નથી અને ફોકટનો આરડ્યા કરે છે!" અમારી વાતચિત સાંભળીને પેલો છોકરો આંખ લુંછી નાંખી બોલ્યો,–"રાંડ વાંઝણીનાં જણ્યા રોંચાઓ! તમે તો મૂર્ખ છો, હું તો નથી. રોવામાં કેટલા ગુણ છે તે તમે ગમારના જણ્યા જાણો શાના? સાંભળો, મારા રોવામાં કેટલા ગુણ સમાયલા છે તે તમને કહું છું. અમસ્થો બેસી રહું તેના કરતાં રડું તો ઠીક કે વખત વીતી જાય અને આ અન્ન ધીરે ધીરે શીતળ થતું જાય. જેમ શીતળ થશે તેમ એમાં વધારે સ્વાદ આવતો જશે. વળી રોવાથી લાળ આદિ નિકળી જશે, તેથી પેટમાં ભૂખ કકડીને લાગશે, તે પછી સ્વાદથી વધારે હોંસે હોંસે જમાશે. એમ ન ધારતા કે, હું મૂર્ખતાથી રડું છું, પણ સમજીને રડું છું. તમે ગમાર ગામડિયા માણસ એ વાતમાં ન સમજો હોં કે!"

હું અને **શશી** તો એ બાળકની એવી વાક્પટુતા અને હાજરજવાબી જોઇને દિગ્મૂઢ બની ગયા. પછી અમે તે ઠેકાણેથી બીજે ઠેકાણે આગળ આગળ ચાલ્યા જતા હતા, તેવામાં એક આમ્રવૃક્ષ આવ્યું. એ આમ્રવૃક્ષ ઉપર એક છેલછબીલી કન્યા ચહડેલી હતી અને તેની સખીઓ નીચે ઉભી હતી. ઉપર ચહડેલી કન્યા ડાળે ડાળે ફરીને સારી સારી કેરીઓ જોઈ, તે તોડી નીચે નાંખતી હતી. અમે તે કન્યાની કેટલીક લટાછટા જોઇને મોહ પામી ગયા અને તે નીચે જઇને બોલ્યા,–"અયિ સુંદરિ! જો અમને થોડી કેરીઓ આપો, તો અમે પણ તે ખાઇને તૃપ્ત થઇએ." તે સાંભળીને કન્યાએ પ્રશ્ન કીધો,–"તમે ઉંની કેરી ખાશો કે ઠંડી?"* મને તો આથી બહુ જ આશ્ચર્ય ઉત્પન્ન થયું કે–વળી ઉંની કેરીઓ કેવી ને ઠંડી કેરીઓ કેવી? પરન્તુ વિચાર કરીને ઉત્તર આપ્યું,–"સુભગે! અમે તો ઉંની અને ઠંડી બન્ને ખાઈશું!" પછી તે કન્યાએ આંબા ઉપરથી કેરીઓ તોડીને એવી રીતે નાંખી કે, તે ધૂળમાં આવીને પડી. અમે નીચે પડેલી કેરીઓ ઉપાડી લઈ મુખવતે ફું–ઉ–ઉ–ફું–ઉ–ઉ–ફુંક મારીને ખાવા લાગ્યા. તે જોઈ પેલી કન્યા પોતાની સખીઓ સાથે ખડખડાટ હસી પડી અને બોલી,–"તમે ફુંકી ફુંકીને ખાઓ છો, એ કેરીઓ ઉંની! હવે લ્યો હું તમને ઠંડી કેરીઓ આપું." એમ કહીને તેણીએ પુનઃ કેરીઓ તોડી, તાકીને જેમ અમારા ખોળામાં પડે તેમ નાંખી. પછી તે કેરીઓ લઈ અતિ આશ્ચર્ય પામતા અમે ત્યાંથી પણ આગળ ચાલ્યા.

થોડે આગળ ચાલ્યા પછી મેં મારી સાથે આવેલા મિત્ર **શશી**ને કહ્યું,–"મિત્ર! આ કન્યાએ આપણને સજ્જડ બનાવ્યા! મારા તો હૃદયમાં એ કારી ઘા વાગ્યો છે! બેશક, એ ચતુર કન્યાને હું અવશ્ય પરણીશ. એટલું જ નહિ પણ તેણે કરેલી મારી મશ્કરીનો બદલો વાળીશ. જો હું એમ ન કરું તો મારી ધૂર્તતાને લાંછન લાગે." પછી મારા મિત્ર **શશી**એ તે કન્યાના પિતાનું ઘર શોધી કહાડ્યું અને બીજે દિવસે અમે વેશ બદલી તેને ઘેર ગયા. તેનો પિતા મોટો વિદ્વાન્ હતો અને ઘણા વિદ્યાર્થીઓને ભણાવતો હતો. અમે તેને ત્યાં જઇને ઉભા રહ્યા. તે કન્યાના પિતાનું નામ **યજ્ઞસ્વામી** હતું. તેણે અમને વેદ વાંચતા જોઇને પૂછ્યું,–"ભો ભો બ્રાહ્મણો! તમે ક્યાંથી આવો છો અને અહિં આવવાનું શું કારણ છે?" અમે નમ્રતાથી ઉત્તર આપ્યું કે,–"મહારાજ! અમે વિદ્યાભ્યાસ માટે માયાપૂરીથી ચાલ્યા આવીએ છીએ." **યજ્ઞસ્વામી** ધનવાન

---

* પ્રબન્ધ ચિન્તામણિમાં રાજાની કન્યાએ પોતાના ગુરુને આવો જ પ્રશ્ન પૂછેલો છે.

હતો. તેણે અમને કહ્યું,–“જ્યારે તમે દૂર દેશાવરથી ચાલ્યા આવો છો, ત્યારે તો તમે આ ચાતુર્માસ મારા ઉપર કૃપા કરી મારે ત્યાં જ ભોજન કરો!” પછી અમે કહ્યું,–“મહારાજ! ચાર મહિના પછી અમે જે માગીએ તે જો તમે આપવાને બંધાતા હો તો અમે તમારું વચન સ્વીકારીએ!” તેણે કહ્યું,–“ભલે, તમે જે માગશો તે જો મારાથી અપાય તેવું હશે તો જરૂર હું તમને આપીશ!” પછી અમે તેના ઘરમાં જ રહેવા લાગ્યા.

આ પ્રમાણે રહેતાં આંખમીંચીને ઉધાડીએ, એટલામાં ચાર મહિના ચાલ્યા ગયા અને અમારો રહેવાનો અવધિ પણ પૂર્ણ થયો. પછી અમે તે બ્રાહ્મણ પાસે જઇને કહ્યું,–“મહારાજ! ચાર મહિના થઈ ગયા અને હવે તમે અમને, જે માગીએ તે આપી વિદાય કરો.” તેણે કહ્યું,–“બોલો, બોલો બાળકો, તમારે શું જોઇએ છે? જે જોઇતું હોય તે માંગો.” પછી શશી વક્રાક્ષા,–“આ (હું) અમારા સર્વમાં શ્રેષ્ઠ છે, માટે તમે તેને તમારી કન્યા પરણાવો.” યજ્ઞ- પ્રથમથી બંધાયલો હતો, એટલે કંઈ બોલી શક્યો નહીં, તેમ વર પણ હોશિયાર છે આગળ ો એ પોતે સારી રીતે જાણતો જ હતો, તેથી નાએ પાડી શક્યો નહીં; પણ તેના મનમાં બેઠોબેઠો તો આવ્યો ખરો કે, “આ વિદ્યાર્થીએ મને છેતર્યો! પણ કંઈ નહિ, તેથી મને કંઈ આ છોક ી નથી.” પછી મોટી ધામધૂમ સાથે તેણે પોતાની પુત્રી મને પરણાવી.

અમે લગ્ન પ્રસંગે હાથે મિંઢળ બાંધેલા, વિધવિધ રીતે શણગારી મૂકેલા પ્રથમ રંગભોગ ભોગવવાના રમણીય અંતઃપુરમાં ગયાં. બેઠા, ઉઠ્યા, પછી મેં ધીરે રહીને મારી વહુને પૂછ્યું કે,–“અલિ! પેલી ઠંડી ઉંની કેરીઓ સાંભરે છે કે?” આટલું બોલતાં તો તેણે મને ઓળખી કહાડ્યો અને સ્મિત હાસ્ય કરીને બોલી,–“હા–આ–આ–આ! કેમ, તેનું શું છે? પણ આમ જ નાગરિક, ગામડીયા ગમારને બનાવે છે હોં!” પછી મેં તેનાં મર્મનાં વચન સાંભળીને કહ્યું,– “ચંચળ ચતુરા! જો તને એટલો બધો નાગરિકનો ગર્વ છે તો તું ભલે સુખ માણ! મઝા કર! હું ગામડીયો તારી આગળ પ્રતિજ્ઞા કરીને દેશાવર નિકળી પડું છું, કે હવે મારો તારો સંબંધ નહીં. તું જો ખરી ચતુર નાર હોય તો મને પાછો લાવજે!” મારી વહૂ તો વળી વધારે હઠીલી હતી. તેણે કહ્યું,–“જાવની, આ મોટો ને સીધો રસ્તો! પણ આ દાસી જો ખરી ચતુર નાર હશે તો તમારાથી ઉત્પન્ન કરેલા છોકરાની મારફતે દાસ કરીને તમને મારી સામે પકડી મંગાવીશ!’ આ પ્રમાણે અન્યોન્ય પ્રતિજ્ઞાઓ થયા પછી, ઘણી રાત જવાથી અમે ઉંઘી ગયાં. પાછલી રાતે ઉઠી, હે રાજન્! મેં મારી આંગળીએથી વિંટી કહાડીને મારી સ્ત્રીની આંગળીએ પહેરાવી દીધી અને પછી કોઈ જાણે નહિ તેમ, હું છાનોમાનો પરોઢીએ ઉઠી, ઘરમાંથી બહાર નિકળી આવ્યો; અને મારી સ્ત્રી કેવી ચતુર છે, તે જાણવા માટે મારા મિત્રોની સાથે મળી જઇને, ઉજ્જાયની નગરીમાં ચાલ્યો આવ્યો.

સવાર થયું, એટલે મારી સ્ત્રી ઉઠી અને જુવે છે તો તેણે મને દીઠો નહિ, પરન્તુ પોતાની આંગળીએ મારી વિંટી જોઈ; અને મારી વિંટી જોતાં જ તેણીની ખાતરી થઈ કે,–‘હું પ્રતિજ્ઞા પાળવાને માટે જ ચાલ્યો ગયો છું.’ ‘મારા પતિએ પોતાની પ્રતિ ળી અને તેમ



કરવાને માટે ચાલ્યા ગયા, તો હવે મારે પણ મારી પ્રતિજ્ઞા પાળવાને માટે તત્પર થવું જોઇએ.’ આમ તેણે મન સાથે દઢ નિશ્ચય કીધો. પછી પેલી વિંટી આંગળીએથી કહાડી હાથમાં લીધી. ઉંચી કીધી, નીચી ધરી, ધારી ધારીને જોઈ, તેમાં ‘મૂળદેવ’ નામ વાંચ્યું. પુનઃ તે બબડી. ‘આ વિંટીમાં ‘મૂળદેવ’ એમ લખેલું છે, તો ખચિત તે ઉજ્જયિનીનો પ્રસિદ્ધ ધૂતારો મૂળદેવ જ હશે! હવે મારે ગમે તેમ કરીને પણ ત્યાં જવું અને મારો બોલ પાળવો.’ આ પ્રમાણે વિચાર કર્યા પછી તે કન્યાએ કેટલેક દિવસે પોતાના વૃદ્ધ પિતાજીને કહ્યું,–“પિતાજી! મારો સ્વામી મને છોડી દેશાન્તરમાં ચાલ્યો ગયો છે અને હવે હું અહિ આગળ દુઃખિણી થઈ પડી છું! હવે મારે તીર્થયાત્રાઓ કરીને મારા આત્માને આનંદમાં રાખવો, એ જ ઉત્તમ માર્ગ છે!”

તેના પિતાએ પ્રથમ ના કહી, પરન્તુ તેણીનો આગ્રહ જોઈ છેવટે તેણે તેને કેટલાંક ધન તથા સેવકો આપી તીર્થયાત્રા કરવા જવાની રજા આપી. મારી સ્ત્રી ઘણી કૂટડી ચતુરાઇમાં ચોંસેઠ ચંદા ચઢે તેવી છે. તે કેટલાંક તીર્થ સ્થળ ફર્યા પછી, પોતાના માણ સમજાવી, તેણીએ વારાંગનાનો વેશ ધારણ કર્યો અને ધીમે ધીમે ઉજ્જયિનીમાં આવી પ અહિ આવી તેણે પોતાનું નામ સુમંગળા ગણિકા પ્રસિદ્ધ કર્યું. તેણે છેલછબીલી ફાંકડી બનીને પ્રવેશ કર્યો. પોતાનાં માણસોની મારફતે, આખા નગરમાં પ્રસિદ્ધ કર્યું કે, કામ એક વારાંગના, મોટો વૈભવ છોડી દઇને આ નગર જોવાને આવી છે. આવી મોટી ગુણકાનુ નામ સાંભળી, ઉજ્જયિનીમાં વસતી દેવદત્તા નામની રાજગણિકા છે, તે પોતે સુમંગળાની સામે ગઈ; અને તેને તેડી લાવી પોતાના એક સુન્દર રાજમહેલ જેવા મંદિરમાં ઉતારો આપ્યો.

આખા નગરમાં પરિમળનીપેરે સુમંગળાનું નામ પ્રસિદ્ધ થઈ ગયું. સર્વ ઠેકાણે તેના રૂપની પ્રશંસા થવા લાગી. સુમંગળાની અતિ ઘણી ખ્યાતિ સાંભળીને પ્રથમ મારો એક મિત્ર, જે પૂર્વે મારી સાથે આવેલો હતો તે શશી, મોહાંધ થઈ ગયો. તેણે તેને મેહેલે જઈ જાણુવાજોગ ખબર કહાડી. ત્યાંથી તેને ખબર મળી કે, અહિયાં કંઈ અમુક ધનની મર્યાદા બાંધેલી નથી, વળી મૂર્ખ અને કાયર પુરુષોનો અંગીકાર તો અહિ થતો જ નથી, પણ જે પુરુષ બાઇ સાહેબની ઇચ્છાનુસાર વર્તે તેને જ તેના સમાગમનું સુખ મળે છે.

શશીભાઈ તેનું કહેણ સ્વીકારીને, બીજે દિવસે ગુણિકાને મળવાને ઉત્કંઠિત થઈ રહ્યો. પછી બીજે દિવસે મારો મિત્ર શશી, સંધ્યાકાળે બની ઠની તે ગુણિકાને મંદિરે ગયો. પ્રથમ દ્વારપાળને પોતાનું નામ ઠામ કહ્યું, એટલે દ્વારપાળે કહ્યું,–“આર્ય! ભલે પ્રવેશ કરો. તમે નાહી ધોઇને તો આવ્યા હશો જ, પરન્તુ અમારી બાઇના નિર્દેશ પ્રમાણે પુનઃ સ્નાન કરાવ્યા વગર અમે કોઇને અંદર જવા દેતા નથી, માટે તમે પ્રથમ અહિયાં સ્નાન કરો, પછી અંદર પ્રવેશ કરો!” દ્વારપાળના તે વચન પ્રમાણે શશીએ સ્નાન કરવાનું કબૂલ કર્યું. તુરત તેને એક સુન્દર સ્નાનગૃહમાં લઈ જવામાં આવ્યો. ત્યાં એક મોટા બાજઠ ઉપર બેસાડી, દાસીઓએ નાના પ્રકારના અંગરાગ ચોળીને તેને સ્નાન કરાવવા માંડ્યું. પ્રથમ મર્દન કર્યા પછી તેને સારી રીતે ઉષ્ણોદકથી નવરાવ્યો–આટલું કરતાં જ એક પ્રહર રાત્રી તો વીતી ગઈ. ત્યાંથી શશી બીજા દ્વાર ઉપર ગયો. ત્યાં પણ દ્વારપાળે તેને કહ્યું,–“તમે સ્નાન કરીને આવ્યા છો તો ભલે, પણ તેવાં જ

ઉત્તમ વસ્ત્રાભૂષણ ધર્યા પછી અંદર પધારો." શશીએ તે પણ કબૂલ કર્યું. બીજી દાસીઓએ આવી કર્પૂરની ધૂલીની જેમાં વાસના વ્યાપી રહી હતી, એવાં ઝીણાં અને મૂલ્યવાન્ વસ્ત્ર તેને પહેરાવ્યાં તથા ઉંચી જાતના કેટલાક અલંકાર પણ સજાવ્યા. આ પ્રમાણે કરતાં બીજો એક પ્રહર ચાલ્યો ગયો. પછી શશી ત્રીજા દ્વાર આગળ ગયો. ત્યાંના દ્વારપાળે તેને ભોજન લઈને અંદર જવા કહ્યું. તે ભોજનગૃહમાં ગયો. ત્યાં દાસીઓએ તેને નાનાં પ્રકારનાં ભોજન જમાડતાં જમાડતાં ત્રીજો પ્રહર પણ વ્યતીત કરાવી દીધો. હવે ત્યાંથી શશી ચોથા દ્વાર ઉપર ગયો, કે જેની અંદર સુમંગળા પોતે વિરાજતી હતી. પણ જેવો શશી અંદર પ્રવેશ કરવા જાય છે, તેવો જ દ્વારપાળ બોલી ઉઠ્યો,–"અરે ઓ ગ્રામ્યકામિ! બહાર નિકળ, ..ર. તારે હાથે જ મૂર્ખો બનીને હવે ક્યાં જાય છે? તને વિચાર આવતો નથી, કે વારાંગનાનું કર્ણંગમ સુખ રાત્રીના બીજા ત્રીજા પહોરનું જ હોય છે અને તું પાછલી રાતે સમાગમ કરવાને વક્રોક્તિ આવે છે? હટ્ ધૂર્ત મૂર્ખા!" આ પ્રમાણે કાળ જેવા કરાળ તે દ્વારપાળનાં વચન ..ા હૃદયમાં વસી જતાં તે જતો અટક્યો, એટલું જ નહિ પરન્તુ દ્વારપાળે તેના ઘણો આગળ ર કર્યો. ધકેલી કાઢ્યો! શશીનું મુખ તે પ્રસંગે પ્રભાતના શશી જેવું પાંડુર થઈ બેઠાબેઠા ભાઈશ્રીપાંચ જેવા ઉમંગમાં ગયા હતા તેવા ખિસીયાણા પડી ત્યાંથી પાછા વળ્યા.

શશી માફક ઘણાક કામી પુરુષો તિરસ્કાર પામીને તેને ઘેરથી પાછા આવ્યા. અન્તે તેની વાત અને રૂપની ખ્યાત મારે કાને આવી. પછી મેં મારા સેવકો મારફતે તેને ખબર અપાવી, સાંજના પહોરનો વસ્ત્રાભૂષણ ધારણ કરી તેને મહેલે ગયો. દ્વારપાળોનાં મુખ રૂપિયાથી ભાંગતો ભાંગતો હું થોડા વખતમાં જ, અંદર જઈ પહોંચ્યો. દ્વારપાળોને લાંચ આપતો આપતો હું જ્યાં સુમંગળા હતી ત્યાં ગયો. વારાંગનાના સ્વાંગમાં રહેલી તે મારી સ્ત્રી, મને ઓળખીને ઘણા જ આદરથી ઉઠી, વિનય દર્શાવતી મારી સામી આવી અને પછી મારો હાથ ઝાલી મને અંદરના રતિમંદિરમાં તેડી ગઈ. પછી મને એક પર્યંક ઉપર બેસાર્યો. ત્યાં નાના પ્રકારના અભિનય કરતી અને વિલાસરંગ ઉડાવતી તે મારું મનરંજન કરવા લાગી. હું તો એના હાવભાવમાં લટ્ટુજી જ બની ગયો અને તે રાત્રી મેં ઘણા જ આનંદથી તે ત્રિભુવનસુન્દરી મનમોહનાની સાથે ભોગવિલાસમાં ગાળી. એક જ રાત્રીના સહવાસ–સમાગમ સુખની લયઝતથી તેની સાથે દૃઢ પ્રેમ બંધાઈ ગયો અને હું તેના ઘરમાંથી નિકળવાને પણ અશક્ત થઈ પડ્યો. સુમંગળા પણ હંમેશાં અત્યંત પ્રેમથી મારું સેવન કરવા લાગી. એ પ્રમાણે કેટલોક કાળ જતાં તે ગર્ભવતી થઈ અને સ્તન ચૂચૂક શ્યામ થયા ત્યાં સૂધી હું તેની સાથે જ રહ્યો!*

* અત્રે મૂળ ગ્રંથકારની ભૂલ જણાય છે. સામાન્ય–સ્વાભાવિક નિયમ તો એવો છે કે, જ્યારે સ્ત્રી પ્રથમ ગર્ભવતી થાય ને જો તે ગૌરવર્ણી હોય તો તેના સ્તનની દીટી લાલાસ પડતી થાય ને શ્યામવર્ણી હોય તો શ્યામરંગી થાય. અત્ર સુમંગળા ગૌરવર્ણી છે, એટલે તેની સ્તનદીટી શ્યામ નહીં, પણ લાલાસ પડતી થવી જોઇયે. વળી પ્રથમ ગર્ભધારણ સમયે પુત્ર હોય તો લાલાસ પડતી થાય, પુત્રી હોય તો શ્યામ રંગી થાય. અત્ર સુમંગળાના ગર્ભમાં પુત્ર હતો તો શ્યામ નહીં, પણ લાલ દીટી થવી જોઇયે.



## ગ્રન્થકાર–પ્રશસ્તિ.

* શ્રી સાતવાહનના કુલરૂપ સાગરમાંથી પારિજાતરૂપ સંગ્રામરાજ ઉત્પન્ન થયો, જે અનેક વિબુધોને આશ્રય આપનાર હોવાથી તેના સંબંધથી કાશ્મિરમંડળ નંદનવનની પદવીએ પહોંચ્યું હતું.

( તેના ) કુલમાં કલ્પવૃક્ષ સમાન શ્રી અનંતદેવ નામનો એક પુત્ર ઉત્પન્ન થયો. જે એક ધીરવીર હોવાથી ચક્રવર્તી થયો. તાબે થયેલા નમન કરતા સઘળા સામંતરાજાઓના મુકુટમણિથી તેના પગનો બાજઠ ઉજ્જ્વલ થયો હતો.

સુદર્શનની ઉત્તમ કીર્તિનો પરાજય કરે એવી તે અનંતદેવ રાજાની કીર્તિ સાંભળીને સંતોષ પામ્યો હોય તેવો–કપાઈ ગયેલા કંઠવાળો અને ઉદર દૂર કરી, માત્ર રાજાના મસ્તકરૂપ રાહુ, સેવા કરવાને માટે આવેલો તેના આંગણામાં જ આળોટતો હતો.

રાજાઓમાં ચંદ્ર સમાન તે અનંતદેવ, ત્રિગર્તદેશના અધિપતિ ઈન્દુરાજાની–પ્રજાનાં અજ્ઞાનને ટાળે એવી અને વિશ્વને નમન કરવા યોગ્ય–પ્રભાત સંધ્યાની જેને ઉપમા આપી શકાય એવી–સૂર્યવતી નામની કન્યાસાથે પરણ્યો હતો.

જે દેવીએ ( રાણી સૂર્યવતીએ ) નાના દેશમાં ઉત્પન્ન થયેલા અનેક બ્રાહ્મણોથી સેવા કરવા યોગ્ય વેદસમાન, રત્નોથી ભરપૂર સાગર સમાન, ભય પામેલા ભૂભૃતોને† શરણ લેવા યોગ્ય, આશાથી પોતાની પાસે આવનારનાં કલ્પદ્રુમની માફક દુઃખ દૂર કરનાર અને ઉપમા આપવા યોગ્ય તેણે ઉત્તમ મઠો બંધાવી કાશ્મિરની શોભા વધારી હતી.

જે સૂર્યવતીએ નિર્મળ જળવાળી વિતસ્તા નદીના વિસ્તીર્ણ કિનારા ઉપર, ચુનાથી જેઓનાં શિખર ઉજ્જ્વલ હતાં તેવાં દેવમંદિરો બંધાવ્યાં હતાં–જે દેવમંદિરો આકાશગંગાથી વ્યાપ્ત તળેટીવાળા હિમાલયના શિખરની શોભાને ધારણ કરે છે.

એ રાણી–અસંખ્ય મણિ, સુવર્ણ, અગ્રહાર, કૃષ્ણમૃગચર્મ, દ્રવ્યના ઢગલા અને હજારો ગાયોનાં દાન દેવાથી ખરેખર વિશ્વનું પોષણ જ કરતી હતી અને વિશ્વંભરા–પૃથ્વી–તો માત્ર નામની જ વિશ્વંભરા કહેવાતી હતી.

એ સૂર્યવતીને, પૃથ્વીના એક તિલક જેવો છતાં અલિક લગ્ન‡ નહિ એવો, ધાડા અમૃતમય§ છતાં ગુણિના બાંધવરૂપ અને શત્રુઓની સભામાં અશિવ છતાં શિવનો જ અવતાર હોય તેવો, શ્રીમાન્ કલશદેવ નામનો પુત્ર હતો.

* અહીં કુલને સાગરનું રૂપ આપ્યું છે; સંગ્રામરાજને પારિજાતનું રૂપ આપ્યું છે. કારણ કે સાગરમાંથી પારિજાત–કલ્પવૃક્ષ નિકળ્યું છે. તેમ જ પારિજાતનો આશ્રય દેવતાઓ કરે છે. અહીં રાજાનો આશ્રય વિદ્વાનો કરે છે. પારિજાત નંદન વનમાં રહેલું છે; અહીં કાશ્મિર મંડળને ઇંદ્રના નંદનવનનું રૂપક આપ્યું છે.

† ભૂભૃત–રાજા અને પર્વત. ‡ અલિક લગ્ન=લલાટમાં લાગેલો અને સત્યને લાગેલો એવા બે અર્થ થાય છે.

§ જે જલમય પ્રવાહી હોય તે કપડાનો મિત્ર ન હોય એટલે કપડામાંથી જલ ચાલ્યું જાય, એ વિરોધ છે. એ આખા શ્લોકમાં વિરોધાભાસાલંકાર છે.

સર્વ ઉર્વીભૃતોને* નમાવવામાં અને સાત સમુદ્રનું પાન કરવામાં સમર્થ દેવતાઓએ એક નવો કળશોદ્ભવ† શ્રીહર્ષદેવ બનાવ્યો, જે આ સૂર્યવતીનો પૌત્ર થતો હતો.

જે સૂર્યવતી સદા, જેમ શિવાર્ચન, હોમ કર્મ અને અનેક પ્રકારના દાન ધર્મમાં તત્પર રહેતી હતી, તેમ જ શાસ્ત્રો સાંભળવામાં શ્રમશીલ હતી, તે સૂર્યવતીના કોઈ કોઈ વખત ચિત્તવિનોદ માટે, અનેક કથારૂપ અમૃતમય બૃહત્કથાનો સાર અને સજ્જનના અંતઃકરણરૂપ સમુદ્રની વૃદ્ધિમાં પૂર્ણ ચંદ્રરૂપ આ સંગ્રહ ગ્રંથ, ઉત્તમકુલના બ્રાહ્મણ અને અનેક ગુણોથી સુન્દર, રામના પુત્ર **સોમ** (દેવે) બનાવ્યો છે.

અમલમતિ સોમ (દેવે) આ કથાસરિત્સાગરને વિસ્તીર્ણ તરંગની રચનાવાળો પૂર્ણ કર્યો છે, તે સત્પુરુષોના અંતઃકરણને સદા આનંદ આપો.

**શાંતિઃ શાંતિઃ શાંતિઃ**

દાન અને ગ્રહણ
સામાજિક નવલકથા
કિંમત ૩-૦૦ પો. ૦-૮૦

---

* ઉર્વીભૃત-પર્વત અને રાજા. † કલશરાજાનો પુત્ર અને અગસ્ત્ય.

NOT TO BE ISSUED

SMT. HANSA MEHTA LIBRARY, BARODA.
RARE BOOK COLLECTION
UNIVERSITY LIBRARY.

NOT TO BE ISSUED

SHML
G16451

G-16451

RESTRICTED ISSUE
CENTRAL HALL
NOT TO BE ISSUED
7PK
1936
.S25
.S6K2-2
NOT TO BE ISSUED
G.16451